॥ શ્રીહરિઃ ॥

આદિ આચાર્ય શ્રીકૃષ્ણ દ્વૈપાયન ભગવાન વેદવ્યાસ રચિત

# શ્રીમદ્ ભાગવત મહાપુરાણ શાસ્ત્ર

**મૂળ સમ્પૂર્ણ (ગુજરાતી)**

સનાતન ધર્મધુરંધર શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી
તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદ


**: પ્રકાશક :**

તીર્થરાજ જેતલપુરમાં બિરાજમાન
શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ
શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ વતી
મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી
મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી

**: સૌજન્ય :**

શ્રી નટવરલાલ મણીલાલ પટેલ પરિવાર (વડુ) - અમદાવાદ

| | |
|---|---|
| શાસ્ત્રનું વિમોચનકર્તા : | ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |
| પ્રકાશન : | મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી<br>મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી<br>શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ<br>ફો. +૯૧-૯૦૯૯૯૩૯૩૭૯, ૯૩૭૭૮૭૦૬૩૦ |
| આર્થીક સહયોગ : | પ.ભ. શ્રી નટવરલાલ મણીલાલ પટેલ વડુવાળા અમદાવાદ સપરિવાર |
| પ્રકાશનતીથિ : | ૧૪-૧-૨૦૧૯ મકરસંક્રાન્તિ મહાવદી આઠમ સોમવાર |
| પ્રથમ આવૃત્તિ : | ૧૫૦૦ કોપી |
| સંકલન કર્તા : | શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) |
| મુલ્ય : | ૨૦૦-૦૦ (હરિમંદિરોમાં ભેટ આપવામાં આવશે) |
| પુસ્તક પ્રાપ્તિ સ્થાન : | શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર, અમદાવાદ |
| પ્રકાશનનો હેતુ : | ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા ધર્મકુળની પ્રસન્નતા, સંતો-હરિભક્તોની સેવામાં સમર્પિત |


**જેતલપુર મંદિરથી પ્રકાશીત થયેલ ગ્રંથો**

શ્રીમદ્ સત્સંગિભૂષણ, શ્રીમદ્ સત્સંગિજીવન, હરિલીલા સુધાકર, હરિલીલા સિન્ધુ, શ્રીહરિ જેતલપુરમાં, અમદાવાદનો મહિમા, શ્રીમદ્ ભાગવત મહાપુરાણ, શિક્ષાપત્રી પંચરત્ન, મહાપૂજા વિધિ, મહાપૂજા યંત્ર, ઉતર ગુજરાતની લીલા

સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી - જેતલપુરધામ
સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી - મહેસાણા
સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી - જેતલપુરધામ
સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી - જેતલપુરધામ
સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાદાસજી - જેતલપુરધામ
સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ
સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી - મહેસાણા
સ.ગુ. મહંત બ્રહ્મચારી સ્વામી પૂર્ણાનંદજી - જેતલપુરધામ
સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજી - માણસા
સ.ગુ. મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી - અંજલી, કલોલ
સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી - અંજલી
પાર્ષદ ધર્મેશ ભગત - જેતલપુરધામ

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

Per.Sec./05/18-19

Dt : 06/07/2018

## આજ્ઞા પત્ર

પ્રતિશ્રી,

મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ

આપના પત્ર તા. ૩૦-૬-૨૦૧૮ ના અનુસંધાનમાં જણાવવાનું કે સર્વાવતારી શ્રીહરિએ સ્વહસ્તે શિક્ષાપત્રી શ્લોક ૯૮-૯૯ માં લખ્યું છે કે, "વળી જે આઠ સત્શાસ્ત્રને વિષે જે શ્રીમદ્ ભાગવત પુરાણ તેના દશમને પંચમ નામે જે બે સ્કંધ તે જે શ્રીકૃષ્ણ ભગવાનના મહાત્મ્યને જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. અને દશમ સ્કંધ તે ભક્તિ શાસ્ત્ર છે અને પંચમ સ્કંધ તે યોગશાસ્ત્ર છે એમ જાણવું." તથા શ્રીહરિને શ્રીમદ્ ભાગવત પુરાણ અતિપ્રિય શાસ્ત્ર હોવાથી વારંવાર કથાનું શ્રવણ કરતા અને પોતાના આશ્રિતોને વર્ષો વર્ષ શ્રવણ કરવાની આજ્ઞા કરી છે. તેવા શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સમ્પૂર્ણ મૂળ ગુજરાતી ભાષામાં શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ થકી પ્રકાશન કરવા અમો સહર્ષ આશીર્વાદ સહિત આજ્ઞા પત્ર આપીએ છીએ તથા આ પ્રકાશનમાં સેવા આપનાર સહયોગી અને દાતાઓને આશીર્વાદ પાઠવીએ છીએ.

રૂડા આશીર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર-અમદાવાદ.

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# પ્રસ્તાવના

**''શ્રીમદ્ ભાગવત એ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે.''** ભગવત્‌ભક્તો આ ગ્રંથની શ્રધ્ધાપૂર્વક પૂજા-આરાધના કરતા હોય છે. શ્રીમદ્ ભાગવતની રચના ભગવાન વેદ વ્યાસજીએ કરેલી છે. અને એ પણ ચાર વેદ, સત્તર પુરાણો તથા મહાભારત જેવા મહાગ્રંથોના સારરૂપે આ ગ્રંથ લખ્યો છે. આથી જ શ્રીમદ્ ભાગવતને પુરાણોમાં શ્રેષ્ઠ **''મહાપુરાણ''** કહેવામાં આવે છે.

શ્રીમદ્ ભાગવતનું વર્તમાનરૂપ જ પ્રાચીન છે. આમાં ક્ષેપકની કલ્પના નિતાંત નિરાધાર છે. આ ગ્રંથમાં ૧૨ સ્કંધ છે જેમાં શ્લોકોની સંખ્યા ૧૮૦૦૦ છે. આ ગ્રંથ વિષે વિદ્વાનો એવું કહે છે કે ''विद्या भागवतावधिः'' તથા ''विद्यावतां भागवते परीक्षा'' ભાગવત એ વિદ્યાની અવધિ (પૂર્ણતા) છે તથા કુશળ વિદ્વાનોની પણ પરીક્ષા ભાગવત ગ્રંથ દ્વારા થઈ જાય છે. કારણ કે આ ગ્રંથમાં તમામ પ્રકારના વિષયો તથા તત્વોની વાતો લખાયેલી છે. પુરાણોના લક્ષણ પ્રમાણે ''સૃષ્ટિની ઉત્પત્તિ, લય, સૃષ્ટિની આદિ વંશાવલી, મન્વંતરોની કથાઓ અને સૂર્યચંદ્રવંશોનું વર્ણન'' આ મહાપુરાણમાં સ્પષ્ટ લખાયેલ છે. આ ગ્રંથમાં સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, પંચરાત્ર, જ્ઞાનકાંડ, કર્મકાંડ (નિષ્કામ કર્મ, સકામ કર્મ) બ્રહ્માંડની રચના, પરમહંસ ધર્મ, સામાન્ય ધર્મ, વૈરાગ્ય અને પ્રેમલક્ષણા ભક્તિ સહિત નવધા ભક્તિનું અદ્‌ભુત વર્ણન સાથે અનેક અવતારોની કથાઓ તેમજ શ્રીકૃષ્ણચંદ્રના મધુર ચરિત્રોનું વિસ્તારથી વર્ણન છે.

સમગ્ર વિશ્વના લોકો ''શ્રીમદ્ ભાગવત'' પ્રત્યે ખૂબજ ભાવના રાખે છે. આથી જ આ ગ્રંથના અનુવાદો - વિચાર વિમર્શો વિશ્વની અનેક પ્રચલિત ભાષામાં થયેલા છે. ભારતીય હિન્દુ ધર્મના લોકો માટે ''શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ હૃદય તુલ્ય છે'' ભારત દેશના અનેક સંપ્રદાયો આ ગ્રંથને પ્રમાણરૂપ માની આ ગ્રંથના પ્રતિપાદિત સિદ્ધાંતોનું અનુસરણ કરતા આવ્યા છે. તેમાં પણ ''શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'' માં આ ગ્રંથનું સ્થાન અતિ ઉત્કૃષ્ટ છે.

**સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રી ગ્રંથમાં લખે છે કે,** ''वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधं पुराणम्'' ॥૯૩॥ **શ્રીમદ્ ભાગવત** આદિક આઠ સત્શાસ્ત્ર અમને ઈષ્ટ છે. ''श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ। सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्य बुद्धये'' ॥૯૮॥ અને વળી એ આઠ સત્શાસ્ત્રને વિષે જે **શ્રીમદ્ ભાગવત પુરાણ** તેના દશમ અને પંચમ નામે જે બે સ્કંધ તે જે બે સ્કંધ તે જે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ''दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्कयस्य च स्मृतिः। भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे'' ॥૯૯॥ અને (શ્રીમદ્ ભાગવતના) દશમ સ્કંધ તથા પંચમ સ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતા દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે. અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात्। प्रत्यहं वा सकृद् वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥૧૧૭॥ અને **શ્રીમદ્ ભાગવત પુરાણ**નો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો અને પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો.

**વચનામૃતમાં સ્વંય શ્રીજીમહારાજ કહે છે** ''નાસ્તિકપણું મટે ક્યારે તો જ્યારે **શ્રીમદ્ ભાગવત** જેવા આસ્તિક ગ્રંથને વિષે કહી જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ એવી ભગવાનની લીલા, તેને

સાંભળે તથા ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય અને આસ્તિકપણું આવે. (ગ.પ્ર. ૬૮)

અને વેદનો અર્થ તો અતિ કઠણ છે માટે તેની કથા થતી નથી અને **શ્રીમદ્ ભાગવત પુરાણ** અને મહાભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે. માટે તેની જગતમાં કથા થાય છે. (ગ.પ્ર. ૭૧)

**શ્રીમદ્ ભાગવત** આદિક જે સત્શાસ્ત્ર તે સત્ય છે અને તે શાસ્ત્રમાં જે કહ્યું છે તે તેવીજ રીતે થાય છે. પણ બીજી રીતે થતું નથી. (ગ.મ. ૩૦)

ચાર વાનાની દઢતા થાય તેને અર્થે અમે **શ્રીમદ્ ભાગવત** આદિક આઠ ગ્રંથનું અતિશે પ્રતિપાદન કર્યુ છે. માટે એ ગ્રંથને સાંભળવા ને ભણવા. (ગ.મ. ૩૫)

''સત્સંગી હોય તેને શી શી વાર્તા જાણી જોઈએ'' તે બાબતમાં કહ્યું છે કે : ''અમારા સંપ્રદાયના અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર છે તેને જાણવા.'' (વડ. ૧૮) આમાં શ્રીમદ્ ભાગવતની ગણના કરી છે.''

તેમજ વચનામૃત સાં. ૭, પં. ૭, ગ.મ. ૩૧, ગ.મ. ૬૨, ગ.અં. ૧૦ આદિક ઘણા વચનામૃતોમાં શ્રીજીમહારાજ શ્રીમદ્ ભાગવતની કથા વંચાવતા હતા તેવો ઉલ્લેખ છે. તેમજ ૪૦ જેટલા શ્રીમદ્ ભાગવતના શ્લોકોના ઉધ્ધરણો - પ્રમાણો શ્રીજીમહારાજે વચનામૃતમાં આપ્યા છે. જેનાથી ખ્યાલ આવે છે કે સંપ્રદાયમાં આ ગ્રંથ કેટલો બધો પ્રમાણીત અને માન્ય છે.

વળી, શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં સળંગ સાત-સાતવાર શ્રીમદ્ ભાગવત સાંભળ્યું અને અભણ પ્રાગજી પુરાણી પાસે ભાગવત વંચાવ્યું હતું. તેમજ, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના પ્રકરણ-૪ માં પહેલા અધ્યાયથી નવમા અધ્યાય સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રીમદ્ ભાગવત ગ્રંથનો મહિમા કહ્યો છે. તથા કથાવિધિ, પુરશ્ચરણવિધિ કહી પછી એક મહિના સુધી પ્રાગજી પુરાણી પાસેથી આ ગ્રંથનું શ્રવણ કર્યું એમ વર્ણવ્યું છે. વળી, જેમના પ્રેમને વશ થઈ ભગવાન ગઢપુરને પોતાનું ઘર માની રોકાઈ ગયા એવા કથાપ્રેમી શ્રી એભલખાચરે પણ ઉપરા-ઉપરી સાત વખત આ ગ્રંથની કથા કરાવેલી.

સદ્ગુરુ શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતોમાં લખ્યું છે કે ''એકવાર મહારાજ ગામ બંધિયામાં ડોસા વાણિયાના ફળિયામાં રામાનંદ સ્વામી છતાની ઓરડી હતી તેમાં ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને વેદસ્તુતિનું પાનું લઈને વાંચતા હતા. **શ્રીજીમહારાજ બોલ્યા જે ''જગતમાં જે ભાગવત સાંભળે છે તે એમ સમજે છે જે, રાજા પરીક્ષિતને શુકજીએ એમ કહ્યું, પણ એમ ન સમજે જે આપણે રાજા પરીક્ષિત છીએ અને આપણને શુકજી કહે છે. એમ નથી સમજતા** (વાત. નં. ૮)

શ્રીમદ્ ભાગવત ઉપર વડતાલ ગાદીના આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે સંસ્કૃતભાષામાં ટીકા લખી છે. જેનું નામ છે **''ભક્તમનોરંજની''** જે ટીકા શ્રી ભાગવતવિદ્યાપીઠ - સોલા (અમદાવાદ)થી અનેક વ્યાખ્યાસમલંકૃતમાં પ્રકાશિત થયેલ છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધ ઉપર **''શુકાભિપ્રાયબોધકમ્''** અને દશમ સ્કંધ ઉપર **''નિગૂઢાર્થપ્રકાશ''** અને એકાદશ સ્કંધ ઉપર **''શ્રીકૃષ્ણાભિપ્રાયબોધિની''**નામની સંસ્કૃત વ્યાખ્યાઓ લખી છે. આમ સંપ્રદાયમાં શ્રીમદ્ ભાગવત ગ્રંથ અતિ પ્રમાણભૂત ગ્રંથ છે. આ ગ્રંથ

સંપ્રદાય દ્વારા અત્યાર સુધી સમ્પૂર્ણ મૂળ ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયો નથી. તેથી ઘણા હરિભક્તોની માંગને ધ્યાનમાં રાખી **શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર દ્વારા પ્રકાશન કરવા તા. ૪-૮-૧૮ ના રોજ મહંત શાસ્ત્રી સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ)ને આજ્ઞાપત્ર આપ્યો છે.

આ પ્રકાશનમાં પ્રેરણાસ્વરૂપ ગામ વડુના મુળ વતની હાલ અમદાવાદમાં પ.ભ. પટેલ નટવરલાલ મણીલાલ પરિવારે એકવાર જણાવ્યું કે ''શ્રીજીમહારાજને શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અતિ પ્રિય શાસ્ત્ર છે. છતા આપણા સંપ્રદાયમાં કોઈ મંદિર થકી ગુજરાતી ભાષામાં મુળપ્રત પ્રકાશન કરવામાં આવી નથી. જો આપ જેતલપુર મંદિરથી પ્રકાશન કરવા સહમત હો તો, તેના આર્થિક સમ્પૂર્ણ ખર્ચની સેવા અમો આપીશું. તેથી તત્કાલીન મુળ ગુજરાતી ભાષામાં પ્રકાશિત પ્રતોમાંથી 'સસ્તુ સાહિત્ય' તથા 'ગીતા પ્રેસ ગોરખપુર'ની કોપીનો મુળ આધાર રાખીને તેને સરળ કરવામાં આવ્યું છે અને તેને પ્રેસદોષથી મુક્ત કરવાની સેવા જેતલપુર મંદિરના પાર્ષદ ધર્મેશભગતે ખૂબજ જીણવટ ભર્યુ ધ્યાન આપીને તેને સાહિત્યદોષથી રહિત કરેલ છે. તો આ કાર્યમાં શ્રીજી મહારાજે તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે પ્રકાશનને સફળ કરનાર સહાયક સમસ્ત સેવા-ભાવિઓને આશીર્વાદ આપ્યા છે. ભાગવત કથાના વાંચકો તથા વિશેષ નિયમોમાં પુરશ્ચરણકર્તા સમસ્ત ત્યાગી એવમ્ ગૃહસ્થ સત્સંગીઓને શ્રીમદ્ ભાગવત મહાપુરાણ મુળ ગુજરાતી સાદર અર્પણ.

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
જેતલપુરધામ

## : સૌજન્ય :

**પટેલ મણીલાલ જેઠીદાસ પરીવાર**

**અ.નિ. પટેલ મણીલાલ જેઠીદાસ** | **અ.નિ. પટેલ મણીબેન મણીલાલ**

**હસ્તે**

| | |
|---|---|
| પટેલ નટવરલાલ મણીલાલ | અ.સૌ. શકરીબેન નટવરલાલ |
| પટેલ કીર્તિકુમાર નટવરલાલ | અ.સૌ. પટેલ અરૂણાબેન કીર્તિકુમાર |
| કુ. પટેલ ઝીલ કીર્તિકુમાર | પટેલ વ્રજ કીર્તિકુમાર |
| પટેલ જગદીશકુમાર નટવરલાલ | અ.સૌ. પટેલ આશાબેન જગદીશકુમાર |
| કુ. પટેલ આર્યા જગદીશકુમાર | કુ. પટેલ દેવાંશી જગદીશકુમાર |
| પટેલ મહેશકુમાર નટવરલાલ | અ.સૌ. પટેલ આશાબેન મુકેશકુમાર |
| પટેલ જૈનમ મુકેશકુમાર | |

**ગામ વડુ, તાલુકો કડી, જીલ્લો મહેસાણા**

# विनियोग, न्यास, ध्यान इत्यादि

अथ श्रीमद्भागवतविनियोगादि लिख्यते । अस्य श्रीमद्भागवताख्यस्तोत्रमंत्रस्य नारदऋषिः । बृहती छन्दः । श्रीकृष्णः परमात्मा देवता । ब्रह्म बीजम् । भक्तिः शक्तिः । ज्ञानवैराग्ये कीलकम् । मम श्रीमद्भगवत्प्रसादसिद्ध्यर्थे पाठे विनियोगः ।

अथ ऋष्यादिन्यासः । नारद-ऋषये नमः शिरसि । बृहतीछन्दसे नमो मुखे । श्रीकृष्णपरमात्मदेवतायै नमो हृदये । ब्रह्मबीजाय नमो गुह्ये । भक्तिशक्तये नमः पादयोः । ज्ञानवैराग्यकीलकाय नमो नाभौ । विनियोगाय नमः सर्वांगे ॥

अथ द्वादशाक्षरविद्यया करषडङ्गादिन्यासः । ॐ ॐ ॐ नमो दक्षिणतर्जन्याम् । ॐ नं ॐ नमो दक्षिणमध्यमायाम् । ॐ मों ॐ नमो दक्षिणानामिकायाम् । ॐ भं ॐ नमो दक्षिणकनिष्ठिकायाम् । ॐ गं ॐ नमो वामकनिष्ठिकायाम् । ॐ वं ॐ नमो वामानमिकायाम् । ॐ तें ॐ नमो वाममध्यमायाम् । ॐ वां ॐ नमो वामतर्जन्याम् । ॐ सुं ॐ नमः ॐ दें ॐ नमो दक्षिणांगुष्ठपर्वणोः । ॐ वां ॐ नमः ॐ यं ॐ नमो वामांगुष्ठपर्वणोः ॥

अथ हृदयादिन्यासः । ॐ नमो नमो हृदयाय नमः । ॐ भगवते नमः शिरसे स्वाहा । ॐ वासुदेवाय नमः शिखायै वषट् । ॐ नमो नमः कवचाय हुम् । ॐ भगवते नमः नेत्रत्रयाय वौषट् । ॐ वासुदेवाय नमः अस्त्राय फट् ।

## ॥ अथ ध्यानम् ॥

किरीटकेयुरमहार्हनिष्कैर्मण्युत्तमालंकृतसर्वगात्रम् । पीतांबरं कांचनचित्रनद्धमालाधरं केशवमम्युपैमि ॥

એ પ્રમાણે ધ્યાન કરીને દ્વાદશાક્ષર મંત્ર (ॐ नमो भगवते वासुदेवाय) નો જપ કરવાથી શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી અખંડિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

### બાર સ્કંધ એ ભગવાનનાં બાર અંગ છે

પ્રથમ સ્કંધ એ ભગવાનનો જમણો ચરણ અને દ્વિતીય સ્કંધ એ ડાબો ચરણ છે; તૃતીય સ્કંધ એ જમણા બાહુનું મૂળ અને ચતુર્થ સ્કંધ એ ડાબા બાહુનું મૂળ છે; પંચમ સ્કંધ એ જમણો નિતંબ અને ષષ્ઠ સ્કંધ ડાબો નિતંબ છે; સપ્તમ સ્કંધ જમણો હાથ અને દ્વાદશ સ્કંધ એ ડાબો હાથ છે; અષ્ટમ સ્કંધ જમણો સ્તન છે અને નવમ સ્કંધ ડાબો સ્તન છે; દશમ સ્કંધ શ્રીહરિનું હૃદય છે અને એકાદશ સ્કંધ મસ્તક છે. કેટલાક વળી આ પ્રમાણે ગણાવે છે. પ્રથમ તથા દ્વિતીય સ્કંધ એ બે ચરણ, તૃતીય અને ચતુર્થ સ્કંધ બે નિતંબ, પંચમ સ્કંધ કટિભાગ, ષષ્ઠ ગુહ્યભાગ, સપ્તમ સ્કંધ પેટ, અષ્ટમ સ્કંધ હૃદય, નવમ સ્કંધ બે હાથના અગ્રભાગ, દશમ સ્કંધ મુખ, એકાદશ સ્કંધ લલાટ અને દ્વાદશ સ્કંધ એ મસ્તક છે. ॥ इति शुभम् ॥

# શ્રીમદ્ ભાગવતનો પૂજનવિધિ

श्रीकृष्णाय नमः । आचम्य प्राणायामं कुर्यात् ॥ ॐ भद्रं कर्णेभिरिति शांतिपाठं पठेत् ॥ ततः सङ्कल्पः ॥ ॐ विष्णुर्विष्णुर्विष्णुः ॥ अद्येत्यादि पूर्वोच्चरित एवं गुणविशेषणविशिष्टायां शुभपुण्यतिथौ मम सकुटुम्बस्य सपरिवारस्य श्रीगोवर्धनधरणचरणारविंदप्रसादात् सर्वसमृद्धिप्राप्त्यर्थं प्रारब्धानुसारादनुग्रहपूर्वकं श्रीभगवन्नामात्मकस्वरुपश्रीभागवतपाठस्य साङ्गत्तासिद्धयर्थं श्रीमद्भागवतस्य प्रतिष्ठां पूजनं चाहं करिष्ये ॥ तदस्तु मित्रावरुणेति प्रतिष्ठां कुर्यात् । ततः पुरुषसूक्तेन आवाहनादिषोडशोपचारैः पूजयेत् ॥

પ્રથમ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને આચમન કર્યા પછી પ્રાણાયામ કરવા. પછી 'भद्रं कर्णेभिः' આ શાંતિપાઠ ભણવો. ત્યાર પછી સંકલ્પમાં શ્રીવિષ્ણુભગવાનનું ત્રણ વાર સ્મરણ કરીને, આજે અમુક માસ અને અમુક તિથિના દિવસે, શ્રીમદ્ ભાગવતની પૂજા મારા કુટુંબ અને પરિવાર સહિત, ગોવર્ધનધારી શ્રીકૃષ્ણભગવાનના ચરણકમળની કૃપાથી સર્વ સમૃદ્ધિની પ્રાપ્તિ માટે પ્રારબ્ધાનુસાર શ્રીહરિના અનુગ્રહપૂર્વક શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતના પાઠની સંપૂર્ણ સિદ્ધિ માટે, શ્રીમદ્ ભાગવતની પ્રતિષ્ઠા અને પૂજા હું કરીશ એ પ્રમાણે બોલીને સંકલ્પ કરવો. ત્યાર પછી 'मित्रावरुण' ઇત્યાદિ મંત્રથી પ્રતિષ્ઠા કરવી અને પુરુષસૂક્ત વડે આવાહનાદિ ષોડશોપચારે પૂજન કરવું.

(१) ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहसपात् । स भूमिं सर्वतस्पृत्वात्यतिष्ठद्दशांगुलम् ॥१॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आवाहनम् ॥

અનંત મસ્તકોવાળા, અનંત નેત્રોવાળા ને અનંત ચરણોવાળા એવા વિરાટરૂપ પરમપુરુષ સર્વ તરફથી ભૂમિને વ્યાપીને તેનાથી દશ આંગળ બહાર રહેલા છે. (૧) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરીને આવાહન કરવું.

(२) ॐ पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्त्वत्येशानो यदन्नेनातिरोहति ॥२॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आसनम् ॥

આ સંસારમાં ભૂતકાળમાં જે કાંઈ થયું અને ભવિષ્યમાં જે કાંઈ થવાનું, તે સર્વના નિયંતા આ પરમપુરુષ જ છે. વળી આ અમૃતપણાના તથા જે અન્ન વડે દેહાદિ ઊપજે છે તથા ટકે છે, તેના પણ એ જ નિયામક છે. (૨) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરીને આસન આપવું.

(३) ॐ एतावानस्य महिमातो ज्यायांश्च पुरुषः । पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥३॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ पाद्यम् ॥

જે ભગવાનનો આટલો મહિમા કહ્યો, તે કરતાં પણ એ પરમ પુરુષ બહુ જ વધારે મહાન છે; કેમ કે એમના માત્ર એક જ પાદમાં સર્વ ભૂત રહેલાં છે અને બાકીના ત્રણ પાદો તો નાશરહિત તથા સ્વપ્રકાશરૂપે સ્થિત છે. (૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી પાદ્ય કરવું. (ચરણ પંખાળવા માટે જળ સમર્પિત કરવું.)

(૪) ॐ त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोऽस्येहाभवत् पुनः । ततो विष्वङ् व्यक्रामत् साशनानशने अभि ॥ ४॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ अर्घ्यम् ॥

એ પરમપુરુષના ત્રણ પાદ તે ઉપર અદશ્યરૂપે રહેલા છે અને એમનો એક જ પાદ પુનઃ અહીં આ સંસારરૂપે થયો છે; તથા પછી થનારાં ને નહિ થનારાં સર્વ પ્રાણી અને પદાર્થોમાં અનેકરૂપે વ્યાપીને એ પરમપુરુષ રહેલા છે. (૪) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી અર્ઘ્ય આપવા. (હાથ ધોવરાવા પૂર્વક જળ સમર્પિત કરવું.)

(૫) ॐ ततो विराडजायत विराजो अधिपूरुषः । स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥५॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आचमनीयम् ॥

એ તે વિરાટપુરુષથી બ્રહ્માંડ થયું; તેના તે વિરાટપુરુષરૂપે અધિષ્ઠાતા થઈ, ઊપજેલા પદાર્થમાં વ્યાપી રહેવા ઉપરાંત તેનાથી ભિન્નરૂપે પણ થયા અને પછી તેમણે ભૂમિ તથા શરીર ઈત્યાદિ રચ્યાં. (૫) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરીને આચમન આપવું.

(૬) ॐ तस्माद्यज्ञात्सर्वहुतः संभृतं पृषदाज्यम् । पशूस्तांश्चक्रे वायव्यानारण्यान् ग्राम्याश्च ये ॥६॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ स्नानम् ॥

સર્વ જેમાં હોમાય છે, એવા પરમપુરુષ તે યજ્ઞ વડે દહી ને ઘી પ્રાપ્ત કરતા હતા; તથા વાયુદેવતાવાળાં જે અરણ્યનાં ને ગામનાં પશુઓ છે, તેમને ઉત્પન્ન કરતા હતા. (૬) આ મંત્રથી શ્રીભગવાનના નામ સ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી સ્નાન કરાવવું.

(૭) ॐ तस्माद्यज्ञात्सर्वहुतः ऋचः सामानि जज्ञिरे । छन्दांसि जज्ञिरे तस्मात् यजुस्तमादजायत ॥७॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ वस्त्रम् ॥

સર્વ હુતયજ્ઞથી તે ઋચાઓને તથા સામોને ઉત્પન્ન કરતા હતા, તેથી છંદોને ઉત્પન્ન કરતા હતા અને તેથી યજુર્વેદ ઉત્પન્ન થતો હતો. (૭) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી વસ્ત્ર અર્પણ કરવું.

(૮) ॐ तस्मादश्वा अजायन्त ये के चोभयादतः । गावो ह जज्ञिरे तस्मात् तस्माज्जाता अजावयः ॥८॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ यज्ञोपवीतम् ॥

તેથી અશ્વો તથા જે કોઈ ઉપરનીચે બન્ને બાજુ દાંતવાળાં પશુ છે તે ઉત્પન્ન થયાં, તેથી પ્રસિદ્ધ ગાયો ઊપજી અને તેથી બકરાંઓ અને ઘેટાં ઊપજયાં. (૮) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી યજ્ઞોપવીત આપવું.

(૯) ॐ तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः । तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥९॥
श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ गंधम् – चंदनम् ॥

યજ્ઞના સાધનરૂપે પ્રથમ ઊપજેલા તે પરમ પુરુષને માનસ યજ્ઞમાં પ્રોક્ષણ કરતા હતા. તે વડે તે સાધ્ય દેવો અને ઋષિઓ માનસયજ્ઞ કરવા લાગ્યા. (૯) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી ગંધ-ચંદન અર્પણ કરવું.

(१०) ॐ यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् । मुखं किमस्यासीत् किम्बाहू किमूरु पादा उच्येते ॥१०॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ पुष्पाणि ॥

જ્યારે વિરાટપુરુષને ઉત્પન્ન કર્યો ત્યારે તેનાં અંગોની કલ્પના કેટલાક પ્રકારે કરતા હતા ? એનું મુખ કોણ ? હાથ કોણ ? સાથળ કોણ ? ને પગો કોણ કહેવાય છે ? (૧૦) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી પુષ્પો-પુષ્પમાળા અર્પણ કરવા.

(११) ॐ ब्राह्मणोऽस्य सुमुखमासीत् बाहु राजन्यः कृतः । ऊरु तदस्य यद्वैश्यः पदभ्यां शूद्रो अजायत ॥११॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ धूपम् ॥

એ વિરાટપુરુષનું મુખ બ્રાહ્મણ હતા; ક્ષત્રિયને બે હાથરૂપ કર્યા; જે વૈશ્ય તે એના બે સાથળરૂપે ઊપજ્યા અને બે પગરૂપે શૂદ્ર ઊપજ્યા. (૧૧) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી ધૂપ અર્પણ કરવો.

(१२) ॐ चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत । श्रोत्राद्वायुश्च मुखादग्निरजायत ॥१२॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ दीपम् ॥

ચંદ્રમા મનથી ઉત્પન્ન થયો, સૂર્ય નેત્રથી ઉત્પન્ન થયો તથા ઈંદ્ર ને અગ્નિ મુખથી અને વાયુ પ્રાણથી ઉત્પન્ન થયો. (૧૨) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી દીપ અર્પણ કરવું.

(१३) ॐ नाभ्या आसीदन्तरिक्षम् शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात् तथा लोकाँ अकल्पयन् ॥१३॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ नैवेद्यम् ॥

નાભિથી અંતરિક્ષ ઉત્પન્ન થયું; મસ્તકથી સ્વર્ગ ઉત્પન્ન થયું; બંને ચરણોથી ભૂમિ અને શ્રોત્રથી દિશા ઊપજી. એવી રીતે લોકોને કલ્પતા હતા. (૧૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી નૈવેદ્ય આપવું.

(१४) ॐ यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । वसन्तोस्यासीदाज्यं ग्रीष्म इष्मः शरद्धविः ॥१४॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ प्रदक्षिणाम् ॥

જ્યારે એ પુરુષરૂપ હવિષ વડે દેવો યજ્ઞ કરતા હતા. ત્યારે વસંતઋતુ એમાં ઘીરૂપ થઈ, ગ્રીષ્મઋતુ ઈંધનરૂપે થઈ અને શરદઋતુ ચરુ-પુરોડાશ વગેરે હવિષ્ય રૂપ થઈ. (૧૪) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરીને પ્રદક્ષિણા કરવી.

(१५) ॐ सप्तास्यासन् परिधयस्त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुम् ॥१५॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ नमस्कारम् ॥

જ્યારે દેવો યજ્ઞ કરવા લાગ્યા ત્યારે પુરુષરૂપ યજ્ઞસાધનને બાંધતા હતા. સાત એના પરિધિઓ હતા અને ત્રણ સાતને સમિધો કરી. ( ૧૫ ) મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી પુનઃ નમસ્કાર કરવાં.

(१६) ॐ यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्। ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥१६॥ श्रीभगवतन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ मन्त्रपुष्पम् ॥

દેવો યજ્ઞ વડે જ યજ્ઞનું પૂજન કરતા હતા. એ યજ્ઞધર્મને પ્રથમ ધારણ કરનારાં મુખ્ય મનુષ્યો હતાં, જે સ્વર્ગમાં પ્રાચીન સાધ્ય દેવો રહે છે, તે સ્વર્ગને એ યજ્ઞધર્મનું પાલન કરનારા મહાત્મા પામે છે. (૧૬) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરવી.

**પરમાત્માની પ્રાર્થના**

वन्दे श्रीकृष्णदेवं मुरनरकमिदं वेदवेदांतवेद्यम् । लोकं भक्तिप्रसिद्धं यदुकुलजलधौ प्रादुरासीदपारे । यस्यासीद्रूपमेवं विभुवनतरणे भक्तिवच्च स्वतन्त्रम् । शास्त्रं रूपं च लोके प्रकटयति मुदा यः स नो भूतहेतुः ॥१॥

જેમનું સ્વરૂપ ત્રણે લોકને તરવા માટે ભકિતની પેઠે સ્વતંત્ર નૌકારૂપ છે, સર્વ ભૂતપ્રાણીના આદિકારણરૂપ પરમાત્માએ અમારા કલ્યાણ માટે શાસ્ત્રને અને તે પોતાના સ્વરૂપરૂપી નૌકાને આ જગતને વિષે પ્રકટ કરી છે; એવા આ લોકને વિષે ભકિતથી પ્રસિદ્ધ થયેલા, મુર અને નરકાસુરને હણનારા, વેદ અને વેદાંતથી જાણી શકાય એવા તથા અપાર યાદવકુળરૂપી સમુદ્રમાં પ્રકટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. (૧)

नमः कृष्णपदाब्जाय भक्ताभीष्टप्रदायिने । आरक्तं रोचयेच्छश्वन्मामके हृदयांबुजे ॥२॥

ભકતજનોને ઈષ્ટ વસ્તુ આપનાર એવા શ્રીકૃષ્ણના ચરણકમળને અમારા નમસ્કાર હો. એ આરકત ચરણકમળ મારા હૃદયકમળમાં વારંવાર રુચિ ઉત્પન્ન કરે. ( ૨ )

श्रीभागवतरूपं तत् पूजयेद्भक्तिपूर्वकम् । अर्चकायाखिलान् कामान् प्रयच्छति न संशयः ॥३॥

શ્રીમદ્ ભાગવતને ભગવાનનું રૂપ સમજીને આ પ્રમાણે જે ભકિતપૂર્વક પૂજે છે, તેના સર્વ મનોરથ સિદ્ધ છે; એમાં સંશય નથી. ( ૩ )

इति श्रीहरिदासविरचितः श्रीभागवतपुस्तकषोडशोपचारपूजनविधिः समाप्तः ॥

॥ श्रीकृष्णार्पणप्रस्तु ॥

શ્રીમદ્ ભાગવતનો પાઠ કર્યા પહેલાં આ સ્તોત્રનો પાઠ કરવાથી ભગવાન પ્રત્યેનો ભક્તિભાવ વધુ દૃઢ થાય છે.

## શ્રીગોવિંદ-દામોદર સ્તોત્ર

કરારવિન્દેન પદારવિન્દં મુખારવિન્દે વિનિવેશયન્તમ્ ।
વટસ્ય પત્રસ્ય પુટે શયાનં બાલં મુકુન્દં મનસા સ્મરામિ ॥ (૧)

શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારે હે નાથ નારાયણ વાસુદેવ ।
જિહ્વે ! પિબસ્વામૃતમેતદેવ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૨)

વિક્રેતુકામાખિલગોપકન્યા મુરારિપાદાર્પિતચિત્તવૃત્તિઃ ।
દધ્યાદિકં મોહવશાદવોચદ્ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૩)

ગૃહે ગૃહે ગોપવધૂકદમ્બા સર્વે મિલિત્વા સમવાપ્ય યોગમ્ ।
પુણ્યાનિ નામાનિ પઠન્તિ નિત્યં ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૪)

સુખં શયાના નિલયે નિજેऽપિ નામાનિ વિષ્ણોઃ પ્રવદન્તિ મર્ત્યાઃ ।
તે નિશ્ચિતં તન્મયતાં વ્રજન્તિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૫)

સુખાવસાને ત્વિદમેવ સારં દુઃખાવસાને ત્વિદમેવ જ્ઞેયમ્ ।
દેહાવસાને ત્વિદમેવ જાપ્યં ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૬)

જિહ્વે ! સદૈવં ભજ સુન્દરાણિ નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ ।
સમસ્તભક્તાર્તિવિનાશનાનિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૭)

શ્રીકૃષ્ણ રાધાવર ગોકુલેશ ગોપાલ ગોવર્ધનનાથ વિષ્ણો ।
જિહ્વે ! પિબસ્વામૃતમેતદેવ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૮)

જિહ્વે ! રસજ્ઞે મધુરપ્રિયત્વં સત્યં હિતં ત્વાં પરમં વદામિ ।
આવર્ણયેથાઃ મધુરાક્ષરાણિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૯)

ત્વામેવ યાચે મમ દેહિ જિહ્વે ! સમાગતે દંડધરે કૃતાન્તે ।
વક્તવ્યમેકં મધુરમ્ સુભક્ત્યા ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૧૦)

અગ્રે કરૂણામથ પાણ્ડવાનાં દુઃશાસનેનાહૃતવસ્ત્રકેશા ।
કૃષ્ણા તદાક્રોશદનન્યનાથા ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૧૧)

સંસારકૂપે પતિતોऽત્યગાધે મોહાન્ધપૂર્ણે વિષયાભિતપ્તે ।
કરાવલમ્બં મમ દેહિ વિષ્ણુઃ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ (૧૨)

## શ્રીમધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૧।।

વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૨।।

વેણુર્મધુરો રેણુર્મધુરઃ પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૩।।

ગીતં મધુરં પીતં મધુરં ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૪।।

કરણં મધુરં તરણં મધુરં હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૫।।

ગુઞ્જા મધુરા માલા મધુરા યમુના મધુરા વીચિર્મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૬।।

ગોપી મધુરા લીલા મધુરા યુક્તં મધુરં ભુક્તં મધુરમ્ ।
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૭।।

ગોપા મધુરા ગાવો મધુરા યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૮।।

## શ્રીમદ્ ભાગવતની આરતી

આરતિ અતિ પાવન પુરાનકી । ધર્મ-ભક્તિ-વિજ્ઞાન-ખાનકી ।।
મહાપુરાન ભાગવત નિરમલ । શુક-મુખ-વિગલિત નિગમ-કલ્પ-ફલ ।
પરમાનન્દ-સુધા-રસમય કલ । લીલા-રતિ-રસ રસનિધાનકી ।। આ૦
કલિ-મલ-મથનિ ત્રિતાપ-નિવારિનિ । જન્મ-મૃત્યુમય ભવ-ભય-હારિની ।
સેવત સતત સકલ સુખ-કારિની । સુમહૌષધિ હરિ-ચરિત-ગાનકી ।। આ૦
વિષય-વિલાસ-વિમોહ-વિનાશિનિ । વિમલ વિરાગ વિવેક વિકાશિનિ ।
ભગવત્તત્ત્વ-રહસ્ય પ્રકાશિનિ । પરમ જ્યોતિ પરમાત્મ-જ્ઞાનકી ।। આ૦
પરમહંસ-મુનિ-મન ઉલ્લાસિનિ । રસિક-હૃદય રસ-રાસ-વિલાસિનિ ।
ભુક્તિ, મુક્તિ, રતિ, પ્રેમ-સુદાસિની । કથા અકિઞ્ચનપ્રિય સુજાનકી ।। આ૦

# અનુક્રમણિકા

## શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય


| | | |
|---|---|---|
| ૧ | ભક્તિદેવી અને નારદજીનો સંવાદ | ૦૦૧ |
| ૨ | સનકાદિ કુમાર અને નારદજીનો સંવાદ | ૦૦૫ |
| ૩ | ભક્તિદેવીના દુઃખનું નિવારણ | ૦૦૮ |
| ૪ | આત્મદેવ બ્રાહ્મણનું જીવનકવન-ગોકર્ણ ઉપાખ્યાન | ૦૧૨ |
| ૫ | ધુંધુકારીનો પ્રેતયોનિથી ઉધ્ધાર | ૦૧૬ |
| ૬ | શ્રીમદ્ ભાગવતના શ્રવણનો વિધિ | ૦૧૯ |


## પ્રથમ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | મંગલાચરણ અને શ્રીસૂતજીને શૌનકાદિ ઋષિઓનો પ્રશ્ન | ૦૨૫ |
| ૨ | ભગવત્કથા અને ભગવદ્ ભક્તિનો મહિમા | ૦૨૭ |
| ૩ | ભગવાનના અવતારોનું વર્ણન | ૦૨૯ |
| ૪ | વ્યાસજીને થયેલો અસંતોષ | ૦૩૨ |
| ૫ | વ્યાસને નારદજીનો સંવાદ - નારદજીનું પૂર્વચરિત્ર | ૦૩૩ |
| ૬ | નારદજીના પૂર્વચરિત્રનો શેષભાગ | ૦૩૬ |
| ૭ | પાંડવોના બાળકોના વધ બદલ અશ્વત્થામાને શિક્ષા | ૦૩૮ |
| ૮ | અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતની રક્ષા, કુંતીની સ્તુતિ અને રાજા યુધિષ્ઠિરનો શોક | ૦૪૧ |
| ૯ | ભીષ્મે યુધિષ્ઠિરને આપેલો ધર્મોપદેશ, શ્રીકૃષ્ણસ્તુતિ અને ભીષ્મજીની મુક્તિ | ૦૪૪ |
| ૧૦ | શ્રીકૃષ્ણનું દ્વારકાગમન | ૦૪૭ |
| ૧૧ | દ્વારકામાં શ્રીકૃષ્ણનો પ્રવેશ અને ત્યાં આનંદ | ૦૪૯ |
| ૧૨ | પરીક્ષિતનો જન્મ અને બ્રાહ્મણો દ્વારા ભવિષ્યકથન | ૦૫૨ |
| ૧૩ | વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું હિમાલય તરફ પ્રયાણ | ૦૫૪ |
| ૧૪ | યુધિષ્ઠિરને વિવિધ અપશુકનો અને દ્વારકાથી આવેલા અર્જુનને પ્રશ્નો પૂછ્યાં | ૦૫૭ |
| ૧૫ | અર્જુનનો ઉત્તર, શ્રીકૃષ્ણનું સ્વધામગમન અને પાંડવોનું સ્વર્ગારોહણ | ૦૫૯ |
| ૧૬ | પરીક્ષિતનો દિગ્વિજય, કલિયુગથી પીડાતા ધર્મ તથા પૃથ્વીનો સંવાદ | ૦૬૩ |
| ૧૭ | પરિક્ષિતે કલિયુગને કરેલી શિક્ષા | ૦૬૬ |
| ૧૮ | પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ | ૦૬૮ |
| ૧૯ | ગંગાતટે પરીક્ષિત રાજાનું અનશન વ્રત અને ત્યાં શુકદેવજીનું પધારવું | ૦૭૧ |


## દ્વિતીય સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | મનુષ્યકર્તવ્ય અને વિરાટપુરુષનું વર્ણન | ૦૭૫ |
| ૨ | ક્રમમુક્તિ અને સદ્યઃ મુક્તિનું વર્ણન | ૦૭૭ |

| | | |
|---|---|---|
| ૩ | વિષ્ણુભક્તિની વિશિષ્ટતા | ૦૮૦ |
| ૪ | શુકદેવજીની પ્રભુપ્રાર્થના | ૦૮૨ |
| ૫ | બ્રહ્મા અને નારદનો સંવાદ, શ્રીહરિની સૃષ્ટિ આદિ લીલા | ૦૮૪ |
| ૬ | વિરાટપુરુષની વિભૂતિ અને પુરુષસૂક્તના આધારે સર્વ નિર્ણય | ૦૮૬ |
| ૭ | બ્રહ્મા - નારદ સંવાદ (ચાલુ) - બ્રહ્મદેવે કરેલું ભગવાનના લીલાવતારનું વર્ણન | ૦૮૯ |
| ૮ | પરીક્ષિતના અનેક પ્રશ્નો | ૦૯૪ |
| ૯ | પરીક્ષિત રાજાના પ્રશ્નોના ઉત્તર—ભગવાને બ્રહ્મદેવને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ | ૦૯૬ |
| ૧૦ | શ્રીભાગવતના દસ લક્ષણો અને મહાકલ્પનું વર્ણન | ૦૯૯ |


## તૃતીય સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | યાત્રા માટે નીકળેલા વિદુરજીનો ઉદ્ધવ સાથે સંવાદ | ૧૦૩ |
| ૨ | શ્રીકૃષ્ણના વિયોગથી ઉદ્ધવજીનો શોક અને તેમણે કરેલું શ્રીકૃષ્ણનાં બાળચરિત્રોનું વર્ણન | ૧૦૬ |
| ૩ | મથુરા તથા દ્વારકામાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો | ૧૦૮ |
| ૪ | બંધુઓનો નાશ સાંભળી વિદુરજીનું આત્મજ્ઞાન માટે મૈત્રેય પાસે જવું | ૧૧૦ |
| ૫ | વિદુરજીના પ્રશ્નથી મહામુનિ મૈત્રેયે વર્ણવેલી મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ | ૧૧૨ |
| ૬ | વિરાટસૃષ્ટિ અને આધિદૈવાદિ ભેદ | ૧૧૬ |
| ૭ | વિદુરજીના પ્રશ્નો | ૧૧૮ |
| ૮ | જલશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્માની ઉત્પત્તિ | ૧૨૦ |
| ૯ | બ્રહ્માએ કરેલી શ્રીનારાયણની સ્તુતિ | ૧૨૩ |
| ૧૦ | દશ પ્રકારની પ્રાકૃત આદિ સૃષ્ટિ | ૧૨૭ |
| ૧૧ | પરમાણુ વગેરેનાં લક્ષણોથી કાળની ગણતરી | ૧૨૯ |
| ૧૨ | બ્રહ્માની માનસી તથા મૈથુની સૃષ્ટિ | ૧૩૧ |
| ૧૩ | ભગવાનનો વરાહ અવતાર ને હિરણ્યાક્ષનો વધ | ૧૩૪ |
| ૧૪ | દિતિને કશ્યપથી રહેલો ગર્ભ અને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની ઉત્પત્તિ | ૧૩૮ |
| ૧૫ | વૈકુંઠમાં જય-વિજયને સનત્કુમારોનો શાપ | ૧૪૦ |
| ૧૬ | શ્રીહરિએ સનકાદિનું કરેલું સાંત્વન અને તેઆની જય-વિજય પર કૃપા | ૧૪૫ |
| ૧૭ | હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્ભુત પ્રભાવ | ૧૪૭ |
| ૧૮ | હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનનું મહાન યુદ્ધ | ૧૪૯ |
| ૧૯ | હિરણ્યાક્ષનો વધ | ૧૫૧ |
| ૨૦ | સૃષ્ટિરચના | ૧૫૩ |
| ૨૧ | કર્દમ ઋષિ પર શ્રીભગવાનની પ્રસન્નતા અને તેમની પાસે મનુનું આવવું | ૧૫૬ |
| ૨૨ | મનુએ દેવહૂતિને કર્દમ સાથે પરણાવી | ૧૫૯ |
| ૨૩ | કર્દમ અને દેવહૂતિનો વિમાનમાં ભોગવિલાસ ને દેવહૂતિથી નવ કન્યાઓનો જન્મ | ૧૬૨ |
| ૨૪ | કપિલદેવનો જન્મ અને કર્દમમુનિનો સંન્યાસ | ૧૬૫ |

| | | |
|---|---|---|
| ૨૫ | માતાના પ્રશ્નથી કપિલદેવે કહેલું ભક્તિનું લક્ષણ | ૧૬૭ |
| ૨૬ | પ્રકૃતિ-પુરુષનો ભેદ દર્શાવવા સાંખ્યશાસ્ત્રના આધારે સર્વ પદાર્થોની ઉત્પત્તિ તથા લક્ષણ | ૧૭૦ |
| ૨૭ | પ્રકૃતિ-પુરુષના વિવેકથી મોક્ષની રીતિ | ૧૭૪ |
| ૨૮ | સબીજ યોગનું લક્ષણ અને અષ્ટાંગયોગ દ્વારા સર્વોપાધિથી મુક્ત સ્વરૂપનું જ્ઞાન | ૧૭૭ |
| ૨૯ | ભક્તિયોગના ભેદ, કાળનું બળ અને ઘોર સંસારનું વર્ણન | ૧૮૦ |
| ૩૦ | પાપી મનુષ્યોને ભોગવવી પડતી નરકયાતનાનું વર્ણન | ૧૮૩ |
| ૩૧ | પુણ્ય-પાપની મિશ્રતાથી મનુષ્યજન્મની પ્રાપ્તિ અને ગર્ભવાસમાં જીવની ઈશ્વર સ્તુતિ | ૧૮૫ |
| ૩૨ | સાત્વિક ધર્મોથી ઉપરના લોકમાં ગતિ અને તત્ત્વજ્ઞાન વિના ફરી સંસાર | ૧૮૮ |
| ૩૩ | કપિલદેવના ઉપદેશથી માતા દેવહૂતિની જીવન્મુક્તિ | ૧૯૦ |


## ચતુર્થ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | સ્વાયંભુવ મનુની કન્યાઓના વંશો અને ભગવાનના યજ્ઞાદિ અવતાર | ૧૯૩ |
| ૨ | મહાદેવ અને દક્ષના વિરોધનું કારણ | ૧૯૬ |
| ૩ | દક્ષના યજ્ઞોત્સવમાં જતા સતીને શંકરે અટકાવ્યાં | ૧૯૮ |
| ૪ | દક્ષના યજ્ઞમાં સતીનું અપમાન અને તેમણે કરેલો દેહત્યાગ | ૨૦૦ |
| ૫ | ભગવાન શંકરનો ક્રોધ અને વીરભદ્ર દ્વારા દક્ષનો નાશ | ૨૦૨ |
| ૬ | દક્ષ આદિના જીવન માટે બ્રહ્માની શંકરને પ્રાર્થના | ૨૦૪ |
| ૭ | મહાદેવની કૃપાથી દક્ષનુ જીવન અને યજ્ઞનો પુનરુદ્ધાર | ૨૦૭ |
| ૮ | ધ્રુવચરિત્ર-સાવકી માતાનાં કઠોર વચનોથી ધ્રુવનું વનગમન, તપશ્ચર્યા અને ભગવાનની પ્રસન્નતા | ૨૧૧ |
| ૯ | ધ્રુવચરિત્ર (ચાલુ) : શ્રીહરિની સ્તુતિ કરી, વરદાન મેળવી ધ્રુવનું પાછા ફરવું ને પિતાએ આપેલું રાજ્ય કરવું | ૨૧૬ |
| ૧૦ | ધ્રુવે ભાઈનો વધ કરનારા યક્ષોનો કરેલો વિનાશ | ૨૨૦ |
| ૧૧ | મનુએ ધ્રુવને તત્ત્વોપદશ આપી યક્ષોનો સંહાર કરતા રોકયો | ૨૨૧ |
| ૧૨ | ધ્રુવને શ્રીહરિના સ્થાનની પ્રાપ્તિ | ૨૨૩ |
| ૧૩ | પુત્રની ક્રુરતાથી કંટાળી વેનનો પિતા અંગ વનમાં ચાલ્યો ગયો | ૨૨૬ |
| ૧૪ | વેનનો રાજ્યાભિષેક અને બ્રાહ્મણોએ કરેલો તેનો નાશ | ૨૨૯ |
| ૧૫ | પૃથુરાજાનો જન્મ અને રાજ્યાભિષેક | ૨૩૧ |
| ૧૬ | મુનિઓની પ્રેરણાથી સ્તુતિપાઠકોએ કરેલી પૃથુરાજાની સ્તુતિ | ૨૩૨ |
| ૧૭ | પૃથ્વીએ પૃથુરાજાની સ્તુતિ કરી | ૨૩૪ |
| ૧૮ | પૃથુરાજાએ કરેલું પૃથ્વીનું દોહન | ૨૩૬ |
| ૧૯ | યજ્ઞના ઘોડાનું હરણ કરનાર ઈંદ્રનો વધ કરતા પૃથુને બ્રહ્માએ વાર્યા | ૨૩૮ |
| ૨૦ | યજ્ઞમાં શ્રીવિષ્ણુનો પૃથુરાજાને ઉપદેશ અને બન્નેની પરસ્પર પ્રીતિ | ૨૪૦ |
| ૨૧ | યજ્ઞ સમયે દેવો વગેરેની મહાસભામાં પૃથુરાજાનો પ્રજાઓને ઉપદેશ | ૨૪૩ |

| | | |
|---|---|---|
| ૨૨ | પૃથુરાજાને ભગવાન સનત્કુમારનો ઉત્તમ જ્ઞાનોપદેશ | ૨૪૭ |
| ૨૩ | પૃથુરાજાનું તપશ્ચર્યા માટે વનગમન અને અંતે વિમાન દ્વારા વૈકુંઠગમન | ૨૫૧ |
| ૨૪ | પ્રચેતાઓને જન્મ અને શંકરે તેઓને ઉપદેશેલું રુદ્રગીત | ૨૫૩ |
| ૨૫ | પ્રચેતાઓને તપશ્ચર્યા ને નારદનો પ્રાચીનબર્હિષ્ને અધ્યાત્મનો ઉપદેશ | ૨૫૮ |
| ૨૬ | પુરંજન આખ્યાન (ચાલુ)-સાબુદ્ધિના ત્યાગથી અને યોગથી જીવના સંસારનું સ્વરૂપ | ૨૬૧ |
| ૨૭ | પુરંજન આખ્યાન (ચાલુ)-પુરંજનની શોચનીય સ્થિતિ | ૨૬૩ |
| ૨૮ | પુરંજન આખ્યાન (ચાલુ)-સ્ત્રીના ચિંતનથી પુરંજનને સ્ત્રીનો અવતાર અને છેવટે મોક્ષ | ૨૬૫ |
| ૨૯ | પુરંજન આખ્યાનનો ઉપસંહારઃ સ્ત્રીસંગથી સંસાર અને ઈશ્વરસંગથી મોક્ષ | ૨૬૯ |
| ૩૦ | પ્રચેતાઓનું વૃક્ષકન્યા સાથે લગ્ન અને રાજ્યશાસન | ૨૭૫ |
| ૩૧ | દક્ષને રાજ્ય અને પ્રચેતાઓને મુક્તિ | ૨૭૮ |


## પંચમ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | પ્રિયવ્રતની રાજ્યસ્થિતિ અને જ્ઞાનનિષ્ઠા | ૨૮૧ |
| ૨ | આગ્નીધ્રરાજાનું ચરિત્ર | ૨૮૫ |
| ૩ | નાભિરાજાનું ચરિત્ર | ૨૮૭ |
| ૪ | શ્રીઋષભદેવને ત્યાં સો પુત્રોનો જન્મ | ૨૮૯ |
| ૫ | ઋષભદેવનો પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ અને તેમની પરમહંસદીક્ષા | ૨૯૧ |
| ૬ | ઋષભદેવે કરેલા દેહત્યાગનું વર્ણન | ૨૯૪ |
| ૭ | ભરતરાજાનું હરિક્ષેત્રમાં હરિભજન | ૨૯૭ |
| ૮ | ભરતજીનો મૃગજાતિમાં જન્મ | ૨૯૮ |
| ૯ | ભરતજીનો જડ બ્રાહ્મણ તરીકે જન્મ | ૩૦૧ |
| ૧૦ | રાજા રહૂગણ ને જડભરતનો મેળાપ | ૩૦૩ |
| ૧૧ | જડભરતજીએ રહૂગણને કરેલો ઉપદેશ | ૩૦૬ |
| ૧૨ | જડભરતજીએ રહૂગણના સર્વ સંશયો દૂર કર્યા | ૩૦૮ |
| ૧૩ | જડભરતજીએ કરેલું ભવાટવીનું વર્ણન | ૩૧૦ |
| ૧૪ | ભવાટવીનું વર્ણન | ૩૧૨ |
| ૧૫ | ભરતવંશી રાજાઓનું વર્ણન | ૩૧૬ |
| ૧૬ | જંબુંદ્વીપના નવ ખંડોનું વર્ણન | ૩૧૮ |
| ૧૭ | ગંગાનું ચારે દિશાઓમાં વહેવું અને શંકરે કરેલું સંકર્ષણનું સેવન | ૩૨૦ |
| ૧૮ | ભદ્રાશ્વ આદિ છ ખંડોના ઉપાસ્ય દેવો તથા તેમના ઉપાસક ભક્તો | ૩૨૩ |
| ૧૯ | કિંપુરુષના તથા ભારતવર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસક ભક્તો | ૩૨૭ |
| ૨૦ | પ્લક્ષાદિ છ દ્વીપોનું સમુદ્રો સાથે વર્ણન અને લોકાલોક પર્વતનું માપ | ૩૩૦ |
| ૨૧ | સૂર્યની ગતિ ઉપરથી લોકમર્યાદા | ૩૩૪ |

| | | |
|---|---|---|
| ૨૨ | સોમશુક્રાદિ ગ્રહોની સ્થિતિ અને ગતિનું વર્ણન | ૩૩૬ |
| ૨૩ | ધ્રુવસ્થાનનું વર્ણન અને શિશુમારચક્રનું વર્ણન | ૩૩૮ |
| ૨૪ | સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાળનું વર્ણન | ૩૩૯ |
| ૨૫ | પાતાળોની નીચે ભગવાન શેષનાગની સ્થિતિ | ૩૪૨ |
| ૨૬ | નરકોનું વર્ણન | ૩૪૪ |


## ષષ્ઠ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | અજામિલનું આખ્યાન-યમદૂતોએ વર્ણવેલું ધર્માદિનું લક્ષણ | ૩૪૯ |
| ૨ | અજામિલનું આખ્યાન - 'નારાયણ' નામનું અદ્ભુત માહાત્મ્ય | ૩૫૩ |
| ૩ | યમરાજાએ દૂતોનું કરેલું સાંત્વન | ૩૫૬ |
| ૪ | પ્રજાસૃષ્ટિ માટે દક્ષની હંસગુહ્ય સ્તોત્રથી શ્રીહરિની આરાધના | ૩૫૮ |
| ૫ | નારદજીને દક્ષનો શાપ | ૩૬૧ |
| ૬ | દક્ષની સાઠ કન્યાઓના વંશ | ૩૬૪ |
| ૭ | વિશ્વરૂપ દેવોનો પુરોહિત થયો | ૩૬૭ |
| ૮ | વૈષ્ણવી વિદ્યા નારાયણ કવચ | ૩૬૯ |
| ૯ | વિશ્વરૂપનો વધ અને વૃત્રાસુરની ઉત્પત્તિ | ૩૭૪ |
| ૧૦ | દધીચિઋષિનાં હાડકાંના વજ્રથી ઈંદ્રે વૃત્રાસુર સાથે યુદ્ધ કર્યું | ૩૭૮ |
| ૧૧ | વૃત્રાસુરનાં ભક્તિ અને જ્ઞાનદર્શક અદ્ભુત વચનો | ૩૮૦ |
| ૧૨ | ઈંદ્રે વૃત્રાસુરનો વધ કર્યો | ૩૮૪ |
| ૧૩ | બ્રહ્મહત્યાના ભયથી નાસતા ઈંદ્રની વિષ્ણુએ રક્ષા કરી | ૩૮૪ |
| ૧૪ | વૃત્રાસુરના પૂર્વજન્મનું ચરિત્ર-ચિત્રકેતુ રાજાનો પુત્રના મરણથી શોક | ૩૮૬ |
| ૧૫ | નારદજી અને અંગિરાએ તત્ત્વોપદેશ આપી ચિત્રકેતુનો શોક દૂર કર્યો | ૩૮૯ |
| ૧૬ | નારદજીએ ચિત્રકેતુને મહાવિદ્યાનો ઉપદેશ કર્યો | ૩૯૧ |
| ૧૭ | ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો | ૩૯૬ |
| ૧૮ | અદિતિ અને દિતિનાં સંતાનોની તથા મરુદ્ગણોની ઉત્પત્તિનું વર્ણન | ૩૯૮ |
| ૧૯ | પુંસવન વ્રતનો વિધિ | ૪૦૨ |


## સપ્તમ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | નારદજી અને યુધિષ્ઠિરનો સંવાદ અને જય-વિજયની કથા | ૪૦૫ |
| ૨ | હિરણ્યાક્ષનો વધ થવાથી હિરણ્યકશિપુએ પોતાની માતા અને કુટુંબીઓને સમજાવ્યા | ૪૦૮ |
| ૩ | હિરણ્યકશિપુની ઘોર તપશ્ચર્યા ને પ્રસન્ન થયેલા બ્રહ્માનું તેને વરદાન | ૪૧૨ |
| ૪ | હિરણ્યકશિપુએ સર્વ લોકને દુઃખ દેવા માંડયું | ૪૧૪ |
| ૫ | વિષ્ણુભક્ત પ્રહ્લાદને મારી નાખવા હિરણ્યકશિપુના અનેક ઉપાયો | ૪૧૭ |
| ૬ | પ્રહ્લાદનો બાળકોને ઉપદેશ | ૪૨૦ |
| ૭ | પ્રહ્લાદનો ઉપદેશ (ચાલુ) | ૪૨૨ |

| | | |
|---|---|---|
| ૮ | નૃસિંહભગવાને હિરણ્યકશિપુનો કરેલો વધ | ૪૨૬ |
| ૯ | પ્રહ્લાદે કરેલી નૃસિંહની સ્તુતિ | ૪૩૦ |
| ૧૦ | પ્રહ્લાદ તથા રુદ્રદેવ ઉપર ભગવાનની કૃપા | ૪૩૬ |
| ૧૧ | મનુષ્યોના સાધારણ ધર્મો, વર્ણોના વિશેષ ધર્મો તથા સ્ત્રીઓના મુખ્ય ધર્મો | ૪૪૦ |
| ૧૨ | બ્રહ્મચારી ને વાનપ્રસ્થના ધર્મો તથા ચારે આશ્રમોના સાધારણ ધર્મો | ૪૪૨ |
| ૧૩ | સંન્યાસધર્મ અને અવધૂત સાથે પ્રહ્લાદજીનો સંવાદ | ૪૪૪ |
| ૧૪ | ગૃહસ્થોના ધર્મો | ૪૪૭ |
| ૧૫ | સર્વ ધર્મનો સારસંગ્રહ | ૪૫૦ |


## અષ્ટમ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | મન્વંતરોનું વર્ણન | ૪૫૭ |
| ૨ | જળવિહાર કરતાં ગજેંદ્રનું ઝૂડ (મગર)થી પકડાવું | ૪૫૯ |
| ૩ | ભગવાને કરેલો ગજેંદ્ર અને ઝુડનો ઉદ્ધાર | ૪૬૧ |
| ૪ | ઝૂડ ગંધર્વ થયો ને ગજેંદ્રને ભગવાને પાર્ષદ બનાવ્યો | ૪૬૩ |
| ૫ | દેવતાઓનું બ્રહ્માજી પાસે જવું અને બ્રહ્માજીએ કરેલી ભગવાનની સ્તુતિ | ૪૬૫ |
| ૬ | અમૃત માટે દેવો તથા અસુરોનો મહાન ઉદ્યમ - સમુદ્ર મંથન કથા | ૪૬૮ |
| ૭ | સમુદ્રમાંથી નીકળેલા ઝેરનું શંકરે પાન કર્યું | ૪૭૧ |
| ૮ | મોહિનીસ્વરૂપનું પ્રાકટ્ય | ૪૭૪ |
| ૯ | મોહિનીસ્વરૂપે દૈત્યોને ઠગી દેતોને અમૃત પાયું | ૪૭૬ |
| ૧૦ | દેવદાનવ-યુદ્ધમાં દેવો ગભરાયા ત્યારે ભગવાન પ્રકટ થયા | ૪૭૮ |
| ૧૧ | નારદજીએ દેવોને અટકાવ્યા અને શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા | ૪૮૧ |
| ૧૨ | મોહિની સ્વરૂપથી શંકર મોહ પામ્યા | ૪૮૩ |
| ૧૩ | સાતમા મન્વંતરથી માંડી સર્વ મન્વંતરાનું વર્ણન | ૪૮૬ |
| ૧૪ | મનુ વગેરે નાં જુદાં જુદાં કર્મો | ૪૮૮ |
| ૧૫ | બલિરાજાએ વિશ્વજિત યજ્ઞ કરી સ્વર્ગ જીત્યુ | ૪૮૯ |
| ૧૬ | કશ્યપ ઋષિએ અદિતિને પયોવ્રતનો ઉપદેશ કર્યો | ૪૯૧ |
| ૧૭ | વામન અવતાર | ૪૯૪ |
| ૧૮ | વામન ભગવાન બલિરાજાના યજ્ઞમાં પધાર્યા | ૪૯૬ |
| ૧૯ | વામનજીએ ત્રણ પગલાં ભૂમિ માગી | ૪૯૮ |
| ૨૦ | બલિએ વામનજીને પૃથ્વીનું દાન કર્યું | ૫૦૦ |
| ૨૧ | ત્રણ પગલાં પૂરા ન થવાથી ભગવાને બલિરાજાને બાંધ્યો | ૫૦૨ |
| ૨૨ | ભગવાને બલિરાજાને સુતલમાં રાખ્યો અને પોતે તેના દ્વારપાળ થયા | ૫૦૪ |
| ૨૩ | બલિરાજાનું પ્રહ્લાદજી સાથે સુતલલોકમાં જવું ને ઇંદ્રને સ્વર્ગની પ્રાપ્તિ | ૫૦૭ |
| ૨૪ | મત્સ્યાવતાર-મહાસમુદ્રમાં સત્યવ્રતનું રક્ષણ | ૫૦૯ |

## નવમ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | વૈવસ્વત મનુના વંશમાં ચંદ્રવંશ-સુદ્યુન્મની કથા | ૫૧૩ |
| ૨ | વૈવસ્વત મનુના કરૂષ વગેરે પાંચ પુત્રોનો વંશ | ૫૧૫ |
| ૩ | સુકન્યા તથા રેવતીજીનું આખ્યાન | ૫૧૭ |
| ૪ | નાભગની તથા અંબરીષની કથા | ૫૧૯ |
| ૫ | અંબરીષે દુર્વાસાની રક્ષા કરી | ૫૨૩ |
| ૬ | ઈક્ષ્વાકુનો વંશ-સૌભરિઋષિની પ્રાસંગિક કથા | ૫૨૪ |
| ૭ | પુરુકુત્સ તથા હરિશ્ચંદ્રનું આખ્યાન | ૫૨૭ |
| ૮ | સગરના પુત્રો કપિલના અપરાધથી બળી ગયા | ૫૨૯ |
| ૯ | ભગીરથ પૃથ્વી પર ગંગાજી લાવ્યા | ૫૩૧ |
| ૧૦ | શ્રીરામચંદ્રનું સંક્ષિપ્ત ચરિત્ર | ૫૩૪ |
| ૧૧ | શ્રીરામચંદ્રજીએ કરેલા યજ્ઞાદિનું વર્ણન | ૫૩૭ |
| ૧૨ | શ્રીરામના પુત્ર કુશનોવંશ | ૫૪૦ |
| ૧૩ | ઈક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ | ૫૪૦ |
| ૧૪ | ચંદ્રવંશનું વર્ણન-બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચંદ્રથી બુધની ઉત્પત્તિ | ૫૪૨ |
| ૧૫ | પુરૂરવાના પુત્રોનો વંશ પરશુરામે સહસ્રાર્જુનનો નાશ કર્યો | ૫૪૪ |
| ૧૬ | સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા | ૫૪૭ |
| ૧૭ | પુરૂરવાના મોટા પુત્ર આયુનો વંશ | ૫૪૯ |
| ૧૮ | નહુષના પુત્ર યયાતિનું ચરિત્ર | ૫૫૦ |
| ૧૯ | યયાતિની વિષયોથી વિરક્તિ ને મુક્તિ | ૫૫૩ |
| ૨૦ | દુષ્યંતના પુત્ર ભરતનાં યશોગાન | ૫૫૪ |
| ૨૧ | રાજા રંતિદેવ વગેરેનું અદ્ભુત ચરિત્ર | ૫૫૭ |
| ૨૨ | ઋક્ષના વંશમાં જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે | ૫૫૯ |
| ૨૩ | યયાતિના બીજા પુત્રોનો વંશ | ૫૬૧ |
| ૨૪ | વિદર્ભનો વંશ | ૫૬૩ |


## દશમ સ્કંધ (પૂર્વાર્ધ)


| | | |
|---|---|---|
| ૧ | શ્રીકૃષ્ણ જન્મની પૂર્વકથા, કંસે દેવકીના છ પુત્રો મારી નાખ્યા | ૫૬૭ |
| ૨ | દેવકીના ગર્ભમાં આવેલા શ્રીભગવાનની દેવોએ સ્તુતિ કરી | ૫૭૧ |
| ૩ | શ્રીકૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુળમાં પધારવું | ૫૭૪ |
| ૪ | કંસે આરંભેલી બાળહત્યા | ૫૭૭ |
| ૫ | ગોકુલમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ | ૫૭૯ |
| ૬ | પૂતનાનો ઉધ્ધાર | ૫૮૧ |
| ૭ | શકટ ભજન - તૃણાવર્તનો વધ અને મુખમાં યશોદાને બ્રહ્માંડનું દર્શન | ૫૮૪ |

| | | |
|---|---|---|
| ૮ | શ્રીકૃષ્ણ-બળદેવનાં નામકરણ અને યશોદાજીને વિશ્વરૂપનું દર્શન | ૫૮૬ |
| ૯ | યશોદાજીએ શ્રીકૃષ્ણને દામણાથી (દોરડાથી) બાંધ્યા | ૫૮૯ |
| ૧૦ | યમલાર્જુનનો મોક્ષ | ૫૯૦ |
| ૧૧ | વત્સાસુર અને બકાસુરનો વધ | ૫૯૩ |
| ૧૨ | અઘાસુરનો વધ | ૫૯૬ |
| ૧૩ | ગોપબાળકો તથા વાછરડાંને બ્રહ્મા હરી ગયા | ૫૯૯ |
| ૧૪ | બ્રહ્માએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ | ૬૦૩ |
| ૧૫ | ધેનુકાસુરનો વધ અને કાલિયનાગના વિષથી ગોપાલોનું રક્ષણ | ૬૦૮ |
| ૧૬ | કાલિયનાગનો નિગ્રહ | ૬૧૧ |
| ૧૭ | દાવાનળ પી જઈ શ્રીકૃષ્ણે સ્વજનોની રક્ષા કરી | ૬૧૫ |
| ૧૮ | પ્રલંબાસુરનો વધ | ૬૧૭ |
| ૧૯ | દાવાનળ પી જઈ ફરી શ્રીકૃષ્ણે ગોવાળિયા તથા ગાયોનું રક્ષણ કર્યું | ૬૧૮ |
| ૨૦ | વર્ષા અને શદરઋતુનું વર્ણન | ૬૧૯ |
| ૨૧ | શ્રીકૃષ્ણની મધુરી બંસી - વેણુગીત | ૬૨૨ |
| ૨૨ | વસ્ત્રહરણ લીલા | ૬૨૫ |
| ૨૩ | ભગવાને ઋષિપત્નીઓ પર કરેલી કૃપા | ૬૨૭ |
| ૨૪ | શ્રીકૃષ્ણે ગોવર્ધન મહોત્સવ કરાવ્યો | ૬૩૦ |
| ૨૫ | શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી કોપેલા ઈંદ્રથી ગોકુળની રક્ષા કરી | ૬૩૨ |
| ૨૬ | નંદરાયે વર્ણવેલું શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય | ૬૩૪ |
| ૨૭ | કામધેનુ તથા ઈંદ્રે શ્રીકૃષ્ણનો ગાયોના ઈંદ્ર તરીકે અભિષેક કર્યો | ૬૩૫ |
| ૨૮ | શ્રીકૃષ્ણે નંદજીને વરુણલોકમાંથી પાછા આણ્યા | ૬૩૭ |
| ૨૯ | રાસલીલાના સમારંભમાં ભગવાનનું અદ્રશ્ય થવું | ૬૩૮ |
| ૩૦ | શ્રીકૃષ્ણને શોધતી વિરહઘેલી ગોપીઓ | ૬૪૨ |
| ૩૧ | ગોપીગીત | ૬૪૫ |
| ૩૨ | ભગવાને પ્રકટ થઈ ગોપીઓને શાંત કરી | ૬૪૬ |
| ૩૩ | ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા, જળક્રીડા તથા વનક્રીડા | ૬૪૮ |
| ૩૪ | અજગરથી નંદરાયની મુક્તિ અને શંખચૂડનો વધ | ૬૫૧ |
| ૩૫ | ગોપીઓનું યુગલગીત | ૬૫૩ |
| ૩૬ | અરિષ્ટાસુરનો વધ અને શ્રીકૃષ્ણ-બળદેવને લાવવા કંસની અક્રૂરને આજ્ઞા | ૬૫૫ |
| ૩૭ | કેશી દૈત્યનો તથા વ્યોમાસુરનો વધ | ૬૫૭ |
| ૩૮ | અક્રૂરને ગોકુળમાં સત્કાર | ૬૫૯ |
| ૩૯ | ગોપીઓનો વિરહવિલાપ અને અક્રૂરને યમુનામાં વિષ્ણુલોકનાં દર્શન | ૬૬૨ |
| ૪૦ | અક્રૂરજીએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ | ૬૬૫ |

| | | |
|---|---|---|
| ૪૧ | મથુરામાં પ્રવેશ, ધોબીને દંડ તથા માળી અને દરજીને વરદાન | ૬૬૭ |
| ૪૨ | શ્રીકૃષ્ણે કુબ્જાને સુંદરી બનાવી તથા ધનુષ્યનો ભંગ કર્યો | ૬૭૦ |
| ૪૩ | કુવલયાપીડનો વધ અને અખાડામાં પ્રવેશ | ૬૭૨ |
| ૪૪ | ચાણૂર વગેરે મલ્લોનો તથા કંસનો ઉધ્ધાર | ૬૭૪ |
| ૪૫ | યજ્ઞોપવીત સંસ્કાર અને ગુરુકુળમાં વિદ્યાભ્યાસ | ૬૭૬ |
| ૪૬ | ઉદ્ધવજીને વ્રજમાં મોકલી શ્રીકૃષ્ણે નંદ-યશોદાનો શોક દૂર કર્યો | ૬૭૯ |
| ૪૭ | ઉધ્ધવજી અને ગોપીઓનો સંવાદ - ભ્રમરગીત | ૬૮૨ |
| ૪૮ | શ્રીકૃષ્ણનો કુબ્જા સાથે આનંદ અને અક્રૂરને હસ્તિનાપુર જવાની આજ્ઞા | ૬૮૬ |
| ૪૯ | ધૃતરાષ્ટ્રનું વર્તન જાણી અક્રૂર મથુરા પાછા આવ્યા | ૬૮૯ |


## દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)


| | | |
|---|---|---|
| ૫૦ | જરાસંધ સાથે યુધ્ધ અને દ્વારકાપુરીનું નિર્માણ | ૬૯૧ |
| ૫૧ | કાળયવનનો મુચુકુંદ દ્વારા નાશ | ૬૯૪ |
| ૫૨ | શ્રીકૃષ્ણે સ્વીકારેલો રુકિમણીનો સંદેશો | ૬૯૮ |
| ૫૩ | રુકિમણીનું હરણ | ૭૦૦ |
| ૫૪ | શ્રીકૃષ્ણ-રુકિમણીનાં લગ્નની કથા | ૭૦૩ |
| ૫૫ | પ્રદ્યુમ્ને કરેલો શંબરાસુરનો વધ | ૭૦૭ |
| ૫૬ | જાંબવતી તથા સત્યભામાને શ્રીકૃષ્ણ પરણ્યા | ૭૦૯ |
| ૫૭ | મણિ ચોરવાનો આરોપ ભગવાને ફરી દૂર કર્યો | ૭૧૧ |
| ૫૮ | શ્રીકૃષ્ણ બીજી પાંચ સ્ત્રીઓ પરણ્યા | ૭૧૩ |
| ૫૯ | ભૌમાસુરનો વધ અને પારિજાતનું હરણ | ૭૧૬ |
| ૬૦ | પ્રેમકલહમાં રુકિમણીને કોપાવી શ્રીકૃષ્ણે પછી શાંત કર્યા | ૭૧૯ |
| ૬૧ | અનિરુદ્ધના વિવાહમાં બળરામે કરેલો રુકમીનો વધ | ૭૨૪ |
| ૬૨ | બાણાસુરે અનિરૂદ્ધને કેદ કર્યો | ૭૨૬ |
| ૬૩ | બાણાસુર અને યાદવોનું યુદ્ધ | ૭૨૯ |
| ૬૪ | શ્રીકૃષ્ણે નૃગરાજાને શાપમુક્ત કર્યો | ૭૩૨ |
| ૬૫ | ગોપીઓ સાથે રમતા બલરામે મદથી યમુનાને ખેંચી | ૭૩૪ |
| ૬૬ | શ્રીકૃષ્ણે પૌંડ્રકનો તથા તેના મિત્રનો વધ કર્યો | ૭૩૬ |
| ૬૭ | બળરામે દ્વિવિદ વાનરનો વધ કર્યો | ૭૩૮ |
| ૬૮ | કૌરવો પર બલરામજીનો કોપ અને સાંબના લગ્ન | ૭૪૦ |
| ૬૯ | રાણીઓના પ્રત્યેક ઘરમાં શ્રીકૃષ્ણને જોઈ નારદજી આશ્ચર્ય પામ્યા | ૭૪૨ |
| ૭૦ | જરાસંધે કેદ કરેલા રાજાઓના દૂતનો સંવાદ | ૭૪૫ |
| ૭૧ | શ્રીકૃષ્ણની ઈંદ્રપ્રસ્થમાં પધરામણી | ૭૪૮ |
| ૭૨ | શ્રીકૃષ્ણે ભીમસેન પાસે જરાસંઘનો વધ કરાવ્યો | ૭૫૧ |

| | | |
|---|---|---|
| ૭૩ | શ્રીકૃષ્ણે રાજાઓને છૂટા કરી તેઓનાં રાજ્ય પાછાં સોંપ્યા | ૭૫૪ |
| ૭૪ | શિશુપાલનો વધ | ૭૫૬ |
| ૭૫ | દુર્યોધનનો માનભંગ | ૭૫૮ |
| ૭૬ | યાદવ અને શાલ્વનું યુદ્ધ | ૭૬૧ |
| ૭૭ | શ્રીકૃષ્ણે શાલ્વને માર્યો અને સૌભવિમાનનો નાશ કર્યો | ૭૬૨ |
| ૭૮ | શ્રીકૃષ્ણે દંતવક્ત્ર તથા વિદૂરથને માર્યા ને બળરામે રોમહર્ષણને માર્યો | ૭૬૪ |
| ૭૯ | બળદેવે બલ્વનો વધ કરી તીર્થયાત્રાથી સૂતહત્યા દૂર કરી | ૭૬૬ |
| ૮૦ | શ્રીકૃષ્ણને ત્યાં સુદામાજી | ૭૬૮ |
| ૮૧ | શ્રીકૃષ્ણે સુદામાને, ઈંદ્રને પણ દુર્લભ એવી સંપત્તિ આપી | ૭૭૦ |
| ૮૨ | સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ સાથે ગોપ-ગોપીઓનો મેળાપ | ૭૭૩ |
| ૮૩ | સ્ત્રીઓમાં શ્રીકૃષ્ણકથાનો ઉત્સવ | ૭૭૬ |
| ૮૪ | કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞમહોત્સવ | ૭૭૯ |
| ૮૫ | શ્રીકૃષ્ણ-બળરામે પિતાને જ્ઞાન આપ્યું તથા માતાને મરેલા પુત્રો લાવી આપ્યા | ૭૮૩ |
| ૮૬ | અર્જુને કરેલું સુભદ્રાહરણ | ૭૮૭ |
| ૮૭ | વેદસ્તુતિ | ૭૯૦ |
| ૮૮ | વિષ્ણુના ભક્તને મોક્ષ અને બીજા દેવોના ભક્તોને માત્ર સંપત્તિઓ | ૮૦૮ |
| ૮૯ | ભૃગુજીએ કરેલી ત્રિદેવોની પરીક્ષા તથા શ્રીકૃષ્ણ બ્રાહ્મણના મૃત બાળકોને પાછા લાવ્યા | ૮૧૧ |
| ૯૦ | સંક્ષેપમાં કૃષ્ણલીલાઓ | ૮૧૫ |


## એકાદશ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | યાદવોને બ્રાહ્મણોનો શાપ | ૮૧૯ |
| ૨ | વસુદેવને નારદે ભાગવતધર્મનો ઉપદેશ વિદેહરાજ નિમિ અને નવ યોગેશ્વરોનો સંવાદ | ૮૨૧ |
| ૩ | માયા, તેને તરવાનો ઉપાય, બ્રહ્મ તથા કર્મવાદ-એ પ્રશ્નોના ઉત્તર | ૮૨૫ |
| ૪ | ભગવાનની અવતારલીલાઓ | ૮૩૦ |
| ૫ | ભક્તિહીનની ગતિ અને પૂજાવિધિ | ૮૩૨ |
| ૬ | સ્વધામમાં પધારવા શ્રીકૃષ્ણને દેવોની પ્રાર્થના | ૮૩૬ |
| ૭ | દત્તાત્રેયના આઠ ગુરુઓનું વર્ણન | ૮૩૯ |
| ૮ | અજગર વગેરે દત્તાત્રેયના નવ ગુરુઓ | ૮૪૪ |
| ૯ | ટિટોડો વગેરે દત્તાત્રેયના ગુરુઓ | ૮૪૭ |
| ૧૦ | આત્માને ખરી રીતે સંસાર નથી જ | ૮૫૦ |
| ૧૧ | બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તિનાં લક્ષણો | ૮૫૩ |
| ૧૨ | સત્સંગનો મહિમા અને કર્મોની કરવાની તથા તજવાની વ્યવસ્થા | ૮૫૭ |
| ૧૩ | સત્ત્વગુણથી જ્ઞાનનો ઉદય અને ચિત્ત તથા ગુણનું અલગ થવું | ૮૫૯ |

| | | |
|---|---|---|
| ૧૪ | ભક્તિની શ્રેષ્ઠતા અને સાધનો સહિત ધ્યાનયોગ | ૮૬૩ |
| ૧૫ | શ્રીવિષ્ણુપદ પામવામાં વિઘ્નરૂપ સિધ્ધિઓ | ૮૬૬ |
| ૧૬ | શ્રીભગવાનની વિભૂતિઓ | ૮૬૯ |
| ૧૭ | બ્રહ્મચારી તથા ગૃહસ્થના ધર્મો | ૮૭૧ |
| ૧૮ | વાનપ્રસ્થ અને સંન્યાસીના ધર્મો | ૮૭૫ |
| ૧૯ | જ્ઞાનાદિનો ત્યાગ કરવાની રીત | ૮૭૮ |
| ૨૦ | ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ | ૮૮૧ |
| ૨૧ | કામનાવાળાઓને દ્રવ્ય-દેશ આદિ ગુણ-દોષ | ૮૮૪ |
| ૨૨ | તત્ત્વોની સંખ્યા, પ્રકૃતિ અને પુરુષનો વિવેક તથા જન્મ-મૃત્યુનો પ્રકાર | ૮૮૯ |
| ૨૩ | તિરસ્કારો સહન કરવાનો ઉપાય | ૮૯૫ |
| ૨૪ | સાંખ્યયોગ | ૮૯૯ |
| ૨૫ | સત્ત્વાદિ ત્રણ ગુણોની વૃત્તિઓનું વર્ણન | ૯૦૧ |
| ૨૬ | ઐલ (પુરૂરવા)નાં વૈરાગ્ય યુક્ત વચનો | ૯૦૪ |
| ૨૭ | અંગ સહિત સંક્ષિપ્ત પૂજાવિધિ | ૯૦૬ |
| ૨૮ | સંક્ષિપ્ત જ્ઞાનયોગ | ૯૦૯ |
| ૨૯ | સંક્ષિપ્ત ભક્તિયોગ | ૯૧૪ |
| ૩૦ | યાદવકુળનો સંહાર | ૯૧૮ |
| ૩૧ | શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા | ૯૨૧ |


## દ્વાદશ સ્કંધ


| | | |
|---|---|---|
| ૧ | કળિયુગના રાજવંશોનું વર્ણન | ૯૨૩ |
| ૨ | કળિયુગના ધર્મો, કલ્કિ અવતાર | ૯૨૫ |
| ૩ | શ્રીહરિને નમન સર્વ દોષોનો નાશ કરે છે - નામસંકીર્તન | ૯૨૭ |
| ૪ | નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક અને નિત્ય-એ ચાર પ્રલયો | ૯૩૦ |
| ૫ | પરીક્ષિતના મૃત્યુના ભયનું નિવારણ | ૯૩૩ |
| ૬ | પરીક્ષિતનો મોક્ષ અને જનમેજયનો સર્પયજ્ઞ | ૯૩૪ |
| ૭ | અથર્વવેદનો વિસ્તાર અને પુરાણના વિભાગ | ૯૩૯ |
| ૮ | માર્કંડેયઋષિનું ચરિત્ર | ૯૪૧ |
| ૯ | માર્કંડેયને ભગવાનની માયાનું દર્શન | ૯૪૪ |
| ૧૦ | માર્કંડેયને શંકરનાં વરદાન | ૯૪૬ |
| ૧૧ | મહાપુરુષનું વર્ણન તથા દરેક મહિને જુદા જુદા સૂર્યના વ્યૂહ | ૯૪૯ |
| ૧૨ | શ્રીમદ્ ભાગવતની વિષયાનુક્રમણિકા | ૯૫૨ |
| ૧૩ | પુરાણ સંખ્યા તથા શ્રીમદ્ ભાગવતના દાનનું માહાત્મ્ય | ૯૫૫ |

# શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય

## અધ્યાય-૧

### ભક્તિદેવી અને નારદજીનો સંવાદ

**सच्चिदानन्दरुपाय विश्वोत्पत्त्यादिहेतवे । तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः ॥१॥**

સચ્ચિદાનંદ સ્વરુપ ભગવાન શ્રીકૃષ્ણને અમે નમસ્કાર કરીએ છીએ, કે જેઓ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના હેતુ છે તથા આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણે પ્રકારનાં દુઃખોનો નાશ કરનારા છે.

**यं प्रवजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।**
**पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥२॥**

જેમનાં સર્વ કર્મો દૂર થયાં હતાં અને જેમને ઉપનયન સંસ્કાર પણ થયો ન હતો, એવા શુકદેવજી સર્વનો ત્યાગ કરી જ્યારે ચાલી નીકળ્યા, ત્યારે વિરહથી વ્યાકુળ થઈ શ્રીવેદવ્યાસજીએ 'હે પુત્ર !' એ પ્રમાણે તેમને બોલાવ્યા. તે સમયે શુકદેવજી વતી વૃક્ષોએ ઉત્તર આપ્યો હતો, તે પ્રાણીમાત્રના અંતર્યામીસ્વરૂપ શ્રી શુકમુનિને હું નમસ્કાર કરું છું.

**नैमिषे सूतमासीनमभिवाद्य महामतिम् । कथामृत रसास्वादकुशलः शौनकोऽब्रवीत् ॥३॥**

કથારૂપી અમૃતરસનો સ્વાદ લેવામાં કુશળ મુનિ શૌનકે નૈમિષારણ્યમાં બેઠેલા મહાબુદ્ધિમાન સૂતજીને પ્રણામ  કરી પૂછ્યું.

**શૌનકે પૂછ્યું :** અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવામાં કરોડો સૂર્ય સમાન તેજસ્વી હે સૂતજી ! મારા કાનને પરમાનંદ આપનાર શ્રેષ્ઠ કથા આપ કહો. ભકિત, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થનારો વિવેક કેવી રીતે વધે અને વિષ્ણુભકતો માયા તથા મોહનો કેવી રીતે ત્યાગ કરે ? આ ઘોર કલિકાળ પ્રાપ્ત થતાં જીવ આસુરી ભાવ પામ્યો છે, તો સાંસારિક દુઃખોથી દુઃખી એ જીવને શુદ્ધ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે ? સર્વે કલ્યાણકારી સાધનોમાં જે શ્રેષ્ઠ હોય, પવિત્રમાં પવિત્ર અને સદા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારુ હોય, તે સાધન હમણાં તમે કહો. ચિંતામણિ પ્રસન્ન થાય તો સંસારનાં સુખો આપે છે, ઈન્દ્ર પ્રસન્ન થાય તો સ્વર્ગની સંપત્તિ આપે છે અને ગુરુ પ્રસન્ન થાય તો યોગીઓને પણ દુર્લભ એવો વૈકુંઠલોક આપે છે.

**સૂતે કહ્યું :** હે શૌનક ! તમારા હૃદયમાં પ્રેમ છે, તેથી સર્વ સિદ્ધાંતો વડે સિદ્ધ થયેલું, સંસારના ભયનો નાશ કરનારું, ભકિતના પ્રવાહને વધારનારું અને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવામાં જે કારણરૂપ છે તે સાધન વિચારીને હું તમને કહું છું, તે તમે સાવધાન થઈ સાંભળો. કલિયુગમાં કાળરૂપી સર્પના મુખનો ગ્રાસ થવામાં જે ભય છે, તેનો નાશ કરવા માટે શ્રીશુકદેવજીએ 'શ્રીમદ્ ભાગવત' શાસ્ત્ર કહ્યું છે. મનની

શુદ્ધિ માટે આનાથી બીજું કંઈ પણ (સાધન) નથી. જન્માંતરનું પુણ્ય હોય તો શ્રીમદ્ ભાગવતનો લાભ મળે. શ્રીશુકદેવજી પરીક્ષિતને કથા કહેવાને સભામાં બેઠા, ત્યારે અમૃતનો કળશ લઈ દેવો ત્યાં આવ્યા હતા. પોતાના કાર્યમાં કુશળ તે સર્વ દેવ શુકદેવજીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા : ''આ અમૃત લઈ તેને બદલે કથારૂપી અમૃત તમે અમને આપો. આ રીતે અદલા-બદલી થયા પછી રાજા પરીક્ષિત અમૃત પીએ અને અમે સર્વે શ્રીમદ્ ભાગવતરૂપી અમૃત પીશું.'' પછી શુકદેવજીએ લોકમાં 'કથા કયાં અને અમૃત ક્યાં ? મહાન મણિ કયાં અને કાચ કયાં ?' એવો વિચાર કરી દેવોને હસી કાઢયા અને તેઓને અભક્ત જાણી કથારૂપી અમૃત આપ્યું નહિ. આમ શ્રીમદ્ ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે. પૂર્વકાળમાં શ્રીમદ્ ભાગવતના શ્રવણથી રાજા પરીક્ષિતનો મોક્ષ (થયેલો) જોઈને બ્રહ્માને પણ આશ્ચર્ય થયું હતું અને તેમણે સત્યલોકમાં કાંટો બાંધી સર્વ સાધનો તોળ્યાં હતાં. તે વખતે બીજાં સર્વ સાધનો હલકાં થયાં અને આ શ્રીમદ્ ભાગવત પ્રમાણમાં ભારે થયું, જેથી સર્વ ઋષિઓ અત્યંત વિસ્મય પામ્યા હતા. તેઓ માનવા લાગ્યા કે શ્રીમદ્ ભાગવત પૃથ્વી પર શ્રીભગવાનનું સ્વરૂપ છે અને તેનું પઠન કે શ્રવણ તત્કાળ વૈકુંઠરૂપ ફળ આપનારું છે. માત્ર સાત દિવસ શ્રવણ કરવાથી સર્વથા મુકિત આપનારું છે. પૂર્વે દયાળુ એવા સનકાદિ મુનિઓએ આ શ્રીમદ્ ભાગવત નારદમુનિને કહ્યું હતું. જોકે દેવર્ષિ નારદે બ્રહ્મદેવની પાસેથી આ સાંભળ્યું હતું, પણ સપ્તાહશ્રવણનો વિધિ સનકાદિક કુમારોએ તેમને કહ્યો હતો.

**શૌનકે પૂછયું** : લોકોને લડાવવામાં તત્પર અને કોઈ સ્થળે સ્થિર ન રહેનારા એવા નારદને સપ્તાહશ્રવણનો વિધિ સાંભળવામાં પ્રીતિ કેમ થઈ અને તેમને સનત્કુમારો સાથે સમાગમ ક્યાં થયો ?

**સૂતે કહ્યું :** આ વિષયમાં ભકિતપૂર્ણ કથા હું તમને કહું છું, જે કથા શુકદેવજીએ મને શિષ્ય જાણી એકાંતમાં કહી છે. એક સમયે સનકાદિક ચારે નિર્મળ ઋષિઓ બદરિકાશ્રમમાં સત્સંગ કરવા માટે આવ્યા અને ત્યાં તેમણે નારદને જોયા.

**સનકાદિ કુમારોએ કહ્યું :** હે નારદ ! તમારું મુખ ઉદાસીન કેમ છે ? તમે ચિંતાપરાયણ કેમ છો? આમ ઉતાવળે ક્યાં જાઓ છો અને તમે ક્યાંથી આવો છો ? જેની પાસેથી ધન ચાલ્યું ગયું હોય એવા મનુષ્યની પેઠે હમણાં તમે શૂન્ય ચિત્તવાળા જણાઓ છો. સંગથી મુક્ત થયેલા તમને આ ન ઘટે, માટે કારણ કહો.

**નારદે કહ્યું :** હું પૃથ્વીને સર્વથી ઉત્તમ જાણી ત્યાં ગયો હતો અને પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી, હરિક્ષેત્ર, કુરુક્ષેત્ર, શ્રીરંગ તથા સેતુબંધ આદિ તીર્થોમાં ચોતરફ ફર્યો; પણ મનને સંતોષકારક સુખ કોઈ સ્થળે મેં જોયું નહિ. હમણાં અધર્મના મિત્ર કલિયુગે પૃથ્વીને દુઃખી કરી છે. સત્ય, તપ, પવિત્રતા, દયા કે દાન ત્યાં નથી, જીવો પેટભરા, દીન, અસત્ય બોલનાર, આળસુ, અતિશય મંદબુદ્ધિવાળા, મંદ ભાગ્યવાળા અને દુઃખી જોવામાં આવે છે; સંતજનો પણ પાખંડમાં લાગેલા છે; વિરાગીઓ ઘરબારી થયા છે; દરેક ઘરમાં સ્ત્રીઓનું સ્વામિત્વ છે, સાળો બુદ્ધિ આપનાર છે, લોભથી કન્યાવિક્રય થાય છે, સ્ત્રીપુરુષો પરસ્પર લડે છે. આશ્રમો, તીર્થો અને નદીઓ યવનોએ રોક્યાં છે; તેમ જ ઘણાં દેવાલયોનો દુષ્ટોએ નાશ કર્યો છે. યોગી, સિદ્ધ, જ્ઞાની કે સત્ક્રિયા કરનારો પુરુષ કોઈ નથી અને સર્વ સાધનો કલિયુગરૂપી દાવાનળથી ભસ્મીભૂત થયાં છે. આ કલિયુગમાં દેશ વાસીઓ રાંધેલાં અન્ન વેચે છે, બ્રાહ્મણો વેદ વેચે છે અને સ્ત્રીઓ ધન લઈ વ્યભિચાર કરે છે. આ રીતે કલિયુગના દોષો જોતો

અને પૃથ્વી ઉપર ફરતો ફરતો હું યમુનાતટે ગયો કે, જયાં શ્રીકૃષ્ણ ભગવાને લીલા કરી હતી. હે મુનીવરો! ત્યાં મેં એક આશ્ચર્ય જોયું, તે તમે સાંભળો. ખિન્ન મનવાળી એક તરુણ સ્ત્રી ત્યાં બેઠી હતી. તેની પાસે બે વૃદ્ધ પુરુષો બેભાન અવસ્થામાં નિઃશ્વાસ નાખતા પડયા હતા અને તે સ્ત્રી રડતી રડતી તેમને જગાડતી હતી તેમ જ તેમની સેવા કરતી હતી. પોતાના શરીરની રક્ષા કરનારને (મેળવવા) દશે દિશાઓમાં તે જોતી હતી. તે સ્ત્રીને બીજી સેંકડો સ્ત્રીઓ પવન નાખતી વારંવાર સમજાવતી હતી. દૂરથી જોઈને કૌતુકથી હું તેની પાસે ગયો. મને જોઈને તે યુવતી ઊભી થઈ અને વિહ્વળ થઈ આ વચન બોલી:

**યુવતીએ કહ્યું :** હે સત્પુરુષ ! એક ક્ષણ ઊભા રહો અને મારી ચિંતાનો પણ નાશ કરો. તમારું ઉત્તમ દર્શન સંસારનાં પાપોને સર્વથા હરનારું છે. તમારા વચનથી ઘણેભાગે મારા દુઃખની શાંતિ થશે. જો મોટું ભાગ્ય હોય તો જ આપનું દર્શન થાય છે.

**નારદે કહ્યું :** હે દેવિ ! તું કોણ છે ? આ બે પુરુષો કોણ છે ? અને કમળ સમાન નેત્રોવાળી આ સ્ત્રી કોણ છે ? તારા દુઃખનું કારણ તું મને વિસ્તારથી કહે.

**યુવતીએ કહ્યું :** હું 'ભકિત' નામથી પ્રખ્યાત છું. આ બે મારા પુત્રો છે. તેમનાં નામ 'જ્ઞાન' અને 'વૈરાગ્ય' છે અને કાળયોગે તેઓ વૃદ્ધ થઈ ગયા છે. આ સ્ત્રીઓ ગંગા વગેરે નદીઓ છે અને મારી સેવા માટે આવી છે. મને દેવો સેવે છે તો પણ સુખ નથી. હે તપોધન ! હવે તમે ચિંતાયુક્ત થઈ મારી વાત સાંભળો. મારી વાત લાંબી છે તોપણ તે સાંભળી તમે (મને) સુખ આપો. હું દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઈને કર્ણાટક તથા મહારાષ્ટ્ર દેશમાં કોઈ કોઈ સ્થળે વૃદ્ધિ પામી, પણ ગુજરાતમાં જીર્ણ થઈ, ત્યાં ઘોર કળિયુગના યોગથી પાખંડોએ મારાં અંગો ભાંગી નાખ્યાં, જેથી હું દુર્બળ થઈ અને લાંબા વખત સુધી આ પુત્રો સાથે અશક્તપણાને પામી, પણ હાલમાં વૃંદાવન આવીને જાણે નવીન થઈ હોઉં તેમ અત્યંત સુંદર રૂપવાળી નવયુવતી થઈ છું. પણ મારા આ બે પુત્રો અહીં સૂતા છે ને પરિશ્રમથી દુઃખ પામે છે, જેથી આ સ્થાન છોડી મારે બીજે સ્થળે જવું છે. મારા આ બંને પુત્રો ઘડપણ પામ્યા તે દુઃખથી હું દુઃખી છું. શાથી હું તરુણ થઈ અને શાથી આ બે પુત્રો ઘરડા થયા ? અમે ત્રણે સાથે વિચરીએ છીએ છતાં આવી વિપરીતતા કેમ થઈ ? માતા ઘરડી હોવી જોઈએ ને પુત્રો જુવાન હોવા જોઈએ. હે યોગનિધિ ! આથી મનમાં વિસ્મય પામી હું શોક કરું છું, કે - હે બુદ્ધિમાન ! આમાં શું કારણ હશે ? તે તમે કહો.

**નારદે કહ્યું :** હે નિર્દોષ ભકિત ! હું મારા હૃદયમાં જ્ઞાનદૃષ્ટિથી તારાં બધાં દુઃખના કારણનો વિચાર કરી રહ્યો છું. તારે ખેદ ન કરવો. શ્રીહરિ તારું કલ્યાણ કરશે.

**સૂતે કહ્યું :** મુનીશ્વર નારદે એક ક્ષણમાત્રમાં તે જાણી લઈ આ વચન કહ્યું.

**નારદ બોલ્યા :** હે યુવતી ! સાવધાન થઈ તું સાંભળ. આ કળિયુગ ભયંકર છે. તેણે સદાચાર, યોગમાર્ગ ને તપનો નાશ કર્યો છે. લોકો અઘાસુર જેવા થયા છે, જેથી શઠતા અને દુષ્ટ કર્મો કરે છે. આ યુગમાં સજ્જનો દુઃખ પામે છે અને દુર્જનો આનંદ કરે છે. જે બુદ્ધિમાન પુરુષ ધૈર્ય ધારણ કરે છે, તે જ ધીર અથવા પંડિત છે. આ પૃથ્વી દર વર્ષે જોવા કે સ્પર્શ કરવાને પણ અયોગ્ય થતી ક્રમે ક્રમે શેષનાગને ભારકર્તા થઈ પડી છે. કોઈ પણ સ્થળે મંગળ દેખાતું નથી. હમણાં તને પણ તારા પુત્રો સાથે કોઈ જોતું નથી. વિષયોમાં અંધ થયેલાં મનુષ્યોએ ઉપેક્ષા કરેલી તું જીર્ણપણે રહી હતી; પણ વૃંદાવનના યોગથી પાછી તું નવયુવતી થઈ છે. ખરેખર, આ વૃંદાવન ધન્ય છે કે જયાં ભકિત નૃત્ય કરે છે. પરંતુ અહીં

તારા પુત્રોનો કોઈ ગ્રાહક નહિ હોવાથી તારા આ બે પુત્રો વૃદ્ધાવસ્થા છોડતા નથી. છતાંય અહીં કંઈક આત્મસુખ પ્રાપ્ત થવાથી આ બંનેને નિંદ્રા આવી હોય એમ જણાય છે.

**શ્રીભકિતએ કહ્યું :** રાજા પરીક્ષિતે અપવિત્ર કળિયુગને કેમ રહેવા દીધો હશે ? કળિયુગ આવતાં જ સર્વ વસ્તુઓનો સાર કોણ જાણે કયાં ચાલ્યો ગયો ? દયાળુ શ્રીહરિ પણ અધર્મને કેમ જોઈ રહ્યા છે? આ મારો સંશય તમે દૂર કરો. તમારી વાણીથી હું સુખી થઈ છું.

**નારદે કહ્યું :** હે બાળા ! તે મને પૂછ્યું છે તો પ્રેમથી સાંભળ. હું તને સર્વ કહું છું. હે કલ્યાણિ! જેથી તારુ દુઃખ દૂર થઈ જશે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી ત્યજીને પોતાના ધામમાં પધાર્યા, તે દિવસથી સર્વ સાધનોનો નાશ કરનારો કળિયુગ આવ્યો છે. દિગ્વિજય કરતી વખતે રાજા પરીક્ષિતે કળિયુગને જોયો ત્યારે દીનની પેઠે તે શરણે ગયો જેથી રાજાએ વિચાર્યું કે ભ્રમર જેમ સાર વસ્તુને ગ્રહણ કરે છે, તેમ મારે આ કળિયુગને મારવો યોગ્ય નથી. જે ફળ તપ, યોગ કે સમાધિથી મળતું નથી, તે ફળ કળિયુગમાં સારી રીતે શ્રીકૃષ્ણકીર્તનથી મનુષ્ય મેળવે છે. આ રીતે કળિયુગ સારહીન હોવા છતાં પણ તેને એક રીતે સારયુકત જોઈને કળિયુગમાં ઉત્પન્ન થયેલા જીવોના સુખ માટે પરીક્ષિત રાજાએ તેને રાખ્યો છે. હમણાં કુકર્મોના આચરણથી સર્વમાંથી સાર જતો રહ્યો છે અને પૃથ્વી પરના પદાર્થો બીજ વિનાનાં ફોતરાં જેવા નિઃસાર રહ્યા છે. બ્રાહ્મણો ઘેર ઘેર પ્રત્યેક મનુષ્ય પાસે અન્નના લોભથી ભાગવતની કથા કરી રહ્યા છે, તેથી કથાનો સાર ગયો છે. જે લોકો અતિ ઉગ્ર અનેક કર્મો કરનારા ભયંકર નાસ્તિકો છે, તેઓ પણ તીર્થોમાં રહે છે અને પવિત્ર પુરૂષોમાં ખપે છે, તેથી તીર્થોનો સાર ગયો છે. કામ, ક્રોધ, પુષ્કળ લોભ અને તૃષ્ણાથી વ્યાકુળ ચિત્તવાળા લોકો પણ તપ કરે છે, તેથી તપનો સાર ગયો છે. મનને ન જીતવાથી, લોભથી, દંભથી, પાખંડનો આશ્રય કરવાથી અને શાસ્ત્રોનો અભ્યાસ ન કરવાથી ધ્યાન તથા યોગનું ફળ ગયું છે. પંડિતો પણ પાડાઓની પેઠે પોતાની સ્ત્રીઓ સાથે વિહાર કરે છે અને પુત્રો ઉત્પન્ન કરવામાં ચતુર થઈ મોક્ષ સાધવામાં ચતુર નથી રહ્યા. વળી સંપ્રદાયપૂર્વકનું વૈષ્ણવપણું કયાંય નથી. એ રીતે પ્રત્યેક સ્થળે વસ્તુઓનો સાર નાશ પામ્યો છે. આ તો યુગધર્મ વર્તે છે તેમાં દોષ કોનો ? આ કારણથી જ સમીપમાં રહ્યા છતાં ભગવાન કળિયુગના ધર્મને સહન કરે છે.

**સુતે કહ્યું :** હે શૌનક ! તેમનું એ વચન સાંભળી, ભક્તિ અત્યંત વિસ્મય પામી અને ફરી જે વચન બોલી તે તમે સાંભળો.

**શ્રીભક્તિએ કહ્યું :** હે દેવર્ષિ ! તમને ધન્ય છે. મારા ભાગ્યથી તમે આવ્યા છો. જગતમાં સત્પુરુષોનું દર્શન જ સર્વ સિદ્ધિઓનું પરમ કારણ છે. જેમનો કેવળ એક જ વખત ઉપદેશ સાંભળી પ્રહ્લાદજી માયાને જીતી ગયા અને જેમની કૃપાથી ધ્રુવજી પણ ધ્રુવપદ પામ્યા છે, તે સમગ્ર કલ્યાણપાત્ર બ્રહ્માના પુત્ર આપને હું પ્રણામ કરું છું. (૧-૭૯)

**जयति जगति मायां यस्य कायाधवस्ते । वचनरचनमेकं केवलं चाकलय्य ॥**
**ध्रुवपदमपि यातो यत्कृपातो ध्रुवोऽयं । सकलकुशलपात्रं ब्रह्मपुत्रं नतोऽस्मि ॥७९॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

# અધ્યાય-૨
## સનકાદિ કુમાર અને નારદજીનો સંવાદ

॥ नारद उवाच ॥

**वृथा खेदयसे बाले अहो चिन्तातुरा कथम् । श्रीकृष्णचरणाम्भोजं स्मर दुःखं गमिष्यति ॥१॥**

હે બાળા ! તું વૃથા ખેદ કરે છે. અરે, તું આટલી ચિંતાતુર કેમ છે ? તું શ્રીકૃષ્ણના ચરણકમળનું સ્મરણ કર એટલે તારું દુઃખ જશે. જેમણે કૌરવોના અત્યાચાર થકી દ્રૌપદીનું રક્ષણ કર્યું હતું અને ગોપીઓનું પાલન કર્યું હતું, તે શ્રીકૃષ્ણ ક્યાંય પણ ચાલ્યા ગયા નથી. હે ભક્તિ ! તું તો તે ભગવાનને નિરંતર પ્રાણથી પણ અધિક પ્રિય છે. તારા બોલાવવાથી ભગવાન નીચના ઘરમાં પણ જાય છે. સત્ય આદિ ત્રણ યુગમાં જ્ઞાન તથા વૈરાગ્ય મોક્ષ આપનાર છે, પણ કળિયુગમાં તો કેવળ ભકિત જ બ્રહ્મસાયુજ્ય મુક્તિ આપે છે. આવો નિશ્ચય કરીને જ જ્ઞાનસ્વરૂપ અને પરમાનંદ ચૈતન્યરૂપ શ્રી ભગવાને પોતાના સત્સ્વરૂપ વડે તને ઉત્પન્ન કરી છે. તું સાક્ષાત્, શ્રીકૃષ્ણની પ્રિય અને પરમ સુંદરી છે. એક સમયે બે હાથ જોડીને તે શ્રીકૃષ્ણ ને પૂછ્યું : 'હું શું કરું ?' ત્યારે શ્રીકૃષ્ણે તને આજ્ઞા કરી હતી : 'મારા ભક્તોનું તું પોષણ કર.' તે એ સ્વીકાર્યું ત્યારે શ્રીકૃષ્ણ તારા ઉપર પ્રસન્ન થયા હતા અને તેમણે મુક્તિરૂપી દાસી તથા આ બંને જ્ઞાન અને વૈરાગ્ય તને આપ્યા છે. તું વૈકુંઠમાં પોતાના સ્વરૂપથી ભક્તોનું પોષણ કરે છે અને પૃથ્વી ઉપર ભકિતની વૃદ્ધિ માટે તે છાયારૂપ ધર્યું છે. તું મુક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને સાથે લઈ પૃથ્વી પર આવી અને સત્યયુગથી દ્વાપર સુધી ઘણા આનંદમાં રહી. પછી કળિયુગમાં પાખંડરૂપી રોગથી પીડાયેલી મુક્તિ ક્ષીણ થઈ, એટલે તારી આજ્ઞાથી તુરત તે ફરી વૈકુંઠમાં જ ચાલી ગઈ, પણ તું જ્યારે તેનું સ્મરણ કરે છે, ત્યારે તે મુક્તિ અહીં આવે છે અને પાછી જાય છે. તે આ જ્ઞાન તથા વૈરાગ્યને પુત્રરૂપ કરીને પોતાની પાસે જ રાખ્યા છે. પરંતુ કળિયુગમાં તેમની ઉપેક્ષા થવાથી આ તારા બંને પુત્ર અશકત અને વૃદ્ધ થયા છે, તો પણ તું ચિતા છોડી દે. હું તેનો ઉપાય વિચારું છું. હે સુંદર મુખવાળી ! કળિયુગના જેવો બીજો કોઈ પણ યુગ નથી. આ યુગમાં હું તને ઘેરઘેર અને પ્રત્યેક મનુષ્યમાં સ્થાપીશ. બીજા ધર્મોનો અનાદર કરી મોટા ઉત્સવપૂર્વક લોકમાં જો તારી પ્રવૃત્તિ ન કરું, તો હું શ્રીહરિનો દાસ નહિ. આ કળિયુગમાં જે જીવો ભકિતવાળા થશે, તેઓ પાપી હશે તો પણ નિર્ભય થઈ ને શ્રીકૃષ્ણના ધામમાં જશે. જેઓના ચિત્તમાં પ્રેમસ્વરૂપ ભકિત સદા નિવાસ કરે છે, તેઓ નિર્મળ સ્વરૂપ થઈ સ્વપ્નમાં પણ યમને જોતા નથી. પ્રેત, પિશાચ, રાક્ષસ કે દેવ પણ ભકિતયુક્ત મનવાળાઓનો સ્પર્શ કરવા સમર્થ નથી. તપશ્ચર્યા, વેદો, જ્ઞાન કે કર્મથી શ્રીહરિ વશ થતા નથી, પણ ભક્તિથી જ વશ થાય છે; તેમાં ગોપીઓ પ્રમાણરૂપ છે. મનુષ્યોને હજાર જન્મમાં કરેલા સત્કર્મથી ભક્તિમાં પ્રીતિ થાય છે ને કળિયુગમાં તો ભકિત, કેવળ એક ભક્તિ જ સાર છે. ભક્તિથી તો શ્રીકૃષ્ણ સન્મુખ જ રહે છે. જેઓ ભક્તિનો દ્રોહ કરે છે તેઓ ત્રણે લોકમાં દુઃખી થાય છે. પૂર્વે ભક્તિની નિંદા કરનાર દુર્વાસા દુઃખ પામ્યા હતા. વ્રતો, તીર્થો, યોગ, યજ્ઞો કે જ્ઞાનકથાના આલાપોથી શું થવાનું છે ? એકલી ભકિત જ મોક્ષ આપે છે.

**સૂતે કહ્યું :** આ પ્રમાણે નારદે નિર્ણય કરેલું પોતાનું માહાત્મ્ય સાંભળી સર્વાંગે પુષ્ટ થયેલી ભક્તિ નારદને આવું વચન કહેવા લાગી.

**શ્રીભક્તિએ કહ્યું :** અહો નારદ ! તમને ધન્ય છે ! તમારી મારામાં નિશ્ચળ પ્રીતિ છે. હું તમને

કદી છોડીશ નહિ; સર્વદા તમારા ચિત્તમાં રહીશ. હે સત્પુરુષ ! દયાળુ એવા તમે ક્ષણવારમાં મારી પીડાનો નાશ કર્યો છે, પણ મારા આ બે પુત્રોમાં ચેતના નથી, હવે તમે એમને સચેત કરી દો, જગાડો.

**સૂતે કહ્યું :** ભક્તિનું વચન સાંભળી નારદજીને દયા આવી, જેથી તે જ્ઞાન તથા વૈરાગ્યને હાથના અગ્ર ભાગથી દબાવીને જગાડવા લાગ્યા. તેમના કાન પાસે મુખ લઈ જઈ ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યા : હે જ્ઞાન ! જલદી જાગો. હે વૈરાગ્ય ! જલદી જાગો.'' વળી વેદ-વેદાંતની ગર્જનાઓથી અને ગીતાજીના પાઠોથી વારંવાર નારદજી જગાડવા લાગ્યા, ત્યારે માંડ માંડ ન છૂટકે તેઓ ઊઠયા. તેઓ આંખો ઉઘાડીને જોઈ શકતા પણ ન હતા; બગાસાં ખાતા હતા, આળસ મરડતા હતા. તેમના વાળ બગલાના જેવા સફેદ થઈ ગયા હતા અને તેમનાં અંગો સૂકાં લાકડાં જેવાં કઠોર, નીરસ, નિસ્તેજ બની ગયાં હતાં. ભૂખથી દુર્બળ થયેલા તે બંનેને વળી પાછા એ રીતે સુઈ જતા જોઈ ઋષિ ચિંતા કરવા લાગ્યા : ''હવે મારે શું કરવું જોઈએ? અહો ! આ નિંદ્રા અને એથી પણ મોટી વૃદ્ધાવસ્થા કેવી રીતે જાય ?'' હે શૌનક ! આ પ્રમાણે ચિંતા કરતા નારદે શ્રીભગવાનનું સ્મરણ કર્યું તે સમયે આવી આકાશવાણી થઈ : હે ઋષિ ! તમે ખેદ કરો મા. તમારો ઉદ્યમ સફળ થશે, એમાં સંશય નથી. હે દેવર્ષિ ! આ માટે તમે સત્કર્મ કરો. શીલથી શોભતા મહાત્માઓ તમને તે સત્કર્મ કહેશે. એ સત્કર્મ કરવાથી ક્ષણવારમાં આ બંનેની નિંદ્રા સહિત વૃદ્ધાવસ્થા ચાલી જશે ને સર્વત્ર ભક્તિનો પ્રસાર થશે.' એ પ્રમાણે તે આકાશવાણી સર્વ લોકોએ સ્પષ્ટ સાંભળી અને નારદજી 'આ કંઈ સમજાયું નહિ' એમ બોલતા આશ્ચર્ય પામ્યા.

**નારદે કહ્યું :** આ આકાશવાણીએ પણ ગુપ્ત રાખીને જ જણાવ્યું છે. એવું ક્યું સત્કર્મ કરવું કે જેથી આ બંનેનું કાર્ય થાય ? તે સત્પુરુષો કયાં હશે ? તેઓ સાધન કેવી રીતે આપશે ? આકાશવાણીએ જે કહ્યું, એમાં મારે શું કરવું ?

**સૂતે કહ્યું :** નારદમુનિ તે બંનેને ત્યાં મૂકી નીકળી ગયા અને પ્રત્યેક તીર્થમાં જઈ જઈને માર્ગમાં મળતા મુનીશ્વરોને પૂછવા લાગ્યા. બધા તે વાત સાંભળતા હતા, પણ નિશ્ચય કરીને કંઈ કહેતા ન હતા. કેટલાક એને અસાધ્ય કહેતા હતા; બીજા કહેતા હતા કે આનો મર્મ બરાબર સમજાવો મુશ્કેલ છે. કોઈ તો સાંભળીને ચૂપ જ રહી ગયા અને કેટલાક તો પલાયન જ કરી ગયા. એ સમયે ત્રણે લોકમાં આશ્ચર્યકારક મોટો હાહાકાર થઈ રહ્યો. એ રીતે ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે વેદ-વેદાન્તની ગર્જનાઓથી અને ગીતાના પાઠોથી ઊઠયા નહિ, ત્યારે લોકો કાને કાને કહેવા લાગ્યા - હવે બીજો કોઈ ઉપાય રહ્યો નથી, જે વસ્તુ યોગી નારદે પોતે પણ જાણી નહિ તે જગતના બીજા મનુષ્યો કેવી રીતે કહી શકે ? જે ઋષિઓને પૂછ્યું તેમણે પણ નિર્ણય કરીને એમ જ કહ્યું છે કે આ વસ્તુ જાણવી મુશ્કેલ છે. તે પછી ચિંતાતુર થયેલા નારદજી બદરિકાશ્રમમાં આવ્યા અને 'સત્કર્મ માટે હું અહીં તપ કરું' એ તેમણે નિશ્ચય કર્યો. હે મુનિશ્રેષ્ઠ શૌનક ! તે વખતે કરોડો સૂર્ય સમાન તેજસ્વી સનકાદિ મુનીશ્વરોને પોતાની આગળ તેમણે જોયા, એટલે તેને તે કહેવા લાગ્યા.

**નારદે કહ્યું :** હે કુમારો ! અત્યારે મારો તમારી સાથેનો મેળાપ મોટા ભાગ્યથી થયો છે. તો મારા ઉપર કૃપા કરી જલદી સાધન કહો. આપ સર્વે યોગી, બુદ્ધિમાન, મહાવિદ્વાન, પાંચ વર્ષના છતાં વૃદ્ધોમાં

પણ વૃદ્ધ, સર્વદા વૈકુંઠમાં વસનારા, હરિકીર્તન કરવામાં તત્પર અને હરિલીલારૂપ અમૃતરસનું પાન કરવાથી ઉન્મત્ત રહો છો. માત્ર હરિકથા એક જ આપનું જીવન છે. આપના મુખમાં 'श्रीहरिः शरणम्' એવું વચન નિત્ય રહે છે; તેથી કાલપ્રેરિત વૃદ્ધાવસ્થા આપને દુઃખી કરતી નથી. પૂર્વે શ્રીહરિના દ્વારપાળો આપના ભ્રૂભંગ માત્રથી તુરત જ પૃથ્વી પર પડયા હતા ને ફરી આપની કૃપાથી જ પરમ પદ પામ્યા હતા. અહો ! ભાગ્યના યોગથી આપનું દર્શન અહીં થયું છે; તો આપ દયાળુએ દીન એવા મારા પર અનુગ્રહ કરવો જોઈએ. આકાશવાણીએ જે સાધન કહ્યું છે, તે સાધન કયું અને તે કેવી રીતે કરવું તે પણ આપ વિસ્તારથી કહો. ભકિત, જ્ઞાન અને વૈરાગ્યને સુખ કેવી રીતે થાય અને સર્વ વર્ણોમાં પ્રેમપૂર્વક પ્રયત્નથી તેમનું સ્થાપન કેવી રીતે થાય ?

**સનકાદિ કુમારોએ કહ્યું :** હે દેવર્ષિ ! તમે ચિંતા ન કરો. મનમાં હર્ષ ધારણ કરો. આ વિષયમાં સુખેથી સિદ્ધ થઈ શકે એવો ઉપાય પહેલેથી છે જ. અહો નારદ તમને ધન્ય છે. વિરકત પુરુષોના તમે શિરોમણિ છો. શ્રીકૃષ્ણના દાસના સદા માર્ગદર્શક છે અને યોગના (ભકિતયોગના) ભાસ્કર-પ્રકાશક છો. એથી ભકિત માટે તમે આ પ્રયત્ન કરો છો તેમાં કંઈ આશ્ચર્ય નથી. ભક્તિની સંસ્થાપના કરવી એ તો ભગવાનના ભક્તને માટે સદા ઉચિત જ છે. જગતમાં ઋષિઓએ અનેક માર્ગો પ્રકટ કર્યા છે, પણ તે સઘળા શ્રમસાધ્ય હોઈ ઘણું કરી સ્વર્ગરૂપ ફળ જ આપનારા છે. ભગવાનની પ્રાપ્તિ કરાવનારો માર્ગ તો ગુપ્ત જ છે અને તેનો ઉપદેશ કરનાર પુરુષ પણ ઘણું કરીને ભાગ્યે જ મળે છે. આકાશવાણીએ પૂર્વે તમને જે સત્કર્મ દર્શાવ્યું છે, તે તમને કહીએ છીએ. તમે સ્થિર ચિત્તે પ્રસન્નબુદ્ધિથી સાંભળો. દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયરૂપ જ્ઞાનયજ્ઞ સર્વે કર્મને જ સુચવનારા છે, પણ વિદ્વાનો કહે છે કે સત્કર્મને જ સૂચવનારો તો કેવળ જ્ઞાનયજ્ઞ જ છે અને તે શ્રીમદ્ ભાગવતની કથારૂપે શુક આદિ મુનિઓએ ગાયો છે. એ શ્રીમદ્ ભાગવતની કથાથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને મહાન બળ પ્રાપ્ત થશે; જ્ઞાન અને વૈરાગ્યનું કષ્ટ જશે ને સુખ થશે. શ્રીમદ્ ભાગવતના ધ્વનિથી કલિયુગના આ સર્વ દોષો સિંહગર્જનાથી વરુઓની પેઠે નાશ પામશે, અને તે પછી પ્રેમરસને વહેતી ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યથી યુક્ત થઈ ઘેર ઘેર પ્રત્યેક મનુષ્યમાં ક્રીડા કરશે.

**નારદે કહ્યું** : ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે વેદ-વેદાંતની ગર્જનાઓથી અને ગીતાજીના પાઠોથી જગાડવા છતાં જો ન જાગ્યા, તો શ્રીમદ્ ભાગવતની કથાથી શી રીતે જાગશે ? કેમ કે તે કથાઓમાં પણ પ્રત્યેક શ્લોક અને પ્રત્યેક પદે વેદનો જ અર્થ રહ્યો છે. સફળ દર્શનવાળા હે કુમારો ! મારો આ સંશય આપ દૂર કરો. હે શરણાગતવત્સલ કુમારો ! આ વિષયમાં આપ વિલંબ ન કરો.

**સનકાદિ કુમારોએ કહ્યું :** "શ્રીમદ્ ભાગવતની કથા વેદો અને ઉપનિષદોના સારમાંથી બની છે, એથી તેમનાથી અલગ અને તેમના ફળરૂપ હોવાથી ઘણી જ ઉત્તમ જણાય છે. જેમ વૃક્ષમાં મૂળથી લઈ ટોચ સુધી રસ રહેલો હોય છે, છતાં તેનો સ્વાદ લઈ શકાતો નથી, પણ તે જ રસ જ્યારે વૃક્ષથી જુદો તેના ફળરૂપે બને છે ત્યારે તે જગતના મનને હરનાર થાય છે. જેમ દૂધમાં રહેલું ઘી સ્વાદ આપવાને સમર્થ

થતું નથી, પણ જ્યારે તે દૂધથી અલગ થાય છે. ત્યારે તે દિવ્ય ઘી દેવોને માટે પણ સ્વાદવર્ધક થાય છે. વળી જેમ શેરડીમાં પણ મૂળથી આરંભી છેક મધ્યભાગ સુધી સાકર વ્યાપી રહે છે, છતાં તે પણ અલગ થયેલી જ મિષ્ટ લાગે છે; તેમ શ્રીમદ્ ભાગવતની કથા પણ તેવી જ છે. આ શ્રીમદ્ ભાગવત નામે પુરાણ વેદતુલ્ય છે ને ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યની સ્થાપના માટે પ્રકાશિત કરવામાં આવ્યું છે. જે સમયે વેદ-વેદાંતમાં કુશળ અને ગીતાજીના પણ કર્તા શ્રીવેદવ્યાસજી વ્યાકુળ થઈ અજ્ઞાનસમુદ્રમાં મૂંઝાતા હતા, તે સમયે પૂર્વે ચતુ:શ્લોકી ભાગવત તમે તેમને કહ્યું હતું, તે સાંભળી વ્યાસજી તત્કાળ દુઃખરહિત થયા હતા. માટે તે વિષયમાં તમને વિસ્મય કેમ થાય છે કે જેથી પ્રશ્ન કરો છો ? આપે તેમને શોક અને દુઃખનો વિનાશ કરનારું શ્રીમદ્ ભાગવત જ સંભળાવવું જોઈએ.

**નારદે કહ્યું :** શેષનાગનાં દરેક મુખો વડે ગવાયેલી કથાનું જ પાન કરનારા હે કુમારો ! આપનું દર્શન સંસારના દુઃખરૂપી દાવાનળથી પીડાયેલાઓનાં અશુભનો નાશ કરે છે અને કલ્યાણ કરે છે. હું પ્રેમલક્ષણા ભક્તિનો પ્રકાશ કરવાના ઉદ્દેશથી આપનું શરણું લઉં છું. જ્યારે પુરુષ અનેક જન્મો વડે પ્રાપ્ત કરેલા ભાગ્યોદયથી સત્સંગ મેળવે છે, ત્યારે (તેના વિષે) અજ્ઞાનરૂપ કારણથી થયેલા મોહ અને મદરૂપ અંધકારનો નાશ કરી વિવેક ઉદય પામે છે. ૧-૭૬

भाग्योदयेन बहुजन्मसर्जितेन सत्संगमं च लभते पुरुषो यदा वै ॥
अज्ञानहेतुकृतमोहमदांधकारनाशं विधाय हि तदोदयते विवेकः ॥७६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## ભક્તિદેવીના દુઃખનું નિવારણ

॥ नारद उवाच ॥

ज्ञानयज्ञं करिष्यामि शुकशास्त्रकथोज्ज्वलम् । भक्तिज्ञानविरागाणां स्थापनार्थं प्रयत्नत : ॥१॥

**નારદે કહ્યું :** ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની સ્થાપના માટે હું પ્રયત્નપૂર્વક શુકશાસ્ત્ર શ્રીમદ્ ભાગવતની કથા વડે ઉજ્જવળ એવો જ્ઞાનયજ્ઞ કરીશ. પણ જે સ્થળે એ યજ્ઞ મારે કરવો જોઈએ તે સ્થળ અને શ્રીમદ્ ભાગવતનો મહિમા વેદપારંગત એવા આપે મને કહેવો જોઈએ. શ્રીમદ્ ભાગવતની કથા કેટલા દિવસોમાં સાંભળવી જોઈએ અને તેમાં ક્યો વિધિ કરવો, એ હવે આપ મને કહો.

**સનકાદિ કુમારોએ કહ્યું :** હે નારદ ! તમે બહુ નમ્ર અને વિવેકી છો. અમે કહીએ છીએ તે સાંભળો. હરિદ્વાર પાસે આનંદ નામે એક ઘાટ છે. તે અનેક ઋષિગણોથી યુક્ત, દેવો ને સિદ્ધોથી સેવાયેલો, જાતજાતનાં વૃક્ષો ને લતાઓથી વ્યાપ્ત, નવી કોમળ રેતીવાળો, સુંદર, એકાંત પ્રદેશમાં આવેલો અને સુવર્ણનાં કમળોથી સુશોભિત છે. તેની સમીપ વસતાં પ્રાણીઓના મનમાં વેરભાવ રહેતો નથી. ત્યાં કોઈ ખાસ પરિશ્રમ વિના તમારે જ્ઞાનયજ્ઞ કરવો, જેથી ત્યાં રસરૂપ અપૂર્વ કથા થશે. એટલે જરાથી જીર્ણ શરીરવાળા અને નિર્બળ એવા પોતાની સન્મુખ પડેલા તે જ્ઞાન તથા વૈરાગ્યને સાથે લઈને ભક્તિ ત્યાં

આવશે; કારણ કે જ્યાં ભાગવતની કથા થાય છે, ત્યાં તે ભક્તિ વગેરે ત્રણેય જાય છે અને કથાનો શબ્દ સાંભળીને તે ત્રણેય તરૂણ બને છે.

**સૂતે કહ્યું :** એમ કહી તે કુમારો નારદજી સાથે કથાપાન કરવા સત્વર તે ગંગાતટે આવ્યા. જ્યારે તેઓ તે તટ પર ગયા ત્યારે ભૂલોક, દેવલોક અને બ્રહ્મલોકમાં પણ આ વાતનો કોલાહલ મચી ગયો અને જેઓ શ્રીમદ્ ભાગવતરૂપ અમૃતનું પાન કરવા અતિશય રસિક વિષ્ણુભક્તો હતા, તેઓ સર્વે દોડતા પ્રથમ ત્યાં આવ્યા. ભૃગુ, વસિષ્ઠ, ચ્યવન, ગૌતમ, મેધાતિથિ, દેવલ, દેવરાત, પરશુરામ, વિશ્વામિત્ર, શાકલ, માર્કણ્ડેય, દુર્વાસા, પિપ્પલાદ, યોગેશ્વર વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલિ અને જહ્નું વગેરે આ સર્વ મુનિગણો પુત્ર, શિષ્યો અને સ્ત્રીઓ સાથે ઘણા પ્રેમ સહિત ત્યાં આવ્યા; તેમ જ વેદાંતો, વેદો, મંત્રો, તંત્રો, સત્તર પુરાણો અને છ શાસ્ત્રો પણ શરીર ધારણ કરી ત્યાં આવ્યાં. વળી ગંગા વગેરે નદીઓ, પુષ્કર વગેરે સરોવરો, ક્ષેત્રો, સર્વે દિશાઓ, દંડક આદિ વનો, સર્વ પર્વતો, વૃક્ષો, દેવો, ગંધર્વો અને કિન્નરો ત્યાં આવ્યા; તેમ જ જેઓ પોતાની મોટાઈના ગર્વથી ત્યાં આવ્યા ન હતા, તેઓને સમજાવીને ભૃગુઋષિ તેડી લાવ્યા. સર્વે એ કથાશ્રવણની દીક્ષા લીધી; સર્વને નારદજીએ ઉત્તમ આસન આપ્યાં ને પછી સર્વથી વંદન કરાયેલા સનકાદિ કુમારો શ્રીકૃષ્ણપરાયણ થઈ ત્યાં બેઠા. વૈષ્ણવો, વિરક્તો, સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓ મુખ્ય ભાગમાં બેઠા અને નારદ તેમની આગળ બેઠા. એક ભાગમાં ઋષિગણો, બીજા ભાગમાં દેવો, ત્રીજા ભાગમાં વેદો તથા ઉપનિષદો, ચોથા ભાગમાં તીર્થો અને બીજી તરફ સ્ત્રીઓ બેઠી. તે સમયે 'જય' શબ્દ, 'નમઃ' શબ્દ અને શંખધ્વનિ થવા લાગ્યો તથા અબીલ, ગુલાલ, શાળ તેમ જ પુષ્પોની પુષ્કળ વૃષ્ટિ થઈ. કેટલાક દેવનાયકો વિમાનોમાં બેસી ત્યાં બેઠેલા સર્વ સમાજને કલ્પવૃક્ષનાં પુષ્પો વડે વધાવવા લાગ્યા. એ પ્રમાણે તેઓ એકચિત્ત થયા, ત્યારે સનકાદિ કુમારે મહાત્મા નારદને શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય સ્પષ્ટ કરીને કહેવા લાગ્યા.

**સનકાદિ કુમારે બોલ્યા :** હવે અમે તમને શ્રીમદ્ ભાગવતનો મહિમા કહીએ છીએ. એના શ્રવણ માત્રથી મુક્તિ હાથ લાગે છે. શ્રીમદ્ ભાગવતની કથા સદાસર્વદા સાંભળવી જોઈએ. એના શ્રવણમાત્રથી શ્રીહરિ હૃદયમાં આવી વિરાજે છે. શ્રીમદ્ ભાગવત ગ્રંથના અઢાર હજાર શ્લોકો છે, બાર સ્કંધો છે અને પરીક્ષિત તથા શુકદેવનો સંવાદ છે તેનું તમે શ્રવણ કરો. જ્યાં સુધી શ્રીમદ્ ભાગવતની કથા એક ક્ષણ પણ સાંભળી નથી. ત્યાં સુધી જ મનુષ્ય આ સંસારચક્રમાં અજ્ઞાનથી ભમે છે. જે ઘરમાં નિત્ય ભાગવતની કથા થાય છે, તે ઘર પણ તીર્થ રૂપ છે ને ત્યાં વસનારાઓનાં પાપોને તે નાશ કરે છે. હજારો અશ્વમેધ યજ્ઞો અને સેંકડો વાજપેય યજ્ઞો શ્રીમદ્ ભાગવતકથાની સોળમી કળાને પણ યોગ્ય નથી. હે તપોધનો ! જ્યાં સુધી મનુષ્ય શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરતા નથી, ત્યાં સુધી તેઓનાં શરીરમાં પાપો વસે છે. ગંગા, ગયા, કાશી, પુષ્કર કે પ્રયાગ શ્રીમદ્ ભાગવતની કથાના ફળ તુલ્ય નથી; જો તમે પરમગતિ ઈચ્છો તો શ્રીમદ્ ભાગવતના અર્ધા શ્લોકને કે શ્લોકના ચતુર્થાંશને પોતાનો મુખથી જ નિત્ય પાઠ કરો. ૐકાર, ગાયત્રી, પુરુષ સૂક્ત, ત્રણ દેવો, શ્રીમદ્ ભાગવત, દ્વાદશાક્ષર મંત્ર, સૂર્ય, પ્રયાગ, વર્ષરૂપી કાળ, બ્રાહ્મણો, અગ્નિહોત્ર, ગાય, દ્વાદશી કથા, તુલસી, વસંત અને ભગવાન પુરુષોત્તમ આ સર્વેમાં વિદ્વાનો કોઈ

વાસ્તવિક ભેદ માનતા નથી. જે મનુષ્ય ભાગવતશાસ્ત્રને અર્થપૂર્વક નિત્ય વાંચે છે, તેનાં કરોડો જન્મનાં પાપો નાશ પામે છે. એ નિઃસંશય છે. જે મનુષ્ય શ્રીમદ્ ભાગવતના અર્ધા શ્લોકનો કે એક ચરણનો પાઠ કરે છે તે નિત્ય રાજસૂય યજ્ઞ તથા અશ્વમેધ યજ્ઞના પુણ્યને પામે છે. ભાગવતની નિત્ય કથા, નિત્ય કરેલું હરિચિંતન, તુલસીને સિંચન તથા ગાયોની સેવા એ સર્વ સમાન છે. જે મનુષ્ય અંતકાળે શ્રીમદ્ ભાગવતને પ્રીતિથી સાંભળે છે, તેને પણ શ્રીગોવિંદ વૈકુંઠધામ આપે છે. જે પુરુષ આ શ્રીમદ્ ભાગવતનું સુવર્ણના સિંહાસન સાથે વિષ્ણુભક્તને દાન કરે છે, તે શ્રીકૃષ્ણ સાથે અવશ્ય સાયુજ્ય ગતિ પામે છે. જે શઠ મનુષ્યે આખાય જન્મમાં, ચિત્ત રાખીને શ્રીમદ્ ભાગવતની થોડી પણ કથા સાંભળી નથી તેણે ઘણા ખેદની વાત છે કે, ચાંડાલ અને ગધેડાની પેઠે પોતાનો જન્મ વૃથા ગુમાવ્યો છે અને પોતાની માતાને વૃથા પ્રસવદુઃખ આપ્યું છે. જેણે સહેજ પણ શ્રીમદ્ ભાગવતનું વચન સાંભળ્યું નથી. તે પાપકર્મી મનુષ્ય જીવતો છતાં મુએલો કહેવાય છે અને પૃથ્વી પર ભારરૂપ તે પશુતુલ્ય મનુષ્યને ધિક્કાર છે, એમ સ્વર્ગમાં દેવાંગનાઓ કહે છે. ખરેખર, શ્રીમદ્ ભાગવતની કથા લોકમાં દુર્લભ જ છે. કરોડો જન્મમાં ઉત્પન્ન થયેલા પુણ્યથી જ તે પમાય છે; માટે હે બુદ્ધિમાન યોગનિધિ ! તે શ્રીમદ્ ભાગવતની કથા પ્રયત્નથી સાંભળવી. એમાં દિવસોનો કોઈ નિયમ નથી. તેનું શ્રવણ તો સર્વદા કરવું જોઈએ. સત્ય તથા બ્રહ્મચર્યપૂર્વક તેનું નિત્યે શ્રવણ કહ્યું છે, પણ કળિયુગમાં તે અશકય હોવાથી શુકદેવજીની આજ્ઞાથી તેમાં રહેલી વિશેષતા સમજવી જોઈએ. મનોવૃત્તિના વિજય, નિયમોનું પાલન તથા નિત્ય શ્રવણની દીક્ષા અશકય હોવાથી સપ્તાહ (સાત દિવસ) શ્રવણ કરવા કહેલું છે. માઘ માસમાં શ્રદ્ધાપૂર્વક નિત્ય શ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે જ ફળ શુકદેવજીએ સપ્તાહ શ્રવણથી કહ્યું છે. મન જીતવું અશકય હોવાથી, રોગોથી, પુરુષોનો આયુષ્યના ક્ષયથી અને કળિયુગ અનેક દોષવાળો હોવાથી સાત દિવસના શ્રવણનો વિધિ મનાય છે. જે ફળ તપ, યોગ કે સમાધિથી નથી મળતું તે ફળ સપ્તાહ શ્રવણથી અનાયાસે મળે છે. યજ્ઞથી, વ્રતથી, તપથી, મોટા તીર્થથી, યોગથી અને ધ્યાનથી સપ્તાહશ્રવણ અધિક ગર્જના કરે છે. અરે ! તેની ગર્જનાને શું કહીએ ? તે તો ગાજે છે, ગાજે જ છે.

**શૌનકે પૂછ્યું :** હે યોગવેત્તા ! આપે આ કથા તો આશ્ચર્યયુકત કહી. પરમાત્માનું દર્શન કરાવનાર શ્રીમદ્ ભાગવત પુરાણ જ્ઞાનાદિ ધર્મોની અવગણના કરી હાલમાં શાથી મોક્ષ માટે અધિક થયું છે ?

**સૂતે કહ્યું :** જયારે શ્રીકૃષ્ણ પૃથ્વીનો ત્યાગ કરી સ્વધામમાં જવા તૈયાર થયા, ત્યારે ભાગવતનો એકાદશસ્કંધ સાંભળી ઉદ્ધવજીએ આવું વચન કહ્યું.

**ઉદ્ધવજી બોલ્યા :** હે ગોવિંદ ! ભકતોનાં કાર્ય કરી આપ પધારો છો. પણ મારા મનમાં મોટી ચિંતા છે. તે સાંભળી તમે મને શાંતિ આપો. આ ભયંકર કળિયુગ આવ્યો છે, એથી સંસારમાં અનેક ખલ લોકો પ્રકટ થશે અને તેઓના સંસર્ગથી પુરુષો પણ જ્યારે ઉગ્ર પ્રકૃતિવાળા બનશે, ત્યારે ભારવાળી થયેલી આ ગાયરૂપી ભૂમિ કોનો આશ્રય લેશે ? હે કમળ સમાન નેત્રવાળા ! આપ વિના તેનું રક્ષણ કરનાર બીજો કોઈ દેખાતો નથી, માટે હે ભકતવત્સલ ! સત્પુરુષો ઉપર દયા કરી આપ અહીંથી ન જાઓ. આપ નિરાકાર અને ચિત સ્વરૂપ છો, તોપણ ભકતો માટે સગુણ થયા છો. આપના વિયોગથી ભકતો ભૂમિ પર કેમ રહેશે ? નિર્ગુણ બ્રહ્મની ઉપાસના તો કષ્ટમય છે; માટે કંઈક વિચારો.

**સૂતે કહ્યું :** ઉદ્ધવજીનાં એ વચનો સાંભળી પ્રભાસમાં શ્રીહરિએ ભકતોને આશ્રય આપવા માટે મારે શું કરવું જોઈએ ? એવો વિચાર કરી પોતાનું જે તેજ હતું તેને શ્રીમદ્ ભાગવતમાં સ્થાપ્યું અને પોતે અંતર્ધાન થઈ શ્રીમદ્ ભાગવતરૂપી સમુદ્રમાં પ્રવેશ કર્યો; તેથી શ્રીમદ્ ભાગવત એ શ્રીહરિની વાણીરૂપ પ્રત્યક્ષ મૂર્તિ છે, જે સેવનથી, શ્રવણથી, પઠનથી તથા દર્શનથી પાપનો નાશ કરે છે; માટે સપ્તાહ શ્રવણને સર્વ કરતાં અધિક માન્યું છે અને કળિયુગમાં તે બીજાં બધાં સાધનોને છોડીને આ જ મનુષ્યધર્મ કહેવાય છે. દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય તથા પાપને ધોઈ નાખવા અને કામ તથા ક્રોધને જીતવા કળિયુગમાં આ જ ધર્મ કહ્યો છે. દેવોથી પણ જેનો ત્યાગ થઈ શકે નહિ તે ભગવાનની માયાને ભાગવતના શ્રવણ વિના પુરુષો કેમ ત્યજી શકે ? એ કારણથી સપ્તાહ શ્રવણ કહ્યું છે.

**સૂતે કહ્યું :** હે શૌનક ! એ પ્રમાણે સપ્તાહ શ્રવણનો શ્રેષ્ઠ ધર્મ સનકાદિક ઋષિઓ સભામાં પ્રકટ કરી રહ્યા હતા. તેવામાં ત્યાં એક આશ્ચર્ય થયું તે હું કહું છું, તમે સાંભળો. હે શ્રીકૃષ્ણ ! હે ગોવિંદ! હે હરે ! હે મુરારે ! હે નાથ !' એ પ્રમાણે શ્રીભગવાનનાં નામો વારંવાર બોલતી પ્રેમસ્વરૂપા ભક્તિ પોતાના બે તરુણ પુત્રોને લઈ એકાએક ત્યાં પ્રકટ થઈ. ભાગવતના અર્થોનાં આભૂષણ પહેરેલી અને અતિશય સુંદર વેશવાળી આવેલી તે ભકિતને સભાસદોએ જોઈ અને તર્ક કર્યો : 'આ કેવી રીતે દાખલ થઈ અને મુનિઓની વચ્ચે કેમ આવી ?' તે સમયે સનકાદિ કુમારોએ કહ્યું : 'આ ભકિત અત્યારે કથાના અર્થમાંથી નીકળી છે.' તેમની એવી વાણી સાંભળી પુત્રો સહિત ભકિત નમ્ર થઈ સનત્કુમારોને કહેવા લાગી.

**શ્રીભકિતએ કહ્યું :** હે બ્રહ્મપુત્રો ! કળિયુગમાં હું ક્ષય પામી હતી, છતાં પણ આપે કથાના રસ વડે આજે મને પુષ્ટ કરી છે, તો આપ કહો કે હવે હું ક્યાં રહું ? ત્યારે ભકિતને સનત્કુમારો આ પ્રમાણે કહેવા લાગ્યા : "તું ભકતોને ભગવાનનું સ્વરૂપ આપનારી છે, અનન્ય પ્રેમને ધારણ કરનારી અને સંસારરોગને હણનારી છે." આથી તું સારી રીતે ધૈર્ય ધારણ કરીને (ખૂબ સ્થિરતાથી) નિત્ય નિરંતર વિષ્ણુભકતોના હૃદયમાં નિવાસ કર. તેથી કલિયુગના આ દોષો લોકમાં સમર્થ હોવા છતાં તારી સામે જોવાને પણ સમર્થ નહિ થાય ? એ પ્રમાણે સનકાદિની આજ્ઞા થઈ, તે ક્ષણે ભક્તિએ હરિભકતના ચિત્તમાં વાસ કર્યો. જેઓનાં હૃદયમાં શ્રીહરિની કેવળ એક ભકિત જ વાસ કરે છે, તેઓ નિર્ધન હોય તો પણ સમગ્ર ભુવનમાં ધન્ય છે; કારણ કે ભકિતરૂપી દોરીથી બંધાયેલા ભગવાન પણ પોતાનું પરમ ધામ છોડી બધી રીતે તેઓના હૃદયમાં આવી વસે છે. હવે પૃથ્વી ઉપર બ્રહ્મસ્વરૂપ શ્રીમદ્ ભાગવત નામના ગ્રંથને આથી અધિક મહિમા અમે શું કહીએ ? ભાગવતના આશ્રયથી વક્તા અને શ્રોતા બન્નેય શ્રીકૃષ્ણની સમાનતા પામે છે, એથી પછી બીજા ધર્મોની કંઈ જરૂર રહેતી નથી. ૧-૭૪

ब्रूमोऽद्य ते किमधिकं महिमानमेवं । ब्रह्मात्मकस्य भुवि भागवताभिधस्य ॥
यत्संश्रयान्निगदिते लभते सुवक्ता । श्रोतापि कृष्णसमतामलमन्यधर्मैः ॥७४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## આત્મદેવ બ્રાહ્મણનું જીવનકવન-ગોકર્ણ ઉપાખ્યાન

॥ सूत उवाच ॥

अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम् । निजलोकं परित्यज्य भगवान् भक्तवत्सल : ॥१॥

**સૂતે કહ્યું :** પછી ભક્તવત્સલ ભગવાન કે જે વનમાળા ધારણ કરે છે, મેઘ સમાન શ્યામ છે, પીતાંબર પહેરે છે, મનોહર છે, કંદોરાના ઘેરાવાથી સુંદર લાગે છે, ઝળકતાં મુકુટ અને કુંડળ ધારણ કરે છે, ત્રણ સ્થળેથી વક્ર હોઈ સુંદર લાગે છે, સુંદર કૌસ્તુભમણિથી શોભિત છે, કરોડો કામદેવ સમાન રૂપાળા છે, હરિ ચંદનથી અર્ચાયેલા છે, પરમ આનંદ અને ચૈતન્યમય મૂર્તિ વાળા છે, મધુર છે, અને મુરલીને ધારણ કરે છે તે ભગવાને ભક્તોના ચિત્તમાં અલૌકિક ભકિત જોઈ પોતાના લોકો ત્યાગ કરી તેઓના નિર્મળ હૃદયમાં પ્રવેશ કર્યો. વૈકુંઠમાં વાસ કરનારા ઉદ્ધવ વગેરે ભક્તો ગુપ્ત સ્વરૂપે ત્યાં આવી કથા સાંભળવા બેઠા. તે સમયે 'જય જય' શબ્દ થવા લાગ્યા. બધા ભકિતના અલૌકિક રસમાં તરબોળ થઈ ગયા. અબીલ, ગુલાલ તથા પુષ્પોની વૃષ્ટિ થઈ અને વારંવાર શંખધ્વનિ પણ થવા લાગ્યા. તે સભામાં બેઠેલાઓને દેહ, ઘર તથા પોતાના સ્વભાવનું ભાન રહ્યું નહિ. આવી તન્મય. અવસ્થા જોઈ નારદજી કહેવા લાગ્યા.

**નારદે કહ્યું :** હે મુનીશ્વરો ! સપ્તાહશ્રવણનો આ અલૌકિક મહિમા મેં આજે જોયો. આ કથાથી તો પૃથ્વી પર જેઓ મૂઢ અને શઠ છે તેઓ, તેમ જ પશુપક્ષીઓ પણ અત્યંત નિષ્પાપ થઈ જાય છે. માટે આ કળિયુગમાં મનુષ્યલોક વિષે ચિત્તને શુદ્ધ કરવા માટે આ કથા જેવું પવિત્ર અને પાપોના સમૂહને નાશ કરનારું બીજું કોઈ પણ સાધન પૃથ્વી ઉપર નથી. હવે આપ મને કહો કે આ કથામય સપ્તાહયજ્ઞથી કોણ કોણ શુદ્ધ થાય છે ? ખરેખર આપ કૃપાળુએ લોકહિતનો વિચાર કરી આ કોઈ નવીન માર્ગ પ્રકટ કર્યો છે.

**સનકાદિ કુમારોએ કહ્યું :** જે મનુષ્યો સર્વદા પાપ કરનારા, સદા દુરાચારમાં આસકત, કુમાર્ગે ચાલનારા, ક્રોધરૂપી અગ્નિથી બળી રહેલા, કુટિલ તથા કામી હોય છે, તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. જેઓ સત્યથી રહિત માતાપિતાને દૂષણ લગાડનારા, તૃષ્ણાઓથી વ્યાકુળ, આશ્રમધર્મથી ભ્રષ્ટ, દંભી, મત્સરવાળા અને હિંસક હોય છે; તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. જેઓ પાંચ પ્રકારનાં ઉગ્ર પાપ કરનારા, છળકપટ કરનારા, ક્રૂર, પિશાચોના જેવા નિર્દય, બ્રાહ્મણોના ધનથી પુષ્ટ અને વ્યભિચાર કરનારા હોય છે, તેઓ પણ કળિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. જે શઠ લોકો મન-વચન-શરીરથી નિત્ય આગ્રહપૂર્વક પાપ કરતા રહે છે, અને નિત્ય પારકા ધનથી જે પુષ્ટ થતા હોય છે, મલિન અને દુષ્ટ આશયવાળા હોય છે, તેઓ પણ કળિયુગમાં આ સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. આ વિષે એક પુરાતન ઈતિહાસ અમે તમને કહીએ છીએ, જેના શ્રવણમાત્રથી જ પાપોનો નાશ થાય છે. પૂર્વે તુંગભદ્રા નદીને કિનારે એક ઉત્તમ નગર હતું, જ્યાં સર્વ વર્ણો સ્વધર્મપૂર્વક સત્યપરાયણ અને સત્કર્મતત્પર હતા. તે નગરમાં આત્મદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો. જે સર્વ વેદોમાં કુશળ, શ્રૌત તથા સ્માર્ત કર્મોમાં પ્રવીણ અને બીજા

સૂર્ય જેવો તેજસ્વી હતો. તે ધનવાન હોવા છતાં ભિક્ષાજીવી હતો. તેને ધુંધુલી નામે સુંદર અને સારા વંશમાં જન્મેલી સ્ત્રી હતી; તે પોતાના જ વચન ઉપર અડગ રહેનારી હતી, તે લોકોની વાતો કરવામાં આસકત, ક્રૂર સ્વભાવની, બહુ બોલનારી, ઘરકામમાં કુશળ અને કલહપ્રિય હતી. આમ છતાં તે દંપતી પ્રેમથી રહેતાં હતાં ને આનંદ કરતાં હતાં. તો પણ તેમને ધન, વિષયભોગ કે ગૃહાદિ સુખ આપતાં ન હતાં. પાછલી ઉંમરે પહોંચતાં તેમણે સંતાનપ્રાપ્તિ માટે પુણ્ય કર્મોને આરંભ કર્યો. તેઓ દીનજનોને ગાય, ભૂમિ, સુવર્ણ તથા વસ્ત્રોનાં નિત્ય દાન દેવા લાગ્યાં. આમ તેમણે ધર્મમાં જ ધનનો અર્ધો ભાગ ખર્ચી નાખ્યો, પણ પુત્ર કે પુત્રી કંઈ થયું નહિ તેથી તે બ્રાહ્મણ ઘણો જ ચિંતાતુર રહેવા લાગ્યો. એક સમયે તે બ્રાહ્મણ દુ:ખથી ઘરનો ત્યાગ કરી વનમાં ચાલ્યો ગયો અને મધ્યાહ્નકાળે તરસ્યા થવાથી એક તળાવ પર ગયો. સંતાનના દુ:ખથી દુર્બળ થયેલ તે બ્રાહ્મણ પાણી પીને ત્યાં બેઠો, તેવામાં બે ઘડી પછી કોઈ એક સંન્યાસી ત્યાં આવ્યો. પાણી પી રહેલા તે સંન્યાસીને જોઈ બ્રાહ્મણ તેની પાસે ગયો અને તેના ચરણમાં નમન કરી નિઃશ્વાસ નાખતો સામે ઊભો રહ્યો.

**સંન્યાસીએ કહ્યું :** હે બ્રાહ્મણ ! તું રડે છે કેમ ? તને કઈ મોટી ચિંતા છે ? તારા દુ:ખનું કારણ તું મને જલદી કહે ! બ્રાહ્મણે કહ્યું : "હે ઋષિ ! મારાં પૂર્વનાં પાપોથી સંચિત દુ:ખ વિષે હું શું કહું ? મારા પૂર્વજો, મારા પિતૃઓ મેં આપેલ અંજલિઓના જળને તેમની ચિંતાથી નીકળતા શ્વાસથી કંઈક ગરમ કરીને પીએ છે. મેં આપેલા અન્નાદિક વસ્તુ, દેવો કે બ્રાહ્મણો પ્રીતિથી સ્વીકારતા નથી. હું સંતાનદુ:ખથી મૂંઝાઈ પ્રાણ ત્યજવા અહીં આવ્યો છું. પ્રજારહિત જીવનને ધિક્કાર છે, પ્રજા વિનાના ઘરને ધિક્કાર છે, પ્રજારહિતના ધનને ધિક્કાર છે, અરે ! સંતતિ વિનાના કુળને પણ ધિક્કાર છે. જે ગાયને હું પાળું છું તે સર્વથા વાંઝણી રહે છે, જે ઝાડને હું વાવું છું તે પણ વાંઝિયું રહે છે અને જે ફળ મારે ઘેર આવે છે તે પણ તરત નાશ પામે છે. આ રીતે ભાગ્યહીન અને સંતાનહીન એવા મારે જીવવાનું શું કામ છે ? એમ કહી તે બ્રાહ્મણ દુ:ખથી પીડાઈને તે સંન્યાસી પાસે મોટેથી રડવા લાગ્યો, એટલે તે સંન્યાસીના મનમાં ઘણી જ દયા આવી. તે યોગી સંન્યાસીએ તે બ્રાહ્મણના લલાટમાં લખાયેલી અક્ષરમાળા વાંચી લીધી અને સર્વ જાણી લીધા પછી તે બ્રાહ્મણને વિસ્તારથી આમ કહ્યું.

**સંન્યાસીએ કહ્યું :** તું પ્રજાની ઈચ્છારૂપ અજ્ઞાન છોડી દે. કર્મની ગતિ મહાબળવાન છે. વિવેકનો આશ્રય કરી સંસારની વાસના તું ત્યજી દે. હે બ્રાહ્મણ ! તું સાંભળ. મેં તારું પ્રારબ્ધ આજે જોઈ લીધું છે. સાત જન્મ સુધી તને પુત્ર જ નથી. પૂર્વે સગરરાજા અને અંગરાજા સંતતિથી જ દુ:ખ પામ્યા હતા; માટે હે બ્રાહ્મણ ! કુટુંબની આશા તું હવે મૂકી દે, કેમ કે સંન્યાસમાં જ સર્વથા સુખ છે.

**બ્રાહ્મણે કહ્યું :** મને વિવેકથી શું થાય ? ગમે તેમ પણ તમે મને પુત્ર આપો, નહિ તો શોકથી મૂર્છિત થઈ તમારી આગળ હું પ્રાણ ત્યજીશ. પુત્રાદિનાં સુખ વિના સંન્યાસ શુષ્ક જ છે. લોકમાં તો પુત્રપૌત્રાદિથી ભરપૂર એવો ગૃહસ્થાશ્રમ જ રસયુકત છે. બ્રાહ્મણનો એવો આગ્રહ જોઈ તે સંન્યાસીએ કહ્યું : વિધિના લેખ ભૂંસવાથી ચિત્રકેતુ દુ:ખ પામ્યો હતો. જેના ઉદ્યમ દૈવે હણી નાખ્યા હોય, તેવા મનુષ્યની પેઠે તું પુત્રથી સુખ નહિ પામે તોપણ હઠ કરે છે અને માંગી જ રહ્યો છે તો તને હું શું કહું ? પછી એ બ્રાહ્મણનો આગ્રહ

જોઈને તે સંન્યાસીએ તેને એક ફળ આપ્યું. અને કહ્યું : ''આ ફળ તું તારી પત્નીને ખવડાવજે, તેથી પુત્ર થશે.'' એક વર્ષ સુધી તારી પત્નીએ સત્ય, પવિત્રતા, દયા, દાન અને એક વખત ભોજન કરવું; તેથી અતિ નિર્મળ પુત્ર થશે.' એમ કહી સંન્યાસી ત્યાંથી જતો રહ્યો અને તે બ્રાહ્મણ પોતાને ઘેર આવ્યો. તેણે પોતાની પત્નીના હાથમાં પેલું ફળ આપ્યું ને પોતે ક્યાંક બહાર ગયો. તેની કુટિલ સ્ત્રી પોતાની સખી આગળ રડવા લાગી. અરેરે ! મને ચિંતા થાય છે, હું આ ફળ ખાઈશ નહિ; કેમ કે ફળ ખાવાથી ગર્ભ રહે, ગર્ભથી પેટ વધે, પેટ વધવાથી ખોરાક ઓછો લેવાય, ખોરાક ઓછો લેવાથી અશકિત આવે ને અશકિત આવતાં ઘરનું કામ શી રીતે થાય ? દેવયોગે કદાચ ગામમાં ધાડ પડે તો ગર્ભિણી શી રીતે નાસી શકે ? જો ગર્ભ શુકદેવજીની પેઠે લાંબો વખત પેટમાં જ રહે તો પછી તેને પેટમાંથી બહાર કેવી રીતે કઢાય ? જો ગર્ભ આડો આવે તો મારું મરણ જ થાય અને પ્રસૂતિનું દારુણ દુઃખ સુકોમળ એવી હું કેમ સહન કરી શકું ? વળી હું અશક્ત થાઉં ત્યારે મારી નણંદ ઘરમાંથી મારું સર્વસ્વ લઈ જાય. વળી સત્ય, પવિત્રતાદિ નિયમ પાળવા પણ કઠણ જણાય છે; તેમ જ જેને બાળક જન્મ્યાં હોય તે સ્ત્રીને બાળક રમાડવામાં તથા પાળવામાં પણ દુઃખ જ રહેલું છે; માટે હું માનું છું કે વાંઝણી કે વિધવા સ્ત્રી જ સુખી છે. આવા કુતર્કોને લીધે તે ફળ તેણે ખાધું જ નહિ. પતિએ 'ફળ ખાધું ?' એમ પૂછયું, ત્યારે તેણે કહ્યું : 'ખાધું છે.' એક સમયે તેની બહેન સ્વેચ્છાએ તેને ઘેર આવી, ત્યારે તેની આગળ તેણે સર્વ કહ્યું અને જણાવ્યું : મને આ મોટી ચિંતા છે. હે નાની બહેન ! હું શું કરું ? આ દુઃખથી હું દુર્બળ થઈ ગઈ છું. ત્યારે તેની બહેને કહ્યું : 'મને ગર્ભ રહ્યો છે, પ્રસવ પછી હું તને તે આપીશ માટે તેટલા સમય સુધી જાણે તું સગર્ભા હોય તેમ ગુપ્ત રીતે ઘરમાં સુખથી રહે. મારા પતિને તું ધન આપજે, એટલે તે તને બાળક આપશે. આપણે એવી યુક્તિ કરીશું કે જેથી લોકો કહેશે કે આનું બાળક છ મહિનાનું થઈને મરી ગયું અને હું નિત્ય તારે ઘેર આવી તે બાળકને ધવડાવી પોષણ કરીશ. ''પેલું ફળ પરીક્ષા માટે હમણાં તું ગાયને ખવડાવી દે.'' ધુંધુલીએ તે સર્વ પોતાના સ્ત્રીસ્વભાવથી તેમ જ કર્યું. પછી સમય થતાં તે સ્ત્રીએ (ધુંધુલીની બહેને) બાળકને જન્મ આપ્યો, એટલે તેનો પિતા તે બાળકને લાવી એકાંતમાં ધુંધુલીને આપી ગયો. ધુંધુલીએ પોતાના પતિને જણાવ્યું : મે સુખપૂર્વક પુત્રને જન્મ આપ્યો છે. ત્યારે લોકોને પણ આત્મદેવને ત્યાં સંતાન થવાથી સુખ થયું. આત્મદેવે પોતાના પુત્રના જાતકર્મ સંસ્કાર કરી બ્રાહ્મણોને દાન આપ્યાં. તેના દ્વાર આગળ ગીત અને વાજિંત્રોના ધ્વનિ અને પુષ્કળ મંગળ ક્રિયાઓ થઈ. તે પછી ધુંધુલીએ પોતાના ધણીને કહ્યું : 'મારા સ્તનમાં ધાવણ નથી. આ રીતે હું ધાવણ વિનાની છું, પણ કોઈ બીજી સ્ત્રીના ધાવણથી મારા બાળકને શા માટે પોષું ? કારણ કે મારી બહેનને હમણાં જ સુવાવડ આવી અને એને પુત્ર મરી ગયો છે, તેને બોલાવીને આપણા ઘરમાં રાખો, તે તમારા બાળકનું પોષણ કરશે. તેના પતિએ પુત્રની રક્ષા કરવા માટે તે પ્રમાણે જ કર્યું. માતાએ પુત્રનું 'ધુંધુકારી' એવું નામ પાડ્યું. પછી ત્રણ મહિના ગયા એટલે પેલી ગાયે પણ એક બાળકને જન્મ આપ્યો કે જે સર્વાંગે સુંદર, દિવ્ય, નિર્મળ અને સુવર્ણ સમાન કાંતિવાળો હતો. બ્રાહ્મણ આત્મદેવ

તેને જોઈ પ્રસન્ન થયો. તેણે જાતે તે પુત્રનો સંસ્કાર કર્યો. સર્વ લોકો એ આશ્ચર્ય જાણી તેને જોવા માટે ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા : 'હમણા તો આત્મદેવનો ભાગ્યોદય થયો છે.' જુઓ, આ એક આશ્ચર્ય છે કે ગાયે પણ દેવ સમાન રૂપવાળા પુત્રને જન્મ આપ્યો છે.' પણ તેના રહસ્યને દેવયોગે કોઈએ જાણ્યું નહિ. આત્મદેવે એ પુત્રને ગાય સરખા કાનવાળો જોઈ તેનું 'ગોકર્ણ' એવું નામ પાડ્યું. કેટલાક સમય પછી તે બન્ને પુત્ર તરુણ થયા. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયા, જ્યારે ધુંધુકારી મહાદુષ્ટ થયો. તે સ્નાન કે શૌચક્રિયા કરતો નહિ, અભક્ષ્ય ખાતો, ક્રોધ કરતો, દુષ્ટ દાન લેતો, મુડદાના હાથનુ સ્પર્શ થયેલું પણ જમી લેતો, ચોરી કરતો, સર્વ મનુષ્યોનો દ્વેષ કરતો, પારકા ઘર સળગાવી દેતો, છોકરાંઓને રમાડવા માટે લઈ જઈને એકદમ કૂવામાં નાખી દેતો, હિંસા કરતો, શસ્ત્રો ધારણ કરતો, ગરીબ અને આંધળાઓને દુઃખ દેતો, ચાંડાલો સાથે સ્નેહ કરતો અને હાથમાં શિકાર પકડવાનું દોરડું રાખી કૂતરાંની ટોળી સાથે ફરતો રહેતો. તેણે વેશ્યાના સંગથી પિતાના ધનનો નાશ કર્યો અને એક સમયે માતાપિતાને મારી કૂટીને પોતે બધાં વાણસો લઈ ગયો. તેનો પિતા બિચારો ધનહીન થઈ પોક મૂકી રડવા લાગ્યો : 'વાંઝિયાપણું સારુ, પણ દુષ્ટ પુત્ર દુઃખદાયી છે. અરેરે! હું કયાં રહું ? ક્યાં જાઉં ? મારા દુઃખને કોણ દૂર કરે ? હાય ! મારા ઉપર આ દુઃખ આવી પડયું. આ દુઃખથી હું પ્રાણ ત્યજીશ. તે સમયે જ્ઞાની ગોકર્ણ ત્યાં આવ્યો અને વૈરાગ્ય દર્શાવતો પિતાને બોધ આપવા લાગ્યો.

**ગોકર્ણે કહ્યું :** ''હે પિતા ! ખરેખર સંસાર અસાર છે, અત્યંત દુઃખરૂપ છે અને મોહમાં નાખનારો છે.'' કોનો પુત્ર ? કોનું ધન ? જે મનુષ્ય આસકિત રાખે છે, તે હમેશાં બળ્યા કરે છે. ઈન્દ્રને કે ચક્રવર્તીને પણ કઈ સુખ નથી. સુખ તે કેવળ વિરક્ત થઈ એકાંતમાં જીવનારા મુનિને જ છે. તમે 'આ મારો પુત્ર છે.' એવું અજ્ઞાન ત્યજી દો. મોહથી નરકની પ્રાપ્તિ થાય છે. આ શરીર ગમે ત્યારે નાશ પામશે જ. માટે સર્વ ત્યજીને વનમાં જાઓ. ગોકર્ણનાં એ વાક્ય સાંભળી વનમાં જવા ઈચ્છતો પિતા બોલ્યો : હે તાત ! વનમાં મારે શું કરવું, તે તે વિસ્તારથી કહે. હું મૂર્ખ, કર્મવશ, સ્નેહપાશ વડે બંધાઈને અપંગની પેઠે ઘરરૂપ અંધારા કૂવામાં પડયો છું. હે દયાનિધિ ! તું મારો અવશ્ય ઉદ્ધાર કરે.''

**ગોકર્ણે કહ્યું :** હે પિતા ! હાડ, માંસ અને રુધિરવાળા આ શરીરને વિષે તમે અહંબુદ્ધિ ત્યજો; સ્ત્રી-પુત્રાદિની મમતા સદા છોડો. આ જગતને નિત્ય ક્ષણભંગુર જુઓ, વૈરાગ્યના રાગમાં રસિક બનો અને ભકિતનિષ્ઠ થાઓ. તમે નિત્ય ધર્મ સેવો, લોકાચાર ત્યજો, સાધુ પુરુષોને સેવો, કામતૃષ્ણા છોડો અને પારકા દોષ-ગુણનો વિચાર પડતો મૂકી સત્વર ભગવત્સેવાનું તથા કથાના રસનું અત્યંત પાન કરો. એ પ્રમાણે પુત્રના કહેવાને લીધે સાઠ વર્ષનો તે આત્મદેવ ઘર છોડી સ્થિર બુદ્ધિવાળો થઈ વનમાં ગયો અને ત્યાં હમેશાં હરિભકિતમાં તત્પર રહી નિયમપૂર્વક દશમ સ્કંધનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણને પામ્યો. ૧-૮૧

एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय । यातो वनं स्थिरमतिर्गतषष्टिवर्षः ॥
युक्तो हरेरनुदिनं परिचर्ययासौ । श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥८१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## ધુંધુકારીનો પ્રેતયોનિથી ઉધ્ધાર

॥ सूत उवाच ॥

पितर्युपरते तेन जननी ताडिता भृशम् । क्व वित्तं तिष्ठति ब्रूहि हनिष्ये लत्तया न चेत् ॥१॥

**સૂતે કહ્યું :** પિતા મરણ પામ્યો એટલે પેલા ધુંધુકારીએ માતાને ઘણી જ મારી અને કહ્યું : 'બોલ, ધન કયાં છે ? નહિ તો લાત મારીને મારી નાંખીશ. 'આવાં તેનાં વચનોના ત્રાસથી માતા ધુંધુલી પુત્રના દુઃખથી રાતે કુવામાં પડી અને મરણ પામી. યોગનિષ્ઠ ગોકર્ણ તો તીર્થયાત્રા માટે નીકળી પડ્યા. તેને આ ઘટના સાંભળી કંઈ સુખ કે દુઃખ થતું ન હતું; કારણ કે તેને કોઈ શત્રુ કે મિત્ર ન હતો. માતાના મૃત્યુ પછી ધુંધુકારી પાંચ વેશ્યાઓ સાથે તે ઘરમાં રહ્યો. તે એ વેશ્યાઓના પોષણ માટે વ્યગ્ર બુદ્ધિવાળો થઈ અતિ ઉગ્ર કર્મો કરવા લાગ્યો. એક સમયે તે વેશ્યાઓને આભૂષણોની ઈચ્છા થઈ, એથી કામાંધ ધુંધુકારી આભૂષણો માટે મૃત્યુની દરકાર નહિ કરતાં ઘેરથી નીકળ્યો. જયાં ત્યાંથી ધનની ચોરી કરી ફરીને તે ઘેર આવ્યો અને પેલી વેશ્યાઓને સારાં સારાં વસ્ત્રો અને કેટલાંક આભૂષણો તેણે આપ્યાં. પુષ્કળ ધન એકઠું થયેલું જોઈ પેલી વેશ્યાઓએ રાતે વિચાર કર્યો : 'આ હમેશાં ચોરી કરે છે, તેથી રાજા રખેને પકડશે. અને ધન કબજે કરી નકકી મારી નાખશે માટે ધનનું રક્ષણ કરવા આપણે જ એને શા માટે ગુપ્તપણે મારી ન નાખીએ ? એને મારીને ધન લઈ આપણે ગમે ત્યાં ચાલી જઈશું.' આવો નિશ્ચય કરી તે વેશ્યાઓએ સૂતેલા ધુંધુકારીને દોરીઓથી બાંધી, ગળામાં ફાંસો નાખી મારી નાખવા માંડ્યો; પણ તે ઝટ મર્યો નહિ ત્યારે વેશ્યાઓ ચિંતાયુકત થઈ. પછી તેઓએ તેના મુખ પર ધગધગતા અંગારાના ઢગલા નાખ્યા એટલે અગ્નિની જ્વાળાઓના અત્યંત દુઃખથી તરફડતો તે મરણ પામ્યો. તે વેશ્યાઓએ તેના શબને ખાડામાં દાટી દીધું, જેથી તે ગુપ્ત વાત કોઈએ પણ જાણી નહિ. ખરેખર સ્ત્રીઓ ખૂબ જ સાહસિક હોય છે. લોકો પૂછતા ત્યારે તેઓ કહેતી : 'ધનના લોભથી ખેંચાઈ અમારા પતિ બહુ દૂર ચાલ્યા ગયા છે અને આ વર્ષ સુધીમાં આવશે. સમજુ પુરુષે દુષ્ટ સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો. જે મુર્ખ પુરુષ સ્ત્રીઓના વિશ્વાસમાં રહે છે તે ઘણાં દુઃખોથી દુઃખી થાય છે. તેવી સ્ત્રીઓનું વચન અમૃતમય હોઈ કામી પુરુષોના પ્રેમરસને વધારનાર છે, પણ હૃદય તો અસ્ત્રાની ધાર જેવું તીક્ષ્ણ છે. તેવી સ્ત્રીઓને વળી પ્રિય કોણ હોય ? અનેક ધણીઓ કરનારી તે વેશ્યાઓ સઘળું ધન લઈ ત્યાંથી નાસી ગઈ અને ધુંધુકારી તેનાં કુકર્મોથી મોટો પ્રેત થયો. વંટોળિયાનું રૂપ લઈ દશે દિશાઓમાં નિત્ય દોડતો તે ટાઢ અને તાપથી પીડાયેલો, ભૂખ્યો ને તરસ્યો 'હા દૈવ !' એમ વારંવાર કહેતો કયાંય શરણ ન પામ્યો. કેટલાક કાળે ગોકર્ણે લોકો પાસેથી તેને મરણ પામેલો જાણ્યો; પછી તેને અનાથ જાણી તેનું ગયાશ્રાદ્ધ કર્યું અને પોતે જે જે તીર્થમાં જતો ત્યાં ત્યાં તેનું શ્રાદ્ધ કરવા લાગ્યો. એમ તે ગોકર્ણ પોતાના નગરમાં આવ્યો અને રાતે બીજાઓ જાણે નહિ તેમ પોતાના ઘરના આંગણામાં આવી સુતો. ધુંધુકારી પ્રેતે પોતાના ભાઈને ત્યાં સૂતેલો જાણીને મધ્યરાત્રે તેને પોતાનું મહાભયંકર શરીર દેખાડયું. ને ક્ષણમાં બકરો, ક્ષણમાં હાથી, ક્ષણમાં પાડો, ક્ષણમાં ઇંદ્ર, ક્ષણમાં અગ્નિ અને ફરી પુરુષ થવા લાગ્યો. આવી વિપરીતતા જોઈ ધૈર્ય ધારી ગોકર્ણે 'આ કોઈ દુર્ગતિ પામેલો જીવ છે' એમ નિશ્ચય કરી તેને પૂછયું.

**ગોકર્ણે કહ્યું :** રાત્રિના વખતે આવા મહા ભયંકર રૂપમાં દેખાનારો તું કોણ છે ? કયા કારણે તું આ દશા પામ્યો છે ? શું તું કોઈ પ્રેત, પિશાચ કે રાક્ષસ છે, તે મને કહે. સૂતે કહ્યું : ગોકર્ણે એમ પૂછયું ત્યારે વારંવાર પોકો મૂકી તે રડવા લાગ્યો અને વચન બોલવા અશકત હોઈ માત્ર સંજ્ઞા કરવા લાગ્યો. પછી ગોકર્ણે અંજલિમાં જળ લઈ તેના પર છાંટયું, એટલે એ નિષ્પાપ થયેલ તે બોલવા લાગે.

**પ્રેતે કહ્યું :** હું ધુંધુકારી નામે તમારો ભાઈ છું. મારા જ દોષથી મેં બ્રાહ્મણપણાનો નાશ કર્યો છે. મહાન અજ્ઞાનના ચકરાવામાં પડેલા એવાં મારાં કુકર્મોની કંઈ ગણતરી જ નથી. હું લોકોની હિંસા કરનારો હતો, અને સ્ત્રીઓએ મને દુઃખ દઈ મારી નાખ્યો છે. એ કારણથી હું પ્રેતપણું પામી આ દુર્દશા ભોગવી રહ્યો છું. કર્મફળનો ઉદય દૈવાધીન હોવાથી હું વાયુના આહારથી જીવું છું. અહો ! હે ભાઈ ! તમે દયાના સમુદ્ર છો. તમે મને આ પ્રેતયોનિમાંથી સત્વર મુકત કરો. ગોકર્ણ તે વચન સાંભળી તેને કહેવા લાગ્યો.

**ગોકર્ણે કહ્યું :** ''મેં તારે માટે વિધિપૂર્વક ગયાજીમાં પિંડ આપેલ છે. છતાં તું કેમ મુકત ન થયો, એ મને મોટું આશ્ચર્ય થાય છે. ગયાજીમાં શ્રાદ્ધ કરવાથી જો મુકિત ન થાય, તો આ પૃથ્વી પર, બીજો કોઈ ઉપાય નથી. હે પ્રેત ! હવે મારે શું કરવું ને વિસ્તારથી કહે.

પ્રેતે કહ્યું : 'ગયાજીમાં સેંકડો શ્રાદ્ધ કરવાથી પણ મારી મુકિત થશે નહિ; માટે હવે કોઈ બીજા ઉપાયનો તમે વિચાર કરો.' પ્રેતનું તે વચન સાંભળી ગોકર્ણે આશ્ચર્ય પામી કહ્યું : 'જો સેંકડો ગયાશ્રાદ્ધથી પણ તારી મુકિત ન થાય તો તારી મુક્તિ અસાધ્ય છે; તોપણ હે પ્રેત ! હમણાં તું નિર્ભય થઈને તારા સ્થાનમાં રહે; હું વિચાર કરીને તારી મુકિત માટે કોઈ બીજો ઉપાય કરીશ.' એમ તેણે આજ્ઞા કર્યા પછી ધુંધુકારી પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો ને ગોકર્ણે તે આખી રાત્રિ વિચાર કર્યો પણ કોઈ ઉપાય તેને જણાયો નહિ. સવારમાં લોકો તેને આવેલો જોઈ પ્રેમથી તેને મળવા આવ્યા, એટલે રાતે જે કાંઈ બન્યું હતું તે સર્વે તેણે તેઓને કહ્યું. તે પછી અનેક વિદ્વાનો, યોગીઓ, જ્ઞાનીઓ તથા વેદપાઠીઓએ અનેક શાસ્ત્રગ્રંથો જોઈ જોયા, પણ તેમને ધુંધુકારીના મોક્ષનો કોઈ ઉપાય દેખાયો નહિ; ત્યારે તે સર્વેએ તેની મુક્તિ માટે સૂર્ય જે કહે તે કરવા નકકી કર્યું અને તે જ સમયે ગોકર્ણે (પોતાના તપોબળથી) સૂર્યની ગતિને રોકી તેમની સ્તુતિ કરતાં કહ્યું : 'હે ભગવન ! તમે જગતના સાક્ષી છો. હું તમને નમસ્કાર કરું છું. આપ મને ધુંધુકારી પ્રેતની મુકિતનું સાધન કહો' તે સાંભળી સૂર્યદેવે દૂરથી જ આ પ્રમાણે સ્પષ્ટ શબ્દમાં કહ્યું : 'શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાથી પ્રેતની મુકિત થશે, માટે તમે શ્રીમદ્ ભાગવતનું સપ્તાહ પારાયણ કરો.' સૂર્યનું એ ધર્મરૂપ વચન સૌએ સાંભળ્યું અને સર્વે બોલ્યા : 'આ સરળ છે; માટે પ્રયત્નથી કરવું જોઈએ. પછી ગોકર્ણ નિશ્ચય કરી શ્રીમદ્ ભાગવતની સપ્તાહવાચન માટે તૈયાર થયો. દેશો અને ગામોથી લોકો ત્યાં સાંભળવા માટે ગયા. પાંગળાં, આંધળાં, વૃદ્ધ અને અશકત હતાં તેઓ પણ પાપનો નાશ કરવા ત્યાં ગયાં. આમ દેવોને પણ આશ્ચર્યકારક મોટો સમાજ એકઠો થયો. આસન ઉપર બેસીને ગોકર્ણ જ્યારે કથા કહેવા લાગ્યા, ત્યારે પેલો પ્રેત પણ (બેસવા માટે) આમતેમ સ્થાને જોતો ત્યાં ગયો. ત્યાં સાત ગાંઠોવાળો ઊંચો પોલો વાંસ તેણે જોયો, એટલે તેના મૂળના છિદ્રમાં પ્રવેશ કરી સપ્તાહશ્રવણ માટે તે બેઠો. તે વાયુસ્વરૂપ હોવાથી (બહાર) બેસવા અશકત હતો તેથી વાંસમાં દાખલ થયો હતો. પછી વૈષ્ણવ બ્રાહ્મણને મુખ્ય શ્રોતા કલ્પીને

ગોકર્ણે શ્રીમદ્ ભાગવતનું આખ્યાન પ્રથમ સ્કંધથી સ્પષ્ટ રીતે કરવા માંડયું. સાયંકાળે કથા બંધ રાખી ત્યારે ત્યાં આશ્ચર્ય થયું. સત્પુરુષોનાં દેખતાં વાંસની એક ગાંઠ અવાજ સાથે તૂટી અને તે જ પ્રમાણે બીજે દિવસે સાયંકાળે બીજી ગાંઠ તૂટી; તેમ જ ત્રીજે દિવસે સાંજે ત્રીજી ગાંઠ તૂટી; એ રીતે સાત દિવસે વાંસની સાતે ગાંઠો તોડીને એ પ્રેતે બાર સ્કંધનું શ્રવણ કરવાથી પ્રેતપણું છોડયું અને દિવ્ય રૂપ ધારણ કરનાર, તુલસીની માળાથી સુશોભિત, પીળાં વસ્ત્રવાળો, મેઘ સમાન શ્યામ, મુકુટધારી અને કુંડળોથી યુકત થઈ તરત ભાઈ ગોકર્ણને પ્રણામ કરી - આ પ્રમાણે બોલ્યો : 'હે બંધુ ! તમે મને પ્રેતના દુઃખમાંથી છોડાવ્યો છે. પ્રેતની પીડાનો નાશ કરનારી શ્રીમદ્ ભાગવતની કથાને ધન્ય છે; તેમ જ શ્રીકૃષ્ણના ધામરૂપી ફળ આપનાર સપ્તાહને ધન્ય છે. સપ્તાહ સાંભળતાં સર્વ પાપો 'આ કથા અમારો તત્કાળ નાશ કરશે' એવા ભયથી કંપે છે. જેમ અગ્નિ લીલાં, સૂકાં, નાનાં અથવા મોટાં હરકોઈ કાષ્ઠને બાળી નાખે છે, તેમ સપ્તાહનું શ્રવણ પણ તાજાં, જૂનાં નાનાં કે મોટાં હરકોઈ મન, વચન કે કર્મથી કરેલાં પાપને બાળી નાખે છે. આ ભરતખંડમાં વેદવેત્તાઓની સભામાં વિદ્વાનોએ કહ્યું છે : 'શ્રીમદ્ ભાગવતની કથા ન સાંભળનારા પુરુષોનો જન્મનિષ્ફળ છે. શ્રીમદ્ ભાગવતની કથા વિના કેવળ મોહથી રક્ષણ કરેલા અતિશય પુષ્ટ અને અત્યંત બળવાન છતાં નાશવંત એવા આ શરીરનું શું પ્રયોજન છે ? શરીર હાડકાંરૂપી થાંભલાઓવાળું, સ્નાયુઓથી બાંધેલું માંસ અને લોહી વડે લીંપેલું, ચામડાથી મઢેલું, દુર્ગંધી, મૂત્ર અને વિષ્ઠાનું પાત્ર, વૃદ્ધાવસ્થા અને શોકના ફળથી પીડાયેલું, રોગોનું ઘર, દુઃખોથી આતુર, ભરવું મુશ્કેલ, ટકાવવું મુશ્કેલ, દુષ્ટ દોષોવાળું ક્ષણભંગુર અને છેવટે કીડા, વિષ્ઠા કે ભસ્મરૂપ થનારુ છે, એમ વર્ણવ્યું છે. આવા અસ્થિર શરીર વડે સ્થિર કર્મ શા માટે ન સાધવું ? જે અન્ન સવારે રાંધ્યું હોય છે તે સાંજે બગડી જાય છે. આવા સ્વભાવના અન્નના રસથી પોષાયેલા શરીરની નિત્યતા શી ? અને સપ્તાહ સાંભળવાથી તો આ લોકમાં શ્રીહરિને તરત પ્રાપ્ત કરી શકાય છે. માટે દોષોને દૂર કરવા આ જ સાધન છે. કથાશ્રવણથી રહિત લોકો પાણીમાં પરપોટાની પેઠે અને જંતુઓમાં મચ્છરોની પેઠે મરણ માટે જ જન્મે છે. કથાશ્રવણથી જડ અને સૂકા વાંસની ગાંઠો જ્યાં તૂટી ગઈ, ત્યાં ચિત્તની ગાંઠો તૂટે એમાં શું આશ્ચર્ય છે ? સપ્તાહ સાંભળતાં હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ તૂટે છે, સર્વ સંશયો જાય છે અને એ (સાંભળનાર) જીવનાં કર્મો નાશ પામે છે. સંસારરૂપી કાદવના લેપને ધોવામાં અત્યંત સમર્થ કથારૂપી તીર્થ ચિત્તમાં રહે, તો વિદ્વાનોએ એની મુકિત જ કહી છે.' એમ તે પ્રેત કહેતો હતો, તેવામાં વૈકુંઠવાસીઓથી યુકત અને ઝળકતા કાંતિમંડળવાળું વિમાન ત્યાં આવ્યું. જેમાં સર્વના દેખતાં ધુંધુકારી બેઠો. તે સમયે વિમાનમાં બેઠેલા વિષ્ણુના પાર્ષદોને જોઈ ગોકર્ણ બોલ્યો. ગોકર્ણે કહ્યું : હે ભગવાનના પ્રિય પાર્ષદો ! અહીં મારા ઘણા નિર્મળ શ્રોતાઓ છે. તેઓ માટે તમે એકીસાથે વિમાનો કેમ ન લાવ્યા ? અહીં સર્વનું સમાન ભાગે શ્રવણ દેખાય છે; ફળભેદ કેમ થયો, તે કહો..

**પાર્ષદોએ કહ્યું :** શ્રવણનો ભેદ હોવાથી ફળનો પણ ભેદ થયો છે. શ્રવણ તો બધાએ કર્યું છે, પણ મનન કર્યું નથી. હે માનદ ! તેથી ભજન છતાં ફળભેદ થયો છે. પ્રેતે સાત દિવસ ઉપવાસ કરીને જ શ્રવણ કર્યું છે. વળી સ્થિર ચિત્તથી મનન વગેરે પણ અત્યંત કર્યું છે. દૃઢતા વિનાનું જ્ઞાન નિષ્ફળ છે, પ્રમાદથી શ્રવણ નિષ્ફળ છે. સંદેહવાળો મંત્ર નિષ્ફળ છે, વ્યગ્ર ચિત્ત જપ નિષ્ફળ છે, વિષ્ણુના ભકતો વિનાનો દેશ નિષ્ફળ છે, પાત્ર વિના શ્રાદ્ધ નિષ્ફળ છે, વેદ ન ભણેલામાં દાન નિષ્ફળ છે અને અનાચારથી કુળ નષ્ટ થાય છે, માટે ગુરુનાં વાકયો ઉપર વિશ્વાસ, પોતાનામાં દીનતાની ભાવના, મનના દોષોનો જય અને

કથામાં એકાગ્ર બુદ્ધિ ઈત્યાદિ કર્યું હોય, તો જ કથાશ્રવણનું ફળ છે. તેથી ફરી સપ્તાહશ્રવણ પછી સર્વનો અવશ્ય વૈકુંઠમાં વાસ થશે અને હે ગોકર્ણ ! ગોવિંદ પોતે તમને ગોલોક આપશે.

**સનકાદિકે કહ્યું :** એમ કહી સર્વ પાર્ષદો હરિકીર્તન કરતા વૈકુંઠમાં ગયા. પછી ગોકર્ણે ફરી શ્રાવણ માસમાં સાત દિવસની કથા કહી, જેનું ફરી બધાંએ શ્રવણ કર્યું. હે નારદ ! કથા સમાપ્ત થઈ ત્યારે ત્યાં જે બન્યું તે તમે સાંભળો. શ્રીહરિ વિમાનો તથા ભકતો સાથે ત્યાં પ્રકટ થયા અને તે સમયે 'જય' તથા 'નમઃ' એવા અનેક શબ્દો ત્યાં થયા. શ્રીહરિએ પોતે ત્યાં હર્ષથી પાંચજન્ય શંખ વગાડયો અને ગોકર્ણને ભેટીને પોતાના સમાન બનાવી દીધો. વળી બીજા શ્રોતાઓને શ્રીહરિએ ક્ષણવારમાં મેઘ સમાન શ્યામ, પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા, મુકુટધારી અને કુંડળધારી કર્યા. તે ગામમાં કૂતરાં અને ચાંડાલ જાતિના જે જીવો હતા તેઓને પણ ગોકર્ણની કૃપાથી વિમાનમાં બેસાડયા અને તેમને જ્યાં યોગીઓ જાય છે, તે વૈકુંઠલોકમાં મોકલ્યા. પછી ભકતવત્સલ શ્રીગોપાલ કથાશ્રવણથી પ્રસન્ન થઈ ગોકર્ણની સાથે ગોપગોપીઓને પ્રિય ગોલોકમાં ગયા. પૂર્વે શ્રીરામચંદ્રજી સર્વ અયોધ્યાવાસીઓને જેમ લઈ ગયા હતા, તેમ શ્રીકૃષ્ણ તેઓને યોગીદુર્લભ ગોલોકમાં લઈ ગયા; જ્યાં સૂર્ય, ચંદ્ર કે સિદ્ધોની કદી ગતિ નથી, તે લોકમાં તેઓ શ્રીમદ્ ભાગવતના શ્રવણથી જ ગયા. શ્રીસપ્તાહયજ્ઞ વડે કથામાં જે ઉજ્જવળ ફળસમુદાય એકઠો થયો છે, તેનું આજે તમારી આગળ અમે શું વર્ણન કરીએ ? જેઓએ ગોકર્ણની કથાનો અક્ષર કાનથી સાંભળ્યો હતો તેઓ ફરી ગર્ભવાસને પામ્યા જ નહિ. મનુષ્ય સપ્તાહકથાના શ્રવણથી જે ગતિ પામે છે તે ગતિ વાયુ, જળ કે પાંદડાંના આહારથી શરીરને સૂકવનારા અને લાંબા સમયથી સંચિત કરેલા ઉગ્ર તપથી અથવા યોગથી પામતા નથી. બ્રહ્માનંદમાં મગ્ન રહેતા મુનીશ્વર શાંડિલ્ય પણ ચિત્રકૂટમાં રહીને આ પવિત્ર ઈતિહાસનો પાઠ કરે છે. આ પરમ પવિત્ર આખ્યાન જો એક વાર પણ સાંભળ્યું હોય, તો પાપોના સમૂહને બાળે છે. જો શ્રાદ્ધમાં પાઠ કર્યો હોય તો પિતૃઓને તૃપ્ત કરે છે અને નિત્ય સારી રીતે પાઠ કરવાથી તે મોક્ષ આપે છે. ૧-૯૦

आख्यानमेतत्परमं पवित्रं श्रुतं सकृद्वै विदहेदघौघम् ।
श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहेन्नित्यं सुपाठादपुनर्भवं च ॥९०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## શ્રીમદ્ ભાગવતના શ્રવણનો વિધિ

**॥ कुमारा ऊचुः ॥**

अथ ते संप्रवक्ष्यामः सप्ताहश्रवणे विधिम् । सहायैर्वसुभिश्चैव प्रायः साध्यो विधिः स्मृतः ॥१॥

**કુમારોએ કહ્યું :** હવે સપ્તાહ શ્રવણનો વિધિ અમે તમને કહીએ છીએ, એ વિધિ મુખ્યત્વે લોકોની સહાય અને ધનથી સિદ્ધ થાય છે. જોષીને બોલાવી અને મુહૂર્ત પૂછી પછી વિવાહ માટે જેટલું ધન જોઈએ તેટલું ધન આમાં વાપરવાનો સંકલ્પ કરવો. કથાનો આરંભ કરવામાં શ્રાવણ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, અષાઢ કે ભાદરવો આ મહિનાઓ શ્રોતાઓને મોક્ષસૂચક છે. મહિનાઓમાં જે જે તજવા યોગ્ય હોય, તે

તે સર્વથા તજવા અને આ કાર્યમાં જેઓ ઉદ્યમી ઉત્સાહી હોય, તેઓને સહાયક બનાવવા ત્યાર પછી 'અહીં કથા થશે માટે કુટુંબ સહિત આવવું' આવી દેશદેશમાં પ્રયત્નથી ખબર મોકલવી, જેથી જેઓથી હરિકથા દૂર હોય અને જેનાથી હરિકીર્તન દૂર હોય, તેઓને અને સ્ત્રીઓ તથા શૂદ્ર વગેરેને પણ જાણ થાય. દેશદેશમાં જે વૈષ્ણવો વિરકત અને હરિકીર્તનમાં ઉત્સુક હોય તેમના પર પત્ર મોકલવા ને તેમાં આમ લખવું : 'અહીં સાત દિવસ સુધી સત્પરુષોનો અતિ દુર્લભ સમાગમ થશે અને અપૂર્વ રસરૂપ કથા થશે. આપ શ્રીમદ્ ભાગવતરૂપ અમૃતનું પાન કરવામાં રસવાળા છો તો પ્રેમતત્પર થઈ સત્વર પધારજો. કદાચ અવકાશ ન હોય તો પણ એક દિવસ અવશ્ય આવજો; કેમ કે અહીં એક ક્ષણ રહેવાય તે પણ અતિ દુર્લભ જ છે. એ રીતે વિનયથી તેઓને નિમંત્રણ આપવું અને આવનાર સર્વને ઉતારા આપવા. તીર્થમાં, વનમાં કે ઘરમાં પણ કથાશ્રવણ કહ્યું છે. જ્યાં વિશાળ ભૂમિ હોય ત્યાં કથાનું સ્થળ કરવું. ભૂમિને વાળી-ઝૂડી સાફ કરાવવી ને રંગોથી શણગારવી. ઘરનો સામાન ઉપાડી ઘરના ખૂણામાં મૂકી દેવો. પાંચ દિવસ પહેલાં યત્નથી બિછાનાં મેળવી લેવા અને કેળના સ્તંભોથી શોભીતો ઊંચો મંડપ કરવો અને ફળ, પુષ્પ, પાંદડાં અને ચંદરવાથી શણગારવો, તેમ જ ચારે દિશાઓમાં ધજાઓ બાંધી અનેક સામગ્રીથી સુશોભિત કરવો. તે મંડપમાં વિસ્તારથી સાત લોક કલ્પવા અને તેમાં બ્રાહ્મણો તથા વિરકતોને સમજાવી ઉચ્ચ આસને બેસાડવા. પ્રથમ તેઓનાં ઉત્તરોત્તર આસનો ગોઠવવાં અને તે વખતે વકતાનું પણ દિવ્ય આસન ગોઠવવું. વક્તાએ ઉત્તર તરફ મુખ રાખવું અને શ્રોતાઓએ પૂર્વ તરફ મુખ રાખવું; પણ જે તે વખતે વકતા પૂર્વ તરફ મુખ રાખે તો શ્રોતાએ ઉત્તર તરફ મુખ રાખવું. અથવા શ્રોતાઓ આવે ત્યારે પૂજ્ય અને પૂજક વચ્ચેની દિશાને દેશકાળ આદિ જાણનારાઓએ પૂર્વ દિશા કહેલી છે. જે બ્રાહ્મણ વિરકત, વિષ્ણુભકત, વેદશાસ્ત્રોના વિરોધને દૂર કરનાર, દૃષ્ટાંત આપવામાં કુશળ, ધૈર્યવાળો અને અત્યંત નિઃસ્પૃહ હોય, તેને વક્તા કરવો. પણ અનેક ધર્મોમાં અત્યંત ભમનારા, સ્ત્રીલંપટ અને પાખંડવાદી જો પંડિત હોય તો પણ તેમને પવિત્ર શાસ્ત્રકથા કહેવામાં ત્યજવા. વકતા પાસે બીજો તેના જેવો જ પંડિત સંશય દૂર કરે તેવા લોકોને બોધ આપવામાં તત્પર હોય તેવો મદદ માટે રાખવો. વકતાએ વ્રત લેવાના એક દિવસ પહેલાં હજામત કરાવી લેવી અને અરુણોદય થતાં શૌચ વગેરે આટોપી નાહી લેવું. નિત્યસંધ્યા આદિ પ્રયત્નથી સંક્ષેપમાં કરવાં. અને કથાનાં વિઘ્નોનો નાશ કરવા ગણપતિનું પૂજન કરવું. પિતૃઓનું તર્પણ કરી શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવું અને મંડપ રચી તેમાં શ્રીહરિનું સ્થાપન કરવું. પછી શ્રીકૃષ્ણને ઉદ્દેશી મંત્રોચ્ચારપૂર્વક પૂજાવિધિ કરો અને અનુક્રમે પ્રદક્ષિણા નમસ્કાર કરી પૂજાને અંતે સ્તુતિ કરવી. "હે દયાસાગર ! સંસાર સમુદ્રમાં ડૂબેલા, દીન અને કર્મોના મોહરૂપી મગરથી પકડાયેલા અંગવાળા મારો સંસારસમુદ્રમાંથી આપ ઉદ્ધાર કરો." પછી શ્રીમદ્ ભાગવતની પણ પ્રીતિ તથા પ્રયત્નથી ધૂપ દીપ સાથે વિધિપૂર્વક પૂજા કરવી. ને પછી શ્રીફળ લઈને નમસ્કાર કરવા તેમ જ અત્યંત પ્રસન્નચિત્તથી તે વખતે સ્તુતિ કરવી : "શ્રીમદ્ ભાગવત નામે આપ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ છો. હે નાથ ભવસાગરમાં મુકિત માટે મેં આપને સ્વીકાર્યા છે. હે કેશવ ! મારો આ મનોરથ આપ સર્વથા નિર્વિઘ્ને સફળ કરજો. હું આપનો દાસ છું." આવું દીન વચન કહ્યા પછી વકતાની પૂજા કરવી અને વસ્ત્ર તથા આભૂષણોથી તેને વિભૂષિત કરી પૂજાને અંતે તેની સ્તુતિ

કરવી : 'હે શુકદેવજીસ્વરૂપ ! હે સર્વ શાસ્ત્રોમાં કુશળ બ્રહ્મવેત્તા ! તમે આ કથાનો પ્રકાશ કરી મારા અજ્ઞાનનો નાશ કરો,' પછી કલ્યાણ માટે તેની આગળ હર્ષથી નિયમ ગ્રહણ કરવો અને તે નિયમ સાત દિવસ સુધી યથાશકિત અવશ્ય પાળવો. કથામાં ભંગ ન પડે તે માટે પાંચ બ્રાહ્મણોનું વરણ કરવું અને તે બ્રાહ્મણોએ શ્રીહરિના દ્વાદશાક્ષર' મંત્રનો જપ કરવો. પછી બ્રાહ્મણો, વૈષ્ણવ તથા બીજા કીર્તનકારોને પ્રણામ કરી-પૂજીને તેઓની આજ્ઞા લઈ પોતે આસન ઉપર બેસવું. જે મનુષ્ય લોક, દ્રવ્ય, ધન, ઘર અને પુત્રની ચિંતા છોડી દઈ કેવળ કથામાં જ ચિત્ત રાખે છે તે શુદ્ધ બુદ્ધિવાળો ઉત્તમ ફળ પામે છે. અત્યંત બુદ્ધિશાળી વકતાએ સૂર્યોદયથી આરંભી સાડાત્રણ પ્રહર સુધી સારી રીતે ધીર કંઠથી કથા વાંચવી; મધ્યાહ્નસમયે બે ઘડી કથા બંધ કરવી. તે વખતે વૈષ્ણવોએ કથાને અનુસરતું કીર્તન કરવું. કથા સાંભળવા ઈચ્છનારાઓએ મળમૂત્રને જીતવા માટે એક જ વખત હવિષ્યાન્નનો સુખકારક હલકો આહાર કરવો. જો શકિત હોય તો સાત દિવસ ઉપવાસ કરી કથાશ્રવણ કરવું; અથવા ઘી કે દૂધ પીને સુખેથી શ્રવણ કરવું. અથવા તો ફળાહાર કે એક વખત ભોજન કરી શ્રવણ કરવું. આમાંથી કથાશ્રવણ માટે જે સુખેથી બને એવું હોય તે કરવું. ઉપવાસ જો કથાશ્રવણમાં વિઘ્નકારક થાય તો કથાશ્રવણ કરાવનાર ભોજનને હું શ્રેષ્ઠ માનું છું, પણ ઉપવાસ શ્રેષ્ઠ નથી કહ્યો. હે નારદ ! સપ્તાહશ્રવણના વ્રતવાળાઓના નિયમ હવે તમે સાંભળો. જેઓ વિષ્ણુભકિતની દીક્ષાથી રહિત હોય તેઓને કથાશ્રવણમાં અધિકાર નથી. કથાશ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્ય પાળવું, નીચે સૂવું અને નિત્ય કથા સમાપ્ત થયા પછી પત્રાવલીમાં ભોજન કરવું. કથાશ્રવણના વ્રતવાળાએ કઠોળ, મધ, તેલ, ભારે અન્ન, ભાવથી દુષ્ટ થયેલું અન્ન અને વાસી અન્ન તજવું; તેમ જ કથાશ્રવણના વ્રતવાળાએ કામ, ક્રોધ, મદ, માન, મત્સર, લોભ, દંભ, મોહ તથા દ્વેષને દૂર કરવા, વળી કથાશ્રવણના વ્રતવાળાએ વેદો, વૈષ્ણવો, બ્રાહ્મણો, ગુરુઓ, ગાય, વ્રતધારીઓ, સ્ત્રીઓ, રાજાઓ તથા મહાત્માઓની નિંદા તજવી; તેમ જ કથાશ્રવણના વ્રતવાળાએ રજસ્વલા, ચાંડાલ, મ્લેચ્છ, પતિત, વૈદિક સંસ્કારોરહિત, બ્રાહ્મણોના દ્વેષવાળા તથા વેદબાહ્ય મનુષ્યો સાથે બોલવું નહીં. કથાશ્રવણનું વ્રત લેનારે સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરળતા, વિનય અને ઉદાર મન રાખવાં. જે મનુષ્ય દરિદ્ર, ક્ષયરોગવાળો, રોગી, ભાગ્યહીન, પાપકર્મો, સંતાનરહિત અને મોક્ષની ઈચ્છાવાળો હોય, તેણે આ કથા સાંભળવી. જે સ્ત્રી રજોદર્શન રહિત હોય, એક જ વખત સંતાન થઈ વાંઝણી બની હોય. બિલકુલ વાંઝણી હોય, જેનાં સંતાન મરી જતાં હોય અને જેનો ગર્ભ સ્રવી જતો હોય તે સ્ત્રીએ પ્રયત્નથી આ કથા સાંભળવી. ઉપર કહેલ કોઈ પણ દુઃખમાં વિધિપૂર્વક આ કથા સાંભળવાથી અત્યંત અક્ષય ફળ થાય છે; કેમ કે આ કથા અતિ ઉત્તમ, દિવ્ય અને કરોડો યજ્ઞનું ફળ આપનારી છે. એ પ્રમાણે વ્રતનો વિધિ કરી ઉદ્યાપન કરવું. ફળની ઈચ્છાવાળાઓએ જન્માષ્ટમીના વ્રતની પેઠે આ વ્રત કરવું. ભકતો જો નિષ્કામ હોય તો ઉદ્યાપન કરવા માટે આગ્રહ નથી; કેમ કે તેવા નિષ્કામ વિષ્ણુભકતો માત્ર શ્રવણથી જ પવિત્ર થાય છે. એ પ્રમાણે આ સપ્તાહયજ્ઞ સમાપ્ત થાય, ત્યારે શ્રોતાઓએ પુસ્તક તથા વકતાની અત્યંત ભકિતથી પૂજા કરવી. પછી શ્રોતાઓને પ્રસાદ તથા તુલસીની માળાઓ આપવાં. મૃદંગ તથા તાલથી સુંદર કીર્તન કરવું; વળી 'જય' શબ્દ, 'નમઃ' શબ્દ તથા શંખધ્વનિઓ કરાવવા. બ્રાહ્મણો તથા વાચકને ધન તથા અન્નનું દાન કરવું. શ્રોતા

જો વિરકત હોય તો (સપ્તાહસમાપ્તિ પછી) બીજે દિવસે ગીતા વાંચવી, પણ જો શ્રોતા ગૃહસ્થ હોય, તો કર્મની શાંતિ માટે હોમ કરવો. દશમસ્કંધના પ્રત્યેક શ્લોકે વિધિથી તલ અને અન્નાદિ સાથે દૂધપાક, મધ તથા ઘીનો હોમ કરવો. અથવા સારી રીતે સાવધાન થઈ ગાયત્રી મંત્રથી હવન કરવો; કેમ કે પુરાણ અને પરમાત્મા વસ્તુતઃ ગાયત્રીરૂપ છે. જો હોમ કરવાની શકિત ન હોય તો બુદ્ધિમાન મનુષ્યે હોમની ફળસિદ્ધિ માટે હોમ કરવાના પદાર્થોનું દાન કરવું. તે પછી અનેક દોષો દૂર કરવા માટે તેમ જ ન્યૂનાધિકતારૂપ દોષની શાંતિ માટે વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ કરવો; કેમ કે તેનો પાઠ કરવાથી સર્વ કર્મ સફળ થાય છે અને એનાથી કંઈ અધિક નથી. પછી વ્રતની પૂર્ણતા માટે બાર બ્રાહ્મણોને મધ અને દૂધપાકથી જમાડવા તથા સુવર્ણ અને ગાયનું દાન કરવું. જે શકિત હોય તો બાર તોલા સુવર્ણનું સિંહાસન બનાવી તેના ઉપર સુંદર અક્ષરોથી લખેલું શ્રીમદ્ ભાગવતનું પુસ્તક સ્થાપવું. એ પુસ્તકનું આવાહન વગેરે ઉપચારોથી પૂજન કરી વસ્ત્રાલંકાર અને ચંદનાદિથી પૂજેલા જિતેન્દ્રિય આચાર્યને દક્ષિણા સાથે દાન કરવું. એ પ્રમાણે દાન કરી સારી બુદ્ધિવાળો પુરુષ સંસારનાં બંધનોથી મુક્ત થાય છે. એ રીતે સર્વ પાપો દૂર કરનાર વિધિ કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધનરૂપ આ ઉત્તમ શ્રીમદ્ ભાગવતપુરાણ અવશ્ય ફળદાયી થાય છે. હે નારદ! એ પ્રમાણે સર્વ તમને કહ્યું. બીજું શું સાંભળવા ઇચ્છો છો ? શ્રીમદ્ ભાગવતથી જ ભોગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

**સૂતે કહ્યું :** આમ કહીને સનકાદિ મહાત્માઓએ સર્વ પાપને હરનારી, પવિત્ર તથા ભોગ અને મોક્ષ આપનારી શ્રીમદ્ ભાગવતની કથા કહી. તે કથા સાત દિવસ સુધી મનને નિયમમાં રાખી સર્વ પ્રાણીઓએ વિધિપૂર્વક સાંભળી અને પછી તેઓએ શ્રીપુરુષોત્તમની સ્તુતિ કરી. તેને અંતે ભકિત, જ્ઞાન તથા વૈરાગ્યને ખૂબ પુષ્ટિ મળી. તેઓ ખૂબ તરુણ થઈને સર્વ જીવોનાં ચિત્ત પોતાની તરફ આકર્ષિત કરવા લાગ્યાં. નારદજી પણ પોતાનો મનોરથ સિદ્ધ થયો તેથી કૃતાર્થ થઈ પરમ આનંદથી પૂર્ણ થયા અને સર્વાંગે રોમાંચિત થયા. એ પ્રમાણે કથા સાંભળી ભગવાનને પ્રિય નારદજી બે હાથ જોડી પ્રેમથી ગળગળી વાણી વડે સનકાદિ કુમારોને કહેવા લાગ્યા.

**નારદજીએ કહ્યું :** આપ દયાળુઓએ મારા ઉપર અનુગ્રહ કર્યો, જેથી હું ધન્ય છું. આજે સર્વ પાપો હરનાર ભગવાન વિષ્ણુ મને મળ્યા છે. હે તપોધનો ! હું માનું છું કે કથાશ્રવણ સર્વ ધર્મો કરતાં શ્રેષ્ઠ છે. જેથી વૈકુંઠવાસી શ્રીકૃષ્ણ મળે છે.

**સૂતે કહ્યું :** વૈષ્ણવોમાં ઉત્તમ નારદજી એમ કહેતા હતા, તેવામાં યોગીશ્વર શુકદેવજી ફરતા ફરતા ત્યાં પધાર્યા. કથા સમાપ્ત થઈ ત્યારે જ્ઞાનરૂપી મહાસાગર ને ચંદ્રરૂપ એવા આત્મજ્ઞાનના લાભથી પૂર્ણ, સોળ વર્ષની વયના વ્યાસપુત્ર શુકદેવજી પ્રેમથી ધીમે ધીમે શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા ત્યાં પધાર્યા. શ્રેષ્ઠ મહાતેજવાળા શુકદેવજીને જોઈ સભાસદો તત્કાળ ઊભા થઈ તેમને મોટું આસન આપ્યું અને દેવર્ષિ નારદે પ્રેમથી તેમની પૂજા કરી. પછી ત્યાં બેસી શુકદેવજીએ નિર્મળ વાણી કહી, તે સાંભળો.

**શ્રી શુકદેવજીએ કહ્યું :** હે રસિક ભાવિક જનો ! વેદરૂપી કલ્પવૃક્ષનું શ્રીમદ્ ભાગવતરૂપી ફળ શુકના મુખમાંથી પૃથ્વી પર પડયું છે અને તે અમૃતમય રસવાળું હોઈ કેવળ રસરૂપ છે. તેનું મોક્ષ થાય ત્યાં સુધી

વારંવાર પાન કરો, શ્રવણ કરો. મહામુનિ વ્યાસે રચેલા આ શ્રીમદ્ ભાગવતમાં મત્સરરહિત સત્પરુષોનો નિષ્કપટ શ્રેષ્ઠ ધર્મ વર્ણવ્યો છે; તેમ જ (આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવક) ત્રણે તાપને દૂર કરનાર, મોક્ષ આપનાર અને જાણવા યોગ્ય વાસ્તવિક વસ્તુ પરમેશ્વરનું નિરૂપણ કર્યું છે. બીજાં શાસ્ત્રોથી શું ઈશ્વરને તત્કાળ હૃદયમાં સ્થાપી શકાય છે ? આ શ્રીમદ્ ભાગવતને સાંભળવા ઈચ્છતા પુણ્યશાળીઓ તો તુંરત હૃદયમાં ઈશ્વરને સ્થાપી શકે છે. શ્રીમદ્ ભાગવત પુરાણોમાં તિલક સમાન છે. વિષ્ણુભકતોનું ધન છે, જેમાં પરમહંસોનું શ્રેષ્ઠ નિર્મળ જ્ઞાન વર્ણવ્યું છે, જ્ઞાન, વૈરાગ્ય તથા ભકિત સહિત નૈષ્કમ્યપણું પ્રકટ કર્યું છે, આને ભકિત વડે સાંભળનાર, પાઠ કરનાર અને વિચાર કરનાર મનુષ્ય મુકત થાય છે. આ રસ સ્વર્ગમાં, સત્યલોકમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં નથી, માટે હે ભાગ્યવાન શ્રોતાઓ ! એ રસનું ઉત્તમ ભકિતથી પાન કરો, ને કદી ન છોડો.

**સૂત કહે છે :** વ્યાસપુત્ર શુકદેવજી એમ કહેતા હતા, ત્યારે સભાની વચ્ચે પ્રહ્‌લાદ, બલિ, ઉદ્ધવ અને અર્જુન વગેરેથી વીંટાયેલા શ્રીહરિ પ્રકટ થયા. એટલે દેવર્ષિ નારદે શ્રીહરિની તથા તેમના ભકતોની પૂજા કરી. પ્રસન્ન શ્રીહરિને મોટા આસન ઉપર બિરાજેલા જોઈ તેઓએ તેમની આગળ કીર્તન કર્યું. તે સમયે પાર્વતી સહિત શંકર અને બ્રહ્મા તો કીર્તનનાં દર્શન કરવા ત્યાં આવ્યા. એ કીર્તનમાં પ્રહલાદ તરલ ગતિથી કરતાલ વગાડતા હતા, ઉદ્ધવ ઝાંઝ વગાડતા હતા, દેવર્ષિ નારદ વીણા વગાડતા હતા, સ્વરમાં કુશળ હોવાથી અર્જુન ગાતો હતો, ઈન્દ્ર મૃદંગ વગાડતો હતો, સનકાદિ કુમારો ‘જય જય’ શબ્દ કરતા હતા, અને આગળ વ્યાસપુત્ર શુકદેવજી રસની રચનાપૂર્વક ભાવ કહેતા હતા. વચ્ચે અત્યંત તેજસ્વી ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય, એ ત્રણે નટની પેઠે નૃત્ય કરતાં હતાં. એ અલૌકિક કીર્તન જોઈ શ્રીહરિ પણ પ્રસન્ન થઈ આ વચન બોલ્યા : “હે ભક્તો ! હું અત્યારે તમારી આ કથા તથા કીર્તનથી પ્રસન્ન થયો છું. મારી પાસેથી તમે વર માગો.” એવું શ્રીહરિનું વાક્ય સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા અને પ્રેમભીના ચિત્તવાળા તેઓએ શ્રીહરિને કહ્યું : ‘સપ્તાહની કથાઓમાં આ સર્વ ભકતો સાથે આપે અવશ્ય પધારવું. આ અમારો મનોરથ આપ પૂર્ણ કરો.’ પછી ‘તથાસ્તુ’ એમ કહી શ્રીહરિ અંતર્ધાન થયા. તે પછી નારદજીએ સનકાદિકના ચરણમાં અને શુકદેવજી વગેરે તપસ્વીઓને વંદન કર્યું એટલે અત્યંત પ્રસન્ન થયેલા અને કથામૃતનું પાન કરી મોહરહિત તેઓ સર્વે ગયા. તે સમયથી શુકદેવજીએ ભકિતને તેના બે પુત્રો સાથે પોતાના ભાગવતશાસ્ત્રમાં જ સ્થાપેલી છે; તેથી ભાગવતને સેવવાથી શ્રીહરિ વૈષ્ણવોના ચિત્તમાં પધારે છે. ખરેખર, દરિદ્રતા અને દુઃખના તાપે બાળેલા અને માયારૂપી પિશાચિનીએ ખૂબ મસળીને સંસારસમુદ્રમાં પાડેલા મનુષ્યોના કલ્યાણ માટે શ્રીમદ્ ભાગવત જ મોટી ગર્જના કરી રહ્યું છે.

**શૌનકે પૂછ્યું :** શુકદેવજીએ રાજા પરીક્ષિતને શ્રીમદ્ ભાગવત કયારે કહ્યું હતું ? ગોકર્ણે પ્રેત ધુંધુકારીને કયારે કહ્યું હતું અને સનકાદિકુમારોએ નારદજીને કયારે કહ્યું હતું ? આ મારો સંશય તમે દૂર કરો.

**સૂતે કહ્યું :** શ્રીકૃષ્ણના ગયા પછી કલિયુગનાં વધુ ત્રીસ વર્ષ વીત્યાં. તે સમયે ભાદરવા સુદિ નોમથી શુકદેવજીએ પરીક્ષિત આગળ ભાગવતની કથાનો આરંભ કર્યો હતો. પરીક્ષિતના સાંભળ્યા પછી કલિયુગનાં બસો વર્ષ ગયાં, ત્યારે અષાઢ સુદિ નોમના દિવસે ગોકર્ણે પ્રેત ધુંધુકારીને કથા કહી હતી. તે પછી કલિયુગનાં ત્રીસ વર્ષ ગયાં ત્યારે કાર્તિક સુદિ નોમે સનકાદિ કુમારોએ નારદજી પાસે કથા કહી હતી. હે નિર્દોષ શૌનક ! એ પ્રમાણે તમે મને જે પૂછયું હતું તે મેં કહ્યું. શ્રીમદ્ ભાગવતની કથા કલિયુગમાં સંસારરૂપ રોગનો નાશ કરનારી છે. હે સજજનો ! શ્રીકૃષ્ણને પ્રિય સમગ્ર પાપોનો નાશ કરનાર, મુકિતનું એક કારણ અને જગતમાં ભકિતનો વિલાસ કરનાર આ કથા તમે આદરથી સાંભળો. આ લોકમાં કલ્યાણનાં બીજાં સાધનોનો અભ્યાસ કરવાથી અથવા તીર્થોનું સેવન કરવાથી શું થવાનું છે ? યમરાજ પણ પોતાના પાશધારી સેવકને જોઈ તેના કાનમાં કહે છે : 'ભગવાનની કથાઓમાં નિમગ્ન રહેનારા પુરુષોને તું છોડી દેજે; કેમ કે - હું બીજાં મનુષ્યોનો પ્રભુ છું, પણ વિષ્ણુભકતોનો પ્રભુ નથી. હે વિષયોરૂપી વિષના સંગથી વ્યાકુળ બુદ્ધિવાળાઓ ! આ અસાર સંસારમાં કલ્યાણ માટે અર્ધક્ષણ પણ શ્રીમદ્ ભાગવતરૂપી અનુપમ અમૃતનું તમે પાન કરો. શા માટે વ્યર્થ નિંદ્ય કુમાર્ગે જાઓ છો ? જેના શ્રવણથી મુકિત થાય છે એ વાત કહેવામાં પરીક્ષિત સાક્ષી છે. બ્રહ્મજ્ઞાનરૂપ એકાંતિક રસપ્રવાહમાં મગ્ન શ્રીશુકદેવજીએ કહેલી આ કથા જે કંઠે રાખે છે, તે વૈકુંઠનો સ્વામી બને છે. એ પ્રમાણે શાસ્ત્રોના સર્વ સમૂહને અવલોકીને પરમ ગુહ્ય અને સર્વ સિદ્ધાંતોથી સિદ્ધ થયેલું આ રહસ્ય તમને કહ્યું છે. જગતમાં શ્રીમદ્ ભાગવતથી નિર્મળ બીજું કંઈ નથી. તો પરમાનંદની પ્રાપ્તિ માટે આ બાર સ્કંધરૂપ રસનું તમે પાન કરો. આ કથાને જે નિયમિત રીતે ભકિતથી સાંભળે છે અને શુદ્ધ અંતઃકરણવાળા ભકતો પાસે ભકિતથી જે કહે છે, તે બંને વિધિનું બરાબર પાલન કરવાથી આનું યથાર્થ ફળ પામે છે. ખરેખર, તેમને માટે આ જગતમાં કંઈ અસાધ્ય જ નથી. ૧-૧૦૩

एतां यो नियततया शृणोति भक्त्या । यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ॥
तौ सम्यग्विधिकरणात्फलं लभेते याथार्थ्यान्न हि भुवने किमप्यसाध्यम् ॥१०३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## ઈતિ શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય સમાપ્ત

ॐ

# શ્રીમદ્ ભાગવત

## પ્રથમ સ્કંધ

### અધ્યાય-૧

### મંગલાચરણ અને શ્રીસૂતજીને શૌનકાદિ ઋષિઓનો પ્રશ્ન

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् । तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥
तेजो वारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा । धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

જેનાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. વળી જેમ માટી ઘડામાં કારણરૂપે વ્યાપેલી છે; સુવર્ણ જેમ કંકણ-કુંડળ વગેરેમાં કારણરૂપે વ્યાપેલું છે તેમ આકાશાદિ કાર્યોમાં જે કારણરૂપે વ્યાપેલા છે; તેમ જ આકાશપુષ્પ આદિ મિથ્યા કાર્યોથી પર છે. વળી જે સર્વજ્ઞ અને સ્વતઃ સિદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, મોટા વિદ્વાનો જેમાં મોહ પામે છે. વેદનો જેમણે આદિકવિ બ્રહ્મામાં પોતાના સંકલ્પથી પ્રકાશ કર્યો. વળી જેમ તેજ, પાણી અને માટીનો એકબીજામાં ભાસ થાય છે પણ તે કંઈ સત્ય નથી; અર્થાત્ જેમ સૂર્યનાં કિરણોમાં મૃગજળ દેખાય છે. પાણીમાં ભ્રાંતિથી કાચની બુદ્ધિ થાય છે તથા કાચમાં ભ્રાંતિથી પાણી દેખાય છે પણ તે સત્ય નથી, તે જ પ્રમાણે અધિષ્ઠાનસ્વરૂપ જેમના વિષે તમોગુણની પંચભૂત સૃષ્ટિ, રજોગુણની ઈન્દ્રિયસૃષ્ટિ તથા સત્ત્વગુણની ઈન્દ્રિયોના અધિષ્ઠાયક દેવોની સૃષ્ટિ વસ્તુતઃ મિથ્યા હોવા છતાં પોતાની સત્તાથી જ સત્ય જેવી ભાસે છે. વળી જેમણે પોતાના જ્ઞાનરૂપી તેજથી, માયારૂપ કપટ દૂર કર્યું છે અને જે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં તથા ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રિકાળમાં સત્યસ્વરૂપે વિદ્યમાન છે, તે પરમ સત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરી છીએ.

**શ્રીભાગવતની સર્વ શાસ્ત્રો કરતાં શ્રેષ્ઠતા**

આ શ્રીમદ્ ભાગવતમાં પ્રાણીમાત્ર ઉપર દયાવાળા અને મત્સરથી રહિત એવા સત્પુરુષોનો પરમ નિર્મળ ધર્મ વર્ણવ્યો છે; તેમ જ એક માત્ર જાણવા યોગ્ય વસ્તુ એવા પરમાત્માના પરમ કલ્યાણકારી વાસ્તવિક સ્વરૂપનું વર્ણન છે, જે પરમસુખ આપનાર છે, તેમ જ આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક એ ત્રણ તાપને ટાળનાર છે. આ શ્રીમદ્ ભાગવત મહામુનિ શ્રીનારાયણે પોતે પ્રથમ સંક્ષેપમાં કહેલું, પાછળથી વેદવ્યાસે તેને વિસ્તારથી રચ્યું છે. બીજાં શાસ્ત્રો અને તેમાં કર્મ અને ઉપાસનાનું નિરૂપણ કરતાં સાધનોથી પરમાત્મા શું તત્કાળ હૃદયમાં સ્થાપી શકાય ? (નહિ જ તેમાં વિલંબ થાય છે,) પરંતુ શ્રીમદ્ ભાગવતને સાંભળતા તે જ ક્ષણે પરમાત્મા વિના વિલંબે તે ભક્તોના હૃદયમાં આવીને બેસી જાય છે.

## શ્રીમદ્ ભાગવત સર્વ શાસ્ત્રના ફળરૂપ છે

**ભગવાન વેદવ્યાસે કહ્યું :** આ શ્રીમદ્ ભાગવત સર્વ પુરુષાર્થના ઉપાયરૂપ વેદરૂપી કલ્પવૃક્ષનું ફળ છે. તે વૈકુંઠમાં હતું પણ નારદજીએ લાવીને મને આપ્યું છે. મેં શુકદેવજીના મુખમાં સ્થાપ્યું અને શુકદેવજીના મુખથી શિષ્ય પ્રશિષ્યાદિ પરંપરા વડે અખંડ પૃથ્વી પર પડયું છે. પૃથ્વીમાં જેમ શુક-પોપટના મુખથી પડેલું ફળ અમૃત જેવું સ્વાદિષ્ટ હોય છે, તેમ આ પણ (શુકદેવજીના મુખથી નીકળેલું) પરમાનંદરૂપ રસામૃતરસથી ભરપૂર છે; માટે વિશેષ રસનો વિચાર કરવામાં ચતુર એવા હે રસિક મનુષ્યો ! રસરૂપ શ્રીમદ્ ભાગવતરૂપ ફળનું મોક્ષ સુધી વારંવાર પાન કરો.

## શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ

નૈમિષારણ્ય નામના શ્રીવિષ્ણુક્ષેત્રમાં શૌનકાદિ ઋષિઓ સ્વર્ગલોક મેળવવા એક હજાર વર્ષનો યજ્ઞ કરી રહ્યા હતા. એક સમયે સવારમાં અગ્નિહોમ કર્યા પછી તે મુનિઓએ આસન ઉપર બેઠેલા સૂતજીનો સત્કાર કરી તેમને આદરથી આ પ્રમાણે પૂછ્યું :

**શૌનકાદિ ઋષિઓએ પૂછ્યું :** હે નિર્દોષ સૂતજી ! તમે ઈતિહાસો સહિત પુરાણો તથા ધર્મશાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. એટલું જ નહિ પણ તે સર્વનાં તમે વ્યાખ્યાનો પણ કર્યા છે. હે સૂતજી ! વિદ્વાનોમાં શ્રેષ્ઠ ભગવાન વેદવ્યાસ જે જાણે છે અને સગુણ નિર્ગુણ બ્રહ્મને જાણનારા બીજા મુનિઓ જે જાણે છે, તે સર્વ તમે તેમની કૃપાથી યથાર્થ જાણો છો; કેમ કે હે સૌમ્ય ! સ્નેહપાત્ર શિષ્યને ગુરુઓ ગુપ્ત રહસ્ય પણ કહે છે. તો હે આયુષ્મન્ ! તે બધાં શાસ્ત્રો, પુરાણો અને ગુરુજનોના ઉપદેશોમાં આપને જીવનું પરમ કલ્યાણ કરનાર જે સાધન જણાયું હોય તે આપ કૃપા કરીને અમને કહો. હે સત્પુરુષ ! આ કલિયુગમાં મનુષ્યો મોટે ભાગે ઓછા આયુષ્યવાળા, આળસુ, અતિશય મંદ બુદ્ધિવાળા, મંદભાગી અને રોગાદિથી પીડાયેલા હોય છે. વળી શાસ્ત્રો પણ અનેક છે તેમાં અનેક પ્રકારનાં કર્મોનું વર્ણન છે. પણ કોઈ નિશ્ચિત સાધન નથી. તે બધાં લાંબાં શાસ્ત્રો તેમના જુદા જુદા વિભાગો સાથે સાંભળવાં પણ કઠિન છે. તો હે સાધુપુરુષ ! એમાં જે સાર હોય તેને બુદ્ધિથી તારવી કાઢી તમે અમને શ્રદ્ધાળુને કહો, જેથી અમારી બુદ્ધિ નિર્મળ થાય. હે સૂત ! તમારું કલ્યાણ થાઓ. ભકતવત્સલ ભગવાને જે કાર્ય કરવાની ઈચ્છાથી વસુદેવથી દેવકીમાં અવતાર લીધો હતો તે તમે જાણો છો. હે સૂત ! એમનો અવતાર પ્રાણીઓની રક્ષા અને સમૃદ્ધિ માટે હોય છે, અમે તે સાંભળવા ઇચ્છીએ છીએ તો અમારી આગળ તેનું વર્ણન કરવા તમે યોગ્ય છો. ભયંકર સંસારને પામેલો મનુષ્ય મૃત્યુના પાશને વશ થઈને પણ ભગવાનનું નામ લે તો તે તત્કાળ મુકત થાય છે, કેમ કે ભય પોતે ભગવાનથી ડરે છે. હે સૂત ! પરમ વિરકત અને શાંત મુનિજનો ભગવાનનાં ચરણોના આશ્રયે રહે છે. એથી તેમની પાસે રહેવા માત્રથી જ સંસારના જીવો તુરત પવિત્ર થઈ જાય છે. જ્યારે ગંગાજળ તો અનેક દિવસ સેવીએ ત્યારે પવિત્ર કરે છે. આવા પુણ્યાત્મા ભક્તો જેમની લીલાઓનું ગાન કરે છે તે ભગવાનનો યશ કળિયુગના મળોને હરનારો છે. આત્મશુદ્ધિ ઇચ્છનારો એવો ક્યો મનુષ્ય હશે, જે તેને ન સાંભળે ? બ્રહ્મા, રુદ્ર આદિ સ્વરૂપોને લીલાથી ધારણ કરતાં ભગવાનનાં, નારદાદિ ઋષિઓએ ગાયેલાં ઉદાર કર્મો અમને શ્રદ્ધાળુઓને તમે કહો. હે બુદ્ધિમાન સૂત ! પોતાની માયા વડે સ્વેચ્છાથી જ લીલાઓ કરતા પરમેશ્વર શ્રીહરિની પવિત્ર અવતાર કથાઓ કહો. ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનનાં પરાક્રમો સાંભળતાં

અમે તો તૃપ્ત થતા જ નથી; કારણ કે રસજ્ઞ શ્રોતાઓને તેમાં પદે પદે નવા નવા રસોનો અનુભવ થાય છે. ભગવાન વિષ્ણુ માયાથી મનુષ્ય રૂપે બન્યા હતા અને તેમણે પોતાના પરબ્રહ્મ સ્વરૂપને છુપાવી રાખ્યું હતું, છતાં તેમણે બળરામની સાથે ખરેખર મનુષ્યોથી ન બની શકે તેવાં પરાક્રમો કર્યા છે; (તે પણ અમને કહો) કલિયુગને આવેલો જાણી આ ભગવાનના ક્ષેત્રમાં લાંબા કાળના યજ્ઞનો સંકલ્પ કરીને અમે બેઠા છીએ, એથી શ્રીહરિની કથાઓ સાંભળવાનો અમને અવકાશ છે. પુરુષોનું સર્વ હરી લેનાર દુસ્તર કલિયુગની પાર જવા ઈચ્છતા અમને, સમુદ્ર તરવા ઈચ્છનારને ખલાસીની પેઠે વિધાતાએ તમારાં દર્શન કરાવ્યાં છે. બ્રાહ્મણો તથા વેદોના શરણરૂપ અને ધર્મના રક્ષક યોગેશ્વર શ્રીકૃષ્ણ હમણાં પોતાના સ્વરૂપને પામ્યા છે, ત્યારે ધર્મ કોને શરણે ગયો તે કહો. ૧-૨૩

**ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि । स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥२३॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨
## ભગવત્કથા અને ભગવદ્ ભક્તિનો મહિમા

**॥ व्यास उवाच ॥**

इति संप्रश्नसंहृष्टो विप्राणां रौमहर्षणिः । प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥१॥

**વ્યાસે કહ્યું :** બ્રાહ્મણોના એ પ્રશ્નોથી અત્યંત હર્ષ પામેલા રોમહર્ષણના પુત્ર સૂત તેમનાં વચનને માન આપી કહેવા લાગ્યા.

**સૂતે કહ્યું :** પ્રાણીમાત્રના હૃદયમાં યોગબળથી વસેલા શ્રીશુકદેવ મુનિને હું પ્રણામ કરું છું; જે ઉપનયનસંસ્કાર માટે આચાર્ય સમીપ ગયા ન હતા, સઘળાં કર્મો જેમણે તજ્યાં હતાં અને સંન્યાસ લઈ વનમાં જતા હતા, ત્યારે પુત્રવિરહથી વ્યાકુળ થયેલા વેદવ્યાસજીએ 'હે પુત્ર !' એમ જેમને દૂરથી બોલાવ્યા એટલે વૃક્ષોએ શુકદેવજી સ્વરૂપે પ્રત્યુત્તર આપ્યો હતો. વળી જેમણે સંસારરૂપ ગાઢ અંધકારને ઓળંગવા ઈચ્છનાર સંસારી પ્રાણીઓને કૃપા વડે પોતાના અસાધારણ પ્રભાવવાળું, સમગ્ર વેદોના સારરૂપ અને આત્મતત્ત્વને સાક્ષાત્ પ્રકટ કરાવનારું શ્રીમદ્ ભાગવત નામનું અદ્વિતીય ગુપ્ત પુરાણ કહ્યું હતું, એવા મુનિઓના ગુરુ શ્રીવ્યાસપુત્ર શુકદેવજીને શરણે હું જાઉં છું. ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને, દેવી સરસ્વતી તથા વ્યાસજીને નમસ્કાર કરી સંસારનો જય કરનાર ગ્રંથનો આરંભ કરવો. હે મુનિઓ ! તમે શ્રીકૃષ્ણ સંબંધી મને પ્રશ્ન કર્યો તે શ્રેષ્ઠ છે; કેમ કે જે લોકોના મંગળરૂપ છે અને જેથી અંતરાત્મા અત્યંત પ્રસન્ન થાય છે. મનુષ્યોને માટે સર્વશ્રેષ્ઠ ધર્મ એ જ છે કે જેના વડે ભગવાન શ્રીકૃષ્ણમાં નિષ્કામ ભકિત પ્રકટે. એવી ભકિત કદી ઘટતી કે નાશ પામતી નથી. એવી ભકિતથી હૃદય આનંદરૂપ પરમાત્માનો અનુભવ કરીને કૃતકૃત્ય બની જાય છે. ભગવાન શ્રીકૃષ્ણમાં ભકિત થતાં જ અનન્ય પ્રેમથી તેમનામાં ચિત્ત જોડાતાં જ નિષ્કામ જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. મનુષ્ય ધર્મનું સારી રીતે આચરણ કરે તો પણ જો એથી એનામાં ભગવાનની નિત્ય નવીન કથાઓ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન ન થાય તો એ ધર્મ કેવળ શ્રમ જ છે. ધર્મનું ફળ મોક્ષ છે, કેવળ સંપત્તિ (અર્થ) મળે એમાં ધર્મની સાર્થકતા નથી. અને અર્થ કેવળ ધર્મને માટે જ છે. ભોગવિલાસને (કામને) અર્થનું ફળ માનવામાં

આવ્યો નથી. ભોગવિલાસ(કામ)નું ફળ ઇન્દ્રિયોને તૃપ્ત કરવી એ નથી. કામનું ફળ અથવા હેતુ કેવળ જીવનનો નિર્વાહ કરવો એ જ છે; અર્થાત્ ઈન્દ્રિયોને સુખી રાખવા માટે નાના પ્રકારના વિષયોપભોગ કરવા નહિ. જીવનનું ફળ સાચી વસ્તુ જાણવાની ઈચ્છા (તત્ત્વજિજ્ઞાસા) થાય એમાં રહેલું છે. અનેક કર્મોમાં રચ્યાપચ્યા રહેવું અને સ્વર્ગ વગેરે પ્રાપ્ત કરવાં એ જીવનનું ફળ નથી. તત્ત્વવેત્તા જનો જ્ઞાતા અને જ્ઞેયના ભેદથી રહિત, અખંડ, અદ્વિતીય સચ્ચિદાનંદસ્વરૂપ જ્ઞાનને જ તત્ત્વ અર્થાત્ સાચી વસ્તુ કહે છે. એને જ કેટલાક લોકો બ્રહ્મ, કેટલાક પરમાત્મા અને કેટલાક ભગવાન નામથી કહે છે. પરમાત્મારૂપી એ તત્ત્વનો શ્રદ્ધાળુ મુનિઓ જ્ઞાન અને વૈરાગ્યથી યુકત અને વેદાન્તાદિ શાસ્ત્રોના શ્રવણથી પ્રાપ્ત કરેલી જ્ઞાન-વૈરાગ્ય યુકત ભકિત વડે પોતામાં સાક્ષાત્કાર કરે છે, માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! વર્ણ અને આશ્રમમાં વિભાગપૂર્વક પુરુષોએ સારી રીતે આચરેલા ધર્મનું ફળ શ્રીહરિને સંતોષવા તે જ છે. તે માટે ભકતોના પતિ ભગવાનનું એકાગ્ર મનથી નિત્ય શ્રવણ, કીર્તન, ધ્યાન અને પૂજન કરવું. જે ભગવાનના ધ્યાનરૂપી તલવારથી યુક્ત વિવેકી અહંકારના કારણરૂપ દઢતર કર્મોની ગ્રંથિઓ કાપી નાખે છે, તે ભગવાનની કથામાં કોણ પ્રીતિ ન કરે ? હે બ્રાહ્મણો ! પવિત્ર તીર્થોનું સેવન કરવાથી મહાપુરુષોનો સત્સંગ પ્રાપ્ત થાય છે. મહાપુરુષોના સંગ-સેવાથી ભગવાનની કથાઓના શ્રવણની ઈચ્છા થાય અને પછી ભગવાનની કથામાં રુચિ થાય છે. એ રીતે ભગવાનની કથા સાંભળતાં મનુષ્યોનાં હૃદયમાં પવિત્ર શ્રવણકીર્તનવાળા અને સજ્જનોનું હિત કરનાર શ્રીકૃષ્ણ ભગવાન વાસ કરી તેમની કામાદિ વાસનાનો નાશ કરે છે. ભગવાનના ભક્તોના કે ભાગવતશાસ્ત્રના નિત્ય સેવનથી કામાદિની વાસનારૂપી અમંગળ નાશ પામે છે, અને પવિત્ર કીર્તિવાળા ભગવાનને વિષે નિશ્ચળ ભકિત થાય છે. અને તે સમયે રજોગુણ તથા તમોગુણથી ઉત્પન્ન થનારા કામ-લોભાદિ ભાવોથી મન પરાજય ન પામીને સત્ત્વગુણમાં સ્થિર થઈ શાંત થાય છે. એ રીતે ભગવાનના ભકિતયોગથી શાંત થયેલા મનવાળા અને તેથી જ સંસારસંગથી મુક્ત થયેલા મનુષ્યને ભગવાનના તત્વનો આપોઆપ જ અનુભવ થવા લાગે છે. એમ સ્વરૂપભૂત ઈશ્વરનો સાક્ષાત્કાર થતાં જ મનુષ્યના હૃદયની અહંકારરૂપ ગાંઠ તૂટી જાય છે, સર્વ સંશયો નાશ પામે છે અને સર્વ કર્મોનો ક્ષય થાય છે. આ કારણથી જ વિવેકી જનો નિત્ય ભગવાન શ્રીકૃષ્ણ વિષે ચિત્ત શુદ્ધ કરનારી ભકિત પરમ હર્ષથી કરે છે. સત્વ, રજસ અને તમસ એ ત્રણ પ્રકૃતિના ગુણો છે. આ ગુણોથી યુકત થઈ પરમ પુરુષ શ્રીભગવાન આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના સમયે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એવાં નામો ધારણ કરે છે. તેમાં સત્ત્વગુણી શરીરવાળા શ્રીવાસુદેવ ભગવાનથી જ મનુષ્યોનું કલ્યાણ થાય છે. જેમ પૃથ્વીના વિકારરૂપ લાકડામાંથી ધુમાડો થાય છે અને તે ધુમાડામાંથી વેદોકત કર્મમય અગ્નિ થાય છે, તેમ તમો ગુણથી રજોગુણ અને રજોગુણથી સત્વગુણ થાય છે, જે આત્મદર્શન કરાવનાર છે.

આ કારણથી જ પૂર્વકાળમાં મુનિઓ ઈન્દ્રિયજ્ઞાનથી પર રહેલા ભગવાન વાસુદેવને જ ભજતા હતા; હાલમાં પણ જેઓ તે મુનિઓને અનુસરે છે તેનું આ સંસારમાં કલ્યાણ થાય છે. જેઓ આ સંસારસાગરની પાર જવા ઈચ્છે છે, તેઓ જોકે કોઈનો દ્વેષ કરતા નથી, તોપણ તે ઘોર રૂપવાળા તમોગુણી અને રજોગુણી ભૂતપતિ ભૈરવ વગેરેને ન ભજતાં ભગવાન નારાયણ અને તેમના સત્ત્વગુણમય અવતારોને ભજે છે. પણ જેઓ રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળા હોય છે, તેઓ લક્ષ્મી, ઐશ્વર્ય અને પ્રજા

મેળવવા ઈચ્છતા પિતૃઓ, ભૂતો તથા પ્રજાપતિઓ વગેરેને જ ભજે છે, કારણ કે આવા લોકોનો સ્વભાવ તે ભૂત વગેરેને મળતો રજોગુણી કે તમોગુણી હોય છે. વેદ, યજ્ઞો, યોગ અને તમામ પ્રકારનાં કર્મોની સાર્થકતા મનુષ્ય વાસુદેવ પરાયણ (ભગવત્પરાયણ) બને એમાં જ રહેલી છે. તેવી જ રીતે સર્વ પ્રકારનાં જ્ઞાન, તપ, ધર્મો અને સર્વ પ્રકારની ગતિઓનું મુખ્ય લક્ષ્ય અને સાર્થકતા પણ મનુષ્યોને વાસુદેવપરાયણ બનાવવામાં જ છે. તે વ્યાપક ભગવાન પોતે નિર્ગુણ છે છતાં તેમણે જ કાર્યકારણરૂપ માયા વડે પૂર્વે આ જગત ઉત્પન્ન કર્યું હતું. પછી માયાથી ઉત્પન્ન થયેલા તે આકાશાદિ ગુણોમાં પ્રવેશ કરી પોતે પણ જાણે ગુણવાન હોય તેવા જણાય છે. ખરી રીતે પોતે તો ચૈતન્યશકિત વડે અતિશય પ્રકાશમાન છે. જેમ અગ્નિ એક છે છતાં પોતાને ઉત્પન્ન કરનારાં જુદાં જુદાં કાષ્ઠોમાં અનેક જેવો દેખાય છે, તેમ જગતના આત્મારૂપ ભગવાન એક જ છે, છતાં ભિન્ન ભિન્ન પ્રાણીઓમાં અનેક જેવા જણાય છે. આ શ્રીહરિ સૂક્ષ્મ ભૂતો, ઈન્દ્રિયો અને મન એ ગુણમય ભાવો વડે પોતે બનાવેલાં પ્રાણીઓમાં પ્રવેશ કરી તે તે વિષયોને ભોગવે છે. અને જગતના સ્રષ્ટા આ ભગવાન દેવો, પક્ષીઓ અને મનુષ્યમાં લીલાવતાર ધારણ કરી સર્વગુણ વડે લોકોનું રક્ષણ કરે છે. ૧-૩૪

भावयत्येष सत्त्वेन लोकान्वै लोकभावनः । लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## ભગવાનના અવતારોનું વર્ણન

॥ सूत उवाच ॥

जगृहे पौरुषं रूपं भगवान् महदादिभि : । संभूत षोडशकलमादौ लोकसिसृक्षया ॥१॥

**સૂતે કહ્યું :** પ્રથમ લોકોને સર્જવાની ઈચ્છાથી ભગવાને મહત્તત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓથી ઉત્પન્ન કરેલું તેમ જ અગિયાર ઈન્દ્રિય અને પાંચ ભૂતોરૂપી સોળ અંશોવાળું પુરુષનું રૂપ ગ્રહણ કર્યું. તે ભગવાન યોગનિદ્રા વિસ્તારી સમુદ્રના જળમાં સૂતા હતા. તે સમયે તેમની નાભિરૂપી ધરાના કમળમાંથી પ્રજાપતિઓના સ્વામી બ્રહ્મા ઉત્પન્ન થયા. જેમના સ્થૂલ શરીરનાં અંગોનાં સ્થાનોમાંથી લોકવિસ્તાર કલ્પાયેલો છે, તે ભગવાનનું સ્વરૂપ અતિ શુદ્ધ, સત્ત્વગુણમય અને સર્વોત્તમ છે. હજારો ચરણ, સાથળો, ભુજાઓ અને મુખોથી અદ્‌ભૂત, હજારો મસ્તકો, કાનો, નેત્રો અને નાસિકાવાળું અને હજારો મુકુટો, વસ્ત્રો તથા કુંડળોથી શોભાયમાન એ સ્વરૂપને યોગીઓ વિશાળ જ્ઞાનદષ્ટિથી જુએ છે. એ સ્વરૂપ સર્વ અવતારોના લયનું તથા ઉત્પત્તિનું સ્થાન અને અવિનાશી છે; જેના એક અંશના અંશ વડે દેવો, પશુપક્ષીઓ અને મનુષ્યાદિ સરજાય છે, તે જ ભગવાને પ્રથમ (બ્રહ્માથી) સનકાદિ અવતારોનાં સ્વરૂપ ધારણ કરી બ્રાહ્મણ થઈને દુઃખથી પાળી શકાય એવું અખંડ બ્રહ્મચર્ય પાળ્યું અને બીજા અવતારમાં આ જગતની ઉત્પત્તિ માટે રસાતલમાં ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવા યજ્ઞપતિએ વરાહનું શરીર ધારણ કર્યું. પછી ત્રીજા અવતારમાં ઋષિસર્ગનો આશ્રય કરી દેવર્ષિ નારદરૂપે ઉત્પન્ન થઈ પંચરાત્ર શાસ્ત્ર કહ્યું કે જેથી કર્મોનું નિષ્કર્મપણું થાય છે. અર્થાત્ કર્મો જ બંધનકારક ન થતાં મોક્ષદાયી થાય છે. ચોથા અવતારમાં ધર્મની સ્ત્રીના પુત્રરૂપે જન્મી નર અને નારાયણ નામના બે ઋષિ થઈ. અંતઃકરણની

શાંતિવાળું દુષ્કર તપ કર્યું. ભગવાનનો પાંચમો અવતાર કપિલનો છે. સિદ્ધોના ઈશ્વર કપિલે આસુરિ નામના બ્રાહ્મણને તત્વોની સંખ્યાનો નિર્ણય કરનારું સાંખ્યશાસ્ત્ર કહ્યું કે જે શાસ્ત્ર કાળે કરી નાશ પામેલું હતું. છઠ્ઠા અવતાર અત્રિઋષિની પ્રાર્થના વડે અનસૂયાથી તેમના પુત્ર દત્તાત્રયરૂપે ઉત્પન્ન થયા અને અલર્ક રાજાને તથા પ્રહ્‌લાદ વગેરેને આત્મવિદ્યા કહી. પછી સાતમી વાર રુચિ પ્રજાપતિથી તેની પત્ની આકૃતિ વિષે યજ્ઞ નામે ઉત્પન્ન થયા અને પોતાના જ પુત્ર યામ આદિ દેવગણોની સાથે સ્વાયંભુવ મન્વન્તરનું પાલન કર્યું. આઠમી વાર નાભિરાજાની મેરુદેવી વિષે ઋષભદેવ ભગવાન થયા, જેમણે સર્વ આશ્રમથી નમસ્કાર કરાયેલ પરમહંસોનો માર્ગ ધીર પુરુષોને બતાવ્યો. પછી ઋષિઓથી પ્રાર્થના કરાયેલા ભગવાને નવમો પૃથ રાજાનો અવતાર લીધો. હે બ્રાહ્મણો ! એ રાજાએ આ પૃથ્વીમાંથી સર્વ વસ્તુઓ કાઢી હતી તેથી સર્વને તે અત્યંત પ્રિય થયો હતો. ચાક્ષુષ મન્વંતરમાં સર્વ સમુદ્રો એકાકાર થયા હતા. ત્યારે પ્રલયસમયે ભગવાને મત્સ્યનું રૂપ લીધું હતું અને પૃથ્વીમય નૌકામાં બેસાડી વૈવસ્વત મનુનું રક્ષણ કર્યું . અગિયારમા અવતારમાં દેવો તથા સુરો જ્યારે સમુદ્રમંથન કરતા હતા, ત્યારે ભગવાને કાચબારૂપે મંદરાચલ પર્વત પોતાની પીઠ પર ધારણ કર્યો. પછી બારમા ધન્વંતરિ અવતાર વખતે તે પછી સમુદ્રમાંથી અમૃત લઈ પ્રકટ થયા. તે પછી તેરમો મોહિની અવતાર લીધો; તે વખતે મોહિનીરૂપે દાનવોને મોહ પમાડીને દેવોને અમૃત પાયું. ચૌદમો નૃસિંહાઅવતાર ધરી ભગવાને જેમ સાદડી બનાવનારો સહેલાઈથી સળીને ચીરી નાખે તેમ પોતાના નખોથી મહાબળવાન દૈત્યરાજ હિરણ્યકશિપુની છાતી ચીરી નાખી. પંદરમો વામન અવતાર ધરી ભગવાન બલિરાજાના યજ્ઞમાં ગયા અને તેની પાસેથી ત્રણે લોકનું રાજ્ય લઈ લેવાની ઈચ્છાથી ત્રણ ડગલાં પૃથ્વી માગી અને સોળમા અવતારમાં બ્રાહ્મણોનો દ્રોહ કરતાં રાજાઓને જોઈ કુપિત થઈ ભગવાને પરશુરામરૂપ ધરી પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિયરહિત કરી. પછી સત્તરમા અવતારમાં પરાશરથી સત્યવતીમાં વ્યાસરૂપે જન્મ્યા અને પુરુષોને અલ્પબુદ્ધિવાળા જોઈ વેદરૂપી વૃક્ષની અનેક શાખાઓ કરી હતી, અર્થાત્ વેદોના વિભાગ કર્યા હતા. પછી અઢારમા અવતારમાં દેવોનાં કાર્ય કરવાની ઈચ્છાથી ભગવાન રામચંદ્રરૂપે જન્મ્યા અને સમુદ્ર પર સેતુ બાંધવો વગેરે પરાક્રમો કર્યા હતાં. ઓગણીસમા ને વીસમાં અવતારમાં બલરામ તથા કૃષ્ણ એ નામે યાદવોમાં જન્મી ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. પછી એકવીસમા અવતારમાં કલિયુગ ચાલુ થતાં અસુરોને મોહ પમાડવા ભગવાન બુદ્ધ નામે અજનના પુત્ર થઈ મગધદેશ (બિહાર પ્રદેશ)માં અવતરશે, પછી કલિયુગના અંતે રાજાઓ ચોર જેવા થશે, ત્યારે જગત્પતિ ભગવાન બાવીસમા અવતારમાં વિષ્ણુયશ નામના બ્રાહ્મણથી કલ્કિ' નામે અવતરશે. હે બ્રાહ્મણો ! જેમ કોઈ અખૂટ સરોવરમાંથી નાના હજારો પ્રવાહો નીકળે તેમ સત્ત્વગુણના ભંડાર શ્રીહરિથી અસંખ્ય અવતારો થાય છે. પ્રજાપતિ સહિત ઋષિઓ, મનુ, દેવો અને મહાબળવાન મનુના પુત્રો—એ સર્વે શ્રીહરિની જ વિભૂતિઓ છે. પૂર્વોક્ત સર્વ અવતારોમાં કેટલાક ભગવાનના અંશરૂપ છે અને કેટલાક વિભૂતિરૂપ છે; પણ શ્રીકૃષ્ણ તો ભગવાન પોતે જ છે. આ સર્વ અવતારો પ્રત્યેક યુગમાં દૈત્યોથી દુઃખી થયેલા જગતને સુખી કરે છે. જે મનુષ્ય ભગવાનના આ ગુહ્ય જન્મોનો સવાર-સાંજ પવિત્ર થઈ પાઠ કરે છે, તે સંસારથી મુકત થાય છે. વસ્તુતઃ અરૂપ અને જ્ઞાનસ્વરૂપ આ જીવનું જે આ સ્થૂળરૂપ શરીર છે, તે તો ભગવાનની માયાના મહત્તત્ત્વાદિ ગુણોથી જીવાત્મા વિશે રચાયેલું છે. જેથી અજ્ઞાનીઓ

માને છે કે આ શરીર આત્મા છે, પણ ખરી રીતે શરીરનો આત્મામાં કેવળ આરોપ જ છે. જેમ મેઘમંડળ વાયુથી જ આશ્રિત છે, છતાં અજ્ઞાનીઓ તેનો આકાશમાં આરોપ કરે છે અથવા જેમ પૃથ્વીની રજ તથા તે રજનું ભૂખરાપણુ પૃથ્વીમાં જ છે; છતાં અજ્ઞાનીઓ તેને વાયુમાં આરોપિત કરે છે, તેમ જ અજ્ઞાનીઓ દ્રષ્ટા આત્મા વિષે દશ્યત્વ આદિ ધર્મવાળાં શરીરનો આરોપ કરે છે.

વળી એ સ્થૂળ શરીરથી બીજું જે સૂક્ષ્મ શરીર છે, તેનો પણ અજ્ઞાનીઓએ આત્મામાં આરોપ કર્યો છે. એ સૂક્ષ્મ શરીર (સ્થૂળ શરીરની પેઠે) મહત્તત્ત્વાદિ ગુણોથી પરિણામ પામતા હાથ-પગ વગેરે આકારોવાળું નથી; કેમ કે તે સ્થૂળ શરીરની પેઠે આકારવાળું દેખાતું નથી તેમ જ ઈન્દ્રિયાદિથી જાણી શકાય તેવું આકારવાળું પણ નથી. વળી એ સૂક્ષ્મ શરીર આત્માને ઉપાધિરૂપ હોવાથી 'જીવ' સંજ્ઞા ધારણ કરે છે અને તેના વારંવાર જન્મ મરણ થયા કરે છે. વિદ્યા વડે આત્મામાં આરોપિત થયેલાં આ બંને સ્થૂળ-સૂક્ષ્મ શરીર શ્રવણમનન આદિ ભકિતરૂપ ઉત્તમ જ્ઞાન વડે જ્યારે દૂર કરાય છે, ત્યારે જીવમાત્ર જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ જ થાય છે. જ્યારે આ ઈશ્વરી માયા દૂર થઈને જીવ કેવળ જ્ઞાનસ્વરૂપ બને છે, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ પામે છે. અને પરમાનંદસ્વરૂપ પોતાના મહિમામાં વિરાજે છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે. એ રીતે ભગવાન અંતર્યામી, અકર્તા અને અજન્મા છે; તેમના જન્મ તથા કર્મો વેદના રહસ્યરૂપ છે. તેમને વિવેકીઓ વર્ણવે છે. અમેઘ લીલાવાળા તે પરમેશ્વર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. તેઓ છ ઈન્દ્રિયોના વિષયોને ગ્રહણ પણ કરે છે, છતાં તેમાં આસકત થતા નથી, કેમ કે પ્રાણીમાત્રમાં અંતર્યામીરૂપે રહેલા તે ભગવાન છયે ઈન્દ્રિયોના નિયંતા અને સ્વતંત્ર છે. જેમ અજ્ઞાની મનુષ્ય જાદુગર અથવા નટની કરામતોને સમજી શકતા નથી, તેવી જ રીતે પોતાના સંકલ્પ અને વેદવાણી દ્વારા ભગવાને વિસ્તારેલી આ નામરૂપની લીલાઓને કુબુદ્ધિવાળો કોઈ પણ અજ્ઞાની કેવળ તર્કથી જાણી શકતા નથી પણ જે ભકત ભગવાનના ચરણકમળની ગંધને નિષ્કપટ ભાવથી નિરંતર અનુકુળપણે ભજે છે. તે જ ચક્રધારી અનંત પરાક્રમી પરમેશ્વરની પદવી જાણે છે. હે શૌનકાદિ ઋષિઓ ! તમે ભાગ્યશાળી અને ધન્ય છો; કેમ કે સમગ્ર લોકના નાથ શ્રીવાસુદેવ ભગવાનમાં આવો શ્રેષ્ઠ ભકિતભાવ ધારણ કરો છો, જેનાથી સંસારનો ઉગ્ર ફેરો ફરી થતો નથી. ભગવાન વેદવ્યાસે ભાગવત નામનું આ મહાપુરાણ લોકના કલ્યાણ માટે રચ્યું છે, જે પવિત્ર કીર્તિવાળા પરમાત્માના ચરિત્રરૂપ, વેદતુલ્ય અને કલ્યાણ કરનાર છે. વ્યાસજીએ આ ભાગવતપુરાણ આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ પુત્ર શુકદેવજીને ભણાવ્યું હતું. અને તે શુકદેવજીએ સર્વ વેદો તથા ઈતિહાસના તારવી કાઢેલા સારરૂપ આ પુરાણ ગંગાકિનારે અનશનવ્રત લઈને બેઠેલા અને મહર્ષિઓથી વીંટાયેલા મહારાજ પરીક્ષિતને સંભળાવ્યું હતું. હે બ્રાહ્મણો ! મહાતેજસ્વી બ્રહ્મર્ષિ શુકદેવજી તે સભામાં શ્રીભાગવતની કથા કહેતા હતા, ત્યારે હું પણ ત્યાં બેઠો હતો જેથી મેં પણ તેમના અનુગ્રહથી શ્રી ભાગવતનું જ્ઞાન મેળવ્યું છે. તો જે પ્રમાણે હું ભણ્યો છું તે પ્રમાણે મારી બુદ્ધિ અનુસાર હું તમને તે સંભળાવું છું. શ્રીકૃષ્ણના સ્વધામગમન પછી કળિયુગમાં નષ્ટ થયેલી દૃષ્ટિને લીધે અજ્ઞાનઅંધકારમાં ડૂબેલા મનુષ્ય માટે હવે ધર્મ અને જ્ઞાન વગેરેથી યુકત આ શ્રીમદ્ ભાગવતપુરાણરૂપ સૂર્ય ઉદય પામ્યો છે. ૧-૪૫

कृष्णे स्वधामोपगते घर्मज्ञानादिभिः सह । कलौ नष्टदृशामेष : पुराणार्कोऽघुनोदितः ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

# અધ્યાય-૪
## વ્યાસજીને થયેલો અસંતોષ

॥ व्यास उवाच ॥

इति ब्रुवाणं संस्तूय मुनीनां दीर्घसत्रिणाम् । वृद्धः कुलपतिः सूतं बह्वृचः शौनकोऽब्रवीत् ॥१॥

**વ્યાસે કહ્યું :** એ પ્રમાણે કહેતાં સૂતજીની વાત સાંભળી, લાંબા યજ્ઞના ઉદ્દેશે બેઠેલા સર્વ મુનિઓની વચ્ચે તેમની પ્રશંસા કરીને વૃદ્ધ અને ઋગ્વેદી કુલપતિ શૌનક બોલ્યા :

**શૌનકે કહ્યું :** 'હે મહાભાગ્યશાળી ભૂત ! હે વકતાઓમાં શ્રેષ્ઠ ! ભગવાન શુકદેવજીએ ભાગવતની પવિત્ર કથા જે તમને કહી છે, તે અમને કહો. એ કથા કયા યુગમાં, કયા સ્થળે ને શા કારણે થઈ ? મુનિ વ્યાસે શા કારણે પ્રેરાઈ શ્રીમદ્ ભાગવત સંહિતા રચી ? તેમના પુત્ર શુકદેવજી મહાન યોગી, બ્રહ્મદૃષ્ટિવાળા, ભેદભાવરહિત, એક પરમાત્મામાં જ બુદ્ધિવાળા, માયારૂપી નિદ્રાથી જાગેલા છતાં પોતાના આત્મસ્વરૂપને બીજા પાસે પ્રગટ નહિ કરતાં મૂઢ જેવા જણાય છે. વ્યાસ ઋષિ પોતાના તે પુત્રની પાછળ (પાછા વાળવા) જતા હતા, ત્યારે શુકદેવજી નગ્ન હતા અને વ્યાસજી તો નગ્ન ન હતા; છતાં વ્યાસજીને જોઈ જળક્રીડા કરતી અપ્સરાઓએ લજ્જાથી વસ્ત્રો પહેરી લીધા, તે આશ્ચર્ય જોઈ મુનિ વ્યાસે અપ્સરાઓને કારણ પૂછયું ત્યારે અપ્સરાઓએ ઉત્તર આપ્યો : 'સ્ત્રી અને પુરુષ એવો ભેદ તમને છે, પણ પવિત્ર દૃષ્ટિવાળા તમારા પુત્રને ભેદ નથી.' આવા શુકદેવજી ગાંડા, મૂંગા અને જડની પેઠે ફરતા કુરુજાંગલ દેશમાં જ્યારે આવ્યા અને પછી ફરતા ફરતા હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે નગરવાસીઓએ તેમને શી રીતે ઓળખ્યા ? હે તાત ! શુકમુનિ સાથે રાજર્ષિ પરીક્ષિતનો સંવાદ કેવી રીતે થયો કે જે સંવાદમાં આ શ્રીમદ્ ભાગવત સંહિતા પ્રકટ થઈ ? મહાભાગ્યશાળી શુકદેવજી ગૃહસ્થાશ્રમીઓને ઘેર માત્ર ગાય દોહવા જેટલા સમય (ભિક્ષા માટે) તેનાં ઘરને તીર્થરૂપ કરતા ઊભા રહે છે. હે સૂત ! અભિમન્યુના પુત્ર પરીક્ષિતરાજાને (વિદ્વાનો) ભગવદ્ ભકતોમાં ઉત્તમ કહે છે તો તેમનો મહા આશ્ચર્યકારક જન્મ તથા કર્મો અમને કહો. પાંડવોનું માન વધારનારા તે ચક્રવતી રાજા શા માટે ચક્રવર્તીની સંપત્તિનો અનાદર કરી ગંગાકિનારે અનશનવ્રત લઈ બેઠા ? હે સૂત ! તેમના પાદપીઠ પર શત્રુરાજાઓ અનેક પ્રકારનાં ધન લાવીને પોતાના કલ્યાણ માટે નમતા હતા, તે વીર પરીક્ષિતે આશ્ચર્ય છે કે પોતે યુવાન છતાં શા માટે પ્રાણ સહિત રાજ્યલક્ષ્મી તજવા ઈચ્છી ? જે ભગવાનના ભકતો છે તેઓ લોકોનાં સુખ, લોકની સંપત્તિ અને લોકોના જ ઐશ્વર્ય માટે જીવે છે, નહિ કે પોતાના સ્વાર્થ માટે ! છતાં એ પરીક્ષિતે વૈરાગ્ય પામી (બીજાઓને આશ્રયરૂપ) પોતાના શરીરનો કેમ ત્યાગ કર્યો ? આ સર્વ જે કંઈ પૂછયું તે તમે કહો કેમ કે વેદ વિના અન્ય શાસ્ત્રોમાં હું તમને પારંગત માનું છું.

**સૂતે કહ્યું :** 'હે શૌનક ! યુગનું પરિવર્તન થતાં ત્રીજો દ્વાપરયુગ આવ્યો, ત્યારે ઉપરિચર નામના વસુથી જન્મેલી સત્યવતી વિષે પરાશર ઋષિથી ભગવાનના અંશરૂપે યોગી વ્યાસનો જન્મ થયો. એક સમયે તેઓ સૂર્યનો ઉદય થયો, ત્યારે સરસ્વતી નદીના જળમાં સ્નાનાદિ કરી પવિત્ર થઈ એકલા એકાંતમાં બેઠા હતા. વ્યાસજી ભૂત-ભવિષ્ય જાણનારા હતા, જેથી પ્રત્યેક યુગમાં અસ્પષ્ટ વેગવાળા કાળના યોગે પૃથ્વી પર પ્રાપ્ત થયેલી યુગધર્મની સંકરતા તેમણે જોઈ તેમ જ કાળે કરેલા શરીરાદિ ભૌતિક પદાર્થોની શકિતનો

હાસ પોતાની દિવ્ય દૃષ્ટિથી તેમણે જોયો અને મનુષ્ય અશ્રદ્ધાળુ, સત્ત્વહીન, દુર્બુદ્ધિ, ક્ષીણ આયુષ્યવાળાં તથા દુર્ભાગી જોયાં, જેથી અમોઘ દૃષ્ટિવાળા તે મુનિ સર્વ વર્ણો તથા આશ્રમને જે હિતકર હોય તે વિચારવા લાગ્યા. તેમણે યજ્ઞોનો વિસ્તાર કરવા ચાર હોતાઓથી કરાતાં વૈદિક કર્મ પ્રજાઓની શુદ્ધિ કરનારાં જોઈ એક વેદને ચાર પ્રકારે કર્યો. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ નામના ચાર વેદો જુદા જુદા કર્યા અને ઈતિહાસ-પુરાણોનો પાંચમો વેદ કહેવાય છે. તેમાં પૈલઋષિ ઋગ્વેદ ભણ્યા, કવિ જૈમિનિ સામવેદ ભણ્યા, વૈશંપાયન એકલા જ યજુર્વેદમાં કુશળ થયા અને દારુણના પુત્ર સુમન્તુ મુનિ અથર્વવેદ તથા આંગિરસ-મંત્રોમાં કુશળ થયા અને મારા પિતા રોમહર્ષણ ઈતિહાસ-પુરાણોમાં પારંગત થયા. પછી તે ઋષિઓએ તેમ જ તેમના શિષ્યો અને પ્રશિષ્યોએ પણ પોતપોતાના વેદનો અનેક પ્રકારે વિભાગ કર્યો જેથી તે વેદો અને શાખાઓવાળા થયા. પૂર્વે જે અતિ બુદ્ધિમાનો ધારણ કરી શકતા તે જ વેદો મંદ બુદ્ધિ વાળાઓ પણ ધારણ કરી શકે એ કારણથી અશકતો ઉપર પ્રેમવાળા ભગવાન વ્યાસે વેદોના વિભાગ કર્યા. વળી સ્ત્રીઓ, શુદ્રો અને ત્રણ વર્ણોમાં પણ જે પતિત છે તેઓને વેદ સાંભળવાનો અધિકાર નથી; માટે કર્મરૂપી કલ્યાણસાધનમાં મૂંઝાતા લોકોનું આ પ્રમાણે કલ્યાણ થશે, એમ વિચારી વ્યાસે તેઓ પર કૃપા કરી 'મહાભારત' નામે આખ્યાન રચ્યું. હે બ્રાહ્મણો ! એ રીતે પ્રાણીઓનું કલ્યાણ કરવામાં સર્વ પ્રકારે નિત્ય તત્પર રહેવા છતાં તેમનું હૃદય સંતુષ્ટ ન થયું, ત્યારે સરસ્વતી નદીના તટ ઉપર એકાંતમાં બેસી ખિન્ન હૃદયે વિચાર કરતા ધર્મવેત્તા તે વ્યાસજી મનમાં આ રીતે બોલ્યા : 'મેં વ્રત ધારણ કરી વેદો, ગુરુઓ તથા અગ્નિ નિષ્કપટ બુદ્ધિથી પૂજ્યા છે અને તેમની આજ્ઞા પણ માની છે. વળી મહાભારતની રચનાના બહાને વેદોનો જ અર્થ દર્શાવ્યો છે. જેમાં સ્ત્રીઓ તથા શૂદ્રો વગેરે પણ પોતાનાં ધર્મ, કર્મ વગેરે જાણી શકે છે. તો પણ ખેદની વાત છે કે, ''મારો જીવાત્મા વસ્તુતઃ પરિપૂર્ણ અને બ્રહ્મતેજ વાળાઓમાં અત્યંત શ્રેષ્ઠ હોવા છતાં પોતે જાણે અપૂર્ણ હોય તેવો જણાય છે. તેનું કારણ મેં પરમહંસોને પ્રિય ભગવદ્ભક્તોના ધર્મો કહ્યા નથી એ તો નહીં હોય ? કેમ કે તે જ ધર્મો ભગવાનને પ્રિય છે.'' એમ વ્યાસ પોતાને અપૂર્ણ માની ખેદ કરતા હતા, એ જ વખતે તેમના આશ્રમમાં નારદજી આવ્યા. મુનિ વ્યાસે દેવોએ પૂજેલા નારદજીને આવેલા જાણી એકદમ સામે ઊભા થઈ વિધિ પ્રમાણે તેમની પૂજા કરી. ૧-૩૩

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः । पूजयामास विधिवन्नारदं सुरपूजितम् ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## વ્યાસને નારદજીનો સંવાદ - નારદજીનું પૂર્વચરિત્ર

॥ सूत उवाच ॥

अथ तं सुखमासीनं उपासीनं बृहच्छ्रवाः । देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ॥१॥

**સૂતે કહ્યું :** પછી સુખે બેઠેલા મહાયશસ્વી અને હાથમાં વીણા ધારણ કરતાં દેવર્ષિ નારદ મંદ મંદ હસતા હોય તેમ સમીપ બેઠેલા બ્રહ્મર્ષિ વ્યાસને કહેવા લાગ્યા.

**નારદ બોલ્યા :** હે મહાભાગ ! હે પરાશરના પુત્ર ! તમારો શરીરાભિમાની આત્મા શરીર વડે સંતુષ્ટ છે ને ? તેમ જ મનનો અભિમાની આત્મા મન વડે સંતુષ્ટ છે ને ? તમે જાણવા યોગ્ય ધર્મ વગેરે સારી રીતે જાણ્યા છે અને આચર્યા પણ છે; કારણ કે સર્વ અર્થોથી ભરપૂર મહાઅદ્ભુત ''મહાભારત'' તમે રચ્યું

છે. વળી જે સનાતન બ્રહ્મ છે તેને પણ તમે વિચાર્યું છે અને પ્રાપ્ત પણ કર્યું છે; છતાં હે સમર્થ વ્યાસ ! તમે અકૃતાર્થની પેઠે પોતાનો શોક કેમ કરો છો ?

**વ્યાસે કહ્યું :** તમે જે કહ્યું તે સર્વ મારે વિષે છે, તો પણ મારો આત્મા સંતોષ પામતો નથી. હે નારદ! એનું ગુપ્ત કારણ શું હશે ? હે બ્રહ્માના માનસપુત્ર અને અગાધ જ્ઞાનવાળા એવા તમને હું પૂછું છું. તમે સર્વ ગુપ્ત વસ્તુ જાણો છો, કેમ કે તમે પરમાત્માને સેવ્યા છે. એ પરમાત્મા સર્વ કારણ-કાર્યના નિયંતા અને અસંગ હોઈ કેવળ સંકલ્પમાત્રથી જ મહત્તત્ત્વાદિ ગુણો દ્વારા જગત સરજે છે, રક્ષે છે અને સંહારે છે. તમે સૂર્યની પેઠે ત્રૈલોક્યમાં વિચરો છો. સર્વના દ્રષ્ટા છો અને યોગબળથી પ્રાણવાયુની પેઠે સર્વ પ્રાણીઓના હૃદયમાં વિચરનારા આત્માના સાક્ષી છો; તો ધર્મ અને યોગ વડે પરબ્રહ્મ પામનાર અને સ્વાધ્યાય, નિયમ આદિ વ્રતો વડે વેદ મેળવવા છતાં પણ મારામાં જે મોટી ન્યૂનતા હોય તે આપ કૃપા કરીને બતાવો.

**નારદે કહ્યું :** તમે ભગવાનનો નિર્મળ યશ લગભગ વર્ણવ્યો જ નથી. હું માનું છું કે જે વડે ભગવાન પ્રસન્ન ન થાય તે જ્ઞાન અપૂર્ણ જ છે. હે મુનિવર્ય ! તમે ધર્માદિ પુરુષાર્થો જે રીતે વર્ણવ્યા છે તે રીતે ભગવાન વાસુદેવનો મહિમા વર્ણવ્યો નથી. જે વિચિત્ર પદોવાળુ વચન જગતને પવિત્ર કરનાર શ્રીહરિનો યશ કદી ગાતું નથી તે કાગડાઓનું તીર્થ છે એમ વિદ્વાનો માને છે, કેમ કે તે વચનરૂપી તીર્થમાં સત્ત્વગુણી મનવાળા અને પરબ્રહ્મમાં વસનારા યોગીઓ રૂપી હંસો કદી રમણ કરતા નથી. આથી ઊલટું જે વાણીમાં સુંદર શબ્દરચના, પદરચના વગેરે ગુણો ન હોય, પણ તેમાં જે સ્થળે ભગવાનના યશથી ભરેલાં નામો હોય તે તે વાણીનું સત્પુરુષો શ્રવણ-ગાન કીર્તન કરે છે, કારણ કે આવી વાણી સંસારનાં સમસ્ત પાપોનો નાશ કરી દેનારી છે. જે નિર્મળ જ્ઞાન મોક્ષપ્રાપ્તિનું સાધન હોય, તે પણ જો ભગવાનની ભક્તિથી રહિત હોય તો તે શોભતું નથી, તે પછી જે કર્મ આરંભથી તે અંત સુધી સદા અમંગળરૂપ છે, તે જે નિષ્કામભાવે કરવામાં આવ્યું હોય તોપણ ઈશ્વરાર્પણ કરેલું ન હોય તો તે ક્યાંથી જ શોભે ? (અર્થાત્ ભકિતહીન કર્મ-શૂન્યરૂપ જ છે;) માટે હે મહાભાગ ! અમોઘ દૃષ્ટિવાળા, પવિત્ર યશવાળા, સત્યમાં આસક્ત અને વ્રતધારી તમે સમગ્ર બંધનોથી મુક્ત થવાને ભગવાનની લીલાઓનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરી વર્ણન કરો; કેમ કે ભગવાનની લીલા વિના બીજા તરફ જેની દૃષ્ટિ હોય અને ભગવાનની લીલા વિના બીજું કંઈ જુદા પ્રકારે વર્ણવવા જે ઈચ્છતો હોય, તેવા પુરુષની બુદ્ધિ તે વર્ણવેલા વિષયમાં ફરેલા નામરૂપથી જ વ્યાકુળ બનીને વાયુથી ડોલતા વહાણની પેઠે કોઈ વિષયમાં સ્થિતિ પામતી નથી. તમે સ્વભાવથી જ રાગાસક્ત મનુષ્યો માટે નિંદ્ય કામ્યકર્માદિ ઉપદેશ્યાં છે, એ મોટો વ્યતિક્રમ કર્યો છે, કેમ કે એ વાક્યોના આધારે 'આ જ ધર્મ છે' એમ માનનારા મનુષ્ય તેના નિવારણને માનશે જ નહિ. એટલે કે કામ્યકર્મોનો નિષેધ કોઈના માનવામાં જ નહિ આવે અને સર્વ કોઈ પ્રવૃત્તિમાર્ગમાં જ લાગ્યા રહેશે અને કોઈક જ વિચક્ષણ પુરુષ સર્વ ક્રિયાઓની નિવૃત્તિથી અનંત પારવાળા પરમાત્માનું સુખ જાણવા યોગ્ય થશે ; માટે હે સમર્થ વ્યાસ ! તમે દેહાદિના અભિમાનવાળા અને સત્ત્વાદિ ગુણોથી પ્રવૃત્તિ કરતાં મનુષ્યને ભગવાનની લીલાઓ દર્શાવો. મનુષ્ય સ્વધર્મનો ત્યાગ કરીને પણ શ્રીહરિના ચરણકમળનું ભજન કરતો અપૂર્ણ રહીને કદાચ તે ભજનથી ભ્રષ્ટ થાય અથવા મરણ પામે તો હર કોઈ નીચ યોનિમાં પણ તે ભક્તનું શું કદી અમંગળ થાય છે ? નથી જ થતું. અને સ્વધર્મમાં રહીને પણ ભગવાનનું ભજન નહિ કરનારાઓએ શું ફળ મેળવ્યું છે ? કંઈજ નહિ. વિદ્વાને તો તે માટે જ પ્રયત્ન કરવો જોઈએ કે જે વસ્તુ ઉપર છેક બ્રહ્મલોક સુધી અને નીચે છેક

સ્થાવરલોક સુધી ભટકનારાઓને મળતી નથી. બાકી વિષયસુખ તો નરકાદિમાં જેમ દુઃખ મળે છે તેમ ગમે ત્યાં વિના પ્રયત્ને પોતાના પૂર્વ કર્મોને લીધે ગંભીર વેગવાળા કાળના બળથી મળે જ છે. હે વ્યાસ ! ભગવાનની ભક્તિ કરનારો મનુષ્ય કદાચ નીચ યોનિમાં અપૂર્ણ જાય તો પણ બીજા કર્મનિષ્ઠ મનુષ્યોની પેઠે ફરી સંસારમાં કદી આવતો નથી; કેમ કે તે ભકત રસ લેવા યોગ્ય વસ્તુના આગ્રહવાળો હોઈ ભગવાનની ચરણકમળના આલિંગનનું સ્મરણ કરતા ફરી તેને તજવા ઈચ્છતો જ નથી. આ જગત કેવળ ભગવાનરૂપ જ છે પણ ભગવાન જગતથી ભિન્ન છે. જે ભગવાનથી જગતની સ્થિતિ, નાશ તથા ઉત્પત્તિ થાય છે, તે તમે પોતે પણ જાણો છો; તોપણ અમુક અંશે મેં તમને તે દર્શાવ્યું છે. હે અમોઘ દૃષ્ટિવાળા વ્યાસ! તમે પોતે અજન્મા, પોતાના આત્માને જગતનું કલ્યાણ કરવા માટે જ જન્મેલો માનો; કેમ કે તમારો આત્મા પરમ પુરુષ પરમાત્માનો જ અંશ છે, તો મહાનુભાવ શ્રીહરિનાં પરાક્રમો તમે વર્ણવો; કારણ કે ભગવાનના ગુણોનું વર્ણન કરવું એ જ પુરુષના તપનું, શાસ્ત્રોના અધ્યયનનું, યજ્ઞયાગાદિનું, શાસ્ત્રોનો અભ્યાસ કરવાનું, શાસ્ત્રોના અભ્યાસથી ઉત્પન્ન થયેલી બુદ્ધિનું તથા દાનનું અવિનાશી ફળ છે, એમ વિવેકીઓ કહે છે. હે મુનિ ! પૂર્વ જન્મમાં હું વેદ જાણનાર બ્રાહ્મણોની એક દાસીનો પુત્ર હતો. તે યોગીઓ વર્ષાઋતુમાં એક સ્થાને ચાતુર્માસ નિવાસ કરતા હતા. બાળપણથી જ મને તેમની સેવામાં મૂકી દેવામાં આવ્યો હતો. ત્યારે હું બાળક હોવા છતાં સમગ્ર ચપળતાથી રહિત અને જિતેન્દ્રિય હતો. રમકડાંને પણ ન અડકતો. અનુકૂળ સેવા કરતા અને થોડું બોલતા મારા પર તે મુનિઓ સર્વત્ર સમદૃષ્ટિવાળા હોવા છતાં કૃપા રાખતા. તે બ્રહ્મજ્ઞાની યોગીઓની આજ્ઞાથી હું તેમનાં પાત્રોમાં વળગેલું એક જ વખત જમતો, તેથી મારાં પાપો દૂર થયાં અને એ રીતે વર્તતાં, ચિત્ત શુદ્ધ થવાથી ઈશ્વરભજનરૂપ ધર્મમાં મનની રુચિ થઈ. હે વ્યાસ ! ત્યાં એ મુનિઓ નિત્ય સુંદર શ્રીકૃષ્ણકથાઓ કહેતા, ત્યારે તેમના અનુગ્રહ વડે તે હું સાંભળતો. જે સાંભળતાં પદે પદે મને પ્રિય યશવાળા શ્રીભગવાનમાં પ્રીતિ થઈ. હે મહામુનિ ! એ રીતે મને પ્રીતિ થઈ, ત્યારે મારી બુદ્ધિ પ્રિય કીર્તિવાળા ભગવાનમાં એવી અસ્ખલિત લાગી કે જેથી આ સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરને પરબ્રહ્મરૂપ મારા વિષે પોતાની અવિદ્યાથી જ કલ્પેલું હું જોવા લાગ્યો. એ રીતે તે મહાત્મા મુનિ વર્ષાઋતુ અને શરદઋતુ પર્યંત ત્રણે કાળ શ્રીહરિના નિર્મળ યશનું કીર્તન કરતા અને હું તે સાંભળતો, જેથી મારા રજોગુણ તથા તમોગુણનો નાશ કરનારી ભક્તિ મને પ્રાપ્ત થઈ. હું તે મુનિઓ ઉપર પ્રેમવાળો, વિનયી, પાપરહિત થયેલો, શ્રદ્ધાળુ, બાળક, જિતેન્દ્રિય અને મુનિઓનો સેવક બન્યો હતો. જેથી દીનવત્સલ તે યોગીઓ ત્યાંથી જવા તૈયાર થયા ત્યારે તેઓએ મારા પર કૃપા કરી સાક્ષાત્ ભગવાને કહેલું અતિ ગુહ્ય જ્ઞાન મને કહ્યું. જે જ્ઞાનથી જગતના સ્રષ્ટા ભગવાન વાસુદેવનો માયાપ્રતાપ મેં જાણ્યો, જે જાણવાથી મુનિઓ પરમાત્મપદ પામે છે. હે બ્રહ્મન્ ! સર્વના નિયંતા અને અસ્ખલિત પૂર્ણસ્વરૂપવાળા શ્રીભગવાન વિષે કર્મોનું સમર્પણ કરવું તે જ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણે તાપ ટાળનારું એક ઔષધ છે એમ વિદ્વાનો કહે છે. હે સદાચારી વ્યાસ ! પ્રાણીઓને જે પદાર્થના અયોગ્ય સેવનથી રોગ થાય છે. તે જ પદાર્થ જો શુદ્ધ કરીને યોગ્ય પ્રમાણમાં યોગ્ય રીતે સેવન કરાય તો તે જ પદાર્થ તે રોગને દૂર કરે છે. તેવી જ રીતે સર્વ કર્મ જોકે મનુષ્યોને સંસારનાં જ કારણ બને છે, પણ તે જ કર્મો આસક્તિપૂર્વક ન કરતાં જે ઈશ્વરાર્પણ ભાવથી કરાય તો કર્મોની નિવૃત્તિ કરવા સમર્થ થઈ શકે છે. (અને તે દ્વારા સંસાર પણ દૂર થાય છે) જો અજ્ઞાનથી પ્રાપ્ત થયેલાં કર્મનો જ્ઞાનથી નાશ થાય છે અને તે જ્ઞાન

ભક્તિયોગથી પ્રાપ્ત થાય છે, તો કર્મથી જ કર્મનો નાશ કેવી રીતે ? એવી શંકા ઉત્પન્ન થતાં કહે છે કે, ભક્તિયોગ સહિત એવું જ્ઞાન આ જગતમાં ભગવાનને સંતોષનારું જે કર્મ (સમર્પણપૂર્વક) કરાય છે, તેને જ કહે છે. જ્યારે મનુષ્યો નિરંતર ભગવાનના ઉપદેશ પ્રમાણે કામ કરે છે. ત્યારે શ્રીકૃષ્ણના ગુણો તથા નામો ગાય છે અને તેમનું સ્મરણ કરે છે. વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણસ્વરૂપ આપ ભગવાનનું અમે મનથી ધ્યાન કરીએ છીએ. આ પ્રમાણે જે મનુષ્ય ભગવાનની આ ચતુર્વ્યૂહ મૂર્તિના નામપૂર્વક તેમનું સ્મરણ કરતો અંતઃકરણપૂર્વક પ્રકટ અને અપ્રકટ સગુણ અને નિર્ગુણ મૂર્તિવાળા તે ભગવાનનું યજન કરે છે તે યથાર્થ જ્ઞાની છે. હે બ્રહ્મન્ ! પૂર્વોક્ત પોતાનો ઉપદેશ મેં સારી રીતે આચર્યો છે એમ જાણી કેશવ ભગવાને મને જ્ઞાન, ઐશ્વર્ય, તથા પોતામાં ભક્તિ અર્પણ કર્યા માટે હે બહુશ્રુત વ્યાસ! તમે પણ ભગવાનનો યશ વર્ણવો કે જે જાણવાથી વિદ્વાનોની જિજ્ઞાસા પૂર્ણ થાય; કારણ કે સાંસારિક દુઃખોથી વારંવાર પીડાયેલા મનવાળાં પ્રાણીઓના કલેશની શાંતિ બીજા કોઈ પ્રકારે વિદ્વાનો માનતા નથી.૧-૪૦

त्वमप्यदभ्रश्रुत विश्रुतं विभोः । समाप्यते येन विदां बुभुत्सितम् ॥
आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनाम् । संक्लेशनिर्वाणमुशन्ति नान्यथा ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## નારદજીના પૂર્વચરિત્રનો શેષભાગ

॥ सूत उवाच ॥

एवं निशम्य भगवान् देवर्षेर्जन्म कर्म च । भूयः पप्रच्छ तं ब्रह्मन् व्यासः सत्यवतीसुतः ॥१॥

**સૂતે કહ્યું :** હે બ્રહ્મન્ ! એ પ્રમાણે દેવર્ષિ નારદનો પૂર્વજન્મ તથા કર્મ સાંભળી સત્યવતીના પુત્ર વ્યાસે ફરી તેમને પૂછ્યું.

**વ્યાસે પૂછ્યું :** તમને જ્ઞાનનો ઉપદેશ કરનારા તે સંન્યાસીઓ ત્યાંથી દૂર દેશમાં ગયા તે પછી બાલ્યાવસ્થામાં રહેલા તમે શું કર્યું ? હે બ્રહ્માના પુત્ર ! તમે પાછલી વય કઈ રીતે ગાળી ? અને કાળ આવતાં એ શરીરને તમે કેવી રીતે ત્યજ્યું ? હે દેવોમાં શ્રેષ્ઠ સર્વનો વિનાશ કરનારા આ કાળે તમારા પૂર્વજન્મના આ સ્મરણનો નાશ કેમ ન કર્યો ?

**નારદે કહ્યું :** મને જ્ઞાનોપદેશ કરનારા તે સંન્યાસીઓ ત્યાંથી દૂર દેશમાં ગયા, ત્યારે બાલ્યાવસ્થામાં રહેલા મેં આ પ્રમાણે કર્યું હતું. મારી માતાને હું એક જ પુત્ર હતો.વળી તે અજ્ઞાન, સ્ત્રી જાતિ અને તેમાં પણ દાસી હતી. મારા સિવાય તેનો કોઈ આધાર ન હતો. તેથી તે મારામાં પુત્રસ્નેહથી બંધાઈ. તે મારું યોગક્ષેમ ઈચ્છતી હતી, પણ પરતંત્ર હતી તેથી મારું યોગક્ષેમ કરવા સમર્થ ન હતી. લાકડાની પૂતળી જેમ તેના દોરીસંચાર કરનારને વશ હોય છે, તેમ આ જગત ઈશ્વરને વશ છે. હું પણ આ માતાનો સ્નેહ ક્યારે વિરામ પામે એની રાહ જોતો એ બ્રહ્મજ્ઞાની ઋષિઓ પાસે રહેતો હતો. વળી પાંચ વર્ષનો બાળક હું દિશા, દેશ તથા કાળથી અજાણ્યો પણ હતો. એક સમયે રાતે મારી માતા ગાય દોહવા ઘરમાંથી બહાર નીકળેલી. તે બિચારીના પગ તળે દબાયેલો એક સર્પ કાળથી પ્રેરાઈને કરડ્યો (એથી તે મરણ પામી). તે વખતે મેં તો ભકતોનું કલ્યાણ કરવા ઈચ્છતા ભગવાનની એ કૃપા માની અને ઉત્તર દિશા તરફ જવા માંડ્યું. એ

દિશામાં સમૃદ્ધિવાળા દેશો, શહેરો, ગામડાં, ગાયો તથા રબારીને રહેવાના સ્થળો, રત્નો વગેરેની ખાણો, ખેડૂતોનાં ગામ, પર્વતની સમીપનાં ગામો, વાડીઓ, જંગલો, બગીચાઓ, જાતજાતની ધાતુઓ વડે રંગબેરંગી પહાડો, હાથીઓએ ભાંગી નાખેલી ડાળીઓવાળાં વૃક્ષો, પવિત્ર જળવાળાં જળાશયો અને દેવોએ સેવેલાં કમળોવાળાં સરોવરો કે જેઓ જાતજાતનાં પક્ષીઓના શબ્દોથી અને આમતેમ ભમતા ભમરાઓ વડે શોભતાં હતાં. એ સર્વને મેં એકલાએ જ ઓળંગ્યાં. તેવામાં એક મોટું જંગલ મેં જોયું. એ બરુ, વાંસ તથા કાસડાઓનાં થૂમડાંથી અને દર્ભો તથા પોલા વાંસથી દુગર્મ હતું, દુઃસહ, ભયંકર સર્પો અને ઘુવડો તથા શિયાળોનું ક્રીડાસ્થાન હતું. મારી ઈન્દ્રિય અને શરીર થાકી ગયાં હતાં. મને ઘણી તરસ અને ભૂખ પણ લાગ્યાં હતાં, જેથી નદીના એક ધરામાં નાહી અને પાણી પીને મેં થાક ઉતાર્યો. પછી એ નિર્જન વનમાં પીપળાના ઝાડના મૂળ પાસે હું બેઠો અને પેલા મુનિઓ પાસેથી જે સાંભળ્યું હતું, તે પ્રમાણે હૃદયમાં રહેલા પરમાત્માનું મનમાં ચિંતન કરવા લાગ્યો. ભાવવશ થયેલા મનથી ભગવાનના ચરણકમળનું હું ધ્યાન કરતો હતો. ઈશ્વરદર્શનની ઉત્કંઠાથી મારાં નેત્રો અશ્રુ વડે યુક્ત થયાં હતાં. તેવામાં શ્રીહરિ ધીમે ધીમે મારા હૃદયમાં પ્રકટયા તે સમયે હે મુનિ ! મારાં અંગો ઘણા પ્રેમથી રોમાંચિત થયાં અને હું બહુ સુખી થઈ આનંદના મોટા પૂરમાં એવો લીન થઈ ગયો કે જેથી મને મારું પોતાનું કે બીજા કોઈનું ભાન જ ન રહ્યું. તે પછી શોકનો નાશ કરનારું ભગવાનનું એ મનોહર સ્વરૂપ એકાએક ન જોતાં હું ઉદાસ મનવાળા મનુષ્યની પેઠે વ્યાકુળતાપૂર્વક સમાધિદશામાંથી જાગ્યો. જાગીને ભગવાનનું એ સ્વરૂપ ફરી જોવાની ઈચ્છાથી મનને હૃદયમાં એકાગ્ર કરી તે જોવા લાગ્યો. પણ દેખાયું જ નહિ એટલે અતૃપ્ત થઈ આતુર જેવો થઈ ગયો. એમ એકાંતમાં પ્રયત્ન કરતા મને વાણીના અવિષય તે ભગવાન મારો શોક શાંત કરતા હોય તેમ ગંભીર અને મધુર વાણી કહેવા લાગ્યા : ‘ખેદની વાત છે કે આ જન્મમાં મારા દર્શન કરવા હજી તું યોગ્ય નથી; કેમકે કામાદિ મેલ જેઓના બળ્યા નથી, એવા અપૂર્ણ યોગીઓને મારાં દર્શન દુર્લભ છે. હે નિર્દોષ ! મારામાં તારી ભકિત દઢ થવા માટે મેં એક વખત મારા સ્વરૂપનું દર્શન તને કરાવ્યું છે, કેમ કે મારામાં દઢ ભક્તિવાળા સત્પુરુષ ધીમે ધીમે સર્વ કામનાઓ તજે છે. તને સત્પુરુષોની થોડી સેવાથી પણ મારામાં દઢ બુદ્ધિ થઈ છે, તેથી આ નિંદ્ય લોકોને તજી તું મારું પાર્ષદપણું પામીશ. વળી તારી આ બુદ્ધિ મારામાં દઢ થઈ છે, તે કદી ચલિત થશે નહિ અને પ્રજાઓની સૃષ્ટિનો સંહાર થશે, તો પણ મારી કૃપાથી તારી સ્મૃતિ કદી નાશ પામશે નહિ. આટલું કહી સર્વના નિયંતા, આકાશ સમાન અવ્યક્ત સ્વરૂપવાળા અને સમીપ હોવા છતાં જાણવા અશક્ય તે પરમાત્મા બોલતા બંધ થયા એટલે મહાનના પણ મહાન તે પરમેશ્વરને તેમના દયાપાત્ર મેં મસ્તક વડે પ્રણામ કર્યા. પછી લજજા છોડી ભગવાનનાં ગુહ્ય નામોનું તથા માંગલિક ચરિત્રનું સ્મરણ કરતા હું પૃથ્વી પર વિચરવા લાગ્યો અને નિઃસ્પૃહ તથા મદરહિત થઈ મત્સરના ત્યાગપૂર્વક મરણસમયની રાહ જોવા લાગ્યો. એ પ્રમાણે મારી બુદ્ધિ શ્રીકૃષ્ણમાં જોડાઈ ગઈ. કોઈ સ્થળે હું આસક્તિ રાખતો ન હતો. પછી મારું મન નિર્મળ થયું. કેટલાક સમય પછી એકાએક વીજળી ચમકે તેમ મારો કાળ પ્રકટ થયો. તે વખતે ભગવાનના પાર્ષદરૂપ તે શુદ્ધ સત્ત્વગુણી શરીરમાં ભગવાને મને જોડી દીધો, એટલે પ્રારબ્ધ કર્મો સમાપ્ત થતાં તે મારું પાંચ ભૂતોનું શરીર પડી ગયું. પછી કલ્પના અંતે ત્રણે લોક સમેટીને શ્રીનારાયણ સમુદ્રના જળમાં સૂતા, ત્યારે તેમના વિષે સૂવા ઇચ્છતા બ્રહ્મદેવના શ્વાસોચ્છ્વાસની સાથે મેં તેમના શરીરમાં પ્રવેશ કર્યો. પછી એક હજાર યુગને અંતે યોગનિંદ્રામાંથી ઊઠીને બ્રહ્મદેવે આ

જગત સર્જવા ઈચ્છા કરી; તે વખતે તેમની ઈન્દ્રિયોમાંથી હું અને મરીચ્યાદિ ઋષિઓ ઉત્પન્ન થયા. મહાવિષ્ણુની કૃપાથી કોઈ પણ સ્થળે મારી ગતિ અટકતી નથી અને તેથી અખંડ બ્રહ્મચારી હું ત્રણે લોકમાં અંદર ને બહાર વિચરું છું. ભગવાને આપેલી આ સ્વરબ્રહ્મથી શોભતી વીણા વગાડતો હું તેમની લીલાઓનું ગાન કરતો સમસ્ત સંસારમાં વિચરું છું. જેમના ચરણમાં ગંગાદિ તીર્થો વસે છે અને જેમનો યશ ભક્તોને પ્રીતિ કરનાર છે, તે ભગવાનનાં પરાક્રમો હું ગાઉં છું. તેથી જાણે સત્વર બોલાવ્યા હોય તેમ ભકતોને પ્રિય યશવાળા ભગવાન મારા ચિત્તમાં દર્શન આપે છે. ભગવાનનાં ચરિત્રોનું વર્ણન વિષય ભોગોની ઈચ્છાથી વારંવાર વ્યગ્ર ચિત્તવાળા મનુષ્યોને સંસારસમુદ્રમાં એક નૌકારૂપ છે. એમ વિદ્વાનોએ જોયું છે. કામ તથા લોભથી હણાયેલું મન ભગવાનની સેવાથી જેવું સાક્ષાત્ શાંત થાય છે, તેવું યમાદિ યોગમાર્ગે વારંવાર સેવવાથી શાંત થતું નથી. હે વ્યાસ ! આપ નિષ્પાપ છો. આપ મને મારા જન્મ અને કર્મોનું જે રહસ્ય અને આપના આત્મસંતોષનો ઉપાય પૂછતા હતા તે બધું મેં આપને કહી દીધું.

**સૂતે કહ્યું :** સત્યવતીના પુત્ર વ્યાસજીને એ પ્રમાણે કહી સર્વ સંકલ્પોથી રહિત ભગવાન નારદજી વીણા વગાડતા વ્યાસની અનુજ્ઞા લઈને ત્યાંથી ગયા. અહો ! દેવર્ષિ નારદને ધન્ય છે, જે પોતાની વાણી વડે શાર્ઙ્ગધનુષધારી ભગવાનની કીર્તિ ગાતા આનંદમાં રહે છે અને આ ચિંતાતુર જગતને આનંદ આપે છે. ૧-૩૯

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्ति शार्ङ्गधन्वनः । गायन्माद्यन्निदं तंत्र्या रमयत्यातुरं जगत् ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## પાંડવોના બાળકોના વધ બદલ અશ્વત્થામાને શિક્ષા

**॥ शौनक उवाच ॥**

निर्गते नारदे सूत भगवान्बादरायणः । श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः ॥१॥

**શૌનકે પૂછ્યું :** હે સૂત ! નારદ નીકળી ગયા ત્યારે તેમનો અભિપ્રાય સાંભળી સમર્થ ભગવાન વ્યાસે શું કર્યું ?

**સૂતે કહ્યું :** બ્રાહ્મણોએ સેવેલી સરસ્વતી નદીના પશ્ચિમ તટ ઉપર ઋષિઓનાં યજ્ઞકર્મોની વૃદ્ધિ કરનારો 'શમ્યાપ્રાસ' નામે આશ્રમ કહેવાય છે. બોરડીઓનાં વૃક્ષોના સમૂહથી શોભતા પોતાના એ આશ્રમમાં બેસી જળનું આચમન કરી વ્યાસે પોતાના મનને સ્થિર કર્યું. ભકિતયોગ દ્વારા સારી રીતે નિર્મળ ને નિશ્ચલ કરેલા મનમાં પ્રથમ ઈશ્વરનું અને તેના આશ્રયે રહેલી માયાનું તેમણે દર્શન કર્યું. માયા વડે મોહિત થયેલો જીવ પોતે ત્રણ ગુણોથી રહિત છે, છતાં પોતાને ત્રિગુણાત્મક માને છે અને તે ત્રણે ગુણોએ જે કરેલા (કર્તૃત્વ, ભોકતૃત્વ આદિ) અનર્થ પોતે જ કરેલા માને છે. ભગવાન વિષે જે ભક્તિયોગ છે તે જ પૂર્વોક્ત અનર્થનો નાશ કરે છે. એ પણ ભગવાન વ્યાસે મનમાં જોયું અને પછી તે વસ્તુ નહિ જાણનારા અજ્ઞાની લોકો માટે તેમણે શ્રીમદ્ ભાગવતસંહિતા રચી, જેનું શ્રવણ કરતાં જ મનુષ્યને પરમપુરુષ શ્રીકૃષ્ણ ભગવાન વિષે શોક, મોહ તથા ભયનો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે. આ ભાગવતસંહિતા રચીને તેમણે ક્રમથી પોતાના નિવૃત્તિપરાયણ પુત્ર શુકદેવજીને તે ભણાવી.

**શૌનકે પૂછ્યું :** શુકદેવ મુનિ નિવૃત્તિપરાયણ, સર્વ વિષયોમાં નિઃસ્પૃહ અને કેવળ આત્મામાં જ આનંદ પામનારા છે, છતાં તેમણે એ વિશાળ ભાગવતસંહિતાનો ક્યા કારણથી અભ્યાસ કર્યો ?

**સૂતે કહ્યું :** મુનિઓ જોકે આત્મામાં જ આનંદ પામનારા હોય છે અને તેમની અહંકારરૂપ ગાંઠ છૂટી ગઈ હોય છે, છતાં તેઓ ભગવાન વિષે નિષ્કામ ભકિત તો કરે જ છે, કેમ કે શ્રીહરિ તેવા અલૌકિક ગુણોથી યુક્ત છે. એ જ કારણથી વ્યાસપુત્ર ભગવાન શુકદેવજી કે જેમને ભગવાનના ભકત પ્રિય છે, તેમણે ભગવાનના ગુણોથી આકર્ષાયેલી બુદ્ધિ વાળા થઈને શ્રીમદ્ ભાગવતરૂપી મહાન આખ્યાનનું અધ્યયન કર્યું. અહીં હવે હું રાજર્ષિ પરીક્ષિતનો જન્મ, કર્મ તથા મોક્ષ અને પાંડવોનું મહાપ્રયાણ તમને કહું છું, કારણ કે તેમાંથી જ ભગવાન શ્રીકૃષ્ણની અનેક કથાઓ પણ નીકળે છે. જ્યારે કૌરવ-પાંડવોના યુદ્ધમાં વીર યોદ્ધાઓ વીરગતિ પામ્યા અને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનની સાથળો ભીમસેને ફેકેલી ગદાના પ્રહારથી ભાંગી ગઈ ત્યારે પોતાના રાજા દુર્યોધનને (ખરી રીતે અપ્રિય હતું છતાં) 'આ પ્રિય થશે' એમ માની દ્રોણપુત્ર અશ્વત્થામા દ્રૌપદીના નિદ્રાવશ પુત્રોનાં મસ્તકો કાપી દુર્યોધનની પાસે લાવ્યો. અશ્વત્થામાનું આ નિંદ્ય કર્મ દુર્યોધનને અપ્રિય જ થયું અને હજી સુધી લોકો તે કર્મને નિંદે છે. માતા દ્રૌપદી પોતાના પુત્રનું એ ઘોર મૃત્યુ સાંભળી અત્યંત સંતાપ કરવા લાગી અને અશ્રુબિંદુઓથી ઊભરાઈ જતાં નેત્રે રડવા લાગી. તે સમયે તેને શાંત કરતો અર્જુન કહેવા લાગ્યો : હે કલ્યાણિ ! તે આતતાયી નીચ બ્રાહ્મણનું મસ્તક હું મારા આ ગાંડીવ ધનુષમાંથી છૂટેલાં બાણો વડે કાપી તારી પાસે લાવીશ અને તે મસ્તકને પગ તળે દબાવી પુત્રોની અન્ત્યેષ્ટિ ક્રિયા કરી તું જ્યારે સ્નાન કરશે, ત્યારે તારા શોકનાં આંસુઓ હું લૂછીશ. એ પ્રમાણે અનેક સુંદર વચનોથી પ્રિયા દ્રૌપદીને શાંત કરી, જેના મિત્ર અને સારથિ શ્રીકૃષ્ણ હતા, એવો અર્જુન બખ્તર ધારણ કરી, હાથમાં ભયાનક ગાંડીવ લઈને રથમાં બેસી ગુરુપુત્ર અશ્વત્થામા પાછળ દોડ્યો. બાળઘાતી અશ્વત્થામા અર્જુનને દૂરથી આવતો જોઈ હૃદયમાં કંપી જઈ શંકરના ભયથી જેમ સૂર્ય નાઠા હતા, તેમ રથમાં બેસી પ્રાણરક્ષાની ઈચ્છાથી જેટલું નાસી શકાય તેટલું પૃથ્વી પર નાઠો. બ્રાહ્મણપુત્ર અશ્વત્થામા એ જ્યારે પોતાને શરણરહિત જોયો અને ઘોડા પણ થાક્યા ત્યારે બ્રહ્માસ્ત્રને પોતાનું રક્ષણ કરનાર માન્યું. જોકે પોતે બ્રહ્માસ્ત્રને પાછું ખેંચવાની ક્રિયા જાણતો ન હતો, છતાં એ પ્રાણસંકટનો પ્રસંગ આવ્યો ત્યારે તેણે જળનું આચમન કરી ધ્યાન ધરી તે બ્રહ્માસ્ત્ર સાંધ્યું. તે વખતે એ અસ્ત્રમાંથી ચારે દિશામાં પ્રચંડ તેજ પ્રકટ થયું એટલે તે પ્રાણસંકટ આવેલું જોઈ અને શ્રીકૃષ્ણને કહ્યું.

**અર્જુને કહ્યું :** હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! ઓ મહાભાગ ! તમેં એક જ ભક્તોને અભયદાન આપનારા છો અને સંસારના જન્મ-મરણ આદિ દુઃખોથી બળતાં પ્રાણીઓના તાપને નાશ કરનારા છો. તમે આદિપુરુષ, સાક્ષાત્ ઈશ્વર, માયાથી પર અને ચૈતન્યશકિતથી માયાનો જય કરી કૈવલ્યરૂપ સ્વસ્વરૂપમાં જ રહ્યા છો. વળી માયાને પરાજય કરનારા તમે જ માયાથી મોહિત મનવાળા જીવલોકનું પરાક્રમ વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ કલ્યાણ કરો છો. તમારો આ અવતાર પૃથ્વીનો ભાર દૂર કરવાની ઈચ્છાથી અને એકાંતિક ભકતો તથા આત્મજનોનું નિત્ય રક્ષણ કરવા થયો છે. હે દેવોના દેવ ! આ ચારે તરફ પ્રસરેલું મહાભયંકર તેજ શું છે, કયાંથી આવે છે, તે હું જાણી શક્તો નથી.'

**શ્રીભગવાન બોલ્યા :** આ અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર છે અને પાછું ખેંચવાની ક્રિયા તે જાણતો નથી, છતાં પ્રાણસંકટ આવતાં તેણે બ્રહ્માસ્ત્ર સાંધ્યું છે; પણ તું તો એને ખેંચી લેવાની ક્રિયા જાણે છે. આ

બ્રહ્માસ્ત્રને દૂર કરે તેવું બીજું કોઈ અસ્ત્ર નથી, તો આ ઉત્કટ અસ્ત્રના તેજને બ્રહ્માસ્ત્ર જાણનારો તું બ્રહ્માસ્ત્રના તેજથી જ શાંત કર.

**સૂતે કહ્યું :** શ્રીભગવાને કહેલું તે સાંભળી શત્રુયોદ્ધાઓનો નાશ કરનારા અર્જુને જળનું આચમન કરી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રદક્ષિણા કરીને તે બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર જ સાંધ્યું. તે સમયે બાણોથી વીંટાયેલાં એ બંને બ્રહ્માસ્ત્રનાં તેજ એક-બીજા સાથે મળી જઈ પ્રલયકાળે સંકર્ષણના મુખમાંથી નીકળેલ અગ્નિ અને સૂર્ય પરસ્પર મળી જઈ જેમ વૃદ્ધિ પામે, તેમ આકાશ તથા ભૂમિને ભરી દઈ વધવા લાગ્યાં. ત્રણે લોકને બાળતું તે બ્રહ્માસ્ત્રોનું મહાન તેજ જોઈ, તેથી બળતી સર્વ પ્રજાઓ એને પ્રલયકાળનો અગ્નિ માનવા લાગી. પછી અર્જુને પ્રજાઓ ઉપરનો તે ઉપદ્રવ અને લોકોનો નાશ થતો જોઈ શ્રીકૃષ્ણનો મત જાણી તે બંને બ્રહ્માસ્ત્રો પાછા ખેંચી લીધાં. પછી કૃપીના ક્રૂર પુત્ર અશ્વત્થામાને પકડી ક્રોધથી લાલ નેત્રવાળા અને દોરડાથી પશુને બાંધે તેમ બળથી બાંધ્યો. એ રીતે શત્રુને દોરી વડે બળથી બાંધી છાવણીમાં લઈ જવા ઈચ્છતા કોપાયમાન થયેલા અર્જુન પ્રત્યે કમલનેત્રવાળા શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા : એ અર્જુન ! આનું રક્ષણ કરવા તું યોગ્ય નથી. જેણે નિરપરાધી નિદ્રાવશ બાળકોનો રાત્રિને સમયે વધ કર્યો છે, તે આ નીચ બ્રાહ્મણને તું મારી નાખ. ધર્મવેત્તા પુરુષ મદ્યપાન વગેરેથી બેભાન થયેલાને, પ્રમાદીને, ગાંડાને, બાળકને, સ્ત્રીને, ઉદ્યમરહિત હોઈ જડ થયેલાને, શરણે આવેલાને, રથરહિત થયેલાને અને ભયભીત શત્રુને પણ મારતો નથી. પરંતુ જે નિર્દય ખલ પુરુષ બીજાના પ્રાણોથી પોતાના પ્રાણોને પોષે છે, તેનો નાશ કરવો તે તો તેનું પોતાનું જ કલ્યાણ છે (નહિ તો) તેણે કરેલા (એ પ્રાયશ્ચિત્તરહિત) પાપથી એ નરકમાં જાય છે. વળી તે દ્રૌપદી પાસે મારા સાંભળતાં પ્રતિજ્ઞા કરી છે : 'હે માનિનિ ! જેણે તારા પુત્રનો નાશ કર્યો છે, તેનું હું મસ્તક લાવીશ.' માટે તારા પુત્રોનો નાશ કરનારા આતતાયી પાપીને તું મારી નાખ, હે વીર ! કુળને કલંક લગાડનાર આ નીચ બ્રાહ્મણે પોતાના રાજા દુર્યોધનનું પણ અપ્રિય કર્યું છે. (કેમ કે પાંડવોના પુત્રનો વધ દુર્યોધનને પ્રિય ન હતો.)

અર્જુનની ધર્મબુદ્ધિની પરીક્ષા કરતા શ્રીકૃષ્ણ અર્જુનને એ પ્રમાણે પ્રેરણા કરી છતાં એ મહાપુરુષે પુત્રનો નાશ કરનાર છતાં પણ તે ગુરુપુત્રને મારી નાખવાની ઈચ્છા ન કરી. પછી શ્રીકૃષ્ણ જેના મિત્ર અને સારથિ હતા, એવા અર્જુને પોતાની છાવણીમાં આવી મરણ પામેલા પુત્રને શોક કરતી દ્રૌપદી આગળ અશ્વત્થામાને હાજર કર્યો. એ રીતે પશુની પેઠે દોરી વડે બાંધીને આણેલા, નિંદ્ય કર્મથી નીચા મુખવાળા અને બાળકોનો નાશ કરનારા એ અપકારી ગુરુપુત્રને જોઈ દ્રૌપદીનું કોમળ અને ઉદાર હૃદય કૃપાથી ભરાઈ આવ્યું. તેણે અશ્વત્થામાને નમસ્કાર કર્યા. અને તે સતી તેમને બાંધીને લાવવાનું નહિ સહન થતાં બોલી ઊઠી : 'આને છોડી દો, છોડી દો; કેમ કે બ્રાહ્મણ અવશ્ય પૂજનીય છે. તમે જેમની કૃપાથી ગુપ્ત મંત્ર સહિત ધનુર્વેદ અને સર્વ અસ્ત્રોનો પ્રયોગ અને ઉપસંહાર શીખ્યા છો, તે ભગવાન દ્રોણાચાર્ય જ તેમના આ પુત્રરૂપે રહેલા છે. વળી દ્રોણાચાર્યના આત્માનું અર્ધસ્વરૂપ તેમની પત્ની કૃપી પણ આવે છે, કેમ કે પોતે પુત્રવાળી હોવાથી જ પતિની પાછળ મરણ પામી નથી. તો હે ધર્મજ્ઞ મહાભાગ ! તમારે લીધે તમારા ગુરુનું કુળ દુઃખ પામે એ યોગ્ય નથી, પરંતુ એ તો નિત્ય પૂજ્ય અને વંદનીય છે. વળી આ અશ્વત્થામાનાં માતા કૃપી કે જે ગૌતમ કુળનાં પુત્રી અને પોતાના પતિને દેવતુલ્ય માનનારાં છે, તે પણ પુત્રના મરણથી દુઃખી થઈ અશ્રુ ભરેલાં નેત્રોથી મારી પેઠે વારંવાર ન રડો. મનને ન જીતનારા જે રાજાઓ બ્રાહ્મણોનાં કુળને કોપાયમાન અને શોકાકુળ કરે છે, તેઓના કુળને, પરિવારને તે બ્રાહ્મણકુળ તત્કાળ બાળી નાખે છે.

**સૂતે કહ્યું :** હે બ્રાહ્મણો ! દ્રૌપદીનું એ વચન ધાર્મિક, ન્યાયયુક્ત, દયાવાળું, નિષ્કપટી, સામ્યભાવવાળું અને સર્વોત્તમ હતું, તેને ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે અભિનંદન આપ્યું. તેમ જ નકુળ, સહદેવ, સાત્યકિ, અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણ તથા બીજાંઓએ અને જે સ્ત્રીઓ ત્યાં હતી તેઓ સર્વેએ તેની પ્રશંસા કરી. તે સમયે ક્રોધાયમાન થયેલ ભીમસેન બોલ્યો : 'આનો તો નાશ કરે તે જ ઉત્તમ છે; કારણ કે તેણે સૂતેલા બાળકોને પોતાના રાજા માટે કે પોતાના માટે માર્યા નથી, પણ વ્યર્થ મારી નાખ્યા છે.'' ભીમસેનનું અને દ્રૌપદીનું એ વચન સાંભળીને ચતુર્ભુજ શ્રીકૃષ્ણ મિત્ર અર્જુનનું મુખ જોઈ મંદ હસતા હોય તેમ આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** બ્રાહ્મણ નીચ હોય તોપણ તેને મારવો નહિ, પરંતુ આતતાયી હોય તો તે પણ મારવા યોગ્ય છે. એ બંને વાત (શાસ્ત્રકર્તા) મેં કહેલી છે, માટે બંને આજ્ઞાઓ તું પાળ.

વળી દ્રૌપદીને શાંત પાડતાં તેં જે પ્રતિજ્ઞા કરી છે તે સત્ય કર અને ભીમસેન, દ્રૌપદી તથા મને જે પ્રિય છે તે તું કર.''

**સૂતે કહ્યું :** પછી તુરત જ શ્રીકૃષ્ણ ભગવાનનો અભિપ્રાય જાણી અને તલવારથી અશ્વત્થામાના મસ્તક પરનો મણિ તેમના કેશ સાથે લઈ લીધો. અને દોરીનું બંધન બાંધી મુક્ત કરીને બાળહત્યાથી નાશ પામેલી કાંતિવાળા અને તેજ તથા મણિથી રહિત થયેલો તેમને છાવણીમાંથી કાઢી મૂકયો. કારણ કે મસ્તક મૂંડી નાખવું, ધન ખૂંચવી લેવું અને સ્થાનમાંથી હાંકી કાઢવા - એ જ નીચ બ્રાહ્મણોનો વધ છે, તેમનો બીજો શારીરિક વધ કરાતો નથી. પછી પુત્રના શોકથી દુઃખી થયેલા દ્રૌપદી સહિત સર્વ પાંડવોએ મરણ પામેલા પોતાના પુત્રોની દાહ વગેરે જે મરણક્રિયા કરવાની હતી તે કરી.૧-૫૮

पुत्रशोकातुराः सर्वे पाण्डवाः सह कृष्णया । स्वानां मृतानां यत्कृत्यं चक्रुर्निर्हरणादिकम् ॥५८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતની રક્ષા, કુંતીની સ્તુતિ અને રાજા યુધિષ્ઠિરનો શોક

॥ सूत उवाच ॥

अथ ते सम्परेतानां स्वानामुदकमिच्छताम् । दातुं सकृष्णा गङ्गायां पुरस्कृत्य ययुः स्त्रियः ॥१॥

**સૂતે કહ્યું :** પછી મરણ પામેલા અને તિલોદક- શ્રાદ્ધ વગેરે (પ્રેતરૂપે) ઈચ્છતા પોતાના સંબંધીઓને જલાંજલિ આપવા શ્રીકૃષ્ણ સહિત પાંડવો સ્ત્રીઓને આગળ કરી ગંગાકિનારે ગયા. ત્યાં જળની અંજલિ આપી તેઓ સર્વેમાં વારંવાર ઘણો વિલાપ કરી શ્રીહરિના ચરણકમળની રજથી પવિત્ર ગણાતી ગંગાના જળમાં સ્નાન કર્યું. પછી મુનિઓ સહિત શ્રીકૃષ્ણ ભગવાને નાના ભાઈઓ સાથે ત્યાં બેઠેલા યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્ર, પુત્રના શોકથી પીડાતી ગાંધારી, કુંતી તથા દ્રૌપદી કે જેઓ યુદ્ધમાં સંબંધીઓ માર્યા જવાથી શંકાકુળ થયાં હતાં-તેઓ સર્વને પ્રાણીઓ તરફ કાળની ગતિ ઉપાયરહિત છે એમ દર્શાવી શાંત કર્યા. એ રીતે ભગવાન શ્રીકૃષ્ણ દુર્યોધન આદિ ધુતારાઓએ હરી લીધેલું યુધિષ્ઠિરનું રાજ્ય પાછું અપાવી, દ્રૌપદીના કેશ ખેંચવાથી નાશ પામેલા આયુષવાળા દુષ્ટ દુઃશાસન વગેરે રાજાઓનો નાશ કરાવી, ઉત્તમ મંત્રદક્ષિણાવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞ કરવી, રાજા યુધિષ્ઠિરનો પવિત્ર યશ ઈન્દ્રના યશની પેઠે સર્વ દિશામાં ફેલાવ્યો. તે પછી

સત્કાર કરેલા વ્યાસ વગેરે બ્રાહ્મણોએ પૂજેલા શ્રીકૃષ્ણ પાંડવોની રજા લઈ સાત્યકિ તથા ઉદ્ધવ સાથે દ્વારકા જવા વિચાર કરી રથમાં બેઠા. તે જ સમયે હે શૌનક ! ભયથી વિહ્વળ થઈ સામે દોડી આવતી ઉત્તરાને તેમણે જોઈ. તે આવીને પ્રાર્થના કરવા લાગી. 'હે મહાયોગી ! હે દેવોના દેવ ! હે જગતના પતિ ! રક્ષા કરો, રક્ષા કરો. તમારાથી બીજું નિર્ભય સ્થાન હું જોતી નથી, કારણ કે આ જગતમાં તો સૌ કોઈ એકબીજાનાં મૃત્યુનાં નિમિત્ત બની રહ્યાં છે. ''ઓ ઈશ્વર ! હે પ્રભુ ! આ આગ ઝરતું લોખંડી બાણ મારા તરફ દોડતું આવે છે, તો હે નાથ ! એ મને ભલે બાળે, પણ મારા ગર્ભને ન મારે તેમ કરો.'' સૂત બોલ્યાઃ ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ભગવાને તેનું વચન સાંભળી જાણી લીધું કે, જગતને પાંડવોથી રહિત કરવા છોડેલું આ અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર છે. વળી તે જ સમયે હે મુનિશ્રેષ્ઠ ! પાંડવોએ પણ પોતાની સામે આવતાં પ્રદીપ્ત પાંચ બાણો જોઈ અસ્ત્રો ઉઠાવ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે તે એકનિષ્ઠ ભક્તોનું એ સંકટ જોઈ સુદર્શન ચક્રરૂપ પોતાના અસ્ત્રથી ભક્ત પાંડવોની રક્ષા કરી; તેમ જ પ્રાણીમાત્રના અંતરાત્મા યોગેશ્વર શ્રીહરિએ કુરુવંશના વિસ્તાર માટે ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કરી પોતાની માયા વડે તેના ગર્ભને વીંટી લીધો. (જેથી તેને અસ્ત્રનું તેજ બાળી શક્યું નહિ.) હે ભૃગુવંશી શૌનક ! બ્રહ્માસ્ત્ર જોકે અમોઘ છે અને તેની સામે કોઈ પણ ઉપાય ચાલે તેમ નથી, તોપણ વિષ્ણુના તેજરૂપ સુદર્શન ચક્રને પામી તે શાંત થઈ ગયું. સર્વ આશ્ચર્યોથી ભરપૂર ભગવાન શ્રીકૃષ્ણ વિષે એ બ્રહ્માસ્ત્ર શાંત કરવાની વાત તમે આશ્ચર્યરૂપ ન માનશો, કેમ કે એ ભગવાન અજન્મા હોવા છતાં પોતાની સ્વાભાવિક શક્તિરૂપ માયાથી આ જગતને સરજે છે, રક્ષે છે અને સંહારે છે. પછી દ્વારકા જવા તૈયાર થયેલા ભગવાન કૃષ્ણને બ્રહ્માસ્ત્રના તેજથી મુક્ત થયેલા પાંડવો અને દ્રૌપદી સાથે સતી કુંતાજી આ પ્રમાણે કહેવા લાગ્યાં.

**કુંતીએ કહ્યું :** આદિ પુરુષ આપને હું નમસ્કાર કરું છું. આપ પ્રકૃતિ-માયાના પણ નિયંતા, પ્રકૃતિથી પર અને પ્રાણીમાત્રની અંદર તથા બહાર પૂર્ણસ્વરૂપે રહ્યા છો; છતાં જાણવા મુશ્કેલ છે. તમે માયારૂપી પડદાથી ઢંકાયેલા છો અને તેથી જ અજ્ઞાનીના ઈન્દ્રિયજ્ઞાનના અવિષય છો; તેમ જ તમે અવ્યય છો– અમાપ છો, તેથી નાટકમાં વેશ ધારણ કરનાર નટ જેમ ઓળખાતો નથી, તેમ મૂઢદૃષ્ટિ-દેહાભિમાની તમને જાણી શકતો નથી. જેઓ આત્મા તથા અનાત્માના વિવેકવાળા, મનનશીલ તેમ જ નિર્મળ અંતઃકરણવાળા હોય છે, તેઓ પણ આપનો મહિમા જાણી શક્તા નથી, તો અમે સ્ત્રીઓ તમારો ભક્તિયોગ સાધવા તમને શી રીતે ઓળખી શકીએ ? વસુદેવ અને દેવકીના પુત્ર, નંદગોપના કુમાર અને વેદ તથા ગાયોનું રક્ષણ કરનારા આપ શ્રીકૃષ્ણને વારંવાર મારા નમસ્કાર હો. કમળ જેમની નાભિમાં છે, કમળોની માળાવાળા, કમળ સમાન નેત્રવાળા અને કમળ સમાન ચરણવાળા આપને હું વારંવાર નમસ્કાર કરું છું. હે ઈન્દ્રિયોના ઈશ્વર ! દુરાત્મા કંસે ઘણા લાંબા કાળ સુધી કેદ કરેલાં અને પુત્રના વધથી શોકાકુળ થયેલાં દેવકીજીને જેમ તમે દુઃખમાંથી છોડાવ્યાં છે, તેવી જ રીતે હે પ્રભો ! પુત્રો સહિત મને તો વારંવાર અનેક દુઃખોમાંથી આપે જ છોડાવી છે. હે હરિ ! (ભીમસેનને અપાયેલા)ઝેરથી, (લાક્ષાગૃહના)મહાન અગ્નિથી, (હિડિંબ વગેરે) રાક્ષસોના ત્રાસથી, જુગારીઓની સભાથી, વનવાસનાં દુઃખથી, પ્રત્યેક યુદ્ધમાં અનેક મહારથીઓનાં શસ્ત્રોથી અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમે અમારું રક્ષણ કર્યું છે. હે જગતના ગુરુ! (હું પ્રાર્થના કરું છું કે) ડગલે-પગલે સર્વ દેશ-કાળમાં અમને નિરંતર વિપત્તિ જ પ્રાપ્ત થાઓ, કે જેથી ફરી સંસારનું દર્શન નહિ કરાવનાર આપનું અમને દર્શન થાય; કેમ કે સત્કુળમાં જન્મ, ઐશ્વર્ય, શાસ્ત્રજ્ઞાન તથા લક્ષ્મી વડે વધેલા મદવાળો પુરુષ નિષ્કામ ભક્તોએ જાણવા યોગ્ય એવા આપનું નામ પણ

લઈ શકતો નથી. ભકતોરૂપી ધનવાળા, ધર્મ, અર્થ, કામરૂપી ગુણવૃત્તિઓથી રહિત, આમાત્મામાં જ રમણ કરનારા, રાગાદિથી રહિત અને મોક્ષ આપવાને સમર્થ આપને વારંવાર નમસ્કાર હો. તમને કાળસ્વરૂપ માનું છું; કેમ કે તમે સર્વના નિયંતા, આદિ-અંતરહિત, સર્વના પ્રભુ, સર્વત્ર સમાન રીતે વિચરનારા અને પ્રાણીઓમાં જે પરસ્પર કજિયા થાય છે. તેમાં આપ જ નિમિત્તરૂપ છો. (છતાં આપમાં વિષમતા નથી.) હે ભગવન્ ! મનુષ્યોનું અનુકરણ કરવા ઈચ્છતા તમારી કર્તવ્યેચ્છા કોઈ જાણતું નથી. તમને કોઈ પ્રિય નથી કે શત્રુ પણ નથી, પરંતુ મનુષ્યોની બુદ્ધિ તમારામાં વિષમ થાય છે, જેથી આપને અનુગ્રહકર્તા તથા નિગ્રહકર્તા માને છે, પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. હે વિશ્વાત્મન્ ! તમે અજન્મા અને અકર્તા છો, છતાં પરમાત્મારૂપ પશુઓમાં (વરાહ આદિરૂપે), મનુષ્યોમાં (રામ આદિરૂપે), ઋષિઓમાં (વામન આદિરૂપે) અને જળજંતુઓમાં મત્સ્ય (આદિરૂપે) જે જન્મકર્મ દેખાય છે, તે કેવળ આપની લીલા જ છે. તમે દહીંનું પાત્ર ભાંગી નાખી અપરાધ કર્યો, ત્યારે ગોપી યશોદાએ તમને બાંધવા માટે દોરડું લીધું. તે સમયે જેનાથી ભયને પણ બીક લાગે છે એવા તમે અશ્રુઓથી મિશ્ર અંજનવાળાં ભયભીત નેત્રોવાળું મુખ નીચું નમાવી (મને આ મારશે એમ) ભયના દેખાવે ઊભા હતા; તે તમારી દશા મને મોહ ઉપજાવે છે. કેટલાક કહે છે કે પવિત્ર કીર્તિવાળા પ્રિય યુધિષ્ઠિરની કીર્તિ માટે અથવા પવિત્ર કીર્તિવાળા પ્રિય યદુરાજાની કીર્તિ માટે અજન્મા ભગવાન જેમ મલયાચલની કીર્તિ માટે તેમાં ચંદન વૃક્ષ ઉત્પન્ન થાય છે તેમ યદુના વંશમાં જન્મ્યા છો. બીજા કહે છે કે વસુદેવની પત્ની દેવકી વિષે પૂર્વજન્મમાં પ્રાર્થના કરાયેલા અજન્મા તમે, આ જગતનું કલ્યાણ કરવા તથા રાક્ષસનો નાશ કરવા તેમના પુત્રરૂપે જન્મ્યા છો. વળી બીજાઓ કહે છે કે સમુદ્રમાં ઘણા ભારથી ડૂબવાની તૈયારી માં રહેલી નૌકાની પેઠે અસુરોના અત્યંત ભારથી પીડાતી પૃથ્વીનો ભાર ઉતારવા બ્રહ્માની પ્રાર્થનાથી તમે જન્મ્યા છો. જ્યારે કેટલાક કહે છે કે, અજ્ઞાન, વિયષભોગની ઈચ્છા અને કર્મો વડે આ સંસારમાં દુઃખી થતા છતાં તે અજ્ઞાન વગેરે દૂર કરવા માટે શ્રવણ તથા સ્મરણને યોગ્ય કર્મો કરવા સારુ તમે જન્મ્યા છો. જે મનુષ્યો તમારું ચરિત્ર વારંવાર સાંભળે છે, ગાય છે, શ્રોતાઓને કહી સંભળાવે છે, તેનું સ્મરણ કરે છે ને બીજાઓ વર્ણવે ત્યારે અભિનંદન આપે છે, તેઓ જ સંસારના પ્રવાહને શાંત કરનાર તમારા ચરણકમળનાં તુરત દર્શન કરે છે. હે ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરનાર પ્રભુ ! આપનાં અત્યંત સ્નેહપાત્ર, સુહૃદ અને આપની પાછળ જ જીવનારાં અમને આજ આપ શું તજવા ઈચ્છો છો ? અનેક રાજાઓનો અપરાધ જેઓએ કરેલો છે એવાં અમને આપના ચરણકમળ વિના બીજો આશ્રય નથી. જેમ ઈન્દ્રિયોનો નિયંતા જીવ જતો રહે છે, ત્યારે નામ કે રૂપ કંઈ રહેતું નથી તેમ જ જો આપનું દર્શન ન થાય તો અમે પાંડવો કે યાદવ નામથી અર્થાત્ ખ્યાતિ અને રૂપથી એટલે સમૃદ્ધિથી કોણ માત્ર છીએ અર્થાત્ અતિશય તુચ્છ છીએ. હે ગદાધારી ! વજ, અંકુશ આદિ પોતાનાં અસાધારણ ચિહ્નવાળા આપનાં ચરણોથી ચિહ્નવાળી થયેલી આ ભૂમિ હમણાં જેવી શોભે છે તેવી જ આપ જશો ત્યારે શોભશે નહિ. આપની કૃપાદૃષ્ટિથી જ આ દેશો સારી સમૃદ્ધિવાળા અને સારી રીતે પાકેલી ઔષધિઓ તથા લતાઓવાળા છે અને વનો, પહાડો, નદીઓ તથા સમુદ્રો પણ વૃદ્ધિ પામી રહ્યાં છે. હે સર્વના આત્મા ! હે સર્વમૂર્તિ ! પાંડવોમાં અને યદુવંશીઓમાં મારી બહુ મમતા બંધાઈ છે. સ્વજનો સાથેના મારા આ દૃઢ સ્નેહપાશને આપ કૃપા કરીને કાપી નાખો. હે શ્રીકૃષ્ણ ! જેમ ગંગા પોતાના જળનાં પૂરને સમુદ્રમાં વહેવડાવે છે, તેમ મારી બુદ્ધિ બીજા કોઈ પણ વિષયમાં ન જતાં નિરંતર આપને વિષે જ પ્રીતિ ધારણ કરો. હે શ્રીકૃષ્ણ ! હે અર્જુનના મિત્ર ! હે યાદવોમાં શ્રેષ્ઠ ! હે પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશોને બાળી નાખનાર ! હે

અખૂટ પ્રતાપશાળી! હે ગોવિંદ ! હે ગાય, બ્રાહ્મણો તથા દેવોનાં દુઃખ દૂર કરવા અવતાર લેનાર યોગેશ્વર ! હે સર્વના ગુરુ ! હે ભગવાન ! તમને નમસ્કાર હો.

**સૂત બોલ્યા :** કુંતીએ આવાં મધુર વાક્યથી જેમના સમગ્ર મહિમાની સ્તુતિ કરી હતી, એવા વૈકુંઠપતિ ભગવાન માયાથી જાણે મોહિત કરતા હોય તેમ મંદ મંદ હસવા લાગ્યા. પછી કુંતીની પ્રાર્થનાને 'બહુ સારું' એમ સ્વીકારી પાછા હસ્તિનાપુરમાં પ્રવેશ કરી, ત્યાં (કુંતી, સુભદ્રા વગેરે) સ્ત્રીઓની સંમતિ લઈ પોતાના નગર (દ્વારકા) તરફ જવા તૈયાર થયા, ત્યારે રાજા યુધિષ્ઠિરે તેમને પ્રેમથી રોકવા માંડયા. તે સમયે ઈશ્વરની ઈચ્છાને ન જાણનારા વ્યાસ વગેરેએ તથા અદ્‌ભુત કર્મોવાળા શ્રીકૃષ્ણ પોતે પણ ઈતિહાસો વગેરે કહીને ઘણું સમજાવ્યા; છતાં શોક પૂર્ણ થયેલા રાજા યુધિષ્ઠિર (યુદ્ધમાં થયેલા) મિત્રોના વધનો વિચાર કરતાં અવિવેકથી વ્યાપ્ત થયેલાં અંતઃકરણને લીધે સ્નેહ તથા મોહને વશ થયા. (તે શોક કરવા લાગ્યા :) 'અરેરે ! મારું દુરાત્માના હૃદયમાં જામેલું આ અજ્ઞાન તો જુઓ ! મેં કેવળ પારકા જ દેહ માટે અનેક અક્ષૌહિણી સેનાઓનો સંહાર કર્યો છે. અરેરે ! મેં બાળકો, બ્રાહ્મણો, સંબંધીઓ, મિત્રો, કાકાઓ, ભાઈઓ તથા ગુરુઓનો પણ નાશ કર્યો છે, તેથી કરોડ વર્ષે પણ મારો નરકમાંથી છુટકારો નહિ થાય. પ્રજાઓનું પોષણ કરનાર રાજાએ ધર્મયુધ્ધમાં શત્રુઓનો નાશ કરવો તે પાપ નથી (પણ ધર્મ છે), એવાં શિક્ષાવચનો મને વિવેક ઉપજાવવા સમર્થ નથી. વળી જેના સંબંધીઓનો મેં નાશ કર્યો છે, તેવી સ્ત્રીઓનો જે આ અપરાધ ઊભો થયો છે, તેને ગૃહસ્થાશ્રમ સંબંધી (યજ્ઞયાગાદિ) કર્મો વડે દૂર કરવા હું સમર્થ નથી, જેમ કાદવથી કાદવવાળું જળ સ્વચ્છ કરી શકાતું નથી અથવા થોડી મદિરાથી કરાયેલી અપવિત્રતા પુષ્કળ મદિરાથી દૂર થઈ શકે નહિ, તેમ કેવળ પ્રમાદથી થયેલી એક જ પ્રાણીની હિંસા પણ બુદ્ધિપૂર્વક કરેલા યજ્ઞોથી દૂર થવા યોગ્ય નથી. ૧-૫૨

यथा पङ्केन पङ्काम्भः सुरया वा सुराकृतम् । भूतहत्यां तथैवैकां न यज्ञैर्मार्ष्टुमर्हति ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## ભીષ્મે યુધિષ્ઠિરને આપેલો ધર્મોપદેશ, શ્રીકૃષ્ણસ્તુતિ અને ભીષ્મજીની મુક્તિ

॥ सूत उवाच ॥

इति भीतः प्रजद्रोहात् सर्वधर्मविवित्सया । ततो विनशनं प्रागाद्यत्र देवव्रतोऽपतत् ॥१॥

**સૂતે કહ્યું :** એ પ્રમાણે પ્રજાના દ્રોહથી ભય પામેલા રાજા યુધિષ્ઠિર સર્વે ધર્મો જાણવાની ઈચ્છાથી કુરુક્ષેત્રમાં ગયા કે જ્યાં ભીષ્મપિતામહ પડ્યા હતા. તે સમયે તેમના સર્વ ભાઈઓ સોનેરી સાજથી શોભતા અને ઉત્તમ ઘોડા જોડેલા રથમાં બેસી તેમની પાછળ ગયા અને વ્યાસ, ધૌમ્ય વગેરે બ્રાહ્મણો પણ ગયા. હે બ્રહ્મર્ષિ શૌનક ! ભગવાન પણ અર્જુનની સાથે રથમાં બેસી યુધિષ્ઠિર પાછળ કુરુક્ષેત્રમાં ગયા. તે વખતે રાજા યુધિષ્ઠિર યક્ષો સાથે જેમ કુબેર શોભે, તેમ તેમની સાથે શોભતા હતા. પિતામહ ભીષ્મ સ્વર્ગમાંથી પડેલા દેવની પેઠે કુરુક્ષેત્રની ભૂમિ પર પડયા હતા. તેમને જોઈ પરિવાર સહિત પાંડવાએ શ્રીકૃષ્ણની સાથે તેમને પ્રણામ કર્યા. હે ઋષિશ્રેષ્ઠ શોનક ! તે વખતે સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ તથા રાજાર્ષિઓ ભરતશ્રેષ્ઠ ભીષ્મનાં દર્શન કરવા ત્યાં આવ્યા; તેમ જ હે બ્રહ્મન્ ! પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, શિષ્યો સહિત પરશુરામ, વસિષ્ઠ, ઈન્દ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન, ગૌતમ,

અત્રિ, વિશ્વામિત્ર, સુદર્શન અને બીજા પણ શુકદેવ વગેરે પવિત્ર મુનિઓ તેમ જ કશ્યપ તથા બૃહસ્પતિ વગેરે પણ શિષ્ય સાથે ત્યાં આવ્યા. વસુઓમાં ઉત્તમ અને દેશકાળના વિભાગને જાણનારા ધર્મજ્ઞ ભીષ્મપિતામહે ત્યાં આવેલા તે મહાભાગોને ઓળખી તેમનો સત્કાર કર્યો. તેમ જ જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ કે જેમણે માયાથી મનુષ્યશરીર ગ્રહણ કર્યું હતું અને જે સમીપ બેઠેલા હોઈ હૃદયમાં પણ હતા, તેમનો પણ તેમના પ્રભાવને જાણનારા ભીમે સત્કાર કર્યો. પછી વિનય તથા પ્રેમથી યુકત અને પાસે બેઠેલા પાંડવોને સ્નેહનાં અશ્રુઓથી અંધ બનેલાં નેત્રો વડે જોઈને ભીષ્મે કહ્યું : 'હે ધર્મથી આનંદ પામનારા પાંડવો ! તમને બ્રાહ્મણો, ધર્મ તથા શ્રીકૃષ્ણનો આશ્રય છે, તેથી તમે દુઃખમાં દિવસ ગુજારવાને યોગ્ય નથી; છતાં આમ દુઃખથી જીવો એ ખેદજનક અને અન્યાયી છે. અતિરથી પાંડુ રાજા મરણ પામ્યા, ત્યારે બાલપુત્રોવાળાં કુંતીએ તમારે માટે વારંવાર ઘણાં દુઃખો સહન કર્યાં છે. હું માનું છું કે, તમારે જે અપ્રિય થયું તે સર્વ કાળે કરેલું છે; કારણ કે મેઘમંડળ જેમ વાયુને આધીન રહે છે, તેમ લોકપાલો સહિત સર્વ લોક કાળને આધીન છે. એમ ન હોય તો ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર જ્યાં ગદાધારી ભીમસેન, ધનુર્ધર અર્જુન, ગાંડીવ ધનુષ અને શ્રીકૃષ્ણ મિત્ર હોય ત્યાં પણ વિપત્તિ કેમ હોય ? હે રાજન્ ! આ શ્રીકૃષ્ણ જે કરવા ઈચ્છે છે, તેને કોઈ પુરુષ કદી જાણતો નથી. તેને જાણવા ઈચ્છતા વિદ્વાનો પણ મોહ પામે છે. માટે હે ભરતશ્રેષ્ઠ ! આ સુખદુઃખાદિ ઈશ્વરાધીન છે એવો નિશ્ચય કરી તે ઈશ્વરને જ અનુસરી અનાથ પ્રજાનું રક્ષણ કરો. આ શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ આદિપુરુષ નારાયણ છે. તે પોતાની માયા વડે લોકોને મોહ પમાડતા ગૂઢ રીતે યાદવોમાં વિચરે છે. હે રાજા ! આ શ્રીકૃષ્ણના અતિશય ગુહ્ય પ્રભાવને ભગવાન શંકર, દેવર્ષિ નારદ અને કપિલ ભગવાન જ યથાર્થ જાણે છે. જેમને તું મામાના પુત્ર, પ્રિય મિત્ર અને શ્રેષ્ઠ સંબંધી માને છે, તેમ જ જેમને તે વિશ્વાસથી મંત્રી, દૂત અને સારથિ કર્યા છે. તે આ ભગવાન સર્વના આત્મા, સમદૃષ્ટિવાળા, ભેદરહિત, અહંકારરહિત અને રાગાદિથી પણ રહિત છે તેથી તેમને ઉચ્ચ નીચ કર્મથી થતી બુદ્ધિની વિષમતા કદી છે જ નહિ.' તોપણ હે રાજા પોતાના અનન્ય ભકતો ઉપર તેમની દયા તું જો. આ સમયે જ્યારે હું પ્રાણ તજું છું, ત્યારે આ શ્રીકૃષ્ણ ભગવાને મને સાક્ષાત દર્શન દીધાં છે. યોગી જેમનામાં મનને ભકિત પ્રવેશાવી, વાણીથી જેમનું નામ લેતાં શરીર તજે તો સર્વ કામનાઓ તથા કર્મોથી મુકત થાય છે. પ્રસન્નહાસ્ય તથા લાલ નેત્રો વડે સુશોભિત મુખકમળવાળા, ધ્યાનના વિષય અને ચાર ભુજાઓવાળા, તે દેવોના દેવ ભગવાન જ્યાં સુધી હું આ શરીર તજું ત્યાં સુધી મારી પાસે જ ઊભા રહો.

**સૂત બોલ્યા :** તે સાંભળી યુધિષ્ઠિરે બાણશય્યા પર સુતેલા તે ભીષ્મને સર્વ ઋષિઓના સાંભળતાં વિવિધ ધર્મો પૂછ્યા. પછી હે મુનિ ! તત્ત્વવેત્તા ભીષ્મે પુરુષસ્વભાવથી કરાયેલા મનુષ્યજાતિના સામાન્ય ધર્મો, વર્ણોના ધર્મો, આશ્રમના ધર્મો, વૈરાગ્યરૂપ ઉપાધિવાળો વેદોકત નિવૃત્તિધર્મ, રાગરૂપ ઉપાધિવાળો વેદોકત પ્રવૃત્તિધર્મ, દાનધર્મ, રાજધર્મ, મોક્ષધર્મ, સ્ત્રીધર્મ તથા ભગવદ્ધર્મ એ સર્વ ધર્મો સંક્ષેપ અને વિસ્તારથી વર્ણવ્યા તેમ જ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારે ઉપાયોનું જાતજાતનાં - આખ્યાનો તથા ઈતિહાસો કહેતાં વિભાગપૂર્વક વર્ણન કર્યું. એ રીતે ભીષ્મ ધર્મો કહેતા હતા, તેવામાં સ્વેચ્છા-મૃત્યુવાળા યોગીને પ્રિય એવો ઉત્તરાયણનો સમય આવ્યો. એટલે સમીપ રહેલા હજારો રથીઓનું યુદ્ધમાં રક્ષણ કરનારા ભીષ્મે વાણી બંધ કરી, નેત્રો ખુલ્લાં રાખી, પીતાંબરથી શોભતા, ચાર ભુજાઓવાળા ને આગળ ઊભેલા આદિપુરુષ શ્રીકૃષ્ણ વિષે સંગરહિત થયેલા મનને ધારણ કર્યું. એ રીતની શુદ્ધ ધારણા વડે જેમનાં પાપો નાશ પામ્યાં હતાં, શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિથી જ જેમની શસ્ત્રપીડા તત્કાળ દૂર થઈ હતી અને જેમની

સર્વ ઈન્દ્રિયોની વૃત્તિઓ તે તે વિષયમાં ભમવાથી પાછી ફરી હતી, એવા તે ભીષ્મે શરીરનો ત્યાગ કરતાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરી.

**ભીષ્મ બોલ્યા :** જે યાદવોમાં શ્રેષ્ઠ છે, જેમનાથી બીજું કંઈ મોટું નથી, જે સ્વરૂપભૂત પરમાનંદને પામેલા છે અને કોઈ સમયે ક્રીડા કરવા સૃષ્ટિનો પ્રવાહ જેનાથી ફેલાય છે, એવી યોગમાયાનો જેમણે સ્વીકાર કર્યો છે, તે ભગવાનમાં હું મારી તૃષ્ણારહિત થયેલી બુદ્ધિને સ્થાપું છું. વળી જે ત્રણે જગતમાં કેવળ એક જ સુંદર તમાલ સમાન શ્યામ વર્ણવાળું પ્રાતઃ કાળના સૂર્યનાં કિરણોની પેઠે સ્વાભાવિક પ્રકાશતા વસ્ત્રોવાળું અને કેશના ગુચ્છાથી ઉપરના ભાગમાં ઢંકાયેલા મુખવાળું શરીર ધારણ કરે છે, તે અર્જુનના મિત્ર શ્રીકૃષ્ણ વિષે મારી નિષ્કામ પ્રીતિ થાઓ. યુદ્ધમાં ઊડેલી ઘોડાની ખરીઓની રજ વડે ભૂખરા થયેલા ને આમતેમ ઊડતા કેશથી જેના પરસેવાનાં બિંદુઓ લુછાતાં હતાં એવા સુશોભિત મુખને ધારણ કરતા હતા અને મારાં તીક્ષ્ણ બાણોથી જેમના શરીરની ચામડી તથા કવચ છિન્નભિન્ન થયાં હતાં, તે શ્રીકૃષ્ણ વિષે મારું મન લીન થાઓ. મિત્ર અર્જુનનું વચન સાંભળી તુરત જ પોતાનાં અને શત્રુઓનાં સૈન્યની વચ્ચે રથ ઊભો રાખી જે ઊભા હતા અને જેમણે પોતાની કાળદૃષ્ટિથી શત્રુયોદ્ધાઓનાં આયુષ્ય હર્યાં હતાં, તે અર્જુનના મિત્ર શ્રીકૃષ્ણ વિષે મારી પ્રીતિ થાઓ. દૂર ઊભેલી સેનાના મોખરે રહેલા અમને જોઈ અર્જુન દોષબુદ્ધિથી સ્વજનોનો વધ કરતો અટક્યો, ત્યારે જેમણે આત્મવિદ્યાનો ઉપદેશ કરી અર્જુનની કુમતિ દૂર કરી હતી તે પુરુષોત્તમના ચરણમાં મારી પ્રીતિ થાઓ. પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરી મારી પ્રતિજ્ઞાને અધિક સત્ય કરવા ભગવાન રથમાં બેઠા હતા ત્યાંથી એકદમ કૂદી પડી હાથમાં રથનું પૈડું લઈ સિંહ જેમ હાથીને મારવા ધસે, તેમ મારી સામે ધસ્યા હતા તે સમયે પૃથ્વી જેમનાથી ધ્રુજી ગઈ હતી અને જેમનું ઉત્તરીય વસ્ત્ર માર્ગમાં પડી ગયું હતું, તે ભગવાનને વિષે મારી ગતિ થાઓ, વળી ધનુષધારી મારાં તીક્ષ્ણ બાણોથી જે ઘાયલ થયા હતા, જેમનું બખતર છિન્નભિન્ન થયું હતું અને લોહીથી જે તરબોળ થયા હતા, એવા ભગવાન મારો વધ કરવા બળથી સામા આવ્યા હતા, તે મુકુન્દ ભગવાન મારી ગતિ થાઓ. અર્જુનનો રથ જેમને કુટુંબ જેવો (સેંકડો અકાર્યો કરીને પણ રક્ષણ કરવા યોગ્ય) હતો, જેમણે હાથમાં પરોણી લીધી હતી, ઘોડાઓની લગામ પકડી હતી અને જે સારથિકર્મની શોભાથી શોભતા હતા, તે ભગવાન વિષે આ વેળા મરવા ઈચ્છતા મારી પ્રીતિ થાઓ; કેમ કે યુદ્ધમાં સર્વ યોદ્ધાઓ તેમનાં દર્શન કરીને તેમના સમાન રૂપને પામ્યા છે. (એ મારી દિવ્ય દૃષ્ટિથી હું જોઉં છું.) સુંદર ગતિ, સુંદર વિલાસે, સુંદર હાસ્ય અને પ્રેમનાં દૃષ્ટિપાતો વડે ભગવાને પોતે જેમનું ઘણું માન કર્યું હતું અને તેથી ઉત્કટ મદ વડે આંધળી બનેલી, ભગવાનનાં ગોવર્ધનોદ્ધાર આદિ કર્મોનું અનુકરણ કરતી ગોપીઓ પણ જેમના સ્વરૂપને પામી છે, તે ભગવાન વિષે મારી પ્રીતિ થાઓ. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં મુનિગણ અને મહારાજાઓથી ભરપૂર સભામાં તે મુનિઓ તથા મહારાજાઓને પણ દર્શન કરવા યોગ્ય ભગવાન તેમની પૂજાને પામ્યા હતા. એ સર્વ જગતના આત્મા આ સમયે મારી દૃષ્ટિએ પ્રત્યક્ષ છે. મારાં અહોભાગ્ય ! ખરેખર, હું કૃતાર્થ થયો છું, કેમ કે પોતે સર્જેલાં પ્રાણીમાત્રના પ્રત્યેક હૃદયમાં જે બિરાજે છે અને જેમ સૂર્ય પોતે એક જ છે, છતાં પ્રાણીમાત્રની ભિન્નભિન્ન દૃષ્ટિએ અનેક હોય તેવો જણાય છે, તેમ ભગવાન પોતે એક જ છે છતાં અનેક સ્વરૂપે જણાય છે. તે આ અજન્મા ભગવાનને હું ભેદ તથા મોહનો ત્યાગ કરી સારી રીતે પામ્યો છું.

**સૂતે કહ્યું :** આ પ્રમાણે સર્વના આત્મારૂપ શ્રીકૃષ્ણ વિષે મન, વચન તથા દૃષ્ટિની વૃત્તિઓ સાથે આત્માને સ્થાપી એકસ્વરૂપ કરી, ભીષ્મ અંદરના ભાગમાં જ શ્વાસને લીન કરી દઈ ઉપરામ પામ્યા. તે સમયે ભીષ્મને નિરુપાધિ બ્રહ્મ વિષે ઐક્યભાવ પામેલા જાણી, જેમ સાયંકાળે સર્વ પક્ષીઓ ચૂપ થઈ જાય, તેમ ત્યાં બેઠેલા તેઓ સર્વે ચૂપ થઈ ગયા. તે વખતે ત્યાં દેવ તથા મનુષ્યોએ નગારાં વગાડ્યાં, સજ્જન રાજાઓ પ્રશંસા કરવા લાગ્યા; તેમ જ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. હે શૌનક ! સારી રીતે મુક્ત થયેલા એ ભીષ્મના દાહસંસ્કાર વગેરે મરણકૃત્યો રાજા યુધિષ્ઠિરે કરાવ્યાં અને કેટલાક સમય સુધી તેઓ શોકમાં ડૂબી ગયા. સર્વ મુનિઓ પ્રસન્ન થઈ વેદોકત રહસ્યમય નામ વડે શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા; પછી શ્રીકૃષ્ણમાં જ હૃદયવાળા તેઓ પોતપોતાના આશ્રમ તરફ ગયા. તે પછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સાથે હસ્તિનાપુરમાં જઈ ધૃતરાષ્ટ્ર તથા તપસ્વિની ગાંધારીને શાંત કર્યા અને ધૃતરાષ્ટ્રની સંમતિ તથા શ્રીકૃષ્ણના અનુમોદનથી રાજા યુધિષ્ઠિર પોતાના વંશપરંપરાગત રાજ્યનું ધર્મપૂર્વક શાસન કરવા લાગ્યા. ૧-૪૯

पित्रा चानुमतो राजा वासुदेवानुमोदितः । चकार राज्यं धर्मेण पितृपैतामहं विभुः ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## શ્રીકૃષ્ણનું દ્વારકાગમન

**॥ शौनक उवाच ॥**

हत्वा स्वरिक्थस्पृध आततायिनो । युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः ।
सहानुजैः प्रत्यवरुद्धभोजनः । कथं प्रवृत्तः किमकारषीत्ततः ॥१॥

**શૌનકે પૂછ્યું :** ધર્મપાલકોમાં શ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરે પોતાના ધનની ઈચ્છા કરનારા અથવા પોતાના ધન માટે યુદ્ધ કરનારા અને શસ્ત્રો લઈ સામા થયેલા દુર્યોધનવગેરેનો વધ કરી ભોગો મેળવ્યા હતા. પછી ભાઈઓ સાથે કેવી રીતે રાજ્ય કર્યું હતું અને શું કર્યું હતું ?

**સૂતે કહ્યું :** જગતના રક્ષક પરમેશ્વર શ્રીકૃષ્ણ વંશરૂપી વનમાં સળગેલા ક્રોધરૂપી દાવાનળથી બળી ગયેલા કુરુવંશને (પરીક્ષિતના રક્ષણ વડે) અંકુરિત કર્યો અને યુધિષ્ઠરને રાજ્ય ઉપર સ્થાપી તેઓ પ્રસન્ન મનવાળા થયા. પછી રાજા યુધિષ્ઠિરે ભીષ્મ તથા શ્રીકૃષ્ણનાં વચન સાંભળી થયેલા વિજ્ઞાન વડે મોહરહિત થયા અને શ્રીકૃષ્ણનો આશ્રય લઈ નાના ભાઈઓથી સેવાયેલા તે સમુદ્ર સુધીની પૃથ્વી પર ઈંદ્રની પેઠે રાજ્ય કરવા લાગ્યા. તેમના રાજ્યકાળમાં વરસાદ ઈચ્છાનુસાર વરસતો, પૃથ્વી સર્વ કામનાઓ પૂરતી અને મોટા આઉવાળી ગાયો હર્ષથી દૂધ વડે જનસમુદાયને તૃપ્તિ કરતી. નદીઓ, સમુદ્રો, પર્વતો, વનસ્પતિઓ, લતાઓ તથા સર્વે ઔષધિઓ પ્રત્યેક ઋતુમાં તેમને યથેચ્છ ફળ આપતી. યુધિષ્ઠિરરાજા હતા ત્યારે પ્રાણીઓમાં માનસિક પીડાઓ, રોગ, ટાઢ, તાપ વગેરે કલેશો કે દેવો તથા પ્રાણીઓથી ઉત્પન્ન થતાં દુઃખો કદી ન હતાં. ભગવાન કૃષ્ણ સંબંધીઓને શોકરહિત કરવા તથા બહેન સુભદ્રાને સારું લગાડવાની ઈચ્છાથી કેટલાક મહિના હસ્તિનાપુરમાં રહીને પછી યુધિષ્ઠિરની અનુજ્ઞા લઈ ભેટીને તેમ જ (શિષ્ટાચાર પ્રમાણે) તેમને પ્રણામ કરી, દ્વારકા જવા રથ પર ચઢ્યા. તે સમયે જે સરખી ઉંમરના હતા તે તેમને ભેટી પડ્યા અને નાના હતા તેમણે વંદન કર્યું. સુભદ્રા, કુંતી, વિરાટપુત્રી ઉત્તરા, ગાંધારી, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, કૃપાચાર્ય, નકુલ, સહદેવ, ભીમસેન, ધૌમ્ય તથા સત્યવતી વગેરે મોહને લીધે તે વેળા શ્રીકૃષ્ણના વિરહને સહન કરી

શક્યાં નહિ; કેમ કે સત્સંગને લીધે દુ:સંગ જેણે છોડ્યો હોય એવો વિદ્વાન મનુષ્ય સજ્જનોથી વર્ણવાતા ભગવાનના મનોહર યશને એકવાર પણ સાંભળી સત્સંગ છોડી શક્તો નથી, તો પછી જેમણે દર્શન, સ્પર્શ, ભાષણ, શયન, આસન તથા ભજન એ સર્વવ્યાપારોથી શ્રીકૃષ્ણ વિષે જ હૃદયને જોડી દીધું હતું તે પાંડવો ભગવાનનો વિરહ કેમ સહન કરી શકે. તેથી શ્રીકૃષ્ણની પાછળ જ જેનાં મન દોડયાં હતાં. અને સ્નેહથી જેઓ સારી રીતે બંધાયા હતા, એવા તેઓ સર્વ સ્થિર નેત્રોથી તેમને જોતા (તેમને ભેટ વગેરે લાવવા સારુ) જ્યાં ત્યાં જતા હતા. દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ ઘેરથી નીકળ્યા ત્યારે સંબંધીઓની સ્ત્રીઓ અત્યંત આસક્તિને લીધે (આંખમાંથી) ઝરતાં આંસુને 'અમંગળ ન થાય' એવાં કારણોથી રોક્તી હતી. પછી તે વખતે મૃદંગો, શંખ ભેરીઓ, વીણાઓ, ઢાલ, રણશિંગા, ઝાલર, ઢોલકીઓ, ઘંટડીઓ, નગારાં વાગ્યાં. કુરુદેશની સ્ત્રીઓ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાથી મહેલોની અટારીઓ ઉપર ચઢીને પ્રેમ તથા લજ્જા સહિત મંદ હાસ્ય વડે જોતી શ્રીકૃષ્ણ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગી. પ્રિયતમ શ્રીકૃષ્ણને પ્રિય એવા અને તે વખતે મોતીઓની માળાઓથી શોભતું અને રત્નના દાંડાવાળું ધોળું છત્ર તેમના પર ધર્યું અને ઉદ્ધવ તથા સાત્યકિ અતિ અદ્‌ભુત ચામરો ઢોળવા લાગ્યા. તે વેળા પુષ્પોથી વધાવાતા શ્રીકૃષ્ણ માર્ગમાં શોભવા લાગ્યા. ત્યાં બ્રાહ્મણોએ ઉચ્ચારેલા સત્ય આશીર્વાદ સંભળાવા લાગ્યા, તે બધા આશીર્વાદો ભગવાનના નિર્ગુણ સ્વરૂપને યોગ્ય નથી, છતાં સગુણ સ્વરૂપને યોગ્ય પણ છે. વળી તે વેળા ભગવાનમાં મનવાળી હસ્તિનાપુરની સ્ત્રીઓમાં સર્વેના કાન તથા મનને આકર્ષે તેવી પરસ્પર આવી વાત થવા લાગી. સત્ત્વાદિ ગુણોના ક્ષોભ પહેલાં સૃષ્ટિના ઉત્પત્તિસમયે તેમજ પ્રલયકાળે જીવને ઉપાધિરૂપ સત્ત્વાદિ ગુણોની શકિતઓ અને જગતના આત્મારૂપ જીવો ઈશ્વરમાં લય પામે છે, ત્યારે જે પુરાણપુરુષ પોતાના પ્રપંચરહિત શુદ્ધ નિર્વિશેષ સ્વરૂપમાં રહે છે, તે જ આ શ્રીકૃષ્ણ છે. બ્રહ્માદિ દ્વારા વેદશાસ્ત્રના કર્તા તે જ આ પરમાત્માએ નામરૂપરહિત એવા જીવાત્મા વિષે નામ રૂપ કરવા ઈચ્છીને પોતાની કાળશકિતની પ્રેરણા પામેલી, પોતાના અંશરૂપ જીવોને મોહ ઉપજાવનારી અને સૃષ્ટિરચનાને ઈચ્છતી પ્રકૃતિ માયાનો ફરી આશ્રય કર્યો હતો. જેમના સ્વરૂપનો અથવા ચરણનો ઇંદ્રિયો તથા પ્રાણવાયુને જીતનારા યોગીઓ જ ભકિતથી શુદ્ધ થયેલી બુદ્ધિ વડે સાક્ષાત્કાર કરે છે, તે જ આ શ્રીકૃષ્ણ બુદ્ધિને શુદ્ધ કરવા યોગ્ય છે. હે સખિ ! વેદોમાં તથા વેદના રહસ્યરૂપ વસ્તુને કહેનારા વિદ્વાનોએ જેમની શ્રેષ્ઠ કથાઓ ગાઈ છે, અને જે એક જ પોતાની લીલા વડે આ જગતને સર્જે છે, રક્ષે છે અને સંહારે છે છતાં તેમાં આસકત થતા નથી તે જ પરમેશ્વર આ શ્રીકૃષ્ણ છે. જ્યારે રાજાઓ તમોગુણી બુદ્ધિવાળા થઈ કેવળ અધર્મથી જીવે છે, ત્યારે આ ભગવાન જગતનું રક્ષણ કરવા યુગે યુગે શુદ્ધસત્વગુણવાળાં સ્વરૂપો ધારણ કરે છે. ઐશ્વર્ય, સત્ય, યથાર્થ ઉપદેશ, ભક્ત ઉપર દયા તથા અદ્‌ભુત કર્મો પ્રકટ કરે છે. અહો ! આ યદુવંશ અને મધુવન ઘણાં જ પ્રશંસાપાત્ર અને અત્યંત પવિત્ર છે કે જેમને લક્ષ્મીપતિ આ પુરુષોત્તમે જન્મ ધારણ કરીને તથા વિહાર કરીને પવિત્ર કર્યો છે. અહો ! અતિ આશ્ચર્ય છે કે, દ્વારકા સ્વર્ગના યશનો તિરસ્કાર કરે છે અને ભૂમિના પવિત્ર યશને વિસ્તારે છે; કારણ કે દ્વારકાની પ્રજા નિત્ય પોતાના પતિ ભગવાનને પોતાના ઉપર મંદહાસ્યયુકત કૃપાદષ્ટિથી નીરખતા નિહાળે છે. સખિ ! જે સ્ત્રીઓએ આ શ્રીકૃષ્ણનું પાણિગ્રહણ કર્યું છે, તેમણે જન્માંતરમાં વ્રત, સ્નાન તથા હોમ વગેરેથી આ પરમેશ્વરની અવશ્ય પૂજા કરી હશે, કારણ કે તેઓ આ ભગવાનના અધરામૃતનું વારંવાર પાન કરે છે કે જેમાં મનવાળી વ્રજની સ્ત્રીઓ વારંવાર આનંદથી મૂર્ચ્છિત થઈ જતી હતી. સ્વયંવરમાં

શિશુપાલ વગેરે મહાબળવાન રાજાઓનો પરાજય કરી, પોતાના પ્રભાવરૂપી મૂલ્યથી હરી આણેલી પ્રદ્યુમ્ન, સાંબ તથા આંબની માતા રુકિમણી, જાંબવતી તથા નાગ્નજિતી તેમ જ ભૌમાસુરનો વધ કરી હરેલી જે હજારો સ્ત્રીઓ છે, તેનો સ્વાતંત્ર્ય અને પવિત્રતા વિનાના સ્ત્રીપણાને પણ કૃતાર્થ કરે છે કારણ કે તેમના પતિ આ કમળનયન શ્રીકૃષ્ણ તેમના ઘરમાંથી કદી બહાર જતા નથી અને પ્રિય ભાષણોથી અથવા નિત્ય નવીન પ્રિય વસ્તુઓ લાવી આપીને તેમના હૃદયને આનંદ આપ્યા કરે છે.

હસ્તિનાપુરની સ્ત્રીઓ આ પ્રમાણે વાતચીત કરી રહી હતી તે વખતે મંદ હાસ્ય અને પ્રેમપૂર્ણ દૃષ્ટિથી તેમને અભિનંદન આપતા ભગવાન ત્યાંથી વિદાય થઈ રહ્યા હતા. તે સમયે અજાતશત્રુ યુધિષ્ઠિરે શત્રુથી શંકિત થઈ શ્રીકૃષ્ણનું રક્ષણ કરવા સ્નેહથી ચતુરંગિણી સેનાને સાથે મોકલી. પછી શ્રીકૃષ્ણે વિરહ વડે આતુર, દૂર સુધી આવેલા અને અત્યંત સ્નેહાળ કુરુવંશી પાંડવોને પાછા વાળી, પ્રિય ઉદ્ધવ વગેરેની સાથે પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં કુરુ, જાંગલ, પાંચાલ, શૂરસેન, યમુનાના તીર પર આવેલા દેશો, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, મત્સ્ય, સારસ્વત, નિર્જળ મરુદેશ, અલ્પ જળવાળા ધત્વદેશ, સૌવીર દેશ તથા આભીર દેશને ઓળંગ્યા અને બીજા પણ કેટલાક દેશો ઓળંગી દ્વારકાની સમીપ આવેલા આનર્ત દેશમાં તે પહોચ્યા. હે શૌનક ! તે સમયે ભગવાનના ઘોડાઓ જરા થાક્યા હતા. માર્ગમાં સ્થળે સ્થળે લોકોએ જેમને ભેટો ધરી હતી, એવા શ્રીકૃષ્ણ ભગવાન સાયંકાળે પશ્ચિમ દિશામાં આવી પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્ત પામ્યો હતો. ૧-૩૬

तत्र तत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः । सायं भेजे दिशं पश्चाद् गविष्ठो गां गतस्तदा ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## દ્વારકામાં શ્રીકૃષ્ણનો પ્રવેશ અને ત્યાં આનંદ

॥ सूत उवाच ॥

आनर्तान्स उपव्रज्य स्वृद्धाञ्जनपदान्स्वकान् । दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥१॥

**સૂત બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણ અતિશય સમુદ્ધિવાળા પોતાના આનર્ત દેશમાં આવી ત્યાંના લોકોના ખેદને જાણે શાંત કરતા હોય, તેમ પોતાનો શ્રેષ્ઠ પાંચજન્ય શંખ વગાડ્યો. ઉજ્જવળ મધ્ય ભાગવાળો તે શંખ શ્રીકૃષ્ણના અધરોષ્ઠની રતાશથી લાલ બન્યો અને તેમના હસ્તકમળમાં, મોટેથી વગાડ્યો ત્યારે રાતાં કમળોના વનમાં ઊંચેથી શબ્દ કરતા રાજહંસની પેઠે ઘણો જ શોભતો હતો. ભગવાનના એ શંખનો ધ્વનિ સંસારના ભયને ભયભીત કરનારો છે. તેને સાંભળીને સર્વ પ્રજાઓ પોતાના સ્વામીનાં દર્શનની લાલસાવાળી થઈ તેમની સામે આવી. ભગવાન શ્રીકૃષ્ણ તે આત્મારામ અને પરમાનંદમય સ્વરૂપલાભથી નિત્ય પૂર્ણકામનાવાળા હતા; છતાં પ્રજાઓ તેમનામાં આદરવાળી હોઈ સૂર્યને જેમ દીપક અર્પણ કરે, તેમ તેમને ભેટો આપવા લાગી અને બાળક જેમ પિતાને કહે તેમ પ્રીતિથી પ્રફુલ્લ મુખવાળી તે પ્રજાઓ હર્ષથી ગળગળી વાણી વડે સર્વના સંબંધી તથા રક્ષક શ્રીભગવાનને કહેવા લાગી : 'હે નાથ ! શરણરૂપ આપના ચરણકમળને અમે સદા નમીએ છીએ; બ્રહ્મા, શંકર તથા ઈંદ્રથી પણ વંદન પામતા અને આ સંસારમાં પરમ કલ્યાણ ઈચ્છનારાં પ્રાણીઓને પરમ શરણરૂપ આપનાં ચરણકમળને અમે સદા નમીએ છીએ, કે

જેનું શરણ લેનાર પર કાળ પણ પોતાનું સામર્થ્ય ચલાવી શકતા નથી. હે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરનારા ભગવન્ ! આપ અમારું કલ્યાણ કરનારા થાઓ. આપ જ અમારાં માતા-પિતા, સંબંધી પાલક, સદ્‌ગુરુ તથા પરમદેવ છો. આપની સેવાથી અમે કૃતાર્થ થયા છીએ. અહો ! આપને લીધે અમે સનાથ છીએ; કેમ કે જેનું દર્શન દેવોને પણ અત્યંત દુર્લભ છે અને જેનું મુખ પ્રેમાળ, મંદહાસ્ય તથા મધુર દૃષ્ટિથી યુક્ત છે, એવા આપના સર્વાંગસુંદર સ્વરૂપનું અમે દર્શન કરીએ છીએ. હે કમળનયન શ્રીકૃષ્ણ ! આપ સંબંધીઓને મળવાની ઇચ્છાથી જ્યારે હસ્તિનાપુર અને મથુરા ગયા, ત્યારે જેમ સૂર્ય વિના બંને નેત્રને ક્ષણ પણ કરોડો વર્ષ જેવડી થાય, તેમ અમારી ક્ષણે પણ કરોડો વર્ષો જેવડી થઈ હતી.

ભકતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ પ્રજાઓએ કહેલાં એ વચનો સાંભળતા અને દ્રષ્ટિ વડે તેમના પર અનુગ્રહ કરતા નગરીમાં દાખલ થયા. એ નગરી (પાતાલની) ભોગવતી નગરી જેમ નાગો વડે રક્ષાયેલી છે, તેમ પોતાના જેવા બળવાન, મધુ, ભોજ, દશાર્હ, અર્હ, કુકુર, અંધક તથા યદુવંશી પુરુષોથી રક્ષાયેલી હતી; તેમ જ સર્વ ઋતુમાં પુષ્પાદિની સંપત્તિવાળાં પવિત્ર વૃક્ષો તથા લતામંડપોવાળા-બગીચાઓ, ઉપવનો તથા આરામસ્થળોની વચ્ચે આવેલાં સરોવરો વડે શોભતી હતી. તેના દરવાજાઓ ઉપર, મકાનો પર તથા માર્ગોમાં ઉત્સવનાં તોરણો બાંધ્યાં હતાં અને રંગબેરંગી ધજાઓ તથા પતાકાઓના છેડાઓ વડે ત્યાં અંદરના ભાગમાં સૂર્યનો તાપ રોકાયો હતો (જેથી છાંયો જ રહેતો). એના રાજમાર્ગો, શેરીઓ, બજારો તથા ચૌટા વાળીઝૂડી સાફ કરેલાં હતાં અને ત્યાં સુગંધી જળ વડે છંટકાવ કર્યો હતો. તેમ જ ફળ, ફૂલ, અક્ષત તથા અંકુરો વેર્યા હતાં. વળી મકાનોને બારણે બારણે દહીં, અક્ષત, ફળો તથા શેરડીઓ અને પૂર્ણ કળશો, ઉપહારની વસ્તુઓ, ધૂપ તથા દીવાઓથી તે નગરી શણગારેલી હતી. અત્યંત પ્રિય શ્રીકૃષ્ણને આવેલા સાંભળી ઉદાર મનવાળા વસુદેવ, અક્રૂર, ઉગ્રસેન, અદ્‌ભુત પરાક્રમવાળા બળરામ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ તથા જાંબવતીના પુત્ર સાંબ એ સર્વ અત્યંત હર્ષના વેગથી શયન, આસન તથા ભોજનનો ત્યાગ કરી, મંગળ માટે મોટા હાથીઓને આગળ કરી, હાથમાં પુષ્પાદિ મંગળોવાળા બ્રાહ્મણોને સાથે લઈ રથમાં બેસી, શંખ તથા વાજીંત્રોના શબ્દથી અને મંત્રપાઠોથી આદર આપતા શ્રીકૃષ્ણના સામે ગયા. તેઓ સ્નેહને લીધે અત્યંત આવેશમાં આવી ગયા હતા. વળી શ્રીકૃષ્ણના દર્શનની ઉત્કંઠાવાળી સેંકડો વારાંગનાઓ વાહનોમાં બેસી તેમની સામે ગઈ. એ વારાંગનાઓના મુખની શોભા ઝળકતાં કુંડળોમાંથી શોભતા ગાલવાળી હતી. વળી તે વેળા નટો, નર્તકો, ગંધર્વો, સૂતો, માગધો અને બંદીઓ ભગવાનનાં અદ્‌ભુત ચરિત્રો ગાતા હતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ ત્યાં પોતાની સામે આવેલા બંધુઓ તથા નગરવાસીઓને યથોચિત મળી સર્વનું સન્માન કર્યું. તે પ્રભુએ કોઈને મસ્તક નમાવી, કોઈને વચનથી નમસ્કાર કરી, કોઈને ભેટી, કોઈના હાથનો સ્પર્શ કરી, કોઈને મંદ હાસ્યથી. કોઈને સન્મુખ જોવાથી, કોઈને અભયદાન આપીને અને કોઈને ઈચ્છિત વરદાન આપીને ચાંડાળ સુધીના સૌ કોઈ લોકોનું સન્માન કર્યું. તે વખતે તેમને પોતાને પણ ગુરુજનો, બ્રાહ્મણો, સ્ત્રીઓ સહિત વૃદ્ધ પુરુષો અને બીજા બંદીજનોએ આશીર્વાદ આપ્યા. પછી તેમણે નગરમાં પ્રવેશ કર્યો. હે શૌનક ! શ્રીકૃષ્ણ રાજમાર્ગમાં ગયા, ત્યારે તેમનાં દર્શનથી જેમને મહોત્સવ હતો, એવી દ્વારકાની કુળવાન સ્ત્રીઓ (તેમને જોવાને) હવેલીઓ પર ચડી ગઈ. દ્વારકામાં વસનારા એ લોકો જોકે શ્રીકૃષ્ણનાં નિત્ય દર્શન કરતા હતા, તો પણ તેમની દૃષ્ટિ તૃપ્ત જ થતી ન હતી; કેમ કે ભગવાનનું અંગ શોભાનું સ્થાન છે, વક્ષઃસ્થળ લક્ષ્મીનું રહેઠાણ છે, મુખ સર્વ પ્રાણીઓની દૃષ્ટિઓને સૌંદર્યરૂપી અમૃત

પીવાનું પાત્ર છે. તેમના બાહુઓ લોકપાલનું અને તેમનું ચરણકમળ ભકતોનું રહેઠાણ છે. શ્રીકૃષ્ણ ભગવાન રાજમાર્ગમાં જતા હતા, ત્યારે ધોળા છત્ર તથા ચામરોથી શોભતા હતા; ચોતરફથી તેમના પર પુષ્પવૃષ્ટિ થતી હતી. પીળાં વસ્ત્રો તેમણે પહેર્યા હતાં. અને વનમાળા ધારણ કરી હતી, તેથી સૂર્ય, નક્ષત્ર, ચંદ્ર, મેઘધનુષ્ય તથા વીજળીઓવાળો મેઘ જેવો શોભે તેવા તે શોભતા હતા. પછી શ્રીકૃષ્ણ પોતાના માતા-પિતાના ઘરમાં પ્રવેશ કર્યો, એટલે તેમની માતાઓ તેમને ભેટી પડી. તેમણે પોતે પણ દેવકી વગેરે સાતે-માતાઓને હર્ષથી મસ્તક નમાવી વંદન કર્યું. તે વેળા સ્નેહને લીધે સ્તનમાંથી દૂધ ઝરતી એ માતા પુત્ર શ્રીકૃષ્ણને ખોળામાં બેસાડી હર્ષથી વિહ્વળ મનવાળી થઈ અને નેત્રમાં હર્ષાશ્રુઓથી તેમને સીંચવા લાગી. પછી ભગવાને સમસ્ત ભોગસામગ્રીઓથી ભરપૂર અને સર્વથી ઉત્તમ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, કે જ્યાં તેમની પત્નીઓના સોળ હજાર એકસો ને આઠ મહેલો હતા. પરદેશમાંથી ઘેર આવેલા પતિને જોઈ પત્નીનાં મન અત્યંત ઉત્સાહથી ભરાઈ ગયાં. તેઓ બેઠી હતી ત્યાંથી, સૂતી હતી ત્યાંથી, વ્રત-નિયમમાં લાગી હતી ત્યાંથી ઊભી થઈ ગઈ અને લજ્જાયુક્ત મુખ તથા નેત્રોથી ભગવાનની પાસે ઊભી રહી. હે શૌનક ! તે સ્ત્રીઓમાં ભગવાન પ્રત્યે બહુ ઊંડો ભાવ હતો. આવેલા પતિને (દર્શન પહેલાં) હૃદયમાં બુદ્ધિથી ભેટી, પછી દર્શન વખતે દૃષ્ટિઓથી ભેટી અને પછી પતિ સમક્ષ આવ્યા ત્યારે પુત્રોને આલિંગન કરાવવાને બહાને પોતે ભેટી પડી. તે વખતે સ્ત્રીઓએ બન્ને નેત્રોનાં હર્ષનાં આંસુ રોકયાં હતાં, છતાં આનંદને વશ થવાથી લગાર ઝરી પડયાં અને તેથી ધૈર્ય છૂટી જવાને લીધે તે શરમાતી હતી. જોકે ભગવાન શ્રીકૃષ્ણ તેની સમીપ જ હતા અને તેમાં પણ એકાંત પ્રદેશમાં જ હતા; છતાં તેને તેમનું ચરણયુગલ નવું નવું જ જણાતું હતું, કેમ કે એવી તે કઈ સ્ત્રી હોય, કે જે ભગવાનના ચરણદર્શનથી વિરામ પામે ? લક્ષ્મીદેવી સ્વભાવે ચંચળ છે, છતાં ભગવાનનાં ચરણયુગલને કદી છોડતી નથી. જેમ વાયુ વાંસને પરસ્પર ઘસાવી અગ્નિ ઉત્પન્ન કરી માંહે માંહે બાળી નાખી પોતે શાંત થાય છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતે આયુધરહિત જ રહ્યા હતા; છતાં અનેક અક્ષૌહિણી સેનાઓથી ચોતરફ ફેલાયેલા પ્રતાપવાળા અને પૃથ્વી પર ભારરૂપ જન્મવાળા રાજાઓમાં માંહોમાંહે વેર અને વધ કરાવી, પોતે શાંતિ પામ્યા હતા. એ ભગવાન પોતાની માયા વડે મનુષ્યલોકમાં અવતર્યા હતા અને પ્રાકૃત મનુષ્યની પેઠે ઉત્તમ સ્ત્રીઓના સમૂહમાં રહી ક્રીડા કરતા હતા. શ્રી મહાદેવે પણ પોતાનું પિનાક ધનુષ્ય છોડ્યું હતું. જે સ્ત્રીઓના મુક્ત હાવભાવને સૂચવતાં નિર્મળ અને મધુર હાસ્યથી તથા લજ્જાયુકત દૃષ્ટિપાતોથી ઘવાઈને વિશ્વવિજયી કામદેવે પણ ધનુષ છોડી દીધું હતું, તે શ્રેષ્ઠ પ્રમદાઓ પોતાના કામવિલાસો દ્વારા એ ભગવાનમાં જરા પણ ક્ષોભ ઉત્પન્ન કરી શકી નહીં. તે અસંગ ભગવાન શ્રીકૃષ્ણને સંસારના લોકો પિતાના જેવા આસક્ત મનુષ્ય સમજે છે; કારણ કે તેઓ પરમાત્માની પ્રભુતા શકિતને જાણતા નથી હોતા. ઈશ્વરનું ઈશ્વરત્વ આ જ છે કે પોતે માયામાં સ્થિતિ કરે છે; છતાં માયાના ગુણ વડે બંધાય નહિ અને એવી જ રીતે એ ભગવાનને આશ્રયે રહેલી બુદ્ધિ પણ માયાના ગુણોથી લેપાતી નથી. વળી જેમ અહંકારની વૃત્તિઓ ઈશ્વર - ક્ષેત્રજ્ઞને પોતાના જેવા જ ધર્મવાળો માને છે તેમ શ્રીકૃષ્ણ ભગવાનની પત્નીએ પણ પતિ (ભગવાન)ના મહિમાને ન જાણતી અને મૂઢ હોઈ. ભગવાનને સ્ત્રીવશ અને એકાંતમાં પોતાને અનુસરનારા માનતી હતી.૧-૩૯

तं मेनिरेऽबला मूढाः स्त्रैणं चानुव्रतं रहः । अप्रमाणविदो भर्तुरीश्वरं मतयो यथा ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

# અધ્યાય-૧૨
## પરીક્ષિતનો જન્મ અને બ્રાહ્મણો દ્વારા ભવિષ્યકથન

॥ शौनक उवाच ॥

अश्वत्थाम्नोपसृष्टेन ब्रह्मशीर्ष्णोरुतेजसा । उत्तराया हतो गर्भ ईशेनाऽऽजीवितः पुनः ॥१॥

**શૌનકે પૂછ્યું :** હે સૂત ! ઉત્તરાનો ગર્ભ અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રના મહાન તેજથી નાશ પામ્યો હતો, પણ શ્રીકૃષ્ણ ભગવાને ફરી તેને જિવાડ્યો હતો. મહાબુદ્ધિમાન મહાત્મા તે પરીક્ષિતનો જન્મ તથા કર્મ તમે કહો. શુકદેવજીએ જેને જ્ઞાન આપ્યું હતું, એવો તે રાજા કેવી રીતે મરણ પામ્યો અને મરણ પામી કઈ ગતિએ ગયો તે સાંભળવા હું ઈચ્છું છું માટે તે કહેવાને તમે યોગ્ય માનતા હો, તો અમને શ્રદ્ધાળુઓને કહે.

**સૂત બોલ્યા :** શ્રીકૃષ્ણના ચરણની સેવાથી સર્વ કામનાઓથી નિસ્પૃહ થયેલા ધર્મરાજા યુધિષ્ઠિર પિતાની પેઠે પ્રજાઓને રાજી કરતા પાળતા હતા. હે બ્રાહ્મણો ! દેવતાઓને લલચાવનારી સંપત્તિઓ, યજ્ઞો, યજ્ઞોથી મળનારા સ્વર્ગાદિ લોકો, રાણી દ્રૌપદી, ભાઈઓ, પૃથ્વી, જંબૂદ્વીપનું આધિપત્ય તથા છેક સ્વર્ગ સુધી પહોંચેલો યશ- ઈત્યાદિ તેમની પાસે એટલી બધી ઉત્તમ ભોગસામગ્રી હતી કે દેવતાઓને પણ તેની સ્પૃહા થાય, પણ ભૂખ્યા માણસને અન્ન સિવાય બીજી એકે વસ્તુ ગમતી નથી, તેમ શ્રીકૃષ્ણમાં મન લાગવાથી યુધિષ્ઠિરને જે આનંદ થતો હતો, તે આ ભોગસામગ્રીથી થતો ન હતો. હે શૌનક, ઉત્તરાના ગર્ભમાં રહેલો તે વીર બાળક પરીક્ષિત જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી બળવા લાગ્યો, તે વખતે એણે એક અંગૂઠા જેવડો નિર્મળ જ્યોતિર્મય પુરુષ જોયો. એના મસ્તક ઉપર સોનાનો મુકુટ ઝળહળી રહ્યો છે, શ્યામસુંદર સ્વરૂપ છે, વીજળી જેવાં વસ્ત્રો છે, સુંદર લાંબા ચાર હાથ છે, કાનોમાં તપાવેલા સુવર્ણ જેવાં દેદીપ્યમાન કુંડળ છે. આ નિર્વિકાર પુરુષે હાથમાં અગ્નિ સમાન ગદા લીધેલી છે અને તેને સર્વ દિશામાં ઘુમાવતા તેઓ પોતાની (પરીક્ષિતની) આજુબાજુ ફરી રહ્યા છે. જેમ સૂર્ય હિમનો નાશ કરે તેમ પોતાની ગદા વડે અસ્ત્રના તેજનો તે નાશ કરતા હતા. એ પુરુષને જોઈ પરીક્ષિતે 'આ કોણ હશે' એ તર્ક કર્યો, પણ ધર્મનું રક્ષણ કરનારા અને તર્કથી જાણવા અશક્ય તે સમર્થ ભગવાન શ્રીહરિ અસ્ત્રના તેજનો નાશ કરી, ત્યાં (ઉત્તરાના ઉદરમાં જ) દસ મહિનાના પરીક્ષિતના દેખતાં અદશ્ય થયા. પછી અનુકૂળ શુભ ગ્રહોનો જેમાં ઉદય થયે હતો, એવા સર્વ ગુણોની અધિક્તાવાળા લગ્નમાં, સામર્થ્ય વડે ફરી પાંડુરાજા જન્મ્યો હોય તેમ, પાંડુના વંશને ધારણ કરનારા પરીક્ષિતનો જન્મ થયો. રાજા યુધિષ્ઠિરે મનમાં પ્રસન્ન થઈ ધૌમ્ય, કૃપાચાર્ય આદિ બ્રાહ્મણો દ્વારા પુણ્યાહવાચન કરાવી તેના જાતકર્મ સંસ્કાર કરાવ્યા; અને દાનકાળને જાણનારા તે રાજાએ પુત્રજન્મના એ પુણ્યકાળના સમયે બ્રાહ્મણોને સુવર્ણ, ગાય, પૃથ્વી, ગામો, શ્રેષ્ઠ હાથીઓ, ઘોડાઓ અને ઉત્તમ અન્નનાં દાન આપ્યાં. એટલે પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ વિનયી રાજા યુધિષ્ઠિરને કહ્યું : હે કુરુવંશમાં શ્રેષ્ઠ રાજન્ ! કુરુવંશીઓનો શુદ્ધ પ્રજાતંતુ, અટકાવવાને અશક્ય એવા દેવને લીધે નાશ પામતો હતો, ત્યારે પ્રભાવશાળી શ્રીવિષ્ણુ ભગવાને તમારા પર કૃપા કરવા આ બાળક તમને આપ્યો છે તેથી મોટી કીર્તિવાળો આ બાળક 'विष्णुरात' નામથી લોકમાં પ્રસિદ્ધ અને મહાન ભગવદ્ભક્ત થશે, એમાં સંદેહ નથી.''

**યુધિષ્ઠિરે પૂછ્યું :** હે ઉત્તમ બ્રાહ્મણો ! આ બાળક શું પોતાના વંશના પવિત્ર કીર્તિવાળા મહાત્મા રાજર્ષિઓના જેવી સત્કીર્તિવાળો થશે ?

**બ્રાહ્મણો બોલ્યા :** હે યુધિષ્ઠિર ! આ બાળક મનુના પુત્ર સાક્ષાત્ ઈક્ષ્વાકુની પેઠે પ્રજાનું રક્ષણ કરનાર, બ્રાહ્મણોનું હિત કરનાર અને દશરથપુત્ર શ્રીરામચંદ્રની પેઠે સત્ય પ્રતિજ્ઞાવાળો થશે. વળી આ ઉશીનર દેશના રાજા શિબિ જેવો દાતા અને શરણે આવેલાનું રક્ષણ કરનાર થશે અને દુષ્યંતના પુત્ર ભરતની પેઠે જ્ઞાતિઓ તથા યજ્ઞ કરનારાઓના યશને ફેલાવશે તેમ જ આ અર્જુન તથા કાર્તવીર્ય જેવો ધનુર્ધારીઓમાં અગ્રેસર, અગ્નિ જેવો અસહ્ય, સમુદ્ર જેવો દુસ્તર, સિંહ જેવો પરાક્રમી, હિમાલયની પેઠે સેવવા યોગ્ય, પૃથ્વી જેવો ક્ષમાવાન અને માતાપિતાની પેઠે સહનશીલ થશે. વળી સમભાવમાં બ્રહ્મદેવ સરખો, કૃપા કરવામાં શંકર સમાન અને લક્ષ્મીપતિ વિષ્ણુદેવની પેઠે પ્રાણીમાત્રને આશ્રયરૂપ થશે. આ પુત્ર સર્વ સદ્ગુણોના માહાત્મ્યથી શ્રીકૃષ્ણને અનુસરશે અને રંતિદેવ જેવો ઉદાર તથા યયાતિ જેવો ધાર્મિક થશે. ધીરજમાં બલિરાજા જેવો, પ્રહલાદની પેઠે શ્રીકૃષ્ણનો મહાન ભક્ત, અશ્વમેધ યજ્ઞો કરનાર અને વૃદ્ધોનો સેવક થશે. વળી જનમેજય જેવા રાજર્ષિઓને આ ઉત્પન્ન કરશે, અવળે માર્ગે જનારાઓને શિક્ષા કરશે અને પૃથ્વી તથા ધર્મ માટે કલિયુગને પણ શિક્ષા કરશે. વળી બ્રાહ્મણના પુત્રે મોકલેલા તક્ષક નાગથી જ્યારે તે પોતાનું મૃત્યુ જાણશે, ત્યારે સર્વ સંગનો ત્યાગ કરી શ્રીહરિના ચરણનું ભજન કરશે. હે રાજા! વ્યાસપુત્ર શુકદેવજી પાસેથી આત્માનું યથાર્થ સ્વરૂપ જાણી, ગંગાતટે શરીર છોડી સર્વ પ્રકારે નિર્ભય એવું પરમ પદ અવશ્ય પામશે. એમ યુધિષ્ઠિરને કહી જ્યોતિષશાસ્ત્રમાં કુશળ સર્વ બ્રાહ્મણ યુધિષ્ઠિરનો સત્કાર પામી પોતાને ઘેર ગયા. એ સમર્થ રાજા ગર્ભમાં જોયેલા પુરુષનું ધ્યાન કરતો. ‘જગતના સર્વ પુરુષોમાં તે આ પુરુષ હશે કે નહિ ? એમ પરીક્ષા કર્યા કરતો હતો, તેથી ‘परीक्षित’ એ નામથી લોકમાં પ્રખ્યાત થયો. હમેશાં રાજપુત્ર પરીક્ષિત શુક્લપક્ષમાં પંદર કળાઓથી પ્રતિદિન પૂર્ણ થતો ચંદ્રમા જેમ વૃદ્ધિ પામે, તેમ યુધિષ્ઠિર વગેરે પિતાઓ દ્વારા ચોસઠ કળાઓથી હમેશાં પૂર્ણ કરાતો સત્વર વધવા લાગ્યો. એક સમયે જ્ઞાતિદ્રોહથી લાગેલા પાપનો ત્યાગ કરવાની ઈચ્છાથી યુધિષ્ઠિર રાજાને અશ્વમેધ યજ્ઞ કરવાની ઈચ્છા થઈ પણ કર કે દંડ વિના બીજાં ધન મળે તેમ ન હોવાથી તેઓ વિચારમાં પડ્યા. તેમનો અભિપ્રાય જાણી શ્રીકૃષ્ણે તેમના ભાઈઓને પ્રેરણા કરી; એટલે તેઓએ ઉત્તર દિશામાં મરુત રાજાએ યજ્ઞમાં તજેલું, સુવર્ણનાં પાત્રો વગેરે જે પુષ્કળ ધન હતું તે લાવી આપ્યું. તે ધન વડે સર્વ સામગ્રી એકઠી કરી જ્ઞાતિદ્રોહથી ભય પામેલા ધર્મપુત્ર યુધિષ્ઠિરે ત્રણ અશ્વમેધ યજ્ઞો કરી શ્રીહરિને પૂજ્યા. એ યજ્ઞોમાં યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને નોતર્યા હતા, જેથી તે ભગવાન બ્રાહ્મણો દ્વારા રાજા પાસે યજ્ઞ કરાવી સંબંધીઓનું પ્રિય કરવાની ઈચ્છાથી કેટલાક મહિના રહ્યા હતા. પછી હે શૌનકજી ! રાજા યુધિષ્ઠિર, દ્રૌપદી તથા સર્વ સંબંધીઓની સંમતિ લઈ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન તથા યાદવોની સાથે દ્વારકા ગયા હતા. ૧-૩૬

ततो राज्ञाभ्यनुज्ञातः कृष्णया स्त्रह बन्धुभिः । ययौ द्वारवतीं ब्रह्मन् सार्जुनो यदुभिर्वृतः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

3

## અધ્યાય-૧૩

## વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું હિમાલય તરફ પ્રયાણ

॥ सूत उवाच ॥

विदुरस्तीर्थयात्रायां मैत्रेयादात्मनो गतिम् । ज्ञात्वाऽगाद्धास्तिनपुरं तयावाप्तविवित्सितः ॥१॥

**સૂત બોલ્યા :** તીર્થયાત્રામાં મૈત્રેય પાસેથી ભગવાન શ્રીહરિને પોતાની ગતિરૂપ જાણી તે આત્મગતિરૂપ શ્રીકૃષ્ણના જ્ઞાનથી જેમણે જાણવા યોગ્ય સર્વ જાણ્યું હતું, એવા વિદુરજી હસ્તિનાપુરમાં ગયા. તેમણે મૈત્રેયને જ્ઞાન સંબંધી જેટલા પ્રશ્નો કર્યા હતા, તેમાંથી થોડાક પ્રશ્નોના ઉત્તરથી જ તેમને ભગવાન વિષે એકનિષ્ઠ ભક્તિ ઉત્પન્ન થઈ ગઈ, તેથી બીજા પ્રશ્નોના ઉત્તર સાંભળવાની તેમણે ઇચ્છા રાખી નહિ. હે શૌનક ! વિદુરજીને આવેલા જોઈ ભાઈઓ સાથે યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, સંજય, કૃપાચાર્ય, કુંતી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, કૃપી, બીજા સંબંધીઓની સ્ત્રીઓ, પાંડુરાજાના નાતીલાઓ તેમ જ પોતાના પુત્રો સાથે બીજી સ્ત્રીઓએ સર્વ જાણે મરેલા શરીરમાં ફરી પ્રાણ આવી ગયા હોય તેમ ખૂબ હર્ષિત થતાં વિદુરજીની સામે ગયાં અને વિધિ પ્રમાણે આલિંગન-વંદન વગેરેથી મળી વિરહની આતુરતાને વશ થયેલાં તેમને પ્રેમનાં આંસુ પાડવા લાગ્યાં. પછી વિદુરજી આસન ઉપર બેઠા એટલે રાજા યુધિષ્ઠિરે તેમની પૂજા કરી. પછી ભોજન કરી આસન પર બેસી સુખેથી વિશ્રાંતિ લેતા વિદુરજીને રાજા યુધિષ્ઠિરે સર્વના સાંભળતાં કહ્યું.

**યુધિષ્ઠિર બોલ્યા :** હે કાકા, જેમ પક્ષીઓ પોતાનાં બચ્ચાંને પોતાની પાંખોની છાયામાં રાખીને મોટાં કરે છે, તેવી જ રીતે આપે અમને અત્યંત વાત્સલ્યથી આપની છત્રછાયામાં રાખી અમારુ પાલન-પોષણ કર્યું છે અને વિષદાન તથા લાક્ષાગૃહમાં અગ્નિદાહ વગેરે અનેક વિપત્તિઓમાંથી અમારી માતા સાથે અમારું રક્ષણ કર્યું છે; એવા અમને તમે હવે સંભારો છો ? તમે પૃથ્વીમંડળ ઉપર વિચરતાં કઈ વૃત્તિથી શરીરની આજીવિકા કરી ? અને કયાં મુખ્ય મુખ્ય ક્ષેત્રો તથા તીર્થોને આ પૃથ્વી પર તમે સેવ્યાં ? હે સમર્થ ! આપ જેવા ભગવાનના ભક્તો પોતે તીર્થરૂપ જ છે અને પોતાના અંતઃકરણમાં ભગવાન વસેલા હોય છે, તેથી મલિન મનુષ્યોના સંગથી મેલાં થયેલાં તીર્થોને પણ તમે પવિત્ર કરો છો. હે તાત ! શ્રીકૃષ્ણ જેમના દેવ છે તે આપણા મિત્ર તથા સંબંધી યાદવોને તમે મળ્યા કે ? અથવા તેમના સંબંધી તમે કંઈ સાંભળ્યું છે ? તેઓ પોતાના નગરમાં સુખી છે ને ? ધર્મરાજા યુધિષ્ઠિરે એમ પૂછ્યું, એટલે વિદુરજીએ પોતાની તીર્થયાત્રાના બધા અનુભવોનું ક્રમથી વર્ણન કર્યું કેવળ યદુવંશનો નાશ થયાની વાત તેમણે ન કહી; કેમ કે મનુષ્યોને દૈવયોગે પ્રાપ્ત થયેલું અપ્રિય ખરેખર દુઃસહ થાય છે, તેથી બીજાઓને દુઃખી જોવા અસમર્થ એવા દયાળુ મનુષ્યે તે જણાવવું ન જોઈએ. એમ સમજી વિદુરે યદુકુળનો નાશ ન કહ્યો. દેવની પેઠે સત્કાર પામેલા વિદુરજી કેટલાક કાળ સુખથી ત્યાં રહ્યા અને સર્વના પ્રીતિપાત્ર એવા તેમણે મોટાભાઈ ધૃતરાષ્ટ્રને તત્વોપદેશ કર્યો. વિદુરજી યમદેવનો જ અવતાર હતા; પણ (માંડવ્યઋષિના શાપથી) સો વર્ષ સુધી શુદ્રપણાને પામ્યા હતા. જ્યાં સુધી તે શૂદ્ર તરીકે રહ્યા ત્યાં સુધી યમલોકમાં અર્યમાદેવ પાપીઓને ઘટતી શિક્ષા કરતા હતા. રાજા યુધિષ્ઠિર રાજ્ય મેળવ્યા પછી કુળને ધારણ કરનારા પૌત્રને જોઈ લોકપાલો જેવા ભાઈઓની સાથે ઉત્તમ લક્ષ્મી વડે આનંદ પામ્યા. એમ ગૃહસ્થાશ્રમમાં આસકત અને ગૃહસ્થને લગતા વ્યાપારોથી પ્રમાદી બનેલા તેઓનો પોતે ન જાણેલો મહાદુસ્તર કાળ (આયુષ્ય) વીતી ગયો, એટલે

વિદુરજીએ તે જાણી લઈ ધૃતરાષ્ટ્રને કહ્યું : ‘હે રાજા ! હવે તમે સત્વરે ઘરમાંથી નીકળીજાઓ. આ ભય (મૃત્યુ) પાસે આવ્યો છે, તે જુઓ. હે પ્રભો ! જેને ટાળવાનો આ લોકમાં કોઈ ઉપાય કોઈનાથી થઈ શકતો નથી, તે જ ભગવાન કાળ આપણા સર્વની સમીપ આવ્યો છે. જેથી ગ્રસ્ત થયેલો આ મનુષ્ય અત્યંત પ્રિય પ્રાણોથી પણ તત્કાળ વિયોગ પામે છે, તો બીજા ધન વગેરેથી વિયોગ પામે એમાં શું કહેવું ? તમારા પિતા, ભાઈઓ, સંબંધીઓ અને પુત્રો માર્યા ગયા છે; તમારી ઉંમર વીતી ગઈ છે અને શરીર પણ ઘડપણથી ઘેરાઈ ગયું છે; છતાં પારકે ઘેર તમે પડી રહ્યા છો. અહો ! પ્રાણીને જીવવાની આશા સૌથી મોટી છે. જેને લીધે તમે ભીમસેને આપેલો ગ્રાસ (રોટલો) કૂતરાની પેઠે સ્વીકારી રહ્યા છો. જેઓને બાળવા ને મારવા તમે અગ્નિ તથા ઝેર આપ્યાં હતાં, જેઓની સ્ત્રી દ્રૌપદીને દૂષિત કરી અપમાન કર્યું હતું અને જેનાં ભૂમિ, ધન તથા રાજય છીનવી લીધાં હતાં, તેઓએ આપેલાં અન્ન વગેરેથી પ્રાણ ધારણ કરવામાં શું ગૌરવ છે ? છતાં તમે દીન હાલતમાં જીવવા ઈચ્છો છો. તમારું આ શરીર તમે નથી ઈચ્છતા તો પણ ઘડપણથી જીર્ણ થઈ વસ્ત્રની પેઠે ક્ષીણ થતું જાય છે; (માટે હવે ધીર થાઓ.) જે પુરુષ યશ, ધર્મ આદિ સ્વાર્થ જેમાંથી ચાલ્યો ગયો છે એવા આ શરીરને વિરક્ત થઈ અભિમાનરૂપ બંધનના ત્યાગપૂર્વક ત્યજી દે છે અને એકાન્તસેવન કરતાં કરતાં છેવટે સહજ રીતે કોઈને ખબર પણ ન પડે તેમ આ શરીરનો ત્યાગ કરે છે તે જ ધીર કહેવાય છે. જે પોતાની મેળે અથવા પરોપદેશથી વૈરાગ્ય પામી, આત્મા તથા પરમાત્માના તત્ત્વને જાણે, શ્રીહરિને હૃદયમાં રાખી ઘરમાંથી ચાલ્યો જાય છે, તેજ પુરુષ ઉત્તમ છે; માટે તમે પણ હવે પોતાના સંબંધીઓ ન જાણે તેમ ઉત્તર દિશામાં જતા રહો, કેમ કે હવે પછી પુરુષોનાં ધૈર્ય, દયા વગેરે ગુણોનો લગભગ નાશ કરનારો કાળ આવશે. એ રીતે નાના ભાઈ વિદુરે બોધ પમાડેલા અજમીઢ વંશના અંધરાજા ધૃતરાષ્ટ્ર પોતાના સંબંધીઓ પરના અતિદૃઢ સ્નેહપાશો છેદી નાખી, ઘરમાંથી વિદુરજીએ બતાવેલા માર્ગે ચાલી નીકળ્યા. તે વખતે સુબલની સાધ્વી પુત્રી પતિવ્રતા ગાંધારી પણ યોગીઓને હર્ષ આપનારા હિમાલય તરફ જતા પતિની પાછળ ચાલી નીકળ્યાં, કેમ કે શૂરાઓને યુદ્ધમાં તીવ્ર પ્રહાર જેમ હર્ષજનક થાય છે, તેમ ગાંધારીને દુ:ખદાયી હિમાલય પ્રત્યેનું પ્રયાણ પણ હર્ષજનક થયું હતું. પછી યુધિષ્ઠિર સંધ્યાવંદન અને અગ્નિમાં હોમ કરી, તલ, ગાય, પૃથ્વી તથા સુવર્ણના દાનથી બ્રાહ્મણોનો સત્કાર કરી વડીલોને વંદન કરવા રાજમહેલમાં ગયા; પણ વિદુર, ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને તેમણે જોયાં નહિ; એટલે મનમાં ઉદ્વેગ પામી ત્યાં બેઠેલા સંજયને તેમણે પૂછયું : હે ગાવલ્ગણના પુત્ર સંજય ! નેત્ર વિનાના અમારા વૃદ્ધ પિતા કયાં છે. પુત્રનાશથી દુ:ખી માતા ગાંધારી કયાં છે ? અને મારા પરમ સ્નેહી કાકા ક્યાં ગયા ? જેના પુત્ર મરણ પામ્યા છે એવા તે ધૃતરાષ્ટ્ર, મંદમતિ મારા પર કોઈ અપરાધની શંકા કરી દુ:ખી થઈને પત્ની સાથે શું ગંગામાં પડ્યા ? પિતા પાંડુ મરણ પામ્યા, ત્યારે બાલ્યાવસ્થામાં રહેલા અમારાં બધાંનું જેમણે દુખોમાંથી રક્ષણ કર્યું હતું, તે અમારા કાકા અહીંથી ક્યાં ગયા ?

**સૂત બોલ્યા :** યુધિષ્ઠિરે એમ પૂછ્યું ત્યારે પોતાના સ્વામી ધૃતરાષ્ટ્રને ન જોઈ વિરહથી કૃશ થયેલો સંજય કૃપા અને સ્નેહની વ્યાકુળતાથી અત્યંત દુ:ખી થઈ કંઈ ઉત્તર આપી શક્યો નહિ. પછી બંને હાથથી આંસુ લૂછી નાખી, બુદ્ધિથી મનને ધૈર્યયુક્ત કરી રાજા ધૃતરાષ્ટ્રના ચરણનું સ્મરણ કરતો યુધિષ્ઠિર પ્રત્યે કહેવા લાગ્યો.

**સંજય બોલ્યા : હે** કુલનંદન ! તમારા કાકા ધૃતરાષ્ટ્ર, વિદુર અને ગાંધારીના નિશ્ચયને હું જાણતો નથી. હે મહાબાહુ ! તે મહાત્માઓએ મને છેતર્યો છે. સંજય એમ કહેતો હતો, તેવામાં તુંબુરું ગંધર્વ સહિત

નારદજી ત્યાં આવ્યા, એટલે યુધિષ્ઠિર નાના ભાઈઓ સાથે તેમનું પૂજન કરતા હોય તેમ સામે ઊભા થઈ વંદન કરી બોલ્યા.

**યુધિષ્ઠિર બોલ્યા :** 'હે ભગવન્ ! મારા કાકા વિદુરજી તથા ધૃતરાષ્ટ્ર ક્યાં ગયા તેમ જ પુત્રોના નાશથી દુઃખી તપસ્વિની માતા ગાંધારી ક્યાં ગયાં તે હું જાણતો નથી; તો આ અપાર શોકસમુદ્રમાં આપ નાવિકની પેઠે તેનો કિનારો દેખાડનારા થાઓ.' રાજાનાં એ વચન સાંભળી તેજસ્વી મુનિશ્રેષ્ઠ નારદજી બોલ્યા : હે રાજન ! તમે કોઈનો શોક ન કરો; કેમ કે આખું જગત ઈશ્વરને વશ છે. બધા લોકો અને લોકપાલો એ ઈશ્વરની જ આજ્ઞાનું પાલન કરે છે. તે ઈશ્વર જ સર્વ પ્રાણીઓનો પરસ્પર સંયોગ અને વિયોગ કરાવે છે. જેમ નાકમાં પરોવેલી નાથ સાથે દોરીથી બાંધેલા બળદ સ્વામીનાં ગાડાં વગેરે ભાર ઉપાડે છે. તેમ વેદવાણીરૂપી નાથમાં વર્ણાશ્રમરૂપી દોરીઓથી બંધાયેલા સર્વ મનુષ્ય પરમેશ્વરને બલિદાન આપે છે. જેમ રમવાનાં રમકડાંના સંયોગવિયોગ રમનારની ઈચ્છાથી થાય છે, તેમ પરમેશ્વરની ઈચ્છાથી જ મનુષ્યના સંયોગવિયોગ થયા કરે છે. તમે લોકોને જીવરૂપે નિત્ય માનતા હો અથવા દેહરૂપે નિત્ય માનતા હો અથવા જડરૂપે અનિત્ય અને ચેતનરૂપે નિત્ય તેમ જ શુદ્ધ બ્રહ્મરૂપે નિત્ય વા અનિત્ય અથવા બંને પ્રકારના (નિત્ય અને અનિત્ય) માનતા હો, તોપણ મોહથી ઉત્પન્ન થનારા સ્નેહ વિના બીજા કોઈ કારણથી સર્વથા તેઓ શોક કરવા યોગ્ય નથી, માટે હે રાજા ! ''તે અનાથ બિચારા ધૃતરાષ્ટ્ર વગેરે મારા વિના કેવી રીતે રહેશે ?'' આવી અજ્ઞાનથી થયેલી વ્યાકુળતાનો તમે ત્યાગ કરો. પાંચ ભૂતોમાંથી બનેલું શરીર પોતે જ જો કાળ, કર્મ તથા ગુણોને આધીન છે, તો જેમ અજગરે ગળેલો મનુષ્ય બીજાનું રક્ષણ કરી શકતો નથી, તેમ આ (પરાધીન) શરીર બીજાનું રક્ષણ કેવી રીતે કરી શકે ? (અને ઈશ્વરે સર્વ માટે આજીવિકા તો સુલભ જ કરી છે.) હાથ વિનાનાં પશુ વગેરે હાથવાળાં એવા મનુષ્ય વગેરેને જીવવામાં ઉપયોગી થાય છે. પગ વગરનાં ઘાસ વગેરે પગવાળા ચારપગાં ને જીવવામાં ઉપયોગી થાય છે, અને નાનાં પ્રાણી મોટાં પ્રાણીઓને જીવવામાં ઉપયોગી થાય છે; એમ જીવ જીવનું જીવન છે. હે રાજન્ ! તે આ જગત સ્વયંપ્રકાશ ભગવાનનું જ સ્વરૂપ છે (તેમનાથી ભિન્ન નથી). ભગવાન પોતે એક જ છે (અનેક નથી) અને સર્વ ભોક્તા જીવોના આત્મારૂપ છે. (એટલે જીવ અને ભગવાનને સજાતીય ભેદ નથી.) વળી ભગવાન અંદર અને બહાર ભોક્તા તથા ભોગ્યરૂપે ભાસે છે (એથી વિજાતીય ભેદ પણ નથી) અને માયાને લીધે અનેક સ્વરૂપે ભાસે છે. તેમનાં તમે દર્શન કરો-ઓળખો. હે મહારાજા ! પ્રાણીમાત્રનું પાલન કરનાર તે જ આ ભગવાન પૃથ્વી ઉપરના દૈત્યોનો વિનાશ કરવા હમણાં (પૃથ્વી પર) કાળસ્વરૂપે અવતર્યા છે, તે રાહ જુએ છે કે દેવોનું કાર્ય જોકે થઈ ગયું છે તો પણ કંઈક બાકી છે, માટે જ્યાં સુધી પરમેશ્વર શ્રીકૃષ્ણ પૃથ્વી પર બિરાજે છે, ત્યાં સુધી તમે પણ રાહ જુઓ; ધૃતરાષ્ટ્ર ભાઈ વિદુરજી અને તેની પત્ની ગાંધારી સાથે હિમાલયના દક્ષિણ ભાગમાં ઋષિઓના આશ્રમમાં ગયા છે. ત્યાં પ્રસિદ્ધ દેવનદી ગંગાજીએ સાત પ્રવાહો વડે સપ્તઋષિને પ્રસન્ન કરવા માટે પોતાના સાત વિભાગ કર્યા છે; તેથીએ તીર્થને 'સપ્તસ્ત્રોત' કહે છે. ધૃતરાષ્ટ્રએ તીર્થમાં ત્રણે કાળ સ્નાન કરી વિધિ પ્રમાણે અગ્નિહોમ કરી જળનો આહાર કરે છે અને પુત્રાદિની ઈચ્છાઓ ત્યજી દઈ શાંત મનથી રહે છે. તેમણે આસનનો જય કરી શ્વાસને જીત્યો છે અને છયે ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી લીધી છે. તેમને રજોગુણ, સત્ત્વગુણ તથા તમો ગુણરૂપી મેલ શ્રીહરિના ધ્યાનથી નાશ પામ્યા છે. અને અહંકાર સહિત મનને સ્થૂલ શરીરથી જુદું પાડી તેમણે

વિજ્ઞાનસ્વરૂપ બુદ્ધિ વિષે જોયું છે. વિજ્ઞાનસ્વરૂપ બુદ્ધિને દશ્ય અંશથી જુદી પાડી ક્ષેત્રજ્ઞદ્રષ્ટામાં લીન કરી છે અને ક્ષેત્રજ્ઞને દ્રષ્ટા અંશથી જુદો પાડી જેમ ઘટાકાશનો મહાકાશમાં લય કરે તેમ આધારસ્વરૂપ પરબ્રહ્મમાં લીન કરેલ છે. માયાના ગુણોના ઉત્તરફળરૂપ તેમની વાસનાઓ નાશ પામી છે, ચક્ષુ વગેરે ઈન્દ્રિય તથા મનને તેમણે જીત્યાં છે અને સર્વ વિષયભોગરૂપ આહારનો ત્યાગ કરી થાંભલાની પેઠે તે નિશ્ચળ રહે છે. હે રાજા ! એ પ્રમાણે જેમણે સર્વ કર્મોનો ત્યાગ કર્યો છે, એવા તે ધૃતરાષ્ટ્રને તમે વિઘ્નરૂપે ન થાઓ. હવે તેમનાં દર્શન પણ નહિ થઈ શકે; કારણ કે આજથી પાંચમે દિવસે શરીરનો તે ત્યાગ કરશે અને બળીને ભસ્મ થઈ જશે. તે સમયે યોગના અગ્નિ સહિત ગાર્હપત્ય અને દાવાગ્નિ વડે પતિ ધૃતરાષ્ટ્રનું શરીર પર્ણકુટિ સાથે જ્યારે બળવા લાગશે, ત્યારે બહાર રહેલાં પતિવ્રતા ગાંધારી પણ તેમની પાછળ અગ્નિમાં પ્રવેશ કરશે. હે કુરુનંદન ! વિદુરજી તો તે આશ્ચર્ય જોઈ ભાઈની તે સદ્ગતિને લીધે હર્ષ અને મરણને લીધે શોક પણ પામશે. પછી તીર્થોનું સેવન કરવા ત્યાંથી ચાલ્યા જશે.' એ પ્રમાણે કહી નારદજી તુંબુરુ સાથે સ્વર્ગમાં ગયા એટલે યુધિષ્ઠિરે તેમનાં વચનો હૃદયમાં ધારણ કરી શોકનો ત્યાગ કર્યો. ૧-૫૯

इत्युक्त्वाथारुहत्स्वर्गं नारदः सह तुंबुरुः । युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाऽजहाच्छुचः ॥५९।

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## યુધિષ્ઠિરને વિવિધ અપશુકનો અને દ્વારકાથી આવેલા અર્જુનને પ્રશ્નો પૂછ્યાં

॥ सूत उवाच ॥

सम्प्रस्थिते द्वारकायां जिष्णौ बंधुदिदृक्षया । ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥१॥

**સૂત બોલ્યા :** અર્જુન સંબંધીઓને મળવા અને શ્રીકૃષ્ણનું ચરિત્ર તથા અભિપ્રાય જાણવા દ્વારકા ગયો હતો; તેને કેટલાક મહિનાઓ વીત્યા છતાં તે જ્યારે આવ્યો નહિ ત્યારે યુધિષ્ઠિરે ભયંકર ઉત્પાતો જોયાઃ ઋતુચક્રના બદલાવવાળી કાળની ગતિ ઘોર થઈ પડી; મનુષ્યનાં મન ક્રોધ, લોભ તથા અસત્યથી યુકત થયાં અને તેમની આજીવિકા પણ અત્યંત પાપભરેલી થઈ ગઈ. તેનો વ્યવહાર લગભગ કપટ ભરેલો દેખાવા લાગ્યો, મિત્રતા પણ શઠતાથી મિશ્ર બની અને પિતા, માતા, સગાંસંબંધી, ભાઈઓ તથા સ્ત્રી-પુરુષોમાં માંહેમાંહે કલેશકંકાસ દેખાવા લાગ્યા. એ રીતે અશુભસૂચક કાળ પ્રાપ્ત થતાં અશુભ અપશુકનો અને મનુષ્યની પ્રકૃતિને લોભાદિ અધર્મવાળી જોઈ રાજા યુધિષ્ઠિર નાના ભાઈ ભીમસેનને કહેવા લાગ્યા.

**યુધિષ્ઠિરે કહ્યું :** હે ભીમસેન ! આપણા બંધુઓને મળવા અને શ્રીકૃષ્ણનાં ચરિત્ર તથા અભિપ્રાય જાણવા મેં અર્જુનને દ્વારકા મોકલ્યો છે. તેને આજ સાત મહિનાઓ વીતી ગયા છતાં તારો એ નાનો ભાઈ ક્યા કારણથી ન આવ્યો, તે હું યથાર્થ જાણી શકતો નથી. ભગવાન શ્રીકૃષ્ણક્રીડા કરવામાં સાધનરૂપ પોતાના શરીરને ત્યાગ કરવા ઈચ્છે છે, તે દેવર્ષિ નારદે દર્શાવેલો સમય શું આવ્યો છે ? જેમને લીધે આપણને સંપત્તિ, રાજ્ય, સ્ત્રીઓ, પ્રાણ, કુળ અને શત્રુઓ ઉપર વિજય તથા સંતતિ પ્રાપ્ત થયેલ છે અને જેમની કૃપાથી યજ્ઞ દ્વારા મળનારા સ્વર્ગાદિ લોક પણ આપણને મળશે, તે ભગવાન શ્રીકૃષ્ણનો સ્વધામ જવાનો સમય શું આવ્યો છે ? હે પુરુષમાં વાઘ જેવા ભીમસેન ! આકાશમાં ઉલ્કાપાત વગેરે, પૃથ્વી પર ભૂકંપ વગેરે તથા નગરીમાં રોગ વગેરે ઉત્પાતો તું જો ! તેઓ આપણને સૂચવે છે કે, બુદ્ધિને મૂંઝવણ માં

નાખી દે એવો કોઈ મોટો ભય હવે સમીપ જ છે. હે ભાઈ ! મારી ડાબી સાથળ, ડાબી આંખ અને ડાબી ભુજા વારંવાર ફરકે છે; તેમ જ હૃદયમાં કંપ થાય છે તે મને થોડા સમયમાં જ કંઈક પ્રિય ઘટના બતાવશે. ઓ ભીમસેન ! મુખમાંથી અગ્નિ કાઢતું હોય તેમ આ શિયાળ ઉદય પામતા સૂર્ય સામે જોઈને રડે છે અને આ કૂતરો નિર્ભયપણે મારી સામે જોઈને રડે છે. હે પુરુષોમાં વ્યાઘ્ર જેવા ભીમસેન ! ગાય વગેરે શ્રેષ્ઠ પશુઓ મારી ડાબી બાજુ જાય છે, ત્યારે ગધેડાં વગેરે અમંગળ પશુઓ મારી જમણી બાજુ જાય છે. વળી હું મારા ઘોડાઓને રડતા જોઉં છું. આ મૃત્યુના દૂત જેવો હોલો નિંદ્ય શબ્દો કરી મનને કંપાવે છે અને ઘુવડ તથા કાગડો પણ નિંદ્રારહિત થઈ દુષ્ટ શબ્દોથી જગતને ઉજ્જડ કરવા ઈચ્છે છે. વળી આ દિશાઓ ભૂખરા વર્ણની થઈ છે. જ્યાં ત્યાં વંટોળિયા લોકોને ઘેરી વળે છે અને આ પૃથ્વી પર્વતો સાથે કંપે છે. વળી (આ આકાશમાં જો) હમણાં મેઘમંડળ ન હોવા છતાં મેઘની ગર્જના સાથે મોટો વજ્રપાત થાય છે. અહો ! આ વાયુ ધૂળ વરસાવે છે, અંધકાર કરે છે અને તેનો સ્પર્શ પણ કઠોર જણાય છે. વળી મેઘ ચોતરફ સૂગ આવે તેવું લોહી વરસાવે છે. વળી આ નિસ્તેજ થયેલા સૂર્યને તથા આકાશમાં પરસ્પર થતા ગ્રહોના યુદ્ધને તું જો અને માંહે માંહે ભેળાં થયેલ આ ભૂતડાંને લીધે આકાશ અને ભૂમિ જાણે સળગી ઊઠયાં હોય તેમ જણાય છે. નદીઓ, નદો અને સરોવરો જાણે ખળભળી ઊઠ્યાં છે, તેમ જ પ્રાણીઓનાં મન જાણે વ્યાકુળ થયાં છે. વળી અગ્નિ ઘી વડે પ્રજવલિત થતો નથી. આ કાળ શું કરશે ? આ વાછરડાં માતાને ધાવતાં નથી. માતાઓનાં સ્તનમાંથી દૂધ ઝરતું નથી. વાડાઓમાં અશ્રુભીનાં મુખવાળી ગાયો રડે છે અને બળદો આનંદી નથી. દેવોની આ પ્રતિમાઓ જાણે રડતી હોય, તેમને પરસેવો વળતો હોય તથા ઊંચીનીચી ખસી જતી હોય તેવી લાગે છે. તેમ જ આ દેશો, ગામડાં, નગરો, બગીચાઓ, ખાણો તથા આશ્રમો શોભારહિત અને આનંદ વિનાનાં છે તેઓ આપણને ક્યા દુઃખની આગાહી કરે છે ? આ મહાન ઉત્પાતોથી હું અવશ્ય માનું છું કે ભગવાનનાં ચરણોથી આ ભૂમિ શુન્ય થઈ છે અને એનું સૌભાગ્ય નાશ પામ્યું છે. હે બ્રાહ્મણ શૌનક! રાજા યુધિષ્ઠિર એ પ્રમાણે ઉત્પાતો જોઈ મનમાં વિચાર કરતા હતા, તેવામાં અર્જુન દ્વારકાથી આવ્યા, આવીને પગમાં પડેલા, પ્રથમ જેવા નહિ દેખાતા, આતુર, નીચા મોઢાવાળા, નેત્રકમળમાંથી આંસુઓ સારતા અને નિસ્તેજ થયેલા નાના ભાઈને જોઈ રાજા યુધિષ્ઠિર હૃદયમાં ઉદ્વેગ પામી નારદનાં વચન યાદ કરતા સંબંધીઓની વચ્ચે પૂછવા લાગ્યા.

**યુધિષ્ઠિરે પૂછ્યું :** “હે અર્જુન ! દ્વારકામાં મધુ, ભોજ, દશાર્હ, અર્હ, સાત્વત, અંધક તથા વૃષ્ણિવંશના આપણા સંબંધીઓ સુખી છે ને ? આપણા માન્ય દાદા શુરસેન કુશળ છે ને ? મામા વસુદેવ નાના ભાઈ સાથે કુશળ છે ને ? પરસ્પર બહેન થતી આપણી મામી દેવકી વગેરે વસુદેવની સાત પત્નીઓ પોતે પોતાના પુત્રો તથા વહુઓ સાથે કુશળ છે ને ? દુરાત્મા કંસ જેમનો પુત્ર હતો, તે રાજા ઉગ્રસેન જીવે છે ? એમના નાના ભાઈ દેવક પણ જીવે છે ? તેમ જ કૃતવર્મા નામના પુત્ર સાથે હૃદીક અને અક્રૂર કુશળ છે ને ? શ્રીકૃષ્ણના ભાઈઓ જયંત, ગદ, સારણ અને શત્રુજિત વગેરે કુશળ છે ને ? સાત્વતવંશીઓના પતિ ભગવાન બળરામ સુખી છે ને ? સર્વ યાદવોમાં મહારથી પ્રદ્યુમ્ન સુખી છે ને ? યુદ્ધમાં જેમનો વેગ ગંભીર છે, તે ભગવાન અનિરુદ્ધ આનંદમાં છે ને ? સુષેણ, ચારુદેષ્ણ, જાંબવતીનો પુત્ર સાંબ અને બીજા પણ શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ પુત્ર ઋષભ વગેરે પુત્રો સાથે આનંદમાં છે ને ? શ્રુતદેવ, ઉદ્ધવ વગેરે શ્રીકૃષ્ણના અનુચરો અને બીજા સુનંદ તથા નંદ વગેરે શ્રેષ્ઠ યાદવો આનંદમાં છે ને ? વળી જેમને શ્રીરામ તથા કૃષ્ણની

ભુજાઓનો આશ્રય છે, તેઓ સર્વે કુશળ છે ને ? આપણા પર સ્નેહ રાખનારા તેઓ સર્વે આપણું કુશળ ઈચ્છે છે ને ? બ્રાહ્મણોના રક્ષક ભકતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ પણ દ્વારકામાં સુધર્મા સભાની વચ્ચે સંબંધીઓથી વીંટાઈને સુખમાં વિરાજે છે ? જે ભગવાન આદિપુરુષ હોઈ લોકોનાં મંગળ, રક્ષણ તથા ઉદય માટે યદુકુળરૂપી સમુદ્રમાં બળદેવની સાથે સ્થિતિ કરે છે, યાદવો જેમના બાહુદંડથી રક્ષાયેલી પોતાની દ્વારકાનગરીમાં વૈકુંઠનાથના સેવકોની પેઠે સર્વથી પૂજાઈને પરમ આનંદથી ક્રીડા કરે છે, જેમના ચરણસેવનરૂપી શ્રેષ્ઠ કર્મ વડે સત્યભામા વગેરે સોળહજાર સ્ત્રીઓ યુદ્ધમાં (શ્રીકૃષ્ણના બળથી), દેવોને જીતી ઈંદ્રાણીને યોગ્ય એવાં પારિજાત આદિ કલ્પવૃક્ષોને હરી લે છે. તેમ જ વીર યાદવો પણ જેમના બાહુદંડના પ્રભાવથી જીવી રહ્યા છે અને નિર્ભય થઈ મોટા દેવોને યોગ્ય અને બળાત્કારે આણેલી સુધર્મા સભામાં વારંવાર આવ-જા કરી રહ્યા છે, તે શ્રીકૃષ્ણ સુખી છે ને ? હે તાત ! તારુ આરોગ્ય ઠીક છે ને? તું મને નિસ્તેજ જણાય છે, તો હે ભાઈ ! ત્યાં તને શું માન મળ્યું નથી કે લાંબો સમય તું ત્યાં રહ્યો તેથી તારું કોઈએ અપમાન કર્યું છે ? અથવા તો પ્રેમ વગરના કઠોર શબ્દો વગેરેથી તને કોઈએ વચનપ્રહાર કર્યો હતો ? અથવા યાચકોને 'હું અમુક આપીશ' એવી પ્રતિજ્ઞા કરી તેં આપ્યું નથી ? તે શરણે આવેલા બ્રાહ્મણોનો, બાળકોનો, ગાયનો, વૃદ્ધનો, રોગીનો કે સ્ત્રીનો ત્યાગ તો કર્યો નથી ? કેમ કે તું શરણ આપનાર છે. તું કોઈ ન જવા યોગ્ય સ્ત્રી પાસે ગયો નથી ને ? અથવા કોઈ (જવા યોગ્ય પણ) વસ્ત્ર વગેરેથી મલિન સ્ત્રી પાસે તો નથી ગયો ને ? અથવા માર્ગમાં તારી બરોબરી કરનારાઓએ કે તારા કરતાં ઊતરતાઓએ તારો પરાજય તો કર્યો નથીને ? અથવા તે ભોજન કરાવવા યોગ્ય વૃદ્ધોનો તથા બાળકોનો ત્યાગ કરી ભોજન કર્યું છે ? અથવા ન કરવા યોગ્ય કોઈ નિંદ્ય કર્મ તો કર્યું નથી ને ? અથવા નિત્ય અતિ પ્રિય અને પોતાના અંતરંગ બંધુ શ્રીકૃષ્ણથી હું રહિત થયો છું એમ તું માને છે ? આ સિવાય કોઈ બીજા કારણથી તારા મનમાં આટલી પીડા હોઈ શકે નહીં. ૧-૪૪

कश्चित्प्रेष्ठतमेनाथ हृदयेनात्मबन्धुना । शून्योऽस्मि रहितो नित्यं मन्यसे तेऽन्यथा न रुक् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## અર્જુનનો ઉત્તર, શ્રીકૃષ્ણનું સ્વધામગમન અને પાંડવોનું સ્વર્ગારોહણ

॥ सूत उवाच ॥

एवं कृष्णसखः कृष्णो भ्रात्रा राज्ञा विकल्पितः । नानाशङ्कास्पदं रूपं कृष्णविश्लेषकर्षितः ॥१॥

**સૂત બોલ્યા :** એ પ્રમાણે પોતાના ભાઈ રાજા યુધિષ્ઠિરે અનેક શંકાઓનું સ્થાનસ્વરૂપ જોઈ જેના પ્રત્યે સંશયો કર્યા હતા અને શ્રીકૃષ્ણના વિયોગથી જે કૃશ થયો હતો. એવો તે કૃષ્ણસખા અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણનું જ ધ્યાન કરતો હતો, તેની કીર્તિ નાશ પામી હતી અને હૃદયકમળ શોકથી સુકાતું હતું, જેથી તે કંઈ પણ ઉત્તર આપી શક્યો નહિ. પછી મહાકષ્ટથી શોકનાં આંસુને રોકી હાથ વડે લુછી નાખી શ્રીકૃષ્ણના અદર્શનથી પ્રેમથી ઉત્કંઠા જેની અતિશય વધી પડી હતી એવો તે વ્યાકુળ થઈ ગયો. વળી પોતાના સારથિકર્મ આદિમાં શ્રીકૃષ્ણનું હિતૈષીપણું, ઉપકારીપણું, મિત્રતા અને સંબંધીપણું સંભારતો તે

અશ્રુઓથી ગળગળી વાણી વડે મોટા ભાઈ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યો.

**અર્જુને કહ્યું :** 'હે મહારાજ ! બંધુરૂપ શ્રીહરિએ મને છેતર્યો છે કારણ કે તેમણે દેવોને પણ આશ્ચર્ય કરનારા મારા મહાન તેજને હરી લીધું છે. જેમ પ્રાણરહિત થયેલું આ શરીર મડદું કહેવાય છે અને તેનું દર્શન અપ્રિય થાય છે, તેમ જેમના એક ક્ષણના વિયોગથી પણ આ લોક અપ્રિય લાગે છે. જેમના આશ્રયથી મેં દ્રુપદ રાજાને ઘેર સ્વયંવરના સમારંભમાં આવેલા, કામથી મદોન્મત્ત એવા રાજાઓનું તેજ હર્યું હતું. સજ્જ કરેલા ધનુષથી મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદીને મેળવી હતી. અહો ! આશ્ચર્ય થાય છે કે જેમની સમીપ રહી મેં દેવોના ગણો સહિત ઈંદ્રનો પણ બળથી પરાજય કરી અગ્નિને ખાંડવવન આપ્યું હતું અને તે ખાંડવદાહમાં રક્ષા પામેલા મયદાનવ પાસેથી આ ભુત કારીગરીરૂપ અને માયાવાળી સુધર્મા સભા મેળવી હતી. વળી તમારા રાજસૂય યજ્ઞમાં સમગ્ર દિશાઓમાંથી રાજાઓ ભેટો લાવ્યા હતા, જેમના પ્રભાવથી દસ હજાર હાથીઓ સમાન ઉત્સાહશક્તિવાળા અને બળવાળા તમારા નાના ભાઈ ભીમસેને તમારા રાજસૂય યજ્ઞ માટે રાજાઓનાં મસ્તકોને ચરણમાં નમાવનારા જરાસંધનો વધ કર્યો હતો અને તે જરાસંધે મહાભૈરવને યજ્ઞ કરવા (બલિદાનના પશુરૂપે) આણેલા રાજાઓને છોડાવ્યા હતા. જેઓ તમારા રાજસૂય યજ્ઞમાં ભેટો લાવ્યા હતા. એ યજ્ઞમાં મહાભિષેકને લીધે અત્યંત પ્રશંસાપાત્ર અને સુંદર તમારાં પત્ની દ્રૌપદીના કેશપાશને દુષ્ટ દુઃશાસન વગેરેએ સભાની વચ્ચે વિખેરી નાખી ખેંચ્યો હતો, તે વખતે દ્રૌપદીએ સ્મરણ કરતાં ભગવાન આપણા ઉપર કૃપાને લીધે ત્યાં પધાર્યા હતા. અને તે સમયે નમન કરતાં દ્રૌપદીના મુખ પરથી આંસુનાં ટીપાં જેમના ચરણ પર પડ્યાં હતાં. તે જ શ્રી કૃષ્ણ ભગવાને એ દુઃશાસન વગેરેની સ્ત્રીઓને નાશ પામેલા પતિઓવાળી અને કેશ વગરની કરી હતી. વનવાસ વખતે આપણા શત્રું દુર્યોધનના ષડ્યંત્રથી દશ હજાર શિષ્યોની સાથે ભોજન કરનાર મહર્ષિ દુર્વાસાએ આપણે ત્યાં આવી આપણને અપાર સંકટમાં મૂકી દીધા હતા, એ વખતે જેમણે વનમાં આવીને પાત્રમાં ચોંટી રહેલી શાકની કણી ખાઈને આપણને એ સંકટમાંથી બચાવ્યા. કેમ કે ભગવાને ખાધેલા એ શાકાન્નથી જળમાં સ્નાન કરતાં દુર્વાસા મુનિનો સમસ્ત શિષ્યસમુદાય (પોતે તૃપ્ત થઈ) ત્રણે લોકને તૃપ્ત થયેલ માનતો હતો, તેમ જ જે શ્રીકૃષ્ણના પ્રભાવથી પાર્વતી સહિત ત્રિશૂળધારી ભગવાન શંકરને યુદ્ધમાં મેં આશ્ચર્યચકિત કર્યા હતા અને તેથી તેમણે પોતાનું પાશુપતાસ્ત્ર મને આપ્યું હતું. બીજા લોકપાલોએ પણ પોતપોતાનાં અસ્ત્રો મને આપ્યાં હતાં. વળી જેમની કૃપાથી જ મેં મારા આ જ શરીર વડે ઈંદ્રભવનમાં ઈંદ્રના અર્ધા આસનને મેળવ્યું હતું અને એ સ્વર્ગલોકમાં જ હું જયારે વિહાર કરતો હતો. ત્યારે હે યુધિષ્ઠિર રાજા ! ઈંદ્ર સહિત સર્વ દેવતાઓને પોતાના શત્રુ નિવાત-કવચ દૈત્યોનો વધ કરવા ગાંડીવ ધનુષ ધારણ કરનારી મારી બને ભુજાઓનો આશ્રય કર્યો હતો, જે ભુજાઓ શ્રીકૃષ્ણના પ્રભાવથી જ પ્રભાવશાળી હતી, તે મહાસમર્થ ભગવાન કૃષ્ણે આજે મને છેતર્યો છે ! અહો ! શ્રીકૃષ્ણ મારા બાંધવ હતા તેથી જ જેમાં ભીષ્મ વગેરે મોટા મોટા મગરમચ્છો હતા એવા અનંત પારવાળા કુરુક્ષેત્રરૂપી દુસ્તર સમુદ્રને હું એકલો જ રથ વડે તરી ગયો હતો. વળી કૌરવોએ જ્યારે ઉત્તર (વિરાટ) રાજાની ગાયોનું હરણ કર્યું હતું, ત્યારે પણ જે કૃષ્ણના પ્રભાવથી જ એ ગોધનને મેં પાછું વાળ્યું હતું; એટલું જ નહિ, પણ તે સમયે શત્રુઓના તેજનું સ્થાન એવા તેમના મુકુટો અને મુકુટોમાં જડેલાં રત્નોરૂપી પુષ્કળ ધન (તેમને મોહનાસ્ત્રથી મોહિત કરી) તેમનાં

મસ્તકો ઉપરથી હર્યું હતું. અહો ! હે રાજા ! અનેક રાજાઓનાં રથમંડળોથી શોભતી તે ભીષ્મ, કર્ણ, દ્રોણાચાર્ય, અને શલ્યની સેનાઓમાં જે ભગવાને સારથિરૂપે મારી આગળ રહી, માત્ર પોતાના દૃષ્ટિપાતથી જ મોટા અતિરથી ભીષ્મ વગેરેનાં આયુષ્ય, ઉત્સાહ, શકિત, બળ તથા શસ્ત્રાદિની કુશળતા હરી લીધાં હતા. વળી દ્રોણાચાર્ય, ભીષ્મ, કર્ણ, અશ્વત્થામાં, સુશર્મા, શલ્ય, જયદ્રથ તથા બાહ્લિક વગેરેએ છોડેલાં અમોઘ મહિમાવાળાં અસ્ત્રો, જેમ અસુરોએ છોડેલાં અસ્ત્રો પ્રહ્લાદને સ્પર્શ કરતાં ન હતાં. તેમ જે શ્રીકૃષ્ણની ભુજાઓના આશ્રયમાં રહેલાં મને સ્પર્શ કરતાં ન હતાં (તે શ્રીકૃષ્ણે આજે મને છેતર્યો છે !) જેમનાં ચરણકમળને શ્રેષ્ઠ મોક્ષ માટે ભજે છે. અને જે ભગવાન પ્રેમવશ સ્વયં પોતાને પણ અર્પણ કરી દે છે, તેમને મેં કુમતિવાળાએ સારથિકર્મમાં સ્વીકાર્યા હતા. વળી (જયદ્રથના વધ સમયે) જ્યારે મારા ઘોડાઓ (જળપાન વિના) થાકી ગયા હતા, ત્યારે હું પૃથ્વી ઉપર ઊતરી પડ્યો હતો; છતાં તે વખતે જેમના પ્રભાવથી વ્યગ્રચિત્ત થયેલા મોટા મોટા મહારથી શત્રુઓ પણ મને પ્રહાર કરી શક્યા ન હતા. હે રાજા ! તે ભગવાનના ઉદાર અને સુંદર મંદ હાસ્ય વડે શોભતાં હાસ્યવચનો તથા પ્રસંગ ઉપર હે પાર્થ ! 'હે અર્જુન ! હે સખે ! હે કુરુનંદન !' ઈત્યાદિ મધુર અક્ષરવાળાં સુંદર વાક્ય જ્યારે મને યાદ આવે છે, ત્યારે મારું મન વિહ્વળ થાય છે. સૂવું, બેસવું, ફરવું, પોતાની મોટી મોટી વાતો કરવી અને ભોજન વગેરેમાં અમે લગભગ સાથે જ રહેતા તેથી કોઈ સમયે તેમાં જે કંઈ ફેરફાર થતો તો 'હે મિત્ર! તમે તો સત્યવાદી છો હો !' વગેરે વક્ર વચનોથી હું તિરસ્કાર કરતો; છતાં મિત્રનો જેમ મિત્રો અને પિતા જેમ પુત્રનો અપરાધ ક્ષમા કરે, તેમ એ મહાન પરમેશ્વર પોતાની મોટાઈથી મારા કુમતિના સર્વ અપરાધો સહન કરતા. હે મહારાજા ! એ મારા પ્રિય મિત્ર અને પ્રિય સુહૃદ પુરુષોત્તમથી આજે હું રહિત થયો છું અને તેથી મારું હૃદય શૂન્ય છે. હે ભાઈ ! તે શ્રીકૃષ્ણની સોળ હજાર સ્ત્રીનું રક્ષણ કરતાં માર્ગમાં દુષ્ટ ગોવાળોએ એક સ્ત્રીની પેઠે મારો પરાજય કર્યો છે. અહો ! તે જ મારું ધનુષ્ય છે, તે જ બાણો છે, તે જ રથ છે, તે જ ઘોડાઓ છે અને હું પણ તે જ રથી છું કે જેને રાજાઓ નમસ્કાર કરે છે ! છતાં જેમ ભસ્મમાં હોમેલું, કપટભરી સેવા અને ક્ષાર ભૂમિમાં વાવેલું નિષ્ફળ થાય, તેમ તે બધું ભગવાન શ્રીકૃષ્ણ વિના એક ક્ષણવારમાં નકામું થયું છે. હે રાજન્ ! આપણા દ્વારકાવાસી જે જે સંબંધીઓનું તમે કુશળ પૂછ્યું, તેઓ સર્વે બ્રાહ્મણોના શાપથી મૂઢ બની વારુણી મદિરા પીને મદમત્ત બની પરસ્પરને જાણે ઓળખતા જ ન હોય તેમ મુઠ્ઠીઓ વડે માંહોમાંહે પ્રહાર કરી મરણ પામ્યા છે. તેમાંથી હવે માત્ર ચારપાંચ બાકી રહ્યા છે. આ બધું ભગવાનની ઈચ્છાથી જ બન્યું, છે, કેમ કે તેમની ઈચ્છાથી જ પ્રાણીઓ સંસારમાં એકબીજાનો સંહાર અને પાલન કરે છે. હે રાજન્ ! જેમ જળની અંદર જળચર પ્રાણીઓમાં મોટાં નાનાંને ખાય છે, બળવાનો દુર્બળને મારે છે અને મોટા બળવાનો માંહોમાંહી મારે છે તેમ ભગવાન શ્રીકૃષ્ણે અતિશય બળવાન યાદવો દ્વારા અને આપણા દ્વારા દુર્યોધન, જરાસંધ વગેરે મોટા મોટા રાજાઓનો સંહાર કરાવ્યો છે અને હવે યાદવો દ્વારા યાદવોને જ પરસ્પર નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. અહો ! દેશકાળને યોગ્ય અર્થવાળાં તેમ જ હૃદયના તાપને શાંત કરનારા ગોવિંદનાં વચનો હું સંભારું છું, ત્યારે તે મારા ચિત્તને હરી લે છે. એ પ્રમાણે ત્યાં ગાઢ સ્નેહને લીધે શ્રીકૃષ્ણનાં ચરણકમળનું ચિંતન કરતાં અર્જુનની બુદ્ધિ શાંત અને નિર્મળ બની ગઈ શ્રીકૃષ્ણના ચરણનું ધ્યાન કરવાથી તેની ભકિતનો વેગ અત્યંત

વધી ગયો અને તેથી તેની બુદ્ધિમાંથી કામાદિ સર્વ દોષોનો નાશ થયો. ભગવાન શ્રીકૃષ્ણે કૌરવ-પાંડવોના યુદ્ધના પ્રારંભ વખતે જે ગીતાજ્ઞાન અર્જુનને કહ્યું હતું, તે જોકે કાળ, કર્મ તથા વિષયભોગનાં આવરણોથી ઢંકાઈ ગયું હતું, તો પણ ફરી મહાસમર્થ તે અર્જુનને તે વેળા સાંભરી આવ્યું; તેથી તેનો શોક દૂર થયો. દ્વૈતસંશયો છેદાઈ ગયા. અવિદ્યા નાશ પામી, ગુણાતીત અવસ્થા પ્રાપ્ત થઈ તેથી સૂક્ષ્મ શરીર ઉપરનું અભિમાન જતું રહ્યું અને તેથી સ્થૂળ શરીર ઉપરના અભિમાનનો પણ સંભવ ન રહ્યો. એ રીતે ભગવાનનું સ્વધામગમન તથા યદુકુળનો વિનાશ સાંભળી શાંત થયેલ ચિત્તવાળા રાજા યુધિષ્ઠિરે સ્વર્ગના માર્ગ તરફ જવા નિશ્ચય કર્યો. કુંતાજી પણ અર્જુને કહેલો યાદવોનો નાશ તથા ભગવાનનું સ્વધામગમન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણને વિષે એકનિષ્ઠ ભકિતથી મન સ્થાપી સંસારથી વિરામ પામ્યાં (અથવા શરીરનો ત્યાગ કર્યો). આ રીતે પોતે અજન્મા હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણ જેમ કાંટા વડે કાંટો કાઢી પછી તે કાંટાનો પણ ત્યાગ કરવામાં આવે છે, તેમ જે યાદવશરીર વડે પૃથ્વીને ભાર ઉતાર્યો હતો તે જ યાદવશરીરનો ત્યાગ કર્યો હતો; કેમ કે એ પરમેશ્વરને તે પૃથ્વી ઉપરનાં એ ભારરૂપ શરીરો અને પોતાનું આ ભાર ઉતારનાર શરીર બને સરખા જ હતાં. જેમ કોઈ નટ પોતાના સ્વરૂપમાં રહ્યા છતાં બીજાં સ્વરૂપો ધારણ કરે છે ને તજે છે, તેમ શ્રીભગવાન પણ મત્સ્ય વગેરે સ્વરૂપો ધારણ કરે છે અને તેનો ત્યાગ કરે છે. એ જ રીતે ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાના જે યાદવશરીર વડે પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે શરીરનો ત્યાગ કર્યો હતો. જેમની કથા સાંભળવા યોગ્ય છે એવા ભગવાન શ્રીકૃષ્ણે પોતાના શરીરથી આ પૃથ્વીનો જ્યારે ત્યાગ કર્યો તે જ દિવસે અવિવેકી મનુષ્યોને અધર્મમાં ફસાવનારો કલિયુગ પૂર્ણ અંશે પ્રવૃત્ત થયો. વિવેકી યુધિષ્ઠિરે દેશદેશમાં અને ગામેગામમાં ઘેર ઘેર લોકોમાં લોભ, લોભમાંથી અનૃત-અનીતિ, તેમાંથી કપટ અને કપટમાંથી હિંસા આ પ્રમાણે અધર્મના ચક્રરૂપે કલિયુગને ફેલાયેલો જોયો અને મહાપ્રસ્થાન કરવા (રાજ્ય છોડી જવા) માટે નિશ્ચય કર્યો. પછી તે ચક્રવર્તી રાજાએ ગુણો વડે પોતાના સરખા વિનયી પરીક્ષિતનો હસ્તિનાપુરમાં સમુદ્ર સુધીની પૃથ્વીના પતિ તરીકે અભિષેક કર્યો; તેમ જ મથુરામાં અનિરુદ્ધના પુત્ર વજ્રને શૂરસેન દેશનો રાજા બનાવ્યો. અને પછી તે સમર્થ રાજાએ પ્રાજાપત્ય નામનો યજ્ઞ કરી ગાર્હપત્ય આદિ અગ્નિઓનું આત્મામાં આરોપણ કર્યું. પછી રાજાનાં વસ્ત્રો તથા કડાં વગેરે અલંકારોનો ત્યાગ કરી, મમતા તથા અહંકારથી રહિત થયેલા તેમણે બધાં બંધનોને તોડી નાખ્યાં, પછી સર્વ ઈન્દ્રિયોનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણને અપાનમાં, અપાનને મલાદિના ત્યાગ સાથે મૃત્યુમાં (એટલે મૃત્યુના અધિષ્ઠાતા દેવમાં) અને મૃત્યુનો પંચભૂતાત્મક શરીરમાં લય કર્યો. 'પછી મનનશીલ તે યુધિષ્ઠિરે શરીરનો ત્રણ ગુણોમાં, મહા ગુણોનો સર્વના કારણરૂપ પ્રકૃતિમાં, પ્રકૃતિનો આત્મામાં અને આત્માનો અવિનાશી બ્રહ્મમાં લય કર્યો એટલે કેવળ બ્રહ્મસ્વરૂપે સ્થિતિ કરી. પછી વલ્કલ ધારણ કરનારા, ઉપવાસી, મૌનવ્રતધારી અને મસ્તકના કેશ છૂટા મૂકી જડ, ઉન્મત્ત અથવા પિશાચ જેવા દેખાતા તે ઘરમાંથી નીકળી પડયા ત્યારે કોઈની સામે જોતા ન હતા અને બહેરા હોય તેમ કાંઈ સાંભળતા પણ ન હતા. જે સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય ફરી સંસારથી લેપાતો નથી તે પરબ્રહ્મનું હૃદયમાં ચિંતન કરતા તેઓ પૂર્વે જે દિશામાં મહાત્મા પુરુષો ગયેલા છે તે ઉત્તર દિશામાં ચાલી નીકળ્યા. તેમના સર્વ ભાઈઓ પણ પૃથ્વી પર પ્રજાને અધર્મનામિત્ર કલિયુગના પ્રવેશવાળી જોઈનિશ્ચય કરીને યુધિષ્ઠિરની પાછળ નીકળી

ગયા.ધર્મ,અર્થ ને કામ એ ત્રણે પુરુષાર્થોને જેઓએ સારી રીતે સાધ્યા હતા, એવા તે પાંડવો ભગવાનનાં ચરણકમળને જ આત્માનું આત્યંતિક શરણ જાણી, મનમાં તેનું ધ્યાન કરવા લાગ્યા. ભગવાનના ધ્યાનથી વધેલી ભકિત વડે તેમની બુદ્ધિ અત્યંત શુદ્ધ થઈ અને સર્વશ્રેષ્ઠ તે નારાયણના ચરણમાં જ લીન થઈ, જેથી દુષ્ટ વિષયાત્મા પુરુષોને દુર્લભ અને નિષ્પાપ પુરુષના નિવાસસ્થાનરૂપ ગતિને તેઓ શુદ્ધ અંતઃકરણથી પ્રાપ્ત થયા. આત્મજ્ઞાની વિદુરજીએ પણ (તીર્થાટન કરી) પ્રભાસક્ષેત્રમાં શ્રીકૃષ્ણ વિષે મન સ્થાપીને તેમ જ શ્રીકૃષ્ણમય થઈને શરીરનો ત્યાગ કર્યો અને પોતાને તેડવા આવેલા પિતૃદેવોની સાથે પોતાના અધિકાર ના સ્થાનમાં ગયા. તે સમયે દ્રૌપદી પણ પોતાના પતિઓની (વૈરાગ્યને લીધે) પોતાના પ્રત્યે નિરપેક્ષ જોઈ ભગવાન શ્રીકૃષ્ણ વિષે એકાગ્ર બુદ્ધિશાળી થઈ તેમને જ પ્રાપ્ત થઈ. જે મનુષ્ય ભગવાનને પ્રિય એવા પાંડવોનું સર્વ મંગળનું સ્થાન અને અત્યંત પવિત્ર આ સ્વર્ગારોહણ સાંભળે છે, તે શ્રીહરિ વિષે ભકિત પામી મોક્ષ પામે છે. ૧-૫૧.

यः श्रद्धयैतद्भगवत्प्रियाणां पाण्डोः सुतानामिति संप्रयाणम् ।
श्रृणोत्यलं स्वस्त्ययनं पवित्रं लब्ध्वा हरौ भक्तिमुपैति सिद्धिम् ॥५१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## પરીક્ષિતનો દિગ્વિજય, કલિયુગથી પીડાતા ધર્મ તથા પૃથ્વીનો સંવાદ

॥ सूत उवाच ॥

ततः परीक्षित् द्विजवर्यशिक्षया । महीं महाभागवतः शशास ह ॥
यथा हि सूत्यामभिजातकोविदाः । समादिशन् विप्र महद्गुणस्तथा ॥१॥

**સૂત બોલ્યા :** તે પછી હે શૌનક ! ભગવાનનો પરમ ભકત પરીક્ષિત શ્રેષ્ઠ બ્રાહ્મણોના ઉપદેશ પ્રમાણે પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યો. તેના જન્મસમયે જાતકર્મ જાણનારા બ્રાહ્મણોએ જે પ્રમાણે ભવિષ્ય કહ્યું હતું તે જ પ્રમાણે એ મહાપુરુષોના જેવા ગુણોવાળો થયો. તેણે ઉત્તર રાજાની પુત્રી ઈરાવતી સાથે લગ્ન કર્યા, અને તે પત્નીમાં જનમેજય વગેરે ચાર પુત્ર ઉત્પન્ન કર્યા તેણે કૃપાચાર્યને ગુરુ કરી ગંગાકિનારે પુષ્કળ દક્ષિણાઓવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા. કે જેમાં દેવો પ્રત્યક્ષ થયા હતા. એ વીરે દિગ્વિજય કરતાં એક વખત રાજાનાં ચિહ્નને ધારણ કરનારા શુદ્ર કલિયુગને પોતાના બળથી શિક્ષા કરી હતી કે જે એક ગાય તથા બળદને પગ વડે મારતો હતો.

**શૌનકે પૂછયું :** શૂદ્ર કલિયુગ રાજાનાં ચિહ્ન ધારણ કરી ગાયને પગથી મારતો હતો. તેને રાજા પરીક્ષિતે દિગ્વિજયમાં ફકત શિક્ષા જ કેમ કરી ? મારી કેમ ન નાખ્યો ? હે મહાભાગ્યશાળી સૂત ! એ કથા શ્રીકૃષ્ણની કથા સાથે જો સંબંધવાળી હોય અથવા શ્રીકૃષ્ણનાં ચરણકમળના રસનો સ્વાદ લેનારા ભગવાનના ભકતોની કથા સાથે સંબંધવાળી હોય તો અમને કહો. હે સૂત ! અલ્પ આયુષ્યવાળા અને ‘મરવું’ એ જેઓનો ધર્મ છે એવા મનુષ્ય જો મોક્ષ ઈચ્છતા હોય તો તેને ભગવાનની કથા વિના બીજા મિથ્યા આલાપો વડે શું વળવાનું છે ? કેમ કે તેથી આયુષ્યનો વૃથા નાશ થાય છે. તેથી આ શાંતિકર્મમાં ભગવાન યમનું પણ આવાહન કરવામાં આવ્યું છે. તેઓ અહી રહેલા છે ત્યાં સુધી કોઈનું મરણ થશે

નહિ. અહો ! આ મનુષ્યલોકમાં હરિકથારૂપી અમૃતવાળાં વચનોનું શ્રવણ થઈ શકે એ માટે ભગવાન મૃત્યુદેવને મહર્ષિઓએ અહીં બોલાવ્યા છે. જે મનુષ્ય આળસ અને મંદ બુદ્ધિવાળો હોય છે. તેનું આયુષ્ય રાતે નિદ્રામાં અને દિવસે વ્યર્થ કામોમાં જ ચાલ્યું જાય છે.

**સૂત બોલ્યા :** રણકુશળ રાજા પરીક્ષિત જ્યારે કુરુજાંગલ દેશમાં રહેતા હતા, ત્યારે પોતાના સૈન્યબળથી રક્ષાતા આખા દેશમાં કલિયુગનો પ્રવેશ તેમણે સાંભળ્યો, અતિ અપ્રિય એ વાત સાંભળી તેમણે એ દુષ્ટને શિક્ષા કરવા હાથમાં ધનુષ લીધું. અને રથ, ઘોડા, હાથી તથા પાયદળવાળી પોતાની સેના સાથે દિગ્વિજય માટે નગરમાંથી તે નીકળ્યા. એ વેળા શ્યામ ઘોડાઓ જોડેલા સુશોભિત રથ ઉપર તે બેઠા હતા, કે જેના પર સિંહના ચિહ્ન વાળો ધ્વજ ફરકતો હતો. તેમણે ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તરકુરુ તથા કિંપુરુષ વગેરે પૃથ્વીના ખંડને જીતી ત્યાંના રાજાઓ પાસેથી ખંડણી લીધી. વળી ત્યાં ત્યાં પોતાના મહાત્મા પૂર્વજોનો શ્રીકૃષ્ણના માહાત્મ્યને સૂચવતો યશ ગવાતો સાંભળ્યો; તેમ જ અશ્વત્થામાના અસ્ત્રતેજથી ભગવાને પોતાનું રક્ષણ કર્યું હતું અને યાદવો તથા પાંડવોની શ્રીકૃષ્ણ ઉપર ભકિત હતી તે સર્વ તેમણે સાંભળ્યું. તેથી અત્યંત સંતોષ પામેલા, પ્રેમથી પ્રફૂલ્લ નેત્રોવાળા તે ઉદાર મનના રાજાએ પોતાના પૂર્વજોનું યશોગાન કરતાં તે મનુષ્યોને પુષ્કળ ધન, વસ્ત્રો તથા હારોનાં દાન કર્યા. વળી સ્નેહી પાંડવોનું સારથિકર્મ, સભાપતિનું કામ, પાંડવોના ચિત્તને અનુસરવારૂપી સેવા, મિત્રતા, દૂતકર્મ, રાતે તલવાર હાથમાં લઈ પાંડવોની રક્ષા માટે જાગવું, તેઓને અનુસરવું, તેઓનાં વખાણ કરવાં અને તેઓને પ્રણામ કરવા વગેરે ભગવાન શ્રીકૃષ્ણે કર્યું હતું; પોતાના પ્રેમી પાંડવોને તેમણે દિગ્વિજયી બનાવી રાજસૂય યજ્ઞ કરાવી પૃથ્વીના સમ્રાટ બનાવ્યા અને આખા જગતને તેમના જ ચરણે ઝુકાવ્યું. આ બધું સાંભળતા રાજા પરીક્ષિત ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળમાં અધિકાધિક પ્રેમ કરી રહ્યા છે. એ રીતે પરીક્ષિત પોતાના પૂર્વજોના વર્તન પ્રમાણે નિત્ય વર્તતા હતા તેવામાં તુરત જ એક આશ્ચર્ય બન્યું, તે તમે મારી પાસેથી સાંભળો. બળદના રૂપવાળો અને એક જ પગે ચાલતો ધર્મ, ગાયના રૂપવાળી, નિસ્તેજ અને સંતાન નાશ પામ્યાં હોય એવી માતાની પેઠે આંસુવાળા મુખવાળી પૃથ્વી દેવીને પૂછવા લાગ્યો.

**ધર્મ બોલ્યા :** હે કલ્યાણિ ! તમારું કુશળ છે ને ? તમે નિસ્તેજ થયાં છો અને તમારા આ કરમાયેલા મુખને લીધે તમારા મનમાં કંઈક પીડા હોય તેમ મને જણાય છે. હે માતા ! શું કોઈ દૂર ગયેલા બંધુનો તમે શોક કરો છો ? અથવા ત્રણ પગ વિના અને માત્ર એક જ પગવાળા મારો શોક કરો છો? અથવા ભવિષ્યમાં તમને શૂદ્ર રાજાઓ ભોગવશે. તેથી તમે પોતાનો શોક કરો છો ? અથવા યજ્ઞાદિ ક્રિયાઓનો અભાવ થવાથી જેઓના યજ્ઞભાગ નાશ પામ્યા છે તેવા દેવ વગેરેનો શોક કરો છો ? કે વરસાદ નહીં વરસવાથી દુઃખી થતી પ્રજાનો શોક કરો છો ? હે પૃથ્વી ! પતિઓથી ન રક્ષાતી સ્ત્રીઓનો અથવા રાક્ષસ જેવા નિર્દય પિતાઓથી પીડાતાં બાળકોનો તમે શોક કરો છો ? અથવા નીચ કર્મો કરતા બ્રાહ્મણોમાં રહેતી સરસ્વતી દેવીનો શોક કરો છો ? કે બ્રાહ્મણનું રક્ષણ ન કરનારા રાજાઓની સેવા કરતા કુળવાન બ્રાહ્મણોનો શોક કરો છો ? અથવા કલિયુગથી વ્યાપ્ત થયેલા નીચ ક્ષત્રિયોનો તમે શોક કરો છો કે તે નીચ ક્ષત્રિયોએ ઉજ્જડ કરેલા દેશનો શોક કરો છો ? અથવા આ લોકો જ્યાં ત્યાં ભોજન

કરતા, પાણી પીતાં,અમર્યાદિત વસ્ત્રો પહેરતા અને જયાં ત્યાં મૈથુન કરતા દેખાય છે, તેનો શોક કરો છો ? અથવા હે માતા પૃથ્વી ! તમારો ભાર દૂર કરવા જેમણે અવતાર લીધો હતો તે શ્રીકૃષ્ણ ભગવાન હમણાં તમને ત્યજીને સ્વધામમાં ગયા છે, તેમનાં મોક્ષ આપનારાં કર્મોનું સ્મરણ કરી તમે શોક કરો છો? હે પૃથ્વી ! જેને લીધે તમે દુર્બળ થયાં છો તે તમારી માનસિક પીડાનું મૂળ તમે મને કહો. હે માતા ! તમારું સૌભાગ્ય દેવને પણ પૂજ્ય હતું તેને બળવાનોથી પણ બળવાન કાળે શું હરિ લીધું છે ?

**પૃથ્વી બોલી :** હે ધર્મ ! તમે મને જે પૂછો છે તે સર્વ તમે જાણો છો. (તોપણ તમને કહું છું.) જેમને લીધે તમે લોકોને સુખ આપનારા ચાર પગવાળા હતા અને સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, દાન, સંતોષ, સરળતા, શમ (મનની શાંતિ), દમ (બાહ્ય ઈન્દ્રિયોનો જય) તપ, શત્રુમિત્રાદિ ઉપર સમભાવ, તિતિક્ષા, લાભ અથવા હાનિમાં સમાન ભાવ ધારણ કરવારૂપ ઉપરતિ, શાસ્ત્રીય વિચાર, આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૂરવીરતા, પ્રભાવ, બળ, સ્મરણશકિત, સ્વતંત્રતા, કાર્ય કરવામાં કુશળતા, કાંતિ, ધૈર્ય, અવ્યાકુળતાં, ચિત્તની કોમળતા, મહાન પ્રતિભા, વિનય, સુંદર સ્વભાવ, માનસિક શકિત, જ્ઞાનેન્દ્રિયોની શકિત, કર્મેન્દ્રિયોની શકિત, સર્વ ભોગોનું સ્થાન, ગંભીરપણું, અચંચળપણું, શ્રદ્ધા, કીર્તિ, માન (પૂજયતા) અને અહંકારરહિતપણુ આ સર્વ ગુણો અને આ વિનાના બીજા પણ મહાન ગુણો જે ભગવાનમાં નિત્ય રહે છે તેમ જ મોટાઈ ઇચ્છનારા પુરુષો જે જે ગુણો ઇચ્છે છે, તે તે સર્વ ગુણો જેમનામાં કદી નાશ પામતા નથી, તે ગુણપાત્ર અને લક્ષ્મીના વાસરૂપ શ્રીહરિથી રહિત થયેલા અને તેથી જ પાપી કલિયુગ વડે જોવાયેલા લોકોનો હું શોક કરું છું. વળી હું મારો પોતાનો, દેવતાઓથી પણ શ્રેષ્ઠ એવા તમારો, દેવોનો, પિતૃઓનો ઋષિઓનો, સજજનોનો, સર્વ વર્ણોનો તથા સર્વ આશ્રમોનો પણ શોક કરું છું. હે ધર્મ ! જેના કૃપાકટાક્ષ પોતા ઉપર પડે એવી ઈચ્છાથી બ્રહ્માદિ દેવો પણ ઘણા સમય સુધી તપશ્ચર્યા કરે છે, એવી ઉત્તમ પુરુષોએ આશ્રય કરેલી છતાં લક્ષ્મીદેવી પોતાના રહેઠાણ કમળવનનો ત્યાગ કરી, જેમના ચરણનું સૌભાગ્ય અત્યંત પ્રેમી થઈને સેવે છે, તે શ્રીભગવાનના કમળ, વજ્ર, અંકુશ તથા ધ્વજનાં ચિહ્નવાળા ચરણો વડે મારું અંગ સુશોભિત હતું અને આવી તેમની કૃપાસંપત્તિ પ્રાપ્ત કરી, હું ત્રણે લોક કરતાં અતિશય શોભતી હતી, પરંતુ તે પછી મને આ સૌભાગ્યનો ગર્વ કરતી જોઈ ભગવાને મારો ત્યાગ કર્યો. વળી સ્વતંત્ર એવા જે ભગવાને આસુરી ભાવવાળા થયેલા રાજાઓની સેંકડો અક્ષૌહિણી સેનાઓ રૂપી મારો મોટો ભાર દૂર કર્યો અને ત્રણ પગ ભાંગી પડવાથી દુ:ખી થયેલા તમને પણ પોતાના પરાક્રમ વડે ચાર પગવાળા કરી સુખી કરવા યાદવ વંશમાં સુંદર શરીર ધારણ કર્યું હતું. તે શ્રીપુરુષોત્તમના વિરહને કઈ સ્ત્રી સહન કરી શકે ? જેમણે પ્રેમદર્શનપૂર્વક સુંદર મંદ હાસ્ય તથા સુંદર ભાષણો વડે મધુવંશની સત્યભામા વગેરે અભિમાની સ્ત્રીઓનો ગર્વ અને અક્કડપણું હરી લીધાં હતાં અને જેમની ચરણરજથી શોભતી મને રોમાંચ થતાં હતાં (તે ભગવાનના વિરહને કોણ સહન કરે?). એ પ્રમાણે ધર્મ તથા પૃથ્વીનો સંવાદ ચાલતો હતો, તેવામાં રાજર્ષિ પરીક્ષિત ત્યાં પૂર્વ તરફ વહેતી સરસ્વતી નદી પર આવ્યા. ૧-૩૭

तयोरेवं कथयतोः पृथिवीधर्मयोस्तदा । परीक्षिन्नाम राजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम् ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

# પરિક્ષિતે કલિયુગને કરેલી શિક્ષા

॥ सूत उवाच ॥

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् । दण्डहस्तं च वृषलं ददृशे नृपलाञ्छनम् ॥१॥

**સૂત બોલ્યા :** રાજા પરીક્ષિતે ત્યાં એક ગાય તથા બળદને રાજાઓના વેશને ધારણ કરનાર કોઈ એક શુદ્ર હાથમાં લાકડી લઈ અનાથને મારે તેમ મારતો જોયો. તે વેળા કમળના કંદ જેવો ધોળો બળદ પેલા શુદ્રના મારથી ભય પામતો જાણે મૂતરી પડતો હતો, ધ્રૂજતો હતો અને એક જ પગ હોવાથી દુઃખી જણાતો હતો. બીજી તરફ પેલી ગાય કે જે ધર્મના સાધનરૂપ ઘી-દૂધ આપનારી, અત્યંત ગરીબડી, વાછરડાં વિનાની, અશ્રુભરેલા મુખવાળી અને દુર્બળ હોઈ ઘાસ ઈચ્છતી હતી. તેને પેલો શૂદ્ર પગની લાતો મારતો હતો, તે જોઈને સુવર્ણના સાજવાળા રથમાં બેઠેલો રાજા પરીક્ષિત ધનુષ ચડાવી મેઘ સમાન ગંભીર વાણીથી પૂછવા લાગ્યો : ‘અલ્યા ઓ ! તું કોણ છે ? મારા તાબાના આ લોકમાં બળવાન બની જઈ આ નિર્બળ પ્રાણીઓને બળજબરીથી મારે છે, તેથી નટની પેઠે માત્ર વેશથી તું રાજા છે, પણ કર્મથી તો શૂદ્ર છે. શ્રીકૃષ્ણ અર્જુનની સાથે દૂર (સ્વધામમાં) ગયા એટલે આવાં નિરપરાધી પ્રાણીઓને તું એકાંતમાં મારે છે, માટે અપરાધી અને વધને યોગ્ય છે. બોલ, તું કોણ છે ? (કલિયુગને એમ કહી રાજા બળદને પૂછે છેઃ) કમળના કંદ સમાન ધોળા રંગનો તું કોણ છે ? તને ત્રણ પગો નથી પણ એક જ પગે તું ચાલે છે, તેથી અમને ખેદ ઉપજાવે છે. બળદના રૂપમાં તું કોઈ દેવ છે ? હમણાં આ ભૂમંડળ પુરુવંશી મહારાજાઓના ભુજદંડથી સુરક્ષિત છે, તેના ઉપર તારા વિના બીજા કોઈ પણ પ્રાણીના શોકનાં આંસુ કદી પડતાં નથી. હે બળદ ! તું શોક કર મા. તને આ શુદ્રથી ભય છે તે દૂર થાઓ; (બળદને એમ કહી ગાયને કહે છેઃ) હે માતા ! તમે પણ રડો મા. દુષ્ટોને શિક્ષા કરનાર હું જ્યાં સુધી છું, ત્યાં સુધી તમારું કલ્યાણ જ છે. હે સાધ્વી ! જે દેશમાં પ્રજાઓ દુર્જનોથી ભયભીત છે, તે પ્રમાદી રાજાની કીર્તિ, ભાગ્ય તથા સ્વર્ગાદિ પરલોક નાશ પામે છે. રાજાઓનો આ પરમ ધર્મ છે કે દુઃખી પ્રજાઓના દુઃખને દૂર કરવું જોઈએ; માટે પ્રાણીઓને દુઃખ દેનાર આ દુષ્ટનો હું નાશ કરીશ. (ફરી બળદને કહે છે.) હે બળદ ! તું ચાર પગવાળું પ્રાણી છે, તારા ત્રણ પગ કોણે કાપી નાખ્યા ? શ્રીકૃષ્ણને અનુસરનારા (મારા જેવા) રાજાઓના દેશમાં કે રાજ્યમાં તારા જેવાં દુઃખી પ્રાણી ન હોવાં જોઈએ. હે બળદ ! તમારું કલ્યાણ થાઓ. તું કહે કે તમારા જેવાં નિરપરાધી શ્રેષ્ઠ પ્રાણીઓના પગ આવી રીતે કાપનાર કોણ છે ? ખરેખર, તે દુષ્ટ મનુષ્ય પાંડવોની કીર્તિને કલંક લગાડનાર છે. જે મનુષ્ય નિરપરાધી પ્રાણીને દુઃખ આપે છે, તેને તો સર્વ સ્થળે મારાથી ભય છે અને તેવા દુષ્ટોને શિક્ષા કરવાથી સજ્જનો નું કલ્યાણ જ થાય છે. આ જગતમાં કોઈ નિરંકુશ પ્રાણી બીજાં નિરપરાધી પ્રાણીઓનો જે અપરાધ કરશે, તો તે અપરાધ કરનાર કદાચ દેવ હશે તો પણ તેની ભુજાને બાજુબંધ સહિત હું કાપી નાખીશ. જે મનુષ્યો પોતાના ઉપર આપત્તિ આવી ન હોય છતાં અવળે માર્ગે જાય છે, તે અધર્મીઓને શાસ્ત્રાનુસાર શિક્ષા કરનાર રાજાનો એ જ પરમ ધર્મ છે કે, તેણે સ્વધર્મમાં રહેનાર મનુષ્યોનું રક્ષણ કરવું જોઈએ.

**ધર્મ બોલ્યા :** 'આ રીતે દુઃખીઓને અભયવચન આપવું તે પાંડવોના વંશમાં જન્મેલા તમને ખરેખર યોગ્ય છે, કેમ કે એ પાંડવોના ગુણસમૂહોને લીધે ભગવાન શ્રીકૃષ્ણ દૂતકર્મ, સારથિકર્મ વગેરે કર્યા હતાં. હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા ! પ્રાણીઓને દુઃખનાં કારણો શાથી પ્રાપ્ત થાય છે. તેમ જ તે પરમ પુરુષ ભગવાનનું સ્વરૂપ કેવું છે, તે અમે જાણતા નથી; કેમ કે ભિન્ન ભિન્ન વાદ કરનારા પુરુષોનાં જુદાં જુદાં વાક્યો વડે અમે મૂઢ બન્યાં છીએ. કઈ પણ જાતના ભેદને ન માની કેવળ આત્મતત્ત્વને જ માનનારા કેટલાક યોગીઓ કહે છે કે, આત્મા જ આત્માને સુખદુઃખ આપનારો છે. ત્યારે બીજા જ્યોતિષશાસ્ત્રીઓ કહે છે કે ગ્રહ આદિ દેવતાઓ પ્રાણીઓને સુખદુઃખ આપે છે. મીમાંસકો વળી એમ કહે છે કે કર્મ જ પ્રાણીઓને સુખદુઃખ આપે છે, ત્યારે બીજા નાસ્તિકો એમ જ કહે છે કે, સ્વભાવ જ પ્રાણીઓના સુખદુઃખનું કારણ છે. હે રાજર્ષિ ! કેટલાક ભગવાનના ભક્તોનો વળી એ જ નિશ્ચય છે કે મન તથા વચનથી અગોચર એવા પરમેશ્વરથી જ સર્વ સુખદુઃખ થાય છે, તો આ મતમતાંતરોમાં ક્યો મત યોગ્ય છે તે આપ જ આપની બુદ્ધિથી વિચારી લો. હે બ્રાહ્મણશ્રેષ્ઠ શૌનક ! ધર્મે એ પ્રમાણે કહ્યું એટલે ચક્રવર્તી રાજા પરીક્ષિત સાવધાન મનથી (નિશ્ચય કરી) ખેદરહિત થઈ તેમને કહેવા લાગ્યા.

**પરીક્ષિત બોલ્યા :** હે ધર્મને જાણનારા ! બળદના રૂપને ધારણ કરનાર તમે સાક્ષાત્ ધર્મ છો. તેથી ધર્મની વાત કહો છો, કેમ કે અધર્મ કરનારની જે દુર્ગતિ થાય છે, તે જ દુર્ગતિ તેને અધર્મમાં પ્રેરનારી પણ થાય છે. અથવા એ નિશ્ચય છે કે ઈશ્વરી માયાની ગતિ પ્રાણીઓનાં મન તથા વચનથી પણ જાણી શકાતી નથી. હે ધર્મ ! તપ, શૌચ (બહારની ને અંદરની પવિત્રતા), દયા અને સત્ય એ ચાર તમારા પગ છે. તેમાંના પહેલા ત્રણ પગને ધર્મના અંશ ગર્વ, આસકિત તથા મદ એ ત્રણેએ ભાંગી નાખ્યા છે. માત્ર છેલ્લા "સત્ય" નામના પગને હમણાં તમે માંડ માંડ ધારણ કરો છો. તેને પણ અસત્યથી વધેલો આ અધર્મી કળિયુગ કાપી નાખવા ઈચ્છે છે. જેનો મોટો ભાર ભગવાન શ્રીકૃષ્ણે અંદર અંદર યુદ્ધ કરાવી ઉતાર્યો હતો અને જેનું સર્વ પ્રકારે મંગલ કર્યું હતું, તે આ સાધ્વી પૃથ્વી ભગવાનનાં સૌંદર્યધામ ચરણોથી હમણાં અભાગિણીની પેઠે રહિત થઈ છે તેથી હવે મને બ્રાહ્મણોનું રક્ષણ ન કરનાર નીચ શૂદ્ર રાજાઓ ભોગવશે એમ માની રડતી શોક કરે છે.

મહારથી રાજા પરીક્ષિતે ધર્મ તથા પૃથ્વીને શાંત કરી અધર્મના કારણરૂપ કલિયુગનો નાશ કરવા તીક્ષ્ણ તલવાર લીધી એટલે કલિયુગ પરીક્ષિતને પોતાનો વધ કરવાની ઇચ્છાવાળો જાણી ભયથી વિહ્વળ થઈ રાજાના વેશનો ત્યાગ કરી પરીક્ષિતનાં ચરણમાં મસ્તક વડે નમી પડ્યો. દીનવત્સલ રાજા પરીક્ષિતે કલિયુગને પોતાના પગમાં પડેલ જોઈ પોતે સત્કીર્તિ ને યોગ્ય અને શરણે આવેલાનું રક્ષણ કરનારા હોવાથી કૃપાને લીધે તેને માર્યો નહિ, પણ જાણે હસતો હોય તેમ બોલ્યો.

**પરીક્ષિત બોલ્યા :** અર્જુનના યશને જાળવનારા અમને તે બે હાથ જોડયા એટલે હવે તને લેશમાત્ર ભય નથી. તું અધર્મનો બંધુ છે, તેથી તારે મારા દેશમાં કોઈ પણ અંશે રહેવું નહિ. તું હમણાં રાજાઓના શરીરમાં પેઠો છે, તેથી તારી પાછળ લોભ, અસત્ય, ચોરી, દુર્જનતા, સ્વધર્મત્યાગ, દરિદ્રતા, કપટ, કલહ અને દંભ– આ સર્વ અધર્મનો સમુદાય ચારે તરફ ફેલાયો છે; માટે હે અધર્મબંધુ ! ધર્મ તથા સત્યથી વર્તવા યોગ્ય મારા આ બ્રહ્માવર્ત દેશમાં જ્યાં યજ્ઞના વિસ્તારને જાણનારા પુરુષો યજ્ઞો કરી પરમાત્માને પૂજે છે, ત્યાં તારે રહેવું નહિ. વળી જ્યાં વાયુની પેઠે સ્થાવર-જંગમ હરકોઈ પ્રાણની અંદર ને બહારની

આત્મરૂપ યજ્ઞમૂર્તિ ભગવાન શ્રીહરિ યજ્ઞો વડે પૂજાય છે, યજ્ઞો કરનારાઓનું કલ્યાણ કરે છે અને તેઓના સર્વ મનોરથો સફળ કરે છે. તેવો આ દેશમાં તારે રહેવું નહિ.

**સૂત બોલ્યા :** પરીક્ષિત રાજાએ એવી આજ્ઞા કરી, એટલે ભયથી ધ્રુજતો કલિયુગ દંડધારી યમની પેઠે તલવાર ઉગામીને ઊભેલા તે રાજાને કહેવા લાગ્યો.

**કલિયુગ બોલ્યો :** હે સાર્વભૌમ ! હું જ્યાં જ્યાં રહેવાનો વિચાર કરું છું, ત્યાં ત્યાં સર્વત્ર આપને ધનુષબાણ ચઢાવીને ઊભેલા જોઉં છું. માટે હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ ! આપે મને એવું કોઈ સ્થાન બતાવવું. જોઈએ કે જ્યાં હું તમારી આજ્ઞાને પાળતો નિયતપણે રહી શકું.

**સૂત બોલ્યા :** કલિયુગે એ પ્રમાણે પ્રાર્થના કરી એટલે પરીક્ષિત રાજાએ તેને રહેવા માટે જુગાર, મદિરાપાન, સ્ત્રીઓ તથા હિંસા એ ચાર સ્થાનો આપ્યાં, કે જેમાં ચાર પ્રકારનો અધર્મ રહે છે ? પછી ફરી પણ કલિયુગે માગણી કરી એટલે પરીક્ષિત રાજાએ તેને રહેવાના સ્થાન તરીકે સુવર્ણ આપ્યું, તેથી તે દ્વારા અસત્ય, મદ, કામ, રજોગુણથી હિંસા અને પાંચમું વેર પણ તેને રહેવા આપ્યાં. પરીક્ષિતે આપેલાં એ પાંચ સ્થાનોમાં અધર્મના કારણરૂપ એવો તે કલિયુગ પરીક્ષિતની આજ્ઞા પાળતો રહેવા લાગ્યો; માટે પોતાનું કલ્યાણ ઈચ્છતા પુરુષે એ પાંચે પદાર્થો સેવવા નહિ અને ધર્મશીલ રાજાને તો ખાસ કરીને તેનું સેવન કરવું નહિ; કેમ કે રાજા લોકનો સ્વામી અને ગુરુ છે. પછી પરીક્ષિત રાજાએ ધર્મના નાશ પામેલા પગ-તપ, શૌચ અને દયા એ ત્રણે સાંધી આપ્યા, એટલે કે એ ત્રણેનો પ્રચાર કરાવ્યો અને એ રીતે ધર્મને આશ્વાસન આપી પૃથ્વીની પણ આબાદી કરી. (હે શૌનકાદિ ઋષિઓ !) આ રાજર્ષિ પરીક્ષિત થોડા સમય પહેલાં જ દાદા યુધિષ્ઠિરને વનમાં જવાની ઈચ્છા થઈ, ત્યારે તેમણે આપેલા રાજ્યાસન પર હતો. વળી થોડા જ સમય પહેલાં તે મહાભાગ્યશાળી ચક્રવર્તી રાજર્ષિ હસ્તિનાપુરમાં મોટી કીર્તિ વાળો થઈ કૌરવોની રાજ્યલક્ષ્મીથી શોભતો હતો. અભિમન્યુનો પુત્ર એવો પ્રભાવ શાળી હતો કે જે રાજા સમગ્ર પૃથ્વીનું પાલન કરતો હતો, તેથી જ તમે અહીં યજ્ઞ કરવા દીક્ષા લઈને બેઠા છો.૧-૪૫

इत्थम्भूतानुभावोऽयमभिमन्युसुतो नृपः । यस्य पालयतः क्षोर्णी यूयं सत्राय दीक्षिताः ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ

॥ सूत उवाच ॥

यो वे द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः । अनुग्रहाद्भगवतः कृष्णस्याद्भुतकर्मणः ॥१॥

**સૂત બોલ્યા :** જે પરીક્ષિત માતાના ઉદરમાં અશ્વત્થામાના અસ્ત્રથી બળી ગયો હતો, છતાં અદ્ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી મરણ પામ્યો ન હતો અને બ્રાહ્મણના કોપથી આવેલા તક્ષક નાગથી પ્રાણના નાશરૂપી મોટો ભય આવ્યો ત્યારે પણ ગભરાયો ન હતો. જેણે પોતાનું અંતઃકરણ શ્રીભગવાનમાં જ અર્પણ કર્યું હતું; એવા તે રાજાએ સર્વ સંગનો ત્યાગ કરી, શ્રીભગવાનનું તત્ત્વ જાણી, શુકદેવજીના શિષ્ય થઈ ગંગાકિનારે પોતાનું શરીર છોડયું હતું. અને એ કંઈ આશ્ચર્ય નથી કે પવિત્ર યશવાળા ભગવાન શ્રીકૃષ્ણની જ જે વાર્તા કરે છે અને તેમના કથારૂપ અમૃતને જ જેઓ સેવે છે, તેમને

અંતકાળે પણ શ્રીભગવાનનાં જ ચરણકમળનું સ્મરણ કરતાં મોહ ન જ થાય. મહાન ચક્રવર્તી અભિમન્યુપુત્ર રાજા પરીક્ષિત જ્યાં સુધી આ પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો, ત્યાં સુધી કલિયુગ સર્વ સ્થળે જોકે પેઠો હતો; તો પણ પ્રભાવ પ્રકટ કરવા સમર્થ થયો ન હતો. જોકે ભગવાન શ્રીકૃષ્ણે જે દિવસે અને જે ક્ષણે પૃથ્વીનો ત્યાગ કર્યો હતો, તે જ સમયે અધર્મનું કારણ આ કલિયુગ પૃથ્વી પર પેઠો હતો. પણ તેનું કંઈ ચાલતું ન હતું. સમ્રાટ રાજા પરીક્ષિત ભ્રમરની પેઠે સારવસ્તુ કરનારો હતો, તેથી તેણે કલિયુગનો દ્વેષ કર્યો ન હતો; કેમ કે કલિયુગમાં પુણ્યકર્મો તરત જ સંકલ્પમાત્રથી ફળદાયી થાય છે, ત્યારે કરેલાં પાપો તરત ફળ આપતાં નથી. વળી આ કલિયુગ અજ્ઞાનીઓ-પ્રમાદીઓ સામે શુરો છે, પણ જ્ઞાની પુરુષોથી તો ભયભીત રહે છે. આ રીતે જે પ્રમાદી પુરુષો તરફ અપ્રમાદી વરુની પેઠે વર્તે છે, તે કલિયુગથી શું થવાનું છે ? એમ માની પરીક્ષિતે તેનો દ્વેષ કર્યો ન હતો. હે બ્રાહ્મણો ! તમે મને જે પૂછયું હતું, તે આ પવિત્ર અને શ્રીભગવાનની કથા સાથે સંબંધવાળું પરીક્ષિત રાજાનું આખ્યાન મેં તમને કહ્યું. અભ્યુદય અને કલ્યાણ ઈચ્છતા પુરુષોએ કીર્તન કરવા યોગ્ય શ્રેષ્ઠ કર્મોવાળા શ્રી ભગવાનના ગુણો તથા કર્મોનાં વર્ણનવાળી કથાઓને સારી રીતે સેવવી જોઈએ.

**ઋષિઓ બોલ્યા :** હે સૂત ! તમે ઘણાં વર્ષો સુધી જીવો; કારણ કે હે સૌમ્ય ! આ સંસારના મરણશીલ મનુષ્યો માટે અમૃતરૂપ ભગવાનનો નિર્મળ યશ આપ અમને સંભળાવો છો.આ યજ્ઞકર્મ વિશ્વાસપાત્ર નથી, તેમાં હમણાં તો અમારાં શરીર ધુમાડાથી ભૂખરવર્ણા થયા છે એવાં અમને શ્રીકૃષ્ણનાં ચરણકમળનો મધુર રસ તમે પિવડાવો છો. અમે ભગવાનના ભકતના અતિ અલ્પ સત્સંગની સાથે પણ સ્વર્ગ કે મોક્ષની તુલના કરતા નથી, તો મનુષ્યોનાં રાજ્ય વગેરેની તો તુલના કેમ જ કરીએ, જે ભગવાન ભક્તજનોના પરમ આશ્રય અને પ્રાકૃત ગુણોથી રહિત છે અને શંકર તથા બ્રહ્મા વગેરે યોગેશ્વરો પણ જેમના કલ્યાણકારક ગુણોનો અંત પામ્યા નથી તે ભગવાનની કથામાં ક્યો રસજ્ઞ પુરુષ તૃપ્ત થાય ? (ન જ થાય.) હે વિદ્વાન સૂત ! અમારામાં તમે જ મુખ્યત્વે શ્રીભગવાનને સેવનારા છો, તો ભકતોના પરમ આશ્રયરૂપ શ્રીહરિનું ઉદાર અને વિશુદ્ધ ચરિત્ર અમે સાંભળવા ઈચ્છીએ છીએ, તે અમને કહો. મહાન ભક્ત અને વિશાળ બુદ્ધિવાળા તે પરીક્ષિત શુકદેવજીએ કહેલા શ્રીમદ્ ભાગવતરૂપી જ્ઞાનથી 'મોક્ષ' રૂપ શ્રીભગવાનના ચરણને પામ્યા. પરીક્ષિતને કહેવામાં આવેલું એ શ્રીમદ્ ભાગવત પુરાણ પરમ ચિત્તશોધક, પ્રકટ અર્થવાળું, અતિ અદ્ભુત યોગને પ્રતિપાદન કરનારું, શ્રીભગવાનનાં ચરિત્રોથી યુક્ત અને ભગવાનના ભક્તોને પ્રિય છે; માટે તે અમને કહો.

**સૂત બોલ્યા :** અહો આશ્ચર્ય છે કે અમે પ્રતિલોમ જન્મ્યા છીએ, છતાં વૃદ્ધ પુરુષોનો અમારા તરફ આદર હોવાથી (અથવા જ્ઞાનવૃદ્ધ શ્રીશુકદેવજીની સેવા કરવાથી) આજે અમારો જન્મ સફળ થયો છે. ખરેખર, મહાપુરુષોની સાથે લૌકિક વાતચીતનો સંબંધ પણ પોતાના નીચ કુળપણાની માનસિક પીડા દૂર કરે છે. તો જે ભગવાન અનંત શકિતવાળા, પોતે પણ અનંત અને મોટા ગુણવાળા હોવાથી જેમને વેદાંતો અનંત કહે છે, તે ભકતજનોના એક માત્ર આશ્રયરૂપ શ્રીભગવાનનું નામ લેનારા મનુષ્યની નીચ કુળપણાની મનોવ્યથા દૂર થાય એમાં શું કહેવાનું હોય ? વળી જે ભગવાનના અધિક ગુણવાળો કે સમાન ગુણવાળો બીજો કોઈ નથી, એમ જણાવવામાં આટલું જ કહેવું બસ છે કે પોતે ભગવાન ઈચ્છતા નથી છતાં જેમના ચરણની રજને, લક્ષ્મીદેવી પોતાની પ્રાર્થના કરનારા બ્રહ્માદિ દેવોનો પણ ત્યાગ કરી સેવ્યા

કરે છે, તેમ જ જે ભગવાનના ચરણના નખમાંથી નીકળેલું અને બ્રહ્મદેવે અર્ઘ્ય તરીકે અર્પણ કરેલું ગંગાજળ શંકર સહિત જગતને પવિત્ર કરે છે, તે શ્રીમુકુંદ ભગવાન વિના વિશ્વમાં બીજો કયો (પદાર્થ) ''ભગવાન'' પદનો અર્થ છે ? ધીર પુરુષો તે ભગવાન વિષે પ્રેમ કરી દેહાદિમાં ધારણ કરેલા અહંતા–મમતા આદિ સંગને સત્વર તજે છે અને સર્વોત્કૃષ્ટ પરમહંસના પદને પામે છે, કે જેમાં અહિંસા અને ઉપશમ સ્વાભાવિક ધર્મ છે. હે વેદમૂર્તિ બ્રાહ્મણો ! તમે મને ભગવાનનાં ચરિત્રો સંબંધી પ્રશ્ન કર્યો તો મારું જેટલું જ્ઞાન છે તે પ્રમાણે હું તમને કહું છું, કેમ કે પક્ષી જેમ પોતાની શકિત પ્રમાણે આકાશમાં ઊડે છે, તેમ વિદ્વાનો પણ પોતાની બુદ્ધિ પ્રમાણે શ્રીભગવાનની લીલા વર્ણવે છે. એક દિવસ પરીક્ષિત ધનુષ્ય લઈ વનમાં મૃગયા કરવા ગયો, ત્યાં મૃગોની પાછળ દોડતાં તે થાકી ગયો અને ઘણો ભૂખ્યો ને તરસ્યો થયો, કયાંય પણ જળાશય ન જોતાં તેણે એ આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં નેત્રો મીચી શાંત બેઠેલા એક મુનિને તેણે જોયા. એ મુનિ ઈન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિને રોકી સમાધિ દશામાં હતા અને તેથી સર્વ વિષયોથી ઉપરામ પામેલા તેમણે (સમાધિ દશામાં) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓથી પરબ્રહ્મરૂપ ચોથું પદ પ્રાપ્ત કર્યું હતું અને તેથી જ સર્વ વિકારોથી રહિત હતા. તે મુનિ વીખરાયેલી જટાઓથી ઢંકાયેલા હતા, મૃગનું ચામડું તેમણે ઓઢ્યું હતું. રાજા પરીક્ષિત કે જેનું ગળું તૃષાથી સુકાતું હતું, તેણે ઉપર વર્ણવેલા ઋષિ પાસે જળ માગ્યું. (એટલે જળ તો બાજુ પર રહ્યું પણ) બેસવાને ઘાસનું આસન, જગ્યા, અર્થ કે પ્રિય વચન પણ તેને મળ્યું નહિ; તેથી પોતાને અપમાન પામેલો માની તે ક્રોધાયમાન થયો. હે શૌનક ! આ રાજા બ્રાહ્મણોનો ભકત હતો. અગાઉ કદી પણ તેને બ્રાહ્મણ પ્રત્યે ક્રોધ કે દ્વેષ થયાં ન હતાં. પણ આ વખતે તે ભૂખ અને તરસથી ખૂબ વ્યાકુળ હતો, એથી એકદમ તેનામાં ઋષિ પ્રત્યે આવેશ થઈ આવ્યો. તેણે ક્રોધથી એ બ્રહ્મર્ષિના ખભા ઉપર એક મરેલો સર્પ ધનુષ્યની અણી વડે મૂક્યો અને પછી ત્યાંથી નીકળી નગરમાં આવ્યો. સર્પ મૂકવામાં તેનો અભિપ્રાય એ હતો કે, આ ઋષિ શું ખરેખર સર્વ ઈન્દ્રિયોને આકર્ષી સમાધિદશામાં નેત્રો મીચીને બેઠો છે કે પછી 'નીચ ક્ષત્રિયોના આવવા-જવાથી શું છે ?' આવી અવજ્ઞાથી ખોટી સમાધિ લગાવી બેઠો છે ? (આવી જિજ્ઞાસાથી તેણે સર્પ મૂકયો હતો.) એ સમયે શમીક ઋષિનો 'શૃંગી' નામનો અત્યંત તેજસ્વી પુત્ર બાળકોની સાથે ત્યાં રમતો હતો તે, રાજા પરીક્ષિતે પોતાના પિતાને આ રીતે દુઃખ કર્યું, એ સાંભળી આ પ્રમાણે કહેવા લાગ્યો : ''અહો ! કાગડાઓની પેઠે બલિ (કર) ખાઈ ખાઈને પુષ્ટ બનેલા રાજાઓનો આ કેટલો અધર્મ છે ! દ્વારરક્ષક કૂતરો પોતાના માલિકની સાથે બેવફાઈથી વર્તે તેમ મારે બારણે પહેરો દેનારા આ લોકો પોતાના સ્વામીની સાથે દુષ્ટતાથી વર્તે છે. બ્રાહ્મણોએ નીચ ક્ષત્રિયને દ્વારપાળ માન્યો છે. તે દ્વારપાળ બ્રાહ્મણના ઘરમાં પેસી જઈ સ્વામીના પાત્રનું અન્ન તે કેવી રીતે ખાઈ શકે ? અવળે માર્ગે જનારાઓને શિક્ષા કરનારા ભગવાન શ્રીકૃષ્ણ ગયા, જેથી મર્યાદાનો ભંગ કરનારા આવા રાજાઓને હવે હું શિક્ષા કરીશ. તમે મારું બળ જુઓ.'' મિત્ર ઋષિબાળકોને એમ કહી ક્રોધથી લાલ નેત્રોવાળા ઋષિકુમારે કૌશિકી નદીના જળનું આચમન કરી આ શાપ આપ્યો : ''જેણે આ રીતે મર્યાદાનો ભંગ કરી મારા પિતાનો અપરાધ કર્યો છે, તે કુલાંગાર રાજાને આજથી સાતમે દિવસે મેં મોકલેલો તક્ષકનાગ કરડશે.' પછી તે ઋષિકુમાર આશ્રમમાં આવી ત્યાં જેમના ગળામાં મરેલો સર્પ હતો એવા પિતાને જોઈ દુઃખી થઈ પોકે પોકે રડવા લાગ્યો. હે શૌનક ! આંગિરસ ગોત્રના શમીક ઋષિએ પુત્રનો વિલાપ સાંભળી ધીમેથી આંખો ઉઘાડી. પોતાના ખભા પર મરેલો સર્પ જોઈ તેને ગળામાંથી દૂર કરી તેમણે પુત્રને પૂછ્યુંઃ ''હે વત્સ ! તું કેમ રડે છે ? તારો કોણે અપરાધ કર્યો છે ? 'તે સાંભળી

ઋષિકુમારે તે વૃત્તાંત તેમને જણાવ્યો. શાપ આપવાને અયોગ્ય મહારાજા પરીક્ષિતને પોતાના પુત્રે શાપ દીધો. એ સાંભળી શમીકે પુત્રને અભિનંદન ન આપ્યું ('ઠીક કર્યું' એમ ન કહ્યું). 'અહો ! એ અજ્ઞાની પુત્ર ! અત્યંત ખેદની વાત છે કે તે મોટું પાપ કર્યું છે. રાજાનો અપરાધ નાનો છે, છતાં તે શિક્ષા ઘણી મોટી કરી છે. હે કાચી બુદ્ધિના પુત્ર ! પ્રજાનું પાલન કરનારો રાજા એ તો વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ છે, તેને તું મનુષ્ય સમાન માને એ યોગ્ય નથી, જેના દુઃસહ તેજથી રક્ષાયેલી પ્રજાઓ સર્વ તરફથી નિર્ભય અને કલ્યાણ પામે છે. હે પુત્ર ! રાજા નામ ધારણ કરનાર આ વિષ્ણુભગવાન પોતે જ છે. એ તારા શાપને લીધે આ જગતમાંથી અદશ્ય થશે ત્યારે, આ જગત રક્ષણરહિત થઈ, ચોર લોકોથી ભરપૂર બની ધણી વિનાનાં ઘેટાંનાં ટોળાંની પેઠે ક્ષણવારમાં નાશ પામશે. અહો ! અફસોસ ! લોકોના નાથ આ રાજા હવે નાશ પામશે, એટલે લૂંટારાઓ લોકોનાં ધન લૂંટશે અને તે પાપ વિનાકારણે આપણને જ લાગશે. જગતમાં રાજા ન હોય તો મનુષ્યો એકબીજાનો નાશ કરે, પરસ્પર કઠોર શબ્દો કહે, એકબીજાનાં પશુઓ, સ્ત્રીઓ તથા ધન લુંટી લે અને લગભગ ચોર બની જાય. વળી તે સમયમાં વર્ણો અને આશ્રમોના આચાર સહિત મનુષ્યનો વેદોકત સદાચાર વિનાશ પામે અને તેથી કુતરાં અને વાંદરાંની પેઠે એકબીજાના અર્થકામને લઈ લેવાના મનવાળા મનુષ્યમાં વર્ણસંકરતા ઊભી થાય. ચક્રવતી રાજર્ષિ પરીક્ષિત ધર્મનું રક્ષણ કરનાર, મોટી કીર્તિવાળો, સાક્ષાત્ ભગવાનનો ભકત અને અશ્વમેધ યજ્ઞ કરનારો છે. આવો એ રાજા ક્ષુધા અને તૃષાના શ્રમથી યુક્ત થઈ દીન બન્યો હતો, ત્યારે શાપને યોગ્ય ન હતો.' (પુત્રને એમ કહી ભગવાન પ્રત્યે પ્રાર્થના કરી :) આ કાચી બુદ્ધિના બાળકે નિરપરાધી પોતાના સેવકો ઉપર પાપ કર્યું છે, તેને સર્વાત્મા ભગવાન ક્ષમા કરવા યોગ્ય છે. ભગવાનના ભક્તો તિરસ્કારાયા હોય, ઠગાયા હોય, શાપ આપેલા હોય, અપમાન કરાયા હોય અથવા મારેલા હોય, તો પણ પોતે સમર્થ હોવા છતાં તેનો બદલો લેતા નથી. એ પ્રમાણે પુત્રે કરેલા રાજાના અપરાધથી મહામુનિ શમીક પશ્ચાત્તાપ કરવા લાગ્યા, પરંતુ રાજાએ પોતાનો અપરાધ કર્યો હતો તેનો તેમણે વિચાર પણ કર્યો નહિ ! કેમ કે સત્પુરુષો જગતમાં પોતાને કોઈએ સુખ કે દુઃખ આપ્યું હોય, તો પણ ઘણું કરી આનંદ કે ખેદ પામતા નથી; કારણ કે તેઓ એ સમજે છે કે આત્માને સુખદુઃખનો આશ્રય છે જ નહિ.૧-૫૦

**प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः । न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽगुणाश्रयः ॥५०॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## ગંગાતટે પરીક્ષિત રાજાનું અનશન વ્રત અને ત્યાં શુકદેવજીનું પધારવું

**॥ सूत उवाच ॥**

महीपतिस्त्वथ तत्कर्म गर्ह्यं विचिन्तयन्नात्मकृतं सुदुर्मनाः ॥

अहो मया नीचमनार्यवत्कृतं निरागसि ब्रह्मणि गूढतेजसि ॥१॥

**સૂત બોલ્યા :** તે પછી રાજા પરીક્ષિત મનમાં અત્યંત ઉદાસ થઈ તે સંબંધી શોક કરતો મનમાં કહેવા લાગ્યો. 'અહો ! ગૂઢ તેજવાળા નિરપરાધી બ્રાહ્મણ તરફ મેં અનાર્યની પેઠે નીચ આચરણ કર્યું છે. ખરેખર ! તે ઈશ્વરની જ અવજ્ઞા કરવા તુલ્ય પાપથી અલ્પ સમયમાં જ મને અપાર દુઃખ પ્રાપ્ત થવું

જોઈએ અને તે મારા પ્રાયશ્ચિત્ત માટે ભલે પ્રાપ્ત થાઓ, જેથી ફરી એવું હું ન કરું. મેં કોપાવેલ એ બ્રાહ્મણનો કુળરૂપી અગ્નિ આજે જ મારા રાજ્યને, સૈન્યને તથા સમૃદ્ધ ધનભંડારને બાળી નાખો કે જેથી મને દુષ્ટને ફરી બ્રાહ્મણો, દેવો તથા ગાયો પ્રત્યે આવી પાપબુદ્ધિ ન થાય. ‘રાજા એ પ્રમાણે ચિંતા કરી રહ્યો હતો તે વખતે તેણે સાંભળ્યું કે મુનિપુત્ર શૃંગીએ શાપરૂપે મોકલેલો તક્ષકનાગ પોતાના મૃત્યુરૂપ થશે; એટલે તેણે વિષયમાં આસકત પોતાને તત્કાળ વૈરાગ્યનું કારણ તે તક્ષકરૂપ અગ્નિને શ્રેષ્ઠ જ માન્યો. પછી પોતે પ્રથમથી જ તજવા યોગ્ય વિચારેલા આ લોક તથા પરલોક બંનેના વિષયોનો તેણે ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણચરણની સેવાને જ સર્વ પુરુષાર્થોમાં અધિક માની ગંગાકિનારે અનશનવ્રત લઈ તે બેઠો. જે ગંગા સુશોભિત તુલસીદળથી મિશ્ર શ્રીકૃષ્ણ ભગવાન ની ચરણરજથી સર્વોત્કૃષ્ટ થયેલા જળને વહેતી, લોકપાલો સહિત લોકોને અંદર અને બહાર પવિત્ર કરે છે, તે ગંગાને મરણ સમીપ હોય તેવો કોણ ન સેવે. આ નિશ્ચય કરી તે પાંડવવંશી રાજા ગંગાકિનારે અનશનવ્રત લઈ બેઠો અને મુનિઓનાં વ્રત સ્વીકારી, સમસ્ત સંગો છોડી અનન્યભાવે શ્રીકૃષ્ણના ચરણનું ધ્યાન કરવા લાગ્યો. તે સમયે જગતને પવિત્ર કરનારા મહાનુભાવ મુનિઓ શિષ્યો સાથે ત્યાં પધાર્યા. ખરેખર, સત્પુરુષો પોતે જ તીર્થરૂપ હોઈ તીર્થસ્થળોમાં જવાને બહાને મોટેભાગે તીર્થસ્થળોને જ પવિત્ર કરે છે. અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇંદ્રપ્રમદ, ઈધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, વ્યાસ, ભગવાન નારદ અને આ સિવાય બીજા પણ શ્રેષ્ઠ દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ તથા અરુણાદિ રાજર્ષિઓ ત્યાં પધાર્યા; એટલે રાજા પરીક્ષિતે તેમને પૂજી મસ્તક વડે વંદન કર્યું. પછી તેઓ સુખેથી બેઠા એટલે ફરી રાજાએ તેઓને પ્રણામ કરી, શુદ્ધ ચિત્તે તેમની સન્મુખ ઊભા રહી બે હાથ જોડી પોતે કરવા ધારેલું અનશનવ્રત તેમને જણાવવા માંડયું.

**રાજાએ કહ્યું :** ‘‘અહો ! આનંદની વાત છે કે રાજાઓમાં અમે અત્યંત ધન્ય થયા; કેમ કે અમારું આચરણ આપ જેવા મહાન પુરુષોની કૃપાનું પાત્ર બન્યું છે. રાજવંશી લોકો લગભગ બધાં નિંદ્યકર્મ કરનારા હોય છે અને બ્રહ્મજ્ઞાની સત્પુરુષોના પવિત્ર ચરણોથી દૂર (વિખૂટા) જ પડી ગયેલા હોય છે. હું પણ તેઓમાંનો એક રાજા છું અને નિરંતર દેહ-ગેહમાં આસકત રહેવાથી પાપી બની ગયો છું. આથી સ્વયં ભગવાન જ આ બ્રાહ્મણના શાપના રૂપમાં મારા પર કૃપાવાન બન્યા છે. જે શાપ થતાં ઘરમાં આસક્ત મનુષ્ય એકદમ ભયભીત થઈને વૈરાગ્યવાન બની જાય છે. હે બ્રાહ્મણો ! તમે તથા દેવી ગંગાજી જાણે કે હું તમારે શરણે આવ્યો છું અને મારા મનને મેં પરમેશ્વરમાં લગાડી દીધું છે. હવે બ્રાહ્મણે મોકલેલો માયાવી તક્ષક ભલે મને કરડે. તમે ભગવાનની કથાઓ કહે. ‘‘વળી અનંત ભગવાન વિષે મારી પ્રીતિ થાઓ અને ભગવાનનો આશ્રય કરનારા મહાન પુરુષોનો મને સંગ થાઓ. હું અહીંથી જે જે જન્મમાં જાઉં, ત્યાં ત્યાં સર્વ સાથે મારી મિત્રતા થાઓ; બ્રાહ્મણોને હું નમસ્કાર કરું છું.’’ એ પ્રમાણે તે ધીર રાજા દૃઢ નિશ્ચયવાળો થઈ ગંગાનદીના દક્ષિણ કિનારે પૂર્વાગ્ર દર્ભોવાળા આસન ઉપર ઉત્તર દિશામાં મુખ રાખી બેઠો. તેણે રાજ્યનો ભાર પ્રથમથી જ પોતાના પુત્ર(જનમેજય)ને સોંપી દીધો હતો. સમસ્ત

રાજાઓનો અધિપતિ એ પરીક્ષિત એ રીતે અનશન વ્રત લઈ ત્યાં બેઠો, તે વખતે સ્વર્ગમાં દેવગણોએ તેની પ્રશંસા કરી ને આનંદથી પૃથ્વી પર પુષ્પવૃષ્ટિ કરી; તેમ જ તેઓએ વગાડેલાં નગારાં વારંવાર વાગવા લાગ્યાં. વળી તે વખતે જે મહર્ષિઓ ત્યાં આવ્યા હતા, તેઓ પણ રાજાની પ્રશંસા કરી 'બહુ જ સારું કર્યું' એમ અનુમોદન આપવા લાગ્યા અને લોકો પર અનુગ્રહ કરવો એ જ જેમના સ્વભાવનો સાર હતો, એવા તે ઋષિઓ ભગવાનના ગુણોથી શોભતા પરીક્ષિતને કહેવા લાગ્યાઃ ''હે શ્રેષ્ઠ રાજર્ષિ ! શ્રીકૃષ્ણને અનુસરનારા તમારામાં આ કંઈ આશ્ચર્ય નથી, જે તમે ભગવાનની સમીપ રહેવાની ઈચ્છાથી રાજમુકુટોથી સેવાયેલા રાજ્યાસનને તત્કાળ ત્યજી દીધું છે.'' (રાજા પ્રત્યે એમ કહી તે મુનિઓ પરસ્પર કહેવા લાગ્યાઃ) 'ભગવાનના ભક્તોમાં મુખ્ય આ રાજા શરીરનો ત્યાગ કરી, પાપ તથા શોકથી રહિત એવા શ્રેષ્ઠ લોકમાં જશે, ત્યાં સુધી આપણે અહીં રહીશું.'' ઋષિગણનું એ પક્ષપાતરહિત, અમૃત ઝરતું અને ગંભીર અર્થવાળું સત્ય વચન સાંભળી પરીક્ષિતે તેમને યોગ્ય અભિનંદન આપી ભગવાનનાં ચરિત્ર સાંભળવાની ઈચ્છાથી કહ્યું: 'ચારે તરફથી અહીં પધારેલા આપ સર્વે સત્યલોકમાં દિવ્ય મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરી રહેલા વેદોતુલ્ય છે અન્યના ઉપર ઉપકાર કરવો એ જ આપનો સ્વભાવ છે. એ સિવાય આ લોકમાં કે પરલોકમાં આપનો બીજો કોઈ સ્વાર્થ નથી. તો હે બ્રાહ્મણો ! આપના પર વિશ્વાસ કરીને, મારે શું કરવું જોઈએ તે વિષે હું આપને પ્રશ્ન પૂછું છું. તો આપ સર્વ વિદ્વાનો પરસ્પર વિચાર કરીને બતાવો કે માણસે સર્વ સ્થિતિમાં અને ખાસ કરીને મરણકાળે શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા કરવા યોગ્ય પવિત્ર કાર્ય શું છે ?'' રાજાએ એ પ્રશ્ન કર્યો (એટલે તે સર્વ મુનિઓ યજ્ઞ, યોગ, તપ, દાન વગેરે સંબંધી વિવાદ કરવા લાગ્યા.) તેવામાં સર્વ વિષય તરફ નિઃસ્પૃહ વ્યાસપુત્ર ભગવાન શુકદેવજી પૃથ્વી પર ફરતા દેવયોગે ત્યાં આવ્યા. કોઈ આશ્રમ વગેરેનાં ચિહ્નોથી તેઓ ઓળખી શકાય તેવા નથી. આત્માનંદના લાભથી તે સંતુષ્ટ છે. સ્ત્રીઓ તથા બાળકોએ તેમને ઘેરેલા છે, અવધૂત જેવો વેશ છે, સોળ વર્ષની અવસ્થા છે; હાથ, પગ, સાથળ, બાહુ, ખભા, ગાલ વગેરે સુકોમળ અવયવો છે; મુખ સુંદર નેત્રવાળું, ઊંચા નાકવાળું, સરખા કાનવાળું તથા સુંદર ભ્રકુટિવાળું છે. શંખના જેવો ત્રણ રેખાઓવાળો કંઠ શોભે છે, હાંસડીનો ભાગ ભરાવદાર હોવાથી દેખાતો નથી, વિશાળ અને ઊંચી છાતી છે, નાભિ ઘૂમરીના જેવી (ગોળ અને ઊંડી) છે, ત્રણ કરચલીઓથી સુંદર ઉદર (પેટ) છે, તેમણે દિશાઓરૂપી વસ્ત્રો પહેર્યા છે અર્થાત્, તે નગ્ન છે, વાંકડિયા ને વિખરાયેલા કેશ છે, લાંબા બાહુઓ છે, કોઈ શ્રેષ્ઠ દેવ સમાન તેજસ્વી કાંતિ છે, શ્યામ વર્ણ છે, સદા ઉત્તમ એવા યૌવનયુકત શરીરની શોભા તથા સુંદર મંદ હાસ્ય સ્ત્રીઓનાં મનને હરનારું છે. આવા તે શુકદેવજી ગુપ્ત તેજવાળા હતા, તો પણ તેમનાં લક્ષણ જાણનારા ત્યાં બેઠેલા સર્વ મુનિઓ તેમને જોઈ તરત જ આસનો ઉપર થી ઊભા થયા. પછી પરીક્ષિતે એ આવેલા અતિથિની મસ્તક નમાવીને પૂજા કરી એટલે (તેમનો આવો મહિમા જોઈ ગમ્મત ખાતર તેમની પાછળ આવેલાં) અજ્ઞાની સ્ત્રીઓ તથા બાળકો ત્યાંથી નાસી ગયાં અને પૂજાયેલા તે શુકદેવજી મોટા આસન ઉપર ત્યાં બેઠા. મોટા બ્રહ્મર્ષિઓ અને દેવર્ષિઓના સમૂહોની વચ્ચે વિરાજેલા તે ભગવાન શુકદેવજી ગ્રહો, નક્ષત્રો અને તારાગણોની વચ્ચે ચંદ્રમાની સમાન અત્યંત શોભી રહ્યા છે. અપાર બુદ્ધિવાળા અને 'શાંત

તે શુકમુનિ એ રીતે ત્યાં બિરાજ્યા; એટલે ભગવાનનો ભક્ત રાજા પરીક્ષિત તેમની સમીપ જઈ, મસ્તકથી પ્રણામ કરી. બે હાથ જોડી, સાવધાન થઈ સત્ય અને મધુર વાણીથી પૂછવા લાગ્યો : 'અહો ! હે બ્રહ્મન્ ! આ અમે ક્ષત્રિયો નીચ છતાં સજ્જનોથી સેવવા યોગ્ય થયા છીએ; કારણ કે આપે કૃપા કરી અતિથિરૂપ થઈ અમને તીર્થરૂપ (પાવન) કર્યા છે. જો આપના સ્મરણમાત્રથી પુરુષનાં ઘર સત્વર શુદ્ધ થાય છે, તો દર્શન, સ્પર્શ, પગ ધોવા, જળ અને આસન આપવું વગેરેથી શુદ્ધ થાય એમાં શું કહેવું ? હે મહાયોગિન્ ! જેમ વિષ્ણુના સમીપપણાથી અસુરોનો નાશ થાય છે, તેમ આપના સમીપપણાથી પુરુષોનાં મોટાં મોટાં પાપો પણ તત્કાળ નાશ પામે છે. પાંડવોને પ્રિય અથવા પાંડવો જેમને પ્રિય હતા, એવા ભગવાન શ્રીકૃષ્ણ મારા ઉપર પણ પ્રસન્ન થયા છે, જે ભગવાને પોતાની ફોઈના પુત્ર પાંડવોની પ્રસન્નતા માટે તેમના વંશમાં ઉત્પન્ન થયેલા મારી સાથે પણ બંધુપણુ સ્વીકાર્યું છે. જો એમ ન હોય તો અર્થાત્ જો શ્રીકૃષ્ણની મારા ઉપર કૃપા ન હોય તો આપ સરખા અવ્યક્ત ગતિવાળી પરમ સિદ્ધ પુરુષ જાતે પધારી અમારા જેવા માણસને મરણકાળે દર્શન આપે એ કેમ બની શકે ? આપ 'મારી પાસે જે માગવું હોય તે માગ' આવી પ્રેરણા કરો છો, તો યોગીના પરમ ગુરુ આપને હું પૂછું છું કે સર્વથા મરણ પામવાની અણી પર આવેલા પુરુષનું તે સમયનું કર્તવ્ય શું હોઈ શકે ? પ્રભો ! તેવા મરણપથારીએ પડેલા મનુષ્યે જે સાંભળવા યોગ્ય જે જપવા યોગ્ય, જે કરવા યોગ્ય જે સ્મરણ કરવા યોગ્ય અને જે ભજવા યોગ્ય હોય તે મને કહો; તેમ જ જે શ્રવણ વગેરે માટે અયોગ્ય હોય તે પણ કહો. હે ભગવત્સ્વરૂપ મુનિવર, આપનાં દર્શન અત્યંત દુર્લભ છે. ગૃહસ્થોને ઘેર તો આપ ગાય દોહાય એટલી વાર પણ ઊભા રહેતા નથી.

**સૂત બોલ્યા :** એ પ્રમાણે રાજા પરીક્ષિતે મધુર વાણીથી વાતચીત કરી પ્રશ્ન કર્યો, એટલે ધર્મવેત્તા ભગવાન શુકદેવજી તેના પ્રત્યે કહેવા લાગ્યા.

एवमाभाषितः पृष्टः स राज्ञा श्लक्ष्णया गिरा । प्रत्यभाषत धर्मज्ञो भगवान् बादरायणिः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

**પ્રથમ સ્કંધ સમાપ્ત**

ॐ

# શ્રીમદ્ ભાગવત
# દ્વિતીય સ્કંધ

## અધ્યાય-૧
## મનુષ્યકર્તવ્ય અને વિરાટપુરુષનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

वरीयानेष ते प्रश्नः कृतो लोकहितो नृप । आत्मवित्सम्मतः पुसां श्रोतव्यादिषु यः परः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! તે કરેલો આ પ્રશ્ન અત્યંત શ્રેષ્ઠ અને લોકોનું હિત કરનાર છે. તે આત્મજ્ઞાનીઓને માન્ય અને પુરુષોને સાંભળવા યોગ્ય વિષયોમાં ઉત્તમ છે. હે રાજેન્દ્ર ! ઘરમાં આસક્ત રહી આત્મતત્વનું દર્શન ન કરતા ગૃહસ્થોને હજારો (વિષયો) સાંભળવા યોગ્ય છે. પણ હે રાજા! મનુષ્યનું આયુષ્ય રાત્રે નિંદ્રા અને મૈથુનથી અને દિવસે ધન માટે ઉદ્યમ તથા કુટુંબનું ભરણપોષણ કરવામાં વૃથા નાશ પામે છે. શરીર, સ્ત્રી આદિ પોતાનું સૈન્ય (પરિવાર) નાશવંત છે અને પોતે તેઓનો નાશ જુએ છે, છતાં પ્રમાદમાં પડેલો પ્રાણી જોતો નથી-આત્મસાધના કરવા તત્પર થતો નથી, માટે હે ભરતવંશી રાજા ! અભય ને મોક્ષપદ ઈચ્છતા મનુષ્ય સર્વના આત્મા અને ઈશ્વર ભગવાન શ્રીહરિનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ કરવું જોઈએ. મનુષ્યોના જન્મનો શ્રેષ્ઠ લાભ આટલો જ છે કે તેઓએ આત્મા—અનાત્માના વિવેકથી, અષ્ટાંગયોગથી તથા સ્વધર્મમાં નિષ્ઠાથી અંતે (મરણસમયે) શ્રી નારાયણનું સ્મરણ કરવું અને તે જ મહાન લાભ છે. હે રાજન્ ! મુનિઓ પણ વિધિ તથા નિષેધથી એટલે વેદોક્ત કર્મમાર્ગથી નિવૃત્ત થઈ નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરે છે, છતાં શ્રીહરિના ગુણાનુવાદમાં આનંદ લે છે. (અને આ જ કારણથી) દ્વાપરયુગ માં હું મારા પિતા વ્યાસજી પાસેથી સર્વ વેદ તુલ્ય આ શ્રીમદ્ ભાગવત પુરાણ ભણ્યો છું. જોકે હું નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરું છું, છતાં હે રાજર્ષિ ! ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનની લીલા વડે મારું મન આકર્ષાય છે અને તેથી જ આ ભાગવત આખ્યાન હું ભણ્યો છું. જે ભાગવત ઉપર શ્રદ્ધા કરનારા મનુષ્યોને સત્વર શ્રીમુકુંદ ભગવાનમાં નિષ્કામ ભકિત થાય છે, તે ભાગવત આખ્યાન હું તમને કહું છું, કેમ કે તમે મહાપુરુષ વિષ્ણુ ભગવાનના ભકત છો. હે રાજા ! શ્રીહરિના નામનું કીર્તન એ જ સંસારભોગની ઈચ્છાવાળાઓને નિશ્ચળ ફળદાયી, મુમુક્ષુઓનું મોક્ષસાધન અને જ્ઞાનીઓના જ્ઞાનનું ફળ છે. કોઈ પ્રમાદી પુરુષનાં અનેક વર્ષો અજ્ઞાનમાં ગયાં હોય પણ માત્ર બે જ ઘડી જો જ્ઞાનયુકત જાય તો પણ ઉત્તમ જ છે, કેમ કે એ બે ઘડીના જ્ઞાનથી પણ મોક્ષ માટે યત્ન થઈ શકે છે. પૂર્વે ખટ્વાંગ નામનો

રાજર્ષિ હતો. તેણે પોતાના આયુષ્યનું અમુક પ્રમાણ જાણીને બે ઘડીના સમયમાં સર્વ વિષયોનો ત્યાગ કર્યો હતો. અને અભયરૂપ શ્રીહરિને પામ્યો હતો. તો હે કુરુવંશી રાજન્ ! તમારા જીવનનો અવધિ તો હજી સાત દિવસનો છે તેટલામાં પોતાના પરમ કલ્યાણનું સઘળું સાધન તમે કરી લો. જયારે અંતકાળ આવે ત્યારે પુરુષે મૃત્યુનો ભય તજવો જોઈએ અને સર્વ વિષયમાં અનાસકિત રૂપ શસ્ત્ર લઈ, તે દ્વારા શરીરના સુખની ઈચ્છા અને શરીરની પાછળ રહેલાં પુત્ર-સ્ત્રી આદિની મમતાને છેદવી જોઈએ. પછી ધીર પુરુષે ઘરમાંથી નીકળી પવિત્ર તીર્થના જળમાં સ્નાન કરવું અને પવિત્ર એકાંત પ્રદેશમાં વિધિપૂર્વક ગોઠવેલા આસન પર બેસવું. તે પછી 'अ उ म्' એ ત્રણ અક્ષરોથી બનેલા શુદ્ધ શ્રેષ્ઠ બ્રહ્માક્ષર પ્રણવમંત્ર ઓમકારનો મનમાં જપ કરવો અને તેનું સ્મરણ ન ભૂલી શ્વાસ જીતી (પ્રાણાયામ કરી) મન વશ કરવું. પછી નિશ્ચયાત્મક બુદ્ધિને સહાયક કરી ઈન્દ્રિયોને મન દ્વારા વિષયોથી પાછી વાળીને કર્મ તથા કર્મની વાસનાથી જે મન આકર્ષાય, તો બુદ્ધિ દ્વારા તેને ભગવાનના સ્વરૂપમાં સ્થાપવું. ભગવાનના સ્વરૂપના એકેએક અવયવનું, સમગ્ર સ્વરૂપથી જુદા ન પડેલા મનથી ધ્યાન કરવું. એ રીતે નિર્વિષય થયેલા મનને સમાધિમાં જોડવું અને એકાગ્ર કરી કોઈ પણ વિષયનું સ્મરણ ન કરવું. વિષ્ણુનું પરમ પદ એ જ છે કે જેમાં મન પ્રસન્ન થાય છે. એ રીતે એકાગ્ર થયું હોય છતાં મન રજોગુણ અને તમોગુણથી આકર્ષાઈ એકાગ્ર ન થાય, તો ફરી ધીર પુરુષે ધારણા દ્વારા તેને વશ કરવું; કેમ કે રજોગુણ તથા તમોગુણે કરેલા દોષનો તે ધારણા નાશ કરે છે. એ રીતે ધારણા કરતાં સુખસ્વરૂપ વિષય ભગવાનનો સાક્ષાત્કાર કરતા યોગીને સત્વર ભકિતયોગ પ્રાપ્ત થાય છે.

**રાજાએ કહ્યું :** હે બ્રહ્મન્ ! એ ધારણા જે રીતે ધારી શકાય, જેમાં ધારણ કરવી જોઈએ અને જે સ્વરૂપમાં ધારણ કરવાથી પુરુષના મનનો મેલ તરત જે દુર કરે છે તે આપ કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** આસન તથા શ્વાસને જીતી, સંગ તજી, સર્વ ઈન્દ્રિયોને વશ કરી, ભગવાનના સ્થૂલ સ્વરૂપમાં બુદ્ધિ દ્વારા મનને ધારણ કરવું, (તે ધારણાનું સ્વરૂપ છે.) કેમ કે ભગવાનનું વિરાટ શરીર અતિસ્થૂલ કરતાં પણ અતિસ્થૂલ છે. જેમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ કાર્યરૂપ જગત દેખાય છે. એ વિરાટશરીરના પાંચ મહાભૂત, અહંકાર અને મહત્તત્ત્વએ સાત આવરણોવાળા બ્રહ્માંડરૂપ છે. (માટે એ વિશાળ શરીર ધારણાનો વિષય ન હોઈ શકે પણ) એ શરીરમાં સ્થિતિ કરતા ભગવાન જે વિરાટ પુરુષ તે જ ધારણાનો વિષય છે. વિદ્વાનો કહે છે કે એ વિરાટ પુરુષના ચરણનું મૂળ પાતાળ છે, પગના ફણામાં રસાતલ છે, બે ઘૂંટી મહાતલ છે અને જગતના સ્રષ્ટા તે પુરુષની બે જાંઘ તલાતલ છે. હે રાજા ! એ વિશ્વમૂર્તિ ભગવાનના બે ગોઠણ સુતલ છે. બે સાથળો વિતલ અને અતલ છે; નાભિની નીચેનો ભાગ પૃથ્વી છે અને નાભિરૂપ સરોવર આકાશ કહેવાય છે. વળી તે આદિપુરુષનું વક્ષઃસ્થળ સ્વર્ગ છે, ડોક મહર્લોક છે. મુખ જનલોક છે, લલાટ તપલોક છે અને હજારો મસ્તકોવાળા તે ભગવાનનાં મસ્તકો સત્યલોક કહેવાય છે. એ પરમપુરુષના બાહુ ઈન્દ્રાદિ દેવો છે, દિશાઓ બે કર્ણગોલક છે, શબ્દ કર્ણેન્દ્રિય છે, નાસિકા બે અશ્વિનીકુમારો છે, ગંધ ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજવલિત અગ્નિ મુખ છે, એ જ વ્યાપક દેવનાં બે નેત્ર અંતરીક્ષ છે, સૂર્ય ચક્ષુ છે, દિવસ અને રાત્રિ નેત્રની પાંપણો છે, બ્રહ્મદેવનું સ્થાન ભ્રકુટિનો વિલાસ છે, જળ તાળવું છે અને રસ જીભ છે; તેમ જ વેદોને એ અનંત ભગવાનનું બ્રહ્મરંધ્ર કહે છે, યમ દાઢો છે, પુત્ર આદિ ઉપર સ્નેહના અંશો તે એમના દાંત છે, મનુષ્યોને ઉન્માદ કરનારી માયા હાસ્ય છે, અપાર આ સૃષ્ટિ એમના કટાક્ષનો વિલાસ છે, શરમ ઉપરનો હોઠ છે, લોભ નીચેનો હોઠ છે,

ધર્મ સ્તન છે, અધર્મ પીઠ છે, પ્રજાપતિ લિંગ છે, મિત્રાવરુણ દેવ બે વૃષણ છે. સમુદ્રો પેટ છે, પર્વતો હાડકાં છે, નદીઓ નાડીઓ છે. વૃક્ષો રુવાટાં છે, અનંત શકિતવાળો વાયુ એમનો શ્વાસોચ્છ્વાસ છે, કાળ ગતિ (ચાલ) છે અને પ્રાણીઓનો આ સંસાર તે હે રાજા ! એ વિશ્વરૂપ ભગવાનનું કર્મ છે. હે કુરુશ્રેષ્ઠ! મેઘાને એ ભગવાનના કેશ કહે છે, સંધ્યાને એ પ્રભુનાં વસ્ત્ર કહે છે, અવ્યક્ત પ્રધાનને હૃદય કહે છે, ચંદ્રમાં સર્વ વિકારોના આશ્રયરૂપ મન છે, પંડિતો કહે છે કે મહત્તત્ત્વ એમની વિજ્ઞાનશકિત છે, શ્રીરુદ્રદેવ એ સર્વાત્માનું અંતઃકરણ-અહંકાર છે; ઘોડાં, ખચ્ચર, ઊંટ અને હાથીઓ નખ છે, સર્વ મૃગો તથા પશુઓ કેડની પાછળનો ભાગ છે, સર્વ પક્ષીઓ વિચિત્ર કારીગરીની કુશળતા છે, સ્વાયંભુવ મનુ બુદ્ધિ છે, પુરુષ નિવાસસ્થાન છે, ગંધર્વો, વિદ્યાધરો, ચારણો ને અપ્સરા તે એ ભગવાનની સ્વરવિદ્યા છે. અસુરોનું સૈન્ય પરાક્રમ છે, બ્રાહ્મણ મુખ છે, ક્ષત્રિયો ભુજાઓ છે, વૈશ્ય એ મહાન આત્માની સાથળો છે, શૂદ્ર પગ છે અને ભિન્ન ભિન્ન નામવાળા દેવગણો સહિત દ્રવ્યાત્મક યજ્ઞપ્રયોગ એ વિરાટપુરુષનું કર્મ છે. આ રીતે વિરાટ પુરુષના શરીરના અવયવોની આકૃતિ છે, જે મેં તને કહી. આ અતિસ્થૂલ વિરાટ સ્વરૂપમાં મુમુક્ષુઓ પોતાની બુદ્ધિ વડે મનની ધારણા (સ્થિરતા) કરે છે, કેમ કે એનાથી બીજું કંઈ છે જ નહિ. જેમ એક જ જીવ સ્વપ્નમાં અનેક શરીરે કલ્પી તે તે શરીરની ઇન્દ્રિયો દ્વારા બધું જુએ છે, તેમ સર્વની બુદ્ધિઓની વૃત્તિઓ દ્વારા જે સર્વ અનુભવે છે એ તે એક જ આત્મા સર્વાંતર્યામી છે; માટે, સત્યસ્વરૂપ અને આનંદના ભંડાર તે આત્માનું જ ભજન કરવું, બીજા કોઈ વિષયમાં આસક્ત થવું નહિ; કેમ કે તેથી આત્માને સંસારમાં પડવું પડે છે.

स सर्वधीवृत्त्यनुभूतसर्व आत्मा यथा स्वप्नजनेक्षितैकः ॥
तं सत्यमानन्दनिधिं भजेत नान्यत्र सज्जेद् यत आत्मपातः ॥१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## ક્રમમુક્તિ અને સદ્યઃ મુક્તિનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

एवं पुरा धारणयाऽऽत्मयोनिर्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ।
तथा ससर्जेदममोघदृष्टिर्यथाप्ययात् प्राग्व्यवसायबुद्धिः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** સૃષ્ટિના આરંભકાળમાં બ્રહ્માની સૃષ્ટિરચનાની સ્મૃતિ લુપ્ત થઈ ગઈ હતી. તેથી બ્રહ્માએ આ પ્રમાણેની ભગવાનના વિરાટસ્વરૂપની ધારણા કરી અને તે દ્વારા જ પ્રસન્ન થયેલા ભગવાન પાસેથી પ્રલયકાળને લીધે નાશ પામેલી સ્મૃતિ પાછી મેળવી. આથી તેમની દૃષ્ટિ (સંકલ્પશક્તિ) અમોઘ બની તેમની બુદ્ધિ નિશ્ચયાત્મક બની અને તેમણે પ્રલયકાળ પહેલાં હતું તેવા જગતની રચના કરી. શબ્દબ્રહ્મ અર્થાત વેદનો કર્મના ફળો દર્શાવનારો માર્ગ એવો છે કે, અર્થશૂન્ય સ્વર્ગાદિનાં નામથી સાધકની બુદ્ધિ તેને સ્વર્ગાદિ લોક મેળવવાની જ ઈચ્છા કરે છે ને પછી તે માયામય કર્મમાર્ગમાં ભટકતો મનુષ્ય વાસનાથી સૂતેલો મનુષ્ય જેમ સ્વપ્નો દેખે છે, પણ સ્વપ્નમાં જોયેલા પદાર્થો મેળવી શકતો નથી, તેમ કોઈ પણ પદાર્થો મેળવી શકતો નથી. માટે વિદ્વાન પુરુષે નામમાત્ર એવા ભોગ્ય પદાર્થોમાંથી જેટલા વડે પોતાના શરીરનિર્વાહનું પ્રયોજન સિદ્ધ થાય, તેટલા જ માટે પ્રયત્ન કરવો અને તેમાં પણ આસકિત

રાખવી નહિ અને 'આ સુખ વાસ્તવિક નથી' આવા નિશ્ચયવાળી બુદ્ધિ ધારણ કરવી. વળી તે નિર્વાહ પૂરતા પદાર્થો પણ જે વિના યત્ને મળી રહે, તો તેને માટે પરિશ્રમ કરવો વ્યર્થ છે એમ સમજી પ્રયત્ન પણ ન કરવો. જો પૃથ્વી છે તો પછી શય્યા માટે પ્રયાસ શા માટે કરવો ? પોતાનો હાથ તૈયાર છે તો ઓશીકાની શી જરૂર છે ? ખોબો છે તો જાતજાતનાં અન્નપાત્રોની શી જરૂર છે અને દિશાઓ તથા વલ્કલવસ્ત્રો છે તો બીજા વસ્ત્રનું શું કામ છે ? માર્ગમાં વસ્ત્રના ટુકડાઓ શું નથી હોતા ? ફળ વગેરેથી બીજાઓનું પોષણ કરનારાં વૃક્ષો શું ભિક્ષા નથી આપતાં ? નદીઓ શું સુકાઈ ગઈ છે ? પહાડોની ગુફાઓ શું કોઈએ રોકી છે ? અને ભગવાન શું શરણાગતનું રક્ષણ નથી કરતા ? તો વિદ્વાનો ધનના દુષ્ટ મદથી આંધળા બનેલાઓને શા માટે સેવે છે ? એમ વિરક્ત થઈ પોતાના મનમાં પોતાથી જ સિદ્ધ થવું, એટલે સ્વસ્વરૂપના લાભમાં જ આનંદ માનવો; કેમ કે આત્મા જ પ્રિય વસ્તુ છે. પ્રિયની સેવા જ સુખસ્વરૂપ હોઈ શકે, આત્મારૂપ પદાર્થ જ સત્ય છે અને ભગવાન એટલે ભજન કરવા યોગ્ય ગુણવાળો હોઈ, તે અવિનાશી છે; માટે નિશ્ચિત સ્વરૂપ અને એના અનુભવના આનંદથી આનંદમગ્ન થઈ તેનું જ ભજન કરવું, જેથી સંસારનું કારણ અવિદ્યાનો નાશ થાય છે. આ આત્મધ્યાનરૂપ શ્રીહરિની ધારણાનો અનાદર કરી કર્મજડ વિના બીજો કયો (જ્ઞાની) પુરુષ આ સંસારરૂપી વૈતરણી નદીમાં પડેલાં મનુષ્યને પોતપોતાનાં કર્મફળને પ્રાપ્ત થતાં આધ્યાત્મિક વગેરે દુઃખોને ભોગવતાં જોઈ, દુષ્ટ વિષયોની ચિંતા કરે ? કેટલાક પુરુષો પોતાના શરીરની અંદર હૃદયાકાશમાં રહેલા પ્રાદેશપ્રમાણ પુરુષનું ધારણાથી ધ્યાન કરે છે. એ પુરુષ ચાર ભુજાવાળા અને કમળ, ચક્ર, શંખ તથા ગદાને ધારણ કરનારા છે. જ્યાં સુધી ધારણાથી મન સ્થિર થાય, ત્યાં સુધી એ હૃદયાકાશમા) રહેલા ઈશ્વરનું ધ્યાન કરવું, જે ઈશ્વર પ્રસન્ન મુખવાળા, કમળ સમાન વિશાળ નેત્રવાળા, કદંબના પુષ્પના કેશરાઓ સમાન પીળાં વસ્ત્ર પહેરનારા, ચળકતાં શ્રેષ્ઠ રત્નોથી જડેલા સુવર્ણનાં બાજુબંધ ધારણ કરનારા, દેદીપ્યમાન મોટાં રત્નોથી જડેલાં મુકુટ તથા કુંડળોથી શોભે છે અને જેમનાં ચરણપલ્લવને યોગીશ્વરો એ વિકસિત હદયકમળની કળીરૂપ સ્થાનમાં સ્થાપ્યાં છે. વળી લક્ષ્મીના ચિહ્નવાળા, ડોકમાં કસ્તુભમણિથી યુક્ત, નિત્ય તાજી શોભાવાળી વનમાળાથી વ્યાપ્ત, કંદોરાથી શોભાયમાન, મહાકિંમતી વીંટીઓ, ઝાંઝર, કડાં વગેરેથી શણગારેલા, ચળકતા નિર્મળ વાંકડિયા કાળા કેશથી શોભતા મુખવાળા અને હાસ્ય વડે સુંદર છે. વળી ઉદાર લીલાહાસ્યપૂર્વક જોવામાં વિલસતી ભ્રમરના વિલાસોથી ઉપર મહાન અનુગ્રહ જેમણે સૂચવ્યું છે અને ધ્યાનમાત્રથી હૃદયમાં જે પ્રકટ થાય છે. ગદાને ધારણ કરનારા એ ભગવાનના પગથી માંડી હાસ્યયુક્ત મુખ સુધી પ્રત્યેક અંગનું બુદ્ધિથી ધ્યાન કરવું. અને પછી જે જે અંગ વિના પ્રયત્ન હૃદયમાં સ્થિર થાય તે તજી બીજા અંગોનું, જ્યાં સુધી બુદ્ધિ શુદ્ધ થાય ત્યાં સુધી ધ્યાન કરવું. એ રીતે જ્યાં સુધી બ્રહ્માદિ દેવોથી પણ શ્રેષ્ઠ, જગતના ઈશ્વર અને દ્રષ્ટા એ પરમાત્મા વિષે પ્રેમલક્ષણા ભકિત ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પ્રેમતત્પર થઈ. પોતાનાં નિત્ય કર્મો કરી પૂર્વોકત વિરાટપુરુષના એ સ્થૂલ (સાકાર) સ્વરૂપનું ધ્યાન કરવું. હે રાજા ! યોગી આ લોકનો ત્યાગ કરવા ઈચ્છે ત્યારે તેણે કોઈ કાળ અને દેશમાં મનને આસકત ન કરવું; પણ સ્થિર અને સુખકારક આસન ઉપર બેસી, મન સહિત પ્રાણવાયુને વશ કરવો જેથી પોતે જિતેન્દ્રિય અને જીતપ્રાણ થઈ શકે. 'પછી મનને નિશ્ચયસ્વરૂપ બુદ્ધિમાં લીન કરવું. બુદ્ધિને ક્ષેત્રમાં લય પમાડવી. ક્ષેત્રજ્ઞને શુદ્ધ આત્મામાં લય પમાડવો અને શુદ્ધ આત્માને શુદ્ધ બ્રહ્મમાં લય પમાડી સંપૂર્ણ શાંતિ જેણે મેળવી છે, એવો તે વીર યોગી સર્વ કૃત્યોથી વિરામ પામે (કેમ કે બ્રહ્મથી પર બીજું કંઈ પણ પ્રાપ્ત કરવાનું નથી.) આ રીતે આત્મસ્વરૂપ

થયેલા પુરુષ પર દેવોના નિયામક, કાળનું પણ કંઈ ચાલતું નથી; તો દેવોનું કે દેવોના નિયમમાં વર્તનારાં જગતનાં પ્રાણીઓનું શું ચાલે ? કેમ કે આત્મસ્વરૂપમાં સત્ત્વગુણ, રજોગુણ, તમો ગુણ, અહંકાર, મહત્ત્વ કે પ્રધાન-પ્રકૃતિ-માયા એ કંઈ પણ નથી. આ જ કારણથી તત્ત્વવેત્તાઓ આત્મસ્વરૂપને સર્વોત્કૃષ્ટ વિષ્ણુપદ કહે છે અને એ પદ સિવાય બીજે કોઈ સ્થળે આસક્ત ન થઈ એને જ ક્ષણે ક્ષણે હૃદયમાં ભેટી દેહ વગેરે ઉપર આત્મબુદ્ધિ તજી આત્મા સિવાયના પદાર્થને 'नेति नेति' અર્થાત્ 'આ પરમાત્મા નથી.' એમ ત્યાગ કરવા ઈચ્છે છે. એ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ થયેલ યોગી શાસ્ત્રજ્ઞાનથી ઉત્પન્ન થયેલા બળ વડે વિષયવાસનાનો સારી રીતે નાશ કરી શરીરનો ત્યાગ કરતી વેળા પગની પાની વડે ગુદાના દ્વારને (મૂળાધારને) રૂંધી, પ્રાણવાયુને ત્યાંથી ઊંચો લઈ અનાયાસે ઉપરનાં છ સ્થાનોમાં લઈ જાય છે. (રૂંધેલા ગુદા દ્વારથી પ્રાણવાયુને આકર્ષી) નાભિ વિષે રહેલા એટલે કે મણિપુર ચક્રમાં સ્થાપેલા તે વાયુને હૃદયમાંના અનાહત ચક્રમાં સ્થાપે છે. ત્યાંથી ઉદાનવાયુની ગતિએ તેને ઉપર લઈ જઈ વક્ષઃસ્થળમાં રહેલા વિશુદ્ધ ચક્રમાં પ્રાણવાયુને સ્થાપે છે અને પછી વશ થયેલા મનવાળો તે મુનિ પ્રાણવાયુને ત્યાંથી પણ ઉપર લઈ જઈ બુદ્ધિપૂર્વક ધીમે ધીમે તાળવાના મૂળમાં રહેલા વિશુદ્ધિચક્રના અગ્રભાગમાં સ્થાપે છે. પછી બે કાન, બે નેત્ર, બે નાસિકાનાં છિદ્ર અને મુખ-એ સાત પ્રાણમાર્ગોને રૂંધી ઉપર બે ભ્રૂકુટિની વચ્ચેના આજ્ઞાચક્રમાં પ્રાણવાયુને સ્થાપે છે અને સર્વ વિષયોની ઈચ્છાઓથી રહિત હોય તો, એક ઘડી સુધી ત્યાં આજ્ઞાચક્રમાં સ્થિતિ કરી પરબ્રહ્મને પ્રાપ્ત થઈ અસ્ખલિત જ્ઞાનવાળો તે યોગી પ્રાણવાયુને બ્રહ્મરંધ્રમાં લઈ જાય છે અને પછી તે જ બ્રહ્મરંધ્રને ભેદી શરીર તથા ઈન્દ્રિયોનો ત્યાગ કરે છે. હે રાજા ! (એ રીતે સદ્યોમુકિત કહી, હવે ક્રમમુકિત સાંભળ.) કોઈ યોગીને જે બ્રહ્મદેવના સ્થાનમાં જવાની ઈચ્છા હોય અથવા અણિમાદિ આઠ મહાસિદ્ધિઓ જ્યાં વસે છે. એવા આકાશચારી સિદ્ધ લોકોનાં ક્રીડા સ્થાનમાં અથવા તો ગુણોના સમુદાયરૂપ આખા બ્રહ્માંડમાં ગમે ત્યાં જવાની ઈચ્છા હોય તે તે યોગી (દેહત્યાગ સમયે માત્ર શરીરનો જ ત્યાગ કરી) મન તથા ઈન્દ્રિયોની સાથે (તે તે લોકના ભોગ ભોગવવા) ચાલ્યો જાય છે, કેમ કે જેઓનું લિંગશરીર પવનસ્વરૂપ થયું હોય છે, એવા યોગીશ્વરોની ગતિ ત્રણ લોકમાં અંદર કે બહાર—એમ સર્વ સ્થળે હોય છે, એમ વિદ્વાનો કહે છે. ઉપાસના, ભગવદ્ધર્મ, અષ્ટાંગયોગ અને જ્ઞાન —એ ચારનું સેવન કરનારો જે ગતિ પામે છે, તે ગતિ કર્મો વડે મનુષ્ય પામતા નથી. હે રાજા ! મેલનો જેણે ત્યાગ કર્યો છે (એટલે કોઈ પણ સ્થળે આસકિતરહિત થઈ ક્રમમુકિતએ જવા ઈચ્છતો) એવો યોગી બ્રહ્મલોકના માર્ગરૂપ એવી જ્યોતિર્મય સુષુમ્ણા નાડી દ્વારા આકાશમાર્ગે થઈ પ્રથમ અગ્નિલોકમાં જાય છે. ત્યાં એની બાકી રહેલી સર્વ મલિનતાઓ બળી જાય છે. તે પછી તે ત્યાંથી ઉપર શ્રીહરિના (તારારૂપ) શિશુમાર નામના જ્યોતિશ્ચક્રને પામે છે. એ શિશુમારચક્ર વિષ્ણુનું ચક્ર પણ કહેવાય છે અને તે સર્વ જગતની નાભિ તથા સૂર્ય વગેરેના આશ્રયરૂપ છે એ વિષ્ણુચકને ઓળંગી રજોગુણથી રહિત કેવળ સૂક્ષ્મશરીર સાથે જ તે એકલો યોગી મહર્લોકમાં જાય છે. આ લોક બ્રહ્મવેત્તાઓ દ્વારા પણ વંદન કરાયેલો છે. તેમાં કલ્પ સુધીના આયુષ્યવાળા દેવતાઓ વિહાર કરે છે. પછી કલ્પકાળના અંતે શેષનાગના મુખના અગ્નિ વડે આ ત્રણે લોકને બળતાં જોઈ તે યોગી એ મહર્લોકમાંથી પણ નીકળી જાય છે, (કેમ કે ત્યાં સુધી આ ત્રણે જગતના દાહનો તાપ પહોંચે છે) અને બે પરાર્ધ સુધી રહેનારા પરમેષ્ઠિ-બ્રહ્મદેવના સ્થાનમાં જાય છે કે, જે સ્થાન સિદ્ધશ્વરોથી સેવાયેલાં વિમાનોથી યુક્ત છે. વળી એ પરમેષ્ઠિપદમાં કોઈ પણ કારણથી શોક, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, દુઃખ કે ભય છે જ નહિ. માત્ર ભગવાનનું ધ્યાન ન જાણનારાં

પ્રાણીઓને અત્યંત દુખવાળાં જે જન્મ-મરણ જોવામાં આવે છે, તેથી જ દયાને લીધે ત્યાં વસનારાંને મનમાં એ દુઃખ થાય છે બીજું કંઈ પણ દુઃખ નથી. 'પછી એ યોગી નિર્ભય થઈ લિંગશરીર વડે પૃથ્વીરૂપ બને છે, પછી તે પૃથ્વીની સમીપ રહેલા જળમાં એકરૂપ થાય છે, પછી અગ્નિસ્વરૂપ થઈ તે ધીમે ધીમે (તે તે સ્વરૂપે થઈ ત્યાંના ભોગોને યથેચ્છ ભોગવી) વાયુસ્વરૂપ બને છે અને તે પછી વાયુના સ્વરૂપે વાયુના ભોગો ભોગવી પરમાત્માની મૂર્તિસ્વરૂપે ઉપાસનાકાંડમાં વર્ણવેલા આકાશના સ્વરૂપને પામે છે. પછી (સૂક્ષ્મદેહની) ઘ્રાણેન્દ્રિય વડે તે ગંધને, જિહ્વેન્દ્રિય વડે રસને, ચક્ષુઈન્દ્રિય વડે રૂપને, ત્વચાઈન્દ્રિય વડે સ્પર્શને, શ્રોત્રેન્દ્રિય વડે શબ્દને અને તે તે કર્મેન્દ્રિય દ્વારા તે તે ક્રિયા પામે છે. પછી તે યોગી સૂક્ષ્મ, ભૂત અને ઈન્દ્રિયોના લયસ્થાનરૂપ તામસ અહંકાર, રાજસ અહંકાર તથા સાત્વિક અહંકાર પામે છે અને ત્યાંથી આગળ જઈ તે અહંકારની સાથે મહત્ત્વ પામે છે. પછી ગુણોનો જેમાં લય થાય છે, એવી પ્રકૃતિ પામે છે. એ રીતે પ્રકૃતિસ્વરૂપ થયા પછી તે તે ઉપાધિઓનો નાશ થતાં આનંદમય થયેલ તે યોગી શાંત અને આનંદસ્વરૂપ એવા પરમાત્માને પામે છે. જે મનુષ્ય આવા પ્રકારની ભગવદ્ગતિ પામે છે, હે રાજા! તે ફરી સંસારના ફેરામાં પડતો નથી. હે રાજા ! તમે પૂછેલા આ બન્ને માર્ગો સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ વેદમાં કહેલા હોઈ સનાતન છે. પૂર્વે જ્યારે બ્રહ્મદેવે આરાધન કરી પૂછ્યું હતું, ત્યારે ભગવાન વાસુદેવે તેમને આ બન્ને માર્ગો કહ્યા હતા. આ સંસારમાં જન્મ પામેલા મનુષ્યને મોક્ષ પ્રાપ્તિના જોકે બીજા ઘણા માર્ગો છે, પણ આ બે માર્ગો વિના બીજો કોઈ માર્ગ સુખરૂપ અને નિર્વિઘ્ન નથી; કેમ કે આ માર્ગથી ભગવાન વાસુદેવ વિષે ભકિતયોગ થાય છે. ભગવાન બ્રહ્મદેવે ચિત્તને એકાગ્ર કરી ત્રણ વાર સમગ્ર વેદનો વિચાર કરી જે માર્ગે આત્મસ્વરૂપ શ્રીહરિમાં પ્રીતિ થાય છે, તે જ આ માર્ગને બુદ્ધિથી નિશ્ચય કર્યો છે. સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓમાં તેમના આત્મારૂપ શ્રીહરિ જ પ્રતીત થાય છે, કારણ કે મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, વિષયો વગેરે દશ્યો જોનારો તે સર્વનો સાક્ષી છે અને આ બધાં દશ્યો તેનું અનુમાન જ્ઞાન કરાવનારાં લક્ષણો છે. માટે હે રાજા ! મનુષ્યએ સર્વ સ્થળે અને સર્વ સમયે ભગવાન શ્રીહરિનું સર્વ પ્રકારે શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું જોઈએ. હે રાજન્ ! સંત પુરુષો આત્મસ્વરૂપ ભગવાનની કથાનું મધુર અમૃત વહેંચતા રહે છે. જે મનુષ્ય તેનું કાનરૂપી પડિયામાં ભરીને પાન કરે છે, તેઓ વિષયોથી મલિન કરાયેલા પોતાના મનને પવિત્ર કરે છે અને ભગવાનનાં ચરણકમળનું સાન્નિધ્ય પ્રાપ્ત કરે છે. ૧-૩૭

पिबन्ति ये भगवत आत्मनः सतां कथामृतं श्रवणपुटेषु सम्भृतम् ।
पुनन्ति ते विषयविदूषिताशयं व्रजन्ति तच्चरणसरोरुहान्तिकम् ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## વિષ્ણુભક્તિની વિશિષ્ટતા

॥ श्रीशुक उवाच ॥

एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान्मम । नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! તમે મને પૂછ્યું હતું કે મનુષ્યમાં જે બુદ્ધિશાળી હોય તેઓએ મરણવેળાએ શું કરવું જોઈએ ? તે મેં કહ્યું : છતાં એ પ્રમાણે બ્રહ્મતેજની ઈચ્છાવાળાએ બ્રહ્મદેવનું, ઈન્દ્રિયોની શકિત મેળવવાની ઈચ્છાવાળાએ ઈન્દ્રનું, પ્રજાની ઈચ્છાવાળાએ પ્રજાપતિનું, લક્ષ્મીની

ઈચ્છાવાળાએ માયાદેવીનું, તેજની ઈચ્છાવાળાએ અગ્નિનું, ધનની ઈચ્છાવાળાએ વસુદેવોનું, જે પ્રભાવશાળી મનુષ્યોને વીરતાની ઈચ્છા હોય તેમણે રુદ્રદેવનું, અન્ન વગેરેની ઈચ્છાવાળા એ અદિતિનું, સ્વર્ગની ઈચ્છાવાળાએ અદિતિના પુત્ર બાર આદિત્યોનું, રાજ્યની ઈચ્છાવાળાએ વિશ્વેદેવોનું, પ્રજાઓને સ્વાધીન કરવાની ઈચ્છાવાળાએ સાધ્યદેવોનું, લાંબા આયુષ્યની ઈચ્છાવાળાએ બે અશ્વિનીકુમારદેવોનું અને પુષ્ટિ મેળવવાની ઈચ્છાવાળાને પૃથ્વીનું પૂજન કરવું. પ્રતિષ્ઠાની ઈચ્છાવાળા પુરુષે લોકમાતા દ્યાવાભૂમિનું (આકાશ તથા પૃથ્વીનું), રૂપની ઈચ્છાવાળાએ ગંધર્વોનું, સ્ત્રીની ઈચ્છાવાળાએ ઉર્વશી અપ્સરાનું અને સર્વ પર અધિપતિપણું મેળવવાની ઈચ્છાવાળાએ બ્રહ્માનું પૂજન કરવું. યશની ઈચ્છાવાળાએ યજ્ઞમૂર્તિ વિષ્ણુનું, ધનસંગ્રહની ઈચ્છાવાળાએ વરુણદેવનું, વિદ્યાની ઈચ્છાવાળાએ મહાદેવનું અને પતિ-પત્નીમાં પરસ્પર પ્રેમ ઈચ્છનારે સતી ઉમાદેવીનું પૂજન કરવું. ધર્મની ઈચ્છાવાળાએ ઉત્તમ કીર્તિવાળા શ્રીવિષ્ણુનું, સંતાનોની વૃદ્ધિ ઈચ્છનારાએ પિતૃઓનું, પીડા દૂર કરવાની ઈચ્છાવાળાએ યક્ષનું અને બળ ઈચ્છનારે વાયુદેવોનું પૂજન કરવું. રાજાપણું મેળવવાની ઈચ્છાવાળાએ મનુદેવોનું, શત્રુઓને મારી નાખવાની ઈચ્છાવાળાએ રાક્ષસોનું, ભોગોની ઈચ્છાવાળાએ ચંદ્રદેવનું અને વૈરાગ્યની ઈચ્છાવાળાએ એ પરમપુરુષ ઈશ્વરનું પૂજન કરવું. જે પુરુષ ઉદાર બુદ્ધિવાળો, ભોગોની ઈચ્છાવાળો અને વૈરાગ્યની ઈચ્છાવાળો એકાંત ભક્ત મુમુક્ષુ હોય, તેણે તો તીવ્ર ભકિતયોગથી પરમપુરુષ પૂર્ણ પરમાત્માનું જ પૂજન કરવું. પૂર્વોકત કોઈને પણ પૂજનારાને પરમ પુરુષાર્થના લાભ તરીકે મુખ્ય ફળ તો આટલું જ છે, કે તેઓને પણ ભગવાનના ભકતોના સંગથી ભગવાન વિષે જ અચળ ભાવ ઉત્પન્ન થાય. ભગવાનની કથાઓમાં રાગદ્વેષાદિ ગુણોના તરંગોને દૂર કરનારું જ્ઞાન છે. એ જ્ઞાનની કથાઓથી આત્માની પ્રસન્નતા પણ થઈ શકે છે અને કથાઓમાં મનની પ્રસન્નતાનું કારણ વિષયો તરફનો વૈરાગ્ય છે; અને મોક્ષરૂપે જ માન્ય થયેલો ભકિતયોગ પણ જે હરિકથાઓમાં રહેલો છે, તે સાંભળી સુખી થયેલો ક્યો પુરુષ તેમાં પ્રીતિ ન કરે ?

**શૌનકે પૂછયું :** શુકદેવજીનું એ કહેવું સાંભળી ભરતશ્રેષ્ઠ રાજા પરીક્ષિતે પરબ્રહ્મના દ્રષ્ટા અને શબ્દબ્રહ્મના પારગામી વ્યાસપુત્ર શુકદેવજીને ફરી બીજું શું પૂછ્યું ? હે વિદ્વાન સૂત ! એ સાંભળવાની ઈચ્છાવાળા અમને તે કહેવા તમે યોગ્ય છો. સત્પુરુષોની સભામાં હરિકથા એ જ તેનું ઉત્તમ ફળ હોય છે. એવી કથાઓ જ થાય છે. ખરેખર, પાંડવોના વંશમાં જન્મેલો તે મહારથી રાજા ભગવાનનો ભકત જ હતો; કેમ કે એ બાલ્યાવસ્થામાં રમકડાંથી પણ શ્રીકૃષ્ણની પૂજારૂપી રમત સ્વીકારતા તેમ જ વ્યાસના પુત્ર ભગવાન શુકદેવજી પણ ભગવાનના ભકત હતા, જેથી એવા સત્પુરુષોના સમાગમમાં ભગવાનના ગુણોવાળી ઉદાર કથાઓ જ કહેવાય છે. વળી પુરુષોની જે ક્ષણ હરિકથામાં જાય છે, તે વિના બાકીના આયુષ્યને હમેશાં ઉદય તથા અસ્ત પામતો આ સૂર્ય (વૃથા) હરી લે છે. (વ્યર્થ જીવવું એ કંઈ આયુષ્યનું ફળ નથી) વૃક્ષો શું જીવતાં નથી ? ધમણો શું શ્વાસોચ્છ્વાસ લેતી નથી ? અથવા ગામનાં પશુઓ શું ખાતાં-પીતાં કે મૈથુન કરતાં નથી. કરે જ છે, પરંતુ તેનો કંઈ અર્થ જ નથી, જેના કાનના માર્ગે ભગવાન શ્રીકૃષ્ણ કદી આવ્યા નથી. જેણે ભગવાન શ્રીકૃષ્ણનું નામ કાનથી કદી સાંભળ્યું નથી, તે પુરુષ કૂતરાં, ભૂંડ, ઊંટ તથા ગધેડાં જેવો પશુ જ છે. હે સૂત ! એવા પુરુષના બે કાન ભગવાનનાં પરાક્રમો સાંભળતા નથી, માટે વૃથા છિદ્ર રૂપ જ છે અને એની દુષ્ટ જીભ ભગવાનની ગુણગાથાઓ ગાતી નથી. માટે દેડકાંની જીભ સમાન જ છે. અર્થાત્ એવી જીભ તો દેડકાંને પણ છે, તેથી શું ? પુરુષનું મસ્તક પાઘડી તથા મુકુટથી

યુક્ત હોય પણ જો તે ભગવાનને નમતું નથી, તો એ મસ્તક નથી પણ કેવળ ભારરૂપ છે તેમ જ પુરુષના બે હાથ જોકે સુવર્ણનાં કંકણોથી સુશોભિત હોય, તોપણ જો શ્રીહરિની પૂજા કરતા નથી, તો તે પણ એક મુડદાના હાથ જેવા જ છે. મનુષ્યનાં જે નેત્રો શ્રીવિષ્ણુ ભગવાનની પ્રતિમાનું દર્શન કરતાં નથી, તે મોરપિચ્છમાં જણાતાં નેત્રો જેવાં જ વૃથા છે; તેમ જ મનુષ્યોના જે પગ ભગવાનનાં ક્ષેત્રમાં ચાલતા નથી, તે વૃક્ષના મૂળ જેવા જ નિષ્ફળ છે. જે મનુષ્ય ભગવદ્‌ભકતના ચરણની રજ કદી મેળવતો નથી, તે જીવતો છતાં મુડદું જ છે, તેમ જ જે શ્રીવિષ્ણુના ચરણમાં ચડેલી તુલસીની ગંધ જાણતો નથી, તે મનુષ્ય શ્વાસ લે છતાં મુડદું જ છે. ખેદની વાત છે કે જે મનુષ્યહૃદય બીજાંઓએ લેવાતાં શ્રીહરિનાં નામોથી વિકાર પામતું નથી એટલે નેત્રમાં હર્ષનાં અશ્રુજળ વહેતાં નથી અથવા શરીર રોમાંચિત થતું નથી, તે હૃદય ખરેખર પથ્થરના જેવું કઠિન છે; માટે હે સૂત ! (અભકત માટે તે બધું વૃથા જ છે, પણ.) અમને તો તમે મનને અનુકૂળ કહો છો, તો ભગવાનના ભકતોમાં મુખ્ય અને આત્મવિદ્યામાં કુશળ વ્યાસપુત્ર શુકદેવજીએ પરીક્ષિતના પૂછવાથી તેના પ્રત્યે જે કહ્યું હોય તે સારી રીતે કહો. ૧-૨૫

अथाभिधेह्यङ्ग मनोऽनुकुलं प्रभाषसे भागवतप्रधानः ।
यदाह वैयासकिरात्मविद्याविशारदो नृपतिं साधु पृष्टः ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪
## શુકદેવજીની પ્રભુપ્રાર્થના

**॥ सूत उवाच ॥**

वैयासकेरिति वचस्तत्त्वनिश्चयमात्मनः । उपधार्य मतिं कृष्णे औत्तरेयः सतीं व्यधात् ॥१॥

**સૂત બોલ્યા :** વ્યાસપુત્ર શુકદેવજીનાં તત્ત્વના નિશ્ચયવાળાં એ વચન સાંભળી ઉત્તરાના પુત્ર પરીક્ષિતે પોતાની નિર્મળ બુદ્ધિ ભગવાન શ્રીકૃષ્ણમાં સમર્પિત કરી અને શરીર, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન, સગાંસંબંધીઓ તથા પોતાના નિષ્કંટક રાજ્ય વિષે અત્યંત રૂઢ થયેલી મમતાનો સદા માટે ત્યાગ કર્યો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! શ્રીકૃષ્ણનાં ચરિત્ર સાંભળવામાં શ્રદ્ધાળુ તે ઉદાર મનના રાજાએ, તમે આ સમયે મને જે હરકથારૂપી પ્રશ્ન પૂછો છો, તે જ પ્રશ્ન પૂછ્યો હતો, કેમ કે તે વેળા એ રાજાએ પોતાનું મૃત્યુ સમીપ જાણી ધર્મ, અર્થને કામ એ ત્રણેને લગતા કર્મ તજ્યાં હતાં અને ભગવાન વાસુદેવ વિષે જ દઢ આત્મભાવ તે પામ્યો હતો.

**પરીક્ષિતે પૂછ્યું :** "હે બ્રહ્મન્ ! આપ સર્વજ્ઞનું વચન યોગ્ય જ છે. હે નિર્દોષ ! આપ કથા કહો છો, તેથી મારે અજ્ઞાનરૂપ અંધકાર નાશ પામે છે. ભગવાન પોતાની માયા વડે મોટા દેવોથી પણ જાણવું અશક્ય આ જગત જેવી રીતે સર્જે છે, અને મહાન શકિતવાળા તે પરમપુરુષ પ્રભુ જે જે શક્તિનો આશ્રય કરી આ જગતનું રક્ષણ તથા સંહાર કરે છે અને બ્રહ્માદિરૂપે આત્માને ક્રીડા કરાવતા પોતે ક્રીડા કરે છે અને વિવિધ વિશ્વો રચે છે તે સર્વે હું જાણવા ઈચ્છું છું. ખરેખર, હે ન્રૂ ! અદ્‌ભુત કર્મ કરનારા ભગવાન શ્રીહરિનું કર્મ વિદ્વાનોને પણું જાણવું મુશ્કેલ હોય તેવું લાગે છે. ભગવાન એક જ છે છતાં બ્રહ્માદિ અવતાર લઈ અનેક કર્મો કરે છે અને પ્રકૃતિના (સત્ત્વાદિ) ગુણોને એકી વખતે તથા ક્રમથી ધારણ કરે છે. આ સર્વેમાં મને સંશય છે તો યથાવત મને કહે, કેમ કે આપ ભગવાન વેદરૂપી શબ્દબ્રહ્મ તથા પરબ્રહ્મમાં અનુભવપૂર્વક કુશળ થયા છો.

**સૂત બોલ્યા :** રાજા પરીક્ષિતે શ્રીહરિના ગુણીનુવાદ કહેવા એ રીતે પ્રાર્થના કરી, એટલે શુકદેવજી ઇન્દ્રિયોના નિયંતા પરમેશ્વરનું સ્મરણ કરી કહેવા લાગ્યા.

**શ્રીશુકદેવજી બોલ્યા :** જેમનો મહિમા અમાપ છે; જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારરૂપ લીલા કરવા બ્રહ્માદિરૂપે સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણે શકિતઓને જે ગ્રહણ કરે છે અને પ્રાણીમાત્રના અંતર્યામી છે, છતાં જેમનો માર્ગ કોઈ રીતે જણાતો નથી તે સર્વોત્તમ પુરુષ ભગવાનને હું નમસ્કાર કરું છું. જે પરમાત્મા ધર્મનિષ્ઠ પુરુષોનાં પાપોનો નાશ કરે છે, અધર્મીઓના વિનાશનું કારણ છે, સંપૂર્ણ સત્ત્વમૂર્તિ છે અને પરમહંસ આશ્રમમાં વસતા યોગીઓને પણ વારંવાર શોધવા યોગ્ય આત્મવસ્તુનો જે સાક્ષાત્કાર કરાવે છે, તે ભગવાનને હું વારંવાર નમન કરું છું. ભક્તજનોનું પાલન કરનાર અને ભકિતહીન કુયોગીઓને જેમની દિશા પણ દૂર છે એવા તમને પ્રભુને હું વારંવાર નમસ્કાર કરું છું. જે પ્રભુ અસાધારણ અને સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યથી સ્વસ્વરૂપ બ્રહ્મ વિષે રમણ કરે છે, તે પરમાત્માને હું પ્રણામ કરું છું. જેમનું કીર્તન, સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ તથા પૂજન લોકોનાં પાપને તત્કાળ દૂર કરે છે, તે મંગળ યશવાળા પરમાત્માને મારા વારંવાર પ્રણામ હો. વિચક્ષણવિવેકી પુરુષો જેમના ચરણનું શરણ લઈ અંતરાત્માની આ લોક તથા પરલોક વિષેની આસકિત સર્વથા તજીને અનાયાસે બ્રહ્મગતિનો સાક્ષાત્કાર કરે છે. તે કલ્યાણકીર્તિ પરમેશ્વરને મારા વારંવાર વંદન હો. તપસ્વીઓ, દાતાઓ, યશસ્વીઓ, યોગીઓ, મંત્રવેત્તાઓ કે સદાચારીઓ, કર્મોનું જેમને સમર્પણ કર્યા વિના કલ્યાણ પામતા નથી, તે મંગળ યશવાળા પ્રભુને મારાં વારંવાર નમન હો.ભીલો, હૂણ, યવનો, આંધ્ર, પુલિંદ (ભીલ જાતિઓ), ચાંડાળો, ભરવાડ-રબારી વગેરે, કંક, યવન તથા ખસ જાતિઓ અને બીજા પાપીઓ, જે ભગવાનના ભકતોનો આશ્રય લઈ શુદ્ધ થાય છે, તે મહાસમર્થ પ્રભુને મારાં વંદન હો. જે ધીર પુરુષના આત્મા, સર્વના ઈશ્વર વેદમય, ધર્મમય, તપોમય છે અને નિષ્કપટ ભક્ત બ્રહ્મા તથા શંકર આદિને પણ જેમની મૂર્તિ અતિ આશ્ચર્યથી દર્શન કરવા યોગ્ય છે, તે ભગવાન મારા પર પ્રસન્ન થાઓ. લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાઓના પતિ, બુદ્ધિઓના પતિ, લોકોના પતિ, પૃથ્વીના પતિ અને અંધક, યાદવ તથા સાત્વતકુળના પતિ, સર્વ આપત્તિઓમાં રક્ષણ કરનારા અને સજજનોના સ્વામી ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. જેમના ચરણધ્યાનરૂપી સમાધિ વડે શુદ્ધ થયેલી બુદ્ધિથી વિદ્વાન આત્મતત્ત્વનું યથારૂચિ દર્શન અને જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે મુકુંદ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. જેઓએ પૂર્વે બ્રહ્માજીના હૃદયમાં સૃષ્ટિ માટે સ્મૃતિ વિસ્તારી, ત્યારે એમની પ્રેરણાથી જ વેદરૂપી શ્રેષ્ઠ વાણી બ્રહ્માજીના મુખમાંથી પ્રકટી હતી, તે ઋષિશ્રેષ્ઠ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. જે વ્યાપક પંચમહાભૂતો વડે આ સર્વ શરીરો સર્જી તે તે શરીરોમાં પોતે અંતર્યામી સ્વરૂપે વસે છે, તેથી 'પુરુષ' નામથી કહેવાય છે. વળી જે અગિયાર ઈન્દ્રિયો તથા પાંચ મહાભૂતરૂપી સોળ કળાઓને પ્રકાશે છે અથવા પાળે છે, તે સોળ ગુણરૂપ ભગવાન મારાં વચનોને સુશોભિત કરે. સૌમ્ય ભક્તજનો જેમના મુખકમળનો જ્ઞાનમય રસ પીએ છે તે અમાપ તેજવાળા વ્યાસ ભગવાનને નમસ્કાર હો. હે રાજન્ ! પૂર્વે નારદજીએ પ્રશ્ન કર્યો ત્યારે આ જ કથા બ્રહ્માજીએ નારદજીને કહી હતી, જે કથા શ્રીહરિએ બ્રહ્માજીને કહી હતી. (તે જ કથા હું તમને કહી રહ્યો છું.). ૧-૨૫

एतदेवात्मभू राजन् नारदाय विपृच्छते । वेदगर्भोऽभ्यधात्साक्षाद्यदाह हरिरात्मनः ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

# અધ્યાય-૫

## બ્રહ્મા અને નારદનો સંવાદ, શ્રીહરિની સૃષ્ટિ આદિ લીલા

॥ नारद उवाच ॥

देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज । तद्विजानीहि यज्ज्ञानमात्मतत्त्वनिदर्शनम् ॥१॥

**નારદે પૂછ્યું :** (હે પિતાજી) હે દેવના દેવ ! આપને નમસ્કાર હો. હે પ્રાણીમાત્રના ઉત્પાદક ! હે સર્વના પૂર્વજ આત્મતત્વનો સાક્ષાત્કાર કરાવનાર જે જ્ઞાન છે. તે મને વિશેષ કરી કહો. હે પ્રભો ! આ જગત જેનાથી પ્રકાશે છે, જેના આશ્રયવાળું છે, જેનાથી સર્જાય છે, જેમાં લય પામે છે, જેને આધીન છે અને જેવું છે, તેનું યથાર્થ સ્વરૂપ મને કહો. આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના પ્રભુ હોઈ, આ સર્વ જાણો છો અને આપે હથેળીમાં રહેલા આમળાની પેઠે જ્ઞાન વડે જગતનો નિશ્ચય કર્યો છે. આપને જેનાથી જ્ઞાન થયું છે, આપને જેનો આધાર છે, આપ જેને આધીન છો અને આપ જેના સ્વરૂપ છો, તે મને કહો. આપ એકલા પોતાના સંકલ્પકાળ બળથી પૃથ્વી આદિ પાંચ મહાભૂતો દ્વારા સર્વ પ્રાણીઓને સર્જો છો; વળી આપ પોતાની શકિતનો આશ્રય કરી કરોળિયો જેમ લાળ વડે જાળ બાંધે છે, છતાં તેમાં બંધાતો નથી તેમ પોતે પરાભવ પામ્યા વિના અને પરિશ્રમરહિત થઈને પોતા વિષે રહેલાં પ્રાણીમાત્રનું રક્ષણ કરો છો, આ જગતમાં નામ, રૂપ અને ગુણોથી યુક્ત જે કંઈ પ્રતીત થાય છે, તે સર્વમાં હું આપના સિવાય કોઈ બીજાથી ઉત્પન્ન થઈ હોય એવી સત્ -અસત્, ઉત્તમ, મધ્યમ યા અધમ કોઈ વસ્તુ જોતો નથી. એ રીતે પરમેશ્વર છતાં આપે અત્યંત સમાધિનિષ્ઠ રહી ઘોર તપ કર્યું, તેથી આપ અમને મોહ ઉપજાવો છે અને આપનાથી પણ બીજો કોઈ પરમેશ્વર છે, એવી શંકા કરાવો છો; તો હે સર્વજ્ઞ, હે સર્વના ઈશ્વર ! એ સર્વ હું પૂછું છું, માટે આપના ઉપદેશથી જે રીતે હું જાણું તે રીતે આપ વિશેષ કરી જણાવો.

**બ્રહ્માએ કહ્યું :** 'હે વત્સ ! તારા આ સંશય અને સંશયપૂર્વક પ્રશ્ન યોગ્ય છે કેમ કે તું જીવો પ્રત્યે દયાળુ છે. તેથી હે સૌમ્ય ! ભગવાનનાં પરાક્રમો પ્રકટ કરવાની તેં મને પ્રેરણા કરી છે; તું મને જે ઈશ્વર કહે છે, તે તારું કહેવું અસત્ય નથી; કેમ કે મારો આવો પ્રભાવ જે પરમેશ્વરથી છે તે મારાથી બીજા પરમેશ્વરને જાણીને જ તું આમ કહે છે. જેમ સૂર્ય, અગ્નિ, ચંદ્ર, નક્ષત્રો, ગ્રહો અને તારાઓ ચૈતન્યરૂપ પરમાત્માએ પ્રકાશિત કરેલી વસ્તુઓનું જ પ્રકાશન કરે છે, તેમ હું પણ પરમાત્માએ પ્રકાશિત કરેલા જગતનું જ પ્રકાશન કરું છું, એ વાસુદેવ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ છે કે જેમની દુર્જય માયાથી મોહ પામેલા પુરુષો મને જગતનો પરમેશ્વર કહે છે. જે ભગવાનની સમક્ષ ઊભી રહેવામાં પણ માયા શરમાય છે, એ માયાથી મોહિત થયેલા દુષ્ટ બુદ્ધિવાળા આપણા જેવા પુરુષો દેહાભિમાની થઈ 'મારું' 'હું' એ પ્રમાણે બડાઈ કરે છે. હે બ્રહ્મન્ ! જગતનું ઉપાદાનકરણ પાંચ મહાભૂતોરૂપી દ્રવ્ય, જન્મનું કારણ કર્મ, કર્મોને ક્ષોભ પમાડનાર કાળ, તેના પરિણામનું કારણ સ્વભાવ અને ભોક્તા જીવ આ સર્વ ખરી રીતે ભગવાન વાસુદેવથી ભિન્ન પદાર્થ તરીકે છે જ નહિ (કેમ કે કારણથી કાર્ય ભિન્ન હોઈ શકે નહિ). વેદો નારાયણથી જ ઉત્પન્ન થયા છે, દેવો નારાયણના અંગથી જ ઉત્પન્ન થયા છે, લોકો નારાયણના જ આનંદના એક અંશ છે અને યજ્ઞો નારાયણની પ્રાપ્તિનું એક સાધન છે તેમ જ પ્રાણાયામ આદિ યોગ, એ યોગથી સાધ્ય ચિત્તની એકાગ્રતારૂપ તપ, એ તપથી સાધ્ય જ્ઞાન ને તે જ્ઞાનથી સાધ્ય ફળ મોક્ષ એ સર્વ નારાયણપરાયણ જ છે.' એ ભગવાન સર્વના દ્રષ્ટા, ઈશ્વર, સર્વ વિકારોથી

રહિત, સર્વના અંતર્યામી, સર્વમાં વ્યાપ્ત અને સર્વના આત્મારૂપ છે, મને પોતાને પણ તેમણે સર્જેલો છે; માટે તેમની કૃપાદષ્ટિથી પ્રેરણા પામી તેમણે સર્જવા ધારેલું જ હું સર્જુ છું. ભગવાન પોતે નિર્ગુણ છે તો પણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લય માટે પોતે માયાથી સત્વ, રજસ અને તમસ એ ત્રિગુણને ગ્રહણ કરે છે. પાંચ મહાભૂતો, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ તથા ઈન્દ્રિયોના કારણરૂપ એવા તે સત્ત્વાદિ ગુણો, વસ્તુતઃ નિત્યમુક્ત છતાં માયાના વિષયરૂપ બનેલા જીવને કાર્ય, કારણ તથા કર્તા એ ત્રણેમાં અભિમાન કરાવી બાંધે છે. હે બ્રહ્મન્ ! ઇન્દ્રિયજ્ઞાનથી પર એ ભગવાન આ ત્રણ ગુણોને લીધે જ અત્યંત અલક્ષિત ગતિવાળા છે અને તે જ ભગવાન સર્વ પ્રાણીઓના તથા મારા ઈશ્વર છે. એ માયાપતિ ભગવાનને વિવિધ સ્વરૂપે થવાની ઈચ્છા થઈ, ત્યારે તેમણે પોતાને વિષે પ્રાપ્ત થયેલ કાળ,કર્મ તથા સ્વભાવને પોતાની માયા વડે ગ્રહણ કર્યા. પછી પરમાત્માથી આશ્રિત એવા કાળને લીધે ગુણોમાં ક્ષોભ થયો એટલે પરસ્પર ગુણોનું સંમિલન થયું, પછી સ્વભાવથી પરિણામ થયું એટલે તે તે ગુણોમાં જુદાં જુદાં રૂપોની પ્રાપ્તિ થઈ અને પછી (જીવોના અદષ્ટ પુણ્યપાપરૂપ) કર્મથી મહત્તત્ત્વનો જન્મ થયો. પછી રજોગુણ તથા સત્ત્વગુણથી વૃદ્ધિ પામેલું એ મહત્તત્ત્વ રૂપાંતર પામ્યું, એટલે તેનાથી દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયા'સ્વરૂપ તમઃપ્રધાન તત્ત્વ ઉત્પન્ન થયું. એ જ અહંકાર કહેવાય છે. આ અહંકાર વિકાર પામી સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણે પ્રકારનો થયો છે. હે નારદજી ! આ ત્રણે અહંકાર પૈકી તામસ અહંકારમાં પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરવાની શકિત છે, રાજસમાં સર્વ ઇન્દ્રિયોને ઉત્પન્ન કરવાની શકિત છે અને સાત્ત્વિકમાં મન તથા ઇન્દ્રિયોના દેવોને ઉત્પન્ન કરવાની શક્તિ છે. પાંચ ભૂતોનો આદિ તામસ અહંકાર પણ વિકાર પામ્યો, એટલે તેથી આકાશ ઉત્પન્ન થયું. આ આકાશનું સૂક્ષ્મ સ્વરૂપ અને ગુણ શબ્દ છે, જે દ્રષ્ટા અને દશ્ય એ બંને વસ્તુને જણાવનાર છે. પછી આકાશ વિકાર પામ્યું, એટલે તેથી સ્પર્શ જેનો ગુણ છે એ વાયુ ઉત્પન્ન થયો. એ વાયુમાં આકાશનું કારણ તરીકે અનુસરણ છે, તેથી તે (વાયુ) શબ્દગુણવાળો પણ છે અને ઈન્દ્રિયબળ, મનોબળ તથા શરીરબળનું તે કારણ પણ છે. એ વાયુ પણ કાળ, કર્મ તથા સ્વભાવને લીધે વિકાર પામ્યો, એટલે તેથી રૂપગુણવાળું તેજ ઉત્પન્ન થયું. એ તેજમાં આકાશ તથા વાયુનું પણ કારણ તરીકે અનુસરણ છે, તેથી તેમાં સ્પર્શ તથા શબ્દ ગુણ પણ છે. પછી તે તેજ વિકાર પામ્યું, એટલે તેથી રસગુણવાળું જળ ઉત્પન થયું. આ જળમાં પણ આકાશ, વાયુ તથા તેજનું કારણ તરીકે અનુસરણ હોવાથી તેમાં શબ્દ, સ્પર્શ, તથા રૂપો એ ગુણો પણ છે. એ જળ વિકાર પામતાં ગંધગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઈ. આમાં પણ આકાશ, વાયુ, તેજ તથા જળનું કારણ તરીકે અનુસરણ હોવાથી શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસ એ ગુણોથી પણ યુકત છે. પછી સાત્ત્વિક અહંકાર વિકાર પામ્યો, એટલે તેથી મન અને તેના અધિષ્ઠાયક દેવ ચંદ્ર ઉત્પન્ન થયાં, તેમ જ દિશાઓ, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, મિત્ર, ઉપેન્દ્ર અને પ્રજાપતિ- એ દસ સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ ઈન્દ્રિયોના દેવતાઓ પણ ઉત્પન્ન થયા. પછી રાજસ અહંકાર વિકાર પામ્યો, એટલે તેથી દસ ઈન્દ્રિયો ઉત્પન્ન થઈ, કેમ કે જ્ઞાનશકિતવાળી બુદ્ધિ તથા ક્રિયાશકિતવાળો પ્રાણ રાજસ અહંકારનાં જ કાર્ય છે, માટે આ ઇન્દ્રિયો પણ રાજસ અહંકારથી જ ઉત્પન્ન થાય છે. તેમાં શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, ચક્ષુ અને જીભ એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે અને વાણી, હાથ, પગ, ગુદા, લિંગ એ પાંચ કર્મેન્દ્રિય છે. હે બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ નારદ ! આ પાંચ ભૂતો, દસ ઈન્દ્રિયો, મન, ઈન્દ્રિયોના વિષયો, બુદ્ધિ અને પ્રાણ એ સર્વ પદાર્થો જુદા જુદા હતા, ત્યારે બ્રહ્માંડરૂપી

શરીરને ઉત્પન્ન કરવા સમર્થ થયા નહિ, પણ ભગવાનની શકિતથી પ્રેરણા પામેલા તે પદાર્થો પરસ્પર એકઠા થઈ, તેઓએ મુખ્ય અને ગૌણભાવનો આશ્રય કરી, સમષ્ટિ અને વ્યષ્ટિરૂપ આ બ્રહ્માંડશરીર ઉત્પન્ન કર્યું. એ નિર્જીવ બ્રહ્માંડ જળની અંદર રહેલું હતું, તેને હજારો વર્ષના અંતે પરમાત્માએ કાળ, કર્મ તથા સ્વભાવમાં સ્થિતિ કરી સચેતન કર્યું. પછી તે જ પુરુષ (પરમાત્મા) બ્રહ્માંડને ભેદી તેમાંથી હજારો ઊરુઓ (સાથળો), પગ, બાહુઓ તથા નેત્રવાળા અને હજારો મુખ તથા મસ્તકવાળા (વિરાટ સ્વરૂપે) બહાર નીકળ્યા. વિદ્વાનો જેમના કેડ વગેરે નીચેના અવયવોથી સાત નીચેના લોકો (અતલ આદિ)ની અને જાંઘ વગેરે ઉપરના અવયવોથી (પૃથ્વી આદિ) સાત ઉપરના લોકોની કલ્પના કરે છે. આ વિરાટપુરુષના મુખથી બ્રાહ્મણ, બાહુઓથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્યો અને એમના બે પગમાંથી શુદ્રો ઉત્પન થયા છે. એ મહાત્માનાં બે ચરણમાં ભૂલોક, નાભિમાં ભુવર્લોક, હૃદયમાં સ્વર્ગલોક તથા છાતીમાં મહર્લોકની કલ્પના કરી છે. એમની ડોકમાં જનલોક, બે હોઠમાં તપલોક અને મસ્તકમાં સત્યલોક કલ્પેલો છે. 'વૈકુંઠ' નામનો જે બ્રહ્મલોક છે તે તો સનાતન છે. એની સૃષ્ટિપ્રપંચમાં ગણના નથી. વ્યાપક વિરાટ પુરુષની કેડમાં અતલની, બે સાથળમાં વિતલની, બે ઢીંચણમાં પવિત્ર સુતલની, બે પિંડીમાં તલાતલની, બે ઘૂંટીમાં મહાતલની, પગના બે ફણાઓમાં રસાતલની અને પગનાં તળિયામાં પાતાલની કલ્પના કરી છે. આ રીતે વિરાટપુરુષ સર્વલોકમય છે અથવા "તેમના ચરણમાં ભૂર્લોકની, નાભિમાં ભુવર્લોકની અને મસ્તકમાં સ્વર્ગલોકની એમ ત્રણે લોક્ની કલ્પના પણ કરી છે."

भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः ।
स्वर्लोक कल्पितो मूर्ध्ना इति वा लोककल्पना ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## વિરાટપુરુષની વિભૂતિ અને પુરુષસૂક્તના આધારે સર્વ નિર્ણય

॥ ब्रह्मोवाच ॥

वाचां वह्नेमुखं क्षेत्रं छन्दसां सप्त धातवः । हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरसस्य च ॥१॥

**બ્રહ્મદેવ બોલ્યા :** એ વિરાટપુરુષનું મુખ સર્વની વાક્ઈન્દ્રિયનું તથા તે ઈન્દ્રિયના દેવતા અગ્નિદેવનું, તેમની સાત ધાતુઓ, ગાયત્રી વગેરે સાત છંદનું અને તેમની જીભ દેવોનાં અન્ન (હવ્ય), પિતૃઓનાં અન્ન (કવ્ય) તથા મનુષ્યોનાં અન્નનું સર્વ રસનું ઉત્પત્તિસ્થાન છે. તેમની નાસિકા સર્વત્ર પ્રાણોનું તથા વાયુનું તેમ જ તેમની ઘ્રાણેન્દ્રિય બે અશ્વિનીકુમારનું, સર્વ ઓષધિઓનું તથા સામાન્ય વિશેષ ગંધનું ઉત્પત્તિસ્થાન છે. તેમનું ચક્ષુ રૂપ અને પ્રકાશનું, તેમનાં બે નેત્ર સૂર્યનું તથા સર્વ જ્યોતિશ્ચક્રનું, તેમના બે કાન દિશાઓ તથા તીર્થોનું અને શ્રોત્રેન્દ્રિય આકાશ તથા શબ્દનું ઉત્પત્તિસ્થાન છે. તેમનું શરીર દરેક વસ્તુના સારાંશનું તથા સૌંદર્યનું અને તેમની ત્વચા સ્પર્શગુણનું, વાયુનું તથા યજ્ઞનું ઉત્પત્તિસ્થાન છે. તેમનાં રુવાંટાં સર્વ વૃક્ષો કે જે વડે યજ્ઞ થાય છે તેઓનું, કેશ મેઘોનું, દાઢીમૂછ વીજળીઓનું તથા હાથ-પગના નખ પથ્થરો અને લોઢાનું ઉત્પત્તિસ્થાન છે. તેમના બાહુઓ લગભગ સઘળાનું પાલન કરનારા લોકપાલોનું, પગલાં ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્લોકનું અને એ શ્રીહરિના પગ ક્ષેમનું, શરણનું તથા સર્વ ઈચ્છિત પદાર્થોનાં વરદાનોનું સ્થાન છે. એ વિરાટપુરુષનું લિંગ પાણીનું, વીર્યનું, ઉત્પત્તિનું, વરસાદનું

તથા પ્રજાપતિનું ઉપસ્થ સંતાન માટે કરવામાં આવતા સંભોગ દ્વારા થતા આનંદનું અને હે નારદ ! એ પુરુષની ગુદાની ઇન્દ્રિય યમનું, મિત્રનું તથા મળત્યાગનું સ્થાન છે. વિરાટપુરુષનું ગુદાસ્થાન હિંસા, અલક્ષ્મી, મૃત્યુ તથા નરકનું અને એમનો વાસ પરાભવ, અધર્મ તથા અજ્ઞાનનું સ્થાન છે. એમની નાડીઓ નદ તથા નદીઓનું, હાડકાં પર્વતોનું, પેટ પ્રકૃતિ - માયાનું, અન્નાદિના રસનું, સમુદ્રોનું તથા પ્રાણીના લયનું સ્થાન છે. તે વિરાટપુરુષનું હૃદય આપણા લિંગશરીરનું અને ચિત્ત ધર્મનું, મારું, તારું, કુમારોનું, શંકરનું, બુદ્ધિનું તથા સર્વગુણનું શ્રેષ્ઠ સ્થાન છે. હું, તું, મહાદેવ, આ મરીચ્યાદિ મુનિઓ, સનકાદિ કુમારો, દેવો, અસુરો, મનુષ્યો, હાથીઓ, પક્ષીઓ, મૃગો, પેટે સરકીને ચાલનારાં પ્રાણીઓ, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતગણો, સર્પો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો અને બીજાં જળચર, સ્થળચર તથા આકાશચારી અનેક જાતનાં પ્રાણીઓ, ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતું, તારાઓ, વીજળીઓ, મેઘો અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનમાં વર્તતું જે કંઈ જોવામાં આવે છે તે સર્વ એ પુરુષરૂપ જ છે. એ વિરાટ આ જગતમાં જગત કરતાયે અધિક સ્વરૂપે વ્યાપેલા છે. જેમ સૂર્ય પોતાના મંડળને અને તે મંડળની બહારની વસ્તુઓને પણ પ્રકાશિત કરે છે, તેમ એ વિરાટ પણ આ બ્રહ્માંડને અને બ્રહ્માંડની બહાર પણ સર્વને પ્રકાશિત કરે છે. વળી તે વિરાટપુરુષે નાશવંત સર્વ કર્મફળોનો ત્યાગ કર્યો છે, તેથી તે કેવળ સર્વાત્મા છે; એટલું જ નહિ, પણ અમૃતસ્વરૂપ આત્માનંદ મોક્ષના પણ ઈશ્વર છે. માટે હે બ્રહ્મન્! એ વિરાટપુરુષનો મહિમા અપાર છે. ભૂલોક આદિ સર્વ કે જેમનો અંશ છે, એવા એ વિરાટપુરુષના અંશરૂપ લોકોમાં સર્વ જીવો વસે છે, એમ વિદ્વાનો કહે છે. એ ભગવાને મહર્લોક ઉપર આવેલા ત્રણ લોક જન, તપ તથા સત્યલોકમાં અનુક્રમે અમૃત, સુખ અને મોક્ષ રાખ્યાં છે. આ પ્રમાણે ઉપર દર્શાવેલા (મહર્લોકની ઉપરના) જે ત્રણ લોક છે, તે નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થ તથા સંન્યાસીનાં નિવાસસ્થાનો છે અને તે ત્રૈલોક્યની બહાર છે, પણ બ્રહ્મચર્યથી રહિત જે ગૃહસ્થાશ્રમી છે, તે તો ત્રૈલોક્યની અંદર ભૂલોક, ભુવર્લોક અને સ્વર્લોકમાં જ નિવાસ કરે છે. અનેક લોકમાં જનારો આત્મા કર્મભોગ અને મોક્ષપ્રાપ્તિના સાધનરૂપ બે માર્ગમાં જાય છે અર્થાત્ કર્મફળના ભોગથી યુક્ત દક્ષિણમાર્ગમાં અથવા મોક્ષ પ્રાપ્તિના માર્ગમાં સાધનભૂત ઉત્તરમાર્ગમાં જાય છે; કેમ કે એ માર્ગમાં એક અવિદ્યા-કર્મરૂપ છે અને બીજો વિદ્યા જ્ઞાનસાધન ઉપાસનારૂપ છે. આત્મા આ બંને માર્ગના આશ્રયવાળો છે. જેમનાથી આ બ્રહ્માંડ અને પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા ગુણોમય (વિષયો, મન તથા બુદ્ધિમય) વિરાટપુરુષ ઉત્પન્ન થયા છે, તે ઈશ્વર સૂર્ય જેમ કિરણો વડે પ્રકાશતો પોતાના બિંબને તથા બિંબની બહારના પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ એ વિરાટ-શરીરને, બ્રહ્માંડને અને તેથી બહાર પણ વ્યાપી રહે છે. વિરાટના અંતર્યામી મહાત્મા આ પરમેશ્વરની નાભિમાંથી જ્યારે હું ઉત્પન્ન થયો, ત્યારે એ પરમપુરુષના અવયવો વિના બીજી કોઈ યજ્ઞની સામગ્રી મેં જોઈ ન હતી. પછી તે સમયે (યજ્ઞની સામગ્રી તૈયાર કરવાની હતી તેથી) પશુઓ, વનસ્પતિઓ સહિત દર્ભો, આ યજ્ઞભૂમિ, ઘણા ગુણોવાળો વસંત વગેરે કાળ, પાત્ર વગેરે વસ્તુઓ, ડાંગર વગેરે ઔષધિઓ-ધાન્ય, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો, મધુર વગેરે રસો, લોઢું, ધાતુઓ, માટી, જળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, ચાતુર્હોત્રકર્મ, જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞનાં નામે, સ્વાહાકાર વગેરે મંત્રો, દક્ષિણાઓ, વ્રતો, દેવતાઓ, ઉદ્દેશ, કલ્પબૌદ્ધાયન આદિ કર્મપદ્ધતિના ગ્રંથ, 'હું આના વડે યજ્ઞ કરીશ' - એવો સંકલ્પ, યજ્ઞ કરવાના પ્રકારરૂપ તંત્ર, વિષ્ણુક્રમાદિ ગતિઓ, દેવતાઓનું ધ્યાન આદિ મતિઓ, પ્રાયશ્ચિત્ત અને યજ્ઞનું ઈશ્વરસમર્પણ - આ સર્વ સામગ્રીઓ મેં એ પરમપુરુષના અવયવોથી જ

તૈયાર કરી. એ પ્રમાણે પરમપુરષના અવયવોથી સર્વ યજ્ઞસામગ્રી એકઠી કરી મેં સર્વના ઈશ્વર તે જ યજ્ઞપુરુષનું તેના વડે જ યજન કર્યું. તે પછી મરીચિ વગેરે નવ પ્રજાપતિ ભાઈઓએ મનને એકાગ્ર કરી, ઈન્દ્રાદિસ્વરૂપે પ્રકટ અને સ્વતઃઅપ્રકટ તે ભગવાનનું યજન કર્યું. પછી મનુઓએ, બીજા ઋષિઓએ, પિતૃઓએ, દેવોએ, દૈત્યોએ તથા મનુષ્યોએ પોતપોતાના સમયમાં ભગવાનનું યજ્ઞો વડે પૂજન કર્યું. એ રીતે ભગવાન નારાયણ વિષે આ જગત રહેલું છે. ભગવાન પોતે નિર્ગુણ છે, તો પણ સૃષ્ટિના આરંભસમયે માયાના અનેક ગુણો ધારણ કરે છે. હું તેમની આજ્ઞાથી આ જગત ઉત્પન્ન કરું છું. અને શંકર તેમને વશ રહી જગતનો સંહાર કરે છે; તેમ જ માયાશક્તિ ધારણ કરનાર તે પરમેશ્વર પોતે વિષ્ણુનું સ્વરૂપ ધારણ કરી જગતનું રક્ષણ કરે છે. હે તાત ! એ પ્રમાણે તે મને જે પ્રશ્ન કર્યો હતો, તે મેં તને કહ્યો. કાર્યકારણાત્મક જે કંઈ સર્જાય છે, તે ભગવાનથી જરા પણ ભિન્ન નથી. હે નારદ મારી વાણી કદી મિથ્યા થતી નથી, મારા મનનો સંકલ્પ કોઈ વિષયમાં કદી મિથ્યા થતો નથી. અને મારી ઈન્દ્રિયો કદી અવળે માર્ગે જતી નથી; કેમ કે મારા ભકિતપૂર્ણ હૃદય વડે શ્રીહરિ ધારણ કરાયેલા છે. હું વેદમય છું, તપમય છું. પ્રજાપતિ મને વંદન કરે છે અને હું સર્વનો પતિ છું. છતા અંગ સહિત યોગનો એકાગ્ર ચિત્તે આશ્રય કરીને પણ જેનાથી મારો જન્મ છે એવા તે ભગવાનને જાણી શકયો ન હતો. તે સમયે શરણે ગયેલાના સંસારને દૂર કરનારા, કલ્યાણના આશ્રયરૂપ તથા મંગળમય એવાં તે ભગવાનનાં ચરણને મેં વંદન કર્યું. (અને જાણ્યું કે), જેમ આકાશ પોતાના અંતને જાણતું નથી, તેવી જ રીતે તેઓ પણ પોતાની માયાના વિસ્તારને જાણતા નથી, તો બીજાઓ કયાંથી જાણે ? હું, તમે તથા મહાદેવ પણ જેમના પરમાર્થ સ્વરૂપને જાણતા નથી, તો બીજા દેવો ક્યાંથી જાણે ? આપણે તેમની માયાથી મોહિત બુદ્ધિવાળા છીએ, તેથી આપણે પોતાના જ્ઞાનના પ્રમાણમાં એટલું જ જાણીએ છીએ કે આ પ્રપંચરૂપ જગત ભગવાનની માયાથી બનેલું છે. જેમના અવતારનાં કર્મો આપણે સઘળા ગાઈએ છીએ, છતાં જેમને યથાર્થ સ્વરૂપે જાણતા નથી, તે ભગવાનને નમસ્કાર હો ! આદ્યપુરુષ તે ભગવાન અજન્મા છે, છતાં પ્રત્યેક સૃષ્ટિસમયે પોતાને વિષે પોતાના વડે પોતાને જ સર્જે છે, પાળે છે ને સંહારે છે. તે ભગવાન કેવળ જ્ઞાનરૂપ, સત્યતત્ત્વ, વિષયાકારથી રહિત, સર્વના અંતર્યામી, સંદેહ આદિથી રહિત, સ્થિર, સત્યસ્વરૂપ, પૂર્ણ જન્મનાશથી રહિત, નિર્ગુણ અને સર્વકાળે અદ્વૈત છે. હે ઋષિ ! જે મુનિઓનાં શરીર, ઈન્દ્રિયો તથા મન જ્યારે અત્યંત શાંત અને શુદ્ધ થાય છે, ત્યારે તેઓ ભગવાનને જાણે છે કેમ કે ભગવાનનું સ્વરૂપ જોકે પ્રકાશમાન જ છે, તો પણ દુર્જનોના દુષ્ટ તર્કોથી વ્યાપ્ત થાય છે ત્યારે જાણવું અશક્ય થાય છે. સર્વથી પર તે પરમાત્માનો પ્રકૃતિના પ્રવર્તક પુરુષ તરીકે પ્રથમ અવતાર થયો. પછી કાળ, સ્વભાવ, કાર્યકારણરૂપ પ્રકૃતિ, મહત્તત્વ, પાંચ મહાભૂતો, અહંકાર, સત્ત્વાદિ ગુણ, ઈન્દ્રિયો, વિરાટ- સમષ્ટિશરીર, વિરાટ શરીરનો અભિમાની પુરુષ, સ્થાવર-જંગમરૂપ વ્યષ્ટિશરીર, હું, મહાદેવ, વિષ્ણુ, દક્ષ વગેરે આ પ્રજાપતિઓ, તમે વગેરે ઋષિઓ, સ્વર્ગલોકનું પાલન કરનારાઓ, પક્ષીલોકનું પાલન કરનારા (ગરુડ વગેરે) તેમ જ મનુષ્યલોકનું પાલન કરનારાઓ, પાતાલલોકનું પાલન કરનારાઓ, ગંધર્વો, વિદ્યાધરો તથા ચારણોના સ્વામીઓ, યક્ષો, રાક્ષસો, સર્પો તથા નાગોના પતિઓ, શ્રેષ્ઠ ઋષિઓ, પિતૃઓના પતિઓ, દેત્યોના અધિપતિઓ, સિદ્ધોના સ્વામીઓ, દાનવોના પતિઓ અને બીજા જે પ્રેતો, પિશાચો, ભૂતો, કુષ્માંડો, જળજીવો, પશુઓ તથા પક્ષીઓના સ્વામીઓ છે, તે સર્વે અને બીજું જે કંઈ ભગવાનના

ઐશ્વર્યવાળું, તેજવાળું, ઈન્દ્રિયશકિતવાળું, બળવાળું, ક્ષમાવાળું, શોભાવાળું, લજ્જાવાળું, સંપત્તિવાળું, બુદ્ધિવાળું, અદ્‌ભુત વર્ણવાળું, રૂપવાળું અને રૂપવગરનું શ્રેષ્ઠ તત્ત્વ છે, તે સર્વે એ પરમાત્માની જ વિભૂતિ છે. હે ઋષિ ! સર્વવ્યાપક તે પરમાત્માના જે મુખ્ય લીલાવતારોને વિદ્વાનો વર્ણવે છે, તે કાનનાં પાપો દૂર કરનારા સુંદર અવતારો હું અનુક્રમે વર્ણવું છું. તે સાંભળો. ૧-૪૪

प्राधान्यतो यानृष आमनन्ति । लीलावतारान् पुरुषस्य भूम्नः ।
आपीयतां कर्णकषायशोषान् । अनुक्रमिष्ये त इमान् सुपेशान् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## બ્રહ્મા - નારદ સંવાદ (ચાલુ) - બ્રહ્મદેવે કરેલું ભગવાનના લીલાવતારનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत् । क्रौडीं तनुं सफलयज्ञमयीमनन्तः ॥
अन्तर्महार्णव उपागतमादिदैत्यं । तं द्रंष्ट्रयाद्रिभिव वज्रधरो ददार ॥१॥

**બ્રહ્મા બોલ્યા :** અનંત ભગવાને આ પૃથ્વીતલનો ઉદ્ધાર કરવા તૈયાર થઈ સમગ્ર યજ્ઞમય એવું વરાહનું શરીર ધારણ કર્યું, ત્યારે મહાસમુદ્રની અંદર આવેલા પ્રસિદ્ધ આદિદૈત્ય હિરણ્યાક્ષને, જેમ ઈન્દ્ર વજ્ર વડે પર્વતને ચીરે, તેમ દાઢ વડે ચીર્યો હતો. (પ્રથમ વરાહ અવતાર કહ્યો હવે યજ્ઞાવતાર કહે છે) પછી તે જ ભગવાન રુચિ નામના પ્રજાપતિથી તેમની સ્ત્રી આકૂતિ વિષે 'સુયજ્ઞ' નામે ઉત્પન્ન થયા હતા. તે સુયજ્ઞ ભગવાને પોતાની સ્ત્રી દક્ષિણામાં સુયમ નામના દેવોને ઉત્પન્ન કર્યા હતા અને પોતે ઈન્દ્ર થઈ જ્યારે ત્રણે લોકોની પીડા દૂર કરી હતી, ત્યારે (પ્રથમ પોતે સુયજ્ઞ નામથી કહેવાતા હતા પણ) તેમના દાદા સ્વાયંભુવ મનુએ 'હરિ' એવું નામ પાડ્યું હતું. (હવે કપિલદેવ અવતાર) હે બ્રાહ્મણ નારદ ! પછી તે ભગવાન કર્દમપ્રજાપતિને ઘેર તેમની સ્ત્રી દેવહુતિમાં નવ બહેનો સાથે 'કપિલદેવ' નામથી ઉત્પન્ન થયા હતા. તેમણે પોતાની માતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, કે જે વડે આત્માને મલિન કરનાર ગુણસંગરૂપી મેલ દૂર કરી એ જ જન્મમાં મુકિત પામી હતી. (દત્તાત્રેય અવતારઃ) જ્યારે અત્રિ ઋષિએ સંતાનની ઈચ્છાથી ભગવાનને પ્રસન્ન કર્યા હતા, ત્યારે ભગવાને પ્રસન્ન થઈ તેમને વર આપતાં કહ્યું હતુંઃ 'હું મારો આત્મા જ તમને આપું છું. એમ કહી પોતે તેમને ત્યાં પુત્ર તરીકે જન્મ્યા હતા, તેથી 'દત્તાત્રેય' નામે પ્રસિદ્ધ થયા હતા. આ દત્તાત્રેય ભગવાનનાં ચરણકમળની રજથી સહસ્ત્રાર્જુન વગેરે રાજાઓ પવિત્ર શરીરવાળા થયા હતા અને આ લોકમાં ભોગસમૃદ્ધિ તથા અંતે મોક્ષરૂપી યોગસંપત્તિ પામ્યા હતા. (હવે સનકાદિ કુમારોનો અવતારઃ) હે નારદ ! પૂર્વે અનેક પ્રકારના લોકોને સર્જવાની ઈચ્છાથી મેં તપ કર્યું હતું અને તે તપ શ્રીભગવાનને સમર્પણ કર્યું હતું, જેથી તે ભગવાન ચાર સનત્ શબ્દ ધારણ કરીને અવતર્યા હતા; એટલે સનત્કુમાર, સનક, સનંદન અને સનાતન—એ ચાર નામે ઉત્પન્ન થયા હતા. તેમણે પૂર્વસૃષ્ટિના પ્રલય સમયે વિનાશ પામેલું આત્મતત્ત્વનું જ્ઞાન આ સૃષ્ટિકાળમાં સારી રીતે કહ્યું હતું કે જે જ્ઞાનના કહેવા માત્રથી મુનિઓએ આત્મસાક્ષાત્કાર કર્યો હતો. (નર-નારાયણનો અવતાર કહે છેઃ) પછી દક્ષની મૂર્તિ નામે પુત્રી કે જે ધર્મની પત્ની હતી, તેને વિષે નારાયણ અને નર એવા બે

સ્વરૂપે ભગવાન ઉત્પન્ન થયા હતા. તેમના તપનો પ્રભાવ અસાધારણ હતો; કેમ કે કામદેવની સેના સરખી ઉર્વશી વગેરે અપ્સરાઓ પણ તે નર-નારાયણ ભગવાનથી ઉત્પન્ન થયેલી પોતાના જેવી જ બીજી અપ્સરાઓને જોઈ, તેમના નિયમનો ભંગ કરવા સમર્થ થઈ ન હતી. અને એ કંઈ આશ્ચર્ય નથી, કારણ કે કૃતકૃત્ય શ્રીશંકર વગેરે પોતાની ક્રોધભરી દૃષ્ટિથી કામદેવને બાળે છે, પણ પોતાના આત્માને બાળનાર ક્રોધને બાળતા નથી અર્થાત્ તેઓ કામદેવને જીતે છે પણ ક્રોધને જીતી શકતા નથી. આ તે ક્રોધ પણ જેમના નિર્મળ અંતઃકરણમાં પ્રવેશ કરતાં ભય પામે છે, તો એ ક્રોધથી પરાજય પામેલો કામદેવ તો તેમના મનમાં કેમ જ પ્રવેશ કરે ? બાળક છતાં ધ્રુવ પોતાના પિતા રાજા ઉત્તાનપાદની સમક્ષ માતાની શોક્યનાં વાક્યબાણોથી જ્યારે વીંધાયો, ત્યારે તપશ્ચર્યા કરવા વનમાં ગયો હતો; ત્યાં જઈ તેણે ભગવાનની સ્તુતિ કરી હતી, એટલે ભગવાને તેના પર પ્રસન્ન થઈ તેને ધ્રુવપદ આપ્યું હતું, જે ધ્રુવપદની ઉપર રહેલા ભૃગુ વગેરે ઋષિઓ તથા નીચે રહેલા દિવ્ય સપ્તર્ષિઓ પણ સ્તુતિ કરે છે. (પૃથુનો અવતાર કહે છે :) જયારે વેન રાજા અવળે માર્ગે ચાલવા લાગ્યો અને બ્રાહ્મણોએ શાપનાં વાક્યરૂપી વજ્ર વડે તેના પુરુષાર્થ અને ઐશ્વર્યનો નાશ કર્યો અને તે (વેન) નરકમાં પડતો હતો, ત્યારે ઋષિઓએ ભગવાનની પ્રાર્થના કરી હતી, તેથી જે ભગવાને (વેનના પુત્ર પૃથુ થઈ) વેનનું રક્ષણ કરી પુત્ર શબ્દને સાર્થક કર્યો હતો અને પૃથ્વીમાંથી અન્ન વગેરે પદાર્થો જગત માટે મેળવ્યા હતા. (ઋષભદેવનો અવતારઃ) પછી એ જ શ્રીહરિ ભગવાન નાભિ રાજાથી તેમની પત્ની સુદેવી વિષે ઋષભદેવ નામે પુત્ર થઈ અવતર્યા હતા. જે ઋષભદેવે સર્વ સંગનો ત્યાગ કર્યો હતો, તેથી તેમની સર્વ ઈન્દ્રિયો શાંત થઈ હતી અને તેથી જ પોતે સમદૃષ્ટિવાળા થઈ સ્વસ્વરૂપમાં જ સ્થિતિ કરતા હતા અને જડની પેઠે સમાધિ દશામાં વિચરતા હતા, જે પરમહંસદશા કહેવાય છે. (હયગ્રીવ અવતારઃ) વળી સુવર્ણસમાન વર્ણવાળા વેદમય, યજ્ઞમય અને સર્વ દેવોના આત્મા તે જ સાક્ષાત્, યજ્ઞપુરુષ ભગવાન મારા યજ્ઞમાં હયગ્રીવસ્વરૂપે પ્રકટ થયા હતા. એ સમયે શ્વાસ લેતાં એમની નાસિકામાંથી સુંદર વેદવાણી ઉત્પન્ન થઈ હતી. (મત્સ્યાવતાર :) વળી યુગના અંતસમયે ભાવી વૈવસ્વત મનુએ એ ભગવાનનું મત્સ્યના સ્વરૂપે દર્શન કર્યું હતું, જે સ્વરૂપ સમગ્ર પૃથ્વીમય નૌકાનો આશ્રય બનવાથી સમસ્ત જીવોનો આશ્રય બન્યું, અને પ્રલયના તે ભયંકર જળમાં મારા મુખમાંથી નીકળી પડેલા વેદોને લઈ તે જળમાં વિહાર કર્યો હતો. (કચ્છપાવતાર :) પૂર્વે દેવો તથા દાનવો અમૃત મેળવવા ક્ષીરસમુદ્રનું મંથન કરતા હતા, ત્યારે આદિ દેવ ભગવાને કાચબાનું સ્વરૂપ ધારણ કરી પોતાની પીઠ ઉપર મંદરાચળ પર્વત ધારણ કર્યો હતો અને એ પર્વતના ઘર્ષણથી પીઠની ચેળ દૂર થવાથી નિદ્રાનો આનંદ મેળવ્યો હતો. (નૃસિંહાવતાર) વળી જેનું અટ્ટહાસ્ય દેવોને પણ ઘણું ભયકારક થયું હતું અને જેનું મુખ ભમતી ભ્રૂકુટિ તથા દાઢોથી વિકરાળ હતું એવું નૃસિંહ રૂપ ધારણ કરી, જે ભગવાને હાથમાં ગદા લઈ સમીપ ધસી આવતા પ્રતાપી દૈત્યરાજ હિરણ્યકશિપુને દૂરથી જ પકડીને પોતાની સાથળ પર નાખી નખો વડે ચીરી નાખ્યો હતો. (શ્રીહરિ ભગવાનનો અવતારઃ) પૂર્વે ટોળાંના નાયક એક હાથીને સરોવરની અંદર મહાબળવાન મગરે પગમાં પકડ્યો હતો, તેની પીડાથી તે હાથી સૂંઢમાં કમળ લઈ શ્રીભગવાનને 'હે આદિ પુરુષ ! હે સમગ્ર લોકોના નાથ ! હે તીર્થરૂપ યશવાળા અને સાંભળતાં જ મંગળ કરનાર નામવાળા હે ભગવાન !' એમ બોલાવવા લાગ્યો, ત્યારે તે સાંભળી ચક્રધારી, અમાપ શ્રીહરિ ભગવાને ગરુડની પીઠ પર બિરાજી ત્યાં આવી ચક્ર વડે મગરના મુખને ચીરી નાખી શરણાર્થી તે હાથીને સુંઢ વડે પકડી કૃપા વડે સરોવરમાંથી બહાર કાઢ્યો હતો. (વામનાવતારકથનઃ) અદિતિના (બાર)

પુત્રોમાં જે યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુ હતા, તે સૌથી નાના હતા, છતાં ગુણોથી સૌ કરતાં મોટા હતા; કેમ કે તેમણે ત્રણ પગલાંમાં આ સમગ્ર લોક દબાવી દીધા હતા અને વામન સ્વરૂપ ધારણ કરી ત્રણ પગલાંને બહાને બલિરાજા પાસેથી ત્રણે લોક લઈ લીધા હતા અને જણાવ્યું હતું કે જે પુરુષો ધર્મમાર્ગે ચાલે છે, તેને મહાસમર્થ પુરુષે પણ યાચના વિના ઐશ્વર્યથી ભ્રષ્ટ કરી શકતા નથી. હે નારદ ! જે બલિરાજાએ ભગવાનના ચરણોદકને મસ્તક પર ધારણ કર્યું હતું, (શુક્રાચાર્યે અટકાવીને શાપ આપ્યો છતાં) પ્રતિજ્ઞા કરેલા ભૂમિદાન વિના બીજું કંઈ કરવા ઈચ્છયું ન હતું અને ત્રીજું પગલું પૂરું કરવા માટે શ્રીહરિને મસ્તક નમાવી પોતાનો દેહ અર્પણ કર્યો હતો. (હંસાવતાર કહે છે :) હે નારદ ! તમારા અત્યંત ભકિતભાવથી અત્યંત પ્રસન્ન થઈ તે ભગવાને હંસનું સ્વરૂપ લઈ તમને ભકિતયોગ તથા આત્મતત્વને પ્રકાશ કરનારા જ્ઞાનસાધન ભાગવતધર્મનો ઉત્તમ રીતે ઉપદેશ કર્યો હતો, જેને શ્રીવાસુદેવના ભક્તો જ અનાયાસે જાણે છે. (મન્વંતરના અવતાર :) વળી મનુના વંશને ધારણ કરનારા તે ભગવાન પ્રત્યેક મન્વંતરમાં દશે દિશાઓમાં પોતાના અસ્ખલિત પ્રભાવરૂપી ચક્રને ધારણ કરે છે અર્થાત્, સુદર્શનચક્ર જેવા અસ્ખલિત પ્રભાવને ધારણ કરે છે અને પોતાનાં ચરિત્રો વડે ત્રણે લોકની ઉપર આવેલા સત્યમાં પણ સુંદર કીર્તિ વિસ્તારી દુષ્ટ રાજાઓને શિક્ષા કરે છે. (ધન્વંતરિનો અવતાર) મૂર્તિમાન કીર્તિસ્વરૂપ અને જેમના દ્વારા મૃત્યુરહિત આયુષ્ય પ્રાપ્ત થાય છે, એવા તે ભગવાને ધન્વંતરિસ્વરૂપે પોતાના નામથી જ મોટા મોટા રોગવાળા મનુષ્યોના રોગો તત્કાળ દૂર કર્યા હતા અને તે સમયે દૈત્યોએ અટકાવેલ પોતાનો યજ્ઞભાગ મેળવ્યો હતો; તેમ જ સંસારમાં આયુર્વેદશાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો. (પરશુરામનો અવતાર) જ્યારે દૈવવશાત્ જગતનો નાશ કરનારા ક્ષત્રિયો વધી ગયા હતા અને માર્ગથી ભ્રષ્ટ થઈ બ્રાહ્મણોનો દ્રોહ કરીને નરકનાં દુઃખો મેળવવા તૈયાર થયા હતા, ત્યારે ઉગ્ર પરાક્રમી તે ભગવાને મહાત્મા પરશુરામનું સ્વરૂપ ધારણ કરી પોતાની તીક્ષ્ણ ધારવાળી ફરશીથી પૃથ્વી ઉપર કાંટા જેવા તે ક્ષત્રિયોનો એકવીસ વાર નાશ કર્યો હતો. (રામચંદ્ર અવતારઃ) માયાના ઈશ્વર ભગવાન ખરેખર આપણા ઉપર કૃપા કરવા તત્પર જ રહે છે, તેથી જ ઈક્ષ્વાકુ રાજાના વંશમાં પોતાના અંશરૂપ ભરત વગેરે સાથે રામચંદ્રસ્વરૂપે અવતર્યા હતા. એ સમયે પિતા દશરથ રાજાની આજ્ઞામાં વર્તી તે ભગવાન પત્ની સીતાજી તથા નાના ભાઈ લક્ષ્મણની સાથે ચૌદ વર્ષ વનમાં વસ્યા હતા, જેમની સાથે વિરોધ કરીને રાવણ વિનાશ પામ્યો હતો. જેમ શંકરે ત્રિપુરદૈત્યના નગરને બાળવાની ઈચ્છા કરી હતી, તેમ એ રામચંદ્રે શત્રુ રાવણના નગરને બાળવાની ઈચ્છા કરી, એટલે તરત જ સમુદ્રે તે ભગવાનને માર્ગ આપ્યો હતો, કેમ કે તે વેળા સીતા દૂર થવાથી વધેલા ક્રોધ વડે લાલચોળ થયેલી રામચંદ્રની દૃષ્ટિ વડે સમુદ્ર ભયભીત થઈ શરીરે ધ્રૂજી ઊઠયો હતો અને તેની અંદર રહેલા મગરો, સર્પો તથા ઝૂડો વગેરે પણ અત્યંત બળી ગયા હતા. (ઈન્દ્રનું રાવણ સાથે જયારે યુદ્ધ થયું હતું ત્યારે) રાવણના વક્ષઃસ્થળના સ્પર્શથી ઈન્દ્રના હાથી ઐરાવતના દાંત તૂટી પડયા હતા અને તે તૂટી પડેલા દાંતોએ પોતાની ધોળાશથી જેને ધોળી કરી હતી એવી સર્વ દિશાઓનું જે પાલન કરતો હતો અને જેણે સીતાનું હરણ કર્યું હતું એવા સૈન્યમાં ધૂમતા તે રાવણના ('અહો ! મારા જેવો બીજો કોણ છે' આવા મોટા ગર્વથી) પ્રકટેલા હાસ્યનો તેનાં પ્રાણો સાથે રામચંદ્ર ભગવાન ધનુષ્યના ટંકારોથી જ નાશ કરી દે છે. (શ્રીકૃષ્ણાવતારઃ) તે પછી આ પૃથ્વી દૈત્ય રાજાઓની સેનાના ભાર વડે પીડાશે, ત્યારે તે પૃથ્વીનું દુઃખ દૂર કરવા પોતાના અંશરૂપ બળરામ સાથે ભગવાન શ્રીકૃષ્ણ અવતાર લેશે. એ ભગવાને ધોળા અને કાળા કેશવાળા થશે. એમનો માર્ગ મનુષ્યોના જાણવામાં આવશે નહિ અને પોતાનો મહિમા

પ્રકટ કરનારાં કર્મો કરશે; બાળક અવસ્થામાં પૂતનાના પ્રાણ હરવા, ત્રણ મહિનાના હોવા છતાં પગ વડે ગાડું ઊંધું વાળવું અને ઘૂંટણિયે ચાલતાં ચાલતાં યમલાર્જુનનાં બે ઊંચાં વૃક્ષોની વચ્ચે પેસી તેઓને મૂળમાંથી ઉખેડી નાખવાં એ બધું જે શ્રીકૃષ્ણ સાક્ષાત્ ઈશ્વર ન હોય તો સંભવે જ નહિ. તે શ્રીકૃષ્ણ વ્રજમાં યમુનાનાં ઝેરી પાણી પીવાથી મરણ પામેલાં પશુઓ તથા ગોવાળિયાઓને કૃપાદૃષ્ટિરૂપી અમૃતની વૃષ્ટિ વડે સજીવન કરશે અને યમુનાના જળને ઝેર વગરનાં કરવા યમુનામાં વિહાર કરી અત્યંત ઝેર તથા શકિતને લીધે જીભના લપકારા કરી રહેલા કાલીયનાગને ત્યાંથી હાંકી કાઢશે. ખરેખર, ભગવાન શ્રીકૃષ્ણનું તે કર્મ અલૌકિક જેવું જ હશે કે જે દિવસે કાલીયનાગને નાથવામાં આવશે તે રાત્રે યમુના કિનારે વ્રજવાસીઓ સૂતા હશે ત્યારે ગ્રીષ્મઋતુના સમયને લીધે દાવાનળથી વન સળગશે અને તેથી એ વ્રજવાસીઓનો મૃત્યુકાળ નિશ્ચય જણાશે. તે વખતે તેમનાં નેત્રો બંધ કરાવી દુર્જ્ઞેય પરાક્રમવાળા શ્રીકૃષ્ણ બળદેવની સાથે રહી દાવાનળમાંથી તેમનો ઉદ્ધાર કરશે. વળી શ્રીકૃષ્ણની માતા યશોદા તેમને બાંધવા માટે જે જે દોરડું લેશે, તે તે તેમને પૂરું થશે નહિ અને તે ભગવાન જયારે બગાસું ખાશે, ત્યારે તેમના મુખમાં ચૌદ ભુવનો જોઈ યશદા મનમાં શંકિત થઈ તે દ્વારા બોધ પામશે—ભગવાનના ઐશ્વર્યને જાણશે. વળી તેઓ નંદરાયને અજગરના ભયમાંથી અને વરુણના પાશમાંથી મુકત કરશે. મયનો પુત્ર વ્યોમાસુર ગુફાઓમાં પૂરેલા ગોવાળિયાઓને છૂટા કરશે અને દિવસે કામકાજમાં જોડાયેલા રહી અત્યંત પરિશ્રમને લીધે રાત્રે નિંદ્રાવશ થતાં ગોકુળવાસી મનુષ્યોને વૈકુંઠમાં લઈ જશે. વળી જ્યારે નંદ વગેરે ગોવાળિયા ઈન્દ્રનો યજ્ઞ બંધ કરશે, ત્યારે વ્રજનો નાશ કરવા ઈન્દ્ર ચારે તરફ મુસળધાર વરસાદ વરસાવશે, તે સમયે હે નારદ ! માત્ર સાત વર્ષની વયના ભગવાન શ્રીકૃષ્ણ પોતાની કૃપા વડે પશુઓના રક્ષણની ઈચ્છાથી સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને શ્રમ વિના પોતાના એક જ હાથે બિલાડીના ટોપની પેઠે લીલાપૂર્વક ધારણ કરશે; તેમ જ ચંદ્રનાં કિરણોથી ઉજ્જવળ રાત્રિમાં વનમાં ક્રીડા કરતા અને રાસ રમવા તત્પર શ્રીકૃષ્ણ મધુર પદોવાળા અને લાંબા આલાપવાળા સંગીત વડે પ્રદીપ્ત કામપીડાવાળી વ્રજવાસી સ્ત્રીઓનું કુબેરસેવક શંખચૂડ યક્ષ હરણ કરશે, ત્યારે તેના મસ્તકને (મૂઠીના મારથી) ભાંગી નાખશે. વળી પ્રલંબાસુર, ગર્દભાસુર, બકાસુર, કેશી, અરિષ્ટાસુર, ચાણુર વગેરે મલ્લ, કુવલયાપીડ હાથી, કસ, કાલયવન, નરકાસુર, પૌંડ્રક વગેરે અને બીજા શાલ્વ, દ્વિવિદ વાનર, બલ્વલ, દંતવક્ત્ર, સાત બળદો, શંબરાસુર, વિદૂરથ અને રુક્મી વગેરે; તેમ જ યુદ્ધમાં ધનુષ્ય ધારણ કરનારા અને રણમાં પોતાની પ્રશંસા કરનારા કાંબોજ, મત્સ્ય, કુકુ, કૈકેય અને સંજય વગેરે રાજાઓને બળદેવ, ભીમસેન, અર્જુન વગેરે નામની પાછળ કામ કરી રહેલા ભગવાન જ મારીને પોતાને સ્વધામ લઈ જશે. (વ્યાસ અવતાર) મનુષ્યોની બુદ્ધિ કાળે કરી સંકુચિત થશે અને આયુષ્ય પણ અલ્પ હોઈ, તે મનુષ્યોને પોતે રચેલા વેદો દુર્ગમ થશે. આવો વિચાર કરી પ્રત્યેક યુગમાં પ્રકટ થનારા ભગવાન સત્યવતીમાં વેદવ્યાસરૂપે પ્રકટશે અને વેદરૂપી વૃક્ષનો ભિન્ન ભિન્ન શાખાઓમાં વિભાગ કરશે. (બુદ્ધાવતાર) વળી દેવોના શત્રુઓ (અર્થાત્ દૈત્યો) વેદમાર્ગનો સહારો લઈ મયદાનવે રચેલાં અદશ્ય વેગવાળાં (એટલે જગતમાં અદશ્ય રીતે ફરતાં, લોઢાનાં, રૂપાનાં તથા તાંબાનાં) ત્રણ નગરોનો આશ્રય કરી યજ્ઞોનો અને લોકોનો વિનાશ કરવા લાગશે, ત્યારે તેઓની આગળ ભગવાન તેઓની બુદ્ધિને મોહ ઉપજાવનાર અને અત્યંત લોભાવનાર વેશ પ્રકટ કરી, અનેક પ્રકારના ઉપધર્મનો ઉપદેશ કરશે. (કલ્કિ અવતાર) યુગના અંતસમયે સજ્જનોનાં ઘરોમાં પણ હરિકથાઓ થશે નહિ. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્ય પાખંડી થશે. રાજાઓ શુદ્ર બની જશે

અને સ્વાહા, સ્વધા તથા વષટ્-એ વાણી કોઈ સ્થળે સંભળાશે નહિ, ત્યારે ભગવાન કલ્કિનું રૂપ લઈ કલિયુગને શિક્ષા કરનાર થશે. (હવે સૃષ્ટિ વગેરે કાર્યના ભેદે જુદા જુદા અવતારોની વિભૂતિઓ કહે છે.) સૃષ્ટિની ઉત્પત્તિ માટે તપ, હું (બ્રહ્મા), મરીચ્યાદિ નવ ઋષિઓ અને દક્ષ વગેરે જે બીજા પ્રજાપતિઓ છે; તેમ જ સૃષ્ટિના પાલન માટે ધર્મ, વિષ્ણુ, મનુઓ, દેવો તથા રાજાઓ છે અને સૃષ્ટિના સંહાર માટે અધર્મ, રુદ્રદેવ, સર્પો તથા અસુરો વગેરે છે. તેઓ સઘળા એ મહાન શકિતવાળા પરમેશ્વરની વિભૂતિઓ જ છે. આ જગતમાં જેણે પૃથ્વીના રજકણોની પણ ગણતરી કરી હોય તેવો કયો વિદ્વાન છે કે જે એ વ્યાપક દેવના પરાક્રમની ગણના કરવાને યોગ્ય થાય ? અર્થાત્ તેવી યોગ્યતાવાળો કોઈ છે જ નહિ. જે ભગવાને વામન અવતારમાં પોતાના પગના અસ્ખલિત વેગથી અત્યંત કંપતા છેક પ્રકૃતિના આવરણથી માંડી સત્યલોકના સર્વ લોકને ધારણ કર્યા હતા. હું કે તમારા મોટાભાઈ આ સનકાદિ મુનિઓ પણ પરમપુરુષ પરમાત્માના માયાબળને જાણતા નથી, તો બીજાઓ કયાંથી જાણે ? એકહજાર મુખવાળા સનાતન આદિદેવ શેષનાગ ભગવાનના ગુણ ગાયા કરે છે, પણ આજ સુધી તેનો પાર પામ્યા નથી. તોપણ એ અનંત ભગવાન જ જેના ઉપર દયા કરે છે અને જેઓ નિષ્કપટભાવે સર્વથા એ ભગવાનના ચરણનો આશ્રય કરે છે, તે પુરુષો ભગવાનની એ દુસ્તર માયાને તરી જાય છે કેમ કે એવા પુરુષોને કૂતરાં તથા શિયાળિયાના ભક્ષ્યરૂપ આ શરીર પર 'મારું કે હું' એવી બુદ્ધિ હોતી નથી. હે નારદ ! પરમ પુરુષ તે પરમાત્માની યોગમાયા હું જાણું છું, તેમ જ તમે, ભગવાન શંકર, પ્રહ્લાદ, સ્વાયંભુવ મનુ, તેમનાં પત્ની શતરૂપા, તે મનુના પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદ તથા તે મનુની પુત્રીઓ આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ, પ્રાચીનબર્હિષ, ઋભુ (વેન રાજાનો પિતા), અંગ, ધ્રુવ, ઈક્ષ્વાકુ, અલ, મુચુકુંદ, વિદેહ, ગાધિ, રઘુ, અંબરીષ, સગર, ગય, નહુષ વગેરે તેમ જ માંધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રંતિદેવ, ભીષ્મપિતામહ, બલિ, અમૂર્તરય, દિલીપ, સૌભરિ, ઉત્તક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજા વિભીષણ, હનુમાન, શુકદેવ, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર તેમ જ શ્રુતદેવ વગેરે શ્રેષ્ઠ પુરુષો પરમાત્માની યોગમાયા જાણે છે અને તરે પણ છે એટલું જ નહિ, પણ સ્ત્રીઓ, શૂદ્રો, હૂણો તથા ભીલો વગેરે પાપી જીવો અને પશુપક્ષીઓ પણ અદ્ભુત લીલાવાળા શ્રીહરિના ભકતજનોના જેવું સદ્વર્તન આચરે તો તેઓ પણ ભગવાનની માયાને (જાણે છે અને) તરે છે; તો પછી વેદાર્થ ધારણ કરનારા બ્રાહ્મણ વગેરે ભગવાનની માયાને તરે એમાં શું કહેવાનું હોય ! મુનિઓ જેને 'બ્રહ્મ' એ પ્રમાણે જાણે છે, તે જ ભગવાનનું સ્વરૂપ છે. જે બ્રહ્મ નિત્ય સુખસ્વરૂપ, શોકરહિત, નિરંતર, અત્યંત શાંત, ભયરહિત, કેવળ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ, ભેદરહિત, વિષયો તથા ઈન્દ્રિયોના સંગથી રહિત અને જ્ઞાતારૂપ આત્માનું જ સ્વરૂપ છે. વળી જે બ્રહ્મ વિષે વાણી પહોંચતી નથી અને જ્યાં અનેક સાધનો વડે સાધ્ય એવું ક્રિયાનું ફળ પણ પહોંચતું નથી; માયા તો એ બ્રહ્મની સામે ઊભી રહેતાં જાણે શરમાતી હોય તેમ દૂર જ નાસી જાય છે. જેમ પોતે મેઘસ્વરૂપે શોભતો ઈન્દ્ર કૂવા વગેરે ખોદવાનાં સાધન કોશ, કોદાળી વગેરે ગ્રહણ કરતો નથી, તેમ યોગીઓ બ્રહ્મ વિષે મન સ્થિર કરી ભેદને દૂર કરવાનાં સર્વ સાધનોનો ત્યાગ કરે છે—ઉપયોગી ન હોવાથી તેઓનો સ્વીકાર કરતા નથી. વળી તે ભગવાન સર્વ કલ્યાણનાં ફળ આપનાર છે કેમ કે પ્રવર્તક એવા ભગવાન થકી જ બ્રાહ્મણ વગેરેના શમદમાદિ સ્વભાવોથી કરેલાં શુભ કર્મોની પ્રસિદ્ધિ છે. જોકે પૃથ્વી આદિ મહાભૂતોનો વિયોગ થતાં શરીર નાશ પામે છે, છતાં તે શરીરમાં રહેલું આકાશ જેમ નાશ

પામતું નથી. તેમ શરીરમાં રહેનારો અજન્મા આત્મા પણ નાશ પામતો નથી. હે તાત ! સમગ્ર જગતના કારણે આ ભગવાન જેવા સ્વરૂપવાળા છે, તે તમને સંક્ષેપમાં કહ્યું કે કાર્ય કારણાત્મક આ જે કંઈ (જગત) છે, તે શ્રીહરિથી ભિન્ન નથી; પણ કારણરૂપ શ્રીહરિ તો કાર્યરૂપ જગતથી ભિન્ન જ છે. આ જ્ઞાન ભગવાને મને કહ્યું છે, તેથી આનું નામ ભાગવત છે. ભગવાનની આ વિભૂતિઓનો સંગ્રહ મેં તમને કહ્યો છે, તેનો તમે પ્રચાર કરો. આનું વર્ણન સર્વના આત્મા અને સમગ્રના આધાર ભગવાન શ્રીહરિ વિષે મનુષ્યની ભકિત ઉત્પન્ન કરશે. એવો સંકલ્પ કરી તમે આ ભાગવતનું વર્ણન કરો. જે મનુષ્ય આ ઈશ્વરની લીલાને નિત્ય વર્ણવે છે. શ્રદ્ધાથી સાંભળે છે અને અનુમોદન આપે છે, તેનો આત્મા માયાથી મોહ પામતો નથી. ૧-૫૩

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः । श्रृण्वतः श्रद्धया नित्यं माययात्मा न मुह्यति ॥५३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## પરીક્ષિતના અનેક પ્રશ્નો

॥ राजोवाच ॥

ब्राह्मणा चोदितो ब्रह्मन् गुणाख्यानेऽगुणस्य च । यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! નિર્ગુણ ભગવાનના ગુણોનું વર્ણન કરવા બ્રહ્માએ પ્રેરણા કરી, એટલે દેવતુલ્ય જેમનું દર્શન છે એવાં નારદજીએ જેને જેને જે પ્રમાણે એ તત્ત્વરૂપ ભાગવતજ્ઞાન કહ્યું હોય, તે જાણવાની મને ઈચ્છા છે. હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ શુકદેવજી ! અદ્ભુત પરાક્રમવાળા શ્રીહરિની લોકમાં અત્યંત મંગળરૂપ કથાઓ તમે કહો કે જેથી હે મહાભાગ ! હું મારા નિઃસંગ મનને સમગ્રના આત્મારૂપ શ્રીકૃષ્ણ વિષે સ્થાપી શરીરનો ત્યાગ કરીશ. જે મનુષ્ય ભગવાનનાં ચરિત્રને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે અને ગાય છે, તેના હૃદયમાં ભગવાન થોડા સમય માં પ્રવેશ કરે છે. જેમ શરદઋતું જળના મેલને દૂર કરે છે, તેમ શ્રીકૃષ્ણ ભકતોનાં કાનનાં છિદ્ર દ્વારા હૃદયકમળમાં પ્રવેશ કરી સર્વ પાપોનો નાશ કરે છે. જેમ મુસાફરીથી આવેલો મનુષ્ય પોતાના ઘરને છોડતો નથી તેમ નિષ્પાપ થયેલો પુરુષ રાગ દ્વૈષ વગેરે સર્વ કલેશોનો ત્યાગ કરી શ્રીકૃષ્ણના ચરણકમળનો ત્યાગ કરતો નથી. હે બ્રહ્મન્ ! આ આત્મા મહાભૂતોના સંબંધથી રહિત છે. તે પછી એને પાંચ મહાભૂતોના સંબંધ દ્વારા જે દેહ પ્રાપ્ત થાય છે, તે કોઈ કારણ વિના થાય છે કે કારણ વડે થાય છે, તે તમે જે પ્રમાણે જાણો છો તે પ્રમાણે કહો. જેમના નાભિકમળમાંથી લોકરચનારૂપી સ્વરૂપવાળું કમળ ઉત્પન્ન થયું હતું, તે પરમેશ્વર આ લૌકિક પુરુષ જેટલા અવયવોવાળો છે તેટલા જ જુદા જુદા અવયવોથી જાણે યુકત હોય, તેમ તમે કહ્યું. તે એ પરમેશ્વરમાં અને આ જગતના પુરુષોમાં ભેદ શો ? પ્રાણીમાત્રના નિયંતા બ્રહ્મદેવ જે ભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થઈ જેમના અનુગ્રહથી પ્રાણીઓને સરજે છે અને જેમના અનુગ્રહ વડે જ તે પરમાત્માના સ્વરૂપનો તેમણે સાક્ષાત્કાર કર્યો હતો, તે ભગવાનમાં અને જગતપુરુષમાં અવશ્ય ભેદ તો હોવો જ જોઈએ ! જેમનાથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે, જે પ્રાણીમાત્રના અંતર્યામી છે અને માયાના નિયંતા છે તે ભગવાન માયાનો ત્યાગ કરી જે સ્વરૂપે સ્થિતિ કરે, તે મને યથાર્થ કહેવા તમે

યોગ્ય છો. અમે આપના મુખથી સાંભળ્યું કે 'એ ભગવાનના અવયવો વડે આ લોકપાલો સહિત લોકો પ્રથમ રચાયા છે અને લોકપાલો સહિત આ સમગ્ર લોકોથી તે પુરુષના અવયવો રચાયા છે' તો તે સંબંધી પણ યથાર્થ કહેવા તમે યોગ્ય છો. વળી તે ઉપરાંત મહાકલ્પ તથા અવાંતરકલ્પનું જેટલું પ્રમાણ છે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન શબ્દથી કહેવાતો કાળ જે રીતે અનુમાનથી જણાય છે અને સ્થૂલ દેહના અભિમાની મનુષ્યો, પિતૃઓ તથા દેવોના આયુષ્યનું પ્રમાણ જેટલું છે તે પણ કહેવાને યોગ્ય છો. હે દ્વિજશ્રેષ્ઠ ! કાળની પ્રવૃત્તિ જે સૂક્ષ્મ તથા મોટી જોવામાં આવે છે અને કર્મની જેટલી ગતિઓ એટલે કર્મથી પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાનોની જેટલી સંખ્યા છે, તે પણ કહેવા તમે યોગ્ય છો. સત્ત્વ, રજસ અને તમસ એ ગુણોના પરિણામરૂપ દેવ વગેરે સ્વરૂપ પામવાની ઈચ્છાવાળા જીવોમાં જે અવિકારી જીવ, જે દેવાદિ સ્વરૂપને પામવા જે પુણ્ય-પાપરૂપ કર્મસમૂહને જે પ્રકારે આચરે છે, તે પણ કહેવા તમે યોગ્ય છો. અર્થાત્ ક્યો કર્મસમૂહ, કેવા પ્રકારે કરવાથી, ક્યો અધિકારી જીવ દેવ વગેરેનાં સ્વરૂપ પામે છે ! પૃથ્વી, પાતાલ, દિશાઓ, આકાશ, ગ્રહો, નક્ષત્રો, પર્વતો, નદીઓ, સમુદ્રો અને દ્વીપો તેમ જ તે તે સ્થાનોમાં વસતાં પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થયાં છે ? આ બ્રહ્માંડનું બહારથી અને અંદરથી કેટલું પ્રમાણ છે ? મહાન પુરુષોનાં ચરિત્રો ક્યાં છે ? અને વર્ણો તથા આશ્રમોનો નિશ્ચય શો છે, તે પણ તમે કહેવા યોગ્ય છો. શ્રીહરિનાં અત્યંત આશ્ચર્યકારક જે અવતારચરિત્રો છે, યુગ અને યુગનું પ્રમાણ તેમ જ પ્રત્યેક યુગમાં જે જે ધર્મ હોય તે કહો. વર્ણો તથા આશ્રમો જેના કારણરૂપ છે એવો મનુષ્યોનો સાધારણ ધર્મ, તે તે વ્યવહાર પર જીવનારાઓનો વ્યવહારધર્મ, રાજર્ષિઓનો ધર્મ અને આપત્તિકાળે જીવનારાઓનો ધર્મ જેવો હોય તે પણ યથાર્થ રીતે કહો. પ્રકૃતિ વગેરે તત્ત્વોની સંખ્યા, તેઓનું સ્વરૂપ અને હેતુપૂર્વક લક્ષણ શું છે ? પરમાત્માની પૂજાનો વિધિ અને અષ્ટાંગયોગનો તથા આધ્યાત્મિકયોગનો વિધિ શો છે ? અણિમાદિ ઐશ્વર્ય દ્વારા યોગેશ્વરોની અર્ચિરાદિ ગતિ અને યોગીઓના લિંગશરીરનો નાશ કેવી રીતે થાય છે ? ઋગ્વેદ વગેરે વેદો, આયુર્વેદ વગેરે ઉપવેદો, ધર્મશાસ્ત્રો, ઈતિહાસો અને પુરાણોનું સ્વરૂપ શું ? પ્રાણીમાત્રનો અવાંતરપ્રલય અથવા ઉત્પત્તિ, સ્થિતિ અને મહાપ્રલય તેમ જ ઈષ્ટ એટલે વૈદિકકર્મ અને પૂર્વ એટલે સ્માર્તકર્મ તેમ જ અગ્નિહોત્રાદિ કામ્યકર્મોનો વિધિ કહો. વળી ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને પણ જે રીતે પરસ્પર વિરોધ નથી આવતો તે કહો. વળી જેઓની ઉપાધિ લય પામી હોય એવા જીવોની અને પાખંડધર્મની ઉત્પત્તિ, જીવનો બંધ તથા મોક્ષ અને તે જીવનું બંધ તથા મોક્ષથી ભિન્ન સ્વરૂપે રહેવું, તે પણ યથાર્થ કહેવાને તમે યોગ્ય છો; તેમ જ વ્યાપક ભગવાન પોતે સ્વતંત્ર છે છતાં સ્વશક્તિ માયાને આશ્રય કરી જે રીતે ક્રીડા કરે છે અને માયાનો ત્યાગ કરી સાક્ષીની પેઠે ઉદાસીન રહે, તે પણ કહો. હે ભગવન્ ! આ સર્વે આપને હું પૂછું છું તે હે મહામુનિ ! શરણે આવેલા મને અનુક્રમે યથાર્થ રીતે કહેવાને આપ યોગ્ય છે. આ વિષયમાં સ્વયંભૂ બ્રહ્મદેવ જેમ સારી રીતે જાણે છે, તેમ આપ પણ જાણો છો. બાકી બીજાઓ તો જગતના પૂર્વજોના પૂર્વજોએ જે કર્યું હોય, તે જ કરે છે. હે બ્રહ્મન્ ! ભગવાનની કથારૂપ અમૃતનું પાન કરતાં મારા પ્રાણ, (મેં લીધેલાં) અનશનવ્રતથી કે કોપેલા બ્રાહ્મણના શાપથી વ્યાકુળ થતા નથી ભગવાનની કથા વિના બીજે જતા નથી.

**સૂત બોલ્યા :** રાજા પરીક્ષિતે સભામાં એ પ્રમાણે ભગવાનની કથા વિષે પ્રશ્નો કર્યા એટલે શુકદેવજી અત્યંત પ્રસન્ન થયા. તેમણે ભાગવત નામનું બ્રહ્મતુલ્ય પુરાણ કહેવા માંડયું કે જે પૂર્વે બ્રહ્મકલ્પનો સમય આવ્યો, ત્યારે ભગવાને બ્રહ્માને કહ્યું હતું. પાંડુવંશમાં શ્રેષ્ઠ પરીક્ષિતે જે જે પ્રશ્નો કર્યા, તે તે સર્વ અનુક્રમે તેઓ કહેવા માંડયા.

यद्यत्परीक्षिदृषभः पाण्डूनामनुपृच्छति । आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ॥२९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## પરીક્ષિત રાજાના પ્રશ્નોના ઉત્તર—ભગવાને બ્રહ્મદેવને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ

॥ श्रीशुक उवाच ॥

आत्ममायामृते राजन् परस्यानुभवात्मनः । न घटेतार्थसम्बन्धः स्वप्नद्रष्टुरिवाञ्जसा ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'હે રાજન્ જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને તેમાં જોયેલા શરીર સાથે સંબંધ ઘટતો નથી, તેમ અનુભવસ્વરૂપ અને દેહાદિથી ભિન્ન આત્માને પોતાની માયા વિના દેહાદિ દશ્યપદાર્થ સાથે સંબંધ તત્ત્વદષ્ટીએ ઘટતો નથી. (સંસાર પણ માયાથી જ છે.) અનેક સ્વરૂપવાળી માયાને લીધે જ આત્મા અનેક સ્વરૂપવાળો હોય તેવું જણાય છે. વસ્તુતઃ આત્મા એક જ છે માયાના ગુણરૂપ દેહાદિ વિષે ક્રીડા કરતો આત્મા 'હું-મારું' એમ માને છે. પણ તે માન્યતા માયાને લીધે જ છે આત્મા જ્યારે કાળ અને માયાથી પર એવા પોતાના મહિમા વિષે જ રમણ કરે છે, ત્યારે મોહરહિત થઈ 'હું અને મારું' એ બન્ને અભિમાન ત્યજી પૂર્ણસ્વરૂપે રહે છે. આ આત્મતત્વના જ્ઞાન માટે જ ભગવાને બ્રહ્મદેવના નિષ્કપટ તપથી પ્રસન્ન થઈ તેમને પોતાના સત્ય સ્વરૂપનું દર્શન કરાવી તપ વગેરેથી પોતાનું ભજન કરવા કહ્યું હતું. જગતના પરમગુરુ આદિ દેવ બ્રહ્મા પોતાના કમલાસન પર બેસી જગતને સરજવાની ઈચ્છાથી વિચાર કરવા લાગ્યા, ત્યારે આ સૃષ્ટિરચના જેથી થઈ શકે તેવી યથાર્થ બુદ્ધિ તેમને પ્રાપ્ત ન થઈ. તે વિચાર કરતા હતા, ત્યાં એક સમયે જળમાંથી બે વાર બોલાયેલું, બે અક્ષરોવાળું વચન તેમણે સાંભળ્યું. તેમાં પહેલો અક્ષર (क થી म સુધીના) સ્પર્શવ્યંજન પૈકી સોળમો 'त' હતો અને બીજો એકવીસમો 'प' હતો. હે રાજા! જે 'तप' ને મુનિઓનું ધન કહે છે. બ્રહ્માએ તે વચન સાંભળ્યા પછી તેના બોલનારને જોવાની ઈચ્છાથી દિશાઓમાં જોયું, પણ ત્યાં બીજું ન જોતાં ફરી પોતાના આસન પર બેસી તેમણે પોતાને કોઈએ તપ માટે પ્રેરણા કરી હોય અને તે જ પોતાનું હિતકારી છે, એ વિચાર કરી તપમાં મન જોડી દીધું. પછી 'तप, तप' એ વચનના અર્થમાં જેમને અમોઘ જ્ઞાન થયું હતું, પ્રાણવાયુ તથા મનને જેમણે જીત્યાં હતાં અને જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય - એ બન્નેને જેમણે વશ કર્યા હતાં. એવા મહાતપસ્વી તે બ્રહ્માએ એકાગ્ર થઈ દેવતાઓનાં એક હજાર વર્ષ સુધી સર્વ લોકોને પ્રકટ કરનારું તપ કર્યું. એમ સારી રીતે આરાધન કર્યું, એટલે ભગવાને પ્રસન્ન થઈ તેમને પોતાના શ્રેષ્ઠ વૈકુંઠલોકનાં દર્શન કરાવ્યાં, જેના કરતાં બીજું કંઈ ઉત્કૃષ્ટ નથી, જેના સર્વ કલેશો, મોહ તથા ભય દૂર જ રહે છે અને ઉત્તમ પુણ્યવાળા આત્મવેત્તા પુરુષો જેની સ્તુતિ કરે છે વળી જ્યાં રજોગુણ, તમોગુણ અને એ બન્નેથી મિશ્ર સત્ત્વગુણ નથી, જ્યાં કાળનું પરાક્રમ અને માયા

પણ નથી; તો બીજા રાગ, લોભ, વગેરે ક્યાંથી હોય ? ત્યાં દેવો તથા અસુરોથી પૂજાયેલા શ્રીહરિના પાર્ષદો રહે છે. તેઓ સર્વે શ્યામ અને ઉજ્જવળ, કમળ સમાન નેત્રવાળા, પીળાં વસ્ત્રવાળા, સુંદર કાંતિવાળા, અત્યંત, કોમળ ચાર ભુજાવાળા, પ્રકટ કાંતિવાળા અને શ્રેષ્ઠ મણિઓથી જડેલાં પદકો તથા આભૂષણો ધારણ કરનારા, અત્યંત તેજસ્વી અને પ્રકાશમાન કુંડળો, મુકુટો તથા માળા ધારણ કરનારા છે. વળી જે વૈકુંઠલોક મહાત્મા પુરુષોનાં ઝળહળતાં સુશોભિત વિમાનની પંક્તિ વડે ચોતરફ અત્યંત પ્રકાશે છે અને વીજળીયુકત મેઘપંકિતથી જેમ આકાશ શોભે તેમ ઉત્તમ સ્ત્રીઓની કાંતિથી શોભી રહ્યો છે. જ્યાં સાક્ષાત્ લક્ષ્મી વિવિધ વૈભવોથી શ્રીભગવાનમાં ચરણોને અનેક પ્રકારે પૂજે છે અને હિંડોળા ઉપર બેઠેલા તેમને વસંતઋતુના ભ્રમરો વિવિધ પ્રકારે ગાય છે ને પોતે પણ પતિ ભગવાનનાં કર્મો ગાયા કરે છે. ત્યાં બ્રહ્માએ ભગવાનનાં દર્શન કર્યા કે જે ભગવાન સમગ્ર ભકતોના પાલક, લક્ષ્મીના પતિ, યજ્ઞના સ્વામી, જગતનું રક્ષણ કરનારા અને સુનંદ, નંદ, પ્રબલ તથા અર્હણ વગેરે પોતાના મુખ્ય પાર્ષદોથી સેવાયેલ છે. વળી જે ભક્તો ઉપર કૃપા કરવા તત્પર, દર્શન કરનારાઓને આનંદકારક દૃષ્ટિવાળા, પ્રસન્ન હાસ્યવાળા, લાલ નેત્ર તથા મુખવાળા, મુકુટ અને કુંડળો ધારણ કરનારા, ચાર ભુજાવાળા, પીળાં વસ્ત્રવાળા, વક્ષઃસ્થળમાં રહેલાં લક્ષ્મીથી શોભાયમાન, શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજમાન, સર્વથી પર, પ્રકૃતિ-પુરુષ-મહત્ત્વ-અહંકાર-અગિયાર ઈન્દ્રિયો-પાંચ મહાભૂતો-પાંચ તન્માત્રાઓરૂપ શકિતઓથી વીટાયેલા, સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, કીર્તિ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય પોતાની સ્વરૂપભૂત સ્વાભાવિક છ શકિતઓથી તેઓ સર્વદા યુકત છે. આ શકિતઓ તેમના સિવાય બીજે ક્યાંય સ્થાયીરૂપથી નિવાસ કરતી નથી, એવા તે પ્રભુ પોતાના સ્વરૂપમાં જ રમણ કરનારા અને સર્વના ઈશ્વર છે. આવા તે ભગવાનનાં દર્શનથી બ્રહ્માનું હૃદય આનંદ વડે વ્યાપ્ત થયું, શરીર રોમાંચિત થયું અને નેત્રોમાં અતિશય પ્રેમને લીધે અશ્રુઓ આવી રહ્યા. પછી જગતના સ્રષ્ટા બ્રહ્મદેવે ભગવાનનાં ચરણકમળને પ્રણામ કર્યા કે જે કેવળ જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થાય છે. એ સમયે પ્રેમ મગ્ન બની પોતાની સમીપ આવેલા, અને પ્રજા સર્જવાના કાર્યમાં પોતાની આજ્ઞા માટે યોગ્ય તે પ્રિય બ્રહ્મદેવને ભગવાન પ્રસન્નચિત્તે તેમના હાથનો સ્પર્શ કરી પ્રસન્ન થઈને મંદ હાસ્યથી શોભતી વાણી વડે કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** ‘હે બ્રહ્મા ! તમે સૃષ્ટિ સર્જવાની ઈચ્છાથી લાંબા કાળ સુધી કરેલા તપ વડે મને સારી રીતે પ્રસન્ન કર્યો છે કે જે હું છળકપટથી યોગ સાધનારા યોગીઓ વડે પ્રસન્ન થવો અશક્ય છું. હે બ્રહ્મદેવ ! તમારું કલ્યાણ થાઓ. હું પ્રાપ્ત કરવા યોગ્ય સમસ્ત વસ્તુઓનો સ્વામી છું. મારી પાસેથી તમે ઈચ્છિત વર માગો. પુરુષને કલ્યાણોના સંબંધમાં જે પરિશ્રમ કરવો પડે, તે મારા દર્શન સુધીનો જ હોય છે ! તમને મારાં લોકનાં દર્શન થયાં, એ મારી ઈચ્છાનો જ પ્રભાવ છે અને તેથી જ એકાંતમાં ‘તપ તપ’ એમ સાંભળી તમે શ્રેષ્ઠ તપ કર્યું હતું. તમે તે સમયે સૃષ્ટિરચનાના કાર્ય માટે મૂઢ બન્યા હતા, ત્યારે મેં જ તમને તપ કરવા ઉપદેશ કર્યો હતો, કેમ કે હે નિર્દોષ બ્રહ્મા ! તપ મારું હૃદય છે—આભ્યંતર શક્તિ છે અને તપનો હું સાક્ષાત્ આત્મા છું - એ મારું જ સાક્ષાત્ સ્વરૂપ છે. હું પોતે પણ તપ વડે જ આ જગત સર્જું છું, પાળું છું, અને સંહારું છું, દુસ્તર તપ એ મારું વીર્ય-શકિત-સામર્થ્ય છે.

બ્રહ્માએ કહ્યું : હે ભગવન્ ! આપ પ્રાણી માત્રની બુદ્ધિમાં દ્રષ્ટા તરીકે રહ્યા છો, તેથી કુંઠિત જ્ઞાન વડે સર્વના કર્તવ્યને જોકે જાણો છો, તો પણ હે નાથ ! રૂપરહિત છતાં આપનાં જે સ્થૂળ અને સૂક્ષ્મ બે

સ્વરૂપ છે, તેઓને હું જાણી શકું એ માટે યાચના કરું છું, તો એ મારી પ્રાર્થના સફળ કરો. હે અમોઘ સંકલ્પવાળા ભગવન્ ! આપ પોતાની માયાના વેગથી અનેક શક્તિઓ વડે ભરેલા આ જગતને સર્જતા, રક્ષણ કરતા અને સંહારતા પોતે જ બ્રહ્માદિ સ્વરૂપો લો છો, અને ક્રીડા કરો છો. જેમ કરોળિયો પોતાની લાળ વડે પોતાને ઢાંકે છે, તેમ આપ પણ માયા વડે પોતાનું સ્વરૂપ ઢાંકી દો છો; તો હે માધવ ! આપ મારામાં આપના સ્વરૂપજ્ઞાનના વિષયવાળી બુદ્ધિ સ્થાપો. હું આપની આજ્ઞા પ્રમાણે આળસનો ત્યાગ કરી અવશ્ય પ્રજાઓ સર્જીશ; પણ આપની કૃપાથી પ્રજાસૃષ્ટિ કરતાં હું અહંકાર વગેરેથી બંધાઈ ન જાઉં એ મારી પ્રાર્થના છે. હે ઈશ ! જેમ મિત્ર મિત્રનું સન્માન કરે, તેમ આપે મારા હાથનો સ્પર્શ વગેરે કરી મારું સન્માન કર્યું છે, તે હું પ્રજાસૃષ્ટિરૂપી આપની સેવામાં સાવધાન થઈ જ્યાં સુધી ઉત્તમ, મધ્યમ તથા અધમ ભેદોથી પ્રજાઓને ઉત્પન્ન કરું, ત્યાં સુધી હું પણ સ્વતંત્ર છું'' આમ માનતાં મને ઉત્કટ મદ ના થાઓ.

**શ્રીભગવાન બોલ્યા :** હું તમને અનુભવ અને ભકિતથી યુક્ત પરમ ગુહ્ય જ્ઞાન તથા તેનાં સાધનો કહું છું, તે તમે ગ્રહણ કરો; તેમ જ હું જેવા સ્વરૂપવાળો, જેવી સત્તાવાળો અને જેવાં રૂપ, ગુણ તથા કર્મવાળો છું, તે સર્વનું તાત્વિક જ્ઞાન તમને મારી કૃપાથી પ્રાપ્ત થાઓ (તે જ્ઞાન આ પ્રમાણે છે :) સૃષ્ટિની પૂર્વે હું જ હતો, બીજું જે સ્થૂલ, સૂક્ષ્મ અને એ બન્નેનું કારણ માયા છે તે કંઈ ન હતું (કેમ કે તે વખતે માયા પણ અંતમુર્ખપણે મારામાં લીન હતી), સૃષ્ટિની પછી પણ હું જ રહું છું. જે આ જગત દેખાય છે તે પણ હું જ છું અને પ્રલય પછી તે જે બાકી રહે છે તે પણ હું જ છું, જે વાસ્તવિક વસ્તુ નથી તે પણ જે આત્મારૂપ આશ્રયને લીધે જણાય છે અને જે વાસ્તવિક વસ્તુ છે તે નથી જણાતી, તેને મારી માયા જાણવી. જેમ ચંદ્ર એક જ છે, તો પણ નેત્રના વિકારને લીધે બે હોય એવો આભાસ થાય છે. અને રાહુ ગ્રહમંડળમાં રહેલો છે તે પણ દેખાતો નથી. જેમ પાંચ મહાભૂતો નાનામોટા પ્રત્યેક ભૌતિક પદાર્થમાં સૃષ્ટિની પછી દાખલ થયેલાં છે (કેમ કે તે તે પદાર્થોમાં તેઓ દેખાય છે) અને દાખલ થયેલાં પણ નથી; (કેમ કે સૃષ્ટિની પહેલાં જ કારણસ્વરૂપે તે મહાભૂતો તે તે ભૌતિક પદાર્થોમાં રહેલાં જ છે) તેમ હું પણ તે તે મહાભૂતોમાં અને સર્વ ભૌતિક પદાર્થોમાં રહ્યો છું, છતાં નથી પણ રહ્યો. આવી મારી સર્વત્ર સ્થિતિ છે. આત્માનું તાત્ત્વિક સ્વરૂપ જાણવા ઈચ્છતા પુરુષે એટલું જ જાણવાનું બસ છે કે જે વસ્તુ અન્વય અને વ્યતિરેકથી સર્વ સ્થળે સર્વદા છે તે જ આત્મા છે. તમે મારા આ મતને સારી રીતે એકાગ્ર ચિત્તે અનુસરો, જેથી તમે પ્રત્યેક કલ્પની ભિન્ન ભિન્ન સૃષ્ટિઓમાં મોહ પામશો નહિ.

**શ્રી શુકદેવજી બોલ્યા :** અજન્મા શ્રીહરિ મનુષ્યોના પરમ અધિપતિ બ્રહ્માને એ ઉપદેશ કરી તેમના દેખતાં અદૃશ્ય થયા પછી સર્વભૂતમય બ્રહ્મદેવ પ્રત્યક્ષ સ્વરૂપે અદૃશ્ય થયેલા શ્રીહરિને બે હાથ જોડી પ્રણામ કરી, પૂર્વકલ્પની પેઠે આ જગત સર્જ્યું. એક વાર ધર્મનું રક્ષણ કરનાર પ્રજાપતિ બ્રહ્મા સર્વ પ્રજાઓનું કલ્યાણ થાય એવી પોતાની ઈચ્છા પૂર્ણ થવા માટે યમનિયમોનું પાલન કરી રહ્યા હતા. તે સમયે પુત્રોમાં અત્યંત પ્રિય નારદજી પિતા બ્રહ્મદેવની સેવામાં રહ્યા હતા અને શીલ, વિનય તથા ઈન્દ્રિયનિગ્રહથી તેમને અનુસરતા હતા. હે રાજન્ ! મહામુનિ નારદ માયાના ઈશ્વર ભગવાન વિષ્ણુની માયા જાણવા ઈચ્છતા હતા, તેથી મહાન્ ભક્ત તે નારદજીએ પિતાને સેવા વડે અત્યંત પ્રસન્ન કર્યા. લોકોના પિતામહ બ્રહ્મદેવને પ્રસન્ન થયેલા જોઈ દેવર્ષિ નારદે જે પ્રશ્ન તમે મને પૂછ્યો તે જ પ્રશ્ન પૂછ્યો હતો, તેથી પ્રાણીઓના સ્રષ્ટા ભગવાન બ્રહ્મદેવે પ્રસન્ન થઈ પુત્ર નારદજીને દસ અર્થો જણાવનારુ આ શ્રીમદ્ ભાગવતપુરાણ કહ્યું હતું. હે રાજા ! પછી નારદજીએ સરસ્વતી નદીના કિનારા પર પરબ્રહ્મનું ધ્યાન

કરતાં મહાતેજસ્વી મુનિ વ્યાસજીને એ ભાગવત કહ્યું. તે જ મારા પિતાજી પાસેથી હું ભણ્યો છું તમે મને પ્રશ્ન કર્યો કે, વિરાટપુરુષથી આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું ? અને બીજા પ્રશ્નો પણ તમે પૂછયા છે, તે સર્વનો ઉત્તર હું તમને બરાબર કહું છું (સાંભળો).૧-૪૫

यदुताहं त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् । यथासीत्तदुयाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## શ્રીભાગવતના દસ લક્ષણો અને મહાકલ્પનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः । मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** આ શ્રીમદ્ ભાગવતમાં દસ અર્થો જણાવાશે : જેમ કે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુકિત અને આશ્રય, તેમાંના દસમા આશ્રય (આત્મા)ના તત્ત્વનું જ્ઞાન થવા માટે જ નવ અર્થો ના સ્વરૂપને મહાત્માઓ આ ભાગવતમાં જુદાં જુદાં આખ્યાનો વડે વેદના તાત્પર્યને અનુસરીને વર્ણવે છે. પરમેશ્વરથી સત્વાદિ ગુણોની પરિણામ દશા થવાથી પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ, ઈન્દ્રિયો, મહત્તત્ત્વ અને અહંકારની ઉત્પત્તિ થાય છે, તે 'સર્ગ' કહેવાય છે. વિરાટ પુરુષે કરેલી સ્થાવર-જંગમની સૃષ્ટિ તે 'વિસર્ગ' કહેવાય છે. સરજાયેલાં પ્રાણીઓનું તેની મર્યાદા પ્રમાણે પાલન કરવાથી ભગવાન વિષ્ણુની જે શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે તેને 'સ્થાન' કહે છે. ભકતો ઉપર ભગવાનનો અનુગ્રહ તે 'પોષણ' કહેવાય છે. ભગવાનના અનુગ્રહપાત્ર અને મન્વંતરોના અધિપતિ ઉત્તમ પુરુષોનો શ્રેષ્ઠ ધર્મ તેને 'મન્વંતર' કહે છે. કર્મોની વાસનાઓને 'ઊતિ' કહે છે. શ્રીહરિના અવતારોનું ચરિત્ર અને શ્રીહરિના ભકતોનાં અનેક આખ્યાનોથી વૃદ્ધિ પામેલી ઉત્તમ કથાઓ 'ઈશાનુકથા' કહેવાય છે. જીવાત્માઓનું શ્રીહરિની યોગનિંદ્રા પાછળ ઉપાધિઓ સાથે લય થવું તેને 'નિરોધ' કહે છે. અવિદ્યાએ આરોપિત કરેલા કર્તૃત્વાદિ વિપરીત સ્વરૂપનો ત્યાગ કરી જીવાત્માનું બ્રહ્મસ્વરૂપે રહેવું તેને 'મુકિત' કહે છે. વળી જેનાથી જગતની સૃષ્ટિ અને લય થાય છે અને તે બન્ને જણાય છે તેને જ 'આશ્રય', પરબ્રહ્મ કે પરમાત્મા કહે છે. ચક્ષુ ઈદ્રિયોનો અભિમાની આ જીવ આધ્યાત્મિક છે તે જ ચક્ષુ વગેરેના અધિષ્ઠાતા સુર્યાદિરૂપે આધિદૈવિક છે, તે એકમાં જ આધ્યાત્મિક અને આધિદૈવિક એ બે ભેદ જેનાથી જણાય છે તે જ આધિભૌતિક - દેહ જીવને ઉપાધિરૂપ છે. આ અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એ ત્રણમાંથી કોઈ એકનો અભાવ થાય, તો બીજા પદાર્થનું આપણને જ્ઞાન થતું નથી; અર્થાત્ દેહાદિ આધિભૌતિક વિના તેને જણાવનારી અધિદૈવ-ઈન્દ્રિયો જણાતી નથી. અને દ્રષ્ટા-જીવ પણ જણાતો નથી, અધિદૈવે, ઇન્દ્રિયો વિના તેઓની પ્રવૃત્તિ જણાવનાર અધ્યાત્મ-દ્રષ્ટા જીવ જણાતો નથી અને તે અધ્યાત્મ-દ્રષ્ટા જીવ વિના તે ઇન્દ્રિયો પ્રવૃત્તિ કરતી નથી. ઈન્દ્રિયો પ્રવૃત્તિ વિના દશ્ય દેહનું પણ જ્ઞાન થતું નથી. આ રીતે આ ત્રણેને એકબીજાનો આશ્રય છે તેથી એક ન હોય તો બીજું પણ નથી. તેથી સિદ્ધ થાય છે કે એકબીજાનો આશ્રય રાખી જણાતી આ વસ્તુઓ આત્માથી ભિન્ન છે. તે અધ્યાત્મ, અધિદૈવ તથા અધિભૂત એ ત્રણેને જે સાક્ષી સ્વરૂપે જુએ છે, તે જ આત્મા છે અને તેને બીજાઓનો આશ્રય નથી, પણ પોતે જ બીજાઓનો આશ્રય છે. વિરાટ પુરુષ બ્રહ્માંડ ભેદીને જ્યારે બહાર નીકળ્યા હતા, ત્યારે તેમણે

પોતાનું રહેઠાણ ઈચ્છીને પોતે પવિત્ર હોવાથી પવિત્ર જળ ઉત્પન્ન કર્યું હતું. પછી પોતે સર્જેલા તે જળમાં એક હજાર વર્ષ સુધી તે રહ્યા હતા, તેથી **'नारायण'** નામને પ્રાપ્ત થયા; કેમ કે પુરુષ 'નર', તેમનાથી ઉત્પન્ન થયેલું જળ તે 'નાર' અને તે 'નાર' જેમનું નિવાસસ્થાન છે તે **'नारायण'** કહેવાય છે. જે નારાયણના અનુગ્રહથી દ્રવ્ય, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ કાર્ય કરવા સમર્થ છે, પણ તેમની ઉપેક્ષાથી તેઓ કંઈ કરી શકતાં નથી. સર્વદા એકસ્વરૂપ તે દેવને અનેક સ્વરૂપે થવાની ઈચ્છા થઈ ત્યારે યોગનિંદ્રામાંથી ઊઠી તેમણે સુવર્ણની પેઠે અત્યંત પ્રકાશમાન પોતાના શરીરને માયાથી આધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એમ ત્રણ પ્રકાર સર્જ્યું. હવે તે એક જ પુરુષનું શરીર જે રીતે ત્રણ પ્રકારે ભેદ પામ્યું તે તમે સાંભળો. પુરુષે ક્રિયાશકિતથી વિવિધ ચેષ્ટાઓ કરી ત્યારે એ શરીરની અંદરના આકાશ થકી ઈન્દ્રિયોની, મનની અને દેહની શકિત થઈ. પછી તે શકિતરૂપ સુક્ષ્મ સ્વરૂપથી સૂત્રાત્મા નામનો મુખ્ય પ્રાણ થયો. એ (સમષ્ટિગત) મુખ્ય પ્રાણ ચેષ્ટા કરે છે, ત્યારે તેની પાછળ સેવકોની પેઠે સર્વ જંતુઓમાં રહેલા પ્રાણો (વ્યષ્ટિગત વાયુઓ) ચેષ્ટા કરે છે અને તે મુખ્ય પ્રાણ ચેષ્ટાનો ત્યાગ કરે છે, ત્યારે સર્વ જંતુઓના પ્રાણો પણ ચેષ્ટાનો ત્યાગ કરે છે. વળી એ મુખ્ય પ્રાણ પ્રભુ-વિરાટ પુરુષના શરીરમાં પોતાની ક્રિયા કરવા લાગ્યો, એટલે ક્ષુધા અને તૃષા થયાં. પછી તે પુરુષે જળ પીવાની અને ભોજન કરવાની ઈચ્છા કરી, એટલે પ્રથમ તેમને મુખ થયું. એ મુખમાંથી તાળવું અને તેમાં જિહ્વા ઈન્દ્રિય થઈ. તેમાં પછી અનેક જાતના રસો થયા જે જિહ્વા ઈન્દ્રિય વડે જણાય છે. પછી એ પુરુષે બોલવાની ઈચ્છા કરી, એટલે તેમના મુખમાંથી વાકઈન્દ્રિય, તેના અધિષ્ટાતૃ દેવતા અગ્નિ અને તેનો વિષય 'બોલવું' આ ત્રણ પ્રકટ થયાં. પછી અંડજળમાં એ પુરુષના પ્રાણવાયુનો લાંબા કાળ સુધી નિરોધ થયો જેથી તે રૂંધાયેલો વાયુ અત્યંત ચેષ્ટા કરવા લાગ્યો, અંદર ખૂબ વાવા લાગ્યો એટલે (તેને જવા-આવવા માટે) નાસિકાનાં બે છિદ્રો થયાં પછી ગંધ વિષયને ગ્રહણ કરવાની તેમણે ઈચ્છા કરી, એટલે તે નાસિકામાં ગંધને લાવનારો વાયુદેવ, ગંધ વિષય અને ઘ્રાણઈન્દ્રિય થયાં. પછી તે સમયે પોતાના શરીરમાં પ્રકાશનો અભાવ હતો અને પોતાના શરીરને તથા બીજી વસ્તુઓને જોવાની તેમને ઈચ્છા થઈ એટલે બે નેત્રો થયાં અને તેમાં સૂર્યદેવ, ચક્ષુઈન્દ્રિય અને તેથી ગ્રહણ કરાતો રૂપ વિષય થયો. પછી એ વિરાટપુરુષને વેદો જગાડવા લાગ્યા, ત્યારે વેદોનું તે જગાડવું સાંભળવાની ઈચ્છા થતાં તેમને બે કાન થયા અને તેમાં દિશાઓ દેવ, શ્રોત્રઈન્દ્રિય અને તેથી ગ્રહણ કરાતો શબ્દ વિષય થયો. પછી કોઈ પણ વસ્તુની કોમળતા, કઠિનતા, હલકાપણું, ભારેપણું, ઉષ્ણતા અને શીતળતા ગ્રહણ કરવાની તેમને ઈચ્છા થઈ એટલે તેમના શરીરમાં ચામડી-સ્પર્શેન્દ્રિય પ્રકટ થઈ પૃથ્વીમાં જેમ વૃક્ષો ઊગેલાં છે, તેમ ચામડીનાં રુંવાંટાં ઉત્પન્ન થયાં અને તેમની બહાર તથા અંદર રહેનારો સ્પર્શેન્દ્રિયનો દેવ વાયુ પણ પ્રકટ થયો. સ્પર્શ ગ્રહણ કરનારી ત્વચા ઈન્દ્રિય (સ્પર્શેન્દ્રિય) પણ એ ચામડીની સાથે શરીરની ચારે બાજુએ લપેટાઈ ગઈ એથી સ્પર્શનો અનુભવ થાય છે. પછી તેમને અનેક જાતનાં કર્મો કરવાની ઈચ્છા થઈ. એટલે બે હાથ થયા. તેમાં બળ ઈન્દ્રિય, ઈંદ્ર દેવતા અને તે બન્નેથી થઈ શકે એવું 'ગ્રહણ' રૂપ કર્મ વિષય થયો. વળી એ પુરુષને ઈચ્છિત ગતિ કરવાની ઈચ્છા થઈ, ત્યારે બે ચરણો થયાં, એ બન્ને સાથે વિષ્ણુ પોતે તેના અધિષ્ઠાયક દેવ તરીકે રહ્યા. ગતિ નામની કર્મશકિત વડે મનુષ્યો હોમવાનાં દ્રવ્ય મેળવે છે. માટે ગતિ નામની કર્મશકિત એમાં ઈન્દ્રિય થઈ અને તે ચાલવારૂપ ક્રિયા વડે મેળવવા યોગ્ય એવું યજ્ઞમાટેનું દ્રવ્ય એ એનો વિષય થયો. પછી એ વિરાટપુરુષને પ્રજા, રતિસુખ, તથા સ્વર્ગ વગેરેની ઈચ્છા થઈ એટલે તેમને લિંગ થયું. તેમાં ઉપસ્થ ઈન્દ્રિય, પ્રજાપતિ દેવ અને

તે બન્નેને અધીન એવું કામ સંબંધી સુખ તે વિષય થયો. પછી ખાધેલા અન વગેરેના અસાર ભાગનો ત્યાગ કરવાની તેમને ઈચ્છા થઈ, એટલે ગુદાસ્થાન થયું. તેમાં પાયુ નામે ઈન્દ્રિય, મિત્ર નામે દેવ અને તે બન્નેને અધીન મળત્યાગ વિષય થયો. પછી એક શરીરમાંથી બીજા શરીરમાં જવાની તેમને ઈચ્છા થઈ, એટલે નાભિદ્વારરૂપ જ સ્થાન થયું. તેમાં અપાન ઈન્દ્રિય અને તેનો અધિષ્ઠાયક દેવ મૃત્યુ થયો, તે બન્નેના આશ્રયવાળું, મરણ એ વિષય થયો. પછી તે વિરાટપુરુષને અન્નપાન લેવાની ઈચ્છા થઈ એટલે પેટ, આંતરડાં અને નાડીઓ થયાં, તે બન્નેમાં નદીઓ તથા સમુદ્રો દેવ થયા અને બન્નેના આશ્રયવાળા તુષ્ટિ અને પુષ્ટિ વિષય થયા; પછી એ પુરુષને પોતાની માયાનું ચિંતન કરવાની ઈચ્છા થઈ એટલે હૃદયરૂપ સ્થાન ઉત્પન્ન થયું. પછી તેમાં મનરૂપ ઈન્દ્રિય અને મનનો દેવતા ચંદ્ર ઉત્પન્ન થયો. તેનાથી સંકલ્પ તથા કામનારૂપ કર્મો થવા લાગ્યાં. અર્થાત્ હૃદય સ્થાન, તેમાં મન ઈન્દ્રિય, સંકલ્પ વિષય અને ચંદ્ર દેવ થયા. શરીર પરની સ્થૂળ ત્વચા અને સૂક્ષ્મ ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા તથા હાડકાં—આ સાત ધાતુઓ પૃથ્વી, જળ અને તેજમાંથી થયેલી છે અને આકાશ, જળ તથા વાયુથી પ્રાણવાયુ થયેલ છે. બધી ઈન્દ્રિયો શબ્દાદિ વિષયો તરફ જ જવાના સ્વભાવવાળી છે અને શબ્દાદિ વિષયો અહંકારથી જ સારા સ્વભાવવાળા લાગે છે; (ખરી રીતે તેઓ સારા નથી ;) કેમ કે મન જ સર્વ વિકારોનું સ્વરૂપ છે એટલે મન પોતે કેવળ તામસી વિષયોના સંકલ્પ-વિકલ્પ કરે છે, તેને ત્યાં ત્યાજય કે ગ્રાહ્ય વિષયનો વિવેક જ નથી, તેમ જ બુદ્ધિ પદાર્થના જ્ઞાનરૂપ જ છે. (પરંતુ પદાર્થના સ્વરૂપને ગ્રહણ કરી શકતી નથી. આમ કહીને સર્વ વિષયો પરનો વૈરાગ્ય સૂચવી છેલ્લે બુદ્ધિ તથા મનનું સ્વરૂપ કહ્યું છે.) આ રીતે ભગવાનનું આ સ્થૂળ સ્વરૂપ મેં તમને કહ્યું. આ સ્વરૂપ બહારના ભાગમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ, અહંકાર અને પ્રકૃતિ-આ આઠ આવરણોથી વીટળાયેલું છે. આ સ્થૂળ સ્વરૂપથી બીજું અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ (લિંગશરીર) પણ છે. તે સ્થૂળ સ્વરૂપનું કારણ હોઈ અતીન્દ્રિય છે, તેથી ચક્ષુ વગેરે ઈન્દ્રિયો તેને જાણી જોઈ શકતી નથી; કેમ કે વિશેષણરહિત, આદિ મધ્ય અને અંતરહિત, ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ વિનાનું, સદા એકસ્વરૂપ છે, અર્થાત્ વધઘટ વિનાનું છે અને તેથી જ વાણી તથા મનથી પર છે. ભગવાનનાં આ બન્ને સ્વરૂપો મેં તમારી પાસે વર્ણવ્યાં. તેઓ બન્નેને વિદ્વાનો સ્વીકારતા નથી; કેમ કે બન્ને માયાથી જ બનેલાં છે. ભગવાન માયાથી પર છે અને સર્વ ક્રિયાઓથી રહિત છે છતાં માયાથી ક્રિયાયુક્ત થઈ બ્રહ્માના સ્વરૂપને ધારણ કરી વાચ્ય-વાચકપણે નામો, રૂપો, તથા ક્રિયાઓને સર્જે છે. વળી પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓને, જુદા જુદા પિતૃઓ, સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, અસુરો, યક્ષો, કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો, કિંપુરષો, પેટે ચાલનારાં પ્રાણીઓ, માતૃકાઓ, રાક્ષસો, પિશાચો, પ્રેતો, ભૂતો, વિનાયકો, કુષ્માંડો, ઉન્માદો, વેતાલો, યાતુધાનો, ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, પહાડો, સરકીને જનારાં પ્રાણીઓ અને બીજા સ્થાવરજંગમ બે પ્રકારનાં પ્રાણીઓ તથા જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ : એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ એ સર્વને ભગવાન સર્જે છે. હે રાજા ! ઉત્તમ, નીચ અને મધ્યમ - આ સર્વ જાતિઓ પુણ્ય, પાપ તથા પુણ્યપાપ-- મિશ્ર કર્મોનાં ફળ છે. હે રાજન્ ! સત્ત્વ, રજસ્ અને તમસ એ ત્રણ ગુણો છે, તેથી અનુક્રમે દેવ, મનુષ્ય અને નારકી એમ ત્રણ ગતિઓ થાય છે. તેમાં જ્યારે એ ત્રણ ગુણોમાંનો કોઈ એક ગુણ બીજા બે ગુણોથી મિશ્ર થઈ દબાઈ જાય છે, ત્યારે તે ત્રણ ગતિઓ પણ એક એક ત્રણ ત્રણ પ્રકારની થાય છે. જગતનું ધારણ તથા પોષણ કરનારા તે જ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ ધારણ કરી જગતનું પોષણ કરે છે અને તિર્યંચો, મનુષ્યો તથા દેવોના

અવતાર લઈ જગતનું પાલન કરે છે. પછી પ્રલયકાળે પ્રલયકાળના અગ્નિ તથા રુદ્રનું સ્વરૂપ ધારણ કરી, પોતે જ ઉત્પન્ન કરેલા આ જગતનો, વાયુ જેમ મેઘમંડળનો નાશ કરે તેમ નાશ કરે છે.

હે રાજા ! પરમ ઐશ્વર્યવાળા ભગવાન એ રીતે સ્રષ્ટા, પાલક તથા સંહારક સ્વરૂપે મેં તમારી આગળ વર્ણવ્યા; પરંતુ તેમને મોટા વિદ્વાનો પણ કેવળ અમુક સ્વરૂપે જ જોવાને યોગ્ય નથી કેમ કે આ જગતની ઉત્પત્તિ આદિ કર્મમાં પરમેશ્વરનું કર્તાપણું છે જ નહિ; અર્થાત્ વેદવાકયો ઈશ્વરનું કર્તૃત્વ કહેતાં નથી, માત્ર એ કર્તૃત્વનો નિષેધ કરવા માટે જ વેદવાક્ય એ કર્તુત્વ આદિનો અનુવાદ કરે છે, તાત્પર્યદૃષ્ટિએ કર્તૃત્વનું પ્રતિપાદન કરવામાં આવતું જ નથી; કેમ કે પરમેશ્વર વિષે જે કર્તૃત્વ વગેરે જણાય છે, તે તો કેવળ માયાને લીધે જ આરોપિત જણાય છે. આ તો મેં તમને બ્રહ્માનો મહાકલ્પ કહ્યો જેની સાથે બીજા પેટા કલ્પો પણ ઉદાહરણ તરીકે કહેવાયા છે. આ મહાકલ્પમાં મહત્તત્વ વગેરેના પ્રાકૃત સર્ગો, અવાંતરકલ્પના વૈકૃત સર્ગો તથા સ્થાવરોરૂપી વિસર્ગોએ સર્વ પ્રકાર બીજા મહાકલ્પાદિની સમાન જ છે. હવે કાળનું સ્થૂળ તથા સૂક્ષ્મ માપ, કલ્પનું લક્ષણ, અવાંતરકલ્પ અને મન્વંતરાદિરૂપ વિભાગ- એ સર્વ હું આગળ (ત્રીજા સ્કંધમાં) વિસ્તારથી કહીશ. હવે પ્રથમ પાદ્મકલ્પ સાંભળો.

**શૌનક બોલ્યા :** હે સૂત ! તમે અમને કહ્યું કે ભગવાનના ભક્તોમાં શ્રેષ્ઠ વિદુરજી દુસ્ત્યજ સગાંસંબંધીઓનો ત્યાગ કરી પૃથ્વીનાં તીર્થોમાં યાત્રા માટે ફર્યા. તો મૈત્રેયઋષિની સાથે તેમનો અધ્યાત્મવિષયક સંવાદ ક્યાં થયો હતો ? અથવા તેમના પૂછવાથી તે મૈત્રય ભગવાને તેમને કયું તત્ત્વજ્ઞાન કહ્યું હતું ? હે સૌમ્ય ! વિદુરજીનું તે ચરિત્ર અમને કહો. તેમણે ક્યા કારણે સંગાંસંબંધીઓ છોડ્યાં હતા? અને પાછા હસ્તિનાપુરમાં તે ક્યા કારણે આવ્યા હતા ?

**સૂત બોલ્યા :** રાજા પરીક્ષિતના પૂછવા પરથી મહામુનિ શુકદેવજીએ રાજાના પ્રશ્નાનુસાર તેમને જે કહ્યું હતું તે હું તમને કહું છું તે સાંભળો. ૧-૫૧

राज्ञ परीक्षिता पृष्टो यदवोचन्महामुनिः । तद्वोऽभिधास्ये श्रृणुत राज्ञः प्रश्नानुसारतः ॥५१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

**દ્વિતીય સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત
# તૃતીય સ્કંધ

## અધ્યાય-૧
## યાત્રા માટે નીકળેલા વિદુરજીનો ઉદ્ધવ સાથે સંવાદ

॥ श्रीशुक उवाच ॥

एवमेतत्पुरा पृष्टो मैत्रेयो भगवान् किल । क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત ! પોતાના સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કરી વનમાં ગયેલા વિદુરજીએ એ જ પ્રમાણે આ પ્રશ્ન પૂર્વે મૈત્રેયને પૂછયો હતો. (વિદુરજીનું એ ઘર સામાન્ય ન હતું કેમ કે) વિદુરજીના તે ઘરમાં તમારું - પાંડવોનું દૂતકર્મ કરનાર, સમગ્ર ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણે પોતાનું જ ઘર માનીને દુર્યોધનના ઘરને છોડી પ્રવેશ કર્યો હતો.

**રાજાએ પૂછયું :** ''હે પ્રભો ! વિદુરજીનો ભગવાન મૈત્રેયની સાથે કયાં સમાગમ થયો હતો ? અને તેમનો સંવાદ કયારે થયો હતો ? તે અમારી આગળ વર્ણવો; કેમ કે નિર્મળ હૃદયવાળા વિદુરજીએ એ સજ્જનશિરોમણિ મૈત્રેયને કરેલો પ્રશ્ન અલ્પ અર્થવાળો નહિ હોય; કેમ કે મૈત્રેયજીએ આ પ્રશ્નનું સુંદર વચનોથી અભિનંદન કર્યું હતું.

**સૂત કહે છે કે :** રાજા પરીક્ષિતે એ પ્રમાણે પૂછ્યું એટલે સર્વજ્ઞ શુકદેવજીએ અત્યંત પ્રસન્ન થઈ કહ્યું તે બધું હું કહું છું, સાંભળો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** જેની જ્ઞાનદષ્ટિ અધર્મને લીધે નાશ પામી હતી, તે રાજા ધૃતરાષ્ટ્ર પોતાના દુષ્ટ પુત્રને પોષી નાના ભાઈ પાંડુના, પિતા વિનાના પુત્રોને લાક્ષાગૃહમાં રાખી જ્યારે બાળ્યા અને જ્યારે સભામાં પોતાની વધૂ યુધિષ્ઠિરની પટરાણી દેવી દ્રૌપદી કે જે પોતાના અશ્રુઓથી સ્તન ઉપરના કેસરના વિલોપનને ધોતી હતી, તેના કેશ ખેંચવારૂપ પુત્રના નિંધકર્મ રાજા ધૃતરાષ્ટે અટકાવ્યું નહિ, તેમ જુગારમાં અધર્મથી જિતાયેલા અને સત્યને વળગી રહેનારા સત્પુરુષ યુધિષ્ઠિર રાજાએ વનમાંથી પાછા આવી ઠરાવ પ્રમાણે રાજ્યભાગ માગ્યો ત્યારે પણ મોહને વશ થયેલા ધૃતરાષ્ટ્રે તેમને એ આપ્યો નહિ. જ્યારે યુધિષ્ઠિરે (વિષ્ટિ માટે) મોકલેલા જગદ્ગુરુ શ્રીકૃષ્ણે સભામાં ભીષ્માદિ મહાપુરુષોને અમૃત જેવાં લાગેલાં જે વચનો કહ્યાં હતાં, તેને પણ જેનું જરા જેટલું બાકી રહેલું પુણ્ય પણ નાશ પામ્યું હતું એવા ધૃતરાષ્ટ્રે કે દુર્યોધને બહુ માન્યા નહિ. વળી જ્યારે મોટા ભાઈ ધૃતરાષ્ટ્રે મંત્રણા કરવા બોલાવેલા વિદુરજી કે જે મંત્રણા

કરનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ હતા, તેમણે ધૃતરાષ્ટ્રના પૂછવાથી જે વચનો કહ્યાં હતાં, તેને મંત્રવિજ્ઞો વિદુરના નીતિશાસ્ત્ર તરીકે કહે છે. તેમણે કહ્યું હતુંઃ ‘‘હે ધૃતરાષ્ટ્ર ! યુધિષ્ઠિરનો રાજ્યભાગ તમે આપી દો. એ તમારા દુઃસહ અપરાધને પણ સહન કરે છે. તમારા અપરાધને લીધે ભીમસેનરૂપી સર્પ તેમજ નાના ભાઈઓ રોષથી ફૂંફાડા મારી રહ્યો છે કે, જે ભીમસેનથી તમે અત્યંત ભય પામો છો. (તમે ચેતો કે) ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને પોતાના માનીને પક્ષમાં લીધા છે. જે શ્રીકૃષ્ણ સાક્ષાત પરમાત્મા, બ્રાહ્મણો અને ઈંદ્રાદિ દેવોથી યુક્ત, ઉત્તમ યાદવોના પૂજ્ય અને જેમણે મોટા રાજાઓને જીત્યા છે, તે શ્રીકૃષ્ણ (કયાંય ગયા નથી) પણ પોતાની નગરીમાં જ રહે છે. શ્રીકૃષ્ણથી વિમુખ અને તેથી જ જેની લક્ષ્મી ગઈ છે, એવા તમે જેને પુત્રબુદ્ધિએ પોષો છો તે દુર્યોધન પ્રત્યક્ષ એક દોષના જ રૂપમાં ઘરમાં પેઠો છે, કેમ કે એ શ્રીકૃષ્ણનો દ્વેષ કરે છે, માટે કુળના કલ્યાણ સારુ એ અમંગળને તમે જલદી છોડી દો. વિદુરજીએ એમ કહ્યું, તે વખતે વધેલા કોપથી જેનો નીચલો હોઠ ફરકતો હતો એવા દુર્યોધને કર્ણ, દુઃશાસન અને શકુનિની સાથે રહી સજ્જનોને ઈચ્છવાયોગ્ય સ્વભાવવાળા વિદુરજીનું આ રીતે અપમાન કર્યુંઃ ‘‘અરે ! આ કુટિલ દાસીપુત્રને અહીં કોણે બોલાવ્યો છે ? જેનું અન્ન ખાઈ મોટો થયો છે, તેનાથી જ વિરુદ્ધ થઈ આ શત્રુઓનું કાર્ય કરવા તૈયાર થયો છે; માટે તેને માત્ર જીવતો રાખીને હમણાં જ શહેરમાંથી હાંકી કાઢો. એ પ્રમાણે બાણની પેઠે કાનમાં પેસતાં કઠોર વાકયોથી ભાઈની સમક્ષ મર્મસ્થાનમાં પ્રહાર કરાયા છતાં વિદુરજીને મનમાં કંઈક દુઃખ થયું નહિ; કેમ કે માયાના માહાત્મ્યને તે સારી પેઠે જાણતા હોઈ માયાને જ તેમાં કારણ તરીકે માનતા હતા. પછી તે પોતે જ (તેઓના હાંકી કાઢયા પહેલાં) તેમના ઘરના દ્વારમાં ધનુષ મૂકી ત્યાંથી ચાલી નીકળ્યા. જે વિદુરજી કૌરવોને તેમના પુણ્યયોગે પ્રાપ્ત થયા હતા એ વિદુરજી હસ્તિનાપુરમાંથી નીકળીને પુણ્ય કરવાની ઈચ્છાથી પૃથ્વી પર શ્રીહરિનાં તીર્થક્ષેત્રમાં ફરવા લાગ્યા કે જ્યાં બ્રહ્મા, રુદ્ર આદિ હજારો મૂર્તિઓ ધારણ કરી ભગવાન બિરાજે છે. વિદુરજી એકલા જ નગરોમાં, પવિત્ર ઉપવનો, પર્વતો, લતાગૃહો, નિર્મળ જળવાળી નદીઓ, સરોવરો અને ભગવાનની મૂર્તિઓથી શોભતાં તીર્થોમાં તથા ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા. તેઓ પૃથ્વી પર ફરતા ત્યારે પવિત્ર અને ઉત્તમ વૃત્તિથી નિર્વાહ કરતા, પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા, ભૂમિ ઉપર શયન કરતા, શરીરની ટાપટીપ રાખતા ન હતા, અવધૂતનો વેષ રાખતા અને તેથી જ તેમને સગાંસંબંધીઓ ઓળખી શકતાં નહિ. તેઓ શ્રીહરિને પ્રસન્ન કરનારાં વ્રતોનું આચરણ કરતા. કેટલાક કાળે આખા ભરતખંડમાં એમ યાત્રા કરતા તેઓ પ્રભાસક્ષેત્રમાં ગયા. એ વખતે શ્રીકૃષ્ણની સહાયથી રાજા યુધિષ્ઠિર આખી પૃથ્વીનું એકછત્ર અખંડ રાજ્ય કરતા હતા. એ વખતે તેમણે સાંભળ્યું કે, વાંસથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે જેમ વન બળી જાય, તેમ પોતાના સંબંધીઓનો પરસ્પર સ્પર્ધાના નિમિત્તે વિનાશ થયો છે. પછી તે શોક કરતા ચૂપચાપ સરસ્વતી નદીના પ્રવાહ તરફ ચાલી નીકળ્યા. તે નદી પર ત્રિત, શુક્રાચાર્ય, મનુ, પૃથુ, અગ્નિ, અસિત, વાયુ, સુદાસ, ગોતીર્થ, કાર્તિકસ્વામી અને શ્રાદ્ધદેવ એમ અગિયાર તીર્થોનું તેમણે સેવન કર્યું. વળી એ વિના બીજા ઋષિઓ અને દેવોએ કરેલાં અનેક તીર્થો અને ક્ષેત્રો છે કે, જેઓમાં સુદર્શનચક્ર તથા શિખર પર સુવર્ણના કળશોનાં ચિહ્નવાળા મંદિરો છે, જેમનું દર્શન થતાં જ શ્રીકૃષ્ણનું સ્મરણ થાય છે, તેઓનું પણ તેમણે સેવન કર્યું. પછી સમૃદ્ધિવાળા સૌરાષ્ટ્ર, સૌવીર, મત્સ્ય, કુરુ તથા જાંગલ દેશમાં જઈ કેટલાક કાળે તે વિદુરજી યમુના નદી પર ગયા. ત્યાં તેમને ભગવાનના ભકત ઉદ્ધવજીનાં દર્શન થયાં. એટલે વિદુરજીએ શ્રીકૃષ્ણના સેવક અને (નીતિશાસ્ત્રમાં) બૃહસ્પતિના પ્રસિદ્ધ પ્રથમ શિષ્ય તે ઉદ્ધવજીને અતિ સ્નેહથી ભેટી

ભગવાનના સેવક—પોતાના સંબંધીઓનું આ પ્રમાણે કુશળ પૂછ્યું: ‘હે ઉદ્ધવ ! પોતાની નાભિમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવની પ્રાર્થનાથી જેઓ આ પૃથ્વી પર અવતરેલા છે તે પુરાણપુરુષ શ્રીકૃષ્ણ અને બળદેવ વસુદેવજીને ઘેર કુશળ છે ને ? જેમણે આ પૃથ્વીનું કુશળ કરી સર્વને સુખનો સમય આપ્યો છે. હે ઉદ્ધવ ! જે ઉદાર વસુદેવજી પોતાના બનેવીઓને સંતુષ્ટ કરી બહેનોને પણ પિતાની પેઠે ઉત્તમ પદાર્થો આપે છે, તે અમારા કૌરવોના પરમ મિત્ર અને પૂજ્ય વસુદેવજી સુખમાં છે ? હે ઉદ્ધવ ! જેમને રુકિમણીએ બ્રાહ્મણોનું આરાધન કરી ભગવાન શ્રીકૃષ્ણથી પુત્ર તરીકે મેળવ્યા છે અને જે પૂર્વજન્મમાં કામદેવ હતા, તે યાદવોના વીર સેનાપતિ પ્રદ્યુમ્ન સુખી છે ? રાજયાસનની આશા છોડી દૂર રહેતા જેમનો શ્રીકૃષ્ણે રાજ્યાભિષેક કર્યો છે, તે સાત્વત, વૃષ્ણિ, ભોજ અને દશાર્હ કુળના અધિપતિ ઉગ્રસેન સુખી છે ? હે સૌમ્ય ! જેમને પૂર્વજન્મમાં દેવ કાર્તિકસ્વામી તરીકે પાર્વતીજીએ ગર્ભમાં ધારણ કર્યા હતા, જેમને (આ જન્મમાં) વ્રતવાળી જાંબુવતીએ જન્મ આપ્યો છે અને જે શ્રીહરિના સમાન છે, તે મહારથીઓમાં મુખ્ય શ્રીકૃષ્ણપુત્ર સાંબ સુખી છે ? જેણે અર્જુન પાસેથી ધનુર્વેદનું રહસ્ય મેળવ્યું છે અને શ્રીકૃષ્ણની સેવા કરી જેણે યોગીઓને પણ દુર્લભ ગતિ પ્રાપ્ત કરી છે, તે સાત્યકિ કુશળ છે ? પ્રેમને લીધે ધૈર્ય છૂટી જવાથી શ્રીકૃષ્ણના ચરણના ચિહ્નવાળી માર્ગની ધૂળમાં જે લોટી પડ્યા હતા અને ભગવાન શ્રીકૃષ્ણને અનુસરી પાપરહિત થયા છે, તે વિદ્વાન અક્રૂરજી કુશળ છે ? વેદો જે યજ્ઞવિસ્તારને પ્રકાશપણે ધારણ કરે છે, તેમ જેણે ભગવાન શ્રીકૃષ્ણને ગર્ભમાં ધારણ કર્યા હતા અને જે દેવોની માતા અદિતિની પેઠે શ્રીવિષ્ણુ ભગવાનરૂપી પુત્રવાળાં છે, તે ભોજવંશના દેવકરાજની પુત્રી દેવકીજી કુશળ છે ? તેમ જ જે સેવકોના મનોરથો પૂર્ણ કરે છે અને જેમને વેદો, મનના પ્રવર્તક હોવાથી શાસ્ત્રોનાં કારણ અને ચાર પ્રકારનાં અંતઃકરણના ચોથા તત્ત્વરૂપ કહે છે, તે અનિરુદ્ધ ભગવાન સુખી છે ? વળી હે સૌમ્ય ! બીજા જે હૃદીક, સત્યભામાના પુત્ર ચારુદેષ્ણ અને ગદ વગેરે પોતાના દેવ શ્રીકૃષ્ણને એકાંતે ભકિતભાવથી સારી રીતે અનુસરે છે, તેઓ પણ કુશળ છે ? જેની સભામાં વિજયની પરંપરાથી પ્રાપ્ત થયેલી સામ્રાજયલક્ષ્મીને લીધે દુર્યોધન સંતાપ પામ્યો હતો, તે ધર્મરાજા પોતાના બે બાહુઓ સમાન અર્જુન તથા શ્રીકૃષ્ણની સાથે ધર્મમાર્ગમાં રહી ધર્મની મર્યાદાનું રક્ષણ કરે છે ? ગદા ફેરવવાની અનેક જાતની રીતિએ ઘૂમતા જેના ચરણપ્રહારને રણભૂમિ સહન કરી શકતી ન હતી અને જે પોતાનો અપરાધ કરનારા કૌરવો સામે સર્પની પેઠે ખીજવાયેલો રહેતો, તે ભીમસેને ઘણા લાંબા કાળના ક્રોધનો હવે ત્યાગ કર્યો છે ? માયાથી ભીલનું સ્વરૂપ ધારણ કરનાર શ્રીશંકર, જેનાં બાણોના મોટા ઢગથી ઢંકાઈ જઈ પ્રસન્ન થયા હતા તે રથી, મહારથી તથા અતિરથીઓના મધ્યે કીર્તિધારી અર્જુન શત્રુઓનો નાશ કરી સુખી છે ? જેમ ગરૂડે ઈન્દ્રના મુખમાંથી પોતાનો અમૃતભાગ ઝૂંટવી લીધો હતો, તેમ શત્રુ દુર્યોધન પાસેથી પોતાનો રાજયભાગ યુદ્ધમાં ઝૂંટવી લઈ જેમ બે નેત્રો પાંપણોથી વીંટળાયેલાં છે તેમ કુંતીના પુત્રોથી વીંટળાયેલા નકુલ અને સહદેવ આનંદમાં છે ? અહો ! (આશ્ચર્ય છે કે) રાજર્ષિઓમાં શ્રેષ્ઠ જે પાંડુરાજે એક વીર તરીકે રથમાં બેસી કેવળ ધનુષ્યની સહાયથી ચારે દિશાઓ જીતી હતી, તેના વિના પણ કેવળ પુત્ર માટે જ કુંતા પણ જીવે છે ! હે સૌમ્ય ! જેમનો અધઃપાત થઈ રહ્યો છે, તે મારા ભાઈ ધૃતરાષ્ટ્ર જીવે છે, તેનો હું શોક કરું છું, કેમ કે જેમણે મરણ પામેલા ભાઈ પાંડુનો દ્રોહ કર્યો છે અને પુત્રોને અનુસરી પોતાના ભાઈ મને પણ પોતાના નગરમાંથી હાંકી કાઢયો છે. તે હું મનુષ્યોના જેવી લીલાથી મનુષ્યની દૃષ્ટિને ભમાવતા અને સર્વના વિધાતા શ્રીહરિની કૃપાથી તેમના માહાત્મ્યને જોતો આશ્ચર્યરહિત થઈને કોઈ ન જાણે તેમ પૃથ્વી

પર ફરું છું. ભગવાન શ્રીકૃષ્ણે (પોતે તે જ ક્ષણે મારી નાખવા સમર્થ છતાં આજ દિવસ સુધી) કૌરવોના અપરાધ જે સહન કર્યા તેમાં કારણ એ જ હોવું જોઈએ, કે ત્રણ પ્રકારના મદથી ઉદ્ધત બનેલા અને સેનાઓ વડે પૃથ્વીને વારંવાર ડગમગાવતા બીજા સર્વ દુષ્ટ રાજાઓનો પણ સંહાર કરવાની અને તે દ્વારા શરણે આવેલાઓની પીડા દૂર કરવાની પણ તેમને ઈચ્છા હતી. ભગવાન અજન્મા છે, છતાં તેમનો જન્મ અવળે માર્ગે જનારાઓનો નાશ કરવા માટે હોય છે, તેમ જ ભગવાન અકર્તા છે, છતાં તેમનાં કર્મો મનુષ્યોને તે તે કર્મોમાં પ્રવૃત્ત કરાવવા માટે હોય છે. જો એમ ન હોય તો બીજો કયો પુરુષ ગુણાતીત હોવા છતાં કર્મને આધીન શરીરનાં બંધનમાં પડવા ચાહશે. હે મિત્ર ! જે ભગવાન અજન્મા છે, છતાં પોતાની આજ્ઞામાં રહેનારા શરણાગત સમગ્ર લોકપાલોના કાર્ય માટે યાદવોના વંશમાં જન્મ્યા છે અને જેમની કીર્તિ સંસારથી તારનારી છે, તે ભગવાનની કથા તમે મને કહો.'૧-૪૫

तस्य प्रपन्नाखिललोकपानामवस्थितानामनुशासने स्वे ।
अर्थाय जातस्य यदुष्वजस्य वार्तां सखे कीर्तय तीर्थकीर्तेः ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## શ્રીકૃષ્ણના વિયોગથી ઉદ્ધવજીનો શોક અને તેમણે કરેલું શ્રીકૃષ્ણનાં બાળચરિત્રોનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

इति भागवतः पृष्ट क्षत्त्रा वार्तां प्रियाश्रयाम् । प्रतिवक्तुं न चोत्सेह औत्कण्ठ्यात्स्मारितेश्वरः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભગવાનના ભક્ત ઉદ્ધવજીને એ રીતે વિદુરજીએ સંબંધીઓની વાત પૂછી, એટલે શ્રીકૃષ્ણનું જેમને સ્મરણ કરાવ્યું હતું એવા ઉદ્ધવજી શ્રીકૃષ્ણના વિરહની ઉત્કંઠાના આવેશથી ઉત્તર આપવા ઉત્સાહ કરી શક્યા નહિ; કારણ કે ઉદ્ધવજી પાંચ વર્ષના હતા તે સમયે પણ બાળલીલામાં (કોઈને) શ્રીકૃષ્ણ કલ્પીને કલ્પિત સાધનોથી પણ તેમનું પૂજન કરતા અને તે વખતે માતા ભોજન કરવા કાલાવાલા કરતી, છતાં ભોજનની ઈચ્છા કરતા નહિ. તે ઉદ્ધવજી શ્રીકૃષ્ણની સેવા કરી કાળે કરી વૃદ્ધ થયા હતા. તેમને શ્રીકૃષ્ણની કુશળવાર્તા વિદુરજીએ પૂછી, તે વખતે પોતાના સ્વામીના ચરણનું સ્મરણ થતાં તે શી રીતે ઉત્તર આપી શકે ? એક મુહૂર્ત સમય સુધી તો તે મૌન જ રહ્યા અને તીવ્ર ભકિતયોગથી શ્રીકૃષ્ણના ચરણામૃતમાં અત્યંત નિમગ્ન થઈ શાંત થઈ ગયા. તેમનાં સર્વ અંગો રોમાંચિત થયાં અને મીંચેલાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. ભગવાન ઉપરના સ્નેહના પૂરમાં તે એવા ડૂબી ગયા કે જેથી વિદુરજીએ તેમને કૃતાર્થ જાણ્યા. પછી ધીમે ધીમે તે ઉદ્ધવજી ભગવાનરૂપી (બીજા) લોકમાંથી પાછા મનુષ્યલોકમાં આવ્યા અને નેત્રો લૂછી નાખી (યદુકુળનો સંહાર વગેરે ભગવાનની ચતુરાઈ યાદ આવતાં) વિસ્મય પામતા વિદુરજીને કહેવા લાગ્યા. ઉદ્ધવ બોલ્યા : શ્રીકૃષ્ણરૂપી સૂર્યનો અસ્ત થતાં અમારાં ઘરોને કાળરૂપી મહાન સર્પ ગળી ગયો છે; તો (અત્યારે) શોભા કે સંપત્તિથી શૂન્ય થયેલાં અમારાં તે ઘર સંબંધી હું તમને શું કુશળ કહું ? ખરેખર, આ લોક દુર્ભાગી છે અને તેમાં પણ યાદવો તો અત્યંત દુર્ભાગી છે કારણ કે જે યાદવો શ્રીકૃષ્ણની સમીપ રહેતા છતાં માછલાં જેમ ચંદ્રને ન જાણી શક્યા તેમ તેઓ શ્રીકૃષ્ણને જાણી શક્યા નહિ. (ભાગ્યહીન હોવાથી જ તેઓ ભગવાનને જાણી શક્યા નહિ, તેઓની પાસે

જ્ઞાનસામગ્રી ઓછી ન હતી. યાદવો હરકોઈના ચિત્તના અભિપ્રાય જાણનારા, અતિશય નિપુણ અને એક જ સ્થાનમાં સાથે રહેનારા હતા; પરંતુ જેઓ સર્વે પ્રાણીમાત્રના નિવાસસ્થાનરૂપ પરમેશ્વરને પણ માત્ર યાદવોમાં જ શ્રેષ્ઠ માનતા હતા. જે યાદવો ભગવાનની માયા વડે મોહિત થઈ ''આ શ્રીકૃષ્ણ અમારા બંધુ છે'' એમ કહેતા અને શિશુપાલ વગેરે વેરીઓ વેરનો આશ્રય કરી ભગવાનની નિંદા કરતા, પણ તેઓનાં વાક્ય વડે આત્મારૂપી શ્રીહરિ વિષે આસક્ત મનવાળી (મારા જેવા) પુરુષની બુદ્ધિ કદી મોહ પામી નથી. (બીજાઓ તો મોહ પામ્યા જ છે.) જેઓએ તપશ્ચર્યા કરી નથી અને તેથી જ જેઓની દૃષ્ટિ અતૃપ્ત જ રહી છે, એવા મનુષ્યને આટલા કાળ સુધી પોતાની મૂર્તિનાં દર્શન કરાવી, પાછળથી લોકોનું તે વાસ્તવિક દર્શન ઝૂંટવી લઈ જે અદૃશ્ય થાય છે, જેમની મૂર્તિ મનુષ્યલીલામાં ઉપયોગી હોઈ પોતાની યોગમાયાનું બળ દર્શાવવા સ્વીકારેલી હતી, પોતાને પણ વિસ્મયજનક અને સૌંદર્યાદિની સીમારૂપ હતી અને જેનાં અંગો ભૂષણોને પણ ભૂષણરૂપ હતાં. અહો ! દૃષ્ટિને પરમ આનંદકારક જે મૂર્તિને ધર્મરાજાના રાજસૂય યજ્ઞમાં જોઈને ત્રણે લોકે માન્યું હતું કે, વિધાતાની સ્થૂલ સૃષ્ટિરચનામાં અથવા મનુષ્યસૃષ્ટિમાં જે કંઈ કુશળતા છે, તે સંપૂર્ણપણે આ મૂર્તિમાં ખર્ચાઈ ગઈ છે કે બ્રહ્માની પાસે આવી મનુષ્યસૃષ્ટિ રચવાની કુશળતા હવે રહી જ નથી. વળી જેમનાં સ્નેહવ્યાપ્ત હાસ્ય, રાસ અને લીલાદર્શન વડે જેઓએ ભગવાન તરફથી માન મેળવ્યું હતું, એવી વ્રજની સ્ત્રીઓ, દૃષ્ટિ સાથે બુદ્ધિ પણ તે ભગવાનની પાછળ જ જતી હોવાથી ઘરમાં સર્વ કામકાજ અધૂરાં મૂકીને જ ઊભી રહેતી. જ્યારે પોતાનાં જ શાંત સ્વરૂપ(સજ્જનો)ને પોતાનાં જ અશાંત સ્વરૂપો (દુર્જનો) દુઃખ દેવા લાગ્યાં, ત્યારે તે શાંત સ્વરૂપો પર જેમનો આત્મા કૃપાળુ હતો, એવા તે પર-અવરના ઈશ્વર ભગવાન પોતે અજન્મા છે; છતાં અગ્નિ જેમ મહાભૂતસ્વરૂપે નિત્યસિદ્ધ છે છતાં કાર્યમાં ઉત્પન્ન થાય છે તેમ મહત્તત્ત્વ જેનો અંશ છે એવી માયાથી યુકત થઈ પ્રકટયા હતા. વળી જેમણે વાસુદેવને ઘેર કેદખાનામાં જન્મ લીધો અને પોતે અનંત પરાક્રમી હોવા છતાં જાણે કંસ શત્રુના ભયથી ડરતા હોય, તેમ વ્રજમાં છુપાઈને રહ્યા; તેમ જ કાલયવન વગેરે શત્રુના ભયથી જાણે ડરતા હોય તેમ મથુરાનગરીમાંથી નાસી ગયા. આ સર્વ ભગવાનનું ચરિત્ર મને ખેદ ઉપજાવે છે. વળી ભગવાનનું આ ચરિત્ર યાદ આવતાં મારા મનને દુઃખી કરે છે, કે તે ભગવાને કંસનો વધ કરી માતાપિતાના ચરણમાં વંદન કરી કહ્યું હતુંઃ ''હે પિતા ! હે માતા ! તમે અમારા ઉપર કૃપા કરો, અમે તમારી સેવા કરી શક્યા નથી; કેમ કે અમે કંસથી ઘણા જ શંકાવાળા હતા. જેમણે ફરકતી ભ્રૂકુટિરૂપી કાળ વડે પૃથ્વીનો ભાર દૂર કર્યો છે, એવા એ પરમાત્માનાં ચરણકમળની રજને સેવતો કયો પુરુષ તેને ભૂલી શકે ? વળી શ્રીકૃષ્ણનો શત્રુ છતાં શિશુપાલને યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જે સિદ્ધિ મળી, તે તો તમે પોતે પણ જોઈ હતી કે જે સિદ્ધિને યોગીલોકો શ્રેષ્ઠ યોગસાધના કરીને પામવા ઈચ્છે છે. આવા તે ભગવાનના વિરહને કોણ સહન કરે ? તેમ જ યુદ્ધમાં મનુષ્યલોકના બીજા જે વીર યોદ્ધાઓ હતા, તેઓ પણ નેત્રોને આનંદદાયક શ્રીકૃષ્ણ ભગવાનના મુખકમળને નેત્રોથી જોતા અર્જુનનાં બાણોથી પવિત્ર થઈ એ ભગવાનનું પદ પામ્યા છે. વળી પોતે કોઈની સમાન નથી, અતુલ વિશેષતાઓવાળા છે; ત્રણે પુરુષાર્થોના, ત્રણે લોકોના અથવા તો ત્રણે ગુણોના અધીશ્વર છે, પરમાનંદસ્વરૂપ સંપત્તિથી બધા ભોગો મેળવનારા છે ને બલિદાનો દેતા અનેક લોકપાલો પણ તેમના પાદપીઠની સ્તુતિ કરે છે, છતાં વિદુરજી! એ ભગવાન રાજ્યાસન ઉપર બેઠેલા ઉગ્રસેન સામે ઉભા રહી, ''હે દેવ ! અમને સેવકોને તમે આજ્ઞા

આપો'' એમ જે વિનંતિ કરતા હતા, તે ભગવાનનું દાસત્વ અમને સેવકોને અત્યંત ખેદ ઉપજાવે છે. અહો ! આશ્ચર્ય છે કે દુષ્ટ પૂતનાએ જેમને મારવાની ઈચ્છાથી જ સ્તનમાં ભરેલું ઝેર ધવડાવ્યું હતું. છતાં તે પૂતના માતા યશોદાને યોગ્ય સદ્ગતિ પામી, તો એમનાથી બીજા ક્યા દયાળુને શરણે આપણે જઈએ ? ખરેખર, હું તો અસુરોને પણ ભગવાનના ભકત જ માનું છું, કેમ કે જેઓ ક્રોધાવેશના માર્ગે પણ શ્રીજગદીશ્વર ભગવાન વિષે પોતાના મનને એકાગ્ર રાખે છે; અને તેથી જ સંગ્રામમાં જેના ખભા ઉપર ચક્રધારી શ્રીહરિ બિરાજેલા હોય છે, એવા ગરુડ પોતાની સામે ધસી આવતો જુએ છે. આવા ભગવાન બ્રહ્મદેવની પ્રાર્થનાથી આ પૃથ્વીને સુખ કરવાની ઈચ્છાથી કંસ રાજાના કેદખાનામાં વસુદેવથી દેવકી વિષે જન્મ્યા હતા. પછી પિતા વસુદેવ કંસથી ડરતા હતા, તેથી પોતે નંદના વ્રજમાં ગયા અને ત્યાં પોતાના તેજને ગુપ્ત રાખી તે ભગવાન બળદેવની સાથે અગિયાર વર્ષ સુધી રહ્યા હતા. વળી ત્યાં શબ્દ કરતાં પક્ષીઓથી વ્યાપ્ત વૃક્ષોવાળા યમુનાના ઉપવનમાં ગોવાળોથી વિંટળાઈને તે ભગવાન વાછરડાં ચારતા રમતા હતા. એ સમયે સુંદર સિંહબાળકની પેઠે જોતા તે જાણે રડતા હોય અથવા હસતા હોય, એ રીતે વ્રજવાસીઓ ને જોવા યોગ્ય બાળચેષ્ટાઓ દેખાડતા હતા. વળી તે જ ભગવાન શોભાના સ્થાનરૂપ ધોળી ગાય તથા બળદોવાળાં ગોધન ચારતા અને વાંસળી વગાડતા પોતાના અનુયાયી ગોવાળોને રમાડતા હતા. તે સમયે કંસ રાજાએ માયાવી અને ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા જે અસુરો મોકલ્યા હતા, તેઓને બાળક જેમ રમકડાં ભાંગી નાખે, તેમ લીલામાત્રમાં મારી નાખ્યા હતા. પછી યમુનામાં વસતા કાલીયનાગને નાથી તેને લીધે ઝેરી થયેલું યમુનાનું જળ પીવાથી મરણ પામેલા ગોવાળિયાઓ તથા ગાયને તે ભગવાને સજીવન કરી, ઝેર વિનાનું થયેલું યમુનાનું જળ તેઓને પાયું હતું. વળી તે પ્રભુએ ઈન્દ્રનું અભિમાન દૂર કરવા ગોપરાજ નંદ પાસે, ઈન્દ્રપૂજાનો ભંગ કરી ઉત્તમ બ્રાહ્મણ દ્વારા ગાયોની પૂજારૂપ ''ગોસવ'' યજ્ઞ કરાવ્યો હતો અને તે દ્વારા (નંદના) અતિ સમૃદ્ધ ધનનો સદ્વ્યય કરવા ઈચ્છા કરી હતી. તે વેળા ક્રોધથી અત્યંત વિહ્વળ થયેલો ઈન્દ્ર જ્યારે વરસાદ વરસાવવા લાગ્યો, ત્યારે હે વિદુરજી ! અતિશય વ્યાકુળ થયેલા વ્રજનું પોતે કૃપા કરીને ગોવર્ધન પર્વતરૂપી છત્રથી રક્ષણ કર્યું હતું; તેમ જ શરદઋતુના ચંદ્રનાં કિરણોથી ઉજ્જવળ રાત્રિના પ્રારંભને માન આપી, સ્ત્રીઓના મંડળને શોભાવનાર તે ભગવાન મધુર પદવાળાં ગીત ગાતા રાસ રમ્યા હતા. ૧-૩૪

शरच्छशिकरैर्मृष्टं मानयन् रजनीमुखम् । गायन् कलपदं रेमे स्त्रीणां मण्डलमण्डनः ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## મથુરા તથા દ્વારકામાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો

॥ उद्धव उवाच ॥

ततः स आगत्य पुरं स्वपित्रोश्चिकीर्षया शं बलदेवसंयुतः ।
निपात्य तुङ्गाद्रिपुयूथनाथं हतं व्यकर्षद् व्यसुमोजसोर्व्याम् ॥१॥

**ઉદ્ધવજી બોલ્યા :** પછી તે ભગવાને બળદેવની સાથે વ્રજથી મથુરા આવી, પોતાનાં માતાપિતાને સુખી કરવાની ઈચ્છાથી શત્રુસમૂહના સ્વામી કંસને ઊંચા સિહાસન પરથી પૃથ્વી પર પાડ્યો હતો અને તેને મરેલાને બળથી પૃથ્વી ઉપર ઘસડ્યો હતો. પછી સાંદીપનિ ગુરુએ માત્ર એક જ વખત ભણાવ્યા અને ભગવાને છ અંગો સહિત વેદો ભણી લીધા હતા અને (ગુરુના), મરેલા પુત્રને પંચજન નામના દૈત્યનું

પેટ ચીરી (તેને જીવતો કરી) ગુરુને ગુરુદક્ષિણા તરીકે આપ્યો હતો. ભીમક રાજાની પુત્રી રુકિમણીએ લક્ષ્મી જેવા પોતાના રૂપથી જે રાજાઓને સ્વયંવરમાં આકર્ષ્યા હતા, તેઓના મસ્તક ઉપર પગ મૂકી તેઓના દેખતાં, ગરૂડ જેમ પોતાના ભાગ અમૃતને હરી લે, તેમ તે રુકિમણી સાથે (નક્કી કરેલું) ગાંધર્વ લગ્ન કરવાની ઈચ્છાથી પોતાના ભાગરૂપ રુકિમણીનું હરણ કર્યું હતું.' તેમ જ જેઓનાં નાક નાથ્યાં ન હતાં, તેવા સાંઢોને નાક વીંધી(નાથી)ને સ્વયંવરમાં નાગ્નજિતીને ભગવાન પરણ્યા હતા અને તે સાંઢોને નાથવાથી જેમનું માન નાશ પામ્યું હતું છતાં એ કન્યાની ઈચ્છા રાખતા અજ્ઞાની શસ્ત્રધારી રાજાઓને ભગવાને ઘાયલ થયા વિના પોતાનાં શસ્ત્રોથી માર્યા હતા. તે ભગવાન પોતે સ્વતંત્ર છે, છતાં જાણે સ્ત્રીવશ હોય તેમ પ્રિયા સત્યભામાનું પ્રિય કરવાની ઈચ્છાથી એ સત્યભામા માટે સ્વર્ગમાંથી કલ્પવૃક્ષ લાવ્યા હતા. તે વખતે (સ્ત્રીની પ્રેરણાથી) ઈન્દ્ર ક્રોધ વડે આંધળો થઈ દેવગણોની સાથે ભગવાન સામે યુદ્ધ કરવા દોડયો હતો. ખરેખર (પોતાના સ્વામી સામે પણ એ રીતે યુદ્ધ કરવા તૈયાર થયેલો) એ ઈન્દ્ર સ્ત્રીઓનાં રમકડાં જેવો જ છે. જ્યારે પૃથ્વીનો પુત્ર ભૌમાસુર શરીર વડે આકાશને ગળી જવા તૈયાર થયો, ત્યારે યુદ્ધમાં ભગવાને તેને સુદર્શનચક્રથી માર્યો હતો. તે જોઈ પૃથ્વીએ ભગવાનની પ્રાર્થના કરી એટલે ભૌમાસુરના પુત્ર ભગદત્તને ભગવાને બાકીનું રાજ્ય આપી પોતે ભૌમાસુરના અંતઃપુરમાં પ્રવેશ કર્યો હતો. ત્યાં ભૌમાસુરે જે રાજકન્યાઓ હરી આણી હતી, તેઓએ દુઃખીના બંધુ શ્રીહરિને જોઈ એકદમ ઊભી થઈ અત્યંત હર્ષ, લજ્જા તથા સ્નેહદર્શન વડે તેમને પતિ તરીકે સ્વીકાર્યા હતા. તે વેળા ભગવાને પોતાની માયાથી તે દરેક સ્ત્રીને યોગ્ય એવાં અનેક સ્વરૂપ ધારણ કરી એક જ મુહૂર્તમાં જુદા જુદા ઘરમાં વિવાહના યોગ્ય પ્રકાર સાથે તે સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું હતું. પછી તે સ્ત્રીઓમાંથી પ્રત્યેક સ્ત્રીમાં ભગવાનને માયાનો વિસ્તાર કરવાની ઈચ્છાથી પોતાના જેવા દસ દસ, પુત્રો ઉત્પન્ન કર્યા હતા. વળી જ્યારે કાલયવન, જરાસંધ અને શાલ્વ વગેરે રાજાઓએ સૈન્યો વડે મથુરા તથા દ્વારકા નગરને ઘેરો ઘાલ્યો હતો, ત્યારે (મુચુકુંદ, ભીમસેન વગેરેના નિમિત્તે) પોતે જ તેઓનો નાશ કર્યો હતો, અને તે દ્વારા પોતાના ભક્ત પુરુષોને દિવ્ય પ્રભાવ અથવા દિવ્ય કીર્તિ અપાવ્યાં હતાં; તેમ જ શંબરાસુર, દ્વિવિદ વાનર, બાણાસુર, મુર દૈત્ય, બલ્વલ તથા દંતવકત્ર આ બધામાંથી કેટલાકને પોતે માર્યા હતા અને કેટલાકને (પ્રદ્યુમ્ન, બલરામ વગેરે) બીજાઓ દ્વારા મરાવ્યા હતા. પછી કુરુક્ષેત્રમાં ધસી આવેલાં જેઓનાં સૈન્યથી આ પૃથ્વી ધણધણી ઉઠી. અને જેઓ તમારા ભાઈ પાંડુ તથા ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષમાં આવેલા હતા, તે સર્વ રાજાઓનો પણ ભગવાને જ સંહાર કરાવ્યો હતો. કર્ણ, દુઃશાસન તથા શકુનિની દુષ્ટ સલાહના પરિણામે જેની રાજ્યલક્ષ્મી તથા આયુષ્યનો વિનાશ થયો હતો, એ દુર્યોધન ભાંગેલી સાથળે અનુચરો સહિત રણભૂમિમાં સૂતો હતો, તેને જોઈને ભગવાન સંતોષ પામ્યા ન હતા; કારણ કે ભગવાન માનતા હતાઃ દ્રોણાચાર્ય, ભીષ્મ, અર્જુન તથા ભીમસેન વગેરેના નિમિત્તે જે આ અઢાર અક્ષૌહિણી સેનાઓરૂપી પૃથ્વીનો ભાર ઓછો થયો, તે કઈ ગણતરીમાં છે ? (આ તો હજી ઘણો જ થોડો ભાર ઓછો થયો છે;) કેમ કે મારા અંશોને લીધે અતિદુઃસહ એવું યાદવોનું સૈન્ય હજી બાકી છે, માટે આ યાદવો દારૂ પીને લાલચોળ નેત્રોવાળા થઈ માહોમાંહે વિવાદ કરી કજિયો કરશે, ત્યારે તે જ તેઓના નાશનો ઉપાય થશે, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. (જોકે યાદવો ઘણા જ સંપીલા છે તોપણ) હું પોતે જ તેઓનો નાશ કરવા તૈયાર થઈશ, એટલે તેઓ પોતાની મેળે જ માહોમાંહે વિવાદ કરી નાશ પામશે. આવો વિચાર કરી ભગવાને ધર્મરાજાને તેમના રાજ્યાસન પર બેસાડી, સર્વે સંબંધીઓને સજ્જનોના માર્ગનો ઉપદેશ કરી પ્રસન્ન કર્યા. પછી અભિમન્યુએ પોતાની સ્ત્રી ઉત્તરા વિષે પુરુરાજાના વંશરૂપી જે શ્રેષ્ઠ ગર્ભ

(પરીક્ષિત)ને મૂકયો હતો, તે જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી વિનાશ પામ્યો, ત્યારે ભગવાને તેને ફરી જીવતો કર્યો હતો. પછી પ્રભુએ ધર્મરાજા પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. યુધિષ્ઠિર પોતાના નાના ભાઈઓ સાથે શ્રીકૃષ્ણને અનુસરીને પૃથ્વીનું રક્ષણ કરતા આનંદથી રહેતા હતા. વિશ્વાત્મા ભગવાન પણ દ્વારકામાં રહી લોકમાર્ગ તથા વેદમાર્ગને અનુસરી શબ્દાદિ વિષયભોગો ભોગવતા હતા, પણ તેમાં આસક્ત થતા ન હતા; કેમ કે તેમણે પ્રકૃતિ–પુરુષના વિવેકરૂપ સાંખ્યમાર્ગનો 'આશ્રય' લીધો હતો, સ્નેહાળ તથા મંદ હાસ્યવાળું દર્શન, અમૃત જેવી વાણી, નિર્દોષ ચારિત્ર્ય અને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ પોતાના શરીર વડે તે ભગવાન આ લોકને, પરલોકને તથા યાદવોને આનંદ ઉપજાવતા હતા. વળી રાત્રિના સમયે સ્ત્રીઓને પણ ઉત્સવ આપતા હતા, છતાં તે સ્ત્રીઓ વિષે તેમનો પ્રેમ તો ક્ષણિક જ હતો. એ પ્રમાણે ભોગવિલાસ ભોગવતાં તેમનાં અનેક વર્ષો વીત્યાં. તે પછી કામભોગના ઉપાય ગૃહસ્થના ધર્મો ઉપર તેમને વૈરાગ્ય થયું. આ રીતે ભગવાનને સર્વ પ્રકારના ભોગો સ્વાધીન છે, છતાં તેમને તે તરફ વૈરાગ્ય થયો; તો પછી યોગ દ્વારા યોગેશ્વર શ્રીકૃષ્ણને અનુસરનારો ક્યો દૈવાધીન પુરુષ તે દૈવાધીન વિષયો ઉપર વિશ્વાસ અથવા પ્રીતિ કરે ? એક સમયે દ્વારકામાં યદુવંશી અને ભોજવંશી કુમારો રમતા હતા. રમતમાં ને રમતમાં તેઓએ મુનિઓને કોપાવ્યા, એટલે ભગવાનના અભિપ્રાયને જાણનારા તે મુનિઓએ શાપ આપ્યો. પછી કેટલાક મહિના ગયા એટલે ભગવાને મોહ પમાડેલા યદુ, ભોજ અને અંધક વગેરે વંશના પુરુષો રથમાં બેસી અત્યંત હરખાતા પ્રભાસક્ષેત્રમાં ગયા. ત્યાં તેઓએ સ્નાન કરી તીર્થમાં જળ વડે પિતૃઓ, દેવો તથા ઋષિઓનું તર્પણ કર્યું અને પછી બ્રાહ્મણોને ઘણા ગુણોવાળી ગાયોનાં દાન દીધાં. ઉપરાંત સોનું, રૂપું, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, કામળીઓ, વાહનો, રથો, હાથીઓ, કન્યાઓ, આજીવિકા થઈ શકે એવી ભૂમિ અને પુષ્કળ રસવાળું અન્ન એ સર્વનું ભગવદર્પણપૂર્વક દાન કરી, ગાય તથા બ્રાહ્મણો માટે જ જેઓના પ્રાણ હતા એવા તે શૂરવીર યાદવોએ પૃથ્વી પર મસ્તક નમાવી બ્રાહ્મણોને પ્રણામ કર્યા. ૧-૨૮

अन्नं चोरुरसं तेभ्यो दत्त्वा भगवदर्पणम् । गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभिः ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## બંધુઓનો નાશ સાંભળી વિદુરજીનું આત્મજ્ઞાન માટે મૈત્રેય પાસે જવું

॥ उद्धव उवाच ॥

अथ ते तवनुज्ञाता भुक्त्वा पीत्वा च वारुणीम् । तथा विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ॥१॥

**ઉદ્ધવજી બોલ્યા :** પછી તે યાદવોએ બ્રાહ્મણોની આજ્ઞા લઈ ભોજન કરી દારૂ પીધો, જેથી જ્ઞાનભ્રષ્ટ થઈ તેઓ માહોમાંહે દુષ્ટ વચનો વડે એકબીજાનાં મર્મસ્થાનો વીંધવા લાગ્યા. એ રીતે તેઓનાં ચિત્ત મદિરાના દોષથી બેભાન બન્યાં. તે સમયે એક બાજુ સૂર્ય અસ્ત થવા લાગ્યો ને બીજી બાજુ જેમ વાંસ માં પરસ્પર ઘર્ષણ થાય તેમ તેઓમાં પરસ્પર સંહાર શરૂ થયો. ભગવાન શ્રીકૃષ્ણ પોતાની માયાની તે ગતિ જોઈ સરસ્વતીનાં જળનું આચમન કરી એક વૃક્ષની નીચે બેઠા, અને શરણાગતની પીડા હરનાર તે ભગવાને પોતાના કુળનો સંહાર કરવા ઈચ્છી મને (પ્રથમ દ્વારકામાં જ) કહ્યું હતુંઃ 'તું બદરિકાશ્રમમાં ચાલ્યો જા.' પણ શત્રુઓનું દમન કરનારા હે વિદુરજી ! હું ભગવાનના તે અભિપ્રાયને જાણી ગયો હતો અને તે સ્વામીના ચરણના વિયોગને સહન કરવા અસમર્થ હોવાથી તેમની પાછળ જ ગયો હતો. મેં તે

સ્થળે પ્રિય પતિ શ્રીકૃષ્ણની શોધ કરી એટલે લક્ષ્મીના નિવાસસ્થાન તે ભગવાનને નાના પીપળાના વૃક્ષે અઢેલી ડાબી સાથળ પર જમણા ચરણકમળને ટેકવી એકલા બેઠેલા જોયા. એ વેળા પોતે આશ્રયરહિત હોવા છતાં તેમણે સરસ્વતીના કિનારા પર આશ્રય કર્યો હતો. તેઓ શ્યામ અને તેજસ્વી જણાતા હતા. રજોગુણથી રહિત હોઈ શુદ્ધ સત્ત્વગુણમય હતા, તેમનાં નેત્રો અત્યંત શાંત અને લાલ હતાં. ચાર ભુજાવાળા જણાતા હતા. પીળાં રેશમી વસ્ત્રો તેમણે પહેર્યા હતાં. તેમણે ખાવું-પીવું છોડયું હતું છતાં તે આનંદથી પૂર્ણ હતા. તે સમયે વ્યાસજીના સ્નેહી તથા મિત્ર અને ભગવાનના પરમ ભકત સિદ્ધ મુનિ મૈત્રેય અકસ્માત ત્યાં આવ્યા. ભગવાન ઉપર પ્રેમવાળા તે મુનિએ અત્યંત હર્ષથી ભગવાનને મસ્તક નમાવ્યું. સ્નેહ તથા હાસ્યયુક્ત દૃષ્ટિ વડે મને શ્રમરહિત કરતાં ભગવાન શ્રીકૃષ્ણ તે મુનિના સાંભળતાં આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** 'હે ઉદ્ધવ ! હું અંતર્યામી તમારા મનનું ઈચ્છિત જાણું છું અને બીજાઓને દુર્લભ એ તમને આપું છું, કેમ કે હે (પૂર્વજન્મ ના) વસુ ! પૂર્વે પ્રજાપતિઓ તથા વસુઓના યજ્ઞમાં મને પ્રાપ્ત કરવા તમે મારું પૂજન કર્યું હતું. હે સત્પુરુષ ! તમારો આ જન્મ હવે છેલ્લો છે; કેમ કે તમે મારી કૃપા મેળવી છે. વળી હું અહી એકાંતમાં મનુષ્યલોક તજું , ત્યારે એકાંતભક્તિથી તમે મારાં દર્શન કર્યા તે પણ સારું થયું છે. પૂર્વે પાદ્મકલ્પમાં સૃષ્ટિના આરંભ સમયે નાભિકમળમાં બેઠેલા બ્રહ્મદેવને મેં મારી લીલાઓ જણાવનારું શ્રેષ્ઠ જ્ઞાન કહ્યું હતું, જેને વિદ્વાનો 'ભાગવત' કહે છે. તે જ્ઞાન હું તમને કહું છું.' એમ ભગવાને મને આદરપૂર્વક કહ્યું એટલે તેમની કૃપાદૃષ્ટિરૂપ અનુગ્રહનું પાત્ર થઈ, સ્નેહથી રોમાંચિત થયેલા મેં બે હાથ જોડી શોક્થી આંસુ પાડતાં સ્ખલિત અક્ષરે તે ભગવાનને કહ્યું : ''હે ઈશ ! ચાર પુરુષાર્થોમાં એવો કયો પુરુષાર્થ છે કે જે તમારાં ચરણકમળને ભજનારાઓને આ જગતમાં દુર્લભ છે ? તો પણ હે સમર્થ પ્રભો ! એ પુરુષાર્થોને હું માગતો જ નથી; કેમ કે હું આપના ચરણકમળની સેવામાં જ ઉત્સુક છું. આપ નિઃસ્પૃહ અને નિષ્ક્રિય છો, છતાં કર્મો કર્યા; અજન્મા છતાં જન્મ ધર્યો, કાળના પણ આત્મા છતાં શત્રુના ભયથી પલાયન કર્યું અને કિલ્લાનો આશ્રય કર્યો; કેવળ આત્મામાં જ રમણ કરનારા છતાં આપે જે અનેક સ્ત્રીઓ સાથે ગૃહસ્થાશ્રમ કર્યો; આ સર્વ આપનાં ચરિત્રોમાં જ્ઞાની પુરુષોની બુદ્ધિ પણ મોહ પામે છે. હે પ્રભો ! અસ્ખલિત અને અખંડ વિદ્યાશકિતવાળા છતાં આપ મંત્રણાઓમાં મને બોલાવી જાણે અજ્ઞાની હો તેમ સાવધાન થઈ મારો અભિપ્રાય પૂછતા; હે દેવ ! એ બધું અમારા મનને જાણે મોહ પમાડે છે. હે સ્વામિન્ ! પોતાના રહસ્યસ્વરૂપને પ્રકાશ કરનારું સમગ્ર જ્ઞાન જે આપે બ્રહ્માને કહ્યું છે, તે જો અમારે ગ્રહણ કરવા યોગ્ય હોય, તો અમને કહો જેથી અનાયાસે અમે સંસારનાં દુઃખ તરી જઈએ.' એમ મેં હૃદયનો અભિપ્રાય જણાવ્યો એટલે સર્વથી પર અને કમળ સમાન નેત્રવાળા ભગવાને પોતાનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ મને કહ્યું. એ રીતે પૂજ્યપાદ ભગવાનરૂપી ગુરુ પાસેથી જ યથાર્થ આત્મજ્ઞાનનો માર્ગ મેં જાણ્યો. પછી ભગવાનના ચરણમાં પ્રણામ કરી તે દેવને પ્રદક્ષિણા કરી વિરહથી આતુર ચિત્તવાળો હું અહી આવ્યો છું. હવે તેમના દર્શનના આનંદથી અને વિયોગની પીડાથી યુક્ત હું તે પ્રભુના પ્રિય બદરિકાશ્રમ તરફ જઈશ. જયાં લોકરક્ષક ભગવાન નારાયણદેવે અને નરઋષિએ કોઈને ઉપદ્રવ ન કરે એવું તીવ્ર લાંબું તપ કર્યું હતું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે ઉદ્ધવ પાસેથી પોતાના સંબંધીઓનો દુઃસહ વિનાશ સાંભળી વિદ્વાન વિદુરજીએ ઉત્પન્ન થયેલા શોકને વિવેકથી શાંત કર્યો. પછી કૌરવોમાં શ્રેષ્ઠ તે વિદુરજીએ બદરિકાશ્રમ તરફ જતા મહાન ભગવદ્‌ભકત ને ભગવાનના સેવકોમાં મુખ્ય ઉદ્ધવજીને વિશ્વાસથી આમ કહ્યું.

**વિદુરજી બોલ્યાઃ** યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના સ્વરૂપને પ્રકાશ કરનારું શ્રેષ્ઠ જ્ઞાન તમને જે કહ્યું છે, તે અમને કહેવાને તમે યોગ્ય છો; કેમ કે વિષ્ણુના ભક્તો પોતાના સેવકજનોના પ્રયોજનને સિદ્ધ કરતા વિચરે છે, અર્થાત્ તેઓ પોતે કૃતાર્થ હોય છે, તેથી તેમને બીજું કાંઈ કરવાનું હોતું નથી.

**ઉદ્ધવ બોલ્યા :** તમારે તત્વજ્ઞાન માટે મૈત્રેય ઋષિની જ આરાધના કરવી યોગ્ય છે; કેમ કે મનુષ્યલોકને તજવા ઈચ્છતા સાક્ષાત્ ભગવાને તમને ઉપદેશ આપવા મારી સમક્ષ તેમને આજ્ઞા કરી છે.

સૂત બોલ્યા : એ પ્રમાણે વિદુરજીની સામે વિશ્વમૂર્તિ ભગવાનની ગુણકથા કરવારૂપ અમૃત વડે ઉદ્ધવજીએ સર્વ સંતાપ દૂર કર્યા અને તે રાત્રિ યમુના કિનારે એક ક્ષણની પેઠે ગાળી પછી (બીજે દિવસે) ત્યાંથી તે ચાલી નીકળ્યા.

**પરીક્ષિત રાજાએ પૂછયું :** મહારથીઓના આગેવાનોના પણ આગેવાન યાદવો તથા ભોજવંશીઓ એ રીતે નાશ પામ્યા અને બ્રહ્માદિ ત્રણ દેવોના અધીશ્વર શ્રીહરિએ પણ પોતાનું મનુષ્યશરીર તજ્યું; છતાં મુખ્ય તે ઉદ્ધવજી કેમ બાકી રહ્યા ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** સફળ ઈચ્છાવાળા શ્રીહરિએ બ્રાહ્મણોના શાપનું જેમને બહાનું હતું, એવા પોતાની શકિતરૂપી કાળ દ્વારા જ પોતાના કુળનો સંહાર કરી, મનુષ્ય શરીર છોડતી વેળા વિચાર કર્યો હતો કે "આ લોકમાંથી હું અદૃશ્ય થઈશ, એટલે મારામાં રહેલા જ્ઞાનને ગ્રહણ કરવા માટે ઉદ્ધવ જ સાક્ષાત્ યોગ્ય છે, કેમ કે હાલમાં તે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે. વળી તે મારાથી લેશમાત્ર ન્યૂન નથી અને મહાસમર્થ હોવાથી વિષયો વડે વિકાર પામ્યા નથી, માટે ઉદ્ધવ મારા જ્ઞાનનો લોકોને ઉપદેશ કરતા પૃથ્વી પર ભલે રહે.' આ અભિપ્રાયથી ત્રણે લોકને ગુરુ અને વેદોના મૂળ કારણ ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા આપી. તે પછી બદરિકાશ્રમમાં જઈને સમાધિયોગ દ્વારા શ્રીહરિની આરાધના કરવા લાગ્યા. વિદુરજી પણ જેમણે લીલા માટે મનુષ્ય શરીર ધર્યું હતું એવા પરમાત્મા શ્રીકૃષ્ણનાં પ્રશંસાપાત્ર કર્મો સાંભળી તેમ જ ધીર પુરુષોના ધૈર્યને વધારનાર અને અધીર ચિત્તવાળા બીજા પશુતુલ્ય મનુષ્યોને અતિ દુષ્કર તેમનો શરીરત્યાગ સાંભળીને હે કુરુશ્રેષ્ઠ ! શ્રીકૃષ્ણે છેવટે પોતાને મનથી યાદ કર્યા, તેનો વિચાર કરી પ્રેમથી વિહ્વળ થઈ રડી પડ્યા. પછી ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અને સિદ્ધ તે વિદુરજી યમુના નદીથી નીકળી કેટલાક દિવસે ગંગાનદી પર પહોંચ્યા કે જ્યાં મૈત્રેય મુનિ હતા. ૧-૩૬

कालिन्द्याः कतिभिः सिद्ध अहोभिर्भरतर्षभः । प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतो मुनिः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## વિદુરજીના પ્રશ્નથી મહામુનિ મૈત્રેયે વર્ણવેલી મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ

॥ श्रीशुक उवाच ॥

द्वारि द्युनद्या ऋषभः कुरुणां । मैत्रेयमासीनमगाधबोधम् ॥

क्षत्तोपसृत्याऽच्युतमावशुद्धः । पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** કુરુઓમાં શ્રેષ્ઠ અને શ્રીકૃષ્ણ ઉપરના ભકિતભાવથી શુદ્ધ વિદુરજીએ ગંગાના હરિદ્વાર ક્ષેત્રમાં બેઠેલા અગાધ જ્ઞાનવાળા મૈત્રેય મુનિની સમીપ જઈ, તેમના સુશીલતા વગેરે ગુણોથી અત્યંત સંતોષ પામી આ પ્રમાણે પૂછ્યું.

**વિદુરજીએ પૂછયું :** મનુષ્ય સુખ માટે કર્મો કરે છે; છતાં તે કર્મો દ્વારા તેને સુખ પ્રાપ્ત થતું નથી. અથવા દુઃખની શાંતિ પણ થતી નથી, પરંતુ ઊલટું ફરી દુઃખ જ પ્રાપ્ત થાય છે, તો આ સંસારમાં જે કરવા યોગ્ય હોય તે આપ ભગવાન અમને કહો. પૂર્વજન્મના કારણથી જે મનુષ્ય શ્રીકૃષ્ણથી વિમુખ અને અધર્મ શીલ હોઈ અત્યંત દુઃખી હોય છે, તેના પર કૃપા કરવા ભગવાનના ભવ્ય ભકતો આ જગતમાં વિચરે છે, અર્થાત્ આપ જેવા ભગવદ્‌ભક્તોનો સ્વભાવ પરોપકાર કરવાનો જ હોય છે તો તે સાધુવર્ય ! આપ અમને એવો કલ્યાણમાર્ગ દર્શાવો કે જે દ્વારા સેવેલા ભગવાન મનુષ્યના ભકિતથી પવિત્ર થયેલા હૃદયમાં રહી આત્માના સાક્ષાત્કાર સહિત વેદપ્રસિદ્ધ સનાતન જ્ઞાન આપે. વળી ત્રિગુણાત્મક માયાના અધીશ્વર અને તેથી સ્વતંત્ર એવા ભગવાન અવતાર ધારણ કરી જે કર્મો કરે છે અને નિઃસ્પૃહ, તે ભગવાને સૃષ્ટિના આદિકાળમાં જે રીતે આ જગત સર્જ્યું છે તેમ જ જગતની સ્થિતિ કરી તેની આજીવિકાની વ્યવસ્થા કરી છે તે કહો. વળી સૃષ્ટિના પ્રલય માટે ઈચ્છા થતાં જેમનાં સર્વ વ્યાપારો બંધ પડે છે, તે યોગેશ્વરોના અધીશ્વર પોતાના હૃદયાકાશમાં આ સર્વ જગત સ્થાપી દઈ યોગમાયામાં શયન કરે છે અને પોતે એક જ છે છતાં પોતે સર્જેલી સૃષ્ટિમાં પ્રવેશ કરી બ્રહ્માદિ અનેક સ્વરૂપે જે રીતે થાય છે તે પણ કહો. બ્રાહ્મણો, ગાયો તથા દેવોના કલ્યાણ માટે મત્સ્ય વગેરે જુદા જુદા અવતારો ધારણ કરી, માયા વડે ક્રીડા કરતા ભગવાન અનેક કર્મો કરે છે, તે પવિત્ર કીર્તિ વાળાઓમાં શ્રેષ્ઠ ભગવાનનાં ચરિત્રરૂપી અમૃતનું પાન કરતાં અમારું મન તૃપ્ત થતું નથી. લોકનાથોના અધિપતિ ભગવાને જુદાં જુદાં જે તત્ત્વો વડે લોકપાલે સહિત લોકોને તથા લોકાલોક પર્વતની બહારના ભાગોને ઉત્પન્ન કર્યા છે તે તત્વો મને કહો, કેમ કે જે લોક (આ લોક )માં સર્વ પ્રાણીઓના સમૂહનો ભેદ અધિકાર પ્રમાણે પ્રસિદ્ધ છે અર્થાત્ તે તે કર્મોનો અધિકારી અને તે તે ભોગોનો અધિકારી એ ભેદ પ્રસિદ્ધ છે. હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! વિશ્વ ઉત્પન્ન કરનાર સ્વતઃસિદ્ધ શ્રીનારાયણે જે પ્રકારે પ્રજાઓના સ્વભાવનો, સ્વભાવથી કરાયેલાં કર્મોનો તથા તે કર્મથી કરાયેલી સંજ્ઞાઓનો ભેદ કર્યો છે, તેનું તમે અમારી આગળ વર્ણન કરો. હે ભગવન્ ! મેં વ્યાસના મુખથી (મહાભારતમાં ) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વગેરેના ધર્મો વારંવાર સાંભળ્યા છે. જેથી તે તુચ્છ સુખ આપનારા ધર્મો સાંભળી અમે ધરાઈ ગયા છીએ. હવે માત્ર તે ધર્મોમાં શ્રીકૃષ્ણકથારૂપી અમૃતનો જે પ્રવાહ છે, તે સાંભળવાની જ ઈચ્છા છે; કેમ કે આપની સભાઓમાં નારદાદિ વિદ્વાનોએ ગાયેલા પૂજ્યપાદ શ્રીકૃષ્ણના કથામૃતના પ્રવાહથી ક્યો મનુષ્ય તૃપ્ત થાય ? એ પ્રવાહ મનુષ્યના કર્ણમાર્ગમાં જો પ્રવેશ કરે છે, તો સંસારચક્રમાં નાખનારી સ્ત્રીપુત્રાદિ ઉપરની તેની આસકિતનો નાશ કરે છે. આપના મિત્ર મુનિ વેદવ્યાસજીએ પણ ભગવાનના ગુણોનું વર્ણન કરવાની ઈચ્છાથી જ મહાભારત રચ્યું છે, જેમાં વિષયસુખોનાં વર્ણન દ્વારા મનુષ્યોની બુદ્ધિને શ્રીહરિકથા તરફ જ વાળી છે. એ હરિકથા તરફ વળેલી બુદ્ધિ પ્રતિદિન વૃદ્ધિ પામતાં શ્રદ્ધાળુ મનુષ્યને બીજાં વિષયસુખ વગેરે તરફ વૈરાગ્ય કરનારી થાય છે; અને શ્રીહરિના ચરણસ્મરણથી શાંત થયેલા મનુષ્યનાં સમગ્ર દુઃખોનો તત્કાળ નાશ કરે છે. આમ છતાં જે અજ્ઞાનીઓ પૂર્વજન્મના એકઠાં થયેલાં પાપોને લીધે શ્રીહરિની કથાથી વિમુખ રહે છે, તેવા શોક કરવા યોગ્યને પણ શોક કરવા લાયક અજ્ઞાનીઓનો હું શોક કરું છું. કેમ કે નિષ્ફળ મન, વચન ને કાયાના વ્યાપારવાળા એવા મનુષ્યોના આયુષ્યનો સર્વદા અસ્ખલિત ગતિવાળો કાળ નાશ કરે છે. માટે દુઃખીના બંધુ હે મૈત્રેય ! કલ્યાણને આપનારા અને તીર્થરૂપ કીર્તિવાળા એ શ્રીહરિની કથાઓમાં જે કથા સારભૂત હોય, તે કથાને જ પુષ્પોમાંથી રસની પેઠે બીજી કથાઓમાંથી તારવી કાઢી અમારા કલ્યાણ માટે તમે કહો.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ માટે જેમણે પોતાની માયાશક્તિ ગ્રહણ કરી અવતારો લીધા છે, તે પરમેશ્વરે કરેલાં અલૌકિક કર્મો મને કહો.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'વિદુરજીએ મનુષ્યના કલ્યાણ માટે એમ પૂછયું એટલે ભગવાન મૈત્રેય મુનિ તેમને બહુમાન આપતાં બોલ્યા :

**મૈત્રેય બોલ્યા :** હે સત્પુરુષ ! લોકો પર અત્યંત કૃપા કરતા, પોતાની કીર્તિને જગતમાં ફેલાવતા અને શ્રીકૃષ્ણમાં જેમનું મન છે એવા તમે આ ઉત્તમ પ્રશ્ન પૂછયો છે. હે વિદુરજી ! તમે વેદવ્યાસના પુત્ર છો, એથી તમારામાં એ આશ્ચર્ય ન ગણાય કે જે તમે અનન્યભાવથી પરમેશ્વર શ્રીહરિને સ્વીકાર્યા છે. તમે પ્રજાઓને નિયમમાં રાખનારા ભગવાન યમદેવ જ છો, પણ માંડવ્ય ઋષિના શાપથી ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રી તરીકે રાખેલી દાસીમાં વેદવ્યાસથી ઉત્પન્ન થયા છો. વળી તમે ભકતો સહિત ભગવાનને નિત્ય પ્રિય છો અને તેથી જ પોતાનાલોકમાં જતી વેળા ભગવાને તમને જ્ઞાનોપદેશ આપવા સારુ મને આજ્ઞા કરી છે; માટે હવે યોગમાયાથી વૃદ્ધિ પામેલી અને જગતને ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ કરનારી ભગવાનની લીલાઓ તમારી આગળ હું અનુક્રમે વર્ણવું છું. આ જગત (જે અત્યારે દેખાય છે તે) સુષ્ટિની પહેલાં જીવોના સ્વરૂપભૂત અને સ્વામી એક ભગવાનરૂપ જ હતું, ભગવાન વિના તે સમયે બીજુ કંઈ ન હતું; કેમ કે તે વેળા પરમાત્મા ભિન્ન ભિન્ન દ્રષ્ટા અને દશ્યાદિ અનેક સ્વરૂપે જણાતા ન હતા; કારણ કે તે વેળા એમની ઈચ્છારૂપી માયાને પણ તેમનામાં લય થયો હતો. પછી તે સમયે દ્રષ્ટાસ્વરૂપે અને બધે પોતે જ એક પ્રકાશતા તે પરમાત્માએ કંઈ દશ્ય જોયું નહિ. જેથી તેમણે પોતાના આત્માને સદાકાળ રહેલો છતાં નહિ રહ્યા જેવો માન્યો, કેમ કે તે વેળા તેમની માયાદિ શકિતઓ તેમના પોતાના જ સ્વરૂપમાં લીન થઈ હતી; છતાં તેમની ચૈતન્યશક્તિ નો જાગ્રત જ હતી (અને તેથી જ તેમણે પોતાના આત્માને ન હોવા જેવો માન્યો, તદન ન હોવારૂપે ન માન્યો.) હે મહાભાગ ! દ્રષ્ટા અને દશ્યનું અનુસંધાન કરનારી તે પરમાત્માની કાર્ય-કારણરૂપ જે શક્તિ છે તેનું નામ જ માયા છે, જેના વડે એ વ્યાપક પ્રભુએ આ જગતને સર્જ્યું છે. ઈન્દ્રિયનું જ્ઞાન જેમને પહોંચી શક્યું નથી, એવા તે ચિન્મય પરમાત્મા એ કાળશકિતથી જેના ગુણ વિકાર પામ્યા હતા, એવી માયાશક્તિ વિષે, પોતાના અંશરૂપ અને પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષસ્વરૂપે બીજ સ્થાપિત કર્યું, એટલે પોતાનો ચૈતન્યાભાસ સ્થાપ્યો. પછી એ મહત્તત્ત્વ વિજ્ઞાનસ્વરૂપ પોતાના દેહમાં રહેલા કાળથી પ્રેરાયેલી તે માયાશક્તિ મહત્તત્ત્વ થઈ. એ મહત્તત્ત્વ વિજ્ઞાનસ્વરૂપ પોતાના દેહમાં જ રહેલા જગતને પ્રકાશ કરનારું અને અજ્ઞાનને દૂર કરનારું છે. ચિદાભાસરૂપી નિમિત્તકારણને ગુણોરૂપી ઉપાદાનંકારણને અને વિકાર પમાડનાર કાળને આધીન રહેનારું તે મહત્તત્ત્વ સર્વેના અધ્યક્ષ ભગવાનની દૃષ્ટિનો વિષય બન્યું. એટલે આ જગતને સર્જવાની ઈચ્છાથી પોતાના સ્વરૂપનું રૂપાંતર કર્યું. એ રીતે મહત્તત્ત્વ વિકાર પામ્યું એટલે તેથી અહંકાર થયો. તે અહંકાર કાર્ય (અધિભૂત), કારણ (અધ્યાત્મ અને કર્તા (અધિદેવ) રૂપ છે; તે અહંકાર પાંચ મહાભૂતો, ઈન્દ્રિય. મન અને ઈન્દ્રિય તથા મનના દેવતાઓ એ સર્વનું કારણ છે. તે અહંકાર સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો છે. પછી એ અહંકારતત્ત્વ વિકાર પામ્યું, એટલે તે પૈકી સાત્વિક અહંકારથી મન થયું, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોથી શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે જે દેવો પણ સાત્ત્વિક અહંકારથી થયા. જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો રાજસ અહંકારથી થઈ, તામસ અહંકારથી શબ્દ થયો ને શબ્દથી આકાશ થયું. એ આકાશ પોતાના ગુણશબ્દરૂપે પરમાત્માનું પ્રકાશક છે. પછી ભગવાનની દૃષ્ટિનો વિષય બનેલું એ આકાશ કાળ, માયા તથા ચિદંશના

વેગથી વિકાર પામ્યું, એટલે તેમાંથી સ્પર્શ થયો અને તે વિકાર પામતાં વાયુ થયો. પછી મહા બળવાન વાયુ આકાશ સહિત વિકાર પામ્યો અને તેણે રૂપતન્માત્રા દ્વારા તેને પ્રકાશ આપનાર તેજ ઉત્પન્ન કર્યું. પરમાત્માની દૃષ્ટિને વિષય બનેલા એ તેજે કાળ, માયા તથા ચિદંશના યોગથી વિકાર પામી, રસતન્માત્રા દ્વારા જળ ઉત્પન્ન કર્યું. પછી બ્રહ્મની દૃષ્ટિનો વિષય બનેલું તેજ સહિત તે જળ કાળ, માયા તથા ચિદંશના યોગે વિકાર પામતાં ગંધગુણ દ્વારા પૃથ્વી ઉત્પન્ન કરનારું થયું. હે ભવ્ય વિદુરજી ! આકાશાદિ મહાભૂતોમાં જે જે તત્ત્વ કાર્યરૂપ છે તે તે પૂર્વ પૂર્વનાં કારણરૂપ તત્ત્વથી યુકત છે. તેથી અનુક્રમે તે તેઓમાં અધિક ગુણો જાણવા. પૂર્વોક્ત મહતત્ત્વ વગેરેના અભિમાની આ દેવો વ્યાપક પરમાત્માના અંશરૂપ છે અને વિકાર, વિક્ષેપ તથા ચેતનાને ધારણ કરે છે, તેથી સર્વને સમાન હોઈ એકબીજાથી જુદા રહેવા લાગ્યા; પણ એ રીતે પરસ્પર સંબંધરહિત રહી બ્રહ્માંડરચનારૂપી પોતાની ક્રિયા કરવા અસમર્થ થયા એટલે તેઓ બે હાથ જોડી પરમેશ્વરને આ રીતે કહેવા લાગ્યા.

**દેવો બોલ્યા :** હે દેવ ! શરણાગતના તાપને શાંત કરવામાં છત્રરૂપ આપનાં ચરણકમળને અમે નમસ્કાર કરીએ છીએ. જે ચરણકમળનો આશ્રય કરી યોગીઓ અનાયાસે સંસારનાં દુઃખ તજે છે. હે પિતા ! આ સંસારમાં જીવો આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ત્રણે તાપોથી પીડા પામી સુખ પામતા નથી; માટે હે ઈશ્વર ! હે આત્મન્ ! હે ભગવન્ ! જ્ઞાનયુકત આપના ચરણની છાયાનો અમે આશ્રય કરીએ છીએ. પૂજયપાદ આપનાં ચરણને ઋષિઓ નિઃસંગ થયેલા પોતાના મનમાં આપનું મુખકમળ જેમનો માળો છે, એવા વેદોરૂપી પક્ષીઓ દ્વારા શોધે છે. આપનાં ચરણ પાપોનો નાશ કરનારી શ્રેષ્ઠ નદી ગંગાનું ઉત્પત્તિસ્થાન છે, તે આપનાં ચરણને અમે શરણે આવ્યા છીએ. આપના ચરણકમળને શ્રદ્ધા અને શ્રવણપૂર્વકની ભકિતથી શુદ્ધ થયેલા હૃદયમાં સ્થાપી મનુષ્યો વૈરાગ્ય જેનું બળ છે એવા જ્ઞાનરૂપ સાધનથી ધીર થાય છે, તે આપનાં ચરણકમળને અમે શરણે આવ્યા છીએ. હે ઈશ ! આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ માટે અવતાર લો છો અને આપનાં ચરણકમળનું સ્મરણ કરતાં જ પોતાના ભક્તપુરુષને અભયદાન આપો છો, તેવા આપને શરણે અમે સર્વે આવ્યા છીએ. હે ભગવન્! જે પુરુષો સ્ત્રીપુત્રાદિ ઉપકરણ સહિત અને તુચ્છ એવા આ શરીરરૂપી ઘરમાં 'મારું', 'હું' એ દુરાગ્રહ કરે છે, તે પુરુષોને તેમના શરીરરૂપી ઘરમાં જ વસેલા આપનું જે ચરણકમળ અત્યંત દૂર થાય છે, તે આપના ચરણકમળને અમે ભજીએ છીએ. જેમની કીર્તિ ભકતજનોએ અનેક પ્રકારે ગાઈ છે. એવા હે પરમેશ્વર ! જે લોકોનું મન બાહ્ય વિષયમાં ભટકતી ઈન્દ્રિયોથી દૂર ખેંચાયેલું હોય છે, તેવા પુરુષો આપનાં ચરણની ગતિના વિલાસોની શોભાનું ધ્યાન કરનારા આપના ભકતજનોનાં દર્શન પામતા નથી. પણ હે દેવ ! જે પુરુષો આપની કથારૂપ અમૃત પીવાથી વધેલી ભકિત વડે નિર્મળ અંતઃકરણવાળા છે, તેઓ વૈરાગ્યરૂપ બળવાળું જ્ઞાન મેળવી અનાયાસે વૈકુંઠલોક પામે છે, તેમ જ બીજા જે ધીર પુરુષો આત્મામાં મનની સ્થિરતા કરવારૂપી યોગબળનો આશ્રય કરી અત્યંત બળવાન એવી માયાને જીતે છે, તેઓ પણ પરમ પુરુષ એવા આપને જ પામે છે; પણ તેઓને આપની પ્રાપ્તિ કરવામાં પરિશ્રમ પડે છે; પરંતુ આપની સેવાભકિતથી પરિશ્રમ પડતો નથી. હે આદિદેવ ! આપે લોકસૃષ્ટિ કરવાની ઈચ્છાથી સત્ત્વાદિ ત્રણ ગુણોના સ્વભાવ વડે અમને ઉત્પન્ન કર્યા, પણ પરસ્પર ભિન્ન સ્વભાવને લીધે અને એકબીજાથી અલગ રહીએ છીએ તેથી આપની ક્રીડાનું સાધન (બ્રહ્માંડ ) ઉત્પન્ન કરી આપને અર્પણ કરવા સમર્થ થતા નથી. હે અજન્મા ! જે રીતે અમે જે તે સમયે આપને સર્વ પ્રકાર ના ભોગ સમર્પણ કરી શકીએ અને

અમે પણ જે રીતે અમારું જીવનસાધન-અન્નનો ઉપભોગ કરી શકીએ; તેમ જ આ સર્વે જીવો પણ વિઘ્ન રહિત થઈ આપને તથા અમને બન્નેને અપાતા ભોગ્ય પદાર્થો ગ્રહણ કરી શકે તે રીતે કરવા આપ શકિત સાથે પોતાનું જ્ઞાન અમને આપો. હે દેવ ! આપ અમારાં સર્વ કાર્યોના તેમ જ અમો સર્વ દેવોના પણ આદિ છો; કેમ કે આપ કૂટસ્થ, નિર્વિકાર છો. પુરાણપુરુષ અમારા સર્વના અધિષ્ઠાતા છો. આપ અજન્માએ સત્વાદિ ગુણો તથા જન્માદિ કર્મોના કારણરૂપ પોતાની માયાશક્તિમાં મહત્તત્વ રૂપી બીજ સ્થાપ્યું છે. તો હે આત્મન્ ! મહત્તત્વ જેમાં મુખ્ય છે એવા અમે સર્વ, જે માટે ઉત્પન્ન થયા છીએ તે આપનું ક્યું કાર્ય કરીએ ? (કદાચ આપ કહેશો કે સૃષ્ટિ ઉત્પન કરો, તો અમે પ્રાર્થના કરીએ છીએ કે) હે દેવ ! સૃષ્ટિરૂપી ક્રિયા કરવામાં જેઓને આપનો જ આધાર છે એવા અમને આપ શક્તિ સાથે પોતાનું જ્ઞાન આપો.

ततो वयं सत्प्रमुखा यदर्थे बभूविमात्मन् करवाम किं ते ।
त्वं नः स्वचक्षुः परिदेहि शक्त्या देव क्रियार्थे यदनुग्रहाणाम् ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## વિરાટસૃષ્ટિ અને આધિદૈવાદિ ભેદ

॥ ऋषिरुवाच ॥

इति तासां स्वशक्तीनां सतीनामसमेत्य सः । प्रसुप्तलोकतन्त्राणां निशाम्य गतिमीश्वरः ॥१॥

**મૈત્રેય ઋષિ બોલ્યા :** એ પ્રમાણે પોતાની શકિતરૂપ તે મહત્તત્ત્વ વગેરે કે જેઓ એકબીજા સાથે નહિ મળતાં જુદાં જુદાં રહ્યાં હતાં અને વિશ્વરચના કરવા અસમર્થ હતાં. તેઓની સ્થિતિ જોઈ અનંત લીલાવાળા ભગવાને કાળથી જાગ્રત થનારી માયાશકિત ધારણ કરી તે ત્રેવીસે તત્ત્વોના સમુદાયમાં અંતર્યામી સ્વરૂપે એક જ વખત પ્રવેશ કર્યો. એ રીતે ક્રિયાશકિતથી તે તત્ત્વોમાં પ્રવેશ કરી ભગવાને તેઓમાં લીન થયેલી ક્રિયાશકિતને જાગ્રત કરી અને જુદાં જુદાં રહેલાં તત્ત્વોને એકઠાં જોડયાં. પછી ઈશ્વરથી પ્રેરણા પામેલાં તે ત્રેવીસ તત્ત્વોમાં ક્રિયાશકિત જાગી એટલે તેઓએ પોતાના અંશોથી વિરાટ શરીર ઉત્પન્ન કર્યું. વળી પોતાનામાં પરમેશ્વરે પ્રવેશ કર્યો હતો તેથી એ સર્વ તત્વો પરસ્પર મળી પોતપોતાના અંશથી પરિણામ પામ્યાં અને વિરાટશરીરના આકારમાં પ્રકટ્યાં, જેમાં સ્થાવર-જંગમ સર્વ લોકો રહ્યા છે. પછી તેજોમય તે વિરાટપુરુષે પોતાની અંદર રહેલા સર્વ જીવો સાથે બ્રહ્માંડમાં એક હજાર વર્ષ સુધી જળની અંદર વાસ કર્યો. પછી જગતને સર્જનારાં પૂર્વોક્ત તત્ત્વોના કાર્યરૂપ વિરાટપુરુષે જ્ઞાનશકિત, ક્રિયાશક્તિ તથા ભોક્તૃશક્તિ (આત્મશકિત) યુક્ત હોઈ, પોતે જ પોતાના એકરૂપે, દસરૂપે ને ત્રણરૂપે વિભાગ કર્યા. એ વિરાટપુરુષ સમગ્ર પ્રાણીઓના આત્મા, પરમાત્માના અંશરૂપ અને પરમાત્માનો પ્રથમ અવતાર છે. જેમાં સર્વ પ્રાણીઓ રહેલાં જણાય છે. આ આવા શકિતયુક્ત હોવાથી જ વિરાટ પુરુષ પોતાની આત્મશક્તિથી અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એમ ત્રણ પ્રકારના પ્રાણરૂપે દસ પ્રકારના અને હૃદયયુક્ત ચૈતન્ય સ્વરૂપે એક પ્રકારના થયા છે. જેમને ઈન્દ્રિય જ્ઞાન પહોંચી શકતું નથી એવા પરમેશ્વર જગતને સર્જનારા એ ત્રેવીસ તત્ત્વોની પૂર્વોકત પ્રાર્થના ધ્યાનમાં લઈ તેઓને વિવિધ આજીવિકા મેળવી આપવા પોતાની ચૈતન્યશકિત વડે વિરાટશરીર વિષે 'હું આવી રીતે કરીશ' એવો

વિચાર કર્યો. તે પછી ભગવાનની દૃષ્ટિના વિષયભૂત થયેલા એ વિરાટપુરુષમાં સૂર્ય, આદિ દેવોનાં કેટલાંક સ્થાનો થયાં તે હું કહું છું, સાંભળો ! એ વિરાટપુરુષને પ્રથમ મુખ થયું એટલે પોતાના સ્થાનમાં લોકપાલ અગ્નિએ પોતાની શકિત વાણી સાથે પ્રવેશ કર્યો કે જે વાણી વડે જીવ શબ્દનો ઉચ્ચાર કરે છે. પછી એમને તાળવું થયું એટલે તેમાં લોકપાલ વરુણદેવે પોતાની શકિત જિહ્વા સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ રસ લે છે. પછી એ વ્યાપક પુરુષને બે નાસિકાસ્થાન થયાં. તેમાં ઘ્રાણેન્દ્રિય નામની શકિત સાથે બે અશ્વિનીકુમાર દેવોએ પ્રવેશ કર્યો. જેથી જીવને ગંધનું જ્ઞાન થાય છે. પછી એ સમર્થ પુરુષનાં બે નેત્રસ્થાન થયાં, તેમાં ચક્ષુઈન્દ્રિય નામની શક્તિ સાથે લોકપાલ સૂર્યે પ્રવેશ કર્યો, જેથી જીવને રૂપનું જ્ઞાન થાય છે. પછી એને ત્વચાસ્થાન થયું, તેમાં લોકપાલ વાયુએ પ્રાણની પેઠે આખા શરીરમાં વ્યાપી રહેલી ત્વચાઈન્દ્રિય નામની શક્તિ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવને સ્પર્શનું જ્ઞાન થયું. પછી એને બે કાનરૂપી સ્થાન થયાં, તેમાં દિશાઓએ પોતાની શકિતરૂપ શ્રોત્રેન્દ્રિય સાથે પ્રવેશ કર્યો જેથી જીવને શબ્દનું જ્ઞાન થાય છે. પછી એને ચામડીરૂપ સ્થાન થયું, તેમાં ઔષધિઓએ પોતાની શકિતરૂપ રુવાટાં સાથે પ્રવેશ કર્યો, જેથી જીવને ખણજનું જ્ઞાન થાય છે. પછી એ પુરુષને લિંગરૂપી સ્થાન થયું. તેમાં પ્રજાપતિ દેવે પોતાના વીર્યરૂપ અંશ સાથે પ્રવેશ કર્યો જેથી જીવ વિષયાનંદ અનુભવે છે. પછી એને ગુદાસ્થાન થયું, તેમાં લોકપાલ મિત્રદેવે પાયું નામની ઈન્દ્રિયરૂપી શકિત સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ મળત્યાગ કરે છે. પછી એને હાથરૂપ સ્થાન થયું, તેમાં સ્વર્ગપતિ ઈંદ્ર લેવડદેવડ કરવારૂપી પોતાના અંશ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ આજીવિકા મેળવે છે. પછી એ પુરુષને ચરણરૂપી સ્થાન થયું, તેમાં લોકેશ્વર વિષ્ણુએ પોતાના અંશરૂપ ગમનશકિત સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ જવા યોગ્ય સ્થાને જાય છે. પછી એને બુધ્ધિસ્થાન થયું, તેમાં નિશ્ચયાત્મક જ્ઞાન કરવાની શકિતરૂપ બોધ સાથે બ્રહ્મદેવે પ્રવેશ કર્યો, જેથી જીવને નિશ્ચય કરવા યોગ્ય પદાર્થનું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે. પછી હૃદયસ્થાન થયું, તેમાં ચંદ્રદેવે પોતાના અંશરૂપ મનની સાથે પ્રવેશ કર્યો જેથી જીવ સંકલ્પવિકલ્પ વિકાર પામે છે. પછી એને અહંકારસ્થાન થયું, તેમાં અહંકારવૃત્તિ નામની પોતાની શકિત સાથે રુદ્રદેવે પ્રવેશ કર્યો જેથી જીવને ક્રિયા પ્રાપ્ત થાય છે. પછી એને ચિત્તસ્થાન થયું, તેમાં પોતાની ચેતનશકિત સાથે બ્રહ્મદેવે પ્રવેશ કર્યો, જેથી જીવ વિજ્ઞાન પામે છે, પછી એ વિરાટપુરુષના મસ્તકમાંથી સ્વર્ગ થયું, બે ચરણમાંથી પૃથ્વી થઈ અને નાભિમાંથી આકાશ થયું, જેઓમાં ત્રણ ગુણોના પરિણામરૂપ દેવો, મનુષ્ય વગેરે દેખાય છે. દેવોમાં સત્વગુણ અધિક છે તેથી તેઓ સ્વર્ગમાં વસ્યા અને યજ્ઞ વગેરેથી વ્યવહાર કરનારા મનુષ્યો તથા તેઓનાં સાધનરૂપ ગાય, ઘોડા વગેરે પ્રાણીઓ રજોગુણી સ્વભાવને લીધે પૃથ્વી પર વસ્યાં. તેમ રુદ્રના પાર્ષદ, ભૂત વગેરેના સમુદાયો ત્રીજા તમોગુણી સ્વભાવને લીધે તથા પૃથ્વીની વચ્ચે ભગવાનની નાભિરૂપ આકાશમાં વસ્યા. હું કુરુશ્રેષ્ઠ વિદુરજી ! એ વિરાટપુરુષના મુખમાંથી વેદો ઉત્પન્ન થયેલા હોવાથી જ બ્રાહ્મણ વર્ણોમાં મુખ્ય તથા ગુરુરૂપે ગણાય છે. સર્વનું પાલન કરવારૂપ ક્ષાત્રવૃત્તિને અનુસરનારા ક્ષત્રિયો એ વિરાટપુરુષના બાહુમાંથી ઉત્પન્ન થયા, એ ક્ષત્રિયો વિષ્ણુના અંશરૂપ હોઈ, ચોર વગેરેના ઉપદ્રવોથી સર્વ ગુણોની રક્ષા કરે છે. એ સમર્થ વિરાટની પુરુષની બે સાથળમાંથી લોકોની આજીવિકાના કારણરૂપ ખેતીવાડી વગેરે ઉદ્યોગો ઉત્પન્ન થયા અને વૈશ્ય વર્ણ પણ તે વિરાટની બે સાથળોમાંથી ઉત્પન્ન થયો. તે ખેતીવાડીરૂપ પોતાની આજીવિકા વડે સર્વ લોકોની આજીવિકા સિદ્ધ કરે છે; તેમ એ વિરાટ પુરુષનાં બે ચરણોમાંથી ધર્મની સિદ્ધિ માટે સેવાવૃત્તિ ઉત્પન્ન થઈ અને તે સેવાવૃત્તિ માટે શૂદ્ર પણ વિરાટનાં બે ચરણોમાંથી જ

પૂર્વે ઉત્પન્ન થયા છે; જે શુદ્રોની સેવાવૃત્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. પૂર્વોકત આ વર્ણો ચિત્તશુદ્ધિ માટે પોતપોતાના ધર્મોથી પોતાના ગુરુ શ્રીહરિનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરે છે, કારણ કે પોતપોતાની આજીવિકા સાથે તેઓ શ્રીહરિથી જ ઉત્પન્ન થયા છે. હે વિદુરજી ! કાળ, ધર્મ અને સ્વભાવરૂપ શકિતવાળા ભગવાનની યોગમાયાના બળથી આ વિરાટસ્વરૂપ ઉત્પન્ન થયું છે, તેથી એ વિરાટસ્વરૂપનું સંપૂર્ણ વર્ણન કરવાની ઈચ્છા પણ કોણ કરી શકે ? તો પણ હે વિદુરજી ! શ્રીહરિથી ભિન્ન બીજા વિષયોનું વર્ણન કરવાથી મલિન થયેલી મારી વાણીને પવિત્ર કરવા મેં ગુરુમુખે જે પ્રમાણે સાંભળેલ છે. તે પ્રમાણે મારી બુદ્ધિ અનુસાર શ્રીહરિની કીર્તિ હું તમને કહીશ. વિદ્વાનો કહે છે કે ઉત્તમ કીર્તિવાળા પુરુષોના મુકુટરૂપ ભગવાનના ગુણાનુવાદ ગાવા એ જ પુરુષોનાં વચનનો મુખ્ય લાભ છે અને વિદ્વાનોએ વર્ણવેલ ભગવાનની કથારૂપ અમૃત વિષે કાનનો ઉપયોગ કરવો એ જ પુરુષોના કાનનો મુખ્ય લાભ છે. હે વત્સ! આદિ કવિ બ્રહ્માએ હજારો વર્ષોના અંતે યોગથી પરિપકવ થયેલી બુદ્ધિથી પણ શું પરમાત્માનો મહિમા જાણ્યો છે ? અર્થાત્ નથી જ જાણ્યો; માટે ભગવાનની માયા તો માયાવી પુરુષોને પણ મોહ પમાડનારી છે. પરમાત્મા પોતે પણ પોતાની એ માયાની ગતિને જાણતા નથી; (કેમ કે તે માયા અનંત છે) તો બીજાઓ તો ક્યાંથી જ જાણે ? જેમને જાણવા તત્પર થયેલાં વાણી અને મન પણ તેમને જાણ્યા વિના જ પાછાં ફરે છે, એટલું જ નહિ પણ અહંકારના અધિષ્ઠાતા રુદ્રદેવ અને તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા બીજા દેવો પણ જેમને જાણી શકતા નથી, તે ભગવાનને નમસ્કાર જ હો. ૧-૪૦

यतोऽप्राप्य निवर्तन्ते वाचश्च मनसा सह । अहं चान्य इमे देवास्तस्मै भगवते नमः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## વિદુરજીના પ્રશ્નો

॥ श्रीशुक उवाच ॥

एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायनसुतो बुधः । प्रीणयन्निव भारत्या विदुरः प्रत्यभाषत ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે કહેતા મૈત્રેયને પોતાની વાણીથી પ્રસન્ન કરતા હોય તેમ વ્યાસના વિદ્વાન પુત્ર વિદુરજી પૂછવા લાગ્યા.

**વિદુરજીએ પૂછયું :** હે બ્રહ્મન્ ! ભગવાન તો માત્ર ચૈતન્યરૂપ, અવિકારી અને નિર્ગુણ છે, તો તેમને લીલાથી પણ ક્રિયાઓ અને ગુણો કેમ ઘટે ? બાળક ક્રીડા કરવા તત્પર થાય છે, તેમાં તેની ક્રીડા કરવાની ઈચ્છા કારણ છે અથવા તે બાળકને બીજી કોઈ વસ્તુને લીધે કે બીજા કોઈ બાળકની પ્રેરણાને લીધે ક્રીડા કરવાની ઈચ્છા થાય છે, પણ ઈશ્વર તો સ્વતઃ જ તૃપ્ત છે અને બીજાના સંગથી પણ સદા નિવૃત્ત છે, અદ્વિતીય છે. તેમને બાળકની પેઠે ક્રીડા કરવાની ઈચ્છા કેમ હોઈ શકે ? આપે કહ્યું કે ભગવાને ગુણમય પોતાની માયા વડે જગતને ઉત્પન્ન કર્યું છે, માયા વડે જ જગતનું તે પાલન કરે છે; તેમ જ ફરી માયા વડે જ જગતનો નાશ કરે છે (આ બધું જીવને પણ અવિદ્યા સાથે સંબંધ હોય તો જ ઘટે, નહિ તો સંભવે નહિ, એ કહે છે.) આ જીવાત્મા (બ્રહ્મસ્વરૂપ હોવાથી) દેશથી, કાળથી, અવસ્થાથી, પોતાની કે બીજા કોઈથી પણ અવિનાશી જ્ઞાનવાળો છે, તો તે અવિદ્યા સાથે જોડાય જ કેમ ? (વળી તે જીવ બ્રહ્મસ્વરૂપ જ છે, તેથી તેને સંસાર પણ ન જ હોવો જોઈએ; એ કહે છે.) સર્વ

ક્ષેત્રો વિષે જે ભોકતાસ્વરૂપે રહેલ છે, તે પોતે વસ્તુતઃ ભગવાન જ છે, તો એ જીવાત્માને દુર્ભાગીપણું, આનંદાદિથી ભ્રષ્ટ થવાપણું કે કર્મોના સંબંધથી કલેશ કેમ જ હોઈ શકે ? હે વિદ્વાન્ મૈત્રેય ! આ અજ્ઞાનસંકટમાં સારું મન ખેદ પામે છે. હે સમર્થ મુનિ ! આ મારા માનસિક મહામોહને તમે દૂર કરે

**શ્રીશુકદેવજી બોલ્યા :** તત્વના જિજ્ઞાસુ વિદુરજીએ એ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે ભગવાનમાં જ ચિત્તવાળા, ગર્વરહિત મુનિ મૈત્રેય (વિદુરજીના એ પ્રશ્નને ઉત્તર આપવા પોતાનું સામર્થ્ય જાણે પ્રકટ કરતા હોય તેમ) સહેજ હસતા વિદુરજી પ્રત્યે કહેવા લાગ્યા.

**મૈત્રેય બોલ્યા :** તે જ આ ભગવાનની માયા છે કે જે તર્કથી વિરુદ્ધ જાય છે. જેમ કે પરમેશ્વર વિમુકત છે છતાં તેમને અવિદ્યાનું બંધન અને સ્વરૂપજ્ઞાનનું ઢાંકણ પ્રાપ્ત થાય છે. (આમ તર્ક સાથે જેનો વિરોધ આવે છે તે જ ભગવાનની માયા છે) જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક છેદાયા વિના પણ 'આ મારુ મસ્તક છેદાયુ' આવી મિથ્યા ભ્રાંતિ જણાય છે, તેમ જીવાત્માને અવિદ્યા વડે ગુણમય જાળમાં પ્રવેશ અને સ્વરૂપજ્ઞાનનું આવરણ નહિ હોવા છતાં જણાય છે, તે જ ભગવાનની માયા છે. (કદાચ તમે કહેશો કે જેમ જીવને એ રીતે જણાય છે, તેમ ઈશ્વરને પણ એ કેમ ન જણાય? તો તેનો ઉત્તર એ છે કે) જેમ જળમાં પ્રતિબિંબરૂપે પડેલા ચંદ્રમંડળ વિષે જળની ઉપાધિથી જણાતો કંપ વગેરે ધર્મ આકાશમાં રહેલા ચંદ્રમંડળમાં જણાતો નથી તેમ દેહાદિ (અનાત્મા)ના ધર્મ પોતાનામાં ન હોવા છતાં તેનું અભિમાન કરનાર જીવમાં દેખાય છે; પરંતુ ઈશ્વરમાં દેખાતા નથી. જીવાત્મામાં જણાતા આ દેહાદિના ધર્મ, નિવૃત્તિધર્મથી, ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભકિતયોગથી ધીમે ધીમે દૂર થાય છે. જ્યારે દ્રષ્ટા અર્થાત્ અંતર્યામી પરમાત્મા શ્રીહરિ વિષે સર્વ ઈન્દ્રિયો નિશ્ચળ થાય છે કે તરત જ જેમ સુષુપ્તિ અવસ્થામાં પડેલા મનુષ્યમાં સમગ્ર કલેશો નાશ પામે છે, તેમ સમગ્ર કલેશો નાશ પામે છે. જો ભગવાનના ગુણાનુવાદનું શ્રવણ માત્ર જ સમગ્ર કલેશોની શાંતિ કરે છે, તો(શ્રવણમનનાદિ દ્વારા) મનમાં મેળવેલી ભગવાનના ચરણારવિંદની રજની સેવા પરની પ્રીતિ સમગ્ર કલેશોની શાંતિ કરે એમાં શું કહેવું ?

**વિદુરજી બોલ્યા :** હે સમર્થ મુનિ ! આપનાં પ્રમાણભૂત વચનોરૂપી તલવારથી મારો સંશય કપાયો છે, તેથી હવે મારું મન ઈશ્વરની સ્વતંત્રતા અને જીવની પરતંત્રતા વિષે સારી રીતે વિચાર કરતું થયું છે. હે વિદ્વન્ ! શ્રીહરિની માયાને લીધે જ જીવમાં દુર્ભાગીપણું વગેરે જણાય છે એમ કહ્યું તે ઠીક જ છે; કારણ કે સ્વપ્નમાં પોતાનું મસ્તક કપાવું વગેરે જેમ મિથ્યા અને નિર્મૂળ છે, તેમ જ જીવાત્માને દુર્ભાગીપણું વગેરે પણ મિથ્યા અને નિર્મૂળ જ છે; કેમ કે એ દુર્ભાગીપણું વગેરેનું તથા આ જગત કે દેહાદિ પ્રપંચનું મૂળ સ્વરૂપના અજ્ઞાન વિના બીજું કંઈ નથી. આ જગતમાં જે મનુષ્ય દેહાદિમાં અત્યંત આસકત છે અને જે બુધ્ધિથી પર એવા પરમેશ્વરને પામ્યો છે, તે બન્ને જ સુખે જીવે છે (કેમ કે પહેલો દેહાદિમાં આસકત છે, તેને સંશય જ થતો નથી અને બીજો પરમેશ્વરને પામ્યો છે, તેને તો કોઈ જાતનો સંશય રહેતો જ નથી.) પણ જે મનુષ્ય વચલી સ્થિતિનો એટલે દુઃખને લીધે સંસાર તજવા ઈચ્છે છે ખરો, પણ સ્વરૂપાનંદનો અનુભવ ન થવાથી છોડી શકતો નથી, તેને જ દુઃખનો અનુભવ થાય છે. આત્માથી ભિન્ન છતાં આત્માની સાથે એકસ્વરૂપે ભાસતા દેહ-ઈન્દ્રિયાદિ પ્રપંચનો 'આમાં કંઈ અર્થ નથી, માત્ર આત્મા સાથે એકસ્વરૂપે ભાસે જ છે.' આ આપના ચરણની સેવાથી નિશ્ચય કરી, તે મિથ્યાજ્ઞાનને પણ હું દૂર કરીશ; કેમ કે તમારા જેવા ભકતોની સેવાથી નિર્વિકાર

શ્રીભગવાનના ચરણમાં સંસારનો નાશ કરનારી તીવ્ર સ્વાભાવિક પ્રેમલક્ષણાભકિત ઉત્પન્ન થાય છે. ખરેખર ભગવત્પ્રાપ્તિના માર્ગરૂપ મહાન ભક્તોની સેવા અલ્પ તપવાળા મનુષ્યને તો દુર્લભ જ છે; કારણ કે તેમાં દેવોના દેવ શ્રીહરિનાં જ ગુણગાન થાય છે. સૃષ્ટિના આરંભમાં ઈન્દ્રિયાદિ વિકાર સહિત મહત્તત્ત્વ વગેરે તત્ત્વોને અનુક્રમે સર્જી ભગવાને તે તત્વોના અંશોમાંથી વિરાટપુરુષને સજર્યા અને પછી તે વિરાટશરીરમાં ભગવાને પ્રવેશ કર્યો. એ આદ્ય વિરાટપુરુષ હજારો ચરણ, હજારો સાથળો અને હજારો બાહુઓવાળા છે અને એમના વિશાળ સ્વરૂપમાં આ સમગ્ર લોકો રહે છે. વળી એમાં દસ પ્રકારના પ્રાણ અને ઈન્દ્રિય, ઈન્દ્રિયોના વિષયો તથા ઈન્દ્રિયોના દેવતાઓ, એમ ત્રણ પ્રકારના પ્રાણ પણ રહે છે એ તમે કહ્યું. હવે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે વર્ણો જેમનાથી થયેલ છે, તે વિરાટપુરુષની બ્રહ્મા વગેરે વિભૂતિઓ મને કહો. જે વિભૂતિઓમાં પુત્ર, પ્રપૌત્ર અને ગોત્રજો સહિત વિચિત્ર આકૃતિવાળી પ્રજાઓ ઉત્પન્ન થાય છે જેના વડે જગત વ્યાપેલું છે. વળી પ્રજાપતિઓના પતિ તે વિરાટપુરુષે ક્યા ક્યા પ્રજાપતિઓ સર્ગો, અનુસર્ગો, મનુઓ તથા મન્વંતરના સ્વામીઓ ઉત્પન્ન કર્યા ? એમના વંશો તથા વંશજોનાં ચરિત્રો પણ તમે કહો; તેમ જ હે મૈત્રેય ! જે લોકો આ ભૂમિની ઉપર તથા નીચે છે તેઓની અને પૃથ્વીલોકની આકૃતિ તથા પ્રમાણનું તમે વર્ણન કરો. વળી તિર્યંચો, મનુષ્યો, દેવો, સર્પો, પક્ષીઓ અને જરાયુજ, સ્વેદજ, અંડજ તથા ઉદ્‌ભિજ્જ પ્રાણીઓના સૃષ્ટિવિભાગો તમે અમને કહો. વળી લક્ષ્મીના નિવાસ જે ભગવાન રજોગુણ વગેરે ગુણોવાળા બ્રહ્માદિ અવતારો વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરે છે; અને તેમાં સાધનભૂત પ્રજાપતિ વગેરેની સૃષ્ટિને સર્જે છે, તે ભગવાનનાં ઉદાર પરાક્રમો તમે કહો. વળી હે પ્રભો ! સ્વરૂપ, આચરણ તથા સ્વભાવને અનુસરી વર્ણાશ્રમના વિભાગો, ઋષિઓનાં જન્મકર્મ વગેરે વેદના વિભાગો, યજ્ઞના વિસ્તારો, યોગ, જ્ઞાન તથા જ્ઞાનના ઉપાયરૂપ સાંખ્યના માર્ગો, ભગવાને કહેલું તંત્રશાસ્ત્ર, પાખંડમતોની પ્રવૃત્તિ, નીચ વર્ણના પુરુષોએ ઉચ્ચ વર્ણની સ્ત્રીઓમાં ઉત્પન્ન કરેલી પ્રજાપ્રવૃત્તિ, ગુણકર્મથી ઉત્પન્ન થનારી જીવોની જેટલી જે ગતિઓ હોય તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પરસ્પર વિરુદ્ધ ન હોય એવા ઉપાયો, ખેતી વગેરે વ્યાપાર, દંડનીતિ તથા વેદોકત સંધ્યોપાસન આદિના જુદા જુદા વિધિ, તેમ જ હે બ્રહ્મન ! શ્રાદ્ધનો વિધિ, પિતૃઓની સૃષ્ટિ, ગ્રહો, નક્ષત્રો ને તારાઓની કાળચક્રમાં રહેલી સ્થિતિ; દાન, તપ, અને યજ્ઞાદિનાં ફળ; વાવ, કૂવા, તળાવ, દેવમંદિર બંધાવવાં વગેરેનાં ફળ; પ્રવાસીઓના તથા આપત્તિમાં રહેલા પુરુષના ધર્મ અને જેના વડે ધર્મના ઉત્પત્તિસ્થાન જનાર્દન ભગવાન પ્રસન્ન થાય છે તે માર્ગ અને જેવા મનુષ્યો પર ભગવાન પ્રસન્ન થાય છે તેવા મનુષ્યો, તે સર્વ હે નિર્દોષ મુનિ ! તમે કહો. હે ઉત્તમ બ્રાહ્મણ ! દીનવત્સલ ગુરુઓ પોતાને અનુસરી ચાલનારા શિષ્યો તથા પુત્રોને તેઓએ નહિ પૂછેલું પણ કહે છે. હે ભગવન્ ! (આપે કહેલાં) તે તત્ત્વોનો કેટલા પ્રકારનો પ્રલય થાય છે ? તેમાંનાં કેટલાં તત્વો ભગવાનની સેવા કરે છે અને કેટલાં તત્ત્વો જળમાં શયન કરનાર ભગવાનની પાછળ શયન કરે છે; તેમનામાં લીન થાય છે ? જીવનું તત્ત્વ અથવા પરમેશ્વરનું સ્વરૂપ શું ? અને ગુરુ તથા શિષ્ય જેમાં કારણ છે, એવું ઉપનિષદનું જ્ઞાન ક્યું ? હે નિર્દોષ મુનિ ! પૂર્વના આચાર્યોએ તે જ્ઞાનનાં જે સાધનો કહ્યાં હોય તે પણ મને કહો; કેમ કે પુરુષોને ગુરુ વિના પોતાની મેળે જ્ઞાન, ભકિત કે વૈરાગ્ય ક્યાંથી થાય ? શ્રીહરિનાં કર્મો જાણવાની ઈચ્છાથી મેં આ પ્રશ્ન આપને પૂછયા

છે, જેની જ્ઞાનદૃષ્ટિ માયાથી નાશ પામી છે એવા મારા અજ્ઞાનીના તમે મિત્ર હોવાથી કહો. હે નિર્દોષ મૈત્રેય ! સર્વ વેદો, યજ્ઞો, તપ તથા દાન જીવને (તત્ત્વોપદેશ દ્વારા) અભયદાન આપવાના સોળમા અંશને પણ પહોંચતાં નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ વિદુરજીએ પુરાણોમાં પ્રકાશેલો જાણવા યોગ્ય અર્થ જેમને પૂછયો હતો, એવા મુનિશ્રેષ્ઠ મૈત્રેય ભગવાનની કથા વિષે પોતાને થયેલી આ પ્રેરણાથી અત્યંત હર્ષિત થઈ જાણે હસતા હોય, તેમ વિદુરજીને કહેવા લાગ્યા. ૧-૪૨

स इत्थमापृष्टपुराणकल्पः कुरुप्रघानेन मुनिप्रधानः ।
प्रवृद्धहर्षो भगवत्कथायां सञ्चोदितस्तं प्रहसन्निवाह ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## જલશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્માની ઉત્પત્તિ

॥ मैत्रेय उवाच ॥

सत्सेवनीयो बत पुरुवंशो यल्लोकपालो भगवत्प्रधानः ।
बभूविथेहाजितकीर्तिमालां पदे पदे नूतनयस्यभीक्ष्णम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** અહો આનંદની વાત છે કે પુરુવંશ સત્પુરુષોને પણ સેવવા યોગ્ય છે; કેમ કે એમાં ભગવદ્ભકતોમાં મુખ્ય લોકપાલ યમરાજ તમે ઉત્પન્ન થયા છો; અને ભગવાનની કીર્તિમાળાને પદે પદે નવી કરો છો. હવે જે મનુષ્યો સંસારના તુચ્છ સુખ માટે મોટું દુઃખ પામી રહ્યાં છે, તેમનાં એ દુઃખ દૂર કરવા ભાગવત મહાપુરાણનો આરંભ હું કરું છું, જે સાક્ષાત્ (સંકર્ષણ) ભગવાને (સનકાદિ ) ઋષિઓને કહ્યું હતું, એક સમયે અસ્ખલિત જ્ઞાનવાળા આદ્ય ભગવાન સંકર્ષણદેવ પાતાળમાં બેઠા હતા, ત્યારે ભગવાનના પરમ તત્ત્વને જાણવા ઈચ્છતા સનત્કુમાર વગેરે મુનિઓએ તેમને એ પૂછયું હતું. જે સંકર્ષણ પોતાના આશ્રયરૂપ અને પરમ આનંદસ્વરૂપ જે ભગવાનને વિદ્વાનો વાસુદેવ નામે કહે છે, તેમને બહુ માન આપે છે, જેમણે સનત્કુમારાદિ અભ્યુદય માટે (ધ્યાન દ્વારા) અંતર્મુખ કરેલી પોતાના નેત્રરૂપી કમળની કળીને લગાર ઉઘાડી હતી. વળી હજારો ઉદ્દામ ફણાઓ હજારો મુકુટનાં ઉત્તમ રત્નોથી અત્યંત ઝળહળતી હતી એવા ભગવાન સંકર્ષણનાં કર્મોને જાણતા સનત્કુમાર આદિ મુનિઓએ પ્રેમથી ગદ્‌ગદ્ વચનોની સ્તુતિ કરી અને પછી અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે નાગકન્યાઓ જેને અનેક પૂજાસાહિત્યથી પૂજે છે, એવા તેમના ચરણ મૂકવાના કમળને (નમતી વેળા) ગંગાજળથી ભીના પોતાના જટાસમૂહથી સ્પર્શ કરતા તે મુનિઓએ તેમને પૂછ્યું હતું; એટલે મોટા ઐશ્વર્યવાળા તે સંકર્ષણે નિવૃત્તિધર્મમાં આસક્ત તે સનત્કુમારને શ્રીભાગવતપુરાણ કહ્યું હતું. પછી તે વિદુરજી તે સનત્કુમારોએ વ્રતધારી સાંખ્યાયન ઋષિને તેમના પૂછવાથી તે પુરાણ કહ્યું હતું. પછી પરમહંસોના ધર્મ પાળવામાં મુખ્ય તે સાંખ્યાયને ભગવાનની વિભૂતિઓનું વર્ણન કરવાની ઈચ્છાથી પોતાના શિષ્ય અને અમારા ગુરુ પરાશર તથા બૃહસ્પતિને તે ભાગવત કહ્યું હતું. પછી પુલત્સ્યે જેમને વરદાન આપ્યું હતું, તે દયાળુ પરાશર મુનિએ એ આદ્યપુરાણ મને કહ્યું હતું. એ જ મહાપુરાણ હે વત્સ ! નિત્ય મને અનુસરનારા અને શ્રદ્ધાળુ તમને હું કહું છું. જ્યારે (પ્રલયકાળે) આ જગત એક સમુદ્રરૂપ થયેલા જળમાં ડૂબ્યું હતું, ત્યારે જેમની ચૈતન્યશકિત સદા જાગ્રત રહે છે, એવા શ્રીનારાયણે શેષનાગરૂપી શય્યામાં એક્લા જ શયન કર્યું હતું અને

સ્વરૂપાનંદમાં જ મગ્ન રહી સર્વ ક્રિયાઓ તજીને યોગનિદ્રાથી નેત્રો મીચ્યાં હતાં. જેમ અગ્નિ તેની દાહશક્તિ રોકી દઈ પોતાના આશ્રયરૂપ કાષ્ઠમાં (ગુપ્ત) રહે છે, તેમ પોતાના શરીરમાં સૂક્ષ્મ ભૂતવર્ગ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) ધારણ કરી તે ભગવાને પોતાના રહેઠાણજળમાં વાસ કર્યો હતો અને સૃષ્ટિકાળ આવતાં ફરી જાગવા માટે તેમણે કેવળ કાળશકિતને જાગ્રત રાખી હતી. એ ભગવાન પોતાની ચૈતન્યશકિતથી યુકત રહી સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ હજારો યુગ સુધી યોગનિદ્રા વડે જળમાં શયન કરે છે. પછી પોતાની કાળશક્તિથી સર્વ ક્રિયાસમુદાય હાથમાં લીધો અને પોતાના દેહમાં લીન થયેલા સર્વ લોકોને જોયા. પછી લોકોની સુષ્ટિ માટે જેમની દૃષ્ટિ સૂક્ષ્મ ભૂતવર્ગમાં દાખલ થઈ હતી, એવા તે ભગવાનમાં રહેલા તે સૂક્ષ્મ ભૂતવર્ગ કાળથી પ્રેરણા પામેલા રજોગુણ વડે વિકાર પામી, અત્યંત સૂક્ષ્મસ્વરૂપ થયો અને ભવિષ્યમાં સ્થૂલસ્વરૂપે જન્મ પામવા તે વખતે તેમના નાભિકમળમાંથી ઉત્પન્ન થયો. અતિ સૂક્ષ્મ તે ભૂતવર્ગ જીવોનાં કર્મોને જગાડનારા કાળને લીધે એકાએક કમળના દોડારૂપે (જળના ઉપરના ભાગમાં) પ્રગટ થયો. શ્રીનારાયણ જેનું ઉત્પત્તિકારણ હતું, એવો તે કમળનો દોડો પોતાની કાંતિથી સૂર્યની પેઠે (સમુદ્રના) તે વિશાળ જળને પ્રકાશમાન કરતો હતો. પછી એ લોકરૂપ કમળ જેનાથી ઉત્પન્ન થયું હતું, એવા વિષ્ણુ ભગવાને પોતે જ તે કમળમાં પ્રવેશ કર્યો. એટલે તેમાં પોતાની મેળે સંપૂર્ણ વેદોને જાણનારા બ્રહ્મા ઉત્પન્ન થયા. જેમને લોકો સ્વયંભુ કહે છે પછી કમળની તે કળીમાં બેઠેલા બ્રહ્માએ કોઈ પણ લોકને ન જોતાં ત્યાં બેઠાં બેઠાં સર્વ દિશામાં ડોક ફેરવી અને લોકને જોવા માટે આકાશમાં નેત્રો પહોળા કર્યા, તેથી તેમને ચાર મુખો થયાં. યુગાંતસમયે વાયુથી કંપતા અને ચોતરફ જેમાં તરંગો ઊછળતા હતા એવા જળમાંથી ઉત્પન્ન થયેલા કમળમાં તે આદિ દેવ જોકે બેઠા હતા, પણ સંપૂર્ણ તે કમળને લોકતત્ત્વને કે પોતે પોતાને પણ સાક્ષાત્ જાણી શક્યા નહિ પછી તેમણે વિચાર કર્યો. ‘આ કમળ કે જેના ઉપરના ભાગમાં જે હું છું તે કોણ છે ? આ એક જ કમળ જળમાં કયાંથી થયું ? જેના પર આ કમળ રહ્યું છે તેની નીચે અહીં કાંઈ પણ હોવું જ જોઈએ. એવો વિચાર કરી અજન્મા બ્રહ્મદેવે એ કમળની નાળની અંદર છિદ્ર દ્વારા જળમાં પ્રવેશ કર્યો અને તે સૂક્ષ્મ નાળવાળા કમળનો આધાર શોધવા નીચે જવા માંડ્યું; પણ તે તેમને મળ્યો જ નહિ. હે વિદુર ! અપાર અંધારામાં એ રીતે પોતાનું ઉત્પત્તિકારણ શોધતાં બ્રહ્માને (સો વર્ષ જેટલો) ઘણો લાંબો કાળ વીતી ગયો કે જે કાળ વિષ્ણુ ભગવાનના સુદર્શનચક્રરૂપ હોઈ, પ્રાણીઓને ભય ઉપજાવતો તેઓના આયુષ્યનો નાશ કરે છે. પછી પોતાનો મનોરથ પૂર્ણ ન થવાથી બ્રહ્મા પાછા ફરી પોતાના સ્થાનરૂપ તે કમળમાં આવ્યા અને ધીમે ધીમે શ્વાસ રોકી, ચિત્ત એકાગ્ર કરી, સમાધિયોગનો આશ્રય લઈ ત્યાં બેઠા. સો વર્ષનો સમય ગયો એટલે સિદ્ધ થયેલા તે યોગ દ્વારા તેમને નિશ્ચયાત્મક જ્ઞાન થયું અને પૂર્વે જે (ભગવાનરૂપ) વસ્તુ શોધ કરતાં પણ જણાઈ ન હતી તે વસ્તુ પોતાના હૃદયમાં સ્વયં પ્રકટેલી તેમણે જોઈ. પ્રલયકાળના તે જળમાં જ્યાં ફણાઓરૂપી છત્રોથી યુક્ત મસ્તક પરનાં રત્નોની કાંતિથી અંધકાર નાશ પામ્યો હતો. ત્યાં કમળના નાળ જેવા શ્વેતવર્ણા લાંબા શેષનાગના શરીરરૂપી પલંગ પર એક પુરુષ સૂતા હતા. એ પુરુષ (અતિશય લાવણ્ય, પીળાં વસ્ત્ર, મુકુટ, વનમાળા અને હાથપગની શોભા વડે) મરકતમણિની શિલાઓવાળા, સંધ્યાકાળનાં વાદળાંરૂપી વસ્ત્રવાળા, ઊંચાં સોનાનાં શિખરવાળા, રત્નોરૂપી જળધારાવાળા, પુષ્પસમૂહોરૂપી વનમાળાવાળા, વાંસરૂપી ભુજાઓવાળા અને વૃક્ષરૂપી પગવાળા પર્વતની શોભાનો તિરસ્કાર કરતા હતા. વળી એ પુરુષ ત્રણે લોકનો જેમાં સમાવેશ થતો હતો એવા અને લંબાઈ તથા વિસ્તારમાં જેની કોઈ ઉપમા ન હતી એવા શરીરથી યુક્ત હતા. એ શરીર જાતજાતના દિવ્ય અલંકારો તથા વસ્ત્રોની શોભાને પણ શોભાવનારું હતું અને સ્વતઃ જ

સુંદર હતું. એ પરમપુરુષ પોતાના ઈચ્છિત ફળ માટે ભિન્ન ભિન્ન માર્ગોથી પૂજા કરતા ભકત પુરુષોને કૃપાથી સર્વ મનોરથો પૂર્ણ કરનારા ચરણકમળનાં દર્શન કરાવી રહ્યા છે કે, જે ચરણકમળ નખરૂપી ચંદ્રનાં કિરણોથી મિશ્ર એવી આંગળીઓરૂપી સુંદર પાંખડીઓવાળું હતું. વળી લોકોની પીડા દૂર કરનાર હાસ્યવાળા, ચળકતાં કુંડળોથી શોભતા, પાકા ઘિલોડા જેવા અધરોષ્ઠની કાંતિથી લાલ અને જે સુંદર નાસિકાથી યુક્ત મુખ વડે એ મહાપુરુષ પોતાનું પૂજન કરતા ભક્ત પુરુષોને સામેથી માન આપતા હતા. વળી હે વત્સ ! તે ભગવાન કદંબપુષ્પના કેસર , સમાન વસ્ત્ર વડે અત્યંત શોભતા, નિતંબભાગ ઉપર કંદોરા વડે શણગારેલા અને શ્રીવત્સના ચિન્હવાળા વક્ષઃસ્થળને પ્રિય અમૂલ્ય હારથી સુશોભિત છે; તેમ જ એ મોટા ચંદનના વૃક્ષ જેવા શોભે છે; કેમ કે કિંમતી બાજુબંધોમાં જડેલા ઉત્તમ મણિઓથી યુકત તેમના બાહુઓરૂપી તેમને હજારો શાખાઓ છે, પ્રકૃતિ એ જ તેમનું નીચેના ભાગમાં રહેલું મૂળ છે અને તેમની ખાંધના પ્રદેશો સર્પરાજ શેષનાગના શરીરથી સ્પર્શ કરાયેલા હોઈ ત્રિભુવનરૂપી મોટા (ચંદન) વૃક્ષ જેવા જણાય છે. વળી એ ભગવાન પર્વત જેવા જણાય છે; કેમ કે પર્વતની પેઠે જ તેઓ સ્થાવરજંગમ પ્રાણીઓનાં નિવાસસ્થાન છે. પર્વત જેમ સર્પોનો આશ્રયદાતા હોઈ તેઓનો બંધુ છે, તેમ ભગવાન પણ સર્પોનો રાજા શેષનાગના બંધુ છે. મૈનાક વગેરે પર્વતોની જેમ તે ભગવાન પણ જળમાં શયન કરીને રહેલા છે. મેરુ વગેરે પર્વતોનાં શિખરો જેમ સુવર્ણનાં છે, તેમ એ ભગવાન પણ હજારો મુકુટોરૂપી સુવર્ણના શિખરોવાળા છે. ઘણા પર્વતોમાંથી જેમ રત્નો પ્રગટ થાય છે, તેમ એ ભગવાનની મૂર્તિની વચ્ચે કૌસ્તુભરત્ન સ્પષ્ટ દેખાય છે. એ મહાપુરુષ વેદોરૂપી ભમરાઓની શોભાયુક્ત પોતાની કીર્તિમય વનમાળા વડે (કંઠથી ચરણ સુધી) વ્યાપ્ત છે; સૂર્ય, ચંદ્ર તથા અગ્નિથી પણ પરાભવ કરવાને અશક્ય હોઈ, ત્રણે લોકમાં પ્રભાવવાળા અને આસપાસ રક્ષણ માટે ભમતા સુદર્શનચક્ર વગેરે આયુધો વડે અત્યંત દુષ્પાપ્ય છે. એ પુરુષને જોઈ બ્રહ્માએ જાણ્યું, કે તે જ આ શ્રીહરિ છે. પછી તે જ વખતે લોકોની સર્જવાની દૃષ્ટિ જેમને થઈ હતી. એવા તે બ્રહ્માએ શ્રીહરિના નાભિસરોવરમાં ઉત્પન્ન થયેલા કમળને, પોતાને, જળને, વાયુને તથા આકાશને જોયાં, પણ એ વિના બીજું કંઈ જોયું નહિ. પછી રજોગુણથી વ્યાપ્ત છે બ્રહ્મદેવે લોકસૃષ્ટિમાં કારણભૂત એટલી જ વસ્તુ જોઈ અચિંત્ય ગતિવાળા ભગવાન વિષે મન સ્થાપી સૃષ્ટિની રચના માટે તેમની આ પ્રમાણે સ્તુતિ કરી. ૧-૩૩

स कर्मबीजं रजसोपरक्तः प्रजाः सिसृक्षन्नियदेव दृष्ट्वा ।

अस्तौद्विसर्गाभिमुखस्तमोड्यमव्यक्तवर्त्मन्यभिवेशितात्मा ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## બ્રહ્માએ કરેલી શ્રીનારાયણની સ્તુતિ

॥ ब्रह्मोवाच ॥

ज्ञातोऽसि मेऽद्य सुचिरान्ननु देहभाजां न ज्ञायते भगवतो गतिरित्यवद्यम् ।

नान्यत्त्वदस्ति भगवन्नपि तन्न शुद्धं मायागुणव्यतिकराद्यदुरुर्विभासि ॥१॥

**બ્રહ્મા બોલ્યા :** હે ભગવન્ ! મેં આજે ઘણે કાળે (ઉપાસનાથી) આપને જાણ્યા છે. અહો ! પ્રાણીઓનો પોતાનો જ દોષ છે કે તેઓ આપ ભગવાનની ગતિ જાણતા નથી કેમ કે આ જગતમાં આપ સિવાય બીજું કંઈ નથી. જોકે બીજી વસ્તુઓ દેખાય છે પણ તે સત્ય નથી; કારણ કે માયાના ગુણોનો

વિકાર થવાથી જ આપ જ અનેક સ્વરૂપે જણાઓ છો. આપની ચૈતન્યશકિત સદા પ્રકાશિત હોવાથી અજ્ઞાન તો આપથી દૂર જ રહે છે. આપના આ સ્વરૂપને આપે જ ભકતો પર કૃપા કરવા પ્રથમ પ્રકટ કર્યું છે, કે જે આપના સેંકડો અવતારોનું બીજ છે અને હું પણ એના નાભિકમળમાંથી પ્રગટયો છું. હે પરમ ! આપનું આ અખંડ તેજોમય સ્વરૂપ ભેદથી રહિત અને માત્ર આનંદસ્વરૂપ છે. આથી ભિન્ન બીજું કંઈ હું જોતો નથી; માટે હે આત્મન્ ! આપના આ સ્વરૂપનો હું આશ્રય કરું છું; કેમ કે ઉપાસના કરવા યોગ્ય વસ્તુઓમાં આ સ્વરૂપ મુખ્ય હોઈ જગતને સર્જનારું છે, તેથી જ જગતથી ભિન્ન અને સર્વ ભૂતો તથા ઈન્દ્રિયોનું કારણ છે. હે સર્વ જગતનું મંગળ કરનાર ભગવાન આપના ભકતનું-અમારું કલ્યાણ કરવા આપે આપના આ સ્વરૂપનું અમારા ધ્યાનમાં અમને દર્શન કરાવ્યું છે માટે આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. પાપાત્મા વિષયાસકત જીવો જ આપના આ સ્વરૂપનો અનાદર કરે છે. હે નાથ! જેઓ વેદરૂપી વાયુએ આણેલા આપના ચરણકમળના દોડાની સુગંધને કાનનાં છિદ્રો દ્વારા સુંઘે છે (લે છે), તે પોતાના ભકતજનોના હૃદયકમળમાંથી આપ કદી દૂર થતા નથી, કેમ કે તેઓએ પરમભકિતથી આપનાં ચરણોનો આશ્રય કર્યો છે. લોકો જ્યાં સુધી આપનાં નિર્ભય ચરણનો આશ્રય કરતા નથી ત્યાં સુધી જ તેઓને ધન, ઘર તથા સંબંધીઓ નિમિત્તે ભય, શોક, તૃષ્ણા, પરાભવ, મોટો લોભ અને સર્વ પીડાઓનું મૂળ 'મારું તારું' એવો મિથ્યા દુરાગ્રહ રહે છે. જેઓની ઈન્દ્રિયો સર્વ અશુભોને શાંત કરનારા આપના શ્રવણકીર્તનાદિ પ્રસંગથી વિમુખ રહે છે અને જે દીનજનો લોભથી ઘેરાયેલા મનવાળા થઈ ઈચ્છિત સુખના અલ્પ ભાગ માટે નિત્ય પાપી કૃત્યો કરે છે, તેઓની બુદ્ધિનો તેમના દુર્દૈવે વિનાશ કર્યો છે. હે મહાપ્રભાવશાળી ભગવન્ ક્ષુધા, તૃષા, વાત, પિત્ત, કફ —એ ત્રણ ધાતુઓ; ટાઢ, તાપ, વરસાદ અને પરસ્પર એકબીજા વડે પૂર્ણ કરવો અશક્ય એવો કામાગ્નિ તથા અસ્ખલિત ક્રોધ આ સર્વને લીધે વારંવાર પીડાતી આ પ્રજાઓને જોતાં મારું મન ખેદ પામે છે. હે ઈશ ! ઈન્દ્રિયો તથા ઈન્દ્રિયોના વિષયોરૂપ આપની મહાબળવાન માયાથી જ્યાં સુધી મનુષ્ય પોતાને આપનાથી ભિન્ન જુએ છે ત્યાં સુધી વ્યર્થ છતાં દુઃખના સમૂહને આપતો અને ક્રિયાઓના ફળવાળો આ સંસાર અટકતો નથી. હે દેવ ! ઋષિઓ પણ આપના કથાપ્રસંગથી વિમુખ રહે છે, તો તેઓ પણ આ સંસારમાં જન્મમરણાદિ પામે છે. દિવસે જાત જાતના વ્યાપારો વડે દુઃખી ઈન્દ્રિયોવાળા હોઈ રાત્રે સૂતા હોય ત્યારે પણ અનેક જાતના મનોરથવાળી બુદ્ધિથી (સ્વપ્નદર્શન થતાં) ક્ષણે ક્ષણે નિદ્રાભંગ પામે છે. તેમ જ ધન વગેરે મેળવવાના તેઓના સર્વ ઉદ્યમોનો દૈવ નાશ કરે છે. હે નાથ ! આપનો માર્ગ ગુણશ્રવણથી જાણી શકાય છે. આપ ભકિતથી શુદ્ધ થયેલા હૃદયકમળમાં રહો છો, શાસ્ત્રોમાં અનંત સ્વરૂપે ગવાયેલા હે ભગવન્ ! ભકત પુરુષો પોતાની બુદ્ધિ વડે આપના જે સ્વરૂપનું સ્વેચ્છાએ ધ્યાન કરે છે, તે સર્વ સ્વરૂપોને આપ ભક્તો પર કૃપા કરવા પ્રગટ કરો છો. હૃદયમાં જેઓએ કામનાઓ બાંધી છે એવા દેવગણો આપને પુષ્પોપહાર વગેરે મોટા ઉપચારોથી પૂજે છે; છતાં આપ તેવા પ્રસન્ન થતા નથી, જેવા દુર્જનોને દુર્લભ પ્રાણીમાત્ર ઉપરની દયાથી પ્રસન્ન થાઓ છો, કેમ કે આપ સર્વના મિત્ર અને પ્રાણીમાત્રમાં અંતરાત્માસ્વરૂપે રહેલા છો. માટે યજ્ઞાદિ અનેક જાતનાં કર્મો, દાન, કઠિન તપ અને વ્રતાચરણથી આપ ભગવાનનું આરાધન કરવું એ જ પુરુષોની સર્વ ક્રિયાઓનું શ્રેષ્ઠ ફળ છે, કેમ કે આપને અર્પણ કરેલો ધર્મ કદી વિનાશ પામતો નથી. જેમની ભેદભ્રાંતિ સર્વદા સ્વરૂપચૈતન્યથી દૂર થઈ છે અને સ્વરૂપવિજ્ઞાન એ જ જેમની વિદ્યાશકિત

છે, તે આપ પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયમાં નિમિત્તરૂપ માયાના વિલાસ સાથે જેમની ક્રીડા છે, તે આપ પરમેશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ. જેઓ પ્રાણ જવાના સમયે પરવશ થયા હોય, છતાં આપના અવતાર, ગુણો તથા કર્મોને સૂચવનારાં આપનાં નામો ઉચ્ચારે છે, તેઓ અનેક જન્મોના પાપોને તરત જ તજી આવરણરહિત આપ પરબ્રહ્મને પામે છે. તે અજન્મા આપને હુ શરણે આવ્યો છું. જે આપ પ્રથમ એક જ હતા છતાં સૃષ્ટિરચનાના આરંભ સમયે આપ પોતે જ જેનું મૂળ અધિષ્ઠાન અથવા કારણ છો, એવી પ્રકૃતિના સત્ત્વ, રજસ અને તમસ-એ ત્રણ ગુણસ્વરૂપે વિભાગ કરી જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશના કારણરૂપ હું (બ્રહ્મા,) વિષ્ણુ તથા શંકર-એ ત્રણ મોટી શાખાઓવાળા, મરીચિ (મનુ વગેરે શાખા—ઉપશાખાઓવાળા જગતરૂપ વૃક્ષના આકારે થઈ વૃદ્ધિ પામ્યા હતા) તે ભુવનવૃક્ષરૂપ આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. આ લોક વિરુધ્ધકર્મમાં આસક્ત થઈ આપે કહેલા પોતાને હિતકારી આપના પૂજનરૂપી કર્મમાં જેટલા પ્રમાદી રહે છે, તેટલામાં તો બળવાન કાળ એના જીવનની આશાનો તત્કાળ નાશ કરે છે; તે કાળસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું. હું પોતે બે પરાર્ધ વર્ષ સુધી રહેનારા અને સર્વલોકથી નમસ્કાર કરાયેલા સ્થાનમાં રહેલો છું; છતાં આપના એ કાળસ્વરૂપ આપથી ડરું છું; આપને પામવાની ઈચ્છાથી મેં અનેક વર્ષો સુધી તપશ્ચર્યા અને યજ્ઞો કર્યા છે, તે યજ્ઞના અધિષ્ઠાતા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. આપ (સ્વરૂપાનંદના અનુભવથી) સમગ્ર (વિષયસુખનો) તિરસ્કાર કરનારા છો; છતાં આપે પોતે રચેલી ધર્મમર્યાદાનું પાલન કરવાની ઈચ્છાથી પશુપક્ષી, મનુષ્ય અને દેવ વગેરે જીવયોનિઓમાં પોતાની ઈચ્છાથી શરીર ધારણ કરી ક્રીડા કરો છો, તે પુરુષોત્તમ આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. આપ (નિદ્રાનું કારણ) પાંચ વૃત્તિઓવાળી અવિદ્યાના સંબંધથી રહિત છો, છતાં સમગ્ર લોકસ્થિતિનો પોતાના ઉદરમાં લય કરી ભયંકર તરંગમાળાવાળા પ્રલયકાળના સમુદ્રના જળમાં પૂર્વકલ્પની કર્મપરંપરાથી શ્રમિત થયેલા જીવોને વિશ્રામ આપવા માટે શેષનાગરૂપી શય્યાનો સ્પર્શ જેમાં અનુકૂળ હોય છે, એવી યોગનિંદ્રા ધારણ કરો છો. હે સ્તુતિ કરવા યોગ્ય ભગવન્ ! જેમની કૃપાથી ત્રણ લોકરૂપી સાધનાવાળો અથવા ત્રિલોકીને સૃષ્ટિ આદિ દ્વારા ઉપકાર કરનારો હું જેમના નાભિકમળરૂપી સ્થાનમાંથી ઉત્પન્ન થયો છું; જેમના ઉદરમાં આ સંસારપ્રપંચ રહેલો છે અને યોગનિંદ્રાના અંતે જેમનાં નેત્રકમળ પ્રફુલ્લિત જણાય છે. તે આપ ભગવાનને નમસ્કાર કરું છું. શરણાગતોને અભીષ્ટ આપનાર આ ભગવાન સમસ્ત જગતના મિત્ર અને આત્મા હોઈ પોતાના જે જ્ઞાન તથા ઐશ્વર્યથી જગતને સુખી કરે છે તે જ જ્ઞાન તથા ઐશ્વર્ય વડે મારી બુદ્ધિને પ્રેરણા કરો કે જેથી હું પૂર્વની પેઠે આ જગતને સર્જી શકું. આ ભગવાન પોતાની શક્તિ (લક્ષ્મીદેવી) સાથે ગુણયુકત અવતારો ગ્રહણ કરી જે કર્મ કરશે, તે તે કર્મમાં તેમના પોતાના પ્રભાવવાળા આ જગતને (તેમની આજ્ઞાથી જ) સર્જતા છતાં મારા મનને લીન રાખો, કે જેથી હું સૃષ્ટિરચનારૂપ કર્મમાં આસકિતથી તથા સૃષ્ટિરચનાથી ઉત્પન્ન થયેલાં વૈષમ્યાદિ પાપોથી દૂર રહી શકું. જળમાં સૂતેલા અને અનંત શકિતવાળા જે પરમપુરુષથી મહત્તત્ત્વરૂપ ચિત્તનો અભિમાની દેવ હું ઉત્પન્ન થયો છું, તે ભગવાન એમના જ સ્વરૂપભૂત આ વિચિત્ર જગતનો જ્યારે હું વિસ્તાર કરું, ત્યારે વેદના અવયવરૂપ મારી વાણીના ઉચ્ચારણનો વિનાશ ન કરો તેમ જ વૃદ્ધિ પામેલા પ્રેમયુક્ત મંદહાસ્યથી પોતાનાં નેત્રકમળને વિકસાવતા અને અતિશય કૃપાળુ આ પુરાણપુરુષ ભગવાન જગતની ઉત્પત્તિ માટે અને

અમારા પર કૃપા કરવા માટે શેષશય્યાથી ઊઠીને મધુર વાણી વડે અમારો ખેદ દૂર કરો.

**મૈત્રેય બોલ્યા :** એ રીતે તપ, વિદ્યા, ઉપાસના તથા ચિત્તની એકાગ્રતારૂપ સમાધિથી પોતાની જેમનાથી ઉત્પત્તિ થઈ હતી, એવા ભગવાનનાં દર્શન કરી મનવચનની શક્તિ પ્રમાણે તેમની સ્તુતિ કરી બ્રહ્મદેવ થાકેલા મનુષ્યની પેઠે વિરામ પામ્યા. પછી મધુસૂદન ભગવાન સૃષ્ટિરચનાના જ્ઞાન માટે ખેદ પામતા બ્રહ્માના અભિપ્રાયને જાણી, પ્રલયકાળના તે જળ વડે ખિન્ન મનવાળા બ્રહ્માને ગંભીર વાણીથી મોહને દૂર કરતા હોય તેમ કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે વેદગર્ભ ! તમે ખેદને લીધે આળસ ન કરો. તમે મારી આગળ જે પ્રાર્થના કરો છો, તે મેં પ્રથમથી જ જાણ્યું છે. તમે હજી ફરી તપશ્ચર્યા અને મારા આશ્રયવાળી ઉપાસના કરો કે જેથી તે બ્રહ્મન્ ! તમે હૃદયમાં લોકોને પ્રકટ જોશો. પછી ભક્તિયુક્ત અને સમાધિનિષ્ટ તમે પોતામાં તથા લોકોમાં મને વ્યાપેલો જોશો અને લોકો તથા જીવોને મારે વિષે રહેલા જોશો. મનુષ્ય લાકડામાં રહેલા અગ્નિની પેઠે સર્વ પ્રાણીમાં મને રહેલો જુએ છે, ત્યારે તરત મોહનો ત્યાગ કરે છે. જ્યારે તે પોતાને પાંચ ભૂતો, ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના વિષયો તથા અંતઃકરણ એ સર્વથી રહિત અને મારાથી અભિન્ન જુએ છે, ત્યારે મોક્ષ પામે છે. અનેક કર્મોનો વિસ્તાર કરી અનેક પ્રકારની પ્રજાઓ સર્જવાની ઈચ્છા થવા છતાં તમારું ચિત્ત (અનેક સ્થળે આસકત હશે તોપણ) મોહ પામતું નથી, આ તમારા પર મારી અત્યંત કૃપાનું જ ફળ છે. વળી અતિશય પાપી રજોગુણ તમને (આદ્યઋષિને) બાંધી શકતો નથી. કેમ કે પ્રજાસૃષ્ટિ કરતાં પણ તમારું મન મારામાં જ લાગેલું રહે છે. પ્રાણીમાત્રને જાણવો મુશ્કેલ એવા મને આજે તમે જાણ્યો છે કારણ કે તમે પાંચભૂતો, ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના વિષયો તથા મન એ સર્વથી મને જુદો, તેઓના સાક્ષી તરીકે સમજ્યા છો. તમે કમળની નાળના માર્ગે કમળનું મૂળ શોધતા હતા અને "આ કમળનો કોઈ આધાર હશે કે નહિ એવો મારા સંબંધમાં તમને સંશય થયો, ત્યારે મેં તમારા હૃદયમાં મારા સ્વરૂપનું તમને દર્શન કરાવ્યું છે. હે બ્રહ્મદેવ ! તમે મારી ઉદાર કથાઓથી યુકત જે સ્તુતિ કરી અને તમને તપ કરવા ઉપર જે શ્રદ્ધા થઈ, તે મારી તમારા પર કૃપા છે. તમારું કલ્યાણ થાઓ. હું તમારા પર પ્રસન્ન છું; કારણ કે હું ગુણમય જણાઉં છું; છતાં તમે લોકોને સર્જવાની ઈચ્છાથી મને નિર્ગુણ તરીકે જ વર્ણવી મારી સ્તુતિ કરી છે. જે મનુષ્ય તમે કરેલી સ્તુતિ વડે નિત્ય મારી સ્તુતિ કરી મને ભજશે, તેના પર સર્વ કામનાઓ અને મનોરથો પૂર્ણ કરવાને સમર્થ હું સત્વર પ્રસન્ન થઈશ. તત્વ જાણનારાઓનો આવો મત છે કે વાવ, કૂવા અથવા દેવમંદિરો બંધાવવાથી, તપ, યજ્ઞો, દાન તથા યોગસમાધિથી જે ફળ થાય છે, તે મારી પ્રસન્નતા જ છે. હે બ્રહ્મા ! હું આત્માઓનો પણ આત્મા છું, તેથી સર્વ પ્રિય વસ્તુઓ કરતાં પણ અતિશય પ્રિય છું, તેમ જ નિર્દોષ છું માટે મારા ઉપર જ પ્રીતિ કરવી; કેમ કે દેહ વગેરે સર્વ પદાર્થો કેવળ મારે માટે જ પ્રિય છે. હવે સર્વનો આત્મા હું જેનું કારણ છું એવા સર્વ વેદમય તમારા પોતાના જ વડે તમે આ ત્રૈલોક્યને તથા જે પ્રજાઓ મારામાં રહેલી છે તેને પૂર્વની પેઠે સર્જો.

**મૈત્રેય બોલ્યા :** પ્રકૃતિપુરુષના નિયંતા અને જેમની નાભિમાં કમળ ઉત્પન્ન થયું હતું, એવા તે ભગવાન બ્રહ્માને એમ સૃષ્ટિસંબંધ જણાવી પોતે શ્રીનારાયણસ્વરૂપે ત્યાંથી અદશ્ય થયા.૧-૪૪

तस्मा एवं जगत्स्रष्ट्रे प्रधानपुरुषेश्वरः । व्यज्येदं स्वेन रुपेण कञ्जनाभस्तिरोदधे ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

# અધ્યાય-૧૦
## દશ પ્રકારની પ્રાકૃત આદિ સૃષ્ટિ

॥ विदुर उवाच ॥

अन्तर्हिते भगवति ब्रह्मा लोकपितामहः । प्रजाः ससर्ज कतिधा दैहिकीर्मानसीर्विभुः ॥१॥

**વિદુરે પૂછ્યું :** હે મુનિવર ! ભગવાન અદશ્ય થયા પછી સૃષ્ટિસામર્થ્ય પ્રાપ્ત કરેલ સંપૂર્ણ લોકોના પિતામહ બ્રહ્માએ શારીરિક તથા માનસિક એમ કેટલા પ્રકારની પ્રજાઓ સર્જી ? ભગવન્ ! આ સિવાય પણ મેં આપને જે વિષયો પૂછ્યા છે તે સર્વ આપ અનુક્રમે મને કહો અને અમારા સર્વે સંશયોને દૂર કરો.

સૂત બોલ્યા : હે શૌનક ! વિદુરે એ પ્રમાણે પ્રાર્થના કરેલા મુનિ મૈત્રેય પોતાના હૃદયમાં રહેલા તે સર્વ પ્રશ્નોનો પ્રસન્ન થઈ ઉત્તર આપવા લાગ્યા.

**મૈત્રેય બોલ્યા :** અજન્મા ભગવાને કહ્યું તે જ પ્રમાણે બ્રહ્માએ શ્રીનારાયણમાં મન સ્થાપી દેવતાઓનાં સો વર્ષ સુધી તપ કર્યું. પછી બ્રહ્માએ જોયું કે પોતે જેમાંથી ઉત્પન્ન થયેલા તે કમળ તથા જળ, પ્રલયકાળના બળવાન વાયુથી કંપી રહ્યું છે. તેથી તેઓ વાયુને જળની સાથે પી ગયા; કેમ કે વૃદ્ધિ પામેલા તપને લીધે તથા પરમાત્મા સંબંધી જ્ઞાન અને ઉપાસનાને લીધે તેમનું વિજ્ઞાનબળ ઘણું જ વધ્યું હતું. પછી પોતે જેના પર બેઠા હતા તે આકાશવ્યાપી કમળ સામે જોઈ તેમણે વિચાર કર્યો: ‘આ કમળ વડે જ હું લય પામેલા સર્વ લોકોને પ્રથમ સર્જીશ. આવો વિચાર કરી ભગવાને સૃષ્ટિકર્મમાં જેમને પ્રેરણા કરી હતી, એવા બ્રહ્માએ તે કમળકોશમાં પ્રવેશ કર્યો. અને તે એક જ કમળના, ત્રણ લોકના રૂપમાં વિભાગ કર્યા, કેમ કે તે કમળ ચૌદ કે એથી વધારે લોકના રૂપમાં પણ વિભાગ કરી શકાય એવું હતું. (ત્રણ લોકરૂપે જ વિભાગ કરવામાં કારણ કહે છે.) જીવોના ભોગસ્થાનોરૂપ આ ત્રણ લોકનું શાસ્ત્રોમાં વર્ણન છે, પરંતુ જેઓ ભોગેચ્છા વિનાના નિષ્કામ કર્મ કરનારા છે. તેમને મહર્લોક, તપલોક, જનલોક અને સત્યલોકરૂપ બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.

**વિદુરજી બોલ્યા :** હે મુનિ ! અનેક સ્વરૂપોવાળા અને અદ્ભુત કર્મો કરનારા શ્રીહરિનું કાળ નામનું જે સ્વરૂપ આપે કહ્યું, તેનું હે પ્રભુ ! આપ વર્ણન કરો.

**મૈત્રેય બોલ્યા :** સત્ત્વાદિ ગુણોનું મહત્તત્ત્વાદિ જે પરિણામ થાય છે અને તેને લીધે જુદા જુદા આકારે જે જણાય છે, તેનું નામ કાળ કહેવાય છે. પણ એ કાળ પોતે તો નિર્વિશેષ જુદા જુદા આકારોથી અને આદિ તથા અંતથી રહિત છે. ભગવાને એ કાળ જેમાં નિમિત્ત છે એવા પોતાના જ સ્વરૂપને લીલામાત્રમાં આ જગતસ્વરૂપે ઉત્પન્ન કર્યું છે. પૂર્વે આ જગત વિષ્ણુની માયામાં લીન થઈ કેવળ બ્રહ્મરૂપે જ રહ્યું હતું; તેને ઈશ્વરે અવ્યક્ત સ્વરૂપવાળા કાળરૂપ નિમિત્તથી પોતાથી જુદા સ્વરૂપે પ્રકાશિત કર્યું છે. વળી આ જગત જેવું હમણાં છે તેવું જ પહેલાં પણ હતું અને પછી પણ હશે. આ જગતની સૃષ્ટિ નવ પ્રકારની છે અને પ્રાકૃત તથા વૈકૃત ભેદથી દશમી સૃષ્ટિ પણ છે; તેમ જ આ જગતનો પ્રલય પણ કાળથી, દ્રવ્યથી તથા ગુણોથી એમ ત્રણ પ્રકારે થાય છે. હવે આત્મા (શ્રીહરિ )થી સત્વાદિ ગુણોની જે વિષમતા થઈ તેનાથી પ્રથમ મહત્તત્વની સૃષ્ટિ થઈ. બીજી સૃષ્ટિ અહંકારની છે. જેનાથી પાંચ મહાભૂતો, જ્ઞાનેન્દ્રિયો, ઈન્દ્રિયોના દેવતાઓ મન તથા કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. શબ્દાદિ પાંચ તન્માત્રાઓનો જે સર્ગ તે ત્રીજી સૂક્ષ્મ ભૂતસૃષ્ટિ છે. તે પાંચ સ્થૂલ મહાભૂતોને ઉત્પન્ન

કરે છે. ચોથી ઈન્દ્રિયસૃષ્ટિ છે જે કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયરૂપ છે. પાંચમી (સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ) વૈકારિક સૃષ્ટિ છે, જે દેવસંગ કહેવાય છે અને મન પણ તે જ સૃષ્ટિમય છે; અર્થાત્ આ વૈકારિક સૃષ્ટિમાં ઈન્દ્રિયોના અભિમાની દેવો તથા મનની સૃષ્ટિનો સમાવેશ થાય છે. હે વિદુરજી ! છઠ્ઠી તામસી સૃષ્ટિ પાંચ વિભાગવાળી અવિદ્યાની છે, જે અવિદ્યા જીવોને આવરણ તથા વિક્ષેપ કરનારી છે. આ છને પ્રાકૃત સૃષ્ટિઓ કહે છે. હવે વૈકૃત સૃષ્ટિને તમે મારી પાસેથી સાંભળો; જેમનું જ્ઞાન સંસારને દૂર કરે છે, તે બ્રહ્મસ્વરૂપ ભગવાનની લીલા છે. (માટે ઉદ્વેગરહિત થઈ તમે સાંભળો.) સ્થાવરોની જે મુખ્ય સૃષ્ટિ છે તે સાતમી છે. એ છ પ્રકારની છે. વનસ્પતિ, ઔષધિ, લતા, વાંસ, વીરુધ અને વૃક્ષોઃ આ છયે સ્થાવરોનો આહાર તથા સંચાર ઊંચે જાય છે. તેઓમાં ચૈતન્ય છે, પણ તે અસ્પષ્ટ હોય છે. તેઓ માત્ર અંદરના સ્પર્શને જ જાણે છે, બહારના સ્પર્શને જાણતાં નથી અને અવ્યવસ્થિત પરિણામ વગેરે અનેક ભેદવાળા હોય છે. આઠમી સૃષ્ટિ પશુ-પક્ષીઓની છે. તે અઠ્ઠાવીસ પ્રકારની માનેલી છે. એ પશુ-પક્ષીઓ અજ્ઞાની હોય છે. અતિ ગુણવાળાં હોઈ માત્ર આહાર વગેરેનું જ જ્ઞાન ધરાવે છે. સુંઘવાથી જ ઇષ્ટ વસ્તુ જાણે છે અને હૃદયમાં લાંબા જ્ઞાન વિનાનાં છે. હે શ્રેષ્ઠ વિદુરજી ! તેઓના અઠ્ઠાવીસ ભેદ આ પ્રમાણે છેઃ ગાય-બળદ, પાડો -ભેંસ, બકરું, કાળો મૃગ, ભૂંડ, રોઝ, રુરુ જાતનો મૃગ, ઘેટું અને ઊંટ આ (નવ) બે ખરીવાળાં પશુઓ છે, તેમ જ ગધેડે, ઘોડો, ખચ્ચર, એક જાતની ધોળી મૃગ જાતિ, અષ્ટાપદ મૃગ અને ચમરી ગાય આ (છ) એક ખરીવાળાં પશુઓ છે. હે વિદુરજી ! હવે પાંચ નખવાળાં પશુઓ તમે સાંભળો. કુતરું, શિયાળ, વરુ, વાઘ, બિલાડું, સસલું, શેઢાઈ, સિંહ, વાનર, હાથી, કાચબો, ઘો અને મગર વગેરે (જળચર પ્રાણીઓ); તેમ જ કાગડો, ગીધ, વટપક્ષી, બાજપક્ષી, ભાસપક્ષી, ભલ્લૂકપક્ષી, મોર, હંસ, સારસ, ચક્રવાક, કંક અને ઘુવડ વગેરે અઠ્ઠાવીસ પ્રકારની પશુપક્ષીની જાતિ છે. હે વિદુરજી ! જેઓનો આહારસંચાર નીચે જાય છે તે મનુષ્યોની એક જ પ્રકારની નવમી સૃષ્ટિ છે. આ મનુષ્યો અધિક રજોગુણવાળાં, કર્મ કરવામાં તત્પર રહેનારાં અને દુઃખમાં પણ સુખ માનનારાં હોય છે. હે અતિ સજ્જન વિદુરજી ! આ સ્થાવર, તિર્યંચ તથા મનુષ્ય-એ ત્રણ સૃષ્ટિ અને દેવોની સૃષ્ટિ પણ વૈકૃત જ કહેવાય છે. દેવસૃષ્ટિ (ઈન્દ્રિયોના અધિષ્ઠાયક) દેવોની જે વૈકારિક સૃષ્ટિ છે, તે તો પ્રથમ જ પ્રાકૃત સૃષ્ટિઓમાં કહેવાઈ ગઈ. હવે સનત્કુમાર આદિની જે કૌમારસૃષ્ટિ છે, તે પ્રાકૃત અને વૈકૃત-એમ બે પ્રકારની છે. અહીં જે વૈકૃત દેવસૃષ્ટિ કહી તે આઠ પ્રકારની છે-જેમ કે ૧. દેવો, ૨. પિતૃઓ, ૩. અસુરો, ગંધર્વો, ૪. અપ્સરાઓ, યક્ષો, ૫. રાક્ષસો, ભૂતો, ૬. પિશાચો, સિદ્ધો ને ચારણો, ૭. વિદ્યાધરો અને ૮. કિન્નરો વગેરે હે વિદુરજી ! આમ દસે પ્રકારની સૃષ્ટિઓ બ્રહ્માએ રચેલી છે.

હવે હું તમને વંશો તથા મન્વંતરો કહીશ. એ પ્રમાણે અમોઘ સંકલ્પવાળા આત્મા શ્રીહરિ રજોગુણ સ્વીકારી કલ્પના આદિસમયે સૃષ્ટિકર્તા બ્રહ્માના સ્વરૂપે થઈ જગતના રૂપમાં પોતાની જ રચના કરે છે. આ સૃષ્ટિમાં આશ્ચર્યજનક શક્તિવાળા સર્વના અધીશ્વર પરમાત્મા હોવાથી નદીમાં ભમતી ઘુમરીઓની પેઠે સૃષ્ટિ તથા સંહારનો આદિ અંત વિદ્વાનો ઇચ્છતા નથી. હે વિદુરજી ! દેવો તથા અસુરો વગેરે જે આ કલ્પમાં વર્ણવ્યા છે, તેઓ જ તે નામે તથા તે રૂપે બીજા મન્વંતરોમાં હતા. ૧-૩૧

देवासुरादयः क्षत्तः कल्पेऽस्मिन् ये च कीर्तिताः । त एव नामरूपाभ्यामासन् मन्वन्तरान्तरे ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧
## પરમાણુ વગેરેનાં લક્ષણોથી કાળની ગણતરી

॥ मैत्रेय उवाच ॥

चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा । परमाणुः स विज्ञेयो नृणामैक्यभ्रमो यतः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! પૃથ્વી આદિ કાર્યવર્ગનો જે સૂક્ષ્મતમ અંશ છે, જેના એથી વિશેષ વિભાગો થઈ શકતા નથી, જે કાર્યરૂપને પામ્યો નથી અને અન્ય પરમાણુઓ સાથે સંયોગ પણ નથી થયો, તેને પરમાણુ કહે છે. આ અનેક પરમાણુઓના પરસ્પર મળવાથી જ મનુષ્યોને ભ્રમથી તેમના સમુદાયરૂપ એક અવયવીની પ્રતીતિ થાય છે. આ પરમાણુ જેમનો સૂક્ષ્મતમ અંશ છે તે પૃથ્વી આદિ કાર્યો જ્યારે પોતાના સામાન્ય સ્વરૂપ માં રહેલાં હોય ત્યારે તે પૃથ્વી આદિ કાર્યોની એકતા (એમના સમગ્રરૂપ) નું નામ 'પરમ મહાન' છે. આ વખતે એમનામાં પ્રલય વગેરે અવસ્થાભેદનું ભાન થતું નથી, નવીન અથવા જુનું એવા કાળભેદનું જ્ઞાન થતું નથી, તેમ જ ઘટ અને પટ આવી વસ્તુભેદની કલ્પના પણ થતી નથી. હે સર્વોત્તમ વિદુરજી ! જેમ આ પદાર્થ પૂર્વોકત રીતે સૂક્ષ્મ, પ્રથમ તથા સ્થૂલ છે, એ જ પ્રમાણે પરમાણુ વગેરે અવસ્થામાં કાળની વ્યાપ્તિ પરથી કાળની પણ સૂક્ષ્મતા, મધ્યમતા તથા સ્થૂલતાનું અનુમાન થઈ શકે છે. આ કાળ શ્રીહરિની શક્તિ છે અને અવ્યક્ત સ્વરૂપવાળુ હોઈ અવ્યક્ત સ્વરૂપવાળા પદાર્થને ભોગવે છે. જે કાળ સૃષ્ટિરૂપ પ્રપંચના પરમાણુની અવસ્થા ભોગવે છે, તે પરમાણુકાળ છે અને જે સૃષ્ટિના વિશેષવિવક્ષા કે ભેદવિવક્ષારહિત સમગ્ર ભાગ ભોગવે છે, તે પરમ મહાન કાળ છે. (એ પ્રમાણે કાળની સૂક્ષ્મ તથા સ્થૂલ અવસ્થા કહી મધ્યમ અવસ્થા કહે છેઃ) ઉપર કહેલા પરમાણુઓનો અણુ થાય અને ત્રણ અણુઓ ત્રસરેણું કહેવાય છે કે જે જાળિયાંમાંથી ઘરની અંદર પડતાં સૂર્યનાં કિરણોમાં પ્રત્યક્ષ જણાય છે અને અતિશય હલકો હોવાથી આકાશમાં જ ઊડયા કરે છે. આવા ત્રણ ત્રસરેણુઓને પાર કરવામાં સૂર્યને જેટલો સમય લાગે તેટલો કાળ ત્રુટિ કહેવાય છે. સો ત્રુટિઓને એક વેધ, ત્રણ વેધને એક લવ, ત્રણ લવને એક નિમેષ, ત્રણ નિમેષને એક ક્ષણ, પાંચ ક્ષણોને એક કાષ્ઠા અને પંદર કાષ્ઠાને એક લઘુ કહે છે. પંદર લઘુની એક નાડી અથવા ઘડી, બે ઘડીનું એક મુહૂર્ત અને છ કે સાત ઘડીનો એક પ્રહર થાય છે, જે મનુષ્યોના દિવસ કે રાત્રિનો ચોથો ભાગ છે. (ઉપર જે ઘડી કહી તેનું માપ દર્શાવે છે :) છ પલ તાંબાનું એક પાત્ર લેવું. (તે શેર પાણી ભરાય તેવડું હોવું જોઈએ, તેના મૂળ ભાગમાં) વીસ ચણોઠીભાર સોનાની ચાર આંગળ લાંબી સળીથી છિદ્ર કરવું. પછી તે પાત્રને જળથી ભરેલા મોટા વાસણમાં તરતું મુકતાં નીચેના છિદ્ર દ્વારા તેમાં શેર પાણી ભરાઈને જેટલા સમયમાં તે પાણીમાં ડુબી જાય તેટલા સમયને ઘડી કહે છે. પૂર્વોકત ચાર ચાર પ્રહરોનાં મનુષ્યોનાં દિવસ અને રાત્રિ છે. હે માન આપનાર વિદુરજી ! પંદર રાત્રિ-દિવસનું એક પખવાડિયું છે. પખવાડિયાં બે છેઃ શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ. આ બે પખવાડિયાં મળી મહિનો થાય છે ત્યારે પિતૃઓનો એક રાત્રિદિવસ થાય. મનુષ્યોના બે મહિનાની એક ઋતુ થાય છે અને છ મહિનાનું એક અયન થાય છે. જે દક્ષિણ તથા ઉત્તર એમ બે પ્રકારનું છે. આ બે અયનને દેવોનો રાત્રિદિવસ કહે છે અને બાર મહિનાનું (મનુષ્યોનું) વર્ષ પણ બે અયન જ કહેવાય છે. મનુષ્યોનું વધારેમાં વધારે આયુષ્ય સો વર્ષનું કહ્યું છે. આ કાળના ક્રમથી ગ્રહો, નક્ષત્રો તથા તારામંડળમાં ગતિ કરનારા કાલાત્મા ભગવાન સૂર્ય એક વર્ષ સુધીના કાળ વડે (બાર રાશિઓરૂપ સમગ્ર) જગતમાં ઘૂમી વળે છે.

હે વિદુરજી! આ વર્ષકાળના આ પાંચ ભેદ કહેવાય છે : સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અને વત્સર. હે વિદુરજી ! આ પાંચ પ્રકારનાં વર્ષ જેને લીધે થાય છે, તે ભગવાન સૂર્યની તમે પૂજા કરો. આ સૂર્યદેવ પાંચ ભૂતોમાં તેજઃસ્વરૂપ છે. પોતાની કાળશકિતથી બીજ વગેરે પદાર્થોની અંકુર ઉત્પન્ન કરવાની શકિતને તેઓ અનેક પ્રકારે કાર્યમાં પ્રવૃત્ત કરે છે. તેઓ મનુષ્યોના મોહની નિવૃત્તિ માટે તેમના આયુષ્યનો ક્ષય કરતા આકાશમાં વિચરી રહ્યા છે. તેઓ સકામ જીવોને યજ્ઞ વગેરે કર્મોથી પ્રાપ્ત થનારાં સ્વર્ગ વગેરે મંગળમય ફળોનો વિસ્તાર કરે છે.

**વિદુર બોલ્યા :** પિતૃઓ, દેવો તથા મનુષ્યોનું તેમના વર્ષની ગણતરી પ્રમાણે વધારેમાં વધારે સો વર્ષનું આયુષ્ય આપે કહ્યું. હવે બીજા જે જ્ઞાનીઓ ત્રૈલોક્યની બહાર હોય છે, તેમનાં આયુષ્યનું માપ તમે કહો. આપ ભગવાન કાળની ગતિ બરાબર જાણો છો; કેમ કે ધીર પુરુષો યોગસિદ્ધ જ્ઞાનદષ્ટિથી સમગ્ર જગતને જુએ છે.

**મૈત્રેય બોલ્યા :** દેવતાઓનાં બાર હજાર વર્ષો વડે સંધ્યા તથા સંધ્યાના અંશની સાથે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ—એમ ચાર યુગો કહેલા છે. તેમાં અનુક્રમે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગનાં ચાર, ત્રણ, બે અને એક હજાર (દેવતાઈ) વર્ષો, અને તે જ પ્રમાણે અનુક્રમે તે તે યુગની સંધ્યા તથા સંધ્યાના અંશનાં તે તે હજારથી બેવડા સો સો વર્ષો જાણવાં. એમ આઠ, છ, ચાર અને બસોની એકંદર સંખ્યાવાળી સંધ્યા તથા સંધ્યાના અંશની વચ્ચેનો જે કાળ તેને જ કાલવેત્તાઓ યુગ કહે છે, જેમાં વર્ણાશ્રમ વિશેષ ધર્મો સ્થપાય છે. (સંધ્યા તથા સંધ્યાંશકાળમાં પણ શ્રવણકીર્તનાદિ સામાન્ય ધર્મ તો હોય જ છે.) સત્યયુગમાં ધર્મ ચાર ચરણવાળો સંપૂર્ણ હોય છે, પણ બીજા યુગોમાં વધતા અધર્મને લીધે એક એક ચરણથી તે ઓછો થતો જાય છે. હે તાત ! ત્રણે લોકની બહાર મહર્લોક વગેરેથી છેક બ્રહ્મલોક સુધીના લોકમાં ચાર હજાર યુગનો એક દિવસ અને તેવડી જ રાત્રિ હોય છે, જેમાં બ્રહ્મા ઊંઘે છે. રાત્રિ પૂરી થાય ત્યારે આરંભેલી લોકરચના છેક ચૌદ મનુઓ સુધી વ્યાપીને ભગવાન બ્રહ્માના આખા દિવસ સુધી ચાલે છે, એટલે કે બ્રહ્માની એક દિવસની લોકસૃષ્ટિમાં ચૌદ મનુઓ થાય છે. આ એક મનુ (ચાર યુગની એક ચોકડીની ગણતરી પ્રમાણે) એકોતેર ચોકડીથી કંઈક અધિક કાળ સુધી પોતાનો કાળ (આયુષ્ય) ભોગવે છે; એક એક મનુના કાળરૂપ તે તે મન્વંતરોમાં મનુઓ, તેઓના વંશજ રાજાઓ, સપ્તર્ષિઓ, દેવ અને તેઓને અનુસરનારા ગંધર્વો વગેરે એકીસાથે થાય છે. બ્રહ્માની આ સૃષ્ટિ જેમાં ત્રણે લોક સર્જાય છે, તે તેમની પ્રત્યેક દિવસની છે, જેમાં પોતપોતાનાં પુણ્યપાપરૂપ કર્મો પ્રમાણે પશુપક્ષીઓ, મનુષ્યો, પિતૃઓ તથા દેવો જન્મે છે. પ્રત્યેક મન્વંતરમાં ભગવાન સત્ત્વગુણ ધારણ કરી મનુ વગેરે પોતાની મૂર્તિઓ દ્વારા પરાક્રમ પ્રકટ કરી આ જગતનું રક્ષણ કરે છે. પછી બ્રહ્માની રાત્રિમાં કાળને લીધે સમગ્ર જગત જેમને વિષે લય પામે છે, એવા ભગવાન તમોગુણના લેશનો આશ્રય કરી પરાક્રમ સમેટી સર્વ વ્યાપારથી રહિત થઈ મૌન રહે છે (શયન કરે છે.) એ રીતે બ્રહ્માની રાત્રિ ચાલુ થાય છે. ભૂર્, ભુવર્ અને સ્વર્-એ ત્રણે લોક એ ભગવાનમાં જ લય પામે છે અને સૂર્ય તથા ચંદ્ર પણ સર્વ સ્થળથી દૂર થાય છે. ભગવાનની શકિતરૂપ સંકર્ષણના મુખના અગ્નિ વડે ત્રણે લોક બળવા લાગે છે, ત્યારે ભૃગુ આદિ ઋષિઓ તેના તાપથી પીડાઈ મહર્લોકમાંથી જનલોકમાં જાય છે. તેટલામાં તો પ્રલયકાળને લીધે વધેલા સમુદ્રો, ઉત્કટ ફૂંકાતા પ્રચંડ વાયુથી ઊછળતા તરંગોવાળા થઈ તત્કાળ ત્રણે જગતને ડુબાડી દે છે. પછી તે જળમાં શેષનાગરૂપી શય્યાવાળા અને જનલોકમાં વસતા લોકો વડે સ્તુતિ કરાતા શ્રીહરિ યોગનિદ્રા વડે નેત્રો બંધ કરી સૂએ છે. એમ કાળની પરમાણુ વગેરે ગતિથી

જણાયેલાં (સૌથી મોટાં) રાત્રિદિવસોથી યુક્ત છતાં બ્રહ્મદેવનું તે સર્વોત્કૃષ્ટ સો વર્ષનું આયુષ્ય લગભગ છે. બ્રહ્માના આયુષ્યનો અર્ધ ભાગ પરાર્ધ કહેવાય છે. આ પૂર્વ પરાર્ધ તો તે આયુષ્યમાંથી ગયો છે. હમણાં તેનો બીજો પરાર્ધ ચાલે છે. બ્રહ્મદેવના આયુષ્યના પૂર્વ પરાર્ધના આદિમાં બ્રાહ્મ નામનો મહાન કલ્પ હતો, જેમાં બ્રહ્માં ઉત્પન્ન થયા હતા. તેથી જ તેમને શબ્દબ્રહ્મ કહેવાય છે અને તે જ બ્રહ્માના પૂર્વ-પરાર્ધના અંતે જે કલ્પ હતો તે પાદ્મકલ્પ કહેવાય છે. એમાં શ્રીહરિના નાભિસરોવરમાં ત્રિભુવનાત્મક કમળ થયું હતું. હે ભારત ! જેમાં શ્રીહરિ વરાહરૂપે થયા હતા અને તેથી જ જે વરાહકલ્પ એ નામનો પ્રસિદ્ધ છે, તે હમણાં ચાલતો આ 'શ્વેતવારાહ' કલ્પ બ્રહ્માના આયુષ્યના બીજા પરાર્ધના આરંભમાં થયો છે. બ્રહ્માના આયુષ્યનો આ બે પરાર્ધ નામે જે સમગ્ર કાળ છે, તે કાર્યોપાધિથી શૂન્ય અને તેથી જ અનાદિ, અનંત એવા જગત્કારણ શ્રીપરમાત્માને માત્ર એક નિમેષકાળ ઉપચારથી કહેવાય છે; કેમ કે પરમાણુથી આરંભી છેક દ્વિપરાર્ધ સુધીનો પણ મહાસમર્થ આ કાળ સર્વાંશે પરિપૂર્ણ એવા શ્રીપરમાત્મા ઉપર પોતાની સત્તા ચલાવવા લેશમાત્ર સમર્થ નથી. માત્ર જે જીવો શરીર, ઘર વગેરે ઉપર અભિમાનવાળા છે, તેઓ પર જ કાળનું સામર્થ્ય ચાલે છે. આ બ્રહ્માંડ કોશ પાંચ મહાભૂતો અને અગિયાર ઈન્દ્રિયોરૂપ સોળ વિકારોથી યુક્ત હોઈ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર તથા પાંચ તન્માત્રાઓ (એ આઠ પ્રકૃતિઓ સહિત છે) એટલે એકંદર ચોવીસ તત્ત્વોથી બનેલો છે. વળી આ બ્રહ્માંડકોશ કે જે અંદરના જ ભાગમાં પચાસ કરોડ યોજન વિસ્તારવાળા અને બહારના ભાગમાં પોતાની ઉત્તરોત્તર દસદસગણાં મોટાં પૃથ્વી વગેરે સાત પડોથી વીંટાયેલો છે, તે આવો વિશાળ બ્રહ્માંડકોશ એ પરમાત્માના શરીરની અંદર રહેલા એક પરમાણુ જેવડો જણાય છે. એવા એવા બીજા કરોડો બ્રહ્માંડના ઢગલાઓ પરમાત્માના શરીરમાં એવા પરમાણુ જેવા જ જણાય છે. તે પરમાત્મા અક્ષર બ્રહ્મ કહેવાય છે. તે સર્વના કારણના પણ કારણ છે અને પુરાણપુરુષ શ્રીવિષ્ણુ ભગવાનનું પરમધામ સ્વરૂપ છે. ૧-૪૧

तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥४१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## બ્રહ્માની માનસી તથા મૈથુની સૃષ્ટિ

॥ मैत्रेय उवाच ॥

इति ते वर्णितः क्षत्तः कालाख्यः परमात्मनः । महिमा वेदगर्भोऽथ यथास्राक्षीन्निबोध मे ॥१॥

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! એ પ્રમાણે મેં પરમાત્માનો કાળ નામનો મહિમા તમારી આગળ વર્ણવ્યો. હવે બ્રહ્માએ જે પ્રમાણે આ સર્વ સર્જ્યું, તે મારી પાસેથી સાંભળો. બ્રહ્માએ એ પોતાની સૃષ્ટિમાં સૌથી પ્રથમ તમસ, મોહ, મહામોહ, તામિસ્ત્ર અને અંધતામિસ્ર એ પાંચ અવિદ્યાની વૃત્તિઓ ઉત્પન્ન કરી. અતિશય પાપી આ સૃષ્ટિ જોઈને તેને સર્જનાર પોતાના આત્માને બ્રહ્માએ યોગ્ય માન્ય નહિ, પછી તેમણે ભગવાનના ધ્યાનથી પવિત્ર મન વડે સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર-એ ચાર મુનિઓરૂપી બીજી સૃષ્ટિ ઉત્પન્ન કરી. એ મુનિઓ સર્વ ક્રિયાઓથી રહિત અને ઊર્ધ્વરેતા હતા. સ્વયંભૂ બ્રહ્માએ તે પુત્રોને કહ્યું : "હે પુત્રો ! તમે પ્રજાઓ ઉત્પન્ન કરો." પણ તેઓએ તે વાત ઇચ્છી નહિ; કેમ કે તેઓ મોક્ષધર્મ ઈચ્છતા હતા અને ભગવાન વાસુદેવમાં જ તત્પર રહેનારા હતા. પોતાની આજ્ઞાનો અનાદર કરનારા

એ પુત્રોએ એ રીતે પોતાનું અપમાન કર્યું, તેથી બ્રહ્માને અતિ દુઃસહ ક્રોધ થયો; પણ તેમણે તે ક્રોધને રોકવા આરંભ કર્યો. બુદ્ધિપૂર્વક રોકવામાં આવેલો છતાં તે ક્રોધ બ્રહ્માની ભ્રૂકુટિની વચ્ચેથી નીલલોહિત કુમારરૂપે તત્કાળ ઉત્પન્ન થયો. દેવોના પૂર્વજ તે શિવ ભગવાન (ઉત્પન્ન થઈ તરત ) રડવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ 'હે ધાતા !હે જગતના ગુરુ ! તમે મારાં નામ પાડો અને રહેવાનાં સ્થાન કરો. ભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા રુદ્રદેવનું તે વચન પાળતા કલ્યાણકારી વાણીથી બોલ્યા : 'તું રડ મા'. હું તારાં નામ તથા સ્થાન કરું છું. હે દેવશ્રેષ્ઠ ! તું ઉત્પન્ન થયો કે તરત ઉદ્વેગ પામેલા બાળકની પેઠે રડી પડયો. તેથી પ્રજાઓ તને 'રુદ્ર' એ નામથી ઓળખશે. હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તપ —એ સ્થાનો મેં તારે માટે પ્રથમથી જ કર્યા છે. મન્યુ, મનુ, મહેશોન, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતસ્, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત, આ અગિયાર તારાં નામો પ્રસિદ્ધ થશે. હે રુદ્ર ! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત, સાર્પસ, ઇલા, અંબિકા, ઈરાવતી, સુધા અને દીક્ષા એ અગિયાર રુદ્રાણીઓ તારી સ્ત્રીઓ થશે. આ નામો તથા સ્થાનો તું તારી સ્ત્રીઓ સાથે ગ્રહણ કર અને એથી યુકત થઈ તું અનેક પ્રજાઓને ઉત્પન્ન કર, કારણ કે તું પ્રજાઓનો પતિ છે.'

ગુરુ બ્રહ્મદેવે એમ આજ્ઞા કરી એટલે ભગવાન રુદ્રે પોતાનાં બળ, આકૃતિ તથા સ્વભાવ વડે પોતાના જેવી પ્રજા સર્જવા માંડી. રુદ્રદેવે સર્જેલી એ ભયંકર પ્રજાઓનાં અસંખ્ય ટોળાંને ચારે તરફથી જગતને ગળી જતાં જોઈ પ્રજાપતિ બ્રહ્મા શંકિત થયા. અને રુદ્રદેવને કહેવા લાગ્યા : ''હે દેવશ્રેષ્ઠ ! આ પ્રજાઓ તો પોતાની ઉગ્રદષ્ટિથી સમગ્ર દિશાઓને મારી સાથે બાળી નાખે છે, માટે આવી પ્રજાઓ ઉત્પન્ન ન કરો; પણ પ્રાણીમાત્રને સુખ આપનારું તપ કરો; તમારું કલ્યાણ થાઓ. તમે તપથી જ પૂર્વની પેઠે જગત સર્જી શકશો કેમ કે તપથી જ પુરુષ પ્રાણીમાત્રની હૃદયગુહામાં વસનારા પરમ જ્યોતિરૂપ અને ઈન્દ્રિયાતીત ભગવાનને જ અનાયાસે પામે છે.

**મૈત્રેય બોલ્યા :** ''બ્રહ્મદેવે એમ આજ્ઞા કરી એટલે વાણીના પતિ તે બ્રહ્માને પ્રદક્ષિણા કરી 'બહુ સારું'' એમ કહી રુદ્રદેવ તપ કરવા વનમાં ગયા. પછી ભગવાનની શકિતથી યુક્ત તે બ્રહ્મા સૃષ્ટિરચના સંબંધી વિચાર કરવા લાગ્યા. તેવામાં લોકરચનામાં કારણભૂત દસ પુત્રો તેમનાથી ઉત્પન્ન થયા. જેમ કે મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતું, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને દસમા નારદ, તેમાં નારદ બ્રહ્મદેવના ખોળામાંથી, દક્ષ અંગૂઠામાંથી, વસિષ્ઠ પ્રાણથી, ભૃગુ ચામડીમાંથી, ક્રતુ હાથમાંથી, પુલહ નાભિમાંથી, અત્રિ બે નેત્રમાંથી અને મરીચિ મનથી ઉત્પન્ન થયા. તેમ જ જ્યાં નારાયણ રહે છે એવા બ્રહ્માના જમણા સ્તનમાંથી સાક્ષાત્ ધર્મ ઉત્પન્ન થયા અને અધર્મ તેમની પીઠમાંથી ઉત્પન્ન થયો કે જેનાથી પ્રાણીમાત્રનું ભયંકર મૃત્યુ થાય છે. વળી બ્રહ્મદેવના હૃદયમાંથી કામ, ભ્રૂકુટિમાંથી ક્રોધ, હોઠમાંથી લોભ, મુખમાંથી વાણી, લિંગમાંથી સમુદ્રો અને ગુદામાંથી પાપોના આશ્રયરૂપ નિર્ઋતિ રાક્ષસ ઉત્પન્ન થયો; તેમ જ જગતના કર્તા બ્રહ્માની છાયામાંથી દેવહૂતિના પતિ પ્રભુ કર્દમ ઉત્પન્ન થયા. એ રીતે બ્રહ્માનાં મન તથા શરીરથી આ જગત ઉત્પન્ન થયું. હે વિદુરજી ! બ્રહ્માએ મનને હરણ કરતી પોતાની સુંદર પુત્રી સરસ્વતીને તે ઇચ્છતી ન હતી. છતાં કામાસક્ત થઈ (વિષયભોગ માટે) ઈચ્છા હતી એમ અમે સાંભળ્યું છે. એમ જેમણે અધર્મમાં બુદ્ધિ કરી હતી એવા તે પિતાને જોઈ 'મરીચિ વગેરે મુનિઓએ આપણું કહેવું માનશે' એવા વિશ્વાસથી તેમને આમ સમજાવ્યા; 'તમે સમર્થ છો, તોપણ કામને વશ ન કરી પુત્રી પ્રત્યે વિષયવાસનાથી ગમન કરો, એ નિંદ્ય કર્મ તમારાથી પૂર્વે થયેલાઓએ પણ હજી કર્યું નથી અને બીજા કોઈ

કરશે નહિ. હે જગતના ગુરુ ! તેજસ્વી પુરુષોને પણ આ કર્મ સત્કીર્તિ આપનાર ન જ હોય; કેમ કે તેમના ચરિત્રને અનુસરવાથી જ આ લોકો પણ કલ્યાણ પામવા સમર્થ થાય છે.' જેમણે આત્માની અંદર રહેલા આ જગતને પોતાના તેજથી પ્રકટ કર્યું છે, તે આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ, તે આપ ધર્મનું રક્ષણ કરવા યોગ્ય છો. એમ પોતાની આગળ આ પ્રમાણે કહી રહેલા પ્રજાપતિ પુત્રોને જોઈ બ્રહ્માએ તે સમયે શરમાઈને પોતાના એ શરીરનો ત્યાગ કર્યો એટલે એ ઘોર શરીરને દિશાઓએ ગ્રહણ કર્યું. જેને ધુમ્મસ તથા અંધારું કહે છે. પછી કોઈ સમયે બ્રહ્માએ વિચાર કર્યો : 'પૂર્વકલ્પમાં જેમ હળીમળીને લોકો રહેતા હતા, તેવા લોકોને હું કેવી રીતે સર્જીશ ?' આવો વિચાર કરતાં જ તેમના ચાર મુખમાંથી વેદો થયા; તેમ જ હોતા વગેરે ચાર ઋત્વિજોનાં કર્મ, યજ્ઞોનો વિસ્તાર, ઉપવેદો, ન્યાયો, ધર્મનાં ચાર ચરણો, ચાર આશ્રમો તથા ચારે આશ્રમોની આજીવિકાઓ પણ ઉત્પન્ન થઈ.

**વિદુરજી બોલ્યા :** "હે તપોધન ! પ્રજાપતિઓના ઈશ્વર બ્રહ્માએ મુખથી વેદ વગેરે ઉત્પન્ન કર્યા તો એ દેવે જે મુખથી જે જે વેદ વગેરે ઉત્પન્ન કર્યા હોય તે તે મને કહો.

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્માએ ઋગ્વેદને આગલા મુખથી, યજુર્વેદને જમણા મુખથી, સામવેદને પાછલા મુખથી અને અથર્વવેદને ઉત્તર તરફના મુખથી ઉત્પન્ન કર્યા. તે જ પ્રમાણે શસ્ત્રકર્મ. ઈજ્યાકર્મ, સ્તુતિસ્તોમ તથા પ્રાયશ્ચિત્તને પણ એ જ ક્રમે ઉત્પન્ન કર્યા. વળી આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, તથા વિશ્વકર્માના સ્થાપત્યવેદ—શિલ્પશાસ્ત્રને પણ બ્રહ્માએ પોતાના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર તરફના મુખથી અનુક્રમે ઉત્પન્ન કર્યા. ઈતિહાસ તથા પુરાણરૂપી પાંચમો વેદ તે સર્વદ્રષ્ટા સમર્થ બ્રહ્માએ પોતાનાં સર્વ મુખોથી ઉત્પન્ન કર્યો. વળી ષોડશી અને ઉકથ યજ્ઞને પૂર્વ મુખથી, પુરીષિ તથી અગ્નિહોમ યજ્ઞને દક્ષિણ મુખથી, આપ્તોર્યામ, તથા અતિરાત્ર યજ્ઞને પશ્ચિમ મુખથી અને વાજપેય તથા ગોસવ યજ્ઞને ઉત્તર મુખથી ઉત્પન્ન કર્યા. વળી વિદ્યા, દાન, તપ અને સત્ય-એ ધર્મનાં ચાર ચરણો તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યસ્તએ ચાર આશ્રમો તેમની આજીવિકાઓ સાથે અનુક્રમે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર મુખોમાંથી સર્જ્યા છે. આમાં બ્રહ્મચર્યાશ્રમ ચાર પ્રકારનો છે; સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને બૃહદ્. ગૃહસ્થાશ્રમ એક જ પ્રકારનો છે પણ તેમાં કરવાની આજીવિકા ચાર પ્રકારની છે : ખેતી વગેરે વાર્તા નામની આજીવિકા, યજ્ઞયાગ કરાવવારૂપી સંચય નામની આજીવિકા, કોઈની પાસે માગ્યા વિના આજીવિકા ચલાવવી તે શાલીન નામની આજીવિકા અને બજારમાં વેચતાં, ખરીદતાં એની મેળે વેરાયેલા દાણાઓ વીણી લાવી આજીવિકા કરવી તે શિલોંચ્છ નામની આજીવિકા છે હવે વનમાં રહેનારા વાનપ્રસ્થો ચાર પ્રકારના છે : વૈખાનસ, વાલખિલ્ય, ઔદુંબર અને ફેનપ. વળી ચોથા સંન્યાસ આશ્રમમાં પણ ચાર ભેદો છે. કુટીચક, બહૂદક, હંસ અને નિષ્ક્રિય (પરમહંસ). વળી બ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી મોક્ષવિદ્યા, દક્ષિણ મુખમાંથી ધર્મવિદ્યા, પશ્ચિમ મુખમાંથી કામવિદ્યા અને ઉત્તર મુખમાંથી અર્થવિદ્યા ઉત્પન્ન થઈ, તેમ જ ભૂઃ, ભુવઃ સ્વઃ, મહઃ. એ ચાર વ્યાહ્યતિઓ પણ બ્રહ્મદેવના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર મુખમાંથી ઉત્પન્ન થઈ અને ૐકાર બ્રહ્માના હૃદયાકાશમાંથી ઉત્પન્ન થયો. વળી તે સમર્થ પ્રજાપતિ બ્રહ્માનાં રૂંવાડાંમાંથી ઉષ્ણિક્ છંદ, ત્વચામાંથી ગાયત્રી, માંસમાંથી ત્રિષ્ટુપ્, સ્નાયુ નામની નાડીથી અનુષ્ટુપ્, હાડકાંમાંથી જગતી, મજ્જામાંથી પંકિત અને પ્રાણથી બૃહતી છંદ ઉત્પન્ન થયો. વળી क થી म સુધીના પચ્ચીસ સ્પર્શ અક્ષર બ્રહ્માનાં જીવરૂપે થયા છે; अ વગેરે સ્વરો તેમનું શરીર કહેવાય છે. श, ष, स, ह, એ ઉષ્માક્ષરો એમની ઈન્દ્રિયો કહેવાય છે. य, र, ल, व એ ચાર અંતઃસ્થ અક્ષરો એમનું બળ

કહેવાય છે અને સાત સ્વરો બ્રહ્માની ક્રીડામાંથી થયા છે. એ રીતે બ્રહ્મદેવ શબ્દ બ્રહ્મસ્વરૂપ છે અને વૈખરી વાણી તથા ૐકારના પણ આત્મા છે, તેથી તેમને અનેક જાતની શકિતઓથી વૃદ્ધિ પામેલ વ્યાપક પરબ્રહ્મનો નિત્ય સાક્ષાત્કાર થાય છે. બ્રહ્માએ પ્રથમ કામાસક્ત શરીર છોડયું હતું કે ઝાકળ તથા અંધકારરૂપે થયું હતું, તેથી હવે તેમણે બીજું શરીર ગ્રહણ કરી સૃષ્ટિ રચવા મન કર્યું હતું. હે વિદુરજી! મરીચિ વગેરે ઋષિઓ જોકે ઘણા જ પરાક્રમી હતા. તેઓની સૃષ્ટિનો વિસ્તાર ન થયેલો જાણી બ્રહ્માએ તેની વૃદ્ધિ માટે ફરી વિચાર કર્યો હતોઃ ''અહો !આ આશ્ચર્ય છે કે હું નિત્ય સૃષ્ટિની વૃદ્ધિ માટે વ્યાપાર કરું છું, છતાં મારી પ્રજાઓ વૃદ્ધિ પામતી નથી તો આમાં નકકી દૈવ જ વિઘાતક છે.'' એમ વિચારી સૃષ્ટિની વૃદ્ધિ માટે તેમણે યોગ્ય પ્રયત્ન કર્યો અને ઈશ્વરકૃપાની રાહ જોવા માંડી. તેવામાં તેમના શરીરના બે વિભાગ થયા જેને હજી પણ લોકો 'કાય' કહે છે. એ બે રૂપના વિભાગોમાંથી સ્ત્રીપુરુષનું યુગલ થયું. તેમાં જે પુરુષ હતો તે ચક્રવર્તી રાજા સ્વાયંભુવ મનુ હતા અને જે સ્ત્રી હતી, તે શતરૂપા નામની એ મહાત્માની મહારાણી હતી. પછી તે વખતે મિથુનધર્મથી પ્રજાઓ વધવા માંડી. સ્વાયંભુવે પણ શતરૂપામાં પાંચ સંતાનો ઉત્પન્ન કર્યા. તેમાં હે ભારત ! પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્રો અને આકૂતિ, દેવહૂતિ તથા પ્રસૂતિ નામે ત્રણ કન્યાઓ હતી. હે શ્રેષ્ઠ વિદુરજી ! સ્વાયંભુવે આકૂતિ રુચિને, વચલી દેવહૂતિ કર્દમને અને પ્રસુતિ દક્ષને આપી. આ ત્રણે સંતતિથી જગત ભરાઈ ગયું.' ૧-૫૬

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम् । दक्षायादात्प्रसूतिं च यत आपूरितं जगत् ॥५६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## ભગવાનનો વરાહ અવતાર ને હિરણ્યાક્ષનો વધ

॥ श्रीशुक उवाच ॥

निशम्य वाचं वदतो मुनेः पुण्यतमां नृप । भूयः पप्रच्छ कौरव्यो वासुदेवकथादृतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત રાજા ! એમ કહેતાં મુનિ મૈત્રેયની અતિ પવિત્ર વાણી સાંભળી ભગવાનની કથામાં આદરવાળા વિદુરજીએ ફરી પૂછયું :

**વિદુરજી બોલ્યા :** હે મુનિ ! બ્રહ્માના પ્રિય પુત્ર સમ્રાટ સ્વાયંભુવ મનુએ પ્રિય પત્ની શતરૂપાને મેળવી શું કર્યું ? હે મહાશ્રેષ્ઠ મુનિ ! તે આદિ રાજા રાજર્ષિનું ચરિત્ર મને શ્રદ્ધાળુને તમે કહો; કેમ કે તે ભગવાનના ભક્ત હતા. જેમાં ઘણો કાળ પરિશ્રમ પડે છે તેવા પુરુષોને શાસ્ત્રાધ્યયન વગેરેનો એ જ ઉત્તમ અર્થ વિદ્વાનોએ વખાણ્યો છે કે તેઓએ જેમના હૃદયમાં શ્રીભગવાનનું ચરણકમળ હોય તેવા ભકત પુરુષના ગુણો જ સાંભળવા.

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'હે રાજન્ ! વિદુરજી સહસ્રશીર્ષા ભગવાન શ્રીહરિનાં ચરણોના આશ્રિત ભકત હતા. તેમણે જ્યારે મૈત્રેય મુનિને ભગવાનની કથા કહેવા માટે વિનયપૂર્વક પ્રેરણા કરી ત્યારે હર્ષથી મૈત્રેય મુનિનાં રોમરોમ ખીલી ઊઠ્યાં. તેઓ કહેવા લાગ્યા.

**મૈત્રેય બોલ્યા :** જ્યારે પત્ની સાથે સ્વાયંભુવ મનુ ઉત્પન્ન થયા ત્યારે તેમણે બે હાથ જોડી પ્રણામ કરી બ્રહ્મદેવને કહ્યું, કે કેવળ આપ જ પ્રાણીમાત્રના જન્મદાતા અને પોષક પિતા છો; તેથી અમે આ આપની પ્રજાઓ ક્યા કર્મથી આપની સેવા કરીએ ? હે સ્તુતિ કરવા યોગ્ય બ્રહ્મદેવ ! હું તમને નમસ્કાર

કરું છું. અમારાથી બની શકે તેવાં કર્મોમાંથી જે કરીને આ લોકમાં અમારે યશ બધે ફેલાય અને પરલોકમાં સારી ગતિ થાય તે અમારુ કર્તવ્યકર્મ તમે કહો.

**બ્રહ્મા બોલ્યા :** ''હે તાત ! હું તમારા પર પ્રસન્ન છું. હે રાજા ! તમારું બન્નેનું કલ્યાણ થાઓ; કારણ કે 'અમને આજ્ઞા કરો' એમ તમે પોતાની મેળે નિષ્કપટ હૃદયથી મને જણાવ્યું છે. હે વીર ! પુત્રોએ પિતાની આટલી સેવા કરવી જોઈએ કે તેઓએ પ્રમાદ છોડી મત્સરરહિત થઈ શક્તિ પ્રમાણે પિતાની આજ્ઞા આદરપૂર્વક પાળવી. તું આ સ્ત્રીમાં ગુણો વડે પોતાના જ જેવાં સંતાનો ઉત્પન્ન કરી ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કર અને યજ્ઞો વડે શ્રીહરિનું પૂજન કર. હે રાજા ! પ્રજાઓનું રક્ષણ કરવાથી મારી ઉત્તમ સેવા થશે અને ભગવાન હૃષીકેશ પણ પ્રજાઓનું રક્ષણ કરતાં તમારા પર પ્રસન્ન થશે. જેઓના ઉપર ભગવાન યજ્ઞમૂર્તિ જનાર્દન પ્રસન્ન થયા નથી તેઓનો શ્રમ વ્યર્થ જ થાય છે; કેમકે તેઓએ પોતે આત્માનો જ આદર કર્યો નથી.

**મનુ બોલ્યા :** હે પાપોનો નાશ કરનારા પ્રભુ ! હું આપની આજ્ઞામાં જ વર્તીશ, પણ પ્રજાઓ અને મારા માટે અહીં કોઈ સ્થાનની તમે આજ્ઞા કરો; કારણ કે પ્રાણીમાત્રનું નિવાસસ્થાન પૃથ્વી તો આ મહાન જળમાં ડૂબેલી છે. હે દેવ ! એ પૃથ્વીદેવીનો ઉદ્ધાર કરવા તમે પ્રયત્ન કરો.

**મૈત્રેય બોલ્યા :** પછી બ્રહ્માએ પૃથ્વીને તે પ્રમાણે જળમાં ડૂબેલી જોઈ ઘણાં કાળ સુધી બુદ્ધિથી વિચાર કર્યો: 'હું આ પૃથ્વીને જળમાંથી કેવી રીતે બહાર કાઢીશ ? હું સૃષ્ટિરચના કરતો હતો ત્યાં તે પાણીએ ડુબાડેલી પૃથ્વી છેક રસાતળમાં ગઈ છે; તે પરમાત્માએ સૃષ્ટિરચનામાં જોડેલા અમારે આ વિષયમાં શું કરવું જોઈએ ? જેમના હૃદયમાંથી હું થયો છું તે પરમેશ્વર જ એને મેળવી આપે.' હે નિર્દોષ વિદુર ! બ્રહ્મા એવો વિચાર કરતા હતા તેવામાં તે તેમની નાસિકાના છિદ્રમાંથી એક ભૂંડનું બચ્ચું નીકળ્યું. તે પ્રથમ અંગૂઠા જેવડું દેખાયું ને ક્ષણવારમાં તો હે ભારત ! બ્રહ્મદેવના દેખતાં તે આકાશમાં પહોંચીને હાથીના જેવડું વધ્યું, એ મોટું આશ્ચર્ય હતું. મરીચિ વગેરે બ્રાહ્મણો, સનકાદિ કુમારો અને સ્વાયંભુવ મનુ સાથે બ્રહ્મા ભૂંડનું એ સ્વરૂપ જોઈ અનેક પ્રકારના તર્ક કરવા લાગ્યા. અહો ! આ આશ્ચર્ય છે કે મારા નાકમાંથી નીકળેલું અને ભૂંડના આકારવાળું આ ક્યું દિવ્ય પ્રાણી ઊભું છે ? પ્રથમ તો એ અંગૂઠાના ટેરવા જેવડું દેખાયું હતું અને પછી ક્ષણવારમાં પર્વતની મોટી શિલા જેવડું વધ્યું છે ! શું આ મારા મનને ખેદ ઉપજાવતા ભગવાન યજ્ઞમૂર્તિ છે ? બ્રહ્મા પુત્રો સાથે એમ વિચાર કરતા હતા તેવામાં તો મોટા પર્વત જેવડા તે યજ્ઞપુરુષ ભગવાને ગર્જના કરી. સર્વ દિશાઓ ગજાવતી પોતાની ગર્જના વડે સમર્થ શ્રીહરિએ બ્રહ્મા તથા તે શ્રેષ્ઠ બ્રાહ્મણોને હર્ષ ઉપજાવ્યો. જન, તપ તથા સત્ય લોકમાં વસનારા તે મુનિઓ પોતાના ખેદ નાશ કરનાર એ માયામય ભૂંડની ગર્જના સાંભળી ત્રણ પવિત્ર વેદો વડે તેમની સ્તુતિ કરવા લાગ્યા. જેમની મૂર્તિની વેદો પણ સ્તુતિ કરે છે એવા તે વરાહમૂર્તિ ભગવાન પોતાના ગુણાનુવાદવાળા તેમનાં વેદવચનો સાંભળી, દેવોના ઉદય માટે ફરી મોટી ગર્જના કરી મોટા હાથી જેવી લીલા કરતા જળમાં પેઠા. તે વેળા જેમણે પૂંછડું ઊંચું કર્યું હતું, આકાશમાં ગતિ કરતા, કઠોર શરીરવાળા, પોતાની ખાંધ પર રહેલા વાળને ધુણાવતા, જેમનાં રૂંવાડાં અને ચામડી ખરસટ હતાં, ખરીઓ વડે વાદળાં વિખેરતા, અતિશય ધોળી દાઢોવાળા, દૃષ્ટિરૂપ પ્રકાશવાળા અને પૃથ્વીનો ઉદ્ધાર કરનારા તે વરાહ ભગવાન શોભતા હતા.

જોકે તે યજ્ઞના અંગરૂપ જ હતા, છતાં તે વખતે વરાહના સ્વરૂપમાં હોઈ, પૃથ્વીનાં માર્ગને (ભૂંડની પેઠે) નાસિકા વડે સુંઘતા હતા. પછી તે સ્તુતિ કરતા બ્રાહ્મણો પ્રત્યે સૌમ્ય દૃષ્ટિથી જોઈ તેમણે જળમાં પ્રવેશ કર્યો. તે સમયે વજ્રમય પર્વત જેવા અંગવાળા તે ભગવાનના જળમાં પડવાના વેગથી સમુદ્રનો મધ્યપ્રદેશ ચિરાઈ ગયો અને તેથી સમુદ્ર જાણે પીડા પામ્યો હોય તેમ મોટા તરંગોરૂપી ભુજાઓ પહોળી કરી બૂમ પાડતો "હે યજ્ઞેશ્વર ! મારું રક્ષણ કરો" એમ પોકારતો હતો. એટલામાં યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન કે જે પ્રલયકાળે જળમાં શયન કરે છે, તે અસ્ત્રા જેવી તીક્ષ્ણ ખરીઓથી તે અપાર જળને કાપતા છેક રસાતળમાં ગયા. ત્યાં સર્વ જીવોની આધારભૂત અને પ્રલયકાળે જેને પોતે ઉદરમાં ધારણ કરી હતી તે પૃથ્વીને તેમણે જોઈ. પછી જળમાં ડૂબેલી તે પૃથ્વીને પોતાની દાઢો વડે ઊંચકી લઈને તે ભગવાન રસાતળમાંથી જ્યારે આવતા હતા, ત્યારે અત્યંત શોભતા હતા. એ વેળા તે જળની અંદર અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ દૈત્ય હાથમાં ગદા લઈ ધસી આવ્યો અને તેમને રોકવા લાગ્યો. એટલે ચક્રની પેઠે પ્રજ્વલિત તીવ્ર ક્રોધવાળા ભગવાને સિંહ જેમ હાથીને મારે તેમાં લીલામાત્રમાં તેને મારી નાખ્યો. એ સમયે જેમ મોટો હાથી પહાડની ગેરુવાળી ભૂમિને દંતૂશળથી ચીરતાં લાલ ગંડસ્થળવાળો તથા મુખવાળો થાય, તેમ વરાહ ભગવાનનાં ગંડસ્થળ તથા મુખ પણ એ દૈત્યના લોહીરૂપી કાદવથી ખરડાયાં હતાં. (લાલ થયાં હતાં.) પછી હે વિદુરજી ! તમારા જેવા શ્યામ રંગવાળા અને દાંતના અગ્ર ભાગ પર હાથીની લીલા પ્રમાણે પૃથ્વીને ઊંચકી રહેલા તે ભગવાનને જોઈ, બ્રહ્માદિ ઋષિઓ બે હાથ જોડી વેદવાક્યોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.

**ઋષિઓ બોલ્યા :** હે અજિત ! આપનો જય હો ! જય હો ! હે યજ્ઞો વડે સાક્ષાત્કાર કરવા યોગ્ય ભગવન્ ! પોતાના વેદમય શરીરને ધુણાવતા આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપનાં રૂંવાડાંનાં છિદ્રોમાં સર્વ યજ્ઞોનો સમાવેશ થાય છે અને પૃથ્વીના ઉદ્ધાર માટે આપ ભૂંડસ્વરૂપે બન્યા છો તે આપને નમસ્કાર હો ! હે દેવ ! આપનું આ યજ્ઞાત્મક સ્વરૂપ કે જેની ત્વચામાં ગાયત્રી વગેરે છંદો, રૂંવાડાંમાં દર્ભો, નેત્રોમાં ઘી અને ચરણોમાં હોતા, ઉદ્‌ગાતા, અધ્વર્યુ તથા બ્રહ્મા-એ ચાર ઋત્વિજોનાં ચાર કર્મો રહેલાં છે. તેનું દર્શન પાપી અંતઃકરણવાળા પુરુષોને ખરેખર દુર્લભ છે. હે ઈશ્વર ! આપના આ સ્વરૂપના મુખના અગ્ર ભાગમાં સ્રુક્ નામે યજ્ઞપાત્ર, બે નાસિકાનાં છિદ્રોમાં સ્રુવ નામે યજ્ઞપાત્ર, ઉદરમાં ઈડા નામે યજ્ઞશેષ ભક્ષણ કરવાનું પાત્ર, કાનનાં છિદ્રમાં ચમસ નામે સોમરસ ભરવાનાં પાત્રો, મુખમાં બ્રહ્માનો ભાગ મૂકવાનું પ્રાશિત્ર નામે યજ્ઞપાત્ર અને મુખની અંદરના છિદ્રમાં ગ્રહ નામે સોમરસનું પાત્ર રહ્યું છે. હે ભગવન્ ! અગ્નિહોત્ર તે આપનું ચાવવું છે. આપનું વારંવાર પ્રગટ થવું તે યજ્ઞસ્વરૂપ એવા આપની દીક્ષણીય નામે ઈષ્ટિ છે, આપની ડોક ઉપસદ્ નામની ત્રણ ઈષ્ટિઓ છે અને આપની બંને તરફથી દાઢો તે અનંત ઈષ્ટિ અને સમાપ્તીષ્ટિ છે. પ્રત્યેક ઉપસદ્ ઈષ્ટિમાં પ્રથમ કરાતો ગરુડયાગ તે આપની જીભ છે, હોમરહિત સભ્ય નામનો અગ્નિ તથા આવસથ નામનો ઉપાસનાગ્નિ તે યજ્ઞસ્વરૂપ આપનું મસ્તક છે અને ઈષ્ટકાચયન તે પાંચ પ્રાણો છે. હે દેવ ! સોમ આપનું વીર્ય છે; પ્રાતઃસવન, મધ્યાહ્નસવન અને સાંયસવન—એ ત્રણ આપની બાલ્ય, યૌવન તથા વૃદ્ધાવસ્થા છે. અગ્નિષ્ટોમ-અત્યગ્નિષ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરાત્ર તથા આપ્તોર્યામ-એ સાત યજ્ઞવિભાગો આપની ત્વચા, માંસ વગેરે શરીરની સાત ધાતુઓ છે અને અનેક યાગના સમૂહરૂપ દ્વાદશાહ વગેરે સત્રો (યજ્ઞો) તે આપના શરીરના સાંધા

છે. આ રીતે યજનક્રિયા એ જ જેમના શરીરનું બંધારણ છે એવા આપ સોમસહિત યજ્ઞોરૂપ અને સોમરહિત ક્રતુઓરૂપ છો. સર્વ મંત્રો, દેવતાઓ, હોમસાધન દ્રવ્ય, યજ્ઞ અને અને સર્વ ક્રિયાઓ સ્વરૂપ આપને અમારા વારંવાર નમસ્કાર હો ! વૈરાગ્યયુક્ત કર્મો કરવાથી થતી ચિત્તશુદ્ધિ તે દ્વારા થતી ભક્તિ અને તે દ્વારા થતી ચિત્તની સ્થિરતા વડે સાક્ષાત્કાર કરેલા જ્ઞાનસ્વરૂપ અને સર્વ વિદ્યાઓના ગુરુ આપને વારંવાર નમસ્કાર હો ! હે પૃથ્વીને ધારણ કરનાર ભગવન્ ! આપે દાઢના અગ્રભાગની ટોચ પર ધારણ કરેલી પર્વતો સહિત આ પૃથ્વી જળમાંથી નીકળતા મદોન્મત્ત હાથીએ દાંત વડે ધારણ કરેલી પાંદડાંઓ સહિત કમલિનીની પેઠે શોભે છે. આપનું આ વેદમય વરાહસ્વરૂપ દાંત વડે ધારણ કરેલા ભૂમંડળ વડે એવું શોભે છે કે જાણે શિખર ઉપર ધારણ કરેલા મોટા મેઘમંડળ વડે શ્રેષ્ઠ કુલાચલ પર્વત શોભી રહ્યો ન હોય ! હવે સ્થાવર જંગમ જગતને વસવાના સ્થાન માટે સર્વના પિતા આપ, પોતાની પત્નીરૂપ અને તેથી જ સર્વની માતારૂપ આ પૃથ્વીને સારી રીતે સ્થાપી દો. એટલે અમે આ ભૂમિમાતાને આપની સાથે નમન કરીએ; કારણ કે જેમ યાજ્ઞિકો મંત્ર દ્વારા અરણિકાષ્ઠમાં અગ્નિદેવનું સ્થાપન કરે છે, તેમ આપે પણ પોતાના તેજરૂપ ધારણાશકિત આ ભૂમિમાં સ્થાપી છે. હે પ્રભો ! આપ વિના બીજો ક્યો પુરુષ રસાતળમાં ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું કાર્ય કરવાની ઈચ્છા પણ કરી શકે ? (ખરેખર આપે આ અતિ દુષ્કર કાર્ય કર્યું છે.) પણ જેમનામાં સર્વ આશ્ચર્યો સમાય છે એવા આપ વિષે આ આશ્ચર્ય નથી, કેમ કે આપે જ અતિ આશ્ચર્યજનક આ જગત ઉત્પન્ન કર્યું છે. હે ઈશ્વર ! આપે આ પોતાનું વેદમય શરીર ધુણાવતાં કેશવાળીમાંથી ઊડેલાં પવિત્ર જળબિંદુઓ છાંટી જન, તપ તથા સત્યલોકમાં વસનારા અમને અત્યંત પવિત્ર કર્યા છે. ખેદની વાત છે કે જે પુરુષ અપાર કર્મોવાળા આપના કર્મોને પાર જાણવા ઈચ્છે છે, તે ભ્રષ્ટ બુદ્ધિવાળો છે. હે ભગવન્ ! આપની યોગમાયાના ગુણોના સંબંધથી સર્વ જગત મોહ પામ્યું છે, માટે તેનું કલ્યાણ કરો.

**મૈત્રેય બોલ્યા :** તે બ્રહ્મવાદી મુનિઓએ એ રીતે સ્તુતિ કરી એટલે સર્વરક્ષક એ પરમાત્માએ પોતાની ખરીઓથી સ્તંભિત થયેલા જળ પર પૃથ્વીને સ્થાપી. આ રીતે પ્રજાઓના પતિ ભગવાન શ્રીહરિ એમ લીલામાત્રમાં રસાતળમાંથી આણેલી પૃથ્વીને જળ ઉપર સ્થાપી ત્યાંથી (પોતાના ધામમાં) પધાર્યા. જે પુરુષ એ પ્રમાણે લોકોનાં દુઃખ હરવાના સંકલ્પવાળા અને કીર્તન કરવા યોગ્ય આશ્ચર્યકારક ચરિત્રવાળા શ્રીહરિની આ સુંદર કથા ભકિતથી સાંભળે કે સંભળાવે, તેના હૃદયમાં રહેલા ભગવાન જનાર્દન સત્વર તેના પર પ્રસન્ન થાય છે. ભગવાન તો સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરવા સમર્થ છે. તે પ્રસન્ન થયા એટલે દુર્લભ શું છે? કંઈજ નહિ. પછી તે તુચ્છ કામાદિ પદાર્થોની કંઈ જરૂર જ રહેતી નથી; કેમ કે અનન્ય દૃષ્ટિએ સર્વ આશાઓનો ત્યાગ કરી કેવળ ભજન કરનારાઓને હૃદયગુહામાં રહેલા પરમાત્મા પોતાની મેળે જ પોતાનું સર્વોત્કૃષ્ટ પદ આપે છે. અહો, આ સંસારમાં પોતાના પુરુષાર્થના સારને સમજનારો પશુઓ સિવાય એવો કયો પુરુષ હશે કે જે સંસારચક્રથી છોડાવનારી ભગવાનની પુરાણપવિત્ર કથાસુધાને પોતાના કાનરૂપી પડિયા વડે એક વાર પીધા પછી ફરી તેનાથી વિમુખ થાય ? ૧-૫૦

को नाम लोके पुरुषार्थसारवित् । पुराकथानां भगवत्कथासुधाम् ॥
आपीय कर्णाञ्जलिभिभवापहामहो विरज्येत विना नरेतरम् ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

# દિતિને કશ્યપથી રહેલો ગર્ભ અને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

निशम्य कौषारविणोपवर्णितां हरेः कथां कारणः सूकरात्मनः ।
पुनः स पप्रच्छ तमुद्यताञ्जलिर्न चातितृप्तो विदुरो धृतव्रतः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પૃથ્વીના ઉદ્ધારને કારણે વરાહરૂપ થયેલા શ્રીહરિની મૈત્રેયે વર્ણવેલી એ કથા સાંભળીને પણ અત્યંત અતૃપ્ત રહેલા વ્રતધારી વિદુરજીએ ફરી બે હાથ જોડી મૈત્રેયને પૂછ્યું :

**વિદુરજી બોલ્યા :** 'હે મુનિશ્રેષ્ઠ ! તે જ યજ્ઞમૂર્તિ શ્રીહરિએ આદિદૈત્ય હિરણ્યાક્ષનો વધ કર્યો એ અમે સાંભળ્યું. પણ હે બ્રહ્મન્ ! પોતાની દાઢના અગ્રભાગ વડે લીલામાત્રમાં પૃથ્વીનો ઉદ્ધાર કરતાં વરાહ ભગવાનનું અને તે દૈત્યરાજાનું યુદ્ધ શાથી થયું ?

**મૈત્રેય બોલ્યા :** 'હે વીર વિદુરજી ! મનુષ્યોના મૃત્યુપાશ કાપનારી શ્રીહરિના અવતારની કથા તમે મને જે પૂછી તે પ્રશ્ન ઉત્તમ છે; કેમ કે મુનિ નારદે કહેલી શ્રીહરિકથા વડે ઉત્તાનપાદનો બાળક પુત્ર ધ્રુવ મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકી શ્રીહરિનું પદ પામ્યો હતો.

હવે આ સંબંધી દેવોએ પ્રશ્ન કર્યો, ત્યારે તેમની આગળ દેવોના દેવ બ્રહ્માએ જે ઈતિહાસ વર્ણવ્યો હતો તે મેં આ પ્રમાણે સાંભળ્યો છે. હે વિદુરજી ! એક વખતે દક્ષની પુત્રી દિતિએ સંધ્યાકાળ સમયે કામાતુર થઈ સંતાનની ઈચ્છાથી મરીચિના પુત્ર પોતાના પતિ કશ્યપ ઋષિની (કામભોગ માટે ) ઈચ્છા કરી. તે સમયે સૂર્ય અસ્ત પામતો હતો ત્યારે કશ્યપઋષિ અગ્નિરૂપી જીભવાળા યજ્ઞપતિ શ્રીવિષ્ણુનું દૂધથી પૂજન કરી સમાધિઅવસ્થામાં અગ્નિહોત્રશાળામાં બેઠા હતા. (ત્યાં જઈને).

**દિતિ બોલી :** હે વિદ્વાન્ ! જેમ મદોન્મત્ત હાથી કેળના ઝાડને દુઃખ દે તેમ આ કામદેવ ધનુષ્ય લઈ પરાક્રમ પ્રગટ કરી તમારે માટે મને ગરીબડીને દુઃખ દે છે. માટે પુત્રોવાળી શોકોની સમૃદ્ધિથી બળતી મારા પર કૃપા કરો. આપનું કલ્યાણ થાઓ. જે સ્ત્રીઓને પતિ તરફથી બહુમાન મળે છે અને જે સ્ત્રીઓમાં તમારા જેવો પતિ પ્રજારૂપે જન્મે છે, તે સ્ત્રીઓનો યશ સમગ્ર લોકમાં ફેલાય છે. હે ભગવન્ ! પૂર્વે પુત્રીઓ ઉપર પ્રેમાળ અમારા પિતા દક્ષે અમને જુદું જુદું આ પ્રમાણે પૂછયું હતું : 'હે પુત્રીઓ ! તમે કયા વરને વરશો ?' ત્યારે સંતાનોનું પાલન કરનારા અમારા પિતાએ પુત્રીઓના અભિપ્રાય જાણી તેમાંની અમને તેરને તમને આપી કે જે તમારા શીલને અનુસરનારી છીએ. હે કમળ સમાન નેત્રોવાળા કલ્યાણકારક સ્વામિન્ ! તમે મારી કામના પૂર્ણ કરો; કેમ કે હે સમર્થ પતિ ! દુઃખી મનુષ્યનું મહાપુરુષને શરણે જવું નિષ્ફળ થતું નથી. હે વીર વિદુરજી ! એમ વૃદ્ધિ પામેલા કામને લીધે મોહગ્રસ્ત બનેલી અને તેથી જ એ રીતે દીન બની બહુ બોલતી દિતિને વાણીથી સમજાવતા કશ્યપ તેના પ્રત્યે બોલ્યા : 'હે ભીરુ! તું જે ઈચ્છે છે તે તારું પ્રિય હું કરીશ; કેમ કે જેનાથી ત્રણે પુરુષાર્થોની સિદ્ધિ થાય છે, તેવી પોતાની સ્ત્રીની કામના કયો પુરુષ પૂર્ણ ન કરે ? જેમ નૌકાઓ વડે મનુષ્ય સમુદ્ર તરે અને બીજાઓને પણ તારે તેમ સ્ત્રીવાળો ગૃહસ્થાશ્રમી પુરુષ બ્રહ્મચર્ય આદિ સર્વ આશ્રમોને આશ્રય આપી દુઃખસમુદ્રમાંથી તારે છે અને પોતે પણ તરે છે. વળી હે માનિનિ ! જેને વિદ્વાનો કલ્યાણ ઈચ્છતા પુરુષનું અર્ધું અંગ કહે છે, જેના પર

પોતાના ઘરનો ભાર મૂકી પુરુષ નિશ્ચિંત ફરે છે અને જેનો આશ્રય કરી અમે જેમ કિલ્લાનો પતિ ચોરો કે શત્રુઓને જીતે, તેમ બીજા આશ્રમીઓથી દુર્જય ઈન્દ્રિયરૂપી શત્રુઓને રમતમાં જીતીએ છીએ, તેવી તારા જેવી સ્ત્રીની સમાનતા કરવા હે ગૃહેશ્વરિ ! અમે કે બીજા ગુણપ્રિય પુરુષો સંપૂર્ણ આયુષ્યથી પણ સમર્થ નથી; તોપણ પુત્રોપત્તિ માટે તારી આ કામનાઓને જે રીતે લોકો મને નિંદે નહિ એ રીતે હું પૂર્ણ કરીશ. તું બે ઘડી થોભી જા; કેમ કે આ સમય અતિશય ઘોર છે, રાક્ષસો વગેરે ઘોર પ્રાણીઓનો છે અને ઘોર દેખાવવાળો છે, જેમાં મહાદેવના અનુચર ભૂતો ફરે છે. હે સાધ્વિ ! આ સંધ્યા સમયે પ્રાણીઓનું રક્ષણ કરનાર ભગવાન ભૂતરાજ શંકર બળદ પર બેસી ભૂતગણો સાથે વિચરે છે. વળી તારા દિયર એ શંકર કે જેમનો જટા સમૂહ સ્મશાનના વંટોળિયાથી ઊડતી ધૂળ વડે ભૂખરો હોઈ છૂટો અને પ્રકાશમાન છે અને જેમનું સુવર્ણ જેવું ઉજ્જવળ શરીર ભસ્મને લીધે ચારે તરફથી ઢંકાયેલું રહે છે, તે શંકર, ચંદ્ર, સૂર્ય અને અગ્નિરૂપ ત્રણ નેત્રો વડે સર્વ જુએ છે. એ શંકરને કોઈ સ્વજન કે પરજન નથી, કોઈ અતિ આદરપાત્ર કે નિંદાપાત્ર નથી અને વ્રતો વડે એમનું આરાધન કરી અમે એમણે સંપૂર્ણ ભોગવી નિર્માલ્યની પેઠે ચરણથી દૂર તજેલી ધનાદિ સંપત્તિની એમના મહાપ્રસાદ તરીકે આશા રાખીએ છીએ; વિદ્વાનો અવિદ્યારૂપ પડળનો નાશ કરવા ઈચ્છતાં એમનાં નિર્દોષ ચરિત્રોની સ્તુતિ કરે છે; જેમના કરતાં અધિક તો શું જેમના સમાન પણ કોઈ નથી, છતાં સત્પુરુષોની ગતિરૂપ તેઓ પિશાચ જેવું આચરણ કરે છે. જેઓ શરીરને જ આત્મા માની કૂતરાંના ભોજનરૂપ એ શરીરને વસ્ત્ર, માળા, અલંકાર તથા વિલેપન આદિથી લાડ લડાવે છે, તે દુર્ભાગી પુરુષો જ પોતાના આત્મામાં રમણ કરતા તે શંકરના અભિપ્રાયને ન જાણતા તેમના ચરિત્રને હસે છે. વળી બ્રહ્માદિ દેવો પણ એમણે રચેલી મર્યાદાને પાળે છે; તે આ આ જગતના કારણ છે અને માયા એમની આજ્ઞામાં રહે છે. તે પરમેશ્વર શંકર પણ પિશાચ જેવું આચરણ કરે છે ! અહો ! એ પરમેશ્વરનું ચરિત્ર અતકર્ય છે.

**મૈત્રેય બોલ્યા :** પતિએ એમ જણાવ્યું છતાં જેની ઈન્દ્રિયો કામથી વ્યાકુળ થઈ હતી એવી તે દિતિએ નિર્લજ્જ વેશ્યાની પેઠે બ્રહ્મર્ષિ કશ્યપનું વસ્ત્ર પકડયું. એ પછી તે કશ્યપે પત્નીના નિંદ્ય કર્મ માટે આગ્રહ જોઈ દૈવરૂપ ઈશ્વરને પ્રણામ કરી એકાંતમાં તેની સાથે સમાગમ કર્યો. પછી સ્નાન કરી તેમણે પ્રાણાયામ કર્યો અને મૌન રહી શુદ્ધ જ્યોતિ પરમાત્માનું ધ્યાન કરતા સનાતન બ્રહ્મ ગાયત્રીનો જપ કરવા માંડ્યો. બીજી તરફ હે ભારત ! એ નિંદ્ય કર્મથી શરમાયેલી દિતિ બ્રહ્મર્ષિ કશ્યપ પાસે જઈ નીચું મુખ રાખી કહેવા લાગી.

**દિતિ બોલી :** "હે બ્રહ્મન્ ! જેમનો મેં અપરાધ કર્યો છે અને જે સર્વ ભૂતોમાં શ્રેષ્ઠ છે, તે પ્રાણી માત્રના પતિ શંકર મારા આ ગર્ભનો નાશ ન કરો. જે મહાદેવ સર્વ દુઃખોને નાશ કરનારા, અપમાન કરવા અશક્ય, સકામ ભક્તોને ફળ આપનારા, નિષ્કામ ભકતોનું કલ્યાણ કરનારા છે. વસ્તુતઃ દંડને ત્યાગ કરનારા છે; છતાં દુષ્ટોને શિક્ષા કરનારા અને જગતના સંહાર સમયે ક્રોધમૂર્તિ ધરનારા છે; તેમને મારા નમસ્કાર હો ! અમે સ્ત્રીઓ તો પારધીને પણ દયાપાત્ર છીએ. અમારા પર તે મહાકૃપા કરનારા મારા બનેવી સતીપતિ ભગવાન શંકર પ્રસન્ન થાઓ.

**મૈત્રેય બોલ્યા :** એ રીતે પોતાના સંતાનનું બંને લોકમાં કલ્યાણ ઇચ્છતી અને અત્યંત ધ્રુજતી ભાર્યા દિતિને પ્રજાપતિ કશ્યપ સંધ્યાવંદનના કર્મથી નિવૃત્ત થઈ કહેવા લાગ્યા.

**કશ્યપ બોલ્યા :** હે અમંગળ સ્ત્રી ! તારું ચિત્ત અપવિત્ર હોવાથી, સંધ્યાસમયરૂપી દોષથી, મારી

આજ્ઞા ન પાળવાથી રુદ્રના અનુચર દેવોનો તે મોટો અપરાધ કર્યો; તેથી હે ઉગ્ર સ્ત્રી ! તારા ઉદરમાંના બે પુત્રો મહા નીચ તથા અમંગળરૂપ થશે અને લોકપાલો સહિત ત્રણે લોકને વારંવાર રડાવશે. તેઓ નિરપરાધી ગરીબ પ્રાણીઓનો નાશ કરવા માંડશે, સ્ત્રીઓને પાતિવ્રત્ય ધર્મથી ભ્રષ્ટ કરવા લાગશે અને તેથી મહાત્મા પુરુષો તેઓ પર કોપશે, ત્યારે લોકોનું રક્ષણ કરનારા વિશ્વેશ્વર ભગવાન ક્રોધાયમાન થઈ અવતાર લઈ ઈન્દ્ર જેમ પર્વતનો નાશ કરે તેમ તારા બંને પુત્રોનો નાશ કરશે.

**દિતિ બોલી :** સુદર્શનચક્ર વડે શોભતા બાહુવાળા સાક્ષાત્ ભગવાનથી મારા પુત્રોનો નાશ હું ઈચ્છું છું; પરંતુ હે પ્રભો ! કોપેલા બ્રાહ્મણથી મારા પુત્રોનો નાશ ન થાઓ; કેમ કે બ્રાહ્મણોના શાપરૂપ દંડથી બળેલો અને પ્રાણીમાત્રને ભય આપનારો મનુષ્ય જે જે યોનિમાં જાય છે, ત્યાં ત્યાં તેના પર નારકી જીવો પણ કૃપા કરતા નથી.''

**કશ્યપ બોલ્યા :** કરેલા અપરાધને લીધે શોકથી તને તુરત જ પશ્ચાત્તાપ અને યોગાયોગ્યનો વિચાર થાય છે; વળી ભગવાન શંકર પ્રત્યે તને ઘણું માન છે અને મારા વિષે પણ તારો ભક્તિભાવ છે, તેથી તારો પૌત્રોમાંનો એક પૌત્ર સત્પુરુષોમાં માન્ય થશે, જેના શુદ્ધ યશને ભગવાનના યશની પેઠે લોકો ગાશે. વળી એ તારા પૌત્રના શ્રેય ચરિત્રને અનુસરવા સત્પુરુષો પોતાના આત્માને અગ્નિના તાપ વગેરેથી સોનાને શુદ્ધ કરવામાં આવે, તેમ નિર્વૈરભાવ વગેરે ઉપાયોથી શુદ્ધ કરશે. વળી આ જગત જેમનું સ્વરૂપ છે અને જેમની કૃપાથી જ પ્રસન્ન રહે છે, તે આત્મસાક્ષી ભગવાન તારા પૌત્રની 'એક ભગવાન જ સત્ય છે' એવી અનન્ય દૃષ્ટિથી પ્રસન્ન થશે; તેમ જ એ તારો પૌત્ર ભગવાનનો મહાન ભકત, મહાત્મા, મહાપ્રભાવશાળી, મહાપુરુષોમાં પણ મોટો પુરુષ થઈ અત્યંત ભકિતભાવ વડે શુદ્ધ થયેલા અંતઃકરણમાં શ્રીવૈકુંઠ ભગવાનને સ્થાપી દેહાભિમાનનો ત્યાગ કરશે. તે વિષયલંપટ થશે નહિ પણ શીલધારી, ધૈર્ય આદિ ગુણોની જન્મભૂમિરૂપ, બીજાઓની સમૃદ્ધિઓથી હર્ષ પામનારો, બીજાઓને દુ:ખી જોઈ દુ:ખી થનારો, શત્રુરહિત અને ચંદ્રમા જેમ ગ્રીષ્મઋતુનો તાપ દૂર કરે છે, તેમ જગતનો શોક દૂર કરશે; એટલું જ નહિ, પણ તારો એ પૌત્ર સર્વ પ્રકારના દોષથી રહિત થશે. કમળ સમાન નેત્રવાળા, પોતાના ભક્તપુરુષોની ઈચ્છાથી વારંવાર સ્વરૂપો ધરનારા, લક્ષ્મીદેવીરૂપી સુંદરીના પણ અલંકારરૂપ અને ઝળહળતાં કુંડળોથી શોભતા મુખવાળા શ્રીહરિનાં એ તારા પૌત્રને પ્રત્યક્ષ દર્શન થશે.

**મૈત્રેય બોલ્યા :** પોતાનો પૌત્ર ભગવદ્ભક્ત થશે એ સાંભળી દિતિ અત્યંત આનંદ પામી અને બંને પુત્રોનો નાશ શ્રીભગવાનથી થશે એ જાણીને તો તેના મનનો ઉત્સાહ એથી પણ વધી ગયો. ૧૫૦

श्रुत्वा भागवतं पौत्रममोदत दितिर्भृशम् । पुत्रयोश्च वधं कृष्णाद्विदित्वासीन्महामनाः ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## વૈકુંઠમાં જય-વિજયને સનત્કુમારોનો શાપ

॥ मैत्रेय उवाच ॥

प्राजापत्यं तु तत्तेजः परतेजोहनं दितिः । दधार वर्षाणि शतं शङ्कमाना सुरार्दनात् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! દિતિને પોતાના પુત્રોને દેવતાઓ દ્વારા કષ્ટ પહોંચવાની આશંકા હતી એથી એણે અન્યના તેજનો નાશ કરનાર એ કશ્યપ ઋષિના તેજને (વીર્યરૂપ ગર્ભને) સો વર્ષ સુધી

પોતાના પેટમાં જ ધારણ કરી રાખ્યું. એ ગર્ભના તેજથી સૂર્ય-ચંદ્ર વગેરેનો પ્રકાશ નાશ પામ્યો અને લોકપાલો નિસ્તેજ થયા. પછી તેઓએ દિશાઓમાં અંધારું છવાયાની વાત બ્રહ્માને જણાવી.

**દેવો બોલ્યા :** હે સમર્થ દેવ ! આ અંધકારને આપ જાણો છો ને કે જે અંધકારથી અમે અત્યંત ભય પામ્યા છીએ ? આપની જ્ઞાનશકિતને કાળ કુંઠિત કરી શકતો નથી, એથી આપ ભગવાનથી કંઈ અજાણ્યું હોતું નથી. હે દેવોના દેવ ! હે જગતના ધાતા ! હે લોકપાલોના શિરોમણિ ! આપ પ્રાચીન કે અર્વાચીન અથવા ઉત્તમ કે અધમ સર્વ પ્રાણીઓના અભિપ્રાય જાણો છો. વિજ્ઞાનરૂપી બળવાળા, માયા વડે આ બ્રહ્મશરીરને ધારણ કરનારા તથા રજોગુણ ગ્રહણ કરનારા અને સંસારના કારણભૂત આપને વારંવાર નમસ્કાર હો ! આપ સર્વ જીવોને ઉત્પન્ન કરનારા છો, સમસ્ત ભુવનો આપનામાં ઓતપ્રોત છે એટલે ચેતનઅચેતન સર્વના કારણ અને વસ્તુતઃ કાર્ય કારણથી પર હોવા છતાં કારણરૂપ આપનું જેઓ અનન્ય નિષ્કામ ભકિતભાવે ધ્યાન કરે છે, તે શ્વાસ, ઈન્દ્રિયો તથા મનને જીતી આપની કૃપાને પામેલા સિદ્ધ યોગીઓનો કોઈથી પરાભવ થતો નથી. જેમ દોરડીથી બંધાયેલી ગાયો પોતાના સ્વામીને દૂધ વગેરે આપે છે, તેમ આપની (વેદરૂપ) વાણીથી બંધાયેલી સર્વ પ્રજાઓ સાવધાન થઈ આપને બલિ સમર્પણ કરે છે. તે સર્વના નિયંતા અથવા પ્રાણરૂપ આપને અમારા નમસ્કાર હો ! હે મહાસમર્થ ! આ અંધકારને લીધે (દિવસરાત્રિનો વિભાગ ન હોવાથી) અમારાં કર્મોનો નાશ થયો છે, તો આપ અમારું કલ્યાણ કરો. અમે આપત્તિમાં આવી પડ્યાં છીએ, માટે અમારા તરફ પુષ્કળ દયાદષ્ટિથી જોવાને આપ યોગ્ય છો. હે દેવ ! કશ્યપે સ્થાપેલા તેજરૂપ આ દિતિનો ગર્ભ, કાષ્ઠમાં જેમ અગ્નિ વધે, તેમ સર્વ દિશાઓને અંધકારયુક્ત કરતો વધે છે.

**મૈત્રેય બોલ્યા :** હે મહાબાહુ વિદુરજી ! દેવોની પ્રાર્થના સાંભળી ભગવાન બ્રહ્મા (દિતિનું એ અસદ્વર્તન મનમાં જાણી) ખૂબ હસી સુંદર વાણીથી, તેઓને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** હે દેવતાઓ ! મારા મનથી ઉત્પન્ન થયેલા અને તમારો પૂર્વજ મારા સનકાદિ પુત્રો લોકોમાં નિઃસ્પૃહ હોઈ આકાશમાર્ગે સર્વ લોકોમાં વિચરતા એક સમયે તેઓ નિર્મળ સ્વરૂપવાળા ભગવાન શ્રીવિષ્ણુના વૈકુંઠલોકમાં ગયા કે જેને સર્વ લોકો નમસ્કાર કરે છે. જ્યાં સર્વ પુરુષો વિષ્ણુરૂપ થઈને જ વસે છે અને નિષ્કામ ધર્મથી શ્રીહરિનું આરાધન કરે છે. વળી જ્યાં કેવળ વેદાંતથી જ જાણવા યોગ્ય અને ધર્મમૂર્તિ આદિપુરુષ ભગવાન શ્રીહરિ રજોગુણરહિત શુદ્ધ સત્ત્વગુણ ધારણ કરી પોતાના ભકતોને સુખ ઉપજાવે છે. જ્યાં નિઃશ્રેયસ નામનું વન છે કે જે કામનાઓને પૂર્ણ કરનારાં ને સર્વ ઋતુઓમાં ફળપુષ્પની સંપત્તિવાળાં વૃક્ષોથી, શોભતું હોઈ, મૂર્તિમાન મોક્ષ જેવું છે. જે વનમાં સ્ત્રીઓ સાથે વિમાનમાં વિચરતા ભગવાનના પાર્ષદો પ્રભુની પવિત્ર લીલાનું ગાન કરતા રહે છે, જે લીલાઓ લોકોના સમસ્ત પાપસમૂહોનો નાશ કરનારી છે. એ વખતે જળની અંદર ખીલેલાં અને ફેલાતા મધુર ગંધવાળાં વસંતકાળનાં પુષ્પોની સુગંધથી તેમની બુદ્ધિ એ સુગંધ તરફ ખેંચાવાથી કંઈક વિઘ્નવાળી થાય છે, છતાં તેઓ તે તરફ સુગંધ ધ્યાન ન આપતાં તેને પોતાની તરફ ખેંચી લાવનાર પવનનો જ અનાદર કરે છે. વળી એ વનમાં કોઈ શ્રેષ્ઠ ભમરો જાણે હરિકથા ગાતો હોય તેમ મોટેથી ગુંજારવ કરે છે, ત્યારે કબૂતરો, કોયલો, હંસો, ચક્રવાકો, પોપટો, તેતરો અને મોર વગેરે પક્ષીઓનો કોલાહલ પણ ક્ષણવાર બંધ પડે છે. વળી જ્યાં મંદાર નામે કલ્પવૃક્ષ, મોગરો, તિલકવૃક્ષ, રાત્રિવિકાસી કમળ, ચંપો, અર્ણ નામે ફૂલઝાડ, પુન્નાગ, નાગકેસર, બોરસલી, દિવસવિકાસી કમળ અને પારિજાત એ સર્વ સુગંધી ફૂલઝાડ

છે, તોપણ શ્રીભગવાને તુલસી નો અલંકાર ધારણ કરી તેની ગંધની પ્રશંસા કરી તેથી તેના તપને તેઓ બધાં બહુ માન આપે છે. એ વૈકુંઠલોક શ્રીહરિના ચરણોમાં પ્રણામ કરવાથી જ જોઈ શકાય એવો છે. તે વૈદૂર્યમણિનાં, મરક્તમણિનાં તથા સુવર્ણનાં વિમાનોથી વ્યાપ્ત છે અને જેઓનું મન શ્રીકૃષ્ણમાં જ હોય છે એવા ત્યાંના ભકત પુરુષોને ત્યાંની મોટા નિતંબોવાળી અને મંદ હાસ્યથી શોભતા મુખવાળી સ્ત્રીઓ પણ ઉપહાસાદિ હાવભાવોથી રજોગુણના કામવિકાર ઉત્પન્ન કરી શકતી નથી. વળી જ્યાં મનોહર મૂર્તિ ધારણ કરતી સાક્ષાત્ લક્ષ્મીદેવી કે જેની કૃપા મેળવવા બ્રહ્માદિ દેવો પ્રયત્ન કરે છે, તે પોતે પોતાનો ચંચળતાનો દોષ ત્યજી ચરણકમળને ઝાંઝરોથી ઝણકારતી સ્ફટિકમણિની ભીતોવાળા ને વચ્ચે વચ્ચે શોભા માટે સુવર્ણથી જડેલા ભગવાનના મંદિરમાં ક્રીડા કરવાનાં કમળ વડે જાણે વાસીદું વાળતી હોય તેવી જણાય છે. હે દેવો ! એ વૈકુંઠમાં આવેલા પોતાના વનમાં લક્ષ્મીદેવી સખીઓ સાથે તુલસી વડે શ્રીભગવાનનું પૂજન કરે છે, ત્યારે વિદ્રુમમણિના કાંઠાવાળી અને અમૃત તુલ્ય નિર્મળ જળથી ભરેલી વાવડીઓમાં પ્રતિબિંબિત થયેલા સુંદર કેશ અને ઊંચી નાસિકાવાળું મુખ જોઈ માને છે કે ભગવાને મારા મુખને ચુંબન કર્યું છે. જેઓ પાપોનો નાશ કરનારા ભગવાનની સૃષ્ટિ આદિ લીલાથી જુદા કેવળ અર્થકામાદિના જ વિષયવાળી અને બુદ્ધિનો નાશ કરનારી કુકથાઓ સાંભળે છે, તેઓ એ વૈકુંઠલોકમાં જતા નથી; કેમ કે ખેદની વાત છે કે એ હતભાગીઓએ સાંભળેલી કથાઓ સાંભળનારાઓનો પુણ્યરૂપ સાર હરી લઈ તેઓને આશ્રયહીન ઘોર નરકમાં ફેંકી દે છે. જેને આપણે દેવો પણ ઈચ્છીએ છીએ અને જેમાં ધર્મસહિત તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, એવી મનુષ્યગતિ પામ્યા છતાં જેઓ ભગવાનની વિશાળ માયાથી મોહિત થઈ ભગવાનનું આરાધન કરતા નથી, તેઓ પણ ખેદની વાત છે કે એ વૈકુંઠલોકમાં જતા નથી; પરંતુ જેઓ દેવાધિદેવ શ્રીહરિનું નિરંતર ચિંતન કરતા રહે છે અને એને લીધે યમરાજ જેમનાથી દૂર રહે છે, તેવા પરસ્પર ભગવાનના સુયશની કથાઓથી ગાઢ અનુરાગ ઉત્પન્ન થતાં જેમનાં નેત્રમાંથી અશ્રુધારા વહેતી હોય છે, શરીર પર રોમાંચ હોય છે, જેમનું ચારિત્ર્ય આપણે દેવોએ પણ ઈચ્છવા યોગ્ય છે, તેઓ જ આપણા સર્વથી ઉપર રહેલા તે વૈકુંઠલોકમાં જાય છે. સનકાદિ મુનિઓ સાષ્ટાંગયોગના બળથી જગદ્ગુરુ શ્રીહરિથી વસાયેલા જગતમાં એક વંદન કરવા યોગ્ય અને જાતજાતનાં શ્રેષ્ઠ વિમાનોની કાંતિવાળા તે અપૂર્વ અલૌકિક વૈકુંઠલોકમાં જઈ અત્યંત હર્ષ પામ્યા. એ મુનિઓ તે વૈકુંઠલોકમાં ભગવાનનાં દર્શનની ઉત્કંઠાને લીધે તે અદ્ભુત દર્શનમાં આસકત થયા વિના કિલ્લાના છ દરવાજાઓ ઓળંગી સાતમે દરવાજે ગયા, એટલામાં સરખી ઉંમરના બે દેવો ત્યાં તેમણે જોયા, જેઓએ હાથમાં ગદા લીધી હતી અને જેઓનો વેશ મહાકિંમતી બાજુબંધો, કુંડળો તથા મુકુટોથી સુંદર હતો. વળી તે બંને દેવો શ્યામ રંગના ચાર બાહુઓની વચ્ચે પહેરેલી વનમાળાથી શોભતા હતા. તેઓ બંને વાંકીવાંકી ભ્રૂકુટિથી, ફૂલતાં નસકોરાંથી તથા લાલ નેત્રોથી કંઈક વિકાર પામેલું મુખ ધારણ કરતા હતા. સનકાદિ મુનિઓ કે જેઓ પોતાની સમભાવવાળી દૃષ્ટિને લીધે નિઃશંક થઈ બધે અસ્ખલિત વિચરતા હતા, તેઓ પ્રથમના છ દરવાજાઓમાં દાખલ થયા હતા તેમ સુવર્ણ અને હીરાજડિત કમાડવાળા તે સાતમા દરવાજામાં પણ પેલા બે દેવોના દેખતાં તેમને પૂછયા વિના જ દાખલ થયા. એટલે નગ્ન સ્વરૂપવાળા, વૃદ્ધ હોવા છતાં માત્ર પાંચ વર્ષના બાળક જેવા અને આત્મતત્ત્વ જાણનારા તે ચારે મુનિઓને જોઈ તે બંને દેવો કે જેઓનો સ્વભાવ ભગવાનની વિરુદ્ધ હતો, તેઓએ ‘અહો ! અહીં પણ આવી ઉદ્ધતાઈ !’ એમ તે કુમારોના પ્રભાવને હસી કાઢી અટકાવવા યોગ્ય ન હોવા છતાં તેઓને (અંદર જતા) અટકાવ્યાં. એ રીતે દેવોના

દેખતાં શ્રીહરિના એ બંને દ્વારપાળોએ અતિશય પૂજ્ય છતાં પોતાને અટકાવ્યા, તેથી તે કુમારો શ્રીહરિનાં દર્શનની ઈચ્છા એ રીતે ભંગ થતાં એકાએક જરા ક્રોધથી લાલ નેત્રોવાળા થઈ કહેવા લાગ્યા.

**મુનિઓ બોલ્યા :** 'ભગવાનની મોટી સેવાથી આવીને આ વૈકુંઠમાં વસતા સમદૃષ્ટિવાળા લોકની વચ્ચે તમારા બંનેનો આવો વિષમ સ્વભાવ કેમ છે ? ભગવાન તો અત્યંત શાંત અને કલહથી રહિત છે, તો પછી કપટી એવા તમારે પોતાના જેવો શંકા કરવા યોગ્ય (અહી) કોણ છે ? સમગ્ર જગત જેમના ઉદરમાં રહે છે એવા ભગવાન વિષે ધીર પુરુષો ભેદ જોતા નથી, પરંતુ મહાકાશમાં ઘટાકાશની પેઠે પ્રભુમાં જ પોતાના આત્માને એકસ્વરૂપે જુએ છે; છતાં દેવનો વેશ લેનારા તમોએ (જેમ કોઈ રાજાને બીજા રાજા વગેરેથી ભય હોય તેમ) ભગવાન વિષે પણ અંદરના ભેદવાળો ભય જે કારણથી ખાસ ઉપજાવ્યો છે. એવું કયું કારણ છે ? કંઈ જ નથી. માટે સર્વોત્કૃષ્ટ આ વૈકુંઠનાથના સેવક છતાં મંદ બુદ્ધિવાળા તમારા બંનેનું કલ્યાણ કરવા તમારા અપરાધ માટે જે યોગ્ય હોય તેનો અમે વિચાર કરીએ છીએ. તમે બંને ભેદદૃષ્ટિથી અત્યંત પાપી ગણાતા બીજા લોકોમાં અહીથી ચાલ્યા જાઓ કે જ્યાં ભેદદૃષ્ટિ કરનારાના કામ, ક્રોધ તથા લોભ—એ ત્રણે શત્રુઓ હોય છે. તેઓનું એ ભયંકર ભાષણ સાંભળી બ્રાહ્મણોના એ શાપને અસ્ત્રોના સમૂહથી પણ ન અટકાવી શકાય એવો જાણીને તરત જ અત્યંત ભય પામતા તે બંને શ્રીહરિના અનુચરો ઘણા ગભરાટથી મુનિઓના ચરણ પકડતા દંડવત્ તેમના ચરણમાં પડયા. અને બોલ્યા : 'પાપીને જે દંડ યોગ્ય હોય તે જ દંડ આપે કર્યો છે. (એમાં આપનો કંઈ અપરાધ નથી.) માટે તે દંડ અમને બંનેને ભલે પ્રાપ્ત થાઓ કે જે ઈશ્વરનું અપમાન કરવારૂપ અમારા સમગ્ર પાપને દૂર કરશે. (માત્ર આ પ્રાર્થના છેઃ) 'અમે આ લોકોને વૃથા શાપ દીધો એ આપને જે થોડો પશ્ચાત્તાપ થાય છે તેથી (આપ કૃપા કરો કે) અમે જે જે નીચ યોનિઓમાં જઈએ ત્યાં ત્યાં ભગવાનની સ્મૃતિનો નાશ કરનારો મોહ અમને ન થાઓ. એ રીતે પોતાના સેવકોએ મહાન પુરુષોનો અપરાધ કર્યો છે એ જાણી તે જ સમયે કમલનાભ ભગવાન કે જે આર્ય પુરુષોના હૃદયને પ્રીતિ ઉપજાવે છે, તે પોતે લક્ષ્મીદેવીની સાથે પરમહંસ મુનિઓને પણ શોધવા યોગ્ય પોતાના ચરણોને ચલાવતા એટલે વાહન વિના પગે ચાલતા જ ત્યાં પધાર્યા. એ રીતે ત્યાં પધારેલા ભગવાનનાં સનત્કુમારોએ પ્રત્યક્ષ દર્શન કર્યાં. તેમના સેવકો છત્ર, પાદુકા વગેરે લઈ તેમની સાથે ચાલતા હતા. એ ભગવાન સનકાદિ મુનિઓની સમાધિના વિષયરૂપ હતા. પ્રભુની બંને બાજુ એ રાજહંસની પાંખો સમાન બે શ્વેત ચામરો ઢળાતાં હતાં. તેના શીતળ વાયુથી તેમના શ્વેત છત્રમાં લાગેલી મોતીઓની ઝાલરો હાલવાથી જાણે ચંદ્રમાનાં કિરણોમાંથી અમૃતનાં બિંદુઓ ઝરી રહ્યાં હોય તેવી શોભા ઉત્પન્ન થતી હતી. એ ભગવાન સર્વ ઉપરની કૃપાને લીધે પ્રસન્ન મુખવાળા, ઈચ્છવા યોગ્ય ગુણોનું સ્થાન, પ્રેમ સહિત કટાક્ષ વડે જોવાથી, હૃદયમાં સુખ ઉપજાવતા અને વિશાળ શ્યામ વક્ષઃ સ્થળમાં નિત્ય શોભતી લક્ષ્મીદેવીને લીધે છેક સત્યલોક સુધીનાં સ્વર્ગોને મુકુટમણિ જેવા પોતાના વૈકુંઠ સ્થાનને અત્યંત શોભાવતા હતા. વળી એ ભગવાન વિશાળ નિતંબ ઉપર રહેલા પીતાંબર ઉપર ઝળહળતા કંદોરાથી તથા ભમરાઓ વડે ગુંજારવ કરતી વનમાળાથી યુક્ત હતા. તેમણે સુંદર કાંડાં ઉપર કડાં પહેર્યા હતાં; એક હાથ ગરુડના ખભા પર રાખ્યો હતો અને બીજા હાથ વડે લીલા કમળને તે ફેરવતા હતા. એમનું મુખ વીજળીને તિરસ્કાર કરનારાં મકરાકાર કુંડળને પણ અલંકારરૂપ એવાં ગંડસ્થળોવાળું હોઈ ઊંચી નાસિકાવાળું હતું. એમણે મણિજડિત મુકુટ પહેર્યો હતો અને ભુજાઓના મધ્ય

ભાગમાં રહેલા સુંદર કિંમતી હાર વડે શોભાયમાન હોઈ ડોકમાં રહેલા કૌસ્તુભમણિથી તે શોભતા હતા. આવા ભગવાનના સૌંદર્યમાં 'હું જ એકલી સર્વ સૌંદર્યનો ભંડાર છું' એવો લક્ષ્મીદેવીનો ગર્વ ટળી ગયો છે એમ ભગવાનના ભક્તો પોતાના મનમાં વિચાર કરે છે. વળી અતિશય સૌંદર્યવાળા જે ભગવાન હું (બ્રહ્મા), શિવ તથા તમારા બધા માટે અવતારો લે છે. તેમને ત્યાં પ્રત્યક્ષ જોઈ જેમની દૃષ્ટિ તૃપ્ત જ થઈ ન હતી, એવા તે સનકાદિક મુનિઓએ હર્ષથી મસ્તકો નમાવી પ્રણામ કર્યા. એ વેળા કમળ સમાન નેત્રોવાળા તે ભગવાનના ચરણકમળની રજરૂપી કેસરાઓથી મિશ્ર તુલસીના રસનો વાયુ નાસિકાનાં છિદ્ર દ્વારા એમના હૃદયમાં દાખલ થઈ નિત્ય બ્રહ્માનંદનું જ સેવન કરનારા છતાં તેઓના મનમાં તથા શરીરમાં અત્યંત ક્ષોભ એટલે અત્યંત આનંદ તથા રોમાંચ કરવા લાગ્યો. એ સમયે તે મુનિઓએ જેમના અત્યંત સુંદર અધરોષ્ઠ ઉપર મોગરાના જેવું હાસ્ય હતું અને શ્યામ કમળના અંદરના ભાગ જેવા જણાતા ભગવાનના મુખકમળનાં દર્શન કરી સર્વ મનોરથો મેળવી લીધા પછી તેઓ પદ્મરાગ સમાન લાલ લાલ નખોથી સુશોભિત ભગવાનનું ચરણકમળ જોઈ તેમનું જ ધ્યાન કરવા લાગ્યા. પછી યોગમાર્ગથી ગતિ શોધતા પુરુષોના ધ્યાનના વિષયરૂપ અનેક તત્ત્વવેત્તા પુરુષોને અતિશય આદરપાત્ર, નેત્રોને અતિશય આનંદ આપનાર બીજાઓ વિષે અસાધારણ એવાં સ્વાભાવિક અણિમાદિ ઐશ્વર્યોથી યુકત તે પુરુષાકાર શરીરને પ્રકટ કરતા એ ભગવાનની કુમારો સ્તુતિ કરવા લાગ્યા.

**કુમારો બોલ્યા :** હે અનંત ! આપ સર્વની હૃદયગુહામાં રહ્યા છો, છતાં દુરાત્માઓને અદૃશ્ય જ છો. જોકે અમારાથી તો આપ અદૃશ્ય ન જ હતા; છતાં અમારા નેત્રના વિષય તો આજે જ થયા છો. આપથી ઉત્પન્ન થયેલા અમારા પિતા બ્રહ્મદેવે આપનું રહસ્ય અમારી પાસે વર્ણવ્યું હતું, ત્યારથી જ આપ અમારા કાનના માર્ગે થઈ અમારી બુદ્ધિમાં તો વસ્યા જ છો. વળી હે ભગવન્ (અમારા પિતાએ જે જણાવ્યું હતું) તે સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વ આપ જ છો એમ અમે જાણીએ છીએ, જે આત્મતત્ત્વસ્વરૂપ આપ હમણાં શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ વડે અમને ભક્તોને પ્રીતિ ઉપજાવો છો. આપની કૃપા દ્વારા પ્રાપ્ત થયેલા દૃઢ શ્રવણાદિ ભકિતયોગ વડે અભિમાનરૂપી ગ્રંથિથી રહિત થયેલા અને તેથી જ રાગદ્વેષાદિ દોષોથી મુક્ત થયેલા મુનિઓ પોતાના હૃદયમાં આપનો સાક્ષાત્કાર કરે છે. હે ભગવન્ ! આપના ચરણનું શરણ લેનારા જેઓ રમણીયતા અને પવિત્રતાને લીધે કીર્તન કરવા યોગ્ય પવિત્ર યશવાળા આપની કથાનો રસ જાણે છે, તે કુશળ પુરુષો આપનો મોક્ષરૂપી પ્રસાદ પણ નથી ઈચ્છતા, તો પછી જેમાં કાળરૂપ આપના ભ્રૂકુટિવિલાસ માત્રથી જ ભય છે એવા ઈન્દ્રાદિ પદને તો કેમ જ ઈચ્છે ? હે ભગવન્ ! અમારું મન આપના ચરણમાં જ ભ્રમરની પેઠે રમ્યા કરે, વાણી તુલસીની પેઠે જ આપના ચરણ વડે શોભાવાળી થાય અને કાનનાં છિદ્રો જો આપના ગુણસમુદાયથી જ ભરપૂર રહે, તો અમારી પ્રાર્થના છે કે અમે કરેલા આપના અપરાધોને લીધે અમારો જન્મ ભલે નરકોમાં થાઓ. હે વિશાળ કીર્તિવાળા પરમેશ્વર ! આપે આ સ્વરૂપ અમારી સમક્ષ પ્રકટ કર્યું છે તેથી અમારાં નેત્રો અત્યંત શાંતિ પામ્યાં છે. આપ અજિતેન્દ્રિય પુરુષોને આ રીતે કદી પ્રત્યક્ષ થતા નથી, છતા અમારી આગળ પ્રત્યક્ષ થયા છો, તો આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૧-૫૦

प्रादुश्चकर्थ यदिदं पुरुहूत रूपं तेनेश निर्वृतिमवापुरलं दृशो नः ।
तस्मा इदं भगवते नम इद्विधेम योऽनात्मनां दुरुदयो भगवान् प्रतीतः ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## શ્રીહરિએ સનકાદિનું કરેલું સાંત્વન અને તેઆની જય-વિજય પર કૃપા

॥ ब्रह्मोवाच ॥

इति तद् गृणतां तेषां मुनीनां योगधर्मिणाम् । प्रतिनन्द्य जगादेदं वैकुण्ठनिलयो विभुः ॥१॥

**બ્રહ્મા બોલ્યા :** એ પ્રમાણે સ્તુતિ કરતા તે જ્ઞાનયોગી મુનિઓનાં વચનોને અભિનંદન આપી વૈકુંઠવાસી ભગવાને તેઓને આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** આ મારા જય-વિજયપાર્ષદોએ મારી અવગણના કરી, તમારો જે મોટો અપરાધ કર્યો છે અને મારા ભક્ત એવા તમોએ તે બંનેને જે શિક્ષા કરી છે તે જ શિક્ષાને હે મુનિઓ ! દેવ સમાન પૂજ્ય એવા તમારું અપમાન થયાથી હું માન્ય રાખું છું. અને તે માટે આજે હું તમને પ્રસન્ન કરું છું. તમારી ક્ષમા ચાહું છું; કેમ કે બ્રાહ્મણો જ મારા પરમ દૈવત છે અને હું માનું છું કે મારા સેવકોએ જે આપનું અપમાન કર્યું છે તે મેં પોતે જ કર્યું છે. (લોકોમાં પણ આવો વ્યવહાર પ્રવર્તે છે કે) સેવક અપરાધ કરે ત્યારે લોકો 'અમુકના સેવકે અમુકનો અપરાધ કર્યો' એમ. તેના સ્વામીનું નામ પણ તેની સાથે જ લે છે; તેથી સ્વામીની જે નિંદા થાય છે તે કોઢનો રોગ જેમ ચામડીનો નાશ કરે તેમ સ્વામીની કીર્તિનો નાશ કરે છે. જેના અમૃત તુલ્ય નિર્મળ યશનું શ્રવણ ચાંડાળ સુધીના સમગ્ર જગતને તત્કાળ પવિત્ર કરે છે, તે હું માયારૂપ ઉપાધિથી રહિત પરમાત્મા તમારા થકી જ શ્રેષ્ઠ તીર્થરૂપ કીર્તિ પામ્યો છું, તેથી તમારા થી વિરુદ્ધ વર્તનારા મારા બાહુને પણ છેદી નાખું તો બીજાની તો વાત જ શી ? જે બ્રાહ્મણોની સેવાથી જ જેનાં ચરણકમળની રજ પવિત્ર થયેલી છે, જેનાં સર્વ પાપોરૂપી મેલનો તત્કાળ નાશ થયો છે અને જેને સારો સ્વભાવ પ્રાપ્ત થયો છે એવા મને, હું નથી ઈચ્છતો છતાં લક્ષ્મી કદી છોડતી નથી કે જે લક્ષ્મીની લેશ કૃપાદૃષ્ટિ માટે પણ બ્રહ્માદિ દેવો નિયમો ધારણ કરે છે; આવા તમારો બ્રાહ્મણોનો અપરાધ કરનાર મારો બાહુ હોય, તો પણ હું તેને છેદી નાખું, તો બીજાની વાત જ શી ? જે મને જ પોતાનાં સર્વ કર્મફળ અર્પણ કરી સંતુષ્ટ રહે છે તેવો નિષ્કામ બ્રાહ્મણ (કોઈ યજમાનને ઘેર) ઘીથી ભરપૂર (દૂધપાક વગેરે) અન્નનું ભોજન કરે છે, ત્યારે તેના મુખ દ્વારા કોળિયે કોળિયે જે પ્રસન્નતાપૂર્વક હું જમું છું, તેવો પ્રસન્નતાપૂર્વક યજ્ઞમાં યજમાનના ચરુ પુરોડાશ વગેરે હવિષને અગ્નિરૂપ મુખ દ્વારા હું જમતો નથી. મારી યોગમાયાના વિલાસોરૂપી સંપત્તિ અખંડ અને પરાભવ પામે નહિ તેવી છે. મારું ચરણોદક ગંગા, શંકર સહિત સર્વ લોકોને તત્કાળ પવિત્ર કરનાર છે. આવો હું (પરમપાવન પરમેશ્વર છું છતાં) જેઓની પવિત્ર ચરણરજ મારા મુકુટ પર ધારણ કરું છું. તે બ્રાહ્મણો કદાચ કોઈનો અપરાધ કરે, તો પણ તેઓનો તે અપરાધ કોણ સહન ન કરે ? જેઓ મારા શરીર રૂપ ઉત્તમ બ્રાહ્મણોને, દુધ આપનારી ગાયોને તથા નિરાધાર પ્રાણીઓને મારાથી ભિન્ન સ્વરૂપે જોશે, તેવાં પાપથી નાશ પામેલી દૃષ્ટિવાળાં મનુષ્યોને સર્પ જેવા ક્રોધી યમદેવનાં ગીધ પક્ષીઓ ક્રોધથી ચાંચો મારી કોચી ખાશે; પરંતુ જેઓ કઠોર વચનોથી તિરસ્કાર કરતા એ બ્રાહ્મણોને પણ મારા સમાન માની સંતુષ્ટ હૃદયે પૂજે છે, મંદ હાસ્યરૂપી અમૃતભર્યા મુખ વડે સત્પુત્ર જેમ પિતાની સ્તુતિ કરે તેમ પ્રેમથી શોભતી વાણીથી સ્તવે છે અને હું જેમ ભૃગુઋષિને અથવા તમને સંબોધી રહ્યો છું તેમ બ્રાહ્મણોને સંબોધે છે, તેઓએ મને વશ કર્યો છે એમ જાણવું. માટે આ મારા પાર્ષદો મારો અભિપ્રાય ન જાણતા હોવાથી તમારા અપરાધથી પ્રાપ્ત થયેલી ગતિ પામી પાછા તુરત મારી

સમીપ આવે. બસ, આ જ તમારી મારા પર કૃપા થાઓ કે જેથી મારા આ બે સેવકોનો મારાથી દૂર નિવાસ થોડા જ સમયમાં સમાપ્ત થાય.

**બ્રહ્મા બોલ્યા :** એ રીતે મંત્રોના પ્રવાહરૂપ અથવા ઋષિકુળને યોગ્ય એવી ભગવાનની તે પ્રિય અને પ્રકાશમાન વાણી સાંભળી તેઓ ક્રોધરૂપ સર્પ વડે ડસાયા હતા, છતાં તેઓનાં મન તે સુમધુર વાણી સાંભળવામાં તૃપ્ત થયાં નહિ. અને ભગવાનની તે વાણી કે જે શ્રેષ્ઠ તથા અલ્પ અક્ષરોવાળી છતાં વિશાળ અર્થવાળી હોઈ સમજવી પણ અશક્ય હતી, અગાધ અભિપ્રાયવાળી અને અર્થથી ગંભીર હતી, તેને કાન દઈ સાંભળ્યા છતાં અને બરાબર વિચાર કર્યા છતાં તે મુનિઓ એ વાણી કહી ભગવાન શું કરવા ઈચ્છે છે તે જાણી શકયા નહિ, અર્થાત્ આમ કહી ભગવાન શું અનેક અભિનંદન આપે છે કે અમારી નિંદા કરે છે કે અમે કરેલા દંડને ઓછો કરવા માગે છે, એ કંઈ સમજી શક્યા નહિ. પછી (અંતે 'ભગવાન તો અમને અભિનંદન જ આપે છે' એમ જાણી) અત્યંત આનંદિત થયા. તેમનાં અંગેઅંગ પુલકિત બની ગયાં. પછી યોગમાયાના પ્રભાવથી પોતાના પરમ ઐશ્વર્યને પ્રકટ કરનારા ભગવાનને બે હાથ જોડી તેઓ કહેવા લાગ્યા.

**સનકાદિ ઋષિઓ બોલ્યા :** હે ભગવન્ ! આપ સર્વના પરમેશ્વર છો, છતાં 'મેં અપરાધ કર્યો છે, તમે મારા પર કૃપા કરો' ઈત્યાદિ જે કહો છો તેથી હે દેવ ! આપ શું કહેવા ઈચ્છો છો તે અમે સમજી શકતા નથી. હે પ્રભો ! બ્રાહ્મણોના રક્ષક આપનું બ્રાહ્મણો જ પરમ દૈવત છે, એમ આપે કહ્યું તે તો લોકોને શિખામણ માટે જ છે, પણ ખરી રીતે દેવોના દેવ એવા બ્રાહ્મણોના પણ આપ ભગવાન જ આત્મા અને ઈષ્ટદેવ છો. આપથી જ સનાતન ધર્મની ઉત્પત્તિ અને આપના જ અવતારો વડે તે ધર્મની રક્ષા થાય છે. વળી આપ જ ધર્મના ગુપ્ત અને નિર્વિકાર કાળરૂપ મનાયેલા છો. આપની કૃપાથી જ વિરક્ત યોગીઓ અનાયાસે જન્મમરણથી રહિત થાય છે. આવા આપ ઉપર બીજાઓ કૃપા કરે એ કદી હોઈ શકે ? બીજા અર્થની ઈચ્છાવાળાઓ જેની ચરણરજ પોતાનાં મસ્તક પર ધારણ કરે છે, તે લક્ષ્મીદેવી નિરંતર આપની સેવામાં લાગેલાં રહે છે. એમ લાગે છે કે જે ભાગ્યશાળી ભકતો આપના ચરણો પર તુલસીની નવી નવી માળાઓ અર્પણ કરે છે, તેના પર ગુંજારવ કરતા ભમરાઓની પેઠે તે લક્ષ્મી પણ આપના પાદપદ્મને જ પોતાનું નિવાસસ્થાન બનાવવા ચાહે છે. એમ લક્ષ્મીદેવી શુદ્ધ ચરિત્રોથી આપને સેવે છે; છતાં આપ તેનો અત્યંત આદર કરતા નથી; કેમ કે આપ તો આપના પરમ ભકતો પર જ વિશેષ પ્રેમવાળા છો. આવા પરમ સૌભાગ્યના ભંડાર અને સેવવા યોગ્ય ગુણોના આશ્રયરૂપ આપને બ્રાહ્મણોને ચાલવાના માર્ગની રજ અને શ્રીવત્સચિહ્ન શું પવિત્ર કરી શકે છે ? નહિ જ. છતાં શા માટે આપે તે બંનેને ભૂષણ તરીકે સ્વીકાર્યા છે ? હે ત્રણે યુગમાં પ્રકટ થનાર ભગવન્ ! અથવા હે છ પ્રકારના ઐશ્વર્યના સ્વામિન્ પરમેશ્વર! ધર્મસ્વરૂપ આપ ભગવાનના તપ પવિત્રતા અને દયા—એ ત્રણે અસાધારણ ચરણો વડે બ્રાહ્મણો તથા દેવોના કારણે સ્થાવર જંગમ આ સર્વ જગતની રક્ષા થાય છે; તો વર આપનારી આપની સત્ત્વગુણી મૂર્તિ વડે આપ તે ત્રણ ચરણોનો નાશ કરનારા અમારા રજોગુણ તથા તમોગુણને દૂર કરો. હે દેવ ! આપના વડે રક્ષણ કરવા યોગ્ય ઉત્તમ બ્રાહ્મણકુળની પ્રિય વાક્ય સહિત સન્માન વડે જો આપ રક્ષા નહિ કરો તો તે જ સમયે આપનો વેદ માર્ગ નાશ પામશે; કેમ કે લોકો તો સર્વશ્રેષ્ઠ એવા આપના જ આચરણને પ્રમાણરૂપ લેશે. એ રીતે વેદમાર્ગનો નાશ થાય તે આપને ઈષ્ટ જ નથી. તેથી જ આપ સત્ત્વગુણના ભંડાર હોઈ લોકોનું કલ્યાણ કરવા ઈચ્છો છો અને રાજા વગેરે રૂપ પોતાની શક્તિઓથી ધર્મના શત્રુઓનો નાશ કર્યો છે. જોકે આપ સત્ત્વાદિ ત્રણ ગુણોના નિયંતા અંતે સમગ્ર જગતના સ્વામી છો. છતાં આ રીતે અમને બ્રાહ્મણોને આપ નમી પડ્યા, તેથી આપના તેજની કંઈ હાનિ થઈ નથી; કેમ કે એ તો આપનો વિનોદ

છે. હે અધીશ્વર ! આ જય-વિજયને આપ જે દંડ અથવા પુરસ્કારરૂપે તેમની વૃત્તિ વધારી દેશો તે અમે નિષ્કપટપણાથી માન્ય કરીએ છીએ. વળી અમને પણ જે યોગ્ય શિક્ષા કરવી હોય તે આપ કરો; કેમ કે અમે આ નિરપરાધી પાર્ષદોને શાપ આપ્યો છે.

**શ્રીભગવાન બોલ્યા :** આ બંને અસુરની યોનિને પામી ત્યાં ક્રોધાવેશને લીધે વૃદ્ધિ પામેલી એકાગ્રતાથી દઢ યોગાભ્યાસવાળા થઈ ફરી તરત જ મારી પાસે આવશે. હે બ્રાહ્મણો ! તમારો એ શાપ મેં પોતે જ નિર્માણ કર્યો હતો એમ તમે જાણો.

**બ્રહ્મા બોલ્યા :** પછી તે સનકાદિ મુનિઓએ નેત્રને આનંદ આપનાર અને સ્વયંપ્રકાશ ભગવાન વિષ્ણુ અને તેમનું સ્થાન વૈકુંઠ-એ બંનેનાં દર્શન કરી ભગવાનને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા. પછી ત્યાંથી જવા માટે તેમની આજ્ઞા લઈ અત્યંત હર્ષ પામેલા તેઓ વિષ્ણુ ભગવાનની સંપત્તિની પ્રશંસા કરતા ત્યાંથી ગયા. પછી ભગવાને પોતાના અનુચર તે જય-વિજય પ્રત્યે કહ્યું: 'જાઓ, તમે ડરો મા. તમારું કલ્યાણ થાઓ. હું જોકે સર્વ કંઈ કરવા સમર્થ છું તોપણ બ્રહ્મતેજનો નાશ કરવા ઈચ્છતો નથી કેમ કે મને પણ એ પ્રમાણે જ ઈષ્ટ છે. પૂર્વે હું યોગનિંદ્રા પામ્યો હતો, ત્યારે દ્વારમાં પ્રવેશ કરતી લક્ષ્મીને તમે અટકાવી હતી, તેથી તેણે જ ક્રોધાયમાન થઈ પ્રથમથી આ શાપ (બ્રાહ્મણો દ્વારા) દર્શાવ્યો હતો. તમે મારા પર ક્રોધાવેશ વડે (વેરભાવે મને ભજી) બ્રાહ્મણોના અપમાનરૂપ આ પાપને છોડી અલ્પકાળમાં ફરી મારી પાસે આવશો.' એમ બંને દ્વારપાળોને આજ્ઞા કરી ભગવાન વિમાનોની પંક્તિઓથી શોભતા અને સર્વાતિશય શોભાથી યુક્ત પોતાના સ્થાનમાં પધાર્યા. પછી દેવોમાં શ્રેષ્ઠ તે જય અને વિજય દુસ્તર એ બ્રહ્મશાપને લીધે એ શ્રીહરિના લોકમાં જ નિસ્તેજ બની ગયા અને તેમનો બધો ગર્વ ઓગળી ગયો. હે પુત્રો ! તેઓ જ્યારે વૈકુંઠલોકમાંથી પડ્યા, ત્યારે શ્રેષ્ઠ વિમાનોમાં મોટો હાહાકાર થયો. શ્રીહરિના તે બંને શ્રેષ્ઠ પાર્ષદો હમણાં દિતિના ઉદરમાં આવે છે, જે કશ્યપ ઋષિએ સ્થાપેલા ઉગ્ર તેજરૂપ છે. હમણાં તે બંને અસુરોના તેજથી તમારા તેજનો તિરસ્કાર થયો છે; કેમ કે હમણાં ભગવાન જ એમ કરવા ઈચ્છે છે. જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ હોઈ સર્વના આદ્ય છે, જેમની યોગમાયાને યોગેશ્વરો પણ દુઃખથી ઓળંગી શકે છે અને ત્રણે ગુણોના જે અધીશ્વર છે, તે ભગવાન આપણું કલ્યાણ કરશે; આમાં આપણા વિચારથી કેટલો અર્થ સરવાનો છે ? ૧-૩૭

विश्वस्य यः स्थितिलयोद्भवहेतुराद्यो योगेश्वरैरपि दुरत्यययोगमायः ।
क्षेमं विघास्यति स नो भगवांस्त्र्यधीशस्तत्रास्मदीयविमृशेन कियानिहार्थः ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્ભુત પ્રભાવ

॥ मैत्रेय उवाच ॥

निशम्यात्मभुवा गीतं कारणं शङ्कयोज्झिताः । ततः सर्वे न्यवर्तन्त त्रिदिवाय दिवौकसः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્માએ કહેલું તે કારણ સાંભળી દેવો શંકારહિત થયા ને પછી તેઓ સર્વ સ્વર્ગ તરફ પાછા ફર્યા. બીજી બાજુ પતિના કહેવા પરથી પુત્રોને ઉપદ્રવની શંકા કરતી સાધ્વી દિતિએ સો વર્ષ

પૂરાં થયાં એટલે જોડકારૂપે બે પુત્રને જન્મ આપ્યો. એ બંને જન્મ્યા ત્યારે સ્વર્ગમાં, પૃથ્વી પર અને અંતરિક્ષમાં લોકોને ઘણો ભય ઉપજાવનારા અનેક ઉત્પાતો થયા. પૃથ્વીના પ્રદેશો પર્વતો સાથે કંપવા લાગ્યા, સર્વ દિશાઓ સળગવા લાગી. અંગારાઓ સાથે વજ્રપાતો થવા લાગ્યા, પીડા કરનારા ધૂમકેતુઓ ઊગવા લાગ્યા ને વંટોળિયારૂપી સેનાવાળો, ધૂળરૂપી ધજાવાળો અને અત્યંત દુઃસહ સ્પર્શવાળો તીવ્ર પવન મોટાં વૃક્ષોને ઉખેડતો ને વારંવાર ફૂંફાડા મારતો વહેવાવા લાગ્યો. આકાશમાં અત્યંત ઝબકતી વીજળીવાળા મેઘમંડળને લીધે સૂર્ય વગેરેની કાંતિ વિનાશ પામી તેથી ફેલાયેલા અંધકારથી કોઈ સ્થળ દેખાતું ન હતું. સમુદ્ર જાણે ઉદાસ મનવાળો થયો હોય તેમ ખળભળવા લાગ્યો. તેમાં મોટા તરંગો ઊછળવા લાગ્યા અને તેની અંદરના મગરો વગેરે જળચર પ્રાણીઓમાં પણ કોલાહલ થઈ રહ્યો. વળી જેમાં કમળો સુકાઈ ગયાં હતાં એવી નદીઓ, વાવકૂવા વગેરે જળાશયો સાથે ખળભળી ગઈ. (આકાશમાં) રાહુએ ગળેલા સૂર્ય તથા ચંદ્રની આસપાસ વારંવાર કુંડાળાં થયાં અને વાદળાં ન હોવા છતાં ગર્જનાઓ થવા લાગી. પર્વતોની ગુફાઓમાં રથોના અવાજ જેવા અવાજ થવા લાગ્યા ને મુખમાંથી ઉગ્ર અગ્નિ બહાર કાઢતી શિયાળવીઓ ગામડામાં શિયાળો તથા ઘુવડના શબ્દો સાથે અમંગળ શબ્દ કરવા લાગી. વળી કૂતરાં જાણે ગાતાં હોય અથવા રડતાં હોય તેમ ડોક ઊંચી કરી ચોતરફ અનેક પ્રકારે ભસવા લાગ્યાં. હે વિદુરજી ! તીક્ષ્ણ ખરીઓથી પૃથ્વીને ખોતરતાં મદોન્મત્ત ગધેડાંનાં ટોળાં ભૂક્તાં ભૂક્તાં ચોતરફ દોડવા લાગ્યાં. તેમ જ પક્ષીઓ ગધેડાંના અવાજથી ત્રાસીને રડતાં રડતાં માળામાંથી ઊડવા લાગ્યાં અને પશુઓ નેસડા તથા જંગલમાં (ભયને લીધે) મળમૂત્ર કરવા લાગ્યાં. ગાયો પણ ત્રાસ પામી (દૂધને બદલે) લોહી દૂઝવા લાગી, મેઘો પરુ વરસાવવા લાગ્યા. દેવની પ્રતિમાઓ રડવા લાગી અને વાયુ વિના પણ વૃક્ષો પડવા લાગ્યાં. મંગળ વગેરે ક્રૂર ગ્રહો દેદીપ્યમાન થઈ અત્યંત પવિત્ર સૌમ્ય ગ્રહો તથા નક્ષત્રગણોને ઓળંગવા લાગ્યા અને વક્ર ગતિ વડે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. એ ઉપરાંત બીજા પણ મોટા ઉત્પાતો જોઈ માત્ર સનકાદિ વિના તેઓનું કારણ ન જાણતી પ્રજાઓ ભયભીત થઈ જગતનો નાશ માનવા લાગી. બીજી તરફ પેલા બે આદિ દૈત્યો એકાએક પોતાનું પૂર્વસિદ્ધ પરાક્રમ પ્રકટ કરતા મોટા બે પહાડોની પેઠે પથ્થર જેવા બળવાન શરીરથી વધવા લાગ્યા. તેઓ સુવર્ણના મુકુટની અણી વડે છેક આકાશનો સ્પર્શ કરતા હતા. શરીર વડે તેમણે સર્વ દિશાઓને રોકી દીધી. તેઓની ભુજાઓ બાજુબંધોથી પ્રકાશતી હતી. તેમના ડગલે ડગલે પૃથ્વી ડગમગતી હતી અને સુંદર કંદોરાવાળી કેડ વડે તેઓ સૂર્યને ઓળંગી ઊભા હતા. પ્રજાપતિ કશ્યપે તે બન્નેનાં હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ એવાં નામ પાડયાં. તેમાં કશ્યપના પોતાના શરીરથી જે પ્રથમ ઉત્પન્ન થયો તેનું નામ હિરણ્યકશિપુ રાખ્યું અને જેને દિતિએ પ્રથમ જન્મ આપ્યો હતો તે હિરણ્યાક્ષ નામે વિખ્યાત થયો. હિરણ્યકશિપુ બ્રહ્માના વરદાનને લીધે કોઈથી પણ મૃત્યુ ન પામે તેવો થયો અને તેથી જ ઉદ્ધત થઈ તેણે બે બાહુઓ વડે લોકપાલો સહિત ત્રણે લોકને વશ કર્યા, તેનો નાનો ભાઈ હિરણ્યાક્ષ તેને પ્રિય હતો અને નિત્ય પ્રિય કરનારો હતો; તે એક સમયે હાથમાં ગદા લઈ યુદ્ધ કરવા ઇચ્છતો રણસંગ્રામ શોધતો સ્વર્ગમાં ગયો. જેનો વેગ દુઃસહ હતો, જેના પગમાં સોનાનાં ઝાંઝર ઝણકાર કરતાં હતાં. વૈજયંતીમાલા જેણે પહેરી હતી, મોટી ગદા જેણે ખભા ઉપર મૂકી હતી, શૌર્ય, બળ તથા વરદાન વડે જે ગર્વિષ્ઠ, નિરંકુશ તથા સર્વથી નિર્ભય હતો, એવા તે હિરણ્યાક્ષને જોઈ સર્પો જેમ ગરુડથી ત્રાસીને છુપાઈ જાય તેમ સર્વ દેવતાઓ ભયભીત થઈ છુપાઈ ગયા. એ રીતે પોતાના તેજથી દેવતાઓને છુપાઈ ગયેલા જોઈ દૈત્યરાજ તે હિરણ્યાક્ષે ઈંદ્ર સહિત દેવગણોને કાયર અને

પુરુષાર્થહીન જોયા અને તેથી તે અત્યંત ગર્જના કરવા લાગ્યો. પછી ત્યાંથી પાછા ફરી મહાસત્ત્વશાળી હિરણ્યાક્ષે ક્રીડા કરવા માટે ભયંકર શબ્દવાળા ગંભીર મહાસાગરમાં મદોન્મત્ત હાથીની પેઠે પ્રવેશ કર્યો. તે સમુદ્રમાં પેઠો ત્યારે વરુણદેવના સૈનિક જળચર જીવો વ્યગ્ર બુદ્ધિવાળા અને અત્યંત ભયભીત થઈ માર્યા વિના પણ હિરણ્યાક્ષના તેજથી અત્યંત તિરસ્કાર પામી દૂર નાસી ગયા. હે વિદુરજી ! મહાબળવાન તે હિરણ્યાક્ષ ઘણાં વર્ષો સુધી સમુદ્રમાં ફર્યો અને કાળા લોખંડની ગદા વડે વાયુએ ઉછાળેલા સમુદ્રના મોટા તરંગો તેણે કાપી નાખ્યા. પછી વરુણદેવની વિભાવરી નામની તે નગરીમાં પહોંચ્યો. ત્યાં અસુરોના પાતાળલોકનું પાલન કરતા અને સર્વ જળચર પ્રાણીઓના અધિપતિ વરુણદેવની પાસે જઈ કેવળ મશ્કરી માટે જ પ્રણામ કરી હસીને નીચ પુરુષની પેઠે તે કહેવા લાગ્યો : "હે અધિરાજ ! મને યુદ્ધ આપો. તમે લોકપાલ, સર્વ જળજીવોના અધિપતિ, મહાયશસ્વી અને પોતાને વીર માનનારા ઉદ્ધત પુરુષોના પરાક્રમનો નાશ કરનારા છો. હે પ્રભો ! આપે પૂર્વે જગતના સર્વ દૈત્યો તથા દાનવોને જીતી રાજસૂય યજ્ઞ કર્યો હતો.' એમ નિરંકુશ ગર્વવાળા તે શત્રુએ ઘણી મશ્કરી કરી, ત્યારે ભગવાન વરુણદેવ ઉત્પન્ન થયેલા ક્રોધને પોતાની બુદ્ધિથી શાંત કરી તેને કહેવા લાગ્યા: "હે ભાઈ ! અમે તે યુદ્ધ વગેરે કૌતુકથી વિરામ પામ્યા છીએ. હે અસુરશ્રેષ્ઠ ! યુદ્ધમાર્ગમાં કુશળ તને સંતોષ આપી શકે તેવો તે પુરાણપુરુષ ભગવાન વિના બીજો કોઈ પુરુષ હું દેખતો નથી; માટે તારા જેવા શૂરાઓ યુદ્ધમાં જેમની પ્રશંસા કરે છે એવા તે ભગવાન પાસે તું જા. તે વીર ભગવાનની સામે જવાથી તું ગર્વરહિત થઈશ. અને કૂતરાંથી વીંટાઈને રણશય્યામાં સૂઈશ. જે ભગવાન તારા જેવા દુષ્ટોનો વિનાશ કરવા અને સત્પુરુષો પર કૃપા કરવાની ઈચ્છાથી અવતાર લે છે. ૧-૩૧

तं वीरमारादभिपद्य विस्मयः शयिष्यसे वीरशये श्वभिर्वृतः ।
यस्त्वद्विधानामसतां प्रशान्तये रुपाणि धत्ते सदनुग्रहेच्छया ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનનું મહાન યુદ્ધ

॥ मैत्रेय उवाच ॥

तदेवमाकर्ण्य जलेशभाषितं महामनास्तद्विगणय्य दुर्मदः ।
हरेर्विदित्वा गतिमंग नारदाद्रसातलं निर्विविशे त्वरान्वितः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! વરુણદેવનાં વચનો સાંભળી મોટા મનવાળો તે ઉદ્ધત દૈત્ય 'કૂતરાંથી વીટાયેલો તું રણશય્યામાં સૂઈશ' એ તેમનું વચન ન ગણકારી નારદ પાસેથી ભગવાનની ગતિ જાણી ઉતાવળો રસાતળમાં દાખલ થયો. ત્યાં પોતાની દાઢના અગ્રભાગ વડે પૃથ્વીને ધારણ કરી ઉપરના ભાગમાં લઈ જતા અને લાલ શોભાવાળાં નેત્ર વડે હિરણ્યાક્ષની કાંતિ હરતા શ્રીહરિને તેણે જોયા ને પછી મશ્કરીમાં જ તે હસ્યો કે, અહો ! આ જંગલી પશુ અહી જળમાં ક્યાંથી આવ્યું ? એમ હાંસી કરી તે ભગવાનને કહેવા લાગ્યો : 'અલ્યા ઓ અજ્ઞાની ! આ પૃથ્વી મૂકી દે. આ પૃથ્વી તો બ્રહ્માએ રસાતળવાસી અમને અર્પણ કરી છે. તું અહી આવ. ઓ ભૂંડનો આકાર ધારણ કરનાર અધમ દેવ ! મારા દેખતાં તું આ પૃથ્વીની સાથે ક્ષેમકુશળ જઈ શકીશ નહિ. તને અમારા શત્રુ દેવોએ અમારો નાશ કરવા આવે

હૃષ્ટપુષ્ટ કર્યો છે, તેથી તું કપટથી અસુરોનો નાશ કરે છે અને પરોક્ષમાં જય મેળવે છે. તારામાં કેવળ યોગમાયાનું જ બળ છે. બાકી ખરી રીતે તો તું અલ્પ બળવાળો છે. ઓ મૂઢ ! આજે તારો નાશ કરી હું મારા સંબંધીઓનો શોક દૂર કરીશ. મારા હાથે છૂટેલી આ ગદા વડે તારું માથું ભાગી જશે અને તું મરણ પામીશ એટલે જે ઋષિઓ અને દેવો તને બલિદાન આપે છે. તેઓ સર્વે મુળરહિત થઈ પોતાની મેળે જ આ જગતમાં હયાત નહિ રહે.

એ પ્રમાણે શત્રુ હિરણ્યાક્ષનાં વચનરૂપી શસ્ત્રોથી પીડા પામતાં તે ભગવાન દાઢ ઉપર રહેલી પૃથ્વીને ભયભીત થયેલી જોઈ તે કડવાં વાક્યોની પીડા સહન કરતા, જેમ ઝૂડથી પીડાયેલો હાથી હાથણી સાથે નીકળે તેમ જળમાંથી બહાર નીકળ્યા. એટલે સુવર્ણ જેવા પીળા કેશવાળો અને વિકરાળ દાઢો વાળો તે દૈત્ય મગરમચ્છ જેમ હાથીની પાછળ દોડે તેમ જળમાંથી નીકળતા ભગવાનની પાછળ દોડ્યો અને વજ્ર જેવી ગર્જના કરી કહેવા લાગ્યો. નિર્લજ્જ નીચ પુરુષોને શું નિંદ્ય છે ? પછી તે વરાહ ભગવાને જળની સપાટી ઉપર પૃથ્વી સ્થાપી તેમાં પોતાની આધારશકિત મૂકી. એ સમયે શત્રુ હિરણ્યાક્ષના દેખતાં બ્રહ્મા વરાહ ભગવાનની સ્તુતિ કરતા હતા અને દેવ પુષ્પવૃષ્ટિથી તેમને ઢાંકી દેતા હતા. પછી પ્રચંડ કોપવાળા ભગવાને ખડખડાટ હસી પાછળ પડેલા સુવર્ણના અલંકારવાળા, મોટી ગદાવાળા, સુવર્ણનું વિચિત્ર બખતર ધારણ કરનારાં અને દુષ્ટ વચનોથી મર્મસ્થાનોને વારંવાર પીડતા તે દૈત્યને કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** ઓ અમંગળ ! તું કહે છે તે સત્ય છે. ખરેખર અમે જળમાં ફરનાર ભૂંડ છીએ પણ તારા જેવા કૂતરાઓને શોધીએ છીએ. વીર પુરુષો, મૃત્યુપાશથી બંધાયેલા તારી તેં પોતે કરેલી આત્મશ્લાઘાને ગ્રહણ કરતા નથી. આ અમે તો રસાતળવાસીઓની થાપણરૂપ પૃથ્વીને હરી જનારા નિર્લજ્જ છીએ અને ગદા વડે તે અમને નસાડી મૂક્યા છે તો પણ યુદ્ધમાં માંડ માંડ તારી સામે ઊભા છીએ; કેમ કે બળવાન સાથે વેર કરી કયાં જઈએ ? તું પાયદળ સૈનિકોના નાયકોમાં અગ્રેસર હોઈ વિચાર કર્યા વિના તરત જ અમારા અમંગળ માટે યત્ન કર અને અમને મારી પોતાના સંબંધીઓનાં શોકનાં આંસુ લૂછી નાખ; કેમ કે જે પોતાની પ્રતિજ્ઞા પાળતો નથી તે અસભ્ય છે.

**મૈત્રેય બોલ્યા :** એમ ભગવાને ખૂબ તિરસ્કાર કર્યો અને રોષથી અત્યંત હાંસી કરી એટલે રમાડાતા મોટા સર્પની પેઠે તે દૈત્ય ઉગ્ર ક્રોધ પામ્યો. તે અસહનશીલ બની શ્વાસોચ્છવાસ છોડવા લાગ્યો. તેની ઈન્દ્રિય ક્રોધથી ખળભળી ઊઠી અને તેણે બળથી શ્રીહરિની પાસે જઈ તેમને ગદા મારી. પણ ભગવાને યોગારૂઢ પુરુષ જેમ મૃત્યુને ચુકાવી દે, તેમ શત્રુએ છાતી પર છોડેલી ગદાનો વેગ આડા ખસી જઈ ચુકાવી દીધો. એટલે તે દૈત્ય ફરી પોતાની ગદા લઈ વારંવાર ભમાવવા લાગ્યા, ત્યારે ક્રોધાયમાન થયેલા શ્રીહરિ ક્રોધથી હોઠ પીસી તેની સામે દોડ્યા. પ્રભુએ પોતાના શત્રુની જમણી ભ્રૂકુટિ પર ગદા મારી, પણ હે સૌમ્ય વિદુરજી ! ગદાયુદ્ધમાં કુશળ હિરણ્યાક્ષે વચમાંથી જ પોતાની ગદા વડે તે ગદાને પોતાની પાસે આવ્યા પહેલાં જ મારી હઠાવી. એ રીતે હિરણ્યાક્ષ અને શ્રીહરિ અત્યંત આવેશમાં આવી જય મેળવવાની ઈચ્છાથી મોટી ગદાઓ વડે એકબીજાને મારવા લાગ્યા. એમ પરસ્પર સ્પર્ધા કરતા, તીક્ષ્ણ ગદાના પ્રહારોથી ઘાયલ અંગોવાળા, ઘાવમાંથી ઝરતા લોહીની ગંધથી અત્યંત વધેલા ક્રોધવાળા અને જય મેળવવાની ઈચ્છાથી તરેહ તરેહના પેંતરાઓથી ઘૂમતા એ બન્નેનું તે પૃથ્વી માટેનું યુદ્ધ ગાય માટે લડતા બે આખલાઓના જેવું શોભતું હતું. હે કુરુવંશી વિદુરજી !પૃથ્વી માટે શત્રુ બનેલા તે દૈત્યનું અને માયાથી

વરાહ શરીર સ્વીકારનારા મહાત્મા શ્રીયજ્ઞમૂર્તિ ભગવાનનું તે યુદ્ધ જોવાની ઇચ્છાથી બ્રહ્મા ઋષિઓ સાથે ત્યાં આવ્યા. હજારો ઋષિઓના નાયક ભગવાન બ્રહ્માએ દૈત્યને શૂરાતનમાં અવેલો, નિર્ભય, વેરનો બદલો લેતો અને અજિત પરાક્રમવાળો જોઈ આદિવરાહ નારાયણ ભગવાનને કહ્યું :

**બ્રહ્મા બોલ્યા :** હે દેવ ! આ અસુર આપના ચરણમૂળને શરણે આવેલા દેવોનો, બ્રાહ્મણોને, ગાયોનો તથા નિરપરાધી પ્રાણીઓનો અપરાધ કરનાર, ભય ઉપજાવનાર અને દુષ્ટ કર્મો કરનાર છે. મારી પાસેથી તેણે વર મેળવ્યો હોવાથી પોતાની બરાબરી કરે તેવા શત્રુથી રહિત થઈ શત્રુની શોધ કરતો આ સર્વ લોકમાં કંટકરૂપે ભમે છે. માટે છે દેવ ! માયાવી, ગર્વિષ્ઠ, નિરંકુશ અને મહાદુષ્ટ આ અસુરને જેમ કોઈ બાળક (પૂંછડું ખેંચવા વગેરેથી) કોપેલા સર્પને રમાડે તેમ રમાડો મા. હે અચ્યુત ! આ દારુણ દૈત્ય પોતાની સંધ્યાવેળા પામી પાછો વૃદ્ધિ પામે તે પહેલાં જ તમે પોતાની માયાનો આશ્રય કરી આ પાપીનો નાશ કરો. હે પ્રભો ! લોકોનો વિનાશ કરનારી અતિ ઘોર આ સંધ્યાવેળા થવા આવી છે, તો હે સર્વાત્મન્ ! તમે દેવોનો વિજય કરો. હમણાં જ આ અભિજિત નામના મુહૂર્તનો યોગ (મધ્યાહ્ન સમય) જવાની તૈયારીમાં છે. માટે સત્વર આપના ભકત એવા અમારું કલ્યાણ કરવા આ દુર્જય દૈત્યનો નાશ કરો. ઠીક થયું છે કે આ દૈત્ય પોતાના મૃત્યુરૂપે થયેલા આપની સામે પોતાની મેળે જ આવ્યો છે ! માટે યુદ્ધમાં પરાક્રમ કરી આને મારી લોકોને સુખી કરો. ૧-૨૮

दिष्टया त्वां विहितं मृत्युमयमासादितः स्वयम् । विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## હિરણ્યાક્ષનો વધ

॥ मैत्रेय उवाच ॥

अवधार्ये विरिंचस्य निर्व्यलीकामृतं वचः । प्रहस्य प्रेमगर्भेण तदपाङ्गेन सोऽग्रहीत् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્મદેવનું નિષ્કપટ અમૃત મય વચન સાંભળી ભગવાન ખૂબ હસ્યા અને પછી તે વચનને પ્રેમયુક્ત કટાક્ષ વડે માન્ય જ કર્યું. પછી બ્રહ્માની નાસિકામાંથી ઉત્પન્ન થયેલી - તે વરાહમૂર્તિએ પોતાની સામે નિર્ભય થઈ ધૂમતા શત્રુ હિરણ્યાક્ષને પોતે એકદમ ઊછળી જડબામાં ગદા મારી. પરંતુ હિરણ્યાક્ષે ગદા વડે ભગવાનની ગદા પર પ્રહાર કર્યો કે જેથી તે ગદા ભગવાનના હાથમાંથી છૂટી જઈ ઘૂમરી ખાઈ પૃથ્વી ઉપર પડી અને દૈત્યનું પરાક્રમ દીપી નીકળ્યું. એ આશ્ચર્ય જેવું બન્યું હતું. એ વેળા તે દૈત્યને લાગ મળ્યો હતો; છતાં તેણે યુદ્ધધર્મને માન આપી આયુધરહિત થયેલા ભગવાન ઉપર પ્રહાર કર્યો નહિ, પણ ભગવાનને કોપાવવા માંડ્યા. ભગવાનના હાથમાંથી ગદા પડી ગઈ ત્યારે સર્વ સ્થળે હાહાકાર થયો. પછી ભગવાને નિઃશસ્ત્ર ઉપર પ્રહાર ન કરવારૂપી તે દૈત્યના યુદ્ધધર્મની પ્રશંસા કરી સુદર્શનચક્રને યાદ કર્યું. એ સમયે જેમનું ચક્ર પણ જેમનાથી ગભરાયું હતું એવા ભગવાન પોતાના પાર્ષદ તે અધમ દિતિપુત્ર સામે યુદ્ધ કરતા હતા. ત્યારે ત્યાં તેમના પ્રભાવને ન જાણતાં આકાશચારી દેવોની આવી જાતજાતની વાણી થવા લાગી, 'તમારું કલ્યાણ થાઓ, તમે આ દૈત્યનો વધ કરો.' પેલો દૈત્ય ચક્ર ધારણ કરનારા અને કમળની પાંખડી સમાન નેત્રવાળા ભગવાનને આગળ ઊભેલા જોઈ ક્રોધથી ચંચળ ઈન્દ્રિયોવાળો થઈ ફૂંફાડા નાખતો પોતાના હોઠ પીસવા લાગ્યો, અને વિકરાળ દાઢોવાળા તે દૈત્યે નેત્રો

વડે જાણે બાળી નાખતો હોય તેમ ભગવાન સામે જોઈ કૂદીને 'હવે તું મૂઓ જ છે' એમ કહી ગદા વડે ભગવાન ઉપર પ્રહાર કર્યો. એટલે હે સત્પુરુષ વિદુરજી ! ભગવાન યજ્ઞવરાહે વાયુ સમાન વેગવાળી તે ગદાને શત્રુના દેખતાં ડાબા પગથી લાત મારીને રમત માત્રમાં પૃથ્વી પર પાડી નાખીને કહ્યું : 'હથિયાર લે અને ઉદ્યમ કર; કેમ કે તું મને જીતવા ઈચ્છે છે.' ભગવાને એમ કહ્યું ત્યારે ફરી તે દૈત્યે ગદા ઉઠાવી પ્રહાર કર્યો અને અત્યંત ગર્જના કરી. ભગવાને તે ગદાને સામે આવતી જોઈ તેની સામે ઊભા રહી ગરુડ જેમ આવેલી નાગણને પકડી લે તેમ રમતમાં પકડી લીધી. એ રીતે પોતાનો પુરુષાર્થ નાશ પામ્યો, એટલે તે મહાન અસુર ગર્વરહિત અને નિસ્તેજ થયો, ત્યારે શ્રીહરિએ તેને ગદા આપવા માંડી; પરંતુ તેણે તે લેવાની ઈચ્છા તો કરી નહિ : પછી જેમ બ્રાહ્મણોને ઉદ્દેશી અભિચાર કર્મ કરતો કોઈ મનુષ્ય હોમવાના દ્રવ્યને લે તેમ તે દૈત્ય વરાહસ્વરૂપ ધરનારા યજ્ઞભગવાન સામે મારવા માટે ત્રણ શિખાઓવાળું ત્રિશૂળ ઉઠાવ્યું કે જે બળતા અગ્નિની પેઠે બીજાને ગળી જવા આતુર હતું. મહાન દૈત્ય યોદ્ધાએ ભગવાન સામે ફેંકેલું એ ઉત્કટ કાંતિવાળું ત્રિશૂળ આકાશમાં ઝળહળતું હતું. તેને જેમ ગરુડ તજેલા પીછાને ઇંદ્રે વજ્ર વડે કાપી નાખ્યું હતું, તેમ ભગવાને તીક્ષ્ણ ધારવાળા ચક્ર વડે કાપી નાખ્યું. પોતાના ત્રિશૂળને ભગવાનના ચક્રે એ રીતે કાપી નાખ્યું ત્યારે તે અસુરનો રોષ અત્યંત વધ્યો. તેણે ભગવાનની સામે આવી લક્ષ્મીના રહેઠાણ રૂપ તેમની વિશાળ છાતીમાં કઠોર મૂઠી મારી અને ગર્જના કરી ત્યાંથી અદશ્ય થયો. હે વિદુરજી ! એમ તેણે પ્રહાર કર્યો છતાં ભગવાન આદિવરાહ પુષ્પમાળાથી મારેલા હાથીની પેઠે જરા પણ ડગ્યા નહિ. પછી દૈત્યે યોગમાયાના અધીશ્વર શ્રીહરિ ઉપર અનેક પ્રકારની માયા રચવા માંડી. જેને જોઈ ત્રાસ પામેલી પ્રજાઓ જગતનો પ્રલય માનવા લાગી. તે સમયે ધૂળનું અંધારું ફેલાવતો પ્રચંડ પવન ફૂંકાવા લાગ્યો અને ગોફણોમાંથી ફેંકાતા હોય તેમ દિશાઓમાંથી પથ્થરો પડવા લાગ્યા. વીજળીઓ સાથે ગર્જના કરતાં વાદળાનાં ટોળાથી આકાશમાં નક્ષત્રોનો સમૂહ દેખાતો બંધ થયો અને તે વાદળાંમાંથી પરુ, વાળ, લોહી, વિષ્ઠા, મૂત્ર તથા હાડકાં વારંવાર વરસવા લાગ્યાં. હે નિર્દોષ વિદુરજી ! પર્વતો જાતજાતનાં હથિયારો ફેંકતા હોય તેવા દેખાયા અને ત્રિશુળવાળી ને છૂટા વાળવાળી નગ્ન રાક્ષસીઓ સર્વ તરફ દેખાવા લાગી. વળી અનેક યક્ષો, રાક્ષસો, પાળાઓ, ઘોડેસવારો, રથીઓ તથા હાથીસવારો હાથમાં હથિયાર લઈ, 'મારો, કાપો' એવી મહાભયંકર વાણી બોલવા લાગ્યા. એ વેળા યજ્ઞમુર્તિ ભગવાને પ્રકટ થયેલી તે આસુરી માયાઓનો નાશ કરવા પ્રિય સુદર્શન ચક્ર છોડયું કે તે જ સમયે દિતિના હૃદયમાં એકાએક કંપારી છૂટી. તેને સ્વામીનું વચન યાદ આવ્યું અને તેના સ્તનમાંથી લોહી વહેવા લાગ્યું. પેલો દૈત્ય પોતાની માયાઓ નાશ પામી એટલે ફરી ભગવાન પાસે આવી ક્રોધથી તેમને બે બાહુની વચ્ચે લઈ પીસી નાખવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ ભગવાનને ભુજાઓની બહાર જ રહેલા તેણે જોયા, પછી વજ્ર જેવી બળવાન મૂઠીઓથી ભગવાનને તે મારવા લાગ્યો, એટલે ઈંદ્ર જેમ વૃત્રાસુરને મારે તેમ ભગવાને તેના કાનના મૂળ ભાગમાં મૂઠી મારી. જગતને જીતનારા ભગવાને એ રીતે સહેજ જ ( નહિ કે બળથી) પ્રહાર કર્યો એટલામાં તો તેનું શરીર ચોતરફ ભમવા લાગ્યું. નેત્રો બહાર નીકળી પડયાં, હાથપગ તથા મસ્તકના વાળ વીખરાઈ ગયા અને વાયુએ ઉખેડી નાખેલા વૃક્ષની પેઠે તે નિષ્પ્રાણ થઈને ધરણી પર પડ્યો. મરીને પડવા છતાં એ દૈત્યનું તેજ હજુ ઝાંખું પડયું ન હતું. તેને જોઈ એ વેળા ત્યાં આવેલા બ્રહ્માદિ દેવો તે વિકરાળ દાઢોવાળા ને પીસેલા હોઠવાળા અસુરની પ્રશંસા કરતા કહેવા લાગ્યા : 'અહો ! આવા અલભ્ય મૃત્યુને કોણ પામે? જેમની મિથ્યા માયારૂપ ઉપાધિથી છૂટવા માટે યોગીઓ એકાંતમાં યોગસમાધિથી જેમનું ધ્યાન કરે છે, તે

ભગવાનના ચરણથી હણાયેલા આ શ્રેષ્ઠ દૈત્યે તેમનું મુખ જોતાં જોતાં શરીર છોડયું છે. આ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્ને આ ભગવાનના પાર્ષદો છે. તેઓ શાપને લીધે આ અસુરપણારૂપ અસદ્‌ગતિને પામ્યા છે, પણ કેટલાક જન્મ લઈ ફરીથી પોતાનું તે સ્થાન પામશે.'

**દેવો બોલ્યા :** સમગ્ર યજ્ઞો વિસ્તારનારા અને જગતના પાલન માટે નિર્મળ સત્ત્વમૂર્તિ ધારણ કરનારા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે ઈશ્વર ! જગતના મર્મસ્થાનોમાં અત્યંત પીડા કરનારા આ દૈત્યનો આપે નાશ કર્યો તે બહુ જ સારું કર્યું છે. હવે આપના ચરણની ભકિતથી અમે નિશ્ચિંત બન્યા છીએ.

**મૈત્રેય બોલ્યા :** 'એ પ્રમાણે અસહ્ય પરાક્રમવાળા હિરણ્યાક્ષનો નાશ કરી બ્રહ્માદિ દેવોથી સ્તવાયેલા આદિવરાહ શ્રીહરિ જયાં અખંડ ઉત્સવો હોય છે એવા પોતાના વૈકુંઠલોકમાં ગયા. હે શ્રેષ્ઠ મિત્ર ! ઉદાર પરાક્રમવાળા હિરણ્યાક્ષનો મહાયુદ્ધમાં રમકડાની પેઠે ભગવાને નાશ કર્યો તે આ વરાહ અવતાર લેનારા ભગવાનનું ચરિત્ર જે પ્રમાણે મેં ગુરુ પાસેથી સાંભળ્યું છે, તે જ પ્રમાણે તમને કહ્યું છે.

**સૂત બોલ્યા :** હે બ્રાહ્મણ શૌનક ! એ રીતે મૈત્રેયે કહેલી ભગવાનની કથા સાંભળી મહાભકત વિદુરજી પરમ આનંદ પામ્યા; કેમ કે પવિત્ર કીર્તિવાળા અને મોટા યશવાળા બીજા સત્પુરુષોનાં ચરિત્રો સાંભળી જો હર્ષ થાય, તો વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા શ્રીભગવાનનાં ચરિત્રો સાંભળી હર્ષ થાય તેમાં શું આશ્ચર્ય છે? જેમણે મગરે ગળેલા અને ચરણકમળનું ધ્યાન કરતા ગજેન્દ્રને વિલાપ કરતી હાથણીઓ સમક્ષ સત્વર સંકટમાંથી મુક્ત કર્યો હતો. અને જે કેવળ શરણ લેનાર સરળ ચિત્તના પુરુષોને સુખપૂર્વક સેવવા યોગ્ય અને દુર્જનોને દુરાધ્ય છે, તે ભગવાનને ક્યો કૃતજ્ઞ પુરુષ ન સેવે ? હે બ્રાહ્મણો ! જે મનુષ્ય પૃથ્વીના ઉદ્ધાર માટે વરાહ અવતાર લેનારા શ્રીભગવાનનું આ 'હિરણ્યાક્ષવધ' નામનું મહાઅદ્‌ભુત ક્રીડાચરિત્ર સાંભળે, ગાય અથવા અનુમોદન આપે તો મનુષ્ય બ્રહ્મહત્યાના પાપથી પણ છૂટી જાય છે. હે વિદુરજી ! સ્વર્ગાદિ લોકને આપનારુ, અતિશય પવિત્ર, ધન તથા યશ આપનારુ, આયુષ્ય અને સર્વ આશીર્વાદોનું સ્થાન, પ્રાણ તથા ઈન્દ્રિયોની રક્ષા કરનારું અને યુદ્ધમાં શૌર્ય વધારનારું આ ચરિત્ર જેઓ સાંભળે છે, તેઓ અંતે શ્રીનારાયણ ભગવાનને પામે છે. ૧-૩૮

एतन्महापुण्यमलं पवित्रं धन्यं यशस्यं पदमायुराशिषाम् ।
प्राणेन्द्रियाणां युधि शौर्यवर्धनं नारायणोऽन्ते गतिरङ्ग श्रृण्वताम् ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## સૃષ્ટિરચના

॥ श्रीशुक उवाच ॥

मही प्रतिष्ठामध्यस्य सौते स्वायम्भुवो मनुः । कान्यन्वतिष्ठद् द्वाराणि मार्गायावरजन्मनाम् ॥१॥

**શૌનકે પૂછયું :** હે રોમહર્ષણના પુત્ર સૂત ! પૃથ્વીરૂપી સ્થાન પામ્યા પછી સ્વાયંભુવ મનુએ પ્રલયકાળે ઈશ્વરમાં લીન થયેલાં પ્રાણીઓને બહાર કાઢવા ક્યા ઉપાયોનો આધાર લીધો. વિદુરજી મહાન ભગવદભકત અને શ્રીકૃષ્ણના એકાંતિક મિત્ર હતા, જેમણે (શ્રીકૃષ્ણની સલાહ ન માનવાથી) 'આ શ્રીકૃષ્ણનો અપરાધી છે' એમ માની મોટા ભાઈ ધૃતરાષ્ટ્રનો દુર્યોધનાદિ પુત્રો સાથે ત્યાગ કર્યો હતો. વળી

તે વિદુરજી વ્યાસના પુત્ર હોઈ મહત્વમાં પણ વ્યાસના કરતાં ઊતરતા ન હતા; તેમ જ સર્વ પ્રકારે શ્રીકૃષ્ણના જ આશ્રિત હોઈ શ્રીકૃષ્ણના ભકતોને પણ અનુસરતા હતા. તીર્થો સેવવાથી પાપરહિત થયેલા વિદુરજીએ ગંગાદ્વારમાં બેઠેલા મહાતત્વજ્ઞાની મૈત્રેય પાસે જઈ શું પૂછ્યું હતું ? હે સૂત ! પરસ્પર વાતચીત કરતા તે બંને વચ્ચે ગંગાજળ જેવી નિર્મળ અને પાપનો નાશ કરનારી શ્રીહરિના ચરણકમળ સંબંધી જ કથાઓ ચાલેલી છે. માટે કીર્તન કરવા યોગ્ય ઉદાર કર્મોવાળી શ્રીહરિની તે કથાઓ અમને કહો. તમારું કલ્યાણ થાઓ. શ્રીહરિની લીલાઓરૂપી અમૃત પીનારો ક્યો રસજ્ઞ પુરુષ તેથી તૃપ્ત થાય ?

એમ નૈમિષારણ્યમાં વસતા શૌનકાદિ મુનિઓએ રોમહર્ષણના પુત્ર સૂતને પ્રશ્ન કર્યો, ત્યારે જેમણે ભગવાનમાં જ મન સ્થાપ્યું હતું એવા સૂત 'સાંભળો' એમ કહી તેઓને કહેવા લાગ્યા.

**સૂત બોલ્યા :** પોતાની માયાથી જેમણે વરાહનું શરીર લીધું હતું એવા શ્રીહરિની રસાતલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપી લીલા તથા તેમણે સહજમાં હિરણ્યાક્ષને માર્યો એ સાંભળી ભરતવંશી વિદુરજીએ અત્યંત હર્ષ પામી મુનિ મૈત્રેયને કહ્યું.

**વિદુરજીએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ પ્રજાઓની સૃષ્ટિ માટે પ્રજાપતિઓને ઉત્પન્ન કરી પછી સૃષ્ટિને વધારવા માટે શું કર્યું તે મને કહો, કેમ કે તમે પરોક્ષ વિષયના જાણનારા છો; તેમ જ મરીચિ વગેરે મુનિઓ અને સ્વાયંભુવ મનું જે થયા, તેઓએ બ્રહ્માની આજ્ઞાથી કેવી રીતે પ્રજાની વૃદ્ધિ કરી ? એ પ્રજાસૃષ્ટિ વગેરે કાર્યમાં તેમણે પત્ની સહિત રહીને કે સ્વતંત્ર (પત્ની વિના જ) સૃષ્ટિ રચી હતી કે સર્વેએ ભેગા મળી આ જગત રચ્યું હતું ?

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! જેની ગતિ જાણવી અત્યંત કઠિન છે, એવા જીવોના પ્રારબ્ધથી પ્રકૃતિના નિયંતા પુરુષથી તથા કાળથી ભગવાન ત્રિગુણમય પ્રકૃતિમાં ક્ષોભ પામ્યા એટલે કાર્ય ઉત્પન્ન થઈ શકે તેવો વ્યાપાર ઊપજયો, જેથી મહત્તત્ત્વ થયું. પછી દેવે પ્રેરેલા તે રજોગુણપ્રધાન મહત્તત્ત્વ માંથી ત્રિગુણાત્મક અહંકાર થયો અને તે અહંકાર પાંચ તન્માત્રાઓ, પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા તે તે ઇન્દ્રિયોના દેવતાઓ એમ પાંચ પાંચ તત્વો ઉત્પન્ન કર્યા. આ બધાં એકએકથી અલગ રહી બ્રહ્માંડોને સર્જવા સમર્થ થઈ શકતાં ન હતાં, તેથી તેઓએ ભગવાનની શકિતથી પરસ્પર સંગઠિત થઈ સુવર્ણ જેવું પ્રકાશમાન બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું. આ બ્રહ્માંડકોશ પ્રથમ અચેતન હતો અને એ જ અવસ્થામાં એક હજાર વર્ષોથી કંઈક વધારે વર્ષો સુધી સમુદ્રના જળમાં રહ્યો હતો. પછી તેમાં ભગવાને પ્રવેશ કર્યો. પછી તે નારાયણ ભગવાનની નાભિમાંથી સર્વ જીવોનું રહેઠાણ અને હજાર સૂર્યો જેવું અતિશય કાંતિવાળું કમળ થયું. તેમાંથી બ્રહ્માનો પણ આવિર્ભાવ થયો. જ્યારે બ્રહ્માંડના ગર્ભરૂપ જળમાં શયન કરનાર ભગવાન નારાયણે બ્રહ્માના અંતઃકરણમાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે પૂર્વના કલ્પની પેઠે ક્રમથી નામરૂપમય લોકસૃષ્ટિ રચી. તેમાં પ્રથમ અજ્ઞાનમાંથી પાંચ ભેદવાળી અવિદ્યા સર્જી : તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, તમસ, મોહ અને મહાતમસ; પરંતુ તેમને એ અજ્ઞાનમય શરીર પસંદ ન પડયું, તેથી તે શરીરનો તેમણે ત્યાગ કર્યો. ત્યારે રાત્રિરૂપ થયેલા તે શરીરમાંથી સુધા અને તૃષા થઈ, જેને યક્ષ તથા રાક્ષસોએ સ્વીકારી. એ ક્ષુધા અને તૃષાથી પીડાયેલા તે યક્ષો તથા રાક્ષસો તે બ્રહ્માને ખાઈ જવા દોડયા અને ભૂખતરસથી વ્યાકુળ થઈ કહેવા લાગ્યા કે આને રાખો મા, પણ ખાઈ જાઓ.' તે સાંભળી ગભરાયેલા બ્રહ્મા બોલ્યાઃ 'તમે મને ખાશો નહિ, મારી રક્ષા કરો. હે યક્ષો અને રાક્ષસો ! તમે મારી પ્રજા છો.' પછી કાંતિથી પ્રકાશતા બ્રહ્મદેવે કાંતિથી પ્રકાશતી જે સત્ત્વગુણી મુખ્ય પ્રજાઓ ઉત્પન્ન કરી તેઓ

દેવ કહેવાયા. પછી બ્રહ્માએ તે કાંતિમાન શરીર ત્યજી દીધું. તેને ક્રીડા કરવાની ઈચ્છાવાળા દેવોએ સ્વીકાર્યું, જે તેજોમય દિવસરૂપ થયું. પછી બ્રહ્માએ જાંઘમાંથી અતિશય સ્ત્રીલંપટ અસુરો ઉત્પન્ન કર્યા. તેઓ અત્યંત સ્ત્રીલંપટપણાથી મૈથુન માટે બ્રહ્મદેવ તરફ જ ધસ્યા. ભગવાન બ્રહ્મા તે વેળા (પ્રથમ તો) હસ્યા પણ નિર્લજ્જ અસુરો તેમની પાછળ જ પડ્યા ત્યારે ક્રોધાયમાન તથા ભયભીત થઈ વેગથી નાઠા અને શરણે આવેલાનું દુઃખ હરનારા, અભીષ્ટ આપનારા તથા ભકતો પર કૃપા કરવા ભકતોની ઈચ્છાનુસાર સ્વરૂપ દર્શાવનારા શ્રીહરિને શરણે ગયાં અને પ્રાર્થના કરીઃ 'પરમાત્મન્ ! મારું રક્ષણ કરો. મેં આપની આજ્ઞાથી પ્રજાઓ રચવા માંડી પણ હે પ્રભો ! આ પાપી પ્રજાઓ મૈથુન માટે મારી પાછળ જ ધસી છે. આપ એક જ દુઃખીઓનાં દુઃખનો નાશ કરનારા અને આપના ચરણનો આશ્રય ન કરનારાઓને દુઃખ દેનારા છો, બ્રહ્માની એ દીનતા જાણી બીજાંઓની ચિત્તાને નિઃસંદેહ જાણનારા ભગવાને કહ્યુંઃ 'તમે આ ઘોર શરીર ત્યજી દો.' ભગવાને એમ કહેલા તેમણે એ શરીરનો ત્યાગ કર્યો. તે શરીર સાયંકાળની સંધ્યા થઈ. તેનાં ચરણકમળ ઝાંઝરોથી ઝણકાર કરતાં હતાં, નેત્રો મદથી વિહ્વળ હતાં, નિતંબપ્રદેશ કંદોરાથી શોભતો રેશમી વસ્ત્રથી ઢંકાયેલો હતો, બે સ્તન, એકબીજા સાથે ઘસાતાં હોઈ ઘણાં જ ઊંચાં અને વચ્ચે જગા વિનાનાં હતાં, સુંદર નાસિકા, મનોહર દાંત, સ્નેહાળ હાસ્ય અને નીલકેશકલાપવાળી તે વિલાસપૂર્વક જોતી લજ્જાથી શરીરને વસ્ત્રના છેડા વડે ઢાંકતી હતી. હે ધર્માવતાર વિદુર ! એવા રૂપવાળી એ સ્ત્રીને જોઈ સર્વ અસુરો અત્યંત મોહિત થયા અને બોલ્યાઃ 'અહો ! આનું રૂપ ! અહો ! આનું ધૈર્ય ! અહો ! આની નવીન વય ! આપણે આને ઈચ્છીએ છીએ છતાં તે તો આપણને જાણે ઈચ્છતી જ ન હોય એમ આપણી વચ્ચે આવે છે.' એ રીતે સ્ત્રીની આકૃતિવાળી તે સંધ્યા સંબંધી અનેક તર્કવિતર્કો કરતા તે કુબુદ્ધિ અસુરો તેનો સત્કાર કરી પ્રેમથી તેને પૂછવા લાગ્યા : 'ઓ કેળના સ્તંભ જેવી સાથળોવાળી સુંદરિ ! તું કઈ જાતિની અને કોની કન્યા છે. અહીં આવવાનું તારે શું પ્રયોજન છે? હે કોપ કરનારી ! તારે આ રૂપરૂપી કિંમતી વસ્તુ વેચવી છે છતાં અમને ન આપી તું અમને અભાગિયાઓને દુઃખી કરે છે ? હે અબળા ! તું ગમે તે જાતિની કે ગમે તે કુળની હો, પણ અમારાં અહોભાગ્ય છે કે અમને તારું દર્શન થયું છે; પરંતુ અમે તને જોઈએ છીએ તેટલામાં તો તું અમારા મનને દડાની રમતથી અત્યંત મથી નાખે છે. ઓ સુંદરી ! તું ઊછળતા આ દડાને વારંવાર હથેળીથી મારે છે, તેથી તારાં ચરણકમળ એક સ્થળે સ્થિર રહેતાં નથી. આ કેડ મોટા સ્તનના ભારથી જાણે ભયભીત થઈ હોય તેમ અત્યંત લચી જાય છે. નિર્મળ દૃષ્ટિ જાણે ઘેરાતી હોય તેમ પ્રસરે છે અને કેશકલાપ અત્યંત સુંદર જણાય છે. એમ તે સાયંકાળની સંધ્યા ખરી રીતે સ્ત્રી ન હતી, છતાં તે સ્ત્રી જેવી દેખાઈને અત્યંત લોભાવતી હતી. તેને સ્ત્રી માની તે મૂઢ બુદ્ધિવાળા અસુરોએ ગ્રહણ કરી. પછી બ્રહ્માએ ગંભીર ભાવથી હસીને પોતાના સૌંદર્યનું જાણે પોતે જ આસ્વાદન કરતી હોય તેવી પોતાની કાંતિમાંથી ગંધર્વો તથા અપ્સરાઓના સમૂહો ઉત્પન્ન કર્યા. અને તે ચંદ્રિકાસ્વરૂપ તેજસ્વી પ્રિય શરીરનો પણ ત્યાગ કર્યો. એટલે વિશ્વાવસુ આદિ ગંધર્વો તથા અપ્સરાઓએ તે શરીર ગ્રહણ કર્યું. પછી ભગવાન બ્રહ્માએ આળસમાંથી ભૂતો તથા પિશાચો ઉત્પન્ન કર્યા પણ તેઓને નગ્ન અને છૂટા કેશવાળા જોઈ બંને નેત્રો મીંચી દીધાં. તે શરીરનો પણ ત્યાગ કર્યો. પ્રભુ બ્રહ્માએ તજેલા તે જૂંભણ નામના 'શરીરને ભૂતો તેમ જ પિશાચોએ સ્વીકારી લીધું. તેમાં જેનાથી પ્રાણીઓની ઈન્દ્રિયો પરાધીન દેખાય છે તે 'નિદ્રા' કહેવાય છે, જેથી (એટલે

ઈન્દ્રિયાદિની શિથિલતાને લીધે) મલિન (મળમૂત્રાદિયુકત) પ્રાણીઓને (ભૂતડાં વગેરે) ગાંડા કરી મૂકે છે, તેને ઉન્માદ કહે છે. પછી પોતાના આત્માને બળવાન માનતા; અજન્મા અને સમર્થ ભગવાન બ્રહ્માએ પોતાના અદશ્ય રૂપથી સાધ્યદેવો તથા પિતૃઓના સમૂહ ઉત્પન્ન કર્યા. એટલે તેઓએ જેનાથી પોતાની ઉત્પત્તિ થઈ હતી તે બ્રહ્મદેવના અદશ્ય શરીરને ગ્રહણ કર્યું, જે શરીરને ઉદ્દેશીને વિદ્વાનો, સાધ્યો તથા પિતૃઓને હવ્ય અને કવ્ય આપે છે. પછી બ્રહ્માએ તિરોધાન નામની શકિતથી સિદ્ધો તથા વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા અને તે અંતર્ધાન શકિતરૂપ અદ્દભુત શરીર તેઓને આપી દીધું. પ્રભુ બ્રહ્માએ પોતાનું પ્રતિબિંબ જોઈ પોતાને સુંદર માની તે પ્રતિબિંબ વડે કિન્નારો સહિત કિંપુરુષો ઉત્પન્ન કર્યા અને પછી તે પ્રતિબિંબ શરીરનો ત્યાગ કર્યો એટલે તે શરીરને કિન્નરો તથા કિંપુરુષોએ ગ્રહણ કર્યું તેથી જ તેઓ પ્રાતઃકાળમાં સ્ત્રીપુરુષના યુગલરૂપે મળી બ્રહ્માનાં પરાક્રમોનું ગાન કરે છે. આ રીતે સૃષ્ટિ રચી છતાં તે વૃદ્ધિ ન પામી; ત્યારે 'હવે આ સૃષ્ટિ કેમ વધે' આવી અત્યંત ચિંતાથી ફેલાયેલા હાથપગ વગેરે અવયવોવાળા શરીરે બ્રહ્મા સૂઈ ગયા અને ક્રોધથી તેમણે શરીર તજ્યું. હે વિદુરજી ! તે તજેલા શરીરમાંથી જે વાળ ખર્યા તે સર્પો થયા. વળી બ્રહ્માએ તે શરીર તજતી વેળા પગ વગેરે અવયવો લાંબા-ટૂંકા કરી સરકાવ્યા હતા, તેથી જ તે શરીરથી ઉત્પન્ન થયેલા સર્પો કહેવાયા અને તે અત્યંત વેગવાળા થયા. તેઓ વિસ્તારવાળા અને શરીરથી ઉત્પન્ન થવાથી ફણાને લીધે વિશાળ ડોક વાળા થયા, તેમ જ ક્રોધપૂર્વક શરીર તજવાથી ક્રૂર થયા. છેવટે બ્રહ્માએ આત્માને કૃતકૃત્ય હોય તેવો માન્યો, તે વેળા તેમણે પોતાના મનથી મનુઓ સર્જ્યા. અને સર્વ જીવોના સ્વામી બ્રહ્માએ તે મનુઓને પોતાનું પુરુષાકાર શરીર અર્પણ કર્યું. તે સમયે એ મનુઓને જોઈ તેઓની પહેલાં જે (દેવો વગેરે) ઉત્પન્ન થયા હતા. તેઓ બ્રહ્માની પ્રશંસા કરવા લાગ્યાઃ 'અહો ! હે જગતના સ્રષ્ટા ! આનંદની વાત છે કે આપે આ મનુઓને સર્જ્યા તે બહુ જ સારું કર્યું. હે બ્રહ્મદેવ ! આ મનુઓની સૃષ્ટિમાં અગ્નિહોત્રાદિ સર્વ ક્રિયાઓ નિત્ય ચાલુ રહેશે જેથી અમે બધા સાથે અમારું હવિર્ભાગરૂપ અન્ન ખાઈશું.' પછી તપ, ઉપાસના, આસન વગેરે યોગ અને વૈરાગ્ય, ઐશ્વર્યાદિરૂપ સમાધિથી યુક્ત બ્રહ્માએ સર્વ ઈન્દ્રિયો વશ કરી પોતાને પ્રિય એવી ઋષિઓની પ્રજાઓ સર્જી. તે ઋષિઓને બ્રહ્માએ પોતાના શરીરનો એક એક અંશ વહેંચી આપ્યો કે જેમાં સમાધિ, યોગ, ઐશ્વર્ય, તપ, ઉપાસના તથા વૈરાગ્ય હતાં. ૧-૫૩

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदादजः । यत्तत्समाधियोगर्द्धितपोविद्याविरक्तिमत् ॥५३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## કર્દમ ઋષિ પર શ્રીભગવાનની પ્રસન્નતા અને તેમની પાસે મનુનું આવવું

॥ विदुर उवाच ॥

स्वायम्भुवस्य च मनोर्वंशः परमसम्मतः । कथ्यतां भगवन्यत्र मैथुनेनेधिरे प्रजाः ॥१॥

**વિદુર બોલ્યા :** હે ભગવન્ ! સ્વાયંભુવ મનુનો પરમ માન્ય વંશ તમે કહો, જેમાં મૈથુનથી પ્રજાઓની વૃદ્ધિ થઈ હતી. સ્વાયંભુવ મનુના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ પુત્રો હતા. તેઓ સાતે દ્વીપોવાળી પૃથ્વીનું ધર્મપૂર્વક પાલન કરતા હતા. હે નિર્દોષ બ્રાહ્મણ ! તે મનુને દેવહૂતિ નામે પ્રખ્યાત પુત્રી હતી. તેને પ્રજાપતિ કર્દમની પત્ની આપે કહી. મહાયોગી કર્દમે યમ વગેરે યોગનાં લક્ષણોવાળી તે દેવહૂતિ વિષે કેટલાં સંતાન ઉત્પન્ન કર્યા હતાં. એ હું સાંભળવા ઈચ્છું છું માટે કહો. હે બ્રહ્મન્ ! બ્રહ્મદેવના પુત્ર

ભગવાન ઋચિએ તથા દક્ષ પ્રજાપતિએ મનુની કન્યા આકૂતિ તથા પ્રસૂતિને પત્ની તરીકે મેળવી, જે પ્રમાણે સંતાનો ઉત્પન્ન કર્યા હતાં તે પણ કહો.

**મૈત્રેય બોલ્યા :** તમે પ્રજાઓ સર્જો એમ બ્રહ્મદેવે કહ્યું, ત્યારે ભગવાન કર્દમે દશ હજાર વર્ષ સુધી સરસ્વતી નદી ઉપર તપ કર્યું. પછી સમાધિયુક્ત ક્રિયાયોગ વડે કર્દમે શરણે આવેલાંને વર આપનાર શ્રીહરિને ભકિતપૂર્વક સેવ્યા. એ સત્યયુગના સમયે કમળનેત્ર શ્રીભગવાન તેમના પર પ્રસન્ન થયા અને હે વિદુરજી ! કેવળ વેદથી જ જાણવા યોગ્ય બ્રહ્મમય શરીર ધારણ કરતા ભગવાને કર્દમને દર્શન દીધાં. કેવળ સત્ત્વગુણસ્વરૂપ, સૂર્ય સમાન તેજસ્વી, ધોળાં દિવસવિકાસી તથા રાત્રિવિકાસી કમળની માળાવાળા, ચળકતા કાળા કેશના સમૂહથી વ્યાપ્ત મુખવાળા, સ્વચ્છ વસ્ત્ર ધારણ કરતા, મુકુટધારી, કુંડળધારી, શંખ, ચક્ર ને ગદા ધારણ કરનારા, ધોળા કમળને હાથમાં ક્રીડા માટે ધારણ કરતા; જેમનું હાસ્ય અને દર્શન મનને આનંદદાયક હતું, તેમણે ગરુડના ખભા ઉપર ચરણકમળ મૂક્યું હતું, જેમની છાતીમાં લક્ષ્મીનું ચિહ્ન હતું, ડોકમાં કૌસ્તુભમણિ હતો અને જે આકાશમાં રહેલા હતા, તે ભગવાનનાં દર્શન કરી કર્દમને હર્ષ થયો. તેમણે પૃથ્વી પર મસ્તક નમાવી ભગવાનને પ્રણામ કર્યા અને પછી પ્રાપ્ત થયેલા મનોરથવાળા અને પ્રીતિરૂપી સ્વાભાવિક મનોધર્મવાળા તે કર્દમ બે હાથ જોડી વાણી વડે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

**કર્દમ બોલ્યા :** હે સ્તુતિ કરવા યોગ્ય ભગવન્ ! આનંદની વાત છે કે સમગ્ર પ્રાણીઓના નિવાસ રૂપ આપનાં આજે દર્શન થવાથી અમારાં નેત્રો સફળ થયાં છે; કેમ કે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અનેક જન્મોથી સિદ્ધ થયેલ યોગવાળા યોગીઓ પણ આપનાં દર્શન ઈચ્છે છે. હે ઈશ્વર ! જેઓ નરકમાં પણ મળી શકનારા કામભોગોના અલ્પ સુખ માટે જ સંસાર સમુદ્ર માં વહાણ સરખાં આપનાં ચરણકમળને ભજે છે, તે પુરુષોની બુદ્ધિ આપની માયાથી નાશ પામી છે. આપ તો તેઓને તે કામોપભોગો પણ આપો જ છો. અરે ! હું પોતે જ દષ્ટ અભિપ્રાયવાળો છું; કેમ કે હું મારા જેવા શીલવાળી અને ગૃહસ્થાશ્રમમાં ધર્મ-અર્થ-કામરૂપ ત્રણ પુરુષાર્થોને આપનારી પત્નીને પરણવા ઈચ્છું છું અને એ (જ દુષ્ટ અભિપ્રાયથી) સમસ્ત પુરુષાર્થોના મૂળરૂપ આપનાં ચરણરૂપી કલ્પવૃક્ષને શરણે આવ્યો છું. હે અધીશ્વર ! વિષયો વડે હણાયેલા આ લોકો પ્રજાઓના પતિ એવા આપની વેદવાણીરૂપ દોરીથી (પશુની પેઠે) બંધાયેલા છે અને હું પણ હે શુદ્ધ ધર્મમૂર્તિ દેવ ! એ લોકોને અનુસરી કાળમૂર્તિ આપ પરમાત્માને બલિદાન આપવા ઈચ્છું છું. (આપની કર્મમય આજ્ઞાને અનુસરવાનો છું.) પણ જેઓ કામવાસનાઓ વડે જિતાયેલા આ લોકોને તથા વિવેક છતાં કર્મજડ મારા જેવા પશુઓને અનુસર્યા વિના આપના ચરણરૂપી છત્રનો આશ્રય કરે છે અને આપના ગુણાનુવાદરૂપી મદજનક અમૃતપાનથી ક્ષુધા, તૃષા વગેરે દેહધર્મો પણ ભૂલી જાય છે. તેવા પુરુષોના આયુષ્યનો આપનું કાળચક્ર કદી નાશ કરી શકતું નથી કે જે પરબ્રહ્મરૂપી ધરી ઉપર ફરનારું અધિક મહિના સાથે તેર મહિનાઓરૂપી સાંધાઓવાળું, ત્રણસો સાઠ દિવસોરૂપી અણીઓવાળું, છ ઋતુઓરૂપી ઘેરાવાવાળું, ક્ષણ-લવ વગેરે અનંત ધારાઓવાળું, ત્રણ ચાતુર્માસરૂપી નાભિવાળું અને તીવ્ર વેગવાળું હોઈ સર્વ જગતને ખેંચીને દોડી રહ્યું છે. હે ભગવન્ ! જેમ કરોળિયો પોતાની જ અંદરથી જાળું ઉત્પન્ન કરે છે, ફેલાવે છે અને અંતે તેને ગળી જાય છે તેમ આપ એક જ છો તોપણ જગતને સર્જવાની ઈચ્છાથી પોતાને વિષે સ્વીકારેલી પોતાની યોગમાયાની સત્વાદિગુણોરૂપ શકિતઓ વડે આ જગતને સર્જો છો. પાળો છો અને સંહારો છો. હે અધીશ્વર ! ઠીક છે કે આપ અમને (ભક્તોને) માયા વડે શબ્દાદિ

વિષયોનાં સુખ જે આપો છો તે આપને પસંદ તો નથી જ, પણ અનુગ્રહ માટે (ત્રણ ઋણોથી મુકત કરી મોક્ષ આપવાને જ) આપો; કેમ કે માયાથી આપ ભગવાન દેહધારી થયા હો, તેમ તુલસીનીમાળાવાળા આપને મેં પ્રત્યક્ષ જોયા છે. (અર્થાત્ આપ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન ભોગ અને મોક્ષ બંનેને આપે જ છે.) આપ વિષે જ્ઞાનબળના પ્રભાવથી સર્વ કર્મોના ફળભોગ પોતાની મેળે જ વિરામ પામેલો છે. પોતાની માયા વડે આ સર્વ લોકતંત્રને આપ ચલાવી રહ્યા છો. આપનાં ચરણકમળ સકામ– નિષ્કામ સર્વ ભકતોને નમસ્કાર કરવા યોગ્ય છે અને આપ તુચ્છ સકામ ભકતને અથવા આપનું અલ્પ ભજન કરે તેને પણ સર્વ કામનાઓ આપો છો. આવા આપને હું વારંવાર નમસ્કાર કરું છું.

**મૈત્રેય બોલ્યા :** એમ નિષ્કપટભાવે કર્દમે સ્તુતિ કરી એટલે ગરુડ પર શોભી રહેલા અને પ્રેમપૂર્વક મંદહાસ્ય કરતા, દર્શનથી ચંચલ ભ્રૂકુટિવાળા ભગવાન અમૃતતુલ્ય વચનથી તેમને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** તમે આત્મસંયમ આદિ વ્રતો વડે જે માટે પૂજન કર્યું, તે તમારા ચિત્તનો અભિપ્રાય પ્રથમથી જ મેં જાણ્યો છે અને તે માટે યોજના પણ કરી છે. હે પ્રજાપતિ ! મારું પૂજન કદી નિષ્ફળ થતું નથી. મારામાં મન એકાગ્ર કરનારા તમારા જેવાઓ વિષે તો મારું પૂજન સર્વથા નિષ્ફળ થતું નથી. બ્રહ્મદેવના પુત્ર સમ્રાટ મનુ કે જેમનું મંગળ કર્મ જગતમાં પ્રખ્યાત છે અને બ્રહ્માવર્તમાં રહી સાત સમુદ્રો સુધીની પૃથ્વીને જે પાળે છે, તે ધર્મજ્ઞ રાજર્ષિ હે વિપ્ર ! મહારાણી શતરૂપા સાથે પરમ દિવસે તમને મળવા અહીં આવશે. હે સમર્થ ઋષિ ! તેમની શ્યામ લોચનવાળી, રૂપ, ગુણ, યૌવન અને શીલવાળી કન્યા વિવાહને યોગ્ય થઈ છે તે યોગ્ય એવા તમને અર્પણ કરશે. હે બ્રાહ્મણ ! આટલાં વર્ષો સુધી તમારું મન જેમાં આસકત હતું તે એ રાજકન્યા તમારી ઘણી સેવા કરશે. વળી એ રાજકન્યા પોતાને વિષે ધારણ કરેલા તમારા વીર્યમાંથી નવ કન્યાઓને જન્મ આપશે અને તમારી એ કન્યાઓમાં મરીચિ વગેરે ઋષિઓ લોકરીતિ પ્રમાણે પુત્રો ઉત્પન્ન કરશે. પછી તમે પણ મારી આજ્ઞાનું સારી રીતે પાલન કરવાથી શુદ્ધ ચિત્ત વાળા થઈને સર્વ કર્મોનાં ફળ મને સમર્પણ કરી દઈ અંતે મને જ પામશો. વળી જિતેન્દ્રિય તમે પ્રાણીમાત્ર પર દયા કરી અભયદાન આપી મારે વિષે આત્મસ્વરૂપ પોતાને તથા સર્વ જગતને અને આત્મસ્વરૂપ પોતામાં મને તથા સર્વ જગતને રહેલું જોશો. હે મહામુનિ ! હું મારી અંશકળારૂપે તમારા વીર્યથી તમારી પત્ની દેવહૂતિ વિષે અવતરીશ અને સાંખ્યશાસ્ત્ર રચીશ.

**મૈત્રેય બોલ્યા :** એમ તેમને કહી જીતેલી ઈન્દ્રિયોથી જેમનો સાક્ષાત્કાર થાય છે અને જેમના સિદ્ધ માર્ગ (વૈકુંઠ)ની સિદ્ધેશ્વરો સ્તુતિ કરે છે, એવા ભગવાન સરસ્વતીના તટ પર આવેલા કર્દમના આશ્રમ બિંદુસરોવર ઉપરથી તેમના દેખતાં દેખતાં સ્વધામ પધારી ગયા. એ વખતે ગરુડની પાંખોથી ઉચ્ચારાતા સામવેદના મંત્રો તેઓ સાંભળતા જતા હતા. એ રીતે શુદ્ધ સત્વગુણી શ્રીભગવાન પધાર્યા એટલે ભગવાન કર્દમ ઋષિ સમયની રાહ જોતા બિંદુસરોવર પર રહ્યા. હે સુંદર ધનુષ્યવાળા વિદુરજી ! ભગવાને જે દિવસ કહ્યો હતો, તે જ દિવસે મનુ પોતાની પત્ની સાથે પુત્રીને સુવર્ણના સાજવાળા રથમાં બેસાડી પૃથ્વી પર ફરતા તે શાંત સ્વભાવવાળા ઋષિના આશ્રમે આવ્યા. જ્યાં શરણે આવેલા કર્દમ ઋષિ ઉપર કરેલી કૃપાથી અત્યંત ઊભરાઈ જતાં ભગવાનનાં નેત્રોમાંથી અશ્રુનાં બિંદુ પડયાં હતાં, તે જ સ્થાન બિંદુસરોવર કહેવાય છે. તે સરસ્વતી નદીથી યુક્ત હોઈ પવિત્ર છે. ત્યાંનું જળ કલ્યાણકારી અમૃત જેવું છે. મહર્ષિ ગણો વડે તે સેવાય છે. પવિત્ર મૃગો તથા પશુઓ ત્યાં શબ્દ કરે છે. પવિત્ર વૃક્ષો તથા લતાના સમૂહથી અને વનપંકિતની શોભાથી તે યુક્ત છે. મદોન્મત્ત પક્ષીઓનાં ટોળાંથી ગાજી રહેલું છે. મદોન્મત્ત

ભમરાઓ ત્યાં વિનોદ કરે છે. મદમત્ત મયૂરોરૂપી નટોનો નૃત્યવિલાસ ત્યાં થઈ રહ્યો છે. મદમત્ત કોયલો એકબીજીને બોલાવી રહી છે. કદંબ, ચંપો, આસોપાલવ, કરંજ, બોરસલી, અસન, મોગરા, મંદાર અને કુટજ વગેરે ફલઝાડોથી તથા આંબાના નાનાં છોડવાઓથી તે શોભી રહ્યું છે. બતકો, જળકાગડા, હંસો, ટિટોડાં, જળકૂકડાં, સારસ, ચક્રવાક અને ચકોર પક્ષીઓ ત્યાં સુંદર શબ્દ કરે છે. હરણાં, ભૂંડો, શાહુડીઓ, રોઝો, હાથીઓ, ગાયોના જેવાં પૂંછડાંવાળાં પશુઓ, વાનરો, માંકડાં, નોળિયા તથા કસ્તુરી મૃગોથી તે વીંટાયેલું છે. તે શ્રેષ્ઠ તીર્થરૂપ આશ્રમમાં પ્રવેશ કરી આદિરાજા મનુએ પુત્રીની સાથે કર્દમમુનિનાં દર્શન કર્યા. તે વખતે તેઓ અગ્નિમાં હોમ કરી ત્યાં બેઠા હતા. તે ઘણા લાંબા કાળથી તપમાં જ જોડાયેલા શરીર વડે અત્યંત પ્રકાશતા હતા અને શ્રીભગવાને કૃપાકટાક્ષથી તેમને જોયેલા હોવાથી અને ભગવાનના ભાષણરૂપી ચંદ્રકળાના અમૃતને સેવવાથી શરીરે તે અત્યંત દૂબળા જણાતા ન હતા. વળી તે શરીરે ઊંચા હતા. તેમનાં નેત્રો કમળની પાંખડીઓ જેવાં હતાં. માથા પર તેમણે જટાધારણ કરી હતી, વલ્કલવસ્ત્રો પહેર્યા હતાં અને સાફ નહિ કરેલા શ્રેષ્ઠ રત્ન જેવા તે મલિન દેખાતા હતા. તેમની પાસે જઈ મનુએ તેમનાં દર્શન કર્યા, એટલે ઋષિએ પણ રાજાને પર્ણકુટીમાં આવી પોતાની આગળ પ્રણામ કરતો જોઈ આશીર્વાદ વડે અભિનંદન આપી યોગ્ય પૂજાથી સત્કાર કર્યો. પછી પૂજાસત્કાર સ્વીકારી સાવધાન થઈ બેઠેલા મનુને ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતા મુનિ મધુર વાણી વડે પ્રસન્ન કરતા કહેવા લાગ્યા : ‘હે રાજા ! તમારું ફરવું સત્પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોનો નાશ કરવા માટે હોય છે, કેમ કે તમે સર્વનું રક્ષણ કરનાર શ્રીહરિની શકિતરૂપ છે. તમે તે તે કાર્યપ્રસંગે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, યમ, ધર્મ તથા વરુણદેવનાં સ્વરૂપ લો છો. હે વિષ્ણુસ્વરૂપ ! તમને હું નમસ્કાર કરું છું. જે તમે મણિઓથી જડેલા તમારા વિજયી રથ ઉપર બેસીને પ્રચંડ ધનુષ્યનો ટંકાર કરતા રથની ગર્જના વડે પાપીઓને ત્રાસ આપતા અને સૈન્યના ચાલવાથી તેના પગ વડે ખોદાતા ભૂમંડળને કંપાવતા, મોટી સેનાને સાથે લઈ સૂર્યની પેઠે બધે ફર્યા કરો નહિ, તો ખરેખર હે રાજન્ ! તે જ સમયે વર્ણો તથા આશ્રમોની ભગવાને બાંધેલી સર્વ મર્યાદાનો દુષ્ટો નાશ કરે. વળી જો તમે નિશ્ચિત થઈ પડી રહો તો લાલચુ, અને નિરંકુશ બનેલા લોકોથી અધર્મ વધી પડે ને આ લોક દુષ્ટોનો ગ્રાસ બની નાશ પામે (તે માટે જ તમે ફર્યા કરો છો.) તો પણ હે વીર હું તમને પૂછું છું કે આ વખતે આપનું આગમન અહી શા પ્રયોજનથી થયું છે ? મારે માટે તમારી જે આજ્ઞા હશે તે હું નિષ્કપટ હૃદયથી સ્વીકારીશ .૧-૫૬

अथापि पृच्छे त्वां वीर यदर्थे त्वमिहागतः । तद्वयं निर्व्यलीकेन प्रतिपद्यामहे हृदा ॥५६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

## અધ્યાય-૨૨

## મનુએ દેવહૂતિને કર્દમ સાથે પરણાવી

॥ मैत्रेय उवाच ॥

एवमाविष्कृताशेषगुणकर्मोदयो मुनिम् । सव्रीड इव तं सम्राडुपारतमुवाच ह ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એમ કર્દમે જેના સમગ્ર ગુણકર્મની શ્રેષ્ઠતા પ્રકટ કરી હતી એવા સમ્રાટ મનુ પોતાની પ્રશંસાથી જાણે શરમાયા હોય તેમ તે નિવૃત્તિપરાયણ મુનિને કહેવા લાગ્યા.

**મનુ બોલ્યા :** વેદમય પરમાત્માએ વેદની રક્ષા માટે જિતેંદ્રિય અને તપ, વિદ્યા તથા યોગથી યુક્ત તમને બ્રાહ્મણોને પોતાના મુખથી ઉત્પન્ન કર્યા છે. હજાર ચરણોવાળા તે પરમાત્માએ પોતાના એક હજાર હાથમાંથી અમને ક્ષત્રિયોને તમારું બ્રાહ્મણોનું રક્ષણ કરવા ઉત્પન્ન કર્યા છે. આ રીતે બ્રાહ્મણજાતિને તે પરમાત્માનું હૃદય અને ક્ષત્રિયજાતિને શરીર કહે છે. આ કારણથી જ બ્રાહ્મણજાતિ અને ક્ષત્રિયજાતિ એકબીજાનું રક્ષણ કરે છે અને સર્વાત્મા છતાં નિર્વિકાર પરમાત્મા બ્રાહ્મણ અને ક્ષત્રિયની રક્ષા કરે છે. આપનાં દર્શનથી જ મારા સર્વ સંશયો નાશ પામ્યા છે; કેમ કે આપ ભગવાને પોતે પ્રજાઓનું પ્રીતિથી પાલન કરવા ઈચ્છતા મને ધર્મોપદેશ આપ્યો છે. મારું મોટું ભાગ્ય છે કે મનોવિગ્રહ ન કરનારાઓને જેમનું દર્શન દુર્લભ છે એવા આપ ભગવાનનાં મને દર્શન થયાં અને આપની પવિત્ર ચરણરજનો મેં મારા મસ્તકથી સ્પર્શ કર્યો. આપે મને ધર્મોપદેશ આપી મારા પર મોટી કૃપા કરી છે. વળી મારા સદ્ભાગ્યે આપની સુંદર વાણી મેં મારા ખુલ્લા કાનોથી સાંભળી. હે મુનિ ! કૃપા કરી પુત્રી પરના સ્નેહને લીધે દુઃખી મનવાળા મારી દીનની વિજ્ઞપ્તિ સાંભળવા તમે યોગ્ય છો. આ મારી પુત્રી (દેવહૂતિ) છે, તે પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બહેન થાય. તે વય, શીલ તથા ગુણોથી યુકત પતિને વરવા ઈચ્છે છે. જયારથી તેણે નારદજી પાસેથી આપનો સ્વભાવ, શાસ્ત્રજ્ઞાન, રૂપ, વય તથા ગુણો સાંભળ્યા છે ત્યારથી જ તેણે તમને વરવા નિશ્ચય કર્યો છે. માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! મેં શ્રદ્ધાથી આપને આપેલી આ કન્યા આપ સ્વીકારો. તે ગૃહસ્થાશ્રમનાં સર્વ કર્મોમાં આપને સર્વ પ્રકારે યોગ્ય છે, જે પુરુષે સર્વ સંગનો ત્યાગ કર્યો હોય તેણે પણ જે વિષય પોતાની મેળે આવી મળે તેને અસ્વીકાર કરવો નહિ, તો જે પુરૂષ કામાસક્ત હોય તેનાથી તે તેવા વિષયનો અસ્વીકાર કેમ જ કરાય? જે મનુષ્ય પોતાની મેળે આવેલા વિષયનો અસ્વીકાર કરી પછીથી કંજૂસ પાસે તેની માગણી કરે, તેનો અતિ ઉજજવળ યશ અને માન પણ પ્રથમ , પોતાની મેળે આપવા આવેલા મનુષ્યનું અપમાન કરવાથી નાશ પામે છે. હે વિદ્વન્ ! મેં સાંભળ્યું છે કે અત્યાર સુધી બ્રહ્મચર્યનું પાલન કરનારા આપ વિવાહ કરવા તૈયાર છો તો હવે આપ મેં આપેલી આ કન્યાને સ્વીકાર કરો.

**કર્દમ બોલ્યા :** સત્ય છે કે હું વિવાહ કરવા તૈયાર થયો છે અને આ તમારી પુત્રી પણ હજી સુધી કોઈને અપાઈ નથી તો અમારો બન્નેનો વિધિપૂર્વક ભલે આ પ્રથમ વિવાહ થાય. હે રાજા આ તમારી પુત્રીની વૈદિક વિવાહવિધિમાં પ્રસિદ્ધ એવી કામના ભલે પૂર્ણ થાઓ. વળી તમારી આ પુત્રી પોતાની કાંતિથી લક્ષ્મીનો પણ તિરસ્કાર કરતી હોય તેવી છે, તેનો ક્યો પુરુષ અનાદર કરે ? આ તમારી પુત્રી મહેલની અગાશીમાં ઝાંઝરથી ઝણકાર કરતા ચરણોથી શોભાવાળી અને ઊછળતા દડા તરફ ચંચળ દૃષ્ટિવાળી હોઈ જ્યારે રમતી હતી ત્યારે તેને જોઈને વિશ્વાવસુ ગંધર્વ મોહથી અતિ મૂઢ ચિત્તવાળો બની બેભાન થઈ પોતાના વિમાન પરથી ગબડી પડ્યો હતો. આવી સ્ત્રીઓમાં અલંકારરૂપ લક્ષ્મીનાં ચરણ જેઓએ સેવ્યાં નથી તેવા દરિદ્ર પુરુષોએ ન જોયેલી, મનુની પુત્રી અને ઉત્તાનપાદની બહેન પોતાની મેળે સામે આવીને જો વરવાની પ્રાર્થના કરે છે, તો ક્યો વિદ્વાન પુરુષ તેનો સ્વીકાર ન કરે ? માટે આ સાધ્વી સ્ત્રીનો હું આવા ઠરાવથી સ્વીકાર કરીશ કે જ્યાં સુધી તે મારા તેજ રૂપી ગર્ભને ધારણ કરે; ત્યાં સુધી જ હું તે સદ્ગુણી સ્ત્રી સાથે સંસારવ્યવહાર ચલાવીશ અને તે પછી તો હું શ્રી વિષ્ણુ ભગવાને કહેલા અને જેમાં જ્ઞાન જ મુખ્ય છે એવાં અહિંસક સંન્યાસ ધર્મોને જ વધારે મહત્ત્વ આપીશ. કેમ કે જે ભગવાનથી આ વિચિત્ર જગત ઉત્પન્ન થયું છે, જેમને વિષે હાલમાં રહ્યું, છે અને છેવટે જેમને વિષે લય પામશે, તે પ્રજાપતિઓના પતિ અનંત ભગવાન જ મારે પરમ માન્ય છે.

**મૈત્રેય બોલ્યા :** હે ઉગ્ર ધનુષ્યવાળા વિદુરજી ! કર્દમઋષિ એટલું જ બોલ્યા અને પછી મૌન થઈ ગયા. તેમણે બુદ્ધિથી ભગવાનનું ધ્યાન કરવા માંડ્યું અને તે વખતે સ્મિતથી શોભતું તેમનું મુખ જોઈ દેવહૂતિનું મન તેમના પ્રત્યે લોભાઈ ગયું. પછી મનુએ પોતાની મહારાણીનો તથા પુત્રીનો સ્પષ્ટ નિશ્ચય જાણી અત્યંત હર્ષિત થઈ ગુણસમૂહથી યુક્ત તે ઋષિને તે યોગ્ય કન્યા (લગ્નવિધિથી) આપી. મહારાણી શતરૂપાએ તે બન્ને સ્ત્રી-પુરુષને આભૂષણો, વસ્ત્રો અને ઘરને લાયક બીજો સરસામાન વગેરે પહેરામણીમાં આપ્યું. સમ્રાટ મનુ પોતાની કન્યા યોગ્ય વરને આપી નિશ્ચિંત થયા; તોપણ ત્યાંથી નીકળતી વેળા પુત્રીને બે ભુજાઓ વડે ભેટતાં સ્નેહને લીધે તેમનું ચિત્ત વ્યાકુળ થઈ ગયું. તેઓ તેનો વિરહ સહન કરી શક્યા નહિ; તેથી વારંવાર અશ્રુધારા વહેવડાવવા લાગ્યા અને 'હે બેટી ! હે પુત્રી !' એમ કહી પુત્રીના કેશને અશ્રુધારાથી ભીંજવવા લાગ્યા. પછી મુનિવર કર્દમની આજ્ઞા લઈને રાજા સ્ત્રીને લઈ રથમાં બેસી અનુચરો સાથે પોતાના નગર તરફ ચાલ્યા. માર્ગમાં ઋષિકુળનું હિત કરનારી સરસ્વતી નદીના બન્ને સુંદર કિનારા પર શાંત ઋષિઓના આશ્રમોની સંપત્તિ તેઓ જોતા જોતા ગયા. પોતાના રાજા મનુને આવતા જાણી સર્વ પ્રજાઓ અત્યંત હર્ષ પામી અને ગીત, સ્તુતિ તથા વાદિત્રની સાથે બ્રહ્માવર્ત દેશમાંથી તેમની સામે આવી. જ્યાં યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને પોતાનું શરીર ધુણાવ્યું હતું, તેથી તેમનાં રૂંવાડાં ખર્યા હતાં. તે જ સ્થળનું નામ (બ્રહ્માવર્ત દેશમાં આવેલી મનુની રાજધાની) બર્હિષ્મતી નગરી છે, જે સર્વ સંપત્તિઓથી યુકત છે. ત્યાં યજ્ઞવરાહનાં જે રૂંવાડાં ખર્યા હતાં તે જ દર્ભ અને કાસ નામના લીલા ઘાસરૂપે ઊગ્યાં હતાં. અને ઋષિઓએ તે દર્ભો તથા કાસ વડે યજ્ઞનો નાશ કરનારા રાક્ષસોનો પરાજય કરી વિષ્ણુભગવાનનું પૂજન કર્યું હતું. મોટા ઐશ્વર્યવાળા મનુએ પણ જે યજ્ઞવરાહ દ્વારા ભૂમિરૂપ સ્થાન મેળવ્યું હતું, તે યજ્ઞપુરુષ પરમાત્માનું તે સ્થળે ઊગેલા દર્ભોનું આસન બિછાવી પૂજન કર્યું હતું. (ત્યાં જ મનુએ વસાવેલું રાજધાનીનું શહેર 'બર્હિષ્મતી' નામથી પ્રખ્યાત થયું.) મહાસમર્થ મનુએ પ્રથમ પોતે જ્યાં વસ્યા હતા તે બર્હિષ્મતી નગરીમાં પ્રવેશ કરી ત્રણે તાપનો નાશ કરનારા રાજમહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં પત્ની તથા પ્રજાઓની સાથે તે ધર્મ, અર્થ, તથા મોક્ષને અનુકૂળ રીતે કામભોગો ભોગવવા લાગ્યા. નિત્ય પ્રાતઃકાળમાં સ્ત્રીઓ સહિત દિવ્ય ગંધર્વો તેમની સત્કીર્તિ ગાતા, તો પણ પોતે તો એકાગ્ર હૃદયથી શ્રીહરિની કથાઓ જ સાંભળતા હતા. સ્વાયંભુવ મનુ ઈચ્છાનુસાર ભોગોનું નિર્માણ કરવા સમર્થ હતા છતાં મુનિ જેવા હતા, તેથી ભગવત્પરાયણ એવા તેમને સંસારના ભોગો જરા પણ ભ્રષ્ટ કરી શક્યા ન હતા. તે ભગવાનની કથાઓ સાંભળતા, ધ્યાન કરતા, નવી કથાઓ રચતા અને પોતે બીજાઓ પ્રત્યે તે કથાઓ કહેતા; તેથી તેમના પોતાના મન્વંતર સમયના પ્રહરો નિઃસાર કે નિષ્ફળ ગયા ન હતા. એ રીતે તેમણે ઈકોતેર યુગનો પોતાનો મન્વંતરકાળ કેવળ ભગવત્પ્રસંગમાં જ ગાળ્યો હતો, તેથી તેમણે ત્રણે ગતિઓનો પરાજય કર્યો હતો (ટાળી દીધી હતી) (અને એ સત્ય છે કે) હે વિદુરજી ! જેને કેવળ શ્રીહરિનો જ આશ્રય છે તેને શારીરિક, માનસિક, દૈવિક કે મનુષ્યથી થયેલાં દુઃખો કેમ જ દુઃખી કરી શકે ? વળી સર્વ પ્રાણીઓનું સદા હિત કરનારા જેમણે મુનિઓના પૂછવાથી સર્વ મનુષ્યોના અનેક પ્રકારના ઉત્તમ વર્ણધર્મો તથા આશ્રમધર્મો કહ્યા છે, તે આદિરાજા મનુ સ્તુતિ કરવા યોગ્ય હોઈ, તેમનું આ અદ્ભુત ચરિત્ર મેં તમને કહ્યું. હવે તેમની પુત્રી દેવહુતિનો પ્રભાવ તમે સાંભળો. ૧-૩૯

एतत्त आदिराजस्य मनोश्चरितमद्भुतम् । वर्णितं वर्णनीयस्य तदपत्योदयं श्रृणु ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩

# કર્દમ અને દેવહૂતિનો વિમાનમાં ભોગવિલાસ ને દેવહૂતિથી નવ કન્યાઓનો જન્મ

॥ मैत्रेय उवाच ॥

पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिङ्गितकोविदा । नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं प्रभुम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** માતાપિતા ગયાં ત્યારે પતિના અભિપ્રાયને જાણવામાં ચતુર સાધ્વી દેવહૂતિ જેમ પાર્વતી ભગવાન શંકરની સેવા કરે તેમ નિત્ય પ્રેમથી પતિની સેવા કરવા લાગ્યાં. હે વિદુરજી ! કામ, કપટ, દ્વેષ, લોભ, દુરાચાર તથા મદનો ત્યાગ કરી સાવધાની તથા લાગણીપૂર્વક રહી દેવહૂતિએ વિશ્વાસથી, માનસિક પવિત્રતાથી, માનથી, ઈન્દ્રિયનિગ્રહથી, સેવાથી, સ્નેહથી અને મધુર વાણીથી અતિશય તેજસ્વી તે કર્દમ ઋષિને નિત્ય સંતોષ પમાડ્યો. દેવર્ષિઓમાં શ્રેષ્ઠ કર્દમઋષિ પોતાને અનુસરીને ચાલતી મનુરાજાની પુત્રી દેવહૂતિ કે જે દેવ કરતાં શ્રેષ્ઠ અર્થાત્ દેવને પણ ફેરવી નાખવા સમર્થ પોતાના પતિ પાસેથી મોટા ભોગો ઈચ્છતી હતી અને ઘણા કાળથી વ્રતાચરણ કરવાથી શરીરે કૃશ અને અતિદુર્બળ થઈ હતી, તેને જોઈ દયાને લીધે દુઃખી થયા અને પ્રેમથી ગળગળી વાણી વડે કહેવા લાગ્યા.

**કર્દમ બોલ્યા :** 'હે મનુપુત્રી ! હે માન આપનારી ! તારી શ્રેષ્ઠ સેવા અને પરમ ભકિતથી આજે હું પ્રસન્ન થયો છું. આ શરીર પ્રાણીમાત્રને અત્યંત પ્રિય હોય છે. તે પોતાનું ઉત્તમ શરીર કેવળ મારી સેવામાં જ ક્ષીણ કરી દેવામાં જરા પણ વિચાર કર્યો નથી. મેં (આજસુધી) સ્વધર્માચરણ, તપ, સમાધિ તથા ઉપાસનામાં ચિત્ત એકાગ્ર કરી જે દિવ્ય ભોગો મેળવ્યા છે, તેમના પર તેં તારી સેવાને લીધે અધિકાર પ્રાપ્ત કર્યો છે. હું તને દિવ્ય દૃષ્ટિ આપું છું. તે દ્વારા નિર્ભય અને શોકરહિત દિવ્ય ભોગો તું જો. આ ભોગો પાસે બીજા ભોગો કંઈ જ ગણતરીમાં નથી ( અતિશય તુચ્છ છે); કેમ કે આ ભોગો સિવાયના બીજા ભોગો તો ભગવાનના ભ્રૂકુટિવિલાસમાત્રથી નષ્ટ થઈ જાય છે. તું (મારી સેવાથી) સિદ્ધ થઈ છે. માટે હવે તારા પતિવ્રત્ય ધર્મથી તને મળેલ આ દિવ્ય ભોગો તું ભોગવ, કારણ કે 'અમે રાજા છીએ, અમને સર્વ કંઈ સુલભ છે' આવું અભિમાન વગેરે વિકારો હોય ત્યાં સુધી આવા દિવ્ય ભોગો દુર્લભ છે. સમગ્ર યોગમાયાની વિદ્યાઓમાં મહાનિપુણ પોતાના પતિને એમ બોલતા જોઈ દેવહૂતિ નિશ્ચિંત થઈ. જરા લજ્જાયુકત જોવાથી તેનું મુખ વિકસિત મંદ હાસ્યવાળું થઈ રહ્યું અને વિનય તથા પ્રેમથી ગળગળી વાણી વડે તે કહેવા લાગી.

**દેવહૂતિ બોલી :** હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ પતિ ! અત્યંત આનંદ સાથે હું તે જાણું છું કે અમોઘ યોગમાયાના અધિપતિ આપ વિષે આપે જે કહ્યું તે સર્વ સિદ્ધ જ છે. હે સમર્થ પતિ ! આપે જે પ્રમાણે ઠરાવ કર્યો છે તે પ્રમાણે માત્ર એક જ વાર ( ગર્ભ રહે તે પૂરતો જ) મને આપના અંગનો સંગ થાઓ; કેમ કે શ્રેષ્ઠ પતિથી સંતાનની ઉત્પત્તિ થવી એ સતી સ્ત્રીઓને મોટો લહાવો છે. હે સ્વામિન્ ! આપનાં અંગસમાગમનાં સાધનો કામશાસ્ત્રાનુસાર આપ તૈયાર કરો કે જેથી આપની સાથે રમવાની ઈચ્છાથી દૂબળું થયેલું મારું આ કૃશ શરીર આપની સાથે રમવામાં સમર્થ થાય. આપને લીધે જ ઉત્પન્ન થયેલા કામના આવેશથી અતિશય પીડા પામી છું તો કામયોગને યોગ્ય ભવન તૈયાર થઈ જાય તેનો પણ આપ વિચાર કરો.

**મૈત્રેય બાલ્યા :** 'હે વિદુરજી ! પ્રિયાનું પ્રિય કરવા ઈચ્છતા કર્દમે તે જ ક્ષણે યોગબળનો આશ્રય કરી ઈચ્છાનુસાર બધે જનારું વિમાન પ્રકટ કર્યું. એ વિમાન સર્વ કામનાઓ પૂર્ણ કરનારું, દિવ્ય, સર્વ રત્નોથી યુક્ત, સર્વ સંપત્તિઓના સમૂહની ઉત્તરોત્તર વૃદ્ધિવાળું, મણિઓના સ્તંભોથી શોભતું ( દિવ્ય રાચરચીલાથી ભરપૂર) સર્વ સમયમાં સુખ આપનારું, રંગબેરંગી, ધજાઓ ને પતાકાઓથી સુશોભિત અને જેમાં ભમરાઓ સુંદર ગુંજારવ કરતા હતા, એવી વિચિત્ર પુષ્પમાળાઓથી અને બારીક સુતરાઉ તથા જાતજાતનાં રેશમી વસ્ત્રોથી તે શોભતું હતું. વળી ઉપરાઉપરી બાંધેલા, મજલાઓમાં દરેક સ્થળે અલગ અલગ બિછાવેલી શય્યાઓથી, પલંગોથી, પંખાઓથી તેમ જ આસનોથી તે સૂંદર હતું. ભીંતોમાં તથા છેક શિખર સુધી જાતજાતની કારીગરીથી તે શોભતું હતું અને ઈંદ્રનીલમણિની બાંધલી ભૂમિથી તથા પરવાળાં વડે બાંધેલા ઉંબરાઓથી તે દીપતું હતું. તેને હીરા જડેલાં કમાડો હતાં અને ઈંદ્રનીલમણિનાં શિખરો ઉપર સોનાના કળશો ચડાવ્યા હતા. હીરાઓની ભીતમાં શ્રેષ્ઠ માણેક જડેલાં હતાં, તેથી જાણે નેત્રોવાળું હોય તેવું જણાતું હતું. રંગબેરંગી ચંદરવા તેમાં બાંધ્યા હતા અને મહાકિંમતી સોનાનાં તોરણો લટકાવ્યાં હતાં. સ્થળે સ્થળે હંસો અને કબૂતરોનાં ટોળાં, બનાવટી હંસો તથા કબૂતરોને પોતાનાં સજાતીય માની તેમના પર ચડી ચડીને શબ્દ કરતાં હતાં. વળી વિહાર કરવાનાં સ્થાનો, શયનગૃહો, ઉપભોગનાં સ્થાનો, ઘરની બહારનાં આંગણાં તથા કિલ્લાની બહારનાં આંગણાં એવાં સુખજનક હતાં કે જેથી કર્દમ ઋષિને પોતાને પણ તે વિમાન જાણે આશ્ચર્યજનક લાગતું હતું. આવા વિમાનગૃહને અત્યંત અપ્રસન્નમનથી દેવહૂતિ જોવા લાગી, એટલે પ્રાણીમાત્રનો અભિપ્રાય જાણનારા કર્દમે તેને કહ્યું : 'હે ભીરુ ! આ બિંદુસરોવરમાં સ્નાન કરી, તું આ વિમાન પર ચઢ. આ તીર્થ વિષ્ણુ ભગવાને પોતે કરેલું છે, તેથી મનુષ્યોની સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરનારું છે.' સ્વામીનું એ વચન સ્વીકારી કમળ સમાન નેત્રોવાળી દેવહૂતિ કે જે મેલાં વસ્ત્રવાળી હતી, મસ્તકના વાળ પણ ગૂંચવાઈ ગયા હતા અને શરીર પણ મેલથી મલિન થયેલાં અંગવાળું અને ફિક્કાં સ્તનવાળું હતું, તેણે સરસ્વતીના પવિત્ર જળથી ભરેલા તે બિંદુસરોવરમાં (સ્નાન માટે) પ્રવેશ કર્યો. એટલે તરત જ ત્યાં એક મહેલમાં રહેલી એક હજાર કન્યાઓ તેણે જોઈ. એ બધી કિશોર વયની અને કમળ સમાન સુગંધી શરીરવાળી હતી. તેઓ દેવહૂતિને જોઈ એકદમ ઊભી થઈ અને બે હાથ જોડી કહેવા લાગી: 'અમે તમારી દાસીઓ છીએ આજ્ઞા કરો, અમે તમારું શું કામ કરીએ'. એમ કહી માન આપતી તે કન્યાઓએ અતિ ઉત્તમ સ્નાનનાં સાધનોથી મનસ્વિની દેવહૂતિને નવડાવી અને પછી નિર્મળ ને નવાં વસ્ત્રો તેને આપ્યાં. ઉપરાંત દેવહૂતિને જે પ્રિય હતાં તે જ ઝળઝળતાં ઉત્કૃષ્ટ ભૂષણો, સર્વ ગુણોથી યુક્ત અન્ન અને અમૃત જેવું સ્વાદિષ્ટ હોઈ કંઈક મદજનક એવું પીણું પણ આપ્યું. પછી દેવહૂતિએ દર્પણમાં પોતાનું શરીર જોયું તો પુષ્પની માળાવાળું, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરનારું તે કન્યાઓએ બહુ જ માનપૂર્વક માંગલિક શૃંગાર સજાવેલું હતું. મસ્તકે પણ સ્નાન કરાવેલું, સર્વ અલંકારોથી સુશોભિત, ડોકમાં કંઠી ધારણ કરતું, હાથમાં કડાંઓ ધરનારું પગમાં સુવર્ણનાં ઝાંઝરોના ઝણકારવાળું, બંને નિતંબ પર અનેક રત્નોથી જડેલા સોનાના કંદોરાવાળું અને મહાકિંમતી હાર તથા ગળાના દાગીના વડે શોભતું હતું. વળી તેનું મુખ સુંદર દાંત વડે, સુંદર ભ્રૂકુટિ વડે, કમળના દોડાની સ્પર્ધા કરનાર અને મનોહર સ્નેહાળ કટાક્ષવાળા નેત્ર વડે તેમ જ શ્યામ કેશ વડે દીપતું હતું. પછી ઋષિઓમાં શ્રેષ્ઠ પોતાના પ્રિય પતિનું સ્મરણ કર્યું કે તરત જ જ્યાં તે પ્રજાપતિ કર્દમ ઊભા હતા, ત્યાં સર્વ સ્ત્રીઓની સાથે તે ઊભી રહી. એ રીતે સ્વામીની આગળ એક હજાર સ્ત્રીઓ

સાથે પોતાને જોઈ તથા તેમનો યોગપ્રભાવ જોઈ દેવહૂતિ 'આ શું' એમ આશ્ચર્યમાં પડી. હે શત્રુવિજયી વિદુરજી ! પછી સ્નાન કરી નિર્મળ થયેલી, જાણે નવીન હોય તેવી શોભતી વિવાહની તપશ્ચર્યા પહેલાંનાં પોતાના મૂળ સૌદર્ય સ્વરૂપને પામેલી, ઢાંકેલાં સુંદર સ્તનવાળી, એક હજાર વિદ્યાધરીઓથી સેવાતી અને સુંદર વસ્ત્રોવાળી દેવહૂતિને જોઈ કર્દમને તેના પર પ્રેમ થયો અને તે વખતે તેમણે તેને વિમાન પર બેસાડી. એ વિમાનમાં જેમનો મહિમા કે સ્વતંત્રતા નાશ પામ્યાં ન હતાં, પ્રિયા દેવહૂતિ ઉપર જ જે પ્રેમપરાયણ હતા અને વિદ્યાધરી સ્ત્રીઓ જેમના શરીરની સેવા કરતી હતી. એવા કર્દમ ખીલેલાં રાત્રિવિકાસી જ કમળોથી યુક્ત, અતિશય સુંદર અને તારાઓથી વીંટાયેલા આકાશચારી પૂર્ણ ચંદ્ર જેવા શોભતા હતા. એ રીતે સ્ત્રીરત્નોની વચ્ચે રહી સિદ્ધોથી સ્તુતિ કરાતા મુનિ કર્દમ વિમાનમાં બેસી જ્યાં આઠે લોકપાલ વિહાર કરે છે, તે મેરુ પર્વતની ગુફાઓમાં કુબેરની પેઠે લાંબા કાળ સુધી ક્રીડા કરવા લાગ્યા કે, જે મેરુ પર્વતની ગુફાઓ કામદેવને ઉત્તેજિત કરનાર, શીતળ અને સુગંધી પવનથી મનોહર છે અને ઉપરથી ગંગાનદીના પડવાને લીધે ત્યાં મંગલ ધ્વનિ સંભળાયા કરે છે. વળી તે કર્દમે પ્રિયાની સાથે વૈશ્રંભક, સુરસન, નંદન, પુષ્પભદ્રક, માનસ તથા ચૈત્રરથ નામનાં દેવોનાં ઉદ્યાનોમાં પણ પ્રસન્ન થઈ વિહાર કર્યો. અતિશય તેજસ્વી અને ઈચ્છાનુસાર જનાર તે મહાવિમાનમાં બેસી એ પ્રમાણે વાયુની પેઠે સર્વલોકમાં ફરતા તે મુનિ ( તે વેળા) વિમાનચારી દેવો કરતાં પણ અધિક થયા હતા. (અને એ કંઈ આશ્ચર્ય નથી, કેમકે) જેઓએ દુઃખનો નાશ કરનારા શ્રીભગવાનના પવિત્ર ચરણનો આશ્રય કર્યો છે તેવા ધીર પુરુષોને શું દુર્લભ છે ? મહાયોગી કર્દમ એ પ્રમાણે દ્વીપો, ખંડો વગેરેની રચના વડે અતિ આશ્ચર્યજનક જેટલું ભૂમંડળ છે, તેટલું સમગ્ર પત્નીને બતાવી પોતાના આશ્રમ તરફ પાછા ફર્યા. તેમણે પોતાના સ્વરૂપના નવ વિભાગ કરી મૈથુન માટે ઉત્કંઠાવાળી મનુપુત્રી પત્ની દેવહૂતિને કીડા કરાવતાં અનેક વર્ષો સુધી ક્રીડા કરી હતી; પરંતુ એટલો લાંબો સમય પણ એક મુહૂર્તની જેમ વીતી ગયો. ભોગાસક્ત થવાથી તે લાંબો સમય પણ બે ઘડી જેટલે જ જણાયો હતો. દેવહૂતિ પણ તે વિમાનમાં રતિજનક ઉત્કૃષ્ટ શય્યા પર સર્વાંગસુંદર પતિ સાથે સમાગમ પામીને જાણી શકી નહોતી કે કેટલો લાંબો સમય વીતી ગયો હતો. એમ યોગના પ્રભાવથી ક્રીડા કરતાં તે કામાસક્ત દંપતીનાં સો વર્ષો જોતજોતામાં વીતી ગયાં પછી સર્વના સંકલ્પ જાણનારા અને મહાસમર્થ તે આત્મવેત્તા કર્દમે દેવહુતિને પોતાના અર્ધાંગસ્વરૂપે માની પોતાના સ્વરૂપના નવ વિભાગ કરી તેને વિષે વીર્યસિંચન કર્યું કે તે તરત જ દેવહૂતિએ નવ પુત્રીઓને જન્મ આપ્યો. તે બધી સર્વાંગે સુંદર અને લાલ કમળ સમાન સુંગધીવાળી હતી. પછી શુદ્ધ સ્વભાવવાળી સતી દેવહૂતિએ 'હવે મારા પતિ સંન્યાસ લેશે' એમ તે સમયે જાણી લઈ હૃદયમાં વ્યાકુળતા અને સંતાપ હતાં. છતાં ઉપરથી મંદ મંદ હસતી અને નખરૂપી મણિની શોભાવાળા પગથી પૃથ્વીને ખોતરતી ધીમે ધીમે અશ્રુપ્રવાહને રોકી નીચા મુખે પતિને સુંદર વાણીથી કહેવા લાગી.

**દેવહૂતિ બોલી :** આપ ભગવાન મારી પાસે જે પ્રતિજ્ઞા કરી હતી તે સર્વ પાળી છે; છતાં મને શરણે આવેલીને આપ અભયદાન આપવાને યોગ્ય છો, હે બ્રાહ્મણ ! આપની પુત્રીઓએ પોતાને યોગ્ય પતિ પોતાની મેળે શોધવા પડશે, એ ખરેખર દીનતા પ્રાપ્ત થઈ છે. વળી આપ સંન્યાસ લઈ વનમાં સિધાવો ત્યારે મારો શોક દૂર કરવા કોઈ બ્રહ્મજ્ઞાની પુત્ર મને થવો જોઈએ. હે પ્રભો ! મારે આટલો કાળ કેવળ વિષયોના જ સંગમાં ગયો છે. તેથી મેં પરમાત્માની ઉપાસના કેવળ ત્યજી દીધી છે. પણ હવે આટલાથી બસ છે. આપ બ્રહ્મવેત્તા છો એવું આપનું પરમ સત્ય સ્વરૂપ ન જાણી મેં કેવળ ઇંદ્રિયોના વિષયોમાં જ

આસકત રહી આપનો પ્રસંગ કર્યો છે; તો પણ આપની સાથેનો તે પ્રસંગ મને અભયદાન માટે થાઓ. અજાણતાં પણ જો દુષ્ટ પુરુષોનો સંગ કરવામાં આવે છે, તો તે સંસારનું કારણ થાય છે; તે જ પ્રમાણે અજાણતાં પણ જો સત્પુરુષોનો સંગ થાય છે તો મોક્ષ આપનાર થઈ પડે છે. જેનું કોઈ પણ કર્મ ધર્મ માટે, ધર્મ દ્વારા વૈરાગ્ય માટે અથવા શ્રીહરિની સેવા માટે થતું નથી, તે મનુષ્ય જીવતો છતાં મરેલો જ છે. ખરેખર ! હું પણ ભગવાનની માયાથી અત્યંત છેતરાઈ છું; કેમ કે મોક્ષ આપનાર આપને પામીને પણ સંસારબંધનથી છૂટવા મેં ઇચ્છા કરી નહિ. ૧-૫૭

साहं भगवतो नूनं वञ्चिता मायया दृढम् । यत्त्वां विमुक्तिदं प्राप्य न मुमुक्षेय बन्धनात् ॥५७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## કપિલદેવનો જન્મ અને કર્દમમુનિનો સંન્યાસ

॥ मैत्रेय उवाच ॥

निर्वेदवादिनीमेवं मनोर्दुहितरं मुनिः । दयालुः शालिनीमाह शुक्लाभिव्यांहृतं स्मरन् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એમ ખેદપૂર્વક બોલતી મનુની ઉત્તમ ગુણોવાળી પુત્રી દેવહૂતિને ભગવાનનું વચન યાદ કરતા દયાળુ, મુનિ કર્દમ કહેવા લાગ્યા.

**ઋષિ બોલ્યા :** 'હે અનિંદ્ય રાજપુત્રી ! તું આમ તારા આત્માને ઉદ્દેશી ખેદ કર મા; કેમ કે અવિનાશી ભગવાન પોતે થોડા સમયમાં તારા ગર્ભમાં આવશે. તું પતિવ્રત ધરનારી છે; તારું કલ્યાણ થાઓ. તું ઈન્દ્રિયોનો સંયમ કરી સ્વધર્મ નું આચરણ કરી તપથી તથા ધનનાં દાન કરી શ્રદ્ધાપૂર્વક ઈશ્વરને જ ભજ. ભગવાનનું તું આરાધન કરીશ એટલે તે ભગવાન તારા પુત્રરૂપે અવતરશે અને મારા યશનો વિસ્તાર કરી તને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપી તારા હૃદયની અહંકારરૂપ ગાંઠને કાપશે.

**મૈત્રેય બોલ્યા :** દેવહૂતિ પણ પ્રજાપતિ કર્દમના એ ઉપદેશ પર ઘણા જ માનથી વિશ્વાસ કરી સર્વના ગુરુ નિર્વિકાર પરમાત્માનું ભજન કરવા લાગી. પછી કેટલોક કાળ ગયો એટલે મધુસૂદન ભગવાન કર્દમઋષિના વીર્યમાં આવી લાકડામાં અગ્નિની પેઠે દેવહૂતિ વિષે ઉત્પન્ન થયા. તે સમયે આકાશમાં દેવતાઓ વાજીંત્રો વગાડવા લાગ્યા, વરસતા મેઘોએ ગર્જના કરી. ગંધર્વો ગાવા લાગ્યા. અને અપ્સરાઓ હર્ષથી નાચવા લાગી. આકાશમાંથી દેવોએ કરેલી દિવ્ય પુષ્પવૃષ્ટિ થવા લાગી, દિશાઓ પ્રસન્ન થઈ, સર્વ જળાશયો નિર્મળ થયાં અને પ્રાણીમાત્રનાં મન આનંદ પામ્યાં. તે વેળાં સ્વયંભૂ બ્રહ્મા મરીચિ વગેરે ઋષિઓ સાથે સરસ્વતી નદી ઉપરના કર્દમ ઋષિના આશ્રમમાં આવ્યાં. હે શત્રુ હર્તા વિદુરજી ! સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા બ્રહ્મા જાણતા હતા કે પરબ્રહ્મ ભગવાન પોતે અંશ વડે સત્ત્વગુણનો આશ્રય કરી સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવા અવતર્યા છે, તેથી બ્રહ્માએ ભગવાનની તે કર્તવ્યઈચ્છાને શુદ્ધ હૃદયથી માન આપી અત્યંત હર્ષ પામતી ઈંદ્રિયોથી યુક્ત થઈ કર્દમ ઋષિને આ પ્રમાણે કહ્યું.

**બ્રહ્મા બોલ્યા :** હે તાત ! તેં મારી નિષ્કપટ ભાવથી પૂજા કરી છે કેમ કે હે પુત્ર ! તે મારું વચન આદરપૂર્વક સ્વીકાર્યું છે. પુત્રોએ પિતાની આટલી સેવા કરવી જ જોઈએ કે પિતાના વચનને માનપૂર્વક 'બહુ સારું' એમ કહી માનવું. હે સભ્ય વત્સ ! સુંદર મધ્યભાગવાળી આ તારી પુત્રીઓ આ સર્વ જગતને પોતાના પ્રભાવોથી અનેક પ્રકારે વૃદ્ધિ પમાડશે, માટે તું આ મરીચિ વગેરે ઋષિવર્યોને જેવો જેનો

સ્વભાવ અને જેવી જેની રુચિ તે પ્રમાણે તારી આ પુત્રીઓ આપ અને તારા યશને જ પૃથ્વી પર ફેલાવ. હે મુનિ ! પ્રાણીમાત્રને સર્વ ઈષ્ટ વસ્તુ આપનારા આદ્ય પુરુષ પરમાત્મા પોતાની માયાનો આશ્રય કરી કપિલ સ્વરૂપ ધારણ કરી અહીં અવતર્યા છે, એ હું જાણું છું. સુવર્ણ સમાન કેશવાળા, કમળ સમાન નેત્રવાળા અને કમળના ચિહનયુક્ત ચરણકમળવાળા આ ભગવાન જ્ઞાન તથા વિજ્ઞાન વડે કર્મોની વાસનાઓને મૂળમાંથી ઉખેડી નાખશે. હે મનુનાં પુત્રી દેવહૂતિ ! તમારા ગર્ભમાં અવતરેલા આ કૈટભશત્રુ ભગવાન તમારી અવિદ્યાજનિત સંશયરૂપી ગાંઠને કાપી પૃથ્વી પર બધે વિચરશે. આ સિદ્ધગણોના અધીશ્વર, સાંખ્યશાસ્ત્રના આચાર્યોમાં અત્યંત માન્ય અને તમારી કીર્તિને વધારનારા ભગવાન લોકમાં 'કપિલ' એ નામને પામશે.

**મૈત્રેય બોલ્યા :** એમ કર્દમ તથા દેવહૂતિને આશ્વાસન આપી બ્રહ્મદેવ તેમના વાહન હંસ પર બેસી સનકાદિ કુમારો અને નારદની સાથે સત્યલોકમાં ગયા. તે વિદુરજી ! બ્રહ્મદેવના ગયા પછી કર્દમે તેમની આજ્ઞા પ્રમાણે પોતાની પુત્રીઓ મરીચિ આદિ પ્રજાપતિઓને પરણાવી. તેમાં મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રધ્ધા, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને તેમને યોગ્ય ગતિ, ક્રતુને પરમ સાધ્વી ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરુંધતી અને અથર્વનને શાંતિ નામની કન્યા આપી કે જેના વડે યજ્ઞકર્મનો વિસ્તાર કરવામાં આવે છે. એ પ્રમાણે તે શ્રેષ્ઠ બ્રાહ્મણોનો વિવાહ કરી કર્દમે પત્નીઓ સહિત તેઓને સંતુષ્ટ કર્યા. હે વિદુરજી ! પછી પરણેલા એ ઋષિઓ કર્દમની આજ્ઞા લઈ આનંદપૂર્વક પોતપોતાના આશ્રમો તરફ ચાલી નીકળ્યા. કર્દમ દેવશ્રેષ્ઠ શ્રીવિષ્ણુભગવાનને પોતાને ત્યાં અવતરેલા જાણી એકાંતમાં તેમની પાસે જઈ પ્રણામ કરી કહેવા લાગ્યા : 'અહો, પોતાનાં પાપોને લીધે નરકમાં રંધાતાં પ્રાણીઓ ઉપર ઘણે કાળે દેવતાઓ પ્રસન્ન થાય છે; તેમ જ સંન્યાસીઓ અનેક જન્મો વડે પકવ થયેલા ભકિતયોગમાં ચિત્ત એકાગ્ર કરી એકાંત સ્થાનોમાં આપના જે ચરણનાં દર્શન કરવા પ્રયત્ન કરે છે, તે જ ભગવાન અમારી હલકાઈ ન ગણી અમારા સંસારીઓને ઘેર આજે જન્મ્યા છો; ( અને તે આપને યોગ્ય જ છે ) કેમ કે આપ તો ભકતોના પક્ષને પોષનારા છે. ભકતોનું માન વધારનારા આપ ભગવાન પોતાનું વાક્ય સત્ય કરવા તથા જ્ઞાનસાધન સાંખ્યશાસ્ત્રની રચના કરવાની ઈચ્છાથી મારે ઘેર અવતર્યા છો. હે. ભગવન્ ! આપ પ્રાકૃત સ્વરૂપથી રહિત છો, છતાં આપ જે જે અલૌકિક ચતુર્ભુજ આદિ સ્વરૂપો ધરો છો, તે યોગ્ય જ છે અને તે સ્વરૂપો મનુષ્ય જેવાં હોય છે; તો પણ આપના ભકતોને તો તે પણ ગમે જ છે. જેમની પાદપીઠ તત્ત્વને જાણવા ઈચ્છતા મોટા મોટા વિદ્વાનોને પણ સદા વંદન કરવા યોગ્ય છે. અને જે ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, વીર્ય તથા લક્ષ્મીથી પૂર્ણ છે. તે આપને શરણે હું આવ્યો છું. આપ સર્વાંશે સ્વાધીન શકિતવાળા છો તેથી પરમેશ્વર, પ્રકૃતિરૂપ, તેના અધિષ્ઠાતા પુરુષ, મહત્તત્ત્વસ્વરૂપ, સર્વને વિકાર પમાડનાર કાળસ્વરૂપ, અહંકારરૂપ, લોકરૂપ અને લોકપાળોરૂપ છો. આપ વિષે, આપની ચૈતન્યશકિતથી આ સર્વે પ્રપંચ લય પામે છે અને આપ સર્વજ્ઞ છો; છતાં અવતાર લેનારા તે આપ ભગવાન કપિલને હું શરણે આવ્યો છું. આપ પ્રજાઓના પતિ છો અને આપરૂપી પુત્ર વડે હુ ઋષિઓ, દેવો અને પિતૃઓના એમ ત્રણે ઋણોમાંથી મુકત અને પરિપૂર્ણ કામનાવાળો થયો છું, તેથી હવે હું સંન્યાસીઓના માર્ગનો આશ્રય કરીશ અને હૃદયમાં આપનું સ્મરણ કરતો શોકરહિત થઈ બધે ફરીશ, તે માટે આપની આજ્ઞા ચાહું છું.

**શ્રીભગવાન બોલ્યા :** હે મુનિ ! વૈદિક અને લૌકિક કાર્યમાં મેં પોતે જે કહ્યું છે, તે જ લોકને પ્રમાણ હોય છે અને તેથી જ મેં તમને કહ્યું હતું; 'હું તમારા પુત્રરૂપે અવતરીશ.' એ વચનને સત્ય કરવા મેં જન્મ

સ્વીકાર્યો છે. આ લોકમાં જેઓ લિંગશરીરથી છૂટવા ઈચ્છે છે, તે મુમુક્ષુ મુનિઓને આત્મદર્શન માટે માન્ય એવા સાંખ્યશાસ્ત્રની રચના કરવા મારો આ જન્મ છે. આ સૂક્ષ્મ આત્મદર્શનનો માર્ગ ઘણા કાળથી નાશ પામ્યો હતો તેને ફરી ચાલુ કરવા મેં મારું આ શરીર પ્રકટ કર્યું છે એમ તમે જાણો. હવે હું તમને જવાની રજા આપું છું. તમે તમારી ઈચ્છાનુસાર ભલે જાઓઃ તમારાં સર્વ કર્મો મને સમર્પણ કરી દેજો અને મહાદુર્જય મૃત્યુને જીતી મોક્ષ માટે મારું ભજન કરજો. પ્રાણીમાત્રની હૃદયગુફામાં રહેલા સ્વયંજ્યોતિ આત્મ સ્વરૂપ મારું તમે પોતે તમારા પોતાના જ સ્વરૂપમાં દર્શન કરી શોકરહિત થશો અને મોક્ષપદ પામશો. હું મારી માતાને સર્વ કર્મોનો નાશ કરનારી આધ્યાત્મિક વિદ્યાનો ઉપદેશ કરીશ કે જેથી તે સંસારના ભયથી છૂટશે અને પરમાનંદ પામશે.

**મૈત્રેય બોલ્યા :** કપિલદેવે એમ કહ્યું એટલે પ્રજાપતિ કર્દમ તેમને પ્રદક્ષિણા કરી પ્રસન્ન થઈ વનમાં ગયા. તેમણે મુનિઓનું અહિંસાવ્રત ધારણ કરી કેવળ આત્માનું શરણ લીધું અને સર્વનો સંગ છોડી અગ્નિહોત્ર તથા ઘરને પણ ત્યજી પૃથ્વી ઉપર ફરવા માંડયું; તેમ જ કાર્યકારણથી પર ગુણોના પ્રકાશક છતાં નિર્ગુણ અને કેવળ ભકિતથી પ્રત્યક્ષ કરેલા પરબ્રહ્મ વિષે મન જોડી દઈ અહંકાર એટલે દેહાભિમાન છોડયું. સર્વ મમતાઓ, રાગદ્વેષ, શીતોષ્ણ, આદિ દ્વંદ્વો તજયાં; સર્વ સ્થળે સમદષ્ટિ કરી ભેદબુદ્ધિ છોડી અને કેવળ આત્માને જ બધે જોવા માંડયો. તેમની બુદ્ધિ શાંત અને વિક્ષેપથી રહિત થઈ ધૈર્યથી સર્વ ઈન્દ્રિયો તેમણે જીતી અને શાંત તરંગોવાળા સમુદ્રની પેઠે તે અત્યંત શાંત થયા. તેમનું મન સર્વ જીવોના આત્મા વાસુદેવ ભગવાન વિષે પરમ ભક્તિભાવથી લીન થયું, તેથી સર્વ બંધનોથી તે મુક્ત થયા. તેમણે પ્રાણીમાત્રમાં રહેલા પોતાના આત્માનાં દર્શન કર્યા અને ભગવાન તથા પોતાને વિષે સર્વ પ્રાણીઓને જોયાં. એમ તેમનું ચિત્ત રાગદ્વેષથી રહિત, બધે સમભાવવાળું અને ભગવાનની ભકિતથી યુક્ત થતાં કર્દમ મુનિ ભગવાનની ગતિ(મોક્ષપદ)ને પામ્યા. ૧-૪૭

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा । भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## અધ્યાય-૨૫

## માતાના પ્રશ્નથી કપિલદેવે કહેલું ભક્તિનું લક્ષણ

॥ शौनक उवाच ॥

कपिलस्तत्त्वसंख्याता भगवानात्ममायया । जातः स्वयमजः साक्षादात्मप्रज्ञप्तये नृणाम् ॥१॥

**શૌનકે પૂછયું :** ભગવાન પોતે અજન્મા છે છતાં મનુષ્યોને અપરોક્ષ આત્મજ્ઞાનનો ઉપદેશ કરવા માટે તત્વોની સંખ્યા ( ગણતરી) કરનાર સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલરૂપે પોતાની માયાથી જન્મ્યા હતા. સર્વ પુરુષોમાં ઉત્તમ અને સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ તે ભગવાન સંબંધી જેમ જેમ સાંભળવામાં આવે છે, તેમ તેમ તે ભગવાન (હૃદયમાં) વધારે પ્રકાશે છે; તોપણ એ ભગવાનની કીર્તિ સાંભળતાં મારી ઈન્દ્રિયો તૃપ્ત થતી નથી. ભગવાન પોતાના ભકતોની ઈચ્છાનુસાર શરીરો લે છે અને પોતાની માયા વડે જે જે કર્મો કરે છે તે તે કીર્તન કરવા યોગ્ય તેમનાં કર્મો મને શ્રદ્ધાળુને તમે કહો.

**સૂત બોલ્યા :** તમે જેમ આત્મવિદ્યા સંબંધી મને પૂછો છો, તેમ જ વ્યાસના મિત્ર ભગવાન મૈત્રેયને વિદુરજીએ પૂછ્યું હતું; જેથી પ્રસન્ન થઈ તેમણે વિદુરજીને આ પ્રમાણે કહ્યું હતું.

**મૈત્રેય બોલ્યા :** પિતા વનમાં ગયા ત્યારે ભગવાન કપિલદેવ માતાનું પ્રિય કરવાની ઈચ્છાથી તે બિંદુસરોવર પર રહ્યા હતા. એક સમયે બ્રહ્માનાં વચન યાદ કરી દેવહૂતિ, સર્વ કર્મોથી રહિત અને તત્વમાર્ગનો પાર દર્શાવનાર પોતાના પુત્ર કપિલદેવ બેઠા હતા તેમને કહેવા લાગ્યાં.

**દેવહૂતિ બોલ્યાં :** હે વ્યાપક ! જૂઠા વિષયાભિલાષથી હવે હું થાકી છું; કેમ કે તેને પૂર્ણ કર્યા કરવાથી હું ઘોર અંધકારરૂપ મોહમાં પડી છું. પણ આજે અનેક જન્મોના અંતે પાર પામવા મુશ્કેલ તે ઘોર અંધકારનો પાર પમાડનાર ઉત્તમ ચક્ષુરૂપ આપને આપની જ કૃપાથી મેં મેળવ્યા છે. જે આપ આદ્ય ભગવાન અને સર્વ જીવાત્માઓના પરમેશ્વર હોઈ, અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલા લોકોનાં નેત્રો માટેના સૂર્યની પેઠે ઉદય પામ્યા છો. હે દેવ ! હવે આપ મારા તે મહામોહને દૂર કરવા યોગ્ય છે કે જે આ દેહાદિ ઉપર 'હું—મારુ' એની ગાંઠરૂપ બનેલો છે અને એ પણ આપે જ યોજ્યો છે. આપ પોતાના ભક્ત પુરુષોના સંસારવૃક્ષને કાપવામાં કુહાડારૂપ હોઈ શરણે આવેલાંઓનું રક્ષણ કરનારા છો; તેથી હું પ્રકૃતિ તથા પુરુષના સ્વરૂપજ્ઞાનની ઈચ્છાથી આપને શરણે આવી છું અને ઉત્તમ ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ આપને નમસ્કાર કરું છું.

**મૈત્રેય બોલ્યા :** પોતાની માતાની એ નિર્દોષ જિજ્ઞાસા કે જે પુરુષોની મોક્ષ પ્રત્યેની પ્રીતિ ઉત્પન્ન કરનારી હતી, તે સાંભળી આત્મવેત્તા સત્પુરુષોની ગતિરૂપ ભગવાને પોતાની બુદ્ધિથી તેને અભિનંદન આપ્યું અને મંદ હાસ્ય વડે શોભતા મુખે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે માતા ! મારો એ નિશ્ચય છે કે અધ્યાત્મયોગ જ મનુષ્યોના આત્યંતિક કલ્યાણનું મુખ્ય સાધન છે. એમાં દુઃખ તથા સુખની સર્વથા નિવૃત્તિ થાય છે. હે નિર્દોષ માતા ! જે આધ્યાત્મિક યુગ પૂર્વે સાંભળવા ઈચ્છતા ઋષિઓને મેં કહ્યો છે, તે જ શમદમાદિ સર્વાંગોની પૂર્ણતાવાળો યોગ હું તમને કહું છું. આ જીવના બંધન તથા મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. આ મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનકારક છે અને જો પરમેશ્વરમાં આસક્ત થાય તો મોક્ષદાયી છે. જ્યારે પુરુષનું મન 'હું—મારું' આદિ અભિમાનથી ઉત્પન્ન થનાર કામ-લોભાદિ મેલથી રહિત થઈ શુદ્ધ થાય છે અને સુખ તથા દુઃખથી પણ રહિત, થઈ બધે સમદષ્ટિવાળું થાય છે, ત્યારે પુરુષ જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતથી યુક્ત પોતાના આત્માનો કેવળ શુદ્ધ, પ્રકૃતિથી પર, સર્વ પ્રકારના ભેદથી રહિત, સ્વયંજ્યોતિ, સૂક્ષ્મ, અખંડ, અમાપ તથા સુખદુઃખથી પરસ્વરૂપે સાક્ષાત્કાર કરે છે અને પ્રકૃતિને નાશ પામેલા બળવાળી જુએ છે. યોગીઓને બ્રહ્મપણું પામવા સમગ્રના આત્મા ભગવાન વિષે યોજેલી ભકિત જેવો બીજો કોઈ કલ્યાણકારી માર્ગ નથી. વિદ્વાનો કહે છે કે વિષયમાં જે અત્યંત આસકિત તે જ આત્માને (બંધનકારક) કદી તૂટે નહિ તેવો પાશ છે; પણ તે જ આસકિત જો સત્પુરુષો ઉપર કરવામાં આવે તો મોક્ષનાં દ્વાર ખુલ્લાં જ છે. સત્પુરુષો સર્વદા સહનશીલ, દયાળુ, સર્વ પ્રાણીઓના મિત્ર, શત્રુભાવરહિત, સમગુણથી યુકત, શાસ્ત્રોને અનુસરનારા ને ઉત્તમ ચારિત્રરૂપી અલંકારવાળા હોય છે. જે સત્પુરુષો મારે વિષે અનન્ય ભાવથી દઢ ભકિત કરે છે, મારે માટે સર્વ કર્મો, સ્વજનો ને બાંધવોનો પણ ત્યાગ કરે છે, કેવળ મારો જ આશ્રય લે છે, મારી પવિત્ર કથાઓ સાંભળે છે અને બીજાઓને કહે છે તથા કેવળ મારામાં જ પોતાનું ચિત્ત સ્થાપે છે; તેથી તેઓને આધ્યાત્મિક વગેરે અનેક પ્રકારના તાપો દુઃખી કરી શકતા નથી. હે ઉત્તમ માતા ! આ સત્પુરુષો સર્વ પ્રકારના સંગથી રહિત હોવાથી તેઓનો સંગ જ તમારે ઈચ્છવા યોગ્ય છે; કેમ કે તેઓ વિષયસંગના દોષ દૂર કરનારા હોય છે. વળી તેઓના સમાગમથી મારાં પરાક્રમોનું

યથાર્થ જ્ઞાન કરાવનારી અને હૃદય તથા કાનને રસાયનરૂપ મારી કથાઓ સાંભળવામાં આવે છે અને તેઓનું સેવન કરવાથી તત્કાળ અવિદ્યાની નિવૃત્તિ એ જ જેમની પ્રાપ્તિનો માર્ગ છે, એવા શ્રીહરિ વિષે અનુક્રમે શ્રદ્ધા, પ્રીતિ અને ભકિત પ્રકટે છે. સૃષ્ટિરચના વગેરે મારી લીલાઓનું ચિંતન કરવાથી ઉત્પન્ન થયેલી ભકિત વડે પુરુષને આ લોકનાં તથા પરલોકનાં સર્વ વિષયસુખો ઉપર વૈરાગ્ય થાય છે. પછી તે યોગાભ્યાસમાં જોડાઈને ભકિતપ્રધાન સરળ યોગ માર્ગો દ્વારા ચિત્તને વશ કરવા સાવધાન થઈ પ્રયત્ન કરે છે. એમ પ્રકૃતિના ગુણો ન સેવવાથી અને વૈરાગ્યથી વધેલા જ્ઞાન, યોગ તથા મારામાં સમર્પણ કરેલી ભકિતથી પુરુષો પોતાના આ જ શરીરમાં સર્વના આત્મારૂપ મારો સાક્ષાત્કાર કરે છે.

**દેવહૂતિએ પૂછયું :** તમારે વિષે કેવા પ્રકારની ભકિત યોગ્ય છે? મને સ્ત્રી જાતિને કેવી ભકિત યોગ્ય છે કે જેથી તમારું મોક્ષરૂપી પદ હું અનાયાસે પામી શકું? હે મોક્ષસ્વરૂપ પરમાત્મા ! આપે આપને પમાડનારો જે યોગ કહ્યો તે કેવા પ્રકારનો છે ? તેનાં અંગો કેટલાં છે કે જેથી તત્વજ્ઞાન થાય છે ? હે હરિ ! હું મંદ બુદ્ધિવાળી સ્ત્રીજાતિ આપની કૃપાથી આ સમજવો મુશ્કેલ વિષય સુખથી સમજી શકું તે રીતે તમે મને કહો.

**મૈત્રેય બોલ્યાઃ** માતાનો એવો અભિપ્રાય જાણી કપિલદેવને જેમાં શરીર ધારણ કરી પોતે જન્મ્યા હતા તે દેવહૂતિ ઉપર સ્નેહ થયો અને એથી જેમાં પ્રકૃતિ આદિ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને લોકો જેને સાંખ્યશાસ્ત્ર કહે છે તેનો તથા ભકિતના વિસ્તાર અને યોગનો ઉપદેશ કરવા લાગ્યા.

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** વિકારરહિત શુદ્ધ મનવાળા પુરુષની વિષયોને ગ્રહણ કરનારી તથા કેવળ વેદોકત કર્મમાં જ તત્પર રહેનારી ઈન્દ્રિયો સત્ત્વ મૂર્તિ શ્રીહરિને વિષે જ સ્વાભાવિકપણે જેવી છે, તે જ નિષ્કામ ભકિત કહેવાય છે અને તે ભગવદ્ભકિત મુકિત કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ હોઈ, જઠરાગ્નિ જેમ ખાધેલું અન્ન પચાવી દે છે તેમ લિંગશરીરનો તત્કાળ નાશ કરે છે. મારી સેવામાં જ આસક્ત રહેનારા અને કેવળ મારે માટે જ સર્વ ક્રિયાઓ કરનારા મારા ભક્તપુરુષો (ભકિતમાં જ લીન રહી) મારી સાયુજય મુકિત પણ ઈચ્છતા નથી. માત્ર તેનો પરસ્પર એકઠા મળી મારાં પરાક્રમોની જ પ્રશંસા કરે છે. હે માતા ! તે મારા ભકતો પ્રસન્ન મુખવાળાં, લાલ નેત્રોવાળા અને વરદાયક મારાં સુંદર દિવ્ય સ્વરૂપોનાં દર્શન કરે છે અને તેમની સાથે પ્રેમપૂર્વક વાતચીત પણ કરે છે. ઉદાર લીલાયુકત હાસ્ય, દર્શન તથા સુંદર ભાષણવાળાં અને દર્શન કરવા યોગ્ય અવયવોવાળાં તે મારાં સ્વરૂપો તેઓનાં મન, પ્રાણ તથા ઈન્દ્રિયોને હરી લે છે અને તેઓ ઈચ્છતા નથી તોપણ તેઓને ભક્તિ જ મારી ગતિ—મોક્ષપદ આપે છે. પછી (તેઓની અવિદ્યા દૂર થતાં) માયાવી એવા મારી તે સત્યલોક વગેરેમાં રહેલી ભોગસંપત્તિને, અણિમાદિ અષ્ટાંગ ઐશ્વર્યને તથા ભકિતની પાછળ પોતાની મેળે આવેલી તે ભગવત્સંબંધી કલ્યાણકારી સંપત્તિને જોકે તેઓ ઈચ્છતા નથી, તોપણ વૈકુંઠલોકમાં અવશ્ય પામે છે. હે શાંત સ્વરૂપવાળાં માતા ! જેઓને આત્મસ્વરૂપ એવો હું એક જ પ્રિય, પુત્રરૂપ, મિત્રરૂપ, ગુરુરૂપ, સંબંધીરૂપ અને ઈષ્ટદેવ છું; તે મારા ભક્તો વૈકુંઠલોકમાં કદી પણ ભોગ્ય વૈભવોથી રહિત થતા નથી અને મારું શસ્ત્ર કાળચક્ર પણ તેઓનો કદી નાશ કરતું નથી. જેઓ આ લોક-પરલોક બંને લોકમાં જનારો સોપાધિક આત્માં, શરીર, શરીરની પાછળ રહેલાં પુત્ર, સ્ત્રી આદિ, ધન, પશુઓ, ઘરો તથા બીજા જે પરિગ્રહ હોય છે, તે સર્વને તજી સર્વવ્યાપક મને એકલાને જ અનન્ય ભકિતથી ભજે છે, તેઓને હું મૃત્યુરૂપ આ સંસારથી તારું છું. હું પ્રકૃતિ તથા પુરુષનો પણ ઈશ્વર સર્વશકિતમાન ભગવાન છું અને સર્વ પ્રાણીઓનો આત્મા છું, મારા

સિવાય બીજા કોઈનો આશ્રય લેવાથી મોહરૂપ સંસારનો તીવ્ર ભય કદી દૂર થતો નથી. મારા ભયથી પવન વાય છે. સૂર્ય તપે છે, વરસાદ વરસે છે, અગ્નિ બળે છે અને મૃત્યુ બધે ફરે છે. યોગીઓ મોક્ષ મેળવવા માટે જ્ઞાન અને વૈરાગ્યથી યુકત ભકિતયોગ વડે સર્વ પ્રકારે નિર્ભય મારા જ ચરણમૂળનો આશ્રય કરે છે. આ સંસારમાં મનુષ્યોનો સૌથી મોટો ભાગ્યોદય એ જ છે કે તેમનું ચિત્ત તીવ્ર ભકિતયોગ દ્વારા મારામાં લાગીને સ્થિર બને. ૧-૪૪

एतावानेव लोकेऽस्मिन् पुसां निःश्रेयसोदयः । तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૫ સમાપ્ત.*

## અધ્યાય-૨૬

## પ્રકૃતિ-પુરુષનો ભેદ દર્શાવવા સાંખ્યશાસ્ત્રના આધારે સર્વ પદાર્થોની ઉત્પત્તિ તથા લક્ષણ

**॥ श्रीभगवानुवाच ॥**

अथ ते सम्प्रवक्ष्यामि तत्वानां लक्षणं पृथक् । यद्विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणः ॥१॥

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** હવે હું તમને પ્રકૃતિ વગેરે તત્ત્વોનું ભિન્નભિન્ન લક્ષણ કહું છું કે જે જાણી પુરુષ પ્રકૃતિના ગુણોથી છુટે છે. જે જ્ઞાનને વિદ્વાનો મોક્ષ આપનારું અને મનુષ્યને આત્માનો સાક્ષાત્કાર કરનારું કહે છે, તે હૃદયની અહંકારરૂપ ગાંઠને કાપનારું જ્ઞાન હું તમને કહું છું. અનાદિ આત્મા પુરુષ કહેવાય છે. તે પુરુષ નિર્ગુણ, પ્રકૃતિથી પર, સર્વના અંતઃકરણમાં ફરી રહેલો, જ્ઞાનસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે. તે પુરુષ વડે જ આ સર્વ જગત યુક્ત હોઈ પ્રકાશે છે. તે આ વ્યાપક પુરુષે અસ્પષ્ટ સ્વરૂપવાળી, સત્વાદિ ત્રણ ગુણોવાળી અને લીલાથી પોતાની સમીપ આવેલી ભગવાનની શકિતરૂપ પ્રકૃતિને સ્વેચ્છાએ જ સ્વીકારી. આ પ્રકૃતિ સત્વાદિગુણો દ્વારા પોતાના જેવાં સ્વરૂપોવાળી જાતજાતની પ્રજાઓ સર્જી રહી છે. તે પ્રકૃતિને જોઈને પુરુષ તત્કાળ મોહ પામ્યો; કેમ કે પ્રકૃતિ જ્ઞાનને ઢાંકનારી જ છે, તેથી પુરુષ પોતાનું સ્વરૂપજ્ઞાન ભૂલી ગયો. જોકે સર્વ કર્મો પ્રકૃતિના ગુણોથી જ કરાય છે, છતાં પુરુષ એ રીતે પ્રકૃતિના અધ્યાસને લીધે પ્રકૃતિના જ કર્તાપણાને પોતા વિષે માને છે. પુરુષ અકર્તા છે, ઈશ્વર છે સર્વ પ્રકારે સ્વતંત્ર છે, સર્વનો સાક્ષી છે, અને કેવળ સુખસ્વરૂપ જ છે, છતાં તેને એ કર્તુત્વાભિમાન જ સંસારરૂપ જન્મ-મરણના પ્રવાહરૂપ થાય છે તેને લીધે જ કર્મોનું બંધન પ્રાપ્ત થાય છે અને તે પ્રકૃતિના અવિવેકથી જ તેને પરતંત્રતા ભોગવવી પડે છે. વિદ્વાનો કહે છે કે, પુરુષ શરીરભાવને, ઈન્દ્રિયભાવને અને ઈન્દ્રિયોના અધિષ્ઠાતા તે તે દેવતાપણાને પામે છે. તે સર્વનું કારણ કેવળ પ્રકૃતિ છે અને સુખદુઃખાદિના ભોકતાપણામાં પ્રકૃતિથી પર એવો પુરુષ જ કારણ છે અર્થાત્ જોકે કર્તુત્વ, ભોકતૃત્વ આદિ અહંકારમાં જ હોઈ શકે છે, પણ તે અહંકારરૂપ વિકાર જડ હોવાથી તેમાં જણાતું કર્તુત્વ વગેરે પુરુષને લીધે જ છે.

**દેવહૂતિએ પૂછયું :** હે પુરુષોત્તમ ! પ્રકૃતિ અને પુરુષ આ વિશ્વનાં કારણ છે અને સૂક્ષ્મ તથા સ્થૂળ જે કંઈ કાર્ય દેખાય છે તે પ્રકૃતિ તથા પુરુષ છે; તે પ્રકૃતિ તથા પુરુષનું લક્ષણ તમે કહો.

**શ્રીભગવાન બોલ્યા :** જે 'પ્રધાન' નામનું તત્ત્વ છે, તેને જ વિદ્વાનો પ્રકૃતિ કહે છે. આ પ્રધાનતત્ત્વ પોતે વિશેષ ભેદથી રહિત છે એટલે ત્રણે ગુણોની સામ્યાવસ્થાને લીધે તેમાં વિશેષ ભેદો દેખાતા નથી; છતાં તે પોતાના અંશકાર્ય મહત્તત્ત્વ વગેરેના આશ્રયરૂપ છે. વળી તે પ્રધાનતત્ત્વ ત્રિગુણાત્મક છે, તેથી બ્રહ્મસ્વરૂપ નથી; અવ્યક્ત એટલે કાર્ય ન હોવાથી મહત્તત્ત્વાદિરૂપ પણ નથી. કાર્યકારણરૂપ હોવાથી કાળાદિસ્વરૂપ પણ નથી અને નિત્ય છે માટે જીવરૂપ પણ નથી. પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, ચાર અંતઃકરણો અને દસ ઈન્દ્રિયો—આ ચોવીસે તત્ત્વોના સમૂહને વિદ્વાનો પ્રકૃતિનું કાર્ય માને છે. તેમાં પહેલાં પાંચ તત્ત્વો તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો છે અને બીજાં પાંચ તત્ત્વો એ ગંધ, રસ, રૂપ, સ્પર્શ તથા શબ્દ એ તન્માત્રાઓરૂપ મેં માન્યાં છે. હવે જે દશ તત્ત્વો છે તે દશ ઈન્દ્રિયો છે - જેમ કે કાન, ત્વચા, ચક્ષુ, જીભ, નાસિકા, વાણી, હાથ, પગ, લિંગ અને દશમી ગુદા કહેવાય છે; તેમ જ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એમ ચાર પ્રકારનું અંતઃકરણ છે. આ અંતઃકરણની જુદી જુદી ચાર પ્રકારની વૃત્તિઓ છે તેથી તેના ચાર ભેદ કહેવાય છે. બસ આટલો જ સગુણબ્રહ્મનો વિસ્તાર તત્ત્વવેત્તા પુરુષોએ ગણ્યો છે, જે મેં અહીં કહ્યો છે. આમાં કાળ નામનું પચીસમું તત્ત્વ પણ કેટલાક વિદ્વાનો ગણે છે કે જે પ્રકૃતિની જ એક અવસ્થા છે. ત્યારે કેટલાક વિદ્વાનો કહે છે કે કાળ એ પરમેશ્વરનો પ્રભાવ છે. આ કાળથી અહંકારને લીધે મૂઢ થયેલા અને પ્રકૃતિનો ધર્મ પામેલા જીવને ભય લાગે છે (આને જ સંહારકાળ કહે છે.) હે માતા ! (સૃષ્ટિ પહેલાં) ગુણોની જેમાં સામ્યવસ્થા હોય છે અને નામરૂપાદિ વિભાગોથી જે રહિત હોય છે, એવી પ્રકૃતિને જેનાથી ચેષ્ટા પ્રાપ્ત થાય છે—ગુણોની સામ્યાવસ્થા ત્યજી જેને લીધે પ્રકૃતિ જુદા જુદા વિકાર પામે છે, તે જ ભગવાન કાળ કહેવાય છે. (આ કાળને સૃષ્ટિ હેતુકાળ કહે છે.) આ જ કાળ સ્વરૂપ ભગવાન પોતાની માયાથી સર્વ પ્રાણીઓની અંદર જીવરૂપે અને બહાર કાળરૂપે રહેલા છે. (હવે પૂર્વોક્ત તત્ત્વોની ઉત્પત્તિ હું કહું છું, તે સાંભળો.) પરમપુરુષ પરમાત્માએ જીવનાં કર્મને લીધે અથવા કાળને લીધે, જેના ગુણો વિકાર પામ્યા હતા એવી પોતાના પ્રકટપણાના સ્થાનરૂપ પ્રકૃતિ વિષે વીર્ય ધારણ કર્યું અર્થાત્ તેમાં પોતાની ચૈતન્યશકિત સ્થાપી, જેથી એ પ્રકૃતિએ પુષ્કળ પ્રકાશવાળું મહત્તત્ત્વ ઉત્પન્ન કર્યું. આ મહત્તત્ત્વ જગતના અંકુરરૂપ અને લય (વિક્ષેપ)થી રહિત છે. તેણે (ઉત્પન્ન થઈ) પોતાની અંદર રહેલા જગતને પ્રકટ કરવા પ્રથમ તો આત્માને ઢાંકી દેનારા તીવ્ર (પ્રલયકાળના) અંધકારનો (એટલે તમોગુણના જ વિભાગનો) નાશ કર્યો. જે સત્ત્વગુણમય, સ્વચ્છ, શાંત, રાગાદિથી રહિત, ભગવાનની પ્રાપ્તિનું સ્થાન અને જેને 'વાસુદેવ' નામે કહે છે, તે ચિત્ત મહતત્ત્વનું જ સ્વરૂપ છે. જેમ જળનો મૂળ સ્વભાવ એટલે પૃથ્વીના સંબંધ પહેલાંની જળની મૂળ સ્થિતિ ફિણ, તરંગ વગેરેથી રહિત હોઈ મધુર, સ્વચ્છ તથા શાંત છે, તે જ પ્રમાણે (કોઈના સંબંધ પહેલાં) ચિત્તની અવસ્થા પણ સ્વચ્છ (ભગવાનના બિંબને ગ્રહણ કરનારી, અવિકારી) લય તથા વિક્ષેપથી રહિત અને શાંત હોય છે. આવું ચિત્તનું લક્ષણ તેની વૃત્તિઓથી કહ્યું છે. પછી ભગવાનની ચૈતન્યશકિતથી ઉત્પન્ન થયેલું મહત્તત્ત્વ વિકાર પામ્યું, એટલે તેમાંથી મન વગેરે ઉત્પન્ન કરવાની ક્રિયાશકિતવાળો સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો કે જે અહંકારથી મન, ઈન્દ્રિયો તથા પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થઈ છે. વળી પાંચ મહાભૂતો, ઈન્દ્રિયો (તેઓના દેવતાઓ) તથા મન આ સર્વ તત્ત્વમય અહંકારને હજાર મસ્તકોવાળા આદિ — અંતરહિત સાક્ષાત્ સંકર્ષણ પુરુષ પણ કહે છે.

ઈન્દ્રિયોના દેવતારૂપે કર્તાપણું, ઈન્દ્રિયોરૂપે કરણપણું, પાંચ મહાભૂતોરૂપે કાર્યપણું, શાંતપણું, ભયંકરપણું તથા વિશેષ મૂઢપણું એ અહંકારનું લક્ષણ છે. એ અહંકાર પૈકી સાત્ત્વિક અહંકાર વિકાર પામ્યો એટલે તેમાંથી મનતત્વ ઉત્પન્ન થયું કે જે મનના સંકલ્પ -વિકલ્પથી કામનાઓ ઉત્પન્ન થાય છે. વળી જે મનને સર્વ ઈન્દ્રિયોના અધીશ્વર, શરદઋતુના શ્યામ કમળ સમાન કાળા અને યોગીઓએ ક્રમે ક્રમે વશ કરવા દ્વારા આરાધના કરવા યોગ્ય 'અનિરુદ્ધ' નામે પણ કહે છે અર્થાત્ મનમાં ઉપાસના કરવા યોગ્ય 'અનિરુદ્ધ' છે. હે સતીમાતા ! રાજસ અહંકાર વિકાર પામ્યો એટલે તેમાંથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું, જે બુદ્ધિતત્ત્વ વડે પદાર્થોના પ્રકાશરૂપ વિજ્ઞાન થાય છે અને ઇન્દ્રિયોનું જ્ઞાન કરવામાં સહાય મળે છે. વળી સંશય, વિપર્યાસ, નિશ્ચય, સ્મૃતિ તથા નિંદ્રા જુદી જુદી વૃત્તિઓથી બુદ્ધિનું લક્ષણ કહેવાય છે. ઈન્દ્રિયો પણ રાજસ અહંકારથી જ ઉત્પન્ન થઈ છે. તે ઈન્દ્રિયોના બે વિભાગ છે : એક કર્મેન્દ્રિય અને બીજી જ્ઞાનેન્દ્રિય, પ્રાણની ક્રિયાશકિત છે અને બુદ્ધિની વિજ્ઞાનશકિત છે. (તેથી પ્રાણ પોતે પણ રાજસ હોવાથી તેની ક્રિયાશકિતવાળી કર્મેન્દ્રિયો પણ રાજસ જ છે અને બુદ્ધિ પોતે પણ રાજસ હોવાથી તેની જ્ઞાનશકિતવાળી જ્ઞાનેન્દ્રિયો પણ રાજસ જ છે.) તે જ રીતે ભગવાનની ચૈતન્યશકિતથી પ્રેરણા પામેલે તામસ અહંકાર વિકાર પામ્યો એટલે તેથી શબ્દતન્માત્રાવાળું આકાશતત્વ ઉત્પન્ન થયું. શ્રોત્રેન્દ્રિય શબ્દ ગ્રહણ કરનારી છે. શબ્દ અર્થનો વાચક છે અને આકાશની તન્માત્રા છે એટલે આકાશનું સૂક્ષ્મ સ્વરૂપ છે. આ રીતે વિદ્વાનો શબ્દનું લક્ષણ કહે છે. આકાશ એ સર્વ પ્રાણીઓને અવકાશ આપનારું, બહાર અને અંદર એવા વ્યવહારનું સ્થાન અને નાડી વગેરેનાં છિદ્રરૂપે પ્રાણ, ઈન્દ્રિય તથા મનના આશ્રયરૂપ છે. એમ આકાશનું કાર્ય એ જ તેનું લક્ષણ છે. પછી શબ્દ જેની તન્માત્રા છે, એવું આકાશ કાળની ગતિથી વિકાર પામ્યું એટલે સ્પર્શતન્માત્રા ઉત્પન્ન થઈ અને એ સ્પર્શથી વાયુ ઉત્પન્ન થયો. ત્વચાઈન્દ્રિય સ્પર્શ ગ્રહણ કરનારી છે. કોમળતા, કઠિનતા, શીતળતા અને ઉષ્ણતા એ સ્પર્શનું લક્ષણ છે અને તે સ્પર્શ વાયુની તન્માત્રા છે. વૃક્ષની શાખા વગેરેને ચલાવવી, જુદાં જુદાં રહેલાં ઘાસ વગેરે એકઠાં કરવાં, ગંધવાળા પદાર્થનો ઘ્રાણેન્દ્રિય સાથે સંયોગ કરવો, શીતળતા વગેરેથી યુક્ત પદાર્થને ત્વચાઈન્દ્રિય પ્રત્યે લાવવો, શબ્દને શ્રોત્રેન્દ્રિય પ્રત્યે લાવવો અને સમીપ રહી સર્વ ઈન્દ્રિયોને બળ આપવું એ બધું વાયુનું કાર્ય છે અને તે જ તેનું લક્ષણ છે. સ્પર્શ જેની તન્માત્રા છે એવો એ વાયુ જીવોના કર્મથી પ્રેરાઈ વિકાર પામ્યો એટલે તેથી રૂપતન્માત્રા ઉત્પન્ન થઈ તે રૂપથી તેજ ઉત્પન્ન થયું તથા ચક્ષુઈન્દ્રિય તે રૂપને ગ્રહણ કરનારી થઈ. હે પતિવ્રતા માતા ! હરકોઈ પદાર્થને આકાર આપવો, તે તે પદાર્થોમાં ગૌણપણે જણાવું (પદાર્થના) અંગરૂપે રૂપ તરીકે પ્રતીત થવું અને દ્રવ્યના આકાર પ્રમાણે પરિણામ પામવું એ રૂપતન્માત્રાવાળા તેજનો અસાધારણ ધર્મ છે. અને એ જ તેનું લક્ષણ છે. વળી પ્રકાશવું, પકવવું, ક્ષુધા તથા તૃષાને લીધે ખાવુંપીવું, હિમનો નાશ કરવો અને સૂકવી નાખવું એ તેજનાં કર્મ છે. તે પછી જીવોનાં કર્મથી પ્રેરણા પામેલું અને રૂપ જેની તન્માત્રા છે એવું તેજ વિકાર પામ્યું, એટલે તેની રસતન્માત્રા ઉત્પન્ન થઈ. રસથી જળ ઉત્પન્ન થયું અને જિહવાઈન્દ્રિય એ રસને ગ્રહણ કરનારી થઈ રસ મધુરરૂપે જોકે એક જ છે, તોપણ ભૂતોના સંબંધવાળા દ્રવ્યોના વિકારને લીધે તૂરો, મીઠો, કડવો, તીખો, ખાટો ને ખારો એમ અનેક પ્રકારે ભેદ પામે છે. ભીનું કરવું, માટી વગેરેને પિંડરૂપે કરવાં, તૃપ્તિ આપવી, સર્વને જિવાડવું, તૃષાની વ્યાકુળતા દૂર કરવી, કોઈ પણ વસ્તુને કોમળ કરવી, તાપ દૂર કરે અને કૂવા વગેરેમાંથી ખેંચી કાઢયા છતાં ફરી ઉત્પન્ન થવું આ સર્વ જળનાં લક્ષણ છે. રસ જેની તન્માત્રા છે એવું તે જળ જીવના કર્મની પ્રેરણા પામી વિકાર

પામ્યું, એટલે તેથી ગંધતત્માત્રા ઉત્પન્ન થઈ અને તે ગંધથી પૃથ્વી ઉત્પન્ન થઈ, ઘ્રાણેન્દ્રિય તે ગંધને ગ્રહણ કરનારી છે. ગંધ જોકે એક જ છે તોપણ બીજા સંબંધ પામેલા પદાર્થોના અવયવોના વિકારને લીધે મિશ્ર ગંધ, દુર્ગંધ, સુગંધ, મૃદુ ગંધ, ઉગ્ર ગંધ અને ખાટી ગંધ એમ જુદા જુદા અનેક ભેદ પામે છે. પરબ્રહ્મને પ્રતિમા વગેરે સ્વરૂપે સાકાર કરવા, જળ વગેરેથી વિલક્ષણપણે બીજાનો આ આશ્રય લીધા વિના જ સ્થિતિ કરવી, જળ વગેરે ધારણ કરવાં, આકાશાદિ પદાર્થો માપવા અને સર્વ પ્રાણીઓને તથા તે તે પ્રાણીઓના પુરુષપણું, સ્ત્રીપણું વગેરે ગુણો પ્રકટ કરવા, તે પૃથ્વીનું કાર્ય હોઈ તેનું લક્ષણ છે. આકાશનો વિશેષ ગુણ શબ્દ જેનો વિષય છે તે શ્રોત્રેન્દ્રિય (કાન); વાયુનો વિશેષ ગુણ સ્પર્શ જેને વિષય છે તે સ્પર્શેન્દ્રિય (ચામડી); તેજનો વિશેષ ગુણ રૂપ જેનો વિષય છે તે ચક્ષુઈદ્રિય (આંખ); જળનો વિશેષ ગુણ રસ જેનો વિષય છે તે રસનેન્દ્રિય (જીભ) અને પૃથ્વીનો વિશેષ ગુણ ગંધ જેનો વિષય છે તે ઘ્રાણેન્દ્રિય (નાક) કહેવાય છે. પોતપોતાનાં કારણરૂપ આકાશ વગેરેના શબ્દ વગેરે ધર્મ, કાર્યરૂપ વાયુ વગેરેમાં પણ દેખાય છે, તેથી પૃથ્વીમાં આકાશાદિ સર્વના (શબ્દ વગેરે) ગુણો દેખાય છે; અર્થાત્ આકાશનો ગુણ શબ્દ, આકાશના કાર્યરૂપ વાયુમાં પણ જતો હોવાથી વાયુની અંદર શબ્દ તથા સ્પર્શ એ બે ગુણ છે; તેમ જ વાયુના શબ્દ તથા સ્પર્શ એ બે ગુણો તેના કાર્યરૂપ તેજમાં પણ જતા હોવાથી તેજની અંદર શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણો છે અને તેજના એ ત્રણે ગુણો તેના કાર્યરૂપ જળમાં પણ જતા હોવાથી જળની અંદર શબ્દ, સ્પર્શ, રૂપ ને રસ એ ચાર ગુણો છે અને જળના તે ચાર ગુણો પોતાના કાર્યરૂપ પૃથ્વીમાં જતા હોવાથી પૃથ્વીમાં તેના પોતાના ગંધગુણ સાથે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એમ પાંચ ગુણો છે. આ મહત્તત્ત્વાદિ સાત તત્વો (પ્રથમ) અલગ અલગ જુદા રહ્યાં હતાં, (તેથી સૃષ્ટિ ઉત્પન્ન કરવા અસમર્થ થયાં) ત્યારે જગતના આદિ ઈશ્વરે કાળ, કર્મ (અદષ્ટ) તથા સત્ત્વાદિ ગુણો સાથે તેઓમાં પ્રવેશ કર્યો એટલે તે જ સમયે તે તો ક્ષુબ્ધ થઈ (વિકાર પામી) એકબીજાની સાથે જોડાયાં, જેથી તેઓમાંથી અચેતન બ્રહ્માંડ ઉત્પન્ન થયું અને તેથી આ (સમષ્ટિરૂપ) વિરાટપુરુષ ઉત્પન્ન થયા. આ બ્રહ્માંડનું જ બીજું નામ વિશેષ છે અને તે અનુક્રમે ઉત્તરોત્તર દશ-દશગણાં વધેલાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્ત્વ એ સાત ત્તત્ત્વોથી વીટાયેલું છે, કે જેઓની બહાર પ્રધાન તત્ત્વ (પ્રકૃતિ) વીટાયેલું છે. આ બ્રહ્માંડમાં દેવ, મનુષ્ય વગેરે સમગ્ર લોકનો વિસ્તાર રહેલો છે અને તે ભગવાન શ્રીહરિનું જ કોમળ સ્વરૂપ છે જળની અંદર રહેલા તે સુવર્ણમય બ્રહ્માંડમાંથી ઊભા થઈ મહાદેવ શ્રીહરિએ તટસ્થપણું ત્યજી તે ઈન્દ્રિયોરૂપ બ્રહ્માંડના અધિષ્ઠાતા થઈ તેમાં અનેક પ્રકારનાં છિદ્રો કર્યા. પછી સૌથી પહેલાં તે વિરાટ શરીરને મુખ થયું. પછી તે મુખમાંથી વાણી ઇન્દ્રિયની સાથે તેનો અધિષ્ઠાતા અગ્નિ ઉત્પન્ન થયો. પછી તેને નાસિકાનાં બે છિદ્રો થયાં એટલે પ્રાણયુકત ઘ્રાણેન્દ્રિય ઉત્પન્ન થઈ. ઘ્રાણેન્દ્રિય ઉત્પન્ન થયા પછી તેનો અધિષ્ઠાતા વાયુ ઉત્પન્ન થયો. પછી તે વિરાટ શરીરને બે નેત્રસ્થાન ઉત્પન્ન થયાં. તેમાં ચક્ષુઈન્દ્રિય તથા તેના દેવ સૂર્યે પ્રવેશ કર્યો. તે પછી તેમને કાનનાં છિદ્રો થયાં, તેમાં શ્રોત્રેન્દ્રિય તથા તેના દેવ દિશાઓએ પ્રવેશ કર્યો. તે પછી એ વિરાટને ચામડી નામે ઈન્દ્રિયસ્થાન થયું એટલે તેમાં રૂંવાડા, (દાઢીમુછના વાળ) કેશ વગેરે ઈન્દ્રિય થયાં અને ઔષધિઓ દેવ થઈ. પછી તેમને લિંગ પ્રકટ થયું, તેમાંથી વીર્ય અને વીર્ય પછી લિંગનો અભિમાની આપોદેવ (અર્થાત્ જળદેવતા) ઉત્પન્ન થયો. પછી તેમને ગુદાસ્થાન પ્રકટ થયું. તેનાથી અપાનવાયુ અને અપાન પછી ગુદાનો અભિમાની દેવતા સર્વ લોકને ભયભીત કરનાર મૃત્યુદેવ ઉત્પન્ન થયો. પછી એ વિરાટને બે હાથ થયા, તેમાં બળ ઈન્દ્રિય અને તેનો અભિમાની દેવતા ઈન્દ્ર

ઉત્પન્ન થયો. પછી એમને બે પગ થયા. તેમાં ગતિ નામે ઈન્દ્રિય થઈ અને પગનો અભિમાની વિષ્ણુ દેવતા ઉત્પન્ન થયો. પછી એ વિરાટને નાડીઓ ઉત્પન્ન થઈ તેમાં લોહી ઈન્દ્રિય તરીકે ભરાયું ને નદીઓ દેવતા થઈ. પછી તેમને પેટ થયું, તેમાં ક્ષુધા ને તૃષા ઈન્દ્રિયો ઉત્પન્ન થઈ અને તે બંનેનો દેવ સમુદ્ર ઉત્પન્ન થયો. પછી તેમને હૃદયસ્થાન થયું, તેમા મન ઈન્દ્રિય થયું ને તેનો દેવ ચંદ્રમા ઉત્પન્ન થયો. તે પછી એમના એ હૃદયસ્થાનથી બુદ્ધિ ઈન્દ્રિય ઉત્પન્ન થઈ એટલે તેનો અભિમાની દેવ બ્રહ્મા થયો. તે પછી અહંકાર અને તેનો અભિમાની દેવતા રુદ્ર ઉત્પન્ન થયો. તે પછી ચિત્ત અને તેના અભિમાની દેવતા ક્ષેત્રજ્ઞ પ્રક્ટ થયા. એમ તે તે ઈન્દ્રિયો તથા તેઓના અભિમાની દેવો (અહંકારથી) ઉત્પન્ન થઈ તે વિરાટ પુરુષને ઉઠાડવા તત્પર થયા, પણ ઉઠાડી શક્યા નહિ એટલે ફરી તેઓએ વિરાટ પુરુષને ઉઠાડવા પોતપોતાનાં સ્થાનોમાં અનુક્રમે પ્રવેશ કર્યો. અગ્નિએ વાણી સાથે મુખમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. વાયુએ ઘ્રાણેન્દ્રિય સાથે બે નાસિકાનાં છિદ્રોમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહી. સૂર્યે ચક્ષુઈન્દ્રિય સાથે નેત્રસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠ્યા નહિ. દિશાઓએ શ્રોત્રેન્દ્રિય સાથે બે કાનમાં પ્રવેશ. કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. ઔષધિઓએ રૂંવાડાં વગેરે સાથે ત્વચાસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. જળે વીર્ય સાથે લિંગસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. મૃત્યુએ અપાન ઈન્દ્રિય સાથે ગુદાસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. ઈન્દ્રે બળ સાથે હાથમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠ્યા નહિ. વિષ્ણુએ ગતિ સાથે પગમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. નદીઓએ લોહી સાથે નાડીઓમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. ક્ષુધા તથા તૃષા સાથે સમુદ્રે પેટમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ. ચંદ્રમાએ મન સાથે હૃદયમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ, બ્રહ્માએ પણ બુદ્ધિ સાથે હૃદયમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ અને રુદ્રે પણ અહંકાર સાથે હૃદયમાં પ્રવેશ કર્યો છતાં જ્યારે વિરાટ ઊઠયા નહિ; પણ ક્ષેત્રજ્ઞે ચિત્ત સાથે હૃદયમાં પ્રવેશ કર્યો કે તે જ સમયે વિરાટ પુરુષ જળમાંથી ઊભા થયા. જેમ નિંદ્રાવશ થઈ સુતેલા મનુષ્યને જીવ વિના પ્રાણ, મન, ઈન્દ્રિયો કે બુદ્ધિ ઉઠાડવા સમર્થ થતાં નથી, તે જ પ્રમાણે એ વિરાટ પુરુષને ક્ષેત્રજ્ઞ પરમાત્મા વિના બીજા કોઈ પણ પોતાના બળ વડે ઉડાડી શક્યો નહિ. માટે પ્રથમ પરમેશ્વરની ભક્તિ કરવી. પછી બીજા સર્વ પદાર્થો પર વૈરાગ્ય થાય છે, બુદ્ધિયોગમાં પ્રવર્તે છે અને ચિત્ત એકાગ્ર થયા પછી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનધારા ક્ષેત્રજ્ઞને આ કાર્યકારણના સમુદાય શરીરમાં (તે શરીરથી) જુદો કેવળ પરમાત્મસ્વરૂપ જાણી તે ક્ષેત્રજ્ઞનું જ ચિંતન કરવું. ૧-૭૨

तमस्मिन् प्रत्यगात्मानं धिया योगप्रवृत्तया । भक्त्या विरक्त्या ज्ञानेन विविच्यात्मनि चिन्तयेत् ॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૬ સમાપ્ત.*

## અધ્યાય-૨૭

## પ્રકૃતિ-પુરુષના વિવેકથી મોક્ષની રીતિ

॥ श्रीभगवानुवाच ॥

प्रकृतिस्थोऽपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः । अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥१॥

**શ્રીકપિલભગવાન બોલ્યા :** હે માતા ! જેમ જળમાં પ્રતિબિંબિત થયેલો સૂર્ય તે જળના ભીનાશ વગેરે ગુણોથી લેપાતો નથી, તેમ જીવાત્મા પ્રકૃતિની અંદર એટલે પ્રકૃતિના કાર્યરૂપ દેવ, મનુષ્યાદિ

શરીરમાં રહેલો છે; છતાં ખરી રીતે પોતે નિર્ગુણ, અકર્તા અને રાગદ્વેષાદિ વિકારોથી રહિત હોવાથી પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો વડે ઉત્પન્ન થનારાં સુખદુઃખાદિથી કે પુણ્યપાપાદિથી લેપાતો નથી. પણ જ્યારે તે પુરુષ પ્રકૃતિના ગુણોમાં આસકત થાય છે, ત્યારે જ દેહાદિ ઉપરના હું-મારું એવા અભિમાનથી મૂઢ બની પોતાના સ્વરૂપજ્ઞાનને ભૂલે છે અને તેથી જ 'હું કર્તા છું' એમ મિથ્યાભિમાન કરે છે. પછી એ કર્તૃત્વાભિમાનને લીધે જ તે પરાધીન તથા મોક્ષસુખથી ભ્રષ્ટ થઈ, પ્રકૃતિના સંગથી કરેલા કર્મના દોષોને લીધે સારી નરસી અને મિશ્ર એટલે દેવ, પશુ, પક્ષી તથા મનુષ્ય જાતિઓમાં જન્મ લઈ સંસારમાં ભટક્યા કરે છે. જેમ સ્વપ્નમાં પોતાનું માથું કપાવું વગેરે અનર્થ પ્રાપ્ત થાય છે તે ખરી રીતે મિથ્યા છે, છતાં તે અનર્થ જાગ્યા વિના દૂર થતો નથી. તે જ પ્રમાણે સંસારમાં પ્રાપ્ત થતાં જન્મમરણ, સુખદુઃખ વગેરે સર્વ અર્થ ખરી રીતે મિથ્યા જ છે છતાં વિષયોનું ધ્યાન કરતા રહેવાને લીધે આ જીવાત્માને સંસાર દૂર થતો નથી. માટે જ દુષ્ટ ઈન્દ્રિયોના વિષયમાર્ગમાં અત્યંત આસકત થયેલા ચિત્તને દૃઢ ભકિતયોગથી અને તીવ્ર વૈરાગ્યથી ધીમે ધીમે વશ કરવું અને તે ચિત્તને યમનિયમાદિ યોગમાર્ગથી વારંવાર એકાગ્ર કરવું. શ્રદ્ધાથી યુક્ત થઈ મારામાં નિષ્કપટ પ્રેમભાવ રાખવો, મારી કથા સાંભળવી, સર્વ પ્રાણીઓ પર સમભાવ રાખવો, કોઈ સાથે વેર ન કરવું, હરકોઈનો સંગ છોડવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન રાખવું, ઈશ્વરાર્પણભાવથી સ્વધર્મનું આચરણ કરવું, જે કંઈ સ્વેચ્છાએ મળે તેથી સંતુષ્ટ રહેવું, મિતાહારી થવું, એકાંતવાસ કરવો, રાગદ્વેષાદિથી રહિત થઈ મનનશીલ થવું, શાંત સ્વભાવ રાખવો, સર્વ સાથે મિત્રતા રાખવી, સર્વ ઉપર દયા કરવી, જિતેન્દ્રિય થવું; પુત્ર, સ્ત્રી વગેરે પરિવારથી યુકત આ શરીર ઉપર અહંતા—મમતા છોડવી અને પ્રકૃતિ તથા પુરુષના તત્ત્વનો સાક્ષાત્કાર કરાવનારું જ્ઞાન મેળવવું, કેમ કે તે જ્ઞાન દ્વારા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ દૂર થઈ આત્મા સિવાય બીજા કોઈ પદાર્થ જેને દેખાતો નથી એવો પુરુષ જેમ નેત્રમાં રહેલા સૂર્ય દ્વારા આકાશમાં રહેલા સૂર્યને જુએ છે, તેમ શુદ્ધ અંતઃકરણ દ્વારા તે શુદ્ધ આત્માનાં દર્શન કરે છે. એ રીતે શુદ્ધ આત્માનાં દર્શન કરનારો પુરુષ સર્વ ઉપાધિથી મુક્ત અને અહંકાર વિગેરે મિથ્યા વસ્તુઓમાં સત્યરૂપે પ્રતીત થનાર, જગતની કારણભૂત પ્રકૃતિના અધિષ્ઠાન, મહત્તત્ત્વાદિ કાર્યના પ્રકાશક, સર્વ કાર્ય તથા કારણમાં વ્યાપ્ત અને પરિપૂર્ણ બ્રહ્મને પામે છે. જેમ જળમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ જ્યારે ઘરમાં ભીંત ઉપર પડે છે, ત્યારે તે ઘરના ખૂણામાં ઊભેલા મનુષ્યો ભીંત ઉપર પડેલા સૂર્યના પ્રતિબિંબ દ્વારા પ્રથમ જળમાં પડેલા સૂર્યના પ્રતિબિંબ બંને જુએ છે અને પછી જળમાં પડેલા સૂર્યના પ્રતિબિંબ દ્વારા આકાશમાં રહેલા ખરા સૂર્યનાં દર્શન કરે છે; તેમ આત્માનું પ્રતિબિંબ જેમાં પડેલું છે એવાં શરીર, ઇન્દ્રિયો તથા મન વડે જેમાં બ્રહ્મનું પ્રતિબિંબ પડેલું છે. એવો ત્રિગુણાત્મક અહંકાર પ્રથમ દેખાય છે અને પછી બ્રહ્મના પ્રતિબિંબવાળા તે અહંકાર દ્વારા પરમાર્થ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્માનાં દર્શન થાય છે; અર્થાત્ અહંકારરૂપ ઉપાધિથી યુકત આત્મા દ્વારા શુદ્ધ આત્માનાં દર્શન કરી શકાય છે. સુષુપ્તિ અવસ્થામાં આકાશ વગેરે પાંચ મહાભૂતો; શબ્દસ્પર્શાદિ પાંચ તન્માત્રાઓ, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ વગેરે બધાં નિંદ્રાને લીધે અવિદ્યારૂપ અજ્ઞાનમાં લીન થાય છે. તે વખતે જે નિંદ્રારહિત અને અહંકારરહિત થઈ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે તે જ આત્મા છે એમ સમજવું. જે આત્મા જાગ્રત તથા સ્વપ્નાવસ્થાનો જોનાર-દ્રષ્ટા છે અને તે વખતે એ સ્પષ્ટરૂપે ભાસે છે, તે જ આત્મા સુષુપ્તિ અવસ્થામાં અહંકારના વિષયરૂપ ભૂતો વગેરેનો લય થવાથી પોતે (આત્મા) નાશ ન પામેલો છતાં પોતાને મિથ્યા નાશ પામેલો માને છે. (અને તેથી જ સુષુપ્તિ અવસ્થામાં આત્મા સ્ફૂટ ભાસતો નથી.) જેમ કોઈ ધનવાન મનુષ્ય

પોતાના ધનનો નાશ થતાં વ્યાકુળ થઈ પોતાને પણ નાશ પામેલો માને છે તેમ આત્મા પણ સુષુપ્તિ અવસ્થામાં પોતાને ઉપાધિરૂપ અહંકારનો નાશ થતાં પોતાને પણ નાશ પામેલો માને છે. એમ વિચાર કરી વિવેકી મનુષ્ય આત્માનો સાક્ષાત્કાર કરે છે કે જે આત્મા અહંકારથી યુકત આ શરીરનો પ્રકાશક અને અધિષ્ઠાન હોઈ ધારક છે.

**દેવહૂતિએ પૂછ્યું :** 'હે બ્રહ્મન્ ! પ્રકૃતિ પુરુષને કદી છોડતી નથી, કેમ કે હે પ્રભો !' પ્રકૃતિ પુરુષ એ બંનેને એકબીજાનો આશ્રય છે અને બંને નિત્ય છે. (તે પછી મુકિત કેમ થાય ?) જેમ ગંધ પૃથ્વી વિના અને પૃથ્વી ગંધ વિના હોય નહિ અથવા જેમ જળ રસ વિના હોય નહિ, તેમ પુરુષ પ્રકૃતિ વિના અને પ્રકૃતિ પુરુષ વિના હોય જ નહિ. અર્થાત્ તેઓ બન્નેનું નિત્ય સાથે જ અસ્તિત્વ છે. તો પોતે અકર્તા એવા પુરુષને પણ પ્રકૃતિના જે ગુણોથી કર્મબંધન થાય છે, તે પ્રકૃતિના ગુણો જ્યાં સુધી હોય ત્યાં સુધી પુરુષનો મોક્ષ કેમ થાય ? કદાચિત્ કોઈ સમયે તત્વજ્ઞાનના વિચારથી; પુરુષને આ ઉગ્ર સંસારનો ભય દૂર થાય તો પણ તે ભયનું કારણ પ્રકૃતિના ગુણો જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી એ સંસારભય ઊભો જ છે.

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** નિષ્કામ સ્વધર્મના આચરણથી, નિર્મળ મનથી, ઘણા સમય સુધી મારી (ભગવાનની) કથાઓ સાંભળવાથી, ગાઢ થયેલી મારી ભકિતથી, પ્રકૃતિ-પુરુષનું સત્ય સ્વરૂપ દર્શાવનારા જ્ઞાનથી, અતિશય બળવાન વૈરાગ્યથી, વ્રત, નિયમ, વગેરે દ્વારા કરેલા યોગાભ્યાસથી અને તીવ્ર આત્મધ્યાનથી પુરુષની પ્રકૃતિ રાતદિવસ બળતી જાય છે. જેમ અગ્નિને ઉત્પન્ન કરનારું અરણિકાષ્ઠ પોતાથી જ ઉત્પન્ન થયેલા અગ્નિ વડે બળીને નાશ પામે છે, તેમ એ પ્રકૃતિ પણ ધીમે ધીમે અદશ્ય થાય છે. એમ જેનો ભોગ ભોગવીને ત્યાગ કર્યો હોય છે અને જેને વિષે નિત્ય દોષો જ જોયા છે, એવી તિરોભાવ, થયેલી પ્રકૃતિ સ્વતંત્ર અને પરમાનંદસ્વરૂપ પોતાના મહિમામાં રહેલા પુરુષનું અશુભ કરી શકતી નથી, જેમ નિદ્રામાં પડેલા મનુષ્યને સ્વપ્ન (પોતાનું મસ્તક કપાવું વગેરે) અનેક અનર્થો આપનાર થાય છે, પણ તે જ સ્વપ્ન જાગ્રત અવસ્થામાં આવેલા મનુષ્યને (સંસ્કારને લીધે) યાદ આવ્યા છતાં. મોહ કરતું નથી, તે જ પ્રમાણે પ્રકૃતિ—પુરુષના સત્ય તત્ત્વને જાણનાર અને મારે વિષે મન લગાડનાર આત્મારામ પુરુષને પણ પ્રકૃતિ કદી અનર્થ કરતી નથી. એ રીતે જેમાં અનેક જન્મ થાય છે એવા લાંબા કાળ સુધી કેવળ સ્વરૂપમાં જ રમનાર મુનિ અર્થાત્ પ્રકૃતિ—પુરુષનું વિવેકવાળો મનુષ્ય બ્રહ્મ લોક સુધીના સર્વ પદાર્થો પર વૈરાગ્યવાળો રહી, આત્મચિંતનમાં મગ્ન રહેતો આત્મતત્વનો જ્ઞાતા થાય છે. આત્મજ્ઞાનને લીધે તેના સર્વ (મિથ્યાજ્ઞાનરૂપ) સંશય નાશ પામે છે અને પછી તેનું વાસનામય કારણ શરીર ન રહેતાં તે ધીર પુરુષ એકમાત્ર મારો જ આશ્રિત થઈને જેને પ્રાપ્ત કરીને યોગીઓ ફરી પાછા સંસારમાં આવતા નથી, એવા મારા સ્વરૂપભૂત મંગળમય કૈવલ્યપદને આ જ જન્મમાં સરળતાથી પ્રાપ્ત કરે છે. હે માતા ! જયારે એ સિદ્ધ થયેલા પુરુષનું મન યોગને લીધે વધેલી અને યોગ વિના બીજા કોઈ પણ કારણે પ્રાપ્ત ન થનારી, અણિમાદિ આઠ મહાસિદ્ધિઓરૂપી માયામાં જ આસકત થતું નથી, ત્યારે તે પુરુષને આત્યંતિક ગતિ પ્રાપ્ત થાય છે કે જ્યાં મૃત્યુનો ગર્વ છે જ નહિ, (પણ વિઘ્ન કરવા આવેલી અણિમાદિ મહાસિદ્ધિઓમાં તે આસકત થાય તો 'કેવો આને મેં વશ કર્યો !' આવો મૃત્યુને ગર્વ થાય છે.) ૧-૨૦

यदा न योगोपचितासु चेतो मायासु सिद्धस्य विषज्जतेऽङ्ग ।
अनन्यहेतुष्वथ मे गतिः स्यादात्यन्तिकी यत्र न मृत्युहासः ॥३०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૭ સમાપ્ત.*

# અધ્યાય-૨૮

## સબીજ યોગનું લક્ષણ અને અષ્ટાંગયોગ દ્વારા સર્વોપાધિથી મુક્ત સ્વરૂપનું જ્ઞાન

॥ श्रीभगवानुवाच ॥

योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे । मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** હે માતા ! હવે હું સાલંબન યોગનું સ્વરૂપ કહું છું કે જેને આચરવા વડે જ ચિત્ત પ્રસન્ન થઈ સન્માર્ગે જાય છે. શકિત પ્રમાણે સ્વધર્મ આચરવો, વિરુદ્ધ ધર્મથી અને પરધર્મથી દૂર રહેવું, દૈવયોગે જે મળી આવે તેથી સંતોષ રાખવો, આત્મજ્ઞાની પુરુષોનાં ચરણ સેવવાં, વિષયાસકિતને વધારે તેવા કર્મોથી દૂર રહેવું, કેવળ મોક્ષધર્મમાં જ આસકિત રાખવી, માપસર પવિત્ર વસ્તુ જમવી, નિરંતર એકાંત નિર્બાધ પ્રદેશ સેવવો, અહિંસા પાળવી, સત્ય બોલવું ને ચોરી ન કરવી, પોતાને જેટલી જરૂર હોય તેટલા જ પદાર્થો રાખવા, બ્રહ્મચર્ય પાળવું, તપ કરવું, બાહ્ય-આભ્યંતર પવિત્રતા જાળવવી, નિત્ય સ્વાધ્યાય કરવો, ભગવાનની પૂજા કરવી, મૌન રાખવું, ઉત્તમ આસનનો જય કરી તેની સ્થિરતા કરવી, ધીમે ધીમે પ્રાણવાયુને જીતવો, મન દ્વારા ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળવી અને હૃદયમાં સ્થાપવી, મૂળાધાર વગેરે પ્રાણવાયુનાં સ્થાનો પૈકી કોઈ એકમાં મન સાથે પ્રાણવાયુને ધારણ કરવો, ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું અને મનને કેવળ આત્માકાર કરવું. આ અને આ સિવાય બીજા ઉપાયોથી નીચ માર્ગે જતા દુષ્ટ મનને બુદ્ધિ દ્વારા ધીમે ધીમે ભગવાન વિષે જ જોડવું. પ્રાણવાયુ જીતવો અને આળસ છોડવી. પછી આસનનો જય કરેલા યોગીએ પવિત્ર દેશમાં આસન સ્થાપી તેના પર ટટ્ટાર શરીરે સ્વતિકાસનથી બેસવું અને પ્રાણાયામનો આ રીતે અભ્યાસ કરવો. પૂરક, કુંભક અને રેચકથી અથવા તેથી ઊલટ રેચક, કુંભક, ને પૂરકથી પ્રાણવાયુના નાડીઓ વગેરે માર્ગ શુદ્ધ કરવા કે જેથી મન સ્થિર થઈ ફરી ચંચળ ન થાય. જેમ વાયુ અને અગ્નિથી તપાવેલું સોનું મેલ તજે છે, તેમ જે યોગી પ્રાણવાયુ જીતે છે તેનું મન થોડા સમયમાં નિર્મળ થાય છે. ( અને ફરી ચંચળ થતું નથી. ચિત્તની એકાગ્રતારૂપ સમાધિ કરવામાં આગળ જણાવેલ આ ચાર વસ્તુઓ હોવી જ જોઈએ.) પ્રાણાયામથી વાત, પિત્ત ને કફ-એ ત્રણે દોષો બાળવા, ધારણાઓથી પાપો બાળવાં, પ્રત્યાહારથી (ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળવા વડે) વિષયોના સંબંધનો નાશ કરવો અને ધ્યાનથી રાગાદિ અનીશ્વર ગુણોનો વિનાશ કરવો. એમ યોગાભ્યાસથી પોતાનું મન નિર્મળ અને સારી રીતે સ્થિર થાય ત્યારે નાકની અણી પર દૃષ્ટિ રાખી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. પ્રસન્ન મુખકમળવાળા, કમળના મધ્યભાગ સમાન લાલ નેત્રોવાળા, કમળની પાંખડી જેવા શ્યામ, શંખ, ચક્ર, ગદા ધારણ કરનારા, સુશોભિત કમળના કેસરાઓ જેવાં રેશમી પીળાં વસ્ત્રોવાળા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા, ડોકમાં દેદીપ્યમાન કૌસ્તુભમણિ ધારણ કરનારા, મદોન્મત્ત ભમરાઓના ગુંજારવવાળી વનમાળા ધરનારા, મહાકિંમતી હાર, કડાં, મુકુટ, બાજુ બંધો અને ઝાંઝરો પહેરનારા, કંદોરાથી શોભતા, નિતંબવાળા, ભકતોના હૃદયકમળરૂપી આસનવાળા, અત્યંત દર્શનીય, શાંત, ભક્તોનાં મન અને નેત્રને હર્ષ ઉપજાવનારા, જેમનું દર્શન અતિ સુંદર છે, સર્વ લોકો નિરંતર જેમને નમસ્કાર કરે છે, કિશોર વય છે, ભકતો પર કૃપા કરવા ઉત્કંઠિત છે, યશ, કીર્તન કરવા યોગ્ય અને તીર્થ સમાન પવિત્ર છે, બલિરાજા વગેરે ભક્તોનો યશ ફેલાવનારા છે એવા ભગવાનના

સર્વાંગનું ત્યાં સુધી ધ્યાન કરવું કે જ્યાં સુધી મન તેના ઉપરથી ચલિત ન થાય. જેમની લીલાઓ જોવા યોગ્ય છે એવા ભગવાનના ઊભેલા, જતા, બેઠેલા, સૂતા અને સર્વની હૃદયગુહામાં વસેલા સ્વરૂપનું શુદ્ધ ભાવવાળા મનથી ધ્યાન કરવું એમ ભગવાનના સર્વ અવયવોમાં સ્થિર થયેલા મનને ભગવાન વિષે બરાબર સ્થિર થયેલું જાણી મુનિએ ભગવાનના એક એક અંગમાં તેને સારી રીતે જોડવું. તેમાં પ્રથમ ભગવાનનાં ચરણકમળનું ધ્યાન કરવું કે જે વજ્ર, અંકુશ, ધજા તથા કમળના ચિહ્નથી યુકત છે. ઊંચા અને લાલ દેદીપ્યમાન નખમંડળની કાંતિથી ભકતહૃદયના મોટા અંધકારનો નાશ કરે છે અને જેને ધોવાથી નીકળેલી શ્રેષ્ઠ નદી ગંગાના જળરૂપ તીર્થને મસ્તકે ધારણ કરી પોતે મંગળસ્વરૂપ શિવ છતાં 'શિવ' અત્યંત સુખ પામ્યા છે અને જે ચરણકમળ ધ્યાન કરનાર ભક્તોના મનમાં રહેલાં પાપરૂપી પર્વત પર ફેંકેલા વજ્ર સમાન છે. આવાં શ્રીભગવાનનું ચરણકમળનું લાંબા કાળ સુધી ધ્યાન કરવું, પછી અજન્મા ભગવાનના બે ઢીંચણનું હૃદયમાં ધ્યાન કરવું કે જેને કમળ સમાન નેત્રવાળી અને સર્વના સ્રષ્ટા બ્રહ્માની માતા દેવવંદ્ય લક્ષ્મીદેવી પોતાની સાથળ પર મૂકી હસ્તકમળની કાંતિથી સારી રીતે લડાવે છે. પછી ભગવાનની બે સાથળનું ધ્યાન કરવું કે જે ગરુડની બે ખાંધ પર શોભે છે, બળનો આધાર છે અને અળસીના પુષ્પ સમાન કાંતિવાળી છે. પછી ઘૂંટી સુધી લટકતા પીતાંબર ઉપર કે કંદોરાના સંબંધવાળા ભગવાનના નિતંબપ્રદેશનું ધ્યાન કરવું. પછી સમગ્ર ભુવનસમૂહનું સ્થાન એવા પેટ પર રહેલાં અને બ્રહ્માના પ્રકટ થવાના સ્થાનરૂપ સમગ્ર લોકાત્મક કમળનું ઉત્પત્તિસ્થાન એવા ભગવાનના નાભિસરોવરનું ધ્યાન કરવું. પછી ભગવાનના બે સ્તનનું ધ્યાન કરવું કે જે શ્રેષ્ઠ બે મરકતમણિ સમાન અને ઉજજવળ હરિનાં કિરણોથી ધોળાં જણાય છે. પછી મહાલક્ષ્મીનું નિવાસસ્થાન અને પુરુષોનાં મન તથા નેત્રને અતિશય સુખ આપનાર ભગવાનની છાતીનું મનમાં ધ્યાન કરવું. પછી સર્વ લોક વડે નમસ્કાર કરાયેલા ભગવાનના કંઠનું હૃદયમાં ધ્યાન કરવું કે જે કંઠ અલંકારરૂપ ધારણ કરેલા કૌસ્તુભમણિને પણ અલંકૃત કરનાર બને છે. પછી સમુદ્રમંથન સમયે મંદરાચલના ઘૂમવા વડે જેના પર ધારણ કરેલાં કંકણો ઉજજવળ થયેલાં છે અને જેમાં સર્વ લોકપાલો વસે છે, એવા ભગવાનના બાહુઓનું ધ્યાન કરવું. પછી એક હજાર આરાઓવાળા અને અસહ્ય તેજવાળા સુદર્શન ચક્રનું તથા ભગવાનના હસ્તકમળમાં રાજહંસ સરખાં શંખનું ધ્યાન કરવું. પછી શત્રુયોદ્ધાઓના લોહીના કાદવથી ખરડાયેલી અને ભગવાનને પ્રિય કમાદકી ગદાનું સ્મરણ કરવું. પછી ભમરાઓના સમૂહની વાણીથી ગાજતી ભગવાનની માળાનું ધ્યાન કરવું તેમ જ તેમના કંઠમાં રહેલા અને જીવના એક તત્ત્વરૂપ નિર્મળ કૌસ્તુભમણિનું ધ્યાન કરવું. પછી ભક્તો ઉપરની દયાબુદ્ધિને લીધે તેમણે આ જગતમાં અવતારો લીધા છે, એવા ભગવાનના મુખકમળનું ચિંતન કરવું કે જે ઝળહળતા મકરાકાર કુંડળોના હાલવાથી પ્રકાશતા નિર્મળ ગાલવાળું, ઉન્નત નાસિકાવાળું, વાંકડિયા કેશસમૂહથી વીંટાયેલું અને કમળ સમાન બે નેત્રોવાળું છે, તેથી ભમરાઓ વડે સેવાયેલ અને બે માછલાંનું આશ્રયસ્થાન હોઈ લક્ષ્મીદેવીનું રહેઠાણ એવા કમળનો પોતાની શોભા વડે તિરસ્કાર કરે છે અને સુંદર ભ્રૂકુટિવાળું હોઈ મનમાં પ્રગટે છે. પછી ભગવાનની મહાકૃપાથી પૂર્ણ દૃષ્ટિનું હૃદયગૃહામાં ઘણી જ ભાવનાથી ચિરકાળ સુધી ધ્યાન કરવું કે જે અધિક કૃપા વડે અતિ ઘોર એવા ત્રણે તાપને શાંત કરવા બન્ને નેત્રમાંથી નીકળે છે અને સ્નેહાળ મંદ હાસ્યથી યુકત છે. પછી પ્રણામ કરનારા સમગ્ર લોકોનાં તીવ્ર શોકનાં આંસુઓના સમુદ્રોને સૂકવનાર અને અત્યંત ઉદાર એવું શ્રીહરિના મંદ હાસ્યનું ધ્યાન કરવું. પછી મુનિઓને મોહ ઉપજાવવા તૈયાર થયેલા કામદેવને જ પોતાની માયા વડે મોહ ઉપજાવવા ચડાવેલી

ભગવાનની ભ્રૂકુટિનું ધ્યાન કરવું. તે પછી સર્વના હૃદયાકાશમાં જેમનું જ્ઞાન થાય છે તે શ્રીવિષ્ણુ ભગવાનના સ્ફૂટ હાસ્યનું ધ્યાન કરવું, જે અતિશય સુંદર હોવાથી વિના પ્રયત્ને ધ્યાનના વિષયરૂપ છે અને જેમાં અતિશય અધિક એવી અધરોષ્ઠની કાંતિ પડવાથી મોગરાની કળીઓ જેવા સૂક્ષ્મ દાંતો લાલ હોય એમ લાગે છે. એમ ભગવાનના પ્રત્યેક અંગનું ધ્યાન કર્યા પછી પ્રેમરસથી વ્યાપ્ત એવી ભકિત વડે મનને શ્રીભગવાનમાં જ સ્થાપવું અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને જોવા ઇચ્છવો નહિ. એ પ્રમાણે (સબીજ યોગમાં ભગવાનની મૂર્તિરૂપી આલંબનનો આશ્રય લેવાથી) ભગવાન શ્રીહરિમાં જેણે પ્રેમભાવ મેળવ્યો છે, જેનું હૃદય ભક્તિથી પીગળેલું હોય છે, જેનાં રૂંવાડાં અતિ હર્ષને લીધે ઊભાં થયાં હોય છે અને ઉત્કંઠાથી વહેતાં અશ્રુપ્રવાહ જે વારંવાર પીડા પામે છે, એવો (સબીજયોગનો સાધક) યોગી ભગવાનને ગ્રહણ કરવામાં માછલાં પકડવાના આંકડા સરખા પોતાના ચિત્તને ધીમે ધીમે ભગવાનની મૂર્તિરૂપી ધ્યેય વસ્તુથી છૂટું કરે છે અર્થાત્ ભગવાનની મૂર્તિની ધારણામાં પણ તે યોગીનો પ્રયત્ન ઢીલો થાય છે. (અને આપોઆપ સમાધિઅવસ્થા સિદ્ધ થાય છે; તેથી ફરી તેને એવી ધારણાની જરૂર રહેતી નથી.) એ રીતે જ્યારે ચિત્ત નિર્વિષય બને છે અને સબીજ યોગસાધનામાં ભગવાનના ધ્યાન વડે પરમાનંદનો અનુભવ થવાથી શબ્દાદિ વિષયોથી વિરક્ત થાય છે, ત્યારે જેમ દીવાની જ્વાળા (તેલ અને દિવેટનો નાશ થતાં) એકાએક ઓલવાઈ જાય છે, તેમ નિર્વાણ (લય) પામે છે. (વૃત્તિરૂપતા છોડીને બ્રહ્માકાર બને છે.) પછી એ અવસ્થામાં યોગી ધ્યાતા અને ધ્યેયના વિભાગથી રહિત એક અખંડ આત્માનો સાક્ષાત્કાર કરે છે; કેમકે તે સમયે તેની દેહાદિરૂપ ઉપાધિ દૂર થયેલી હોય છે. વળી (જેમ સુષુપ્તિમાંથી ઊઠેલો ફરી જાગ્રત અવસ્થામાં સંસારમાં પામે છે, તેમ એ અવસ્થા પામ્યા પછી ફરી સંસાર રહેતો જ નથી; કેમ કે) તે યોગી એ યોગાભ્યાસથી થયેલી મનની છેલ્લી અવિદ્યારહિત નિવૃત્તિથી સુખદુઃખરહિત બ્રહ્મરૂપ મહિમામાં સ્થિર થાય છે અને પ્રથમ સુખદુઃખના કારણને તથા તેના ભોકતાપણાને પોતાને વિષે જે જોતો હતો, તેને જ અવિદ્યા દૂર થતાં કર્તારૂપ અહંકાર વિષે જુએ છે; કેમ કે તેને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયેલો હોય છે. વળી એ રીતે અવિદ્યારહિત છેલ્લી અવસ્થા પામી (જીવન્મુકત અવસ્થા પામી) સિદ્ધ થયેલો તે ભગવદ્‌ભકત યોગી જેમ મદિરાના મદથી અંધ થયેલો પુરુષ પોતાની કેડ ઉપર પહેરેલાં કે ખસી ગયેલાં વસ્ત્રને જોતો નથી, તેમ પ્રારબ્ધકર્મને લીધે આસન પર બેઠેલા કે આસન ઉપરથી ઊભા થયેલા તે સ્થાનથી બીજે સ્થળે જઈ ફરી તે સ્થાને આવેલા પોતાના શરીરને પણ જાણતો નથી, તો પછી સુખદુઃખને તો ક્યાંથી જ જાણે ? કારણ કે તે સિદ્ધપુરુષ પોતાનું સ્વરૂપજ્ઞાન પામ્યા હોય છે. તેનો દેહ જોકે પૂર્વના સંસ્કાર રૂપ દૈવને વશ થઈ જ્યાં સુધી પોતાને ઉત્પન કરનારું કર્મ બાકી હોય છે, ત્યાં સુધી ઈંદ્રિયોથી યુક્ત રહી જીવે છે; તે પણ સમાધિ સુધીનો યોગ પ્રાપ્ત કરનાર છે અને તે દ્વારા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરનાર તે જીવન્મુક્ત યોગી સ્વપ્નમાં પ્રાપ્ત થતા દેહ જેવા પુત્રાદિ પ્રપંચ સહિત દેહ પર ફરી અહંતા, મમતા કરતો નથી. જેમ મનુષ્ય (અતિશય સ્નેહને લીધે પોતાનાં માનેલાં એવાં પણ) પુત્ર કે ધનથી જુદો જણાય છે, તેમ જીવ પણ પોતાના માનેલા શરીર (ઈંદ્રિયો) વગેરેથી જુદો જ છે, જેમ અત્યંત અવિવેકી મનુષ્યોએ અગ્નિસ્વરૂપ માનેલા અને અગ્નિથી જ ઉત્પન્ન થયેલા ઊંબાડિયાથી, તણખાથી કે ધુમાડાથી અગ્નિ જુદો જ છે, તેમ પાંચ ભૂતો, ઈંદ્રિયો, અંતઃકરણ તથા પ્રધાનતત્ત્વથી આત્મા જુદો છે અને જીવસંજ્ઞાવાળા તે દ્રષ્ટાથી બ્રહ્મસંજ્ઞાવાળા ભગવાન જુદા છે; અર્થાત્ દેહાદિથી જીવાત્મા અને જીવાત્માથી પરમાત્મા ભિન્ન છે. જેમ જગતના સર્વ પદાર્થો પાંચ મહાભૂતોમાં છે અને પાંચ મહાભૂતો

તે તે સર્વ પદાર્થોમાં છે, તેમ જ્ઞાની પુરુષે સ્થાવર જંગમ સર્વ ભૂતોમાં પોતાનો આત્મા એકરૂપે જોવો ને પોતાના આત્મા વિષે સ્થાવરજંગમ સર્વ ભૂતોને એકરૂપે જોવાં. જેમ અગ્નિ એક જ છે છતાં પોતાને પ્રકટ થવાનાં સ્થાન તૃણ (કાષ્ઠ) વગેરેમાં તેઓની લંબાઈ ટૂંકાઈ વગેરે ભેદથી અનેક પ્રકારે જણાય છે, તે જ પ્રમાણે આત્મા પોતે એક જ છે છતાં શરીર વિષે રહીને શરીરના જુદા જુદા ગુણોને લીધે અનેક સ્વરૂપે જણાય છે. એ ભગવાનની શકિતરૂપ પ્રકૃતિ જ સર્વના કારણરૂપ અને કાર્યરૂપ છે. એ જ જીવની પણ પ્રકૃતિ છે. તેથી એ યોગીએ દુર્જ્ઞેય અને દુર્જય પ્રકૃતિને જીતીને એ પ્રકૃતિથી પર થઈને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

तस्मादिमां स्वां प्रकृतिं देवीं सदसदात्मिकाम् । दुर्विभाव्यां पराभाव्य स्वरूपेणावतिष्ठते ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૮ સમાપ્ત.*

## અધ્યાય-૨૯

## ભક્તિયોગના ભેદ, કાળનું બળ અને ઘોર સંસારનું વર્ણન

॥ देवहुतिरुवाच ॥

लक्षणं महदादीनां प्रकृतेः पुरुषस्य च । स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ॥१॥

**દેવહૂતિએ પૂછયું :** 'હે પ્રભો ! મહાત્તત્વ વગેરેનું અને પ્રકૃતિ તથા પુરુષનું લક્ષણ જે પ્રમાણે સાંખ્યશાસ્ત્રમાં કહ્યું છે અને જેના ઉપરથી તે મહત્તત્ત્વાદિનું એકબીજાથી જુદું સત્યસ્વરૂપ જણાય તે લક્ષણ તમે મને કહ્યું. આ મહત્તત્ત્વાદિના લક્ષણના જ્ઞાનને પરમાત્માનું જ્ઞાન થવામાં કારણ કહેવામાં આવે છે તથા એ જ્ઞાન વડે પરમાત્મામાં ભક્તિયોગ પ્રાપ્ત થાય છે. હવે આપ એ ભક્તિયોગનો માર્ગ મને વિસ્તારથી કહો. વળી હે ભગવન્ ! જે સાંભળવાથી પુરુષ વિષયો ઉપર વૈરાગ્યવાળો થાય છે, તે જીવોની અનેક પ્રકારની ગતિઓ મને કહો. તેમ જ જે બ્રહ્માદિ દેવોનો પણ નિયંતા છે અને કેવળ આપનું જ સ્વરૂપ છે. તે કાળનું સ્વરૂપ પણ કહો, કે જેના ભયથી મનુષ્યો પુણ્યકર્મ કરે છે. આ મનુષ્યલોક જ્ઞાનદૃષ્ટિથી રહિત હોઈ દેહાદિ ઉપર અભિમાનવાળો બન્યો છે, તેથી જ કર્મમાં આસકત બુદ્ધિને લીધે થાક્યો છે અને અપાર અંધકારસ્વરૂપ આ સંસારમાં લાંબા કાળ સુધી નિંદ્રાવશ થયો છે, તેને જગાડવા તમે ભકિત યોગ તથા જ્ઞાનયોગરૂપી કમળને પ્રફુલ્લ કરનાર એક સૂર્યરૂપે પ્રગટયા છો.

**મૈત્રેય બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ વિદુરજી ! મહામુનિ કપિલદેવ માતાના એ સુંદર વચનનો સત્કાર કરી દયાથી દ્રવીભૂત થઈ ખૂબ પ્રસન્નતાથી તેને કહેવા લાગ્યા.

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** 'હે માતા ! જુદા જુદા માર્ગોને લીધે ભક્તિયોગ અનેક પ્રકારનો જણાય છે; કેમ કે મનુષ્યોના સ્વભાવરૂપ જુદા જુદા સત્ત્વાદિ ગુણોની જુદી જુદી વૃત્તિઓથી મનુષ્યોનો અભિપ્રાય જુદા જુદા પ્રકારનો હોય છે. (ફળસંકલ્પના ભેદથી ભકિતમાં પણ ભેદ પડે છે, જે હિંસા, દંભ કે મત્સરભાવને મનમાં સંકલ્પ કરી ક્રોધાતુર કે ભેદ દૃષ્ટિવાળો થઈ મારી ભકિત કરે છે તે તામસ ભકત છે. જે મનમાં વિષયો, યશ અથવા ઐશ્વર્યનો સંકલ્પ કરી ભેદદૃષ્ટિપૂર્વક અને પ્રતિમા વગેરેમાં પૂજે છે, તે રાજસભકત છે અને જે પાપના નાશને, ભગવાનની પ્રીતિને કે 'મારે યજ્ઞ કરવો, એ મારી ફરજ છે' એમ માની ભેદદૃષ્ટિ રાખી યજ્ઞાદિ કરે છે તે સાત્વિક ભકત છે. (એમ સગુણભકિત કહી નિર્ગુણ ભકિત કહું છું. નિર્ગુણ ભકિત તો માત્ર એક જ પ્રકારની છે.) જેમ ગંગાના જળની સમુદ્રમાં અખ્ખલિત ગતિ

થાય છે તેમ મારા ગુણો માત્ર સાંભળતાં જ સર્વના હૃદયાકાશમાં રહેલા મારે વિષે મનની અસ્ખલિત ગતિ થાય છે. આવી ભકિત એ નિર્ગુણ ભકિતયોગનું લક્ષણ છે. પુરુષોત્તમ ભગવાન વિશેની આ ભક્તિ કોઈ પણ ફળસંકલ્પ અને ભેદદર્શનથી રહિત હોય છે. આ નિર્ગુણ ભક્તિમાં સ્થિર રહેલા ભકતોને હું મારી સાથે એક જ લોકમાં વસવાટ, મારા જેવું ઐશ્વર્ય, મારી સમીપ જ રહેવાનું, મારા જેવું રૂપ તથા મારું સાયુજ્ય આપવા તૈયાર થાઉં છું : છતાં તેઓ મારી સેવા વિના બીજું કંઈ પણ લેતા નથી. આને જ આત્યંતિક એટલે અવિનાશી નિર્ગુણ ભક્તિયોગ કહે છે કે જેથી જીવ ત્રણ ગુણોના કાર્યરૂપ આ સંસાર ત્યજી બ્રહ્મભાવ પામે છે. નિષ્કામભાવથી શ્રદ્ધાપૂર્વક પોતાના સ્વધર્મનું પાલન કરવું, નિત્ય હિંસારહિત ઉત્તમ આચાર પાળવો, મારા નિવાસ-સ્થાનમાં પ્રતિમાનાં દર્શન, સ્પર્શ, સત્કાર, સ્તુતિ તથા વંદન કરવાં; પ્રાણીમાત્રમાં મારી ભાવના ન કરવી. ધૈર્ય અને વૈરાગ્ય રાખવો, મોટા પુરુષને બહુમાન આપવું, ગરીબ પ્રાણીઓ ઉપર દયા કરવી. પોતાના સમાન મનુષ્યો સાથે મિત્રતા રાખવી, યમનિયમ જાળવવાં. આધ્યાત્મિક શાસ્ત્રો સાંભળવાં, મારાં નામોનું કીર્તન કરવું, સરળતા રાખવી, શ્રેષ્ઠ મનુષ્યોને સંગ કરવો અને અહંકાર તજવો. આ સર્વ ગુણો દ્વારા ભગવદ્ધર્મ આચરનાર ભકતનું ચિત્ત અત્યંત શુદ્ધ થાય છે અને એ રીતે શુદ્ધ થયેલું ચિત્ત માત્ર મારા ગુણો સાંભળતાં અનાયાસે જ મને પામે છે. જેમ પવન જેનું જવા-આવવાનું સાધન છે, એવી ગંધ પોતાનાં સ્થાન-પુષ્પાદિમાંથી પોતાની મેળે જ ઘ્રાણેન્દ્રિય તરફ આવે છે, તેમ યોગમાં આસકિત થઈ વિકારરહિત થયેલું; મન પોતાની મેળે જ પરમાત્માને પામે છે. હું સર્વ પ્રાણીઓમાં સદા સત્યસ્વરૂપ રહેલો તેમનો આત્મા છું. એથી જેઓ પ્રાણીઓમાં મારી અવજ્ઞા કરીને કેવળ મૂર્તિમાં જ મારી પૂજા કરે છે, તેમની એ પૂજા કેવળ દેખાવરૂપ અને મારી મશ્કરી સમાન છે.

હું સર્વનો આત્મા અને સર્વનો ઈશ્વર સર્વ પ્રાણીઓમાં પ્રત્યક્ષ રહેલો છું. છતાં જેઓ (પ્રાણીઓનું હિત કરવારૂપે પ્રાણીઓની સેવા ઉપકાર કરવારૂપે ) મારા એ પ્રકટ સ્વરૂપની પૂજા કરવાનું છોડીને મૂઢતાથી કેવળ મૂર્તિને ભજે છે. તેઓ અગ્નિમાં નહી પણ ભસ્મમાં જ હોમ કરી રહ્યા છે.

જે હું તેમનામાં આત્મારૂપે રહેલો છું, તે જ હું બીજા પ્રાણીઓમાં પણ તેમના આત્મારૂપે રહેલો છું. છતાં જે અભિમાની લોકે તેમનામાં અને બીજાં પ્રાણીઓનાં શરીરોમાં મને જુદો જુદો જોઈને તે પ્રાણીઓનો દ્વેષ કરે છે અને તેમની સાથે વેર બાંધે છે તેઓ મારો જ દ્વેષ કરે છે અને મારી જ સાથે વેર બાંધે છે અને એમાં તેમનો પોતાનો જ દ્વેષ અને દ્રોહ થતો હોય છે. આવા લોકોનું મન કદી શાંતિ પ્રાપ્ત કરી શક્યું નથી.

હે નિષ્પાપ માતા ! જે મનુષ્ય અન્ય પ્રાણીઓનો તિરસ્કાર કરે છે, તેમનું અહિત કરે છે, તે મનુષ્ય અનેક નાનાં મોટાં દ્રવ્યોથી તથા જુદી જુદી ક્રિયાઓવાળી વિધિઓથી મૂર્તિરૂપ મારી કરેલી પૂજાથી હું સંતુષ્ટ થતો નથી.

મનુષ્ય પોતાના હદયમાં અને સર્વ પ્રાણીઓમાં હું—ઈશ્વર રહેલો છું ? એ વાત જ્યાં સુધી ન જણે ત્યાં સુધી જ એણે મુર્તિ વગેરેમાં પૂજા કરવી જોઈએ. જે મનુષ્ય પોતામાં અને બીજામાં માત્ર શરીરની જ ભિન્નતાને લીધે લેશ પણ જુદાઈ જુએ છે, તેને હું મૃત્યુરૂપે ઉગ્ર ભયંકર છું, અર્થાત્ ભેદષ્ટિવાળા મનુષ્યનો સંસાર કદી દૂર થતો જ નથી ને ભેદદર્શન જેવું બીજું કોઈ મોટું પાપ નથી માટે સર્વ પ્રાણીઓમાં વસેલા અંતર્યામી મારું તે પ્રાણીઓની સાથે દાન, માન, મૈત્રી, સદ્વ્યવહાર વગેરે દ્વારા અભિન્નભાવે વર્તવાથી પૂજન કરવું. હે પવિત્ર માતા ! અચેતન કરતાં ચેતન શ્રેષ્ઠ છે. કેવળ ચેતનવાળા જીવો કરતાં શ્વાસ

લેનારા શ્રેષ્ઠ છે અને તેઓમાં પણ જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે અને જ્ઞાનવાળાઓથી ઇંદ્રિય વૃત્તિવાળાં શ્રેષ્ઠ છે. તેમાં સ્પર્શ જાણનારા શ્રેષ્ઠ છે, તેઓ કરતાં રસ જાણનારા શ્રેષ્ઠ છે, તેઓ કરતાં ગંધ જાણનારા શ્રેષ્ઠ છે, તેઓ કરતાં શબ્દ જાણનારા શ્રેષ્ઠ છે, તેઓ કરતાં રૂપના ભેદ જાણનારા શ્રેષ્ઠ છે. તેઓ કરતાં બંને બાજુ દાંતવાળા શ્રેષ્ઠ છે. તેઓમાં બહુ પગવાળા શ્રેષ્ઠ છે. બહુ પગવાળામાં ચારપગવાળા શ્રેષ્ઠ છે અને ચાર પગવાળા કરતાં બે પગવાળા (મનુષ્યો) શ્રેષ્ઠ છે. મનુષ્યોમાં ચાર વર્ણો ઉત્તમ છે. ચાર વર્ણોમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણોમાં પણ વેદ જાણનારા ઉત્તમ છે. વેદ જાણનારા કરતાં પણ વેદના અર્થ જાણનારા ઉત્તમ છે. અર્થ જાણનારા કરતાં વેદ સંબંધી સંશય દૂર કરનાર (મીમાંસક) શ્રેષ્ઠ છે. તેના કરતાં પોતાના વર્ણાશ્રમનાં કર્મો કરનાર શ્રેષ્ઠ છે. એ કર્મ કરનારાઓમાં પણ પોતાના ધર્મને ન દોહનાર (નિષ્કામ કર્મ કરનારો એ સર્વ સંગનો ત્યાગી) શ્રેષ્ઠ છે અને તેના કરતાં પણ પોતાનાં સર્વ કર્મો, તેનાં ફળો તથા પોતાના શરીર સુદ્ધાંને મારામાં અર્પણ કરનાર શ્રેષ્ઠ છે. આ પુરુષ પોતાનાં સર્વ કામો મને સમર્પણ કરી દે છે, કર્તુત્વના અભિમાનથી રહિત હોય છે અને બધે સમદૃષ્ટિવાળો હોય છે; તેથી તેના કરતાં બીજું કોઈ પણ શ્રેષ્ઠ પ્રાણી હું જોતો નથી. પ્રત્યેક પ્રાણીમાં સાક્ષાત્ ભગવાન જ પોતાના અંશરૂપે જીવમાં પ્રવેશેલા છે, એમ જાણી આ સર્વ પ્રાણીઓનો હાર્દિક આદર કરી તેમની સાથે બહુ નમ્રતાથી વ્યવહાર કરવો. હે મનુનાં પુત્રી ! આ ભકિતયોગ તથા અષ્ટાંગયોગ મેં તમને કહ્યો. જેમાંના કોઈપણ એકનો આશ્રય કરવાથી પુરુષ પરમેશ્વરને પામે છે. પ્રકૃતિને પુરુષરૂપ અને પ્રકૃતિ તથા પુરુષથી ભિન્ન બધું ઐશ્વર્યસંપન્ન (પરમાત્મા) બ્રહ્મનું સ્વરૂપ તે જ ‘દૈવ’ કહેવાય છે કે જેથી કર્મની ચેષ્ટારૂપ આ અનેક પ્રકારનો સંસાર ચાલે છે, અર્થાત્ દૈવથી પ્રેરણા પામેલા કર્મને લીધે જાતજાતની સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે. વળી પરમાત્મા બ્રહ્મનું આ સ્વરૂપ તે જ કાળ કહેવાય છે કે જે રૂપ ભેદનો આશ્રય છે. (પ્રત્યેક વસ્તુમાં ફેરફાર થવામાં કારણ છે) દિવ્ય અદ્ભુત પ્રભાવથી યુક્ત છે, અને જેથી મહત્તત્ત્વ વગેરેને તથા ભેદદૃષ્ટિવાળાઓને ભય છે. વળી જે સર્વ પ્રાણીઓમાં પેસી પ્રાણીઓ દ્વારા જ પ્રાણીઓને ખાઈ જાય છે, તે જ આ કાળ જગતને વશ રાખનાર બ્રહ્માદિ દેવોનો પણ પ્રભુ અને યજ્ઞનાં ફળ આપનારો વિષ્ણુ છે. આ કાળને કોઈ પ્રિય, શત્રુ કે બાંધવ નથી, તે તો સદા સાવધાન રહી સર્વનો સંહાર કરતો પ્રમાદી મનુષ્યમાં પેસે છે. (અને તેને નાશ પણ કરે છે.) જેના ભયથી વાયુ વાય છે, સૂર્ય તપે છે, વરસાદ વરસે છે, નક્ષત્રમંડળ પ્રકાશે છે, ભય પામેલી વનસ્પતિ તથા લતાઓ ઓષધિઓની સાથે પોતપોતાના સમયમાં પુષ્પો, ફળો પ્રકટ કરે છે, નદીઓ વહે છે, સમુદ્ર પોતાની મર્યાદા મૂકી પૃથ્વીને બોળી દેતો નથી. અગ્નિ સળગે છે અને જેના ભયથી પહાડો સાથે પૃથ્વી જળમાં ડૂબતી નથી. વળી જેની આજ્ઞાથી આકાશ પ્રાણીઓને અવકાશ આપે છે અને મહત્તત્ત્વ પોતાના શરીરને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર તથા મહત્તત્ત્વ એમ સાત આવરણોવાળા પોતાનો બ્રહ્માંડરૂપે વિસ્તાર કરે છે. જેના ભયથી સત્ત્વાદિ ગુણોનો નિયંતા અને આ સ્થાવરજંગમ જગત જેઓને વશ છે એવા બ્રહ્માદિ દેવતાઓ (બ્રહ્મા, વિષ્ણુને મહેશ) પ્રત્યેક યુગમાં જગતની ઉત્તપત્તિ, સ્થિતિ તથા સંહારનાં કર્મો કરે છે. આ રીતે કાળ પોતે અંતરહિત હોઈ સર્વનો અંત કરનાર છે. પોતે અનાદિ હોઈ સર્વના આદિને કરનાર છે અને પોતે અવિનાશી હોઈ પુત્રાદિને પિતા વગેરે દ્વારા ઉત્પન્ન કરે છે. એક પ્રાણીથી બીજા પ્રાણીનો નાશ કરે છે અને મૃત્યુરૂપ સંહારશકિત દ્વારા સર્વનો અંત કરનાર યમરાજને પણ મરાવી તેનો અંત કરી દે છે. ૧-૪૫

सोऽनन्तोऽन्तकरः कालोऽनादिरादिकृदव्ययः । जनं जनेन जनयन् मारयन् मृत्युनान्तकम् ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૨૯ સમાપ્ત.*

## અધ્યાય-૩૦

## પાપી મનુષ્યોને ભોગવવી પડતી નરકયાતનાનું વર્ણન

॥ कपिल उवाच ॥

तस्यैतस्य जनो नूनं नायं वेदोरुविक्रमम् । काल्यमानोऽपि बलिनो वायोरिव घनावलिः ॥१॥

**શ્રીકપિલદેવ બોલ્યા :** જેમ મેઘની પંકિત પોતાને ચલાવનાર બળવાન વાયુના મોટા પ્રરાક્રમને જાણતી નથી, તેમ મનુષ્ય જેને લીધે જગતમાંથી ચાલ્યો જાય છે, છતાં તે મહાબળવાન એવા આ કાળની ગતિને જાણતો નથી, જીવ પોતાના સુખ માટે જે જે પદાર્થને મહાદુઃખથી મેળવે છે તે તે પદાર્થનો ભગવાન કાળ નાશ કરે છે. અને જીવ તેને માટે શોક કરે છે. સ્ત્રીપુત્રાદિ સહિત આ શરીર અવશ્ય નાશવંત છે છતાં દુર્મતિ પુરુષ તેના સંબંધવાળાં ખેતર, ધન વગેરે પદાર્થોને મોહથી અવિનાશી માને છે. આ સંસારમાં જે જે યોનિમાં પ્રાણી જાય છે, ત્યાં ત્યાં સુખ પામે છે; (પણ તે મિથ્યા સુખને સાચું માને છે) તેથી તેને વૈરાગ્ય થતો નથી. જીવ નરકમાં રહ્યો હોય છતાં ત્યાં પરમેશ્વરની માયાથી મોહિત થઈ નારકી સુખ મળતાં પોતાના નારકી શરીરને પણ છોડવા ઈચ્છતો નથી. શરીર, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન તથા બંધુઓ પર અત્યંત આસકત થયેલા હૃદયવાળો પુરુષ પોતાને કૃતાર્થ માને છે. અને તે સર્વ પરિવારના પોષણથી ચિંતાથી સર્વાંગે બળતો તે મૂઢ દુરાશય બની નિરંતર પાપકર્મો કરે છે. વ્યભિચારિણી સ્ત્રીઓએ એકાંતમાં કરેલી માયાથી અને મધુર બોલતાં બાળકોના આલાપોથી, જેનાં મન તથા ઈન્દ્રિયો આકર્ષાયેલાં છે એવો ગૃહસ્થાશ્રમી પુરુષ જેમાં દુઃખ જ મુખ્ય છે અને લગભગ કપટી મિથ્યા ધર્મો રહેલા છે, એવા ઘરમાં આળસરહિત થઈ ખરી રીતે નિરંતર દુઃખનો જ સામનો કરી રહ્યો હોય છે છતાં તેમાં તે સુખ ભોગવી રહ્યો હોય તેમ માને છે. મોટી મોટી હિંસા કરી જ્યાં ત્યાંથી મેળવેલા ધન વડે સ્ત્રીપુત્રાદિને પોષે છે અને તેઓને પોષતાં બાકી રહેલા ભોગને જ પોતે ભોગવે છે; છતાં તેઓના પોષણથી છેવટે પોતે તો નરકમાં જ જાય છે. વળી કોઈ પ્રસંગે આજીવિકા તૂટે ત્યારે વારંવાર તે જે પ્રમાણે ફરી આજીવિકાનો આરંભ કરે છે અને તદ્દન અશકત થાય ત્યારે લોભથી ઘેરાઈ જઈ પારકા ધનને ઈચ્છે છે. છતાં મંદભાગ્ય હોવાથી વૃથા ઉદ્યમવાળો તે મૂઢબુદ્ધિ કુટુંબનું ભરણપોષણ કરવા અસમર્થ થાય છે અને લક્ષ્મીથી રહિત થઈ રાંકડો બની વિચાર કરતો નિસાસા નાખે છે. પછી તેનું સ્ત્રીપુત્રાદિકુટુંબ પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ થયેલા તે પુરુષનો, જેમ નીચ ખેડૂતો ઘરડા થયેલા બળદનો આદર કરતા નથી તેમ આદરસત્કાર કરતો નથી. આવી સ્થિતિમાં પણ જેને વૈરાગ્ય થતો નથી એવો તે પુરુષ પ્રથમ જેઓનું પોતે પોષણ કરેલું હતું, તેઓથી પોષાય છે. તેનું સ્વરૂપ વૃદ્ધાવસ્થાથી બેડોળ બને છે અને મરણની રાહ જોતો ઘરમાં પડી રહે છે. જેમ કૂતરો અપમાનથી નાખેલા ટુકડા ખાય છે તેમ અપમાનથી આપેલું અન્ન તે ખાય છે, રોગોથી ઘેરાય છે, તેનો જઠરાગ્નિ મંદ થાય છે, આહાર પણ થોડો લઈ શકે છે. ચેષ્ટાઓ પણ ઓછી થાય છે, વાયુને લીધે નેત્રો બહાર નીકળી પડે છે, નાડીઓ કફથી રુંધાઈ જાય છે, ઉધરસ અને શ્વાસને લીધે તેને પરિશ્રમ પડે છે અને કંઠમાં ઘરરઘરર એવો અવાજ થાય છે. પછી કાળના પાશને વશ થયેલો તે પુરુષ મરણપથારીએ પડે છે. તેના બંધુઓ તેનો શોક કરતા આસપાસ વીંટળાઈ વળે છે અને તે વેળા બોલાવ્યા

છતાં તે બોલી શકતો નથી. એ રીતે કુટુંબનું ભરણપોષણ કરવામાં જ જેનું મન લાગેલું હોય છે, એવો તે અજિતેન્દ્રિય પુરુષ એ મરણ સમયે ઘણી જ વેદનાથી નાશ પામેલી બુદ્ધિવાળો થાય છે અને રડતાં સંબંધીઓની વચ્ચે મરણ પામે છે. તે વેળા ક્રોધપૂર્વક જતા બે ભયંકર યમદૂતો ત્યાં આવે છે, તેઓને જોઈ હૃદયમાં ત્રાસ પામેલા તે પુરૂષનાં મળમૂત્ર છૂટી જાય છે. પછી જેમ રાજાના સિપાઈઓ કોઈ અપરાધીને બાંધીને લઈ જાય છે, તેમ એ યમદૂતો તેના યમલોકની પીડા ભોગવનાર શરીરને બળાત્કારે ગળામાં પાશોથી બાંધી યમલોકના લાંબા માર્ગે લઈ જાય છે. એ સમયે તે બંને યમદૂતોનાં તિરસ્કારવચનોથી તેનું હૃદય ચિરાઈ જાય છે અને તેને કંપારી છૂટે છે. રસ્તામાં કૂતરાં તેને ફાડી ખાય છે, ત્યારે અત્યંત દુઃખી થઈ પોતાનાં પાપનું તે સ્મરણ કરે છે. ધગધગતી રેતીવાળા એ યમલોકના માર્ગમાં ભૂખ અને તરસથી તે ઘેરાઈ જાય છે. સૂર્યનો તાપ, દાવાનળ તથા વાયુને લીધે સંતાપ પામે છે. તેની પીઠ પર ચાબુકના માર પડે છે અને પોતે અશક્ત છતાં આશ્રય કે જળ વિનાના તે માર્ગમાં મહાદુઃખથી ચાલે છે. એ વેળા તે થાકે છે, મૂર્ચ્છિત થાય છે, જ્યાં ત્યાં પડી જાય છે અને ફરીથી ઊભો થાય છે. એમ તે પાપી જીવને યમદૂતો એ અંધકારમય પાપી માગે યમલોકમાં લઈ જાય છે. બે કે ત્રણ મુહૂર્તમાં યમદૂતો તેને નવ્વાણું હજાર યોજનનો માર્ગ ચલાવીને યમલોકમાં લઈ જાય છે. ત્યાં એ તીવ્ર વેદનાઓ ભોગવે છે. જેમ કે બળતાં લાકડાં વીંટી યમદૂતો તેના શરીરને સળગાવે છે. કોઈ કોઈ વેળા તો પોતે જ કાપેલું કે બીજાઓએ કાપેલું પોતાનું જ માંસ તેને ખાવું પડે છે. વળી એ યમલોકમાં કૂતરાં ને ગીધડાં જીવતાં જ તેનાં આંતરડાં ખેંચી કાઢે છે અને સર્પો, વીંછીઓ તથા મચ્છરો વગેરેથી પણ તેને પીડા ભોગવવી પડે છે. તેના અવયવોના ટુકડેટુકડાં કરવામાં આવે છે, હાથી વગેરે દ્વારા તેને ચિરાવવામાં આવે છે, પર્વતોનાં શિખરો પરથી ગબડાવે છે, પાણીમાં ડુબાડે છે તથા ખાડામાં ઉતારી પૂરી મૂકે છે. પુરુષ કે સ્ત્રીએ પરસ્પર સંગ કરી જે તામિસ્ર, અંધતામિસ્ર તથા રૌરવ વગેરે યાતનાઓ પોતા માટે નિર્માણ કરેલી હોય છે ત્યાં ભોગવે છે. હે માતા ! વિદ્વાનો કહે છે કે સ્વર્ગ કે નરક એ બધું અહીં જ છે, આ લોકમાં જ પ્રત્યક્ષ દેખાય છે. જે નરકની યાતનાઓ છે તે અહીં પણ જોવામાં છે. એમ કુટુંબનું પોષણ કરતો અને માત્ર પોતાનું જ પેટ ભરતો એ પુરુષ, પોતાના કુટુંબ તથા શરીરને આ લોકમાં છોડી મરણ પામી છેવટે આવું ફળ ભોગવે છે. પ્રાણીઓનો દ્રોહ કરી પોતે જે શરીર પોષ્યું હોય છે, તે શરીરને આ લોકમાં જ તજી પોતાની સાથે કેવળ પાપનું જ ભાતું લઈ જીવ એકલો જ નરક પામે છે. મનુષ્ય પોતાના કુટુંબનું પોષણ કરવામાં બીજાને જે અન્યાય કરે છે, તેનું દૈવે આપેલું કુફળ નરકમાં ભોગવે છે. એ વખતે સમસ્ત ધન લૂંટાઈ ગયેલા માણસની જેમ તે દુઃખી થાય છે. જે જીવ કેવળ અધર્મથી કુટુંબપોષણ કરવા ઉત્સુક હોય તે 'અંધતામિસ્ર' નામના નરકથી છેલ્લા સ્થાનમાં જાય છે. ત્યાં મનુષ્યશરીર પછીની જેટલી તીવ્ર વેદનાઓ છે અને કૂતરાં, ભૂંડ વગેરેની જેટલી યુનિઓ છે તે સર્વને અનુક્રમે પામી તેના ભોગ વડે પવિત્ર થઈ પાપનો નાશ કરી, ફરી આ મનુષ્યલોકમાં આવે છે. (મનુષ્યપણું પામે છે.) ૧-૩૪

अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः । क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૩૦ સમાપ્ત.*

## અધ્યાય-૩૧

# પુણ્ય-પાપની મિશ્રતાથી મનુષ્યજન્મની પ્રાપ્તિ અને ગર્ભવાસમાં જીવની ઈશ્વર સ્તુતિ

॥ श्रीभगवानुवाच ॥

कर्मणा दैवनेत्रेण जन्तुर्देहोपपत्तये । स्त्रियाः प्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः ॥१॥

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** ઈશ્વર જેના પ્રેરક છે એવા કર્મને લીધે જીવ શરીર ધારણ કરવા માટે પુરુષના વીર્યકણનો આશ્રય કરી, સ્ત્રીના ઉદરમાં પેસે છે. ત્યાં એક રાત્રિએ પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રુધિર એ બંને મિશ્ર થાય છે. પાંચ રાત્રિએ પરપોટાના આકારે, દસ દિવસે બોરના આકારે કઠિન અને પછી માંસની પેશીની આકારે થાય છે; પણ જો પક્ષી વગેરેની યોનિમાં હોય તો ઈંડાના આકારે થાય છે. પછી એક મહિને મસ્તક બંધાય છે. બે મહિને હાથપગ વગેરે શરીરના વિભાગો થાય છે, ત્રણ મહિને નખ, રૂંવાડાં, હાડકાં, ચામડી, પુરુષ કે સ્ત્રીનું ચિહ્ન અને ઈન્દ્રિયોનાં ચિહ્નો ઉત્પન્ન થાય છે. ચાર મહિને શરીરની સાત ધાતુઓ થાય છે. પાંચ મહિને ભૂખ—તરસ લાગે છે અને છ મહિને ઓરથી વીટાઈ માતાની જમણી કૂખમાં ફરકે છે. માતાએ ખાધેલાં અન્નપાનાદિથી એ જીવની ધાતુઓ હમેશ વધ્યે જાય છે અને જેમાં અસંખ્ય જીવડાં સંભવે છે, એવા વિષ્ઠા તથા મૂત્રના ખાડામાં સૂઈ રહે છે. એ વેળા ત્યાંનાં ભૂખ્યાં કૃમિ નામનાં જીવડાં એ જીવના આખા અંગને (ખાઈને) ઘાવવાળું કરે છે અને કોમળતાથી ઘણું જ કષ્ટ પામી વારંવાર તે મૂર્ચ્છા પામે છે. માતાએ ખાધેલા કડવા, તીખા, ગરમ, ખારા, લૂખા અને ખાટા ઉગ્ર પદાર્થોનો સ્પર્શ થતાં આખે શરીરે તેને વેદના થાય છે. ત્યાં અંદર ઓરથી અને ઉપરની બાજુ (માતાનાં) આંતરડાંથી વીટાયેલો તે જીવ માતાની કૂખમાં મસ્તક રાખી પીઠ તથા ડોકને વાંકાં વાળી પડ્યો રહે છે. પાંજરામાં પુરાયેલા પક્ષીની પેઠે પોતાનાં અંગોને આમતેમ ફેરવવા પણ તે અસમર્થ હોય છે. એ વેળા તેને પોતાનાં સેંકડો પૂર્વજન્મનાં કર્મો યાદ આવે છે, બરાબર શ્વાસોચ્છ્વાસ પણ ન લઈ શકાય એ રીતે, લાંબા કાળ સુધી તેને ત્યાં રહેવું પડે છે, એટલે સુખ તો કયું પામે ? સાતમા મહિનાથી માંડી તેને જ્ઞાન થાય છે પણ પ્રસવના વાયુને લીધે કંપીને એક સ્થળે તે રહી શક્તો નથી અને વિષ્ઠામાં ઉત્પન્ન થયેલા બીજા કીડા જેવી સ્થિતિમાં રહે છે. એમ સાત ધાતુઓથી વીટળાઈ દુઃખી થતો અને શરીર તથા આત્માના સ્વરૂપને જાણનારો તે જીવ ભયભીત થઈ જેણે પોતાને ઉદરમાં નાખેલો છે, તે પરમેશ્વરને બે હાથ જોડી આવી વ્યાકુળ વાણીથી સ્તુતિ કરે છે.

**જીવ બોલે છે :** શરણે આવેલા જગતની રક્ષા કરવાની ઈચ્છાથી જેમણે અનેક શરીરો લીધાં છે, તે પરમાત્માના સર્વ પ્રકારે નિર્ભય અને પૃથ્વી પર ચાલતા ચરણારવિંદને હું શરણે જાઉં છું, જે ભગવાને મને પાપીને આ ગર્ભવાસરૂપી યોગ્ય ગતિ દેખાડી છે. જે વિશુદ્ધ અવિકારી અખંડ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા અહીં (માતાના ઉદરમાં) દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ માયાનો આશ્રય કરીને કર્મ-વાસનાઓથી ઢંકાયેલા રહેલાને લીધે તેમાં બંધાયેલા જેવા લાગે છે અને મારા અત્યંત સંતાપ પામી રહેલા હૃદયમાં સ્ફૂરી રહ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. હું પાંચ ભૂતથી બનેલા શરીરમાં મિથ્યા જ ઢંકાયો છું. ખરી રીતે હું શરીરથી ઢંકાયેલો જ નથી કેમ કે શરીરથી રહિત (અસંગ) છું છતાં ખોટી રીતે ઈન્દ્રિયો, સત્ત્વાદિ ગુણોના કાર્ય રૂપ વિષયો તથા ચિદાભાસરૂપે થયો છું તે હું શરીરમાં રહ્યા છતાં શરીર વડે નાશ ન પામેલા

મહિમાવાળા પ્રકૃતિ–પુરુષના નિયંતા અને સર્વજ્ઞ વિદ્યારૂપ શક્તિવાળા પરમ પુરુષ પરમાત્માને વંદન કરું છું. જેમની માયાથી નાશ પામેલા સ્વરૂપજ્ઞાનવાળો એવો અને મોટા ગુણનિમિત્ત કર્મોરૂપી બંધનવાળા આ સાંસારિક માર્ગમાં તે સંસારથી જ પ્રાપ્ત થયેલા કલેશને લીધે ભટકતા જીવને તે મહાન પરમેશ્વરની જ કૃપા વિના બીજા ક્યા ઉપાયથી પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે ? તે મારામાં આ ત્રણે કાળનું જ્ઞાન છે તે ક્યા દેવે આપ્યું છે ? જેમણે અંતર્યામીરૂપ અંશને સ્થાવરજંગમ સર્વ જગતમાં વ્યાપ્ત કર્યો છે, તે પરમાત્માએ જ મને આ જ્ઞાન આપ્યું છે. માટે જીવરૂપે કર્મની ગતિને અનુસરનારા અમે આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક એ ત્રણે તાપોની શાંતિ માટે તે પરમાત્માને ભજીએ છીએ. હે ભગવન્ ! માતાની પેટરૂપી ગુફામાં આવેલા. આ લોહી વિષ્ઠા તથા મૂત્રના કૂવામાં પડેલો અને ત્યાંના જઠરાગ્નિ વડે અત્યંત તપેલા શરીરવાળો હું દીનબુદ્ધિ જીવ આ ગુફામાંથી બહાર નીકળવા ઈચ્છું છું અને મહિનાઓ ગણું છું. તો મને અહીંથી બહાર ક્યારે કાઢશો ? હે ઈશ્વર ! નિરુપમ ને મહાદયાળુ આપે જ દસ માસની ગર્ભાવસ્થામાં રહેનારા જીવને આવું ત્રણે કાળનું જ્ઞાન આપ્યું છે. હે દીનબંધુ, આપે કરેલા આ ઉપકારથી જ આપ પ્રસન્ન થાઓ; કારણ કે આપને પ્રસન્ન કરવા માટે આપના ઉપકારના બદલારૂપે આપને બે હાથ જોડવા સિવાય બીજું હું શું કરી શકું તેમ છું ? શરીરની આ સાત ધાતુઓરૂપી ઢાંકણાંવાળા આ બીજા પશુપંખી વગેરે જીવ માત્ર પોતાના જ શરીરમાં થનારાં સુખદુઃખને જ જાણે છે, ત્યારે હું તો ભગવાને આપેલા વિવેકજ્ઞાન વડે શમદમાદિયુક્ત શરીરવાળો હોઈ તે અનાદિ પુરાણપુરુષને બહાર અને હૃદયમાં બધે પ્રત્યક્ષ પૂર્ણ જોઈ રહ્યો છું. હે વિભો ! જોકે હું અહીં અનેક દુઃખો સાથે ગર્ભમાં રહ્યો છું, છતાં અહીંથી બહાર નીકળવા ઈચ્છતો નથી; કેમ કે બહાર અંધારિયા કૂવા સરખા સંસારમાં ગયેલા પ્રાણીને આપ ભગવાનની માયા વીંટાઈ વળે છે અને પછી દેહ ઉપર મિથ્યા અહંબુદ્ધિ થાય છે તથા તેની પાછળ સ્ત્રીપુત્રાદિના સંબંધને લીધે ફરી આ સંસારચક્ર પ્રાપ્ત થાય છે. માટે હું અહીં રહીને જ તે વ્યાપક દેવના ચરણનું શરણ લઈશ અને (તે દ્વારા) અવ્યાકુળ થઈ મારી બુદ્ધિને જ સારથિ કરી અંધકારરૂપ આ સંસારથી મારા આત્માનો જલદી ઉદ્ધાર કરીશ. જેથી અનેક ગર્ભમાં વસવારૂપ આવું દુઃખ ફરી મને પ્રાપ્ત થાય નહિ.

**શ્રી કપિલભગવાન બોલ્યા :** એમ બુદ્ધિથી નિશ્ચય કરી દસ મહિનાનો તે જીવ ગર્ભમાં ભગવાનની સ્તુતિ કરે છે, તેવામાં તો તરત પ્રસવ કરાવનારો વાયુ પ્રસવ માટે તેને ઊંધે મસ્તકે ત્યાંથી ધકેલે છે અને તે વાયુએ એકાએક ધકેલેલો જીવ આતુર, શ્વાસરહિત અને મૂર્છિત થાય છે. તેની સ્મરણશકિત નાશ પામે છે અને મહાકષ્ટથી ઊંધે મસ્તકે બહાર નીકળે છે. પછી બહાર ભૂમિ પર લોહી ને મૂત્રમાં તે પડે છે. વિષ્ઠાના કીડાની પેઠે આમતેમ લોટે છે. અને પોતાનું પૂર્વજ્ઞાન નાશ પામતાં વિપરીત ગતિ પામી અત્યંત રડે છે. પછી પારકા અભિપ્રાયને ન જાણનારાં મનુષ્યો તેનું પોષણ કરવા માંડે છે, ત્યારે પોતાને અનિષ્ટ વસ્તુ મળે છતાં તેની ના પાડવા પણ તે અસમર્થ હોય છે. મચ્છર, માખીઓ તથા માંકડ વગેરેથી દૂષિત થયેલા અપવિત્ર ખાટલામાં સુવાડેલો તે જીવ પોતાના શરીરને ખણવા પણ અસમર્થ હોય છે અને બેસવું કે ઊભા થવું વગેરે ચેષ્ટા પણ તે કરી શકતો નથી. જેમ કીડાઓ કીડાને કરડે તેમ ડાંસ, મચ્છર તથા માંકડ વગેરે જીવડાં, જ્ઞાનરહિત હોઈ રડતા કોમળ ચામડીવાળા તે જીવને કરડે છે. એમ બાલ્યાવસ્થા ભોગવી પૌગંડ અવસ્થામાં વિદ્યાભ્યાસ વગેરેનાં દુઃખ ભોગવે છે. પછી યુવાન થતાં પોતાને ઈષ્ટ વિષયો મળતા નથી તો અજ્ઞાનથી ક્રોધાવેશમાં આવી જાય છે, શોકાતુર બને છે અને શરીર સાથે વધતા મન તથા ક્રોધને

લીધે પોતાનો જ નાશ કરવા પોતે વિષયાભિલાષી થઈ બીજા કામી પુરુષ સાથે વિરોધ કરે છે. આવો અજ્ઞાની તે દુષ્ટબુદ્ધિ જીવ પાંચ ભૂતોથી બનેલા આ શરીરમાં ખોટો આગ્રહ રાખી 'હું', 'મારું' આવી મિથ્યાબુદ્ધિ કરે છે અને મિથ્યાભિમાનને લીધે જેનું બંધારણ થાય છે અને જે આ જીવને જન્મમરણાદિ દુઃખ જ આપતું તેની પાછળ આવ્યા કરે છે, તે શરીર માટે જ આ જીવ કર્મ કરે છે અને તે કર્મથી બંધાઈ પાછો સંસારને પામે છે. મનુષ્યજન્મમાં પણ જીવ શિશ્નોદર માટે જ ઉદ્યમ કરનારા દુષ્ટ મનુષ્યો સાથે તેઓના માર્ગમાં રહી જો રમે છે તો પૂર્વની પેઠે નરકમાં જાય છે, કારણ કે દુષ્ટોના સંગથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, પરમ પુરુષાર્થ, વિષયની બુદ્ધિ, ધનધાન્યરૂપી લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ક્ષમા, બાહ્યેન્દ્રિય નિગ્રહરૂપ શમ, મનોનિગ્રહરૂપ દમ અને ઉન્નતિ એ સર્વ નાશ પામે છે. માટે સ્ત્રીઓને રમવાનાં રમકડાં જેવા અને તેથી શોક કરવા યોગ્ય એવા દુષ્ટ મનુષ્યોનો સંગ કરવો નહિ; કેમ કે તેઓ વિષયતૃષ્ણાથી કદી શાંત થતા નથી. તેઓ મૂઢ અને દેહને જ આત્મા માનનારા હોય છે. સ્ત્રીનો તથા સ્ત્રીના સંગીઓનો સંગ કરવાથી પુરુષને જેવો મોહ અને જેવું બંધન થાય છે; તેવો મોહ કે તેવું બંધન બીજાના સંગથી થતું નથી. પ્રજાપતિ બ્રહ્મા પણ પોતાની પુત્રીને જોઈ તેના રૂપથી મોહિત થયા હતા અને મૃગલીરૂપ થયેલી તે પુત્રી પાછળ પોતે પણ મૃગ બની નિર્લજ્જ થઈ દોડયા હતા. તે બ્રહ્માએ સર્જેલા મરીચિ વગેરે પ્રજાપતિઓ અને તે મરીચિ વગેરેએ ઉત્પન્ન કરેલા દેવમનુષ્યાદિ સર્વેમાં એક નારાયણ વિના બીજો એવો ક્યો પુરુષ છે કે, જે (મારી) સ્ત્રીરૂપ માયાથી મોહિત મનવાળો ન થયો હોય ? મારી સ્ત્રીરૂપ માયાનું બળ જુઓ કે જે મોટા મોટા દિગ્વિજયી વીરોને પણ કેવળ પોતાની ભ્રૂકુટિના વિલાસમાત્રથી પગ તળે દબાવી દે છે. માટે યોગનો પાર પામવા ઈચ્છતા પુરુષે સ્ત્રીઓનો સંગ કદી કરવો નહિ; કેમ કે મારી સેવાથી આત્મલાભ મેળવનાર યોગીઓ સ્ત્રીઓને મુમુક્ષુ માટે તો નરકનું દ્વાર કહે છે. પરમાત્માએ સર્જેલી સ્ત્રીરૂપી માયા ધીમે ધીમે (સેવા વગેરેના બહાને) સમીપ આવે છે. પણ (તે વેળા પુરુષે) એ સ્ત્રીને ઘાસથી ઢાંકેલા કૂવાની પેઠે પોતાના મૃત્યરૂપે જોવી જોઈએ. તે જ પ્રમાણે સ્ત્રીસંગને લીધે સ્ત્રીપણાને પામેલો જીવ પુરુષનું આચરણ કરતી અને ધન, સંતાન, ઘર વગેરે આપતી મારી પુરુષરૂપી જે માયાને પતિ તરીકે માને છે, પતિ, સંતાન તથા ઘરરૂપ માયાને પણ તે (મુમુક્ષુ) સ્ત્રીએ જેમ પારધીનું ગાયન મૃગના મૃત્યુરૂપ છે તે જ પ્રમાણે દૈવયોગે પ્રાપ્ત થયેલા પોતાના મૃત્યરૂપે જ માનવી જોઈએ. જીવ પોતાને ઉપાધિરૂપે વળગેલા લિંગશરીર વડે એક સ્થૂલ દેહથી બીજા સ્થૂલદેહમાં જાય છે અને ત્યાં પોતાનાં કર્મો ભોગવતો નિત્ય બીજા કર્મો કરે છે. જીવને ઉપાધિરૂપ લિંગશરીર કે જે (જીવની મુકિત સુધી) તેની પાછળ જ આવે છે તે અને પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા મન એ વિકારોથી બનેલું સ્થૂલશરીર—આ બંને શરીરોની પોતાનાં કાર્ય કરવાની યોગ્યતા બંધ પડે છે, તે જ જીવનું મરણ કહેવાય છે; અને તેઓ બંનેની સાથે રહીને કાર્ય કરવાની યોગ્યતા પ્રગટે છે, ત્યારે જીવનો જન્મ કહેવાય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ વગેરે દ્રવ્યોના સાક્ષાત્કારનું કારણ આ ભોગસ્થાન સ્થૂલશરીરની તે તે દ્રવ્યદર્શનમાં અયોગ્યતા થાય, ત્યારે તેનું (જીવનું) મરણ કહેવાય છે; અને પ્રકટેલા સ્થૂલશરીરથી દ્રવ્યદર્શન થઈ શકે, ત્યારે તેનો (જીવનો) જન્મ કહેવાય છે. જેમ નેત્રના બે ગોળા ફૂલુ, મોતિયો કે કમળાના રોગથી પદાર્થના અવયવરૂપી રૂપ વગેરે જોવા માટે અયોગ્ય થાય છે, ત્યારે ચક્ષુષ ઈન્દ્રિયની પણ રૂપાદિને જોવાની અયોગ્યતા થાય છે અને તે ગોળા અને ચક્ષુષઈન્દ્રિય એ બંનેની પદાર્થ દર્શનમાં અગ્યોતા થતાં તે બંનેના સાક્ષી જીવની પણ પદાર્થ દર્શનમાં અયોગ્યતા થાય છે. તે જ પ્રમાણે, સ્થૂલશરીરને કાર્યમાં અયોગ્યતા થાય છે, ત્યારે લિંગશરીરને પણ

કાર્યમાં અયોગ્યતા થાય છે અને તે પણ બંને શરીર એ રીતે પોતાનાં કાર્ય કરવામાં અયોગ્ય થાય છે, ત્યારે જીવ પણ પોતાનું કાર્ય કરવામાં અયોગ્ય થાય છે. (આનું નામ જ મૃત્યુ છે. ખરી રીતે જીવનાં જન્મમરણ નથી જ.) માટે ધીર પુરુષે (એમ સમજીને) મૃત્યુથી ત્રાસ ન પામવો અને જીવવા માટે દીનતા ન કરવી, પણ જીવ તો નિત્યજ્ઞાનસ્વરૂપ છે. આવી જીવની ગતિ જાણી આ સંસારમાં નિઃસંગભાવે વિચરવું જોઈએ; તેમ જ બરાબર વિચારવાળી અને યોગ તથા વૈરાગ્ય ધારણ કરનારી બુદ્ધિ વડે માયારચિત આ સંસારમાં શરીર ઉપરની આસકિત છોડી નિર્લેપ ભાવે વિચરવું. ૧-૪૮

सम्यग्दर्शनया बुद्धया योगवैराग्ययुक्तया । मायाविरचिते लोके चरेन्न्यस्य कलेवरम् ॥४८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૩૧ સમાપ્ત,*

## અધ્યાય-૩૨

## સાત્વિક ધર્મોથી ઉપરના લોકમાં ગતિ અને તત્ત્વજ્ઞાન વિના ફરી સંસાર

॥ कपिल उवाच ॥

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे । काममर्थं च धर्मान् स्वान् दोग्धि भूयः पिपर्ति तान् ॥

**શ્રીકપિલ ભગવાન બોલ્યા :** હવે જે પુરુષ ગૃહસ્થાશ્રમમાં રહી પોતાના ધર્મોનું જ પાલન કરે છે અને તે દ્વારા કામ તથા અર્થ મેળવે છે અને ફરી તે કામ તથા અર્થને જ મેળવવા તે ગૃહસ્થ ધર્મોનું આચરણ કરે છે, તે પુરુષ પણ કામવાસનાથી મૂઢ બની ભગવાનની ભકિતરૂપ ધર્મથી વિમુખ રહે છે અને શ્રદ્ધાથી યુક્ત થઈ યજ્ઞો દ્વારા (પ્રાકૃત) દેવો તથા પિતૃઓને પૂજે છે. વળી તેની બુદ્ધિ તે પિતૃઓ તથા દેવો પરની શ્રદ્ધાથી વ્યાપ્ત હોય છે. પિતૃઓ તથા દેવનાં જ વ્રત તે કરે છે અને છેવટે ચંદ્રમાના લોકમાં જઈ ત્યાં અમૃત પીને ફરી આ મનુષ્યલોકમાં પાછો આવે છે. જ્યારે શેષનાગ એ જ જેમનું આસન છે એવા શ્રીહરિ ભગવાન શેષનાગરૂપી શિય્યામાં સૂએ છે, ત્યારે ગૃહસ્થાશ્રમીઓએ (પુણ્યથી) મેળવેલા એ લોકો નાશ પામે છે; પણ જે ધીર પુરુષો કામ તથા અર્થને મેળવવા સ્વધર્મોને દોહતા નથી અર્થાત્ સ્વધર્મોનું પાલન કરી તે દ્વારા કામ તથા અર્થને મેળવવાની આશા રાખતા નથી, કોઈ વિષયમાં આસક્ત થતા નથી, પોતાનાં સર્વ કર્મોને ઈશ્વરાર્પણ કરે છે, અત્યંત શાંત અને શુદ્ધ ચિત્તવાળા હોય છે. નિવૃત્તિ ધર્મમાં જ તત્પર રહી છે, મમતા છોડે છે અને અહંકારથી રહિત હોય છે. તેઓ એ નિષ્કામ સ્વધર્માચરણરૂપ સત્ત્વગુણથી અત્યંત શુદ્ધ થયેલા મનને લીધે સૂર્યમંડળ દ્વારા પરિપૂર્ણ પરમ પુરુષને પામે છે. જે પરમ પુરુષ પર (બ્રહ્માદિ) તથા અપર આપણા બધાના ઈશ્વર, સર્વના ઉપાદાનકારણ અને જગતની ઉત્પત્તિ તથા નાશના નિમિત્તકારણ છે. હવે જેઓ બ્રહ્માને પરમેશ્વર માની તેમને જ ઉપાસે છે, તેઓ બે પરાર્ધ સુધીનો બ્રહ્માનો (પોતાનો સો વર્ષનો) આયુષ્યકાળ પૂરો થતાં બ્રહ્માનો પરમેશ્વરમાં લય થાય ત્યાં સુધી બ્રહ્મલોકમાં રહે છે. પછી ત્રિગુણાત્મક પ્રપંચના અભિમાની અને ઈન્દ્રાદિ દેવોથી શ્રેષ્ઠ સ્વયંભૂ બ્રહ્મા બે પરાધરૂપ પોતાનો આયુષ્યકાળ ભોગવી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, ઈન્દ્રિયો, શબ્દાદિ વિષયો તથા અહંકાર વગેરેથી વીંટાયેલા આ બ્રહ્માંડનો સંહાર કરવાની ઈચ્છા કરી જ્યારે પરમેશ્વરમાં લય પામે છે, ત્યારે દૂર જઈ ભગવાન બ્રહ્મદેવમાં પ્રથમથી જ લય પામેલા અને રોગરહિત થઈ પ્રાણવાયુ તથા મનને જીતનારા તે યોગીઓ બ્રહ્માની સાથે જ પરમાનંદરૂપ અને સર્વોત્કૃષ્ટ પુરાણપુરુષ પરબ્રહ્મને પામે છે. (પણ બ્રહ્માની પહેલાં પામી શકતા નથી;) કેમ કે ત્યાં સુધી તેઓને દેહાભિમાન ગયેલું હોતું

નથી. માટે હે માતા ! પ્રાણીમાત્રનાં હૃદયકમળમાં રહેલો અને જેમનો પ્રભાવ તમે સાંભળ્યો છે, એવા ભગવાનને તમે પ્રેમથી શરણે જાઓ. સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓના આદ્ય જે બ્રહ્મા નિષ્કામ કર્મથી યુકત છે છતાં ભેદદષ્ટિ અને કર્તાપણાના અભિમાનરૂપ દોષને લીધે પ્રલયકાળે જ્ઞાનેશ્વર્યાદિ ગુણોથી યુક્ત પુરુષોત્તમ પુરુષબ્રહ્મને પામ્યા છતાં ફરી સૃષ્ટિકાળે ઈશ્વરમૂર્તિ કાળને લીધે સત્ત્વાદિ ગુણોની પરિણામાવસ્થા થાય છે; ત્યારે પૂર્વની પેઠે જ મરીચિ વગેરે ઋષિઓ, સનત્કુમારાદિ યોગેશ્વરો અને બીજા યોગપ્રવર્તક સિદ્ધ પુરુષોની સાથે (બ્રહ્મારૂપે) ઉત્પન્ન થાય છે. આમ બ્રહ્મા સુદ્ધાં ધર્મથી મેળવેલ ઐશ્વર્ય તથા પરમેષ્ઠિપદ ભોગવી પ્રલયકાળે પરમેશ્વરને પામ્યા છતાં (ભેદદષ્ટિને લીધે) ફરી સૃષ્ટિકાળે પાછા આવે છે. (તો બીજાની વાત જ શી ?) હવે જેઓ કેવળ કર્મોમાં જ આસકત મનવાળા, કર્મોમાં જ શ્રદ્ધાવાળા, સમગ્ર કામ્યકર્મ અને સંધ્યાવંદનાદિ નિત્યકર્મો કર્યા કરે છે; તેમ જ રજોગુણથી કુંઠિત મનવાળા તથા કામનાઓમાં આસક્ત મનવાળા હોઈ અજિતેન્દ્રિય હોય છે, તેઓનાં મન કેવળ ઘરમાં જ આસકત હોય છે, અને તેઓ હમેશાં પિતૃઓને પૂજ્યા કરે છે. આવા કેવળ ધર્મ, અર્થ તથા કામમાં લીન રહેનારા પુરુષો સંસારને દૂર કરનાર જ્ઞાનવાળા, મધુ દૈત્યનો નાશ કરનારા અને વર્ણન કરવા યોગ્ય મોટાં પરાક્રમોવાળા ભગવાનની કથાથી વિમુખ રહે છે. આવા જેઓ શ્રીભગવાનની કથારૂપ અમૃત ત્યજી જેમ વિષ્ઠા ખાનારાં પ્રાણીઓ વિષ્ઠા તરફ દોડે, તેમ દુષ્ટોની કુકથાઓ જ સાંભળે છે, તેઓ તેમનાં કર્મોને લીધે જ વિનાશ પામી રહ્યા છે. તેઓ ગર્ભાધાનથી માંડી સ્મશાન સુધીની શાસ્ત્રોક્ત ક્રિયાઓ જ કર્યા કરે છે અને મરણ પછી સૂર્યથી જમણી બાજુના માર્ગે થઈ પિતૃલોકમાં જાય છે અને ફરી પોતાના પુત્ર વગેરેમાં ઉત્પન્ન થાય છે. હે પતિવ્રતા માતા ! તેઓ પિતૃલોક પામ્યા પછી પોતાનાં પુણ્ય નાશ પામે છે, ત્યારે ફરી પરાધીન થઈ આ લોકમાં પડે છે અને તેઓનાં ભોગસાધનોનો પણ દેવો તત્કાળ નાશ કરે છે. માટે જેમનાં ચરણકમળ ભજન કરવા યોગ્ય છે એવા પરમેશ્વરને તેમના ગુણોના આશ્રયવાળી ભકિતથી અતિ પ્રેમપૂર્વક તમે ભજો. કેમ કે વાસુદેવ ભગવાન વિષે યોજેલો ભકિતયોગ તત્કાળ વૈરાગ્ય તથા બ્રહ્મદર્શન કરાવનારુ જ્ઞાન ઉત્પન્ન કરે છે. આવા ભક્તનું મન બ્રહ્મસ્વરૂપ હોઈ સમાન એવા સર્વ પદાર્થોમાં પોતાની ઇન્દ્રિયવૃત્તિઓથી 'આ પ્રિય કે અપ્રિય' એવી ભેદદષ્ટિ સ્વીકારતું નથી, ત્યારે તે પોતે જ પોતાના આત્માને સર્વ સંગથી રહિત, અવિષમ જ્ઞાનસ્વરૂપ, ત્યાગ કરવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્ય વિભાગથી રહિત અને 'હું પરમાનંદ સ્વરૂપ છું' એવા નિશ્ચયને પામેલ જુએ છે. માત્ર જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા એક જ ઈશ્વર, પુરુષ, ભગવાન, દ્રષ્ટા, દૃશ્ય આદિ શબ્દોથી પ્રસિદ્ધ હોઈ વિવિધસ્વરૂપે જણાય છે. યોગીને સમગ્ર યોગથી પામવા યોગ્ય ફળ આટલું જ છે કે, તેણે સર્વ પ્રપંચના સંગનો સંપૂર્ણ ત્યાગ કરવો. પરબ્રહ્મ પરમાત્મા કેવળ જ્ઞાનસ્વરૂપ અને નિર્ગુણ છે. તે એક જ બહિર્મુખ ઈન્દ્રિયો દ્વારા ભ્રાંતિ થવાથી શબ્દાદિ ધર્મવાળા અનેક પદાર્થરૂપે ભાસે છે. ખરી રીતે બ્રહ્મથી ભિન્ન કોઈ પદાર્થ જ નથી. જેમ કે પ્રથમ એક જ રૂપે રહેલા પરમાત્મા મહત્તત્ત્વરૂપ થયા. મહત્તત્ત્વ અહંકારરૂપ થયું અને અહંકાર ત્રણ ગુણરૂપ, પાંચ મહાભૂતરૂપ તથા અગિયાર ઈન્દ્રિયોરૂપ થયો. પછી તે સર્વ સમષ્ટિ પુરુષરૂપે થયું. બ્રહ્માંડ તથા (વ્યષ્ટિરૂપ) જગત તેમનું શરીર છે, જે મહત્તત્ત્વ વગેરેથી ઉત્પન્ન થયું છે (આમ સર્વ કંઈ પરમાત્માનું જ જુદું જુદું કલ્પેલું સ્વરૂપ છે.) આ પરમ બ્રહ્મને નિત્ય શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય તથા યોગાભ્યાસથી એકાગ્ર થયેલા મનવાળો નિઃસંગ પુરુષ બધે જુએ છે. હે પૂજ્ય માતા ! એ પ્રમાણે બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારું તે જ્ઞાન મેં તમને કહ્યું કે જેથી પ્રકૃતિ તથા પુરુષનું યથાર્થ સ્વરૂપ સમજાય છે. આ નિર્ગુણ બ્રહ્મસંબંધી

જ્ઞાનયોગ અને મારામાં યોજેલો ભકિતયોગ, એ બંનેનું ફળ એક જ છે. આ બંને દ્વારા ભગવાનનો સાક્ષાત્કાર કરી શકાય છે. જેમ રૂપરસાદિ ગુણોવાળો કોઈ એક જ પદાર્થ જુદા જુદા માર્ગોવાળી ઈન્દ્રિયોથી જુદો જુદો જણાય છે, તેમ ભગવાન એક જ છે; છતાં શાસ્ત્રોના જુદા જુદા માર્ગોથી જુદા જુદા સ્વરૂપે જણાય છે. વાવ-કૂવા બંધાવવા વગેરે ક્રિયાઓ, યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાય, વેદશાસ્ત્રોના અર્થનો વિચાર, મન તથા ઈન્દ્રિયોનો જય, કર્મોનો ત્યાગ, અનેકાંગી યોગાભ્યાસ, ભક્તિયોગ, સકામ-નિષ્કામ ધર્મ, પ્રવૃત્તિમાર્ગ કે નિવૃત્તિમાર્ગ, આત્મતત્વનું જ્ઞાન અને દૃઢ વૈરાગ્ય; આ સર્વ માર્ગોથી સગુણ કે નિર્ગુણ સ્વયંપ્રકાશ પરમાત્માને પામી શકાય છે. એમ ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ તથા પ્રાણીઓની અંદર દોડતા અસ્પષ્ટ ગતિવાળા કાળનું સ્વરૂપ મેં તમને કહ્યું. હે માતા ! અવિદ્યા તથા કર્મથી નિર્માણ થયેલા અનેક જન્મો જીવને લેવા પડે છે, જેને પામેલો જીવ પોતાનું સત્ય સ્વરૂપ જાણી શકતો. નથી. હે માતાજી! જે મનુષ્ય બીજાને ઉદ્વેગ કરનારો, ઉદ્ધત, અભિમાની, દુરાચારી અને દંભી હોય, તેને મેં કહેલા આ જ્ઞાનનો કદી ઉપદેશ ન કરવો. વળી જે લોભી, ઘરમાં જ આસક્ત ચિત્તવાળો અને અભકત હોય, તેને પણ આ જ્ઞાનનો ઉપદેશ ન કરવો, તેમ જ જેઓ મારા ભકતોનો દ્વેષ કરનારા હોય તેઓને પણ મેં કહેલો આ જ્ઞાનનો ઉપદેશ કદી ન આપવો; પણ જે શ્રદ્ધાળુ ભક્ત, વિનયવાળો, અદેખાઈ વગરનો, પ્રાણીમાત્ર ઉપર મિત્રતા રાખનારો, સેવામાં પ્રીતિવાળો, બાહ્ય વિષયો ઉપર જેને વૈરાગ્ય થયો હોય, શાંત ચિત્તવાળો, મત્સરરહિત, પવિત્ર અને જેને અત્યંત પ્રિય વસ્તુ કરતાં પણ હુ પ્રિય હોઉં તેવા મનુષ્યને આ જ્ઞાનનો ઉપદેશ આપવો. હે માતા ! જે પુરુષ મેં કહેલા જ્ઞાનને શ્રદ્ધાથી મારામાં ચિત્ત રાખી એક વાર પણ સાંભળે અથવા બીજાને સંભળાવે, તે અવશ્ય મારી પદવી પામે છે. ૧-૪૩

य इदं श्रृणुयादम्ब श्रद्धया पुरुषः सकृत् । यो वाभिधत्ते मच्चितः स ह्येति पदवीं च मे ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૩૨ સમાપ્ત.*

## અધ્યાય-૩૩

## કપિલદેવના ઉપદેશથી માતા દેવહૂતિની જીવન્મુક્તિ

॥ मैत्रेय उवाच ॥

एवं निशम्य कपिलस्य वचो जनित्री । सा कर्दमस्य दयिता किल देवहूतिः ॥

विस्रस्तमोहपटला तमभिप्रणम्य । तुष्टाव तत्त्वविषयाङ्कितसिद्धिभूमिम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** કપિલદેવનાં એ પ્રમાણે વચન સાંભળી તેમની માતા અને કર્દમનાં પત્ની દેવહૂતિના મોહનું આવરણ દૂર થયું અને તત્વો જેનો વિષય છે એવા સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક તે કપિલદેવને પ્રણામ કરી તેમની તે સ્તુતિ કરવા લાગ્યાં.

**દેવહૂતિ બોલ્યાં :** જે બ્રહ્મા સાક્ષાત્ આપના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા કમળમાં જન્મ્યા છે તેમણે પણ, (તે વેળા) જળમાં સૂતેલા, પાંચ ભૂતો, ઈન્દ્રિયો, વિષયો તથા મન; એ સર્વથી વ્યાપ્ત ગુણોના પ્રવાહરૂપ, વ્યક્તિ અને સમગ્ર કાર્ય-કારણના બીજ આપના શરીરનું કેવળ ધ્યાન જ કર્યું હતું; દર્શન કર્યા નહોતાં. વળી જે આપ નિષ્ક્રિય, સત્ય સંકલ્પવાળા અને અચિંત્ય હજારો શકિતઓવાળા છો, તે જ આપ ગુણોના પ્રવાહરૂપે પોતાની શક્તિનો વિભાગ કરી જીવોના ભોગ માટે આ જગતની ઉત્પત્તિ વગેરે કરો છો. હે નાથ ! પ્રલયકાળે આપના ઉદરમાં આ જગત સમાઈ ગયું હતું અને આપ માયાથી બાળક બની

એક્લા પગનો અંગૂઠો ધાવતા વડના પાંદડા ઉપર સૂતા હતા, તે આપને મેં મારા ઉદરમાં કેવી રીતે ધારણ કર્યા ! (એ મને આશ્ચર્ય થાય છે.) અથવા તો હે પ્રભો ! આપ પોતે જ (સ્વેચ્છાથી) પાપીઓનો નાશ કરવા અને આજ્ઞામાં વર્તતા ભક્તોના કલ્યાણ માટે આ શરીર સ્વીકાર્યું છે. જેમ આપના વરાહ વગેરે અવતારો પૂર્વે થયા છે, તેમ જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરવા આ પણ આપનો અવતાર છે (ખરેખર આપનાં દર્શનથી હું કૃતાર્થ થઈ છું; કેમ કે) હે ભગવન્ ! આપનું નામ સાંભળવાથી અને આપનું સ્મરણ કરવાથી ચાંડાળ પણ સોમયાગ યજ્ઞ કરવા યોગ્ય થાય છે, તો આપનું દર્શન કરવાથી હરકોઈ કૃતાર્થ થાય, એમાં શી નવાઈ ? અહો ! આશ્ચર્ય છે ! જેની જીભના ટેરવે આપનું નામ હોય છે તેવા ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ છે; માટે જેઓ આપનું નામ જ રટે છે, તેઓએ જ વાસ્તવિક તપ, હોમ અને તીર્થસ્નાન કર્યું છે, સદાચાર પાળ્યા છે અને વેદાધ્યયન કર્યું છે. આવા આપ પરબ્રહ્મ છો, પરમપુરુષ છો, વિષયોથી પાછું ખેંચીને અંતર્મુખ કરેલા મનમાં ચિંતન કરવા યોગ્ય છો, પોતાના તેજથી (ભક્તોના) સંસારનો નાશ કરનારા છો, સર્વવ્યાપક અને સર્વ વેદોનું નિવાસસ્થાન છો; તે આપ કપિલદેવને હું વંદન કરું છું.

**મૈત્રેય બોલ્યા :** પરમપુરુષ કપિલ ભગવાનની માતાએ એમ સ્તુતિ કરી, એટલે માતા ઉપર પ્રેમવાળા તે ભગવાન ગંભીર વાણીથી માતાને આમ કહેવા લાગ્યા.

**કપિલદેવ બોલ્યાઃ** હે માતા ! મેં કહેલો આ માર્ગ સુખથી સેવાય તેવો છે. તેનો આશ્રય કરવાથી તમે થોડા સમયમાં જીવન્મુક્તિ પામશો. મારો આ સિદ્ધાંત બ્રહ્મવાદીઓએ સેવ્યો છે માટે તેના ઉપર તમે શ્રદ્ધા રાખજો; કેમ કે આ માર્ગથી તમે અજન્મા મને પામશો. જેઓ આ માર્ગ જાણતા નથી તેઓ મૃત્યુરૂપ આ સંસારને પામે છે.

**મૈત્રેય બોલ્યા :** પતિવ્રતા માતાને એમ આત્મગતિનો ઉપદેશ આપી ભગવાન કપિલદેવ બ્રહ્મતત્ત્વને જાણનારી પોતાની માતાની સંમતિ લઈ ચાલી નીકળ્યા. દેવહૂતિ પણ સરસ્વતી નદીના પુષ્પમુકુટ સરખા બિંદુસરોવર ઉપર તે આશ્રમમાં પુત્રે કહેલા યોગ કરવાના ઉપદેશ પ્રમાણે યોગનિષ્ટ થઈ એકાગ્રચિત્ત થયાં. તેમના કેશ ત્રિકાળસ્નાન કરવાથી પીગળાં થયા હતા અને પોતાની મેળે જ ગૂંચવાઈ જઈ વાંકડિયા થઈ ગયા હતા. તેમનું શરીર ઉગ્ર તપને લીધે દુર્બળ થયું હતું અને તેમણે શરીર પર ફાંટ્યાતૂટ્યા વસ્ત્રો પહેર્યા હતાં. તેમનો ગૃહસ્થાશ્રમ કે જે કર્દમઋષિના તપ તથા યોગના પ્રભાવથી વિકસે અને અનુપમ હોઈ વિમાનોમાં વિહાર કરતા દેવતાઓને પણ ઈચ્છવા યોગ્ય હતો, જેમાં પાણીના ફીણ જેવી ઉજજ્વળ શય્યાઓ, હાથીદાંતના પલંગો, સુવર્ણનાં રાચરચીલાં અને આસનો પણ સુવર્ણનાં હતાં, તે પર સુંવાળાં બિછાનાં હતાં. શ્રેષ્ઠ મરક્તમણિથી જડેલી સ્વચ્છ સ્ફટિકમણિની ભીતોમાં રત્નોના દીવાઓ પ્રકાશતા હતા. રત્નાલંકારથી શોભતી સ્ત્રીઓ સેવામાં હતી. ઘરનો બગીચો પણ પુષ્પોવાળાં અનેક દિવ્ય વૃક્ષોથી સુંદર હતો, જેમાં પક્ષીયુગલો શબ્દ કરતાં હતાં અને મદોન્મત્ત ભમરા ગુંજારવ કરતા હતા. એ બગીચામાં દેવહૂતિ પ્રવેશ કરતાં ત્યારે દેવોના અનુચરો તેમનાં ગુણગાન કરતા અને કમળની સુગંધવાળી તે બગીચાની વાવમાં તે ઊતરતાં, ત્યારે કર્દમ તેમને લાડ લડાવતા હતા. આવા ઈન્દ્રની દેવાંગનાઓને પણ અત્યંત ઈચ્છિત ગૃહસ્થાશ્રમને દેવહૂતિએ ત્યાગી તે પરનું અભિમાન છોડી દીધું. (છતાં તે વેળા તેઓ જરા પણ શોકાકુળ થયાં ન હતાં.) પણ તેઓ અત્યારે પુત્ર કપિલદેવના વિરહથી વ્યાકુળ થયાં અને તેમની મુખાકૃતિ કંઈક શોકગ્રસ્ત બની. પતિ વનમાં ગયા અને પુત્ર પણ ગયો, તેથી તત્ત્વવસ્તુને જાણ્યા છતાં જેમ વાછરડો ખોવાઈ જતાં પ્રેમાળ ગાય આતુર બને, તેમ દેવહૂતિ પુત્રવિરહથી

આતુર બન્યાં. તે પુત્ર કપિલભગવાનનું જ ધ્યાન કરવા લાગ્યાં. હે વિદુર ! થોડા સમયમાં તેવા (ઉત્તમ) ઘર ઉપર નિઃસ્પૃહ થયાં. સંપૂર્ણ વાસના તજી દીધી. અને પુત્રે ધ્યાનના વિષયરૂપ તથા પ્રસન્ન મુખવાળા ભગવાનનું જે સ્વરૂપ કહ્યું હતું, તેનું સમગ્ર રૂપથી તેમ જ પ્રત્યેક અંગના ચિંતનપૂર્વક શુદ્ધ મન વડે ધ્યાન કરવા માંડયું. એમ ભકિતપ્રવાહના યોગથી, તીવ્ર વૈરાગ્યથી અને યોગ્ય આહારવિહારરૂપી ક્રિયા દ્વારા ઊપજેલા બ્રહ્મપ્રાપ્તિ કરાવનાર જ્ઞાનથી અત્યંત શુદ્ધ થયેલા મન વડે સ્વસ્વરૂપનો પ્રકાશ થતાં માયાના ગુણો સાથેનો સંબંધ જેમાં અદશ્ય થાય છે, એવા સર્વવ્યાપક આત્માનું તે ધ્યાન કરવા લાગ્યાં, જેથી તેમની બુદ્ધિ જીવોના આશ્રય ભગવાન પરબ્રહ્મ વિષે સ્થિર થઈ. જીવભાવ દૂર થવાથી તેમના સર્વ કલેશો નાશ પામ્યા ને જીવન્મુક્તનું સુખ પ્રાપ્ત થયું. વળી નિત્યની સમાધિ અવસ્થા પ્રાપ્ત થવાથી તેમની ગુણોરૂપ કારણવાળી દેહાદિની ભ્રાંતિ શાંત થઈ, તેથી જાગેલા મનુષ્યને જેમ સ્વપ્નમાં જોયેલા શરીરનું સ્મરણ રહેતું નથી, તેમ તેમને પોતાના શરીરનું પણ સ્મરણ રહ્યું નહિ. તેમનું શરીર જોકે બીજાંઓથી પોષાતું હતું; તોપણ માનસિક પીડાઓ દૂર થવાથી દુર્બળ થયું ન હતું અને મેલથી ખરડાયેલું હતું છતાં ધુમાડાવાળા અગ્નિની પેઠે શોભતું હતું. તેમની બુદ્ધિ વાસુદેવ ભગવાનમાં જ લીન હતી, તેથી તપ તથા યોગથી યુકત અને માત્ર પ્રારબ્ધકર્મથી જ ટકી રહેલા પોતાના શરીરને છૂટા થયેલા કેશવાળું કે વસ્ત્રોથી રહિત થયેલું પણ તે જાણતાં નહોતાં. એમ કપિલદેવે ઉપદેશેલા માર્ગે દેવહૂતિ થોડા સમયમાં જ નિત્યમુકત ભગવાન પર બ્રહ્મ પરમાત્માને પામ્યાં; અર્થાત દેહથી મુક્ત થઈ મોક્ષ પામ્યાં. હે વીર વિદુરજી ! જ્યાં દેવહૂતિ મોક્ષ પામ્યાં તે અત્યંત પવિત્ર ક્ષેત્ર ‘સિદ્ધપદ’ નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ થયું. હે સૌમ્ય ! યોગને લીધે જેની ધાતુ અને મળ લય પામ્યા હતા, એવું દેવહૂતિનું માનુષી શરીર નદીઓમાં શ્રેષ્ઠ, સિદ્ધ પુરુષોએ સેવેલી અને સિદ્ધિને આપનારી નદીરૂપ થયું. મહાન યોગી ભગવાન કપિલદેવ પણ માતાની આજ્ઞા લઈ પિતાના આશ્રમમાંથી નીકળી (પ્રથમ) ઈશાન દિશામાં ગયા હતા. ત્યાં સિદ્ધો, ચારણો, ગંધર્વો, મુનિઓ તથા અપ્સરાઓ તેમની સ્તુતિ કરતાં હતાં અને સમુદ્ર પોતે તેમનો અર્ધ્યસત્કાર કરી તેમને રહેવાનું સ્થાન આપ્યું હતું. ત્યાં સાંખ્યશાસ્ત્રના આચાર્યોથી સ્તુતિ કરાયેલા તે ભગવાન ત્રણે લોકની શાંતિ માટે યોગનો આશ્રય કરી સમાધિ અવસ્થામાં રહેતા હતા. હે નિર્દોષ તાત ! તમે મને જે પૂછ્યું તે સર્વ અને કપિલ તથા દેવહૂતિનો પવિત્ર સંવાદ પણ મેં તમને કહ્યો. જે મનુષ્ય ભગવાન ગરુડધ્વજમાં બુદ્ધિ સ્થાપી, ગુહ્ય આત્મયોગરૂપ આ કપિલદેવનો સિદ્ધાંત સાંભળે અને બીજાને સંભળાવે તે ભગવાનના ચરણારવિંદને પામે છે. ૧-૩૭

य इदमनुश्रृणोति योऽभिधत्ते कपिलमुनेर्मतमात्मयोग गुह्यम् ।
भगवति कृतघी: सुपर्णकेतावुपलभते भगवत्पदारविन्दम् ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય-૩૩ સમાપ્ત.*

**તૃતીય સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત
# ચતુર્થ સ્કંધ

## અધ્યાય-૧

## સ્વાયંભુવ મનુની કન્યાઓના વંશો અને ભગવાનના યજ્ઞાદિ અવતાર

॥ मैत्रेय उवाच ॥

मनोस्तु शतरुपायां तिस्रः कन्याश्च जज्ञिरे । आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः ॥

**મૈત્રેય બોલ્યા :** સ્વાયંભુવ મનુને શતરૂપા રાણીમાં આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ નામે ત્રણ કન્યાઓ થઈ હતી. રાજા મનુએ શતરૂપા રાણીથી સંમત થઈ ભાઈઓવાળી છતાં આકૂતિને (ઘણા પુત્રોની ઈચ્છાથી) પુત્રિકાધર્મનો આશ્રય કરી (એટલે આના પુત્રો મને આપી દેવા, એવો ઠરાવ કરી) રુચિ નામના ઋષિને આપી હતી. બ્રહ્મતેજવાળા પ્રજાપતિ ભગવાન રુચિએ તે આકૂતિ વિષે ઉત્કૃષ્ટ ઈશ્વર ધ્યાનપૂર્વક સ્ત્રીપુરુષનું યુગલ ઉત્પન્ન કર્યું. તેમાંના પુરુષ યજ્ઞસ્વરૂપ ધારણ કરનાર સાક્ષાત્ વિષ્ણુભગવાન હતા અને જે સ્ત્રી હતી તે લક્ષ્મીદેવીના અંશરૂપ અને યજ્ઞભગવાનથી વિખૂટી ન પડનારી દક્ષિણા હતી. સ્વાયંભુવ મનુપુત્રી આકૂતિના અતિશય તેજસ્વી પુત્ર (યજ્ઞભગવાન)ને હર્ષથી પોતાને ઘેર લાવ્યા અને દક્ષિણાને રુચિએ (પોતાને ત્યાં) રાખી. પછી યજ્ઞો અથવા મંત્રોના પતિ યજ્ઞભગવાન પોતાને ઈચ્છતી તે દક્ષિણાને પરણ્યા અને પ્રસન્ન એવી તે દક્ષિણા વિષે સંતોષ પામી બાર પુત્રો ઉત્પન્ન કર્યા; તોષ, પ્રતોષ, સંતોષ, ભદ્ર, શાંતિ, ઈડસ્પતિ, ઈધ્મ, કવિ, વિભુ, સ્વર્ક, સુદેવ અને રોચન. આ બારે પુત્રો સ્વાયંભુવ મનુના સમયમાં તુષિત નામના દેવ થયા હતા, મરીચિ વગેરે પ્રજાપતિ સપ્તર્ષિ થયા હતા અને યજ્ઞ ભગવાન ઈન્દ્ર થયા હતા. વળી સ્વાયંભુવ મનુના મહાતેજસ્વી બે પુત્ર પ્રિયવ્રત ને ઉત્તાનપાદ પૃથ્વીનું પાલન કરતા હતા. આમ સ્વાયંભુવ મનુનો સમય તેના પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્રના વંશોથી વ્યાપ્ત થઈ સુરક્ષિત થયો હતો. હે તાત વિદુર ! સ્વાયંભુવ મનુએ દેવહૂતિ કર્દમઋષિને આપી હતી અને તે સંબંધી મેં તમને કહ્યું તે તો તમે લગભગ સાંભળ્યું. હવે ભગવાન મનુએ બીજી પુત્રી પ્રસૂતિ બ્રહ્માના પુત્ર દક્ષપ્રજાપતિને આપી હતી, જેની મહાન સૃષ્ટિ ત્રણે લોકમાં ફેલાઈ છે. તેમ જ કર્દમની નવ પુત્રીઓ કે જેઓને મરીચિ વગેરે બ્રહ્મર્ષિઓની પત્ની મેં તમને કહી, તેઓનો પુત્રપૌત્રાદિ વિસ્તાર તમને કહું છું તે સાંભળો. કર્દમની પુત્રી કલાએ મરીચિની પત્ની થઈ કશ્યપ તથા પૂર્ણિમા નામના બે સંતાનોને જન્મ આપ્યો હતો, જેના વંશથી આખું જગત ભરાઈ ગયું. હે શત્રુતાપન વિદુર ! પૂર્ણિમાએ વિરજ તથા વિશ્વગ

નામના બે પુત્રો તથા દેવકુલ્યા નામની કન્યાને જન્મ આપ્યો, જે શ્રીહરિના ચરણકમળને ધોવાથી બીજા જન્મમાં સ્વર્ગનદી (ગંગા) થઈ. અત્રિની પત્ની અનસૂયાએ ઉત્તમ યશવાળા દત્ત, દુર્વાસા અને ચંદ્ર નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો, જેઓ વિષ્ણુ, શિવ તથા બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયા હતા.

**વિદુરે પૂછ્યું :** "હે ગુરુ ! જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશના કારણરૂપ એ શ્રેષ્ઠ દેવો ક્યું કાર્ય કરવાની ઈચ્છાથી અત્રિને ઘેર જન્મ્યા હતા તે મને કહો.

**મૈત્રેય બોલ્યા :** વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ અત્રિ-ઋષિને બ્રહ્માએ સૃષ્ટિરચનાની આજ્ઞા કરી, ત્યારે ઋક્ષ નામના કુલપર્વત ઉપર તે ગયા અને ત્યાં નિર્વિન્ધ્યા નદીના વહેતા જળપ્રવાહથી ચારે બાજુ ગાજતા અને પુષ્પોના ગુચ્છાવાળા ખાખરાઓ તથા આસોપાલવયુક્ત વનમાં તપ કરવા લાગ્યા. તે મુનિ પ્રાણાયામથી મનને વશ કરી સો વર્ષ સુધી એક પગે ઊભા હતા. તેમણે સુખદુઃખાદિ દ્વંદ્વો તજ્યાં હતાં અને કેવળ વાયુનું જ તે ભોજન કરતા હતા; તેમ જ મનમાં ચિંતવતા હતાઃ 'આ જગતના જે ઈશ્વર છે તેને જ શરણે હું જાઉં છું અને તે ઈશ્વર પોતા જેવી પ્રજા મને આપો.' પછી પ્રાણાયામરૂપી કાષ્ઠથી પ્રદીપ્ત થયેલા અને અત્રિઋષિના મસ્તકમાંથી નીકળેલા અગ્નિ વડે ત્રણે જગત બળવા લાગ્યા. તે જોઈ મહાસમર્થ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કે જેઓના યશને અપ્સરાઓ, મુનિઓ, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો તથા સર્પો જગતમાં ફેલાવે છે, તે ત્રણે દેવો એમના આશ્રમમાં ગયા. તે વેળા તેમના પ્રકટ થવાથી મુનિનું મન ઉલ્લાસ પામ્યું. તેમણે એક પગે ઊભા ઊભા જ તે શ્રેષ્ઠ દેવોનાં દર્શન કર્યા પછી ભૂમિ પર દંડવત પ્રણામ કરી અંજલિમાં પુષ્પ વગેરે લઈ નંદી, હંસ તથા ગરુડ પર બેઠેલા, પોતપોતાનાં ચિહ્નોથી યુકત અને કૃપાદૃષ્ટિ સાથે હસતા મુખથી પ્રસન્ન જણાતા તે ત્રણે દેવોનું પૂજન કર્યું. પછી તેમના તેજથી અંજાતાં બંને નેત્રો મીચીને તે મુનિએ ચિત્તને તેમના ધ્યાનમાં લીન કર્યું અને બે હાથ જોડી ગંભીર અર્થવાળી મધુર વાણીથી સર્વ લોકમાં શ્રેષ્ઠ તે દેવોની સ્તુતિ કરી.

**અત્રિઋષિ સ્તુતિ કરે છે :** પ્રત્યેક યુગમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સમયે જુદા જુદા વિભાગ પામતા સત્વાદિ માયાના ગુણોનો આશ્રય કરી, જે શરીર ધારણ કરે છે તે જ તમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છો. હું તમને પ્રણામ કરું છું. મેં તેઓમાંના એકને જ બોલાવેલા છે, તે તમારામાં કોણ છે તે કહો. મેં પુત્રોત્પત્તિ માટે વિવિધ ઉપચારોથી માત્ર એક જ ભગવાનને ચિત્તમાં ચિંતવ્યા છે, તો પ્રાણીઓના મનથી પણ દૂર એવા તમે અહીં કેમ આવ્યા તે કહો. તમે મારા પર પ્રસન્ન થાઓ; કેમ કે આમાં મને મોટું આશ્ચર્ય થાય છે.

**મૈત્રેય બોલ્યા :** હે સમર્થ વિદુર ! તેમનું એ વચન સાંભળી તે ત્રણે શ્રેષ્ઠ દેવો ખૂબ હસીને મધુર વાણીથી તે ઋષિને કહેવા લાગ્યા.

**દેવો બોલ્યા :** "હે બ્રાહ્મણ ! તમે જેવો સંકલ્પ કર્યો છે તેમ જ થવું જોઈએ. તેમાં કંઈ ફેરફાર ન થાય; કેમ કે સત્ય સંકલ્પવાળા તમે જે વસ્તુનું ધ્યાન કરો છો તે જ અમે ત્રણે છીએ. તેથી હે મુનિ ! અમારા અંશોથી ઉત્પન્ન થયેલા અને પ્રખ્યાત એવા ત્રણ પુત્રો તમારે ત્યાં થશે. તેઓ તમારો યશ ફેલાવશે, તમારું કલ્યાણ થાઓ." એમ તે શ્રેષ્ઠ દેવો તેમને ઈચ્છિત વરદાન આપી તેમનો સારી રીતે પૂજાસત્કાર પામી તે બંને સ્ત્રીપુરુષના દેખતાં ત્યાંથી અદશ્ય થયા. પછી અત્રિ-ઋષિને ત્યાં બ્રહ્માના અંશથી ચંદ્ર, વિષ્ણુના અંશથી યોગવેત્તા દત્તાત્રેય અને શંકરના અંશથી દુર્વાસા થયા. હવે અંગિરાઋષિની પ્રજા તમે સાંભળો. અંગિરાઋષિની શ્રદ્ધા નામની પત્નીએ ચાર કન્યાઓને જન્મ આપ્યો હતોઃ સિનીવાલી, કુહુ, રાજા અને

ચોથી અનુમતિ. વળી એ અંગિરાને બીજા બે પુત્ર પણ હતા. તેઓ સ્વારોચિષ નામના (બીજા) મનુના સમયમાં ભગવાન ઉતથ્ય અને સાક્ષાત બ્રહ્મનિષ્ઠ બૃહસ્પતિ, એ નામે પ્રખ્યાત હતા. પુલત્સ્યમુનિએ પત્ની હવિર્ભૂ વિષે પૂર્વજન્મમાં જે જઠરાગ્નિ હતા તે અગત્સ્યને તથા મહાતપસ્વી વિશ્રવાને ઉત્પન્ન કર્યા હતા. તે વિશ્રવાને ઈડવિડા પત્નીમાં યક્ષનો પતિ કુબેરદેવ પુત્ર થયો હતો અને બીજી કેશિની સ્ત્રીમાં રાવણ, કુંભકર્ણ તથા વિભીષણ નામના ત્રણ પુત્રો થયા હતા. હે મહાબુદ્ધિમાન વિદુરજી ! પુલહની સતી સ્ત્રી ગતિએ કર્મશ્રેષ્ઠ, વરીયાંસ અને સહિષ્ણુ એમ ત્રણ પુત્રોને જન્મ આપ્યો હતો. ક્રતુની પત્ની ક્રિયાએ પણ બ્રહ્મતેજથી પ્રકાશતા સાઠ હજાર વાલખિલ્ય ઋષિઓને જન્મ આપ્યો. હે શત્રુતાપન વિદુર ! વસિષ્ઠની ઊર્જા પત્નીમાં ચિત્રકેતુ, વગેરે સાત પવિત્ર પુત્રો થયાઃ ચિત્રકેતુ, સુરોચિષ, વિરજસ, મિત્ર, ઉલ્બણ, વસુભૃદ્યાન અને દ્યુમાન; તેમ જ બીજા શકિત વગેરે પુત્રો પણ બીજી સ્ત્રીથી થયા હતા. અથર્વાઋષિની પત્ની ચિત્તિ વ્રતધારી દધ્યંચ પુત્રને પામી હતી, જે ઘોડા જેવા મસ્તક્વાળો હોઈ ‘અશ્વશિરસ’ પણ કહેવાતો. હવે ભૃગુનો વંશ તમે મારી પાસેથી સાંભળો. મહાભાગ્યશાળી ભૃગુએ ખ્યાતિ પત્ની વિષે ધાતા અને વિધાતા નામના બે પુત્રો તથા ભગવત પરાયણ ‘શ્રી’ નામની પુત્રીને ઉત્પન્ન કર્યા હતાં, તે ધાતા અને વિધાતાને મેરુ પર્વતે આયતિ અને નિયતિ નામની બે પુત્રીઓ આપી હતી. તે બે સ્ત્રીઓમાં તેઓથી મૃકંડ અને પ્રાણ નામે પુત્ર થયા હતા. મૃકંડના માર્કંડેયને પ્રાણના મુનિ વેદશિરા થયા. ભૃગુનો ત્રીજો પુત્ર કવિ નામે પણ હતો, જેનો પુત્ર ભગવાન શુક્રાચાર્ય થયા. હે વિદુરજી ! આ મરીચ્યાદિ મુનિઓએ પોતપોતાની પુત્રપૌત્રાદિ સૃષ્ટિથી સર્વ લોકોને ઉત્પન્ન કર્યા. આ કર્દમની પુત્રીઓનો વંશ મેં તમને કહ્યો. આ શ્રેષ્ઠ વંશને શ્રદ્ધાથી સાંભળતાં મનુષ્યનાં પાપો તત્કાળ દૂર થાય છે. બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ સ્વાયંભુવ મનુની પ્રસૂતિ પુત્રીને પરણ્યા હતા. તેણે એ પત્નીમાં સુંદર નેત્રોવાળી સોળ પુત્રીઓ ઉત્પન્ન કરી હતી. તેમાંની તેર ધર્મને, એક અગ્નિને, એક સર્વ પિતૃઓને અને એક સંસારનો નાશ કરનાર મહાદેવને આપી હતી. શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, લજ્જા અને મૂર્તિ; આ તેર ધર્મની પત્નીઓ હતી તેમાંથી શ્રદ્ધાએ શુભને, મૈત્રીએ પ્રસાદને, દયાએ અભયને, શાંતિએ સુખને, તુષ્ટિએ મુદને, પુષ્ટિએ ભયને, ક્રિયાએ યોગને, ઉન્નતિએ દર્પને, બુદ્ધિએ અર્થને, મેધાએ સ્મૃતિને, તિતિક્ષાએ શ્રેમને, લજ્જાએ પ્રશ્રયને તથા સર્વ ગુણોની ઉત્પત્તિરૂપ મૂર્તિએ નર ને નારાયણઋષિઓને જન્મ આપ્યો હતો. જેમના જન્મ સમયે આ જગત આનંદ પામ્યું હતું અને અત્યંત શાંત થયું હતું. પ્રાણીમાત્રનાં મન, સર્વ દિશાઓ, વાયુઓ, નદીઓ તથા પર્વતો નિર્મળ થયાં હતાં. સ્વર્ગમાં વાદિત્રો વાગ્યાં હતાં, આકાશમાંથી પુષ્પવૃષ્ટિઓ થઈ હતી, પ્રસન્ન થયેલા મુનિઓએ સ્તુતિ કરી હતી અને ગંધર્વો તથા કિન્નરોએ ગાન કર્યા હતાં. દેવાંગનાઓએ નૃત્ય કર્યા હતાં; પરમ મંગળ થતાં હતાં. અને બ્રહ્માદિ સર્વ દેવોએ સ્તોત્રથી આમ સ્તુતિ કરી હતી..

**દેવો બોલ્યા :** જેમ આકાશમાં માયાથી ગંધર્વનગર રચાય, તેમ જેમણે પોતાના સ્વરૂપમાં જ આ જગતને પોતાની માયાથી રચ્યું છે અને હમણાં પોતાના સ્વરૂપનો પ્રકાશ કરવા ધર્મને ઘેર ઋષિમૂર્તિથી પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું છે. તે પરમ પુરુષને અમે નમસ્કાર કરીએ છીએ. જેમનું સત્ય સ્વરૂપ શાસ્ત્ર દ્વારા વિચારાય છે, તે આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ માટે સત્ત્વગુણથી સર્જેલા અમને દેવોને, લક્ષ્મીના રહેઠાણ નિર્મળ કમળને પણ તિરસ્કાર કરનાર અને અત્યંત દયાળુ ઉત્તમ નેત્રો વડે જુઓ.

હે તાત વિદુર ! દેવગણોએ એમ સ્તુતિ અને પૂજા કરી એટલે તે બન્ને ભગવાને તેમના તરફ પોતાની કૃપાદૃષ્ટિ કરી અને પછી તેઓ ગંધમાદન પર્વત તરફ ગયા. હમણાં પણ ભગવાન શ્રીહરિના અંશરૂપ તે જ નર-નારાયણ પૃથ્વીનો ભાર દૂર કરવા યદુવંશમાં શ્રીકૃષ્ણરૂપે તથા કુરુવંશમાં અર્જુનરૂપે પૃથ્વી પર અવતર્યા હતા. અગ્નિની સ્ત્રી સ્વાહાએ અગ્નિનું અભિમાન ધરાવનારા અને હોમેલા દ્રવ્યનું ભોજન કરનારા પાવક, પવમાન તથા શુચિ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તે ત્રણમાંથી પિસ્તાળીસ અગ્નિઓ થયા, તે જ પોતાના પિતાએ તથા દાદાની સાથે મળી ઓગણપચાસ છે. જેઓના નામે વૈદિક કર્મમાં વેદવેત્તાઓ આગ્નેયી ઈષ્ટિઓ કરે છે, તે જ અગ્નિઓ કહેવાય છે. હવે અગ્નિષ્વાત, બહિર્ષદ, સૌમ્ય તથા આજ્યપ એ ચાર પિતૃગણો છે; જેમાં અગ્નૌકરણવાળા અગ્નિ સહિત છે અને અગ્નૌકરણરહિત તે અગ્નિ વિનાના છે. તેઓની પત્ની દક્ષપુત્રી સ્વધા છે, ને સ્વધાઓ પિતૃગણાથી વયુના તથા ધારિણી નામની બે કન્યાઓ ઉત્પન્ન કરી. તે બન્ને બ્રહ્મનો વિચાર કરનારી અને જ્ઞાન તથા વિજ્ઞાનનો પાર પામેલી હતી. મહાદેવનાં પત્ની સતી ગુણ તથા શીલથી પોતાના સમાન પતિને અનુસરતાં હતાં. છતાં તેમને પુત્ર થયો ન હતો, કારણ કે નિરપરાધી મહાદેવ તરફ પોતાનો પિતા પ્રતિકૂળ થયો, ત્યારે તેમણે ક્રોધ વડે યુવાવસ્થામાં જ યોગનો આશ્રય કરી શરીર તજ્યું હતું. ૧-૬૬

पितर्यप्रतिरुपे स्वे भवायानागसे रुषा । अप्रौढैवात्मनात्मानमजहाद्योगसंयुता ॥६६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## મહાદેવ અને દક્ષના વિરોધનું કારણ

॥ विदुर उवाच ॥

भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः । विद्वेषमकरोत्कस्मादनादृत्यात्मजां सतीम् ॥१॥

**વિદુરે પૂછયું :** શીલવાન પુરુષોમાં શ્રેષ્ઠ મહાદેવજી ઉપર, પુત્રીઓ પર પ્રેમવાળા છતાં દક્ષે સતી પુત્રીનો અનાદર કરી દ્વેષ શા માટે કર્યો ? સ્થાવરજંગમ પ્રાણીઓના ગુરુ વેરરહિત, શાંતસ્વરૂપ, આત્મારામ અને જગતના મહાન દૈવત મહાદેવજીનો દક્ષે દ્વેષ કેમ કર્યો ? હે બ્રહ્મન્ ! જમાઈ શંકર અને સસરો દક્ષ-એમના દ્વેષનું કારણ તમે મને કહો કે જેથી સતીએ દુસ્ત્યજ પ્રાણનો ત્યાગ કર્યો.

**મૈત્રેય બોલ્યા :** પૂર્વે પ્રજાપતિઓના યજ્ઞમાં મોટા ઋષિઓ, સર્વ દેવગણો, મુનિઓ તથા અગ્નિઓ પોતપોતાના પરિવાર સાથે એકઠા થયા હતા. ત્યાં કાંતિથી સૂર્યની પેઠે પ્રકાશતા અને તે મોટી સભાને અંધકારરહિત કરતા દક્ષને આવેલો જોઈ બ્રહ્મા અને મહાદેવ સિવાય સભાસદો તેની કાંતિથી આકર્ષિત મનવાળા થઈને અગ્નિની સાથે પોતાનાં આસન ઉપરથી ઊભા થઈ ગયા. સભાપતિઓએ ભગવાન દક્ષનો સારી રીતે સત્કાર કર્યો, એટલે દક્ષ લોકગુરુ બ્રહ્માને નમસ્કાર કરી તેમની આજ્ઞાથી ત્યાં બેઠા પછી પોતાના બેઠા પહેલાં જ આસન ઉપર બેસી રહેલા મહાદેવને જોઈ, દક્ષ મહાદેવે સામે ઊભા ન થઈ અપમાન કર્યું તે સહન કરી શક્યો નહિ, તેથી બંને નેત્રો વડે જાણે બાળી નાખતો હોય તેમ મહાદેવ સામે વક્રદૃષ્ટિથી જોઈ કહેવા લાગ્યો. ‘હે દેવો તથા અગ્નિઓ સહિત બ્રહ્મર્ષિઓ ! ‘હું તમારી આગળ સત્પુરુષોનો આચાર કહું છું તે તમે સાંભળો. હું જે કહું છું તે અજ્ઞાનથી કે અદેખાઈથી કહેતો નથી. આ મહાદેવ લોકપાલોના યશને નાશ કરનાર અને નિર્લજ્જ છે, કેમ કે યોગ્ય આચરણથી રહિત એણે

સત્પુરુષોએ આચરેલા માર્ગને દૂષિત કર્યો છે. આ મારો શિષ્ય થાય, કારણ કે એણે સત્પુરુષ જેમ ગાયત્રીનો સ્વીકાર કરે, તેમ બ્રાહ્મણો તથા અગ્નિ સમક્ષ મારી પુત્રીનું પાણિગ્રહણ કર્યું છે. આ માંકડા જેવાં નેત્રવાળાએ મૃગનાં બચ્ચાંના જેવાં નેત્રોવાળી મારી પુત્રીનું પાણિગ્રહણ કરી, સામે ઊઠીને વંદન કરવા યોગ્ય એણે મને વાણીથી પણ સત્કાર્યો નથી, સર્વ ક્રિયાઓનો લોપ કરનાર, અપવિત્ર, અભિમાની અને મર્યાદાનો ભંગ કરનાર મારી ઈચ્છા ન હતી, તોપણ (બ્રહ્માના કહેવાથી) શૂદ્રને જેમ વેદવાણી અપાય તેમ મેં મારી પુત્રી આપી છે. વળી આ પ્રેતોનાં ભયંકર રહેઠાણોમાં, પ્રેતો તથા ભૂતગણોથી વીંટાઈને નાગો, છૂટા કેશવાળો, હસતો ને રડતો ઉન્મત્તની પેઠે ભટકે છે. ચિતાઓની ભસ્મથી નાહેલો, ખોપરીઓની માળાવાળો, અને મનુષ્યનાં હાડકાંના આભૂષણોવાળો 'શિવ' એવું માત્ર નામ જ ધારણ કરે છે. પણ ખરી રીતે અશિવઅમંગળરૂપ છે, ગાંડો છે. ગાંડા લોકો એને પ્રિય છે અને કેવળ તમોગુણ સ્વરૂપવાળા પ્રમથ ગણો તથા ભૂતડાંનો આ સ્વામી છે. આવાં ભૂતડાંના અધિપતિ, અપવિત્ર અને દુષ્ટ હૃદયવાળા આને, ખેદની વાત છે કે બ્રહ્માના કહેવાથી મેં મારી ઉત્તમ પુત્રી આપી છે.

**મૈત્રેય બોલ્યા :** મહાદેવ તો શત્રુભાવથી રહિત થઈને જ ત્યાં બેઠા હતા છતાં તેમની એવી નિંદા કરી દક્ષે ક્રોધાયમાન થઈ જળનું આચમન કરી આ શાપ દેવા માંડ્યો : 'આ મહાદેવ દેવગણોમાં અધમ છે, માટે દેવોના યજ્ઞમાં ઈંદ્રઉપેન્દ્ર વગેરે દેવોની સાથે યજ્ઞભાગ નહિ મેળવે.' હે કુરુવંશી વિદુર ! તે વેળા મુખ્ય સભાસદોએ અટકાવ્યા છતાં એ પ્રમાણે મહાદેવને શાપ આપી અત્યંત વધેલા ક્રોધવાળો તે દક્ષ ત્યાંથી નીકળી જઈ પોતાને ઘેર ચાલ્યો ગયો. એ શાપ જાણીને મહાદેવના અનુચરોમાં મુખ્ય અને ક્રોધરૂપ કષાયથી આકુળ થયેલા નંદીશ્વરે દક્ષને તથા તેના નિંદ્યપણાને જેઓએ સંમતિ આપી હતી તે બ્રાહ્મણોને આવો દારુણ શાપ આપ્યો : 'જે અજ્ઞાની આ મરણધર્મી દક્ષના શરીરને શ્રેષ્ઠ માની ભેદદૃષ્ટિ રાખી કોઈનો દ્રોહ ન કરનારા આ શંકર ભગવાનનો દ્રોહ કરે છે, તે સત્ય વસ્તુથી ભ્રષ્ટ થશે. જે દક્ષ વિષયસુખની ઈચ્છાથી દેહાભિમાનરૂપ મિથ્યા ધર્મોવાળાં ઘરમાં આસકત હોઈ વેદના અર્થવાદવાળાં વચનોથી નાશ પામેલી બુદ્ધિવાળો થઈ જાતજાતનાં કર્મો કરે છે, દેહાદિ ઉપર આત્મા તરીકેના અભિમાનવાળી બુદ્ધિથી આત્મસ્વરૂપને ભૂલ્યો છે, તેથી પશુતુલ્ય થયેલો તે અલ્પ સમયમાં સ્ત્રીઓની અંદર અત્યંત આસકિત રાખનારો અને બોકડાના જેવા મુખવાળો થાઓ; કારણ કે આ (દક્ષ પ્રજાપતિ) કર્મમય અવિદ્યામાં તત્વવિદ્યાની બુદ્ધિ ધરાવે છે અને જડ છે. વળી જેઓ દેવનું અપમાન કરનારા આ દક્ષને અહીં અનુસર્યા છે, તેઓ પણ સંસારમાં જન્મમરણાદિ અનુભવ્યા કરે. જેઓ પુષ્પની માફક મનને લલચાવનારાં વેદના અર્થવાદ વચનોના પુષ્પરસ જેવી આકર્ષક ગંધથી લલચાયેલા મતવાળા થઈ મહાદેવનો દ્વેષ કરે છે, તેઓ અત્યંત મોહ પામે. નિત્યકર્મો કરવામાં જ આસક્ત રહે. દક્ષને અનુસરનારા બ્રાહ્મણો ભક્ષ્યાભક્ષ્યના વિચારથી શૂન્ય હોઈ કેવળ આજીવિકા માટે જ વિદ્યા, તપ અને વ્રતો સ્વીકારી, ધન, દેહ તથા ઈંદ્રિયોમાં જ આનંદ માનનારા, 'યાચક થઈને આ ભૂમિ ઉપર ભટક્યા કરો.' નંદીશ્વર એમ બ્રાહ્મણકુળને ઉદ્દેશી શાપ દેતા હતા તે સાંભળી ભૃગુઋષિએ શાપરૂપી દુર્લંઘ્ય બ્રહ્મદંડ ફેંક્યો, તેમણે પણ સામેથી આ શાપ આપ્યો : 'જેઓ શંકરના વ્રતને ધારણ કરે અને જે તેઓને અનુસરે, તેઓ પાખંડી અને સત્શાસ્ત્રથી વિરુદ્ધ વર્તનારા થાઓ. વળી તેઓ નાશ પામેલી પવિત્રતાવાળા, મૂઢ બુદ્ધિવાળા તથા જટા, ભસ્મ અને હાડકાં ધારણ કરનારા થઈ શિવદીક્ષામાં પ્રવેશ કરો કે જે દીક્ષામાં ગોળ કે મહુડાંની મદિરા તથા તાડીને દારૂ દેવની પેઠે પૂજ્ય છે. મહાદેવના અનુયાયી તમે વર્ણાશ્રમના આચારનું પાલન કરનારાઓને પોષનારા

વેદની તથા બ્રાહ્મણોની નિંદા કરો છો માટે પાખંડનો આશ્રય કરનારા છો. આ વેદમાર્ગ જ લોકોનું કલ્યાણ કરનાર સનાતન માર્ગ છે, જેનો પૂર્વકાળના ઋષિઓએ આશ્રય કર્યો છે અને જેનું મૂળ જનાર્દન ભગવાન છે. વળી જે અત્યંત શુદ્ધ હોઈ સત્પુરુષોને સનાતન માર્ગ છે તેની તમે નિંદા કરો છો માટે તમે પાખંડમાં જ જાઓ કે જ્યાં ભૂતનો રાજા તમારો દેવ છે.'

**મૈત્રેય બોલ્યા :** ભૃગુઋષિ એમ શાપ આપતા હતા, ત્યારે ભગવાન શંકર કંઈક ઉદાસ મનવાળા થયા હોય, તેમ પરિવાર સાથે ત્યાંથી નીકળી ગયા. હે મોટા ધનુષ્યવાળા વિદુરજી ! તે પ્રજાપતિઓએ પણ સર્વશ્રેષ્ઠ શ્રીહરિ જેમાં પૂજ્ય હતા, એવો તે યજ્ઞ એક હજાર વર્ષ સુધી કરી જ્યાં ગંગા ને યમુના સાથે મળે છે, ત્યાં યજ્ઞના અંતે કરાતું અવભૃથસ્નાન કરી શુદ્ધ મનવાળા થઈ સર્વે પોતપોતાના સ્થાને ગયા. ૧-૩૫

आप्लुत्यावभृथं यत्र गङ्गा यमुनयान्विता । विरजेनात्मना सर्वे स्वं स्वं धाम ययुस्ततः ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## દક્ષના યજ્ઞોત્સવમાં જતા સતીને શંકરે અટકાવ્યાં

**॥ मैत्रेय उवाच ॥**

सदा विद्विषतोरेवं कालो वे ध्रियमाणयोः । जामातुः श्वशुरस्यापि सुमहानतिचक्रमे ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એ પ્રમાણે નિત્ય દ્વેષ કરતા રહેતા તે સસરા-જમાઈનો અતિ મહાન કાળ વીત્યો, તે પછી બ્રહ્માએ દક્ષનો સર્વ પ્રજાપતિઓના અધિપતિપદે અભિષેક કર્યો ત્યારે તેને ગર્વ થયો. તેણે (ગર્વથી જ) બ્રહ્મનિષ્ઠ પુરુષોનું અપમાન કરી પ્રથમ વાજપેય યજ્ઞ કર્યો અને પછી બૃહસ્પતિસવ નામનો ઉત્તમ યજ્ઞ આરંભ કર્યો. તેમાં સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ તથા દેવતાઓ કરેલાં મંગળવાળા હતા અને તેમની પત્નીઓ પણ પતિઓ સાથે મંગળ કરાઈ હતી, તે સમયે આકાશમાં જતા દેવે દક્ષના યજ્ઞમહોત્સવની વાતચીત કરતા હતા તે સાંભળી; તેમ જ સર્વ દિશાઓમાંથી ચંચળ નેત્રવાળી ગંધર્વની સ્ત્રીઓ વિમાનોમાં બેસી, ગળામાં કંઠીઓ પહેરી, સુંદર વસ્ત્રો તથા ઉજજવળ કુંડળો પહેરી પિતા દક્ષના યજ્ઞમહોત્સવમાં જતી હતી. તેઓને પોતાના ઘરની પાસે જઈ દક્ષપુત્રી સતી સર્વ જીવોના સ્વામી પોતાના પતિદેવને આતુરતાથી કહેવા લાગ્યાં.

**સતી બોલ્યાં :** હે સદાશિવ ! આપના સસરા પ્રજાપતિ દક્ષને ત્યાં હમણાં યજ્ઞમહોત્સવનો આરંભ થયો છે. જો આપની ઈચ્છા હોય તો આપણે પણ ત્યાં જઈએ કેમ કે આ દેવતાઓ ત્યાં જાય છે એ યજ્ઞમાં પોતાના સંબંધીઓને મળવા ઈચ્છતી મારી બહેનો પોતાના પતિઓ સાથે અવશ્ય જશે. હું પણ ત્યાં મારા પિતાએ આપેલી પહેરામણી આપની સાથે સ્વીકારવા ઈચ્છું છું. હે સર્વને સુખ આપનાર ભગવન્ ! મારું મન ઘણા લાંબા સમયથી સંબંધીઓને મળવા અત્યંત આતુર છે. ત્યાં આવેલી પોતાના પતિઓને યોગ્ય મારી બહેનોને, માસીઓને તથા સ્નેહાળ મનવાળી મારી માતાને હું મળીશ અને મહર્ષિઓએ આરંભેલા શ્રેષ્ઠ મહાયજ્ઞનાં દર્શન પણ કરીશ. હે અજન્મા દેવ ! આ આશ્ચર્યકારક ત્રિગુણાત્મક જગત આપને વિષે જ આપની માયાથી રચાયેલું જણાય છે, જેથી આપને તો કંઈ પણ આશ્ચર્ય ન જ હોય; પણ હું તો સ્ત્રી જાતિ (આતુર સ્વભાવવાળી, આપના સત્ય સ્વરૂપથી અજાણી અને દીન) આપની દૃષ્ટિએ દયાપાત્ર છું; માટે (આપ આજ્ઞા આપો તો) હું મારી જન્મભૂમિનાં દર્શન કરવા ઈચ્છું છું. હે સંસારરહિત ! નીલકંઠ ! જુઓ, આ બીજી સ્ત્રીઓ પણ અલંકાર ધારણ કરી પોતાના પતિઓ સાથે ટોળેટોળાં જાય છે

કે જેઓનાં હંસ જેવાં ઉજજવળ વિમાનો જતાં હોવાથી આકાશ શોભી રહ્યું છે. હે શ્રેષ્ઠ દેવ ! પિતાને ઘેર આવો મંગળ મહોત્સવ સાંભળી પુત્રીનું શરીર તે જોવાને કેમ ચંચળ ન થાય ? પોતાના મિત્ર, પતિ, ગુરુ અને પિતાને ઘેર તો વિના બોલાવ્યે પણ લોકો જાય છે. માટે હે દેવ ! આપ પ્રસન્ન થાઓ. આપ તો દયાળુ છો માટે મારી આ ઈચ્છા પૂર્ણ કરવા યોગ્ય છો; આપ અતિશય જ્ઞાનવાન છે. છતાં (દયાળુ હોઈ) આપે પોતાના અર્ધ શરીરમાં મને સ્થાપી છે (અને તેથી જ આપ ''અર્ધનારીશ્વર એ પ્રમાણે પ્રખ્યાત છો); માટે હું આપને પ્રાર્થના કરું છું કે આપ મારા પર કૃપા કરો.

**ઋષિ મૈત્રેય બોલ્યા :** પ્રિયા સતીએ એમ કહ્યું ત્યારે ભકતવત્સલ ભગવાન શંકર તે સમયે પ્રજાપતિઓની સમક્ષ દક્ષે જે મર્મભેદક દુષ્ટ વાક્યો કહ્યાં હતાં. તેને યાદ કરી ખૂબ હસતા સતીને કહેવા લાગ્યા :

**શ્રીભગવાન બોલ્યા :** હે પવિત્ર સતી ! તમે ઠીક જ કહ્યું કે સંબંધીઓને ત્યાં લોકો વિના બોલાવ્યે પણ જાય છે. પરંતુ તે સંબંધીઓ અતિશય બળવાન દેહાભિમાનથી અને ક્રોધથી જો દોષદૃષ્ટિ ઉપજાવનાર ન હોય તો જ ! પણ વિદ્યા, તપ, ધન, શરીર, વય, તથા કુળ—એ છ ગુણો કે જે સત્પુરુષોમાં જ ગુણરૂપે થાય છે પણ દુર્જનોમાં તો દોષરૂપે જ થાય છે, તેને લીધે વિવેકજ્ઞાન નાશ પામતાં જેઓની દુષ્ટ દૃષ્ટિ કેવળ અભિમાનથી જ ભરપૂર હોય છે, તેવા અભિમાની પુરુષો મહા પુરુષોનો પ્રભાવ જોતા નથી. આવા અભિમાનીઓ વાંકી બુદ્ધિને લીધે પોતાને ઘેર આવેલા સંબંધીઓની સામે ચડાવેલી ભ્રકુટિવાળી ક્રોધપૂર્ણ દૃષ્ટિએ જુએ છે, માટે તેવા અવ્યવસ્થિત મનવાળાઓને ઘર (તેઓને) સંબંધી માની (વિના બોલાવ્યે) ન જવું. વાંકી બુદ્ધિવાળાં સ્વજનોનાં દુષ્ટ વાક્યોથી મર્મસ્થાનમાં પ્રહાર પામી રાત્રિદિવસ પીડાતા હૃદયે મનુષ્ય જેવો દુઃખી થાય છે, તેવા શત્રુઓએ બાણ વડે શરીરે ઘાયલ કર્યો હોય તે પણ દુઃખી થતો નથી. કારણ કે તે ઊંઘી તો શકે છે. હે સુંદર ભૃકુટિવાળાં સતી ! એ ચોકકસ છે કે તમે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પ્રજાપતિ દક્ષને સર્વ પુત્રીઓમાં પ્રિય અને માન્ય છો; છતાં તમે પિતા તરફથી (આ સમયે) માન મેળવશો નહિ; કેમ કે મારે આશ્રય કરવાથી દક્ષ તમારા ઉપર બળ્યા કરે છે. નિરભિમાની પુરુષની પુણ્ય, કીર્તિ વગેરે સમૃદ્ધિઓથી અત્યંત બળતા હૃદયને લીધે જે ઇન્દ્રિયો વ્યાકુળ રહે છે અને એવા પુરુષોના પદ કે સ્થાનને પામવા જે અસમર્થ હોય છે, તે પુરુષ અસુરો જેમ શ્રીહરિનો દ્વેષ કરે છે તેમ એવા પુરુષોનો કેવળ દ્વેષ જ કર્યા કરે છે. હે સુંદર કટિવાળાં સતી ! સર્વની હૃદયગુહામાં રહેલા પરમપુરુષ પરમાત્માને જ ડાહ્યા પુરુષો સામે જવું, વિનય, વંદન વગેરે સારી રીતે અંતઃકરણપૂર્વક કરે છે, પણ દેહાભિમાનીને કરતાં નથી. અતિશય શુદ્ધ જે અંતઃકરણ તે જ વસુદેવ કહેવાય છે, કેમ કે તે શુદ્ધ અંતઃકરણરૂપી વસુદેવમાં ઈંદ્રિયોથી અગોચર શ્રીવાસુદેવ પ્રકટપણે પ્રકાશે છે. તે ભગવાનને હું મારા શુદ્ધ અંતઃકરણમાં નમસ્કારપૂર્વક સેવું છે. માટે હે સુંદર ઊરુવાળાં સતી ! તે દક્ષ પ્રજાપતિ જોકે તમારા શરીરને ઉત્પન્ન કરનાર તમારો પિતા છે, તો પણ તેને તથા તેના અનુયાયીઓને તમારે જોવા નહિ એટલે મળવું પણ નહિ; કેમ કે તે મારો દ્વેષ કરે છે અને તેણે પ્રજાપતિઓના યજ્ઞમાં ગયેલા નિરપરાધી મારો દુષ્ટ વચનોથી તિરસ્કાર કર્યો છે. આ રીતે હું તમને ના પાડું છું છતાં તમે મારાં વચનોનો અનાદર કરી, (તેના યજ્ઞમાં) જશો, તો તેથી તમારું કલ્યાણ થશે નહિ; કેમ કે પ્રતિષ્ઠિત મનુષ્યનું સ્વજનો તરફથી જ્યારે અપમાન થાય ત્યારે તે તેના તરતના મરણ માટે થાય છે. ૧-૨૫

यदि व्रजिष्यस्यतिहाय मद्वचो भद्रं भवत्या न ततो भविष्यति ।
सम्भावितस्य स्वजनात्पराभवो यदा स सद्यो मरणाय कल्पते ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## દક્ષના યજ્ઞમાં સતીનું અપમાન અને તેમણે કરેલો દેહત્યાગ

॥ मैत्रेय उवाच ॥

एतावदुक्त्वा विरराम शङ्करः पत्न्यङ्गनाशं ह्युभयत्र चिन्तयन् ।
सुहृद्दिदृक्षुः परिशङ्किता भवान्निष्क्रामती निर्विशती द्विधाऽऽस सा ॥१॥

**મૈત્રેય બોલ્યા :** આટલું કહી ભગવાન શંકર બોલતા બંધ થયા; કેમ કે તે જાણતા હતા કે રજા આપવામાં કે બળાત્કારે રોકવામાં - એમ બન્ને સ્થિતિમાં સતીના શરીરનો વિનાશ જ છે. બીજી તરફ સતી પણ સંબંધીઓને મળવા ઈચ્છતાં ઘરની બહાર જતાં હતાં અને મહાદેવના ભયથી પાછાં જ ઘરની અંદર આવતાં હતાં. આ રીતે તેમની (હીંચકાની પેઠે) બે ગતિ થઈ હતી. સંબંધીઓને મળવા માટે શંકરે ના પાડી તેથી સતીનું મન ઉદાસ થયું. સ્નેહથી તે રડવા લાગ્યાં, વહેતા અશ્રુપ્રવાહને લીધે અત્યંત વિહવળ થયાં અને જેમના સમાન બીજા કોઈ પુરુષ નથી એવા શંકરને જાણે બાળી નાખતા હોય તેમ ક્રોધથી કંપતા એ ભવાની શંકર સામે જોવા લાગ્યાં. પછી સત્પુરુષોને પ્રિય એવા જેમણે પોતાનું અર્ધું શરીર પ્રેમથી અર્પણ કર્યું હતું, તે શંકરનો પણ ત્યાગ કરી સ્ત્રીપણાને લીધે મૂઢ બુદ્ધિ વાળાં તે સતી શોક તથા રોષથી ખિન્ન થયેલા હૃદયે પોતાનાં માતાપિતાને ઘેર જવા નીકળ્યાં. તે એકલાં જ ઉતાવળે પગલે ત્યાંથી નીકળ્યાં એટલે મણિમાન, મદ વગેરે હજારો શંકરના અનુચરો, પાર્ષદો તથા યક્ષ શંકરના પોઠિયા નંદીશ્વરને આગળ કરી નિર્ભય થઈ વેગથી તેમની પાછળ ગયા. તેઓએ સતીને નંદિકેશ્વર ઉપર બેસાડ્યાં અને મેના, દડો, દર્પણ, કમળ, શ્વેત છત્ર, ચામર તથા માળા વગેરેથી ગીત—ગાન વગેરેનાં સાધનોથી તથા નગારાં, શંખ અને વાંસળીઓથી સુશોભિત થઈ તેમની પાછળ તેઓ જવા લાગ્યા. પછી તે સતી દક્ષના યજ્ઞસ્થાનમાં ગયાં કે જે સ્થાન ચોતરફ થતી વેદગર્જનાઓથી શોભતું હતું, બ્રહ્મર્ષિઓ અને દેવતાઓ ચારે બાજુ બિરાજ્યા હતા અને માટીનાં, લાકડાનાં, સોનાનાં, દર્ભનાં તથા ચામડાનાં અનેક પાત્રો જ્યાં ગોઠવ્યાં હતા. તે યજ્ઞસ્થાનમાં સતી આવ્યાં પણ ત્યાં તેમની બહેનો અને માતા વિના કોઈ મનુષ્યે દક્ષનાં ભયથી તેમનો આદરસત્કાર કર્યો નહિ; કેમ કે દક્ષે (પ્રથમ જ) સતીનું અપમાન કર્યું હતું. માત્ર તેમની બહેનો તથા માતા તેમને હર્ષથી આદર આપી પ્રેમાશ્રુથી ગળગળી થઈ ભેટી પડી. પણ પિતાથી અપમાન કરાયેલાં સતીએ બહેનોના પૂછેલા કુશળ પ્રશ્નનો કે કુશળ પ્રશ્નને યોગ્ય કોઈ વાતચીતનો અથવા માતા અને માસીઓએ કરેલા આદર-સત્કારનો સ્વીકાર કર્યો નહિ. એટલું નહિ પણ તેઓએ આપેલા શ્રેષ્ઠ આસનને પણ લીધું નહિ. વળી તે યજ્ઞ શંકરના ભાગ વિનાનો હતો અને તેથી મહાસમર્થ દેવ શંકરનું પિતાએ અપમાન કર્યું હતું; તે જોઈને યજ્ઞસભામાં અનાદર કરાયેલાં તે અધીશ્વરી ક્રોધથી લોકોને જાણે બાળી નાખતાં હોય તેમ કોપી ઊઠ્યાં. તે દેવીએ દક્ષનો વધ કરવા તૈયાર થયેલા પોતાના ભૂતગણોને પોતાના તેજથી અટકાવી શિવના દ્વેષી અને કર્મમાર્ગના અભ્યાસથી ગર્વિષ્ઠ તે દક્ષને સર્વ જગતના સાંભળતાં ક્રોધના આવેશ વડે અસ્પષ્ટ બોલાતી વાણીથી ધિક્કારવા માંડયો.

**શ્રીસતીદેવી બોલ્યા :** આ જગતમાં જેમનાથી કોઈ ઉત્કૃષ્ટ નથી, જેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી અને જે પ્રાણીમાત્રના પ્રિય આત્મા છે, તે સર્વસ્વરૂપ અને વેરરહિત ભગવાન શંકર તરફ તમારા વિના બીજો ક્યો પુરુષ વિરુદ્ધ આચરણ કરે ? ઓ બ્રાહ્મણ ! તારા જેવા અદેખા પુરુષો બીજાઓના ગુણોમાં

કેવળ દોષો જ લે છે, ગુણો લેતા નથી; ત્યારે મધ્યસ્થ મહાપુરુષ પારકા ગુણામાં કેવળ દોષ લેતા નથી, પણ જેવા હોય તેવા ગુણો તથા દોષો બંને વિવેકપૂર્વક લે છે; અને જે ઉત્તમમહત્તર પુરુષો છે તેઓ બીજાઓના માત્ર ગુણો જ લે છે, દોષો લેતા નથી પરંતુ જે સર્વોત્કૃષ્ટ મહત્તમ પુરુષો છે તે તો દોષ લેતા નથી, એટલું જ નહિ, પણ બીજાઓના ઘણા ઓછા ગુણોને પણ ઘણા જ વિશેષ કરે છે આવા મહત્તમ પુરુષો ઉપર પણ તેં દોષારોપણ કર્યું છે. પરંતુ આ આશ્ચર્ય નથી કે જડ શરીરને આત્મા કહેનારા દુષ્ટો ઈર્ષ્યાથી મહાપુરુષોની સદા નિંદા કરે છે અને મહાપુરુષોની ચરણરજથી નિસ્તેજ થયેલા તેવા દુષ્ટોને મહાપુરુષોની નિંદા એ જ શોભાસ્પદ લાગે છે. જેમનું બે અક્ષરોવાળું ''શિવ' નામ પ્રસંગે કેવળ એક જ વખત વાણીથી ઉચ્ચાર્યું હોય, તે તત્કાળ મનુષ્યોનાં સર્વ પાપોનો વિનાશ કરે છે. આવા પવિત્ર કીર્તિવાળા અને જેમની આજ્ઞા કોઈનાથી ઓળંગાતી નથી એવા તે શિવનો, અહો ! આશ્ચર્ય છે કે તું અમંગળમૂર્તિ દ્વેષ કરે છે ! બ્રહ્મરસરૂપી પુષ્પરસની ઈચ્છાવાળા મહાપુરુષોના મનરૂપી ભમરા જેમના ચરણકમળ નિત્ય સેવે છે અને કામનાવાળા લોકોની સર્વ કામનાઓ જે પૂર્ણ કરે છે, તે જગતના બંધુ સદાશિવનો તું દ્વેષ કરે છે ! જે શંકર ભગવાન જટાઓ છૂટી મૂકી સ્મશાનમાં પિશાચોની સાથે રહે છે અને ત્યાંની માળાઓ, ભસ્મ તથા મનુષ્યની ખોપરીઓ ધારણ કરે છે, તે શિવનામધારી ભગવાન શંકરને તારા વિના બ્રહ્માદિ દેવ પણ અમંગળ સ્વરૂપ જાણતા નથી કેમ કે તેઓ ભગવાન શંકરના ચરણ ઉપરથી પડેલાં નિર્માલ્યને મસ્તક ઉપર ચડાવે છે. જ્યાં નિરંકુશ મનુષ્ય ધર્મરક્ષક ઈશ્વર શંકરની નિંદા કરતા હોય, તે વેળા તેઓને શિક્ષા કરવા પોતે અસમર્થ હોય તો બને કાન બંધ કરી ત્યાંથી ચાલ્યા જવું, પણ તેઓને શિક્ષા કરવા પોતે સમર્થ હોય તો નિંદા કરનારાઓની તે અમંગળ બોલતી જીભને બળાત્કારે કાપી નાખવી અને એટલું કર્યા પછી પણ પોતે પોતાના પ્રાણ તજવા જોઈએ, આ ધર્મ છે. માટે શંકરની નિંદા કરનાર તારા થકી ઉત્પન્ન થયેલા શરીરને હું ધારણ નહિ કરું પણ તજી દઈશ, કેમ કે અપવિત્ર અન્ન પ્રમાદથી કે ભૂલથી ખવાઈ ગયું હોય તો તેને ઓકી કાઢવું એ જ ખાનારની શુદ્ધિ કહી છે, એ જ તેનું પ્રાયશ્ચિત્ત છે. જે મહામુનિ કેવળ પોતાના આત્મામાં જ રમે છે તેની બુદ્ધિ વેદના વિધિનિષેધરૂપ વાદોને અનુસરતી નથી. જેમ દેવોની ગતિ આકાશમાં અને મનુષ્યોની ગતિ પૃથ્વી ઉપર જ હોય છે, (તેમ નિવૃત્તિમાર્ગે જનાર વેદાજ્ઞાઓથી દૂર થાય છે અને પ્રવૃત્તિમાર્ગે જનારો વેદાજ્ઞાઓને જ અનુસરે છે.) માટે પ્રવૃત્તિરૂપ કે નિવૃત્તિરૂપ સ્વધર્મમાં રહેલા પુરુષે બીજા ધર્મની કે બીજા પુરૂષની નિંદા કરવી નહિ. પ્રવૃત્તિમાર્ગનાં અગ્નિહોત્રાદિ કર્મો અને નિવૃત્તિ માર્ગનાં શમદમાદિ કર્મો-એ બન્ને સત્ય જ છે. કારણ કે વેદમાં (અધિકારી પરત્વે) રાગ તેમ જ વૈરાગ્યરૂપ ચિહ્નવાળાં એ બન્નેને જુદો જુદો વિભાગ કરી વ્યવસ્થા કરી છે. (જેમ કે રાગવાળો અધિકારી પ્રવૃત્તિકર્મ કરે અને વૈરાગ્યવાળો અધિકારી નિવૃત્તિકર્મ કરે.) પણ આ બન્ને કર્મ એકી સાથે એક જ પુરુષમાં વિરોધી છે અર્થાત્ એક જ પુરુષ એકી સાથે આ બન્ને માર્ગમાં કદી જઈ શકે નહિ. પરબ્રહ્મ સદાશિવ વિશે તો બન્ને કર્મ પ્રાપ્ત જ નથી. (પરમેશ્વરને વળી કર્મ શાં) ઓ પિતા ! અમે આશ્રય કરેલી અણિમાદિ સમૃદ્ધિઓરૂપી પદવી તમારા જેવાઓને કદી હોઈ શકે નહિ. તમારી પદવીઓ તો યજ્ઞશાળાઓમાં જ હોય. તેઓને યજ્ઞમાં અન્નથી તૃપ્ત થયેલાઓ જ કેવળ વખાણે છે અને કર્મમાર્ગીઓ જ ભોગવે છે, ત્યારે અમારી પદવીઓને અન્નથી તૃપ્ત થનારાં પ્રાણીઓ વખાણી શકતાં નથી. કેમ કે તે પદવીઓનાં કારણો અસ્પષ્ટ છે અને બ્રહ્મવેત્તા પુરુષો જ તેઓને સેવી શકે છે. તે શિવનો અપરાધ કર્યો છે, માટે તારાથી ઉત્પન્ન થયેલા મારા આ શરીરનો જન્મ નિંદ્ય છે અને તેથી

જ આ શરીરને હું તજીશ : કેમ કે દુર્જન એવા તારો મારા પિતા તરીકે સંબંધ રહે એથી મને શરમ આવે છે અને મોટા પુરુષોની નિંદા કરનારથી થયેલા (આ) જન્મને પણ ધિક્કાર છે ! ભગવાન શંકર 'હે દક્ષપુત્રી ! ' એમ વિનોદમાં પણ તમારું નામ લે છે, ત્યારે હું વિનોદ અને હાસ્ય બંનેથી રહિત થઈ મનમાં અત્યંત દુઃખી થાઉં છું. માટે તારા શરીરથી ઉત્પન્ન થયેલા આ મારા દેહને હું ત્યાગ જ કરીશ.'

**મૈત્રેય બોલ્યા :** હે શત્રુહંતા વિદુરજી ! એમ યજ્ઞની વચ્ચે દક્ષને કહી સતી બોલતાં બંધ થયાં અને પીળાં વસ્ત્રો પહેરી ઉત્તર દિશા તરફ મુખ કરી ત્યાં પૃથ્વી પર બેસી ગયાં. પછી જળનું આચમન લઈ નેત્રો બંધ કરી યોગમાર્ગમાં પ્રવેશ કર્યો. તે નિર્દોષ સતીએ આસનનો જય કરી પ્રાણ તથા અપાનને એકરૂપ કરી તે બન્નેને નાભિચક્રમાં સ્થાપ્યા. પછી ઉદાનવાયુને તેના સ્થાનમાંથી ઊંચો લઈ બુદ્ધિની સાથે હૃદયમાં સ્થાપી કંઠના માર્ગે બે ભ્રમરની વચ્ચે લીધો એમ મહાપુરુષોને પણ અતિપૂજ્ય ભગવાન શંકરે વારંવાર આદરથી ખોળામાં સ્થાપેલા તે શરીરને, દક્ષ પરના રોષથી તજવા ઈચ્છતાં મનસ્વિની સતીએ શરીરના અવયવોમાં વાયુ તથા અગ્નિની ધારણા કરી. તે વખતે જેમનાં પાપ નાશ પામ્યાં હતાં. એવાં સતી જગતના ગુરુ સ્વામી શ્રીશંકરનાં ચરણકમળના ભજનાનંદનું ચિંતન કરતાં (તે સિવાય) બીજી કોઈ વસ્તુને જોતાં ન હતાં. પછી તરત જ સમાધિથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે તેમનું શરીર બળી ગયું. તે આશ્ચર્યને આકાશમાં તથા પૃથ્વી પર જોનારાઓમાં મોટો હાહાકાર થયો કે અફસોસ ! દક્ષે કોપાવેલાં મહાદેવનાં પત્ની દેવી સતીએ પ્રાણ તજ્યા ! અહો ! સ્થાવરજંગમ જગત જેની પ્રજા છે એવા દક્ષની દુર્જનતા જુઓ ! વારંવાર માનને યોગ્ય છે, છતાં જેણે અપમાન કરેલાં તેમનાં પુત્રી મનસ્વિની સતીએ પ્રાણ તજ્યા છે. આ દક્ષ સહનશીલ હૃદયવાળો ન હોઈ બ્રહ્મનો દ્રોહી છે, તેથી લોકમાં મોટી અપકીર્તિ પામશે; કારણ કે શંકરના દ્વેષી તેણે પોતાના જ અપરાધથી મરવા તૈયાર થયેલી પોતાની પુત્રીને અટકાવી નથી. સતીના પ્રાણત્યાગનું તે અદ્ભુત દશ્ય જોઈ મનુષ્યો પરસ્પર એમ વાતચીત કરતાં હતાં; તેવામાં શંકરના સેવકો હથિયાર ઉગામી દક્ષનો વધ કરવા તૈયાર થયા. દક્ષ સામે આવતા તેઓનો વેગ જોઈ ભગવાન ભૃગુએ યજ્ઞનો નાશ, કરનારાઓનો નાશ કરનારા યજુર્વેદના મંત્રથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો, અધ્વર્યુ ભૃગુએ એ પ્રમાણે હોમ કર્યો એટલે (આહુતિ દ્વારા) હજારો ઋભુ નામના દેવો એકદમ ઉત્પન્ન થયા, જેઓ તપથી ચંદ્રલોક પામ્યા હતા. તેઓએ બ્રહ્મતેજથી ઝળહળતાં ઊંબાડિયાં રૂપી હથિયાર લઈ મહાદેવના સંર્વ પ્રમથગણોને યક્ષે સહિત મારવા માંડયા જેથી તેઓ દિશાઓમાં નાસી ગયા. ૧-૩૪

तैरलातायुधैः सर्वे प्रमथाः सहगुह्यकाः हन्यमाना दिशो भेजुरुशद्भिर्ब्रह्मतेजसा ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## ભગવાન શંકરનો ક્રોધ અને વીરભદ્ર દ્વારા દક્ષનો નાશ

॥ मैत्रेय उवाच ॥

भवो भवान्या निघनं प्रजापतेरसत्कृताया अवगम्य नारदात् ।

स्वपार्षदसैन्य च तदध्वरैर्भुमिर्विद्रावितं क्रोधमपारमादधे ॥१॥

**મૈત્રેય બોલ્યા :** શંકરે નારદ પાસેથી દક્ષે અપમાન કરેલાં ભવાનીનો નાશ તથા પોતાના પાર્ષદ સૈન્યને તેના યજ્ઞના ઋભુ દેવોએ નસાડેલું જાણી અપાર ક્રોધ ધારણ કર્યો. તે ધૂર્જટિ—રૂદ્રે ક્રોધમાં આવી

હોઠ પીસ્યા અને વીજળી તથા અગ્નિની જ્વાળાઓ પેઠે ચમકતી જટાને છૂટી કરી એકાએક ઊભા થઈ ગંભીર શબ્દ અને અટ્ટહાસ્ય કરી તે જટાને પૃથ્વી ઉપર પછાડી. એટલે તરત જ તેમાંથી ઘણા મોટા શરીરવાળો એક પુરુષ ઉત્પન્ન થયો. તે શરીરથી આકાશને સ્પર્શ કરતો, હજાર હાથવાળો, મેઘ સમાન શ્યામ રંગનો, ત્રણ સૂર્ય જેવાં નેત્રોવાળો, ઊંચી દાઢોવાળો અને બળતા અગ્નિ જેવા કેશવાળો હતો. તેણે ખોપરીઓની માળા પહેરી હતી અને જાતજાતનાં હથિયારો ઉગામ્યાં હતાં. બે હાથ જોડી 'હું શું કરું ?' એમ કહેતાં તેને ભગવાન ભૂતપતિએ કહ્યું: 'ઓ યુદ્ધકુશળ રૂદ્ર ! તું મારા યોદ્ધાઓનો નેતા થઈ દક્ષનો તથા તેના યજ્ઞનો નાશ કર. તું મારો અંશ છે.' કોપેલા શંકરે એમ આજ્ઞા કરેલા તેણે દેવોના દેવ પ્રભુ શંકરને પ્રદક્ષિણા કરી અને પછી હે તાત ! અસ્ખલિત વેગને લીધે મહાબળવાન પુરુષોના બળને પણ સહન કરવા પોતાને સમર્થ માનવા લાગ્યો. મોટી ગર્જનાઓ કરતાં શંકરના પાર્ષદોથી અનુસરાયેલા તેણે મહાભયંકર ગર્જના કરી અને પછી જગતના મૃત્યુનો પણ નાશ કરનારું ત્રિશૂળ ઉગામી ઝાંઝરથી ઝણકાર કરતા પગે (દક્ષના યજ્ઞ તરફ) તે ધસી ગયો. બીજી બાજુ દક્ષના યજ્ઞમાં ઋત્વિજો, યજમાન દક્ષ, સભાસદો, બ્રાહ્મણો અને બ્રાહ્મણપત્નીઓ ઉત્તરદિશામાં ધૂળ જોઈ વિચારવા લાગ્યાં : "આ શો અંધકાર છે ! આ ધૂળ કયાંથી ઊડી ? વાયરો તો વાતો નથી, ચોર લોકો પણ હાલ છે નહિ; કેમ કે ઉગ્ર શિક્ષા કરનારા પ્રાચીનબર્હિષ રાજા જીવે છે. વળી ગાયો પણ હાંકી જવાતી જણાતી નથી, છતાં આ ધૂળ ક્યાંથી? હમણાં જગતનો શું વિનાશ થવા બેઠો છે ? દક્ષની પત્ની પ્રસૂતિ જેમાં મુખ્ય હતી તે બધી સ્ત્રીઓ મનમાં ઉદ્વેગ પામી (પરસ્પર) કહેવા લાગી ? દક્ષના પાપનું જ આ પરિણામ છે, કેમ કે પ્રજાપતિ દક્ષે પુત્રીઓના દેખતાં નિરપરાધી પુત્રી સતીનું અપમાન કર્યું છે. જે પ્રલયકાળે જટાજૂટ છૂટો મૂકી, પોતાના ત્રિશૂળની અણી ઉપર દિશાઓના હાથીઓને પરોવી, ઊંચે ગયેલાં અસ્રોવાળા બાહુઓરૂપી ધજાઓ પહોળી કરી હર્ષથી નાચે છે, તે વેળા કઠોર હાસ્યની મોટી ગર્જનાઓ કરી સર્વ દિશાઓને ચીરી નાખે છે, તે અસહ્ય તેજવાળા, ક્રોધથી વ્યાપ્ત, ચડેલી ભમ્મરને લીધે અત્યંત દુઃસહ અને વિકરાળ દાઢો વડે નક્ષત્રમંડળને અસ્તવ્યસ્ત કરતા ભગવાન શંકરને કોપાવનાર વિધાતા પોતે હોય તો પણ શું તેનું કલ્યાણ થાય ? નહિ જ. એમ વ્યાકુળ દૃષ્ટિવાળા લોકો અનેક પ્રકારે કહેતા હતા. તેવામાં મહાત્મા દક્ષને પણ વારંવાર ભય ઉપજાવતા મોટા હજારો ઉત્પાતો આકાશમાં અને પૃથ્વી પર ચારે બાજુ થવા લાગ્યા. તેટલામાં હે વિદુરજી ! ચોતરફથી ધસી આવેલા રુદ્રના અનુચરોએ તે મોટો યજ્ઞ ઘેરી લીધો. તેઓ જાતજાતનાં હથિયાર ધારણ કરનારા, શરીરે ઠીંગણા, ઉગામેલાં હથિયારોવાળા, રંગે કેટલાક પીંગળા ને કેટલાક પીળા અને તેઓનાં પેટ તથા મોઢાં મગરમચ્છો જેવાં હતાં. કેટલાકે યજ્ઞશાળાના પ્રાગ્વંશને ભાંગ્યો, કેટલાકે યજ્ઞશાળાથી પશ્ચિમમાં આવેલી પત્નીશાળા તોડી, કેટલાકે યજ્ઞશાળાની સામેનાં સભામંડપને ભાંગ્યો, કેટલાકે સભાગૃહ આગળ રહેલી હવિર્ધાનની ઉત્તરે આગ્નીધ્રશાળા તોડી પાડી અને કેટલાકે પાકશાળા તથા ભોજનશાળાને પણ ભાંગી નાખી. વળી કેટલાકે યજ્ઞપાત્રો ભાગ્યાં, કેટલાકે અગ્નિઓનો નાશ કર્યો, કેટલાક યજ્ઞકુંડોમાં મૂતર્યા, કેટલાકે વેદિકાની મેખલાઓ તોડી પાડી, કેટલાકે મુનિઓને બાંધ્યા, કેટલાકે સ્ત્રીઓને ધુતકારી કાઢી અને કેટલાકે પાસે થઈ નાસતા દેવોને પકડયા. મણિમાને ભૃગુને, વીરભદ્રે દક્ષને, અને ચંડીશે પૂષાદેવને અને નંદીશ્વરે ભગદેવને પકડયા. વળી તે પાર્ષદો પથ્થરો લઈ મારવા લાગ્યા, તે જોઈ બધા ઋત્વિજો અને સભાસદો દેવોની સાથે ચોતરફ નાસવા લાગ્યા. ભગવાન વીરભદ્રે હાથમાં સૂવો લઈ હોમ કરતા ભૃગુની દાઢી-મૂછ ઉખાડી કાઢી; કારણ કે તે દાઢી-મૂછ દેખાડી તે વેળા હસ્યા હતા.

ભગવાન વીરભદ્રે પૃથ્વી ઉપર પડેલા ભગદેવનાં બન્ને નેત્રો ક્રોધથી ખેંચી કાઢ્યાં; કેમ કે તેણે શંકરને શાપ આપતા દક્ષને સભામાં રહી આંખ વડે સૂચના કરી હતી. જેમ બળદેવે કલિંગ દેશના રાજાના દાંત પાડી નાખ્યા હતા, તેમ વીરભદ્રે પૂષાદેવના દાંત પાડી નાખ્યા; કેમ કે દક્ષ શંકરની નિંદા કરતો હતો ત્યારે તે દાંત દેખાડી હસ્યો હતો. પછી ત્રણ નેત્રવાળા વીરભદ્ર દક્ષને છાતીમાં દબાવી તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રથી તેનું મસ્તક કાપવા મંડયા પણ કાપી શક્યા નહિ. અસ્ત્રો સહિત અનેક શસ્ત્રો વડે પણ તેની ચામડી કપાઈ નહિ, તેથી અત્યંત આશ્ચર્ય પામી પશુપતિ વીરભદ્ર લાંબા વખત સુધી વિચાર કરવા લાગ્યા. પછી તે પશુપતિએ યજ્ઞમાં પશુઓને કંઠ દાબી મારવાનો ઉપાય જોઈ, યજમાન દક્ષરૂપી પશુના મસ્તકને પણ એ ઉપાયે શરીર ઉપરથી દૂર કર્યું. તે સમયે તેમના એ કર્મની પ્રશંસા કરતા ભૂત, પ્રેત, પિશાચોના 'બહુ સારું થયું ? ' વગેરે શબ્દો થયા અને બીજાઓનાં તેથી વિપરીત શબ્દો થયા. પછી ક્રોધાયમાન થયેલા વીરભદ્રે દક્ષના મસ્તકને ત્યાં દક્ષિણાગ્નિમાં હોમી દીધું અને તે યજ્ઞસ્થાન બાળી નાખી કૈલાસ તરફ ચાલી નીકળ્યા. ૧-૨૬

जुहावैतच्छिरस्तस्मिन् दक्षिणाग्नावमर्षितः । तद्देवयजनं दग्ध्वा प्रातिष्ठद् गुह्यकालयम् ॥२६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## દક્ષ આદિના જીવન માટે બ્રહ્માની શંકરને પ્રાર્થના

**॥ मैत्रेय उवाच ॥**

अथ देवगणाः सर्वे रुद्रानीकैः पराजिताः । शूलपट्टिशनिस्त्रिंशगदापरिघमुद्गरैः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એ પ્રમાણે શંકરનાં સૈન્યએ સર્વ દેવોનો પરાજય કર્યો અને ત્રિશૂળ, પટ્ટિશ, તલવાર, ગદા, પરિઘ, મુદ્ગર વગેરે સર્વ શસ્ત્રોથી જેઓનાં સર્વ અંગો છિન્નભિન્ન થયાં હતાં એવા ઋત્વિજો અને સભાસદો સાથે ભયભીત થયેલા દેવગણો બ્રહ્મા પાસે ગયા ને પ્રણામ કરી તેમને આ સઘળી વાત જણાવી. ભગવાન બ્રહ્માએ અને વિશ્વાત્મા નારાયણે આ સર્વ વૃત્તાંત પ્રથમથી જાણ્યો હતો. તેથી તેઓ બંને દક્ષના યજ્ઞમાં ગયા નહોતા. બ્રહ્માએ દેવોનાં વચન સાંભળી કહ્યું: 'મહાતેજસ્વી પુરુષે અપરાધ કર્યો હોય, તો પણ તેની સામે અપરાધ કરવા ઈચ્છનારાઓનું કદી કલ્યાણ થતું નથી એવી લોક કહેવત છે. તમે શંકરનો અપરાધ કર્યો છે અને યજ્ઞભાગના ભોક્તા તે ભગવાનને યજ્ઞમાં ભાગ ન આપી અપમાન કર્યું છે, તો પણ તમે તેમનાં ચરણકમળ ગ્રહણ કરી જલદી પ્રસન્ન થનારા તે ભગવાનને શુદ્ધ હૃદયથી પ્રસન્ન કરો. તમે યજ્ઞના જીવનને ઈચ્છતા હો અર્થાત્ તમારે અપૂર્ણ રહેલા યજ્ઞને પૂર્ણ જ કરવો હોય, તો જે કોપાયમાન થતાં લોકપાલો સહિત સમગ્ર જગતનો નાશ થાય છે, તે દેવ શંકરની સત્વર ક્ષમા માગો, જે હમણાં પ્રિયાથી રહિત થયા છે અને તમારાં દુષ્ટ વાક્યથી હૃદયમાં વીંધાયા છે. હું, આ યજ્ઞ (નામનો ઈન્દ્ર), તમે, બીજાં પ્રાણીઓ તથા મુનિઓ પણ સર્વદા સ્વતંત્ર જે ભગવાનના તત્ત્વને તથા બળ અને વીર્યના માપને જાણતા નથી તેમની સામે ક્યો પુરુષ ઉપાય કરી શકે ? '' દેવોને એમ કહી બ્રહ્મા દેવો, પિતૃઓ ને પ્રજાપતિઓની સાથે પોતાના સ્થાનેથી પર્વતોમાં શ્રેષ્ઠ કૈલાસ તરફ ગયા, જે પર્વત ભગવાન શંકરનું પ્રિય નિવાસસ્થાન છે. જન્મ, ઔષધિ, તપ, મંત્ર અને યોગ એમ પાંચ પ્રકારે સિદ્ધ થયેલા મનુષ્ય સિવાયના સિદ્ધ પુરુષોથી સેવાયેલો છે. કિન્નરો, ગંધર્વો તથા અપ્સરાઓથી સદા વીંટાયેલો છે. અનેક ધાતુઓથી,

રંગબેરંગી એવાં અનેક મણિમય શિખરોથી, જાતજાતનાં વૃક્ષો, લતાઓ તથા છોડવાથી, અનેક નિર્મળ પાણીનાં ઝરણાં તથા ગુફાઓ અને ટેકરીઓથી, જે પર્વત પતિઓ સાથે ક્રીડા કરતી સિદ્ધજાતિની સ્ત્રીઓને અત્યંત આનંદદાયક, મયુરોની કેકાવાણીથી ગાજતો, મદાંધ ભમરાઓના ગુંજારવથી વ્યાપ્ત, કોયલોના પ્લુત સ્વરોથી અને બીજા પક્ષીઓના કિલકિલાટથી ગાજી રહ્યો છે. વળી જે સર્વ કામનાઓ પૂર્ણ કરનારાં વૃક્ષોરૂપી ઊંચા કરેલા હાથે પક્ષીઓને જાણે બોલાવતો હોય, આસપાસ ચાલતા હાથીઓથી જાણે ચાલતો હોય અને ઝરણાંના ખળભળાટથી જાણે બોલતો હોય તેવો જણાય છે. મંદાર, પારિજાત, દેવદાર, તમાલ, સાગ, તાડ, કોવિદાર, અસન, આંજણિયા, આંબા, કદંબ, જાઈ, નાગકેસર, પુન્નાગ, ચંપા, ગુલાબ, આસોપાલવ, બોરસલ્લી, મેગરો, તિલકવૃક્ષ, સોનેરી રંગનાં કમળો, ઉત્તમ એલચી, જૂઈ, કુબ્જક, મલ્લિકા તથા માધ્વી વગેરે ફૂલઝાડોથી સુશોભિત છે. ફણસ, ઉંબરા, પીપળા, ખાખરા, વડ, હિંગ, ભોજપત્ર, સર્વ ઔષધિએ, સોપારી, રાજસોપારી, જાંબુ, ખજૂર, અંભેડાં, જાતજાતના આંબા, પ્રિયાલ, મહુડાં, ઇંગોરિયાં, વાંસ, પોલા વાંસ અને બીજાં વૃક્ષોની જાતિથી શોભી રહ્યો છે. વળી કુમુદ, ઉત્પલ, કલ્હાર તથા શતપત્ર નામનાં જાતજાતનાં કમળોવાળી વનની સમૃદ્ધિને લીધે સરોવરમાં આવી મધુર શબ્દ કરતાં પક્ષીઓનાં ટોળાંથી શોભે છે. મુગો, વાનર, ભૂંડ, સિંહ, રીંછ, શેઢા, રોઝ, અષ્ટાપદ, વાઘ, રુરુમૃગ, પાડા, કર્ણાંત્ર, એકપદ, ઘોડા જેવાં મુખવાળાં પ્રાણીઓ, વરુઓ તથા કસ્તૂરીમૃગોથી સેવાયેલો છે. કેળનાં વનોથી ઢંકાયેલાં જળાશયોના કિનારાઓની જ્યાં શોભા છે અને સતીદેવીના નાહવાથી અત્યંત પવિત્ર થયેલા પાણીવાળી ગંગાનદી વહે છે. આવા શંકરના કૈલાસપર્વતને જોઈ દેવો વિસ્મય પામ્યા. તેઓએ ત્યાં સુંદર અલકા નામની નગરી જોઈ અને સુગંધવાળાં કમળો જેમાં ઉત્પન્ન થાય છે તે 'સૌ ગંધિક' વન જોયું. એ નગરીના બાહ્ય પ્રદેશમાં નંદા તથા અલકનંદા નામની બે નદીઓ વહે છે, જે શ્રીહરિના ચરણકમળની રજથી અત્યંત પવિત્ર છે. હે વિદુરજી ! પોતાના વિમાનોમાંથી ઊતરી એ બંને નદીઓમાં પ્રવેશ કરી, રતિક્રીડાથી કૃશ થયેલી દેવાંગનાઓ પુરુષોને પાણી છાંટતી જળક્રીડા કરે છે. તેઓના સ્નાનથી ધોવાઈ ગયેલા (શરીર પરના) તાજા કેસરથી એ બંને નદીઓનું જળ પીળું હોય છે અને હાથીઓ તરસ્યા ન હોય તો પણ તે પાણી પીએ છે ને હાથણીઓને પાય છે. એ નગરી વીજળીવાળા મેઘયુક્ત આકાશની પેઠે રૂપાનાં, સોનાનાં તથા ઉત્તમ રત્નોનાં સેંકડો વિમાનોથી વ્યાપ્ત છે અને યક્ષની સ્ત્રીઓથી સેવાયેલી છે. કુબેરની એ નગરી છોડી દેવોએ સૌગંધિક વન જોયું, જે રંગબેરંગી પુષ્પો, ફળ તથા પાંદડાંવાળાં અને સર્વ મનોરથોને પૂર્ણ કરનારાં વૃક્ષોથી મનોહર હોઈ, કોયલ પક્ષીઓના સ્વરથી સુશોભિત, ભમરાઓના ગુંજારવથી ગાજતું, કલહંસોનાં ટોળાંઓને અતિશય પ્રિય, કમળોવાળાં જળાશયવાળું અને વનના હાથીઓએ ઘસેલાં ચંદનવૃક્ષોના સુગંધી વાયુથી યક્ષોની સ્ત્રીઓનાં મનને વારંવાર અત્યંત કામવિહ્વળ કરે છે. વળી ત્યાં વૈદૂર્યમણિના પગથિયાંવાળી તથા કમળોથી ભરપૂર વાવો છે. પછી દેવોએ પાસે એક વડ જોયો. તે સો યોજન ઊંચો, સર્વ તરફ પંચોતેર યોજન વિસ્તારવાળી શાખાઓથી પહોળો અને બધી બાજુ અચળ છાયાવાળો છે. તેમાં કોઈ પક્ષીનો માળો નથી અને તાપથી તે રહિત છે. મહાયોગમય અને મુમુક્ષુઓના શરણરૂપ તે વડ નીચે ક્રોધનો ત્યાગ કરી બેઠેલા કાળ તુલ્ય ભગવાન શંકરનાં દેવોએ દર્શન કર્યા. એ ભગવાન શાંતમૂર્તિ હતા અને મહાસિદ્ધ સનકાદિ શાંત પુરુષો વડે તથા યક્ષો અને રાક્ષસોના સ્વામી મિત્ર કુબેર વડે સેવાતા હતા. તે અધીશ્વરે ઉપાસના, ચિત્તની એકાગ્રતા તથા સમાધિરૂપ યોગમાર્ગ

જગતમાં ચાલુ કરી પોતે પણ તેનો આશ્રય કર્યો હતો અને જગતના મિત્ર હોઈ પ્રેમભાવને લીધે લોકોનું હિત કરતા હતા. તેમણે સંધ્યાકાળના વાદળ જેવી કાંતિવાળા શરીર પર તાપસોને પ્રિય એવાં ભસ્મ, દંડ, જટા તથા મૃગચર્મરૂપ ચિહ્ન અને ચંદ્રની કળા ધારણ કર્યા હતાં. દર્ભના આસન ઉપર બેસી ને ભગવાન પ્રશ્ન કરતા નારદને સત્પુરુષોના સાંભળતાં સનાતન બ્રહ્મનો ઉપદેશ કરતા હતા. જમણી સાથળ પર ડાબા ચરણકમળને સ્થાપી, ડાબા ઢીંચણ પર હાથ મૂકી, જમણા હાથના કાંડામાં રુદ્રાક્ષની માળા ધારણ કરી, જમણે હાથે તર્કમુદ્રા કરી તે બેઠા હતા. પછી લોકપાલો સહિત મુનિઓએ બ્રહ્માનંદમાં ચિત્તની એકાગ્રતાવાળા (ડાબા ઢીંચણને દૃઢ કરવા માટે) યોગપટ્ટ પાવડીનો વિશેષ કરી આશ્રય કરતા અને મનનશીલ યોગી પુરુષોમાં મુખ્ય ભગવાન શંકરને બે હાથ જોડી પ્રણામ કર્યા. દેવો તથા અસુરોના રાજાઓ જેમના ચરણને વંદન કરે છે, એવા તે શંકર ભગવાન બ્રહ્માને ત્યાં આવેલા જોઈ ઊભા થયા અને વામનાવતાર વિષ્ણુ જેમ કશ્યપને વંદે તેમ મસ્તક વડે તેમને વંદન કર્યું વળી શંકરના અનુયાયી બીજા સિદ્ધગણોએ તથા મહર્ષિઓએ પણ બ્રહ્મદેવને પ્રણામ કર્યા, એટલે હસતા હોય તેમ બ્રહ્મા સર્વથી નમસ્કાર કરાયેલા ચંદ્રશેખર શંકરને કહેવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** જગતના ઈશ્વર આપને હું જાણું છું. કેમ કે આપ જગતના ઉત્પત્તિકારણ પ્રકૃતિ તથા પુરુષનું કારણ છતાં નિર્વિકાર જે બ્રહ્મ છે તે રૂપ જ છો. હે ભગવન્ ! આપ જ સદા એક સ્વરૂપ જણાતાં પ્રકૃતિ-પુરુષ વિષે ક્રીડા કરો છો, કરોળિયાની પેઠે જગતને સર્જો છો, પાળો છો અને સંહારો છો. આપે જ ધર્મ તથા અર્થને આપનારા વેદોનું રક્ષણ કરવા દક્ષના નિમિત્તે યજ્ઞ કરાવ્યો અને આપે જ લોકમાં વર્ણો તથા મર્યાદાઓ બાંધી છે, જેને વ્રતધારી બ્રાહ્મણો શ્રદ્ધાથી પાળે છે. હે મંગળસ્વરૂપ દેવ ! આપ જ શુભ કર્મ કરનારને સ્વર્ગ તથા મોક્ષ આપો છો અને અશુભ કર્મ કરનારને ભયંકર નરક આપો છો છતાં તેમાં કોઈક પુરુષને કયા કારણે વિપરીત ફળ પ્રાપ્ત થાય છે ? આપનો ક્રોધ જેવો અજ્ઞાનીને હેરાન કરે છે, તે આપના ચરણમાં આત્મસમર્પણ કરનારા, સર્વ પ્રાણીઓમાં આપને જોતા અને પોતાના આત્મામાં પ્રાણીઓને એકરૂપ જોતા સત્પુરુષને ઘણું કરી હેરાન કરતો જ નથી. જેઓ ભેદબુદ્ધિવાળા, કર્મમાં જ દૃષ્ટિ રાખનારા, દુષ્ટ હૃદયવાળા બીજાના અભ્યુદયથી નિરંતર હૃદયમાં પીડાતા અને તેથી જ બીજાઓનાં મર્મસ્થાનને પીડનારા હોય છે. તેઓ દુષ્ટ વાક્યોથી બીજાઓને પીડે છે અને દૈવથી જ હણાયેલા હોય છે; તેઓને આપ જેવાએ હણવા ન જોઈએ. જે દેશ કાળમાં વિષ્ણુ ભગવાનની દુરત માયાથી મોહિત મનવાળા ભેદદર્શી પુરુષો પુરુષનો અપરાધ કરે છે, ત્યારે તે સત્પુરુષો તો પારકું દુઃખ સહન ન કરનાર પોતાના હૃદયની દયાથી તેઓ પર કૃપા જ કરે છે, પણ દૈવબળથી કરાયેલા તેના અપરાધ સામે પરાક્રમ કરતા નથી. હે પ્રભો ! આપ તો પરમ પુરુષ પરમાત્માની અપાર માયાથી ન સ્પર્શેલી બુદ્ધિવાળા હોઈ સમસ્તના દ્રષ્ટા (સર્વજ્ઞ) છો, તો ભગવાનની એ માયાથી જેઓનાં મન મોહ પામ્યાં હોય અને તેથી જ જેઓનાં મન કેવળ કર્મોને જ અનુસરતાં હોય, તેવા પુરુષો પર (આવો અપરાધ થાય ત્યારે) આપ કૃપા કરવા યોગ્ય છે. માટે હે મનુદેવ ! આવા નાશ કરેલા અને તેથી જ અધૂરા રહેલા પ્રજાપતિ દક્ષના યજ્ઞનો આપ ઉદ્ધાર કરો. જે યજ્ઞમાં આપ યજ્ઞભાગને યોગ્ય છો છતાં અને યજ્ઞનું ફળ આપને લીધે જ પમાય છે છતાં દુષ્ટ યાજ્ઞિકોએ આપને યજ્ઞભાગ આપ્યો નહોતો. યજમાન દક્ષ સજીવન થાઓ, ભગદેવ નેત્ર પામો, ભૃગુને દાઢીમૂછ ઊગો અને પૂષાદેવનાં દાંત પ્રથમ જેવા થાઓ. હે મન્યુદેવ ! જે દેવનાં તથા

બ્રાહ્મણોનાં શરીરો આયુધો અને પથ્થરોથી ભાંગી ગયાં છે, તેઓ પર આપ કૃપા કરો અને તેઓ આરોગ્યવાન થાઓ. હે યજ્ઞહંતા રુદ્રદેવ ! હરકોઈ યજ્ઞમાં જે કંઈ બાકી રહે, તે આપનો ભાગ થાઓ અને તે આપના ભાગથી આજે (અપૂર્ણ) યજ્ઞ પૂર્ણ થાઓ.' ૧-૫૩

एष ते रुद्रभागोऽस्तु यदुच्छिष्टोऽध्वरस्य वै । यज्ञस्ते रुद्रभागेन कल्पतामद्य यज्ञहन् ॥५३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## મહાદેવની કૃપાથી દક્ષનુ જીવન અને યજ્ઞનો પુનરુદ્ધાર

॥ मैत्रेय उवाच ॥

इत्यजेनानुनीतेन भवेन परितुष्यता । अभ्यधायि महाबाहो प्रहस्य श्रूयतामिति ॥१॥

**મૈત્રેય બોલ્યા :** હે મહાબાહુ વિદુર ! બ્રહ્માએ એમ પ્રાર્થના કરી એટલે પ્રસન્ન થયેલા શંકરે હસીને કહ્યું કે, સાંભળો.

**શ્રીમહાદેવ બોલ્યા :** હે પ્રજાપતિ બ્રહ્મા ! પરમાત્માની માયાથી મોહિત થયેલા અજ્ઞાનીઓના અપરાધને હું વર્ણવતો નથી કે માનતો નથી. માત્ર (ધર્મમર્યાદાના રક્ષણ માટે) મે શિક્ષા કરી છે. પ્રજાપતિ દક્ષનું મસ્તક બળી ગયું છે, માટે તેને બકરાનું મસ્તક થાઓ, ભગદેવ પોતાના યજ્ઞભાગને મિત્રદેવનાં નેત્રથી જુઓ, લોટ ખાનાર પૂષાદેવ યજમાનના દાંત વડે ખાઓ અને જેઓએ મને યજ્ઞનો અવશેષ (ભાગ) આપ્યો છે, તે દેવોનાં સર્વ અંગો સારી પેઠે સંધાઈ જાઓ. જેઓનાં અંગો નાશ પામ્યાં છે તે અધ્વર્યુઓ અને બીજા ઋત્વિજો બે અશ્વિનીકુમારોના બાહુઓથી બાહુઓવાળા અને પૂષાદેવના બે હાથથી હાથવાળા થાઓ; તેમ જ ભૃગુઋષિ બોકડાની દાઢી-મૂછવાળા થાઓ.

**મૈત્રેય બોલ્યા :** હે વિદુર ! ભગવાન શંકરનાં એ વચન સાંભળી સંતોષ પામેલા મનવાળાં સર્વ પ્રાણીઓ 'સારું થયું ! ' 'સારું થયું' એમ કહેવા લાગ્યાં. પછી શંકર ભગવાનને પણ યજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપી દેવતાઓ, ઋષિઓ શંકર અને બ્રહ્માની સાથે ફરી તે યજ્ઞસ્થાનમાં ગયા. ત્યાં ભગવાન શંકરે જેમ કહ્યું હતું તે જ પ્રમાણે બધું કરી દક્ષના શરીર સાથે યજ્ઞપશુનું મસ્તક સાંધી દીધું. એમ મસ્તક સાંધ્યું અને શંકરે સામે જોયું એટલે દક્ષ જાણે નિદ્રામાંથી ઊઠો હોય તેમ ઊભો થયો અને તેણે શંકરનાં દર્શન કર્યા. પ્રથમ શંકર ઉપરના દ્વેષથી જેનું મન મેલું હતું તે પ્રજાપતિ દક્ષ તે સમયે શંકરનાં દર્શનને લીધે શરદઋતુના ધરાની પેઠે નિર્મળ થયો. તેણે શંકરની સ્તુતિ કરવા વિચાર કર્યો, પણ મરણ પામેલી પુત્રી યાદ આવતાં પ્રેમ ને આતુરતાથી આંસુ આવતાં તે સ્તુતિ કરી શક્યો નહિ. પછી મહાકષ્ટથી મન સ્થિર કરી પ્રેમવિહ્વળ થયેલો તે સુબુદ્ધિ દક્ષ નિષ્કપટભાવે શંકરની સ્તુતિ કરવા લાગ્યો.

**દક્ષ બોલ્યો :** હે ભગવન્ ! જોકે મેં આપનું અપમાન કર્યું છતાં આપે તો મારા પ્રત્યે અવજ્ઞા ન કરતાં મને જે શિક્ષા કરી છે, તે મારા ઉપર મોટી કૃપા જ કરી છે, કેમ કે આપને તથા શ્રીહરિ ભગવાનને તો હલકટ બ્રાહ્મણો તરફ પણ અવજ્ઞા હોતી નથી, તો વ્રતધારી ઉત્તમ બ્રાહ્મણો તરફ અવજ્ઞા કેમ જ હોય ? આપે બ્રહ્મારૂપ થઈ આત્મતત્ત્વની રક્ષા કરવા મુખમાંથી વિદ્યા, તપ અને વ્રતો ધારણ કરનારા બ્રાહ્મણોને પ્રથમ સજર્યા છે. હે ઉત્કૃષ્ટ પ્રભુ ! તે બ્રાહ્મણોની, જેમ ગોવાળ હાથમાં લાકડી લઈ પશુઓની રક્ષા કરે છે, તેમ દંડ ધારણ કરી આપ સર્વ વિપત્તિઓમાં રક્ષા કરો છો. જેણે તત્ત્વવસ્તુ જાણી નથી એવા

મેં સભાની વચ્ચે આપનું અપમાન કરી દુષ્ટ વાક્યરૂપી બાણોથી આપને પ્રહાર કર્યો, છતાં તે ભૂલી જઈ આપે તો મહાપુરુષની નિંદાથી નરકમાં પડતા મારા પર કૃપાદષ્ટિ કરી મારું રક્ષણ કર્યું છે, તે આપ ભગવાન આપના પોતાના જ કર્મથી પ્રસન્ન થાઓ.

**મૈત્રેય બોલ્યા :** એમ શંકર ભગવાનની ક્ષમા માગી દક્ષે બ્રહ્માની આજ્ઞાથી ઉપાધ્યાય, ઋત્વિજો અને અગ્નિઓ દ્વારા યજ્ઞકર્મ ચાલુ કર્યું અને ઉત્તમ બ્રાહ્મણોએ મહાદેવના અનુચરોનો સ્પર્શદોષ દૂર કરવા અને યજ્ઞની પ્રવૃત્તિ માટે ત્રણ ઠીકરીઓ પર પકવેલો અને વિષ્ણુ જેના દેવ છે, એવો પુરોડાશ અગ્નિમાં હોમ્યો. પછી હે વિદુરજી ! હાથમાં હવિષ લેનાર અધ્વર્યુ સાથે યજમાન દક્ષે શુદ્ધ બુદ્ધિથી શ્રીહરિનું ધ્યાન કર્યું કે તરત શ્રીહરિ ત્યાં પ્રકટ થયા. દસે દિશાઓને પ્રકાશમાન કરતી પોતાની કાંતિ વડે સર્વનું તેજ હરતા તે ભગવાન સામવેદને ગાતા પાંખોવાળા ગરૂડ ઉપર બેસી ત્યાં પધાર્યા. તે શરીરે શ્યામ, સુવર્ણની પેઠે ચળતાં વસ્ત્રોવાળા, સૂર્ય સમાન ઝળકતો મુકુટ પહેરનારા અને શ્યામ કેશરૂપી ભમરાઓથી સુશોભિત હોઈ કુંડળોથી યુક્ત મુખવાળા હતા. ભકતોની રક્ષા કરવામાં વ્યગ્ર એવી તેમની સોનેરી ભુજાઓ શંખ, કમળ, ચક્ર, બાણ, ધનુષ, ગદા, તલવાર અને ઢાલ-એ હથિયારો ધારણ કરતી હતી, તેથી પુષ્પોથી ભરપૂર એવાં કાંચનાર વૃક્ષ જેવા તે શોભતા હતા. તેમના વક્ષઃસ્થળમાં લક્ષ્મીદેવી વિરાજ્યાં હતાં. તેમણે વનમાળા ધારણ કરી હતી, ઉદાર મંદ હાસ્ય અને જરાક દષ્ટિપાતથી જગતને તે આનંદ પમાડતા હતા. તેમની બંને બાજુએ વીંજણાઓ ને ચામરોરૂપી રાજહંસો ભમતા હતા અને ઉપરના ભાગમાં શ્વેત છત્રરૂપી ચંદ્રથી તે અતિશય શોભતા હતા. આવા વિષ્ણુ ભગવાનને ત્યાં પધારેલા જોઈ બ્રહ્મા, ઈન્દ્ર ને શંકર વગેરે સર્વ દેવગણોએ તથા બીજાઓએ એકદમ ઊભા થઈ તેમને પ્રણામ કર્યા. તેઓ એમના તેજથી નિસ્તેજ થયા, તેમની જીભ ગળગળી થઈ અને તેઓનાં મન એમના પ્રભાવથી ક્ષોભ પામ્યાં. પછી તેઓ મસ્તક પર બે હાથ જોડી તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. જોકે તેઓની વૃત્તિ ભગવાનના મહિમાને સંપૂર્ણ જાણતી ન હતી, તોપણ ભકતો ઉપર કૃપા કરવા શરીર પ્રકટ કરનારા તે ભગવાનની તેઓ પોતાની બુદ્ધિ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. પ્રથમ દક્ષ ઉત્તમ પાત્રમાં સર્વ પૂજાસાહિત્ય લઈ યજ્ઞના ઈશ્વર, જગતસૃષ્ટીઓના પરમ ગુરુ અને સુનંદ—નંદ વગેરે પાર્ષદોથી વીંટાયેલા ભગવાન વિષ્ણુને બે હાથ જોડી સાવધાન થઈ સ્તુતિ કરતો શરણે ગયો.

**દક્ષ સ્તુતિ કરે છે :** આપ સ્વરૂપમાં રહેલા શુદ્ધ ચૈતન્ય જ છો. આપ વિષે(રાગ, દ્વેષ અને જાગ્રત આદિ) સમગ્ર બુદ્ધિની અવસ્થાઓ નિત્ય દૂર થઈ છે. આપ એક જ છો (ભેદશૂન્ય છો), તેથી સર્વ પ્રકારે નિર્ભય અને માયાનો નિષેધ કરી સ્વતંત્ર જ રહેલા છો, છતાં એ માયાથી મનુષ્યપણું પામી જાણે એ માયામાં જ રહેલા અને રાગદ્વેષાદિથી યુક્ત હો તેવા જણાઓ છો.

**ઋત્વિજો સ્તુતિ કરે છે :** હે ઉપાધિરૂપ મેલ વિનાના ભગવન્ ! અમે રૂદ્રના અનુચર નંદિકેશ્વરના શાપથી કર્મો કરવામાં જ દુરાગ્રહબુદ્ધિવાળા છીએ, તેથી આપનું યથાર્થ સ્વરૂપ જાણતા નથી. જેની - સિદ્ધિ માટે જુદા જુદા દેવતાઓની વ્યવસ્થા અમુકમાં અમુક જ દેવ' આવા નિયમો કરેલા છે. એવું માત્ર ધર્મના ઉપલક્ષણરૂપ અને વેદો વડે પ્રતિપાદન કરાતું આપનું ''યજ્ઞ'' નામનું સ્વરૂપ જ અમે જાણ્યું છે.

**સભાસદો સ્તુતિ કરે છે :** હે શરણ આપનાર દેવ ! આ સંસારરૂપી માર્ગ વિશ્રામસ્થાન વિનાનો છે. દુઃખો એ જ તેમાં દુર્ગમ સ્થાનો છે, કાળરૂપી ઉગ્ર સર્પથી તે વીંટાયેલો છે; વિષયોરૂપી ઝાંઝવાનાં જળથી યુકત છે, સુખદુઃખ વગેરેનાં જોડકાં એ જ એમાં મોટા ખાડા છે, ખળ મનુષ્યોરૂપી વાઘ વગેરેનો

ભય છે અને શોકરૂપી દાવાનળ તેમાં સળગે છે. આવા સંસારમાર્ગમાં વિષયવાસનાથી પીડાયેલો અજ્ઞાની જીવોનો સંઘ આત્મા તરીકેના અહંકારનું સ્થાન (શરીર) અને મમતાનું સ્થાન (ઘર) એ બંને રૂપે બોજાને વહેતો આપના ચરણરૂપી નિવાસસ્થાનને ક્યારે પામશે ?

**શ્રીરૂદ્રદેવ સ્તુતિ કરે છે :** હે વર આપનાર પરમેશ્વર ! સમગ્ર પદાર્થો આપનાર અને કામનાઓમાં અનાસક્ત નિષ્કામ મુનિઓએ પણ આદર વડે પૂજવા યોગ્ય આપના શ્રેષ્ઠ ચરણમાં હું મારા મનને સ્થાપેલું રાખું છું; છતાં અજ્ઞાની લોકો મને આચારભ્રષ્ટ કહે છે, પણ લોકોના એ કથનને હું ગણતો નથી; કેમ કે આપની મારા પર પરમકૃપા છે.'

**ભૃગુઋષિ સ્તુતિ કરે છે :** જેમની ગહન માયાથી જેઓનાં આત્મજ્ઞાન હરાયાં છે એવા બ્રહ્મા વગેરે જીવો પણ અજ્ઞાનમાં ઊંઘતા હોઈ પોતામાં જ રહેલા આપના યથાર્થ તત્ત્વને હજી સુધી જાણી શક્યા નથી, તે આપ શરણાગત જીવોના બંધુ હોઈ મારા પર પ્રસન્ન થાઓ.

**બ્રહ્મા સ્તુતિ કરે છે :** આ જીવ પદાર્થોના ભેદને સ્વીકારતી ઈન્દ્રિયોથી (તે તે ભેદોને જોતો) જ્યાં સુધી આપના આ પ્રત્યક્ષ ભક્તોદ્ધારક) સ્વરૂપને (સર્વ સ્થળે સર્વદા રહેલુ) જોતો નથી, ત્યાં સુધી જ આ સંસારમાં ભટકે છે, પણ આ સ્વરૂપનું દર્શન થતાં કૃતાર્થ જ થાય છે, કેમ કે આપ જ્ઞાનેન્દ્રિયોના, કર્મેન્દ્રિયોના, આકાશાદિ પાંચ મહાભૂતોના, શબ્દાદિ પાંચ વિષયોનો, સત્વાદિ ગુણોના તેમ જ તેનાં તેનાં કાર્યરૂપ સર્વ પ્રપંચના આશ્રય છો, તેથી માયામય આ જડ પ્રપંચથી (સચ્ચિદાનંદ સ્વરૂપે) જુદા છો.

**ઈન્દ્ર સ્તુતિ કરે છે :** હે અચ્યુત ! દેવોના શત્રુઓનો નાશ કરનારું અને ઉગામેલાં આયુધોવાળું આઠ ભુજાઓવાળું અને જગતનું રક્ષણ કરનારું આપનું આ શરીર પણ (અમારા) મનને તથા દૃષ્ટિઓને આનંદ કરનારું છે.

**બ્રાહ્મણપત્નીઓ બોલી :** હે યજ્ઞાત્મન્ ! આપનું પૂજન કરવા દક્ષે આ યજ્ઞ કર્યો હતો, પણ દક્ષ પરના કોપથી શંકરે તેનો નાશ કર્યો છે, તો સ્મશાનતુલ્ય જણાતા અને શાંત થયેલા ઉત્સવવાળા આ યજ્ઞને આપ કમળના સરખી કાંતિવાળી આપની દૃષ્ટિથી પવિત્ર કરો.

**ઋષિઓ સ્તુતિ કરે છે :** હે ભગવન્ ! આપનું ચરિત્ર ખરેખર ન ઘટે તેવું (અત્યંત) આશ્ચર્યકારક છે કેમ કે આપ પોતે આમ કરો છો છતાં તે કર્મોથી લેપાતા નથી, વળી જે ઈશ્વરી(લક્ષ્મીદેવી)ને બીજાઓ સંપત્તિ માટે જ્યારે ઉપાસે છે, ત્યારે આપ પોતાની મેળે આપને અનુસરતી તેને આદર આપતા નથી.

**સિદ્ધો સ્તુતિ કરે છે :** સંસારના કલેશોરૂપી દાવાનળથી બળેલો આ અમારો મનરૂપી હાથી તૃષાથી આતુર થઈ આપની કથારૂપ શુદ્ધ અમૃતની નદીમાં પ્રવેશી સંસારરૂપી દાવાનળનું સ્મરણ પણ કરતો નથી. સાંસારિક તાપોને છેક જ ભૂલી ગયો છે અને જાણે બ્રહ્મ સાથે એકતા પામ્યો હોય તેમ તેમાંથી બહાર જ નીકળતો નથી.

**દક્ષપત્ની સ્તુતિ કરે છે :** હે લક્ષ્મીના રહેઠાણ પરમેશ્વર ! આપ ભલે પધાર્યા, પ્રસન્ન થાઓ, આપને હું નમસ્કાર કરું છું. આપ શ્રી લક્ષ્મીદેવી સાથે રહી અમારી રક્ષા કરો ! હે અધીશ્વર ! જેમ - પુરૂષ મસ્તક વિના માત્ર ધડરૂપે શોભતો નથી તેમ આ યજ્ઞ પણ સર્વાંગોથી યુકત હોવા છતાં આપ વિના શોભતો નથી.

**લોકપાલો સ્તુતિ કરે છે :** હે વ્યાપક દેવ ! જે આપ સર્વનાં અંતઃકરણમાં બિરાજો છો, અંદર બહાર બધું જોનારા છો અને જે આપને લીધે જ દશ્ય—દેહાદિ પદાર્થ દેખાય છે, તે આપને મિથ્યા પ્રકાશરૂપ

અમારી ઈન્દ્રિયોએ શું જોયા છે ? નથી જ જોયા; કેમ કે આપ પંચમહાભૂતોનાં કાર્ય આ શરીરથી જુદા છઠ્ઠા આત્મા રૂપ છે; છતાં જાણે પાંચ ભૂતોથી યુક્ત હો તેવા જણાઓ છો, તે આપની માયા જ છે.'

**યોગેશ્વરો સ્તુતિ કરે છે :** હે પ્રભો ! જે મનુષ્ય વિશ્વાત્મા પરબ્રહ્મ આપ વિષે પોતાના આત્માની જુદાઈ જોતું નથી, તેના કરતાં બીજો કોઈ પણ આપને અત્યંત પ્રિય નથી; તોપણ હે ભકતજનને પ્રિય ભગવન્ ! અનન્ય વૃત્તિવાળી આપની ભક્તિથી આપનું ભજન કરતા અમારા પર આપ કૃપા કરો જે આપે જગતની ઉત્પત્તિ વગેરેમાં કારણરૂપ જીવોનાં પુણ્ય-પાપને લીધે અનેક પ્રકારે ભેદ પામેલી પોતાની માયાથી પોતાના સ્વરૂપમાં જ બ્રહ્માદિ અનેક ભેદબુદ્ધિ રચી છે અને માત્ર સ્વરૂપમાં રહેવાથી એ ભેદભ્રાંતિ તથા ગુણોને આત્મામાંથી દૂર કર્યા છે, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.

**શબ્દબ્રહ્મ સ્તુતિ કરે છે :** સત્ત્વગુણનો આશ્રય કરનાર, ધર્માદિનાં ફળ આપનાર અને નિર્ગુણસ્વરૂપ આપને નમસ્કાર હો ! જે આપના તત્ત્વને હું કે બીજા બ્રહ્માદિ દેવ પણ જાણતા નથી.

**અગ્નિદેવ સ્તુતિ કરે છે :** જે આપના તેજથી હું અત્યંત પ્રદીપ્ત તેજવાળો થઈ ઉત્તમ યજ્ઞમાં હોમેલું ઘીવાળું હવિષ દેવને પહોંચાડું છું, તે યજ્ઞના પાલક, પાંચ પ્રકારના યજ્ઞસ્વરૂપ અને પાંચ યજુર્વેદના યજ્ઞમંત્રોથી સારી રીતે પૂજાતા આપને હું પ્રણામ કરું છું.

**દેવો સ્તુતિ કરે છે :** પૂર્વે પ્રલયકાળે પોતે રચેલા આ સમસ્ત વિશ્વપ્રપંચને પોતાના પેટમાં સમેટી લઈ જે આદ્યપુરુષ તમે જળમાં શેષનાગરૂપી મોટી શય્યા પર સૂઓ છો; જેમના જ્ઞાનમાર્ગનું જનલોક વગેરેમાં વસતા સિદ્ધ પુરુષો ચિંતન કરે છે તે જ તમે હમણાં અમારાં નેત્રોના માર્ગમાં આવ્યા છો, અર્થાત્ અમને પ્રત્યક્ષ થયા છો અને આપના સેવક એવા અમારું રક્ષણ કરો છો.

**ગંધર્વો સ્તુતિ કરે છે :** હે દેવ ! મરીચિ વગેરે આ પ્રજાપતિઓ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે આ દેવગણો તથા આ રુદ્રાદિ દેવો આપના એક અંશના પણ અંશ છે. હે સર્વથી મોટા દેવ ! આ સમસ્ત જગત આપને રમવાનું એક સાધન છે; તે આપને હે નાથ ! અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ.

**વિદ્યાધરો સ્તુતિ કરે છે :** મિથ્યા વિષયમાં લાલચ કરનારો દુર્મતિ પુરુષ પુરુષાર્થો પામવાના સાધનરૂપ શરીર પામી, આપની માયાથી (મોહ પામી) અવળે માર્ગે જનારા પોતાના પુત્રાદિથી તિરસ્કાર પામ્યા છતાં એ શરીર પર 'હું—મારું' એવું અભિમાન કરે છે, પણ તે જ આપની કથારૂપ અમૃત જો સેવે તો પોતાનો તે મોહ તજે છે.

**બ્રાહ્મણો સ્તુતિ કરે છે :** તમે યજ્ઞ, હવિષ, અગ્નિ, પોતે જ મંત્રરૂપ, સમિધો, દર્ભો, યજ્ઞપાત્ર, યજ્ઞીય સદસ્યો, ઋત્વિજો, યજમાન અને યજમાનપત્ની છો. તમે યજ્ઞીય દેવતા, અગ્નિહોત્ર, પિતૃઓને તૃપ્ત કરનાર સ્વધા, સોમ, ઘીરૂપ અને યજ્ઞીય પશુરૂપ છો. હે યજ્ઞમૂર્તિ દેવ ! પૂર્વે યોગીઓ વડે સ્તુતિ કરાતા આપે વરાહ અવતાર લઈ, ગર્જના કરી જેમ કોઈ કોઝ હાથી કમળનો છોડ જળમાંથી ખેંચી કાઢે તેમ રસાતળમાંથી પૃથ્વીનો પોતાની દાઢ વડે લીલામાત્રમાં ઉદ્ધાર કર્યો હતો અને યજ્ઞ એ જ આપનું કર્મ છે. અમે સત્કર્મથી ભ્રષ્ટ છતાં આપના દર્શનને ઈચ્છીએ છીએ. આપ અમારા પર પ્રસન્ન થાઓ. અમારા આ યજ્ઞનો ઉદ્ધાર કરો. હે યજ્ઞેશ ! મનુષ્યો આપનું નામકીર્તન કરે કે તરત જ યજ્ઞનાં વિઘ્નો નાશ પામે છે, તે આપને નમસ્કાર થાઓ.

**મૈત્રેય બોલ્યા :** હે ભદ્ર વિદુરજી ! એમ સર્વ લોકો યજ્ઞના પાલક હૃષીકેશ ભગવાનની સ્તુતિ કરતા હતા, ત્યારે વિદ્વાન દક્ષે, રુદ્રે (વીરભદ્રે) નાશ કરેલા યજ્ઞને ફરી ચાલુ કર્યો. એટલે હે નિર્દોષ વિદુરજી !

સર્વાત્મા હોઈ સર્વ ભાગના ભોકતા છતાં જાણે પોતાના ભાગથી પ્રસન્ન થયા હોય તેમ ભગવાન દક્ષને સંબોધી કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** જે હું જગતનું પરમ કારણ, સર્વનો આત્મા, ઈશ્વર, સાક્ષી, સ્વયંપ્રકાશ અને ઉપાધિથી રહિત છું, તે જ હું બ્રહ્મા તથા શંકર છું. વળી હે બ્રાહ્મણ દક્ષ ! હું જ મારી ત્રિગુણાત્મિકા માયાનો આશ્રય કરી જગતને ઉત્પન્ન કરતો, પાળતો ને સંહારતો તે તે ક્રિયાને યોગ્ય સંજ્ઞા ધરું છું આમ કેવળ અદ્વિતીય પરમાત્મારૂપ મારા વિષે બ્રહ્માને, શિવને કે હરકોઈ પ્રાણીને અજ્ઞાની જ ભેદભાવે જુએ છે જેમ પુરુષ પોતાના મસ્તક, હાથ વગેરે કોઈપણ અવયવમાં પારકાની બુદ્ધિનો ઉપયોગ કરતો નથી, તેમજ મારામાં પરાયણ રહેનારો મારો ભક્ત પણ કોઈ પણ પ્રાણીમાં ‘આ મારાથી જુદું છે એવી બુદ્ધિ કરતો નથી. હે બ્રાહ્મણ અમે ત્રણે— બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ખરી રીતે એક જ હોઈ સર્વ પ્રાણીઓના આત્મા છીએ; માટે અમારામાં જે ભેદદષ્ટિએ જોતો નથી તે શાંતિ પામે છે.

**મૈત્રેય બોલ્યા :** એમ ભગવાને ઉપદેશ કર્યા પછી પ્રજાપતિઓના પતિ દક્ષે શ્રીહરિને તેમના પોતાના યજ્ઞથી પૂજીને સર્વ દેવોનું પણ મુખ્ય અને ગૌણ યજ્ઞો વડે પૂજન કર્યું. પછી સાવધાન થઈ દક્ષે ભગવાન શંકરનું પણ તેમના ભાગ વડે પૂજન કર્યું અને ઉદવસાન નામના યજ્ઞકર્મથી સોમપાન કરનારા બીજાઓનું પણ પૂજન કર્યું. તે પછી યજ્ઞકર્મ સમાપ્ત કરી ઋત્વિજોની સાથે તેણે (યજ્ઞાંતે કરાતું) અવભૃથ સ્નાન કર્યું. એ રીતે પોતાના પ્રભાવથી જ જેણે સિદ્ધિ મેળવી હતી એવા તે દક્ષને પણ ધર્મમાં જ બુદ્ધિ આપીને તે દેવતાઓ સ્વર્ગમાં ગયા. દક્ષપુત્રી સતી પણ એ પ્રમાણે પૂર્વ શરીર ત્યજી હિમાલયની સ્ત્રી મેના વિષે ઉત્પન્ન થયાં એમ મેં સાંભળ્યું છે. જેમ પ્રલયકાળે સૂઈ ગયેલી શકિત ફરી ઈશ્વરને જ પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે સતીદેવી પણ (હિમાલયની પુત્રી પાર્વતીરૂપે થઈ) ફરી તે જ પતિ શંકરને પ્રાપ્ત થયાં. દક્ષના યજ્ઞનો નાશ કરનાર ભગવાન શંકરનું આ કર્મ બૃહસ્પતિના શિષ્ય ભગવદ્‌ભકત ઉદ્ધવ પાસેથી મેં સાંભળ્યું છે. હે કુરુવંશી વિદુરજી ! આ શંકર ચરિત્ર પરમ પવિત્ર છે, યશ તથા આયુષ્ય આપનાર અને પાપના સમૂહને નાશ કરનાર છે. જે પુરુષ આ ચરિત્ર નિત્ય સાંભળી બીજાઓને સંભળાવે છે તે (પોતાનાં અને પારકાં) સંસારનાં દુઃખરૂપી પાપનો નાશ કરે છે. ૧-૬૧

इदं पवित्रं परमीशचेष्टितं यशस्यमायुष्यमघौघमर्षणम् ।
यो नित्यदाऽऽकर्ण्य नरोऽनुकीर्तयेत् धुनोत्यघं कौरव भक्तिभावतः ॥६१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## ધ્રુવચરિત્ર-સાવકી માતાનાં કઠોર વચનોથી ધ્રુવનું વનગમન, તપશ્ચર્યા અને ભગવાનની પ્રસન્નતા

॥ मैत्रेय उवाच ॥

सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः । नैते गृहान् ब्रह्मसुता ह्यावसन्नूर्ध्वरेतसः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** સનકાદિ કુમારો, નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ આ બ્રહ્માના પુત્રો ઊર્ધ્વરેતસ હતા તેથી તેમણે ગૃહસ્થાશ્રમ માંડ્યો ન હતો. શત્રુહંતા વિદુરજી ! અધર્મની સ્ત્રી મૃષાએ દંભ અને માયા નામના જોડકાને જન્મ આપ્યો હતો, તેને સંતાનરહિત નિર્ઋતિએ (પોતાનાં છોકરાં તરીકે)

સ્વીકાર્યા હતાં. હે મહાબુદ્ધિમાન વિદુરજી ! (દંપતી ધર્મમાં જોડાયેલાં) તે બંનેનાં લોભ તથા નિકૃતિ (શઠતા) સંતાન થયાં, તે (બંને લોભ તથા નિકૃતિ) નાં ક્રોધ અને હિંસા સંતાનો થયાં તથા ક્રોધ અને હિંસાનાં કલિ તથા તેની બહેન દુરુક્તિ થયાં. હે મહાસત્પુરુષ વિદુરજી ! દુરુક્તિમાં કલિએ ભય તથા મૃત્યુને ઉત્પન્ન કર્યા અને તે બંનેથી યાતના ને નિરય નામનું જોડકું થયું. હે નિષ્પાપ વિદુરજી ! અધર્મનો આ વંશ કે જે પ્રતિસર્ગ કહેવાય છે તે મેં તમને ટૂંકમાં કહ્યો. આ પવિત્ર વંશ ત્રણ વાર સાંભળી પુરુષ પોતાના પાપરૂપી મેલનો નાશ કરે છે. તે કૃરુવંશી વિદરજી ! હવે પવિત્ર કીર્તિવાળા અને શ્રીહરિના અંશરૂપ બ્રહ્માના અર્ધશરીરથી જન્મેલા સ્વાયંભુવ મનુનો વંશ પણ હું કહું છું. શતરૂપાના સ્વામી સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત તથા ઉત્તાનપાદ નામે બે પુત્રો હતા. તે બંને વાસુદેવ ભગવાનના અંશથી જન્મેલા હોઈ જગતનું પાલન કરવામાં તત્પર રહેતા હતા. તેમાં ઉત્તાનપાદને બે સ્ત્રીઓ હતી; સુરુચિ અને સુનીતિ. તેમાંથી સુરુચિ રાજા ઉત્તાનપાદને અત્યંત પ્રિય હતી, પણ જેનો પુત્ર ધ્રુવ હતો તે સુનીતિ ને પ્રિય ન હતી. એક દિવસ રાજા ઉત્તાનપાદ સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી લાડ કરાવતા હતા. તેવામાં ધ્રુવને પણ રાજાના ખોળામાં બેસવાની ઈચ્છા થઈ, પરંતુ રાજાએ તેને 'આવ, બેસ' એમ અનુમોદન ન આપ્યું; છતાં ખોળામાં બેસવાની ઈચ્છાવાળા શોકના પુત્ર ધ્રુવને જોઈ અત્યંત ગર્વવાળી સુરુચિએ રાજાના સાંભળતાં ઈર્ષાપૂર્વક ધ્રુવને કહ્યું : 'હે પુત્ર ! તું રાજાના આસન પર બેસવાને યોગ્ય નથી; કેમ કે રાજપુત્ર હોવા છતાં તે મારી કૂખે જન્મ લીધો નથી. ખેદની વાત છે કે તું બાળક છે, તેથી તું બીજી સ્ત્રીના ગર્ભાશયમાં પોષાયેલા પોતાને નથી જાણતો અને તેથી (રાજાના ખોળામાં બેસવારૂપ) દુર્લભ વસ્તુ માટે તને મનોરથ થયો છે. જો તને રાજસિંહાસનની ઈચ્છા હોય તો તપશ્ચર્યાથી ઈશ્વરનું આરાધન કર અને તેમની કૃપાથી તું મારી કૂખે જન્મ લે.'

**મૈત્રેય બોલ્યા :** સાવકી માતાનાં એ અતિશય દુષ્ટ વાક્યોથી ધ્રુવ વીંધાઈ ગયો. તે લાકડી મારેલા સર્પની પેઠે ક્રોધથી ફુંફાડા મારવા લાગ્યો અને કંઈ પણ બોલ્યા વિના કેવળ જોઈ રહેલા પિતા પાસેથી રડતો રડતો માતા પાસે ચાલ્યો ગયો. સુનીતિએ જેનો નીચલો હોઠ ફરતો હતો અને જે નિસાસા નાખતો હતો તે બાળક ધ્રુવને ખોળામાં બેસાડ્યો. પછી અંતઃપુરના કોઈ માણસના મુખે શોકના તે ગર્વ વચન સાંભળી અત્યંત ખેદ પામી. તે બાળા દાવાનળની વચ્ચે આવી પડેલી વેલની પેઠે શોકરૂપી દાવાનળથી ઘેરાઈને ધીરજ છોડી વિલાપ કરવા લાગી. તે શોકનાં વાકયો યાદ કરતી કમળ સમાન શોભતાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેવડાવવા લાગી. પોતાના દુઃખનો પાર ન જોતી તે બાળા લાંબા નિસાસા નાખતી પોતાના બાળકને કહેવા લાગી , ''હે તાત ! તું બીજાઓનો અપરાધ માનીશ નહિ, કેમ કે જે મનુષ્ય બીજાઓને દુઃખ આપે છે, તે પોતે આપેલાં તે જ દુઃખ ભોગવે છે. સુરુચિનું વાક્ય ખરેખર સત્ય છે. મારા અભાગણીના પેટમાં તું ધારણ કરાયો છે અને મારા જ ધાવણથી તુ ઊછર્યો છે, જેને રાજા પોતાની પત્ની તરીકે અથવા એક દાસી તરીકે પણ સ્વીકારતાં શરમાય છે. માટે પુત્ર ! તું બીજાના - ગુણો પર દોષ જોવા છોડી દે. સુરુચિ તારી સાવકી માતા છે, તો પણ તેણે તને સત્ય વચન કહ્યાં છે. જો તું ઉત્તમની પેઠે રાજસિંહાસન ઈચ્છતો હો તો શ્રીભગવાનનાં ચરણકમળનું આરાધન કર. જેમણે જગતના રક્ષણ માટે સત્ત્વગુણના આશ્રયવાળું શરીર સ્વીકાર્યું છે એવા પરમાત્માનાં ચરણકમળ સેવી બ્રહ્મા પરમેષ્ઠીપદ પામ્યા છે, જે પદ મન તથા વાયુને જીતનારા યોગીઓને પણ નમવા યોગ્ય છે. તારા દાદા ભગવાન મનુએ પણ પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞ કરી જેમનું સર્વાંતર્યામી દૃષ્ટિએ પૂજન કર્યું હતું અને તે દ્વારા બીજાં સાધનોથી

દુર્લભ એવી પૃથ્વી તથા મોક્ષનાં સુખ મેળવ્યાં હતાં. હે વત્સ ! તે જ પરમેશ્વરનો તું આશ્રય કર. તે ભગવાન ભક્તવત્સલ છે અને મુમુક્ષુઓએ તેમનાં ચરણકમળનો માર્ગ શોધવા યોગ્ય છે. તું તારા સ્વધર્મથી શુદ્ધ કરેલા અને એકાંત ભાવવાળા મનમાં તે પરમેશ્વરને સ્થાપી તેમનું ભજન કર. ઓ પુત્ર! કમળની પાંખડીઓ સમાન નેત્રવાળા તે ભગવાન વિના બીજા કોઈને હું નથી જોતી, જે તારા દુઃખનો નાશ કરે ને જેમને બ્રહ્માદિ દેવોથી પણ શોધાતી લક્ષ્મી હાથમાં (દીવા જેવું) કમળ લઈ શોધ્યા કરે છે.'

**મૈત્રેય બોલ્યા :** એમ કાર્ય સિદ્ધ કરનારું માતાનું વચન સાંભળી ધ્રુવ પોતે પોતાના મનને વશ કરી પિતાના નગરમાંથી (તપ કરવા ચાલી) નીકળ્યો. તેવામાં નારદજી તે વાત સાંભળી ધ્રુવની કર્તવ્યેચ્છા જાણી વિસ્મય પામ્યા અને પાપનો નાશ કરનારા હાથ વડે ધ્રુવના મસ્તકનો સ્પર્શ કરી (મનમાં) કહેવા લાગ્યા : અહો માનભંગ સહન ન કરનારા ક્ષત્રિયોનો પ્રભાવ કેવો આશ્ચર્યકારક છે ! આ ધ્રુવ બાળક છે છતાં સાવકી માતાનાં દુષ્ટ વચનને હૃદયમાં રાખી રહ્યો છે !

**નારદ બોલ્યા :** હે પુત્ર ! રમકડાં વગેરેમાં રમનારા તને બાળકને હમણાં અપમાન કે માન અમે જોતા નથી. કદાચ (તને બાળકને પણ) માનઅપમાનનો વિવેક ભલે હોય; પણ ખરી રીતે પુરુષના અસંતોષના કારણ જે શત્રુઓ વગેરે હોય છે, તે મોહથી જુદા નથી એટલે મોહરૂપ જ છે, કેમ કે લોકમાં સુખદુઃખ વગેરે જે કંઈ છે તે પોતપોતાનાં કર્મોને લીધે જ થાય છે. હે તાત ! ઈશ્વરની અનુકુળતા વિના ઉદ્યમો સફળ થતા નથી માટે ડાહ્યા પુરુષે દૈવયોગે જે કંઈ પ્રાપ્ત થાય તેટલાથી સંતોષ માનવો. માતાએ બતાવેલા ઉપાયથી જેની કૃપા મેળવવાનું તું ઈચ્છે છે, તે ભગવાન ખરેખર પુરુષોથી દુરારાધ્ય છે એમ હું માનું છું. નિઃસંગ અને તીવ્ર યોગસમાધિથી મુનિઓ ભગવાનનો માર્ગ શોધે છે છતાં જાણી શકતા નથી ; માટે તું પાછો ફર. આ તારો આગ્રહ નિષ્ફળ છે જ્યારે (વૃદ્ધાવસ્થામાં) કલ્યાણ સાધવાનો સમય આવે ત્યારે પ્રયત્ન કરજે મનુષ્યને દૈવયોગે સુખદુઃખ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે સુખ થતાં પુણ્યનો ક્ષય થાય છે અને દુઃખ આવતાં પાપ નાશ પામે છે. એમ માની સુખમાં કે દુઃખમાં પણ આત્માને સંતુષ્ટ રાખનારો અજ્ઞાનરૂપ અંધકારનો પાર(મોક્ષ) મેળવે છે. પોતાના કરતાં અધિક ગુણવાનને જોઈ મનુષ્યે આનંદ પામવો (અદેખાઈ ન કરવી) , પોતાના કરતાં ઓછા ગુણવાનને જોઈ તેના પર દયા લાવવી (તિરસ્કાર ન કરવો) અને પોતાની સમાનને જોઈ તેની જ સાથે મિત્રતા કરવી (સ્પર્ધા ન કરવી). આમ કરનારો સંતાપથી દુઃખી થતો નથી.

**ધ્રુવ બોલ્યો :** જેઓનાં મન સુખદુઃખથી હણાયાં છે તેઓને આપ ભગવાને કૃપા કરી આ શાંતિ દર્શાવી, જેને અમારા જેવા મહાદુઃખે જોઈ શકે છે; પણ વિનયરહિત અને ઘોર ક્ષત્રિય સ્વભાવ પામેલું મારું હૃદય સુરુચિનાં દુષ્ટ વાક્યબાણોથી વિધાયું છે, તેથી તેમાં એ શાંતિ ટકતી નથી. હે બ્રહ્મન્ ! અમારા વડવાઓએ કે બીજાઓએ ન મેળવેલું અને ત્રણે જગતમાં ઉત્કૃષ્ટ એવું સ્થાન જીતવા ઈચ્છતા મને ઉત્તમ માર્ગ દર્શાવો. ખરેખર, આપ ભગવાન બ્રહ્મદેવના પુત્ર હોઈ જગતનું હિત કરવા વીણા વગાડતા સૂર્યની પેઠે બધે વિચરો છે.

**મૈત્રેય બોલ્યા :** એ પ્રમાણે તે વચન સાંભળી ભગવાન નારદ પ્રસન્ન થયા અને દયાથી તેઓ બાળકને ઉત્તમ વચન કહેવા લાગ્યા.

**નારદ બોલ્યા :** તારી માતાએ તને જે કહેલું છે તે જ તારા કલ્યાણના માર્ગરૂપ ભગવાન વાસુદેવ છે, માટે તે ભગવાનમાં જ મનને એકનિષ્ઠ કરી તું તેમને ભજ. જે મનુષ્ય ધર્મ, અર્થ, કામ

અને મોક્ષ નામનું પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય, તેને તેની પ્રાપ્તિમાં શ્રીહરિના ચરણનું સેવન એ જ એક સાધન છે માટે હે તાત ! તારું કલ્યાણ થાઓ. યમુના નદીના પવિત્ર તટ પર પવિત્ર મધુવન છે ત્યાં તું જા, જ્યાં શ્રીહરિનું સર્વદા સાંનિધ્ય છે. ત્યાં યમુના નદીના પવિત્ર જળમાં ત્રણે કાળ સ્નાન કરી દેવતાઓને નમસ્કાર વગેરે યોગ્ય કર્મો કરી, આસન ગોઠવી પૂરક, કુંભક તથા રેચક એમ ત્રણ પ્રકારના પ્રાણાયામ વડે પ્રાણ, ઈન્દ્રિયો તથા મનના મેલથી ધીમે ધીમે દૂર કરી સર્વના ગુરુ શ્રીહરિનું ધીર મનથી ધ્યાન ધરજે. જે શ્રીહરિ ભક્તો પર કૃપા કરવા તત્પર, નિરંતર પ્રસન્ન મુખ તથા નેત્રવાળા, સુંદર નાસિકા, કુટિ અને ગાલવાળા સર્વ દેવામાં સુંદર શ્રીવત્સના ચિહ્નવાળા, મેઘ જેવા શ્યામ, પુરુષ લક્ષણોથી યુકત, વનમાળા ધારણ કરનારા, શંખ, ચક્ર, ગદા અને કમળથી પ્રકાશતી ચાર ભુજાઓવાળા, મુકુટ અને કુંડળો ધારણ કરનારા, બાજુ બંધ અને કંકણોથી યુક્ત, ડોકમાં કૌસ્તુભમણિના અલંકારે પહેરનારા, પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરનારા, કંદોરાથી વીંટાયેલા, સુવર્ણનાં ઝાંઝરોથી સુશોભિત, અત્યંત દેખાવડા, શાંત, મન તથા નેત્રને હર્ષ ઉપજાવનારા, નખરૂપી મણિની પંકિતથી શોભતા બંને ચરણો વડે હૃદયકમળની કળીના મધ્યસ્થાનને દબાવી પૂજન કરનારા ભક્તોના મનમાં રહેનારા, મંદ મંદ હસતા, પ્રેમાળ દૃષ્ટિએ જોતાં અને વર આપનારાઓમાં શ્રેષ્ઠ છે એવા તે શ્રીહરિનું પૂર્વોક્ત ધારણાથી અત્યંત સ્થિર અને એકાગ્ર બનેલા મનથી ધ્યાન કરવું. એ રીતે ભગવાનના પરમ મંગળ સ્વરૂપનું ધ્યાન કરનારા પુરુષનું મન સત્વર પરમ શાંતિ પામી ભગવાનના સ્વરૂપથી કદી દૂર થતું નથી. હે રાજપુત્ર ! એ ઉપરાંત જપ કરવા યોગ્ય પરમ ગુહ્ય જે મંત્ર છે. તે મારી પાસેથી તું સાંભળ જેને સાત દિવસ જપ કરતાં પુરુષ દેવનાં દર્શન કરે છે, દેશકાળના વિભાગ જાણનારા વિદ્વાને **'ૐ नमो भगवते वासुदेवाय'** આ મંત્રથી વિવિધ દ્રવ્યો વડે પરમાત્માની દ્રવ્યમય પૂજા કરવી. પવિત્ર જળ, માળાઓ, વનનાં ફળમૂળ વગેરેથી, દુર્વા વગેરે ઉત્તમ અંકુરોથી, ભોજપત્ર વગેરે વસ્ત્રથી અને ભગવાનને પ્રિય તુલસીથી પ્રભુનું પૂજન કરવું, પથ્થરની પ્રતિમા મેળવીને અથવા પૃથ્વી, જળ વગેરેમાં પણ પ્રભુની પૂજા કરવી તે વખતે મનને સ્થિર કરવું, મનનશીલ અને શાંત રહેવું, વાણીને નિયમમાં રાખવી અને વનમાં ફળમૂળ વગેરેનો મિતાહાર કરવો. વળી ઉતમ કીર્તિવાળા ભગવાન પોતાની અચિંત્ય માયાથી સ્વેચ્છાવતારનાં ચરિત્રો વડે ભવિષ્યમાં જે જે મનોહર પરાક્રમ કરવાના છે, તેનું ધ્યાન કરવું, ભગવાનની જેટલી સેવાઓ પૂર્વે કર્તવ્યરૂપે કહી છે તે સર્વ મંત્રમૂર્તિ ભગવાનની સેવાઓ ઉપર કહેલા દ્વાદશાક્ષર મંત્ર **'ૐ नमो भगवते वासुदेवाय'** વડે જ કરવી એમ મનના (જેવા દૃઢ) ભાવ હોય તે પ્રમાણે શરીર (જળ વગેરે)થી, મન(ધ્યાન વગેરે)થી અને વચન (જપ વગેરે) થી ભક્તિયુક્ત સેવા વડે સેવાતા ભગવાન નિષ્કપટ, ભજન કરતા પુરુષોના ભાવને વધારનારા થઈ ધર્માર્થકામ, એ પુરુષાર્થોમાં જે ઈષ્ટ હોય તે મનુષ્યોને આપે છે. માટે વિષયભોગથી વિરક્ત થયેલા મનુષ્ય સર્વશ્રેષ્ઠ ભક્તિયોગથી નિરંતર ભાવપૂર્વક સાક્ષાત્ મુકિત માટે ભગવાનનું ભજન કરવું.

નારદજીએ એમ કહ્યું એટલે રાજપુત્ર ધ્રુવે તેમને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા અને પછી શ્રીહરિનાં ચરણોથી સુશોભિત પવિત્ર મધુવનમાં ગયો. તે તપોવનમાં એ ગયો, ત્યારે મુનિ નારદ રાજા ઉત્તાનપાદના અંતઃપુરમાં ગયા એટલે રાજાએ તેમને સત્કાર કરી તેમને અર્ઘ્ય વગેરે આપ્યા પછી સુખે બેઠેલા નારદજીએ તેને કહ્યું :

**નારદ બોલ્યા :** હે રાજન્ ! તું સુકાતા મુખે લાંબા લાંબા શું વિચાર કરે છે ? તારો ધર્મ, અર્થ કે કામ નાશ પામ્યો નથી ને ?

**રાજાએ કહ્યું :** 'હે બ્રહ્મન્ ! સ્ત્રીને વશ થયેલા અને નિર્દય મનવાળા મેં મારા પાંચ વર્ષના બાળકને પુત્રને તેની માતા સાથે કાઢી મૂક્યો છે, જે મહાવિદ્વાન હતો, વનમાં થાકી ગયેલા, સૂતેલા, ભૂખ્યા, કરમાઈ ગયેલા મુખકમળવાળા તે અનાથ બાળકને વરુઓ શું ખાઈ નહિ જાય ? અહો ! અફસોસ ! સ્ત્રીથી જિતાયેલા મારી નીચતા જુઓ ! નીચ એવા મેં પ્રેમથી ખોળા ઉપર બેસવા ઇચ્છતા મારા પુત્રને જ આવકાર ન આપ્યો.

**નારદ બોલ્યા :** હે રાજા ! જેનો યશ સમગ્ર જગતમાં ફેલાય છે, તે તારા પુત્રનો પ્રભાવ જાણ્યા વિના તું તેનો શોક કર મા. પરમાત્મા એની રક્ષા કરે છે. હે રાજન્ ! એ મહાસમર્થ તારો પુત્ર લોકપાલોને પણ કરવું ઘણું મુશ્કેલ એવું કર્મ કરી તારો યશ ફેલાવતો થોડા સમયમાં પાછો આવશે.

**મૈત્રેય બોલ્યા :** દેવર્ષિએ કહેલાં એ વચન સાંભળી રાજા રાજલક્ષ્મીનો અનાદર કરી કેવળ પુત્રની જ ચિંતા કરવા લાગ્યો. પેલી તરફ ધ્રુવે મધુવનમાં જઈ (યમુનાજીમાં) સ્નાન કરી તે રાત્રે ઉપવાસ કર્યો. પછી નારદઋષિના બતાવ્યા પ્રમાણે યત્નપૂર્વક એકાગ્ર મનવાળો થઈ પરમાત્માની સેવા કરવા માંડી. ત્રણ ત્રણ રાત્રિના અંતે દેહસ્થિતિ અનુસાર કોઠાં ને બોર જ ખાઈને શ્રીહરિની પૂજા કરતાં તેણે એક મહિનો વિતાવ્યો. બીજા મહિનામાં તે બાળકે છઠ્ઠે છઠ્ઠે દિવસે પોતાની મેળે પૃથ્વી ઉપર ખરેલાં ઘાસ ને ઝાડોનાં પાંદડાં ખાઈ શ્રીભગવાનનું પૂજન કર્યું. ત્રીજા મહિનો, નવમે નવમે દિવસે માત્ર જળનો જ આહાર કરી તેણે ગાળ્યો ને ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનનું એકાગ્રચિત્તે પૂજન કર્યું. ચોથો મહિનો પણ નવમે નવમે દિવસે માત્ર વાયુનો જ આહાર કરી તેણે વિતાવ્યો અને પ્રાણવાયુ જીતી ધ્યાન કરી પરમાત્માને હૃદયમાં ધારણ કર્યા. પછી પાંચમો મહિનો આવ્યો એટલે તે રાજપુત્ર પ્રાણવાયુને જીતી બ્રહ્મનું ધ્યાન કરતો એક પગે ઠુંઠાની પેઠે સ્થિર ઊભો રહ્યો. તેણે શબ્દાદિ વિષયો તેમ જ ઇન્દ્રિયો જેમાં રહે છે, તે મનને સર્વ તરફથી આકર્ષી ભગવાનના સ્વરૂપનું જ ધ્યાન કરતાં બીજુ કંઈ જોયું નહિ. એ રીતે મહત્તત્ત્વ વગેરેના આધાર અને પ્રકૃતિ તથા પુરુષના પણ નિયંતા પરબ્રહ્મનું જ્યારે તે ધ્યાન કરતો હતો. ત્યારે (તેના તેજને સહન ન કરતા) ત્રણે લોક કંપવા લાગ્યા. તે રાજપુત્ર એ પ્રમાણે જ્યારે એક પગે ઊભો રહ્યો, ત્યારે તેના અંગૂઠાથી દબાયેલી પૃથ્વી, જેમાં મોટો હાથી બેઠો હોય તેવી નૌકા જેમ પગલે પગલે ડાબી જમણી નમે તેમ નમવા લાગી. તે ધ્રુવ એ પ્રમાણે પ્રાણવાયુ તથા તેનાં દ્વારો રોકી આત્મા સાથે અભેદ દૃષ્ટિથી વિશ્વાત્મક વિષ્ણુભગવાનનું જ્યારે ધ્યાન કરતો હતો, ત્યારે લોકપાલો સહિત સર્વ લોકો પણ પ્રાણવાયુ રૂંધાઈ જવાથી અત્યંત ગૂંગળાઈ જઈ શ્રીહરિને શરણે ગયા.

**દેવો બોલ્યા :** હે ભગવન્ ! સ્થાવરજંગમ પ્રાણીઓના શરીરના પ્રાણવાયુનું આ રીતે રોકાવું અમે જાણતા નથી. આ સંકટમાંથી તમે અમને મુકત કરો. શરણે આવેલાનું રક્ષણ કરનાર આપને શરણે આવ્યા છીએ.

**શ્રીભગવાન બોલ્યા :** તમે ડરો મા. જેને લીધે તમારા પ્રાણ રૂંધાય છે, તે ધ્રુવે મારામાં આત્માની એકતા કરી છે, પણ હું તેને મહાન તપથી અટકાવું છું, તમે તમારા સ્થાને જાઓ.૧-૮૨

मा भैष्ट बालं तपसो दुरत्ययान्निवर्तयिष्ये प्रतियात् स्वधाम ।
यतो हि वः प्राणनिरोध आसीत् औत्तानपादिर्मयि सङ्गतात्मा ॥८२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

# ધ્રુવચરિત્ર (ચાલુ) : શ્રીહરિની સ્તુતિ કરી, વરદાન મેળવી ધ્રુવનું પાછા ફરવું ને પિતાએ આપેલું રાજ્ય કરવું

॥ मैत्रेय उवाच ॥

त एवमुत्सन्नभया उरुक्रमे कृतावनामाः प्रययुस्त्रिविष्टपम् ।
सहस्रशीर्षाऽपि ततो गुरुत्मता मधोर्वनं भूत्यादिदृक्षया गतः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એ રીતે જેઓનો ભય દૂર થયો હતો એવા દેવો ભગવાનને પ્રણામ કરી સ્વર્ગમાં ગયા. પછી હજાર મસ્તકોવાળા ભગવાન પણ ગરુડ પર બેસી ભક્ત ધ્રુવને મળવા મધુવનમાં ગયા. ત્યારે યોગની પરિપક્વ દશાથી તીવ્ર બનેલી બુદ્ધિથી વીજળી સમાન કાંતિવાળા જે ભગવાન હૃદયકમળમાં પ્રકાશતા હતા, તે જ ભગવાનને ત્યાંથી એકદમ અદૃશ્ય થયેલા અને એની એ જ અવસ્થામાં બહાર ઊભેલા ધ્રુવે જોયા. એ ભગવાનનાં દર્શનથી ધ્રુવ એકદમ બેબાકળો બન્યો. તેણે શરીરને પૃથ્વી ઉપર દંડવત નમાવી વંદન કર્યું અને તે વેળા એ બાળક દૃષ્ટિ વડે ભગવાનનાં દર્શન કરતો જાણે તેમને પી જતો હોય, મુખ વડે ચુંબન કરતો હોય અને ભુજાઓ વડે ભેટી પડતો હોય તેવું જણાયું. પછી તે ધ્રુવ કંઈક કહેવા ઈચ્છતો હતો, પણ શું કહેવું તે એ જાણતો ન હતો એમ સર્વના હૃદયમાં રહેલા શ્રીહરિએ જાણી લઈ બે હાથ જોડી ઊભેલા તે બાળકના ગાલ ઉપર પોતાના વેદસ્વરૂપ શંખથી દયાપૂર્વક સ્પર્શ કર્યો, કે તરત જ શ્રીભગવાને અર્પણ કરેલી દૈવી વાણી મેળવી ધ્રુવે ઈશ્વર તથા જીવનો નિર્ણય જાણ્યો, તેથી જેને ભકિતભાવ-પ્રેમ થયો હતો અને (ભવિષ્યમાં) જેને સ્થાયી ધ્રુવસ્થાન મળવાનું હતું, એવો તે ધ્રુવ ચોતરફ પ્રખ્યાત કીર્તિવાળા તે પરમાત્માની સ્થિરતાપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો.

**ધ્રુવ સ્તુતિ કરે છે :** સમગ્ર શકિતઓ ધારણ કરનારા જે ભગવાન પોતાની ચૈતન્યશકિતથી મારી લીન વાણીને અને હાથ, પગ, કાન, ત્વચા વગેરે બીજી ઈન્દ્રિયોને પણ જિવાડે છે, તે સર્વના અંતર્યામી ભગવાનને મારા નમસ્કાર હો ! હે ભગવન્ ! આપ એક જ છો પણ અનેક ગુણોવાળી પોતાની માયા નામની શક્તિથી મહત્તત્ત્વ વગેરે આ સમગ્ર જગતને સરજી, તેમાં, અંતર્યામીરૂપે જ પ્રવેશ કરી લાકડાંઓમાં પ્રવેશેલો અગ્નિ જેમ અનેક સ્વરૂપે જણાય, તેમ માયાનાં ગુણરૂપ ઈન્દ્રિયોના પદાર્થમાં રહી, તે તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ આદિરૂપે અનેક જેવા જણાઓ છો. હે નાથ ! બ્રહ્માએ આપને શરણે આવી આપે આપેલા જ્ઞાન વડે સૂઈને ઊઠેલા મનુષ્યની પેઠે આ જગત જોયું હતું. હે દુઃખીના બંધુ ! તે આપે કરેલા ઉપકારોને જાણનારો મનુષ્ય મુકતોને પણ શરણ લેવા યોગ્ય આપનાં ચરણમૂળને કેમ ભૂલે ? આવા દીનબંધું આપને જે ભજતા નથી તેઓ ખરેખર કૃતઘ્ની છે. જેઓ જન્મમરણથી મુક્ત કરનારા આપને કામાદિ અન્ય વિષયો માટે ભજે છે, તેઓ ખરેખર આપની માયાથી ઠગાયેલી બુદ્ધિવાળા છે; કેમ કે તેઓ કલ્પવૃક્ષ તુલ્ય આપને ભજે છે. છતાં દેહથી ઉપભોગ કરવા યોગ્ય સુખ ઈચ્છે છે, જે વિષય સંબંધી સુખ પ્રાણીને નરકમાં પણ મળે છે. હે નાથ ! આપનાં ચરણકમળનાં ધ્યાનથી અથવા આપના ભકતજનોની કથા સાંભળવાથી મનુષ્યને જે શાંતિ થાય છે, તે સ્વ-સ્વરૂપના આનંદરૂપ બ્રહ્મ વિષે પણ નથી, તો યમદેવની તલવારરૂપ કાળના ઝપાટાથી ખંડિત થયેલાં વિમાનોમાંથી પડતા દેવને તો ક્યાંથી હોય ? માટે હે અનંત ! વારંવાર આપની ભક્તિ જ કરતા અને તેથી નિર્મળ હૃદયવાળા આપના

ભકતપુરુષોનો જ મને સંગ થાઓ, જેથી આપની ગુણકથારૂપ અમૃત પીવાથી મદમત્ત થઈ, હું અનાયાસે અનેક સંકટોથી ભરેલા આ ભયંકર સંસારને પાર પામીશ. હે પદ્મનાભ ! જેઓ આપના ચરણકમળની સુગંધમાં લાલચુ હૃદયવાળા આપના ભકતોનો સંગ કરે છે, તેઓ તો પોતાને અત્યંત પ્રિય એવા શરીરને અને એ શરીરની પાછળ રહેલાં પુત્ર, મિત્ર, ઘર, ધન અને સ્ત્રીઓને પણ સંભારતા નથી. હે અજન્મા! આપનું જે (વિરાટ) સ્વરૂપ પશુઓ, વૃક્ષો, પર્વતો, પક્ષીઓ, સર્પો, દેવો, દૈત્યો તથા મનુષ્ય વગેરેથી વ્યાપ્ત, સત્ તથા અસત્ રૂપ વિશેષવાળું અને મહતત્વ વગેરે અનેક કારણોવાળું છે, તે આપનું અતિ સ્થૂલ સ્વરૂપ જ હું જાણું છું. હે પરમેશ્વર ! પણ બીજું જે ઈશ્વરસ્વરૂપ છે કે જેમાં શબ્દનો પણ વ્યાપાર નથી, તે આપનું બ્રહ્મસ્વરૂપ હું જાણતો નથી. (અને તેથી જ મારું દેહાભિમાન ટળતું નથી) જે અંતર્યામી પુરુષ પ્રલયકાળે આ સમસ્ત જગતને પોતાના પેટમાં સમાવી દઈ, (યોગનિદ્રામાં આરૂઢ થઈ) સ્વ-સ્વરૂપમાં જ દૃષ્ટિ સ્થાપી શેષનાગને મિત્ર કરી તેના પર સૂએ છે અને જેમની નાભિરૂપ સમુદ્રમાં ઊગેલા સુવર્ણના લોકાત્મક કમળમાં તેજસ્વી બ્રહ્મા ઉત્પન્ન થાય છે. તે આપ ભગવાનને હું પ્રણામ કરું છું. આપ તો જીવથી જુદા જ સ્વરૂપવાળાં છો; કેમ કે આપ નિત્યમુક્ત છો, ત્યારે જીવ આપની કૃપાથી મુકત થાય છે. આપ અત્યંત શુદ્ધ છો, ત્યારે જીવ મલિન છે. આપ સંપૂર્ણ જ્ઞાની છો, ત્યારે જીવ અજ્ઞાની છે. આપ આત્મા છો. ત્યારે જીવ જડ છે. આપ કુટસ્થ નિર્વિકાર છો, ત્યારે જીવ આદિવાળો છે. આપ ભગવાન છો, ત્યારે જીવ ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન ને વૈરાગ્ય—એ છ પ્રકારના ભગ (ઐશ્વર્ય) રહિત છે અને આપ ત્રણે ગુણોના અધીશ્વર છો, ત્યારે જીવ ત્રણે ગુણોને આધીન છે કારણ કે આપ સર્વના દ્રષ્ટા હોઈ બુદ્ધિની તે તે અવસ્થાને પોતાની અખંડિત દૃષ્ટિ (ચૈતન્ય શકિત)થી જુઓ છે. આપ જ સર્વનું પાલન કરવામાં યજ્ઞના અધિષ્ઠાતા શ્રીવિષ્ણુ છો. વળી જેમાં પરસ્પર વિરુદ્ધ ગતિવાળી વિદ્યા, અવિદ્યા વગેરે વિવિધ શકિતઓ નિરંતર અનુક્રમે અકસ્માત ઉત્પન્ન થાય છે, તે જગતને ઉત્પન્ન કરનાર, એક, અખંડ, અનંત, અનાદિ, આનંદમાત્ર સ્વરૂપ અને નિર્વિકાર પરબ્રહ્મ આપને શરણે હું આવ્યો છું. હે ભગવન્ ! આપ જ સર્વ પુરુષાર્થ છો એવા નિષ્કામભાવે જે આપનું ભજન કરે છે, તે નિષ્કામ તો પુરુષાર્થ (પરમાનંદ) એ જ જેમનું સ્વરૂપ છે એવા આપનું ચરણકમળ જ રાજ્યાદિ સર્વ કામનાઓ કરતાં પણ સત્ય કામનારૂપ પરમાર્થના ફળરૂપ છે. હે સ્વામિન્ ! તો પણ આપ ભગવાન તો દીન સકામ એવા અમારું પણ જેમ તરતમાં વિયાયેલી ગાય પોતાના વાછરડાનું રક્ષણ કરે તેમ રક્ષણ કરો છો, કેમ કે આપ સર્વનું હિત કરવામાં જ તત્પર છો.

**મૈત્રેય બોલ્યા :** સત્ય સંકલ્પવાળા તે બુદ્ધિમાન ધ્રુવે એમ સ્તુતિ કરી, એટલે ભક્તવત્સલ ભગવાને તેને અભિનંદન આપી આ પ્રમાણે કહ્યું:

**શ્રીભગવાન બોલ્યા :** હે સદાચારી રાજકુમાર ! હું તારા હૃદયને સંકલ્પ જાણું છું અને તે દુર્લભ છે તો પણ તને આપું છું. તારું કલ્યાણ થાઓ. હે ભદ્ર ! જે સ્થાન હજી સુધી બીજાઓએ મેળવ્યું નથી, જે પ્રકાશમાન છે, જેમાં અચળ સ્થિતિ છે, ધાન્ય મસળવા માટે હાલરામાં ભમતાં પશુઓ બાંધવાને ખીલે જેમ બળદો રહે છે, તેમ ગ્રહો, નક્ષત્રો, તારાઓ ને જ્યોતિશ્ચક્ર જ્યાં રહેલાં છે, જે અવાંતર કલ્પ સુધી રહેનારાઓ કરતાં પણ વધારે વખત રહે છે, એટલે ત્રૈલોક્યનો નાશ થાય તો પણ રહેનારું છે, અને ધર્મ, અગ્નિ, કશ્યપ, શુક્ર તથા તારાઓ સહિત સપ્તર્ષિ મુનિઓ પણ જેને પ્રદક્ષિણા કરી આસપાસ ભમે છે, તે દુર્લભ સ્થાન પણ હું તને આપું છું. તારા પિતા તને પૃથ્વી આપી વનમાં જશે એટલે છત્રીસ હજાર

વર્ષ સુધી તું ધર્મનો આશ્રય કરી જાગ્રત ઈન્દ્રિયવાળો થઈ પૃથ્વીનું રક્ષણ કરીશ. તારો ભાઈ ઉત્તમ મૃગયામાં મરણ પામશે એટલે તેનામાં મનવાળી અને વનમાં તેને શોધતી તારી સાવકી માતા સુરુચિ દાવાનળમાં પ્રવેશ કરશે. પછી તુ યજ્ઞ એ જ જેનું હૃદય (મૂર્તિ) છે એવા મારું પુષ્કળ દક્ષિણવાળા યજ્ઞોથી યજન કરી ઉત્તમ ભોગો ભોગવી અંતે મારું સ્મરણ કરીશ. પછી સર્વ લોકોએ નમસ્કાર કરેલું મારું સ્થાન તું પામીશ કે જે સપ્તર્ષિઓની ઉપરઆવેલું છે અને ત્યાં ગયેલ મનુષ્ય ફરી સંસારમાં પાછો આવતો નથી.

**મૈત્રેય બોલ્યા :** એમ ધ્રુવને પોતાનું સ્થાન આપી તેના વડે પૂજાયેલા ભગવાન તે બાળકના દેખતાં પોતાના ધામમાં ગયા. તે ધ્રુવ પણ પોતે સંકલ્પ કરેલું શ્રીવિષ્ણુ ભગવાનની ચરણસેવાથી મેળવેલું અને સંકલ્પ પૂર્ણ કરનારું તે પરમ પદ પામ્યા છતાં વિશેષ પ્રસન્ન થયા વિના નગર તરફ ગયો.

**વિદુરે પૂછયું :** ભગવાનની ચરણ સેવાથી મેળવેલું શ્રીહરિનું પરમ પદ સકામ મનુષ્યને અત્યંત દુર્લભ છે. તે માત્ર એક જ જન્મથી મેળવ્યા છતાં તે પોતે પુરુષાર્થને જાણનાર છતાં તે ધ્રુવે પોતાના આત્માને જાણે અકૃતાર્થ હોય તેમ કેમ માન્યો ?

**મૈત્રેય બોલ્યા :** ધ્રુવ સાવકી માતાના વાક્યરૂપ બાણોથી હદયમાં વીંધાયો હતો અને તે વાક્યને યાદ કર્યા કરતો હતો, તેથી પોતે મુકિતપતિ ભગવાન પાસેથી મુકિત ન ઈચ્છી એટલે સંતાપ પામ્યો હતો.

**ધ્રુવ (આવો સંતાપ કરતાં) બોલ્યો :** સનકાદિ મુનિઓ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ છે છતાં અનેક જન્મો સુધી અભ્યાસ કરેલી સમાધિથી જે ભગવાનના પરમ પદને માત્ર જાણી શક્યા છે. તે પદથી છાયાને હું ભેદબુદ્ધિવાળો છતાં માત્ર છ મહિનામાં પામીને પણ ફરી આ સંસાર તરફ પાછો ફર્યો છું (તે ખરેખર ખેદજનક છે.) અહો ! અફસેસ ! હું મંદભાગ્ય છું. મારી અજ્ઞાનતા તો જુઓ ! સંસારનો નાશ કરનારા આ ભગવાનનું ચરણકમળ પામ્યા છતાં મેં તેમની પાસેથી નાશવંત વસ્તુ માગી. ખરેખર, મારાથી નીચે જતા અદેખા દેવોએ મારી બુદ્ધિ દૂષિત કરી, જેથી મહાઅધમ મેં નારદજીનાં સત્ય વચનનો પણ સ્વીકાર કર્યો નહિ. અહો ! જેમ નિદ્રાવશ મનુષ્ય સ્વપ્ન જોતાં પોતાને જુદો માને છે. તેમ દૈવી માયાનો આશ્રય કરી હું પોતાથી બીજી વસ્તુ ન હોવા છતાં ભેદષ્ટિવાળો થઈ પોતાના ભાઈને પોતાનો શત્રુ માની હૃદયના રોગથી તપ્યા કરું છું. અરેરે ! મેં અભાગિયાએ મહાકષ્ટથી પ્રસન્ન થનારા અને સંસારને નાશ કરનારા જગતના આત્માને તપથી પ્રસન્ન કરી તેમની પાસેથી જે માગ્યું છે, તે મરણપથારીએ પડેલા માટે જેમ ચિકિત્સા વ્યર્થ છે તેમ વ્યર્થ જ છે. અફસોસ ! જેનું પુણ્ય નાશ પામ્યું છે, એવા મેં, જેમ કોઈ નિર્ધન મનુષ્ય ચક્રવતી મહારાજા પાસેથી ફોતરાંવાળા ચોખાના કણ માંગે તેમ સ્વરૂપાનંદ આપનાર શ્રી ભગવાન પાસેથી મૂર્ખાઈને લીધે અભિમાન માગ્યું !

**મૈત્રેય બોલ્યા :** હે તાત વિદુરજી ! શ્રી મુકુંદ ભગવાનની ચરણરજ સેવનારા અને સ્વેચ્છાથી જે કંઈ મળે તેથી મનમાં સંતોષ માનનારા તમારા જેવા મનુષ્યો તે ભગવાનના દાસત્વ વિના બીજી કોઈ વસ્તુ ઈચ્છતા નથી. રાજા ઉત્તાનપાદે મરણ પામી પાછો આવ્યો હોય તેમ પુત્ર ધ્રુવને આવતો સાંભળી "અરેરે મારુ પાપીનું તેવું કલ્યાણ ક્યાંથી હોય ? એમ માની તે વાત માની નહિ પણ પછી દેવર્ષિ નારદનાં વાક્ય માની હર્ષના વેગથી અત્યંત આનંદિત થઈ રાજાએ ખબર લાવનાર મનુષ્યને મહાકિંમતી હાર આપી દીધો. પછી સોનાના સાજવાળા ને ઉત્તમ ઘોડાઓ જોડેલા રથમાં બેસી રાજા બ્રાહ્મણ, કુળના વૃદ્ધો, અમાત્યો તથા બંધુઓ સાથે શંખ, દુંદુભિઓની ગર્જનાઓ તથા વેદધ્વનિ ને વાંસળીઓના શબ્દપૂર્વક પુત્રને મળવા આતુર થઈ નગરમાંથી બહાર નીકળ્યો. રાજાની બન્ને રાણી સુનીતિ ને સુરુચિ પણ

સુવર્ણના અલંકારોથી સુશેભિત થઈ ઉત્તમકુમાર સાથે પાલખીમાં બેસી ધ્રુવની સામે ગઈ, ઉપવનની પાસે ધ્રુવને આવતો જોઈ રાજા પ્રેમથી વિહ્વળ થયો ને એકદમ વેગથી રથ પરથી ઊતરી પુત્ર પાસે જઈ પહોંચ્યો. લાંબા કાળથી ઉત્કંઠિત મનવાળો હોઈ હાંફતો તે, શ્રી ભગવાનના ચરણસ્પર્શથી જેનાં સર્વ પાપબંધનો નાશ પામ્યાં હતાં, તેવા ધ્રુવને ભેટી પડયો. પછી જેના મોટા મનોરથો સિદ્ધ થયા હતા, એવા તે રાજાએ વારંવાર પુત્રનું મસ્તક સુંઘ્યું અને નેત્રના શીતળ જળથી તેને નવડાવી દીધો. એ રીતે સત્કાર પામેલો અને સજજનોમાં અગ્રેસર એ ધ્રુવ પણ પિતાના ચરણમાં નમ્યો ને તેમના આશીર્વાદપૂર્વક તેમની સાથે વાતચીત કરી અને માતાને પણ મસ્તકથી પ્રણામ કર્યા. સુરુચિએ ચરણમાં નમેલા બાળક ધ્રુવને ઉઠાડી, ભેટીને આંસુથી વળગળી વાણી વડે 'પુત્ર ! તું ઘણું જીવ' એમ આશીર્વાદ આપ્યો, ભગવાન શ્રીહરિ મૈત્રી વગેરે ગુણોથી જેના પર પ્રસન્ન થાય, તેને જેમ જળ નીચાણમાં વહે તેમ પ્રાણીમાત્ર પોતાની મેળે મળે છે. ઉત્તમ અને ધ્રુવ બંને પરસ્પર પ્રેમથી વિહ્વળ થયા અને અન્યોન્યના સંગથી રોમાંચિત થઈ વારંવાર અશ્રુપ્રવાહ વહેવડાવવા લાગ્યા. ધ્રુવની માતા સુનીતિએ પ્રાણ કરતાં પણ પ્રિય એ પુત્રને ભેટી તેના અંગસ્પર્શથી શાંત બની મનની પીડા છોડી. હે વીર વિદુરજી ! વીરને જન્મ આપનારી તે માતાનાં નેત્રના પવિત્ર જળથી તે વખતે અભિષેક કરાતાં બંને સ્તનમાંથી ધાવણની ધારાઓ વારંવાર વહેવા લાગી. લોકો તે રાણીની પ્રશંસા કરવા લાગ્યા. બહું સારું થયું કે ઘણા લાંબા વખતથી ખોવાયેલો તમારો પુત્ર તમને મળ્યો છે. હવે તે ભૂમંડળનું રક્ષણ કરશે. ખરેખર તમે નમેલાં મનુષ્યોની પીડા હરનારા શ્રીભગવાન પૂજ્યા છે કે જેમનું ધ્યાન કરનારા વીર પુરુષો મહાદુર્જય મૃત્યુને પણ જીતે છે.' પછી મનુષ્યો વડે સ્તુતિ કરતો રાજા ઉત્તાનપાદ એ પ્રમાણે લોકો વડે લાડ લડાવાતા ધ્રુવને ભાઈ ઉત્તમ સાથે હાથણી પર બેસાડી હરખાતો નગરમાં દાખલ થયો. તે નગર ઠેકઠેકાણે બાંધેલાં મકરાકાર તોરણ, ફળ તથા માંજર સહિત કેળના સ્તંભો અને તેના જેવા જ સોપારીના છોડવાથી શોભતું હતું. દરેક દરવાજે આંબાનાં પાંદડાં, વસ્ત્રો, પુષ્પમાળાઓ અને મોતીના હારો લટકાવેલા દીપક સહિત જળકળશોથી શોભાયમાન હતું. સુશોભિત વિમાનોનાં શિખરે સમાન કાંતિવાળા, સુવર્ણનાં રાચરચીલાવાળા કિલ્લાઓ, દરવાજાને ઘરોથી સર્વ તરફ શોભતું હતું. ચૌટા, શેરીઓ, અટારીઓને માર્ગો સાફ હતા. ચંદનનાં જળ છાંટયાં હતાં અને શેકેલી શાળની ધાણી, જવ, ફૂલ, ફળ, ચોખા, તથા બલિદાનોથી તે યુકત હતું. નગરની સ્ત્રીઓને રસ્તે રસ્તે રાજકુમાર ધ્રુવને જોવા માટે ઊભી હતી અને તેને જતો જોઈને સરસવ, જવ, દહીં, જળ, ધ્રો, પુષ્પ તથા ફળ લઈ વધાવતી હતી અને શુભ આશીર્વાદો આપતી હતી. પછી તે સ્ત્રીઓનાં સુંદર ગીતો સાંભળતા ધ્રુવે પિતાના રાજમહેલમાં પ્રવેશ કર્યો. ઉત્તમ મણિઓથી વ્યાપ્ત તે રાજમહેલમાં પિતા વડે અત્યંત લાડ લડાવાતો ધ્રુવ સ્વર્ગમાં દેવની પેઠે રહેવા લાગ્યો. ત્યાં દૂધના ફીણ જેવી ઉજજવળ અને સુવર્ણના સરંજામવાળી હાથીદાંતથી શય્યાઓ હતી. મહાકિંમતી આસનો અને સુવર્ણનાં જ રાચરચીલાં હતાં.વળી જે ઉત્તમ મરકતમણિઓથી જડેલી સ્ફટિકમણિની ભીંતોમાં મણિઓના દીવાઓ પ્રકાશતા હતા અને શ્રેષ્ઠ રત્નાલંકારવાળી દાસીઓ ત્યાં હાજર હતી. જેના પર પક્ષીઓનાં જોડકાં કલ્લોલ કરતાં હતાં અને મદોન્મત્ત ભમરાઓ જેમાં ગુંજારવ કરતાં હતા એવાં જાતજાતનાં દેવતાઈ વૃક્ષોવાળા સુંદર બગીચાઓ ત્યાં હતા. વળી વૈદૂર્યમણિઓનાં પગથિયાંવાળી, પદ્મ, ઉત્પલ, કુમુદ જાતનાં કમળોથી યુક્ત અને હંસો, બતકો, ચક્રવાકો તથા સારસોથી સેવાયેલી વાવો પણ ત્યાં હતી. રાજર્ષિ ઉત્તાનપાદ પુત્રનો

તે અતિ અદ્ભુત પ્રભાવ સાંભળી તથા જોઈ પરમ વિસ્મય પામ્યો. પછી એ ધ્રુવને યુવાન, પ્રધાનમંડળમાં માન્ય અને પ્રજાઓને પ્રિય જોઈ રાજાએ તેને પૃથ્વીનો પતિ બનાવ્યો. અને પોતાને વૃદ્ધ થયેલો જાણી રાજાએ વિરકત થઈ આત્મગતિનો વિચાર કરી વનમાં પ્રયાણ કર્યું . ૧-૬૭

आत्मानं च प्रवयसमाकलय्य विशाम्पतिः । वनं विरक्तः प्रातिष्ठद्विमृशन्नात्मनो गतिम् ॥६७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## ધ્રુવે ભાઈનો વધ કરનારા યક્ષોનો કરેલો વિનાશ

॥ मैत्रय उवाच ॥

प्रजापतेर्दुहितरं शिशुमारस्य वै ध्रुवः । उपयेमे भ्रमिं नाम तत्सुतौ कल्पवत्सरौ ॥१॥

**મૈત્રેય બોલ્યા :** ધ્રુવ પ્રજાપતિ શિશુમારની પુત્રી ભ્રમિને પરણ્યો હતો અને તેને કલ્પ તથા વત્સર નામના બે પુત્રો થયા હતા. વળી મહાબળવાન તે ધ્રુવ વાયુની પુત્રી ઈલાને પણ પરણ્યો હતો અને તેને વિષે ઉત્કલ નામના પુત્રને તથા સ્ત્રીઓમાં રત્ન જેવી કન્યાને ઉત્પન્ન કર્યા હતાં. તેના ભાઈ ઉત્તમે તો વિવાહ જ કર્યો ન હતો. તે એક સમયે હિમાલયમાં મૃગયા કરવા ગયો ત્યારે મહાબળવાન કોઈ યક્ષે તેને મારી નાખ્યો, જેથી તેની માતા (સુરુચિ પણ તેના શોકથી) મરણ પામી. ધ્રુવ ભાઈનો વધ સાંભળી ક્રોધ, અક્ષમા તથા શોકથી વ્યાપ્ત થયો. તે વિજય આપનારા રથમાં બેસી અલકાનગરી તરફ ગયો. ઉત્તર દિશામાં જઈ રાજા ધ્રુવે હિમાલયની તળેટીમાં રુદ્રદેવના અનુચરોથી સેવાયેલી અને યક્ષોથી વ્યાપ્ત અલકાનગરી જોઈ તરત જ તે મહાબાહુએ શંખનાદ કર્યો ને આકાશ તથા દિશાઓ ગજાવી મૂક્યાં. હે વિદુરજી ! ધ્રુવના એ શંખનાદથી યક્ષની સ્ત્રીઓ વ્યાકુળ દૃષ્ટિવાળી બની અત્યંત ભયભીત થઈ તેમ જ એ શંખનાદ સહન ન કરતાં બળવાન મોટા યક્ષયોદ્ધાઓ અલકામાંથી નીકળી હથિયારો ઉગામી ધ્રુવ સામા ધસ્યા. ઉગ્ર ધનુષ્ય ધારણ કરનારા વીર મહારથી ધ્રુવે સામે ધસી આવતા સર્વ યોદ્ધાઓને પ્રત્યેકને એકી વખતે ત્રણ ત્રણ બાણો માર્યા. લલાટમાં લાગેલાં તે બાણોથી તેઓ સર્વ પોતાને પરાજય પામેલા માની ધ્રુવના તે કર્મની પ્રશંસા કરવા લાગ્યા. જેમ સર્પો કોઈના પગનો સ્પર્શ સહન કરતા નથી તેમ તે યક્ષો પણ ધ્રુવને સહન ન કરતા તેનાથી બમણો બદલો વાળવા ઈચ્છતા એકીસાથે બાણ મારી તેને વીંધતા હતા. એક લાખ ને ત્રીસ હજાર તે યક્ષ યોદ્ધાઓ અત્યંત કોપાયમાન થઈ ધ્રુવ સામે બદલો વાળવા ઈચ્છતા રથ તથા સારથિ સહિત ધ્રુવ ઉપર ભૂંગળો, તલવારો, ભાલાઓ, ત્રિશૂળ, ફરશીઓ, શકિતઓ, બેધારી તલવાર, ભુશુંડીઓ ને રંગબેરંગી પીછાંવાળાં બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. તે વખતે એ ધ્રુવ શસ્ત્રોની મોટી વૃષ્ટિથી ઢંકાઈ જતી મેઘની જળધારાથી ઢંકાઈ ગયેલા પર્વતની પેઠે દેખાતો ન હતો. તે જ વખતે આકાશમાં જોતા સિદ્ધોને હાહાકાર થયો (અને તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે) યક્ષોરૂપી સમુદ્રમાં આ સૂર્ય જેવો મનુવંશી ડૂબી જઈ હણાયો છે. વિજયથી શોભતા યક્ષો ગર્જના કરવા લાગ્યા, ત્યારે ઝાકળમાંથી જેમ સૂર્ય નીકળે, તેમ ધ્રુવનો રથ બહાર આવ્યો. ધ્રુવે દિવ્ય ધનુષ્યનો ટંકાર કરી શત્રુઓને ગભરાવી, વાયુ જેમ મેઘમંડળનો નાશ કરે, તેમ બાણોથી શત્રુઓના અસ્ત્રસમૂહનો નાશ કર્યો. તેના ધનુષ્યમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણો યક્ષનાં બખ્તરો તોડી, વજ્રો જેમ પર્વતોમાં પેસે તેમ તેઓનાં શરીરમાં પેસવા લાગ્યાં. ભાલાથી કપાતાં તે યક્ષોનાં સુંદર કુંડળોવાળાં મસ્તકો સુવર્ણનાં તાડવૃક્ષ જેવી લાંબી સાથળો, કડાઓથી

મનોહર બાહુઓ અને મહાકિંમતી હારો, બાજુબંધો, મુકુટ તથા પાઘડીઓ વડે ચોતરફ છવાયેલી એ રણભૂમિ વીર પુરુષોના મનને હરતી શોભતી હતી. બીજા જે યક્ષગણો મરતા બચ્યા તેઓ એ શ્રેષ્ઠ ક્ષત્રિયનાં બાણોથી લગભગ છિન્નભિન્ન અવયવોવાળા થઈ, સિંહે નસાડેલા હાથીઓની પેઠે સમરાંગણમાંથી નાસી ગયા, તે સમયે મનુષ્યોમાં ઉત્તમ અને અદ્‌ભુત રથવાળા ધ્રુવ કોઈપણ શસ્ત્રધારીને મહારણમાં ન જોતાં શત્રુની નગરી જોવા ઇચ્છતો હતો, તોપણ "માયાવીઓના કર્તવ્યને મનુષ્ય જાણી શકે નહિ" એમ પોતાના સારથિને કહી શત્રુઓના ફરી ધસારાની શંકા કરતો સાવધાન રહ્યો. તેવામાં વાયુથી ઊછળતાં સમુદ્ર જેવો શબ્દ તેણે સાંભળ્યો અને સર્વ દિશાઓમાં ધુળ ઊડતી જોઈ. ક્ષણવારમાં આકાશ સર્વ દિશાઓમાં મેઘમંડળથી છવાઈ ગયું, જેમાં વીજળીઓ ઝબૂકતી હતી અને ત્રાસ ઉપજાવે તેવા ગડગડાટ થતા હતા. હે નિર્દોષ વિદુરજી ! આકાશમાંથી લોહીનો ધોધ, કફ, પરુ, વિષ્ઠા, મૂત્ર ને મેદનો વરસાદ વરસ્યો અને ધ્રુવની આગળ મસ્તક વિનાનાં ધડ પડવા લાગ્યાં. આકાશમાં પર્વતો દેખાયા અને સર્વ દિશાઓમાં પથ્થરોની વૃષ્ટિ સામે ગદાઓ, ભૂંગળો, તલવારો તથા મુસળો પડવા લાગ્યાં. વજ્ર જેવા ફૂંફાડા મારતા અને તેમાંથી અગ્નિ કાઢતા સર્પો, મદોન્મત્ત હાથીઓ, સિંહ ને વાઘોનાં ટોળેટોળાં ચોતરફ દોડવા લાગ્યાં. ભયંકર સમુદ્ર પ્રલયકાળના જેવો ભીષણ બની તરંગો વડે ચોતરફ પૃથ્વીને બોળી દેતો મોટી ગર્જના કરતો ધસી આવવા લાગ્યો. એમ ક્રૂર ગતિવાળા યક્ષોએ આસુરી માયાથી બીકણોને ત્રાસ ઉપજાવનારી અનેક વસ્તુઓ ઉત્પન્ન કરી. તે સમયે ધ્રુવની ઉપર અસુરોએ ઉપજાવેલી મહાદુસ્તર તે માયા જોઈને ત્યાં આવેલા મુનિઓ ધ્રુવના કલ્યાણ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

**મુનિઓ બોલ્યા :** હે ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ ! શાર્ઙ્ગધનુષ્ય ધારણ કરનારા અને શરણાગત મનુષ્યોની પીડા દૂર કરનારા ભગવાન પરમાત્મા તારા શત્રુઓનો નાશ કરે, કે જેમનું નામ ઉચ્ચારી કે સાંભળીને લોકો સાક્ષાત્ દુસ્તર મૃત્યુને પણ અનાયાસે ઓળંગે છે. ૧-૩

औत्तानपादे भगवांस्तव शार्ङ्गधन्वा । देवः क्षिणोत्ववनतार्तिहरो विपक्षान् ॥
यन्नामधेयमभिधाय निशम्य चाद्धा । लोकोऽञ्जसा तरति दुस्तरमङ्ग मृत्युम् ॥३०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## મનુએ ધ્રુવને તત્ત્વોપદશ આપી યક્ષોનો સંહાર કરતા રોકયો

॥ मैत्रय उवाच ॥

निशम्य गदतामेवमृषीणां धनुषि ध्रुवः । सन्दधेऽस्त्रमुपस्पृश्य यन्नारायणनिर्मितम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એમ કહેતાં ઋષિઓનાં વચન સાંભળી ધ્રુવે જળનું આચમન કરી ધનુષ્ય ઉપર નારાયણ ભગવાને ઉત્પન્ન કરેલું નારાયણાસ્ત્ર સાધ્યું. હે વિદુરજી ! એ અસ્ત્ર સાંધ્યું કે તરત જ યક્ષોએ રચેલી માયાઓ, જ્ઞાનનો ઉદય થતાં રાગાદિ કલેશો જેમ નાશ પામે તેમ નાશ પામી. ધ્રુવે ધનુષ્ય ઉપર નારાયણાસ્ત્ર સાંધ્યું એટલે તેમાંથી સોનેરી છેડાવાળાં ને હંસ પક્ષીનાં પીછાંવાળાં બાણ એકદમ નીકળ્યાં ને ભયંકર શબ્દો કરતા મયૂરો જેમ વનમાં પેસે તેમ શત્રુઓના સૈન્યમાં પેઠાં. એ તીક્ષ્ણ ધારવાળાં ધ્રુવનાં બાણોથી યક્ષો ચોરતરફથી પીડાયા, ત્યારે કોપાયમાન થઈ સર્પો જેમ ફણા ચડાવી ગરુડ સામે ધસે, તેમ હથિયારો ઉગામી ધ્રુવ સામે ધસ્યા. ધ્રુવે યુદ્ધમાં ધસી આવતા તેઓને બાણ મારી તેઓનાં બાહુઓ,

સાથળો, ડેક ને પેટ કાપી નાખી, બ્રહ્મચારી મુનિએ સૂર્યમંડળ ભેદી જે લોકમાં જાય છે ત્યાં મોકલી દીધા. અદ્ભુત રથવાળો ધ્રુવ એ રીતે નિરપરાધી અનેક યક્ષોનો સંહાર કરતો હતો, તે જોઈ દયાને લીધે તેના દાદા મનુ ઋષિઓ સાથે એકદમ ત્યાં આવી ધ્રુવને કહેવા લાગ્યા.

**મનુ બોલ્યા :** ''હે પુત્ર ! નરકનું દ્વાર એવો પાપી ક્રોધ તું કર મા, કે જે ક્રોધથી તે આ નિરપરાધી યક્ષોનો સંહાર કર્યો છે. હે તાત ! નિરપરાધી યક્ષોનો આ વિનાશ તેં શરૂ કર્યો છે. સત્પુરુષોએ નિંદેલું આ કર્મ આપણા કુળને યોગ્ય નથી. ભાઈ ઉપર પ્રેમવાળા હે ધ્રુવ ! ભાઈના વધથી સંતાપ પામેલા તેં માત્ર એક જ યક્ષના અપરાધથી અનેકનો નાશ કર્યો છે. આત્માથી જુદા શરીરને આત્મા માની પશુઓની પેઠે પ્રાણીઓનો સંહાર કરવો, એ શ્રીભગવાનને અનુસરનારા સત્પુરુષોનો માર્ગ નથી. વળી તે તો પ્રાણીમાત્રમાં વસતા અને મહાદુઃખે આરાધી શકાય એવા શ્રીહરિનું સર્વ ભૂતોના આત્મા તરીકેના ભાવથી આરાધન કરી વિષ્ણુભગવાનનું પરમ પદ મેળવ્યું છે, તેમ જ શ્રીહરિના હૃદયમાં વાસ કર્યો છે અને તેમના ભક્તોને પણ તે માન્ય છે વળી સત્પુરુષોનાં વ્રત તું શીખ્યો છે, છતાં આ નિંદ્ય કર્મ તેં કેમ કર્યું? પ્રાણીમાત્ર ઉપર ક્ષમા, દયા, મિત્રતા અને સમભાવ રાખવાથી સર્વાત્મા શ્રીભગવાન પ્રસન્ન થાય છે. શ્રીભગવાન પ્રસન્ન થાય ત્યારે પુરુષ પ્રકૃતિના ગુણોથી તથા લિંગશરીરથી મુક્ત થઈ સુખસ્વરૂપ બ્રહ્મને પામે છે. પાંચ મહાભૂતો દેહાદિના આકારે પરિણામ પામે છે, ત્યારે (તે દેહપિંડ) સ્ત્રી અને પુરુષ એવી પ્રસિદ્ધિ પામે છે. તે સ્ત્રીપુરુષના મૈથુનથી પાછાં બીજાં સ્ત્રી-પુરુષની સંસારમાં ઉત્પત્તિ થાય છે. એમ હે રાજા ! પરમાત્માની માયા વડે ગુણોનો ન્યુનાધિક ભાવે પરસ્પર સંબંધ થવાથી જ સૃષ્ટિનું પાલન તથા સંહાર થાય છે. તેમાં નિર્ગુણ ઈશ્વર તો માત્ર નિમિત્ત જ છે કે જે ઈશ્વર નિમિત્તરૂપ થતાં, જેમ લોહચુંબક નિમિત્ત થતાં લોઢું ભમે છે, તેમ આ કાર્યકારણાત્મક જગત ભમે છે. (ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામ્યા કરે છે.) કાળની શકિતને લીધે અનુક્રમે ગુણોનો વિકાર થવાથી સૃષ્ટિ આદિના વિષયવાળી જેમની શકિત વિભાગ પામેલી થાય છે તેવા તે ભગવાન અકર્તા જ છે; છતાં કર્તા હોઈને પોતે નાશ કરનાર નથી. છતાં જાણે નાશ કરનાર હોય એવા જણાય છે. ખરેખર તે પરમાત્માની ચેષ્ટા જાણવી મુશ્કેલ છે. તે ભગવાન જન્મરહિત, અવિનાશી અને અક્ષીણ શકિતવાળા છે, છતાં પિતા વગેરેથી પુત્ર વગેરે ઉત્પન્ન કરી સૃષ્ટિકર્તા થાય છે, ચોર, વાઘ વગેરે મૃત્યુરૂપ પ્રાણીઓથી બીજાઓને મારતા સર્વનો નાશ કરનાર થાય છે. આ કાળસ્વરૂપ પરમાત્મા સર્વ પ્રજાઓમાં સમાન રીતે પ્રવેશે છે. તેમને સ્વપક્ષનો કે પરપક્ષનો કોઈ છે જ નહિ. જેમ વાતા પવનની પાછળ ધૂળના રજકણો દોડે છે તેમ દોડતા એ કાળ મૂર્તિની પાછળ કર્માધીન પ્રાણીઓના સમૂહો (પોતપોતાનાં કર્મ પ્રમાણે) દોડે છે. એ વ્યાપકદેવ નાશ કે વૃદ્ધિથી રહિત છે અને તે જ પોતાની મૂળ પરિસ્થિતિમાં રહે છે. તે જ પરમાત્મા કર્મને આધીન એવાં પ્રાણી માત્રના આયુષ્યનો નાશ તથા વૃદ્ધિ કરે છે અથવા પ્રાણીઓનું અકાળ મૃત્યુ કરે છે અને કાળમૃત્યુથી પણ રક્ષા કરે છે. હે રાજા ! એ પરમેશ્વરને કેટલાક (મીમાંસકો) કર્મ, બીજા (લોકાયતિક નાસ્તિકો) સ્વભાવ (સંસ્કાર), કેટલાક(કાળના ઉપાસકો) કાળ, બીજા (દૈવના ઉપાસકો) દેવ અને બીજા વાત્સ્યાયનાદિ કામ કહે છે. હે તાત ! જે ઈશ્વર કોઈ પણ પ્રમાણ વડે સ્પષ્ટ થતા નથી, યથાર્થ અનુભવથી જાણી શકાતા નથી અને મહત્તત્ત્વ વગેરે અનેક શકિતઓનો જેમનાથી ઉદય હોય છે, તેમની કંઈ કરવાની ઈચ્છાને પણ કોઈ જાણી શકતું નથી, તો સ્વયંભૂ તેમને પોતાને તો કોણ જાણી શકે ? ઓ પુત્ર ! આ યક્ષે તારા ભાઈને હણનારા નથી. હે તાત ! પુરુષના જન્મ તથા મૃત્યુમાં ઈશ્વર જ કારણ છે. તે પરમેશ્વર જ જગતને

ઉત્પન્ન કરે છે, પાળે છે ને સંહારે છે, છતાં તે અહંકારથી રહિત હોવાને લીધે ગુણકર્મથી લેવાતા નથી. પ્રાણીમાત્રના આત્મા તથા ઈશ્વરને પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા પરમાત્મા પોતાની માયાશકિત વડે યુક્ત થઈ સર્વને ઉત્પન્ન કરે છે, રક્ષે છે ને સંહારે છે. માટે હે તાત ! અભકતોને મૃત્યુરૂપ, ભકતોને અમૃતરૂપ તથા જગતના પરમ આશ્રયરૂપ તે જ દેવને તું સર્વ પ્રકારે શરણે જા, જેમને જગતના સ્રષ્ટાઓ પણ નાકમાં દોરીથી નાથેલા બળદોની પેઠે બલિદાન આપ્યા કરે છે. તું પાંચ વર્ષનો હતો ત્યારે સાવકી માતાના વચનથી મર્મસ્થાનોમાં વીંધાયેલો થઈ માતાનો ત્યાગ કરી વનમાં ચાલ્યો ગયો હતો. ત્યાં તપશ્ચર્યા કરી ઈન્દ્રિયોના અવિષય પરમાત્માનું આરાધન કરી ત્રૈલોક્યના મસ્તક પર આવેલું સ્થાન તેં મેળવ્યું છે. એ જ સર્વના આત્માને હે ધ્રુવ ! તું આત્મદષ્ટિવાળો થઈ વિરોધરહિત થયેલા પોતાને વિષે જ શોધી કાઢ. જે નિર્ગુણ, એક જ, અવિનાશી, નિર્વિકારી અને જેને વિષે આ અનેક પ્રકારના ભેદવાળું જગત મિથ્યા હોવા છતાં જણાય છે. એ પ્રમાણે સ્વ-સ્વરૂપ ભૂત, અનંત, માત્ર આનંદસ્વરૂપ અને સમસ્ત શકિતઓ જેમને વિષે સારી રીતે રહેલી છે એવા તે ભગવાન વિષે પરમ ભકિત કરી 'હું', 'મારું' એમ તારામાં રૂઢ થયેલી અજ્ઞાનની ગાંઠ તું તોડી નાખીશ. હે રાજા ! જેમ ઔષધ વડે રોગનો નાશ કરાય, તેમ તું તારા સર્વોત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાનથી કલ્યાણના પરમ શત્રુ ક્રોધને વશ કર. તારું કલ્યાણ થાઓ. પોતે નિર્ભય બનવા ઈચ્છતા ડાહ્યા પુરુષે જેના વડે વ્યાપ્ત થયેલા પુરુષથી લોકો અત્યંત ઉદ્વેગ પામે છે, તે ક્રોધને વશ થવું નહિ. શંકરે ભાઈ તરીકે સ્વીકારેલા કુબેરનું તે અપમાન કર્યું છે કેમ કે ભાઈનો વધ કરનારા છે, એમ માની અત્યંત ક્રોધાયમાન થઈ તેં યક્ષોનો સંહાર કર્યો છે. માટે હે પુત્ર ! મહાપુરુષોનું તેજ આપણા કુળનો નાશ કરે, તે પહેલાં વિનયવાળાં વચનોપૂર્વક પ્રણામ કરી કુબેરને તું પ્રસન્ન કર.' એમ પૌત્ર ધ્રુવને ઉપદેશ આપી તેના વડે વંદન કરાયેલા સ્વાયંભુવ મનુ ઋષિઓની સાથે પોતાના નગર તરફ ગયા. ૧-૩૫

एव स्वायम्भुवः पौत्रमनुशास्य मनुर्ध्रुवम् । तेनाभिवन्दितः साकमृषिभिः स्वपुरं ययौ ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## ધ્રુવને શ્રીહરિના સ્થાનની પ્રાપ્તિ

॥ मैत्रय उवाच ॥

ध्रुवं निवृत्तं प्रतिबुद्धय वैशसादपेतमन्युं भगवान् धनेश्वरः ।
तत्रागतश्चारणयक्षकिन्नरैः संस्तूयमानोऽभ्यवदत् कृताञ्जलिम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પછી ધ્રુવને યક્ષોનો વિનાશ કરતાં અટકેલો અને ક્રોધરહિત થયેલો જાણી ચારણો, યક્ષો તથા કિન્નરો વડે સ્તુતિ કરાતા ભગવાન કુબેર ત્યાં આવ્યા અને બે હાથ જોડી પ્રણામ કરતા ધ્રુવને કહેવા લાગ્યા.

**કુબેર બોલ્યા :** હે ક્ષત્રિયપુત્ર ! હું તારા પર પ્રસન્ન થયો છું; કારણ કે હે નિર્દોષ ! તે પોતાના દાદાની આજ્ઞાથી તજવું અશક્ય વેર તજ્યું છે. આ યક્ષોને તે માર્યા નથી તેમ યક્ષોએ તારા ભાઈને માર્યો નથી; કારણ કે કાળ જ પ્રાણીઓનો નાશ તથા ઉત્પત્તિ કરવામાં સમર્થ છે. અજ્ઞાનથી દેહ ઉપર, આત્માભિમાન કરવાથી પુરુષને સ્વપ્ન જેવી વ્યર્થ 'તું' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, જેને લીધે સંસારમાં બંધન તથા દુઃખ વગેરે થાય છે. માટે હે ધ્રુવ ! તારું કલ્યાણ થાઓ. તું તારે ઘેર જા. પ્રાણીમાત્રના

આત્મારૂપ અને ઈન્દ્રિયોથી અગ્રાહ્ય એવા ભગવાનનું મોક્ષ માટે તું ભજન કર. જે પરમેશ્વર ભજન કરવા યોગ્ય ચરણવાળા, સંસારનો નાશ કરનારા અને ત્રિગુણાત્મક પોતાની માયાશકિત પુત્ર ! તું નિર્ભય થઈ તારા મનમાં જે ઈચ્છિત હોય તે વરદાન વિનાસંકોચે મારી પાસેથી માંગ; કેમ કે અમે સાંભળ્યું છે કે તું ભગવાનના ચરણની અત્યંત સમીપ રહેનારો છે, માટે હે ધ્રુવ ! તું વરદાન આપવા યોગ્ય છે.

**મૈત્રેય બોલ્યા :** રાજાઓના રાજા કુબેરે એમ વરદાન માગવા કહ્યું એટલે ભગવાનના મહાન ભક્ત, મહાબુદ્ધિમાન ધ્રુવે શ્રીહરિ વિષે પોતાની અચળ સ્મૃતિ માગી, જે સ્મૃતિ વડે (મનુષ્ય) દુર્લંઘ્ય અંધકારરૂપ સંસાર અનાયાસે તરે છે. પછી કુબેર પ્રસન્ન મનથી તે અચળ સ્મૃતિનું વરદાન ધ્રુવને આપી તેના દેખતાં ત્યાંથી અદશ્ય થયા અને ધ્રુવ પણ પોતાના નગરમાં ગયો. તેણે પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો વડે ભગવાન યજ્ઞેશનું પૂજન કર્યું, કે જે ભગવાન યજ્ઞના દ્રવ્યો, ક્રિયાઓ તથા દેવતાઓનાં કર્મસાધ્ય ફળરૂપ અને કર્મોનાં ફળ આપનારા છે. તેણે સર્વના આત્મારૂપ અને સર્વ ઉપાધિથી રહિત અચ્યુત ભગવાન વિષે તીવ્ર પ્રવાહવાળી ભકિત કરી તે જ પ્રભુને સર્વ પ્રાણીઓમાં તથા પોતામાં રહેલા જોયા. એ પ્રમાણે શીલ સંપન્ન, બ્રાહ્મણભક્ત, દીનવત્સલ તથા ધર્મમર્યાદાઓ પાળનારા તે ધ્રુવને પ્રજાઓ પોતાના પિતા માનવા લાગી. તેણે ભોગો વડે પુણ્યનો તથા યજ્ઞાદિ ક્રિયાઓરૂપ અભોગ વડે પાપનો નાશ કરી છત્રીસ હજાર વર્ષ સુધી પૃથ્વી પર રાજય કર્યું. એ રીતે જિતેન્દ્રિય મહાત્મા ધ્રુવે અનેક વર્ષોનો કાળ ધર્મ, અર્થ તથા કામ એ ત્રણેને સાધવામાં ગાળીને પુત્રને રાજસિંહાસન આપ્યું. તેણે ભગવાનની માયાથી અવિદ્યાએ સ્વપ્નમાં ગંધર્વ નગરની પેઠે આત્મા વિષે રચેલું આ જગત માન્યું તેમ જ પોતાના શરીરને સ્ત્રીઓ, સંતાનો, સંબંધીઓ, મિત્રો, સૈન્યો, અઢળક ખજાના, સુંદર વિહારભૂમિઓ તથા સમુદ્રપર્યંતના ભૂમંડળને કાળથી ઘેરાયેલું વિચારી બદરીકાશ્રમમાં પ્રયાણ કર્યું. ત્યાં પવિત્ર જળમાં સ્નાન કરી સ્નાનાદિ નિયમોનું પાલન કરી, શમાદિ યમપૂર્વક ઈન્દ્રિયો તથા અંતઃકરણને શુદ્ધ કરી આસન લગાવી, તેણે પ્રાણવાયુનો જય કર્યો. પછી મનથી સર્વ ઈન્દ્રિયો વિષયો તરફથી આકર્ષી પ્રથમ તો ભગવાનના પ્રતિનિધિરૂપ સ્થૂળ વિરાટસ્વરૂપમાં મન ધારણ કર્યું. એ સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં ધ્યાતા તથા ધ્યેય એવા ભેદથી રહિત થઈ સમાધિમાં તે સ્થિર થઈ સ્થૂલસ્વરૂપના ધ્યાનનો ત્યાગ કર્યો અને શ્રીહરિ ભગવાન વિષે ભકિતનો પ્રવાહ ચાલુ કર્યો. નિત્ય આનંદાશ્રુના પ્રવાહથી વારંવાર ગળગળો થતાં તેનું હૃદય પીગળી જતું, શરીર રોમાંચ થતાં ને લિંગશરીર ઉપરના અભિમાનનો પણ ત્યાગ થવાથી તેને ‘હું આ ધ્રુવ છું’ એવું સ્મરણ પણ રહ્યું નહિ. આ સ્થિતિ પ્રાપ્ત થતાં તે ધ્રુવે આકાશમાંથી ઊતરતું શ્રેષ્ઠ વિમાન જોયું, જે ઉદય પામેલ પૂર્ણિમાના ચંદ્રની પેઠે દશે દિશાઓને પ્રકાશમાન કરતું હતું. એ વિમાનમાં ચાર ભુજાવાળા, શ્યામ વર્ણવાળા, કિશોરવયના, લાલ કમળ સમાન નેત્રવાળા, સુંદર વસ્ત્રવાળા અને મુકુટ, હાર, બાજુબંધ તથા સુંદર કંડળો ધારણ કરતા બે ઉત્તમ દેવો ગદા લઈ બેઠા હતા. તે બંનેને ઉત્તમ કીર્તિવાળા ભગવાનના પાર્ષદ જાણી ધ્રુવ સામેથી ઊભે થયો અને ગભરાટને લીધે પૂજા સત્કાર ભૂલી જઈ કેવળ નામોચ્ચાર કરી, બે હાથ જોડી ભગવાનના તે શ્રેષ્ઠ પાર્ષદોને તેણે નમન કર્યું. એટલે ભગવાનના માનીતા સુનંદ તથા નંદ નામના તે બંને પાર્ષદો મંદહાસ્યપૂર્વક પાસે જઈ શ્રીકૃષ્ણના ચરણમાં જ જેનું મન હતું, વિનયને લીધે જેણે ડોક નમાવી હતી એવા હાથ જોડી ઊભેલા ધ્રુવને કહેવા લાગ્યા.

**સુનંદ તથા નંદ બોલ્યા :** હે રાજન્ ! તમારુ કલ્યાણ થાઓ. તમે અમારી વાણી સાવધાન થઈ સાંભળો. પાંચ વર્ષની વયે તમે જે ભગવાનને પ્રસન્ન કર્યા હતા. તે સમગ્ર જગતનું ધારણપોષણ કરનારા

શાર્ઙ્ગપાણિ ભગવાનના અમે બંને પાર્ષદો છીએ અને તમને ભગવાનના સ્થાનમાં લઈ જવા આવ્યા છીએ. તમે અતિ દુર્જય તે વિષ્ણુપદ જીત્યું છે, જેને સપ્તર્ષિઓ પણ ન પામી, નીચે રહી માત્ર જોયા કરે છે અને ચંદ્ર, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો તથા તારાઓ પ્રદક્ષિણા કરે છે; એ સ્થાનમાં તમે વાસ કરો. હે ધ્રુવ ! તમારા પિતૃઓ તથા બીજાઓએ જે સ્થાન હજી સુધી મેળવ્યું નથી, તે જગદ્વંદ્ય વિષ્ણુના પરમાનંદમાં તમે વાસ કરો. હે આયુષ્યમન્ ! ઉત્તમ કીર્તિવાળાઓના મુકુટરૂપ ભગવાને આ શ્રેષ્ઠ વિમાન મોકલ્યું છે. તેના પર બેસવા તમે યોગ્ય છો..

**મૈત્રેય બોલ્યા :** વૈકુંઠભગવાનના એ બંને શ્રેષ્ઠ પાર્ષદોની એ અમૃત ઝરતી વાણી સાંભળી ભગવાનને પ્રિય તે ધ્રુવે સ્નાન કર્યું, નિત્યકર્મો કરી અલંકારો પહેર્યા તથા મુનિઓને વંદન કરી તેમના આશીર્વાદો લીધા. પછી તે શ્રેષ્ઠ વિમાનની પૂજા અને પ્રદક્ષિણા કરી તથા તે બંને પાર્ષદોને વંદન કરી. સુવર્ણ સમાન તેજસ્વી સ્વરૂપવાળા તે ધ્રુવે વિમાનમાં બેસવાની ઈચ્છા કરી. એવામાં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવે મૃત્યુને પાસે આવેલું જોયું, એટલે તેના મસ્તક ઉપર પગ મૂકી તે અદ્‌ભુત વિમાનમાં બેઠો. તે સમયે (દેવોનાં) દુંદુભિ, મૃદંગો તથા ઢોલ વગેરે વાદિત્રો વાગ્યાં, ઉત્તમ ગંધર્વો ગાવા લાગ્યા ને (આકાશમાંથી) પુષ્પવૃષ્ટિ થઈ. એ પ્રમાણે સ્વર્ગલોકમાં જવા તે ધ્રુવ તૈયાર થયો, તે વેળા ‘મારી ગરીબ માતા સુનીતિનો ત્યાગ કરી હું દુર્લભ લોકમાં કેમ જાઉં ? ’ એમ માતાને તેણે યાદ કરી. એટલે ધ્રુવનો એ અભિપ્રાય જાણી તે બંને પાર્ષદોએ વિમાનમાં બેસી ધ્રુવની પહેલાં જતાં દેવી સુનીતિને બતાવ્યાં. પછી માર્ગમાં તે તે સ્થળે વૈમાનિક દેવતાઓ તેની પ્રશંસા કરવા લાગ્યા અને પુષ્પોથી તેને વધાવવા લાગ્યા. અનુક્રમે ધ્રુવે (આગળ) ગ્રહો જોયા. પછી વિમાન દ્વારા ત્રણે લોક ઓળંગી સપ્તર્ષિઓથી પણ આગળ રહેલા વિષ્ણુના સ્થાનમાં તે અચળ ગતિવાળો ધ્રુવ જઈ પહોંચ્યો. એ વિષ્ણુપદ પોતાની કાંતિથી પ્રકાશી રહ્યું છે અને એની પાછળ જ બીજા આ સર્વ લોકો પ્રકાશે છે. જે મનુષ્ય પ્રાણીઓ પર દયા રાખતા નથી, તેઓ એ સ્થળે જઈ શકતા નથી; પણ જેઓ પ્રાણીમાત્રનું સદા કલ્યાણ કરે છે, તેઓ એ સ્થાનમાં જાય છે. જેઓ શાંત હોઈ સમદૃષ્ટિવાળા, શુદ્ધ, પ્રાણીમાત્રને પ્રસન્ન કરનારા અને શ્રીભગવાન જ જેઓના પ્રિય બંધુ હોય છે, તેઓ અનાયાસે એ વિષ્ણુપદ પામે છે. એમ ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ શ્રીકૃષ્ણપરાયણ થઈ ત્રિલોકમાં નિર્મળ મુકુટમણિ જેવો થયો છે. હે કુરુવંશી વિદુરજી ! હાલરામાં વચ્ચે રહેલા પશુને બાંધવાના સ્થાને જેમ બળદો અટક્યા વિના વેગથી ભમે છે, તેમ એ ધ્રુવના સ્થાનમાં રહેલું જ્યોતિશ્ચક્ર આળસથી રહિત થઈ ભમ્યા કરે છે. એ ધ્રુવનો આવો મહિમા જોઈ ભગવાન નારદ ઋષિએ પ્રચેતાઓના યજ્ઞમાં વીણા વગાડતાં આ (ત્રણ) શ્લોક ગાયા હતા.

**નારદ બોલ્યા :** ખરેખર ! મહાપતિવ્રતા દેવી સુનીતિના પુત્ર ધ્રુવને તપના પ્રભાવથી જે ગતિ પ્રાપ્ત થઈ, તે ગતિ પામવાને વેદવાદી બ્રહ્મર્ષિઓ પણ ભગવદ્ધર્મનો સાક્ષાત્કાર કર્યો હોવા છતાં સમર્થ થયા નથી, તો રાજાઓ કેમ સમર્થ થાય ? જે ધ્રુવ પાંચ વર્ષનો હતો છતાં સાવકી માતાના વાક્યબાણોથી વીંધાયેલા દુઃખી હૃદયે વનમાં જવા નીકળ્યો અને મારી આજ્ઞા માની અજિત છતાં પોતાના ભકતોના ગુણોથી પરાજય પામેલા ભગવાનને તેણે જીત્યા (વશ કર્યા). માત્ર પાંચ કે છ વર્ષના ધ્રુવે થોડા જ દિવસમાં ભગવાનને પ્રસન્ન કરી જે વૈકુંઠપદ મેળવ્યું. તેને આ પૃથ્વી પર કોઈ ક્ષત્રિયબંધુ અનેક વર્ષોએ પણ મેળવવા શું ઈચ્છા પણ કરી શકે છે ?

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! ઉત્કૃષ્ટ યશવાળા ધ્રુવનું સત્પુરુષોને માન્ય આ ચરિત્ર તમે મને પૂછયું હતું, તે સર્વ મેં તમને કહ્યું. આ ચરિત્ર ધન, યશ તથા આયુષ્ય આપનાર પવિત્ર કલ્યાણનું મહાન સ્થાન,

સ્વર્ગ આપનાર, અચળ સ્થાન આપનાર, મનને શુદ્ધ કરનાર, પ્રશંસાને યોગ્ય અને પાપોનો નાશ કરનાર છે; એટલું જ નહિ પણ ભગવાનના ભકત ધ્રુવનું આ ચરિત્ર વારંવાર સાંભળવાથી ભગવાન વિષે ભક્તિ થાય છે, જે ભકિત વડે, સર્વ કલેશોનો નાશ થાય છે. વળી જેઓ મોટાઈ ઈચ્છે છે, તેઓને આ ચરિત્ર મોટાઈ પામવાનું સાધન છે. આ ચરિત્ર સાંભળતાં શ્રોતાને શીલ વગેરે ગુણ પ્રાપ્ત થાય છે, તેજની ઈચ્છા રાખનારાઓને તેજ અને મનસ્વી પુરુષોને માન મળે છે. પવિત્ર કીર્તિવાળા ધ્રુવનું આ મહાન ચરિત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની સભામાં પુરુષે પ્રયત્નપૂર્વક સવારે ને સાંજે વાંચવું–વંચાવવું જોઈએ. ભગવાનના ચરણનો આશ્રય કરનાર નિષ્કામ પુરુષે પૂનમ, અમાસે, બારશે, શ્રવણ નક્ષત્રવાળા દિવસે, ક્ષયતિથિએ, વ્યતીપાત હોય તે દિવસે સંક્રાંતિના દિવસે તેમ જ રવિવારે આ ચરિત્ર શ્રદ્ધાળુ મનુષ્યોને સંભળાવવું. તેમાં કેવળ પોતાના આત્મામાં જ સંતુષ્ટ રહેવું, પરંતુ સંભળાવીને કોઈ વસ્તુની ઈચ્છા ન રાખવી, જેથી નિષ્કામ પુરુષ સિદ્ધ થાય છે (મોક્ષ પામે છે). જે પુરુષ અજ્ઞાની મનુષ્યને ભગવાનના માર્ગમાં અમૃતરૂપ એવું જ્ઞાન આપે છે, તે દીનજનોનો ઉદ્ધાર કરનાર કૃપાળુ પુરુષ ઉપર દેવતાઓ કૃપા કરે છે. હે કુરુવંશી વિદુરજી ! પ્રખ્યાત પવિત્ર કર્મ કરનારા ધ્રુવનું આ ચરિત્ર મેં તમને કહ્યું, જે ધ્રુવ બાળક હતો છતાં રમવાનાં રમકડાં તથા માતાના ઘરને છોડી શ્રીવિષ્ણુભગવાનને શરણે ગયો હતો. ૧-૫૨

इदं मया तेऽभिहितं कुरुद्वह ध्रुवस्य विख्यातविशुद्धकर्मणः ।
हित्वार्भकः क्रीडनकानि मातुर्गृहं च विष्णुं शरणं जगाम ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## પુત્રની ક્રુરતાથી કંટાળી વેનનો પિતા અંગ વનમાં ચાલ્યો ગયો

॥ सूत उवाच ॥

निशम्य कौषारविणोपवर्णित ध्रुवस्य वैकुंठपदाधिरोहणम् ।
प्रवृद्धभावो भगवत्यधोक्षजे प्रष्टुं पुनस्तं विदुरः प्रचक्रमे ॥१॥

**સૂતપૌરાણિક બોલ્યા :** મૈત્રેયે વર્ણવેલી, ધ્રુવને વૈકુંઠપદની પ્રાપ્તિ સાંભળી અતીન્દ્રિય ભગવાન વિષે વિદુરજીનો ભકિતભાવ વધ્યો. તેમણે ફરી મૈત્રેયને પૂછવા માંડયું.

**વિદુરજીએ પૂછ્યું :** હે સદાચારી મૈત્રેય ! તે પ્રચેતાઓ કોણ હતા ? તેઓ કોના પુત્રો હતા ? કોના વંશમાં પ્રખ્યાતિ પામ્યા હતા અને ક્યાં યજ્ઞ કરીને બેઠા હતા ? જેમને શ્રીહરિનું દર્શન થયું છે અને જેમણે (પંચરાત્રમાં) શ્રીહરિની સેવાનો પ્રકાર -ક્રિયાયોગ કહ્યો છે, તે નારદજીને હું ભગવાનના મહાન ભકત માનું છું. તે ભકિતમાન નારદજીએ સ્વધર્મશીલ પ્રચેતાઓ વડે પૂજાતા ભગવાન યજ્ઞપુરુષની સ્તુતિ કરી હતી. માટે દેવર્ષિ નારદે પ્રચેતાઓના તે યજ્ઞમાં ભગવાનની જે જે કથાઓ વર્ણવી હોય તે તે સાંભળવા ઈચ્છતા મને હે બ્રહ્મન્ ! સંપૂર્ણ કહેવા તમે યોગ્ય છો.

**મૈત્રેય બોલ્યા :** ધ્રુવપુત્ર ઉત્કલે પિતા વનમાં ગયા એટલે ચક્રવર્તીની, સંપત્તિની તથા પિતાના રાજ્યાસનની ઈચ્છા કરી નહિ. કારણ કે જન્મથી જ શાંત મનવાળો, નિઃસંગ અને સમદષ્ટિવાળો હેઈ સર્વ લોકમાં વ્યાપેલા પોતાના આત્માને તથા આત્માને વિષે રહેલા સર્વ લોકને તે જોતો હતો. જે બ્રહ્મ

આત્મરૂપ, શાંત, સર્વ ભેદો જેમાં શાંત થાય છે, જ્ઞાનરસની સાથે જ જેની એકરૂપતા છે, આનંદસ્વરૂપ અને સર્વવ્યાપક છે, તે બ્રહ્મને પોતે સ્વરૂપભૂત જાણતો હોઈ આત્મા સિવાય બીજું કંઈ જોતો ન હતો અને અખંડ યોગરૂપ અગ્નિ વડે તેનો કર્મરૂપી મેલ તથા વાસનાઓ બળી ગઈ હતી. તે શાંત થયેલી જવાળાવાળા અગ્નિ જેવો હતો. તેની આકૃતિ માર્ગ પર (જતા–આવતા) અજ્ઞાનીઓને જડ, અંધ, બહેરા, ગાંડા, ને મૂંગા જેવી જણાતી હતી, પણ તેની બુદ્ધિ તેવી ન હતી. એ રીતે તેને જડઉન્મત્ત માની મંત્રીઓ સહિત કુળના વૃદ્ધ પુરુષોએ ભ્રમિના પુત્ર તેના નાના ભાઈ વત્સરને રાજા બનાવ્યો. વત્સરની વહાલી સ્ત્રી સ્વર્વીથિએ પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઈષ, ઊર્જ, વસુ તથા જય નામના છ પુત્રોને જન્મ આપ્યો હતો, તેમાંના પુષ્પાર્ણને પ્રભા ને દોષા નામની બે સ્ત્રીઓ હતી. તેમાં પ્રભાના પ્રાતઃ, મધ્યાહ્નને સાયં નામના ત્રણ પુત્રો થયા. અને દોષાના પ્રદોષ, નિશીથ તથા વ્યષ્ટ નામના ત્રણ પુત્રો થયા. તેમાંના વ્યુષ્ટે પુષ્કરિણી નામે સ્ત્રીમાં સર્વતેજસ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. એ સર્વતેજસે આકૂતિ નામની પત્નીમાં ચક્ષુષ નામના પુત્રને જન્મ આપ્યો હતો કે, જે મનુ થયો હતો, એ મનુની રાણી નડ્વલાએ પુરુ, કુત્સ, ત્રિત, દ્યુમ્ન, સત્યવાન, ઋત, વ્રત, અગ્નિષ્ટોમ, અતિરાત્ર, પ્રદ્યુમ્ન, શિબિ તથા ઉલ્મુક નામના બાર પવિત્ર પુત્રોને જન્મ આપ્યો. તેમાંના છેલ્લા ઉલ્મુકે પુષ્કરિણી નામની સ્ત્રી વિષે અંગ, સુમનસ, ખ્યાતિ, ઋતુ, અંગિરસ તથા ગય નામના છ પુત્રો ઉત્પન્ન કર્યા. તેમાંના અંગને સુનીથા નામની સ્ત્રી હતી, જેણે વેન નામના ઉગ્ર પુત્રને જન્મ આપ્યો હતો. એ વેનના દુરાચારથી કંટાળી રાજર્ષિ અંગ નગરમાંથી ચાલ્યો ગયો હતો. હે વિદુરજી ! એ વેનને વાણીરૂપી વજ્રવાળા મુનિઓએ કોપાયમાન થઈ શાપ આપ્યો હતો. જયારે તે મરણ પામ્યો ત્યારે ફરી તેના જમણા હાથનું મુનિઓએ મંથન કર્યું. તે વેળા લોકમાં કોઈ રાજા ન હતો અને પ્રજાઓને ચોર લોકો પીડતા હતા. જેથી (વેનના મળેલા હાથમાંથી) નારાયણના અંશવાળો પૃથુ નામનો આદ્ય રાજા ઉત્પન્ન થયો.

**વિદુરે પૂછ્યું :** તે અંગ રાજા શીલનો ભંડાર, સત્પુરુષ અને બ્રાહ્મણભકત હતો, છતાં તે મહાત્માને એવો દુષ્ટ પુત્ર કેમ થયો કે જેનાથી કંટાળી તે જતો રહ્યો ? મુનિઓ ધર્મ જાણનારા હોય છે, છતાં રાજયશાસનરૂપ વ્રતને ધારણ કરતા વન રાજાનો કર્યો અપરાધ જોઈ તેઓએ તેને શાપ આપ્યો ? (નિયમ તો આવો છે કે, રાજા અપરાધી હોય તોપણ પ્રજાઓએ તેનું અપમાન પણ કરવું ન જોઈએ; (તો તેનો નાશ કેમ કરાય ? ) કેમ કે રાજા પોતાના પ્રભાવથી ઈન્દ્રાદિ લોકપાલોના તેજને ધારણ કરે છે. માટે હે બ્રહ્મન્ ! શ્રદ્ધાળુ મને સુનીથાના પુત્ર વેન રાજાનું એ ચરિત્ર આપ કહો; કેમ કે આપ ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ છો.

**મૈત્રેય બોલ્યા :** રાજર્ષિ અંગે અશ્વમેધ નામનો મહાન યજ્ઞ કર્યો હતો, પણ તે યજ્ઞમાં તે બ્રહ્મવાદીઓએ બોલાવ્યા છતાં દેવતાઓ આવ્યા ન હતા. તે સમયે ઋત્વિજોએ આશ્ચર્ય પામી અંગરાજાને જણાવ્યું હતુંઃ 'તમારાં હોમાતાં બલિદાનોને દેવતાઓ લેતા નથી. હે રાજન્ ! તમે આપેલાં બલિદાનો દોષરહિત અને શ્રદ્ધાથી મેળવેલાં છે. વળી વ્રતધારી બ્રાહ્મણોએ (સાથે) વીર્યસંપન્ન વેદમંત્રો પણ યોજયા છે. (છતાં દેવ લેતા નથી.) વળી આ યજ્ઞમાં દેવોનો સૂક્ષ્મ પણ અપરાધ થયો હોવાનું પણ અમે નથી જાણતા કે જેથી કર્મસાક્ષી દેવતાઓ પોતપોતાના ભાગો લે નહિ ! ' બ્રાહ્મણોનું એ વચન સાંભળી યજમાન અંગરાજા અત્યંત દુઃખી થયો. એણે એ વિષે પૂછવા માટે બ્રાહ્મણોની આજ્ઞા લઈ યજ્ઞમાં લીધેલું મૌન વ્રત છોડી કહ્યુંઃ 'હે સભાપતિઓ ! દેવોને બોલાવ્યા છતાં તેઓ અહીં આવતા નથી અને પોતાનો ભાગ પણ લેતા નથી; તો કહો, મેં શો અપરાધ કર્યો છે ? '

સભાપતિઓ બોલ્યાઃ "હે રાજા ! તમારો આ જન્મમાં તો લગારે અપરાધ રહ્યો નથી; (કેમ કે જે કંઈ અપરાધ હતો, તે તો પ્રાયશ્ચિત્તોથી દૂર થયો છે.) પણ પૂર્વજન્મનો એક અપરાધ છે, જેથી આવા અત્યંત ગુણવાન છતાં તમે આ જન્મમાં સંતાનરહિત છો. માટે જ હે રાજા ! (દેવતાઓ બલિદાન લેતા નથી તેથી) તમે પોતાને ઉત્તમ સંતતિ પ્રાપ્ત થાય તે પ્રયાસ કરો. તમારું કલ્યાણ થાઓ. તમે પુત્રની ઈચ્છા રાખી યજ્ઞભોક્તા ભગવાનનું જ યજન કરશો તો તે તમને પુત્ર આપશે, પછી દેવો પણ પોતપોતાના ભાગો લેશે, કેમ કે સંતાન માટે સાક્ષાત્ યજ્ઞપુરુષ શ્રીહરિની તમે પ્રાર્થના કરશો. (એટલે તેમની સાથે સર્વ દેવતાઓ યજ્ઞમાં આવશે જ.) મનુષ્ય જે જે કામનાઓ ઈચ્છે છે તે તે શ્રીહરિ આપે જ છે કેમ કે જેવી એ ભગવાનની આરાધના કરાય છે, તેવી જ પુરુષોને ફળપ્રાપ્તિ થાય છે,' એમ સભાસદોએ કહ્યું એટલે બ્રાહ્મણોએ રાજાને ત્યાં પુત્રની ઉત્પત્તિ માટે નિશ્ચય કર્યો અને સર્વ પ્રાણીઓમાં યજ્ઞસ્વરૂપે રહેલા શ્રીવિષ્ણુ ભગવાનને ઉદ્દેશી પુરોડાશ હોમ્યો. તે જ સમયે યજ્ઞના અગ્નિમાંથી સુવર્ણની માળાઓવાળો ને નિર્મળ વસ્ત્ર ધારણ કરનારો એક પુરુષ સુવર્ણના પાત્રમાં રાંધેલો દૂધપાક લઈને નીકળ્યો. બ્રાહ્મણોની સંમતિથી ઉદાર બુદ્ધિ વાળા રાજાએ તે દૂધપાક પોતાના ખોળામાં લઈ સૂંઘ્યો ને હર્ષપૂર્વક પોતાની પત્નીને તે આપ્યો. પ્રજા વિનાની તે રાણીએ પુત્રને ઉત્પન્ન કરનારા તે દૂધપાકનું ભોજન કરી પતિથી ગર્ભ ધારણ કર્યો ને સમય આવતાં પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર અધર્મના અંશથી થયેલા પોતાની માતાના પિતા મૃત્યુને બાલ્યાવસ્થામાં જ અનુસરવા લાગ્યો ને તેથી અધાર્મિક થયો. તે ધનુષ્ય ચડાવી મૃગલાંની પાછળ પડી વનમાં ઘુમ્યા કરતો ને ગરીબ મૃગલાંને મારી નાખતો, તેથી લોકોએ પોકાર કરી મૂક્યોઃ 'આ દુષ્ટ વેન છે. અત્યંત ક્રૂર અને નિર્દય વેન રમવાના સ્થાને રમતા પોતાના બાળમિત્રોને પશુઓની પેઠે બળજબરીથી માર મારતો. અંગરાજાએ આવા દુષ્ટ પુત્રને જોઈ અનેક પ્રકારે તેને શિખામણ આપી, પણ તેને પોતે સન્માર્ગે ન લાવી શક્યો, ત્યારે અત્યંત ખેદ પામી કહેવા લાગ્યોઃ 'જે ગૃહસ્થાશ્રમીઓ સંતાનરહિત છે તેઓએ જ સંપૂર્ણ રીતે ભગવાનનું પૂજન કર્યું છે; કેમ કે તેઓ દુષ્ટ સંતાનોથી ઉત્પન્ન થનારું અસહ્ય દુઃખ પામતા નથી. જેનાથી મનુષ્યોને મહાપાપી અપકીર્તિ ને મહાન અધર્મ, સર્વની સાથે વિરોધ અને અનંત માનસિક પીડા ઉત્પન્ન થાય છે એવા તે 'સંતાન' નામના આત્માના મહાબંધને ક્યો પંડિત પુરુષ ઉત્તમ માને કે જેને લીધે ઘર પણ દુઃખદાયી થાય છે ? ખરી રીતે ઉત્તમ સંતાન કરતાં દુષ્ટ સંતાનને જ હું શ્રેષ્ઠ માનું છું કેમ કે જે દુષ્ટ સંતાનને લીધે મનુષ્ય શોકના સ્થાનરૂપ એવા ઘરથી વૈરાગ્ય પામે છે અને ઘર કલેશના સમૂહરૂપ જણાય છે. એ રીતે મનમાં વૈરાગ્ય પામી નિદ્રા પણ ન પામતો રાજા મધ્યરાત્રે ઊઠી સૂતેલી વેનની માતાનો ત્યાગ કરી પોતાનાં કોઈ માણસ ન જાણે તેમ મહાસમૃદ્ધિવાળા ઘરમાંથી ચાલી નીકળ્યો. પોતાના રાજાને એ રીતે કંટાળી ગયેલો જાણી પ્રજાઓ, પુરોહિતો, પ્રધાનો, મિત્ર વગેરે અત્યંત શોકને લીધે વ્યાકુળ થયા અને પૃથ્વી પર તેની શોધ કરવા લાગ્યા. જેમ અપકવ યોગીઓ પોતાની અંદર જ ગુપ્ત રહેલા પરમાત્માને જોઈ શકતા નથી, તેમ તેઓ પણ પૃથ્વી પર જ રહેલા તે રાજાને જોઈ શક્યા નહિ. હે પુરુવંશી વિદુરજી ! એમ રાજાની શોધ મળી નહિ ને ઉદ્યમ નિષ્ફળ ગયો, એટલે તે પ્રજાજનો વગેરેએ નગરમાં આવી ત્યાં એકઠા થયેલા ઋષિઓને વંદન કરી રડતાં રડતાં પોતાના સ્વામી ન મળ્યા, એ વાત તેંમને જણાવી. ૧-૪૮

अलक्षयन्तः पदवीं प्रजापतेर्हतोद्यमाः प्रत्युपसृत्य ते पुरीम् ।
ऋषीन् समेतानभिवन्द्य साश्रवो न्यवेदयन् पौरव भर्तृविप्लवम् ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## વેનનો રાજ્યાભિષેક અને બ્રાહ્મણોએ કરેલો તેનો નાશ

॥ मैत्रय उवाच ॥

भृग्वादयस्ते मुनयो लोकानां क्षेमदर्शिनः । गोप्तर्यसति वै नृणां पश्यन्तः पशुसाम्यताम् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પછી લોકોનાં કલ્યાણનો વિચાર કરનારા ભૃગુ વગેરે એ બ્રહ્મવાદી ઋષિઓએ રક્ષક (રાજા) નહિ હોવાથી મનુષ્યોને પશુ સમાન થયેલા જોઈ વીર માતા સુનીથાને બોલાવી પ્રધાનમંડળમાં અમાન્ય હોવા છતાં વેનનો રાજા તરીકે અભિષેક કર્યો. અતિ ઉગ્ર શિક્ષા કરનાર વેનને રાજ્યાસન પર આવેલો સાંભળી ચોર લોકો સર્પથી ભય પામેલા ઉંદરોની પેઠે તરત જ છુપાઈ ગયા. વેન રાજ્યાસન પર આવીને લોકપાલોનાં આઠ ઐશ્વર્ય મળવાથી ઉદ્ધત બન્યો અને સ્વભાવથી જ અનમ્ર એવો તે પોતે પોતાને સર્વોત્કૃષ્ટ માની મોટા પુરુષોનું અપમાન કરવા લાગ્યો. એ રીતે મદાંધ અને ગર્વિષ્ઠ થઈ રથમાં બેસી નિરંકુશ હાથીની પેઠે તે આકાશ તથા પૃથ્વી કંપાવતો હોય તેમ બધે ઘૂમવા લાગ્યો. 'હે ત્રણે વર્ણનાં મનુષ્યો ! કોઈએ કદી પણ યજ્ઞ કરવા નહિ, દાન આપવાં નહિ અને હવન—હોમ કરવા નહિ,' એમ સર્વ સ્થળે ભેરી વગડાવી જાહેર કરી તેણે ધર્મ અટકાવ્યા. દુષ્ટ વેનનું આવું ચરિત્ર જોઈ મુનિઓ એકઠા મળ્યા અને તે લોકસંકટનો વિચાર કરી કૃપાથી પરસ્પર કહેવા લાગ્યાઃ 'અહો ! જેમ બંને બાજુથી સળગેલાં લાકડાંની વચ્ચે રહેલા કીડાઓ ઉપર બંને તરફથી સંકટ આવે, તેમ લોકોના ઉપર લૂંટારૂઓ અને રાજા-એ બંને તરફથી મહાન સંકટ આવ્યું છે. આ વેન રાજ્ય માટે નાલાયક હતો, તોપણ આપણે અરાજકતાના ભયથી તેને રાજા બનાવ્યો, તો તેના તરફથી જ આજે ભય આવ્યો છે, માટે હવે પ્રાણીઓનું કલ્યાણ કેવી રીતે થાય ? જેમ સર્પને દૂધ પાઈ ઉછેરવો તે ઉછેરનારને જ અનર્થકર્તા થાય છે, તેમ સ્વભાવથી જ દુષ્ટ મા સુનીથાના પુત્ર વેનને આપણે રાજા બનાવ્યો, તો હવે તે પોતે જ પ્રજાઓનો નાશ કરવા ઈચ્છે છે, તોપણ આપણે તેને સમજાવીએ, જેથી આપણને તેનું પાપ ન લાગે. દુરાચારી વેનને આપણે જાણતા હતા છતાં રાજા બનાવ્યો છે, માટે આપણે તેને સમજાવવો જોઈએ અને સમજાવ્યા છતાં તે અધર્મી આપણુ વચન ન માને તો લોકોના ધિક્કારથી બળેલા તેને આપણે આપણા તેજથી બાળી નાખીશું. આવો નિશ્ચય કરી પોતાના ક્રોધને ગુપ્ત રાખી તે મુનિઓ વેન રાજા પાસે ગયા અને સામવચનોથી શાંત પાડી તેને કહેવા લાગ્યા.

**મુનિઓ બોલ્યા :** હે મહારાજા ! અમે તમને જે આ વિનંતિ કરીએ છીએ તેને તમે સાંભળો. હે તાત ! અમારું કહેવું તમારાં આયુષ્ય, લક્ષ્મી, બળ તેમ જ કીર્તિ વધારનાર છે. વાણી, મન, કાયા તથા બુદ્ધિથી આચરેલો ધર્મ પુરુષોને શોકરહિત એવા સ્વર્ગાદિ લોક આપે છે અને નિષ્કામ પુરુષોને તો મોક્ષ પણ આપે છે. હે વીર ! પ્રજાઓનું કલ્યાણ કરવારૂપી તમારા ધર્મનો વિનાશ ન થવો જોઈએ; કેમ કે ધર્મનો વિનાશ થતાં રાજા ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. હે રાજા ! દુષ્ટ પ્રધાનોથી તથા ચોર વગેરેથી પ્રજાઓનું રક્ષણ કરતો અને શાસ્ત્રાનુસાર કર લેતો રાજા આ લોકમાં તથા પરલોકમાં સુખ પામે છે. જે રાજાના દેશમાં તથા નગરમાં વર્ણાશ્રમધર્મને અનુસરનારા લોકો સ્વધર્મ પ્રમાણે ભગવાન શ્રીયજ્ઞપુરુષનું પૂજન કરે છે અને જે પોતાના રાજધર્મમાં સ્થિતિ કરે છે, તેના ઉપર હે મહાભાગ્યશાળી રાજા ! પ્રાણીમાત્રના રક્ષક વિશ્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે. જગતના ઈશ્વરના પણ ઈશ્વર તે ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે

શું દુર્લભ છે ? લોકપાલો સહિત સર્વ લોકો આદરપૂર્વક એ રાજાને (કરરૂપી) બલિદાન આપે છે. માટે હે રાજા ! સર્વ લોકો, દેવો તથા યજ્ઞોનું નિયમન કરનાર, વેદરૂપ, દ્રવ્યરૂપ તથા તપરૂપ એ પરમાત્માનું જાતજાતના યજ્ઞોથી તમારા દેશના જે લોકો પૂજન કરે છે, તેઓને તમારા પોતાના કલ્યાણ માટે અનુસરવું એ તમને યોગ્ય છે. તમારા દેશમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યોએ કરેલા યજ્ઞથી સારી રીતે પૂજાયેલા અને તેથી જ અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિના અંશરૂપ દેવો સર્વને ઈચ્છિત ફળ આપે છે. હે વીર ! તો એ દેવોનું અપમાન કરવું તમને યોગ્ય નથી.

**વેન બોલ્યો :** ખેદની વાત છે કે, તમે મૂર્ખ છો અથવા અધર્મમાં ધર્મ માનનારા છો, કેમ કે તમે પોતાને આજીવિકા આપનાર પતિ (મને) છોડી બીજા જાર પતિને સેવો છો. આ મૂઢ લોકો રાજારૂપી ઈશ્વરનું અપમાન કરે છે, પણ તેઓ આ લોકમાં કે પરલોકમાં કલ્યાણ પામતા નથી. વળી એ યજ્ઞપુરુષ કોણ છે કે જેને વિષે પતિ પર પ્રેમ વિનાની વ્યભિચારિણી સ્ત્રીઓની જાર પતિ ઉપર જેવી ભક્તિ હોય છે, તેવી તમારી ભકિત છે, વિષ્ણુ, બ્રહ્મા, શંકર, ઈન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, મેઘ, કુબેર, ચંદ્ર, પૃથ્વી, અગ્નિ તથા વરુણ એ અને બીજા સર્વે દેવો કે જેઓ વરદાન તથા શાપ આપવા સમર્થ છે, તેઓ સર્વે રાજાના શરીરમાં વસે છે માટે રાજા સર્વદેવમય છે. હે બ્રાહ્મણો ! તમે દ્વેષ છોડી કર્મો દ્વારા મને જ પૂજો અને મને જ બલિદાન આપો. મારા વિના બીજો ક્યો પુરુષ સેવવા યોગ્ય છે ?

**મૈત્રેય બોલ્યા :** એમ અવળી બુદ્ધિવાળા અને અવળે માર્ગે ગયેલા મહાપાપી વેનને સમજાવ્યો; છતા પુણ્યભ્રષ્ટ થયેલા તેણે બ્રાહ્મણોની પ્રાર્થના સ્વીકારી નહિ. વળી પોતાને પંડિત માનનારા તેણે બ્રાહ્મણોનું અપમાન કર્યું અને તેમની ઉત્તમ પ્રાર્થના પણ નિષ્ફળ થઈ એટલે હેવિદુરજી ! બ્રાહ્મણો તેના પર ક્રોધાયમાન થયા અને બોલી ઊઠ્યા : 'આનો નાશ કરો, નાશ કરો. આ પાપી તો સ્વભાવથી જ ક્રૂર છે. આ જીવશે તો તરત જ જગતને ભસ્મીભૂત કરશે. આ દુરાચારી, રાજાના ઉત્તમ આસનને યોગ્ય નથી, જે નિર્લજ્જ થઈ યજ્ઞના અધિષ્ઠાતા પતિ વિષ્ણુ ભગવાનની નિંદા કરે છે. અશુભ એવા એક વેન સિવાય બીજો ક્યો પુરુષ ભગવાનની કૃપાનું પાત્ર થઈ આવું ઐશ્વર્ય પામી તે ભગવાનની જ નિંદા કરે ? ' એ રીતે ક્રોધાયમાન થઈ ઋષિઓએ વેનનો નાશ કરવાનો નિશ્ચય કર્યો ને શ્રીભગવાનની નિંદાને લીધે જ હણાયેલા વેનનો હુંકાર વડે નાશ કર્યો. પછી ઋષિઓ પોતાના આશ્રમમાં ગયા એટલે શોક કરતી સુનીથાએ વિદ્યાના યોગથી પુત્રના શરીરની રક્ષા કરી. તે પછી એક દિવસ તે મુનિઓ સરસ્વતીના જળમાં સ્નાન કરી નદીકિનારે બેસીને અગ્નિહોમ કરી વિષ્ણુભગવાનની કથાઓ કરતા હતા; ત્યારે લોકોને ભય ઉપજાવનારા મોટા ઉત્પાતો જોઈ તેઓ કહેવા લાગ્યાઃ 'હમણાં અનાથ થયેલી ભૂમિનું ચોરલોકોથી કંઈ અશુભ તો નહિ થાય ? ' એમ વિચાર કરતા ઋષિઓ ત્યાં બેઠા હતા, તેટલામાં ચારે બાજુ લુંટતા ને દોડતા ચોરોને લીધે ધૂળ ઊડવા લાગી. રાજાનો નાશ થતાં લોકોના ધનને લૂંટતા ચોરોનો તથા એકબીજાનો નાશ કરવા ઈચ્છતા એકબીજાઓનો તે ઉપદ્રવ તેમ જ દેશને લગભગ ચોરમય રાજાથી રહિત અને સત્ત્વહીન જાણી તે ઋષિઓ લૂંટ ચલાવતા લોકોને અટકાવવા પોતે સમર્થ હતા અને ન અટકાવવામાં દોષ પણ જોતા હતા, છતાં તેઓને તેમણે અટકાવ્યા નહિ (પરંતુ દુઃખીની અવગણના કરવી એ પણ ઠીક ન હતું; કેમ કે) જો બ્રાહ્મણ સમદૃષ્ટિવાળો અને શાંત હોય તોપણ દુઃખી પ્રાણીઓની અવજ્ઞા કરે, તો જેમ ફૂટેલા વાસણમાંથી પાણી ઝરી જાય તેમ તેના તપનો નાશ થાય છે. (આવો વિચાર કરી ફરી વિચારવા લાગ્યાઃ) 'રાજર્ષિ અંગનો આ વંશ છેક જ નાશ પામવા યોગ્ય નથી; કારણ કે આ

વંશમાં અમોઘ શક્તિવાળા અને શ્રીભગવાનના ભક્ત ઘણા રાજાઓ થયા છે.' એમ નિશ્ચય કરી ઋષિઓએ મરણ પામેલા વેન રાજાની સાથળને બળ વડે મથવા માંડી, એટલે તેમાંથી એક ઠીંગણો પુરુષ ઉત્પન્ન થયો. એ કાગડા જેવો કાળો હતો. તેનું શરીર અત્યંત ઠીંગણું હતું. તેના બાહુ ટૂંકા હતા, હડપચી મોટી હતી, પગ ટૂંકા હતા, નાકની અણી નીચે બેસી ગયેલી (ચીબી) હતી, નેત્રો લાલ હતાં અને વાળ રાતા હતા. એ પુરુષ ગરીબડો બની પ્રણામ કરી બોલી ઊઠયો : 'હું શું કરું ? ' એટલે ઋષિઓએ 'તાત ! निषीद—તું નીચે બેસી જા' એમ તેને કહ્યું, 'તેથી તે '**निषीद**' નામે પ્રસિદ્ધ થયો. એના વંશજો પણ '**निषीद**' ભીલ જાતિના થઈ પહાડો તેમ જ વનમાં રહેવા લાગ્યા; કેમ કે વેનની સાથળમાંથી ઉત્પન્ન થતા નિષાદે વેનનાં ઉગ્ર પાપો લઈ લીધાં હતાં. ( તેથી તેના વંશજો શહેરમાં વસવા યોગ્ય ન હતા.)

तस्य वंश्यास्तु नैषादा गिरिकाननगोचराः । येनाहरज्जायमानो वेनकल्मषमुल्बणम् ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫
## પૃથુરાજાનો જન્મ અને રાજ્યાભિષેક

॥ मैत्रय उवाच ॥

अथ तस्य पुनर्विप्रैरपुत्रस्य महीपतेः । बाहुभ्यां मध्यमानाभ्यां मिथुनं समपद्यत ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પછી ફરી બ્રાહ્મણોએ પુત્ર રહિત વેનરાજાના બન્ને બાહુઓ મથ્યા એટલે તેમાંથી જોડકું ઉત્પન્ન થયું. તે જોડકાંને ઉત્પન્ન થયેલું જોઈ વેદવાદી ઋષિઓ 'આ ભગવાનનો અંશ છે.' એમ જાણી પરમ સંતોષ પામી કહેવા લાગ્યા.

**ઋષિઓ બોલ્યા :** આ પુરુષ છે તે જગતનું પાલન કરનાર ભગવાન વિષ્ણુનો અંશ છે. અને આ સ્ત્રી છે તે હમેશાં ભગવાનની પાસે રહેનારાં લક્ષ્મીનો અંશ છે. વળી આ જોડકામાં આ પુરુષ છે, તે રાજાઓમાં પ્રથમ હોઈ યશ વિસ્તારનારો મહારાજા 'પૃથુ' નામે મોટી કીર્તિવાળો થશે. વળી સુંદર દાંતવાળી જે આ દેવી છે તે ગુણો તથા ભૂષણોને પણ ભૂષણરૂપ હોઈ 'અર્ચિસ્' નામે પ્રખ્યાત થશે. વળી સુંદર મધ્યભાગવાળી આ પૃથુ રાજાને જ પતિ તરીકે ભજશે. આ રાજા સાક્ષાત્ શ્રીહરિનો અંશ હોઈ લોકોનું રક્ષણ કરવા ઉત્પન્ન થયા છે. તેમ જ આ સ્ત્રી છે તે શ્રીભગવાન પરાયણ રહેનારી લક્ષ્મીદેવી પોતે ભગવાનથી વિયોગ ન પામતી તેમની પાછળ ઉત્પન્ન થઈ છે.

**મૈત્રેય બોલ્યા :** પછી બ્રાહ્મણો તેની પ્રશંસા કરવા લાગ્યા, ઉત્તમ ગંધર્વો તેનાં ગાન કરવા લાગ્યા. સિદ્ધજનો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા ને દેવાંગનાઓ નાચવા લાગી. આકાશમાં શંખો, વાદિત્રો, મૃદંગો તથા દુંદુભિઓ વાગવા લાગ્યાં. અને સર્વ દેવો, ઋષિઓ તથા પિતૃગણો ત્યાં આવ્યાં. જગતના ગુરુ બ્રહ્માએ દેવના રાજા ઈંદ્રાદિક સાથે ત્યાં આવી પૃથુરાજાના જમણા હાથમાં ગદાધર ભગવાનના ચક્રનું તથા તેના બન્ને પગમાં કમળનું ચિહ્ન જોઈ 'આ શ્રીહરિનો અંશ છે,' એમ માન્યું; કેમ કે જેના હાથમાં ચક્રનું સ્પષ્ટ ચિહ્ન હોય તે શ્રીભગવાનનો અંશ ગણાય છે. તે પછી બ્રહ્મવાદી બ્રાહ્મણોને પૃથુનો રાજ્યાભિષેક શરૂ કર્યો, તે વેળા સર્વ લોકો એ રાજા માટે અભિષેકની વસ્તુઓ ત્યાં લાવવા લાગ્યા. નદીઓ, સમુદ્રો, પર્વત, ગાયો, પક્ષીઓ, મૃગ, આકાશ, ભૂમિ વગેરે સર્વ ભૂતો એ વેળા ભેટો લાવ્યા. એમ અભિષેક થયો ત્યારે સુંદર વસ્ત્ર ધારણ કરનારા અને સારી રીતે શણગારેલા મહારાજા પૃથુ શણગારેલી પત્ની અર્ચિસ્ સાથે

જાણે બીજો અગ્નિ હોય તેવા શોભતા હતા. હે વીર વિદુરજી ! કુબેરે તેમને સુવર્ણનું સુંદર આસન, વરુણદેવે પાણી ઝરતું અને ચંદ્ર સમાન કાંતિવાળું છત્ર, વાયુદેવે બે ચામર, ધર્મદેવે કીર્તિમય માળા, ઇંદ્રે ઉત્કૃષ્ટ મુકુટ, યમદેવે સર્વને નિયમમાં રાખનારો દંડ, બ્રહ્મદેવે વેદમય કવચ, સરસ્વતીદેવીએ ઉત્તમ હાર, શ્રીહરિએ સુદર્શન ચક્ર, લક્ષ્મીદેવીએ અખૂટ સંપત્તિ, રુદ્રદેવે જેના માનમાં દસ ફૂદડીઓ હતી એવી તલવાર, અંબિકાદેવીએ સો ફૂદડીઓવાળી ઢાલ, ચંદ્રદેવે અમૃતમય ઘોડા, વિશ્વકર્માએ અતિ સુંદર રથ, અગ્નિદેવે બકરા તથા બળદનાં શિંગડાંમાંથી બનાવેલું ધનુષ્ય, સૂર્યદેવે કિરણોમય બાણો અને પૃથ્વીદેવીએ યોગમય બે પાવડી આપી; અને આકાશ હમેશાં પુષ્પોની માળા આપવા લાગ્યું. તેમ જ ખેચરદેવોએ નાટક, સંગીત, વાદિત્ર તથા અંતર્ધાન થવાની કુશળતા આપી; ઋષિઓએ સત્ય આશીર્વાદ, સમુદ્રે પોતાનામાં ઉત્પન્ન થયેલો શંખ, સમુદ્રો, પર્વતો તથા નદીઓએ તે મહાત્માને રથનો માર્ગ આપ્યો અને સૂત, માગધ તથા બંદિજનો તે મહારાજાની સ્તુતિ કરવા હાજર થયા. એમ તેઓને સ્તુતિ કરનારા જાણી વેનના પ્રતાપી પુત્ર પૃથુએ ખૂબ હસી મેઘ જેવી ગર્જનાવાળી વાણીથી આ પ્રમાણે કહ્યું.

**પૃથુ બોલ્યા :** હે સૂત ! હે માગધ અને હે બંદિજનો ! મારા ગુણો જ્યારે લોકોમાં સ્પષ્ટ થાય ત્યારે મારી સ્તુતિ હોઈ શકે, પણ હમણાં કયા ગુણને આધારે મારી સ્તુતિ કરવામાં આવે છે ? માટે હમણાં તમારી વાણી મારા વિષે વૃથા ન થાઓ, અર્થાત્ હમણાં તમે મારી વૃથા સ્તુતિ ન કરશો. હે મધુર વાણીવાળા સ્તુતિપાઠકો ! જ્યારે મારી પરોક્ષ (અમુક સમય પછી) મારા ગુણ પ્રસિદ્ધ થાય ત્યારે મારા યશની સ્તુતિ ભલે પુષ્કળ કરજો અને ખરી રીતે તો ઉત્તમ કીર્તિવાળા ભગવાનનો ગુણાનુવાદ જો છે તો સભ્ય પુરુષો આજકાલના કોઈ નિંદ્ય પુરુષની સ્તુતિ કરતા નથી. કદાચ કોઈ પુરુષ મહાપુરુષના ગુણો પોતામાં લાવવા સમર્થ હોય, તોપણ તે કયો પુરુષ હોય, જે પોતાનામાં વર્તમાન સમયે ન રહેલા (ભવિષ્યના) ગુણોની સ્તુતિ પણ પાઠકો દ્વારા કરાવે ? (છતાં જે ભવિષ્યનાં ગુણોનો આશ્રય કરી પોતાની સ્તુતિ કરાવે) તે કુમતિ પુરુષની લોકો 'જો આણે શાસ્ત્રાભ્યાસ વગેરે કરેલો હોત, તો આનામાં તે વિદ્યા વગેરે પ્રસિદ્ધ ગુણો હોત' આવી મશ્કરી કરે છે તો પણ પોતે સમજતો નથી; અને તેથી જ તે કુબુદ્ધિ છે. વળી મહાપુરુષો તો પોતે ગુણ પ્રાપ્ત કરવા સમર્થ હોઈ ગુણોથી પ્રખ્યાત પણ થયેલા હોય છે; છતાં શરમાળ હોઈ પોતાની ગુણસ્તુતિને નિંદ્ય કર્મની પેઠે નિંદે છે; અર્થાત્ તેઓ પોતાનાં વખાણ પણ નિંદાની પેઠે સહન કરતા નથી. વળી હે સ્તુતિપાઠક ! અમે તો હજી તેવાં શ્રેષ્ઠ કર્મોથી લોકમાં પ્રસિદ્ધ થયા નથી, તો મૂર્ખ પુરુષની પેઠે પોતાની સ્તુતિ કેમ કરાવીએ ? ૧-૨૬

वयं त्वविदिता लोक सूताद्यापि वरीमभिः । कर्मभिः कथमात्मानं गापयिष्याम बालवत् ॥२६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## મુનિઓની પ્રેરણાથી સ્તુતિપાઠકોએ કરેલી પૃથુરાજાની સ્તુતિ

॥ मैत्रय उवाच ॥

इति ब्रुवाणं नृपतिं गायका मुनिचोदिताः । तुष्टुवुस्तुष्टमनसस्तद्वागमृतसेवया ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એમ કહેતા રાજા પૃથુની વાણીરૂપ અમૃતના સેવનથી પ્રસન્ન મનવાળા સ્તુતિપાઠકો મુનિઓની પ્રેરણાથી સ્તુતિ કરવા લાગ્યાઃ 'અમે આપના મહિમાનું વર્ણન કરવા સમર્થ નથી;

કારણ કે દેવોમાં શ્રેષ્ઠ આપ પોતાની માયાથી પૃથ્વી પર અવતર્યા છો. વેનનાં અંગથી ઉત્પન્ન થયેલા આપના પુરુષાર્થોનું વર્ણન કરવામાં વાણીના પતિ (બ્રહ્મા) વગેરેની બુદ્ધિ પણ ભ્રમિત થાય છે. (તો પછી અમે તેનું વર્ણન કેમ કરી શકીએ ? ) તોપણ ઉદાર કીર્તિવાળા અને શ્રીહરિના અંશાવતાર આ પૃથુની કથારૂપ અમૃતમાં આદરવાળા, અમે મુનિઓથી પ્રેરાઈ મુનિઓના ઉપદેશ પ્રમાણે જ આપનાં શ્રેષ્ઠ કર્મો વર્ણવીએ છીએ. આ મહારાજા ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ હોઈ સર્વ લોકોને ધર્મમાં પ્રવર્તાવી ધર્મમર્યાદાઓનું રક્ષણ કરશે તથા અધર્મીઓને શિક્ષા કરશે. આ એક જ પ્રત્યેક કાળે પાલન, પોષણ, રંજન વગેરે કાર્યભાગ અનુસાર તથા યજ્ઞાદિની પ્રવૃત્તિ દ્વારા બન્ને લોકનું જેમ કલ્યાણ થાય તેમ લોકપાલોનાં શરીરોને પોતાના શરીરમાં ધારણ કરે. આ રાજા જેમ સૂર્ય આઠ મહિનાઓ સુધી તપી કિરણો દ્વારા પૃથ્વીનું જળ લે છે અને વર્ષાઋતુમાં પાછું આપે છે, તેમ સુકાળ વગેરેના સમયમાં પ્રજાઓ પાસેથી કરરૂપે ધન લેશે અને દુષ્કાળ વગેરેના સમયે તે ધન (પ્રજાઓને) પાછું આપશે તથા પ્રાણીમાત્ર ઉપર સમાન દૃષ્ટિવાળા થશે. સર્વને સહન કરવારૂપી પૃથ્વીની વૃત્તિ ધારણ કરનારા અને દુઃખી પ્રાણીઓ ઉપર દયા રાખનારા આ વેનપુત્ર પૃથુરાજા દુઃખી પ્રાણીઓ પોતાના (મસ્તક) પગ પર મૂકશે, તોપણ તેઓનો તે અપરાધ સહન કરશે. જે સમયે વરસાદ નહિ વરસે અને પ્રજાઓના પ્રાણ સંકટમાં પડશે ત્યારે આ રાજા ઈંદ્રની પેઠે (પોતે વૃષ્ટિ કરી) પ્રજાઓનું અનાયાસે રક્ષણ કરશે; કેમ કે રાજાનું શરીર ધારણ કરનાર આ શ્રીહરિ જ છે. વળી આ રાજા પ્રેમ વડે જોનાર અને નિર્મળ હાસ્ય વડે સુંદર એવા પોતાના મુખરૂપી ચંદ્ર વડે લોકોને તૃપ્ત કરશે. વરુણદેવની પેઠે આ પૃથુરાજાના પ્રવેશનો તથા નીકળવાનો માર્ગ અસ્પષ્ટ રહેશે. તેનાં કાર્યો અતિ ગુપ્ત રહેશે. તેનું ધન સુરક્ષિત રહેશે તે અનંત માહાત્મ્યવાળા ગુણો જ આનું રહેઠાણ રહેશે અને સર્વ તરફથી આ સુરક્ષિત આત્માવાળો રહેશે. વેનરાજારૂપી અરણિકાષ્ઠથી ઉત્પન્ન થયેલો આ અગ્નિરૂપ રાજા શત્રુ વડે મનથી પણ પ્રાપ્ત કરાવાને અશક્ય, શત્રુઓને દુઃસહ અને સમીપ હોવા છતાં જાણે દૂર હોય, તેમ કોઈ પણ પુરુષાર્થથી પરાભવ કરવાને અશક્ય થશે. વળી આ રાજા ગુપ્ત દૂતો દ્વારા પ્રાણીમાત્રનાં અંદરનાં તથા બહારનાં કર્મો જોતો રહેશે; છતાં પ્રાણીમાત્રના અધ્યક્ષ આત્મારૂપ વાયુસૂત્રાત્માની પેઠે જાણે ઉદાસીન હોય તેમ જ વર્તશે. ધર્મમાર્ગમાં રહેનારો આ રાજા શિક્ષાપાત્ર ન હોય એવા પોતાના શત્રુના પુત્રને પણ શિક્ષા નહિ કરે અને શિક્ષાપાત્ર પોતાનો પુત્ર હશે તો તેને પણ શિક્ષા કરશે. ભગવાન સૂર્ય પોતાનાં કિરણે દ્વારા જેમ માનસાચલ પર્વત સુધી તપે છે, તેમ આ પૃથુરાજાની આજ્ઞા(કે સેના) પણ તે પર્વત સુધી અખલિત સંચાર કરશે; તેમ જ આ મનને આનંદ આપનારાં ચરિત્રો વડે સર્વને આનંદ પમાડશે, તેથી પ્રજાઓ આને ‘રાજા' કહેશે. વળી આ દૃઢવ્રતી, સત્યપ્રતિજ્ઞ, બ્રાહ્મણભક્ત, વૃદ્ધોની સેવા કરનારો, પ્રાણીમાત્રને શરણ લેવા યોગ્ય, સર્વને માન આપનાર, દીનવત્સલ, પરસ્ત્રીઓ પર માતા જેવી ભકિત રાખનાર અને પોતાના અર્ધા શરીરની પેઠે પત્ની પર પ્રીતિવાળો થશે. પ્રજાઓ પર પિતાની પેઠે સ્નેહાળ, બ્રહ્મવાદીઓનો દાસ, પ્રાણીમાત્રને આત્માની પેઠે પ્રિય, મિત્રોને આનંદ વધારનાર, મુકતસંગ વૈરાગ્યવાળા પુરુષોનો સંગ કરનાર અને દુષ્ટ પુરુષોનો યમરાજ જેવો થશે. ત્રણ ગુણોના અધીશ્વર, સર્વ વિકારરહિત તથા સર્વના આત્મારૂપ શ્રીભગવાન જ આ રાજારૂપે અંશથી અવતરેલા છે, જે ભગવાન વિષે જણાતા આ વિશ્વરૂપ દ્વૈતને જ્ઞાનીઓ અવિદ્યાથી રચાયેલું ને નિરર્થક જુએ છે. જગતમાં એક વીર આ મહારાજા ઉદયાચલ સુધીના ભૂમંડળનું રક્ષણ કરશે અને વિજયશીલ રથમાં બેસી હાથમાં ધનુષ્ય લઈ સૂર્યની પેઠે દક્ષિણ તરફથી ભૂમંડળની પ્રદક્ષિણા કરશે. તે તે સ્થળે

લોકપાલો સહિત સર્વ રાજાઓ આ રાજાને બલિ આપશે,ખંડણી ભરશે અને એ રાજાઓની રાણીઓ આનો યશ ગાતી આ આદિરાજાને શ્રીવિષ્ણુસ્વરૂપ માનશે. પ્રજાઓનો પતિ અને પ્રજાઓની આજીવિકા કરનારો આ મહારાજા ગાયરૂપ થયેલી પૃથ્વીને દોહશે અને પોતાના ધનુષ્યની અણી વડે પર્વતોને ઈંદ્રની પેઠે લીલામાત્રથી તોડી પૃથ્વીને સપાટ કરશે. જેમ સિંહ પોતાનું પૂંછડું ઊંચું કરી ઘૂમે છે. (ત્યારે શુદ્ર મૃગો સર્વ દિશામાં છુપાઈ જાય છે,) તેમ આ રાજા બકરાં તથા બળદનાં શિંગડાંમાંથી બનેલા અને યુદ્ધમાં અસહ્ય એવા ધનુષ્યનો ટંકાર કરતો પોતે જ્યારે પૃથ્વી ઉપર ઘૂમશે, ત્યારે દુષ્ટ પુરુષો સર્વ દિશામાં છુપાઈ જશે. તેમ જ સરસ્વતી નદી જ્યાં પ્રકટ થઈ છે ત્યાં આ રાજા સો અશ્વમેધ યજ્ઞો કરશે ને આનો છેલ્લો (સોમો) યજ્ઞ ચાલુ હશે, ત્યારે ઇંદ્ર ઘોડાનું હરણ કરશે. પછી પોતાના રાજમહેલના બગીચામાં ભગવાન સનત્કુમારને મળી ભક્તિપૂર્વક તેમનું આરાધન કરી, જેનાથી જ્ઞાનીઓ પરબ્રહ્મ જાણે છે, તે શુદ્ધ જ્ઞાન મેળવશે. વળી મોટાં પ્રખ્યાત પરાક્રમવાળો પૃથુરાજા તે તે સર્વ સ્થળે (પોતાના વિશે ઉત્તમ) વાણી અને શ્રીવિષ્ણુભગવાનની ગાથાઓ સાંભળશે. એમ બધે પ્રતિરોધ નહિ થતી સેનાઓવાળો અને પોતાના તેજથી લોકનાં દુઃખને જેણે નાશ કર્યો છે તથા દેવો—અસુરોના રાજાઓ જેનો મહાન પ્રતાપ ગાય છે, એ આ રાજા સર્વ દિશાઓ જીતી પૃથ્વીનો સ્વામી થશે.

दिशो विजित्याप्रतिरुद्धचक्रः स्वतेजसोत्पाटितलोकशल्यः ।
सुरासुरेन्द्रैरुपगीयमानमहानुभावो भविता पतिर्भुवः ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## પૃથ્વીએ પૃથુરાજાની સ્તુતિ કરી

॥ मैत्रय उवाच ॥

एवं स भगवान् वैन्यः ख्यापितो गुणकर्मभिः । छन्दयामास तान् कामैः प्रतिपूज्याभिनन्द्य च ॥१॥

**મૈત્રેય બોલ્યા :** વેનના પુત્ર ભગવાન પૃથુરાજાની એ પ્રમાણે ગુણો તથા કર્મો વડે (સ્તુતિપાઠકોએ) સ્તુતિ કરી, એટલે તેઓને (વચનથી) અભિનંદન અને ઈચ્છા પ્રમાણે વસ્તુઓ આપી સત્કાર કરી (પૃથુરાજાએ) સંતુષ્ટ કર્યા, અને બ્રાહ્મણાદિ વર્ણોનો, સેવકોનો, અમાત્યોનો, પુરોહિતોનો, નગરવાસીઓનો, દેશવાસીઓનો, તેલીતંબોળી વગેરેનો તથા પ્રધાનમંડળનો પણ સત્કાર કર્યો.

**વિદુરે પૂછયું :** અનેક સ્વરૂપો લેનારી પૃથ્વી કે જેને પૃથુરાજાએ દોહી હતી, તેણે ગાયનું રૂપ શા માટે લીધું હતું ? વળી તે વેળા વાછરડો કોણ થયો હતો ? અને દોહવાનું પાત્ર શું હતું ? આ પૃથ્વીદેવી સ્વભાવથી જ ખાડાટેકરાવાળી છે, તેને પૃથુરાજાએ સપાટ કેવી રીતે કરી અને ઇંદ્રે યજ્ઞને યોગ્ય ઘોડો કેમ હર્યો હતો ? હે બ્રહ્મન્ ! બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન સનત્કુમાર પાસેથી વિજ્ઞાન સહિત જ્ઞાન પ્રાપ્ત કરી રાજર્ષિ પૃથુ કઈ ગતિ પામ્યા હતા ? વળી બીજું ઉત્તમ યશવાળા ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુનું પૃથુરાજારૂપી પૂર્વાવતારની કથાના આશ્રયવાળું પવિત્ર ચરિત્ર પણ શ્રીભગવાનના તથા અમારા અનુરાગી મને ભક્તને કહેવા તમે યોગ્ય છો, જે ભગવાને વેનપુત્ર પૃથુરાજાના સ્વરૂપે આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો.

**સૂત પૌરાણિક બોલ્યા :** વિદુરે એ પ્રમાણે શ્રીભગવાનની કથાને ઉદ્દેશી પ્રશ્ન કર્યો, એટલે મનમાં પ્રસન્ન થયેલા મૈત્રેયે તેની પ્રશંસા કરી કહ્યું.

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! બ્રાહ્મણોએ જ્યારે પૃથુરાજાનો રાજ્યાભિષેક કર્યો અને તેને જનતાના પાલક તરીકે નીમ્યો, ત્યારે પૃથ્વી અન્ન વિનાની હતી, જેથી ક્ષુધાથી શરીરે દુર્બળ થયેલી પ્રજાઓ પોતાના સ્વામી તે રાજા પાસે આવી કહેવા લાગી ? હે રાજન્ ! જેમ કોતરમાં રહેલા અગ્નિ વડે વૃક્ષો બળવા માંડે તેમ અમે જઠરાગ્નિ વડે અત્યંત તપી રહ્યાં છીએ. માટે શરણ લેવા યોગ્ય આપને અમે શરણે આવ્યાં છીએ; કેમ કે અમારી આજીવિકા કરનાર અમારા સ્વામી તરીકે (મુનિઓએ) આપને મેળવ્યા છે. માટે હે મહારાજા ! અમે અન્નરહિત રહી નાશ પામી જઈએ તે પહેલાં ક્ષુધાથી પીડાયેલાં અમને અન્ન આપવા તમે પ્રયત્ન કરો; કેમ કે તમે સર્વની આજીવિકાના લોકપાલ છો.'

**મૈત્રેય બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ વિદુરજી ! પ્રજાઓનો એ કરુણ વિલાપ સાંભળી પૃથુરાજાએ (પ્રજાઓને અન્ન ન મળવા સંબંધી) લાંબો વિચાર કર્યો અને તેનું કારણ જાણ્યું. પછી નિશ્ચય કર્યો : 'પૃથ્વી જ સર્વ ઔષધિનાં બિયાં ગળી ગઈ છે.' બુદ્ધિ સાથે એમ નિશ્ચય કરી ક્રોધાયમાન થયેલા તે રાજાએ હાથમાં ધનુષ્ય લઈ ત્રિપુરાસુરનો નાશ કરનારા શંકરની પેઠે પૃથ્વી સામે બાણ સાંધ્યું. એ રીતે જેણે શસ્ત્ર ઉગામ્યું હતું એવા તે રાજાને જોઈ પૃથ્વી કંપી જઈ ગાયનું સ્વરૂપ ધારણ કરી શિકારી પાછળ પડતાં જ મૃગલી નાસવા લાગે તેમ ભય પામી નાસવા લાગી એટલે કોપાયમાન થયેલો. પૃથુરાજા પણ લાલ નેત્રવાળા થઈ ગાયના સ્વરૂપવાળી પૃથ્વી જ્યાં જ્યાં નાસવા લાગી ત્યાં ત્યાં ધનુષ્યમાં બાણ સાંધી તેની પાછળ દોડવા લાગ્યા. તે વખતે પૃથ્વી દેવી દિશાઓમાં, વિદિશાઓમાં, સ્વર્ગમાં પૃથ્વી પર તથા સ્વર્ગ—પૃથ્વીની વચ્ચે જ્યાં જ્યાં દોડી, ત્યાં ત્યાં ઉગામેલા શસ્ત્રવાળા તે રાજાને પોતાની પાછળ તેણે જોયા. જેમ પ્રજાઓ મૃત્યુથી રક્ષણ પામતી નથી, તેમ પૃથ્વી કોઈ લોકમાં રક્ષણ પામી નહિ. એટલે ત્રાસ પામી ખેદ પામતા હૃદયે તે પાછી ફરી મહાભાગ પૃથુરાજાને કહેવા લાગી : 'હે ધર્મજ્ઞ ! હે શરણાગત વત્સલ ! પ્રાણીઓની રક્ષામાં તત્પર રહેલા તમે મારું પણ રક્ષણ કરો. હું ગરીબ છું. મેં તમારો અપરાધ કર્યો નથી, છતાં તમે મને મારવા કેમ ઈચ્છો છો ? તમે ધર્મજ્ઞ મનાયા છો, તો મને સ્ત્રીને કેમ મારશો? સામાન્ય મનુષ્યો પણ અપરાધી હોય છતાં સ્ત્રીઓને કદી મારતા નથી; તો હે રાજન્ ! તમારા જેવા દીનવત્સલ દયાળુઓ કેમ મારે ? જેના પર જગત રહ્યું છે, તે મજબૂત નૌકારૂપ મને મારી તમે પોતાને તથા આ પ્રજાઓને જળમાં કેવી રીતે રાખશો ?

**પૃથુરાજા બોલ્યા :** 'હે પૃથ્વી ! હું તારો નાશ કરીશ; કેમ કે તું મારી આજ્ઞાથી વિરુદ્ધ વર્તે છે. તું યજ્ઞમાં ભાગ લે છે, છતાં ધાન્ય વગેરે અમને આપતી નથી. તું ગાયરૂપે ઘાસ તો ખાય છે, છતાં દૂધ દેતી નથી. આવી દુષ્ટ તને શિક્ષા કરવી તે યોગ્ય જ છે. મંદ બુદ્ધિવાળી તું મારું અપમાન કરી ધાન્યોનાં જે બિયાં પ્રથમ બ્રહ્મદેવે ઉત્પન્ન કર્યા છે, તેને પોતામાં રોકી રહી છે પણ આપતી નથી. માટે મારાં આ બાણોથી તને ચીરી તારા માંસ વડે આ ક્ષુધાવ્યાપ્ત દુઃખી પ્રજાઓનો વિલાપ હું શાંત કરીશ. જે પુરુષ સ્ત્રી કે નપુંસક, મિથ્યાભિમાની, અધમ અને પ્રાણીઓ ઉપર દયા વિનાનો હોય, તેનો રાજાઓએ નાશ કરવો તે (પાપરૂપ) વધ નથી. માટે અભિમાની દુર્મદ, અને કપટથી ગાય બનેલી તને મારા બાણો વડે તલ તલ જેવડા ટુકડા કરી મારા યોગબળથી આ પ્રજાઓને હું ધારણ કરીશ'' એમ કહ્યું ત્યારે કાળની પેઠે ક્રોધમય મૂર્તિ ધારણ કરતા પૃથુરાજાને પૃથ્વી બે હાથ જોડીને નમીને ધ્રુજતી કહેવા લાગી.

**પૃથ્વી બોલી :** 'હે પરમ પુરુષ ! આપને હું નમસ્કાર કરું છું. આપ માયાનો આશ્રય કરીને અનેક રૂપો લો છો અને ગુણમય હો તેવા જણાઓ છો; પણ ખરી રીતે આપે પોતાને વિષે દેહ, ઇંદ્રિયો તથા

દેવતાઓ સંબંધી અહંકારથી ઉત્પન્ન થનારા રાગદ્વેષાદિને સ્વરૂપાનુભવથી દૂર કર્યા છે તે આપને હું નમસ્કાર કરું છું આપ આ સંપૂર્ણ જગતના વિધાતા છો. આપે પ્રાણીમાત્રના આશ્રયસ્થાનરૂપ મને ઉત્પન્ન કરી છે અને મારા પર ચારે પ્રકારનો પ્રાણીસમુદાય રહેલો છે, તે સ્વતંત્ર એવા આપ પોતે જ શસ્ત્ર ઉગામી મને મારવા તૈયાર થયા છો, તો હું બીજા કોને શરણે જાઉં ? જેણે જીવનો આશ્રય કરનારી પોતાની અતકર્ય માયાથી સૃષ્ટિના આદિકાળે આ સ્થાવરજંગમ જગત ઉત્પન્ન કર્યું છે અને એ જ માયાથી હમણાં જગતનું રક્ષણ કરવા આપ તૈયાર છો, આવા ધર્મપરાયણ છતાં આપ મારો નાશ કરવા કેમ ઈચ્છો છો ? ખરેખર, આપની દુર્જય માયાથી જેઓનાં મન ખેંચાઈ ગયાં હોય છે, તેવા મનુષ્યો આપ ઈશ્વરનું ચરિત્ર જાણતા નથી કે આમણે સ્વતંત્ર હોઈ બ્રહ્માને ઉત્પન્ન કર્યા છે અને તે બ્રહ્મદેવ દ્વારા આ જગત ઉત્પન્ન કરાવ્યું છે. આપ ખરી રીતે એક જ છો, છતાં માયાથી અનેકરૂપે જણાઓ છો. પાંચ મહાભૂતો, ઇંદ્રિય, દેવતાઓ, બુદ્ધિ તથા અહંકારરૂપે પોતાની શકિતથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને સંહાર કરો છો. વળી તે જ પોતાની શકિતઓ દ્વારા સૃષ્ટિ વગેરેથી શકિતઓ પોતાને સ્વાધીન રાખો છો. તે સર્વનાં અંતર્યામી પરપુરુષને હું નમસ્કાર કરું છું. હે પ્રભો ! અજન્મા દેવ ! પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા અંતઃકરણરૂપે પોતે જ રચેલા આ જગતને મારા પર સ્થાપવા આપે આદિવરાહનું રૂપ લઈ મને રસાતલમાંથી બહાર આણી હતી અને જળ ઉપર સ્થાપી હતી. હમણાં પણ તે જ પૃથ્વીને ધરનારા તમે જળ ઉપર નૌકાની પેઠે રહેલી મારા પર સ્થિતિ કરતી પ્રજાઓનું રક્ષણ કરવા ઈચ્છતા વીર પૃથુરાજાના સ્વરૂપે અવતર્યા છો, છતાં ઉગ્ર બાણ લઈને દૂધ એટલે અન્નાદિ માટે મારો નાશ કરવા ઈચ્છો છો (એ આશ્ચર્ય છે) (અથવા એમાં કંઈ આશ્ચર્ય નથી; કેમકે) ઈશ્વરની ગુણસૃષ્ટિરૂપી માયાથી જેઓનો ચિત્તમાર્ગ મોહ પામ્યો હોય છે, તે અમારા જેવા લોકો શ્રીહરિના ભકતોનું ચરિત્ર પણ જો જાણી શકતા નથી તો પરમેશ્વરનું ચરિત્ર તો ક્યાંથી જાણે ? માટે જિતેન્દ્રિય પુરુષોના યશને વિસ્તારનાર તે ભકતોને પણ (પરમેશ્વરની પેઠે જ કેવળ મારા) નમસ્કાર હો.

नूनं जनैरीहितमीश्वराणामस्मद्विधैस्तद्गुणसर्गमायया ।
न ज्ञायते मोहितचित्तवर्त्मभिस्तेभ्यो नमो चीरयशस्करेभ्यः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮
## પૃથુરાજાએ કરેલું પૃથ્વીનું દોહન

॥ मैत्रय उवाच ॥

इत्थं पृथुमभिष्टूय रुषा प्रस्फुरिताधरम् । पुनराहावनिर्भीता संस्तभ्यात्मानमात्मना ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પૃથ્વી એ પ્રમાણે સ્તુતિ કરી, જેમનો નીચલે હોઠ ક્રોધથી ફરકતો હતો એવા પૃથુરાજાને પોતે ભયભીત હતી છતાં બુદ્ધિથી મનને સ્થિર કરી ફરી કહેવા લાગી : “હે દેવ ! હું સંપૂર્ણ નિર્ભય થાઉં તે માટે આપ આપનો ક્રોધ દૂર કરો અને મારી વિનંતિ સાંભળો, કેમ કે વિદ્વાન પુરુષ ભ્રમરની પેઠે સર્વમાંથી સાર લે છે. તત્ત્વદ્રષ્ટા મુનિઓએ પુરુષોના પુરુષાર્થની સિદ્ધિ માટે આ લોકમાં ખેતી વગેરે ઉપાયો તથા પરલોકમાં અગ્નિહોત્ર વગેરે ઉપાયો જોયા છે અને યોજ્યા છે. માટે જે અર્વાચીન મનુષ્ય શ્રધ્ધાયુક્ત થઈ પૂર્વ પુરુષોએ દર્શાવેલા તે ઉપાયોને ઉત્તમરીતે ઉપયોગમાં લે છે તે સાધ્ય વસ્તુને

અનાયાસે પામે છે, પણ જે મૂર્ખ કે વિદ્વાન મનુષ્ય તે ઉપાયનો અનાદર કરી પોતે (કલ્પેલા ઉપાયો દ્વારા) કાર્યો આરંભે છે, તેમાં તે વારંવાર આરભેલાં કાર્યો સિદ્ધ થતાં નથી. હે રાજા ! પૂર્વે જે અન્નાદિ ઔષધિઓ બ્રહ્માએ સર્જી હતી. તેઓને મેં આચારભ્રષ્ટ દુષ્ટ લોકોથી ભોગવાતી જોઈ અને તમે (રાજાઓએ ચોર વગેરેને ન અટકાવી) મારું પાલન કર્યું નહિ ને અનાદર કર્યો. લોકો પણ ચોર થઈ ગયા તેથી હું યજ્ઞ માટે જ ઔષધિઓ ગળી ગઈ હતી. જોકે તે ઔષધિઓ ઘણો કાળ થવાથી હવે મારે વિષે અવશ્ય જીર્ણ છે, તો પણ તમે પ્રસિદ્ધ ઉપાય વડે તે ઔષધિઓ ગ્રહણ કરવા યોગ્ય છો. હે વીર ! તમે બળને આપનારું અને પ્રાણીઓને ઇચ્છિત એવું અન્ન મેળવવા જો ઈચ્છતા હો, તો હે પ્રાણીઓનું રક્ષણ કરનાર મહાબાહુ ! તમે મારો કોઈ વાછરડો કલ્પો અને દોહવાનું યોગ્ય પાત્ર તથા દોહનારને પણ તૈયાર કરો, જેથી હું પ્રેમાળ થઈ દૂધમય સર્વ ઇચ્છિત પદાર્થો તમને પૂરા પાડીશ. વળી હે રાજા ! તમે મને બધે સરખી સપાટ કરો જેથી વર્ષાઋતુ ગયા પછી પણ વરસાદનું પાણી મારામાં બધે (સરખું) રહે. હે પ્રભો ! તમારું કલ્યાણ થાઓ. એ પ્રમાણે પૃથ્વીનું પ્રિય અને હિતકારી વાક્ય સાંભળી પૃથુરાજાએ સ્વાયંભુવ મનુને વાછરડો કલ્પી પોતાના હાથમાં ધાન્યાદિ સર્વ ઔષધિઓ દોહી લીધી, એમ પૃથુરાજાએ જેમ સાર લીધો તેમ વિદ્વાનો બધે સાર લે છે, તેથી પૃથુરાજા સિવાયના બીજાઓએ પણ તેમણે વશ કરેલી પૃથ્વીમાંથી પોતપોતાની ઇચ્છિત વસ્તુ દોહી. હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ વિદુરજી ! ઋષિઓએ બૃહસ્પતિને વાછરડો કલ્પી ઇંદ્રિયોરૂપી પાત્રમાં પૃથ્વીદેવીમાંથી વેદમય પવિત્ર દૂધ દોહ્યું. દેવગણોએ ઇંદ્રને વાછરડો કલ્પી સુવર્ણના પાત્રમાં મનઃશકિત, ઇંદ્રિયશકિત તથા દેહશકિતનું કારણ અમૃતરૂપી દૂધ દોહ્યું. દૈત્યો તથા દાનવોએ અસુરોમાં શ્રેષ્ઠ પ્રહ્‌લાદને વાછરડો કલ્પી લોઢાના પાત્રમાં મદિરા તથા આસવરૂપી દૂધ દોહ્યું. ગંધર્વો તથા અપ્સરાઓએ વિશ્વાવસુને વાછરડો બનાવી કમળરૂપ પાત્રમાં વાણીની મધુરતાવાળું સંગીતશાસ્ત્ર તથા સૌંદર્યરૂપી દૂધ દોહ્યું. મહાભાગ્યશાળી શ્રાદ્ધદેવ પિતૃઓએ અર્યમાને વાછરડો કલ્પી કાચી માટીના પાત્રમાં કવ્ય નામે પોતાનું અન્નરૂપી દૂધ શ્રદ્ધાથી દોહ્યું. સિદ્ધોએ કપિલદેવને વાછરડો કલ્પી આકાશરૂપી પાત્રમાં સંકલ્પમાત્રથી ઉત્પન્ન થનારી અણિમાદિ સિદ્ધિઓરૂપી દૂધ દોહ્યું તથા વિદ્યાધર વગેરેએ પણ કપિલદેવને વાછરડા કલ્પી આકાશરૂપી જ પાત્રમાં આકાશગામિની વિદા વગેરે રૂપ, દૂધ દોહ્યું. બીજા માયાવી કિંપુરુષ વગેરે દેવોએ મયદાનવને વાછરડો કલ્પી (આકાશરૂપી પાત્ર માં જ) અંતર્ધાન વડે અદ્ભુત આત્માઓ સંબંધી ધારણામય માયાશકિત (દૂધરૂપે) દોહી. યક્ષો, રાક્ષસો, ભૂતો, પિશાચો તથા માંસાહારી દેવોએ રુદ્રદેવને વાછરડો કલ્પી મનુષ્યની ખોપરીરૂપી પાત્રમાં લોહીરૂપી આસવ (દૂધરૂપે) દોહ્યો; તેમ જ ફણા વિનાના સર્પોએ, વીંછીઓ વગેરેએ, ફણાવાળા સર્પોએ તથા કદ્રુ ના વંશજ નાગોએ તક્ષક નાગને વાછરડો કલ્પી દરરૂપી પાત્રમાં ઝેરરૂપી દૂધ દોહ્યું. પશુઓએ નંદિકેશ્વરને વાછરડો કલ્પી જંગલરૂપી પાત્રમાં ઘાસરૂપી દૂધ અને દાઢોવાળાં માંસાહારી પ્રાણીઓએ સિંહને વાછરડો કલ્પી પોતાના ભક્ષ્ય શરીરરૂપી પાત્રમાં માંસરૂપી દૂધ દોહ્યું, પક્ષીઓએ ગરુડને વાછરડો કલ્પી (પોતાના ભક્ષ્ય શરીરરૂપી પાત્રમાં જ) કીડા તથા ફળ વગેરે દૂધરૂપે દોહ્યાં. વનસ્પતિઓએ વડના ઝાડને વાછરડો કલ્પી (પોતાના ભક્ષ્ય શરીરરૂપ પાત્રમાં જ) જુદા જુદા રસરૂપી દૂધ દોહ્યું અને પર્વતોએ હિમાલયને વાછરડો કલ્પી પોતાનાં શિખરોરૂપી પાત્રમાં જાતજાતની ધાતુઓરૂપી દૂધ દોહ્યું. એમ બધાએ, પૃથુરાજાએ વશ કરેલી અને સર્વ કામનાઓ પૂરનારી પૃથ્વીમાંથી પોતાના મુખ્ય પુરુષને વાછરડો કલ્પી પોતાના પાત્રમાં જુદું જુદું દૂધ દોહ્યું. હે કુરુવંશી વિદુરજી ! એ રીતે અન્ન વગેરેનો આહાર કરનારા પૃથુરાજા વગેરેએ

પૃથ્વીમાંથી પોતાનાં ઈચ્છિક અન્ન વગેરેને પોતપોતાનાં પાત્રો તથા વાછરડાઓ કલ્પી દોહ્યાં. તે પછી પ્રસન્ન થયેલા પૃથુરાજાએ સર્વ કામનાઓ પૂરી પાડનારી પૃથ્વીને પ્રેમથી પોતાની પુત્રી તરીકે સ્વીકારી, કેમ કે તે રાજાને પુત્રી પર પ્રેમ હતો. પછી રાજાઓના રાજા તે સમર્થ પૃથુએ પોતાના ધનુષ્યની અણીથી પર્વતોનાં શિખરોના ચૂરા કરી નાખ્યા અને આ ભૂમંડળને તે વનપુત્રે લગભગ સપાટ કર્યું. પછી સર્વને આજીવિકા આપનારા તે ઐશ્વર્યવાન પિતાએ ભૂમંડળ ઉપર તે તે સ્થળે પ્રજાઓનાં યથાયોગ્ય નિવાસસ્થાનોની રચના કરી. ગામડાં, શહેરો, પત્તનો, અનેક જાતના કિલ્લા, ભરવાડો તથા રબારીઓના નેસડા, ગાયોનાં નિવાસસ્થાનો, લશ્કરી છાવણીઓ, સોના વગેરેની ખાણો; ખેડૂતોનાં ગામો તથા પર્વતની તળેટીનાં ગામડાં વગેરેની તેણે રચના કરી, કેમ કે પૃથુ રાજાની પહેલાં આ પૃથ્વી પર શહેર, ગામડાં વગેરેની આ પ્રમાણે રચના ન હતી. પછી તે તે સ્થળે સર્વ પ્રજાઓ નિર્ભય થઈ સુખપૂર્વક રહેવા લાગી. ૧-૩૨

प्राक् पृथोरिह नैवैषा पुरग्रामादिकल्पना । यथासुखं वसन्ति स्म तत्र तत्राकुतोभयाः ॥३२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## યજ્ઞના ઘોડાનું હરણ કરનાર ઈંદ્રનો વધ કરતા પૃથુને બ્રહ્માએ વાર્યા

॥ मैत्रय उवाच ॥

अथादीक्षत राजा तु हमयेधशतेन सः । ब्रह्मावर्ते मनोः क्षेत्रे यत्र प्राची सरस्वती ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પછી રાજા પૃથુએ બ્રહ્માવર્ત નામના મનુના ક્ષેત્રમાં જ્યાં સરસ્વતી નદી પૂર્વ દિશામાં વહે છે, ત્યાં સો અશ્વમેધ યજ્ઞો કરવાની દીક્ષા લીધી. ભગવાન ઈન્દ્ર તે કર્મ પોતાના કર્મ કરતાં અધિક જાણી પૃથુનો એ યજ્ઞમહોત્સવ સહન કરી શક્યો નહિ. પૃથુરાજાના એ યજ્ઞમાં સર્વના ઈશ્વર અને યજ્ઞોના પતિ ભગવાન શ્રીહરિ, જે સર્વના આત્મા અને સર્વ લોકના ગુરુ છે, તે પ્રભુએ પ્રત્યક્ષ દર્શન દીધાં હતાં. તેમની પાછળ બ્રહ્મા, શંકર તથા લોકપાલો પણ પોતાના અનુયાયીઓ સાથે ત્યાં ગયા હતા. ગંધર્વો, મુનિઓ તથા અપ્સરાઓના સમુદાયો તે ભગવાનની સ્તુતિ કરતા હતા. વળી સિદ્ધો, વિદ્યાધરો, દૈત્યો, દાનવો, યક્ષો, સુનંદ–નંદ વગેરે શ્રીહરિના શ્રેષ્ઠ પાર્ષદો, કપિલ, નારદ, દત્ત, સનકાદિ યોગેશ્વરો અને બીજા જેઓ શ્રીભગવાનની સેવામાં ઉત્સુક રહે છે, તેઓ સર્વ ભગવાનની પાછળ પૃથરાજાના યજ્ઞમાં ગયા હતા. હે ભરતવંશી વિદુરજી ! તે યજ્ઞમાં પૃથ્વી સર્વ ધર્મસાધનો પૂરાં પાડનારી અને સર્વ કામનાઓ અર્પણ કરનારી થઈ યજમાન પૃથરાજાને ઈચ્છિત વસ્તુઓ આપતી હતી. નદીઓ ગોળ તથા દ્રાક્ષ વગેરેના રસો, દૂધ, દહીં, અન્ન, ઘી તથા છાશ વગેરેને વહેતી હતી; તેમ જ વૃક્ષો વિશાળ શરીર ધારણ કરી મધઝરતાં થઈ ફળ વગેરે ઉત્પન્ન કરતાં હતાં. સમુદ્રોએ રત્નોના ઢગલાઓ તથા પર્વતોએ ચારેક પ્રકારનાં અન્ન ત્યાં હાજર કર્યાં હતાં અને લોકપાલો સહિત સર્વ લોકોએ ભેટો ધરી હતી. આવી રીતે ભગવાન જેમના સ્વામી હતા તેવા એ પૃથુરાજાના મહાન્ ઉદયવાળું યજ્ઞકર્મ (જોઈ) ભગવાન ઈન્દ્ર સહન કરી શક્યો નહિ, જેથી તેણે એ યજ્ઞમાં વિઘ્ન કર્યું હતું. જે વખતે વેનના પુત્ર પૃથુરાજાએ છેલ્લા (સોમ) અશ્વમેધથી શ્રીવિષ્ણુ ભગવાનનું પૂજન કરવા માંડ્યું, તે વખતે સ્પર્ધા કરનારા ઈન્દ્રે અદશ્ય રહી અશ્વમેધના ઘોડાનું હરણ કર્યું. તે વેળા ભગવાન અત્રિઋષિએ (ઘોડો લઈ) આકાશમાર્ગે દોડતા ઈન્દ્રને

જોયો, જેણે અધર્મમાં પણ ધર્મની ભ્રાંતિ કરાવનારા પાખંડ વેશને પોતાનું રક્ષણ કરનાર કવચની પેઠે લીધો હતો, તરત જ અત્રિઋષિએ પૃથુરાજાના મહારથી પુત્રને તેનો નાશ કરવા પ્રેરણા કરી, એટલે ક્રોધાયમાન થઈ તે તેની પાછળ દોડયો અને ‘ઓ ઈન્દ્ર ! ઊભો રહે, ઊભો રહે ! ’ એમ તેણે તેને પડકાર્યો. પણ ઈન્દ્રને તેવો જટાધારી અને ભસ્મ ચોળેલા પાખંડી વેશવાળો જોઈ પૃથુના પુત્રે તેને કોઈ ધર્માત્મા માન્યો અને તેના પર બાણ છોડ્યું નહિ. એમ પૃથુપુત્ર તેનો નાશ કરતો અટક્યો એટલે અત્રિઋષિએ ફરી તેનો નાશ કરવા તેને પ્રેરણા કરી : હે તાત ! યજ્ઞનો નાશ કરનાર આ અધમ ઈન્દ્રનો તું નાશ કર. અત્રિ ઋષિએ એમ કહ્યું કે તરત જ પૃથુરાજાનો પુત્ર આકાશમાર્ગે દોડતા ઈન્દ્રની પાછળ જેમ ગીધનો રાજા જટાયુ રાવણ પાછળ દોડયો હતો તેમ ક્રોધાયમાન થઈ દોડ્યો. એટલે ઈન્દ્ર ઘોડાનો તથા પાખંડી વેશનો ત્યાગ કરી અદશ્ય થઈ ગયો અને વીર પૃથુપુત્ર ઘોડો લઈ પિતાના યજ્ઞમાં આવ્યો. હે સમર્થ વિદુરજી ! પૃથુકુમારનું એ અદ્‌ભુત કર્મ જોઈ મહર્ષિઓએ તેનું ‘વિજિતાશ્વ’ એવું નામ પાડયું. પછી ફરી સમર્થ ઈન્દ્ર તીવ્ર અંધકાર ઉત્પન્ન કરી, તે અંધકારમાં પોતે છુપાઈને લાકડાનાં કડાંવાળા યજ્ઞસ્તંભમાંથી સુવર્ણની દોરીવાળા ઘોડાનું (તે દોરીની સાથે જ) હરણ કર્યું. એટલે તરત જ આકાશમાર્ગે ઉતાવળથી જતા ઈન્દ્રને અત્રિઋષિએ પૃથુના પુત્રને બતાવ્યો, પણ તેણે ખોપરીઓ તથા ખટ્‌વાંગ ધારણ કરતા તે ઈન્દ્રને (આ તો કોઈ સાધુ છે એમ માની) માર્યો નહિ. તે પછી ફરી અત્રિઋષિએ ઈન્દ્રનો નાશ કરવા પ્રેરણા કરી એટલે તેણે ક્રોધથી બાણ સાંધ્યું કે તરત જ ઈન્દ્ર ઘોડાને તથા સ્વરૂપને તજી અદશ્ય થઈ ઊભો રહ્યો. પછી પૃથુના વીર પુત્ર તે ઘોડાને લઈ પિતાના યજ્ઞમાં ગયો અને મંદ બુદ્ધિવાળા પાખંડીઓએ ઈન્દ્રે છોડેલા તે નિંદિત સ્વરૂપનો સ્વીકાર કર્યો; અર્થાત્ ઈન્દ્રે લીધેલાં તે તે નિંદ્ય સ્વરૂપો સ્વીકારી મંદબુદ્ધિ મનુષ્યોએ પાખંડધર્મ ચાલુ કર્યો. ઈન્દ્રે ઘોડો હરવાની ઈચ્છાથી જે જે રૂપો લીધાં, તે તે બધાં **‘पापस्य खंडानि’** —પાપના ચિહ્નરૂપ હતાં, જેથી તે બધાં **‘पाखंडानि’**—પાખંડ કહેવાયાં, કેમ કે **‘पाख़ंड’** એ શબ્દમાં **‘पा’** એ પાપવાચક અને **‘खंड’** એ ચિહ્નવાચી શબ્દ છે; અર્થાત્ આવી રીતે **‘पाखंड’** શબ્દની સિદ્ધિ થાય છે. એમ પૃથુરાજાના યજ્ઞનો નાશ કરવાની ઈચ્છાથી ઘોડાને હરતા ઈન્દ્રે જે જે પાખંડી રૂપો લઈને છોડયાં હતાં, તે તે રૂપો પાખંડ ધર્મરૂપે જણાયાં અને ઉપર ઉપરથી સુંદર તથા હેતુવાદની ચતુરાઈવાળા તે તે મિથ્યા ધર્મોમાં લગભગ ભ્રાંતિને લીધે મનુષ્યોની બુદ્ધિ આસક્ત થાય છે. તે જાણી મહાપરાક્રમી ભગવાન પૃથુરાજ ઈન્દ્ર ઉપર ક્રોધાયમાન થયા. તેમણે ધનુષ્ય સજજ કરી (ઈન્દ્રનો નાશ કરવા) બાણ લીધું. તે વખતે ઈન્દ્રનો નાશ કરવાના અભિપ્રાયવાળા, અસહ્ય વેગવાળા અને જેમની સામે જોઈ શકાતું પણ ન હતું તેવા તે પૃથુરાજાને યાજ્ઞિક બ્રાહ્મણો અટકાવવા લાગ્યા : હે મહાબુદ્ધિમાન રાજા ! આ યજ્ઞમાં શાસ્ત્રોક્ત પશુના નાશ વિના બીજાનો નાશ કરવો તે યોગ્ય નથી. અમે પોતે જ યજ્ઞોનો નાશ કરતા અને તમારા યશથી નિસ્તેજ બનેલા ઈન્દ્રને મહાસમર્થ શકિતવાળા આહવાન મંત્રોથી અહી લાવીશું અને પછી હે રાજન્ ! તે તમારા શત્રુને બળાત્કારે અગ્નિમાં હોમીશું. હે વિદુરજી ! એમ યજમાન પૃથુરાજાને સમજાવી તેના ઋત્વિજોએ ક્રોધથી સરવો હાથમાં લઈ ઈન્દ્રને હોમવાની તૈયારી કરી, એટલે તરત જ બ્રહ્માએ તેમની પાસે આવી તેઓને તેમ કરતા અટકાવી કહ્યું : ‘તમારે ઈન્દ્રનો નાશ કરવો યોગ્ય નથી, કેમ કે જેનો તમે નાશ કરવા ઈચ્છો છો, તે આ યજ્ઞ નામનો ઈન્દ્ર ભગવાનનું જ શરીર—અવતાર છે. વળી યજ્ઞ વડે જે દેવોનું તમે પૂજન કર્યું, તે દેવો પણ ઈન્દ્રનાં જ શરીર છે. હે બ્રાહ્મણો ! પૃથુરાજાના યજ્ઞકર્મનો નાશ કરવા ઈચ્છતા ઈન્દ્રે જે મોટો અધર્મ (પાખંડમાર્ગ) કર્યો છે તે તમે જુઓ ! (માટે એવા મહાબળવાન સાથે તો મિત્રતા જ કરવી

યોગ્ય છે, નહિ તો આથી પણ વધારે અધર્મ કરશે.) માટે વિશાળ કીર્તિવાળા પૃથુરાજાના ભલે નવ્વાણું જ યજ્ઞ થાઓ. (એમ બ્રાહ્મણોને કહી બ્રહ્માએ પૃથુરાજાને કહ્યું:) 'તમે આટલા યજ્ઞો સારી રીતે કર્યા છે, માટે હવે યજ્ઞો કરવા બંધ કરો, કેમ કે તમે તો મોક્ષધર્મ જાણનારા છો. વળી તમે તમારા પોતાના જ આત્મારૂપ ઈન્દ્ર ઉપર ક્રોધ કરવા યોગ્ય નથી. તમે બંને શ્રીભગવાનના જ અવતાર છો. તમારું કલ્યાણ થાઓ. હે મહારાજા ! યજ્ઞમાં જે આ વિઘ્ન થયું તે સંબંધી તમે ચિંતા ન કરો, પણ મનને એકાગ્ર કરી અમારું વચન સાંભળો. જે મનુષ્ય દૈવે નાશ કરેલું કાર્ય કરવા વિચાર કરે છે, તેનું મન અત્યંત ક્રોધવાળું થઈ ઘોર અંધકારમાં પડી મોહવશ થઈ, શાંતિ પામતું નથી. માટે તમે આ યજ્ઞ બંધ રાખો, કેમ કે દેવોમાં (સ્વાભાવિક રીતે જ) દુરાગ્રહ હોય છે, જેથી આ યજ્ઞમાં ઈન્દ્રે રચેલાં પાખંડ રૂપોથી ધર્મનો નાશ થયો છે. તમે જુઓ, જેણે યજ્ઞનો દ્રોહ કરી ઘોડો હર્યો હતો, તે આ ઈન્દ્રે રચેલાં મોહક પાખંડોથી આ મનુષ્યો આકર્ષાઈ રહ્યાં છે. હે વેનરાજાના પુત્ર ! સાંખ્ય યોગ આદિ અનેક સિદ્ધાંતોને અનુસરતો મનુષ્યોનો ધર્મ, જે વેનરાજાના દુરાચારથી હમણાં નાશ પામ્યો છે, તેનું રક્ષણ કરવા માટે એ વેનરાજાના શરીરમાંથી વિષ્ણુના અંશરૂપે જ તમે અવતર્યા છો. માટે હે પ્રજાપતિ ! આ જગતની ઉત્પત્તિનો વિચાર કરી તમે પ્રજાપતિઓનો સંકલ્પ પૂર્ણ કરો. હે પ્રભો ! ઉપધર્મ પાખંડની માતારૂપ ઈન્દ્રની માયાનો તથા પ્રચંડ પાખંડમાર્ગનો નાશ કરો.

**મૈત્રેય બોલ્યા :** લોકોના ગુરુ બ્રહ્મદેવે એવી આજ્ઞા કરી, એટલે પૃથુરાજીએ તેમના કહેવા પ્રમાણે યજ્ઞનો આગ્રહ છોડી ઈન્દ્રની સાથે સ્નેહ કરી સંધિ કરી. પછી યજ્ઞની સમાપ્તિનું જેણે સ્નાન કર્યું હતું, એવા મોટા કર્મ કરનારા તે પૃથુરાજાને એ યજ્ઞમાં તૃપ્ત કરેલા અને વર આપનારા દેવોએ વરદાનો આપ્યાં. હે વિદુરજી ! તેમ જ શ્રદ્ધાપૂર્વક દક્ષિણા પામેલા અને સત્કાર પામી પ્રસન્ન થયેલા સત્ય આશીર્વાદવાળા બ્રાહ્મણોએ તે આદિરાજાને આશીર્વાદ આપ્યા. (અને કહ્યું:) હે મહાબાહુ ! તમે બોલાવેલા પિતૃઓ, દેવો, ઋષિઓ તથા મનુષ્યો આ યજ્ઞમાં આવ્યા હતા. તેઓ સર્વનો તમે દાન-માનથી સત્કાર કર્યો છે.' ૧-૪૨

त्वयाऽऽहूता महाबाहो सर्व एव समागताः । पूजिता दानमानाभ्यां पितृदेवर्षिमानवाः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## યજ્ઞમાં શ્રીવિષ્ણુનો પૃથુરાજાને ઉપદેશ અને બન્નેની પરસ્પર પ્રીતિ

॥ ऋषिरुवाच ॥

भगवानपि वैकुण्ठः साकं मघवता विभुः । यज्ञैर्यज्ञपतिस्तुष्टो यज्ञभुक्तमभाषत ॥१॥

**મૈત્રેય બોલ્યા :** યજ્ઞો વડે પ્રસન્ન થયેલા, યજ્ઞોના સ્વામી, યજ્ઞોના ભોકતા અને વ્યાપક વૈકુંઠપતિ શ્રીભગવાન પણ ઈન્દ્ર સમક્ષ રહી તે પૃથુરાજાને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** આ ઈન્દ્રે તમારા સો અશ્વમેધ યજ્ઞોમાંનાં છેલ્લાનો ભંગ કર્યો છે, તેથી તે તમારી ક્ષમા માગે છે માટે તમે તેને ક્ષમા આપવા યોગ્ય છો; કેમ કે હે રાજા ! આ શરીર જો આત્મા નથી તો પુરુષોમાં ઉત્તમ એવા સારી બુદ્ધિવાળા સત્પુરુષો કોઈ પણ પ્રાણીનો દ્રોહ કરતા નથી, છતાં તમારા જેવા પુરુષો ઈશ્વરની માયાથી જો મોહ પામે, તો લાંબા કાળ સુધી કરેલી વૃદ્ધ પુરુષોની સેવા કેવળ શ્રમરૂપ (નિષ્ફળ) જ થાય. માટે સ્વરૂપના અજ્ઞાનથી, કામનાઓથી તથા કર્મોથી આ શરીર બનેલું છે, એમ જાણતો

આત્મવેત્તા પુરુષ એ શરીર ઉપર કદી આસકત થતો નથી. આ શરીર ઉપર જેને આસકિત છે જ નહિ, એવો ક્યો જ્ઞાની પુરુષ એ શરીરે જ ઉત્પન્ન કરેલાં ઘર, છોકરાં કે ધનમાં મમતા કરે ? આત્મા શરીરથી જુદો જ છે, કેમ કે તે એક, શુદ્ધ, સ્વયંજ્યોતિ , નિર્ગુણ, ગુણોનો આશ્રય, સર્વવ્યાપી, કોઈનાથી પણ નહિ વીંટાયેલો કે ઢંકાયેલો, સર્વનો સાક્ષી (દ્રષ્ટા) અને પોતાને વિષે બીજા આત્માથી રહિત છે. આમ આત્માને શરીરમાં રહેલો છતાં તેથી જે જુદો જાણે, તે પુરુષ પ્રકૃતિમાં એટલે પોતાના દેહમાં આત્મારૂપે રહ્યા છતાં દેહના ગુણો વિકારો થી લેપાતો નથી; કેમ કે તે પુરુષ બ્રહ્મસ્વરૂપ એવા મારે વિષે જ રહેલો છે. હે રાજન્ ! જે પુરુષ સર્વ કામનાઓ છોડી શ્રદ્ધાયુકત થઈ પોતાના વર્ણાશ્રમધર્મથી નિત્ય મારું ભજન કરે છે, તેનું મન ધીમે ધીમે પ્રસન્ન (શુદ્ધ) થાય છે. એ રીતે ચિત્ત શુદ્ધ થાય છે, ત્યારે પુરુષ ગુણો છોડી સમ્યગ દૃષ્ટિવાળો થઈ શાંતિ પામે છે. જે શાંતિ મારા સ્વરૂપે રહેવારૂપ, બ્રહ્મસ્વરૂપ તથા કૈવલ્યરૂપ છે; જે પુરુષ આ આત્માને શરીર, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તથા મનનો જાણે અધ્યક્ષ હોય, તેમ રહેલો છતાં ઉદાસીન અને નિર્વિકાર જાણે છે, તે બ્રહ્મસ્વરૂપને પામે છે. આ શરીર પાંચ ભૂતો, ઈન્દ્રિય, ઈન્દ્રિયોના દેવતાઓ તથા મન-એ સર્વના સમુદાયરૂપ હોઈ આત્માથી ભિન્ન છે. તેને જ આ ગુણપ્રવાહરૂપ સંસાર છે, આત્માને કંઈ નથી. આમ જાણી જેઓએ મારા પર જ પ્રેમ કરેલ હોય છે, એવા જ્ઞાનીઓ સંપત્તિઓ કે વિપત્તિઓ જોયા છતાં વિકાર- હર્ષ કે શોકવાળા થતા નથી. માટે હે વીર ! તમે પણ સુખદુઃખમાં સમાન ભાવ ધારણ કરો. ઉત્તમ, મધ્યમ તથા અધમને પણ સમાન ગણો. ઈન્દ્રિયો તથા અંતઃકરણને છતો અને મેં ઉત્પન્ન કરેલા આ સમસ્ત મંત્રી વગેરે સાથે રહી સર્વ લોકોનું રક્ષણ કરો. પ્રજાઓનું પાલન કરવું એ જ રાજાનું પરમ કલ્યાણ છે; કેમ કે (પ્રજાઓનું રક્ષણ કરનારો) રાજા પ્રજાઓના પુણ્યમાંથી છઠ્ઠો ભાગ પરલોકમાં પામે છે. પણ જે રાજા પ્રજાઓ પાસેથી કર લઈ તેઓનું રક્ષણ કરતો નથી, તેના પુણ્યને પ્રજાઓ હરી લે છે અને તેવો રાજા પ્રજાઓનાં પાપ ભોગવે છે. માટે ઉત્તમ બ્રાહ્મણોને માન્ય તમારા વંશપરંપરાના ધર્મને મુખ્ય ગણી ધર્મ, અર્થ ને કામ—એ ત્રણેમાં આસકિત રાખ્યા વિના તમે આ પૃથ્વીનું એ રીતે રક્ષણ કરો એટલે સર્વ લોકો તમારા પર પ્રીતિવાળા થશે અને પછી થોડા જ સમયમાં તમારે ઘેર આવેલા સનકાદિ સિદ્ધ પુરુષોનાં તમને દર્શન થશે. હે મનુષ્યોના ઈન્દ્ર ! મારી પાસેથી કોઈ વરદાન માગો; કેમ કે હું તમારા શમ આદિ ગુણો તથા દ્વેષરહિતપણું આદિ સ્વભાવથી વશ થયો છું. હું યજ્ઞો, તપ તથા યોગથી સુલભ નથી, કેમ કે બધા પર સમાન ચિત્તવાળા પુરુષોમાં જ રહેવાનો મારો સ્વભાવ છે.’

**મૈત્રેય બોલ્યા :** લોકગુરુ શ્રીવિષ્ણુભગવાને એમ ઉપદેશ આપ્યો, એટલે જગતને જીતનારા પૃથરાજાએ ભગવાનની તે આજ્ઞા શિરોમાન્ય માની, પછી તે રાજાએ પગમાં પડતા અને યજ્ઞમાં વિઘ્ન કરવારૂપ પોતાના કર્મથી શરમાયેલા ઈન્દ્રને ભેટી તેના પ્રત્યેનો દ્વેષ છોડયો. તે પછી પૃથુરાજાએ જેમની પૂજા કરી હતી અને વૃદ્ધિ પામતી ભક્તિ વડે જેમનાં ચરણકમળ ગ્રહણ કર્યા એવા વિશ્વાત્મા ભગવાન ત્યાંથી જવા માટે તત્પર થયા હતા તોપણ સત્પુરુષોના મિત્ર અને કમળની પાંખડી જેવાં નેત્રોવાળા તે ભગવાન પૃથુરાજાને જોતાં, તેમના ઉપરની કૃપાને લીધે ગયા નહિ. તે સમયે એ આદિરાજા બે હાથ જોડી ઊભા રહ્યા. તેમના નેત્રમાં આંસુ આવી ગયાં હતાં, તેથી શ્રીહરિને તે જોઈ શકતા ન હતા અને આંસુઓથી તે એટલા બધા વ્યાકુળ થયા હતા, જેથી કંઈ બોલી શક્યા નહિ. માત્ર મૌન ધરી શ્રીહરિને હૃદયથી ભેટી (હૃદયમાં જ) ધારણ કરી રહ્યા. પછી આંસુનાં બિંદુ લૂછી નાખી, પગ વડે પૃથ્વીને સ્પર્શ કરતા અને ગરુડના ઊંચા ખભા પર પોતાના હાથનો અગ્રભાગ ટેકવી રહેલા પરમપુરુષ શ્રીભગવાનને તેમનાં દર્શન

કર્યા છતાં જેમની દૃષ્ટિ અતૃપ્ત જ રહી હતી, એવા પૃથુરાજા કહેવા લાગ્યા.

**પૃથુરાજા બોલ્યા :** હે પ્રભો ! વર આપનારા બ્રહ્માદિ દેવોના પણ ઈશ્વર આપની પાસેથી વિદ્વાન પુરુષ વિષયસુખો કેમ માગે ? (છતાં જો માગે તો એ વિદ્વાન જ નથી; કેમ કે) એ વિષયસુખો તો અહંકાર એ જ જેમનું સ્વરૂપ છે, તેવા દેહાભિમાનીઓને જ ભોગવવા યોગ્ય હોઈ નરકના જીવોને પણ મળી રહે છે. હે ઈશ્વર ! હે મોક્ષના પતિ ! માટે તે વિષયસુખો હું માગતો નથી. હે નાથ ! જ્યાં આપનાં ચરણકમળનો રસ (યશઃ શ્રવણ આદિનું સુખ) કે જે સર્વથી મોટા આપના ભકત પુરુષના હૃદયમાંથી મુખ દ્વારા ઝરી રહ્યો હોય છે, તે જો કદી મોક્ષપદમાં ન હોય તો તે મોક્ષપદ પણ હું ઈચ્છતો નથી; માટે (આપનો યશ સાંભળવા) મને દસ હજાર કાન આપો. બસ, આ વર હું આપની પાસે માગું છું. હે ઉત્તમ કીર્તિવાળા ભગવન્ ! મહાપુરુષોના મુખમાંથી નીકળેલો આપના ચરણકમળના રસરૂપી અમૃતના (કથામૃતના) એક કણનો વાયુ પણ તત્ત્વમાર્ગને ભૂલી ગયેલા દુષ્ટ યોગીઓને ફરી આત્મજ્ઞાન આપે છે. માટે અમને તો (આપની ભકિત વિના બીજા) વરોનું કંઈ પ્રયોજન જ નથી. હે મંગલકીર્તિ પરમાત્મન્! જે પુરુષો આપનો પવિત્ર યશ સત્પુરુષોના સમાગમમાં માત્ર એક જ વાર દેવેચ્છાએ પણ સાંભળે, તે જો ગુણ જાણનાર હોય તો માત્ર પશુ વિના એ યશ સાંભળતાં કેમ જ અટકે ? કેમ કે લક્ષ્મીદેવી પોતે પણ આપના એ યશને જ સર્વોત્તમ તરીકે સ્વીકારી રહી છે; માટે હું પણ તે લક્ષ્મીદેવીની પેઠે જ (આપના ભજનમાં જ) ઉત્સુક બની, સર્વ ગુણોનું રહેઠાણ અને સમગ્ર પુરુષોમાં ઉત્તમ એવા આપનું જ સર્વ પ્રકારે ભજન કરું છું. પણ આપ એક જ પતિ માટે સ્પર્ધા કરનાર હું અને લક્ષ્મીદેવી બંને વચ્ચે (જેમ આ સમયે ઈન્દ્ર સાથે થયો તેમ) કજિયો તો નહિ થાય ? કેમ કે અમે બંને આપના એક જ ચરણમાં મનની એકાગ્રતાવાળા છીએ. તેથી જ કજિયો થવા સંભવ છે. હે જગતના ઈશ્વર ! જગતનાં માતા લક્ષ્મીદેવી સાથે અમને વિરોધ થશે જ; કારણ કે લક્ષ્મીદેવીના (આપના સેવારૂપ) કાર્યમાં જ અમે પણ ઈચ્છા કરીએ છીએ, તોપણ આપ તો (જેમ હમણાં ઈન્દ્ર સાથે વિરોધ થતાં મારો જ પક્ષપાત કર્યો, તે જ પ્રમાણે લક્ષ્મી સાથેના વિરોધમાં પણ મારો જ પક્ષપાત કરવાના; કેમ કે) ભક્તોએ કરેલી તુચ્છ સેવા વગેરેને પણ આપ બહુ માનો છો. ગરીબ ઉપર પ્રેમવાળા છો અને સ્વસ્વરૂપમાં જ રમ્યા કરો છો તેથી આપને લક્ષ્મીનું શું પ્રયોજન છે ? અર્થાત્ આપ તો લક્ષ્મીનો આદર જ કરતા નથી. તેથી જ નિષ્કામ સાધુપુરુષો માયાના ગુણોના વિલાસનું કાર્ય જેમનામાં દૂર થયેલું છે, એવા આપનું (પોતાને જ્ઞાન થયું હોય છે તો પણ) ભજન કર્યા કરે છે. હે ભગવન્ ! (મહાત્મા પુરુષોના તે ભજનમાં) આપના ચરણના સ્મરણ વિના બીજું કંઈ પણ ફળ હોય એમ અમે જાણતા નથી. હું માનું છું કે આપને ભજનાર પ્રત્યે આપ ''તું વર માગ'' એમ જે કહો છો, તે આપની વાણી જગતને મોહ ઉપજાવનારી છે; કેમ કે આપની વાણીરૂપી દોરીથી મનુષ્ય બંધાય છે. જો બંધાતાં ન હોય તો (કર્મફળમાં) મોહિત થઈ વારંવાર કર્મ કેમ કર્યા કરે છે ? હે ઈશ્વર! આપની માયા જ અજ્ઞાની મનુષ્યને સત્ય આત્મસ્વરૂપ એવા આપથી અલગ કરે છે, જેથી તે મૂઢ મનુષ્ય આપ વિના બીજું (સ્ત્રીપુત્રાદિ) આપની પાસેથી ઈચ્છે છે, પણ પિતા જેમ બાળકનું હિત કરે, તેમ આપ પોતાની મેળે (અમારી વિનંતી વિના) જ અમારું હિત કરવા યોગ્ય છો.

**મૈત્રેય બોલ્યા :** આદિરાજા પૃથુએ એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે વિશ્વદ્રષ્ટી ભગવાને તેમને કહ્યું: 'હે રાજન્ ! તમારી મારામાં ભકિત થાઓ. બહુ જ સારું કર્યું કે તમે મારામાં આવી ભકિતવાળી બુદ્ધિ

કરી છે, જેને લીધે મનુષ્ય મારી દુસ્ત્યજ માયાને પણ તજે છે. હે રાજા ! માટે તમે સાવધાન થઈ મારી આજ્ઞાનું પાલન કરો. મારી આજ્ઞાનું પાલન કરનાર મનુષ્ય બધે કલ્યાણ પામે છે.'

**મૈત્રેય બોલ્યા :** એવાં વેનપુત્ર રાજર્ષિ પૃથુનાં અર્થયુક્ત વચનને અભિનંદન આપી પૃથુએ પૂજેલા અચ્યુત ભગવાને એ રાજા ઉપર કૃપા કરી ત્યાંથી જવાનો વિચાર કર્યો. તે સમયે દેવો, ઋષિઓ, પિતૃઓ, ગંધર્વો, સિદ્ધો, ચારણો, સર્પો, કિન્નરો, અપ્સરાઓ, મનુષ્યો, પક્ષીઓ અને બીજાં અનેક પ્રાણીઓનો પણ પૃથુરાજાએ 'આ બધાં યજ્ઞેશ્વર (ભગવાન) જ છે' આવી બુદ્ધિથી વાણી, ધન તથા બે હાથ જોડીને ભકિતથી સત્કાર કર્યો એટલે તેઓ સર્વ ત્યાંથી પોતપોતાને સ્થાને ગયાં અને ભગવાનના પાર્ષદો તથા ભકતો પણ પોતાના ધામમાં ગયા. પછી અચ્યુત ભગવાન પણ ઉપાધ્યાય સહિત રાજર્ષિ પૃથુના મનને હરતા હોય તેમ પોતાના ધામમાં પધાર્યા. પછી પૃથુરાજા પણ અપ્રગટ છતાં (કૃપાથી) જેમણે પોતાનું સ્વરૂપ દર્શાવ્યું હતું, તેવા અને દૃષ્ટિના માર્ગથી દૂર થયેલા તે દેવોના દેવને નમસ્કાર કરી પોતાના નગરમાં ગયા. ૧-૩૮

अदृष्टाय नमस्कृत्य नृपः सन्दर्शितात्मने । अव्यक्ताय च देवानां देवाय स्वपुरं ययौ ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## યજ્ઞ સમયે દેવો વગેરેની મહાસભામાં પૃથુરાજાનો પ્રજાઓને ઉપદેશ

॥ मैत्रय उवाच ॥

मौक्तिकैः कुसुमस्रग्भिर्दुकुलैः स्वर्णतोरणैः महासुरभिभिर्घूपैर्मण्डितं तत्र तत्र वै ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પૃથુરાજાનું તે નગર મોતીએ, પુષ્પોની માળાઓ, વસ્ત્રો, સોનાનાં તોરણો અને અત્યંત સુગંધી ધૂપો વડે સર્વ સ્થળે સુશોભિત હતું. તેની શેરીઓ તેમ જ ચૌટાના માર્ગો ચંદન તથા અગરના પાણીનો છંટકાવવાળાં હતાં. તે નગર પુષ્પ, અક્ષત, ફળ, લીલા જવ, શાળ તથા દીવાથી અત્યંત સુશોભિત હતું. પુષ્પ તથા ફળયુકત કેળના સ્તંભો તથા સોપારીના રોપાઓથી તે શોભતું હતું અને વૃક્ષોનાં પાંદડાંનાં તોરણોથી શણગારેલું હતું. તે સમયે એકઠાં કરેલાં સમગ્ર મંગળો, દીવાઓ તથા ભેટો સાથે સર્વ પ્રજાઓ અને ઉજજવળ કુંડળોથી શોભતી સુંદર કન્યાઓ પૃથુરાજાની સામે ગઈ. પછી બ્રાહ્મણોની વેદઘોષણાઓ તથા શંખ અને દુંદુભિની ગર્જનાઓ સાથે લોકો સ્તુતિ કરતા હતા, છતાં ગર્વરહિત વીર પૃથુરાજાએ રાજમહાલયમાં પ્રવેશ કર્યો. એ વેળા જુદા જુદા સ્થળે પૂજાયેલા મહાયશસ્વી તે રાજાએ પણ પ્રસન્ન થઈ પ્રિય ઈષ્ટ વસ્તુઓ આપીને તે તે નગરવાસીઓનો સત્કાર કર્યો. એ રીતે નિર્દોષ ચરિત્રવાળા, ગુણોથી મોટા તથા અતિશય પૂજ્ય તે મહારાજાએ મોટાં કર્મો કરી, પૃથ્વીમંડળ પર રાજ્ય કર્યું હતું અને પોતાનો ઉજજવળ યશ પૃથ્વી પર સ્થાપી પરમ પદ પ્રાપ્ત કર્યું હતું.

**સૂત પૌરાણિક બોલ્યા :** હે શૌનક ! ગુણોથી સુશોભિત અને ગુણવાન પુરુષોએ માન્ય કરેલો આદિરાજા પૃથુનો તે યશ એ પ્રમાણે મૈત્રેયઋષિ વર્ણવતા હતા, ત્યારે ભગવાનના મહાન ભકત વિદુરજીએ તેમનો સત્કાર કરી કહ્યું.

**વિદુરજી બોલ્યા :** બ્રાહ્મણોએ જેનો રાજ્યાભિષેક કર્યો હતો, એવા પૃથુરાજાએ સમગ્ર દેવોનો સત્કાર પ્રાપ્ત કર્યો. પોતાના બાહુમાં વિષ્ણુનું તેજ ધારણ કરી પૃથ્વી અને તે પૃથ્વીને દોહવારૂપ, જેમના પરાક્રમના એઠા ભોગોને હજી સુધી સર્વ રાજાઓ તથા લોકપાલો સહિત સર્વ લોકો ભોગવે છે, એવા તે પૃથુરાજાની કીર્તિને કયા ગુણ જાણનાર પુરુષો ન સાંભળે ? માટે તે પૃથુરાજાનાં શુદ્ધ કર્મ મને કહો.

**મૈત્રેય બોલ્યા :** પૃથુરાજા ગંગાયમુનાની વચ્ચેના ક્ષેત્રમાં રહેતા હતા અને પોતાનાં પૂર્વકર્મોથી પ્રાપ્ત થયેલા ભોગોને જ કેવળ પુણ્યકર્મોનો નાશ કરવા ભોગવતા હતા. તેમની આજ્ઞા સર્વત્ર અખ્ખલિત હતી અને બ્રાહ્મણકુળ તથા ભગવાનના ભક્તો વિના સાતે દ્વીપોમાં પોતે એક જ (કોઈ પણ અપરાધીને) શિક્ષા કરતા હતા. હે સજ્જનોમાં ઉત્તમ વિદુરજી ! એક સમયે તે રાજાએ મોટા યજ્ઞની દીક્ષા લીધી હતી. તે વેળા ત્યાં બ્રહ્મર્ષિઓની તથા રાજર્ષિઓની સભા એકઠી થઈ હતી. તેમાં સર્વના પૂજ્ય પુરુષોની યથા યોગ્ય પૂજા થયા પછી તારાઓમાં ચંદ્રની પેઠે સભાની વચ્ચે પૃથુરાજા ઊભા થયા. એ રાજા શરીરે ઊંચા હતા. તેમની ભુજાઓ પુષ્ટ અને લાંબી હતી. વર્ણ ગૌર હતો ને તેમનાં નેત્રો કમળ જેવાં લાલ હતાં. નાસિકા ને મુખ સુંદર હતાં. સ્વભાવે તે સૌમ્ય હતા. તેમના ખભાઓ પુષ્ટ હતા. દાંત અને મંદ હાસ્ય સુંદર હતાં. છાતી વિશાળ હતી ને કેડનો પાછલો ભાગ મોટો હતો. પેટ ત્રણ કરચલીઓ વડે સુંદર હોઈ પીપળાનાં પાંદડાંની પેઠે ઉપરથી પહોળું તથા નીચેથી સાંકડું હતું. નાભિ પાણીમાં પડતી ધુમરીના જેવી ઊંડી હતી. શરીરે તે બળવાન હતા. તેમની બંને સાથળો સુવર્ણ જેવી ઉજ્જવળ હતી ને બંને પગ આગળના ભાગમાં ઊંચા હતા. કેશ સૂક્ષ્મ, વાંકડિયા, કાળા ને ચળકતા હતા. ડોક શંખ જેવી ત્રણ રેખાઓથી ચિહ્નવાળી હતી. મહાકિંમતી બે વસ્ત્રોમાંથી એક તેમણે પહેર્યું હતું અને બીજા વસ્ત્રને ખેસરૂપે નાખી શરીરના સમગ્ર અવયવોની શોભા પ્રકટ કરી હતી. તેમણે યજ્ઞદીક્ષાનો નિયમ લીધો હોવાથી સર્વ આભૂષણો છોડયાં હતાં, કાળું મૃગચર્મ પહેર્યું હતું, શરીરે કાંતિમાન હતા, હાથમાં દર્ભ લીધા હતા અને સર્વ યોગકર્મો કર્યાં હતાં. સંતાપ દૂર કરનાર અને સ્નેહાળ દૃષ્ટિવાળા તે રાજાએ ઊભા થઈ પ્રથમ ચારે બાજુ દૃષ્ટિ કરી, પછી સભાને હર્ષ ઉપજાવતા હોય તેમ સુંદર વિચિત્ર પદવાળું ઉત્તમ, શુદ્ધ અને ગંભીર અર્થવાળું સંભાષણ પોતે જાણે અનુભવી અનુવાદ કરતા હોય તેમ ધીરજથી કહેવા લાગ્યા.

**પૃથુરાજા બોલ્યા :** હે સજ્જન સભાસદો ! તમારું કલ્યાણ થાઓ. આ યજ્ઞમાં પધારેલા તમે મારાં વચન સાંભળો. ધર્મની જિજ્ઞાસાવાળા પુરુષોએ સજ્જનો સમક્ષ પોતાને જણાવવું જોઈએ મને મુનિઓએ સર્વનું રક્ષણ કરનાર, સર્વને આજીવિકા આપનાર, સર્વને પોતપોતાની મર્યાદામાં જુદાં જુદાં રાખનાર અને કુમાર્ગે જનારાઓને શિક્ષા કરનાર પ્રજાઓનો રાજા નીમ્યો છે. માટે પૂર્વ કર્મના સાક્ષી ઈશ્વર જેના પર પ્રસન્ન થાય છે, તે મનુષ્યને સર્વ કામનાઓ પૂર્ણ કરનારા જે લોકની પ્રાપ્તિ વેદવાદીઓ કહે છે, તે લોકની પ્રાપ્તિ આ પ્રજારક્ષણ કાર્ય કરવાથી મને પણ થશે. જે રાજા પ્રજાઓને ધર્મનું શિક્ષણ આપતો નથી છતાં જેઓ પાસેથી કર લે છે, તે પ્રજાઓનાં પાપ ભોગવે છે અને પોતાના ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. માટે હે પ્રજાઓ ! તમારા સ્વામી મને પિંડદાનની પેઠે પરલોકમાં હિત કરવામાં ઈર્ષ્યારહિત તથા શ્રી ભગવાન વિષે બુદ્ધિવાળા થઈ શ્રીવાસુદેવાર્પણ દૃષ્ટિએ, જો તમે તમારા ધર્મનું જ આચરણ કરો, તો તમે મારા પર કૃપા કરી ગણાશે. હે નિષ્પાપ પિતૃઓ ! દેવો તથા ઋષિઓ ! તમે પણ મારા આ વચનને સંમતિ આપો; કેમ કે ધર્માચરણ માટે શિક્ષણ આપનાર તથા સંમતિ આપનાર-બંનેને પરલોકમાં જે ફળ મળે છે, તે

સમાન જ હોય છે. હે મહાપૂજ્ય સત્પુરુષો ! કેટલાક માને છેઃ 'યજ્ઞના પતિ' એ નામે કોઈ પરમેશ્વર છે, કેમ કે આ લોકમાં તથા પરલોકમાં કોઈ કોઈ સ્થળે પ્રકાશયુક્ત ભોગભૂમિઓ અને કાંતિમાન શરીરો દેખાય છે અર્થાત્ આવી જગતની વિચિત્રતા ઈશ્વર વિના હોઈ શકે નહિ; માટે ઈશ્વર છે જ. મનુ, ઉત્તાનપાદ રાજા, ધ્રુવ, રાજર્ષિ પ્રિયવ્રત, અમારા દાદા અંગરાજા અને આવા બીજા પણ બ્રહ્મા, શિવ, પ્રહ્લાદ તથા બલિરાજાને પણ શ્રીભગવાન સાથે પ્રયોજન પડયું છે; અર્થાત્ આવા અનેક વિદ્વાનોએ માન્યું છે કે કર્મ જડ છે અને તે કર્મના ફળદાતા ઈશ્વર છે જ. માત્ર મૃત્યુની પુત્રીના પુત્ર વેનરાજા વગેરે ધર્મના વિષયમાં મૂઢ બનેલા અને તેથી જ શોકપાત્ર ગણાયેલાઓ વિના બીજા સર્વ કોઈ આસ્તિક પુરુષોને તો ઈશ્વર સાથે કામ છે જ. બધા આસ્તિક વિદ્વાનોએ તો ઈશ્વરના અસ્તિત્વને સ્વીકાર્યું જ છે; કેમ કે ધર્મ, અર્થ, કામ સ્વર્ગ ને મોક્ષ એ સર્વમાં એક સ્વરૂપે અનુસરીને રહેલો કોઈ ઈશ્વરરૂપે હેતુ હોવો જ જોઈએ. જેમ ભગવાનના ચરણમાંથી નીકળેલાં ગંગાજી મનુષ્યોનાં પાપનો નાશ કરે છે, તેમ જ ભગવાનના ચરણની સેવામાં હંમેશ વધતી સાત્ત્વિકી પ્રીતિ સંસારથી તપેલા મનુષ્યોના સમગ્ર જન્મોથી એકઠા થયેલા બુદ્ધિના મેલનો તત્કાળ નાશ કરે છે. એ રીતે જેના મનનો બધો મેલ નાશ પામ્યો છે, એવો પુરુષ વૈરાગ્યવાન થાય છે. વૈરાગ્યથી તેને વિજ્ઞાનનો વિશેષ સાક્ષાત્કાર થાય છે અને પછી તે સાક્ષાત્કારરૂપ વીર્યથી યુક્ત થયેલ તે પુરુષ શ્રીભગવાનનાં ચરણમાં જ વસે છે, જેથી દુઃખજનક આ સંસાર તે ફરી કદી પામતો નથી. માટે તમે પણ નિષ્કપટ થઈ પોતાની આજીવિકાઓ, મન, વચન ને કાયાના ગુણ, ધ્યાન, સ્તુતિ, પૂજા વગેરે અને પોતાનાં નિત્ય—નૈમિત્તિક કર્મ એ સર્વથી જેમનું ચરણકમળ સર્વ કામનાઓ પૂર્ણ કરે છે, તે શ્રી ભગવાનનું જ ભજન કરો, જેથી પોતાના અધિકાર પ્રમાણે અવશ્ય કાર્યસિદ્ધિ થશે જ. કેમ કે એ ભગવાન જ સ્વસ્વરૂપે વિશુદ્ધ, વિજ્ઞાનઘન અને ગુણ રહિત છે; તો પણ આ કર્મમાર્ગમાં જાતજાતનાં દ્રવ્યોથી તે તે દ્રવ્યોના વર્ણોથી ખાંડવું વગેરે ક્રિયાઓથી, મંત્રથી, અર્થોથી, સંકલ્પોથી, પદાર્થોની શકિતથી અને જ્યોતિષ્ટોમ આદિ નામોથી અનેક વિશેષણોવાળા યજ્ઞરૂપ થાય છે. (શ્રુતિ પણ કહે છે : **'यज्ञो वै विष्णुः'** યજ્ઞ એ જ વિષ્ણુ છે.) જેમ અગ્નિ લાકડામાં રહી તે લાકડાની પેઠે જ લાંબો અને વાંકોચૂકો વગેરે ગુણોવાળો જણાય છે. (ખરી રીતે અગ્નિ કેવળ પ્રકાશ સ્વરૂપ જ છે.) તે જ પ્રમાણે ભગવાન પણ કેવળ પરમાનંદસ્વરૂપ છે; તોપણ પ્રકૃતિ, પ્રકૃતિને ક્ષોભ પમાડનાર કાળ, વાસના અને પુણ્યપાપરૂપી કર્મથી ઉત્પન્ન થયેલા શરીરમાં વિષયાકાર બુદ્ધિ પામીને યજ્ઞયાગાદિ ક્રિયાના ફળરૂપે જણાય છે. અર્થાત્ યજ્ઞયાગાદિ ક્રિયાનાં ફળ પણ ભગવદ્ સ્વરૂપ જ છે. અહો ! અત્યંત આનંદની વાત છે કે મારી આ પ્રજાઓ પૃથ્વી પર પોતાના વ્રતમાં દૃઢ રહી પોતાના ધર્મના યોગથી યજ્ઞભોકતા—દેવોના પણ અધીશ્વર તથા ગુરુ શ્રીહરિનું નિરંતર પૂજન કરે છે અને (તે દ્વારા) મારા પર કૃપા કરે છે. વળી જે બ્રાહ્મણો તથા ભગવાનના ભક્તોનાં કુળ મોટી સમૃદ્ધિઓ વિના પણ ક્ષમા, તપ અને વિદ્યા વડે પોતાની મેળે અત્યંત પ્રકાશી રહ્યાં છે, તેમના ઉપર (અમારા) રાજકુળનું તેજ કદી પ્રભાવ ન કરો. રાજકુળનું તેજ બ્રાહ્મણકુળ તથા ભગવદ્ ભકતોના કુળ ઉપર પોતાની સત્તા ન ચલાવે એ મારી પ્રાર્થના છે. અરે ! પુરાણપુરુષ શ્રીહરિ પણ બ્રાહ્મણો પર ભકિત રાખે છે અને બ્રાહ્મણોનાં ચરણોને વંદન કરવાથી પોતે અવિનાશી લક્ષ્મી તથા જગતને પવિત્ર કરનાર યશ પામે છે અને અતિ મહાન પુરુષોને પણ પૂજ્ય થાય છે. જે બ્રાહ્મણોના કુળનો સેવાથી પ્રાણીમાત્રની હૃદયગુહામાં વસનારા સ્વયંપ્રકાશ ઈશ્વર અત્યંત પ્રસન્ન થાય છે; કેમ કે

ઈશ્વરને બ્રાહ્મણો પ્રિય છે. માટે શ્રીહરિના (લોકસંગ્રહરૂપ) ધર્મમાં તત્પર રહેનારા પુરુષોએ વિનયયુક્ત થઈને બ્રાહ્મણકુળની જ અત્યંત સેવા કરવી. જે બ્રાહ્મણકુળનો નિત્ય સંબંધ રાખી સેવા કરવા વડે પુરુષ પોતાની મેળે જ્ઞાનના અભ્યાસ વિના પણ ઉત્તમ કલ્યાણ (મોક્ષ) પામે છે, કેમ કે તેમની સેવાથી મનુષ્યનું ચિત્ત તત્કાળ શુદ્ધ થાય છે. આવા બ્રાહ્મણો વિના બીજાં દેવોનું મુખ અહીં કયું છે ? અર્થાત્ બ્રાહ્મણોની સેવાથી જ યજ્ઞાદિનું ફળ—જ્ઞાનફળ વગેરે સર્વ કંઈ મળે છે. ''ભગવાન સર્વદેવમય અને ચૈતન્યમૂર્તિ છે.'' આવું તત્ત્વજ્ઞાન ધરાવતા વિદ્વાન પુરુષોએ જે બ્રાહ્મણોના મુખમાં, પૂજ્ય ઈન્દ્રાદિ દેવોને શ્રદ્ધાપૂર્વક હોમેલા હવિષને, ઉપનિષદોએ જ્ઞાનધન તરીકે વર્ણવેલા અનંત ભગવાન જે પ્રમાણે જમે છે. તે પ્રમાણે જડ અગ્નિ વિષે હોમેલું જમતા નથી અર્થાત્ શ્રીહરિનું મુખ બ્રાહ્મણો જ છે. બ્રાહ્મણોને જમાડવાથી શ્રીહરિને જ જમાડયા ગણાય છે. વળી જે બ્રાહ્મણો શ્રદ્ધા, તપ, મંગળ, મૌન, સમય અને ચિત્તની સ્થિરતાપૂર્વક શુદ્ધ અને સનાતન વેદ નિત્ય ધારણ કરે છે, તેના અર્થનો પણ વિચાર કરે છે કે જે વેદમાં દર્પણમાં મુખની પેઠે આ વિશ્વનું સ્વરૂપ દેખાય છે, તે બ્રાહ્મણોના ચરણકમળની રજને, હે આર્યજનો ! હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી મારા મુકટ પર ધારણ કરુ એવી મારી પ્રાર્થના છે; કેમ કે જે રજને નિત્ય ધારણ કરતાં પુરુષનાં પાપ તરત નાશ પામે છે અને સર્વ ગુણો પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ગુણોનું પાત્ર બનેલા, શીલરૂપી, ધનવાળા, કૃતજ્ઞ અને વૃદ્ધ પુરુષોનો આશ્રય કરનારા પુરુષને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ નામની સંપત્તિઓ અનુક્રમે સારી રીતે પ્રાપ્ત થાય છે; માટે તે બ્રાહ્મણકુળ, ગાયોનું કુળ તથા ભક્તિ સહિત ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.

**મૈત્રેય બોલ્યા :** પૃથુરાજાએ એમ કહ્યું એટલે સદાચારનિષ્ઠ પિતૃઓ, દેવો તથા બ્રાહ્મણો પ્રસન્ન ચિત્તે 'ધન્ય ધન્ય' એમ કહી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ને બોલ્યા : 'पुत्रेण जयते लोकान् ! ' પુત્ર વડે મનુષ્ય સર્વ લોક જીતે છે.' આ વેદશ્રુતિ સાચી છે, કેમ કે બ્રહ્મદંડથી નાશ પામેલ પાપી વેન (આ પુત્ર વડે) નરક તરી ગયો છે. હિરણ્યકશિપુ પણ ભગવાનની નિંદાથી નરકમાં પડવાની તૈયારીમાં હતો; પરંતુ પ્રહ્લાદના પ્રભાવથી નરક તરી ગયો છે. હે વીર પુરુષોમાં શ્રેષ્ઠ ! હે પૃથ્વીના પિતા ! તમે અનેક વર્ષો સુધી સારી રીતે સુખપૂર્વક જીવો, કેમ કે સર્વલોકની સ્વામી શ્રીઅચ્યુત ભગવાનમાં તમારી આવી ભક્તિ છે. અહો ! હે પવિત્ર કીર્તિવાળા ! તમે અમારા નાથ છો, તેથી જ હવે અમે શ્રીભગવાનરૂપી નાથવાળા એટલે ભગવાનના ભક્ત થયા છીએ, કેમ કે તમે અત્યંત ઉત્તમ કીર્તિવાળા અને બ્રાહ્મણોનું રક્ષણ કરનારા શ્રીવિષ્ણુભગવાનની કથા કહો છો. હે નાથ ! પોતાના સેવકોને તમે આવો ઉત્તમ ઉપદેશ આપો એ કાંઈ આશ્ચર્ય નથી, કેમ કે પ્રજાઓ ઉપર પ્રેમ રાખવો તે દયાળુ મહાપુરુષોનો સ્વભાવ છે. હે પ્રભો ! પ્રારબ્ધ નામનાં કર્મોને લીધે (આજ દિવસ સુધી) નાશ પામેલી દૃષ્ટિવાળા થઈ ભટકતા અમારો અજ્ઞાનરૂપી અંધકાર આજે તમે નષ્ટ કર્યો છે. પોતાના તેજથી બ્રાહ્મણજાતિમાં પ્રવેશ કરી ક્ષત્રિયજાતિનું, ક્ષત્રિય જાતિમાં પ્રવેશ કરી બ્રાહ્મણજાતિનું અને તે બંને જાતિમાં પ્રવેશ કરી આ જગતનું રક્ષણ જે કરો છો તે વૃદ્ધિ પામેલા સત્ત્વગુણવાળા તમને (મહાપુરુષને) અમે નમસ્કાર કરીએ છીએ.૧-૫૨

नमो विवृद्धसत्वाय पुरुषाय महीयसे । यो ब्रह्मक्षत्रमाविश्य बिभर्तीदं स्वतेजसा ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

# અધ્યાય-૨૨

## પૃથુરાજાને ભગવાન સનત્કુમારનો ઉત્તમ જ્ઞાનોપદેશ

॥ मैत्रय उवाच ॥

जनेषु प्रगृणत्स्वेवं पृथुं पृथुलविक्रमम् । तत्रोपजग्मुर्मुनयश्चत्वारः सूर्यवर्चसः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** વિશાળ પરાક્રમવાળા પૃથુરાજાને મનુષ્યો એમ કહેતા હતા, તેવામાં સૂર્ય સમાન તેજસ્વી ચાર મુનિઓ ત્યાં પધાર્યા. લોકોને પાપરહિત કરતી કાંતિ વડે 'આ સનકાદિ મુનિઓ છે' એમ જણાયેલા અને આકાશમાંથી ઊતરતા તે સિદ્ધેશ્વરોને પૃથુરાજાએ પોતાના પરિવાર સાથે જોયા. એટલે તરત જ તેમનાં દર્શનથી ઊંચે ગયેલા પ્રાણ પાછા લેવા ઈચ્છતા હોય તેમ ઊભા થયેલા પૃથુ, જેમ જીવ ઈન્દ્રિયોના વિષયો સામે જાય, તેમ સભાસદો તથા અનુચરો સાથે એ મુનિઓની સામે ગયા. તેમની પ્રત્યેના માનને વશ થઈ વિનયથી નમ્ર મસ્તકવાળા તે સભ્ય રાજાએ અર્ધ્ય તથા આસન જેમણે લીધાં હતાં, એવા તે મુનિઓની પૂજા કરી. પછી તેમના ચરણો ધોઈ તે પવિત્ર જળથી પોતાના કેશબંધન ઉપર માર્જન કર્યું. તેથી સદાચારીઓના આચારને પોતે જાણે માન આપતા હોય તેવું આચરણ કર્યું. પછી વેદિકાઓમાં અગ્નિની પેઠે ઝળહળતાં સુવર્ણનાં આસનો પર બિરાજેલા અને મહાદેવના મોટાભાઈ તે સનકાદિ મુનિઓને શ્રદ્ધાળુ જિતેન્દ્રિય રાજાએ પ્રસન્ન થઈ કહ્યું.

**પૃથુરાજા બોલ્યા :** હે મંગળ આશ્રયવાળા કુમારો ! આશ્ચર્ય છે કે એવું કયું મંગળ મેં કર્યું હશે, જેથી યોગીઓને પણ દુર્લભ દર્શનવાળા આપનાં મને દર્શન થયાં ? ' (અથવા એમાં આશ્ચર્ય નથી, કેમ કે) જેના ઉપર બ્રાહ્મણો, શંકર તથા ભકતો સહિત વિષ્ણુભગવાન પ્રસન્ન છે. તેને આ લોકમાં કે પરલોકમાં અત્યંત દુર્લભ શું છે ? (કંઈ જ નહિ.) જેમ સર્વના દ્રષ્ટા આત્માને આ જગતના કારણરૂપ મહતત્વ અથવા બ્રહ્મા વગેરે સર્વ જાણી શકતા નથી, તેમ આપ સર્વ લોકમાં વિચરો છો; છતાં આપને લોકો જાણી શકતા નથી. જે ગૃહસ્થોનાં ઘર પૂજ્ય પુરુષોને સ્વીકારવા યોગ્ય જળ, ઘાસ, ભૂમિ, ઘરધણી તથા બીજા નોકરચાકરોવાળાં હોય છે, તે ઉત્તમ ગૃહસ્થો ભલે નિર્ધન હોય તોપણ કૃતાર્થ છે. પણ જેઓનાં ઘર ભગવદ્ભકતોના ચરણરૂપી તીર્થથી રહિત છે, તે ભલે પરિપૂર્ણ સંપત્તિઓવાળાં હોય, તોપણ સર્પોને રહેવાનાં વૃક્ષો જેવાં છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! આપ ભલે પધાર્યા. જે આપ બાળક હોવા છતાં ધીર અને મોક્ષની ઈચ્છાવાળા થઈ શ્રદ્ધાપૂર્વક મોટાં વ્રતોનું આચરણ કરો છો. ? હે નાથ ! ઈન્દ્રિયોના વિષયોને જ પુરુષાર્થ માનનારા અને પોતાનાં કર્મોને લીધે દુઃખોના ક્ષેત્રરૂપ આ સંસારમાં પડેલા અમારુ કુશળ છે ને ? કેમ કે કેવળ આત્મામાં જ રમનારા આપને કુશળ પ્રશ્ન કરવો યોગ્ય નથી; કારણ કે આપને વિષે-કુશળ -અકુશળવાળી બુદ્ધિની વૃત્તિઓ છે જ નહિ. માટે સંસારના તાપથી બળી રહેલાઓના મિત્રરૂપ આપ ઉપર વિશ્વાસ કરીને હું પૂછું છું : આ સંસારમાં કયા ઉપાયથી કલ્યાણ થાય છે ? ખરેખર, ધીર પુરુષો વિષે આત્મા તરીકે પ્રકાશતા અને પ્રત્યેક આત્માના પ્રકાશક અજન્માં ભગવાન જ પોતાના ભકતો પર કૃપા કરવા આપરૂપી સિદ્ધિસ્વરૂપ આ પૃથ્વી પર વિચરે છે; અર્થાત્, આપ બીજા યોગીઓ જેવા નથી પણ સાક્ષાત્ ભગવાન જ છો.

**મૈત્રેય બોલ્યા :** પૃથુરાજાનું તે ન્યાયવાળું, ગંભીર અર્થ તથા થોડા અક્ષરોવાળું અને કાનને પ્રિય એવું સુંદર ભાષણ સાંભળી પ્રીતિથી મંદ હસતા હોય, તેમ સનત્કુમાર તેના પ્રત્યે કહેવા લાગ્યા.

**સનત્કુમાર બોલ્યા :** હે મહારાજા ! જોકે તમે વિદ્વાન હોઈ બધું જાણો છો, છતાં સર્વ પ્રાણીઓના હિતમાં મન કરી આ ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે; કેમ કે પુરુષોની બુદ્ધિ આવી જ હોય છે. સત્પુરુષોનો સમાગમ વકતા, શ્રોતા બંનેને ઈષ્ટ હોય છે, કેમ કે તેઓનું ઉત્તમ સંભાષણ અને શ્રેષ્ઠ પ્રશ્ન સર્વનું કલ્યાણ કરે છે. હે રાજન્ ! ભગવાનના ચરણકમળના ગુણો સાંભળવામાં તમને પ્રીતિ છે કે જે પ્રીતિ દુર્લભ હોઈ મનમાં રહેલા કામરૂપી મેલનો તથા માન, માયા આદિ કષાયનો અત્યંત નાશ કરે છે. ઉત્તમ વિચારવાળાં શાસ્ત્રોમાં મનુષ્યોના કલ્યાણનું આટલું જ કારણ સારી પેઠે નક્કી કર્યું છે કે, આત્માથી જુદા દેહાદિ ઉપર વૈરાગ્ય કરવા અને નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ આત્મા ઉપર પ્રીતિ કરવી. શ્રદ્ધાપૂર્વક ભગવદ્ધર્મ પાળવાથી તે તે કલ્યાણનાં સાધનોરૂપ વિષયો જાણવાની ઈચ્છાથી, આધ્યાત્મિક યોગ-યમનિયમાદિ ઉપર નિષ્ઠા રાખવાથી, યોગેશ્વરોની સેવાથી, નિત્ય પવિત્ર યશવાળા શ્રીહરિની કથા સાંભળવાથી, ધનાદિ અર્થમાં પ્રીતિવાળા તામસી અને ઈન્દ્રિયોના વિષયો પર પ્રીતિવાળા રજોગુણી મનુષ્ય સાથે વાર્તાલાપની ઈચ્છા છોડવાથી, તેવા તામસી ને રાજસી મનુષ્યોને પ્રિય અર્થો તથા કામો ઉપર આસકિત ન રાખવાથી, એકાંત સેવનમાં પ્રીતિ કરવાથી, કેવળ આત્માને વિષે જ સંતોષ રાખવાથી, શ્રીહરિના ગુણોરૂપી અમૃતપાન કરવામાં સંતોષ ન રાખવાથી, અહિંસા પાળવાથી, ઉપશમાદિ પરમહંસોની વૃત્તિ ધારણ કરવાથી, ભગવાનના ચરિત્રરૂપી શ્રેષ્ઠ અમૃતના સ્મરણથી, નિષ્કામભાવે યમનિયમ પાળવાથી, કોઈ પણ માર્ગની નિંદા ન કરવાથી, નિઃસ્પૃહવૃત્તિ ધારણ કરવાથી, ટાઢતાપ, સુખદુઃખ વગેરે સહન કરવાથી અને શ્રી હરિભક્તોના કાનને આભૂષણ સ્વરૂપ શ્રીહરિના ગુણો ગાવાથી હંમેશ વધતી ભકિત વડે નિર્ગુણ બ્રહ્મ વિષે પ્રીતિ અને આત્માથી ભિન્ન કાર્ય-કારણાત્મક દેહાદિ ઉપર વૈરાગ્ય ઊપજે છે. એ રીતે જ્યારે બ્રહ્મ વિષે દઢ પ્રીતિ થાય છે, ત્યારે પુરુષ કોઈ બ્રહ્મનિષ્ઠ ગુરુ મેળવી જ્ઞાન તથા વૈરાગ્યના વેગથી જેમ (અરણિકાષ્ઠમાંથી) પ્રકટેલો અગ્નિ પોતાના ઉત્પત્તિ કારણ તે અરણિને બાળી નાખે છે, તેમ હૃદયને બાળી નાખે છે કે જે હૃદય વાસનાથી રહિત થઈ નિવીર્ય થયેલું હોય છે, છતાં જીવને આવરણરૂપ અને પંચભૂતાત્મક છે. એ રીતે હૃદયરૂપ ઉપાધિ જેની બળી ગઈ છે અને તેથી જ કર્તુત્વાદિ સમસ્ત હૃદયના ગુણો જેણે છોડયા છે, એવો પુરુષ દ્રષ્ટા અને દશ્ય એવો ભેદ દર્શાવનાર જે (હૃદય) પ્રથમ હતું તેનો વિનાશ થવાથી જેમ સ્વપ્નમાં જોયેલા પદાર્થોને સ્વપ્નાવસ્થાના નાશ પછી જોતો નથી, તેમ આત્માથી બહારની ઘટપટાદિ વસ્તુ તથા આત્માની અંદર સુખદુઃખ વગેરે જોતો નથી. કેમ કે હૃદયરૂપી ઉપાધિ હોય છે, તો જ આત્મા દ્રષ્ટાને, ઈન્દ્રિયોના વિષયરૂપ દશ્યને તથા તે બંનેના પરસ્પર સંબંધમાં કારણભૂત અહંકારને જાગ્રદવસ્થામાં તથા સ્વપ્ન અવસ્થામાં જુએ છે. પણ તે હૃદયરૂપ ઉપાધિ જ્યારે સુષુપ્ત — અવસ્થામાં હોતી નથી, ત્યારે તેમાંનું કંઈ જોતો નથી. (આ જ વિષયમાં આ દષ્ટાંત છે.) જેમ પાણી કે દર્પણ વગેરે ભેદ દર્શાવનારી વસ્તુઓ જો નિમિત્ત હોય છે, તો જ પુરુષ પોતાનો તથા પ્રતિબિંબનો ભેદ જુએ છે, પણ તે પાણી વગેરે વસ્તુઓ જો નથી હોતી તો તેવો ભેદ જોતો નથી. વિષયોનું ચિંતન કરનાર મનુષ્યોની ઈન્દ્રિયોને ચિંતવેલા તે વિષયે આકર્ષે છે, પછી તે ઇંદ્રિયો મનને આકર્ષે (વિષયાસકત કરે) છે અને પછી તે મન બુદ્ધિની ચેતનાશકિતને હરી લે છે. જેમ કે ધરાના કિનારા ઉપર ઊગેલું દર્ભનું થુંબડું પોતાના મૂળિયાથી ધરાનું પાણી હરી લે છે. (પણ આ વાત અજ્ઞાની સમજી શકતો નથી.) એ રીતે બુદ્ધિની ચેતનાશકિતનું હરણ થતાં આગળ-પાછળના અનુસંધાનરૂપ સ્મરણશક્તિ નાશ પામે છે અને તે સ્મરણશકિતનો નાશ થતાં જ્ઞાનનો પણ નાશ થાય છે. આવી રીતે જ્ઞાનનો જે નાશ થાય છે, તેને જ

વિદ્વાનો આત્માનો નાશ થયો (નિરુપાધિ આત્માનો અપ્રકાશ થયો) એમ કહે છે. જે આત્માને લીધે જ બીજા સ્ત્રીપુત્રાદિ વિષયો અત્યંત પ્રિય લાગે છે, તે આત્માનો એ રીતે પોતે જ વિનાશ (અપ્રકાશ) કરવો, તેથી બીજો કોઈ પણ પુરુષનો સ્વાર્થવિનાશ આ જગતમાં નથી. માટે ઇંદ્રિયોના વિષયોનું ચિંતન કરવું તે જ મનુષ્યોના સર્વ અર્થરૂપ આત્માના વિનાશનું કારણ છે, વિષયચિંતન તે જ આત્માના અપ્રકાશનું કારણ થાય છે, જેથી મનુષ્ય જ્ઞાન તથા વિજ્ઞાનથી ભ્રષ્ટ થઈ સ્થાવરપણું પામી જડ બને છે, તેમ જ તીવ્ર અંધકારરૂપ આ સંસાર તરવાની જેને ઈચ્છા હોય, તેણે જે વસ્તુ ધર્મ, અર્થ કામ તથા મોક્ષ એ ચારે પુરુષાર્થોનો અત્યંત નાશ કરનારી હોય તેનો પણ કદી સંગ કરવો નહિ. એ ચાર પુરુષાર્થોમાં પણ મોક્ષ જ સર્વોત્કૃષ્ટપણે ઈચ્છવા યોગ્ય છે; કેમ કે ધર્મ, અર્થ ને કામ એ ત્રણ પુરુષાર્થ તો નિત્ય કાળના ભયથી યુકત (નાશવંત) છે; કેમ કે બ્રહ્મા વગેરે અને આપણે બધા જે જે પદાર્થો સત્વાદિ ગુણોના વિકાર પછી ઉત્પન્ન થયા છે, તેઓની ક્ષેમકુશળ સ્થિતિ કદી છે જ નહિ; કેમ કે તેઓ સર્વના મનોરથોનો કાળ નાશ કરે છે. (માટે મોક્ષ એ જ નિર્ભય વસ્તુ છે.) તેથી હે રાજા ! દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, બુદ્ધિ તથા અહંકારથી વીંટાયેલા સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓના હૃદયમાં જે અંતર્યામીપણે, પ્રતિલોમપણે અને સર્વવ્યાપકપણે પ્રત્યક્ષ પ્રકાશે છે,તે પરમાત્માને **'सोऽस्मीति'** – તે હું છું' એમ તમે જાણો. જે પરમાત્મા વિષે વિવેકજ્ઞાનથી જેનો નાશ થઈ શકે છે એવું આ જગત માળામાં સર્પની પેઠે ઊંચ-નીચભાવે અથવા કાર્ય–કારણભાવે કેવળ માયારૂપ જ મિથ્યા ભાસે છે. વળી જે નિત્યમુકત, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, સત્યસ્વરૂપ અને કર્મને લીધે મલિન એવી પ્રકૃતિનો પરાભવ કરે છે, તે પરમાત્માને હું શરણે જાઉં છું. જેમનાં ચરણકમળની પાંખડી જેવી આંગળીઓની કાંતિની ભકિત વડે સત્પુરૂષો કર્મોથી જ ગૂંથાયેલી અહંકારરૂપી ગાંઠને છોડી નાખે છે. જે ગાંઠને સર્વ વિષયોથી રહિત થયેલી બુદ્ધિવાળા અને સર્વ ઇંદ્રિયસમૂહને વિષય તરફથી આકર્ષી લેનારા યોગીઓ પણ છોડી શકતા નથી, તે શ્રીવાસુદેવનું તમે શરણ લે; કેમ કે જેઓએ ભગવાનરૂપી તરવાના સાધનથી રહિત છે, તેઓને આ સંસારસમુદ્રમાં તરવામાં દુઃખ પડે છે; કારણ કે તેઓ યોગાદિ અઘરાં સાધનો વડે છ ઇંદ્રિયોરૂપી ઝૂડવાળા આ સંસારસમુદ્ર તરવા ઇચ્છે છે. માટે તમે ભગવાન શ્રીહરિનાં ભજન કરવા યોગ્ય ચરણને વહાણરૂપ કરી સંકટરૂપ દુસ્તર સંસારસમુદ્ર તરી જાઓ.

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્માના બ્રહ્મજ્ઞાની પુત્ર સનત્કુમારે એ પ્રમાણે આત્મગતિનો ઉપદેશ કર્યો, એટલે પૃથુરાજાએ તેમની સારી રીતે પ્રશંસા કરી કહ્યું.

**પૃથુરાજા બોલ્યા :** હે બ્રહ્મન્ ! દુઃખી પર દયા કરનારા શ્રીહરિએ મારા પર પ્રથમ જે કૃપા કરી હતી, તેને પૂર્ણ કરવા હે ભગવન્ ! આપ પધાર્યા છો અને દયાળુ આપ ભગવાનોએ એ કૃપાને સંપૂર્ણ સફળ કરી છે, (માટે મારે આપને કંઈ ગુરુદક્ષિણારૂપે આપવું જોઈએ, પણ) આ મારું સર્વ રાજ્યાદિ મારા શરીરની સાથે સાધુપુરુષના એઠા જેવું છે, અર્થાત્ આ બધું મારા શરીરની સાથે સત્પુરુષોનું પોતાનું જ છે અને તે પ્રસાદરૂપે તેઓએ મને આપ્યું છે, તો (આમાં મારું કંઈ પણ ન હોવાથી) હું આપને ગુરુદક્ષિણા તરીકે શું આપું ? છતાં હે બ્રહ્મન્ ! મારા પ્રાણ, સ્ત્રી, પૃથ્વી અને ભંડાર–એ સર્વ (ગુરુદક્ષિણામાં) આપને પુત્રો, સરસામાન સાથે ઘર, રાજ્ય, હું અર્પણ કરું છું, કેમ કે વેદશાસ્ત્રો જાણનારે બ્રાહ્મણ સેનાપતિપણાને, રાજ્યને, ન્યાયાધીશપણાને તથા સર્વ લોકના અધિપતિપણાને યોગ્ય છે; એટલું જ નહિ, પણ બ્રાહ્મણ (ખરી રીતે) પોતાનું જ પોતે જમે છે, પોતાનું જ પોતે પહેરે છે અને પોતાનું જ પોતે દાન દે છે. ક્ષત્રિય આદિ ત્રણ વર્ણો તો એ બ્રાહ્મણની જ કૃપાથી માત્ર એનું ભોજન કરે

છે. અર્થાત્ તેઓ દાન દેવામાં બિલકુલ સ્વતંત્ર નથીઃ કેમ કે સર્વ કંઈ બ્રાહ્મણનું જ છે. વેદ જાણનારા આપે અધ્યાત્મ વિચારમાં નિશ્ચયપૂર્વક આવી ભગવદ્ગતિ અમને આપી છે. તે તે નિત્ય પુષ્કળ કૃપાવાળા આપ આપના પોતાના જ કૃત્યથી સંતુષ્ટ થાઓ; કેમ કે આપે કરેલા ઉપકારનો બદલો માત્ર બે હાથ જોડયા સિવાય બીજું કોણ વાળી શકે ? (માટે હું આપને કેવળ બે હાથ જોડું છું.)

**મૈત્રેય બોલ્યા :** એમ કહી આદિરાજા પૃથુરાજાએ તે આત્મજ્ઞાની સનકાદિ મુનિઓની પૂજા કરી, એટલે તેઓ તે રાજાની પ્રશંસા કરતા મનુષ્યોના દેખતાં આકાશમાર્ગે ગયા. વેનપુત્ર પૃથુરાજા પણ મહાપુરુષોમાં અગ્રેસર હોઈ તે અધ્યાત્મશિક્ષા વડે મનની એકાગ્રતા કરી આત્મામાં જ સ્થિતિ કરવા લાગ્યા અને પોતાને પૂર્ણકામ જેવા માનવા લાગ્યા. તે રાજા કાળ, દેશ, બળ, યોગ્યતા અને ધન પ્રમાણે કર્મો કરતા અને તે પણ બ્રહ્માર્પણ બુદ્ધિએ કરતા. એ રીતે કર્મનાં ફળ બ્રહ્માર્પણ કરી તે રાજા કર્મફળના સંગથી મુકત રહેતા અને ચિત્તની એકાગ્રતા કરી આત્માને કર્મોના સાક્ષી (ઉદાસીન) તથા પ્રકૃતિથી પર માનતા. તે પોતે ગૃહસ્થાશ્રમમાં અને સામ્રાજ્યલક્ષ્મીથી યુકત હતા, તો પણ દેહાભિમાનથી રહિત હોવાથી સૂર્યની પેઠે કોઈ પણ ઈન્દ્રિયના વિષયમાં આસકત ન હતા. એમ અધ્યાત્મયોગને આશ્રય કરી કર્મો કરતા તે રાજાએ પોતાની પત્ની અર્ચિષમાં પોતાના જેવા વિજિતાશ્વ, ધૂમ્રકેશ, હર્યશ્વ, દ્રવિણ તથા વૃક નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. અચ્યુત ભગવાનમાં મનવાળા તે એક જ પૃથરાજા જગતસૃષ્ટિનું રક્ષણ કરવા સર્વ લોકપાલોના ગુણો પોતપોતાના કાળે ધારણ કરતા હતા તેમ જ મન–વાણીની વૃત્તિઓથી તથા સૌમ્ય ગુણોથી બીજા ચંદ્રની પેઠે પ્રજાને આનંદી કરતા હતા, તેથી તેમણે 'રાજા' નામ ધારણ કર્યું હતું. વળી જેમ સૂર્ય.(બધે પક્ષપાતરહિતપણે) તપે છે અને પૃથ્વીનું જળ (આઠ મહિના સુધી કિરણો દ્વારા લઈ ચોમાસામાં) પાછું આપે છે તેમ એ રાજા પણ બધે એકસરખી આજ્ઞા પ્રવર્તાવી પ્રજા પાસેથી કરરૂપે ધન લઈ દુકાળ વગેરેના સમયે ફરી પાછું આપતા હતા. વળી તે રાજા તેજ વડે અગ્નિની પેઠે પરાભવ કરવા અશક્ય હોઈ ઈંદ્રની પેઠે દુર્જય હતા. વળી ક્ષમા વડે પૃથ્વી જેવા અને સ્વર્ગની પેઠે મનુષ્યોને ઈચ્છિત વસ્તુ આપનારા હતા. જેમ મેઘ તૃપ્ત કરતા વરસે છે. તેમ એ રાજા સર્વને તૃપ્ત કરતા સર્વેની કામનાઓ પૂર્ણ કરતા હતા. સમુદ્રની પેઠે ગાંભીર્યગુણથી તેમને અભિપ્રાય જાણવો અશકય હતો. બળથી મેરુ પર્વત જેવા, શિક્ષા કરવામાં ધર્મ રાજા જેવા આશ્ચર્ય ઉપજાવવામાં હિમાલય જેવા, ભંડારથી ભરપૂર કુબેર જેવા, વરુણદેવની પેઠે ધનાદિ પદાર્થોને સુરક્ષિત રાખનારા, વાયુની પેઠે બધે જઈ શકનારા, બળ (શરીરસામર્થ્ય), સહસ્ (મનઃશકિત) તથા ઓજસ્ (ઇંદ્રિયશક્તિ) વડે પવન જેવા અને અસહ્યપણાથી ભગવાન શંકર જેવા હતા. વળી સૌંદર્યમાં કામદેવ જેવા, સિંહ સમાન ધીર અને નિર્ભય, પ્રીતિ રાખવામાં મનુ જેવા અને મનુષ્યો ઉપર સ્વામિત્વ કરવામાં ભગવાન બ્રહ્મા સમાન હતા. તેમ જ બ્રહ્મવિચાર કરવામાં દેવગુરુ બૃહસ્પતિ જેવા, જિતેંદ્રિયપણામાં સ્વયં શ્રીહરિ જેવા, ગાયો, ગુરુઓ, બ્રાહ્મણો તથા શ્રીભગવાનના ભકતો પરની ભકિત, લજ્જા, વિનય, શીલ તથા પરોપકાર માટે ઉદ્યમ, કરવામાં તે પોતાની સમાન જ હતા. જેમાં સીતાપતિ શ્રીરામચંદ્ર સત્પુરુષોના કાનના છિદ્રમાં જ (પોતાની કીર્તિ દ્વારા) દાખલ થયા છે, તે એ પૃથુરાજા પણ ત્રણે લોકમાં તે તે સ્થળે સત્પુરુષોએ ઉચ્ચ સ્વરે ગાયેલી કીર્તિ વડે સ્ત્રીઓના કાનનાં છિદ્રોમાં દાખલ થયા હતા અર્થાત્ સત્પુરુષો તેમની કીર્તિ ગાતા ને સ્ત્રીઓ તેને સાંભળતી. ૧-૬૩

कीर्त्योर्ध्वं गीतया पुम्भिस्त्रैलोक्ये तत्र तत्र ह । प्रविष्टः कर्णरन्ध्रेषु स्त्रीणां रामः सतामिवः ॥६३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩

## પૃથુરાજાનું તપશ્ચર્યા માટે વનગમન અને અંતે વિમાન દ્વારા વૈકુંઠગમન

॥ मैत्रय उवाच ॥

दृष्ट्वात्मानं प्रवयसमेकदा वैन्य आत्मवान् । आत्मना वर्धिताशेषस्वानुसर्गः प्रजापतिः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એ પ્રમાણે જેમણે પોતે જ અન્નાદિ ઉત્પન્ન કર્યા હતાં. શહેર-ગામડાં વગેરે ની રચના કરી હતી. સ્થાવર-જંગમ સર્વ જગતને આજીવિકા આપી હતી, સત્પુરુષોના ધર્મને ધારણ કર્યો હતો અને જે માટે પોતે આ જગતમાં જન્મ્યા હતા, તે ઈશ્વરાજ્ઞા જેમણે પાળી હતી, એવા તે જિતેંદ્રિય પ્રજાપતિ વેનપુત્ર પૃથુ એક સમયે પોતાને વૃદ્ધ જોઈ કેવળ સ્ત્રીની સાથે પોતે એકલા, વિયોગથી જાણે રડતી હોય તેવી પુત્રી પૃથ્વી પોતાના પુત્રોને અર્પણ કરી, પ્રજાઓ ચિંતાતુર થઈ હતી ત્યારે તપોવનમાં ગયા. ત્યાં પણ તે રાજાના નિયમનો વિઘ્નો નાશ કરી શકતાં ન હતાં અને જેમ પૂર્વે પોતાના, દિગ્વિજયના સમયે મોટા પ્રયત્નથી પ્રવૃત્તિ કરી હતી તેમ વૈખાનસ મુનિઓને અત્યંત માન્ય એવી ઉગ્ર તપશ્ચર્યા તેમણે શરૂ કરી. તે વીર મુનિ કોઈ વખતે કંદમૂળ અથવા ફળનો આહાર કરતા, તે કોઈ વખતે સૂકાં પાંદડાં જ ખાઈને રહેતા. કેટલાંક પખવાડિયાં જળાહાર કર્યો અને પછી તો કેવળ વાયુનો જ આહાર કરતાં, ગ્રીષ્મ ઋતુમાં તે પંચાગ્નિ તાપતા, વર્ષાઋતુમાં મેઘની વૃષ્ટિ પોતા પર ઝીલતા, શિશિરઋતુમાં કંઠ સુધી જળમાં ડૂબ્યા રહેતા અને સર્વદા ભૂમિ પર શયન કરતા. વળી ક્ષુધા વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખો તે સહન કરતા. મૌન અવસ્થામાં રહેતા તેમણે સર્વ ઈન્દ્રિયોને જીતી લીધી અને બ્રહ્મચર્યવ્રત પાળતા તેમણે પ્રાણવાયુ પણ જીતી લીધો, એમ શ્રીકૃષ્ણ ભગવાનનું આરાધન કરવાની ઈચ્છાથી તેમણે ઉત્તમ તપશ્ચર્યા કરવા માંડી. અનુક્રમે તપશ્ચર્યા સિદ્ધ થઈ એટલે તેમનાં કર્મો નાશ પામ્યાં, અંતઃકરણ નિર્મળ થયું. પ્રાણાયામો વડે પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન એ છયે તેમણે રોક્યાં, જેથી તેમનાં વાસનારૂપી સર્વ બંધનો તૂટી ગયાં. ભગવાન સનત્કુમારે જે-ઉત્તમ આધ્યાત્મિક યોગનો ઉપદેશ કર્યો હતો, તે જ અંગો વડે તે મહાપુરુષ શ્રીભગવાનનું ભજન કરવા લાગ્યા. સર્વ ક્રિયાઓ શ્રીભગવાનને અર્પણ કરી ભગવદધર્મનું આરાધન કરતા અને નિત્ય શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરતા તે સદ્‌ગુણી રાજાને ભગવાન પરબ્રહ્મ વિષે એકાંતિક ભકિત ઉત્પન્ન થઈ. એ રીતે ભગવાનની સેવાથી જેમનું મન શુદ્ધ થયું હતું, એવા તે રાજાને વૈરાગ્યવાળું જ્ઞાન ઉત્પન્ન થયું કે જે જ્ઞાન ભગવાનના સ્મરણથી વધેલી ભકિત વડે તીક્ષ્ણ થયું હતું. પછી એ જ્ઞાન વડે આત્માને ઉપાધિરૂપ અને સંશયોને આશ્રયરૂપ હૃદયગ્રંથિને તેમણે કાપી નાખી. વળી તેમની દેહ ઉપરની આત્મબુદ્ધિ પણ નાશ પામી, જેથી તેમને વાસ્તવિક આત્મબુદ્ધિ પ્રાપ્ત થઈ અને તેથી પોતાની મેળે આવેલી અણિમાદિ સિદ્ધિઓ ઉપર તે નિઃસ્પૃહ થયા. પછી તેમણે જે જ્ઞાન વડે સંશયના સ્થાનરૂપ અંતઃકરણનો ઉચ્છેદ કર્યો, તે જ્ઞાનનો પણ ત્યાગ કર્યો અર્થાત્ જ્ઞાન મેળવવાના પ્રયત્નથી પણ તે વિરામ પામ્યા; કેમ કે યોગીપુરુષ શ્રીભગવાનની કથાઓમાં જ્યાં સુધી પ્રીતિ કરતો નથી, ત્યાં સુધી જ અણિમાદિ મહાસિદ્ધિઓ વડે પ્રમાદી બને (આસકત થાય) છે. (અને તે રાજા તે ભગવાનની કથામાં પ્રથમથી જ પ્રીતિવાળા હતા, જેથી તે સિદ્ધિઓમાં આસકત થયા નહિ, એ યોગ્ય જ હતું.) એ રીતે બ્રહ્મરૂપ થયેલા વીરશ્રેષ્ઠ પૃથુરાજાએ મનને દૃઢ રીતે પરમાત્મામાં જોડયું અને પછી સમય થતાં (દેહનાં પ્રારબ્ધકર્મ પૂરાં થતાં) પોતાનું શરીર છોડયું, તે વેળા તેમણે પગની બે પાની વડે ગુદાદ્વાર દાબી રાખી. ધીમે ધીમે પ્રાણવાયુને (મૂલાધારથી) ઊંચે લઈ

જઈ નાભિસ્થાનમાં સ્થાપ્યો, ત્યાંથી ઊંચે લઈ કોઠાના ભાગમાં સ્થાપ્યો અને ત્યાંથી હૃદય, છાતી, કંઠ તથા મસ્તકના સ્થાનમાં સ્થાપ્યું. એમ વાયુને ઊંચે લઈ છેવટે તેને બ્રહ્મરંધ્રના સ્થાનમાં સ્થાપી નિઃસ્પૃહ થયેલા તે રાજાને અનુક્રમે વાયુનો વાયુમાં, શરીર(ના કઠણ ભાગ)ને પૃથ્વીમાં, તેજને તેજમાં, ઇંદ્રિયોનાં છિદ્રોનો આકાશમાં અને શરીરના પ્રવાહી અંશને જળમાં લય કર્યો. યથાયોગ્ય સ્થાનમાં વિભાગવાર દેહનો લય કર્યા પછી (આત્મસાક્ષાત્કાર કરવા તેમણે મહાભૂતોનો પણ લય કર્યો જેમ કે) પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં અને મન તથા આકાશનો ઇંદ્રિયમાં લય કર્યો. ઇંદ્રિયોનો શબ્દાદિ તન્માત્રાઓમાં અને તે તન્માત્રાઓનો સર્વ ભૂતોના આદિ અહંકાર સાથે લય કરી તે અહંકારનો મહતત્વમાં લય કર્યો. પછી સર્વ ગુણો જેમાં રહે છે તે મહતત્વની માયાની ઉપાધિ જેમાં મુખ્ય છે તેવા જીવમાં લય કર્યો. આવી રીતે પ્રથમ જે લિંગ શરીરાભિમાની પુરુષ જીવરૂપે હતા, તે સમર્થ પૃથુરાજાએ પરબ્રહ્મમાં સ્થિત થઈ, જ્ઞાન તથા વૈરાગ્યના વીર્યથી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરી અને પોતાના સ્થૂલ શરીરનો તથા લિંગશરીરનો ત્યાગ કર્યો. પછી તેમની પત્ની મહારાણી અર્ચિષ જે અત્યંત કોમળ હોવાથી પગ વડે પૃથ્વીના સ્પર્શને પણ અયોગ્ય હતાં, તે વનમાં તેમની પાછળ ગયાં હતાં. પોતાના સ્વામીના વ્રતધર્મ પરની નિષ્ઠાથી, સેવાથી અને કંદમૂળ આદિ ઋષિલોકોની આજીવિકા કરવાથી તે અત્યંત દૂબળાં થયાં હતાં. તોપણ દુઃખ પામ્યાં ન હતાં, કેમ કે તેમને પતિના હાથનો સ્પર્શ થવાથી તથા પતિ તરફના માનથી શાંતિ થતી હતી, પોતાના પતિ, જે પૃથ્વીના પણ પ્રિય પતિ હતા, તેમના શરીરને નાશ પામેલી સમસ્ત ચેતના વગેરેથી યુક્ત જોઈ, તે સતીએ કંઈક વિલાપ કર્યો અને પછી પર્વતના શિખર પર ચિતા રચી તેના પર તે શરીરને મૂક્યું તેમ બીજું પણ તે સમયનું કૃત્ય કરી તેણે નદીના જળમાં સ્નાન કર્યું અને પછી ઉદાર કર્મ કરનારા પતિને જલાંજલિ આપી સ્વર્ગમાં રહેલા દેવોને નમસ્કાર કરી, ચિતાને ત્રણ પ્રદક્ષિણા કરીને સ્વામીના ચરણોનું ધ્યાન કરતાં અગ્નિમાં પ્રવેશ કર્યો. એ રીતે પતિવ્રતા અર્ચિષને વીરશ્રેષ્ઠ પતિ પૃથુરાજાની પાછળ સતી થયેલાં જોઈ વર આપનારી હજારો દેવપત્નીઓ દેવોની સાથે તેમની સ્તુતિ કરવા લાગી. વળી મંદરાચલના તે શિખર ઉપર દેવાંગનાઓએ પુષ્પવૃષ્ટિ કરી અને દેવોનાં વાદિત્રો વાગ્યાં, ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગી.

**દેવીઓ બોલી :** અહો ! આ સ્ત્રીને ધન્ય છે કે જેણે લક્ષ્મીદેવી જેમ યજ્ઞપતિ શ્રીવિષ્ણુને સેવે તેમ રાજાઓના સ્વામી પોતાના પતિની સર્વ પ્રકારે સેવા કરી છે. જુઓ આ સતી અર્ચિષ દુષ્કર કર્મના પ્રભાવથી આપણાથી પણ આગળ, પતિ પૃથુરાજાની પાછળ વૈકુંઠમાં જાય છે. જેઓ આ પૃથ્વી ઉપર ચંચળ આયુષ્યવાળા છતાં ભગવાનને પમાડનારું જ્ઞાન મેળવે છે, તેઓને બીજું દેવાદિનું કયું સ્થાન દુર્લભ છે ? કોઈપણ નહિ. ખેદની વાત છે કે મોક્ષના સાધનરૂપ મનુષ્ય જન્મ મહાકષ્ટ પામી જે વિષયતત્વમાં આસકત થાય છે, તે પોતાને જ દ્રોહી બની ઠગાય છે.

**મૈત્રેય બોલ્યા :** એમ દેવાંગનાઓ સ્તુતિ કરતી હતી, ત્યારે સતી અર્ચિષ પતિલોકમાં ગઈ કે, જ્યાં આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ અને શ્રીભગવાનમાં જ મનવાળા વેનપુત્ર પૃથુરાજા ગયા હતા. આવા પ્રભાવશાળી ભગવાનના મહાન ભકત તે પૃથુરાજા હતા. ઉત્તમ ચરિત્રવાળા તે રાજાનું ચરિત્ર મેં તમને કહ્યું. જે મનુષ્ય અતિ મહાન અને પવિત્ર આ ચરિત્રને સાવધાન થઈ શ્રદ્ધાથી પાઠ કરે, સંભળાવે કે સાંભળે તે પણ પૃથુરાજાની પદવી પામે છે, જો બ્રાહ્મણ હોય તો (આ ચરિત્ર સાંભળવાથી) બ્રહ્મતેજવાળો થાય, ક્ષત્રિય પૃથ્વીનો અને વૈશ્ય વૈશ્યોનો તથા પશુ વગેરેનો સ્વામી થાય છે અને શુદ્ર શ્રેષ્ઠતા પામે છે. હરકોઈ સ્ત્રી

કે પુરુષ આદરપૂર્વક ત્રણ વાર આ ચરિત્ર સાંભળવાથી પ્રજારહિત હોય તો ઘણી જ ઉત્તમ પ્રજાવાળો થાય, નિર્ધન અત્યંત ધનવાન થાય, બરાબર પ્રખ્યાત કીર્તિવાળો ન હોય તે મહાયશસ્વી થાય અને મુર્ખ પંડિત થાય છે. વળી આ ચરિત્ર સર્વ વર્ણાશ્રમધર્મવાળાઓનું સર્વથા કલ્યાણ કરનાર, અમંગળને દૂર કરનાર, ધન, યશ, આયુષ્ય તથા સ્વર્ગ આપનાર અને કલિયુગના મેલનો નાશ કરનાર છે. જે મનુષ્યો, ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ-એ ચાર પુરુષાર્થોની ઉત્તમ સિદ્ધિ ઈચ્છતા હોય તેઓએ ચારે પુરુષાર્થોનું ઉત્તમ કારણ - આ ચરિત્ર શ્રદ્ધાથી સાંભળવું. વિજય ઈચ્છતો રાજા આ ચરિત્ર સાંભળી જે રાજાઓ પર ચડાઈ કરે તે રાજાઓ તેને, પૃથુરાજાને પૂર્વના રાજાઓની પેઠે કર આપે છે. માટે સર્વ સંસારસંગ છોડી ભગવાન વિષે નિર્મળ ભકિત ધારણ કરી પૃથુ રાજાનું પવિત્ર ચરિત્ર સાંભળવું, સંભળાવવું અને તેનો પાઠ કરવો. હે વિચિત્રવીર્યના પુત્ર વિદુરજી ! ભગવાનના માહાત્મ્યને સૂચવનારું આ ચરિત્ર મેં તમને કહ્યું, તેમાં જે મનુષ્ય શ્રવણાદિની બુદ્ધિ કરે, તે પૃથુરાજાની ગતિ પામે છે. વળી જે મનુષ્ય સર્વ સંગ છોડી હમેશાં આદરપૂર્વક આ પૃથુચરિત્ર સાંભળે ને બીજાઓને સંભળાવી બધે પ્રચાર કરે, તે જેમના ચરણાવિંદ સંસારસમુદ્રમાં વહાણરૂપ છે એવા ભગવાન વિષે ઉત્તમ પ્રીતિ પામે છે ૧-૩૯

अनुदिनमिदमादरेण श्रृण्वन् पृथुचरितं प्रथयन् विमुक्तसङ्गः ।
भगवति भवसिन्धुपोतपादे स च निपुणां लभते रतिं मनुष्यः ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## પ્રચેતાઓને જન્મ અને શંકરે તેઓને ઉપદેશેલું રુદ્રગીત

॥ मैत्रय उवाच ॥

विजिनाश्वोऽधिराजासीत्पृथुपुत्रः पृथुश्रवाः । यवीभ्योऽददात्काष्ठा भ्रातृभ्यो भ्रातृवत्सलः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** વિશાળ કીર્તિવાળો પૃથુપુત્ર વિજિતાશ્વ પૃથુ પછી પૃથ્વીનો મહારાજા થયો. ભાઈઓ પર પ્રેમાળ એવા તેણે નાના ભાઈઓને સર્વ દિશાઓ આપી દીધી. રાજા વિજિતા (નાના ભાઈ) હર્યશ્વને પૂર્વ દિશા, ધૂમ્રકેશને દક્ષિણ દિશા, વૃકને પશ્ચિમ દિશા અને દ્રવિણને ઉત્તર દિશા આપી દીધી. એ વિજિતાશ્વે (પૃથુરાજાના અશ્વમેધ વખતે ઘોડાનું હરણ કરનાર) ઈંદ્ર પાસેથી અંતર્ધાન થવાની શકિત મેળવી 'અંતર્ધાન' નામ પ્રાપ્ત કર્યું હતું અને શિખંડિની નામની પત્નીમાં પાવક, વિમાન અને શુચિ નામના ત્રણ અતિમાન્ય પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓ પૂર્વે અગ્નિ હતા, પણ વસિષ્ઠના શાપથી વિજિતાશ્વને ત્યાં જન્મી ફરી યોગગતિ (અગ્નિપણું) પામ્યા હતા. જેણે ઈંદ્રને ઘોડો હરનારો જાણ્યા છતાં માર્યો ન હતો, તે વિજિતાશ્વે નભસ્વતી નામની બીજી સ્ત્રીમાં 'હવિર્ધાન' નામનો પુત્ર મેળવ્યો હતો. કર લેવા, દંડ કરવા અને દાણ લેવા વગેરેથી રાજાઓની આજીવિકા ભયંકર છે એમ માની એ વિજિતાશ્વે લાંબા કાળનો યજ્ઞ કરવાને બહાને તે આજીવિકા છોડી હતી. યજ્ઞમાં પણ એ આત્મજ્ઞાની રાજા ભક્તોનાં દુઃખોનો નાશ કરનારા પરમપુરુષ પરમાત્માનું પૂજન કરતાં કુશળ સમાધિથી એ પરમાત્માનો લોક (મોક્ષ) પામ્યો હતો. હે વિદુરજી ! (વિજિતાશ્વના પુત્ર) હવિર્ધાનથી તેની સ્ત્રી હવિર્ધાનીએ બર્હિષદ, ગય, શુકલ, કૃષ્ણ, સત્ય ને જિતવ્રત નામના છ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. હે કુરુવંશી વિદુરજી ! તેમાંનો બર્હિષદ ઘણા મોટા ભાગ્યવાળો અને ક્રિયાકાંડ તથા યોગમાં પણ કુશળ હતો. એણે આ ભૂમંડળને યજ્ઞોનું

જ સ્થાન બનાવ્યું હતું, જેમાં એક યજ્ઞની પાછળ બીજો યજ્ઞ તે કરતો હતો. એમ યજ્ઞો કરતાં પૂર્વ દિશા તરફ અગ્ર ભાગવાળા દર્ભોથી આખી પૃથ્વી તેણે છાઈ દીધી હતી.(તેથી જ તેનું બીજું નામ પ્રાચીનબર્હિષ' પડયું હતું) એ પ્રાચીનબર્હિષ દેવના દેવ બ્રહ્માએ દર્શાવેલી શતદ્રુતિ નામની સમુદ્રની પુત્રીને પરણ્યા હતા, કે જેને સર્વાંગે સુંદર, કિશોર વયની, સારી રીતે શણગારેલી અને વિવાહ વખતે અગ્નિને પ્રદક્ષિણા કરતી જોઈ, જેમ (પૂર્વે સપ્તર્ષિઓના યજ્ઞમાં) અગ્નિ પોપટડી પ્રત્યે કામી થયો હતો તેમ (પ્રાચીનબર્હિષ તે શતદ્રુતિ ઉપર) કામાસક્ત થયા હતા. નવી પરણેલી એ શતદ્રુતિએ ઝાંઝરો વડે દિશાઓમાં ઝણકાર કરતાં જ દેવો, અસુરો, ગંધર્વો, મુનિઓ, સિદ્ધો, મનુષ્યો તેમ જ સર્પોને મોહિત કર્યા હતા. પ્રાચીનબર્હિષને એ શતદ્રુતિમાં દસ પુત્રો થયા હતા. તેઓ સર્વેનાં નામ તથા વ્રત સમાન જ હતાં. તે સર્વે ધર્મના પારગામી અને 'પ્રચેતસ્' કહેવાતા હતા. તેઓને તેમના પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, એટલે તેઓ તપશ્ચર્યા કરવા સમુદ્રકિનારે ગયા અને ત્યાં (જળમાં રહી) દસ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી, તેઓએ શ્રીહરિની આરાધના કરી હતી. તેઓ જયારે તપશ્ચર્યા કરવા જતા હતા ત્યારે માર્ગમાં મળેલા શ્રી મહાદેવે તેમના પર પ્રસન્ન થઈ જે કંઈ ધ્યાનપૂજા, મંત્રાદિનો ઉપદેશ કર્યો હતો, તેનું તેઓ ધ્યાન કરતા, તે પ્રમાણે જપ કરતા અને સંયમ પાળી શ્રીભગવાનની પૂજા કરતા.

**વિદુરજીએ પૂછયું :** હે બ્રહ્મન્ ! એ પ્રચેતાઓને માર્ગમાં શ્રી મહાદેવ સાથે જે રીતે સમાગમ થયો અને શ્રી મહાદેવે તેમના પર પ્રસન્ન થઈ જે સાર્થક ઉપદેશ કર્યો હતો, તે મને કહે. હે બ્રહ્મર્ષિ ! મુનિઓ પણ સર્વ સંગ છોડી શ્રીમહાદેવનું માત્ર ધ્યાન જ કરે છે, પરંતુ તેમને પામી શકતા નથી. તે શ્રીમહાદેવની સાથે પ્રાણીઓનો સમાગમ થવો ખરેખર દુર્લભ છે. ભગવાન શંકર જોકે આત્મારામ છે, પણ આ લોકસૃષ્ટિનું પાલન કરવા પોતાની ઘોર શકિત સાથે વિચરે છે.

**મૈત્રેય બોલ્યા :** સગુણી પ્રચેતાઓ પિતાની આજ્ઞા મસ્તકે ચડાવી મનમાં તપશ્ચર્યાનો નિશ્ચય કરી પશ્ચિમ દિશા તરફ ગયા હતા. તે વખતે (માર્ગમાં) સમુદ્રથી કંઈક નાનું એક ઘણું મોટું વિશાળ સરોવર તેઓએ જોયું. એ સરોવર મહાપુરુષોના મન જેવું સ્વચ્છ હતું. તેમાંનાં જળચર પ્રાણીઓ પ્રસન્ન હતાં. કાળાં ને લાલ રાત્રિવિકાસી, દિવસવિકાસી તથા સંધ્યાવિકાસી કમળોનું અને પુષ્કળ કાળાં કમળનું તે ઉત્પત્તિસ્થાન હતું. હંસ, સારસ, ચક્રવાક તથા બતક પક્ષીઓના શબ્દોથી તે ગાજતું હતું. મદોન્મત્ત ભમરાઓના સુંદર સ્વરથી ત્યાંનાં વૃક્ષો તથા લતાઓ પણ રોમાંચિત (પ્રફુલ્લ) હતાં અને કમળના દોડાઓની રજને દિશાઓમાં ઊછળતા પવનને લીધે ત્યાં જાણે ઉત્સવ થતો હતો. આવા તે સરોવરમાં મૃદંગ, પણવ વગેરે વાદિત્રો પાછળ દિવ્ય ગાયનના પ્રકારોથી સુંદર એવું સંગીત સાંભળી તે રાજપુત્રો આશ્ચર્ય પામ્યા. એવામાં તે સરોવરમાંથી પોતાના પરિવાર સાથે નીકળતા દેવો અને તેમના અનુયાયીઓ વડે સ્તુતિ કરાતા, દેવોમાં શ્રેષ્ઠ, તપેલા સુવર્ણ સમાન અસરની કાંતિવાળા, શ્યામ કંઠવાળા, ત્રણ નેત્રોવાળા અને કૃપા કરવામાં તત્પર ભગવાન શંકરનાં તેઓએ દર્શન કર્યા અને આશ્ચર્ય પામી તેમને પ્રણામ કર્યા. એટલે શરણે આવેલાંનાં દુઃખનો નાશ કરનારા અને ધર્મના ઉપર પ્રેમવાળા ભગવાન શંકર પ્રસન્ન થઈ ધર્મવેત્તા, શીલસંપન્ન અને પ્રસન્ન તે પ્રચેતાઓને કહેવા લાગ્યા.

**શ્રીરુદ્ર બોલ્યા :** તમારું કલ્યાણ થાઓ. તમે પ્રાચીનબર્હિષના પુત્ર છો. મેં તમારી કર્તવ્યેચ્છા જાણી છે અને તેથી જ તમારા પર કૃપા કરવા આ રીતે મે તમને દર્શન આપ્યાં છે. કેમ કે જે મનુષ્ય સુક્ષ્મ અને ત્રિગુણાત્મક પ્રકૃતિ અને જીવન સંજ્ઞાધારી પુરુષ એ બંનેથી પર એટલે તે બંનેના નિયંતા ભગવાન

વાસુદેવને શરણે જાય છે, તે મને પ્રિય છે. સ્વધર્મનિષ્ઠ મનુષ્ય સેંકડો જન્મ લીધા પછી બ્રહ્માને પામે છે અને પછી (પુણ્ય અધિક થતાં) મને પામે છે, પણ ભગવાનનો ભકત તો (દેહાંત પછી તરત જ) પ્રપંચરહિત વૈષ્ણવપદ પામે છે. (દૃષ્ટાંત તરીકે) હું અને સર્વ દેવો પોતપોતાના અધિકારના અંતે લિંગદેહનો નાશ થયા પછી તે વિષ્ણુપદને પામીશું, માટે તમે ભગવાનના ભક્ત હોઈને મને ભગવાનની પેઠે જ પ્રિય છો, તેમ જ ભગવાનના ભકતોને પણ મારા વિના બીજો કદી પ્રિય હોતો નથી; અર્થાત્ ભગવાનના ભકત હોવાથી હું તમારા પર જેવો પ્રસન્ન છું; તે જ પ્રમાણે તમારે પણ મારા ઉપર પ્રીતિ કરવી. હવે જે આ મંત્રોપદેશ સ્પષ્ટપણે જપ કરવા યોગ્ય, પવિત્ર, પરમ મંગળ અને મોક્ષ આપનાર છે. તે હું તમને કહું છું; સાંભળો.

**મૈત્રેય બોલ્યા :** એમ કહી દયાળુ હૃદયવાળા ભગવાન શંકર પોતે નારાયણપરાયણ થઈ બે હાથ જોડી ઊભેલા તે રાજપુત્રોને આ (સ્તોત્ર) વચન કહેવા લાગ્યા.

**શ્રીરુદ્રદેવ બોલ્યા :** હે પરમાત્મન્ ! આપનો ઉત્કર્ષ ઉત્તમ આત્મવેત્તાઓને સ્વસ્વરૂપના આનંદના લાભ માટે થાય છે; માટે મને પણ તે સ્વાનંદ લાભ પ્રાપ્ત થાઓ. આપ સ્વાનંદસ્વરૂપે સિદ્ધ, નિત્ય, પરમાનંદસ્વરૂપે જ રહેલા છે. તે આત્મસ્વરૂપ અને સર્વસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું. જેમની નાભિમાં કમળ છે તે કારણાત્માને નમસ્કાર હો. જે કારણાત્મક હોઈ સર્વ પ્રાણીઓને ઉપાધિરૂપ પાંચ મહાભૂતો, સૂક્ષ્મભૂત, પાંચ તન્માત્રાઓ તથા ઇન્દ્રિયોના નિયંતા છે, તે ભગવાનને મારા નમસ્કાર છે. જે વાસુદેવસ્વરૂપે ચિત્તના અધિષ્ઠાતા, કુટસ્થ(નિર્વિકાર), સંકર્ષણસ્વરૂપે અહંકારના અધિષ્ઠાતા, સૂક્ષ્મ (અવ્યક્ત), અનંત, અંતકસ્વરૂપ, મુખના અગ્નિ વડે લોકોને બાળનાર, જગતને બોધ આપનાર, પ્રદ્યુમ્નસ્વરૂપ બુદ્ધિના અધિષ્ઠાતા અને અનિરુધ્ધસ્વરૂપે સર્વ ઈન્દ્રિયોના સ્વામી, મનના પણ નિયંતા છે, તે ભગવાનને મારાં વંદન હો. આપ પરમહંસ સૂર્યસ્વરૂપ, તેજસ્વરૂપ, વિશ્વવ્યાપી, ક્ષયને વૃદ્ધિથી રહિત, સ્વર્ગ તથા મોક્ષના દ્વારરૂપ, નિત્ય પવિત્ર અંતઃકરણમાં વસનારા, અગ્નિસ્વરૂપ, યાજ્ઞિકકર્મનાં સાધનરૂપ અને તે યજ્ઞકર્મનો વિસ્તાર કરનારા છો. હું આપને વારંવાર નમસ્કાર કરું છું. વળી આપ પિતૃઓના તથા વેદોના અન્નરૂપ અર્થાત્ સોમસ્વરૂપ અને વેદોના સ્વામી છે. યજ્ઞ આપનું વીર્ય છે અને જીવોને તૃપ્તિ આપનાર સર્વ રસાત્મા (જળરૂપ) છો, તે આપને હું નમસ્કાર કરું છું. વળી આપ પૃથ્વીસ્વરૂપ, પ્રાણીમાત્રના આત્માઓના સ્થૂળદેહરૂપ, વિરાટસ્વરૂપ, ત્રૈલોક્યનું પાલન કરનાર વાયુસ્વરૂપ અને મન, ઈન્દ્રિયો ને શરીરના પણ સામર્થ્યરૂપ છો, આપને હું નમસ્કાર કરું છું. (શબ્દરૂપ ગુણથી) સર્વ પદાર્થોને જણાવનારા આકાશરૂપ, અંદર તથા બહારના વ્યવહારના આધારરૂપ અને આ અત્યંત તેજસ્વી તથા પવિત્ર સ્વર્ગલોક અને વૈકુંઠલોક પણ આપ જ છો. આપને હું નમસ્કાર કરું છું. આપ પ્રવૃત્ત કર્મરૂપ હોઈ તે દ્વારા પિતૃલોકને અને નિવૃત્તકર્મરૂપ હોઈ વૈકુંઠાદિ લોકને આપો છો; તેમ જ અધર્મના ફળરૂપ હોઈ દુઃખ આપનાર પણ આપ જ છે. હે ઈશ્વર ! આપ સર્વ કર્મનાં ફળ આપનાર અથવા મંત્રસ્વરૂપ છો. અને આપ જ પરમ ધર્મસ્વરૂપ શ્રીકૃષ્ણ હોઈ અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા છો, તેમ જ સાંખ્ય તથા યોગમાર્ગના પ્રવર્તક પુરાણપુરુષ શ્રીકપિલદેવ આપ જ છો. હું આપને નમસ્કાર કરું છું. આપ કર્તા, કર્મ ને કારણ એ ત્રણ શકિતઓથી યુક્ત રૂદ્રસ્વરૂપ તથા અહંકારસ્વરૂપ છો. જ્ઞાન તથા ક્રિયારૂપ હોઈ સર્વ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર બ્રહ્મારૂપ છો. તે આપને હું પ્રણામ કરું છું. આપનું સ્વરૂપ આપના ભક્તોએ પૂજેલું, આપના ભકતોને અત્યંત પ્રિય અને પોતાના ગુણો વડે સર્વ ઈન્દ્રિયોને પ્રસન્ન કરનારું છે. તે

સ્વરૂપનું દર્શન ઈચ્છતા અમને તેનું દર્શન આપો. એ સ્વરૂપ જળથી ભરેલા વર્ષાકાળના મેઘ જેવું શ્યામ, સર્વ સૌંદર્યના સંગ્રહરૂપ સુંદર ને લાંબા ચાર બાહુઓવાળું, યથાયોગ્ય સર્વ અવયવોથી સુંદર એવા બાહુઓવાળું, કમળના દોડાની વચ્ચેની પાંખડીઓ જેવાં નેત્રોવાળું, સુંદર ભ્રૂકુટિવાળું, સુંદર નાસિકાવાળું, સુંદર દાંતવાળું, સુંદર ગાલવાળા મુખવાળું, સરખાં કાનરૂપી અલંકારવાળું, પ્રીતિથી હસતા હોય તેવાં નેત્રકટાક્ષવાળું, કેશથી શોભાયમાન, શોભતા કમળના કેસરાઓ જેવાં વસ્ત્રવાળું, ઉજજવળ કુંડળો, મુકુટ, કડાં, હાર, ઝાંઝરો, તથા કંદોરો ધારણ કરતું, શંખ, ચક્ર, ગદા, પદ્મ માળા તથા મણિ વડે ઉત્તમ શોભાવાળું; (અલંકારે કાંતિને લીધે) સિંહની ખાંધ ઉપર રહેલી કેશવાળી જેવી કાંતિને સર્વ તરફ ધારણ કરતું, કૌસ્તુભમણિને લીધે શોભતી ડોકવાળું, નિત્ય વાસ કરતી લક્ષ્મીને લીધે સુવર્ણની રેખાવાળા કસોટીના પથ્થરનો તિરસ્કાર કરતા વક્ષઃસ્થળ વડે શોભતું, પૂરક ને રેચક રીતિથી ચાલતા શ્વાસોચ્છવાસ વડે ચાલી રહેલી કરચલીઓથી સુંદર અને પીપળાનાં પાંદડાં જેવાં પેટવાળું, પાણીની ઘૂમરી જેવી ઊંડી નાભિ વડે પોતામાંથી નીકળેલા જગતને પાછું પોતામાં જાણે પ્રવેશ કરાવતું અને એની પાછળનો ભાગ શ્યામ હોઈ અત્યંત શોભતા પીળા વસ્ત્ર ઉપર સુવર્ણનો કંદોરો તેમાં રહેલો. વળી એ સ્વરૂપનાં પગ, જાંઘ તથા સાથળો સમાન અને સુંદર છે, ઢીંચણ ઊંડા છે અને તેનું દર્શન માંગલિક છે. હે ગુરો ! શરદઋતુના કમળની પાંખડીઓ જેવી કાંતિવાળા, નખની કાંતિ વડે અમારાં અંતરનાં પાપનો નાશ કરતા ચરણથી યુક્ત અને સમસ્ત ભયને દૂર કરનારા તે આપના સ્વરૂપનાં અમને શરણરૂપે દર્શન આપો; કેમ કે આપ જ અમારા જેવા અજ્ઞાનીઓને માર્ગ દર્શાવનારા ગુરુ છો. આત્મશુદ્ધિ ઈચ્છતા મનુષ્યોએ ઉપર કહેલ સ્વરૂપનું જ ધ્યાન કરવું કેમ કે સ્વધર્મ આચરતા મનુષ્યોને એ સ્વરૂપનો ભકિતયોગ અભય આપનાર થાય છે. હે ભગવન્ ! આપ સર્વ પ્રાણીઓને જોકે દુર્લભ છો, તો પણ ભકિતમાન મનુષ્ય આપને પામે છે. વળી જેનું રાજ્ય સ્વર્ગમાં હોય તેવાને પણ આપ જ ઈષ્ટદેવ છો અને એકાંતે આત્માવેતા હોય તેને પણ આપ જ પામવા યોગ્ય છો. આવા દુરારાધ્ય આપને સત્પુરુષોને પણ દુર્લભ એવી એકાંત ભકિતથી આરાધી ક્યો પુરુષ આપના ચરણના મૂળ વિના સ્વર્ગાદિ બાહ્યસુખની ઈચ્છા કરે ? આપના ચરણમૂળને શરણે આવેલા મનુષ્ય ઉપર કાળ પણ આ મારે વશ છે' એવું અભિમાન કરી શકતો નથી, જે કાળ પોતાના પ્રભાવ અને ઉત્સાહથી ફરકતી ભ્રૂકુટિના વિલાસમાત્રથી વિશ્વનો સંહાર કરે છે. હું પોતે ભગવાનના સંગવાળા ભક્ત પુરુષોના સંગમાં માત્ર અર્ધ ક્ષણને પણ સ્વર્ગ કે મોક્ષ સમાન ગણતો નથી. (પણ તેથી અધિક ગણું છું.) તો મનુષ્યોનાં રાજ્ય વગેરેને (ભગવાનના ભકતોના સંગની અર્ધ ક્ષણ) સમાન કેમ જ ગણું ? માટે પાપને હરનાર ચરણવાળા આપની કીર્તિમાં તથા તીર્થ ગંગાજીમાં અંદર તથા બહારથી સ્નાન કરવા વડે જેનાં પાપ નાશ પામ્યાં હોય અને તેથી જ પ્રાણીમાત્ર ઉપર કૃપા કરનારા, રાગાદિથી રહિત મન વાળા અને શીલ તથા સરળતા ધારણ કરનારા, આપના ભકત પુરુષોનો અમને સમાગમ થાઓ. બસ આ જ આપની કૃપા અમારા ઉપર થાઓ; કેમ કે આપના ભક્ત પુરુષો પ્રત્યેના ભકિતયોગને લીધે કૃપાપાત્ર થઈ જેનું મન શુદ્ધ, બાહ્ય વિષયોમાં અનાસકત થાય છે અને અજ્ઞાનમાં લય પામતું નથી, ત્યારે તે મનનશીલ થઈ અનાયાસે આપના યથાર્થ સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, કે જે સ્વરૂપમાં આ સમગ્ર જગત જણાય છે અને સમસ્ત જગતમાં તે સ્વરૂપ જણાય છે. આપ પરબ્રહ્મ, પરમજ્યોતિ અને આકાશની પેઠે સર્વવ્યાપક છો. હે ભગવન્ ! આપ અનેક સ્વરૂપવાળી, બીજાઓને ભેદબુદ્ધિ ઉત્પન્ન કરનારી અને આપ વિષે પોતાનું કાર્ય કરવા અસમર્થ એવી પોતાની માયા વડે આ

જગતને વારંવાર ઉત્પન્ન કરો છો, પાળો છો અને સંહારો છો; છતાં આપ પોતે તો નિર્વિકાર રહો છો. આવા આપને અમે બધા ભેદથી રહિત સ્વતંત્ર જાણીએ છીએ. જે યોગીઓ શ્રદ્ધાયુક્ત થઈ મોક્ષ માટે આપના આ સર્વનિયંતા સાકાર સ્વરૂપનું જ વેદોક્ત કર્મો દ્વારા સારી રીતે પૂજન કરે છે, તેઓ જ વેદશાસ્ત્રમાં કુશળ છે. (સૃષ્ટિની પૂર્વે) આપ એક જ આદિપુરુષ હતા કે જેમનો માયા નામની શકિત સુપ્ત હતી-આપને વિષે જ લીન હતી. પછીથી (સુષ્ટિના આરંભકાળે જાગ્રત થયેલી) તે માયાશકિતથી રજોગુણ, સત્વગુણ તથા તમોગુણ એ ત્રણ ગુણો જુદા પડે છે અને તેમાંથી મહતત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, દેવો, ઋષિઓ તથા સમગ્ર પ્રાણીરૂપી આ જગત ઉત્પન્ન થયું છે. અર્થાત્ આપે જ ક્રીડા માટે આ સર્વ ભેદ કર્યો છે. ખરી રીતે આપ ભેદથી રહિત છો. એમ પોતાની માયાશકિત વડે સરજાયેલા આ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એ ચાર પ્રકારનાં શરીરરૂપી નગરમાં આપે પોતાના અંશવડે પ્રવેશ કર્યો છે. એથી જ વિદ્વાનો સર્વના અંતઃકરણમાં અંતર્યામી તરીકે વસનાર ઈશ્વરને 'પુરુષ' શરીરરૂપી નગરમાં વસનાર કહે છે અને (બીજા)જે (શરીરમાં રહી) મધમાખીઓએ ઉત્પન્ન કરેલા મધની પેઠે શુદ્ર વિષયસુખને ઈન્દ્રિયો દ્વારા ભોગવે છે, તેને (અવિદ્યાથી વીટાયેલ) ''જીવ' કહે છે. જે આપે પોતાની માયાશકિત વડે આ જગત સર્જ્યું છે, તે જ આપ, અસહ્ય વાયુ જેમ મેઘપંકિતને વીખેરી નાખે તેમ (કાળસ્વરૂપે) પ્રાણીઓથી જ પ્રાણીઓને ચલાયમાન કરી લોકોનો સંહાર કરો છો; કેમ કે આપ અતિપ્રચંડ વેગવાળા અને અલક્ષ્ય સ્વરૂપવાળા છે. જેમ ક્ષુધાથી (ગલેફાં) ચાટતો સર્પ ઉંદરને પકડે છે તેમ અમુક આ રીતે મારે કરવું છે. 'આવી ચિંતાથી અત્યંત પ્રમાદી, વિષયોમાં અત્યંત લાલચુ અને વિષયો મળ્યા છતાં વધેલા લોભવાળા પ્રાણીને પ્રમાદરહિત અને કાળરૂપ એવા આપ એકાએક પકડી લો છો. માટે આપના અનાદરથી નાશ પામતા શરીરવાળો ક્યો પંડિત આપનાં ચરણકમળનો ત્યાગ કરે ? અમારા ગુરુ બ્રહ્મા અને ચૌદ મનુઓ પણ 'કાળસ્વરૂપ આપથી (અમારો) નાશ થશે' એવી શંકાથી આપનાં ચરણકમળને દૃઢ વિશ્વાસથી પૂજે છે. હે બ્રહ્મન્ ! હે પરમાત્મન્ ! એ પ્રમાણે આ જગત રૂદ્ર (કાળ)ના ભયથી ત્રાસ પામ્યું છે, માટે આપના જ (શરણ) જાણનાર અમને આપ જ સર્વથા નિર્ભય ગતિરૂપ છો.'' (હવે પ્રચેતાઓને કહે છે :) 'હે રાજપુત્રો ! શુદ્ધ થઈ સ્વધર્મનું આચરણ કરતા તમે ભગવાનમાં મન રાખી આ સ્તોત્રનો પાઠ કરો. તમારું કલ્યાણ થાઓ. તમે તમારે વિષે અને સર્વ પ્રાણીઓ વિષે રહેલા તે જ આત્મારૂપ શ્રીહરિની પૂજા સ્તુતિ અને ધ્યાન કરો. આ સ્તોત્રનું નામ 'યોગાદેશ' છે. આને પાઠથી પ્રાપ્ત કરી મુનિઓનાં વ્રત ધારણ કરી મનમાં રાખજો અને સર્વ એકાગ્ર બુદ્ધિવાળા થઈ આદરપૂર્વક આનો અભ્યાસ કરી જપ કરજો. પૂર્વે પ્રજાસૃષ્ટિને ઇચ્છતા બ્રહ્માએ, તેમના પુત્ર ભૃગુ વગેરે-અમને, જ્યારે અમે સૃષ્ટિ રચવા ઈચ્છા કરી, ત્યારે આ સ્તોત્ર ઉપદેશ્યુ હતું. પછી પ્રજાસૃષ્ટિની રચના માટે અમને આજ્ઞા આપી ત્યારે અમે સર્વ પ્રજાપતિઓએ આ સ્તોત્રથી નિષ્પાપ થઈ વિવિધ પ્રજાઓ સરજી હતી. માટે જે પુરુષ નિત્ય એકાગ્રચિત્ત અને સાવધાન થઈ આ સ્તોત્રનો પાઠ કરે, તે થોડા સમયમાં શ્રીવાસુદેવપરાયણ થઈ કલ્યાણ પામે છે, આ જગતમાં સર્વ કલ્યાણોમાં જ્ઞાન એ જ પરમ સર્વોત્કૃષ્ટ કલ્યાણ છે, જે જ્ઞાનરૂપી નૌકાવાળો મનુષ્ય દુષ્પાર દુઃખસમુદ્ર સુખથી તરે છે. મેં ગાયેલા ભગવાનના આ સ્તોત્રનો જે મનુષ્ય શ્રદ્ધાથી પાઠ કરે છે, તે મુશ્કેલીઓથી આરાધી શકાય એવા શ્રીહરિનું આરાધન કરી શકે છે; એટલું જ નહિ, પણ મેં ગાયેલા આ સ્તોત્રથી સ્તુતિ કરાયેલા અને તેથી જ અત્યંત પ્રસન્ન થયેલા

સર્વ કલ્યાણોના આશ્રય શ્રીભગવાન પાસેથી ધીર પુરુષ જે જે વસ્તુને ઈચ્છે છે, તેને તેને તે પામે છે. વળી જે પ્રભાતમાં ઊઠી શ્રદ્ધાયુક્ત થઈ બે હાથ જોડી આ સ્તોત્ર સાંભળે કે સંભળાવે છે, તે મનુષ્ય કર્મરૂપ બંધનથી મુકત થાય છે. માટે હે રાજપુત્રો ! તમે પણ મેં ગાયેલા પરમપુરુષ પરમાત્માના આ સ્તોત્રનો એકાગ્ર બુદ્ધિથી પાઠ કરતા મોટી તપશ્ચર્યા કરો કે જેથી અંતે ઈષ્ટ વસ્તુ પામશો. ૧-૭૯

गीतं मयेदं नरदेवनन्दनाः परस्य पुंसः परमात्मनः स्तवम् ।
जपन्त एकाग्रधियस्तपो महच्चरध्वमन्ते तत आप्स्यथेप्सितम् ॥७९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## અધ્યાય-૨૫

## પ્રચેતાઓને તપશ્ચર્યા ને નારદનો પ્રાચીનબર્હિષ્‌ને અધ્યાત્મનો ઉપદેશ

॥ मैत्रय उवाच ॥

इति संदिश्य भगवान् बार्हिषदैरभिपूजितः । पश्यतां राजपुत्राणां तत्रैवन्तर्दधे हरः ॥१॥

**મૈત્રેય બોલ્યા :** એમ ઉપદેશ કરી ભગવાન શંકર પ્રચેતાઓથી પૂજાસત્કાર પામી તે રાજપુત્રોના દેખતાં ત્યાં જ અદૃશ્ય થયા. પછી તે સર્વ પ્રચેતાઓ શંકરે ઉપદેશેલા ભગવાનના તે સ્તોત્ર(રુદ્રગીત)નો પાઠ કરતા દસ હજાર વર્ષ સુધી જળમાં તપશ્ચર્યા કરતા હતા. તે વેળા હે વિદુરજી ! (બીજી તરફ તેઓના પિતા) પ્રાચીનબર્હિષ રાજા કે જેમનું મન કર્મો કરવામાં જ આસકત હતું, તેમને અધ્યાત્મતત્વ જાણનાર કૃપાળુ નારદજીએ આવો ઉપદેશ આપતાં કહ્યું : ‘હે રાજન્ ! આ વૈદિક કર્મો કરવામાં તું પોતાનું કયું કલ્યાણ ઇચ્છે છે ? દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ, એને જ તું કલ્યાણ તરીકે જો ઈચ્છતા હોય, તો (વિચારક પુરુષો) એ બંનેને કર્મના ફળ તરીકે ઇચ્છતા નથી.

**પ્રાચીનબર્હિષ રાજા બોલ્યા :** હે મહાભાગ્યશાળી નારદજી ! કર્મોથી વ્યાકુળ બુદ્ધિવાળો હું મોક્ષ સંબંધી કંઈ સમજતો નથી, માટે તમે મને નિર્મળ જ્ઞાનનો ઉપદેશ આપો કે જેથી હું કર્મોથી મુકત થાઉં પુત્ર, સ્ત્રી વગેરેના ભરણપોષણને જ પરમ પુરુષાર્થ માનનાર મનુષ્ય કર્મોથી ખટપટથી ભરેલા ઘરમાં રહી મોક્ષ પામી શકતો નથી, પણ ઊલટો મૂઢ બની સંસારમાર્ગમાં ભટક્યા કરે છે.

**નારદજી બોલ્યા :** અરે ઓ પ્રજાપતિ ! હે રાજન્ ! નિર્દય થઈ યજ્ઞોમાં હજારો પશુઓનો તથા બીજા જીવનસમૂહોનો સંહાર કર્યો છે, તે તો તું જો ! એ બધા જીવો તે કરેલી પીડાને યાદ કરતા પરલોકમાં તારી રાહ જુએ છે, કેમ કે તું મરણ પામી પરલોકમાં જઈશ, ત્યારે તે જીવો ક્રોધાયમાન થઈ લોઢાના યંત્રમય શિંગડાંથી તને કાપી નાખશે. આ વિષયમાં પુરંજન રાજાના ચરિત્રરૂપ આ પુરાતન ઇતિહાસ હું તને કહું છું તે તું સાંભળ. હે રાજન્ ! પુરંજન નામે વિશાળ કીર્તિવાળો એક રાજા હતો, તેનો એક મિત્ર હતો, જેનું નામ તથા વર્તન કોઈના જાણવામાં ન હતું. તે રાજા ભોગસ્થાનની શોધ માટે આખી પૃથ્વી પર ભટક્યો, પણ પોતાને યોગ્ય ભોગસ્થાન મળ્યું નહિ ત્યારે ઉદાસ જેવો થઈ ગયો. વિષયની ઇચ્છાવાળા તેને પૃથ્વી પર જેટલાં શહેરો છે, તે સર્વ તે તે વિષયભોગની સિદ્ધિ માટે યોગ્ય લાગ્યાં નહિ. પછી એક સમયે હિમાલયના દક્ષિણ શિખરો ઉપર એક શહેર તેના જોવામાં આવ્યું. તેને નવ દરવાજા હતા. શહેરનાં સર્વ લક્ષણો તેમાં દેખાતાં હતા; કિલ્લાઓ, બાગબગીચાઓ, અટારીઓ, ખાઈઓ તથા ગોખોથી તે યુકત હતું અને સોનાનાં, રૂપાનાં તથા લોઢાનાં શિખરોવાળાં ઘરોથી ચોતરફ એ વ્યાપ્ત હતું. એ

શહેરની હવેલીઓની ભૂમિ નીલમણિ, સ્ફટિકમણિ, વૈદૂર્યમણિ, મોતીઓ, મરકતમણિ તથા માણેકથી જડેલી હતી અને શોભાથી જાણે, 'ભોગવતી' નામની નાગલોકોની નગરી હોય તેવું તે હતું. સભાસ્થાનો ચૌટાં, શેરીઓ, ક્રીડાસ્થાનો તથા બજારોથી અને મનુષ્યોમાં વિશ્રામસ્થાનો ધજાપતાકાઓ તથા પરવાળાંની ઓટલીઓથી તે યુક્ત હતું.એ શહેરની બહારના ભાગમાં જે બગીચો હતો તે દિવ્ય વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત હોઈ, તેની અંદરનાં જલાશયો કલ્લોલ કરતાં પક્ષીઓથી અને ગુંજારવ કરતા ભમરાઓથી ગાજી રહ્યા હતાં. શીતળ ઝરણાંના જળકણવાળા અને પુષ્પોના સમૂહમાં થઈને આવતા વાયુને લીધે એ બગીચાના વૃક્ષોની શાખાઓ ઝૂલતી હતી અને તેથી વાડીઓના કિનારાઓ ઉપર શોભા થતી હતી. વળી તે બગીચો તેમાં અનેક જંગલી જનાવરો હોવા છતાં તેમની પીડાથી રહિત હતો કેમ કે તેઓ હિંસક ન હતાં. વળી તે સ્થળે કોયલો ટહુકાર કરતી હતી, તેથી મુસાફર ને જણાતું કે તે બગીચો પોતાને બોલાવે છે. તે બગીચામાં પુરંજન રાજાએ એક મદોન્મત્ત સ્ત્રીને દૈવેચ્છાએ આવતી જોઈ. એ સ્ત્રી પોતાના દસ સેવકો સાથે ત્યાં આવતી હતી, જે દસે સેવકો પ્રત્યેક સેંકડો સ્ત્રીઓના પતિ હતા. પાંચ મસ્તકોવાળો એક સર્પ છડીદાર તરીકે તે સ્ત્રીનું સર્વ તરફથી રક્ષણ કરતો હતો. તે સ્ત્રી પતિને શોધતી હતી. તેની વય સોળ વર્ષની હતી અને ઈચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરનારી હતી. તેની નાસિકા સુંદર હોઈ દાંત પણ સુંદર હતા, ગાલ મનોહર હતા, મુખ ઉત્તમ હતું અને સમાન રચનાવાળા કાનમાં કુંડળોની શોભનાને તે ધારણ કરતી હતી, તેના ચણિયાનો નેફો પીળો હતો. નિતંબ સુંદર હતા, રંગ શ્યામ હતો. સોનાનો કંદોરો તેણે પહેર્યો હતા અને જાણે કોઈ દેવી હોય તેમ ઝાંઝરાના ઝણકાર કરતા બે પગથી તે ચાલતી હતી, તેનાં સ્તનયૌવનનો આરંભ સૂચવતાં, સરખાં ગોળ અને વચ્ચે જગ્યા વિનાનાં હતાં. શરમને લીધે વસ્ત્રના છેડાથી તે સ્તનને ઢાંકતી હાથણીની પેઠે ચાલતી હતી. વીર પુરંજન તેના પ્રેમથી વિલસતી ભ્રૂકુટિરૂપી ધનુષ્યમાંથી છૂટેલા સ્નેહકટાક્ષરૂપી બાણથી વીંધાઈ જઈ શરમાળ મંદહાસ્યથી શોભતી તે સ્ત્રીને સુંદર વચન કહેવા લાગ્યો : "હે કમળની પાંખડીઓ જેવાં નેત્રોવાળી સ્ત્રી ! તું કોણ છે ? હે સતિ ! તું કોની કન્યા અથવા પત્ની છે અને અહીં ક્યાંથી આવી છે ? હે ભીરુ, આ નગરી પાસેની આ ભૂમિ પર તું શું કરવા ઈચ્છે છે તે મને કહે. આ અગિયાર મોટા યોદ્ધાઓ કે જેઓ તારી પાછળ ચાલે છે, તે કોણ છે ? હે સુંદર ભૂકુટિવાળી ! આ સ્ત્રીઓ કોણ છે અને તારી આગળ ચાલતો આ સર્પ કોણ છે ? તું પોતાના પતિને શોધતી શું લજ્જા છે ? પાર્વતી છે ? સરસ્વતી છે કે લક્ષ્મી છે ? તું મુનિની પેઠે સંયમવાળી જણાય છે ! ખરેખર, તારો પતિ તારા ચરણની કામનાઓથી જ સમસ્ત કામનાઓ પામી ચૂક્યો છે. (મને લાગે છે કે તું લક્ષ્મી જ છે.) પણ તે કમળનો દોડો તારા હાથમાંથી ક્યાં પડી ગયો ? અથવા હે સુંદર સાથળોવાળી ! તું પૂર્વોક્ત દેવીઓમાંની એક પણ નથી કેમ કે તું પૃથ્વીનો સ્પર્શ કરે છે. (દેવતા પૃથ્વીને સ્પર્શ કરે નહિ) તો જેમ લક્ષ્મીદેવી યજ્ઞપુરુષ વિષ્ણુભગવાનની સાથે શ્રેષ્ઠ લોક (વૈકુંઠ) શોભાવે છે, તેમ તું પણ વીરોમાં શ્રેષ્ઠ અને ઘણાં કર્મો કરનારા મારી સાથે આ નગરીને શોભાવવાને યોગ્ય છે; કેમ કે લજ્જા સાથે પ્રેમપૂર્વક વિલાસ કરતી તારી ભૂકુટિથી તેં પ્રેરણા કરેલો આ ભગવાન કામદેવ તારાં કટાક્ષ પડવાથી ખંડિત થયેલા મનવાળા મને અત્યંત પીડા કરે છે, માટે હે સુંદરી ! તું મારા પર કૃપા કર હે પવિત્ર હાસ્યવાળી ! તારું આ મુખ લજ્જાને લીધો મારી સામે રહેતું નથી. સુંદર ભ્રકુટિવાળું, કીકીઓવાળાં નેત્રવાળું, લટકતા શ્યામ કેશની લટોથી વીંટાયેલું અને સુંદર વાણીવાળું છે, તેને (જરા) ઊંચું કરી તું મને બતાવ તો ખરી !

**નારદજી બોલ્યા :** હે વીર પ્રાચીનબર્હિષ રાજા ! એમ પુરંજન અધીરની પેઠે યાચના કરવા લાગ્યો; એટલે તે સ્ત્રીએ પણ મોહિત થઈ હસીને અભિનંદન આપ્યાંઃ '(ને કહ્યું) 'હે મહાપુરુષ ! અમારે કે બીજાનો (તમારા) કર્તા કોણ છે અને અમારા કે બીજાનું ગોત્ર કે નામ પણ કોણે કર્યું છે, તે અમે બરાબર જાણતાં નથી; અર્થાત્ તમે પૂછો છો પણ મને મારા પિતાની, વંશ સ્થાપનારની તથા નામ પાડનારની ખબર નથી. હે વીર ! અમે માત્ર એટલું જ જાણીએ છીએ કે આજે અમેં અહીં છીએ ! એ સિવાય બીજું કંઈ અમે જાણતા નથી; તેમ જ અમારા શરણરૂપ આ નગરી કોણે બનાવી, તેની પણ અમને ખબર નથી. હે માન આપનારા રાજા ! આ પુરુષો મારા મિત્ર છે અને આ સ્ત્રીઓ મારી સખીઓ છે. હું જ્યારે સૂઈ જાઉં છું ત્યારે આ સર્પ નગરીનું રક્ષણ કરતો જાગે છે. હે શત્રુઓને વશ કરનાર રાજા ! તમે અહીં ભલે પધાર્યા. તમારું કલ્યાણ થાઓ. તમે ઇંદ્રિયોના જે વિષયભોગની ઇચ્છા કરો છો, તેને હું મારા આ મિત્રો અને સખીઓ સાથે તમને પૂરા પાડીશ. હે સમર્થ રાજા ! નવ દરવાજાવાળા આ શહેરમાં તમે રહો અને મેં હાજર કરેલા કામભોગને સો વર્ષ સુધી તમે ગ્રહણ કરો. હું તમારા વિના બીજા કયા પુરુષને રમાડીશ ? કેમ કે તમારા વિના બીજો પુરુષ તે સ્ત્રી વગેરે વિષયસુખ જાણતો નથી. શાસ્ત્રે ન નિષેધેલાં સુખને તજી દે છે. પરલોકની ચિંતાથી અને આ લોકની ચિંતાથી પણ રહિત હોય છે અને તેથી જ પશુતુલ્ય છે. વળી આ ગૃહસ્થાશ્રમમાં તો ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પ્રાપ્ત થઈ શકે છે. પ્રજાસુખ,મોક્ષ તથા યશની અને શોક તથા દુઃખથી રહિત સ્વર્ગાદિ લોકની પણ પ્રાપ્તિ થઈ શકે છે, જેને યતિઓ પણ પામતા નથી, માટે આ સંસારમાં ગૃહસ્થાશ્રમ જ પિતૃઓ, દેવ, ઋષિઓ, મનુષ્ય, બીજાં સર્વ પ્રાણીઓ અને પોતાને પણ સુખકારક તથા શરણરૂપ છે, એમ વિદ્વાનો કહે છે. વળી હે વીર ! તમારા જેવા પ્રખ્યાત, દાતા, પ્રિય દેખાવના અને પોતાની મેળે આવેલા પ્રિય પતિને મારા જેવી કઈ સ્ત્રી ના વરે ? હે મોટી ભુજાઓવાળા! સર્પના શરીર સમાન આકૃતિવાળા તમારા બાહુઓમાં પૃથ્વી પરની કઈ સ્ત્રીનું મન આસક્ત ન થાય ? તમે કૃપાથી અનંત વધેલા હાસ્યપૂર્વક નજર નાખી અનાથ વર્ગની માનસિક પીડા સંપૂર્ણ દૂર કરવા બધે ફરો છો.

**નારદજી બોલ્યા :** એમ પરસ્પર ઠરાવ કરી તે બન્ને પુરંજન અને પેલી સ્ત્રી તે નગરીમાં દાખલ થયાં અને હે રાજન્ ! સો વર્ષ સુધી તે આનંદ કરવા લાગ્યાં. તે નગરીમાં સ્થળેસ્થળે ગવૈયાઓ, પુરંજનના સુંદર ગુણગાન ગાતા અને ઉનાળામાં તે સ્ત્રીઓથી વીંટાઈને ક્રીડા કરતો સરોવરમાં પ્રવેશ કરતો. (પુરંજને આશ્રય કરેલી) તે નગરીનો જે કોઈ સ્વામી થતો તેને જુદા જુદા દેશોમાં જવા તે નગરીને નવ દરવાજા કર્યા હતા. જેમાંના સાત ઉપર અને બે નીચેના ભાગમાં હતા. તેમાં જે સાત ઉપરના ભાગમાં હતા તેમાંથી પાંચ પૂર્વ દિશા તરફ, એક દક્ષિણ દિશા તરફ અને એક ઉત્તર દિશા તરફ હતો તેમ જ જે બે નીચેના ભાગમાં હતા તે પશ્ચિમ દિશા તરફ હતા. હવે હે રાજા ! તેઓનાં નામ હું તમને કહું છુંઃ ખદ્યોતા તથા આવિર્મુખી નામના બે પૂર્વ દિશા તરફના દરવાજા એક પંકિતમાં લગભગ પાસે બાંધ્યા હતા. તે બન્નેમાં થઈ પુરંજન, દ્યુમાન નામના મિત્ર સાથે વિભ્રાજિત નામના દેશમાં જતો તેમ જ નલિની તથા નાલિની નામના બીજા બે પૂર્વ દરવાજાઓ હતા,તેમાં થઈ પુરંજન અવધૂત નામના મિત્ર સાથે સૌરભ નામના દેશમાં જતો. હવે પાંચમો પૂર્વ તરફનો જે દરવાજો હતો તેનું નામ 'મુખ્યા'. હતું અને તેમાં થઈ પુરંજન રસજ્ઞ તથા વિપણ નામના બે મિત્રો સાથે આપણુ તથા બહૂદન નામના દેશમાં જતો. હે પ્રાચીનબર્હિષ ! એ નગરીને પિતૃહૂ નામનો જે દક્ષિણ તરફનો દરવાજો હતો, તેમાં થઈ

પુરંજન શ્રુતધર નામના મિત્ર સાથે દક્ષિણ પાંચાલ નામના દેશમાં જતો; તેમ જ એ નગરીની ઉત્તરમાં 'દેવહૂ' નામે દરવાજો હતો તેમાં થઈ પુરંજન શ્રુતધર મિત્ર સાથે ઉત્તર પાંચાલ દેશમાં જતો હતો, હવે નીચેના દરવાજા પૈકી આસુરી નામનો જે પશ્ચિમ દરવાજો હતો, તે દ્વારા પુરંજન દુર્મદ નામના મિત્ર સાથે ગ્રામક નામના દેશમાં જતો, અને 'નિર્ઋતિ' નામનો જે નીચેનો પશ્ચિમ દરવાજો છે, તેમાં થઈ પુરંજન 'લુબ્ધક' નામના મિત્ર સાથે 'વૈશસ' નામના દેશમાં જતો. (નગરીને) પૂર્વોકત નવ દરવાજાઓ ઉપરાંત 'નિર્વાક', અને 'પશસ્કૃત' નામના બીજા પણ બે દરવાજાઓ છે, જેઓ બન્ને અંધ એટલે બંધબારણાંવાળા છે. આ દરવાજાઓ પૈકી એકથી પુરંજન જતો અને બીજાથી કાંઈ કામ કરતો. એ રાજા 'વિષુચીન' (અંતઃપુરરક્ષક નાજર)ની સાથે જ્યારે અંતઃપુરમાં જતો, ત્યારે સ્ત્રીપુત્ર આદિથી ઉત્પન્ન થનારા મોહ, પ્રમાદ તથા હર્ષ પામતો. એ રીતે કર્મો કરવામાં આસક્ત, કામાત્મા અને તેથી જ ઠગાયેલો તે મૂર્ખ પુરંજન રાણી જે જે ઈચ્છતી તેને તેને જ અનુસરતો તે તે કરવામાં જ તૈયાર રહેતો કોઈ વખતે રાણી મદિરાપાન કરતી, તો પોતે પણ મદિરાપાન કરતો અને મદથી વિહ્વળ થતો, રાણી ભોજન કરતી ત્યારે પોતે ભોજન કરતો અને તે જયારે ચણા વગેરે ચાવવાના પદાર્થો ખાતી ત્યારે પોતે પણ તે ખાતો. કોઈ વેળા રાણી ગાતી ત્યારે તે પણ ગાતો, કોઈ વખતે રડતી, તો પોતે પણ રડતો; કોઈ વખતે રાણી હસતી ત્યારે પોતે પણ હસતે અને કંઈ બોલતી ત્યારે તેની પાછળ પાતે બોલતો. કોઈ સમયે રાણી દોડતી ત્યારે પોતે દોડતો, ઊભી રહેતી ત્યારે તેની પાછળ ઊભો રહેતો, સૂઈ જતી ત્યારે તેની પાછળ સૂઈ જતો અને બેસતી ત્યારે તેની પાછળ બેસતો. કોઈ વખતે સાંભળતી ત્યારે પોતે સાંભળતો, જોતી ત્યારે તેની પાછળ જોતો, કોઈ વેળા સુંઘતી ત્યારે સુંઘતો અને સ્પર્શ કરતી ત્યારે તે સ્પર્શ કરતો. કોઈ સમયે તે સ્ત્રી શોક કરતી તો પોતે પણ તેની પાછળ દીનની પેઠે શોક કરતો, જો હર્ષ પામતો તો તેની પાછળ હર્ષ પામતો અને ખુશ રહેતી ત્યારે તેની પાછળ ખુશ રહેતો. એમ રાણીએ ઠગેલો અને તેથી જ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થયેલો તે અજ્ઞાની પુરંજન પોતે ઈચ્છતો ન હતા છતાં પરવશતાને લીધે મદારીના માંકડાની પેઠે સ્ત્રીને અનુસરીને વર્તતો. ૧-૬૩

विप्रलब्धो महिष्यैवं सर्वप्रकृतिवञ्चित । नेच्छन्ननुकरोत्यज्ञः क्लैब्यात्क्रीडामृगो यथा ॥६३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૫ સમાપ્ત.*

## અધ્યાય-૨૬

## પુરંજન આખ્યાન (ચાલુ)-સાબુદ્ધિના ત્યાગથી અને યોગથી જીવના સંસારનું સ્વરૂપ

॥ मैत्रय उवाच ॥

स एकदा महेष्वासो रथं पञ्चाश्वमाशुगम् । द्वीपं द्वीचक्रमेकाक्षं त्रिवेणुं पञ्चबन्धुरम् ॥१॥

**નારદજી બોલ્યા :** એક દિવસે ને પુરંજન મોટું ધનુષ્ય લઈ, પાંચ ઘોડાઓ, જોડેલા, ઝડપથી જનારા બે ઈસોઘાળા, બે પૈડાંવાળો, એક ધરીવાળા, ત્રણ ધજાઓવાળા, પાંચ બાંધવાની દોરીઓવાળા, એક લગામવાળા એક સારથિવાળા, એક બેસણીવાળા, બે ઊંટડાઓવાળા, પાંચ પદાર્થોથી ભરેલા સાત પડદાઓવાળા, પાંચ પ્રકારની ગતિવાળા અને સુવર્ણના સાજવાળા રથમાં બેસી પંચપ્રસ્થ નામના વનમાં ગયો, તે વેળા તેણે સુવર્ણનું કવચ પહેર્યું હતું, અખૂટ ભાથો બાંધ્યો હતો અને દસ સૈનિકો તથા

અગિયારમો સેનાપતિ તેની સાથે હતો. તે ગર્વિષ્ઠ રાજા હાથમાં ધનુષ્યબાણ લઈ ત્યાં તજવાને અયોગ્ય એવી પણ પત્નીને તજી પોતે મૃગોમાં આસક્તિથી લાલચુ બની મૃગયા કરવા લાગ્યો. ઘોર અંતઃકરણવાળો અને નિર્દય તે પુરંજન આસુરીવૃત્તિનો આશ્રય કરી તીક્ષ્ણ બાણ વડે વનમાં જંગલી પ્રાણીઓને મારવા લાગ્યો. વનમાં પવિત્ર પશુ મારવાં એ રાગપ્રાપ્ત છે, તેથી જ તેમાં આવા (છ) નિયમો કરાય છે. જો અત્યંત રાગી થઈ પશુવધ કરે તે શ્રાદ્ધાદિ પ્રસંગે જ, તેમાં પણ અમુક પ્રસિદ્ધ શ્રાદ્ધાદિમાં જ, નહિ કે નિત્ય શ્રાદ્ધાદિમાં. તેમાં પણ રાજા જ વધ કરે, બીજો નહિ, તે પણ અમુક પવિત્ર પશુઓનો જ, સામાન્ય બીજાઓને નહિ અને તે પણ વનમાં જ અને તે પણ ઉપયોગ પ્રમાણે જ. હે પ્રાચીનબર્હિષ રાજા ! વિદ્વાન મનુષ્યે એમ નિયમિત કર્મ કરવું જોઈએ જેથી તે કર્મ દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનને લીધે પોતે તે કર્મથી લેપાતો નથી, પણ પૂર્વોકત નિયમને નહિ અનુસરી અનિયમ પ્રમાણે જ કર્મ કરે તો (અંતઃકરણની શુદ્ધિ ન થવાથી) તે કર્મ કરતો પુરુષ કર્તૃત્વનું અભિમાન પામે છે. અને કર્મોથી બંધાય છે, પછી ગુણપ્રવાહરૂપ આ સંસારમાં પડેલો તે કર્મકર્તા મનુષ્ય નષ્ટ બુદ્ધિવાળો થઈ નરકમાં જાય છે. એ વનમાં તરેહ તરેહનાં પીછાંવાળાં બાણોથી પુરંજને જેમનાં શરીર વીંધી નાખ્યાં હતાં, એવાં તે દુઃખી પ્રાણીઓનો વિનાશ દયાળુઓને દુઃસહ થઈ રહ્યો. સસલાં, ભૂંડો, પાડા, રોઝ, રુરુ, મૃગ, શેઢાઈ અને બીજા અનેક પ્રાણીઓનો સંહાર કરતો તે રાજા છેવટે થાક્યો. એટલે ક્ષુધા ને તૃષાથી થાકી તે વનમાંથી પાછો ફરી ઘેર આવ્યો. સ્નાન તથા યોગ્ય આહાર કરી થાક ઉતારી તે શય્યામાં સૂતો. પછી ધૂપ, ચંદન તથા પુષ્પમાળા વગેરેથી તેણે પોતાના આત્માનો સત્કાર કર્યો અને સારી પેઠે સર્વ અંગો શણગારી રાણીમાં મન લગાડયું. કારણ કે તે વેળા તે તૃપ્ત, હૃષ્ટ અને અત્યંત ગર્વિષ્ઠ હતો; તેમ જ તેનું મન કામદેવથી આકર્ષાયું હતું; પણ તેણે સુંદર નિતંબવાળી અને પોતાની સાથે ગૃહસ્થાશ્રમમાં જોડાયેલી ગૃહિણીને કયાંય જોઈ નહિ. એટલે હે પ્રાચીનબર્હિષ રાજા ! તે પુરંજન મનમાં ઉદાસ થયો. તેણે અંતઃપુર ની સ્ત્રીઓને પૂછયું, ‘‘હે સ્ત્રીઓ ! તમે રાણી સાથે પૂર્વની પેઠે કુશળ છો ને ? આ ઘરમાં ઘરની સંપત્તિઓ હમણાં (પ્રથમની પેઠે) ગમતી નથી; અથવા ખરું છે કે, જે ઘરમાં માતા અથવા તે પતિને દેવ માનનારી પતિવ્રતા સ્ત્રી ન હોય, તે ઘર પૈંડા વિનાના રથ જેવું થાય છે, તો એવા, ઘરમાં ક્યો ડાહ્યો માણસ રાંકની પેઠે પડી રહે ? માટે તે મારી સ્ત્રી ક્યાં છે, જે પગલે પગલે મારી બુદ્ધિને તેજ કરતી દુઃખરૂપી સમુદ્રમાં પડતા મને બચાવી લે છે ?

**સ્ત્રીઓ બોલી :** હે શત્રુહંતા રાજા ! તમારી પ્રિયા શું કરવા ધારે છે, તે અમે જાણતાં નથી, જુઓ તે કંઈ પાથર્યા વિના પૃથ્વી પર સૂતાં છે.

**નારદજી બોલ્યા :** પુરંજન પોતાની રાણીને એમ શરીરની દરકાર વિના પૃથ્વી પર પડેલી જોઈ અત્યંત ગભરાયો; કેમ કે તેનું જ્ઞાન તો તેના સંગથી જ નાશ પામ્યું હતું. તેણે મધુર વાણીથી અને દુઃખી પ્રિયાને શાંત પાડવા માંડી; પરંતુ તેના પોતા વિષેના પ્રણયકોપનું ચિહ્ન પણ તેણે જાણ્યું નહિ, પછી તે વીર પુરંજન કે જે સમજાવવામાં કુશળ હતો તેણે પોતાની સ્ત્રીને સમજાવવા માંડી. પ્રથમ તો તેને પગે પડયો અને પોતાના ખોળામાં લઈ તેને લાડ લડાવવા લાગ્યો.

**પુરંજન બોલ્યો :** ‘હે સુંદરિ ! તે સેવકો ખરેખર પુણ્યહીન છે, જેઓ કંઈ અપરાધ કરે, ત્યારે તેઓને તેમના સ્વામીઓ પોતાના માની શિખામણ માટે શિક્ષા કરતા નથી. સ્વામી સેવકોને શિક્ષા કરે

છે, તે એમના પર પરમ કૃપા જ કરે છે એમ સમજવું. પણ હે નાજુક સ્ત્રી ! તે શિક્ષાથી ક્રોધે ભરાયેલો મૂર્ખ સેવક સ્વામીનું તે શિક્ષારૂપ બંધુકૃત્ય સમજી શકતો નથી, (કે મારો સ્વામી મારું હિત જ કરે છે) હે સુંદર દાંતવાળી ! હે સુંદર ભ્રૂકુટિવાળી ! ઓ ઉદાર મનવાળી ! સ્નેહના ભારથી, લજ્જાથી અને મૃદુતાને લીધે શોભતાં મંદહાસ્ય અને દષ્ટિપાતવાળું જે તારું મુખ, શ્યામ કેશરૂપી ભમરાઓથી શોભીતું, ઊંચી નાસિકાવાળું અને સુંદર વાક્ય બોલનારું છે, તે તું તારા સ્વજન એવા અમને બતાવ તો ખરી ! ઓ વીરપત્ની ! બ્રાહ્મણના કુળ વિના કે ભગવાનના ભકત સિવાય બીજા જે કોઈએ તારો અપરાધ કર્યો હોય તેને હું શિક્ષા કરું, પણ બ્રાહ્મણકુળ અને ભગવાનના ભક્ત વિના બીજો કોઈ (તારો અપરાધ કરનાર) ત્રણે લોકમાં કે તેથી બહાર નિર્ભય અને અતિ આનંદી રહી શકે એવો હું જોતો નથી. મેં પૂર્વે કદી તારા મુખને તિલક વિનાનું મલિન, હર્ષ વગરનું, ક્રોધથી ભયંકર, ઉજ્જવળતા વિનાનું કે સ્નેહશૂન્ય જોયું નથી; તેમ જ તારાં આ સુંદર સ્તનોને પણ શોકાશ્રુથી ભિંજાયેલાં મેં કદી જોયાં નથી અને પાકા ઘિલોડા જેવા તારા અધરોષ્ઠને પણ કુંકુમવર્ણા લાલ તાંબૂલના રંગ વિનાના મેં કદી જોયા નથી, તો તું મારા પર પ્રસન્ન થા. જો કે સ્વતંત્રપણે તને પૂછ્યા વિના વ્યસનથી આતુર થઈ હું મૃગયા કરવા ગયો હતો, તેથી મેં તારો અપરાધ કર્યો છે, તો પણ મારું હૃદય ઉત્તમ જ છે - તારા પ્રત્યે લગારે કપટી નથી (માટે તું ક્ષમા કર.) અરે ! કામનાવાળી એવી કઈ સ્ત્રી હોય, જે કામદેવના અસ્ત્રવેગથી ધર્મભ્રષ્ટ થયેલા સ્વાધીન પતિને સેવવા યોગ્ય સમયે પણ ન સેવે.

तन्मे प्रसीद सुहृदः कृतकिल्बिषस्य । स्वैरं गतस्य मृगयां व्यसनातुरस्य ॥
का देवरं वशगतं कुसुमास्त्रवेगविस्रस्तपौंस्नमुशती न भजेत कृत्ये ॥२६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૬ સમાપ્ત*

## અધ્યાય-૨૭

## પુરંજન આખ્યાન (ચાલુ)-પુરંજનની શોચનીય સ્થિતિ

॥ नारद उवाच ॥

इत्थं पुरञ्जनं सम्यग् वशमानीय विभ्रमैः । पुरञ्जनी महाराज रेमे रमयतीं पतिम् ॥१॥

**નારદજી બોલ્યા :** એ પ્રમાણે હે મહારાજા ! પુરંજનને હાવભાવોથી સારી પેઠે વશ કરી પુરંજની તે પતિને પોતાની સાથે રમાડતી પોતે પણ રમી. હે પ્રાચીનબર્હિષ ! તે રાણી સારી રીતે સ્નાન કરી, સુંદર મુખ કરી કુંકમ તથા સિંદુર વગેરેથી મંગળ તિલક કરી સંતુષ્ટ હૃદયે પાસે આવી એટલે તેને પુરંજન રાજાએ આવકાર આપ્યો. રાણીએ રાજાને આલિંગન આપ્યું એટલે રાજા પણ તેની ડોકે વળગી પડયો. એકાંતમાં તેની સાથેનાં ગુહ્ય ભાષણોથી તેનું વિવેકજ્ઞાન એટલું બધું હરાઈ ગયું કે જેથી કેવળ તે સ્ત્રીને જ સર્વસ્વ તરીકે સ્વીકારી. દિવસ તથા રાત્રિ, એમ પસાર થતાં કાળનો દુર્લધ્ય વેગ તે જાણી શક્યો નહિ. મોટા મનનો પુરંજન મહાકિંમતી શય્યામાં રાણીની ભુજાને ઓશીકું કરી સૂઈ રહેતો અને પોતે વીર છતાં માત્ર તે સ્ત્રીને જ પરમ પુરુષાર્થ તરીકે માનતો; પરંતુ પોતાના સ્વરૂપને પરબ્રહ્મ માનતો ન હતો; કેમ કે તે અજ્ઞાનથી વીંટાઈ ગયો હતો. એ રીતે હે રાજેંદ્ર ! પુરંજન કામથી મલિન ચિત્તવાળો થઈ તે રાણીના સાથે જ રમ્યા કરતો, જેથી તેનું નવું વય (યૌવન) અર્ધીક્ષણની પેઠે જોતજોતામાં ચાલ્યું ગયું. તેણે તે સ્ત્રી વિષે અગિયારસો પુત્રો ઉત્પન્ન કર્યા અને તેટલામાં તો તે સમ્રાટે આયુષ્યનો અર્ધો ભાગ (૫૦ વર્ષ)

ગુમાવી દીધો. પછી તે પ્રજાપતિ પ્રાચીનબર્હિષ ! તેણે માતા-પિતાના યશને વધારનારી એકસો દસ પુત્રીઓ ઉત્પન્ન કરી, જે શીલ, ઉદારતા વગેરે ગુણોવાળી હતી. પછી પાંચાલ દેશના સ્વામી તે રાજાએ પિતાના વંશને વધારનારા પોતાના પુત્રોને પરણાવ્યા અને પુત્રીઓને પણ યોગ્ય વરો સાથે પરણાવી. પછી તો તેના પુત્રોને પણ એકએકને સો સો પુત્રો થયા જેથી પુરંજનનો વંશ પાંચાલ દેશમાં વૃદ્ધિ પામ્યો. પુરંજનને તે પુત્રો, પૌત્રો, ઘર, ખજાનાઓ અને નોકરચાકરો પર એટલી બધી મમતા બંધાઈ કે જેથી વિષયોમાં તે બંધાઈ ગયો. પછી તેણે યજ્ઞદીક્ષા લઈ પશુઓની જેમાં હિંસા કરાય છે. તેવા ઘોર યજ્ઞો કરી, તમારી પેઠે અનેક કામનાઓ ઇચ્છી દેવોનું, પિતૃઓનું તથા ભૂપતિઓનું પૂજન કરવા માંડયું. એક યોગ્ય કર્મોમાં તે પ્રમાદી રહ્યો અને કુટુંબમાં જ તેનું મન આસકત થઈ રહ્યું. તેવામાં તેનો એ વૃદ્ધાવસ્થાનો કાળ આવી પહોંચ્યો કે જે સ્ત્રીઓ ઉપર પ્રીતિ ધરાવતા પુરુષોને અપ્રિય થાય છે. હે પ્રાચીનબર્હિષ રાજા ! ચંડવેગ નામનો એક પ્રખ્યાત ગંધર્વ રાજા છે. જેના ત્રણસોં ને સાઠ મહાબળવાન ગંધર્વ સેવકો છે. ઉપરાંત ગંધર્વ સ્ત્રીઓ પણ તેટલી જ (તેની સેવિકાઓ) છે કે જેઓ ચંડવેગ સાથે જોડાઈ રહે છે તેઓ રંગે ધોળી તથા કાળી છે. આ સર્વે ગંધર્વો તથા ગંધર્વીઓ ચારે તરફથી વીંટાઈવળી સર્વ કામનાઓથી ભરપૂર બનેલા હરકોઈ નગરને લૂંટે છે. એમ તે ચંડવેગના (અનુચર) ગંધર્વો તથા ગંધર્વીઓ પુરંજન રાજાનું નગર લૂંટવા લાગ્યા, ત્યારે નગરીના રક્ષક તરીકે જાગતાં પાંચ મસ્તકવાળા નાગે તેઓને અટકાવ્યાં, અને પુરંજનની નગરીનો અધ્યક્ષ બળવાન તે નાગ એકલો પેલા સાતસો ને વીસ ગંધર્વો સાથે સો વર્ષ સુધી લડ્યો. એમ એકલો અનેકની સાથે યુદ્ધ કરી તે પોતાનો પુરાધ્યક્ષનાગ ક્ષીણબળ થયો ત્યારે પુરંજન દેશ, નગર તથા કુટુંબીઓ સાથે દુઃખી થઈ મોટી ચિંતામાં પડ્યો; છતાં તે જ પુરંજન પાંચાલ દેશમાં પોતાની નગરીમાં રહી પોતાના પાર્ષદોએ (સેવકોએ) આણી આપેલા કર લઈને શુદ્ર સુખ ભોગવ્યા કરતો અને એટલો બધો સ્ત્રીવશ થયો કે જેથી તેણે તે આવેલો ભય જાણ્યો નહિ. હે પ્રાચીનબર્હિષ ! કાળની એક કન્યા કે જે વરને ઈચ્છતી આખા ત્રૈલોક્યમાં ભટકતી હતી, છતાં તેને કોઈએ પસંદ કરી ન હતી, તે પોતાના દુર્ભાગ્યને લીધે 'દુર્ભગા' નામથી લોકમાં પ્રખ્યાત થઈ હતી. પૂર્વે યયાતિના પુત્ર રાજર્ષિ પુરુએ તેનો સ્વીકાર કર્યો હતો, તેથી પ્રસન્ન થઈ તેણે તેને વર આપ્યો હતો. એક સમયે તે કાળપુત્રી ભટકતી બ્રહ્મલોકમાંથી પૃથ્વી પર આવેલા મને (નારદજીને) નૈષ્ઠિક બ્રહ્મચારી જાણતી, છતાં કામથી મોહિત થઈ વરવાની ઈચ્છા કરવા લાગી; પણ મેં તો તેનો અનાદર કર્યો એટલે મારા પર ક્રોધાયમાન થઈ તેણે મને આવો અતિ દુઃસહ શાપ આપ્યો : હે મુનિ ! તમે મારી યાચનાનો અનાદર કર્યો, તેથી કોઈ સ્થળે રહી શકશો નહિ, એટલે જયાં ત્યાં ભટક્યા કરશો. પછી તે કાળકન્યા મારા પ્રત્યેના સંકલ્પથી ભ્રષ્ટ થઈ એટલે મેં જ બતાવેલા ભય નામના યવનોના રાજા પાસે જઈ પોતાનો પતિ થવા તેને પ્રાર્થના કરવા લાગી : " હે વીર ! યવનોમાં શ્રેષ્ઠ તમને હું મારા પ્રિય પતિ તરીકે વરું છું. ખરેખર, પ્રાણીઓની તમારા પ્રત્યેની પ્રાર્થના કદી નાશ પામતી નથી; (એટલે મને આશા છે કે તમે મારા સંકલ્પ પૂર્ણ કરશો) જે પુરુષ લોકમાં તથા વેદમાં આપવા યોગ્ય કહેલી કોઈ વસ્તુ (પોતાની પાસે હોવા છતાં) બીજા (માગણી કરનાર) ને આપતો નથી અને તે જ પ્રમાણે જે લોકમાં તથા વેદમાં લેવા યોગ્ય કહેલી જે વસ્તુ (પોતાની મેળે પોતાને મળતી હોય) છતાં લેતો નથી. એ બન્ને દુરાગ્રહી અને મૂર્ખ છે. તે બન્નેનો સત્પુરુષો શોક કરે છે, માટે હે ભદ્ર ! હું તમને સ્વીકારું છું તો તમે પણ મને સ્વીકારો અને મારા પર

દયા કરો. પુરુષનો આટલો ધર્મ છે કે તેણે દુ:ખી પર દયા કરવી.' કાળકન્યાએ કહેલું એ વચન સાંભળી યવનોનો રાજા દેવગુહ્ય કાર્ય કરવાની ઈચ્છાથી મંદ મંદ હસી તેને કહેવા લાગ્યો. મેં મારી જ્ઞાનદૃષ્ટિથી તારે માટે પતિ જોઈ નાખ્યો છે. (સાંભળ) આ બધા લોકો તું અમંગળ છે તેથી તને અમાન્ય ગણી પસંદ કરતાં નથી, માટે તું પોતે જ કોઈ ન જાણે તેમ ગુપ્ત રીતે કર્મથી ઉત્પન્ન કરેલા આ સમગ્રલોકને (પતિ તરીકે) ભોગવ. તુ મારી સેના સાથે લઈ જા એટલે સર્વ પ્રજાઓનો નાશ કરી શકીશ. વળી પ્રજ્વાર નામનો મારો આ ભાઈ છે અને તું મારી બહેન થા. એટલે તમારી બન્નેની સાથે હું પણ ભયંકર સૈનિકોને સાથે લઈ કોઈ ન જાણે તમે આ લોકમાં ફરીશ. ૧-૩૦.

प्रज्वारोऽयं मम भ्राता त्वं च मे भगिनी भव । चराम्युभाभ्यां लोकेऽस्मिन्नव्यक्तो भीमसैनिकः ॥३०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૭ સમાપ્ત.*

## અધ્યાય-૨૮

## પુરંજન આખ્યાન (ચાલુ)-સ્ત્રીના ચિંતનથી પુરંજનને સ્ત્રીનો અવતાર અને છેવટે મોક્ષ

॥ नारद उवाच ॥

सैनिका भयनाम्नो ये बर्हिष्मन्दिष्टकारिणः । प्रज्वारकालकन्याभ्यां विचेरुरवनीमिमाम् ॥१॥

**નારદજી બોલ્યા :** હે પ્રાચીનબર્હિષ રાજા ! પછી ભય નામના યવન રાજાના સૈનિકો તેની આજ્ઞા પાળતા પ્રજ્વાર તથા કાળકન્યા સાથે આ પૃથ્વી પર ફરવા લાગ્યા. હે રાજા ! તેઓએ એક દિવસ એકાએક પુરંજનની નગરી ઘેરી લીધી. એ નગરી પૃથ્વીના સર્વ ભાગોથી ભરપૂર અને પેલા ઘરડા સર્પથી રક્ષાયેલી હતી. કાળકન્યાએ પુરંજનના હૃદયને બળાત્કારે ભોગવવા માંડયું કે, જેના પરાભવથી પુરુષ તરત જ નિ:સાર બને છે. એ કાળકન્યા તે નગરને ભોગવવા લાગી એટલે સર્વ યવનો પણ ચારે દિશાઓના દરવાજામાં થઈ એ નગરીમાં પેસી ગયા ને આખી નગરીને અત્યંત દુ:ખ દેવા લાગ્યા. એમ શહેર પીડાવા લાગ્યું એટલે તે ઉપરની મમતાના અભિમાનવાળો કુટુંબી પુરંજન એ મમતાથી વ્યાકુળ થઈ અનેક જાતના સંતાપ પામ્યો. પછી એ પુરંજનને પણ પેલી કાળકન્યા વળગી પડી એટલે તેની શોભા નાશ પામી; તેનું મન કેવળ વિષયરૂપ બન્યું અને બુદ્ધિ પણ નાશ પામી. પછી પેલા ગંધર્વો તથા યવનોએ બળાત્કારે તેનું ઐશ્વર્ય હરી લીધું. એ રીતે પોતાની નગરી છિન્નભિન્ન થઈ; પુત્ર, પૌત્રો, અનુચરો, અમાત્યો પ્રતિકૂળ થઈ અનાદર કરવા લાગ્યા; તેમ જ સ્ત્રી પણ સ્નેહ વિનાની થઈ પોતાનો આત્મા પેલી કાળકન્યાથી ઘેરાઈ ગયો અને પાંચાલ દેશ પણ શત્રુઓથી દૂષિત થયો. તે જોઈ પુરંજન દુરંત ચિંતા પામ્યો અને તેનો ઉપાય પણ તેને મળ્યો નહિ. આવો દીન થયેલો છતાં તે રાજા કાળકન્યાએ નિ:સાર કરેલા એવા પણ વિષયોની અભિલાષા રાખતો હતો અને પરલોકની ગતિથી તથા આ લોકના પુત્રાદિના સ્નેહથી રહિત થતાં પુત્રો તથા સ્ત્રીને લાડ લડાવતો હતો. પોતાની નગરી ગંધર્વો તથા યવનોથી દબાઈ ગઈ અને કાળકન્યાએ ભાંગી-તોડી નાખી, તેથી એ રાજા અનિચ્છાએ પણ નગરીને છોડવા તૈયાર થયો. એવામાં પેલા ભય નામના યવનરાજનો મોટો ભાઈ પ્રજ્વાર ત્યાં આવ્યો અને તેણે પોતાના ભાઈનું પ્રિય કરવાની ઈચ્છાથી પુરંજનની આખી નગરી બાળી ભસ્મ કરવા માંડી. એમ નગરી બળતી હતી, ત્યારે

નગરવાસીઓ અને પરિવારની સાથે (પ્રથમ) કુટુંબથી આનંદ કરનારા પુરંજન પુત્ર-પૌત્રાદિ સાથે સંતાપ કરવા લાગ્યો. નગરીનું રક્ષણ કરનાર પેલો નાગ પણ જ્યારે તે નગરી કાળકન્યા વડે ઘેરાઈ ગઈ ત્યારે પોતે પણ પ્રજવારથી પીડા પામી યવનોએ ઘેરી લીધેલા સ્થાનવાળો થઈ સંતાપ પામ્યો. તે આવી પડેલા મોટા સંકટથી અત્યંત ધ્રુજવા લાગ્યો અને પોતાનું કે નગરીનું રક્ષણ કરી શક્યો નહિ. પછી અગ્નિથી બળતા ઝાડના કોતરમાંથી જેમ સર્પ નાસવા ઇચ્છે છે તેમ ત્યાંથી નાસી જવા તેણે ઈચ્છા કરી. હે પ્રાચીનબર્હિષ રાજા ! તે સમયે પુરંજનના અવયવો જ્યારે શિથિલ થયા, ગંધર્વોએ તેનું સામર્થ્ય હરી લીધું અને શત્રુ યવનોએ તેને ઘેરી લીધો, ત્યારે તે ડરવા લાગ્યો. દીકરીઓ, પુત્ર, પૌત્રો, વહુઓ, જમાઈઓ, નોકરો અને માત્ર પોતાના તરીકે બાકી રહેલું બીજું જે કંઈ ઘર, ખજાનો તથા સરસામાન વગેરે હતું, તેના પરની અહંતામમતા સ્વીકારી ઘરમાં પડી રહેલો તે કુમતિ પુરંજન તે વેળા સ્ત્રી સાથે વિયોગ થવાનો પ્રસંગ આવ્યો, ત્યારે દીન બની આવો વિચાર કરવા લાગ્યો : "હું પરલોકમાં પ્રયાણ કરીશ ત્યારે અનાથ થયેલી મારી આ સ્ત્રી પોતાનાં બાળકોનો શોક કરતી શી રીતે જીવન ગાળશે ? મારે માટે તત્પર આ સ્ત્રી મેં ખાધું ન હોય તો ખાતી નથી, હું નાહ્યો ન હોઉં તો તે નાહતી નથી, હું ક્રોધાયમાન થયો હોઉં તે અત્યંત ત્રાસ પામે છે, અને હું તિરસ્કાર કરું છું, ત્યારે ભયથી મુંગી થાય છે. વળી કોઈ બાબતમાં અજાણ્યા મને સમજાવે છે અને કોઈ વેળા હું પરદેશ જાઉં છું ત્યારે શોકથી દૂબળી થાય છે. આવી આ સ્ત્રી ગૃહસ્થાશ્રમના આ માર્ગને ચલાવશે ? હા, તે વીર માતા છે, પુત્રોવાળી છે, તેથી જીવન ગાળી શકશે અથવા મારા વિરહને નહિ સહી શું મરી જશે ? આ મારા ગરીબ પુત્રો અને પુત્રીઓ હું પરલોકમાં જઈશ ત્યારે આધાર વિનાનાં થઈ સમુદ્રમાં ભાંગેલાં વહાણવાળાની પેઠે કેમ જીવશે ? એ રીતે પોતે શોક કરવાને અયોગ્ય હતો, છતાં દીન બુદ્ધિથી પુરંજન શોક કરતો હતો. તેવામાં તેને પકડી જવા જેણે નિશ્ચય કર્યો હતો, તે ભય નામનો યવનરાજ તેની પાસે આવી પહોંચ્યો. એટલે તરત જ યવનો તેને પશુની પેઠે(પકડી) પોતાના ઘર તરફ ઘસડવા લાગ્યા અને તેની પાછળ (જીવનારાં) તેનાં સંબંધીઓ પણ અત્યંત આતુર થઈ શોક કરતાં તેની પાછળ દોડવા લાગ્યા. વચનોથી ઘેરાયેલો પેલો નાગ પણ (પુરંજનની પાછળ) નગરી છોડી નાસી ગયો કે તરત જ એ નગરી વીખરાઈ જઈ પોતાના મૂળ કારણમાં મળી ગઈ. બીજી તરફ અત્યંત બળવાન પેલે યુવાન પુરંજનને બળાત્કારે ઘસડી જતો હતો. ત્યારે પણ તે રાજા અજ્ઞાનથી એટલે બધો ઘેરાયો હતો કે જેથી તેણે પોતાના પૂર્વમિત્રનું તે વેળા પણ સ્મરણ કર્યું નહિ. પછી એ નિર્દય રાજાએ પ્રથમ જે યજ્ઞપશુઓને યજ્ઞમાં વધ કર્યો હતો, તેઓ તેના એ પાપનું અથવા ક્રૂરતાનું સ્મરણ કરી ક્રોધે ભરાઈને તેને કુહાડીઓ વડે કાપવા લાગ્યા. તે પુરંજન સ્ત્રીના સંગથી દૂષિત થઈ અપાર અજ્ઞાનમાં એટલો ડૂબ્યો હતો કે જેથી તેની સ્મરણશકિત નાશ પામી અને અનંત વર્ષો સુધી તેણે નરકની પીડા ભોગવી. છતાં તે પોતાની એ સ્ત્રીનું જ મનમાં સ્મરણ કરતો હતો, જેથી વિદર્ભ દેશના રાજા રાજસિંહને ઘેર ઉત્તમ સ્ત્રી તરીકે તે અવતર્યો. એ વેળા તેમનું નામ 'વૈદર્ભી' રાખ્યું હતું. તેને 'જે અધિક પરાક્રમી હોય તેને પરણાવવી' એવા પરાક્રમરૂપી પણથી પરણાવવાનો ઠરાવ કર્યો હોવાથી શત્રુનાં નગરોને જીતનારો પાંડ્યદેશનો રાજા મલયધ્વજ યુદ્ધમાં સર્વ ક્ષત્રિયોને જીતી તે વૈદર્ભીને પરણ્યો. મલયધ્વજે તે વૈદર્ભીમાં શ્યામ નેત્રશાળી એક પુત્રી અને સાત પુત્રો ઉત્પન્ન કર્યા, જેઓ એ પુત્રી કરતાં

નાના હોઈ દ્રાવિડ દેશના રાજા થયા હતા. હે પ્રાચીનબર્હિષ રાજા ! તે એક એકને અબજ અબજ પુત્રો થયા હતા કે જેઓના વંશજો મન્વંતર સુધી અને મન્વંતર પછી પણ પૃથ્વીને ભોગવશે. સૌથી પ્રથમ થયેલી તે રાજાની વ્રતનિષ્ઠ પુત્રીને અગસ્ત્યઋષિ પરણ્યા કે જેમાં દઢચ્યુત નામે મુનિ થયો અને તે દઢચ્યુતથી ઈધ્મવાહ નામે પુત્ર થયો. પછી રાજર્ષિ મલયધ્વજે પુત્રોને પૃથ્વી વહેંચી આપી શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરવાની ઈચ્છાથી કુલાચલ પર્વત તરફ પ્રયાણ કર્યું, એટલે મદ કરાવનાર નેત્રવાળી વૈદર્ભી પણ ઘર, પુત્રો તથા ભૌગો છોડીને ચાંદની જેમ ચંદ્ર પાછળ જાય તેમ રાજા મલયધ્વજ પાછળ ચાલી નીકળી. મલયધ્વજ ત્યાં આવેલી ચંદ્રવસા, તામ્રપર્ણી અને વટોદકા નામની નદીઓનાં પવિત્ર જળથી નિત્ય બંને પ્રકારના (બાહ્ય તથા આભ્યંતર) મેલ ધોઈ નાખતો અને કંદ, બીજ, મૂળ, ફળ, પુષ્પો, પાંદડાં, ઘાસ તથા જળથી પોતાની આજીવિકા કરી ધીમે ધીમે શરીરને સૂકવનારું તપ કરવા લાગ્યો. વળી બધે સમદષ્ટિવાળો થઈ ટાઢ-તાપ, વાયુ-વરસાદ, ક્ષુધા–તૃષા, પ્રિય–અપ્રિય, સુખ અને દુઃખનાં જોડકાં સહન કરવા લાગ્યો. ઉપરાંત વિદ્યા તથા ઉપાસનાને લીધે કામક્રોધાદિ કષાયો જેના પરિપકવ થયા હતા, એવા તે રાજાએ ઈન્દ્રિયો, પ્રાણવાયુ તથા ચિત્તને જીતી મનને બ્રહ્મ વિષે જોડી દીધું. અને ઠૂંઠાની પેઠે સ્થિર રહી દેવતાઈ સો વર્ષો સુધી એક જ સ્થળે તેણે સ્થિતિ કરી એટલું જ નહિ, પણ ભગવાન વાસુદેવમાં તેણે એવી પ્રીતિ કરી કે જેથી સર્વ દેહાદિ પ્રપંચ તે ભૂલી ગયે. એમ વર્તતો તે રાજા કાર્યકારણસમુદાયમાં આત્મા વ્યાપકપણે રહેલો છે અને તે કાર્યકારણસમુદાયરૂપ શરીરથી જુદો જ છે; તેમ જ અંતઃકરણની વૃત્તિનો સાક્ષી પણ આત્મા જ છે. આત્માને લીધો જ અંતઃકરણની વૃત્તિ જડ હોવા છતાં પ્રકાશે છે.' એમ જાણી દેહાદિ સર્વ વિષયોથી વિરામ પામ્યો. તે તે વિષય ઉપરની સર્વ મમત્વ વાસનાઓથી મુક્ત થયો. જેમ સ્વપ્નાવસ્થામાં 'મારું આ મસ્તક કપાઈ ગયું,' એવું ભાન થાય છે, તો પણ પોતાને તેથી જુદો માને છે તેમ (એ રાજા જાગ્રત અવસ્થામાં પણ પોતાના આત્માને દેહાદિ કાર્યકારણથી જુદો માનવા લાગ્યો.) હે પ્રાચીનબર્હિષ રાજા ! સર્વના ગુરુ ભગવાન સાક્ષાત્ શ્રીહરિએ તે રાજાને વિશુદ્ધ જ્ઞાનદીપકનો ઉપદેશ કર્યો ને તે જ્ઞાનદીપક સર્વ તરફથી એવો પ્રકાશમાન હતો કે જેથી તે દ્વારા એ રાજા પરબ્રહ્મ વિષે પોતાના આત્માનાં દર્શન કરતો, પરબ્રહ્મને પોતાના આત્મામાં જોતો અને છેવટે તે દર્શન પણ છોડી આ સંસારથી વિરામ પામ્યો. પતિને પ્રેમથી માનનારી વૈદર્ભી પણ સર્વ ભોગો છોડી પ્રેમથી પરમ ધર્મજ્ઞ પતિ મલયધ્વજની સેવા કરતી હતી. તેણે ફાટેલાં-તૂટેલાં વસ્ત્ર પહેર્યા હતાં, વ્રતને લીધે તે દૂબળી થઈ હતી, તેના કેશ ગૂંચવાયેલા હતા અને શાંત અગ્નિની પાસે તેની શિખાની પેઠે પતિની પાસે તે શોભતી હતી. પોતાનો પ્રિય પતિ સંસારથી ઉપરામ (મરણ) પામ્યો હતો, તો પણ પૂર્વની પેઠે અત્યંત સ્થિર આસને હતો, તેથી તે (તેને મરણ પામેલ) જાણતી ન હતી અને પૂર્વની પેઠે જ પાસે બેસી તેની સેવા કરતી હતી. એમ સેવા કરતાં જ્યારે તેણે પતિચરણમાં ગરમી ન જોઈ, ત્યારે (આ તો મરણ પામ્યા છે એમ જાણી) ટોળામાંથી વિખૂટી પડેલી મૃગલીની પેઠે હૃદયમાં અત્યંત વ્યાકુળ થઈ. પતિરહિત તથા રંક થયેલી તે પતિનો શોક કરવા લાગી તેમ જ શોકનાં આંસુઓથી બંને સ્તનોને ભીજવતી જંગલમાં મોટે સાદે રડવા લાગી : 'હે રાજર્ષિ ! ઊઠો ઊઠો ! આ સમુદ્ર સુધીની પૃથ્વી ચોરો તથા અધાર્મિક ક્ષત્રિયોથી ત્રાસ પામી છે, તેનું રક્ષણ કરવા તમે યોગ્ય છો. એમ વિલાપ કરતી તે પતિપરાયણ બાળા

સ્વામીના ચરણમાં પડી રડવા લાગી ને અશ્રુધારા વહાવવા લાગી. ત્યાર પછી વિલાપ કરતાં કરતાં તેણે કાષ્ટની ચિતા રચી.' પતિના શરીરને તે ચિતામાં અગ્નિદાન આપી, પોતે પણ તેની પાછળ બળી મરવા વિચાર કર્યો. તેવામાં હે રાજા ! કોઈ અતિ પ્રાચીન આત્મજ્ઞાની બ્રાહ્મણ કે જે તેનો મિત્ર હતો, તે ત્યાં આવ્યો અને સુંદર સાંત્વનાવાળાં વચનથી તેને શાંત પાડતો કહેવા લાગ્યો.

**બ્રાહ્મણ બોલ્યા :** તું કોણ છે ? કોની પુત્રી છે ? જેનો તું શોક કરે છે, તે આ પૃથ્વી પર સૂતેલો કોણ છે ? તું મને ઓળખે છે ? હું તારો મિત્ર છું, જેની સાથે તે પૂર્વે ફરી હતી. હે મિત્ર ! તું કદાચ મને નહિ ઓળખે પણ 'મારો કોઈ મિત્ર કે જેનું નામ મારી જાણમાં નથી' એમ તારું પોતાનું સ્મરણ છે ને ? તું પૃથ્વીના ભોગોમાં આસકત થયો અને તેથી મને છોડી ભોગ ભોગવવાનું સ્થાન શોધતો ચાલ્યો ગયો હતો. હે આર્ય ! હું અને તું માનસરોવરમાં રહેનારા બે મિત્રહંસ હતા. આપણે હજાર વર્ષો સુધી ઘર વિના જ રહ્યા હતા, પણ હે બંધુ ! તને વિષયસુખની ઈચ્છા થઈ, તેથી તું મને છોડી પૃથ્વી પર ગયો અને ફરતાં ફરતાં તે કોઈ સ્ત્રીએ બનાવેલું વિષયભોગનું સ્થાન—એક નગર જોયું. એ નગરમાં પાંચ બગીચા, નવ દરવાજા, રક્ષણ કરનાર એક કોટવાળ, ત્રણ કોઠા, છ વેપારીઓ, પાંચ દુકાનો, પાંચ પ્રધાનો અને તેનો સ્વામી સ્ત્રી હતી. હે પ્રભો ! એ નગરના પાંચ બગીચાઓ તે પાંચ ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયો, નવ પ્રાણનાં છિદ્રો તે નવ દ્વાર, પ્રાણવાયુ તેનો રક્ષક, પૃથ્વી, જળ અને તેજ ત્રણ કોઠા, પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન, એ છ સર્વ ઈષ્ટ વિષયો પૂરા પાડનારા વેપારીઓ, પાંચ કર્મેન્દ્રિયો એ પાંચ દુકાનો અને પાંચ મહાભૂતો તે પાંચ પ્રધાનોએ શરીરનાં અવિનાશી મૂળ કારણો સમજ્યાં અને બુદ્ધિરૂપી સ્ત્રી એ નગરની સ્વામિની છે. એ શરીરરૂપી નગરીમાં દાખલ થયેલો પુરુષ (આત્મા) સ્વરૂપને જાણી શકતો નથી. હે પ્રભો! એ નગરમાં બુદ્ધિરૂપી સ્ત્રીએ તને વશ કર્યો અને તેની સાથે રમતાં તું તારા બ્રહ્મત્વની સ્મૃતિથી ભ્રષ્ટ થઈ તેના સંગથી જ આ અત્યંત પાપી દશા પામ્યો છે. તે વિદર્ભરાજાની પુત્રી નથી તેમ આ વીર (કે જે અહીં મૃત્યુવશ થયો છે તે) તારો પતિ નથી. પૂર્વે જે પુરંજનીએ નવ દ્વારવાળા શહેર (શરીર)માં તને જે પૂરી રાખ્યો હતો, તે તું તેનો પતિ પુરંજન પણ નથી. આ તો મેં સર્જેલી માયા છે કે જેને લીધે તું પોતાને પુરુષ અને સતી સ્ત્રી માને છે, પણ ખરી રીતે તે પુરુષ નથી કે સ્ત્રી પણ નથી; કેમ કે આપણે બંને શુદ્ધ જ છીએ. તું આપણા બંનેનું સ્વરૂપ (હું કહું છું તે) સાંભળ. હે જીવ ! હું તે જ તું છે, મારાથી જુદો નથી તથા તું તે જ હું છું તે તું લક્ષ્યમાં લે. વિવેકી વિદ્વાનો આપણાં બંનેમાં લેશમાત્ર ભેદ કદી જોતા નથી. જેમ પુરુષ પોતાના એક જ સ્વરૂપને દર્પણમાં નિર્મળ, મોટું અને સ્થિર જુએ છે અને બીજાનાં નેત્રમાં મલિન, નાનું ને ચંચળ જુએ છે; એમ પોતાના એક જ સ્વરૂપને બે પ્રકારનું જુએ છે, તેમ આપણા બંનેમાં પણ 'ધર્મભેદ' દેખાય છે. (ખરી રીતે આપણામાં ભેદ જ નથી.) એમ હૃદયરૂપી માનસરોવરમાં વસનાર ક્ષેત્રજ્ઞ (જીવ)ને હંસે (પરમાત્માએ) બોધ આપ્યો એટલે તે સ્વસ્થ થયો—સ્વરૂપમાં રહ્યો અને (ખૂબ વિચાર કરતાં) ઈશ્વરથી જુદો પડવાથી (વિષયાભિલાષાની બુદ્ધિ વડે) નાશ પામેલી પોતાની સ્મૃતિને એટલે "હું બ્રહ્મ છું' એવું જ્ઞાન ફરી પામ્યો. હે પ્રાચીનબર્હિષ રાજા ! આ (પુરંજનના આખ્યાનરૂપે) અધ્યાત્મજ્ઞાન જ મેં તમને પરોક્ષ રીતે દર્શાવ્યું છે (ખરી રીતે આ આખ્યાન એક રૂપક છે.) કેમ કે જગતનું કલ્યાણ કરનારા ભગવાનને પણ પરોક્ષ (રૂપકની રીતે આત્મજ્ઞાન ઉપદેશાય તે જ) પ્રિય છે. ૧-૬૪

बर्हिष्मन्नेतदध्यात्मं पारोक्ष्येण प्रदर्शितम् । यत्परोक्षप्रियो देवो भगवान्विश्वभावनः ॥६४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૮ સમાપ્ત.*

## અધ્યાય-૨૯

## પુરંજન આખ્યાનનો ઉપસંહારઃ સ્ત્રીસંગથી સંસાર અને ઈશ્વરસંગથી મોક્ષ

॥ प्राचीनबर्हिष् उवाच ॥

भगवँस्ते वचोऽस्माभिर्न सम्यगवबुध्यते । कवयस्तद्विजानन्ति न वयं कर्ममोहिताः ॥१॥

**પ્રાચીનબર્હિષ રાજાએ કહ્યું :** હે ભગવન્ ! તમારું વચન અમે સારી રીતે સમજી શકતા નથી. આવું પરોક્ષ વચન વિદ્વાન અધ્યાત્મવેત્તાઓ સમજે પણ અમે કર્મથી મોહિત થયેલા આ સમજી શકીએ નહિ.

**નારદજી બોલ્યા :** પૂર્વના આખ્યાનમાં મેં જે પુરંજન કહ્યો તેને તમારે જીવ જાણવો; કેમ કે તે જીવાત્મા પોતાના પુર(શરીર)ને પ્રકટ (ચેતન) કરે છે. કે જે શરીર એક, બે, ત્રણ, ચાર કે અનેક પગવાળું અથવા પગ વિનાનું પણ હોય છે. વળી તે આખ્યાનમાં જેનું નામ જાણવામાં ન હતું, તે જીવનો મિત્ર જે 'अविज्ञात' શબ્દથી કહેવાયો તેને જ ઈશ્વર જાણવો; કેમ કે પુરુષો તેને નામોથી, ક્રિયાઓથી કે ગુણોથી જાણી શકતા નથી. તે જીવાત્માને પ્રકૃતિના સમગ્ર ગુણો ગ્રહણ કરવાની ઈચ્છા થઈ, ત્યારે અનેક પ્રકારનાં શરીરોમાંથી નવ દ્વાર અને બે હાથપગવાળા મનુષ્યશરીરને તેણે શ્રેષ્ઠ માન્યું. એ આખ્યાનમાં જે સ્ત્રી કહી તેને બુદ્ધિ સમજવી, જેનો આશ્રય કરી જીવ આ શરીરમાં ઈન્દ્રિયો દ્વારા સર્વ વિષયો ભોગવે છે. એ બુદ્ધિરૂપ સ્ત્રીના જે મિત્રો કહ્યા તેને ઇન્દ્રિયો સમજવી, જેમાંની પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જીવને જ્ઞાન થાય છે અને પાંચ કર્મેન્દ્રિયોથી જીવ કર્મ કરે છે. બુદ્ધિરૂપ સ્ત્રીની જે સખીઓ કહી, તેને ઇન્દ્રિયોની વૃત્તિઓ સમજવી અને પાંચ મસ્તકવાળો જે સર્પ કહ્યો તેને પાંચ વૃત્તિઓવાળો પ્રાણવાયુ સમજવો. અગિયારમો જે મહાન યોદ્ધો સૌનો નાયક કહ્યો તેને ઘણા બળવાળું મન જાણવું; કેમ કે તે મન બંને પ્રકારની ઈન્દ્રિયોનો નાયક છે. પાંચાલ દેશ તે પાંચ વિષયો સમજવા. જેઓની મધ્યે નવ દ્વારવાળું આ શરીરરૂપી નગર રહ્યું છે બે નેત્ર, બે નાસિકા, બે કાન, મુખ, લિંગ અને ગુદા; એ નવ છિદ્રોને નવ દરવાજા સમજવા. તેમાંનાં બે નેત્ર, બે નાસિકા ને બે કાન એ એક પંક્તિમાં લગભગ પાસે છે અને બાકીનાં ત્રણ તે અલગ અલગ છે. એ નવ દ્વારમાં થઈ જીવ ઇન્દ્રિયોની સાથે વિષયપ્રદેશમાં જાય છે. એમાંનાં બે નેત્ર, બે નાસિકા ને મુખ એ પાંચ પૂર્વાભિમુખ છે. જમણો કાન દક્ષિણાભિમુખ છે અને ડાબો કાન ઉત્તરાભિમુખ છે. ગુદા તથા લિગ એ બે અધોદ્વાર હોઈ પશ્ચિમાભિમુખ કહેવાય છે. એમાં ખદ્યોતા અને આવિર્મુખી નામના બે દરવાજા કહ્યા તે બે નેત્ર સમજવાં, જેઓ એક પંક્તિએ રખાયાં છે. એ બે દ્વારા જીવ દ્યુમાન મિત્રચક્ષુઈન્દ્રિયની સાથે રહી વિભ્રાજિત દેશમાં જાય છે, એટલે રૂપવિષય ગ્રહણ કરે છે. નલિની ને નાલિની નામના બે દરવાજા તે બે નાસિકાઓ સમજવી. સૌરભ દેશ તે ગંધવિષય સમજવો અને ઘ્રાણેન્દ્રિય અવધૂત નામે મિત્ર સમજવો. મુખ તે મુખ્ય દરવાજો છે. વિપણ નામે મિત્ર તે વાગિન્દ્રિય અને રસવિત નામે મિત્ર તે રસનેન્દ્રિય જાણવી. આપણા નામનો દેશ તે વાગિન્દ્રિયનો વિષય વાણીનો વ્યાપાર સમજવો અને બહૂદન નામે દેશ તે રસનેન્દ્રિયનો વિષય વિવિધ અન્ન સમજવું. વળી પિતૃહૂ નામનો દરવાજો જમણો કાન અને દેવહૂ નામે દરવાજો તે ડાબો કાન સમજવો. દક્ષિણપંચાલ પ્રદેશ તે કર્મકાંડરૂપ પ્રવૃત્તિશાસ્ત્ર અને ઉત્તરપંચાલદેશ તે જ્ઞાનકાંડરૂપ નિવૃત્તિશાસ્ત્ર સમજવું. ત્યાં શ્રુતધર મિત્ર સાથે પિતૃયાન દેશમાં તથા દેવયાન દેશમાં જાય છે એમ કહ્યું; તેથી એમ સમજવું કે શ્રુતધર મિત્ર– શ્રવણેન્દ્રિય દ્વારા પ્રવૃત્તિશાસ્ત્ર સાંભળી તે દ્વારા કર્મો કરી પિતૃઓથી લાવેલ જીવ પિતૃયાનમાર્ગે

પિતૃલોકમાં જાય છે અને નિવૃત્તિશાસ્ત્ર સાંભળી તે દ્વારા ઉપાસના કરી દેવોથી બોલાવેલો (જીવ) દેવયાનમાર્ગે દેવલોકમાં જાય છે. વળી ત્યાં આસુરી નામનો દરવાજો કહ્યો તે અધોદ્વાર લિંગ સમજવું. તે દ્વારા (જીવ) ગ્રામક નામના દેશમાં જાય છે એટલે અજ્ઞાનીઓનું મૈથુનસુખ ભોગવે છે, એમ સમજવું. દુર્મદ નામનો મિત્ર કહ્યો તે ઉપસ્થ ઇન્દ્રિય સમજવી; તેમ જ નિઋતિ નામનો દરવાજો કહ્યો તેને ગુદાદ્વાર સમજવું. વૈશસ નામના દેશમાં જાય છે એટલે તે દ્વારા મળત્યાગ કરે છે. લુબ્ધ નામના મિત્ર સાથે એટલે પાયુઈન્દ્રિયની સાથે એમ સમજવું. વળી ત્યાં બે દરવાજા અંધ કહ્યા છે તે તમે સાંભળો. એ બે દરવાજા તે હાથ ને પગ સમજવા. એ બંને દ્વારા જીવ આવ—જા કરે છે અને કંઈ કામ કરે છે. જે અંતઃપુર કહ્યું તે હૃદય સમજવું. ત્યાં મુખ્ય સેવક કહ્યો તે મન કહેવાય છે. તે હૃદયમાં મનની સાથે રહેલો જીવ મનના તમસ, સત્ત્વ અને રજસ નામના ગુણોથી અનુક્રમે મોહ, પ્રસાદ ને હર્ષ પામે છે. જીવ જોકે પાસે રહી જોનારો જ છે તો પણ બુદ્ધિ સ્વપ્નાવસ્થામાં જેમ જેમ વિકાર પામે છે અને જાગ્રદવસ્થામાં વિકાર એટલે ઈન્દ્રિયોને પરિણામવાળી કરી તેઓ દ્વારા અનેક કર્મો કરાવે છે, તેમ તેમ જીવ પણ તે બુદ્ધિના ગુણોથી લેપાઈ તે બુદ્ધિની વૃત્તિઓ દર્શન, સ્પર્શન વગેરેનું બળાત્કારે (તે બુદ્ધિ વડે) અનુકરણ કરે છે— જીવે જ કર્યું છે એમ મનાવાય છે. તે સ્થળે સ્વપ્નાવસ્થાના શરીરને રથ સમજવો; ઇન્દ્રિયો તે રથને જોડેલા ઘોડા સમજવા અને વર્ષનો વેગ તે એ રથનો વેગ જાણવો. જોકે ખરી રીતે સ્વપ્નાવસ્થાના શરીરરૂપ રથને ગતિ નથી. પુણ્યપાપરૂપ કર્મ તે એ રથનાં બે પૈડાં સમજવાં, ત્રણ ગુણો તેની ધજાઓ સમજવી, પાંચ પ્રાણ એ રથનાં પાંચ બંધન જાણવા, મન એ રથની લગામ સમજવી, બુદ્ધિ એ રથનો સારથિ જાણવો, હૃદય એ રથની બેસણી જાણવી, સુખદુઃખ એ રથના ઊંટડા સમજવા, પાંચ ઈન્દ્રિયોના વિષયો એ રથમાં (ભરેલા) પદાર્થો જાણવા, સાત ધાતુઓ એ રથના સાત પડદાઓ જાણવા અને પાંચ કર્મેન્દ્રિયો એ રથના બાહ્ય ગતિપ્રકારો જાણવા. એ સ્વપ્નાવસ્થાના શરીરરૂપી રથનો અભિમાની થઈ પુરંજન (જીવ) મૃગયા કરવા લાગ્યો એટલે ઝાંઝવાનાં જળ જેવો સ્વપ્નના મિથ્યા વિષયો તરફ દોડે છે. વળી જે અગિયાર સૈનિકો કહ્યા તે અગિયાર ઈન્દ્રિયો સમજવી અને પાંચ ઈન્દ્રિયો વડે જાણે શિકાર કરતો હોય તેમ અન્યાયથી વિષયભોગ ભોગવે છે. વળી જે ચંડવેગ નામનો ગંધર્વરાજ કહ્યો તેને વર્ષ જાણવું, જેને લીધે કાળ જણાય છે. દિવસોને તે ગંધર્વરાજના ગંધર્વો અને રાત્રિઓને ગંધર્વસ્ત્રીઓ જાણવી, આ દિવસ અને રાત્રિઓ ત્રણસેં ને સાઠની સંખ્યામાં ભમી પુરંજન(જીવ)નું આયુષ્ય કરે છે. વળી જે કાળકન્યા કહી તે સાક્ષાત વૃદ્ધાવસ્થા જાણવી. તેને લોકો પસંદ કરતા નથી, એટલે યવનોના રાજા મૃત્યુએ જગતનો નાશ કરવા, તે વૃદ્ધાવસ્થાને પોતાની બહેન તરીકે સ્વીકારી. એ યવન રાજાના બધે ફરનારા સૈનિકો કહ્યા તે આધિન અને વ્યાધિ જાણવા; તેમ જ પ્રાણીઓને પીડા કરવામાં શીઘ્ર વેગવાળો યવન રાજાનો ભાઈ જે પ્રજવાર કહ્યો તે બે પ્રકારનો (ટાઢિયો ને ઊનિયો) તાવ સમજવો. એમ અનેક પ્રકારનાં આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખોથી પીડાતો જીવ અજ્ઞાનથી વીંટાઈ સો વર્ષ સુધી શરીરમાં રહે છે. પોતે નિર્ગુણ હોવા છતાં પ્રાણ, ઈન્દ્રિયો તથા મનના ધર્મોને પોતાનામાં આરોપી શુદ્ર કામવાસનાઓનું ધ્યાન કરતો 'મારું—હું' એવું મિથ્યાભિમાન કરી કર્મો કરે છે. પુરુષ (જીવાત્મા) પોતાનું જ સ્વરૂપ ભગવાન પરમગુરુને ન જાણી, પોતે દ્રષ્ટા છતાં પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે, ત્યારે પોતે પરાધીન બની ગુણો પર અભિમાની થઈને સાત્ત્વિક, તામસ કે રાજસ કર્મો કરે છે અને તે કર્મનુસાર જન્મ પામ્યા કરે છે. તેમાં સાત્ત્વિક કર્મથી કોઈ વખતે પુષ્કળ પ્રકાશવાળા લોકને, રાજસ કર્મથી કોઈ વેળા જેમાં ક્રિયા

કરવાથી ઘણો જ પરિશ્રમ પડે છે અને પરિણામે દુઃખ થાય છે તેવા લોકને અને તામસ કર્મથી કોઈ સમયે અજ્ઞાન તથા શોક જેમાં ઘણાં હોય છે તેવા લોકને પામે છે. એમ અજ્ઞાનથી અંધ બુદ્ધિવાળો જીવ કોઈ વખતે પુરુષરૂપે, કોઈ વખતે સ્ત્રીરૂપે અને કોઈ વખતે નપુંસકરૂપે જન્મે છે; અથવા કોઈ વેળા દેવ, મનુષ્ય કે તિર્યંચરૂપે જેવાં પોતાનાં કર્મ તે પ્રમાણે સંસાર પામે છે. જેમ ક્ષુધાથી ઘેરાયેલો કૂતરો રાંકડો થઈ ઘેરઘેર ભટકે છે અને પોતાના ભાગ્ય પ્રમાણે કોઈ સ્થળે લાકડીનો માર અને કોઈ સ્થળે અન્ન પામે છે; તેમ કામનાની વાસનાવાળો જીવ ઉચ્ચનીચ માર્ગ ઉપર નીચે કે મધ્યલોકમાં ભટકતો પોતાના ભાગ્યાનુસાર પ્રિય–અપ્રિય, સુખ–દુઃખ પામે છે. કદાચ તેને માટે કોઈ ઉપાય કરાય તોપણ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોમાંનાં કોઈ એકાદ દુઃખથી પણ જીવનો છુટકારો થતો જ નથી. એકાદ દુઃખ તો રહેવાનું જ. જેમ કોઈ પુરુષ માથા પર મોટો ભાર ઉપાડી જતો હોય, ત્યારે તે ભાર માથા ઉપર જ્યારે અસહ્ય લાગે, ત્યારે ત્યાંથી બદલી ખાંધ ઉપર ઉપાડે ' પણ તેમ કરવાથી તે ભાર ઓછો થતો નથી; તે જ પ્રમાણે દુઃખ દૂર કરવાના સર્વ ઉપાયો સંબંધી સમજવું. માટે હે નિર્દોષ રાજા ! જ્ઞાનરહિત એવું કેવળ (દુઃખ દૂર કરવા કરેલું) કર્મ, તે દુઃખજનક કર્મોને સમૂળગા વાસનાઓ સાથે કદી ટાળી શકાતું નથી, જેથી દુઃખને દૂર કરવાનો કોઈ ઉપાય જ નથી, કેમ કે દુઃખજનક કર્મ દૂર કરવા બીજું દુઃખ દૂર કરનારું જે કર્મ કરાય છે તે બંને એકંદર અવિદ્યાથી જ ઊપજેલાં હોઈ સમાન જ છે. પરસ્પર વિરોધ ન હોવાથી એક કર્મ બીજા કર્મને કદી દૂર કરી શકે જ નહિ; જેમ એક સ્વપ્નમાં આવેલું બીજું સ્વપ્ન પ્રથમના સ્વપ્નને દૂર કરતું નથી, માટે હરકોઈ સ્વપ્નને દૂર કરવા જાગવું જ જોઈએ, તેમ દુઃખજનક કર્મો દૂર કરવા કર્મ નહિ પણ જ્ઞાન જ જોઈએ. જ્ઞાન વિના કર્મની નિવૃત્તિ નથી. જેમ ઉપાધિરૂપ મન સાથે સ્વપ્નમાં વિચરતા પુરુષને (સ્વપ્નમાં જોયેલા વાઘ વગેરે પદાર્થો ખરી રીતે હોતા નથી, છતાં જાગ્યા વિના). તે સ્વપ્નમાં જોયેલા વાઘ વગેરેથી થયેલું દુઃખ દૂર થતું જ નથી, તેમ અજ્ઞાનથી થનાર આ સંસારરૂપ વસ્તુ છે જ નહિ; છતાં (જ્ઞાન વિના) તે સંસાર દૂર થતો નથી; માટે સર્વ પુરુષાર્થરૂપ આત્માને અજ્ઞાન અથવા મનથી અનર્થોની પરંપરારૂપ આ સંસાર થયો છે. તેથી નિવૃત્તિ સર્વના ગુરુ શ્રીવાસુદેવ ભગવાન વિષે પરમ ભક્તિ કરવાથી જ થાય છે. કેમ કે ભગવાન વાસુદેવ વિષે સારી રીતે યોજેલે ભક્તિયોગ વૈરાગ્ય તથા જ્ઞાન ઉત્પન્ન કરે છે. હે રાજર્ષિ પ્રાચીનબર્હિષ ! ભગવાન વિષેનો તે ભક્તિયોગ ભગવાનની કથાના આશ્રયવાળો છે—ભગવાનની કથા સાંભળવાથી જ તત્કાળ પ્રાપ્ત થાય છે, માટે જે પુરુષ ભગવત્કથાઓને નિત્ય શ્રદ્ધાપૂર્વક સાંભળે છે અને ભણે છે તેને એ ભક્તિયોગ જલદી પ્રાપ્ત થાય છે. હે રાજન્ ! જ્યાં ભગવાનના ગુણો કહેવા અને સાંભળવામાં તત્પર ચિત્તવાળા અને તેથી જ નિર્મળ આશયવાળા ભગવાનના ભક્ત સત્પુરુષો વસે છે ત્યાં મહાપુરુષોના મુખમાંથી નીકળતી ભગવાનના ચરિત્રરૂપ અમૃતની જ નદીઓ ચોતરફથી વહે છે. હે રાજા ! જે પુરુષો એ નદીઓને અત્યંત અતૃપ્ત થઈ સાવધ કરેલા કાનથી પીએ છે, તે પુરુષોને ભૂખ, તરસ, ભય, શોક તથા મોહ અડકી શકતો નથી, તો પીડા તો ક્યાંથી જ કરી શકે ? આ જીવલોક સ્વભાવ વડે ઉત્પન્ન થનાર એ ભૂખ તરસ વગેરેથી નિત્ય પીડાય છે અને તેથી જ શ્રીહરિની કથારૂપ સુધાસાગરમાં પ્રીતિ કરતો નથી. પ્રજાપતિઓના પતિ સાક્ષાત્ બ્રહ્મા, ભગવાન શંકર, મનુ, દક્ષ વગેરે પ્રજાધ્યક્ષો, સનકાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ અને હું (નારદ) સુદ્ધાં અને સર્વે બ્રહ્મવાદી અને વાણીના સ્વામી હોઈ તપ, વિદ્યા તથા સમાધિરૂપ ઉપાયોથી પરમેશ્વરને શોધીએ છીએ; છતાં સર્વના સાક્ષી તે પરમેશ્વરનો

સાક્ષાત્કાર કરી શકતા નથી, કેમ કે મોટા વિસ્તારવાળા દુષ્પાર શબ્દબ્રહ્મ(વેદ)માં વિચરનારાઓ પણ મંત્રોએ પ્રતિપાદન કરેલાં ચિહ્નો વડે અમુક આકૃતિથી મપાયેલા જ ઇન્દ્રાદિ દેવોના સ્વરૂપને (તે તે કર્મના આગ્રહથી) ભજે છે, પણ તે સર્વથી પર એવા પરમેશ્વરને જાણી શકતા નથી; પરંતુ જ્યારે મનન કરેલા તે ભગવાન જ જેના પર કૃપા કરે છે, તે પુરુષ તો તે જ સમયે લોકના વ્યવહારમાં તથા વેદના કર્મમાર્ગમાં એકનિષ્ઠ થયેલી બુદ્ધિને તજે છે. માટે હે પ્રાચીનબર્હિષ રાજા! કેવળ અજ્ઞાનને લીધે જ સાચાં જણાતાં વૈદિક કર્મોમાં તમે સત્યદૃષ્ટિ ન કરો; કેમ કે કર્મો માત્ર કાનને જ પ્રીતિ ઉપજાવનારાં છે, પણ પર વસ્તુ(બ્રહ્મ)નો સાક્ષાત્કાર કરાવતાં નથી. જે મલિન બુદ્ધિવાળા પુરુષો વેદને કર્મપરાયણ કહે છે, તેઓ વેદના રહસ્યને જાણતા જ નથી; કેમ કે તેઓ ભગવાન જનાર્દન જેમાં બિરાજે છે, તે પોતાના આત્મસ્વરૂપને વેદના તાત્પર્યવાળું સમજતા નથી. વેદો કેવળ આત્મસ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે એમ જાણતા નથી. એ જ પ્રમાણે તમે પણ પૂર્વાગ્ર દર્ભોથી આખી ભૂમિ પાથરીને અનેક પશુઓનો સંહાર કરી ‘હું જ યજ્ઞો કરનારો છું.’ આવા અભિમાનવાળા થઈ વિનયરહિત થયા છો, પણ કર્મ અને જ્ઞાનનું સ્વરૂપ શું છે તે સમજતા નથી. કર્મ તે જ કહેવાય કે જેથી શ્રીહરિ પ્રસન્ન થાય અને જ્ઞાન તે જ કહેવાય કે જેને લીધે શ્રીહરિ વિષે બુદ્ધિ સ્થિર થાય; કેમ કે શ્રીહરિ પોતે જ પ્રાણીમાત્રના આત્મા, સર્વનું મૂળ કારણ અને ઈશ્વર છે; માટે શ્રીહરિનું ચરણમૂળ એ જ સર્વનું શરણ છે, જેથી આ સંસારમાં મનુષ્યોનું કલ્યાણ થાય છે. વળી તે જ ભગવાન સર્વના અત્યંત પ્રિય આત્મા હોઈ, તેમનું શરણ લેવાથી લેશમાત્ર ભય થતો નથી; એમ જે જાણે છે તે જ વિદ્વાન છે. ‘આવો વિદ્વાન તે જ ગુરુ અને શ્રીહરિ છે.’

**નારદજી બોલ્યા :** હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા! એ પ્રમાણે તમે જે પ્રશ્ન કર્યો હતો, તેનો ઉત્તર મેં તમને આપ્યો. હવે આમાં અત્યંત નિશ્ચય કરેલો ગુપ્ત ઉપાય હું તમને કહું છું તે સાંભળો. એક મૃગ પુષ્પોના બગીચામાં નાના નાના કૂણાં અંકુરોનો ચારો ચરે છે, ત્યાં તે પોતાની સ્ત્રી સાથે મળી તેનામાં આસક્ત થયો છે, ભમરાઓના ગુંજારવરૂપી ગાયનમાં તેના કાન લોભાય છે, તેની આગળ બીજાઓના પ્રાણ લઈ પોતાના પ્રાણ તૃપ્ત કરનારાં વરુ ઊભા છે, તેઓને ન ગણકારી તે જઈ રહ્યો છે અને પાછળના ભાગમાં શિકારીના બાણથી તે વીંધાયો છે. આવા મૃગને શોધી કાઢો. (નારદજીએ એમ મૃગને શોધી કાઢવા કહ્યું, પણ રાજા કંઈ સમજ્યો નહિ એટલે નારદજી પોતે જ એ મૃગ કોણ તે સમજાવે છે :) અહો! હે રાજન્! તમે તેમને પોતાને (જ એ મૃગરૂપે) જોવાને યોગ્ય છો. જુઓ, પુષ્પો જેવા ધર્મવાળી અને પરિણામે નીરસ એવી સ્ત્રીઓના શરણરૂપ આ ઘરરૂપી આશ્રમમાં પુષ્પના મધુ અને સુગંધના જેવું અત્યંત ક્ષુદ્ર અને કામ્યકર્મના ફળરૂપ એવી જીભ તથા ઉપસ્થ ઇન્દ્રિયનું અલ્પ કામસુખ તમે શોધ્યા કરો છો. સ્ત્રીઓની સાથે રહેવાથી તમારું મન તે સ્ત્રીઓમાં અતિ આસકત રહે છે. તમારા કાન ભમરાઓના ગુંજારવના ગાયન જેવા અત્યંત મનોહર, સ્ત્રી આદિ સ્વજનોના ભાષણમાં અતિશય લાલચુ છે, તમારી આગળ વરુનાં ટોળાંની પેઠે તમારું આયુષ્ય લઈ લેતા દિવસ અને રાત્રિ સુધીના કાળના અનેક સૂક્ષ્મ અંશોને ન ગણકારી તમે ઘરમાં રમો છો; તેમ જ તમે ન દેખો તેમ તમારી પાછળ જ લાગેલો મૃત્યુરૂપી શિકારી પોતાના ગુપ્ત બાણ વડે દૂરથી જ તમને વીંધી નાખવાની તૈયારીમાં છે. એ રીતે જેનું હૃદય કાળે ચીરી નાખ્યું છે એવા પોતાને જ તમે જોવાને યોગ્ય છો. એમ તમારી મૃગના જેવી સ્થિતિ વિચારી તમે તમારા ચિત્તને હૃદયમાં લીન કરો. પછી બંને કાનમાં નદીની પેઠે વહેતી બાહ્ય વૃત્તિઓને ચિત્ત વિષે લીન કરો.

પછી અત્યંત કામી મનુષ્યોનાં ટોળાંની જેમાં વાતો હોય છે તેવા સ્ત્રીના આશયરૂપ ગૃહસ્થાશ્રમને છોડી દો અને (તે છોડી) સર્વ જીવોના શરણરૂપ ઈશ્વરને પ્રસન્ન કરો. આમ અનુક્રમે સંસારથી વિરામ પામો.

**પ્રાચીનબર્હિષ રાજાએ કહ્યું :** હે બ્રહ્મન્ ! આપે જે કહ્યું તે મેં સાંભળ્યું અને વિચાર્યું. આપે ઉપદેશેલું આ આત્મતત્ત્વ (મને કર્મનો ઉપદેશ કરનારા) ઉપાધ્યાયો જાણતા જ નથી; કેમ કે તેઓ જો જાણતા હોય તો મને કેમ ન કહે ? હે બ્રાહ્મણ નારદ ! આ વિષયમાં એ ઉપાધ્યાયે જ કરેલો મારો મોટો સંશય આપે દુર કર્યો છે; તોપણ હજી આ વિષયમાં મને સંશય છે કે જેમાં ઇન્દ્રિયોની વૃત્તિઓ પહોંચી શકતી નથી અને તેથી જ ઋષિઓ પણ મૂંઝાય છે. (તે સંશય આ છે :) પુરુષ જે શરીરથી કર્મો કરે છે, તેને આ લોકમાં જ છોડીને પરલોકમાં બીજા શરીરથી તે કર્મોનાં ફળ ભોગવે છે. એમ વેદવેત્તાઓ કહે છે અને સ્થળે સ્થળે તેવું કહેલું સંભળાય છે. વળી (આ બીજો સંશય છે) વેદમાં કહેલું જે કર્મ કરાય છે, તે તો કર્યા પછી તરત જ પરોક્ષ એટલે અદશ્ય થાય છે, તેથી તે દેખાતું નથી.

**નારદજી બોલ્યા :** પુરુષ જે શરીરથી (સૂક્ષ્મ શરીરથી) કર્મ આરંભે છે, તે(સૂક્ષ્મ દેહ)થી તે કર્મના ફળ પરલોકમાં ભોગવે છે, કેમ કે જે મનઃપ્રધાન સૂક્ષ્મ દેહથી પોતે કર્મ કરે છે, તે જ વ્યવધાનરહિત સૂક્ષ્મ દેહથી યુકત હોઈ (પરલોકમાં) કર્મનાં ફળ ભોગવે છે; અર્થાત્ સ્થૂલ દેહ કર્મ કરવામાં સાધન નથી, પણ મનઃપ્રધાન સૂક્ષ્મ દેહ જ કર્મ કરવામાં સાધન છે. સ્થૂલ દેહનો નાશ થાય છે તો પણ સૂક્ષ્મ દેહનો નાશ થતો નથી, જેથી પરલોકમાં પણ તે સૂક્ષ્મ દેહ તો સાથે જ હોઈ, જીવ તે એક જ શરીરથી કર્મ કરે છે ને ફળ ભોગવે છે. જેમ પુરુષ સૂતેલું અને શ્વાસોચ્છવાસ લેતું જીવતું સ્થૂલ શરીર છોડી (સ્વપ્નાવસ્થામાં) એ સૂતેલા (સ્થૂલશરીર) જેવા બીજા શરીરથી અથવા પશુ વગેરેના શરીરથી યુક્ત થઈ મનની અંદર સંસ્કારરૂપે રહેલાં કર્મ ભોગવે છે, તેમ પરલોકની અંદર પણ (એ સ્વપ્નાવસ્થાની પેઠે) પ્રાપ્ત થયેલા બીજા શરીરથી યુકત થઈ મનની અંદર સંસ્કારરૂપે પ્રાપ્ત થયેલાં કર્મ ભોગવે છે; અર્થાત્ સ્વપ્નાવસ્થાની પેઠે સૂક્ષ્મ દેહવાળો જીવ જ કર્મનો કર્તા છે અને તે કર્મના ફળનો ભોકતા છે. સ્થૂલદેહનો કર્મ સાથે કંઈ પણ સંબંધ નથી; માટે તમે પ્રથમ સંશય કરી જે દોષ દર્શાવ્યો, તેનો પ્રસંગ જ નથી. વળી 'આ મારા પુત્રો છે, આ હું અમુક જાતિનો છું' એમ કહી પુરુષ પોતાના મન વડે જે જે શરીર (પોતાના તરીકે) લે છે, તે તે શરીરથી કર્મ પણ (મનથી જ) ગ્રહણ કરે છે (કે મેં આ અમુક કર્મ કર્યું.) જે અહંકારથી સ્વીકારેલાં તે કર્મને લીધે જ (તેને) પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. (એ રીતે પહેલો સંશય દૂર કરી બીજો સંશય દૂર કરે છે.) જેમ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ બંને પ્રકારની ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાં (સંબંધવાળી છતાં) એકીસાથે પ્રવૃત્તિ કરી શકતી નથી (તે તે વિષયનું જ્ઞાન ઉપજાવી શકતી નથી, પણ કોઈ કોઈ સમયે પ્રાસંગિક જ્ઞાન ઉપજાવે છે), તે ઉપરથી અનુમાન થાય છે કે તે સર્વ ઈન્દ્રિયોનું નિયમન કરનાર 'ચિત્ત' નામે કોઈ પદાર્થ છે, તે જ પ્રમાણે ચિત્તની વૃત્તિઓ પણ એકીસાથે પોતાનું કાર્ય કરવા પ્રવૃત્ત થઈ શકતી નથી. તેથી અનુમાન થાય છે કે તે ચિત્તવૃત્તિઓનું પણ નિયમન કરનાર પૂર્વજન્મના દેહનું (પુણ્યપાપરૂપ) કર્મ હોવું જોઈએ. (આમ અનુમાનથી સિદ્ધ થાય છે કે પૂર્વજન્મના શરીરથી કરેલું કર્મ નાશ પામતું નથી પણ રહે છે.) વળી જીવે આ વર્તમાન શરીરે જેવા રૂપવાળી અને જેવા આકારની વસ્તુ કદી અનુભવી નથી, જોઈ નથી અને સાંભળી પણ નથી, તે વસ્તુ પણ કોઈ વખતે સ્વપ્ન કે મનોરથ વગેરેમાં મનની અંદર સ્ફુરે છે. તે ઉપરથી હે રાજા! તમે નિશ્ચય માનો કે વાસનામય સૂક્ષ્મદેહવાળા જીવને આ (વર્તમાન) શરીરથી થતો વસ્તુનો અનુભવ પૂર્વજન્મના શરીરમાં થયેલો હોવો જ જોઈએ; કારણ કે જે વસ્તુનો કદી

અનુભવ જ થયો ન હોય તે વસ્તુ મનમાં કદી આવવી જ ન જોઈએ. (આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે) પૂર્વજન્મમાં કરેલું કર્મ નાશ પામતું નથી પણ સૂક્ષ્મદેહમાં વાસનારૂપે રહે જ છે. હે રાજા ! તમારું કલ્યાણ થાઓ. મનુષ્યનું મન જ તેના પૂર્વજન્મમાં અને ભવિષ્યજન્મનાં સ્વરૂપો કહે છે તથા ભવિષ્યમાં નીચપણું પામનારનાં રૂપોને પણ જણાવે છે. આ વર્તમાન જન્મમાં કોઈ વખતે સ્વપ્નાદિ અવસ્થામાં પૂર્વજન્મમાં કદી ન જોવા યોગ્ય અને ન સાંભળવા યોગ્ય પણ મનમા સ્ફુરેલું દેખાય છે; (તેનું કેમ ? એ શંકાનું સમાધાન છે.) તે તો દેશ, કાળ ને ક્રિયાને આધારે (જે જોયું હોય તે જ નિદ્રા આદિ દોષને લીધે) તેમ દેખાય છે. (કદાચ કોઈ કહે કે કોઈ વેળા પોતે દરિદ્ર હોવા છતાં (સ્વપ્નમાં) પોતાને મહારાજા થયેલો જુએ છે અને પોતે રાજા હોવા છતાં રંક થયેલો જુએ છે, તો તેવું અસંભવિત કેમ જુએ છે તે માટે કહે છે :) ઈન્દ્રિયોના વિષયરૂપ સર્વ પદાર્થો અનુક્રમે અથવા સમૂહરૂપે મનની અંદર (ભોગ્યપણે) આવે છે અને (ભોગવાઈ) પાછા ચાલ્યા જાય છે, કેમ કે સર્વ મનુષ્યો મનવાળાં છે, (અને મનની અંદર સર્વ પદાર્થો દાખલ થતા જ રહે છે, તો કોઈએ કોઈ પદાર્થ કદી ન જોયો હોય તેમ છે જ નહિ.) જે સમયે મન સત્ત્વગુણમાં રહી ભગવાનની સમીપ હોય, ત્યારે આ સમસ્ત જગત (મનમાં) જાણે જોડાયું હોય તેમ પ્રત્યક્ષ પ્રકાશે છે. જેમ રાહુ ગ્રહ બીજા સમયે દેખાતો નથી, પણ ગ્રહણ સમયે ચંદ્ર વિષે દેખાય છે. જીવમાં 'હું—મારું'' એ જે ભાવ છે અર્થાત્ મમતા આદિ સ્થૂલદેહ સાથેનો જે સંબંધ દેખાય છે, તે જીવને જ્યાં સુધી બુદ્ધિ, મન, ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયો એ ગુણકાર્યરૂપ અનાદિ સૂક્ષ્મ દેહ સાથેનો સંબંધ હોય છે, ત્યાં સુધી દૂર થતો નથી. સુષુપ્તિ અવસ્થામાં, મૂર્ચ્છામાં પ્રિયજનના વિયોગાદિથી થનારા દુઃખમાં, મૃત્યુવેળા અને તાવના અત્યંત આવેશમાં ઈન્દ્રિયો વ્યાકુળ થતી હોવાથી જ (જીવને) 'હું' એવું (અહંકાર) જ્ઞાન સ્ફુરતું નથી, તેમ જ ગર્ભાવસ્થામાં અને બાલ્યાવસ્થામાં પણ ઈન્દ્રિયોની અસંપૂર્ણતાને લીધે જ જેવો યુવાવસ્થામાં દેખાય છે, તેવો અગિયાર ઈન્દ્રિયોરૂપ સૂક્ષ્મ દેહ (અહંકાર) સ્પષ્ટ જણાતો નથી. (તોપણ તે તે અવસ્થામાં અધ્યાસ તો છે જ.) જેમ અમાસના દિવસે ચંદ્રનું સ્વરૂપ દેખાતું નથી તેમ, પણ ખરી રીતે અમાસ દિવસે પણ ચંદ્ર તો હોય જ છે, છતાં અપૂર્ણતાને લીધે દેખાતો નથી. તેમ ગર્ભ—બાલ્યાદિ અવસ્થાઓમાં લિંગદેહ તો હોય જ છે, પરંતુ તે અવસ્થાઓમાં ઈન્દ્રિયોની અપૂર્ણતાથી સ્પષ્ટ જણાતો નથી. (એમ કોઈ પણ અવસ્થામાં લિંગદેહ કદી દૂર થતો નથી, તેથી જ) વસ્તુતઃ આ સંસાર એ વાસ્તવિકરૂપે કંઈ જ નથી, છેક જ મિથ્યા છે; છતાં જેમ સ્વપ્નાવસ્થામાં પોતાનું મસ્તક કપાવું વગેરે કંઈ હોતું નથી, છતાં તે અનર્થની પ્રાપ્તિ (એ લિંગદેહને લીધે જ) થાય છે, તે જ રીતે આ સંસારનું દૂર થવું (એ લિંગદેહ હોવાથી) થતું નથી. એમ પાંચ તન્માત્રાઓ રૂપ, ત્રણ ગુણોવાળું અને સોળ વિકારોરૂપે વિસ્તાર પામેલું, એ સૂક્ષ્મ શરીર જ્યારે ચેતનાથી યુક્ત થાય છે ત્યારે 'જીવન' એવા નામથી કહેવાય છે. આ સુક્ષ્મ દેહને લીધે જ જીવ જાતજાતના દેહ(સ્થુલ દેહો) ધારણ કરે છે અને છોડે છે; તેમ જ હર્ષ, શોક, ભય, દુઃખ તથા સુખ પણ આ સૂક્ષ્મ દેહને લીધે જ જીવ પામે છે. જેમ ખડમાંકડી જ્યાં સુધી બીજા તણખલાને પકડી લેતી નથી, ત્યાં સુધી પહેલાને છોડતી નથી, એવી જ રીતે મરણકાળ આવતાં જીવ જ્યાં સુધી વર્તમાન શરીરને ટકાવી રાખનાર કર્મોની સમાપ્તિ થઈને બીજો દેહ પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી પૂર્વ દેહના અભિમાનને છોડતો નથી. એ રીતે હે મનુષ્યોના ઈન્દ્ર ! મન એ જ પ્રાણીઓને સંસારનું કારણ છે. જ્યારે જીવ ઈન્દ્રિયો દ્વારા ભોગવેલા વિષયોનું ધ્યાન કરતો વારંવાર કર્મો કરે છે, ત્યારે તે તે કર્મો અને અવિદ્યાનું અસ્તિત્વ હોવાથી તે તે (જીવને) દેહાદિના કર્મમાં બંધન થાય છે. માટે તમે તે કર્મ તથા

અવિદ્યાના બંધનને દૂર કરવા આ સર્વ જગતને શ્રીહરિરૂપ જોતાં સર્વ પ્રકારે તે શ્રીહરિનું ભજન કરો, જે શ્રીહરિથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે.''

**મૈત્રેય બોલ્યા :** ભગવદ્ભકતોમાં મુખ્ય ભગવાન નારદ એ રીતે પ્રાચીનબર્હિષ રાજાને જીવ તથા ઈશ્વરનું સ્વરૂપ દર્શાવી તે રાજાની સંમતિ લઈ ત્યાંથી સિદ્ધલોકમાં પધાર્યા. એટલે રાજર્ષિ પ્રાચીનબર્હિષ પણ પ્રજાસૃષ્ટિ તથા જગતની રક્ષા કરવાની પોતાના પુત્રોને (આપવાની) આજ્ઞા (મંત્રીઓને) આપી, પોતે તપ કરવા કપિલ ઋષિના આશ્રમમાં ગયા. ત્યાં જઈને તે વીર રાજાએ મનને એકાગ્ર કરી સર્વ સંગ છોડી ભગવાન ગોવિંદના ચરણકમળનું ભજન કરવા માંડયું અને અંતે ભકિતના પ્રભાવ વડે ભગવાનનું સમાનપણું (મોક્ષ) પામ્યા. હે નિર્દોષ (વિદુર)! જે પુરુષ દેવર્ષિ નારદે ઉપદેશેલું. આ આધ્યાત્મિક આખ્યાન બીજાને સંભળાવે છે અને પોતે સાંભળે છે, તે સૂક્ષ્મ દેહથી મુકત થાય છે. આ આખ્યાન ભગવાનના યશથી જગતને પવિત્ર કરનારું અને દેવર્ષિઓમાં શ્રેષ્ઠ મુનિ નારદજીના મુખે નીકળેલું હોઈ મનને શુદ્ધ કરનારું છે અને સર્વોત્કૃષ્ટ ફળ આપનારું છે. તેને બીજાઓથી કીર્તન કરાતું જે સાંભળે છે, તે બધાં બંધનોથી મુક્ત થઈ આ સંસારમાં ભમતો નથી. (મુક્ત થાય છે.) મેં પણ આ અદ્ભુત આધ્યાત્મિક આખ્યાન (ગુરુકૃપાથી) જાણ્યું છે અને તમને કહ્યું છે. આ શ્રવણકીર્તન કરવાથી પુરુષનો બુદ્ધિરૂપ સ્ત્રીથી યુકત આશ્રમ—અહંકાર નાશ પામે છે અને પરલોકનો સંશય પણ દૂર થાય છે.૧-૮૫

अध्यात्मपारोक्ष्यमिदं मयाऽधिगतमद्भुतम् । एवं स्त्रियाश्रमः पुंसश्छिन्नोऽमुत्र च संशयः ॥८५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૨૯ સમાપ્ત.*

## અધ્યાય-૩૦

## પ્રચેતાઓનું વૃક્ષકન્યા સાથે લગ્ન અને રાજ્યશાસન

॥ विदूर उवाच ॥

ये त्वयाभिहिता ब्रह्मन् सुताः प्राचीनबर्हिषः । ते रुद्रगीतेन हरिं सिद्धिमापुः प्रतोष्य काम् ॥१॥

**વિદુરજીએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! પ્રાચીનબર્હિષ્‌ના પુત્રો જે તમે કહ્યા, તેઓ રુદ્રગીત વડે શ્રીહરિને પ્રસન્ન કરી કઈ સિદ્ધિ પામ્યા ? હે બૃહસ્પતિના શિષ્ય મૈત્રેય! તે પ્રચેતાઓ દૈવચ્છાએ શ્રીશંકરદેવને પામી ભગવાન ઉપર પ્રીતિવાળા તે શંકરના કૃપાપાત્ર થઈ મોક્ષ તો અવશ્ય પામ્યા જ હશે. પણ મોક્ષપ્રાપ્તિ પહેલાં આ લોકમાં તથા પરલોકમાં તેઓએ શું પ્રાપ્ત કર્યું હતું ?

**મૈત્રેય બોલ્યા :** પિતાની આજ્ઞા પાળનારા તે પ્રચેતાઓએ સમુદ્રમાં પ્રવેશ કરી રુદ્રગીતના જપરૂપી તપ વડે શ્રીહરિને પ્રસન્ન કર્યા. (તપ) કરતા દશહજાર વર્ષ ગયાં તે પછી સનાતન પુરુષ (ભગવાન) પોતાની કાંતિ વડે તેઓનું દુઃખ શાંત કરતા શુદ્ધ સત્ત્વગુણ સ્વરૂપે પ્રગટ થયા. તે વેળા મેઘ જેમ મેરુ પર્વતના શિખર ઉપર ચડે તેમ શ્રીભગવાન ગરુડની પીઠ ઉપર બિરાજ્યા હતા. તેણે પીળું પીતાંબર પહેર્યું. હતું, કંઠમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો હતો અને સર્વ દિશાઓને (તેજથી) પ્રકાશમાન કરતા હતા. તેમના ગાલ અને મુખ સુવર્ણનાં અને રત્નજડિત આભૂષણોના રંગબેરંગી ઝળહળતા ને ચળકાટથી પ્રકાશતાં હતાં. (મસ્તકે) મુકુટ શોભી રહ્યો હતો, (આઠ ભુજાઓમાં) આઠ હથિયારો તેમણે ધારણ કર્યા હતાં, મુનિઓ તથા દેવોના ઈંદ્રો તેમને સેવતા હતા અને ગરુડરૂપી ગંધર્વ(પાંખોના શબ્દ વડે) તેમની કીતિ ગાતો હતો. વળી તે આદિપુરુષ પુષ્ટ અને લાંબી આઠ ભુજાઓની વચ્ચે બિરાજતાં લક્ષ્મીદેવીની

સાથે જેની શોભા સ્પર્ધા કરતી હતી, એવી વનમાળાથી વીટાયેલા હતા અને કૃપાપૂર્વક જોતા હતા. તેમણે શરણાગત તે પ્રાચીનબર્હિષ ના પુત્રોને મેઘગર્જનાના જેવી ગંભીર વાણી વડે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજપુત્રો ! તમારું કલ્યાણ થાઓ. તમે મારી પાસેથી વર માગો. તમે (પરસ્પર) સ્નેહથી કેવળ મારું જ આરાધન કરો છો. તેથી તમારા એ સ્નેહ વડે હું પ્રસન્ન થયો છું, જે મનુષ્ય હમેશાં સંધ્યા સમયે તમારું સ્મરણ કરશે, તેને પોતાના આત્મા ઉપર જેવી પ્રીતિ છે એવી પોતાના ભાઈઓ પર અને પ્રાણીમાત્ર ઉપર થશે. વળી જે સવારે ને સાંજે એકાગ્રચિત થઈ રુદ્રગીત વડે મારી સ્તુતિ કરશે, તેઓને હું અનેક ઈષ્ટ વરો તથા ઉત્તમ બુદ્ધિ આપીશ. વળી તમોએ પિતાની આજ્ઞાને હર્ષપૂર્વક સ્વીકારી છે, તેથી તમારી સુંદર કીર્તિ લોકોમાં ફેલાશે. તેમ જ તમને એક પ્રખ્યાત પુત્ર થશે કે જે ગુણો વડે બ્રહ્માથી ન ઊતરે તેવો થઈ, પોતાનાં સંતાનો વડે ત્રણે લોકને પૂર્ણ કરશે. હે રાજપુત્રો ! પ્રમ્લોચા નામની એક અપ્સરાએ કંડુઋષિથી કમળ જેવાં નેત્રોવાળી કન્યા પ્રાપ્ત કરી હતી, જેને તે અપ્સરાએ તજી હોઈ વૃક્ષોએ સ્વીકારી હતી. એ કન્યા ભૂખથી દૂબળી થઈ રડવા લાગી. ત્યારે (વનસ્પતિઓના) રાજા ચંદ્રમાએ દયાળુ થઈ અમૃત વરસાવતી અંગૂઠા પાસેની આંગળી તેના મુખમાં આપી હતી. મારા ભકત તમારા પિતાએ પ્રજા ઉત્પન્ન કરવા તમને આજ્ઞા આપી છે; માટે પ્રજાસૃષ્ટિના નિમિત્તે તમે તે સુંદર કન્યાને જલદી પરણો. તમે બધા એક જ ધર્મ પાળનારા ને સમાન સ્વભાવવાળા છો અને એ સુંદરી પણ તમારી પેઠે એક જ ધર્મ પાળનારી ને સમાન સ્વભાવવાળી છે, જેથી તમારે વિષે ચિત્ત અર્પણ કરી એ તમારી સર્વની પત્ની થાઓ. તમે મારી કૃપા વડે દેવતાઓનાં હજારો વર્ષ સુધી અખૂટ બળવાળા રહી, પૃથ્વીના તથા સ્વર્ગના ભોગો ભોગવશો. પછી મારા ઉપરની અખંડ ભકિતથી તમારા હૃદયના કામાદિ મળ બળીને ભસ્મ થશે એટલે લગભગ નરક જેવા આ લોક તથા પરલોકના ભોગોથી વૈરાગ્ય પામી મારું સ્થાન પામશો. જે પુરુષો ઘરમાં રહીને પણ સર્વ કર્મો મને (ઈશ્વરને) સમર્પણ કરી મારી લીલાઓ સાંભળવામાં સમય ગાળે છે, તેઓને એ ઘર પણ બંધનકારક થતું નથી; કેમ કે, બ્રહ્મવાદીઓએ (જેને કથા સંભળાવી હોય) તેઓનાં હૃદયમાં ક્ષણે ક્ષણે નવા જેવો થઈ હું—સર્વજ્ઞ સદા પ્રકટ રહું છું. મને પામેલા લોકો મોહ, શોક કે હર્ષ કદી પામતા નથી, કેમ કે હું એ જ બ્રહ્મ છું.

**મૈત્રેય બોલ્યા :** સર્વ પુરુષાર્થોના પાત્ર ભગવાન જનાર્દન એમ કહેતા હતા, ત્યારે તેમના દર્શનથી જેઓના તમોગુણ તથા રજોગુણના મેલ નાશ પામ્યા હતા, એવા તે પ્રચેતાઓ બે હાથ જોડી ગળગળી વાણી વડે સર્વના મહાન મિત્ર તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

**પ્રચેતાઓ બોલ્યા :** કલેશોનો નાશ કરનારા જેમના ઉદાર ગુણો તથા નામોને સમગ્ર કલ્યાણનું સાધન કહેલાં છે; જેમનો વેગ, મન તથા વાણીના વેગ કરતાં પણ અધિક છે અને જેમનો માર્ગ સર્વ ઇંદ્રિયોથી અજાણ્યો છે તે આપને અમે નમસ્કાર કરીએ છીએ આપ સ્વસ્વરૂપમાં રહેવાથી શુદ્ધ અને શાંત છો, છતાં વ્યર્થ મનને કારણે જ આપ વિષે દ્વૈતપણુ સ્ફુરે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય સમયે માયાના ગુણો વડે આપ બ્રહ્માદિ સ્વરૂપ ધારણ કરો છો, તેવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. જે આપ શુદ્ધ સત્ત્વગુણરૂપ હોઈ જેમનું જ્ઞાન સંસારને દૂર કરનારું છે તે શ્રીહરિ વાસુદેવ અને સર્વ યાદવો તથા ભકતોના પ્રભુ શ્રીકૃષ્ણરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. હે કમળ સમાન નેત્રવાળા ભગવન્! બ્રહ્માંડરૂપ કમળ જેમની નાભિમાં છે, કમળની માળા પહેરનારા અને કમળ સમાન ચરણવાળા આપને

અમે નમસ્કાર કરીએ છીએ. કમળના કેસરાઓ સમાન પીળાં અને નિર્મળ વસ્ત્રવાળા, સર્વ પ્રાણીઓનું નિવાસસ્થાન અને સર્વના સાક્ષી આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ ભગવાને સમગ્ર કલેશોનો નાશ કરનારું આ સ્વરૂપ અમારી આગળ પ્રકટ કર્યું તે દુઃખી એવા અમારા ઉપર આનાથી બીજી શી દયા હોય ? હે અમંગળનો નાશ કરનારા દેવ ! ગરીબ ઉપર પ્રેમ રાખનારા સ્વામીઓએ બસ આટલું કરવું યોગ્ય છે કે, તેઓએ પોતાના સેવકોને યોગ્ય સમયે 'આ અમારા છે.' એમ પોતાની બુદ્ધિથી સંભારવા, જેને લીધે તે સેવકોને શાંતિ થાય. વળી આપ તો ક્ષુદ્ર પ્રાણીઓનાં હૃદયમાં પણ અંતર્યામી તરીકે રહ્યા છો, તો આપના ભકત એવા અમારી ઈચ્છાઓને આપ કેમ ન જાણો ? હે જગતના પતિ ! અમને તો આ જ વર ઈષ્ટ છે કે, આપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન રહો, કેમ કે આપ મોક્ષમાર્ગ દેખાડનારા અને પોતે જ પુરુષાર્થરૂપ છો. તોપણ હે નાથ ! સર્વના કારણ (બ્રહ્માદિ) થી પણ પર એવા આપની પાસેથી અમે વર માગીએ છીએ; કેમ કે આપની વિભૂતિઓનો અંત નથી અને તેથી જ આપ " અનંત' કહેવાઓ છે. જેમ કલ્પવૃક્ષ મળતાં ભમરો બીજું કંઈ સેવતો નથી તેમ અમે પણ સાક્ષાત્ આપનું ચરણમૂળ પામી શું શું માગીએ ? કંઈ માગી શક્તા નથી. તોપણ માત્ર એટલું જ માગીએ છીએ કે આપની માયાથી મોહિત થયેલા અમે અમારાં કર્મોને લીધે જ્યાં સુધી આ સંસારમાં ભટકીએ ત્યાં સુધી પ્રત્યેક જન્મમાં અમને આપના ભકતપુરુષોનો સંગ થયા કરો; કેમ કે આપ ભગવાનના ભકતોના સંગની એક ક્ષણ સાથે પણ અમે સ્વર્ગ કે મોક્ષની તુલના કરતા નથી, તો મરણધર્મી મનુષ્યોના ભોગોની તુલના કેમ જ કરીએ ? જે ભગવદભકતોના સંગમાં આપ ભગવાનની શુદ્ધ કથાઓ થાય છે કે જે કથાઓથી તૃષ્ણા શાંત થાય, પ્રાણી માત્ર ઉપર નિર્વૈર મૈત્રી થાય અને કોઈ પણ જાતનો ઉદ્વેગ રહે નહિ. વળી જે ભગવદ્ભકતોના પ્રસંગમાં ઉત્તમ કથાઓ વિષે સર્વ સંગ છોડનારા ભકતપુરુષો ત્યાગીઓની ગતિરૂપ સાક્ષાત્ નારાયણ ભગવાનની વારંવાર સ્તુતિ કરે છે. આવા આપના ભકતપુરુષો તીર્થોને પણ પવિત્ર કરવાની ઈચ્છાથી પગે ચાલતા બધે ફરે છે, તેઓનો સમાગમ સંસારથી ભય પામેલા મનુષ્યોને કેમ ન ગમે ? ગમે જ. હે ભગવન્ ! અમે પોતે પણ આપના પ્રિય મિત્ર શ્રીશંકરનો ક્ષણવાર સાક્ષાત્ સમાગમ પામી, આજે અત્યંત હઠીલા રોગરૂપ જન્મ તથા મરણના એક મહાન વૈદ્ય આપને શરણરૂપે પામી શક્યા છીએ. વળી હે ઈશ્વર ! અમે આજ દિવસ સુધી જે કંઈ ઉત્તમ અધ્યયન કર્યું હોય, સદો સેવા વૃત્તિથી ગુરુઓ, બ્રાહ્મણો તથા વૃદ્ધોને પ્રસન કર્યા હોય પૂજ્ય પુરુષોને, મિત્રોને, ભાઈઓને તથા સર્વ પ્રાણીઓને અદેખાઈ વિના શુદ્ધભાવે નમન કર્યું હોય અને ઘણા કાળ સુધી અન્ન છોડી જળમાં જે આ ઉત્તમ તપશ્ચર્યા કરી છે તે આ સર્વ પરમપુરુષ આપની પ્રસન્નતા માટે થાઓ, એવો અમે(બીજો) વર માગીએ છીએ. મનુ, બ્રહ્મા, ભગવાન શંકર અને બીજાઓ કે જેમનાં અંતઃકરણ તપ તથા જ્ઞાનથી શુદ્ધ થયેલાં છે, તેઓ પણ આપના મહિમાનો પાર ન પામી પોતપોતાની બુદ્ધિ અનુસાર જે આપની સ્તુતિ કરે છે, તેમ અમે પણ અમારી બુદ્ધિ અનુસાર આપની સ્તુતિ કરીએ છીએ. આમ બધે સમભાવવાળા, શુદ્ધ, પરમપુરુષ અને સત્ત્વમૂર્તિ શ્રીવાસુદેવ છો. તે આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.

**મૈત્રેય બોલ્યા :** એમ પ્રચેતાઓએ સ્તુતિ કરી એટલે શરણાગતવત્સલ શ્રહરિએ પ્રસન્ન થઈ **'તથાસ્તુ'** એમ કહ્યું. પછી અતૃપ્ત દૃષ્ટિવાળા તે પ્રચેતાઓ 'ભગવાન જાય' એમ ઈચ્છતા ન હતા, તોપણ અસ્ખલિત પ્રભાવવાળા ભગવાન સ્વધામ પધાર્યા પછી એ પ્રચેતાઓ સમુદ્રના જળમાંથી બહાર નીકળ્યા

ત્યારે જાણે સ્વર્ગને ઢાંકી દેવા ઊંચાં વધ્યાં હોય, તેવાં વૃક્ષોથી પૃથ્વીને ઢંકાયેલી જોઈ કોપી ઊઠ્યા. હે રાજન્ ! પ્રલય કાળના કાલાગ્નિ રુદ્રદેવની પેઠે તેઓએ ક્રોધથી પૃથ્વીને વૃક્ષ વિનાની કરવા મુખમાંથી અગ્નિ તથા પવનને છોડ્યા. તે અગ્નિ તથા પવન સર્વ વૃક્ષોને બાળી ભસ્મ કરવા માંડયા, તે જોઈ પિતામહ, બ્રહ્મા ત્યાં આવ્યા અને તેમણે પ્રાચીનબર્હિષના પુત્ર પ્રચેતાઓને નીતિનાં વાકયથી શાંત કર્યા. તે સમયે જે વૃક્ષો બળતાં બચ્યાં હતાં, તેઓએ ભયભીત થઈ બ્રહ્માની આજ્ઞાની મારિષા નામની કન્યા પ્રચેતાઓને આપી. એટલે પ્રચેતાઓ પણ બ્રહ્માની આજ્ઞાથી મારિષાને પરણ્યા, જેમાં દક્ષ પ્રજાપતિ પૂર્વે બ્રહ્માનો પુત્ર હોવા છતાં મહાદેવના અપમાનથી જન્મ્યો હતો. જેણે ચાક્ષુષ મન્વંતર આવતાં પોતાનું પૂર્વશરીર કાળયોગે નાશ પામ્યું એટલે (શાપને લીધે પ્રચેતાઓને ત્યાં મારિષામાં જન્મી) ઈશ્વરની પ્રેરણાથી ઈચ્છિત પ્રજા ઉત્પન્ન કરી હતી અને દક્ષ નામે જ પ્રસિદ્ધ થયો. વળી એ જન્મ્યો ત્યારે પોતાની કાંતિ વડે સર્વ તેજસ્વીઓનાં તેજ તેણે હર્યા હતાં અને કર્મ કરવામાં તેની ચતુરાઈ હતી, તેથી લોકો તેને 'દક્ષ' કહેતા હતા. અનાદિ બ્રહ્માએ પ્રજાસર્ગની રક્ષામાં તેને અભિષેક કરી યોજના કરી એટલે તે દક્ષે પણ મરીચિ વગેરે બીજા સર્વે પ્રજાપતિઓને તે તે કામ ઉપર નીમ્યા. ૧-૫૧

तं प्रजासर्गरक्षायामनादिरभिषिच्य च । युयोज युयुजेऽन्यांश्च स वै सर्वप्रजापतीन् ॥५१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૩૦ સમાપ્ત.*

## અધ્યાય-૩૧

## દક્ષને રાજ્ય અને પ્રચેતાઓને મુક્તિ

॥ मैत्रय उवाच ॥

तत उत्पन्नविज्ञाना आश्वधोक्षजभाषितम् । स्मरन्त आत्मजे भार्या विसृज्य प्राव्रजन् गृहात् ॥१॥

**મૈત્રેય બોલ્યા :** પછી જેઓને જ્ઞાન ઉત્પન્ન થયું હતું એવા તે પ્રચેતાઓ ભગવાનનું કહેવું યાદ કરી પોતાની સ્ત્રીની પુત્ર(દક્ષ)ને ભલામણ કરી જલદી ઘરમાંથી ચાલી નીકળ્યા. પશ્ચિમ દિશામાં જ્યાં જાજલિઋષિ સિદ્ધ થયા હતા, ત્યાં સમુદ્રના કિનારા ઉપર 'સર્વ પ્રાણીઓમાં એક જ આત્મા છે,' એવું જ્ઞાન જેમાં મુખ્ય હતું, એવા બ્રહ્મજ્ઞાનની તેઓએ દીક્ષા લીધી; અર્થાત્ આત્મા સંબંધી વિચાર કરવાનો તેઓએ સંકલ્પ કર્યો. તેવામાં દેવો અને અસુરોને સ્તુતિ કરવા યોગ્ય નારદજી પ્રાણ, મન, વચન, દૃષ્ટિ તથા આસનનો જય કરનારા; શાંત, સરળ શરીરવાળા અને નિર્મળ પરબ્રહ્મ વિષે મનને જોડી દેનારા તે પ્રચેતાઓને મળ્યા. તે વેળા નારદજીને ત્યાં આવેલા જોઈ પ્રચેતાઓએ એકદમ ઊભા થઈ પ્રણામ કરી, આવકાર આપી વિધિ પ્રમાણે તેમની પૂજા કરીને તેમણે કહ્યું.

**પ્રચેતાઓ બોલ્યા :** હે દેવર્ષિ ! આપ ભલે પધાર્યા. બહુ જ સારું થયું કે આજે આપનાં અમને દર્શન થયાં. હે બ્રહ્મન્ ! સૂર્યની પેઠે આપનું બધે ફરવું, તે જગતને નિર્ભય કરવા માટે છે. હે પ્રભો ! ભગવાન શંકરે અને વિષ્ણુ ભગવાને અમને આત્મતત્વનો ઉપદેશ કર્યો હતો, તેને તો અમે ઘરમાં આસકત થઈ લગભગ ભૂલી ગયા છીએ, માટે તત્ત્વવસ્તુનું દર્શન કરાવનાર તે અધ્યાત્મજ્ઞાન આપ અમને ઉપદેશો, જેથી અમે આ દુસ્તર સંસારસમુદ્ર સહેલાઈથી તરીએ.

**મૈત્રેય બોલ્યા :** પ્રચેતાઓએ એમ પૂછ્યું એટલે ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાન વિષે આસકત મનવાળા નારદમુનિ એ રાજાને કહેવા લાગ્યા.

**નારદ બોલ્યા :** મનુષ્યોનો તે જ જન્મ, તે જ કર્મ, તે જ આયુષ્ય, તે જ મન અને તે જ વચન સાર્થક છે, જેના વડે જગતના આત્મા અને ઈશ્વર શ્રીહરિની સેવા થઈ શકે. બાકી તે વિના મનુષ્યના શૌકલ, સાવિત્ર અનેક યાજ્ઞિયનામના ત્રણ જન્મોનું વેદમાં કહેલાં કર્મોનું તથા દેવો જેટલા લાંબા આયુષ્યનું શું ફળ છે? કંઈ જ નથી. તેમ જ શાસ્ત્રનું અધ્યયન, તપશ્ચર્યા, વાણીના વિલાસ, અનેક પ્રકારનાં અવધાનોના સામર્થ્યરૂપ ચિત્તવૃત્તિઓ, નિપુણ બુદ્ધિ, શારીરિક બળ તથા ઇંદ્રિયોની શકિત સર્વનું શું ફળ છે? અથવા પ્રાણાયામ વગેરે યોગ, આત્મજ્ઞાનરૂપ સાંખ્ય, સંન્યાસ, વેદાધ્યયન તેમ જ બીજાં વ્રત, વૈરાગ્ય આદિ કલ્યાણનાં સાધનોનું પણ શું ફળ છે કે જેમાં શ્રીહરિ પોતાનો સાક્ષાત્કાર કરાવતા નથી. કેમ કે સર્વ કલ્યાણકારી ફળોનો અવધિ કેવળ આત્મા જ છે અને શ્રીહરિ પોતે જ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે, જે અવિદ્યાને દૂર કરી સ્વસ્વરૂપનું દર્શન કરાવે છે અને પરમાનંદરૂપ હોઈ સર્વને પ્રિય છે. જેમ વૃક્ષના મૂળને સીચવાથી તેનું થડ, શાખાઓ ને ઉપશાખાઓ પણ તૃપ્ત થાય છે અને જેમ પ્રાણને ભોજન આપવાથી સર્વ ઇંદ્રિયોને પણ તૃપ્તિ થાય છે, તેમ ભગવાનની પૂજા કરવાથી સર્વનું પૂજન થઈ જાય છે. કેમ કે જેમ સર્વ પ્રકારનાં જળ (વર્ષાકાળમાં) સૂર્યથી ઉત્પન્ન થાય છે અને ફરી (ગ્રીષ્મ) સમય આવતાં તે સૂર્યમાં જ પ્રવેશ કરે છે; અથવા જેમ સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓ પૃથ્વીમાંથી ઉત્પન્ન થઈ ફરી પૃથ્વીમાં જ લય પામે છે, તેમ અચેતન-ચેતન આ સર્વ સંસાર શ્રીહરિથી ઉત્પન્ન થઈ શ્રીહરિમાં જ લય પામે છે. જેમ સૂર્યથી ઉત્પન્ન થયેલી તેની કાંતિ સૂર્યનું જ સ્વરૂપ છે પણ તેથી જુદી નથી, તેમ જગતના આત્મારૂપ શ્રીહરિથી એક વાર સૃષ્ટિસમયે ઉત્પન્ન થયેલું આ જગત પણ શ્રીહરિનું સર્વોત્તમ સ્વરૂપ છે, પણ તેથી જુદું નથી. જેમ જાગ્રત અવસ્થામાં સર્વ ઈન્દ્રિયો પ્રકાશે છે, પણ સુષુપ્તિમાં પ્રકાશતી નથી, તેમ આ જગત પણ સૃષ્ટિસમયે (શ્રીહરિથી) ભાસે છે અને લયસમયે ભાસતું નથી; છતાં શ્રીહરિ તો પાંચ ભૂતો, પાંચ તત્માત્રાઓ, અગિયાર ઇંદ્રિયો તથા ઈન્દ્રિયોના અધિષ્ઠાયક દેવો એ ભેદરૂપ ભ્રાંતિથી રહિત જ છે. જેમ આકાશમાં અનુક્રમે વાદળાં, અંધકાર અને પ્રકાશ ઉત્પન્ન થાય છે અને લય પામે છે, તેમ હે રાજાઓ ! પરબ્રહ્મ વિષે રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણ એ શકિતઓ ઉદ્ભવે છે અને લય પામે છે. એ જ રીતે આ સંસારપ્રવાહનાં ઉત્પત્તિ —નાશ થયા કરે છે. માટે સર્વ કારણ કર્તા અને પોતાના તેજથી ગુણપ્રવાહરૂપ આ સંસાર જેમણે પોતાથી દૂર રાખ્યો છે તે પરમેશ્વરને પોતાના આત્માથી અભિન્ન ગણી તમે સાક્ષાત્ ભજો. સર્વ પ્રાણીઓ ઉપર દયા કરવાથી જે મળે તેમાં સંતોષ રાખવાથી અને સર્વ ઇન્દ્રિયોને (તેના વિષયોમાંથી ખેંચી લઈ) શાંત કરવાથી ભગવાન જનાર્દન તરત પ્રસન્ન થાય છે. સમગ્ર કામનાઓ તજવાથી નિર્મળ થયેલા ભકતોના મનમાં સતત વૃદ્ધિ પામતી ભાવનાએ જેમને સ્થાપ્યા છે તે અક્ષરભગવાન પોતાને ભકતજનોને આધીન સમજી ભકતજનોના હૃદયમાંથી છિદ્રમાં રહેલા આકાશની પેઠે દૂર થતા નથી. વળી એ ભગવાન ભકિતરસને જાણનારા છે અને નિર્ધન ભકતજનો, તેમને અત્યંત પ્રિય છે, તેથી શાસ્ત્ર, ધન, કુળ તથા કર્મના મદથી જેઓ નિર્ધન સજજનોનો તિરસ્કાર કરે છે, તેવા

દુષ્ટબુદ્ધિ મનુષ્યોની પૂજાને પણ સ્વીકારતા નથી, તેમ જ કેવળ ભકતજનને આધીન રહેનારા અને પોતા વડે જ પૂર્ણકામ જે ભગવાન નિત્ય સેવા કરતી લક્ષ્મીદેવીને, લક્ષ્મીની ઈચ્છાવાળા સકામ પુરુષોને, રાજાઓને તથા દેવોને પણ વશ થતા નથી, તે ભગવાનને કૃતજ્ઞ એવો ક્યો પુરુષ થોડીવાર પણ છોડે ?'

**મૈત્રેય બોલ્યા :** હે વિદુરજી ! એ રીતે પ્રચેતાઆને ઉપદેશ કરી તથા ભગવાનની બીજી પણ કથાઓ સંભળાવી બ્રહ્મપુત્ર મુનિ નારદજી બ્રહ્મલોકમાં પધાર્યા. પછી પ્રચેતાઓ પણ નારદજી પ્રાણીઓના એક આત્મા નિમિત્તકારણ ઉપાદાન ના મુખમાંથી નીકળેલો અને લોકોના પાપરૂપી મેલનો નાશ કરનાર શ્રીહરિનો યશ સાંભળી ભગવાનના ચરણનું ધ્યાન કરતાં તેમની ગતિ પામ્યા. હે વિદુરજી ! શ્રીહરિના કીર્તનરૂપ પ્રચેતાઓ અને નારદજીનો જે આ સંવાદ તમે મને પૂછયો હતો તે મેં તમને કહ્યો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે મહારાજ પરીક્ષિત ! એ પ્રમાણે મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાનો વંશ તમારી આગળ મે વર્ણવ્યો. હવે પ્રિયવ્રત રાજાનો વંશ પણ તમે સાંભળો, કે જે પ્રિયવ્રતરાજા નારદજી પાસેથી આત્મવિદ્યા મેળવી પૃથ્વીનું રાજ્ય કરી પુત્રોને પૃથ્વી વહેંચી આપી ઈશ્વરપદ પામ્યા હતા. મૈત્રેય મુનિએ વર્ણવેલી અને ભગવાનના માહાત્મ્યના વર્ણનવાળી આ ઉત્તમ કથા સાંભળી, વિદુરજીનો પણ ભગવાન ઉપર ભાવ વધ્યો. તેમનાં નેત્રમાં (હર્ષનાં) આંસુ આવવાથી તે વ્યાકુળ થયા. તેમણે મુનિ મૈત્રેયના ચરણ મસ્તક પર ધારણ કર્યા ને હરિના ચરણો હૃદયમાં ધારણ કર્યા.

**વિદુરજી બોલ્યા :** હે મહાયોગી મૈત્રેય! દયાળુ મનવાળા આપે આજે આ સંસારનો પાર જ મને બતાવ્યો છે કે જે પાર જોતાં નિઃસ્પૃહ સત્પુરુષોથી ગવાતા શ્રીહરિ મળે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે મૈત્રેયઋષિને કહી પ્રણામ કરી, તેમની આજ્ઞા લઈ પોતાના સંબંધીઓને મળવાની ઈચ્છાવાળા અને શાંત થયેલા મનવાળા વિદુરજી ત્યાંથી હસ્તિનાપુર ગયા. હે રાજન્ ! જે મનુષ્ય શ્રીહરિ વિષે આત્મસમર્પણ કરનારા રાજાઓનું આ ચરિત્ર સાંભળે છે, તે આયુષ્ય, યશ, કલ્યાણ, સદ્ગતિ તથા ઈશ્વરપદ પામે છે.

एतद्यः शृणुयाद्राजन् राज्ञां हर्यपितात्मनाम् । आयुर्धनं यशः स्वस्ति गतिमैश्वर्यमाप्नुयात् ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય-૩૧ સમાપ્ત.*

**ચતુર્થ સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત
## પંચમ સ્કંધ

### અધ્યાય-૧
### પ્રિયવ્રતની રાજ્યસ્થિતિ અને જ્ઞાનનિષ્ઠા

॥ राजोवाच ॥

प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने । गृहेऽरमत यन्मूलः कर्मबन्धः पराभवः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે મુનિ ! પ્રિયવ્રતરાજા ભગવાનના ભકત અને આત્મામાં જ રમનારા (જ્ઞાની) હતા; છતાં ઘરમાં આસકત કેમ થયા ? કેમ કે ઘરને લીધે જ કર્મબંધન અને પરાભવ-સ્વસ્વરૂપની વિસ્મૃતિ થાય છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! સર્વ સંગ છોડનારા તેવા મહાપુરુષોને ઘરમાં આસકિત થવી યોગ્ય નથી. હે બ્રહ્મર્ષિ ! ઉત્તમ કીર્તિવાળા ભગવાનનાં ચરણની છાયા વડે જેનાં ચિત્ત શાંત હોય છે, તેવા મહાપુરુષોને કુટુંબમાં સ્પૃહાબુદ્ધિ કદી થતી જ નથી. હે બ્રહ્મન્ ! પ્રિયવ્રતરાજા સ્ત્રી, ઘર, પુત્ર વગેરેમાં આસકત હતા; છતાં તેમનો મોક્ષ થયો અને શ્રીકૃષ્ણમાં તેમની અસ્ખલિત બુદ્ધિ થઈ, એ મોટો સંશય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** તમે કહ્યું તે સત્ય જ છે. જે મહાપુરુષોનાં મન ઉત્તમ યશવાળા શ્રીભગવાનના શ્રીમાન ચરણકમળના મકરંદરૂપ રસમાં આસકત હોય છે, તેઓ ભગવદ્ ભકતોરૂપ પરમહંસોને પ્રિય શ્રીભગવાનની કથારૂપ પોતાનો અત્યંત કલ્યાણકારી માર્ગ કોઈ વિઘ્નથી વિઘ્નવાળો હોય તોપણ ઘણું કરી છોડતા નથી.

હે રાજન્ ! રાજપુત્ર પ્રિયવ્રત ભગવાનના પરમ ભકત હતા. તેમણે નારદજીના ચરણની સેવા કરી સહેજમાં પરમાર્થ (આત્મતત્ત્વ) જાણી લીધું હતું તેથી આત્મધ્યાનના કાર્યનો જ નિયમ લેવા તેમણે વિચાર કર્યો, ત્યારે તેમના પિતા સ્વાયંભુવ મનુએ શાસ્ત્રોકત ઉત્તમ રાજગુણોના સમૂહનું પાત્ર એ પ્રિયવ્રત જ હોવાથી પૃથ્વીનું રક્ષણ કરવા તેમને આજ્ઞા આપી. પણ પ્રિયવ્રતે તો પ્રથમથી જ ભગવાન વાસુદેવ વિષે ચિત્તની અસ્ખલિત એકાગ્રતા વડે સર્વ ઇંદ્રિયોની ક્રિયાઓ અર્પણ કરી હતી. તેથી પિતાનું વચન જોકે અવશ્ય સ્વીકારવા યોગ્ય હતું; તોપણ રાજ્યાધિકારમાં કેવળ મિથ્યા રાજપ્રપંચને લીધે આત્મસ્વરૂપની વિસ્મૃતિ જ થશે, આવો મનમાં વિચાર કરી તેમણે પિતાનું વચન માન્યું નહિ. ત્યારે આ ગુણદૃષ્ટિ વધારવાના વિચારથી સમગ્ર જગતના અભિપ્રાયને નિશ્ચયપૂર્વક જે જાણે છે અને સર્વના આત્મા

શ્રીહરિ જેમનું ઉત્પત્તિકારણ છે, તે ભગવાન બ્રહ્મા મૂર્તિમાન સર્વ વેદો અને મરીચિ વગેરે પોતાના પરિવાર સાથે પોતાના બ્રહ્મલોકમાંથી ત્યાં ઊતર્યા. તે વેળા આકાશપ્રદેશમાં ચંદ્રમાની પેઠે ઠેકઠેકાણે તે પ્રકાશતા હતા અને પ્રત્યેક માર્ગમાં વિમાનોની પંક્તિઓમાં બેઠેલા ઇંદ્રાદિ ઉત્તમ દેવતાઓ તેમની પૂજા કરતા હતા; તેમ જ સિદ્ધો, ગંધર્વો, સાધ્યો, ચારણો તથા મુનિગણોનાં ટોળેટોળાં પ્રત્યેક માર્ગમાં તેમની સ્તુતિ કરતાં હતાં. પછી પોતે ગંધમાદન પર્વતની ગુફાને પ્રકાશિત કરતા ત્યાં આવ્યા. તે સમયે દેવર્ષિ નારદજી ત્યાં હતા. તેમણે હંસના વાહનથી પિતા બ્રહ્મદેવને ઓળખ્યા અને સ્વાયંભુવ મનુ તથા પ્રિયવ્રતની સાથે એકદમ ઊભા થઈ બે હાથ જોડી જોડ્યા. હે ભરતવંશી રાજા ! નારદજીએ તેમની અનેકવિધ પૂજા કરી, અને સુમધુર વચનોમાં તેમના ગુણો અને અવતારોની ઉત્કૃષ્ટતાનું વર્ણન કર્યું. ત્યારે આદિ પુરુષ ભગવાન બ્રહ્માજીએ પ્રિયવ્રત તરફ મંદસ્મિત યુક્ત દયાદૃષ્ટિપૂર્વક જોઈને આ પ્રમાણે કહ્યું.

**બ્રહ્મા બોલ્યા :** હે તાત ! હું તને આ સત્યવચન કહું છું તે તું સાંભળ. જેમનું માપ થઈ શકતું નથી એવા દેવ પરમાત્મા ઉપર દોષારોપ કરવા નું યોગ્ય નથી; કેમ કે હું, શંકર આ પિતા અને તારા ગુરુ આ મહર્ષિ નારદ ; અમે બધા એમની આજ્ઞા પાળીએ છીએ. કોઈ પણ પ્રાણી તપથી, વિદ્યાથી, યોગશકિતથી, બુદ્ધિબળથી, ધનથી, ધર્મથી, બીજાથી કે પોતાથી પરમાત્માનું કરેલું નષ્ટ કરવા સમર્થ થતો નથી, હે પુત્ર ! જન્મ કે નાશ માટે કર્મો કરવા માટે, નિરંતર શોક માટે, મોહ માટે, ભય માટે, સુખ માટે તથા દુઃખ માટે ઈશ્વર જે દેહ આપે, તેને જ જીવસમૂહ ધારણ કરે છે—તેમાં કંઈ ફેરફાર કરી શકતો નથી (એ રીતે દેહ સંબંધી પરતંત્રતા કહીને હવે કર્મ કરવામાં પણ પરતંત્રતા દર્શાવે છે :) હે વત્સ ! આપણે બધા પરમેશ્વરની એ વેદવાણીરૂપ દામણમાં ગુણકર્મરૂપી મજબૂત દોરડીઓથી એવા બંધાયા છીએ કે જેથી નાકમાં નાથેલા બળદો મનુષ્યને આધીન રહી જેમ તેનું કામ કરે છે, તેમ આપણે પણ (ઈશ્વરને આધીન રહી તેમની ઈચ્છા પ્રમાણે) કામ કરીએ છીએ (એ રીતે જેમ કર્મ કરવામાં પરતંત્ર છીએ, તેમ ભોગો ભોગવવામાં પણ આપણે પરતંત્ર છીએ, તે કહે છે :) હે પ્રિયવ્રત ! ગુણકર્મના સંગથી ઈશ્વર આપણને જે કંઈ દેવતિર્યંચ આદિ દેહમાં જોડે છે, તેનો જ આશ્રય કરી આપણે તે ઈશ્વરે જ આપેલાં સુખ દુઃખ ભોગવીએ છીએ; જેમ કોઈ દેખતા મનુષ્યથી દોરાતા આંધળા મનુષ્યો તે દેખતો જ્યાં (છાયામાં કે તડકામાં) લઈ જાય ત્યાં સુખદુઃખ અનુભવે છે. (કદાચ તું કહીશ કે, એ બધી વાત તો અજ્ઞાની માટે છે, જ્ઞાની માટે તેવું કંઈ પણ નથી તો સાંભળ :) જીવન્મુકત હોય તો પણ પોતાનું પ્રારબ્ધ કર્મ હોય ત્યાં સુધી કર્મ ભોગવતે પોતાનું શરીર ધારણ કરે જ છે. (માત્ર વિશેષતા એટલી જ કે) જેમ કોઈ મનુષ્ય સ્વપ્નમાં અનુભવેલી વસ્તુને જાગ્રત અવસ્થામાં અભિમાનરહિત થઈને જ સંભારે છે, તેમ એ જીવન્મુકત પણ શરીર પરના અભિમાનથી રહિત કોઈ બીજા દેહ માટે કર્મો કરતો નથી અને વાસનાઓ રાખતો નથી. જે મનુષ્ય પ્રમાદી, ઇંદ્રિયોને વશ રહેનારો હોય, તેને વનમાં પણ (સંસારનો) ભય જ છે; કેમ કે તે પ્રમાદી, નિત્ય છયે શત્રુ (મન તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો) સાથે જ રહે છે, માટે જિતેન્દ્રિય અને આત્મારામ એવા જ્ઞાની પુરુષને ગૃહસ્થાશ્રમ પણ શી હાનિ કરે છે ? જે મનુષ્ય પૂર્વોકત છયે શત્રુઓને જીતવા ઈચ્છતો હોય, તેણે પ્રથમ ઘેર રહી તે શત્રુઓને એકદમ ન રોકતાં જીતવા પ્રયત્ન કરવો જોઈએ પછી તે શત્રુઓ બરોબર ક્ષીણ થઈ જિતાઈ જાય, ત્યારે પોતે જ્ઞાની હોઈ હરકોઈ સ્થળે (વનમાં કે ઘેર) પોતાની ઈચ્છાનુસાર ભલે વિચરે; જેમ લોકમાં પણ કોઈ રાજા કિલ્લાનો આશ્રય કરી પ્રથમ પોતાના બળવાન શત્રુઓને જીતે અને પછી તે શત્રુઓ જિતાઈ જાય, એટલે પોતાની ઈચ્છાનુસાર કિલ્લામાં કે બહાર ગમે

ત્યાં ફરે. જો કે (ઉપર ઘરરૂપી કિલ્લાનો આશ્રય કરવા કહ્યું, તે તો સામાન્ય મનુષ્ય માટે છે) તે તો ભગવાનના ચરણકમળના દોડારૂપી કિલ્લાનો પ્રથમથી આશ્રય કર્યો છે અને તેથી છયે શત્રુઓને જીત્યા છે; તોપણ આ રાજ્યાધિકારમાં રહી તું ઈશ્વરે આપેલા ભોગો પ્રથમ ભોગવ અને પછી સર્વ સંગ છોડી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરજે — આત્મનિષ્ઠ થજે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાનના મહાન ભકત પ્રિયવ્રતને બ્રહ્માએ એમ કહ્યું એટલે તેણે ત્રણ જગતના ગુરુ તે ભગવાનની આજ્ઞાને, પોતે તેમનાથી નાનો હોવાથી મસ્તક નમાવીને 'બહુ સારુ' એમ ઘણા માનથી સ્વીકારી. એટલે ભગવાન બ્રહ્માનું પણ સ્વાયંભુવ મનુએ વિધિ પ્રમાણે પૂજન કર્યું, તે પછી પ્રિયવ્રત તથા નારદજી તેમને વિષમભાવરહિત થઈ જોતા હતા. બ્રહ્માજી પ્રપંચરહિત નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતા પોતાના નિવાસસ્થાન બ્રહ્મલોકમાં ગયા, જે બ્રહ્મલોક વાણી તથા મનનો પણ અવિષય છે. એમ બ્રહ્માએ જેમના મનોરથ, સિદ્ધ કર્યા હતા, એવા સ્વાયંભુવ મનુ પણ દેવર્ષિઓમાં શ્રેષ્ઠ મુનિ સંમતિથી પુત્ર (પ્રિયવ્રત) ને સમગ્ર પૃથ્વીમંડળની મર્યાદાના પાલન માટે સ્થાપી, પોતે મહાવિષમ વિષયોરૂપી ઝેરી જળાશય (ઘર) ની આશાથી વિરામ પામ્યા. એમ ઈશ્વરેચ્છાએ જ જેમને કર્માધિકાર અપાવ્યો હતો, એવા તે પ્રિયવ્રતરાજા સમગ્ર જગતનાં બંધનનો નાશ કરવામાં જેમનો પરમ પ્રભાવ છે, એવા ભગવાન આદિપુરુષના બન્ને ચરણનું નિત્ય ધ્યાન કરવાના પ્રભાવથી પોતાના રાગાદિ મેલ જોકે બળી ગયા હતા અને તેથી જ પોતે શુદ્ધ થયા હતા, છતાં બ્રહ્માદિ મહાન પુરુષોની આજ્ઞાનું પાલન કરી તેમના પ્રત્યેનું માન વધારી પૃથ્વી પર રાજય કરવા લાગ્યા. પછી તેઓ પ્રજાપતિ, વિશ્વકર્માની બર્હિમતી પુત્રીને પરણ્યા અને તે સ્ત્રીમાં પોતાના જેવા શીલ, ગુણ, કર્મ, રૂપ ને પરાક્રમવાળા ઉદાર દશ પુત્ર તથા તે પુત્રોથી નાની ઊર્જસ્વતી નામની કન્યા તેમણે ઉત્પન્ન કરી. તેમના એ પુત્રો આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતસ્, ધૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ, એમ સર્વે અગ્નિના નામવાળા હતા. તેઓમાં કવિ, મહાવીર તથા સવન એ ત્રણ ઊર્ધ્વરેતસ (બ્રહ્મચારી જ) રહ્યા હતા ને બાલ્યાવસ્થાથી માંડી આત્મવિદ્યાનો અભ્યાસ કરી, પરમહંસનો આશ્રય તેઓએ સ્વીકાર્યો હતો, એ રીતે ઉપશમ સ્વભાવવાળા એ મહર્ષિઓ પરમહંસ આશ્રમમાં રહી સમગ્ર જીવસમૂહના નિવાસસ્થાન અને ભયભીતના શરણરૂપ ભગવાન વાસુદેવનાં શોભાયમાન ચરણકમળનું નિત્ય સ્મરણ કરતા, તેથી પ્રાપ્ત થયેલા અસ્ખલિત પરમ ભક્તિયોગના પ્રભાવથી શુદ્ધ થયેલા અંતઃકરણમાં પ્રકટ સર્વ પ્રાણીઓના આત્મા અને સ્વ-સ્વરૂપભૂત તે ભગવાન વિષે જ, દેહાદિની ઉપાધિ છોડીને તેઓ આત્માની એકતા પામ્યા હતા. વળી એ પ્રિયવ્રતરાજાને બીજી સ્ત્રીમાં પણ ઉત્તમ, તામસ અને રેવત નામના ત્રણ પુત્રો થયા હતા, જેઓ મન્વતરના અધિપતિ હતા. એમ પોતાને ત્યાં શાંતિના રહેઠાણ જેવા પુત્રો થયા તે પછી પ્રિયવ્રતરાજાએ અગિયાર અર્બુદ (અર્થાત્ એકસો દસ કરોડ) વર્ષ પૃથ્વી ભોગવી હતી. તે વેળા મોટા મનના એ રાજાએ અસ્ખલિત સમગ્ર પુરુષાર્થથી ભરેલા પોતાના બન્ને બાહુઓથી ધનુષ્યની દોરી ખેંચીને તેના ટંકાર માત્રથી જ ધર્મના શત્રુઓને હાંકી કાઢ્યા હતા અને બર્હિષ્મતી રાણીનો નિત્ય વધતો હર્ષ સામેથી ઊભા થવું વગેરે વિલાસો, સ્ત્રીસ્વભાવના શુંગારાદિ અનુભવો પ્રકટ કરવા, શરમથી સંકુચિત હાસ્યદર્શન તથા સુંદર મશ્કરીનાં વાક્યો વગેરેથી જાણે પોતે વિવેકભ્રષ્ટ અને આત્મસ્વરૂપને કંઈ સમજતા જ ન હોય તેવા જણાતા હતા. મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતાં ભગવાન સૂર્ય લોકાલોક પર્વત સુધી પૃથ્વીને પ્રકાશિત કરે છે ત્યારે અર્ધા ભૂમંડળ ને જ પ્રકાશિત કરે છે અને અર્ધાને તો અંધારાથી છવાયેલું રાખે છે. તે નાપસંદ

કરી પ્રિયવ્રતરાજા હું રાત્રિને પણ દિવસ કરીશ' આવો નિશ્ચય કરી સૂર્યના રથ સમાન વેગવાળા તેજોમય રથમાં બેસી બીજા સૂર્યની પેઠે સાત વાર સૂર્યની પાછળ ફર્યા હતા (અને એ કંઈ અસંભવિત નથી) કેમ કે તેમનો પ્રભાવ ભગવાનની ઉપાસનાને લીધે સર્વ પુરુષો કરતાં અતિશય અધિક હતો. (એ રાજા સૂર્યની પાછળ ફર્યા) તે વખતે તેમના રથનાં પૈડાંની ધારથી પૃથ્વીમાં જે ખાડા પડયા તે જ સાત સમુદ્રો થયા, જેને લીધે જ પૃથ્વીના સાત દ્વીપો થયા. એ દ્વીપોનાં નામ જંબુદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ છે. તેઓનું માપ પહેલા કરતાં ઉત્તરોત્તર અનુક્રમે બમણું છે. એમ તે દ્વીપો એક એક સમુદ્રની બહાર ચોતરફ રચાયેલા છે. (જેમ સમુદ્રની બહાર એક દ્વીપ છે, તેમ જ એક એક દ્વીપની બહાર એક એક સમુદ્ર છે; જેમ કે ક્ષારોદ, ઈક્ષુરસોદ, સુરોદ, ઘૃતોદ, ક્ષીરોદ, દધિમંડોદ, અને શુદ્ધોદ, આ સાતે સમુદ્રો સાત દ્વીપોની ચારેતરફ એક એક ખાઈ જેવા છે અને વચ્ચે વચ્ચે તે તે દ્વીપોથી વીંટાયેલા હોઈ તે દ્વીપો જેવડા જ માપવાળા છે, તેમ જ એક એક સમુદ્ર સાતે દ્વીપોની બહારના ભાગમાં વિશાળપણે ચોતરફ રચાયેલા છે. બર્હિષ્મતીના પતિ (પ્રિયવ્રતરાજા) એ તે જંબુ આદિ સાતે દ્વીપોમાં પોતાને અનુસરી ચાલનારા આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતસ્, ઘૃતપૃષ્ઠ, મેધાતિથિ અને વીતિહોત્ર નામના સાત પુત્રો પૈકી એક એકને અનુક્રમે એ એક દ્વીપનો રાજા બનાવ્યો. તેમણે પોતાની પુત્રી ઊર્જસ્વતી શુક્રાચાર્યને પરણાવી. જેમાં દેવયાની નામની શુક્રાચાર્યની પુત્રી જન્મી. શ્રીભગવાનની ચરણરજના પ્રભાવથી છયે ઇંદ્રિયોને જીતનારા ભગવાનના ભકતોમાં આવું પરાક્રમ હોય એ કંઈ આશ્ચર્ય નથી; કેમ કે અંત્યજ (ચાંડાળ) પણ ભગવાનના નામનું એક જ વાર ઉચ્ચારણ કરે, તો તત્કાળ સંસારબંધનથી છૂટે છે. આવા અમાપ પરાક્રમવાળા છતાં પ્રિયવ્રતરાજા એક દિવસ દેવર્ષિ નારદના ચરણનું શરણ લેતા, વચ્ચે આવેલા એ રાજ્યાદિ પ્રપંચથી પોતાને જાણે અશાંત માનતા હોય, તેમ મનમાં વૈરાગ્યવાળા થઈ (આત્મનિંદા કરતા) આ પ્રમાણે કહેવા લાગ્યા : અહો ! મેં ખરાબ કર્યું, કારણ કે અવિદ્યાથી રચાયેલા વિષમ વિષયોરૂપી આંધળા કૂવામાં મને ઇંદ્રિયોએ ધકેલ્યો છે; માટે હવે આ વિષયોથી બસ છે. અરે ! હું પ્રિયવ્રત આ સ્ત્રીને રમવાનો માંકડો બન્યો ! હાય ! ધિક્કાર છે, મને ધિકાર છે ! એમ પોતાની નિંદા તે કરવા લાગ્યા. પછી પરમદેવ શ્રીહરિની કૃપાથી જેમને આત્મવિવેક પ્રાપ્ત થયો હતો, એવા તે પ્રિયવ્રતરાજાએ પોતાને અનુસરનારા પુત્રોને ભાગ પ્રમાણે પૃથ્વી વહેંચી આપી અને જેની સાથે ભોગ ભોગવ્યા હતા તે રાણીનો પણ સામ્રાજ્યની સંપત્તિ સાથે જ મુડદાની પેઠે ત્યાગ કરી પોતે હૃદયમાં દઢ વૈરાગ્ય ધારણ કર્યો. શ્રીહરિના ચિંતનને હૃદયમાં સ્થાપવાથી ત્યાગસામર્થ્ય જેમને પ્રાપ્ત થયું હતું એવા ને રાજાએ ફરી ભગવાન નારદે ઉપદેશેલા માર્ગનો જ આશ્રય કર્યો. એ પ્રિયવ્રત રાજાના મહિમાને દર્શાવનારા આ ઘણા પ્રાચીન શ્લોકો છે :

प्रियव्रतकृतं कर्म को नु कुर्याद्विनेश्वरम् । यो नेमिनिम्नैरकरोच्छायां घ्नन् सप्तवारिधीन् ॥
भूसंस्थानं कृतं येन सरिद्गिरिवनादिभिः । सीमा च भूतनिर्वृत्यै द्वीपे द्वीपे विभागशः ॥
भौमं दिव्यं मानुषं च महित्वं कर्मयोगजम् । यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः ॥३९-४१॥

પ્રિયવ્રતરાજાએ જે કાર્ય કર્યું છે તે ઈશ્વર સિવાય બીજો કોણ કરી શકે તેમ છે ? જગતમાં અંધકાર દૂર કરતાં જેમણે રથનાં પૈડાંની ધારથી સાત સમુદ્રો કર્યા, દ્વીપરચના કરી, પૃથ્વી પર સંસ્થાન કર્યા અને પ્રત્યેક દ્વીપમાં પ્રાણીઓની શાંતિ એટલે પરસ્પર વિવાદ ન થાય એ માટે નદીઓ, પર્વતો તથા વનો વગેરેથી વિભાગપૂર્વક સીમા બાંધી; તેમ જ ભગવાનના ભકત જેમને પ્રિય હતા એવા તે રાજાએ કર્મના

યોગથી ઉત્પન્ન થનારા પાતાળ, સ્વર્ગ તથા મનુષ્યલોકનાં વૈભવને નરક તુલ્ય માન્યા હતા. ૧—૪૧

भौमं दिव्यं मानुषं च महित्वं कर्मयोगजम् । यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः ॥४१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨
## આગ્નીધ્રરાજાનું ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

एवं पितरि सम्प्रवृत्ते तदनुशासने वर्तमान आग्नीध्रो जम्बूद्वीपौकसः ।
प्रजा औरसवद्धर्मावेक्षमाणः पर्यगोपायत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પિતા પ્રિયવ્રત વનમાં ગયા એટલે તેમની આજ્ઞા પ્રમાણે વર્તી આગ્નીધ્ર ધર્મ તરફ દૃષ્ટિ રાખી પોતાનાં સંતાનોની પેઠે જંબુદ્વીપમાં વસતી પ્રજાઓને પાળવા લાગ્યો. એક સમયે તે રાજાને પિતૃલોકની ઈચ્છાથી પુત્ર માટે ઈચ્છા થઈ તેથી ઉત્તમ દેવોની સ્ત્રીઓને જ ક્રીડા કરવાના સ્થાનરૂપ મંદરાચલની ગુફામાં તે ગયો. અને ત્યાં સર્વ પૂજાસાહિત્ય એકઠું કરી તે તપસ્વીએ ચિત્તની એકાગ્રતાપૂર્વક ભગવાન બ્રહ્માનું આરાધન કરવા માંડયું. આદિપુરુષ ભગવાન બ્રહ્માએ તે જાણી પોતાની સભામાં ગાયન કરતી પૂર્વચિત્તિ નામની અપ્સરાને આગ્નીધ્ર પાસે મોકલી. એટલે તે અપ્સરા આગ્નીધ્રના અતિશય સુંદર આશ્રમના બગીચામાં આવી આસપાસ ફરવા લાગી. ત્યાં અનેક ગીચ વૃક્ષોની ડાળીઓ, પર ચડેલી સોનેરી વેલો ઉપર બેસી, મયૂર વગેરે સ્થૂલ પક્ષીઓનાં જોડાં ષડજ આદિ સ્વરોનો ઉચ્ચાર કરતાં હતાં અને જળકુકડા, કારંડવ અને કલહંસ આદિ પક્ષીઓ પણ તરેહતરેહના શબ્દોથી કમળોના સમૂહવાળાં નિર્મળ જળાશયોને ગજાવી મૂકતાં હતાં. રાજકુમાર આગ્નીધ્ર અત્યંત સુંદર ગતિએ પગલાં મૂકી વિલાસપૂર્વક ચાલતી, પેલી પૂર્વચિત્તિ અપ્સરાના પગલે પગલે ઝણકારા કરતા મનોહર ઝાંઝરના શબ્દ સાંભળી સમાધિયોગથી મીંચેલું નેત્રકમળની કળીનું જોડકું જરા ઉઘાડી જોવા લાગ્યો. સમીપમાં જ ભમરીની પેઠે પુષ્પો સુંઘતી તે અપ્સરા દેવો તથા મનુષ્યોનાં મનને તેમ જ નેત્રને હર્ષ આપનાર ગતિ, વિહાર, લજ્જા, વિનયપૂર્વક જોવું, સુંદર સ્વયુક્ત ભાષણ તથા શરીરના અવયવો વડે પુરુષોના મનમાં કામોત્પત્તિ કરતી હતી. તેના મુખમાંથી નીકળતા અમૃત જેવા સ્વાદિષ્ટ અને આસવ જેવા માદક હાસ્યપૂર્વક ભાષણ સમયના શ્વાસોચ્છ્‌વાસની ગંધથી મદાંધ થતા ભમરાઓના ટોળાં આસપાસ આવી તેને ઘેરી વળતાં હતાં. તેના ભયથી તે ઉતાવળાં પગલાં ભરતી હતી. તેથી તેના સ્તનકલશ, મસ્તક પરની વેણી અને કેડનો કંદોરો સુંદર રીતે લચકતાં હતાં. આવી તે અપ્સરાને જોતાં જ જેને સ્થાન મળ્યું હતું, એવા ભગવાન કામદેવને વશ થઈ જાણે ગાંડો બન્યો હોય તેમ રાજા આ પ્રમાણે તેને કહેવા લાગ્યો : 'હે મુનિઓમાં શ્રેષ્ઠ ! તમે કોણ છો અને આ પર્વતમાં શું કરવા ઈચ્છો છો ? ખરેખર, પરમદેવ ભગવાનની તમે કોઈ માયા છો એમ લાગે છે. હે મિત્ર ! તમે પોતાને માટે દોરી વિનાનાં આ બે ધનુષ્ય ધારણ કરો છો ? અથવા શું આ જંગલમાં પ્રમાદી મૃગલાંને શોધો છો ? આપ ભગવાનનાં આ બે બાણો (કટાક્ષ), જે નેત્રકમળરૂપી પીછાંવાળાં, શાંત અને વિલાસથી સુંદર દેખાય છે, પૂછડાં વિના પણ મનોહર લાગે છે ને અત્યંત તીક્ષ્ણ અણીવાળા છે, તે બાણોને તમે આ વનમાં ઘૂમી કોના પર પ્રયોગ કરવા ધારો છો, તે અમે સમજી શક્તા નથી. અમે જડ બુદ્ધિવાળા છીએ. તમારું આ પરાક્રમ અમારા કલ્યાણ માટે થજો.

આપ ભગવાનના આ શિષ્યો (આસપાસ ઊડતા ભમરાઓ) ચોતરફ ભગવાન સામવેદનો રહસ્ય સાથે નિરંતર પાઠ અને ગાન કરી રહ્યા છે; તેમ જ ઋષિગણો જેમ વેદશાખાઓ સેવે તેમ આપની શિખામાંથી પડતી પુષ્પવૃષ્ટિઓને તે બધા સેવે છે. હે બ્રહ્મન્ ! આ તમારા ચરણ ઉપર પીંજરામાં રહેલાં તેતર પક્ષીઓની કેવળ અમે વાણી સાંભળીએ છીએ, પણ તેઓનું રૂપ જોતા નથી, છતાં તેઓની વાણી અત્યંત સ્પષ્ટ છે. વળી (અમે તમને પૂછીએ છીએ કે) તમારા આ સુંદર નિતંબમંડળ ઉપર કદંબના પુષ્પ જેવી જે આ કાંતિ દેખાય છે, તે તમે કયાંથી મેળવી છે, કે જેની આસપાસ ઊંબાડિયાનું મંડળ જણાય છે ? (એ તો ઠીક) પણ તમારું વલ્કલ વસ્ત્ર કયાં ગયું ? હે બ્રાહ્મણ ! તમારા આ બે સુંદર શિગડામાં શું ભર્યું છે? (એમાં કંઈક સુંદર વસ્તુ ભરી છે, એમ હું જાણી શકું છૂં.) કેમ કે તમે કેડમાં પાતળા છો છતાં કષ્ટ વેઠી આ બંનેને ધારણ કરો છો, કે જેના ઉપર મારી દૃષ્ટિ ચોંટી છે. હે સુંદર ભાગ્યવાળા ! તમારાં આ શિગડાં ઉપર લાલ રંગનો આ સુગંધી કાદવ ક્યાંથી વળગ્યો છે, જેને લીધે તમે મારા આશ્રમને સુગંધિત કરો છો? હે શ્રેષ્ઠ મિત્ર ! તમે તમારું રહેઠાણ તો મને બતાવો, કે જ્યાંના રહેવાસી છાતી ઉપર આ રીતે અમારા જેવાના મનને લલચાવનાર બે અપૂર્વ અવયવો અને મુખમાં અત્યંત આશ્ચર્યકારક મધુર આલાપ તથા વિલાસ સહિત અમૃત વગેરે ધારણ કરે છે ? હે મિત્ર ! તમારા રહેઠાણમાં શરીરનો આહાર શો છે, જે ખાવાથી આવી સુગંધ આવે છે ? મને લાગે છે કે તમે વિષ્ણુના અંશ છો, કેમ કે તમારા બે કાનમાં રત્નોરૂપી સ્થિર નેત્રવાળા બે મકરાકાર કુંડળો શોભે છે. તમારું મુખ જાણે એક સરોવર હોય એવું જણાય છે; કેમ કે તેમાં ચંચળ માછલાંનું જોડું હોય એમ લાગે છે અને દ્વિજોની પંક્તિથી તેમાં શોભા થઈ છે, તેમ જ તેની સમીપમાં ભમરાઓના ટોળાં દેખાય છે. તમે તમારા હાથરૂપી કમળથી જે આ પતંગિયાં ઉડાડો છો, તે દિશાઓમાં ભમી ભ્રમિત ચિત્તવાળાં મારાં બંને નેત્રોને કંપાવે છે. તમારો આ વાંકો કેશકલાપ બંધનથી છુટો થયો છે તેને તમે કેમ સમારતા નથી ? વળી આ ધુતારો વાયુ લંપટ થઈ તમારી નીચેના વસ્ત્રને ઉડાડે છે. તે પણ તમારા લક્ષ્યમાં નથી શું ? હે તપોધન ! તપસ્વીઓના તપનો નાશ કરનારું આવું સ્વરૂપ તમે કયા તપથી મેળવ્યું છે ? હે મિત્ર ! તમારે હવે મારી સાથે જ તપશ્ચર્યા કરવી યોગ્ય છે અથવા સંસારનો વિસ્તાર કરનાર બ્રહ્મા શું મારા ઉપર પ્રસન્ન થયા છે ? (કે જેથી તમને મારી સ્ત્રી તરીકે અહીં મોકલેલ છે ?) ઠીક છે. બ્રાહ્મણના દેવ તે બ્રહ્માએ આપેલા તમારા જેવા પ્રિય મિત્રને હવે હું નહિ છોડું? કેમ કે મારું મન અને દૃષ્ટિ બંને તમારામાં એવાં લાગ્યાં છે કે જે તમારાથી જરા પણ દૂર ખસતાં નથી. તો હે સુંદર શિંગડાંવાળાં ! આપને અનુસરનારા મને તમે તમારું ચિત્ત જ્યાં હોય ત્યાં લઈ જવાને યોગ્ય છો; તમારી સખીઓ પણ મને અનુકૂળ થાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સ્ત્રીને વીનવવામાં કુશળ અને વિદ્વાન બુદ્ધિવાળા તે આગ્નીધ્રરાજાએ વિષયી પુરુષમાં ચતુરાઈવાળી ગણાતી તે વાણીથી પેલી દેવાંગનાને વશ કરી. વીર પુરુષોના નાયક એ આગ્નીધ્રરાજાની બુદ્ધિ, સ્વભાવ, રૂપ, વયની સુંદરતા. તથા ઉદારતાથી તે મોહિત મનવાળી થઈ. જેથી જંબૂદ્વીપના સ્વામી એ રાજાની સાથે હજારો વર્ષના સમય સુધી પૃથ્વીના તેમ જ સ્વર્ગના ભોગો ભોગવવા લાગી. મહારાજા આગ્નિધ્રે તે અપ્સરા વિષે નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઈલાવૃત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ તથા કેતુમાલ નામના નવ પુત્રો ઉત્પન્ન કર્યા. પૂર્વચિત્તિ અપ્સરા એ રીતે પ્રત્યેક વર્ષે એક એક, એમ નવ પુત્રને જન્મ આપી તેઓને રાજાના ઘરમાં જ મૂકી ફરી બ્રહ્માની પાસે ચાલી ગઈ. આગ્નીધ્રરાજાના તે પુત્રો માતાની કૃપાથી સ્વાભાવિક રીતે જ મજબૂત શરીરવાળા થયા અને તેઓને

તેમના પિતાએ ભાગ પ્રમાણે જંબુદ્વીપના ખંડો વહેંચી આપ્યા, જેથી પોતપોતાના નામથી પ્રખ્યાત થયેલા તે તે ખંડોને તેઓ ભોગવવા લાગ્યા. રાજા આગ્નીધ્ર વિષયોના ભોગથી અતૃપ્ત જ રહ્યો હતો અને પેલી અપ્સરાને જ હમેશાં અધિક માનતો હતો, તેથી વેદોક્ત કર્મો કરી, તે અપ્સરાના લોકને જ પામ્યો, જ્યાં પિતૃદેવો આનંદ કરે છે. એ રીતે પિતા આગ્નીધ્ર (મરીને) પરલોકમાં ગયો, તે પછી તેના પુત્રો (નવે ભાઈઓ) મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા તથા દેવવીતિ; એ નવ મેરુ પર્વતની પુત્રીઓને પરણ્યા હતા.

सम्परेते पितरि नव भ्रातरो मेहुदुहितृर्मेरुदेवीं प्रतिरूपामुग्रदंष्ट्रीं लतां रम्यां श्यामां नारीं भद्रां देववीतिमितिसंज्ञा नवोद्वहन् ॥२३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## નાભિરાજાનું ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

नाभिरपत्यकामोऽप्रजया मेरुदेव्या भगवन्तं यज्ञपुरुषमवहितात्माऽयजत ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** નાભિરાજાએ સંતાનની ઈચ્છા રાખીને પ્રજારહિત પત્ની મેરુદેવી સાથે એકાગ્રચિત્ત થઈ ભગવાન યજ્ઞપુરુષનું યજન કરવા માંડ્યું. તે રાજા શ્રદ્ધા અને શુદ્ધ ભાવથી યજ્ઞ કરતો હતો અને પ્રવર્ગ્ય નામનાં યજ્ઞકર્મો ત્યાં ચાલતાં હતાં, ત્યારે દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર, ઋત્વિજ, દક્ષિણા તેમ જ વિધિ એ સાત ઉપાયોની સંપત્તિ હોવા છતાં દુર્લભ અને પોતાના ભકતજનોના ઈચ્છિત મનોરથો પૂર્ણ કરવાની ઈચ્છાથી જેમનું હૃદય આકર્ષાય છે તેવા ભગવાનને ભકતો ઉપરના પ્રેમને લીધે સુંદર અવયવો ધારણ કરી પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું. તે સ્વતંત્ર, સ્વરૂપ હૃદયને ગમે તેવું અને મન તથા નેત્રને આનંદ ઉપજાવનાર અવયવોથી સુંદર છે. પ્રગટ થયેલા તે તેજોમય પુરુષોતમ સ્વરૂપને ચાર ભુજાઓ હતી, પીળાં રેશમી વસ્ત્રો પહેર્યા હતાં ને શ્રીવત્સ નામનું ચિહ્ન શોભતું હતું. ઉત્તમ શંખ, કમળ, વનમાળા, ચક્ર, કૌસ્તુભમણિ, ગદા વગેરેથી તે યુકત હતા અને ઝળકતાં કિરણોવાળા ઉત્તમ મુકુટ, કુંડળો, કડાં, કંદોરો, હાર, બાજુબંધ તથા ઝાંઝર વગેરે અંગનાં આભૂષણોથી શણગારેલા એવા તે ભગવાનને જેમ નિર્ધન મનુષ્યો ઉત્તમ ખજાનો પામે, તેમ પ્રત્યક્ષ પામી ઋત્વિજો, સભાસદો તથા યજમાન બહુમાનપૂર્વક મસ્તક નમાવી પૂજાસત્કાર સાથે તેમની સ્તુતિ કરવા લાગ્યા.

**ઋત્વિજો બોલ્યા :** હે મહાપૂજ્ય દેવ ! આપ પરિપૂર્ણ છો, તોપણ આપના માર્ગે ચાલનારા અમારી (દાસીની) પૂજા વારંવાર સ્વીકારવા યોગ્ય છો. અમને તો સત્પુરુષોએ એટલું જ શીખવ્યું છે કે. नमो नमः ભગવાનને વારંવાર નમસ્કાર કરવા; કારણ કે પ્રકૃતિના ગુણોના પ્રપંચમાં જ જેની બુદ્ધિ રહેલી છે અને તેથી જ અસમર્થ એવો ક્યો પુરુષ પ્રકૃતિ તથા પુરુષથી પર આપ ઈશ્વરનાં અર્વાચીન (એટલે આપનો સ્પર્શ પણ ન કરનારાં અને પ્રપંચની અંદર જ સમાયેલાં) નામો, રૂપો તથા આકૃતિઓથી આપના રૂપનું વર્ણન કરવા યોગ્ય છે ? અર્થાત્ કોઈ યોગ્ય નથી. સમગ્ર જીવસમૂહનાં પાપો દૂર કરનારા આપના મંગળ ઉત્તમ ગુણસમૂહના માત્ર અમુક એક ભાગના વર્ણન વિના અધિકનું વર્ણન કરવા કોઈ યોગ્ય નથી. હે પરમદેવ ! આપ તો આપના ભકતો પ્રેમપૂર્વક રચેલી ગળગળી વાણીવાળી સ્તુતિઓથી, જળથી, શુદ્ધ

કૂણાં પાંદડાંથી, તુલસીથી તથા દુર્વાના અંકુરોથી પણ કરેલી પૂજા વડે અત્યંત પ્રસન્ન થાઓ છો. એમ ન હોય તો આ પુષ્કળ પૂજાસાહિત્યથી ભરેલી આપની આ યજ્ઞરૂપ પૂજાથી પણ આપનું યોગ્ય પ્રયોજન (સિદ્ધ થતું હોય એમ) અમે જોતા નથી, કારણ કે પોતાની મેળે હમેશાં એકધારા અતિશય પ્રકટ થતા સમગ્ર પુરુષાર્થો જ આપનું પરમાનંદસ્વરૂપ છે; તોપણ હે નાથ ! (આપને તો કંઈ પ્રયોજન નથી, છતાં) આ જે યજ્ઞયાગાદિ કંઈ કરાય છે, તે કામનાઓની આશા રાખનારા અમોને જ માત્ર (આપના) આરાધનરૂપે (ઉપયોગી) થવા યોગ્ય છે. હે સર્વોત્તમ પરમપુરુષ ! અમે મુર્ખાઓ અમારી મેળે અમારું પોતાનું પરમ કલ્યાણ સમજી શકતા નથી, તેથી (જ આ યજ્ઞયાગાદિ અમારા જ ઉપયોગ પૂરતા અમે લઈ બેઠા છીએ, છતાં) આપ અત્યંત દયાથી પોતાનો મોક્ષ નામનો મહિમા તથા સર્વ કામનાઓ અમને આપવાની ઈચ્છાથી, પોતે (પૂજાની અપેક્ષારહિત હોવાથી) અપૂજિત છો; છતાં પોતાની મેળે જ પૂજાની ઈચ્છા રાખતા હો તેમ અહીં પ્રકટ થયા છો. (આ રીતે આપ તો અમને વર આપવા માટે જ પ્રકટ થયા છો; તો પણ) હે મહાપૂજ્ય દેવ ! રાજર્ષિ નાભિના આ યજ્ઞમાં વર આપનારાઓમાં ઉત્તમ એવા આપનાં અમને ભકતોને જ્યારે દર્શન થયાં, ત્યારે જ એ વર અમને મળી ચૂક્યો છે; કારણ કે જે આત્મારામ મુનિઓના સમગ્ર મળ, વૈરાગ્યથી ઊપજેલા તીક્ષ્ણ જ્ઞાનાગ્નિ વડે બળીને ભસ્મ થયા હોય છે અને તેથી જ જેઓનો સ્વભાવ આપના જેવો જ હોય છે, તેઓને પણ આપનો ગુણસમૂહની કથા જ પરમ મંગળરૂપ થયેલી હોય છે, નહિ કે દર્શન; અર્થાત્ એવા મુનિઓને પણ આપનાં દર્શન તો દુર્લભ જ છે અને તેથી જ આપના ગુણસમુદાયનો નિત્ય અભ્યાસ કરે છે. (એ રીતે અમે આપનાં દર્શનથી જ કૃતાર્થ થયા છીએ તોપણ આ એક વર અમે માગીએ છીએ.) અમે કોઈ રીતે ઠેસ ખાઈએ, છીક ખાઈએ, પડી જઈએ, બગાસું ખાઈએ, બીજી કોઈ દુર્દશામાં આવી પડીએ અથવા તાવ કે મરણની દશામાં જઈએ, તે સમયે જ્યારે આપનું સ્મરણ કરવા અમે અશકત હોઈએ, ત્યારે સમગ્ર પાપો દૂર કરનાર આપના ગુણોથી પ્રસિદ્ધ નામો અમારી વાણીના વિષયરૂપ થાઓ. (વળી બીજી પણ પ્રાર્થના છે : આ રાજર્ષિ નાભિ, સંતાનની ઈચ્છા રાખી આપના જેવા જ પુત્રની આશા રાખે છે અને "પ્રજામાં જ પુરુષાર્થ છે" આવો વિશ્વાસ રાખી જેમ નિર્ધન મનુષ્ય ધાન્યનાં ફોતરાંની આશા રાખી કુબેરને આરાધે, તેમ આ સમગ્ર લોકના ભોગોના તથા સ્વર્ગ અને મોક્ષના પણ ઈશ્વર આપનું આરાધન કરે છે. (અને તેમાં આશ્ચર્ય નથી;) કારણ કે આ સંસારમાં જેણે મહાપુરુષોના ચરણો સેવ્યા નથી, તેવો કયો પુરુષ છે કે જે કોઈ સ્થળે પરાજય ન પામેલી અને જેનો માર્ગ પણ જણાયેલો નથી એવી આપની માયાથી પરાજય પામ્યો ન હોય ? તેમ જ એવો ક્યો પુરુષ છે કે જેની બુદ્ધિ માયાથી ઢંકાયેલી ન હોય અને જેનો સ્વભાવ વિષયોરૂપી ઝેરના વેગથી ઢંકાયેલો ન હોય ? હે અનેક કાર્યોના કર્તા પરમાત્મન્ ! આ અતિતુચ્છ કાર્ય માટે અમે આપને અહીં બોલાવ્યા છે, તે આવી પ્રજારૂપ વસ્તુમાં પુરુષાર્થબુદ્ધિવાળા અમે મંદમતિ મૂર્ખાઓએ આપનું અપમાન જ કર્યું છે, તો પણ હે દેવોના દેવ ! આપને તો સર્વ પ્રત્યે સમાનતા જ છે, તેથી અમારા એ અપરાધને સહન કરવા આપ યોગ્ય છો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ ગદ્યાત્મક સ્તોત્રથી ઋત્વિજોએ સ્તુતિ કરી. પછી ભારતવર્ષના રાજા નાભિથી વંદન કરાયેલા સર્વ ઋત્વિજોએ જેમના ચરણમાં વંદન કર્યું હતું, તેવા દેવશ્રેષ્ઠ ભગવાન દયાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** અહો ! હે ઋષિઓ ! આશ્ચર્ય છે કે સત્ય વાણીવાળા તમોએ 'આ નાભિરાજાને મારા જેવો પુત્ર થાય' એવો દુર્લભ વર માંગ્યો છે ! કારણ કે અદ્વિતીયપણાથી મારા જેવો તો હું એક જ છું; તોપણ બ્રાહ્મણોનું વચન મિથ્યા થવાને યોગ્ય નથી. કારણ કે ઉત્તમ બ્રાહ્મણો તે મારું જ મુખ છે. માટે મારા સરખો બીજો કોઈ મને મળતો ન હોવાથી હું પોતે જ આગ્નીધ્રના પુત્ર નાભિરાજાને ત્યાં અંશકલાથી અવતરીશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ મેરુદેવીના સાંભળતાં તેના પતિ (નાભિરાજા) ને કહી ભગવાન અદ્રશ્ય થયા. હે પરિક્ષિતરાજા ! એ રીતે તે યજ્ઞમાં મોટા ઋષિઓએ જેમને પ્રસન્ન કર્યા હતા, તેવા ભગવાન નાભિરાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી, તેમ જ દિગંબર અવસ્થામાં રહેનારા તપસ્વીઓ, જ્ઞાનીઓ તથા નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો દર્શાવવાની ઈચ્છાથી, શુદ્ધ સત્ત્વગુણી શરીરધારી નાભિરાજાની રાણી મેરુદેવીમાં અવતર્યા. ૧-૨૦.

**बर्हिषि तस्मिन्नेव विष्णुदत्त भगवान् परमर्षिभिः प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायने मेरुदेव्यां धर्मान् दर्शयितुकामो वातरशनानां श्रमणानामृषीणामूर्ध्वमन्थिनां शुक्लया तनु वावततार ॥२०॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪
## શ્રીઋષભદેવને ત્યાં સો પુત્રોનો જન્મ

**॥ श्रीशुक उवाच ॥**

अथ ह तमुत्पत्त्यैवाभिव्यज्यमानभगवल्लक्षणं साम्योपशमवैराग्यैश्वर्यमहाविभूतिभिरनुदिनमेधमानानुभावं प्रकृतयः प्रजा ब्राह्मणा देवताश्चावनितलसमवनायातितरां जगृधुः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી ઉત્પત્તિથી આરંભીને જ જેમનામાં ભગવાનનાં લક્ષણો સ્પષ્ટ જણાતાં હતાં અને સમભાવ, બાહ્ય-આભ્યંતર ઈન્દ્રિય નિગ્રહ, વૈરાગ્ય, ઐશ્વર્ય તેમ જ સર્વ સંપત્તિઓથી જેમનો પ્રભાવ હમેશાં વધતો હતો તેવા તે કુમારને સર્વ પ્રધાનમંડળ, પ્રજાઓ, બ્રાહ્મણો તથા દેવો પૃથ્વીના રક્ષણ માટે અત્યંત ઈચ્છવા લાગ્યા. તેમના સર્વોત્તમ શરીરથી, મોટી કવિતાઓ વડે કવિઓએ વર્ણવેલા તેજથી, બળથી, શોભાથી, યશથી, પ્રભાવથી તેમ જ ઉત્સાહથી પિતા (નાભિરાજા) એ તેમનું 'ઋષભ (સર્વોત્તમ) એવું નામ પાડયું. જે સમયે ભગવાન ઈન્દ્રે તે ઋષભદેવ સાથે સ્પર્ધા કરી તે ખંડમાં વૃષ્ટિ ન કરી, ત્યારે તે જાણી યોગેશ્વર ભગવાન ઋષભદેવે (ઈન્દ્રની એ મુર્ખાઈ ઉપર) હસીને પોતાની યોગમાયાના બળથી પોતાના 'અજનાભ' નામના ખંડમાં વૃષ્ટિ કરી હતી. નાભિરાજા પોતાની ઈચ્છાનુસાર એ ઋષભદેવ જેવા પુત્રને પામી અત્યંત હર્ષથી વિહવળ થયા અને પોતાની ઈચ્છાથી જ જેમણે મનુષ્યલોક જેવા ધર્મવાળી આકૃતિ લીધી હતી. એવા પુરાણપુરુષ ભગવાનને તેમની માયાને લીધે જ 'આ મારો પુત્ર છે' એમ બુદ્ધિથી માની ગળગળી વાણીથી 'હે વત્સ ! હે તાત !' એમ પ્રેમપૂર્વક લાડ લડાવતા પરમ શાંતિ પામ્યા. પછી પ્રજાજનોને માન્ય ગણાતા રાજા નાભિએ પ્રજાઓ તથા પ્રધાનમંડળ સુધ્ધાંનો જેમના પર પ્રેમ જણાયો હતો, એવા પુત્ર ઋષભદેવનો ધર્મમર્યાદાની રક્ષા માટે રાજ્યાભિષેક કર્યો અને બ્રાહ્મણોના ખોળામાં તેમને મૂકી પોતે મેરુદેવીની સાથે બદરિકાશ્રમમાં જઈ કોઈ પણ પ્રાણીને ઉદ્વેગ નહિ કરનાર તીવ્ર તપ વડે તથા માનસિક એકાગ્રતાથી સમાધિયોગ વડે નરનારાયણ નામવાળા ભગવાન વાસુદેવની

ઉપાસના કરી, કેટલાક કાળ પછી જીવન્મુક્તિ પામ્યા. હે પરીક્ષિતરાજા ! એ નાભિરાજા સંબંધી આવા બે પ્રાચીન શ્લોકો ગવાય છે :

को नु तत्कर्म राजर्षेर्नाभेरन्वाचरेत् पुमान् । अपत्यतामगाद्यस्य हरिः शुद्धेन कर्मणा ॥
ब्रह्मण्योऽन्यः कुतो नाभेर्विप्रा मङ्गलपूजिताः । यस्य बर्हिषि यज्ञेशं दर्शयामासुरोजसा ॥

અર્થાત્ રાજર્ષિ નાભિના તે પ્રસિદ્ધ કર્મને તેમના પછીનો કયો પુરુષ કરી શકે તેમ છે કે, જેમનાં શુદ્ધ કર્મને લીધે શ્રીહરિ પોતે તેમના પુત્ર તરીકે અવતર્યા હતા ! તેમ જ નાભિરાજા સિવાય બીજા બ્રાહ્મણભક્ત રાજા ક્યાં મળે તેમ છે, કે જેમના યજ્ઞમાં દક્ષિણાઓથી સત્કાર પામેલા બ્રાહ્મણોએ પોતાના મંત્રબળથી યજ્ઞપતિ શ્રીહરિનાં નાભિરાજાને દર્શન કરાવ્યાં હતાં !

પછી ભગવાન ઋષભદેવે પોતાના ખંડને કર્મક્ષેત્ર માની પોતે ગુરુકુળમાં વાસ કર્યો ને ‘ગુરુકુળમાં વાસ કરવો જોઈએ’ એમ સર્વને દર્શાવ્યું. તે પછી ગુરુદક્ષિણા જેઓએ મેળવી હતી, તેવા ગુરુઓએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા આજ્ઞા આપી; ત્યારે ગૃહસ્થોના ધર્મનું પણ લોકોને શિક્ષણ આપવા ઈન્દ્રે આપેલી જયંતી નામની કન્યા પોતે પરણ્યા, વેદ તથા સ્મૃતિઓમાં કહેલા બંને પ્રકારના કર્મવિધિનું આચરણ કરી, તે સ્ત્રીમાં તેમણે પોતાના જેવા સો પુત્રો ઉત્પન્ન કર્યા. તેઓમાં સૌથી મોટો ભરત મહાન યોગી હતો અને ગુણો વડે સૌથી શ્રેષ્ઠ હતો, જેના નામ પરથી આ ખંડ ‘ભારતવર્ષ’ કહેવાય છે. તે ભરતથી નાના કુશાવર્ત, ઈલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઈન્દ્રસ્પૃક, વિદર્ભ તથા કીટક એ નવ આદિ નેવું પુત્રો કર્મમાં ઉત્તમ હતા. હવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ તથા કરભાજન; એ નવ ભાગવતધર્મને દર્શાવનારા ભગવાનના મહાભક્ત હતા. તેઓનું ઉત્તમ ચરિત્ર ભગવાનના મહિમાથી શોભીતું અને શ્રોતાઓના ચિત્તને શાંતિ આપનારું છે, તેનું આગળ (અગિયારમાં સ્કંધમાં) વસુદેવ અને નારદના સંવાદરૂપે વર્ણન કરવામાં આવશે. એ સિવાય જયંતીના બીજા એકાદશી પુત્રો પિતાની આજ્ઞા માનનારા અત્યંત વિનયવાળા, મહાન વેદવિદ્યા જાણનારા, યજ્ઞ કરવાના સ્વભાવવાળા અને તે યજ્ઞાદિ કર્મો કરી શુદ્ધ અંતઃ કરણવાળા બ્રાહ્મણો થયા હતા. ભગવાન ઋષભદેવ કર્મને આધીન રહેનારા ન હતા અને પોતાની મેળે જ સર્વ અનર્થ—પરંપરાઓ તેમનાથી દૂર રહેલી હતી; કેમ કે કેવળ આનંદનો અનુભવ કરનારા તે ઈશ્વર જ હતા; છતાં પોતે જાણે ઈશ્વર ન હોય તેમ કર્મો કરતા અને કાળે કરી નાશ પામેલા ધર્મનું પોતે આચરણ કરી અજ્ઞાનીઓને ધર્મ શીખવતા, સર્વના તરફ મિત્રતા રાખતા, દયાળુ હતા અને ધર્મ, અર્થ, યશ, પ્રજા, આ લોકના ભોગ તથા મોક્ષ— એ સર્વને અનુસરી લોકોને ગૃહસ્થાશ્રમમાં નિયમિત રાખતા. કારણ કે મહાપુરુષ જે જે આચરે, તેને લોકો અનુસરે છે. જોકે તે ભગવાન સમગ્ર ધર્મોથી યુક્ત વેદના રહસ્યને પોતે જાણતા જ હતા, છતાં બ્રાહ્મણોએ દર્શાવેલા માર્ગે જ સામાદિ ઉપાયો યોજી લોકસમૂહને શિક્ષણ આપતા. ભગવાન ઋષભદેવે દ્રવ્ય, દેશ, કાળ, યુવાવસ્થા, શ્રદ્ધા, ઋત્વિજો તથા અનેક જાતના દેવતાઓના ઉદ્દેશો એ સર્વ અંગોથી પૂર્ણ સર્વ પ્રકારના યજ્ઞો કરી શાસ્ત્રવિધિ પ્રમાણે સો વાર પરમાત્માનું યજન કર્યું હતું. ભગવાન ઋષભદેવ આ ભારતવર્ષનું રક્ષણ કરતા હતા, ત્યારે તેમાંનો કોઈ પણ પુરુષ માત્ર પોતાના સ્વામી, તે ભગવાન વિષે હમેશાં વધતા અતિશય સ્નેહ વિના બીજી કંઈ પણ વસ્તુ કોઈ પાસેથી ઈચ્છતો ન હતો; તેમ જ જેમ કોઈ આકાશપુષ્પ વગેરે જેવી મિથ્યા વસ્તુને ઈચ્છતું નથી, તેમ બીજા કોઈના વૈભવ વગેરે તરફ કોઈ દૃષ્ટિ પણ કરતું ન હતુ. એક સમયે તે ભગવાન ઋષભદેવ ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં પધાર્યા. ત્યાં મોટા

બ્રહ્મર્ષિઓની સભામાં સર્વ પ્રજાઓના સાંભળતાં પોતાના પુત્રો જોકે મનને વશ રાખનારા અને વિનય તથા સ્નેહને લીધે સારી રીતે વશ કરાયેલા હતા, તોપણ (પ્રજાને ઉપદેશ આપવા) તેઓને શિક્ષણ આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧-૧૯

स कदाचिदटमानो भगवानृषभो ब्रह्मावर्तगतो ब्रह्मर्षिप्रवरसभायां प्रजानां निशामयन्तीनामात्मजानवहितात्मनः प्रश्रयप्रणयभरसुयन्त्रितानप्युपशिक्षयन्निति होवाच ॥१९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## ઋષભદેવનો પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ અને તેમની પરમહંસદીક્ષા

॥ ऋषभ उवाच ॥

नायं देहो देहभाजां नृलोके कष्टान् कामानर्हते विड्भुजां ये । तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्धयेद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥१॥

**ઋષભદેવ બોલ્યા :** હે પુત્રો ! જે દુઃખદાયી વિષયભોગો વિષ્ઠા ખાનારાં કૂતરાં, ભૂંડ વગેરે પ્રાણીઓને પણ મળી રહે છે, તે વિષયભોગો માટે મનુષ્યલોકમાં મનુષ્યનો આ દેહ યોગ્ય નથી; પણ આ મનુષ્યદેહથી દિવ્ય તપ કરી લેવું જોઈએ. જેથી અંતઃકરણ શુદ્ધ થાય અને અંતઃકરણની શુદ્ધિથી અનંત બ્રહ્મસુખ પ્રાપ્ત થાય, વિદ્વાનો કહે છે કે મહાપુરુષોની સેવા તે મોક્ષનું દ્વાર છે અને સ્ત્રીઓનો સંગ તે સંસારનું દ્વાર છે. જેઓ બધે સમાન ચિત્તવાળા, અત્યંત શાંત, ક્રોધથી રહિત, ઉત્તમ હૃદયવાળા અને સદાચારી હોય તેઓને (તમારે) મહાપુરુષો જાણવા; અથવા જેઓનો પરમ પુરુષાર્થ મારામાં (પરમેશ્વરમાં) પરમ પ્રેમ કરવો એ જ હોય છે અને માત્ર શરીર પોષવામાં તત્પર મનુષ્યો ઉપર તથા સ્ત્રી, પુત્ર અને ધનથી યુક્ત ઘર ઉપર જેઓને પ્રીતિ હોતી નથી, તેમ જ લોકમાં પોતાનું શરીરનિર્વાહ પૂરતું જ જેઓને પ્રયોજન હોય છે તેઓને મહાપુરુષો જાણવા. મનુષ્ય જ્યારે ઇન્દ્રિયપ્રીતિ માટે કર્મ કરે છે, ત્યારે પ્રમાદી થઈ અવશ્ય પાપકર્મ જ કરે છે, કે જે (પૂર્વજન્મનાં) પાપકર્મને લીધે જ આ દુઃખદાયી શરીર મિથ્યા હોવા છતાં ઉત્પન્ન થયું છે, માટે ફરી તેવાં પાપકર્મ કરવાં એ હું યોગ્ય માનતો નથી. મનુષ્ય ત્યાં સુધી આત્મતત્ત્વ જાણવા ઈચ્છતો નથી કે જ્યાં સુધી અજ્ઞાનને લીધે દેહાદિ ઉપરના અહંભાવથી સ્વસ્વરૂપનું તેને જ્ઞાન થતું નથી; કારણ કે જ્યાં સુધી ક્રિયાઓ હોય છે ત્યાં સુધી આ મન કર્મ કરવાના સ્વભાવવાળું જ થાય છે, તેથી જ આત્માને શરીરમાં બંધાવું પડે છે. એમ અવિદ્યાને લીધે આત્મસ્વરૂપ ઢંકાઈ જાય ત્યારે (પૂર્વજન્મનાં કરેલાં) કર્મ મનને વશ કરે છે અને ફરી પણ કર્મ કરવામાં જ તેને આસકત કરે છે, માટે મારામાં—વાસુદેવમાં જ્યાં સુધી પ્રીતિ થતી નથી ત્યાં સુધી પુરુષદેહના સંબંધથી છૂટતો નથી. જોકે પોતે વિદ્વાન, વિવેકી હોવા છતાં પોતાનો સ્વાર્થ સાધવામાં પ્રમાદી બની ઈન્દ્રિયોની ચેષ્ટાને જો મિથ્યા જોતો નથી, તો એકાએક અજ્ઞાની બની પોતાનું સ્વરૂપજ્ઞાન ભૂલે છે, તેથી મૈથુનસુખ જેમાં મુખ્ય છે એવા ઘરમાં ફસાઈ પડી વિવિધ તાપ ભોગવ્યા કરે છે ને અનેક રીતે દુઃખી થાય છે. વિદ્વાનો કહે છે કે સ્ત્રી અને પુરુષ જ્યારે દંપતીભાવે જોડાય છે, ત્યારે તેઓનો એ દંપતીભાવ પરસ્પર તેઓ બંનેના હૃદયની બીજી એક ગાંઠ થઈ પડે છે કે જે ગાંઠથી મનુષ્યને ઘર, ક્ષેત્ર, પુત્ર, સંબંધીઓ તથા ધનમાં 'હું —મારું' એવો મોહ થાય છે.' એ રીતે મનુષ્યના હૃદયની એ (મોહરૂપી) ગાંઠ કે જે કર્મોને લીધે બંધાયેલી હોય છે, તે જ્યારે

શિથિલ થાય છે, ત્યારે મનુષ્ય એ દંપતીભાવથી અટકે છે અને ત્યારે જ સર્વ બંધનના કારણરૂપ અહંકારને છોડી મુકત થઈ પરમપદ પામે છે. હે પુત્રો ! હંસ સમાન વિવેકવાળા ગુરુ વિષે તથા પરમાત્મા વિષે ભકિતથી અને તત્પરતાથી, તૃષ્ણાના ત્યાગથી, સુખદુઃખાદિ દ્વંદ્વોને સહન કરવાથી, 'આ લોક તથા પરલોક એમ સર્વ ઠેકાણે જીવને દુઃખ છે ? એમ જાણવાથી, તત્ત્વ-અતત્વને જાણવાની ઈચ્છાથી, તપશ્ચર્યા કરવાથી, કામ્યકર્મ તજવાથી, મારામાં કર્મો અર્પણ કરવાથી, મારી કથા કરવાથી, હું જ જેઓનો દેવ છું તેવા મારા ભકતોનો નિત્ય સંગ કરવાથી; મારા ગુણોનું કીર્તન કરવાથી, પ્રાણીમાત્ર ઉપર વેર ત્યજવાથી, સમભાવ રાખવાથી, બહાર ને અંદરની બધી ઈન્દ્રિયો વશ કરવાથી, શરીર તથા ઘર ઉપર હું—મારું એ બુદ્ધિ ત્યજવાથી, અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસથી, એકાંતપ્રદેશ સેવવાથી; પ્રાણ, ઇન્દ્રિયો તથા મન સારી રીતે જીતવાથી, ઉત્તમ પ્રકારની શ્રદ્ધાથી, બ્રહ્મચર્ય પાળવાથી, નિરંતરનાં કર્તવ્ય ન તજવાથી, વાણીને વશ કરવાથી, બધે મારી ભાવનાવાળા નિપુણતાયુકત અનુભવજ્ઞાનથી અને યોગસમાધિકપૂર્વક ધૈર્ય, પ્રયત્ન તથા વિવેકયુકત થઈ કુશળ પુરુષે અહંકાર નામની ઉપાધિનો ત્યાગ કરવો. એ રીતે અપ્રમાદી પુરુષે પુર્વોક્ત ઉપાય વડે જેમાં કર્મો વસી રહ્યાં છે, એવી અવિદ્યાથી પ્રાપ્ત થયેલી હૃદયની મોહરૂપી ગાંઠનાં બંધનને શાસ્ત્રોકત ઉપદેશ પ્રમાણે સારી રીતે છોડી નાખી તે ઉપરથી પણ વિરામ પામવું. વળી જેને મારા લોકની ઈચ્છા અને મારી કૃપાનું કામ હોય એવા પિતા, ગુરુ તથા રાજાએ પોતાના પુત્રો, શિષ્યો તથા પ્રજાઓને ક્રોધરહિત થઈ એ પ્રમાણે જ ઉપદેશ કરવો જોઈએ; પરંતુ તત્વને ન જાણતા અને કર્મોથી મૂઢ થયેલા પુત્ર, શિષ્ય તથા પ્રજાને કર્મો કરવામાં જોડવાં નહિ; કેમ કે અજ્ઞાનીને કામ્યકર્મોમાં જોડી સંસારના ખાડામાં નાખતો મનુષ્ય ક્યો પુરુષાર્થ મેળવે છે ? કોઈ જ નહિ. લોકવ્યવહારમાં પડેલો મનુષ્ય પોતાની મેળે જ પોતાના કલ્યાણસાધનમાં જ્ઞાનશૂન્ય હોય છે, કારણ કે એ મનુષ્ય કામભોગની અત્યંત અભિલાષા રાખી વિષયોની જ ઇચ્છા કરે છે અને તેથી જ મૂઢ બની અતિ અલ્પસુખ માટે પણ પરસ્પર વેર કરે છે; પણ તેથી પ્રાપ્ત થતું અત્યંત દુઃખ પોતે જાણતો નથી. આમ અવિદ્યાની વચ્ચે રહેલા અજ્ઞાની મનુષ્યને આંધળાની પેઠે અવળે માર્ગે જતો જોઈ ક્યો જ્ઞાની પુરુષ જે પોતે અવિદ્યાના સ્વરૂપને જાણનારો અને દયાળુ હોય તે ફરી અજ્ઞાનીને કામ્યકર્મોમાં જોડે ? અર્થાત્ કોઈ ન જોડે. જે મનુષ્ય મૃત્યુરૂપ સંસારમાં સપડાયેલાને તેનાથી છોડાવી શકતો નથી, તે (ગુરુ હોય તો) ગુરુ નથી, (સ્વજન હોય તો) સ્વજન નથી, (પિતા હોય તો) પિતા નથી, (માતા હોય તો), માતા નથી, (દેવ હોય તો) દેવ નથી અને (પતિ હોય તો) પતિ નથી. મારું આ મનુષ્યાકૃતિ શરીર જાણવું મુશ્કેલ છે અને શુદ્ધ સત્ત્વગુણ મારું હૃદય છે, જેમાં ધર્મ રહેલો છે. વળી મેં અધર્મને દૂરથી જ દૂર કર્યો છે તેથી આર્યપુરુષો મને 'ઋષભ' કહે છે. માટે હે પુત્રો ! તમે મારા શુદ્ધ, સત્ત્વગુણમય હૃદયથી ઉત્પન્ન થયા છો, તેથી તમે તમારા આ મોટા ભાઈ ભરતની નિષ્કપટભાવે સેવા કરજો. તેને લીધે તમે મારી જ સેવા અને પ્રજાઓનું પાલન પણ કર્યુ ગણાશે; અર્થાત્ ભરતને અનુસરવાથી જ તમે સર્વ કર્યું મનાશે, ચેતન-અચેતન ભૂતોમાં સ્થાવર અચેતન કરતાં પૃથ્વીમાંથી ઊગનારાં સ્થાવર ચેતન અતિશય ઉત્તમ છે. સ્થાવર ચેતન કરતાં જંગમ (સરકીને ચાલનારાં કીડા વગેરે) ઉત્તમ છે, તે કીડા વગેરે કરતાં જ્ઞાનવાળાં પશુ વગેરે ઉત્તમ છે, પશુઓ કરતાં મનુષ્યો ઉતમ છે, મનુષ્યો કરતાં ભૂતપ્રેત વગેરે ઉત્તમ છે અને ભૂતપ્રેતાદિ કરતાં ગંધર્વો ઉત્તમ છે, ગંધર્વો કરતાં સિદ્ધો ઉત્તમ છે, સિદ્ધ કરતાં દેવોનાં અનુચરો કિન્નરો વગેરે ઉત્તમ છે, કિન્નરો વગેરે કરતાં અસુરો ઉત્તમ છે, અસુરો કરતાં દેવો ઉત્તમ છે, દેવોમાં ઈંદ્ર ઉત્તમ છે, ઈંદ્ર કરતાં બ્રહ્માના પુત્ર દક્ષ વગેરે પ્રજાપતિઓ ઉત્તમ છે.

દક્ષ વગેરે કરતાં મહાદેવ ઉત્તમ છે, મહાદેવ કરતાં બ્રહ્મા શ્રેષ્ઠ છે; બ્રહ્મા કરતાં હું શ્રેષ્ઠ છું અને મારા કરતાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે. કારણ કે બ્રાહ્મણોને હું પણ પૂજ્ય માનું છું. માટે હે બ્રાહ્મણો ! આ જગતમાં બીજા કોઈ પણ પ્રાણીને બ્રાહ્મણો સમાન હું જોતો નથી, તો બ્રાહ્મણોથી શ્રેષ્ઠ બીજું શું જોઉં ? કારણ કે મનુષ્યોએ બ્રાહ્મણોના મુખમાં શ્રદ્ધાપૂર્વક હોમેલા પદાર્થને જેવો હું જમું છું, તેવો અગ્નિહોત્રમાં હોમેલા પદાર્થ જમતો નથી; કેમ કે બ્રાહ્મણોએ મારું સર્વોત્કૃષ્ટ વેદરૂપ પ્રાચીન શરીર ધારી રાખ્યું છે અને બ્રાહ્મણો વિષે પરમ પવિત્ર સત્વગુણ, શમ, દમ, સત્ય, અનુગ્રહ, તપ, ક્ષમા તથા અનુભવ, એ આઠ ગુણો રહેલા છે, હું અનંત છું, પરથી પણ પર છું અને સ્વર્ગ તથા મોક્ષનો પણ અધિપતિ છું. આવા મારી પાસેથી પણ પોતે નિષ્કિંચન હોવા છતાં જેમને કંઈ માંગવાનું હોતું નથી, એવા મારી ઉપર ભકિતવાળા નિઃ સ્પૃહ બ્રાહ્મણોને બીજા-પ્રયોજન હોય ? હે પુત્રો ! તમારે મત્સરરહિત—પવિત્ર દૃષ્ટિવાળા થઈ સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓને મારું રહેઠાણ માની ક્ષણે ક્ષણે માન આપવું ; કારણ કે પ્રાણીમાત્રને એ રીતે સન્માન આપવું તે જ મારું પૂજન છે. એ સિવાય મન, વચન, દૃષ્ટિ તથા બીજા સર્વ ઇંદ્રિયોના વ્યાપારનું સાક્ષાત ફળ તો એ જ છે કે, તે તે સર્વ વ્યાપારથી કેવળ મારું આરાધન જ હોવું જોઈએ, કારણ કે એ રીતે (સર્વ વ્યાપાર મારામાં અર્પણ કરવારૂપ) મારું આરાધન કર્યા વિના પુરુષ મોટા મોહરૂપી કાળના પાશથી છૂટવા સમર્થ થતો નથી.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પોતાના પુત્રો પોતાની મેળે જ શિક્ષણ પામેલા હતા; તોપણ લોકોને શિક્ષણ આપવા માટે તેઓને શિક્ષણ આપી સર્વના પરમસુહૃદ મહાપ્રતાપી ભગવાન ઋષભદેવે ઉપશમરૂપ સ્વભાવવાળા અને સર્વ કર્મોથી વિરામ પામેલા મોટા મુનિઓનાં ભકિત, જ્ઞાન તથા વૈરાગ્યરૂપ પરમહંસધર્મનો ઉપદેશ આપવા પોતાના સો પુત્રોમાં સૌથી મોટા ભગવાનના પરમભકત અને ભગવાનના ભકતોનો જ પરમ આશ્રય લેનાર, ભરતનો પૃથ્વીના પાલન માટે રાજ્યાભિષેક કર્યો. પછી પોતે શરીર વિના બાકીના સર્વ રાજ્યાદિ પરિગ્રહ છોડી ઘરનાં અગ્નિહોત્રના અગ્નિનો પોતાના આત્મામાં આરોપ કર્યો અને ઉન્મત્તની પેઠે કેવળ આકાશરૂપી વસ્ત્ર ધારણ કરી (દિંગબરસ્વરૂપ) કેશ છૂટા મૂકી બ્રહ્માવર્ત દેશમાંથી પરમહંસ અવસ્થામાં ચાલી નીકળ્યા. એ સમયે તેમણે અવધૂત વેશ લીધો હતો અને કોઈ બોલાવતું તોપણ લોકોની વચ્ચે જડ, આંધળા, મૂંગા, બહેરા, પિશાચ તથા ગાંડાની પેઠે વર્તી મૌન વ્રત સ્વીકારી તે ચૂપ જ રહેતા હતા. વળી માર્ગમાં નગરો, ગામડાં, ખાણો, ખેડૂતોનાં રહેઠાણો, ફુલવાડીઓ, પર્વત પાસેનાં ગામડાં, લશ્કરી છાવણીઓ, ગાયોનાં સ્થાનો, રબારીઓના નેસડા, યાત્રાળુઓના સંઘો, પર્વતનાં વનો તથા ઋષિઓના આશ્રમો વગેરે સ્થળોએ માખીઓ જેમ વનના હાથીનો તિરસ્કાર કરે તેમ દુષ્ટ લોકો તેમનો તિરસ્કાર કરતા, માર મારતા, ઉપર મૂતરતા, થૂંકતા, પથરા મારતા, વિષ્ઠા-છાણ વગેરે નાખતા, ધૂળ ઉડાડતા અપાનવાયુ છોડી જતા ને ગાળો દેતા હતા, તો પણ તે કંઈ ગણકારતા ન હતા, કેમ કે સત્ય અને મિથ્યા અનુભવના સ્વરૂપથી તે કેવળ આત્મસ્વરૂપના મહિમામાં જ રહ્યા હતા, અને તેને જ લીધે મિથ્યા આકૃતિરૂપ છતાં સત્યનું માત્ર જેને બહાનું છે, એવા આ શરીર પર ''હું મારું'' એવું અભિમાન તેમને રહ્યું ન હતું, તેથી પોતે અખંડિત મનવાળા થઈ કેવળ એકલા જ પૃથ્વી પર વિચરતા હતાં. તેમના હાથ, પગ તથા છાતી અત્યંત સુકુમાર હતાં, બાહુઓ લાંબા હતા અને ખભા, ગળું તથા મુખ વગેરે અવયવો પણ વિશાળ હોઈ તેઓની રચના અત્યંત સુંદર હતી. તેમનું સુંદર મુખ સ્વાભાવિક રીતે જ રમ્ય એવા સ્વભાવસિદ્ધ હાસ્યથી શોભતું હતું. તેમનાં નેત્રો નવા

કમળની પાંખડીઓ જેવા, તાપ દૂર કરનાર કીકીઓવાળાં, લાલવર્ણા અને અને વિશાળ હતાં. જેને લીધે તે સુંદર દેખાતા હતા. તેમના ગાલ, કાન તથા નાસિકા એક સરખાં હોઈ મનોહર હતાં અને ગૂઢ હાસ્યવાળા મુખની સુંદરતાથી નગરની સ્ત્રીઓના મનમાં તે કામદેવ ઉત્પન્ન કરતા હતા. આમ સુંદર હોવા છતાં તેમનો વાંકડિયો ને ગુંચવાઈ ગયેલો પિંગળો કેશપાશ આગળના ભાગમાં લટકતો હતો, એવા તે ભગવાન અવધૂતના જેવા પોતાના મલિન શરીર વડે જાણે કોઈ ગ્રહથી ઘેરાયા હોય તેવા દેખાતા હતા. પછી જ્યારે તે ભગવાને જોયું કે આ લોકો યોગના સાક્ષાત્ શત્રુ જ છે, માટે આ લોકોને અલગ કરવાના ઉપાયરૂપે બીભત્સ કર્મ એટલે નિંદ્ય અને સૂગ આવે તેવું વર્તન કરવું જ ઠીક થશે. આવો વિચાર કરી તેમણે અજગર જેવું વ્રત આચરવા માંડયું એટલે કે સૂતા સૂતા ખાવાપીવા માંડયું, ખાતાં ખાતાં મળમૂત્ર કરવા માંડયાં અને વિષ્ઠામાં લેટીને શરીરના સઘળા ભાગો ખરડી મૂક્યા. એમની વિષ્ઠાની સુગંધથી ત્યાંનો વાયુ એવો સુગંધી થયો હતો કે જેથી ચારે તરફ દસ દસ યોજન સુધીના પ્રદેશને તે સુંગધવાળો કરતો હતો. એ રીતે બળદ, મૃગ તથા કાગડાની પેઠે વર્તીને ચાલતા, ઊભા રહેતા, બેસતા તથા સૂતા સૂતા પણ કાગડા, મૃગ તથા બળદના જેવું જ આચરણ કરી તે કંઈ પીતા હતા, ખાતા હતા અને મૂતરતા હતા. એમ લોકવ્યવહારનો ત્યાગ કરવા યોગીઓએ આવી રીતે વર્તવું જોઈએ એમ બતાવવા માટે અનેક પ્રકારની યોગચર્યા આચરતા. એ ભગવાન ઋષભદેવ પોતે મોક્ષના સ્વામી, નિરંતર પરમ મહાન આનંદનો અનુભવ કરનારા, સર્વવ્યાપક તથા પ્રાણીમાત્રના જ આત્મારૂપ ભગવાન વાસુદેવ વિષે પોતાની એકતાને લીધે બીજા અજ્ઞાની પેઠે દેહાદિની ઉપાધિવાળો ભાવ ન હોવાથી પોતાની મેળે જ બધાં ફળોથી પરિપૂર્ણ હતા. તેથી આકાશમાર્ગે જવું, મન સમાન વેગ કરવો, અદશ્ય થવું, પારકા શરીરમાં પ્રવેશ કરવો અને દૂર રહેલા પદાર્થને લેવો વગેરે યોગનાં ઐશ્વર્યો પોતાની મેળે સાક્ષાત્ પ્રાપ્ત થતાં હતાં; તોપણ હે રાજા ! તેમણે તેઓને મનથી સ્વીકાર્યા ન હતાં. ૧-૩૫

इति नानायोगचर्याचरणो भगवान् कैवल्यपतिर्ऋषभोऽविरतपरमहानन्दानुभवनन्दानुभव आत्मनि सर्वेषां भूतानामात्मभूते भगवति वासुदेव आत्मनोऽव्यवधानानन्तरोदरभावेन सिद्धसमस्तार्थपरिपूर्णो योगैश्वर्याणि वैहायसमनोजवान्तर्धानपरकायप्रवेशदूरग्रहणादीनि यदृच्छयोपगतानि नाञ्जसा नृप हृदयेनाभ्यनन्दत् ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## ઋષભદેવે કરેલા દેહત્યાગનું વર્ણન

॥ राजोवाच ॥

न नूनं भगव आत्मारामाणां योगसमीरितज्ञानावभर्जितकर्मबीजानामैश्वर्याणि पुनः क्लेशदानि भवितुमर्हति यदृच्छयोपगतानि ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે ભગવન્ ! જેઓએ યોગ વડે પ્રદીપ્ત થયેલા જ્ઞાનથી કર્મનાં બીજરૂપ રાગાદિ દોષ બાળી નાખ્યા હોય છે, તેવા આત્મારામ પુરુષોને પોતાની મેળે પ્રાપ્ત થયેલા યોગનાં ઐશ્વર્યો ફરી કલેશ આપનારાં થવાને યોગ્ય નથી, (છતાં ઋષભદેવજીએ યોગૈશ્વર્યનો સ્વીકાર કેમ ન કર્યો ?)

**શુકદેવજી બોલ્યા :** તમારું કહેવું સત્ય છે, પણ જેમ લુચ્ચો પારધી પકડેલા મૃગનો વિશ્વાસ કરતો નથી, તેમ બુદ્ધિમાન પુરુષો ચંચળ મનનો કદી વિશ્વાસ કરતા નથી. કહ્યું છે :

न कुर्यात् कर्हिचित् सख्यं मनसि ह्यनवस्थिते । यद्विश्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् ॥३॥
नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः । योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥४॥
कामो मन्युर्मदो लोभः शोकमोहभयादयः । कर्मबन्धश्च यन्मूलः स्वीकुर्यात् को नु तद्बुधः ॥५॥

મન ચંચળ છે માટે તેની મિત્રતા કદી કરવી નહિ; કારણ કે મનનો વિશ્વાસ કરવાથી મહાસમર્થ પુરુષોનાં લાંબા કાળનાં તપ પણ નાશ પામ્યા છે, જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાની પર વિશ્વાસ કરનાર પતિનો જાર પુરુષોને વખત આપી તેઓ દ્વારા નાશ કરે છે, તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે, તેનું એ મન કામ તથા તેની પાછળ રહેનારા ક્રોધાદિ શત્રુઓને વખત આપે છે; (અને તે દ્વારા યોગીને ભ્રષ્ટ કરે છે.) એટલું જ નહિ, પણ કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ તથા ભય વગેરે અને કર્મનું બંધન-એ સર્વનું મૂળ મન જ છે, તે મનને ક્યો વિવેકી પુરુષ સ્વાધીન થયેલું માને ? (આવા કારણથી ઋષભદેવજીએ યોગેશ્વર્યોનો સ્વીકાર કર્યો નહોતો.) ભગવાન ઋષભદેવ સમગ્ર લોકપાલના મુકુટરૂપ હતા, તોપણ જડ જેવો તેમનો એ વિલક્ષણ અવધૂતવેશ, ભાષા તથા આચરણથી તેમનો ભગવદ્પ્રભાવ કોઈએ જાણ્યો ન હતો. પછી દેહત્યાગના વિધિનો પણ યોગીઓને ઉપદેશ આપવા પોતાનું શરીર છોડવા ઈચ્છીને પોતાના 'ઋષભદેવ' નામના શરીરને પોતાના આત્મા વિષે અભેદભાવે તથા ધ્યાતા-ધ્યેયથી રહિત ભાવે તેમણે જોયું અને વિષય-પ્રપંચનું (વાસનારૂપે) અનુસરવું પણ જેમનાથી અટકયું હતું, એવા તે ભગવાને દેહાભિમાન છોડયું. એમ તે ઋષભદેવ ભગવાન (ખરી રીતે) સૂક્ષ્મદેહથી મુક્ત થયા હતા, તો પણ તેમનું સ્થૂલશરીર યોગમાયાની વાસનાથી સ્વાભિમાનના માત્ર આભાસને લીધે જ પૃથ્વી પર ફરતું હતું. એમનો તે સ્થુલ દેહ ફરતો ફરતો કોંક, વેંક અને કુટક નામના દક્ષિણ કર્ણાટક દેશમાં સ્વેચ્છાએ જઈ ચડ્યો. ત્યાં કુટક નામના પર્વતના ઉપવનમાં મુખમાં પથ્થરનો કોળિયો મૂકી ગાંડાની પેઠે છૂટા કેશે અને નગ્ન અવસ્થામાં ફરવા લાગ્યો. તેવામાં પવનના ઝપાટાથી ત્યાં રહેલાં વાંસનાં વૃક્ષો કંપવા લાગ્યાં અને તેઓના પરસ્પરના ઘર્ષણને લીધે અતિ ઉગ્ર દાવાનળ ઉત્પન્ન થયો, જેણે તે ઉપવનની સાથે ઋષભદેવજીના શરીરને પણ બાળી નાંખ્યું. આવું આ ઋષભદેવજીનું ચરિત્ર સાંભળી કોંક, વેંક તથા કુટક દેશનો અર્હન નામનો રાજા તે ચરિત્ર શીખી લઈ કળિયુગમાં જે વખતે અધર્મ વધશે, ત્યારે ભવિતવ્યતાથી અત્યંત મોહિત થયેલો તે મંદમતિ રાજા પોતાનો નિર્ભય વેદધર્મ છોડી દઈ, પોતાના અમંગળ પાખંડનો કુમાર્ગ ચાલુ કરશે. તેને લીધે કળિયુગમાં દુષ્ટ મનુષ્યો દેવમાયાથી માહિત થઈ પોતાનાં વેદશાસ્ત્રોની આજ્ઞાવાળાં સ્નાનાદિ શૌચનો તથા સંધ્યોપાસન આદિ ચારિત્ર્યનો ત્યાગ કરશે. દેવોનું અપમાન કરનારાં દુષ્ટ વ્રતો, જેવાં કે સ્નાન કરવું નહિ, આચમન કરવું નહિ, પવિત્રતા રાખવી નહિ અને કેશને ચૂંટી કાઢવા વગેરેને પોતાની જ ઈચ્છાનુસાર લેશે ને અધર્મ જેમાં ઘણો છે, એવા કલિયુગને લીધે જેઓની બુદ્ધિ વિનાશ પામેલી હશે એવા તે મનુષ્યો ઘણું કરી વેદની, બ્રાહ્મણોની, યજ્ઞપુરુષ પરમાત્માની તથા સજજનોની નિંદા કરનારા થશે. પણ તે પાખંડીઓ પોતાની ઈચ્છાથી ચાલુ કરેલી તે પ્રવૃત્તિથી વિશ્વાસ પામી આંધળાઓની

પરંપરાની પેઠે (એક આંધળો બીજાને દોરે ને તેની સાથે કૂવામાં પડે તેમ) પોતાની મેળે જ ઘોર નરકમાં પડશે. આ ભગવાન ઋષભદેવનો અવતાર રજોગુણથી ઘેરાયેલો મનુષ્યોને મોક્ષનું શિક્ષણ આપવા માટે થયો હતો. તે અવતારના ગુણગાનરૂપ આવા ત્રણ શ્લોકો વિદ્વાનો ગાય છે :

अहो भुवः सप्तसमुद्रवत्या द्वीपेषु वर्षेष्यधिपुण्यमेतत् ।
गायन्ति यत्रन्यजना मुरारेः । कर्माणि भद्राण्यवतारवन्ति ॥१३॥
अहो नु वंशो यशसावदातः प्रैयव्रतो यत्र पुमान् पुराणः ।
कृतावतारः पुरुषः स आद्यश्चचार धर्मं यदकर्महेतुम् ॥१४॥
कोऽन्वस्य काष्ठामपरोऽनुगच्छेन् मनोरथेनाप्यभवस्य योगी ।
यो योगमायाः स्पृहयत्युदस्ता ह्यसत्तया येन कृतप्रयत्नाः ॥१५॥

અહો ! સાત સમુદ્રોવાળી પૃથ્વીના દ્વીપોમાં જે ખંડો છે, તેઓમાં આ ભારતવર્ષ અતિશય પુણ્યશાળી છે; કેમ કે ત્યાંના મનુષ્યો શ્રીભગવાનનાં ઋષભદેવ આદિ અવતારોવાળાં માંગલિક કર્મો ગાય છે. અહો ! પ્રિયવ્રતરાજાનો વંશ યશથી ઉજજવળ છે કે જેમાં આદ્ય પુરાણપુરુષે અવતાર લઈ મોક્ષનું કારણ ધર્મ આચર્યો હતો ! ! બીજો કયો યોગીપુરુષ એ ભગવાન ઋષભદેવે અનુસરેલા માર્ગની દિશાએ પણ જઈ શકે ? કેમ કે એ યોગી યોગમાયારૂપ યોગસિદ્ધિઓની સ્પૃહા રાખે છે, જ્યારે ભગવાન ઋષભદેવે તેમની સેવા કરવા તૈયાર એવી એ યોગસિદ્ધિઓનો અવસ્તુ તરીકે અનાદર કર્યો હતો.

એ પ્રમાણે મનુષ્યોનાં બધાં પાપોને દૂર કરનારુ ભગવાન ઋષભદેવનું ચરિત્ર મેં તેમને કહ્યું કે જે ભગવાન સમગ્ર વેદ, લોક, દેવો તથા બ્રાહ્મણોના પરમ ગુરુ હતા. આ ચરિત્ર પરમ મહાન મંગળનું સ્થાન છે, તેથી જે મનુષ્ય સાવધાન થઈ શ્રદ્ધાપૂર્વક સાંભળે અથવા સંભળાવે તે બન્ને (શ્રોતાવક્તા) ની ભગવાન વાસુદેવ વિષે એકાંતિક ભકિત થાય છે. તે ભકિતને વિશે સંસારનાં પાપો તથા સંતાપોથી તપેલા પોતાના આત્માને નિત્ય નિરંતર નવડાવતા વિવેકીઓ, તેથી પ્રાપ્ત થયેલી પરમ શાંતિને લીધે પોતાની મેળે જ પ્રાપ્ત થયેલા સર્વોત્કૃષ્ટ પરમ પુરુષાર્થ (મોક્ષ) નો પણ આદર કરતા નથી, કેમ કે તેઓના સર્વ પુરુષાર્થો ભગવાનના ભકતપણાથી જ પરિપૂર્ણ હોય છે. હે રાજન્ ! ભગવાન મુકુંદ તમારા તથા યાદવોના પતિ (પાલક) ઉપદેશ આપનાર ગુરુ ઉપાસ્ય, પ્રિય મિત્ર અને કુલપતિ (નિયંતા) પણ ભલે હોય. વળી કોઈ કોઈ સમયે તે ભગવાન તમારા દાસ પણ ભલે થયા હો ને પોતાને ભજનાર મનુષ્યોને તે ભગવાન ભલે કદાચ મોક્ષ પણ આપે; પરંતુ પોતાને વિષે સપ્રેમ ભકિતયોગ કદી આપતા નથી (આવું ભકિતયોગનું ગૌરવ છે.) ભગવાન ઋષભદેવ નિત્ય અનુભવેલા સ્વસ્વરૂપના લાભથી તૃષ્ણારહિત હતા; છતાં કેવળ કરુણાને લીધે જ તેમણે દેહાદિ મિથ્યા વસ્તુના મનોરથથી કલ્યાણના વિષયમાં મૂઢ બુદ્ધિવાળા લોકોને નિર્ભય આત્મસ્વરૂપનો ઉપદેશ કર્યો છે, તે ભગવાન ઋષભ દેવને નમસ્કાર હો.

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णः । श्रेयस्य तद्रचनया चिरसुप्तबुद्धेः ॥
लोकस्य यः करुणयाऽभयमात्मलोकमाख्यान्नमो भगवते ऋषभाय तस्मै ॥२०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

# અધ્યાય-૭
## ભરતરાજાનું હરિક્ષેત્રમાં હરિભજન

॥ श्रीशुक उवाच ॥

भरतस्तु महाभागवतो यदा भगवतावनितलपरिपालनाय सञ्चिन्तितस्तदनुशासनपरः पञ्चजनी विश्वरूपदुहितरमुपयेमे ॥१॥

**શુકદેવજી બોલ્યા :** ભરત પણ ભગવાનના મહાભકત હતા. પિતા ઋષભદેવજીએ પૃથ્વીનું રક્ષણ કરવા માત્ર સંકલ્પથી જ તેમનો રાજ્યાભિષેક કર્યો, ત્યારે તેમની આજ્ઞામાં રહી વિશ્વરૂપની પુત્રી પંચજનીને તે પરણ્યા, એ પંચજનીમાં તેમણે અહંકાર જેમ પાંચ સુક્ષ્મ ભૂતોને ઉત્પન્ન કરે છે, તેમ પોતાને સંપૂર્ણ યોગ્ય એવા પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા. તેઓનાં નામ સુમતિ, રાષ્ટ્રભુત, સુદર્શન, આવરણ તથા ધૂમ્રકેતુ હતાં. વળી આ ખંડ ભારતની પૂર્વે 'અજનાભ' કહેવાતો. તેને જ ભરતથી માંડી (હજી સુધી) લોકો 'ભારતવર્ષ'' એમ કહે છે, તે ભરતરાજા મહાજ્ઞાની હતા, સ્વધર્મમાં રહી તેમણે પિતા તથા દાદાઓની પેઠે ઘણા જ પ્રેમથી પોતપોતાનાં કર્મમાં વર્તતી પ્રજાઓનું પાલન કર્યું હતું; તેમ જ નાનામોટા અનેક યજ્ઞો જેવા કે અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ, પશુયાગ તથા સોમયાગની પ્રકૃતિઓ અને વિકૃતિઓ વડે યજ્ઞ તથા ક્રતુ રૂપ ભગવાનયજ્ઞપુરુષનું નિત્ય ચાતુર્હોત્રવિધિથી યજન કર્યું હતું એમ ક્રિયાનુષ્ઠાનથી સંપાદન કરેલી ક્રિયાવાળા અનેક યજ્ઞો કર્યા; ત્યારે યજમાન ભરતરાજા તે તે યજ્ઞોનું જે જે ક્રિયાફળ તથા કર્મફળ ઉત્પન થતું તેનું પરબ્રહ્મ યજ્ઞપુરુષ ભગવાન શ્રીવાસુદેવ વિષે જ ચિંતન કરતા કે જે ભગવાન શ્રીવાસુદેવ સર્વ દેવતાઓના પ્રકાશક વેદમંત્રોનો ઇંદ્રાદિ દેવતાઓરૂપ જે અર્થ છે, તેના નિયામક હોઈ, સર્વના સાક્ષાત્ કર્તા અને પરમદેવ છે, એમ ચિંતન કરવારૂપી પોતાની નિપુણતાથી જેમના રાગાદિ મેલ નાશ પામ્યા હતા, એવા ભરતરાજા જે વેળા અધ્વર્યુ (યાજ્ઞિકો) હાથમાં હોમદ્રવ્યો લેતા, ત્યારે યજ્ઞભાગ ભોગવનારા તે સૂર્યાદિ દેવોને પણ યજ્ઞપુરુષ પરમાત્માના નેત્રાદિ અવયવોમાં જ ચિંતવતા હતા. કર્મની એ વિશુદ્ધિને લીધે જેમનું અંતઃકરણ શુદ્ધ થયું હતું એવા ભરતરાજાને હૃદયાકાશરૂપી સ્થાનમાં પ્રકટ થનારા, મહાપુરુષ—સ્વરૂપની આકૃતિવાળા, શ્રીવત્સલાંછન, કૌસ્તુભમણિ, વનમાળા, ચક્ર, શંખ અને ગદા વગેરેથી યુકત તથા નારદજી વગેરે પોતાના ભકતોના હૃદયમાં ચિત્રની પેઠે સ્થિર થયેલા, પોતાના પુરુષોત્તમસ્વરૂપે મનમાં પ્રકાશતા પરબ્રહ્મ ભગવાને વાસુદેવ વિષે હંમેશ વધતા વેગવાળી અતિ ઉત્કૃષ્ટ ભકિત થઈ હતી, એમ એક કરોડ વર્ષોના અંતે રાજયભોગના પુણ્યકર્મની સમાપ્તિનો સમય જેમણે નક્કી કર્યો હતો, એવા તે ભરતરાજાએ જે પોતે પોતાના અધિકાર પ્રમાણે ભોગવતા હતા તે બાપદાદાઓનું ધન પોતાના પુત્રોને વહેંચી આપી, પોતે સમગ્ર સંપત્તિના સ્થાનરૂપ પોતાના ઘરમાંથી પુલહ ઋષિના આશ્રમ (હરિક્ષેત્ર)માં ચાલ્યા ગયા. જ્યાં ભગવાન શ્રીહરિ હજી સુધી ત્યાં પોતાના ભકતપુરુષોને તેમના ઉપરના પ્રેમથી તેમની ઈચ્છાનુસાર પ્રત્યક્ષ દર્શન આપે છે, અને ઉપર નીચે બન્ને તરફની નાભિવાળી શિલાઓની વચ્ચેનાં ચક્રોવાળા શાલિગ્રામો જે નદીમાં મળે છે, તે ચક્ર નદી (ગંડકી) ઋષિઓના આશ્રમોને બધી બાજુએથી પવિત્ર કરે છે, તે પુલહાશ્રમના ઉપવનમાં ભરતજી એકલા જાતજાતનાં પુષ્પો, કુંપળો, તુલસી, જળ, કંદ, મૂળ, ફળ, વગેરે પૂજાસાહિત્યથી ભગવાનની પૂજા કરતા, તેમણે સર્વ વિષયાભિલાષો છોડ્યા હોવાથી જેમનો ઉપશમ વધ્યો હતો, એવા તે રાજા પરમ

શાંતિ પામ્યા હતા. એમ અવિરત ભગવદ્ભક્તિથી ભગવાનમાં વધેલા અતિશય પ્રેમથી તેમનું હૃદય પીગળીને શિથિલ થઈ જતું હતું અને ઘણા હર્ષાવેગથી તેમના શરીર પર રોમાંચસમૂહ પ્રકટ થતો, તેમ જ ઉત્સુકતાથી વહેતાં હર્ષનાં આંસુથી તેમનાં નેત્રોની દર્શનક્રિયા પણ બંધ થઈ જતી. એમ પોતાને પ્રીતિ આપનાર શ્રીભગવાનના લાલ ચરણકમળના ચિંતનથી અત્યંત વધેલા ભકિતયોગને લીધે, સર્વ તરફ વ્યાપેલા પરમ આનંદથી પૂર્ણ હૃદયરૂપી ધરામાં તેમની બુદ્ધિ ડૂબી જતી કે, જેથી કરાતી ભગવાનની પૂજાનું પણ તેમને ભાન રહેતું નહિ, એ રીતે ભગવાનનું જ વ્રત જેમણે લીધું હતું અને મૃગચર્મરૂપી વસ્ત્ર પહેરવાથી તથા ત્રિકાળ સ્નાનને લીધે ભીની, પીગળી તથા વાંકી વળી ગયેલી જટાના સમૂહથી શોભતા તે ભરતજી સૂર્યનો ઉદય થતો, ત્યારે સૂર્યમંડળ સામે ઊભા રહી, સૂર્યમંડળના અધિષ્ઠાતા ભગવાન હિરણ્યપુરુષની આવી સૂર્યપ્રકાશક ઋચા વડે સ્તુતિ કરતા.

"પ્રકૃતિથી પર એટલે શુદ્ધ સત્ત્વગુણમય શ્રીસૂર્યદેવનું સ્વ-સ્વરૂપભૂત તેજ કર્મફળ આપનારું છે; કારણ કે જેમણે કેવળ મનથી જ જગત ઉત્પન્ન કર્યું છે અને પોતે સર્જેલા તે જગતમાં અંતર્યામીરૂપે પ્રવેશ કરી તૃષ્ણાવાળા જીવનું પોતાની ચૈતન્યશકિતથી જે પાલન કરે છે, તે બુદ્ધિને ગતિ આપનાર શ્રીસૂર્યદેવના તેજને અમે શરણે જઈએ છીએ.

**परोरजः सवितुर्जातवेदो देवस्य भर्गो मनसेदं जजान । सुरेतसादः पुनराविश्य चष्टे हंसं गृध्राणं नृषद्रिङ्गिराभिमः ॥१४॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## ભરતજીનો મૃગજાતિમાં જન્મ

**॥ श्रीशुक उवाच ॥**

एकदा तु महानद्यां कृताभिषेकनैयमिकावश्यको ब्रह्माक्षरमभिगृणानो मुहुर्तत्रयमुदकान्त उपविवेश ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક દિવસ શૌચ વગેરે આવશ્યક ક્રિયા કરી મહાનદી ગંડકીમાં જેમણે સ્નાન, સંધ્યોપાસન આદિ નિત્યકર્મ કર્યા હતાં. એવા ભરતજી અક્ષરબ્રહ્મ ઓમકારનો જપ કરતા નદીના કિનારે છ ઘડી સુધી બેઠા હતા. તેવામાં હે રાજન્ ! એક મૃગલી જળ પીવાની ઈચ્છાથી એકલી જ તે જળાશય પાસે આવી અને તે જળપાન કરતી હતી, તેવામાં સમીપમાં ગરજતા સિંહની લોકભયંકર ગર્જના ત્યાં સંભળાઈ. તે સાંભળી સ્વભાવથી જ બીકણ એ મૃગલીની દૃષ્ટિ ભયથી ચકરવકર થઈ ગઈ. તેનું હૃદય સિંહનો ભય પેસી જવાથી અત્યંત ગભરાઈ ગયું અને તેનાં નેત્રો અત્યંત ભમી ગયાં, જોકે તેની તરસ હજી છીપી ન હતી, તોપણ ભયને લીધે તે એકદમ કૂદીને નદી ઓળંગી ગઈ, તે મૃગલી ગર્ભિણી હતી, જેથી કૂદતાં કૂદતાં તેનો ગર્ભ ઘણા ભયને લીધે (ગર્ભાશયમાંથી) ગરી પડયો અને યોનિમાર્ગ દ્વારા બહાર નીકળતી નદીના પ્રવાહમાં જઈ પડયો. એમ ગર્ભ પડી ગયો. નદી કૂદવી પડી ને સિંહનો ભય પણ હજી હતો જ, જેથી પરિશ્રમથી પિડાયેલી તે મૃગલી પોતાના ટોળાથી છૂટી પડીને પર્વતની ગુફામાં ગઈ અને ત્યાં તરત મરણ પામી. પેલું મૃગનું બચ્ચુ દીન અવસ્થામાં નદીના પ્રવાહમાં પડી જઈ તણાવા લાગ્યું અને તેને પોતાના સંબંધીઓથી વિખૂટું પડેલું જોઈ "આ બિચારાની માતા મરી ગઈ" એવી દયાથી પોતે જાણે તેના બંધુ હોય તેમ તેને ઊંચકી લઈ રાજર્ષિ ભરત તેને પોતાના આશ્રમમાં લઈ ગયા. તેમને

એ મૃગના બચ્ચા, પર જાણે પોતાનું બાળક હોય તેમ અતિશય અભિમાન થયું. જેથી નિત્ય ઘાસ વગેરેથી તેનું પોષણ કરવું, વરુ વગેરેથી તેનું રક્ષણ કરવું, ચુંબન વગેરેથી તેને લાડ લડાવવાં ને ખંજવાળવા વગેરેથી તેને પ્રસન્ન કરવું; એમ તેના જ ચિંતનથી પોતાના સ્નાનાદિ નિયમો અહિંસાદિ યમો તથા તે સહિત ઈશ્વરપૂજા વગેરે એક પછી એક દરરોજ છૂટતાં કેટલેક દિવસે બધાંય છૂટી ગયાં. 'અહો! આ બિચારુ મૃગનું બચ્ચું કાળચક્રના ઘુમવાના વેગથી પોતાના ટોળાં, મિત્રો તથા સંબંધીઓથી વિખૂટું થઈ મારે શરણે આવ્યું છે અને મને જ પોતાનાં માતા, પિતા, ભાઈ, જ્ઞાની અને ટોળાંનો સંગાથી માનતું મારી પાસે આવ્યું છે. મારા વિના બીજા કોઈને ઓળખતું નથી અને મારામાં જ અત્યંત વિશ્વાસું બન્યું છે, માટે કેવળ મારે જ શરણે રહેલા આ મૃગના બચ્ચાનું પોષણ, પાલન, પ્રસન્નતા તથા લાલન મારે કરવું જોઈએ, કેમ કે હું શરણે આવેલાની ઉપેક્ષા કર્યાના દોષને જાણું છું. ખરેખર ઉપશમ સ્વભાવવાળા અને દીન ઉપર પ્રેમ ધરાવતા, આર્ય સત્પુરુષો આવા વિષયમાં પોતાના મોટા સ્વાર્થની પણ દરકાર કરતા નથી. આવો વિચાર રાખી તે મૃગના બચ્ચા સાથે જેમનું હૃદય સ્નેહથી બંધાયું હતું એવા ભરતજી બેસવું, સૂવું, ફરવું, ઊભા રહેવું તથા ખાવું વગેરે સર્વ ક્રિયામાં તેની સાથે જ રહેવા લાગ્યા. દર્ભ, પુષ્પ, હોમનાં કાષ્ઠ, પાંદડાં, ફળ, મૂળ તથા જળ લેવા પોતે વનમાં જતા; ત્યારે પણ વરુઓ તથા કુતરાઓ વગેરેથી ભયની શંકા રાખી તે મૃગના બચ્ચાને સાથે જ લઈ જતા. માર્ગમાં પણ તે મૃગનું બચ્ચું ભોળપણથી જ્યાં ત્યાં ભરાઈ પેસતું ત્યારે પણ અત્યંત સ્નેહાકુળ હૃદયવાળા ભરતજી તેના પર દયાળુપણાથી તેને પોતાની ખાંધ ઉપર ઊંચકી લેતા અને ખોળામાં લઈ છાતીસરસું ચાંપી લાડ લડાવતા અત્યંત આનંદ પામતા. દેવપૂજા વગેરે ક્રિયા ચાલતી ત્યારે પણ વચ્ચે ઊઠી ઊઠીને જ્યારે તે મૃગના બચ્ચાને જોતા ત્યારે સ્વસ્થ મનથી તેને આવી આશિષ આપતાઃ 'હે વત્સ ! તારું સર્વ તરફથી કલ્યાણ થાઓ !' કોઈ વેળા તે મૃગનું બચ્ચુ ન દેખાતું ત્યારે ભરતજી નાશ પામેલા ધનવાળા મનુષ્ય પેઠે દીન બની, મનમાં અત્યંત ઉદ્વેગ પામી તે મૃગબાળકના વિરહથી વિહ્વળ થયેલા હૃદયમાં સંતાપ પામી અત્યંત્ ઉત્સુકતાથી તેનો જ દયાપૂર્વક શોક કરતા અને મોટો મોહ પામી આ પ્રમાણે કહેતા. ''અહો ! અફસોસ ! જેની માતા મરણ પામી છે એવા તે મૃગબાળકે ભીલ જેવી ઠગારી ક્રૂર બુદ્ધિવાળા અનાર્ય અને નિર્ભાગી એવો મારો વિશ્વાસ કર્યો છે, તો પણ સુજનની પેઠે પોતાની ચિત્તશુદ્ધિથી મારી તે શઠતા વગેરે ન ગણતાં તો આવશે તો ખરું ને ? દેવે રક્ષા કરેલા તે બચ્ચાને આ આશ્રમમાં ઉપવનમાં કોમળ ઘાસ ચરતું હું ક્ષેમકુશળ જોઈશ કે ? કોઈ વરુ, કૂતરો કે બીજું ભૂંડ અથવા વાઘ વગેરે પ્રાણી તેને ખાઈ ગયું તો નહિ હોય ? જેમના ઉદયથી સમગ્ર લોકનું કલ્યાણ થાય છે અને ત્રણ વેદ જેમનું સ્વરૂપ છે, તે આ ભગવાન સૂર્ય અસ્ત પામે છે; છતાં હજી તે મૃગલીનું થાપણ જેવું બચ્ચુ કેમ આવતું નથી ! તે હરિણરાજકુમાર તેની અનેક પ્રકારની સુંદર અને જોવા યોગ્ય રમતગમતોથી તેના સંબંધી મારા અસંતોષને દૂર કરતો પુણ્યહીન એવા મારી પાસે આવી મને સુખી કરશે ને ? ગમ્મતમાં હું ખોટી સમાધિ કરી મારા નેત્રો જરા બંધ કરું છું, ત્યારે એ મૃગનું બચ્ચું અત્યંત ભયભીત બની મારી પાસે આવે છે અને પ્રણયકલહ કરી જળબિન્દુ જેવી કોમળ શિંગડાની અણીથી મને મારે છે. કોઈ વેળા જેના પર હુતદ્રવ્ય મૂકેલાં હોય છે, એવા દર્ભને તે મૃગનું બચ્ચું, 'દાંત વડે ખેંચી દૂષિત કરે છે અને તે વખતે હું તેને ઠપકો આપું છું ત્યારે ખૂબ ડરી જઈ એકદમ પોતાની ગમ્મત બંધ કરે છે ને ઋષિકુમારની પેઠે ઇન્દ્રિયોને એકાગ્ર કરી નિશ્ચળ બને છે. અરે ! આ ભાગ્યશાળી ભૂમિએ તપ કર્યું હશે? કારણ કે આ ભૂમિ તે વિનયી કાળા મૃગના બચ્ચાની અતિશય સૂક્ષ્મસુંદર, અત્યંત મંગળ અને સુંવાળી ખરીઓની પાદપંકિતથી તે મૃગરૂપી ધનથી રહિત થયેલા મને દીન દુઃખીને મારા તે મૃગરૂપી

ધનનો માર્ગ સૂચવે છે અને તેની આ પાદપંકિતથી સર્વ તરફ સુશોભિત થયેલી પોતાને પણ સ્વર્ગ તથા મોક્ષની ઈચ્છાવાળા બ્રાહ્મણોની યજ્ઞભૂમિરૂપ કરે છે, દીનજનો પર દયાળુ આ ભગવાન ચંદ્રમા, જેની માતા મરણ પામી છે. અને પોતાના આશ્રમથી જે ભૂલું પડયું છે, તે મૃગના બચ્ચાનું દયા વડે શું રક્ષણ કરે છે? અથવા તે મૃગબાળકરૂપી પુત્ર વિયોગથી ઉત્પન્ન થયેલા તાવરૂપી દાવાનળની શિખાઓથી જેની હૃદયરૂપી સ્થળકમલિની તપેલી છે એવા અને મૃગના બાળકને અનુસરતા મને આ ચંદ્રમા શીતળ, શાંત અને મારા પરના પ્રેમથી વારંવાર પોતાના મુખના જળરૂપી અમૃતમય કિરણો વડે શું શાંતિ પમાડે છે ?' એમ પોતાને નહિ ઘટતા મનોરથોથી જેમનું હૃદય વ્યાકુળ બન્યું હતું, એવા તે યોગતપસ્વી ભરતજીને મૃગના બચ્ચારૂપે ભાસતા પોતાના પ્રારબ્ધકર્મે જ યોગચર્યા તથા ભગવદારાધનથી ભ્રષ્ટ કર્યા હતા. નહિ તો પ્રથમના પોતાના દુસ્ત્યજ સગા પુત્રોને પણ મોક્ષના પ્રતિપક્ષ હોવાથી જેમણે તજ્યા હતા, એવા ભરતજીને વિજાતીય મૃગના બચ્ચા પર એવી સાક્ષાત્ પુત્રના જેવી આસકિત કેમ થાય ? એમ અંતરાયકર્મોને લીધે જેમની યોગચર્યા નાશ પામી હતી, એવા રાજર્ષિ ભરત મૃગના એ બચ્ચાના પોષણ, પાલન, રંજન તથા લાલનમાં આસકત બનવાથી આત્મચિંતન કરતા ન હતા. તેવામાં સર્પ જેમ ઉંદરના દરમાં આવે તેમ તીવ્ર વેગવાળો દુર્લંઘ્ય તેમનો મૃત્યુસમય આવ્યો. તે સમયે પણ સમીપમાં રહેલું તે મૃગનું બચ્ચુ પુત્રની પેઠે શોક કરતું હતું તે જોઈને ભરતજીનું મન કેવળ તે મૃગમાં જ આસકત થયું, જેથી દેહ તથા મૃગને તજીને પણ તેમને પ્રાકૃત જીવની પેઠે મૃગનું શરીર પ્રાપ્ત થયું (મૃત્યુ પામી તે મૃગ થયા) . માત્ર તેમની પૂર્વજન્મની સ્મૃતિ નાશ પામી નહિ—પૂર્વજન્મમાં કરેલી ભગવદ્ભક્તિથી તેમને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું, જેથી તે મૃગશરીરમાં પણ તેમને પૂર્વકૃત ભગવદ્ભક્તિના સામર્થ્યથી પોતાને મૃગપણું પ્રાપ્ત થવાનું કારણ યાદ આવ્યું. તેને સંભારી ઘણો જ સંતાપ કરતા તે કહેવા લાગ્યાઃ 'અહો ! અફસોસ ! હું ધીર પુરુષોના યોગમાર્ગથી ભ્રષ્ટ થયો છું; કારણ કે મેં બધો સંગ છોડ્યો હતો. એકાંત પવિત્ર વનનું શરણ લીધું હતું અને ધીરજવાળા મેં મારા મનને સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે તેમનું શ્રવણ, મનન, કીર્તન, આરાધન તથા સ્મરણના યોગથી કોઈ પ્રહરો જેમાં ખાલી જતા ન હતા, વળી મન નિશ્ચળ પણ થયું હતું; છતાં ફરી મારું અજ્ઞાનીનું તે મન મૃગના બચ્ચાની પાછળ સર્વાંશે સંપૂર્ણ ઢળી પડ્યું.'' એ રીતે ગુપ્ત વૈરાગ્યવાળા તે મૃગશરીરધારી ભરતજી માતા મૃગલીને છોડી જ્યાં પોતે મૃગ જન્મ્યા હતા, તે કાલંજર પર્વતમાંથી ફરી પાછા તે પુલસ્ત્ય આશ્રમ (હરિક્ષેત્રમાં) ગયા કે જે ભગવાનના ક્ષેત્રરૂપ હોઈ ઉપરામ સ્વભાવવાળા મુનિગણોને પ્રિય છે. ત્યાં શાલ વૃક્ષોથી યુકત ગામડું છે. ત્યાં તેઓ પોતાના મૃત્યુકાળની રાહ જોતા કોઈ પણ સંગથી અત્યંત ભયભીત રહેતા, પોતે એકલા જ વિચરતા; સૂકાં પાંદડાં, ઘાસ તથા લતાઓ પર આજીવિકા કરતા અને પોતાને મૃગપણ થવામાં નિમિત્તારૂપ કર્મના અંતની જ રાહ જોતા હતા. છેવટે મૃત્યુકાળ આવ્યો ત્યારે તીર્થજળથી ભીનું (એટલે અર્ધુ શરીર તીર્થજળમાં ઊભું હતું, તે જ અવસ્થામાં) મૃગશરીર છોડયું. ૧-૩૧

तस्मिन्नपि कालं प्रतीक्षमाणः सङ्गाच्च भृशमुद्विग्न आत्मसहचरः शुष्कपर्णतृणवीरुधा वर्तमानो
मृगत्वनिमित्तावसानमेव गणयन् मृगशरीरं तीर्थोदकक्लिन्नमुत्ससर्ज ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯
## ભરતજીનો જડ બ્રાહ્મણ તરીકે જન્મ

॥ श्रीशुक उवाच ॥

अथ कस्यचिद् द्विजवरस्याङ्गिरः प्रवरस्य शमदमतपः
स्वाध्यायऽध्यपयनत्यागसन्तोषतितिक्षाप्रश्रयविद्याऽनसूयात्मज्ञानानन्दयुक्तस्यात्मसदृशश्रुतशीलाचाररूपौदार्यगुणा
नव सोदर्या अङ्गजा बभूवुर्मिथुनं च यवीयस्यां भार्यायाम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી કોઈ એક ઉત્તમ બ્રાહ્મણ કે જે અંગિરસગોત્રીઓમાં શ્રેય અને શમ, દમ, તપ, વેદાધ્યયન, ત્યાગ, સંતોષ, સહનશીલતા, મમતા, કર્મવિદ્યા, અસૂયારહિતપણું, આત્મજ્ઞાન, તથા ધર્મસંપત્તિનો આનંદ એ ગુણોથી યુકત હતો. તેને પોતાની મોટી સ્ત્રીમાં પોતાના જેવા શીલ, આચાર, રૂપ તથા ઉદારતાવાળા નવ પુત્રો થયા હતા. અને નાની સ્ત્રીમાં કન્યા તથા પુત્ર એમ જોડલું જન્મ્યું હતું. એ જોડલામાં જે પુરુષ હતો, તે જ ભગવાનના પરમ ભકત અને રાજર્ષિઓમાં શ્રેષ્ઠ ભરતજી હતા, જે મૃગશરીર છોડી છેલ્લા શરીરે બ્રાહ્મણ જન્મ્યા હતા એમ વિદ્વાનો કહે છે. એ બ્રાહ્મણશરીરમાં પણ ભરતજી સ્વજનોના સંગથી અત્યંત કંટાળતા અને જેમનું શ્રવણ, સ્મરણ તથા ગુણકીર્તન કર્મબંધનનો નાશ કરનાર છે, તે શ્રીભગવાનનાં બંને ચરણકમળનું મનથી ધ્યાન કરતા હતા. તેમને ભગવાનની કૃપાથી તે સમયે પણ પોતાના પૂર્વજન્મોનું સ્મરણ હતું, જેથી 'રખે ફરી પણ આત્માને બીજી યોનિમાં અવતરવું પડે' આવી શંકા રાખી પોતે જાણે ઉન્મત્ત, પાગલ, જડ, અંધ અને બહેરા હોય તેમ સર્વ લોકોને બતાવતા. પેલા બ્રાહ્મણ કે જેમનું મન પુત્ર ઉપરના સ્નેહથી બંધાયેલું હતું, તેમણે એ પુત્રના પણ (આ જડ હોવાથી ગૃહસ્થાશ્રમનો અધિકારી નથી એમ માની) સમાવર્તન સુધીના સર્વ સંસ્કારો કરવા શરૂ કર્યા. જનોઈ પછી શૌચઆચમન વગેરે કર્મનિયમો જો કે જડભરતને ગમતા ન હતા; તોપણ 'પુત્રે પિતા દ્વારા સુશિક્ષિત થવો જોઈએ' આવા વિચારથી તેમણે તેને શીખવ્યા. જડભરત પણ (પિતા ભણાવતા બંધ થાય તે માટે) પિતાની સમીપમાં જ અયોગ્ય જેવું વર્તન કરવા લાગ્યા. પિતાએ વેદાધ્યયન કરાવતાં પહેલાં વ્યાહૃતિઓ ૐકાર તથા શિરસ સહિત ત્રિપદા ગાયત્રી ભણાવવા માંડી અને ગ્રીષ્મ તથા વસંતઋતુના ચૈત્રથી માંડી ચાર મહિના સુધી જડભરતજી ભણ્યા પણ ખરા; છતાં તેમના પિતા તેમને બરાબર શીખવી શક્યા નહિ. એમ પોતાના આત્મારૂપ તે પુત્ર પર સ્નેહને લીધે જેનું મન લાગ્યું હતું. એવા તે બ્રાહ્મણે પવિત્રતા, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરુ અને અગ્નિની સેવા વગેરે બ્રહ્મચારીનાં કર્મો જડભરતને ગમતાં ન હતાં તો 'પણ પિતા દ્વારા પુત્ર શિક્ષિત થવો જોઈએ' આવો ખોટો આગ્રહ રાખી શીખવવા માંડ્યાં. 'પણ આ મારો પુત્ર પંડિત થશે' આવો તેનો મનોરથ પૂર્ણ થયો નહિ. અને છેવટે પોતે ઘેર જ પ્રમાદી રહી સર્વ તરફ અપ્રમાદી તરીકે વર્તતા કાળથી મૃત્યુ પામ્યો. પછી એ બ્રાહ્મણ ની નાની સ્ત્રીએ પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલાં પોતાનાં જોડકાં સંતાન પોતાની શોકને સોંપ્યાં અને પોતે પતિ પાછળ મરણ પામી પતિના લોકમાં ગઈ. એમ પિતા મરણ પામ્યા એટલે જડભરતના નવ ભાઈઓ કે જેઓ જડભરતનો પ્રભાવ જાણતા ન હતા અને વેદવિદ્યામાં જ નિશ્ચય પામેલી બુદ્ધિવાળા હોઈ આત્મવિદ્યામાં અનિશ્ચિત બુદ્ધિવાળા હતા, તેઓએ 'આ તો જડબુદ્ધિવાળો છે' એમ માની પોતાના ભાઈ જડભરતને શિક્ષણ આપવાનો આગ્રહ છોડી દીધો. જડભરત પણ જ્યારે કોઈ

અજ્ઞાની મનુષ્યો તેમને 'ઉન્મત ! જડ ! બધિર !' એમ કહેતા, ત્યારે તેમની સામે તેવાં જ વચનો બોલતા.. કોઈ કામ કરાવતા ત્યારે સામાની ઈચ્છા પ્રમાણે કામ કરતા અને કોઈની વેઠ કે મજુરી કરીને, કોઈની પાસે માગીને કે દૈવેચ્છાએ જે કંઈ થોડુંઘણુ મિષ્ટ કે ખરાબ અન્ન મળતું તે ખાઈ લેતા. તે પણ ઈન્દ્રિયોની પ્રીતિ માટે તો નહિ જ; તેમણે નિત્ય પોતા માટે કંઈ પણ કરવાનું છોડયું હતું, કારણ કે સ્વતઃસિદ્ધ જે વિશુદ્ધ અનુભવ, તે જ આનંદસ્વરૂપ હું આત્મા છું—આવું આત્મજ્ઞાન તેમને પ્રાપ્ત થયું હતું, જેથી રાગદ્વેષના કારણ સુખમાં તથા દુઃખમાં તે દેહાભિમાન કરતા ન હતા. ટાઢ, તડકો, વાયુ કે વરસાદમાં બળદની પેઠે ખુલ્લા શરીરે તે રહેતા. તેમનું શરીર પુષ્ટ ને મજબૂત હતું. પૃથ્વી પર સૂઈ જવાને લીધે અને ચોળીમસળીને સ્નાન પણ ન કરવાથી તેમના શરીર પર ધૂળ જામી હતી, જેથી (સરાણ પર ન ચડાવેલા) મોટા મણિની પેઠે તેમનું બ્રહ્મતેજ પ્રકટ જણાતું ન હતું. પોતાની કેડ પર ફાટલુંતુટલું વસ્ત્ર તે વીંટી રાખતા અને ઘણી જ મેલી જનોઈ ઉપરથી 'આ કોઈ અધમ બ્રાહ્મણ છે ? આવી સંજ્ઞાથી તેમના સ્વરૂપને ન જાણનારા લોકો તેમની અવગણના કરતા. આવા અવધુત વેશમાં જડભરત પૃથ્વી પર ફરતા હતા. તે જ્યારે કામ કરીને બીજાઓ પાસેથી આહાર મેળવવા ઈચ્છવા લાગ્યા, ત્યારે તેમના ભાઈઓએ તેમને કયારાઓ કરવાના કામમાં જોડ્યા. તેમણે તે કામ પણ કરવા માંડયું. પણ અમુક સ્થળે કાદવ નાખવાથી ખેતર સપાટ થાય કે, અમુક સ્થળે નાખવાથી ઊંચુ કે નીચું થાય, તે કંઈ જાણતા ન હતા અને તે કામ બદલ પોતાના ભાઈઓએ આપેલા ચોખાની કણકી, તલનો ખોળ, ધાન્યનાં ફોતરાં, સડેલા અડદ તથા તપેલીમાં નીચે દાઝેલા અન્નાદિને પણ અમૃતતુલ્ય માની ખાઈ લેતા. એક દિવસ કોઈ શૂદ્રજાતિના ચોરરાજાએ પોતાને ત્યાં સંતાન થાય એવી ઈચ્છાથી, ભદ્રકાલી દેવીને પુરુષપશુ ચડાવવાની બાધા રાખી. (તે માટે) તેણે એક પુરુષપશુ પકડી આણ્યો હતો, તે દૈવયોગે બંધનથી છુટી જઈ નાસી ગયો. એટલે તેની શોધ માટે દોડતા તે ચોરરાજાના સેવકો અંધારી મધ્યરાત્રિનો સમય થયો, તોપણ પેલો નાસી ગયેલો પુરુષપશુ મેળવી શક્યા નહિ. તેવામાં અકસ્માત દૈવયોગે તે ચોરસેવકોએ પેલા આંગિરસગોત્રી બ્રાહ્મણપુત્ર જડભરતને જોયા. તે સમયે તેઓ વીરાસને ઊભા રહીને મૃગો, ભૂંડો વગેરેથી કયારાઓની રક્ષા કરતા હતા. એ જડભરતને નિર્દોષ લક્ષણોવાળા જોઈને તે સેવકો પોતાના સ્વામીની કાર્યસિદ્ધિ થઈ ચૂકી એમ માનવા લાગ્યા અને હર્ષથી પ્રફુલ્લ મુખવાળા તેઓ જડભરતને દોરડાથી બાંધી દેવીના મંદિરે લઈ ગયા. પછી ચોરના ગોર લોકોએ જડભરતને પોતાની વિધિથી સ્નાન કરાવ્યું; નવીન વસ્ત્ર પહેરાવ્યાં, દાગીના, ચંદન, પુષ્પમાળા તથા તિલક વગેરેથી શણગાર્યા, જમાડ્યા ને પછી ધૂપ, દીપ, પુષ્પ, શાળની ધાણી, કૂણાં પાંદડાં, જુવાર ફળ તથા નૈવેદ્યથી યુકત પોતાની હિંસા વિધિ સાથે અને ગીત, સ્તુતિ, નરઘાં તથા ઢોલના મોટા અવાજ સાથે તે પુરુષપશુ (જડભરત)ને ભદ્રકાલી દેવી આગળ બેસાડયા. પછી તે શુદ્ર ચોર રાજાનો એક પુરોહિત એ પુરુષપશુના લોહીરૂપી આસવથી દેવી ભદ્રકાલીને તૃપ્ત કરવા તૈયાર થયો. તેણે મંત્રોથી મંતરેલી મહાભયંકર તીક્ષ્ણ તલવાર લીધી. એમ તે શૂદ્રો રજોગુણી તથા તમોગુણી સ્વભાવના, ધનના મદથી તથા રજોગુણથી નિર્મર્યાદ મનવાળા અને ભગવાનના અંશથી યુક્ત બ્રાહ્મણોના કુળને પણ તુચ્છ ગણી યથેચ્છ ઉન્માર્ગે જતા હતા. વળી હિંસાથી જ મનમાં આનંદ માનનારા તેઓનું એ અતિદારુણ કર્મ કે જે બ્રહ્મસ્વરૂપ, સાક્ષાત બ્રહ્મર્ષિ પુત્ર, સર્વના તરફ નિર્વેર અને પ્રાણીમાત્રના મિત્ર તે જડભરતની હિંસા કરવારૂપ હતું અને શાસ્ત્રે

આપત્તિકાળે હિંસા કરવાની આપેલી અનુજ્ઞામાં પણ એ બ્રાહ્મણવધરૂપી કર્મ અનુજ્ઞા અપાયેલું ન હતું. તે જોઈને તે જ દેવી ભદ્રકાલી અતિ દુઃસહ બ્રહ્મતેજથી અત્યંત બળતા શરીરે પ્રતિમામાંથી એકદમ બહાર નીકળ્યાં. એ વેળા દેવીનું મુખ અપરાધ ન સહન થતાં ક્રોધના આવેશના વેગ વડે ઊંચી ચડેલી ભ્રૂકુટિથી ઝાડની ડાળીઓ જેવી વાંકી દાઢોથી તથા લાલચોળ નેત્રના આડંબરથી અત્યંત ભયંકર જણાતું હતું. જગતનો વિનાશ કરવા ઈચ્છતા હોય તેમ ઘણા જ ક્રોધથી તે ખડખડાટ હસવા લાગ્યાં. તેમણે પોતાને સ્થાનેથી એકદમ કૂદીને એ મહાપાપી અને દુષ્ટ ચોરોનાં માથાં પેલી પુરોહિતની જ તલવારથી કાપી નાખ્યાં અને તેમના ગળામાંથી ઝરતા લોહીના અતિઉષ્ણ આસવનું પોતાના પરિવાર સાથે પાન કર્યું. પછી અત્યંત પાનને લીધે મદથી વિહ્‌વળ થયેલાં નેત્રવાળાં તે દેવી પોતાના પાર્ષદો સાથે મોટેથી ગાવા તથા નાચવા લાગ્યા. અને ચોરલોકોનાં મસ્તકોરૂપી દડા વડે રમવા લાગ્યા. ખરેખર એ રીતે મોટા પુરુષો તરફ અભિચારરૂપી (મારવાના ઈરાદાવાળો) જો અપરાધ કર્યો હોય તો તે સંપૂર્ણ રીતે પોતાને જ તેવું ફળ આપનાર થાય છે. હે રાજા પરીક્ષિત ! ભગવાનના ભકત એવા પરમહંસોને એ પ્રમાણે પોતાનું મસ્તક કપાવાનો પ્રસંગ આવે, ત્યારે પણ કંઈ ગભરાટ ન થાય એ મોટું આશ્ચર્ય નથી; કેમ કે એવા મહાપુરુષોની દેહાદિ પદાર્થોને આત્મા તરીકે માનવારૂપી મજબૂત હૃદયની ગાંઠ છૂટી ગઈ હોય છે. પ્રાણીમાત્રના તેઓ મિત્ર અને આત્મારૂપ હોઈ સર્વના તરફ વેરભાવથી રહિત હોય છે. સાક્ષાત્ ભગવાન પોતે જ સાવધાન રહેનારા કાળરૂપી શ્રેય ચક્ર વડે ભિન્ન ભિન્ન (ભદ્રકાલી જેવા) રૂપોથી સર્વ તરફ તેઓની રક્ષા કરે છે અને તેઓ પણ સર્વ તરફથી નિર્ભય ભગવાનનાં ચરણમૂળને જ શરણે ગયા હોય છે. ૧-૨૦.

न वा एतद्विष्णुदत्त महदद्भुतं यदसम्भ्रमः स्वशिरश्छेदन आपतितेऽपि विमुक्तदेहाद्यात्मभावसुदृढहृदात्मनां
निर्वैराणां साक्षाद्भगवतानिमिषारिवरायुधेनाप्रमत्तेन तैस्तैर्भावैः परिरक्ष्यमाणानां
तत्पादमूलमकुतश्चिद्भयमुपसृतानां भागवतपरमहंसानाम् ॥२०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## રાજા રહૂગણ ને જડભરતનો મેળાપ

॥ श्रीशुक उवाच ॥

अथ सिन्धुंसौवीरपते रहूगणस्य व्रजत इक्षुमत्यास्तटे तत्कुलपतिना शिबिकावाहपुरुषान्वेषणसमये
दैवेनोपसादितः स द्विजवर उपलब्ध एष पीवा युवा संहननाङ्गो गोखरवद्धुरं वोढुमलमिति पूर्वविष्टिगृहीतैः
सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिबिकां स महानुभावः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી એક સમયે સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહૂગણ તત્ત્વ જાણવાની ઈચ્છાથી કપિલ ઋષિના આશ્રમ તરફ જતો હતો. તે વેળા ઈક્ષુમતી નદીના કિનારે તેની પાલખી ઉપાડનારાઓના નાયકે પાલખી ઉપાડનારા બીજા પુરુષોની શોધ કરવા માંડી. તે સમયે દૈવયોગે બ્રાહ્મણશ્રેષ્ઠ જડભરતજી જ મળી આવ્યા. (તેમને જોઈને) આ પુરુષ શરીરે પુષ્ટ, યુવાન ને મજબૂત અંગવાળો છે, તેથી બળદ અને ગધેડાની પેઠે ભાર ઉપાડવા સમર્થ છે, એમ સમજી પ્રથમ વેઠે પકડેલા માણસોની સાથે જડભરતજીને પણ બળાત્કારે પકડયા, જોકે તે મહાનુભાવ એ પાલખી ઉપાડવાને

અયોગ્ય હતા, તોપણ તેમણે પાલખી ઉપાડી. તે વેળાએ શ્રેષ્ઠ બ્રાહ્મણ (પોતાના પગ તળે કોઈ જીવની હિંસા ન થઈ જાય તે માટે) એક બાણ જેટલી જગ્યા જોઈ જોઈને ચાલતા હતા, તેથી તે સાથે ઉપાડનારા બીજાઓની પાછળ રહી જતા હતા અને તેને લીધે પાલખી ઉપાડનારા બધાની ચાલ સરખી ન થવાથી પાલખી વાંકીચૂંકી થતી હતી. તે જોઈ રહુગણરાજાએ પાલખી ઉપાડનારાઓને કહ્યું: 'અરે ઓ પાલખી ઉપાડનારાઓ ! સારી રીતે ચાલો, પાલખી વાંકીચૂંકી કેમ ઉપાડો છો ?' રાજાનું તે ઠપકાનું વચન સાંભળી શિક્ષાના ભયથી મનમાં શંકિત થઈ તે વેઠિયાઓએ રાજાને વિનંતિ કરી. 'હે રાજા ! અમે ભૂલ નથી કરતા, અમે તો આપની આજ્ઞામાં રહી સારી રીતે જ ઉપાડીએ છીએ, પણ આ પુરુષ હમણાં જ જોડેલો છે (એટલે થાકયો નથી) છતાં ઉતાવળો ચાલતો નથી, જેથી અમે આની સાથે રહી પાલખી ઉપાડી શકતા નથી.' રાજા રહુગણે વેઠિયાઓનું કરુણ વચન સાંભળી નિશ્ચય કર્યો. 'સંગનો દોષ તેના બીજા સંગીઓને પણ અવશ્ય લાગે છે, એમ નિશ્ચય કરી જોકે તેણે વૃદ્ધોની સેવા કરી હતી તોપણ સ્વભાવથી બળાત્કારે ખેંચાઈને જરા ક્રોધ થયો. તેથી રજોગુણ વડે ઢંકાયેલી બુદ્ધિવાળો થઈ તે રાજા રાખ વડે ઢંકાયેલા અગ્નિની પેઠે જેમનું બ્રહ્મતેજ સ્પષ્ટ જણાતું ન હતું, એવા જડભરતને આ પ્રમાણે (હાંસી કરતો) કહેવા લાગ્યોઃ 'અહો ! ભાઈ ખેદની વાત છે કે તું ખરેખર થાક્યો છે. કારણ કે ઘણા લાંબા રસ્તા સુધી તે એકલાએ જ આટલી બધી વાર પાલખી ઉપાડી છે ને ! ! વળી શરીરે તું પુષ્ટ નથી, તારાં અંગો પણ મજબૂત નથી, ઘડપણે તારા પર ઉપદ્રવ કર્યો છે અને હે મિત્ર ! આ તારા સોતીઓ પણ તારા જેવા નથી ! '' આવી વક્રોક્તિથી રાજા રહૂગણે બહુ જ મશ્કરી કરી; છતાં અવિદ્યાથી રચાયેલાં પાંચ મહાભૂતો, ઈન્દ્રિયો, પુણ્યપાપરૂપી કર્મો તથા અંતઃકરણથી બનેલા પોતાના છેલ્લા શરીરરૂપી એક મિથ્યા વસ્તુ (અમુક આકૃતિમાં) 'આ હું, આ મારું છે' આવું મિથ્યા જ્ઞાન જેમને ન હતું, એવા તે બ્રહ્મસ્વરૂપ જડભરતજી તો ચૂપચાપ રહી પૂર્વની પેઠે જ પાલખી ઉપાડવા લાગ્યા. ત્યારે ફરી પણ પોતાની પાલખી ઊંચીનીચી ને વાંકીચૂંકી થવા લાગી, એટલે અત્યંત કોપાયમાન થઈ રહૂગણ બોલી ઊઠ્યો : 'અલ્યા ! આ શું કરે છે ? શું તું જીવતાં જ મરેલો છે ? મારો અનાદર કરી સ્વામીની આજ્ઞા પણ માનતો નથી ! (ઠીક છે.) જેમ યમદેવ સર્વ મનુષ્યોને શિક્ષા કરે છે તેમ હું પણ તને પ્રમાદીને શિક્ષા કરીશ, જેથી તું તારા મૂળ સ્વભાવ ઉપર આવી જઈશ.' એમ ઘણુ ઘણું અસંબદ્ધ બોલતા તે રાજાને 'હું રાજા છું' એવું અભિમાન હતું. રજોગુણ તથા તમોગુણયુકત, મદ વડે ભગવાનના પ્રિય નિવાસરૂપ ભકતોનું તે અપમાન કરતો હતો અને પોતાને પંડિત માનતો હતો. એમ યોગેશ્વરોનાં આચરણોનો જેની બુદ્ધિને ઘણો જ ઓછો પરિચય હતો, એવા તેને બ્રહ્મસ્વરૂપ, પ્રાણીમાત્રના મિત્ર તથા આત્મારૂપ ભગવાન જડભરતજીએ હસતા હોય તેમ પ્રસન્નમુખે ગર્વરહિત થઈ આ પ્રમાણે કહ્યું.

**બ્રાહ્મણ (જડભરત) બોલ્યા :** હે વીર ! તે મને જે કહ્યું તે સત્ય છે. તે મારી મશ્કરી કરી નથી. ભાર નામે કોઈ પદાર્થ હોય, ઉપાડનારા દેહની સાથે તે સંબંધવાળો હોય અને તે દેહની સાથે મને કોઈ જાતનો સંબંધ હોય તો તે મારી મશ્કરી કરી ગણાય, પણ તેવું કંઈ છે નહિ; તેમ જ જનારને પ્રાપ્ત કરવા યોગ્ય કોઈ માર્ગ હોય અને તે જનાર તથા જવા યોગ્ય સાથે મને કોઈ જાતનો સંબંધ હોય, તો તે મારી મશ્કરી કરી ગણાય પણ તેવુયે નથી. વળી તે કહ્યું, 'તું પુષ્ટ નથી' એ પણ સત્ય છે, કારણ કે ચેતનને ઉદ્દેશી તું પુષ્ટ છે એમ જ્ઞાનીઓ કહેતા નથી, પણ મૂર્ખાઓજ કહે છે; કારણ કે 'તું પુષ્ટ છે' એમ કહેવું તે ભૂત સમુદાયરૂપ શરીરને જ લાગુ પડે, આત્માને નહિ. માટે વાત સાચી છે કે દેહ પુષ્ટ છે, હું પુષ્ટ

નથી. સ્થૂળતા, કૃશતા, રોગો, મનોવ્યથાઓ, ભૂખ, તરસ, ભય, કંકાસ, ઇચ્છા, વૃદ્ધાવસ્થા, નિદ્રા, મૈથુન, ક્રોધ, અહંકાર, મદ તથા શોક, એ સર્વે દેહની સાથે જન્મેલાને હોય છે, મને નથી. (કેમ કે હું દેહની સાથે જન્મ્યો નથી.) હે રાજન્ ! જીવતાં મૂઆપણું તે કેવળ મને એકલાને જ નથી, પણ વિકારવાળી સર્વ વસ્તુને નિયમપૂર્વક છે; કારણ કે વિકારવાળી વસ્તુ આદિઅંતવાળી જ હોય છે. વળી હે સ્તુતિપાત્ર રાજા ! જે પક્ષમાં સેવક—સ્વામીભાવ (વ્યવસ્થિત) સ્થિર હોય તે જ સ્થળે આજ્ઞા કરવી ને કામ કરવું એ બંને સ્વામી તથા સેવકનાં કામ વ્યવસ્થિત કહી શકાય. (પણ જ્યાં તે વ્યવસ્થિત નથી ત્યાં સ્વામી-સેવકપણું કેમ કહી શકાય ? કાલે જ તું રાજ્યથી ભ્રષ્ટ થાય અને મને રાજ્ય મળે, તો એ બધું ઊલટું બની જાય.) રાજા અને સેવક ઇત્યાદિ ભેદ જે દેખાય છે, તે બુદ્ધિનો એક અવકાશ જ છે, તેને વ્યવહાર સિવાય બીજું કંઈ અમે જોતા નથી; અર્થાત્, સ્વામી કે સેવક એ બધું વ્યવહારમાં જ છે, વાસ્તવિક નથી; તો પછી રાજા કોણ છે અને સેવક કોણ છે ? છતાં હે રાજન્ ! તને અભિમાન હોય કે હું રાજા છું'' તો આજ્ઞા કર. અમે તારું ક્યું કામ કરીએ ? હે વીર ! હું ગાંડાની પેઠે, ઉદ્ધતની પેઠે તથા જડની પેઠે વર્તુ છું; પણ સ્વ—સ્વરૂપને પામી ચૂક્યો છું, તો મને શિક્ષા કરવાથી શું વળવાનું છે ? (કારણ કે મુકત પુરુષને અર્થ કે અનર્થનો સંભવ હોતો નથી.) કદાચ હું (મુકત ન હોઉં પણ) જડ તથા પ્રમાદી હોઉં તો પણ મને શિક્ષા વગેરે કરવા તે વ્યર્થ જ છે.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** રાજાએ કહ્યું હતું તેનો આ પ્રમાણેનાં વચનોથી ઉત્તર આપી ઉપશમ સ્વભાવવાળા મુનિવર જડભરત કે જેમની દેહ ઉપર આત્મભાવ કરાવનારી અવિદ્યા દુર થઈ હતી અને ઉપભોગ દ્વારા પ્રારબ્ધકર્મનો જે નાશ કરતા હતા; તેમણે ફરી પૂર્વની પેઠે રાજાની પાલખી ઉપાડવા માંડી. હે પાંડવપુત્ર પરીક્ષિત ! સિંધુ તથા સૌવીરદેશનો રાજા રહૂગણ કે જેને સારી રીતે શ્રદ્ધા હોવાથી તત્ત્વજિજ્ઞાસામાં અધિકાર થયો હતો, તે પોતાના અહંકારરૂપી હૃદયની ગાંઠને છોડી નાખનારું ને અનેક યોગગ્રંથોને માન્ય એવું જડભરતજીનું તે વચન સાંભળી એકદમ પાલખી ઉપરથી ઊતર્યો અને મહારાજાપણાના ગર્વથી રહિત થઈ તેમના ચરણમાં પડી ક્ષમા માંગતો કહેવા લાગ્યોઃ 'આપ કોણ છે ? બ્રાહ્મણો માં આપ કોણ ગુપ્તરૂપે વિચરો છો ? કારણ કે આપ જનોઈ ધારણ કરો છો (માટે બ્રાહ્મણ તો છો જ.) અથવા દત્તાત્રેય વગેરે અવધુતોમાં આપ ક્યા અવધુત છો ? કોના પુત્ર છો ? ક્યાંના રહેવાસી છો અને અહીં કયા કારણે પધાર્યા છો ? અમારું કલ્યાણ કરવા આપ પધાર્યા છો, તો આપ કપિલમુનિ તો નથી ? મને બ્રાહ્મણકુળનું અપમાન કરવાથી જેવો ભય લાગે છે તેવો ઇન્દ્રના વજ્રથી, મહાદેવના ત્રિશુલથી, યમદેવના દંડથી કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ તથા કુબેરના અસ્ત્રથી પણ લાગતો નથી. માટે હે સાધુપુરુષ ! મેં પૂછેલા પ્રશ્નના ઉત્તર આપ કહો. આપ સંગરહિત હોઈ જડની પેઠે વિચરો છો, આપનો વિજ્ઞાનરૂપી પ્રભાવ ગુપ્ત છે, તોપણ આપનો મહિમા અનંત છે; કારણ કે આપના યોગથી ગુંથાયેલાં વચનો અમારાથી મન વડે પણ જાણી શકાતાં નથી. હું પણ આત્મતત્વને જાણનારા, મુનિઓના પરમ ગુરુ અને જ્ઞાનશકિતથી અવતરેલા સાક્ષાત્ શ્રીહરિસ્વરૂપ યોગેશ્વર કપિલદેવજીને આ સંસારમાં શરણ શું છે ? તે પૂછવા માટે જાઉં છું. તો શું તે જ આપ કપિલદેવ, ન જાણી શકાય તેવા સ્વરૂપે આ લોકનું નિરીક્ષણ કરવા વિચારો છો ? ઘરમાં બંધાઈ રહેલો મારા જેવો અંધબુદ્ધિ મનુષ્ય યોગેશ્વરની ગતિ કેવી રીતે જાણી શકે. મને પોતાને યુદ્ધ આદિ કર્મથી થાક લાગતો હું જોઉં છું, તે જ પ્રમાણે ભાર ઊંચકનાર તથા માર્ગે ચાલનાર આપને પણ થાક લાગતો હોવો જાઈએ, એમ હું અનુમાન કરું છું. જેમ મિથ્યા ઘટ

વગેરે પદાર્થોથી જળ વગેરે વસ્તુ લાવી શકાતી નથી, તેમ મિથ્યા વ્યવહારથી કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, વ્યવહારનો માર્ગ પણ સપ્રમાણ એટલે સાચો જ હોવો જોઈએ જેમ તપેલીને અગ્નિનો તાપ લાગવાથી તેની અંદર રહેલા દૂધને પણ તાપ લાગે છે, દૂધને તાપ લાગવાથી તેની અંદર નાખવામાં આવેલા ચોખાને તાપ લાગે છે અને ચોખાને તાપ લાગતાં ભાત રંધાઈ જાય છે (એમાં કંઈ પણ મિથ્યા નથી); તે જ પ્રમાણે દેહને સંસારનો સંબંધ થતાં તે દેહની અંદર રહેલી ઈન્દ્રિયોને સંસારસંબંધ થાય છે. ઈન્દ્રિયોને સંસારસંબંધ થવાથી પ્રાણને સંસારસંબંધ થાય છે, પ્રાણને સંસારસંબંધ થતાં મનને સંસારસંબંધ થાય છે અને મનને સંસારસંબંધ થતાં આત્માને પણ સંસારસંબંધ થતો હોવો જ જોઈએ. (તમે કહ્યું કે સ્વામી સેવક—ભાવ અસ્થાયી છે, એ સત્ય છે પણ) જે રાજા હોય છે તે પ્રજાઓનો શિક્ષક અને રક્ષક હોય જ છે. (તો હું મારી રાજા તરીકેની સ્થિતિમાં તમને શિક્ષા કરવા તૈયાર થાઉં તે ઘટે જ છે. વળી તમે કહ્યું કે, જડ કે પ્રમાદીને શિક્ષા કરવી તે વ્યર્થ જ છે, પણ તેમ કહેવું ઠીક નથી, કારણ કે) જે રાજા ભગવાનનો ભક્ત હોઈ ભગવાનની આજ્ઞાને અનુસરે છે તે કશું પણ વ્યર્થ કરતો જ નથી. (કેમ કે જડ કે પ્રમાદીને પણ શિક્ષા કરવાથી તેની જડતા તથા પ્રમાદીપણું દૂર થાય છે અને તેથી શિક્ષા કરનારા રાજાની તે શિક્ષા સફળ થતાં તેને બીજો પણ લાભ થાય છે.) જેમ કે સ્વધર્માચરણરૂપ ઈશ્વરારાધન કરતા તે રાજા પોતાનાં સર્વ પાપોને પણ દૂર કરે છે. માટે હે દુઃખીના બંધુ ! રાજા તરીકેના અભિમાનના મદથી જેણે આપ જેવા મહાપુરુષનું અપમાન કર્યું છે, એવા મારા ઉપર આપ મિત્રતાભરેલી દૃષ્ટિ કરો, જેથી હું મહાપુરુષના અપમાનરૂપી પાપથી છૂટું જોકે આપ તો જગતના હિતેચ્છુ અને મિત્ર છો. વળી બધે સમભાવને લીધે આપનું દેહાભિમાન પણ દૂર થયેલું છે (તેથી આપને તો કોઈ જાતનો વિકાર નથી), તોપણ મારા જેવો પુરુષ ભલે શંકર ભગવાન જેવો મહાસમર્થ હોય; છતાં પણ પોતે કરેલા મહાપુરુષના અપમાનથી તરત વિનાશ પામશે. ૧-૨૫

न विक्रिया विश्वसुहृत्सखस्य साम्येन वीताभिमतेस्तवापि । महद्विमानात्स्वकृतद्धि मादृक नङ्क्ष्ययत्यदुरादपि शुलपाणिः ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧
## જડભરતજીએ રહૂગણને કરેલો ઉપદેશ

॥ ब्राह्मण उवाच ॥

अकोविदः कोविदवादवादान् वदस्यथो नातिविदां वरिष्ठः । न सूरयो हि व्यवहारमेनं तत्त्वावमर्शेन सहीमनन्ति ॥१॥

**બ્રાહ્મણ (જડભરતજી) બોલ્યા :** તું વિદ્વાન નથી, તોપણ વિદ્વાનો જેવા મિથ્યા વાદવિવાદ ચલાવે છે, પણ તેથી તું મોટા વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાવાનો નથી; કેમ કે જે સ્વામી—સેવકના વ્યવહારને તે સત્ય ઠરાવ્યો છે, તેને વિદ્વાનો તત્ત્વવિચારવાળો કહેતા નથી (પણ અવિચારવાળો કહે છે માટે તે વ્યવહાર સત્ય નથી). એ રીતે હે રાજા ! (જેમ લૌકિક વ્યવહાર મિથ્યા છે તે જ પ્રમાણે) ગૃહસ્થોને લગતા યજ્ઞોનો જેમાં વિસ્તાર છે, એવી વિદ્યાઓમાં અધિક વિલાસ પામેલા વેદવાદોમાં પણ ઘણું કરી શુદ્ધ અને ઉત્તમ તત્ત્વવાદ જણાતો નથી. જેમ સ્વપ્નમાં ભોગવાતા ભોગો માત્ર થોડા કાળ સ્થાયી છે અને સ્વપ્ન પોતે પોતાની મેળે

નાશવંત અને મિથ્યા છે, તેમ ગૃહસ્થાશ્રમનું સુખ પણ મિથ્યા જ હોઈ તજવા યોગ્ય છે; એમ જે મનુષ્ય પોતે પોતાની મેળે અનુમાન કર્યું નથી, તેને સાક્ષાત (સાચા) સત્વ માટે અત્યંત શ્રેષ્ઠ ગણાતી એવી વેદાંતની વાણી પણ તત્ત્વજ્ઞાન માટે સારી રીતે ઉપયોગી થતી નથી. વળી પુરુષનું મન જ્યાં સુધી રજોગુણ, સત્વગુણ તથા તમોગુણથી વશ કરાયેલું હોય છે, ત્યાં સુધી એ મન નિરંકુશ થઈ જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો દ્વારા મનુષ્યને અધર્મ તથા ધર્મ કરાવ્યા કરે છે. પછી તે મન જ ધર્માધર્માદિની વાસનારૂપ થઈ વિષયો સાથે જોડાય છે, તેથી રજોગુણ વગેરે ગુણો તેને આમતેમ ભટકતું કરે છે અને તેથી જ તે કામાદિ વિકારવાળું થાય છે. આમ દસ ઈન્દ્રિયો તથા પાંચ ભૂતોમાં મુખ્ય મન જ જુદાં જુદાં નામોની સાથે જુદાં જુદાં રૂપો (એટલે શરીરો) ધારણ કરે છે અને તે તે શરીરોના કારણે જ ઉત્તમપણું તથા અધમપણું પણ (તે જ) કરે છે. એટલું જ નહિ, પણ માયાએ રચેલુ, જીવને ઉપાધિરૂપ અને સંસારચક્રમાં જીવને ઠગનારુ તે મન જ જીવને વળગી પડી સમયે આવનાર અને ઘણી મુશ્કેલીએ વારી શકાય એવાં સુખ, દુઃ ખ તથા મોહરૂપી તીવ્ર ફળ ચોતરફ પ્રકટ કરે છે. એ રીતે જેટલા પ્રમાણમાં મનની સ્થિતિ છે તેટલા પ્રમાણમાં જ નિત્ય પ્રકાશ તો આ સંસાર-વ્યવહાર જીવને જણાય છે; જે જાગ્રત અવસ્થામાં સ્થૂલ ને સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મરૂપે ભાસે. છે; માટે વિદ્વાનો કહે છે કે, આ મન જ જીવને સંસારીપણાનું તથા મોક્ષનું કારણ થાય છે ને તે મન જ ઉત્તમપણાનું તથા અધર્મપણાનું પણ કારણ થાય છે. પ્રાણીનું મન જો વિષયોમાં આસકત થાય તો સાંસારિક દુઃખો આપનાર થાય છે અને વિષયોમાં આસકત ન થાય તો મોક્ષ આપનાર થાય છે. જેમ દીવો ઘી તથા દિવેટ ખાય છે તો ધુમાડાવાળી શિખાઓ પામે છે, પણ જ્યારે ઘી તથા દિવેટ બળી જાય છે, ત્યારે તે દીવો પોતાના મૂળ સ્થાન—મહાભૂત તેજમાં મળી જાય છે, તે જ પ્રમાણે જ્યારે મન વિષયોમાં તથા તે વિષયોને અનુકુળ કર્મોમાં આસકત થાય છે, ત્યારે અગિયાર વૃત્તિઓ ધારણ કરે છે અને વિષયો તથા કર્મોમાં આસક્ત થતું નથી ત્યારે પરમતત્વ પરમાત્માને પામે છે. હે વીર રાજા ! મનની વૃત્તિઓ અગિયાર છે. તેમાંની પાંચ ક્રિયારૂપ, પાંચ જ્ઞાનરૂપ અને એક અભિમાનરૂપ છે. વળી એ અગિયાર વૃત્તિઓના વિષયો પણ અગિયાર છે, એમ વિદ્વાનો કહે છે. તેઓમાંના પાંચ તન્માત્રાઓ રૂપ, પાંચ કર્મોરૂપ તે એક શરીરરૂપ છે. તેઓમાં ગંધ, રૂપ, સ્પર્શ, રસ તથા શબ્દ એ પાંચ તન્માત્રારૂપે છે; મળત્યાગ, મૈથુન, ગતિ, ભાષણ તથા કારીગરી એ પાંચ કર્મરૂપ છે અને 'આ મારુ' એમ ભોગ ભોગવવાના સ્થાન તરીકે સ્વીકારવા યોગ્ય શરીર તે અગિયારમો અભિમાનવૃત્તિનો વિષય છે. વળી કેટલાક વિદ્વાનો તો મૂઢ લોકોની દૃષ્ટિએ અહંકારને જ મનની બારમી વૃત્તિ કહે છે અને તે અહંકારના વિષય તરીકે શરીરને જ બારમો વિષય કહે છે, તેનું બીજું નામ 'શય્યા' છે. મનની આ અગિયારમી વૃત્તિઓ દ્રવ્ય, સ્વભાવ, આશય, કર્મ, તથા કાળના નિમિત્તથી પ્રથમ સેંકડો, પછી હજારો ને પછી કરોડો થાય છે. આ વૃત્તિઓ પરસ્પર કે પોતાની મેળે ઉત્પન્ન થતી નથી; પરંતુ ક્ષેત્રજ્ઞ પરમેશ્વરથી જ ઉત્પન્ન થાય છે. (અને તેને જ લીધે પરમેશ્વર અનંત શકિતવાળા હોઈ તે વૃત્તિઓ અનંત થઈ પડે છે.) માયાથી રચાયેલું અને જીવને ઉપાધિરૂપ જે મન સંસારમાં બંધન કરનારાં મલિન કર્મ કરે છે, તેની આ પ્રવાહરૂપે એકધારી જણાતી વૃત્તિઓને શુદ્ધ આત્મા જાગ્રતાવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં પ્રકટરૂપે જુએ છે અને સુષુપ્તિ અવસ્થામાં ઢંકાયેલારૂપે જુએ છે. (માટે ત્રણે અવસ્થાઓનો સાક્ષી આત્મા એ જ તત્ત્વ છે.) આ ક્ષેત્રજ્ઞ આત્મા સર્વવ્યાપી છે, પુરાત્મક એટલે જગતના કારણભૂત છે. પુરુષ એટલે પૂર્ણસ્વરૂપ છે, સાક્ષાત્ એટલે સર્વને પ્રત્યક્ષ છે, સ્વયંજ્યોતિ છે, (નહિ કે જ્ઞાનના વિષયરૂપે કે અનાશ્રયરૂપે પરોક્ષ છે.) અજન્મા એટલે કે જન્માદિથી રહિત છે, પરેશ એટલે બ્રહ્માદિનો પણ ઈશ્વર છે, નારાયણ

એટલે સર્વ જીવસમૂહનો નિયંતા હોઈ આશ્રય છે, ભગવાન એટલે ઐશ્વર્યાદિ છ ગુણોથી યુક્ત છે, તે વાસુદેવ એટલે સર્વ પ્રાણીઓનો આશ્રય છે અને પોતાને અધીન એવી માયા વડે જીવનમાં તેના નિયંતારૂપે રહેલો છે. જેમ વાયુ સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓમાં પ્રાણરૂપે રહી તેઓને નિયમમાં રાખે છે, તેમ સર્વથી પર એવા ભગવાન વાસુદેવ પણ ક્ષેત્રજ્ઞ (આત્મા) રૂપે આ જગતમાં પ્રવેશી સર્વને નિયમમાં રાખે છે. હે રાજા ! કોઈ પણ પ્રાણી સર્વ સંગ છોડી, અંદરના છ શત્રુઓને જીતી, જ્ઞાનના ઉદય વડે માયાને દૂર કરી જ્યાં સુધી આત્મતત્ત્વ જાણતો નથી ત્યાં સુધી આ સંસારમાં ભમે છે. વળી આત્માને ઉપાધિરૂપ આ મન જ સંસારના તાપોનું ક્ષેત્ર છે, એમ જ્યાં સુધી જાણતો નથી, ત્યાં સુધી પ્રાણી આ સંસારમાં ભમે છે; કારણ કે મન એ જ મનુષ્યને શોક, મોહ, રાગ, રોગ, લાભ તથા વેરનું કારણ છે અને મમતા કરાવે છે. (તેથી વૈરાગ્ય થતો નથી અને વૈરાગ્ય ન થવાથી સંસારમાં ભમવું પડે જ છે.) માટે હે રાજા ! તું અપ્રમાદી થઈ એ મનરૂપ તારો શત્રુ, જે મિથ્યા છે છતાં આત્માના સ્વરૂપને ઢાંકી દે છે, મહાપરાક્રમી છે અને તારી ઉપેક્ષાને લીધે જ વધેલો છે, તેનો તું સાવધાન રહી ગુરુ શ્રીહરિના ચરણની ઉપાસનારૂપ શાસ્ત્ર લઈને નાશ કરે. ૧-૧૭.

भ्रातृव्यमेनं तददभ्रवीर्यमुपेक्षश्रयाऽध्येधितमप्रमत्तः ।
गुरोर्हरेश्चरणोपासनास्त्रो जहि व्यलीकं स्वयमात्ममोषम् १७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨
## જડભરતજીએ રહૂગણના સર્વ સંશયો દૂર કર્યા

॥ रहूगण उवाच ॥

नमो नमः कारणविग्रहाय स्वरुपतुच्छीकृतविग्रहाय । नमोऽवधूत द्विजबन्धुलिङ्गनिगूढनित्यानुभवाय तुभ्यम् ॥१॥

**રહૂગણ બોલ્યો :** આપ ઈશ્વરસ્વરૂપ હોઈ પરમાનંદના પ્રકાશથી આપે દેહને તુચ્છ માન્યો છે. અને અધમ બ્રાહ્મણના વેશે પોતાનો નિત્ય અનુભવ ગુપ્ત રાખ્યો છે, તે આપને હે યોગેશ્વર ! વારંવાર નમસ્કાર હો. હે બ્રહ્મન્ ! જેમ કોઈ તાવના રોગથી પીડાતા મનુષ્યને ઔષધ અમૃતરૂપ થાય અથવા જેમ ઉનાળાના તાપથી તપેલા મનુષ્યને શીતળ જળ અમૃતરૂપ લાગે તેમ દુષ્ટ દેહ ઉપરનો અહંકારરૂપી સર્પ જેની દષ્ટિને કરડયો છે, એવા મને આપનું વચન અમૃત તુલ્ય ઔષધરૂપ થયું છે. માટે મારા સંશયનો વિષય તો હું આપને પાછળથી પૂછીશ, પણ હમણાં તો અધ્યાત્મયોગથી ગૂંથાયેલું આપનું આ વચન મારાથી બરાબર સમજી શકાતું નથી. તેને જે રીતે સમજાય તે પ્રમાણે કુતૂહલયુક્ત મનવાળા મને આપ કહો. હે યોગેશ્વર ! આપે કહ્યું: ‘‘જે કંઈ આ (ભાર ઉપાડવો વગેરે) ક્રિયા અને તેનું ફળ (થાક વગેરે) પ્રત્યક્ષ દેખાય છે, તો પણ તેનું મૂળ કેવળ વ્યવહાર જ છે—વ્યવહાર વિના ખરી રીતે કંઈ છે જ નહિ, તેથી જ તે અનાયાસે તત્ત્વવસ્તુનો વિચાર કરવા યોગ્ય નથી.’ આ આપના કહેવામાં મારા મનને કંઈ સમજ પડતી નથી.

**જડભરત બોલ્યા :** હે રાજા ! પૃથ્વીનો જે વિકાર છે તે જ કોઈ કારણથી પૃથ્વી પર ચાલતો આ ભાર ઉપાડનાર મનુષ્ય છે એમ પ્રસિદ્ધ છે. જે ચાલતો નથી તે પથ્થર વગેરેના નામથી પ્રસિદ્ધ છે. (આટલો જ) તે બંનેમાં (પથ્થર તથા મનુષ્યમાં) ભેદ છે; બાકી તે બંને જડ છે અને તેથી જ ભાર ઉપાડનાર મનુષ્યને પણ ભાર કે થાક નથી. જો કદાચ ભાર કે થાકનો આશ્રય જણાતો હોય, તો તેને ભાર

કે થાક હોઈ શકે પણ તે કંઈ છે નહિ. કેમ કે અવયવો વિના થાકનું સ્થાન-અવયવીનું નિરૂપણ થઈ શકે નહિ; માટે પૃથ્વીનો જ વિકાર તે ભાર ઉપાડનાર મનુષ્યને પણ બે પગ, તે પર ઘુંટી, તે પર પિંડી, તે પર ઢીંચણ, તે પર સાથળ, તે પર કેડ, તે પર છાતી, તે પર ગળું અને ગળાની બંને બાજુ બે ખભા છે. એ બેમાંના એક ઉપર લાકડાની એક પાલખી છે, જેમાં 'સૌવીરરાજ' એવું માત્ર જેનું નામ જ છે એવો (પાલખી ઉપાડનાર વેઠિયા જેવો જ) એક પૃથ્વીનો વિકાર જ બેઠેલો છે. તે માટીના પૂતળામાં તું દુષ્ટ મદથી આંધળે બની અભિમાન કરે છે કે 'હું સિંધુ દેશનો રાજા છું' વળી તું આ શોક કરવા યોગ્ય અને અત્યંત કષ્ટને લીધે ગરીબ બિચારા વેઠિયાઓને વેઠે પકડે છે માટે નિર્દય છે; છતાં નિર્લજ્જ થઈ પોતાનાં વખાણ કરે છે કે હું મનુષ્યોનો રક્ષક છું, પણ આ વખાણથી તું વૃદ્ધ પુરુષોની સભામાં શોભતો નથી. સ્થાવરજંગમ સર્વ જગતની ઉત્પત્તિ તથા નાશ હમેશાં જો પૃથ્વીમાં જ અમે જાણીએ છીએ, તો એ પુથ્વી સિવાય બીજો કોઈ પણ વિકાર છે જ નહિ અને (તે વિકારમાં પણ) માત્ર નામ વિના બીજું કોઈ પણ વ્યવહારનું કારણ છે જ નહિ; છતાં તે કોઈ સત્ય કારણ જો અક્રિયાથી અનુમાન કરવા યોગ્ય હોય તો તું જ તપાસી લે. (કદાચ તું કહીશ કે પૃથ્વી તો સત્ય ખરીને ? ના.) 'પૃથ્વી' શબ્દનું અસ્તિત્વ જેમાં છે, તે પૃથ્વીવાચક પદાર્થ પણ અર્થશૂન્ય (મિથ્યા) છે; કેમ કે તે પૃથ્વી પણ પોતાના કારણભૂત સુક્ષ્મ પરમાણુઓમાં લય પામે છે. પરમાણુ વિના પૃથ્વી એ કોઈ પદાર્થ જ નથી. (ત્યારે પરમાણુઓ સત્ય હશે ને ? ના.) તે પરમાણુઓ પણ અજ્ઞાનથી કેવળ મનથી કલ્પિત જ છે કે જેઓનો સમૂહ 'આ પૃથ્વી છે' એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે. પૃથ્વી એ શું પદાર્થ છે ? ' એ ન સમજાવાથી તેના મૂળ કારણ પરમાણુની કેવળ જ્ઞાનથી જ કલ્પના કરાયેલી છે. (માટે પરમાણુઓ પણ સત્ય નથી.) એ જ રીતે પાતળું, જાડું; સૂક્ષ્મ, મોટું, કારણ, કાર્ય ને ચેતન કે અચેતન જે કંઈ દ્વૈત વસ્તુ (બુધ્ધિથી) જણાય છે, તે સર્વ દ્રવ્ય, સ્વભાવ, આશય, કાળ તથા કર્મ એવાં નામ ધરાવતી માયાએ જ કરેલું છે એમ તું જાણ. (અને માયા એ કંઈ જ વસ્તુ નથી; માટે સર્વ મિથ્યા છે, એમ તારે જાણવું.) (ત્યારે હવે સાચું શું તે હું તને કહું છું તે સાંભળ.) કેવળ એક બ્રહ્મ જ સત્ય છે કે જે બ્રહ્મ પરમાર્થજ્ઞાનરૂપ—વ્યાવહારિક સત્યથી ભિન્ન ખરેખર સત્યસ્વરૂપ, વિશુદ્ધ (અવિદ્યારહિત) અને એક જ છે, અનેક નથી. બાહ્ય-આભ્યંતર ભેદથી રહિત, પરિપૂર્ણ, આત્મસ્વરૂપ, અત્યંત શાંત (નિર્વિકાર) છે અને જેને વિદ્વાનો 'ભગવાન' તથા 'વાસુદેવ' એવા શબ્દથી કહે છે. આવા પ્રકારનું જે સ્વરૂપજ્ઞાન તે જ સત્ય છે. હે રહુગણ રાજા ! એ સત્યસ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ મહાપુરુષોના ચરણરજની સેવા કર્યા વિના કેવળ તપશ્ચર્યાથી, યજ્ઞયાગથી, અતિથિઓ વગેરેને અન્ન આપવાથી ઘેર રહી પરોપકાર જ કર્યા કરવાથી, વેદાધ્યયનથી કે જળ, અગ્નિ તથા સૂર્યની ઉપાસના કરવાથી પણ થતી નથી. કેવળ મહાપુરુષો ની સેવાથી જ બ્રહ્મપ્રાપ્તિ થાય છે, કારણ કે મહાપુરુષો વિષે વિષયોની વાતોનો નાશ કરનારી કેવળ ભગવાનની જ ગુણકથાઓ થાય કે જેને નિત્ય સેવવાથી મુમુક્ષુ મનુષ્યને ભગવાન વાસુદેવમાં ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત થાય છે (વિષયોનો સંગ મનુષ્યને યોગભ્રષ્ટ કરે છે એ મને વીત્યું છે અને તેથી જ હું આ ગુપ્ત અવસ્થામાં ફરું છું. હું) પૂર્વે ભરત નામે રાજા હતો. તે વેળા આ લોકની તથા પરલોકના વિષયોની આસકિત ત્યજી તેમના બંધનથી મુક્ત થયો હતો ને કેવળ ભગવાનનું જ આરાધન કરતો હતો, પણ એક સમયે એક મૃગનો મને સંગ થયો, જેથી પરમાર્થથી ભ્રષ્ટ થઈ મારે મૃગ થવું પડયું, પણ હે વીર તે મુગના શરીરમાં જવા છતાં શ્રીકૃષ્ણસેવાથી ઉપજેલી સ્મૃતિએ મને છોડ્યો નહિ (શ્રીકૃષ્ણસેવાથી મને પૂર્વજન્મથી સ્મૃતિ રહી હતી), જેથી હું કોઈ

પણ પ્રાણીના સંગથી શંકિત થયો છું અને તેથી જ નિઃસંગ થઈ ગુપ્ત અવસ્થામાં ફરુ છું. માટે જે મનુષ્ય સર્વ સંગથી મુકત એવા મહાપુરુષોનો ઉત્તમ સંગ કરી તેથી ઊપજેલા મોહને જ્ઞાનરૂપી તલવાર વડે આ જન્મમાં જ કાપે છે, તે ભગવાનનાં ચરિત્રોનાં કીર્તન તથા શ્રવણથી સ્વ-સ્વરૂપનું જ્ઞાન મેળવીને આ સંસારમાર્ગના શ્રેષ્ઠ પારરૂપ શ્રીહરિને પામે છે. ૧-૧૬

तस्मान्नरोऽसङ्गसुसङ्गजातज्ञानासिनेहैव विवृक्णमोहः ।
हरिं तदीहाकथनश्रुतिभ्यां लब्धस्मृतिर्यात्यतिपारमध्वनः ॥१६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## જડભરતજીએ કરેલું ભવાટવીનું વર્ણન

॥ ब्राह्मण उवाच ॥

दुरत्ययेऽध्वन्यजया निवेशितो रजस्तमः सत्वविभक्तकर्मदृक् ।
स एष सार्थोऽर्थपरः परिभ्रमन् भवाटवीं याति न शर्म विन्दति ॥१॥

**જડભરત બોલ્યા :** આ સર્વ જીવસંઘને મહાદુસ્તર પ્રવૃત્તિમાર્ગમાં માયાએ નાખ્યો છે અને તેથી રજોગુણ, તમોગુણ ને સત્વગુણથી વિભાગ પામેલાં કર્મોને જ પોતાનું કર્તવ્ય માની, જેમ વેપારીઓનો સંઘ ધન મેળવવા વનવગડામાં ભટકે તેમ, સુખની લાલચમાં આ સંસારરૂપી જંગલમાં ભટકે છે, પણ તે (સાચું) સુખ મળતું નથી, હે રાજા ! આ સંસાર રૂપી જંગલોમાં જેનો નાયક બરાબર યોગ્ય નથી, એવા (જીવ) સંઘને છ 'લૂંટારા' બળજબરીથી લૂંટે છે અને જેમ ટોળામાં પેસી વરુઓ પ્રમાદી ઘેટાંને ખેંચી જાય, તેમ પ્રમાદી સંઘના મનુષ્યને શિયાળવા સંઘમાં પેસી ખેચી જાય છે. વળી અનેક વેલા તથા ઘાસનાં જાળાંઓથી એ જંગલ ગીચ છે; તેમાં તીક્ષ્ણ ડાંસો અને મચ્છરોથી તે સંઘ પીડા પામે છે. વળી તે જંગલમાં કોઈ સ્થળે ગંધર્વનગર અને કોઈ સ્થળે ઉતાવળા વેગવાળો તથા બળતા ઊંબાડિયા જેવી આકૃતિવાળો પિશાચ જુએ છે. વળી હે રાજા ! એ જ જંગલમાં રહેવાના સ્થળ, પાણી તથા ધનમાં જેની બુદ્ધિ તદ્રુપ થઈ છે, એવો તે જીવસંઘ આમતેમ દોડે છે. અને કોઈ વખતે ધુળથી ભરાયેલી આંખોવાળો તે વંટાળિયાથી ઊડેલી ધુળને લીધે ભુખરવર્ણી થયેલી દિશાઓને જ જાણતો પણ નથી, ત્યાં નજરે ન દેખાતાં તમરાઓના અવાજથી તેના કાનમાં પીડા થાય છે અને ઘુવડોના શબ્દોથી તેનો અંતરાત્મા ખેદ પામે છે. તે જ્યારે ભૂખથી વ્યાકુળ થાય છે. ત્યારે અપવિત્ર વૃક્ષોનો આશ્રય કરે છે અને કોઈ વાર તૃષાતુર થઈ ઝાંઝવાનાં જળ તરફ દોડે છે, વળી કોઈ વખતે જળ વિનાની નદીઓ તરફ દોડે છે અને ત્યાં ગબડી પડવાથી તેના શરીરના અવયવો ભાંગી જતાં તેને દુઃખ થાય છે અને કોઈ સમયે અન્નરહિત થઈ એકબીજા પાસેથી અન્ન લઈ લેવા ઈચ્છે છે. કોઈ સ્થળે એ જંગલમાં દાવાનળ સળગે છે, ત્યારે તેમાં સપડાઈ જઈને સંઘ અગ્નિથી તપીને ગભરાય છે અને કોઈ વખતે એ જંગલના યક્ષો તેના પ્રાણ પણ હરી લે છે. કોઈ સમયે ત્યાં પોતાના કરતાં શૂરા લોકો તે સંઘના લોકોનું સર્વસ્વ ઝૂંટવી લે છે, તેથી મનમાં તે ઉદાસ થઈ શોક કરે છે અને મોહ પામી મૂર્છિત થાય છે. કોઈ વેળા ગંધર્વનગરમાં પ્રવેશ કરી બે ઘડી શાંતિ પામ્યો હોય તેમ આનંદમાં આવી જાય છે. કોઈ વેળા ચાલતાં ચાલતાં તેના પગ કાંટા અને કાંકરાઓથી વીંધાઈ જાય છે, ત્યારે ત્યાં આવેલા પર્વતો ઉપર ચડી જવા તે ઈચ્છે છે, પણ ત્યાં ન ચડાવાથી મનમાં જાણે ઉદાસ

થયો હોય તેવો થાય છે, વળી ત્યાં પગલે પગલે અંદરના અગ્નિથી તેને પીડા થાય છે અને જે કુટુંબવાળો હોય, તે ગમે તેના ઉપર ક્રોધ કરે છે. વળી કોઈ વેળા તે સંઘના મનુષ્યોને અજગર ગળે છે, જેથી વનમાં ફેંકી દીધેલાં મુડદાં જેવા તે થાય છે. કોઈ વેળા તેઓને હિંસક પ્રાણીઓ કરડે છે અને કોઈ વખતે અંધ બની અંધારિયા કૂવામાં પડી દુઃખમાં રિબાય છે. કોઈ વાર ત્યાં એ જીવસંઘ મધ શોધે છે, જેથી મધમાખીઓ તેને કરડે છે અને તેથી પીડા પામી માનભ્રષ્ટ થાય છે કોઈ સમયે મહાકષ્ટથી મધ મેળવી માન મેળવે છે, બીજાઓ તેની પાસેથી બળાત્કારે તે મધ છીનવી લે છે. કોઈ સમયે ટાઢ, તડકો, પવન અને વરસાદથી પોતાના રક્ષણ માટે તે ઉપાય કરે છે; પણ ઉપાય કરવા અસમર્થ થઈ એમ ને એમ બેસી રહે છે. કોઈ વેળા પરસ્પરમાં ધન સંબંધી ઠગાઈ કરવાથી (બીજાનો) કંઈક દ્વેષ પામે છે, કોઈવાર તેની પાસેનું ધન ખૂટી પડે છે, ત્યારે એ જંગલમાં પોતે શય્યા, આસન, સ્થાન તેમ જ વાહન વિનાનો બને છે અને તે તે વસ્તુ બીજાઓ પાસે માંગે છે ત્યારે તે ન મળતાં પારકી વસ્તુઓ પર તે નજર કરે છે જેથી અપમાન પામે છે. અંદર અંદર ધનની અદલા-બદલી કરતાં તેના વેરનાં કારણો વધે છે; છતાં એકબીજા સાથે વિવાહ વગેરે સંબંધો કરે છે, અને ઘણાં જ દુઃખો, ધનની અછત તથા અનેક ઉપદ્રવોથી મુડદાં જેવો થઈને પણ એ જંગલના માર્ગમાં ઘૂમે છે. વળી ત્યાં પોતાની સાથેનાં મરેલાને ત્યાં ને ત્યાં છોડી દઈ, જન્મેલાઓને સાથે લઈ તે જીવસંઘ ભટકે છે અને હે વીર ! હજી સુધી તે સંઘ તે જંગલના માર્ગમાં પોતે જયાંથી નીકળ્યો છે, ત્યાં પાછો આવી શકતો નથી. એ માર્ગનો પાર આવે તેવો કોઈ ઉપાય પણ મેળવી શકતો નથી, જે શૂરા હોય છે અને જેઓએ દિશાઓના હાથીઓને પણ જીત્યા છે, તેઓ સર્વે આ પૃથ્વી માટે 'આ મારી છે. આ મારી છે.' આવાં વેર બાંધી યુદ્ધભૂમિમાં સૂએ છે, પણ જેણે એ વેર છોડયું છે તેવો સંન્યાસી, જે વિષ્ણુપદ પામે છે તેને તેઓ પામતા નથી. વળી તે જીવસંઘ એ જંગલમાં કોઈ સ્થળે લતાઓની શાખાઓનો આશ્રય કરી ત્યાં રહેલાં અસ્પષ્ટ મધુર શબ્દ કરતાં પક્ષીઓને ઈચ્છે છે. કોઈ વેળા કોઈ સ્થળે સિંહનાં ટોળાંથી ત્રાસ પામે છે, ત્યારે (તે ત્રાસ દૂર કરવા) બગલો, કાગડાં તથા ગીધડાંની મિત્રતા કરે છે; પણ તેઓ જ્યારે પોતાને ઠગે છે ત્યારે હંસોનાં ટોળામાં પ્રવેશ કરે છે; પરંતુ તેઓનું વર્તન પણ તેને પસંદ નથી આવતું ત્યારે તે વાનરોને શરણે જાય છે અને તેઓની જાતિક્રીડાથી અત્યંત શાંત ઇંદ્રિયોવાળો થઈ તેઓના પરસ્પર જોવાથી પોતાનો મરણકાળ ભૂલી જાય છે. વળી તે ત્યાં વૃક્ષો ઉપર રમવા ઈચ્છે છે; પુત્ર, સ્ત્રી વગેરે ઉપર પ્રીતિવાળો રહે છે અને મૈથુન કરવાની ઈચ્છાથી દીન બને છે. એ રીતે પોતાને જે બંધન થયેલું હોય છે, તેમાં વિવશ થઈ તેને છોડી શકતો નથી. કોઈ વાર પર્વતોની ગુફામાં જઈ ત્યાં રહેલાં હાથીથી ભયભીત થાય છે અને વેલાઓને વળગી રહે છે. હે શત્રુદમન રાજા ! એ દુઃખમાંથી મહામુશ્કેલીએ છૂટે છે કે ફરી પોતાના એ સંઘમાં જ તે દાખલ થાય છે. એ રીતે માયા વડે આ જંગલના માર્ગમાં નંખાયેલો જીવ તેમાં ભટક્યા કરે છે, તે હજી સુધી કંઈ સમજતો નથી. હે રહૂગણરાજા ! તને પણ માયાએ એ માર્ગમાં નાંખ્યો છે માટે પ્રાણીઓને પીડા કરવી છોડીને સર્વ પ્રાણીઓ તરફ મિત્રતા કર અને વિષયોમાં મનને આસકત ન કરતાં હરિની સેવાથી તીક્ષ્ણ બનેલી જ્ઞાનરૂપી તલવાર લઈ એ માર્ગનો પાર પામ.

**રહુગણરાજા બોલ્યો :** અહો ! સર્વ જન્મોમાં મનુષ્યજન્મ જ શ્રેષ્ઠ છે. બીજા દેવાદિ જન્મો પ્રાપ્ત થાય તો પણ તેથી શું લાભ છે ! કેમ કે એ સ્વર્ગાદિમાં પ્રાપ્ત થયેલા જન્મોમાં આપ જેવા કૃતકૃત્ય મહાત્માઓનો પુષ્કળ સમાગમ થઈ શકતો નથી. આપનાં ચરણકમળની રજથી જેનાં પાપો નાશ પામ્યાં

હોય છે, એવા મનુષ્યને શ્રીભગવાનમાં નિર્મળ ભકિત થાય એમાં આશ્ચર્ય નથી, કેમ કે આપના બે ઘડીના સમાગમથી પણ મારો દુષ્ટ તર્કોથી ઉત્પન્ન થયેલો અવિવેક નાશ પામ્યો છે. જેઓ વૃદ્ધ સ્વરૂપવાળા, બાલ્યાવસ્થાવાળા, યુવાન કે બ્રહ્મચારી અવસ્થાવાળા હોય, તે સર્વ (બ્રહ્મવેત્તાઓ) ને હું નમસ્કાર કરું છું. અવધૂતવેશ ધારણ કરનારા જે બ્રહ્મવેત્તાઓ આ પૃથ્વી પર ફરે છે, તેથી રાજાઓનું કલ્યાણ થાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે હે પરીક્ષિત રાજા ! પોતાનું અપમાન કરનાર એવા સિંધુપતિ રહુગણરાજાને પણ પરમ દયાળુપણાથી આત્મતત્વનો ઉપદેશ કરી મહાપ્રતાપી બ્રહ્મર્ષિ પુત્ર જડભરત કે જેમના ચરણમાં રહૂગણરાજાએ દીનતાપૂર્વક વંદન કર્યું હતું અને જેમનું અંતઃકરણ સંપૂર્ણ ભરેલા સમુદ્રની પેઠે શાંત ઇંદ્રિયોની વૃત્તિવાળું હતું, તે આ પૃથ્વી પર ફરવા લાગ્યા. સૌવીરપતિ રહૂગણે પણ તે જડભરતજીના સત્સંગથી આત્માનું પરમ તત્ત્વ જાણી પોતાને વિષે અવિદ્યાથી આરોપિત થયેલી દેહ ઉપરની આત્મબુદ્ધિ તજી. એમ હે. રાજા ! ભગવાનના ભકત જડભરતજીને શરણે ગયેલા રહૂગણરાજાનો દેહાહંકાર તત્કાળ છૂટી ગયો હતો.

**પરીક્ષિત રાજાએ પૂછયું :** હે મહાભકત શુકદેવજી ! મહાજ્ઞાની આપે જે આ પરોક્ષ વચન (જંગલ ના રૂપક) થી જીવલોકને સંસારમાર્ગ કહ્યો છે, તેનો વિષય આર્ય વિવેકી પુરુષોની બુદ્ધિથી તો કલ્પનામાં આવી શકે તેવો છે; પણ અજ્ઞાની લોકો વિષયને તરત સારી રીતે સમજી શકે તેમ નથી, માટે તે દુર્ગમ સંસારમાર્ગનું સ્વરૂપ આપ તે તે યોગ્ય અર્થની બરાબર વ્યવસ્થા કરીને કહો. ૧-૨૬

**यो ह वा इह बहुविदा महाभागवत त्वयाऽभिहितः परोक्षेण वचसा जीवलोकभवाध्वा स ह्यार्यमनीषया कल्पितविषयो नाञ्जसाऽव्युत्पन्नलोकसमधिगमः । अथ तदेवैतद्दुरवगमं समवेतानुकल्पेन निर्दिश्यतामिति ॥२६॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## ભવાટવીનું વર્ણન

**॥ श्रीशुक उवाच ॥**

य एष देहात्ममानिनां सत्त्वादिगुणविशेषविकल्पितकुशलाऽकुशलसमवहारविनिर्मितविविधदेहावलिभिर्वियोगसंयोगाद्यनादिसंसारानुभवस्य द्वारभूतेन षडिन्द्रियवर्गेण तस्मिन् दुर्गाध्ववदसुगमेऽध्वन्यापतित ईश्वरस्य भगवतो विष्णोर्वशवर्तिन्या मायया जीवलोकोऽयं यथा वणिक्सार्थोऽर्थपरः स्वदेहनिष्पादितकर्मानुभवः श्मशानवदशिवतमायां संसाराटव्यां गतो नाद्यापि विफलबहुप्रतियोगे हस्तत्तापोपशमनीं हरिगुरुचरणारविन्दमधुकरानुपदवीमवरुन्धे यस्यामु ह वा एते षडिन्द्रियनामानः कर्मणा दस्यव एव ते ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** આ જીવલોક પોતાના દેહે કરેલાં કર્મો તેના ફળ દ્વારા અનુભવે છે અને તેથી જ તેની ચેષ્ટાઓ નિષ્ફળ અને ઘણા વિઘ્નવાળી હોય છે. જેમ કોઈવેપારીનો કાફલો ધન કમાવા તત્પર થઈ કોઈ દુર્ગમ માર્ગે ઘોર જંગલમાં આવી પડે, તેમ તે સર્વના ઈશ્વર ભગવાન વિષ્ણુને વશ રહેતી માયાથી મશાન જેવા અમંગળ સંસારરૂપી જંગલમાં જઈ પડયો છે છતાં તે તે તાપોને શાંત કરનાર શ્રી હરિરૂપ ગુરુનાં ચરણકમળમાં ભમરા જેવા ભકત પુરુષોના ભકિતમાર્ગને હજી અનુસરતો નથી. દેહને આત્મા માનનારા જીવોના સત્ત્વાદિ જુદા જુદા ગુણોથી વિભાગ પામેલાં સારાં, નરસાં ને મિશ્ર કર્મોથી નિર્માણ થયેલા, જુદા જુદા દેહો સાથે જે વિયોગ ને સંયોગ જેમાં થાય છે, એવા આ અનાદિ સંસારનો

અનુભવ કરવામાં દ્વારરૂપ તે છ ઈન્દ્રિયોના વર્ગરૂપ પોતાના કાર્ય દ્વારા જીવલોકને સંસારમાર્ગે નાખવામાં માયા કારણ છે. આ છ ઈન્દ્રિયો જ આ સંસારરૂપી જંગલમાં ચોરનું કામ કરનારી છે. કારણ કે પુરુષને જે કંઈ ધન ઘણા કષ્ટથી મળેલું હોય છે, તે કેવળ ધર્મપૂર્વક ઉપયોગ કરવા માટે જ હોવું જોઈએ, જે ધર્મ સાક્ષાત્ પરમ પુરુષ ભગવાનનું આરાધન કરવારૂપ લક્ષણવાળો છે; કેમ કે એવા ધર્મને જ વિદ્વાનો પરલોકમાં ઉપયોગી કહે છે. જેમ કોઈ દુષ્ટ રખેવાળવાળા અને અસાવધ મનવાળા કાફલાનું ધન ચોર લોકો લુંટી લે છે, તેમ કેવળ ધર્મ કરવા યોગ્ય ધનને ઇંદ્રિયોરૂપી ચોરો જોવું, સ્પર્શ કરવો, સાંભળવું, સ્વાદ લેવો, સૂંઘવું, સંકલ્પ કરવો તથા વ્યવસાય કરવારૂપી ઘરના વિષયોભોગ દ્વારા લુંટી લે છે. વળી આ સંસારમાં સ્ત્રી, પુત્ર વગેરે કુટુંબનાં મનુષ્ય માત્ર નામનાં જ કુટુંબી છે; ખરી રીતે તો તેઓ વરુ અને શિયાળોનાં જ કામ કરનારાં છે, કારણ કે જેમ વરુઓ તથા શિયાળો કોઈ લોભી રબારીના ઘેંટાને તેની ઈચ્છા ન હોવા છતાં તેના દેખતાં ઉપાડી જાય તેમ સ્ત્રીપુત્રાદિ કુટુંબીઓ પણ (પોતાના પાલક) લોભી કુટુંબી મનુષ્યનું ધન તેની ઈચ્છા ન હોવા છતાં તેના દેખતાં લઈ જાય છે. જેમ કોઈ ખેતર દર વર્ષે ખેડાતું હોવા છતાં તેમાં રહી ગયેલાં ખરાબ બીજ બાળી નાખ્યાં ન હોય, તે ફરી પણ વાવણી વખતે તે ખેતર જાળાં, ઘાસ તથા વેલાઓથી જંગલ જેવું બની જાય છે; તે જ પ્રમાણે, આ ગૃહસ્થાશ્રમ પણ કર્મોનું એક ક્ષેત્ર છે, જેમાં (વાસનાઓરૂપી બિયાં બાળી નાખ્યાં ન હોય તો) કર્મો કદી નાશ જ પામતાં નથી (થયા જ કરે છે) . કારણ કે, આ ગૃહસ્થાશ્રમ કામનાઓનો એક કરંડિયો જ છે. આ સંસારરૂપી જંગલમાં ગયેલો મનુષ્ય, જેનું ધન તેના બહારના પ્રાણ જેવું છે, તે એના ધનને ડાંસ અને મચ્છર જેવા નીચ મનુષ્યો તથા તીડો, પક્ષીઓ, ચારો અને ઉંદરો બગાડયા કરે છે, છતાં એ સંસારના માર્ગમાં તે મનુષ્યો ચોતરફ ભટક્યા કરે છે. અવિદ્યા, કામના તથા કર્મોથી તેનું મન રંગાયેલું હોવાથી ગંધર્વનગરની પેઠે ખરી રીતે અઘટિત એવા આ મનુષ્યલોકને કોઈ વેળા પોતે મિથ્યાદૃષ્ટિ બની 'આ સત્ય છે એમ માને છે.' ત્યાં ખાવું, પીવું, મૈથુન વગેરે વ્યસનો માં આસકત થઈ ઝાંઝવાના જળ જેવા મિથ્યા વિષયો તરફ કોઈ સમયે દોડી જાય છે. તેમ જ કોઈ વેળા જેમ ટાઢથી પીડાતો મનુષ્ય અગ્નિ મેળવવા ઈચ્છતો ઉંબાડિયા જેવા ભૂતના ભડકાને અગ્નિ માની તેને લેવા ઈચ્છે છે, તેમ રજોગુણથી વ્યાપ્ત બુદ્ધિવાળો થઈ સમગ્ર દોષોનું ઘર અને અગ્નિની નિષ્ઠારૂપ સોનું લેવા ઈચ્છે છે. કોઈ સમયે રહેવા સ્થાન, પાણી, ધન વગેરે અનેક પોતાના જીવનનાં સાધનોમાં આગ્રહવાળો થઈ આ સંસારરૂપી જંગલમાં આમતેમ દોડયા કરે છે. કોઈ વેળા વંટોળિયાની જેને ઉપમા અપાય છે, એવી મદમાતી સ્ત્રી તે મનુષ્યને પોતાના ખોળામાં બેસાડે છે કે તત્કાળ રાગને લીધે જેમ રાત્રે ભૂતડાં મર્યાદા છોડે છે તેમ તે મર્યાદા તજે છે અને રજોગુણથી અત્યંત વ્યાપ્ત બુદ્ધિવાળો થઈ જાણે તેનાં નેત્રો પણ રજોગુણરૂપી ધૂળથી ભરાયાં હોય, તેમ (મર્યાદાના ત્યાગનાં સાક્ષી) સર્વ દિશાઓના દેવોને પણ જાણતો નથી. કોઈ સમયે જ એકાદ વખતે વિષયો મિથ્યા છે એમ જાણે છે. છતાં દેહ ઉપરના અહંભાવને લીધે સ્મૃતિભ્રષ્ટ થઈ તે દેહાભિમાનની ધૂનમાં ઝાંઝવાના જળ જેવા વિષયો તરફ દોડે છે. કોઈ વેળા ઘુવડ ને તમરાંના અવાજ જેવા અતિ કઠોર અને ઉત્સાહના આવેશવાળા પ્રત્યક્ષ કે પરોક્ષ શત્રુઓના તથા રાજાના તિરસ્કારથી તેના કાન અને હદય અત્યંત પીડાય છે. પછી એ મનુષ્યોનાં પૂર્વજન્મનાં પુણ્ય ભોગવાઈ રહે છે, ત્યારે પોતે જીવતાં મરેલો હોય તેવો થઈ કારસ્કર તથા કાકતુંગ વગેરે અપવિત્ર વૃક્ષો તથા વેલાઓ પેઠે અને ઝેરી જળાશયની પેઠે, જેમનું ધન બંને લોક માટે નિષ્ફળ હોય છે, એવા જીવતાં મૂએલા જેવા (ધનવાન) મનુષ્યો પાસે પોતે (ધનની આશાએ) દોડે છે, કોઈ સમયે

દુર્જનોના સંગથી તેની બુદ્ધિ ઠગાય છે અને તેથી જેમ કોઈ જળ વગરની નદીના ખાડામાં પડે (અને તરત માથું ફૂટી જતાં પાછળથી પણ વેદના ભોગવે) તેમ બંને તરફથી (આ લોકમાં ને પરલોકમાં પણ) દુઃખદાયી એવા પાખંડમાર્ગમાં જઈ પડે છે. વળી જ્યારે બીજાઓને પીડા કરવા છતાં પોતાને અન્ન મળતું નથી, ત્યારે પિતા કે પુત્રનું અતિ અલ્પ ધન પણ જેઓની પાસે હોય, તેવા મનુષ્યોને અથવા પિતા કે પુત્રને પણ ખાવા દોડે છે. કોઈ સમયે પોતાની પ્રિય વસ્તુથી રહિત થયેલું અને પરિણામે દુઃખદાયી એવું ઘર દાવાનળની પેઠે પ્રાપ્ત કરી શોકાગ્નિથી અત્યંત બળે છે અને ખેદ પામે છે. કોઈવાર તો કાળ જેવો ભયંકર રાજકુળરૂપી રાક્ષસ તે મનુષ્યના અત્યંત પ્રિય ધનરૂપી પ્રાણ હરી લે છે, તેથી જાણે પોતે મરી ગયો હોય તેમ તેનાં (હર્ષાદિ) જીવલક્ષણો પણ ચાલ્યાં જાય છે. વળી કોઈ સમયે મનોરથથી મળેલા પિતા, દાદા વગેરે મિથ્યા પદાર્થોને પણ આ સત્ય છે એમ માની સ્વપ્ન જેવા લક્ષણોવાળી શાંતિ અનુભવે છે. કોઈ વખતે ગૃહસ્થાશ્રમને લગતી કર્મપ્રેરણાઓના મોટા વિસ્તારરૂપી પર્વત પર ચડવા ઈચ્છે છે, પણ લોકોનું દુઃખ જોઈ મનમાં ખેદ પામે છે અને કાંટાવાળા તથા કાંકરાવાળા ખેતરમાં પ્રવેશ કરતો હોય તેવો દુઃખી થાય છે, કોઈ સમયે શરીરની અંદરના દુઃસહ જઠરાગ્નિથી (ભૂખ્યો થઈ) ધૈર્યભ્રષ્ટ બની પોતાના કુટુંબ ઉપર ક્રોધ કરે છે અને તે જ ફરી નિદ્રારૂપી અજગરથી ગળાય છે, ત્યારે ઘોર અંધકારમાં ગળક થાય છે. જાણે કોઈ વેરાન જંગલમાં ફેંકી દીધેલું મડદું હોય તેમ સૂઈ રહે છે અને તે વેળા બીજું કંઈ જાણતો નથી. વળી કોઈ વખત તેની ગર્વરૂપ દાઢ ભાંગી પડી હોય છે. દુર્જનોરૂપી સર્પોને લીધે તેને નિદ્રા લેવાની ક્ષણ પણ મળતી નથી અને પીડા પામેલા હૃદયને લીધે તેનું વિજ્ઞાન પણ નાશ પામે છે. તેથી કોઈ આંધળા મનુષ્યની પેઠે તે અંધારિયા કુવામાં પડે છે. કોઈ વખતે કામરૂપી મધના અંશો તે શોધે છે, ત્યારે પારકી સ્ત્રી તથા પારકું દ્રવ્ય હરી લે છે અને તેથી રાજા તથા તે પરસ્ત્રીઓના પતિઓ તેને મારી નાખે છે અને તે અપાર નરકમાં પડે છે. માટે જ વિદ્વાનો કહે છે કે, પ્રવૃત્તિમાર્ગમાં કર્મ એ જ આ લોક તથા પરલોકમાં જન્મનું ક્ષેત્ર છે. કદાચ તે પરસ્ત્રી તથા પરધનહરણના બંધનમાંથી બચી જાય છે, તો તેની પાસેથી બીજો દેવદત્ત નામનો તે પરસ્ત્રી કે પરધન ઝુંટવી લે છે અને તેની પાસેથી પણ વિષ્ણુદત્ત નામનો કોઈ છિનવી લે છે, આવી અનવસ્થા ચાલ્યા કરે છે (પણ પોતે ભોગવી શકતો નથી). કોઈ વેળા ટાઢ, પવન વગેરે આધિદૈવિક, આધિભૌતિક તથા આધ્યાત્મિક આદિ દસ પ્રકારની દુઃખની અવસ્થાઓ અટકાવવા પોતે અસમર્થ થઈ દુરંત ચિંતાથી ખેદ પામી બેસી રહે છે. કોઈ સમયે પરસ્પર કંઈ ધનનો વ્યવહાર કરે છે, ત્યારે માત્ર કોડી જેટલું કે તેથી પણ કંઈ ઓછું ધન બીજા પાસેથી કપટ કરી હરી લે છે, તેથી એ ધન સંબંધી શઠતાને લીધે પોતે બીજાનો દ્વેષપાત્ર બને છે. વળી એ ઉપરાંત આ સંસારરૂપી જંગલના માર્ગમાં બીજાં પણ સુખ, દુઃખ, રાગ, દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, લોભ, અદેખાઈ, ઈર્ષ્યા, અપમાન, ક્ષુધા, તૃષા, મનની પીડા, શરીરની પીડા, જન્મ, ઘડપણ તથા મરણ વગેરે ઉપદ્રવો છે. કોઈ વખતે ભગવાનની માયારૂપ સ્ત્રી પોતાની ભુજારૂપી વેલથી તે મનુષ્યને ભેટે છે, ત્યારે તેનાં વિવેક તથા જ્ઞાન નાશ પામે છે અને તે સ્ત્રી સાથે રમવા માટે કોઈ ઘર શરૂ કરવા તેનું હૃદય વ્યાકુળ થાય છે. વળી તે સ્ત્રીનો આશ્રય કરવાથી પુત્ર, પુત્રી વગેરે વળગે છે. તેઓનાં મધુર ભાષણો અને પોતાની સામે જોવું વગેરે તેઓની ચેષ્ટાથી તેનું હૃદય તેઓના તરફ ખેંચાય છે અને એ રીતે પોતે ઈન્દ્રિયાધીન બની, પોતાના આત્માને પાર વિનાના ઘોર નરકમાં નાખે છે. સર્વના ઈશ્વર ભગવાન વિષ્ણુનું કાળચક્ર કે જે પરમાણુથી માંડી દ્વિપરાર્ધ સુધીના કાળરૂપ લક્ષણવાળું હોઈ બાલ્ય વગેરે અવસ્થાના ક્રમથી એકદમ વેગથી ઘૂમતું ઘાસ

તથા વનસ્પતિથી માંડી છેક બ્રહ્મા સુધીનાં સર્વ પ્રાણીઓનો (તેઓના દેખતાં) પ્રમાદ વિના નાશ કરે છે, તે કાળચક્રથી તે મનુષ્યનું હૃદય કોઈ વેળા ત્રાસે છે, છતાં તે કાળ ચક્રરૂપી પોતાના આયુધવાળા તે જ સર્વના સાક્ષાત્ ભગવાન યજ્ઞપુરુષનો અનાદર કરી કાગડા, ગીધ, બગલા તથા વાગોળ જેવા અને આર્યશાસ્ત્રોમાં જેઓને તજ્યા છે તેવા પાખંડધર્મના દેવોનો એ પાખંડશાસ્ત્રોના આધારે આશ્રય કરે છે. પછી સ્વયં ઠગાયેલા તે પાખંડીઓથી તે પોતે પણ ઘણો જ ઠગાય છે ત્યારે બ્રાહ્મણોના કુળમાં વસે છે, પણ તે બ્રાહ્મણોનો આચાર તો જનોઈ વગેરે શ્રૌત-સ્માર્ત કર્મો કરી ભગવાન યજ્ઞપુરુષનું આરાધન કરવાનો જ હોય છે, તે એને પસંદ પડતો નથી તેથી તે શૂદ્રકુળનો આશ્રય કરે છે જે શુદ્રકુળને વેદોકત આચારમાં પોતાની અશુદ્ધિને લીધે અધિકાર ન હોવાથી વાનરજાતિની પેઠે મૈથુન અને કુટુંબનું પોષણ કરવું એ જ કેવળ વ્યાપાર હોય છે, (પણ અગ્નિહોત્ર વગેરે વ્યાપાર હોતો નથી) . પછી તે શૂદ્રકુળમાં પણ કોઈ જાતના પ્રતિબંધથી રહિત થઈ પોતાની ઈચ્છાનુસાર વિહાર કરે છે અને અતિશય વિષયાકુળ બુદ્ધિવાળો થઈ પરસ્પર એકબીજાનાં મુખ જોવાં વગેરે વૈષયિક કર્મથી જ પોતાના મૃત્યુકાળને વીસરી જાય છે. કોઈ વખતે તો વાનરો જેમ વૃક્ષ ઉપર રમે છે, તેમ આ લોકના વિષયરૂપ પ્રયોજનવાળા ઘરમાં પોતે રમે છે, અને પુત્રો-સ્ત્રી વગેરે ઉપર પ્રેમાળ થઈ મૈથુનમાં જ બધો સમય વિતાવે છે. એ પ્રમાણે સંસારરૂપી જંગલમાં પુરાયેલો તે મનુષ્ય મૃત્યુરૂપી હાથીના ભયવાળા પહાડોની ખીણો જેવા રોગ વગેરે દુઃખોમાં જઈ પડે છે. કોઈ વેળા ટાઢ, પવન વગેરે અનેક આધિદૈવિક, આધિભૌતિક તથા આધ્યાત્મિક દુઃખો અટકાવવામાં તે અસમર્થ થઈ દુરંત વિષયોથી ખેદ પામે છે. કોઈ સમયે પરસ્પર વ્યવહારમાં ધન સંબંધી ઠગાઈ કરી કંઈક ધન મેળવે છે, કોઈ વેળા ધન ખૂટી પડે છે અને શય્યા, આસન તથા ભોજનાદિ ઉપભોગોથી પોતે રહિત થાય છે, ત્યારે મનોરથમાં આવેલું ન મળતાં તે મેળવવાને બુદ્ધિથી નિશ્ચય કરે છે અને જ્યાં ત્યાંથી લોકોના અપમાન પામે છે, એમ પરસ્પર ધનની લેવડદેવડને લીધે તેનાં વેરનાં કારણો વધે છે; છતાં પૂર્વની વાસનાથી તે સંસારી મનુષ્ય પરસ્પર વિવાહ વગેરે સંબંધ કરે છે અને તજે છે. આવો આ સંસારમાર્ગ કે જે અનેક કલેશો તથા ઉપદ્રવોથી પીડાવાળો છે, તેમાં જે જ્યાં આપત્તિ અથવા મરણ પામે છે તેને બીજો ત્યાંને ત્યાં છોડી દે છે, બીજા જન્મેલાને સાથે લઈ શોક કરતો, મોહ તથા ભય પામતો, વિવાદ કરતા, બૂમો પાડતો, હર્ષ પામતો, ગાયનો ગાતો કે બંધાતો આગળ ને આગળ જાય છે. તે હજી સુધી માત્ર સાધુપુરુષ વિના આ મનુષ્યલોકનો સંઘ પોતે જ્યાંથી નીકળ્યો છે ત્યાં પાછો ફરતો નથી કે જેના મૂળ સ્થાનને વિદ્વાનો આ સંસારમાર્ગનો પાર કહે છે; કારણ કે આ મનુષ્યસંઘ યોગના તે શિક્ષણને અનુસરતો નથી કે જેને નિવૃત્તિપરાયણ મનવાળા અને ઉપશમ સ્વભાવવાળા સંન્યાસી મુનિઓ જાણે છે, અરે ! દિશાઓના હાથીઓને જીતનારા ને યજ્ઞયાગાદિ કરનારા રાજર્ષિઓ પણ એ યોગશિક્ષણને અનુસરતા નથી અને 'આ મારી છે' એમ કેવળ આ પૃથ્વીના નિમિત્તે જ પરસ્પર વેર બાંધી યુદ્ધક્ષેત્રમાં સૂએ છે અને એમ પૃથ્વી છોડીને નાશ પામે છે. આવા આ કર્મમાર્ગરૂપી વેલાને વળગી મનુષ્ય કદાચ ઉપરના સ્વર્ગલોકમાં જાય છે; અથવા આપત્તિરૂપ નરકથી માંડ માંડ છૂટે છે, પણ ફરીથી આ સંસારમાર્ગમાં જ પાછો આવી આ મનુષ્ય સંબંધમાં જ મળે છે.

આ ભરતરાજા સંબંધી પૂર્વના વિદ્વાનો આવા શ્લોકો ગાય છે.

आर्षभस्येह राजर्षेर्मनसाऽपि महात्मनः । नानुवर्त्मार्हति नृपो मक्षिकेव गरुत्मतः ॥४२॥
यो दुस्त्यजान् दारसुतान् सुहृद्राज्यं हृदिस्पृशः । जहौ युवैव मलवदुत्तमश्लोकलालसः ॥४३॥

यो दुस्त्यजान् क्षितिसुतस्वजनार्थदारान् । प्रार्थ्यां श्रियं सुरवरैः सदयावलोकाम् ॥
नैच्छन्नृपस्तदुचितं महतां मधुद्विट्: सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः ॥४४॥
यज्ञाय धर्मपतये विधिनैपुणाय । योगाय सांख्यशिरसे प्रकृतीश्वराय ॥
नारायणाय हरये नम इत्युदारं । हास्यन् मृगत्वमपि यः समुदाजहार ॥४५॥

'આ લોકમાં જેમ માખી ગરુડના માર્ગને મનથી પણ અનુસરવાને યોગ્ય નથી, તેમ કોઈ પણ રાજા ઋષભદેવના પુત્ર મહાત્મા ભરત રાજર્ષિના માર્ગને મનથી પણ અનુસરવાને યોગ્ય નથી. જેમણે યુવાન હતા ત્યારે જ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે પ્રીતિ કરી, સુંદર હોવાથી દુસ્ત્યજ એવાં સ્ત્રી, પુત્ર, સંબંધીઓ તથા રાજ્ય મળની પેઠે તજ્યાં હતાં. ભરતરાજાએ તજવી મુશ્કેલ એવી પૃથ્વી, પુત્ર, સ્વજનો, ધન, સ્ત્રીઓ અને ઉત્તમ દેવો પણ જેની કામના કરે છે તેવી પોતાની દયા ઈચ્છતી રાજ્યલક્ષ્મી જે તજી તે યોગ્ય જ હતું. કારણ કે ભગવાનની સેવામાં આસકત મનવાળા મહાપુરુષોને મોક્ષ પણ તુચ્છ લાગે છે. જે ભરતરાજાએ પોતાને પ્રાપ્ત થયેલું મૃગશરીર છોડતી વેળાએ પણ યજ્ઞસ્વરૂપ, ધર્મના પતિ, ધર્માનુષ્ઠાન કરનાર, અષ્ટાંગ યોગરૂપ જ્ઞાનરૂપી મુખ્ય ફળવાળા માયા તથા સર્વ જીવોના નિયંતા શ્રીહરિને હું નમસ્કાર કરું છું' એમ અતિ ઉચ્ચ સ્વરે કહ્યું હતું.

જેમના શુદ્ધ ગુણો તથા કર્મોને ભગવાનના ભકતોએ સ્વીકાર કર્યો છે, તેવા રાજર્ષિ ભરતનું આ ચરિત્ર પુત્રોત્પત્તિ આદિ કલ્યાણોનું કારણ, આયુષ્ય તથા ધન વધારનારું, યશ ફેલાવનારું તથા સ્વર્ગ અને મોક્ષ આપનારું છે; તેને જે સાંભળે છે, વર્ણવે છે અને અભિનંદન આપે છે, તેના બધા મનોરથો આપોઆપ જ સંપૂર્ણ બને છે, તે બીજા કોઈ પાસેથી કંઈ પણ આશા રાખતા નથી. ૧-૪૫

य इदं भागवतसभाजितावदातगुणकर्मणो राजर्षेर्भरतस्यानुचरितं स्वस्त्ययनमायुष्यं धन्यं यशस्यं
स्वर्ग्यापवर्ग्यं वाऽनुशृणोत्याख्यास्यत्यभिनन्दति च सर्वा एवाशिष आत्मन आशास्ते न
काञ्चन परत इति ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫
## ભરતવંશી રાજાઓનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

भरतस्यात्मजः सुमतिर्नामाभिहितो यमु ह वाव केचित्पाखण्डिन ऋषभपदवीमनुवर्तमानं चानार्या
अवेदसमाम्नातां देवतां स्वमनीषया पापीयस्या फलौ कल्पयिष्यन्ति ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** તે ભરતરાજાનો પુત્ર સુમતિ નામે કહેવાયો છે, જેને ઋષભદેવના માર્ગ ને અનુસરતો જોઈ કેટલાક અનાર્ય પાખંડીઓ પોતાની અતિશય પાપી બુદ્ધિને લીધે કલિયુગમાં અવૈદિક દેવ તરીકે ઠરાવશે. તે સુમતિથી વૃદ્ધસેના નામે સ્ત્રીમાં દેવતાજિત નામે પુત્ર થયો. દેવતાજિતને આસુરી નામની સ્ત્રીમાં દેવદ્યુમ્ન ને નામે પુત્ર થયો. દેવદ્યુમ્ને ધેનુમતી સ્ત્રીમાં પરમેષ્ઠી નામે પુત્ર થયો અને પરમેષ્ઠીને સુવર્ચલા નામે સ્ત્રીમાં પ્રતીહ નામે પુત્ર થયો. તે પ્રતીહ આત્મવિદ્યાનો ઉપદેશ કરી પોતે શુદ્ધ થયો હતો, તેથી મહાપુરુષ (ભગવાન) નો તેણે સાક્ષાત્કાર કર્યો હતો. એ પ્રતીહથી પણ સુવર્ચલા સ્ત્રીમાં પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્ગાતા નામના ત્રણ પુત્રો થયા, જેઓ ત્રણે યજ્ઞો કરવામાં કુશળ હતા. તેમાંના

પ્રતિહર્તાનો સૂતિ નામની સ્ત્રીમાં અજ અને ભૂમા નામના બે પુત્રો થયા. ભૂમાથી ઋષિકુલ્યા સ્ત્રીમાં ઉદ્‌ગીથ નામે પુત્ર થયો. ઉદ્‌ગીથથી દેવકુલ્યા સ્ત્રીમાં પ્રસ્તાવ નામે પુત્ર થયો. પ્રસ્તાવથી નિયુત્સા નામે સ્ત્રીમાં વિભુ નામે પુત્ર થયો. વિભુથી રતિ નામે સ્ત્રીમાં પૃથુષેણ નામે પુત્ર થયો. પૃથુવેણથી આકૃતિ સ્ત્રીમાં નકત નામે પુત્ર થયો અને નકતથી દ્રુતિ નામે સ્ત્રીમાં ગય નામે પુત્ર થયો. એ ગયરાજા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ હોઈ તેમની કીર્તિ ઉદાર હતી અને તે જગતનું રક્ષણ કરવાની ઈચ્છાથી સત્ત્વગુણ સ્વીકારનારા સાક્ષાત્ ભગવાન વિષ્ણુનો અંશાવતાર હોઈ, આત્મવેત્તા વગેરેનાં લક્ષણથી મહાપુરુષની પદવી પામ્યા હતા. વળી તે ગયરાજા (બે પ્રકારે ધર્માચરણ કરતા હતા, તેમાંના પ્રથમ) સ્વધર્મથી પ્રજાઓનું પાલન, પોષણ, રંજન, લાલન તથા શિક્ષણ કરતા અને (બીજા) યજ્ઞયાગ કરવારૂપી ગૃહસ્થ ધર્મનું આચરણ કરી પોતાના (બન્ને) ધર્મને બ્રહ્માદિ દેવો કરતાં પણ શ્રેષ્ઠ અને બ્રહ્મસ્વરૂપ ભગવાન મહાપુરુષ વિષે સર્વ પ્રકારે સમર્પણ કરતા. એ રીતે પરમાર્થલક્ષણ સ્વધર્મના આચરણ વડે તથા બ્રહ્મવેત્તા પુરુષોની ચરણસેવા વડે મેળવેલા ભગવાન વિષેના ભક્તિયોગથી એ રાજાની બુદ્ધિ વારંવાર સંસ્કારી થતાં અત્યંત શુદ્ધ થઈ હતી, તેથી જ દેહાદિ ઉપરનો અહંભાવ જેમાંથી દૂર થયો હતો તેવા પોતાના અંતઃકરણમાં પોતાની મેળે જ પ્રકટ જણાતા પરબ્રહ્મ વિષે તેમને સ્વાનુભવ થયો હતો, છતાં પોતે અભિમાનરહિત થઈને જ પૃથ્વીનું પાલન કરતા હતા. હે પાંડુવંશી પરીક્ષિત ! એ ગયરાજા સંબંધી પૂર્વના વિદ્વાનો આવા શ્લોકો ગાય છે :

गयं नृपः कः प्रतियाति कर्मभिर्यज्वोभिमानी बहुविद्धर्मगोप्ता ।
समागतश्रीः सदसस्पतिः सतां सत्सेवकोऽन्यो भगवत्कलामृते ॥९॥
यमभ्यषिञ्चन् परया मुदा सतीः सत्याशिषो दक्षकन्याः सरिद्भिः ।
यस्य प्रजानां दुदुहे धराशिषो निराशिषो गुणवत्सस्नुतोधाः ॥१०॥
छन्दांस्यकामस्य च यस्य कामान् दुदूहुराजहुरथो बलिं नृपाः ।
प्रत्यञ्चिता युधि धर्मेण विप्रा यदाशिषां षष्ठमंशं परेत्य ॥११॥
यस्याध्वरे भगवानध्वरात्मा मघोनि माद्यत्युरुसोमपीथे ।
श्रद्धाविशुद्धाचलभक्तियोगसमर्पितेज्याफलमाजहार ॥१२॥
यत्प्रीणनादबर्हिषि देवतिर्यङ्मनुष्यवीरुत्तृणमाविरिञ्चात् ।
प्रीयेत सद्यः स ह विश्वजीवः प्रीतः स्वयं प्रीतिमगाद् गयस्य ॥१३॥

એવો ક્યો રાજા છે કે જે પોતાનાં કર્મો વડે ગયરાજાને અનુસરે છે ? ભગવાનના અંશરૂપ તે ગય વિના બીજો કયો રાજા યજ્ઞ કરનાર માનપાત્ર, અત્યંત જ્ઞાની, ધર્મનું રક્ષણ કરનાર, લક્ષ્મી મેળવનાર સભાપતિ અને સત્પુરુષોનો ઉત્તમ સેવક છે ? જેના ઉપર સત્ય આશીર્વાદો આપતી દક્ષની સતી કન્યા-શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરેએ નદીઓનાં જળ વડે પરમ હર્ષથી અભિષેક કર્યો હતો. વળી જે પોતે કામનાઓથી રહિત હતા, છતાં તેમના ગુણોરૂપી વાછરડા જે અડાણ ઝરતું હતું એવી પૃથ્વીરૂપી ગાયે જેની પ્રજાઓના મનોરથો પૂર્ણ કર્યા હતા, જેને કોઈ જાતની કામના ન હતી, છતાં વેદો તથા વેદોક્ત કર્મો તેમની કામનાઓ પૂર્ણ કરતાં અને યુદ્ધમાં બાણોથી પૂજાયેલા રાજાઓ તેમને કર આપતા હતા, તેમ જ ધર્મપાલન તથા દક્ષિણાઓથી પૂજાયેલા બ્રાહ્મણો પરલોકમાં મળનારા પોતાના ધર્મફળનો છઠ્ઠો ભાગ તેમને આપતા હતા. તેમના યજ્ઞમાં પુષ્કળ સોમરસ પિવાતો, તેથી ઇંદ્ર મદમસ્ત બનતો અને યજ્ઞાત્મા ભગવાને શ્રદ્ધાથી વિશુદ્ધ ને અચળ ભક્તિથી સમર્પણ કરેલા રસનું ફળ (પ્રત્યક્ષ થઈ પૂજાની પેઠે) સ્વીકાર્યું હતું.

જે ભગવાનની પ્રસન્નતાથી દેવો, પશુપક્ષીઓ, મનુષ્યો, લતાઓ તથા ઘાસરૂપી જગત છેક બ્રહ્મા સુધી તરત પ્રસન્ન થાય છે, તે સર્વાંતર્યામી ભગવાન પોતે પ્રસન્નસ્વરૂપ છે. છતાં જે ગયરાજાના યજ્ઞમાં પ્રીતિ પામ્યા હતા– 'હું તૃપ્ત થયો છું' એમ પ્રત્યક્ષ પ્રીતિ પ્રકટ કરી હતી, તે ગયરાજાની તુલના કયા રાજા કરી શકે તેમ છે ? એ ગયરાજાની ગયંતી નામની સ્ત્રીમાં ચિત્રરથ, સુગતિ તથા અવરોધન નામે ત્રણ પુત્રો થયા હતા. તેમાંના ચિત્રરથથી ઊર્ણા નામની સ્ત્રીમાં સમ્રાટ નામે પુત્ર થયો. સમ્રાટથી ઉત્કલા નામે સ્ત્રીમાં મરીચિ નામે પુત્ર થયો. મરીચિથી બિંદુમતી નામે સ્ત્રીમાં બિંદુમાન નામે પુત્ર થયો. બિંદુમાનથી સરઘા નામની સ્ત્રીમાં મધુ નામે પુત્ર થયો. મધુથી સુમના નામની સ્ત્રીમાં વીરવ્રત નામે પુત્ર થયો. વીરવ્રતથી ભોજા નામે સ્ત્રીમાં મંથુ તથા પ્રમંથુ નામના બે પુત્રો થયા. મંથુથી સત્યા નામે સ્ત્રીમાં ભૌવન નામે પુત્ર થયો. ભૌવનથી દૂષણા નામની સ્ત્રીમાં ત્વષ્ટા નામે પુત્ર થયો. ત્વષ્ટાથી વિરોચન નામે સ્ત્રીમાં વિરજ નામે પુત્ર થયો અને વિરજને વિષૂચિ નામની સ્ત્રીમાં શતજિત જેઓમાં મુખ્ય હતો, એવા સો પુત્રો તથા એક કન્યા થયાં હતાં. તે આ વિરંજના સંબંધમાં આવો શ્લોક ગવાય છે :

જેમ વિષ્ણુ પોતાની કીર્તિ વડે દેવગણને શોભાવે છે, તેમ પ્રિયવ્રત રાજાના આ વંશને તે વંશમાં છેલ્લા થયેલા વિરજ રાજાએ પોતાની કીર્તિ વડે શોભાવ્યો હતો. ૧-૧૬

**प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः । अकरोदत्यलं कीर्त्या विष्णुः सुरगणं यथा ॥१६॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## જંબુંદ્વીપના નવ ખંડોનું વર્ણન

**॥ राजोवाच ॥**

उक्तस्त्वया भूमण्डलायामविशेषो यावदादित्यस्तपति यत्र चासौ ज्योतिषां गणैश्चन्द्रमा वा सह दृश्यते ॥१॥

**પરીક્ષિત રાજાએ કહ્યું :** હે શુકદેવજી ! જેટલા ભૂમંડળમાં સૂર્ય તપે છે ને જેટલામાં નક્ષત્રગણો સાથે આ ચંદ્રમા (શુકલ તથા કૃષ્ણ પક્ષમાં) દેખાય છે, તેટલા ભૂમંડળનો વિસ્તાર આપે મને કહ્યો. તેમાં પણ પ્રિયવ્રતરાજાના રથનાં પૈડાંથી પડેલા સાત ચીલાઓ વડે સાત સમુદ્રોની રચના થઈ છે, જેથી આ ભૂમિના જુદા જુદા સાત દ્વીપો રચાયા છે. તે આપે મને સંક્ષેપમાં કહ્યું. પણ હે ભગવન્ ! તે જ બધા સમુદ્રો તથા દ્વીપોનું બધું માપ અને લક્ષણ જાણવા હું ઈચ્છું છું; કારણકે આ મનને જો પ્રથમ ભગવાનના ગુણમય સ્થૂળસ્વરૂપ (આ બ્રહ્માંડ) માં પ્રથમ સ્થાપ્યું હોય, તો પછી તેને નિર્ગુણ, અત્યંત સૂક્ષ્મ અને સ્વયંપ્રકાશ એવા પરબ્રહ્મ ભગવાન વાસુદેવ વિષે સ્થાપવા સમર્થ થઈ શકાય છે; માટે હે ગુરો ! ભગવાનના સ્થુળ સ્વરૂપ આ બ્રહ્માંડનું વર્ણન કરવા આપ યોગ્ય છે.

**શુકદેવજીએ કહ્યું :** હે મહારાજ ! ભગવાનની માયાનો જે ગુણવૈભવ છે તેનો પાર પામવા પુરુષો, દેવોના આયુષ્યથી પણ સમર્થ નથી. માટે મુખ્ય મુખ્ય જ ભૂગોળના વિષયોનાં નામ, રૂપ, માપ તથા લક્ષણ અમે (અહી) કહીશું. પહેલો જે જંબૂદ્વીપ છે તે ભૂમંડળરૂપી કમળના સાત દ્વીપોરૂપી દોડાઓની વચ્ચેના એક દોડા જેવો છે. તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે ને કમળનાં પાંદડાંની પેઠે તે સમગોળ છે. તે જંબુદ્વીપમાં નવ ખંડો આવેલા છે. તે પ્રત્યેક નવ નવ હજાર યોજન વિસ્તારવાળા અને આઠ મર્યાદા પર્વતોથી સારી રીતે વિભાગ પામેલા છે. એ નવ ખંડોની વચ્ચે ઈલાવૃત નામનો

મધ્યખંડ છે. તેની વચ્ચે કુલગિરિરાજ મેરુપર્વત રહેલો છે. એ આખોય સોનાનો, જંબુદ્વીપના જેવડા જ (એક લાખ યોજન) ઊંચો અને પૃથ્વીરૂપી કમળની કળી હોય તેવો જણાય છે. એનો ઉપરનો વિસ્તાર બત્રીસ હજાર યોજન, મૂળમાં તેનો વિસ્તાર સોળ હજાર યોજન અને તેટલો જ (સોળ હજાર યોજન) તે ભૂમિની અંદર પેઠેલો છે. ઈલાવૃત્ત ખંડની ઉત્તરે ઉત્તરે અનુક્રમે નીલ, શ્વેત તથા શૃંગવાન નામના ત્રણ પર્વતો છે. તેઓ ત્રણેય રમ્યક, હિરણ્યમય તથા કુરુખંડનો સીમાડો સૂચવનાર છે. તેઓ પૂર્વ દિશા તરફ લંબાઈવાળા અને બંને છેડેથી છેક ખારા સમુદ્ર સુધી પહોંચેલા છે. એક એક પર્વતનો વિસ્તાર બે હજાર યોજન છે અને તેઓમાં પહેલા પહેલા પર્વત કરતાં બીજો બીજો લંબાઈમાં જ દશાંશથી કંઈક અધિક અંશે ઓછો છે. (ઊંચાઈમાં કે વિસ્તારમાં નહિ) એ રીતે ઇલાવૃતથી દક્ષિણમાં નિષધ, હેમકૂટ તથા હિમાલય નામે ત્રણ પર્વતો છે. તેઓ પણ પૂર્વ દિશા તરફ લાંબા ગયેલા છે; અને પૂર્વોક્ત નીલ વગેરે પર્વતની પેઠે જ દરેક દશ હજાર યોજન ઊંચો છે અને અનુક્રમે હરિવર્ષ, કિંપુરૂષ તથા ભારતવર્ષનો સીમાડો સૂચવનાર છે. તે જ પ્રમાણે ઈલાવૃતની પશ્ચિમે તથા પૂર્વે માલ્યવાન અને ગંધમાદન નામના બે પર્વતો છે. તેઓ બંને ઉત્તરથી નીલપર્વત સુધી ને દક્ષિણથી નિષધપર્વત સુધી લાંબા બે હજાર યોજન પહોળા અને અનુક્રમે કેતુમાલ તથા ભદ્રાશ્વ ક્ષેત્રનો સીમાડો કરે છે. મેરુપર્વતની ચારે દિશાઓમાં દસ દસ હજાર યોજન પહોળા અને ઊંચા મંદર, મેરુમંદર, સુપાર્શ્વ તથા કુમુદ નામના ચાર આધારરૂપ પર્વતો છે. એ ચારે ઉપર અનુક્રમે આંબો; જાંબુડો, કદંબ તથા વડ એમ ચાર ઉત્તમ વૃક્ષો છે, તે એ પર્વતોની જાણે ધજાઓ હોય તેવા અગિયારસો—અગિયારસો યોજન ઊંચા છે અને તેઓનાં ડાળાંનો વિસ્તાર પણ ચોતરફ તેટલો જ છે ને સો સો યોજનની તેઓની જાડાઈ છે. વળી હે ભરતશ્રેષ્ઠ પરીક્ષિત રાજા ! એ પર્વત ઉપર ચાર ધરાઓ છે તેઓમાં અનુક્રમે દૂધ, મધ, શેરડીનો રસ અને મીઠું પાણી ભરેલું છે. તેને પીતાં યક્ષો સ્વાભાવિક યોગનાં ઐશ્વર્યો ધારણ કરે છે. વળી તે પર્વતો ઉપર અનુક્રમે નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક તથા સર્વતોભદ્ર નામના ચાર દેવતાઈ બગીચા છે. તેમાં યક્ષોથી ગવાતા મહિમાવાળા ઉત્તમ દેવો. સ્ત્રીઓમાં અલંકાર જેવી શ્રેષ્ઠ સ્ત્રીઓનાં ટોળાંનાં સ્વામી હોઈ એકઠા મળી વિહાર કરે છે. તે પર્વતોમાંના મંદર પર્વત ઉપર અગિયારસો યોજન ઊંચું આંબાનું ઝાડ છે. તેની ટોચ ઉપરથી મંદર પર્વતના મધ્ય પ્રદેશ ઉપર અમૃત જેવી કેરીઓ પડે છે. તે પર્વતના શિખર જેવી મોટી હોય છે. એ કેરીઓ ત્યાં પડીને ભાંગી જાય છે. તેથી તેમાંથી નીકળી પડતાં અતિમધુર સ્વાભાવિક ને સુગંધી પુષ્કળ રાતા રસરૂપી જળથી અરુણંદા નામની નદી બને છે અને તે મંદરપર્વતના શિખર ઉપરથી પડી પૂર્વ દિશામાં ઈલાવૃત્ત ક્ષેત્રને ભીંજવે છે. એ નદીનો રસ પીવાથી મહાદેવનાં પત્ની ભવાનીની દાસીઓ (યક્ષસ્ત્રીઓ) નાં સુગંધી અવયવોનો સ્પર્શ કરવાથી સુગંધીદાર થયેલો વાયુ ચારે તરફ દસ યોજન સુધીના પ્રદેશને સુગંધિત કરે છે. એ જ પ્રમાણે મેરુમંદર પર્વત ઉપરના જાંબુના ઝાડ ઉપરથી જાંબુનાં ફળો ત્યાં પડે છે, જે હાથીના શરીર જેવડાં હોવા છતાં ઘણા જ નાના ઠળિયાવાળાં હોઈ ઘણે ઊંચેથી પડતાં ફાટી જાય છે. તેથી એના રસમાંથી જંબુ નામની નદી એ મેરુમંદર પર્વતના શિખર ઉપરથી દસ હજાર યોજનની ઊંચાઈથી પૃથ્વી પર પડે છે ને ત્યાંથી દક્ષિણમાં વહી આખા ઈલાવૃત્તખંડમાં ફેલાય છે. એ નદીની બંને બાજુ સર્વ કિનારે જે માટી છે તે એ નદીના રસથી મિશ્ર બનીને વાયુ તથા સૂર્યના સંયોગથી પાકી બની જાંબૂનદ નામના સોનારૂપે તૈયાર થઈને દેવલોકના નિત્ય અલંકારરૂપ થાય છે. દેવતાઓ અને તેઓની સ્ત્રીઓ એ સોનાને જ મુકુટ, કડા તથા કંદોરા વગેરે અલંકારરૂપે ધારણ કરે છે.

તેમ જ સુપાર્શ્વ પર્વત ઉપર મોટું કદમનું ઝાડ રહેલું છે. તેની કોરોમાંથી પાંચ વામ પહોળી મધની પાંચ ધારાઓ કરીને સુપાર્શ્વ પર્વતના શિખર ઉપરથી પડી પશ્ચિમ તરફ ઈલાવૃત્ત ક્ષેત્રમાં વહે છે; જેઓનો ઉપયોગ કરતાં પ્રાણીઓનાં મુખથી નીકળેલો વાયુ ચારે બાજુ સો યોજનના પ્રદેશને સુગંધીવાળો કરે છે. એ જ પ્રમાણે કુમુદ પર્વત પર શતવલ્શ નામનું વડનું ઝાડ છે. તેના થડમાંથી દૂધ, દહીં, ઘી, ગોળ તથા અન્ન વગેરેના અને વસ્ત્ર, શય્યા, આસન તથા અલંકાર વગેરેના, સર્વ કામનાઓ પૂરનારા મોટા નદો વહે છે, જે બધા કુમુદ પર્વતના શિખર ઉપરથી પડી તેની ઉત્તરે ઈલાવૃત્ત ક્ષેત્રમાં વહે છે. એ નદોને સેવતી પ્રજાઓને કદી વળિયાપળિયાં, થાક, પરસેવો, દુર્ગંધી, ઘડપણ, રોગ, મૃત્યુ, ટાઢ, તાપ, ફીકાશ તથા બીજા ઉપદ્રવો વગેરે કોઈ જાતના સંતાપ થતા નથી અને જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી નિરતિશય સુખ જ રહે છે. જેમ કમળની કળીની આસપાસ કેસરાં હોય છે, તેમ મેરુ પર્વતના મૂળ પ્રદેશમાં ચારે બાજા કુરંગ, કુરર, કુસુંભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિનીવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, મરુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ વગેરે વાસ પર્વતો છે. તેમ જ મેરુની પૂર્વે જઠર ને દેવકૂટ નામના બે પર્વતો છે, જે અઢાર હજાર યોજન ઉત્તર તરફ લાંબા હોઈ બે-બે હજાર યોજન પહોળા ને ઊંચા છે. એ પ્રમાણે મેરુ ની પશ્ચિમે પવન તથા પારિયાત્ર પર્વત છે; દક્ષિણે કૈલાસ તથા કરવીર પર્વત છે, જે પૂર્વ દિશા તરફ લાંબા છે અને મેરુની ઉત્તર દિશા તરફ ત્રિશૃંગ તથા મકર નામે પર્વતો છે. આ આઠે પર્વતોથી ચારે બાજુ વીંટાયેલો સુવર્ણગિરિ મેરુ અગ્નિ જેવો શોભે છે. વિદ્વાનો કહે છે કે મેરુપર્વતની ઉપર મધ્ય પ્રદેશમાં ભગવાન બ્રહ્માની દસ હજાર યોજન વિસ્તારવાળી સમચોરસ સોનાની નગરી છે. એ નગરીની આસપાસ આઠે દિશાઓમાં આઠ લોકપાલોની આઠ નગરીઓ છે, જેઓનાં સ્વરૂપ તે તે લોકપાલનાં જેવાં હોઈ બ્રહ્માની નગરીના ચોથા ભાગ પ્રમાણે વિસ્તાર છે. ૧-૨૯

तामनु परितो लोकपालानामष्टानां यथादिशम् । यथारूपं तुरीयभागेन पुरोऽष्टावुपक्लृप्ताः ॥२९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## ગંગાનું ચારે દિશાઓમાં વહેવું અને શંકરે કરેલું સંકર્ષણનું સેવન

॥ श्रीशुक उवाच ॥

तत्र भगवतः साक्षाद्यज्ञलिङ्गस्य विष्णोर्विक्रमतो वामपादाङ्गुष्ठनखनिर्भिन्नोर्ध्वाण्डकटाह विवरेणान्तः प्रविष्टा या बाह्यजलधारा तच्चरणपङ्कजावनेजनारुणकिञ्जल्कोपरञ्जिताखिलजगदधमलापहोपस्पर्शनाऽमला साक्षाद्भगवत्पदीत्यनुपलक्षितवचोऽभिधीयमानाऽपि महता कालेन युगसहस्रोपलक्षणैन दिवा मूर्द्धन्यवततार यत्तद्विष्णुपदमाहुः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન વિષ્ણુએ બલિરાજાના યજ્ઞમાં (પ્રથમ વામનસ્વરૂપ લઈ) પછીથી ત્રણ પગલાં પૃથ્વી લેવા મોટું ત્રિવિક્રમ સ્વરૂપ લીધું હતું. ત્યારે પોતાના જમણા પગથી પૃથ્વી દબાવી. ડાબો પગ ઊંચો કરતાં ડાબા પગના અંગૂઠાના નખથી આ બ્રહ્માંડરૂપી પાત્રનો ઉપરનો ભાગ ચિરાઈ ગયો, ત્યારે બ્રહ્માંડના છિદ્રમાંથી તેની બહારની જળધારા જે અંદર પેસી ગઈ તે ત્રિવિક્રમ ભગવાનના પગ ધોઈ તેના લાલ કેસરા વડે રંગાઈ જવાથી સ્પર્શ કરતાં સમગ્ર જગતનાં

પાપરૂપી મેલનો નાશ કરનારી થઈ અને તે જ નિર્મળ જળધારા સાક્ષાત્ 'ભગવત્પદી' નામથી તે સમયે કહેવાઈ હતી; પણ પાછળથી હજારો યુગનો મોટો સમય વીત્યા પછી જાહ્નવી, ભાગીરથી એવાં જુદાં જુદાં નામથી કહેવાતી સ્વર્ગના મસ્તક પર ઊતરી હતી સ્વર્ગના એ મસ્તકને 'વિષ્ણુપદ' કહે છે. જ્યાં દૃઢ સંકલ્પવાળા અને પરમ ભગવદ્ ભક્ત ધ્રુવજી 'આ ગંગાજી અમારા કુળદેવ શ્રીવિષ્ણુ ભગવાનના ચરણકમળનું જળ છે. એમ માની હજી સુધી એને પરમ આદરથી મસ્તક પર ધારણ કરે છે અને તે વેળા પ્રતિક્ષણ વધતા ભગવાન પરના ભક્તિયોગને લીધે તેમનું અંતઃકરણ અત્યંત પીગળે છે અને તેથી ઉત્કંઠાને વશ થઈ લગાર મિચાઈ જતાં તેમનાં બંને નેત્રોરૂપી કળીમાંથી હર્ષનાં નિર્મળ આંસુનાં ટીપાં ટપકે છે ને તેની સાથે રોમાંચ સમૂહ પ્રકટે છે. એ વિષ્ણુપદથી નીચે રહેલા સપ્તર્ષિઓ ગંગાજીના પ્રભાવને જાણતા હોઈ સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે અસ્ખલિત ભક્તિયોગને લીધે પોતે બીજા પુરુષાર્થોની તથા આત્મજ્ઞાનની પણ દરકાર નહિ કરનારા છતાં જેમ મુમુક્ષુઓ પ્રત્યે આવેલી મુક્તિને બહુમાનપૂર્વક મસ્તકે ચડાવે તેમ એ ગંગાને આ આટલી જ આપણા તપની આત્યંતિક સિદ્ધિ મળી છે' એમ માની ઘણા માનપૂર્વક પોતાની જટાઓ પર આજે પણ ધારણ કરે છે. ત્યાંથી એ ગંગાજી કરોડો વિમાનોના સમૂહથી વ્યાપેલા આકાશના માર્ગે થઈ નીચે ઊતરે છે અને ચંદ્રમંડળને ભીજવીને (મોક્ષના મસ્તક પર આવેલા) બ્રહ્માના સ્થાનમાં પડે છે. ત્યાંથી તેના ચાર વિભાગ થાય છે અને સીતા, અલકનંદા, ચક્ષુષ તથા ભદ્રા એવાં ચાર નામોથી ચારે દિશાઓમાં વહે છે ને સમુદ્રમાં જ મળે છે. તેમાંની સીતા બ્રહ્માના સ્થાનમાંથી નીકળી કેસરાચલ વગેરે પર્વતોનાં શિખરો ઉપર થઈ નીચે વહે છે ને ગંધમાદનનાં શિખરો પર પડી ભદ્રાશ્વ ખંડની વચ્ચે થઈ પૂર્વ દિશામાં ખારા સમુદ્રને મળે છે. એ જ પ્રમાણે, ચક્ષુષ નામની ગંગા માલ્યવાન પર્વતના શિખર ઉપરથી પડી અસ્ખલિત વેગે કેતુમાલ ખંડમાં વહે છે અને પશ્ચિમ દિશામાં જઈ સમુદ્રમાં પ્રવેશ કરે છે. ભદ્રા નામની ગંગા મેરુ પર્વતના શિખરથી ઉત્તરે પડી કુમુદ પર્વતના શિખર પર પડે છે ત્યારથી તે નીલગિરિ પર પડે છે તે ત્યાંથી વહેતી શ્વેતપર્વતના શિખપર થઈને આગળ એક પર્વતથી બીજા પર્વત પર વહેતી ઉત્તરકુરુદેશ તરફ વહે છે અને ઉત્તર દિશામાં આવેલા સમુદ્રને મળે છે. તે જ પ્રમાણે, અલકનંદા બ્રહ્માના સ્થાનથી દક્ષિણમાં વહીને અનેક પર્વતનાં શિખરો ઓળંગે છે અને હેમકૂટ પર્વત પર આવીને તે પર્વતના શિખરો પર પણ અત્યંત વેગથી લોટતી ભારતવર્ષમાં આવી પહોંચી દક્ષિણ દિશામાં આવેલા સમુદ્રમાં પ્રવેશ કરે છે. એ અલકનંદામાં સ્નાન માટે આવનારા મનુષ્યને પગલે પગલે અશ્વમેધ તથા રાજસૂય વગેરેનાં ફળ દુર્લભ નથી. આ ચાર ગંગાઓ સિવાય બીજા પણ અનેક નદો તથા નદીઓ પ્રત્યેક ખંડમાં છે, જેઓ મેરુ વગેરે પર્વતોમાંથી સેંકડોની સંખ્યામાં નીકળે છે. એ પ્રમાણે ઉપર કહેલા ખંડોમાં પણ ભારતવર્ષ જ કર્મોનું ક્ષેત્ર હોઈ બીજા આઠ ખંડો તો દેવનાં બાકી રહેલાં પુણ્ય ભોગવવાનાં સ્થાનો છે, જેઓ પૃથ્વી પરનાં સ્વર્ગસ્થાન કહેવાય છે. એ આઠ ખંડોમાંનાં મનુષ્યોનાં આયુષ્યો દસ હજાર વર્ષનાં છે. ત્યાંનાં મનુષ્યો દેખાવમાં દેવો જેવાં છે. તેઓનું બળ દસ હજાર હાથી જેટલું છે. શરીર વજ્ર જેવાં છે. શરીરમાં બળ, વય તથા આનંદ પુષ્કળ હોવાથી તેમના મોટા મૈથુનને અંતે જ્યારે આયુષ્યનું એક વર્ષ બાકી રહે છે, ત્યારે તેમની સ્ત્રીઓ માત્ર એક જ ગર્ભ ધારણ કરે છે. તે ખંડોમાં ત્રેતાયુગ જેવો સમય ચાલે છે. વળી ત્યાં પોતપોતાના ગણનાયકોએ જેમની મોટી પૂજા કરેલી હોય છે, એવા મોટા દેવો અત્યંત સુંદર દેવાંગનાઓના કામયુક્ત વિલાસો, હાસ્ય તથા લીલાપૂર્વક દર્શનથી આકર્ષાયેલાં મન અને દૃષ્ટિવાળા થઈ ત્યાંના આશ્રમોમાં, પર્વતોની ગુફાઓમાં તથા નિર્મળ

જળાશયોમાં જળક્રીડા વગેરે જાતજાતના વિનોદોથી ઈચ્છાનુસાર રમે છે. તે આશ્રમો અને પર્વતોની ગુફાઓ સર્વ ઋતુઓના પુષ્પગુચ્છા, ફળો તથા કુંપળોની સમૃદ્ધિથી ઝળકતી ડાળીઓવાળાં અને લતાઓવાળાં વૃક્ષોથી સુશોભિત સુંદર વનવાળાં છે. જળાશયો ખીલેલાં જાતજાતનાં નવાં કમળની સુગંધથી આનંદ પામેલા રાજહંસો, જળકૂકડાં, બતકો, સારસો ને ચક્રવાક પક્ષીઓથી અને જાતજાતના અનેક ભમરાઓથી ગાજી રહેલાં છે. આ નવે ખંડમાં મહાપુરુષ ભગવાન નારાયણ પ્રત્યેક પુરુષ પર કૃપા કરવા પોતાની મૂર્તિઓના સમૂહ વડે આજે પણ સમીપ જ રહે છે. તેમાંના ઈલાવૃત્ત ખંડમાં તો ભગવાન શંકર એક જ પુરુષ છે. બીજો કોઈ અર્વાચીન પુરુષ પાર્વતીના શાપનું કારણ જાણતો હોય તે ત્યાં પ્રવેશ કરતો નથી. કારણ કે પાર્વતીના શાપને લીધે ત્યાં પ્રવેશ કરતો પુરુષ સ્ત્રી થઈ જાય છે. આ કથા આગળ (નવમા સ્કંધમાં) હું કહીશ. એ ખંડમાં અબજો સ્ત્રીઓ કે જેમનાં સ્વામિની પાર્વતી છે, તેઓ ભગવાન શંકરની સર્વ રીતે સેવા કરે છે. ભગવાન શંકર પણ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ એમ ચાર મૂર્તિવાળા મહાપુરુષ પરમેશ્વરની પોતાનું કારણ તમોગુણી જે સંકર્ષણ નામની ચોથી મૂર્તિ છે, તેના સ્વરૂપનું મનમાં ધ્યાન કરી આ મંત્રનો જપ કરતા ઉપાસના કરે છે.

**શ્રીશંકર ભગવાન કહે છે :** 'ૐ नमो भगवते महापुरुषाय सर्वगुणसंख्यानायानन्तायाव्यक्ताय नमः।' જેમનાથી સર્વ ગુણો પ્રકાશે છે અને જે અવ્યકત અમાપ અને અનંત છે, તે મહાપુરુષ ભગવાનને 'હું નમસ્કાર કરું છું.' હે ભજન કરવા યોગ્ય ભગવન્ ! આપના ચરણકમળ સર્વના શરણરૂપ છે. આપ સમગ્ર ઐશ્વર્યના પરમ આશ્રય છો. આપે પોતાના ભકતપુરુષોમાં પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું છે. આપ ભક્તપુરુષોના સંસારને હરનારા અને અભકત પુરુષોના સંસારને વધારનારા છો. આપ ઈશ્વરનું હું ભજન કરું છું. જે આપ સર્વને નિયમમાં રાખવા સર્વ જુઓ છો, છતાં ક્રોધનો વેગ ન જીતનારા અમારી પેઠે આપની દૃષ્ટિ લેશમાત્ર પણ માયાના ગુણોથી અને ચિત્તવૃત્તિઓથી લોપાતી નથી. તે આપનો ઈન્દ્રિયો પર વિજય મેળવવા ઈચ્છતો કયો પુરુષ આદર ન કરે ? જે આપ દુષ્ટ દૃષ્ટિવાળા પુરુષને માયાને લીધે જાણે (મદિરા પીવાથી) મદ્‌મત હો તેવા (ભયંકર) દેખાઓ છો અને મદિરા તથા આસવ પીવાથી જાણે લાલચોળ નેત્રવાળા હો તેવા જણાઓ છો; કેમ કે જે આપના ચરણના સ્પર્શથી મોહિત થયેલા મનવાળી નાગપત્નીઓ લજ્જાને લીધે આપનું પૂજન પણ કરી શકતી નથી, તે આપને કોણ ન માને (ન ભજે)? ઋષિઓ આપને આ જગતની સ્થિતિ, જન્મ તથા લયનું કારણ કહે છે તેમ જ સ્થિતિ, જન્મ તથા લયથી રહિત અને અનંત કહે છે કેમકે આપ, પોતાનાં હજારો મસ્તકરૂપી સ્થાનો ઉપર આ ભૂમંડળ એક સરસવની પેઠે કયાં રહેલું છે તે પણ જાણતા નથી, તે આપને હું નમસ્કાર કરું છું. આપનું પ્રથમ શરીર ગુણોરૂપી કારણવાળા મહત્તત્ત્વરૂપ થયું હતું, જે મહત્તત્ત્વ સર્વ તત્વોનો આશ્રય હોઈ પોતાના અધિષ્ઠાયક ભગવાન બ્રહ્મા છે. તે બ્રહ્માથી હું રુદ્ર ઉત્પન્ન થઈને મારા તેજરૂપ ત્રિગુણાત્મક અહંકારથી વૈકારિક (દેવવર્ગ), તામસ ભૂતવર્ગ તથા ઈન્દ્રિયવર્ગને ઉત્પન્ન કરું છું. જેમ દોરીથી બાંધેલાં પક્ષીઓ બાંધનારને વશ રહે છે, તેમ મહતત્ત્વ, અહંકાર, દેવવર્ગ, ભૂતવર્ગ તથા ઈન્દ્રિયવર્ગ—આ અમે બધા મહાન આત્મા આપને વશ રહી, જેમના અનુગ્રહથી આ જગત ઉત્પન્ન કરીએ છીએ, તે આપને હું નમસ્કાર કરું છું. સત્ત્વ વગેરે ગુણોની સૃષ્ટિથી મોહિત થયેલો આ જીવ આપની રચેલી તથા કર્મબંધનમાં નાખનારી માયાને તો કદાચિત જાણી પણ લે છે; પરંતુ તેનાથી મુક્ત થવાનો ઉપાય એને સરળતાથી સમજાતો નથી. એવા

આપની માયારૂપ આ જગતની ઉત્પત્તિ અને પ્રલય પણ આપનાં જ રૂપ છે, તે આપને હું નમસ્કાર કરું છું. ૧-૨૪

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणी मायां जनोऽयं गुणसर्गमोहितः । न वेद निस्तारणयोगमञ्जसा तस्मै नमस्ते विलयोदयात्मने ॥२४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## ભદ્રાશ્વ આદિ છ ખંડોના ઉપાસ્ય દેવો તથા તેમના ઉપાસક ભક્તો

**॥ श्रीशुक उवाच ॥**

तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलपतयः पुरुषा भद्राश्ववर्षे साक्षाद्भगवतो वासुदेवस्य प्रियां तनुं धर्ममयीं हयशीर्षाभिधानां परमेण समाधिना सन्निधाप्येदमभिगृणन्त उपधावन्ति ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** તે જ ભદ્રાશ્વ નામના ખંડમાં ભદ્રશ્રવા નામનો ધર્મનો પુત્ર જે તે ખંડનો અધિપતિ છે અને તેના સેવક પુરુષો ભગવાન વાસુદેવની સાક્ષાત્ ધર્મમય પ્રિય મૂર્તિ હયગ્રીવને ચિત્તની પરમ એકાગ્રતાપૂર્વક મનમાં સ્થાપી આ મંત્રનો જપ કરતા તેની ઉપાસના કરે છે.

**ભદ્રશ્રવાઓ કહે છે :** 'ॐ नमो भगवते धर्मायात्मविशोधनाय नमः ।' ધર્મસ્વરૂપ અને ચિત્તને વિશુદ્ધ કરનાર ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. અહો આશ્ચર્ય ! ભગવાનની લીલા વિચિત્ર છે કે આ મનુષ્ય પોતાના (મરેલા) પુત્ર કે પિતાને બાળી આવી, પોતે તુચ્છ વિષયસુખ સેવવા માટે પાપકર્મનો જ વિચાર કરતો (મરેલા પુત્ર કે પિતાના) ધન ઉપર જીવવા ઈચ્છે છે ! સર્વનો વિનાશ કરતા કાળને (પોતાનો પણ નાશ કરનાર) જુએ છે, છતાં જોતો નથી. વિવેકી વિદ્વાનો જગતને નાશવંત કહે છે અને સૂક્ષ્મદર્શી આત્મજ્ઞાનીઓ એ પ્રમાણે જુએ પણ છે, છતાં હું અજન્મા દેવ ! તેઓ આપની માયાથી મોહિત થાય છે. આ આપનું ચેષ્ટિત અતિ આશ્ચર્યકારક છે; માટે હું તો અજન્મા પાપને નમસ્કાર કરું છું. આપ ખરી રીતે અકર્તા અને સર્વ આવરણોથી રહિત છો, છતાં વેદોએ આપ વિષે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનું કર્મ સ્વીકાર્યું છે તે આશ્ચર્ય નથી; કારણ કે (માયાથી) સર્વના આત્મારૂપ અને કાર્યના કારણ (સૃષ્ટા) આપ વિશે જગતની ઉત્પત્તિ વગેરે કર્મ ઘટી શકે છે, તેમ જ ખરી રીતે સર્વ ઉપાધિથી રહિત આપ વિષે અકર્તાપણું અને આવરણરહિતપણું પણ ઘટે છે. આપે પ્રલય સમયે દૈત્યે હરેલા વેદોને મનુષ્યાકૃતિવાળું ઘોડાનું રૂપ લઈ હયગ્રીવસ્વરૂપે રસાતલમાંથી પાછા આણ્યા હતા અને પ્રાર્થના કરતા બ્રહ્મદેવને આપ્યા હતા. તે સત્ય સંકલ્પવાળા આપને અમે નમસ્કાર કરીએ છીએ.

એ જ પ્રમાણે હરિવર્ષ ખંડમાં પણ ભગવાન નરસિંહરૂપે રહે છે. તેમણે એ નરસિંહરૂપ શા માટે લીધું હતું, તે આગળ (સાતમા સ્કંધમાં) હું કહીશ. ભગવાનના એ પ્રિય સ્વરૂપને મહાપુરૂષોના ગુણોનું પાત્ર મહાભગવદ્ભક્ત અને જેમનો સ્વભાવ તથા આચરણ દૈત્યો અને દાનવોના કુળને પણ તીર્થરૂપ પવિત્ર કરનાર છે, તે પ્રહ્લાદજી ફળસંકલ્પરહિત એવા અનન્ય ભકિતયોગથી ઉપાસે છે અને આ મંત્ર જપે છે.

ॐ नमो भगवते नरसिंहाय नमस्तेजस्तेजसे आविराविर्भव वज्रनख वज्रदंष्ट्र कर्माशयान् रन्धय तमो ग्रस ग्रस ॐ स्वाहा । अभयमभयमात्मनि भूयिष्ठा ॐ क्ष्रौम् ।

તેજના પણ તેજરૂપ ભગવાન નરસિંહને હું નમસ્કાર કરું છું. હે વજ્ર સમાન નખવાળા ! હે વજ્ર જેવી દાઢોવાળા ! પ્રકટ થાઓ, પ્રકટ થાઓ. કર્મવાસનાઓને બાળો, બાળો. અજ્ઞાનરૂપી અંધકારને ગળી જાઓ, ગળી જાઓ અને અંતઃકરણમાં અભયરૂપ થાઓ, અભયરૂપ થાઓ. જગતનું કલ્યાણ થાઓ. દુષ્ટોની બુદ્ધિ શુદ્ધ થાઓ. તેઓ પોતાની ક્રૂરતા તજો. પ્રાણીમાત્ર બુદ્ધિથી પરસ્પરનું કલ્યાણ ઈચ્છો. તેઓનું મન શાંતિ વગેરે કલ્યાણ પામો અને અમારી બુદ્ધિ પણ નિષ્કામ થઈ અતીન્દ્રિય ભગવાન વિષે પ્રવેશ કરો. અમને કોઈનો સંગ ન થાઓ. કદાચ સંગ થાઓ તો ઘર, સ્ત્રી, પુત્ર, ધન તથા બંધુઓનો કદી ન થાઓ; પણ ભગવાનના પ્રિય ભક્તોનો જ થાઓ; કારણ કે માત્ર પ્રાણના નિર્વાહથી જ સંતુષ્ટ રહેનારો આત્મવેત્તા પુરુષ જે પ્રમાણે તત્કાળ મોક્ષ પામે છે તે પ્રમાણે ઈન્દ્રિયો પર પ્રીતિ રાખનારો મોક્ષ પામતો નથી. ભગવાનના ભકત પુરુષોના સંગથી પ્રાપ્ત થયેલા (સાંભળેલા) ભગવાનના પરાક્રમનો પ્રભાવ અતિ અસાધારણ હોઈ પોતાને સેવનારાઓનો માનસિક મેલ દૂર કરે છે. ગંગા વગેરે તીર્થ તો વારંવાર સેવનારાઓના કેવળ અંગના બાહ્ય મેલને જ દૂર કરે છે. (વાસનાઓને દૂર કરી શકતું નથી.) એવા ભગવાનના ભક્તોને કોણ ન સેવે ? જે મનુષ્યની ભગવાન વિષે નિષ્કામ ભકિત હોય છે, તેને વિષે સર્વ ગુણોની સાથે સર્વ દેવતાઓ વસે છે, પણ જેને શ્રીહરિ વિષે ભકિત નથી અને મિથ્યા વિષયસુખમાં જે મનોરથોથી દોડયા કરે છે તેવી મનુષ્યનાં મહાપુરુષોના જ્ઞાનવૈરાગ્યાદિ ગુણો ક્યાંથી હોય ? જેમ માછલીઓનું પ્રિયજીવન જળ છે, તેમ પ્રાણીમાત્રના આત્મા સાક્ષાત શ્રીહરિ ભગવાન જ છે, છતાં જે મોટો ગણાતો મનુષ્ય એ ભગવાનને જ છોડી ગૃહાદિમાં આસક્ત રહે, તો સ્ત્રીપુરુષનાં યુગલોમાં જેવું ઉંમરથી મોટાપણું છે. તેવું જ તેનું મોટાપણું સમજવું; અર્થાત્ શ્રીહરિથી વિમુખ રહી ગૃહાદિમાં આસક્ત રહેનારાઓનું મોટાપણું હાસ્યાસ્પદ છે. માટે રજોગુણ, રાગ, ખેદ, ક્રોધ, માન, સ્પૃહા, ભય તથા દીનતાના મૂળરૂપ અને જન્મમરણાદિ સંસારના ચક્રરૂપ ઘરને છોડી હે અસુરો ! સર્વ તરફથી નિર્ભય ભગવાન શ્રી નૃસિંહના ચરણને તમે ભજો.

કેતુમાલ નામના ખંડમાં લક્ષ્મીદેવીનું તથા તે ખંડના અધિપતિ પ્રજાપતિના પુત્રો તથા પુત્રીઓનું પ્રિય કરવાની ઈચ્છાથી ભગવાન કામદેવસ્વરૂપે (એટલે પ્રદ્યુમ્નસ્વરૂપે) રહે છે. એ પ્રજાપતિના પુત્રો તથા પુત્રીઓની સંખ્યા સો વર્ષના રાત્રિદિવસ જેટલી છે. તેમાં પ્રજાપતિની પુત્રીઓ મહાપુરુષ (ભગવાન) ના સુદર્શન ચક્રના તેજથી મનમાં ભયભીત રહે છે, તેથી તેઓના ગર્ભ એક વર્ષના અંતે નાશ પામી પડી જાય છે. ત્યાં ભગવાન કામદેવ અત્યંત સુંદર ગતિના વિલાસ, સુશોભિત સુંદર મંદહાસ્ય તથા તે મંદહાસ્યયુકત જોવાની લીલાથી કંઈક ઊંચી જતી સુંદર ભ્રકુટિ વડે મનોહર દેખાતા મુખકમળની શોભાથી લક્ષ્મીદેવીને રમાડતા પોતાની ઈન્દ્રિયોને આનંદ આપે છે. લક્ષ્મીદેવી વર્ષની રાત્રિમાં પ્રજાપતિઓની પુત્રીઓને તથા વર્ષના દિવસોમાં તેમના સ્વામી પ્રજાપતિના પુત્રોને સાથે રાખી ભગવાનના એ માયાસ્વરૂપને ચિત્તની પરમ એકાગ્રતાથી સેવે છે અને નીચેનો મંત્ર ભણે છે :

'ॐ ह्राँ ह्रीं हूँ ॐ नमो भगवते हृषीकेशाय सर्वगुणविशेषैर्विलक्षितात्मने आकूतीनां चित्तीनां चेतसां विशेषाणां चाधिपतये षोडशकलाय छन्दोमयायान्नमयायामृतमयाय सर्वमयाय सहसे ओजसे बलाय कान्ताय कामाय नमस्ते उभयत्र भूयात् ॥'

સર્વ ઈન્દ્રિયોના નિયંતા આપ ભગવાનને હું નમસ્કાર કરે છું. આપનું સ્વરૂપ સર્વશ્રેષ્ઠ વસ્તુઓનો ભંડાર છે. આપ સર્વ ક્રિયાઓ, જ્ઞાન અને સંકલ્પોના તથા તે તે વિષયોના અધિપતિ છો. અગિયાર ઈન્દ્રિય તથા પાંચ વિષયો એ સોળ આપની કળાઓ છે. આપ વેદોકત કર્મોથી પામવા યોગ્ય હોઈ વેદમય છો. આપ અન્નમય, અમૃત, સર્વમય, અંતઃકરણના સામર્થ્યરૂપ ઈન્દ્રિયોના સામર્થ્યરૂપ, દેહના સામર્થ્યરૂપ અને સર્વ કરતાં સુંદર છો. આપને આ લોક તથા પરલોકમાં, એમ બધે નિત્ય મારા નમસ્કાર હો. જે સ્ત્રીઓ સર્વ ઈન્દ્રિયોના નિયંતા આપનું વ્રતોથી આરાધન કરી લોકોમાં બીજા પતિની આશા રાખે છે, તેઓના તે પતિઓ તેઓનાં પ્રિય સંતાનોની, ધનની તથા આયુષ્યની રક્ષા કરી શકતા નથી; કારણ કે તેઓ સ્વતંત્ર નથી. પતિ તો તે જ હોઈ શકે કે જે સર્વ તરફથી નિર્ભય હોઈ ભયાતુર મનુષ્યનું સર્વ તરફથી રક્ષણ કરી શકે. આવા સર્વ પ્રકારે નિર્ભય ને સમર્થ પતિ તો આપ એક જ છો કે જે આપ આત્મલાભ વિના બીજું કંઈ અધિક માનતા નથી. જેનું સુખ બીજાને આધીન હોય તેને કદી સ્વતંત્રતા હોતી નથી અને એવા અસ્વતંત્ર હોય તેઓને (મંડળેશ્વર રાજાઓની પેઠે) પરસ્પર ભય રહે છે. હે ભગવન્ ! જે સ્ત્રી કેવળ નિષ્કામભાવે આપનાં ચરણકમળનું પૂજન ઈચ્છે છે (પણ તે પૂજન દ્વારા બીજા કોઈ ફળની ઈચ્છા રાખતી નથી), તે સર્વ કામનાઓ પામે છે. પરંતુ જે ફળની આકાંક્ષા રાખી આપને પુજે છે, તે સ્ત્રીને તો આપ તેણે ઇચ્છેલું ફળ જ આપો છો. તેથી એ મેળવેલું ફળ ભોગવાઈ રહે એટલે તે નાશ પામેલા કામનાવાળી સકામ સ્ત્રી સંતાપ કરે છે. હે અજિત ! ઈન્દ્રિયોના વિષયસુખમાં જ જેઓની બુદ્ધિ હોય છે, તેવા બ્રહ્મા, શંકર, દેવો તથા અસુરો વગેરે મને પામવા માટે ઉગ્ર તપશ્ચર્યા કરે છે, પણ આપના ચરણનો આશ્રય લીધા વિના તેઓ મને પામી શકતા નથી, કેમ કે હું પોતે આપને વિષે જ હૃદય સ્થાપનારી છું. (તેથી હું આપને વશ રહેનારી હોઈ આપને અનુસરનારા તરફ જે દૃષ્ટિ કરું છું, બીજાને જોતી પણ નથી.) આ રીતે જેમના ભજન વિના બીજો કોઈ પુરુષાર્થ નથી, એવા આપ સત્પુરુષોએ વંદન કરેલા પોતાના જે હસ્તકમળને ભક્તપુરુષોના મસ્તક પર મૂકો છો તે જ હસ્તકમળને હે અચ્યુત ! મારા મસ્તક પર મુકો. હે સર્વશ્રેષ્ઠ દેવ ! આપનો મારા પ્રત્યે અનાદર તો નથી. કેમ કે (આપ મને પોતાની છાતીમાં ચિહ્નરૂપે ધારણ કરો છો.) પણ અહો ! આશ્ચર્ય છે કે તે માત્ર મારા પ્રત્યેનો આદર જ છે, પૂર્ણ કૃપા નથી. પૂર્ણ કૃપા તો ભકતો પર જ છે, તેથી તેઓ પર પોતાનો હસ્તકમળ મૂકો છે. માટે આપે ઈશ્વરનું માયાયુકત ચેષ્ટિત જાણવા કોણ સમર્થ છે ?

એ પ્રમાણે રમ્યક ખંડમાં ભગવાનને અત્યંત પ્રિય તેમનું મત્સ્યાવતારનું સ્વરૂપ રહે છે, જે તે ખંડના અધિપતિ અને પૂર્વે ભગવાને દર્શાવ્યું હતું તે રાજા મનુ હજી પણ મોટા ભકિતયોગથી એ સ્વરૂપનું આરાધન કરે છે અને આ મંત્ર ભણે છે : 'ॐ नमो भगवते मुख्यतमाय नमः सत्त्वाय प्राणायौजसे सहसे बलाय महामत्स्वाय नमः ।' ભગવાન મહામત્સ્યને હું નમસ્કાર કરું છું. આપ સર્વ કરતાં શ્રેષ્ઠ મુખ્યત્વે સત્વગુણયુક્ત, પ્રાણરૂપ, મનઃશકિત રૂપ, ઈન્દ્રિયશકિતરૂપ અને દેહશકિતરૂપ છો. હું આપને વારંવાર નમસ્કાર કરું છું. વેદરૂપી મોટી ગર્જના કરનારા આપ સમગ્ર લોકપાલોએ ન જોયેલા સ્વરૂપે અંદર ને બહાર એમ બધે ફરો છો. જેમ પુરુષ લાકડાની પૂતળીને વશ રાખે તેમ આપે આ જગતને વિધિનિષેધના આલંબનરૂપ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નામોથી વશ રાખ્યું છે. એવા આપ સમગ્રના ઈશ્વર છો, જેઓને અદેખાઈને સંતાપ થયો હતો એવા સર્વ લોકપાલોએ (પૂર્વે) જુદા જુદા રહી તેમ જ એકત્ર થઈને આ જગતનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો હતો, પણ તેઓ મનુષ્યો, પશુઓ, સર્પો તથા સ્થાવરાદિ જે કંઈ આ

જગતમાં દેખાય છે તે બધા મળીને પણ જગતનું રક્ષણ કરવા સમર્થ થયા નહોતા. (માટે આપ જ પ્રાણસ્વરૂપે સર્વના પાલક અને ઈશ્વર છો.) આ તરંગોની પંકિતવાળા પ્રલયકાળના સમુદ્રમાં ઔષધિઓ તથા લતાઓના આશ્રયરૂપ આ પુથ્વી તથા મને સાથે ધારણ કરી ઘણા બળથી ઘૂમ્યા હતા, કારણ કે આપ અજન્મા પરમેશ્વર છો. જગતના પ્રાણીસમુદાયના નિયંતા તે આપને હું નમસ્કાર કરું છું.

હિરણ્યય ખંડમાં પણ ભગવાન કાચબાનું શરીર ધારણ કરી રહે છે. પિતૃગણના અધિપતિ અર્યમાદેવ તે ખંડના પુરુષો સાથે ભગવાનની એ પ્રિયમૂર્તિનું ઉપાસના કરે છે અને તે વેળા આ મંત્ર જપ છે. 'ૐ नमो भगवते अकूपाराय सर्वसत्त्वगुणविशेषणयानुपलक्षितस्थानाय नमो वर्ष्मणे नमो भूम्ने नमो नमोऽवस्थानाय नमस्ते ।'

આપ ભગવાને કચ્છપાવતારીને હું નમસ્કાર કરું છું. આપ સંપૂર્ણ સત્વગુણથી યુક્ત છો. આપનું સ્થાન કોઈએ જાણ્યું નથી. આપને કાળ પણ માપવા સમર્થ નથી. આપ સર્વવ્યાપક અને સર્વના આધાર છો. હું આપને વારંવાર નમસ્કાર કરું છું. પોતાની માયાથી પ્રકાશેલું જે આ પૃથ્વી આદિ પદાર્થોનું દશ્યરૂપ છે, તે આપનું જ સ્વરૂપ છે. (કારણ કે તે આપથી જુદુ નથી) વળી તે તે પદાર્થોનાં સ્વરૂપ અનેક સ્વરૂપે જણાય છે, જેની સંખ્યા પણ થઈ શકતી નથી, કારણ કે તે મિથ્યા જ જણાય છે. (જેમ ઝાંઝવાનું જળ મિથ્યા હોવાથી માપી શકાતું નથી.) આવા અવર્ણ્ય આ પ્રપંચનો આકાર ધારણ કરનારા આપને હું નમસ્કાર કરુ છુ. સ્થાવર–જંગમ, દેવો, ઋષિઓ, પિતૃઓ, ભૂતવર્ગ, ઇન્દ્રિયવર્ગ, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વતો, નદીઓ, સમુદ્રો, બેટો, ગ્રહો, નક્ષત્રો, જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ એમ જુદાં જુદાં નામોથી આપ એક જ કહેવાઓ છે; અર્થાત્ આપ વિના બીજી કંઈ વસ્તુ જ નથી.' જેમનાં નામ, રૂપ તથા આકારો અસંખ્ય-અનંત ભેદોવાળા છે, તે આપ વિષે કપિલાદિ જ્ઞાની પુરુષોએ આ ચોવીસ તત્ત્વોની કેવળ કલ્પિત સંખ્યાં કહી છે. તે જે તત્વદૃષ્ટિ (તત્ત્વજ્ઞાન) થી દૂર કરી શકાય છે, તે સાંખ્ય સિદ્ધાંતરૂપ કે પરમાર્થ જ્ઞાનરૂપ આપને હું નમસ્કાર કરું છું.

તે જ પ્રમાણે ઉત્તર કુરુખંડમાં ભગવાન યજ્ઞપુરુષ વરાહસ્વરૂપ ધારણ કરી રહે છે. પૃથ્વીદેવી ત્યાંના કુરુ લોકોની સાથે તેમની આ અસ્ખલિત ભકિતયોગથી ઉપાસના કરે છે અને આ પરમ રહસ્યમંત્રને જપે છે :

'ૐ नमो भगवते मंत्रतत्त्वलिङ्गाय यज्ञक्रतवे महाध्वरावयवाय महापुरुषाय नमः कर्मशुक्लाय त्रियुगाय नमस्ते ।' મંત્રોથી યથાર્થ રીતે જણાતા આ યજ્ઞમૂર્તિ વરાહભગવાનને હું નમસ્કાર કરું છું. યુપ રહિત યજ્ઞો તથા યૂપ સહિત ક્રતુઓ તે આપનાં જ સ્વરૂપો છે. મોટા મોટા યજ્ઞો એ તો આપના અવયવો છે. આપ કર્મશુકલ યજ્ઞના અધિષ્ઠાતા છો અને સત્ય, દ્વાપર તથા ત્રેતા એમ ત્રણ યુગસ્વરૂપ છો. આપ મહાપુરુષને હું વારંવાર નમસ્કાર કરું છું. જે આપનું સ્વરૂપ યજ્ઞયાગાદિ ક્રિયાઓ તથા તેનાં ફળોથી ગુઢ (અપ્રકટ) છે, તેનું દર્શન કરવા ઈચ્છતા કુશળ વિદ્વાનો જેમ અરણિ વગેરે કાષ્ઠમાં મંથનના સાધનથી અગ્નિ શોધી કાઢે તેમ વિવેકરૂપી સાધનવાળા મન વડે દેહ, ઈન્દ્રિય આદિમાંથી આપના સ્વરૂપને શોધી કાઢે છે. એ રીતે શોધ કરનારાઓ સમક્ષ આપ આપનું સ્વરૂપ પ્રકટ કરો છો, તે આપને હું નમસ્કાર કરું છું. જેમની બુદ્ધિ વિચારબળને લીધે તથા યમનિયમાદિ અંગોને લીધે અતિશય નિશ્ચયાત્મક થયેલી છે, તેવા પુરુષોએ જેમના સત્યસ્વરૂપને વિષયો, ઈન્દ્રિયોના દેવતાઓ, શરીર, કાળ તથા અહંકાર એ માયાના ગુણોથી શોધી કાઢેલું છે અને માયારૂપ કારણવાળી આકૃતિ જેમાંથી દૂર થયેલી છે, તે આપને હું વારંવાર નમસ્કાર કરું

છું. સર્વના દ્રષ્ટા જે આપે પોતાને માટે નહિ પણ જીવ માટે ઈચ્છેલા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માયા પોતાના ગુણો વડે કર્યા કરે છે, (જોકે માયા પોતે તો જડ છે, તોપણ જેમ લોઢું લોહચુંબકની સમીપતાથી તેની સામે ફર્યા કરે છે, તેમ આપ પરમાત્માની સમીપતાને લીધે સર્વ ક્રિયાઓ છે.) તે માયાના ગુણોના તથા જીવોનાં કર્મના સાક્ષી આપને હું નમસ્કાર કરું છું. વળી જગતના આદિકારણ જે આપ વરાહભગવાન મને પૃથ્વીને રસાતલમાંથી પોતાની દાઢની અણી પર મૂકી, પ્રલયકાળના સમુદ્રમાંથી જેમ કોઈ હાથી નીકળે તેમ બહાર નીકળ્યા હતા અને તે વેળા સામે બીજો હાથી હોય તેવા હિરણ્યાક્ષ દૈત્યનો યુદ્ધમાં નાશ કરી ક્રીડા કરતા જે ઊભા હતા, તે આપ વ્યાપક ભગવાનને હું નમસ્કાર કરું છું.૧-૩૯.

प्रमथ्य दैत्यं प्रतिवारणं मृधे यो मां रसाया जगदादिसूकरः ।
कृत्वाऽग्रदंष्ट्रे निरगादुदन्वतः क्रीडन्निवेभः प्रणतोऽस्मि त विभुम् ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## કિંપુરુષના તથા ભારતવર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસક ભક્તો

॥ श्रीशुक उवाच ॥

किम्पुरुषे वर्षे भगवन्तमादिपुरुषं लक्ष्मणाग्रजं सीताभिरामं श्रीरामं तच्चरणसन्निकर्षाभिरतः परमभागवतो हनुमान् सह किम्पुरुषैरविरतभक्तिरुपास्ते ॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** કિંપુરુષ નામના ખંડમાં ભગવાન આદિપુરુષ લક્ષ્મણના મોટાભાઈ સીતાપતિ શ્રીરામચંદ્રજી છે. તેમને તેમના ચરણ સમીપ રહેવામાં જ પ્રીતિવાળા પરમ ભક્ત શ્રી હનૂમાનજી તે ખંડના કિંપુરુષ લોકો સાથે એકધારી ભક્તિથી સેવે છે. એને આર્ષ્ટિષેણ નામના મુખ્ય ગંધર્વ સાથે ગંધર્વોથી ગવાતી પરમ કલ્યાણી, ભગવાન શ્રીરામચંદ્રજીની કથા સાંભળે છે અને આ મંત્ર જપે છે:

ॐ नमो भगवते उत्तमश्लोकाय नम आर्यलक्षणशीलव्रताय नम उपशिक्षितात्मन उपासितलोकाय नमः साधुवादनिकषणाय नमो ब्रह्मण्यदेवाय महापुरुषाय महाराजाय नमः ॥२॥

ઉત્તમ કીર્તિવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. આપનાં લક્ષણો, શીલ તથા વ્રતો સર્વોત્કૃષ્ટ છે. આપે મનનો જય કર્યો છે, લોકોને આપ અનુસર્યા છો, સાધુતાની પ્રસિદ્ધિની કસોટીમાં પરમ સીમારૂપ છો અને બ્રાહ્મણભક્ત દેવ છો. મહાપુરુષ અને મહારાજા એવા આપને હું વારંવાર નમસ્કાર કરું છું. શુદ્ધ અનુભવ એ જ જેનું સ્વરૂપ છે, સદા સર્વ સ્થળે જે એક જ છે, અત્યંત શાંત છે, જેમણે સ્વરૂપ પ્રકાશ વડે ગુણોની જાગ્રત આદિ અવસ્થાઓનો વિનાશ કર્યો છે, જે દશ્યથી ભિન્ન વિવિધ અહંકારરહિત અને નામ તથા રૂપથી રહિત છે અને ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ જેને પામે છે, તે વેદાંતપ્રસિદ્ધ તત્વરૂપ આપને હું શરણે આવ્યો છું. આપ પ્રભુનો આ સંસારમાં જે મનુષ્યાવતાર થયો, તે કેવળ રાક્ષસોના વધ માટે જ થયો એમ નથી; પણ આ સંસારમાં સ્ત્રીના સંગ વગેરેથી આવાં દુર્વાર દુઃખ થાય છે, એમ મનુષ્યોને શિક્ષણ આપવા માટે થયો હતો. જો એમ ન હોય તો સ્વ—સ્વરૂપમાં રમનારા જગતના આત્મા આપ ઈશ્વરને સીતાવિરહ વગેરે દુઃખો કેમ હોઈ શકે ? ભગવાન વાસુદેવ આપ ત્રણે લોકમાં કોઈ સ્થળે આસક્ત નથી; કારણ કે આપ આત્મવેત્તા ધીર પુરુષોના આત્મા અને મહાન મિત્ર છો, માટે સ્ત્રીને લીધે આપને મોહ થવો ન જોઈએ. આપ લક્ષ્મણનો ત્યાગ કરવા પણ યોગ્ય ન હતા, (છતાં એ બધું કર્યું

હતું કે કેવળ 'વિષયાસકિતથી મનુષ્ય આવું બધું કરે છે એમ લોકોને ઉપદેશ આપવા જ આપે કર્યું હતું.) મહાપુરુષથી મનુષ્યોનો જન્મ, સૌંદર્ય, બોલવામાં ચતુરાઈ બુદ્ધિ કે ઉત્તમ જાતિ હોય, પણ તે સર્વ ભગવાનની પ્રસન્નતાનાં કારણ નથી, કેમ કે આશ્ચર્ય તો જુઓ, લક્ષ્મણના મોટા ભાઈ ભગવાન શ્રીરામે તે જન્માદિ ગુણોથી રહિત હોવા છતાં વનચરો (વાનરો) સાથે મિત્રતા કરી હતી. અર્થાત્ ભકિત જ ભગવાનને પ્રસન્ન કરવામાં કારણરૂપ છે. માટે હરકોઈ દેવે, અસુરે, વાનરે કે મનુષ્યે થોડા ભજનને પણ બહુ માનનાર મનુષ્યાકૃતિ શ્રી રામચંદ્ર (હરિ) નું જ ભજન કરવું કે જે ભગવાન શ્રીરામચંદ્ર સમગ્ર અયોધ્યાવાસીઓને (મનુષ્ય શરીર જ) વૈકુંઠમાં લઈ ગયા હતા.

ભારતવર્ષમાં પણ ભગવાન શ્રીનરનારાયણ (બદરિકાશ્રમમાં) ગુપ્ત રહી ભકતો ઉપરની દયાથી કૃપા કરવાને કલ્પ પર્યંત તપશ્ચર્યા કર્યા કરે છે કે જે તપશ્ચર્યા વૃદ્ધિ પામેલા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, ઈન્દ્રિયોનો સંયમ તથા નિરહંકારપણાથી આત્મતત્વને પમાડનારી છે. નારદજી સાંખ્ય તથા યોગ સાથે ભગવાનના પ્રભાવનું જેમાં વર્ણન છે, તેવું પંચરાત્ર શાસ્ત્ર સાવર્ણિ મનુને ઉપદેશ કરતા ભારતવર્ષની પ્રજાઓ સાથે તે ભગવાન નર-નારાયણને પરમ ભકિતભાવથી ભજે છે અને આ મંત્ર જપે છે :

ॐ नमो भगवते उपशमशीलायोपरतानात्म्याय नमोऽकिंचनवित्ताय ऋषिऋषभाय नरनारायणाय परम- हंसपरमगुरवे आत्मारामाधिपतये नमो नमः ॥ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો એ જ જેમનો સ્વભાવ છે, તે આપ ભગવાન નારાયણને હું નમસ્કાર કરું છું. આપે અહંકાર દૂર કર્યો છે. આપ નિર્ધનોનું ધન, સર્વ ઋષિઓમાં ઉત્તમ પરમહંસના પણ પરમ ગુરુ અને આત્મારામ પુરુષોના પણ અધિપતિ છો. હું આપને વારંવાર નમસ્કાર કરું છું.' આવો મંત્ર જપી આ પ્રમાણે સ્તુતિ કરે છેઃ 'આપ આ જગતની સૃષ્ટિ વગેરેના કર્તા છો, છતાં કર્તાપણાના અભિમાનથી બંધાતા નથી. પ્રત્યેક શરીરમાં રહેલા છો, છતાં ભૂખતરસ વગેરે શરીરના ધર્મોને વશ નથી, અને સર્વના દ્રષ્ટા છો, છતાં આપની દષ્ટિ દશ્યગુણોથી વિકાર પામતી નથી. આમ, બધે અનાસકત, દેહાદિથી ભિન્ન અને સર્વના સાક્ષી આપને હું નમસ્કાર કરું છું. હે યોગેશ્વર, યોગવિદ્યાની આ જે નિપુણતા ભગવાન બ્રહ્મદેવે કહી છે કે, પ્રત્યેક મનુષ્યે જન્મથી માંડી ભકિત કરી મરણ સમયે આપ નિર્ગુણ વિષે મન સ્થાપવું અને દુષ્ટ દેહાભિમાન તજવું. જેમ આ લોકની તથા પરલોકની કામનાઓમાં લંપટ રહેનારો કોઈ મુર્ખ મનુષ્ય, પુત્ર, સ્ત્રી તથા ધનની ચિંતા કરતો નિંદ્ય શરીરના નાશથી ભય પામે છે, તેમ જે વિદ્વાન હોવા છતાં દુષ્ટ દેહના નાશથી ભયભીત રહે છે, તેનો શાસ્ત્રશ્રવણ વગેરે પ્રયત્ન કેવળ પરિશ્રમરૂપ જ જ છે. માટે હે પ્રભો ! હે અતીન્દ્રિય દેવ ! આપ વિષે જ સહજ ભકિતરૂપ યોગ અમને આપો કે જેથી અમે આપની માયાથી ઉપજેલી અમારા આ દુષ્ટ દેહ ઉપરની અતિ દુર્ભેદ્ય અહંતા—મમતાનો જલદી નાશ કરીએ.'

આ ભારતવર્ષમાં પણ (ઈલાવૃત્તની પેઠે) નદીઓ તથા પર્વતો ઘણા છે, મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકુટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, ઋક્ષગિરિ, પારિયાઝ, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, ગિરનાર, કકુભ, નીલ, ગોકામુખ, ઈન્દ્રકીલ, રામગિરિ અને બીજા પણ સેંકડો ને હજારો પર્વતો છે. તેમ જ તે પર્વતોની અંદરથી નીકળેલા નદો અને નદીઓ પણ અસંખ્ય છે. પોતાના નામથી જ પવિત્ર કરનારી એ નદીઓનો ભારતવર્ષની પ્રજાઓ પોતાના શરીરથી (સ્નાન વગેરે દ્વારા) સ્પર્શ કરે છે. ચંદ્રવંશા, તામ્રપર્ણી, અવટોદા. કૃતમાલા, વહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી,

નિર્વિન્ધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિંધુ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, વિનામા, કૌશિકી, ગંગા, યમુના, સરસ્વતી, દૃષદ્વતી, ગોમતી, સરયુ, રોધસ્વતી, સત્યવતી, સુષોમા, શતદ્ર, ચંદ્રભાગા, મરુદ્‌વૃધા, વિતસ્તા, આસિકની અને વિશ્વાઃ આ બધી મોટી નદીઓ છે અને અંધ તેમ જ શોણ નામના બે નદ છે. જન્મ પામનાર પુરુષો પોતે કરેલા સાત્વિક, રાજસ ને તામસ એ ત્રણ પ્રકોરનાં કર્મોથી અનુક્રમે દેવગતિ મનુષ્યગતિ તથા નારકી ગતિ એમ ત્રણ ગતિઓમાં અનેક જન્મ પામે છે, કારણ કે સર્વ ગતિઓ પોતપોતાનાં કર્મો અનુસાર જ સર્વને મળે છે પણ જુદા જુદા વર્ણધર્મોરૂપી ને આશ્રમધર્મો મોક્ષના પ્રકારો તો આ ભારતવર્ષમાં જ છે અને છેવટે મોક્ષ પણ આ ભારતવર્ષમાં જ થઈ શકે છે. (જે મોક્ષનું સ્વરૂપ આવું છે :) સર્વ ભૂતોના આત્મા રાગાદિથી રહિત, વાણીના અવિષય અને કોઈના પણ આધારથી રહિત એવા પરમાત્મા વાસુદેવ વિષે નિષ્કામ ભક્તિયોગ થવો એ જ મોક્ષનું લક્ષણ છે. આવો મોક્ષ અનેક ગતિઓનું કારણ એવી અવિદ્યારૂપ ગાંઠ કપાતાં ભગવાનના ભકતોનો સંગ થાય છે ત્યારે જ થઈ શકે છે. દેવો પણ ‘આ મનુષ્યજન્મ જ સર્વ પુરૂષાર્થોનું સાધન છે.’ એમ કહી આ ભારતવર્ષનો મહિમા ગાય છે : અહો ! આ ભારતવર્ષના મનુષ્યોએ ક્યાં પુણ્ય કર્યા હશે ? અથવા શ્રીહરિ પોતે શું તેના ઉપર પ્રસન્ન થયા હશે કે જેઓ આ ભારતવર્ષના આંગણામાં મનુષ્યોની અંદર જન્મ પામ્યા છે, કે જે મનુષ્યજન્મ શ્રીહરિની સેવામાં ઉપયોગી હોઈ તે માટે અમને પણ ઝંખના છે. આપણે દુષ્કર યજ્ઞો, તપ, વ્રતો, દાન વગેરે કર્યા અને તે દ્વારા આ તુચ્છ સ્વર્ગનો અધિકાર મેળવ્યો, પણ તેથી શું ? કંઈ ફળ મેળવ્યું નથી, કારણ કે આ સ્વર્ગમાં શ્રીનારાયણનાં ચરણકમળનું સ્મરણ નથી, પણ ઊલટું ઈન્દ્રિયોના અતિશય ભોગોને લીધે (જે કંઈ નારાયણસ્મરણ હોય તે પણ) વીસરી જવાય છે. જયાં કલ્પ સુધીનું લાંબુ આયુષ્ય છે પણ ફરી જન્મ લેવો પડે છે, તે આ સ્વર્ગાદિ સ્થાનનો અધિકાર મેળવ્યા કરતાં માત્ર એક જ ક્ષણના આયુષ્યવાળા મનુષ્યોની ભારતભૂમિનો અધિકાર મેળવવો તે ઉત્તમ છે; કારણ કે મનુષ્ય જન્મથી એક ક્ષણ જેટલા સમય વડે પણ કરેલાં કર્મો શ્રીહરિને અર્પણ કરી ધીર પુરુષો શ્રીહરિનું અભયપદ સારી રીતે પામે છે. જયાં શ્રીભગવાનની કથારૂપી અમૃતની નદી વહેતી નથી, ભગવાનનો જ આશ્રય કરનારા ભગવદ્‌ભક્તો હોતા નથી અને યજ્ઞપતિ શ્રીભગવાનને ઉદ્દેશી મોટા ઉત્સવોવાળી પૂજાઓ થતી નથી, તે સ્થળ કદાચ બ્રહ્મલોક હોય તોપણ તેને ન સેવવું. જેઓ આ ભારતભૂમિ ઉપર જ્ઞાન માટેની ક્રિયાઓ અને એ ક્રિયાઓનાં સાધનદ્રવ્યોથી ભરપૂર એવો મનુષ્યજન્મ પામવા છતાં મોક્ષ માટે પ્રયત્ન કરતા નથી, તેઓ શિકારીના પંજામાંથી એકવાર છૂટેલાં જંગલી પક્ષીઓ ફરી પ્રમાદ કરી તેના સપાટામાં જેમ સપડાઈ પડે, તેમ ફરી સંસારબંધન પામે છે. (‘અહો ! ભારતવાસીઓનું ભાગ્ય આશ્ચર્યકારક છે !) જેઓએ યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક **‘अग्नये जुष्टं निर्वपामि’** – **‘इन्द्राय जुष्टं निर्वपामि’** એમ વિભાગવાર વિધિ, મંત્રો તથા ચરુ–પુરોડાશ વગેરે વસ્તુઓથી દેવોને ઉદ્દેશી હોમેલા હવિષને પોતે એક જ છતાં જુદાં જુદાં નામથી બોલાવાયેલા શ્રીભગવાન સર્વ કામનાઓના સ્વામી અને પૂર્ણ હોવા છતાં ‘આ હવિષ મારું છે’ એમ હર્ષથી સ્વીકારે છે. (તેમાં પણ સકામ કરતાં નિષ્કામ પુરુષો ઉત્તમ છે; કેમ કે) પ્રાર્થના કરાયેલા ભગવાન ઈષ્ટ વસ્તુ આપે એ વાત સત્ય છે. પણ પરમાર્થ (મોક્ષ) તો આપતા જ નથી, કારણ કે સકામ મનુષ્ય એક વખત આપ્યા પછી બીજી વાર પણ માગવા તૈયાર થાય છે, પણ જે નિષ્કામ ભકતો કંઈ ઈચ્છા વિના જ ભજન કરે છે, તેઓને તો ભગવાન પોતે જ સર્વ કામનાઓ પૂર્ણ કરનાર પોતાનો ચરણપલ્લવ (મોક્ષ) આપે છે. અમે આ સ્વર્ગનાં જે સુખ ભોગવીએ છીએ, તેમાંથી જે કંઈ અમે કરેલા ઉત્તમ યજ્ઞોનું

શાસ્ત્રાભ્યાસનું તથા બીજાં કોઈ કર્મનું પુણ્ય બાકી રહ્યું હોય, તો તે પુણ્યથી અમારો ભારતવર્ષમાં જન્મ થાઓ અને ત્યાં શ્રીભગવાનનું અમને સ્મરણ રહો; કારણ કે ભારતવર્ષમાં જન્મી ભજન કરનારા મનુષ્યનું શ્રીહરિ કલ્યાણ કરે છે.

(આ જ કારણથી દેવતાઓ ઘણો મોટો પુણ્યસંગ્રહ કરવા ભારતભૂમિમાં જન્મ ઈચ્છે છે, કે જે પુણ્ય અક્ષય, નિર્મળ અને સર્વોત્તમ હોય છે. દેવો ઈચ્છે છે કે અમે ભારતભૂમિમાં કયારે જન્મ પામીશું અને મોટું પુણ્ય મેળવી કયારે પરમપદ પામીશું ? અમે જાતજાતનાં દાન, અનેક પ્રકારના યજ્ઞો તથા વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ દ્વારા સમુદ્રશાયી શ્રીનારાયણને પૂજી જ્યારે તે પરમપદ પામીશું કે જેને તત્ત્વજ્ઞાનીઓ જ જોઈ શકે છે ? જે હરિકીર્તન કરવાના સ્વભાવવાળો હરિભકતોને પ્રિય અથવા ભગવાનના મહાન ભકતોની સેવા કરતો હોય, તે ઉત્તમ પુરુષ અમારે પણ વંદન કરવા યોગ્ય છે. જેની બુદ્ધિ વેદોના અર્થ અને પુરાણો સાંભળવામાં તથા સત્પુરુષોનો સંગ કરવામાં આસકત રહે છે, તે ઉત્તમ પુરુષ અમારે પણ વંદન કરવા યોગ્ય છે. જે આ ભારતવર્ષમાં જન્મ પામીને પણ સત્કર્મથી વિમુખ રહે છે, તે પુરુષ અમૃતનો કળશ છોડી ઝેરનું પાત્ર લે છે. જે મનુષ્ય ભગવાન વાસુદેવનું પૂજન તજી દુષ્કર્મો કરે છે, તે કામધેનું છોડી આકડાનું દૂધ ઈચ્છે છે. આમ, દેવો પણ ભારતભૂમિની પ્રશંસા કરે છે, છતાં જેઓ આ ભારતવર્ષમાં જન્મીને પણ વિષયોમાં આસકત રહે છે, તેઓ શ્રીહરિની માયાથી ઠગાયા છે.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! કેટલાક વિદ્વાનો આ જંબૂદ્વીપના પણ બીજા આઠ ઉપદ્વીપો કહે છે કે જેઓને સગરરાજાના પુત્રોએ અશ્વમેધ યજ્ઞનો ઘોડો શોધતી વેળા આ પૃથ્વીને ચાર તરફથી ખોદી નાખી રચ્યા છે. તેઓનાં નામ આ પ્રમાણે છે : સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુકલ, આવર્તન, રમણુક, મંદરહરિણ. પાંચજન્ય, સિંહલ તથા લંકા. હે ભરતવંશમાં ઉત્તમ રાજા ! એમ જંબૂદ્વીપના ખંડોનો વિભાગ મેં તમારી આગળ શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે વર્ણવ્યો છે. ૧-૩૧

एवं तव भारतोत्तम जम्बूद्वीपवर्षविभागो यथोपदेशमुपवर्णित इति ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## પ્લક્ષાદિ છ દ્વીપોનું સમુદ્રો સાથે વર્ણન અને લોકાલોક પર્વતનું માપ

॥ श्रीशुक उवाच ॥

अत: परं प्लक्षादीनां प्रमाणलक्षणसंस्थानतो वर्षविभाग उपवर्ण्यते ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હવે પ્લક્ષ વગેરે દ્વીપોના ખંડોનો વિભાગ તેનાં માપ, લક્ષણો તથા આકાર સાથે હું વર્ણવું છું. જેમ મેરુ પર્વત જંબૂદ્વીપથી વીંટાયેલો છે તેમ આ જંબૂદ્વીપ જેટલા (એક લાખ યોજન) પ્રમાણના વિસ્તારવાળો છે, તેટલા જ પ્રમાણના (એક લાખ યોજન) ખારા સમુદ્રથી વીંટાયેલો છે અને તે ખારો સમુદ્ર પણ પોતાની બહાર રહેલા બગીચાથી વીંટાયેલી ખાઈની પેઠે પોતાથી બમણું (બે લાખ યોજન) વિસ્તારવાળા પ્લક્ષ નામના દ્વીપથી વીંટાયેલો છે. એ પ્લક્ષદ્વીપમાં પણ જંબૂદ્વીપમાં આવેલા જાંબુના ઝાડ જેવડા પ્રમાણનું સુવર્ણમય પીપરનું ઝાડ ઊગેલું છે, જેના નામ ઉપરથી જ દ્વીપનું 'પ્લક્ષ' એવું નામ પડયું છે. ' એ પ્લક્ષદ્વીપમાં સાત જીભવાળો અગ્નિદેવ રહે છે અને એનો અધિપતિ પ્રિયવ્રતરાજાનો પુત્ર ઈધ્મજિત હતો. તેણે પોતાનો એ દ્વીપ સાત ખંડોમાં વિભાગ કરી તે તે ખંડના

નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આવ્યો હતો અને પોતે આત્મયોગ દ્વારા આ સંસારથી વિરામ પામ્યા હતા. એ દ્વીપમાં શિવ, યવસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત ને અભય નામના સાત ખંડો છે અને તે ખંડોમાં પર્વતો તથા નદીઓ 'પણ સાત જ પ્રસિદ્ધ છે. મણિકૂટ, વ્રજકૂટ, ઈન્દ્રસેન, જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ એ સાત મર્યાદાના પર્વતો છે. અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા ને સત્યંભરા એ સાત મોટી નદીઓ છે; જેઓના જળનો સ્પર્શ થતાં જેમની રજોગુણ તથા તમોગુણ નાશ પામેલા છે તેવા હંસ, પતંગ, ઊર્ધ્વાયન તથા સત્યાંગ નામના ચાર વર્ણના હજાર વર્ષના આયુષ્યવાળા લોકો રહે છે. તેમનાં સંતાનો દેવોના જેવા દેખાવનાં હોય છે અને તે લોકો સ્વર્ગના દ્વારરૂપ, ત્રણ વેદમય અને સર્વના આત્મારૂપ ભગવાન સૂર્યનારાયણની વેદવિદ્યાથી ઉપાસના કરે છે અને આ મંત્ર જપે છે :

'प्रत्नस्य विष्णो रूपं यत् सत्यस्यर्तस्य ब्रह्मणः । अमृतस्य च मृत्योश्च सूर्यमात्मानमीमहि ॥५॥

જે પુરાણપુરુષ વિષ્ણુનું સ્વરૂપ છે તે સૂર્યદેવને અમે શરણે જઈએ છીએ. તે સૂર્યદેવ વર્તમાન કાળમાં આચરણ કરાતા અને ધર્મશાસ્ત્રથી પ્રમાણ એવા ધર્મના, બ્રહ્મનું જ્ઞાન કરાવનાર વેદના અને શુભ તથા અશુભ ફળના અધિષ્ઠાતા છે. પ્લક્ષાદિ પાંચ દ્વીપોમાં સર્વ મનુષ્યોનાં આયુષ્ય, ઈન્દ્રિયો, શરીરબળ, મનોબળ, ઈન્દ્રિયબળ, બુદ્ધિ, પરાક્રમ અને સ્વાભાવિક સિદ્ધિ સમાન જ હોય છે.

જેમ પ્લક્ષદ્વીપ પોતાના જેવડા શેરડીના રસના સમુદ્રથી વીંટાયેલો છે, તેમ તે પછીનો તેના કરતાં બમણા પ્રમાણનો (એટલે ચાર લાખ યોજન વિસ્તારનો) શાલ્મલદ્વીપ પણ પોતાના જેવડા વિસ્તારવાળા મદિરાના સમુદ્રથી વીંટાયેલો ચોતરફથી શોભે છે. એ શાલ્મલદ્વીપમાં પ્રથમ કહેલા પ્લક્ષદ્વીપમાં આવેલા પીપરના ઝાડ જેટલું જ લાંબું, પહોળું ને જાડું શીમળાનું ઝાડ છે. તેમાં વેદો વડે સ્તુતિ કરાતા પક્ષીઓના રાજા ભગવાન ગરુડનું રહેઠાણ છે અને એ ઝાડ પરથી એ દ્વીપનું શાલ્મલદ્વીપ' એવું નામ પાડયું છે. તે દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ હતો. તેણે પણ પોતાના એ દ્વીપના સાત ખંડો કરી તે તે ખંડના નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા હતા, જે સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન તથા અવિજ્ઞાત નામે પ્રસિદ્ધ છે. તે ખંડોમાં મર્યાદાસૂચક પર્વતો અને નદીઓ પણ સાત જ પ્રસિદ્ધ છે. પર્વતો સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ તથા સહસ્ત્રાશ્રુતિ નામના છે અને નદીઓ અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા તથા રાકા નામની છે. તે ખંડોમાં રહેલા લોકો શ્રુતધર, વીર્યધર, વસુંધર તથા ઈષંધર એ ચાર વર્ણના છે. તેઓ વેદમય ભગવાન ચંદ્રરૂપ પરમાત્માની વેદમંત્રથી પૂજા કરે છે ને આ મંત્ર જપે છે :

'स्वगोभिः पितृदेवेभ्यो विभजन् कृष्णशुक्लयोः । प्रजानां सर्वासां राजाऽन्धः सोमो न आस्तु ॥'

શુકલ તથા કૃષ્ણ પક્ષમાં પોતાનાં કિરણો વડે પિતૃઓ તથા દેવોને જે અન્ન વહેંચી આપે છે, તે સર્વ પ્રજાઓના રાજા ચંદ્ર અમારા ઉપર કૃપા કરો.

એ જ પ્રમાણે, મદિરાના સમુદ્રની બહાર તેના કરતાં બમણા વિસ્તારનો (એટલે આઠ લાખ યોજનનો) અને શાલ્મલદ્વીપની પેઠે જ પોતાના જેવડા ઘીના સમુદ્રથી વીંટાયેલો કુશદ્વીપ છે. તેમાં પરમેશ્વરે ઉગાડેલું દર્ભનું થૂમડું છે; તે ઉપરથી જ એ કુશદ્વીપ કહેવાય છે. થૂમડું જાણે બીજો અગ્નિ હોય તેવું હોઈ પોતાના ઘાસની ક્રાંતિથી દિશાઓને પ્રકાશિત કરે છે. હે રાજન્ ! એ દ્વીપનો અધિપતિ પણ પ્રિયવ્રત રાજાનો પુત્ર હિરણ્યરેતા હતો. તેણે પોતાના એ દ્વીપના સાત વિભાગ કરી વસુ, વસુદાન,

દૃઢરુચી, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ નામના પોતાના સાત પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપી પોતે તપશ્ચર્યા કરી હતી. તેઓના ખંડોમાં સીમાને સૂચવનારા પર્વતો તથા નદીઓ સાત સાત જ પ્રસિદ્ધ છે. ચક્ર, ચતુઃ શૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ નામના પર્વતો છે અને રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ધૃતચ્યુતા તથા મંત્રમાલા નામની નદીઓ છે. તેઓના જળથી કુશદ્વીપમાં વસનારા કુશલ, કોવિદ, અભિયુકત તથા કુલક નામે ચાર વર્ણના લોકો ભગવાન અગ્નિસ્વરૂપ પરમાત્માનું કર્મની કુશળતાથી પૂજન કરે છે ને આ મંત્ર જપે છે :

'परस्य ब्रह्मणः साक्षाज्जातवेदोऽसि हव्यवाट् । देवानां पुरुषाङ्गानां यज्ञेन पुरुषं यज ॥१७॥

હે અગ્નિદેવ ! આપ સાક્ષાત પરબ્રહ્મને હવિષો પહોંચાડનારા છો. માટે એ પરમપુરુષના અંગરૂપ દેવોના નામે અમે જે કંઈ યજન કરીએ (હવિષ વગેરે અર્પણ કરીરો), તે એ પરમાત્માને જ આપ અર્પણ કરો.

એ જ રીતે, ધીના સમુદ્રની બહાર તેનાથી બમણા વિસ્તારનો (એટલે સોળ લાખ યોજનનો) કૌંચદ્વીપ છે. જેમ કુશદ્વીપ ઘીના સમુદ્રથી વીંટાયેલો છે, તેમ પોતાના જેવડા દૂધના સમુદ્રથી વીંટાયેલો છે. એમાં ક્રૌંચ નામનો મોટો પર્વત છે. તે ઉપરથી એનું નામ ક્રૌંચદ્વીપ પડયું છે. એ ક્રૌંચ પર્વતના મધ્યપ્રદેશો તથા વનોને પૂર્વે કાર્તિકસ્વામીએ પોતાના હથિયારથી તોડી પાડયા હતાં, છતાં તેનું ભગવાન વરુણદેવે દૂધના સમુદ્રથી છાંટી રક્ષણ કર્યું હતું, તેથી તે નિર્ભય રહ્યો હતો. એ કૌંચદ્વીપમાં પ્રિયવ્રત રાજાનો પુત્ર ધૃતપૃષ્ઠ અધિપતિ હતો. તેણે એ દ્વીપના સાત ખંડો કરી પુત્રોના જ નામના તે ખંડોમાં સાત પુત્રોને તે તે ખંડના અધિપતિ તરીકે સ્થાપ્યા હતા અને પોતે જ્ઞાની હોઈ પરમ કલ્યાણકારી યશવાળા અને સર્વના આત્મા (ભગવાન) શ્રીહરિનાં ચરણકમળને શરણે ગયો હતો. એ ધૃતપૃષ્ઠ રાજાના આમ, મધુરહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ટ, લોહિતાર્ણ તથા વનસ્પતિ નામના પુત્રો હતા, જેઓના ખંડમાં સાત પર્વતો અને સાત નદીઓ પ્રખ્યાત છે. તેં પર્વતો શુકલ, વર્ધમાન, ભજન, ઉપબર્હિણ, નંદ, નંદન તથા સર્વતોભદ્ર નામના છે અને નદીઓ અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી તથા શુક્લા નામની છે. એ નદીઓનાં પવિત્ર ને નિર્મળ જળનો ઉપયોગ કરતા પુરુષ, ૠષભ, દ્રવિણ તથા દેવક નામે ચાર વર્ણના તે તે ખંડના મનુષ્યો જળસ્વરૂપ પરમાત્માને જળની અંજલિ ભરી પૂજે છે અને આ મંત્ર જપે છે :

'आप पुरुषवीर्याः स्थ पुनन्तीर्भूर्भुवः सुवः । ता नः पुनीताभीवघ्नीः स्पृशतामात्मना भुवः ॥

હે જળદેવ ! આપે પરમપુરુષ ઈશ્વરથી સામર્થ્ય મેળવ્યું છે તેમને ભૂ, ભુવઃ સ્વઃ એ ત્રણે લોકને આપ પવિત્ર કરો છે. આપ (આપનો) સ્પર્શ કરનારાં અમારા શરીરોને પણ પવિત્ર કરો; કારણ કે આપ પોતાના સ્વરૂપથી જ સર્વનાં પાપોનો નાશ કરનારા છો.

એ પ્રમાણે દૂધના સમુદ્રની બહાર ચોતરફ શાકદ્વીપ છે, તેનો વિસ્તાર બત્રીસ લાખ યોજન છે અને તે પોતાના જેવડા વિસ્તારના દહીંના રસના સમુદ્રથી વીંટાયેલા છે. વળી એ દ્વીપમાં શાક નામનું મોટું વૃક્ષ છે, તે ઉપરથી એ શાકદ્વીપ કહેવાય છે. તે વૃક્ષ અત્યંત સુગંધવાળું હોઈ આખા દ્વીપને સુવાસિત કરે છે. એ ખંડનો અધિપતિ પણ પ્રિયવ્રત રાજાનો જ પુત્ર મેધાતિથિ હતો અને તેણે પણ પોતાના ખંડના સાત વિભાગો કરી પુત્રોના જ નામના તે ખંડોમાં પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમાનીક, ચિત્રરેફ, બહુરૂપ તથા વિશ્વાધાર નામના પુત્રોને રાજાઓ બનાવ્યા હતા અને પોતે અનંત ભગવાનમાં બુદ્ધિ સ્થાપી તપ કરવા

વનમાં ગયો હતો. એ ખંડોમાં પણ સીમાડો જણાવતા સાત પર્વતો અને સાત નદીઓ છે. તે પર્વતો ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રોત, દેવપાલ તથા મહાનસ નામે છે અને નદીઓ અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રસુતિ તથા નિજધૃતિ નામની છે. એ ખંડના મનુષ્યો ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત તથા અનુવ્રત નામે ચાર વર્ણના હોઈ પ્રાણાયામ વડે રજોગુણ તથા તમોગુણનો નાશ કરનારા છે અને પરમ સમાધિથી વાયુસ્વરૂપ ભગવાનની ઉપાસના કરતાં આ મંત્ર જપે છે :

'अन्तः प्रविश्य भूतानि यो बिभर्त्यात्मकेतुभिः । अन्तर्यामीश्वरः साक्षात् पातु नो यद्वशे स्फुटम् ॥

જે ભગવાન પોતાની પ્રાણાદિ વૃત્તિઓથી પ્રાણીઓમાં પ્રવેશ કરી તેઓનું રક્ષણ કરે છે અને આ સમગ્ર જગત જેમને વશ છે. તે અંતર્યામી સાક્ષાત ઈશ્વર અમારું રક્ષણ કરે.

એ જ પ્રમાણે, દહીંના રસના સમુદ્રની બહાર તેના કરતાં બમણા વિસ્તારનો (ચોસઠ લાખ યોજનનો) પુષ્કર નામનો દ્વીપ છે. તેની બહાર ચારે બાજુ સ્વાદિષ્ટ જળથી ભરેલો તેના જેવડા વિસ્તારનો સમુદ્ર વીંટાયેલો છે. એ દ્વીપમાં અગ્નિની શિખા જેવી ઉજ્જવળ લાખો પાંખડીઓવાળું મોટું કમળ છે, જે ભગવાન બ્રહ્માના આસન તરીકે ગોઠવાયું છે. વળી એ દ્વીપના મધ્ય ભાગમાં માનસોત્તર નામનો પર્વત છે, જે આગલા પાછલા ખંડની મર્યાદા સૂચવનાર છે. તેની ઊંચાઈ અને પહોળાઈ દસ હજાર યોજન છે. જેના ઉપર ચારે દિશાઓમાં ઈન્દ્રાદિ ચારે લોકપાલોનાં નગરો છે અને જેના ઉપર મેરુની આસપાસ ભમતા સૂર્યના રથનું સંવત્સરરૂપ ચક્ર ઉત્તરાયણ તથા દક્ષિણાયનરૂપે ભમે છે. એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર વીતિહોત્ર નામે હતો, જેણે રમણક તથા ધાતકિ નામના બે પુત્રોને પોતાના દ્વીપના બે ખંડ પાડી તેઓના અધિપતિ બનાવ્યા હતા અને પોતે પોતાના પૂર્વજોની પેઠે ભગવતસંબંધી કર્મ કરવામાં જ તત્પર રહ્યો હતો. એ ખંડના મનુષ્યો બહ્મસાલોક્ય આદિમાં સાધનરૂપ કર્મથી બ્રહ્મરૂપ ભગવાનને આરાધે છે અને આ મંત્ર જપે છે :

'यत्तत्कर्ममयं लिङ्गं ब्रह्मलिङ्गं जनोऽर्चयेत् । एकान्तमद्वयं शान्तं तस्मै भगवते नमः ॥

જેઓ સાક્ષાત કર્મના ફળરૂપ છે, જેમનાથી પરબ્રહ્મનું જ્ઞાન થાય છે, જેમની નિષ્ઠા એક જ પરમેશ્વરમાં છે અને અદ્વૈત તથા શાંતસ્વરૂપ એવા જેમને મનુષ્યો પૂજે છે, તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** તે શુદ્ધ (મીઠા) જળના સમુદ્રની બહાર લોકાલોક નામે પર્વત છે. તે લોક તથા અલોકની વચ્ચે (લોક તથા અલોકના વિભાગ માટે) સ્થપાયો છે. માનસોતર પર્વતથી લઈ મેરુ પર્વતનું જેટલું (દોઢ કરોડ ને સાડા સાતલાખ યોજન) અંતર છે, તેટલી (સોનાની) ભૂમિ મીઠા સમુદ્રની બહાર આવેલી છે. (જ્યાં પ્રાણીઓ પણ છે) અને તે પછીની જે બીજી (આઠ કરોડને ઓગણચાળીશ યોજન) ભૂમિ છે. તે પણ સુવર્ણમય હોઈ દર્પણ જેવી સ્વચ્છ છે. તેમાં કોઈ પદાર્થ મુક્યો હોય, તો તે કોઈ પણ રીતે ફરી પ્રાપ્ત કરી શકાતો નથી અને તેથી જ (દેવો સિવાય) સર્વ પ્રાણીઓએ એ ભૂમિ તજી છે, અર્થાત તે ભૂમિ કેવળ દેવોને રમવા માટે જ છે. ત્યાં દેવો સિવાય બીજું કોઈ રહી શકતું નથી. તે પછી લોકાલોક પર્વત છે, જે લોક તથા અલોકની વચ્ચે રહી વ્યવસ્થા કરે છે કે, 'આ પ્રદેશ લોક છે ને આ અલોક છે' એ પ્રમાણે વિભાગ કરતો હોવાથી એ પર્વતનું નામ 'લોકાલોક' છે. આ લોકાલોક પર્વતને ત્રણે લોકના છેડે ઈશ્વરે રચ્યો છે. એ સીમારૂપે પર્વતને લીધે સૂર્યથી માંડી ધ્રુવ સુધીના જ્યોતિશ્ચક્રોનાં કિરણો એ પર્વતથી આ બાજુના ત્રણે લોકને ચોતરફ પ્રકાશિત કરે છે, પણ પર્વતની પેલી તરફ કદી જઈ શકતાં નથી, કારણ

કે તે એટલો બધો ઊંચો ને વિસ્તાર વાળો છે, અર્થાત્ લોકાલોક પર્વત ધ્રુવના તારાથી પણ ઊંચો હોઈ ત્રણે લોકની મર્યાદારૂપ છે. આટલો લોકવિસ્તાર વિદ્વાનોએ તેનાં માપ, લક્ષણ તથા આકૃતિથી નિશ્ચય કર્યો છે ને તે લોકાલોક પર્વત એકંદર પચાસ કરોડ યોજન ગણેલા ભૂમંડળમાં (મેરુથી કોઈ પણ બાજુએ ચોથા) ભાગમાં રહેલો છે, અર્થાત્ મેરુથી કોઈ પણ દિશાએ સાડાબાર યોજન દુર લોકાલોક પર્વત છે. એ પર્વત ઉપર ચારે દિશાઓમાં સમગ્ર જગતના ગુરુ આત્મયોનિપરમેશ્વરે ઋષભ, પુષ્કરચૂડ, વામન તથા અપરાજિત નામના ચાર દિગ્ગજોને સ્થાપ્યા છે, જેઓ સમગ્ર લોકની સ્થિતિનું કારણ છે. આ દિગ્ગજોની તથા પોતાના અંશરૂપ સમગ્ર લોકપાલોની વિવિધ શકિતઓમાં વૃદ્ધિ કરવા તથા ચારે બાજુ સમસ્ત લોકના કલ્યાણ માટે પરમ મહાપુરુષ ભગવાન એ ઉત્તમ લોકાલોક પર્વત પર રહે છે કે જે ભગવાન મોટાં ઐશ્વર્યોના સ્વામી, સર્વના અંતર્યામી; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે અષ્ટ મહાસિદ્ધિરૂપ પોતાના શુદ્ધ સત્ત્વગુણને પ્રકટ કરનાર છે. વિશ્વકસેન વગેરે પોતાના શ્રેષ્ઠ પાર્ષદોના પરિવારથી યુકત છે અને પોતાનાં સર્વોત્તમ આયુધોથી શોભતા વિશાળ બાહુઓ ધારણ કરે છે. એ ભગવાન પોતાની યોગમાયાથી રચાયેલા વિવિધ લોકની વ્યવસ્થાના રક્ષણ માટે એ લીલામય રૂપથી ત્યાં કલ્પના અંત સુધી રહે છે. હવે જે અલોક પ્રદેશમાં લોકાલોક પર્વતની બહાર પેલી તરફ આવેલો છે, તેનું પ્રમાણ પણ આ લોકપ્રદેશના જેટલું જ કહ્યું છે, અર્થાત મેરુથી સાડા બાર કરોડ યોજન લોકાલોક પર્વત સુધીનો લોકપ્રદેશ છે. તે લોકાલોકની પેલી તરફ પણ સાડા બાર કરોડ યોજન અલોક પ્રદેશ છે, તે અલોક પ્રદેશની પેલી તરફ યોગેશ્વરોની વિશુદ્ધ ગતિનું સ્થાન છે, એમ વિદ્વાનો કહે છે. બ્રહ્માંડના મધ્ય ભાગમાં એટલે કે આકાશ અને ભૂમિરૂપ બ્રહ્માંડના બે વિભાગોની વચ્ચે સૂર્ય રહેલો છે. તે સૂર્ય તથા બ્રહ્માંડ ગોલકની વચ્ચે (ગમે તે બાજુથી) પચીસ કરોડ યોજનનું અંતર છે. (પ્રથમ ઉત્પત્તિ સમયે) બ્રહ્માંડ અચેતન હતું, ત્યારે આ સૂર્યે વિરાટ સ્વરૂપે એમાં પ્રવેશ કર્યો હતો, તેથી એ (સૂર્ય) 'માર્તંડ' એમ કહેવાય છે. સુવર્ણ સમાન પ્રકાશતો બ્રહ્માંડમાંથી તે (પ્રકાશક તરીકે) ઉત્પન્ન થયેલો છે, તેથી તેને 'હિરણ્યગર્ભ' પણ કહે છે. આ સૂર્ય વડે જ દિશાઓ, આકાશ, સ્વર્ગ, પૃથ્વી, ભોગસ્થાનકો, મોક્ષ, નરક તથા પાતાલ વગેરે જુદા જુદા ભેદપૂર્વક વિભાગો થાય છે. વળી દેવો, પશુપક્ષીઓ, મનુષ્યો, સર્પો તથા લતાઓ સહિત સર્વ જીવસમૂહોને આત્મા તરીકે ઉપાસના કરવા યોગ્ય હોઈ આ સૂર્ય સર્વની દૃષ્ટિના અધિષ્ઠાતા છે. ૧-૪૬

देवतिर्यङ्मनुष्याणां सरीसृपसवीरुधाम् । सर्वजीवजिवनिकायानां सूर्य आत्मा दृगीश्वरः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## સૂર્યની ગતિ ઉપરથી લોકમર્યાદા

॥ श्रीशुक उवाच ॥

एतावानेव भूवलयस्य सन्निवेशः प्रमाणलक्षणतो व्याख्यातः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભૂગોળશાસ્ત્ર જાણનારાઓએ માપ અને લક્ષણપૂર્વક આટલો જ ભૂગોળનો વિસ્તાર કહ્યો છે. આ ઉપરથી ભૂગોળશાસ્ત્ર જાણનારાઓ ખગોળનું માપ પણ કહી શકે છે. જેમ ચોળા, વટાણા વગેરે કઠોળ ધાન્યના બે સમાન દાળિયાના એકના માપથી બીજાનું માપ કહી શકાય છે, તેમ ભૂગોળના માપ પરથી ખગોળનું માપ કહી શકાય છે. આ ભૂગોળ તથા ખગોળના મધ્ય ભાગમાં એ

બંનેથી સંધાયેલું અંતરિક્ષ છે. તે અંતરિક્ષની વચ્ચે રહેલા ભગવાન સૂર્ય સર્વ જ્યોતિર્ગણોના પતિ હોઈ, તાપ વડે ત્રણે લોકને તપાવે છે અને પોતાની કાંતિથી પ્રકાશમાન કરે છે. આ સૂર્ય ઉત્તરાયણ, દક્ષિણાયન તથા વૈષુવત નામની મંદ, શીઘ્ર તથા સમાન ગતિ વડે બરાબર સમયાનુસાર ઉપરનાં, નીચેનાં તથા સમાન સ્થાનોમાં જાય છે અને મકર વગેરે રાશિઓમાં દિવસો તથા રાત્રિઓ લાંબાં, ટૂંકાં તથા સમાન કરે છે. જ્યારે સૂર્ય મેષ તથા તુલા રાશિમાં હોય, ત્યારે દિવસો અને રાત્રિઓ સમાન થાય છે. વૃષભ, મિથુન, કર્ક, સિંહ તથા કન્યા—એ પાંચ રાશિઓમાં જાય છે, ત્યારે દિવસો વધે છે અને રાત્રિઓમાં દરેક મહિને એક એક ઘડી ઓછી થાય છે. જ્યારે વૃશ્ચિક, ધન, મકર, કુંભ ને મીન-એ પાંચ રાશિઓમાં જાય છે, ત્યારે દિવસો ટૂંકા થાય છે ને રાત્રિઓ મોટી થાય છે. ઉત્તરાયણથી દક્ષિણાયન સુધીમાં દિવસો લાંબા થાય છે અને દક્ષિણાયનથી ઉત્તરાયણ સુધીમાં રાત્રિઓ લાંબી થાય છે. એમ નવ કરોડ ને એકાવન લાખ યોજન માનસોતર પર્વતની આસપાસનો માર્ગ (સૂર્યને) ઓળંગવો પડે છે, એમ વિદ્વાનો કહે છે. એ માનસોતર પર્વત ઉપર મેરુથી પૂર્વ દિશામાં ઈન્દ્રની દેવધાની નામની નગરી છે. મેરુથી દક્ષિણ દિશામાં યમદેવની સંયમની નામની નગરી છે. મેરુથી પશ્ચિમમાં વરુણદેવની નિમ્લોચની નામની નગરી છે અને મેરુથી ઉત્તરમાં સોમની વિભાવરી નામની નગરી છે. મેરુથી ચારે દિશામાં આવેલી એ નગરીઓમાં સમય પ્રમાણે (સૂર્ય આવતાં) પ્રાણીઓની પ્રવૃત્તિ તથા નિવૃત્તિમાં કારણ સુર્યોદય, મધ્યાહ્ન, સૂર્યાસ્ત, તેમ જ મધ્યરાત્રિ થાય છે. જે લોકો મેરુ પર્વત ઉપર રહે છે તેઓને સદાકાળ મધ્યાહ્ન સમયના જ સૂર્ય તપ્યા કરે છે અને નક્ષત્રો સામે ગતિ કરી સૂર્ય મેરુપર્વતને પોતાની ડાબી બાજુ કરે છે. તો પણ પ્રદક્ષિણાવર્ત પ્રવાહ નામે વાયુથી ભમાવતા જ્યોતિશ્ચક્રને લીધે સૂર્ય મેરુ પર્વતને પોતાની જમણી બાજુ જ કરે છે. જે પ્રદેશમાં સૂર્ય ઉદય પામે તે પ્રદેશની સીધી લીટીમાં તે અસ્ત પામે છે અને જ્યાં આકાશના મધ્યપ્રદેશમાં આવી મધ્યાહ્ન કરે છે, ત્યાંથી સીધી લીટીમાં મધ્યરાત્રિ કરે છે. જે લોકો પ્રથમ જે સ્થળે સૂર્યને દેખે છે તે સ્થળથી સીધી લીટીમાં (ગયેલા) સૂર્યને તેઓ જોઈ શકતા નથી. સૂર્ય જ્યારે ઈન્દ્રની નગરીથી ચાલે છે, ત્યારે પંદર ઘડીએ યમદેવની નગરીએ પહોંચે છે અને એટલા વખતમાં સવા બે કરોડ, સાડા બાર લાખ ને પચીસ હજાર યોજન માર્ગ કાપે છે. એ જ પ્રમાણે (પંદર ઘડીમાં તેટલા જ યોજન) યમદેવની નગરીથી વરુણદેવની નગરીમાં, વરુણ દેવની નગરીથી સોમની નગરીમાં ને સોમની નગરીથી ફરી ઈન્દ્રની નગરીમાં જાય છે. આ રીતે જ બીજા ચંદ્ર વગેરે ગ્રહો પણ નક્ષત્રોની સાથે જ્યોતિશ્ચક્રમાં ઉદય અને અસ્ત પામે છે. આવી રીતે સૂર્યનો એ વેદમય રથ એક મુહુર્તમાં ચોત્રીસ લાખ ને આઠસો યોજન ચારે નગરીઓમાં ફરે છે. સૂર્યના રથનું એક પૈડું સંવત્સર (વર્ષ) રૂપ હોઈ (બાર મહિના રૂપ) આરાવાળું છે, છ (ઋતુઓરૂપ) પાટાવાળું છે અને ત્રણ (શિયાળો, ઉનાળો ને ચોમાસારૂપ) કુંડળીઓવાળું છે. એમ વિદ્વાનો કહે છે. એ રથની ધરીનો દાંડો મેરુ પર્વતના શિખર ઉપર છે અને તેનો બીજી તરફનો ભાગ માનસોત્તર પર્વત ઉપર છે. તેમાં પરોવેલું સૂર્યના રથનું પૈડું તેલ કાઢવાની ઘાણીની, પેઠે ફરતું માનસોતર પર્વત ઉપર ભમે છે. તે પૈડાંને છેડે એક બીજો ધરીનો દાંડો પૂર્વ ભાગથી બાંધ્યો છે. તેનું માપ પ્રથમના દાંડાથી ચોથે ભાગે છે અને તેનો ઉપરનો ભાગ ધાણીના દાંડાની પેઠે ધ્રુવની અંદર (વાયુપાશથી) બાંધ્યો છે. સૂર્યના એ રથની બેઠક છત્રીસ લાખ યોજન લાંબી છે અને એક ચતુર્થાંશ (નવ લાખ યોજન) પહોળી છે. વળી એ રથની ધુંસરી પણ તેટલી જ લાંબી ને પહોળી છે કે જેમાં સૂર્યના સારથિ અરુણે જોડેલા ગાયત્રી આદિ છંદના નામવાળા સાત ઘોડાઓ સૂર્યદેવના રથને ખેંચે છે. સારથિના કામમાં જોડાયેલો

સૂર્યનો સારથિ અરુણ (આ રથમાં પૂર્વાભિમુખે બેઠેલા) સૂર્યની આગળ બેઠેલા હોય છે. તોપણ પોતાનું મુખ તો પશ્ચિમ તરફ રાખે છે. (કેમ કે સૂર્ય તરફ પીઠ કરવી એ દોષ છે.) વળી જેઓનાં શરીર અંગૂઠાના એક વેઢા જેવડાં હોય છે. એવા સાઠ હજાર વાલખિલ્ય નામના ઋષિઓ સૂર્યની આગળ તેની સ્તુતિ કરવા જોડાયેલા છે અને તેઓ સૂર્યની સ્તુતિ કર્યા જ કરે છે. તે જ પ્રમાણે બીજા ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો તથા દેવો કે જેઓ એક એક ગણતાં ચૌદ ચૌદ છે અને બબ્બે ગણતાં સાત સાત છે, તેઓ દર મહિને જુદા જુદા અનેક નામવાળી હોઈ બબ્બેનું જોડું થઈ જુદાં જુદાં કર્મો વડે સર્વના આત્મા અને જુદા જુદા નામવાળા ભગવાન સૂર્યદેવની ઉપાસના કરે છે. આ આખાય ભૂમંડળનું માપ સાડાનવ કરોડ એક લાખ યોજન છે. તેમાંથી સૂર્ય એક ક્ષણમાં બે હજાર યોજન ને બે કોશ માર્ગ કાપે છે. ૧-૧૯

लक्षोत्तरं सार्धनवकोटियोजनपरिमण्डलं भूवलयस्य क्षणेन सगव्यूत्युत्तरं द्विसहस्त्रयोजनानि स भुङ्क्ते ॥१९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

## અધ્યાય-૨૨

## સોમશુક્રાદિ ગ્રહોની સ્થિતિ અને ગતિનું વર્ણન

॥ राजोवाच ॥

यदेतद्भगवत आदित्यस्य मेरुं ध्रुवं च प्रदक्षिणेन परिक्रामतो राशीनाभिमुखं प्रचलितं चाप्रदक्षिणं भगवतौपवर्णितममुष्य वयं कथमनुमिमहीति ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** આ ભગવાન સૂર્ય મેરુ તથા ધ્રુવને જમણી બાજુ રાખી સર્વ રાશિઓની સામે ગતિ કરે છે અને મેરુ તથા ધ્રુવને ડાબી બાજુ રાખીને પણ ગતિ કરે છે; એમ આપ ભગવાને (બે ગતિ) વર્ણવી; પણ આ રીતે બે વિરુદ્ધ ગતિ અમે કેમ સમજી શકીએ ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** જેમ કુંભારનો ચાક ભમતો હોય ત્યારે તેની ઉપર રહેલાં કીડી વગેરે પ્રાણીઓ પણ તેની સાથે જ (જે બાજુ ચાક ભમતો હોય તે બાજુ) ભમે છે; છતાં તે કીડી વગેરે પ્રાણીઓની ગતિ તે ચાક ઉપર જુદા જુદા પ્રદેશોમાં, પણ આડીઅવળી દેખાય છે. તે જ પ્રમાણે નક્ષત્ર તથા રાશિઓથી યુકત કાળચક્ર જો કે ધ્રુવ તથા મેરુની જમણી બાજુ જ દોડી રહ્યું છે અને તેની સાથે તેના આશ્રયે રહેલા સૂર્યાદિ ગ્રહો પણ મેરુની જમણી બાજુ જ દોડી રહ્યા છે, તો પણ એ કાળચક્રની અંદર રહેલાં જુદાં જુદાં નક્ષત્રો તથા જુદી જુદી રાશિઓમાં પણ સૂર્યાદિ ગ્રહોની જુદી જુદી ગતિ પણ દેખાય છે. તે આ સૂર્ય ભગવાન આદિપુરુષ સાક્ષાત્ નારાયણ જ છે, કે જેમને મોટા વિદ્વાનો વેદ દ્વારા જાણવા ઈચ્છે છે. તે સૂર્યભગવાન કલ્યાણ માટે કર્મોની શુદ્ધિના કારણભૂત અને વેદમય એવા પોતાના સ્વરૂપને બાર પ્રકારે વિભાગ કરી વસંત વગેરે છ ઋતુઓમાં પ્રાણીઓના કર્મભોગ પ્રમાણે ટાઢ, તાપ વગેરે ઋતુઓના ગુણો પ્રકટ કરે છે. આ સૂર્યદેવને પોતપોતાના વર્ણાશ્રમના આચારને અનુસરનારા પુરુષો આ જગતમાં વેદરૂપી વિદ્યાથી વેદમાં કહેલાં નાના—મોટાં કર્મોથી તથા ધ્યાનાદિયોગ વિસ્તારથી શ્રદ્ધાપૂર્વક પૂજે છે અને અનાયાસે કલ્યાણ મેળવે છે. સર્વ લોકના આત્મારૂપ આ સૂર્યભગવાન આકાશ ને ભૂમિની વચ્ચે આવેલ અંતરિક્ષમાં કાળચક્રની અંદર રહેલા છે અને 'રાશિ' નામને ધારણ કરનારા વર્ષના અવયવરૂપ બાર માસને ભોગવે છે. તેમાં બે પખવાડિયાંનો મહિનો એમ ચંદ્રના હિસાબે ગણાય છે. સુર્યના હિસાબે સવા

બે નક્ષત્ર સૂર્ય ભોગવે એટલે એક મહિનો થાય છે અને પિતૃઓના હિસાબે તેઓને એક દિવસ ને રાત્રિ તે (મનુષ્યોનો) એક મહિનો થાય છે એમ વિદ્વાનો કહે છે. જેટલા સમયમાં સૂર્ય બે રાશિ ભોગવે છે, તેટલો સમય એક ઋતુ કહેવાય છે કે જે વર્ષનો એક ભાગ ગણાય છે. સૂર્ય જેટલા સમયમાં આકાશમાર્ગના અર્ધા ભાગમાં ફરી વળે છે, તેટલા સમયને એક 'અયન' કહે છે, ને જેટલા સમયમાં આકાશમંડળ તથા ભૂમંડળની સાથે આખા અંતરિક્ષમંડળમાં ફરી વળે છે, તેટલા સમયને એક વર્ષ કહે છે. આ વર્ષમાં સૂર્યની ધીમી, ઉતાવળી ને સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર ને વત્સર એવા પાંચ ભેદો કહે છે. એ રીતે ચંદ્ર સૂર્ય એક વર્ષમાં જેટલી ગતિ કરે છે, તેટલી ચંદ્ર બે પખવાડિયામાં કરે છે. સૂર્ય જેટલી ગતિ એક મહિનામાં કરે છે તેટલી ચંદ્ર સવાબે દિવસમાં કરે છે અને સૂર્ય જેટલી ગતિ એક પખવાડિયામાં કરે છે તેટલી ચંદ્ર એક દિવસમાં જ આગળ ગતિ કરે છે. ચંદ્ર પોતાની પૂર્ણ થતી કળાઓ વડે શુકલપક્ષ કરી દેવતાઓના રાત્રિદિવસ કરે છે અને ઓછી થતી કળાઓ વડે કૃષ્ણપક્ષ કરી પિતૃઓનાં રાત્રિદિવસ કરે છે. ચંદ્ર પોતે (અન્નમય તથા અમૃતમય હોવાથી) સર્વ જીવસમૂહોના પ્રાણરૂપ છે અને તેથી જ (જીવનરૂપ હોઈ) 'જીવ' કહેવાય છે તેમ જ સાઠ ઘડીમાં એક નક્ષત્ર ભોગવે છે. વિદ્વાનો વર્ણવે છે કે, આ સોળ કળાવાળા ભગવાન ચંદ્ર (મનના અધિષ્ઠાતા હોવાથી) મનોમય, અન્નમય, અમૃતમય હોઈ દેવો, પિતૃઓ, મનુષ્યો, ભૂતો, પશુ, પક્ષીઓ, સર્પો તથા લતા—વૃક્ષ વગેરેના પ્રાણને જીવન આપવાના સ્વભાવવાળા હોવાથી સર્વમય છે. ચંદ્રની ઉપર ત્રીસ લાખ યોજન દૂર નક્ષત્રો છે. તેઓને મેરુથી જમણી બાજુ આવેલા . કાળચક્રમાં ઈશ્વરે જોડયાં છે અને અભિજિત નક્ષત્રની સાથે તેઓની સંખ્યા અઠ્ઠાવીસ છે. એ નક્ષત્રોની ઉપર બે લાખ યોજન દૂર શુક્ર ગ્રહ મળે છે. તે સૂર્યની આગળ, પાછળ કે સાથે જ ને ઉતાવળી, ધીમી તથા સમાન ગતિએ સૂર્યની પેઠે જ ચાલે છે, એમ ઘણું કરી તેની ગતિ ઉપરથી અનુમાન થાય છે. તે જ પ્રમાણે નિત્ય લોકોને અનુકૂળ જ રહી મેઘવૃષ્ટિને અટકાવનારા ગ્રહોને શાંત કરનાર હોઈ મેઘવૃષ્ટિ કરાવે છે. આ શુક્ર ગ્રહ જેવો જ બુધ ગ્રહ કહ્યો છે. તે શુક્રની ઉપર બે લાખ યોજન દૂર રહેલો છે; તે ચંદ્રનો પુત્ર છે અને ઘણું કરી લોકોનું શુભ જ કરનારો છે. પણ જયારે તે સૂર્યથી જુદો પડે છે ત્યારે અત્યંત વાયુ, પુષ્કળ વાદળાં તથા અનાવૃષ્ટિ વગેરે ભય સૂચવે છે. એ બુધ ગ્રહની ઉપર બે લાખ યોજન દૂર મંગળનો ગ્રહ રહેલો છે. તે જ વક્ર ગતિએ ચાલતો ન હોય તો ત્રણ ત્રણ પખવાડિયે એક એક રાશિ ભોગવી બાર રાશિઓ ભોગવે છે અને ઘણું કરી તે દુઃખ- સુચક અશુભ ગ્રહ છે. એ મંગળ ગ્રહ ઉપર બે લાખ યોજન દૂર ભગવાન બૃહસ્પતિ રહેલા છે. તે જે વક્ર ન હોય તો એક એક રાશિમાં એક એક વર્ષે ફરે છે અને ઘણું કરી બ્રાહ્મણકુળને અનુકૂળ રહે છે. એ બૃહસ્પતિની ઉપર બે લાખ યોજન દૂર શનૈશ્ચરનો ગ્રહ જણાય છે. તે એક એક રાશિમાં ત્રીસ ત્રીસ મહિનાઓ સુધી રહે છે, જેથી ત્રીસ વર્ષે બાર રાશિઓ ફરી વળે છે અને ઘણું કરી સર્વને અશાંતિ કરનારો છે. એ શનૈશ્ચર ગ્રહની ઉપર અગિયાર લાખ યોજન દુર સપ્તર્ષિઓ મળે છે, જેમાં કલ્યાણનું ચિંતન કરતા ભગવાન વિષ્ણુના પરમપદ ધ્રુવસ્થાનને પ્રદક્ષિણા કર્યા કરે છે.

तत उत्तरस्मादृषय एकादशलक्षयोजनान्तर उपलभ्यन्ते य एव लोकानां शमनुभावयन्तो भगवतो
विष्णोर्यत्परमं पदं प्रदक्षिणं प्रक्रमन्तिः ॥१७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩

## ધ્રુવસ્થાનનું વર્ણન અને શિશુમારચક્રનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

अथ तस्मात्परतस्त्रयोदशलक्षयोजनान्तरतो यत्तद्विष्णोः परमं पदमभिवदन्ति यत्र ह महाभागवतो ध्रुव औत्तानपादिरग्निनेन्द्रेण प्रजापतिना कश्यपेन धर्मेण च समकालयुग्भिः सबहुमानं दक्षिणतः क्रियमाण इदानीमपि कल्पजीविनामाजीव्य उपास्ते तस्येहानुभाव उपवर्णितः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** તે સપ્તર્ષિઓની ઉપર તેર લાખ યોજન દૂર જે વિષ્ણુનું પરમપદ કહેવાય છે તે ધ્રુવ સ્થાન છે. ત્યાં હજી સુધી ઉત્તાનપાદના પુત્ર અને ભગવાનના મહાભક્ત ધ્રુવ રહે છે. એ ધ્રુવ કલ્પ સુધી જીવનારાં પ્રાણીઓના આશ્રયરૂપ હોઈ અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ તથા ધર્મ એકીસાથે (નક્ષત્રરૂપે) જોડાઈ બહૂમાનપૂર્વક એમની પ્રદક્ષિણા કરે છે. તેનો મહિમા આ ભાગવતમાં (ચતુર્થ સ્કંધમાં) મેં વર્ણવ્યો છે. ધ્રુવનો એ તારો અસ્પષ્ટ વેગવાળા ભગવાન કાળ વડે નિરંતર ભમાવાતા સર્વ ગ્રહો તથા નક્ષત્રો વગેરે જ્યોતિર્ગણોનો આધારરૂપ જાણે એક ખીલો હોય તેમ ઈશ્વરે રચેલો હોઈ નિત્ય પ્રકાશ્યા કરે છે. જેમ ધાન્યનાં ખળાની અંદર કણસલાંવાળા ધાન્યને મસળવાના હાલરામાં વચ્ચે રહેલા ખીલામાં ખેડૂતે બાંધેલા ધાન્ય મસળનારા બળદો સવાર સાંજ ને બપોરે એમ ત્રણે કાળ પોતાના સ્થાનને ઓળંગ્યા વિના ગોળ ભમ્યા કરે છે, તેમ નક્ષત્રગણો તથા ગ્રહો વગેરે પૂર્વોક્ત કાળચક્રમાં અંદર તથા બહાર જોડાઈને એ ધ્રુવસ્થાનનો જ આશ્રય કરી, વાયુથી પ્રેરણા પામતાં છેક કલ્પ સુધી ભમ્યા કરે છે. જેમ વાદળાં તથા બાજ વગેરે પક્ષીઓ વાયુને વશ થઈ પોતપોતાનાં કર્મની સહાયથી આકાશમાં ગતિ કરે છે પણ પૃથ્વી પર પડતાં નથી, તેમ જ્યોતિશ્ચક્રો પણ પ્રકૃતિ તથા પુરુષના સંયોગથી આધારપાત્ર થઈ કર્મથી નિર્માણ થયેલી ગતિવાળા હોઈ આકાશમાં ગતિ કર્યા કરે છે પણ પૃથ્વી પર પડતાં નથી. કેટલાક વિદ્વાનો વર્ણવે છે કે, પૂર્વોક્ત આ જ્યોતિશ્ચક્રો શિશુમાર (તે નામના એક જાતના સર્પ) ની કૃતિએ ભગવાન વાસુદેવની યોગધારણામાં રહેલું છે (એટલે તેને ઈશ્વર આધાર હોવાથી નીચે પડી જવાની શંકા જ નથી.) નીચા મુખવાળા અને કુંડળાકાર શરીરે રહેલા તે શિશુમારની આકૃતિવાળા જ્યોતિશ્ચક્રના પૂંછડાની અણીમાં ધ્રુવ પૂંછડીની અણીથી નીચેના ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઈન્દ્ર તથા ધર્મ, પૂંછડાના મૂળ ભાગમાં ધાતા તથા વિધાતા અને કેડમાં સપ્તર્ષિઓ રહેલા છે. જમણી બાજુ કુંડળાકાર શરીરવાળા તે જ્યોતિશ્ચક્રરૂપ શિશુમારના જમણા પડખામાં અભિજિતથી માંડી પૂનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલા છે અને ડાબા પડખામાં દક્ષિણ તરફ ગતિ કરનાર પુષ્યથી માંડી ઉત્તરાષાઢા સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલા છે. જેમ શિશુમાર (સર્પ) ગોળ કુંડાળાને આકારે શરીર વાળી રહ્યો છે, તેમ એ જ્યોતિશ્ચક્રના બંને પડખાંના અવયવો એ રીતે સમાન સંખ્યાવાળા છે. એની પીઠના ભાગમાં અજવીથી એટલે દક્ષિણમાર્ગનો પ્રથમ ભાગ છે અને પેટમાં આકાશગંગા છે, એના બંને નિતંબ ઉપર પુનર્વસુ તથા પુષ્ય નક્ષત્ર છે. બંને પાછલા પગમાં આર્દ્રા અને આશ્લેષા નક્ષત્રો છે. બંને નાકમાં અભિજિત તથા ઉત્તરાષાઢા નક્ષત્રો અનુક્રમે છે. અને નેત્રમાં શ્રવણ તથા પૂર્વાષાઢા નક્ષત્રો છે. બંને કાનમાં ધનિષ્ઠા તથા મૂળ નક્ષત્ર છે. મઘાથી અનુરાધા સુધીનાં દક્ષિણ ગતિવાળા આઠ નક્ષત્રો ડાબા પડખાના હાડપિંજરમાં છે અને મૃગશીર્ષ, રોહિણી

ને કૃત્તિકા રોજ ઉલટા ક્રમે પૂર્વાભાદ્રપદા સુધીનાં આઠ ઉત્તર ગતિવાળાં નક્ષત્રો તેમના જમણા પડખાના હાડપિંજરમાં છે; તેમ જ જમણી તથા હાબી ખાંધ ઉપર શતભિષા તથા જયેષ્ઠા નક્ષત્રો છે. એના ઉપલા જડબામાં અગસ્ત્ય છે, નીચેના જડબામાં નક્ષત્રરૂપે યમ રહે છે. મુખમાં મંગળ છે. લિંગમાં શનૈશ્ચર છે, ગળાની પીઠના અગ્ર ભાગમાં બૃહસ્પતિ છે, વક્ષઃસ્થળમાં સૂર્ય છે, હૃદયમાં નારાયણ છે, મનમાં ચંદ્રમા છે, નાભિમાં શુક્રાચાર્ય છે, બે આંચળોમાં બે અશ્વિનીકુમારો છે. પ્રાણ તથા અપાનમાં બુધ છે, ગળામાં રાહુ છે, સર્વ અંગોમાં કેતુઓ છે અને રૂંવાડાંમાં સર્વ તારાગણો છે. ભગવાન વિષ્ણુનું આ શિશુમારાકૃતિથી જ્યોતિશ્ચક્ર સ્વરૂપ સર્વ દેવતામય છે. તેનું નિત્ય સંધ્યાસમયે મનુષ્યે સાવધાન થઈ વાણીને નિયમમાં રાખી દર્શન કરતાં આ મંત્રથી ઉપાસન કરવું જોઈએ. **नमो ज्योतिर्लोकाय कालायनायानिमिषां पतये महापुरुषायाभिधीमहि ॥**

સર્વ જ્યોતિશ્ચક્રના આશ્રયરૂપ કાળચક્રરૂપ તથા સર્વ દેવોના સ્વામી મહાપુરુષને અમે નમસ્કાર કરીએ છીએ અને તેમનું ધ્યાન કરીએ છીએ.' જે મનુષ્ય ગ્રહો, નક્ષત્રો તથા તારાઓમય, સર્વ દેવોના નિયંતા રૂપ અને પૂર્વોક્ત મંત્રનો જપ કરનારાઓનાં પાપોનો નાશ કરનાર એ શિશુમારચક્રને ત્રિકાળ નમસ્કાર કે સ્મરણ કરે છે, તેનાં તે કાળે ઉત્પન્ન થયેલાં પાપો તરત નાશ પામે છે. ૧-૯

ग्रहर्क्षतारामयमाधिदैविकं पापापहं मन्त्रकृतां त्रिकालम् । नमस्यतः स्मरतो वा त्रिकालं नश्येत तत्कालजमाशु पापम् ॥९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાળનું વર્ણન

**॥ श्रीशुक उवाच ॥**

अधस्तात्सवितुर्योजनायुते स्वर्भानुर्नक्षत्रवच्चरतीत्येके योऽसावमरत्वं ग्रहत्वं चाऽलभत भगवदनुकम्पया स्वयमसुरापसदः सैंहिकेयो ह्यतदर्हः तस्य तातं जन्मकर्माणि चोपरिष्टाद्वक्ष्यामः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ સૂર્યની નીચે દસ હજાર યોજને રાહુ ગ્રહ નક્ષત્રની પેઠે ફરે છે એમ કેટલાક વિદ્વાનો કહે છે. એ રાહુ પોતે સિંહિકાનો પુત્ર હોઈ અધમ અસુર હતો, જેથી અમરપણાને તથા ગ્રહપણાને અયોગ્ય હતો; છતાં ભગવાનની કૃપાથી તે અમરપણું તથા ગ્રહપણું પામ્યો છે. હે તાત ! એ રાહુનાં જન્મ તથા કર્મ આગળ (અષ્ટમ સ્કંધમાં) હું કહીશ. તપતા આ સૂર્યમંડળનો વિસ્તાર દશ હજાર યોજન કહે છે, ચંદ્રમંડળનો વિસ્તાર બાર હજાર યોજન અને રાહુના મંડળનો વિસ્તાર તેર હજાર યોજન છે. રાહુ ચંદ્ર તથા સૂર્ય ઉપર વેર રાખી કોઈ પૂનમ કે અમાસના દિવસે તે ચંદ્રમંડળ તથા સૂર્યમંડળને ઢાંકી દેતો સૂર્ય-ચંદ્રની સામે દોડે છે. તે જાણી ભગવાને સૂર્ય તથા ચંદ્રનું રક્ષણ કરવા પોતાનું પ્રિય ચક્ર સુદર્શન (સૂર્યચંદ્ર આગળ) રાખ્યું છે, તે ચક્ર તેજથી દુઃસહ હોઈ વારંવાર ચોતરફ ત્યાં ભમે છે, તેની સામે રાહુ બે ઘડી ઊભો રહે છે અને અત્યંત ખેદ પામી ભયભીત હૃદયે ચંદ્ર સૂર્યના દૂર પ્રદેશથી જ પાછો ફરે છે. આમ (જેટલો સમય રાહુ સૂર્ય તથા ચંદ્રમંડળની આડે આવી ઊભો રહે તેટલા સમયને) લોકો ગ્રહણ થયું કહે છે. જો રાહુ ગ્રહની નીચે તેટલા જ યોજન દૂર (દશ હજાર યોજને) સિદ્ધો, ચારણો તથા વિદ્યાધરોનાં સ્થાનો છે. તેઓની નીચે પિશાચો, પ્રેતો તથા ભૂતગણોના વિહારનું સ્થાન અંતરિક્ષ છે. એ અંતરિક્ષની

અવધિ જ્યાં સુધી પુષ્કળ વાયુ વાય છે અને જ્યાં મેઘો છે ત્યાં સુધીની છે, તેની નીચે સો યોજનને અંતર આ પૃથ્વી છે. સો યોજનના આ અંતર સુધી જ હંસ, ગીધ, બાજ અને અને ગરુડ વગેરે મોટાં પક્ષીઓ, ઊડી શકે છે, પૃથ્વીની જે પ્રમાણે રચના અને સ્થિતિ છે, તેનું તો મેં વર્ણન કર્યું. હવે પૃથ્વીની નીચે સાત વિભાગો છે, તેનું વર્ણન કરું છું. પૃથ્વીની નીચે સાત પાતાળો છે. તેઓનો એકએકનો ઊંચો વિસ્તાર દશ દશ હજાર યોજન છે અને લંબાઈ ને પહોળાઈ પણ તેટલી જ છે. તેઓનાં નામ અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ ને પાતાલ છે. એ પૃથ્વીનાં દર જેવાં છે. આ સ્વર્ગોમાં ગૃહસ્થાશ્રમી દૈત્યો, દાનવો તથા નાગો સ્વર્ગ કરતાં પણ અધિક કામનાઓ, ભોગો, ઐશ્વર્યો, આનંદ તથા વિભૂતિઓ વડે અત્યંત સમૃદ્ધિવાળાં ઘરોમાં, બાગબગીઓમાં, રમવાનાં સ્થાનોમાં તથા વિહાર કરવાનાં સ્થળોમાં માયાઓથી વિનોદ કરતા વસે છે. તેઓની કામનાઓ ઈશ્વરથી પણ ભાંગી શકાતી નથી અને તેઓનાં સ્ત્રીઓ, છોકરાં, સંબંધીઓ, મિત્રો તથા સેવકો નિત્ય આનંદ અને પ્રેમમાં મગ્ન રહે છે. હે મહારાજ ! એ પાતાળોમાં માયાવી મયદાનવે બનાવેલી નગરીઓ શોભે છે, જે નગરીઓ અનેક જાતનાં સર્વોત્તમ મુખ્ય મણિઓથી બનાવેલાં તરેહતરેહનાં ઘર, કિલ્લા, દરવાજા, સભાગૃહો, દેવમંદિર, ચૌટા તથા બીજાં ઘણાં સ્થાનોથી સુશોભિત છે અને નાગોનાં જોડાં અસુરોનાં જોડેલાં કબૂતરો, પોપટો તથા મેનાઓથી વ્યાપ્ત મજલાઓવાળા તે તે પાતાળોના અધિપતિઓના ઉત્તમ મહેલોથી દીપે છે. ત્યાંનાં બાગબગીચાઓ મન તથા ઈંદ્રિયોને અત્યંત આનંદ આપનાર, પુષ્પ તથા ફળના ગુચ્છાઓ અને સુંદર નવપલ્લવોથી ઝુકતી સુંદર ડાળીઓવાળાં અને લતાઓનાં અંગોથી ભેટાયેલાં વૃક્ષોની શોભા વડે શોભે છે. તેમ જ નિર્મળ જળથી ભરેલાં ને જાતજાતનાં પક્ષીઓનાં જોડકાંવાળાં જળાશયોની શોભા વડે પણ તે બાગબગીચાઓ શોભે છે. ત્યાં માછલાંની ક્રીડાઓથી તરંગલહરીઓવાળાં જળાશયોના જળથી અંદર કમળો, કાળાં કમળો, લાલ કમળો તથા સો પાંખડીઓવાળાં કમળો વગેરેનાં વનોમાં પક્ષીઓએ પોતાના માળાઓ બાંધ્યા છે. તે પક્ષીઓના અખંડ વિહારોને લીધે જામેલા તરેહ તરેહના મધુર સ્વરો વગેરેથી ત્યાં ઇન્દ્રિયોને ખૂબ આનંદ મળે છે, તેને લીધે તે ઉદ્યાનો દેવલોકની શોભા કરતાં પણ ઘણાં ચડિયાતાં છે. ત્યાં સૂર્ય વગેરેનો અભાવ છે, તેથી દિવસો, રાત્રિઓ વગેરે કાળના વિભાગનો ભય નથી. વળી ત્યાં મોટા મોટા શ્રેષ્ઠ સર્પોના મરકતમણિઓ સર્વ અંધકારને દૂર કરે છે. જેઓ એ પાતાળોમાં રહે છે તેઓને દિવ્ય ઔષધિઓના રસો, રસાયણો, અન્ન, પાન તથા સ્નાન વગેરે સેવવાથી મનની પીડાઓ, શરીરના રોગો, વળિયાં-પળિયાં તથા ઘડપણ વગેરે અને શરીરની ફીકાશ, દુર્ગંધ, પરસેવો, થાક, અનુત્સાહ કે વયની અવસ્થાએ-એ કંઈ થતું નથી. વળી ત્યાંનાં મંગળસ્વરૂપ પ્રાણીઓનું મૃત્યુ ભગવાનના તેજરૂપ સુદર્શનચક્ર વિના બીજા કોઈથી કદી થતું નથી, એ સુદર્શનચક્ર ત્યાં પ્રવેશ કરે છે, ત્યારે અસુરોની સ્ત્રીઓના ગર્ભો ઘણું કરી તેના ભયથી જ સ્રવી જઈને પડી જાય છે. એ પાતાળોમાં પહેલા અતલમાં મયદાનવનો પુત્ર બલ નામે અસુર રહે છે, જેણે ત્યાં છન્નું પ્રકારની માયાઓ રચી છે. તેમાંની કેટલીક માયાઓ તો હજી પણ કેટલાક માયાવી પુરુષો ધારણ કરે છે. એ બલ અસુરે એક વેળા બગાસું ખાધું ત્યારે તેના મુખમાંથી સ્વૈરિણી, કામિની તથા પુંશ્ચલી નામની ત્રણ જાતની સ્ત્રીઓનાં ટોળાં ઉત્પન્ન થયાં હતાં. એ સ્ત્રીઓ પાતાળમાં પેઠેલા પુરુષને હાટક નામના સોનાના રસ વડે સંભોગ કરવામાં સમર્થ કરે છે અને પછી તે પુરુષને પોતાનાં વિલાસયુકત દર્શનથી, સ્નેહયુક્ત મંદહાસ્યથી, પરસ્પર પ્રેમભાષણથી તથા આલિંગન વગેરેથી ઇચ્છાનુસાર રમાડે છે. તે હાટક સુવર્ણનો રસ સેવવાથી પેલો પુરુષ પણ દશ હજાર મોટા હાથીઓ સમાન બળવાળો બની જાણે મદાંધ બન્યો હોય, તેમ પોતાને ‘હું ઈશ્વર છું, સિદ્ધ છું’ એમ માને

છે અને બડાઈ હાંકે છે. એ અતલની નીચે વિતલમાં ભગવાન હાટકેશ્વર મહાદેવ પોતાના પાર્ષદોથી વીંટાઈ પ્રજાપતિની સૃષ્ટિમાં વૃદ્ધિ કરવા માટે પાર્વતીની સાથે યુગલરૂપે રહે છે. એ મહાદેવ તથા પાર્વતીના વીર્યમાંથી ત્યાં હાટકી નામની શ્રેષ્ઠ નદી વહે છે. તેના જળને વાયુથી વધેલો અગ્નિ બળથી પી જાય છે અને પછી તે પીધેલા પાણીને થુંકી નાંખે છે, તેમાંથી હાટક નામનું સોનું ઉત્પન્ન થાય છે, જેનાં આભૂષણો બનાવી અસુર રાજાઓના અંતઃપુરમાં પુરુષો તથા સ્ત્રીઓ પહેરે છે. એ વિતલની નીચે સુતલ નામનું પાતાલ છે. ત્યાં ઉદાર કીર્તિવાળો અને પવિત્ર યશવાળો વિરોચનનો પુત્ર બલિરાજા હજી રહે છે. તેની પાસેથી ઇંદ્રનું પ્રિય કરવા ઈચ્છતા ભગવાને અદિતિ દ્વારા શરીર સ્વીકારી બટુક—વામન સ્વરૂપે થઈ પ્રથમ ત્રણ લોક પડાવી લીધા હતા. પછી પોતે જ ફરી દયા કરી એ સુતલમાં તેને સ્થાપ્યો છે, એ બલિરાજા ઈંદ્ર વગેરે પાસે પણ ન હોય તેવી વિશાળ સમૃદ્ધિથી સેવાઈ રહ્યો છે અને આરાધન કરવા યોગ્ય તે જ ભગવાનને આરાધતો, નિર્ભય રહે છે. એ બલિને પાતાળનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે તે તેમણે કરેલા ભૂમિદાનનું ફળ ન સમજવું કારણ કે સમગ્ર જીવસમૂહના જીવરૂપ, આત્મા, પરમાત્મા અને ઉત્તમ તીર્થરૂપ ભગવાન વાસુદેવરૂપી મળેલા પાત્રમાં પરમ શ્રદ્ધા તથા પરમ આદરયુક્ત એકાગ્ર મનથી તેમણે પ્રસિદ્ધ ભૂમિદાન કર્યું તે સાક્ષાત મોક્ષના જ દ્વારરૂપ હતું. વળી છીંક ખાવી, પડી જવું, ઠોકર વાગવી વગેરે પ્રસંગોમાં એક વાર ભગવાનનું નામ લેતો પુરુષ પરવશ હોય, તોપણ તત્કાળ કર્મબંધન તજે છે કે જેને તજવા મુમુક્ષાઓ બીજા પ્રકારે જ પ્રયત્ન કરે છે, (યોગ, સાંખ્ય, વગેરે અનેક કલેશો અનુભવે છે) જે ભગવાન પોતાના આત્મજ્ઞાની ભકતોને પોતાનો આત્મા અને જ્ઞાન આપે છે, તે ભગવાનને બલિરાજાએ સ્વ-સ્વરૂપ માનીને જે ભૂમિદાન કર્યું હતું. તેનું ફળ પાતાળનું ઐશ્વર્ય જ ન હોઈ શકે, પણ મોક્ષ રૂપ જ હોવું જોઈએ. ભગવાને બલિરાજાને પાતાળનું ઐશ્વર્ય આપ્યું, એ ખરી રીતે તેના પર કંઈ કૃપા કરી નથી; કારણ કે પરમાત્માના સ્મરણનો નાશ કરનારું માયામય ભોગોનું ઐશ્વર્ય જ ભગવાને તેને આપ્યું છે (અને તે તો એકાંતભકતને માત્ર વિઘ્ન રૂપ જ ગણાય છે.) ભગવાનને કોઈ ઉપાય ન મળ્યો, ત્યારે તેમણે યાચના કરવાના બહાનાથી બલિરાજા પાસેથી માત્ર તેના શરીર વિના ત્રણે લોક પડાવી લીધા, તેને વરુણના પાશોથી બાંધી જેમ કોઈ પર્વતની ગુફામાં ધકેલી દે તેમ પાતાળનાં છિદ્રોમાં ધકેલી દીધો; છતાં તે વેળા બલિરાજા આ પ્રમાણે બોલ્યો હતો : ‘‘ખરેખર ખેદની વાત છે કે આ ઇંદ્ર વિદ્વાન છે તોપણ પુરુષાર્થ મેળવવામાં અવશ્ય અતિ નિપુણ નથી, કારણ કે ઈંદ્રે પોતાની સાથે એકાંતમાં વિચાર ચલાવવા બૃહસ્પતિને મંત્રી તરીકે સ્વીકાર્યા છે, છતાં આ ઉપેન્દ્ર ભગવાન દ્વારા મારી પાસેના માત્ર ત્રણ લોકની કામનાઓની જ માંગણી કરી, પણ તે ભગવાનની પોતાની જ અથવા તેમના દાસત્વની માગણી કરી નહિ; કારણ કે અત્યંત ગંભીર વેગવાળા કાળની પાસે માત્ર એક જ મન્વંતરમાં ઊલટ-સુલટ થતાં આ ત્રણ લોક શું હિસાબમાં છે. ? (એ તે અતિ નાશવંત અને તુચ્છ વસ્તુ છે; માટે ભગવાન પ્રસન્ન થયા હતા, તો ઈંદ્રે ભગવાનને જ માંગી લેવા યોગ્ય હતા. ત્રણ લોકની તેને જરૂર જ હતી, તો તેણે મારી પાસે માત્ર બૃહસ્પતિને જ મોકલવો હતો કારણ કે હું તો હર કોઈ બ્રાહ્મણને મારું સર્વસ્વ આપી દેવા તૈયાર જ હતો, છતાં ઇંદ્રે ભગવાન દ્વારા ત્રૈલોક્યની માગણી કરી. તે કેવળ મૂર્ખાઈ જ કરી છે) અરે ! અમારા દાદા પ્રહ્લાદજીએ પણ ભગવાનની પાસે તેમનું દાસત્વ જ માંગી લીધું હતું પણ પોતાના પિતા મરણ પામ્યા ત્યારે ભગવાને પોતે આપવા માંડેલું પિતાનું નિર્ભય રાજ્યપદ માગ્યું ન હતું; કારણ કે પ્રહ્લાદજી સમજતા હતા કે આ રાજ્યપદરૂપી વસ્તુ તો ભગવાનથી જુદી જ છે અને તેથી જ તેમણે તે લીધી ન હતી જેના રાગદ્વેષાદિ મેલ દૂર થયા નથી અને તેથી જ જેના પર ભગવાનની કૃપા ઓછી છે, એવો અમારા

જેવો કયો મનુષ્ય એ મહાનુભાવ પ્રહ્‌લાદજીના માર્ગે જવાની ઈચ્છા પણ કરી શકે ? બલિરાજાનું એ ચરિત્ર આગળ (અષ્ટમ સ્કંધમાં) કહેવાશે. જે રાજાના દ્વારમાં સમગ્ર જગતના ગુરુ અને પોતાના ભકતે પર કૃપાયુક્ત હૃદયવાળા ભગવાન નારાયણ પોતે, હાથમાં ગદા લઈ ઊભા રહ્યા છે. જે શ્રીનારાયણે રાવણ જ્યારે દિગ્વિજય કરવા નીકળ્યો અને બલિરાજાના દ્વારમાં પેસતો હતો, ત્યારે માત્ર પોતાના પગના અંગૂઠાથી જ તેને લાખો યોજન દૂર ફેંકી દીધો હતો, તે સુતલની નીચે તલાતલમાં મય નામનો દાનવોને રાજા પૂજાય છે ને સુખથી રહે છે. એ દાનવરાજા ત્રણ (માયાવી) નગરનો અધિપતિ હતો, પણ ત્રણે જગતનું કલ્યાણ કરવા ઈચ્છતા ભગવાન શંકરે એ દાનવનાં ત્રણે નગરો બાળી નાખ્યાં હતાં. પછી ફરી તે દાનવે શંકરભગવાનની કૃપાથી પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે દાનવ માયાવી પુરુષોને તો આચાર્ય છે અને મહાદેવજી પોતે તેની રક્ષા કરે છે, તેથી તેને ભગવાનના સુદર્શન ચક્રનો પણ ભય નથી. તે તલાતલની નીચે મહાતલ છે, ત્યાં કદ્રુના પુત્ર સર્પોનો ક્રોધવશ નામનો સમુદાય વસે છે, તે સર્પોને અનેક માથાં હોય છે. તેમાં કુહક, તક્ષક, કાલિય તથા સુષેણ વગેરે મુખ્ય છે. તેઓનાં શરીર મોટાં હોય છે. તેઓ શ્રીહરિના વાહન ગરુડથી હમેશાં ભયભીત રહે છે અને પોતાનાં સ્ત્રી, પુત્ર, મિત્ર તથા કુટુંબના સંગને લીધે તેઓ કોઈ કોઈ વખતે પ્રમાદી થઈ ફર્યા કરે છે. એ મહાતલની નીચે રસાતલ છે. ત્યાં પણ નિવાતકવચ તથા કાલેય નામના હિરણ્યપુરમાં વસનારા દૈત્યો તથા દાનવો રહે છે. તેઓ જન્મથી જ દેવોના શત્રુ, મહાબળવાન અને મહાસાહસિક હોય છે; તે છતાં તેઓનાં બળ તથા ગર્વ સમગ્ર લોક કરતાં પ્રભાવશાળી શ્રીહરિનાં જ સુદર્શનચક્રથી નાશ પામ્યાં છે, તેથી દરમાં રહેનારા સર્પોની પેઠે એ પાતાલમાં તેઓ રહે છે અને ઈંદ્રની દૂતી સરમા નામની દેવોની કૂતરીની મંત્રવર્ણવાળી વાણીને લીધે ઈંદ્રથી ડરે છે એ રસાતલની નીચે પાતાલ છે, ત્યાં વાસુકિ વગેરે નાગલોકોના રાજાઓ રહે છે. તેમાં શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર તથા દેવદત્ત વગેરે મુખ્ય છે, તેઓનાં શરીર મોટાં હોય છે, તેઓ ઘણા જ ક્રોધી હોય છે.. તેમાંના ઘણાને પાંચ, સાત, દસ, સો કે હજાર મસ્તકો પણ હોય છે. તેઓનાં મસ્તકો પર એવા તેજસ્વી મહામણિઓ જન્મસિદ્ધ હોય છે કે જેઓ પાતાલરૂપી ગુફામાં રહેલા સર્વ અંધકારનો પોતાની કાંતિ વડે નાશ કરે છે. ૧-૩૧

ततोऽघस्तात्पाताले नागलोकपतयो वासुकिप्रमुखाः शङ्खकुलिकमहाशङ्खश्वेतधनञ्जयधृतराष्ट्रशङ्खचूडकम्बलाश्वतरदेवदत्तादयो महाभागिनो महामर्षा निवसन्ति तेषामु ह वै पञ्चसप्तदशशतसहस्रशीर्षाणां फणासु विरचिता महामणयो राचिष्णवः पातालविवरतिमिरनिकरं स्वरोचिषा विधमन्ति ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## અધ્યાય-૨૫
## પાતાળોની નીચે ભગવાન શેષનાગની સ્થિતિ

॥ श्रीशुक उवाच ॥

तस्य मुलदेशे त्रिंशद्योजनसहस्रान्तर आस्ते या वै कला भगवतस्तामसी समाख्यातानन्त इति सात्वतीया द्रष्टृदृश्ययोः सङ्कर्षणमहमित्यभिमानलक्षणं यं सङ्कर्षणभित्याचक्षते ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** સાત પાતાલની નીચે ત્રીસ હજાર યોજનના અંતરે ભગવાનની તામસી કળારૂપ ભગવાન શેષનાગ રહે છે. તે ભગવાન 'અનંત' એવા નામથી પ્રસિદ્ધ હોઈ સાત્વતતંત્રના અનુયાયીઓ (ચતુર્વ્યૂહની ઉપાસનામાં) તેમને 'સંકર્ષણ' કહે છે કારણ કે એ ભગવાન 'अहम्' એવા

અભિમાનના લક્ષણવાળા હોઈ (અહંકારના અધિષ્ઠાતા છે તેથી જ) આત્મા તથા દેહની એકતાનું ભાન કરવામાં કારણ થાય છે, માટે જ તે સંકર્ષણ કહેવાય છે. અનંત મૂર્તિવાળા અને હજાર મસ્તકોવાળા તે ભગવાનના એક જ મસ્તક પર રહેલું આ ભૂમંડળ જાણે એક સરસવનો દાણો હોય તેવું જણાય છે, એ ભગવાન શેષનાગ પ્રલયકાળે આ જગતનો સંહાર કરવા ઈચ્છે, ત્યારે ક્રોધથી વાકી થયેલી તેમની ભમતી બે સુંદર ભ્રૂકુટિ વચ્ચેથી સંકર્ષણ ત્રણત્રણ નેત્રોવાળા અને ત્રણ અણીઓવાળા ત્રિશૂળને ઉગામી રહ્યા હોય છે, તે અનંત ભગવાનનાં બંને ચરણકમળના લાલ ઉજ્જવળ નખોરૂપી મણિમંડળમાં મોટા નાગરાજાઓ ઉત્તમ ભકતો સાથે એકાંત ભક્તિયોગથી નમન કરે છે, તે વેળા એ નખોરૂપી મણિઓમાં ઝળકતાં કુંડળોની કાંતિથી સુશોભિત ગંડસ્થળોવાળાં પોતાનાં અતિ મનોહર મુખને અત્યંત હર્ષિત મન વડે જુએ છે. વળી એ સંકર્ષણ ભગવાનના આશીર્વાદો ઈચ્છતી નાગરાજાઓની કુમારિકાઓ એમના સુંદર બાજુબંધવાળા, સુશોભિત, ઉજ્જવળ, વિશાળ ધોળા રંગના, મનહર અને દેદીપ્યમાન ભુજાઓરૂપી રૂપાના સ્તંભો ઉપર અગર, ચંદન તથા કેસરના વિલેપનથી લેપન કરે છે ત્યારે તે કુમારીઓ એમના સ્પર્શથી વિકાર પામેલા હૃદયમાં કામનો આવેશ થવાથી સુંદર લલિત મંદહાસ્ય કરે છે. તે વેળા પ્રેમ તથા મદથી ઘેરાતાં લગાર લાલ નેત્રો વડે દયાપૂર્વક જોતા તે ભગવાનના મુખકમળને લજ્જાપૂર્વક જુએ છે. અનંત ગુણોના સમુદ્ર, આદિદેવ અને અસહિષ્ણુતા તથા ક્રોધના વેગનો જેમણે નાશ કર્યો છે, એવા તે ભગવાન અનંત લોકોના કલ્યાણ માટે ત્યાં રહે છે. દેવો, અસુરો, સર્પો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો તથા મુનિગણો તેમનું ધ્યાન કરે છે. તેમનાં નેત્રો નિત્ય મદથી આનંદિત અને વિહવળ રહે છે. પોતાના પાર્ષદ દેવગણોના સ્વામીઓને વચનામૃતથી તે હર્ષ પમાડે છે. શ્યામ વસ્ત્ર અને એક જ કુંડળ પહેરે છે. પોતાની મનોહર ભુજાને તેમણે હળની પીઠ પર મૂકી છે, તે ઉદાર ચરિત્રવાળા છે. જેનો રંગ કદી કરમાતો નથી એવી નવી તુલસીના સુગંધી મકરંદના રસને લીધે મદોન્મત્ત બનેલા ભમરાઓનાં ટોળાંનાં મધુર ગાનથી શોભતી પોતાની વૈજયંતી નામની વનમાળા, જેમ ઇંદ્રનો હાથી સોનાની સાંકળ ધારણ કરે છે તેમ ધારણ કરે છે. વળી જે ભગવાન પોતાનું એ પ્રમાણેનું ચરિત્ર જો કોઈ મુમુક્ષુઓ સાંભળે છે કે પોતાનું ધ્યાન કરે છે, તો તેઓની અનાદિ કાળની કર્મવાસનાથી ગૂંથાયેલી, અવિદ્યામય તથા સત્વગુણ, રજોગુણ અને તમોગુણમય એવી હૃદયની (અભિમાનરૂપી) ગાંઠને તેઓના હૃદયમાં પ્રવેશ કરી સત્વર નાશ કરે છે. એ અનંત ભગવાનના પ્રભાવોને બ્રહ્માના પુત્ર ભગવાન નારદે બ્રહ્માની સભામાં તુંબુરુ નામના ગંધર્વની સાથે રહી આ પ્રમાણે વર્ણવ્યા હતા. ૧-૮

॥ प्रहर्षिणीवृत्तम् ॥

उत्पत्तिस्थितिलयहेतवोऽस्य कल्पाः सत्त्वाद्याः प्रकतिगुणा यदीक्षयाऽऽसन् ।
यद्रूपं ध्रुवमकृतं यदेकमात्मन् नानाधात् कथमु ह वेद तस्य वर्त्म ॥९॥
मूर्ति नः पुरुकृपया बभार सत्त्वं संशुद्ध सदसदिदं विभाति यत्र ।
यल्लीलां मृगपतिराददेनवद्यामादातुं स्वजनमनांस्युदारवीर्यः ॥१०॥
यन्नाम श्रुतमनुकीर्तयेदकस्मादार्त्तो वा यदि पतितः प्रलम्भनाद्वा ।
हन्त्यंहः सपदि नृणामशेषमन्यं कं शेषाद् भगवत आश्रयेन्मुमुक्षुः ॥११॥
मूर्धन्यर्पितमणुवत् सहस्रमूर्न्धो भुगोलं सगिरिसरित्समुद्रसत्वम् ।
आनन्त्यादनिमितविक्रमस्य भूम्नः को वीर्याण्यधिगणयेन् सहस्रजिह्वः ॥१२॥

'જેમની માત્ર દૃષ્ટિ પડવાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો પોતપોતાનું કાર્ય કરવા સમર્થ થયા; જેમનું સ્વરૂપ અનંત અને અનાદિ છે કારણ કે જે પોતે એક જ છે છતાં પોતાના આત્મા વિષે અનેક કાર્ય પ્રપંચ જેમણે ધારણ કર્યો છે, તે બ્રહ્મસ્વરૂપ શેષનાગ ભગવાનના માર્ગને પુરુષ કેવી રીતે જાણી શકે ? જે ભગવાન વિષે આ કાર્યકારણાત્મક જગત જણાય છે, પોતાના ભકત પુરુષોનાં મનને આકર્ષિત કરવા જેમણે કરેલી વીરતાપૂર્ણ લીલાને પરમપરાક્રમી સિંહે આદર્શ માનીને અપનાવી છે અને જેમનાં પરાક્રમો ઉદાર છે, તે શેષ ભગવાને આપણા ઉપર પૂર્ણ કૃપાથી શુદ્ધ તત્ત્વગુણમય મૂર્તિ ધારણ કરી છે. જો કોઈ દુઃખી થવા મહાપાપી મનુષ્ય પણ જેમના નામને અકસ્માત સાંભળી દુઃખ કે હાંસીથી પણ ઉચ્ચારે, તોપણ તત્કાળ તે પોતે પોતાનાં જ પાપનો નાશ કરે છે, એટલું જ નહિ પણ બીજા મનુષ્યોનાં પણ સમગ્ર પાપોનો સત્વર નાશ કરે છે, આવા શેષભગવાનને છોડી મુમુક્ષુ બીજા કોનો આશ્રય કરે ? હજાર મસ્તકોવાળા જે ભગવાનના એક જ મસ્તક પર રહેલું પર્વતો, નદીઓ, સમુદ્રો તથા સર્વ પ્રાણીઓ સહિત આ ભૂમંડળ એક પરમાણુ જેવડું જણાય છે, તે અનંત હોવાથી અપાર પરાક્રમવાળા વ્યાપક શેષભગવાનનાં પરાક્રમોને હજાર જીભવાળો પણ કયો પુરુષ ગણી શકે તેમ છે ? આવા પ્રભાવવાળા ભગવાન શેષનાગ અપાર પરાક્રમવાળા, ઘણા ગુણોવાળા, મહાપ્રતાપી, પૃથ્વીના મૂળમાં રહેલા છે. પોતે પોતાના જ આધારવાળા અને જગતના રક્ષણ માટે લીલાથી પૃથ્વી ધારણ કરે છે. કામનાઓ ઈચ્છતા મનુષ્યો પોતપોતાનાં કર્મો પ્રમાણે નિર્માણ કરાયેલી આ ગતિઓ જ પામવા યોગ્ય છે અને તેઓનું જ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેં અહીં વર્ણન કર્યું છે. હે રાજન્ ! પુરુષનાં પ્રવૃત્તિરૂપ લક્ષણવાળા ધર્મના ફળરૂપ નાનીમોટી ગતિઓ આટલી જ છે, તે તમારા પ્રશ્નાનુસાર જુદી જુદી મેં તમને કહી. હવે બીજું હું શું કહું ? ૧-૧૫

एतावतीर्हि राजन् पुंसः प्रवृत्तिलक्षणस्य धर्मस्य विपाकगतय उच्चावचा विसदृशा यथाप्रश्नं व्याचख्ये किमन्यत्कथयाम इति ॥१५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૫ સમાપ્ત.*

## અધ્યાય-૨૬
## નરકોનું વર્ણન

॥ राजोवाच ॥

महर्षे एतद्वैचित्र्यं लोकस्य कथमिति ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે મહર્ષિ ! લોકોને આવી જુદી જુદી ગતિઓ પ્રાપ્ત થાય છે તેનું શું કારણ છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** કર્મ કરનાર પુરુષ ત્રિગુણાત્મક હોય છે, તેથી તેની શ્રદ્ધા પણ ત્રિગુણાત્મક હોય છે. તેને લીધે સર્વને કર્મની સર્વ ગતિઓ જુદી જુદી અને નાની-મોટી પ્રાપ્ત થાય છે. હવે જેને માટે શાસ્ત્ર નિષેધ કરેલો છે, તે અધર્મ કરનારા પુરુષની શ્રદ્ધા પણ તે જ પ્રમાણે જુદી જુદી હોય છે. અને એ રીતે અધર્મ કરતા પુરુષને પણ જુદાં જુદાં કર્મફળ પ્રાપ્ત થાય છે કારણ કે અનાદિ અવિદ્યાને લીધે જેઓએ કામભોગ સેવ્યા છે, તેવાં પ્રાણીઓને એના ફળરૂપે હજારો નરકગતિઓ પ્રાપ્ત થાય છે. માટે હવે તેમને મુખ્યત્વે વર્ણવીશું.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે ભગવન્ ! તે નરક નામે શું કોઈ દેશ છે અને તે ત્રણ લોકની બહાર છે કે વચ્ચે છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ નરકલોક ત્રણ જગતની વચ્ચે જ છે. દક્ષિણ દિશામાં ભૂમિની નીચે જળની ઉપર તે રહ્યા છે કે જે દિશામાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃગણો ચિત્તની પરમ એકાગ્રતાથી પોતાના વંશજોને સત્ય આશીર્વાદ આપતા વસે છે. ત્યાં પોતાના ગણો સાથે રહેલા ભગવાન પિતૃરાજ યમદેવ પોતાના દૂતોએ પોતાના પ્રદેશમાં આણેલાં, મૃત્યુ પામેલા પ્રાણીઓને તેઓનો કર્મો પ્રમાણે ભગવાનની આજ્ઞામાં રહી નરકયાતનારૂપ નિર્દોષ શિક્ષા કરે છે. ત્યાં કેટલાક વિદ્વાનો એકવીસ નરકોની ગણતરી કરે છે. હે રાજા ! તેઓનાં નામો, રૂપો, તથા લક્ષણો હું તમને અનુક્રમે કહું છું : તામિસ્ત્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસૂર્મિ, વજ્ર કંટક-શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન- આ એકવીસ નરકો છે. ઉપરાંત ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ નામનાં બીજાં પણ સાત નરકો છે (એમ કેટલાક માને છે.) આ અઠ્ઠાવીસ નરકો જાતજાતનાં દુઃખ ભોગવવાની જ ભૂમિઓ છે. તેમાં જે મનુષ્ય પારકાં ધન, છોકરાં કે સ્ત્રીનું હરણ કરે છે, તેને (મરણ સમયે) અતિ ભયંકર યમદૂતો કાળપાશથી બાંધે છે અને બળજબરીથી તામિસ્ર નામના નરકમાં નાખે છે. ત્યાં એ પ્રાણીને ખોરાક બંધ કરવો, પાણી ન આપવું લાકડીઓનો માર મારવો અને તિરસ્કાર કરવો વગેરે દુઃખો આપી દુઃખી કરવામાં આવે છે, તેને લીધે તે જ સમયે બેભાન થઈ લગભગ અંધકારવાળા તે નરકમાં એ પ્રાણી મૂર્છા પામે છે. એ જ પ્રમાણે જે મનુષ્ય બીજા કોઈ પુરુષને ઠગી તેની સ્ત્રી વગેરેને ભોગવે છે, તેને યમદૂતો અંધતામિસ્ર નામના નરકમાં નાખે છે. તે સ્થળે દુઃખમાં પડેલા તે પ્રાણીની બુદ્ધિ અને દૃષ્ટિ વેદનાને લીધે નાશ પામે છે અને કપાતાં મૂળિયાંવાળા ઝાડ જેવી બેભાન સ્થિતિમાં તે જઈ પડે છે. એ જ કારણથી એ નરક 'અંધતામિસ્ર' કહેવાય છે. જે આ લોકમાં 'આ શરીર તે હું છું,' 'આ ધન વગેરે મારું છે' એમ 'હું—મારું' કરી પ્રાણીઓનો દ્રોહ કરી તે દ્વારા કેવળ પોતાના કુટુંબનું હમેશાં પોષણ કરે છે, તે મનુષ્ય એ કુટુંબ વગેરેને અહીં જ છોડી દઈ પોતે જ પોતાનાં તે પાપને લીધે રૌરવ નામના નરકમાં પડે છે. આ મનુષ્યલોકમાં એ મનુષ્યે બીજાં પ્રાણીઓને જે રીતે મારી નાખ્યાં હોય છે, તે જ પ્રમાણે તે મરાયેલાં પ્રાણીઓ યમલોકમાં યમયાતના ભોગવવા ગયેલા તે મનુષ્યને 'રુરુ' નામના પશુનું રૂપ લઈ મારી નાખે છે. તેથી જ એ નરકસ્થાનને વિદ્વાનો 'રૌરવ' કહે છે. 'રુરુ' એ સર્પ કરતાં પણ અત્યંત ક્રૂર એક પ્રાણીનું નામ છે. એ જ પ્રમાણે 'મહારૌરવ' નામનું જે નરક છે, તેમાં પડેલા મનુષ્યને પણ માંસાહારી એ રુરુ પશુઓ માંસ માટે ફાડી ખાય છે જેણે પોતાના શરીરનું જ પોષણ કર્યું હોય છે. તેમ જ જે ઉગ્ર મનુષ્ય આ લોકમાં પશુ કે પક્ષીઓને જીવતાં જ રાંધે છે, તે રાક્ષસોએ પણ નિંદેલા નિર્દય મનુષ્યને યમલોકમાં યમદૂતો કુંભીપાક નામના નરકમાં તપાવેલા તેલની અંદર રાંધે છે. જે મનુષ્ય આ મનુષ્યલોકમાં પિતાનો, બ્રાહ્મણનો તથા વેદોનો દ્રોહ કરે છે, તેને (યમલોકમાં યમદૂતો) દશ હજાર યોજનના વિસ્તારવાળા કાળસૂત્ર નામે નરકમાં નાખે છે. આ નરક કેવળ ત્રાંબાનું છે તેનો સપાટ પ્રદેશ તપેલો જ રહે છે, અને ઉપર તથા નીચે સૂર્ય અને અગ્નિ વડે અતિશય બળ્યા કરે છે. આ નરકમાં ભૂખ અને તરસથી જેનું શરીર બહાર અને અંદર બળું બળું થાય છે, એવો તે પ્રાણી-પશુના શરીર પર જેટલાં રૂંવાડાં હોય છે, તેટલાં હજાર વર્ષ સુધી બેસે છે, સૂએ છે, તરફડે છે, ઊભો રહે છે અને દોડે છે. જે

મનુષ્ય આ લોકમાં પોતાના પર દુઃખ ન આવ્યું હોવા છતાં પોતાનો વેદમાર્ગ તજી પાખંડમાર્ગનો આશ્રય કરે છે, તેને યમના દૂતો અસિપત્રવન નામના નરકમાં નાંખી ચાબુકનો માર મારે છે, તે વેળા વેદનાને લીધો આમતેમ દોડતો તે પ્રાણી બન્ને તરફ ધારવાળાં તાલવૃક્ષનાં તલવાર જેવાં પાંદડાંથી સર્વાંગે છિન્ન ભિન્ન થાય છે, તેથી ''હાય મરી ગયો ! '' એવી બુમ પાડતો અત્યંત વેદનાને લીધે પગલે પગલે મૂર્છિત થઈને પડે છે. એ રીતે સ્વધર્મનો નાશ કરનાર પ્રાણી પાખંડમાર્ગને આશ્રય કરવાનું એવું ફળ ત્યાં ભોગવે છે. જે મનુષ્ય આ લોકમાં રાજા અથવા રાજપુરુષ થઈ શિક્ષાપાત્ર ન હોય તેને પણ શિક્ષા કરે છે અથવા બ્રાહ્મણને પણ મરણની શિક્ષા કરે છે, તે મહાપાપી યમલોકમાં સુકરમુખ નામના નરકમાં પડે છે, ત્યાં મહાબળવાન યમદૂતો એ પ્રાણીના અવયવોને શેરડીના સાંઠાની પેઠે અત્યંત પીલે છે, જેને લીધે તે દુઃખી સ્વરે રડે છે અને પ્રથમ જે રીતે નિરપરાધીઓને પીડયા હોય છે, તે પ્રમાણે પોતે પીડા પામી કોઈ વાર મૂર્છિત થાય છે. જે મનુષ્ય આ લોકમાં ઈશ્વરે નિર્માણ કરેલી આજીવિકાવાળો હોઈ, બીજાઓને થતી પીડા પોતે જાણતો હોવા છતાં મનુષ્યનું લોહી પીવું વગેરે જેઓની આજીવિકા ઈશ્વરે જ બાંધેલી છે અને જેઓ બીજાને થતી પીડા જાણતાં નથી, તેવાં માંકડ, જૂ, મચ્છર વગેરે પ્રાણીઓને પીડા ઉપજાવે છે, તે મનુષ્ય. એ પ્રાણીદ્રોહને લીધે યમલોકમાં અંધકૂપ નામના નરકમાં પડે છે, ત્યાં તે જ પશુ, મૃગ, પક્ષી, સર્પ, મચ્છર, જૂ, માંકડ તથા માખીઓ વગેરે પ્રાણીઓને કે જેઓનો તેણે દ્રોહ કર્યો હોય છે, તેઓ ચારે તરફથી તેને પીડવા માંડે છે, જેને લીધે કોઈ નિંદ્ય શરીરમાં જેમ જીવડાં દુઃખી થાય તેમ દુઃખી થઈ તે પ્રાણી નિદ્રારૂપી શાંતિથી પણ રહિત થઈ કોઈ પણ ઠેકાણે સ્થિતિ કર્યા વિના જ તે નરકના અંધકારમાં આમતેમ ભમ્યા કરે છે. જે મનુષ્ય આ લોકમાં પોતાને જે કંઈ ખોરાક વગેરે મળ્યો હોય, તેમાંથી અતિથિ વગેરેના ભાગ ન આપી પાંચ મહાયજ્ઞો ન કરતાં પોતે એકલો જ તે વસ્તુ ખાય છે, તેને વિદ્વાનોમાં કાગડા જેવો વર્ણવ્યો છે અને તે યમલોકમાં કૃમિભોજન નામના નરકમાં પડે છે. ત્યાં એક લાખ યોજનના કૃમિકુંડમાં પોતે કીડો થઈ કીડાઓનું જ ભોજન કરે છે અને તેને પણ બીજા કીડાઓ ખાય છે. એ રીતે તે પ્રાણી કોઈને આપ્યા વિના તથા પાંચ મહાયજ્ઞ કર્યા વિના પોતે જે કંઈ ખાધું હોય તેનું પ્રાયશ્ચિત્ત ન કરી પોતાના આત્માને એ નરકવેદનામાં નાંખે છે. મનુષ્ય પોતે આપત્તિના સમયમાં ન હોવા છતાં કોઈ બ્રાહ્મણ કે બીજાનું સોનું તથા રત્ન વગેરે ચોરી કે બળજબરીથી હરી લે છે, તેમની, હે રાજા ! યમલોકમાં (સંદંશ નામના નરકમાં) યમદૂતો લોઢાના ધગધગતા સાણસાઓથી ચામડી ઊતરડી કાઢે છે. (આ કારણથી એ નરકને 'સંદંશ' કહે છે.) જે પુરુષ આ લોકમાં ન જવા યોગ્ય સ્ત્રીને ભોગવે અથવા જે સ્ત્રી ન જવા યોગ્ય પરપુરુષ સાથે ગમન કરે તે બન્નેને યમલોકમાં (તપ્તસૂર્મિ નરક) માં યમદૂતો ચાબુકના મારે મારે છે અને પુરુષને લોઢાની તપાવેલી સ્ત્રીની પ્રતિમા સાથે ભેટાડે છે. (આ જ કારણથી તે નરકને 'તપ્તસૂર્મિ' કહે છે.) જે મનુષ્ય આ લોકમાં પશુ વગેરે સર્વ પ્રાણીઓ સાથે વ્યભિચાર કરે છે, તેને યમલોકમાં 'વજ્રકંટકશાલ્મલી' નામના નરકમાં (યમદૂતો) લઈ જાય છે. ત્યાં એ વજ્રમાન કાંટાવાળા શીમળાના ઝાડ ઉપર ચડાવી તે પ્રાણીને (નીચેથી) ખેંચે છે. જે રાજાઓ અથવા રાજપુરુષો આ લોકમાં પોતે સારા કુળવાન હોવા છતાં ધર્મની મર્યાદાઓનો નાશ કરે છે, તેઓ મરણ પામી યમલોકમાં વૈતરણી નામના નરકમાં પડે છે. તે વૈતરણી નરકની ખાઈરૂપ એક નદી છે. તેમાં મર્યાદાનો નાશ કરનારા તે પાપીઓને ત્યાંના જળજીવો ચોતરફથી કોચી ખાય છે, છતાં તેઓ દેહ કે પ્રાણથી છૂટતા નથી, પણ પ્રાણ ધારણ કરે છે, અને પોતાનાં તે પાપકર્મ યાદ કરતા વિષ્ઠા, મૂત્ર, પરુ, લોહી, વાળ, નખ, હાડકાં, મેદ, માંસ તથા

ચરબી વહાવતી તે નદીમાં સંતાપ પામે છે. જે પુરુષો શૂદ્રજાતિની સ્ત્રીના પતિ બની શૌચ આચાર તથા નિયમોનો નાશ કરે છે, લજ્જા તજે છે અને પશુઓની પેઠે સ્વેચ્છાચાર કરે છે, તેઓ પણ યમલોકમાં પરુ, વિષ્ઠા, મૂત્ર, બળખા તથા મળથી ભરેલા સમુદ્ર રૂપ પૂયોદ નામના નરકમાં પડે છે અને ત્યાં તે જ અતિ બીભત્સ વસ્તુઓ ખાય છે, જે બ્રાહ્મણ વગેરે મનુષ્યો આ લોકમાં કૂતરાં તથા ગધેડાંના પતિ બને છે (ઘરે કૂતરાં તથા ગધેડાં પાળે છે), શિકાર ખેલે છે અને યજ્ઞ વિના પણ મૃગનો વધ કરે છે તેઓને પણ મૃત્યુ પછી યમદૂતો (પ્રાણરોધ નામના નરકમાં) બાણોનાં નિશાનરૂપ કરી બાણોથી વધે છે. (એ જ કારણથી એ નરક 'પ્રાણરોધ' કહેવાય છે.) જે દંભી મનુષ્યો આ લોકમાં (પોતે ચાલુ કરેલા) દંભ ભરેલા યજ્ઞમાં પશુઓનો વધ કરે છે, તેઓ યમલોકમાં વૈશસ નામના નરકમાં પડે છે અને ત્યાં તેઓને યમદૂતો રિબાવી ટુકડે ટુકડા કરી કાપે છે, જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જાતિનો પુરુષ પોતાની સજાતીય સ્ત્રીને કામથી મોહિત થઈ વીર્ય પિવડાવે છે, તે પાપીને યમલોકમાં (લાલાભક્ષ નામના નરકની અંદર) રેતઃકુલ્યા નામની વીર્યની નદીમાં નાખી (યમદૂતો) વીર્ય પિવડાવે છે. જે ચાર લોકો આ મનુષ્યલોક વિષે ગામડામાં અગ્નિ નાખી (લોકોનાં ઘરબાર) લૂંટે છે, માર્ગે જતા મનુષ્યના સંઘોને ઝેર આપી લૂંટે છે, અથવા જે રાજાઓ કે રાજપુરુષો એ રીતે ગામડાં કે સંઘો લૂંટે છે, તેઓને પણ યમલોક (સારમેયાદન નરક) માં વજ્ર જેવી દાઢોવાળા યમના દૂતરૂપે રહેતાં સાતસો વીસ કૂતરા અત્યંત આવેશથી ફાડી ખાય છે. (આ જ કારણથી એ નરક 'સારમેયાદન' કહેવાય છે.) જે મનુષ્ય આ લોકમાં કોઈનું સાક્ષીપણું કરવામાં, વસ્તુની લેવડ-દેવડમાં કે દાનના પ્રસંગમાં અસત્ય બોલે છે, તેને યમલોકમાં સો યોજન ઊંચા પર્વતના શિખર ઉપરથી ઊંધે માથે આધાર વિનાના અવીચિમત્ નામના નરકમાં નાખે છે કે જ્યાં પથ્થરોથી બાંધેલી સ્થળભૂમિ પણ (તરંગોરહિત) જળ જેવી દેખાય છે. (તેથી જ એ નરક 'અવીચિમત્' કહેવાય છે.' એ નરકમાં પડતાં એ પ્રાણીના શરીરના તલ તલ જેવડા ટુકડા થઈ જાય છે, છતાં તે મરતો નથી, તેથી ફરી (યમદૂતો) એને પર્વત ઉપર ચડાવી એ નરકમાં ફેંકે છે. આ લોકમાં જે કોઈ બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી પોતે વ્રતધારી હોવા છતાં ભૂલથી પણ દારૂ પીએ છે, કોઈ ક્ષત્રિય જાતિનો પુરુષ કે તેની સ્ત્રી અથવા કોઈ વૈશ્ય જાતિનો પુરુષ કે તેની સ્ત્રી પોતે વ્રતધારી થઈ ભૂલથી પણ સોમરસ પીએ છે, તેઓ પણ (અયઃપાન નામના) નરકમાં લઈ જવામાં આવે છે ને ત્યાં (યમદૂત) તેઓની છાતીને પગથી દબાવી તેઓના મુખમાં અગ્નિથી ઓગાળેલો ધગધગતો ગજવેલનો રસ રેડે છે, તેમ જ જે મનુષ્ય પોતે અધમ હોવા છતાં પોતાને ઉત્તમ માની અભિમાનને લીધે ઉત્તમ જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ તથા આશ્રમવાળા અત્યંત શ્રેષ્ઠ પુરુષોને પણ બહુમાન આપતો નથી, તે મનુષ્યો જીવતો જ મૂએલો ગણાય છે અને મરણ પછી તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધે મસ્તકે નાખવામાં આવે છે, જ્યાં તે દુરંત વેદનાઓ ભોગવે છે. જે પુરુષો આ લોકમાં (પુરુષનો જેમાં હોમ કરાય છે તે) પુરુષમેધ યજ્ઞથી (મલિન દેવોનું) યજન કરે છે અને જે સ્ત્રીઓ પુરુષરૂપી પશુને ખાય છે, તેઓને યમલોકમાં (રક્ષગણભોજન નામના નરકમાં) તેઓએ પૂર્વે મારી નાખેલા પુરુષો જ રાક્ષસોનાં ટોળાં બનીને દુઃખ દેતા કસાઈઓની પેઠે પોતાનાં જ શસ્ત્રો વડે કાપી, તેઓનાં લોહી પીએ છે, નાચે છે અને ગાય છે. જેવી રીતે તેઓ પૂર્વે આ જ લોકમાં તે તે પુરુષોનાં માંસ ખાઈ હરખાતા હતા, તે જ પ્રમાણે ત્યાં તેઓ હરખાય છે, જેઓ આ લોકમાં વિશ્વાસજનક ઉપાયોથી પોતાની સમીપ આણેલાં નિરપરાધી અને જીવવાની ઈચ્છાવાળાં પ્રાણીઓને જંગલ કે ગામમાં સોયાઓ પર કે દોરામાં પરોવી પોતાનાં રમકડાં બનાવી દુઃખ દે છે, તેમનાં

શરીરોને પણ મરણ પછી (શૂલપ્રોત નામના નરકમાં) યમયાતનામોમાં શૂળી વગેરેમાં પરોવવામાં આવે છે, તેથી તીક્ષ્ણ મુખવાળા કંક તથા વટ વગેરે પક્ષીઓથી કોચાતા તેઓ ભૂખ અને તરસથી પીડાઈ પોતાનાં પાપો યાદ કરે છે. સર્પ સમાન ઉગ્ર સ્વભાવવાળા જે મનુષ્યો આ જગતમાં પ્રાણીઓને દુઃખ દે છે તેઓ મરણ પામી દંદ શુક નામના નરકમાં પડે છે, જ્યાં હે રાજા ! પાંચ અને સાત મોઢાવાળા સર્પો તેઓની પાસે આવી જેમ ઉંદરોને ગળી જાય તેમ તેઓને ગળી જાય છે. જેઓ આ લોકમાં પ્રાણીઓને અંધારિયા ખાડામાં, કોઠીઓમાં કે ગુફા વગેરેમાં પૂરે છે તેઓને યમલોકમાં (અવટનિરોધ નામના નરકમાં) તેવા જ જ ખાડા વગેરેમાં પૂરી યમદૂતો ઝેરી અગ્નિના ધુમાડાથી ગૂંગળાવી નાખે છે. જે કોઈ ગૃહસ્થાશ્રમી મનુષ્ય આ લોકમાં (પોતાને ઘેર આવેલા) અજાણ્યા કે જાણીતા પરોણાઓ સામે ક્રોધાયમાન થઈ જાણે બાળવા ઈચ્છતો હોય તેમ કરડી નજરથી જુએ છે, તે પાપી દૃષ્ટિવાળા મનુષ્યનાં બન્ને નેત્રોને (પર્યાવર્તન નામના) નરકમાં વજ્ર જેવા મુખવાળાં ગીધડાં, કાગડા, કંક તથા વટ વગેરે પક્ષીઓ બળજબરીથી ઉખેડી કાઢે છે. જે મનુષ્ય આ જગતમાં પોતાને ધનવાન માની ગર્વિષ્ઠ અને અહંકારી થઈ ત્રાંસી નજરે જોતો ને સર્વ તરફથી શંકા રાખતો હોય, ધનના ખર્ચ તથા નાશની શંકાથી જેનું હૃદય ને મુખ સુકાયા કરતાં હોય અને શાંતિ પામ્યા વિના યક્ષની પેઠે ધનની રક્ષા કર્યા કરતો હોય તે પણ ધન કમાવાથી, વધારવાથી તેમ જ રક્ષા કરવાથી થયેલા પાપને સાથે લઈ સૂચીમુખ નામના નરકમાં પડે છે, ત્યાં તે ધનપિશાચ પ્રાણીઓને ધર્મરાજાના પુરુષો દરજીઓની પેઠે ચારે તરફથી દોરાઓ વડે સીવે છે.

આ પ્રકારનાં સેંકડો અને હજારો નરકો યમલોકમાં છે. તે સર્વમાં હે રાજન્ ! અહીં વર્ણવેલા અને નહિ વર્ણવેલા સર્વ અધર્મીઓ અનુક્રમે પડે છે અને તે જ રીતે ધર્મ કરનારાઓ તેથી બીજા સ્વર્ગાદિ લોકમાં જાય છે. વળી તેવા અધર્મીઓ તથા ધર્મી પોતે કરેલા તે તે અધર્મ તથા ધર્મનો ભાગ કંઈક બાકી રહે છે, એટલે ફરી પાછા જન્મ લેવા આ મનુષ્યલોકમાં અવતરે છે. નિવૃત્તિધર્મનો માર્ગ તો મેં પ્રથમ જ (દ્વિતીય સ્કંધમાં) તમારી આગળ વર્ણવ્યો છે. અહીં જે બ્રહ્માંડકોશ વર્ણવ્યો છે, તે પણ તેટલો જ છે, જેને બીજાં પુરાણોમાં ચૌદ પ્રકારનો માનીને કહ્યો છે. આ બ્રહ્માંડકોશ મહાપુરુષ ભગવાન નારાયણનું સાક્ષાત્ મોટું સ્થૂળસ્વરૂપ છે, કે જેને ભગવાનની પોતાની માયાના ગુણોમય વર્ણવેલું છે. જે મનુષ્ય તેનો પાઠ કરે છે, સાંભળે છે અને બીજાઓને સંભળાવે છે, તે શ્રદ્ધા, ભકિત તથા વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ ભગવાન પરમાત્માના ઉપનિષદોએ વર્ણવેલા આ અગ્રાહ્ય સ્વરૂપને પણ જાણી શકે છે. યમ-નિયમ ધારણ કરવાના સ્વભાવવાળા પુરુષે ભગવાનના સ્થૂળ સ્વરૂપને પ્રથમ બરાબર સાંભળી તે સ્થૂળ સ્વરૂપમાં પોતાનું મન બરોબર સ્થિર થાય, ત્યારે ધીમે ધીમે મનને ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપમાં લઈ જવું. હે રાજા ! પૃથ્વી, દ્વીપ, ખંડ, નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્રો, પાતાળો, દિશાઓ, નરકો, નક્ષત્રગણે તથા બીજા લોકોની રચનાઓ મેં તમને કહી. આ સર્વ જીવસમૂહના ધામરૂપ ઈશ્વરનું અદ્ભુત સ્થૂળ શરીર છે. ૧-૪.

भूद्वीपवर्षसरिदद्रिनभः समुद्रपातालदिङ्नरकभागणलोकसंस्था ।
गीता मया तव नृपाद्भुतमीश्वरस्य स्थूलं वपुः सकलजीवनिकायघाम ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય-૨૬ સમાપ્ત.*

**પંચમ સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત
## ષષ્ઠ સ્કંધ

### અધ્યાય-૧
### અજામિલનું આખ્યાન-યમદૂતોએ વર્ણવેલું ધર્માદિનું લક્ષણ

॥ राजोवाच ॥

निवृत्तिमार्गः कथित आदौ भगवता यथा । क्रामयोगोपलब्धेन ब्रह्मणा यदसंसृतिः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** આપ ભગવાને પ્રથમ (દ્વિતીય સ્કંધમાં) નિવૃત્તિમાર્ગ બરાબર કહ્યો કે જે માર્ગે અનુક્રમે અર્ચિરાદિ માર્ગની પ્રાપ્તિ દ્વારા બ્રહ્મલોકની પ્રાપ્તિ દ્વારા બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે અને ત્યાંથી બ્રહ્મદેવ સાથે મોક્ષ થાય છે. તેમ જ હે મુનિ! સ્વર્ગાદિનાં ત્રિગુણાત્મક સુખો જેનો વિષય છે અને અવિદ્યાવાળા પુરુષને જેને લીધે વારંવાર જન્મમરણના ચક્કરમાં આવવું પડે છે, તે પ્રવૃત્તિરૂપ લક્ષણોવાળો માર્ગ પણ આપે (તૃતીય સ્કંધમાં) કહ્યો. વળી અધર્મ જેઓનું લક્ષણ છે તેવા અનેક પ્રકારનાં નરકો પણ આપે (પૂર્વસ્કંધમાં) વર્ણવ્યાં, જેમાં સ્વાયંભુવ મનુ પહેલા થયા છે, તે મન્વંતરનું પણ (ચતુર્થ સ્કંધમાં) આપે વર્ણન કર્યું, વળી પ્રિયવ્રત અને ઉત્તાનપાદરાજાના વંશ અને તેમનાં ચરિત્રો આપે કહ્યાં અને દ્વીપો, ખંડો, સમુદ્રો, પર્વતો, નદીઓ, ઉદ્યાનો તથા વનસ્પતિઓ ને વિભાગ, લક્ષણ તથા માપ સાથે પૃથ્વીમંડળની, જ્યોતિશ્ચક્રની અને પાતાળોની સ્થિતિ ભગવાને જે પ્રમાણે રચી છે, તે પ્રમાણે આપે મને કહી. હવે હે મહાભાગ્યશાળી મુનિ ! મનુષ્ય અનેક ઉગ્ર વેદનાઓવાળાં નરકો જે ઉપાયથી ન પામે તે મને કહેવા આપ યોગ્ય છો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** મનુષ્યે મન, વચન તથા કાયાથી જે પાપો કર્યા હોય તે પાપોનું જો તે મન, વચન અને કાયાથી પ્રાયશ્ચિત્ત કરતો નથી, તે અવશ્ય તે મૃત્યુ પામી પૂર્વે મેં તમને કહેલાં દારુણ વેદનાવાળાં નરકો પામે છે. માટે જેમ કોઈ વૈદ્ય રોગોના નિદાનને જાણતો હોઈ વાત, પિત્ત અને કફરૂપી દોષોનું ઓછાવત્તાપણું જોઈને તેની યોગ્ય ચિકિત્સા કરે, તેમ મનુષ્યે પણ પોતાના મૃત્યુ પહેલાં જ નાશ ન પામેલા પોતાના શરીરથી જલદી પાપોનાં પ્રાયશ્ચિત કરવા યત્ન કરવો જોઈએ.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** મનુષ્ય અહીં પ્રત્યક્ષ જોયેલા રાજદંડ વગેરેથી અને શાસ્ત્ર વગેરેમાં સાંભળેલ નરકમાં પડવું વગેરેથી પાપને પોતાનો શત્રુ જાણે છે; છતાં તે પાપોનું પ્રાયશ્ચિત્ત કરીને પણ ફરી વાસનાઓને આધીન થઈ પાપ કરે છે, તો એ મનુષ્ય પ્રાયશ્ચિત્તો કર્યા હોવા છતાં તે પ્રાયશ્ચિત્ત તરીકે

કેમ માની શકાય ? (કારણ કે પ્રાયશ્ચિત્તોથી સમૂળગાં પાપો જતાં જ નથી. જો સમૂળગાં જતાં હોય તો પાપ કરવાની વાસનાઓ પણ દૂર થયેલી હોઈ પ્રાયશ્ચિત્ત કર્યા પછી ફરી પાપ કરવાનો પ્રસંગ જ ન આવવો જોઈએ. આ ઉપરથી જણાય છે કે પ્રાયશ્ચિત્તોથી પાપની સમૂળગી નિવૃત્તિ થતી જ નથી; કેમ કે) મનુષ્ય કોઈ વેળા પ્રાયશ્ચિત્ત કરીને પાપથી અટકે છે, તો કોઈવાર પ્રાયશ્ચિત્ત કરીને પણ ફરી તે જ પાપ કરે છે. આ ઉપરથી હું માનું છું કે પ્રાયશ્ચિત્ત હાથીનાં સ્નાનની પેઠે વ્યર્થ જ છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** પ્રાયશ્ચિત્તરૂપી કર્મથી પાપરૂપી કર્મનો સમૂળગો નાશ થાય છે, એમ મનાતું નથી; કારણ કે પ્રાયશ્ચિત્તનો અધિકારી અજ્ઞાની મનુષ્ય જ છે અને અજ્ઞાની મનુષ્યોને માટે જ પ્રાયશ્ચિત્તો છે, એટલે પાપનું સાચું પ્રાયશ્ચિત્ત તો માત્ર જ્ઞાન જ છે. જેમ પથ્ય આહાર કરનારાને રોગો પીડા કરતાં નથી (ધીમે ધીમે દૂર થાય છે) તેમ હે રાજા ! નિયમ વગેરેને પાળનાર મનુષ્ય પણ ધીમે ધીમે તત્ત્વજ્ઞાન પામવા સમર્થ થઈ શકે છે. જેમ અગ્નિ વાંસની મોટી ઝાડીને પણ બાળી ભસ્મ કરે છે, તેમ ધર્મવેત્તા શ્રદ્ધાળુ વીરપુરુષો શરીર, વાણી તથા મનથી ઉત્પન્ન થયેલાં મોટાં પાપનો પણ મનને ઈંદ્રિયોની એકાગ્રતારૂપ તપ, આઠ પ્રકારનું બ્રહ્મચર્ય મનના નિયમરૂપ, શમ, બાહ્ય ઈન્દ્રિયોના નિયમરૂપ, દમ, દાન, સત્ય, બહારની ને અંદરની પવિત્રતા, અહિંસાદિ યમ તથા જપાદિ નિયમ વડે નાશ કરી શકે છે. કેટલાક ભકતપુરુષો ભગવાનપરાયણ જ રહી કેવળ ભકિતથી જ જેમ સૂર્ય સંપૂર્ણ ઝાકળનો નાશ કરે છે, તેમ સમગ્ર પાપોનો નાશ કરે છે. હે રાજન્ ! પાપી મનુષ્ય શ્રીકૃષ્ણ ભગવાનના ભકતોની સેવા દ્વારા તે ભગવાનને જ પ્રાણ અર્પણ કરી, જેવો પવિત્ર થાય છે તેવો તપશ્ચર્યા વગેરેથી પવિત્ર થતો નથી અર્થાત્ ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં પણ શ્રેષ્ઠ છે કારણ કે આ ભકિતમાર્ગ એ જ જગતમાં કલ્યાણકારી સર્વ તરફથી નિર્ભય અને ઉત્તમ માર્ગ છે કે જે માર્ગમાં શ્રીનારાયણપરાયણ રહેનાર દયાળુ નિષ્કામ પુરુષો સ્થિતિ કરે છે. હે રાજેન્દ્ર ! પાપી મનુષ્ય શ્રીનારાયણથી વિમુખ રહી અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત્તો કરે, તોપણ જેમ મદિરાના કળશને નદીઓ પવિત્ર કરી શક્તી નથી, તેમ એને પ્રાયશ્ચિત્તો પવિત્ર કરી શકતાં નથી, જેઓએ પોતાનું મન શ્રીકૃષ્ણભગવાનનાં ચરણકમળમાં માત્ર એક જ વાર સ્થાપ્યું હોય ને ભગવદ્‌ગુણોમાં પ્રીતિવાળું કર્યું હોય, તેઓએ તેટલાથી જ પોતાનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કરેલું ગણાય છે. તેઓ આ જગતમાં કદી સ્વપ્ને પણ યમદેવ કે તેમના પાશધારી દૂતોને જોતા નથી, આ સંબંધી શ્રીવિષ્ણુ તથા યમદેવના દૂતોના સંવાદરૂપ આ એક પુરાતન ઈતિહાસ હું તમને કહું છું, તેને તમે મારી પાસેથી સાંભળો. કાન્યકુબ્જ નગરમાં અજામિલ નામનો કોઈ બ્રાહ્મણ હતો. તે દાસીનો પતિ થઈ સદાચારથી ભ્રષ્ટ અને દાસીના સંસર્ગથી દૂષિત થયો હતો. તે અપવિત્ર બ્રાહ્મણ ધનવાન વગેરેને બાંધી ઝૂડી, જુગાર ખેલી, ઠગાઈ તથા ચોરી વગેરે કરી નિંદ્ય રીતે આજીવિકા ચલાવતો અને એ રીતે કુટુંબનું પોષણ કરતો અનેક પ્રાણીઓને દુઃખ દેતો. હે રાજન્ ! તે બ્રાહ્મણ એ રીતે ત્યાં રહેતો અને પેલી દાસીનાં છોકરાંને લાડ લડાવતો હતો, એમ કરતાં તેના આયુષ્યનાં અઠયાશી વર્ષનો મોટો સમય વીત્યો. એટલે તે ઘણો જ ઘરડો થયો. તેને દસ પુત્રો હતા. તેઓમાં જે સૌથી નાનો હતો તેનું નામ 'નારાયણ' હતું. તે માતાપિતાને અત્યંત વહાલો હતો. મધુર ભાષણ કરતા તે નાના છોકરા ઉપર તે બ્રાહ્મણનું હૃદય બંધાઈ ગયું હતું. તેથી એ ડોસો નાના છોકરાની રમત જોઈ ઘણો જ ખુશ થતો. એ બાળકના સ્નેહપાશથી તે એટલો બધો બંધાયો હતો કે જેથી પોતે જમતો ત્યારે તે બાળકને પણ જમાડતો; પોતે કંઈ ખાતો ત્યારે તેને પણ ખવડાવતો અને પોતે કઈ પીતો ત્યારે તેને પણ પિવડાવતો, એ રીતે એ બ્રાહ્મણ એટલો બધો મૂઢ

બન્યો કે જેથી તેણે આવી પહોંચેલા પોતાના મૃત્યુને પણ જાણ્યું. નહિ. તે અજ્ઞાની બ્રાહ્મણ એમ વર્તતો હતો તેવામાં તેનો મૃત્યુકાળ છેક પાસે આવ્યો, તોપણ તેણે પોતાની બુદ્ધિ નારાયણ નામના છોકરામાં જ રાખી. તેણે પોતાને લેવા આવેલા પાશધારી ત્રણ પુરુષો જોયા કે જેઓ અત્યંત ભયંકરવાંકા મુખવાળા અને ઊભાં રૂંવાડાવાળા હતા. તેઓને જોઈ એ બ્રાહ્મણની ઇંદ્રિયો વ્યાકુળ થઈ. તેણે રમકડાં સાથે દૂર રમતા નારાયણ નામના છોકરાને ઊંચેથી મોટો ઘાંટો કાઢી બોલાવવા માંડયો. હે મહારાજ પરીક્ષિત ! એમ તેણે મરતી વેળા પણ (છોકરાને નામે) શ્રીહરિનું નામોચ્ચારણ કર્યું, એટલે સ્વામી શ્રીહરિનું તે નામ સાંભળીને જ એકદમ ત્યાં શ્રીહરિના પાર્ષદો આવ્યા. તે વિષ્ણુદૂતોએ દાસીપતિ અજામિલને હૃદયમાંથી ખેંચતા યમદૂતોને એકદમ બળ વડે રોક્યા. એમ પોતાને અટકાવ્યા ત્યારે તેઓ વિષ્ણદૂતોને કહેવા લાગ્યાઃ ધર્મરાજાની આજ્ઞાને અટકાવનારા તમે કોણ છો ? કોના દૂત છો ? કયાંથી આવ્યા છો ? આને લઈ જવાની તમે શા માટે મનાઈ કરો છો ? શું તમે કોઈ દેવ, ઉપદેવ કે મહાસિદ્ધ છો ? તમે બધા કમળની પાંખડીઓ જેવા નેત્રવાળા, પીળાં રેશમી વસ્ત્રોવાળા, મુકુટધારી, કુંડળધારી, સુંદર કમળોની માળાવાળા, સર્વ યુવાન, સર્વ સુંદર ચાર ભુજાવાળા, ધનુષ્ય, ભાથાં, તલવાર, ગદા, શંખ, ચક્ર તથા કમળોની શોભાવાળા અને પોતાની કાંતિ વડે સર્વ દિશાઓને અંધકારરહિત અને બીજી વસ્તુને પ્રકાશરહિત કરી રહ્યા છે. આવા તમે અમને ધર્મરક્ષક યમરાજાના દૂતોને કેમ અટકાવો છો ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** યમદૂતોએ એમ કહ્યું એટલે ભગવાનના આજ્ઞાકારી પાર્ષદોએ ખૂબ હસીને મેઘ સમાન ગર્જનાવાળી વાણી વડે તેઓ પ્રત્યે કહ્યું.

**વિષ્ણુદૂતો બોલ્યા :** તમે જે ધર્મરાજાની આજ્ઞા પાળનારા હો, તો ધર્મનું જે તત્ત્વ અને લક્ષણ છે તે અમને કહો. શિક્ષા ક્યા પ્રકારે કરાય? શિક્ષાનું સ્થાન કયુ ઈષ્ટ છે ? કયો અપરાધ કરનાર શિક્ષાપાત્ર હોઈ શકે ? માત્ર મનુષ્યો જ શિક્ષાપાત્ર છે? મનુષ્યમાં સર્વ શિક્ષાપાત્ર છે કે અમુક જ ?

**યમદૂતો બોલ્યા :** વેદે જેની આજ્ઞા કરી છે તે ધર્મ છે અને જેનો નિષેધ કર્યો છે તે અધર્મ છે કારણ કે અમે સાંભળ્યું છે કે વેદ એ સ્વયંભૂ સાક્ષાત્ નારાયણ છે. તે વેદનારાયણે સ્વસ્વરૂપમાં જ આ સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણમય પદાર્થોનું તેઓનાં ગુણો, નામ, ક્રિયાઓ તથા રૂપો વડે બરાબર વિવેચન કર્યું છે. સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ દેવતાઓ, ચંદ્ર, સંધ્યાકાળ, દિવસ, રાત્રિ, દિશાઓ, જળ, પૃથ્વી, કાળ અને ધર્મ (આ બધા જીવના) પુણ્ય-પાપરૂપ કર્મના સાક્ષીઓ છે. આ સાક્ષીઓ વડે અધર્મ જાણવામાં આવે છે અને તેની શિક્ષાને પાત્ર હોય તેને માટે શિક્ષાની યોજના કરવામાં આવે છે. આમ અધર્મ કરનારાં સર્વ પ્રાણીઓ તેઓનાં અધર્મરૂપ કર્મ પ્રમાણે શિક્ષાપાત્ર બને છે. હે નિર્દોષ પુરુષો ! જે કોઈ કર્મના કર્તા છે, તેઓ સર્વમાં પુણ્ય અને પાપ બન્ને હોઈ શકે છે; કારણ કે કર્મ કરનારાઓને સત્ત્વાદિ ગુણોને સંગ હોય છે, જેથી કોઈ પણ દેહધારી કર્મ કર્યા વિના રહી શકતો નથી. તેમાં જે પ્રાણી એ જેટલો અધર્મ અથવા જેટલો ધર્મ કર્યો હોય, તે પ્રાણી તેટલું જ તે ધર્મનું કે અધર્મનું ફળ પરલોકમાં ભોગવે છે. હે ઉત્તમ દેવો! જેમ આ જન્મમાં પ્રાણીઓની અંદર ગુણોની વિચિત્રતાને લીધે (શાંત, ઘોર અને મૂઢ, સુખી, દુઃખી અને મિશ્ર; અથવા ધાર્મિક, અધાર્મિક અને મિશ્ર—એમ) ત્રણ પ્રકારો દેખાય છે, તેમ બીજા જન્મમાં પણ એ ત્રણ પ્રકારનું અનુમાન થઈ શકે છે. જેમ વર્તમાનકાળનો વસંત વગેરે સમય ભૂતભવિષ્યના વસંત વગેરે સમયના ગુણોને જણાવે છે, તે જ પ્રમાણે વર્તમાન કાળનો જન્મ બીજા ભૂતભવિષ્યના જન્મના ધર્મ તથા અધર્મને જણાવે છે. અમારા સ્વામી અજન્મા ભગવાન યમરાજા સર્વના અંતઃકરણમાં જ વિરાજમાન છે,

એથી તેઓ સર્વજ્ઞ હોઈ પોતાના મનથી જ સર્વનાં પૂર્વનાં (ભૂતકાળનાં) રૂપોને જોઈ લે છે તથા તેમના ભાવી સ્વરૂપનો પણ વિચાર કરી લે છે. પછી જે જેને માટે યોગ્ય હોય તેનો પોતે વિચાર કરે છે, કારણ કે તે ભગવાન બ્રહ્મદેવ જેવા છે, પણ અવિદ્યારૂપ ઉપાધિવાળો અજ્ઞાની જીવ તો પૂર્વકર્મથી જ પ્રકટેલા વર્તમાન શરીરને જ 'આ હું છું' એમ અભિમાનપૂર્વક જાણે છે, પરંતુ આગળ પાછળના શરીરને જાણતો નથી; કેમ કે તે અજ્ઞાનથી યુકત હોય છે તેથી જ તેની પૂર્વજન્મની સ્મૃતિ વિનાશ પામી હોય છે. જેમ નિદ્રાથી યુક્ત પ્રાણી સ્વપ્નમાં પણ તે સ્વપ્નના જ શરીરને જુએ છે. જાગ્રત અવસ્થાનું શરીર કે પૂર્વકાળના સ્વપ્નનું શરીર જાણતો નથી, તેમ જીવ પણ વર્તમાન શરીરને જાણે છે. આ જીવ પાંચ કર્મેન્દ્રિયોથી કર્મ કરે છે અને પાંચ જ્ઞાનેન્દ્રિયોથી શબ્દાદિ (પાંચ) વિષયો જાણે છે. વળી પોતે એક જ હોવા છતાં સોળમા મન સાથે સત્તરમો થઈ જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિય તથા મનના વિષયો ભોગવે છે. બસ, આ જ દસ ઈંદ્રિયો, પાંચ વિષયો તથા મન, એ સોળ અંશોવાળું લિંગશરીર છે. તે ત્રણ ગુણોનું બનેલું અને અનાદિકાળનું હોઈ જીવને હર્ષ, શોક તથા ભયની પીડા આપનારો સંસાર આપ્યા કરે છે. જેમ રેશમનો કીડો પોતાની જ લાળ વડે પોતાને બાંધ્યા પછી તેમાંથી ન નીકળી શકવાથી મૂંઝાય છે, તેમ જીવ પણ અજ્ઞાની હોઈ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા મન એ છનો વર્ગ ન જીતી પોતાની ઈચ્છા ન હોવા છતાં તે છના વર્ગ વડે જ કર્મ કરાવે છે અને પછી કર્મ વડે પોતાને ઢાંકી દઈ (તેમાંથી નીકળવાનો ઉપાય ન જાણતાં) મૂંઝાય છે. કોઈ પણ જીવ એક ક્ષણવાર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી; કારણ કે (તે પોતે ન ઈચ્છે તોપણ) સ્વાભાવિક (પૂર્વકર્મના સંસ્કારોથી) ઉત્પન્ન થયેલા ગુણો તેને પરવશ કરી બળાત્કારે તેની પાસે કર્મ કરાવે છે. આ સ્થૂળ શરીર તથા સૂક્ષ્મ શરીર જે પ્રાપ્ત થાય છે, તે પણ પૂર્વજન્મના કર્મના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે અને અતિબળવાન તે કર્મવાસનાને લીધે જ માતા અને પિતા જેવું તે થાય છે, અર્થાત્ પિતાના વીર્યની તથા માતાના રજરૂપી રૂધિરની એકતા થઈ હોવા છતાં કર્મની વાસનાને લીધે માતા જેવું (કન્યારૂપે) ને પિતા જેવું (પુત્રરૂપે) ઉત્પન્ન થાય છે. જીવને પ્રકૃતિના સંગને લીધે જે આ સંસાર પ્રાપ્ત થાય છે, તે જ (સંસારચક) પરમેશ્વરના ભજનથી તત્કાળ નાશ પામે છે. આ અજામિલ (પ્રથમ) વેદશાસ્ત્ર સંપન્ન સદાચાર, સદ્વર્તન તથા ગુણોનું સ્થાન, વ્રતધારી, કોમળ સ્વભાવને, ઈંદ્રિયોને વશ કરનાર, સત્યનિષ્ઠ, મંત્રવેત્તા, પવિત્ર, ગુરુ, અગ્નિ, અતિથિ તેમ જ વૃદ્ધોની સેવા કરનારો, નિરહંકારી, પ્રાણીમાત્રનો મિત્ર અને મિતભાષી હોઈ બીજાના ગુણો પર દોષારોપ કરતો ન હતો. પણ એક દિવસ પિતાની આજ્ઞા માનનારા આ બ્રાહ્મણ (પિતાની આજ્ઞાથી) વનમાં ગયો અને ત્યાંથી ફળ, પુષ્પ, હોમનાં લાકડાં તથા દર્ભ લઈ પાછો ફર્યો ત્યારે તેણે લોટનો દારૂ પી મદથી ઘેરાતાં નેત્રવાળી કોઈ વેશ્યાદાસી સાથે કોઈ કામી શૂદ્રને જોયો. તે શુદ્ર પોતાના આચારથી ભ્રષ્ટ થઈ ઢીલા પડેલા ચણિયાવાળી મદમત્ત દાસી સાથે નિર્લજ્જ થઈ રમતો હતો, તેના ગાવા પાછળ ગાતો હતો અને તેની પાસે હસતો હતો. તે શૂદ્રને કામોદ્દીપક અંગરાગથી લેપેલા બાહુ વડે ભેટાયેલી તે વેશ્યાને જોઈને આ અજામિલ પણ એકદમ મોહિત થઈ કામવશ થયો. જોકે તેણે એ વેળા પોતાનામાં જેટલું ધૈર્ય અને શાસ્ત્રજ્ઞાન હતું, તે પ્રમાણે પોતાનું મન બુદ્ધિથી વશ કરવા માંડયું હતું; પણ કામથી કંપી ઊઠેલું મન વશ કરવા તે સમર્થ થયો નહિ. એ દાસીના નિમિત્તે કામરૂપી ઝૂડથી તે ઘેરાઈ ગયો, જેથી બેભાન થઈ મનમાં તેનું જ ધ્યાન કરતો પોતાના ધર્મથી ભ્રષ્ટ થયો. પછી તેણે પિતાનું જેટલું ધન હતું, તેનાથી એ વેશ્યાને જ સંતોષવા માંડી અને સાંસારિક સુંદર વિષયભોગોથી જેમ બને તેમ તેને જ પ્રસન્ન કરવા માંડી. પોતાની યુવાન બ્રાહ્મણપત્ની કે જેને પોતે ઊંચ કુળમાંથી પરણ્યો હતો, તેનો

પેલી કુલટાનાં કટાક્ષોથી વીંધાયેલા મનવાળા આ પાપીએ ત્યાગ કર્યો. પછી આ મંદ બુદ્ધિવાળો બ્રાહ્મણ જ્યાંત્યાંથી ન્યાય કે અન્યાયથી ધન લાવવા લાગ્યો અને છોકરાંછૈયાવાળી થયેલી પેલી દાસીના કુટુંબને પોષવા લાગ્યો. આ રીતે આ બ્રાહ્મણ શાસ્ત્રનો અનાદર કરી પોતાની ઈચ્છાનુસાર વર્તેલો હોવાથી આર્યપુરુષોમાં નિંદાપાત્ર ઠર્યો છે અને પાપથી અપવિત્ર થઈ પોતાનું પાપી આયુષ્ય આ પ્રમાણે જ ઘણો સમય ગાળ્યું છે, વળી એ રીતે પાપ કર્યા છતાં તેણે તેનું પ્રાયશ્ચિત્ત કર્યું નથી, માટે આ અજામિલને અમે યમરાજા પાસે લઈ જઈશું, જ્યાં તે શિક્ષાથી શુદ્ધ થશે. ૧-૬૮

तत एनं दण्डपाणेः सकाशं कृतकल्बिषम् । नेष्यामोऽकृतनिर्वेशं यत्र दण्डेन शुद्धयति ॥६८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## અજામિલનું આખ્યાન - 'નારાયણ' નામનું અદ્ભુત માહાત્મ્ય

॥ श्रीशुक उवाच ॥

एवं ते भगवद्दूता यमदूताभिभाषितम् । उपधार्याथ तान् राजन् प्रत्याहुर्नयकोविदाः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ન્યાયમાં નિપુણ તે ભગવાનના દૂતો યમદૂતોનું એવું ભાષણ સાંભળી તેઓ પ્રત્યે કહેવા લાગ્યા.

**વિષ્ણુદૂતો બોલ્યા :** "અહો ! ખેદની વાત છે કે ધર્મવેત્તાઓની સભામાં પણ અધર્મ દેખાય છે, જ્યાં પાપરહિત હોઈ શિક્ષાપાત્ર નથી તેવા લોકોને પણ વ્યર્થ શિક્ષા કરાય છે. જે (ધર્મરાજા વગેરે) પ્રજાઓના પિતા ગણાય, જેઓ, શિક્ષાપાત્રને જ શિક્ષા કરે છે અને જેઓ બધે સમાન દૃષ્ટિવાળા છે, તેઓ પણ જો આ રીતે (શિક્ષાપાત્ર ન હોય તેને પણ શિક્ષા કરવી વગેરે) વિષમતા કરે તો પ્રજા કોને શરણે જાય ? આ જગતમાં શ્રેષ્ઠ પુરૂષ જે કંઈ આચરણ કરે છે, તેને બીજો સામાન્ય મનુષ્ય આચરવા ઈચ્છે છે અને તે શ્રેષ્ઠ પુરુષ જે વસ્તુ માન્ય કરે છે, તેને બીજા લોકો અનુસરે છે. આ લોકો પોતે પશુની પેઠે ધર્મ કે અધર્મ જાણતા નથી. તે જેના (શ્રેષ્ઠ તરીકે ગણાયેલા ધર્મરાજા જેવાના) ખોળામાં માથું મૂકી (વિશ્વાસથી) નિશ્ચિત થઈ સૂએ છે, તે પ્રાણીમાત્રને વિશ્વાસ કરવા યોગ્ય શ્રેષ્ઠ પુરુષ જ જો દયાળુ હોય, તો જેણે પોતાનો આત્મા સોંપ્યો હોય તેવા પોતાની મિત્રતા કરનારા વિશ્વાસુ અજ્ઞાની લોકોનો દ્રોહ કરવો શી રીતે યોગ્ય છે ? અજામિલે કરોડો જન્મના પાપોનું પ્રાયશ્ચિત કર્યું જ છે; કારણ કે તેણે પરાધીન અવસ્થામાં પણ સર્વ કલ્યાણોના આધાર શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યું છે. જે સમયે આ અજામિલે नारायण आय । હે નારાયણ ! તું આવ' એમ કહી ચાર અક્ષરવાળું, ભગવાનના નામનું ઉચ્ચારણ કર્યું, તે જ સમયે આ પાપીનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત થઈ ચૂક્યું છે. જે મનુષ્ય ચોર, મદિરા પીનાર, મિત્રદ્રોહી, બ્રહ્મહત્યારો, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો, સ્ત્રી, રાજા, પિતા તથા ગાયનો વધ કરનારો કે એ સિવાય બીજો જે પાપી હોય, તેઓ બધા માટે શ્રીહરિનું નામોચ્ચારણ એ જ સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત છે. તેથી ભગવાનને પોતાને 'આ મારા પોતાનો જ છે' આવો વિચાર થાય છે. વેદવાદી મહાપુરુષોએ વ્રતાદિ જે જે પ્રાયશ્ચિત્તો કહ્યાં છે, તેનાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો શ્રીહરિના નામનો ઉચ્ચાર કરવાથી પવિત્ર થાય છે. વળી તે નામોચ્ચારણ ઉત્તમ કીર્તિવાળા હરિના ગુણો જણાવનારું પણ થાય છે. શાસ્ત્રોમાં જે જે પ્રાયશ્ચિત્તો

કહેલાં છે તે પાપની વાસનાને સંપૂર્ણ દૂર કરનારાં થતાં જ નથી કારણ કે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોવા છતાં ફરી મન પાપના માર્ગે દોડે છે. માટે પાપકર્મનો સમૂળગો નાશ ઇચ્છતા પુરુષોએ તો શ્રીહરિના ગુણાનુવાદરૂપ જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; કારણ કે એ પ્રાયશ્ચિત્ત ચિત્તને પણ શુદ્ધ કરનાર છે. માટે સર્વ પાપોનું જેણે પ્રાયશ્ચિત્ત કર્યું છે, એવા આ અજામિલને તમે યમદેવ પાસે ખસેડો નહિ; કેમ કે તેણે મરતાં મરતાં ભગવાનનું નામ લીધું છે. વિદ્વાનો કહે છે કે હરકોઈ પુત્રાદિના નામે લીધેલું મશ્કરીમાં કહેલું, ગાયનના આલાપરૂપે ઉચ્ચારેલું અથવા અપમાનપૂર્વક પણ લીધેલું, સર્વવ્યાપી ભગવાનનું નામ સમગ્ર પાપોને હરે છે. કોઈ મકાન વગેરે ઉપરથી પડતાં, ઠેસઠોકર ખાતાં, શરીર ભાંગતી વેળા, સર્પાદિના દંશ વખતે, તાવ વગેરેના દાહ સમયે અથવા લાકડી વગેરેના માર વખતે પરાધીન અવસ્થામાં પણ 'હરિ' એ પ્રમાણે નામોચ્ચાર કરતો મનુષ્ય નરકની વેદનાને પાત્ર થતો નથી, મનુ આદિ મહર્ષિઓએ નાના અને મોટાં પાપોનાં પ્રાયશ્ચિત્તો તેમની ન્યૂનાધિકતા અનુસાર કહ્યાં છે.' (એથી તે તે સંબંધી તેવી વ્યવસ્થા છે, હરિનામની તો કોઈ વ્યવસ્થા જ નથી.) તપ, દાન અને જપ વગેરેથી મનુષ્યનાં તે તે પાપ જોકે દૂર થાય છે, પણ અધર્મથી ઉત્પન્ન થનારું તે તે પાપનું (સંસ્કારરૂપ) જે હૃદય છે, તે દૂર થતું નથી; તે તો ભગવાન ની ચરણસેવાથી જ દૂર થાય છે. અજ્ઞાનથી કે જ્ઞાનથી ભગવાનનું નામોચ્ચારણ કર્યું હોય, તો અગ્નિ જેમ કાષ્ઠને બાળી નાખે છે, જેમ મહાવીર્યવાન કોઈ ઔષધને અજાણતાં અશ્રધ્ધાઓ પણ ઉપયોગ કર્યો હોય, તોપણ તે ઔષધ પોતાથી અજાણ્યા મનુષ્યને પણ પોતાનો ગુણ બતાવે છે, તેમ 'શ્રીહરિ' એ નામમંત્ર પણ પોતાનો પ્રભાવ ન જાણનારા અજ્ઞાની મનુષ્યને પણ (અજાણતાં લેવાયા છતાં) પોતાનો પ્રભાવ દર્શાવે છે. (હે યમદૂતો ! આ ધર્મવિષયમાં જો તમને સંશય હોય, તો તમે તમારા સ્વામી યમદેવને પૂછી જોજો; કેમ કે ભગવાન યમદેવ ધર્મનું પરમ ગુહ્ય રહસ્ય જાણે છે.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિતરાજા ! ભગવાનના તે પાર્ષદોએ એમ ભગવદ્ધર્મનો સારી પેઠે નિર્ણય કરી અજામિલ બ્રાહ્મણને યમદેવના પાશથી મુકત કરી મૃત્યુથી પણ છોડાવ્યો. હે શત્રુદમન રાજા ! એ યમદૂતોને વિષ્ણુદૂતોએ એમ હાંકી કાઢ્યા એટલે તેઓ યમરાજા પાસે ગયા અને જેવું બન્યું હતું તે સર્વે તેમને કહી સંભળાવ્યું. પેલો અજામિલ યમપાશથી છૂટ્યો એટલે નિર્ભય થઈ સ્વસ્થ થયો અને તેણે ભગવાનના પાર્ષદોનાં દર્શનથી આનંદમાં આવી જઈ મસ્તક વડે તેમને વંદન કર્યું. પછી તે બ્રાહ્મણ કંઈક કહેવા ઈચ્છતો હતો એમ જાણી હે નિર્દોષ રાજા ! તે મહાપુરુષના પાર્ષદો તેના દેખતાં જ એકદમ ત્યાંથી અદશ્ય થયા. અજામિલ પણ યમદૂતોએ કહેલા વૈદિક સગુણ ધર્મને તથા વિષ્ણુદૂતોએ કહેલો શુદ્ધ નિર્ગુણ ભાગવતધર્મને સાંભળી ભગવાન વિષે તત્કાળ ભકિતવાળો થયો અને પોતાનાં પાપને યાદ કરતાં તેને શ્રીહરિનું માહાત્મ્ય સાંભળવાથી મહાપશ્ચાત્તાપ થયો : 'અહો ! મારું અજિતેંદ્રિયનું ઘણું ખરાબ થયું છે. મેં શુદ્ર સ્ત્રીમાં સંતાન ઉત્પન્ન કરી મારી બ્રાહ્મણજાતિનો નાશ કર્યો છે. અફસોસ સજ્જનોએ નિંદેલા મને ધિક્કાર છે ! હું સર્વ દોષોનો કરનાર થઈ કુળમાં કલંકરૂપ થયો છું. મેં મારી સતી સ્ત્રી છોડીને દારૂ પીનારી વેશ્યા દાસી સાથે ગમન કર્યું ! અહો ! મારાં વૃદ્ધ માતાપિતા બિચારાં અનાથ હતાં અને મારા વિના બીજા કોઈ પુત્ર વગેરે સંબંધીથી રહિત હતાં તેઓને પણ મેં કૃતઘ્નીએ નીચની પેઠે છોડ્યાં છે. ખરેખર, હું અતિશય દારુણ નરકમાં પડીશ કે જ્યાં ધર્મનો નાશ કરનારા કામીપુરુષો યમ તરફની વેદનાઓ અનુભવે છે. શું આ મેં સ્વપ્ન જોયું કે આ આશ્ચર્ય અહીં સાક્ષાત્ (જાગતાં) જ જોયું ? હમણાં

જ હાથમાં પાશ લઈ મને જે ખેંચતા હતા તેઓ ક્યાં ગયા ? અને સુંદર દેખાવના તે ચાર સિદ્ધ પુરુષો કયાં ગયા ? જેઓએ પાશોથી બાંધીને નરકમાં લઈ જવાતા મને છોડાવ્યો છે ? જો કે હું દુર્ભાગી—અત્યંત પાપી છું તોપણ આવા ઉત્તમ દેવોનાં દર્શન થવામાં કારણ મારું કોઈ પૂર્વજન્મનું મહાપુણ્ય હોવું જ જોઈએ કે જેઓનાં દર્શનથી મારું ચિત્ત પ્રસન્ન (શુદ્ધ)થયું છે. જો મારા પૂર્વજન્મનાં કંઈ પણ પુણ્ય ન હોત તો, અપવિત્ર અને વેશ્યા દાસીનો પતિ હું મરવા પડયો ત્યારે મારી જીભ શ્રીવૈકુંઠભગવાનનું નામ લેવાને કેમ યોગ્ય થાત ? જુગારી, બ્રહ્મહત્યારો અને નિર્લજજ હું પાપી ક્યાં અને 'नारायण' એવું ભગવાનનું મંગળ નામ કયાં ? માટે હું મારા મન, ઈંદ્રિયો તથા પ્રાણને વશ કરી હવે એવો પ્રયત્ન કરીશ કે જેથી ફરી મારા આત્માને નરકમાં નહિ ડુબાડું. અવિદ્યા, કામના તેમ જ કર્મોથી ઉત્પન્ન થનારા આ સંસાર બંધનને હવે હું છોડીશ ને ભગવાનની સ્ત્રીમય માયાથી ઘેરાયેલા મારા આત્માને છોડાવીશ કે જે સ્ત્રીમય માયાએ (આજ દિવસ સુધી) મને અધમને રમકડાંની પેઠે રમાડયો છે. આ શરીર વગેરે મિથ્યા પદાર્થોમાં 'હું—મારું' એવી મિથ્યા બુદ્ધિને તજીશ અને સત્ય સ્વરૂપ શ્રીભગવાનમાં જ એ બુદ્ધિને સ્થાપીશ. એમ સત્પુરુષોના ક્ષણના સમાગમથી પણ જેને અત્યંત વૈરાગ્ય થયો હતો એવો તે અજામિલ સાંસારિક સર્વ બંધનો છોડી હરિદ્વાર ગયો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ત્યાં કોઈ દેવમંદિરમાં બેસી તેણે યોગને આશ્રય કર્યો અને ઈંદ્રિયસમુદાયને વિષયો તરફથી ખેંચી મનને આત્મામાં લગાડયું. પછી દેહ, ઈંદ્રિય આદિ ગુણોથી મનને અલગ કરી ચિત્તની એકાગ્રતા વડે કેવળ અનુભવરૂપભગવાનના સ્વરૂપભૂત બ્રહ્મ વિષે તેણે મન જોડયું. તેની બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાં જ જયારે નિશ્ચળ થઈ ત્યારે તે બ્રાહ્મણે પૂર્વે જોયેલા ભગવાનના પાર્ષદ તે પુરુષોને પોતાની આગળ જોયા એટલે મસ્તક વડે તેમને વંદન કર્યું. પછી તેણે ગંગાતીર્થમાં શરીર છોડી તરત જ ભગવાનના પાર્ષદનું સ્વરૂપ ધારણ કર્યું અને તે બ્રાહ્મણ ભગવાનના પાર્ષદો સાથે સુવર્ણના વિમાનમાં બેસી આકાશમાર્ગે જ્યા લક્ષ્મીપતિ બિરાજે છે ત્યાં વૈકુંઠલોકમાં ગયો. એમ તે અજામિલ સર્વ ધર્મોથી ભ્રષ્ટ, દાસીનો સ્વામી, પતિત, નિંદ્ય કર્મો કરનાર અને પોતાની જ સ્ત્રીથી સંતોષ આદિ નિયમોનો નાશ કરનાર હોઈ નરકમાં નખાતો હતો છતાં ભગવાનનું નામ લઈ તરત મુક્ત થયો. માટે જે કર્મબંધનથી છૂટવા ઈચ્છતા હોય તેઓ માટે તીર્થપદ શ્રીભગવાનના નામકીર્તન વિના બીજું કંઈ પણ કર્મબંધનનો નાશ કરનાર છે જ નહિ, કારણ કે રજોગુણ અને તમોગુણથી મેલું થયેલું મન ભગવાનના નામકીર્તન સિવાય બીજાં પ્રાયશ્ચિત્તોથી તો કર્મોમાં ફરી આસકત થાય છે; પરંતુ નામકીર્તનથી તે ફરી કર્માસક્ત થતું જ નથી. જે મનુષ્ય આ પરમ ગુહ્ય અને પાપોનો નાશ કરનાર અજામિલનો ઈતિહાસ શ્રદ્ધાયુકત થઈ સાંભળે અને ભકિતથી સંભળાવે તે કદાચ અમંગળ પાપી હોય તો પણ નરકમાં જતો નથીઃ યમદૂતો તેને જોઈ શકતા નથી, અને વિષ્ણુલોકમાં તે પૂજાય છે. અજામિલ મરતાં મરતાં પુત્રના નામે પણ ભગવાનનું નામ લઈ જો વૈકુઠધામમાં ગયો, તો જે મનુષ્ય શ્રદ્ધાથી જે ભગવાનનું નામકીર્તન કરે તે વૈકુંઠમાં જાય એમાં શું કહેવાનું હોય ? ૧-૪૯

म्रियमाणो हरेर्नाम गृणन् पुत्रोपचारितम् । अजामिलोऽप्यगाद् धाम किं पुनः श्रद्धया गृणन् ॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## યમરાજાએ દૂતોનું કરેલું સાંત્વન

॥ राजोवाच ॥

निशम्य देवः स्वभटोपवर्णितं प्रत्याह किं तान् प्रति धर्मराजः ।
एवं हताज्ञो विहतान् मुरारेर्नैदेशिकैर्यस्य वशे जनोऽयम् ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** જેમને આ લોક વશ છે અને શ્રીભગવાનના દૂતોએ જેમના દૂતોને એમ હાંકી કાઢવાથી જેમની આજ્ઞાનો ભંગ થયો હતો, એવા યમદેવે પોતાના દૂતોએ વર્ણવેલો એ વૃત્તાંત સાંભળી તેમના પ્રત્યે શું કહ્યું હતું ? હે ઋષિ! યમદેવના દંડનો કદી ભંગ થયો હોય તેમ પૂર્વે અમે સાંભળ્યું નથી, તો લોકોના આ સંશયને આપ વિના બીજો કોઈ દૂર કરે તેમ નથી એવો મારો નિશ્ચય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એ રીતે ભગવાનના પાર્ષદોએ જેમનો ઉદ્યમ નિષ્ફળ કર્યો હતો, એવા તે યમદૂત સંયમની નગરીના પતિ પોતાના સ્વામીને યમદેવને વિનંતિ કરવા લાગ્યા.

**યમદૂતો બોલ્યા :** હે પ્રભુ! સાત્ત્વિક, રાજસ, અને તામસ એમ ત્રણ પ્રકારનું કર્મ કરતા આ જીવલોકના ઉપર તે તે કર્મફળને આપનારા એવા કેટલા શાસકો છે ? લોકમાં જો અનેક શાસકો શિક્ષા કરનારા હોય, તો સુખ કે દુઃખ કોને થશે અને કોને નહિ થાય ? જગતમાં કર્મ કરનારાઓ અનેક છે, માટે તેઓ પર આજ્ઞા ચલાવનારાઓ પણ અનેક હોય એ વાત ઘટે છે; પણ જો એમ જ હોય તો સર્વના પર જે આજ્ઞા ચલાવનારા હોય તેનું જ મુખ્ય આજ્ઞા કરનારપણું માની શકાય. બીજાઓનું તો માંડલિક રાજાઓની પેઠે માત્ર કહેવાનું જ આજ્ઞાકારકપણું ગણાય (જેમ જગતમાં ચક્રવર્તી રાજા જ મુખ્ય શાસક ગણાય છે. ખંડિયા રાજાઓ તો માત્ર નામના જ શાસક ગણાય છે કારણ કે તેઓ નિરંકુશ થઈ શકતા નથી;) માટે એમ જ સમજીએ છીએ કે તમે એક જ સર્વ પ્રાણીઓ અને તેમના સ્વામીઓના પણ અધીશ્વર, આજ્ઞા કરનારા, શિક્ષા કરનારા અને મનુષ્યોનાં શુભ-અશુભ કર્મોનો વિભાગ કરનારા છો; છતાં આવા (સર્વેશ્વર) આપનો દંડ આ જગતમાં હવે ચાલી શકતો નથી; કારણ કે ચાર અદ્‌ભૂત સિદ્ધ પુરુષોએ આપની આજ્ઞા (આજે) તોડી છે, અમે આપની આજ્ઞાથી અપરાધીને નરકોમાં લઈ જતા હતા પણ એવામાં તેઓએ બળથી પાશો કાપી એ પાપીને છોડાવ્યો. જેઓ માત્ર 'નારાયણ' એમ (એ પાપીના) કહેવા માત્રમાં તરત જ 'ડરીશ નહિ' એમ કહેતાં ત્યાં આવ્યા હતા તેઓ કોણ હતા ? એ જો આપ યોગ્ય માનતા હો તો અમે આપ પાસેથી જાણવા ઈચ્છીએ છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રજાઓને નિયમમાં રાખનાર યમદેવને દૂતોએ એમ પૂછ્યું એટલે પ્રસન્ન થઈ શ્રીહરિનાં ચરણકમળનું સ્મરણ કરતાં તેમણે પોતાના દૂતોને કહ્યું.

**યમદેવ બોલ્યા :** મારા સિવાય બીજો જે આ સ્થાવર—જંગમ જગતને પરમેશ્વર છે કે જેને વિષે આ જગત તાંતણામાં વસ્ત્રની પેઠે ગૂંથાયું છે, જેના કેવળ અંશરૂપ વિષ્ણુ, બ્રહ્મા ને મહેશ્વરથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ થાય છે અને નાકમાં નાથેલા બળદની પેઠે આ બધા લોક જેને આધીન છે. જેમ પશુપાલ બળદોને દોરડા વડે દામણમાં બાંધે તેમ એ પરમેશ્વરે પોતાની વેદરૂપી વાણીમાં સર્વને નામકર્મથી બાંધ્યા છે. નામકર્મથી બંધાયેલા તે સર્વ લોકો ભયભીત થઈ જેમને બલિદાન આપે છે અને વશ રહી પોતપોતાના વર્ણાશ્રમનાં કર્મો કરે છે, હું, મહેન્દ્ર, નિઋતિ, વરુણ, ચંદ્ર, અગ્નિ, રુદ્ર, પવન,

સૂર્ય, બ્રહ્મા, સર્વ દેવો, વિશ્વેદેવા, વસુઓ, સાધ્યો, મરુદ્ગણો, રુદ્રગણો, સિદ્ધો અને બીજા ભૃગુ વગેરે પ્રજાપતિ તથા દેવપતિઓ, જેઓને રજોગુણે કે તમોગુણે સ્પર્શ પણ કર્યો નથી અને જેઓમાં મુખ્ય સત્વગુણ જ છે, તેઓ પણ એમની માયાથી ઘેરાઈને એમની લીલા પણ જાણતા નથી, તો બીજાઓ કયાંથી જાણે ? જેમ રૂપો પોતાનાં પ્રકાશક એવાં પણ ચક્ષુને જોઈ શકતાં નથી તેમ સર્વ પ્રાણીઓ પોતાના હૃદયમાં જ રહેલા સર્વ જીવોના આત્મા તે પરમેશ્વરને ઈંદ્રિયોથી, મનથી, પ્રાણથી, હૃદયથી કે વાણીથી જોઈ શકતાં નથી. કારણ કે ભગવાન સર્વથી પર હોઈ પ્રમાણનો વિષય થતા જ નથી. તે શ્રીહરિ ભગવાન સ્વતંત્ર, સર્વના અધીશ્વર, સર્વથી પર અને માયાનાં અધિપતિ છે. તેમના મનોહર દૂતો પણ લગભગ તેમના જેવા જ રૂપ, ગુણ તથા સ્વભાવવાળા છે અને આ જગતમાં ફર્યા કરે છે. વિષ્ણુભગવાનના એ દૂત દેવોને પણ પૂજય છે; તેમનાં સ્વરૂપ જોવાં પણ અશક્ય છે અને તે મહા અદ્‌ભુત હોઈ ભગવાનની ભકિતવાળા મનુષ્યની શત્રુઓથી, મારાથી અને બીજા અગ્નિ વગેરે સર્વ ઉપદ્રવોથી રક્ષા કરે છે, (એ વિષ્ણુદૂતોએ અધર્મનો પક્ષપાત કેમ કર્યો એમ તમે માનશો નહિ; કારણ કે) સાક્ષાત ભગવાને જે ધર્મ રચ્યો છે, તેને ઋષિઓ, દેવો, સિદ્ધો તથા અસુરો પણ જાણી શકતા નથી; તો મનુષ્યો, વિદ્યાધરો તથા ચારણો વગેરે ક્યાંથી જાણી શકે ? હે દૂતો ! બ્રહ્મા, નારદ, શંકર, સનત્કુમાર, કપિલદેવ, મનુ, પ્રહ્‌લાદ, જનકરાજા, ભીષ્મપિતામહ, બલિરાજા, શુકદેવજી અને હું; આ અમે બાર જણા ગુહ્ય, શુદ્ધ અને દુર્બોધ એવા ભગવાનના ધર્મને જાણીએ છીએ કે જેને જાણી પ્રાણી મોક્ષ પામે છે. આ લોકમાં મનુષ્યોનો આટલો જ પરમ ધર્મ કહ્યો છે કે ભગવાનના નામસ્મરણ વગેરેથી મનુષ્યે ભગવાનમાં ભકિતયોગ પ્રાપ્ત કરી લેવો. હે પુત્રો ! શ્રીહરિના નામોચ્ચારનું માહાત્મ્ય તો જુઓ ! જેને લીધે અજામિલ (મહાપાપી છતાં) મૃત્યુપાશથી છૂટયો. ભગવાનના ગુણો, કર્મો તથા નામોનું ઉત્તમ કીર્તન મનુષ્યોના કેવળ પાપોનો નાશ કરવા ઉપયોગી છે એમ નથી. (જુઓ) અજામિલ મહાપાપી હોવા છતાં મરતી વેળા અસ્વસ્થ ચિત્તે પણ ‘હે નારાયણ !’ એમ પુત્રને પોકારીને પણ મુકિત પામ્યો. પરંતુ આ વસ્તુને મોટા (મનુ વગેરે) મનુષ્યો પણ ઘણું કરી સમજી શકતા નથી, કારણ કે તેઓની બુદ્ધિ ભગવાનની માયાથી અત્યંત મોહિત હોય છે. એ ખેદની વાત છે કે તેઓની બુદ્ધિ ઉપર ઉપરથી સુંદર જણાતાં વેદનાં ફળસૂચક વચનોમાં અત્યંત જડ થઈ ગયેલી હોય છે, જેથી તેઓ યજ્ઞયાગાદિ મોટાં કર્મોમાં જોડાય છે. (પણ શ્રીહરિનાં નામસ્મરણ જેવાં નાનાં કર્મોમાં આસકત થતા નથી.) આવો વિચાર કરી ઉત્તમ બુદ્ધિવાળા સર્વ પુરુષો અનંત ભગવાન વિષે કેવળ ભકિતયોગ જ કરે છે. આવા પુરુષો મારા તરફથી શિક્ષાને પાત્ર નથી. જો કદાચ તેઓનું કંઈક પાપ હોય તો તેને પણ ભગવાનનું નામોચ્ચારણ જ નષ્ટ કરે છે. જે સમદષ્ટિવાળા સત્પુરુષો ભગવાનને શરણે ગયેલા હોય છે, તેઓની પવિત્ર કથાઓને દેવો તથા સિદ્ધો પણ વર્ણવે છે અને શ્રીહરિની ગદા જ તેઓનું રક્ષણ કરે છે, માટે તેવા ભકત પુરુષો પાસે તમે જશો નહિ; કારણ કે તેઓને શિક્ષા કરવા આપણે અથવા કાળ પોતે સમર્થ નથી. પરંતુ જે દુષ્ટો પરિગ્રહનો ત્યાગ કરનારા અને સારાસારનો વિવેક જાણનારા એવા પરમહંસના સમૂહે સેવેલા મુકુંદ ભગવાનના ચરણકમળના મકરંદરૂપ રસથી વિમુખ હોય અને નરકમાં માર્ગરૂપ ઘરમાં તૃષ્ણાને બાંધી રહ્યા હોય, તેવા મનુષ્યોને તમે અહીં લાવજો. વળી જેઓની જીભ ભગવાનના ગુણો કે નામનું ઉચ્ચારણ કરતી નથી, જેઓનું મને ભગવાનના ચરણકમળનું સ્મરણ કરતું નથી અને જેઓનું મસ્તક એક વાર પણ શ્રીકૃષ્ણને નમતું નથી, તેવા ભગવાનનું વ્રત ન કરનાર દુષ્ટોને તમે અહીં લાવજો. (એમ કહી યમદેવ ભગવાનની ક્ષમા માગે છે.) અમારા આ દૂતોએ

ભગવાનનો જે અપરાધ કર્યો છે, તેને તે પુરાણપુરુષ ભગવાન નારાયણ ક્ષમા કરો. અમે એ ભગવાનના પોતાના જ હોઈ અજ્ઞાની છીએ અને કેવળ તે ભગવાનને અમારા બે હાથ જોડીએ છીએ. તે ભગવાન તો સર્વશ્રેષ્ઠ છે, માટે તેમને વિષે ક્ષમા હોય તે યોગ્ય જ છે. અમે તે પરમ પુરુષને નમસ્કાર કરીએ છીએ, હે કુરુવંશી પરીક્ષિત ! વિષ્ણુ ભગવાનનું ઉત્તમ કીર્તન જગતનું મંગળ કરનારું ને મોટાં પાપોનું પણ સર્વોત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત છે એમ તમે જાણો. શ્રીહરિનાં ઉત્તમ પરાક્રમનું વારંવાર શ્રવણ અને કીર્તન કરનારા મનુષ્યોનો આત્મા ઉત્તમ પ્રકારની તે ભકિતથી શુદ્ધ થાય છે, તેવો વ્રતાદિથી શુદ્ધ થતા નથી. શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમળના રસનો સ્વાદ લેનાર મનુષ્ય એક વખત છોડેલા અને પાપને ઉત્પન્ન કરનારા માયાના ગુણોમાં ફરી કદી આસકત થતો જ નથી, પણ ભક્તિહીન અન્ય પ્રાકૃત મનુષ્ય કામવાસનાઓથી પરાજય પામી પાપો દૂર કરવા. પ્રાયશ્ચિત્ત ઈચ્છે છે કે જે પ્રાયશ્ચિત્તથી ફરી પાપ ઉત્પન્ન થાય જ છે. હે રાજન્ ! પોતાના સ્વામીએ કહેલા એ ભગવાનનો મહિમા ધ્યાનમાં લઈ તે યમદૂતોની બુદ્ધિ, વિસ્મય પામી નહિ (પણ તેને સત્ય જ માનવા લાગ્યો) અને તે દિવસથી માંડી ભગવાનના ભક્ત તરફ શંકિત રહી તેની સામે નજર કરતાં પણ ડરવા લાગ્યા. આ ઈતિહાસ પરમ ગોપનીય-અત્યંત રહસ્યમય છે. મલયપર્વત પર વિરાજમાન ભગવાન અગત્સ્યે શ્રીહરિનું પૂજન કરતી વખતે મને આ સંભળાવ્યો હતો. ૧-૩૫

इतिहासमिमं गुह्यं भगवान् कुम्भसम्भवः । कथयामास मलय आसीनो हरिमर्चयन् ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## પ્રજાસૃષ્ટિ માટે દક્ષની હંસગુહ્ય સ્તોત્રથી શ્રીહરિની આરાધના

॥ राजोवाच ॥

देवासुरनृणां सर्गो नागानां मृगपक्षिणाम् । सामासिकस्त्वया प्रोक्तो यस्तु स्वायम्भुवेऽन्तरे ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** સ્વાયંભુવ મન્વંતરમાં દેવો, અસુરો, મનુષ્યો, સર્પો, મૃગો તથા પક્ષીઓની જે સૃષ્ટિ આપે (તૃતીય સ્કંધમાં), ટૂંકમાં કહી છે, તેને જ હવે હું વિસ્તારથી જાણવા ઈચ્છું છું; તેમ જ હે ભગવન ! ભગવાન બ્રહ્માએ જે શકિત વડે પાછળથી સૃષ્ટિ ઉત્પન્ન કરી, તે શકિત તથા તેનો પ્રકાર પણ હું જાણવા ઈચ્છું છું.

**સૂત બોલ્યા :** હે શ્રેષ્ઠ મુનિઓ ! રાજર્ષિ પરીક્ષિતનો એ પ્રશ્ન સાંભળી મહાયોગી શુકદેવજીએ તેમને અભિનંદન આપી કહ્યું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રાચીનબર્હિષરાજાના પ્રચેતા નામના દસ પુત્રો સમુદ્રમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમણે પૃથ્વીને વૃક્ષોથી છવાયેલી જોઈ, એટલે તેઓ વૃક્ષો ઉપર ક્રોધાયમાન થયા. તેઓનો ક્રોધ તપથી સળગી ઊઠ્યો, જેથી તેઓએ વૃક્ષોને બાળી નાખવાની ઈચ્છાથી મુખમાથી વાયુ તથા અગ્નિ ઉત્પન્ન કર્યા. હે કુરુવંશી રાજા ! એ વાયુ તથા અગ્નિએ વૃક્ષોને છેક જ બાળી નાખવા માંડ્યા. તે જોઈને મહારાજા ચંદ્ર તેમના ક્રોધને જાણે શાંત કરતા હોય તેમ કહેવા લાગ્યા હે મહાભાગો! તમે આ ગરીબ વૃક્ષો ઉપર દ્રોહ કરવાને યોગ્ય નથી તમે તો પ્રજાની વિશેષ વૃદ્ધિને ઈચ્છતા પ્રજાઓના પતિ છે. અહો ! પ્રજાપતિઓના પણ પતિ અવિનાશી અને સમર્થ ભગવાન શ્રીહરિએ વનસ્પતિઓને તથા ઔષધિઓને

(પ્રજાઓના) ભક્ષ્ય (અન્ન) તરીકે ઉત્પન્ન કરેલી છે. સ્થાવર (પુષ્પ, ફળ વગેરે) જંગમનું અન્ન છે, પગે ચાલનારાનું પગ વિનાનાં (ઘાસ વગેરે) અન્ન છે, હાથવાળાનું હાથ વિનાનાં (પશુઓ વગેરે) અન્ન છે અને બેપગાંનું ચોપગાં અન્ન છે. હે નિર્દોષ પ્રચેતાઓ! તમને તમારા પિતાએ તથા બ્રહ્માએ પ્રજાઓ ઉત્પન્ન કરવા આજ્ઞા આપી છે, તો તમે (પ્રજાઓના અન્નરૂપ) વૃક્ષોને બાળી નાખવા કેમ યોગ્ય છો ? તમે તમારા પ્રકટેલા કોપને વશ રાખો, અને તમારા પિતા, દાદા અને વડવાઓએ સેવેલા સત્પુરુષોના માર્ગને આચરણમાં મૂકો. જેમ બાળકોના બંધુ માતાપિતા છે, નેત્રોનું રક્ષણ કરનાર પાંપણો છે, સ્ત્રીનું રક્ષણ કરનાર તેનો પતિ છે, ભિક્ષુકોનું રક્ષણ કરનાર ગૃહસ્થ છે અને અજ્ઞાનીઓનો બંધુ જ્ઞાની છે; તેમ પ્રજાઓનો બંધુ પ્રજાપતિ છે. પ્રાણીમાત્રનાં શરીરોમાં આત્મારૂપે ઈશ્વર શ્રીહરિ બિરાજેલા છે માટે સર્વ એ ભગવાનનું જ રહેઠાણ છે એમ તમે જુઓ; કારણ કે એમ બધે ભગવદ્દૃષ્ટિ કરવાથી એ ભગવાનને તમે પ્રસન્ન કરશો. મનુષ્ય અકસ્માત શરીરમાં ઉત્પન્ન થયેલા ઉગ્ર ક્રોધને આત્મવિચારથી કાબૂમાં રાખે છે તે પ્રકૃતિના ગુણોને જીતી શકે છે, માટે તમે આ ગરીબ વૃક્ષોને બાળવાં બંધ કરો અને બાકી રહેલાં આ વૃક્ષોનું કલ્યાણ થાઓ. તમે આ વૃક્ષોએ ઉછેરેલી કન્યાને પત્ની તરીકે સ્વીકારો. હે રાજા ! એમ પ્રચેતાઓને શાંત પાડી રાજા ચંદ્ર (વૃક્ષોએ ઉછેરેલી) પ્રમ્લોચા અપ્સરાઓની કન્યા જે સુંદર નિતંબવાળી હતી, તેને એ પ્રચેતાઓને આપી ત્યાંથી પોતાને સ્થાને ગયા એટલે તે પ્રચેતાઓ તે કન્યાને ધર્મ પ્રમાણે પરણ્યા. તેઓથી એ સ્ત્રી વિષે દક્ષ નામે પુત્ર થયો, જેની પ્રજાના વિસ્તારથી ત્રણે લોક ભરાઈ ગયા છે. પુત્રીઓ ઉપર પ્રેમવાળા તે દક્ષે વીર્યથી તથા મનથી જે પ્રમાણે પ્રાણીઓ ઉત્પન્ન કર્યા તે હવે તમે મારી પાસેથી સાવધાન થઈ સાંભળો. પ્રજાપતિ દક્ષે પ્રથમ તો મનથી જ દેવ, અસુર, મનુષ્ય, આકાશચારી, પૃથ્વીચારી તથા જલચારી પ્રજા ઉત્પન્ન કરી, પરંતુ એ પ્રજાસૃષ્ટિને વધેલી ન જોઈને પ્રજાપતિ દક્ષે વિંધ્યાચળની પાસેના પર્વતોમાં જઈ દુષ્કર તપ કરવા માંડ્યું. ત્યાં અઘમર્ષણ નામનું પાપ દૂર કરનારું ઉત્તમ તીર્થ છે, તેમાં ત્રણ કાળ સ્નાન કરી તેમણે તપશ્ચર્યાથી શ્રીહરિને પ્રસન્ન કરવા માંડયા. તેમણે હંસગુહ્ય નામના સ્તોત્રથી ભગવાન અધોક્ષજની સ્તુતિ કરી, જેથી શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા ને સ્તોત્ર હું તમને કહું છું.

**દક્ષ બોલ્યા :** જે ભગવાન સર્વ કરતાં ઉત્તમ, સત્ય, ચૈતન્યશકિતવાળા,જીવ તથા માયાના નિયંતા, દેહાદિ ઉપર તત્ત્વબુદ્ધિવાળા જીવોએ ન જોયેલા સ્વરૂપવાળા, અવધિરહિત અને સ્વયંપ્રકાશ છે, તે ભગવાનને હું નમસ્કાર કરું છું. જેમ વિષયી (ઈંદ્રિય આદિ)નું પ્રકાશપણું જાણી શકતો નથી તેમ આ શરીરમાં હમેશાં સાથે રહેનારા જીવ સર્વ પ્રપંચના દ્રષ્ટા અને હમેશાં સાથે રહેનારા પોતાના મિત્ર પરમેશ્વરની મિત્રતાને (સર્વ ઇંદ્રિય વગેરે ના પ્રવર્તકપણાને) જાણી શકતો નથી; (કારણ કે દ્રષ્ટા દશ્ય થઈ શકે નહિ.) તે મહેશ્વરને હું નમસ્કાર કરું છું. દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ, પાંચ ભૂતો અને શબ્દાદિ પાંચ વિષયો પોતપોતાને જણાવનારી ઈન્દ્રિયોને તથા તે તે ઈન્દ્રિયોના અધિષ્ઠાયક દેવવર્ગને જાણી શકતાં નથી, પણ જીવ તો એ ત્રણેયને તથા તે સર્વના મૂળ ગુણોને પણ જાણે છે, છતાં તે જીવ જે સર્વજ્ઞને જાણી શકતો નથી તે અનંત ભગવાનની હું સ્તુતિ કરું છું. જે સમયે દશ્યનું દર્શન તથા સ્મરણ નાશ પામવાથી નામ તથા રૂપને જણાવનારું મન સમાધિ દશામાં એકાગ્ર બને છે, ત્યારે જે ભગવાન કેવળ સ્વરૂપજ્ઞાનથી જણાય છે તે શુદ્ધ સ્વરૂપ અને શુદ્ધ મનરૂપી સ્થાન વાળા પરમાત્માને હું નમસ્કાર કરું છું. જેમ યાજ્ઞિકો અરણિકાષ્ઠમાં ગૂઢ રહેલા અને સમિધોના પંદર મંત્રોથી પ્રકાશ કરવા યોગ્ય અલૌકિક અગ્નિને (મથી)

બહાર કાઢે છે, તેમ વિવેકી પુરુષો, પ્રકૃતિ, પુરુષ, મહતત્વ, અહંકાર, પાંચ તત્માત્રાઓ, અગિયાર ઈન્દ્રિયો તથા પાંચ ભૂતોરૂપી ત્રિગુણાત્મક શકિતઓથી ઢંકાયેલા. જે પરમાત્માને બુદ્ધિથી હૃદયમાં નિશ્ચય કરીને તે તત્ત્વોથી અલગ સ્વરૂપે ધ્યાન કરે છે, તે સમગ્ર ભેદોવાળી માયાનો નિષેધ કરવાથી ત્રિકાલાબાધ્ય સુખસ્વરૂપે અનુભવાતા સર્વ નામ તથા રૂપવાળા અને અનિર્વચનીય માયારૂપી શકિતવાળા પરમાત્મા મારા પર પ્રસન્ન થાઓ. જે જે વચનથી કહેવાય છે, જેનો જેનો બુદ્ધિથી નિશ્ચય કરાય છે, જે જે ઈન્દ્રિયેથી ગ્રહણ કરાય છે અથવા જેનો જેનો મનથી સંકલ્પ કરાય છે તે તે પરમાત્માનું સ્વરૂપ નથી. કારણ કે તે તો ગુણોનું જ સ્વરૂપ છે અને પરમાત્મા તો ગુણોથી ભિન્ન હોઈ ગુણોની ઉત્પત્તિ તથા લયથી જણાય છે. (કેમ કે ચેતનના આશ્રય વિના ઉત્પત્તિ કે નાશ સંભવે નહિ.) જેને વિષે આ જગત રહ્યું છે, જેના થકી અને જે સાધનથી આ જગત ઉત્પન્ન થાય છે, જેના સંબંધમાં આ જગત રહ્યું છે, જેને ઉદ્દેશીને બલિદાન વગેરે અપાય છે, જે સ્વતંત્ર કર્તા કરે છે, અને જે પ્રયોજક કર્તા બીજા પાસે કરાવે છે, તે બ્રહ્મ છે; કેમ કે તે બ્રહ્મ સર્વનું કારણ, સર્વની પહેલાં પ્રસિદ્ધ, પર એવાં પ્રકૃતિ–પુરુષ વગેરેના તથા અપર એવા બ્રહ્મા આદિના પણ પરમ કારણ વિજાતીય અને સજાતીય ભેદથી પણ રહિત છે. જે ભગવાનની માયાવિદ્યાની શકિતઓ વિવાદ તથા સંવાદનો વિષય થાય છે અને તે વિવાદ તથા સંવાદ કરનારાઓને વારંવાર મનમાં મોહ ઉપજાવે છે, તે અનંત ગુણવાળા વ્યાપક પરમેશ્વરને હું નમસ્કાર કરું છું. યોગરૂપી ઉપાસનાશાસ્ત્રમાં બ્રહ્મને અવયવો છે એમ કહેલ છે, ત્યારે સાંખ્યરૂપ જ્ઞાન શાસ્ત્રમાં તેને અવયવો નથી એમ કહ્યું છે. આ રીતે બન્ને શાસ્ત્રો પરસ્પર વિરુદ્ધ ધર્મો સ્વીકારી તે સંબંધી વિવાદ ચલાવે છે, તોપણ તે બ્રહ્મરૂપ એક જ વસ્તુમાં સ્થિતિ કરે છે, તેથી એ બંને શાસ્ત્રોમાં તે સમાન પણે અનુસરતા દેખાય છે. તે વિધિ તથા પ્રતિષેધના અવિષયરૂપ હોઈ (તે બંને શાસ્ત્રોને વિવાદ ચલાવવામાં) અનુકૂળ (થાય) છે, તે જ વિવાદાસ્પદ બ્રહ્મ છે. જે અનંત ભગવાન નામ તથા રૂપથી રહિત છે, છતાં ચરણમૂળનું ભજન કરનારા પુરુષો પર કૃપા કરવા અવતારો વડે સ્વરૂપો સ્વીકારે છે અને કર્મો વડે નામો ધરે છે, તે પરમેશ્વર મારા પર પ્રસન્ન થાઓ. પ્રત્યેક શરીરમાં અંતર્યામી તરીકે રહેલા ઈશ્વર પ્રાકૃત–સકામ ઉપાસનાના માર્ગો દ્વારા તે તે અનેક વાસનાઓ અનુસાર તે તે (દેવતા આદિ) અનેક સ્વરૂપે મનુષ્યોને જણાય છે, જેમ વાયુ પૃથ્વીના જુદા જુદા ગંધગુણનો આશ્રય કરી પોતે (ગંધગુણથી રહિત હોવા છતાં)જુદા જુદા ગંધગુણવાળો જણાય છે અથવા પૃથ્વીની જુદા જુદા રંગની ધૂળનો આશ્રય કરી જુદા જુદા રંગવાળો જણાય છે, તેમ (ભગવાન પણ એક જ હોવા છતાં તે તે દેવતાઓના સ્વરૂપે ફળદાતા થઈ અનેક સ્વરૂપે દેખાય છે.) તે પરમેશ્વર મારા મનોરથો પૂર્ણ કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ રાજા ! તે અઘમર્ષણતીર્થમાં દક્ષે એમ સ્તુતિ કરી એટલે ભકતવત્સલ ભગવાન તેમની આગળ પ્રગટ થયા. એ સમયે ભગવાને ગરુડની પીઠ ઉપર પગ મૂક્યા હતા. તેમને લાંબી ને મોટી આઠ ભુજાઓ હતી. ચક્ર, શંખ, તલવાર, ઢાલ, બાણ, ધનુષ્ય, પાશ તથા ગદા તેમણે ધારણ કર્યા હતાં. પીળાં વસ્ત્રો પહેર્યા હતાં, મેઘના જેવા શ્યામ હતા, તેમનાં મુખ અને નેત્રો પ્રસન્ન હતાં, વનમાળાથી તેમનું અંગ વીંટાયું હતું, તેમના પર શ્રીવત્સચિહ્ન અને કૌસ્તુભમણિ શોભતાં હતાં, મોટો મુકુટ અને કડાં તેમણે પહેર્યા હતાં, મકરાકાર કુંડળો તેમના કાનમાં શોભતાં હતાં અને કંદોરો, વીટીઓ, પગનાં આભૂષણ, ઝાંઝરો તથા બાજુબંધોથી તે સુશોભિત હતા. આવું ત્રિલોકને મોહ ઉપજાવનારું સ્વરૂપ ધારણ કરતા તે ત્રિભુવનેશ્વર નારદ, નંદ વગેરે પાર્ષદોથી તથા દેવસમૂહોના

નાયકોથી વીંટાયેલા હતા. અને સિદ્ધ, ગંધર્વો તથા ચારણો તેમની પાછળ ગાન કરતા તેમની સ્તુતિ કરતા હતા. ભગવાનનું તે મહાઆશ્ચર્યકારક સ્વરૂપ જોઈ દક્ષ સર્વ તરફથી નિર્ભય થયા અને પ્રસન્નચિત્ત ભૂમિ પર દંડવત પ્રણામ કર્યા. જેમ નદીઓ ઝરણાંથી ભરપૂર થાય તેમ તેમનું મન અને ઈન્દ્રિયો તીવ્ર હર્ષ વડે એવાં ભરાઈ ગયાં કે જેથી તે કંઈ જ બોલી શક્યા નહિ. એમ પોતાને નમેલા અને પ્રજાની ઈચ્છાવાળા ભક્ત પ્રજાપતિ દક્ષને સર્વ પ્રાણીઓના ચિત્તને જાણનારા ભગવાન જનાર્દન આ રીતે કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે પ્રચેતાઓના મહાભાગ્યશાળી પુત્ર ! તપશ્ચર્યાને લીધે તમે સારી રીતે સિદ્ધ થયા છો; કારણ કે તમે મારાપરાયણ શ્રદ્ધાથી કેવળ મારામાં જ ઉત્તમ ભકિત પ્રાપ્ત કરી છે. હે પ્રજાનાથ! તમારી તપશ્ચર્યા આ જગતને વૃદ્ધિ કરનારી હોવાથી હું તમારા પર પ્રસન્ન થયો છું. મારી આ ઈચ્છા જ છે કે પ્રાણીમાત્રની સમૃદ્ધિઓ વૃદ્ધિ પામે. બ્રહ્મા, શંકર, તમે સર્વ પ્રજાપતિઓ, મનુઓ અને મોટા દેવો આ સર્વે પ્રાણીઓની સમૃદ્ધિ કરનારી મારી વિભૂતિઓ છો. હે બ્રહ્મન્ ! તપશ્ચર્યા (એટલે યમનિયમાદિ સહિત ધ્યાન) એ મારું હૃદય છે. વિદ્યા (એટલે અંગો સહિત મંત્રનો જપ) એ મારું શરીર છે. ક્રિયા (એટલે ધ્યાનાદિના વિષયરૂપ પુરુષનો વ્યાપાર) જેને ભાવના કહે છે, તે મારી આકૃતિ છે. સારી રીતે કરેલા યજ્ઞો મારાં અંગો છે. ધર્મ (એટલે યજ્ઞાદિથી ઉત્પન્ન થયેલું ફળ) મારું મન છે અને (યજ્ઞભોકતા) દેવો મારા પ્રાણ છે. આ સૃષ્ટિની પૂર્વે કેવળ હું જ હતો. ગ્રહણ કરનાર કે ગ્રાહ્ય બીજી કોઈ વસ્તુ ન હતી. માત્ર ચૈતન્યરૂપ ઈન્દ્રિયની વૃત્તિઓથી ન જણાય એવું અને બધે જાણે નિદ્રાવશ હોય તેવું મારું કેવળ સ્વરૂપ જ હતું. પછી અનંત ગુણોવાળા અને અનંત એવા મારા વિષે માયાથી ત્રિગુણાત્મક બ્રહ્માંડ ઉત્પન્ન થયું, તે જ વખતે સર્વના આદિ (સ્વયંભૂ બ્રહ્મા) ઉત્પન્ન થયા. મારી શકિતથી વધેલા તે મહાન દેવ બ્રહ્મા તે સમયે સૃષ્ટિ ઉત્પન્ન કરવા તૈયાર થયા, પણ પોતે (તે માટે) જાણે અસમર્થ હોય તેમ માનવા લાગ્યા. પછી તે સમર્થ દેવને મેં 'तप तप' એમ કહી તપશ્ચર્યા કરવા આજ્ઞા કરી, જેથી તેમણે ઉગ્ર તપ કર્યું અને તેમણે નવ પ્રજાપતિઓને પ્રથમ ઉત્પન્ન કર્યા (આવો તપશ્ચર્યાનો પ્રભાવ છે). હે પ્રજાપતિ! પંચજન નામના પ્રજાપતિની આ 'અસિકની' નામની પુત્રીને તમે પત્ની તરીકે સ્વીકારો. તમે મૈથુનધર્મવાળા છો, તેથી આ મૈથુનધર્મવાળી સ્ત્રીમાં આ સૃષ્ટિને અનેક રીતે વધારશે. તેમ જ તમારા પછીની સર્વ પ્રજાઓ મારી માયાને લીધે (સ્ત્રી સાથે મૈથુનરૂપ થઈ) પુત્રાદિરૂપે ઉત્પન્ન થશે અને મને બલિ આપશે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** જગતનું રક્ષણ કરનારા ભગવાન શ્રીહરિ એમ કહી દક્ષના દેખતાં સ્વપ્નમાં જોયેલા પદાર્થની પેઠે ત્યાં જ અદૃશ્ય થયા. ૧-૫૪

इत्युक्त्वा मिषतस्तस्य भगवान् विश्वभावनः । स्वप्नोपलब्धार्थ इव तत्रैवान्तर्दधे हरिः ॥५४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## નારદજીને દક્ષનો શાપ

॥ श्रीशुक उवाच ॥

तस्यां स पाञ्चजन्यां वै विष्णुमायोपबृंहितः । हर्यश्वसंज्ञानयुतं पुत्रानजनयद्विभुः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** વિષ્ણુની માયાથી બળવાન બનેલા સમર્થ દક્ષે પંચજન પ્રજાપતિની પુત્રી તે અસિક્નીમાં હર્યશ્વ નામના દસ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. હે રાજા ! દક્ષના તે સર્વ પુત્રો સમાન

આચાર અને સ્વભાવવાળા હતા. તેમને એમના પિતાએ પ્રજા ઉત્પન્ન કરવા આજ્ઞા કરી, એટલે તેઓ પશ્ચિમ દિશામાં ગયા. ત્યાં મુનિઓ તથા સિદ્ધોથી સેવાયેલું 'નારાયણ સરોવર' નામે ઘણું મોટું તીર્થ છે. ત્યાં સિંધુનદીનો તથા સમુદ્રનો સંગમ થાય છે. એ તીર્થના જળનો સ્પર્શ થતાં જ તેઓનાં અંતઃકરણના રાગાદિ મેલ ધોવાઈ ગયા અને તેઓને પરમહંસોનો ધર્મ આચરવાની બુદ્ધિ થઈ. પણ તેઓ પિતાની આજ્ઞાથી બંધાયા હતા, જેથી પ્રજાની વૃદ્ધિ માટે તેઓએ ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી. તેવામાં પ્રજાવૃદ્ધિ માટે તપ કરવા તત્પર થયેલા તેઓને દેવર્ષિ નારદે જોયા અને કહ્યું : હે હર્યશ્વો તમે પ્રજાઓના પાલક છો પણ અજ્ઞાની છો. મને ખેદ થાય છે કે પૃથ્વીનો અંત ન જોઈ તમે પ્રજા કેવી રીતે ઉત્પન્ન કરશો ? વળી જ્યાં એક જ પુરુષ છે તેવો દેશ, જેમાંથી નીકળવાનો માર્ગ કોઈએ જોયો નથી તેવી ગુફા, અનેક સ્વરૂપો ધારણ કરતી સ્ત્રી, વ્યભિચારિણી સ્ત્રીનો પતિ, બંને તરફ વહેતી નદી, પચીસ પદાર્થોથી બનેલું ઘર, કોઈ સમયે વિચિત્ર કથા કરતો હંસ અને સજૈયા તથા વજ્રથી જાણે બનાવેલી હોય તેવી અત્યંત તીક્ષ્ણ અને મજબૂત હોઈ પોતાની મેળે ભમતી જે એક વસ્તુ છે તે આ સર્વને જોયા વિના તમે પ્રજા કેવી રીતે ઉત્પન્ન કરશો ? તમે તમારા વિદ્વાન પિતાની આજ્ઞા સમજ્યા જ નથી, તો મને આશ્ચર્ય થાય છે કે પોતાને યોગ્ય તે આજ્ઞા સમજ્યા વિના તમે સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન કરશે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** દેવર્ષિ નારદના પરોક્ષવાદને લીધે જુદા જેવો અર્થ સૂચવતાં કૂટવચનો સાંભળી હર્યશ્વો સ્વાભાવિક વિચારશક્તિવાળી બુદ્ધિથી પોતાની મેળે જ આવો વિચાર કરવા લાગ્યા : (નારદજીએ પૃથ્વીનો અંત જોયા વિના એમ કહ્યું, તેનો અર્થ આવો છે) જીવ નામનું લિંગશરીર છે તે જ પૃથ્વી છે, જે અનાદિ હોઈ આત્માને બંધનનું કારણ થાય છે. તેનો (અંત જોયા વિના એટલે) નાશ કર્યા વિના મોક્ષમાં અનુપયોગી કર્મો કરવાથી શું વળવાનું છે ? (નારદજીએ કહ્યું : 'જેમાં એક જ પુરુષ છે તેવો દેશ જોયા વિના—' તેનો અર્થ આ છે :) જે સર્વના સાક્ષી, પોતે પોતાના આધાર, સમગ્ર ઐશ્વર્યોથી યુક્ત અને સર્વથી પર છે, તે જ એક ઈશ્વરરૂપ પુરુષ આ શરીરરૂપ દેશમાં રહેલો છે, તે નિત્યમુક્તનો સાક્ષાત્કાર કર્યા વિના ઈશ્વરાર્પણ ન કરેલાં મિથ્યા કર્મોથી શું વળવાનું છે ? (જ્યાંથી નીકળવાનું દ્વાર કોઈએ જોયું નથી તે ગુફા કઈ ?) જેને પામી પુરુષ જાણે પાતાળમાં ગયો હોય તેમ કદી પાછો ફરતો નથી, તે આંતરજ્યોતિરૂપ પરબ્રહ્મને ન જાણનારા પુરુષનાં નાશવંત સ્વર્ગાદિના સાધનકર્મોથી શું વળવાનું છે? ('અનેક રૂપોવાળી સ્ત્રી જાણ્યા વિના' એટલે) જીવની બુદ્ધિ તે જ અનેક સ્વરૂપો ધરનારી વ્યભિચારિણી જેવા મોહક સત્ત્વાદિ ગુણોવાળી સ્ત્રી છે. આ બુદ્ધિરૂપી સ્ત્રીનો અંત લાવનારો વિવેક જેણે મેળવ્યો નથી, તેને અશાંત કર્મો કરવાથી શું થવાનું છે ? ('વ્યભિચારિણી સ્ત્રીના પતિને જાણ્યા વિના' એટલે) એ બુદ્ધિરૂપી સ્ત્રીના સંગથી જેનું ઐશ્વર્ય નાશ પામ્યું છે અને વ્યભિચારિણી સ્ત્રીના પતિની પેઠે તે બુદ્ધિની અનેક સુખ—દુઃખરૂપ ગતિઓને જે પામી રહ્યો છે, એવા જીવને જેણે ઓળખ્યો નથી, તેને બુદ્ધિના અવિવેકથી પ્રાપ્ત થયેલાં કર્મોથી શું થવાનું છે (બંને તરફ પ્રવાહવાળી નદી કઈ ?) જે માયા સૃષ્ટિ તથા નાશ કરી રહી છે અને સંસારપ્રવાહમાં પડેલાંઓને નીકળવાના સ્થાનરૂપ તપ, વિદ્યા વગેરેની પાસે ક્રોધ, અહંકાર વગેરેથી જેણે વેગ કર્યો છે, તે માયા જ (ઉત્પત્તિ—વિનાશરૂપ) બંને તરફ પ્રવાહવાળી નદી છે. આ નદીને જેણે જાણી નથી તેવા મદમત્ત પુરુષને માયિક કર્મો કરવાથી શું ફળ મળવાનું છે ? (પચીસ પદાર્થનું ઘર ક્યું ?) અંતર્યામી આત્મા પચીસ તત્ત્વનું અદ્‌ભુત દર્પણ (આશ્રયસ્થાન) કે ઘર છે. કાર્યકારણના અધિષ્ઠાતા આત્માનો જેણે સાક્ષાત્કાર કર્યો નથી, તેને મિથ્યા સ્વાતંત્ર્યથી કરેલાં કર્મોથી શું

ફળ થવાનું છે? (કોઈ સમયે વિચિત્ર કથા કરતો હંસ કયો ?) બંધ તથા મોક્ષને જે દર્શાવે છે અને જેમાં વિચારયુકત શબ્દો તથા ક્રિયાપદો ગોઠવેલાં છે, તે ઈશ્વરનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર એ જ વિચિત્ર વાતો કહેતો હંસ છે; તેનો અભ્યાસ કર્યા વિના અજ્ઞાની પુરુષને ઉપલક કર્મો કરવાથી શું ફળ થવાનું છે ? (સજૈયા તથા વજ્રથી બનેલી અત્યંત તીક્ષ્ણ, મજબૂત ને પોતાની મેળે ભમ્યા કરતી વસ્તુ કઈ ?) સર્વ જગતને જે ખેંચી જાય છે, તીક્ષ્ણ છે અને પોતાની મેળે ભમ્યા કરે છે તે વસ્તુ 'કાળચક્ર' છે. આ કાળચક્રને જેણે ઓળખ્યું નથી તેવા પુરુષને નાશવંત કર્મોથી શું ફળ મળવાનું છે ? (નારદજીએ કહ્યું હતું: 'તમારો પિતા વિદ્વાન છે. તેની આજ્ઞા સમજ્યા વિના' એ સંબંધી હર્યશ્વો વિચાર કરે છે :) શાસ્ત્ર એ જ સર્વનો વિદ્વાન પિતા છે નિવૃત્તિમાર્ગને યોગ્ય અધિકારીને ઉદ્દેશી પ્રવૃત્તિમાર્ગથી અટકાવનારી આજ્ઞા જે જાણતો નથી તે ગુણમય પ્રવૃત્તિમાર્ગ ઉપર વિશ્વાસવાળો થઈ સૃષ્ટિ આદિમાં પ્રવૃત્તિ કેમ કરે છે ? હે રાજન્ ! નારદજીનાં વાક્યનો એવો નિશ્ચય કરી એકમત થયેલા હર્યશ્વો નારદજીની પ્રદક્ષિણા કરી મોક્ષમાર્ગે જ પ્રવૃત્ત થયા. મુનિ નારદજી ષડ્જાદિ સાત સ્વરોરૂપી બ્રહ્મમાં સાક્ષાત્કાર કરેલા શ્રીભગવાનનાં ચરણકમળમાં અખંડ ચિત્ત સ્થાપી લોકોમાં ફરવા લાગ્યા. પ્રજાપતિ દક્ષ, પોતાના ચારિત્ર્યશીલ પુત્રો એમ નારદજીને લીધે પ્રવૃત્તિમાર્ગથી ભ્રષ્ટ થયા સાંભળી, શોક કરતો ઘણો જ સંતાપ પામ્યો; કારણ કે ઉત્તમ પ્રજા પણ શોકનું સ્થાન બને છે. પછી બ્રહ્માએ તેમને શાંત કર્યા એટલે ફરી દક્ષે પંચજનની પુત્રી પોતાની સ્ત્રી વિષે શબલાશ્વ નામના એક હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. તેઓ પણ પ્રજા ઉત્પન્ન કરવાની પિતાની આજ્ઞા થવાથી વ્રતો લઈ તે જ નારાયણ સરોવર ઉપર ગયા કે જ્યાં પોતાના મોટાભાઈઓ સિદ્ધ થયા હતા. તે સ્થળે એ તીર્થજળનો સ્પર્શ થતાં જ જેમના હૃદયમાંથી રાગ આદિ દોષો ધોવાઈ ગયા હતા, એવા તે શબલાશ્વો પ્રણવમંત્રનો જપ કરતા મોટી તપશ્ચર્યા કરવા લાગ્યા. પછી તેઓએ કેટલાક મહિના જળ અને કેટલાક મહિના વાયુનું જ ભોજન કર્યું અને નીચેનો આ મંત્ર જપતાં મંત્રપતિ ભગવાન વિષ્ણુનું આરાધન કર્યું :

ૐ नमो नारायण पुरुषाय महात्मने । विशुद्धसत्त्वधिष्ण्याय महाहंसाय धीमहि ॥

સર્વના અંતર્યામી મહાન આત્મા નારાયણને અમે નમસ્કાર કરીએ છીએ. શુદ્ધ સત્ત્વગુણના આશ્રય તે પરમહંસ ભગવાનનું ધ્યાન કરીએ છીએ. હે રાજેન્દ્ર! પ્રજાસૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા તે શબલાશ્વો પાસે પણ નારદમુનિ આવ્યા અને પૂર્વની પેઠે ગંભીર અર્થસૂચક ફૂટ વચનો કહેવા લાગ્યા. 'હે દક્ષના પુત્રો ! તમને ઉપદેશ આપું છું, તેને તમે સાંભળો. તમે તમારા ભાઈઓ ઉપર પ્રેમવાળા છો, માટે તમે પણ તેઓના જ માર્ગે જવા ઈચ્છા કરો છો. ધર્મવેત્તા જે ભાઈ પોતાના ભાઈઓના ઉત્તમ માર્ગને અનુસરે છે, તે પુણ્યરૂપ બંધુની સહાય મેળવી દેવોની સાથે આનંદ કરે છે.' આટલું કહી હે રાજા! જેમનું દર્શન સફળ હોય છે, એવા નારદજી ત્યાંથી ચાલ્યા ગયા, એટલે તે શબલાશ્વો પણ પોતાના ભાઈઓના જ માર્ગને અનુસરવા લાગ્યા. તેઓ આંતરવૃત્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય પરમેશ્વરના એ ઉત્તમ માર્ગે ગયા અને ગયેલી રાત્રિઓની પેઠે હજી સુધી પાછા જ ન ફર્યા. એ સમયે પ્રજાપતિ દક્ષે અનેક ઉત્પાતો જોયા અને નારદજીએ પોતાના એ પુત્રોને પણ પૂર્વની પેઠે નિવૃત્તિમાર્ગે ચડાવેલા સાંભળ્યા, ત્યારે પુત્રોના શોકથી મૂર્ચ્છિત થઈ નારદજી ઉપર તે ક્રોધાયમાન થયો. તેવામાં (પુત્રોની પરમહંસનિષ્ઠા સાંભળી દક્ષ પણ સંસારથી વિરકત થાય તો સારું એમ દક્ષ ઉપર કૃપા કરવાની ઈચ્છાથી નારદજી દક્ષની પાસે ગયા ત્યારે) એ દેવર્ષિને પોતાની પાસે આવેલા જોઈ ક્રોધથી જેના હોઠ ફરરતા હતા, એવા દક્ષ તેમને આ રીતે કહેવા લાગ્યા.

**દક્ષ બોલ્યા :** અહો ! દુષ્ટ! સાધુ જેવો વેશ ધારણ કરનારા, તે મારા સજ્જન પુત્રોનું ભૂંડું કર્યું છે; કારણ કે તે તેઓને ભિક્ષુઓનો માર્ગ બતાવ્યો છે. ઓ પાપી! હજી તેઓ ત્રણ ઋણથી મુકત થયા ન હતા અને તેઓએ કર્મો સંબંધી કંઈ વિચાર પણ કર્યો ન હતો, તેવામાં તો તે તેના બંને લોકોના કલ્યાણનો નાશ કર્યો છે. આ રીતે તું નિર્દય છે. તેં મારા પુત્રોની બુદ્ધિ ભમાવી છે અને તેમ કરી શ્રીહરિના યશનો તે નાશ કર્યો છે; છતાં તું નિર્લજ્જ થઈ તેમના પાર્ષદોની મધ્યે (શું જોઈ) ફર્યા કરે છે? તારા સિવાયના જે જે ભગવાનના ભકતો છે તેઓ તો પ્રાણીઓ પર નિત્ય કૃપા કરવામાં જ તત્પર રહે છે, ત્યારે તું હરકોઈની પરસ્પરની મિત્રતાનો નાશ કરે છે અને જેઓમાં પરસ્પર વેર ન હોય તેમાં પણ વેર કરે છે, તું કદાચ માનતો હોઈશ કે ઉપશમ તો સ્નેહપાશનો નાશ કરનાર છે. પણ (એ તારું માનવું બરાબર નથી, કારણ કે) જ્ઞાન વિના કેવળ વ્યર્થ અવધૂતવેશ ધારણ કરનારો તું આ રીતે બુદ્ધિને માર્ગથી ભ્રષ્ટ કરે તેથી કંઈ મનુષ્યને વૈરાગ્ય થાય નહિ; કેમ કે જ્યાં સુધી વિષયોનો અનુભવ થાય નહિ ત્યાં સુધી મનુષ્ય વિષયોની તીક્ષ્ણતાને સમજી શકતો નથી. માટે વિષયોનો અનુભવ કરવાથી મનુષ્યને જેવો વૈરાગ્ય થાય તેવો બીજાઓ તેની બુદ્ધિને ભમાવે તેથી થાય નહિ. અમે કર્મની મર્યાદા જાળવનારા ઉત્તમ ગૃહસ્થો છીએ. તેઓનું તેં (પ્રથમ) આવું દુઃસહ અપ્રિય કર્યું હતું, છતાં તારો એ અપરાધ અમે સહન કર્યો હતો, પણ અમારા વંશતંતુઓનો નાશ કરનારા ઓ મૂઢ ! તેં તો ફરી અમારું આ અપ્રિય કર્યું છે. તેથી (હું તને શાપ આપું છું કે,) લોકોમાં ભટકતા તારું કોઈ ચોક્સ સ્થાન થશે નહિ. (તું જ્યાં-ત્યાં ભટક્યા કરીશ.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** સત્પુરુષોમાં માન્ય ગણાતા નારદજીએ દક્ષના એ શાપ વચનને **'તથાસ્તુ'** કહીને સ્વીકારી લીધાં (નહિ કે સામેથી પોતે પણ શાપ આપ્યો), કારણ કે પોતે સામેથી શાપ આપવા સમર્થ હોવા છતાં સહનશીલતા રાખવી એ જ સાધુતા છે.

प्रतिजग्राह तद् बाढम् नारदः साधुसम्मतः । एतावान् साधुवादो हि तितिक्षेतेश्वरः स्वयम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## દક્ષની સાઠ કન્યાઓના વંશ

॥ श्रीशुक उवाच ॥

ततः प्राचैतसोऽसिक्न्यामनुनीतः स्वयम्भुवा । षष्टिं सञ्जनयामास दुहितॄः पितृवत्सलाः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી પ્રચેતાના પુત્ર દક્ષને સ્વયંભૂ બ્રહ્માએ સમજાવ્યા, એટલે તેમણે અસિકની પત્નીમાં સાઠ પુત્રીઓ ઉત્પન્ન કરી. તેઓ પિતા ઉપર પ્રેમ રાખનારી હતી. તેમાંની દસ ધર્મને, તેર પ્રજાપતિ કશ્યપને, સત્તાવીસ ચંદ્રને, ભૂત, અંગિરા તથા કૃશાશ્વને બબ્બે અને બાકીની ચાર બીજા તાર્ક્ષ્ય નામથી ઓળખાતા કશ્યપને આપી. સંતાનો સહિત એ દક્ષ કન્યાઓનાં નામ તમે મારી પાસેથી સાંભળો કે જેના પુત્રપૌત્રાદિથી ત્રણે લોક ભરાઈ ગયા છે. ભાનુ, લંબા, કકુભ, જામિ, વિશ્વા, સાધ્યા, મરુત્વતી, વસુ, મુહૂર્તા તથા સંકલ્પા આ ધર્મની સ્ત્રીઓ હતી. તેના પુત્રોનાં નામ તમે સાંભળો. હે રાજા! એમાંની ભાનુને દેવઋષભ નામનો પુત્ર થયો અને દેવઋષભનો ઇંદ્રસેન નામનો પુત્ર થયો. લંબાને વિદ્યોત નામે પુત્ર થયો અને તે વિદ્યોતથી સ્તનયિત્નુ નામે (મેઘગણો) પુત્રો થયા. વળી કકુભને

સંકટ નામનો પુત્ર થયો. તે સંકટનો કીકટ નામે પુત્ર થયો અને તે કીકટથી પૃથ્વીના કિલ્લાનું અભિમાન ધરાવતા દેવો થયા. જામિને સ્વર્ગથી નંદી નામે પુત્ર થયો. વિશ્વાના વિશ્વેદેવો નામના પુત્રો થયા, જેઓને પ્રજારહિત કહે છે. સાધ્યાથી સાધ્ય નામનો દેવસમુદાય થયો અને તે સાધ્યોનો પુત્ર અર્થસિદ્ધિ થયો. મરુત્વતીમાં મરુત્વાન અને જયંત નામના બે પુત્રો થયા. તેમાંનો જયંત ભગવાન શ્રીવાસુદેવનો અંશ હતો, જેને લોકો 'ઉપેન્દ્ર' નામથી ઓળખે છે. 'મુહૂર્તાથી મૌહૂર્તિક નામના દેવગણો (મુહુર્તાના અભિમાની દેવો) થયા, જેઓ પ્રાણીમાત્રને પોતપોતાના કાળે ઉત્પન્ન થનારું ફળ આપે છે. સંકલ્પાને સંકલ્પ નામનો પુત્ર થયો અને તે સંકલ્પનો કામ નામે પુત્ર થયો. વસુથી આઠ વસુ નામના પુત્રો થયા. તેઓનાં નામ સાંભળો. દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ અને વિભાવસુ, તેમાંના દ્રોણની અભિમતિ નામની પત્ની હતી, જેના હર્ષ, શોક તથા ભય વગેરે પુત્રો થયા. પ્રાણની ઊર્જસ્વતી નામની પત્ની હતી, જેના સહ, આયુ અને પુરોજવ નામે પુત્રો થયા. ધ્રુવને ધરણી નામની સ્ત્રી હતી, જેના અનેક નગરના અભિમાની પુત્રો થયા. અર્કની વાસના નામની સ્ત્રી હતી, જેના તર્ષ વગેરે પુત્રો થયા. અગ્નિની વસોર્ધારા નામની સ્ત્રી હતી, જેના દ્રવિણક વગેરે પુત્રો થયા. તે સિવાય સ્કંદ (કાર્તિકસ્વામી) નામનો પણ અગ્નિનો એક પુત્ર કૃત્તિકા (નામે છ તારા) સ્ત્રીથી થયો હતો, તે સ્કંદના વિશાખ વગેરે પુત્રો થયા. દોષની શર્વરી નામની સ્ત્રી હતી, જેમાં શ્રીહરિના અંશરૂપ શિશુમાર પુત્ર થયો. વસુની આંગિરસી સ્ત્રી હતી, જેમાં વિશ્વકર્મા નામે શિલ્પવિદ્યાનો આચાર્ય પુત્ર થયો. એ વિશ્વકર્માથી ચાક્ષુષ મનુ નામનો પુત્ર થયો. જે મનુના વિશ્વેદેવો અને સાધ્યદેવો નામના પુત્રો થયા. વિભાવસુ નામના (આઠમા) વસુને ઉષા નામે સ્ત્રી હતી. તેણે વ્યુષ્ટ, રોચિષ અને આતપ નામના પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાંના આતપથી (દિવસનો અભિમાની દેવ) પંચયામ નામનો પુત્ર થયો હતો, જેને લીધે પ્રાણીઓ પોતપોતાનાં કર્મોમાં જાગ્રત રહે છે. (દક્ષના જમાઈ) ભૂત પ્રજાપતિની સરૂપા સ્ત્રીએ રૂદ્ર નામના કરોડો પુત્રો ઉત્પન્ન કર્યા. તેમાં રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ, અહિર્બૂધ્ન્ય, બહુરૂપ અને સહાન; આ અગિયાર મુખ્ય રુદ્રો છે. બીજા રૂદ્રના પાર્ષદો ભયંકર ભૂત, પ્રેત તથા વિનાયકો બીજી સ્ત્રીમાં ઉત્પન્ન થયા. (દક્ષના જમાઈ) પ્રજાપતિ અંગિરાની સ્વધા અને સતી નામની બે પત્નીઓ હતી. તેમાંની સ્વધાએ પિતૃદેવોને પુત્ર તરીકે ઉત્પન્ન કર્યા અને સતીએ આંગિરસ અથર્વવેદને પુત્ર તરીકે ઉત્પન્ન કર્યો. (દક્ષના જમાઈ) કૃશાશ્વ પ્રજાપતિએ (પહેલી) અર્ચિષ નામની પત્નીમાં ધૂમ્રકેશ નામના પુત્રને અને (બીજી) ધિષણા નામની સ્ત્રીમાં વેદશિરા, દેવલ, વયુન તથા મનુ નામના ચાર પુત્રો ઉત્પન્ન કર્યા. તાર્ક્ષ્ય (અથવા કશ્યપ નામના દક્ષના જમાઈ)ને વિનતા, કદ્રૂ, પતંગી તથા યામિન નામે ચાર સ્ત્રીઓ હતી, તેમાંની પતંગીએ પક્ષીઓ, યામિનીએ તીડો, વિનતાએ સાક્ષાત ભગવાનના વાહન ગરુડ તથા સૂર્યના સારથિ અરુણ અને કદ્રૂએ અનેક નાગો ઉત્પન્ન કર્યા. હે ભરતવંશી રાજા ! કૃત્તિકા વગેરે સત્તાવીશ નક્ષત્રો (દક્ષના જમાઈ) ચંદ્રની સ્ત્રીઓ છે. એ ચંદ્ર દક્ષના શાપથી ક્ષયરોગને લીધે પીડાયેલો રહે છે, તેથી તેને એ સ્ત્રીઓમાં કંઈ સંતાન થયું નથી. ચંદ્રે દક્ષને પ્રસન્ન કરી કૃષ્ણપક્ષમાં ખંડિત થતી પોતાની કળાઓ પાછી મેળવી છે. હવે લોકોની માતા ગણાતી પ્રજાપતિ કશ્યપની સ્ત્રીઓને લીધે આ જગત ઉત્પન્ન થયું છે. તેઓનાં કલ્યાણકારી નામ તમે સાંભળો. અદિતિ, દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઈલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ. હે રાજા! તેમાંની તિમિથી જળજીવો,

સરમાથી શિકારી પશુઓ, સુરભિથી પાડા, ગાયો તથા બીજાં બે ખરીઓવાળાં પ્રાણીઓ; તામ્રાથી બાજપક્ષી અને ગીધ વગેરે તથા મુનિથી અપ્સરાઓના સમૂહો ઉત્પન્ન થયા. હે રાજન દંદશૂક વગેરે સર્પો ક્રોધવશાના પુત્રો થયા. સર્વ વૃક્ષો ઈલાનાં સંતાનો થયાં. સુરસાના પુત્રો યાતુધાનો થયા. અરિષ્ટાના પુત્રો ગંધર્વો થયાં. કાષ્ટાનાં એક ખરીવાળાં પ્રાણીઓ સંતાન થયાં અને દનુના એકસઠ પુત્ર થયા. તેઓમાંના મુખ્ય (અઢાર) તમે સાંભળે. દ્વિમૂર્ધા, શંબર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરુણ, પુલોમા, વૃષપર્વા, એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય. નમુચિ સ્વર્ભાનુની સુપ્રભા નામની કન્યાને પરણ્યો હતો અને નહુષનો બળવાન પુત્ર યયાતિ વૃષપર્વાની શર્મિષ્ટા નામની પુત્રીને પરણ્યો હતો. વળી દનુનો વૈશ્વાનર નામે પુત્ર હતો. તેને ઉપદાનવી, હયશિરા, પુલોમા તથા કાલકા નામની ચાર સુંદર રૂપવતી પુત્રીઓ હતી. હે રાજા ! તેઓમાંની ઉપદાનવીને હિરણ્યાક્ષ, હ્યશિરાને ક્રતુ અને પુલોમા તથા કાલકા નામની વૈશ્વાનરની બે કન્યાઓને પ્રજાપતિ ભગવાન કશ્યપ બ્રહ્માની આજ્ઞાથી પરણ્યા હતા. આ બે સ્ત્રીઓમાં યુદ્ધ વિષે શોભનારા પૌલેમ તથા કાલકેય નામના દાનવો ઉત્પન્ન થયા હતા. હે રાજન્ ! તે દાનવોના સાઠ હજાર નિવાત (કવચ) નામના દાનવપુત્રો થયા હતા. તેઓ યજ્ઞોનો નાશ કરનારા હતા, જેથી સ્વર્ગમાં જઈને ઈન્દ્રનું પ્રિય કરનારા તમારા દાદાએ (અર્જુને) તેઓનો નાશ કર્યો હતો. (દનુના અઢાર મુખ્ય પુત્રોમાંના) વિપ્રચિત્તિ સિંહિકા નામની સ્ત્રીમાં એકસો ને એક કેતુ નામથી ઓળખાતા પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં સૌથી મોટો રાહુ છે. એ બધા ગ્રહપણાને પામ્યા છે. હવે અદિતિનો વંશ અનુક્રમે સાંભળો, જે વંશમાં સમર્થ ભગવાન નારાયણદેવ પોતાના અંશથી અવતર્યા હતા. અદિતિને વિવસ્વત, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરુણ, મિત્ર, શુક્ર તથા ઉરક્રમ નામે બાર પુત્રો થયા. તેમાંના વિવસ્વતથી મહાભાગ્યશાળી સંજ્ઞા નામની સ્ત્રીએ શ્રાદ્ધદેવ મનુ તથા યમ ને યમુના નામના જોડકાને જન્મ આપ્યો અને તે સંજ્ઞા જ ઘોડીનું રૂપ લઈ પૃથ્વી ઉપર ગઈ હતી ત્યારે (ઘોડારૂપે તેની પાછળ વિવસ્વતથી જ) બે અશ્વિનીકુમારોને જન્મ આપ્યો હતો. વળી વિવસ્વતથી છાયા એ શનૈશ્વર, સાવર્ણિ મનુ તથા તપતી નામની એક કન્યાને જન્મ આપ્યો હતો, જે તપતી સંવરણ નામના પતિને વરી હતી. અર્યમાને માતૃકા નામે પત્ની હતી. તેઓથી ચર્ષણિ નામના પુત્રો થયા, જેઓમાં બ્રહ્માએ મનુષ્યજાતિ કલ્પી છે. પૂષાને કંઈ સંતાન થયું ન હતું. પૂર્વે (દક્ષ ને શંકરની લડાઈમાં) પૂષાના દાંત ભંગાયા છે, તેથી તે લોટ ખાઈને રહે છે. દક્ષ ઉપર કોપેલા શંકર સામે દાંત ખુલ્લા કરી તે હસ્યો હતો (તેથી જ તેના દાંત શંકરે ભાંગ્યા હતા.) ત્વષ્ટાની રચના નામની સ્ત્રી હતી, જે દૈત્યોની નાની બહેન હતી તે બંનેથી સંનિવેશ અને વીર્યવાન એવો વિશ્વરૂપ એમ બે પુત્રો થયા હતા. તેમાંના વિશ્વરૂપને દેવગણોએ પોતાના શત્રુઓનો તે ભાણેજ હતો છતાં જે વખતે ઈન્દ્રથી અપમાન પામેલા બૃહસ્પતિએ દેવનો ત્યાગ કર્યો હતો. ત્યારે દેવોએ તેનો (વિશ્વરૂપનો) પોતાના પુરોહિત તરીકે સ્વીકાર કર્યો હતો. ૧-૪૫

तं वव्रिरे सुरगणा दौहित्रं द्विषतामपि । विमतेन परित्यक्ता गुरुणाङ्गिरसेन यत् ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭
## વિશ્વરૂપ દેવોનો પુરોહિત થયો

॥ राजोवाच ॥

कस्य हेतोः परित्यक्ता आचार्येणात्मनः सुराः । एतदाचक्ष्व भगवन् शिष्याणामक्रमं गुरौ ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** આચાર્ય બૃહસ્પતિએ પોતાના શિષ્ય દેવોનો શા માટે ત્યાગ કર્યો હતો ? અને હે ભગવન્ ! દેવોએ (શિષ્ય થઈ) ગુરુનો શો અપરાધ કર્યો હતો તે કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે ત્રણે જગતના ઐશ્વર્યનો મદ થવાથી સન્માર્ગ તજનારો ઈન્દ્ર સભામાં સિંહાસન પર બેઠો હતો. તે વેળા હે રાજા ! વાયુઓ, વસુઓ, રૂદ્રો, આદિત્યો, ઋભુઓ, વિશ્વેદેવો, સાધ્યો, અશ્વિનીકુમારો, સિદ્ધો, ચારણો, ગંધર્વો તથા વેદવાદી મુનિઓ તેની આસપાસ બેઠા હતા. તેમ જ હે ભરતવંશી રાજા ! વિદ્યાધરો, અપ્સરાઓ, કિન્નરો, પક્ષીઓ અને સર્પો તેની સેવા અને સ્તુતિ કરતાં સુંદરતાપૂર્વક ગાન કરતાં હતાં. ચંદ્રના મંડળ જેવા સુંદર ઉજ્જવળ છત્ર વડે તથા બીજાં ચામર પંખા વગેરે મહારાજાનાં ચિહ્ન વડે યુકત હોઈ અરધે આસને બેઠેલી ઈન્દ્રાણી સાથે તે અત્યંત શોભતો હતો. એ વખતે દેવોના અને પોતાના મહાન આચાર્ય બૃહસ્પતિ સભામાં આવવા છતાં ઈન્દ્રે તેમની સામે ઊભા થઈ આસન વગેરે આપીને તેમનો સત્કાર કર્યો નહિ. એટલું જ નહિ પણ મુનિઓમાં શ્રેષ્ઠ અને દેવો તથા અસુરોથી નમાતા બૃહસ્પતિને સભામાં જોવા છતાં ઈન્દ્ર આસન ઉપરથી જરા પણ ખસ્યો નહિ. ત્યારે અંગિરાના મહાસમર્થ પુત્ર બૃહસ્પતિ સભામાંથી એકદમ નીકળી જઈ ચુપચાપ પોતાને ઘેર આવતા રહ્યા, કારણ કે લક્ષ્મીના મદથી જે વિકાર થાય છે તેને તે જાણતા હતા. પછી તે જ વખતે ઈન્દ્રે પોતાની મેળે જાણ્યું કે પોતે ગુરુનું અપમાન કર્યું છે, એટલે સભાની વચ્ચે પોતે પોતાની આ પ્રમાણે નિંદા કરવા માંડી. અહો અફસોસ ! મારું આ કર્મ ઘણું જ નિંદ્ય ગણાય કે મેં અલ્પ બુદ્ધિવાળાએ ઐશ્વર્યના મદથી છકી જઈ સભાની વચ્ચે ગુરુનું અપમાન કર્યું ! ક્યો વિદ્વાન પુરુષ સત્યલોકના અધિપતિની લક્ષ્મીની પણ ઈચ્છા કરે, કે જે લક્ષ્મીએ દેવોના ઈશ્વર મને પણ આજે આસુરી ભાવમાં આણે છે. જે પુરુષો કહે છે કે, મહારાજાના સિંહાસને બિરાજેલા પુરુષે કોઈની સામે ઊભા થવું નહિ; તેઓ શ્રેષ્ઠ ધર્મને સમજતા નથી, પણ નિંદ્ય માર્ગને જ ઉપદેશનારા છે અને તેથી પોતે ઘોર નરકમાં પડનારા છે. એવા પુરુષોનાં વચન ઉપર જે શ્રદ્ધા કરે છે, તેઓ પણ પથ્થરના વહાણમાં બેસનારાઓની પેઠે નરકસમુદ્રમાં ડૂબે છે. માટે હું શઠતા છોડી દેવાના આચાર્ય અને અગાધ બુદ્ધિ વાળા બ્રાહ્મણ બૃહસ્પતિને તેમની ચરણમાં મસ્તક નમાવી પ્રસન્ન કરું.' ઈન્દ્ર આવો વિચાર કરતો હતો ત્યારે ભગવાન બૃહસ્પતિ (ઈન્દ્રનો તે વિચાર જાણી લઈ) પોતાની સર્વોત્કૃષ્ટ માયા વડે ઘેરથી અંતર્ધાન થયા. ઐશ્વર્યથી શોભતા ઈન્દ્ર ગુરુને શોધી કાઢવા ચારે તરફ શોધ કરાવી, પણ પત્તો લાગ્યો નહિ એટલે દેવોની સાથે બુદ્ધિથી વિચાર કરવા છતાં પોતાને શાંતિ ન મળી. બીજી તરફ મદોન્મત્ત અસુરોએ એ વાત સાંભળીને શુક્રાચાર્યના મતનો આશ્રય કરી હથિયારો ઉગામી દેવો સામે યુદ્ધ કરવાનો આરંભ કર્યો. અને તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી દેવોનાં મસ્તકો, સાથળો તથા બાહુઓ છિન્નભિન્ન કરી નાખ્યાં. એટલે દેવતાઓ ઈન્દ્રને સાથે લઈ નમ્ર મસ્તકે બ્રહ્માને શરણે ગયા. ભગવાન બ્રહ્મદેવ તેઓને એમ દુઃખી થયેલા જોઈ પરમ કૃપાથી તેમને શાંત પાડતા કહેવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** અહો! હે શ્રેષ્ઠ દેવો ! ખેદની વાત છે કે તમારું કર્મ મહા અમંગળ છે. તમોએ ઐશ્વર્યથી છકી જઈ બ્રહ્મનિષ્ઠ અને જિતેન્દ્રિય બ્રાહ્મણ બૃહસ્પતિનું સન્માન ન કર્યું. હે દેવો ! તમે અત્યંત સમૃદ્ધિવાળા છો અને તમારા શત્રુઓ અત્યંત નિર્બળ હોવા છતાં તમારો એ શત્રુઓથી આ પરાભવ થયો. તે તમારી એ નીતિનું જ ફળ છે. હે ઈન્દ્ર! તારા શત્રુ (દૈત્યો) ગુરુના અપમાનથી અત્યંત દુર્બળ થયા હતા, પણ હમણાં ભકિતથી ગુરુ શુક્રાચાર્યને સેવી ફરી કેવા બળવાન બન્યા છે તે તું જો. તેઓ શુક્રાચાર્યને ઈષ્ટદેવરૂપે સ્વીકારી મારા સ્થાનને પણ પડાવી લે, તો સ્વર્ગને તો કેમ જ ગણે? કેમ કે તેઓના ગુપ્ત વિચારો કોઈ રીતે ફોડી શકાતા નથી અને શુક્રાચાર્યનું શિક્ષણ એ જ તેઓનો પરમ પુરુષાર્થ છે. જેઓ પર બ્રાહ્મણોની, ભગવાનની તેમ જ ગાયોની કૃપા હોય તેવા રાજાઓનું કદી અમંગળ થતું નથી. માટે તમે જલદી બ્રાહ્મણ વિશ્વરૂપને સેવો કે જે તપસ્વી, જિતેન્દ્રિય અને ત્વષ્ટાનો પુત્ર છે. તેનો તમે સત્કાર કરશો અને તેના (અસુરો પ્રત્યે પક્ષપાતરૂપી) કર્મને જો તમે સહન કરશો તો તે તમારા કાર્યો કરશે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! બ્રહ્માએ એમ કહ્યું એટલે જેઓનો સંતાપ દૂર થયો હતો, તે દેવો ત્વષ્ટાના પુત્ર ઋષિ વિશ્વરૂપ પાસે જઈ તેમને ભેટી આ પ્રમાણે કહેવા લાગ્યા.

**દેવો બોલ્યા :** હે તાત! તમારું કલ્યાણ થાઓ. અમે તમારા અતિથિ તરીકે તમારા આશ્રમમાં આવ્યા છીએ. વળી અમે તમારા પિતા છીએ, તો આ સમયને યોગ્ય અમારી ઈચ્છા તમે પૂર્ણ કરો. ઉત્તમ પુત્રો પોતે પુત્રવાળા હોય, તોપણ તેઓનો પરમ ધર્મ છે કે તેઓએ પિતાની સેવા કરવી જોઈએ. તો હે બ્રહ્મન્ ! જે પુત્રો બ્રહ્મચારી હોય, તેઓએ પિતાની સેવા કરવી જોઈએ એમાં શું કહેવાનું હોય ? આચાર્ય બ્રહ્માની, પિતા પ્રજાપતિની અને ભાઈ ઈન્દ્રની મૂર્તિ છે, માતા સાક્ષાત્ પૃથ્વીનું શરીર છે, બહેન દયાની મૂર્તિ છે, અતિથિ ધર્મનું સ્વરૂપ છે, અભ્યાગત અગ્નિની મૂર્તિ છે અને સઘળાં પ્રાણીઓ પરમાત્માની મૂર્તિ છે. માટે હે તાત! તમારા દુઃખી પિતા એવા અમારી પીડાને તથા શત્રુ તરફના પરાભવને તપથી દૂર કરતા તમે અમારી આ આજ્ઞા પાળવાને યોગ્ય છો. અમે બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ અને ગુરુ એવા તમને અમારા ઉપાધ્યાય તરીકે સ્વીકારીએ છીએ, જેથી તમારા તેજથી સહેજમાં શત્રુઓને જીતીશું. હે બ્રહ્મન્ ! પોતાના કરતાં નાનો હોય, તો પણ કોઈ કાર્યો નિમિત્તે તેના ચરણમાં વંદન કરવું, એને શાસ્ત્રકારો નિંદ્ય માનતા નથી, કારણ કે વેદના મંત્રોને લેવા સિવાયની બાબતમાં વય મોટાઈનું કારણ છે, પણ વેદમંત્રો લેવામાં વય મોટાઈનું કારણ નથી; અર્થાત્ અમારે તમારી પાસેથી વેદમંત્ર લેવા છે, તેથી તમે નાના હોવા છતાં મોટા જ છો.

**શુકદેવજી બોલ્યા :** દેવગણોએ એમ પુરોહિત પદ સ્વીકારવાની પ્રાર્થના કરી, એટલે મહાતપસ્વી વિશ્વરૂપ પ્રસન્ન થઈને મધુર વાણીથી તેને કહેવા લાગ્યો.

**વિશ્વરૂપ બોલ્યો :** બ્રહ્મતેજનો નાશ કરનારા પુરોહિતપદને ધર્મશીલ પુરુષોએ નિંદ્યું છે; તોપણ હે દેવો! તમે લોકપાલોએ આ યાચના કરી, તેને મારા જેવો તમારો શિષ્ય કેમ ના પાડશે ? કારણ કે શાસકની આજ્ઞામાં રહેવું એ જ શિષ્યનો સ્વાર્થ કહેવાય છે. વળી અકિંચન તપસ્વીઓનું શીલ તથા ઉંછ એ જ ધન ગણાય છે, જેથી હું પણ આ ગૃહસ્થાશ્રમમાં તે શિલોંછવૃત્તિથી જ સાધુપુરુષનો સત્કાર કરું છું. માટે હે અધીશ્વરો ! જેનાથી દુર્મતિ પુરુષ જ પ્રસન્ન થાય છે, એવું નિંદાપાત્ર તમારું પુરોહિતપણું હું શા

માટે સ્વીકારું ? તોપણ તમે વડીલોએ આ પ્રાર્થના કરી છે તેની હું ના પાડી શકતો નથી; કેમ કે આ પ્રાર્થના (માંગણી) કેટલી છે ? કંઈ જ નથી. હું તમારી પ્રાર્થનાને મારા પ્રાણ અને ધનથી પણ સિદ્ધ કરીશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે દેવો પાસે પ્રતિજ્ઞા કરી મહાતપસ્વી વિશ્વરૂપે તેમનું પુરોહિતપણું સ્વીકાર્યું અને પરમ એકાગ્રતાપૂર્વક તે કરવા માંડ્યું. મહાસમર્થ વિશ્વરૂપે દેવોના શત્રુઓની લક્ષ્મીનું શુક્રાચાર્ય વિદ્યા વડે રક્ષણ કરતા હતા; તોપણ તે લક્ષ્મી પોતાની વૈષ્ણવી (નારાયણકવચ) વિદ્યાથી તેમની પાસેથી પડાવી લઈને ઈન્દ્રને આપી. ઉદાર બુદ્ધિવાળા વિશ્વરૂપે એ વૈષ્ણવી વિદ્યા પણ ઈન્દ્રને આપી, જેથી રક્ષણ પામેલા ઈન્દ્રે સમર્થ બની અસુરોની સેના જીતી. ૧-૪૦

यया गुप्तः सहस्राक्षो जिग्येऽसुरचमूर्विभुः । तां प्राह स महेन्द्राय विश्वरूप उदारधीः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## વૈષ્ણવી વિદ્યા નારાયણ કવચ

॥ राजोवाच ॥

यया गुप्तः सहस्राक्षः सवाहान रिपुसैनिकान् । क्रीडन्निव विनिर्जित्य त्रिलोक्या बुभुजे श्रियम् ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે ભગવન્ ! જે વૈષ્ણવી વિદ્યાથી રક્ષણ પામેલા ઈન્દ્ર વાહનો સહિત શત્રુ સૈનિકોને જાણે રમતો હોય, તેમ જીતી લઈ ત્રણે લોકની લક્ષ્મી ભોગવી હતી, તે વૈષ્ણવી વિદ્યા (નારાયણકવચ) તમે મને કહો કે જેનાથી રક્ષાયેલા ઈન્દ્રે યુદ્ધમાં પોતાને મારી નાખવા તૈયાર થયેલા શત્રુઓને જીત્યા હતા.

**શ્રીશુકદેવજી બોલ્યા :** દેવોએ સ્વીકારેલા, ત્વષ્ટાના પુત્ર, પુરોહિત—વિશ્વરૂપે, પ્રશ્ન કરનાર ઈન્દ્રને નારાયણ નામનું કવચ કહ્યું હતું. તેને તમે એકચિત્ત થઈને સાંભળો.

॥ विश्वरूप उवाच ॥

धौताङ्घ्रिपाणिराचम्य सपवित्र उदङ्मुखः । कृतस्वाङ्गकरन्यासो मन्त्राभ्यां वाग्यतः शुचिः ।
नारायणमयं वर्म सन्नह्येद् भय आगते । पादयोर्जानुनोरूर्वोरुदरे हृद्यथोरसि ॥२॥
मुखे शिरस्यानुपूर्व्यादोङ्कारादीनि विन्यसेत् । ॐ नमो नारायणायेति विपर्ययमथापि वा ॥३॥

**વિશ્વરૂપ બોલ્યા :** જ્યારે ભય આવ્યો હોય ત્યારે મનુષ્યે હાથ—પગ ધોઈ, આચમન કરી દર્ભની વીંટી પહેરીને ઉત્તર દિશા તરફ મુખ રાખી (બેસવું) અને મૌન રહી 'ॐ नमो नारायणाय' એ આઠ અક્ષરના મંત્ર વડે તથા 'ॐ नमो भगवते वासुदेवाय' એ બાર અક્ષરના મંત્રથી આખા શરીરમાં તથા બંને હાથમાં ન્યાસ કરી પવિત્ર થઈ નારાયણકવચ ધારણ કરવું. (તે વેળા પ્રથમ ન્યાસ કરવાનો વિધિ આ છે:) 'ॐ नमो नारायणाय' એ અષ્ટાક્ષર મંત્રના ઓમકારથી આરંભી આઠે અક્ષરો અનુક્રમે (એક એક અક્ષર) બે પગમાં, બે ઢીંચણમાં, બે સાથળમાં, ઉદરમાં, હૃદયમાં, છાતીમાં, મુખમાં તથા મસ્તકમાં એમ આઠે અંગોમાં (આ એક એક અક્ષર સ્થાપતી વેળા દરેક અક્ષર પૂર્વે ॐ કાર લેવો જોઈએ; અથવા ઊલટાક્રમે એટલે પ્રથમ મસ્તકથી શરૂ કરી છેલ્લા ય અક્ષરથી માંડીને સ્થાપવા. (એમ અંગન્યાસ પછી કરન્યાસનો વિધિ કહે છે:)

करन्यासं ततः कुर्याद् द्वादशाक्षरविद्यया प्रणवादियकारान्तमङ्गुल्यङ्गुष्ठपर्वसु ॥४॥

પછી 'ॐ नमो भगवते वासुदेवाय' એ દ્વાદશાક્ષર મંત્રથી કરન્યાસ કરવો. જેમ કે આ મંત્રના એક એક અક્ષરને કારપૂર્વક લઈ જમણા હાથની તર્જની આંગળીથી માંડી ડાબા હાથની તર્જની આંગળી સુધીની આંગળીઓમાં સ્થાપવા. એમ આઠ અક્ષરો સ્થાપ્યા પછી છેલ્લા ચાર અક્ષરો બાકી રહે છે. તેઓને બંને હાથના બે અંગૂઠાના ઉપર—નીચેના બબ્બે વેઢાઓમાં સ્થાપવા.

તે પછી 'ॐ विष्णवे नमः' એ મંત્રથી પણ અંગન્યાસ દર્શાવે છે :

न्यसेद्हृदय ॐकारं विकारमनु मूर्धनि । षकारं तु भ्रुवोर्मध्ये णकारं शिखया दिशेत् ॥५॥
वेकारं नेत्रयोर्युञ्ज्यान्नकारं सर्वसन्धिषु । मकारमस्त्रमुद्दिश्य मन्त्रमूर्तिर्भवेद् बुधः ॥
सविसर्गं फडन्तं तत् सर्वदिक्षु विनिर्दिशेत् ॥६॥

'ॐ विष्णवे नमः' એ મંત્રના ॐને હૃદયમાં, वि ને મસ્તકમાં, ष ને બે ભ્રુકટિમાંની મધ્યમાં, ण ને શિખામાં, वे ને બે નેત્રોમાં, न ને શરીરના સર્વ સાંધાઓમાં અને વિસર્ગ સહિત म અક્ષરને 'मः अस्त्राय फट्' એમ કહી સર્વ દિશાઓમાં સ્થાપવો અર્થાત દિગ્બંધન કરવું. આ રીતે ન્યાસ કરવાથી આ વિધિ જાણનાર મનુષ્ય મંત્રસ્વરૂપ થઈ જાય છે.

એમ ન્યાસ દર્શાવી ધ્યેય – ઈશ્વસ્વરૂપ આત્માનું ધ્યાન કરવા જણાવે છેઃ

आत्मानं परमं ध्यायेद् ध्येयं षट्शक्तिभिर्युतम् । विद्यातेजस्तपोमूर्तिमिमं मन्त्रमुदाहरेते ॥७॥

પછી ધ્યાન કરવા યોગ્ય ભગ શબ્દથી કહેવાતી છ શકિતઓથી યુક્ત અને વિદ્યા, તેજ તથા તપઃસ્વરૂપ સર્વોત્કૃષ્ટ આત્માનું ધ્યાન કરવું અને પછી નીચે પ્રમાણે મંત્રાક્ષરરૂપ નારાયણકવચનો પાઠ કરવો.

ॐ हरिर्विदध्यान्मम सर्वरक्षां न्यस्ताङ्घ्रिपद्मः पतगेन्द्रपृष्ठे ।
दरारिचर्मासिगदेषु चापपाशान् दधानोऽष्टगुणोऽष्टबाहुः ॥८॥

જેમણે ગરુડની પીઠ પર ચરણકમળ સ્થાપ્યા છે, જે અણિમાદિ આઠ ઐશ્વર્યરૂપ ગુણોવાળા, આઠ બાહુઓવાળા અને શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ્ય તથા પાશ ધારણ કરે છે, તે આઠ ભુજાવાળા શ્રીહરિ મારી સર્વથી રક્ષા કરો.

जलेषु मा रक्षतु मत्स्यमूर्तिर्यादोगणेभ्यो वरुणस्य पाशात् ।
स्थलेषु मायाबटुवामनोऽव्यात् त्रिविक्रमः खेऽवतु विश्वरूपः ॥९॥

ભગવાન મત્સ્યમૂર્તિ જળમાં જળજીવોરૂપી વરુણદેવના પાશથી મારી રક્ષા કરો. માયાથી બટુક થયેલા ભગવાન વામન સ્થળ ઉપર મારી રક્ષા કરો અને વિશ્વરૂપ ભગવાન ત્રિવિક્રમ આકાશમાં મારી રક્ષા કરો.

दुर्गेष्वटव्याजिमुखादिषु प्रभुः पायान्नृसिंहोऽसुरयूथपारिः ।
विमुञ्चतो यस्य महाट्टहासं दिशो विनेदूर्न्यपतँश्च गर्भाः ॥१०॥

અસુરોના યૂથપતિઓના શત્રુ નૃસિંહ પ્રભુએ મોટું અટ્ટહાસ્ય કર્યું હતું, ત્યારે સર્વ દિશા ગાજી ઊઠી હતી અને ગર્ભિણી અસુર સ્ત્રીના ગર્ભ પડી ગયા હતા. તે ભગવાન નૃસિંહ મહાદુર્ગમ જંગલોમાં તથા યુદ્ધના મોખરા વગેરેમાં મારી રક્ષા કરો.

रक्षत्वसौ माऽध्वनि यज्ञकल्पः स्वदंष्ट्रयोन्नीतधरो वराहः ।
रामोऽद्रिकूटेष्वथ विप्रवासे सलक्ष्मणोऽव्याद् भरताग्रजोऽस्मान् ॥११॥

જેમણે પોતાની દાઢ વડે આ પૃથ્વી રસાતળમાંથી ઉપર આણી છે, તે યજ્ઞમૂર્તિ વરાહદેવ માર્ગમાં મારી રક્ષા કરો. પરશુરામ પર્વતોના શિખરો ઉપર મારી રક્ષા કરો અને લક્ષ્મણ સહિત ભરતના મોટા ભાઈ રામચંદ્રજી દેશાંતરોની મુસાફરીમાં અમારી રક્ષા કરો.

मामुग्रधर्मादखिलात् प्रमादान्नारायणः पातु नरश्च हासात् ।
दत्तस्त्वयोगादथ योगनाथः पायाद् गुणेशः कपिलः कर्मबन्धात् ॥१२॥

ભગવાન નારાયણ સમગ્ર (અભિચાર કર્મરૂપ) ઉગ્ર ધર્મ અને પ્રમાદથી મારી રક્ષા કરો. નર ભગવાન ગર્વથી મારી રક્ષા કરો, યોગેશ્વર દત્તાત્રેય યોગભ્રષ્ટપણાથી મારી રક્ષા કરો અને ગુણોના નિયંતા કપિલ ભગવાન કર્મના બંધનથી મારી રક્ષા કરો.

सनत्कुमारोऽवतु कामदेवाद् हयशीर्षा मां पथि देवहेलनात् ।
देवर्षिवर्यः पुरुषार्चनान्तरात् कूर्मो हरिर्मा निरयादशेषात् ॥१३॥

સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરે. હયગ્રીવ ભગવાન માર્ગમાં જતાં દેવોને પ્રણામ ન કરવારૂપ અપરાધથી મારી રક્ષા કરો. દેવર્ષિઓમાં શ્રેષ્ઠ નારદજી દેવપૂજાના વિઘ્નરૂપ અપરાધથી મારી રક્ષા કરો અને કૂર્માવતારી ભગવાન શ્રીહરિ સમગ્ર નરકથી મારી રક્ષા કરો.

धन्वतरिर्भगवान् पात्वपथ्याद् द्वन्द्वाद् भयाद् ऋषभो निर्जितात्मा ।
यज्ञश्च लोकादवताज्जनान्ताद् बलो गणात् क्रोधवशादहीन्द्रः ॥१४॥

ભગવાન ધન્વંતરી કુપથ્યથી મારી રક્ષા કરો. જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવજી રાગદ્વેષાદિ દ્વંદ્વરૂપ ભયથી મારી રક્ષા કરો. યજ્ઞ ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરી. બળદેવજી લોકોના નિમિત્તથી થનારા ઉપદ્રવોથી મારી રક્ષા કરો અને શેષનાગ ભગવાન સર્પોના સમુદાયથી મારી રક્ષા કરો.

द्वैपायनो भगवानप्रबोधाद् बुद्धस्तु पाखण्डगणात् प्रमोदात् ।
कल्किः कलेः कालमलात् प्रपातु घर्मावनायोरुकृतावतारः ॥१५॥

ભગવાન વેદવ્યાસજી અજ્ઞાનથી મારી રક્ષા કરો. ભગવાન બુદ્ધદેવ પાખંડીઓના સમુદાયરૂપ પ્રમાદથી મારી રક્ષા કરો અને ધર્મના રક્ષણ માટે મોટા અવતારો લેનાર ભગવાન કલ્કિ કાળના મેલરૂપી કલિયુગથી મારી રક્ષા કરો.

मां केशवो गदया प्रातरव्याद् गोविन्द आसङ्गवमात्तवेणुः ।
नारायणः प्राह्ण उदात्तशक्तिर्मध्यन्दिने विष्णुररीन्द्रपाणिः ॥१६॥

ભગવાન કેશવ ગદા વડે પ્રાતઃકાળમાં મારી રક્ષા કરો. વેણુધારી ભગવાન ગોવિંદ સંગવકાળમાં મારી રક્ષા કરો. સર્વોત્કૃષ્ટ શકિતવાળા ભગવાન નારાયણ પ્રાહ્ણકાળમાં મારી રક્ષા કરો અને હાથમાં ચક્ર ધારણ કરનારા ભગવાન વિષ્ણુ મધ્યદિનકાળ માં મારી રક્ષા કરો.

देवोऽपराह्णे मधुदोग्रघन्वा सायं त्रिघामाऽवतु माघवो माम् ।
दोषे हृषीकेश उतार्घरात्रे निशीय एकोऽवतु पद्मनाभः ॥१७॥

મધુ દૈત્યનો નાશ કરનારા ઉગ્ર ધનુષ્યધારી દેવ અપરાહ્ણકાળમાં મારી રક્ષા કરો. બ્રહ્મા, વિષ્ણુ

ને મહેશરૂપી ત્રણ મૂર્તિ વાળા ભગવાન શ્રી માધવ સાયંકાળે મારી રક્ષા કરો. સર્વ ઈન્દ્રિયોના નિયંતા ભગવાન પ્રદોષકાળમાં મારી રક્ષા કરો અને અર્ધરાત્રિના કાળમાં તથા નિશીથ કાળમાં ભગવાન પદ્મનાભ એક જ મારી રક્ષા કરો.

श्रीवत्सधामाऽपररात्र ईशः प्रत्यूष ईशोऽसिधरो जनार्दनः ।
दामोदरोऽव्यादनुसन्ध्यं प्रभाते विश्वेश्वरो भगवान् कालमूर्तिः ॥१८॥

છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા ઈશ્વર અપરરાત્રકાળમાં મારી રક્ષા કરો. તલવાર ધારણ કરનારા ભગવાન જનાર્દન પ્રત્યુષકાળમાં મારી રક્ષા કરો. શ્રીદામોદર પ્રભુ પ્રભાતકાળમાં મારી રક્ષા કરો અને ભગવાન કાળમૂર્તિ વિશ્વેશ્વર અનુસંધ્યકાળમાં મારી રક્ષા કરો.

चक्र युगान्तानलतिग्मनेमि भ्रमत समन्ताद् भगवत्प्रयुक्तम् ।
दन्दग्धि दन्दग्ध्यरिसैन्यमाशु कक्षं यथा वातसखो हुताशः ॥१९॥

પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ ધારવાળું ભગવાને મૂકેલું અને ચોતરફ ભમતું હે સુદર્શનચક્ર! જેમ વાયુ સહિત અગ્નિ સૂકા ઘાસની ગંજી બાળી નાખે છે, તેમ તું સત્વર શત્રુઓનું સૈન્ય અતિશય બાળી નાખ. (આવો તે ચક્રનો સ્વભાવ જ છે, તે માટે તેને કંઈ પ્રાર્થના કરવી પડતી નથી.)

गदेऽशनिस्पर्शनविस्फुलिङ्गे निष्पिण्ढि निष्पिण्ढयजितप्रियाऽसि ।
कूष्माण्डवैनायकयक्षरक्षोभूतग्रहाश्चूर्णय चूर्णयारीन् ॥२०॥

જેના તણખાઓનો સ્પર્શ વજ્ર જેવો છે, એવી હે ગદા ! તું ભગવાનને પ્રિય છે, (અને હું ભગવાનનો દાસ છું) તો કૂષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત તથા ગ્રહોને તું પીસી નાખ, પીસી નાખ અને શત્રુઓના ચૂરા કર, ચૂરા કર.

त्वं यातुधानप्रमथप्रेतमातृपिशाचविप्रग्रहघोरदृष्टीन् ।
दरेन्द्र विद्रावय कृष्णपूरितो भीमस्वरनोऽरेर्हृदयानि कम्पयन् ॥२१॥

હે પાંચજન્ય શંખ ! શ્રીકૃષ્ણભગવાને વગાડેલો અને ભયંકર શબ્દોવાળો હોઈ શત્રુનાં હૃદયો કંપાવતો તું રાક્ષસો, રુદ્રગણો, માતૃકાઓ, પિશાચો, બ્રહ્મરાક્ષસો અને બીજા ઘોર દષ્ટિવાળાઓને હાંકી કાઢ.

त्वं तिग्मधारासिवरारिसैन्यमीशप्रयुक्तो मम छिन्धि छिन्धि ।
चक्षूषि चर्मन् शतचन्द्र छादय द्विषामघोनां हर पापचक्षुषाम् ॥२२।

હે તીક્ષ્ણ ધારવાળી શ્રેષ્ઠ તલવાર ! ભગવાને મૂકેલી તું મારા શત્રુના સૈન્યને કાપી નાખ, કાપી નાખ. હે સો ચંદ્ર જેવા આકારવાળી સો ફૂદડીઓવાળી ઢાલ ! તું મારા પાપી શત્રુઓનાં નેત્રો ઢાંકી દે અને બીજા ઉગ્ર દષ્ટિવાળા મનુષ્યની દષ્ટિ હરી લે.

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च । सरीसृपेभ्यो दंष्ट्रिभ्यो भूतेभ्योऽहोभ्य एव वा ॥२३॥
सर्वाण्येतानि भगवन्नामरूपास्त्रकीर्तनात् । प्रयान्तु संक्षयं सद्यो ये नः श्रेयः प्रतीपकाः ॥२४॥

ગ્રહોથી, ઉલ્કાપાતોથી, મનુષ્યોથી, સર્પોથી, દાઢોવાળાં પ્રાણીઓથી, ભૂત-પ્રેતોથી અથવા પાપોથી અમને જે ભય થાય, તે સર્વ ભય અને અમારાં કલ્યાણોનો જે નાશ કરનારા છે તેઓ સર્વે ભગવાનના નામરૂપી અસ્ત્રનો માત્ર ઉચ્ચાર કરવાથી તત્કાળ નાશ પામે.

गरुडो भगवान् स्तोत्रस्तोभश्छन्दोमयः प्रभुः । रक्षत्वशेषकृच्छ्रेभ्यो विष्वक्सेनः स्वनामभिः ॥२५॥

બૃહદ્રથન્તર વગેરે સામવેદનાં સ્તોત્રોથી સ્તુતિ કરતા વેદમૂર્તિ ભગવાન ગરુડ પ્રભુ સર્વ સંકટોથી મારી રક્ષા કરો અને ભગવાન વિષ્વક્સેન પોતાનાં નામો વડે સર્વ દુઃખોથી મારી રક્ષા કરો.

सर्वापदभ्यो हरेर्नामरूपयानायुधानि नः । बुद्धीन्द्रियमनः प्राणान् पान्तु पार्षदभूषणाः ॥२६॥

શ્રીહરિનાં નામો, રૂપો, વાહનો તથા આયુધો અમારાં બુદ્ધિ, ઈન્દ્રિયો, મન તથા પ્રાણનું સર્વ આપત્તિઓથી રક્ષણ કરો અને ભગવાનના મુખ્ય પાર્ષદો અમારી રક્ષા કરો.

तथा हि भगवानेव वस्तुतः सदसच्च यत् । सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः ॥२७॥

ખરી રીતે આ જે કંઈ મૂર્ત—અમૂર્ત જગત છે, તે સર્વ ભગવાન જ છે. આ સત્ય વસ્તુથી અમારા સર્વ ઉપદ્રવો નાશ પામો.

यथैकात्म्यपानुभावानां विकल्परहितः स्वयम् । भूषणायुबलिङ्गाख्या घत्ते शक्तीः स्वप्रायया ॥२८॥

तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः । पातु सर्वैः स्वरूपैर्नः सदा सर्वत्र सर्वगः ॥२९॥

'બધે એક જ આત્મા છે' — આવું ચિંતન કરનારા પુરુષોને જે ભગવાન ભેદરહિત જણાય છે, તોપણ પોતાની માયા વડે ભૂષણો, આયુધો, તથા ચિહ્નો નામની શકિતઓ ધારણ કરે છે, તે જ આ સત્યસ્વરૂપ પ્રમાણથી સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ પોતાનાં સર્વ સ્વરૂપો વડે સર્વવ્યાપક હોઈ સદા સર્વત્ર અમારી રક્ષા કરો.

विदिक्षु दिक्षूर्ध्वमघः समन्तादन्तर्बहिर्भगवान्नारसिंहः । प्रहापयल्लोकभयं स्वनेन स्वतेजसा ग्रस्तसमस्ततेजाः ॥

ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનારા અને પોતાના તેજ વડે બધાં તેજોને જેમણે ઝાંખાં કર્યા છે, એવા ભગવાન નૃસિંહ સર્વ દિશાઓમાં, ખૂણાઓમાં ઉપર, નીચે, અંદર અને બહાર—એમ ચારે તરફ અમારી રક્ષા કરો.

**વિશ્વરૂપ બોલ્યા :** હે ઈંદ્ર ! આ નારાયણસ્વરૂપ કવચ મેં તમને કહ્યું, જેને બખ્તરરૂપે ધારણ કરી તમે અસુરોના યૂથપતિઓને સહેલાઈથી જીતશો. આ નારાયણકવચને (મુખપાઠ) ધારણ કરનારા મનુષ્ય જેની સામે દૃષ્ટિ કરે છે અથવા જેને પગથી સ્પર્શ કરે છે, તે પણ તત્કાળ ભયથી છૂટે છે, આ વૈષ્ણવી વિદ્યારૂપ નારાયણકવચ ધારણ કરનાર મનુષ્યને રાજા, ચોર તથા ગ્રહો વગેરેથી કે વાઘ વગેરે કોઈનાથી કદી ભય થતો નથી. પૂર્વે કૌશિક ગોત્રના કોઈ બ્રાહ્મણે આ વૈષ્ણવી વિદ્યા ધારણ કરી હતી. તેણે યોગધારણાથી નિર્જળ મારવાડ દેશમાં પોતાનું શરીર તજ્યું, ત્યારે તેના (મૃત શરીર) ઉપર થઈને વિમાન દ્વારા ગંધર્વોનો રાજા ચિત્રરથ પોતાની સ્ત્રીઓ સાથે એક સમયે જતો હતો. તેવામાં જ્યાં પેલો બ્રાહ્મણ મરણ પામ્યો હતો, ત્યાં વિમાન સાથે તે ઊંધે મસ્તકે આકાશમાંથી પછડાઈ પડ્યો હતો, પછી તેણે વાલખિલ્યઋષિનાં વચનથી (તે બ્રાહ્મણે ધારણ કરેલ નારાયણકવચનો પ્રભાવ જાણી) આશ્ચર્ય પામી, તે બ્રાહ્મણનાં હાડકાં વીણી લઈ પ્રાંચી સરસ્વતીમાં નાખ્યા હતાં અને ત્યાં સ્નાન કરી તે પોતાને સ્થાને ગયો હતો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** જે મનુષ્ય હરકોઈ કાળે અથવા ભયકાળે આ નારાયણકવચને આદરપૂર્વક સાંભળે છે, અથવા (મુખપાઠ) ધારણ કરે છે, તેને પ્રાણીમાત્ર નમસ્કાર કરે છે અને સર્વ ભયથી તે મુકત થાય છે. આ વૈષ્ણવી વિદ્યા નારાયણકવચને ઈંદ્રે વિશ્વરૂપ પાસેથી મેળવી હતી અને તે દ્વારા યુદ્ધમાં અસુરોને જીતી ત્રણે લોકની લક્ષ્મી ભોગવી હતી. ૧-૪૨

एतां विद्यामधिगतो विश्वरूपाच्छतक्रतुः । त्रैलोक्यलक्ष्मीं बुभुजे विनिर्जित्यं मृघेऽसुरान् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

# અધ્યાય-૯
## વિશ્વરૂપનો વધ અને વૃત્રાસુરની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

तस्यासन् विश्वरूपस्य शिरांसि त्रीणि भारत । सोमपीथं सुरा पीथमन्नादमिति शुश्रुम ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! અમે સાંભળ્યું છે કે તે વિશ્વરૂપને ત્રણ મસ્તકો હતાં. તેમાંનું એક સોમ પીનારું, બીજું મદિરા પીનારુ અને ત્રીજું ખાનારું હતું. હે રાજા ! દેવતાઓ જેના વડીલો હતા, એવો તે વિશ્વરૂપ યજ્ઞમાં દેવોના પ્રત્યક્ષ ભાગને ઉચ્ચ સ્વરે વિનયપૂર્વક જાહેર કરતો. તે જ વિશ્વરૂપ દેવોનું યજન કરતો, ત્યારે ગુપ્ત રીતે અસુરોને પણ યજ્ઞભાગ આપતો; કારણ કે (પોતાનું મોસાળ અસુરપક્ષમાં હોવાથી) માતાના સ્નેહને વશ થઈ અસુરોને તે અનુસરતો. દેવોનું એ અપમાન અને ધર્મમાં એવું કપટ જાણી ઈંદ્રે ભયભીત બની ક્રોધથી વિશ્વરૂપનાં મસ્તકો એકદમ કાપી નાખ્યાં. તે વેળા સોમ પીનારું તેનું મસ્તક કપિંજલ પક્ષી થયું, મદિરા પીનારું કલવિંક પક્ષી થયું અને અન્ન ખાનારું તેતર પક્ષી થયું, ઈંદ્ર જોકે તે બ્રહ્મહત્યા અટકાવવા સમર્થ હતો, તોપણ તેણે બ્રહ્મહત્યાને ખોબામાં લીધી અને એક વર્ષ સુધી એમને એમ રહી પ્રાણીઓની મધ્યે પોતાની શુદ્ધિ કરવા (એટલે લોકાપવાદ દૂર કરવા) તે બ્રહ્મહત્યાના પાપને પૃથ્વી, જળ, વૃક્ષો તથા સ્ત્રીઓને ચારે ભાગે વહેંચી આપ્યું, તેમાંનો ચોથો ભાગ પૃથ્વીએ 'પોતામાં ખાડો પડે તે એની મેળે જ પુરાઈ જાય' એવું વરદાન મેળવીને લીધો. પૃથ્વીમાં જે ક્ષારભાગ દેખાય છે, તે બ્રહ્મહત્યાનું જ સ્વરૂપ છે. ચોથો ભાગ વૃક્ષોએ 'અમે કાપ્યા છતાં ફરી ઊગીએ' એવું વરદાન મેળવીને લીધો. એ વૃક્ષોમાં છીર અથવા ગુંદરરૂપે તે બ્રહ્મહત્યા દેખાય છે (માટે જ તે વસ્તુ અભક્ષ્ય છે) સ્ત્રીઓએ 'નિત્ય કામભોગ પ્રાપ્ત થાય' એવું વરદાન લઈ બ્રહ્મહત્યાનો ચોથો ભાગ લીધો. એ બ્રહ્મહત્યાનું પાપ દર મહિને સ્ત્રીઓમાં રજોદર્શનરૂપે દેખાય છે, અને છેલ્લો ચોથો ભાગ પાણીએ 'અમે જે દ્રવ્ય સાથે મળીને તેમાં વધારો થાય અથવા કૂવા વગેરેમાંથી અમને બહાર કાઢે તોપણ ઝરણાં વગેરેથી અમારે વધારો થાય' એવું વરદાન લઈને લીધો. એ બ્રહ્મહત્યાનું પાપ પાણીમાં પરપોટા અને ફીણના રૂપે દેખાય છે, માટે જ (આ વસ્તુ જાણનાર મનુષ્ય) પરપોટા તથા ફીણને દૂર કરીને જ પાણી લે છે. એ રીતે પોતાના પુત્ર વિશ્વરૂપ (ઈંદ્રથી) મરણ પામ્યો, તે પછી (તેના પિતા) ત્વષ્ટાએ ઇંદ્રનો નાશ કરવા તેનો શત્રુ ઉત્પન્ન કરવા 'હે ઈંદ્રશત્રો ! તું વૃદ્ધિ પામ અને શત્રુનો જલદી નાશ કર' એ આશયનો મંત્રોચ્ચાર કરી અગ્નિમાં હોમ કર્યો, એટલે દક્ષિણાગ્નિમાંથી ઘોર દેખાવનો પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષ પ્રલયકાળે ઉત્પન્ન થનાર કાળ જેવો હતો, અને ફેકેલું બાણ તથા જેટલો પ્રદેશ દૂર જાય તેટલો તે દરરોજ વધતો હતો, તેનો વર્ણ બળેલા પહાડ જેવો શ્યામ હતો. તેની કાંતિ સંધ્યાકાળનાં વાદળના સમૂહ સરખી હતી. તેની ચોટલી, દાઢી તથા મૂછ તપાવેલા તાંબા જેવાં હતાં અને તેનાં નેત્રો બપોરના સૂર્ય જેવાં ઉગ્ર હતાં. પોતાના ઝળહળતા ત્રિશૂળ પર આકાશ અને પૃથ્વીને જાણે પરોવતો હોય તેવો જણાઈને તે નાચતો હતો, મોટી ગર્જનાઓ કરતો હતો, પગ વડે ધરણીને ધ્રુજાવતો હતો અને જાણે પર્વતની ગંભીર ગુફા હોય તથા આકાશને જાણે પી જતું હોય, નક્ષત્રોને જીભ વડે ચાટતું હોય અને ત્રણ ભુવન ગળી જતું હોય એવા મોટા ભયંકર દાઢોવાળા પોતાના મુખથી તે વારંવાર બગાસાં ખાતો હતો. આવા તે પુરુષને જોઈ સર્વ લોકો ભયભીત થઈ દસે દિશાઓમાં નાસવા લાગ્યા. એ પ્રમાણે ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલા તે પુરુષમૂર્તિ

ધારણ કરનાર અંધકારે આ લોકોને તે વેળા ઢાંકી દીધા, તેથી અત્યંત ભયંકર તે પાપી 'વૃત્ર' એવા નામથી જગતમાં કહેવાયો. મોટા દેવો પોતાના સમુદાયોની સાથે તેની સામા ધસી પોતાપોતાનાં દિવ્ય અસ્ત્રો તથા શસ્ત્રોના સમૂહનો તેના પર મારો ચલાવવા લાગ્યા; પણ તે સર્વ અસ્ત્ર-શસ્ત્રને ગળી જવા લાગ્યો. આથી તે સર્વે દેવો વિસ્મય પામ્યા, ખિન્ન થયા અને નિસ્તેજ થયા, પછી તેઓ એકાગ્ર થઈ અંતર્યામી આદિપુરુષની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

**દેવો બોલ્યા :** વાયુ, આકાશ, અગ્નિ, જળ, પૃથ્વી, ત્રણ લોક અને બ્રહ્મા વગેરે અમે દેવો ભયભીત બની કાળને બલિદાન આપીએ છીએ.તે કાળ પણ જેનાથી ડરે છે તે પરમેશ્વરથી જ અમારું રક્ષણ થાઓ, કારણ કે જે અહંકારથી અથવા કોઈ કુતૂહલથી રહિત અત્યંત શાંત, સ્વ-સ્વરૂપના લાભથી જ પરિપૂર્ણ કામનાવાળા અને બધે સભાનપણે રહેલા છે એવા તે પરમેશ્વરને છોડી, જે બીજાને શરણે જાય છે તે ખરેખર મૂર્ખ છે; કારણ કે તે અજ્ઞાની કૂતરાની પૂંછડીથી સમુદ્ર તરવા ઈચ્છે છે. (મસ્યાવતાર સમયે) જેમનાં મોટાં શિંગડાંમાં પૃથ્વીરૂપી પોતાની નૌકા બાંધી સત્યવ્રત મનુ સંકટને બરાબર તરી ગયા હતા, તે જ ભગવાન મસ્યાવતારી અમારું આશ્રિતોનું વૃત્રાસુરના દુરંત ભયથી અવશ્ય રક્ષણ કરશે. પૂર્વે બ્રહ્મા પણ ફૂંકાતા વાયુને લીધે ઊછળતાં મોજાંના અવાજથી મહાભયંકર પ્રલયકાળના જળમાં આસનરૂપ કમળ ઉપરથી લગભગ ગબડી પડયાની સ્થિતિમાં હતા અને એકલા-કોઈની સહાય વિનાના હતા, ત્યારે જેમના આશ્રયથી જ તે ભયથી છૂટયા હતા તે જ ભગવાન અમને આ (વૃત્રાસરના) સંકટથી તારનારા થાઓ, વળી જે એક જ ઈશ્વરે પોતાની માયા વડે અમને સર્જ્યા છે અને જેમની કૃપા પામેલા અમે આ જગતને ઉત્પન્ન કરીએ છીએ, તે પરમેશ્વર અમારી પૂર્વે જ અંતર્યામીપણે સર્વને પ્રેરણા આપે છે, છતાં અમે સૌ એકબીજાથી જુદા પોતાને ઈશ્વર માનીએ છીએ તેથી એ પરમાત્માના સ્વરૂપને જોઈ શકતા નથી; તેમ જ જે પરમેશ્વર પોતે નિત્ય-સચ્ચિદાનંદસ્વરૂપ જ છે, છતાં યુગે યુગે દેવો, ઋષિઓ, પશુપક્ષીઓ તેમ જ મનુષ્યમાં પોતાની માયા વડે ઉપેન્દ્ર, પરશુરામ, મત્સ્ય તથા રામચંદ્ર આદિ શરીરો વડે અવતાર લઈ શત્રુઓથી અત્યંત પીડાતા અમને પોતાના માની રક્ષે છે. તે જ અમારા ઈષ્ટદેવ સર્વોત્કૃષ્ટ દેવ, જગતના આત્મા છતાં જગતથી ભિન્ન જગતના પરમ કારણ, પ્રકૃતિરૂપ, પુરુષરૂપ, અને શરણે જવા યોગ્ય ભગવાનને અમે સર્વે શરણે જઈએ છીએ અને તે મહાન આત્મા અમારુ (પોતાના ભકતજનોનું) કલ્યાણ કરશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહારાજ ! એમ સ્તુતિ કરતા દેવોના હૃદયમાં શંખ, ચક્ર, ગદા ધારણ કરનારા ભગવાને પ્રથમ દર્શન દીધું અને પછી (બહાર) પશ્ચિમ દિશામાં તે દેખાયા. માત્ર શ્રીવત્સચિહ્ન તથા કૌસ્તુભ મણિ સિવાય પોતાના જેવાં જ સ્વરૂપો ધારણ કરતા સુનંદ આદિ સોળ પાર્ષદો જેમની ચારે તરફ સેવા કરતા હતા અને જેમનાં નેત્ર શરદઋતુના પ્રફુલ્લ કમળ જેવાં હતાં, એવા તે ભગવાનનાં દર્શન કરી તે સર્વ દેવો તેમનાં દર્શનના આનંદથી પરવશ થયા અને હે રાજન્ ! ભૂમિ ઉપર દંડવત પ્રણામ કરી ધીમે ધીમે ઊભા થઈ તેઓ (ફરી) સ્તુતિ કરવા લાગ્યા.

**દેવો બોલ્યા :** યજ્ઞ જેમનું સામર્થ્ય છે એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. કાળસ્વરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. (યજ્ઞને વિનાશ કરનારા દૈત્ય ઉપર) જેમણે પોતાનું ચક્ર ફેંકયું છે. એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ; અને જેમનાં અનેક માંગલિક નામો છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. હે ધાતા! ત્રણ ગુણોના નિયંતા આપના દેવ, પશુપક્ષી ને મનુષ્ય એ ત્રણ ગતિના

પરમપદરૂપ નિર્ગુણ સ્વરૂપને જાણવા સુષ્ટિનો અર્વાચીન પુરુષ કદી યોગ્ય નથી, (માટે કેવળ અમે આપને નમસ્કાર કરીએ છીએ.) હે ભગવન્ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે આદિપુરુષ ! હે મહાપુરુષ! હે પ્રભાવશાળી ! હે પરમ મંગળ ! હે પરમ કલ્યાણ ! હે પરમ દયાળુ ! હે એક જ સ્વરૂપ ! હે જગતના આધાર ! હે લોકોના એક માત્ર નાથ! હે સર્વના ઈશ્વર ! હે લક્ષ્મીના સ્વામિન્ ! આપને અમારા નમસ્કાર હો ! પરમહંસ સંન્યાસીઓ ઉત્કૃષ્ટ આત્મયોગરૂપી અષ્ટાંગ યોગ વડે ચિત્તની એકાગ્રતા થવાથી સારી રીતે અભ્યાસ કરાયેલા પ્રકટ પરમહંસ ધર્મરૂપ ભગવદ્ભજનથી જેનાં અજ્ઞાનરૂપી કમાડ ઊઘડી ગયાં હોય છે, એવાં પોતાનાં ચિત્તરૂપી ખુલ્લાં દ્વારમાં પડતા આત્મપ્રકાશમાં પોતાની મેળે જે પ્રકટ થતું સ્વ-સ્વરૂપ સુખ અનુભવે છે તે અનુભવસ્વરૂપ આપ જ છો. હે ભગવન્ ! આપની આ ક્રીડા કરવાની યુકિત જાણવી જાણે મુશ્કેલ હોય તેમ લાગે છે; કારણ કે આપ કોઈના પણ આશ્રયથી રહિત, શરીર વિનાના અને સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છો. છતાં આપ અમારી સહાયની લેશ પણ ગરજ રાખ્યા વિના કેવળ નિર્વિકાર સ્વરૂપ વડે જ આ સગુણ જગતને સર્જો છો, પાળો છો અને સંહારો છે. જેમ દેવદત્ત નામનો કોઈ મનુષ્ય પોતે ઘર વગેરે બાંધી, તેમાં પોતે કરેલાં શુભઅશુભનાં ફળ ભોગવે છે, તેમ બ્રહ્મસ્વરૂપ આપ જીવસ્વરૂપે આ ગુણસૃષ્ટિમાં પડીને પરતંત્રપણે પોતે કરેલાં શુભ-અશુભ કર્મનાં ફળ ભોગવો છો કે કેવળ આત્મામાં જ રમનારા, ઉપશમ સ્વભાવવાળા અને અસ્ખલિત ચૈતન્યશકિતવાળા આપ સાક્ષી સ્વરૂપે વર્તો છો, તે અમે જાણી શકતા નથી. અથવા ઉપર કહેલી બંને બાબત આપ વિષે વિરુદ્ધ નથી, કેમ કે આપના ગુણસમુદાય અગણિત (અમાપ) છે, આપ ઈશ્વર (સ્વતંત્ર) છો. આપનું માહાત્મ્ય તર્કમાં ન આવે તેવું હોવાથી વિકલ્પો, વિર્તકો, વિચારો મિથ્યા પ્રમાણો અને કુતર્કોથી યુકત એવાં શાસ્ત્રો, વડે વ્યાકુળ થયેલા અંતઃકરણરૂપ આશ્રયવાળા અને દુરાગ્રહને લીધે વાદ કરતા અર્વાચીન પુરુષોના વિવાદના આપ અવિષય છો (કદાચ) આપ કહો કે આ તો તમારી માત્ર શ્રદ્ધા જ છે, એમાં કોઈ યુકિત હોય તો બતાવો; તો અમે કહીએ છીએ કે,) આપ વિષે આ સમસ્ત માયામય સંસાર અટકેલો છે અને આપ તો કેવળ એક જ સ્વરૂપ છે; છતાં આપ વિષે વચ્ચે માયાને લાવવાથી કર્તાપણું વગેરે કયો અર્થ દુર્ઘટ રહે છે ? કઈ વસ્તુ ઘટી શકે તેમ નથી ? અર્થાત્ માયાના આશ્ચર્યથી બધું ઘટે તેમ છે, પણ (ખરી રીતે કર્તાપણું વગેરે આપ વિષે હોય તો જ વિરોધ આવે ને ? તેવું તે કંઈ છે નહિ; કારણ કે) આપ વિષે બે સ્વરૂપ જ નથી. આપ તો કેવળ અદ્વૈતસ્વરૂપ જ છો. જેમ સર્પ આદિની બુદ્ધિવાળાઓને દોરીનો ટુકડો સર્પ આદિ અનેક સ્વરૂપે દેખાય છે, (પણ ખરી રીતે તે દોરીનો જ ટુકડો છે) તેમાં સમબુદ્ધિવાળા પુરુષના અભિપ્રાયને આપ સમસ્વરૂપે (અનુગ્રહકર્તારૂપે) અનુસરો છો અને વિષમ બુદ્ધિવાળા પુરુષોના અભિપ્રાયને વિષમરૂપે નિગ્રહકર્તા સ્વરૂપથી અનુસરો છો. પણ ખરી રીતે આપ એક જ સર્વ વસ્તુઓમાં વસ્તુસ્વરૂપે એટલે સત્વસ્વરૂપે રહ્યા છો. આપ એક જ સર્વના ઈશ્વર સકળ જગતના કારણના પણ કારણરૂપ અને સર્વના અંતર્યામી હોવાથી સર્વ વિષયોના પ્રકાશ પરથી અનુમાન વડે જણાઓ છો અને વેદો પણ 'नेति नेति' એમ સર્વ વસ્તુનો વસ્તુસ્વરૂપે નિષેધ કરી અંતે કેવળ આપ એકને જ વસ્તુરૂપે બાકી રાખે છે. માટે જ આપના મહિમારૂપી અમૃતરસના સમુદ્રનું એક જ ટીપું માત્ર એક જ વખત ચાખવાથી પોતાના મનમાં અત્યંત ઝરતા અસ્ખલિત સુખને લીધે જેઓ પ્રત્યક્ષ જોયેલા અને સાંભળેલા વિષયસુખના અલ્પ આભાસોને વીસરી ગયા છે, એવા આપના પરમ એકાંતિક ભકતો સર્વ પ્રાણીઓના પરમ મિત્ર અને સર્વના આત્મા આપ ભગવાન વિષે જ નિરંતર અત્યંત શાંતિ પામેલા મનવાળા રહો છે; તેથી જ

તે પરમાર્થસાધક સાધુપુરુષો કેવળ આપને જ પોતાના પ્રિય અને સન્મિત્ર માની આપના ચરણકમળની સેવા કેમ છોડે ? (કદી ન છોડે) કારણ કે મધુ દૈત્યને નાશ કરનારા ભગવન્ ! આપના ચરણકમળના આશ્રયમાં આ સંસારનો ફેરો કદી રહેતો નથી. ત્રણ લોક જેમનું સ્વરૂપ છે અને ત્રણ લોક એ જ જેમનું ઘર છે, એવા હે ત્રિવિક્રમ! હે ત્રણે લોકના નેતા ! હે ત્રણ લોકના મનને હરનાર પ્રભાવવાળા !દૈત્યો અને દાનવો વગેરે જોકે આપની જ વિભૂતિઓ છે; તોપણ તેઓના ઉદ્યમનો આ સમય નથી એમ માની, હે દંડને ધારણ કરનારા ! પોતાની માયાથી દેવ, મનુષ્ય, પશુ, મિશ્રજાતિ અને જળચર વગેરે આકૃતિથી તમે અપરાધ પ્રમાણે પૂર્વે જેમ જેઓને શિક્ષા કરી છે તેમ હમણાં પણ હે ભગવન્ ! આપ જો માનતા હો તો આ વૃત્રાસુરનો પણ વધ કરો. હે પિતા ! હે દાદા ! અમે આપના જ છીએ, આપને જ નમીએ છીએ, આપનાં બને ચરણકમળના ધ્યાનથી જ અમારા હૃદયમાં સાંકળ બંધાઈ છે અને આપે અમને પોતાના સ્વીકાર્યા છે, તો હે નિર્દોષ દેવ ! દયાથી રંજિત અને સ્નેહ સહિત ઉજ્જવળ, સુંદર અને શીતળ મંદહાસ્યપૂર્વક જોવાથી તથા ગળતા મધુર મુખરસરૂપી અમૃતની કળાથી આપ અમારા હૃદયના તાપ શાંત કરવાને યોગ્ય છો. હે ભગવન્ ! આપ સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં કારણરૂપ પોતાની દિવ્ય માયા સાથે વિનોદ કરો છો અને સર્વના મૂળકારણ તથા પ્રકાશક તરીકે સમગ્ર જીવસમૂહના હૃદયમાં બ્રહ્મસ્વરૂપે તથા અંતર્યામી સ્વરૂપે અને બહારના ભાગમાં પણ પ્રધાનસ્વરૂપે દેશ, કાળ તથા દેહની અવસ્થાઓને ન ઓળંગી અનુભવ કરો છો; તેમ જ બુદ્ધિ વગેરે સર્વના આપ સાક્ષી હોવા છતાં જ આપનું સ્વરૂપ આકાશની પેઠે નિર્લેપ છે; કારણ કે આપ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા છો. જેમ અગ્નિ આગળ તેના તણખા વગેરે કંઈ કાર્ય જણાવવાને યોગ્ય નથી, તેમ આપની પાછળ આગળ અમારે કેટલું પ્રયોજન જણાવવું યોગ્ય છે ? (અર્થાત્ આપ તો બધું જાણો જ છો, તો અમારે આપને શું જણાવવાનું હોય ?) માટે સર્વના પરમ ગુરુ આપ ભગવાનના ચરણકમળની છાયા અનેક જાતનાં પાપોને લીધે પ્રાપ્ત થતા સંસારના પરિશ્રમને શાંત કરનારી છે. તેને શરણે અમે જે કામનાઓથી આવ્યા છીએ તેને આપ પોતે જ સિદ્ધ કરો. હે ઈશ્વર ! આપ આ વૃત્રાસુરનો હવે જલદીથી નાશ કરો; કારણ કે હે કૃષ્ણ! તે જગતને ગળી રહ્યો છે. વળી અમારાં તેજ, અસ્ત્રો તથા આયુધો પણ તે ગળી ગયો છે. આપ શુદ્ધ, હૃદયાકાશમાં વસનાર, બુદ્ધિ વગેરેના સાક્ષી, સદા આનંદસ્વરૂપ, રૂચિકર યશવાળા, અનાદિ, સજ્જનોએ સ્વીકારવા યોગ્ય, સંસારમાર્ગના મુસાફર મનુષ્યને પોતાનું શરણ પ્રાપ્ત થયા પછી સર્વોત્તમ ગતિ આપનારા અને સર્વ પ્રકારની પીડા હરનારા છો, આપને અમે નમસ્કાર કરીએ છીએ.

**શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એમ આદરપૂર્વક દેવતાઓએ સ્તુતિ કરી, એટલે પોતાનું એ સ્તોત્ર સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ તેઓને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે શ્રેષ્ઠ દેવો ! તમારી સ્તુતિ અને તમારા જ્ઞાનથી હું તમારા પર પ્રસન્ન થયો છું; કારણ કે તમારા આ સ્તોત્ર સહિત જ્ઞાનને લીધે પુરુષોને ‘પોતાનો આત્મા સંસારી નથી’ એવું સ્મરણ થશે અને મારામાં ભક્તિ થશે. હે ઉત્તમ દેવો ! હું પ્રસન્ન થાઉં છું ત્યારે કઈ વસ્તુ દુર્લભ છે ? તોપણ મારામાં એકાંત બુદ્ધિવાળો તત્ત્વવેત્તા પુરુષ મારી પાસેથી (ભક્તિ વિના) બીજું કંઈ ઈચ્છતો નથી. પણ વિષયોને જ સત્ય વસ્તુ જોનાર કૃપણ પુરુષ પોતાનું કલ્યાણ જાણતો નથી, તેથી એ વિષયો ઇચ્છનાર તે પુરુષને જ કોઈ (દેવાદિ) જો વિષય જ આપે છે, તો (સમજવું કે) તે આપનારો પણ તેના જેવો જ વિષયોને જ સાચા માનનારો અજ્ઞાની) છે, જે પુરુષ પોતે સર્વોત્કૃષ્ટ કલ્યાણ જાણે છે કે જેમ કોઈ ઉત્તમ

વૈદ્ય અપથ્ય ઈચ્છતા રોગીને કદી અપથ્ય આપતો નથી, તેમ અજ્ઞાનીને કર્મ કરવાનો ઉપદેશ આપે જ નહિ. માટે હે ઈંદ્ર ! તમારું કલ્યાણ થાઓ. તમે મહર્ષિ દધીચિ પાસે જાઓ, અને વિદ્યા, વ્રત તથા તપથી બળવાન એવા તેમના શરીરની માગણી કરો. વિલંબ ન કરો. તે દધીચિ શુદ્ધ બ્રહ્મને જાણનારા છે, તેમણે અશ્વશિરસ નામના બ્રહ્મજ્ઞાનના બન્ને અશ્વિનીકુમારોને ઉપદેશ કર્યો હતો, જેણે તે બન્નેને જીવન્મુક્ત કર્યા છે. વળી તે દધીચિ અથર્વવેદ અને શ્રીનારાયણકવચ પણ જાણે છે. તેમણે જ એ નારાયણકવચ પ્રથમ ત્વષ્ટાને આપ્યું હતું, ત્વષ્ટાએ પોતાના પુત્ર વિશ્વરૂપને આપ્યું હતું, અને વિશ્વરૂપ પાસેથી તે ધારણ કર્યું છે. તે ઋષિ ધર્મવેત્તા છે તેથી બન્ને અશ્વિનીકુમારો તમારે માટે તેમની પાસે શરીર માગશે તો (શિષ્ય ઉપરના પ્રેમથી) પોતાનું શરીર આપી દેશે અને પછી તે શરીરનાં હાડકાંમાંથી વિશ્વકર્મા એક ઉત્તમ આયુધ બનાવશે. જે આયુધથી તું મારા તેજ વડે વૃદ્ધિ પામી વૃત્રાસુરનું મસ્તક કાપીશ, એ રીતે તે અસુર હણાશે એટલે તમે ફરી તમારા તેજને, અસ્ત્રોને, આયુધોને તથા સંપત્તિઓને પામશો (વૃત્રાસુર અમને મારી નાખશે, એવો ભય તમે રાખશો નહિ, કારણ કે) મારા ભકતોને કોઈ મારી શકતું નથી. તમારું કલ્યાણ થાઓ. ૧-૫૪

तस्मिन्विनिहते यूयं तेजोऽस्त्रायुधसम्पदः । भूयः प्राप्स्यथ भद्रं वो न हिंसन्ति च मत्परान् ॥५४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## દધીચિઋષિનાં હાડકાંના વજ્રથી ઈંદ્રે વૃત્રાસુર સાથે યુદ્ધ કર્યું

॥ श्रीशुक उवाच ॥

इन्द्रमेवं समादिश्य भगवान् विश्वभावनः । पश्यतामनिमेषाणां तत्रैवान्तर्दधे हरिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈંદ્રને એમ કહી જગતનું રક્ષણ કરનારા ભગવાન શ્રીહરિ દેવતાઓના દેખતાં ત્યાં અદૃશ્ય થયા. પછી હે ભરતવંશી રાજા ! ભગવાનના કહેવા પ્રમાણે દેવોએ અથર્વવેદ જાણનારા મહર્ષિ દધીચિ પાસે (તેમના શરીરની) માગણી કરી, એટલે તે ઋષિ પ્રસન્ન થઈ જાણે હસતા હોય તેમ આ પ્રમાણે બોલ્યા : હે દેવો ! પ્રાણીઓને મૃત્યુ સમયે મૂર્છા ઉપજાવનારુ જે દુઃખ થાય છે, તે તમે શું નથી જાણતા ? દરેક જીવ જીવવાની ઈચ્છાવાળો હોય છે અને દરેકને પોતાનું શરીર સૌ કરતાં ઈષ્ટ અને ઘણું વ્હાલું હોય છે. તે શરીરની કદાચ વિષ્ણુ ભગવાન માંગણી કરે તો પણ કોણ આપવા ઉત્સાહ કરે ?

**દેવ બોલ્યા :** હે બ્રહ્મન્ (તમે કહો છો તે સત્ય છે પણ) તમારા જેવા મહાપુરુષો કે જેમનાં કર્મને પવિત્ર યશવાળા પુરુષો પણ વખાણે છે અને જેઓ પ્રાણીઓ પર દયાવાળા હોય છે, તેઓને શું તજવું મુશ્કેલ છે? લોકો તે કેવળ સ્વાર્થપરાયણ છે. બીજાના દુઃખને તે જાણતા નથી; કારણ કે બીજાના દુઃખને જો જાણતા હોય, તો તેવી માગણી કરે જ નહિ; તેમજ દાતા પુરુષ પણ લોકોએ માગેલું આપવા જો સમર્થ હોય તો કદી ના પાડે નહિ.

**દધીચિ ઋષિ બોલ્યા :** તમારી પાસેથી ધર્મ સાંભળવાની ઈચ્છાથી મેં તમને ના પાડી હતી. પણ હવે (કોઈ પણ સમયે અવશ્ય) મને છોડનારા આ મારા પ્રિય શરીરને હું તજું છું. હે દેવો ! જે પુરુષ અવશ્ય નાશ પામનારા પોતાના શરીરથી પ્રાણી પર દયા કરી ધર્મ તથા યશ મેળવવા ઈચ્છતો નથી તે સ્થાવર પ્રાણીઓને પણ શોક કરવા યોગ્ય છે. જે આત્મા બીજા પ્રાણીઓના શોકથી પોતે શોક કરે છે અને

બીજાં પ્રાણીઓના આનંદથી પોતે આનંદ પામે છે, તે જ અવિનાશી ધર્મ છે અને તેવા જ ધર્મને પવિત્ર યશવાળા પુરુષોએ સેવ્યો છે. અહો ! દીનતાની વાત છે ! અહો ! ખેદની વાત છે કે, મનુષ્ય કેવળ કાગડા-કુતરાંનું ભક્ષ્ય, ક્ષણભંગુર અને આત્માને નિરુપયોગી એવા ધનને, સ્ત્રી, પુત્રાદિ તથા પોતાના શરીરથી પરોપકાર કરતો નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** આવો નિશ્ચય કરી અથર્વવેદને જાણનારા દધીચિ ઋષિએ ભગવાનને પરબ્રહ્મ વિષે પોતાના આત્માને એક કરી શરીર છોડ્યું. તેમણે ઇંદ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિને વશ કર્યા, તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કર્યો અને સર્વ બંધનોનો નાશ કરી પરમ યોગનો આશ્રય કર્યો, તેથી શરીર મરણ પામ્યું તે જાણ્યું ન હતું. પછી ભગવાનના તેજથી યુક્ત થઈ બળવાન બનેલા ઈન્દ્ર દધીચિઋષિનાં હાડકાંમાંથી વિશ્વકર્માએ બનાવેલું વજ્ર ઉગામી સર્વ દેવગણોથી વીંટાઈ ઐરાવત હાથી પર શોભવા લાગ્યો. તે વેળા મુનિગણો તેની સ્તુતિ કરતા હતા ને જાણે ત્રિલોકીને તે હર્ષ ઉપજાવતો હોય તેવો જણાતો હતો. હે રાજન્ ! ક્રોધાયમાન થયેલા રુદ્ર જેમ કાળ સામે ચડાઈ કરે તેમ અસુરસૈન્યોના સેનાપતિઓથી વીંટાયેલા વૃત્રાસુરને કાપી નાખવા ઈન્દ્રે તેની સામે બળપૂર્વક ચડાઈ કરી. પછી પહેલા ચાર યુગમાંના ત્રેતાયુગના આરંભમાં નર્મદા નદીને કિનારે દેવતાઓનું અસુરો સાથે મહાભયંકર યુદ્ધ થયું. હે રાજન્ ! રુદ્રો, વસુઓ, આદિત્યો, અશ્વિનીકુમારો, પિતૃઓ, અગ્નિઓ, વાયુ, ઋભુઓ, સાધ્યો તથા વિશ્વેદેવો સાથે વજ્ર ધારણ કરતા દેવપતિ ઈન્દ્રને પોતાની શોભા વડે પ્રકાશતો જોઈ, વૃત્રાસુર વગેરે અસુરો યુદ્ધમાં (તેને) સહન કરી શક્યા નહિ. નમુચિ, શંબર, અનર્વા, દ્વિમૂર્ધા, ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતી, હેતિ, ઉત્કલ અને બીજા દૈત્યો દાનવો, યક્ષો તથા સુમાલી અને માલી વગેરે હજારો રાક્ષસોએ સુવર્ણના સાજ સજી મૃત્યુ પણ જેની સામે ન થઈ શકે એવી ઈન્દ્રની સેનાના અગ્રભાગને (આગળ વધતો) અટકાવ્યો. પછી તે ઉદ્ધત અસુરો લગારે ગભરાયા વિના સિંહ જેવો શબ્દ કરી સામે ગર્જના કરવા લાગ્યા. અને ગદાઓ, પરિઘો, બાણો, ભાલાઓ, મુદગરો, તોમરો, ત્રિશૂળો, ફરશીઓ, તલવારો, શતઘ્નીઓ તથા ભુશુંડીઓ વગેરે શસ્ત્રો અને અસ્ત્રોના દેવો ઉપર ચારે તરફથી વરસાદ વરસાવવા લાગ્યા. એ સમયે આકાશમાં વાદળથી જેમ નક્ષત્રો દેખાતાં બંધ થાય છે, તેમ ચોતરફથી ઉપરાઉપરી પડતાં બાણોના સમુદાયથી દેવતાઓ એવા ઢંકાઈ ગયા હતા કે જેથી દેખાય પણ નહિ. પરંતુ તે શસ્ત્રો તથા અસ્ત્રોની વૃષ્ટિના સમૂહો દેવોના સૈનિકો સુધી પહોંચતા પણ ન હતા, કારણ કે ઝડપદાર હાથવાળા દેવો આકાશમાં જ (વચ્ચેથી) તેઓના હજારો ટુકડા કરી નાખતા હતા. આ રીતે યુદ્ધ કરતાં અસુરોની પાસે અસ્ત્રો તથા શસ્ત્રોનો જથ્થો ખૂટ્યો એટલે તેઓએ દેવોના સૈન્ય ઉપર પર્વતોનાં શિખરો, વૃક્ષો તથા પથ્થરોનો વરસાદ વરસાવવા માંડ્યો, પણ દેવોએ પ્રથમની પેઠે તેઓને પણ કાપી નાખ્યા. એ રીતે શસ્ત્રો તથા અસ્ત્રોના સમૂહો, વૃક્ષો, પથ્થરો તથા અનેક પર્વતોનાં શિખરોથી પણ ઈન્દ્રના સૈનિકોને ઘાયલ ન થયેલા અને ક્ષેમકુશળ જોઈ, વૃત્રાસુર જેઓનો સ્વામી હતો એવા તે અસુરો ત્રાસ પામ્યા. જેમ ક્ષુદ્ર મનુષ્યોએ કહેલી અમંગળ કઠોર વાણી મહાપુરુષો વિષે કેવળ નિષ્ફળ થાય છે (તેઓને જરા પણ ક્ષોભ ઉપજાવતી નથી), તેમ ભગવાન શ્રીકૃષ્ણ જેમના તરફ અનુકૂળ હતા, એવા તે દેવગણો ઉપર દૈત્યોએ જે પ્રયાસો કર્યા તે સર્વે નિષ્ફળ થયા. એમ પોતાના પ્રયાસને નિષ્ફળ જોઈ શ્રીહરિના અભકત અસુરોનો ગર્વ યુદ્ધમાં નાશ પામ્યો, કેમ કે તેનું ધૈર્ય દેવોએ હર્યું હતું, જેથી તેઓએ પોતાના સ્વામીને યુદ્ધમાં મોખરે છોડી નાસી જવા મન કર્યું. એટલે મનસ્વી અને વીર વૃત્રાસુરે પોતાના અનુયાયી અસુરોને એમ નાસતા જોઈ તેમ જ તીવ્ર ભયથી પલાયન કરી ગયેલા સૈન્યમાં

ભંગાણ પડેલું જોઈ ખડખડાટ હસીને આવું વચન કહ્યું હતું. પુરુષોમાં મહાવીર તેણે સમયને યોગ્ય અને મનસ્વી પુરુષોને રુચે તેવી વાણી કહી : 'હે વિપ્રચિત્તિ ! હે નમુચિ ! હે પુલોમા ! હે હય ! હે અનર્વા ! હે શંબર ! તમે મારું વચન સાંભળો. જન્મેલા પ્રાણીનું મૃત્યુ તો અવશ્ય છે જ. તે મૃત્યુનો આ જગતમાં કોઈ પ્રકારે ઉપાય થઈ શક્યો નથી. તો મૃત્યુથી આ લોકમાં યશ અને સ્વર્ગલોક જો મળતો હોય, તો કયો પુરુષ તે ઉત્તમે મૃત્યુને ન સ્વીકારે ? આ જગતમાં બે મૃત્યુ શાસ્ત્રમાં દુર્લભ માન્યાં છે. એક તો બ્રહ્મધારણાથી શરીર તજવું તે અને બીજું રણભૂમિમાં મોખરે જઈ પાછી પાની કર્યા વિના શરીર છોડવું તે છે.'૧-૩૩

द्वौ सम्मताविह मृत्यू दुरापौ यद्ब्रह्मसन्धारणया जितासुः ।
कलेवरं योगरतो विजह्याद्यदग्रणीर्वीरशयेऽनिवृत्तः ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## વૃત્રાસુરનાં ભક્તિ અને જ્ઞાનદર્શક અદ્‌ભુત વચનો

॥ श्रीशुक उवाच ॥

त एवं शंसतो धर्म्यं वचः पत्युरचेतसः । नैवागृह्णन् भयत्रस्ताः पलायनपरा नृप ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! એમ કહેતા સ્વામીનું તે ધર્મવચન ભયથી ત્રાસેલા અને બેભાન થઈ નાસવા તૈયાર થયેલા તે અસુરોએ ન જ માન્યું. એટલે હે રાજન્ ! કાળ જેઓને અનુકૂળ હતો એવા દેવોએ અનાથની પેઠે નસાડાતી અસુરોની સેનાને છિન્નભિન્ન થતી જોઈ અસુરોમાં શ્રેષ્ઠ ઈન્દ્રશત્રુ વૃત્રાસુર અત્યંત ક્રોધાયમાન થઈ તપી ઊઠ્યો. તેણે તે સહન ન કરી દેવોને પોતાના બળથી અટકાવી તિરસ્કાર કરી આ પ્રમાણે કહ્યું : 'અરે ઓ ! યુદ્ધમાંથી નાસતા અને તેથી જ માતાની વિષ્ઠા જેવા આ દૈત્યોને પાછળથી તમે મારો છો તેથી શું (ફળ) છે ? કંઈ નથી. (તેથી યશ કે ધર્મ થવાનો નથી.) ભયભીતનો વધ કરવો એ પોતાને શૂરવીર માનનારાઓને વખાણવા યોગ્ય કે સ્વર્ગ આપનાર પણ નથી. ઓ ક્ષુદ્ર દેવો ! તમને જો યુદ્ધ કરવાની શ્રદ્ધા હોય, તમારા હૃદયમાં ધૈર્ય હોય અને તમને વિષયસુખની જો ઈચ્છા ન હોય તો ક્ષણવાર મારી સામે ઊભા રહો.'

એમ કહી ક્રોધાયમાન થયેલા મહાબળવાન વૃત્રાસુરે શરીરથી શત્રુ દેવગણોને ભયભીત કરી મોટી ગર્જના કરી, જેથી લોકો બેભાન થયા અને સર્વ દેવગણો પણ વૃત્રાસુરની તે ગર્જનાથી જાણે વજ્રથી હણાયા હોય તેમ મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડયા. પછી જેમ મદોન્મત્ત હાથી ઘાસના વનને ખૂંદે તેમ રણરંગથી મદોન્મત્ત બનેલ વૃત્રાસુર ત્રિશૂળ ઉગામી પૃથ્વીને કંપાવતો, આંખો મીચીને આતુર થઈ પડેલા દેવોના સૈન્યને બંને પગ વડે બળથી ખૂંદવા લાગ્યો. તે વજ્રધારી ઈન્દ્ર પણ જોઈને સહન કરી શક્યો નહિ. તેણે સામેથી ધસી આવતા પોતાના શત્રુ સામે એક મોટી ગદા ફેંકી, પણ વૃત્રાસુર સામી આવતી તે અતિ દુઃસહ ગદા રમત માત્રમાં ડાબા હાથથી પકડી લીધી. અને અત્યંત કોપેલા તે ઉગ્ર પરાક્રમી ઈન્દ્રશત્રુએ મોટી ગર્જના કરીને તે જ ગદાથી ઈન્દ્રના વાહન ઐરાવતને ગંડસ્થળમાં માર્યો. હે રાજા! વૃત્રાસુરના તે કર્મની બધાએ પ્રશંસા કરી. વૃત્રાસુરની એ ગદા લાગતાં ઐરાવત હાથી વજ્ર વડે મારેલા પર્વતની પેઠે ઘૂમરીઓ ખાવા લાગ્યો અને તેનું મોઢું પણ ભાંગી ગયું, જેથી તેને એટલી બધી વેદના થઈ કે લોહીને ઓક્તો તે ઈન્દ્રની સાથે સાત ધનુષ્ય પાછો હટી ગયો. એ રીતે જેનું વાહન ઐરાવત ઘવાયો

હતો અને તેથી જેનું ચિત્ત વ્યગ્ર બન્યું હતું, એવા ઈન્દ્ર ઉપર મહાત્મા વૃત્રાસુરે ફરી ગદા ન મારી; એટલે ઈન્દ્રે અમૃત ઝરતા પોતાના હાથના સ્પર્શથી ઘવાયેલા હાથીની પીડા દૂર કરી યુદ્ધમાં ઊભો રહ્યો. હે મહારાજ ! એ વેળા યુદ્ધની ઈચ્છાથી સામે ઊભેલા વજ્ર ધારણ કરતા અને પોતાના ભાઈ વિશ્વરૂપનો વધ કરનાર શત્રુ તે ઈન્દ્રને જોઈ વૃત્રાસુરને તેનું તે (પુરોહિત—બ્રાહ્મણ વિશ્વરૂપની હત્યારૂપ) ક્રૂર પાપી કર્મ યાદ આવ્યું અને તેથી શોક અને મોહથી વ્યાપ્ત થઈ હસતાં હસતાં તેણે કહ્યું. .

**વૃત્રાસુર બોલ્યો :** બ્રાહ્મણોનો ઘાત કરનાર, ગુરુની હત્યા કરનાર અને મારા ભાઈનો નાશ કરનાર તું મારો શત્રુ આજે મારી સામે જે ઊભો છો, તે ઠીક થયું. ઓ મહાપાપી ! સારું થયું કે તું મારી સામે આવ્યો; કારણ કે આજે હું તારા પથ્થર જેવા કઠોર હૃદયને મારા ત્રિશૂળથી ચીરી નાખીને જલદીથી જ ભાઈના ઋણથી મુક્ત થઈ જઈશ. મારો મોટો ભાઈ આત્મજ્ઞાની, બ્રાહ્મણ, તારો ગુરુ, પાપરહિત અને યજ્ઞદીક્ષિત હતો. જેમ સ્વર્ગની ઈચ્છાવાળો નિર્દય યાજ્ઞિક પશુનું મસ્તક કાપે તેમ સ્વર્ગની ઈચ્છાવાળા તેં નિર્દયે વિશ્વાસ આપી તેનાં ત્રણે મસ્તકે કાપ્યાં છે. તેથી જ તું લજ્જા, લક્ષ્મી, દયા તથા કીર્તિથી ભ્રષ્ટ છે અને પોતાના કર્મને લીધે રાક્ષસોને પણ નિંદવા યોગ્ય છે માટે મારા ત્રિશુળથી ચિરાયેલા શરીરવાળા અને મહાકષ્ટ વડે મરેલા તને અગ્નિનો સ્પર્શ ન થતાં ગીધડાંઓ ખાઈ જશે. વળી બીજા પણ જે મુર્ખાઓ ઘાતકી એવા તારી પાછળ પોતાનાં શસ્ત્રો ઉગામી આ યુદ્ધમાં મને પ્રહાર કરવા જો તૈયાર થશે તો તેઓનાં પણ ગળાં આ તીક્ષ્ણ ત્રિશૂળથી છેદી તે વડે ગણો સહિત ભૈરવાદિ દેવોની હું પૂજા કરીશ. અથવા હે વીર ઈન્દ્ર ! તું પોતે જ આ યુદ્ધમાં મને વજ્ર વડે મારું મસ્તક જો કાપીશ, તો હું પણ મારાં કર્મબંધનોથી છૂટીશ અને શિયાળ વગેરે પ્રાણીઓને મારા શરીરનું બલિદાન કરી મનસ્વીઓની ચરણરજ પામીશ (વીર પુરુષોનું પદ મેળવીશ). ઓ દેવોના રાજા! હું તારો શત્રુ તારી સામે જ ઊભો છું, છતાં તું તારું અમોઘ વજ્ર મારા ઉપર કેમ ફેંક્તો નથી ? જેમ ગદા નિષ્ફળ થઈ અને લોભી પાસે માગણી નિષ્ફળ થાય, તેમ વજ્ર નિષ્ફળ નહિ થાય; માટે તું સંશય ન કર. ઓ ઈન્દ્ર! આ તારું વજ્ર શ્રીહરિના તથા દધીચિ ઋષિના તેજથી તિક્ષ્ણ છે માટે આ વજ્રથી તું તારા શત્રુનો નાશ કર. વળી તને શ્રીવિષ્ણુભગવાને પ્રેરણા પણ કરી છે. જેથી જે પક્ષમાં શ્રીહરિ હોય ત્યાં વિજય, લક્ષ્મી તથા ગુણો હોય જ છે. (માટે તું પરાજયની શંકા કરીશ નહિ.) મારા સ્વામી સંકર્ષણ ભગવાને મને જેમ કહ્યું છે તે જ પ્રમાણે તેમના ચરણકમળમાં મન સ્થાપી તારા વજ્રના વેગથી જેના વિષયપાશ તૂટયા છે, એવો હું આ શરીર છોડીને મુનિની ગતિ પામીશ. (તું એવો પણ સંશય ન કરીશ કે સંકર્ષણના ભકત મને જ ભગવાન સંકર્ષણ બધી સ્વર્ગાદિ સંપત્તિઓ આપી દેશે ! કારણ કે) સ્વર્ગમાં, પૃથ્વી પર તથા રસાતલમાં જે સંપત્તિઓ છે, તેઓને ભગવાન સંકર્ષણ પોતાને વિષે એકાંત બુદ્ધિવાળા પોતાના ભક્તોને કદી આપતા જ નથી; કેમ કે તે સંપત્તિઓથી દ્વેષ, ઉદ્વેગ, મનની પીડા, મદ, કજિયા, દુઃખ તથા પરિશ્રમ જ થાય છે. અમારા સ્વામી ભગવાન સંકર્ષણ તો ભક્તપુરુષના ધર્મ, અર્થ અને કામ સંબંધી પરિશ્રમનો નાશ જ કરે છે. આ ઉપરથી જ તે ભગવાનની કૃપા કેવળ નિષ્કામ ભકતોના વિષયરૂપ હોઈ બીજાઓને દુર્લભ છે. એનું અનુમાન થઈ શકે છે. (માટે તારા ઉપર ભગવાનની કૃપા ન હોવાથી સર્વ સંપત્તિઓ તને જ મળશે. જેના પર ભગવાનની કૃપા હોય તેઓને નાશવંત સંપત્તિઓ કદી મળતી નથી. આમ ઈન્દ્ર પ્રત્યે કહીને વૃત્રાસુર શ્રીભગવાનની પ્રાર્થના કરે છે :) હે શ્રીહરિ ! હું ફરી પણ આપના ચરણમૂળના દાસનો પણ દાસ થાઉં. મારું મન મારા પ્રાણપતિ આપના ગુણોનું જ સ્મરણ કરો, મારી વાણી આપના જ ગુણોનું ગાન કરો અને મારું શરીર આપ સંબંધી જ કર્મ કર્યા કરો. હે સમગ્ર

સૌભાગ્યના ભંડાર ભગવન્ ! હું આપને તજી ધ્રુવપદની, બ્રહ્મલોકની, ચક્રવર્તીપણાની, રસાતલના સ્વામીપણાની અને યોગની સિદ્ધિની કે મોક્ષની પણ ઈચ્છા કરતો નથી. હે કમળ સમાન નેત્રવાળા દેવ! જેઓને પાંખો આવી ન હોય એવાં પક્ષીઓનાં બચ્ચાં (ઘુવડ વગેરેથી પીડાઈને) જેમ માતાને જોવા આતુર હોય, ભૂખથી ટળવળતાં (અને દોરીથી બાંધેલાં) નાનાં વાછરડાં જેમ દૂધ માટે આતુર હોય અને જેમ (કામવાસનાથી) પીડાતી પ્રિય પત્ની પરદેશ ગયેલા પ્રિય સ્વામીને જોવા આતુર હોય, તેમ મારું મન આપનાં દર્શન કરવા આતુર છે. હે નાથ ! પોતાનાં કર્મોને લીધે આ સંસારચક્રમાં ભટકતા મને ઉત્તમ કીર્તિવાળા આપના ભકતજનોની જ મિત્રતા થાઓ. પણ જેઓ આપની માયાથી શરીર, પુત્ર, સ્ત્રી તથા ઘરમાં જ આસકિતવાળા છે, તેમની સાથે મારે કદી સંબંધ ન થાઓ. ૧-૨૭

**ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।**
त्वन्माययाऽत्वात्मजदारगेहेष्वासक्तचितस्य न नाथ भूयात् ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## ઈંદ્રે વૃત્રાસુરનો વધ કર્યો

**॥ ऋषिरुवाच ॥**

एवं जिहासुर्नृप देहभाजौ मृत्युं वरं विजयान्मन्यमानः ।
शूलं प्रगृह्याभ्यपतत् सुरेन्द्रं यथा महापुरुषं कैटभोऽप्सु ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! એમ યુદ્ધમાં પોતાના શરીરને તજવા ઈચ્છતો અને વિજય કરતાં મૃત્યુને જ શ્રેષ્ઠ માનતો વૃત્રાસુર હાથમાં ત્રિશૂળ લઈ, જેમ પ્રલયકાળના જળમાં કૈટભ દૈત્ય મહાપુરુષ શ્રીવિષ્ણુ સામે ધસ્યો હતો તેમ ઈન્દ્ર સામે ધસ્યો. પછી પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ શિખાવાળા ત્રિશૂળને ભમાવી તે વીર અસુર રાજાએ બળથી ઈન્દ્ર સામે ફેંકયું અને 'ઓ પાપી ! હવે તું મરવાનો છે,' એમ ક્રોધથી ગર્જના કરી કહ્યું. તેણે ફંકેલું એ ત્રિશુળ આકાશમાં આવતું હતું ત્યારે તે ચાલતા સૂર્ય જેવું અને અંગારા જેવું મુશ્કેલીએ જોવાય તેવું હતું. તેને જોઈને જરા પણ ગભરાયા વિના ઈન્દ્રે સો આરાવાળા વજ્રથી તેને કાપી નાખ્યું અને સર્પરાજના શરીર જેવા વૃત્રાસુરના જમણા હાથને પણ કાપી નાખ્યો. એ રીતે એક હાથ કપાયો એટલે અત્યંત આવેશમાં આવેલા વૃત્રાસુરે વજ્ર ધરતાં ઈન્દ્રની સમીપ જઈ તેને તથા તેના હાથી રાવતની હડપચીમાં મોટી ભોગળનો પ્રહાર કર્યો, જેથી ઈંદ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. વૃત્રાસુરનું કર્મ અતિ અદ્ભૂત હતું. તેની દેવો, અસુરો, ચારણો તથા સિદ્ધોનાં ટોળાં પ્રશંસા કરવા લાગ્યા અને ઈન્દ્રનું સંકટ જોઈ હાહાકાર કરવા લાગ્યાં. શત્રુની સમક્ષ એ રીતે પોતાના હાથમાંથી વજ્ર પડી ગયું એથી ઈન્દ્ર શરમાઈ ગયો. તેણે તે વજ્ર લીધું નહિ એટલે વૃત્રાસુર તેને કહેવા લાગ્યો : 'તું તારું વજ્ર લઈ પોતાના શત્રુને મારી નાખ. આ ખેદ કરવાનો વખત નથી. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં સમર્થ, સર્વજ્ઞ અને સનાતન આદ્ય પુરુષ વિના બીજા જે પુરુષો કેવળ પરાધીન જ હોઈ એકબીજાને મારી નાખવા ધસી જઈ યુદ્ધ કરવા ઈચ્છે છે તેનો સદાકાળ વિજય હોતો જ નથી, પણ કોઈ કાળે જય તો કોઈ કાળે પરાજય પણ થાય છે. લોકપાલો સહિત આ સમગ્ર લોકો પરાધીન હોઈ જેને વશ રહી જાળમાં બંધાયેલા પક્ષીઓની પેઠેચેષ્ટા કરે છે, તે કાળસ્વરૂપ ભગવાન જ જય — પરાજયમાં કારણ છે.

ઈન્દ્રિયશકિત, માનસિક શકિત, શારીરિક શકિત, પ્રાણ, અમરપણું અને મૃત્યુ – એ બધું કાલસ્વરૂપ ભગવાન જ છે. આમ તે ભગવાનને સર્વનું કારણ ન જાણીને લોકો જડ શરીરને સર્વનું કારણ માને છે. જેમ લાકડાની પૂતળી અને યંત્રમય મૃગલો તેના સંચાલકને આધીન છે, તેમ હે ઈન્દ્ર ! સર્વ પ્રાણીઓ પરમેશ્વરને આધીન છે એમ તું જાણ. પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ ભૂતો, ઈન્દ્રિયો ને અંતઃકરણ એ તેમની કૃપા વિના સૃષ્ટિ આદિ કરવાને સમર્થ થતાં નથી. એ ન સમજનારો મનુષ્ય જ અસમર્થ એવા પોતાને પણ ઈશ્વર (સમર્થ) માને છે. ખરી રીતે ઈશ્વર પોતે જ પ્રાણીઓ દ્વારા પ્રાણીઓને સર્જે છે અને સંહારે છે. જેમ પોતાની ઈચ્છા ન હોવા છતાં મનુષ્યને આયુષ્યનો નાશ, અલક્ષ્મી, અપકીર્તિ, અનૈશ્વર્ય તથા બીજા મનોરથોનો પણ નાશ પ્રાપ્ત થાય છે, તેમ તે તે સમયે આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, ઐશ્વર્ય તથા બીજા પણ ઇચ્છિત મનોરથો મળે છે. માટે અપકીર્તિ કે કીર્તિમાં, જય કે પરાજયમાં, સુખ કે દુઃખમાં અને મૃત્યુ કે જીવનમાં સમાન ભાવે રહેવું (હર્ષ કે શોક ન કરવો.) સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી. આત્મા તો માત્ર એમાં સાક્ષી છે એમ જે જાણે છે તે (પ્રકૃતિના ગુણોથી) બંધાતો નથી. હે ઇન્દ્ર! તું મારા તરફ દૃષ્ટિ કર. હું યુદ્ધમાં હાર્યો છું, મારાં આયુધો અને એક હાથ પણ કપાયો છે; છતાં તારા પ્રાણ લેવાની ઈચ્છાથી યથાશકિત પ્રયાસ કરું છું. (પણ તારી પેઠે ખેદ કરતો નથી.) આ યુદ્ધ એક જાતનો જુગાર જ છે. આમાં પ્રાણ શરત છે, બાણો પાસા છે અને વાહનો ખાનાં છે. એમાં કોનો જય કે કોનો પરાજય થશે એ કાઈ જણાતું નથી.

**શ્રી શુકદેવજી બોલ્યા :** વૃત્રાસુરનું એ નિષ્કપટ વચન સાંભળી ઈંદ્ર તેની પ્રશંસા કરવા લાગ્યો અને વજ્ર લઈ આશ્ચર્યરહિત થઈ હસીને તેને કહેવા લાગ્યો.

**ઈન્દ્ર બોલ્યો :** 'અહો ! હે દાનવ ! તું સિદ્ધ છે, કારણ કે તારી આવી (ઉત્તમ) બુદ્ધિ છે. સર્વના આત્મા અને મિત્ર જગતના ઈશ્વરને તેં સર્વ પ્રકારે સેવ્યા છે. ખરેખર તું લોકોને મોહ પમાડનારી વિષ્ણુભગવાનની માયાને તર્યો છે, કારણ કે તું અસુરીભાવ છોડી મહાપુરુષપણું પામ્યો છે. ખરેખર ! આ મોટું આશ્ચર્ય છે કે તું રજોગુણી પ્રકૃતિવાળો હોવા છતાં તને સત્વમય ભગવાન વાસુદેવમાં આવી દૃઢ બુદ્ધિ થઈ છે! જેને મોક્ષના અધીશ્વર ભગવાન શ્રીહરિમાં ભકિત હોય અને જે સચ્ચિદાનંદરૂપી અમૃતના સમુદ્રમાં રમતો હોય, તેને ક્ષુદ્ર ખાડાના જળ જેવાં સ્વર્ગાદિનું શું પ્રયોજન હોય !'

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ધર્મ જાણવાની ઈચ્છાથી પરસ્પર એમ કહેતા તે બંને મહાપરાક્રમી અને યુદ્ધક્ષેત્રના નાયક ઈન્દ્ર તથા વૃત્રાસુર (ફરી) યુદ્ધ કરવા લાગ્યા. હે રાજા ! શત્રુઓને દમનારા વૃત્રાસુરે લોખંડની ભયંકર ભોગળ ડાબે હાથે ભમાવીને ઈન્દ્ર સામે ફેંકી. પણ ઈન્દ્રે વૃત્રાસુરની તે ભોગળને તથા હાથીની સૂંઢ જેવા તેના (ડાબા) હાથને સો આરાવાળા વજ્રથી એકીસાથે કાપી નાખ્યાં. એ રીતે મૂળમાંથી કપાયેલા બે હાથમાંથી લોહી ઝરતો તે અસુર ઈન્દ્રે પ્રહાર કરેલો અને કપાયેલી પાંખોવાળો પર્વત જેમ આકાશમાંથી પડ્યો હોય તેમ શોભતો હતો. પછી તે દૈત્ય પોતાના નીચલા જડબાને પૃથ્વી ઉપર તથા ઉપલા જડબાને આકાશમાં રાખી આકાશ જેવા ગંભીર મુખથી સર્પ જેવી ઉગ્ર જીભથી અને કાળ સરખી દાઢોથી જાણે ત્રણે જગતને ગળી જવા તૈયાર થયો હોય, તેમ ઘણું મોટું શરીર ધારણ કરી બળપૂર્વક પર્વતો ફેંકવા લાગ્યો. તે જાણે પગે ચાલતો પર્વત હોય તેમ પોતાના પગ વડે પૃથ્વીને ચૂર્ણ કરતો ઈન્દ્ર સામે ધસી જઈ વાહન સાથે તેને ગળી ગયો. જેમ મહાબળવાન અને મહાપરાક્રમી અજગર હાથીને ગળી જાય તેમ વત્રાસુર ઈન્દ્રને ગળી ગયો, તે જોઈ પ્રજાપતિઓ અને મહર્ષિઓ સહિત દેવતાઓ 'અરેરે ! બહુ જ ભૂંડું થયું' એમ

ખેદ કરતા બૂમો પાડવા લાગ્યા. ઈન્દ્ર એ પ્રમાણે અસુર રાજાથી ગળી જવાયો છતાં તેના પેટની અંદર જઈ મરણ પામ્યો નહિ; કારણ કે તે મહાપુરુષ શ્રીનારાયણરૂપી કવચથી અને યોગમાયાના બળથી સુરક્ષિત હતો. પછી મહાસમર્થ ઈન્દ્ર તેના પેટને વજ્રથી ચીરી બહાર નીકળ્યો અને જેમ પર્વતના શિખરને કાપે તેમ તેણે શત્રુના મસ્તકને બળથી કાપી નાખ્યું. એ સમયે શીઘ્ર વેગવાળા ઈન્દ્રના વજ્રે વૃત્રાસુરને મારવા માટે ચારે તરફ ઘૂમીને તેની ડોકને કાપવા માંડી અને ત્રણસો ને સાઠ દિવસે (તે ડોક) કાપી. એ વખતે આકાશમાં દુંદુભિ (નગારાં) વાગ્યાં, મહર્ષિઓના સંઘો સાથે ગંધર્વો તથા સિધ્ધો ગર્જના કરી રહ્યા અને વૃત્રાસુરનો વધ કરનાર ઈન્દ્રના પરાક્રમને પ્રકટ કરતા વેદમંત્રોથી ઈન્દ્રની સ્તુતિ કરતા હર્ષપૂર્વક પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. હે શત્રુદમન રાજા ! એ વેળા વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલું તેના આત્મારૂપી તેજ સર્વ લોકોના દેખતાં લોકાતીત ભગવાનમાં મળી ગયું. ૧-૩૫

वृत्रस्य देहान्निष्क्रान्तमात्मज्योतिररिन्दम् । पश्यतां सर्वलोकानामलोकं समपद्यत: ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## બ્રહ્મહત્યાના ભયથી નાસતા ઈંદ્રની વિષ્ણુએ રક્ષા કરી

॥ श्री शुक उवाच ॥

वृत्रे हते त्रयो लोका विना शक्रेण भूरिद । सपाला ह्यभवन् सद्यो विज्वरा निर्वृदेन्द्रियाः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે પુષ્કળ દાન આપનારા રાજા ! વૃત્રાસુર એ પ્રમાણે મરાયો ત્યારે ઈન્દ્ર સિવાય બીજા ત્રણે લોક લોકપાલો સાથે તરત જ સંતાપરહિત અને શાંત ઈન્દ્રિયોવાળા થયા. પછી તે દેવો, ઋષિઓ, પિતૃઓ, બીજાં સર્વ પ્રાણીઓ, દૈત્યો, દેવોના અનુચરો તથા બ્રહ્મા, શંકર અને ઈન્દ્ર વગેરે પોતપોતાને સ્થાને ગયા.

**પરીક્ષિત રાજાએ પૂછયું :** હે મુનિ ! ઈન્દ્રની અશાંતિનું કારણ હું સાંભળવા ઈચ્છું છું. વૃત્રાસુરના વધને લીધે સર્વ દેવો સુખી થયા તો ઈન્દ્રને ક્યા કારણથી દુ:ખ થયું ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઋષિઓ સહિત સર્વ દેવો વૃત્રાસુરના પરાક્રમથી ગભરાયા ત્યારે તેઓએ તેનો વધ કરવા ઈન્દ્રને પ્રાર્થના કરી હતી, પણ બ્રાહ્મણના વધથી ભય પામી ઈન્દ્રે તેમ કરવાની ઈચ્છા કરી ન હતી (ને આ પ્રમાણે કહ્યું હતું).

**ઈન્દ્ર બોલ્યો :** વિશ્વરૂપનો નાશ કરવાથી જે પાપ ઉત્પન્ન થયું હતું તેને તો સ્ત્રીઓ, પૃથ્વી, જળ તથા વૃક્ષોએ મારા પર કૃપા કરી વહેંચી લીધું છે, પણ હવે આ વૃત્રાસુરનો વધ કરવાથી બ્રહ્મહત્યા લાગી તેની મારે ક્યાં શુદ્ધિ કરવી ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈન્દ્રનું તે વચન સાંભળી ઋષિઓએ તેને કહ્યું : 'અમે તમને અશ્વમેધ યજ્ઞ કરાવીશું. (જેથી તમે બ્રહ્મહત્યાના પાપથી છૂટશો) તમે ડરો નહિ. તમારું કલ્યાણ થાઓ. તમે અશ્વમેધ યજ્ઞથી સર્વના અંતર્યામી પરમાત્મા ઈશ્વર શ્રીનારાયણ દેવનું યજન કરી આખા જગતનો નાશ કરવાના પાપથી પણ છૂટો. (તો એક વૃત્રાસુરના વધના પાપથી છૂટો એમાં શું કહેવાનું છે?) બ્રાહ્મણનો, પિતાનો, ગાયોનો, માતાનો અને આચાર્યનો વધ કરનાર પાપી અથવા ચંડાળ કે ઢેઢભંગી પણ જેમના માત્ર નામકીર્તનથી શુદ્ધ થાય છે, તે ભગવાનનું અમે કરાવેલા અશ્વમેધ નામના મહાન યજ્ઞથી શ્રદ્ધાપૂર્વક યજન

કરી તમે સ્થાવર-જંગમ સર્વ જગતનો નાશ કરીને પણ પાપથી છૂટો, તો આ વૃત્રાસુર તો દુષ્ટ છે, તેનો નાશ કરી પાપથી કેમ ન છૂટો ?'

**શ્રીશુકદેવજી બોલ્યા :** બ્રાહ્મણોએ એમ પ્રેરણા કરી એટલે ઈન્દ્રે શત્રુ (વૃત્રાસુર)ને માર્યો હતો, પણ તે મરાયો એટલે ઈન્દ્રની પાછળ બ્રહ્મહત્યા લાગુ થઈ. ઈન્દ્ર તે બ્રહ્મહત્યાથી સંતાપ પામ્યો; તેને શાંતિ વળી નહિ; કારણ કે લજ્જાવાળો પુરુષ કોઈ રીતે નિંદ્ય થાય ત્યારે (તેનામાં રહેલાં) ધૈર્ય વગેરે પણ તેને સુખ આપતાં નથી. સાક્ષાત ચાંડાલિનીની પેઠે પોતાની પાછળ દોડતી બ્રહ્મહત્યાને ઈન્દ્ર જોતો હતો. તેનું શરીર વૃદ્ધાવસ્થાથી કંપતું હતું. ક્ષયરોગ તેને લાગુ હતો. લોહીથી લથપથતાં વસ્ત્ર તેણે પહેર્યા હતાં અને ધોળા કેશ છૂટા મૂકી 'ઊભો રહે ઊભો રહે' એમ બોલતી હતી. માછલાં જેવા (દુર્ગંધી) શ્વાસની દુર્ગંધથી તે આખા માર્ગને દુર્ગંધવાળો કરતી હતી. હે રાજા! ઈન્દ્ર આકાશમાં અને સર્વ દિશાઓમાં ગયો પણ બ્રહ્મહત્યા તેની પાછળ જ દોડતી હતી. ને છેવટે ઈશાન દિશામાં જઈ તરત માનસરોવરમાં પેસી ગયો. ત્યાં કમળના નાળના તંતુઓમાં એક હજાર વર્ષ સુધી કોઈ ન જાણે તેમ તે ભરાઈ રહ્યો અને બ્રહ્મહત્યાથી છૂટવા વિચાર કર્યા કરતો હતો. ત્યાં તેને કોઈજાતના ભોગવૈભવ મળતા ન હતા, કારણ કે (યજ્ઞભાગરૂપી ભોગવૈભવ લાવી આપનાર) તેનો દૂત અગ્નિ હતો. (પણ તે તો જળમાં જઈ શક્તો નહિ.) ઈન્દ્ર કમળનાળના તંતુઓમાં રહ્યો, ત્યાં સુધી નહુષરાજાએ સ્વર્ગમાં રાજ્ય કર્યું હતું, કારણ કે વિદ્યા, તપ અને યોગબળથી તે પ્રભાવશાળી હતો, પણ સંપત્તિ તથા ઐશ્વર્યના મદથી તે અંધબુદ્ધિ બન્યો, ત્યારે (ઈન્દ્રાણીની માગણી કરવાથી) ઈન્દ્રાણીએ તેને સર્પ (અજગર)ની યોનિમાં નાખ્યો હતો. પછી સત્યપાલક શ્રીહરિના ધ્યાનથી બ્રહ્મહત્યાનું પાપ જેણે દૂર કર્યું હતું તેવા ઈન્દ્રને બ્રાહ્મણોએ વાણીથી બોલાવ્યો એટલે તે પાછો સ્વર્ગમાં ગયો હતો. તે જ્યાં સુધી માનસરોવરમાં રહ્યો ત્યાં સુધી ઈશાન દિશાના રૂદ્રદેવે અને (માનસસરોવરમાં કમળની અંદર રહેલાં) લક્ષ્મીદેવીએ તેની રક્ષા કરી હતી, તેથી નિસ્તેજ થયેલું બ્રહ્મહત્યાનું પાપ તેને હેરાન કરી શક્યું ન હતું. પછી હે ભરતવંશી રાજન ! બ્રહ્મર્ષિઓએ ઈન્દ્રની પાસે આવી શ્રીહરિનું જેમાં આરાધન કરાય છે, એવા અશ્વમેધ યજ્ઞની તેણે વિધિ પ્રમાણે દીક્ષા આપી. એ રીતે બ્રહ્મવાદી બ્રાહ્મણોએ કરેલા અશ્વમેધ યજ્ઞમાં ઈન્દ્રે સર્વ દેવમય અને સર્વના આત્મા શ્રીનારાયણનું યજન કર્યું, જેથી હે રાજા! સૂર્ય જેમ ઝાકળનો નાશ કરે છે તેમાં ઈન્દ્રે વૃત્રાસુરના વધરૂપી મોટા પાપના સમૂહનો પણ તે ભગવાન દ્વારા જ નાશ કર્યો હતો. મરીચિ વગેરે બ્રાહ્મણોએ કરેલા શાસ્ત્રોકત અશ્વમેધયજ્ઞથી યજ્ઞેશ્વર પુરાણપુરુષનું યજન કરી તે મહાન ઈન્દ્ર પાપરહિત થયો હતો. આ મહાન આખ્યાન ઈન્દ્રના વિજયરૂપ હોઈ, આમાં ઈન્દ્રનો બ્રહ્મહત્યાના પાપથી છુટકારો છે. તે સમગ્ર પાપોને ધોઈ નાખનારું છે; કારણ કે તેમાં તીર્થપદ શ્રીભગવાનનું કીર્તન છે, ભકિતથી ઉન્નતિ દર્શાવી છે અને ભકતજનોનું પણ વર્ણન કર્યું છે. ઈન્દ્રનું આખ્યાન ધન તથા યશ આપનારું. સમગ્ર પાપોથી મુકત કરનારું, શત્રુઓનો પરાજય કરનારું, કલ્યાણના આશ્રયરૂપ અને આયુષ્ય વધારનારું છે. વિદ્વાનોએ આનો નિત્યપાઠ અથવા પર્વે પર્વે પાઠ કરવો અને શ્રવણ કરવું.૧-૨૩

पठेयुराख्यानमिदं सदा बुधाः शृण्वन्त्यथो पर्वणि पर्वणीन्द्रियम् ।
धन्यं यशस्यं निखिलाधमोचनं रिपुञ्जयं स्वस्त्ययनं तथायुषम् ॥२३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

# અધ્યાય-૧૪

## વૃત્રાસુરના પૂર્વજન્મનું ચરિત્ર-ચિત્રકેતુ રાજાનો પુત્રના મરણથી શોક

॥ परिक्षिदुवाच ॥

रजस्तमः स्वभावस्य ब्रह्मन् वृत्रस्य पाप्मनः । नारायणे भगवति कथमासीद् दृढा मतिः ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! વૃત્રાસુર રજોગુણી અને તમોગુણી સ્વભાવનો તેમ જ પાપી હતો, છતાં તેને ભગવાન નારાયણમાં દઢ બુદ્ધિ કેમ થઈ ? દેવતાઓ શુદ્ધ સત્ત્વગુણી છે અને ઋષિઓ નિર્મળ ચિત્તવાળા હોવા છતાં તેઓને ઘણું કરી મુકુંદ ભગવાનના ચરણમાં ભકિત નથી થતી. હે ઉત્તમ બ્રાહ્મણ ! આ જગતમાં જેટલા પૃથ્વીના રજકણો છે, તેટલા (અનંત) જીવો છે. તેઓમાં કેટલાક જે મનુષ્ય વગેરે છે, તે જ માત્ર ધર્મ કરવાની ઈચ્છા રાખે છે. તેમાં પણ મોક્ષની ઈચ્છા રાખનારા તો ઘણું કરી કોઈક જ હોય છે. મોક્ષ ઈચ્છનારાઓમાં પણ હજારોની અંદર કોઈક જ (ઘર વગેરેના સંગથી) છૂટે છે ને તત્વવસ્તુ જાણે છે. હે મહામુનિ! મુક્ત થયેલા સિદ્ધ પુરુષોમાં પણ શ્રીનારાયણમાં તત્પર રહેનારો અને અત્યંત શાંત ચિત્તવાળો પુરુષ કરોડમાં પણ અતિ દુર્લભ છે. આમ છતાં સર્વ લોકોને દુઃખ આપનારો તે પાપી વૃત્રાસુર ઉગ્ર સંગ્રામમાં એ પ્રમાણે શ્રીકૃષ્ણ વિષે બુદ્ધિવાળો કેમ થયો હતો ? હે પ્રભુ ! આ વિષયમાં અમને ઘણો મોટો સંશય છે અને તે સાંભળવાની ઉત્કટ ઈચ્છા છે; કારણ કે વૃત્રાસુરે પોતાના પરાક્રમથી યુદ્ધમાં ઈન્દ્રને પ્રસન્ન કર્યો હતો. (તેથી તે ઇન્દ્રના ભયને લીધે કૃષ્ણને શરણે ગયો હતો, એમ ન હતું.)

**સૂત બોલ્યા :** હે શૌનકાદિ મુનિઓ ! શ્રદ્ધાળુ પરીક્ષિતરાજાનો એ પ્રશ્ન સાંભળી ભગવાન શુકદેવજીએ તેને અભિનંદન આપી આવું વચન કહ્યું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! વ્યાસ, નારદ તથા દેવલઋષિના મુખથી આ ઈતિહાસ મેં જે રીતે સાંભળ્યો છે, તે પ્રમાણે તમે સાવધાન થઈ સાંભળો. હે રાજા! શુરસેન નામે દેશમાં ચિત્રકેતુ નામે પ્રખ્યાત ચક્રવર્તી રાજા હતો. તેની સર્વ કામનાઓને પૃથ્વી પૂર્ણ કરતી હતી. એ રાજાને એક કરોડ સ્ત્રીઓ હતી અને પોતે પણ પુત્ર ઉત્પન્ન કરવા સમર્થ હોવા છતાં તે સ્ત્રીઓમાં તે સંતતિ પામ્યો નહિ. એ રાજા રૂપ, ઔદાર્ય, વય, જન્મ, વિદ્યા, ઐશ્વર્ય તથા લક્ષ્મી આદિ સર્વ ગુણોથી યુકત હોવા છતાં પોતે વાંઝણી સ્ત્રીઓનો પતિ હતો. તેથી તેને ચિંતા થતી હતી. ચક્રવર્તી રાજાને (તે જ કારણથી) સર્વ સંપત્તિઓ, સુંદર નેત્રોવાળી તે સર્વ રાણીઓ અને આ પૃથ્વીએ કંઈ પણ પ્રીતિનું કારણ થતાં ન હતાં. એક દિવસ ભગવાન અંગિરાઋષિ લોકોમાં ફરતા ફરતા દૈવેચ્છાએ તે રાજાને ઘેર આવ્યા. એટલે રાજાએ તેમની સામે ઊભા થઈ સન્માન વગેરેથી વિધિપૂર્વક તેમની પૂજા કરીને તેમનો અતિથિસત્કાર કર્યો અને પોતે સાવધાન થઈ સુખપૂર્વક બેઠેલા મુનિ પાસે બેઠો. મહર્ષિ અંગિરાએ પોતાની પાસે પૃથ્વી પર બેઠેલા અને વિનયથી નમ્ર એવા તે રાજાને હે મહારાજ ! એમ સંબોધી સામું માન આપી આ પ્રમાણે કહ્યું.

**અંગિરાઋષિ બોલ્યા :** 'તમારું અને તમારા રાજનાં સાત અંગોનું આરોગ્ય તથા કલ્યાણ છે ને ? પુરુષ—જીવાત્મા જેમ સાત પ્રકૃતિમાંથી રક્ષાયેલ છે તેમ રાજા પણ સાત પ્રકૃતિઓથી રક્ષાયેલો છે. રાજા પોતાને સાત પ્રકૃતિઓના આધારે (તેઓને અનુસરી) રાજયસુખ મેળવે છે. હે રાજા! પ્રકૃતિઓ પણ પોતાની સર્વ ચિંતા રાજાએ ધારણ કરેલી હોઈ ધનાદિ સંપત્તિ પામે છે. તમને તમારી સ્ત્રી, પ્રજાઓ, પ્રધાનો, સેવકો, વેપારી વગેરેનાં મંડળો, મંત્રીઓ, નગરવાસીઓ, દેશવાસીઓ, ખંડિયા રાજાઓ અને પુત્રો વશ છે ને ? જે રાજાનું મન વશ હોય છે તેને આ સર્વ લોકો લોકપાલો સાથે વશ થાય છે અને બધા

સાવધ રહી કર આપે છે. તમે પોતે પોતાથી સંતુષ્ટ નથી તેથી તેનું શું કારણ છે? હું જાણી શકું છું કે તમારી ઈચ્છા કોઈ બીજાથી કે પોતાથી પૂર્ણ થયેલી નથી અને તમારું મુખ પણ ચિંતાથી ઘેરાયેલું છે.

હે રાજન્ ! એમ પોતે બધું જાણનારા છતાં મુનિ અંગિરાએ પ્રશ્ન કર્યો, એટલે સંતાનની ઈચ્છાવાળા તે રાજાએ વિનયથી નમ્ર થઈ મુનિને આ પ્રમાણે કહ્યું.

**ચિત્રકેતુ બોલ્યો :** હે ભગવન્ ! તપ, જ્ઞાન અને સમાધિથી જેનાં પાપ નાશ પામ્યાં હોય છે, તેવા યોગીઓને પ્રાણીઓની અંદર અને બહાર શું જાણવામાં નથી ? તોપણ, હે બ્રહ્મન્ ! આપ મને પૂછો છો તેથી હું આપને મારા મનની ચિંતા કહું છું. આપ સર્વજ્ઞ છો છતાં પ્રશ્નથી આપે મને (કહેવાની) પ્રેરણા કરી, તો આપની આજ્ઞાથી મારે કહેવું જ જોઈએ. મારા સામ્રાજ્યના ઐશ્વર્યની સંપત્તિઓ લોકપાલોને પણ ઈચ્છવા યોગ્ય છે, તોપણ ભૂખ અને તરસને લીધે અન્ન તથા જળની ઇચ્છાવાળા મનુષ્યને જેમ બીજા પદાર્થો પ્રસન્ન કરતા નથી, તેમ સંતાનથી રહિત એવા મને આ સંપત્તિઓ પ્રસન્ન કરતી નથી. માટે હે મહાભાગ્યશાળી મુનિ ! મારા પૂર્વજોની સાથે નરકરૂપી અંધકારમાં પડેલા મારું આપ રક્ષણ કરો. અમે સંતાન દ્વારા તે દુસ્તર અંધકારને જે રીતે તરી જઈએ તેમ આપ કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** બ્રહ્માના પુત્ર કૃપાળુ અંગિરામુનિને રાજાએ એમ પ્રાર્થના કરી, એટલે તે સમર્થ મુનિએ ત્વષ્ટાદેવનો ચરુ પકવી તે દ્વારા ત્વષ્ટાદેવનું યજન કર્યું. હે ભરતવંશી રાજા ! ચિત્રકેતુ રાજાની રાણીઓમાં 'કૃતદ્યુતિ' નામે સૌથી મોટી અને શ્રેષ્ઠ રાણી હતી, તેને બ્રાહ્મણ અંગિરાએ તે યજ્ઞશેષચરુ (ખાવા) આપ્યો. પછી તેમણે રાજાને કહ્યું: "હે રાજન્ ! તને એક પુત્ર પ્રાપ્ત થશે અને તે તને હર્ષ તથા શોક આપનારો થશે.એમ કહી બ્રહ્માના પુત્ર તે (અંગિરા) ત્યાંથી ગયા. રાણી કૃતદ્યુતિએ પણ જેમ કૃત્તિકાએ અગ્નિથી કાર્તિકસ્વામીરૂપ પુત્ર (ગર્ભમાં) ધારણ કર્યો હતો, તેમ એ ચરું ખાવાથી ચિત્રકેતુથી ગર્ભ ધારણ કર્યો. હે રાજા ! જેમ શુકલપક્ષમાં ચંદ્ર હમેશાં ધીમે ધીમે વધે છે, તેમ શુરસેન દેશના રાજા ચિત્રકેતુના વીર્યથી (રહેલો) તે રાણીનો ગર્ભ ધીમે ધીમે વધવા લાગ્યો. પછી સમય આવતાં એક કુમારનો જન્મ થયો, જે સાંભળી શુરસેન દેશના લોકોને પરમ આનંદ થયો. રાજા ચિત્રકેતુ પણ આનંદ પામ્યો. તેણે સ્નાન કરી પવિત્ર થઈ અલંકારો પહેરી, બ્રાહ્મણો પાસે (તે કુમારને) આશીર્વાદો અપાવીને તેને જાતકર્મસંસ્કાર કરાવ્યા અને તે બ્રાહ્મણોને સોનું, રૂપું, વસ્ત્ર, અલંકારો, ગામો, ઘોડા તથા સાઠ કરોડ ગાયોનાં દાન કર્યાં. વળી તે મોટા મનના રાજાએ કુમારનાં ધન, યશ તથા આયુષ્યની વૃદ્ધિ માટે બીજાં પ્રાણીઓના મનોરથો પણ મેઘની પેઠે પૂર્ણ કર્યા. પછી જેમ નિર્ધન મનુષ્યને મહાકષ્ટથી ધન મળે અને તે ધન ઉપર તેનો સ્નેહ જેમ વધતો ચાલે, તેમ રાજર્ષિ પિતા ચિત્રકેતુનો સ્નેહ પણ મહાકષ્ટથી મળેલા તે પુત્ર ઉપર અનુક્રમે વધવા લાગ્યો તેમ જ માતા કૃતદ્યુતિનો મોહથી ઉત્પન્ન થયેલ સ્નેહ પણ પુત્ર ઉપર અત્યંત વધવા લાગ્યો, પણ તેની શોકોને સંતતિની ઇરછાનો સંતાપ થવા લાગ્યો; કારણ કે હમેશાં તે બાળકને લાડ લડાવતા ચિત્રકેતુ રાજાને પુત્રવાળી રાણી કૃતદ્યુતિ ઉપર જેવી અત્યંત પ્રીતિ થઈ હતી, તેવી બીજી રાણીઓ પર નહોતી. એ રીતે વાંઝિયાપણાના દુ:ખથી અને રાજાના અનાદરથી તે (બીજી) રાણીઓ આત્માને નિંદતી અદેખાઈને લીધે આવો સંતાપ કરવા લાગી : 'પતિ પાસે અને ઘરમાં જેનું બહુ માન નથી અને ઉત્તમ પ્રજાવાળી શોક્ય જેનો તિરસ્કાર કરે છે, એવી પ્રજારહિત પાપિણી સ્ત્રીને ધિક્કારે છે. નિરંતર સ્વામીની સેવાથી જેમને માન મળે છે, એવી દાસીઓને શો સંતાપ છે ? (દાસીઓ પણ ખરું જોતાં સુખી હોય છે.) આપણે તો દાસીની પણ દાસી પેઠે અભાગણીઓ છીએ.' એમ શોક્યની

પુત્રસંપત્તિથી અત્યંત બળતી અને જેઓનું જીવન રાજાને ગમતું ન હતું, એવી તે રાણીઓમાં (પેલા કુમાર પ્રત્યે) ઘણો જ દ્વેષ જાગ્યો. તે ક્રૂર ચિત્તવાળી સ્ત્રીઓની બુદ્ધિ અત્યંત દ્વેષને લીધે નાશ પામી, તેથી (પેલો કુમાર અને તેની માતાને લાડ લડાવતા) રાજા પ્રત્યે અસહનશીલ થઈ તેઓએ પેલા કુમારને ઝેર આપ્યું. શોક્યોના તે મહાન પાપને કૃતદ્યુતિ જાણતી ન હતી, એટલે 'કુમાર હજી સૂતો જ છે' એમ વિચાર કરી તેને જોઈ જોઈ ઘરમાં ફરતી હતી. પછી બાળક ઘણા લાંબા વખતથી સૂતો છે એમ જાણી તે બુદ્ધિમાન રાણીએ 'હે ભદ્ર ! પુત્રને લઈ આવ.' એમ ધાવને આજ્ઞા કરી. પેલી ધાવ બાળક પાસે જઈ જુએ છે તો તેનાં નેત્રો ફાટેલાં હતાં અને પ્રાણ, ઇન્દ્રિયો તથા જીવ એને છોડી ગયાં હતાં. એ જોઈ 'હાય ! મરી ગઈ' એવી ચીસ પાડી તે ધરણી પર પડી. તે બંને હાથ વડે ઘણા જોરથી છાતી કૂટવા લાગી, એટલે તેનો અતિ આતુર એ સ્વર સાંભળી રાણી કૃતદ્યુતિ ઉતાવળી પુત્ર પાસે દોડી ગઈ અને તે બાળપુત્રને તેણે એકાએક મરેલો જોયો. તુરત જ અત્યંત વધેલા શોકથી તે પૃથ્વી ઉપર પડી અને મૂર્છિત થઈ. તેના કેશ વીખરાઈ ગયા અને વસ્ત્રો (શરીર પરથી) ખસી ગયાં. પછી રાજાના અંતઃપુરમાં રહેતાં સર્વ મનુષ્યો, પુરુષો તથા સ્ત્રીઓ રાણીનું અને ધાવનું તે રડવું સાંભળી ત્યાં આવી તેના જેવાં દુઃખી થઈ રડવા લાગ્યાં. પેલી અપરાધ કરનારી શોક્યો પણ ત્યાં આવીને જાણે અત્યંત દુઃખી થઈ હોય તેમ ખોટું ખોટું રડવા લાગી. રાજા પણ જેના મૃત્યુનું કારણ જણાયું ન હતું, એવા પુત્રને મરણ પામેલો સાંભળી આંધળોભીત થઈ ગયો. તે રસ્તામાં ઠોકરો ખાતો અને પડતો પોતાને અનુસરનારા પ્રધાનો અને બ્રાહ્મણો સાથે ત્યાં આવ્યો અને સ્નેહાનુબંધને લીધે અત્યંત વધેલા શોકથી મૂર્છિત થઈ મરેલા બાળકના પગ પાસે પછડાઈ પડ્યો. તેના મસ્તકના વાળ અને વસ્ત્રો વીખરાઈ ગયાં, તે લાંબા નિઃશ્વાસ નાખવા લાગ્યો અને અશ્રુનાં બિંદુઓથી તેનો કંઠ એવો રુંધાઈ ગયો કે જેથી તે બોલી પણ શક્યો નહિ. રાણી કૃતદ્યુતિ પતિને એમ ઘણા શોકથી ઘેરાયેલો તેમ જ એક જ સંતતિરૂપ બાળકને મરેલો જોઈ સર્વ મનુષ્યો તથા પ્રધાનમંડળના હૃદયમાં પીડા ઉપજાવતા અનેક જાતના વિલાપ કરવા લાગી. તે કેસર અને ચંદનથી અર્ચાયેલા તેના બંને સ્તન ઉપર અંજનવાળાં આંસુનાં ટીપાં વરસાવવા લાગી અને જેમાંથી પુષ્પમાળાઓ ખરી પડી હતી, એવા કેશને વીખેરી નાખી ટિટોડીની પેઠે અત્યંત ઉચ્ચ સ્વરે અનેક રીતે પુત્રનો શોક કરવા લાગી : 'હાય ! ઓ વિધાતા ! તું ઘણો જ મુર્ખ છે; કારણ કે તું પોતાની સૃષ્ટિ વિરુદ્ધ વર્તે છે. અફસોસ! ઘરડાં જીવતાં રહે અને બાળક મરણ પામે! (આથી તો એ થશે કે ઘરડાં સૃષ્ટિ ઉત્પન્ન કરવા અસમર્થ હોઈ બાળકોનાં મરણ થતાં તારી સૃષ્ટિનો જ નાશ થશે,) કદાચ તું કહીશ કે હમણાં હું મારી સૃષ્ટિથી ઊલટો ચાલું છું, તો (મારે કહેવું પડે છે કે) પ્રાણીઓનો તું નિરંતર મોટો શત્રુ છે, દયાળુ નથી. (સૌ પોતપોતાનાં કર્મને આધીન હોવાથી 'પુત્રના જીવતાં જ પિતા મરણ પામે અને પિતાના જીવતાં જ પુત્ર ઉત્પન્ન થાય' આવો) પ્રાણીઓમાં મૃત્યુ તથા જન્મનો જો કોઈ ક્રમ નથી તો તારું શું કામ છે? કેમ કે પ્રાણીઓનાં જન્મમરણ તો તેઓનાં પોતાનાં કર્મોથી જ થયા કરવાનાં છે. (કદાચ તું કહીશ કે હું ઈશ્વર ન હોઉં તો જડ કર્મો શું કરવાનાં છે? તો ભલે તું રહે, પણ) પોતાની સૃષ્ટિને વધારવા તે આ સ્નેહપાશ કર્યો છે, તેને તો તું પોતે જ કાપી નાખે છે, (તો આ જગતમાં આવું દુઃખ જોઈ પુત્ર વગેરે પર સ્નેહ કોણ કરશે ? અને કોઈ સ્નેહ નહિ કરે, તો તે વધારવા ધારેલી સૃષ્ટિ કેવી રીતે વધશે ?) ઓ મારા વહાલા પુત્ર ! તું મને રાંક (અનાથ)ને તજી દેવા યોગ્ય નથી. શોકથી તપેલા તારા પિતા સામે તું જો. તારે લીધે અમે, પુત્ર વિનાનાં ને દુસ્તર એવા નરકરૂપી અંધકારને અનાયાસે તરી જઈશું; માટે તું નિર્દય યમરાજ સાથે દૂર ન જા. ઓ

બાપુ ! ઊઠ, આ તારા મિત્ર છોકરાઓ તને રમવા બોલાવે છે. ઓ રાજકુમાર ! તું ઘણો લાંબા વખતથી સૂતો છે. તને ભૂખ લાગી હશે, ભોજન કર, ધાવી લે અને તારાં પોતાનાંનો (અમારો) શોક તું દૂર કર. ઓ પુત્ર ! (હમણાં) જેનાં મંગળ નાશ પામ્યાં છે, એવી હું તારા સુંદર હાસ્યવાળા મુખકમળને આનંદી દેખાવનું જોતી નથી; અને તારી મધુર વાણી પણ સાંભળતી નથી, તો ફરી ન અવાય એમ તું શું ગયો છે ? અથવા નિર્દય યમરાજ તને બીજા લોકમાં લઈ ગયો છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ રાણી જાતજાતના વિલાપોથી મરેલા પુત્રનો વિલાપ કરવા લાગી. તે સાંભળી ચિત્રકેતુ રાજા પણ ઘણો સંતાપ પામી પોકેપોકે રડવા લાગ્યો. એમ બંને રાજારાણી વિલાપ કરતાં હતાં, ત્યારે તેને અનુસરનારાં સર્વે પુરુષો અને સ્ત્રીઓ પણ રડતાં હતા, જેથી બધાં બેભાન બન્યાં. ચિત્રકેતુરાજા એમ શોક પામી બેભાનથયો અને તેનો શોક દૂર કરે તેવો તત્ત્વોપદેશ આપનાર પુરુષ પણ તેની પાસે કોઈ ન હતો, એ જાણી અંગિરાઋષિ નારદજી સાથે ત્યાં આવ્યા. ૧-૬૧.

एवं कश्मलमापन्नं नष्टसंज्ञमनायकम् । ज्ञात्वाङ्गिरा नाम मुनिराजगाम सनारदः ॥६१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## નારદજી અને અંગિરાએ તત્ત્વોપદેશ આપી ચિત્રકેતુનો શોક દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

ऊचतुर्मृतकोपान्ते पतितं मृतकोपमम् । शोकाभिभूतं राजानं बोधयन्तौ सदुक्तिभिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** નારદજી અને અંગિરા બંને મુડદાની પાસે મુડદાની પેઠે પડેલા અને શોકથી હારેલા ચિત્રકેતુ રાજાને શાસ્ત્રમાં ઉત્તમ વચનોથી બોધ આપતાં કહેવા લાગ્યાં : 'હે રાજેન્દ્ર ! તું જેની પાછળ શોક કરે છે, તે તને શું થાય છે અને તું તેને શું થાય છે ? (કદાચ તું કહીશ કે હું આનો પિતા થાઉં છું અને આ મારો પુત્ર થાય, તો) આ સૃષ્ટિની અંદર ભૂત, ભવિષ્ય ને વર્તમાન જન્મમાં કોણ કોનો સંબંધી હતો, થશે અને છે? જેમ નદી વગેરેના પ્રવાહના વેગથી રેતી એકઠી થાય છે અને જુદી પડે છે, તેમ કાળના વેગથી પ્રાણીઓ એકઠાં થાય છે અને જુદાં પડે છે. જેમકે બિયામાંથી બીજાં બિયાં થાય છે અને કોઈ વેળા થતાં પણ નથી, તેમ ઈશ્વરની માયાથી પ્રેરાયેલા પ્રાણીઓ પ્રાણીઓથી ઉત્પન્ન થાય છે અને કોઈ વેળા થતાં પણ નથી. હે રાજા ! અમે, તું અને વર્તમાન કાળમાં દેખાતાં આ સ્થાવરજંગમ પ્રાણીઓ જન્મ પહેલાં જેમ ન હતાં અને મૃત્યુ પછી પણ નહિ હોય, તેમ હમણાં પણ નથી જ. (અર્થાત્ આ સર્વ આદિ અને અંતમાં સ્વપ્ન જેવું છે.) પ્રાણીમાત્રના ઈશ્વર અજન્મા ભગવાન પોતે ઉત્પન્ન કરેલાં સ્વતંત્ર (પિતા વગેરે) પ્રાણીઓ દ્વારા બીજાં પ્રાણીઓ સર્જે છે, (રાજા વગેરે દ્વારા) પાળે છે અને (સર્પાદિ દ્વારા) સંહારે છે. જો કે (આમ કરવામાં) ભગવાન કોઈ પણ જાતની ઈચ્છાથી રહિત છે, તો પણ બાળકની પેઠે લીલાથી એ બધું કરે છે. હે રાજન્ ! જેમ એક બીમાંથી બીજું બી થાય છે, તેમ એમ પિતાના શરીરથી (જોડાયેલા માતાના શરીરથી) બીજું પુત્રાદિનું શરીર ઉત્પન્ન થાય છે અને જેમ તે બીની ઉત્પત્તિમાં જમીન વગેરે પદાર્થો તો તેના તે જ રહે છે, તેમ (એક દેહથી બીજા દેહની ઉત્પત્તિમાં) આત્મા નિત્યઉત્પત્તિરહિત જ રહે છે. જેમ જાતિ અને વ્યકિતનો વિભાગ (એક જ સદ્રુપ વસ્તુમાં કલ્પિત છે તેમ આ દેહ અને દેહી (આત્મા)નો વિભાગ પણ અનાદિકાળનો માત્ર અજ્ઞાનથી એક સદ્રુપ વસ્તુમાં જ કરાયેલો છે, (એટલે શરીર સાથે આત્માનો સંબંધ કેવળ અજ્ઞાનથી જ મનાયો છે, આત્મા તો નિત્ય છે.)

**વળી શ્રીશુકદેવજી બોલ્યા :** એમ એ બ્રાહ્મણોનાં વચનોથી ચિત્રકેતુરાજા આશ્વાસન પામ્યો અને માનસિક પીડાથી કરમાયેલા મુખને હાથથી લૂછી કહેવા લાગ્યો.

**ચિત્રકેતુરાજા બોલ્યો :** આપ બન્ને કોણ છો ? આપ જ્ઞાનસંપન્ન હોઈ ઘણા મોટા પુરુષોમાં પણ ઘણા મોટા છો. (મને લાગે છે કે,) આપ અવધૂત ના વેશે ગુપ્ત રહી અહીં આવ્યા છો. કારણ કે ભગવાનને પ્રિય બ્રહ્મનિષ્ઠ પુરૂષો ઉન્મત જેવો વેશ લઈને મારા જેવા ગ્રામ્યબુદ્ધિ મનુષ્યોને બોધ આપવા ઈચ્છાનુસાર પૃથ્વી ઉપર ફરે છે. સનત્કુમાર, નારદ, ઋભુ, આંગિરા, દેવલ, અસિત, અપાંતરતમ, વ્યાસ, માર્કન્ડેય, ગૌતમ, વસિષ્ઠ, ભગવાન પરશુરામ, કપિલદેવ, શુકદેવજી, દુર્વાસા, યાજ્ઞવલ્ક્ય, જાતૂકર્ણ્ય, આરુણી, રોમશ, ચ્યવન, દત્તાત્રેય, આસુરી, પતંજલિ, ઋષિ વેદશિરા, બોધ્ય મુનિ, પંચશિરા, હિરણ્યનાભ, કૌશલ્ય, શ્રુતદેવ અને ઋતધ્વજ — આ સર્વ અને બીજા પણ સિદ્ધેશ્વરો લોકોને જ્ઞાનમાં કારણભૂત થઈ ફરે છે. માટે મહાસમર્થ આપ બંને ગાઢ અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલા મૂઢબુદ્ધિ અને ગ્રામ્યપશુ જેવા મારી આગળ જ્ઞાનદીપક પ્રગટાવો.

**અંગીરા બોલ્યા :** હે રાજા ! પુત્રની ઈચ્છાવાળા તને પુત્ર આપનાર હું અંગિરાં છું અને આ બ્રહ્માના પુત્ર સાક્ષાત્ ભગવાન નારદઋષિ છે. તું શ્રીહરિનો ભકત હોઈ આમ શોક કરવા યોગ્ય નથી, છતાં પુત્રના શોકથી આ રીતે દુસ્તર અજ્ઞાનરૂપ અંધકારમાં તને ડૂબેલો જાણી અમે બન્ને તારા પર કૃપા કરવા આવ્યા છીએ. હે સમર્થ રાજા ! તું બ્રાહ્મણો તથા ભગવાનનો ભકત હોઈ આમ દુઃખ પામવા યોગ્ય નથી. હું (પ્રથમ) તારે ઘેર આવ્યો હતો ત્યારે જ તને ઉત્તમ જ્ઞાન આપત; પણ તે સમયે તારો બીજામાં (પુત્રમાં) આગ્રહ જોઈ મેં તને પુત્ર જ આપ્યો હતો. હવે પુત્રવાળાઓને કેવો સંતાપ થાય છે તે તું પોતે જ અનુભવી રહ્યો છે. આ જ પ્રમાણે સ્ત્રી, ઘર, ધન તથા વિવિધ ઐશ્વર્ય (સંતતિ) પણ સંતાપ આપનાર જ છે, હે શુરસેન દેશના રાજા ! શબ્દાદિ વિષયો, ચંચળ રાજ્યસમૃદ્ધિઓ, પૃથ્વી, રાજ્ય, સૈન્ય, ખજાનો, સેવકો, પ્રધાનો અને મિત્રજનો—આ બધું શોક, મોહ, ભય તથા દુઃખ જ આપનાર છે; ગંધર્વનગરના જેવું (નાશવંત) છે અને સ્વપ્ન, માયા તથા મનોરથો જેવું મિથ્યા છે. આ સઘળા પદાર્થો માત્ર મનના જ વિલાસો છે; કારણ કે તેઓ સત્યસ્વરૂપ વિના જ દેખાય છે. અને એક ક્ષણ પછી તેઓ પાછા દેખાતા પણ નથી. કર્મની વાસનાથી વિષય ચિંતન કરનાર મનુષ્યમન વડે જ અનેક જાતનાં કર્મો ઉત્પન્ન થાય છે. પ્રાણીનું આ શરીર પાંચ ભૂતો, ઇંદ્રિયો તથા ઇંદ્રિયોના અધિષ્ઠાયક દેવતાઓમય જ હોઈ તે જ પ્રાણીને અનેક કલેશો તથા સંતાપ આપનાર કહેવાય છે. માટે આવી આત્મગતિનો વિચાર કરી સ્વસ્થ મનથી દ્વૈતપદાર્થ ઉપર 'આ પદાર્થ સત્ય છે' એવો વિશ્વાસ તજી દે અને શાંતિ ધારણ કર.'

**નારદજી બોલ્યા :** આ મંત્રરહસ્ય તું મારી પાસેથી સાવધાન થઈ સ્વીકારી લે કે જેને ધારણ કરનારો તું સાત દિવસમાં સંકર્ષણ (શેષ) ભગવાનના દર્શન કરીશ. હે રાજા ! જેમના ચરણમૂળને શરણે જઈ પૂર્વકાળના શંકર આદિ મહાપુરુષો આ દ્વૈતરૂપી ભ્રાંતિ તજીને તત્કાળ જેની સમાનતા તેમ જ જેનાથી અધિકતા કયાંય મળતી નથી તેવો તેમનો પરમ મહિમા પામ્યા છે; માટે તું પણ તેમનો એ મહિમા પામીશ. ૧-૨૮

यत्पादमूलमुपसृत्य नरेन्द्र पूर्वे । शर्वादयो भ्रममिदं द्वितीयं विसृज्य ॥
सद्यस्तदीपमतुलानधिकं महित्वं । प्रापुर्भवानपि परं न चिरादुपैति ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

# અધ્યાય-૧૬

## નારદજીએ ચિત્રકેતુને મહાવિદ્યાનો ઉપદેશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

अथ देवऋषी राजन् सम्परेतं नृपात्मजम् । दर्शयित्वेति होवाच ज्ञातीनामनुशोचताम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પછી દેવર્ષિ નારદજી શોક કરતા સંબંધીઓને તે મરેલો રાજપુત્ર (યોગબળથી જીવતો) બતાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**નારદજી બોલ્યા :** હે જીવાત્મા ! તારું કલ્યાણ થાઓ ! તું તારાં આ માતાપિતા તરફ દૃષ્ટિ કર. તારા શોકને લીધે આ તારા મિત્રો અને સંબંધીઓ બહુ સંતાપ પામ્યા છે. તારું આયુષ્ય હજી બાકી છે; (કારણ કે તું અકાળ મૃત્યુથી મરણ પામ્યો છે.) માટે તારા શરીરમાં પ્રવેશ કરીને સર્વ સંબંધીઓથી વીંટાઈને તું પિતાએ આપેલા ભોગો ભોગવ અને રાજ્યાસન પર બેસ.

(તે સાંભળીને મરેલા શરીરમાં પ્રવેશ કરી રાજકુમારનો) જીવ બોલ્યો : આ બધા કયા જન્મમાં મારાં માતાપિતા હતાં ? હું તો મારાં કર્મોને લીધે દેવ, પશુ, પક્ષી અને મનુષ્યયોનિમાં ભટકું છું. બધા અનુક્રમે બધાંનાં સંબંધીઓ, જ્ઞાતિનો, શત્રુઓ, તટસ્થો, મિત્રો, ઉદાસીન અને દ્રવ્યાદિ નિમિત્તે દ્વેષ કરનારા પરસ્પર થયા જ કરે છે. (માટે હરકોઈ સંબંધ ચોકકસ નથી.) જેમ સોનું વગેરે વેચવા—ખરીદવા યોગ્ય વસ્તુઓ પોતાની લેવડદેવડ કરનારા વ્યવહારી મનુષ્યોમાં અહીંથી તહીં ભટકે છે, તેમ જીવ પણ અનેક જાતિઓમાં ભટકે છે. (અરે, એક જ જન્મમાં પણ સંબંધ ચોકકસ નથી, જુઓ :) પશુ આદિ જીવતા પદાર્થોનો સંબંધ પણ મનુષ્યમાં અચોકકસ દેખાય છે. કારણ કે પશુ વગેરેનું વેચાણ કર્યા પછી તેની સાથેનો સંબંધ રહેતો નથી.) માટે જ્યાં સુધી જેની સાથે સંબંધ હોય ત્યાં સુધી જ તેના પરની મમતા હોય છે, એમ જીવ અનેક જાતિઓમાં ગયેલો હોય, તોપણ તે પોતે નિત્ય અવિનાશી છે. (કેમ કે દેહના જન્મ કે મરણથી જીવનો જન્મ કે નાશ નથી.) અને તેથી જ તે (જીવ) 'હું આનો પુત્ર છું' ઈત્યાદિ અભિમાનથી રહિત છે. જ્યાં સુધી જે સંબંધી સાથે પોતાનાં કર્મને વશ થઈને જીવ વર્તે છે. ત્યાં સુધી જ તે સંબંધી સાથે જીવને 'આ મારો સંબંધી છે.' આજનું પોતાપણું હોય છે. (પરંતુ મરણ પછી જીવને તે તે સંબંધીઓ સાથે કોઈ જાતનો સંબંધ રહેતો નથી.) આ જીવ નિત્ય, અધિકારી અને સૂક્ષ્મ છે. જન્માદિથી રહિત છે ને જન્માદિ ધારણ કરનાર દેહાદિનાં આશ્રયરૂપ છે. પણ દેહાદિરૂપ નથી અને સ્વયંપ્રકાશ છે. આ સમર્થ જીવ પોતાની માયાના ગુણોથી પોતાને જ જગતરૂપે સર્જે છે. તેને કોઈ પ્રિય કે અપ્રિય નથી, કોઈ પોતાનો કે પારકો નથી; કારણ કે પોતે એક જ પોતાનું હિત કે અહિત કરનારાઓની સર્વ વિચિત્ર બુદ્ધિઓનો સાક્ષી છે. (તમે કહ્યું : 'તું ભોગો ભોગવ', પણ) આ જીવાત્મા ગુણ, દોષ કે તે ક્રિયાના ફળને લેતો નથી; અર્થાત્ સુખ, દુઃખ કે રાજ્યાદિ ભોગવતો જ નથી; કારણ કે તે કારણ અને કાર્યનો કેવળ સાક્ષી જ છે પણ ભોક્તા નથી અને તેથી જ તે દેહાદિની પરતંત્રતાથી રહિત કોઈ ઉદાસીનની પેઠે રહે છે. (આવા ઉદાસીન મારી સાથે તમારો કોઈ સંબંધ નથી, માટે તમે શોક કરો મા.).

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહી તે જીવ ત્યાંથી ચાલ્યો ગયો એટલે તે વેળા તેના સંબંધીઓએ આશ્ચર્ય પામી તેની સાથેની પોતાની સ્નેહરૂપી સાંકળ કાપીને શોક છોડ્યો, તે સંબંધીઓને પોતાના સંબંધી તે રાજકુમારના શરીરનો અગ્નિસંસ્કાર કરી યોગ્ય ઉત્તરક્રિયાઓ કરી અને શોક, મોહ, ભય તથા

દુઃખદાયક સ્નેહ છોડ્યો. બાળહત્યા કરનારી રાણીઓ ત્યાં શરમાઈને બાળહત્યાથી નિસ્તેજ બની. હે મહારાજા ! તેઓએ યમુનાના તીર પર જઈ બ્રાહ્મણ નારદ તથા અંગિરાનાં વાક્યો યાદ કરી બ્રાહ્મણોએ બાળહત્યાનું જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું તે કર્યું. રાજા ચિત્રકેતુનો આત્મા બ્રાહ્મણ અંગિરા તથા નારદનાં તે વચનોથી બોધ પામ્યો, જેથી તે તળાવના કાદવમાંથી હાથી નીકળે તેમ ઘરરૂપી અંધારા કૂવામાંથી નીકળી ગયો. તેણે યમુના નદીમાં વિધિપૂર્વક સ્નાન તથા પિતૃતર્પણાદિ પવિત્ર જળક્રિયાઓ કરી અને પછી મૌન ધરી ઇંદ્રિયોને વશ કરી બ્રહ્માના પુત્ર નારદજી તથા અંગિરાને વંદન કર્યું. પછી ભગવાન નારદજીએ શરણે આવેલા તે જિતેન્દ્રિય ભક્ત રાજાને પ્રસન્ન થઈ આ વિદ્યાનો ઉપદેશ કર્યો.

## શેષભગવાનને પ્રિય મહાવિદ્યા

ૐ नमस्तुभ्यं भगवते वासुदेवाय धीमहि । प्रद्युम्नायानिरुद्धाय नमः सङ्कर्षणाय च ॥१॥

ૐ આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ તથા સંકર્ષણરૂપ આપનું અમે ધ્યાન કરીએ છીએ અને આપને નમન કરીએ છીએ.

नमो विज्ञानमात्राय परमानन्दमूर्तये । आत्मारामाय शान्ताय निर्वृत्तद्वैतदृष्टये ॥२॥

કેવળ અનુભવસ્વરૂપ, પરમ આનંદમૂર્તિ, આત્મામાં રમનાર, શાંત અને જેમની દ્વૈતદૃષ્ટિ દૂર થઈ છે, તેવા આપને અમારા નમસ્કાર હો !

आत्मानन्दानुभूत्यैव न्यस्तशक्त्यूर्मये नमः । हृषीकेशाय महते नमस्ते विश्वमूर्तये ॥३॥

આત્માનંદના અનુભવથી જ જેમણે માયાશકિતના (રાગદ્વેષાદિ) તરંગો દૂર કર્યા છે, તે આપને અમારા નમસ્કાર હો, સર્વ ઈંદ્રિયોના નિયંતા આપ મહાન વિશ્વમૂર્તિને અમારા વારંવાર નમસ્કાર હો !

वचस्युपरतेऽप्राप्य य एको मनसा सह । अनामरूपश्चिन्मात्रः सोऽव्यान्नः सदसत्परः ॥४॥

મનની સાથે વચન પણ જેમને ન પામતાં (સર્વ ઇંદ્રિયો સહિત) અટકે છે, ત્યારે જે એક જ પ્રકાશે છે, જે નામ તથા રૂપથી રહિત હોઈ કાર્ય તથા કારણથી પણ પર છે, તે માત્ર ચૈતન્યસ્વરૂપ ભગવાન અમારું રક્ષણ કરો.

यस्मिन्निदं यतश्चेदं तिष्ठत्यप्येति जायते । मृन्मयेष्विव मृज्जातिस्तस्मै ते ब्रह्मणे नमः ॥५॥

જેમને વિષે આ જગત સ્થિતિ કરે છે અને નાશ પામે છે તેમ જ જેમનાથી ઉત્પન્ન થાય છે, અને ઘડો વગેરે માટીના પદાર્થોમાં જેમ માટી જ રહેલી છે, તેમ સર્વ પદાર્થોમાં જે એક જ વ્યાપેલા છે, તે શ્રી બ્રહ્મસ્વરૂપ આપને અમારા નમસ્કાર હો.

यन्न स्पृशन्ति न विदुर्मनोबुद्धिन्द्रियासवः । अन्तर्बहिश्च विततं व्योमवत् तन्नतोस्म्यहम् ॥६॥

જે આકાશની પેઠે અંદર તથા બહાર વ્યાપ્તિ છે તે પણ મન, બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિય જ્ઞાનશકિતથી જેમને જાણી શકતાં નથી અને પ્રાણો (તથા કર્મેન્દ્રિયો) ક્રિયાશકિતથી જેમનો સ્પર્શ કરી શકતાં નથી, તે બ્રહ્મને હું નમસ્કાર કરું છું.

देहेन्द्रियप्राणमनोधियोऽमी यदृशविद्धाः प्रचरन्ति कर्मसु ।
नैवान्यदा लोहमिवाप्रतप्तं स्थानेषु तद् द्रष्टुपदेशमेति ॥७॥

જેમનો ચૈતન્યાંશ અંદર દાખલ થવાથી જ આ દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિ (જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં) પોતપોતાનું કર્મ કરવા પ્રવૃત્ત થઈ શકે છે, પણ જેમ નહિ તપેલું લોઢું વાળી શકાતું નથી, તેમ જેમના ચૈતન્યાંશના પ્રવેશ વિના દેહાદિ પદાર્થો પોતાનાં કર્મમાં પ્રવૃત્ત કરી શક્તા નથી, તેમ જ

જાગ્રત આદિ અવસ્થામાં તે પરબ્રહ્મ જ 'દ્રષ્ટા—જીવ' એવી સંજ્ઞા પામે છે. અથવા 'દ્રષ્ટા' એવું નામ ધરનારા જીવને પણ તે પરબ્રહ્મ જ જાણે છે, પણ જીવ તેમને જાણી શકતો નથી..

ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये

सकलसात्वतपरिवृढनिकरकरकमलकुड्मलोपलालितचरणारविन्दुयुगल परम परमेष्ठिन् नमस्ते ॥८॥

મહાપુરુષ, મહાપ્રતાપી અને મોટી વિભૂતિઓના પતિ આપ ભગવાનને નમસ્કાર. સમગ્ર શ્રેષ્ઠ દેવો પોતાના હસ્તકમળની કળીઓથી જેમનાં બન્ને ચરણકમળની સેવામાં લાગેલા રહે છે, એવા હે સર્વેત્કૃષ્ટ સર્વેશ્વર ! આપને (હું) નમસ્કાર કરું છું.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા! શરણે આવેલા ભકત ચિત્રકેતુરાજાને એ વિદ્યાનો ઉપદેશ કરી નારદજી અંગિરા સાથે બ્રહ્માના ધામમાં પધાર્યા. પછી રાજા ચિત્રકેતુએ સાત દિવસ સુધી કેવળ જળનો જ આહાર કરી અત્યંત એકાગ્ર થઈ નારદજીએ કહેલી તે વિદ્યાનો બરાબર જપ કર્યો, જેથી હે રાજા! સાત દિવસના અંતે તે જપેલી વિદ્યાને લીધે વિદ્યાધરોનું અખંડ અધિપતિપણું તેણે પ્રાપ્ત કર્યું. કેટલાક દિવસો ગયા પછી તે વિદ્યા વડે પ્રદીપ્ત મનથી ગતિ કરીને તે રાજા દેવોના પણ દેવ શેષ ભગવાનના ચરણ સમીપ ગયો. ત્યાં જેમનો વર્ણ કમળની ડાળ જેવો ધોળો છે, શ્યામ વસ્ત્ર જેમણે પહેર્યો છે; મુકુટ, બાજુબંધ, કંદોરા તથા કડાં જેમના પર ઝળકે છે, જેમનું મુખ પ્રસન્ન અને નેત્રો લાલ છે, એના પ્રભુ શેષ ભગવાનનાં તે રાજાએ સિદ્ધેશ્વરોનાં મંડળો સાથે દર્શન કર્યા. તેમનું દર્શન થતાં જેનાં સમસ્ત પાપો નાશ પામ્યાં હતાં અને જેનું અંતઃકરણ ઉજ્જવળ તથા નિર્મળ થયું હતું, એવો તે મૌનધારી ચિત્રકેતુ તેમની સામે ગયો અને સ્નેહાશ્રુથી વ્યાપ્ત નેત્રવાળા તે રોમાંચિત રાજાએ અત્યંત વધેલી ભકિતથી તે આદિપુરુષને નમન કર્યું. તે સમયે તેણે ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનના પાદપીઠને પ્રેમાશ્રુઓનાં બિંદુઓથી વારંવાર અભિષેક કર્યો અને પ્રેમને લીધે તેનો સર્વ વર્ણોચ્ચાર એવો અટકી પડયો કે જેથી લાંબા સમય સુધી તે ભગવાન ની સ્તુતિ કરી શક્યો નહિ. પછી બુદ્ધિથી મનને એકાગ્ર કરી જેણે વાણી મેળવી હતી એવો તે રાજા સર્વ ઇંદ્રિયોની બહારની ચેષ્ટાઓને વશ કરી, પંચરાત્ર વગેરે ભકિતશાસ્ત્રોમાં જેમના સ્વરૂપનું વર્ણન કરેલું છે, તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

**ચિત્રકેતુ સ્તુતિ કરે છે :** હે અજિત ! (જો કે આપ કોઈનાથી જીતાયેલા નથી તો પણ) બધે સમાન બુદ્ધિવાળા જિતેંદ્રિય સાધુ પુરુષોએ આપને જીત્યા છે (વશ કર્યા છે); તેમ જ નિષ્કામ મનવાળા ભકત પુરુષોને પોતાનો આત્મા સોંપી દેનારા મહાદયાળુ આપે તે (નિષ્કામ) જિતેંદ્રિય પુરુષોને પણ જીત્યા છે (વશ કર્યા છે.) હે ભગવન્ ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય વગેરે જે થયા કરે છે તે આપનો જ મહિમા (લીલા) છે. જગતના સ્રષ્ટા તે બ્રહ્મા, વગેરે (કંઈ ઈશ્વર નથી પણ) આપના અંશરૂપ જે પુરુષ છે, તેના પણ એક અંશરૂપ જ છે, છતાં 'આપણે જુદા જુદા ઈશ્વર છીએ' એમ અભિમાનથી સ્પર્ધા કરે છે, જે પરમાણુ એટલે સૂક્ષ્મ મૂળ કારણ છે અને પરમ મહાન એટલે છેલ્લું મોટું કાર્ય છે, તે બન્નેના આદિ, મધ્ય અને અંતમાં વર્તનાર આપ જ છો. તેથી જ આપ એ ત્રણે(આદિ, મધ્ય, અંત)થી રહિત છો. (તેમ જ તે આદિ, મધ્ય ને અંતને આપ જ સર્જો છો, જેથી તે કાર્ય અને કારણ ધ્રુવ એટલે કે નિત્ય કે સ્થાયી નથી, કારણ કે) જે વસ્તુવિદ્યમાન તરીકે જણાતાં કાર્યોના આદિ, અંત તથા મધ્યમાં પણ તેવી ને તેવી જ અચળ રહે, તે જ 'ધ્રુવ' કહેવાય છે. (એવી ધ્રુવ વસ્તુ તો આપ જ છો અને તેથી જ આપ કાળથી અમાપ છો.) આ બ્રહ્માંડકોશ ઉત્તરોત્તર દસ- દસ ગણા અધિક વિસ્તારવાળાં પૃથ્વી વગેરે સાત

આવરણોથી વીંટાયેલો છે. આવાં અનેક કરોડો બ્રહ્માંડો સાથે આ બ્રહ્માંડકોષ આપ વિષે કેવળ એક પરમાણુ જેવો ભમ્યા કરે છે, માટે આપ અનંત છો. (અને તેથી જ આપ દેશથી પણ આપ અમાપ છો). હે ઈશ્વર ! વિષયોની તૃષ્ણા રાખનારા પર પશુઓ આપની વિભૂતિઓરૂપ ઈંદ્રાદિ દેવોને ઉપાસે છે, પણ આપની પોતાની ઉપાસના કરતો નથી, જેથી રાજાના નાશ પછી જેમ તેના સેવકોના મનોરથોનો નાશ થાય છે, તેમ એ પશુઓના ઉપાસ્ય દેવોના નાશ પછી તેઓના મનોરથોનો પણ નાશ થાય છે. હે પરમેશ્વર ! જ્ઞાનસ્વરૂપ અને ગુણમય પદાર્થથી જુદા આપ વિષે વિષયની કામનાઓ કરી હોય, તોપણ તે શેકેલાં બિયાંની પેઠે બીજા દેહની ઉત્પત્તિનું કારણ થતી નથી; કારણ કે આ જીવને ગુણના સમુદાયથી જ સુખ-દુઃખાદિ કે રાગદ્વેષાદિ દ્વંદ્વો થયા કરે છે. હે અજિત ! આપ ભગવાને નિર્દોષ ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો, ત્યારે જ આપ જીત્યા છો. (સર્વોત્કૃષ્ટ સ્થિતિ પામ્યા છો); કારણ કે આપને અથવા આપે કહેલા ભાગવતધર્મને સર્વ પરિગ્રહથી રહિત અને આત્મામાં રમનારા સનત્કુમાર આદિ મુનિઓ પણ મોક્ષ માટે સેવે છે. બીજા કામ્યધર્મમાં મનુષ્યોને જેવી 'તું, હું, મારું, તારું' એવી વિષમ બુદ્ધિ થાય છે. તેવી ભાગવતધર્મમાં થતી નથી. જે ધર્મ શત્રુઓને મારવા વગેરે વિષમ બુદ્ધિથી રચાયો હોય છે, તે (રાગદ્વેષાદિથી યુકત હોવાથી) અશુદ્ધ, નાશવંત (અને હિંસાદિથી ભરેલો) હોઈ ઘણા અધર્મવાળો છે. (પણ આપે કહેલો ભાગવતધર્મ તો વિષમ બુદ્ધિથી રહિત, શુદ્ધ, અવિનાશી તેમ જ કેવળ ધર્મમય છે) જે ધર્મ પોતાનો તથા પારકાનો દ્રોહ કરનાર હોય તેથી શું કલ્યાણ થાય છે ? પોતાનું કે પારકું કયું પ્રયોજન સિદ્ધ થાય છે ? કારણ કે (શરીરને અત્યંત દુઃખ આપી) પોતાનો દ્રોહ કરવાથી (આત્મારૂપ) આપને પીડા થાય છે અને બીજાને દુઃખ દેવાથી અધર્મ તથા આપને કોપ થાય છે. આપની જે (તાત્ત્વિક) દૃષ્ટિએ ભાગવતધર્મને ઉપદેશ કર્યો છે, ને આપની દૃષ્ટિ કદી પરમાર્થને તજતી જ નથી અને તેથી જ (આપે કહેલા) ભાગવતધર્મને સ્થાવરજંગમ સર્વ પ્રાણી પર સમાન બુદ્ધિવાળા સત્પુરુષો (નિત્ય) સેવે છે. હે ભગવન્ ! આપનાં દર્શનથી મનુષ્યોનાં સર્વ પાપોનો નાશ થાય છે એ અઘટિત નથી જ; કારણ કે આપનું નામ માત્ર એક વાર સાંભળવાથી ચાંડાળ પણ સંસારથી છૂટે છે. હે ભગવન્ ! હમણાં આપનાં દર્શનથી અમારાં અંતઃકરણના મેલ છેક જ ધોવાઈ ગયા છે. વળી આપના ભકત દેવર્ષિ નારદે જે કહ્યું હતું, તે મિથ્યા કેમ થાય ? હે અનંત ! આ જગતનાં મનુષ્યો જે કંઈ આચરે છે, તે સમસ્ત જગતના આત્મારૂપ આપના જાણવામાં જ છે, તે સર્વનાં પરમ ગુરુ આપની આગળ જેમ સૂર્ય આગળ પતંગિયાને કંઈ પણ જણાવવા યોગ્ય હોતું નથી, તેમ અમારે શું જણાવવા યોગ્ય છે ? અર્થાત્, કંઈ પણ નથી. સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના ઈશ્વર અને ભેદ દૃષ્ટિને લીધે જેમનું તત્ત્વ યોગીઓને જાણવું મુશ્કેલ છે એવા આપ પરમહંસ ભગવાનને હું નમસ્કાર કરું છું. આપ ચેષ્ટા કરો છો. તેની પાછળ કર્મેન્દ્રિયો ચેષ્ટા કરે છે, આપ જાણો છો તેની પાછળ જ્ઞાનેન્દ્રિયો બધું જાણે છે અને જે આપના મસ્તક પર આ ભૂમંડળ સરસવ જેવું જણાય છે, તે હજાર મસ્તકવાળા આપને મારા નમસ્કાર હો !

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુવંશી રાજા ! એમ અનંત ભગવાનની તેણે સ્તુતિ કરી, એટલે તેમણે પ્રસન્ન થઈ વિદ્યાધરોના અધિપતિ ચિત્રકેતુને કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજન્ ! નારદે તથા અંગિરાએ મારા સંબંધમાં તને જે વિદ્યાનો ઉપદેશ કર્યો છે, તેનાથી અને મારા દર્શનથી તું સિદ્ધ થયો છે. હું સર્વ પ્રાણીઓરૂપ હોઈ પ્રાણીમાત્રનો આત્મા

(ભોક્તા) પણ છું; અર્થાત્ ભોક્તા અને ભોગ્યરૂપ આ જગત મારાથી જુદું નથી, કારણ કે હું પ્રાણીમાત્રનો પ્રકાશક અને કારણ છું, તેમ જ શબ્દબ્રહ્મનો (પ્રકાશક વેદ) અને પરબ્રહ્મ (કારણ) એ બન્ને મારાં શાશ્વત શરીર છે. આત્મા (જીવ) ભોક્તા તરીકે આ ભોગ્ય પ્રપંચરૂપ લોકમાં વ્યાપ્ત છે અને ભોગ્ય પ્રપંચરૂપ આ લોક આ (જીવ) વિષે ભોગ્ય તરીકે વ્યાપ્ત છે, પણ એ બન્ને ભોક્તા અને ભોગ્ય કારણાત્મા મારા વડે વ્યાપ્ત છે અને તે બંને મારામાં કલ્પાયેલા છે એમ તારે જાણવું. જેમ સૂતેલો પુરુષ સ્વપ્નાવસ્થામાં પર્વત, વન વગેરે જગતને (પોતાથી બીજા પ્રદેશમાં રહેલું છતાં) પોતાના વિષે જુએ છે; અર્થાત્ સ્વપ્નાવસ્થામાં જ (પોતાને જાગતો માની) બન્નેને જુએ છે અને સ્વપ્નમાં જ ઊઠી ગયેલો પુરુષ પોતાને જ શયનરૂપી એક જ પ્રદેશમાં રહેલો જાણે છે. અર્થાત્ સ્વપ્નમાં જ જાગ્રત અવસ્થાનો પણ અનુભવ કરે છે, તેમ જાગ્રત આદિ ત્રણે અવસ્થા (જીવને ઉપાધિરૂપ બુદ્ધિની અવસ્થા) આત્માને કેવળ માયારૂપ હોઈ મિથ્યા સંબંધવાળી છે, એમ જાણી તેઓના દ્રષ્ટા આત્માને તેઓથી પર જ જાણવો અર્થાત્ આત્મા તો જાગ્રત સ્વપ્નને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા હોઈ ને ત્રણે અવસ્થાઓથી રહિત છે. (કદાચ તું કહીશ કે આત્મા એ ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા કેવી રીતે છે? કારણ કે નિદ્રાવસ્થામાં કંઈ દશ્ય તો હોતું નથી. આમ ન કહેવું; કારણ કે) સૂતેલો પુરુષ જે સ્વરૂપે નિદ્રાના સમયે નિદ્રાની ક્રિયાને તથા તે વખતના નિર્ગુણ—અતીદ્રિય સુખને જાણે છે (એથી જ જાગ્યા પછી **'सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम् ।'** હું સુખથી સૂતો હતો, મેં કંઈ ન જાણ્યું' એમ સુષુપ્તિ સમયના અનુભવને જણાવે છે. જો સુષુપ્તિમાં સુખનો અનુભવ કર્યો ન હોય, તો એવી સ્મૃતિ થઈ શકે નહિ.) તે જ આત્મા બ્રહ્મ મને પોતાને તું જાણ. સુષુપ્તિ તથા જાગ્રત અવસ્થા બન્નેનું સ્મરણપૂર્વક અનુસંધાને રાખવાવાળા પુરુષનું જે જ્ઞાન સુષુપ્તિ અને જાગ્રત બન્ને અવસ્થામાં તેના પ્રકાશરૂપે રહે છે છતાં તે તે અવસ્થામાંથી જુદુ છે, તે જ્ઞાન જ પરબ્રહ્મ છે. એ જ્ઞાનથી પરબ્રહ્મ છે. એ જ્ઞાનથી પરબ્રહ્મ જુદા નથી. પુરુષને જો આ મારા સ્વરૂપભૂત બ્રહ્મનું વિસ્મરણ થાય તો તેને પોતાના આત્માથી (આ જંગલ) જુદું થઈ પડે અને તેથી એ પુરુષને એક દેહથી બીજો દેહ એટલે એક જન્મથી બીજો જન્મ અને એક મરણ પછી બીજું મરણ, એવા સ્વરૂપના સંસાર થયા જ કરે છે. શાસ્ત્રીય જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન એ બન્નેની પ્રાપ્તિનો જેમાં સંભવ છે એવા મનુષ્યજન્મને પામી જે પ્રાણી આ જગતમાં પોતાના આત્માને ઓળખતો નથી, ને બીજી કોઈ પણ યોનિમાં શાંતિ પામતો નથી. પ્રવૃત્તિમાર્ગમાં ચોતરફથી કલેશ થવા લાગે છે છતાં કંઈ ફળ મળતું નથી અથવા વિપરીત ફળ (દુઃખ) જ મળે છે, ત્યારે નિવૃત્તિમાર્ગમાં મોક્ષ પામી શકાય છે. આમ જાણી વિદ્વાન પુરુષે કર્મના ફળની પ્રાપ્તિરૂપ સંકલ્પથી અટકવું (નિવૃત્તિમાર્ગનો જ આશ્રય કરવો). પુરુષ અને અને સ્ત્રી બન્ને સુખ પામવા તથા દુઃખથી છૂટવા ક્રિયાઓ કરે છે, પણ તે ક્રિયાઓથી દુઃખ દૂર થતું નથી અને સુખ મળતું નથી. માટે પ્રવૃત્તિમાર્ગ કલ્યાણકારી નથી, 'અમે ડાહ્યા છીએ' એવા અભિમાનવાળા મનુષ્યોમાં પણ એ (પ્રવૃત્તિમાર્ગમાં જ ગોથાં ખાવારૂપ) વિપરીતતા જોઈને ને તેમ જ આત્માનું સ્વરૂપ ત્રણે અવસ્થાઓથી જુદું અને સૂક્ષ્મ (ચોથી અવસ્થારૂપ) છે એમ જાણી શાસ્ત્રીય જ્ઞાન ને અપરોક્ષ જ્ઞાનથી સંતુષ્ટ રહેનારા અને આત્મા-અનાત્મા વિવેકબળરૂપી તેજથી જોયેલા (આ લોકના) તથા સાંભળેલા (પરલોકના) વિષયોની વાસનાથી છૂટેલા પુરુષે મારા ભક્ત થવું. યોગમાં કુશળ બુદ્ધિવાળા મનુષ્યોએ આટલો જ સૌથી મોટો સ્વાર્થ જાણવો યોગ્ય છે કે સર્વ પ્રકારે કેવળ એક પરમાત્માનું જ દર્શન કરવું. હે રાજન્ ! શાસ્ત્રીય જ્ઞાન તેમ જ અપરોક્ષ જ્ઞાનથી યુકત એવો તું પ્રમાદી થઈ મારાં આ વચનને શ્રદ્ધાથી ધારણ કરીશ તો જલદી સિદ્ધ થઈશ.

શ્રી શુકદેવજી બોલ્યા : જગતના ગુરુ અને સર્વના આત્મા ભગવાન શ્રીહરિ ચિત્રકેતુ રાજાને એમ આશ્વાસન આપી તેના દેખતાં અદશ્ય થયા. ૧-૬૫

आश्वास्य भगवानित्थं चित्रकेतुं जगद्गुरुः । पश्यतस्तस्य विश्वात्मा ततश्चान्तर्दधे हरिः ॥६५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો

॥ श्रीशुक उवाच ॥

यतश्चान्तर्हितोऽनन्तस्यस्यै कृत्वा दिशे नमः । विद्याधरश्चित्रकेतुश्चचार गगनेचरः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી જે દિશામાં અનંત ભગવાન અદશ્ય થયા, તે દિશાને નમસ્કાર કરી વિદ્યાધર ચિત્રકેતુ આકાશમાં ફરવા લાગ્યો. જેનાં શરીરબળ અને ઇંદ્રિય સામર્થ્ય એક લાખ વર્ષ સુધી નાશ પામ્યાં ન હતાં અને મુનિઓ, સિદ્ધો તથા ચારણો જેની સ્તુતિ કરતા હતા, એવો તે મહાયોગી ચિત્રકેતુ સંકલ્પમાત્રથી જ જેમાં અનેક સિદ્ધિઓ મળતી હતી, એવી કુલાચલ પર્વતોની ગુફાઓમાં વિદ્યાધરોની સ્ત્રીઓ પાસે ઈશ્વર શ્રીહરિનાં ગાન કરાવતો રમતો હતો. એક દિવસ વિષ્ણુ ભગવાને આપેલા વિમાનમાં બેસી તે જતો હતો. તેવામાં સિદ્ધો તથા ચારણોથી વીંટાયેલા ભગવાન શંકરને તેણે જોયા. તે વેળા મુનિઓની સભામાં પોતાના ખોળામાં બેસાડેલાં દેવી પાર્વતીને એક બાહુથી ભેટીને શંકર બેઠા હતા, તે જોઈ ચિત્રકેતુ તેમની સમીપ જઈ દેવી પાર્વતીના સાંભળતાં આ પ્રમાણે મોટેથી હાંસી કરવા લાગ્યો.

**ચિત્રકેતુ બોલ્યો :** આ શંકર લોકોના ગુરુ, સાક્ષાત ધર્મના વકતા અને સર્વ પ્રાણીઓમાં મુખ્ય છે; છતાં આ રીતે સભામાં સ્ત્રી સાથે ભેટીને બેઠા છે! આ જટાધારી તીવ્ર તપશ્ચર્યા કરનાર અને બ્રહ્મવાદીઓની સભાના અધ્યક્ષ છે છતાં લજ્જારહિત થઈને સામાન્ય મનુષ્યની પેઠે સ્ત્રીને ખોળામાં લઈને બેઠા છે! ઘણું કરી સામાન્ય પુરુષો પણ સ્ત્રીને એકાંતમાં જ ખોળામાં લે છે, ત્યારે આ મોટા વ્રત ધારણ કરનાર શંકર સ્ત્રીને સભાની વચ્ચે ખોળામાં લઈને બેઠા છે!

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! ભગવાન શંકર પણ અગાધ બુદ્ધિવાળા હોઈ તે વચન સાંભળીને ચૂપ જ રહ્યા તેમ જ તેમને અનુસરનારા સભાસદો પણ મૌન રહ્યા. ચિત્રકેતુ શંકરનાં પરાક્રમ જાણતો ન હતો અને તેથી પોતે જિતેંદ્રિય હોવાનું અભિમાન ધારણ કરી એમ ઘણું અયોગ્ય વચન કહેતો હતો તેથી તે નિર્લજ્જ ચિત્રકેતુને દેવી પાર્વતી ક્રોધથી કહેવા લાગ્યાં.

**પાર્વતી બોલ્યા :** અમારા જેવા દુષ્ટ અને નિર્લજ્જોનું દંડના (સત્તાના) બળથી શાસન અને તિરસ્કાર કરનારો રાજા આ સંસારમાં શું આ જ છે ? (મને લાગે છે કે, બ્રહ્મા, ભૃગુ, નારદ વગેરે બ્રહ્માના પુત્ર સનત્કુમાર કપિલ કે મનુ ધર્મ જાણતા જ નથી, કારણ કે તેઓ આ રીતે શાસ્ત્રની મર્યાદા ઓળંગનાર શંકરને અટકાવતા નથી. જે ભગવાનનાં બંને ચરણકમળ બ્રહ્માદિને પણ ધ્યાન કરવા યોગ્ય છે, જગતના જે ગુરુ છે અને મંગળના પણ પરમ મંગળ ધર્મમૂર્તિ છે, તે આ સર્વના આચાર્યનો તિરસ્કાર કરી આ નીચ ક્ષત્રિય પોતે નિર્લજ્જ થઈ તેમને ઉપદેશ આપે છે, માટે અવશ્ય શિક્ષાપાત્ર છે. 'હું જ સર્વથી અધિક છું' એવી જેને બુદ્ધિ થઈ છે અને તેથી જ જે અત્યંત ઉદ્ધત બન્યો છે, તે આ ચિત્રકેતુ સત્પુરુષોએ સેવેલા વૈકુંઠ ભગવાનના ચરણ પાસે જવાને યોગ્ય નથી. માટે હે દુર્મતિ પુત્ર! તું મહાપાપી અસુરજાતિમાં ચાલ્યો જા, જેથી ફરી મહાપુરુષોને અપરાધ તું નહિ કરે,

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! એમ શાપ આપ્યો ત્યારે તે ચિત્રકેતુ વિમાનમાંથી નીચે ઊતરી નત મસ્તકે સતિ પાર્વતીને પ્રસન્ન કરવા લાગ્યો.

**ચિત્રકેતુ બોલ્યો :** હે માતા ! આપના શાપને હું મારા બંને હાથે સ્વીકારું છું; કારણ કે દેવો મનુષ્યને જે કંઈ કહે છે તે મનુષ્યનાં પૂર્વ કર્મથી જ થયેલું હોય છે, તેમ જ અજ્ઞાનથી મોહ પામેલ પ્રાણી આ સંસારચક્રમાં ભમતો સર્વ ઠેકાણે સદા સુખ તથા દુઃખ ભોગવ્યા કરે છે. સુખ કે દુઃખનો કર્તા મનુષ્ય પોતે નથી, તેમ કોઈ બીજો પણ નથી; છતાં મૂર્ખ મનુષ્ય પોતાને તથા કોઈ બીજાને (સુખદુઃખને) કર્તા માને છે. આ સંસાર માયામય ગુણોના પ્રવાહરૂપ છે. તેમાં શાપ કે અનુગ્રહ શો છે ? સ્વર્ગ કે નરક શું છે ? સુખ કે દુઃખ શું છે ? કેવળ એક જ ભગવાન જ પોતે બધાથી રહિત હોઈ પોતાની માયાથી સર્વ પ્રાણીઓ સર્જે છે ને તેઓનાં બંધ, મોક્ષ, સુખ તથા દુઃખ પણ (તે જ) સર્જે છે. આ ભગવાનને કોઈ શત્રુ, જ્ઞાતિ, બંધું, પારકો કે પોતાનો નથી; કારણ કે બધે સમાન દૃષ્ટિવાળા અને નિરંજન (નિર્લેપ) નિઃસંગ છે, તેથી જ તેમને સુખ ઉપર રાગ થતો નથી, તો (રાગથી થનાર) દ્વેષ તો ક્યાંથી જ થાય ? તોપણ તે ભગવાનની માયાશકિતથી થતો વિસર્ગ (પુણ્ય, પાપ અને મિશ્ર કર્મરૂપ વ્યાપાર) આ સમગ્ર પ્રાણીસમુદાયને સુખ, દુઃખ, હિત, અહિત, બંધ મોક્ષ, મૃત્યુ, જન્મ તથા સંસાર આપવા સમર્થ થાય છે. માટે હે ક્રોધી સ્વભાવવાળાં પાર્વતી ! હું (મને પ્રાપ્ત થયેલા આ) શાપથી છૂટવા તમને પ્રસન્ન કરતો નથી. માત્ર જે મેં કહ્યું તે (યોગ્ય છતાં) તમે અયોગ્ય માનો છો, તે માટે ક્ષમા કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે શત્રુદમન રાજા ! એમ શંકર તથા પાર્વતીને પ્રસન્ન કરી ચિત્રકેતુ પોતાના વિમાનમાં બેસી વિસ્મય પામતાં તે બંનેના દેખતાં ત્યાંથી ગયો, પછી દેવો, ઋષિઓ, દૈત્ય, સિદ્ધો તથા પાર્ષદોના સાંભળતાં ભગવાન શંકર પાર્વતીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શ્રીશંકર બોલ્યા :** હે સુંદર નિતંબવાળાં પાર્વતી ! અદ્‌ભુત કર્મવાળા શ્રીહરિના નિઃસ્પૃહ અને મહાત્મા દાસાનુદાસ(મોટા ભક્તો)નું માહાત્મ્ય તમે જોયુંને? નારાયણમાં પરાયણ રહેનારા (આવા) સર્વ ભકતો કોઈથી ડરતા નથી કેમ કે તેઓ સ્વર્ગ, મોક્ષ તથા નરકમાં પણ સમાન પ્રયોજન જોનારા હોય છે. પ્રાણીઓને ઈશ્વરની માયાને લીધે શરીરનો સંયોગ થવાથી સુખ, દુઃખ, મૃત્યુ, જન્મ, શાપ તથા અનુગ્રહ (આદિ) ધંધો થયા જ કરે છે. અને તેમાં 'આ સુખ ઈષ્ટ છે અને આ દુઃખ અનિષ્ટ છે,' ઇત્યાદિ પુરુષને જે અર્થભેદ થાય છે, તે કેવળ અજ્ઞાને જ કરેલો છે. જેમ સ્વપ્નમાં પુરુષને પોતાના વિષે સુખદુઃખ વગેરે ભેદ અજ્ઞાનથી છે અને માળામાં જેમ સર્પાદિનો ભેદ પણ અજ્ઞાનથી જ કરેલો છે, તેમ એ સર્વ ગુણ–દોષ–વિકલ્પ કેવળ અજ્ઞાનથી જ કરાયેલ છે, પરંતુ જે પુરુષો ભગવાન વાસુદેવ વિષે ભકિત કરતા હોય અને જ્ઞાન તથા વૈરાગ્ય એ જ જેઓનું બળ હોય, તેઓને આ સંસારમાં એવો કોઈ પણ પદાર્થ નથી કે જેને તેઓ ગ્રહણ કરવા યોગ્ય અથવા ત્યાગ કરવા યોગ્ય સમજીને તેનો રાગ અથવા દ્વેષ કરે. હું, બ્રહ્મા, સનત્કુમાર, નારદ, બ્રહ્માપુત્ર મુનિઓ તથા દેવેશ્વરો; આ અમે બધા ભગવાનનો અભિપ્રાય જાણતા નથી, તો જેઓ ભગવાનના એક અંશના પણ અંશરૂપ છે; છતાં સૌ પોતે પોતાને જુદા જુદા ઈશ્વર માની રહ્યા છે, તેઓ તો એમના સ્વરૂપને ન જ જાણે (એ સ્પષ્ટ જ છે) એ શ્રીહરિ સર્વ પ્રાણીઓને પ્રિય અને સર્વ, પ્રાણીના આત્મા છે, તેથી તેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી તેમ જ કોઈ પોતાનો કે પારકો પણ નથી. આ મહાભાગ્યશાળી ચિત્રકેતુ એ ભગવાનનો પ્રિય ભકત હોઈ બધે સમાન દૃષ્ટિવાળો અને શાંત છે; તેમ જ હું પણ ભગવાનનો પ્રિય ભકત છું. (તેથી જ મને તેના પર ક્રોધ થયો નથી.) માટે બધા સમાન દૃષ્ટિવાળા અને શાંત એવા ભગવાનના મહાન ભકતો વિષે વિસ્મય કરવો નહિ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ભગવાન શંકરનું તે ભાષણ સાંભળી દેવી પાર્વતી શાંત બુદ્ધિવાળાં અને વિસ્મયરહિત થયાં. ભગવાનનો ભકત ચિત્રકેતુ પાર્વતીને પણ સામે શાપ આપવા ઘણો સમર્થ હોવા છતાં તેણે પાર્વતીના શાપને મસ્તક વડે સ્વીકાર્યો, એ જ સત્પુરુષનું લક્ષણ છે. પછી તે રાજા દાનવ યોનિનો આશ્રિત થઈ ત્વષ્ટાથી દક્ષિણાગ્નિમાં ઉત્પન્ન થયો અને વૃત્રાસુર નામે પ્રખ્યાત થઈ (અસુરજન્મમાં પણ) શાસ્ત્રજ્ઞાન તથા અપરોક્ષ જ્ઞાનથી યુકત હતો. આ રીતે વૃત્રાસુર અસુર જાતિનો છતાં તેને ભગવાનમાં બુદ્ધિ હોવાનું કારણ તમે મને જે પૂછ્યું હતું, તે સર્વ મેં તમને કહ્યું. મહાત્મા ચિત્રકેતુનો આ પવિત્ર ઈતિહાસ વિષ્ણુભક્તોના માહાત્મ્યરૂપ હોઈ તે સાંભળી મનુષ્ય સંસારબંધનથી છૂટે છે. જે મનુષ્ય પ્રાતઃકાળે ઊઠી વાણીને નિયમમાં રાખી શ્રદ્ધાથી શ્રીહરિનું સ્મરણ કરી આ ઈતિહાસનો પાઠ કરે છે, તે પરમ ગતિ પામે છે. ૧-૪૧

य एतत् प्रातरुत्थाय श्रद्धया वाग्यतः पठेत् । इतिहासं हरिं स्मृत्वा स याति परमां गतिम् ॥४१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## અદિતિ અને દિતિનાં સંતાનોની તથા મરુદ્ગણોની ઉત્પત્તિનું વર્ણન

॥ श्री शुक उवाच ॥

पृश्निस्तु पत्नी सवितुः सावित्रीं व्याहृतिं त्रयीम् । अग्निहोत्रं पशुं सोमं चातुर्मास्यं महामखान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! અદિતિના (પાંચમા પુત્ર) સવિતા નામના આદિત્યની પત્ની પૃશ્નિએ સાવિત્રીને (ગાયત્રીના અભિમાની દેવને વ્યાહૃતિને ('भूः भुवः स्वः' એ ત્રણ વ્યાહૃતિના અભિમાની દેવને), ત્રયીને (ત્રણ વેદના અભિમાની દેવને), અગ્નિહોત્ર, પશુયાગ, સોમયાગ, ચાતુર્માસ્ય, (એ સર્વ યોગોના અભિમાની દેવને) તથા મહાયજ્ઞને (પાંચ મહાયજ્ઞના અભિમાની દેવોને) ઉત્પન્ન કર્યા; તેમ જ હે રાજા! (અદિતિના છઠ્ઠા પુત્ર) ભગ નામના આદિત્યની સ્ત્રી સિદ્ધિએ મહિમા, વિભુ તથા પ્રભુ નામના ત્રણ પુત્રો તથા સુંદર નિતંબવાળી અને ઉત્તમ વ્રતવાળી આશિષ નામની કન્યા ઉત્પન્ન કરી. (અદિતિના સાતમા પુત્ર) ધાતા નામના આદિત્યની સ્ત્રી કુહૂ, સિનીવાલી, રાકા તથા અનુમતિએ અનુક્રમે સાંર્ય, દર્શ પ્રાતર તથા પૂર્ણમાસ નામના (તે તેના અભિમાની દેવ) પુત્રોને ઉત્પન્ન કર્યા. એ ધાતા પછીના (અદિતિના આઠમાં પુત્ર) વિધાતાએ ક્રિયા નામની સ્ત્રીમાં પુરીષ્ય નામના અગ્નિઓ ઉત્પન્ન કર્યા; તેમ જ (અદિતિના નવમા પુત્ર) વરુણની ચર્ષણી નામની સ્ત્રીમાં ભૃગુ (પ્રથમ જે બ્રહ્માના પુત્ર હતા તે ફરી) પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા. મહાયોગી વાલ્મીકિ રાફડામાંથી ઉત્પન્ન થયા હતા પણ વરુણના જ પુત્ર હતા. વળી મિત્રના નામના આદિત્યે તથા વરુણે ઉર્વશી અપ્સરાની પાસે ઝરેલા વીર્યને એક કળશમાં નાખ્યું હતું. અને તેમાંથી તે આદિત્ય તથા વરુણના અગસ્ત્ય તથા વસિષ્ઠ નામના બે ઋષિઓ પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા, તેમ જ મિત્ર નામના (અદિતિના પુત્ર દસમા) આદિત્યે રેવતી નામની સ્ત્રીમાં ઉત્સર્ગ, અરિષ્ટ તથા પિપ્પલ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. વળી હે તાત! (અદિતિના અગિયારમા પુત્ર) ભગવાન ઇંદ્રે પૌલોમી નામની સ્ત્રીમાં જયંત, ઋષભ, તથા ત્રીજા મીઢુષ, એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા એમ અમે સાંભળ્યું છે અને (અદિતિના બારમા પુત્ર) ઉરુક્રમ નામના આદિત્યદેવે માયાથી વામનરૂપ ધર્યું હતું. તેમણે કીર્તિ નામની પત્નીમાં બૃહચ્છ્લોક નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો અને તે બૃહચ્છ્લોકનાં સૌભગ વગેરે પુત્રો થયા હતા. હે રાજા! મહાત્મા કશ્યપ

ઋષિની અદિતિ નામની સ્ત્રીમાં તે વામન ભગવાને જે અવતાર લીધો હતો, તે અને તેમનાં કર્મો, ગુણો તથા પરાક્રમ પાછળ (આઠમાં સ્કંધમાં) અમે વર્ણવીશું. હવે કશ્યપથી દિતિ નામની સ્ત્રીમાં જન્મેલા દૈત્યોનું તમારી આગળ વર્ણન કરું છું કે જે દૈત્યોમાં ભગવાનનાં ભક્ત શ્રીમાન પ્રહ્‌લાદ તથા બલિરાજા છે. દિતિને બે જ પુત્ર થયા હતા, જેઓને દૈત્યો તથા દાનવો વંદન કરતા હતા અને જેઓનાં નામ હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ હતાં. તેઓને ત્રીજા સ્કંધમાં વર્ણવ્યા છે. હિરણ્યકશિપુની સ્ત્રી કયાધુ નામે દાનવી હતી. તે જંભ દાનવની પુત્રી હતી અને તે જંભે હિરણ્યકશિપુને આપી હતી. તેણે હિરણ્યકશિપુથી પ્રથમ સંહ્‌લાદ, અનુહ્‌લાદ, હ્‌લાદ તથા પ્રહ્‌લાદ નામના ચાર પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તે પુત્રોની બહેન સિંહિકા નામની એક કન્યા પણ ઉત્પન્ન કરી હતી. એ સિંહિકાને વિપ્રચિત નામના (દાનવ) પતિથી રાહુ નામે પુત્ર થયો હતો, જે રાહુ (સૂર્ય તથા ચંદ્રની વચ્ચે ઘૂસી) અમૃત પીતો હતો તે વખતે શ્રીહરિએ સુદર્શનચક્રથી તેનું મસ્તક કાપ્યું હતું. સંહ્‌લાદની કૃતિ નામે સ્ત્રિ હતી. તેણે પંચજન નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો; તેમ જ હ્‌લાદની ધમની નામે સ્ત્રી હતી. તેણે વાતાપિ તથા ઇલ્વલ નામના પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાનાં ઈલ્વલે અતિથિ તરીકે આવેલા અગસ્ત્ય ઋષિ માટે પોતાના ભાઈ વાતાપિને બકરો બનાવી રાંધ્યો હતો. અનુહ્‌લાદને સૂર્મ્યા નામની સ્ત્રીમાં બાષ્કલ તથા મહિષ નામના બે પુત્રો થયા હતા. પ્રહ્‌લાદને તેની પત્ની દેવીથી વિરોચન નામે પુત્ર થયો હતો, અને તે વિરોચનનો બલિ નામે પુત્ર થયો હતો. બલિરાજાથી અશના નામે સ્ત્રીમાં સો પુત્રો થયા હતા તેમાં સૌથી મોટો બાણાસુર હતો. બલિરાજાનો પ્રભાવ પવિત્ર કીર્તિને યોગ્ય છે. તે આગળ (આઠમા સ્કંધમાં) કહેવાશે. બાણાસુર શંકરને આરાધીને તેમના ગણોમાં મુખ્યપણું મેળવ્યું હતું અને બાણાસુર પાસે હજી પણ ભગવાન શંકર તેના નગરના રક્ષક તરીકે રહે છે. વળી ઓગણપચાસ વાયુઓ પણ દિતિના પુત્ર હતા. તેઓ પ્રજારહિત હતા અને તેઓ સર્વને દેવ બનાવ્યા હતા.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે ગુરુ ! ઈંદ્રે તે વાયુઓનો ઉત્પતિસિદ્ધિ આસુરી ભાવ દૂર કરી તેઓને દેવ કેવી રીતે બનાવ્યા અને તેઓએ એવું કર્યું સત્કર્મ કર્યું હતું ? (કે જેથી તેઓ દેવ થયા ?) હે બ્રહ્મન્! મારી સાથે આ ઋષિઓ પણ આ વિષય જાણવા શ્રદ્ધા રાખે છે. તો હે ભગવન્ ! આપ અમને તે કહેવાને યોગ્ય છો. !

**સૂત બોલ્યા :** હે શૌનક ! પરીક્ષિતનું તે આદરવાળું ટૂંકું અને અર્થયુકત વચન સાંભળી સર્વજ્ઞ વ્યાસ પુત્ર શુકદેવજી આનંદપૂર્ણ ચિત્તથી તેનો સત્કાર કરતા કહેવા લાગ્યા.

**શ્રી શુકદેવજી બોલ્યા :** ઈંદ્રના પક્ષમાં રહી તેને સહાય કરનારા વિષ્ણુ ભગવાને જેના પુત્ર માર્યા હતા અને તેથી જ શોકને લીધે સળગતા ક્રોધથી જે બળતી હતી, એવી દિતિ (એક વખત) આવો વિચાર કરવા લાગી : ‘ભાઈઓનો નાશ કરનારા, ઈંદ્રિયોમાં આસકત, કૂર અને કઠિન ચિત્તવાળા પાપી ઈંદ્રનો નાશ કરાવી હું ક્યારે સુખથી સૂઈશ ? જે પુરુષ ‘રાજા’ કહેવાયો હોય, તેના શરીરની પણ છેવટે ‘કીડા, વિષ્ઠા કે ભસ્મ’ એવી જ સંજ્ઞા થાય છે; અર્થાત્ રાજાનું શરીર પણ છેવટે કીડા વિષ્ઠા કે રાખરૂપ જ થાય છે. આવા (નાશવંત) શરીર માટે પણ જે પ્રાણીઓનો દ્રોહ કરે છે, તે શું સ્વાર્થને સમજે છે ? નહિ જ કારણ કે તેથી તો નરક જ મળે છે. આ દેહાદિને (નાશવંત છતાં) નિત્ય માનનાર અને તેથી જ જેનું ચિત્ત ઉદ્ધત થયું છે, ‘એવા ઇન્દ્રના મદને સૂકવનારો પુત્ર’ મને જેથી થાય તેવું કંઈ થવું જોઈએ. આવો વિચાર કરી તે દિતિ નિત્ય પતિને પ્રિય થાય તે રીતે વર્તવા લાગી. હે રાજા! પતિના મનોભાવ જાણનારી તેણે

સેવા, પ્રેમ, વિનય, ઈન્દ્રિયનિગ્રહ, પરમભકિત ને મનોહર સુંદર ભાષણોથી તથા સુંદર હાસ્ય અને કટાક્ષ સાથે જોવાથી પતિના મનને વશ કર્યું. કશ્યપઋષિ વિદ્વાન હતા પણ એ ચતુર સ્ત્રીને લીધે એમ જડ જેવા બની તેને વશ થઈ તેમણે ''હું તારા મનોરથો અવશ્ય પૂર્ણ કરીશ'' એમ જે કહ્યું, તે સ્ત્રીના સંબંધમાં આશ્ચર્ય નથી. સૃષ્ટિની પહેલાં સર્વ પ્રાણીઓને કેવળ નિઃસંગ જોઈ (મૈથુનથી સૃષ્ટિ વધારવાને) પ્રજાપતિએ પોતાના અર્ધા શરીરને સ્ત્રીરૂપે કર્યું હતું. જે સ્ત્રીએ પુરુષોની બુદ્ધિ હરી છે. હે તાત ! ભગવાન કશ્યપઋષિ તે સ્ત્રીએ એમ સેવા કરી, એટલે અત્યંત પ્રસન્ન થયા અને હસી અભિનંદન આપી દિતિને કહેવા લાગ્યા.

**કશ્યપ બોલ્યા :** હે સુંદર સાથળોવાળી ! તું વર માગ. હું તારા પર પ્રસન્ન થયો છું. હે નિર્દોષ સ્ત્રી ! સ્ત્રી પર પતિ પ્રસન્ન થાય, ત્યારે તેને કઈ કામના આ લોકમાં કે પરલોકમાં નથી મળતી ? સર્વ મળે છે. પતિ એ જ સ્ત્રીઓનો પરમદેવ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. પતિ (સ્ત્રીઓ માટે) સર્વ પ્રાણીઓના મનમાં રહેનારા લક્ષ્મીપતિ વાસુદેવ જ ગણાય છે. તે જ ભગવાનને પુરુષો નામરૂપથી કલ્પેલી દેવોની મૂર્તિઓથી પૂજે છે અને સ્ત્રીઓ પતિનું રૂપ ધારણ કરનાર તે પ્રભુની પૂજા કરે છે. માટે હે સુંદર મધ્યભાગવાળી ! કલ્યાણ ઈચ્છતી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના આત્મા અને ઈશ્વરરૂપ પતિની અનન્યભાવે પૂજા કરે છે. હે ભદ્ર ! તે આવા ભાવથી ભકિતપૂર્વક મારી સેવા કરી છે, જેથી હું અસતી સ્ત્રીઓને દુર્લભ એવી તારી કામનાઓ પૂર્ણ કરું છું.

**દિતિ બોલી :** 'હે બ્રહ્મન્ ! જો આપ મને વર આપો છો, તો મરેલા પુત્રોવાળી હું માગું કે જેણે મારા બંને પુત્ર મરાવ્યા છે, તે ઈન્દ્રનો નાશ કરનારો અમર પુત્ર મને પ્રાપ્ત થાઓ.' તે વચન સાંભળી બ્રાહ્મણ કશ્યપ મનમાં ઉદાસ થયા અને સંતાપ કરવા લાગ્યાઃ 'અહો ! આજે અતિમહાન અધર્મ આવ્યો છે. અહો ! ઈન્દ્રિયોમાં રમનારા મારા મનને સ્ત્રીરૂપી માયાએ વશ કર્યું છે, તેથી હું નીચ નક્કી નરકમાં પડીશ. આ વિષયમાં સ્વભાવને અનુસરતી આ સ્ત્રીનો શો અપરાધ છે ? મને પોતાને જ ધિક્કાર છે કે જે હું અજિતેન્દ્રિય થયો અને ખેદની વાત છે કે મારો સ્વાર્થ સાધવામાં મૂર્ખ બન્યો. સ્ત્રીઓનું મુખ શરદઋતુના કમળની પેઠે પ્રફુલ્લ હોય છે અને વચન કાનને અમૃત જેવું લાગે છે, પણ તેનું હૃદય અસ્ત્રાની ધાર જેવું (તીક્ષ્ણ) હોય છે. સ્ત્રીઓનું ચરિત્ર કોણ જાણી શકે છે! સ્વાર્થની કામનાથી આત્મા સમાન પ્રિય જણાતી સ્ત્રીઓને કોઈ પુરુષ ખરી રીતે પ્રિય નથી, તેઓ સ્વાર્થ માટે પતિ, પુત્ર કે ભાઈનો પણ નાશ કરે છે કે કરાવે છે. 'હું તને આપીશ.' એવી મેં પ્રતિજ્ઞા કરી છે; માટે મારું વચન મિથ્યા થવું ન જોઈએ. તેમ ઇંદ્ર પણ નાશને યોગ્ય નથી, તો તે સંબંધી આમ કરવું યોગ્ય છે.' એમ વિચારી હે કુરુવંશી રાજા ! ભગવાન કશ્યપ કંઈક કુપિત થઈ પોતાની નિંદા કરતા (દિતિને) કહેવા લાગ્યા.

**કશ્યપ બોલ્યા :** હે કલ્યાણિ ! એક વર્ષ સુધી આ વ્રત જો તું બરાબર ધારણ કરીશ, તો ઈન્દ્રનો નાશ કરનાર પુત્ર તને થશે; પણ વ્રતમાં કંઈ ખામી આવશે, તો એ જ તારો પુત્ર દેવોનો બાંધવ થશે.

**દિતિ બોલી :** હે બ્રહ્મન્ ! એ વ્રત હું બરાબર યોગ્ય રીતે ધારણ કરીશ. પણ તેમાં જે મારે અવશ્ય કરવા યોગ્ય ન કરવા યોગ્ય, નિષેધેલાં અને વ્રતનો નાશ કરે તેવાં જે કર્મો હોય તે મને કહો.

**કશ્યપ બોલ્યા :** કોઈ પ્રાણીની હિંસા કરવી નહિ, કોઈને ગાળો દેવી નહિ કે કોઈની નિંદા કરવી નહિ. અસત્ય બોલવું નહિ, નખ કે વાળ કાપવા નહિ, જે અમંગળ હોય તેને અડવું નહિ, જળમાં પેસી

નાહવું નહિ, કોઈ પર ક્રોધ કરવો નહિ, દુર્જનો સાથે વાતચીત કરવી નહિ, ધોયા વિના વસ્ત્ર પહેરવાં નહિ, પહેલાં પહેરેલી ફૂલની માળા ફરી પહેરવી નહિ, કોઈનું એઠું ખાવું નહિ, ભદ્રકાલી દેવીને ધરેલું કે કીડીઓ વગેરેનું એઠું અન્ન જમવું નહિ, માંસવાળું જમવું નહિ, રજસ્વલા સ્ત્રીએ જોયેલું ખાવું નહિ અને ખોબે પાણી પીવું નહિ. વળી એંઠા મોઢે, હાથપગ ધોયા વિના સંધ્યાકાળે, છૂટા કેશે, વસ્ત્રાલંકારના શણગાર કર્યા વિના, વાણીને નિયમમાં રાખ્યા વિના તેમ જ ઓઢ્યા વિના બહાર જવું નહિ. વળી પગ ધોયા વિના અપવિત્ર થઈને અને ભીના પગે સૂવું નહિ; તેમ જ ઉત્તર તરફ અથવા પશ્ચિમ તરફ મસ્તક રાખીને કે કોઈ બીજાની સાથે સૂવું નહિ; નગ્ન તેમ જ બંને સંધ્યા સમયે પણ સૂવું નહિ. નિત્ય સવારે જમ્યા પહેલાં સ્નાનાદિથી પવિત્ર થઈ, ધોયેલાં વસ્ત્ર પહેરી, સર્વ મંગળ વસ્તુઓ સાથે લઈ ગાયોનું, બ્રાહ્મણોનું, લક્ષ્મીદેવીનું તથા વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. જેઓના પતિ જીવતા હોય તેવી સુવાસિની સ્ત્રીઓની પુષ્પોની માળા, ચંદન, નૈવેદ્ય તથા અલંકારોથી પૂજા કરવી. પછી પતિની પૂજા કરી તેની સ્તુતિ કરવી. પોતાના પેટમાં પતિ જ રહ્યો છે એમ તેનું ધ્યાન કરવું. આ વ્રત એક વર્ષનું હોઈ પુત્ર આપનારું છે જો બરાબર અખંડ રીતે તું ધારણ કરીશ, તે તને ઈન્દ્રનો નાશ કરનાર પુત્ર થશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! 'બહુ સારું' એમ સ્વીકારી મોટા મનવાળી દિતિએ કશ્યપઋષિથી ગર્ભ અને બરાબર રીતે વ્રત પણ ધારણ કર્યું. હે માન આપનાર રાજા ! માતાની બહેનના (પોતાનાં માસીના) એ અભિપ્રાયને જાણી વિદ્વાન ઈન્દ્ર આશ્રમમાં રહેલી દિતિની સેવા કરી તેને યોગ્ય સંભાળ રાખવા લાગ્યો. તે નિત્ય વનમાંથી પુષ્પો, ફળો, મૂળો, સમિધો, દર્ભો, પાંદડાં, અંકુર, માટી તથા જળ સમયે સમયે લાવતો. હે રાજા ! જેમ મૃગને મારવા ઈચ્છતો પારધી (મૃગને ઠગવા) મૃગ જેવા વેશવાળો બને, તેમ કુટિલ ઈન્દ્ર વ્રતમાં રહેલી દિતિના વ્રતમાં કોઈ ભૂલ જોવા ઈચ્છતો. એ રીતે તેની સેવા કરવા લાગ્યો. પણ હે રાજા ! બરાબર સાવધાન રહ્યા છતાં ઈન્દ્રે વ્રતમાં કંઈ ભૂલ જોઈ નહિ. જેથી તે મોટી ચિંતામાં પડ્યો : 'આમાં મારું કલ્યાણ કેવી રીતે થશે ?' તેવામાં એક સમયે સંધ્યાકાળે વ્રતથી દૂબળી થયેલી દિતિ દૈવથી માહિત થઈ જળનું આચમન કર્યા વિના અને પગ ધોયા વિના ઉચ્છિષ્ટ અવસ્થામાં જ સુઈ ગઈ. ત્યારે તે લાગ મેળવી યોગેશ્વર ઈન્દ્ર નિદ્રાથી હરાયેલા મનવાળી દિતિના પેટમાં યોગમાયાથી પેઠો. તેણે સોના જેવી કાંતિવાળા ગર્ભના વજ્ર વડે સાત ટુકડા કર્યા અને રડતા તે સાત ટુકડા રૂપ ગર્ભના ફરી, 'તું રડ મા' એમ કહી એક એકના સાત સાત ટુકડા કર્યા. હે રાજા! એમ ઈન્દ્રથી કપાતા તે બધા ટુકડા બે હાથ જોડી ઈન્દ્રને કહેવા લાગ્યાઃ 'હે ઈન્દ્ર! તું અમને શા માટે મારવા ઈચ્છે છે ? અમે તારા ભાઈઓ વાયુ છીએ.' તે સાંભળી ઈન્દ્ર પોતાના અનન્ય પ્રેમી ભાવી પાર્ષદ તે મરુદ્‌ગણોને કહેવા લાગ્યોઃ 'તમે ડરો મા. તમે મારા ભાઈઓ છો.' એમ દિતિના ગર્ભના વજ્રથી અનેક ટુકડા કરવા છતાં શ્રીભગવાનની કૃપાથી જેમ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમે (પરીક્ષિત રાજા) મર્યા નહિ તેમ તે ગર્ભ મર્યો નહિ; કારણ કે મનુષ્ય એક વાર પણ આદિ પુરુષનું પૂજન કરી તેમની સમાનતા પામે છે તો દિતિએ તો વર્ષમાં માત્ર થોડાક જ ઓછા દિવસ સુધી શ્રીહરિને પૂજ્યા હતા. (તો તેનો ગર્ભ કેમ નાશ પામે ?) તે ઓગણપચાસે વાયુઓ ઈન્દ્ર સાથે કુલ પચાસ દેવો થયા અને ઈન્દ્રે પણ તે સાવકી માના પુત્ર પર અભાવ ન રાખતાં તેમને સોમરસ પીનારા દેવતાઓ બનાવી દીધા. દિતિએ ઊઠીને જોયું ને અગ્નિ સમાન તેજસ્વી તે કુમારોને ઈન્દ્રની સાથે જોયા. તેઓને જોઈ તે નિર્દોષ દિતિ સંતોષ પામી. પછી તેણે ઈન્દ્રને પૂછ્યું :

'હે તાત ! હું અદિતિના પુત્રોને (તમને) ભય ઉપજાવનાર પુત્રને ઈચ્છતી આ અતિ દુષ્કર વ્રત કરતી હતી. મેં એક જ પુત્રનો સંકલ્પ કર્યો હોવા છતાં ઓગણપચાસ પુત્રો કેમ થયા ? હે પુત્ર ! તારા જાણવામાં હોય તો સત્ય કહે, જુઠું બોલીશ નહિ.'

**ઈન્દ્ર બોલ્યો :** હે માતા! હું તમારો નિશ્ચય જાણી તમારી પાસે આવ્યો હતો અને ધર્મ ન જાણનારા, સ્વાર્થ બુદ્ધિવાળા મેં તમારા વ્રતમાં ભૂલ જોઈ લાગ મેળવી ગર્ભના ટુકડા કર્યા હતા. પ્રથમ તો મેં ગર્ભના સાત ટુકડા કર્યા, જેમાંથી સાત કુમારો થયા. પછી તે પ્રત્યેકના મેં સાત સાત ટુકડા કરવા છતાં તે મર્યા નહિ. (પણ ઓગણપચાસ કુમારો થયા.) પછી એ અતિ આશ્ચર્ય જોઈ મેં નિશ્ચય કર્યો કે મહાપુરુષની પૂજાની જ આ કોઈ સ્વાભાવિક સિદ્ધિ છે. જેઓ કોઈ જાતના ફળની ઈચ્છા ન રાખતાં ભગવાનનું આરાધન કરવા ઈચ્છે છે, તેઓ મોક્ષ પણ ઈચ્છતા નથી. તેથી તેઓને જ (ખરા) સ્વાર્થકુશળ કહ્યા છે. સ્વ—સ્વરૂપને આપનાર પોતાના આત્મારૂપ જગદીશ્વરનું આરાધન કરી કયો વિદ્વાન મનુષ્ય વિષયસુખ માગે ? કારણ કે વિષયસુખ તો નરકમાં પણ છે. હે મહાપૂજ્ય માતા! તમે મારી મૂર્ખની આ દુર્જનતા ક્ષમા કરવાને યોગ્ય છો. તમારો આ ગર્ભ મરીને સજીવન થયો; તે બહુ સારું થયું છે.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી પ્રસન્ન થયેલાં દિતિએ શુદ્ધ ભાવથી જવાની રજા આપી એટલે પ્રભુ ઈન્દ્ર તે મરુદ્‌ગણો સાથે તેને નમસ્કાર કરી સ્વર્ગમાં ગયો. એમ તમે મને જે પૂછયું તે સર્વ મેં કહ્યું અને મરુદ્‌ગણોનો મંગળકારક જન્મ પણ તમને કહ્યો. હવે ફરી હું તમને શું કહું ? ૧-૭૮

एवं ते सर्वमाख्यातं यन्मां त्वं परिपृच्छसि । मङ्गलं मरुतां जन्म किं भूयः कथयामि ते ॥७८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## પુંસવન વ્રતનો વિધિ

॥ राजोवाच ॥

व्रतं पुंसवनं ब्रह्मन् भवता यदुदीरितम् । तस्य वेदितुमिच्छामि येन विष्णुः प्रसीदति ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! પુત્ર આપનારું જે વ્રત આપે કહ્યું, તેનો વિધિ જાણવા હું ઈચ્છું છું કારણ કે તે વ્રતથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** માગશર સુદિ પડવેથી સ્ત્રી પતિની આજ્ઞાથી સર્વ કામનાઓ આપનાર આ વ્રતનો આરંભ કરે. (વ્રતના આરંભની પૂર્વે) મરુદ્‌ગણોનો જન્મવૃત્તાંત સાંભળી બ્રાહ્મણોને પૂછી વ્રતનો આરંભ કરવો. (વ્રત કરનારી સ્ત્રીએ નિત્ય પ્રાતઃકાળમાં પ્રથમ) દાંત સાફ કરી—દાતણ કરી (દિશા—જંગલ જઈ સ્નાન કરી ધોયેલાં) ધોળાં બે વસ્ત્રો પહેરવાં. પછી સર્વ શણગાર ધારણ કરી પ્રાતઃકાળના ભજન પહેલાં ભગવાન વિષ્ણુનું લક્ષ્મીજી સાથે પૂજન કરવું. (પૂજન કરી આ રીતે નમસ્કાર કરવા.) 'હે પૂર્ણ કામનાવાળા પરમેશ્વર! જેમને કોઈ જાતની ઈચ્છા નથી, એવા આપને સર્વ પૂર્ણ જ છે; કોઈ વસ્તુનું પ્રયોજન નથી. માટે આપને કેવળ નમસ્કાર હો. આપ લક્ષ્મીદેવીના પતિ છો અને સમગ્ર અણિમાદિ સિદ્ધિઓ આપ વિષે રહેલી છે તે આપને નમસ્કાર થાઓ. હે ઈશ્વર! આપ કૃપાથી, સર્વ સમૃદ્ધિથી, તેજથી, મહિમાથી, પરાક્રમથી તથા સર્વ ગુણોથી સેવાયેલા છો, તેથી ભગવાન અને પ્રભુ છો. (એમ વિષ્ણુ ભગવાનને નમસ્કાર કરી લક્ષ્મીજીને નમસ્કાર કરવા.) હે વિષ્ણુનાં પત્ની ! હે મહામાયા!

હે મહાપુરુષનાં લક્ષણોવાળી ! હે મહાભાગ્યશાળી ! હે લોકોની માતા! આપ મારા પર પ્રસન્ન થાઓ. આપને મારા નમસ્કાર હો.' (વિષ્ણુની પૂજા કરતી વેળા આ મંત્ર ભણવો) 'ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतयेसह महा विभूतिर्ब्रलिमुपहराणीति–ॐ મહાપ્રભાવશાળી અને મહાવિભૂતિઓના પતિ મહાપુરુષ ભગવાનને હું નમસ્કાર કરું છું. મહાવિભૂતિઓ સહિત આપને હું બલિદાન આપું છું.' આ મંત્રથી દરરોજ વિષ્ણુભગવાનને આવાહન, અર્ધ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઈ, અલંકાર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ તથા નૈવેદ્ય આદિ પૂજોપચાર સાવધાન થઈ આપવાં, પછી વિષ્ણુભગવાનને ધરેલા બલિદાનમાંથી જે વધ્યું હોય, તેમાંથી અગ્નિમાં બાર આહુતિઓ આપવી. (અને તે વેળા આ મંત્ર ભણવોઃ) 'ॐ नमो भगवते महापुरुषाय महाविभूतिपतये स्वाहा-મહાવિભૂતિઓના પતિ ભગવાનને મારા નમસ્કાર થાઓ અને બલિદાન અર્પણ થાઓ. જો સર્વ સંપત્તિઓની ઈચ્છા હોય તો સર્વ કામનાઓની ઉત્પત્તિસ્થાન અને વર આપનારાં લક્ષ્મી તથા વિષ્ણુ ભગવાન બંનેનું ભકિતપૂર્વક સારી રીતે પૂજન કરવું. પછી ભકિતથી નમ્રચિત્તે ભૂમિ પર દંડવત પ્રણામ કરવા. દશવાર પૂર્વોકત મંત્રનો જપ કરવો અને આ સ્તોત્ર બોલવું :

'युवां तु विश्वस्य विभू जगतः कारणं परम् । इयं हि प्रकृतिः सूक्ष्मा मायाशक्तिर्दुरत्यया ॥११॥
तस्या अधीश्वरः साक्षात् त्वमेव पुरुषः परः । त्वं सर्वयज्ञ इज्येयं क्रियेयं फलभुग् भवान् ॥१२॥
गुणव्यक्तिरियं देवी व्यञ्जको गुणभुग् भवान् । त्वं हि सर्वशरीर्यात्मा श्रीः शरीरेन्द्रियाशया ।
नामरूपे भगवती प्रत्ययस्त्वमपाश्रयः ॥१३॥
यथा युवां त्रिलोकस्य वरदौ परमेष्ठिनौ । तथा म उत्तमश्लोक सन्तु सत्या महाशिषः ॥१४॥

આપ બંને (લક્ષ્મી—નારાયણ) વિશ્વના સ્વામી અને જગતનાં પરમ કારણ છો. આ લક્ષ્મીજી સૂક્ષ્મ પ્રકૃતિ હોઈ દુઃખથી પાર કરી શકાય તેવી માયાશકિત છે. આ માયાશકિતના અધીશ્વર સાક્ષાત પરમપુરુષ આપ જ છો. આપ સર્વ યજ્ઞરૂપ છો અને તે તે યજ્ઞોને સિદ્ધ કરનારી ભાવના તે આ લક્ષ્મીજી છે, તેમ જ આ લક્ષ્મીજી લૌકિક ક્રિયારૂપ છે અને આપ ફળના ભોક્તા છો. વળી આ લક્ષ્મીજી ગુણોની વ્યકિતરૂપ છે. ગુણોની સામ્યવસ્થા છે અને આપ ગુણોના પ્રકાશક તથા ભોક્તા છે. વળી આપ સર્વ જીવોના આત્મા છો અને લક્ષ્મીજી શરીર, ઈન્દ્રિય તથા અંતઃકરણરૂપ છે, તેમ જ આ ભગવતી લક્ષ્મીજી સર્વ પદાર્થોનાં નામ તથા રૂપમય છે અને આપ નામ તથા રૂપના પ્રકાશક તથા આધાર છો. હે ઉત્તમ કીર્તિવાળા ભગવન્! જો આપ બંને ત્રણે લોકને વર આપનારાં અને સર્વના પરમેશ્વર છો, તો મારા મોટા મનોરથો સફળ થાઓ.'

એમ વર આપનારા લક્ષ્મીનિવાસ ભગવાનની લક્ષ્મીજી સાથે સ્તુતિ કરી નૈવેદ્ય—નિર્માલ્ય આદિ તેમની આગળથી ખસેડી આચમન આપી ફરી પૂજા કરવી અને ભકિતથી નમ્રચિત્તે સ્તોત્રથી સ્તુતિ કરવી. પછી યજ્ઞહોમ કરતાં બાકી રહેલું દ્રવ્ય સુંઘી ફરી શ્રીહરિનું પૂજન કરવું. વ્રત કરનારી સ્ત્રીએ પરમભકિતથી અને મહાપુરુષ ભગવાનની બુદ્ધિથી તે તે અનેક પ્રિય વચનો વડે પતિની સેવા કરવી. પતિએ પોતે પણ પ્રેમાળ થઈ પત્નીનાં નાનાં મોટાં સર્વ કર્મોને પુષ્ટિ આપવી, તેને અનુકૂળ રહેવું; કારણ કે પતિ કે પત્ની બેમાંથી કોઈએ પણ કંઈ કર્મ કર્યું હોય છે, તો તેનું ફળ તે બંનેને મળે છે. જો કદાચ પત્ની (રજસ્વલા વગેરે કારણથી) આ વ્રત કરવાને અયોગ્ય હોય તો સાવધાન થઈ પતિએ આ વ્રત કરવું. વિષ્ણુનું આ વ્રત ધારણ કરતા પુરુષે વચ્ચે કોઈ પણ દિવસે વ્રતનો ભંગ કરવો નહિ. વ્રતનિયમ ધારણ

કરનારાએ દરરોજ બ્રાહ્મણોની, સુવાસિની સ્ત્રીઓની તથા ભગવાનની પુષ્પોની માળા, ચંદન, નૈવેદ્ય તથા વસ્ત્રાલંકારોથી ભકિતપૂર્વક પૂજા કરવી અને પૂજા કર્યા પછી ભગવાનને તેમના સ્થાનમાં પધરાવી તેમને ધરેલા નૈવેદ્યનું આત્માની શુદ્ધિ તથા સર્વ કામનાઓની સિદ્ધિ માટે વ્રત કરનારે ભોજન કરવું. આ રીતે પૂજાવિધિથી ઉત્તમ બાર મહિનાવાળું વર્ષ (વ્રતમાં) ગાળી ઉત્તમ સ્ત્રીએ કાર્તિક માસના છેલ્લા દિવસે ઉપવાસ કરવો. પછી બીજે દિવસે (માગશર સુદિ પડવે) પ્રભાતમાં પતિએ (સવારમાં કર્મો કરી) આચમન કરી પૂર્વની પેઠે શ્રીકૃષ્ણની પૂજા કરી યજ્ઞના વિધાનપૂર્વક (પાર્વણ સ્થાલીપાક વિધિથી) દૂધમાં રાંધેલા ચરુથી ઘી સાથે અગ્નિમાં બાર જ આહુતિઓ આપવી. પછી પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદો મસ્તક વડે સ્વીકારી ભકિતપૂર્વક તેઓને મસ્તકથી પ્રણામ કરી તેમની રજા લઈ જમવું; તેમ જ આચાર્યને આગળ કરી વાણીને નિયમમાં રાખી પોતાનાં સગાં સાથે ઉત્તમ પ્રજા આપનાર તથા શ્રેષ્ઠ સૌભાગ્ય દેનાર તે ચરુનો શેષ ભાગ પત્નીને આપવો. હરકોઈ પુરુષ આ વ્રતને વિધિ પ્રમાણે કરી શ્રીભગવાન પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવે છે. તેમ જ હરકોઈ સ્ત્રી આ વ્રત કરી સૌભાગ્ય, લક્ષ્મી, પ્રજા, લાંબા આયુષ્યવાળો પતિ, યશ તથા ઘર મેળવે છે. કન્યા આ વ્રત કરે તો સમગ્ર લક્ષણોવાળા વરને મેળવે છે, વિધવા સ્ત્રી આ વ્રત કરે તો પાપરહિત થઈ સદ્ગતિને પામે છે, છોકરાં ન જીવતાં હોય એવી સ્ત્રી આ વ્રત કરે તો તેનાં છોકરાં જીવે છે. નિર્ધન સ્ત્રી આ વ્રત કરે તો ધનવાળી થાય છે અને ધનની માલિક હોવા છતાં જે સ્ત્રી અત્યંત દુર્ભાગિની હોય તે (આ વ્રતથી) ઉત્તમ ભાગ્યશાળી થાય છે, તેમ જ કદરૂપી સ્ત્રી આ વ્રત કરી ઉત્તમ રૂપ પામે છે. રોગી મનુષ્ય આ વ્રત કરે, તો મોટા રોગથી મુકત થઈ ઈન્દ્રિયો સિહિત સમર્થ દેહને પામે છે. વળી કોઈ મનુષ્ય હરકોઈ શુભ પ્રસંગે આનો પાઠ કરે, તો પિતૃઓને તથા દેવોને અનંત તૃપ્તિ થાય છે અને હોમ થયા પછી પ્રસન્ન થયેલા અગ્નિદેવ, લક્ષ્મીજી તથા શ્રીહરિ બધી કામનાઓ આપે છે. હે રાજન્ ! એ રીતે મરુદ્ગણોનો પવિત્ર જન્મ તથા દિતિનું મહાન વ્રત મેં તમને કહ્યું. ૧-૨૮

तुष्टाः प्रयच्छन्ति समस्तकामान् होमावसाने हुतभुक् श्रीर्हरिश्च ।
राजन्महन्मरुतां जन्म पुण्यं दितेर्व्रतं चाभिहितं महत्ते ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## ષષ્ઠ સ્કંધ સમાપ્ત

# શ્રીમદ્ ભાગવત

# સપ્તમ સ્કંધ

## અધ્યાય-૧

## નારદજી અને યુધિષ્ઠિરનો સંવાદ અને જય-વિજયની કથા

॥ राजोवाच ॥

समः प्रिय सुहृद् ब्रह्मन् भूतानां भगवान् स्वयं । इन्द्रस्यार्थे कथं दैत्यानवघीद्विषमो यथा ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે બ્રહ્મન્ ! ભગવાન પોતે સર્વે પ્રાણીઓને સમાન, પ્રિય તથા મિત્ર છે, છતાં તેમણે પોતે જાણે વિષમ બુદ્ધિવાળા હોય તેમ ઇંદ્ર માટે દૈત્યનો નાશ કેમ કર્યો ? ભગવાનનું સ્વરૂપ કેવળ પરમાનંદસ્વરૂપ તથા ગુણરહિત છે, જેથી તેમને દેવગણો સાથે કંઈ પ્રયોજન નથી, એટલે તેમને દેવગણો ઉપર પ્રેમ નથી તેમ અસુરોથી ભય નથી, તેમને અસુરો પર દ્વેષ ન થવો જોઈએ. હે મહાભાગ્યશાળી શુકદેવજી ! એમ અમને શ્રીનારાયણના ગુણો પ્રત્યે ઘણો મોટો સંશય થયો છે, તેને દૂર કરવા આપ યોગ્ય છો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે મહારાજ ! તમે શ્રીહરિનું અદ્‌ભૂત ચરિત્ર ઠીક પૂછ્યું, જેમાં ભગવાનના ભક્ત (પ્રહ્‌લાદ)નું માહાત્મ્ય છે અને ભગવાનમાં ભકિત વધારનારું તે પરમ પવિત્ર ચરિત્ર નારદાદિ ઋષિઓ પણ ગાય છે. મુનિ વ્યાસદેવને નમસ્કાર કરી શ્રીહરિની કથા હવે કહું છું. (જે દુર્મતિ મનુષ્ય જીભ મેળવીને પણ કીર્તન કરવા યોગ્ય શ્રીવિષ્ણુ ભગવાનનું કીર્તન કરતો નથી, તે મોક્ષની નિસરણી મેળવીને પણ તેના પર ચડતો નથી. આનંદરસથી સુંદર શ્રીગોવિંદના માહાત્મ્યનું જે પુરુષ નિત્ય શ્રવણકીર્તન કરે છે, તે કૃતાર્થ થાય છે એમાં સંશય નથી. માટે હે બુદ્ધિમાન મહારાજ ! મહાપુણ્ય આપનારી શ્રીગોવિંદના ચરિત્રવાળી કથા તમે સાંભળો. ભગવાન જો કે નિર્ગુણ, અજન્મા, રાગદ્વેષાદિના કારણભૂત, શરીર તથા ઈન્દ્રિયાદિથી રહિત અને પ્રકૃતિથી પર છે; તોપણ પોતાની માયાના સત્ત્વાદિ ગુણોમાં પ્રવેશ કરી દૈત્યો તરફ તેઓ સંહારક તરીકે થાય છે. (અથવા દેવો તથા અસુરો વચ્ચે ચાલતી લડાઈમાં કારણ થાય છે.) સત્ત્વગુણ, રજોગુણ એ પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી; તેમ જ હે રાજન્ ! એ ગુણોનું ઓછાવત્તાપણું એકી વખતે થતું નથી. (પણ કાળને લીધે થાય છે, તેથી પોતાની ઈચ્છાનુસાર ગુણોનો આશ્રય હોવા છતાં ભગવાનમાં પક્ષપાતની વિષમતા નથી જ.) તે તે કાળને અનુસરતા ગુણોવાળા ભગવાન સત્ત્વગુણનો જયકાળ હોય ત્યારે દેવો તથા ઋષિઓને અનુસરે છે,

તેઓના શરીરમાં પ્રવેશ કરી તેઓની વૃદ્ધિ કરે છે. રજોગુણનો જયકાળ હોય ત્યારે અસુરોને વધારે છે અને તમોગુણનો જયકાળ હોય ત્યારે યક્ષો તથા રાક્ષસની ઉન્નતિ કરે છે. જેમ અગ્નિ એક જ છે, છતાં અનેક લાકડાંઓમાં જુદો જુદો જણાય છે; જળ એક જ છે તોપણ જુદાં જુદાં પાત્રોમાં જુદું જુદું જણાય છે અને આકાશ પણ એક જ છે, છતાં ઘડો વગેરે જુદાં જુદાં સ્થાનમાં અનેક હોય તેવું જણાય છે; તે પ્રમાણે જ ભગવાન પણ એક જ છે; છતાં અનેક સ્વરૂપવાળા જણાય છે અને તે તે દેવ આદિ શરીરસમૂહથી જુદા જણાતા નથી. છતાં વિદ્વાનો સ્વભાવવાદ, કાળવાદ તથા કર્મવાદ વગેરેનો નિષેધ કરી કાર્યદર્શનના ચિહ્નથી વિચારીને પોતાને વિષે રહેલા પરમાત્માને જાણે છે. (જેમ સૂર્યકાંત વગેરેમાં દાહકશકિત જોવાથી જણાય છે કે અહીં તેજ છે અથવા કોઈ સ્થળે ગંધ સુંઘવાથી જણાય છે કે અહીં વાયુ છે તેમ) પરમેશ્વર જીવના ભોગ માટે શરીરો સર્જવા ઈચ્છે છે, ત્યારે (સમભાવે રહેલા) રજોગુણને પોતાની માયા વડે જુદો સર્જે છે અર્થાત્ સત્ત્વગુણ અને તમોગુણનું બળ ઓછું કરી રજોગુણના બળમાં વૃદ્ધિ કરે છે. વળી તે જુદાં જુદાં શરીરમાં પોતે રમવા ઈચ્છે છે, ત્યારે (સમભાવમાં રહેલા) સત્ત્વગુણમાં પોતાની માયા વડે જુદો સર્જે છે. સત્ત્વગુણમાં અધિકતા કરે છે અને સંહાર કરવા ઈચ્છે છે, ત્યારે એ ભગવાન (સમાન સ્થિત રહેલા) તમોગુણને પોતાની માયા વડે અધિક્તા પમાડે છે. હે રાજા ! અમોઘ કર્તા ઈશ્વર, પ્રકૃતિ અને પુરુષના નિમિત્તે તે પ્રકૃતિ તથા પુરુષના સહકારીપણે આશ્રયરૂપ એવા વર્તમાનકાળને પોતે જ સર્જે છે; અર્થાત્ કાળ એ પણ ભગવાનની એક ચેષ્ટા છે માટે ભગવાન કાળને પણ અધીન નથી. હે રાજન્ ! એ કાળ સત્ત્વગુણમાં વૃદ્ધિ કરે છે. તેથી તેના અધિષ્ઠાતા ઈશ્વર પણ સત્ત્વગુણપ્રધાન દેહસમૂહની વૃદ્ધિ કરતા હોય તેવા જણાય છે અને દેવોને પ્રિય તથા મોટી કીર્તિવાળા તે ભગવાન દેવોના શત્રુ અને રજોગુણ તથા તમોગુણથી યુક્ત અસુરોનો જાણે નાશ કરતા હોય તેવા ગણાય છે. હે રાજા ! આ સંબંધી જ પૂર્વે રાજસૂય મહાયજ્ઞમાં પોતાને પ્રશ્ન કરતા યુધિષ્ઠિરરાજાને દેવર્ષિ નારદે ઈતિહાસ કહ્યો હતો. રાજસૂય મહાયજ્ઞમાં ભગવાન વાસુદેવ વિષે શિશુપાલનું મહાઅદ્ભુત સાયુજ્ય (ભગવાન વાસુદેવ વિષે એકરૂપ થવું) જોઈને મનમાં વિસ્મય પામી, યુધિષ્ઠિરરાજાએ ત્યાં બેઠેલા દેવર્ષિ નારદને મુનિઓના સાંભળતાં આ પ્રમાણે પૂછ્યું હતું.

**યુધિષ્ઠિર બોલ્યા :** અહો શિશુપાલ શત્રુ હોવા છતાં એકાંતિક ભકતોને પણ દુર્લભ પરમતત્ત્વ ભગવાન વાસુદેવની તેને આ પ્રાપ્તિ થઈ, તે ઘણું જ આશ્ચર્ય છે. હે મુનિ ! વેનરાજાને ભગવાનની નિંદાથી બ્રાહ્મણોએ નરકમાં નાખ્યો હતો. (તો પછી આ શિશુપાલ ભગવાનની નિંદા કરવા છતાં આવી સાયુજ્ય ગતિ કેમ પામ્યો ? ) એ અમે બધા જાણવા ઈચ્છીએ છીએ. દમઘોષનો પાપી પુત્ર શિશુપાલ અને દુર્મતિ દંતવક્ત્ર બાલ્યાવસ્થાના કોમળ ભાષણથી માંડીને હમણાં સુધી શ્રીગોવિંદ તરફ ક્રોધવાળા અને અદેખા હતા, જેથી તે બંને અવિનાશી પરબ્રહ્મ આ વિષ્ણુભગવાનને વારંવાર ગાળો દેતા છતાં તેઓ બંનેની જીભમાં કોઢ ન નીકળ્યો કે તેઓ બંને ઘોર નરકમાં ન પડ્યા ! (તે આશ્ચર્ય છે ને ! ) તેઓ બંને દુર્લભ સ્વરૂપવાળા ભગવાનમાં સર્વ લોકોના દેખતાં સત્વર લય કેમ પામ્યા ? આ ઘણું જ આશ્ચર્ય છે અને તેથી વાયુ વડે જેમ દીવાની શિખા ભમે તેમ મારી બુદ્ધિ ભમે છે, તો આપ ભગવાન તેનું કારણ કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** રાજાનું તે વચન સાંભળી ભગવાન નારદઋષિ પ્રસન્ન થયા અને સભાના સાંભળતાં તેને સંબોધી તે કથા કહેવા લાગ્યા.

**નારદજી બોલ્યા :** હે રાજન્ ! નિંદા, સ્તુતિ, સત્કાર અને તિરસ્કાર માટે ઉપયોગી આ શરીર પ્રકૃતિ તથા પુરુષના અવિવેકથી રચાયું છે. હે રાજા ! તે શરીર પરના અભિમાનને લીધે પ્રાણીઓને જેમ 'હું, મારું' એવી વિષમતાથી પરસ્પર હિંસા થાય છે અને દંડ તથા નિંદાના કારણથી પ્રાણીઓને જેમ પીડા થાય છે, તેવી હિંસા કે પીડા ઈશ્વરને છે જ નહિ. વળી આ શરીરને લીધે પ્રાણીઓને 'હું—મારું' એવું અભિમાન થાય છે. તે શરીરના નાશથી પ્રાણીઓને જેમ પોતાનો નાશ થયો જણાય છે, તેમ ઈશ્વરને થતું નથી; કારણ કે તે પોતે અદ્વિતીય કેવળ એક જ અને સર્વના આત્મા છે અને તેથી જ એ પરમેશ્વર (દૈત્યો જેવાં) બીજાં પ્રાણીઓને શિક્ષા કરે, તો પણ તેમને હિંસા લાગુ થઈ એમ કયા કારણે માની શકાય ? કોઈ કારણે નહિ. માટે વેરભાવથી, નિર્વેરભાવથી, ભયથી, સ્નેહથી અથવા કામનાની ઈચ્છાથી ભગવાન વિષે મન જોડી દેવું; કારણ કે આ ઉપાયોથી (મન ભગવાન વિના) બીજી વસ્તુને જોતું નથી. તેમાં પણ વેરભાવથી મનુષ્ય જેવો ભગવાનમય બને છે તેવો ભકિતયોગથી થતો નથી એમ મારું નિશ્ચય માનવું છે. જેમ ભમરાએ ભીંતમાં કરેલા પોતાના દરમાં પૂરેલો કીડો ક્રોધ તથા ભયના (વેરભાવે) તે ભમરાનું જ સ્મરણ કરતો તેની સમાનતા પામે છે (ભમરારૂપ બને છે), તેમ માયાથી મનુષ્ય બનેલા ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ વિષે વેરભાવથી કેવળ તેમનું જ ચિતન કરવા વડે પાપરહિત થયેલા (આ શિશુપાલ વગેરે) પુરુષો તે ભગવાનને પામ્યા છે. જેમ ભક્તિથી ઈશ્વરમાં જ મન જોડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિ પામ્યા છે, તેથી કામથી, દ્વેષથી, ભયથી તથા સ્નેહથી પણ ભગવાનમાં મન જોડી અનેક મનુષ્યો તેમની ગતિ પામ્યા છે. જુઓ, હે રાજા ! ગોપીઓ કામનાથી, કંસ ભયથી, શિશુપાલ વગેરે રાજાઓ દ્વેષથી, યાદવો (પરિવારના) સંબંધથી, તમે સ્નેહથી અને અમે ભકિતથી ભગવાનને પામ્યા છીએ.પૂર્વોક્ત ભગવત્પ્રાપ્તિના પાંચ પ્રકારોમાંથી વેનરાજા કોઈ પણ પ્રકારનો ભગવાનનો ભક્ત ન હતો; માટે હરકોઈ મનુષ્યે (પૂર્વોક્ત) હરકોઈ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મન જોડવું. હે પાંડુપુત્ર ! તમારી માસીનો પુત્ર શિશુપાલ અને દંતવક્ત્ર પૂર્વે વિષ્ણુભગવાનના શ્રેષ્ઠ પાર્ષદો હતા, પણ બ્રાહ્મણ સનત્કુમારોના શાપથી પાર્ષદપણાથી ભ્રષ્ટ થયા હતા.

**યુધિષ્ઠિરે પૂછ્યું :** શ્રીહરિના દાસોને પણ હેરાન કરનાર તે શાપ કેવો અને કોનો હતો ? શ્રીહરિના એકાંત ભકતોને પણ ફરી સંસાર થાય તે ખરેખર ન મનાય તેવું છે. જેઓ વૈકુંઠપુરમાં રહે છે તેઓ શરીર, ઈન્દ્રિયો તથા પ્રાણથી રહિત હોય છે અર્થાત્ શુદ્ધ સત્ત્વગુણમય શરીરવાળા હોય છે; છતાં શ્રીહરિના તે પાર્ષદોને પ્રાકૃત દેહસંબંધ થયો હતો, તે કહેવા આપ યોગ્ય છે.

**નારદજી બોલ્યા :** એક દિવસ બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ ત્રણે જગતમાં ફરતા દૈવયોગે વિષ્ણુલોકમાં જઈ ચડયા. તેઓ પાંચ કે છ વર્ષના બાળક જેવા જણાતા હતા. છતાં મરીચિ આદિ પૂર્વકાળના ઋષિઓથી પણ પ્રથમ જન્મેલા હતા અને નગ્ન રહેતા હતા. જેથી તેઓને બાળક માની બંને દ્વારપાળોએ તેમને અટકાવ્યા. એટલે કોપેલા તે કુમારોએ તેમને શાપ આપ્યોઃ 'તમે બંને રજોગુણ તથા તમોગુણથી રહિત શ્રીભગવાનના ચરણમૂળમાં રહેવાને યોગ્ય નથી. માટે ઓ મુર્ખાઓ ! તમે બંને અહીંથી જલદી અત્યંત પાપી અસુર જાતિમાં ચાલ્યા જાઓ.' એમ તેઓએ શાપ આપ્યો એટલે તેઓ બંને પોતાના વૈકુંઠધામમાંથી નીચે પડવા લાગ્યા, ત્યારે તે દયાળુઓએ ફરી તેઓને કહ્યું 'તમે બંને ત્રણ જન્મો લઈ ફરીથી આ લોકમાં આવશો.' પછી એ બંને દૈત્યો અને દાનવોથી વંદન કરાયેલા દિતિના પુત્રો થયા. તેમાં મોટો હિરણ્યકશિપુ અને નાનો હિરણ્યાક્ષ હતો. હિરણ્યકશિપુને નૃસિંહરૂપ અને હિરણ્યાક્ષને

પૃથ્વીના ઉદ્ધાર સમયે વરાહરૂપ લઈ શ્રીહરિએ માર્યા હતા. હિરણ્યકશિપુએ ભગવાનને પ્રિય પોતાના પુત્ર પ્રહ્‌લાદનો નાશ કરવાની ઈચ્છાથી તેના મૃત્યુ માટે અનેક જાતનાં દુઃખો તેને આપ્યાં હતાં. પણ પ્રાણીમાત્રના આત્મારૂપ, અત્યંત શાંત, સમાન દૃષ્ટિવાળા અને ભગવાનના તેજથી વ્યાપ્ત પ્રહ્‌લાદને અનેક ઉદ્યમોથી પણ મારવાને તે સમર્થ થયો ન હતો. પછી તેઓ બંને (વિશ્રવાની સ્ત્રી) કેશિનીમાં વિશ્રવાના પુત્ર રાવણ અને કુંભકર્ણ નામે રાક્ષસ થયા કે જેઓ સર્વ લોકને તપાવનારા હતા. તે સમયે પણ ભગવાને રઘુવંશી રામચંદ્ર તરીકે અવતરી તેઓને શાપથી મુકત કરવા માર્યા હતા. હે રાજા ! એ રામચંદ્રનું પરાક્રમ તમે માર્કણ્ડેયઋષિના મુખથી સાંભળશો. પછી તે જ બંને તમારી માસીના પુત્ર (શિશુપાલ ને દંતવકત્ર નામે) ક્ષત્રિય થયા, જેઓ હમણાં શ્રીકૃષ્ણના ચક્રથી નિષ્પાપ થઈ શાપથી મુકત થયા છે. એ રીતે તેઓ બંને વિષ્ણુના પાર્ષદો વેર ભાવથી તીવ્ર બનેલા ધ્યાન વડે શ્રી ભગવાનની સાથે એકતા પામીને ફરી શ્રીહરિની પાસે ગયાં છે.

**યુધિષ્ઠિરે પૂછયું :** હે ભગવન્ ! હિરણ્યકશિપુને મહાત્મા પોતાના પુત્ર ઉપર દ્વેષ કેમ થયો હતો? અને પ્રહ્‌લાદને જે કારણથી શ્રીભગવાનમાં જ એકચિત્તપણું થયું હતું, તે કારણ પણ કહો. ૧-૪૭

विद्वेषो दयिते पुत्रे कथमासीन्महात्मनि । ब्रूहि मे भगवन् येन प्रह्लादस्याच्युतात्मना ॥४७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## હિરણ્યાક્ષનો વધ થવાથી હિરણ્યકશિપુએ પોતાની માતા અને કુટુંબીઓને સમજાવ્યા

॥ नारद उवाच ॥

भ्रातर्येवं विनिहते हरिणा क्रोधमूर्तिना । हिरण्यकशिपू राजन् पर्यतप्यद्रुषा शुचः ॥१॥

**નારદ બોલ્યા :** હે રાજા ! વરાહમૂર્તિ ભગવાને ‘ભાઈ હિરણ્યાક્ષનો વધ કર્યો એટલે હિરણ્યકશિપુ રોષ અને શોકથી સંતાપ કરવા લાગ્યો. ક્રોધથી ઘેરાઈ હોઠ પીસીને કોપથી પ્રદીપ્ત બંને નેત્રથી (ક્રોધાગ્નિના ધુમાડા વડે) ભૂખરવર્ણ આકાશ સામે જોતો તે કહેવા લાગ્યો. તે વેળા ભયંકર દાઢો, ઉગ્ર દૃષ્ટિ અને ભ્રુકુટિયુક્ત તેનું મુખ ઘણી મુશ્કેલીએ દુઃખથી જોઈ શકાય તેવું હતું. તેણે ત્રિશૂલ ઉગામી સભામાં દાનવોને આ પ્રમાણે કહ્યું : હે દાનવો ! હે દૈત્યો ! હે દ્વિમૂર્ધા ! હે ત્ર્યક્ષ ! હે શંબર ! હે શતબાહુ ! હે હયગ્રીવ ! હે નમુચિ ! હે પાક ! હે ઈલ્વલ ! હે વિપ્રચિત્તિ ! હે પુલોમા અને હે શકુન વગેરે દૈત્યો ! તમે મારું વચન સાંભળો અને પછી બધા તે પ્રમાણે કરો. વિલંબ ન કરશો. આપણા ક્ષુદ્ર શત્રુઓએ સર્વ તરફ સમાન દૃષ્ટિવાળા છતાં વિષ્ણુને ભજન વડે પોતાના પક્ષમાં લઈ તેની પાસે શ્રેષ્ઠ હૃદયવાળા મારા વહાલા ભાઈનો નાશ કરાવ્યો છે. એ રીતે (દેવોનો પક્ષ લઈ) વિષ્ણુએ બધા પર સમાનભાવરૂપી પોતાનો સ્વભાવ છોડયો છે. વળી તે શુદ્ધ તેજામય છે, છતાં (દેવોનું કાર્ય કરવા) તેણે માયાથી વરાહનું રૂપ લીધું હતું. પોતાનું ભજન કરનારને જ તે ભજે છે અને બાળકની પેઠે તેનું મન પણ અસ્થિર છે. માટે તે વિષ્ણુની ડોકને મારા આ ત્રિશુળથી કાપીને તેના લોહીથી, લોહી જેને પ્રિય હતું એવા મારા ભાઈને તૃપ્ત કરીશ અને ત્યારે જ તેના દુઃખથી હું છૂટીશ. કપટી કરણીવાળો વિષ્ણુ નાશ પામશે, ત્યારે જેમ વનસ્પતિનાં મૂળ કપાઈ જતાં તેનાં ડાળાં સુકાઈ જાય છે, તેમ વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ

(પોતાની મેળે) નાશ પામશે. માટે તમે પ્રથમ તો બ્રાહ્મણો અને ક્ષત્રિયાથી વધેલી પૃથ્વી પર જાઓ અને (ત્યાં) તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત તથા દાન કરનારાઓનો નાશ કરો. કારણ કે બ્રાહ્મણોની (યજ્ઞાદિ) ક્રિયા વિષ્ણુનું મૂળ છે અને વિષ્ણુ તે યજ્ઞ તથા ધર્મમય પુરુષ છે, તેમ જ દેવો, ઋષિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ તથા ધર્મના પરમ આશ્રય છે. જ્યાં જ્યાં બ્રાહ્મણો, ગાયો, વેદો, વર્ણો, આશ્રમો તથા યજ્ઞયાગાદિ ક્રિયાઓ હોય, તે તે દેશમાં તમે જાઓ અને તે તે દેશને સળગાવી નાખો તથા (તે તે યજ્ઞયાગાદિ ક્રિયામાં ઉપયોગી) વૃક્ષો કાપી નાખો.'

એમ સ્વામીની આજ્ઞા આદરપૂર્વક મસ્તકથી સ્વીકારીને હિંસાપ્રિય તે દાનવો પ્રજાઓની હિંસા કરવા લાગ્યા. તેઓ નગરો, ગામડાં, નેસડા, બગીચા, ખેતરો, વાડીઓ, આશ્રમો, રત્નાદિની ખાણો, ખેડૂતોનાં રહેઠાણો, પહાડી ગામો, ભરવાડોનાં સ્થાનો તથા રાજધાનીઓને બાળી નાખ્યાં. કેટલાક દાનવોએ ખોદવાનાં સાધનોથી પુલોને, કિલ્લાઓને તથા દરવાજાઓને ખોદી નાખ્યા. કેટલાકોએ ફરશીઓ હાથમાં લઈ (આજીવિકાનાં સાધન) વૃક્ષો કાપી નાખ્યાં અને બીજાઓએ બળતાં ઉંબાડિયાંથી પ્રજાઓનાં ઘરો બાળી નાખ્યાં. એમ તે દૈત્યરાજના સેવકો લોકોને દુ:ખી કરવા લાગ્યા એટલે દેવતાઓ સ્વર્ગ છોડીને છાના પૃથ્વી પર ફરવા લાગ્યા. હિરણ્યકશિપુએ દુ:ખી થઈ મરણ પામેલા ભાઈ હિરણ્યાક્ષનાં પ્રેતશ્રાદ્ધ આદિ મરણક્રિયાઓ કરી અને શકુનિ, શબર, ધૃષ્ટ, ભૂતસંતાપન, વૃક, કાલનાભ, મહાનાભ, હરિશ્મશ્રું તથા ઉત્કચ નામના ભાઈના પુત્રોને શાંત કર્યા. પછી હે રાજા ! તેની માતા (હિરણ્યાક્ષની સ્ત્રી) રુપાભાનુને તથા પોતાની માતા દિતિને દેશ તથા કાળને જાણનારા તેણે આ પ્રમાણે કહ્યું.

**હિરણ્યકશિપુ બોલ્યો :** હે માતા ! ઓ મા ! હે વહુ ! હે પુત્રી ! તમે તે વીરનો શોક કરવા યોગ્ય નથી; કારણ કે શુરા પુરુષનો શત્રુઓની સામે વધ થાય, તે વખાણવા યોગ્ય હોઈ ઈષ્ટ છે. હે ઉત્તમ વ્રતવાળી માતા ! જેમ કોઈ પર્વમાં પ્રાણીઓ એકઠાં થાય તેમ દૈવયોગે પોતાનાં પૂર્વકર્મના વેગથી આ જગતમાં પ્રાણીઓ એકઠાં થાય છે અને પાછાં છૂટાં પડે છે. (તત્ત્વદષ્ટિએ પણ) આત્મા નિત્ય (મૃત્યુશૂન્ય), અવ્યય (અપક્ષયરહિત), શુદ્ધ, સર્વવ્યાપી, સર્વજ્ઞ અને દેહાદિથી જુદો છે. માટે તે મરી ગયો, કૃશ થયો, મલિન છે, વિયોગી છે અને અજ્ઞાની છે એમ માની શોક ન કરવો. આત્મા પોતાના અજ્ઞાનથી ઊંચનીચ શરીરો લે છે અને સુખદુ:ખાદિ ધર્મો (દેહના હોવા છતાં પોતાના તરીકે) સ્વીકારે છે. જેમ ચાલતા જળથી (તે જળમાં પ્રતિબિંબિત) વૃક્ષો પણ ચાલતાં હોય તેવાં લાગે છે; અથવા ભમતી આંખથી પૃથ્વી જાણે ભમતી હોય તેવી લાગે છે, તેમ હે ભદ્રે ! સત્ત્વાદિ ગુણોથી મન ભમે છે, ત્યારે આત્મા પણ પોતે પરિપૂર્ણ હોવા છતાં તે મનની સમાનતા પામે છે, પોતે પણ ભમે છે (સંસાર પામે છે). ખરું જોતાં આત્મા દેહાદિકના સંગથી રહિત છે; છતાં જાણે તે દેહાદિના સંગવાળો હોય, તેમ (અજ્ઞાનને લીધે) જણાય છે. એમ આત્મા શરીરથી રહિત છે છતાં તેના પર દેહાભિમાન કરવું એટલે 'આત્મા દેહરૂપ છે' એમ માનવું તે જ આત્મસ્વરૂપનું જ્ઞાન છે. આત્મા સંબંધી અજ્ઞાન જ પ્રિય સાથે વિયોગરૂપે, અપ્રિય સાથે સંયોગરૂપે, જુદાં જુદાં કર્મોરૂપે અને સંસારરૂપે એટલે અનેક ગર્ભોમાં પ્રવેશ કરવારૂપે થાય છે. એટલું જ નહિ પણ તે જ આત્મા સંબંધી અજ્ઞાન ઉત્પત્તિરૂપ, વિનાશરૂપ, જાતજાતના શોકરૂપ, અવિવેકરૂપ, ચિંતારૂપ તથા વિવેકનાં વિસ્મરણરૂપ કહેવાય છે. આ વિષયમાં પણ યમદેવ તથા મૃત્યુ પામેલા (એક રાજા)ના સંબંધીઓના સંવાદરૂપ પુરાતની ઇતિહાસ કહેવાય છે, તેને તમે સાંભળો. ઉશીનર દેશમાં સુયજ્ઞ નામે પ્રખ્યાત રાજા હતો. તેને શત્રુઓએ યુદ્ધમાં મારી નાખ્યો, એટલે તેના

સંબંધીઓ તેની પાસે વીંટાઈ વળી બેઠાં. એ સમયે તે રાજાનું રત્નજડિત કવચ તૂટી ગયું હતું, તેના અલંકારો તથા પુષ્પની માળા શરીર પરથી પડી ગયાં હતાં; બાણથી તેનું હૃદય ચિરાઈ ગયું હતું; લોહીલુહાણ થઈ તે પૃથ્વી પર પડ્યો હતો, તેના કેશ વીખરાઈ પડ્યા હતા. તેની આંખો ફૂટી ગઈ હતી, ક્રોધથી તેણે હોઠ પીસ્યા હતા; તેનું મુખકમળ ધૂળથી ઢંકાઈ ગયું હતું અને યુદ્ધમાં તેના આયુધો તથા ભુજાઓ કપાઈ પડ્યાં હતાં. ઉશીનર દેશના રાજા પોતાના પતિને દેવે એ દિશામાં મૂક્યો, તે જોઈને દુઃખી થયેલી તેની રાણીઓ 'હે નાથ ! અમે મરી ગયાં' એમ કહી હાથ વડે છાતીને અત્યંત કૂટતી વારંવાર તેના પગમાં પડવા લાગી. પોકે પોકે રડવા લાગી, પતિના ચરણકમળને સ્તન ઉપરના કેસરથી લાલ બનેલાં આંસુઓ વડે ભીંજવવા લાગી અને વિખરાયેલા કેશ તથા અલંકારોવાળી તે રાણીઓ બીજાં મનુષ્યોને પણ શોક ઉપજાવતી કકળાટ કરી વિલાપ કરવા લાગી : 'અહો ! હે પ્રભો ! નિર્દય વિધાતાએ હાલમાં આપને અમારી દૃષ્ટિથી દૂર કર્યા છે. જે વિધાતાએ આપને પ્રથમ ઉશીનર દેશના લોકોને આજીવિકા આપનારા કર્યા હતા, તે જ આપને હમણાં ઉશીનર દેશના લોકોના શોકને વધારનાર કર્યા છે. ઓ રાજા ! તમે કૃતજ્ઞ હોઈ અમારા અત્યંત સ્નેહી હતા, તો આપ વિના હવે અમે કેમ રહી શકીશું ? ઓ વીર ! આપ જ્યાં પધારો છો ત્યાં આપની પાછળ આવવા આપની ચરણસેવિકા અમને આપ આજ્ઞા કરો.' એમ મરેલા પતિને લઈને રાણીઓ વિલાપ કરતી હતી અને રાજાને અગ્નિસંસ્કાર માટે લઈ જવા ઈચ્છતી ન હતી. તેવામાં સૂર્ય અસ્ત પામ્યો. પછી ત્યાં તે શબના બંધુઓનો વિલાપ સાંભળી યમદેવ પોતે બાળસ્વરૂપે આવ્યા ને તેઓને કહેવા લાગ્યા.

**યમદેવ બોલ્યા :** અહો ! આશ્ચર્ય છે કે આ મનુષ્યો (મારા કરતાં) ઉંમરે મોટા છે અને જન્મમરણ વગેરે લોકરીતિ જુએ છે, તોપણ તેઓનો મોહ કેવો છે ! આ મરેલો મનુષ્ય જ્યાંથી આવ્યો હતો ત્યાં જ ગયો છે અને પોતે પણ તેના જેવા જ ધર્મવાળા હોવા છતાં આ મનુષ્યો તે(મરેલા)નો વ્યર્થ શોક કરે છે. અહો ! અમે જ અત્યંત ભાગ્યશાળી છીએ; કારણ કે માતાપિતાએ અમને છોડયા છે; તોપણ અમે કંઈ ચિંતા કરતા નથી. વળી અમે બળ વિનાના છીએ તોપણ વરુ વગેરે પ્રાણીઓ અમને ખાઈ જતાં નથી; કારણ કે ગર્ભમાં જેણે રક્ષા કરી છે, તે જ બધે રક્ષા કરે છે. હે સ્ત્રીઓ ! જે અવિનાશી ઈશ્વર આ જગતને પોતાની ઈચ્છાથી સર્જે છે, પાળે છે અને સંહારે છે તે ઈશ્વરને સ્થાવરજંગમ આ જગત રમવાનું સાધન છે; માટે તે જ ઈશ્વર સંહાર તથા પાલન કરવા સમર્થ છે. ઈશ્વરે રક્ષા કરેલી વસ્તુ રસ્તામાં પડી હોય તો પણ તેમની તેમ જ રહે છે અને ઈશ્વરે નાશ કરેલી વસ્તુ ઘરમાં રહી હોય, તોપણ ત્યાં નાશ પામે છે. જુઓ ! પરમેશ્વરે કૃપાદૃષ્ટિથી જોયેલો મનુષ્ય અનાથ કે વનમાં હોય તોપણ જીવે છે, પણ તે પરમેશ્વરે મારેલો મનુષ્ય ઘરમાં સુરક્ષિત હોય તોપણ જીવતો નથી. પ્રાણીમાત્રમાં સ્થૂળ શરીરો પોતાનાં કારણ–લિંગશરીરરૂપી નિમિત્તવાળાં કર્મોને લીધે સમયાનુસાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તે સમયે આત્મા જોકે તે શરીરમાં રહેલો હોવા છતાં તે શરીરોના જન્મમરણાદિ ધર્મોથી કદી બંધાતો નથી–દેહના જન્મમરણાદિ ધર્મો આત્માને લાગુ કદી થતા નથી; કારણ કે આત્મા દેહથી જુદો જ છે. આ શરીર પુરુષને મોહથી ઉત્પન્ન થયેલું છે (કેવળ અજ્ઞાનથી જ પોતાના તરીકે થયેલું છે), પણ ખરી રીતે પોતાથી જુદું જ છે; કારણ કે શરીર દૃશ્ય હોઈ ઘરની પેઠે ભૌતિક છે. પાંચભૂતોથી બનેલું છે. જેમ જળના પરમાણુઓથી થયેલા પરપોટા પરિણામી હોઈ નાશ પામે છે, જેમ પૃથ્વીના પરમાણુઓથી ઉત્પન્ન થયેલા ઘડા વગેરે પરિણામી હોઈ નાશ પામે છે અને જેમ તેજરૂપ સોનું વગેરેના પરમાણુઓથી ઉત્પન્ન થયેલા કુંડલ વગેરે પદાર્થો પરિણામી હોઈ નાશ પામે છે; તેમ એ ત્રણ

પ્રકારના વિકારોથી થયેલું શરીર પણ પરિણામી હોઈ નાશ પામે છે, પણ આત્મા નાશ પામતો નથી. જેમ અગ્નિ લાકડામાં રહ્યો છે, છતાં (તેને બાળનાર અને પ્રકાશક તરીકે) તે લાકડાથી જુદો જ જણાય છે, અને જેમ વાયુ શરીરમાં રહેલો છતાં (મુખ તથા નાસિકા વગેરેમાં) તે જુદો જણાય છે, તેમ આત્મા શરીરમાં રહેવા છતાં તે શરીરથી જુદો જ જણાય છે. વળી જેમ આકાશ બધે રહેલું છે, છતાં કોઈ સ્થળે સંગ પામતું નથી (કોઈ ધર્મથી લેપાતું નથી), તેમ આત્મા પણ દેહ (ઈન્દ્રિય) આદિ સર્વ ગુણોનો આશ્રય છે (તેઓમાં રહેલો છે) તોપણ તેઓથી જુદો જ છે. (અને તેના ધર્મોથી કદી લેપાતો નથી.) વળી હે મૂઢ લોકો ! તમે જેનો શોક કરો છો તે આ સુયજ્ઞ અહીં સૂતો છે. (તેનો શોક શા માટે કરો છો ? તમે કદાચ કહેશો કે આટલા સમય સુધી તે સાંભળતો હતો અને ઉત્તર પણ આપતો હતો, પણ હમણાં સાંભળતો નથી કે ઉત્તર આપતો નથી માટે મરી ગયો છે અને તેથી જ અમે તેનો શોક કરીએ છીએ. આમ માનો તોપણ તે શોક કરવાને યોગ્ય નથી, કારણ કે) જે સાંભળનારો અને ઉત્તર આપનારો છે, તે કદી દેખાતો નથી. આ શરીરમાં જે સર્વથી મોટો અને મુખ્ય પ્રાણવાયુ છે તે પણ સાંભળનાર કે ઉત્તર આપનાર નથી. (કારણ કે તે જડ છે) પણ આ શરીરમાં જે દેહ તથા ઈન્દ્રિયોવાળો હોઈ દેહ તથા ઈન્દ્રિયોથી તે તે વિષયનો દ્રષ્ટા છે, તે આત્મા તો (પોતે ચેતન હોઈ અચેતન એવા) પ્રાણ તથા દેહથી જુદો જ છે. (અને તે જ શ્રોતા તથા વકતા છે.) તે આત્મા પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા મનથી જણાતાં નાનાંમોટાં શરીરોને પોતે તેઓથી જુદો હોઈને જ 'આ શરીર હું છું' એમ માને છે, તેમજ પોતાના તે જ વિવેકબળથી તે શરીરનો ત્યાગ કરે છે : 'આ શરીર હું નથી' એમ માની તેથી છૂટે પણ છે, આત્માં જ્યાં સુધી લિંગશરીરથી યુકત છે, તે શરીરને 'આ હું છું' એમ અભિમાનથી પોતાનું માને છે, ત્યાં સુધી જ કર્મ તેને બંધનનાં કારણે થાય છે અને તેથી જ વિપરીત દેહના ધર્મોને તે પામે છે; તેમ જ સાંસારિક કલેશો તેને અનુસરે છે. (પણ લિંગશરીર પરનું અભિમાન છૂટતાં તેવું કંઈ થતું નથી; કારણ કે) તે વિપરીત દેહ, ધર્મ વગેરે કેવળ માયાથી જ સંબંધ પામે છે, વાસ્તવિક નથી. ગુણોનું કાર્ય, સુખદુઃખાદિને સત્ય જોવાં કે કહેવા તે ખોટો દુરાગ્રહ છે; કારણ કે જેમ મનોરથ તથા સ્વપ્ન મિથ્યા છે, તેમ ઇંદ્રિયોથી થનારું બધું મિથ્યા જ છે. માટે આત્મા તથા શરીરને નિત્ય અને અનિત્ય જાણનારા જ્ઞાનીઓ નિત્ય આત્માના તથા અનિત્ય શરીરનો શોક કરતા નથી. ( કદાચ તમે કહેશો કે આવો ઉપદેશ કરનારા જ્ઞાનીઓ પણ શોક કરે છે તેનું કેમ ? તો પોતે જ્ઞાની હોવા છતાં) જેઓ શોક કરે છે તેઓનો સ્વભાવ ( જ્ઞાનની દૃઢતા ન થવાથી) પલટાવી શકાતો નથી, કોઈ પારધી જંગલમાં પક્ષીઓના કાળ તરીકે નિર્માણ થઈ ત્યાં ત્યાં જાળ પાથરીને (દાણા વગેરે નાખી) પક્ષીઓને લોભાવતો હતો (ને પક્ષીઓને પકડતો હતો.) એક સમયે તેણે ત્યાં ફરતાં ચકલાચકલીને જોયાં એટલે તુરત જ તે પારધીએ તેમાંથી માદાને લોભાવીને જાળમાં સપડાવી તે માદાપક્ષી કાળથી સપડાઈ જાળના દોરામાં બંધાઈ એટલે પેલો નરપક્ષી એ રીતે દુઃખમાં પડેલી પોતાની માદાને જોઈ અત્યંત દુઃખી થયો અને તેને છોડાવવા અસમર્થ હોઈ સ્નેહથી રાંક બની ગરીબ માદાનો શોક કરવા લાગ્યો : ''અહો ! દૈવ નિર્દય છે. તે પોતે સમર્થ છતાં આ દયાપાત્ર અને રાંકડી મારી સ્ત્રી, મારો રાંકનો શોક કરે છે તેને (મારી પાસેથી છીનવી લઈ) શું કરશે ? તે દૈવ મને પણ ભલે લઈ જાઓ. કારણ કે આવી રાંક અવસ્થામાં દુઃખપૂર્વક જીવતા અને વ્યાકુળ આયુષ્યવાળા મારા આ અર્ધ શરીરનું મારે હવે શું કામ છે ? અરેરે ! જેઓને હજી પાંખો પણ આવી નથી અને આ રીતે માતા વિનાનાં થયાં છે, તે મારાં બચ્ચાંનું હું શી રીતે પોષણ કરીશ ? આ મંદભાગી મારાં બચ્ચાં માળામાં માતાની રાહ જુએ છે.' એમ તે ચકલો પ્રિયાના વિયોગથી આતુર બની અશ્રુભર્યા કંઠે વિલાપ કરતો હતો, એવામાં કાળથી પ્રેરાયેલા પેલા

પારધીએ છુપાઈને તેને પણ બાણથી વીંધી નાખ્યો. એ પ્રમાણે તમે પણ પોતાના નાશને નહિ જોતાં બુદ્ધિહીન છો. તમે સો વર્ષ સુધી ફરી આ પતિનો શોક કરશો, તો પણ તેને (ફરી) પામવાનાં નથી જ.

**હિરણ્યકશિપુ બોલ્યો :** તે બાળકે (યમદેવે) એમ કહ્યું એટલે સુયજ્ઞ રાજાનાં તે સર્વ સંબંધીઓ મનમાં વિસ્મય પામ્યાં અને આ સર્વ જગતને મિથ્યા પ્રકટેલું અનિત્ય માનવા લાગ્યાં. યમદેવ તેઓને એમ કહી ત્યાં જ અદશ્ય થયા. એટલે તે સર્વ સંબંધીઓએ પણ સુયજ્ઞ રાજાની અંત્યેષ્ટિક્રિયા કરી. માટે તમે પણ તમારો પોતાનો કે પારકાનો શોક કરો નહિ; કારણ કે પોતાના કે પારકા આવા અભિમાન કે દુરાગ્રહરૂપ અજ્ઞાન વિના પ્રાણીઓને પોતાનું કે પારકું કોણ છે ? ને પોતે પણ કોણ છે ?

**નારદજી બોલ્યા :** એવાં દૈત્યરાજાનાં વાક્ય સાંભળી તેની માતા દિતિએ પોતાની વહુ સાથે પુત્રનો શોક તજી તુરત જ મનને તત્ત્વવસ્તુમાં સ્થાપ્યું. ૧-૬૧

इति दैत्यपतेर्वाक्यं दितिराकर्ण्य सस्नुषा । पुत्रशोकं क्षणात्त्यक्त्वा तत्त्वे चित्तमदारयत् ॥६१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## હિરણ્યકશિપુની ઘોર તપશ્ચર્યા ને પ્રસન્ન થયેલા બ્રહ્માનું તેને વરદાન

॥ नारद उवाच ॥

हिरण्यकशिपू राजन्नजेयमजरामरम् । आत्मानप्रतिद्वन्द्वमेकराजं व्यधित्सत ॥१॥

**નારદજી બોલ્યા :** હે રાજન્ ! હિરણ્યકશિપુએ પોતાને અજર, અમર, શત્રુરહિત અને સમગ્ર જગતના એક જ રાજા તરીકે રાજ્ય કરવાની ઈચ્છા કરી. તેણે મંદરાચલ પર્વતની ગુફામાં બાહુ ઊંચા રાખી આકાશ સામે નજર રાખી માત્ર પગના અંગૂઠાથી પૃથ્વી પર ઊભા રહીને અતિ ઘોર તપશ્ચર્યા કરવા માંડી. તે વેળા પ્રલયકાળનો સૂર્ય જેમ કિરણોથી પ્રકાશે તેમ જટાઓની ક્રાંતિથી તે પ્રકાશતો હતો. તે તપશ્ચર્યા કરતો હતો ત્યારે પ્રથમ જેઓ ગુપ્ત રીતે પૃથ્વી પર ફરતા હતા, તે બધા દેવો પોતપોતાનાં સ્થાનોમાં જઈ પહોંચ્યા. પછી તે હિરણ્યકશિપુના મસ્તકમાંથી ધુમાડા સાથે તપશ્ચર્યામય અગ્નિ ઉત્પન્ન થયો કે જે ચોતરફ ફેલાઈને આડા, અવળા ઉપર તથા નીચેના લોકોને તપાવવા લાગ્યો, તેથી નદીઓ ને સમુદ્રો ખળભળી ગયાં. બેટો અને પર્વતો સાથે પૃથ્વી કંપવા લાગી, આકાશમાંથી ગ્રહો સાથે તારાઓ પડવા લાગ્યા અને દશે દિશાઓ બળવા લાગી. પછી તે તપોમય અગ્નિથી તપેલા દેવતાઓ સ્વર્ગ છોડી બ્રહ્મલોકમાં ગયા અને બ્રહ્મદેવને આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યા : હે દેવોના દેવ ! હે જગતના પતિ ! દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુના તપથી અમે તપી રહ્યા છીએ. અમે સ્વર્ગમાં રહી શકતા નથી. હે સર્વથી મોટા દેવ ! હે સર્વના અધિપતિ ! જો આપ માનતા હો તો આપને બલિ આપનારા લોકો જ્યાં સુધીમાં નાશ પામ્યા નથી, ત્યાં સુધીમાં આપ તેની શાંતિ કરો.' આવી મુશ્કેલીએ થઈ શકે તેવી તપશ્ચર્યા કરનાર તે દૈત્યને સંકલ્પ આપના જાણવામાં નથી ? છે જ, તો પણ અમે આપને જણાવીએ છીએ તે સાંભળો. 'આ સ્થાવરજંગમ જગતને તપ અને યોગસમાધિથી સજી બ્રહ્મા જેમ સર્વ સ્થાનોથી શ્રેષ્ઠ પોતાના સ્થાનમાં રહે છે, તેમ હું પણ વધતા તપ અને યોગસમાધિથી (જોકે આયુષ્ય અલ્પ છે અને દેહ વારંવાર મરે છે તો પણ) કાળ અને આત્મા નિત્ય હોવાથી (અનેક જન્મો લઈને પણ મુશ્કેલીઓ થઈ શકે તેવી તપશ્ચર્યા કરી) મારે પોતાને માટે તે બ્રહ્મપદ સાધીશ. વળી હું મારા બળથી દેવોને અસુર તથા અસુરોને દેવો બનાવી

તેમ જ પુણ્યથી પાપ અને પાપથી પુણ્ય કરી, આ જગતને ઉલટાવી નાખીશ. જગતમાં ચાલુ પ્રથાથી વિપરીત જ પ્રથા ચાલુ કરીશ. બ્રહ્મપદ સિવાયના બીજા પ્રલયકાળે કાળથી નાશ પામતા ધ્રુવ વગેરે પદોનું મારે શું કામ છે ? હું તો બ્રહ્મપદને જ પામીશ. આવો તેનો નિશ્ચય અમે સાંભળ્યો છે અને તેથી જ તે મહાન તપશ્ચર્યા કરી રહ્યો છે. તો હે ત્રણે જગતના ઈશ્વર ! આપને યોગ્ય લાગે તે તે આપ પોતે કરો. હે જગતના પતિ ! આપનું આ બ્રહ્માસન, બ્રાહ્મણો તથા ગાયોની ઉત્પતિ. સુખ, ઐશ્વર્ય, ક્ષેમ અને વિજય માટે છે, (તેથી જો આપનું સ્થાન તે લઈ લેશે તો સત્પુરુષો ઉપર મોટું દુઃખ આવી પડશે.)

હે રાજા ! દેવોએ એમ વિનંતિ કરી એટલે ભગવાન બ્રહ્મા ભૃગુ તથા દક્ષ વગેરેને સાથે લઈ હિરણ્યકશિપુના આશ્રમે ગયા. ત્યાં રાફડા, ઘાસ તથા વાંસેથી ઢંકાયેલા અને કીડીઓ ચોતરફથી જેની ચરબી, ચામડી અને માંસ ખાઈ ગઈ હતી, એવા તે હિરણ્યકશિપુને બ્રહ્માએ (પ્રથમ તો) જોયો પણ નહિ. પછી વાદળાંમાં ઢંકાયેલા સૂર્યની પેઠે તપ વડે લોકોને તપાવતા તે હિરણ્યકશિપુને માંડ માંડ જોઈને વિસ્મય પામેલા હંસવાહન બ્રહ્મા હસતા હસતા કહેવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** ઓ કશ્યપના પુત્ર ! ઊઠ, ઊઠ, તારું કલ્યાણ થાઓ. તું તપશ્ચર્યાથી સિદ્ધ થયો છે. હું વર આપનારો અહીં આવ્યો છું માટે તું ઈચ્છિત વર માગ. મેં તારું મહા અદ્‌ભુત આ હૃદયબળ જોયું છે. તારા શરીરને કીડીઓ ખાઈ ગઈ છે અને તારા પ્રાણ માત્ર હાડકાઓમાં જ રહ્યા છે. આવી તપશ્ચર્યા પૂર્વકાળના ઋષિઓએ કરી નથી અને બીજા ભવિષ્યકાળમાં કોઈ કરશે નહિ. જળને પણ છોડી કયો પુરુષ દેવતાઓનાં સો વર્ષો સુધી પ્રાણ ધરી શકે ? હે દિતિના પુત્ર ! મનસ્વી પુરુષોને પણ દુષ્કર આ તારા અડગ નિશ્ચયથી હું જિતાયો છું અને તપમાં રહેલા તે તો મને જીત્યો છે; માટે હે અસુરશ્રેષ્ઠ ! હું તને સર્વ ઈષ્ટ કામનાઓ આપું છું. તને મરણ ધર્મવાળાને મારું દેવનું દર્શન નિષ્ફળ ન થવું જોઈએ.

**નારદજી બોલ્યા :** એમ કહી આદિદેવે બ્રહ્માએ કીડીઓથી ખવાયેલા અંગોવાળા તે હિરણ્યકશિપુ ઉપર અમોઘ પ્રભાવવાળું કમંડળનું દિવ્ય જળ છાંટયું. એટલે તરત જ તે હિરણ્યકશિપુ માનસિકશકિત, ઇંદ્રિયશકિત તથા દેહશકિતથી યુક્ત થઈ જેમ લાકડામાંથી અગ્નિ નીકળે, તેમ વાંસવાળા રાફડામાંથી બહાર નીકળ્યો. તે વેળા સર્વ અવયવોથી તે પૂર્ણ હતો. તેનું શરીર વજ્ર જેવું દૃઢ હતું. તે વયમાં યુવાન હતો અને તપેલા સુવર્ણ પેઠે પ્રકાશતો હતો. પછી તેણે બ્રહ્માને આકાશમાં રહેલા જોઈ તેમના દર્શનથી અત્યન્ત આનંદમાં આવી જઈ પૃથ્વી પર પડીને મસ્તક વડે પ્રણામ કર્યા અને ઊઠી નમ્ર થઈ બે હાથ જોડી દૃષ્ટિથી પ્રભુને જોતો અને હર્ષાશ્રુથી રોમાંચિત થયેલ તે દૈત્ય ગળગળી વાણીથી બ્રહ્માની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

**હિરણ્યકશિપુ બોલ્યો :** કલ્પના અંતકાળે ઉત્પન્ન કરેલા (પ્રકૃતિના ગુણરૂપ) અંધકારથી ઢંકાયેલા આ જગતને સ્વયંજ્યોતિ આપે પોતાના તેજથી પ્રકટયું હતું. વળી ત્રિગુણાત્મક આપ પોતાથી આ જગત સર્જો છો, પાળો છો, ને સંહારો છે. રજોગુણ, સત્વગુણ તથા તમોગુણના આશ્રયરૂપ આપ આ મહાન પરમેશ્વરને હું નમસ્કાર કરું છું. આપ આ જગતના કારણ છો; કારણ કે આપ જ સર્વના આદ્ય છો. જ્ઞાન તથા વિજ્ઞાન (વિષયાકાર જ્ઞાન) આપની જ મૂર્તિ છે અને આપ પ્રાણ, ઈંદ્રિયો, મન તથા બુદ્ધિરૂપ વિકારોથી કાર્યનો આકાર પામ્યા છો. તે આપને નમસ્કાર કરું છું. વળી આપ જ સૂત્રાત્મારૂપ મુખ્ય પ્રાણથી સ્થાવરજંગમ જગતના નિયંતા છો. માટે આપ પ્રજાઓના, પ્રજાઓના ચિત્તના, તેના પરિણામરૂપ ચેતનાના, મનના તથા મનને વશ રહેનારી ઇંદ્રિયોના પણ પતિ આપ જ છો, ને આકાશાદિ પાંચ

મહાભૂતોના શબ્દાદિ વિષયોના તથા તેની વાસનાઓના પણ આપ ઈશ્વર છો. (અર્થાત્ આપ જ સર્વના સ્રષ્ટા છો.) વળી આપ જેમાં ચાર હોતાઓ હોય છે, તેવા કર્મની વિદ્યારૂપ ત્રણ વેદથી અગ્નિષ્ટોમાદિ યજ્ઞોને વિસ્તારો છો; આપ પ્રાણીઓના આત્મા અને અંતરાત્મા (અંતર્યામી) છો. કારણ કે આપ સર્વજ્ઞ એક જ અખંડ, અનાદિ અને અનંત અપાર છો અર્થાત્ કાળથી કે દેશથી આપનો અંત નથી. વળી આપ જ સતત વહેતા કાળરૂપ હોઈ ક્ષણ, લવ વગેરે આપના વિભાગોથી મનુષ્યોના આયુષ્યનો નાશ કરો છો, છતાં આપ નિર્વિકાર છો; કારણ કે આપ આત્મા (જ્ઞાનરૂપ), પરમેષ્ઠી, પરમેશ્વર, અજન્મા, મહાન (અમાપ) છો અને (જીવલોક જ કર્મને લીધે જન્માદિ વિકારો પામે છે; આપ તો) જીવલોકના જીવનનું કારણ હોઈ તેના નિયંતા છો. આ જગતમાં જે કંઈ કારણરૂપ, કાર્યરૂપ, જંગમ અને સ્થાવર છે, તે કંઈ પણ આપથી જુદું નથી; કારણ કે વેદ, ઉપવેદ વગેરે વિદ્યાસ્થાનો અને તેનાં અંગરૂપ જે સર્વ કળાઓ છે, આપનાં શરીરો છે; કારણ કે આપ પરબ્રહ્મ છો. હિરણ્યગર્ભ છો. આપની અંદર હિરણ્યરૂપ બ્રહ્માંડ રહેલું છે અને આપ ત્રિગુણાત્મક પ્રધાનથી પણ પર છો. હે વિભો ! આ બધું કાર્યરૂપ જગત આપનું જ શરીર છે કે જે શરીર વડે આપ ઇંદ્રિય, પ્રાણ તથા મનના વિષયો ભોગવો છો અને તે પણ પરમેશ્વરનાં ધામરૂપ સ્વ—સ્વરૂપમાં રહીને જ (નહિ કે અમારી પેઠે સ્વરૂપ ઢાંકીને) માટે આપ અવ્યકત આત્મા—નિરુપાધિ—બ્રહ્મ જ છો અને પુરાણ છો. હે અનંત ! જે આપના મન તથા વચનના અવિષય સ્વરૂપ વડે આ જગત વ્યાપ્ત છે, ને અચિંત્ય ઐશ્વર્યવાળા અને વિદ્યાશકિત તથા માયાશકિતથી યુકત આપને હું નમસ્કાર કરું છું. હે વર આપનારાઓમાં ઉત્તમ ! જો આપ મને ઈચ્છિત વર આપો છો, તો હે પ્રભો! આપે સર્જેલાં કોઈ પણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાઓ. આપે ન સર્જેલા પદાર્થથી પણ અંદર, બહાર, દિવસે કે રાતે કોઈ પણ હથિયારથી મારું મૃત્યુ ન થાઓ. ભૂમિ ઉપર કે આકાશમાં મનુષ્યોથી કે પશુઓથી પ્રાણ વિનાના કે પ્રાણવાળાઓથી અને દેવો, અસુરો અથવા મોટા સર્પોથી પણ મારું મૃત્યુ ન થાઓ. યુદ્ધમાં અપ્રતિપક્ષપણું (એકાપણું) અને સર્વ પ્રાણીઓનું એકસ્વામીપણું આપ મને આપો. વળી સર્વ લોકપાલોના તથા આપના જેવો મહિમા મને આપો અને તપ તથા યુગના પ્રભાવવાળા પુરુષોનું જે અણિમાદિ ઐશ્વર્ય કદી નાશ પામતું નથી તે પણ મને આપો. ૧-૩૮

सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः । तपोयोगप्रभावाणां यन्न रिष्यति कर्हिचित् ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## હિરણ્યકશિપુએ સર્વ લોકને દુઃખ દેવા માંડયું

॥ नारद उवाच ॥

एवं वृतः शतधृतिर्हिरण्यकशिपोरथ । प्रादात्तत्तपसा प्रीतो वरांस्तस्य सुदुर्लभान् ॥१॥

**નારદજી બોલ્યા :** એમ હિરણ્યકશિપુએ વર માગ્યા એટલે તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ અતિ દુર્લભ તે વરદાનો તેને આપ્યાં. (ને આ પ્રમાણે કહ્યું).

**બ્રહ્મા બોલ્યા :** હે તાત ! તું મારી પાસે આ વરો માગે છે, તે પુરુષોને દુર્લભ છે, તોપણ તે દુર્લભ વરો હું તને આપું છું.

**નારદજી બોલ્યા :** એમ કહી અમોઘ કૃપા કરનારા સમર્થ ભગવાન બ્રહ્મા હિરણ્યકશિપુથી પૂજાઈને પ્રજાપતિઓથી સ્તુતિ કરાતા ત્યાંથી (પોતાના ધામમાં) પધાર્યા. દૈત્ય હિરણ્યકશિપુએ એ પ્રમાણે વરદાનો મેળવી સુવર્ણમય શરીર ધારણ કર્યું ને પોતાના ભાઈનો નાશ યાદ કરી ભગવાન ઉપર દ્વેષ કરવા માંડયો. તે મહાન અસુરે સર્વ દિશાઓને તથા ત્રણ લોકને જીતી દેવો, અસુરો, મનુષ્યો, રાજાઓ, ગંધર્વો, ગરુડો, સર્પો, સિદ્ધો, ચારણો, વિદ્યાધરો, ઋષિઓ, પિતૃઓના પતિઓ, મનુઓ, યક્ષો, રાક્ષસો, પિશાચોના રાજાઓ, પ્રેતો, ભૂપતિઓ અને સર્વ પ્રાણીઓના જે જે સ્વામી હતા, તે સર્વને જીતી વશ કર્યા અને સમગ્ર જગતનો એ રીતે જય કરી લોકપાલનાં સ્થાનોને તેઓનાં તેજ સાથે હરી લીધાં. પછી દેવોના નંદનવનની શોભાવાળા સ્વર્ગમાં તે રહેવા લાગ્યો અને ત્યાં પણ સાક્ષાત વિશ્વકર્માએ બનાવેલા ત્રણે લોકની સંપત્તિનું રહેઠાણ અને સમગ્ર સમૃદ્ધિઓથી યુકત એવા ઈંદ્રના ઘરમાં રહેવા લાગ્યો. જ્યાં વિદ્રુમમણિના પગથિયાવાળા અને મરકતમણિથી બાંધેલા મજલા છે, સ્ફટિકમણિની ભીંતો અને વૈદૂર્યમણિના થાંભલાઓની હારો છે, તરેહ તરેહના ચંદરવાવાળાં પદ્મરાગમણિનાં આસન છે, દૂધના ફીણ જેવી ઉજજવળ અને મોતીની માળાઓથી યુક્ત શય્યાઓ છે અને જ્યાં શબ્દ કરતાં ઝાંઝરોથી ઝણકાર કરતી સુંદર દાંતોવાળી દેવાંગનાઓ રત્નજડિત ભૂમિઓમાં પોતાનાં સુંદર મુખ જુએ છે. એ મહેન્દ્રના ભવનમાં મહાબળવાન અને મોટા મનવાળો એ ચક્રવર્તી દૈત્યરાજા સમગ્ર લોકને જીતી વિહાર કરવા લાગ્યો. તે વેળા તેણે દુ:ખી કરેલા દેવો વગેરે પણ તેના બંને ચરણોને વંદન કરતા હતા; કેમ કે તેની આજ્ઞા અત્યંત ઉગ્ર હતી. હે રાજા ! ઉગ્ર ગંધવાળા દારૂથી મદોન્મત્ત બનેલા અને મદથી ઘેરાતી લાલ આંખોવાળા તે દૈત્યને માત્ર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ દેવો સિવાય સમગ્ર લોકપાલો હાથમાં ભેટો લઈ સેવવા હાજર રહેતા; કારણ કે તે તપ, યોગ, બળ અને તેજના એક આશ્રયરૂપ હતો. એટલું જ નહિ. પણ હે પાંડુપુત્ર ! પોતાના બળથી ઈંદ્રના આસન ઉપર બેઠેલા તે હિરણ્યકશિપુની વિશ્વાવસુ, તુંબુરુ, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, અપ્સરાઓ અને હું વગેરે ઋષિઓ પણ વારંવાર સ્તુતિ કરતા. દરેક વર્ણાશ્રમી મોટી દક્ષિણાઓવાળા યજ્ઞો કરી હિરણ્યકશિપુની જ પૂજા કરતા અને પોતાના તેજથી સર્વ બલિદાનના ભાગોને તે જ ગ્રહણ કરતો. (તેના રાજ્યકાળે) સાત દ્વીપોવાળી પૃથ્વી ખેડયા વિના પણ ધાન્યસંપન્ન થતી. સ્વર્ગ સર્વ કામનાઓ પૂર્ણ કરતું અને આકાશ અનેક અવયવોનું સ્થાન થતું. ખારુ પાણી, મદીરા, ઘી, મધ, દહીં, દૂધ, અમૃત અને જળથી ભરેલા સમુદ્રો તથા નદીઓ પોતાના તરંગોથી રત્નોના ઢગલાઓ (તેને) આપતાં. પર્વતો ગુફાઓમાં રમવાનાં સ્થાન આપતા. વૃક્ષો સર્વ ઋતુઓમાં પુષ્પ, ફળ વગેરે આપતાં અને તે એક જ લોકપાલોના જુદા જુદા ગુણો ધારણ કરતો. એ રીતે તેણે બધી દિશાઓ જીતી લીધી. પોતાની પ્રીતિ પ્રમાણે વિષયોને તે ભોગવતો તથા સમગ્ર જગતનો પોતે એક જ રાજા હોવા છતાં તૃપ્ત થતો ન હતો; કારણ કે તે અજિતેન્દ્રિય હતો. એ રીતે ઐશ્વર્યના મદથી છકી જઈ ગર્વિષ્ઠ બનેલા અને તેથી જ શાસ્ત્રથી વિરદ્ધ વર્તતા ને બ્રાહ્મણનો શાપ પામેલા તે અસુરનો ઘણો કાળ વીતી ગયો. પછી લોકપાલો સહિત સમગ્ર લોકો તેના ઉગ્ર દંડથી ત્રાસી ગયા અને બીજે કોઈ પણ સ્થળે શરણ નહિ મળવાથી તેઓ શ્રીભગવાનને શરણે ગયા. (ને સ્તુતિ કરવા લાગ્યા :) ‘જે દિશામાં સર્વના આત્મા અને ઈશ્વર શ્રીહરિ રહે છે અને જે દિશામાં જઈને શાંત તથા મળરહિત થયેલા સંન્યાસીઓ કદી પાછા ફરતા નથી, તે દિશાને અમારા નમસ્કાર હો !’ એમ મનને વશ તથા બુદ્ધિને એકાગ્ર કરી તે નિષ્પાપ લોકો નિદ્રા તજી કેવળ વાયુનો જ આહાર કરી શ્રીહરિની સ્તુતિ કરતા હતા. તેવામાં તે સાધુજનોને નિર્ભય કરનારી, મેઘ જેવી ગર્જના કરતી

અને દિશાઓને ગજાવતી આવી આકાશવાણી થઈઃ 'હે શ્રેષ્ઠ દેવો ! તમે નિર્ભય થાઓ; તમારું સર્વનું કલ્યાણ થાઓ; કારણ કે મારું દર્શન પ્રાણીઓના સર્વ કલ્યાણની સિદ્ધિ માટે થાય છે. આ દુષ્ટ દૈત્યની દુષ્ટતા મેં જાણી છે, હું તેની શાંતિ કરીશ, તમે (તે) સમયની રાહ જાઓ. જે પુરુષો દેવોનો, વેદોનો, ગાયોનો, બ્રાહ્મણોનો, સાધુજનોનો, ધર્મનો તથા મારા પોતાનો પણ દ્વેષ કરે છે, તે તત્કાળ નાશ પામે છે, એ દૈત્ય (બ્રહ્માના)વરદાનથી જો કે બળવાન બન્યો છે, તોપણ વેરરહિત અને અતિ શાંત પોતાના મહાત્મા પુત્ર પ્રહ્‌લાદનો દ્રોહ કરશે ત્યારે હું તેનો નાશ કરીશ.'

**નારદજી બોલ્યા :** લોકોના ગુરુ ભગવાને એમ કહ્યું એટલે દેવતાઓ તેમને પ્રણામ કરી પાછા ફર્યા અને ઉદ્વેગરહિત થઈ તે અસુરને મરેલો માનવા લાગ્યા, તે દૈત્યરાજાને અતિ આશ્ચર્ય ઉપજાવે એવા ચાર પુત્રો હતા. તેમાં પ્રહલાદ ગુણો વડે સર્વ કરતાં શ્રેષ્ઠ, મહાપુરુષોનો ભક્ત, બ્રાહ્મણોનો સેવક, સદાચારી, સત્ય પ્રતિજ્ઞાવાળો, જિતેન્દ્રિય, સર્વ પ્રાણીઓને પોતાના આત્માની પેઠે તે એક જ પ્રિય અને પરમ મિત્ર હતો. વળી તે દાસની પેઠે ઉત્તમ પુરુષોના ચરણોને નમતો, ગરીબો પર પિતાની પેઠે પ્રેમ રાખતો. પોતાની સમાન મનુષ્ય ઉપર ભાઈની પેઠે સ્નેહ રાખતોઃ વડીલો ઉપર ઈશ્વરની ભાવના રાખતો, વિદ્યા, ધન, રૂપ તથા ઉત્તમ જન્મથી યુકત હોવા છતાં અભિમાનથી થતા અક્કડપણાથી રહિત હતો, સંકટો આવે તો પણ તેનું મન ઉદ્વેગ ન પામતું, સાંભળેલા તથા જોયેલા વિષયોમાં તે નિઃસ્પૃહ હતો; કારણ કે તે તે વિષયને તે અવસ્તુરૂપે જ જોતો. તેની ઈન્દ્રિયો પ્રાણ, શરીર તથા બુદ્ધિ વશ હતાં. તેની સર્વ કામનાઓ અત્યંત શાંત થઈ હતી અને તે અસુર હોવા છતાં આસુરી ભાવથી રહિત હતો. હે રાજન્ ! પ્રહ્‌લાદ વિષે જે મહાપુરુષોના ગુણો હતા, તેઓને વિદ્વાનો વારંવાર સ્વીકારે છે અને (પ્રહ્‌લાદને થયે ઘણો કાળ વીત્યા છે તોપણ) ભગવાન ઈશ્વરમાં રહેલા ગુણોની પેઠે (તેના) ગુણો હજી ઢંકાઈ ગયા નથી (પણ જગજાહેર છે.) હે રાજા ! (પ્રહ્‌લાદ અસુર હતો તોપણ તેના) શત્રુ દેવો પણ સજ્જનોની કથાના પ્રસંગવાળી સભામાં તે પ્રહ્‌લાદને એક દૃષ્ટાંત તરીકે સ્વીકારે છે તે પછી તમારા જેવા બીજા (વિષ્ણુભક્તો) એનું દૃષ્ટાંત લે એમાં શું કહેવાનું હોય ? તેના અસંખ્ય ગુણોનું તો વર્ણન જ થઈ શકે તેમ નથી; માત્ર તેનું માહાત્મ્ય અહીં સૂચવાય છે. તેને ભગવાન વાસુદેવ પર સ્વાભાવિક પ્રીતિ હતી. તે બાળક હતો ત્યારે પણ કેવળ ભગવાનમાં જ મન હોવાથી તેણે રમકડાં છોડી દીધાં હતાં અને શ્રીકૃષ્ણરૂપ ગ્રહે તેના ચિત્તને ગ્રહણ કર્યું હતું. તેથી આ જગત (વ્યવહારમાં) છે તેવું તે જાણતો ન હતો. શ્રીગોવિંદ ભગવાને પોતાની સાથે જેને એક કર્યો હતો, એવો તે પ્રહ્‌લાદ બેસતો, ફરતો, ખાતો, સૂતો, પીતો અને બોલતો હોવા છતાં તે તે (આસન, માર્ગ, ભક્ષ્ય, શયન, પીવાનો પદાર્થ અને ભાષણ) જાણતો ન હતો. કોઈ વેળા શ્રીભગવાનના ચિંતનથી ક્ષોભ પામેલી ચેતનાવાળો થઈ તે રડતો. કોઈ વેળા ભગવાનના ચિંતનથી હર્ષ પામી હસતો, કોઈ વેળા ઊંચેથી ગાતો. કોઈ વેળા કંઠ ખુલ્લો મૂકી ગર્જના કરતો અને કોઈ વેળા ભગવાનની ભાવનાથી યુક્ત થઈ તન્મય બની ભગવાનની ચેષ્ટાઓ પોતે પણ કરતો. કોઈ વેળા ભગવદ્‌ભાવની પ્રાપ્તિ થવાથી શાંત બની રોમાંચિત થતો અને સ્થિર સ્નેહને લીધે આનંદનાં આંસુ આવતાં લગાર મિચાયેલી દૃષ્ટિએ મૌન બેસી રહેતો. સર્વ સંગથી રહિત એવા મહાત્મા પુરુષોની સેવાથી પ્રાપ્ત થયેલી ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ચરણકમળની સેવાથી પ્રહ્‌લાદ પોતાના મનને પરમ શાંતિ આપતો અને દુર્જનોના સંગથી દીન એવાં બીજાં મનુષ્યોનાં મનને પણ વારંવાર શાંત કરતો. હે રાજન્ ! એવા મહાન ભગવદ્‌ભકત અને મહાભાગ્યશાળી મહાત્મા પુત્ર પ્રહ્‌લાદ પણ હિરણ્યકશિપુએ દ્રોહ કર્યો હતો.

**યુધિષ્ઠિરે પૂછ્યું :** હે ઉત્તમ વ્રતધારી દેવર્ષિ ! પોતે પિતા થઈને પણ હિરણ્યકશિપુએ પવિત્ર અને સજ્જન પુત્ર પ્રહ્લાદનો જે દ્રોહ કર્યો હતો, તે અમે તમારી પાસેથી જાણવા ઈચ્છીએ છીએ. પુત્ર પર પ્રેમ રાખનારા પિતા પોતાના પુત્ર કદાચ વિરુદ્ધ વર્તતા હોય, તો તેઓને શિખામણ આપવા ઠપકો આપે છે, પણ શત્રુની પેઠે તેઓનો દ્રોહ કરતા નથી, તો જે પુત્રો પોતાને અનુકૂળ રહેતા હોય, રાગદ્વેષરહિત સજ્જન હોય અને પોતાના પિતાને જ દેવ તરીકે માનતા હોય, તેઓને ઉદેશી દ્રોહ ન કરે, એમાં શું કહેવાનું હોય ? માટે હે બ્રહ્મન્ ! અમારું આ આશ્ચર્ય આપ દૂર કરો. હે પ્રભો ! પિતાનો પુત્ર તરફ જે દ્વેષ હોય, તે તે પુત્રના મરણ માટે થાય છે. ૧-૪૬

एतत्कौतूहलं ब्रह्मन्नस्माकं विधम् प्रभो । पितुः पुत्राय यद्द्वेषो मरणाय प्रयोजितः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## વિષ્ણુભક્ત પ્રહ્લાદને મારી નાખવા હિરણ્યકશિપુના અનેક ઉપાયો

॥ नारद उवाच ॥

पौरोहित्याय भगवान् वृतः काव्यः किलाऽसुरैः । शण्डामर्कौ सुतौ तस्य दैत्यराजगृहान्तिके ॥१॥

નારદજીએ કહ્યું : ભગવાન શુક્રાચાર્યને અસુરોએ પુરોહિતપણું કરવા સ્વીકાર્યા, તેથી તેમના પુત્ર શંડ અને અમર્ક દૈત્યરાજાના ઘરની પાસે રહેતા હતા. તેઓ બન્ને દૈત્યરાજાએ મોકલેલા નીતિકુશળ પ્રહ્લાદને તથા બીજા વિદ્યાર્થી અસુર બાળકોને ભણાવતા. પ્રહ્લાદ ત્યાં ગુરુને ઘેર ગુરુએ કહેલું સાંભળતો અને પછી તે પ્રમાણે ભણતો; પરંતુ 'પોતાનો અને પારકો' આવો મિથ્યા આગ્રહ જ જેમાં આવતો હતો, એવું ગુરુનું તે ભણવાનું તેણે મનથી સારું ન માન્યું. હે પાંડુપુત્ર ! એક દિવસ અસુર રાજાએ પુત્રને ખોળામાં બેસાડી પૂછ્યું : 'હે પુત્ર ! તું જે સારું માનતો હોય તે કહે.'

**પ્રહ્લાદે કહ્યું :** હે અસુરશ્રેષ્ઠ ! મિથ્યા આગ્રહથી જેઓની બુદ્ધિ સદા અત્યંત ઉદ્વેગવાળી હોય, તેવાં પ્રાણીઓ માટે હું તો એ જ સારું માનું છું કે જેમાં આત્માનું અધઃપતન થાય છે તેવા ઘરરૂપી અંધારિયા કૂવાને છોડી વનમાં જઈ શ્રીહરિનો આશ્રય કરવો.

**નારદજી બોલ્યા :** પરપક્ષ—વિષ્ણુભગવાન તરફ ઢળતી પુત્રની વાણી સાંભળી, દૈત્ય હિરણ્યકશિપુ હસ્યો, તેણે કહ્યું : 'બાળકોની બુદ્ધિ બીજાઓની બુદ્ધિથી ફરી જાય છે. માટે ગુરુને જ ઘેર આ બાળકને બરાબર સંભાળો, જેથી ગુપ્ત વેશમાં ભમતા વિષ્ણુપક્ષના બ્રાહ્મણો આની બુદ્ધિમાં કંઈ ફેરફાર ન કરે.' પછી દૈત્યના પુરોહિતો પોતાને ઘેર આણેલા પ્રહ્લાદની સુંદર વાણીથી પ્રશંસા કરી શાંત વચનોથી તેને પૂછવા લાગ્યા. 'હે પુત્ર પ્રહ્લાદ ! તારું કલ્યાણ થાઓ. તું સાચું કહેજે, જૂઠું બોલીશ નહિ. બીજા સર્વ બાળકો સિવાય તારી એકલાની બુદ્ધિમાં આ ફેરફાર કયાંથી થયો ! હે કુળને આનંદ આપનાર પુત્ર ! તારી બુદ્ધિમાં થયેલો આ ફેરફાર કોઈ બીજાને લીધે થયેલો છે. કે તારા પોતાથી થયેલ છે, તે તારા ગુરુ—અમે સાંભળવા ઈચ્છીએ છીએ માટે તું અમને કહે.''

**પ્રહ્લાદ બોલ્યો :** પોતાનો અને પારકો આવો ખોટો આગ્રહ જેમની માયાને લીધે પુરુષોને કરાયેલો છે અને જેમની માયાથી મોહ પામેલી બુદ્ધિવાળા(તમારા જેવા)માં જ તે ખોટો આગ્રહ દેખાય છે, તે ભગવાનને હું નમસ્કાર કરું છું એ ભગવાન અનુકૂળ થાય, ત્યારે પુરુષોની પશુ જેવી બુદ્ધિમાં પણ

ફેરફાર થાય છે કે જે બુદ્ધિ (પ્રથમ 'આ હું અને આ બીજો' એવી ખોટી સંસારસંબંધી હોય છે. (છતાં ભગવાનની કૃપાથી ફેરફાર પામી આત્મનિષ્ઠ બને છે.) અરે ! જેમનું ચરિત્ર જાણવું અશકય છે તથા જે માર્ગમાં બ્રહ્માદિ વેદવાદીઓ પણ જિજ્ઞાસા કરતાં મૂંઝાય તે અવિવેકી અજ્ઞાની પુરુષો એ પરમાત્માને 'પોતાનો તથા પારકો' કહે છે. એ પરમાત્માએ જ મારી બુદ્ધિ માં આ (ઉત્તમ) ફેરફાર કર્યો છે. હે બ્રહ્મન્! જેમ લોઢું લોહચુંબકની પાસે એની મેળે ખેંચાય છે, તેમ મારું મન પણ શ્રીભગવાનનું સામીપ્ય થતાં પોતાની મેળે જ ખોટા આગ્રહથી દૂર થાય છે.

**નારદજી બોલ્યા :** એમ તે બ્રાહ્મણ દૈત્યપુરોહિતને કહી, મહાબુદ્ધિમાન પ્રહ્લાદ બોલતા બંધ થયા, એટલે કોપ પામેલો તે રંક રાજસેવક (પુરોહિત) તેનો તિરસ્કાર કરી બોલ્યો : 'અરે ! આ તો આપણો અપયશ કરનારો થયો ! લાવો પેલી છડી. આવા દુષ્ટબુદ્ધિ કુલાંગાર માટે ચોથો ઉપાય શિક્ષા જ શાસ્ત્રોમાં કહી છે. આ છોકરો દૈત્યરૂપી ચંદનવનમાં કાંટાના ઝાડ જેવો અને દૈત્યોનાં મૂળ ઉખેડવામાં ફરશી જેવા વિષ્ણુને હાથા જેવો થયો છે.' એ રીતે અનેક ઉપાયોથી અને તિરસ્કાર વગેરેથી પ્રહ્લાદને ડરાવી તે બ્રાહ્મણ—ગુરુએ ધર્મ, અર્થ ને કામ જ જણાવનારું શાસ્ત્ર (તેને) ભણાવવા માંડયું. પછી ગુરુએ જોયું કે જાણવા યોગ્ય સામ, દામ વગેરે ચારે ઉપાયો પ્રહ્લાદે જાણી લીધા છે ત્યારે એમણે એને માતા પાસે મોકલ્યો. પછી માતાએ નવડાવી શણગારેલા તે પ્રહ્લાદને તેઓ દૈત્યરાજ હિરણ્યકશિપુ પાસે લઈ ગયા. તે વેળા પગમાં પડેલા બાળક પ્રહ્લાદને આશીર્વાદથી અભિનંદન આપી હિરણ્યકશિપુ ઘણીવાર સુધી બંને હાથે તેને ભેટી પરમ શાંતિ પામ્યો. પછી હે યુધિષ્ઠિર ! પોતાના ખોળામાં બેસાડી મસ્તક સૂંઘીને હર્ષાશ્રુથી ભીંજવતો તે અસુર પ્રફુલ્લ મુખવાળા પ્રહ્લાદને આ પ્રમાણે કહેવા લાગ્યો.

**હિરણ્યકશિપુ બોલ્યો :** 'હે દીર્ઘાયુ પુત્ર પ્રહ્લાદ ! તું આટલા સમય સુધીમાં ગુરુ પાસેથી જે શીખ્યો હોય અને જે ઉત્તમ ભણ્યો હોય તે મને કહે.'

**પ્રહ્લાદ બોલ્યો :** 'વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, પૂજન, વંદન, દાસપણું, મિત્રતા અને આત્મસમર્પણ; ભગવાન પ્રત્યે સમર્પણભાવથી આ નવ પ્રકારની ભકિત કરવામાં આવે, તેને જ હું ઉત્તમ અધ્યયન માનું છું. પુત્રનું આ વચન સાંભળી ક્રોધને લીધે જેનો નીચલો હોઠ ફરકતો હતો, એવો હિરણ્યકશિપુ તે વખતે ગુરુપુત્રને આ પ્રમાણે કહેવા લાગ્યો : 'અરે ઓ નીચ બ્રાહ્મણ ! મારા શત્રુનો આશ્રય કરનારા તેં દુષ્ટે આ શું કર્યું ? અલ્યા દુર્મતિ ! મારો અનાદર કરી તેં આ છોકરાને આવું અસાર શીખવ્યું ? આ જગતમાં જેઓની મિત્રતા દુષ્ટ હોય, એવા કપટવેશધારી દુર્જનો ખરેખર હોય છે ખરા? પણ જેમ સમય આવતાં પાપીઓમાં રોગ ફાટી નીકળે તેમ તેવા દુર્જનોનાં પાપ પ્રકટી નીકળે છે.

**ગુરુપુત્રે કહ્યું :** હે ઇંદ્રશત્રુ ! તમારો આ પુત્ર જે કહે છે, તે મેં કે બીજા કોઈએ ભણાવ્યું નથી. હે રાજન્ ! આ બાળકની આવી બુદ્ધિ સ્વાભાવિક જ છે, માટે ક્રોધને કાબૂમાં રાખો અને અમને દોષ ન દો.

**નારદ બોલ્યા :** ગુરુએ એમ ઉત્તર આપ્યો એટલે અસુરે ફરી પુત્રને પૂછયું : " અરે ઓ અમંગળ છોકરા જો ગુરુના વાક્યથી તારી આ દુષ્ટ બુદ્ધિ નથી થઈ, તો કયાંથી થઈ છે ? "

**પ્રહ્લાદે કહ્યું :** 'ઘર એ જ જેઓનું વ્રત હોય છે, ઘરનો જ જેઓને સંકલ્પ થાય છે. અને તેથી જ ન જિતાયેલી ઈંદ્રિયો દ્વારા અંધકાર જેવા સંસારમાં જેઓ પેઠા છે અને તે સંસારમાં વારંવાર ચાવેલું જ જેઓ ચાવ્યા કરે છે, એટલે અનેક જન્મોમાં ભોગવેલા વિષયોને જ ફરી ફરી ભોગવે છે, તેવા પુરુષોને પોતાથી, પારકાથી કે પરસ્પર કહેવાથી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ થતી નથી. તમારા જેવા વિષયાસક્ત પ્રાણીઓને

શ્રીકૃષ્ણમાં બુદ્ધિ થવાનો અધિકાર જ નથી. કારણ કે જેઓ કેવળ બાહ્ય વિષયોને જ સત્ય વસ્તુ માને છે, તેવા વિષયોની વાસનાયુકત અંતઃકરણવાળા પુરુષો કેવળ આત્મસ્વરૂપમાં જ પુરુષાર્થવાળા આત્મનિષ્ઠ પુરુષોને જાણવા યોગ્ય શ્રીવિષ્ણુભગવાનને જાણી શકતા જ નથી, તેથી આંધળાએ દોરેલા આંધળા જેમ માર્ગ જાણતા નથી, પણ ખાડામાં જ પડે છે, તેમ તે વિષયાસકત પુરુષો પણ 'બ્રાહ્મણ' આદિ મોટાં નામોવાળી વેદવાણીરૂપી ઈશ્વરની લાંબી દોરીમાં જ બંધાયેલા રહે છે, અર્થાત્ વેદોકત કામ્યકર્મોમાં જ સપડાયેલા રહે છે. (મોક્ષના અધિકારી થતા નથી) માટે સર્વ પરિગ્રહ છોડનારા મહાપુરુષોના ચરણની રજનું સ્નાન સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી એ વિષયાસક્ત મનુષ્યોની બુદ્ધિ (ભલે વેદવાકયોથી સંસ્કારવાળી હોય તોપણ) ભગવાનના ચરણકમળને સ્પર્શ (સાક્ષાત્કાર) કરી શકતી નથી. ભગવાનના ચરણકમળનો સાક્ષાત્કાર કરનારી બુદ્ધિનું પ્રયોજન આ અર્થરૂપ સંસાર દૂર કરવો એ જ હોય છે; અર્થાત્ મહાપુરુષોની કૃપા વિના તત્વવસ્તુનો નિશ્ચય થતો નથી અને તે નિશ્ચય ન થાય ત્યાં સુધી મોક્ષ પણ મળતો નથી એમ કહી બોલતા બંધ થયેલા પુત્ર પ્રહ્લાદને ક્રોધથી અંધ થયેલા મનવાળા હિરણ્યકશિપુએ પોતાના ખોળામાંથી પૃથ્વી પર ફેંકી દીધો અને અદેખાઈ તથા ક્રોધથી ઘેરાયેલાં લાલ નેત્રે તે દૈત્ય બોલી ઊઠ્યો : અરે ઓ રાક્ષસો ! આ નાશ કરવા યોગ્ય છોકરાને મારી નજર આગળથી દૂર કરો અને જલદીથી તેને મારી નાખો. આ જ મારા ભાઈને મારનારો છે. આ નીચ છોકરો પોતાના કાકાનો જ નાશ કરનાર વિષ્ણુના ચરણને દાસની પેઠે સેવે છે. આ દુષ્ટ છોકરો વિષ્ણુનું પણ શું ભલું કરશે ? કારણ કે માત્ર પાંચ જ વર્ષનો છતાં માતાપિતાનો દુસ્ત્યજ સ્નેહ જેણે છોડયો છે ! પારકો પણ ઔષધની પેઠે જો આપણું હિત કરનારો હોય, તો તે પુત્ર જ છે; પણ પોતાના દેહથી ઉત્પન્ન થયેલો પુત્ર હોવા છતાં રાગની પેઠે આપણું અહિત કરનારો હોય, તો તે શત્રુ જ છે. પોતાનું અંગ પણ જો અહિત કરનારું હોય તો તેને કાપવું જ જોઈએ કે તેને તજવાથી બાકીનું અંગ સુખથી જીવી શકે છે. જેમ દુષ્ટ ઇંદ્રિય મુનિની શત્રુ છે તેમ સંબંધીનો વેશ ધરનાર આ છોકરો શત્રુ છે માટે ભોજન, આસન, શયન વગેરે બધામાં ઝેર વગેરેના પ્રયોગરૂપી હરકોઈ ઉપાયે આને મારી જ નાખવો, એમ પોતાના સ્વામીએ આજ્ઞા આપી એટલે હાથમાં ત્રિશૂળો ધારણ કરનારા, તીક્ષ્ણ દાઢોથી ભયંકર મુખવાળા, લાલચોળ દાઢીમૂછ તથા કેશવાળા અને ભયંકર ગર્જનાઓ કરતા તે રાક્ષસે 'કાપી નાખો, ચીરી નાખો' એમ બોલતા ત્યાં બેઠેલા પ્રહ્લાદને સર્વ મર્મસ્થાનોમાં ત્રિશુળો વડે મારવા લાગ્યા. પણ સમગ્રના આત્મા નિર્વિકાર અને સર્વના અવિષય એવા ભગવાન વિષે જેનું મન જોડાયું હતું, એવા પ્રહ્લાદ વિષે જેમ પુણ્ય વિનાના સઘળા મોટા ઉદ્યમો નિષ્ફળ થાય, તેમ તેઓના પ્રહારે નિષ્ફળ ગયા. હે યુધિષ્ઠિર ! તે પ્રયાસ નિષ્ફળ ગયો એટલે દૈત્યરાજા હિરણ્યકશિપુ અત્યંત શંકિત થયો અને પછી તો તેનો નાશ કરવાના ઉપાયો તેણે આગ્રહપૂર્વક કરવા માંડ્યા. દિશાના હાથીઓથી, સર્પોથી, મેલા પ્રયોગોથી, પર્વતોનાં શિખરો ઉપરથી નીચે પાડવાથી (શંબરાસુરે રચેલી) માયાઓથી, ખાડા વગેરેમાં પૂરી રાખવાથી, ઝેર આપવાથી, ઉપવાસો કરાવવાથી, હિમમાં દાટવાથી, વાયુમાં રાખવાથી, અગ્નિમાં નાખવાથી, પાણીમાં ડુબાડવાથી અને પર્વતો નીચે દાબી રાખવાથી પણ પોતાના એ નિષ્પાપ પુત્રનો નાશ કરવા તે અસુર સમર્થ થયો નહિ. ત્યારે ઘણી મોટી ચિંતામાં પડ્યો અને તેને મારવા (બીજો કોઈ) ઉપાય તેને સૂઝયો નહિ. (પછી તે વિચારવા લાગ્યો :) 'આને મેં ઘણાં ખરાબ વચનો કહ્યાં, તેમ જ અનેક મારવાના ઉપાયો રચ્યા; છતાં આ છોકરો પોતાના તેજ વડે તે તે દુઃખોમાંથી ને મેલા પ્રયોગોમાંથી બચ્યો છે. વળી આ મારી પાસે જ રહે છે અને બાળક

હોવા છતાં મનમાં નિર્ભય રહે છે, તેમ જ (અજીગર્તના વચલા પુત્ર) સમર્થ શુનઃશેપની પેઠે મારા દુષ્ટપણાને ભૂલતો નથી. ખરેખર, આનો પ્રભાવ અમાપ છે, આને કોઈનાથી ભય નથી અને આ મૃત્યુથી પણ રહિત છે. આ વાત નકકી છે કે આની સાથે વિરોધ કરવાથી જ મારું મૃત્યુ થશે; બીજી રીતે નહિ થાય.' આવી ચિંતાને લીધે તે અસુરરાજા કંઈક નિસ્તેજ શોભાવાળો થઈ નીચે મુખે બેઠો હતો. તેવામાં શુક્રાચાર્યના પુત્ર શંડ અને અમર્ક ત્યાં આવી એકાંતમાં તેને આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે નાથ ! આપે એકલા ત્રણ જગત જીત્યાં છે; અને ભ્રૂકુટિના માત્ર વિલાસથી બધા લોકપાલો ત્રાસ્યા છે, એવા આપને કંઈ પણ વિચાર કરવા જેવું હોય એમ અમે જોતા નથી અથવા બાળકોના ચરિત્ર ગુણદોષનાં વિષય હોતાં જ નથી. માટે આપણા ગુરુ શુક્રાચાર્ય અહીં આવે, ત્યાં સુધી આને વરુણના પાશથી બાંધી રાખો, જેથી ભયભીત થઈ નાસી ન જાય, પુરુષની બુદ્ધિ (મોટી) ઉંમરથી અને ઉત્તમ પુરુષોની સેવાથી સારી થાય છે. પછી 'બહુ સારું' એમ ગુરુપુત્રનાં વચનને સ્વીકારી હિરણ્યકશિપુએ તેઓને કહ્યું : 'આ છોકરાને તમારે ગૃહસ્થાશ્રમી રાજાઓના ધર્મનો ઉપદેશ કરવો. પછી હે રાજન્ ! શંડ અને અમર્ક વિનયી અને નમ્ર તે પ્રહ્‌લાદને અનુક્રમે ધર્મ, અર્થ તથા કામનો નિત્ય ઉપદેશ કરવા લાગ્યા. પણ પ્રહ્‌લાદ ગુરુઓએ ઉપદેશેલા તે ત્રણેને સારા માનતા ન હતા; કેમ કે ગુરુઓની તે શિખામણ રાગદ્વેષાદિ દ્વંદ્વોમાં રમનારાઓએ જ વર્ણવેલી (એમને જણાઈ) હતી. ગુરુ ઘરના કામકાજ માટે ક્યાંય જતા, ત્યારે રમત માટે જેઓને સમય મળતો એવાં બાળકો પ્રહ્‌લાદને ત્યાં બોલાવતાં. તે સમયે તેની જન્મમરણાદિ સ્થિતિ જાણનારા મહાજ્ઞાની પ્રહ્‌લાદ તે બાળકોને મધુર વાણીથી પાસે બોલાવી જાણે હસતા હોય તેમ દયાને લીધે તેઓને ઉપદેશ આપતા. એ વેળા સર્વ બાળકો પ્રહ્‌લાદ તરફના માનને લીધે રમતની સામગ્રી (રમકડાં) છોડી પ્રહ્‌લાદમાં જ પોતાનાં મન તથા નેત્રો સ્થાપી દઈ તેમની પાસે બેસી જતા; કારણ કે તેઓ બાળક હતા અને તેથી જ તેઓની બુદ્ધિ રાગદ્વેષાદિ દ્વંદ્વોવાળા પુરુષોની પ્રેરણાઓ અને ચેષ્ટાઓથી દૂષિત થઈ ન હતી. પછી હે રાજેન્દ્ર ! અસુર હોવા છતાં દયાળુ, સર્વના મિત્ર અને ભગવાનના મહાન ભકત પ્રહ્‌લાદ તેઓને આ પ્રમાણે ઉપદેશ આપતા. ૧-૫૭

पर्युपासत राजेन्द्र तन्न्यस्तहृदयेक्षणाः । तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः ॥५७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## પ્રહ્‌લાદનો બાળકોને ઉપદેશ

॥ प्रहलाद उवाच ॥

कौमार आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह । दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥१॥

**પ્રહ્‌લાદજી બોલ્યા :** મનુષ્યજન્મ દુર્લભ છે અને તે પણ નાશવંત છે, છતાં ઈચ્છિત અર્થ આપનાર છે; માટે બુદ્ધિમાન મનુષ્યે બાલ્યાવસ્થામાં જ ભગવદ્ધર્મોનું આચરણ કરવું. આ જગતમાં પુરુષે વિષ્ણુભગવાનના ચરણનું શરણ લેવું તે જ યોગ્ય છે; કારણ કે એ ભગવાન સર્વ પ્રાણીઓના આત્મા, ઈશ્વર અને પ્રિય મિત્ર છે. હે દૈત્યો ! ઈન્દ્રિયોથી પ્રાપ્ત થનારુ વિષયસુખ તો પ્રાણીઓને શરીરનો સંબંધ થતાં બધે મળી રહે છે. જેમ પૂર્વજન્મમાં કરેલાં કર્મો પ્રમાણે પ્રયત્ન કર્યા વિના પ્રાણીઓને દુઃખ મળે છે, તેમ સુખ પણ વિના પ્રયત્ને મળે છે. માટે સુખ મેળવવાનો પ્રયાસ ન કરવો જોઈએ; કારણ કે એવો

પ્રયાસ કરવાથી કેવળ આયુષ્યનો નાશ થાય છે અને પરમ કલ્યાણરૂપ ભગવાનના ચરણકમળની પ્રાપ્તિ થતી નથી. સંસારમાં આવી કુશળ પુરુષે પોતાનું પુરુષશરીર વૃદ્ધાવસ્થા તથા રોગ વગેરે ન હોવાથી હૃષ્ટપુષ્ટ હોય અને અસમર્થ ન થઈ વિનાશ ન પામે, ત્યાં સુધીમાં જલદી કલ્યાણ માટે પ્રયત્ન કરવો જોઈએ. પુરુષનું આયુષ્ય [शतायुर्वै पुरुषं- (तैत्ति०स.१-५-७-१४) સો વર્ષનો પુરુષ છે.' આ વૈદિકી પ્રસિદ્ધિ પ્રમાણે સો વર્ષનું છે, તેમાંથી અર્ધો ભાગ નિષ્ફળ જાય છે; કારણ કે રાત્રિમાં નિદ્રારૂપી ઘોર અંધકારને પામી સૂએ છે તે સમયે પુરુષ અજિતાત્મા હોય છે, દેહ તથા ઇન્દ્રિયોને વશ કરી શકતા નથી. (હવે બાકી રહ્યાં પચાસ વર્ષ તેમાંથી પણ) મૂર્ખ મનુષ્યનાં વીસ વર્ષ બાલ્યાવસ્થામાં અને કુમારાવસ્થામાં રમતાં જતાં રહે છે અને (છેલ્લાં) વીસ વર્ષ વૃદ્ધાવસ્થાથી શરીર ઘેરાઈ જતાં અસમર્થપણામાં જાય છે. (વચ્ચેનાં દસ વર્ષનું) આયુષ્ય બાકી રહ્યું, તે તો ઘરમાં આસકત થઈ પ્રમાદી બનેલા પુરુષનું દુ:ખથી પૂર્ણ થાય તેવા કામભોગમાં તથા અતિશય બળવાન મોહમાં જાય છે, (કદાચ તમે કહેશો કે યુવાવસ્થામાં ઘર વિષે આસકત હોવા છતાં પાછળથી વિરકત થઈ કલ્યાણ પામશે. એના ઉત્તરમાં કહેવાનું કે, એ વાત જ અસંભવિત છે; કારણ કે) ઈન્દ્રિયો જેણે જીતી નથી એવો કયો પુરુષ ઘરમાં આસક્ત અને મજબૂત સ્નેહપાશોથી બંધાયેલા આત્માને છૂટો કરવાને ઉત્સાહ પણ બતાવી શકે તેમ છે ? વળી જે ધન પ્રાણ કરતાં પણ પ્રિય છે અને જે તે મનુષ્ય ચોર બની, સેવક કે વેપારી થઈને પોતાના પ્રાણથી મેળવે છે, તે ધનની તૃષ્ણાને કયો પુરુષ છોડી શકે તેમ છે ? તેમ જ જેનું મન રાગાસક્ત હોય તે મનુષ્ય પુત્રોનું, સુંદર પુત્રીઓનું, ભાઈઓનું, બહેનોનું, ગરીબ માતાપિતાનું, અનેક જાતનાં સુંદર રાચરચીલાવાળાં ઘરોનું, કુલપરંપરાથી ચાલતી આજીવિકાનું, પશુવર્ગનું અને સેવકવર્ગનું સ્મરણ જ કર્યા કરે છે અને એવો મનુષ્ય પોતાની કૃપાપાત્ર સ્ત્રીના એકાંત સંગને તથા ગુપ્ત વિચારોને કેમ તજી શકે ? વળી તે મનુષ્ય કાલું કાલું સુંદર ભાષણ કરતાં પોતાનાં બાળકોના સ્નેહથી બંધાયેલો હોય છે, તેથી તેઓના સંગને પણ શી રીતે તજી શકે ? જેમ રેશમનો કીડો પોતાને હિતકારી ઘર બનાવતાં તેમાંથી પોતાને નીકળવાનો માર્ગ પણ નથી રાખતો તેમ કર્મો કર્યા કરતો મનુષ્ય લોભને લીધે કામનાઓથી અતૃપ્ત જ રહે છે અને અત્યંત દુષ્ટ પરિણામવાળા મોહથી યુકત થઈ ગુહ્ય ઈન્દ્રિયોના તથા જીભના સુખને સર્વથી અધિક માને છે, જેથી વૈરાગ્ય કેવી રીતે પામે ? કુટુંબનું પોષણ કરવામાં નાશ પામતા પોતાના આયુષ્યને તથા નાશ પામેલા પોતાના પુરુષાર્થને તે પ્રમાદી મનુષ્ય સમજી શક્તો નથી અને તેથી જ સર્વ સ્થળે ત્રણ પ્રકારના તાપથી તેનું મન દુ:ખી થાય છે, છતાં વૈરાગ્ય પામતો નથી, કારણ કે પોતાના કુટુંબમાં જ તે આનંદ પામી રહ્યો છે. પારકું ધન હરનારાને આ લોકમાં તથા પરલોકમાં જે અનર્થ પ્રાપ્ત થાય છે તેને તે જાણવા છતાં તેનું મન પારકા ધનમાં નિત્ય લાગેલું જ રહે છે અને જેની કામનાઓ શાંત થઈ નથી, એવો તે અજિતેન્દ્રિય કુટુંબી પારકું ધન હરે છે. આ રીતે હે દાનવો ! કુટુંબનું પોષણ કરતો તે મનુષ્ય વિદ્વાન હોય, તોપણ આત્મસાક્ષાત્કાર કરવા સમર્થ થતો નથી; કારણ કે જેની ભાવના 'આ પોતાનું અને આ પારકું' એમ ભેદવાળી છે, તે (વિદ્વાન હોય તોપણ) મૂઢની પેઠે નરકને જ પામે છે. (માટે બાલ્યાવસ્થામાં જ ભગવદ્ધર્મો આચરવા.) કારણ કે જેઓની દૃષ્ટિમાં કેવળ કામ જ છે અને જેમાંથી પુત્રપૌત્રાદિ સંતતિરૂપ બેડી ઉત્પન્ન થાય છે, તે સ્ત્રીઓને રમવાનાં રમકડાં જેવો જે થયો છે, તે બિચારો કોઈ કાળે અથવા કોઈ ઠેકાણે પોતાના આત્માને મુક્ત કરવા સમર્થ થતો નથી. માટે હે દૈત્યો ! કેવળ વિષયપરાયણ દૈત્યોનો સંગ દૂરથી છોડી તમે આદિદેવ નારાયણને શરણે જાઓ; કારણ કે સર્વ સંગ છોડનારા પુરુષોએ તે ભગવાનને

જ મોક્ષ તરીકે ઈચ્છેલા છે. હે અસુરોના પુત્રો ! અચ્યુત ભગવાનને પ્રસન્ન કરનારને બહુ પરિશ્રમ પડતો નથી; કારણ કે ભગવાન સર્વ પ્રાણીઓના આત્મા અને સર્વ સ્થળે વ્યાપ્ત છે. સ્થાવરથી માંડી બ્રહ્મા સુધીનાં નાનાંમોટાં સર્વ પ્રાણીઓમાં, પાંચ ભૂતોના વિકારરૂપ (નિર્જીવ) પદાર્થોમાં, આકાશાદિ પાંચ મહાભૂતોમાં, સત્વાદિ ત્રણ ગુણોમાં,ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિમાં તથા ગુણોની વિષમ અવસ્થારૂપ મહત્તત્ત્વાદિમાં એક જ અવિનાશી ઈશ્વર (પરમાત્મા—ભગવાન) રહેલા છે. તે પરમેશ્વર ખરી રીતે કલ્પનામાં પણ ન આવે તેવા અને અનિર્દેશ્ય (અમુક સ્વરૂપે દર્શાવવાને અશક્ય) છે; તોપણ માયાને લીધે દ્રષ્ટા અને ભોક્તાસ્વરૂપે વ્યાપકપણાથી અને દૃશ્ય તથા ભોગ્ય—દેહાદિરૂપે વ્યાપ્યપણાથી દર્શાવી શકાય છે. કારણ કે ભગવાનનું સ્વરૂપ કેવળ અનુભવાત્મક આનંદરૂપ જ છે, તો પણ ગુણાત્મક સૃષ્ટિ જેનાથી ઉત્પન્ન થાય છે, એવી માયાથી પોતાના ઐશ્વર્યને તે ઢાંકી દે છે. માટે તમે આસુરીભાવ છોડી સર્વ પ્રાણીઓ ઉપર દયા કરો, જેથી ભગવાન પ્રસન્ન થાય. સર્વના આદ્ય તથા અનંત તે ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે શું અલભ્ય છે ? અર્થાત્ સર્વ સુલભ છે, તોપણ ભગવાનનાં ચરણોનું ગાન કરતા અને તે રૂપી સારને ગ્રહણ કરતા આપણને ગુણના પરિણામરૂપ દૈવથી જ સિદ્ધ થયેલા ધર્મ, અર્થ ને કામનું શું પ્રયોજન છે ? તેમ જ ગુણરહિત મોક્ષને ઈચ્છવાનું પણ શું પ્રયોજન છે ? વળી ધર્મ, અર્થ ને કામરૂપ ત્રિવર્ગ કહ્યો છે તે અને તે ત્રિવર્ગ મેળવવા આત્મવિદ્યા, તર્કશાસ્ત્ર, દંડનીતિ અને અનેક પ્રકારની જે આજીવિકાઓ કહી છે, તે બધું વેદમાં જણાવ્યું છે એમ હું માનું છું. તે સઘળું પોતાના મિત્ર પરમપુરુષ ભગવાનને જ પોતાનો આત્મા અર્પણ કરવામાં સાધનરૂપ થાય, તો જ હું તેને સત્ય માનું છું (નહિ તો તે સર્વ અસત્ય છે). આ દુર્લભ નિર્મળ જ્ઞાન નર—નારાયણ ભગવાને નારદજીને કહ્યું હતું. જેઓ સર્વ પરિગ્રહ છોડનારા ભગવાનના એકાંત ભક્તોના ચરણકમળની રજમાં સ્નાન કરે છે, પોતાના મસ્તકે તેમની ચરણરજ ચડાવે છે તે સર્વ પ્રાણીઓને એ જ્ઞાન થઈ શકે છે. આ અનુભવ સુધીનું જ્ઞાન તથા ભગવાનનો શુદ્ધ ધર્મ દેવતુલ્ય દર્શનવાળા નારદજી પાસેથી પૂર્વે મેં સાંભળેલો છે.

**દૈત્યપુત્રો બોલ્યા :** હે પ્રહ્લાદ ! તમે કે અમે શુક્રાચાર્યના આ બે પુત્રો વિના બીજા ગુરુને જાણતા નથી અને આપણાં સર્વ બાળકોના આ બંને નિયંતા છે. (આજ દિવસ સુધી) તમે અંતઃપુરમાં જ રહો છો. તેથી તમને મહાપુરુષનો સંગ થવો દુર્ઘટ છે, તો તમે આ જ્ઞાન ક્યારે મેળવ્યું ? હે સૌમ્ય ! આ અમારો સંશય છે; માટે જો અમે તમારા વિશ્વાસનું કારણ હોઈએ, તો અમારો આ સંશય દૂર કરો.૧-૩૦

बालस्यात्तःपुरस्थस्य महत्सङ्गो दुरन्वयः । छिन्धि नः सशयं सौम्य स्याश्चेद्विश्रम्भकारणम् ॥३०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય- ૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## પ્રહ્લાદનો ઉપદેશ (ચાલુ)

॥ नारद उवाच ॥

एवं दैत्यसुतैः पृष्टो महाभागवतोऽसुरः । उवाच स्मयमानांस्तान् स्मरन्मदनुभाषितम् ॥१॥

**નારદજી બોલ્યા :** હે યુધિષ્ઠિર ! દૈત્યોના પુત્રોએ એમ પૂછયું એટલે ભગવાનના મહાન ભકત અસુર પ્રહ્લાદજીએ આશ્ચર્ય પામેલા તે બાળકોને પૂર્વે મેં કહેલા ઉપદેશનું સ્મરણ કરી કહ્યું.

**પ્રહ્લાદજીએ કહ્યું :** અમારા પિતા તપશ્ચર્યા કરવા મંદરાચલ પર ગયા, ત્યારે દેવતાઓએ દાનવો સામે યુદ્ધ કરવાનો ઉદ્યમ કર્યો હતો. તે વખતે ઈન્દ્રાદિ દેવો કહેતા હતાઃ 'કીડીઓ જેમ સર્પને ખાઈ જાય

છે તેમ લોકોને દુઃખ દેનાર આ પાપી હિરણ્યકશિપુને તેનું પાપ ખાઈ ગયું, તે ઠીક થયું.' પછી અસુરોનાં ટોળાંઓના નાયકોને દેવોએ મારવા માંડયા, એટલે દેવોનો અતિ બળવાન તે ઉદ્યોગ જોઈ અસુરો ભયભીત થયા ને સર્વ દિશાઓમાં નાસી ગયા. એ સમયે તે અસુરોએ સ્ત્રી, પુત્ર, હિતૈષી, મિત્રો, ઘર, પશુઓ તથા સરસામાનની કંઈ પણ દરકાર કરી નહિ. કેવળ પ્રાણની રક્ષા કરવા ઈચ્છતા તેઓ સર્વ ઉતાવળા નાઠા. પછી જયની ઈચ્છાવાળા દેવોએ રાજાની છાવણીમાં લૂંટ ચલાવી અને ઈન્દ્ર રાજરાણી મારી માતાને પકડી. ભયથી ઉદ્વેગ પામેલી અને ટિટોડીની પેઠે રડતી મારી માતાને તેઓએ લઈ જવા માંડી, એવામાં દૈવેચ્છાએ ત્યાં આવેલા દેવર્ષિ નારદે માર્ગમાં તેને જોઈ અને કહ્યું : "હે દેવપતિ ! આ નિરપરાધી સ્ત્રીને લઈ જવા તું યોગ્ય નથી. હે મહાભાગ ! આ સ્ત્રી સતી છે, વળી પરસ્ત્રી છે; માટે આને તું છોડી દે, છોડી દે.'

**ઈન્દ્ર બોલ્યો :** આ સ્ત્રીના પેટમાં આસુરરાજાનું અસહ્ય વીર્ય છે, માટે પ્રસવ થાય ત્યાં સુધી તે મારી પાસે ભલે રહે. પછી મારું કાર્ય સાધી (તેના પુત્રને મારી) હું તેને છોડી મૂકીશ.

**નારદજીએ કહ્યું :** આ (સ્ત્રીનો જે પુત્ર થશે તે) ભગવાનનો સાક્ષાત મહાભક્ત થશે અને અનંત ભગવાનનો બળવાન અનુચર થશે, જેથી તારાથી મૃત્યુ પામશે નહિ; કારણ કે તે પાપરહિત છે.

એમ ઈન્દ્રને કહ્યું એટલે દેવર્ષિના વચનને માન આપી તેણે મારી માતાને છોડી દીધી. પછી ભગવાનને પ્રિય એવા મારા ઉપરની ભક્તિથી તેની પ્રદક્ષિણા કરી તે સ્વર્ગમાં ગયો. પછી ઋષિ નારદે મારી માતાને પોતાના આશ્રમમાં લઈ જઈ 'હે પુત્રિ ! તારો સ્વામી આવે ત્યાં સુધી તું અહીં રહે' એમ આશ્વાસન આપી કહ્યું એટલે 'બહુ સારું' એમ કહી મારી માતા દૈત્યપતિ મારા પિતા અતિ ઘોર તપશ્ચર્યાથી પાછા ન ફર્યા ત્યાં સુધી નિર્ભય થઈ તેમની પાસે રહેવા લાગી. તે સમયે સતી સગર્ભા મારી માતા પોતાના ગર્ભના કલ્યાણ માટે અને 'મારા પતિ આવે તે પછી જ મારે બાળકને જન્મ આપવો.' આવી ઈચ્છાપૂર્વક પ્રસવ કરવા પરમ ભક્તિથી ઋષિની સેવા કરતી હતી. દયાળુ સમર્થ નારદઋષિએ તેને તથા મને ઉદ્દેશી ધર્મનું તત્ત્વ તથા નિર્મળ જ્ઞાન આપ્યાં હતાં, પણ તે ધર્મજ્ઞાન ઘણો લાંબો વખત જવાથી અને સ્ત્રીપણાથી મારી માતાને તો સ્મરણમાં ન રહ્યું; પરંતુ ઋષિના કૃપાપાત્ર મને હજી પણ તેનું સ્મરણ ગયું નથી; એટલે તમે પણ મારા વચન ઉપર શ્રદ્ધા રાખો તો તમને પણ દેહાદિ ઉપરના અહંભાવનો નાશ કરવામાં સમર્થ એ બુદ્ધિ (જ્ઞાન) પ્રાપ્ત થાય જ; કેમ કે શ્રદ્ધાથી સ્ત્રીઓ તથા બાળકોને પણ મારી પેઠે આવી બુદ્ધિ પ્રાપ્ત થાય છે. (તે બુદ્ધિ કયા પ્રકારની છે, તે તમે સાંભળો :) ઈશ્વરની મૂર્તિરૂપ કાળને લીધે વૃક્ષના (હોવાથી જ તેનાં) ફળને 'ઉત્પન્ન થવું, હોવું, વધવું, પરિણામ પામવું, રૂપાંતર થવું, ઓછા થવું અને નાશ પામવું, એવા છ વિકારો થાય છે. વૃક્ષ એમનું એમ રહે છે, તેમ એ જ પ્રકારના વિકારો (આત્માના હોવાપણાથી જ) શરીર વિષે દેખાય છે. આત્મા વિષે દેખાતા નથી (શરીરને વિકારો લાગુ હોય ત્યારે આત્મા તો એમ ને એમ જ રહે છે.); કારણ કે આત્મા નિત્ય, ક્ષયરહિત, શુદ્ધ, એક જ, શરીરાદિનો જ્ઞાતા, સર્વના આશ્રયરૂપ, વિકારરહિત, સ્વયંપ્રકાશ, સર્વના કારણરૂપ, વ્યાપક, સર્વ સંગથી મુક્ત અને કોઈ પણ આવરણથી રહિત છે. આ બાર શ્રેષ્ઠ લક્ષણોથી આત્માના સ્વરૂપને જાણનારા પુરુષે શરીર વગેરે ઉપર મોહથી ઉત્પન્ન થનારું 'હું, મારું' એવો મિથ્યા આગ્રહ છોડી દેવો. જેમ સોનું જાણનારો સોનાર સોનાની ખાણ વગેરે ક્ષેત્રોમાં, જેમાંથી સોનું કાઢી શકાય એવા પથ્થરોમાં અગ્નિથી ધમવું વગેરે ઉપાયથી સોનું મેળવે છે તેમ અધ્યાત્મવેત્તા પુરુષ શરીરમાં

આત્મપ્રાપ્તિના ઉપાયોથી બ્રહ્મસ્વરૂપ પામે છે. કપિલ વગેરે આચાર્યો કહે છે કે પ્રકૃતિઓ (મૂળ પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર ને પાંચ તન્માત્રાઓ, એમ) આઠ છે, તેના ગુણો (સત્વ, રજસ ને તમસ, એમ) ત્રણ છે. વિકારો (અગિયાર ઈન્દ્રિયોને પાંચ ભૂતો, એમ) સોળ છે અને પુરુષ—આત્મા એક જ છે; કારણ કે આત્મા તેઓમાં સાક્ષીરૂપે રહેલો છે. આ સર્વ પ્રકૃતિ વગેરેના જે સમુદાય તે જ દેહ છે અને તેના સ્થાવર તથા જંગમ એવા બે ભેદ છે. આ શરીરમાં જ 'આ નહિ, આ નહિ' એમ સર્વ આત્માથી જુદી વસ્તુને છોડતાં શોધાય છે. જેમ માળાના મણકાઓમાં દોરો બધે પરોવાયેલો છે તેમ આત્મા સર્વમાં રહેલો છે છતાં જેમ દરેક મણકાથી દોરો જુદો છે, તેમ આત્મા પણ દેહાદિ સર્વ પદાર્થોથી જુદો જ છે. એમ અન્વય અને વ્યતિરેકરૂપ વિવેકથી શુદ્ધ થયેલા મન વડે (વેદમાં દર્શાવેલ) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના આનુસંધાનપૂર્વક વિચાર કરતા ધીર પુરુષો આત્માને શોધી શકે છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ બુદ્ધિની વૃત્તિઓ છે. આ વૃત્તિઓનો જેનાથી અનુભવ થાય છે તે જ સર્વનો સાક્ષી અને સર્વથી પર પુરુષ (આત્મા) છે. જેમ પુષ્પોના ધર્મરૂપ તેની ગંધો દૂર કરી તેઓના આશ્રયરૂપ વાયુને મનુષ્ય જાણી શકે છે; (કે આ ગંધ તો પુષ્પોની છે. અને વાયુ તો તેના આશ્રયરૂપે તે ગંધથી જુદો જ છે. માત્ર વાયુ તેને અનુસર્યો તેથી તે ગંધવાળો જણાય છે.) તેમ જ કર્મથી ઉત્પન્ન થનારી અને ત્રણ ગુણોમય આ બુદ્ધિથી ત્રણ અવસ્થાઓ દૂર કરવાથી આત્માનું સ્વરૂપ મનુષ્ય જાણી શકે છે. (કે બુદ્ધિ જ ત્રણ ગુણોમય અને કર્મ કરનારી છે, તેથી આ ત્રણે અવસ્થાઓ બુદ્ધિની જ છે; આત્મા બુદ્ધિને અનુસરેલો છે તેથી જ બુદ્ધિની ત્રણ અવસ્થાઓવાળો હોય તેવો જણાય છે. ખરી રીતે આ ત્રણે અવસ્થાઓથી આત્મા જુદો જ છે.) આ સંસાર કેવળ બુદ્ધિની અવસ્થા દ્વારા જ થયેલો છે; કારણ કે બુદ્ધિના ગુણો તથા કર્મોથી જ તે રચાય છે. વળી આ સંસારનું મૂળ અજ્ઞાન છે, તેથી તે મિથ્યા છે તોપણ પુરુષને સ્વપ્નની પેઠે દેખાય છે. માટે તમારે ત્રિગુણાત્મક કર્મોનાં બીજને બાળનાર અને બુદ્ધિના જાગ્રત આદિ અવસ્થારૂપ પ્રવાહને અટકાવનાર યોગનો આશ્રય કરવો. જોકે આ સંસારને દૂર કરવાના (શાસ્ત્રોકત) હજારો ઉપાય છે, તોપણ ભગવાન નારદજીએ તે ઉપાયોમાંથી મને આ જ (યોગરૂપી) ઉપાય કહ્યો છે; કારણ કે આ ભગવદ્‌યોગરૂપ ઉપાયથી અનાયાસે ભગવાન ઈશ્વરમાં પ્રીતિ થાય છે. ગુરુની સેવા, ભકિત, મેળવેલા સર્વ પદાર્થો ભગવાનને અર્પણ કરવા, સજ્જન-ભકત પુરુષોનો સંગ, ઈશ્વરનું આરાધન, ભગવાનની કથામાં શ્રદ્ધા, ભગવાનના ગુણો તથા કર્મોનાં કીર્તન, ભગવાનના ચરણકમળનું ધ્યાન અને ભગવાનની મૂર્તિનું દર્શન, પૂજન તથા વંદન વગેરે આ સર્વ ભગવાનમાં પ્રીતિ કરવાનાં અંતરંગ સાધનો છે. માટે તેથી પણ ભગવાનમાં અનાયાસે પ્રીતિ થઈ શકે છે. ભગવાન શ્રીહરિ સર્વના ઈશ્વર હોઈ સર્વ પ્રાણીઓમાં રહેલા છે; માટે સર્વ પ્રાણીઓને તેમની કામના પૂરી કરી મનથી સારી રીતે માન આપવું. એમ જેઓએ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર; એ છ શત્રુઓને અથવા પાંચ ઈન્દ્રિયોને તથા મનને જીત્યાં હોય, એવા પુરુષ ઈશ્વર ભગવાન વાસુદેવ વિષે ભકિત કરે છે કે જે ભકિત વડે મનુષ્ય ભગવાનમાં પ્રીતિ પામે છે. જ્યારે ભગવાનનાં કર્મોને, અતુલ ગુણોને તથા લીલાશરીરથી કરેલાં પરાક્રમોને સાંભળી મનુષ્ય અત્યંત હર્ષથી રોમાંચિત થાય અને આંસુથી ગળગળો થઈ ઉચ્ચ કંઠે ગાવા માંડે, અસ્પષ્ટ શબ્દ કરે તથા નૃત્ય કરે ત્યારે તેને ભગવાનમાં પ્રીતિ પ્રાપ્ત થઈ એમ કહી શકાય છે. વળી જ્યારે દુષ્ટ ગ્રહથી ઘેરાયેલો હોય તેમ કોઈ વેળા હસે, આક્રંદ કરે, વિચાર કરે, કોઈ માણસને વંદન કરે, વારંવાર શ્વાસ લે અને હે હરે ! હે જગત્પતે ! હે નારાયણ !' એમ લજ્જારહિત થઈ બોલે, ત્યારે તેની બુદ્ધિ ભગવાનમાં લીન થઈ

એમ કહી શકાય. અને તે સમયે પુરુષ બધાં બંધનોથી મુકત થાય છે, તેનું મન ને શરીર ભગવાનની ચેષ્ટા વગેરે ભાવનાથી અનુકરણવાળું થાય છે અને તેનું અજ્ઞાન તથા વાસના બળીને ભસ્મ થાય છે. આવો થયા પછી તે પુરુષ અતિ મહાન ભકિતયોગના ભાવથી અધોક્ષજ ભગવાનને પામે છે. આ જગતમાં અતીન્દ્રિય ભગવાનનું મનથી જે ધ્યાન કરવું, તે રાગાદિયુક્ત મનવાળા મનુષ્યના સંસારચક્રનો નાશ કરનાર છે અને વિદ્વાનો તેને જ બ્રહ્મમાં લય થવારૂપ મોક્ષનું સુખ કહે છે, માટે તમે હૃદયમાં તે અંતર્યામી ભગવાનનું ભજન કરો. હે અસુર, બાળકો ! શ્રીહરિની ઉપાસનામાં એવી કઈ મોટી મહેનત છે ? કંઈ જ નથી. કારણ કે ભગવાન આકાશની પેઠે આપણા પોતાના હૃદયમાં વસેલા છે, આપણા પોતાના આત્મારૂપ છે અને સમગ્ર પ્રાણીઓના મિત્ર છે. માટે સર્વસામાન્ય વિષયોને મેળવવાથી શું ફળ છે ? કંઈ જ નથી. (કેવળ ઈશ્વરભજન કરો.) ધન, સ્ત્રી, પશુઓ, પુત્ર વગેરે ઘર, પૃથ્વી, હાથી, ભંડાર સંપત્તિઓ અને બીજી સર્વ કામનાઓ નાશવંત છે, જેથી ક્ષણભંગુર આયુષ્યવાળા મનુષ્યનું તેઓ કેટલું પ્રિય કરે છે ? કંઈ જ નહિ. એ જ પ્રમાણે યજ્ઞોથી પ્રાપ્ત કરેલા સ્વર્ગાદિ લોક પુણ્યના ઓછાવત્તાપણાથી કંઈક ચડિયાતા હોય છે, તો પણ નિર્મળ નથી. (કારણ કે તે સ્પર્ધા આદિથી યુકત છે.) માટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવા, જેમાં કોઈ જાતનાં દૂષણ જોયાં કે સાંભળ્યાં નથી એવા પરમેશ્વરનું તમે ભજન કરો. પોતાને વિદ્વાન માનનારો પુરુષ જેનો સંકલ્પ કરી વારંવાર કર્મો કરે છે, તેથી ઊલટા ફળને જ અવશ્ય પામે છે. કર્મ કરનારા મનુષ્યનો સંકલ્પ સુખ પામવા માટે અને દુઃખથી છૂટવા માટે હોય છે, પણ અમુક ફળની ઈચ્છાથી તે પુરુષ કર્મ કરે છે તેથી સદા દુઃખ પામે છે; પરંતુ કોઈ ઈચ્છા ન રાખવાથી સદા સુખી રહે છે. આ લોકમાં પુરુષ જેને માટે કામ્યકર્મો કરી કામનાઓ ઈચ્છે છે, તે શરીર પારકું છે, નાશવંત છે, જાય છે ને આવે છે. આ રીતે આપણું શરીર જ જો પારકું છે, તો એ શરીરથી જુદાં છોકરાં, સ્ત્રી, ઘર તથા ધન વગેરે અને રાજ્ય, ભંડાર, હાથી, પ્રધાન, સેવકો તથા હિતેચ્છુ મિત્રો વગેરે મમતાનું સ્થાન હોવા છતાં પારકાં છે, એમાં શું કહેવાનું છે ? આત્મ નિત્ય આનંદનો મહાસાગર છે. તેને અતિશય તુચ્છ દેહની સાથે નાશ પામતા અને અર્થ જેવા જણાતા તે તે સ્ત્રીપુત્રાદિ અનર્થોની શી જરૂર છે ? હે અસુરો ! પૂર્વજન્મનાં કર્મોને લીધે ગર્ભ આદિ અવસ્થાઓમાં દુઃખ પામતા પ્રાણીને આ જગતમાં કેટલો સ્વાર્થ છે, તે તમે કહો. પ્રાણી પોતાને અનુસરતા દેહ વડે કર્મો કરે છે અને કર્મોથી ફરી દેહ પામે છે. આ કર્મ અને શરીર એ બંને કેવળ અજ્ઞાનથી કર્યા જ કરે છે (જેથી કર્મની કદી સમાપ્તિ થતી નથી અને ભોગ ભોગવવાનો અવસર કદી મળતો નથી). માટે સર્વ અર્થો, કામો તથા ધર્મો જેમને આધીન છે તે સર્વના આત્મા અને નિઃસ્પૃહ ઈશ્વર શ્રીહરિનું તમે નિઃસ્પૃહભાવે ભજન કરો. તે શ્રીહરિ પોતે ઉત્પન્ન કરેલાં પાંચ મહાભૂતોમાંથી બનેલાં સર્વ પ્રાણીઓના પ્રિય આત્મા, ઈશ્વર અને અંતર્યામી છે. દેવ, અસુર, મનુષ્ય, યક્ષ કે ગંધર્વ હરકોઈ મુકુંદભગવાનનાં ચરણનું ભજન કરનારો અમારી પેઠે કલ્યાણ પામે છે. હે અસુરોના પુત્રો ! બ્રાહ્મણપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર કે બહુ જાણવાપણું મુકુંદભગવાનને પ્રસન્ન કરવા સમર્થ નથી. તેમ જ દાન, તપ, યજ્ઞ, પવિત્રતા ભગવાનને પ્રસન્ન કરવા શક્તિમાન નથી. માત્ર શુદ્ધ ભકિતથી જ શ્રીહરિ પ્રસન્ન થાય છે. બાકી તો બધું નાટક જ છે. માટે હે દાનવો ! સર્વ પ્રાણીઓના આત્મા ને ઈશ્વર ભગવાન શ્રીહરિમાં તમે 'સર્વ પ્રાણીઓને પોતાનાં રૂપ માનવાં' એ દૃષ્ટિએ ભકિત કરો. દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શૂદ્રો, વ્રજવાસી ગોવાળિયા, પક્ષીઓ, મૃગો અને બીજા પાપી જીવો પણ ભક્તિથી ભગવાનને

પામ્યા છે. આ જગતમાં પુરુષનો ઉત્તમ સ્વાર્થ એટલો જ કહ્યો છે કે તેણે શ્રીગોવિંદ ભગવાનમાં એકનિષ્ઠ ભકિત કરવી કે જે ભકિતનું સ્વરૂપ 'સર્વ સ્થળે ભગવાન જ છે' એમ જોવું તે છે. ૧—૫૫

एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृतः । एकान्तभक्तिर्गोविन्दे यत् सर्वत्र तदीक्षणम् ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## નૃસિંહભગવાને હિરણ્યકશિપુનો કરેલો વધ

॥ नारद उवाच ॥

अथ दैत्यसुताः सर्वे श्रुत्वा तदनुवर्णितम् । जगृहुर्निरवद्यत्वान्नैव गुर्वनुशिश्रितम् ॥१॥

**નારદજી બોલ્યા :** પછી સર્વ દૈત્યપુત્રોએ પ્રહ્લાદે કહેલું જ્ઞાન સાંભળી નિર્દોષ હોવાથી તે જ ગ્રહણ કર્યું, પણ ગુરુનું શિક્ષણ (દોષવાળું હોવાથી) ગ્રહણ ન કર્યું. એટલે શુક્રાચાર્યના પુત્ર—ગુરુએ તે સર્વ બાળકોની બુદ્ધિને ભગવાનમાં સ્થિર થયેલી જાણી ભયભીત થઈ, તે બધું જેવું હતું તેવું હિરણ્યકશિપુને જણાવ્યું. પોતાને અપ્રિય અને દુ:સહ એવી પુત્રની તે અનીતિ સાંભળી દૈત્ય હિરણ્યકશિપુનું શરીર કોપાવેશથી ધ્રુજી ઊઠ્યું અને પછી તો પુત્રનો નાશ કરવા મનમાં તેણે વિચાર કર્યો. સ્વભાવથી જ ક્રૂર તે દૈત્ય પગથી ઠોકર મારેલા સર્પની પેઠે ફૂંફાડા મારી ક્રોધવાળી વાંકી દૃષ્ટિથી જોતો બે હાથ જોડી ઊભેલા, વિનયથી નમ્ર અને જિતેન્દ્રિય પ્રહ્લાદને તિરસ્કાર કરવા અયોગ્ય હતો, છતાં કઠોર વાણીથી તિરસ્કાર કરી કહેવા લાગ્યો : 'અરે ઓ ઉદ્ધત ! ઓ મંદબુદ્ધિ ! કુળનો નાશ કરનાર ઓ અધમ ! તું અભિમાની છે, તેં મારી આજ્ઞા ઓળંગી છે, માટે આજે તને હું યમલોકમાં મોકલી દઈશ. હું ક્રોધાયમાન થાઉં, ત્યારે લોકપાલો સહિત ત્રણે લોક કંપી ઊઠે છે. તે મારી આજ્ઞાનું ઓ મૂર્ખ ! ક્યા બળને આધારે નિર્ભયની પેઠે ઉલ્લંઘન કર્યું છે ?'

**પ્રહ્લાદ બોલ્યો :** હે રાજન્ ! જેમણે ભૂતકાળના ને ભવિષ્યકાળનાં બ્રહ્માદિ તથા આ સ્થાવરજંગમ પ્રાણીઓ વશ કર્યા છે, તે પરમેશ્વર કેવળ મારા કે તમારા જ બળરૂપ નથી, પણ બીજા સર્વ બળવાન પુરુષોના તે જ ભગવાન બળરૂપ છે (માટે તે પરમેશ્વરનું જ મને બળ છે). તે ઈશ્વર કાળરૂપ મહા પરાક્રમી, ઈન્દ્રિય શકિતરૂપ, માનસિક શકિતરૂપ, ધૈર્યરૂપ, દેહશકિતરૂપ અને ઈન્દ્રિયોરૂપ છે અને ત્રણે ગુણોના નિયંતા તે જ પરમેશ્વર પોતાની શકિતઓથી જગતને સર્જે છે, પાળે છે અને સંહારે છે. માટે તમે પોતાનો આસુરીભાવ છોડો અને મનને 'સર્વે સમાન છે' એ ભાવમાં ધારણ કરો; કારણ કે નહિ જિતાયેલા અને તેથી જ અવળે માર્ગે રહેલા મન સિવાય બીજો કોઈ શત્રુ નથી; તેમ જ એ રીતે મનને સમભાવમાં સ્થિર કરવું, તે જ ભગવાનની મહાન પૂજા છે. કેટલાક (તમારા જેવા મૂર્ખ) પુરુષો પોતાનું સર્વસ્વ લૂંટી રહેલા ઈન્દ્રિરૂપી છ શત્રુઓને પ્રથમ જીત્યા વિના જ દશે દિશાઓને પોતે જીતેલી માને છે, પણ જેણે પોતાના મનને જીત્યું છે અને પ્રાણીઓ પર જે સમાનભાવ રાખે છે, તેવા જ્ઞાની પુરુષને પોતાના અજ્ઞાનથી કલ્પાયેલા શત્રુ કયાંથી હોય ?

**હિરણ્યકશિપુ બોલ્યો :** 'ખરેખર, તું મરવા ઈચ્છે છે અને તેથી જ (આવું આવું) ઘણું બકે છે. ઓ મૂર્ખ ! જેઓ મરણની અણી પર આવેલા હોય તેઓની વાણી (આ રીતે) અસંબદ્ધ હોય છે. ઓ મંદ ભાગ્યવાળા ! તેં મારા વિના જગતનો ઈશ્વર કહ્યો, તે ક્યાં છે ?' ('તે સર્વ સ્થળે છે,' એમ પ્રહ્લાદે કહ્યું,

એટલે ફરી હિરણ્યકશિપુ બોલ્યો :) 'જો તે સર્વ સ્થળે છે, તો આ થાંભલામાં કેમ દેખાતો નથી ? (ત્યારે પ્રહ્‌લાદ તે થાંભલામાં પણ ભગવાનને જોતો નમસ્કાર કરી બોલ્યોઃ 'આ થાંભલામાં પણ ભગવાન દેખાય છે.' પણ હિરણ્યકશિપુએ ન જોતાં ફરી કહ્યુંઃ 'તું ઘણું બકે છે, માટે (ઊભો રહે હમણાં જ) તારા મસ્તકને ધડથી જુદું કરું છું. (હું જોઉં છું કે) તારું જે ઈચ્છિત શરણ હરિ છે, તે આજે તને (કેવી રીતે) બચાવે છે !' એમ ક્રોધથી વારંવાર દુષ્ટ વાક્ય કહી ભગવાનના મહાન ભકત પુત્રને તે મહાસુર દુઃખ દેવા લાગ્યો અને હાથમાં તલવાર લઈ પોતાના ઉત્તમ આસન ઉપરથી કૂદી મહાબળવાન તે અસુરે થાંભલામાં પોતાની મુક્કીનો પ્રહાર કર્યો. એટલે તે જ વખતે તે થાંભલામાં મહાભયંકર અવાજ થયો. જેને લીધે આ બ્રહ્માંડરૂપી કડાયું ફૂટી ગયું હોય એમ લાગ્યું. હે રાજા ! પોતાના સ્થાનમાં આવેલા તે અવાજને સાંભળી બ્રહ્માદિ દેવતાઓ પણ પોતાના સ્થાનનો વિનાશ થશે કે શું, એમ માનવા લાગ્યા. તેમ જ પુત્રનો વધ કરવા ઈચ્છતો ને બળપૂર્વક પરાક્રમ કરતો હિરણ્યકશિપુ એ અદ્‌ભુત (અપૂર્વ) અવાજ સાંભળી સભામાં (જોવા લાગ્યો પણ) તે અવાજ કયાંથી આવ્યો, તે કંઈ જણાયું નહિ. એ અવાજને લીધે તે અસુરના સેનાપતિઓ પણ ત્રાસી ગયા. તે સમયે પોતાના સેવક(પ્રહ્‌લાદ)નાં વચનને તથા પોતાનું સમગ્ર ભૂતોમાં વ્યાપકપણું સત્ય કરવાને નહિ પશુ કે નહિ મનુષ્ય, એવું અદ્‌ભૂત શરીર ધારણ કરતા ભગવાન સભાની વચ્ચે થાંભલામાં દેખાયા. દૈત્ય હિરણ્યકશિપુ (પેલો અદ્‌ભૂત શબ્દ સાંભળી) ચારે તરફ જોઈ રહ્યો હતો. તેણે થાંભલાની વચ્ચેથી નીકળતા એ પ્રાણીને જોઈ વિચાર કર્યો : 'અહો ! આ વિચિત્ર પ્રાણી કયું છે ? આ પશુ નથી તેમ મનુષ્ય પણ નથી, આ તે મનુષ્ય અને સિંહનું મિશ્ર(નૃસિંહ)રૂપ છે !' દૈત્ય આવો વિચાર કરતો હતો, તેવામાં તો એ નૃસિંહરૂપ (ભગવાન) તેની આગળ આવી ઊભા રહ્યા. એમનું એ નૃસિંહસ્વરૂપ ઘણું જ ભયાનક હતું; તેનાં નેત્રો તપેલા સુવર્ણ જેવાં ઉગ્ર હતાં; ચળકતી જટા અને કેશવાળીને લીધે મુખ પ્રચંડ જણાતું હતું, દાઢો વિકરાળ હતી; જીભ તલવાર જેવી ચંચળ અને અસ્ત્રાની ધાર જેવી તીક્ષ્ણ હતી; મુખ ભ્રૂકુટિથી ભયંકર હતું, કાન સ્થિર અને ઊંચા હતા. મુખ અને નાક પર્વતની ગુફા પેઠે અદ્‌ભૂત અને ફાડેલાં હતાં; તેનાં ગલોફાં ફાટેલાં હતાં અને તેથી (તેના મુખનો વિસ્તાર છેક કાન સુધી પહોંચેલો હોઈ) તેનો દેખાવ ભયંકર જણાતો હતો. શરીર છેક આકાશ સુધી પહોંચ્યું હતું. ડોક ટૂંકી અને પુષ્ટ હતી; છાતી વિશાળ હતી; કેડ પાતળી હતી; શરીર ઉપર ચંદ્રના કિરણ જેવાં ઉજ્જવળ રૂંવાડાં છવાયાં હતાં; સેંકડો હાથ સર્વ દિશાઓમાં ફેલાયેલા હતા; નખ એ જ તેનાં આયુધ હતાં; તેની પાસે કોઈ જઈ શકતું ન હતું અને તે સ્વરૂપે પોતાનાં ઉત્તમ ચક્ર વગેરે આયુધોથી તથા બીજાં વજ્ર વગેરે આયુધોથી દૈત્ય અને દાનવોને નસાડી મૂક્યા હતા. (આવા નૃસિંહસ્વરૂપને જોઈ તે દૈત્ય બોલી ઊઠયોઃ) 'મહામાયાવી હરિએ આવી રીતે મારો નાશ કરવા વિચાર કર્યો છે, પણ આવા ઉદ્યમ કરતા હરિથી મને શું થવાનું છે ? આમ બોલતો તે મહાન દૈત્ય હાથમાં ગદા લઈ ગર્જના કરતો નૃસિંહભગવાન સામે ધસ્યો. તે સમયે જેમ પતંગિયું અગ્નિમાં પડી અદશ્ય થાય, તેમ નૃસિંહભગવાનના તેજમાં પડી તે અસુર (જાણે ક્યાંય) અદશ્ય થયો હોય તેમ લાગતું હતું. એ રીતે સત્વગુણમય પ્રકાશવાળા શ્રીહરિ વિષે (પડેલા તમોગુણમય તે દૈત્યનું) અદર્શન થયું, તે કંઈ આશ્ચર્ય નથી; કેમ કે શ્રીહરિ પૂર્વે (સૃષ્ટિના આરંભકાળે) પોતાના તેજથી પ્રલયકાળના અંધકારને પી ગયા હતા. પછી એ મહાન અસુરે નૃસિંહભગવાનની સામે ધસી ક્રોધથી મોટા વેગવાળી ગદા તેમને મારી. એટલે ગદાધર ભગવાને ગરૂડ જેમ સર્પને પકડે તેમ ગદા પકડી પરાક્રમ કરતા તે અસુરને પકડયો, પણ રમત કરતા ગરુડના પંજામાંથી જેમ સર્પ નીકળી જાય,

તેમ એ અસુર તે વેળા ક્રીડા કરતા ભગવાનના હાથમાંથી છટકી ગયો. હે ભરતવશી રાજા ! એ વખતે વાદળાં પાછળ છુપાયેલા અને જેઓનાં સ્થાનો હિરણ્યકશિપુએ છીનવી લીધાં હતાં, તે સર્વ દેવતાઓ અને લોકપાલો ભગવાનના હાથમાંથી હિરણ્યકશિપુ છટકી ગયો, તેને અશુભ માનવા લાગ્યા. પછી ભગવાનના હાથમાંથી છૂટી તે અસુર પોતાના પરાક્રમથી ભગવાનને ભયમાં આવેલા માનવા લાગ્યો અને તેથી જ ફરી ઢાલ– તલવાર હાથમાં લઈ યુદ્ધમાં થાક વિનાનો જણાતો તે અસુર ભગવાન સામે ગયો. એ વેળા તેનો વેગ બાજ પક્ષી જેવો હતો અને ઢાલતલવાર ફેરવી ઉપર નીચે એકધારો તે ઘૂમતો હતો. એવામાં શ્રીહરિએ ઊંચા સ્વરથી મહાઉગ્ર અટ્ટહાસ્ય કરી આંખો મીચી મહાવેગથી તેને પકડ્યો. એટલે સર્પે પકડેલા ઊંદરની પેઠે ચોતરફ પછાડા મારતા, પકડાઈને આતુર થયેલા અને ઈન્દ્રના વજ્રથી પણ જેની ચામડી ચિરાઈ ન હતી, એવા તે દૈત્યને શ્રીહરિએ સભાનાં બારણાના ઊંબરામાં (નહિ અંદર કે નહિ બહાર) પોતાની સાથળ ઉપર પાડી (નહિ પૃથ્વી ઉપર કે નહિ આકાશમાં, નહિ જીવતા કે નહિ મરેલા) નખો વડે ગરૂડ જેમ મહાઝેરી સર્પને ચીરી નાખે તેમ ચીરી નાખ્યો. એ સમયે ભગવાન નૃસિંહનાં નેત્રો ક્રોધને લીધો જોવાં મુશ્કેલ અને મહાભયંકર જણાતાં હતાં. ફાડેલા મુખના છેડાઓને પોતાની જીભથી તે ચાટતા હતા. તેમનું મુખ અને કેશવાળી લોહીનાં બિંદુઓથી છંટાઈને લાલચોળ થયાં હતાં. તેમના ગળામાં આંતરડાંની માળા આવી રહી હતી અને તેથી હાથીનો નાશ કરી જેવો સિંહ દેખાય તેવા તે દેખાતા હતા. પછી નખરૂપી અંકુરોથી જેનું હૃદયકમળ ચીરી નાખ્યું હતું, એવા તે દૈત્યને ફેંકી દઈ અનેક બાહુઓવાળા તે ભગવાન દૈત્યના ઉગામેલા આયુધોવાળા હજારો સેવકોને પોતાના નખો, શસ્ત્રો તથા પગની પાની વડે ચોતરફથી મારવા લાગ્યા. એ વેળા તેમની કેશવાળીના ફટકા લાગવાથી ધકેલાયેલા મેઘો (આકાશમાં) વીખરાઈ ગયા. તેમની દૃષ્ટિથી હરાયેલી કાંતિવાળા સર્વ ગ્રહો નિસ્તેજ થયા, તેમના શ્વાસથી ફૂંકાયેલા સમુદ્રો ખળભળી ઊઠ્યા અને તેમની ગર્જનાથી ભયભીત બનેલા દિશાઓના હાથીઓ ચીસો પાડવા લાગ્યા. તેમની કેશવાળી અથડાવાથી ઊછળી પડેલાં વિમાનો વડે વ્યાપ્ત થયેલું આકાશ જાણે પોતાના સ્થાનથી ખસી ગયું હોય તેવું જણાતું હતું. પૃથ્વી તેમના પગના પ્રહારથી જાણે અત્યંત પીડાઈ હતી. તેમના વેગથી પર્વતો પણ જાણે ઊડી જતા હતા અને તેમના તેજથી આકાશ અને દિશાઓ ઝાંખી થઈ હતી. પછી પોતાની સામે યુદ્ધ કરનાર જેણે જોયો ન હતો, એવા ભગવાન સભામાં ઉત્તમ રાજસિંહાસન પર બેઠા. પણ સંપૂર્ણ પ્રકાશવાળા અને પ્રચંડ મુખવાળા તે પ્રભુની બીકથી કોઈ તેમની પાસે જઈ શક્યું નહિ. એ રીતે ત્રણે લોક પરના અતિ દુઃસહ રોગ સમાન આદિદૈત્ય હિરણ્યકશિપુનો યુદ્ધમાં નાશ કર્યો તે જાણી અત્યંત હર્ષને લીધે પ્રફુલ્લ મુખવાળી દેવાંગનાઓએ નૃસિંહભગવાન પર વારંવાર પુષ્પોની વૃષ્ટિ કરી અને તે ભગવાનના દર્શનની ઈચ્છાવાળા દેવોનાં વિમાનોની પંક્તિઓથી આકાશ છવાઈ ગયું. દેવતાઓનાં ઢોલ તથા નગારાં વાગ્યાં. ઉત્તમ ગંધર્વો ગાવા લાગ્યા અને સ્ત્રીઓ નાચવા લાગી. તે પછી બ્રહ્મા, ઈન્દ્ર, શંકર વગેરે દેવો, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, મોટા સર્પો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, અપ્સરાઓ, ચારણો, યક્ષો, કિંપુરુષ, વૈતાલો, સિદ્ધો, કિન્નરો તથા વિષ્ણુભગવાનના પાર્ષદો સુનંદ, કુમુદ વગેરે ત્યાં આવ્યા અને તીવ્ર તેજવાળા સિંહાસન ઉપર બેઠેલા તે નૃસિંહભગવાનથી થોડે દૂર ઊભા રહી મસ્તક નમાવી બે હાથ જોડી આ રીતે જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યાઃ

**બ્રહ્મા બોલ્યા :** જેમનો અંત નથી, જેમની શકિત દુરંત છે, જેમના પ્રભાવો અનેક તરહના છે, જેમનાં કર્મો પવિત્ર છે અને જે ગુણો દ્વારા પોતાની લીલા વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય સારી રીતે કરે છે, તે અસ્ખલિતસ્વરૂપવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**શ્રીરુદ્ર બોલ્યા :** આપના કોપનો સમય યુગના અંતરૂપ બને છે, પ્રલયકાળરૂપ થાય છે. હમણાં તો આપે આ તુચ્છ અસુરનો નાશ કર્યો છે, તો હવે હે ભકતવત્સલ ! આપને શરણે આવેલા તેના પુત્રની આપ રક્ષા કરો.

**ઈન્દ્ર બોલ્યા :** હે પરમેશ્વર ! આપે અમારુ રક્ષણ કરી આપના પોતાના જ યજ્ઞભાગો પાછા આપ્યા છે (કેમ કે આપ સર્વના અંતર્યામી હોઈ આપ જ યજ્ઞના ભોક્તા છો.) અમારું હૃદયકમળ આપને વસવાના ઘરરૂપ જ છે, પણ (આજ દિવસ સુધી ભયનું કારણ બની) આ દૈત્ય વડે પ્રાપ્ત કરાયું હતું, તેને (આજે) ભયથી મુકત કરી આપે પ્રફુલ્લિત કર્યું છે. અહો ! આશ્ચર્ય છે કે, હે નાથ ! જેઓ આપને જ સેવે છે, તેઓને કાળનો કોળિયો થયેલું આ જગત (પોતાની સંપત્તિ તરીકે) શું ગણતરીમાં છે ? કારણ કે હે નૃસિંહ ! તે આપના ભકતો (આપની ભકિત સિવાય) મોક્ષને પણ ઉત્તમ માનતા નથી, તો બીજા સ્વર્ગાદિનું તેમને શું કામ છે ?

**ઋષિઓ બોલ્યા :** હે આદિ પુરુષ ! આપે અમને આપના પ્રભાવરૂપ પરમ તપનો ઉપદેશ કર્યો હતો અને આપે જે તપ વડે પોતામાં લીન થયેલા આ જગતને સર્જ્યું છે, તે સર્વ તપનો આ દૈત્યે નાશ કર્યો હતો. હે શરણાગતનું રક્ષણ કરનાર દેવ ! આજે જગતની રક્ષા માટે આ શરીર સ્વીકારનારા આપે ફરી તે તપ કરવાની આજ્ઞા આપી છે (આપને અમે નમસ્કાર કરીએ છીએ.)

**પિતૃઓ બોલ્યા :** આ દૈત્ય અમારા પુત્રોએ અમને અર્પેલાં શ્રાદ્ધો બળાત્કારે ખાઈ જતો હતો અને તીર્થમાં નાહવાના સમયે અમને ઉદ્દેશીને આપેલા તલમિશ્ર જલને પણ પી જતો હતો. તે સર્વને નખ વડે ચીરી નાખેલી ચરબીવાળા તેના પેટમાંથી આજે આપે ખેંચી લીધું છે. સમગ્ર ધર્મનું રક્ષણ કરનારા આપ નૃસિંહભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.

**સિદ્ધો બોલ્યા :** હે નૃસિંહ ! જે દુષ્ટ દૈત્યે યોગ ને તપના બળથી અમારી અણિમાદિ યોગસિદ્ધિ હરી લીધી હતી, તે અનેક જાતના ગર્વવાળા આ દૈત્યને આપે નખથી ચીરી નાખ્યો છે, એ આપને અમે નમસ્કાર કરીએ છીએ.

**વિદ્યાધરો બોલ્યા :** બળ અને પરાક્રમથી ગર્વિષ્ટ બનેલા જે મૂર્ખ દૈત્યે જુદી જુદી ધારણાઓથી પ્રાપ્ત કરેલી અમારી અંતર્ધાનાદિ વિદ્યાને અટકાવી હતી, તેને આપે યુદ્ધમાં પશુની પેઠે માર્યો છે. માયાથી નૃસિંહરૂપ ધારણ કરનારા તે આપને અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ.

**નાગો બોલ્યા :** જે પાપી દૈત્યે અમારાં રત્નો તથા સ્ત્રીરત્નોને હરી લીધાં હતાં; તે દૈત્યની છાતી ચીરી જેમણે આ (અમારી) સ્ત્રીઓને આનંદ આપ્યો, તે આપને અમારા નમસ્કાર હો.

**મનુઓ બોલ્યા :** હે દેવ ! અમે મનુઓ આપની આજ્ઞા પ્રમાણે કરનારા—ધર્મરક્ષક છીએ, પણ આ દૈત્યે અમારી ધર્મમર્યાદાઓનો નાશ કર્યો હતો, તેને આપે માર્યો તે બહુ સારું કર્યું. હે પ્રભુ ! અમને (આપના સેવકોને) આપ આજ્ઞા આપો. અમે આપનું કયું કામ કરીએ ?

**પ્રજાપતિઓ બોલ્યા :** હે પરમેશ્વર ! અમે પ્રજાપતિઓ છીએ. આપે પ્રજાઓ ઉત્પન્ન કરવા અમને સર્જ્યા છે પણ આ દૈત્યે પ્રજાઓ સર્જતાં અમને અટકાવ્યા હતા, તે આ ચિરાયેલી છાતીએ અહીં સૂતો છે. હે સત્વમૂર્તિ ! આપનો અવતાર જગતના મંગળરૂપ છે.

**ગંધર્વો બોલ્યા :** હે વિભો ! અમે આપના નટો આપના નાટયમાં ગાન કરનારા છીએ; છતાં આ દૈત્યે પોતાનાં પરાક્રમ, બળ તથા તેજથી અમને સ્વાધીન કર્યા હતા. તે આને આપે આ દશાએ પહોંચાડ્યો છે; કારણ કે અવળે માર્ગે જનાર શું સુખી થાય ? ન જ થાય.

**ચારણો બોલ્યા :** હે હરિ ! સંસારને દૂર કરનાર આપનાં ચરણકમળનો અમે આશ્રય કરીએ છીએ; કારણ કે (આપના ચરણકમળનું શરણ ન લેનાર) આ અસુર સત્પુરુષોનાં હૃદયને ભયજનક થયો હતો, તેથી આપે તેને માર્યો છે.

**યક્ષો બોલ્યા :** હે ચોવીસે તત્વોના નિયામક દેવ ! અમે આપના સેવકોમાં મુખ્ય છીએ અને સુંદર કર્મોથી જગતમાં આપની સેવા કરનારા છીએ, પણ આ દૈત્યે અમને પોતાની પાલખી ઉપાડનારા બનાવ્યા હતા. હે નૃસિંહ ! એણે (એ રીતે) મનુષ્યોને દુઃખ દીધાં હતાં, તે જાણનારા આપે તેને માર્યો છે.

**કિંપુરુષો બોલ્યા :** હે મહાપુરુષ ! અમે કિંપુરુષ (તુચ્છ પ્રાણી) છીએ, ત્યારે આપ મહાપુરુષ (અદ્‌ભુત) પ્રભાવશાળી પુરુષ છો. (અમે આપની શી સ્તુતિ કરીએ ? ) આ દુષ્ટ પુરુષનો સત્પુરુષોએ ધિક્કાર કર્યો, ત્યારે જ તે મર્યો હતો. (માટે આપે આનો નાશ કર્યો, એમાં અમે આપની શી પ્રશંસા કરીએ?)

**વૈતાલિકો બોલ્યા :** હે ભગવન્ ! અમે સભાઓમાં તથા યજ્ઞોમાં આપનો નિર્મળ યશ ગાઈને મોટો સત્કાર મેળવીએ છીએ, પણ અતિ દુર્જન આ દૈત્યે અમારા સત્કારને અટકાવ્યો હતો, તેનો આપે રોગની પેઠે નાશ કર્યો તે ઘણું સારું કર્યું છે.

**કિન્નરો બોલ્યા :** હે ઈશ્વર ! અમે કિન્નરગણો આપના દાસ છીએ. પણ આ દૈત્યે અમારી પાસે વેઠ કરાવી હતી. હે હરિ ! આ પાપીને આપે માર્યો તે બહુ સારું કર્યું છે. હે નૃસિંહ ! હે નાથ ! હવે આપ અમારું કલ્યાણ કરો.

**વિષ્ણુના પાર્ષદો બોલ્યા :** હે ભકતોને શરણ આપનારા ! સર્વ લોકના મંગળરૂપ આપનું આ અદ્‌ભુત નૃસિંહસ્વરૂપ અમે આજે જોયું છે. હે ઈશ્વર ! આ દૈત્ય આપનો આજ્ઞાકારી સેવક છે, પણ તેને બ્રાહ્મણનો શાપ થયો હતો. આપે તેનો નાશ કર્યો તે તેના પર કૃપા જ કરી છે એમ અમે જાણીએ છીએ. ૧-૫૬

अद्यैतद्धरिनररूपमद्भुतं ते । दृष्ट नः शरणद सर्वलोकशर्म ।
सोऽयं ते विधिकर ईश विप्रशप्तस्तस्येदं निधनमनुग्रहाय विद्मः ॥५६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯
## પ્રહ્‌લાદે કરેલી નૃસિંહની સ્તુતિ

॥ नारद उवाच ॥

एवं सुरादयः सर्वे ब्रह्मरुद्रपुरःसराः । नोपैतुमशकन्मन्युसंरम्भं सुदुरासदम् ॥१॥

**નારદજી બોલ્યા :** એમ બ્રહ્મા, રુદ્ર વગેરે સર્વ દેવો ક્રોધના આવેશવાળા અને તેથી જ જેમની પાસે જવું ઘણું મુશ્કેલ હતું, તેવા નૃસિંહ ભગવાનની પાસે જઈ શક્યા નહિ. એટલે દેવોએ સાક્ષાત લક્ષ્મીદેવીને મોકલ્યાં, પણ મહાઅદ્‌ભુતે તે સ્વરૂપ જોઈ શંકા પામેલાં તે પણ તેમની પાસે ગયાં નહિ; કારણ કે લક્ષ્મીજીએ ભગવાનનું તેવું મહાઅદ્‌ભુત સ્વરૂપ પૂર્વે કદી જોયું ન હતું કે સાંભળ્યું ન હતું. પછી બ્રહ્માએ પોતાની પાસે બેઠેલા પ્રહ્‌લાદને 'હે તાત ! તારા પિતા ઉપર કોપાયમાન થયેલા પ્રભુને શાંત પાડ, જા' એમ કહી મોકલ્યો. એટલે હે રાજા ! 'બહુ સારું' એમ કહી ભગવાનના મહાભક્ત તે બાળકે ધીમે ધીમે ભગવાનની પાસે જઈ મસ્તક પર બે હાથ જોડી શરીર વડે પૃથ્વી પર પડીને (દંડવત્) પ્રણામ કર્યા.

દેવ નૃસિંહે તે બાળકને પોતાના પગમાં પડેલો જોઈ કૃપાથી વ્યાપ્ત થઈને ઉઠાડી ઊભો કર્યો ને તેના મસ્તક પર કાળરૂપી સર્પથી ત્રાસેલી બુદ્ધિવાળાઓને નિર્ભય કરનાર પોતાનો હસ્તકમળ મૂક્યો. ભગવાનના હાથનો સ્પર્શ થતાં જ જેનાં બધાં પાપો દૂર થયાં હતાં અને તત્કાળ જેમને બ્રહ્મજ્ઞાન પ્રકટયું હતું તેવા પ્રહ્‌લાદજી હૃદયમાં શાંત થયા. તેમને હર્ષનાં રોમાંચ થયાં, તેમનું હૃદય પ્રેમભીનું બન્યું, નેત્રમાં આંસુ ઊભરાયાં અને મનમાં તેમણે ભગવાનનાં ચરણકમળ સ્થાપ્યાં. પછી હૃદય તથા દૃષ્ટિને શ્રીભગવાનમાં જ સ્થાપી અત્યંત સાવધાન થઈ એકાગ્ર મનથી પ્રેમને લીધે ગળગળી થયેલી વાણી વડે શ્રીહરિની સ્તુતિ કરવા માંડી.

**પ્રહ્‌લાદજી બોલ્યા :** કેવળ સત્વગુણમાં જ એકાગ્રબુદ્ધિવાળા બ્રહ્માદિ દેવગણો અને જ્ઞાની સિદ્ધો પણ વચનોના પ્રવાહથી તથા અનેક ગુણોથી જેમનું આરાધન કરવા હજી સમર્થ થયા નથી, તે શ્રીહરિ મારાથી સંતોષ પામવા શું યોગ્ય છે ? હું શી રીતે તેમને પ્રસન્ન કરી શકીશ ? કારણ કે હું તો અસુરની ઘોર જાતિમાં ઉત્પન્ન થયો છું. હું માનું છું કે ધન, સત્કુળમાં જન્મ, સૌંદર્ય, તપ, શાસ્ત્રજ્ઞાન, ઇંદ્રિયોની કુશળતા, કાંતિ, પ્રતાપ, બળ, પુરુષાર્થ, બુદ્ધિ કે અષ્ટાંગયોગ પણ પરમ પુરુષ(ભગવાન)નું આરાધન કરવા સાધન થતાં નથી. (જુઓ) કેવળ ભકિતથી જો ભગવાન ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા હતા. કોઈ પુરુષ બ્રાહ્મણજાતિને અને બાર ગુણોથી યુક્ત હોય, પણ જે ભગવાનનાં ચરણકમળથી વિમુખ હોય, તો તેના કરતાં (ભગવાનના ભકત) ચાંડાલને હું ઘણો ઉત્તમ માનું છું; કારણ કે તે ચાંડાલે ભગવાન વિષે જ મન, વચન, કર્મ, ધન તથા પ્રાણ પણ અર્પણ કરેલાં હોય છે, તેથી તે પોતાના કુળને પણ પવિત્ર કરે છે; પરંતુ અત્યંત અભિમાની પેલો બ્રાહ્મણ પોતાને પણ પવિત્ર કરી શકતો નથી. આ ઈશ્વર અજ્ઞાની (હલકા) મનુષ્ય પાસેથી પોતાને માટે પૂજા ઈચ્છતા નથી, કારણ કે પોતે તો આત્મલાભથી જ પૂર્ણ છે, છતાં પોતે દયાળુ હોવાથી તેમની પૂજા સ્વીકારે પણ છે; કારણ કે મનુષ્ય ભગવાન પ્રત્યે જે માન, પૂજા વગેરે કરે છે તે તો ઊલટું તે પૂજા કરનારને જ પ્રાપ્ત થાય છે. જેમ મુખ ઉપર કરેલી તિલક વગેરેની શોભા મુખના પ્રતિબિંબને પ્રાપ્ત થાય છે. (એ રીતે ભગવાન કેવળ ભકિતથી જ પ્રસન્ન થાય છે.) માટે હું નીચ છું છતાં શંકારહિત થઈ સર્વ પ્રયત્નથી મારી બુદ્ધિ અનુસાર ઈશ્વરનો મહિમા વર્ણવું છું. તેનું વર્ણન કરવાથી વિદ્યાને લીધે સંસારચક્રમાં પડેલ જીવ પવિત્ર થાય છે. હે ઈશ્વર ! આ ભયભીત બનેલા બ્રહ્માદિ સર્વ દેવો સત્વમૂર્તિ આપની આજ્ઞા પાળનાર આપના ભક્તો જ છે—પરંતુ અમારી (અસુરોની) પેઠે વેરભાવે ભજનારા નથી, પણ તેઓ તો શ્રદ્ધાથી જ આપને ભજનારા છે. વળી અનેક સુંદર અવતારોથી આપ ભગવાનની જે આ ક્રીડા છે, તે આ જગતનાં કલ્યાણ, ઐશ્વર્ય તથા આત્મસુખ માટે છે (નહિ કે આવી રીતે જગતને ભય ઉપજાવવા માટે છે ! ) માટે આપ ક્રોધને શાંત કરો, (જેને માટે આપે ક્રોધ કર્યો છે,) તે અસુરને તો આજે આપે માર્યો છે. (તો હવે ક્રોધનું શું કામ છે) જેમ વીંછીની કે સર્પની (કોઈએ કરેલી) હત્યાથી સજ્જન પણ એ 'વીંછીનું જ કે એ સર્પનું જ કલ્યાણ થયું' એમ ખુશી થાય છે, તેમ આ અસુરનો નાશ થવાથી સર્વ લોકો શાંતિ પામ્યા છે અને તેઓ સર્વ (આપનો ક્રોધ દૂર થાય) તેની રાહ જુએ છે. હે નૃસિંહ ! પોતાની પર આવેલા ભયને દૂર કરવા મનુષ્ય આપના આ નૃસિંહસ્વરૂપનું સ્મરણ કરશે. (માટે હવે આપે ક્રોધ રાખવાનું કંઈ કામ નથી) હે અજિત ! જોકે આપનું આ સ્વરૂપ અતિશય ભયાનક, મુખ, જીભ, સૂર્ય જેવાં નેત્ર, ઊંચી ભ્રુકુટિ ને ઉગ્ર દાઢોવાળ, આંતરડાંની માળાને ધારણ કરતું, લોહીથી ખરડાયેલી કેશવાળીવાળું, ખીલા જેવા ઊંચા ને અક્કડ કાનવાળું, ગર્જનાથી દિશાઓના હાથીઓને

ભયભીત કરનારું અને શત્રુઓને ચીરી નાખે તેવા નખોની અણીઓવાળું છે, તો પણ હું આ સ્વરૂપથી ડરતો નથી. પણ હે દીનવત્સલ ! આ સંસારચક્રમાં દુ:સહ અને ઉગ્ર જે આ દુઃખ (દેખાય) છે, તેથી હું ત્રાસ્યો છું અને તેમાં પણ આ હિંસક રાજાઓના કુળમાં મને મારા કર્મોએ બાંધીને ફેંકયો છે. તો હે અતિ સુંદર દેવ ! આપ (મારા પર) પ્રસન્ન થઈ મોક્ષરૂપ અને શરણરૂપ આપના ચરણના મૂળમાં મને ક્યારે બોલાવશો ? પ્રિય પદાર્થોનો વિયોગ અને અપ્રિય પદાર્થોનો સંયોગ—આ બેથી જેની ઉત્પત્તિ છે, તેવા શોકરૂપી અગ્નિથી હું બધી જાતિઓમાં બળું છું અને તે દુઃખનો કોઈ ઉપાય છે તે પણ દુઃખરૂપ જ છે, છતાં 'તે દુઃખ નથી' આવી દેહાદિના અભિમાનવાળી બુદ્ધિથી (મોહ પામી) હું ભટકું છું માટે તે વિભો! આપ પોતે જ એ દુઃખને દૂર કરનારો આપના દાસપણારૂપી ઉપાય મને બતાવો. હે નૃસિંહ ! સર્વના પ્રિય મિત્ર અને પરમ દેવ આપની બ્રહ્માએ પોતે ગાયેલી લીલાકથાઓ ગાયા કરતો હું અનાયાસે એ મહાન દુઃખો ઓળંગી જઈશ. (ગણકારીશ જ નહિ); કારણ કે એથી રાગાદિ ગુણોથી હું બરાબર છૂટી જઈશ કેમ કે આપનાં બન્ને ચરણોનો જ જેને આશ્રય છે, તેવા આપના પરમહંસ જ્ઞાની ભકતોનો જ હું સંગ કરીશ. હે નૃસિંહ ! આ જગતના દુઃખથી તપેલા મનુષ્યને તે દુઃખ દૂર કરવાના ઉપાય, જે અનાયાસે ઈષ્ટ હોય, તે આપે દરકાર ન કરેલા પ્રાણીઓને માત્ર એક ક્ષણ વાર જ આલંબનરૂપ થાય છે (પણ છેક સુધી તે ઉપાય આલંબન થતો નથી). જુઓ, આ જગતમાં બાળકને તેનાં માતાપિતા શરણ થઈ શકતાં નથી (કેમ કે માતાપિતા પાલન કરી રહ્યાં હોય, છતાં તે બાળકને દુઃખ દેખાય છે; અથવા કોઈ અજીગર્ત વગેરેની પેઠે માતા-પિતાઓ જ તે બાળકનો નાશ કરનાર થાય છે), તેમ જ રોગીને ઔષધ શરણ થતું નથી. (કારણ કે ઔષધ કર્યા છતાં રોગીનું મૃત્યુ દેખાય છે) અને સમુદ્રમાં ડૂબતા મનુષ્યને નૌકા શરણ પણ થતી નથી, કારણ કે નૌકાની સાથે મનુષ્ય સમુદ્રમાં ડૂબેલો દેખાય છે; માટે સૌનું આપ જ શરણ છો.) જે સ્થળે, જે નિમિત્તથી, જે કાળે, જે સાધને, જે સંબંધી, જેના થકી અને જેના માટે જે કોઈ હાલનો પિતા વગેરે કે પૂર્વને બ્રહ્મા વગેરે સત્ત્વગુણ આદિ જુદા જુદા સ્વભાવવાળો કર્તા, જે કોઈથી પ્રેરાઈને જે કંઈ, જે પ્રકારે ઉત્પન્ન કરે કે રૂપાંતરને પમાડે તે સર્વ આપનું સ્વરૂપ છે. આપના અંશરૂપ પુરુષની અનુમતિથી કાળ દ્વારા ગુણોમાં ક્ષોભ થતાં માયા મનઃપ્રધાન લિંગશરીરનું નિર્માણ કરે છે. આ લિંગશરીર બળવાન કર્મમય તેમ જ અનેક નામરૂપોમાં આસકત અર્થાત્ છંદોમય છે. આ જ અવિદ્યા દ્વારા કલ્પાયેલ મન, દશ ઈંદ્રિયો અને પાંચ તન્માત્રાઓ—આ સોળ વિકારરૂપ આરાઓથી યુકત સંસારચક્ર છે. આવા એ સંસારચક્ર રૂપી મનઃ- પ્રધાન લિંગદેહને હે અજન્મા દેવ ! આપનું ભજન કરનાર વિના બીજો કયો પુરુષ ઓળંગી શકે તેમ છે ? (આપનો ભકત જ એ લિંગશરીરથી છૂટે છે.) જેણે પોતાની ચૈતન્યશકિતથી બુદ્ધિના ગુણોને નિત્ય જીત્યા છે, તે આપ કાળરૂપ એટલે માયાના પ્રેરક છો ને તેથી જ આપે સર્જવાનાં કાર્યો તથા તેનાં સાધનોની શકિતઓને વશ કરી છે. તો હે ઈશ્વર ! આપની માયાએ સોળ વિકારવાળા આ સંસારચક્રમાં મને ફેંકયો છે અને તેમાં (શેરડીના સાંઠાની પેઠે) હું પીલાઉ છું. તેથી આપને શરણે આવ્યો છે. માટે હે વિભો ! આપ મને પોતાની સમીપ લઈ લો.

હે પ્રભો ! જનસમુદાય સ્વર્ગમાં જેમની ઇચ્છા કરે છે, તે લોકપાલોનાં આયુષ્ય, લક્ષ્મી તથા વૈભવ મેં જોયા છે. (એમાં કંઈ નથી, એ તુચ્છ છે.) અમારા પિતાના કોપયુકત હાસ્યથી ઊંચી ચડેલી ભ્રુકુટિના વિલાસમાત્રથી તે નાશ પામ્યાં હતાં અને (એવા સમર્થ) આપે મારા પિતાનો પણ નાશ કર્યો છે. માટે એ ભોગોના પરિણામને જાણનારો હું પ્રાણીઓના ભોગોને, લાંબા આયુષ્યને, લક્ષ્મીને કે બ્રહ્માના

વૈભવથી માંડી કોઈપણ ઇંદ્રિયભોગ્ય વૈભવને ઈચ્છતો નથી; એટલું જ નહિ, પણ કાળરૂપ આપના મોટા પરાક્રમથી નાશ પામતી અણિમાદિ સિદ્ધિઓને પણ હું ઈચ્છતો નથી. મને તો આપ પોતાના ભક્તજનની પાસે જ લઈ જાઓ, દાસનો પણ દાસ બનાવો. જેનું માત્ર સાંભળવું જ સુખદાયી છે (ભોગ નહિ) અને જેઓનું સ્વરૂપ ઝાંઝવાના જળ જેવું (મિથ્યા) છે, તે સાંસારિક ભોગો ક્યાં અને સમગ્ર રોગોને ઉત્પન્ન થવાના સ્થાનરૂપ આ શરીર ક્યાં ! આ બધું જાણવા છતાં મનુષ્ય ભોગોથી વિરક્ત થતો નથી. કારણ કે મધનાં ટીપાં જેવાં દુર્લભ અલ્પ સુખોથી કામાગ્નિ તેને શાંત કરે છે. (તેથી તેને વૈરાગ્ય પામવાનો વખત જ કયાં છે ? અહો ! આપનું આ માયાચેષ્ટિત અચિંત્ય છે.) હે ઈશ્વર ! રજોગુણથી જ ઉત્પન્ન થતા અને અજ્ઞાનની જ અધિકતાવાળા અસુરકુળમાં જન્મેલો હું કયાં અને આપની (આ મારા ઉપરની) દયા કયાં! આપે મારા મસ્તક પર પોતાના હસ્તકમળ મૂકી જે કૃપા કરી છે, તે બ્રહ્માના, શંકરનો કે લક્ષ્મીદેવીના મસ્તક પર પણ કરી નથી. 'બ્રહ્માદિ દેવો ઉત્તમ છે અને આ અસુર નીચ છે' આવી ઉચ્ચનીચની વિષમ બુદ્ધિ સામાન્ય મનુષ્યની પેઠે આપને કદી હોતી જ નથી; કારણ કે આપ તો સમગ્ર જગતના આત્મા અને મિત્ર છો; તોપણ કલ્પવૃક્ષની પેઠે આપની સેવા કરવાથી જ આપની કૃપા થાય છે અને તેમાં પણ સેવાના પ્રમાણમાં જ સર્વને ફળ મળે છે. (જેમ કલ્પવૃક્ષ પોતાના સેવકને જ સંકલ્પ પ્રમાણે ફળ આપે છે, તેથી તેમાં કંઈ વિષમતા નથી, તેમ આપનામાં પણ કંઈ જ વિષમતા નથી.) તેમાં ઉચ્ચનીચપણું એ કાંઈ જ કારણ નથી. હે ભગવાન ! આપે જે રીતે મારા પર કૃપા કરી છે, તે રીતે જ દેવર્ષિ નારદે આ સંસારરૂપી સર્પવાળા કૂવામાં ચોતરફી કામનાઓ ઈચ્છીને પડેલા મનુષ્યના સંગથી હું પણ તેની પાછળ તેમાં પડતો હતો. તેને પોતાનો જાણી પકડી રાખ્યો છે; તે હું આપના ભક્તોની સેવા કેમ છોડું ? હે અનંત ! મારા પિતાએ હાથમાં તલવાર લઈ અયોગ્ય કર્મ કરવાની ઈચ્છાથી જ્યારે કહ્યું : 'મારા વિના બીજો ઈશ્વર હોય, તો હમણાં ભલે તારી રક્ષા કરે, હું તારું મસ્તક કાપું છું તે જ સમયે આપે મારા પ્રાણની રક્ષા કરી અને મારા પિતાને નાશ કર્યો. તે પોતાના ભક્તોનાં તથા ઋષિઓનાં વાકય સત્ય કરવા આપે કરેલ છે એમ માનું છું. આ સમગ્ર જગતરૂપ કેવળ એક આપ જ છો. કારણ કે આ જગતના આદિમાં ને અંતમાં માત્ર સત્‌પણે, કારણપણે અને અવધિપણે આપ જ રહો છો. માટે જગતની મધ્યમાં પણ આપ જ છો. છતાં પોતાની માયાથી ગુણાનાં પરિણામરૂપ આ જગતને સર્જીને આપ તેમાં પ્રવેશ કરો છો. અને તે તે ગુણોને લીધે આપ જાણે રક્ષણ તથા નાશ કરનાર છે, એમ અનેક સ્વરૂપે જણાઓ છો. હે ઈશ્વર ! કાર્ય-કારણરૂપ આ જગત તે આપ જ છો; આપથી જગત જુદું નથી, તોપણ આપ તે જગતથી જુદા છો. (કારણ કે જગતના આદિ ને અંતમાં આપ તેથી જુદા સ્વરૂપે રહો છો. જો આમ જ છે તો) 'આ પોતાનો અને પારકો' એવી બુદ્ધિ તે ખોટી જ હોઈ કેવળ માયારૂપ જ છે. (આ જગત આપ જ છો તે કેવી રીતે ? તો) જે વસ્તુનો જેમાંથી જન્મ અને પ્રકાશ હોય તથા જેમાં નાશ અને સ્થિતિ હોય, તે વસ્તુ તે રૂપ જ હોય છે. જેમ વૃક્ષ પૃથ્વીમય બીરૂપ છે, અને બી સૂક્ષ્મ ભૂતરૂપ છે, તેમ સર્વ કાર્ય કારણરૂપ જગત પરમ કારણ પરબ્રહ્મરૂપ છે. આપ આ સમગ્ર જગતને સ્વસ્વરૂપમાં સ્થાપી કેવળ સ્વાત્મસુખનો અનુભવ કરતાં સર્વ ક્રિયાથી રહિત અને નિઃસ્પૃહ થઈ પ્રલયકાળના જળમાં સૂઓ છો, તે વેળા આપે યોગથી પોતાની દૃષ્ટિ મીંચી હોય છે; કારણ કે ત્રણ અવસ્થા(જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ)થી પર રહેલી ચોથી સ્વરૂપાવસ્થામાં આપ રહેલા હો છો—નહિ કે (નિદ્રાવશ થયેલાની પેઠે) અજ્ઞાનને કે (જાગ્રત તથા સ્વપ્નાવસ્થાવાળાની પેઠે) વિષયોને આપ જુઓ છો ! એ રીતે જે આપ પ્રલયકાળે જળમાં સૂઓ છો અને પોતાની કાળરૂપ શકિતથી પ્રકૃતિના

ધર્મરૂપ સત્ત્વાદિ ગુણોને પ્રેરો છો, તે જ આપનું શરીર આ જગત છે. (કારણ કે આપ જગતની મધ્ય અવસ્થામાં પણ છો જ) જે વેળા એ શેષનાગરૂપી શયનથી આપની તે યોગસમાધિ વિરામ પામી હતી, તે વેળા જેમ એક સૂક્ષ્મ વડના બીમાંથી મોટું વડનું ઝાડ ઉત્પન્ન થાય છે તેમ એ પ્રલયકાળના સમુદ્રરૂપ જળમાં આપની નાભિમાંથી લોકમય કમળ ઉત્પન્ન થયું હતું કે જે આપ વિષે જ ગુપ્ત રહ્યું હતું. તે સમયે એ કમળમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માએ આસપાસ નજર કરી, ત્યારે એ કમળ વિના બીજું કંઈ જોયું ન હતું અને પોતાને વિષે જ બીરૂપે (ઉપાદાન કારણ તરીકે) વ્યાપેલા આપને પોતાની બહાર રહેલા વિચારી સો વર્ષ સુધી જળમાં ડૂબકી મારી હતી; છતાં તે (બ્રહ્મા) આપને મેળવી શક્યા ન હતા. (અને તે યોગ્ય જ હતું, કારણ કે) અંકુર ઉત્પન્ન થયા પછી તેમાં કારણ તરીકે અનુસરતા બીને તે અંકુરથી જુદું પુરુષ કેમ જોઈ શકે ? ન જ જોઈ શકે. પછી અત્યંત આશ્ચર્ય પામેલા બ્રહ્માએ (ડુબકીઓ મારી થાક્યા પછી ફરી) એ કમળમાં બેસી ઘણા કાળ સુધી તીવ્ર તપ કર્યું જેથી તેમનું અંતઃકરણ શુદ્ધ થયું એટલે હે ઈશ્વર ! પૃથ્વીમાં જેમ ગંધ જુએ તેમ ભૂતો, ઈંદ્રિયો તથા અંતઃકરણમય પોતાને વિષે જ આપને વ્યાપેલા જોયા હતા. એ રીતે હજારો મુખ, પગ, મસ્તક, હાથ, સાથળ, નાક, કાન, નેત્ર, અલંકારો તથા આયુધોથી યુકત માયાપ્રધાન અને સમસ્ત બ્રહ્માંડોનો જેમના લીલા શરીરમાં સમાવેશ છે, એવા આપ મહાપુરુષનું દર્શન કરી બ્રહ્મા આનંદ પામ્યા હતા. પછી આપે હયગ્રીવ સ્વરૂપ લઈ વેદદ્રોહી અને રજોગુણ તથા તમોગુણરૂપ મહાબળવાન મધુ-કૈટભ દૈત્યનો નાશ કર્યો હતો અને (તેઓએ હરી લીધેલા) વેદો બ્રહ્માને આણી આપ્યા હતા; કારણ કે સત્ત્વગુણને વિદ્વાનો આપની અતિ પ્રિય મૂર્તિ કહે છે. એમ હે મહાપુરુષ ! આપ મનુષ્ય, પશુપંખી, ઋષિ, દેવ તથા મત્સ્યાવતાર લઈ લોકોનું રક્ષણ, જગતના શત્રુઓનો નાશ તથા યુગે યુગે ચાલ્યા આવતા ધર્મનું પાલન કરો છો; પણ કલિયુગમાં તો આપ (તેવું કંઈ કરતા નથી. પરંતુ તે સમયે) ગુપ્ત રહો છો. (એમ ત્રણ યુગમાં આપ પ્રગટ થાઓ છો.) તેથી આપ 'ત્રિયુગ' નામે કહેવાઓ છો. હે વૈકુંઠનાથ ! મારું આ મન પાપોથી દુષિત, બહાર જ્યાં ત્યાં ભટકતું વશ રાખવું કઠિન, કામાતુર અને હર્ષ, શોક, ભય, તથા જાતજાતની ઈચ્છાથી દુઃખી રહે છે; છતાં આપની કથાઓમાં અત્યંત પ્રસન્ન થતું નથી. મનની આવી સ્થિતિ છે, ત્યાં હું રાંકડો આપના તત્ત્વનો વિચાર કઈ રીતે કરું ? હે અશ્રુત ! અતૃપ્ત મારી આ જીભ (જ્યાં જ્યાં મધુરાદિ રસ છે, ત્યાં ત્યાં) મને ખેંચી જાય છે, ગુહ્યેન્દ્રિય વિષયભોગ તરફ, ત્વચા ઈંદ્રિયસ્પર્શસુખ તરફ, ભૂખથી તપેલું પેટ આહાર તરફ, કાન મધુર શબ્દો તરફ, નાક, સુગંધ તરફ અને ચપળ દૃષ્ટિ સુંદર રૂપ જોવા મને ખેંચે છે. આ રીતે જેમ અનેક શોકો પતિને આમતેમ ખેંચી ઉઝરડી નાખે તેમ કર્મેન્દ્રિયો મને આમતેમ ખેંચી ગભરાવે છે. હે નિત્યમુક્ત, દૈવ ! એમ સર્વ મનુષ્યો આ સંસારરૂપી (યમદ્વારની) વૈતરણી નદીમાં પોતપોતાનાં કર્મોને લીધે પડેલાં છે. પરસ્પર થતાં જન્મમરણ તથા ભક્ષણથી અત્યંત ભયભીત બનેલાં છે અને ખેદની વાત છે કે પોતાના તથા પારકા એવા ભેદભાવથી વેર ને મિત્રતા બાંધી રહ્યાં છે, તે જોઈ આપ આ સર્વ મૂઢ મનુષ્યોનું (આ સંસારરૂપી વૈતરણી નદીમાંથી) રક્ષણ કરો અને એ રીતે જગતને તારવામાં તે સમગ્ર જગતના ગુરુ ભગવન્ ! આપને શો થાક લાગવાનો છે ? કારણ કે આપ તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને સંહારના કારણ છો, હે દીનબંધુ ! આવા મૂઢ લોકોને સંસારથી તારવામાં જ આપની યોગ્યતા છે. આપના પ્રિય ભકતોને સેવનારા અમને આપ તારો એમાં શી નવાઈ છે ? હે પરમેશ્વર ! આપનાં પરાક્રમ ગાવારૂપ શ્રેષ્ઠ -અમૃતમાં જેનું ચિત્ત મગ્ન છે, એવો હું તે આ સંસારરૂપી વૈતરણી નદીથી લગારે બીતો નથી; પણ જેઓએ શ્રેષ્ઠ અમૃતથી વિમુખ રહી ઈંદ્રિયોના

વિષયોરૂપ માયામય ખોટાં સુખ માટે કુટુંબ વગેરેનો ભાર ઉપાડી રહ્યા છે, તે મૂઢ લોકોને હું શોક કરું છું (માટે આપ તેઓને જ તારો.) હે દેવ કેવળ પોતાની જ મુકિત ઈચ્છનારા મુનિઓ ઘણું કરી મૌન રહી નિર્જન પ્રદેશમાં એકલા જ ફરે છે, જેથી તેઓ બીજાનું કામ કરવા તત્પર રહેતા નથી. (એટલે આ સંસારના મૂઢ લોકોને તે મુનિઓ કંઈ પણ ઉપદેશ કરી શકવાના નથી.) માટે આ સંસારમાં ભટકતા આ મૂઢ લોકોને આપ વિના બીજું કંઈ શરણ હું જોતો નથી. (છતાં આપ આ મૂઢ લોકોને નહિ તારો તો) હું એકલો આ ગરીબ લોકોને છોડી મોક્ષ મેળવવા ઈચ્છતો નથી. મૈથુન વગેરે ગૃહસ્થાશ્રમીનું જે સુખ છે તે તો તુચ્છ છે કેમ કે જેમ (ખસ રોગવાળા) બન્ને હાથને પરસ્પર ખણવાથી એક દુઃખની પાછળ બીજું દુઃખ જ ઉત્પન્ન થાય છે તેમ મૈથુનસુખ પણ પાછળથી બીજા ક્ષયરોગ વગેરે દુઃખને જ ઉત્પન્ન કરનારું હોવા છતાં આ ગરીબ લોકો તે મૈથુનસુખથી ઘણા ઘણા દુઃખી થવા છતાં તેથી તૃપ્ત થતા નથી. માત્ર કોઈ ધીર મનુષ્ય જ આપની કૃપાથી ખણજની પેઠે કામને સહન કરે છે, મૈથુનસુખ ન ભોગવવા મનને કાબૂમાં રાખે છે, હે અંતર્યામી ! મૌનવ્રત, શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રાભ્યાસ, સ્વધર્મનું આચરણ, ગ્રંથવ્યાખ્યા, એકાંતવાસ, જપ તથા સમાધિ વગેરે મોક્ષનાં કારણો પ્રસિદ્ધ છે, પરંતુ ઘણું કરી જેઓએ ઈંદ્રિય જીતી નથી તેવા મનુષ્યને આ સૌ, આ લોકમાં આજીવિકાનાં સાધનો માત્ર થાય છે અને દાંભિક મનુષ્યોને તો તે (શરૂઆતમાં થોડો વખત) આજીવિકાના સાધનરૂપ થાય છે (પણ પછી દંભ ખૂલી જતાં) નથી પણ થતા. જેમ બીમાંથી અંકુર અને અંકુરમાંથી બી, એમ પ્રવાહ રૂપે ચાલતાં આ કાર્ય તથા કારણ એ જ આપનાં બે સ્વરૂપો વેદે પ્રકાશિત કર્યા છે. એ સિવાય બીજું કોઈ પણ આપનું સ્વરૂપ નથી, કારણ કે આપ પ્રાકૃત રૂપાદિથી રહિત છો. માટે જ જિતેન્દ્રિય ભકિતયોગી પુરુષો ભકિતયોગથી પ્રત્યક્ષ એવા આપને તે બન્ને (કાર્ય તથા કારણમાં પ્રત્યક્ષ રહેલા જુએ છે; જેમ લાકડામાં અગ્નિ મથીને જુએ છે તેમ. બસ, આ સિવાય બીજું કોઈ પણ આપનું જ્ઞાન નથી. હે વ્યાપક દેવ ! વાયુ, અગ્નિ, આકાશ, જળ, શબ્દ, વગેરે વિષયો, પ્રાણ, ઈંદ્રિયો, મન, ચિત્ત, અહંકાર (અથવા દેવ વર્ગ) સ્થળ તથા સૂક્ષ્મ સર્વ આપ જ છો. આ જગતમાં જે કંઈ મન તથા વચનથી પ્રકાશિત થાય છે, તે આપથી જુદું નથી, સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ એ ત્રણ ગુણો, તે તે ગુણના અભિમાની દેવો, મહતત્વ આદિ તત્ત્વો, મન વગેરે દેવો તથા મનુષ્યો કે જેઓ આદિ તથા અંતવાળા છે, તેઓ (આદિઅંતરહિત) આપને જાણી શકતાં નથી. આવો વિચાર કરી ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષો સુખભંગ માટેની વિદ્યા છોડી દઈ ચિત્તની એકાગ્રતાપૂર્વક કેવળ આપની જ ઉપાસના કરે છે. માટે હું મહાપૂજ્ય દેવ ! આપને નમસ્કાર, આપની સ્તુતિ, આપને જ સર્વ કર્મોનું સમર્પણ આપની સેવા, આપના ચરણનું સ્મરણ અને આપની કથાનું શ્રવણ; આ છ અંગોવાળી આપની સેવા વિના પરમહંસોને પામવા યોગ્ય આપ વિષે મનુષ્ય કેવી રીતે ભકિત પામી શકે ? ન જ પામે.

**નારદજીએ કહ્યું :** ભકત પ્રહ્‌લાદજીએ એમ ગુણોનું વર્ણન કર્યું. એટલે તે નિર્ગુણ ભગવાન ક્રોધ દૂર કરી પ્રસન્ન થઈ પ્રણામ કરતા પ્રહ્‌લાદને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે અસુરશ્રેષ્ઠ પ્રહ્‌લાદ ! તારું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, હું તારા પર પ્રસન્ન થયો છું. તું ઈચ્છિત વર માગ, હું (ભકત) પુરુષની કામનાઓ પૂર્ણ કરનારો છું. હે આયુષ્માન ! મને પ્રસન્ન કરનાર પુરુષને મારું દર્શન ખરેખર દુર્લભ છે. મારું દર્શન કર્યા પછી પ્રાણી પાતાનો (અપૂર્ણ કામ તરીકે) શોક કરવા યોગ્ય નથી. એ જ કારણથી કલ્યાણ ઈચ્છતા મહાભાગ્યશાળી ધીર પુરુષો સર્વ કામનાઓના સ્વામી એવા મને જ પ્રસન્ન કરે છે. એ પ્રમાણે લોકોને લોભાવનારાં વરદાનથી ભગવાને

પ્રહ્લાદને લોભાવવા માંડ્યો, પણ ભગવાનનો એકાંત ભકત હોવાથી અસુરોત્તમ પ્રહ્લાદે તે વરદાનોની ઈચ્છા કરી નહિ. ૧-૫૫

एवं प्रलोभ्यमानोऽपि वरैर्लोकप्रलोभनैः । एकान्तित्वाद्भगवति नैच्छत्तानसुरोत्तमः ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## પ્રહ્લાદ તથા રુદ્રદેવ ઉપર ભગવાનની કૃપા

॥ नारद उवाच ॥

भक्तियोगस्य तत्सर्वमन्तरायतयाऽर्भकः । मन्यमानो हृषीकेशं स्मयमान उवाच ह ॥१॥

**નારદજી બોલ્યા :** બાળક પ્રહલાદ એ સર્વ (વરદાનો)ને ભકિતયોગમાં વિઘ્નરૂપ માની હસતો શ્રીભગવાનને કહેવા લાગ્યો.

**પ્રહ્લાદ બોલ્યો :** હું સ્વભાવથી જ વિષયોમાં આસકત છું, મને આપ તે તે વરદાન વડે ન લોભાવો; કેમ કે હું તે વિષયના સંગથી ડરું છું ને કંટાળ્યો છું. મને તો મોક્ષની જ ઈચ્છા છે અને તેથી જ મેં આપનો આશ્રય કર્યો છે. હે પ્રભુ ! આપ ભકતનાં લક્ષણો જાણવા ઈચ્છો અને તેથી જ વરદાન માગવાની પ્રેરણા કરો છો; પણ (આપ તે જાણો જ છો કે, તે વરદાન સંસારનાં બીજરૂપ અને હૃદયને ગાંઠની પેઠે બાંધનારાં થાય છે. હે સમગ્ર જગતના ગુરુ ! આમ ભકતને અનર્થના સાધનમાં પ્રવર્તાવવો એ આપ દયાળુને ઘટતું નથી. (હું તે એ જ માનું છું કે) જે ભકત આપની પાસેથી કામનાઓની આશા રાખે છે તે ભક્ત નથી તે તો વ્યાપારી છે. જે સેવક પોતાના સ્વામી પાસેથી (સેવા બદલ) કામનાઓની આશા રાખે છે, તે (સાચો) સેવક નથી અને જે સ્વામી પોતાના સેવક પાસેથી માત્ર સેવાને જ ઈચ્છી તેને કામનાઓ આપે છે, તે (સાચો) સ્વામી નથી. હું તો આપનો નિષ્કામ ભકત છું અને આપ મારા નિષ્કામ સ્વામી છો. (માટે આપણે બન્ને તે સાચા સ્વામી સેવક છીએ.) જેમ રાજાને અને તેના સેવકને પરસ્પર કંઈ સ્વાર્થ હોય છે, તેમ આપણ બન્ને પરસ્પર કંઈ સ્વાર્થ નથી. તોપણ હે વર આપનારાઓમાં ઉત્તમ ઈશ્વર ! આપ મને વરદાન આપે છો. તો હું આપની પાસેથી એ જ વરદાન માગું છું કે મારા હૃદયમાં કોઈ પણ કામનાઓનો અંકુર ન રહો; કારણ કે એ કામાંકુરનો હૃદયમાં જન્મ થવાથી મનુષ્યનાં ઈંદ્રિય, મન, પ્રાણ, દેહ, ધર્મ, ધૈર્ય, બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મરણશકિત તથા સત્ય નાશ પામે છે. હે કમળનેત્ર દેવ ! મનુષ્ય મનમાં રહેલી કામનાઓ તજે છે, ત્યારે જ આપના સમાન ઐશ્વર્ય માટે યોગ્ય થઈ શકે છે. સર્વના અંતર્યામી, મહાન, આત્મા, અદ્ભુત નરસિંહસ્વરૂપ ધારણ કરનારા, બ્રહ્મસ્વરૂપ અને પરમાત્મા આપ શ્રીહરિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**શ્રીનૃસિંહભગવાન બોલ્યા :** જેઓ તારા જેવા મારા એકાંત ભકતો છે તે આ લોકની કે પરલોકની કામનાઓ કદી ઈચ્છતા નથી; તોપણ માત્ર આ એક મન્વંતર સુધી તું દૈત્યોના રાજાઓના ભોગો ભોગવજે. તું મારી કથા નિત્ય સેવજે અને સર્વ પ્રાણીઓમાં રહેલા યજ્ઞના અધિષ્ઠાતા મને એકને જ હૃદયમાં સ્થાપી મારું (ઈશ્વરનું) તું ભજન કરજે અને તે કર્મો મારામાં અર્પણ કરી સર્વ કર્મોનો ત્યાગ કરજે. એ રીતે સુખનો અનુભવ કરી તું પ્રારબ્ધ—પુણ્યનો અને પુણ્યના આચરણથી પાપકર્મનો ત્યાગ કરજે, પછી સ્વર્ગલોક સુધી ગવાતી કીર્તિ ફેલાવી કાળના વેગથી શરીર છોડી સર્વ બંધનોથી મુકત થઈ

મને પ્રાપ્ત થઈશ. જે મનુષ્ય તારું, મારું અને મારા આ ચરિત્રનું સ્મરણ કરતો, તે ગાયેલું મારું આ સ્તોત્ર અંતસમયે ગાશે તે કર્મના બંધનથી છૂટશે.

**પ્રહ્લાદ બોલ્યો :** હે મહેશ્વર ! વર આપનારાએના ઈશ્વર આપની પાસેથી હું આ વરદાન માગું છું કે, મારા પિતા આપના ઈશ્વરી તેજને જાણતા ન હતા. આપની નિંદા કરતા તેમનું અંતઃકરણ ક્રોધથી યુકત હતું. સર્વ લોકના ગુરુ સાક્ષાત્ પ્રભુ આપને પણ 'આ મારા ભાઈનો નાશ કરનાર છે' એવી મિથ્યાદૃષ્ટિથી જોતા અને આપના ભકત મારે વિષે પણ પાપને ચિંતવતા તે, હે દીનવત્સલ ! આપની કૃપાદૃષ્ટિ વડે તે સમયે જ જોકે પવિત્ર તો થયા છે તોપણ ખરાબ પરિણામવાળાં અને છૂટવાં મુશ્કેલ એવા પાપથી પવિત્ર થાઓ.

**શ્રીભગવાન બોલ્યા :** હે નિર્દોષ ભક્ત ! તારો પિતા તારા એકવીસ પૂર્વજો સાથે પવિત્ર થયો છે; કારણ કે તે સત્પુરુષ ! કુળનો પવિત્ર કરનારો પુત્ર તું એને ઘેર જાન્મ્યો છે. જ્યાં જ્યાં અત્યંત શાંત, સમદૃષ્ટિવાળા અને ઉત્તમ આચારવાળા મારા ભક્ત સજજનો જન્મે છે, તે તે કીકટ જેવા અપવિત્ર દેશો અને તેના જેવા વંશો પણ પવિત્ર થાય છે. કારણ કે હે દૈત્યરાજ ! મારા ઉપરની ભકિતને લીધે જેઓ નિઃસ્પૃહ થયેલા હોય છે, તેઓ નાનાંમોટાં પ્રાણીઓના સમૂહોમાં કોઈ પ્રાણીની કદી હિંસા કરતા નથી. આ લોકમાં જે જે પુરુષો મારા ભકત થશે, તેઓ સર્વ તને અનુસરનારા થશે, તારા જેવાં લક્ષણો ધરાવશે, માટે તું મારા સર્વ ભકતોમાં આદર્શરૂપ બન્યો છે. હે આદર્શરૂપ પ્રહ્લાદ ! મારા શરીરના સ્પર્શથી સર્વ પ્રકારે પવિત્ર થયેલા તારા પિતાની ઉત્તરક્રિયા તું કર. તારા જેવી ઉત્તમ પ્રજાવાળો તારો પિતા ઉત્તમ લોકમાં જશે. હે તાત ! તું તારા પિતાના સ્થાન પર બેસ અને વેદવાદી મુનિઓના કહેવા પ્રમાણે મારામાં મન સ્થાપી મારા પરાયણ રહી સર્વ કર્મો કર.

**નારદજી બોલ્યા :** હે રાજન્ ! પછી ઉત્તમ બ્રાહ્મણોએ પ્રહ્લાદનો રાજ્યાભિષેક કર્યો અને પ્રહ્લાદે ભગવાનના કહેવા પ્રમાણે પિતાની અંત્યેષ્ટિક્રિયા કરી, પછી નૃસિંહભગવાનને કૃપાથી પ્રસન્ન મુખવાળા જોઈ દેવ વગેરેથી વીંટાયેલા બ્રહ્માએ પવિત્ર વાણીથી તેમની સ્તુતિ કરી કહ્યું.

**બ્રહ્મા બોલ્યા :** હે દેવોના દેવ ! હે સર્વના અધ્યક્ષ ! હે પ્રાણીઓના રક્ષક ! હે સર્વના પૂર્વજ ! લોકોને અત્યંત દુઃખ આપનાર આ પાપી અસુરનો આપે નાશ કર્યો, તે બહુ સારું કર્યું. આ અસુર મારી પાસેથી વરદાન પામ્યો હતો, તેથી મારી કોઈ પણ સૃષ્ટિથી તેના નાશ અશક્ય હતો. તપ અને યોગના બળથી તે ઉદ્ધત બન્યો હતો અને તેણે સમગ્ર ધર્મોનો નાશ કર્યો હતો. આ અસુરનો પુત્ર હજી બાળક હોવા છતાં સદગુણી છે અને આપનો મહાભકત છે. તેને આપે મૃત્યુથી છોડાવ્યો અને હમણાં તે આપને મળ્યો, તે બહુ સારું થયું. હે ભગવન્ ! આપનું આ સ્વરૂપ સાવધાન થઈ ધ્યાન કરનાર મનુષ્યની સર્વ પ્રકારના ભયથી રક્ષા કરશે, એટલું જ નહિ, પણ મારવા તૈયાર થયેલા મૃત્યુથી પણ રક્ષા કરશે.

**નૃસિંહ ભગવાન બોલ્યા :** હે બ્રહ્મા ! આવા અસુરોને તમારે આવાં વરદાનો કદી આપવાં નહિ; કારણ ક્રૂર સ્વભાવવાળાઓને વરદાન આપવું તે સર્પોને દૂધ પાવા સરખું છે.

**નારદજી બોલ્યા :** હે રાજન્ ! એમ કહી સર્વ પ્રાણીઓને અદૃશ્ય અને બ્રહ્માએ પૂજેલા ભગવાન શ્રીહરિ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. પછી પ્રહ્લાદે ભગવાનના અંશરૂપ બ્રહ્મા, શંકર, પ્રજાપતિઓ તથા સર્વ દેવોની પૂજા કરી તેઓને વંદન કર્યું. પછી બ્રહ્માએ શુક્રાચાર્ય વગેરે મુનિઓની સાથે રહી પ્રહ્લાદને દૈત્યો તથા દાનવોનો રાજા બનાવ્યો. હે રાજા ! પછી પ્રહ્લાદે તે સર્વ દેવોની પૂજા કરી. તે પછી બ્રહ્મા

વગેરે દેવો પ્રસન્ન થઈ ઉત્તમ આશીર્વાદ આપીને પોતપોતાને સ્થાને ગયા. એ રીતે વિષ્ણુ ભગવાનના પાર્ષદ તે જય અને વિજય દિતિના પુત્ર થઈ દૈત્યપણાને પામ્યા હતા. તેઓને હૃદયમાં રહેલા શ્રીહરિએ વેરભાવથી માર્યા હતા. ફરી તેના તે જ બંને બ્રાહ્મણ(સનત્કુમાર)ના શાપને લીધે કુંભકર્ણ અને રાવણ નામે રાક્ષસ થયા હતા, ત્યારે પણ તેઓ રામચંદ્રજીનાં પરાક્રમોથી નાશ પામ્યા હતા. જે રીતે પૂર્વજન્મમાં તેઓએ ભગવાનમાં જ ચિત્ત રાખી શરીર જ્યાં હતાં, તે જ પ્રમાણે રામચંદ્રજીનાં બાણોથી વીંધાયેલા હૃદયવાળા થઈ યુદ્ધમાં ઢળી પડયા હતા. પછી ફરી ત્રીજા જન્મમાં તેઓ બંને આ પૃથ્વી ઉપર શિશુપાલ તથા દંતવક્ત્ર નામે જન્મ્યા હતા. તેઓ શ્રીહરિ વિષે વેરભાવ રાખી અહીં તમારા જોતાં ભગવાનમાં એકતા પામ્યા છે. આ રીતે જે રાજાઓ શ્રીકૃષ્ણના વેરી હતા તેઓએ પ્રથમ જે પાપ કર્યા હતાં, તેઓ અંતે ભમરીએ પકડી આણેલા કીડાની જેમ (વેરભાવે) ભગવાનને ધ્યાન વડે ભગવદ્રુપ બની સદાને માટે પાપમુક્ત થયા હતા. જેમ ભગવાનના એકાંત ભકતો ભેદદર્શનથી રહિત ભગવાનની પરમભકિતથી શ્રીહરિનું સારૂપ્ય પામે છે, તેમ શિશુપાલ વગેરે રાજાઓ પણ વેરભાવે ભકિત કરી શ્રીહરિનું સારૂપ્ય પામ્યા છે. શિશુપાલ વગેરે જે રીતે શ્રીહરિનું સારૂપ્ય પામ્યા, તે સંબંધી તમે મને જે પૂછ્યું હતું, તે સર્વ મેં તમને કહ્યું. બ્રાહ્મણો ઉપર પ્રેમ રાખનારા મહાત્મા શ્રીકૃષ્ણ પ્રભુની આ પવિત્ર અવતાર કથા મેં તમને કહી, જેમાં આદિદૈત્ય હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો નાશ વર્ણવ્યો છે. વળી ભગવાનના મહાન ભકત પ્રહ્લાદનું ચરિત્ર, ભકિત, જ્ઞાન, વૈરાગ્ય, જગતની ઉત્પત્તિ અને સંહારના નિયંતા શ્રીહરિનું યથાર્થ સ્વરૂપ, તેમના ગુણો તથા કર્મોનું વર્ણન, દેવ તથા દૈત્યો વગેરેનાં સ્થાનોમાં કાળે કરી થતો મોટો ફેરફાર અને જેનાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે તે ભગવદ્ભકતોનો ધર્મ તેમ જ સંપૂર્ણ આધ્યાત્મિક વિષય, આ સર્વ આખ્યાનમાં મેં તમને કહ્યું છે.

જે મનુષ્ય વિષ્ણુભગવાનના પરાક્રમથી ભરેલું આ પવિત્ર આખ્યાન સાંભળી શ્રદ્ધાથી કીર્તન કરે છે તે કર્મનાં બંધનોથી છૂટે છે. વળી જે મનુષ્ય આદિપુરુષ ભગવાનની આ નૃસિંહલીલા, દૈત્યરાજાનો વધ તથા સત્પુરુષોમાં શ્રેષ્ઠ દૈત્યપુત્ર પ્રહ્લાદનું પવિત્ર ચરિત્ર સાવધાન થઈ સાંભળે છે અને તેનો પાઠ કરે છે તે ભગવાનના અભયપદરૂપ વૈકુંઠને પામે છે. હે યુધિષ્ઠિર ! આનંદની વાત છે કે, આ મનુષ્યલોકમાં તમે અત્યંત ભાગ્યશાળી છો કે જેઓના ઘરમાં મનુષ્યસ્વરૂપ ધરનારા ગુપ્ત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત વસે છે, જેને લીધે જગતને પવિત્ર કરનારા મુનિઓ પણ તમારે ઘેર આવે છે. તમારા મામાના પુત્ર આ શ્રીકૃષ્ણ તમારા પ્રિય મિત્ર છે અને તમારી આજ્ઞામાં વર્તી રહ્યા છે, તે (કંઈ સામાન્ય મનુષ્ય નથી પણ) મહાપુરુષોએ શોધવા યોગ્ય જે નિરુપાધિ મોક્ષસુખ છે તેના અનુભવરૂપ પરબ્રહ્મ છે. સર્વના આત્મા, ગુરુ અને પૂજવા યોગ્ય છે. જેમના સ્વરૂપને સાક્ષાત બ્રહ્મા અને શંકર વગેરે પણ પોતાની બુદ્ધિથી 'આ આવા પ્રકારનું છે,' એમ વાસ્તવિક વર્ણવી શક્યા નથી, તે આ ભકતવત્સલ ભગવાન(તમારા ઉપર પોતાની મેળે જ પ્રસન્ન છે અને અમારાથી) મૌન, ભકિત અને શાંતિથી પૂજાયેલા હોઈ અમારા પર પ્રસન્ન થાઓ. હે રાજન્ ! તે જ આ ભગવાને પૂર્વે અનંત માથાવાળા મયદાનવે નાશ કરેલા રુદ્રદેવના યશને ફેલાવ્યો હતો.

**યુધિષ્ઠિર રાજાએ પૂછ્યું :** કયાં કર્મમાં મયદાનવે જગદીશ્વર શંકરની કીર્તિનો નાશ કર્યો હતો અને આ શ્રીકૃષ્ણે ફરી તેમની કીર્તિ કેવી રીતે ફેલાવી હતી, તે મને કહો.

**નારદજી બોલ્યા :** આ શ્રીકૃષ્ણે દેવોને બળવાન કર્યા ત્યારે તેઓએ અસુરોને જીત્યા હતા, જેથી તે અસુરો માયાવીઓના મહાન આચાર્ય મયદાનવને શરણે ગયા. તે સમયે સમર્થ મયદાનવે સોનાનું, રૂપાનું ને લોઢાનું એમ ત્રણ પુરો(નગરો) બનાવી અસુરોને આપ્યાં હતાં. તે નગરો કયારે જતાં, કયારે આવતાં અને તેઓમાં કઈ કઈ વસ્તુઓ હતી એ કોઈ જાણતું ન હતું. હે રાજા ! એ ત્રણે નગરોનો આશ્રય કરી અસુરના સેનાપતિઓ પૂર્વનું વેર યાદ કરતા લોકપાલો સહિત ત્રણે લોકનો નાશ કરવા લાગ્યા. પછી લોકપાલો સહિત સર્વ લોકો શંકરને શરણે જઈ તેમને પ્રાર્થના કરવા લાગ્યા : ‘હે વ્યાપક દેવ ! ત્રણ નગર (ત્રિપુર)માં રહેતા અસુરો અમારો નાશ કરે છે માટે આપના ભકત અમારું આપ રક્ષણ કરો.’ તે સાંભળી ભગવાન શંકરે કૃપા કરી દેવોને કહ્યું : ‘તમે ડરશો મા.’ પછી ધનુષ્યમાં મંત્રેલું બાણ સાંધી તે પ્રભુએ પેલાં ત્રણ નગરો તરફ છોડયું. એટલે સૂર્યમાંથી જેમ કિરણસમૂહ નીકળે તેમ એ બાણમાંથી અગ્નિવર્ણા અનેક બાણો નીકળ્યાં જેથી તે નગરો દેખાતાં બંધ થઈ ગયાં. તેમાં વસતા સર્વ અસુરો તે બાણોથી વીંધાઈ પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડયા, પણ મહાયોગી પેલો મયદાનવ મરણ પામેલા તે તે સર્વ અસુરોને લાવી લાવી, એક કૂવાના અમૃત રસમાં નાખવા લાગ્યો; એટલે તે સિદ્ધ અમૃતરસનો સ્પર્શ થતાં જ તે મરેલા અસુરો વજ્ર જેવાં દૃઢ શરીરવાળા અને મહાબળવાન થઈ મેઘમંડળને ચીરનાર વીજળીઓના અગ્નિઓની પેઠે (જીવતા થઈ) ઊઠવા લાગ્યા. તે જોઈ ભગવાન શંકરનો સંકલ્પ ભાંગી પડ્યો અને મનમાં તે ઉદાસ થયા, ત્યારે ભગવાન વિષ્ણુએ આવો એક ઉપાય કર્યો. બ્રહ્મા તે સમયે વાછરડો થયા અને આ વિષ્ણુ પોતે ગાય થયા. પછી બપોરના વખતે પેલાં ત્રણ નગરોમાં પ્રવેશ કરી ત્યાં રહેલા પેલા અમૃતરસના કૂવામાંથી અમૃત પી ગયા. એ વેળા અસુરો તે જોતા હતા પણ તેઓને અત્યંત મોહિત થઈ તેમને અટકાવ્યા ન હતા. મહાયોગી મયદાનવે એ જાણી દૈવની તે ગતિનો વિચાર કરી શોકરહિત થઈ શોકથી પીડાતા અમૃતરસના રક્ષકને કહ્યુંઃ ‘દેવ, અસુર, મનુષ્ય કે બીજો કોઈ પણ આ જગતમાં પોતાના, બીજાના કે બંનેના સંબંધી દૈવે નિર્માણ કરેલું દૂર કરવા સમર્થ નથી.’ પછી આ વિષ્ણુભગવાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સમૃદ્ધિ, તપ, વિદ્યા તથા ક્રિયા વગેરે પોતાની શકિતઓ વડે શંકરને રથ, સારથિ, ધજા, ઘોડા, ધનુષ્ય, બખ્તર તથા બાણ વગેરે (જે કંઈ યુદ્ધના સાધન જોઈતાં હતાં તે) તૈયાર કરી આપ્યાં હતાં, તેથી શંકરે અભિજિત મુહૂર્તમાં (બપોરે) બરાબર તૈયાર થઈ રથમાં બેસી ધનુષ્ય તથા બાણ લીધાં અને ધનુષ્યમાં બાણ સાંધી તે વડે હે રાજા ! તોડવા મુશ્કેલ તે ત્રણે નગરોને બાળી નાખ્યાં. એ સમયે સ્વર્ગમાં દુંદુભિ (નગારા) વાગ્યાં અને સેંકડો વિમાનોથી ભીડ કરતા દેવો, ઋષિઓ, પિતૃઓ તથા સિદ્ધેશ્વરોએ ‘આપનો જય થાઓ’ એમ કહી પુષ્પવૃષ્ટિ કરી અને હર્ષ પામેલી અપ્સરાઓએ નૃત્ય કર્યું. એ રીતે હે રાજા ! ભગવાન શંકરે ત્રણે નગરો બાળી બ્રહ્મા વગેરેથી સ્તુતિ કરાતા પોતાના ધામમાં પધાર્યા. આ શ્રીહરિ પોતાની માયા વડે મનુષ્યલોકનું અનુકરણ કરે છે. સર્વના આત્મા છે અને જગતના ગુરુ છે. તેમનાં પરાક્રમોને ઋષિઓએ એ પ્રમાણે ગાયાં છે કે જે લોકોને પવિત્ર કરી રહ્યાં છે. બોલો, હવે બીજું શું કહું ? ૧-૭૧

एवंविधान्यस्य हरेः स्वमायया विडम्बमानस्य नृलोकमात्मनः । वीर्याणि
गीतान्यृषिभिर्जगद्गुरोर्लोकान्पुनानान्यपरं वदामि किम् ॥७१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

# મનુષ્યોના સાધારણ ધર્મો, વર્ણોના વિશેષ ધર્મો તથા સ્ત્રીઓના મુખ્ય ધર્મો

॥ श्रीशुक उवाच ॥

श्रुत्वेहितं साधुसभासभाजितं महत्तमाग्रण्य उरुक्रमात्मनः ।
युधिष्ठिरो दैत्यपतेर्मुदा युतः पप्रच्छ भूयस्तनयं स्वयम्भुवः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** જેનું મન શ્રીભગવાનમાં જ હતું અને તેથી જ અત્યંત મોટા પુરુષમાં જે અગ્રેસર હતો, તે દૈત્યપતિ પ્રહ્લાદનું સજ્જનોની સભાઓમાં સત્કાર પામેલું ચરિત્ર સાંભળી યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા. પછી કરી તેમણે નારદજીને પૂછ્યું.

**યુધિષ્ઠિરે પૂછ્યું :** હે ભગવન્ ! હવે વર્ણો તથા આશ્રમના આચાર સાથે મનુષ્યોના સાધારણ ધર્મ સાંભળવા ઈચ્છું છું, જેને આચરી મનુષ્ય જ્ઞાન તથા ભકિત પામે છે. તે બ્રહ્મન્ ! આપ સાક્ષાત્ પ્રજાપતિ બ્રહ્માના પુત્ર છે અને તપ, યોગ તથા સમાધિ વડે તેમના સર્વ પુત્રમાં માન્ય છો. આપ જેવા નારાયણપરાયણ, દયાળુ, શાંત અને ઉત્તમ બ્રાહ્મણો જેવા પરમ ગુહ્યધર્મ જાણે છે, તેવો બીજાઓ જાણતા નથી.

**નારદજી બોલ્યા :** લોકોના ધર્મનું કારણ ભગવાન નારાયણને નમસ્કાર કરી, તેમના જ મુખે સાંભળેલો સનાતન ધર્મ હું કહું છું. તે ભગવાન નારાયણ દક્ષની પુત્રી મૂર્તિ વિષે પોતાના અંશથી ધર્મ(નામના) પ્રજાપતિ દ્વારા અવતરી લોકોના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. હે રાજન્ ! સર્વ વેદમય ભગવાન શ્રીહરિ જ ધર્મનું મૂળ છે તેમ જ વેદ જાણનારાઓએ રચેલી સ્મૃતિઓ તથા જેનાથી પોતાનું મન પ્રસન્ન થાય તે પણ વર્ણધર્મનું મૂળ છે, અર્થાત્ ધર્મમાં આ બધાં મુખ્ય પ્રમાણો છે. સત્ય, દયા, તપ, બહાર ને અંદરની પવિત્રતા, સહનશીલતા, યોગ્ય–અયોગ્યનો વિચાર, માનસિક સંયમ, ઈન્દ્રિયસંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, સ્વાધ્યાય, સરળતા, સંતોષ, મહાપુરુષોની સેવા, સાંસારિક સુખભોગોની ઈચ્છાથી ક્રમે ક્રમે ઉપરામ, મનુષ્યોની નિષ્ફળ ક્રિયાઓના વિચાર, વ્યર્થ ન બોલવું, ‘આત્મા દેહાદિથી જુદો છે’ એવું નિત્યચિંતન, પોતાના અન્નાદિ ભોગ્ય પદાર્થોમાંથી બીજા પ્રાણીઓને યથાયોગ્ય ભાગ આપવો, ‘સર્વ પ્રાણીઓમાં આત્મારૂપ દેવ બિરાજે છે,’ એવી બુદ્ધિ રાખવી, મનુષ્યોમાં તો ખાસ તેવી બુદ્ધિ રાખવી, મહાપુરુષોની ગતિરૂપ શ્રીભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમન, દાસપણું અને પોતાનો આત્મા ભગવાનને અર્પણ કરવો આ ત્રીસ લક્ષણવાળો ઉત્તમ ધર્મ સર્વ મનુષ્યો માટે સામાન્ય કહ્યો છે, જે ધર્મ વડે હે પાંડુપુત્ર રાજા ! સર્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે. જે વંશમાં મંત્રયુક્ત ગર્ભાધાન આદિ સંસ્કારો અવિચ્છિન્ન પરંપરાથી કરાય છે તે તે ‘દ્વિજ’ (બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય) કહેવાય છે, એ દ્વિજને જ બ્રહ્માએ એવા સંસ્કાર માટે યોગ્ય કહ્યો છે. આ દ્વિજ મનુષ્યો જન્મ તથા કર્મથી જો શુદ્ધ હોય, તો તેઓને યજ્ઞ, વેદાધ્યયન, દાન તથા બ્રહ્મચર્યાદિ આશ્રમોમાં કહેલી ક્રિયાઓ કરવા શાસ્ત્રે કહ્યું છે. તેમાં બ્રાહ્મણોનાં ભણવું – ભણાવવું, યજ્ઞ કરવો–કરાવવો અને દાન લેવું તથા આપવું,

આ છ કર્મો કહ્યાં છે (આ છ કર્મોમાં ભણાવવું, યજ્ઞ કરાવવો તથા દાન લેવું એ ત્રણ કર્મો બ્રાહ્મણને આજીવિકા માટે કહ્યાં છે.) અને ક્ષત્રિયનાં દાન લેવા સિવાયનાં કર્મો કહ્યાં છે. (કેમ કે આપત્તિના સમયમાં ક્ષત્રિયને પણ ભણાવવાની તથા યજ્ઞ કરાવવાની છૂટ આપી છે.) જે ક્ષત્રિય પ્રજાનું પાલન કરનાર રાજા હોય, તેની બ્રાહ્મણ સિવાય બીજાઓ પાસેથી કર, દંડ તથા જકાત લઈ આજીવિકા કહી છે. વૈશ્યે ખેતી અને વેપાર વગેરેથી આજીવિકા કરવી, તેમ જ બ્રાહ્મણોના અનુયાયી થઈને રહેવું. શૂદ્રે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યરૂપી પોતાના સ્વામી દ્વિજવર્ણની સેવા કરીને આજીવિકા કરવી. ખેતી વગેરે અનેક જાતની આજીવિકા, માગ્યા વિના મળતું ધાન્ય વગેરે દરરોજ માગી લાવવું તે ડાંગરનાં ખેતર વગેરેમાં પડી રહેલા (માલિકે છોડેલા) દાણાઓ વીણી લાવવા અથવા બજારમાં અનાજના વેપારીઓની દુકાન આગળ પડી રહેલા (માલિકે છોડેલા) દાણા વીણી લાવવા; આ ચાર પ્રકારની બ્રાહ્મણોની આજીવિકા છે. તેમાં ઉત્તરોત્તર ઉત્તમ ગણાય છે. નીચ વર્ણના મનુષ્યે આપત્તિકાળ વિના (ભણાવવું વગેરે) ઉત્તમ આજીવિકા કરવી નહિ, પણ આપત્તિકાળમાં તો ક્ષત્રિય વિના સર્વ વર્ણો સર્વ આજીવિકાઓ કરી શકે છે. ક્ષત્રિય આપત્તિકાળમાં દાન લેવા સિવાયની સર્વ આજીવિકાઓ કરી શકે છે. મનુષ્ય ઋત કે અમૃતથી આજીવિકા કરવી અથવા મૃત કે પ્રમૃતથી આજીવિકા કરવી; અથવા સત્ય કે અસત્ય (એટલે વેપાર)થી આજીવિકા કરવી. પરંતુ (નીચની સેવારૂપ) કૂતરાની વૃત્તિથી કદી પણ આજીવિકા કરવી નહિ. તેમાં ખેતર કે દુકાનની આસપાસ પડી રહેલા (માલિકે છોડેલા) દાણા વીણી લાવી આજીવિકા કરવી તે 'ઋત' કહેવાય છે. માગ્યા વિના કંઈ મળી આવેલાથી આજીવિકા કરવી તે 'અમૃત' કહેવાય છે. નિત્ય માગી લાવીને આજીવિકા કરવી તે મૃત' કહેવાય છે અને ખેતીવાડી કરી આજીવિકા કરવી તે 'પ્રમૃત' કહેવાય છે. એ સિવાય જેમાં સાચું—જૂઠું કરવું પડે, તે વેપાર 'સત્યાસત્ય' કહેવાય છે અને નીચની સેવા તે કૂતરાની વૃત્તિ કહેવાય છે. આ નિંદ્ય વૃત્તિ બ્રાહ્મણે તથા રાજા (ક્ષત્રિય)એ નિત્ય તજવી કારણ કે (બ્રાહ્મણ અને રાજા સામાન્ય નથી) બ્રાહ્મણ સર્વ વેદમય છે અને ક્ષત્રિયો સર્વ દેવમય છે. મનનો નિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, તપ, બહાર તથા અંદરની પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા, ભગવદ્‌પરાયણતા અને સત્ય, એ બ્રાહ્મણનાં લક્ષણો છે. યુદ્ધમાં ઉત્સાહ, પ્રભાવ, ધૈર્ય, તેજ, દાન, માનસિક જય, ક્ષમા, બ્રાહ્મણ પ્રત્યે ભકિત, પ્રસન્નતા અને સર્વની રક્ષા એ ક્ષત્રિયનાં લક્ષણો છે. દેવ, ગુરુ તથા શ્રી ભગવાનની ભકિત, ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થોનું પોષણ, આસ્તિકતા, ઉદ્યમ અને નિત્ય કાર્યકુશળતા એ વૈશ્યનાં લક્ષણો છે. સજ્જનોને નમવું, બહાર તથા અંદરની પવિત્રતા, સ્વામીની નિષ્કપટપણે સેવા, વૈદિક મંત્રોચ્ચાર વિના જ પાંચ મહાયજ્ઞ કરવા, ચોરી ન કરવી, સત્ય બોલવું અને ગાયો તથા બ્રાહ્મણોની રક્ષા એ શુદ્રનાં લક્ષણો છે. (હવે સ્ત્રીઓના ધર્મો સાંભળો.) પતિ જ જેઓના દેવ છે, એવી પતિવ્રતા સ્ત્રીઓનાં આ ચાર લક્ષણ અને ધર્મ છે. સ્ત્રીએ પતિની સેવા કરવી, પતિને અનુકુળ રહેવું એટલે કોઈ પણ પ્રકારે પતિનું હિત કરવું, પતિના સંબંધીઓને પણ અનુસરવું અને નિત્ય પતિના જ વ્રત ધારણ કરવાં. વળી પતિવ્રતા સ્ત્રીએ ઘરને વાળીઝાડી સાફ રાખી ઘરના આંગણામાં રંગથી વેલ, મંડળો વગેરે કરી પોતે પણ સુશોભિત અને અલંકૃત રહેવું. નિત્ય ઘરમાં રાચરચીલાં સાફ રાખવા અને નાની મોટી કામનાઓ, વિનય, ઈન્દ્રિયનિગ્રહ તેમ જ સમયે સમયે સાચાં પ્રિય વાક્યોથી પતિની સેવા કરવી. પોતાને

જે મળે તેથી સંતુષ્ટ રહેવું. મળી આવેલા ભોગોમાં પણ આસકિત છોડવી, આળસરહિત રહેવું, ધર્મ જાણવો, પ્રિય તથા સત્ય વાણી બોલવી, પ્રમાદ છોડવો, પવિત્ર રહેવું, સ્નેહાળ થવું અને પતિત ન હોય તેવા પતિની સેવા કરવી. જેમ લક્ષ્મી વિષ્ણુ ભગવાનની સેવા કરે છે, તેમ જે સ્ત્રી પતિપરાયણ થઈ પતિને શ્રીહરિના ભાવે સેવે છે, તે સ્ત્રી શ્રીહરિના લોકમાં શ્રીહરિરૂપ થયેલા પતિ સાથે લક્ષ્મીની પેઠે આનંદ કરે છે. વર્ણસંકર જાતિના લોકોની તે તે પોતાના કુળમાં ચાલતી આજીવિકા જ જીવનના સાધનરૂપ છે, પણ તેઓએ (કુલપરંપરાની હોવા છતાં) ચોરી કે હિંસા વગેરે (આજીવિકારૂપ) પાપો ન જ કરવાં, અંત્યજા તથા અંતેવાસી લોકોએ પણ (પાપ અને ચોરી સિવાયની) કુલપરંપરાની આજીવિકા કરવી. હે રાજન ! યુગેયુગે મનુષ્યના સત્ત્વગુણ આદિ સ્વભાવોથી રચાયેલો ધર્મ આ લોકમાં તથા પરલોકમાં સુખનું કારણ થાય છે, એમ વેદરૂપી દૃષ્ટિવાળા પુરુષો કહે છે. જે મનુષ્ય સત્ત્વાદિ સ્વભાવથી નક્કી કરેલી પોતપોતાની (વર્ણાનુસાર) આજીવિકા પ્રમાણે ગુજરાન ચલાવે છે અને પોતાના વર્ણધર્મોનાં કર્મો કરે છે, તે ધીમે ધીમે સત્ત્વાદિ સ્વભાવથી થયેલાં કર્મો તજીને નિર્ગુણપણું પામે છે. જેમ વારંવાર (ખેડાઈને) વવાતું ખેતર પોતાની મેળે રસકસ વિનાનું થઈને ફરી ધાન્યની ઉત્પત્તિ માટે લાયક રહેતું નથી અને તેમાં વાવેલું બી પણ નાશ પામે છે, તેમ જ હે રાજન્ ! જેની અંદર કામનાઓ વાસના રૂપે રહેલી હોય છે એવું મન ફરી ફરી કામોના અતિસેવનથી વૈરાગ્ય પામે છે, અતિશય કામસેવનથી કંટાળે છે. જેમ સળગેલો અગ્નિ ઘીનાં ટીપાંઓથી શાંત થતો નથી પણ ઊલટો વધે છે. છતાં ઘીની મોટી ધારા રેડાય તો એકદમ શાંત થાય છે.(બ્રાહ્મણ વગેરે વિભાગ, પૂર્વોકત શમદમાદિ લક્ષણોથી જ મુખ્ય છે, માત્ર જાતિથી નહિ. તે કહે છેઃ) જે વર્ણના પુરુષનું તે તે વર્ણને જણાવનાર (શમદમાદિ) લક્ષણ પૂર્વે કહ્યું, તે જો બીજા વર્ણમાં પણ દેખાય તો તે (બીજા વર્ણના) પુરુષને પણ તે વર્ણના લક્ષણ ઉપરથી તે જ વર્ણને ગણવો જોઈએ. (પરંતુ તેની તે જાતિ ઉપરથી તેને તે જ જાતિનો ન ગણવો.) ૧-૩૫

यस्य यल्लक्षणं प्रोक्तं पुंसो वर्णाभिव्यञ्जकम् । यदन्यत्रापि दृश्येन तत्तेनैव विनिर्दिशेत् ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## બ્રહ્મચારી ને વાનપ્રસ્થના ધર્મો તથા ચારે આશ્રમોના સાધારણ ધર્મો

॥ नारद उवाच ॥

ब्रह्मचारी गुरुकुले वसन् दान्तो गुरोर्हितम् । आचरन् दासवन्नीचो गुरौ सुदृढसौहृदः ॥१॥

**નારદજી બોલ્યા :** બ્રહ્મચારીએ ગુરુકુળમાં રહેવું, જિતેન્દ્રિય થવું, ગુરૂનું હિત કરવું, ગુરુની પાસે દાસની પેઠે નમ્ર રહેવું અને ગુરુ ઉપર દૃઢ પ્રેમ રાખવો. સવારે ને સાંજે ગુરુની, અગ્નિની, સૂર્યની તથા ઉત્તમ દેવની ઉપાસના કરવી. બંને સંધ્યા સમયે મનને એકાગ્ર કરી ગાયત્રીનો જપ કરવો અને મૌન રહેવું. ગુરુ બોલાવે ત્યારે તેમની પાસે અત્યંત સંયમ જાળવી વેદાધ્યયન કરવું અને વેદાધ્યયનના આરંભમાં તથા અંતે ગુરુના ચરણમાં મસ્તક વડે પ્રણામ કરવા. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેખલા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, દંડ, કમંડલુ તથા જનોઈ ધારણ કરવાં અને હાથમાં દર્ભ રાખવો. સવારે ને સાંજે ભિક્ષા

માગી લાવવી અને તે ભિક્ષા (પ્રથમ જ) ગુરુને અર્પણ કરવી. ગુરુ આજ્ઞા કરે તો ભોજન કરવું, નહિ તો કોઈ વખતે ઉપવાસ પણ કરવા. સ્વભાવે ઉત્તમ, મિતાહારી, ચતુર, શ્રદ્ધાળુ અને જિતેન્દ્રિય થઈ જેટલું જરૂરી હોય, તેટલો જ સ્ત્રીઓમાં તથા સ્ત્રીવશ પુરુષોમાં વ્યવહાર રાખવો. માત્ર બ્રહ્મચારીએ જ નહિ પણ ગૃહસ્થ સિવાય હરકોઈ આશ્રમીએ સ્ત્રી સાથે કે સ્ત્રી સંબંધી વાતો છોડવી; કારણ કે ઈન્દ્રિયો બળવાન હોઈ સંન્યાસીનું મન પણ હરે છે. યુવાન બ્રહ્મચારીએ ગુરુની યુવાન સ્ત્રીઓ પાસે પોતાના કેશો ગુંથાવવા નહિ; શરીરે મર્દન, સ્નાન કે આંજણ વગેરે કંઈ કરાવવું નહિ. કારણ કે મદમાતી યુવાન સ્ત્રી અગ્નિરૂપ છે અને યુવાન પુરુષ થીજેલા ઘીના ઘડા જેવો છે. (અગ્નિ પાસે ઘીને ગરમ થતાં શી વાર ?) માટે એકાંતમાં પુત્રીને પણ તજવી. ફકત ભિક્ષા વગેરેના કે બીજા પ્રસંગે મનુષ્યોના સમૂહમાં પોતાને જેટલો જરૂરી હોય તેટલે જ સ્ત્રી સાથે વ્યવહાર રાખવો. સ્વ—સ્વરૂપનો સાક્ષાત્કાર કરી જીવ 'દેહ, ઈન્દ્રિય આદિ જે કંઈ જણાય છે તે કેવળ મિથ્યા જ છે.' આવો નિશ્ચય કરી જ્યાં સુધી ઈશ્વરરૂપ (સ્વતંત્ર) થતો નથી, ત્યાં સુધી 'આ સ્ત્રી-પુરુષ' એવો ભેદ દૂર થતો નથી અને તે ભેદ દૂર ન થાય ત્યાં સુધી 'અમુક વસ્તુ ભોગ્ય છે' એવી બુદ્ધિ રહે છે. (માટે સ્ત્રી આદિથી દૂર રહેવું.) ઉપર જે નિયમો દર્શાવ્યા તે સર્વ ગૃહસ્થ તથા સંન્યાસી બન્ને માટે કહ્યા છે. તેમાં ગૃહસ્થે ઋતુસમયે જ સ્ત્રી પાસે જવું. ગુરુની આજીવિકાના સંબંધમાં પોતાથી બની શકે તેટલું કરવું. જેઓ બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અથવા સંન્યાસીરૂપી વ્રત ધારણ કરતા હોય, તેઓએ શરીર પરની અને મસ્તક પરની સફાઈ, મર્દન, સ્ત્રીનું દર્શન, સ્ત્રીનાં ચિત્ર વગેરે ચીતરવા, માંસ, મદિરા, પુષ્પની માળા, ચંદન, વિલેપન તથા અલંકારોનો ત્યાગ કરવો. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યજાતિના મનુષ્યે એમ ગુરુકુળમાં રહી પોતાનો અધિકાર તથા શકિત પ્રમાણે અંગો અને ઉપનિષદો સહિત વેદાધ્યયન કરી તેના અર્થનું જ્ઞાન મેળવવું. પછી શકિત પ્રમાણે અથવા પોતે સમર્થ હોય તો ગુરુ કહે તેમ, તેમને ઈચ્છિત દક્ષિણા આપી તેમની આજ્ઞા લઈ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો અથવા વનમાં જવું. (એટલે ગૃહસ્થાશ્રમ ભોગવી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો અથવા સંન્યાસ લેવો કે ત્યાં જ નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે રહેવું.) વળી અગ્નિમાં, ગુરુમાં, પોતામાં તથા સર્વ પ્રાણીઓમાં (પ્રથમથી જ રહેલા છતાં) પોતાના આશ્રયરૂપ જીવોની સાથે તેઓના નિયંતાપણે પ્રવેશેલા હોય, તેવા જણાતા છતાં ખરી રીતે ન પ્રવેશેલા ભગવાનને જોવા. બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી કે ગૃહસ્થ, એ પ્રમાણે જ્ઞેય વસ્તુનું જ્ઞાન મેળવી પોતાના આશ્રમના ધર્મો આચરતાં પરબ્રહ્મ પામે છે.

હવે મુનિઓને માન્ય વાનપ્રસ્થના નિયમ (ધર્મો) હું તમને કહું છું, જેઓને આચરતો મુનિ વાનપ્રસ્થ અનાયાસે મહર્લોકમાં જાય છે. વાનપ્રસ્થે ખેડથી પાકેલું ધાન્ય, ખેડથી ન પાકેલું હોય તે, પણ પાકસમયની પહેલાં જ પાકીને તૈયાર થયેલું હોય, અગ્નિથી પાકેલું હોય અને જે કાચું હોય તે ખાવું નહિ. પરંતુ સૂર્યથી પાકેલું જ ખાવું. વનમાં ઉત્પન્ન થયેલાં સામા, મોરૈયો વગેરે તૃણધાન્યથી (તૈયાર કરેલા) સમયાનુસાર શાસ્ત્ર કહેલા નિત્ય પુરોડાશોને અગ્નિમાં અર્પણ કરવા અને નવું નવું અન્ન વગેરે મળે ત્યારે જૂનાનો ત્યાગ કરવો. માત્ર અગ્નિના રક્ષણ માટે જ ઝૂંપડીનો કે પર્વતની ગુફાનો ઘર તરીકે આશ્રય કરવો. પોતે તો ટાઢ, પવન, અગ્નિ, વરસાદ અને સૂર્યનો તાપ સહન કરવો. કેશ, રૂંવાડાં, નખ, દાઢીમૂછ તેમ જ હરકોઈ સ્થળના મેલને એમના એમ રાખવા. જટા, કમંડલુ તથા મૃગચર્મ ધારણ કરવાં

અને દંડ, વલ્કલ વસ્ત્ર તથા અગ્નિહોત્રની સામગ્રી દર્ભ, સમિધા વગેરે રાખવાં. એમ વાનપ્રસ્થ મુનિએ તપના કલેશથી બુદ્ધિ નાશ ન પામે તેમ બાર, આઠ, ચાર, બે કે એક વર્ષ સુધી (શકિત પ્રમાણે) વનમાં એટલે વાનપ્રસ્થાશ્રમમાં રહેવું. પણ રોગના કારણથી કે વૃદ્ધાવસ્થાને લીધે વાનપ્રસ્થ, ક્રિયા પાળવા અથવા જ્ઞાનાભ્યાસ માટે અસમર્થ હોય, તો અનશન આદિ કરવું. (તે અનશન વગેરે કર્યા પહેલાં શું કરવું તે સાંભળો.) તે વેળા (પ્રથમ તો) પોતામાં અગ્નિહોત્રના અગ્નિઓ સ્થાપવા અને પછી અહંતા તથા મમતા તજી યથાયોગ્ય પોતપોતાનાં કારણ– આકાશાદિ ભૂતોમાં દેહનો સારી રીતે લય કરવો. જેમ કે જેમાંથી જેની ઉત્પત્તિ થઈ છે. તે પ્રમાણે દેહમાં રહેલાં છિદ્રોનો આકાશમાં, શ્વાસોચ્છ્વાસોનો વાયુમાં, શરીરની ગરમીનો તેજમાં, લોહી, કફ તથા પરુનો જળમાં અને બાકી રહેલાં હાડકાં, માંસ વગેરે કઠિન ભાગનો પૃથ્વીમાં લય કરવો. (એ રીતે સ્થૂલશરીરનો લય કરી લિંગશરીરનો આ રીતે લય કરવોઃ) હે રાજન્ ! વાણીનો તથા તેમાં કર્મ–ભાષણનો તેના અધિષ્ઠાયક દેવ અગ્નિમાં, હાથ તથા તેના કર્મ શિલ્પનો તેના અધિષ્ઠાયક દેવ ઈન્દ્રમાં, પગનો તથા તેની કર્મગતિનો તેના અધિષ્ઠાયક દેવ વિષ્ણુમાં ગુહ્ય ઇન્દ્રિયનો તથા તેના કર્મ–મૈથુનનો તેના અધિષ્ઠાયક દેવ પ્રજાપતિમાં, ગુદાનો તથા તેના કર્મ–મળત્યાગનો તેના અધિષ્ઠાયક દેવરૂપી યોગ્ય સ્થાન મૃત્યુમાં શ્રોત્ર ઈદ્રિયનો તથા તેના કર્મ–સાંભળવાનો તેના અધિષ્ઠાયક દેવ દિશાઓમાં, ત્વચાઈન્દ્રિયનો તથા તેના કર્મ–સ્પર્શનો તેના અધિષ્ઠાયક દેવ વાયુમાં, ચક્ષુ–ઇન્દ્રિયનો તથા તેના કર્મ–રૂપનો તેના અધિષ્ઠાયક દેવ સૂર્યમાં, જિહ્વાઈદ્રિયનો તથા તેના કર્મ–રસગ્રહણનો વરુણદેવની સાથે જળમાં અને ઘ્રાણેન્દ્રિયનો તથા તેના કર્મ–ગંધગ્રહણનો તેના અધિષ્ઠાયક દેવ અશ્વિનીકુમારો સાથે પૃથ્વીમાં લય કરવો. તેમ જ મનનો મનોરથો સાથે ચંદ્રમા વિષે, બુદ્ધિનો તેનાથી જાણવા યોગ્ય વિષયો સાથે બ્રહ્મામાં, અહંકારનો તથા તેનાં સર્વ કર્મોનો જેનાથી અહંતા–મમતાપૂર્વક ક્રિયાઓ થાય છે તેવા તેના અધિષ્ઠાયક દેવ રુદ્રમાં અને ચેતના સાથે ચિત્તનો ગુણોના કાર્યરૂપ બાકીના દેવો સાથે ક્ષેત્રજ્ઞમાં અને ભોકતાપણું વગેરે વિકારોવાળો ક્ષેત્રજ્ઞનો નિર્વિકાર પરબ્રહ્મમાં લય કરવો. એ રીતે પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો પરમાત્મામાં લય કરવો. એમ પોતાના આત્માને કેવળ પરમાત્મસ્વરૂપે માત્ર ચૈતન્યરૂપે બાકી રહેલા જાણી કેવળ અદ્વૈત સ્વરૂપે થવું તે પછી જેમ લાકડું બળી જતાં અગ્નિ શાંત થાય છે, તેમ શાંત થવું. ૧-૩૧

इत्यक्षरतयात्मानं चिन्मात्रमवशेषितम् । ज्ञात्वाऽद्वयोऽथ विरमेद्दग्धयोनिरिवानलः ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## સંન્યાસધર્મ અને અવધૂત સાથે પ્રહ્લાદજીનો સંવાદ

॥ नारद उवाच ॥

कल्पस्त्वेवं परिव्रज्य देहमात्रावशेषितः । ग्रामैकरात्रविधिना निरपेक्षश्चरेन्महीम् ॥१॥

**નારદજી બોલ્યા :** હે ધર્મરાજ, જો વાનપ્રસ્થાશ્રમીમાં બ્રહ્મવિચારનું સામર્થ્ય હોય તો તેણે માત્ર શરીર સિવાય બીજા સર્વ પરિગ્રહનો ત્યાગ કરી સંન્યાસ લેવો અને માત્ર એક દેહને જ બાકી રાખી સર્વ

પરિગ્રહ છોડી દરેક ગામમાં માત્ર એક જ રાત્રિ કેવળ નિઃસ્પૃહ થઈ પૃથ્વી પર ફરવું. સંન્યાસીઓ વસ્ત્ર રાખવા હોય તો માત્ર ગુહ્ય ભાગ ઢંકાય તેટલું લંગોટરૂપે જ રાખવું અને આપત્તિનો પ્રસંગ ન હોય ત્યારે દંડ તથા સંન્યાસનાં ચિહ્ન વિના બીજું કંઈ જ (પ્રથમ તજેલું) રાખવું નહિ. એકલા જ ફરવું, ભિક્ષા પર જીવવું, આત્મામાં જ રમવું, કોઈનો આશ્રય લેવો નહિ, સર્વ પ્રાણીઓના મિત્ર થવું, શાંત અને કેવળ નારાયણપરાયણ રહેવું. કાર્યકારણથી જાદા આત્મામાં આ સર્વ જગતને જોવું અને કાર્યકારણરૂપે સર્વ વસ્તુમાં પરબ્રહ્મરૂપ પોતાનો આત્મા રહેલો છે એમ જોવું. આત્મતત્ત્વ સુષુપ્તિ અવસ્થામાં અજ્ઞાનથી ઢંકાયેલું રહે છે અને જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં વિક્ષિપ્ત જણાય છે. પણ તે તે અવસ્થાઓના સંધિકાળમાં આત્મતત્વ અજ્ઞાનથી ઢંકાયેલું કે વિક્ષિપ્ત પણ હોતું નથી. માટે તે સમયના આત્મતત્વને લક્ષ્ય કરી સ્થિતિ કરનારો સંન્યાસી આત્માના તત્ત્વનો સાક્ષાત્કાર કરતો બંધ તથા મોક્ષને માયા માત્ર જુએ છે, પણ સત્ય જોતો નથી, (અને તેથી જ પોતાના આત્માને પરબ્રહ્મ તરીકે બધે જોઈ શકે છે.) સંન્યાસીએ અવશ્ય થનારા મૃત્યુને ખાસ ઈચ્છવું નહિ; તેમ જ નાશવંત જીવનની પણ ખાસ ઈચ્છા રાખવી નહિ. કેવળ પ્રાણીમાત્રની જેથી ઉત્પત્તિ અને નાશ થાય છે, તે કાળની રાહ જોવી. આધ્યાત્મિક ન હોય તેવાં શાસ્ત્રોમાં લક્ષ્ય આપવું નહિ, જયોતિષ વગેરે આજીવિકાનો આશ્રય કરવો નહિ. જલ્પ– વિતંડાવાદ છોડવા. તર્ક– વિતર્કો તજવા અને કોઈ પણ પક્ષનો આશ્રય કરવો નહિ. બળજબરીથી કે લલચાવીને શિષ્યો કરવા નહિ. બહુ ગ્રંથોનો અભ્યાસ કરવો નહિ, વ્યાખ્યાનો આપવાં નહિ અને કોઈ સ્થળે મઠ બાંધવા વગેરે વ્યાપારો કરવા નહિ. જે મહાત્મા સંન્યાસી શાંત અને સમાન ભાવવાળા ચિત્તથી યુક્ત હોય (પરમહંસ દશાએ પહોંચેલો હોય તેને ઘણું કરી કોઈ પણ આશ્રમ ધર્મનું કારણ રહેતું નથી; માટે તે સમયે પરમહંસ સ્થિતિ થાય ત્યારે સંન્યાસનાં ચિહ્ન વગેરેનું પણ પ્રયોજન ન હોવાથી), તે આશ્રમને ધારણ કરે અથવા તજી પણ શકે છે. એવો પરમહંસ સંન્યાસી બહારનાં પોતાનાં ચિહ્ન પ્રકટ કરે નહિ. કેવળ આત્માનુસંધાન રૂપી પોતાનું પ્રયોજન પ્રકટ કરે. તે વિદ્વાન હોય છતાં ઉન્મત્ત અને બાળક જેવો જણાય. મોટો વકતા હોવા છતાં મનુષ્યોની દૃષ્ટિએ પોતાને મૂંગો હોય તેવો દર્શાવે છે. આ પરમહંસના ધર્મ સંબંધી પ્રહ્લાદ અને અજગરવ્રતધારી એક મુનિના સંવાદરૂપ આ એક પુરાતન ઈતિહાસને મહાત્મા પુરુષો ઉદાહરણરૂપે કહે છે. ભગવાનને પ્રિય પ્રહ્લાદ એક સમયે કેટલાક પ્રધાનો સાથે લોકરહસ્ય જાણવાની ઈચ્છાથી લોકોમાં ફરતા હતા. તેવામાં સહ્યાદ્રિ પર્વતની તળેટીમાં કાવેરી નદીના કિનારે ધૂળથી ખરડાયેલા શરીરના અવયવોને લીધે જેનું નિર્મળ તેજ અત્યંત ગૂઢ હતું, એવા એક બ્રાહ્મણ મુનિને પૃથ્વી પર પડેલા તેમણે જોયા. એમને કર્મ, આકૃતિ, વાણી કે વર્ણાશ્રમ વગેરેનાં ચિહ્નોથી કોઈ મનુષ્યો 'તે એ હશે કે નહિ' એમ જાણી શકતા ન હતા. તે બ્રાહ્મણને નમસ્કાર કરી વિધિ પ્રમાણે પૂજા કરી મહાભકત પ્રહ્લાદ તેમના પગને મસ્તકથી સ્પર્શ કરી તેમનું સત્ય સ્વરૂપ જાણવાની ઈચ્છાથી આ પ્રમાણે પૂછવા લાગ્યાઃ 'ઉદ્યમભોગી મનુષ્યની પેઠે તમે શરીર તો સ્થૂળ ધારણ કરો છો ! આ લોકમાં જેઓ ઉદ્યમ કરે છે તેઓની પાસે ધન હોય છે. જેઓ પાસે ધન હોય છે તેઓને ભોગ ભોગવવા મળે છે અને જેઓ ભોગ ભોગવે છે તેનું શરીર પુષ્ટ હોય છે. બીજા પ્રકારે શરીર પુષ્ટ હોઈ શકે નહિ. હે બ્રાહ્મણ ! તમે તો અહીં પડી રહો છો અને કંઈ ઉદ્યમ કરતા નથી, જેથી તમારી પાસે ધન છે કે નહિ કે જે ધનથી ભોગ પ્રાપ્ત થઈ શકે. તો હે વિપ્ર!

ભોગો નહિ ભોગવવા છતાં તમારું આ શરીર ક્યા કારણથી પુષ્ટ છે તે જો કહેવાને યોગ્ય હોય તો તમે અમને કહો. વળી આપ વિદ્વાન, સશકત, ચતુર અને જાતજાતની લોકરંજક કથાઓ જાણતા હોઈ આ સમગ્ર લોક કર્મ કરી રહેલ છે તે જુઓ છો; છતાં તમે આમ પડી રહો છો (એ આશ્ચર્ય છે).

**નારદજી બોલ્યા :** દૈત્યપતિ પ્રહ્‌લાદજીએ એમ પૂછ્યું એટલે તે મહામુનિ પ્રહ્‌લાદની વાણીરૂપ અમૃતથી વશ બની હસીને તેમને કહેવા લાગ્યા.

**બ્રાહ્મણે કહ્યું :** હે અસુરશ્રેષ્ઠ ! તમે જ્ઞાની મનુષ્યોમાં માન્ય હોઈ મનુષ્યોને પ્રવૃત્તિથી અને નિવૃત્તિથી ક્યાં ફળ મળે છે, તે અધ્યાત્મદ્રષ્ટિથી જાણો છો. વળી તમારા હૃદયમાં ભગવાન નારાયણ સદાકાળ બિરાજતા હોઈ સૂર્ય અંધકાર દૂર કરે તેમ કેવળ ભકિતથી તમારું અજ્ઞાન દૂર કરે છે. (તેથી તમે સર્વ જાણો જ છો.) તોપણ હે રાજન્ ! મેં જેમ સાંભળ્યું તેમ તમારા પ્રશ્નોના ઉત્તર હું આપું છું; કારણ કે તમે આત્મશુદ્ધિ ઈચ્છનારાઓને માન આપવા યોગ્ય છો. સંસારના પ્રવાહને ચલાવનારી અને યોગ્ય કામનાઓથી પણ પૂર્ણ કરવી અશક્ય એવી તૃષ્ણાએ પહેલાં મને અનેક કર્મો કરાવ્યાં છે અને જાતજાતની યોનિઓમાં નાખ્યો છે. કર્મોથી ભટકતા મને તે તૃષ્ણાએ જ સ્વેચ્છાથી આ મનુષ્ય શરીરમાં નાખ્યો છે કે જે શરીર ધર્મ દ્વારા સ્વર્ગ મેળવવાનું, અધર્મ દ્વારા કૂતરાં કે ભૂંડ વગેરે યોનિઓમાં જવાનું ધર્મ તથા અધર્મ એમ મિશ્રપણાથી મનુષ્યપણું મેળવવાનું અને કેવળ નિવૃત્તિથી મોક્ષનું સાધન છે. આ મનુષ્યપણામાં પણ સ્ત્રીઓ તથા પુરુષો સુખ મેળવવા તથા દુઃખ દૂર કરવા માટે કર્મો કરે છે, પણ તેઓને તે કર્મનાં વિરુદ્ધ ફળ મળતાં જોઈ હું નિવૃત્તિમાર્ગ સેવું છું. સુખ એ આત્માનું સ્વરૂપ છે અને મનુષ્ય સર્વ ક્રિયાઓથી ઉપરામ પામતા પોતાની મેળે જ તે પ્રકાશે છે. સાંસારિક ભોગો તો મનોરથમાત્રથી ઉત્પન્ન થનારા અને નાશવંત છે એમ જોઈને પ્રારબ્ધભોગો ભોગવતો હું કંઈ ઉદ્યમ કરતો નથી. એમ આ આત્માનો સુખરૂપી સ્વાર્થ પોતાને વિષે જ રહેલો છે, છતાં તેને ભૂલી જઈ મનુષ્ય દેહાદિ દ્વૈત પદાર્થ મિથ્યા હોવા છતાં વિચિત્ર અને ભયંકર આ સંસારમાં પડે છે. જેમ મૂર્ખ મનુષ્ય જળમાંથી જ ઉત્પન્ન થયેલા ઘાસ, શેવાળ વગેરે પદાર્થોથી ઢંકાયેલું જળ છોડી જળની ઈચ્છાથી ઝાંઝવાના જળ તરફ દોડે છે, તેમ અજ્ઞાની મનુષ્ય આત્મસ્વરૂપથી બીજા સ્થળે પુરુષાર્થને જોતો વિષયો તરફ દોડે છે, દૈવને આધીન દેહાદિ પદાર્થોથી પોતાને સુખ મળે અને દુઃખને નાશ થાય એમ ઈચ્છતો ભાગ્યહીન મનુષ્ય વારંવાર જે જે ક્રિયાઓ કરે છે, તેની તે તે સર્વ ક્રિયાઓ નિષ્ફળ જ થાય છે. મનુષ્ય આધ્યાત્મિક આદિ દુઃખોથી કદી મુક્ત નથી અને પોતે અવશ્ય મરનારે છે. તેને મહાદુઃખથી કદાચ ધન કે ભોગો મળ્યા હોય, તો પણ તેથી તેને શું કરવાનું છે ? જેઓએ મન જીત્યું નથી તેવા લોભી ધનવાનોને જે દુઃખ છે તે હું જોઈ રહ્યો છું. તેઓને ભયને લીધે નિદ્રા આવતી નથી અને સર્વ તરફથી તેઓને શંકા રહે છે. પ્રાણમાં તથા ધનમાં આસકિતવાળાઓને રાજાથી, ચોરથી, શત્રુથી, સ્વજનોથી, પશુઓથી, પક્ષીઓથી, યાચકોથી, કાળથી અને પોતાથી પણ નિત્ય ભય હોય છે. માટે જે પ્રાણ તથા ધનને લીધે મનુષ્યોને શોક, મોહ, ભય, ક્રોધ, રાગ, કાયરતા અને શ્રમ વગેરે થાય છે, તે પ્રાણ તથા ધનની ઈચ્છા ડાહ્યા મનુષ્ય તજવી જોઈએ. આ લોકમાં મધમાખી તથા અજગર એ બે અમારા ઉત્તમ ગુરુ છે કે જેની પાસેથી શિખામણ લઈ અમે વૈરાગ્ય તથા સંતોષ પામ્યા છીએ. તેમાં મધમાખી પાસેથી હું સર્વ કામનાઓથી વૈરાગ્ય શીખ્યો છું. મધમાખી મહાકષ્ટથી મધ એકઠું કરે છે, પણ

તે મધને બીજા લોકો જ લઈ જાય છે; તેમ જ આ જગતમાં કોઈ મનુષ્ય મહાકષ્ટથી ધન એકઠું કરે છે, પણ કોઈ બીજો તે ધનના માલિકનો નાશ કરી ધન લઈ જાય છે. હું દૈવેચ્છાએ જે કંઈ મળે છે તેથી મનમાં સંતુષ્ટ રહું છું અને કોઈની સ્પૃહા રાખતો નથી. કોઈ વખતે ઘણા દિવસ સુધી મને કંઈ મળતું નથી, તે હું અજગરની પેઠે ધૈર્ય ધરી પડ્યો રહું છું કોઈ વેળા હું થોડું જમું છું તો કોઈ વેળા સ્વાદિષ્ટ અન્ન જમું છું, કોઈવેળા સ્વાદવગરનું અન્ન જમું છું, કોઈ વખત અનેક ગુણોથી યુકત ભોજન જમું છું, તો કોઈ વેળા ગુણવગરનું જમું છું. દૈવચ્છાથી કોઈ વાર મને શ્રદ્ધાથી મળે છે તો કોઈ વખતે અપમાનથી પણ મળે છે. આમ જે રીતે જે કંઈ મળે તે હું જમી લઉં છું અને જમ્યા પછી દિવસે કે રાતે કોઈ સ્થળે પડયો રહું છું. પ્રારબ્ધકર્મના ફળને ભોગવનારો હું રેશમી, સુતરાઉ, ચામડું, ચીથરાં, છાલ કે બીજું જે કંઈ વસ્ત્ર મળ્યું હોય, તે પહેરી લઉં છું અને સંતુષ્ટ બુદ્ધિવાળો રહું છું. કોઈ વેળા હું પૃથ્વી પર અથવા ઘાસ, પાંદડાં, પથ્થર કે રાખ ઉપર પણ સૂઈ રહું છું અને કોઈ વખતે બીજાની ઈચ્છાથી મહેલમાં પલંગ ઉપર તળાઈ પર પણ પોઢું છું. હે રાજા ! કોઈ સમયે સ્નાન કરી, શરીરે વિલેપન લગાવી, ઉત્તમ વસ્ત્રો પહેરી, માળાઓથી સુશોભિત થઈને હું રથ, હાથી કે ઘોડા ઉપર બેસી ફરવા નીકળું છું; ત્યારે કોઈ સમયે પિશાચની પેઠે નાગો જ ફરું છું. પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા કોઈ પણ મનુષ્યની હું નિંદા કે સ્તુતિ કરતો નથી, પરંતુ એ સર્વનું પરમાત્મામાં એક સ્વરૂપ થવારૂપ કલ્યાણ ઈચ્છું છું. સત્ય જોનાર મુનિએ હરકોઈ ભેદભાવનો ભેદ ગ્રહણ કરનારી મનોવૃત્તિમાં લય કરવો. તે મનોવૃત્તિનો જુદા જુદા પદાર્થોનો ભ્રમ કરાવનાર મનમાં, મનનો અહંકારમાં, અહંકારનો માયામાં અને માયાનો આત્માનુભવમાં લય કરવો. પછી સર્વ ચેષ્ટા છોડી કેવળ સ્વરૂપાનુભવમાં સ્થિતિ કરી સર્વથી વિરામ પામવું. આ રીતે અત્યંત ગુપ્ત એવો મારો વૃત્તાંત, જે લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ છે, તે મેં તમને જણાવ્યો; કારણ કે તમે ભગવાનના પરમ ભક્ત છો.

**નારદજી બોલ્યા :** એમ તે મુનિ પાસેથી, પરમહંસનો ધર્મ સાંભળી અસુરોના રાજા પ્રહ્‌લાદ તેમની પૂજા કરી આજ્ઞા લઈ પ્રસન્ન થઈને ઘેર ગયા. ૧-૪૬

धर्मं पारमहंस्यं वै मुनेः श्रुत्वाऽसुरेश्वरः । पूजयित्वा ततः प्रीत आमन्त्र्य प्रययौ गृहम् ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## ગૃહસ્થોના ધર્મો

॥ युधिष्ठिर उवाच ॥

गृहस्थ एतां पदवीं विधिना येन चाञ्जसा । याति देवऋषे ब्रूहि मादृशो गृहमूढधीः ॥१॥

**યુધિષ્ઠિરે પૂછ્યું :** હે દેવર્ષિ ! મારા જેવો ઘરમાં મૂઢ બુદ્ધિવાળો ગૃહસ્થ પણ જે વિધિથી અનાયાસે એ સંન્યાસીઓની પદવી (મોક્ષ) પામી શકે તે વિધિ તમે મને કહો.

**નારદજી બોલ્યા :** હે રાજન્ ! ઘરમાં રહેલા ગૃહસ્થ ઘરને યોગ્ય ક્રિયાઓ કરતાં કરતાં સાક્ષાત્ ભગવાન શ્રીવાસુદેવને સર્વ અર્પણ કરવાપૂર્વક જ મહામુનિઓની સેવા કરવી, તેણે ભગવાનની કથારૂપ

અમૃત નિત્ય સેવવું અને શ્રદ્ધા રાખી યથાયોગ્ય સમયે શાંત મહાપુરુષોનો સમાગમ કરવો. જેમ સ્વપ્નમાંથી જાગેલો મનુષ્ય તે સ્વપ્નમાં જોયેલા પુત્રાદિ ઉપરની આસકિત તજે છે, તેમ સત્સંગના પ્રભાવથી મનુષ્ય પોતાથી છૂટા પડતા શરીર, સ્ત્રી, પુત્ર વગેરે પદાર્થોમાં ધીમે ધીમે આસકિત તજે છે. બુદ્ધિમાન ગૃહસ્થે જેટલો ખપ હોય તે પ્રમાણે શરીર તથા ઘરમાં ભોગ્ય વસ્તુઓ સેવવી અને પોતે વિરકત હોય પણ રોગીની પેઠે મનુષ્યલોકમાં મનુષ્યપણું સ્થાપવું-પુરુષાર્થ પ્રકટ કરવો (પણ કોઈ સ્થળે આગ્રહ ન રાખવો.) જ્ઞાતિઓ, માતાપિતા, પુત્ર, ભાઈઓ, મિત્રો અને બીજાઓ જે કહે અને જે ઈચ્છે, તેમાં પોતે મમતારહિત થઈ અનુમોદન આપવું. પૃથ્વીમાંથી જે ધન મળી આવે અથવા વૃષ્ટિ વગેરેથી ઊપજેલું જે ધાન્યાદિ પ્રાપ્ત થાય અને જે અકસ્માત મળી આવે, તે સર્વ ભગવાનનું જ આપેલું છે એમ સમજી તેનો ઉપયોગ કરતાં કર્માદિ કરવાં. જેટલાથી પોતાનું પેટ ભરાય તેટલા જ ધાન્યાદિમાં પ્રાણીઓની પોતાની માલિકી છે. એ સિવાય વધારાના ધાન્યાદિને જે પોતાનું માને છે, તે ચોર હોઈ શિક્ષાપાત્ર છે. મૃગ, ઊંટ, ગધેડાં, વાંદરાં, ઉંદરો, સર્પો, પક્ષીઓ અને માખીઓને પણ ગૃહસ્થે પોતાના પુત્ર સમાન ગણવાં જોઈએ; કારણ કે પુત્રોમાં અને તેમાં કેટલું અંતર છે ? કંઈ જ નથી, ગૃહસ્થે પણ અત્યંત કષ્ટથી ધર્મ, અર્થ અને કામ સેવવા નહિ; પણ દેશ અને કાળને અનુસરી જેટલા પ્રમાણમાં દૈવ મેળવી આપે, તેટલા જ પ્રમાણમાં તે સેવવા. કૂતરાં, પાપીઓ અને ચાંડાલ સુધીનાં સર્વ પ્રાણીઓને ગૃહસ્થે યથાયોગ્ય પોતાના ભોજનમાંથી વિભાગ આપવા અને જેના વિષે પુરુષોને ‘આ તો મારી જ છે’ એ પોતાપણાનો આગ્રહ હોય છે, તે એકની એક જ પોતાની સ્ત્રીને પણ અતિથિની સેવામાં જોડવી. જે સ્ત્રી માટે પુરુષ પોતાના પ્રાણ પણ તજે છે અને પિતા કે ગુરુનો પણ નાશ કરે તે સ્ત્રી વિષે જે પુરુષ મમતા છોડે છે, તેણે ઈશ્વરને પણ જીત્યા છે એમ સમજવું. જેનો અંત કીડા, વિષ્ઠા કે રાખ જ છે તેવું તુચ્છ આ શરીર ક્યાં અને શરીર માટે જેમાં પ્રીતિ કરાય છે તે સ્ત્રી ક્યાં ? વળી પોતાના માહાત્મ્યથી આકાશને પણ ઢાંકી દેનારા—સર્વવ્યાપક આત્મા કયાં ? વિવેકી ગૃહસ્થ દૈવયોગે મળેલા અને પાંચ મહાયજ્ઞો કરતાં બાકી રહેલા અનાદિથી પોતાની આજીવિકા કરવી. તેમાં પણ જે કંઈ બાકી રહે તેમાં મમતા તજવી, તેથી ગૃહસ્થ પરમહંસગતિ પામે છે. પોતાની આજીવિકા દ્વારા મળેલા ધનમાંથી ગૃહસ્થે દેવો, ઋષિઓ, મનુષ્યો, બીજાં પ્રાણીઓ તથા પિતૃઓનું નિત્ય પૂજન કરવું અને પોતાનું પણ પોષણ કરવું. એમ કરી તેણે જુદું જુદું પરમાત્માનું જ પૂજન કરવું જોઈએ. જો અધિકાર વગેરે પોતાની સર્વ યજ્ઞસંપત્તિઓ હોય, તો યજ્ઞગ્રંથમાં રહેલા વિધિ પ્રમાણે અગ્નિહોત્રાદિ લઈ પરમાત્માનું પૂજન કરવું. હે રાજન્ ! સર્વ યજ્ઞોના ભોક્તા ભગવાન તેમના અગ્નિરૂપ મુખમાં હોમેલા હવિષ્યાન વગેરેથી જેટલા પ્રસન્ન થતા નથી, તેટલા બ્રાહ્મણોના મુખમાં હોમેલા તે પદાર્થોથી પ્રસન્ન થાય છે, માટે બ્રાહ્મણો, દેવો તથા મનુષ્યાદિમાં રહેલા ક્ષેત્રજ્ઞ ભગવાનનું તેઓની તે તે કામનાઓ પૂર્ણ કરવા દ્વારા તમે પૂજન કરો, તેમાં પ્રથમ બ્રાહ્મણો અને પછી બીજા સર્વનું પૂજન કરજો. બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્યજાતિના ગૃહસ્થે ભાદરવા વદમાં પોતાના ધન પ્રમાણે માતાપિતાનું મહાલય શ્રાદ્ધ કરવું અને પોતે જો વિશેષ ધનવાન હોય, તો માતાપિતાનાં સંબંધીઓનું પણ શ્રાદ્ધ કરવું. એ સિવાય કર્ક સંક્રાંતિમાં, મકરસંક્રાંતિમાં, મેષસંક્રાતિમાં, તુલાસંક્રાતિમાં, વ્યતીપાતમાં, ક્ષયતિથિના દિવસે ચંદ્રગ્રહણકાળે, સૂર્યગ્રહણના સમયે, દશમીયુક્ત શ્રવણ નક્ષત્રમાં, વૈશાખ સુદ ત્રીજના દિને, કાર્તિક સુદ નોમના દિને,

હેમંત અને શિશિરઋતુમાં ચાર અષ્ટકા નામની તિથિઓ આવે છે તે દિવસે, માઘ સુદ સાતમના દિવસે, મઘા નક્ષત્ર અને પૂર્ણ ચંદ્રવાળી પૂનમના યોગવાળા દિવસે અને જેના ઉપરથી મહિનાઓનાં નામ પડેલાં છે, તે નક્ષત્રો સાથે તે તે મહિનાની પૂનમનો યોગ હોય ત્યારે ગૃહસ્થે શ્રાદ્ધ કરવું. બારસને દિવસે અનુરાધા, શ્રવણ કે ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અથવા ઉત્તરાભાદ્રપદા—એમાંનું એક નક્ષત્ર હોય અથવા અગિયારશને દિવસે એ ત્રણ નક્ષત્રમાંનું એક નક્ષત્ર હોય અથવા જે તિથિએ પોતાનું જન્મનક્ષત્ર કે શ્રવણનક્ષત્ર હોય તે દિવસે પણ શ્રાદ્ધ કરવું. આ ઉપર કહેલા સમય (તે કેવળ શ્રાદ્ધના જ દિવસો છે એમ નથી પણ) મનુષ્યોનું કલ્યાણ વધારનારા હરકોઈ ધર્મ કરવાના પણ સમય છે, માટે એ સમયોમાં હરકોઈ પ્રકારે ધર્મ જ કરવો; કારણ કે આયુષ્યનું એ જ અમોઘ ફળ છે, ધર્મ કરવામાં જ આયુષ્યની સફળતા છે. એ સમયમાં સ્નાન, જપ, હોમ, વ્રત, દેવપૂજન, બ્રાહ્મણપૂજન તથા પિતૃઓ, દેવો, મનુષ્યો અને હરકોઈ પ્રાણીઓને ઉદ્દેશી જે દાન કર્યું હોય તે અક્ષય થાય છે. હે રાજા ! સ્ત્રી, પુત્ર કે પોતાના સંસ્કારનો સમય, પ્રેતનો દાહ વગેરે, સાંવત્સરિક શ્રાદ્ધ અને એ વગર બીજા પણ અભ્યુદય માટેનાં કોઈ કર્મ કરવાનો સમય હોય, ત્યારે પણ ગૃહસ્થે દાન વગેરે શુભ કર્મ કરવાં. હવે ધર્માદિ કલ્યાણ કરનારા દેશો હું તમારી આગળ કહું છું. જે દેશમાં કોઈ ઉત્તમ પાત્ર મળે તે દેશ અત્યંત પવિત્ર ગણાય છે. વળી જે દેશમાં સ્થાવરજંગમ આ સર્વ જગત જેમાં રહેલું છે એવા ભગવાનની મૂર્તિ હોય અને જ્યાં તપ, વિદ્યા તથા દયાથી યુક્ત બ્રાહ્મણોનાં કુળ રહેતાં હોય, તે દેશ પવિત્ર ગણાય છે. વળી જ્યાં જ્યાં કલ્યાણોનાં સ્થાનરૂપ શ્રીહરિની પૂજા થતી હોય, અને જ્યાં પુરાણોમાં પ્રસિદ્ધ એવી ગંગા વગેરે નદીઓ છે, તે દેશ પવિત્ર છે. જ્યાં પુષ્કર વગેરે સરોવર છે અને ઉત્તમ પુરુષોએ આશ્રય કરેલાં કુરુક્ષેત્ર, ગયા, પ્રયાગ, પુલહ ઋષિનો આશ્રમ, નૈમિષારણ્ય, ફાલ્ગુનક્ષેત્ર (હરપુર કે કન્યાતીર્થ), રામચંદ્રજીએ બાંધેલો સમુદ્ર પરનો પુલ, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પંપાસરોવર, બિન્દુસરોવર, બદરિકાશ્રમ અને સીતાજી તથા રામચંદ્રજીના આશ્રમ—ચિત્રકૂટ વગેરે ક્ષેત્રો; તેમ જ મહેન્દ્ર, મલયાચલ વગેરે કુલાચલ પર્વતો છે, તે દેશ હે રાજન્ ! પવિત્ર છે. આ બધા દેશો અને શ્રીહરિની પ્રતિમાઓવાળા દેશો અત્યંત પવિત્ર ગણાય છે. જેને કલ્યાણની ઈચ્છા હોય તેણે વારંવાર એ દેશો સેવવા; કારણ કે એ દેશમાં કરેલો ધર્મ પુરુષોને હજારગણા કરતાં પણ અધિક ફળ આપનારો થાય છે. હે રાજા ! એ દેશમાં ઉત્તમ પાત્રને જાણનારા વિદ્વાનોએ શ્રીહરિને એકને જ પાત્ર કહ્યા છે; કારણ કે સ્થાવર જંગમ આ જગતના ભગવાનમય જ છે. હે રાજન્ ! તમારા આ રાજસૂય યજ્ઞમાં દેવો, ઋષિઓ અને બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ વગેરે તપ અને યોગ આદિથી સિદ્ધ એવા પુરુષો હતા; છતાં પ્રથમ પૂજામાં શ્રીકૃષ્ણ ભગવાનને જ પાત્ર માન્યા હતા. કારણ કે જીવોના સમૂહોથી વ્યાપ્ત આ બ્રહ્માંડરૂપી મહાવૃક્ષનું મૂળ શ્રીઅચ્યુત ભગવાન જ છે, માટે તે તેમની પૂજાથી સર્વ જીવોને આત્મા તૃપ્ત થાય છે. આ ભગવાને મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, ઋષિઓ તથા દેવરૂપી શરીરો ઉત્પન્ન કર્યાં છે અને તે શરીરોમાં જીવસ્વરૂપે આ ભગવાન બિરાજે છે, તેથી જ તેઓ 'પુરુષ' એ નામે પ્રસિદ્ધ છે. હે રાજન્ ! એ શરીરમાં ભગવાન ઓછાવત્તા પ્રમાણમાં પ્રકાશી રહેલા છે, એટલે કે પશુપક્ષી વગેરે કરતાં મનુષ્યમાં કાંઈક અધિક અંશે પ્રકાશમાન છે; માટે મનુષ્ય પાત્ર ગણાય છે અને તેમાં પણ જેમ જેમ અધિકાધિક જ્ઞાનાંશ જણાય છે, તેમ તેમ અધિકાધિક પાત્ર ગણાય છે, હે રાજા!

(પૂર્વકાળમાં મનુષ્યોના શરીરમાં જ ભગવાનની પૂજા કરાતી પણ) મનુષ્યોમાં પરસ્પર અપમાન કરવાની બુદ્ધિ થયેલી જોઈ વિદ્વાનોએ ત્રેતાયુગથી માંડી પૂજા વગેરે માટે મૂર્તિની કલ્પના કરી છે. તેથી કેટલાક પુરુષો પ્રતિમા વિષે શ્રદ્ધા કરી શ્રીહરિની પૂજા દ્વારા તેમની ઉપાસના કરે છે, પણ જેઓ મનુષ્યોનો દ્વેષ કરે છે તેઓને પૂજા દ્વારા ઉપાસેલી ભગવાનની મૂર્તિ પણ ફળ આપનારી થતી નથી. હે રાજન્ ! મનુષ્યોમાં પણ બ્રાહ્મણને સુપાત્ર કહે છે; કારણ કે બ્રાહ્મણ તપ, વિદ્યા અને સંતોષ ધારણ કરી, શ્રીહરિના શરીરરૂપ વેદને ધારણ કરે છે. હે રાજન્ ! પોતાની ચરણરજથી ત્રિલોકને પવિત્ર કરતા બ્રાહ્મણો જગતના આત્મા આ શ્રીકૃષ્ણ ભગવાનના પણ મોટા દેવ ગણાય છે. (તો આપણા જેવાઓના દેવ ગણાય તેમાં શું કહેવાનું હોય.) ૧-૪૨

नन्वस्य ब्राह्मणा राजन् कृष्णस्य जगदात्मनः । पुनन्तः पादरजसा त्रिलोकीं दैवतं महत् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## સર્વ ધર્મનો સારસંગ્રહ

॥ नारद उवाच ॥

कर्मनिष्ठा द्विजाः केचित्तपोनिष्ठा नृपाऽपरे । स्वाध्यायेऽन्ये प्रवचने ये केचिज्ज्ञानयोगयोः ॥१॥

**નારદજી બોલ્યા :** હે રાજા ! કેટલાંક બ્રાહ્મણો કર્મમાં નિષ્ઠાવાળા, બીજા કેટલાક તપમાં નિષ્ઠાવાળા, કેટલાક સ્વાધ્યાયમાં નિષ્ઠાવાળા અને કેટલાક ભણવામાં, જ્ઞાનમાં, તથા યોગમાં નિષ્ઠાવાળા હોય છે. પિતૃકર્મમાં અનંત ફળ મેળવવા ઈચ્છતા મનુષ્યે જ્ઞાનમાં નિષ્ઠાવાળા બ્રાહ્મણને પિતૃઓને ઉદ્દેશી અપાતાં શ્રાદ્ધ, ભોજન વગેરે આપવાં, તેમ જ દેવોનાં કર્મમાં પણ તેવા જ બ્રાહ્મણને દેવોને ઉદ્દેશી અપાતું ભોજન વગેરે આપવું, પણ તેવો જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણ ન મળે તે બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય છે તે આપવું. ગૃહસ્થ ધનવાન હોય તો પણ તેણે પિતૃકાર્યમાં (એટલે શ્રાદ્ધમાં) વિશ્વેદેવાઓને ઉદ્દેશી બે તથા પિતૃઓને ઉદ્દેશી ત્રણ બ્રાહ્મણો જમાડવા, પણ શ્રાદ્ધમાં વિસ્તાર કરવો નહિ. (કારણ કે શ્રાદ્ધમાં જમાઈને નોતરવામાં આવે તો તેના પિતા વગેરેને કેમ મૂકી દેવાય ?) સ્વજનોને નોતરી વિસ્તાર કરવાથી દેશ, કાળ, પાત્ર,યોગ્ય શ્રદ્ધા, યોગ્ય અન્નવસ્ત્ર, વગેરે દ્રવ્ય અને પૂજા; એ બધું બરાબર થઈ શકતું નથી, યોગ્ય દેશ અને કાળ પ્રાપ્ત થતાં શ્રીહરિને નૈવેદ્ય તરીકે અર્પણ કરેલું મુનિઓનું અન્ન હવિષ્યાન્ન જો શ્રદ્ધા અને વિધિપૂર્વક સુપાત્રને જમાડયું હોય તો તે અક્ષય થઈ સર્વ કામનાઓ પૂર્ણ કરનાર થાય છે. દેવ, ઋષિઓ, પિતૃઓ તથા પ્રાણીઓ માટે, પોતાને માટે તથા સ્વજનો માટે અન્નનો યોગ્ય વિભાગ કરવો અને તે તે સર્વને ઈશ્વરસ્વરૂપ જોવાં. ધર્મતત્ત્વ જાણનાર ગૃહસ્થે શ્રાદ્ધમાં કોઈને માંસ જમાડવું નહિ અને પોતે પણ ખાવું નહિ; કેમ કે સામો મોરૈયો વગેરે મુનિઓનાં અન્નથી પિતૃઓને જેવી તૃપ્તિ થાય છે તેવી પશુઓની હિંસા કરવાથી થતી નથી. મન, વચન, અને કાયાથી કોઈ પણ પ્રાણીની મનુષ્યે હિંસા કરવી નહિ; કારણ કે એના જેવો સદ્ધર્મની ઈચ્છા રાખનારા મનુષ્ય માટે બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી. યજ્ઞવેત્તાઓમાં ઉત્તમ કેટલાક નિષ્કર્મીજ્ઞાનીઓ જ્ઞાનથી પ્રજવલિત આત્મસંયમરૂપ અગ્નિમાં કર્મમય સર્વ યજ્ઞો હોમી દે છે;

અર્થાત્ માનસિક નિગ્રહ કરી મનોનિગ્રહમાં વિઘ્નરૂપ સર્વ કર્મયજ્ઞો તજી દે છે. કર્મમય દ્રવ્યયજ્ઞોથી યજન કરવા મનુષ્ય તૈયાર થાય છે, ત્યારે, તેને જોઈ પ્રાણીઓ ભયભીત બને છે. તેઓ વિચારે છે કે, 'આત્મતત્વ ન જાણનારો આ નિર્દય મનુષ્ય અમને જો ન મારે તો સારું;' કારણ કે તે મનુષ્ય ખરેખર પોતાના જ પ્રાણને તૃપ્ત કરનારો હોય છે. માટે ધર્મવેત્તા મનુષ્યે દૈવયોગે મળેલા મુનિજનોચિત હવિષ્યાનથી જ સંતુષ્ટ રહી હમેશાં નિત્યનૈમિત્તિક ક્રિયાઓ કરવી. વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છળ; આ પાંચ અધર્મની શાખાઓ છે, તેઓનો ધર્મવેત્તા મનુષ્યે અધર્મની પેઠે ત્યાગ કરવો. જેનું ધર્મબુદ્ધિથી પણ આચરણ કરતાં પોતાના ધર્મનો બાધ આવે, તે વિધર્મ કહેવાય. ક્ષત્રિય વગેરેને માટે કહેલો ધર્મ બીજા બ્રાહ્મણ વગેરે માટે પરધર્મ છે. જે ધર્મ પુરુષોએ પોતાની ઈચ્છાનુસાર ઘડી કાઢયો હોય અને આશ્રમધર્મોથી જુદો પડતો હોય તે આભાસ કહેવાય છે. વેદ વિરુદ્ધ પાખંડ શાસ્ત્રોમાં કહેલો ધર્મ અથવા દંભ કે બીજાને ઠગવા માટે આચરતો ધર્મ તે ઉપધર્મ અથવા ઉપમા કહેવાય છે અને જેમાં શબ્દોનો જે ખરો અર્થ થતો હોય તેને ઉલટાવી જુદો જ અર્થ કરવો તે છલ કહેવાય છે. મનુષ્યોને પોતપોતાના સ્વભાવને અનુકૂળ જે વર્ણાશ્રમોચિત ધર્મ શાસ્ત્રમાં કહ્યો છે, તે કોને શાંતિ આપવા સમર્થ થતો નથી ? સર્વને શાંતિ આપે છે. નિર્ધન મનુષ્યે ધર્મ માટે કે યાત્રા માટે પણ ધનની ઈચ્છા કરવી નહિ. આજીવિકા માટે પણ ચેષ્ટા ન કરનાર અજગરને જેમ તે ચેષ્ટાનો અભાવ જ આજીવિકા આપનાર થાય છે, તેમ આજીવિકા માટે પણ કંઈ પ્રવૃત્તિ ન કરનાર મનુષ્યને ને તેની પ્રવૃત્તિનો અભાવ જ આજીવિકા આપનાર થાય છે. સંતોષી રહેનાર, કોઈ પણ કામનાથી પ્રવૃત્તિ ન કરનાર અને આત્મામાં જ રમણ કરનાર પુરુષને જે સુખ મળે છે, તે વિષયકામનાઓમાં લોભને લીધે ધન મેળવવાની ઇચ્છાથી જ દિશાઓમાં દોડતા પુરુષને કયાંથી હોય ? જેના પગમાં પગરખાં હોય તે મનુષ્ય કાંકરા અને કાંટાઓથી પણ કોઈ ભય નથી તેમ સદા સંતુષ્ટ મનવાળા મનુષ્યને સર્વ દિશાઓ સુખમય છે. હે રાજન્ ! સંતોષી મનુષ્ય કઈ વસ્તુથી આજીવિકા ચલાવી લેતો નથી ? તે માત્ર જળથી પણ આજીવિકા ચલાવે છે, પણ ગુહ્યેન્દ્રિયના અને જીભનાં સુખનાં લાલચુ મનુષ્યો કૂતરા જેવું આચરણ કરે છે. જે બ્રાહ્મણ અસંતોષી હોય તેનાં તેજ, વિદ્યા, તપ અને યશ નાશ પામે છે અને ઇંદ્રિયોની લાલચથી તેનું જ્ઞાન પણ ચાલ્યું જાય છે. ભૂખ અને તરસ મટી જતાં માણસની ખાવાપીવાની કામનાનો અંત આવી જાય છે. ક્રોધ પણ પોતાનું કામ પૂરું કરીને શાંત થઈ જાય છે, પરંતુ સમગ્ર દિશાઓ જીતીને કે આખી પૃથ્વીને ભોગવીને પણ મનુષ્ય લોભનો અંત પામતો નથી. હે રાજન્ ! બહુ બહુ જાણનારા, અને સર્વ સંશયો દૂર કરનારા અનેક પંડિતો તથા કેટલાક સભાપતિ મોટા મોટા વિદ્વાનો પણ અસંતોષથી નરકમાં પડે છે, માટે મનુષ્ય જાતજાતના સંકલ્પ ન કરી કામને, કામનાઓનો ત્યાગ કરી ક્રોધને 'ધનમાત્ર અનર્થરૂપ છે' એવી દૃષ્ટિ કરી, લોભને અને આત્મતત્તવનો વિચાર કરીને ભયને જીતવો. વળી આત્મા અને અમાત્માનો વિવેક કરી શોક તથા મોહને, મહાપુરુષોની સેવા કરી, દંભને, મૌન સેવી યોગનાં વિઘ્નોને અને શરીરાદિ ઉપરની નિઃસ્પૃહતાથી હિંસાને જીતવી. વળી જે પ્રાણીઓથી પોતાને ભય રહેતો હોય તેવાં પ્રાણીઓ પર દયા કરી તેમનું જ હિત કરી તેઓ તરફના (આધિભૌતિક) દુઃખને જીતવું, (મનની પીડા વગેરે) આધિદૈવિક દુઃખને માનસિક સમાધાનથી જય કરવો અને આધ્યાત્મિક દુઃખોનો યોગના બળથી જય કરવો અને સાત્વિક આહાર

વગેરેથી નિદ્રાનો જય કરવો. તેમ જ સત્ત્વગુણથી રજોગુણ અને તમોગુણ જીતવા અને સર્વ પ્રકારની શાંતિથી સત્ત્વગુણ જીતવો. (એમ સર્વ વિષયોથી અટકાવનારા માર્ગો દર્શાવ્યા; તોપણ) પુરુષ કેવળ એક ગુરુભકિતથી પૂર્વોકત સર્વ કામ વગેરેને અનાયાસે જીતી શકે છે. જે મનુષ્યને સાક્ષાત્ ભગવાન સ્વરૂપ અને પોતાને જ્ઞાનરૂપ દીવો આપનાર ગુરુ વિષે ‘આ ગુરુ પણ સામાન્ય મનુષ્ય જ છે; આવા પ્રકારની દુર્બુદ્ધિ છે, તેનું સર્વ શાસ્ત્રશ્રવણ હાથીના સ્નાનની પેઠે વ્યર્થ છે. ગુરુ એ જ પ્રકૃતિ તથા પુરુષના નિયંતા અને મોટા યોગીઓ જેમના ચરણોને શોધે છે તેવા સાક્ષાત્ ભગવાન છે છતાં ; (અજ્ઞાની) લોકો તેમને મનુષ્ય માને છે. શાસ્ત્રમાં જે જે નિયમોની આજ્ઞાઓ કહી છે તે તે સર્વ છ ઇંદ્રિયોના વર્ગને જીતવા માટે જ છે અને એ રીતે ઇંદ્રિયો જીતવામાં તે આજ્ઞાઓ સફળ થઈ હોય પણ ધારણા, ધ્યાન તથા સમાધિરૂપ યોગને સિદ્ધ કરનારી ન થાય, તો કેવળ વ્યર્થ પરિશ્રમ આપનારી જ થાય છે. જેમ ખેતી વગેરે આજીવિકાનાં સાધનો મનુષ્યને યોગનાં અર્થરૂપ મોક્ષને સાધી આપતાં નથી, પણ ઊલટાં મોક્ષનાં વિઘ્નકર્તા થઈ સંસાર આપનારાં જ થાય છે; તેમ વાવ, કૂવા તથા ધર્મશાળાઓ બંધાવવી અને યજ્ઞયાગાદિ કરવા વગેરે શાસ્ત્રીય આજ્ઞાઓ પણ અજ્ઞાની મનુષ્યને કેવળ સંસાર માટે જ થાય છે (માટે તે તે વેદોકત આજ્ઞાઓનું અંતિમ ફળ - જિતેંદ્રિયપણું અને નિષ્કામતા જ હોવું જોઈએ.) એમ (ગૃહસ્થાશ્રમમાં જ) ચિત્તને જીતવાનો યત્ન કરતાં મનુષ્યે પોતાનું ચિત્ત જો કુટુંબ આદિના સંગથી અસ્થિર થતું હોય તો) સંન્યાસી થવું અને પછી સર્વ સંગ છોડી કોઈ પણ જાતનો પરિગ્રહ ન રાખી કેવળ એકલા એકાંત પ્રદેશમાં જ રહેવું ને ભિક્ષા લાવી અમુક પ્રમાણમાં જ આહાર લેવો. હે રાજન્ ! પવિત્ર સપાટ પ્રદેશમાં પોતાનું સ્થિર, સરખું અને સુખકારક આસન ગોઠવી તેના પર ટટ્ટાર બેસવું અને ૐકારનો જપ કરવો. પછી જ્યાં સુધી મન સર્વ કામનાઓ છોડે ત્યાં સુધી નાકના ટેરવા પર નજર રાખી, પૂરક, કુંભક, તથા રેચકથી પ્રાણવાયુ અને અપાનવાયુ રોકવા. અને વિષયવાસનાથી વ્યાકુળ થયેલું મન જે જે વિષય તરફ ભટકતું ફરે તે તે વિષય તરફથી ખેંચી વિદ્વાન પુરુષે મનને હૃદયમાં જ રોકવું, એ રીતે નિરંતર અભ્યાસ કરતાં તે સાધકનું મન અતિ અલ્પકાળમાં લાકડાં વિના અગ્નિની પેઠે શાંત થાય છે. પછી જેની સમગ્ર વૃત્તિઓ અત્યંત શાંત થઈ હોય એવું તે મન કામ વગેરેથી ક્ષોભ પામતું નથી. તે બ્રહ્માનંદમાં એવું મગ્ન થઈ જાય છે, કે તેમાંથી કદી ઉત્થાન પામતું નથી; બ્રહ્મસુખ છોડી, વિષયસુખ તરફ જતું નથી. જે સંન્યાસી ધર્મ, અર્થ ને કામના સ્થાનરૂપ ઘરમાંથી પ્રથમ નીકળી જઈ પાછો ફરી તે ધર્મ, અર્થ અને કામને જો સેવે, તો તે ખરેખર નિર્લજ્જ છે અને ઓકેલું પાછું ખાય છે. જે મનુષ્યોએ પોતાના દેહને આત્માથી જુદો નાશવંત અને વિષ્ઠા, કીડા તથા ભસ્મ થનાર માન્યો છે, તેમાંના જ કેટલાક અવિવેકીઓ પાછા એ દેહને પોતાનો માની બીજાઓ પાસે તેની સ્તુતિ કરાવે છે. ગૃહસ્થ છતા ક્રિયાઓ તજે, બ્રહ્મચારી છતાં બ્રહ્મચર્યાદિ વ્રતો તજે, વાનપ્રસ્થ છતાં ગામોમાં વાસ કરે અને સંન્યાસી છતાં ઇંદ્રિયની લાલચ રાખે તેઓ સર્વ અધમ આશ્રમીઓ છે અને પોતાના આશ્રમના કલંકરૂપ છે. તેઓ પરમાત્માની માયાથી મૂઢ બન્યા છે, તેઓ પર દયા કરી તેઓની ઉપેક્ષા કરવી મનુષ્ય પોતાને પરમાત્મસ્વરૂપ જાણતો હોય તો તેની સર્વ વાસનાઓ જ્ઞાન દ્વારા નાશ પામવી જ જોઈએ અને તેવો મનુષ્ય કોની ઈચ્છા કરી તથા કોને માટે લંપટ થઈ દેહનું પોષણ કરે ? વિદ્વાનો કહે છે કે, આ શરીર રથ છે, ઇંદ્રિયો તેને જોડેલા ઘોડા છે. ઇંદ્રિયોનું નિયંતા મન એ

ઘોડાઓની લગામ છે, શબ્દાદિ વિષયો જુદા જુદા માર્ગો છે, બુદ્ધિ એ રથને હાંકનારો સારથિ છે અને ચિત્ત એ રથને બાંધવાનું ઈશ્વરે સર્જેલું મોટું બંધન છે, દસ પ્રાણ એ રથની ધરી છે, અધર્મ ને ધર્મ એ રથનાં બે પૈડાં છે, અહંકારી જીવ એ રથમાં બેસનારો છે, ૐકાર એ જીવનું ધનુષ્ય છે; શુદ્ધ જીવ એનું બાણ છે. પરબ્રહ્મ એનું તાકવાનું નિશાન છે અને રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, અસૂયા, માયા, હિંસા, મત્સર, રજોગુણ, પ્રમાદ, ક્ષુધા અને નિદ્રા વગેરે શત્રુઓ છે. કોઈ વેળા રજોગુણ ને તમોગુણ જેઓનું મૂળ કારણ છે તેવી પ્રવૃત્તિઓ તથા કોઈ વેળા સત્વગુણ જેનું મૂળ કારણ છે, તેવી પ્રવૃત્તિઓ પણ શત્રુરૂપ થાય છે. આ મનુષ્યશરીરરૂપી રથ જ્યાં સુધી પોતાને વશ છે અને ઇંદ્રિય વગેરેથી બરાબર સશકત છે, તેટલામાં જ મનુષ્ય ગુરુઓના ચરણોની સેવા કરી તીક્ષ્ણજ્ઞાનરૂપી તલવાર લઈ કેવળ શ્રીભગવાનનું બળ રાખીને રાગદ્વેષાદિ શત્રુઓ જીતવા અને પછી શાંત થઈ સ્વાનંદરૂપી સ્વરાજ્યથી સંતુષ્ટ થઈને એ શરીરરૂપી રથને પણ છોડી દેવો. પરંતુ જો એમ ન કર્યું તો તે રથમાં બેઠેલા પ્રમાદી જીવને દુષ્ટ ઇંદ્રિયોરૂપી ઘોડાઓને બુદ્ધિરૂપી સારથિ (એ રથ દ્વારા) અવળે માર્ગે લઈ જઈ વિષયરૂપી ચોરોની વચ્ચે મૂકે છે, તેથી તે ચોરો ઘોડા અને સારથિ સહિત તે જીવરૂપી રથને અંધકારથી વ્યાપ્ત અને મહાન મૃત્યુનો જેમાં ભય છે એવા સંસારરૂપ કૂવામાં ફેંકી દે છે. વેદમાં બે પ્રકારનાં કર્મો કહ્યાં છે : એક તો પ્રવૃતકર્મ ને બીજું નિવૃત્તકર્મ. તેમાં પ્રવૃત્તકર્મથી મનુષ્ય સંસારમાં પાછો ફરે છે અને નિવૃત્ત કર્મથી મોક્ષ મેળવે છે, શ્યેનયાગ વગેરે હિંસક કર્મ, અગ્નિહોત્રાદિ કર્મ, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસયાગ, પશુયાગ, સોમયાગ, વૈશ્વદેવ અને બલિકરણઃ આ બધાં દ્રવ્યમય કર્મ તે ઇષ્ટ કહેવાય છે અને દેવાલયો બંધાવવાં, બાગ-બગીચાઓ કરાવવા, કૂવા બંધાવવા તથા પરબો બેસાડવી વગેરે કર્મો 'પૂર્ત' કહેવાય છે. આ 'ઈષ્ટ' તથા 'પૂર્ત' બન્ને પ્રવૃત્તકર્મ એટલે પ્રવૃત્તિમાર્ગનાં કર્મો છે. અને જો તે સકામભાવથી કરવામાં આવે તો અશાંતિનાં જ કારણ બને છે. આ પ્રવૃતકર્મ કરનારા પુરુષ (ચરુ-પુરોડાશાદિ) દ્રવ્યનો બીજો દેહ આપનાર સૂક્ષ્મ વિપાકથી (એટલે પરિણામથી યુક્ત થઈને) પ્રથમ ધૂમના અભિમાની દેવને, ત્યાંથી રાત્રિના અભિમાની દેવને ત્યાંથી કૃષ્ણપક્ષના અભિમાની દેવને, ત્યાંથી દક્ષિણાયનના અભિમાની દેવને અને ત્યાંથી ચંદ્રલોકને પામે છે. પછી ત્યાં પુણ્યથી મળેલા ભોગો ભોગવી (પુણ્ય ખૂટે ત્યારે) શોકરૂપ અગ્નિથી બળતા શરીરવાળો થઈ (વૃષ્ટિ દ્વારા) ઓષધિ, લતા, અન્ન અને વીર્ય તરીકે પ્રત્યેકમાં અનુક્રમે ઉત્પન્ન થઈ આ લોકમાં જન્મે છે. (આ રીતે હે રાજા ! પ્રવૃત્તકર્મ કે પિતૃયાનમાર્ગ પુનર્જન્મનું કારણ થાય છે) જે બ્રાહ્મણ, ક્ષત્રિય, કે વૈશ્ય ગર્ભાધાનથી માંડી અંત્યેષ્ટિ સુધીના વૈદિક સંસ્કારોથી સંસ્કારી થયો હોય, તે પૂર્વોકત પ્રવૃતમાર્ગનો અધિકારી છે. હવે જેઓ નિવૃત્તકર્મમાં નિષ્ઠાવાળા છે તેઓ જ્ઞાનથી તેજસ્વી ઇંદ્રિયોમાં પૂર્વોક્ત સર્વ ક્રિયાઓ હોમી દે છે. અર્થાત્ ઇંદ્રિયોના વ્યાપારરૂપ સર્વ પ્રવૃત્તકર્મોને ઇંદ્રિયરૂપ જ માને છે. ચક્ષુ વગેરે ઇંદ્રિયોને દર્શન આદિના સંકલ્પરૂપ મનમાં, વિકારયુકત મનને પરા વાણીમાં, પરા વાણીને વર્ણોના સમુદાયમાં, વર્ણોના સમુદાયને ૐકારમાં, ૐકારને બિંદુમાં, બિંદુને નાદમાં, નાદને પ્રાણ(સૂત્રાત્મા)માં અને તે પ્રાણને પરબ્રહ્મમાં હોમે (લીન કરે) છે, પછી એ નિવૃત્તિમાર્ગી પુરુષ અગ્નિને, ત્યાંથી સૂર્યને, ત્યાંથી દિવસના અભિમાની દેવને, ત્યાંથી સાયંકાળને ત્યાંથી શુકલપક્ષના અભિમાની દેવને, ત્યાંથી પૂનમના અભિમાની દેવને, ત્યાંથી

ઉત્તરાયણના અભિમાની દેવને અને ત્યાંથી બ્રહ્મલોકમાં બ્રહ્મદેવને પામે છે, પછી એ પુરુષ સ્થૂળ ઉપાધિવાળો વિશ્વાત્મા બને છે. પછી એ સ્થૂળ ઉપાધિનો સૂક્ષ્મમાં લય કરી સૂક્ષ્મ ઉપાધિવાળો તૈજસ બને છે. પછી સૂક્ષ્મ ઉપાધિનો કારણમાં લય કરી કારણોપાધિ પ્રાજ્ઞ' બને છે. પછી કારણરૂપ ઉપાધિના સર્વના સાક્ષીરૂપે અનુસરતા સાક્ષીસ્વરૂપમાં લય કરી તુરીયરૂપે રહે છે. અર્થાત્ તે તે ઉપાધિયુક્ત સ્વરૂપોનો લય થતાં છેવટે તે શુદ્ધાત્મા (મુક્ત) થાય છે. આ નિવૃત્તિમાર્ગને જ વિદ્વાનો 'દેવયાનમાર્ગ' કહે છે. આ માર્ગમાં ઉત્તરોત્તર તે તે સ્વરૂપ થઈ આત્મત્યાગ કરનારા શાંતાત્મા પુરુષ માત્ર આત્મસ્વરૂપે જ રહે છે અને સંસારમાં કદી પાછો ફરતો નથી. જે મનુષ્ય વેદે દર્શાવેલા આ બન્ને માર્ગને શાસ્ત્રરૂપી દૃષ્ટિથી (યથાર્થ સ્વરૂપે) જાણે છે, તે મનુષ્ય શરીરમાં રહ્યો હોવા છતાં મોહ પામતો નથી. કારણ કે જે સદ્ વસ્તુ શરીરોના આદિમાં મરણ તરીકે, અંતમાં અવધિ તરીકે બહાર ભોગ્ય વસ્તુ તરીકે, અંદર ભોકતા તરીકે, ઉચ્ચ નીચ જ્ઞાનરૂપ, જ્ઞેયરૂપ, વચનરૂપ, વાચ્યરૂપ, અપ્રકાશરૂપ અને પ્રકાશરૂપ છે તે સર્વ જ્ઞાની પોતે જ છે. જગતમાં તેના સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી તેથી તે મોહ પામતો નથી, જેમાં પ્રતિબિંબ વગેરે વસ્તુ (તર્કના વિરોધને લીધે) જૂઠી સાબિત થાય છે તો પણ તે વસ્તુ જાણે સાચી હોય તેવી દેખાય છે. તેમ જ ઇંદ્રિયોથી જણાતું આ સર્વ જાણે સાચું હોય તેમ જણાય છે, તે પણ યથાર્થ સ્વરૂપે તે કંઈ જ નથી; કારણ કે તર્ક અને અનુભવ દ્વારા તેનું વાસ્તવિક અસ્તિત્વ ઘટતું નથી. પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોની જેમાં ઐકયબુદ્ધિ થાય છે, તે આ દેહાદિ પદાર્થ, પાંચ મહાભૂતોના સમુદાયરૂપ, કાર્યરૂપ કે પરિણામરૂપ એમ કંઈ પણ નથી, જેમ ઝાડોનો સમૂહ વન કહેવાય છે તેમ પાંચ મહાભૂતોનો સમૂહ શરીર કહી શકાય નહિ; કારણ કે સમૂહમાંથી એક ભાગનું ખેંચાણ થતાં આખા સમૂહનું ખેંચાણ ઘટે નહિ. જેમ ઝાડોના સમૂહરૂપ વનમાંથી એક ઝાડ ખેંચી લેતાં આખું વન ખેંચાઈ આવતું નથી, પરંતુ શરીરમાંના કોઈ એક ભાગને ખેંચતાં આખું શરીર ખેંચાઈ આવે છે, માટે જ શરીરાદિ પદાર્થ પાંચ મહાભૂતોના સમૂહરૂપ નથી. આ દેહાદિ પદાર્થ એ પાંચ મહાભૂતો કે તેમાંથી જ બનેલો વિકાર કે અવયવ (એટલે કાર્ય) નથી અથવા એ પાંચ મહાભૂતોના પરિણામરૂપ પણ નથી, કેમ કે દેહાદિ પદાર્થ જો પાંચ મહાભૂતોના વિકાર (અવયવી) કે પરિણામ તરીકે હોય, તો એ પ્રશ્ન થાય છે કે તે અવયવીરૂપ દેહાદિ પદાર્થ પોતાના અવયવોથી જુદો છે કે તેઓમાં મળેલો છે ? અને તે જ પ્રમાણે એ પરિણામરૂપ હોય તો પરિણામ પામેલ પદાર્થોથી જુદો છે કે તેઓમાં મળેલો છે ? આ પ્રશ્નના ઉત્તર તરીકે એને પોતાના અવયવોથી કે પરિણામ પામેલા પદાર્થોથી અત્યંત જુદો કહી શકાય તેમ નથી; કારણ કે તે અત્યંત જુદો હોય તેમ દેખાતું નથી, તેમ જ અવયવોમાં કે પરિણામ પામેલા પદાર્થોમાં તેને જ મળેલો કહીએ તો પ્રશ્ન એ થાય છે કે, એ દેહાદિ પદાર્થ પોતાના અવયવોમાંના કે પરિણામ પામેલા પદાર્થોમાંના પ્રત્યેક અવયવમાં પોતે આખોય કે અંશરૂપે મળેલો છે ? જોકે કહીએ, પ્રત્યેક અવયવમાં આખોય મળેલો છે, તો માત્ર એક જ આંગળીમાં આખા દેહની બુદ્ધિ થવી જોઈએ અને કહીએ કે પ્રત્યેક અવયવમાં અમુક અંશે મળેલો છે તો તેના અંશને ને તેના પણ અંશને સ્વીકારતાં અનવસ્થા નામનો દોષ આવે છે માટે સિદ્ધ થાય છે કે, દેહાદિ પદાર્થ મિથ્યા છે. એ પ્રમાણે જ પૃથ્વી આદિ પાંચ મહાભૂતો પણ પોતે અવયવી પદાર્થો હોવાથી શબ્દાદિ પાંચ તન્માત્રાઓરૂપ પોતાના અવયવો વિના હોઈ શકતા નથી. માટે સિદ્ધ થાય છે કે, તેઓ પણ મિથ્યા જ

છે. (કદાચ કોઈ કહે છે કે અવયવીરૂપ મહાભૂતો ભલે મિથ્યા હોય, પણ તેના અવયવોરૂપ શબ્દાદિ તન્માત્રાઓ તો સાચી છે ને ? એનું સમાધાન કહે છે કે,) જ્યારે અવયવી પોતે જ મિથ્યા ઠરે તો છેવટે અવયવો પણ એની મેળે જ મિથ્યા કરે છે. (કારણ કે જો અવયવી જણાતા નથી તો તેના અવયવ હોય, એમાં શું પ્રમાણ છે ? કંઈ જ નહિ) માટે પરમાત્મારૂપ એક જ વસ્તુ સત્ય છે અને તે સત્ય એક જ વસ્તુનો ખરી રીતે ભેદ નથી; છતાં અવિદ્યાથી ભેદ થતાં 'આ પદાર્થ જેવો છે' એમ સરખાપણાની ભ્રાંતિ થાય છે. (અને તે ભ્રાંતિ અવિદ્યા છે, ત્યાં સુધી જ હોય છે. અવિદ્યા દૂર થતાં તે ભ્રાંતિ પણ દૂર થાય છે અને એક જ પરમાત્મારૂપ વસ્તુ સત્ય તરીકે બાકી રહે છે.) જેવી સ્વપ્નાવસ્થામાં જણાતી જાગ્રત અવસ્થા અને સુષુપ્તિ અવસ્થાની છે, તેવી જ શાસ્ત્રોના વિધિનિષેધની વ્યવસ્થા સમજવી. એ પ્રમાણે આત્માના ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત તથા દ્રવ્યાદ્વૈતનો વિચાર કરતો મનનશીલ સાધક આત્મતત્વના અનુભવથી જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓને દૂર કરે છે. તેમાં જે પ્રમાણે વસ્ત્ર ને તંતુ એ બંને કાર્યકારણમાં તંતુ જ સત્ય છે અને પટ તો મિથ્યા છે, તેમ કાર્યકારણરૂપ જગત અને બ્રહ્મમાં બ્રહ્મ જ સત્ય છે. આવા કાર્યકારણરૂપ વસ્તુમાં જે ઐક્યવિચાર તેને 'ભાવાદ્વૈત' કહે છે, કેમકે કાર્યકારણરૂપ જે ભેદ તે તો મિથ્યા જ છે. તેમ જ હે યુધિષ્ઠિર ! મન, વચન અને કાયા વડે જે કર્મ કરાય તે તે સર્વ (મન, વચન ને કર્મથી) પરબ્રહ્મમાં અર્પણ કરી દેવાં, તેને 'ક્રિયાદ્વૈત' કહે છે. અને પોતાનાં સ્ત્રીપુત્ર આદિના તથા બીજાં સર્વ પ્રાણીઓના સ્વાર્થ તેમ જ કામનાઓનું જે ઐક્ય જોવું તે દ્રવ્યાદ્વૈત કહેવાય છે. હે રાજા ! પોતાના ઉપર આપત્તિ ન હોય તે સમયે જે દ્રવ્ય જેનું જે ઉપાયથી જે દેશ કે કાળમાં જેની પાસેથી લેવાનું શાસ્ત્રનિષિદ્ધ ન હોય, તે જ દ્રવ્યથી મનુષ્ય સર્વ કર્મો કરવાં, પણ બીજા ઉપાયોથી મેળવેલાં દ્રવ્યો વડે કર્મો કરવા નહિ. હે રાજન્ ! પોતાને ઘેર રહીને પણ જે મનુષ્ય એ પ્રમાણે વેદોકત કર્મો કરે છે ને ભગવાનની ભકિત કરે છે તે ગૃહસ્થ મનુષ્ય ભગવદ્ ગતિને પામે છે.' હે મહારાજ ! એ રીતે વર્તવાની જ તમે સર્વના આત્મારૂપ શ્રીકૃષ્ણ પ્રભુને લીધે મુશ્કેલીએ છૂટાય એવી અનેક આપત્તિઓમાંથી છૂટયા છો અને શ્રીકૃષ્ણભગવાનની ચરણસેવા તમે દિગ્ગજોને જીતી યજ્ઞો કર્યા છે. હું પોતે પૂર્વે ગયા મહાકલ્પમાં ઉપબર્હણ નામનો ગંધર્વોમાં અત્યંત માન્ય ગંધર્વ હતો. રૂપ, કોમળતા, મધુરતા અને સુગંધીપણાને લીધે મારો દેખાવ સર્વને પ્રિય થતો હતો. સ્ત્રીઓને તો હું અત્યંત વહાલો હતો. નિત્ય મદમત રહેતો અને ઘણો જ કામલંપટ હતો. એક સમયે દેવોનાં યજ્ઞમાં શ્રીહરિનાં યશોગાન કરવા પ્રજાપતિઓએ ગંધર્વો તથા અપ્સરાઓના ગણોને બોલાવ્યા. હું જાણતો હતો કે સંતોનો સમાજ છે અને ત્યાં હરિની લીલાનું ગાન થાય છે. છતાં હું સ્ત્રીઓની સાથે લોકિક ગીતોનું ગાન કરતો ઉન્મત્તની પેઠે ત્યાં જઈ પહોંચ્યો. એટલે (આજ્ઞા વિના જ ગાન કરવારૂપી) તે મારો અપરાધ જાણી પ્રજાપતિઓએ ક્રોધના વેગથી મને શાપ આપ્યોઃ 'તે' આ રીતે અમારું અપમાન કર્યું', માટે જા, તું મારી આ સૌદર્યસંપત્તિથી રહિત થઈ શુદ્ર થા.'' પછી હું એક દાસીનો પુત્ર થયો અને ત્યાં પણ બ્રહ્મવાદી પરમહંસોની સેવાથી અને તેમના સંગથી બ્રહ્માના પુત્રપણાને પામ્યો. એમ પાપનો નાશ કરનાર ગૃહસ્થ ધર્મને તમારી આગળ વર્ણવ્યો, જેનું આચરણ કરવાથી ગૃહસ્થી સહેલાઈથી સંન્યાસીઓને મળનાર પરમપદને પામે છે. ખરેખર આ મનુષ્યલોકમાં તમે અત્યંત ભાગ્યશાળી છો; કારણ કે તમારે ઘેર મનુષ્યના સ્વરૂપમાં ગુપ્ત રહેલા સાક્ષાત્ પરબ્રહ્મ રહે છે અને તેને જ લીધે લોકને

પવિત્ર કરનારા મુનિઓ તમારે ઘેર આવે છે. આ ભગવાન તમારા પ્રિય મિત્ર, આજ્ઞામાં વર્તતા અને મામાના પુત્ર છે, (પણ) તે બ્રહ્મસ્વરૂપ મહાપુરુષોએ શોધવા યોગ્ય, મોક્ષસુખના અનુભવસ્વરૂપ, સર્વના આત્મા, પૂજ્ય અને સર્વના ગુરુ છે, જેમના સ્વરૂપને સાક્ષાત્ ! શંકર અને બ્રહ્મા વગેરે પણ પોતાની બુદ્ધિથી 'તેઓ આવી વસ્તુ છે.' એ રીતે વર્ણવી શક્યા નથી તો પછી આપણે કેવી રીતે વર્ણવી શકીએ? તેથી આપણે તો મૌન, ભકિત તથા સંયમ દ્વારા જ તેમની પૂજા કરીએ છીએ. તે ભકતોના પતિ ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** દેવર્ષિ નારદે કહેલું તે ધર્મરહસ્ય સાંભળી ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા અત્યંત પ્રસન્ન થયા અને તેમણે પ્રેમથી વિહ્વળ થઈ શ્રીકૃષ્ણ અને નારદજીની પણ પૂજા કરી. તે પછી નારદમુનિ શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિરની રજા લઈ તેમના દ્વારા સત્કાર પામી ત્યાંથી ચાલ્યા ગયા. શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે એ સાંભળી રાજા યુધિષ્ઠિર અત્યંત આશ્ચર્ય પામ્યા. એમ દક્ષ પુત્રીઓના જુદા જુદા વંશો મેં તમને કહ્યા કે જે વંશમાં દેવો અસુરો તથા મનુષ્ય વગેરે સ્થાવર તેમ જ જંગમ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. ૧-૮૦

इति दाक्षायणीतां ते पृथग्वंशाः प्रकीर्तिताः । देवासुरमनुष्याद्या यत्र लोकाश्चराचराः ॥८०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

**સપ્તમ સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત

# અષ્ટમ સ્કંધ

## અધ્યાય-૧

## મન્વંતરોનું વર્ણન

॥ राजोवाच ॥

स्वायम्भुवस्येह गुरो वंशोऽयं विस्तराच्छ्रुतः । यत्र विश्वसृजां सर्गो मनूनन्यान्वदस्व नः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે ગુરુ ! અહીં સ્વાયંભુવ મનુનો આ વંશ તો મેં આપની પાસેથી વિસ્તારપૂર્વક સાંભળ્યો કે જે વંશમાં મનુની કન્યાઓ વિષે મરીચિ વગેરે પ્રજાપતિઓની પુત્રપૌત્રાદિ સૃષ્ટિ વર્ણવી હવે બીજા મનુઓના વંશો તમે અમને કહો. હે બ્રહ્મન્ ! સર્વથી મહાન શ્રીહરિના જન્મો તથા કર્મો જે જે ચરિત્રોમાં વિદ્વાનો ગાય છે, તે તે ચરિત્રો અમને સાંભળનારાઓને આપ કહો. હે બ્રહ્મન્ ! જગતનું પાલન કરનારા ભગવાને ભૂતકાળના મન્વંતરોમાં જે કંઈ કર્યું હોય, ભવિષ્યકાળના મન્વંતરોમાં જે કંઈ કરશે અને વર્તમાન મન્વંતરોમાં જે કંઈ કરી રહ્યા છે, તે અમને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ કલ્પમાં સ્વાયંભુવ વગેરે છ મનુઓ થયા છે. તેઓમાં પહેલા સ્વાયંભુવમનુની કથા મેં તમને કહી. તેમાં દેવો વગેરેની ઉત્પત્તિ વર્ણવેલી છે, તે સ્વાયંભુવ મનુની આકૂતિ અને દેવહૂતિ નામની બે પુત્રીઓમાં ધર્મ તથા જ્ઞાનનો ઉપદેશ આપવા ભગવાન યજ્ઞ તથા કપિલદેવ નામે પુત્રરૂપે જન્મ્યા હતા. તેમાં ભગવાન કપિલદેવનું ચરિત્ર તો મેં તમને પ્રથમ કહ્યું. હવે હે કુરુવંશી રાજા ! ભગવાન યજ્ઞમૂર્તિએ જે કર્મો કર્યા તે હું તમને કહું છું. શતરૂપાના સમર્થ પતિ સ્વાયંભુવ મનુ કામભોગથી વિરક્ત થયા, ત્યારે રાજ્ય છોડી તપ કરવા વનમાં ગયા. હે ભરતવંશી રાજા ! તેમણે સુનંદા નદીતટે સો વર્ષ સુધી એક પગે પૃથ્વી પર ઊભા રહી ઘોર તપ કરતાં આ પ્રમાણે કહ્યું હતું.

**મનુ બોલ્યા :** જેમની ચેતનાના સ્પર્શમાત્રથી આ વિશ્વ ચેતન થઈ જાય છે. પરંતુ આ વિશ્વ જેમને ચેતનાનું દાન કરી શકતું નથી, જગતના સૂઈ ગયા પછી પ્રલયકાળમાં પણ જેઓ સાક્ષીરૂપે જાગતા રહે છે, જેમને આ જગત જાણતું નથી; પણ જેઓ જગતને જાણે છે, તે જ પરમાત્મા છે. તે ઈશ્વર વડે આ જગત વ્યાપ્ત છે અને જગતમાં જે તમામ પ્રાણી—પદાર્થો છે તે પણ એ ઈશ્વર વડે જ વ્યાપ્ત છે, માટે તે ઈશ્વર જે આપે તે જ તું ભોગવ અથવા તે ઈશ્વરને સર્વ અર્પણ કર્યા પછી જ તું ભોગવ, પણ પારકા ધનની લાલચ ન કર; અથવા જે કંઈ ધન છે તે કોનું છે ? (કોઈનું નથી, પરમેશ્વરનું જ છે,) માટે ધનની ઈચ્છા

કેમ કરી શકાય ? જે ભગવાન સર્વને જુએ છે પણ જેમને કોઈ જોતું નથી અને જેમનું જ્ઞાન કદી નાશ પામતું નથી, તે સર્વના અંતર્યામી છતાં કોઈ પણ જાતના સંગથી રહિત ભગવાનનું ભજન કરો. જે પરમેશ્વરને આદિ, અંત કે મધ્ય અવસ્થા નથી, કોઈ પોતાનો કે પારકો નથી અને જે અંદર કે બહાર નથી તેમ જ જે પરમાત્માથી આ જગતના આદિ, અંત, મધ્ય, પોતાનાં, પારકાં, અંદર તથા બહાર, એ સર્વ થાય છે અને આ જગત જેમનું સ્વરૂપ છે તે પરમાત્મા સત્યસ્વરૂપ અને પરિપૂર્ણ બ્રહ્મ છે. વળી તે પરમાત્મા સર્વના ઈશ્વર, અજન્મા, સત્યસ્વરૂપ, સ્વયં પ્રકાશ અને નિર્વિકાર છે તેમ જ આ જગતરૂપી શરીરવાળા અને અનેક નામવાળા છે; તોપણ પોતાની માયાશકિતથી આ જગતમાં જન્મ, રક્ષણ તથા નાશ કરે છે અને નિત્યસિદ્ધ એવી જ્ઞાનવિદ્યાથી માયાશકિત તજી પોતે ક્રિયારહિત જ રહે છે, (એ રીતે પરમાત્મા કર્મ કરીને તેનો ત્યાગ કરે છે અને નિષ્ક્રિય રહે છે, તે કારણથી જ) ઋષિઓ પણ મોક્ષ મેળવવા પહેલાં કર્મો કરે છે કારણ કે કર્મ કરનારો મનુષ્ય જ ઘણું કરીને નિષ્કર્મ ભાવ પામે છે. ભગવાન પોતે સર્વના ઈશ્વર-પૂર્ણ છે તોપણ (રામકૃષ્ણાદિ અવતારોમાં) કર્મો કરે છે, છતાં તે કર્મોમાં આસક્ત થતા નથી. ‘આ હું કરું છું, આનું ફળ હું ભોગવીશ.’ વગેરે અહંભાવોથી મુકત રહે છે; કારણ કે તે ભગવાન પરમાનંદરૂપ આત્મલાભથી જ પૂર્ણકામ છે માટે જે મનુષ્યો તે ભગવાનને અનુસરે છે તેઓ પણ (ભગવાનની પેઠે જ) કર્મોમાં આસક્ત થતા નથી. જે ભગવાન મનુષ્યાવતારરૂપી પોતાના માર્ગમાં સારી રીતે રહેલા છે અને તેથી જ કર્મો કરે છે, છતાં અહંભાવ કરતા નથી અને કર્મોનાં ફળની ઈચ્છા પણ રાખતા નથી; તેમ જ તેમને બીજા કોઈએ પ્રેરણા પણ કરવી પડતી નથી; કારણ કે તે ભગવાન પોતે જ જ્ઞાની, પરિપૂર્ણ અને પ્રભુ છે; તોપણ પોતાના આચરણથી મનુષ્યોને શિક્ષણ આપી રહ્યા છે અને સમગ્ર ધર્મો પ્રવર્તાવી રહ્યા છે, તે ભગવાનને હું શરણે જાઉં છું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સમાધિ અવસ્થામાં રહ્યા છતાં મંત્રરહસ્યનો ઉચ્ચાર કરતા તે સ્વાયંભુવ મનુને (સૂઈને ઊઠેલાની પેઠે વિવશ) જોઈને અસુરો તથા રાક્ષસો ભૂખને લીધે તેમને ખાઈ જવા દોડી ગયા. તે વેળા એ અસુરોને એવા નિશ્ચયવાળા જોઈ સર્વવ્યાપી શ્રીહરિ યજ્ઞ ભગવાને પોતાના પુત્ર યામ નામના દેવોથી વીટાઈને તે અસુરો તથા રાક્ષસોનો નાશ કરી સ્વર્ગનું રાજ્ય કર્યું હતું. (યજ્ઞ ભગવાન પોતે જ ઈન્દ્ર થયા હતા) બીજા સ્વારોચિષ નામના મનુ અગ્નિના પુત્ર હતા અને દ્યુમત સુષેણ તથા રોચિષ્મત્ વગેરે તેમના પુત્રો હતા. તે મન્વંતરમાં રોચન નામે ઈન્દ્ર, તુષિત વગેરે દેવો, ઊર્જસ્તંભ વગેરે સાત બ્રહ્મવાદી ઋષિઓ અને વેદશિરસ નામના ઋષિની તુષિતા નામની પત્નીમાં ‘વિભુ’ નામે શ્રીહરિ અવતર્યા હતા. એ વિભુ ભગવાન બાલ્યાવસ્થાથી જ બ્રહ્મચારી હતા, જેથી અઠ્યાસી હજાર વ્રતધારી મુનિઓ પાસેથી તેમણે વ્રતશિક્ષણ લીધું હતું. પછી હે રાજા ! ત્રીજા મન્વંતરમાં પ્રિયવ્રતનો પુત્ર ઉત્તમ નામે મનુ થયો હતો. તેના પવન, સૃંજય તથા યજ્ઞહોત્ર વગેરે પુત્રો હતા. પ્રમદ વગેરે સાત વશિષ્ઠના પુત્રો ઋષિઓ હતા. સત્ય, વેદશ્રુત અને ભદ્ર નામના દેવો હતા. સત્યજિત નામે ઈન્દ્ર હતો અને ધર્મની સૂનૃતા નામની સ્ત્રીમાં સત્યવ્રત નામના દેવોની સાથે ભગવાન પુરુષોત્તમ સત્યસેન નામે અવતર્યા હતા. તે ભગવાન સત્યસેને સત્યજિત ઈન્દ્રના મિત્ર બની અસત્યવ્રતવાળા, દુરાચારી, દુષ્ટ અને પ્રાણીઓનો દ્રોહ કરનારા યક્ષો, રાક્ષસો તથા બીજા ભૂતડાંઓનો નાશ કર્યો હતો. પછી ચોથા મન્વંતરમાં ઉત્તમનો ભાઈ તામસ નામનો મનુ થયો હતો. પૃથુ, ખ્યાતિ, નર તથા કેતુ વગેરે દશ તેના પુત્રો હતા. સત્યક, હરિ તથા વીર નામના દેવો થયા હતા. ત્રિશિખ નામે ઈન્દ્ર થયો હતો અને તે તામસ મન્વંતરને

જ્યોતિર્ધામ વગેરે સાત ઋષિઓ થયા હતા. હે રાજા ! વિધૃતના પુત્ર વૈધૃતિ' નામના બીજા પણ દેવો તે મન્વંતરમાં થયા હતા, જેઓએ કાળને લીધે નાશ પામેલા વેદોને પોતાના તેજથી ધારણ કરી રાખ્યા હતા. વળી એ મન્વંતરમાં પણ હરિમેધસની હરિણી નામની સ્ત્રીમાં 'હરિ' નામે ભગવાન અવતર્યા હતા, જેમણે ગજેન્દ્રને ઝૂડ પાસેથી છોડાવ્યો હતો.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે મુનિવર ! એ હરિભગવાને ઝૂડે ગળેલા ગજેન્દ્રને કેવી રીતે છોડાવ્યો હતો, તે કથા અમે તમારી પાસેથી સાંભળવા ઈચ્છીએ છીએ. જે કથામાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનનાં ગુણગાન હોય તે કથા પરમ પુણ્યમય, પ્રશંસનીય, મંગલકારી અને શુભ છે.

**સૂત બોલ્યા :** હે બ્રાહ્મણો ! અનશન લઈને બેઠેલા પરીક્ષિત રાજાએ એમ પ્રશ્ન કર્યો એટલે વ્યાસના પુત્ર શુકદેવજીએ સભાની વચ્ચે મુનિઓના સાંભળતાં રાજાની પ્રશંસા કરી હર્ષપૂર્વક તે કથા કહેવા માંડી. ૧-૩૩

परीक्षितैवं स तु बादरायणिः प्रायोपविष्टेन कथासु चोदितः ।
उवाच विप्राः प्रतिनन्द्य पार्थिवं मुदा मुनीनां सदसि स्म श्रृण्वताम् ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## જળવિહાર કરતાં ગજેંદ્રનું ઝૂડ (મગર)થી પકડાવું

॥ श्रीशुक उवाच ॥

आसीद् गिरिवरो राजस्त्रिकूट इति विश्रुतः । क्षीरोदेनावृतः श्रीमान् योजनायुतमुच्छ्रितः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ક્ષીર સમુદ્રથી વીંટાયેલો અને દસ હજાર યોજન ઊંચો ત્રિકુટ નામે મોટો પર્વત છે. તેનો વિસ્તાર પણ ચોતરફથી તેટલા જ પ્રમાણનો હોઈ તે રૂપાનાં, લોઢાનાં તથા સોનાનાં ત્રણ શિખરો વડે સમુદ્ર, દિશાઓ તથા આકાશને પ્રકાશિત કરી રહ્યો છે. તે સિવાય બીજાં પણ રત્નો અને ધાતુઓ વડે રંગબેરંગી જણાતાં શિખરોથી, જાતજાતનાં વૃક્ષો અને લતાઓનાં ઝુંડોથી તથા ઝરણાંઓના જળના ખળખળાટથી તે સર્વ દિશાઓને શોભાયમાન કરી રહ્યો છે. તે પર્વતના નીચેના ભાગને ચારે તરફથી દૂધના તરંગો ધોઈ રહ્યા છે અને હરિયાળા રંગના મરકત મણિઓથી તે પર્વત ભૂમિને શ્યામ વર્ણી કરી રહ્યો છે. ક્રીડા કરતા સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, કિન્નરો તથા અપ્સરાઓ એ પર્વતના શિખરો સેવી રહેલાં છે. ત્યાં કિન્નરો વગેરેના સંગીતના શબ્દોથી ગુફાઓ ગાજી રહે છે, તેથી બડાઈખોર સિંહો 'આ બીજો કયો સિંહ ગર્જના કરે છે,' એવી શંકાથી અદેખાઈને લીધે સામી ગર્જનાઓ કરે છે. અનેક જંગલી પશુઓનાં ટોળાં વડે ભરચક રહેતી ખીણોથી એ પર્વત સુંદર લાગે છે અને ત્યાં જાતજાતનાં વૃક્ષો, સરોવરો તથા ઉદ્યાનોમાં મધુર કંઠવાળાં પક્ષીઓ કલ્લોલ કરે છે. વળી ત્યાં સ્વચ્છ જળવાળી નદીઓ તથા સરોવરો છે. તે મણિ જેવી ચળકતી રેતીવાળા કિનારાઓથી યુક્ત હોઈ તેનાં જળ તથા વાયુ દેવતાઓની સ્ત્રીઓનાં સ્નાનની સુગંધથી સુગંધિત રહે છે. એ પર્વતની એક ખીણમાં મહાત્મા ભગવાન વરુણદેવનો 'ઋતુમાન' નામે બગીચો છે, જે દેવાંગનાઓનું રમવાનું સ્થાન છે. તે બગીચો ચોતરફ દિવ્ય ફળફૂલનાં વૃક્ષોથી નિત્ય સુશોભિત રહે છે. મંદાર તથા પારિજાત નામનાં કલ્પવૃક્ષો, પાટલ, આસોપાલવ, ચંપા, રાયણ, ફણસ, આંબા, અંભેડા, સોપારી, નાળિયેરી, ખજૂરી,

બિજોરાં, મહુડાં, સાગ, તાડ, તમાલ, આસન વૃક્ષ, ધોળા સાજડ, અરીઠી, ઉંબરા, પીપર, વડ, ખાખરા, ચંદન, લીબડા, કંચનાર, ગૂગળનાં ઝાડ, દેવદાર, દ્રાક્ષના વેલા, શેરડી, કેળ, જાંબુડી, બોરડી, બહેડા, હરડે, આંબળા, બીલી, કોઠ, લીંબુ તથા ભિલામાં વગેરે ઝાડોથી ગીચ છે. વળી તે સુંદર કિનારાવાળું ને સુશોભિત સોનેરી કમળોવાળું એક સરોવર છે. તે પોયણાં, કાળાં કમળ, ધોળાં કમળ અને સો પાંખડીવાળાં કમળોની શોભાથી શોભી રહ્યું છે, તેમ જ મદોન્મત્ત ભમરાઓના ગુંજારવથી અને મનોહર શબ્દ કરતાં પક્ષીઓથી ગાજી રહ્યું છે. હંસ અને બતક પક્ષીઓથી તો વ્યાપ્ત રહે છે અને ચક્રવાક, સારસ પક્ષીઓ, જળકૂકડાં, કોયલ તથા બપૈયાઓનાં ટોળાના શબ્દોથી ગાજી રહે છે. એ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંચારથી હાલતાં કમળની રજ વડે યુક્ત છે. કદંબ, નેતર, નલ ઘાસ, આસોપાલવ તથા વંજુલનાં ઝાડોથી તે સરોવર વીંટાયેલું છે. મોગરા, કાંટાસરિયો, આસોપાલવ, સરસડા, કડાયા, ઈંગોરિયા, શેવંતી, સોનેરી જૂઈ, નાગચંપા, પુન્નાગ, જાઈ, કમળો તથા માધવી વગેરે કાંઠા ઉપર ઊગેલાં છે અને સર્વ ઋતુનાં ફૂલઝાડોથી તથા બીજાં વૃક્ષોથી તે સરોવર અત્યંત શોભી રહ્યું છે. એક સમયે તે પર્વતના વનમાં રહેતો એક મોટો હાથી હાથણીઓ સાથે ફરતો, કાંટાવાળાં ઝાડોને તથા પોલા વાંસ અને નક્કર વાંસવાળી વિશાળ ઝાડીને ભાંગતો પેલા સરોવર સમીપ જઈ પહોંચ્યો. એ હાથીની ગંધ આવતાં જ સિંહો, મોટા હાથીઓ, ગેંડા; વાઘ વગેરે શિકારી પશુઓ, મોટા સર્પો, ધોળા તથા કાળા મૃગો, અષ્ટાપદો ને ચમરી મૃગો ભયને લીધે નાસી જવા લાગ્યાં. માત્ર વરુઓ, ભૂંડો, પાડા, રીંછો, શેઢાઈઓ, વાંદરાં, કૂતરાં, માંકડાં, હરણિયાં, સસલાં અને બીજાં ક્ષુદ્ર પ્રાણીઓ જ એ હાથીની કૃપાથી તે વનમાં નિર્ભય થઈ ફરતા હતા. એ મદઝરતો હાથી તે વેળા તાપથી તપેલો, હાથીઓ, હાથણીઓ તથા હાથીનાં બચ્ચાંઓથી વીંટાયેલો, પોતાના ગૌરવથી ચારે તરફ પર્વતને કંપાવતો અને મદપાન કરનારા ભમરાઓથી સેવાતો હતો. વળી તે કમળની રજથી વ્યાપ્ત તે સરોવરના વાયુને નજીકમાં સુંઘતો હતો. તેનાં નેત્રો મદથી વિહ્વળ હતાં અને તૃષાથી પીડાતા પોતાના ટોળાથી તે વીંટાયો હતો. જેથી ઉતાવળો પેલા સરોવર પાસે ગયો. તેણે એ સરોવરમાં ઊતરી (જળથી) પોતાને નવડાવી શ્રમરહિત થઈ સોનેરી અને ગુલાબી કમળોના રજથી સુગંધી તથા નિર્મળ અમૃત જેવું જળ પોતાની સૂંઢથી ખેંચી ખૂબ પીધું. તે હાથીએ પોતાની સૂંઢ વડે ઉછાળેલા જળકણોથી ગૃહસ્થની પેઠે હાથણીઓને તથા બચ્ચાંઓને નવડાવ્યાં તે પાણી પાયું; કારણ કે ભગવાનની માયાથી તે હાથી પોતાના કુટુંબમાં (ગૃહસ્થની પેઠે) આસકત અને ઉન્મત્ત હતો, તેથી તે બિચારાએ પોતાની ઉપર આવતું દુઃખ ન જોયું. હે રાજા ! તે સમયે દૈવથી પ્રેરાયેલા કોઈ મહાબળવાન ઝૂડે (મગરે) ક્રોધથી તે હાથીનો પગ પકડયો, એટલે દૈવેચ્છાથી એ રીતે દુઃખમાં આવેલો તે અતિ બળવાન હાથી પણ પોતાના બળ પ્રમાણે (છૂટવાનો) પ્રયત્ન કરવા લાગ્યો. એમ અતિ બળવાન ઝૂડ વડે બળથી ખેંચાતા તે દુઃખી હાથીને (જોઈ) દીનબુદ્ધિ થયેલી હાથણીઓ રડવા લાગી અને તેની પાછળ ચાલનારા બીજા હાથીઓ પણ તેને એ દુઃખમાંથી છોડાવવા સમર્થ થઈ શકયા નહિ. એ હાથી અને ઝૂડ એમ પરસ્પર લડતા હતા તે બહાર તથા અંદર એકબીજાને ખેંચતા હતા. બંને સમાન બળવાળા હતા, તેથી હે રાજા ! એમ કરતાં તેઓનાં એક હજાર વર્ષો વીતી ગયાં. તે જોઈ દેવો પણ આશ્ચર્ય પામવા લાગ્યા. પછી તો એ રીતે જળમાં ખેંચાતાં અને દુઃખી થતાં લાંબે કાળે તે હાથીની ઉત્સાહશકિતનો, શરીરશકિતનો તથા ઈન્દ્રિયશકિતનો મોટો નાશ થયેલો અને પેલા ઝુંડની શકિતઓમાં તો ઊલટો વધારો થયો. એમ તે ગજેન્દ્ર દૈવેચ્છાથી પરાધીન બની પોતે દેહધારી હોઈ (આહાર વગેરે ન

મળવાથી) પ્રાણસંકટમાં આવી પડયો અને પોતાને છોડાવવા અસમર્થ થયો, ત્યારે લાંબા કાળ સુધી તેણે વિચાર કર્યો, જેથી તેને આવી બુદ્ધિ સૂઝી : 'આ મારા સંબંધી હાથીઓ મને દુઃખીને છોડાવવા જો સમર્થ નથી તો આ હાથણીઓ તો મને ક્યાંથી છોડાવી શકે ?' માટે વિધાતાની ફાંસીરૂપ આ ઝૂડથી પકડાયેલો હું બ્રહ્માદિના પણ આશ્રયરૂપ પરમેશ્વરને જ શરણે જાઉં. જે ઈશ્વર પ્રચંડ વેગવાળા અને સામેથી દોડી આવતા કાળરૂપ સર્પથી અત્યંત ભય પામેલા શરણાગતનું સર્વ તરફથી રક્ષણ કરે છે અને જેના ભયથી મૃત્યુ પણ નાસી જાય છે, તે પરમેશ્વરને શરણે અમે જઈએ છીએ.' ૧-૩૩

यः कश्चनेशो बलिनोऽन्तकोरगात्प्रचण्डवेगादभिधावतो भृशम् ।
भीतं प्रपन्नं परिपाति यद्भयाज्मृत्युः प्रधावत्यरणं तमीमहि ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩
## ભગવાને કરેલો ગજેંદ્ર અને ઝુડનો ઉદ્ધાર

॥ श्रीशुक उवाच ॥

एवं व्यवसिता बुद्ध्या समाधाय मनो हृदि । जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनुशिक्षितम् ॥१॥

**શુકદેવજી બોલ્યા :** તે હાથીએ બુદ્ધિથી એવો નિશ્ચય કર્યો ને મનને હૃદયમાં સ્થિર કરી પોતે પૂર્વજન્મમાં જે ઉત્તમ સ્તોત્ર શીખ્યો હતો તેના જપ દ્વારા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

**ગજેન્દ્ર બોલ્યો :** જે ભગવાન સર્વ શરીરમાં કારણ તરીકે રહેલા, સર્વના આદિકારણ અને પરમ ઈશ્વર છે અને જેમનાથી આ જગત ચૈતન્યમય છે તે ભગવાનનું અમે ધ્યાન કરીએ છીએ. જેમને વિષે આ જગત રહેલું છે, જેનાથી આ જન્મે છે, જે જગતને રચે છે, પોતે આ જગતસ્વરૂપ છે અને કાર્ય તથા કારણથી પર છે, તે સ્વતઃસિદ્ધ ભગવાનને હું શરણે જાઉં છું. જે સર્વના સાક્ષી અને અલુપ્ત દષ્ટિવાળા હોઈ પોતાને વિષે પોતાની માયાએ ઉત્પન્ન કરેલા કોઈ વેળા જણાતા અને કોઈ વેળા અદશ્ય થતા આ (કાર્યકારણાત્મક) જગતને પોતે દેખે છે, તે સ્વયંપ્રકાશ અને પ્રકાશક ચક્ષુ આદિ ઈન્દ્રિયોના પણ પ્રકાશક પરમાત્મા મારી રક્ષા કરો. સમગ્ર લોકો, લોકપાલો અને તેઓનાં સર્વ કારણો કાળના, નિમિત્તથી જ્યારે નાશ પામ્યાં હતાં, ત્યારે ગહન અને ગંભીર એવો અંધકાર જ બધે હતો. તે અંધકારની પણ પેલી પાર જે વ્યાપક દેવ સર્વ તરફ પ્રકાશે છે, તે ભગવાન મારી રક્ષા કરો. જેમ જુદી જુદી આકૃતિઓથી ખેલતા નટનાં (મૂળ) સ્વરૂપ મનુષ્યો જાણી શકતાં નથી, તેમ જેમના પરમસ્વરૂપને દેવો કે ઋષિઓ પણ જાણી શકતા નથી; તો ક્યું પ્રાણી તે પરમ પદ પામવા કે વર્ણવવાને યોગ્ય છે ? એવા દુર્ગમ ચરિત્રવાળા પરમેશ્વર મારી રક્ષા કરો. જેમના પતિ મંગળ પદનાં દર્શન કરવા ઈચ્છતા મુનિઓ અને શ્રેષ્ઠ સાધુપુરુષો સર્વ સંગ છોડી, સર્વના મિત્ર થઈ પ્રાણીમાત્રમાં આત્મદષ્ટિ કરીને વનમાં અસ્ખલિત બ્રહ્મચર્ય વગેરે વ્રતો આચરે છે. તે ભગવાન મારું શરણ થાઓ. જેમને જન્મ કે કર્મ, નામ કે રૂપ અથવા ગુણ કે દોષ એ કંઈ નથી, છતાં સમયાનુસાર લોકોની ઉત્પત્તિ તથા નાશ માટે જે ભગવાન પોતાની માયાથી તે જન્મ, કર્મ, નામ, રૂપ, ગુણ અને દોષ ધારણ કરે છે, તે ભગવાનને મારા નમસ્કાર હો. અનંતશકિતવાળા પરમેશ્વર પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું અને રૂપરહિત છતાં અનેક સ્વરૂપો ધારણ કરનારા અને આશ્ચર્યકારક કર્મ કરનારા તે પ્રભુને મારા નમસ્કાર હો. જે પરમાત્મા (આત્મા વિના) અન્ય પ્રકાશના અવિષય છે, કારણ

કે તે સર્વના સાક્ષી, પ્રકાશક અને જીવોના નિયંતા છે, તેથી જ વાણી, મન અને ચિત્તથી પણ અત્યંત દૂર છે; તે પરમાત્માને મારા નમસ્કાર હો. જે ભગવાનને કેવળ શુદ્ધ સંન્યાસ વડે વિદ્વાન પુરુષ પામી શકે છે, મોક્ષના જે સ્વામી છે અને મોક્ષાનંદની જે અનુભવમૂર્તિ છે, તે ભગવાનને મારા નમસ્કાર હો. શાંત, ઘોર, મૂઢ, બધે હોવા છતાં અપ્રકટ, સત્ત્વાદિ ગુણોના ધર્મોને (માયાથી) અનુસરનારા, કોઈ જાતના ભેદથી રહિત, બધે સમાન ભાવે રહેલા અને કેવળ જ્ઞાનસ્વરૂપ આપને મારા નમસ્કાર હો. જીવસ્વરૂપ, સર્વના અધ્યક્ષ (નિર્વિકાર), સર્વના સાક્ષી, પૂર્વકાળથી જ રહેલા જીવોના મૂળરૂપ અને સર્વની મૂળ પ્રકૃતિના પણ કારણ આપને મારા નમસ્કાર હો. સર્વ ઈન્દ્રિયો અને તેના વિષયોના દ્રષ્ટા, સર્વ ઈન્દ્રિયોની વૃત્તિઓને જણાવનારા, કેવળ મિથ્યાસ્વરૂપ અહંકારાદિ પ્રપંચે (પ્રતિબિંબ જેમ બિંબને જણાવે છે તેમ) જેમને જણાવેલા છે અને સર્વ વિષયોમાં જે સત્યરૂપે ભાસે છે, તે આપને મારા નમસ્કાર હો. આપ સર્વના મૂળ કારણ છો. આપનું કોઈ કારણ નથી તથા કારણ હોવા છતાં પણ આપમાં વિકાર અથવા પરિણામ થતું નથી એવા આપ એક અદ્ભુત કારણ છો; એવા આપને મારા વારંવાર નમસ્કાર હો. જે આપ પંચરાત્રાદિ સર્વ શાસ્ત્રો તથા વેદોના એક મહાન સમુદ્રરૂપ, મોક્ષસ્વરૂપ અને ઉત્તમ પુરુષોના આશ્રયરૂપ છે, તે આપને મારા નમસ્કાર હો. જે આપ સત્ત્વાદિ ગુણોરૂપી અરણિના લાકડામાં ગુપ્ત રહેલા જ્ઞાનાગ્નિરૂપ છો, ગુણોના કાર્યરૂપ આ જગતમાં જે આપનું મન બાહ્ય વૃત્તિવાળું છે અને આત્મતત્ત્વની ભાવનાથી શાસ્ત્રીય વિધિનિષેધોને તજનારા જ્ઞાની પુરુષોમાં જે આપ પોતાની મેળે પ્રકાશો છે; તે આપને નમસ્કાર કરું છું. મારા જેવા શરણે આવેલા પશુના અવિદ્યારૂપી પાશને તોડી નાખનારા સદાકાળ મુક્ત, અત્યંત દયાળુ અને સર્વ પર દયા કરવામાં આળસ વિનાના આપને મારા નમસ્કાર હો. આપ અંતર્યામીરૂપ પોતાના અંશથી સર્વ પ્રાણીઓનાં હૃદયમાં પ્રતીત થાઓ છો, સર્વ પ્રાણીઓને નિયમમાં રાખવા સમર્થ છો અને સર્વના મનમાં રહ્યા છો, છતાં જણાતા નથી, તે આપને મારા નમસ્કાર હો. શરીર, પુત્ર, સંબંધીવર્ગ, ઘર, ધન તથા બીજાં મનુષ્યોમાં આસકત રહેનારાઓને આપ દુર્લભ છો; કારણ કે આપ ગુણોના સંગથી રહિત છો અને તેથી જ દેહાદિમાં આસકિત ન રાખનારા (મુકતાત્મા) પુરુષો આપનું ચિંતન કરે છે, તે જ્ઞાનસ્વરૂપ અને અચિંત્ય એવા અનંત ગુણોથી પૂર્ણ આપ ઈશ્વરને મારા નમસ્કાર હો. ધર્મ, કામ, અર્થ તથા મોક્ષની ઈચ્છાવાળા પુરુષો જેમનું ભજન કરતાં ઈચ્છિત ગતિ પામે છે; એટલું જ નહિ, પણ તે ભજન કરનારા પુરુષો જે કામનાઓ ઈચ્છતા નથી તેવી સર્વ પ્રકારની કામનાઓ તથા સુદઢ દેહ પણ જે તેમને આપે છે, તે અતિ દયાળુ ભગવાન મારો (આ ઝુડના બંધનથી) છુટકારો કરો. આપને શરણે આવેલા એકાંતિક ભકતો આપનાં અતિ અદ્ભુત અને પરમ મંગળ ચરિત્ર ગાતાં આનંદસમુદ્રમાં મગ્ન રહે છે અને તેથી જ (આપ વિના) બીજો કોઈ પદાર્થ તેઓ ઇચ્છતા નથી. જે પરમેશ્વર અવિનાશી બ્રહ્મ, સર્વથી પર, પર એવા બ્રહ્માદિ દેવોના પણ નિયંતા, અવ્યકત, આધ્યાત્મિક ભકિતયોગથી જાણવા યોગ્ય સુક્ષ્મ, પરમાણુની પેઠે ઈન્દ્રિયોના અવિષય, અત્યંત દૂર હોય તેવા, અનંત અને સર્વના આદ્ય છે, તે પરિપૂર્ણ પરમેશ્વરની હું સ્તુતિ કરું છું. બ્રહ્માદિ દેવો, સર્વ વેદો અને સ્થાવરજંગમ સર્વ લોકો નામ તથા રૂપના ભેદથી જેમના અતિ અલ્પ અંશ વડે રચાયા છે, તે ભગવાન જય પામો. જેમ અગ્નિમાંથી વારંવાર જ્વાળાઓ અને સૂર્યમાંથી કિરણો નીકળે છે અને પાછાં તેમાં જ લય પામે છે, તેમ એ સ્વયંપ્રકાશ પરમાત્માથી ગુણોના પ્રવાહરૂપ બુદ્ધિ, મન, ઇન્દ્રિયો તથા શરીરોની સૃષ્ટિઓ વારંવાર ઉત્પન્ન થાય છે અને પછી તેમાં જ લય પામે છે. જે ભગવાન દેવ, અસુર, મનુષ્ય કે પશુપક્ષી

નથી, સ્ત્રી, પુત્ર, નપુંસક કે કોઈ પ્રાણી નથી તેમ જ જે ગુણ, કર્મ, સ્થૂળ કાર્ય કે સુક્ષ્મ કારણ નથી; કારણ કે જે સર્વ વસ્તુનો નિષેધ કરતાં બાકી રહે છે અને માયાથી સર્વસ્વરૂપ છે, તે ભગવાન જય પામો (મને આ ઝૂડથી છોડાવવા પ્રકટ થાઓ.) હું (આ ઝૂડથી છટી) જીવવા ઈચ્છતો નથી; કારણ કે અંદરબહાર કેવળ અજ્ઞાનથી જ ભરેલી આ હાથીની જાતિથી મારે શું કામ છે ? હું તો આત્મપ્રકાશના આવરણરૂપ અજ્ઞાનથી છુટવા જ ઈચ્છું છું કે જે છુટકારાનો કાળ વડે કદી નાશ નથી. તેથી હું તે પરબ્રહ્મ પરમાત્માને શરણે જાઉ છું, જેમાં વિશ્વરહિત હોવા છતાં પણ વિશ્વના રચનારા અને વિશ્વરૂપ છે અને વિશ્વના અંતરાત્મારૂપે વિશ્વરૂપ સામગ્રી વડે ક્રીડા પણ કરતા રહે છે, તે પરમપદરૂપ અજન્મા બ્રહ્મને પ્રણામ કરું છું. યોગીઓ યોગ દ્વારા કર્મ, કર્મોની વાસના અને કર્મોના ફળને ભસ્મ કરીને પોતાના યોગશુદ્ધ હૃદયમાં જે યોગેશ્વર ભગવાનનો સાક્ષાત્કાર કરે છે, તે પ્રભુને હું નમસ્કાર કરું છું. સત્વ, રજસ અને તમસરૂપ જેમની ત્રણ શકિતનો રાગદ્વેષાદિ વેગ અસહ્ય છે, સમગ્ર ઈન્દ્રિયોને શબ્દાદિ વિષયરૂપે જે જણાય છે; શરણે આવેલાંનું જે રક્ષણ કરે છે, જેમની શકિત અપાર છે; તેમ જ દુષ્ટ ઈન્દ્રિયોવાળાને જેમનો માર્ગ જડતો નથી, તે આપને મારા વારંવાર નમસ્કાર હો. જેમની માયાશકિતથી થતી અહંબુદ્ધિને લીધે ઢંકાયેલા પોતાના આત્મારૂપ જે ભગવાનને લોકો જાણતા નથી અને જેમનું માહાત્મ્ય ઓળખવું મુશ્કેલ છે, તે ભગવાનને શરણે હું ગયો છું.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ કોઈ સ્વરૂપભેદ વિના જ પરમ તત્વની જેણે સ્તુતિ કરી હતી, એવા તે ગજેન્દ્રની પાસે જુદાં જુદાં સ્વરૂપોમાં અભિમાનવાળા બ્રહ્માદિ દેવો જ્યારે ન આવ્યા, ત્યારે સમગ્ર સ્વરૂપ હોવાથી સર્વ દેવમય મૂર્તિવાળા શ્રીહરિ ત્યાં પ્રકટ થયા. જગતના વાસરૂપ શ્રીહરિ તે ગજેન્દ્રને એવો દુઃખી જાણી તેણે કરેલી સ્તુતિ સાંભળી, વેદમય ગરુડ ઉપર બેસી હાથમાં ચક્ર લઈ, સ્તુતિ કરતા દેવોની સાથે જ્યાં તે ગજેન્દ્ર હતો ત્યાં તુરત આવ્યા. એટલે સરોવરમાં મહાબળવાન ઝૂડથી પકડાઈને દુઃખી થયેલા તે ગજેંદ્રે આકાશમાં ગરુડ પર બેઠેલા જોઈ ચક્રધારી શ્રીહરિને સૂંઢમાં કમળ લઈને સુંઢ ઊંચી કરી ઘણી મુશ્કેલીએ આવી વાણી કહી : 'હે નારાયણ ! હે સર્વના ગુરુ ! હે ભગવન્ ! આપને હું નમસ્કાર કરું છું.' અજન્મા શ્રીહરિ તે ગજેન્દ્રને દુઃખી જોઈ દયાને લીધે એકદમ ગરુડ ઉપરથી નીચે ઊતર્યા અને પેલા ઝૂડ સાથે ગજેન્દ્રને સરોવરમાંથી બહાર ખેંચી કાઢી સુદર્શનચક્રથી ઝૂડનું મુખ ચીરી નાખી દેવોના દેખતાં ગજેન્દ્રને તેનાથી છોડાવ્યો. ૧-૨૩

तं वीक्ष्यं पीडितमजः सहसाऽवतीर्य सग्राहमाशु सरसः कृपयोज्जहार ।
ग्राहाद्विपाटितमुखादरिणा गजेन्द्रं संपश्यतां हरिरमूमुचदुस्त्रियाणाम् ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## ઝૂડ ગંધર્વ થયો ને ગજેંદ્રને ભગવાને પાર્ષદ બનાવ્યો

॥ श्रीशुक उवाच ॥

तदा देवर्षिगन्धर्वा ब्रह्मेशानपुरोगमाः । मुमुचुः कुसुमासारं शंसन्तः कर्म तद्धरेः ॥१॥

**શુકદેવજી બોલ્યા :** તે સમયે બ્રહ્મા અને શંકર વગેરે દેવો, ઋષિઓ તથા ગંધર્વો શ્રીહરિના તે કર્મની પ્રશંસા કરતા પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. દેવોનાં નગારાં વાગ્યાં, ગંધર્વો નાચવા ને ગાવા લાગ્યા.

તેમ જ ઋષિઓ, ચારણો ને સિદ્ધો ભગવાન પુરુષોત્તમની સ્તુતિ કરવા લાગ્યા. પેલો ઝૂડ તે ગંધર્વોમાં શ્રેષ્ઠ હૂહૂ નામનો ગંધર્વ હતો, પણ દેવલઋષિના શાપથી ઝૂડ થયો હતો, તે તરત જ એ શાપથી છૂટી પરમ આશ્ચર્યકારક રૂપ ધારણ કરતો ગંધર્વ થયો. તેણે ઉત્તમ કીર્તિવાળા અવિનાશી પરમેશ્વરને મસ્તકથી પ્રણામ કરી યશના આશ્રયરૂપ અને જેમના ગુણો તથા કથા કીર્તન કરવા યોગ્ય છે, એવા ભગવાનની સ્તુતિ કરી. ભગવાને કૃપા કરવાથી સમગ્ર પાપમાંથી છૂટેલો તે ગંધર્વ ભગવાનને પ્રણામ કરી લોકોના દેખતાં પોતાના સ્થાનમાં ગયો. ભગવાનના સ્પર્શને લીધે અજ્ઞાનરૂપ બંધનથી છૂટેલો ગજેન્દ્ર પણ પીળાં પીતાંબર અને ચતુર્ભુજ સ્વરૂપવાળો થઈ ભગવાનનું સ્વરૂપ પામ્યો. એ ગજેન્દ્ર પૂર્વે પાંડય દેશનો ઉત્તમ દ્રાવિડી રાજા હતા. તે ઈન્દ્રદ્યુમ્ન નામથી પ્રખ્યાત હતો અને વિષ્ણુભગવાનનાં વ્રતો કરવામાં તત્પર રહેતો. મલયાચલ પર્વતમાં આશ્રમવાળો તે રાજા એક સમયે ભગવાનની આરાધનાકાળે સર્વના નિયંતા અને બધે સ્વરૂપથી કે ગુણથી અસ્ખલિત સ્વરૂપવાળા શ્રીહરિની સારી રીતે પૂજા કરતો હતો. તે વખતે તેણે સ્નાન કરી, મનને વશ કરી મૌનવ્રત લીધું હતું અને મસ્તકે જટા ધારણ કરી તપમાં જ નિષ્ઠા રાખી હતી. એ સમયે શિષ્યગણોથી વીટાયેલા મહાયશસ્વી મુનિ અગસ્ત્ય દૈવેચ્છાએ તે ઈન્દ્રદ્યુમ્નના આશ્રમે આવી ચડ્યા. રાજાએ તે મુનિનો પૂજા વગેરેથી સત્કાર કર્યો નહિ અને એમ ને એમ એકાંતમાં મૌન બેસી રહ્યો. તે જોઈ ઋષિ કોપી ઊઠ્યા અને આ પ્રમાણે શાપ આપતાં બોલ્યા : આ રાજા દુષ્ટ, દુરાત્મા અને અશિક્ષિત બુદ્ધિવાળો છે, જેથી તેણે આજે બ્રાહ્મણનું અપમાન કર્યું છે. માટે હાથી જેવી સ્થૂળ બુદ્ધિવાળો આ રાજા હાથી જ બની જાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન અગસ્ત્ય એમ શાપ આપી શિષ્યો સાથે ત્યાંથી ગયા અને રાજર્ષિ ઈન્દ્રદ્યુમ્ને પણ પ્રારબ્ધયોગે તે આવી પડયું એમ માન્યું. પછી તે રાજા આત્મસ્વરૂપના સ્મરણનો નાશ કરનારી હાથીની જાતિ પામ્યો, પણ શ્રીહરિની પૂજાના પ્રભાવથી હાથીપણામાં પણ તેને પૂર્વજન્મનું સ્મરણ (પાછળથી) થયું હતું. એમ તે ગજેન્દ્રને (ઝૂડથી) છોડાવી પદ્મનાભ શ્રીભગવાન ગરુડ પર બિરાજી પાર્ષદની ગતિ પામેલા તે ગજેન્દ્ર સાથે પોતાના અલૌકિક ધામમાં પધાર્યા. તે સમયે ગંધર્વો, સિદ્ધો તથા દેવો તેમનાં કર્મોનું ગાન કરતા હતા. હે મહારાજ ! ગજેન્દ્રને છોડાવવારૂપ આ શ્રીકૃષ્ણનું ચરિત્ર મેં તમને કહ્યું. હે કુરુશ્રેષ્ઠ ! આ ચરિત્ર સાંભળનારાઓને સ્વર્ગ તથા યશ આપનારું છે અને કલિયુગના મેલનો તથા ખરાબ સ્વપ્નનો નાશ કરનારું છે. માટે કલ્યાણ ઈચ્છનારા બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો પ્રાતઃકાળમાં ઊઠી પવિત્ર થઈ ખરાબ સ્વપ્ન વગેરેની શાંતિ માટે આ ગજેન્દ્રમોક્ષ ચરિત્રનો બરાબર પાઠ કરે છે. હે કરુશ્રેષ્ઠ રાજા ! સર્વ પ્રાણીમય શ્રીહરિ પ્રભુએ તે વેળા પ્રસન્ન થઈ સર્વ પ્રાણીઓના સાંભળતાં ગજેન્દ્રને આ પ્રમાણે કહ્યું હતું.

**શ્રીભગવાન બોલ્યા :** જે મનુષ્યો હું, તું, આ સરોવર, આ પર્વત, આ ગુફા, આ વન, આ નેતર, પોલા વાંસ તેમ જ નક્કર વાંસની ઝાડીઓ, દેવતાઈ વૃક્ષો, આ શિખરો, બ્રહ્માનાં, મારાં તથા શંકરનાં સ્થાનો, મારું પ્રિય સ્થાન ક્ષીરસમુદ્ર, દેદીપ્યમાન શ્વેતદ્વીપ, શ્રીવત્સ, કૌસ્તુભમણિ, મારી વનમાળા, કૌમોદકી ગદા, સુદર્શન ચક્ર, પાંચજન્ય શંખ, પક્ષીરાજ ગરુડ, મારા સૂક્ષ્મ અંશરૂપ શેષનાગ, મારો આશ્રય કરનાર લક્ષ્મીદેવી, બ્રહ્મા, નારદ ઋષિ, શંકર, પ્રહ્લાદ, મત્સ્ય, કૂર્મ, વરાહ વગેરે અવતારોની મેં અનંત પુણ્યવાળાં જે કર્મો કર્યા છે, તે કર્મો; સૂર્ય, ચંદ્ર, અગ્નિ, ૐકાર, સત્ય, માયા, ગાયો, બ્રાહ્મણો,

ભક્તિરૂપ ધર્મ, સોમ તથા કશ્યપની પત્ની (દક્ષની પુત્રી) ગંગા, સરસ્વતી, નંદા નદી, યમુના નદી, ઐરાવત હાથી, ધ્રુવ, સાત બ્રહ્મર્ષિઓ તથા પવિત્ર કીર્તવાળા મનુષ્યો; આ સર્વનું સવારમાં ઊઠી અરુણોદયના સમયે જિતેન્દ્રિય તથા એકાગ્રચિત્ત થઈ સ્મરણ કરે છે, તેઓ બધાં પાપોથી છૂટે છે; કારણ કે આ બધાં મારાં જ સ્વરૂપો છે. હે ગજેન્દ્ર ! પ્રભાતમાં જાગી જેઓ તેં કરેલી આ સ્તુતિથી મારી સ્તુતિ કરશે, તેઓને હું મરણસમયે નિર્મળ બુદ્ધિ આપીશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઇન્દ્રિયોના નિયંતા ભગવાન એમ ગજેન્દ્રને કહી, ઉત્તમ શંખ વગાડી દેવસમૂહને હર્ષ ઉપજાવતા ગરુડ ઉપર બિરાજ્યા (અને પોતાના ધામમાં પધાર્યા.) ૧-૨૬

इत्यादिश्य हृषीकेशः प्रध्माय जलजोत्तमम् । हर्षयन् विबुधानीकमारुरोह खगाधिपम् ॥२६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## દેવતાઓનું બ્રહ્માજી પાસે જવું અને બ્રહ્માજીએ કરેલી ભગવાનની સ્તુતિ

॥ श्रीशुक उवाच ॥

राजन्नुदितमेतत्ते हरेः कर्माऽघनाशनम् । गजेन्द्रमोक्षणं पुण्यं रैवतं त्वन्तरं श्रृणु ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પાપનો નાશ કરનારું શ્રીહરિનું આ ગજેન્દ્રમોક્ષરૂપી પવિત્ર ચરિત્ર મેં તમને કહ્યું. હવે તમે રૈવત મન્વંતર સાંભળો. પાંચમો રૈવત નામનો મનુ થઈ ગયો, તે ચોથા તામસ મનુનો ભાઈ હતો. અર્જુન, બલિ તથા વિંધ્ય વગેરે તેના પુત્રો હતા. હે રાજન્ ! એ મન્વંતરોમાં વિભુ નામે ઈન્દ્ર, ભૂતસ્ય વગેરે દેવો અને હિરણ્યરોમા, વેદશિરા તથા ઊર્ધ્વબાહુ વગેરે બ્રાહ્મણો સપ્તર્ષિ હતા. તેમાં શુભ્ર નામના ઋષિની વિકુંઠા નામની સ્ત્રી હતી. તે બંને સ્ત્રીપુરુષથી ભગવાન વૈકુંઠ પોતે વૈકુંઠ નામના ઉત્તમ દેવો સાથે પોતાના અંશથી અવતર્યા હતા. એ વૈકુંઠભગવાને પોતાનું પ્રિય ઈચ્છતી લક્ષ્મીદેવીની પ્રાર્થનાથી વૈકુંઠલોક નિર્માણ કર્યો. તે વૈકુંઠલોક સમસ્ત લોકોમાં શ્રેષ્ઠ છે. એ વૈકુંઠ ભગવાનનું ચરિત્ર તથા મોટી સમૃદ્ધિવાળા ગુણો મેં તમને કહ્યા. ભગવાન વિષ્ણુના સંપૂર્ણ ગુણોનું વર્ણન તો તેજ કરી શકે કે જે પૃથ્વીના પરમાણુઓ ગણી શકે. પછી છઠ્ઠો ચાક્ષુષ નામે મનુ થયો. તે ચક્ષુષનો પુત્ર હતો અને પૂરુ, પુરુષ, સુદ્યુમ્ન વગેરે એ મનુના પુત્રો હતા. હે રાજન્ ! તે મનુના સમયમાં મંત્રદ્રુમ નામે ઈન્દ્ર હતો, આપ્ય આદિ દેવગણો હતા તથા હવિષ્મદ અને વીરક, આદિ સપ્તર્ષિઓ હતા. એ સમયે પણ જગતના પતિ ભગવાન વૈરાજની સંભૂતિ નામની સ્ત્રીમાં પોતાના અંશથી 'અજિત' નામે અવતર્યા હતા. એ અજિત ભગવાને સમુદ્રને મથી દેવોને અમૃત કાઢી આપ્યું હતું અને (સમુદ્રમંથનસમયે) જળમાં ભમતા મંદરાચલ પર્વતને પોતે કાચબાના સ્વરૂપથી ધારણ કર્યો હતો.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે બ્રહ્મન્ ! ભગવાને જે કારણથી ક્ષીરસમુદ્ર મથ્યો હતો, જેને માટે અથવા જે કારણથી કાચબાનું સ્વરૂપ લઈ મંદરાચલ પર્વત ધારણ કર્યો હતો; તેમ જ દેવોએ જે રીતે અમૃત પ્રાપ્ત કર્યું હતું તથા બીજું પણ જે કંઈ થયું હતું, તે સર્વ ભગવાનનું પરમ અદ્ભુત કર્મ તમે મને કહો. ભકતવત્સલ ભગવાનના મહિમાનું આપ જેમ જેમ વર્ણન કરો છો તેમ તેમ મારું મન એને વધારે ને વધારે સાંભળવા ઉત્સુક થઈ રહ્યું હોઈ તૃપ્ત થવાનું તો નામ જ લેતું નથી; કારણ કે તે ઘણા કાળથી સંસારના તાપોથી તપતું રહેલું છે.

**સૂતપૌરાણિક બોલ્યા :** હે શૌનકાદિ બ્રાહ્મણો ! વ્યાસના પુત્ર ભગવાન શુકદેવજીને પરીક્ષિત રાજાએ એમ પૂછ્યું, એટલે તેમણે રાજાને અભિનંદન આપી ભગવાનની તે સમુદ્રમંથન લીલાનું વર્ણન કરવાનો આરંભ કર્યો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** જે સમયે યુદ્ધમાં અસુરોએ દેવોને તીક્ષ્ણ શસ્ત્રોથી મારવા માંડયા ત્યારે અનેક દેવો પ્રાણરહિત થઈ ઢળી પડયા હતા; તેઓ પાછા ઊભા જ થયા ન હતા. હે રાજન્ ! દુર્વાસાઋષિના શાપથી ઈન્દ્ર સહિત ત્રણે લોકો લક્ષ્મીરહિત થયા હતા, ત્યારે યજ્ઞયાગાદિ સર્વ ક્રિયાઓ નાશ પામી હતી. એ બધું જોઈ ઈન્દ્ર, વરુણ વગેરે દેવગણો વિચાર કરવા લાગ્યા પણ કોઈ નિશ્ચય ઉપર આવી શક્યા નહિ. પછી તેઓ સર્વે મેરુ પર્વતના શિખર ઉપર બ્રહ્માની સભામાં ગયા અને ત્યાં બ્રહ્માને પ્રણામ કરી સર્વ જણાવ્યું. સમર્થ ભગવાન બ્રહ્માએ ઈન્દ્ર, વાયુ વગેરે દેવોને નિઃસત્ત્વ તથા નિસ્તેજ જોઈને, લોકોને લગભગ કલ્યાણહીન—સંકટગ્રસ્ત જેવા જોઈને, તથા અસુરોને તેજ, બળ વગેરેથી યુક્ત જોઈને એકાગ્ર મનથી પરમેશ્વરનું સ્મરણ કરી પ્રફુલ્લ મુખે દેવોને કહ્યું : 'હું, શંકર, તમે, અસુરો, મનુષ્યો, પશુપખીઓ, વૃક્ષો તથા પરસેવાથી ઉત્પન્ન થનારાં પ્રાણીઓ સુદ્ધાં તે પરમાત્માના એક અંશના પણ અંશથી ઉત્પન્ન થયેલા છીએ; માટે તે અવિનાશી ભગવાનને જ આપણે બધા શરણે જઈએ. જોકે એ ભગવાનની દૃષ્ટિએ તો કોઈ નાશ કરવા યોગ્ય, કોઈ રક્ષણ કરવા યોગ્ય, કોઈ ઉપેક્ષા કરવા યોગ્ય કે કોઈ આદર કરવા યોગ્ય પક્ષ પણ નથી; છતાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા તે ભગવાન સમયે સમયે રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ ધારણ કરે છે. વળી પ્રાણીઓના કલ્યાણ માટે સત્ત્વગુણ ધારણ કરનાર તે ભગવાનનો આ જગતનું પાલન કરવાનો સમય છે, માટે જગતના ગુરુ તે ભગવાનને શરણે આપણે જઈએ, જેથી દેવો જેમને પ્રિય છે એવા ભગવાન તેમના પોતાના જ એવા આપણું કલ્યાણ કરશે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** 'હે શત્રુદમન રાજા ! દેવોને એમ કહી બ્રહ્મા દેવોની સાથે અજિત ભગવાનના નિજધામ વૈકુંઠલોકમાં ગયા કે, જે ધામ તમોમયી પ્રકૃતિથી પર છે. ત્યાં જઈ હે રાજા ! બ્રહ્મા ઈન્દ્રિયોને એકાગ્ર કરી જેમનું સ્વરૂપ પૂર્વે કદી જોયું નથી, પણ માત્ર સાંભળ્યું છે એવા ભગવાનની વેદવાણીથી સ્તુતિ કરવા લાગ્યા.

**બ્રહ્મા સ્તુતિ કરે છે :** સર્વ વિકારથી રહિત, સત્યસ્વરૂપ, અંતરહિત, સર્વના આદ્ય, સર્વની હૃદયરૂપ ગુફામાં રહેનારા, કોઈ પણ ઉપાધિથી રહિત, કદી તર્કમાં ન આવી શકે તેવા મન કરતાં પણ અતિશય વેગવાળા અને વાણીથી વર્ણવવાને અશક્ય એવા સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ દેવને અમે નમસ્કાર કરીએ છીએ. જે ભગવાન પ્રાણ, મન, બુદ્ધિ તથા શરીરના જ્ઞાતા છે; વિષયો તથા ઈન્દ્રિયો એ બંનેરૂપે ભાસે છે, છતાં (સ્વપ્નના દ્રષ્ટાની પેઠે) અજ્ઞાનથી રહિત, શરીરથી જુદા અને તેથી જ આકાશની પેઠે વ્યાપક છે. કારણ કે એ ભગવાન વિષે જીવને લાગેલી અવિદ્યા તથા વિદ્યા એ બંને પાંખો નથી, તે ત્રણે યુગમાં પ્રકટ થતા ભગવાનને અમે શરણે જઈએ છીએ. જે ભગવાનને વેદો જીવના ચક્રરૂપ દેહાદિની ધરીરૂપ કહે છે, તે સત્યસ્વરૂપ પરમાત્માને હું શરણે જાઉં છું. આ દેહાદિરૂપ ચક્ર માયાથી પ્રેરણા પામે છે, મનની મુખ્યતાવાળું છે, દસ ઈન્દ્રિયો અને પાંચ પ્રાણ એ પંદર આરારૂપ હોઈ ઝડપથી ચાલી રહ્યું છે. સત્ત્વાદિ ત્રણ ગુણો એ ચક્રની નાભિ એટલે આરાઓ જેમાં ગોઠવાય છે તે મધ્યપ્રદેશ છે. વીજળી

જેવું તે ચંચળ છે અને આઠ પ્રકૃતિઓ તે ચક્રની નેમિ છે. જે પરમાત્મા જીવની સમીપ તેના નિયંતા તરીકે રહે છે, કેવળ એક જ્ઞાનસ્વરૂપ છે, પ્રકૃતિથી પર, અદૃશ્ય, નિર્વિકાર અને દેશ તથા કાળથી અમાપ પરબ્રહ્મ છે; તે પરમાત્માને ધીર યોગી પુરુષો યોગરૂપી સાધન દ્વારા ઉપાસે છે. જે પરમેશ્વરની માયા વડે પ્રાણીઓ મોહ પામે છે અને જે માયાને લીધે પોતાના આત્મસ્વરૂપને જાણી શકતાં નથી, એવા તે પરમેશ્વરની માયાને કોઈ પણ તરી શકતું નથી. સર્વ જીવોને તથા પોતાની શકિતરૂપ માયાને જેમણે જીતેલ છે અને સર્વ પ્રાણીઓમાં જે સમાનપણે રહ્યા છે, તે પરમેશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ. અમે (દેવો) અને ઋષિઓ ભગવાનના પ્રિય શરીરરૂપ સત્ત્વગુણથી જ સર્જાયા છીએ અને બહાર તથા અંદર પ્રકટ છતાં જેમની સૂક્ષ્મ ગતિ—નિરુપાધિક સ્વરૂપને જાણી શકતા નથી, તો રજોગુણ અને તમોગુણ જ જેમાં મુખ્ય હોય એવા અસુરો વગેરે તો એ ભગવાનના સ્વરૂપને ક્યાંથી જાણી શકે ? જે પૃથ્વી ભગવાને પોતે જ રચી છે અને જે પૃથ્વી પર (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એમ) ચાર પ્રકારની ભૂતસૃષ્ટિ રહેલી છે, એવી આ પૃથ્વી જ જેમના બે પગ છે તે સર્વદા સ્વતંત્ર અસ્ખલિત સ્વરૂપવાળા અને મોટા ઐશ્વર્યવાળા મહાપુરુષ અમારા પર પ્રસન્ન થાઓ. જે જળથી ત્રણ લોક અને બધા લોકપાલો ઉત્પન્ન થાય છે, જીવે છે અને વૃદ્ધિ પામે છે તે ઉત્કૃષ્ટ શકિતવાળું જળ જેમનું વીર્ય છે, તે મહાઐશ્વર્યવાળા અને અખંડ સ્વરૂપવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. જે ચંદ્રમા દેવોના અન્નરૂપ હોઈ બળ તથા આયુષ્યરૂપ પણ છે; તેમ જ વૃક્ષોનો જે અધિપતિ અને પ્રજાને વધારનાર છે, તે ચંદ્રમા જે ભગવાનનું મન છે એમ વેદો કહે છે; તે મહાઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જેનાથી ધન ઉત્પન્ન થયું છે, ક્રિયાકાંડથી જણાતા કર્મના નિમિત્તે જ જેનો જન્મ છે, જે પ્રાણીઓના પેટમાં પકવવાને યોગ્ય અન્નાદિ ધાતુ પકવે છે અને સમુદ્રમાં પણ વડવાનલસ્વરૂપે જળનું જે શોષણ કરે છે, તે અગ્નિ જેમનું મુખ છે, એવા મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. અર્ચિરાદિ માર્ગના દેવ, વેદમય, બ્રહ્મની ઉપાસના કરવાનું સ્થાન, મોક્ષનું દ્વાર, પુણ્યલોકરૂપ હોવાથી અમૃતરૂપ ને કાળરૂપ હોવાથી મૃત્યુરૂપ આ સુર્ય જેમનું ચક્ષુ છે, એવા મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. જે વાયુ સ્થાવરજંગમ પ્રાણીઓના પ્રાણરૂપ, માનસિક શકિતરૂપ, શરીરની શકિતરૂપ તથા ઇંદ્રિયોની શકિતરૂપ છે અને જેમ ચક્રવર્તી રાજાને તેના અનુયાયીઓ અનુસરે તેમ જે પ્રાણને અમે અનુસરી રહ્યા છીએ, તે પ્રાણવાયુ જે ભગવાનના પ્રાણથી ઉત્પન્ન થયો છે, તો મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જે મહાપુરુષના કાનમાંથી દિશાઓ, હૃદયમાથી દેહનાં છિદ્રો અને નાભિમાંથી પ્રાણ, ઇંદ્રિયો, મન તથા શરીરના આશ્રયરૂપ આકાશ ઉત્પન્ન થયું છે, તે મહાન ઐશ્વર્યવાળા પરમેશ્વર અમારા પર પ્રસન્ન થાઓ. જેમના બળમાંથી મહેન્દ્ર, કૃપાથી દેવો, ક્રોધથી શંકર, બુદ્ધિથી બ્રહ્મા, દેહનાં છિદ્રોમાંથી વેદો તથા ઋષિઓ અને લિંગમાંથી પ્રજાપતિ ઉત્પન્ન થયા છે, તે મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. જેમની છાતીમાંથી લક્ષ્મી, છાયામાંથી પિતૃઓ, સ્તનમાંથી ધર્મ, વાંસામાંથી અધર્મ, મસ્તકમાંથી સ્વર્ગ અને વિહારમાંથી અપ્સરાઓ ઉત્પન્ન થઈ છે તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જેમના મુખથી બ્રાહ્મણો તથા રહસ્યરૂપ વેદો ઉત્પન્ન થયેલ છે, ક્ષત્રિયો તથા બળ જેમની બે ભુજાઓમાંથી ઉત્પન્ન થયેલ છે, વૈશ્યો અને તેઓની વૃત્તિવેપાર જેમની બે સાથળોમાંથી ઉત્પન્ન થયેલ છે અને શૂદ્રો તથા તેમની વૃત્તિ સેવા જેમના પગમાંથી

ઉત્પન્ન થયેલ છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જેમના નીચલા હોઠથી લોભ, ઉપલા હોઠથી પ્રીતિ, નાસિકાથી કાંતિ, સ્પર્શથી અજ્ઞાનીઓને હિતકારી જણાતો કામ, બે ભ્રૂકુટિમાંથી યમદેવ અને જેમની પાંપણોમાંથી કાળ ઉત્પન્ન થયો છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. વિદ્વાનો કહે છે કે, પાંચ મહાભૂતો, કાળ, કર્મ, ગુણો તથા ભૌતિક પ્રપંચ; આ બધું જેમની યોગમાયાથી રચાયેલ છે. અને જે જાણવું કઠિન છે; કારણ કે વિદ્વાનો તેને તર્કવિતર્કથી ગુપ્ત રાખે છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જેને પોતાની શકિતથી સત્વાદિ ગુણોનું શમન કરે છે, જેમનું સ્વરૂપ પરમાનંદરૂપી સ્વરાજયથી પરિપૂર્ણ છે અને વાયુની જેમ જેઓ માયાથી રચાયેલા ગુણોમાં અસંગ રહે છે તે પરમાત્માને અમારા નમસ્કાર હો. અમે આપને શરણે આવ્યા છીએ અને આપના મંદહાસ્યયુક્ત મુખકમળનાં દર્શન કરવા ઈચ્છીએ છીએ; માટે અમારી ઈન્દ્રિયોથી જોઈ શકીએ તેમ અમને પોતાનું દર્શન આપો. હે વ્યાપક ! આપ ભગવાન સમયે સમયે પોતાની ઈચ્છાથી ધારણ કરેલાં સ્વરૂપો વડે પોતાની મેળે અમારાથી ન થઈ શકે તેવાં કર્મ કરો છો. વિષયોથી પીડાતા (સકામ) પ્રાણીઓનાં કર્મો ઘણા કલેશવાળા, અલ્પ સારવાળાં અથવા નિષ્ફળ જ હોય છે; પણ આપને અર્પણ કરેલું નિષ્કામ કર્મ તેવું હોતું નથી. મનુષ્યને કોઈ કર્મ અલ્પ હોય કે આભાસ માત્ર હોય તો પણ જો તે ઈશ્વરને અર્પણ કર્યું હોય તો કદી નિષ્ફળ થતું નથી; કેમ કે તે ઈશ્વર મનુષ્યના આત્મા, પ્રિય અને હિતકારી છે. જેમના વૃક્ષના મૂળમાં કરેલું જળસિંચન તેનાં થડ તથા ડાળીઓને પણ પોષણકર્તા થાય છે, તેમ પરમાત્માનું આરાધન સર્વ પ્રાણીઓને તથા પોતાને પણ પોષણકર્તા થાય છે. જેમનાં સ્વાભાવિક કર્મો તથા તેની લીલાઓ તર્કમાં આવવી મુશ્કેલ છે, જે પોતે નિર્ગુણ હોઈ ગુણોના નિયંતા છે, છતાં હમણાં (સુષ્ટિનું પાલન કરવા) સત્ત્વગુણમાં રહ્યા છે, તે આપ અનંતને અમે નમસ્કાર કરીએ છીએ. ૧-૫૦

नमस्तुभ्यमनन्ताय दुर्वितर्क्यात्मकर्मणे । निर्गुणाय गुणेशाय सत्त्वस्थाय च साम्प्रतम् ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## અમૃત માટે દેવો તથા અસુરોનો મહાન ઉધમ - સમુદ્ર મંથન કથા

॥ श्रीशुक उवाच ॥

एवं स्तुतः सुरगणैर्भगवान् हरिरीश्वरः । तेषामाविरभूद्राजन् सहस्त्रार्कोदयद्युतिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! દેવગણોએ એ રીતે સ્તુતિ કરી એટલે સર્વના ઈશ્વર અને ઉદય પામતા હજાર સૂર્યના જેવી કાંતિવાળા ભગવાન શ્રીહરિ તેઓની આગળ પ્રકટ થયા. તે વેળા ભગવાનના એ તેજથી જ સર્વ દેવોનાં નેત્રો એવાં અંજાઈ ગયાં કે જેથી તેઓ આકાશ, દિશા, પૃથ્વી, પોતાને પણ જોઈ શક્યા નહિ, તો ભગવાનને ક્યાંથી જોઈ શકે ? કેવળ બ્રહ્માએ તથા ભગવાન શંકરે તે પરમાત્માના શરીરનાં દર્શન કર્યા કે જે શરીર સ્વચ્છ, મરકતમણિ જેવું શ્યામ, કમળના મધ્યભાગ જેવાં લાલ નેત્રોવાળું, તપાવેલાં સુવર્ણ સમાન પ્રકાશતાં પીતાંબરથી શોભતું; સર્વાંગે પ્રસન્ન અને સુંદર મનોહર મુખવાળું, સુંદર ભ્રૂકુટિવાળું, ઉત્તમ મણિઓથી જડેલા મુકુટ તથા બે બાજુબંધો વડે શોભતું,

કાનનાં આભૂષણોથી શોભતા બે ગાલ વડે મુખકમળની શોભાથી યુકત, કંદોરો, કડાં, હાર અને ઝાંઝરોથી શોભાયમાન, કૌસ્તુભમણિના આકારની તથા વનમાળાની શોભા ધારણ કરતું અને સુદર્શન આદિ મૂર્તિમાન પોતાનાં શસ્ત્રોથી સેવાતું હતું, ભગવાનનું એ સ્વરૂપ જોઈ બ્રહ્મા તથા શંકરે સર્વ દેવગણોની જ સાથે પૃથ્વી પર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને પછી એ પરમપુરુષની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.

**બ્રહ્મા સ્તુતિ કરે છે :** જેમનો (અમારી પેઠે) જન્મ, સ્થિતિ, કે નાશ કદી થતો જ નથી, (માત્ર આવિર્ભાવ જ થયેલ છે;) સર્વ ગુણોથી જે રહિત છે, મોક્ષસુખના સમુદ્ર છે, સુક્ષ્મ કરતાં પણ અતિ સૂક્ષ્મ છે અને જેમનું સ્વરૂપ અમાપ છે, તે મહાપ્રભાવવાળા આપને અમારા વારંવાર નમસ્કાર હો. હે પુરુષશ્રેષ્ઠ ! આપનું આ સ્વરૂપ કલ્યાણની ઈચ્છાવાળા પુરુષોને વૈદિક તથા તાંત્રિક ઉપાયોથી સર્વદા પૂજ્ય છે. આપના સ્વરૂપમાં હે વિધાતા ! હું મારા સહિત ત્રણે લોકને જોઉ છું; કારણ કે આપની આ મૂર્તિમાં બધાં જગત રહ્યાં છે. આ જગત સર્વ પ્રકારે સ્વતંત્ર એવા આપ વિષે પ્રથમ લીન હતું, મધ્યમાં દેખાય છે અને અંતમાં પણ એ ફરીથી, આપમાં લીન થશે; કેમ કે જેમ ઘડાનો આદિ, મધ્ય તથા અંત માટી છે, તેમ આ જગતના આદિ, મધ્ય તથા અંત પણ આપ છો અને સર્વથી પર એવી માયાથી પણ પર છો. આપે પોતાને સ્વાધીન પોતાની માયાથી આ જગત સર્જી તેમાં પ્રવેશ કર્યો છે અને તેથી જ વિવેકી (વિદ્વાન) યોગી પુરુષો ગુણોના પરિણામમાં પણ આપને મનથી નિર્ગુણ જ જુએ છે. જેમ મનુષ્યો ઉપાયો વડે લાકડામાંથી અગ્નિ, ગાયોમાંથી ઘી, પૃથ્વીમાંથી (ખેડવા વગેરેથી) અન્ન, (ખોદવાથી) જળ તથા ઉદ્યમ કરી આજીવિકા મેળવે છે; તેમ વિદ્વાન પણ બુદ્ધિથી દેહાદિ ગુણોમાં આપને પ્રાપ્ત કરે છે અને વર્ણવે છે, હે નાથ ! હે પદ્મનાભ ! ઘણા લાંબા કાળથી અમે આપને ઈચ્છતા હતા ને તે આજ આપને પ્રત્યક્ષ પ્રકટેલા જોઈ અમે સર્વ જેમ ગંગાના જળને પામી દાવાનળથી પીડાયેલા હાથીઓ શાંતિ પામે તેમ શાંતિ પામ્યા છીએ. હે અંતરાત્મન્ ! બહાર અને અંદર સર્વના સાક્ષી આપને બીજાઓને શું જણાવવાનું હોય ? (આપ તે બધું જાણો જ છો.) માટે સમગ્ર લોકનું પાલન કરનારા અમે) લોકપાલો જે કાર્ય માટે આપના ચરણમૂળમાં આવ્યા છીએ તેને આપ પૂર્ણ કરો. હે ઈશ્વર ! હું શંકર, દેવો વગેરે તથા દક્ષ આદિ પ્રજાપતિઓ અગ્નિથી જુદા જણાતા તેના તણખાઓની પેઠે આપથી જુદા જણાઈએ છીએ, તે અમે અમારું કલ્યાણ શું જાણી શકીએ છીએ ? નથી જ જાણતા, માટે આપ જ બ્રાહ્મણો તથા દેવોના સુખને ઉપાય કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ બ્રહ્મા વગેરેએ સ્તુતિ કરી, એટલે ભગવાને તે જ પ્રમાણે તેઓનાં હૃદય (એટલે 'અમને કંઈ સલાહ આપો' એવા વિચાર)ને જાણી લઈ બે હાથ જોડીને ઊભેલા અને સર્વ ઈંદ્રિયોને જેમણે વશ કરી હતી, એવા તે દેવોને મેઘ જેવી ગંભીર વાણીથી કહ્યું. દેવોના ઈશ્વર તે ભગવાનના એકલા જ દેવોનું કાર્ય કરવા સમર્થ હતા ; તોપણ સમુદ્ર મંથન વગેરે કરી વિહાર કરવાની તેમને ઈચ્છા હતી, તેથી દેવોને તેમણે આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** અહો ! હે બ્રહ્મા ! હે શંકર ! અને હે દેવો ! તમે બધા સાવધાન થઈ મારું કહેવું સાંભળો. હે દેવો ! તે પ્રમાણે કરવાથી તમારું કલ્યાણ થશે. તમે અહીંથી જાઓ અને પ્રથમ તો દૈત્યો તથા દાનવો સાથે સંધિ કરો; કારણ કે હમણાં તે દૈત્ય–દાનવો ઉપર કાળની કૃપા છે, માટે જ્યાં સુધી તમારો અભ્યુદય ન થાય ત્યાં સુધી તમે તેમની સાથે સંધિ કરો. હે દેવો ! જ્યારે કોઈ મોટું કાર્ય કરી લેવાનો

પ્રસંગ હોય ત્યારે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. પછી કાર્યસિદ્ધિ થઈ જાય એટલે એક સર્પે જેવું ઉંદર સાથે વર્તન કર્યું હતું તેવું વર્તન કરવું. તમે (એ દૈત્યો સાથે મળી) અમૃત ઉત્પન્ન કરવા જલદી પ્રયત્ન કરો. કે જે અમૃત પીવાથી મૃત્યુથી ઘેરાયેલા પ્રાણી અમર થાય છે. હે દેવો ! બધા વેલા, ઘાસ, લતાઓ તથા ઔષધિઓને સમુદ્રમાં નાખી મંદરાચલ પર્વતનો રવૈયો અને વાસુકિ નાગને નેતરું કરી, આળસ છોડી મારી સહાયથી સમુદ્રમંથન કરો. તમારા એ કાર્યમાં દૈત્યોને તો કેવળ પરિશ્રમ જ પડશે; ફળ તો તમને જ મળશે. હે દેવો ! તે અસુરો જે કંઈ ઈચ્છા કરે તેમાં તમે સંમતિ આપજો; કારણ કે હરકોઈ કાર્ય જેવાં શાંતિ કે સલાહથી થાય છે, તેવાં ઉતાવળથી કે વિરોધ કરવાથી થતાં નથી. એ સમુદ્રમાંથી કાલકૂટ નામનું ઝેર ઉત્પન્ન થશે; પણ તેથી તમે ડરશો મા અને કોઈ વસ્તુ માટે લોભ, ક્રોધ કે લાલચ કદી કરશો નહિ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! દેવોને એમ કહી ભગવાન પુરુષોત્તમ તેઓના દેખતાં અદશ્ય થયા; કેમ કે તે ભગવાન તો પોતાની ઈચ્છાનુસાર ગતિવાળા અને સર્વના ઈશ્વર છે. પછી બ્રહ્મા અને શંકર તે ભગવાનને નમસ્કાર કરી, પોતપોતાના ધામમાં ગયા અને દેવતાઓ બલિરાજા પાસે ગયા. દેવતાઓ શત્રુઓ હતા, છતાં તેઓ યુદ્ધ માટે તૈયાર થઈને આવ્યા ન હતા, તોપણ પોતાના સેનાપતિઓને તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થયેલા જોઈ યશસ્વી બલિરાજાએ તેઓને અટકાવ્યા; કારણ કે તે સંધિ તથા યુદ્ધકાળને જાણતો હતો. પછી અસુર સેનાપતિઓથી રક્ષાતા ઉત્તમ રાજ્યલક્ષ્મીથી સેવાતા ને જેણે સમગ્ર લોકોને જીત્યા હતા, એવા ત્યાં બેઠેલા બલિરાજા પાસે દેવતાઓ ગયા. મહાબુદ્ધિમાન ઈંદ્રે સુંદર વાણીથી બલિરાજાને શાંત પાડી ભગવાન પુરુષોત્તમ પાસેથી પોતે શીખ્યો હતો, તે સર્વ સમુદ્રમંથન સંબંધી વૃત્તાંત તેને કહ્યો. એટલે દૈત્યબલિરાજાને તથા બીજા જે અસુર રાજાઓ શંભર, અરિષ્ટનેમિ વગેરે ત્યાં હતા તેઓને તેમ જ બીજા પણ ત્રિપુરવાસી દાનવોને તે ગમ્યું. હે શત્રુતાપન રાજા ! પછી પરસ્પર ઠરાવ કરી જેઓએ મિત્રતા કરી હતી, એવા દેવો તથા દૈત્યોએ અમૃત માટે મોટો ઉદ્યમ કર્યો. તેઓ શકિતવાળા, ભૂંગળ જેવી લાંબી ભુજાઓવાળા અને મદોન્મત્ત હતા, તેથી બળથી મંદરાચલ પર્વતને ઉપાડી ગર્જના કરતા સમુદ્ર તરફ તેને લઈ જવા લાગ્યા પણ ઇંદ્ર તથા બલિરાજા આદિ દેવો અને દૈત્યો ઘણે દૂર સુધી તે પર્વતનો ભાર ઉપાડવાથી થાકી જઈ આગળ ઉપાડી જવા અસમર્થ થયા અને થાકને વશ થઈ માર્ગમાં જ તે પર્વતને પડતો મૂક્યો. એ વેળા ત્યાં પડતા તે સોનાના પર્વતે અનેક દેવો તથા દૈત્યોને મોટા ભારથી ચગદી નાખ્યા. એ રીતે જેઓનાં બાહુઓ, સાથળો તથા ડોક ભાંગી ગયાં હતાં, એવા તે દેવ–દૈત્યોનાં મન પણ ઉત્સાહરહિત થયાં તે જાણી ભગવાન વિષ્ણુ ત્યાં પ્રકટ થયા અને પર્વતના પડવાથી ચગદાયેલા દેવ તથા દાનવોને કૃપાદષ્ટિથી જોઈને જિવાડયા અને તેમને પ્રથમના જેવા થાક અને ઘા વિનાના કર્યા. પછી એક હાથે રમતમાં પર્વતને ગરુડ ઉપર ચડાવી પોતે પણ તેના પર બિરાજી દેવો તથા અસુરગણો સાથે ક્ષીરસમુદ્ર ઉપર ગયા ત્યાં કાંધ ઉપરથી પર્વતને ઉતારી જળ પાસે તેને મૂકી પક્ષીરાજ ગરુડ શ્રીહરિની રજા મળવાથી ગયો.૧ ૧-૩૯

अवरोप्य गिरिं स्कन्धात् सुपर्णः पततां वरः । ययौ जलान्त उत्सृज्य हरिणा स विसर्जितः ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

# સમુદ્રમાંથી નીકળેલા ઝેરનું શંકરે પાન કર્યું

॥ श्रीशुक उवाच ॥

ते नागराजमामन्त्रय बलभागेन वासुकिम् । परिवीय गिरौ तस्मिन्नेत्रमब्धिं मुदान्विताः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'હે કુરુવંશી રાજા ! પછી એ દેવો અને દૈત્યો નાગરાજ વાસુકિને અમૃતનો ભાગ આપવાનું ઠરાવી, તેને નેતરાં, તરીકે મંદરાચળ પર્વત પર વીંટી અમૃત માટે હર્ષયુક્ત અને સાવધાન થઈ સમુદ્રને મથવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ પ્રથમ તે સર્પનું મુખ (ખેંચવા માટે) લીધું, એટલે દેવોએ પણ મુખ જ પકડયું, દૈત્યોના આગેવાનોએ ભગવાનના એ વર્તનને ઠીક ન માન્યું; તેઓ બોલી ઊઠ્યા : 'અમે સર્પનું અમંગળ અંગ (પૂછડું) પકડીશું નહિ; કેમ કે અમે વેદાધ્યયન તથા શાસ્ત્રજ્ઞાનથી યુક્ત અને જન્મ તથા કર્મોથી પ્રખ્યાત છીએ' એમ કહી દૈત્યો મૌન ઊભા રહ્યા, તે જોઈ પુરુષોત્તમ ભગવાને મંદ હસી સર્પનું મુખ છોડી દેવો સાથે તેનું પૂછડું પકડયું. એ રીતે પોતપોતાનાં સ્થાનને વહેંચી લઈ તે દેવો તથા દૈત્યો ઘણા પ્રયત્નપૂર્વક અમૃત માટે સમુદ્રને મથવા લાગ્યા. હે પાંડુપુત્ર ! એમ સમુદ્રને મથવા માંડયો ત્યારે તે બળવાન દેવદૈત્યોએ પકડયા છતાં મંદરાચળ પર્વત, નિરાધાર અને ભારે હોવાથી જળમાં પેસી ગયો. એ રીતે મહાબળવાન દૈવે તેમના પુરુષાર્થનો નાશ કર્યો, ત્યારે એ દેવો અને દૈત્યો મનમાં ઘણો ખેદ પામ્યા. તેઓનાં મુખની કાંતિ ઝાંખી થઈ ગઈ. તે સમયે વિઘ્નનાયક—દૈવે કરેલું તે વિઘ્ન જોઈ અનંત પરાક્રમી અને સત્યસંકલ્પવાળા ઈશ્વરે મહાઅદ્‌ભુત કાચબાનું શરીર ધારણ કરી જળમાં પ્રવેશ કર્યો અને મંદરાચલ પર્વતને, (પોતાની પીઠ ઉપર) લઈ પાછો ઊંચે આણ્યો. એમ કુલાચલ પર્વતને પાછો ઉપર આવેલો જોઈ ફરી દેવો અને અસુરો સમુદ્રને મથવા લાગ્યા. તે વખતે બીજો મોટો બેટ હોય તેવું કાચબાનું સ્વરૂપ ધારણ કરનારા ભગવાને મંદરાચલ પર્વતને એક લાખ યોજન વિસ્તારવાળી પોતાની પીઠ પર ધરી રાખ્યો. હે રાજા ! મોટા દેવો અને અસુરો પોતાના બાહુના પરાક્રમથી તે પર્વતને ધ્રુજાવી ભગવાન કચ્છપની પીઠ ઉપર ફેરવતા હતા; તોપણ અમાપ તે આદિ ભગવાન કચ્છપ પોતાની પીઠ પર ફરતા તે પર્વતને ધારણ કરી તેના ફરવાને શરીર ઉપર ખણવારૂપે જ માનતા હતા. વળી તે વિષ્ણુભગવાને તે દેવો તથા અસુરોના બળમાં પ્રેરણા કરવા અસુરોમાં આસુરી સ્વરૂપે દેવોમાં દેવતાંઈ સ્વરૂપે અને નાગેન્દ્ર વાસુકિમાં નિદ્રાસ્વરૂપે પ્રવેશ કર્યો. વળી હજારો હાથવાળા તે ભગવાન બીજો મોટો પર્વત હોય તેવા થઈ મંદરાચલ પર્વતના ઉપરના ભાગને પોતાના એક હાથથી દબાવીને ઊભા હતા. તે વખતે બ્રહ્મા, શંકર તથા ઈંદ્રાદિ દેવો તે ભગવાનની સ્તુતિ કરતા તેમના પર પુષ્પવૃષ્ટિ કરતા હતા, એમ ઉપર, નીચે, દેવોમાં, દૈત્યોમાં, પર્વતમાં તથા નેતરાંમાં પરમેશ્વરના પ્રવેશથી ઘણા જોરમાં આવેલા તે દેવો અને દૈત્યો બળ અને મદથી છકી જઈ સમુદ્રને મથવા લાગ્યા. તેથી સમુદ્રમાં પર્વતના ફરવાને લીધે જળચર પ્રાણીઓ ખળભળી ઊઠયાં. તે વેળા વાસુકિ નાગનાં હજારો નેત્રોમાંથી, મુખમાંથી તથા શ્વાસમાંથી નીકળતા અગ્નિ અને ધુમાડાને લીધે પૌલોમ, કાલેય, બલિ તથા ઈલ્વલ વગેરે અસુરોની કાંતિ નાશ પામી ગઈ અને તેથી દાવાનળ વડે બળી ગયેલા દેવદારનાં ઝાડ જેવા તેઓ થઈ ગયા તેમ જ દેવો પણ વાસુકિના શ્વાસની ઝાળથી ઝાંખા થઈ ગયા અને તેઓનાં વસ્ત્રો, પુષ્પોની માળાઓ ઉત્તમ પ્રકારના જામા તથા મુખો પણ ધુમાડિયા જેવાં થઈ ગયાં. તે સમયે ભગવાનને વશ રહેનારા મેઘોએ તેઓ ઉપર

વૃષ્ટિ કરી અને સમુદ્રના તરંગો સાથે અથડાયેલા શીતળ વાયુ વાવા લાગ્યા. એમ દેવો તથા અસુરોના નાયકો સમુદ્રને મથતા હતા, તોપણ અમૃત ન નીકળ્યું ત્યારે ભગવાન પોતે સમુદ્રને મથવા લાગ્યા. તે વેળા મેઘ જેવા શ્યામ, પીળાં વસ્ત્રવાળા, કાનમાં ઝળહળતી વીજળી જેવાં કુંડળો ધારણ કરતા, મસ્તક પર શોભતા છૂટા કેશવાળા, વનમાલા ધારણ કરતા, લાલ નેત્રોવાળા અને જગતને અભય આપનારા વિજયશીલ બાહુઓથી સર્પને પકડી મંદરાચળરૂપી રવૈયા વડે સમુદ્રને મથતાં તે પર્વતધારી ભગવાન બીજો સામે પર્વત હોય તેવા શોભતા હતા. એમ સમુદ્ર મથાતો હતો; માછલાં, મગરમચ્છો, સર્પો તથા કાચબા વગેરે જળજીવો તેમાં ગભરાયાં હતાં; તેમ જ તિમિ નામનાં માછલાં, હાથીઓ, ઝૂડો તથા તિમિ માછલાંને ગળી જનારાં જળચર પ્રાણીઓ પણ તે સમુદ્રમાં વ્યાકુળ બન્યાં હતાં; ત્યારે એમાંથી પ્રથમ જ હળાહળ નામનું મહાઉગ્ર ઝેર નીકળ્યું. હે રાજા ! તે ઝેરનો વેગ ઉગ્ર હતો. તે અસહ્ય (અનુપમ) હોઈ સર્વ દિશામાં ઉપર અને નીચે ફેલાઈ ઊછળવા લાગ્યું, જેથી પ્રજાઓ ભયભીત થઈ લોકપાલો સાથે નાસવા લાગી અને કોઈ તરફથી રક્ષણ ન મળતાં સદાશિવને શરણે ગયા. દેવોમાં શ્રેષ્ઠ તે સદાશિવ ત્રણે લોકના કલ્યાણ માટે પાર્વતીજી સાથે કૈલાસ પર્વત ઉપર બિરાજ્યા હતા અને ત્રિલોકના અભ્યુદય માટે મુનિઓને માન્ય એવું તપ કરી રહ્યા હતા. તેમનાં દર્શન કરી સર્વ પ્રજાપતિઓએ તેમને પ્રણામ કર્યા (અને આ પ્રમાણે સ્તુતિ કરી.)

**પ્રજાપતિઓ બોલ્યા :** હે દેવોના દેવ ! હે મહાદેવ ! હે પ્રાણીઓના આત્મા ! હે પ્રાણીઓના રક્ષક! અમે આપને શરણે આવ્યા છીએ. માટે ત્રણે લોકને બાળતા આ ઝેરથી આપ અમારી રક્ષા કરો. આપ એક જ સર્વ જગતના બંધ તથા મોક્ષના ઈશ્વર છો અને તેથી જ કુશળ વિદ્વાનો શરણે આવેલાઓના દુઃખને હરનાર આપ ગુરુનું પૂજન કરે છે. હે વ્યાપક પ્રભો ! પોતાની ત્રિગુણાત્મક શકિતથી આપ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરો છો અને સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા આપ જ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ નામો ધરો છો. આપ પરમ ગુહ્ય બ્રહ્મ છો; દેવ, પશુપક્ષી તથા મનુષ્યો વગેરેને ઉત્પન્ન કરો છો અને કેવળ આત્મારૂપ જ છો; છતાં પોતાની અનેક શક્તિઓથી જગતરૂપ ભાસો છો; માટે આપ ઈશ્વર છો. આપ વેદના ઉત્પત્તિસ્થાન છો; (માટે જ સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા છો) જગતનું આદિ મહત્તત્ત્વ છો; અહંકાર છો; તે અહંકારના ગુણો, પ્રાણ, ઈન્દ્રિયો તથા શરીરના કારણરૂપ છો અને કાળ, સંકલ્પ, સત્ય, મધુર ભાષણ તથા ધર્મ પણ આપ જ છો. વિદ્વાનો કહે છે કે ત્રિગુણાત્મક માયાને પણ આપનો જ આશ્રય છે; અથવા (अ, उ, म्) એ ત્રણ અક્ષરોરૂપ ૐકાર પણ આપને વિષે જ રહેલ છે. હે લોકોને ઉત્પન્ન કરનાર ! સર્વ દેવતાઓ રૂપ અગ્ન આપનું મુખ છે. પૃથ્વી આપનાં ચરણકમળ છે. કાળ આપની ગતિ છે, દિશાઓ સમગ્ર દેવરૂપ આપના કાન છે, વરુણદેવ આપની જીભ છે, આકાશ આપની નાભિ છે, વાયુ આપનો શ્વાસ છે, સૂર્ય આપનાં નેત્ર છે, જળ આપનું વીર્ય છે, અહંકાર આપનો આત્મા છે, ચંદ્ર આપનું મન છે અને હે ભગવાન ! સ્વર્ગ આપનું મસ્તક છે. તેમ જ હે વેદમૂર્તિ દેવ ! સમુદ્રો આપનું પેટ છે, પર્વતો આપનાં હાડકાં છે, સર્વ ઔષધિઓ આપનાં રુંવાડાં છે, સાક્ષાત વેદો આપની સાત ધાતુઓ છે અને સર્વ ધર્મ આપનું હૃદય છે. હે ઈશ્વર ! પાંચ ઉપનિષદો આપનાં મુખ છે, જે ઉપનિષદોના મંત્રોના પદવિભાગ કરતાં આડત્રીસ મંત્રો થાય છે અને હે દેવ ! 'શિવ' નામે સ્વયંજ્યોતિ સત્ય તત્ત્વ આપની શાંત અવસ્થા છે. હે દેવ ! અધર્મના તરંગો (દંભ, લોભ વગેરે) આપની છાયા છે અને જેનાથી આ સૃષ્ટિની વિવિધ

ઉત્પત્તિ થાય છે તે સત્ત્વગુણ, રજોગુણ તથા તમને ગુણ આપનાં ત્રણ નેત્રો છે; તેમ જ ગાયત્રી આદિ છંદવાળો ઘણો જ જૂનો વેદ તે શાસ્ત્રકર્તા અને સાંખ્યસ્વરૂપ આપનું દર્શન છે. હે શંકર ! જેમાં રજોગુણ કે તમો ગુણ કે સત્ત્વગુણે નથી અને જે સમસ્ત ભેદરહિત બ્રહ્મરૂપ છે, તે આપનું પરમ જ્યોતિર્મયસ્વરૂપ સમગ્ર લોકપાલો, બ્રહ્મા, વિષ્ણુ તથા દેવેન્દ્રથી પણ જણાતું નથી. કામદેવ, દક્ષનો યજ્ઞ, મૃત્યુ તથા ઝેર વગેરે અનેક દ્રોહ કરનારાઓનો સંહાર કરનાર આપનું તે તે કર્મ સ્તુતિ માટે યોગ્ય થતું નથી. (કારણ કે તે તે કર્મ તો આપની દૃષ્ટિએ અતિ તુચ્છ છે.) આપ પ્રલયકાળે પોતાનાં નેત્રના અગ્નિના એક તણખાની શિખાથી ભસ્મીભૂત થયેલ પોતે રચેલા આ જગતને જાણતા પણ નથી, (તો આપ આ સમયે આ ઝેર પીઓ, તેમાં આપની સ્તુતિ કરવા જેવું શું છે ? ) જેમનાં બંને ચરણોને મોટા આત્મારામ પુરુષો પણ હૃદયમાં ચિંતવે છે અને જે આપ તપશ્ચર્યાથી અત્યંત તપેલા રહો છો, તે આપને જે મૂર્ખ પુરુષો પાર્વતી સાથે વિચરનાર (કામી) કહે છે અને શ્મશાનમાં વિચરતા આપને ઉગ્ર તથા હિંસક કહે છે, તેઓ અવશ્ય આપની લીલા જાણતા જ નથી; અને તેથી જ નિર્લજ્જ થઈ આપ વિષે જેમ તેમ બકે છે. આપ કાર્ય તથા કારણથી પર રહેલી માયાથી પણ પર અને સર્વવ્યાપક છો, તેથી જ આપનું સ્વરૂપ જાણવા બ્રહ્માદિ મોટા પુરુષો પણ સહેજમાં સમર્થ થતા નથી; તો સ્તુતિ કરવા ક્યાંથી સમર્થ થાય ? વળી અમે તો તે બ્રહ્માના પુત્રોના પણ પુત્રરૂપ છીએ, તેથી આપના સ્વરૂપને કેમ જ જાણી કે સ્તવી શકીએ ? માત્ર અમારી શક્તિ પ્રમાણે જ આપની સ્તુતિ કરીએ છીએ. હે મહેશ્વર ! આપના આ સગુણ સ્વરૂપને જ અમે જોઈ શકીએ છીએ, પણ તે અદૃશ્ય (નિર્ગુણ) સ્વરૂપને જોઈ શકતા નથી. આપનાં કર્મો જોકે અપ્રકટ છે છતાં આપનું (સગુણસ્વરૂપમાં) પ્રકટપણું છે, તે તો કેવળ લોકોને સુખ આપવા માટે જ છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પ્રજાઓનું તે દુઃખ જોઈ તેઓ ઉપરની કૃપાને લીધે અત્યંત દુઃખી થઈ ને સર્વ પ્રાણીઓના મિત્ર શંકરદેવ પ્રિયા સતીદેવીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શિવ બોલ્યા :** અહો ભવાની ! દુઃખની વાત છે કે ક્ષીરસમુદ્રના મંથનથી ઉત્પન્ન થયેલા ઝેરને લીધે પ્રજાઓ પર આ દુઃખ આવ્યું છે, તેને તમે જુઓ ! આ પ્રજાઓ પ્રાણનું રક્ષણ કરવા ઈચ્છે છે માટે તેઓને મારે નિર્ભય કરવી જોઈએ; કારણ કે ગરીબોનું રક્ષણ કરવું તે જ સમર્થ પુરુષનું કાર્ય છે. પ્રાણીઓ પરમાત્માની માયાથી મોહિત થઈ પરસ્પર વેર બાંધી રહ્યાં છે, ત્યારે પુરુષો પોતાના પ્રાણથી પણ પ્રાણીઓની રક્ષા કરે છે. હે કલ્યાણી દેવિ ! કૃપા કરનાર પુરુષ ઉપર સર્વના આત્મા શ્રીહરિ પ્રસન્ન થાય છે અને તે ભગવાન પ્રસન્ન થાય એટલે સ્થાવરજંગમ સહિત હું પણ પ્રસન્ન થાઉં છું; માટે આ ઝેર હું ખાઈ જાઉં છું અને તે દ્વારા મારાથી આ સર્વ પ્રજાઓનું કલ્યાણ થાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ દેવી ભવાનીને કહી જગતનું કલ્યાણ કરનારા ભગવાને ઝેર ખાઈ જવા તૈયારી કરી અને તેમના પ્રભાવને જાણનારાં દેવી પાર્વતીએ પણ તેમ કરવા સલાહ આપી. પછી બધે ફેલાતા તે હળાહળ ઝેરને હથેળીમાં લઈ પ્રાણીઓનું કલ્યાણ કરનારા મહાદેવજી પી ગયા. સમર્થ મહાદેવજીને પણ એ ઝેરે પોતાનું પરાક્રમ તો દર્શાવ્યું જ છે. તેમના કંઠમાં તેણે કાળો ડાઘ કરી મૂક્યો છે, જે તેમને સત્પુરુષોના ભૂષણરૂપે થયેલો છે. ઘણું કરી સાધુપુરુષો લોકોનાં દુઃખથી દુઃખી થાય છે અને ખરી રીતે તે જ સર્વના આત્મા પરમેશ્વરનું ઉત્તમ આરાધન છે. દેવતાઓના પણ દેવ અને ભકતજનોના મનોરથો પૂર્ણ કરનારા ભગવાન શંકરનું તે કર્મ જોઈ સર્વ પ્રજાઓ, પાર્વતી, બ્રહ્મા તથા વિષ્ણુ તેમની

પ્રશંસા કરવા લાગ્યાં. ભગવાન શંકર ઝેર પીતા હતા તે વેળા તેમના હાથમાંથી જે કંઈ નીચે પડી ગયું તેને વીંછી, સર્પ, ઝેરી ઔષધિઓ તથા બીજાં ઝેરી પ્રાણીઓએ લઈ લીધું. ૧-૪૬

प्रस्कन्नं पिबतः पाणेर्यत्किञ्चिजगृहुः स्म तत् । वृश्चिकाहिविषौषध्यो दन्दशूकाश्च येऽपरे ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## મોહિનીસ્વરૂપનું પ્રાકટ્ય

॥ श्रीशुक उवाच ॥

पीते गरे वृषाङ्केण प्रीतास्तेऽमरदानवाः । ममन्थुस्तरसा सिन्धुं हविर्धानि ततोऽभवत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** મહાદેવજી ઝેર પી ગયા એટલે પ્રસન્ન થયેલા તે દેવો અને દાનવો વેગથી સમુદ્રમંથન કરવા લાગ્યા, એટલે તેમાંથી કામધેનુ ગાય નીકળી. હે રાજા ! અગ્નિહોત્રના સાધનરૂપ એ ગાયને બ્રહ્મવાદી ઋષિઓએ બ્રહ્મલોકના માર્ગમાં જનાર યજ્ઞના હવિષ માટે લીધી. પછી ચંદ્ર જેવો ઉજ્જવળ ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો તેમાંથી નીકળ્યો. તેની બલિરાજાએ ઇચ્છા કરી પણ ભગવાનની શિખવણીથી ઈન્દ્રે ઈચ્છા ન કરી. પછી ઐરાવત નામનો ઉત્તમ હાથી નીકળ્યો. તે ચંદ્ર જેવો ધોળો હોઈ શિખરો જેવા ચાર દાંતો વડે ભગવાન શંકરના કૈલાસ પર્વતની શોભા હરતો હતો. (તે હાથીને ઈન્દ્રે લીધો.) પછી એ મહાસમુદ્રમાંથી કૌસ્તુભ નામનું માણેક રત્ન નીકળ્યું. તેની શ્રીહરિએ છાતી ઉપર ભૂષણ કરવા ઈચ્છા કરી. પછી દેવલોકના અલંકારરૂપ પારિજાત નામનું કલ્પવૃક્ષ નીકળ્યું. તે કલ્પવૃક્ષ જેમ તમે પૃથ્વી પર યાચકોના મનોરથો પૂરો છો, તેમ સર્વના મનોરથો પૂરા કરે છે. પછી ગળામાં સોનાની કંઠીઓ ધારણ કરતી સુંદર વસ્ત્રવાળી અપ્સરાઓ નીકળી. તેઓ સુંદર ગતિ અને વિલાસપૂર્વક દૃષ્ટિ વડે દેવોને આનંદ ઉપજાવતી હતી. પછી ભગવાનપરાયણ સાક્ષાત્ સંપત્તિસ્વરૂપ લક્ષ્મીદેવી પ્રકટ થયાં. જે પોતાની કાંતિથી વીજળીની પેઠે દિશાઓને ઝળકાવતાં હતાં. એમની તો સર્વ દેવો, અસુરો તથા મનુષ્યોએ ઈચ્છા કરી; કારણ કે તેમના રૂપ, ઔદાર્ય, વય, વર્ણ તથા મહિમાને લીધો સર્વનાં મન તેમના તરફ ખેંચાયાં હતાં. ઈન્દ્રે એ લક્ષ્મીજીને મહાઅદભુત આસન આણી આપ્યું અને મૂર્તિમાન બનેલી ઉત્તમ નદીઓએ સુવર્ણના કળશોથી પવિત્ર જળ લાવી આપ્યું. પૃથ્વીએ અભિષેકને યોગ્ય બધી ઔષધિઓ આણી આપી. ગાયોએ પાંચ પવિત્ર વસ્તુઓ (પંચગવ્ય) હાજર કરી. પછી વસંતઋતુએ ચૈત્ર તથા વૈશાખ મહિનાનાં પુષ્પો વગેરે લાવી આપ્યાં, એટલે ઋષિઓએ વિધિ પ્રમાણે લક્ષ્મીજીનો અભિષેક કર્યો. તે સમયે ગંધર્વો માંગલિક ગાયનો ગાવા લાગ્યા; નદીઓ નૃત્ય કરવા તથા ગાવા લાગી. મેઘો ઉચ્ચ સ્વરવાળા મૃદંગ, ઢોલ, નગારાં, શીંગડીઓ, શંખો, વાંસળીઓ તથા વીણા વગાડવા લાગ્યા. પછી દિશાઓના હાથીઓ પૂર્ણકળશો લઈ બ્રાહ્મણોએ ઉચ્ચારેલા વેદમંત્રોથી, હાથમાં કમળ ધારણ કરતાં લક્ષ્મીદેવીનો અભિષેક કરવા લાગ્યા. સમુદ્રે પીળાં બે રેશમી વસ્ત્રો લાવી આપ્યાં. વરુણદેવે મકરંદના રસથી મદોન્મત્ત ભમરાઓવાળી વૈજયંતી નામની માળા આણી આપી. પ્રજાપતિ વિશ્વકર્માએ જાતજાતનાં આભૂષણો લાવી આપ્યાં. સરસ્વતી દેવીએ હાર આપ્યો. બ્રહ્માએ કમળ આપ્યું અને નાગોએ બે કુંડળો આપ્યાં. પછી માંગલિક અલંકારો ધારણ કરતાં તે લક્ષ્મીદેવી હાથમાં ભમરાઓના ગુંજારવવાળી કમળની માળા લઈ લજ્જાયુક્ત હાસ્ય સહિત સુંદર ગાલવાળા તથા કુંડળોવાળા અતિ તેજસ્વી મુખને ધારણ કરતાં આગળ

ચાલ્યાં. તેમનું પેટ અત્યંત પાતળું હતું. બંને સ્તન એકસરખાં હતાં, તે સ્તનની વચ્ચે જરા પણ જગ્યા ન હતી, તેના પર ચંદન તથા કેસરનું વિલેપન હતું અને ઝાંઝરના સુંદર ઝણકાર સાથે તે ચાલતાં હતાં, જેથી ચાલતી સોનાની વેલ હોય તેવાં તે શોભતાં હતાં. તે દેવી ગંધર્વો, યક્ષો, અસુરો, સિદ્ધો, ચારણો તથા દેવોમાં કદી ફેરફાર ન પામે તેવા નિત્ય સ્થાયી ગુણોવાળું અવિચળ સ્થાન (પોતા માટે) શોધતાં હતાં, પણ તેમને એવું (દોષ વિનાનું) કોઈ સ્થળ મળ્યું જ નહિ, કેમ કે (દુર્વાસા વગેરેમાં) જ્યાં તપ છે ત્યાં ક્રોધનો જય નથી, (બૃહસ્પતિ, શુક્રાચાર્ય વગેરે) જેમનામાં જ્ઞાન છે તો તે જ્ઞાન સંગરહિત નથી, પરંતુ જગત સાથે સંબંધ ધરાવનાર છે. કોઈ (બ્રહ્મા વગેરે) મહાપુરુષ છે તો તેમણે કામદેવને જીત્યો નથી અને (ઈન્દ્ર વગેરે) જેઓને બીજાનો આશ્રય લેવો પડે છે, તે શું ઈશ્વર કહેવાય ? ન જ કહેવાય. વળી કોઈ સ્થળે (પરશુરામ વગેરેમાં) ધર્મ છે તો પ્રાણીઓ પ્રત્યે મિત્રભાવ નથી. (શિબિરાજા વગેરે) કોઈમાં દાન દેખાય છે તો તે દાન મોક્ષનું કારણ નથી, (કાર્તવીર્ય વગેરે) કોઈમાં પરાક્રમ છે પણ તે પરાક્રમ કાળના વેગથી મુક્ત નથી અને બીજા (સનકાદિ મુનિઓ) ગુણસંગથી રહિત છે. (એટલે તેઓ તો સમાધિનિષ્ટ હોવાથી લક્ષ્મીદેવીને પોતાના પતિ તરીકે યોગ્ય ન લાગ્યા.) (માર્કણ્ડેય વગેરે) કોઈમાં લાંબું આયુષ્ય છે પણ તેઓનો સ્વભાવ મંગળ નથી. (કેમ કે તેઓનો સ્વભાવ ઈન્દ્રિયનિગ્રહ કરવાનો હોવાથી સ્ત્રી માટે મંગળ ગણાય નહિ.) કોઈ (હિરણ્યકશિપુ વગેરે)માં તેવો મંગળ સ્વભાવ છે પણ તેઓના આયુષ્યની સ્થિરતા જણાતી નથી. કોઈ (શંકર વગેરે)માં મંગળ સ્વભાવ અને આયુષ્યની સ્થિરતા એ બંને છે, પણ તે પોતે જ અમંગળ છે (કેમ કે સ્મશાનમાં પડી રહેવું વગેરે તેમની ચેષ્ટાઓ સ્ત્રીની દૃષ્ટિએ અમંગળ જ છે.) અને જે (શ્રીવિષ્ણુભગવાન) સર્વ પ્રકારે મંગળરૂપ (નિર્દોષ) છે, તે મને ઈચ્છતા નથી. (કેમ કે તે સદા આત્મારામ છે.) આવો વિચાર કરી લક્ષ્મીજી પ્રકૃતિના ગુણોથી રહિત અને આત્મારામ હોવાથી પોતાને ન ઈચ્છતા એવા પણ મુકુંદભગવાનને જ વર્યા; કેમ કે તે ભગવાન સદા સ્થિર (એવા ધર્મજ્ઞાનાદિ) ઉત્તમ ગુણોથી સર્વોત્કૃષ્ટ છે. કેવળ પોતાના જ એક આશ્રયથી સર્વોત્તમ છે અને અણિમાદિ સર્વ સિદ્ધિઓ પોતાની મેળે જ તેમને વરી છે. લક્ષ્મીજી મદોન્મત્ત ભમરાઓના ટોળાંના ગુંજારવથી ગુંજી રહેલી સુંદર નવાં કમળોની માળા શ્રીભગવાનના કંઠમાં પહેરાવી (તેમની કૃપાની રાહ જોતાં) તેમની પાસે ઊભાં રહ્યાં અને તે ભગવાનની છાતીરૂપી પોતાના સ્થાનને લજ્જાયુક્ત હાસ્યથી પ્રફુલ્લ નેત્રે જોઈ રહ્યાં; એટલે ત્રણ જગતના પિતા શ્રીભગવાને ઉત્તમ વૈભવવાળાં અને ત્રણે જગતનાં માતા લક્ષ્મીદેવીને પોતાની છાતીમાં અવિચળ વાસ આપ્યો. ત્યાં રહી લક્ષ્મીદેવી પોતાની દયાયુકત નજર કરી પોતાની પ્રજારૂપ ત્રણે લોકને તથા ત્રૈલોક્યના સ્વામીઓને સમૃદ્ધિવાળા કરવા લાગ્યાં. તે સમયે સ્ત્રીઓ સાથે નૃત્ય કરતા અને ગાયનો ગાતા દેવોના અનુચરોનો તથા શંખો, વાજાં, મૃદંગો તથા બીજાં વાદિત્રોનો મોટો શબ્દ થઈ રહ્યો. બ્રહ્મા, શંકર અને અંગિરાદિ સર્વ પ્રજાપતિઓ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને ભગવાનને જણાવનારા સત્ય મંત્રો વડે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. લક્ષ્મીજીએ સદ્વર્તન આદિ ગુણોવાળા પ્રજાપતિઓ સહિત દેવો તેમ જ પ્રજાઓને (પોતાની કૃપાદૃષ્ટિથી) જોયા, એટલે તેઓ પરમ શાંતિ પામ્યા. હે રાજન્ ! દૈત્યો તથા દાનવોની લક્ષ્મીજીએ ઈચ્છા ન કરી, ત્યારે તેઓ સત્વહીન, લાલચુ, ઉદ્યોગરહિત અને નિર્લજ્જ થયા. પછી સમુદ્રમાંથી કમળ સમાન નેત્રોવાળી કન્યા વારુણી (મદિરા) દેવી ઉત્પન્ન થઈ, એટલે શ્રીહરિની સંમતિથી અસુરોએ તેને સ્વીકારી. હે મહારાજ ! પછી અમૃતની ઈચ્છાવાળા દેવો તથા દૈત્યો સમુદ્રને મથવા લાગ્યા. એટલે તેમાંથી પરમ

અદ્ભુત પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષના બાહુઓ લાંબા અને પુષ્ટ, ડોક, શંખ જેવી, નેત્રો લાલ અને તેનો રંગ શ્યામ હતો. વયમાં તે યુવાન હતો. પુષ્પની માળા તેણે પહેરી હતી. સર્વ અલંકારોથી તે સુશોભિત હતો. તેનાં વસ્ત્રો પીળાં હતાં, તેની છાતી વિશાળ હતી. તેણે ઝળકતાં મણિનાં કુંડળો પહેર્યાં હતાં. તેના કેશના છેડા ચળક્તા અને વાંકડિયા હતા. સ્વરૂપે તે સુંદર હતો. સિંહ જેવો પરાક્રમી હતો. અમૃતથી ભરેલો કળશ તેણે ધારણ કર્યો હતો. કડાંઓથી તે શોભતો હતો. સાક્ષાત્ વિષ્ણુભગવાનના અંશના અંશમાંથી તે ઉત્પન્ન થયો હતો. તે 'ધન્વંતરિ' નામથી પ્રખ્યાત હતો. આયુર્વેદશાસ્ત્રનો દ્રષ્ટા અને યજ્ઞભાગનો ભોકતા હતો. તેને તથા અમૃતથી પૂર્ણ ભરેલા કળશને જોઈ સર્વ અસુરો કામધેનુ વગેરે સર્વ વસ્તુઓ લઈ લેવાની ઈચ્છાથી કળશને બળથી લઈ ગયા. એ રીતે અમૃતના પાત્ર કળશને દૈત્યો લઈ જવા લાગ્યા ત્યારે મનનાં ખેદ પામેલા દેવો શ્રીહરિને શરણે ગયા. એટલે ભક્તોના મનોરથો પૂર્ણ કરનાર ભગવાને દેવોની દીનતા જોઈ કહ્યું, 'તમે ખેદ કરો મા. હું મારી મોહિની માયાથી દૈત્યોમાં અંદર અંદર કજિયો ઊભો કરી તમારું કાર્ય સાધીશ.' તૃષ્ણાથી યુક્ત મનવાળા તે દૈત્યોમાં એ અમૃત માટે અંદરોઅંદર કાજિયો થયો. તેથી 'હું પહેલો, હું પહેલો; તું નહિ; તું નહિ.' એમ તેઓ લડવા લાગ્યા. હે રાજન્ ! જે બળવાન દૈત્યો અમૃતનો કળશ લઈ ગયા હતા. તેઓને ઉદ્દેશી બીજા દુર્બળ દૈત્યો અદેખાઈ લાવી વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યા : 'દેવો પણ આ અમૃતમાં પોતાના ભાગ માટે યોગ્ય છે; કેમ કે તેમણે પણ આ કાર્યમાં સરખી મહેનત કરી છે. માટે જેમ સત્રયાગમાં સર્વને સરખું ફળ મળે છે તેમ આ કાર્યમાં પણ સર્વને સમાન ફળ મળવું જોઈએ. આ સનાતન ધર્મ છે.' એ સમયે સર્વ ઉપાયો જાણનારા વિષ્ણુભગવાને વર્ણન કરવાને અશકય એવું પરમ અદ્ભુત સ્ત્રીસ્વરૂપ ધારણ કર્યું. તે સ્વરૂપ જોવા જેવું હતું. કાળા કમળ સમાન શ્યામ હતું. સર્વ અંગોમાં સુંદર હતું. એક સરખા કાનમાં અલંકાર ધારણ કરી રહ્યું હતું. સુંદર ગાલ અને ઊંચી નાસિકાવાળા મુખવાળું હતું. નવયૌવનથી ખીલેલા સ્તનના ભારથી તેનું પેટ પાતળું હતું. મુખની સુગંધમાં આસકત થતા ભમરાઓના ગુંજારવથી તેનાં નેત્રો ગભરાયેલાં હતાં. ખીલેલા મોગરાનાં ફૂલની માળા તેણે પોતાના કેશપાશમાં ધારણ કરી હતી. ડોકમાં સુશોભિત ગળાના દાગીના તેણે પહેર્યા હતા. તેની સુંદર ભુજાઓમાં બે બાજુબંધો શોભતા હતા. સ્વચ્છ વસ્ત્રોથી ઢંકાયેલા નિતંબરૂપ બેટ પર શોભતા કંદોરાથી તે અત્યંત શોભતું હતું અને સુંદર પગલાં માંડતા બે પગમાં તેણે ઝાંઝર પહેર્યા હતાં. વળી તે સ્ત્રી સ્વરૂપ લજજાયુક્ત મંદહાસ્ય સાથે ઊછળતી ભ્રૂકુટિના વિલાસોવાળી નજર કરી દૈત્યોના આગેવાનોના મનમાં વારંવાર કામોદ્દીપન કરતું હતું. ૧-૪૬

सव्रीऽस्मितांविक्षप्त भ्रूविलासावलोकनैः । दैत्ययूथपचेतस्सु काममुद्दीपयन्मुहुः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## મોહિનીસ્વરૂપે દૈત્યોને ઠગી દેતોને અમૃત પાયું

॥ श्रीशुक उवाच ॥

तेऽन्योन्यतोऽसुराः पात्रं हरन्तस्त्यक्तसौहृदाः । क्षिपन्तो दस्युघर्माण आयान्तीं ददृशुः स्त्रियम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** તે અસુરો પરસ્પર સ્નેહ છોડી માંહોમાંહે તિરસ્કાર કરતા લૂંટારાઓની પેઠે અમૃતના પાત્રને ઝૂટવવા લાગ્યા, તેવામાં ત્યાં આવતી સ્ત્રીને તેઓએ જોઈ : 'અહો ! કેવું રૂપ ! અહો !

કેવું તેજ ! અહો, આનું તરુણ વય કેવું મોહક છે ! ' આમ બોલતા તે કામાતુર દૈત્યો એ સ્ત્રી સામે દોડી જઈ તેને પૂછવા લાગ્યા : 'ઓ કમળની પાંખડીઓ જેવાં નેત્રોવાળી સ્ત્રી ! તું કોણ છે ? કયાંથી આવે છે ? શું કરવા ઈચ્છે છે ? હે સુંદર સાથળોવાળી ! તું અમને કહે કે, તું કોની કન્યા છે ?' તું અમારાં મનને મથી નાખતી હોય તેમ લાગે છે. દેવો, દૈત્યો, સિદ્ધો, ગંધર્વો, ચારણો કે લોકપાલોએ તારો કદી સ્પર્શ પણ કર્યો નથી, એ અમે નથી જાણતા એમ નથી, અર્થાત્, હજી સુધી તને કોઈએ ભોગવી જ નથી. હે સુંદર ભ્રૂકુટિવાળી ! દયાળુ વિધાતાએ પ્રાણીઓની સર્વ ઈન્દ્રિયો તથા મનને પ્રસન્ન કરવા શું તને અહી મોકલી છે કે તું તારી મેળે અહીં આવી છે ? હે માનવાળી સ્ત્રી ! અમે પરસ્પર સંબંધીઓ છીએ, છતાં આ એક વસ્તુ માટે પરસ્પર સ્પર્ધા કરતા વેર બાંધી રહ્યા છીએ; તો હે સુંદર મધ્યભાગવાળી ! તું અમારું કલ્યાણ કર, અમારો કજિયો દૂર કરી અમને સુખી કર. અમે કશ્યપના પુત્રો ભાઈઓ છીએ. અમે બધાએ સમુદ્રમંથનમાં સરખો જ પુરુષાર્થ કર્યો છે, તો તું અમારામાં કજિયો ન થાય એ રીતે ન્યાય પ્રમાણે આ વસ્તુ વહેંચી આપ.' એ રીતે દૈત્યોએ માયાથી સ્ત્રીનું શરીર ધારણ કરનાર શ્રીહરિની પ્રાર્થના કરી, એટલે તેમણે ખૂણ હસીને સુંદર કટાક્ષથી જોતાં આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે કશ્યપના પુત્રો ! હું વેશ્યા છું, તમે મારામાં વિશ્વાસ કેમ કરો છો ? પંડિત પુરુષ સ્ત્રીઓનો કદી વિશ્વાસ કરતો નથી. હે દૈત્યો ! કૂતરાં અને વ્યભિચારિણી સ્ત્રીઓ હમેશાં નવું નવું શોધે છે, માટે તેઓની મિત્રતાને વિદ્વાનો અસ્થિર કહે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ તે મોહિનીનાં છળવચનોથી મનમાં વિશ્વાસ પામેલા તે અસુરો ગંભીર ભાવથી હસવા લાગ્યા અને અમૃતનું પાત્ર તેઓએ તેને આપી દીધું. પછી અમૃતનો કળશ લઈ શ્રીહરિ મંદ હાસ્યથી શોભતી વાણી વડે બોલ્યાઃ 'હું કોઈ બાબતમાં સારું કે નરસું કંઈ કરું તેને તમે સ્વીકારો તો આ અમૃત હું તમને વહેંચી આપું.' તેનું એ વચન સાંભળી (તે વચનનું) રહસ્ય ન જાણનારા આગેવાનોએ તેના એ વચનને 'બહુ સારું' એમ કહી કબૂલ કર્યું. પછી દેવો અને અસુરો સ્નાન તથા ઉપવાસ કરી, અગ્નિમાં હોમદ્રવ્ય હોમી ગાયો, બ્રાહ્મણો તથા બીજા પ્રાણીઓને યથાયોગ્ય દાન આપી, બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં; અને પ્રીતિપૂર્વક નવાં વસ્ત્રો તથા અલંકારો પહેરી તેઓ સર્વે પૂર્વાભિમુખે દર્ભાસનો પર બેઠા. એ રીતે પુષ્પની માળા તથા દીવાઓથી શણગારેલી અને ધૂપથી મઘમઘતી શાળામાં દેવો તથા અસુરો પૂર્વાભિમુખે બેઠા, ત્યારે હે રાજા ! કરભ સમાન સાથળોવાળી, સુંદર રેશમી વસ્ત્રથી ઢંકાયેલા મોટા નિતંબથી ધીમી ચાલતી, મદથી વ્યાપ્ત નેત્રવાળી, સોનાનાં ઝાંઝરના ઝણકારથી રૂમઝુમ કરતી અને હાથીના ગંડસ્થળ સમાન સ્તનવાળી તે મોહિની હાથમાં અમૃતનો કળશ લઈ તે શાળામાં આવી. તે લક્ષ્મી જેવી દેખાતી હતી. તેણે સોનાનાં કુંડળો પહેર્યા હતાં, તેથી તેનાં કાન, નાક, ગાલ તથા મુખ સુંદર લાગતાં હતાં. તેના સ્તન ઉપરનો છેડો ખસી જતો હતો અને ઉત્તમ હાસ્યયુક્ત દૃષ્ટિથી તે જોતી હતી. આવી ઉત્તમ દેવતાઈ મોહિનીને જોઈ દેવો તથા અસુરો અત્યંત મોહિત થયા. પછી અસુરોને અમૃત આપવું તે સર્પોને દૂધ આપવા જેવું અઘટિત છે, એમ માની ભગવાને જાતિથી ક્રૂર તે અસુરોને અમૃત ન વહેચ્યું. જગત્પતિ ભગવાને દેવો તથા દૈત્યો એ બંનેને જુદી જુદી પંકિતઓમાં બેસાડયા. પછી બહુમાન તથા પ્રિય વાક્ય વગેરેથી દૈત્યોને ઠગી ભગવાન હાથમાં અમૃતનો કળશ લઈ દૂર બેઠા હતા, છતાં દેવોને વૃદ્ધાવસ્થા તથા મૃત્યુને હણનારું અમૃત પાવા, માંડયું. હે રાજા ! કરેલી પ્રતિજ્ઞા પાળતા અસુરો પોતે વળી મોહિની સાથે સ્નેહ કર્યો હતો અને સ્ત્રી સાથે વિવાદ કરવો તે નિંદ્ય

છે એ હેતુથી પણ મૌન રહ્યા. વળી તેઓએ એ સ્ત્રીમાં સ્નેહ જ કર્યો હતો અને તે સ્નેહ કદાચ નાશ પામે એવો તેઓને ભય લાગતો હતો તેથી ‘આ લોકો હલકા છે, માટે ભલે તેઓ થોડું પી લે, તમે તો ધીર છો માટે ક્ષણવાર રાહ જુઓ’ આવાં મોહિનીનાં માનવાળાં વચનોથી બંધાઈ જઈ તેઓ કંઈ અપ્રિય વચન બોલી શક્યા નહિ. એ સમયે દેવના વેશમાં છુપાયેલો રાહુ દેવોની સભામાં (સૂર્ય તથા ચંદ્રની વચ્ચે) પેસી અમૃત પીતો હતો, તે જોઈ સૂર્યે તથા ચંદ્રે ભગવાનને સૂચના કરી. એટલે તરત જ શ્રીહરિએ અમૃત પીતા રાહુના મસ્તકને તીક્ષ્ણ ધારવાળા સુદર્શનચક્રથી કાપી નાખ્યું; તેથી અમૃતનો સ્પર્શ ન પામેલું તેનું ધડ પૃથ્વી પર પડ્યું, પણ તેનું મસ્તક તો (અમૃતના સ્પર્શથી) અમર થયું, તેથી ભગવાને તે મસ્તકને ગ્રહ કર્યો, જે રાહુ ગ્રહ પર્વના દિવસે વેરબુદ્ધિથી સૂર્યચંદ્રની સામે હજી દોડે છે. એમ દેવતાઓએ લગભગ અમૃત પી લીધું એટલે લોકોનું કલ્યાણ કરનારા ભગવાન શ્રીહરિએ અસુરોના દેખતાં પોતાનું સ્વરૂપ ધારણ કર્યું, એ રીતે દેવ તથા અસુરગણોનું (એ સમુદ્રમંથનરૂપી કાર્યમાં) દેશ, કાળ, કારણો, પદાર્થો તથા બુદ્ધિ-એ બધું સરખું જ હતું; છતાં તેઓને ફળ મેળવવામાં ભેદ પડયા; જેમ કે તેઓમાં દેવગણોએ શ્રીભગવાનના ચરણકમળની રજનો આશ્રય કરવાથી અમૃતરૂપી ફળ સહેજમાં મેળવ્યું, ત્યારે દૈત્યો તે ફળ ન પામ્યા. મનુષ્ય પોતાનાં શરીર તથા પુત્રાદિ માટે પ્રાણ, ધન, કર્મ, મન તથા વચનથી જે કંઈ કરે છે, તે ભેદબુદ્ધિને લીધે વ્યર્થ થાય છે, પણ તેનાં તે જ સાધનોથી અભેદ બુદ્ધિપૂર્વક (ઈશ્વરાર્પણ) કરી જો કંઈ કરે, તો તે મહાન ફળદાયી થાય છે જેમ (ઝાડની શાખાઓને પાણી પાવું તે વ્યર્થ જ છે પણ) ઝાડના મૂળને જળ સિંચાય તો આખા ઝાડને તે પહોંચે છે (તેમ સર્વના મૂળ ઈશ્વરને ઉદ્દેશી જે કરવામાં આવે તે અવશ્ય સફળ થાય છે) ૧-૨૯

यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभिर्देहात्मजादिषु नृभिस्तदसत् पृथक्त्वात् ।
तैरेव सद्भवति यत् क्रियतेऽपृथक्त्वात्सर्वस्य तद्भवाति मूलनिषेचनं यत् ॥२९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## દેવદાનવ-યુદ્ધમાં દેવો ગભરાયા ત્યારે ભગવાન પ્રકટ થયા

॥ श्रीशुक उवाच ॥

इति दानवदैतेया नाविन्दन्नमृतं नृप । युक्ताः कर्माणि यत्ताश्च वासुदेवपराङ्मुखाः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે હે રાજા ! દાનવો તથા દૈત્યો શ્રીભગવાનથી વિમુખ હોવાથી અમૃતમંથનના કાર્યમાં જોડાયા છતાં તેઓ અમૃત પામ્યા નહિ. હે રાજન્ ! પોતાના ભક્ત દેવોને અમૃત પિવડાવી તેનું કાર્ય સાધી ભગવાન સર્વ પ્રાણીઓના દેખતાં ગરુડ પર બેસી પધાર્યા. પછી શત્રુઓની તે ઉત્તમ સમૃદ્ધિ જોઈ દાનવો તે સહન કરી શકયા નહિ અને હથિયારો ઉગામી દેવો સામે ધસ્યા. પછી અમૃત પીવાથી વૃદ્ધિ પામેલા અને ભગવાનનાં ચરણનો આશ્રય કરનારા સર્વ દેવગણો શસ્ત્રો લઈ દૈત્યો સામે યુદ્ધ કરવા લાગ્યા. હે રાજન્ ! તે સમયે સમુદ્રના કિનારા પર ‘દેવાસુરસંગ્રામ’ નામે ઉગ્ર યુદ્ધ થયું, જે મહાભયંકર અને રોમાંચજનક હતું. એ યુદ્ધમાં તે શત્રુઓ ક્રોધ વ્યાપ્ત મનવાળા થઈ તલવારો તથા બાણો વગેરે અનેક હથિયારો લઈ સામસામા આવી જઈ એકબીજાને મારવા લાગ્યા. એ વેળા શંખ, વાજા, મૃદંગો, ભેરીઓ, તથા ડમરુઓનો અને ગર્જના કરતા હાથીઓ, ઘોડા, રથ તથા પાળાઓનો મોટો

કોલાહલ થઈ રહ્યો. એ યુદ્ધમાં રથીઓ રથીઓ સાથે, પાળાઓ પાળાઓ સાથે, ઘોડાઓ ઘોડાઓ સાથે તથા હાથીઓ હાથીઓ સાથે લડવા લાગ્યા. કેટલાક યોદ્ધાઓ ઊંટો પર, કેટલાક હાથીઓ પર, કેટલાક ગધેડાઓ પર અને બીજા કેટલાક ધોળા મૃગો, રીંછો, વાઘો તથા સિંહો પર બેસી લડતા હતા. હે રાજન્ ! વળી બીજા કેટલાક ગીધડાં, કંકપક્ષી, બગલા, બાજપક્ષી, ભાસપક્ષી, તિમિંગલ નામનાં જળચર, અષ્ટાપદો, પાડા, ગેંડા, ગાયો, બળદો, રોઝ, અરુણ નામનાં જંગલી પશુઓ, શિયાળો, ઉંદરો, કાચંડા, સસલાં, મનુષ્યો, બોકડા, કાળાં મૃગો, હંસો, ભૂંડો તથા બીજાં જળચર, સ્થળચર, ખેચર ભયંકર શરીરોવાળાં પ્રાણીઓ પર બેસી બંને સૈન્યમાં આગળ આગળ દાખલ થયા. હે રાજન્ ! રંગબેરંગી ધજાઓનાં વસ્ત્રોથી, ધોળાં નિર્મળ છત્રોથી, મહાકિંમતી હીરાદાંડીવાળા વીજણાઓથી મેઘરપીછનાં ચામરોથી, વાયુમાં ફરતાં ઉત્તરીય વસ્ત્રોથી, પાઘડીઓથી ઝળકતાં બખ્તરોથી, અલંકારોથી અને સૂર્યકિરણો વડે અત્યંત ચળકતાં ઉજજ્વળ શસ્ત્રોથી તે દેવદાનવ યોદ્ધાઓની બંને સેનાઓ, હે વીર પાંડુપુત્ર ! જળચર જીવોની પંક્તિઓ વડે જેમ બે સમુદ્ર શોભે તેમ શોભતી હતી. હે રાજા ! એ યુદ્ધમાં વિરોચનનો પુત્ર બલિરાજા અસુરોનો સેનાપતિ હતો. તે મયદાનવે બનાવેલા વહાયસ નામના શ્રેષ્ઠ વિમાનમાં બેઠો હતો. તે વિમાન ઈચ્છાનુસાર જનારું, બધી લડાયક સામગ્રીથી ભરપૂર, સર્વને આશ્ચર્યમય, કોઈના પણ તર્કમાં ન આવનારું અને અવર્ણનીય હતું. તે થોડી વાર દેખાતું તો થોડીવાર દેખાતું ન હતું. એ વિમાનમાં બેઠેલા તે સર્વ સેનાપતિઓથી વીંટાયેલો હતો. તેની બંને બાજુ ચામરો ઢોળાતાં હતાં. અને તેના મસ્તક પર ઉત્તમ છત્ર ધર્યું હતું. તે વેળા ઉદયાચલના શિખર પર રહેલા ચંદ્રની પેઠે તે શોભતો હતો. એ બલિરાજાની ચારે તરફ પોતપોતાનાં વાહનો પર બેસી અસુરટોળાંઓના નાયક અસુરો ગોઠવાયા હતા અને જેઓને અમૃતનો ભાગ મળ્યો ન હતો. પણ ફક્ત મહેનતમાં જ ભાગ મળ્યો હતો તેવા અનેક નમુચિ, શંબર, બાણાસુર, વિપ્રચિત્તિ, અધોમુખ, દ્વિમૂર્ધા, કાલનાભ, પ્રહેતી, હેતિ, ઈલ્વલ, શકુનિ, ભૂતસંતાપ, વજ્ર દંષ્ટ્રા, વિરોચન, હયગ્રીવ, શંકુ, શિરા, કપિલ, મેઘદુંદુભિ, તારકાસુર, ચક્રદક, શુંભ, નિશુંભ, જંભ, ઉત્કલ, અરિષ્ટ, અરિષ્ટનેમિ, મય, ત્રિપુરાસુર અને બીજા પણ પૌલોમ, કાલેય તથા નિવાતકવચ વગેરે દેવોને જીતનારા સર્વ દૈત્યો રણને મોખરે આવી ઊભા હતા. તેઓ સિંહ જેવી ગર્જનાઓ કરતા હતા અને મોટા ધ્વનિવાળા શંખો વગાડતા હતા એમ શત્રુઓને ગર્વિષ્ટ જોઈ દેવરાજ ઈન્દ્ર અત્યંત કોપી ઊઠ્યો. તે ઐરાવત નામના દિગ્ગજ ઉપર બેઠો હતો, જેથી ઝરણાંઓને ઝરતા ઉદયાચલ પર્વત ઉપર જેમ સૂર્ય શોભે તેમ શોભતો હતો. તેની ચારે બાજુ અનેક જાતનાં વાહનો, ધજાઓ તથા હથિયારો ધારણ કરનારા લોકપાલ, વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે દેવો પોતપોતાના ગણો સાથે ગોઠવાયા હતા. પછી તે દેવો અને અસુરો સામસામા ધસી જઈ પરસ્પર મર્મવચનોથી તિરસ્કાર કરવા લાગ્યા અને એકબીજાને નામો વડે બોલાવી મોખરે આવી દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. હે રાજન્ ! બલિરાજા ઈન્દ્ર સાથે, કાર્તિકસ્વામી તારકાસુર સાથે, વરુણ દેવ હેતિ સાથે, મિત્રદેવ પ્રહેતિ સાથે, યમદેવ કાલનાભ સાથે, વિશ્વકર્મા મયદાનવ સાથે, શંબરાસુર, ત્વષ્ટાદેવ સાથે, વિરોચન સવિતા સાથે, નમુચિ અપરાજિત સાથે, અશ્વિનીકુમારો વૃષપર્વા સાથે, સૂર્યદેવ જેમાં બાણાસુર મોટો હતો તે બલિરાજાના સો પુત્રો સાથે, ચંદ્ર રાહુ સાથે, વાયુ પુલોમાં સાથે, મહાબળવાન દેવી ભદ્રકાલી નિશુંભ તથા શુંભ સાથે, મહાદેવજી જંભાસુર સાથે, અગ્નિ મહિષાસુર સાથે, ઈલ્વલ તથા વાતાપિ બ્રહ્માના પુત્ર વસિષ્ઠ આદિ ઋષિઓ સાથે, દુર્મર્ષ કામદેવ સાથે, ઉત્કલ માતૃકાઓ સાથે, બૃહસ્પતિ શુક્રાચાર્ય સાથે, શનૈશ્ચર નરકાસુર સાથે,

મરુદ્‌ગણો નિવાતકવચો સાથે, વસુ નામના દેવો કાલેયો સાથે, વિશ્વેદેવો પૌલોમો સાથે તથા રુદ્રો ક્રોધવશ નામના અસુરો સાથે યુદ્ધ કરવા લાગ્યા. એમ મોટા મોટા અસુરો તથા દેવો ત્યાં એકઠા થઈ યુદ્ધ કરવા લાગ્યા અને સામસામા આવી જઈ વિજય મેળવવાની ઈચ્છાથી તીક્ષ્ણ બાણો, તલવારો તથા તોમરો વડે બળથી મારવા લાગ્યા. તેઓ ભુશુંડીઓ, ચક્રો, ગદાઓ, બેધારી તલવારો, પટ્ટિશો, શકિતઓ, ઊંબાડિયાં, ગોફણો, ફરશીઓ, તલવારો, ભાલા, ભૂંગળો, મુદ્‌ગરો તથા ભિંદીપાલ નામનાં શસ્ત્રો વડે એકબીજાનાં મસ્તકો કાપવા લાગ્યા. વળી હાથીઓ, ઘોડાઓ, રથો, પાળાઓ, અને ઘોડેસવારો સહિત બીજા ઘોડાઓ તે યુદ્ધમાં અનેક પ્રકારે કપાયા કે જેઓના બાહુઓ, સાથળો, ડોકાં અને પગ છિન્નભિન્ન થયા અને ધજાઓ, ધનુષ્યો, બખ્તરો તથા આભૂષણો પણ તૂટી ગયાં. એ દેવો તથા દાનવોના પગના પ્રહારોથી અને રથોનાં પૈડાંથી રણભૂમિના પણ ભુક્કા ઊડી ગયા, જેથી એટલી બધી ઉગ્ર ધૂળ ઊછળી કે જેણે તે સમયે દિશાઓને, આકાશને તથા સૂર્યને પણ ઢાંકી દીધો. પરંતુ લોહીના છંટકાવથી રણભૂમિ તરબોળ થતી હતી, તેથી એ ધૂળ ઊડતી બંધ થતી હતી. વળી તે ભૂમિ મુકુટ તથા કુંડળો વિનાનાં થયેલાં, ક્રોધાવેશવાળી દૃષ્ટિવાળાં અને પીસેલા હોઠવાળાં મસ્તકોથી અલંકારો અને હથિયારો સહિત મોટી ભુજાઓથી તેમ જ હાથીના જેવી સાથળોથી અત્યંત છવાઈ જઈ શોભતી હતી. ત્યાં પડી રહેલાં પોતાનાં મસ્તકોનાં નેત્રોથી યુદ્ધમાં આસપાસ ધ્રૂજતા યોદ્ધાઓને જોઈ તે યોદ્ધાનાં ધડો હાથમાં રહેલાં શસ્ત્રો ઉગામીને ઊઠવા લાગ્યાં. તે યુદ્ધમાં બલિરાજાએ ઈન્દ્રને દસ, ઐરાવત હાથીને ત્રણ, ચાર ઘોડાઓને ચાર તથા તેના મહાવતને એક બાણ માર્યું. પણ ઝડપદાર પરાક્રમવાળા ઈન્દ્રે સામેથી તેટલાં જ તીક્ષ્ણ ભાલાં મારી, સામે ધસી આવતાં તે બાણોને હસતો હોય તેમ વચ્ચેથી જ કાપી નાખ્યાં. ઈન્દ્રનું તે ઉત્તમ કાર્ય જોઈ બલિરાજા તે સહન કરી શક્યો નહિ. તેણે મોટાં ઊંબાડિયાં જેવી બળતી શકિત હાથમાં લીધી, પણ ઈન્દ્રે બલિના હાથમાં જ તે શક્તિ કાપી નાખી. પછી બલિએ ત્રિશૂળ, ભાલું, તોમર તથા બેધારી તલવાર વગેરે જે જે શસ્ત્ર લીધાં, તે તે સર્વ સમર્થ ઈન્દ્રે કાપી નાખ્યાં. પછી હે રાજા ! બલિએ અદશ્ય થઈ આસુરી માયા ઉત્પન્ન કરી, એટલે દેવોના સૈન્ય પર પર્વત પ્રકટ થયો. એ પર્વત ઉપરથી દાવાનળથી બળતાં ઝાડ અને શત્રુઓનાં સૈન્યનો ચૂરો કરતી તીક્ષ્ણ અણિયાળી શિલાઓ પડવા લાગી, તેમ જ અજગરો, સર્પો, વીંછીઓ, સિહો, વાઘો તથા કચરી નાખતા મોટા હાથીઓ ધસી આવ્યા. વળી હાથમાં ત્રિશૂળ ધારણ કરતી, નાગી અને 'કાપો, ચીરી નાખો' એમ બોલતી, સેંકડો રાક્ષસીઓ તથા રાક્ષસોનાં ટોળાં ચડી આવ્યાં. પછી ગંભીર અને તીક્ષ્ણ શબ્દો કરતા મોટા મેઘો આકાશમાં પ્રકટ થયા ને વાયુઓથી સામસામા અથડાઈને ગાજતા અંગારા વરસાવવા લાગ્યા. વળી દૈત્ય બલિએ અતિ મહાન અગ્નિ ઉત્પન્ન કર્યો, જે વાયુની સહાય લઈ પ્રલયકાળના અગ્નિ જેવો અતિ ઉગ્ર બની દેવોની સેનાને બાળવા લાગ્યો. પછી મર્યાદાને ઓળંગતો સમુદ્ર ચારે તરફથી દેખાયો, જે પ્રચંડ વાયુથી ઊછળતા તરંગો અને ઘૂમરીઓને લીધે ભયંકર હતો. એમ મહામાયાવી અને અલક્ષ્ય ગતિથી ભયંકર દૈત્યોએ માયા સરજી. ત્યારે દેવોના સૈનિકો ગભરાયા. હે રાજા ! ઈન્દ્રાદિ દેવો પણ તે માયાઓનો સામનો કરવાનું જાણી શક્યા નહિ, ત્યારે તેઓએ જગતનું કલ્યાણ કરનાર ભગવાનનું ધ્યાન કર્યું. એટલે ભગવાન ત્યાં પ્રકટ થયા. તે સમયે ભગવાને પોતાના ચરણપલ્લવ ગરુડના ખભા ઉપર મૂક્યા હતા, પીળું પીતાંબર પહેર્યું હતું, તેમનાં નેત્રો નવાં કમળ જેવાં હતાં. આઠ ભુજાઓમાં આઠ આયુધો તેમણે ધર્યા હતાં અને દેદીપ્યમાન લક્ષ્મીજી, કૌસ્તુભમણિ, મહા કિમતી મુકુટ તથા કુંડળો ધારણ કર્યા હતાં. આવા ભગવાન ત્યાં દેખાયા અને

રણભૂમિમાં તેમણે પ્રવેશ કર્યો કે તરત જ સર્વથી મોટા એ દેવના મહિમા વડે જેમ જાગતાં સ્વપ્ન દૂર થાય, તેમ અસુરોના કૂટ કર્મની માયાઓ નાશ પામી; કેમ કે શ્રીહરિનું સ્મરણ જ સર્વ આપત્તિઓમાંથી છોડાવનાર છે. તો પછી તેમનો પ્રત્યક્ષ પ્રવેશ સર્વ આપત્તિઓમાંથી છોડાવે એમાં શું કહેવાનું હોય ?) શ્રીગરુડવાહન ભગવાનને એમ યુદ્ધક્ષેત્રમાં જોઈ સિંહ પર બેઠેલા કાલનેમિ અસુરે ત્રિશૂળ ફેરવીને ભગવાન સામે ફેંક્યું; એટલે હે રાજા ! ગરુડના મસ્તક પર પડતાં પહેલાં જ તે ત્રિશુળને રમતમાત્રમાં ત્રૈલોક્યપતિ ભગવાને ઝીલી લઈ તે જ ત્રિશુળથી કાલનેમિને તેના વાહન સાથે મારી નાખ્યો. પછી માલી ને સુમાલી નામના મહાબળવાન અસુરો ભગવાન સામે યુદ્ધ માટે ધસ્યા, પણ ભગવાને સુદર્શન ચક્રથી તેઓનાં મસ્તક છેદી નાખ્યાં, એટલે તેઓ બંને ત્યાં પડ્યા. તેવામાં માલ્યવાન અસુરે ગરુડને તીક્ષ્ણ ગદા મારી અને ગર્જના કરી, ત્યારે ભગવાને સુદર્શનચક્રથી તેનું પણ મસ્તક ઉડાવી દીધું. ૧-૫૭

माली सुमाल्यतिबलौ युधि पेततुर्यच्चक्रेण कृतशिरसावथ माल्यवांस्तम् ।
आहत्य निग्मनदयाऽहनदण्डजेन्द्रं तावच्छिरोऽच्छनदरेर्नदतोऽरिणाऽद्य ॥५७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## નારદજીએ દેવોને અટકાવ્યા અને શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા

॥ श्रीशुक उवाच ॥

अथोऽसुराः प्रत्युपलब्धचेतसः परस्य पुंसः परयानुकम्पया ।
जघ्नुर्भृशं शक्रसमीरणादयस्तांस्तान् रणे यैरभिसंहताः पुरा ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી પરમ પુરુષ પરમેશ્વરની પરમ કૃપાને લીધે દેવો ભાનમાં આવ્યા અને ઈન્દ્ર, વાયુ વગેરે જે અસુરોએ પોતાને માર્યા હતા તેમને યુદ્ધમાં અત્યંત મારવા લાગ્યા. ભગવાન ઈન્દ્રે બલિ ઉપર ક્રોધાયમાન થઈ વજ્ર ઉગામ્યું, ત્યારે પ્રજાઓ હાહાકાર કરવા લાગી. પછી હાથમાં વજ્રવાળા ઈન્દ્ર રણમાં ધૂમતા અને સારી રીતે સજ્જ થઈ આગળ ઊભેલા શૂરા બલિને તિરસ્કારી કહ્યું : અલ્યા મૂઢ! જેમ નટ નજર બાંધી અજ્ઞાનીઓને જીતી તેઓનાં ધન હરી લે છે, તેમ તું પણ માયાઓ રચી અમને માયાના અધિપતિઓને જીતવા ઈચ્છે છે. (ખરું કે ? પણ તારા જેવા) જેઓ માયાઓ વડે ઊંચે ચડવા અને સ્વર્ગને ઓળંગી જવા (અર્થાત્ મોક્ષને) ઈચ્છે છે, તે અજ્ઞાની લૂંટારાઓને હું પહેલાં રસાતળ સ્થાનથી પણ નીચે ધકેલી દઉં છું. ઓ મંદબુદ્ધિ ! તું દુષ્ટ માયાઓ ધારણ કરે છે; પરંતુ આજે સો ધારવાળા આ વજ્રથી તારું મસ્તક કાપી નાખીશ. તારે તારા સંબંધીઓની સાથે જે પરાક્રમ કરવું હોય તે કરી લે.

**બલિ બોલ્યો :** જેઓનાં કર્મો કાળથી પ્રેરણા પામેલાં હોય અને જેઓ યુદ્ધમાં ઊતરેલા હોય છે, તેઓ સર્વને કીર્તિ, જય, પરાજય તથા મૃત્યુ અનુક્રમે પ્રાપ્ત જ થાય છે. કાળની આ વ્યવસ્થાને વિદ્વાનો જોઈ શકે છે, જેથી તેઓ કોઈના સંબંધમાં હર્ષ પામતા નથી કે કોઈનો શોક કરતા નથી, પણ તે વિષયમાં તમે અજાણ્યા છો. તમે એ જય, પરાજય વગેરેમાં આત્માને સાધન માનો છો અને તેથી જ સારી પેઠે શોક કરવા યોગ્ય છે. તમે અમારી મર્મભેદક વાણી કદી સ્વીકારતા નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈન્દ્રનો એમ તિરસ્કાર કરી વીરોનું મર્દન કરનાર વીર બલિએ તિરસ્કારનાં વચનોથી હણાયેલા ઈન્દ્ર પર કાન સુધી ખેંચેલાં નારાચ બાણોથી ફરી પ્રહાર કર્યો. એ પ્રમાણે

સત્યવાદીશત્રુએ દેવ ઈન્દ્રનો પરાભવ કર્યો એટલે અંકુશ મારેલા હાથીની પેઠે તે શત્રુનો તિરસ્કાર સહન કરી શક્યો નહિ. શત્રુઓનું મર્દન કરનારા તે ઈન્દ્ર બલિરાજાને અમોઘ વજ્ર માર્યું, એટલે કપાયેલી પાંખોવાળા પર્વતની પેઠે તે વિમાન સાથે પૃથ્વી પર પડ્યો. એ પ્રમાણે મિત્ર બલિને પડેલો જોઈ બલિનો મિત્ર જંભાસુર મરાયેલા મિત્રની પણ મિત્રતા જાળવવા ઈન્દ્ર સામે ધસ્યો. મહાબળવાન તે જંબાસુર સિંહ પર બેસી ઇન્દ્રની પાસે પહોંચ્યો અને વેગથી ગદા ઉગામી ઈન્દ્રના કંઠના મૂળમાં મારી અને હાથીને પણ માર્યો. ઈન્દ્રનો હાથી ગદાના તે મારથી અત્યંત વિહ્વળ થયો અને જમીન પર ગોઠણભેર થઈ બેભાન થયો. પછી માતલિ સારથિએ એક હજાર ઘોડાઓ જોડે રથ ઈન્દ્ર આગળ હાજર કર્યો એટલે ઇન્દ્રરાજા હાથીને છોડી રથ ઉપર બેઠો. દાનવશ્રેષ્ઠ જંભાસુરે માતલિ સારથિના તે કર્મની પ્રશંસા કરી અને પછી યુદ્ધમાં હસતાં હસતાં બળબળતું ત્રિશૂળ માતલિને પણું માર્યું. માતાલિએ ધૈર્ય ધરી અતિદુઃસહ તે પીડા સહન કરી. પછી ઇન્દ્રે અત્યંત ક્રોધાયમાન થઈ વજ્ર વડે જંભાસુરનું મસ્તક કાપી નાખ્યું. નારદઋષિ પાસેથી જંભાસુરને મરણ પામેલો સાંભળી તેના સંબંધીઓ નમુચિ, બલ અને પાક નામના અસુરો ઉતાવળા ત્યાં આવ્યા. તેઓ કઠોર વચનો વડે ઈન્દ્રનાં મર્મસ્થાનો વીંધતા મેઘો જેમ પર્વતો ઉપર જળધારાઓ વરસાવે, તેમ તેના પર બાણો વરસાવવા લાગ્યા. તેમાં બલદૈત્ય ઝડપદાર હાથવાળો હતો. તેણે એક હજાર ઘોડાઓને એકીસાથે વીંધી નાખ્યા. પાક દૈત્યે એકી વખતે બસો બાણો છોડીને માતલિ સારથિને તથા જુદા જુદા અવયવો સહિત રથને વીંધી નાખ્યા. તે એનું કર્મ યુદ્ધમાં આશ્ચર્યકારક થયું. નમુચિએ પણ સોનાની અણીવાળાં પંદર મોટાં બાણો ઈન્દ્રને મારી જળથી ભરેલા મેઘની પેઠ યુદ્ધમાં ગર્જના કરી. તે અસુરોએ મેઘ જેમ વર્ષાકાળના સૂર્યને ઢાંકી દે તેમ ઇન્દ્રને તેના રથ તથા સારથિ સાથે બાણોના ઢગથી ઢાંકી દીધો. (એ રીતે ઇન્દ્ર બાણોના ઢગથી દેખાતો બંધ થયો) ત્યારે તેને ન દેખતાં દેવગણો અનુયાયીઓ સાથે નાયકથી રહિત થયા અને તેથી શત્રુસૈન્યે તેઓને જીતી લીધા. એટલે સમુદ્રમાં વહાણો ભાંગતાં વેપારીઓ અતિશય વિહ્વળ થાય તેમ વિહ્વળ થઈ તેઓ બૂમો પાડવા લાગ્યા; તેવામાં ઈન્દ્ર ઘોડા, રથ, ધજા તથા સારથિ સાથે તે બાણો વડે બંધાયેલા પિંજરામાંથી બહાર નીકળ્યો અને રાત્રિના અંતે પોતાના તેજથી જેમ સૂર્ય શોભે તેમ પોતાના તેજથી દિશાઓ, આકાશ તથા પૃથ્વીને પ્રકાશિત કરતો શોભવા લાગ્યો. પછી વજ્રધારી ઇન્દ્રદેવે રણમાં સેનાને શત્રુઓથી પીડાતી જોઈ શત્રુનો નાશ કરવા ક્રોધથી વજ્ર ઉગામ્યું. અને હે રાજન્ ! આઠ ધારવાળા તે વજ્ર વડે સર્વને ભય ઉપજાવતાં ઇન્દ્રે બલ તથા પાક બંને દૈત્યોનાં મસ્તકો તેઓના સંબંધીઓના દેખતાં ઉડાવી દીધાં. હે રાજા ! એમ બને દૈત્યોનો નાશ થયેલો જોઈ નમુચિ શોક, અદેખાઈ તથા ક્રોધથી વ્યાપ્ત થયો. તેણે ઈંદ્રનો નાશ કરવાની ઇચ્છાથી મોટો ઉદ્યમ કરવા માંડયો અને લટકતી ઘંટડીઓવાળું લોઢાનું સુવર્ણભૂષિત ત્રિશૂળ હાથમાં લઈ 'તું મૂરખ છે' એમ ક્રોધથી ગર્જના કરતો તે ધસ્યો. તેણે સિંહની પેઠે ગર્જના કરી ઇંદ્ર ઉપર તે ત્રિશૂળ ફેંક્યું પણ હે રાજા ! આકાશમાર્ગે આવતા અત્યંત વેગવાળા તે ત્રિશૂળના ઈંદ્રે બાણો મારી હજારો ટુકડા કરી નાખ્યા અને પછી તો ક્રોધાયમાન થઈ ઈંદ્રે નમુચિનું મસ્તક કાપી નાખવા તેની ડોક પર વજ્ર માર્યું. ઈન્દ્રે પોતાનામાં જેટલું બળ હતું તેટલા બળથી વજ્રનો પ્રહાર કર્યો અને જે વજ્ર મહાવીર્યમાન વૃત્રાસુરને પણ ચીરી નાખ્યો હતો તે બળવાન વજ્ર પણ એ અસુરની ચામડીને ચીરી શકયું નહિ અને ઊલટી તેની ડોકની ચામડીથી બૂઠું થયું, એથી ઇંદ્રને અત્યંત આશ્ચર્ય થયું. એ રીતે વજ્ર પાછું પડયું ત્યારે ઇંદ્ર શત્રુથી ડરવા લાગ્યો. તેણે મનમાં ખેદ કરવા માંડયો કે દૈવયોગે લોકોને મોહ ઉપજાવે તેવું આ શું થયું ? પૂર્વે પ્રજાઓના નાશ માટેની પોતાની પાંખોથી ઊડીને પૃથ્વી પર પડતા અને ભારથી અંદર ઘુસી જતા પર્વતોની પાંખોને પણ મારા

જે વજ્ર કાપી હતી અને જે વજ્ર ત્વષ્ટાના સારમય તપરૂપ વૃત્રાસુરને તથા સર્વ અસ્ત્રોથી જેઓની ચામડી ઘવાતી ન હતી તેવા બીજા બળવાન અસુરોને પણ ચીરી નાખ્યા છે, તે વજ્રને આજે મેં આ ક્ષુદ્ર અસુર ઉપર છોડયું; છતાં આજે બ્રાહ્મણ (દધીચિ ઋષિ)ના સામર્થ્યરૂપ તે નિષ્ફળ નીવડયું છે, માટે નકામી લાકડી જેવા આ વજ્રને હવે હું નહિ સ્વીકારું, એમ ઈંદ્ર ખેદ કરતો હતો ત્યારે તેને આકાશવાણીએ કહ્યું: 'આ દાનવને સૂકા કે લીલા પદાર્થોથી મારી શકાશે નહિ, કેમ કે લીલા કે સૂકા પદાર્થોથી તારું મૃત્યુ નહિ થાય એવું મેં તેને વરદાન આપેલું છે, માટે હે ઈંદ્ર ! તારા આ શત્રુનો નાશ કરવા માટે તારે કોઈ બીજો ઉપાય વિચારવો.' એમ તે આકાશવાણી સાંભળી ઈંદ્રે ખૂબ એકાગ્ર ચિત્તે વિચાર કર્યો. તેવામાં નહિ લીલું કે નહિ સૂકું સમુદ્રનું ફીણ શત્રુનો નાશ કરવાના ઉપાય તરીકે તેને દેખાયું; એટલે નહિ સૂકા ને નહિ લીલા તે ફીણથી ઈંદ્રે નમુચિનું મસ્તક કાપી નાખ્યું ત્યારે મુનિગણો તેની સ્તુતિ કરીને તેના પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. વિશ્વાવસુ તથા પરાવસુ નામના મુખ્ય ગંધર્વો તેના ગુણગાન ગાવા લાગ્યા; દેવોનાં નગારાં વાગવા લાગ્યાં અને નર્તકીઓ હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગી. બીજી તરફ વાયુ, અગ્નિ, તથા વરુણ વગેરે બીજા દેવો પણ કેસરી સિંહો જેમ મૃગોને મારે, તે રીતે અસ્ત્રોના સમૂહથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. એ રીતે હે રાજા ! દાનવોનો સંહાર થતો જોઈ બ્રહ્માએ દેવર્ષિ નારદને દેવો પાસે મોકલ્યા, એટલે તેમણે દેવોને આ પ્રમાણે કહી અટકાવ્યા.

**નારદજી બોલ્યા :** તમોએ ભગવાન નારાયણની પૂજાઓનો આશ્રય કરી અમૃત મેળવ્યું છે અને સંપત્તિથી સમૃદ્ધ પણ થયા છે; માટે બધા લડાઈ બંધ કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** નારદઋષિનાં એ વચનને માન આપી દેવોએ ક્રોધના આવેશને વશ કર્યો અને પછી ગુણગાન ગાતા અનુચરો સાથે બધા દેવો સ્વર્ગમાં ગયા. બીજી તરફ રણમાં જેઓ બચ્યા હતા, તે અસુરો પણ નારદજીની સંમતિથી મરણ પામેલા બલિરાજાને લઈ અસ્તાચલ પર્વત પાસે ગયા. જેઓના અવયવો નાશ પામ્યા ન હતા તથા જેઓનાં ડોકાં હયાત હતાં, તે સઘળા અસુરોને શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાથી સજીવન કર્યા. બલિરાજા પણ શુક્રાચાર્યનો સ્પર્શ થતાં જ ફરી ઇંદ્રિયસ્મૃતિ પામ્યો અને પોતે પરાજય પામ્યો હતો, છતાં લોકતત્વને જાણતો હોવાથી તેણે (મનમાં) ખેદ ન કર્યો. ૧-૪૮

બલિશ્ચોશનસા સ્પૃષ્ટ પ્રત્યાપન્નેન્દ્રિયસ્મૃતિઃ । પરાજિતોઽપિ નાખિદ્યલ્લોકતત્ત્વવિચક્ષણઃ ॥૪૮॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## મોહિની સ્વરૂપથી શંકર મોહ પામ્યા

॥ શ્રીબાદરાયણિ ઉવાચ ॥

वृषध्वजो निशम्येदं योषिद्रूपेण दानवान् । मोहयित्वासुरगणान् हरिः सोमममपाययत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** શ્રીહરિએ સ્ત્રીસ્વરૂપથી દાનવોને મોહ પમાડી દેવગણોને અમૃત પાયું, એ વાત સાંભળી મહાદેવજી નંદી પર બેસી દેવી પાર્વતી સાથે સર્વ ભૂતગણોથી વીટાઈને શ્રીભગવાન બિરાજે છે, ત્યાં તેમનું એ સ્ત્રી સ્વરૂપ જોવા ગયા. ભગવાને પાર્વતીજી સહિત શંકરનો આદરપૂર્વક સત્કાર કર્યો. એટલે શંકરે પણ સામેથી સત્કાર કરી યોગ્ય આસને બેસી હસતાં શ્રીહરિને આ પ્રમાણે કહ્યું.

**શ્રી મહાદેવજી બોલ્યા :** હે દેવોના દેવ ! હે જગદ્વ્યાપિન્ ! હે જગતના ઈશ્વર ! હે જગન્મય! આપ સર્વ પદાર્થોના કારણ, ઈશ્વર અને આત્મા છો. જેનાથી આ જગતના આદિ, મધ્ય તથા અંત થાય છે, જે અવિનાશીના આદિ, મધ્ય, કે અંત નથી, જે આ દશ્યસ્વરૂપ છે, 'હું' એવા અહંકારનું જે સ્થાન છે, જે ભોગ્ય અને ભોકતા પણ છે, તે સત્ય અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ આપ જ છો. માટે જ કેવળ (મોક્ષરૂપ) કલ્યાણની ઇચ્છાવાળા અને સર્વ કામનાઓ તજનારા મુનિએ આ લોક તથા પરલોકનો સંગ છોડી આપના જ ચરણકમળની સારી રીતે ઉપાસના કરે છે. આપ કેવળ સુખસ્વરૂપ, ત્રણ ગુણોથી રહિત, શંકરહિત માત્ર આનંદસ્વરૂપ, નિર્વિકાર, જેનાથી ભિન્ન કંઈ નથી અને છતાં જે સર્વથી જુદા છે, તે આપ પરિપૂર્ણ બ્રહ્મ છો. આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણ, જીવોના ઈશ્વર અને તેને તે તે ફળ આપનારા છો; તોપણ (જેમ રાજાને તેના સેવકોની જરૂર હોય છે તેમ) જીવોની આપને કંઈ જરૂર નથી; પરંતુ જીવોને જ આપની જરૂર છે. (માટે આપનું ઐશ્વર્ય કેવળ ભક્તોના જ કલ્યાણ માટે છે, આપના પોતાને માટે નથી.)જેમ કુંડળ વગેરે આકૃતિરૂપ સોનું તથા આકૃતિ વગરનું કેવળ સોનું તે એક જ (સોનું જ) છે, તેમ કાર્યકારણરૂપ દ્વૈત અને પરમ કારણરૂપ અદ્વૈત તે (બધું) કેવળ આપ એક જ છો. ખરી રીતે આપ વિષે કોઈ પ્રકારનો ભેદ નથી; છતાં લોકોએ અજ્ઞાનથી આપ વિષે ભેદ કપેલો છે; કેમ કે આપ કેવળ નિરુપાધિ સ્વરૂપ જ છે; છતાં આપમાં ભેદ દેખાય છે, તે કેવળ ગુણોને લીધે જ છે. તેથી જ કેટલાક (વેદાંતી) વિદ્વાનો આપને-બ્રહ્મ માને છે. કેટલાક (મીમાંસકો) આપને જ ધર્મ માને છે. કેટલાક (સાંખ્યશાસ્ત્રીઓ) આપને જ પ્રકૃતિ તથા પુરુષથી પર રહેલા પરમેશ્વર માને છે. બીજા કેટલાક (પંચરાત્રશાસ્ત્રીઓ) નવ શકિતયુકત આપને પરમેશ્વર માને છે ને બીજા કેટલાક (પાતંજલ યોગીઓ) આપને સ્વતંત્ર તથા અવિનાશી મહાપુરુષ માને છે. હે ઈશ્વર છે. હું, બ્રહ્મા તથા મરીચિ વગેરે ઋષિઓ સત્ત્વગુણથી જ સર્જાયા છીએ; છતાં આપે રચેલા આ જગતને ખરી રીતે જાણતા નથી તો આપને તો ક્યાંથી જ જાણીએ ? અને (અમે નથી જાણતા તો) જેઓની ઉત્પત્તિ રજોગુણ તથા તમોગુણથી હોય છે, તેવા આપની માયાથી મોહિત મનવાળા દૈત્યો અને મનુષ્યો વગેરે તે આ જગતને તથા આપને ખરી રીતે ન જ જાણે એમાં શું કહેવાનું હોય ? આપ જ્ઞાનસ્વરૂપ અને સર્વના આત્મા છો, તેથી વાયુની પેઠે સ્થાવર–જંગમ સઘળા જગતમાં અને આકાશમાં વ્યાપેલા છો; અને તેથી આપે પોતે જ રચેલા આ જગતમાં જન્મ, સ્થિતિ, નાશ, પ્રાણી માત્રની ચેષ્ટા, સંસારમાં થતા બંધ અને મોક્ષ એ સર્વ આપ તો જાણો જ છો. જે આપ ગુણો સાથે ક્રીડા કરે છે તે આપના સર્વ અવતારો મેં જોયા છે; પણ આપે હમણાં જે સ્ત્રીનું શરીર ધારણ કર્યું હતું (તે મેં જોયું નથી, માટે) તે હું જોવા ઈચ્છું છું આપે એ સ્ત્રીના સ્વરૂપથી દૈત્યોને મોહિત કર્યા અને દેવોને અમૃત પાયું, તે આપના સ્ત્રી સ્વરૂપને જોવાની ઈચ્છાથી અમે અહીં આવ્યા છીએ; કારણ કે તે જોવાની અમને ઉત્કટ ઇચ્છા છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શંકર ભગવાને વિષ્ણુની પ્રાર્થના કરી; એટલે ગંભીર ભાવે ખૂબ હસીને ભગવાને તેમને કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** જ્યારે અમૃતનો કળશ (દૈત્યોના હાથમાં) ગયો ત્યારે દેવોના કાર્ય તરફ દૃષ્ટિ કરી મેં દૈત્યને મોહ ઉપજાવવા સ્ત્રીવેષ લીધો હતો.' હે દેવોમાં શ્રેષ્ઠ મહાદેવજી ! તમે મારું એ સ્વરૂપ જોવા ઈચ્છો છો માટે કામી પુરુષોને બહુ માન્ય થયેલું અને કામદેવનો જેથી ઉદય થાય છે, તેવું એ સ્વરૂપ હું તમને બતાવું છું. એમ કહેતા ભગવાન ત્યાં જ અદશ્ય થઈ ગયા અને મહાદેવજી પાર્વતીની સાથે ચારે

તરફ નજર ફેરવતા ત્યાં બેસી રહ્યા. તેવામાં જાતજાતનાં પુષ્પો તથા રાતાં નવાં પાંદડાંથી લચી રહેલાં વૃક્ષવાળા એક બગીચામાં શંકરે સુંદર સ્ત્રીને જોઈ. તે દડાની રમતથી રમતી હતી અને રેશમી વસ્ત્રથી ઢાંકેલા તેના નિતંબ ઉપર (સોનાનો) કંદોરો શોભતો હતો. (દડાની રમતમાં) દડો ઊંચે જતો હતો અને પડતો હતો તેથી તે સ્ત્રી પણ નીચે નમતી હતી અને ઊંચે કૂદતી હતી. તેને લીધે ઊંચનીચે લચકાતાં તેનાં સ્તન ઉપર ઉત્તમ હારનો મોટો ભાર હોવાથી પગલે પગલે કેડમાંથી જાણે ભાંગી પડતી હોય તેવી તે જણાતી હતી. ચાલતી વખતે તે લાલ લાલ પલ્લવો જેવા પોતાના કોમળ પગ આમતેમ મુકતી હતી. દિશાઓમાં ઊછળતા દડાની ચંચળતાથી ઘણી જ ફરકતી કીકીઓવાળાં તેનાં વિશાળ નેત્રો પણ બહુ ચંચળ થતાં હતાં. પોતાના કાનમાં ઝળહળતાં કુંડળો પહેર્યા હોવાથી તેના બન્ને ગાલ ઘણા જ શોભતા હતા અને કાળા કેશથી તેનું મુખ સુશોભિત જણાતું હતું. ઢીલાં થતાં પહેરેલાં વસ્ત્રને તથા વીખરાઈ જતા કેશપાશને પોતાના સુંદર ડાબા હાથે તે બાંધતી હતી અને બીજા હાથે દડાને મારતી પોતાના વિલાસથી જગતને મોહિત કરતી હતી. આવી તે સ્ત્રીને જોઈ દેવ શંકરે પોતાના આત્માને, પાસે ઊભેલાં પાર્વતીને તથા ગણોને પણ જાણ્યા નહિ; કેમ કે દડાની રમતમાં જરા લજ્જાને લીધે અસ્પષ્ટ મંદ હસીને તે સ્ત્રીએ કટાક્ષો ફેંક્યા હતા; તેથી મહાદેવજી ઠગાયા હતા; અને તેમનું મન તે સ્ત્રીના દર્શનથી અને તેણે સામે નાખેલી નજરથી વિહ્વળ બન્યું હતું. એવામાં પેલો દડો એ સ્ત્રીના હાથમાંથી ઘણે દૂર જઈ પડ્યો. તેથી એ સ્ત્રી એની પાછળ દોડી ત્યારે વાયુએ મહાદેવજીના દેખતાં તેના સૂક્ષ્મ વસ્ત્રને કંદોરાની સાથે હરી લીધું. એમ તે વસ્ત્રરહિત દેખાઈ ત્યારે તે સુંદર કટાક્ષવાળી તે સુંદરીને જોઈ મહાદેવજીએ તેમાં મન કર્યું, કેમ કે તે વેળા એ સ્ત્રી જોવાલાયક હોઈ મનને આનંદ ઉપજાવતી શંકરમાં પોતાનો આસક્તિભાવ જણાવતી હતી. તે સ્ત્રીએ શંકર દેવનું જ્ઞાન હરી લીધું અને તેણે ઉત્પન્ન કરેલા કામથી મહાદેવજી વ્યાકુળ બન્યા, જેથી લજ્જા તજીને પાર્વતીના દેખતાં તેના પગલે પગલે જવા લાગ્યા. એ સ્ત્રી વસ્રરહિત હતી તેથી શંકરને આવતા જોઈ ઘણી જ શરમાઈ ગઈ અને વૃક્ષોમાં છુપાતી ને (મહાદેવને ઉદ્દેશી) હસતી ક્યાંય ઊભી જ ન રહી. એટલે ભગવાન શંકર જેમ હાથી હાથણી પાછળ પડે તેમ એ સ્ત્રીની પાછળ પડયા; કેમ કે તેમની ઇંદ્રિય તે વેળા હરાઈ હતી. અને તે કામદેવને વશ થયા હતા. મહાદેવજી ઘણા વેગથી તેની પાછળ દોડી, તે સ્ત્રી ઈચ્છતી ન હતી તોપણ તેને પકડીને તેનો કેશપાશ નજીક લઈ બને ભુજાઓથી તેને ભેટી પડયા. એમ ભગવાન શંકરે તે મોહિનીને પોતાની બાથમાં લીધી ત્યારે હાથીએ પકડેલી હાથણી (છૂટવા માટે) આમતેમ તરફડિયાં મારે તેમ તે તરફડિયાં મારવા લાગી; તેથી તેના કેશ પણ વીખરાઈ ગયા. હે રાજા ! (માંડ માંડ) મહાદેવજીના બાહુમાંથી પોતાને છોડાવી મોટા નિતંબવાળી તે દેવસર્જિત માયા ત્યાંથી નાઠી. એટલે શંકર પણ શત્રુ કામદેવથી જિતાયા હોઈ એ અદ્ભુત કર્મ કરનારા વિષ્ણુના માર્ગે દોડી ગયા. જેમ ગર્ભધારણને યોગ્ય થયેલી ગાયની પાછળ મદોન્મત્ત સાંઢ દોડે અને તે વેળા તેનું વીર્ય ઝરવા લાગે, તેમ એ મોહિની પાછળ દોડતા તે અમોઘ વીર્યવાળા શંકરનું વીર્ય પણ તે વેળા ઝરી રહ્યું હતું. હે રાજા ! મહાત્મા શંકરનું વીર્ય તે વખતે જ્યાં જ્યાં પડયું ત્યાં ત્યાં રૂપાનાં તથા સોનાનાં ક્ષેત્રો થયાં. નદીઓ, તળાવો, પર્વતો, વનો તથા ઉપવનોમાં અને જ્યાં જ્યાં ઋષિઓ બિરાજતા હતા ત્યાં ત્યાં પણ મહાદેવજી તે મોહિની પાછળ દોડી ગયા.હે રાજાઓમાં શ્રેષ્ઠ ! વીર્ય ઝરી ગયા પછી શંકરે પોતાના આત્માને દેવની માયાથી મોહિત તથા જડ થયેલો અને પછી તે મોહથી પોતે અટક્યા. તેમણે જગતના આત્મા તથા પોતાના પણ આત્મા ભગવાનનું માહાત્મ્ય જાણ્યું અને જેમનું પરાક્રમ જાણવું

અશક્ય છે એવા તે ભગવાનના તે સંબંધમાં આશ્ચર્ય ન માન્યું. પછી શંકરને વ્યાકુળ અને લજ્જારહિત જોઈ અત્યંત પ્રસન્ન થયેલા ભગવાન પોતાનું પુરુષ શરીર પ્રકટ કરી કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે મહાદેવ ! તમે મારી સ્ત્રીરૂપ માયા વડે પોતાની ઈચ્છાનુસાર મોહિત કરાયા હતા, પણ પાછા પોતાની મેળે જ પોતાની મૂળ સ્થિતિ પામ્યા તે બહુ સારું થયું. મારી માયા તે તે ભાવોને સર્જી રહી છે અને અજ્ઞાનીઓથી મહાદુઃખે તરી શકાય તેવી છે; તેને તમારા વિના બીજો કયો પુરુષ તરી શકે તેમ છે ? હું સૃષ્ટિ આદિનું કારણ અને કાળરૂપ છું, મારી સાથે રજોગુણ આદિ વિભાગપૂર્વક રહેનારી છતાં ગુણમય મારી આ માયા હવે પછી આ (આ રીતે) તમારો પરાભવ કરશે નહિ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એમ શ્રીવત્સના ચિહ્નવાળા ભગવાને સત્કાર કર્યો, એટલે શંકર પોતાના ગણો સાથે તેમની પ્રદક્ષિણા કરી આજ્ઞા લઈ પોતાના સ્થાને ગયા. હે ભરતવંશી રાજા ! પછી ભગવાન શંકરે પોતાની સ્તુતિ કરતા ઋષિઓની મધ્યે ભગવાનના અંશરૂપ તે માયાનું પાર્વતી પાસે પ્રેમથી આવું વર્ણન કર્યું. ‘હે પાર્વતી ! સર્વોત્કૃષ્ટ અજન્મા દેવ પરમપુરુષની માયા તમે જોઈને ?’ જે માયાથી ભગવાનના અંશમાં સૌથી શ્રેષ્ઠ હું સ્વતંત્ર છતાં મોહિત થયો; તો જેઓ સ્વતંત્ર નથી, તેઓ મોહિત થાય એમાં શું કહેવાનું હોય ? હું પહેલાં એક હજાર વર્ષને અંતે યોગ વિરામ પામ્યો, ત્યારે તમે મારી પાસે આવી જેમના વિષે પૂછ્યું હતું, તે જ એ સાક્ષાત્ પુરાણપુરુષ હતા કે જેમાં કાળ કે વેદ પણ પેસી શકતા નથી અને જ્યાં કાળનું કંઈ ચાલતું નથી અને વેદ પણ જેમને વર્ણવી શકતા નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે તાત ! એમ સમુદ્ર મંથનના સમયે જેમણે પોતાની પીઠ પર મહાપર્વત મંદરાચળ ધર્યો હતો, તે શાર્ઙ્ગ ધનુષ્ય ધરનારા ભગવાનનું પરાક્રમ મેં તમને કહ્યું, જે મનુષ્ય આ ચરિત્રનું વારંવાર કીર્તન તથા શ્રવણ કરે છે તેના ઉદ્યમનો—તેના ઉત્તમ સંયમવ્રતનો કોઈ સ્થળે કદી નાશ થતો નથી; કારણ કે ભગવાનના ગુણોનું વર્ણન સંસારના સમસ્ત પરિશ્રમોનો નાશ કરનારું છે. જે ભગવાને માયાથી સ્ત્રીવેશ લઈ રાક્ષસોને મોહ ઉપજાવ્યો અને દુષ્ટ પુરુષોને દુર્લભ તથા ભક્તિથી પામવા યોગ્ય પોતાના ચરણનો આશ્રય કરનારા ઉત્તમ દેવોને સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલું અમૃત પાયું, તે શરણાગતોની કામના પૂરનાર ભગવાનને હું પ્રણામ કરું છું’ ૧-૪૭

असदविषयमङ्घ्रिभावगम्यं प्रपन्नानमृतममरवर्यानाशयन्सिन्धुमथ्यम् ।
कपटयुवतिवेषो महयन्तः सुरारीं स्तमहमुपसृतानां कामपूरं नतोऽस्मि ॥४७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## સાતમા મન્વંતરથી માંડી સર્વ મન્વંતરાનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

मनुर्विवस्वतः पुत्रः श्राद्धदेव इति श्रुतः । सप्तमो वर्तमानो यस्तदपत्यानि मे शृणु ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ નામે પ્રખ્યાત મનુ જે હાલમાં છે, તેનાં સંતાનો વિષે તમે મારી પાસેથી સાંભળો. હે શત્રુતાપન રાજા ! ઈક્ષ્વાકુ, નભગ, ધુષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, નાભાગ, સાતમો દિષ્ટ, કરૂષ, પૃષધ્ર અને દસમો વસુમાન; આ દસ વૈવસ્વત મનુ(શ્રાદ્ધદેવ)ના પુત્રો છે. હે

રાજન્! આ મનુના સમયમાં આદિત્યો, વસુઓ, રુદ્રો, વિશ્વેદેવો, મરુદ્ગુણો, અશ્વિનીકુમારો તથા ઋભુઓ દેવતાઓ છે અને એનો ઈંદ્ર પુરંદર નામે છે. તેમ જ કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ, આ સપ્તર્ષિઓ છે. આ મનુના સમયમાં પણ કશ્યપ અને અદિતિથી ભગવાનનો જન્મ થયો હતો. એ જ વિષ્ણુ ભગવાન અદિતિના પુત્રોમાં સૌથી નાના હતા. તેમણે વામન સ્વરૂપ લીધું હતું. આ રીતે સાત મન્વંતરો મેં તમને ટૂંકમાં કહ્યા; હવે વિષ્ણુની શક્તિથી યુકત ભવિષ્યના મન્વંતરો હું તમને કહું છું. હે રાજેન્દ્ર ! વિવસ્વત(સુર્ય)ને વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા તથા છાયા નામની બે સ્ત્રીઓ છે, જે પ્રથમ મેં તમને કહી છે. કેટલાક કહે છે કે તેને વડવા નામે ત્રીજી સ્ત્રી પણ હતી. તેઓમાં સંજ્ઞાનાં યમ, યમુના તથા શ્રાદ્ધદેવ નામનાં ત્રણ સંતાનો થયાં. હવે છાયાનાં સંતાનો તમે સાંભળો. સાવર્ણિ, તપતી કન્યા કે જે સંવરણની સ્ત્રી થઈ હતી અને ત્રીજો શનૈશ્ચર, આ છાયાનાં સંતાનો હતાં. બે અશ્વિનીકુમાર વડવાના પુત્રો છે. હે રાજા ! આઠમો મન્વંતર આવશે ત્યારે સાવર્ણિ મનુ થશે અને નિર્મોક તથા વિરજસ્ક વગેરે તેના પુત્રો થશે, તે સમયે સુતપસ, વિરજ તથા અમૃતપ્રભ નામે દેવો અને વિરોચનનો પુત્ર બલિ તેઓનો ઈંદ્ર થશે. જેણે (સાતમા મન્વંતરમાં) ત્રણ પગલાં માગતા વિષ્ણુને આ પૃથ્વી આપી હતી, તે બલિ (આઠમા મન્વતરમાં વિષ્ણુ ભગવાનની કૃપાથી) મળેલું ઈંદ્રપદ છોડી મોક્ષ પામશે. વળી જે બલિરાજાને ભગવાને પ્રથમ બાંધ્યો હતો તેને પણ પાછા પ્રસન્ન થઈ સ્વર્ગ કરતાં પણ અધિક એવા સુતલમાં સ્થાપ્યો છે જ્યાં હમણાં તે ઈંદ્રની પેઠે રહે છે. હે રાજન્ ! એ સાવર્ણિ મન્વંતરમાં ગાલવ, દીપ્તિવાન, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ તથા અમારા પિતા ભગવાન વ્યાસ, આ સપ્તર્ષિઓ થશે; જેઓ હાલમાં પોતપોતાના આશ્રમમાં પોતાના યોગપ્રભાવથી રહે છે. વળી તે વેળા દેવગુહ્ય નામના પુરુષથી સરસ્વતી નામની સ્ત્રીમાં 'સાર્વભૌમ' નામે ભગવાન અવતાર લેશે અને સાતમા મન્વંતરના ઈંદ્ર પાસેથી તેનું સ્થાન પડાવી લઈ બલિરાજાને આપશે. હે રાજા ! પછી વરુણનો પુત્ર દક્ષસાવર્ણિ નામે નવમો મનુ થશે અને ભૂતકેતુ તથા દીપ્તકેતુ વગેરે તેના પુત્રો થશે. તેના સમયમાં પાર અને મરીચિગર્ભ વગેરે દેવો, અદ્ભુત નામે ઈંદ્ર અને દ્યુતિમાન વગેરે ઋષિઓ થશે. વળી તે વખતે આયુષ્મમાનથી અંબુધારા નામની સ્ત્રીમાં 'ઋષભ' નામે ભગવાનનો અંશ અવતરશે; જેમણે આપેલું ત્રૈલોક્ય 'અદ્ભુત' નામનો ઈંદ્ર ભોગવશે. પછી ઉપશ્લોકનો પુત્ર બ્રહ્મસાવર્ણિ નામે દસ મનુ થશે. તેના પુત્ર ભૂરિષેણ વગેરે થશે. હવિષ્માન, સુકૃતિ, સત્ય, જય તથા મૂર્તિ વગેરે તે કાળના સપ્તર્ષિઓ થશે. સુવાસન, વિરુદ્ધ વગેરે દેવતાઓના ગણો થશે. તથા 'શંભુ' નામે ઈંદ્ર થશે. વળી તે વખતે પણ વિશ્વસૃજને ઘેર વિશૂચી નામની સ્ત્રીમાં ભગવાન વિશ્વકસેન રૂપમાં પોતાના અંશથી અવતરશે. અને તે વખતના 'શંભુ' નામના ઈંદ્રની સાથે મિત્રતા કરશે.' તે પછી આત્મવેત્તા ધર્મસાવર્ણિ નામનો અગિયારમો મનુ અને સત્ય, ધર્મ વગેરે તેના દસ પુત્રો થશે. તે સમયે વિહંગમ, કામગમ તથા નિર્વાણરુચિ નામના દેવો, વૈધૃત નામનો તેઓનો ઈંદ્ર અને અરુણ વગેરે સપ્તર્ષિઓ થશે. તે મન્વંતરમાં આર્યકની વૈધૃતા નામની પત્નીના ગર્ભથી 'ધર્મસેતુ' નામે ભગવાનનો અંશાવતાર થશે અને તે ત્રણે લોકનું રક્ષણ કરશે. હે રાજન્ ! પછી બારમો રુદ્રસાવર્ણિ નામે મનુ, દેવવાન, ઉપદેવ તથા દેવશ્રેષ્ઠ નામના તેના પુત્રો, હરિત વગેરે દેવો, ઋતધામા નામે ઈંદ્ર અને તપોમૂર્તિ, તપસ્વી, તથા આગ્નધ્રક વગેરે સપ્તર્ષિઓ થશે. તેમ જ 'સત્યસહસ તથા સૂનૃતાનો પુત્ર 'સ્વધામ' નામના શ્રીહરિનો અંશ તે મન્વંતરનું પાલન કરશે. પછી

દેવસાવર્ણિ નામે તેરમો આત્મજ્ઞાની મનુ, ચિત્રસેન તથા વિચિત્ર વગેરે તેના પુત્રો, સુકર્મા તથા સુમાત્રા નામના દેવો, દિવસ્પતિ નામનો તેઓનો ઈંદ્ર નિર્મોક તથા તત્ત્વદર્શી વગેરે તે વખતે સપ્તર્ષિઓ અને દેવહોત્રની બૃહતી નામની સ્ત્રીમાં 'યોગેશ્વર' નામે શ્રીહરિનો અંશ ઉત્પન્ન થશે, જે તે વખતના 'દિવસ્પતિ' ઈંદ્રને ત્રૈલોકયનું રાજ્ય આપશે. પછી ચૌદમો મનુ ઈંદ્રસાવર્ણિ તેના ઉરુબુદ્ધિ તથા ગંભીરબુદ્ધિ વગેરે પુત્રો પવિત્ર તથા ચાક્ષુષ નામના દેવો અને શુચિ નામે ઈંદ્ર થશે. અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ તથા માગધ વગેરે સપ્તર્ષિઓ અને સત્રાયણની વિતાના નામની પત્નીમાં 'બૃહદ્ભાનુ' નામના પુત્ર તરીકે શ્રીહરિ અવતાર લેશે. હે મહારાજ ! તે ભગવાન વેદના કર્મમાર્ગનો વિસ્તાર કરશે. હે રાજન્ ! ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળમાં જ થનારા આ ચૌદ મન્વંતરો મેં તમને કહ્યા. આ ચૌદ મન્વંતરનો સમય એક હજાર યુગ સુધીનો છે, તેનું બીજું નામ 'કલ્પ' કાળ કહેવાય છે. હે રાજેન્દ્ર ! આ ચૌદ મનુઓની કથાનું જે મનુષ્ય શ્રવણકીર્તન કરે છે, તેના ઉપર વિષ્ણુભગવાન પ્રસન્ન થાય છે. ૧-૩૬

**चतुर्दशमनूनां च कथां यः कीर्तयेन्नरः । शृणुपाद् वापि राजेन्द्र तम्य विष्णु प्रसीदति ॥३६॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪
## મનુ વગેરે નાં જુદાં જુદાં કર્મો

**॥ राजोवाच ॥**

मन्वन्तरेषु भगवन् यथा मन्वादयस्त्विमे । यस्मिन् कर्माणि ये येन नियुक्तास्तद्वदस्व मे ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછયું :** હે ભગવન્ ! આ (તમે કહેલા) મનુ વગેરે પોતપોતાના સમયમાં જે જે કર્મમાં જેનાથી પ્રેરણા પામી જે પ્રમાણે જોડાયેલા રહે છે, તે આપ મને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! મનુઓ, મનુઓના પુત્ર, મુનિઓ, ઈંદ્રો તથા દેવગણો એ સર્વ (તે તે કાળમાં) યજ્ઞ આદિ અવતાર લેનારા પરમેશ્વરની જ આજ્ઞામાં રહે છે. હે રાજન્ ! યજ્ઞ આદિ જે જે પરમેશ્વરના અવતારો મેં તમને કહ્યા, તેઓની પ્રેરણા પામી મનુ વગેરે જગતનો નિર્વાહ કરે છે. ચાર યુગોના અંતે વેદના સમૂહો કાળે કરી નાશ પામે છે, ત્યારે સપ્તર્ષિઓ તે વેદસમૂહોનો તપોબળથી સાક્ષાત્કાર કરે છે કે જે વેદોમાંથી, સનાતન ધર્મ ફરી ચાલુ થાય છે. પછી શ્રીહરિએ આજ્ઞા કરેલા મનુઓ બરાબર સાવધાન થઈ ચારે ચરણથી પરિપૂર્ણ ધર્મને પોતપોતાના કાળમાં પૃથ્વી પર પ્રવર્તાવે છે. એટલે પ્રજાઓનું પાલન કરનારા મનુના પુત્ર વગેરે તે તે મનુનો સમય પૂરો થાય ત્યાં સુધી પુત્રપૌત્રાદિ ક્રમથી તે ધર્મ પાળે છે; અને યજ્ઞભાગ ભોગવનારા દેવો તથા તે મનુ વગેરેના જે અનુયાયી હોય છે, તેઓ પણ એ મનુ વગેરેની સાથે ધર્મ પાળે છે. ભગવાને આપેલી ત્રણ લોકની ઉત્તમ લક્ષ્મી ભોગવતો ઈંદ્ર ત્રણે લોકનું રક્ષણ કરે છે અને ઈચ્છાનુસાર લોકમાં જળવૃષ્ટિ કરે છે. શ્રીહરિ (સનકાદિ) સિદ્ધોનું તથા (યાજ્ઞવલ્કયાદિ) ઋષિઓનું સ્વરૂપ લઈ યુગે યુગે જ્ઞાનનો અને (દત્તાત્રેયાદિ) યોગેશ્વરનું સ્વરૂપ લઈ કર્મયોગનો ઉપદેશ કરે છે, તેમ જ (મરીચિ વગેરે) પ્રજાપતિઓનું સ્વરૂપ લઈ પ્રજાસૃષ્ટિ રચે છે, રાજાનું સ્વરૂપ લઈ ચોર-લૂંટારાઓનો નાશ કરે છે અને કાળસ્વરૂપે સર્વના નાશ માટે થાય છે, આ રીતે ભગવાન એક જ જુદા જુદા ગુણો ધારણ કરે છે. એ ભગવાનને મનુષ્યો નામરૂપાત્મક માયાથી મોહિત થઈ અનેક

શાસ્ત્રોથી વર્ણવે છે, તો પણ તેમનું નિશ્ચયાત્મક જ્ઞાન થઈ શકતું નથી. આ મેં તમારી આગળ મહાકલ્પ અને પ્રમાણ કહ્યું. પુરાણતત્ત્વના વિદ્વાનો પ્રત્યેક અવાન્તર કલ્પમાં ચૌદ મન્વંતરો કહે છે. ૧-૧૧

एतत्कल्पविकल्पस्य प्रमाणं परिकीर्तितम् । यत्र धन्वन्तराण्याहुश्चतुर्दश पुराविदः ॥११॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## બલિરાજાએ વિશ્વજિત યજ્ઞ કરી સ્વર્ગ જીત્યુ

॥ राजोवाच ॥

बलेः पदत्रयं भूमेः कस्माद्धरिरयाचत् । भूत्वेश्वरः कृपणबल्लब्धार्थोऽपि बबन्ध तम् ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછયું :** પોતે ઈશ્વર થઈ રાંકની પેઠે શ્રીહરિએ બલિરાજાની પાસે પૃથ્વીનાં ત્રણ પગલાં શા માટે માગ્યાં હતાં અને બલિરાજા પાસેથી ત્રણ લોક મેળવ્યા છતાં તેમણે તેને શા માટે બાંધ્યો હતો ? ભગવાન યજ્ઞોના ઈશ્વર અને પૂર્ણ છે; છતાં તેમણે નિરપરાધી બલિરાજાને બાંધ્યો એ અમને મોટું આશ્ચર્ય લાગે છે, માટે એ જાણવા અમે ઈચ્છીએ છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! બલિરાજા સર્વ રાજ્યલક્ષ્મી હારી ગયો અને ઈંદ્રે તેને પ્રાણરહિત કર્યો, ત્યારે ભૃગુવંશી બ્રાહ્મણોએ તેને જીવતો કર્યો. ઉદાર મનવાળા તે બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોનો શિષ્ય બની તેમને સર્વ પદાર્થો અર્પણ કરી સર્વ પ્રકારે તેમની સેવા કરતો હતો એટલે તેના પર પ્રસન્ન થયેલા મહાપ્રતાપી ભૃગુવંશી બ્રાહ્મણોએ સ્વર્ગ જીતવા ઈચ્છતા તે બલિરાજાનો વિધિપૂર્વક મહાભિષેકથી અભિષેક કર્યો અને તેની પાસે વિશ્વજિત નામે યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞમાં હવિષ દ્રવ્યોથી અગ્નિનું પૂજન કર્યું, એટલે તે અગ્નિમાંથી સોનાના પાટાઓથી જડેલો રથ, ઈંદ્રના ઘોડાના જેવા રંગવાળા ઘોડા, સિંહના ચિહ્નથી શોભતી ધજા, સુવર્ણથી જડેલું દિવ્ય ધનુષ્ય, અખૂટ બાણથી ભરેલાં બે ભાથાં અને દિવ્ય બખ્તર વગેરે વસ્તુઓ પ્રકટ થઈ. વળી બલિરાજાના દાદા પ્રહલાદે કદી કરમાય નહિ તેવાં પુષ્પોવાળી એક માળા બલિરાજાને આપી અને શુક્રાચાર્યે શંખ આપ્યો. એમ બ્રાહ્મણોએ બલિરાજાને સર્વ યુદ્ધ સામગ્રી મેળવી આપી અને તેઓએ જ તેની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું, એટલે બલિરાજાએ બ્રાહ્મણોને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા અને પ્રહ્લાદની આજ્ઞા માગી તેમને નમસ્કાર કર્યા. પછી મહારથી બલિરાજા ભૃગુએ અર્પણ કરેલા દિવ્ય રથમાં બેઠો. તે યજ્ઞકુંડમાં ઝળહળતા અગ્નિ જેવો શોભવા લાગ્યો. તે વેળા તેણે સુંદર માળા પહેરી હતી. બખ્તર, ધનુષ્ય, તલવાર તથા ભાથાંઓ પણ ધારણ કર્યા હતાં. સુવર્ણના બાજુબંધ પહેરેલા હોવાથી તેના બાહુઓ શોભતા હતા અને તેના કાનમાં મકરાકાર કુંડળો ઝળકતાં હતાં. તેની આસપાસ પોતાની સમાન ઐશ્વર્ય, બળ તથા લક્ષ્મીવાળા અને દૃષ્ટિથી જાણે આકાશને પી જતા હોય તેમ જ દિશાઓને બાળી દેતા હોય તેવા પોતાના માંડલિકો તથા અસુર સેનાપતિઓ વીંટળાઈ વળ્યા હતા. તે સમર્થ બલિરાજા અસુરોની મોટી સેનાને લઈ આકાશ તથા પૃથ્વીને જાણે કંપાવતો હોય, તેમ અત્યંત સમૃદ્ધિ વાળી ઈંદ્રની નગરી તરફ ગયો. ઈંદ્રની નગરી શોભાયમાન નંદનવન વગેરે બાગબગીચાઓ તથા વાડીઓથી સુંદર લાગે છે, તેમાં પક્ષીઓનાં જોડાં કલ્લોલ કરે છે, મદમસ્ત ભમરાઓ ગુંજારવ કરે છે, દેવતાઈ વૃક્ષો નવાં કૂંપળો, ફળ તથા ફૂલના ભાર વડે ઝૂકતી ડાળીઓથી લચી રહ્યાં છે. તેમાં હંસો, સારસો, ચક્રવાકો તથા બતકોનાં ટોળાંથી વ્યાપ્ત સરોવર છે અને મદમાતી સ્ત્રીઓ દેવો સાથે ક્રીડા કરી

રહી છે. વળી એ નગરી દેવી આકાશગંગા વડે ખાઈરૂપે વીંટાયેલી છે. તેની ચારે બાજુ સોનાનો અગ્નિવર્ણો ઊંચો કિલ્લો અટારીઓ સાથે ઊભો છે. તેના દરવાજા સ્ફટિકમણિના છે અને દરવાજાનાં બારણાં સોનાથી જડેલાં છે. તે નગરીમાં જુદા જુદા રાજમાર્ગો છે. સભાસ્થાનો, ચૌટાં તથા શેરીઓથી તે વ્યાપ્ત છે. દસ કરોડ વિમાનોથી તે યુક્ત છે. એ નગરીના ચોક મણિઓથી જ બાંધેલા છે અને તે ચોકોમાં હીરા તથા પરવાળાંથી ઓટલીઓ બાંધી છે. આવી તે નગરીને વિશ્વકર્માએ બનાવી છે. વળી એ નગરીમાં નિત્ય તરુણવયની સુકુમાર, ઉજ્જવળ વસ્ત્રોવાળી અને રૂપવતી શ્યામા સ્ત્રીઓ કાન્તિને લીધે અગ્નિ જેવી શોભે છે. જ્યાં દેવાંગનાઓના કેશપાશમાંથી ખરી પડેલી તાજી સુગંધીદાર પુષ્પમાળાઓની સુગંધીને લીધે રસ્તામાં સુગંધિત પવન વાય છે. જ્યાં સુવર્ણનાં જાળિયાંમાંથી નીકળતા અગરના સફેદ અને સુગંધી ધુમાડાથી ઢંકાયેલા રાજમાર્ગમાં દેવાંગનાઓ આવ-જા કરે છે. વળી તે નગરી મોતીના ચંદરવા, મણિજડિત સોનેરી ધજાઓ, પતાકાઓવાળાં છજાંથી ચોતરફ ઢંકાયેલી છે. મોર, પક્ષીઓ, કબૂતરો તેમ જ ભમરાઓના શબ્દોથી ગાજી રહી છે અને વિમાનચારી સ્ત્રીઓનાં મનોહર ગીતથી મંગળમય છે, નરઘાં, શંખ, ઢોલ તથા નગારાંના શબ્દો સાથે અને તાલ, વીણા, મુરજ, ઋષ્ટિ તથા વાંસળી વગેરે વાદિત્રો સાથે થતાં નૃત્યોથી તેમ જ ગંધર્વો વગેરેએ વાજાં સાથે ગાયેલાં ગાયનોથી તે મનને આનંદ આપે છે. અને પોતાની કાંતિથી કાંતિની અધિષ્ઠાત્રીદેવીને પણ જીતે છે. ઇંદ્રની એ નગરીમાં પ્રાણીઓનો દ્રોહ કરનારા માની, કામી, લોભી, ખલ તથા શઠ અધર્મીઓ જઈ શકતા નથી પણ તે સિવાયના ધર્મી લોકો જ જઈ શકે છે. અસુર સેનાપતિ બલિરાજાએ ઇંદ્રની તે નગરીને બહારથી સેના વડે ચોતરફ ઘેરી લીધી. અને ઇંદ્રની સ્ત્રીઓને ભય ઉપજાવતાં તેણે આચાર્યે આપેલો શંખ વગાડ્યો. ઈન્દ્રે બલિરાજાનો તે મોટો ઉદ્યમ જાણ્યો અને સર્વ દેવગણો સાથે બૃહસ્પતિ પાસે જઈ તેમને આ પ્રમાણે કહ્યું : હે ભગવન ! આ મારા પૂર્વ વેરી બલિરાજાનો મોટો ઉદ્યમ છે. હું માનું છું કે આ સમયે તે અસહ્ય છે, તો આપ કહો કે તે ક્યા તેજથી આવો બળવાન બન્યો છે ? આ બલિરાજાને કોઈ પણ પુરુષ કોઈ પણ સ્થળેથી હાંકી કાઢવા સમર્થ નથી; કેમ કે સળગી ઊઠેલા પ્રલયકાળના અગ્નિની પેઠે હમણાં તે મુખથી આ જગતને જાણે પી જતો હોય. દશે દિશાઓને ચાટી જતો હોય તેમ જ દૃષ્ટિઓથી દિશાઓને બાળતો હોય તેવો જણાય છે. મારો શત્રુ આવો દુઃસહ થયો છે તેનું શું કારણ છે તે આપ કહો. તેને આવું ઇંદ્રિયસામર્થ્ય, અંતઃકરણનું સામર્થ્ય, દેહસામર્થ્ય તથા પ્રભાવ કયાંથી મળ્યાં કે જેને લીધે તેણે આવો મોટો ઉદ્યમ આરંભ્યો છે ?

**ગુરુ બૃહસ્પતિ બોલ્યા :** હે ઇંદ્ર ! આ શત્રુની ઉન્નતિનું કારણ હું જાણું છું. બ્રહ્મવેત્તા ભૃગુવંશી બ્રાહ્મણોએ પોતાના આ શિષ્યોમાં તેજની વૃદ્ધિ કરી છે. આ વેળા ઈશ્વર શ્રીહરિ વિના તમારા જેવો બીજો કોઈ અથવા તમે પોતે પણ કાળની સામે મનુષ્યની પેઠે આની આગળ ઊભા રહેવા સમર્થ નથી; માટે હમણાં તમે બધાં આ સ્વર્ગરૂપી સ્થાન છોડી ક્યાંક ચાલ્યા જાઓ ને જેનાથી શત્રુની પડતી થશે તે કાળની રાહ જુઓ. આ બલિને હમણાં બ્રાહ્મણોના બળને લીધે ઉત્તરોત્તર અધિક ફળ મળે છે અને તેનું પરાક્રમ પણ હમણાં મોટું છે; પરંતુ ભૃગુવંશી બ્રાહ્મણોનું જ અપમાન કરી કુળપરિવાર સાથે તે નાશ પામશે. એ પ્રમાણે કાર્યવસ્તુને બરાબર જાણતા પોતાના ગુરુ સાથે તે વખતનાં કાર્યોનો વિચાર કરી ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા દેવો સ્વર્ગ છોડી જ્યાં ત્યાં ચાલ્યા ગયા. એ રીતે દેવો ક્યાંક છુપાઈ ગયા એટલે વિરોચનના પુત્ર બલિરાજાએ દેવોની રાજધાનીમાં રહી ત્રણે જગતને વશ કર્યાં. પછી શિષ્ય ઉપર પ્રેમ

રાખનારા ભૃગુવંશી બ્રાહ્મણોએ જગતનો જય કરનારા અને પોતાને અનુસરનારા શિષ્ય બલિરાજા પાસે સો અશ્વમેઘ યજ્ઞ કરાવ્યા. પછી એ યજ્ઞોના પ્રભાવથી ત્રણે ભુવનમાં ફેલાયેલી પોતાની કીર્તિને દિશાઓમાં ફેલાવતો બલિરાજા ચંદ્રમાની પેઠે શોભવા લાગ્યો અને મોટા મનવાળો તથા પોતાને કૃતકૃત્ય જેવો માનતો તે બ્રાહ્મણોએ અપાવેલી અતિસમુદ્ધ રાજ્યલક્ષ્મી ભોગવવા લાગ્યો. ૧-૩૬

बुभुजे च श्रियं स्वृद्धां द्विजदेवोपलम्भिताम् । कृतकृत्यमिवात्मानं मन्यमानो महामनाः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## કશ્યપ ઋષિએ અદિતિને પયોવ્રતનો ઉપદેશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

एवं पुत्रेषु नष्टेषु देवमाताऽदितिस्तदा । हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ પુત્રો નાસી ગયા અને દૈત્યોએ સ્વર્ગ પડાવી લીધું, ત્યારે દેવમાતા અદિતિ અનાથની પેઠે સંતાપ કરવા લાગી. એક સમયે કશ્યપઋષિ ઘણે લાંબે વખતે સમાધિમાંથી ઊઠી ઉત્સવ તથા આનંદથી રહિત અદિતિના આશ્રમમાં ગયા. હે કુરુવંશી રાજન્ ! ત્યાં યથાયોગ્ય રીતે તેમનો સત્કાર કરાયો એટલે એક આસન પર બિરાજી કશ્યપઋષિએ ગરીબડા મોઢાવાળી પત્ની અદિતિને આ પ્રમાણે પૂછ્યું : 'હે કલ્યાણી ! હમણાં જગતમાં બ્રાહ્મણોનું, ધર્મનું તથા મૃત્યુને વશ રહેનારા લોકોનું અમંગળ તો થયું નથી ?' અથવા હે ગૃહસ્થ સ્ત્રી ! હમણાં આપણા ઘરમાં ધર્મ, અર્થ કે કામનું તે અમંગળ આવ્યું નથી, કે જે ઘરમાં યોગાભ્યાસ ન કરનારાઓને યોગનું ફળ મળી શકે છે. કુટુંબમાં આસકત થયેલી તે પોતાને ઘેર આવેલા અતિથિઓનો તેમની સામે જઈ શું સત્કાર કર્યો નથી અને તેથી અતિથિઓ આપણે ઘેર આવી પૂજાયા વિના પાછા ગયા છે ? જે ઘરમાં અતિથિઓનો પાણીથી પણ સત્કાર કરાતો નથી અને તે અતિથિઓ એમ ને એમ પૂજાયા વિના જ ત્યાંથી પાછા ફરે, તો તે (ઘર નથી પણ) મોટાં શિયાળોને રહેવાની બખોલ જ છે. હે કલ્યાણી સતી ! હું પરદેશ હતો ત્યારે તે ઉદ્વિગ્ન બુદ્ધિવાળી થઈ કદી સમય પ્રમાણે અગ્નિઓમાં હવિષદ્રવ્યોનો શું હોમ કર્યો નથી. કે જે અગ્નિની પૂજાથી ગૃહસ્થ સર્વ કામનાઓને પૂરનાર દિવ્ય લોકમાં જાય છે તે બ્રાહ્મણ અને અગ્નિ, સર્વ દેવમય શ્રીવિષ્ણુનું મુખ છે. હે ઉત્તમ મનવાળી ! તારા સર્વ પુત્રો કુશળ છે ને ? હું તારાં આ ચિહ્નો ઉપરથી જાણી શકું છું કે તારું મન અસ્વસ્થ છે.'

**અદિતિ બોલી :** હે બ્રહ્મન્ ! બ્રાહ્મણોનું, ગાયોનું, ધર્મનું તથા આ સર્વ મનુષ્યોનું કુશળ છે. હે ગૃહસ્થ ! આ ઘર ધર્મનું, અર્થનું તથા કામનું પરમ ક્ષેત્ર છે. તે બ્રહ્મન્ ! ઐશ્વર્યસંપન્ન આપનું ધ્યાન કરવાથી અગ્નિઓ, અતિથિઓ, પોષ્ય સેવકો વગેરે અથવા તો કંઈ લેવા ઈચ્છતા ભિક્ષુઓ—એ સર્વમાં કોઈ જાતની હીનતા થવા પામી નથી. હે ભગવન્ ! જેને પ્રજાપતિ આપ આ રીતે ધર્મનો ઉપદેશ આપો છો, તેવી મારી કઈ માનસિક કામના પૂર્ણ ન થાય ? હે મરીચિના પુત્ર ! સત્ત્વગુણી, રજોગુણી તથા તમોગુણી આ સર્વ પ્રજાઓ આપના જ મન તથા શરીરથી ઉત્પન્ન થયેલી છે અને તેથી જ આપ અસુરાદિ સર્વના ઉપર સમાન ભાવ રાખો છો, તોપણ હે પ્રભો ! સ્વયં પરમેશ્વર પણ ભકતોની ઈચ્છા પૂર્ણ કરે છે. માટે હે સ્વામિન્ ! હું આપનું ભજન કરું છું તો આપ મારા કલ્યાણનો વિચાર કરો. હે ઉત્તમ વ્રતધારી પ્રભુ ! અમારા શત્રુઓએ અમારી લક્ષ્મી તથા સ્થાનો હરી લીધાં છે માટે આપ મારી રક્ષા કરો. મને

શત્રુઓએ હાંકી કાઢી છે, હું દુઃખસમુદ્રમાં ડૂબી ગઈ છું ને મહાબળવાન શત્રુઓએ મારી લક્ષ્મી, યશ તથા સ્થાન હરી લીધાં છે. હે મહાકલ્યાણ કરનાર સત્પુરુષ ! તે સર્વ વસ્તુઓને મારા પુત્રો ફરી જે રીતે પામે તે રીતે વિચાર કરી આપ અમારું કલ્યાણ કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ અદિતિએ પ્રાર્થના કરી એટલે પ્રજાપતિ કશ્યપ જાણે હસતા હોય તેમ બોલ્યા : 'અહો ! વિષ્ણુનું માયાબળ કેવું છે ? આ જગત સ્નેહને લીધે જ બંધાયેલું છે. પાંચ મહાભૂતોમાંથી બનેલું જડ શરીર કયાં અને પ્રકૃતિથી પર ચેતન આત્મા ક્યાં ? કોણ કોના પતિ કે પુત્ર વગેરે છે ? આ સર્વેમાં મોહ જ (મમતાનું) કારણ છે. તું પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેનારા જગતના ગુરુ અને દુષ્ટ જનોને શિક્ષા કરનારા અંતર્યામી ભગવાન વાસુદેવની ઉપાસના કર. તે શ્રીહરિ તારી સર્વ કામનાઓ પૂર્ણ કરશે. કેમ કે ગરીબો ઉપર તે દયાળુ છે. મારું નિશ્ચય માનવું છે કે, ભગવાનની ભકિત (જેવી) સફળ થાય છે, (તેવી) બીજા કોઈની ભક્તિ સફળ થતી નથી.'

**અદિતિ બોલી :** હે બ્રહ્મન્ ! કયા વિધિથી હું જગત્પતિ ભગવાનની ઉપાસના કરું કે જેથી તે સત્ય સંકલ્પવાળા ભગવાન મારા મનોરથો પૂર્ણ કરે ? હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! ભગવાનની આરાધનાનો વિધિ આપ મને કહો. જેથી પુત્રો માટે દુઃખી થતી મારા પર તે દેવ જલદી પ્રસન્ન થાય.'

**કશ્યપ બોલ્યા :** પ્રજાને ઈચ્છતા મેં આ વસ્તુ ભગવાન બ્રહ્મદેવને પૂછી હતી, ત્યારે તેમણે ભગવાનને પ્રસન્ન કરનારું જે વ્રત મને કહ્યું હતું, તે હું તમને કહું છું. ફાગણ સુદમાં (પડવાથી) બાર દિવસ સુધી કેવળ દૂધનો જ આહાર લઈ પરમ ભકિતથી ભગવાન વિષ્ણુનું પૂજન કરવું. તેમાં પ્રથમ અમાસના દિવસે, મળી શકે તો ભૂંડે ખોતરેલી માટીથી શરીરે લેપન કરી નદીના પ્રવાહમાં સ્નાન કરવું. તે વખતે (માટીનો લેપ કરતાં) આ મંત્ર બોલવો : 'હે પૃથ્વીદેવી ! પ્રાણીમાત્રના સ્થાનને ઈચ્છતા આદિવરાહ ભગવાને રસાતલમાંથી આપનો ઉદ્ધાર કર્યો છે. હું આપને નમસ્કાર કરું છું, આપ મારાં પાપોનો નાશ કરો. પછી પોતાના નિત્ય નૈમિત્તિક નિયમો કરી સાવધાનપણે મૂર્તિમાં, પૃથ્વીમાં, સૂર્યમાં, જળમાં, અગ્નિમાં તથા ગુરુમાં પણ ભગવાનનું પૂજન કરવું. (તેમાં પ્રથમ આવાહન કરતી વેળા આ નવ મંત્રો ભણવા.) સર્વ પ્રાણીઓમાં રહેલા, સર્વના સાક્ષી, સર્વના અંતર્યામી અને સર્વથી મોટા ભગવાન વાસુદેવને હું નમસ્કાર કરું છું. જે પરમાત્મા ઈન્દ્રિયાદિથી ન જણાય તેવા, સૂક્ષ્મ, ચોવીસ તત્ત્વો જાણનારા અને સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક છે, તે પ્રધાન પુરુષ(કપિલદેવસ્વરૂપ)ને મારા નમસ્કાર હો. જેમને બે મસ્તકો, ત્રણ પગ, ચાર શીગડાં અને સાત હાથ છે તથા જે યજ્ઞસ્વરૂપ છે અને ફળ આપનારા છે, તે વેદવિદ્યામાં દર્શાવેલા સ્વરૂપવાળા પરમેશ્વરને મારા નમસ્કાર હો. જે દેવ શિવ(પરમાનંદ)સ્વરૂપ છે, રુદ્ર (પ્રલયકર્તા) સ્વરૂપે ભયંકર છે. ત્રણ ગુણોરૂપી શક્તિ ધારણ કરે છે. સર્વ વિદ્યાઓના અધિપતિ અને સર્વ પ્રાણીઓના પતિ છે, તે શંકરસ્વરૂપ પરમેશ્વરને મારા નમસ્કાર હો. જે હિરણ્યગર્ભ છે (જેમના સ્વરૂપમાં બ્રહ્માંડ રહેલું છે), જે પ્રાણસ્વરૂપ (સૂત્રાત્મા) છે, જગતના આત્મા છે, યોગનું ઐશ્વર્ય જેમનું સ્વરૂપ છે અને યોગના જ કારણ છે, તે બ્રહ્મદેવરૂપ પરમાત્માને મારા નમસ્કાર હો. આદિદેવ અને સાક્ષી સ્વરૂપ આપ નારાયણઋષિને તથા નર સ્વરૂપને મારા નમસ્કાર હો. જેમનું સ્વરૂપ મરક્તમણિ જેવું શ્યામ છે, જેમણે લક્ષ્મીજીને મેળવ્યાં છે અને જે પીળાં પીતાંબર પહેરે છે, તે આપ કેશવભગવાનને મારા નમસ્કાર હો. હે વર આપનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન ! આપ મનુષ્યોને સર્વ વરદાનો આપનારા છો, તેથી હે સર્વોત્કૃષ્ટ દેવ ! ધીર પુરુષો કલ્યાણ માટે આપની ચરણરજની ઉપાસના કરે છે. જેમના ચરણકમળની

સુગંધ ઈચ્છતા હોય તેમ સર્વ દેવો અને લક્ષ્મી જેમને અનુસરે છે, તે ભગવાન મારા પર પ્રસન્ન થાઓ. એ મંત્રથી આવાહન કરી સત્કાર કરેલા ભગવાનનું શ્રદ્ધા વડે પાદ્ય તથા આચમન વગેરેથી પૂજન કરવું. ચંદન તથા પુષ્પો વગેરેથી પૂજી પ્રભુને દૂધથી નવડાવવાં અને પછી વસ્ત્ર, જનોઈ, અલંકારો, પાદ્ય, આચમન, ચંદન તથા ધૂપ વગેરેથી દ્વાદશાક્ષર મંત્રના ઉચ્ચારપૂર્વક પૂજા કરવી. જે ધન હોય તો દૂધમાં ઉકળેલો ભાત (દૂધપાક) અથવા ઘી અને ગોળયુક્ત ભાત શ્રીભગવાનને નૈવેદ્ય તરીકે અર્પણ કરવાં અને પછી દ્વાદશાક્ષર મંત્રથી જ દૂધમાં રાંધેલા ચોખાનો હોમ કરવો. જે નૈવેદ્ય ભગવાનને ધરેલું હોય તે ભગવાનના ભક્તને આપવું અથવા પોતે જમવું. પછી આચમન આપી પૂજન કરી તાંબૂલ અર્પણ કરવું. પછી દ્વાદશાક્ષર મંત્રનો એક્સો ને આઠવાર જપ કરવો. સ્તુતિઓથી પ્રભુની સ્તુતિ કરવી અને હર્ષપૂર્વક પ્રદક્ષિણા કરી ભૂમિ પર દંડવત પ્રણામ કરવા. પછી ભગવાનનું નમણે મસ્તકે ચડાવી ભગવાનને તેમના સ્થાને પધરાવવા અને ઓછામાં ઓછા બે બ્રાહ્મણોને યોગ્ય રીતે દૂધપાકથી જમાડવા. સારી રીતે સત્કાર પામેલા તે બ્રાહ્મણો જમવાની આજ્ઞા આપે, ત્યારે પોતાના સંબંધીઓની સાથે બાકી રહેલું અન્ન જમવું અને તે રાત્રે બ્રહ્મચારી રહેવું. પછી બીજે દિવસે સવારમાં નાહી પવિત્ર થઈ પૂર્વોક્ત વિધિ પ્રમાણે સાવધાન થઈ ભગવાનને દૂધથી નવડાવી પૂજા કરવી. આમ જ્યાં સુધી વ્રત પૂરું થાય ત્યાં સુધી પૂજન કરવું. એમ વિષ્ણુભગવાનની પૂજામાં શ્રદ્ધા રાખી કેવળ દૂધનો જ આહાર લઈ આ પયોવ્રત કરવું અને પૂર્વે કહ્યા પ્રમાણે અગ્નિમાં હોમ કરવો તથા બ્રાહ્મણોને પણ જમાડવા. એમ બાર દિવસ સુધી કેવળ દૂધ ઉપર રહી દરરોજ શ્રીહરિનું આરાધન અને પૂજન કરવું, હોમ કરવો તથા બ્રાહ્મણોને તૃપ્ત કરવા. સુદ પડવાના દિવસથી માંડી સુદ તેરસ સુધી બ્રહ્મચર્ય પાળવું, ભૂમિ ઉપર (કંઈ પણ પાથર્યા વિના) સૂવું અને ત્રણ વખત સ્નાન કરવું. જુઠું ન બોલવું, નાનામોટા દરેક પ્રકારના ભેગોનો ત્યાગ કરવો, કોઈ પ્રાણીની હિંસા ન કરવી અને કેવળ ભગવત્ પરાયણ જ રહેવું. પછી તેરસના દિવસે શાસ્ત્રોક્ત વિધિ જાણનારા બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રવિધિપૂર્વક વિષ્ણુ ભગવાનને પંચામૃતથી નવડાવવા. અને ધનની કંજૂસાઈ છોડીને મહાપૂજા કરવી તથા વિષ્ણુ ભગવાનને ઉદ્દેશી દૂધમાં ચરુ (ખીર) તૈયાર કરવો. એ રીતે દૂધમાં તૈયાર કરેલા તે ચરુથી શ્રીવિષ્ણુનું અત્યંત સાવધાન થઈ યજન કરવું અને પછી ભગવાનને પ્રસન્ન કરનારું અતિ ગુણવાન તે નૈવેદ્ય અર્પણ કરવું. પછી જ્ઞાનવાન આચાર્યને તથા બીજા બ્રાહ્મણોને વસ્ત્રો, અલંકારો તથા ગાયનાં દાન કરી સંતોષવા. આને પણ તું શ્રીહરિનું આરાધન જ જાણ. હે પવિત્ર હાસ્યવાળી અદિતિ! ગુણવાન, ઉત્તમ અન્નથી તે બ્રાહ્મણોને જમાડવા જોઈએ તથા બીજા પણ જે બ્રાહ્મણો ત્યાં આવેલા હોય તેઓને શક્તિ પ્રમાણે જમાડવા. ગુરુને તથા બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય દક્ષિણા આપવી અને ત્યાં આવેલા ચાંડાલ સુધીના સર્વ લોકને અન્નાદિ આપી પ્રસન્ન કરવા. એ રીતે ગરીબ, આંધળાં તથા રંક વગેરે બધાં જમી રહે તે પછી આ રીતે સર્વને તૃપ્ત કરવાં તે જ વિષ્ણુને પ્રસન્ન કરનાર છે.' એમ જાણનારા એ કુટુંબીઓ સાથે જમવું. (એ વ્રત ચાલતું હોય ત્યારે) દરરોજ નૃત્ય, ગીત, વાદિત્ર, સ્તુતિઓ, સ્વસ્તિવાચનો તથા કથાઓ વડે ભગવાનની પૂજા કરાવવી. આ 'પયોવ્રત' નામનું વ્રત ભગવાનના પરમ આરાધનરૂપે છે અને સ્વયં બ્રહ્માએ જ મને કહ્યું છે. હે મહાભાગ્યશાળી અદિતિ ! તું જિતેન્દ્રિય થઈ આ વ્રત સારી રીતે કરી શુદ્ધ ભાવવાળા અંતઃકરણથી અવિનાશી ભગવાનનું ભજન કર. હે કલ્યાણી ! આ વ્રત સર્વયજ્ઞરૂપ, સર્વ વ્રતરૂપ, તપના સારરૂપ, સર્વ પ્રકારના દાનરૂપ અને ઈશ્વરને પ્રસન્ન કરનારું છે. જેને લીધે ઈન્દ્રિયથી પર એવા પરમેશ્વર પ્રસન્ન થાય છે, તે જ સાક્ષાત નિયમો છે,

તે જ ઉત્તમ યમ, તપ, દાન, વ્રત ને યજ્ઞ છે. માટે હે મંગળસ્વરૂપ અદિતિ ! તું બરાબર સંયમશીલ થઈ શ્રદ્ધાથી આ વ્રત કર, જેથી ભગવાન પ્રસન્ન થઈ તારા મનોરથો જલદી પૂરા કરશે. ૧-૬૨

तस्मादेतद् व्रतं भद्रे प्रयता श्रद्धया चर । भगवान् परितुष्टस्ते वरानाशु विधास्यति ॥६२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## વામન અવતાર

॥ श्रीशुक उवाच ॥

इत्युक्ता साऽदिति राजन् स्वभर्त्रा कश्यपेन वै । अन्वतिष्ठद् व्रतमिदं द्वादशाहमतन्द्रिता ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પોતાના પતિ કશ્યપે એમ કહ્યું એટલે અદિતિએ બાર દિવસ સુધી બરાબર સાવધાન રહી વ્રત કર્યું. એ સમયે તેણે બુદ્ધિને સારથિ બનાવી, મનથી ઈન્દ્રિયરૂપી ઘોડાઓને વશ કર્યા અને એક બુદ્ધિ વડે મહાપુરુષનું ઈશ્વરનું જ ચિંતન કર્યું. એકાગ્ર બુદ્ધિથી સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે મન સ્થાપી તેણે એ રીતે પયોવ્રત કર્યું. હે તાત ! પીળું પીતાંબર પહેરનારા, ચાર ભુજાઓવાળા અને શંખ, ચક્ર તથા ગદા ધારણ કરનારા ભગવાન આદિ પુરુષ તેની આગળ પ્રકટ થયા. ભગવાનનાં દર્શન કરી અદિતિએ એકદમ આદરપૂર્વક ઊભી થઈ પ્રીતિથી વિહ્વળ બની, પૃથ્વી પર દંડવત્ પડી તેમને પ્રણામ કરી પછી ઉઠી. બે હાથ જોડી ઊભેલી તેણે ભગવાનની સ્તુતિ કરવા ઉત્સાહ કર્યો પણ તેનાં નેત્ર આનંદનાં આંસુથી ઊભરાતાં હતાં અને ભગવાનનાં દર્શનરૂપી મોટા ઉત્સવને લીધે તેનું શરીર કંપતું હતું ને રોમાંચિત બન્યું હતું, જેથી તે (કંઈ બોલી શકી નહિ, પરંતુ) મૌન જ રહી. પછી હે કુરુવંશી રાજા ! યજ્ઞ અને જગતના પતિ શ્રીલક્ષ્મીપતિને નજરથી જાણે પી જતી હોય તેમ જોતી તે અદિતિદેવીએ પ્રીતિથી ગળગળી વાણી વડે ધીમે ધીમે શ્રીહરિની સ્તુતિ કરી.

**અદિતિ બોલી :** હે યજ્ઞેશ્વર ! હે યજ્ઞપુરુષ ! અચ્યુત ! હે તીર્થરૂપ ચરણવાળા ! હે તીર્થરૂપ કીતિવાળા ! હે સાંભળતાં જ મંગળ કરનાર નામવાળા, હે શરણે આવેલા લોકોનાં પાપનો નાશ કરવા અવતાર લેનારા ! હે ઈશ્વર ! હે ભગવન્ ! આપ ગરીબોના નાથ છે, આપ અમારું કલ્યાણ કરો. જગત્સ્વરૂપ, જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર માટે ઈચ્છાનુસાર માયાના ગુણો આપે ધારણ કર્યા છે; છતાં આપ એમ ને એમ સ્વ–સ્વરૂપમાં જ રહો છો; કારણ કે આપે નિત્ય પ્રકાશમય પૂર્ણ જ્ઞાનસ્વરૂપથી પિતાને વિષે માયારૂપી અંધકાર નિત્યદૂર કર્યો છે, તે સર્વવ્યાપક આપ શ્રીહરિને મારા નમસ્કાર હો. હે અનંત ! આપ પ્રસન્ન થવાથી મનુષ્યોને (બ્રહ્માના જેવડું) લાંબું આયુષ્ય, ઈચ્છિત શરીર, અતુલ્ય લક્ષ્મી. પૃથ્વીલોક, સ્વર્ગલોક, નીચેના લોક, અણિમા વગેરે સમગ્ર યોગના ગુણો; ધર્મ, અર્થ, કામ અને પરમાત્મા સંબંધી જ્ઞાન જે પ્રાપ્ત થાય છે, તો શત્રુઓનો વિજય વગેરે મનોરથો પૂર્ણ થાય એમાં શું કહેવાનું હોય ? ''

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! અદિતિએ એમ સ્તુતિ કરી એટલે કમળ જેવાં નેત્રોવાળા અને સર્વ પ્રાણીઓના આત્મા ભગવાને આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે દેવોની માતા ! જેઓની રાજલક્ષ્મી શત્રુઓએ લઈ લીધી છે અને જેઓને પોતાના સ્થાનથી ભ્રષ્ટ કર્યા છે, તે પોતાના પુત્રોના સંબંધમાં તમે લાંબા કાળથી જે ઈચ્છા કરી છે તે મેં

જાણી છે. તમે દુષ્ટ મદવાળા તે મોટા અસુરોને યુદ્ધમાં જીતી જયલક્ષ્મી પામેલા પુત્ર સાથે (એક સ્થળે) રહેવા ઈચ્છો છો. અને ઈન્દ્ર જેઓમાં મોટો છે, એવા પોતાના પુત્રોએ યુદ્ધમાં મારેલા શત્રુઓની સ્ત્રીઓને (મરેલા પતિઓની) સમીપ આવી રડતી દુઃખી થયેલી જોવા ઈચ્છો છો. તેમ જ યશલક્ષ્મી પાછી લાવી અત્યંત સમૃદ્ધિવાળા થયેલા પોતાના પુત્રોને સ્વર્ગમાં રહી રમતા જોવા ઈચ્છો છો. પણ હમણાં તે અસુરોના સેનાપતિઓ લગભગ ન જિતાય તેવા છે એમ હું માનું છું; કારણ કે જેઓને કાળ અનુકૂળ છે તેવા બ્રાહ્મણો તેઓની રક્ષા કરે છે, માટે તેઓ સામે પરાક્રમ કરવું સુખદાયી નથી. તોપણ હે દેવી ! તમે વ્રત કરી મને પ્રસન્ન કર્યો છે તેથી તે સંબંધી મારે કોઈ ઉપાય વિચારવો જોઈએ; કેમ કે મારું પૂજન શ્રદ્ધાને યોગ્ય ફળ આપવામાં કારણ થાય છે, તેથી તમારું તે પૂજન નિષ્ફળ ન થવું જોઈએ. તમે પુત્રોની રક્ષા માટે યથાયોગ્ય પયોવ્રત કરી મારું પૂજન અને મારી સ્તુતિ કરેલ છે; માટે હું કશ્યપ ઋષિના તપમાં રહી મારા અંશથી તમારો પુત્ર બની તમારા પુત્રોની રક્ષા કરીશ. હે મંગળમય દેવી ! તમે 'હું આ જ સ્વરૂપે તમારા પતિમાં રહ્યો છું.' એવી ભાવના કરી તમારા નિર્દોષ પતિ કશ્યપને સેવો હે દેવી ! આ વાત કોઈ તમને પૂછે તોપણ બીજાને તમારે કોઈ રીતે કહેવી નહિ; કેમ કે દેવોનું રહસ્ય જેટલું ગુપ્ત રખાય છે, તેટલું જ તે બરાબર સિદ્ધ થાય છે.

**અદિતિ બોલી :** હે દેવ ! આપ—પરમ આદ્યપુરુષને (ગર્ભમાં) ધારણ કરવા હું સમર્થ થઈશ. નહિ; કેમ કે હે અવિનાશી દેવ ! આપના એક એક રૂંવાડાંના છિદ્રમાં કરોડો બ્રહ્માંડો સમાયેલાં છે. હે દેવોના પણ ઈશ્વર ! મોટાં પાપોથી યુક્ત હોવા છતાં મનુષ્ય જેના માત્ર નામસ્મરણથી મુકિત પામે છે, તે આપને હું કેવી રીતે ધારણ કરીશ. ?

**શ્રીભગવાન બોલ્યા :** હે મહાભાગ્યશાળી અદિતિ ! તમે સત્ય કહ્યું છે, એમાં કંઈ જ સંશય નથી; પણ. હે બાળા ! જે સ્ત્રીઓ પતિવ્રતા હોઈ પતિ એ જ જેનો પ્રાણ હોય, પતિભકિતમાં તત્પર હોય અને મત્સરને તજનારી હોય છે, તે સ્ત્રીઓ મને નિત્ય ધારણ કરી શકે છે.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** એટલું કહી ભગવાન ત્યાં જ અદશ્ય થયા ને અદિતિ પોતાને વિષે પ્રભુ શ્રીહરિનો દુર્લભ જન્મ થશે એમ જાણી પોતાને કૃતકૃત્ય માનતી, પરમ ભકિતથી પતિને સેવવા લાગી. સત્ય દૃષ્ટિવાળા કશ્યપે પોતાને વિષે પ્રવેશેલા શ્રીહરિના અંશને સમાધિયોગથી જાણ્યો.અને પછી હે રાજન ! વાયુ જેમ લાકડામાં અગ્નિને સ્થાપે, તેમ તેમણે મનને એકાગ્ર કરી તપને લીધે ઘણા કાળથી એકઠા કરેલા વીર્યને અદિતિમાં સ્થાપ્યું. પછી અદિતિના ગર્ભમાં રહેલા સનાતન ભગવાનને જાણી બ્રહ્મા ગુહ્ય નામોથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** હે ભગવન્ ! આપનો જય થાઓ. હે અનેક પ્રકારે સ્તુતિ કરાયેલા દેવ ! અને હે અનંત લીલાવાળા ! આપને નમસ્કાર હો. આપ બ્રાહ્મણોના હિતચિંતક દેવ છો અને ત્રણે ગુણોના નિયંતા છો. આપને વારંવાર નમસ્કાર હો. પૃશ્નિના પુત્ર, વેદોને ધારણ કરનારા, સર્વના વિધાતા, નાભિમાં ત્રણે લોક ધારણ કરનારા, ત્રણે લોકની ઉપર રહેલા અને સર્વ જીવોમાં અંતર્યામી તરીકે રહેલા આપ ભગવાન વિષ્ણુને મારા નમસ્કાર હો. હે ઈશ્વર ! આપ જગતના આદિ, મધ્ય તેમ જ અંતરૂપ હોઈ વેદો આપને અનંત શક્તિવાળા પુરુષ કહે છે. જેમ નદીનો ગંભીર પ્રવાહ પોતામાં પડેલા ઘાસ વગેરેને ખેંચી જાય છે, તેમ કાળસ્વરૂપ આપ આ જગતને ખેંચી રહ્યા છો (પ્રવૃત્તિવાળું કરો છો.) હે દેવ ! સ્થાવરજંગમ સર્વ

પ્રજાઓ તથા પ્રજાપતિઓને આપ જ ઉત્પન્ન કરો છો અને જળમાં ડૂબતા પ્રાણીને જેમ નૌકા મુખ્ય આશ્રયરૂપ થાય છે, તેમ સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા દેવોને આપ જ પરમ આશ્રયરૂપ છો. ૧-૨૮

त्वं वै प्रजानां स्थिरजङ्गमानां प्रजापतीनामसि सम्भविष्णुः ।
दिवौकसां देव दिवश्च्युतानां परायणं नौरिव मज्जतोऽप्सु ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## વામન ભગવાન બલિરાજાના યજ્ઞમાં પધાર્યા

॥ श्रीशुक उवाच ॥

इत्थं विरिञ्चस्तुतकर्मवीर्यः प्रादुर्बभूवामृतभूरश्दत्याम् ।
चतुर्भुजः शङ्गगदाब्जचक्रः पिशङ्गवासा नलिनायतेक्षणः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ બ્રહ્માએ જેમનાં કર્મોની તથા પરાક્રમોની સ્તુતિ કરી હતી, તે જન્મમૃત્યુરહિત ભગવાન અદિતિમાં પ્રકટ થયા. તે વેળા શ્રીહરિએ ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને કમળ ધારણ કર્યા હતાં, પીળું પીતાંબર પહેર્યું હતું. તેમનાં નેત્રો કમળ સમાન વિશાળ હતાં, વર્ણ શ્યામ હોઈ નિર્મળ હતો, મુખકમળ મકરાકાર કુંડળોની કાંતિથી ઝળહળતી શોભાવાળું હતું, છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન હતું; કડાં, બાજુબંધ, શોભાયમાન મુકુટ, કંદોરો તથા સુંદર ઝાંઝરો પહેર્યા હતાં, ભમરાઓના સમૂહથી ગુંજતી પોતાની વનમાળાથી તે શોભતાં હતા, કંઠમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો હતો અને પોતાની કાંતિથી કશ્યપ પ્રજાપતિના ઘરમાં અંધકારનો નાશ કરતા હતા. એ રીતે ભગવાન પ્રગટ થયા ત્યારે દિશાઓ સ્વચ્છ થઈ, જળાશયો નિર્મળ થયાં, પ્રજાઓ હર્ષ પામી, ઋતુઓ પોતપોતાના ગુણો ધારણ કરવા લાગી અને સ્વર્ગ, આકાશ, પૃથ્વી, દેવો, ગાયો, બ્રાહ્મણો તથા પર્વતો અત્યંત હર્ષ પામ્યા. ભાદરવા સુદ બારસના દિવસે ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં હતો અને અભિજિત મુહૂર્ત હતું, ત્યારે (અદિતિથી) ભગવાન જન્મ્યા. તે વેળા સર્વે નક્ષત્રો તથા તારાઓ વગેરે ભગવાનના જન્મને અનુકૂળ હતાં. હે રાજા ! ભાદરવા સુદ બારસની તિથિએ સૂર્ય મધ્યાહ્નસમયે હતો, ત્યારે ભગવાનનો જન્મ થયો હતો. એ બારસ તિથિને વિદ્વાનો 'વિજયાદ્વાદશી' કહે છે. તે વેળા શંખો, નગારા, નરઘાં, ઢોલ તથા ઢોલક વાગી રહ્યાં હતાં અને જાતજાતનાં વાદિત્રો તથા તૂરીઓનો મોટો શબ્દ થઈ રહ્યો હતો. અપ્સરાઓ પ્રસન્ન થઈ નૃત્ય કરતી હતી. ઉત્તમ ગંધર્વો ગાતા હતા અને મુનિઓ, દેવો, મનુઓ, પિતરો તથા અગ્નિઓ સ્તુતિ કરતા હતા. વળી સિદ્ધો, વિદ્યાધરો, કિંપુરુષો, કિન્નરો, ચારણો, યક્ષો, રાક્ષસો, ગરુડો, ઉત્તમ સર્પો તથા દેવોના અનુચરો ગાતા હતા, ખુબ પ્રશંસા કરતા હતા, નૃત્ય કરતા હતા અને અદિતિના આશ્રમ ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. અદિતિ પોતાના ગર્ભથી જન્મેલા તે પરમ પુરુષનાં દર્શન કરી આનંદ સાથે આશ્ચર્ય પામી અને યોગમાયા વડે જેમણે શરીર ગ્રહણ કર્યું હતું, એવા ભગવાનને જોઈ વિસ્મય પામેલા કશ્યપે 'જય' એમ કહી જયઘોષ કર્યો. પછી અવ્યક્ત જ્ઞાનસ્વરૂપ શ્રીહરિએ કાંતિ, અલંકારો તથા આયુધોથી સ્પષ્ટ જે શરીર ધર્યું હતું તે જ શરીરથી અદ્ભુત ચેષ્ટાવાળા એ ભગવાન કશ્યપ અને અદિતિના દેખતાં નટની પેઠે વામન બટુકના સ્વરૂપે થઈ ગયા. તે બટુક વામનને જોઈ મહર્ષિઓ આનંદ પામ્યા. તેઓએ કશ્યપ પ્રજાપતિને આગળ કરી તેના જાતકર્મ વગેરે સંસ્કારો કર્યા. પછી તે જગત્પતિનો ઉપનયન સંસ્કાર

થયો ત્યારે હે મહારાજ ! સૂર્યદેવે ગાયત્રીનો ઉપદેશ કર્યો, બૃહસ્પતિએ જનોઈ આપ્યું, કશ્યપઋષિએ મુંજ—ઘાસનો કંદોરો, પૃથ્વીએ કાળું મૃગચર્મ ઔષધિઓના પતિ ચંદ્રમાએ દંડ ને માતા અદિતિએ કૌપીન આપ્યું. આકાશે છત્ર, બ્રહ્માએ કમંડલુ, સપ્તર્ષિઓએ દર્ભ, સરસ્વતીએ તે અવિનાશીને જપમાળા, યક્ષરાજ કુબેરે જનોઈ દીધેલા તે વામનને ભિક્ષાપાત્ર અને સાક્ષાત ભગવતી સતી અંબિકાદેવીએ તેમને ભિક્ષા આપી. એમ સર્વથી સન્માન પામેલા તે સર્વશ્રેષ્ઠ બટુક બ્રહ્મર્ષિઓના સમૂહથી સેવાયેલી સભાને પોતાના બ્રહ્મતેજથી અત્યંત શોભાવવા લાગ્યા. પછી તે બ્રાહ્મણ વામનજીએ ત્યાં સ્થાપેલા પ્રજ્વલિત અગ્નિને પરિસમૂહન તથા પરિસ્તરણ કરવાપૂર્વક પૂજી તેમાં સમિધોનો હોમ કર્યો. તે પછી બળવાન બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોએ કરાવેલા અશ્વમેધ યજ્ઞો કરે છે, એમ સાંભળી સમગ્ર બળ વડે સંપૂર્ણ તે વામન ભગવાને પગલે પગલે ભારથી પૃથ્વીને નમાવતા ત્યાં ગયા. બલિરાજાના ભૃગુવંશી ઋત્વિજો નર્મદાના ઉત્તર કિનારે ભૃગુકચ્છ નામના ક્ષેત્રમાં બલિરાજા પાસે અશ્વમેધ મહાયજ્ઞ કરાવતા હતા. તેઓએ ઉદય પામેલા સૂર્ય જેવા તેજસ્વી વામનજીને ત્યાં આગળ જોયા. તે વખતે યજમાન બલિરાજા, ઋત્વિજો અને સભાસદો વામનજીના તેજથી નિસ્તેજ થયા અને વિચારવા લાગ્યા કે યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાથી શું આ સૂર્ય, અગ્નિ કે સનત્કુમાર આવે છે ? એમ ભૃગુવંશના બ્રાહ્મણો શિષ્યો સાથે અનેક પ્રકારના તર્કો કરતા હતા તેવામાં તે વામન ભગવાન દંડ, છત્ર અને જળ ભરેલા કમંડલને ધારણ કરતા અશ્વમેધના મંડપમાં દાખલ થયા. તેમણે મુંજ ઘાસનો કંદોરો પહેર્યો હતો, મૃગચર્મરૂપી ખેસ જનોઈની પેઠે શરીરે નાખ્યો હતો અને મસ્તકે જટા ધારણ કરી હતી. એવા તે માયાથી બટુક બનેલા શ્રીહરિને બ્રાહ્મણ વામન સ્વરૂપે યજ્ઞમંડપમાં દાખલ થયેલા જોઈ ભૃગુવંશી બ્રાહ્મણો તેમના તેજથી અંજાઈ ગયા. તેઓએ શિષ્યો અને અગ્નિઓ સાથે ઊભા થઈ પાદ્ય, અર્ઘ્ય વગેરે આપી તેમનું સન્માન કર્યું. યજમાન બલિરાજાએ પણ દર્શન કરવા યોગ્ય, સુંદર તથા દર્શનીય અવયવોવાળા તે વામન ભગવાનને જોઈ તેમને આસન આપ્યું. અને 'ભલે પધાર્યા' એમ અભિનંદન આપી તે બલિએ આત્મારામ, પુરુષનો મનને આનંદ આપનારા ભગવાનનાં બંને ચરણે ધોઈ તેમની પૂજા કરી. પછી ધર્મવેત્તા બલિએ મનુષ્યોના પાપનો નાશ કરનારા અને અત્યંત મંગળ રૂપ ભગવાનના ચરણ ધોયેલા જળને પોતાના મસ્તક પર ચડાવ્યું કે જેને દેવોના દેવ ચંદ્રમૌલિ શંકર પણ પરમ ભક્તિથી (ગંગારૂપે) મસ્તક પર ધારણ કરે છે.

**પછી બલિરાજાએ કહ્યું :** હે બ્રહ્મન્ ! આપ ભલે પધાર્યા, અમે આપનું કયું કર્મ કરીએ ? હે આર્ય ! હું આપને બ્રહ્મર્ષિઓનું સાક્ષાત શરીર ધારણ કરનાર તપ જ માનું છું. આજે અમારા પિતૃઓ તૃપ્ત થયા, અમારું કુળ આજે પવિત્ર થયું અને આ યજ્ઞ આજે સારી રીતે (સફળ) થયો છે; કેમ કે આપ અમારે ઘેર પધાર્યા છો. ઓ બ્રાહ્મણપુત્ર ! આજે આપની પધરામણીથી મારા અગ્નિઓમાં વિધિ પ્રમાણે ઉત્તમ હોમ થયું છે. આજે આપના ચરણ ધોયેલા જળથી અમારાં પાપ નાશ પામ્યાં છે અને આપના નાજુક ચરણોથી આ ભૂમિ પવિત્ર થઈ છે. ઓ બટુક બ્રાહ્મણપુત્ર ! તમારી જે ઈચ્છા હોય તે તમે મારી પાસેથી માગી લો. તમે કંઈક માગવા ઈચ્છો છો એમ હું તર્ક કરું છું. હે મહાપૂજ્ય બ્રાહ્મણ ! ગાય, સોનું, યથેષ્ટ ભોગસાધનોવાળું ઉત્તમ ઘર, અન્ન, પાન, કન્યા, સમૃદ્ધિવાળાં ગામડાં, ઘોડા, હાથીઓ કે રથો, જે કંઈ તમારે જોઈએ તે માગી લો. ૧-૩૨

गां काञ्चनं गुणवद्धाम मृष्टं तथाऽन्नपेयमुत वा विप्र कन्याम् ।
ग्रामान् समृद्धांस्तुरगान् गजान्वा रथांस्तथार्हत्तम सम्प्रतीच्छ ॥३२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## વામનજીએ ત્રણ પગલાં ભૂમિ માગી

॥ श्रीशुक उवाच ॥

इति वैरोचनेर्वाक्यं धर्मयुक्तं स सूनृतम् । निशम्य भगवान् प्रीतः प्रतिनिन्द्येदमब्रवीत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** બલિરાજાનું તે સત્ય અને ધર્મયુકત વાક્ય સાંભળી ભગવાને પ્રસન્ન થઈ તેને અભિનંદન આપી આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજા ! જેને પારલૌકિક ધર્મના વિષયમાં ભૃગુવંશી બ્રાહ્મણો તથા અત્યંત શાંત કુળવૃદ્ધ પ્રહલાદજી માન્ય છે. એવા તમારું આ વચન સત્ય હોઈ કુળને યોગ્ય, ધર્મયુકત અને યશ આપનારું છે. તમારા કુળમાં એવો કોઈ પણ નિઃર્સત્વ કે દીન પુરુષ થયો નથી કે જેણે યાચક બ્રાહ્મણોને હું નહિ આપું' એમ કહ્યું હોય; અથવા આપવાનું કબૂલ કરી ન આપ્યું હોય ! વળી તમારા કુળમાં જેઓનું મન ઉદાર ન હોય ને ઉત્સાહરહિત હોય તવા રાજાઓ થયા જ નથી, કે જેઓએ તીર્થક્ષેત્રમાં કે યુદ્ધમાં કોઈએ માગણી કરી હોય ત્યારે દાન આપવાની કે યુદ્ધ કરવાની ના પાડી હોય ! તેમ જ યશથી નિર્મળ તમારા કુળમાં ચંદ્ર જેમ આકાશમાં શોભે તેમ પ્રહ્લાદજી શોભે છે. વળી જે કુળમાં જન્મેલો હિરણ્યાક્ષ દિગ્વિજય વખતે હાથમાં ગદા લઈ એકલો આ ભૂમિ પર(પોતાની સામે યુદ્ધ કરનારની શોધમાં) ઘૂમતો હતો, પણ પોતાની સામે યુદ્ધ કરે તેવો યોદ્ધો તેને મળ્યો જ ન હતો. અંતે પૃથ્વીના ઉદ્ધાર સમયે સામે આવેલા હિરણ્યાક્ષને વિષ્ણુએ મહાકષ્ટે જીત્યો હતો; તોપણ તેના મહાન પરાક્રમનું સ્મરણ કરી વિષ્ણુએ પોતાને વિજયી માન્યા ન હતા. પછી તેનો ભાઈ હિરણ્યકશિપુ પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ સાંભળી ક્રોધાયમાન થયો અને ભાઈનો વધ કરનારને મારવા તે વિષ્ણુના સ્થાનમાં ગયો. ત્યાં માયાવીઓમાં શ્રેષ્ઠ અને સમયને જાણનારા વિષ્ણુએ હાથમાં ત્રિશૂળ લઈ કાળની પેઠે ધસી આવતા હિરણ્યકશિપુને જોઈને મનમાં વિચાર કર્યોઃ 'હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં પ્રાણીઓની પાછળ જેમ મૃત્યુ આવે છે, તેમ આ આવવાનો જ. માટે બાહ્યદૃષ્ટિવાળા આ અસુરના હૃદયમાં જ હું પેસી જાઉં' આવો નિશ્ચય કરી, હે અસુરેન્દ્ર ! સામે દોડી આવતા તે અસુરના શ્વાસવાયુમાં પોતાનું શરીર અદશ્ય કરી તેની નાસિકામાગે થઈ કંપિત ચિત્તે વિષ્ણુએ તેના શરીરમાં પ્રવેશ કર્યો. તે વેળા હિરણ્યકશિપુએ વિષ્ણુના સ્થાનને ખાલી જોઈ વિષ્ણુને ક્યાંય ન જોતાં કોપાયમાન થઈ ગર્જના કરી. તે વીરે પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાલો તેમ જ સમુદ્રોમાં વિષ્ણુની શોધ કરી, પણ તેમને ક્યાંય જોયા નહિ. એમ ક્યાંય પણ વિષ્ણુ ન દેખાયા ત્યારે તે આ પ્રમાણે બોલ્યો : 'મેં આખા જગતમાં શોધ કરી, પણ મારા ભાઈનો નાશ કરનાર મેં જોયો નહિ. તેથી જે સ્થળે ગયેલો પુરૂષ કદી પાછો ફરતો નથી, ત્યાં જ તે ગયેલો હોવો જોઈએ (અર્થાત મરી ગયો હશે.) પ્રાણીઓને વેરનો સંબંધ મરણ સુધી જ હોય છે; કારણ ક્રોધ અજ્ઞાનથી ઊપજે છે, અને દેહ પર ગાઢ અભિમાનવાળા શુરાઓને અહંભાવથી તે વધે છે. માટે અજ્ઞાન દૂર થયા પહેલાં અજ્ઞાનથી ઉપજેલો ક્રોધ તજી દેવો, એ પણ મૂર્ખાઈ જ છે. તમારા પિતા વિરોચન પ્રહ્લાદના પુત્ર હતા. તેઓ પણ બ્રાહ્મણો પર પ્રેમાળ હતા. એથી બ્રાહ્મણોના વેશમાં આવેલા દેવોને આ બ્રાહ્મણો નથી પણ દેવો છે' એમ પોતે જાણવા છતાં તેઓની માગણીથી પોતાનું આયુષ્ય આપ્યું હતું. તમે પણ ગૃહસ્થી બ્રાહ્મણોએ પોતાના શુરવીર પૂર્વજોએ તથા બીજા મોટી કીર્તિવાળા પુરુષોએ આચરેલા ધર્મો બરાબર પાળો છો. માટે હે

દૈત્યેન્દ્ર ! વર આપનારાઓમાં શ્રેષ્ઠ તમારી પાસેથી હું થોડી ભૂમિ માગું છું, તે એટલી જ કે મારા પગથી મપાયેલાં ત્રણ જ પગલાં. હે રાજન્ ! તમે જગતના ઈશ્વર અને મોટા દાતા છો, તો પણ તમારી પાસેથી હું બીજું કંઈ માગતો નથી; કેમ કે પોતાને ઉપયોગ પૂરતી જ વસ્તુ રાખતો વિદ્વાન પાપમાં પડતો નથી.

**બલિરાજાએ કહ્યું :** અહો ! આશ્ચર્ય ! ઓ બ્રાહ્મણબાલક ! તમારી વાણી તો વૃદ્ધ પુરુષોને પણ માન્ય થાય તેવી છે; તોપણ તમે બાળક છો તેથી તમારી બુદ્ધિ અજ્ઞાનીઓ જેવી છે, તેથી જ તમે પોતાના સ્વાર્થને બરાબર સમજતા નથી. હું ત્રણે લોકનો એક માત્ર અધિપતિ છું અને (મારી પાસે કોઈ બ્રાહ્મણ માગણી કરે તો) એક દ્વીપ (બેટ) પણ આપી શકું છું; છતાં મને વચનોથી પ્રસન્ન કરી માત્ર ત્રણ જ પગલાં ભૂમિ જે માગે છે તે બુદ્ધિહીન છે. હે બ્રહ્મચારીજી, જે મનુષ્ય એકવાર મારી પાસે કંઈક માગવા માટે આવી ગયો તેને પછી કદી બીજા કોઈની પાસે કંઈ પણ માગવાની જરૂર રહેતી નથી; માટે તમારી આજીવિકા ચાલે તેટલી ભૂમિ તમે મારી પાસેથી ખુશીથી લો.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજા ! ત્રૈલોક્યમાં જેટલા અતિ પ્રિય વિષયો છે, તે બધાય (મળે) છતાં અજિતેન્દ્રિય મનુષ્યને તૃપ્ત કરી શકતા નથી. જે મનુષ્ય ત્રણ પગલાં પૃથ્વીથી અસંતુષ્ટ રહે તેને નવ ખંડો સહિત આખા દ્વીપ વડે પણ તૃપ્ત કરી શકાય નહિ; કેમ કે તેને (એક દ્વીપ મળવાથી ફરી) સાતે દ્વીપો માગવાની ઈચ્છા થાય છે. અમે સાંભળ્યું છે કે, પૃથુ, ગય વગેરે રાજાઓ સાત દ્વીપોના અધિપતિ હતા. છતાં તેઓની અર્થ તથા કામની તૃષ્ણા દૂર થઈ ન હતી. જે મનુષ્ય દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે તે સુખી છે, પણ અજિતેન્દ્રિય અસંતોષી મનુષ્યને ત્રણે લોક મળે તોપણ તે સુખી થતો નથી. પુરુષને અર્થ તથા કામનો આ અસંતોષ જ સંસારનું કારણ થાય છે અને દૈવેચ્છાએ મળેલી વસ્તુથી થતો સંતોષ મોક્ષદાતા થાય છે. દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહેતા બ્રાહ્મણનું તેજ વધે છે. પણ અસંતોષથી તો જળ વડે અગ્નિની પેઠે તે બ્રહ્મતેજ શાંત થઈ જાય છે. માટે હે વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ ! તમારી પાસેથી હું માત્ર ત્રણ પગલાં જ પૃથ્વી માગું છું; કેમ કે હું એટલેથી જ કૃતાર્થ થઈશ. ખપ પૂરતું ધન રાખવું તે જ સુખદાયી છે. (અધિક ધનથી તો ઊલટું દુઃખ જ છે.)

**શ્રી શુકદેવજી બોલ્યા :** વામન ભગવાને એમ કહ્યું એટલે બલિરાજાએ હસતાં હસતાં 'બહુ સારુ તમારી ઈચ્છા હોય તેટલું લો' એમ કહી વામન ભગવાનને પૃથ્વી આપવા જળપાત્ર હાથમાં લીધું. તે વેળા વિદ્વાનોમાં શ્રેષ્ઠ શુક્રાચાર્યે વિષ્ણુ ભગવાનની કર્તવ્યેચ્છા જાણી જઈ વિષ્ણુને પૃથ્વી આપવા તૈયાર થયેલા શિષ્ય બલિરાજાને કહ્યું.

**શુક્રાચાર્ય બોલ્યા :** ઓ બલિરાજા ! આ અવિનાશી ભગવાન સાક્ષાત વિષ્ણુ છે. દેવોનું કાર્ય સાધવા કશ્યપથી અદિતિમાં તે જમ્યા છે. તે આ અનર્થ ન જાણીને પૃથ્વી આપવાની જે પ્રતિજ્ઞા કરી છે, તે ઠીક કર્યું નથી એમ હું માનું છું. આ તો દૈત્યોને મહાન અન્યાય થવાનો પ્રસંગ આવ્યો છે. આ શ્રીહરિ માયા વડે બટુક બન્યા છે. તે તારું સ્થાન, ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને પ્રખ્યાત યશ છીનવી લઈ ઈન્દ્રને આપી દેશે. આ ભગવાન જગત જેવડું શરીર કરી ત્રણ પગલાં વડે ત્રણે લોકને માપી લેશે. માટે ઓ મૂઢ ! આ રીતે વિષ્ણુને બધું આપી દઈ તું તારી આજીવિકા શી રીતે ચલાવીશ ? આ ભગવાન એક પગલે પૃથ્વીને, બીજે પગલે સ્વર્ગને અને મોટા શરીર વડે આકાશને માપી લેશે. પછી ત્રીજા પગલાની શી ગતિ થશે ? (ક્યાં માંડીશ ?) હું માનું છું કે, તું તારું પ્રતિજ્ઞા કરેલું આપી શકીશ નહિ, એટલે તારી સ્થિતિ નરકમાં જ થશે; કેમ કે પ્રતિજ્ઞા કરેલી વસ્તુ આપવા તું સમર્થ જ નથી. વળી જે દાનથી પોતાની

આજીવિકા નાશ પામે તે દાનને વિદ્વાનો વખાણતા નથી; કેમ કે આજીવિકાવાળો મનુષ્ય જ લોકમાં દાન, યજ્ઞ, તથા કર્મ કરી શકે છે. જે મનુષ્ય ધર્મ, અર્થ, યશ, કામ તથા સ્વજન એ પાંચ માટે પોતાના ધનની વહેંચણી કરી રાખે છે, તે આ લોકમાં તથા પરલોકમાં આનંદ કરે છે. તે અસુરશ્રેષ્ઠ ! આ (સત્ય અસત્યની વ્યવસ્થા) સંબંધી ઋગ્વેદીઓએ જે કહ્યું છે તે તું સાંભળ. કોઈને કંઈ આપવાનું કબૂલી બરાબર તે જ પ્રમાણે આપવું, તે સત્ય છે અને કોઈને કંઈ આપવાનું કબુલ્યા પછી તે પ્રમાણે ન આપવું તે અસત્ય છે. આ શરીર એક વૃક્ષ છે, તેનાં પુષ્પ અને ફળ સત્ય છે એમ વેદો કહે છે, પણ આ દેહરૂપી વૃક્ષ જો જીવતું જ ન રહે તો તેનાં પુષ્પ કે ફળરૂપ સત્ય નીપજતું જ નથી. અસત્ય દેહનું મૂળ છે. (માટે સંકટસમયે અસત્યથી પણ દેહની રક્ષા કરવી. જેમ વૃક્ષનાં મૂળ ઉખેડતાં તે જલદી સુકાઈ જાય છે અને પડી જાય છે, તેમ આ દેહરૂપી વૃક્ષનું મૂળ અસત્ય પણ છેક જ નાશ પામ્યું હોય, તો તત્કાળ દેહ નાશ પામે છે, એમાં સંશય નથી. યાચક માગવા આવે ત્યારે તેને 'હા' એવો જે અક્ષર કહેવો તે ધનને દૂર લઈ જનાર અને અપૂર્ણ છે; કેમ કે યાચકને જે તે વસ્તુ માટે હા પાડવાથી પુરુષ ખાલી થાય છે. વળી હરકોઈ માગણને હરકોઈ વસ્તુ આપવાની હા પાડનારો મનુષ્ય પોતાને માટે ભોગ ભોગવવા સમર્થ થતો નથી. માટે કોઈ માગવા આવે ત્યારે તેને 'ના' એમ જે અસત્ય વચન કહેવું તે પૂર્ણ છે—ધનથી મનુષ્યને ભરપૂર રાખે છે (કેમ કે તેથી ધનનો નાશ થતો નથી) અને બીજાના ધનને પોતાની સામે ખેંચી લાવે છે. પણ જે મનુષ્ય હરકોઈ બાબતમાં 'ના' એમ કહી અસત્ય બોલે છે, તેની તો અપકીર્તિ જ થાય છે અને તેવો મનુષ્ય જીવતાં મુઆ જેવો છે. જ્યારે જ્યારે અસત્ય બોલવાની છૂટ આપી શકાય એ શુક્રાચાર્ય નીતિશાસ્ત્રના આધારે સમજાવે છે; અર્થાત્ સંકટસમયે જ અસત્ય બોલવું તે ઠીક છે, પણ બધા પ્રસંગે અસત્ય બોલવું નહિ.) સ્ત્રીઓને ઉત્સાહનાં વચનથી વશ કરવાં, મશ્કરીમાં, વિવાહ પ્રસંગમાં, આજીવિકા માટે (સત્ય કહેવાથી ધર્મશાસ્ત્રે કહેલા આપણા હિતમાં હરકત થતી હોય, ત્યારે જ; પરંતુ અન્યાયપૂર્વક બીજાઓને ઠગવા માટે નહિ) પ્રાણસંકટ પ્રસંગે, ગાયો માટે, બ્રાહ્મણો માટે તથા (સત્ય બોલવાથી) કોઈની હિસા થતી હોય ત્યારે અસત્ય બોલવું તે નિંદ્ય ગણાતું નથી. ૧-૪૩

स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसङ्कटे । गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## બલિએ વામનજીને પૃથ્વીનું દાન કર્યું

**॥ श्रीशुक उवाच ॥**

बलिरेवं गृहपतिः कुलाचार्येण भाषितः । तूष्णीं भूत्वा क्षणं राजन्नुवाचावहितो गुरुम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! કુળના આચાર્ય શુક્રાચાર્યે એ રીતે કહ્યું, એટલે ગૃહસ્થ બલિએ ક્ષણવાર ચૂપ રહી સાવધાન થઈ ગુરુને કહ્યું.

**બલિરાજા બોલ્યો :** આપ ભગવાને સત્ય કહ્યું છે. ગૃહસ્થોનો એ ધર્મ હોવો જોઈએ કે જે અર્થ, કામ, યશ તથા આજીવિકાને કોઈ રીતે હરકત કરનાર ન થાય. પણ હું પ્રહ્લાદનો પૌત્ર થઈ 'આપીશ' એવી પ્રતિજ્ઞા કરીને ધુતારાની પેઠે ધનના લોભથી બ્રાહ્મણને શી રીતે ના પાડું ? પૃથ્વી પણ કહે છે : 'અસત્યથી બીજો અધર્મ નથી. અસત્ય બોલનારા મનુષ્ય સિવાય બીજું બધું સહન કરવા હું સમર્થ છું,

એમ માનું છું.’ બ્રાહ્મણને ઠગવાથી જેવો હું ડરું છું તેવો નરકથી, દારિદ્રયથી, દુઃખના સમુદ્રથી, સ્થાનભ્રષ્ટ થવાથી કે મૃત્યુથી પણ ડરતો નથી. આ જગતમાં જે ધન વગેરે છે તે સર્વ મરેલા મનુષ્યને તજશે જ. (તો જીવતાં જ પોતે શા માટે ન દેવું ? ) વળી જેનું દાન કરવાથી બ્રાહ્મણ સંતોષ ન પામે. તેનું દાન કરવામાં પણ શું મળે છે ? દધીચિ અને શિબિ વગેરે સત્પુરુષો તજવા મુશ્કેલ એવા પોતાના પ્રાણ આપીને પણ પ્રાણીઓનું કલ્યાણ કરે છે, તો પૃથ્વી વગેરે વસ્તુઓ આપી દેવામાં વિચાર શો ? હે બ્રહ્મન્ ! યુદ્ધમાં કદી પીછેહઠ ન કરનારા મોટા દૈત્યરાજાઓએ આ પૃથ્વી ભોગવી છે. તેઓના ભોગવૈભવોનો કાળે ભલે નાશ કર્યો હોય, પણ તેઓએ પૃથ્વી પર જે યશ મેળવ્યો છે, તેનો કાળે નાશ કર્યો નથી. (માટે કીર્તિ જ મેળવવી. બીજા કશાની જરૂર નથી.) હે બ્રહ્મર્ષિ ! યુદ્ધમાં કદી પાછી પાની ન કરી શરીર છોડનાર પુરુષો જગતમાં સુલભ છે; પરંતુ કોઈ સુપાત્ર આવે ત્યારે શ્રદ્ધાથી તેને પોતાનું ધન આપી દેનારા પુરુષો દુર્લભ છે. (અર્થાત્ ધનનું દાન કરવું ઘણું જ મુશ્કેલ હોઈ મારે તે કરી બતાવવું છે.) દયાળુ ઉદાર મનના પુરુષને યાચકની કામના પૂરતી દરિદ્રતા આવે તો તે પણ ઉત્તમ જ છે, તો આપ જેવા વેદવેત્તા પુરુષોને બધું આપી દેતાં દરિદ્રતા આવે, તો તે કેમ ઉત્તમ ન ગણાય ? માટે હું તો આ બટુકને તેનું ઈચ્છેલું આપીશ જ. હે મુનિ ! વેદોકત કર્મો કરવામાં કુશળ આપ પણ જેને યજ્ઞયાગાદિથી પૂજો છો, તે જ વેદદાતા આ વિષ્ણુ હો કે કોઈ બીજો હો; પણ હું તેણે ઇચ્છેલી પૃથ્વી તેને આપીશ. જોકે આ વિષ્ણુ મને નિરપરાધીને અધર્મથી બાંધશે, તોપણ બ્રાહ્મણશરીર ધારણ કરનારા આ મારા ભયભીત શત્રુનો હું નાશ કરીશ નહિ. અથવા આ વિષ્ણુ ઉત્તમ કીર્તિવાળા છે તેથી પોતાનો યશ છોડવા ઇચ્છશે નહિ, (અર્થાત્ મને બાંધીને પણ પોતાની કીર્તિ જાળવવા મને કંઈક ઐશ્વર્ય આપશે જ; છતાં જો હું આને પૃથ્વી આપવાની ના પાડું) તો યુદ્ધમાં મારો નાશ કરીને પણ પૃથ્વી લઈ લે. અથવા (તે મારો નાશ નહિ કરી શકે તો) મારે હાથે મૃત્યુ પામી પૃથ્વી પર સૂએ. (તો એ રીતે પણ પ્રતિજ્ઞા કરેલું ન આપવાથી અથવા બ્રાહ્મણનો નાશ કરવાથી મારે નરકમાં પડવું પડે અને લોકોમાં મારી મોટી અપકીર્તિ થાય; માટે મારે પ્રતિજ્ઞા કરેલું પાળ્યે જ છૂટકો છે.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ પોતાના પ્રત્યે શ્રદ્ધારહિત થઈ પોતાની આજ્ઞા ન માનનારા અને સત્ય પ્રતિજ્ઞાવાળા તે મનસ્વી શિષ્ય(બલિરાજા)ને શુક્રાચાર્યે દૈવથી પ્રેરાઈને આવો શાપ આપ્યો : ‘તું અજ્ઞાની છે છતાં પોતાને મહાપંડિત માને છે અને મારી ઉપેક્ષા કરી અભિમાની બની ગયો છે અને મારી જ આજ્ઞા માનતો નથી; માટે થોડા સમયમાં તું રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઈશ.’ એમ ગુરુએ શાપ આપ્યો છતાં એ મહારાજા સત્યથી ડગ્યો નહિ. તેણે વામનજીની પૂજા કરી જળથી સંકલ્પ મૂકીને પૃથ્વીનું દાન કર્યું તે સમયે બલિરાજાની પત્ની વિધ્યાવલી મોતીના અલંકારો પહેરી વામન ભગવાનના પગ ધોવા જળથી ભરેલો સોનાનો કળશ લઈ ત્યાં આવી. તે વખતે યજમાન બલિરાજાએ વામનજીના શોભાયમાન બંને પગ ધોઈને જગતને પવિત્ર કરનારું તે જળ પોતાના મસ્તકે ચડાવ્યું. એ વેળા આકાશમાં ઊભેલા દેવગણો, ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો તથા ચારણોએ બલિરાજાના તે કર્મની તથા તેમની સરળતાની સ્તુતિ કરી અને હર્ષયુકત થઈ તેઓએ અસુરોના તે રાજા ઉપર પુષ્પવૃષ્ટિ કરી. તેમ જ હજારો નગારાં વારંવાર વાગ્યાં અને ગંધર્વો, કિંપુરુષો તથા કિન્નરો ગાવા લાગ્યા : ‘આ ઉદાર બલિરાજાએ પોતાના શત્રુને જાણવા છતાં તેને ત્રણે લોકનું દાન કરી દીધું, તે મહાદુષ્કર કર્મ કર્યું છે.’ પછી તો અનંત શ્રીહરિનું તે ત્રિગુણાત્મક વામન સ્વરૂપ અદ્ભુત રીતે વધવા લાગ્યું ને જોતજોતામાં પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાળો, સમુદ્રો, પશુપક્ષીઓ,

મનુષ્યો, દેવો તથા ઋષિઓ એ સ્વરૂપમાં જ સમાઈ ગયા. ઋત્વિજો, આચાર્યો તથા સભાસદો સાથે બલિરાજાએ મહાઐશ્વર્યવાળા ભગવાનના તે ત્રિગુણાત્મક સ્વરૂપમાં ત્રિગુણાત્મક આ જગતને પંચભૂત, ઇંન્દ્રિયો, વિષયો, અંતઃકરણ તથા જીવો સહિત જોયું. તે બલિરાજાએ વિશ્વમૂર્તિ એ પુરુષના પગનાં તળિયાંમાં રસાતલ, પગમાં પૃથ્વી, પિંડીઓમાં પર્વતો, ઢીચણમાં પક્ષીઓ તથા બંને સાથળોમાં પવનના ગણ જોયા, તેમ જ એ પ્રભુનાં વસ્ત્રમાં સંધ્યા, ગુહ્યભાગમાં પ્રજાપતિઓ, જાંઘના ભાગમાં પોતા સાથે સર્વ દૈત્યો, નાભિમાં આકાશ, ઉદરમાં સાતે સમુદ્રો તથા તે ભગવાનની છાતીમાં નક્ષત્રોની પંક્તિ જોઈ. હે રાજા ! મુરારિ ભગવાનના હૃદયમાં ધર્મ, બે સ્તનમાં ઋત (મધુર) તથા સત્ય, મનમાં ચંદ્ર, છાતીમાં કમળની માળા હાથમાં ધારણ કરતી લક્ષ્મીદેવી, કંઠમાં સામવેદનાં ગાનો તથા શબ્દસમૂહવાળા અક્ષરો, ભુજાઓમાં ઇંદ્રાદિ દેવો, કાનમાં દિશાઓ, મસ્તકમાં સ્વર્ગલોક, કેશોમાં મેઘો, નાસિકામાં વાયુ, બન્ને નેત્રોમાં સૂર્ય, મુખમાં અગ્નિ, વાણીમાં છંદો, જીભમાં વરુણ દેવ બન્ને ભ્રૂકુટિમાં વિધિ તથા નિષેધ પાંપણોમાં દિવસ તથા રાત્રિ અને તે પરમપુરુષના લલાટમાં ક્રોધ તથા નીચલા હોઠમાં લોભ તેણે જોયા તેમ જ હે રાજા ! એ વીર બલિરાજાએ ભગવાનના સ્પર્શમાં કામ, વીર્યમાં જળ, પીઠમાં અધર્મ, પગલાંમાં યજ્ઞ, છાયામાં મૃત્યુ, હસવામાં માયા, રૂંવાડાંમાં ઔષધિઓની જાતિઓ, નાડીઓમાં નદીઓ, નખોમાં શિલાઓ, બુદ્ધિમાં બ્રહ્મા, ઇંદ્રિયોમાં દેવગણો તેમ જ ઋષિઓ અને શરીરના બીજા અવયવોમાં સ્થાવરજંગમ, સર્વ પ્રાણીઓને જોયાં. હે રાજા ! સર્વના આત્મા ભગવાન વિષે આ સર્વ જગત જોઈને અસુરો મોહ પામ્યા, એટલામાં તો તે ભગવાનની પાસે અસહ્ય તેજવાળું સુદર્શનચક્ર, મેઘના જેવો શબ્દ કરતું શાર્ઙ્ગ ધનુષ્ય, મેઘ જેવો ગંભીર શબ્દ કરતો શંખ, કૌમાદકી નામની વેગવાળી વિષ્ણુગદા, સેંકડો ફૂદડીઓવાળી 'વિદ્યાધર' નામની તલવાર, અક્ષય બાણોથી ભરેલાં બે ભાથાં અને સર્વ લોકપાલો સહિત સુનંદ વગેરે મુખ્ય પાર્ષદો, દેદીપ્યમાન મુકુટ, બાજુબંધ, મકરાકાર કુંડળો, શ્રીવત્સનું ચિહ્ન, કૌસ્તુભમણિ, ઉત્તમ કંદોરો તથા વસ્ત્રો વગેરે લઈને ત્યાં હાજર થયા. હે રાજન્ ! તે વેળા ભગવાન ઉરુક્રમ ભમરાઓથી ગુંજતી વનમાળા ધારણ કરી શોભતા હતા. તેમણે એક પગલાથી બલિરાજાની પૃથ્વીને, શરીરથી આકાશને અને ભુજાઓથી દિશાઓને માપી લઈ બીજે પગલે સ્વર્ગને પણ માપી લીધું, પછી ત્રીજા પગલા માટે બલિરાજાનું કંઈ પણ ન રહ્યું, કેમ કે, ભગવાનનો પગ છેક ઉપર મહર્લોક, જનલોક તથા તપલોકથી પણ આગળ ગયો હતો. ૧-૩૪

पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं न वै तृतीयाय तदीयमण्वपि ।
उरुक्रमस्याङ्घ्रिरुपर्युपर्यथो महर्जनाभ्यां तपसः परं गतः ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## ત્રણ પગલાં પૂરા ન થવાથી ભગવાને બલિરાજાને બાંધ્યો

॥ श्रीशुक उवाच ॥

सत्यं समीक्ष्याब्जभवो नखेन्द्रभिर्हतस्वधामद्युतिरावृतोऽभ्यगात् ॥
मरीचिमिश्रा ऋषयो बृहद्व्रताः । सनन्दनाद्या नरदेव योगिनः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! ભગવાનના પગને છેક સત્યલોક સુધી આવેલ જોઈ તેના

નખરૂપી ચંદ્ર વડે જેમના લોકની કાંતિ ઝાંખી થઈ હતી અને પોતે પણ તે નખરૂપી ચંદ્રની કાંતિમાં ડૂબી ગયા હતા, એવા બ્રહ્મા તથા મરીચિ વગેરે ઋષિઓ, મોટા વ્રતધારી સનંદન વગેરે યોગીઓ, વેદો, ઉપવેદો, નિયમો, યમો, તર્કો, ઈતિહાસો, વેદનાં છ અંગો પુરાણો, સંહિતાઓ અને બીજા પણ યોગરૂપી પવનથી પ્રજ્વલિત થયેલા જ્ઞાનરૂપી અગ્નિ વડે કર્મરૂપી મેલ બાળી નાખનારા મહાત્માઓ કે જેઓ જે ચરણના સ્મરણપ્રભાવથી કર્મ વડે ન મળતા બ્રહ્માના ધામમાં જઈ શક્યા હતા. તેમણે ભગવાનના એ પગને વંદન કર્યું. પછી પવિત્ર કીર્તિવાળા અને વિષ્ણુભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ છેક સત્ય લોક સુધી છેક ઊંચે ગયેલા વિષ્ણુ ભગવાનના તે પગની અર્ધ્ય જળ આપી પૂજા કરી તથા ભક્તિથી સ્તુતિ કરી. હે રાજા ! જેણે ભગવાનના ચરણને ધોયો હતો, તે બ્રહ્મના કમંડળનું જળ પોતાને પ્રાપ્ત થયેલી પવિત્રતાથી સ્વર્ગની ગંગારૂપે થયું. જે ગંગા આકાશમાં વહેતી (નીચે ઊતરી) ભગવાનની નિર્મળ કીર્તિની પેઠે ત્રણે લોકને પવિત્ર કરે છે. પછી જેમણે પોતાની વિભૂતિ સમેટી લીધી હતી. (વામનસ્વરૂપ સ્વીકાર્યું હતું) એવા તે વામનભગવાનરૂપ પોતાના નાથને બ્રહ્માદિ લોકપાલોએ પોતાના સેવકોની સાથે રહી અનેક પ્રકારની ભેટો અર્પણ કરી. તેમ જ સ્નાનાદિનાં જળ, અર્ધ્યજળ, પુષ્પોની માળાઓ, દિવ્ય ચંદનનાં વિલેપનો, સુગંધી ધૂપ, દીવા, શાળની ધાણી, અક્ષત, ફળ ને જવારાથી તેઓએ ભગવાનના પગની પૂજા કરી. પછી ભગવાનના પરાક્રમ ને મહિમાથી યુક્ત સ્તોત્રો, જય શબ્દો, નૃત્ય, ગીત, વાદિત્ર અને શંખ તથા દુંદુભિના ધ્વનિઓથી ભગવાનની જયઘોષણા કરી, તેમ જ મન જેવા વેગવાળા રીંછોના રાજા જાંબવાને ભેરીના શબ્દોથી સર્વ દિશામાં ભગવાનના વિજયમહોત્સવની ઘોષણા કરી. બીજી તરફ યજ્ઞદીક્ષા લઈને બેઠેલા પોતાના સ્વામી બલિરાજા પાસેથી ત્રણ પગલાંને બહાને આખી પૃથ્વી પડાવી લીધેલી જોઈ અસુરા અત્યંત ક્રોધાવેશમાં આવી બોલી ઊઠ્યા: ‘આ વામન બ્રાહ્મણ નથી પણ માયાવીઓમાં શ્રેષ્ઠ ગણાતા વિષ્ણુ છે. તે બ્રાહ્મણવેશમાં ગુપ્ત રહી દેવોનું કાર્ય સાધવા ઈચ્છે છે. આ આપણા શત્રુએ બટુકનું રૂપ લઈ ત્રણ પગલાં પૃથ્વી માગીને યજ્ઞમાં કોઈને શિક્ષા ન કરવી’ એવી પ્રતિજ્ઞાવાળા આપણા સ્વામીનું બધું પડાવી લીધું છે. આપણા રાજા (બલિ) નિત્ય સત્યવ્રતધારી, બ્રાહ્મણભક્ત તથા દયાળુ હોઈ હમણાં તે યજ્ઞદીક્ષા લઈને બેઠા છે તેથી ખાસ કરીને તે અસત્ય ભાષણ કરી શકે તેમ નથી માટે આપણે જ આનો નાશ કરી નાખીએ તે જ ધર્મ છે. તેમ કરવાથી આપણે આપણા રાજાની સેવા પણ કરી ગણાશે.’ આમ કહી બલિરાજાના સેવક અસુરોએ શસ્ત્રો હાથમાં લીધાં અને હે રાજન્ ! તેઓ સર્વે ક્રોધાયમાન થઈ ત્રિશુલો તથા પટ્ટિશો હાથમાં લઈ બલિરાજાની ઈચ્છા ન હોવા છતાં વામન ભગવાનને મારી નાખવા ધસ્યા. હે રાજા ! દૈત્યસેનાપતિઓને એમ ધસી આવતા જોઈને વિષ્ણુભગવાનના સેવકો હસ્યા અને તેમણે આયુધો ઉગામી દૈત્યોને અટકાવ્યા. નંદ, સુનંદ, જય, વિજય, પ્રબલ, બલ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વકસેન, ગરુડ, જયંત, શ્રુતદેવ, પુષ્પદંત અને સાત્વત; એ બધા વિષ્ણુભગવાનના સેવકો દસ દસ હજાર હાથીઓ સમાન બળવાન હોઈ અસુરોની સેનાનો નાશ કરવા લાગ્યા. તે વેળા વિષ્ણુભગવાનના સેવકોથી નાશ પામતા પોતાના સેવકોને જોઈ બલિરાજાએ શુક્રાચાર્યના શાપને યાદ કરી આવેશમાં આવેલા અસુરોને અટકાવ્યા. (અને કહ્યું :) હે વિપ્રચિત્તે ! હે રાહુ ! હે નેમિ ! તમે મારું વચન સાંભળો. તમે લડો મા, પાછા ફરો. આ સમય આપણને અનુકુળ નથી, હે દૈત્યો ! જે કાળ સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવા સમર્થ છે, તેને પુરુષાર્થથી ઓળંગવા પુરુષ સમર્થ નથી. જે કાળ પહેલાં આપણને સુખ અને દેવોને દુઃખ આપતો હતો, તે જ કાળ ભગવાન આજે

આપણાથી ઊલટો વર્તે છે. મનુષ્ય બળથી, સલાહકારોથી, બુદ્ધિથી, કિલ્લાથી, મંત્રોથી, ઔષધાદિથી કે સામાદિ ઉપાયથી કાળને ઓળંગી શકાતો નથી, તમે દૈવયોગે સમૃદ્ધિવાળા હતા ત્યારે વિષ્ણુના આ સેવકોને અનેકવાર જીત્યા છે, પણ તેઓ જ આજે સમય પલટાતાં યુદ્ધમાં આપણને જીતી ગર્જના કરે છે. આપણા ઉપર દૈવ પ્રસન્ન થશે, ત્યારે ફરી આપણે તેઓને જીતીશું, માટે આપણને અનુકૂળ હોય તેવા સમયની તમે રાહ જુઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પોતાના સ્વામીનું એ કહેવું સાંભળી દૈત્યો ને દાનવોના સેનાપતિઓ વિષ્ણુના પાર્ષદોનો માર ખાઈ રસાતલમાં પેસી ગયા. પછી ગરુડે પોતાના સ્વામી વિરાટભગવાનની કર્તવ્યેચ્છા જાણી જઈ યજ્ઞમાં સોમરસ કાઢવાના દિવસે બલિરાજાને વરુણ પાશથી બાંધ્યો. એ રીતે મહાસમર્થ અસુરપતિને કેદ પકડ્યો ત્યારે આકાશમાં, પૃથ્વી ઉપર અને સર્વ દિશાઓમાં મોટો હાહાકાર થઈ રહ્યો. પછી હે રાજા ! વરુણના પાશોથી બંધાયેલો અને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થવા છતાં જેની બુદ્ધિ સ્થિર હતી અને યશ ઉદાર હતો, એવા તે બલિરાજાને વામન ભગવાને કહ્યું : 'હે અસુર ! તે મને ત્રણ પગલાં પૃથ્વી આપી છે, તેમાંથી બે પગલે મેં બધી ત્રિલોકી માપી લીધી છે, તો હવે ત્રીજું પગલું તૈયાર કર. આ સૂર્ય જ્યાં સુધી તપે છે, ચંદ્ર નક્ષત્રોની સાથે જ્યાં સુધી પ્રકાશે છે અને મેઘ જ્યાં સુધી વરસે છે, ત્યાં સુધીની તારી (માલિકીની) પૃથ્વી ગણાય છે, પણ મેં તારા દેખતાં એક પગલે આખોય પૃથ્વીલોક, શરીરથી સર્વ દિશાઓ તથા આકાશ અને બીજે પગલે સ્વર્ગલોકને દબાવી દીધો છે. આ રીતે સર્વાત્મા મેં માત્ર બે પગલાંમાં જ તારું બધું લઈ લીધું છે, (હવે ત્રીજું પગલું આપવા તારી પાસે પૃથ્વી નથી, તેથી) પોતે પ્રતિજ્ઞા કરેલી ત્રણ પગલાં (પૂરી) પૃથ્વી તું આપતો નથી; માટે તારો નરકમાં વાસ થાય તે ઈષ્ટ છે. વળી તારા ગુરુએ પણ (નરકવાસ માટે) તને અનુમોદન આપ્યું છે, તેથી તું નરકમાં પ્રવેશ કર. જે મનુષ્ય પ્રતિજ્ઞા કરેલું ન આપી યાચના કરનારને ઠગે છે, તેના મનોરથ નિષ્ફળ થાય છે. સ્વર્ગ તે તેનાથી દૂર જ રહે છે અને તે નરકમાં જ પડે છે, તે પોતાને ધનવાન માની હું તમને ત્રણ પગલાં પૃથ્વી આપીશ.' એવી પ્રતિજ્ઞા કરી મને ઠગ્યો છે માટે તે અસત્યનું ફળ (નરક) કેટલાંક વર્ષો સુધી તું ભોગવ. ૧-૩૪

विप्रलब्धो ददामीति त्वयाहं चाढ्यमानिना । तद्व्यलीकफलं भुङ्क्ष्व निरयं कतिचित्समाः ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

## અધ્યાય-૨૨

## ભગવાને બલિરાજાને સુતલમાં રાખ્યો અને પોતે તેના દ્વારપાળ થયા

॥ श्रीशुक उवाच ॥

एवं विप्रकृतो राजन् बलिर्भगवताऽसुरः । भिद्यमानोप्यभिन्नात्मा प्रस्याहाऽविक्लवं वचः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ભગવાને અસુર બલિનું એમ અપમાન કર્યું ને સત્ત્વગુણથી તેને ભ્રષ્ટ કરવા માંડ્યો : છતાં ભ્રષ્ટ ન થઈ તે ઉદાર વચન કહેવા લાગ્યો.

**બલિરાજા બોલ્યો :** હે ઉત્તમ કીર્તિવાળા દેવશ્રેષ્ઠ ! મેં કહેલા વચનને આપ અસત્ય માનો છો, પણ તે વચનને સત્ય જ કરું છું, મારું વચન કદી ઠગારું થવું ન જોઈએ. આપ પોતાનું ત્રીજું પગલું મારા મસ્તક પર મૂકો. હું મારી અપકીર્તિથી જેવો ડરું છું તેવો મારા સ્થાનથી ભ્રષ્ટ થઈ નરકમાં પડવાથી, આપના

આ પાશબંધનથી, અપાર દુઃખ આવી પડવાથી, ધનના સંકટથી કે કેદ પકડાવાથી પણ ડરતો નથી. હું માનું છે કે સર્વ પૂજ્ય મહાપુરુષોએ કરેલી શિક્ષા તો મનુષ્યોને માટે અત્યંત પ્રશંસાપાત્ર થાય છે, કારણ કે એવી શિક્ષા તે માતા, પિતા ભાઈ કે મિત્રો પણ મોહવશ કરી શકતા નથી. ખરેખર, આપ અમે અસુરોના પક્ષમાં રહેનારા (શત્રુને બહાને) ગુરુ જ છો કે, જે અનેક મદો વડે આંધળા બનેલા અમને ઐશ્વર્યથી ભ્રષ્ટ કરવારૂપે જ્ઞાનદષ્ટિ જ આપો છો. આપ વિષે રૂઢ કરેલા વેરબંધનથી અનેક અસુરો એવી સિદ્ધિ પામ્યા છે કે જે અનન્ય ભાવવાળા યોગીઓને જ મળે છે. (અર્થાત્ આપની અમારા પ્રત્યેની શત્રુતા કેવળ અમારા પર ભકતોની પેઠે કૃપા કરવા જ હોય છે.) આવાં અનેક પરાક્રમો કરનારા આપે મને કેદ પકડ્યો અને વરુણના પાશોથી બાંધ્યો, તેથી હું શરમાતો નથી કે દુઃખી પણ થતો નથી. મારા દાદા પ્રહ્‌લાદજી આપના ભકતોમાં માનવામાં આવ્યા છે અને આખા જગતમાં તેમની કીર્તિ ફેલાઈ છે, છતાં આપના શત્રુ પોતાના પિતા (હિરણ્યકશિપુ) એ તેમને અનેક જાતનાં દુઃખો આપ્યાં હતા. તે પણ તેમણે દેહાદિની અસારતા સમજી સર્વ રીતે નિર્ભય આપના ચરણકમળનો જ આશ્રય કર્યો હતો. આવા આપના ભકત પ્રહ્‌લાદજીનો હું પૌત્ર છું તેથી જ આપે મારા પર કૃપા કરી છે. બાકી હું તે કૃપાપાત્ર નથી. 'આ શરીર કે જે છેવટે સાથ છોડી દે તેનું શું કામ છે, તેમ જ જે કામ લૂંટારાઓ પણ કરી આપે છે તે ધન લઈ લેનારાં પોતાના સ્વજનોથી પણ શું કામ છે અને સંસારમાં કારણભૂત સ્ત્રી, ઘર કે આયુષ્યનું પણ મનુષ્યને આ લોકમાં શું કામ છે ? આ બધાંથી તો કેવળ આયુષ્યનો વ્યર્થ નાશ જ થાય છે' આવો મનમાં નિશ્ચય કરી અગાધ જ્ઞાનવાળા મારા શ્રેષ્ઠ દાદા પ્રહ્‌લાદજીએ મનુષ્યોથી ડરીને પોતાના કુળનો નાશ કરનારા છતાં સર્વતરફથી નિર્ભય અને અવિનાશી આપનાં ચરણોનો આશ્રય કર્યો છે. તેથી જ દૈવે મને પણ જેને લીધે મનુષ્ય અભિમાની બુદ્ધિવાળો થઈ પોતાના જીવનને કાળના પંજામાં રહેનારું ને નાશવંત સમજી શક્તો નથી, તેવી રાજ્યલક્ષ્મીથી બળાત્કારે ભ્રષ્ટ કર્યો છે અને પોતાનો પણ શત્રુ એવા આપની પાસે આણી મૂકયો છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ ! બલિરાજા એમ કહેતા હતા, તેવામાં ભગવાનને પ્રિય, પ્રહ્‌લાદજી ઉદય પામેલા ચંદ્રની પેઠે ત્યાં આવ્યા. તે કાંતિથી પ્રકાશતા હતા. તેમનાં નેત્રો કમળ જેવાં વિશાળ હતાં, શરીરે તે ઉન્નત હતા. તેમણે પીળાં વસ્ત્રો પહેર્યા હતાં. તેમની કાંતિ શ્યામ હતી, બાહુ લાંબા હતા અને સર્વાંગે તે સુંદર હતા. આવા પોતાના દાદા પ્રહ્‌લાદજીનાં બલિરાજાએ દર્શન કર્યા, તે વેળા વરુણપાશોથી પોતે બંધાયેલો હતો તેથી બલિરાજાએ પૂર્વની પેઠે તેમની પૂજા કરી નહિ, પણ શરમથી મસ્તક નીચું કરી અશ્રુભર્યા નેત્રે માત્ર તેમને નમસ્કાર કર્યા. મોટા મનના પ્રહ્‌લાદજીએ સુનંદ, નંદ વગેરે સેવકોથી સેવાતા વામન ભગવાનને ત્યાં બેઠેલા જોઈ પૃથ્વી પર પડી મસ્તક નમાવી તેમને પ્રણામ કર્યા, (અને બલિરાજા ઉપર ભગવાને કૃપા કરી તે જોઈ) તેમને હર્ષનાં રોમાંચ થયાં અને નેત્રોમાંથી સરતાં હર્ષનાં આંસુઓથી તે વિહ્‌વળ થયા.

**પછી પ્રહ્‌લાદજી બોલ્યા :** હે ભગવન્ ! આપે જે આ બલિને ઓજસ્વી ઇંદ્રપદ આપ્યું હતું અને પાછું આપે જ તે આજે લઈ લીધું તે સારું કર્યું છે. હું માનું છું કે મનને મોહ ઉપજાવનારી લક્ષ્મીથી આપે આને ભ્રષ્ટ કર્યો, તે આના પર મોટી કૃપા જ કરી છે. જે લક્ષ્મી વડે વિદ્વાન સંયમી પણ મોહ પામે છે. તેથી લક્ષ્મી જ્યાં સુધી (પાસ) હોય છે, ત્યાં સુધી ક્યો પુરુષ આત્મતત્વને જુએ છે ? માટે (મારા આ

પૌત્રને લક્ષ્મીથી ભ્રષ્ટ કરી મોટી કૃપા કરનારા) જગતના ઈશ્વર અને સમગ્ર લોકના સાક્ષી આપ નારાયણને અમારા નમસ્કાર હો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પછી બે હાથ જોડી ઊભેલા તે પ્રહ્‌લાદજીના સાંભળતાં ભગવાન બ્રહ્મા વામન ભગવાનને કંઈ કહેવા તૈયાર થયા, તેટલામાં હે રાજા ! બલિરાજાની સતી વિંધ્યાવલી, પોતાના પતિને બંધાયેલા જોઈ ભયથી વિહ્‌વળ બની વામન ભગવાનને પ્રણામ કરી નીચું મુખ રાખી બોલી.

**વિંધ્યાવલી બોલી :** હે ઈશ ! આપે પોતાને ક્રીડા કરવા આ ત્રણ જગતની રચના કરી છે તેમાં જે બીજાઓ પોતાનું સ્વામીપણું માને છે, તેઓ ખરેખર દુષ્ટ બુદ્ધિવાળા છે. આપ આ રીતે ત્રણે જગતના કર્તા, પ્રભુ, પાલક અને સંહારક છો; તેને વળી બીજાઓ શું આપવાના છે ? (મારા પતિ વગેરેમાં) ‘અમે સ્વતંત્ર છીએ’ આમ માત્ર કહેવાનો અધિકાર પણ આપે જ આપ્યો છે, (છતાં તેઓ કહે છે કે અમે ભગવાનને ત્રણ પગલાં આપ્યાં !) ખરેખર તે નિર્લજ્જ છે.‘

**બ્રહ્મદેવ બોલ્યા :** હે પ્રાણીઓનું રક્ષણ કરનારા ! હે પ્રાણીઓના ઈશ્વર ! હે દેવોના દેવ ! હે જગન્મય ! આપે આ બલિરાજાનું બધું લઈ લીધું છે. તો હવે આને (વરુણપાશથી) છોડો. આવી શિક્ષાને આ યોગ્ય નથી. આ બલિએ આપને બધી પૃથ્વી આપી છે અને જે લોક કર્મથી મેળવેલા હતા તે પણ આપને અર્પણ કર્યા છે. એટલું જ નહિ, પણ આણે ઉદાર બુદ્ધિ વડે પોતાનું સર્વસ્વ તથા આત્મા આપને અર્પણ કરેલ છે. સરળ બુદ્ધિવાળો મનુષ્ય જેમના ચરણમાં કેવળ જળ અર્પી ધ્રોના અંકુરોથી પણ ઉત્તમ પૂજા કરી સર્વશ્રેષ્ઠ ગતિ પામે છે, તો ઉદાર મનથી ત્રણે લોકને આપને આપી દેનારો આ બલિરાજા પીડા કેમ પામે ?

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રહ્મા ! હું જેના પર કૃપા કરું છું, તેની પાસેથી ધન લઈ લઉં છું; કેમ કે ધનને લીધે મદવાળો પુરુષ અભિમાની બની લોકનું તથા મારું પણ અપમાન કરે છે. જીવાત્મા પોતાનાં કર્મોને લીધે અસ્વતંત્ર થઈ અનેક જાતની જાતિઓમાં જન્મ લેતો જ્યારે કોઈ વખતે મનુષ્યનું શરીર પામે છે, ત્યારે જન્મ, કર્મ, વય, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય તથા ધન વગેરેથી જો એને મદ ન થાય તો સમજવું કે તેમાં મારી કૃપા જ કારણ છે. ઉત્તમ જન્મ કર્મ વગેરે ચોતરફથી અભિમાન તથા અકડાઈનાં કારણો છે અને સર્વ કલ્યાણનાં વિરોધી જ છે, માટે મારા પરાયણ રહેનારો મારો ભક્ત તો તેઓમાં કદી મોહિત થતો નથી. (માટે મારા ભકતને તો તેની ઈચ્છા પ્રમાણે સંપત્તિઓ હું આપું છું, પણ અભકત તે સંપત્તિઓથી મોહિત થાય છે. માટે તેવા પાસેથી તેને સંપત્તિઓ હરી લઈ તે રૂપે તેના પર હું કૃપા કરું છું) આ બલિરાજા દાનવો તથા દૈત્યોનો નાયક છે અને કીર્તિ વધારનારો છે. તેણે મારી અજિત માયાને પણ જીતી છે; તેથી આવો દુઃખી થયા છતાં તે મુંઝાતો નથી. આ રાજાના ધનનો નાશ થયો, સ્થાનથી ભ્રષ્ટ થયો, શત્રુઓએ તેનું અપમાન કર્યું અને બાંધ્યો, જ્ઞાતિઓએ તેને તજ્યો, દુઃખ પામ્યો અને ગુરુએ તેનો તિરસ્કાર કર્યો તથા શાપ દીધો છતાં તેણે સત્ય છોડયું નથી. મેં છળથી તેને ધર્મ કહ્યો, તોપણ આ ઉત્તમ વ્રતવાળા સત્યવચની રાજાએ ધર્મ તજ્યો નથી. આ બલિરાજા દેવોને પણ દુર્લભ મારું સ્થાન પામ્યો છે. ઉપરાંત સાવર્ણિ મનુના સમયમાં તે ઈંદ્ર થશે અને તે વેળા હું તેનું પાલન કરીશ. માટે સાવર્ણિ મન્વંતરનો સમય આવે ત્યાં સુધી વિશ્વકર્માએ બનાવેલા સુતલલોકમાં આ ભલે રહે, જ્યાં રહેનારાઓને મારી કૃપાદૃષ્ટિથી મનની કે શરીરની પીડા, થાક, આળસ, હેરાનગતિ કે ઉપદ્રવો થતા નથી. હે મહારાજ બલિ ! તારું કલ્યાણ થાઓ. તું હવે

તારા જ્ઞાતિ પરિવાર સાથે દેવોને પણ ઈચ્છવા યોગ્ય એવા સુતલલોકમાં જા. ત્યાં લોકપાલો પણ તને હેરાન કરી શકશે નહિ. તો બીજાઓની તો વાત જ શી ? જે દૈત્યો તારી આજ્ઞા નહિ માને, તેઓને મારું આ ચક્ર નાશ કરશે. હે વીર ! હું તારા પરિવાર અને સંપત્તિ સાથે તારી સર્વ તરફથી રક્ષા કરીશ અને તે સ્થળે તું મને નિત્ય પોતાની સમીપ રહેલો જોઈશ. વળી દાનવો તથા દૈત્યોના સંગથી તારો જે કંઈ આસુરી ભાવ હશે તે પણ ત્યાં મારો પ્રભાવ જોઈ તત્કાળ નાશ પામશે. ૧-૩૬

तत्र दानवदैत्यानां सङ्गाते भाव आसुरः । दृष्ट्वा मदनुभावं वै सद्यः कुण्ठो विनङ्क्ष्यति ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩

## બલિરાજાનું પ્રહ્લાદજી સાથે સુતલલોકમાં જવું ને ઇંદ્રને સ્વર્ગની પ્રાપ્તિ

॥ श्रीशुक उवाच ॥

इत्युक्तवन्तं पुरुषं पुरातनं महानुभावोऽखिलसाधुसम्मतः ।
बद्धाञ्जलिर्बाष्पकलाकुलेक्षणो भक्त्युद्गलो गद्गदया गिराऽब्रवीत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પુરાણપુરુષ ભગવાને એમ કહ્યું એટલે સમગ્ર સત્ પુરુષોમાં માન્ય મહાપ્રતાપી બલિરાજા ભકિતથી આતુર થઈ બે હાથ જોડી હર્ષના આંસુથી ઊભરાઈ જતાં નેત્રે ગળગળી વાણી વડે ભગવાનને કહેવા લાગ્યો.

**બલિરાજા બોલ્યા :** અહો ! આપને પ્રણામ કરવાનો મહિમા કેવો છે ! જે પ્રણામ માટે માત્ર આરંભ જ કર્યો હોય, તેટલામાં શરણે આવેલા ભક્તજનોનાં કાર્ય સાધવા તે સદા તત્પર જ રહે છે; કેમ કે આપની જે કૃપા લોકપાલ દેવોએ પણ પૂર્વે કદી મેળવી નથી તે (આજે આપને પ્રણામ કરવાના પ્રભાવે) નીચ અસુરોને પણ આપી છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહી શ્રીહરિ, શંકર તથા બ્રહ્માને પ્રણામ કરી બંધનથી છૂટેલો બલિરાજા અસુરોની સાથે પ્રસન્ન થઈ સુતલલોકમાં દાખલ થયો. વામન ભગવાને એમ ઇંદ્રને સ્વર્ગ પાછું લાવી આપી અદિતિની કામના પૂરી હતી અને પોતે ઉપેન્દ્ર બની આખા જગત ઉપર રાજ્ય કર્યું હતું. પોતાનો પૌત્ર અને વંશધર બલિરાજા એ રીતે ભગવાનની કૃપા પામ્યો અને બંધનથી મુકત થયો તે જોઈ ભકિતમાં પરાયણ રહેનારા પ્રહ્લાદજીએ (તે વેળા) આ પ્રમાણે કહ્યું.

**પ્રહ્લાદ બોલ્યા :** હે ભગવન્ ! જેમના ચરણને જગદ્વંદ્ય મહાપુરુષો પણ નમે છે, તે આપ અમારા અસુરોના દ્વારપાળ થયા. આ કૃપા હજી સુધી બ્રહ્માએ, લક્ષ્મીજીએ કે શંકરે પણ મેળવી નથી, તો બીજાઓએ તો કયાંથી જ મેળવી હોય ! હે શરણ આપનાર દેવ ! જેમનાં ચરણકમળના રસને સેવવાથી બ્રહ્માદિ દેવો ઐશ્વર્યો પામે છે, તે આપની કૃપાદષ્ટિ અમારા પર ક્યા કારણથી થઈ ? કારણ કે અમે તો દુરાચારી છીએ અને અમારી જાતિ પણ ઉગ્ર છે. (છતાં અમે આપની કૃપાદષ્ટિના પાત્ર થયા, તેમાં આપના અનુગ્રહ વિના બીજું કંઈ કારણ અમે જોતા નથી) અહો ! આશ્ચર્ય છે કે આપનું ચેષ્ટિત અદ્‌ભુત છે. આપે અચિંત્ય યોગમાયાની લીલાથી ભુવનો સજર્યા છે. આપ સર્વજ્ઞ, સર્વના આત્મા અને સમદષ્ટિવાળા છે, છતાં (ભકતજનોના કલ્યાણ માટે) આપનો સ્વભાવ વિષમ છે; કેમ કે કલ્પવૃક્ષના જેવો સ્વભાવ છતાં આપને ભકતજનો પ્રિય છે.

**શ્રીભગવાન બોલ્યા :** હે પુત્ર પ્રહ્‌લાદ ! તારું કલ્યાણ થાઓ. તું અહીંથી સુતલ લોકમાં જા અને ત્યાં પોતાના પૌત્ર સાથે આનંદ કરતો જ્ઞાતિઓને સુખ આપ. ત્યાં નિત્ય ગદા ધારણ કરતો મને જોઈશ અને એ મારાં દર્શનથી થયેલા મોટા આનંદને લીધે તારાં કર્મબંધનો નાશ પામશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! નિર્મળ બુદ્ધિ વાળા પ્રહ્‌લાદજીએ ભગવાનની એ આજ્ઞાને 'બહુ સારું' એમ કહી મસ્તક પર ચડાવી અને પછી બે હાથ જોડી બલિરાજા સાથે આદિપુરુષ ભગવાનને પ્રદક્ષિણા કરી અસુર સેનાપતિ તે પ્રહ્‌લાદજી પ્રણામપૂર્વક ભગવાનની રજા લઈ સુતલ લોકમાં ગયા. પછી હે રાજા ! નારાયણ શ્રીહરિએ બ્રહ્મવાદી ઋત્વિજોની સભામાં પોતાની પાસે જ બેઠેલા શુક્રાચાર્યને કહ્યું : હે બ્રહ્મન્ ! તમારો શિષ્ય (બલિ રાજા) યજ્ઞકર્મ કરતો હતો, તેના એ કર્મમાં કંઈ ખામી આવી હોય તેને તમે પૂર્ણ કરો. (તમે એમ ન માનશો કે યજમાન વિના હવે તે કેમ પૂર્ણ થઈ શકે ? કારણ કે) યજ્ઞયાગાદિ કર્મોમાં જે કંઈ ભૂલચૂક થઈ જાય છે, તે બ્રાહ્મણોની કૃપાદૃષ્ટિથી સુધરી જાય છે.

**શુક્રાચાર્ય બોલ્યા :** આપ કર્મના ઈશ્વર, યજ્ઞેશ્વર અને યજ્ઞપુરુષ છો. તેથી તો બલિરાજાએ સર્વભાવથી આપની પૂજા કરી છે, તો પછી તેના કર્મમાં ખામી કેમ હોઈ શકે ? (આપના પૂજનભાવથી જ બલિરાજાનું યજ્ઞકર્મ સર્વાંશે પૂર્ણ થઈ ચૂક્યું છે.) માત્ર આપનું નામકીર્તન જ મંત્રથી, તંત્રથી, દેશથી, કાળથી, પાત્રથી અને દક્ષિણા વગેરે વસ્તુથી જે કંઈ અપૂર્ણ હોય, તે સર્વને પરિપૂર્ણ કરે છે. તોપણ હે વ્યાપક દેવ ! આપ કહો છો માટે આપની આજ્ઞા હું માન્ય કરીશ, કેમ કે આપની આજ્ઞા પાળવી તે પુરુષોનું પરમ કલ્યાણ છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શુક્રાચાર્યે શ્રીહરિની આજ્ઞાને એમ માન્ય કરી બલિરાજાના યજ્ઞમાં જે કંઈ અપૂર્ણતા હતી તેને બ્રહ્મર્ષિઓ સાથે પોતે પૂર્ણ કરી, હે રાજન્ ! એમ બલિરાજા પાસેથી પૃથ્વી માગી લઈ શ્રીહરિ વામનભગવાને શત્રુઓએ પડાવી લીધેલું સ્વર્ગ પોતાના ભાઈ ઈંદ્રને આપ્યું, હતું. પછી દક્ષ, ભૃગુ તથા અંગિરા વગેરે સનત્કુમારને, શંકરને તથા દેવર્ષિઓ, પિતૃઓ તેમ જ રાજાઓને સાથે રાખી પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ કશ્યપ તથા અદિતિને પ્રસન્ન કરવા તેમ જ પ્રાણીમાત્રના કલ્યાણ માટે વામન ભગવાનનો સર્વ લોકોના તથા લોકપાલોના સ્વામીપદે અભિષેક કર્યો. હે રાજા ! વેદોનું, સર્વ દેવોનું, ધર્મનું, યશનું, લક્ષ્મીનું, સર્વ મંગળોનું, વ્રતોનું, સ્વર્ગનું તથા મોક્ષનું પણ પાલન કરવા સમર્થ એવા વામન ભગવાનને બ્રહ્માએ સર્વના કલ્યાણ માટે જયારે ઉપેન્દ્રપદ આપી પતિ બનાવ્યા. ત્યારે સર્વ પ્રાણીઓ અત્યંત આનંદ પામ્યાં. પછી ઈંદ્ર બ્રહ્માના અનુમોદનથી વસ્ત્રાલંકાર વગેરેથી વામન ભગવાનનો સત્કાર કરી વિમાન દ્વારા તેમને લોકપાલો સાથે સ્વર્ગમાં લઈ ગયો. ઈંદ્રે એ પ્રમાણે ઉપેન્દ્ર (વામન) ભગવાનના બાહુથી રક્ષણ મેળવી ત્રણે લોક પ્રાપ્ત કર્યા તે ઉત્તમ લક્ષ્મીથી યુકત અને નિર્ભય થઈ પરમહર્ષિત થયો. પછી હે રાજા ! બ્રહ્મા, શંકર, સનત્કુમાર, ભૃગુ વગેરે મુનિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ, સિદ્ધો અને વિમાનચારી દેવો વિષ્ણુ ભગવાનના પરમ અદ્‌ભુત તે મહાકર્મને ગાતા પોતપોતાને સ્થાને ગયા અને તેઓએ અદિતિની પણ પ્રશંસા કરી. હે કુલનંદન રાજા ! સાંભળનારાઓનાં પાપો દૂર કરનારું ભગવાનનું આ સર્વ ચરિત્ર મેં તમને કહ્યું, પરંતુ અનેક જાતનાં જ પરાક્રમો કરનારા વિષ્ણુભગવાનના મહિમાનો જે મનુષ્ય પાર પામવા ચાહે છે તે જાણે પૃથ્વીના રજકણો ગણવા ઈચ્છે છે (અર્થાત્ પૃથ્વીના પરમાણુઓની ગણના જેમ અશક્ય છે, તેમ વિષ્ણુભગવાનના ગુણોની ગણના પણ અશક્ય છે.) મંત્રદ્રષ્ટા વસિષ્ઠ ઋષિ કહે છે : 'આ જગતમાં જન્મતો અથવા જન્મેલો મનુષ્ય શું

પરમેશ્વરના મહિમાનો પાર પામે છે ? નહિ જ. જે મનુષ્ય અદ્‌ભુત કર્મો કરનારા અને દેવોના પણ દેવ શ્રીહરિનું આ અવતાર ચરિત્ર સાંભળે છે, તે પરમ ગતિ પામે છે. વિદ્વાનો માને છે કે જ્યાં જ્યાં હરકોઈ દેવ, પિતૃ કે મનુષ્ય સંબંધી કર્મ થાય ત્યાં ત્યાં આ અવતારચરિત્ર વર્ણવવામાં આવે તે મનુષ્યનું તે કર્મ યથાયોગ્ય સંપન્ન થયેલું ગણાય છે. ૧-૩૧

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथ मानुषे । यत्र यत्रानुकीर्त्येत तत्तेषां सुकृतं विदुः ॥३१॥॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## મત્સ્યાવતાર-મહાસમુદ્રમાં સત્યવ્રતનું રક્ષણ

॥ रजोवाच ॥

भगवन् श्रोतुमिच्छामि हरेरद्भुतकर्मणः । अवतारकथामाद्यां मायामत्स्यविडम्बनम् ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે ભગવન્ ! અદભુત કર્મ કરનાર શ્રીહરિની, આદિ કાળની મસ્યાવતારની કથા સાંભળવા મને ઈચ્છા છે, જે કથામાં ભગવાને માયાથી માછલાનું રૂપ લીધેલું વર્ણવાય છે. માછલાનું રૂપ તે જગતમાં નિંદ્ય, તમોગુણી સ્વભાવનું અને દુ:સહ છે. છતાં ઈશ્વરે પોતે કર્મથી બંધાયેલા હોય, તેમ જેને માટે એ માછલાનું રૂપ લીધું હતું, તે સઘળું હે ભગવન્ ! બરાબર કહેવા આપ યોગ્ય છો; કેમ કે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું ચરિત્ર સર્વ લોકને સુખ આપનારું હોય છે.

**સૂતપુરાણી બોલ્યા :** પરીક્ષિતરાજાએ એમ પૂછ્યું એટલે ભગવાન શુકદેવજીએ મત્સ્યરૂપે કરેલું શ્રીવિષ્ણુ ભગવાનનું ચરિત્ર તેને કહેવા માંડયું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ગાય, બ્રાહ્મણો, દેવો, સત્પુરુષો, વેદો, ધર્મ તથા અર્થ—એ બધાની રક્ષા કરવા ઈચ્છતા પરમેશ્વર જાતજાતનાં શરીરો ધારણ કરે છે જેમ વાયુ ઉચ્ચ કે નીચ સર્વ પ્રાણીઓમાં ફરે છે, છતાં તેને ઉચ્ચ-નીચપણું પ્રાપ્ત થતું નથી તેમ પરમેશ્વર પણ બુદ્ધિના ગુણોને લીધે ઉચ્ચ-નીચ ગણાતાં સર્વ પ્રાણીઓમાં નિયંતારૂપે વિચરે છે; છતાં પોતે નિર્ગુણ હોવાથી ઉચ્ચ—નીચપણાને પામતા નથી. ગયા કલ્પના અંતે બ્રહ્માના નિંદ્રાકાળ નિમિત્તે પ્રલય નૈમિત્તિક થયો, ત્યારે હે રાજા ! પૃથ્વી વગેરે લોકો સમુદ્રમાં ડુબી ગયા હતા. તે વખતે સૂવા ઈચ્છતા બ્રહ્માને નિંદ્રા આવી એટલે હયગ્રીવ નામના બળવાન અસુરે બ્રહ્માના મુખમાંથી સમીપમાં નીકળેલા વેદો લઈ લીધા. દાનવરાજા હયગ્રીવનું તે કાર્ય ભગવાન શ્રીહરિએ જાણ્યું અને (એ વેદોને પાછા લાવવા) માછલાનું સ્વરૂપ લીધું (તેમ જ તે દૈત્યનો નાશ કરી વેદો પાછા લાવી તે સમુદ્રમાં વિહાર કરવા લાગ્યા,) તે વેળા સત્યવ્રત નામે કોઈ મહાન રાજર્ષિ નારાયણપરાયણ થઈ કેવળ જળનો આહાર કરી તપશ્ચર્યા કરતો હતો. એ સત્યવ્રત આ મહાકલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવ નામે પ્રખ્યાત છે અને શ્રીહરિએ તેને મનુ બનાવ્યો છે. એક સમયે તે સત્યવ્રતરાજા કૃતમાલા નદીમાં જળતર્પણ કરતો હતો, તેવામાં તેનાં ખોબાના પાણીમાં કોઈ માછલી આવી એટલે હે ભારત ! તે દ્રાવિડ દેશના રાજાએ ખોબામાં આવેલી તે માછલીને પાછી નદીના પાણીમાં નાખી દીધી. તે વખતે મહાદયાળુ તે રાજાને ઘણી દયા ઊપજે તેમ એ માછલી કહેવા લાગી : ‘હે દીનવત્સલ રાજા ! આપ જાણો છો. કે જળમાં રહેનારાં જંતુઓ પોતાની જાતિવાળાઓને પણ ખાઈ જાય છે. તેમનાથી ભયભીત બનેલી મને રાંકડીને નદીના આ જળમાં તમે કેમ નાખી દો છો ?’ રાજા સત્યવ્રત જાણતો ન હતો, કે પોતાના ઉપરની

પ્રીતિથી કૃપા કરવા માટે ભગવાને જ આ મત્સ્યરૂપ લીધું છે ! તેથી તેણે માછલીની રક્ષા કરવા મનમાં વિચાર કર્યો અને તે દયાળુ રાજા માછલીનાં તે ઘણાં દીન વાક્યો સાંભળી તેને કમંડળના જળમાં મુકી પોતાના આશ્રમમાં લાવ્યો. તે માછલી માત્ર એક જ રાત્રિમાં ને કમંડળમાં એટલી બધી, વધી ગઈ કે જેથી તેની અંદર રહેવા તેને જગ્યા પણ મળી નહિ એટલે તેણે રાજાને આ પ્રમાણે કહ્યું હું આ કમંડળમાં દુઃખથી રહેવા ઈચ્છતી નથી; માટે જયાં હું સુખથી રહું, એવું વિશાળ સ્થાન તમે તૈયાર કરો.' એટલે રાજા એ તે કમંડળમાંથી લઈને એ માછલીને એક મોટા વાસણના જળમાં નાખી, તે ત્યાં પણ બે ઘડી જેટલા સમયમાં તે ત્રણ હાથ વધી ગઈ અને બોલી : ‘હે રાજન્ ! આ પાત્ર પણ મને સુખે રહેવા પૂરતું નથી માટે તમે મને કોઈ વિશાળ સ્થાન આપો; કારણ કે હું તમારે શરણે આવી છું એટલે ત્યાંથી પણ લઈને રાજાએ તેને એક સરોવરમાં નાખી. હે રાજા ! સરોવરમાં પણ આખા સરોવરને ઢાંકી દઈ મોટા માછલાના રૂપમાં તે વધી ગઈ, પછી તેણે કહ્યું : ‘હે રાજન્ ! આ જળ પણ જળચર પ્રાણીને (મને) કલ્યાણકારક નથી, તમે મારી રક્ષા કરવા કદી ખૂટે નહી તેવા કોઈ ધરામાં મને મૂકો. તે માછલીએ એમ કહ્યું એટલે રાજાએ તેને બીજાં અખૂટ જળાશયોમાં મૂકવા માંડી, પણ રાજા જે જે જળાશયમાં તેને મૂકે તે તે જળાશય જેવડી તે થવા લાગી, એટલે છેવટે તેને સમુદ્રમાં નાખી. એ રીતે તે માછલીને રાજાએ સમુદ્રમાં નાખવા માંડી ત્યારે પણ તે આ પ્રમાણે બોલી, ‘હે વીર ! અહી તો બીજાં મોટાં બળવાન પ્રાણીઓ મને ખાઈ જશે, માટે તમે મને અહી નાખવાને યોગ્ય નથી’ એમ સુંદર વાણી બોલતા તે માછલાએ સત્યવ્રત રાજાને મોહિત કર્યો, એટલે તેણે કહ્યું : ‘આ રીતે માછલાના રૂપમાં અમને મોહ પમાડતા તમે કોણ છો ? આવી શકિતવાળુ કોઈ જળચર પ્રાણી અમે કદી જોયું કે સાંભળ્યું પણ નથી, જે એક જ દિવસમાં સો યોજનના સરોવરમાં જ વ્યાપી ગયું હોય ! માટે તમે સાક્ષાત્ ભગવાન શ્રીહરિનારાયણ જ છો, જે આપ નિર્વિકાર છતાં પ્રાણીઓ પર કૃપા કરવા જળચરરૂપ ધરો છો, હે પુરુષશ્રેષ્ઠ ! આપને મારા નમસ્કાર હો ! હે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના ઈશ્વર ! હે વિભો ! આપ શરણે આવેલા અમારા ભકતોના સત્ય આત્મા અને આશ્રય છો. જોકે આપના સર્વ અવતારો પ્રાણીઓના કલ્યાણ માટે હોય છે, તોપણ આપે જે કારણ માટે આ સ્વરૂપ લીધું છે તે હું જાણવા ઈચ્છું છું. હે કમલ સમાન નેત્રવાળા દેવ! આપ સર્વ પ્રાણીઓના પરમ મિત્ર અને પ્રિય આત્મા છો. આપના ચરણનું શરણ બીજા ભેદદષ્ટિવાળાઓના શરણની પેઠે કદી નિષ્ફળ થતું નથી; કારણ કે આપે અમને ભક્તોને આવા અદ્‌ભુત સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.’

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહેતા પ્રિય ભક્ત રાજા સત્યવ્રતને યુગના અંતકાળે મત્સ્યશરીર ધરનારા, પ્રલયકાળના જળમાં વિહાર કરવાની ઈચ્છાવાળા અને ભક્તજનો જેમને પ્રિય છે, એવા જગત્પતિ ભગવાને તેનું પ્રિય કરવાની ઈચ્છાથી કહ્યું

**શ્રીભગવાન બોલ્યા :** હે શત્રુદમન રાજા ! આજથી સાતમે દિવસે આ ભૂર્, ભુવઃ વગેરે ત્રૈલોક્ય પ્રલય કાળના સમુદ્રમાં ડૂબી જશે અને ત્રણે લોક એ રીતે પ્રલયકાળના જળમાં ગરક થશે, ત્યારે મેં મોકલેલી કોઈ મોટી નૌકા તારી પાસે આવશે. એ સમયે તું ઉચ્ચ-નીચ સમસ્ત પ્રાણીઓનાં સૂક્ષ્મ શરીરોને તથા ધાન્ય અને વનસ્પતિનાં બીજોને તેમ જ સપ્તર્ષિઓને લઈને મોટી નૌકામાં પ્રકાશરહિત તે એકાકાર સમુદ્રમાં પેલા ઋષિઓના તેજથી ગભરાયા વિના ફરજે. પછી મહાબળવાન વાયુને લીધે તે નૌકા ખૂબ ડોલવા માંડશે, ત્યારે હું તારી પાસે આવીશ એટલે વાસુકિ નાગ વડે તે નૌકાને મારે શીગડે બાંધી દેજે.

હે રાજા ! હું તને તથા ઋષિઓ સહિત તે નૌકાને જ્યાં સુધી બ્રહ્માની રાત્રિ રહેશે, ત્યાં સુધી સમુદ્રમાં ખેંચતો ફર્યા કરીશ. એ વખતે તું પ્રશ્ન કરીશ એટલે હું તને ઉપદેશ દઈશ અને મારા અનુગ્રહથી મારો વાસ્તવિક મહિમા, જેને 'પરબ્રહ્મ' કહેવામાં આવે છે એ તારા હૃદયમાં પ્રકટ થઈ જશે અને તને એનું બરાબર જ્ઞાન થઈ જશે. સત્યવ્રતરાજાને એમ કહી શ્રીહરિ અદૃશ્ય થયા. પછી એ રાજર્ષિ ભગવાને જે સમય કહ્યો હતો તે સમયની રાહ જોવા લાગ્યો, તે પૂર્વ દિશા તરફ અગ્રભાગવાળા દર્ભો (પૃથ્વી પર) પાથરી તેના પર ઉત્તર મુખે મત્સ્યરૂપધારી શ્રીહરિના ચરણનું ચિંતન કરતો બેઠો. તેવામાં (ભગવાને કહેલા દિવસે) સર્વ તરફથી પૃથ્વીને બાળી દેતા સમુદ્ર મર્યાદા મૂકી, વરસતા મહામેઘોથી વધતો દેખાયો. સત્યવ્રતરાજા તો ભગવાનની આજ્ઞાનું જ ધ્યાન કરતો હતો, તેટલામાં ત્યાં આવેલી નૌકા તેણે જોઈ, જેથી ઔષધિઓ તથા લતાઓને લઈને સપ્તર્ષિઓની સાથે એ નૌકામાં બેઠો, હે રાજન્ ! એ વખતે પેલા મુનિઓએ પ્રસન્ન થઈ સત્યવ્રતને કહ્યું : 'હે રાજા ! કેશવ ભગવાનનું તમે ધ્યાન કરો. તે ભગવાન સંકટથી આપણું રક્ષણ અને કલ્યાણ કરશે. પછી રાજાએ ભગવાનનું ધ્યાન કર્યું, એટલામાં એક શીંગડાંવાળું માછલું મહાસમુદ્રમાં પ્રકટ થયું. એ માછલું સોનાનું હોઈ એક લાખ યોજન મોટું હતું. પછી શ્રીહરિએ પહેલાં કહ્યું હતું, તેમ એ માછલાના શીંગડામાં વાસુકિ નાગરૂપી દોરડીથી નૌકાને બાંધી પ્રસન્ન થયેલ સત્યવ્રત રાજા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

**સત્યવ્રતરાજા સ્તુતિ કરે છે :** અનાદિકાળની અવિદ્યાને લીધે જેનું આત્મજ્ઞાન નાશ પામ્યું છે અને તેથી જ અવિદ્યા જેનું મૂળ છે, એવા સંસારના કલેશોથી જે પીડિત થયાં હોય છે, એવાં પ્રાણીઓ આ સંસારમાં જેમની કૃપાથી અને જેમનો આશ્રય કરી જેમને પામે છે, તે જ આપ મુક્તિને આપનાર અમારા પરમ ગુરુ છો. પોતાનાં કર્મોથી બંધાયેલો છતાં અજ્ઞાની મનુષ્ય ફરી સુખની ઈચ્છાથી ઘણાં કષ્ટો સહીને પણ કર્મ કરવાની જ ઈચ્છા કરે છે. તે સુખની ઇચ્છારૂપ દુષ્ટ બુદ્ધિ જેમની સેવાથી મનુષ્ય દૂર કરી શકે છે, તે જ ભગવાન અમારી હૃદયરૂપ ગાંઠને કાપી નાખો, કેમ કે તે જ ભગવાન અમારા પરમ ગુરુ છે. જેમ અગ્નિથી રૂપું શુદ્ધ થાય છે અને જેમની સેવાથી પુરુષ પોતાનો અવિદ્યારૂપ મેલ તજે છે અને સ્વ—સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તે આ અવિનાશી પરમેશ્વર અમારા ગુરુ થાઓ; કેમ કે તે જ ભગવાન ગુરુના પણ ગુરુ છે. (હરકોઈની ઉપાસના કરનાર) મનુષ્યને બીજા દેવો, ગુરુઓ કે સંસારના લોકો એકીસાથે મળીને પણ જેમની કૃપાના દશ હજારમા ભાગના એક લેશમાત્રને પણ કરવા સમર્થ નથી, તે આપ ઈશ્વરને હું શરણે આવ્યો છું. જેમ આંધળાએ બીજા આંધળાને જ આગળ દોરવા તૈયાર કર્યો હોય. તેમ (આ જગતમાં) અજ્ઞાની મનુષ્ય બીજા અજ્ઞાની મનુષ્યને ગુરુ તરીકે કર્યો હોય છે. (પણ ખરી રીતે તે બંને ગુરુ-શિષ્ય અજ્ઞાની હોઈ વચ્ચે જ રખડી પડે છે.) માટે સ્વસ્વરૂપને જાણવા ઈચ્છતા અમોએ તો આપને ગુરુ તરીકે સ્વીકાર્યા છે; કેમ કે આપ સૂર્યની પેઠે સ્વયં પ્રકાશિત જ્ઞાનવાન છો અને તેથી જ સર્વ ઈન્દ્રિયોના પણ પ્રકાશક છો. એક મનુષ્ય (ગુરુ થઈ) બીજા મનુષ્યને કેવળ દુર્બુદ્ધિ જ આપે છે, કે જેને લીધે (બંને) દુર્લધ્ય અંધકાર(સંસાર)ને પામે છે, પણ આપ તો (ભકતપુરુષને) અવિનાશી અને અમોઘ એવું જ્ઞાન આપો છો, જેથી સરળતાથી મનુષ્ય સ્વસ્વરૂપને પામે છે. (આત્મસાક્ષાત્કાર કરે છે.) આપ સર્વ લોકના મિત્ર, પ્રિય, ઈશ્વર, ગુરુ, જ્ઞાનસ્વરૂપ, ઈચ્છિત સિદ્ધિરૂપ અને સર્વના હૃદયમાં જ બિરાજમાન છો; છતાં આંધળી બુદ્ધિ વાળા લોકો આપને જાણતા નથી; કેમ કે તેઓ વિષયવાસનાઓને

જ હૃદયમાં બાંધ્યા કરે છે. પણ હું તો દેવોમાં શ્રેષ્ઠ, આશ્રયરૂપે સ્વીકારવા યોગ્ય અને ઈશ્વર એવા આપની પાસે જ જ્ઞાન મેળવવા આવ્યો છું. માટે હે ભગવાન ! સત્ય વસ્તુનો પ્રકાશ કરનારાં વચનોથી આપ મારી અહંકાર વગેરે ગાંઠો કાપી નાખો અને સ્વ—સ્વરૂપને પ્રકાશિત કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સ્તુતિ કરતા રાજા સત્યવ્રતને ભગવાને આદિપુરુષે એ મત્સ્યસ્વરૂપે જ સમુદ્રમાં વિહાર કરતાં તત્વવસ્તુ કહી હતી. તેમ જ સાંખ્ય, યોગ તથા કર્મકાંડનો જેમાં સમાવેશ હતો, એવી દિવ્ય પુરાણસંહિતા (મત્સ્યપુરાણ) તથા સંપૂર્ણ આત્મરહસ્ય રાજર્ષિ સત્યવ્રતને કહ્યું હતું. સત્યવ્રત રાજાએ પણ નૌકામાં બેઠાં બેઠાં ભગવાને કહેલું સનાતન બ્રહ્મરૂપ આત્મતત્ત્વ સર્વ ઋષિઓની સાથે નિઃસંશય સાંભળ્યું હતું. તે મત્સ્યમૂર્તિ શ્રીહરિએ ગયા પ્રલયના અંતે હયગ્રીવ અસુરનો નાશ કરી, જાગેલા બ્રહ્માને વેદો પાછા લાવી આપ્યા હતા ને તે સત્યવ્રતરાજા વિષ્ણુ ભગવાનની કૃપાથી જ્ઞાન અને વિજ્ઞાનથી યુકત થઈ આ કલ્પમાં વૈવસ્વત નામે મનુ થયો છે. આ મહાન આખ્યાન રાજર્ષિ સત્યવાનના તથા માયાથી મત્સ્ય બનેલા વિષ્ણુ ભગવાનના સંવાદરૂપ છે. તે સાંભળીને મનુષ્ય પાપથી છૂટે છે. જે મનુષ્ય શ્રીહરિના આ મત્સ્યાવતારનું નિત્ય કીર્તન કરે છે, તેના સંકલ્પો સિદ્ધ થાય છે અને છેવટે) તે પરમ ગતિ પામે છે. પ્રલયકાળના જળમાં (નિંદ્રાને લીધે) બ્રહ્માની શકિતઓ નાશ પામી, ત્યારે તેમના મુખમાંથી જેણે વેદો લઈ લીધા હતા, તે હયગ્રીવ દૈત્યનો નાશ કરી જે ભગવાને બ્રહ્માને વેદો પાછા આપ્યા હતા અને સત્યવ્રતરાજાને તથા સપ્તર્ષિઓને જેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો, તે સમગ્ર જગતના કારણ અને માયાથી મત્સ્ય બનેલા ભગવાનને હું પ્રણામ કરું છું. ૧-૬૧

प्रलयपयसि घातुः सुप्तशक्तेर्मुखेभ्यः । श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।
दितिजमकथपद्यो ब्रह्म सत्यव्रतानां । तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥६१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

**અષ્ટમ સ્કંધ સમાપ્ત**

# શ્રીમદ્ ભાગવત

# નવમ સ્કંધ

## અધ્યાય-૧

## વૈવસ્વત મનુના વંશમાં ચંદ્રવંશ-સુદ્યુમ્નની કથા

॥ राजोवाच ॥

मन्वन्तराणि सर्वाणि त्वयोक्तानि श्रुतानि मे । वीर्याण्यनन्तवीर्यस्व हरेस्तत्र कृतानि च ॥१॥

**પરીક્ષિત રાજાએ કહ્યું :** હે ભગવન્ ! આપ સર્વ મન્વંતરો અને તે અનંત પરાક્રમવાળા શ્રીહરિએ કરેલાં પરાક્રમો કહ્યાં, તે મેં સાંભળ્યાં. દ્રવિડ દેશનો એ સત્યવ્રત રાજર્ષિ કે જેણે ગયા કલ્પના અંતે ભગવાનની સેવાથી જ્ઞાન મેળવ્યું હતું, તે જ (આ કલ્પમા) સૂર્યનો પુત્ર થઈ (વૈવસ્વત નામ) મનુ થયો, એ પણ આપની પાસેથી મેં સાંભળ્યું. હવે હે મહાભાગ્યશાળી બ્રાહ્મણ ! તે મનુના ઈક્ષ્વાકુ વગેરે પુત્રો રાજાઓ થયા. તેઓના વંશ તથા તેમના વંશજોનાં ચરિત્રો આપ અમને કહો, કેમ કે અમે તે નિત્ય સાંભળવા ઈચ્છીએ છીએ. જેઓ થઈ ગયા, વર્તમાનકાળમાં હયાત છે અને હવે પછી થનારા છે તે સર્વ પવિત્ર કીર્તિવાળા રાજાઓનાં પરાક્રમો તમે અમને કહો.

**સૂત પૌરાણિક બોલ્યા :** પરીક્ષિત રાજાએ બ્રહ્મવાદીઓની સભામાં એમ પ્રશ્ન કર્યો એટલે ઉત્તમ ધર્મ જાણનારા ભગવાન શુકદેવજી બોલ્યા.

**શુકદેવજી બોલ્યા :** હે શત્રુતાપન રાજા ! મનુનો વંશ હું ટૂંકમાં કહું છું તે તમે સાંભળે; કેમ કે સેંકડો વર્ષે પણ મનુના વંશને વિસ્તારથી વર્ણવી શકાય તેમ નથી. કલ્પના અંતે જગત નાનાં-મોટાં સર્વ પ્રાણીઓના આત્મા પરમપુરુષ પરમાત્મારૂપ જ હતું, તે વિના બીજું કંઈ ન હતું. હે મહારાજ ! એ ભગવાનની નાભિમાંથી સોનાના કમળનો દોડો થયો, તેમાં ચાર મુખવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા. એ બ્રહ્મદેવના મરીચિ અને મરીચિથી કશ્યપ થયા. એ કશ્યપની પત્ની અદિતિ દક્ષની પુત્રી હતી, તેમાં વિવસ્વાન (સૂર્ય) નામે પુત્ર થયો. હે ભરતવંશી રાજા ! તેનાથી સંજ્ઞા નામની સ્ત્રીમાં શ્રાદ્ધદેવ મનુ થયો. સમર્થ આત્મવેત્તા તે મનુએ શ્રદ્ધા નામની સ્ત્રીમાં ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ તથા કવિ નામના દસ પુત્રો ઉત્પન્ન કર્યા. પ્રથમ શ્રાદ્ધદેવ મનુને કંઈ સંતાન ન હતું, તેથી મહાસમર્થ ભગવાન વશિષ્ઠે તેને પ્રજા થાય તે માટે મિત્રાવરુણદેવનો યજ્ઞ કર્યો હતો. તે વેળા કેવળ દૂધનો જ આહાર કરતી મનુની પત્ની શ્રદ્ધાએ હોમ કરનાર બ્રાહ્મણો પાસે આવી પ્રણામપૂર્વક પુત્રી માટે માગણી

કરી હતી. તે પછી અધ્વર્યુ બ્રાહ્મણે હોમ કરવાની પ્રેરણા કરી, ત્યારે હોમ કરનાર પદાર્થ લઈ શ્રદ્ધારાણીની તે માગણી ધ્યાનમાં રાખી 'વષટ્' એમ કહેતાં હોમકર્મમાં વિપરીત આચાર કર્યો હતો, ('વૌષટ્' એમ ઉચ્ચારી ફેરફાર કર્યો હતો.) એ રીતે હોમકર્મમાં હોમ કરનારના ફેરફારોથી મનુને ત્યાં ઈલા નામની કન્યા ઉત્પન્ન થઈ. તેને જોઈ મનુને મનમાં પ્રસન્નતા ન થઈ. તેમણે ગુરુને કહ્યું : હે ભગવન્ ! આ શું થયું ? આશ્ચર્ય છે કે આપ જેવા બ્રહ્મવાદીઓના કર્મમાં પણ આટલો બધો ફેરફાર ! અફસોસ ! વૈદિક કર્મનું આવું વિપરીત ફળ તો કદી ન થવું જોઈએ. તમે મંત્ર જાણનારા યોગી છો. વળી તપશ્ચર્યાથી તમે પાપોને બાળી નાખ્યાં છે, તો જેમ દેવોમાં અસત્ય સંભવતું નથી, તેમ તમારામાં પણ આવી સંકલ્પની વિષમતા કેમ સંભવે ?' મનુ રાજાનાં તે વચન સાંભળી ભગવાન વસિષ્ઠ હોમ કરનાર બ્રાહ્મણે કરેલો ફેરફાર જાણીને સુર્યપુત્ર મનુને કહેવા લાગ્યા : હોમ કરનાર તમારા બ્રાહ્મણે કરેલા ફેરફારથી સંકલ્પમાં આવી વિષમતા થઈ છે; છતાં હું પોતાના તેજથી તમને ઉત્તમ પ્રજાવાળા કરીશ.' આવો નિશ્ચય કરી હે રાજા! મહાયશસ્વી ભગવાન વસિષ્ઠે ઈલાને પુરુષ બનાવવાની ઈચ્છાથી આદિપુરુષ ભગવાનની સ્તુતિ કરી કે તરત જ પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ તેમને ઈચ્છિત વરદાન આપ્યું, જેથી પેલી 'ઈલા-સુદ્યુમ્ન' નામે ઉત્તમ પુરુષ થઈ ગયો. હે મહારાજ ! એક દિવસે તે સુદ્યુમ્ન કેટલાક પ્રધાનો સાથે સિંધુદેશના ઘોડા પર સવાર થઈ વનમાં શિકારે ગયો. ત્યાં સુંદર ધનુષ્ય અને પરમ અદ્ભુત બાણો લઈ તે કવચધારી ઉત્તરદિશામાં ગયો અને જયાં ભગવાન શંકર પાર્વતી સાથે ક્રીડા કરે છે. ત્યાં મેરુની નીચે આવેલા એક વનમાં તે દાખલ થયો. શત્રુવીરોનો નાશ કરનાર એ સુદ્યુમ્ન તે વનમાં જેવો દાખલ થયો કે તરત જ તેણે પોતાને સ્ત્રી થયેલ અને ઘોડાને ઘોડી બનેલો જોયો. વળી તેની પાછળ ગયેલા સર્વ સેવકો પણ પોતાની જાતિમાં (સ્ત્રીરૂપે) ફેરફાર થયેલો જોઈ મનમાં અત્યંત ખેદ પામ્યા અને એક બીજાના મુખ સામે જોઈ રહ્યા.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે ભગવન્ ! પ્રદેશ એવા ગુણવાળો કેમ હતો ? કોણે એ પ્રદેશને એવો કર્યો હતો ? આ પ્રશ્નનો ઉત્તર આપ કહો; કેમ કે એ સંબંધી અમને ઘણું આશ્ચર્ય થાય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે ઉત્તમ વ્રત ધરનારા ઋષિઓ (પોતાની કાંતિથી) દિશાઓને અંધકારરહિત અને બીજા પદાર્થોને પ્રકાશરહિત કરતા મહાદેવજીનાં દર્શન કરવા તે વનમાં ગયા. તે વેળા અંબિકાદેવી વસ્ત્રો (પહેર્યા) વિના (શંકરના ખોળામાં બેઠાં) હતાં, જેથી પેલા ઋષિઓને જોઈ અત્યંત શરમાયાં અને પતિના ખોળામાંથી એકદમ ઊઠી વસ્ત્ર પહેરી લીધું. પેલા ઋષિઓ પણ તે શંકર–પાર્વતીનો તે ક્રીડાસંગ જોઈ ત્યાંથી પાછા ફર્યા અને નારાયણના આશ્રમમાં ગયા. પછી ભગવાન શંકરે પત્નીને મનગમતું કરવાની ઈચ્છાથી આ પ્રમાણે કહ્યું : 'જે પુરુષ આ વનમાં પ્રવેશ કરશે તે સ્ત્રી થશે.' ત્યારથી માંડી પુરુષો તે વન તજે છે. હવે પેલો સુદ્યુમ્ન કે જે સ્ત્રી થઈ ગયો હતો, તે સેવક સ્ત્રીઓ સાથે વને વને ફરવા લાગ્યો. એટલે તે ઉત્તમ સ્ત્રીને પોતાના આશ્રમની પાસે સ્ત્રીઓથી વીંટાયેલી જોઈ ભગવાન બુધે તેને ઈચ્છી; તેમ જ સુંદર ભ્રૂકુટિવાળી તે સ્ત્રીએ પણ ચંદ્રરાજાના પુત્ર તે બુધને પતિ તરીકે ઈચ્છ્યો. જેથી બુધે એ સ્ત્રીમાં પુરૂરવા નામે પુત્ર ઉત્પન્ન કર્યો. એમ મનુનો પુત્ર સુદ્યુમ્નરાજા સ્ત્રીપણાને પામ્યો હતો, પણ (સ્ત્રીપણામાંથી છૂટવા પાછળથી) પોતાના કુલાચાર્ય વસિષ્ઠ ઋષિને યાદ કર્યા હતા એમ અમે સાંભળ્યું છે. વસિષ્ઠ ઋષિ તેની એ દશા જોઈ દયાથી અત્યંત દુઃખી થયા. તેમણે એને પુરુષપણું પ્રાપ્ત થાય એવી ઈચ્છાથી શંકર ભગવાનની સ્તુતિ કરી. એટલે હે રાજા ! ભગવાન શંકરે વસિષ્ઠ ઉપર પ્રસન્ન થઈ તેમનું પ્રિય કરવા અને પોતાની વાણીને પણ સત્ય કરવા આ પ્રમાણે કહ્યું: 'તમે પુત્ર તરીકે

સ્વીકારેલો આ સુદ્યમ્ન એક મહિનો પુરુષ અને એક મહિનો સ્ત્રી રહેશે. આવી વ્યવસ્થાથી ભલે તે પૃથ્વીનું પાલન કરે.' એમ કુલાચાર્યની કૃપાથી એવી વ્યવસ્થા વડે પુરુષપણુ પામી તે પૃથ્વીને પાળવા લાગ્યો, પણ પ્રજાએ તેને (પોતાના રાજા તરીકે) પસંદ કર્યો ન હતો. હે રાજન્ ! સુદ્યુમ્નને ઉત્કલ, ગય તથા વિમલ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓ દક્ષિણ દેશના રાજાઓ હતા અને ધર્મ પર પ્રેમવાળા હતા. પછી કેટલોક કાળ ગયો (અને વૃદ્ધાવસ્થા આવી) એટલે પ્રતિષ્ઠાનપુરનો સમર્થ રાજા સુદ્યુમ્ન ન પુરૂરવાને પૃથ્વી સોંપી પોતે (તપ કરવા) વનમાં ગયા. ૧-૪૨

ततः परिणते काले प्रतिष्ठानपतिः प्रभु । पुरुरवस उत्सृज्य गां पुत्राय गतो वनम् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## વૈવસ્વત મનુના કરૂષ વગેરે પાંચ પુત્રોનો વંશ

॥ श्रीशुक उवाच ॥

एवं गतेऽथ सुद्युम्ने मनुर्वैवस्वतः सुते । पुत्रकामस्तपस्तेपे यमुनायां शतं समाः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ પુત્ર સુદ્યુમ્ન વનમા ગયો, પછી વૈવસ્વત મનુએ પુત્રની ઈચ્છાથી સો વર્ષ સુધી યમુનાકિનારે તપ કર્યું હતું. ત્યાં મનુએ પોતાને ત્યાં પુત્રો થાય, માટે પ્રભુ શ્રીહરિનું પૂજન કર્યું, જેથી તેણે પોતાના જેવા ઈક્ષ્વાકુ વગેરે દસ પુત્રો મેળવ્યા. તેમાં પૃષધ્ર નામનો મનુનો પુત્ર હતો, તેને ગુરુ વસિષ્ઠે ગાયોનું રક્ષણ કરનાર બનાવ્યો હતો. તેથી રાતે સાવધાન રહી વીરાસનરૂપી વ્રત ધારણ કરી (વાઘ વગેરેથી) ગાયોનું તે રક્ષણ કરતો હતો. એક દિવસ રાત્રે વરસાદ વરસતો હતો ત્યારે કોઈ વાઘ ગાયોના વાડામાં પેઠો એટલે ત્યાં નિદ્રાવશ હતી તે ગાયે ઊઠીને ભયભીત થઈ વાડામાં આમતેમ ભમવા લાગી. એટલામાં પેલા બળવાન વાઘે એક ગાયને જેવી પકડી કે તરત જ તે ભયથી આતુર થઈ બરાડા પાડવા લાગી, એટલે તેનું તે બરાડવું સાંભળી પૃષધ્ર તે તરફ ધસ્યો. વેગથી તલવાર લઈ જેમાં નક્ષત્રો પણ દેખાતાં ન હતાં, એવી તે રાત્રિમાં તેણે અજાણતાં વાઘની શંકાથી કપિલા ગાયનું મસ્તક ઉડાવી દીધું; તે સાથે તલવારની સહેજ ધાર લાગવાથી પેલા વાઘનો પણ એક કાન કપાઈ ગયો. એટલે અત્યંત ભયભીત થઈ તે વાઘ પણ રસ્તામાં લોહી દદડતો ત્યાંથી નાસી ગયો. શત્રુવીરોનો નાશ કરનાર પૃષધ્રે માન્યું કે વાઘ મરાયો છે; પરંતુ પ્રાતઃકાળ થતાં તેણે જોયુ તો પોતે કપિલા ગાય મારી હતી ત્યારે તે દુઃખી થયો. જોકે તેણે અનિચ્છાએ જ અપરાધ કર્યો હતો તો પણ કુલાચાર્ય વસિષ્ઠે તેને શાપ આપ્યો : 'આ કર્મથી તું નીચ ક્ષત્રિય પણ રહીશ નહિ, પરંતુ શુદ્ર થઈ જઈશ.' ગુરુએ એમ શાપ આપ્યો એટલે વીર પૃષધ્રે બે હાથ જોડી તે સ્વીકાર્યો અને (તે દિવસથી આરંભી) વીર્યની ઊર્ધ્વગતિ કરી તેણે મુનિઓને પ્રિય બ્રહ્મચર્યવ્રત લીધું; તેમ જ સર્વથી પર પવિત્ર અને સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે ભક્તિથી ચિત્ત એકાગ્ર કર્યું. સર્વ પ્રાણીઓની સાથે મિત્રતા રાખી, બધે સમદષ્ટિ કરી સર્વસંગ તજયો, ચિત્તને શાંત કર્યું, ઈન્દ્રિયોને વશ કરી, પરિગ્રહ છોડ્યો અને દેવેચ્છાએ મળેલાથી પોતાની આજીવિકા કરવા માંડી. તે આત્મામાં ચિત્ત સ્થાપી જ્ઞાનતૃપ્ત રહી સમાધિનિષ્ઠ થયો અને જડ, આંધળા તથા બહેરાની જેમ આ પૃથ્વી પર ફરવા લાગ્યો. એમ વર્તતો તે મુનિ વનમાં જઈ ત્યાં સળગી ઊઠેલા દાવાનળને જોઈ તેમાં દેહ બાળી નાખી પરબ્રહ્મને પામ્યો. કવિ નામનો મનુનો સૌથી નાનો પુત્ર હતો, તેણે પણ કિશોર અવસ્થામાં જ

વિષયો પર નિઃસ્પૃહ થઈ બંધુઓ સહિત રાજ્ય તજી વનમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં સ્વયંપ્રકાશ પરમાત્માને ચિત્તમાં સ્થાપી પરમ પદ પામ્યો હતો. મનુના કરૂષ નામના પુત્રથી કારુષ નામના ક્ષત્રિયો થયા હતા. તેઓ ઉત્તર દેશનું પાલન કરનારા, બ્રાહ્મણોના ભક્ત અને ધર્મ ઉપર પ્રેમ રાખતા હતા. મનુના ધૃષ્ટ નામના પુત્રથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિયો થયા હતા, પરંતુ તેઓ પૃથ્વી પર બ્રાહ્મણ થયા હતા. મનુના નૃગ નામના પુત્રનો સુમતિ નામે પુત્ર હતો. સુમતિનો ભૂતજ્યોતિ, ભૂતજ્યોતિનો વસુ, વસુનો પ્રતીક, પ્રતીકનો ઓઘવાન અને ઓઘવાનનો ઓઘવાન નામે જ પુત્ર હતો. વળી તેને ઓઘવતી નામે એક કન્યા હતી. તેને સુદર્શન પરણ્યો હતો. મનુના નરિષ્યંત નામના પુત્રથી ચિત્રસેન નામે પુત્ર થયો હતો. ચિત્રસેનનો દક્ષ, દક્ષનો મીઢવાન, મીઢવાનનો કૂર્ચ, કૂર્ચનો ઈન્દ્રસેન, ઈન્દ્રસેનનો વીતિહોત્ર, વીતિહોત્રનો સત્યશ્રવા, સત્યશ્રવાનો ઉરુશ્રવા, ઉરુશ્રવાનો દેવદત્ત અને દેવદત્તનો અગ્નિવેશ્ય નામે ભગવાન અગ્નિ પોતે જ પુત્ર થયો હતો. એ અગ્નિવેશ્ય કન્યાથી જન્મેલો હાઈ કાનીન કહેવાઈને મહર્ષિ જાતૂકર્ણ્ય નામે પ્રસિદ્ધ થયો. હે રાજા ! એ અગ્નિવેશથી જ 'અગ્નિવેશ્યાયન' નામે બ્રાહ્મણકુળ થયું છે. આ રીતે મેં તમને નરિષ્યંતનો વંશ કહ્યો. હવે મનુના પુત્ર દિષ્ટનો વંશ સાંભળો. દિષ્ટનો નાભાગ નામે પુત્ર હતો. આ નાભાગ હવે પછી બીજો નાભાગ કહેવાશે તેનાથી જુદો સમજવો. તે પોતાનાં કર્મને લીધે વૈશ્ય થયો હતો. તેને ભલંદન નામે પુત્ર હતો. ભલંદનથી વત્સપ્રીતિ, વત્સપ્રીતિનો પ્રાંશુ, પ્રાંશુનો પ્રમતિ, પ્રમતિનો ખનિત્ર, ખનિત્રનો ચાક્ષુષ, ચાક્ષુષનો વિવિંશતિ, વિવિશતિનો રંભ અને રંભનો ખનિનેત્ર નામે ધાર્મિક પુત્ર હતો; તેમ જ હે મહારાજ ! એ ખનિનેત્રનો કરધમ નામે પુત્ર હતો. તેનો આવીક્ષિત અને તેનો ચક્રવર્તી મરુત નામે પુત્ર હતો, જેને અંગિરાના પુત્ર મહાયોગી સંવર્તે યજ્ઞ કરાવ્યો હતો. એ મરુત્ત રાજાનો જેવો યજ્ઞ થયો હતો તેવો બીજા કોઈનો થયો નથી. એ યજ્ઞમાં જે વસ્તુ હતી તે બધી સોનાની ને સુંદર હતી. વળી એ યજ્ઞમાં ઈન્દ્ર સોમરસ પીને તથા બ્રાહ્મણો દક્ષિણાઓથી ખુશી થયા હતા. વાયુઓ સર્વને ભોજન પીરસતા અને વિશ્વેદેવો સભાસદ હતા. એ મરુત્તનો દમ નામે પુત્ર હતો. દમનો રાજ્યવર્ધન, રાજ્યવર્ધનનો સુધૃતિ, સુધૃતિનો નર, નરનો કેવલ, કેવલનો બંધુમાન, બંધુમાનનો વેગવાન, વેગવાનનો બંધુ અને બંધુનો રાજા તૃણબિંદુ પુત્ર હતો. એ રાજા સેવવા યોગ્ય ગુણોનું સ્થાન હતો, તેથી દેવી અલંબુષા નામની અપ્સરા તેને વરી હતી. તે અપ્સરામાં એ રાજાથી અનેક પુત્રો અને ઈડવિડા નામની કન્યા થઈ હતી. વિશ્રવા નામના ઋષિએ યોગેશ્વર પિતા પુલસ્ત્ય પાસેથી ઉત્તમ વિદ્યા મેળવીને તે ઈડવિડામાં કુબેર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. તૃણબિંદુનાં પુત્રોનાં નામ વિશાલ, શૂન્યબંધુ તથા ધૂમકેતુ હતાં. તેઓમાં વિશાલવંશને વધારનારો હોઈ તે રાજાએ વૈશાલીનગરી વસાવી હતી. તેને હેમચંદ્ર નામે પુત્ર હતો. હેમચંદ્રનો ધૂમ્રાક્ષ, ધૂમ્રાક્ષનો સંયમ અને સંયમના કૃતાશ્વ તથા દેવજ નામના બે પુત્રો હતા. તેમાંના કૃતાશ્વથી સોમદત્ત થયો હતો. તેણે અશ્વમેધ યજ્ઞોથી યજ્ઞપતિ પરમાત્માનું પૂજન કરી ઉત્તમ ગતિ મેળવી હતી અને મોટા યોગીઓ તેનો આશ્રય કરતા હતા. એ સોમદત્તનો સુમતિ અને તેનો જનમેજય પુત્ર હતા. આ બધા રાજાઓ વિશાલના વંશમાં થયાં હતા અને તેઓ તૃણબિંદુના યશને વધારનારા હતા. ૧-૩૬

सौमदत्तिस्तु सुमतिस्तत्सुतो जनमेजयः । एते वैशालभूपालास्तुणबिन्दोर्यशोघराः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

# અધ્યાય-૩
## સુકન્યા તથા રેવતીજીનું આખ્યાન

॥ श्रीशुक उवाच ॥

शर्यातिर्मानवो राजा ब्रह्मिष्ठः स बभूव ह । यो वा अङ्गिरसां सत्रे द्वितीयमह ऊचिवान् ॥१॥

**શુકદેવજી બોલ્યા :** મનુનો પુત્ર શર્યાતિ રાજા વેદના અર્થતત્ત્વને જાણનારો હતો. જેણે અંગિરાવંશી બ્રાહ્મણોના યજ્ઞમાં બીજે દિવસે કરાતું કર્મ બતાવ્યું હતું. તે રાજાને કમળ જેવાં નેત્રોવાળી સુકન્યા નામે કન્યા હતી. તેની સાથે એ રાજા (એક દિવસે) વનમાં જઈ ચ્યવનઋષિના આશ્રમમાં ગયો. ત્યાં એ સુકન્યા સખીઓથી વીંટાઈને વનમાં ઝાડના છોડવા શોધતી હતી. તેવામાં એક રાફડાનાં બાકામાં પતંગિયાંની પેઠે ચળકતા બે તેજસ્વી પદાર્થો જોયા. પછી દૈવથી પ્રેરાયેલી તે બાળાએ એ બંને તેજસ્વી પદાર્થોને ભોળપણથી કાંટા વડે વીંધી નાખ્યા, એટલે તેમાંથી પુષ્કળ લોહી વહેવા માંડયું. બીજી બાજુ તે જ સમયે સૈનિકોનાં મળમૂત્ર બંધ થઈ ગયાં, એટલે રાજર્ષિ શર્યાતિ ને મળમૂત્ર રોકાવું જાણી આશ્ચર્ય પામ્યો ને તેણે પોતાનાં સર્વ માણસને પૂછયું : 'તમોએ ચ્યવનઋષિનો કંઈ પણ અપરાધ તો નથી કર્યો ? જરૂર આપણામાંના કોઈએ પણ તેમના આશ્રમમાં કંઈ અપરાધ કર્યો હોવો જોઈએ.' તે સાંભળી સુકન્યાએ ભયભીત થઈ પિતાને કહ્યું : 'મેં તેવું કંઈક કર્યું છે. મેં અજાણતાં બે તેજસ્વી પદાર્થોને (રાફડામાં) કાંટાથી વીંધી નાખ્યાં છે.' પુત્રીનું તે વચન સાંભળી શર્યાતિ રાજાને ભય થયો. તેણે રાફડાની અંદર રહેલા ચ્યવનમુનિને ધીમે ધીમે (રાફડો દૂર કરી સ્તુતિ વગેરેથી) પ્રસન્ન કર્યા. અને મુનિનો અભિપ્રાય જાણી તેમને પુત્રી આપી (પરણાવી). પછી તે રાજા મળમૂત્ર બંધ થવારૂપી દુઃખમાંથી છૂટ્યો અને સાવધ થઈ મુનિની આજ્ઞા લઈ નગરમાં ગયો. બીજી તરફ સુકન્યા મહાક્રોધી ચ્યવન ઋષિને પતિ તરીકે પામી, તેમના ચિત્તને જાણી સાવધાનપણે તેમની સેવા કરવા તેમને પ્રસન્ન કરવા લાગી. એમ કરતાં કેટલાક સમય ગયો, એટલે એક વખતે બંને અશ્વિનીકુમારો ચ્યવનઋષિના આશ્રમમાં આવ્યા. ઋષિએ તેમની પૂજા કરી કહ્યું: 'હે સમર્થ વૈદ્યો ! તમે મને યુવાવસ્થા આપો. (તેના બદલામાં) તમને સોમપાનમાં ભાગ મળતો નથી તોપણ તમને બંનેને સોમપાનના ભાગરૂપે સોમથી ભરેલું પાત્ર આપીશ. માટે જે રૂપ તથા વય પ્રમદા સ્ત્રીઓને પ્રિય હોય, તે રૂપ તથા વય તમે મારાં કરો.' 'બહુ સારું,' એમ ઋષિને અભિનંદન આપી તે બંને ઉત્તમ વૈદ્યોએ તેમને કહ્યું: 'સિદ્ધ લોકોએ બાંધેલા આ ધરામાં તમે સ્નાન કરો.' એમ કહી તે બંને અશ્વિનીકુમારોએ ઘડપણથી ઘેરાયેલા શરીરવાળા, કેવળ નાડીઓથી વ્યાપ્ત અને શરીર પરની કરચલીઓ તથા પળિયાંને લીધે જોવા પણ ગમે નહિ એવા તે ચ્યવનઋષિને ધરામાં પ્રવેશ કરાવ્યો. એટલે થોડા સમયમાં જ તે ધરામાંથી સ્ત્રીઓને પ્રિય થાય તેવા સુંદર ત્રણ પુરુષો નીકળ્યા. તેઓનાં રૂપ સરખાં હતાં, તેમણે કમળની માળાઓ, કુંડળો તથા સુંદર વસ્ત્રો પહેર્યા હતાં. સુંદરી સુકન્યાએ એકસરખા રૂપવાળા અને સૂર્ય જેવા તેજસ્વી તે ત્રણ પુરુષોને જોઈ તેમાં પતિને ઓળખ્યા નહિ. એટલે તે પતિવ્રતા સ્ત્રી બંને અશ્વિનીકુમારોને શરણે ગઈ. બંને અશ્વિનીકુમારો, તેના એ પાતિવ્રત્યથી પ્રસન્ન થયા. તેઓએ તેને તેના પતિનાં દર્શન કરાવ્યાં અને પછી ચ્યવનઋષિની આજ્ઞા લઈ તેઓ બંને વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા. પછી શર્યાતિરાજા ભવિષ્યમાં યજ્ઞ કરવા તૈયાર થઈ ચ્યવનઋષિના આશ્રમમાં ગયા. ત્યાં પુત્રી પાસે સૂર્ય જેવા તેજસ્વી પુરુષને તેણે જોયો. સુકન્યાએ (પિતાને ત્યાં આવેલા જોઈ) તેમના ચરણોમાં વંદન કર્યું,

પણ રાજાએ પુત્રીને કંઈ આશીર્વાદ આપ્યો નહિ અને મનમાં બહુ પ્રસન્ન ન હોય તેમ પુત્રીને તેણે કહ્યું: ‘‘આ તે શું કરવા ધાર્યું છે ? લોકો જેમને નમે છે એવા મુનિને તે ઠગ્યા છે; કેમ કે ઘડપણથી ઘેરાયેલા અને વ્યભિચારિણીને ન ગમે તેવા એ મુનિને તજી તું આ કોઈ વટેમાર્ગુને સેવે છે ! એ કુળવાન છોકરી ! તારી બુદ્ધિ આમ અવળી કેમ થઈ ? તારું આ કર્મ કુળને દૂષણ લગાડનારું છે. નિર્લજ્જ તું આ જાર પુરુષને સેવે છે, તેથી તારા પિતાના અને પતિના કુળને નરકમાં લઈ જાય છે.’

એમ કહેતા પિતાને પવિત્ર હાસ્યવાળી સુકન્યા મંદ મંદ હસતી કહેવા લાગી : ‘હે પિતા ! આ તમારા જમાઈ ચ્યવનઋષિ જ છે.’ એમ કહી તેણે પતિને વય તથા રૂપ કેવી રીતે પ્રાપ્ત થયાં તે સર્વ વૃતાંત કહી સંભળાવ્યો. તે સાંભળી શર્યાતિ રાજા વિસ્મય પામ્યો અને અત્યંત પ્રસન્ન થઈ પુત્રીને ભેટી પડ્યો. પછી ચ્યવન ઋષિએ વીર શર્યાતિ પાસે સોમયાગ યજ્ઞ કરાવ્યો અને તેમાં અશ્વિનીકુમારો સોમ પીનારા ન હતા; છતાં તેમણે પોતાના પ્રભાવથી તેમનો સોમરસનો ભાગ (તેમને આપવા) લઈ લીધો. એટલે તરત જ ઈન્દ્ર તે સહન ન કરી ક્રોધાયમાન થઈ ચ્યવનઋષિને મારવા હાથમાં વજ્ર લીધું, પણ ચ્યવન ઋષિએ વજ્ર સાથે તેના હાથને થંભાવી દીધો. પછી સર્વ દેવોએ અશ્વિનીકુમારોનો પણ સોમભાગ કબૂલ રાખ્યો. તેઓ બંને વૈદ્ય હોવાથી તેમને દેવતાઓ ન ગણીને દેવોએ યજ્ઞના સોમભાગમાંથી પ્રથમ તેમનો બહિષ્કાર કર્યો હતો. (પરંતુ તે દિવસથી તેમનો સોમભાગ ચાલુ થયો.) શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ, આનર્ત તથા ભૂરિષેણ નામના ત્રણ પુત્રો હતા. તેમાંના આનર્તથી રેવત નામનો પુત્ર થયો. હે શત્રુદમન રાજા ! એ રેવત સમુદ્રની વચ્ચે (બેટ ઉપર) કુશસ્થલી નગરી વસાવી તેમાં રહીને આનર્ત વગેરે દેશો ઉપર રાજ્ય કરતો હતો. તે રાજાને સો પુત્રો હતા. તેઓમાં કકુદ્મી સૌથી મોટો અને ઉત્તમ હતો. એ કકુદ્મી પોતાની રેવતી નામે એક કન્યાને સાથે લઈ તેનો વર કોણ થશે એ પૂછવા બ્રહ્મા પાસે ગયો તે વેળા બ્રહ્મલોક તેને જવા માટે ખુલ્લો હતો, પણ ત્યાં બ્રહ્મસભામાં ચારે તરફ ગંધર્વોનું સંગીત ચાલતું હતું, તેથી તેને પૂછવાનો સમય ન મળ્યો, એટલે ક્ષણવાર ત્યાં બેઠો. પછી સંગીત પૂરું થયું ત્યારે બ્રહ્માને પ્રણામ કરી તેણે પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો, એટલે તે સાંભળીને ભગવાન બ્રહ્મા ખુબ હસ્યા અને બોલ્યાઃ અહો ! હે રાજા ! તે તારા હૃદયમાં આ કન્યા માટે જે જે વરો ધાર્યા હતા, તેઓ સર્વનો કાળે સંહાર કર્યો છે. તેઓના પુત્ર, પૌત્રો તથા પ્રપૌત્રોના વંશો પણ આજે અમે સાંભળતા નથી. એ વાતને (ચાર યુગની એક ચોકડી એવી) સત્તાવીસ ચોકડી સમય વીત્યો છે. હે રાજા ! તું અહીંથી પૃથ્વી પર જા અને ત્યાં પરમાત્માના અંશરૂપ મહાબળવાન બળદેવજી હમણાં અવતરેલા છે, તે નરરત્નને તારી આ રત્ન જેવી કન્યા આપ. હમણાં પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા અને જેમનું શ્રવણકીર્તન પવિત્ર છે, એવા ભગવાન શ્રીકૃષ્ણ આ પૃથ્વીનો ભાર ઉતારવા પોતાના અંશરૂપ બળદેવજી સાથે પૃથ્વી પર અવતર્યા છે. બ્રહ્માએ એમ આજ્ઞા આપી એટલે કકુદ્મી રાજા તેમને વંદન કરી પોતાને નગર આવ્યો. એ વેળા ત્યાં યક્ષોનો ત્રાસ હતો તેથી તેના ભાઈઓએ તે નગર છોડયું હતું અને તેઓ જુદી જુદી દિશાઓમાં રહ્યા હતા. કકુદ્મી રાજાએ ત્યાં આવી સુંદર અંગવાળી કન્યા બળશાળી બળદેવને પરણાવી અને પછી પોતે તપ કરવા બદરિકાશ્રમ નામના નરનારાયણના આશ્રમમાં ગયો. ૧-૩૬

सुतां दत्त्वाऽनवद्याङ्गीं बलाय बलशालिने । बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

# અધ્યાય-૪

## નાભગની તથા અંબરીષની કથા

॥ श्रीशुक उवाच ॥

नाभागो नभगापत्यं यं ततं भ्रातरः कविम् । यविष्ठं व्यभजन् दायं ब्रह्मचारिणमागतम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** મનુના પુત્ર નભગનો નાભાગ નામે એક પુત્ર હતો, જે બીજા સૌ ભાઈઓ કરતાં નાનો હોઈ ઘણો વખત બ્રહ્મચારી (અવસ્થામાં ગુરુકુળમાં) રહ્યો હતો. તેથી આ તો સદા માટે બ્રહ્મચારી જ રહેશે.' એમ માની તેના બીજા ભાઈ ઓએ પિતાની મિલકતનો બધો ભાગ પોતે વહેંચી લઈ તેનો ભાગ રાખ્યો ન હતો. પછીથી) તે વિદ્વાન થઈ આવ્યો ત્યારે તેણે પોતાનો ભાગ માગ્યો એટલે) તેના ભાઈઓએ પિતાને જ તેના ભાગ તરીકે તેને આપ્યા. તે વખતે નાભાગે ભાઈઓને પૂછ્યું : "હે ભાઈઓ ! તમે મારે માટે શો ભાગ રાખ્યો છે?" ભાઈઓએ ઉત્તર આપ્યો : (અમે તે વખતે તારો ભાગ રાખતાં ભૂલી ગયા છીએ માટે) 'તારા ભાગ તરીકે અમે આપણા પિતા તને સોંપીએ છીએ. ("તો તું પિતા પાસે જા અને તેમને પોતાના ભાગ તરીકે લઈ લે.) એટલે નાભાગ પિતા પાસે જઈ બોલ્યોઃ "હે પિતાજી ! મારા મોટાભાઈએ મારા ભાગ તરીકે આપને જ સોંપ્યા છે. તે સાંભળી પિતાએ કહ્યુંઃ 'હે પુત્ર ! તું એ ભાગ સ્વીકારીશ નહિ. (કેમ કે એમ કહી તેઓએ તને માત્ર ઠગ્યો જ છે હું કંઈ મિલકતની પેઠે ભોગનું સાધન નથી.) હમણાં આ અંગિરાવંશના બુદ્ધિશાળી બ્રાહ્મણો યજ્ઞ કરે છે. તેમાં હે વિદ્વાન પુત્ર ! છઠ્ઠે છઠ્ઠે દિવસે કર્મ કરવામાં તેઓ મુંઝાય છે. એટલે તું એ મહાત્માઓને વૈશ્વદેવ સંબંધી બે સૂકતો ભણાવી દે, પછી કર્મ સમાપ્ત થયે તેઓ સ્વર્ગમાં જશે, ત્યારે યજ્ઞમાં બાકી રહેલું તને આપી દેશે, માટે તું તેઓ પાસે જા.' નાભાગે પિતાના કહેવા પ્રમાણે કર્યું એટલે પેલા અંગિરસ બ્રાહ્મણો યજ્ઞ પૂર્ણ થયે બાકી રહેલું ધન તેને આપી સ્વર્ગ ગયા. પછી નાભાગ તે ધનને પોતાનું કરી લેવા તૈયાર થયો કે તે જ વખતે કાળા દેખાવનો કોઈ પુરુષ ઉત્તર દિશામાંથી આવી તેને કહેવા લાગ્યોઃ 'યજ્ઞભૂમિ પર રહેલું આ ધન તો મારું છે.' એટલે મનુપુત્ર નાભાગે તેને કહ્યું : 'આ ધન તો ઋષિઓએ મને આપ્યું છે.' ત્યારે તે પુરુષ બોલ્યો : 'આપણા બંનેના વિવાદ વિષે આપણે તારા પિતાને પૂછીએ.' પછી નાભાગે પિતાને પૂછયું એટલે તેણે કહ્યું : 'યજ્ઞભૂમિ પર રહેલા સર્વ ઉચ્છિષ્ટમાં ઋષિઓએ રુદ્રદેવનો ભાગ કર્યો છે, માટે તે સઘળું ધન રુદ્રદેવને માટે જ યોગ્ય છે.' પછી નાભાગે રુદ્રદેવને પ્રણામ કરી કહ્યું : 'હે ઈશ્વર ! આ સર્વ યજ્ઞભૂમિ પરનું ધન આપનું છે, એમ મારા પિતા કહે છે. માટે હે બ્રહ્મન્ ! હું આપને મસ્તક નમાવી પ્રસન્ન કરું છું.' તે સાંભળી રુદ્રદેવે તેને કહ્યું : 'તારા પિતાએ ધર્મવચન કહ્યું છે અને તું પણ સત્ય કહે છે; માટે મંત્રદ્રષ્ટા તને સનાતન બ્રહ્મરૂપ જ્ઞાન હું આપું છું. એ સિવાય મારા યજ્ઞમાં બાકી રહેલું આ ધન તું લે.' એમ કહી સત્ય ઉપર પ્રેમ ધરાવનાર ભગવાન રુદ્ર ત્યાંથી અદશ્ય થયા. જે મનુષ્ય પ્રાતઃકાળે અને સાયંકાળે સાવધાન થઈ આ નાભાગ ચરિત્રનું સ્મરણ કરે છે, તે કવિ, મંત્રવેત્તા અને આત્મસ્વરૂપનો જ્ઞાતા થાય છે. એ નાભાગથી અંબરીષ થયો. તે ભગવાનનો મહાભક્ત અને ધર્માત્મા હતો. એને કોઈ સ્થળે નહિ અટકેલો બ્રાહ્મણ દુર્વાસાનો શાપ પણ કંઈ કરી શક્યો ન હતો.

**પરીક્ષિતરાજાએ કહ્યું :** હે ભગવન્ ! તે બુદ્ધિમાન રાજર્ષિનું ચરિત્ર હું સાંભળવા ઈચ્છું છું કે જેના ઉપર છોડેલો દુર્લંઘ્ય બ્રહ્મદંડ પણ સમર્થ થયો ન હતો.

શ્રીશુકદેવજી બોલ્યા : મહાભાગ્યશાળી અંબરીષ સાત દ્વીપોવાળી પૃથ્વીથી અવિનાશી લક્ષ્મી તથા પૃથ્વી પર અતુલ ગણાતા વૈભવો પામીને પણ એમ જ માનતો કે પુરુષોને અત્યંત દુર્લભ એવી આ સર્વ વસ્તુ પણ સ્વપ્ન જેવી અગ્રાહ્ય છે; કેમ કે તે જાણતો હતો કે વૈભવો નાશવંત છે અને વૈભવથી પુરુષ મોહમાં પડે છે. એ રાજાએ ભગવાન વાસુદેવ તથા તેમના ભકત સાધુ પુરુષો ઉપર પરમ ભકિત મેળવી હતી, જેને લીધે આ જગત માટીના ઢેફા જેવું તુચ્છ જણાય છે. એ રાજાએ મનનો શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળમાં, વચનોનો વૈકુંઠ ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં, બંને હાથોનો શ્રીહરિનાં મંદિરને સાફસૂફ રાખવામાં, કાનનો અચ્યુત ભગવાનની ઉત્તમ કથાઓ સાંભળવામાં, બંને નેત્રોનો મુકુંદ ભગવાનની મૂર્તિઓવાળાં મંદિરોનું દર્શન કરવામાં, શરીરસંગનો ભગવાનના ભક્તોના અવયવોનો સ્પર્શ કરવામાં, નાસિકાનો ભગવાનના ચરણકમળને લીધે સુગંધિત થયેલી શોભાયમાન તુલસીની સુગંધ લેવામાં, જીભનો ભગવાનને અર્પણ કરેલાં નૈવેદ્યનો પ્રસાદ લેવામાં, બંને પગનો શ્રીહરિનાં ક્ષેત્રોમાં જવામાં, મસ્તકનો વિષ્ણુભગવાનના ચરણોમાં વંદન કરવામાં અને પુષ્પમાળા તથા ચંદન આદિની સેવાનો ભગવાનનું દાસપણુ કરવા માટે જ ઉપયોગ કર્યો હતો, પરંતુ વિષયભોગની ઈચ્છા માટે નહિ. એ રીતે ભગવાનના ભક્તોની પોતાના પર જેમ પ્રીતિ થાય તેમ તે વર્તતો હતો. વળી બધે એક જ આત્મા છે' આવી ભાવનાથી કરાતા પોતાના સર્વ કર્મો યજ્ઞના અધિષ્ઠાતા ભગવાન અધોક્ષજમાં અર્પણ કરતો અને ભગવાન ઉપર નિષ્ઠાવાળા બ્રાહ્મણોના કહેવા પ્રમાણે આ પૃથ્વી પર રાજ્ય કરતો હતો. તેણે સરસ્વતી નદીના પ્રવાહ સામે નિર્જન પ્રદેશમાં, વસિષ્ઠ, અસિત તેમ જ ગૌતમ આદિ બ્રાહ્મણોને લીધે વિસ્તાર પામેલા અને પોતાના મોટા ઐશ્વર્યને લીધે સર્વ અંગો તથા દક્ષિણાઓથી પરિપૂર્ણ એવા અશ્વમેધ યજ્ઞો કરી યજ્ઞપતિ પરમેશ્વરનું આરાધન કર્યું હતું. જેના યજ્ઞોમાં સદસ્ય બ્રાહ્મણો, ઋત્વિજો તેમ જ બીજા મનુષ્યો ઉત્તમ વસ્ત્રો ધારણ કરતા હતા અને (આશ્ચર્યને લીધે) આંખના પલકારાઓ મારતા ન હતા. તેથી દેવતાઓ જેવા રૂપાળા દેખાતા હતા. તે રાજાના મનુષ્યો સેવકો પણ ભગવાનનાં ચરિત્ર સાંભળતા અને ગાતા હતા, તેથી તેઓ (પણ) દેવોને પ્રિય એવું સ્વર્ગ (જો) ઈચ્છતા ન હતા. (તો એ રાજા પોતે સ્વર્ગને કેમ ઈચ્છે ?) વળી મુકુંદભગવાનનો હૃદયમાં સાક્ષાત્કાર કરતા તે રાજાના સેવકોને સિદ્ધોને દુર્લભ એવા પણ વિષયભોગો આનંદ ઉપજાવતા ન હતા, કારણ કે (તેઓને મળેલા સ્વરૂપસુખે) સર્વ વિષયો તુચ્છકારી કાઢ્યા હતા. તે રાજાએ એમ તપયુકત ભક્તિયોગથી તથા સ્વધર્માચરણથી શ્રીહરિને પ્રસન્ન કરતાં ધીમે ધીમે સર્વ સંગનો ત્યાગ કર્યો. તેમ જ ઘર, સ્ત્રીઓ, પુત્રો, સબંધીઓ, હાથીઓ, ઉત્તમ રથો, ઘોડા, પાયદળ, અખૂટ રત્નો, અલંકારો, આયુધો વગેરે અને અનંત ખજાનાઓમાં પણ તેણે ‘આ બધું મિથ્યા છે એવી બુદ્ધિ કરી. શ્રીહરિએ તેના એકાંત ભકિતભાવથી પ્રસન્ન થઈ શત્રુસેનાઓને ભય કરનારું તથા ભક્તજનોનું રક્ષણ કરનારું સુદર્શનચક્ર તેને આપ્યું હતું. એક વેળા તે વીર રાજાએ શ્રીકૃષ્ણભગવાનનું આરાધન કરવાની ઈચ્છાથી પોતાના સમાન સ્વભાવવાળી રાણીની સાથે એક વર્ષ સુધીનું દ્વાદશીવ્રત આરંભ્યું. એ વ્રતના અંતે કાર્તિક મહિનામાં ત્રણ દિવસના ઉપવાસ કરી, યમુના નદીમાં નાહીને મધુવનમાં શ્રીહરિનુ તે પૂજન કરવા લાગ્યો. તે વેળા સર્વ સામગ્રીઓની સંપત્તિવાળા મહાભિષેકના વિધિથી ભગવાનને નવડાવી વસ્ત્રો, અલંકારો, ચંદન, માળા તથા અર્ઘ્યજળ વગેરે પૂજા સામગ્રીથી એકાગ્રભાવે તેણે ભગવાનની પૂજા કરી. પછી મહાભાગ્યશાળી બ્રાહ્મણો પૂર્ણ કામનાવાળા હતા, છતાં ભકિત વડે તેઓની પણ તેણે પૂજા કરી. અને સાઠ કરોડ ગાયો બ્રાહ્મણોને ઘેર મેકલાવી. તે ગાયા સોનાનાં

શીગડાં વાળી રૂપાની ખરીવાળી, દૂઝણી, સારા સ્વભાવની, તરુણ વયની, રૂપાળી, વાછરડાં સહિત અને બીજી સર્વ સામગ્રીઓવાળી હતી. પછી અત્યંત ગુણવાળું સ્વાદિષ્ટ અન્ન પહેલાં તેણે બ્રાહ્મણોને જમાડયું અને પૂર્ણ કામનાવાળા તે બ્રાહ્મણોની રજાથી પોતે પારણું કરવા તૈયાર થયો. તે જ વખતે ભગવાન દુર્વાસા તે રાજાના અતિથિ તરીકે પ્રકટ થયા. રાજાએ સામે ઊભા થઈ આસન તેમ જ અર્ઘ્યના જળથી અતિથિ દુર્વાસાનું પૂજન કર્યું અને પછી તેઓના ચરણની સમીપ જઈ ભોજન માટે તેમને પ્રાર્થના કરી એટલે દુર્વાસા, રાજાની તે પ્રાર્થનાનો સ્વીકાર કરી મધ્યાહ્ન સંધ્યા વગેરે નિત્યકૃત્ય કરવા યમુનાના કિનારા પર ગયા. ત્યાં યમુનાના પવિત્ર જળમાં ડૂબકી મારી બ્રહ્મધ્યાનમાં લીન થયા. બીજી તરફ પારણું કરવા માટે બારશ તિથિ માત્ર એક જ ઘડી બાકી રહી. ત્યારે ધર્મવેત્તા અંબરીષરાજા તે ધર્મસંકટના પ્રસંગે બ્રાહ્મણની સાથે વિચાર કરવા લાગ્યો. બ્રાહ્મણનો અનાદર કરવામાં અને બારશમાં પારણું ન થાય તે પણ દોષ છે. માટે જે કરવાથી મારું કલ્યાણ થાય અને મને અધર્મ પણ ન લાગે તેવું મારે શું કરવું જોઈએ અથવા કેવળ જળનો આહાર કરી હું વ્રતનું પારણું કરી લઉં ? કેમ કે જળાહારને બ્રાહ્મણો ભોજન કર્યા સમાન અને ન કર્યા સમાન પણ કહે છે.' આવો નિશ્ચય કરી રાજર્ષિ અંબરીષે મનમાં ભગવાનનું ચિંતન કરી (થોડું) જળ પી લીધું. પછી હે કુરુશ્રેષ્ઠ ! બ્રાહ્મણ દુર્વાસાના આવવાની જ તે રાહ જોવા લાગ્યો. એવામાં પોતાનું નિત્યકર્મ કરી દુર્વાસા યમુના કિનારેથી આવ્યા, એટલે રાજાએ તેમને ('પધારો' એમ કહી) આવકાર આપ્યો. ઋષિ દુર્વાસાએ બુદ્ધિથી રાજાનું ચેષ્ટિત જાણ્યું. તે અત્યંત ભૂખ્યા પણ થયા હતા, તેથી ક્રોધને લીધે તેમનું શરીર કંપવા લાગ્યું અને ભવાં ચડી જતાં તેમનું મુખ વાંકું થઈ ગયું. હાથ જોડી ઊભેલા રાજાને તે કહેવા લાગ્યા : "અહો ! લક્ષ્મી વડે છકેલા આ ક્રુર રાજાનો અધર્મ તમે જુઓ ! આ રાજા વિષ્ણુનો અભકત હોઈ પોતાને જ ઈશ્વર માની બેઠો છે. જેણે અતિથિ તરીકે આવેલા મને અતિથિસત્કાર માટે નોતરી ભોજન ન આપી પોતે (એકલાએ) જમી લીધું છે, માટે હમણાં જ તેનું ફળ હું તેને બતાવું છું' એમ કહી રોષથી બળતા દુર્વાસાએ જટા ઉકેલીને તેમાંથી પ્રલયકાળના અગ્નિ જેવી કૃત્યા અંબરીષ માટે ઉત્પન્ન કરી. એ બળબળતી કૃત્યા હાથમાં તલવાર લઈ પગથી ધરણીને ધ્રુજાવતી રાજા સામે ગઈ પણ તેને જોઈને રાજા પોતાના સ્થાનેથી જરાયે ખસ્યો નહિ. તે વખતે પરમ પુરુષ પરમાત્માએ ભક્તની રક્ષા કરવા પ્રથમ અંબરીષને જે ચક્ર આપ્યું હતું, તેણે અગ્નિ જેમ કોપેલા સર્પને બાળી નાખે તેમ એ કૃત્યાને બાળી નાખી. પછી તે ચક્ર દુર્વાસા તરફ ધસ્યું. દુર્વાસા ચક્રને આવતું જોઈ અને પોતાના પ્રયાસને નિષ્ફળ થયેલ જોઈ પ્રાણ બચાવવાની ઈચ્છાથી ભયભીત થઈ દિશાઓમાં નાસવા લાગ્યા. એટલે ઊંચી શિખાવાળો દાવાનળ જેમ સર્પ પાછળ દોડે, તેમ એ ચક્ર દુર્વાસા પાછળ દોડયું. એ રીતે ચક્રને પોતાની પાછળ આવતું જોઈ મુનિ દુર્વાસા મેરુ પર્વતની ગુફામાં પેસી જવાની ઈચ્છાથી દોડવા લાગ્યા. દિશાઓમાં, આકાશમાં, પૃથ્વી પર, ગુફાઓમાં, સમુદ્રોમાં, લોકોમાં, લોકપાલો પાસે તથા સ્વર્ગમાં; એમ જ્યાં જ્યાં દુર્વાસા દોડી ગયા ત્યાં ત્યાં તે દુઃસહ ચક્ર તેમણે જોયું. પછી પોતાનું રક્ષણ કરનાર કોઈ જગ્યાએ મળ્યો નહિ, ત્યારે મનમાં ત્રાસેલા દુર્વાસા શરણ મેળવવાની ઈરછાથી બ્રહ્મા પાસે ગયા. અને કહ્યું કે "હે વિધાતા ! હે આત્મયોનિ ! આ શ્રીહરિના ચક્રથી આપ મારું રક્ષણ કરો.

**બ્રહ્મા બોલ્યા :** કાળસ્વરૂપ ભગવાનની આ ક્રીડા બે પરાર્ધ કાળના અંતે જ્યારે પૂરી થશે ત્યારે સર્વને બાળી નાખવા ઈચ્છતા તેમની માત્ર ભ્રકુટિ વાંકી થતાં જ બધા જગત સાથે આ મારું સ્થાન પણ અદશ્ય થશે. તે ભગવાનની આજ્ઞાને હું, શંકર, દક્ષપ્રજાપતિ, ભૃગુ, વગેરે પ્રજાપતિઓ, ભૂપતિઓ, તેમ

જ ઈન્દ્ર વગેરે અમે બધા લોકનું હિત થાય તેમ મસ્તકે ધારણ કરીએ છીએ. (માટે એ ભગવાનના ભક્તનો દ્રોહ કરનાર તમારી રક્ષા કરવા હું સમર્થ નથી.) એમ બ્રહ્માએ ના પાડી એટલે વિષ્ણુએ ચક્રથી બળતા દુર્વાસા કૈલાસવાસી શંકરને શરણે ગયા.

**શંકર બોલ્યા :** "હે તાત ! જે મહાન પરમેશ્વર સર્વથી શ્રેષ્ઠ છે અને જેમના વિષે બ્રહ્મા જેવા જીવો અને તેમની ઉપાધિરૂપ આવાં બ્રહ્માંડરૂપ શરીરો તથા બીજાં પણ હજારો આવાં બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે, જે બ્રહ્માંડોમાં અમારા જેવા તો હજારો ભટકતા રહે છે, તે કાળસ્વરૂપ પરમેશ્વરની આગળ અમે (કશું કરવા) સમર્થ નથી. હું, સનત્કુમાર, નારદ, ભગવાન બ્રહ્મા, કપિલ, અપાંતરતમ, દેવલ, ધર્મ, આસુરિ અને મરીચિ વગેરે બીજા સિદ્ધેશ્વરો; આ અમે સર્વ સર્વજ્ઞ છીએ તોપણ તેમની માયા જાણી શકતા નથી; કેમ કે માયાથી અમે વીંટાયેલા છીએ. તે જગત્પતિ ભગવાનનું આ ચક્ર આપણાથી દુઃસહ છે; માટે તમે તેમને શરણે જાઓ. શ્રીહરિ તમારું કલ્યાણ કરશે." દુર્વાસા એમ ત્યાંથી પણ નિરાશ થયા એટલે તે ભગવાનના પરમધામ વૈકુંઠમાં ગયા, જ્યાં લક્ષ્મીના નિવાસસ્થાન ભગવાન લક્ષ્મીજી સાથે બિરાજે છે. તે વેળા ભગવાનના શસ્ત્રના અગ્નિથી દુર્વાસા બળી રહ્યા હતા, તે કંપતા કંપતા ભગવાનના ચરણમૂળમાં ઝૂકી પડ્યા અને બોલ્યાઃ 'હે અચ્યુત ! હે અનંત ! હે સત્પુરુષોના ઈષ્ટ દેવ ! હે પ્રભો ! હે જગતનું કલ્યાણ કરનારા ! મેં આપના ભક્તનો અપરાધ કર્યો છે; તોપણ આપ મારી રક્ષા કરો. ઓ વિધાતા ! હું આપનો મહાન પ્રભાવ જાણતો ન હતો અને તેથી જ મેં આપના પ્રિય ભકતનો અપરાધ કર્યો છે; છતાં મેં કરેલા તે અપરાધનું હવે આપ નિવારણ કરો; કેમ કે આપનું માત્ર નામ જ લેતાં નારકી જીવ પણ (નરકમાંથી) છૂટે છે.

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રાહ્મણ ! હું ભક્તને આધીન છું; તેથી જાણે અસ્વતંત્ર હોઉં તેવો છું. મારા સીધા સાદા સરળ ભક્તોએ મારા હૃદયને વશ કર્યું છે. કેમ કે ભક્તજનો મને પ્રિય છે. હે બ્રહ્મન્ ! જેઓને કેવળ હું જ પરમ આશ્રય છું, તેવા મારા સજ્જન ભકતો વિના હું મારી પોતાની કે નિત્ય મારી સમીપ જ રહેનારી લક્ષ્મીદેવીની પણ સ્પૃહા કરતો નથી. જેઓ પોતાની સ્ત્રી, ઘર, પુત્ર, સ્વજનો, પ્રાણ, ધન અને આ લોક તથા પરલોકને પણ તજી કેવળ મારે શરણે આવેલા હોય છે, તેઓને તજવા હું કેમ તૈયાર થાઉં ? જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ પતિને વશ કરે છે, તેમ મારામાં જ જેઓએ હૃદય સ્થાપ્યું છે અને બધે જેઓની દૃષ્ટિ થઈ છે, તેવા સજ્જન ભક્તો ભકિતથી મને વશ કરે છે. એ મારા ભકતો મારી સેવાથી મળેલા સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય તથા સારૂપ્ય નામના ચાર પુરુષાર્થો(ગતિ)ને પણ ઈચ્છતા નથી, તે કાળથી નાશ પામતી બીજી વસ્તુઓને તે કેમ જ ઈચ્છે? કેમ કે તેઓ મારી સેવાથી જ પૂર્ણ થયેલા હોય છે, માટે મારા ભક્તો એ જ મારું હૃદય છે અને હું ભકતોનું હૃદય છું, તેઓ મારા વિના બીજું કંઈ જાણતા નથી અને હું પણ તેઓ સિવાય બીજું કંઈ જાણતો નથી. હે બ્રાહ્મણ ! હવે હું તમને ઉપાય બતાવું છું તે સાંભળો. આ પીડા તમે પોતે જ ઊભી કરી છે, માટે જેનાથી આ દુઃખ તમને થયું છે, તેની જ પાસે તમે જાઓ. મારા ભકતો ઉપર વાપરેલું સામર્થ્ય પ્રહાર કરનારનું જ અમંગળ કરે છે. તપ અને વિદ્યા એ બન્ને બ્રાહ્મણોનું પરમ કલ્યાણ કરનારાં છે, પણ ઉદ્ધત બ્રાહ્મણને તે જ અનર્થ કરનારાં થાય છે, માટે હે બ્રાહ્મણ ! તમારું કલ્યાણ થાઓ. તમે તે પરમ ભાગ્યશાળી અંબરીષરાજાની પાસે જ જાઓ અને તેમની જ ક્ષમા માગો, તેથી આપને શાંતિ મળશે. ૧-૭૧

ब्रह्मस्तद् गच्छ भद्रं ते नाभागतनयं नृपम् । क्षमापय महाभागं ततः शान्तिर्भविष्यति ॥७१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

# અધ્યાય-૫
## અંબરીષે દુર્વાસાની રક્ષા કરી

॥ श्रीशुक उवाच ॥

एवं भगवतादिष्टो दुर्वासाश्चक्रतापितः । अम्बरीषमुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે ભગવાને આજ્ઞા કરી એટલે ચક્રથી તપેલા દુઃખી દુર્વાસા અંબરીષ રાજા પાસે જઈ તેનાં ચરણોને વળગી પડયા. દુર્વાસાની એ ક્રિયા જોઈ તેમણે કરેલા ચરણના સ્પર્શ વડે શરમાયેલા અંબરીષે દયાથી અત્યંત દુઃખી થઈ શ્રીહરિના ચક્રની સ્તુતિ કરી. - અંબરીષ સ્તુતિ કરે છે : હે સુદર્શન ! તમે અગ્નિ, ભગવાન સૂર્ય, નક્ષત્રના પતિ ચંદ્ર, જળ, પૃથ્વી, આકાશ શબ્દાદિ વિષયો તથા ઇંદ્રિયોરૂપ છો. હે હજાર આરાવાળા સુદર્શન ! હે ભગવાનને પ્રિય ! હે સર્વ અસ્ત્રોનો નાશ કરનાર ! હે પૃથ્વીપતિ ! તમે આ બ્રાહ્મણના કલ્યાણરૂપ થાઓ. તમે ધર્મ, અમૃત, સત્ય, યજ્ઞ તથા સર્વ યજ્ઞોના ભોક્તા, લોકપાલ, સર્વના આત્મા અને તમે જ પરમેશ્વરનું પરમ સામર્થ્ય છો. હે સુંદર મધ્યભાગવાળા ચક્ર ! સમગ્ર ધર્મોની મર્યાદારૂપ, અધર્મશીલ અસુરોને બાળનાર, ત્રૈલોક્યનું રક્ષણ કરનારા અત્યંત ઉજજવળ તેજવાળા, મન સમાન વેગવાળા અને અદભુત કર્મ કરનારા તમને હું નમસ્કાર કરું છું. હે વાણીના પતિ ! તમારા ધર્મમય તેજથી (અધર્મરૂપ) અંધકારનો સંહાર થાય છે અને સૂર્યાદિ મહાન આત્માઓનો પ્રકાશ ધારણ કરાય છે. તમારો મહિમા ઓળંગવો મુશ્કેલ છે અને કાર્યકારણરૂપ આ ઉચ્ચનીચમય જગત તમારે લીધે જ પ્રકાશે છે. હે અજિત ! ભગવાન શ્રીહરિ યુદ્ધમાં તમને છોડે છે, ત્યારે દૈત્યે દાનવોના સૈન્યમાં પ્રવેશ કરી તમે તેના બાહુઓ, પેટ, સાથળો, પગ તથા ગળાં કાપતા અત્યંત શોભે છે. ગદાધારી ભગવાને સર્વ સહન કરનાર તમને જગતનું રક્ષણ કરવા તેમ જ દુર્જનોનો નાશ કરવા નીમેલ છે. માટે અમારા કુળના ભાગ્યલાભના કારણે આ બ્રાહ્મણનું આપ રક્ષણ કરો; કેમ કે આ બ્રાહ્મણ ઉપર તમે કૃપા કરો એ જ અમારું કલ્યાણ છે. અમે દાન દીધાં હોય, યજ્ઞ કર્યો હોય, સ્વધર્મ આચર્યો હોય અને બ્રાહ્મણો જ અમારા કુળદેવ હોય તો આ બ્રાહ્મણ દુઃખથી મુકત થાઓ. જો સર્વ ગુણોના આશ્રય એક ભગવાન સર્વ પ્રાણીઓ પરના આત્મભાવને લીધે અમારા પર પ્રસન્ન હોય તો, આ બ્રાહ્મણ દુઃખથી મુકત થાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ રાજાએ સ્તુતિ કરી એટલે બ્રાહ્મણ દુર્વાસાને સર્વ તરફથી બાળતું એ વિષ્ણુચક્ર સુદર્શન રાજાની તે પ્રાર્થનાથી શાંત થયું. પછી ચક્રના અગ્નિના તાપથી ક્ષેમકુશળ છૂટેલા દુર્વાસા મુનિએ ઉત્તમ આશીર્વાદ આપતાં રાજાની પ્રશંસા કરી.

**દુર્વાસા બોલ્યા :** અહો ! ભગવાનના ભકતોની મોટાઈ મેં આજે જ જોઈ છે, કેમ કે હે રાજન્ ! તમે અપરાધ કરનારનું પણ મંગળ ઈચ્છો છો. જેઓએ ભકતોના પતિ ભગવાન શ્રીહરિને સ્વીકાર્યા છે, તે સજજન મહાત્માઓને કઈ કૃપા કરવી મુશ્કેલ છે અથવા ક્યો અપરાધ તજવો મુશ્કેલ છે ? (અર્થાત્ મહાત્માઓ સર્વ પ્રકારની કૃપા કરે છે અને હરકોઈ અપરાધ માટે ક્ષમા આપે છે.) અથવા જેમનું માત્ર નામ સાંભળવાથી મનુષ્ય નિર્મળ થાય છે, તે તીર્થરૂપ ચરણવાળા ભગવાનના ભક્તોને કઈ વસ્તુ (મેળવવી) બાકી છે ! હે રાજન્ ! તમે દયાળુ મનવાળાએ મારા પર કૃપા કરી છે, કેમ કે મારા અપરાધને ન ગણી તમે મારા પ્રાણની રક્ષા કરી છે.

પછી અંબરીષરાજા કે જેણે દુર્વાસા મુનિના પાછા આવવાની ઈચ્છા રાખી ભોજન કર્યું ન હતું, તેણે દુર્વાસાના ચરણ પકડી પ્રસન્ન કરી, તેમને ભોજન કરાવ્યું, એટલે આદરપૂર્વક આણેલું, અતિથિને યોગ્ય અને સર્વ કામનાઓ પૂર્ણ કરનારું ભોજન જમી અંતઃકરણથી તૃપ્ત થયેલા દુર્વાસામુનિ આદરપૂર્વક રાજાને કહેવા લાગ્યા : 'હવે તમે જમી લો.' હું ભક્ત એવા તમારાં દર્શનથી, સ્પર્શથી, ભાષણથી ને આત્મબુદ્ધિવાળા અતિથિસત્કારથી પ્રસન્ન થયો છું. તમે મારા પર કૃપા કરી છે. હે રાજા ! તમારા આ શુદ્ધ કર્મને દેવાંગનાઓ વારંવાર ગાશે અને આ પૃથ્વી પણ (પૃથ્વી પરનાં મનુષ્યો પણ) તમારી પરમ પવિત્ર કીર્તિ ગાશે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** રાજાને એમ કહી અત્યંત સંતુષ્ટ થયેલા દુર્વાસા રાજા પાસે વિદાય માગી આકાશમાર્ગે કેવળ નિષ્કામ કર્મથી પ્રાપ્ત થનારા બ્રહ્મલોકમાં ગયા. (વિષ્ણુચક્ર પાછળ પડયું તે પછી) દુર્વાસામુનિ આવ્યા ન હતા ત્યાં સુધીમાં એક વર્ષ વીત્યું હતું તોપણ તેટલા સમય સુધી તેમનાં દર્શનની ઈચ્છા રાખી અંબરીષ રાજાએ કેવળ જળનો જ આહાર કર્યો હતો. પછી (જમીને) દુર્વાસા મુનિ ગયા એટલે અંબરીષ રાજાએ બ્રાહ્મણોના ઉપયોગથી અત્યંત પવિત્ર થયેલું ભોજન કર્યું હતું, અને દુર્વાસા ઋષિને થયેલું દુઃખ, તેમાંથી થયેલો તેમનો છુટકારો તથા પોતાનું ધૈર્ય વગેરે શક્તિ; એ સર્વ જાણી તેમણે પરમેશ્વરનો જ પ્રભાવ માન્યો હતો. આવા પ્રકારના અનેક ગુણવાળા અંબરીષ રાજાએ પોતાનાં સમસ્ત કર્મો દ્વારા પરબ્રહ્મ પરમાત્મા (વાસુદેવ) વિષે ભકિત કરી હતી. તે ભકિત વડે છેક બ્રહ્મલોક સુધીના ભોગોને તે નરક સમાન જોતા હતા. પછી એ ધીર અંબરીષ રાજાએ પોતા સમાન સ્વભાવવાળા પુત્રોને રાજ્ય આપી વનમાં પ્રવેશ કર્યો અને ત્યાં આત્મારૂપ ભગવાન વાસુદેવમાં મન સ્થાપી ગુણપ્રવાહરૂપ આ સંસારથી તે છૂટયા હતા. એ રીતે અંબરીષ રાજાનું આ પવિત્ર આખ્યાન જે મનુષ્ય વર્ણવે તથા ચિંતવે છે, તે ભગવાનનો ભકત થાય છે. ૧-૨૭

इत्येतत्पुण्यमाख्यानमम्बरीषस्य भूपतेः । सङ्कीर्तयन्ननुध्यायन् भक्तो भगवतो भवेत् ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## ઈક્ષ્વાકુનો વંશ-સૌભરિઋષિની પ્રાસંગિક કથા

॥ श्रीशुक उवाच ॥

विरूपः केतुमान् शम्भुरम्बरीषसुतास्त्रयः विरुपात् पृषदश्वोऽभत्तत्पुत्रस्तु रथीतरः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** વિરૂપ, કેતુમાન તથા શંભુ એમ અંબરીષના ત્રણ પુત્રો હતા. તેમાં વિરૂપથી પૃષદશ્વ અને પૃષદશ્વનો રથીતર નામે પુત્ર હતો. આ રથીતરને કંઈ સંતાન ન હતું, તેથી તેણે પુત્રો ઉત્પત્તિ માટે પ્રાર્થના કરવાથી અંગિરાઋષિએ તેની સ્ત્રીમાં બ્રહ્મતેજવાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા. એ પુત્રો રથીતરની પત્નીમાં ઉત્પન્ન થયા હતા. તેથી જો કે રથીતરના જ ગોત્રના હતા તોપણ અંગીરાના વીર્યથી તેઓ ઉત્પન્ન થયા હતા; માટે 'આંગિરસ' પણ કહેવાયા હતા. વળી તેઓ રથીતરથી બીજી સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રોમાં ઉત્તમ ગણાતા હતા, કારણ કે તેઓ ક્ષત્રિયજાતિ સાથે બ્રાહ્મણ પણ હતા. હવે એક સમયે વૈવસ્વત મનુને છીક આવતાં તેમના નાકમાંથી ઈક્ષ્વાકુ નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે ઈક્ષ્વાકુને સો પુત્રો હતા. તેઓમાં સૌથી મોટા વિકુક્ષિ, નિમિ તથા દંડક નામના હતા. રાજા ! ઈક્ષ્વાકુના સો પુત્રોમાંથી

પચીસ આર્યાવર્તની પૂર્વ દિશામાં જ બીજા પચીસ આર્યાવર્તની પશ્ચિમ દિશામાં, સૌથી, મોટા ત્રણ આર્યાવર્તના મધ્યપ્રદેશમાં અને બાકીના પુત્રો આર્યાવર્તની દક્ષિણ તથા ઉત્તર દિશાઓમાં રાજાઓ હતા, એક સમયે ઈક્ષ્વાકુને ત્યાં અષ્ટકા નામનું શ્રાદ્ધ હતું, તે માટે તેણે (સૌથી મોટા) પુત્રને આજ્ઞા કરી, : 'હે વિકુક્ષિ ! જા, પવિત્ર માંસ લઈ આવ, વાર કરીશ નહિ 'બહુ સારું' એમ કહી વીર વિકુક્ષિ વનમાં ગયો અને ત્યાં શ્રાદ્ધક્રિયામાં યોગ્ય પશુઓ મારી તે થાકી ગયો અને ભૂખ્યો થયો, ત્યારે (આ બધાં શ્રાદ્ધ માટે હોઈ ખવાય નહિ, એ ભૂલી જઈ) તે એક સસલું ખાઈ ગયો અને બાકીનું તેણે પિતાને આપ્યું. પછી ઈક્ષ્વાકુએ ગુરુ વસિષ્ઠને તે માંસના પ્રોક્ષણ (એટલે શ્રાદ્ધને યોગ્ય સંસ્કાર કરવા) માટે પ્રેરણા કરી, ત્યારે તેમણે કહ્યું : ' આ માંસ એઠું છે, તેથી શ્રાદ્ધકર્મ માટે અયોગ્ય છે. એમ ગુરુએ કહેલું પુત્રનું તે કર્મ જાણી ઈક્ષ્વાકુરાજાએ સદાચારને તજનારા એ પુત્રને ક્રોધથી દેશમાંથી કાઢી મૂક્યો. પછી તે ઈક્ષ્વાકુ ગુરુ વસિષ્ઠ સાથે તત્ત્વવિચાર કર્યા કરતો, જેથી (રાજ્યભોગથી વિરક્ત થઈ) યોગી બની શરીર ત્યજી પરમતત્ત્વને પામ્યો. એમ પિતા મરણ પામ્યો એટલે વિકુક્ષિ ત્યાં આવી આ પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યો. તેણે યજ્ઞો દ્વારા શ્રીહરિનું યજન કર્યું અને તે ''શશાદ' નામે પ્રખ્યાત થયો. એ શશાદને પુરંજય નામે પુત્ર હતો. તે 'ઈંદ્રવાહ' અને 'કકુત્સ્થ' એવા બીજા નામથી પણ કહેવાતો. એનાં એ ત્રણ નામો કર્મ ઉપરથી પડેલાં હતાં. તે તમે સાંભળો. પૂર્વે દૈત્યોની સાથે દેવોનું સંહારક યુદ્ધ થયું, ત્યારે દૈત્યથી હારેલા દેવોએ વીર પુરંજયને સહાયક તરીકે સ્વીકાર્યો હતો. તે વેળા પુરંજય 'ઈંદ્ર મારું વાહન થાય તો દૈત્યોનો હું નાશ કરું' એમ કહી ઈંદ્રની પોતાના વાહન તરીકે માગણી કરી. ત્યાં શરમથી ઇંદ્ર તે વાત સ્વીકારી ન હતી. છતાં દેવોના દેવ અને જગતના આત્મા પ્રભુ શ્રીવિષ્ણુના વચનથી ઈંદ્ર (પુરંજયનું વાહન) બળદ થયો હતો. પછી કવચ પહેરી સજજ થઈ હાથમાં દિવ્ય ધનુષ્ય તેમ જ તીક્ષ્ણ બાણો લઈ, દેવોથી સ્તુતિ કરાતો પુરંજય દૈત્યો સામે યુદ્ધ કરવાની ઈચ્છાથી પોઠિયારૂપે થયેલા ઈંદ્ર ઉપર ચડી તેની ખાંધ ઉપર બેઠો હતો. સર્વના અંતર્યામી પરમાત્મા વિષ્ણુએ પોતાના તેજથી જ એને ભરી દીધો. તે પછી તેણે પશ્ચિમ દિશામાં દૈત્યોના નગરને દેવોની સાથે રહી ઘેરી લીધું. એ વેળા દૈત્યો સાથે તેનું રોમાંચકારી ઉગ્ર યુદ્ધ થયું હતું, જેમાં સામે ધસી આવેલા દૈત્યોને તેણે ભાલા મારી યમદેવ પાસે મોકલ્યા હતા. પોતાનો નાશ થવા લાગ્યો, ત્યારે દૈત્યો પ્રલયકાળના અગ્નિ સરખા ઉગ્ર તે રાજાનાં બાણ સામે જવાનું છોડી દઈ પોતાના સ્થાન (પાતાલ)માં નાસી ગયા. એમ તે રાજર્ષિએ દૈત્યોના સર્વ ધન તેમ જ લક્ષ્મી સહિત નગર જીતી લઈ ઈંદ્રને આપ્યું હતું. તેથી (પુર જીતવાને કારણે પુરંજય, ઈન્દ્રને વાહન બનાવવાના કારણે ઈન્દ્રવાહ અને બળદની કકુદ્ (ખાંધ) પર બેસવાના કારણે કકુત્સ્થ એવાં) ત્રણ નામે કહેવાયો હતો. એ પુરંજયને અનેનસ્ નામે પુત્ર હતો. અનેનસ્નો પૃથુ, પૃથુનો વિશ્વરંધ્રિ, વિશ્વરંધ્રિનો ચંદ્ર, ચંદ્રનો યુવનાશ્વ અને યુવનાશ્વનો શાબસ્ત નામે પુત્ર હતો, જેણે શાબસ્તી નામની નગરી વસાવી હતી. શાબસ્તના બૃહદશ્વ તથા બૃહદશ્વનો કુવલયાશ્વ પુત્ર હતો. બળવાન કુવલયાશ્વે ઉત્તંક ઋષિનું પ્રિય કરવા એકવીસ હજાર પુત્રોથી વીંટાઈ ધુંધુ નામના અસુરને માર્યો હતો, એ ઉપરથી 'ધુંધુમાર' નામે તે પ્રખ્યાત થયો હતો. હે ભરતવંશી રાજા ! તે રાજાના સર્વ પુત્રો ધુંધુ દૈત્યના મુખના અગ્નિથી બળી ગયા હતા; માત્ર દૃઢાશ્વ, કપિલાશ્વ અને ભદ્રાશ્વ નામના ત્રણ જ પુત્રો બાકી રહ્યા હતા. તેમાં દૃઢાશ્વનો હર્યશ્વ, હર્યશ્વનો નિકુંભ, નિકુંભનો બર્હણાશ્વ, બર્હણાશ્વનો કૃશાશ્વ અને કૃશાશ્વનો યુવનાશ્વ નામે પુત્ર હતો. યુવનાશ્વને સંતાન ન હતું, તેથી ખેદ પામી તે સો સ્ત્રીઓ સાથે વનમાં ચાલ્યો હતો. ત્યાં ઋષિઓએ એના પર દયા કરી એકાગ્રચિત્તે તેની પાસે 'ઐન્દ્રિ' ઈષ્ટિ કરાવી હતી. (એ ઈષ્ટિ ચાલુ હતી) તે સમયે એક વેળા રાત્રે રાજા તરસ્યો થયો. તેણે

ઋષિઓની યજ્ઞશાળામાં પેસી બ્રાહ્મણોને નિદ્રાવશ જોયા એટલે (કોઈને કંઈ પણ પછી પૂછ્યા વિના જ મંતરેલું) જળ પી લીધું. હે રાજન્ ! સવારમાં બ્રાહ્મણોએ ઊઠીને જોયું તો પાણીનો કળશ ખાલી જોઈ તેઓએ પૂછ્યુંઃ 'આ કામ કોણે કર્યું ? પુંસવનનું પાણી કોણ પી ગયું ? પછી તેઓએ જાણ્યું કે ઈશ્વરની પ્રેરણાથી રાજા જ તે પાણી પી ગયો છે, એટલે 'દૈવબળ એ જ મહાન બળ છે, પુરુષનું કંઈ બળ નથી' એમ કહી તે ઋષિઓએ ઈશ્વરને પ્રણામ કર્યા. પછી (ગર્ભધારણ માટે મંતરી રાખેલું તે પાણી પી જવાથી યુવનાશ્વરાજાને ગર્ભ રહ્યો અને) પ્રસવનો સમય થયો ત્યારે યુવનાશ્વનું જમણું પડખું ચીરી તેને ચક્રવર્તી પુત્ર બહાર નીકળ્યો. તે (ધાવવા માટે) બહુજ રડવા લાગ્યો, ત્યારે બ્રાહ્મણો બોલી ઊઠ્યાઃ 'આ કુમાર કોને ધાવશે ?'' ત્યારે તે મને ધાવશે'' એમ કહી ઈંદ્ર હે પુત્ર ! તું રડ મા.' એમ કહેતાં અંગૂઠા પાસેની આંગળી (તે બાળકના મોંમાં) આપી (એ બાળક જન્મ્યો તે વેળા યુવનાશ્વનું પેટ ચિરાઈ ગયું હતું, તોપણ) બ્રાહ્મણો તથા દેવોની કૃપાથી તેના પિતા મર્યો ને હતો, પણ તે જ વનમાં તપ વડે (કાળાંતરે) મોક્ષ પામ્યો હતો. હે રાજા ! એ માંધાતાથી રાવણ વગેરે દુષ્ટો કંપી જઈ ત્રાસ પામતા તેથી ઈંદ્રે તેનું (બીજું) નામ **'त्रसद्दस्यु'** પાડયું હતું. યુવનાશ્વનો પુત્ર માંધાતા ચક્રવર્તી રાજા થઈ પોતે એકલો અચ્યુત ભગવાનના પ્રભાવને લીધે સાત દ્વીપોવાળી પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો. અને તે આત્મવેત્તા રાજાએ પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞો કરી સર્વદેવમય, સર્વસ્વરૂપ અને અતીંદ્રિય યજ્ઞદેવ, વિષ્ણુભગવાનનું યજન કર્યું હતું. કારણ કે યજ્ઞનાં ઉપયોગી દ્રવ્ય, મંત્ર, વિધિ, યજ્ઞ, યજમાન, ઋત્વિજો, ધર્મ, દેશ તેમજ કાળ એ સઘળાં કેવળ ભગવાનનાં જ સ્વરૂપો છે. સૂર્ય જેટલા પ્રદેશમાં ઊગે છે અને આથમે છે. તે સર્વ પ્રદેશ યુવનાશ્વનો પુત્ર માંધાતાનો કહેવાય છે. એ માંધાતાને શશબિંદુની પુત્રી બિંદુમતીમાં પુરુકુત્સ, અંબરીષ અને મુચુકુંદ નામના ત્રણ પુત્રો થયા હતા; તેમાં મુચુકુંદ યોગી હતો. એ ભાઈઓને પચાસ બહેનો હતી, તેઓ સૌભરિ નામના ઋષિને વરી હતી. પરમ તપસ્વી સૌભરિ મુનિ એક વાર યમુનાના જળમાં ડૂબકી લગાવીને તપશ્ચર્યા કરતા હતા તે સમયે મૈથુનધર્મી એક મોટા માછલાનું મૈથુનસુખ જોઈ તેમણે પોતે પણ મૈથુનસુખ મેળવવાની ઈચ્છા કરી અને માંધાતા રાજા પાસે જઈ એક કન્યા માગી એટલે માંધાતાએ (તેમનું ઘડપણ તથા કુરૂપ જોઈને) કહ્યું : ''હે બ્રહ્મન્ ! સ્વયંવરમાં જે કન્યા આપનો સ્વીકાર કરે, તેને આપ સુખેથી લઈ જાઓ.'' ઋષિએ વિચાર કર્યો : 'હું ઘરડો છું, મારા શરીર પર કરચલીઓ પડી છે, પળિયાં આવ્યાં છે અને મારું મસ્તક પણ કંપે છે; તેથી હું સ્ત્રીઓને અપ્રિય તથા અમાન્ય જ થઈશ એમ માની આ રાજાએ (આ બહાને) મને ના જ પાડી છે; પણ હું મારા શરીરને એવું બનાવીશ કે જેથી તે દેવાંગનાઓને પણ પ્રિય થશે, તો રાજાઓની કન્યાઓને પ્રિય થશે એમાં તે શું કહેવું ?'' આવો વિચાર કરીને તે સમર્થ મુનિએ કામદેવ જેવું સુંદર સ્વરૂપ ધારણ કર્યું. પછી દ્વારપાળે તેમને સર્વ સમૃદ્ધિવાળા કન્યાઓના અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો એટલે ત્યાં જઈ મુનિએ પોતાને વરવા માટે કન્યાઓને કહ્યું કે તરત જ તે પચાસે કન્યાઓ તેમને એકલાને જ વરી. એટલું જ નહિ, પણ બહેનોનો સ્નેહ છોડી પરસ્પર 'આ વર તો મારે યોગ્ય છે, તમારે યોગ્ય નથી', એમ તે મુનિ માટે કન્યાઓમાં ઝઘડો થયો; કેમ કે સર્વ કન્યાઓનાં મન એ મુનિમાં આસક્ત બન્યાં હતાં. પછી એ ઋગ્વેદી સૌભરિ અપાર તપસંપત્તિથી તૈયાર કરેલાં જાતજાતનાં ઘરમાં, મહાકિંમતી શય્યા, આસનો, વસ્ત્રો, આભૂષણો, સ્નાન, વિલેપન, ભેજન, માળાઓ વગેરે ભોગો ભોગવી તે સ્ત્રીઓ સાથે વિલાસ કરવા લાગ્યા; (એમના તપોબળથી બનેલાં) તે ઘરો મહાકિંમતી રાચરચીલાં ને શણગારેલી સ્ત્રીઓ તથા પુરુષોવાળાં હતાં, વળી તે મુનિ અનેક જાતનાં ઉપવનોમાં તથા સુગંધી કમળોનાં સમૂહવાળાં નિર્મળ જળથી ભરેલાં ''સરોવરમાં પણ

નિત્ય રમવા લાગ્યાં કે જ્યાં પક્ષીઓ, ભમરાઓ તથા બંદીજનો ગીતો ગાતાં હતાં. સૌભરિ મુનિનો ગૃહસ્થાશ્રમ જોઈ સાત દ્વીપોવાળો રાજા માંધાતા પણ આશ્ચર્ય પામ્યો અને તેણે ચક્રવર્તીની સંપત્તિનો ગર્વ ત્યજી દીધો. સૌભરિ એમ ઘરમાં આસકત થઈ અનેક જાતનાં સુખો સાથે વિષયો ભોગવતા હતા, છતાં અગ્નિ જેમ ઘીનાં ટીપાંઓથી તૃપ્તિ પામતો નથી, તેમ તૃપ્તિ ન પામ્યા. પછી એક વેળા ઋગ્વેદના આચાર્ય સૌભરિ બેઠા બેઠા પોતાના મનમાં જ પોતે કરેલા તપનો એ નાશ જોયો, જે એક માછલાના સંગથી ઉત્પન્ન થયો હતો. (તેમણે પશ્ચાત્તાપ સાથે વિચાર કર્યો.) હું ઉત્તમ ચરિત્રવાળો વ્રતનિષ્ઠ તપસ્વી હતો. અહો ! મારા આ વિનાશ તરફ જુઓ. જળમાં એક જળચરના પ્રસંગથી મેં ઘણા લાંબા સમયથી ધારણ કરેલા બ્રહ્મચર્યનો નાશ કર્યો છે ! ખરેખર ! જેને મોક્ષની ઈચ્છા હોય, તેણે મૈથુનધર્મી સ્ત્રીપુરુષનો સંગ સર્વથા તજવો જોઈએ અને ઈંદ્રિયોને બહારના વિષયોમાં કદી જવા જ ન દેવી; માત્ર એકલા જ વિચરી એકાંતમાં અનંત ભગવાન વિષે મન લગાડવું જોઈએ; છતાં કોઈનો પ્રસંગ પડે તો ભગવાનના અનન્ય પ્રેમી નિષ્ઠાવાન મહાત્માઓનો જ સંગ કરવો. હું તપસ્વી કેવળ એકલો જ હતો. પણ પાછળથી જળમાં માછલાને સંગ થતાં પચાસ સ્ત્રીઓ સાથે જોડાઈ પચાસરૂપ થયો; અને પછી તે એકએક સ્ત્રીમાં સોસો પુત્ર ઉત્પન્ન કરી પાંચ હજારની સૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો છું, છતાં હજી આ લોકનાં તથા પરલોકનાં કર્મ સંબંધી મનોરથોનો અંત પામ્યો નથી; કેમ કે મારી બુદ્ધિ માયાના ગુણોથી હરાઈ ગઈ છે અને વિષયોમાં જ મેં પુરુષાર્થ બુદ્ધિ કરી છે.

એમ એટલા સમય સુધી ઘરમાં રહેતાં સૌભરિઋષિ વિરકત થયા અને વાનપ્રસ્થધર્મને આશ્રય કરી વનમાં ચાલ્યા ગયા. તેમની પત્નીઓ પણ પતિને જે પોતાના દેવ માનતી હોઈ તેમની પાછળ વનમાં ચાલી ગઈ. ત્યાં શરીર કૃશ કરનારુ તીક્ષ્ણ તપ કરી તે જિતેન્દ્રિય મુનિએ અગ્નિહોત્રના અગ્નિઓ સાથે પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો. હે પરીક્ષિત ! તેમની સ્ત્રીઓ પણ પતિની તે આધ્યાત્મિક ગતિ જોઈ શાંત થયેલા અગ્નિની પાછળ તેની જવાળાઓ ચાલી જાય તેમ તેમના પ્રભાવથી તેમની પાછળ ચાલી ગઈ. સંસારથી છૂટી બ્રહ્મપદ પામી. ૧-૫૫

ताः स्वपत्युर्महाराज निरीक्ष्याध्यात्मिकीं गतिम् । अन्वीयुस्तत्प्रभावेन अग्निं शान्तमिवार्चिषः ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## પુરુકુત્સ તથા હરિશ્ચંદ્રનું આખ્યાન

॥ श्रीशुक उवाच ॥

मान्धातुः पुत्रप्रवरो योऽम्बरीषः प्रकीर्तितः । पितामहेन प्रवृतो यौवनाश्वश्च तत्सुतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** માંધાતાનો શ્રેષ્ઠ પુત્ર અંબરીષ જે પહેલાં કહેવાઓ, તેને તેના દાદા—યુવનાશ્વે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો હતો, તેનો પણ યૌવનાશ્વ પુત્ર હતો અને યૌવનાશ્વનો હારીત પુત્ર હતો. આ ત્રણે—અંબરીષ, યૌવનાશ્વ તથા હારીત, માંધાતાના વંશમાં ઉત્તમ ગણાતા હતા. માંધાતાના બીજા પુત્ર પુરુકુત્સને સર્પોએ પોતાની બહેન નર્મદા આપી હતી. એ નર્મદા પોતાના ભાઈ નાગરાજાની પ્રેરણાથી પુરુકુત્સને રસાતલમાં લઈ ગઈ હતી. ત્યાં વિષ્ણુ જેવી શકિત ધરતા પુરુકુત્સે મારવા યોગ્ય ગંધર્વોને માર્યા હતા, જેથી (પ્રસન્ન થયેલા) નાગરાજા પાસેથી તેને 'તમારું આખ્યાન સાંભળનારાઓને સર્પનો ભય રહેશે

નહિ' એવું વરદાન મળ્યું હતું. એ પુરુકુત્સનો ત્રસદસ્યુ, ત્રસદસ્યુનો અનરણ્ય, અનરણ્યના હર્ષશ્વ, હર્ષશ્વનો અરૂણ અને અરુણનો ત્રિબંધન નામે પુત્ર હતો. તે ત્રિબંધનનો સત્યવ્રત નામે પુત્ર હતો. જે ત્રિશંકુ નામથી પ્રખ્યાત થયો હતો અને ગુરૂ વસિષ્ઠના શાપથી ચાંડલપણું પામ્યો હતો. એ ત્રિશંકુ વિશ્વામિત્રના પ્રભાવથી મનુષ્ય શરીરે જ સ્વર્ગે ગયો હતો. તે હજી પણ આકાશમાં (તારારૂપે) દેખાય છે. ત્રિશંકુ શરીર સાથે સ્વર્ગમાં જતો હતો ત્યારે દેવતાઓએ તેને ઊંધે માથે પાછો પાડ્યો હતો, પણ વિશ્વામિત્રે તપોબળથી એ રીતે (ઊંધે માથે જ) આકાશમાં તેને અટકાવી દીધો છે (જે હજી પણ દેખાય છે.) ત્રિશંકુનો પુત્ર હરિશ્ચંદ્ર હતો, જેને માટે પક્ષી થયેલા વિશ્વામિત્ર તથા વસિષ્ઠને ઘણાં વર્ષ સુધી યુદ્ધ થયું હતું. એ હરિશ્ચંદ્રને કંઈ સંતાન ન હતું; તેથી મનમાં તે ખેદવાળો રહેતો હતો. પછી નારદજીના ઉપદેશથી વરુણને શરણે જઈ તેણે કહ્યું : ''હે પ્રભો ! મને પુત્ર થાઓ. હે મહારાજ ! જો મને વીર પુત્ર થશે તો તે જ પુત્રથી હું તમારું યજન કરીશ.' તે સાંભળી વરુણે 'तथास्तु' કહ્યું : એટલે હરિશ્ચંદ્રને ત્યાં રોહિત નામે પુત્ર થયો. એ રીતે પુત્ર જન્મ્યો ત્યારે વરુણે કહ્યું : 'તારે ત્યાં પુત્ર જન્મ્યો છે, હવે તું આ પુત્ર વડે મારું યજન કર.' હરિશ્ચંદ્ર ઉત્તર આપ્યો : 'આ યજ્ઞપશુ—બાળક દસ દિવસનો થાય એટલે પવિત્ર થાય તે પછી હું તમારું યજન કરીશ'' એમ રાજાએ કહ્યું એટલે વરુણ ગયો. પછી દસ દિવસ થયા એટલે ફરી વરુણે આવી કહ્યું હવે તું મારું યજન કર.' એટલે હરિશ્ચંદ્ર બોલ્યો : 'આ યજ્ઞપશુને દાંત આવે ત્યારે તે પવિત્ર થાય માટે હમણાં થોભી જાઓ,' તે સાંભળી વરુણ ગયો અને દાંત આવ્યા એટલે આવીને બોલ્યો : 'હવે દાંત આવ્યા તું મારું યજન કર,' હરિશ્ચંદ્ર બોલ્યો : 'આના દાંત પડી જાય ત્યારે તે પવિત્ર થાય' (માટે દાંત પડવા દો.) પછી દાંત પડી ગયા; એટલે વરુણે આવી કહ્યું 'હવે મારું યજન કર.' હરિશ્ચંદ્ર કહ્યુંઃ 'જ્યારે પશુને ફરી દાંત આવે ત્યારે તે પવિત્ર થાય.' પછી કરી દાંત આવ્યા; એટલે વરુણે આવી, કહ્યુંઃ 'હવે તું મારું યજન કર.' તે સાંભળી હરિશ્ચંદ્ર કહ્યું : 'હે રાજા ! ક્ષત્રિયપુત્ર બખ્તર પહેરવા યોગ્ય થાય ત્યારે પવિત્ર ગણાય.' એ રીતે સ્નેહથી બંધાયેલા મનવાળા હરિશ્ચંદ્ર પુત્ર પરના સ્નેહથી વરુણદેવને ઠગી ને જુદા જુદા સમય કહેવા માંડયા ને વરુણદેવ પણ તે તે સમયની રાહ જોવા લાગ્યા. એટલામાં 'પોતાનો પિતા પોતાથી યજ્ઞ કરવાનો છે એમ જાણી રોહિત પોતાના પ્રાણ બચાવવાની ઈચ્છાથી હાથમાં ધનુષ્ય લઈ જંગલમાં ચાલ્યો ગયો; અને પાછળથી, વરુણે પિતાને ઘેર્યો છે અને તેથી તેનું પેટ મોટું થઈ ગયું છે. અર્થાત્ વરુણે મારા પિંતાને જલોદર રોગ ઉપજાવ્યો છે, એમ સાંભળી રોહિત પોતાના ગામ તરફ આવવા નીકળ્યો, એટલે ઇંદ્રે તેને અટકાવ્યો અને ''તીર્થક્ષેત્રો સેવી પૃથ્વી પર ફરવું તે પુણ્યકારક છે.'' એમ - આજ્ઞા કરી. એટલે રોહિત પણ એક વર્ષ સુધી જંગલમાં જ રહ્યો. એમ બીજે, ત્રીજે, ચોથે ને પાંચમે વર્ષે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ ઇંદ્ર તેની પાસે આવી (તેને નગરમાં જતો અટકાવવા કંઈ કંઈ ઉપાય) કહ્યા કરતો હતો. (એમ પાંચ વર્ષ વીત્યાં) પછી છઠ્ઠું વર્ષ પણ ત્યાં જંગલમાં ભટકી રોહિતે ગાળ્યું અને પછી તે પોતાના નગર તરફ જવા નીકળ્યો. રસ્તામાં તેણે અજીગર્ત નામના બ્રાહ્મણ પાસેના તેના વચલા પુત્ર શુનઃશેપને વેચાતો લઈ યજ્ઞના પશુ તરીકે પોતાને બદલે હોમવામાં પિતાને આપી વંદન કર્યું. પછી મોટાઓમાં ખ્યાતિ પામેલા મહાયશસ્વી હરિશ્ચંદ્રે પુરુષમેધ યજ્ઞ કરી વરુણાદિ દેવોનું યજન કર્યું અને પોતે જલોદર રોગથી છૂટ્યો. એના તે યજ્ઞમાં વિશ્વામિત્ર હોમ કરનારા, આત્મવેત્તા જમદગ્નિ અધ્વર્યુ, વસિષ્ઠ બ્રહ્મા અને અયાસ્ય ઉદ્ગાતા હતા. ઇંદ્રે હરિશ્ચંદ્ર ઉપર પ્રસન્ન થઈ તે વખતે તેને સુવર્ણનો રથ (ભેટ) આપ્યો હતો. શુનઃશેપનું માહાત્મ્ય આગળ જતાં કહેવાશે. (સર્વસ્વ ગયા છતાં) રાજા હરિશ્ચંદ્રનું તેની સ્ત્રી સાથે સત્યભર્યું ધૈર્ય જોઈ વિશ્વામિત્ર તેના ઉપર અત્યંત

પ્રસન્ન થયા હતા. જેથી તેમણે તેને આત્મજ્ઞાન આપ્યું હતું. એ આત્મજ્ઞાનના પ્રભાવથી હરિશ્ચંદ્ર પોતાના મનનો પૃથ્વીમાં, પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુને આકાશમાં, આ આકાશને અહંકારમાં અને અહંકારનો મહત્તત્વમાં લય કરી, તેનાથી શુદ્ધ જ્ઞાનકલાનું આત્મસ્વરૂપે ધ્યાન કરી, તે ધ્યાનવૃત્તિ જ્ઞાનકલા વડે અજ્ઞાનને બાળી નાખ્યું હતું. પછી મોક્ષસુખના અનુભવજ્ઞાનથી જ્ઞાનકળાને પણ ત્યજી હરિશ્ચંદ્ર સર્વ બંધનોથી છૂટી વર્ણવવાને અશક્ય અને તર્કમાં પણ ન આવી શકે એવા સ્વરૂપમાં સ્થિતિ પામ્યા હતા. ૧-૨૭

हित्वा तां स्वेन भावेन निर्वाणसुखसंविदा । अनिर्देश्याप्रतर्क्येण तस्थौ विध्वस्तबन्धनः ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## સગરના પુત્રો કપિલના અપરાધથી બળી ગયા

॥ श्रीशुक उवाच ॥

हरितो रोहितसुतश्चम्पस्तस्माद्विनिर्मिता । चम्पापुरी सुदेवोऽतो विजयो यस्य चात्मजः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** રોહિતને હરિત નામે પુત્ર હતો. તેને ચંપ નામનો પુત્ર હતો. જેણે ચંપા નગરી વસાવી છે. એ ચંપનો સુદેવ, સુદેવનો વિજય, વિજયનો ભરુક, ભરુકનો વૃક અને વૃકને બાહુક નામે પુત્ર હતો. એ બાહુક રાજા પાસેથી શત્રુઓએ પૃથ્વી લઈ લીધી હતી તેથી સ્ત્રી સાથે તે વનમાં ચાલ્યો ગયો હતો. ત્યાં એ વૃદ્ધ રાજા મરણ પામ્યો એટલે તેની રાણી પાછળ મરવા તૈયાર થઈ, ત્યારે ઔર્વ નામના ઋષિએ સગર્ભા જાણી મરતી અટકાવી. પછી 'તે રાણીને ગર્ભ છે' એમ જાણીને તેની શોક્યોએ અન્ન સાથે તેને ઝેર આપ્યું (પણ તે ઝેરથી ગર્ભનો નાશ થયો નહિ, પરંતુ એ ઝેરની સાથે જ તે જન્મ્યો અને તે ઉપરથી મહાયશસ્વી તે રાજા સગર એ નામે પ્રસિદ્ધ થયો. સગરરાજા ચક્રવર્તી હતો, જેના પુત્રોએ સાગરની રચના કરી છે. વળી જે સગરરાજાએ તાલજંઘ, યવન, શક, હૈહય તથા બર્બર જાતિના લોકોને પોતાના ગુરુ ઔર્વઋષિના વચનથી મારી નાખ્યા ન હતા, પણ કેટલાકને મૂંડેલા, કેટલાકને દાઢીમૂછવાળા, કેટલાકને છૂટા કેશવાળા, કેટલાકને અર્ધા મૂડેલા, કેટલાકને અંદર વસ્ત્રવાળા અને બીજા કેટલાકને બહાર વસ્ત્રવાળા, એમ બેડોળ વેશવાળા કર્યા હતા. તે રાજાએ અશ્વમેધ યજ્ઞો કરી સર્વવેદમય, સર્વદેવમય, સર્વના આત્મા અને સર્વના ઈશ્વર શ્રીહરિનું ઔર્વઋષિએ દર્શાવેલા ઉપાયથી યજન કર્યું હતું. યજ્ઞો કરતી વેળા એક વખતે તેણે છૂટા મૂકેલા અશ્વમેધના ઘોડારૂપી પશુને ઇંદ્ર હરી ગયો. તે રાજાને બે સ્ત્રીઓ હતી : સુમતિ અને કેશિની. જ્યારે ઇંદ્ર ઘોડો હરી ગયો ત્યારે રાજાની આજ્ઞા થતા સુમતિના ગર્વિષ્ઠ પુત્રો પિતાની આજ્ઞા માનનારા હોઈ તેઓએ ઘોડાની શોધ કરતાં પૃથ્વી ચોતરફથી ખોદી નાખી. પછી તેઓએ ઈશાન ખૂણામાં કપિલઋષિ પાસે તે ઘોડો જોયો. એટલે તેઓ બોલી ઊઠ્યા : 'ઘોડાને ચોરી જનારો આ ચોર આંખો મીંચી અહી બેઠો છે; માટે મારો મારો આ પાપીને' એમ બોલતા તે તે સાઠ હજાર સગરપુત્રો હથિયાર ઉગામી કપિલઋષિની સામે ધસી ગયા કે તરત જ કપિલમુનિએ (સમાધિમાંથી જાગી) નેત્રો ઉઘાડી નાખ્યાં. તેટલામાં તે ઈન્દ્રે જેમનાં ચિત્ત હરી લીધાં હતાં અને જેમણે કપિલ જેવા મહાપુરુષનો અપરાધ કર્યો હતો. તેવા આઠ હજાર સગરપુત્રો એક ક્ષણમાં પોતાના જ શરીરની અગ્નિથી બળી ભસ્મ થઈ ગયા. અહી કેટલાક લોકો કહે છે કે મહારાજ સગરના પુત્રો કપિલમુનિના કોપથી બળી ગયા, પણ

આમ કહેવું ઠીક નથી, કેમ કે જેમનો આત્મા જગતને પવિત્ર કરનાર હતો તે શુદ્ધ સર્વગુણમૂર્તિ કપિલઋષિમાં ક્રોધમય તમોગુણ કેમ હોય ? આકાશમાં કદી પૃથ્વીની ‘રજ હોય ? ન જ હોય ? (તેમ કપિલ જેવા જ્ઞાની મહાત્મામાં ક્રોધનો કદી સંભવ જ ન હોય.) વળી જે કપિલ દેવે આ સંસારસમુદ્રમાં સાંખ્યશાસ્ત્રરૂપ મજબૂત નાવ ચાલુ કરી છે. જેના સાધનબળથી મુમુક્ષુ મનુષ્ય મૃત્યુના માર્ગરૂપ આ દુર્લંઘ્ય સંસારસમુદ્ર તરી જાય છે, તે મહાજ્ઞાની અને પરમાત્મસ્વરૂપ કપિલ ભગવાનને ‘આ મારો શત્રુ છે’ વગેરે ભેદબુદ્ધિ કેમ હોય ? સગરરાજાને કેશિની નામની સ્ત્રીમાં અસમંજસ નામે પુત્ર થયો હતો. તેને પુત્ર અંશુમાન નામે હતો, જે દાદા સગરરાજાનું હિત કરવા આસક્ત રહેતો હતો. અસમંજસ રાજા પૂર્વજન્મમાં યોગી હતા, પણ સંગને લીધે યોગથી ભ્રષ્ટ થયો હતો; છતાં તેને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું હતું; તેથી (ફરી લોકોનો સંગ ન થાય તે માટે) તે પોતાને અયોગ્ય હોય તેમ બતાવવા લાગ્યો. લોકમાં નિંદ્ય કર્મ તથા જ્ઞાતિઓનું અપ્રિય કરવા લાગ્યો અને રમતાં છોકરાંને સરયુનદીમાં ફેંકી દઈ લોકોને કંટાળો આપવા લાગ્યો. તેણે આવું નિંદ્ય વર્તન કરવા માંડયું એટલે તેના પિતા સગરરાજાએ તેના પરનો સ્નેહ છોડી તેનો ત્યાગ કર્યો; એટલે યોગના ઐશ્વર્યથી (સરયૂ નદીમાં) ફેકી દીધેલાં બાળકોને ફરી જીવતાં કરી બતાવી ત્યાંથી તે ચાલ્યો ગયો. હે રાજન્ ! અયોધ્યાવાસી સર્વ લોકો પોતાનાં છોકરાંને ફરી આવેલાં જોઈ આશ્ચર્ય પામ્યા અને સગરરાજાએ પશ્ચાત્તાપ કર્યો. પછી સગરરાજાએ અંશુમાનને ઘોડાની શોધ કરવા આજ્ઞા કરી; એટલે તેણે પોતાના કાકાઓએ ખોદી કાઢેલા ખાડાઓને માર્ગે જઈ જોયું તો રાખના ઢગલા પાસે ઘોડાને જોયો. અને ત્યાં બેઠેલા ભગવાન કપિલમુનિને જોઈ તે મહારાજાએ (અંશુમાને) બે હાથ જોડી એકાગ્રચિત્તે પ્રણામ કરી આ પ્રમાણે તેમની સ્તુતિ કરી.

**અંશુમાન બોલ્યા :** બ્રહ્મા પોતે પોતાનાથી પર આપને સમાધિથી પ્રત્યક્ષસ્વરૂપે અથવા તર્કોથી પરોક્ષ રીતે હજી સુધી જાણી શકયા નથી; તે તે બ્રહ્માનાં મન, શરીર તેમ જ બુદ્ધિની સૃષ્ટિઓમાં ઉત્પન્ન થયેલા અમે હાલના અજ્ઞાનીઓ આપને ક્યાંથી જાણી શકીએ ? સંસારના શરીરધારી જીવો સત્વગુણ, રજોગુણ અથવા તમોગુણ પ્રધાન છે. તેઓ જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં કેવળ ગુણમય પદાર્થોને અને વિષયોને જુએ છે અને સુષુપ્તિ અવસ્થાઓમાં કેવળ અજ્ઞાનને જ જુએ છે; કારણ કે તેઓ આપની માયાથી મોહિત થઈ રહેલા છે. તેઓ બહિર્મુખ હોવાથી બહારની વસ્તુઓને જુએ છે પણ પોતાના જ હૃદયમાં રહેલા આપને જોઈ શકતા નથી. આપ શુદ્ધ જ્ઞાનમૂર્તિ હોઈ સ્વાભાવિક રીતે જ માયાગુણના નિમિત્તરૂપ ભેદ તથા મોહનો નાશ કરનારા સનંદન આદિ મુનિઓથી જાણવા યોગ્ય છો; તે આપને હું મૂઢ શી રીતે જાણી શકું ? માટે હે અત્યંત શાંતમૂર્તિ પુરાણપુરુષ દેવ ! આપને અમે કેવળ નમસ્કાર જ કરીએ છીએ. માયાના ગુણો, જગતની સૃષ્ટિ વગેરે કર્મો અને બ્રહ્માદિ સ્વરૂપો આપનાં જ છે. આપ કાર્ય, કારણ અથવા પુણ્ય કે પાપથી રહિત છો અને તેથી જ નામ તથા રૂપથી રહિત છો; તોપણ લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવા આપે શરીર લીધું છે. આ લોક આપની માયા વડે રચાયેલો છે. તેમાં જેઓનાં મન, કામ, લોભ, ઈર્ષા તથા મોહથી ભમેલાં છે, તેનો ઘર વગેરે પદાર્થોમાં ‘આ બધી વસ્તુઓ સાચી છે‘ આવી બુદ્ધિથી ભટકે છે. હે સર્વ પ્રાણીઓના આત્મા ! આજે આપનાં દર્શન થવાથી કામવાસનાઓ, કર્મો તથા ઇંદ્રિયોના આશ્રયરૂપ અમારો દૃઢ મોહપાશ કપાયો છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** ‘‘હે રાજા ! એ રીતે જેમનો પ્રભાવ અંશુમાને ગાયો હતો, એવા ભગવાન કપિલમુનિએ બુદ્ધિથી અંશુમાન ઉપર કૃપા કરી તેને આ રીતે કહ્યું.

શ્રીભગવાન બોલ્યા : હે પુત્ર ! આ ઘોડો તારા દાદાનો યજ્ઞપશુ છે, માટે તેને તું લઈ જા અને આ તારા કાકાઓ બળી ગયા છે, તેઓ માટે ગંગાજળ જ યોગ્ય છે, બીજુ કાંઈ યોગ્ય નથી અર્થાત્ તેમના ઉદ્ધાર માટે ગંગાને લાવીને તેના જળથી જ તેઓની ઉત્તરક્રિયા તારે કરવી.

પછી અંશુમાન કપિલ ભગવાનને પ્રદક્ષિણા કરી મસ્તક નમાવી તેમને પ્રસન્ન કરી પોતાને ત્યાં ઘોડો લઈ ગયો; એટલે સગરરાજાએ તે યજ્ઞપશુથી યજ્ઞના બાકી રહેલા ભાગને પૂર્ણ કર્યો. પછી અંશુમાનને રાજય આપી પોતે નિઃસ્પૃહ તથા બંધનમુક્ત થઈ ઋષિએ દર્શાવેલા માર્ગે સર્વોત્તમ ગતિ પામ્યો. ૧-૩૧

राज्यमंशुमतिन्यस्य निःस्पृहो मुक्तबन्धनः और्वापदिष्टमार्गेण लेभे गतिमनुत्तमम् ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## ભગીરથ પૃથ્વી પર ગંગાજી લાવ્યા

॥ श्रीशुक उवाच ॥

अंशुमांश्च तपस्तेपे गङ्गानयनकाम्यया । कालं महान्तं नाशक्नोत्ततः कालेन संस्थितः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** (પોતાના પુત્રને રાજય સોંપી) અંશુમાને ગંગાજી લાવવાની ઈચ્છાથી ઘણા લાંબા સમય સુધી તપશ્ચર્યા કરી; પણ ગંગાજી તે લાવી શક્યો નહિ અને કાળે કરી મરણ પામ્યો. એ જ પ્રમાણે તેના પુત્ર દિલીપરાજા પણ ગંગાને લાવી શક્યો નહિ અને મરણ પામ્યો, એટલે તેના પુત્ર ભગીરથે (ગંગાને લાવવા) ઘણી મોટી તપશ્ચર્યા કરવા માંડી. દેવી ગંગાએ તેના પર પ્રસન્ન થઈ તેને દર્શન દીધાં અને હું તારા પર પ્રસન્ન થઈ છું અને તને વરદાન આપું છું'' એમ તેને કહ્યું. એટલે રાજાએ નમન કરી પોતાનો અભિપ્રાય જણાવ્યો. ત્યારે ગંગાએ તેને કહ્યું : '' હે રાજા ! હું જયારે પડું ત્યારે મારા વેગને ઝીલનાર કોઈ જોઈશે, નહિ તો પૃથ્વી ફાડીને હું રસાતલમાં પેસી જઈશ. વળી હું પૃથ્વી પર તો જઈશ જ નહિ; કેમ કે હે રાજન્ ! હું પૃથ્વી પર જાઉં અને ત્યાં લોકો મારામાં પાપ ધૂએ તે પાપને હું કયાં ધોઉં તેનો પણ તારે વિચાર કરવો જોઈએ.'

**ભગીરથ બોલ્યો :** 'સર્વ સંગને તજનાર, શાંત, બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરનારા સત્પુરુષો તમારા અંગનો સંગ કરી તમારાં પાપો દૂર કરશે, કેમ કે તેવા સત્પુરુષોમાં પાપોનો નાશ કરનારા શ્રીહરિ બિરાજે છે; તેમ જ પ્રાણીઓના આત્મા શંકર ભગવાન તમારા વેગને ઝીલશે, જે શંકર ભગવાન વિષે, તાંતણામાં જેમ સાડી રહે છે તેમ આ જગત પરોવાઈ રહ્યું છે.' એમ કહી તે રાજાએ ભગવાન શંકરને તપથી પ્રસન્ન કર્યા. હે રાજન્ ! શંકર ભગવાન તેના પર થોડા સમયમાં જ પ્રસન્ન થયા. અને સર્વ લોકના હિતકારી તેમણે તથાસ્તુ કહી અત્યંત સાવધાન થઈ શ્રીહરિના ચરણથી પવિત્ર જળવાળાં ગંગાજીને મસ્તક પર ઝીલ્યાં. પછી રાજર્ષિ ભગીરથ જગતને પવિત્ર કરનાર તે ગંગાજીને પોતાનાં પિતૃઓના શરીરો જ્યાં ભસ્મ થઈ પડ્યાં હતાં ત્યાં લઈ ગયો. તે વેળા ભગીરથરાજા વાયુ સમાન વેગવાળા રથમાં બેસી આગળ આવ્યોઃ એટલે તેની પાછળ વેગથી વહીને દેશોને પવિત્ર કરતી ગંગાએ સગરરાજાના બળી ગયેલા પુત્રોને (પોતાના જળથી) નવડાવ્યા હતા. એ રીતે સગરના પુત્રો બ્રહ્મદંડથી નાશ પામ્યા હતા અને તેમના શરીરની કેવળ રાખ જ રહી હતી, તોપણ ગંગાજીના જળનો માત્ર સ્પર્શ થવાથી તેઓ બધા સ્વર્ગે

ગયા હતા. સગરના પુત્રો કેવળ ભસ્મીભૂત થયેલા શરીરથી પણ જેનો સ્પર્શ કરી સ્વર્ગે ગયા હતા, તે ગંગાદેવીને જે લોકો વ્રતધારી થઈ સેવે છે, તેઓ સ્વર્ગે જાય એમાં શું કહેવાનું હોય ? ભગવાનના ચરણકમળથી ઉત્પન્ન થયેલા અને સંસારબંધનનો નાશ કરનારાં ગંગાજીનું પરમ આશ્ચર્યકારક ચરિત્ર અહીં જે કહ્યું , એ અતિ આશ્ચર્ય જેવું નથી. કેમ કે જે ભગવાનમાં શ્રદ્ધાપૂર્વક મન સ્થાપી પવિત્ર થયેલા મુનિઓ દુત્સ્યજ દેહસંબંધને ત્યજી તત્કાળ એ ભગવત્સ્વરૂપ પામ્યા છે. (તે ભગવાનનું પાદજળ ગંગા પવિત્ર હોય એમાં શું આશ્ચર્ય છે?) એ ભગીરથથી શ્રુત નામે પુત્ર થયો, શ્રુતનો નાભ, નાભથી સિંધુદ્વીપ, સિંધુદ્વીપથી અયુતાયુ અને અયુતાયુથી ઋતુપર્ણ નામે પુત્ર થયો હતો, જે નળરાજાનો મિત્ર હોઈ નળરાજાને જુગારની વિદ્યાનું રહસ્ય આપી તેની પાસેથી અશ્વવિદ્યા પામ્યો હતો. તેનો પુત્ર સર્વકામ, સર્વકામનો સુદાસ અને સુદાસનો સૌદાસ નામે પુત્ર હતો. જે મદયંતીનો પતિ હતો અને જેને ક્યાંક મિત્રસહ તથા કલ્માષપાદ નામથી પણ લોકો કહે છે. એ સૌદાસ વસિષ્ઠના શાપથી રાક્ષસ થયો હતો અને પોતાના કર્મને લીધે સંતાનરહિત હતો.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** મહાત્મા સૌદાસને ગુરુને શાપ કયા કારણે થયો હતો એ જાણવા અમે ઈચ્છીએ છીએ, માટે તે જો ગુપ્ત રાખવા જેવું ન હોય તો આપ કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** સૌદાસે મૃગયા માટે ફરતાં એક રાક્ષસને મારી નાખ્યો ને તે રાક્ષસના ભાઈને છોડી મૂક્યો; જેથી તે રાક્ષસ ભાઈના વેરનો બદલો લેવાની ઈચ્છાથી સૌદાસના નગરમાં ગયો હતો. ત્યાં તેણે રાજા કઈ રીતે અપરાધમાં આવે, તે વિચારી તેને ઘેર રસોઈયાનું રૂપ લીધું અને સૌદાસના ગુરુ વસિષ્ઠને જમવાની ઈચ્છા થઈ ત્યારે રસોઈયાનું રૂપ ધરનાર તે રાક્ષસ મનુષ્યનું માંસ રાંધી તેમને માટે લાવ્યો હતો. ભગવાન વસિષ્ઠે તે પીરસાતા માંસને અભક્ષ્ય જાણી, ક્રોધાયમાન થઈ રાજાને શાપ આપ્યોઃ 'આમ કરવાથી તું રાક્ષસ થઈશ.' પછી એ કામ તો રાક્ષસે કર્યું હતું એમ જાણી વસિષ્ઠે એ શાપને બાર વર્ષની અવધિનો કર્યો હતો. એ સમયે સૌદાસ પણ હાથમાં જળ લઈ ગુરુને શાપ દેવા તૈયાર થયો હતો, પણ તેની સ્ત્રી મદયંતીએ તેને તેમ કરતાં રોક્યો હતો. એ પછી તે રાજાએ દિશાઓ, આકાશ તથા પૃથ્વી એ સર્વને જીવમય જોઈ એ (શાપ માટેનું) તીક્ષ્ણ જળ પોતાના પગ પર જ ઢોળ્યું હતું. (તેથી તેના પગ કાળા થઈ ગયા ને લોકમાં તે 'કલ્માષપાદ' એ નામ વડે પ્રસિદ્ધ થયો.) એમ સૌદાસ રાક્ષસપણું પામ્યો હતો ને તેને પગે કાળાશ થઈ હતી. એક સમયે (રાક્ષસપણામાં જંગલમાં ફરતા) તેણે વનમાં રહેતાં બ્રાહ્મણ તથા બ્રાહ્મણીને મૈથુન સમયે જોયાં. તે વેળા ક્ષુધાથી તેણે બ્રાહ્મણને પકડ્યો એટલે તે બ્રાહ્મણની સ્ત્રીએ કરગરીને તેને કહ્યું : "હે વીર ! તું સાક્ષાત રાક્ષસ નથી. પણ ઈક્ષ્વાકુવંશનો મહારથી અને મદયંતીનો પતિ છે. તારે આવો અધર્મ કરવો યોગ્ય નથી. હું સંતાનની ઈચ્છાવાળી છું અને મારો પતિ આ બ્રાહ્મણ હજી અધૂરા મૈથુનવાળો છે; માટે તું મારા પતિને આપી દે. હે રાજન્ ! આ મનુષ્યશરીર પુરુષને સર્વ પુરુષાર્થો આપનારું છે; માટે મારા આ પતિનો નાશ કરવા સમાન છે. વળી આ બ્રાહ્મણ વિદ્વાન છે. તપ, શીલ તથા અન્ય ગુણવાળા છે અને સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે રહેલા છતાં ગુણોને લીધે ઢંકાયેલા જણાય છે, તે પરબ્રહ્મ પુરુષોત્તમની આરાધના કરવા ઈચ્છે છે. માટે હે ધર્મજ્ઞ રાજા ! બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ આ બ્રાહ્મણ રાજર્ષિઓમાં શ્રેષ્ઠ તારાથી જેમ પિતાને હાથે પુત્રનો નાશ અયોગ્ય છે, તેમ નાશને યોગ્ય કેમ હોઈ શકે ? તું સત્પુરુષોમાં માન્ય છતાં આ ઉત્તમ ને નિષ્પાપ બ્રહ્મવાદી બ્રાહ્મણના નાશને ગોવધની પેઠે કેમ ઉત્તમ માને છે? તું

આ બ્રાહ્મણને ખાવા ઈચ્છે છે, તો એમના પહેલાં જ તું મને ખાઈ જા, કેમ કે એમના વિના હું મડદાની પેઠે ક્ષણ પણ જીવીશ નહિ.' એમ તે બ્રાહ્મણી અનાથની પેઠે કરુણ ભાષણ અને વિલાપ કરતી જ રહી; તેટલામાં તો વાઘ જેમ પશુને ખાઈ જાય તેમ શાપથી મોહિત થઈ સૌદાસ પેલા બ્રાહ્મણને ખાઈ ગયો એ રીતે પોતામાં ગર્ભાધાન કરનાર પતિને સૌદાસ ખાઈ ગયો, તે જોઈને તે સતી બ્રાહ્મણી પતિનો શોક કરતી કોપી ઊઠી. તેણે રાજાને શાપ આપ્યો : ઓ પાપી ! હું કામથી પીડાતી હતી, છતાં તું મારા પતિને ખાઈ ગયો; માટે ઓ મૂર્ખ ! તારું પણ ગર્ભાધાન કરતાં જ મૃત્યુ થશે એવો હું તને શાપ આપું છું.' એમ સૌદાસને શાપ આપી પતિલોકમાં જવા તત્પર થયેલી તે બ્રાહ્મણી બળતા અગ્નિમાં પતિનાં હાડકાં નાખી સ્વામીની ગતિને પામી. પછી બાર વર્ષ પૂરાં થયાં એટલે શાપથી છૂટી સૌદાસ મૈથુન કરવા તૈયાર થયો એટલે તેની રાણીએ બ્રાહ્મણીનો શાપ જાણી તેને રોક્યો હતો. તે દિવસથી સૌદાસે સ્ત્રીનું સુખ છોડયું અને એ રીતે બ્રહ્મહત્યાના કર્મથી તે પ્રજારહિત રહ્યો. તેણે રાણીમાં ગર્ભાધાન કરવા વસિષ્ઠને રજા આપી હતી. વસિષ્ઠે મદયંતીમાં ગર્ભાધાન કર્યું હતું. મદયંતીએ સાત વર્ષ સુધી ગર્ભ ધારણ કર્યો, છતાં તેને પ્રસવ ન થયો. તેથી વસિષ્ઠે જ તેણીના પેટ ઉપર પથ્થર મારી પ્રસવ કરાવ્યો હતો. એ ઉપરથી તેનો જન્મેલો પુત્ર 'અશ્મક' નામે કહેવાયો. એ અશ્મકથી મૂલક નામે પુત્ર થયો હતો. જેને સ્ત્રીઓમાં છુપાવી પરશુરામથી બચાવ્યો હતો; માટે લોકો તેને 'નારીકવચ'ના નામથી કહેતા અને પરશુરામે આખી પૃથ્વી ક્ષત્રિય રહિત કરી ત્યારે તે એકલો ક્ષત્રિયના મૂળ તરીકે બચ્યો હતો; માટે તેને 'મૂલક' એ નામથી પણ લોકો કહેતા. એ અશ્મકથી દશરથ થયો, તેનાથી ઐડવિડ અને તેનો પુત્ર વિશ્વસહ નામે રાજા થયો કે જેને પુત્ર ખટ્વાંગ નામે ચક્રવર્તી રાજા થયો હતો. ખટ્વાંગને દેવોએ પ્રાર્થના કરી ત્યારે તે દુર્જય રાજાએ યુદ્ધમાં દૈત્યોનો સંહાર કર્યો હતો. પછી ('તું વરદાન માગ' એમ કહી પ્રસન્ન થયેલા દેવો પાસેથી) પોતાનું આયુષ્ય બે ઘડી જ (બાકી રહેલું) જાણી, (દેવો પાસેથી કંઈ માગ્યા વિના) નગરમાં આવી તેણે ભગવાનમાં મન સ્થાપ્યું હતું. (દેવોએ તેને વર માગવા કહ્યું ત્યારે તેણે વિચાર્યું હતું :) 'મને મારા કુળદેવ બ્રાહ્મણો કરતાં પ્રાણ, પુત્રો, લક્ષ્મી, પૃથ્વી, રાજ્ય કે સ્ત્રીઓ પણ વધુ વહાલાં નથી. મારી બુદ્ધિ બાળપણમાં પણ કદી અધર્મમાં ગઈ નથી, મેં કોઈ વસ્તુને ઉત્તમ કીર્તિવાળા ભગવાનથી જુદી જોઈ નથી. મને ત્રણ જગતના ઈશ્વર દેવોએ ઈચ્છિત વર આપ્યો છે, તો પણ મારી ભાવના કેવળ શ્રીહરિમાં જ લાગી છે; તેથી હું વર માગવાનો જ નથી; કેમ કે દેવોની પોતાની પણ ઈન્દ્રિયો બુદ્ધિને વિષયોથી વ્યગ્ર છે, જેથી પોતાના હૃદયમાં જ રહેલા નિત્યપ્રિય આત્મા પરમેશ્વરને તેઓ પણ જાણતા નથી, તો બીજાઓ કયાંથી જાણે ? માટે હું પરમેશ્વરની માયાથી રચાયેલા અને ગંધર્વનગરના જેવા જૂઠા વિષયોનો સંગ મારામાં સ્વભાવથી દઢ થયો છે; છતાં જગતકર્તા ઉપરના ભાવથી તેને ભજી તે પરમેશ્વરને જ શરણે જાઉં.' આમ ભગવાન નારાયણને વશ થયેલી બુદ્ધિથી નિશ્ચય કરી તે રાજાએ દેહાદિ પરના અભિમાનરૂપ અજ્ઞાનને ત્યજી સ્વ—સ્વરૂપનો આશ્રય કર્યો હતો કે જેને પરબ્રહ્મ અને સૂક્ષ્મ કહે છે; શૂન્ય નહિ છતાં (વાણી આદિનો વિષય હોવાથી) શૂન્યની પેઠે કલ્પે છે અને ભકતો 'ભગવાન વાસુદેવ' એમ કહે છે. ૧-૪૯

यत्तद्ब्रह्म परं सूक्ष्ममशून्यं शून्यकल्पितम् । भगवान् वासुदेवेति यं गृणन्ति हि सात्त्वताः ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

# અધ્યાય-૧૦

## શ્રીરામચંદ્રનું સંક્ષિપ્ત ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

खट्वाङ्गाद्दीर्घबाहुश्च रघुस्तस्मात् पृथुश्रवाः । अजस्ततो महाराजस्तस्माद्दशरथोऽभवत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ખટ્વાંગથી દીર્ઘબાહુ, દીર્ઘબાહુથી મોટી કીર્તિ વાળો રઘુ, રઘુથી મહારાજ અજ અને અજથી દશરથ થયો. એ દશરથને ત્યાં દેવોએ પ્રાર્થના કરેલા સાક્ષાત્ બ્રહ્મમય ભગવાન શ્રીહરિ અંશના પણ અંશ વડે રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન નામે ચાર પુત્રોરૂપે અવતર્યા હતા. હે રાજન્ ! તેઓમાં સીતાપતિ શ્રીરામનું ચરિત્ર તત્ત્વદ્રષ્ટા (વાલ્મીકિ આદિ) ઋષિઓએ ઘણું વર્ણવ્યું છે, જે તમે વારંવાર સાંભળ્યું હશે. (તોપણ અહીં ટૂંકમાં કહું છું, સાંભળો.) જે શ્રીરામચંદ્રજી પિતા માટે રાજ્ય તજી સીતાજીના હાથનો પણ સ્પર્શ ન સહે તેવા કમળ સમાન કોમળ પગથી એક વનથી બીજે વન ભટક્યા હતા, જેમનો માર્ગનો થાક હનુમાન તથા લક્ષ્મણજીએ દૂર કર્યો હતો; શૂર્પણખાનાં નાકકાન કાપી તેને વિરૂપ કરવાથી (તેણે ચડાવેલા રાવણે સીતાનું હરણ કર્યું ત્યારે) પ્રિયાના વિરહને લીધે ઉત્પન્ન થયેલા ક્રોધથી જેમની ભ્રૂકુટિ ચડી હતી અને તે ભ્રૂકુટિના વિલાસમાત્રમાં જેમનાથી સમુદ્ર ત્રાસ પામ્યો હતો અને (પછી સમુદ્રની વિનંતિથી) જેમણે સમુદ્ર પર સેતુ બાંધ્યો હતો, તે રાવણ વગેરે નીચ પુરુષોના વનને દાવાનળ સરખા શ્રીરામચંદ્રજી અમારું રક્ષણ કરો. જેમણે વિશ્વામિત્રના યજ્ઞમાં મારીચ વગેરે મોટા રાક્ષસોનો લક્ષ્મણના દેખતાં જ નાશ કર્યો હતો. પછી હે રાજા ! જેમણે સીતાના સ્વયંવરમંડપમાં જગતના વીરપુરુષોની સભા વચ્ચે ત્રણસો માણસોએ આણેલા શંકરના ઉગ્ર ધનુષ્યને શેરડીના સાંઠાની પેઠે રમત માત્રમાં ઉઠાવી સજજ કર્યું હતું અને પછી તે ધનુષ્યને ખેંચી નાના હાથી જેવી રમતથી રામચંદ્રજીએ વચમાંથી જ ભાંગી નાખ્યું હતું. પછી પોતાને યોગ્ય રૂપ, ગુણ, શીલ, વય તથા અંગના સ્વરૂપવાળાં અને પૂર્વકાળમાં જેમણે વક્ષઃસ્થળ ઉપર રહી માન મેળવ્યું હતું એવાં સીતાદેવી નામનાં લક્ષ્મીને (ધનુષ્યભંગની શરતમાં) જીતી ત્યાંથી માર્ગે જતાં (ધનુર્ભંગનો મહાનાદ સાંભળવાથી ખળભળેલા) ભૃગુપતિ પરશુરામના જામેલા ગર્વને દૂર કર્યો હતો, જે પરશુરામે એક્વીસ વખત પૃથ્વીને ક્ષત્રિયના બીજ વિનાની કરી હતી. પછી રામચંદ્રે સત્યના પાશથી બંધાયેલા અને સ્ત્રીલંપટ એવા પિતા દશરથની પણ આજ્ઞા માથે ચઢાવી હતી અને અનાસક્ત મનુષ્ય પ્રાણ તજે તેમ રાજ્ય, લક્ષ્મી, સંબંધીઓ, મિત્રો ને રહેઠાણ ત્યજી સ્ત્રીની સાથે પોતે વનમાં ગયા હતા. ત્યાં રાવણની બહેન શૂર્પણખા અશુદ્ધ બુદ્ધિવાળી હતી, (એટલે સીતાને લઈ જવા ઈચ્છતી હતી) તેના રૂપને (નાકકાન કાપી) જેમણે બેડોળ કર્યું હતું અને તેના ભાઈ ખર, ત્રિશિરા તથા દૂષણ જેમાં મુખ્ય હતા એવા ચૌદ હજાર રાક્ષસને સંહાર્યા હતા ને હાથમાં અસહ્ય ધનુષ્ય લઈ અનેક પ્રકારની મુશ્કેલીઓથી ભરેલા વનમાં પરિભ્રમણ કરતાં નિવાસ કર્યો હતો. પછી હે રાજા ! સીતાની વાત સાંભળવાથી જેને કામવાસના પ્રકટી હતી, એવા રાવણે મોકલેલા અને અદ્ભુત મૃગના શરીરને ધરનારા મારીચ રાક્ષસને જોઈ (તેને પકડી લાવવા સીતાની) પ્રેરણાથી આશ્રમમાંથી તેની પાછળ ખેંચાઈ રુદ્રદેવે જેમ દક્ષને માર્યો હતો તેમ બાણથી તેને માર્યો હતો. પછી અધમ રાક્ષસ રાવણે રામચંદ્રની ગેરહાજરીમાં વરુની પેઠે વનમાં આવી સીતાજીનું હરણ કર્યું ત્યારે સ્ત્રીવિયેગી થઈ 'સ્ત્રીનો સંગ કરનારાઓની આ દશા થાય છે' એમ જગતને બતાવવા

રાંક મનુષ્યની પેઠે વનવગડે ભટક્યા હતા. પછી સીતાજીના રક્ષણરૂપી પોતાનું કામ કરવા જતાં રાવણ સાથેના યુદ્ધમાં જે મરાયો હતો અને જેને માટે અગ્નિદાહસંસ્કાર વગેરે શાસ્ત્રીય કૃત્ય પણ કોઈ કરનાર ન હતું તે જટાયુનો જેમ પુત્ર પિતાનો અગ્નિસંસ્કાર કરે તેમ જેમણે અગ્નિસંસ્કાર કર્યો હતો અને (બંને બાહુઓ પહોળા કરી પોતાને પકડવા આવેલા રાક્ષસ) કબંધનો નાશ કર્યો હતો. પછી વાલીનો નાશ કરી વાનરોની સાથે મિત્રતા કરી તેઓ દ્વારા સીતાના સમાચાર જાણ્યા અને બ્રહ્મા તથા શંકરે પણ જેમના ચરણને પૂજ્યા હતા, એવા તે મનુષ્યસ્વરૂપી ભગવાન રામ વાનરરાજાઓની સેનાઓ સાથે સમુદ્રકિનારે ગયા હતા. (ત્યાં ત્રણ દિવસના ઉપવાસો કરી સમુદ્રની રાહ જોઈ, તોપણ સમુદ્ર ન આવ્યો ત્યારે) જેમના ક્રોધના વિલાસથી ફેંકાયેલો કટાક્ષ પડતાં જ જેની અંદર મોટાં માછલાં અને મગરમચ્છો ખળભળી ઊઠયાં હતાં અને ભયને લીધે જેની ગર્જના પણ બંધ પડી હતી એવો સમુદ્ર સાક્ષાત પ્રકટ થઈ માથા પર સર્વ પૂજાસાહિત્ય લઈ ભગવાન રામના ચરણકમળની સમીપ હાજર થયો હતો અને આમ બોલ્યો હતોઃ હે વ્યાપક દેવ ! જડ બુદ્ધિવાળા અમે, જગતના અધીશ્વર અને નિર્વિકાર આપ આદિપુરુષને જાણતા નથી. જેમને વશ રહેનારા સત્ત્વગુણથી દેવગણો, રજોગુણથી પ્રજાપતિઓ અને તમો ગુણથી ભૂતપતિઓ ઉત્પન્ન થાય છે, તે આપ ગુણોના નિયંતા છો. હે વીર ! આપ ભલે સુખેથી આગળ જાઓ. ત્રૈલોક્યને રડાવનાર વિશ્રવાની વિષ્ઠા તુલ્ય પુત્ર(રાવણ)નો નાશ કરો; સીતાને પાછી લાવો અને આપના યશનો વિસ્તાર કરવા મારા ઉપર સેતુ બાંધો; જે સેતુની પાસે આવી (ભવિષ્યના) દિગ્‌વિજયી રાજાઓ આપનો યશ ગાશે.' પછી રઘુપતિ રામચંદ્ર મોટા વાનરોના હાથથી ઉઠાવવાથી જેના ઉપરની વૃક્ષશાખાઓ ડોલતી હતી એવા અનેક પર્વતો તથા શિખરો વડે સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો અને (તે સેતુ ઉપર થઈને) સુગ્રીવ, નીલ, હનુમાન વગેરેની સેનાઓ સાથે વિભીષણની સલાહ અનુસાર લંકામાં પ્રવેશ કર્યો, જે લંકા હનુમાનજીએ પ્રથમથી જ બાળી મૂકી હતી. તે વેળા લંકાનાં વિહારક્ષેત્રો, કોઠાઓ, ખજાનાઓ, મકાનો, બારણાંઓ, દરવાજાઓ, સભાગૃહો, ઉપરનાં ઘરો તથા ચબૂતરાઓ સુધ્ધાંને વાનરોએ ઘેરી લીધાં હતાં અને વેદિકાઓ, ધજાઓ, સોનાના કળશો તેમ જ ચૌટાંઓ પણ વાનરો ભાંગી રહ્યા હતા; તેથી જેમ હાથીઓનાં ટોળાં વડે નદી ડહોળાઈ જાય, તેમ લંકા ખળભળી ગઈ હતી. તે જોઈ રાક્ષસરાજ રાવણે નિકુંભ, કુંભ, ધૂમ્રાક્ષ, દુર્મુખ, સુરાંતક, નરાંતક વગેરેને, પુત્ર ઈન્દ્રજિતને તથા પ્રહસ્ત, અતિકાય અને વિકંપન વગેરે સર્વ સેવકોને તથા કુંભકર્ણને પણ યુદ્ધ કરવા મોકલ્યા હતા. એ રાક્ષસોની સેનાનો તલવાર, ત્રિશૂલ, ધનુષ્ય, ભાલા, બેધારી તલવારો, શકિતઓ, બાણો, તોમરો તથા ખડ્‌ગોને લીધે સામનો કરવો મુશ્કેલ હતો; તોપણ રામચંદ્રજી, સુગ્રીવ, લક્ષ્મણ, હનુમાન, ગંધમાદન, નીલ, અંગદ, જાંબવાન તથા પનસ વગેરે સાથે તેની સામે ધસી ગયા હતા. એ વેળા રઘુપતિના તે બધાં અંગદ વગેરે સેનાપતિઓએ રાવણના હાથીઓ, પાળાઓ, રથીઓ તથા ઘોડેસવારોના સૈન્ય સાથે ભારે દ્વંદ્વયુદ્ધ કર્યું અને સીતાનો સ્પર્શ કરવાથી જેનું મંગળ નાશ પામ્યું હતું, એવા રાવણના યોદ્ધાઓને વૃક્ષો, પર્વતો, ગદાઓ તથા બાણોથી તેઓએ મારી નાખ્યા. રાક્ષસોનો રાજા રાવણ પોતાના સેન્યનો એમ નાશ થતો જોઈ ક્રોધાયમાન થઈ રથમાં બેસી રામચંદ્રજીની સામે ધસ્યો હતો ને માતલિ સારથિએ આણેલા તેજસ્વી સ્વર્ગીય રથમાં પ્રકાશતા રામચંદ્ર પર તેણે અસ્ત્રો જેવાં તીક્ષ્ણ બાણોનો મારો ચલાવ્યો હતો. તે સમયે શ્રીરામે તેને કહ્યું હતુંઃ 'ઓ તુચ્છ રાક્ષસ ! તે દુષ્ટે અમારી ગેરહાજરીમાં કૂતરાની પેઠે આવી અમારી સ્ત્રીનું હરણ કર્યું છે માટે કાળની પેઠે નહિ ઓળંગવા યોગ્ય પરાક્રમવાળો હું આજે તે નિંદ્ય કર્મ

કરનાર નિર્લજ્જ તને તેનું ફળ આપું છું,' આવો તિરસ્કાર કરી શ્રીરામચંદ્રે ધનુષ્યમાં સાંધેલું વજ્ર જેવું બાણ છોડયું હતું, જેણે રાવણનું હૃદય ચીરી નાખ્યું હતું. એ સમયે જેમ પુણ્યશાળી જીવ પુણ્યથી પરવારી વિમાનમાંથી પૃથ્વી પર પડે, તેમ રાવણ પણ દશે મુખોમાંથી લોહી ઓક્તો, હાહાકાર કરતો, લોકોની વચ્ચે વિમાન પરથી નીચે પડ્યો હતો. પછી હજારો રાક્ષસીઓ, મંદોદરી સાથે લંકામાંથી નીકળી રડતી રડતી ત્યાં દોડી ગઈ હતી. તેઓ લક્ષ્મણનાં બાણોથી ઘાયલ થયેલા પોતપોતાના સંબંધીઓને ભેટી ઉચ્ચ સ્વરે રડતી હતી અને દીન બની પોતાના શરીર પર પ્રહારો કરતી આવા વિલાપ કરતી હતીઃ 'લોકને રડાવનાર રાવણ ! હે નાથ ! અમે હવે હણાઈ ગયાં. અફસોસ ! શત્રુઓથી પીડાયેલી આ લંકા તમારા વિનાની થઈ હવે કોને શરણે જશે ? હે મહાભાગ્યશાળી ! તમે કામને વશ થઈ સીતાના તેજનો પ્રભાવ જાણી શક્યા નહિ. જેથી આ દશા પામ્યા છે. ઓ કુળનંદન ! તમે આ લંકાને તથા અમને વિધવા કરી છે શરીરને ગીધડાંનું અન્ન કર્યું છે અને આત્માને નરકભોગ માટે તૈયાર કર્યો છે.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી વિભીષણે શ્રીરામચંદ્રજીની સંમતિ પ્રમાણે (મરણ પામેલા) સંબંધીઓના પિતૃયજ્ઞના વિધિથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઉત્તરક્રિયા કરી. પછી ભગવાન રામચંદ્ર અશોકવાટિકારૂપ આશ્રમમાં સીસમના ઝાડ નીચે બેઠેલાં અને પોતાના વિરહનો જેમને વ્યાધિ હતો એવાં દુર્બળ સીતાને જોયાં. તે વખતે પોતાના દર્શનના આનંદથી જેમનું મુખકમળ પ્રફુલ્લ બન્યું હતું, એવાં પ્રિયતમા સીતાને રંક સ્થિતિમાં જોઈ રામચંદ્રજીને તેમના ઉપર દયા આવી. તે ભગવાને સીતાજીને વિમાનમાં બેસાડ્યાં અને પછી પોતે પણ લક્ષ્મણ, સુગ્રીવ તથા હનુમાન સાથે વિમાનમાં બેઠા. તેમણે વિભીષણને રાક્ષસગણોનો રાજા બનાવી લંકાનગરી આપી અને કલ્પ સુધીનું આયુષ્ય આપ્યું. (પછી વિભીષણને પણ સાથે લઈ) માર્ગમાં લોકપાલોએ અર્પણ કરેલાં પુષ્પોથી વધાવાતા અને બ્રહ્મા વગેરેથી હર્ષપૂર્વક સ્તુતિ કરાતા શ્રીરામચંદ્ર અયોધ્યાનગરી તરફ વિદાય થયા; (કેમ કે પિતાની આજ્ઞા પાળવારૂપી વ્રત તેમણે પૂર્ણ રીતે પાળ્યું હતું.) એ સમયે તેમણે સાંભળ્યું કે મારો ભાઈ ભરત (નંદિગ્રામમાં રહી મારી રાહ જોતો મારા વનવાસથી માંડી) ગાયના મૂત્રમાં રાંધેલી જવની રાબડી જ ખાય છે; વલ્કલવસ્ત્ર પહેરે છે, જટા ધારણ કરે છે અને જમીન પર કંઈ પાથર્યા વિના સૂઈ રહે છે. એથી મહાદયાળુ શ્રીરામચંદ્રજીને દુઃખ થયું. બીજી તરફ ભરતજી મોટા ભાઈ રામચંદ્રજીને આવેલા સાંભળી તેમની પાવડીઓ માથે મૂકી નગરવાસીઓ, મંત્રીઓ તથા પુરોહિત સાથે પોતાની છાવણી નંદિગ્રામથી ગીત અને વાદિત્રોની ગર્જનાઓ સાથે તેમની સામે ગયા. તે વેળા વારંવાર વેદ ભણતા વેદવાદીઓના વેદઘોષ, સોનેરી છેડાવાળી પતાકાઓ, રંગબેરંગી ધજાઓવાળા અને સોનેરી સાજવાળા ઉત્તમ ઘોડાઓ જોડેલા સોનાના રથો, સોનેરી બખ્તરોવાળા યોધ્ધાઓ, જાતજાતનાં વેપારી મંડળો, વેશ્યાઓ તથા પગલે પગલે પાછળ ચાલનારા સેવકો, બધાંની સાથે રાજાના ચિહ્ન રૂપ છત્ર, ચામર તથા નાનીમોટી બીજી ભેટની વસ્તુઓ પણ સાથે લઈ ભરતજી શ્રીરામચંદ્રજીની સામા ગયા અને પ્રેમ વડે પીગળેલાં હૃદય તથા નેત્રથી તેમની આગળ પેલી પાવડીઓ મૂકી બે હાથ જોડી તેમના પગમાં પડયા. એ વખતે ભરતજીનાં નેત્રોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. પછી શ્રીરામચંદ્ર પણ બંને બાહુઓથી ભરતને ખૂબ વાર સુધી ભેટી નેત્રનાં આંસુથી તેમને નવડાવી દીધા અને લક્ષ્મણ તથા સીતાની સાથે બ્રાહ્મણો તથા પોતાના કુળના વૃદ્ધ પુરુષોને પોતે નમસ્કાર કર્યા અને પ્રજાએ પણ શ્રીરામચંદ્રજીને પ્રણામ કર્યા. પોતાના રાજાને લાંબા વખતે આવેલા જોઈ ઉત્તરકોશલ દેશની પ્રજા ઉત્તરીય વસ્ત્રના છેડાઓ ફરકાવતી અને પુષ્પોથી તેમને વધાવતી હર્ષભેર

નાચવા લાગી. હે રાજા ! તે વખતે ભરતજીઓ શ્રીરામચંદ્રજીની પાવડીએ લીધી હતી; વિભીષણ તથા સુગ્રીવે ચામર અને પંખો લીધાં હતાં; હનુમાને (ભગવાન પર) શ્વેત છત્ર ધર્યું હતું; શત્રુઘ્ને ધનુષ્ય તથા ભાથા લીધાં હતાં; સીતાજીએ તીર્થજળનું કમંડલું લીધું હતું તથા અંગદે સોનાની તલવાર અને જાંબવાને ઢાલ લીધી હતી. ભગવાન શ્રીરામચંદ્ર સ્ત્રીઓ સાથે પુષ્પકવિમાનમાં બિરાજ્યા હતા અને બંદિજનો તેમની સ્તુતિ કરતા હતા. હે રાજા ! જેમ ચંદ્રમા ગ્રહો સાથે ઉદય પામી શોભે તેમ ભગવાન શ્રીરામચંદ્ર તે વેળા શોભતા હતા. પછી ભાઈઓથી સત્કાર પામેલા તે ભગવાને ઉત્સવોથી યુકત અયોધ્યાનગરીમાં પ્રવેશ કરી રાજમહેલમાં જઈ ઓરમાન માતાઓનો, પોતાની માતાનો, વડીલોનો, મિત્રોનો તથા પોતાથી નાની વયના સંબંધીઓનો સામેથી સત્કાર કર્યો અને સીતાજી તથા લક્ષ્મણજીએ પણ યથાયોગ્ય સર્વની મુલાકાત લીધી. પ્રાણ આવતાં શરીરો ઊભાં થઈ જાય, તેમ પોતપોતાની માતાઓ પણ પુત્રોને આવેલા જોઈ ઊભી થઈ ગઈને તેઓને ખોળામાં બેસાડી આંસુના ધોધ વરસાવતી શોકરહિત થઈ. પછી ગુરુ બૃહસ્પતિએ જેમ ઈન્દ્રનો રાજ્યાભિષેક કર્યો હતો, તેમ ગુરુ વસિષ્ઠ શ્રીરામચંદ્રજીની જટા ઉતરાવી કુળવૃદ્ધો સાથે ચાર સમુદ્રનાં જળ વગેરેથી વિધિ પ્રમાણે તેમનો રાજ્યાભિષેક કર્યો. એમ (રાજ્યાભિષેક સમયે) મસ્તક પર જેમણે સ્નાન કર્યું હતું, સુંદર વસ્ત્રો પહેર્યા હતાં અને પુષ્પોની માળાઓથી શણગારાયા હતા એવા શ્રીરામચંદ્રજીએ સુંદર વસ્ત્રો વગેરેથી અલંકૃત ભાઈઓ તેમ જ સીતાજી સાથે શોભતા હતા. પછી ભાઈ ભરતજીએ પ્રણામ કરી પ્રસન્ન કર્યા એટલે શ્રીરામચંદ્રજીએ રાજસિંહાસનનો સ્વીકાર કર્યો અને સ્વધર્મપરાયણ રહી વર્ણાશ્રમના ગુણોથી યુક્ત પ્રજાઓનું પિતાની પેઠે પાલન કર્યું, જેથી પ્રજાઓ પણ તેમને પિતા તરીકે માનવા લાગી. સર્વ પ્રાણીઓને સુખ આપનાર ધર્મવેત્તા શ્રીરામચંદ્રજી રાજા હતા, ત્યારે ત્રેતાયુગનો સમય ચાલતો હતો; પણ (રામરાજ્યના પ્રભાવથી) તે સમય સત્યયુગ જેવો થયો હતો. હે ભરતશ્રેષ્ઠ રાજન્! (રામરાજયના કાળમાં) વનો, નદીઓ, પર્વતો, ખંડ, બેટો ને સમુદ્રો એ સર્વે પ્રજાઓની કામનાઓ પૂર્ણ કરનારાં થયાં હતાં. ભગવાન શ્રીરામચંદ્ર રાજા હતા, ત્યારે માનસિક અને શારીરિક પીડાઓ, વૃદ્ધાવસ્થા, ગ્લાનિ, દુઃખ, શોક, ભય કે થાક એમાંનું કંઈ પણ ન હતું અને જેઓએ મરવાની ઈચ્છા ન હતી, તેઓનું મૃત્યુ પણ થતું ન હતું. શ્રીરામચંદ્રજી એકપત્નીવ્રત ધારણ કરનારા, રાજર્ષિઓનાં ચરિત્રને આચરનાર, પવિત્ર અને ગૃહસ્થાશ્રમનો સ્વધર્મ બીજાઓને શીખવી પોતે પણ તે ધર્મ આચરતા હતા; તેમ જ પતિના અભિપ્રાયને જાણનારાં સતી સીતાજી પણ વિનયથી નમ્ર હોઈ તેમણે પ્રેમથી પતિના કહેવા પ્રમાણે વર્તી ચરિત્રથી, બુદ્ધિથી તથા લજ્જાથી પતિનું મન હરી લીધું હતું. ૧-૫૬

प्रेम्णाऽनुवृत्या शीलेन प्रश्रयावनता सती । धिया ह्रिया च भावज्ञा भर्तुः सीताऽहरन्मनः ॥५६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## શ્રીરામચંદ્રજીએ કરેલા યજ્ઞાદિનું વર્ણન

**॥ श्रीशुक उवाच ॥**

भगवानात्मनात्मानं राम उत्तमकल्पकैः । सर्वदेवमयं देवमीज आचार्यवान् मखैः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીરામચંદ્ર પોતાના કુલાચાર્યને સાથે રાખી ઉત્તમ સાધનોવાળા યજ્ઞો કરી પોતે પોતાના જ સર્વ દેવમય આત્માનું યજન કર્યું. પ્રભુ રામચંદ્ર યજ્ઞની દક્ષિણા તરીકે હોતાને

પૂર્વ દિશા, બ્રહ્મા થયેલા ઋત્વિજોને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા, સામગાન કરનારને ઉત્તર દિશા અને બાકી રહેલી બધી દિશાઓની વચ્ચેની ભૂમિ આચાર્યને આપી હતી કેમ કે તે માનતા હતા કે આ બધું નિઃસ્પૃહ બ્રાહ્મણને જ યોગ્ય છે, એમ (બધું બ્રાહ્મણોને આપી દેવાથી) શ્રી રામચંદ્ર પાસે માત્ર શરીરે ધારણ કરેલા અલંકારો તથા વસ્ત્રો જ બાકી રહ્યાં હતાં અને રાણી સીતાજી પાસે પણ તેમનાં મંગળ આભૂષણો જ બાકી રહ્યાં હતાં. બ્રાહ્મણો પણ બ્રાહ્મણભક્ત દેવ--શ્રીરામચંદ્રજીનો પોતાના પર ઉત્તમ પ્રેમ જોઈ પ્રસન્ન થયા અને તેઓએ ગળગળા ચિરો એ બધું તેમને પાછું આપી દઈ આ પ્રમાણે કહ્યું : ''હે જગતના ઈશ્વર ભગવાન ! આપે અમને શું નથી આપ્યું? કારણ કે આપ અમારા હૃદયમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાનપ્રકાશ વડે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરો છો. હે દેવ ! આપ બ્રાહ્મણભક્ત, અસ્ખલિત જ્ઞાનવાળા, ઉત્તમ કીર્તિ વાળાઓમાં મુખ્ય અને મુનિઓનાં ચિત્તમાં ચરણ સ્થાપનારા છો; એવા આપ શ્રીરામચંદ્રજીને અમે નમસ્કાર કરીએ છીએ.'

એક સમયે શ્રીરામચંદ્રજી લોકચર્યા જાણવાની ઈચ્છાથી રાત્રે ગુપ્તવેશે કોઈ જાણે નહિ તેમ (નગરમાં) ફરતા હતા; તેવામાં સ્ત્રીને ઉદ્દેશી કહેવાતી કોઈ પુરુષની આવી વાણી તેમણે સાંભળી : ''પારકા ઘરમાં જઈ આવેલી વ્યભિચારિણી તને દુષ્ટાને હું કદી રાખવાનો નથી. એ તો સ્ત્રીલોભી રામ સીતાને (ઘરમાં) રાખે, હું તેવી સ્ત્રીને કદી રાખું નહિ.'' એમ અનેક મુખવાળા અને તેથી જ સમજાવવા અશક્ય અજ્ઞાની લોકથી ભય પામી પતિ રામચંદ્રે સીતાજીને તજ્યાં હતાં. જેથી વાલ્મીકિ ઋષિના આશ્રમમાં તે ગયાં હતાં. તે વેળા એ સગર્ભા હતા. જેથી સમય આવતાં તેમણે બે જોડકા પુત્રોને જન્મ આપ્યો હતો; જેઓ લવ અને કુશ નામે પ્રસિદ્ધ છે. વાલ્મીકિમુનિએ તેઓ બંનેની સર્વ જન્મક્રિયાઓ કરી હતી. હે રાજા ! લક્ષ્મણના અંગદ અને ચિત્રકેતુ નામના બે પુત્રો અને ભારતના પણ તક્ષ તથા પુષ્કલ નામના બે પુત્રો હતા. વળી શત્રુઘ્નના પણ સુબાહુ અને શ્રુતસેન નામે બે પુત્રો હતા. ભરતજીએ દિગ્વિજયના સમયે કરોડો ગંધર્વોને મારી નાખ્યા હતા અને તેઓનું સર્વ ધન લાવી રાજા શ્રીરામચંદ્રજીને આપ્યું હતું; તેમ જ શત્રુઘ્ને મધુના પુત્ર લવણ નામના રાક્ષસનો નાશ કરી મધુવનમાં 'મથુરા' નામની નગરી વસાવી હતી. પતિએ કાઢી મૂક્યાં ત્યારે સીતાજી વાલ્મીકિમુનિને પુત્રો સોંપી શ્રીરામચંદ્રના ચરણોનું ધ્યાન કરતાં પૃથ્વીની અંદર પેસી ગયાં હતાં. તે સાંભળી ભગવાન શ્રીરામચંદ્રે બુદ્ધિથી શોકને રોક્યો હતો; પણ સીતાજીના તે તે ગુણો યાદ કરતાં તે ઈશ્વર છતાં શોકને રોકવા સમર્થ થઈ શક્યા ન હતા (અને એમાં કંઈ આશ્ચર્ય નથી) કેમ કે સમર્થોને પણ સ્ત્રીપુરુષમાં એવી આસકિત સર્વ સ્થળે ત્રાસ આપનાર થાય છે, તો ઘરમાં આસકત મનવાળા સામાન્ય અજ્ઞાની મનુષ્યને ત્રાસ આપનાર થાય એમાં શું કહેવું? પછી પ્રભુ રામચંદ્ર બ્રહ્મચર્ય ધારણ કરી તેર હજાર વર્ષ સુધી અખંડ અગ્નિહોત્ર હોમ કર્યો હતો. અને પછી પોતાનું સ્મરણ કરનારાઓનાં હૃદયમાં દંડકારણ્યના કાંટાઓથી વીંધાયેલા પોતાના ચરણપલ્લવ સ્થાપી શ્રીરામચંદ્રજી સ્વધામમાં પધાર્યા હતા. એ રીતે અસ્ત્રોના સમૂહો વડે રાક્ષસોનો નાશ કરવો અને સમુદ્ર બાંધવો ઈત્યાદિ કર્મને કવિઓ જોકે આશ્ચર્ય જેવાં વર્ણવે છે, પણ ખરું જોતાં તેથી શ્રીરઘુપતિની કંઈ સ્તુતિ થતી નથી, કેમ કે શ્રીરામચંદ્રજીએ દેવોની પ્રાર્થનાથી લીલા શરીર ધર્યું હતું અને એમના પ્રભાવથી કોઈનો પ્રભાવ અધિક કે સમાન પણ ન હતો; આવા શ્રીરામચંદ્રજીને શત્રુ સંહારવામાં વાનરો શું સહાય થાય ? (નહિ જ. તે કેવળ લીલા જ હતી.) જેમનો નિર્મળ યશ પાપોનો નાશ કરનાર હોઈ દિશાઓના

હાથીઓને પટ્ટાઓની પેઠે આભૂષણરૂપ છે; (અર્થાત્ છેક દિશાઓના હાથીઓ સુધી જેમનો યશ પહોંચ્યો છે), તેથી જ ઋષિઓ હજી સુધી રાજાઓની સભાઓમાં જેમના યશને ગાયા કરે છે, તે દેવો અને રાજાઓના મુકુટોથી સેવાયેલા ચરણકમળવાળા રઘુપતિને હું શરણે જાઉં છું. જેઓએ રામચંદ્રજીને સ્પર્શ અને દર્શન કર્યા હતાં; જેઓ તેમની સમીપ બેઠા હતા અને તેમની પાછળ ગયા હતા, તે બધા કોસલ દેશના લોકો જ્યાં યોગીઓ જાય છે, તે સ્થાન પામ્યા હતા. હે રાજન્ ! જે મનુષ્ય શ્રીરામચરિત્ર સાંભળે છે, તે સરળતા, કોમળતા, દયાળુતા, પવિત્રતા વગેરે ગુણોથી યુક્ત બની કર્મબંધનથી છૂટે છે.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** ભગવાન શ્રીરામચંદ્રજી પોતે અથવા પોતાના ભાઈઓ પ્રત્યે કેવી રીતે વર્ત્યા હતા તેમ જ તે ઈશ્વર તરફ તેમના ભાઈઓ, પ્રજાઓ તથા નગરવાસીઓ શી રીતે વર્ત્યા હતાં ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** રાજસિહાસન સ્વીકાર્યા પછી ત્રણે જગતના ઈશ્વર શ્રીરામચંદ્રજીએ ભાઈ ઓને દિગ્વિજય કરવાની આજ્ઞા આપી હતી.' અને પોતે પોતાની પ્રજાને દર્શન આપતા પરિવાર સાથે નગરી જોવા નીકળતા હતા. એ નગરી સુગંધી જળથી તથા હાથીઓનાં મદબિંદુઓ વડે છંટાયેલા માર્ગવાળી; સ્વામી શ્રીરામચંદ્રને આવેલા જોઈ જાણે અત્યંત મત્ત બનેલી હોય તેમ સમૃદ્ધિ વાળી; રાજમહેલો, દરવાજાઓ, સભાગૃહો, યજ્ઞસ્થાનો તથા દેવમંદિરો પર સ્થાપેલા સુવર્ણકલશો તથા પતાકાઓથી સુશોભિત; સોપારીઓના ગુચ્છા, કેળો અને જાતજાતની ધજાઓથી તેણે જાણે ઉત્તમ વસ્ત્ર પહેર્યા હોય તેવી અને દર્પણના તથા પુષ્પોની માળાઓનાં તોરણ બાંધેલી હતી. એવી તે અયોધ્યામાં જ્યાં જ્યાં શ્રીરામચંદ્રજી જતા, ત્યાં ત્યાં પૂજાસાહિત્ય હાથમાં લઈ નગરવાસીઓ તેમની સામા આવતા અને આશીર્વાદ આપતાઃ 'હે દેવ ! આપે પૂર્વ (વરાહ અવતારમાં) આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે, માટે આપ આ પૃથ્વીનું પાલન કરો.' વળી પ્રજાઓ પણ ઘણે લાંબે સમયે આવેલા પોતાના રાજાને જોઈ સ્ત્રીપુરુષો તેમનાં દર્શન કરવાની ઈચ્છાથી પોતાનાં ઘર છોડી હવેલીઓ ઉપર ચડી જતાં. કમળસમાન નેત્રવાળા તે ભગવાનના દર્શન કરી તેઓનાં નેત્રો તૃપ્ત જ ન થતાં; તેઓ પુષ્પોથી તેમને વધાવતાં હતાં. (એ રીતે પ્રજાઓનો સત્કાર (સ્વીકાર્યા) પછી શ્રીરામચંદ્ર પોતાના રાજમંદિરમાં પ્રવેશ કરતા, કે જે પોતાના વંશના પૂર્વજ રાજાઓએ સેવેલું, સમગ્ર અનંત ભંડારોથી ભરપૂર અને મહાકિંમતી અનેક જાતની સમૃદ્ધિવાળું હતું. તે મંદિરનાં બારણાઓના ઉંબરા પરવાળાંના હતા. તેમાં વૈદૂર્યમણિના થાંભલાઓની પંક્તિઓ હતી, સ્વચ્છ મરકતમણિની ભૂમિ હતી, ભીતો ઉજજવળ સ્ફટિકમણિની હતી, જાતજાતની પુષ્પમાળાઓ ત્યાં લટકતી હતી, અનેક જાતની ધજાઓ ફરકતી હતી, વસ્ત્રો તથા મણિઓનાં કિરણોથી તે ઝળકતું હતું; ચૈતન્ય જેવાં પ્રકાશમાં મોતીઓ ત્યાં શોભતાં હતાં, સુંદર ભોગસાધનો હાજર હતાં. ધૂપ, દીપ તથા સુગંધી પુષ્પોના અલંકારોથી એ શોભતું હતું અને અલકારોને પણ અલંકારરૂપ થાય તેવાં દેવતુલ્ય સ્ત્રીપુરુષો ત્યાં દેખાતાં હતાં. આવા તે રાજમંદિરમાં આત્મારામ ધીર પુરુષોમાં શ્રેષ્ઠ ભગવાન રામચંદ્રજી પોતાને પ્રિય, ઈષ્ટ અને સ્નેહાળ સીતાજી સાથે આનંદ કરતા હતા. એ પ્રમાણે જેમના ચરણપલ્લવનું મનુષ્યોએ ચિંતન કરેલું છે, એવા શ્રીરામભગવાને અનેક વર્ષો સુધી ધર્મની મર્યાદાનું પાલન કરતા રહી સમયાનુસાર કામભોગો ભોગવ્યા હતા. ૧-૩૬

बुभुजे च यथाकालं कामान् घर्ममपीडयन् । वर्षपूगान् बहून्नृणामभिघ्याताङ्घ्रिपल्लवः ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## શ્રીરામના પુત્ર કુશનોવંશ

॥ श्रीशुक उवाच ॥

कुशस्य चातिथिस्तस्मान्निषधस्तत्सुतो नभः । पुण्डरीकोऽथ तत्पुत्रः क्षेमधन्वाऽभवत्ततः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** કુશનો પુત્ર અતિથિ હતો. અતિથિનો નિષધ, નિષધનો નભ, નભનો પુંડરીક, પુંડરીકનો ક્ષેમધન્વા, ક્ષેમધન્વાનો દેવાનીક, દેવાનીકનો અનીહ,અનીહનો પારિયાત્ર, પારિયાત્રનો બલસ્થલ અને બલસ્થલનો વજનાભ પુત્ર હતો, જે સૂર્યના અંશથી થયો હતો. એ વજનાભનો ખગણ, ખગણનો વિધુતિ અને વિધુતિનો હિરણ્યનાભ પુત્ર હતો, જે જૈમિનિનો શિષ્ય હોઈ યોગાચાર્ય થયો હતો. એ હિરણ્યનાભ પાસેથી કુશળ યાજ્ઞવલ્કયઋષિએ અધ્યાત્મયોગ મેળવ્યો હતો, જેમાં મોટી સિદ્ધિઓ રહેલી છે અને જેનાથી હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ કપાય છે. એ હિરણ્યનાભનો ધ્રુવસંધિ પુત્ર હતો, ધ્રુવસંધિનો સુદર્શન, સુદર્શનનો અગ્નિવર્ણ અને અગ્નિવર્ણનો મરુ નામે પુત્ર હતો, જે યોગસિદ્ધ હોઈ આજે પણ કલાપ નામના ગામમાં રહે છે અને કલિયુગના અંતે નાશ પામેલા સૂર્યવંશને તે ફરી ચાલુ કરશે. એ મરુનો પ્રસુશ્રુત, પ્રસુશ્રુતનો સંધિ, સંધિનો અમર્ષણ, અમર્ષણનો મહસ્વાન, મહસ્વાનનો વિશ્વસાહ્વ, વિશ્વસાહ્વનો પ્રસેનજિત, પ્રસેનજિતનો તક્ષક અને તક્ષકનો બૃહદ્બલ પુત્ર હતો, જે બૃહદ્બલને તમારા પિતા અભિમન્યુએ યુદ્ધમાં માર્યો હતો. આ ઈક્ષ્વાકુવંશના રાજાઓ ભૂતકાળમાં થયા છે. હવે ભવિષ્યકાળમાં થવાના છે, તેઓ તમે સાંભળો. બૃહદ્બલનો બૃહદ્રણ પુત્ર થશે. બૃહદ્રણનો ઉરુક્રિય, ઉરુક્રિયનો વત્સવૃદ્ધ, વત્સવૃદ્ધનો પ્રતિવ્યોમ, પ્રતિવ્યોમનો ભાનુ, ભાનુનો સેનાપતિ દિવાક, દિવાકનો સહદેવ, સહદેવનો વીર બૃહદ્શ્વ, બૃહદ્શ્વનો ભાનુમાન, ભાનુમાનનો પ્રતીકાશ્વ, પ્રતીકાશ્વનો સુપ્રતીક, સુપ્રતીકનો મરુદેવ, મરુદેવનો સુનક્ષત્ર, સુનક્ષત્રનો પુષ્કર, પુષ્કરનો અંતરિક્ષ, અંતરિક્ષનો સુતપા, સુતપાનો અમિત્રજિત, અમિત્રજિતનો બૃહદ્રાજ, બ્રહદ્રાજનો બર્હિ, બર્હિનો કૃતંજય, કૃતંજયનો રણંજય, રણુંજયનો સંજય, સંજયનો શાક્ય, શાક્યનો શુદ્ધોદ, શુદ્ધોદનો લાંગલ, લાંગલનો પ્રસેનજિત, પ્રસેનજિતનો ક્ષુદ્રક, ક્ષુદ્રકનો રણક, રણકનો સુરથ અને સુરથનો સુમિત્ર નામે છેલ્લો ઈક્ષ્વાકુવંશનો પુત્ર થશે. આ બધા બૃહદ્બલના વંશના (ભાવી) રાજાઓ છે. ઈક્ષ્વાકુઓનો આ વંશ સુમિત્ર સુધી ચાલશે કારણ કે તે રાજા સુધી પહોંચી કલિયુગમાં સમાપ્ત થશે. ૧-૧૬

इक्ष्वाकूणामयं वंशः सुमित्रान्तो भविष्यति । यतस्तं प्राप्य राजानं संस्थां प्राप्स्यति वै कलौ ॥१६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## ઈક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ

॥ श्रीशुक उवाच ॥

निमिरिक्ष्वाकुतनयो वसिष्ठमवृतर्त्विजम् । आरम्य सत्रं साऽप्याह शक्रेण प्राग्वृतोऽस्मि भोः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈક્વાકુના પુત્ર નિમિએ યજ્ઞો આરંભી વસિષ્ઠને યાજ્ઞિક ગોર તરીકે સ્વીકાર્યા હતા. વસિષ્ઠે પણ તે વખતે કહ્યું હતુંઃ ‘હે નિમિ !’ તારા સ્વીકારવા પહેલાં જ ઈન્દ્ર મને પહેલો સ્વીકાર્યો છે. માટે તેનું કામ પૂરું કરી હું આવીશ, ત્યાં સુધી તું મારી રાહ જોજે.’તે સાંભળી યજમાન નિમિ મૌન

રહ્યો, એટલે વસિષ્ઠે પણ ઈન્દ્રનો યજ્ઞ ચાલુ કર્યો. બીજી તરફ આત્મજ્ઞાની નિમિએ પણ જિંદગીને ચંચળ જાણી ગુરુ ન આવે ત્યાં સુધી બીજા યાજ્ઞિક બ્રાહ્મણો દ્વારા યજ્ઞ શરૂ કર્યો, એટલામાં ગુરુ વસિષ્ઠ (ઈન્દ્રનો યજ્ઞ કરાવી) ત્યાં આવ્યા. તેમણે શિષ્યનો એ અન્યાય જોઈ શાપ આપ્યોઃ 'પોતાને પંડિત માનનારા આ નિમિનું શરીર પડી જાઓ.' તે સાંભળી નિમિએ પણ અધર્મથી વર્તનાર ગુરુને સામે શાપ આપ્યોઃ 'તમે લોભથી ધર્મ જાણતા નથી, માટે તમારું શરીર પણ પડી જાઓ.' ગુરુને એવો શાપ આપી અધ્યાત્મવેત્તા નિમિએ પોતાનું શરીર તજ્યું. અને અમારા દાદા વસિષ્ઠ પણ (શરીર ત્યજી) ઉર્વશી અપ્સરાના દર્શનથી સ્ખલિત થયેલા મિત્રાવરુણ. દેવના વીર્યથી એક ઘડામાં ઉત્પન્ન થયા. પછી નિમિના ગોર મહામુનિઓએ સુગંધીદાર વસ્તુઓમાં નિમિના શરીરને રાખી યજ્ઞની સમાપ્તિ થઈ ત્યારે ત્યાં આવેલા દેવને કહ્યુંઃ 'જો તમે પ્રસન્ન અને સમર્થ છો, તો આ રાજાના શરીરને સજીવન કરો.' તે સાંભળી દેવોએ 'તથાસ્તુ' એમ કહ્યું, એટલે નિમિ બોલી ઊઠ્યો : 'મને દેહબંધન ન થાઓ; કારણ કે મુનિઓ દેહના વિયોગભયથી ડરી તેની સાથેના સંબંધની ઈચ્છા જ કરતા નથી; પરંતુ (એ દેહથી છૂટવાને) ભકતોનાં દુઃખ દૂર કરવાની બુદ્ધિવાળા ભગવાનના ચરણકમળનું પૂજન કર્યા કરે છે. માટે દુઃખ, શોક તથા ભય આપનારું શરીર ગ્રહણ કરવા હું ઈચ્છતો નથી; કારણ કે જળમાં જેમ માછલાનું મૃત્યુ થાય છે, તેમ હર કોઈ સ્થળે શરીરનું મૃત્યુ થાય જ છે.'

**દેવો બોલ્યા :** આ નિમિ શરીરરહિત રહી પ્રાણીઓનાં નેત્રમાં ભલે રહે. (જેથી તમે માગેલું એનું જીવન થશે અને તેને દેહનો સંબંધ પણ નહિ રહે,) નેત્રોમાં રહી તે મિચાવા તથા ઊઘડવારૂપી નેત્રની ક્રિયામાં તેનો પ્રવર્તક જણાશે. (એમ કહી દેવો ગયા એટલે) મહર્ષિઓએ મનુષ્યોમાં અરાજકતાનો ભય માની નિમિનું શરીર મથ્યું ત્યારે તેમાંથી એક કુમાર ઉત્પન્ન થયો. તે અસાધારણ જન્મને લીધે જનક, શરીરરહિત નિમિથી થયો માટે વૈદેહ' અને નિમિના શરીરને મથવાથી ઉત્પન્ન થયો માટે 'મિથિલ'' કહેવાય; જેણે મિથિલાનગરી વસાવી છે. હે રાજા ! જનકરાજાથી ઉદાવસુ નામે પુત્ર થયે, ઉદાવસુનો નંદિવર્ધન, નંદિવર્ધનનો સુકેતુ, સુકેતુનો દેવરાત, દેવરાતનો બૃહદ્રથ, બૃહદ્રથનો મહાવીર્ય, મહાવીર્યનો સુધૃતિ, સુધૃતિનો ધૃષ્ટકેતુ, ધૃષ્ટકેતુનો હર્યશ્વ, હર્યશ્વનો મરુ, મરુનો પ્રતીપક, પ્રતીપકનો કૃતિરથ, કૃતિરથનો દેવમીઢ, દેવમીઢનો વિશ્રુત, વિશ્રુતનો મહાવૃતિ, મહાધૃતિનો કૃતિરાત, કૃતિરાતનો મહારોમા, મહારોમાનો સ્વર્ણરોમા, સ્વર્ણરોમાનો હ્રસ્વરોમા અને હ્રસ્વરોમાનો સીરધ્વજ પુત્ર થયો હતો, જે યજ્ઞ માટે પૃથ્વી ખેડતો હતો તેવામાં તેના હળની અણીમાંથી સીતા ઉત્પન્ન થયાં હતાં, જેથી તે સીરધ્વજ નામે કહેવાયો હતો. એ સીરધ્વજનો કુશધ્વજ, કુશધ્વજનો ધર્મધ્વજ અને ધર્મધ્વજનો કૃતધ્વજ તેમ જ મિતધ્વજ એમ બે પુત્ર થયા હતા. તેમાં કૃતધ્વજથી કેશિધ્વજ અને મિતધ્વજથી ખાંડિક્ય થયો હતો. હે રાજન ! કૃતધ્વજનો પુત્ર કેશિધ્વજ આત્મવિદ્યામાં કુશળ હતો અને ખાંડિક્ય કર્મનાં તત્ત્વ જાણનારો હોઈ કેશિધ્વજથી ભય પામી નાસી ગયો હતો. કેશિધ્વજનો પુત્ર ભાનુમાન, ભાનુમાનનો શતદ્યુમ્ન, શતઘમ્નનો શુચિ, શુચિનો સનદ્વાજ, સનદ્વાજનો ઊર્ધ્વકેતુ, ઊર્ધ્વકેતુનો અજ, અજનો પુરુજિત, પુરુજિતનો અરિષ્ટનેમિ, અરિષ્ટનેમિનો શ્રુતાયુ, શ્રુતાયુનો સુપાર્શ્વ, સુપાર્શ્વનો ચિત્રરથ ને ચિત્રરથનો ક્ષેમધિ નામે પુત્ર હતો, જે મિથિલાનગરીનો રાજા હતો. એ ક્ષેમધિનો સમરથ, સમરથનો સત્યરથ, સત્યરથનો ઉપગુરુ અને ઉપગુરુનો ઉપગુપ્ત નામે પુત્ર હતો, જે અગ્નિના અંશથી જન્મ્યો હતો. એ ઉપગુપ્તનો વસ્વનંત, વસ્વનંતનો યુયુધ, યુયુધનો સુભાષણ, સુભાષણનો શ્રુત, શ્રુતનો જય, જયનો

વિજય, વિજયનો ઋત, ઋતનો શુનક, શુનકનો વીતહવ્ય, વીતહવ્યનો ધૃતિ, ધૃતિનો બહુલાશ્વ અને બહુલાશ્વનો મહાજિતેન્દ્રિય કૃતિ નામે પુત્ર હતો. હે રાજન્ ! આ મિથિલાવંશના રાજાઓ આત્મવિદ્યામાં કુશળ અને યાજ્ઞવલ્કય વગેરે યોગેશ્વરોની કૃપાથી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ રાગદ્વેષાદિ દ્વંદ્વોથી છૂટયા હતા. ૧-૨૧

एते वै मैथिला राजन्नात्मविद्याविशारदाः । योगेश्वरप्रसादेन द्वन्द्वैर्मुक्ता गृहेष्वपि ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## ચંદ્રવંશનું વર્ણન-બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચંદ્રથી બુધની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

अथातः श्रयतां राजन् वंशः सोमस्य पावनः । यस्मिन्नैलादयो भूपाः कीर्त्यन्ते पुण्यकीर्तयः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હવે હે રાજન્ ! ચંદ્રનો પવિત્ર વંશ તમે અહીંથી સાંભળો. જેમાં ઐલ વગેરે પવિત્ર કીર્તિ વાળા રાજાઓ વર્ણવાશે. હજારો મસ્તકોવાળા પરમેશ્વર શ્રીનારાયણના નાભિસરોવરમાંથી જન્મેલા બ્રહ્માના અત્રિઋષિ નામે પુત્ર હતા, જે ગુણોમાં પિતા જેવા હતા. તેમના નેત્રમાંથી અમૃતમય ચંદ્ર પુત્ર થયો હતો, જેને બ્રહ્માએ બ્રાહ્મણોનો, ઔષધિઓનો તથા નક્ષત્રગણોનો પતિ બનાવ્યો છે. તે ચંદ્રે ત્રણે જગત જીતી રાજસૂય યજ્ઞ કર્યો હતો. અને ગર્વથી બૃહસ્પતિની સ્ત્રી તારાને બળાત્કારે હરી હતી. દેવોના ગુરુ બૃહસ્પતિએ વારંવાર તેની પાસે સ્ત્રીની માગણી કરી હતી; પણ તેણે મદને લીધે પાછી આપી ન હતી, જેથી એ તારા માટે દેવો તથા દાનવો વચ્ચે યુદ્ધ થયું હતું. શુક્રાચાર્યે બૃહસ્પતિ ઉપરના દ્વેષને લીધે અસુરો સહિત ચંદ્રમાને પક્ષમાં લીધો હતો, ત્યારે બીજી તરફથી સર્વ ભૂતગણોથી વીંટાયેલા મહાદેવજીએ પોતાના ગુરુ અંગિરાના પુત્ર બૃહસ્પતિને પક્ષમાં લીધા હતા; તેમ જ ઈન્દ્ર પણ સર્વ દેવગણોની સાથે બૃહસ્પતિના પક્ષમાં ગયો હતો. એ રીતે કેવળ એક તારા માટે દેવો તથા અસુરોનો નાશ થયો હતો. પછી બૃહસ્પતિએ એ વાત બ્રહ્માને જણાવી. એટલે બ્રહ્માએ ચંદ્રનો તિરસ્કાર કરી તારાને તેના પતિ બૃહસ્પતિને અપાવી હતી. બૃહસ્પતિએ તારાને ગર્ભવતી જાણી, એટલે તેને કહ્યું: ‘ઓ દુષ્ટ બુદ્ધિવાળી ! બીજા પુરુષોએ સ્થાપેલા ગર્ભને મારા ક્ષેત્રમાંથી તું જલદી છોડી દે. ઓ સતી ! મને સંતાનની ઈચ્છા છે, તેથી હું તને—સ્ત્રીને ભસ્મ કરતો નથી,’ તે સાંભળી શરમાયેલી તારાએ સુવર્ણ સમાન કાંતિવાળા કુમારનો (ગર્ભમાંથી) ત્યાગ કર્યો, એટલે (એ તેજસ્વી કુમારને જોઈ) બૃહસ્પતિ તથા ચંદ્ર બંનેએ કુમારને લેવાની ઈચ્છા કરી. ત્યારે તેઓ બંને પરસ્પર ઉચ્ચ સ્વરે વિવાદ કરવા લાગ્યાઃ ‘આ પુત્ર મારો છે; તારો નથી’. પછી ઋષિઓએ તથા દેવોએ તારાને પૂછ્યુંઃ ‘આ પુત્ર તે કોનાથી ઉત્પન્ન કર્યો છે ?’ પણ તારા શરમાઈ જઈ કંઈ બોલી જ નહિ. એ વેળા માતાની ખોટી શરમથી કોપેલા કુમારે માતાને કહ્યું: ‘ઓ દુરાચારિણી ! તું કેમ બોલતી નથી ? તારું પાપ ઝટ મને કહી દે.’ પછી બ્રહ્માએ તેને એકાંતમાં લાવી શાંત પાડતાં પૂછ્યું, ત્યારે તેણે ધીમેથી કહ્યું: ‘આ પુત્ર ચંદ્રનો છે.’’ એટલે ચંદ્ર તે બાળકને લઈ ગયો. હે રાજા ! બ્રહ્માએ બાળકની બુદ્ધિ ગંભીર હોવાથી તેનું બુધ‘ નામ પાડ્યું અને ચંદ્ર પણ તે પુત્રથી આનંદ પામ્યો. એ બુધથી ઈલા નામની સ્ત્રીમાં પુરૂરવા નામે પુત્ર જન્મ્યો હતો. જેનું વર્ણન પહેલાં અપાયું છે. તે પુરૂરવાનાં રૂપ, ગુણ, ઉદારતા, શીલ, ધર્મ તથા પરાક્રમોને નારદજી ઈન્દ્રની સભામાં ગાતા હતા તે

સાંભળી દેવી ઉર્વશી કામનાં બાણોથી પીડાઈ તેની પાસે ગઈ હતી. ઉર્વશી (દેવી હોવાથી એમ ને એમ મનુષ્ય પાસે જઈ શકે નહિ, પણ) મિત્રાવરુણના શાપથી મનુષ્યલોક પામી પુરુષશ્રેષ્ઠ પુરૂરવાને કામદેવ સમાન રૂપવાળો સાંભળી તેની પાસે ગઈ હતી. તે સુંદરી ધીરજ ધરી પુરૂરવા પાસે ઊભી રહી એટલે તેને જોઈ રાજા હર્ષથી પ્રફુલ્લ નેત્રવાળો થઈ ગયો. તેણે રોમાંચિત થઈ એ દેવીને મધુર વાણીથી કહ્યું.

**રાજા પુરૂરવાએ કહ્યું :** "હે સુંદર નિતંબવાળી ! તું ભલે આવી. અમે તારું શું કામ કરીએ ? તું મારી સાથે ક્રીડા કર. આપણને બંનેને ઘણાં વર્ષો સુધી આનંદ થશે.

**ઉર્વશી બોલી :** 'હે સુંદર પુરુષ ! કઈ સ્ત્રીનું મન અને દૃષ્ટિ તમારામાં આસકત ન થાય ? કારણ કે તમારી સાથે રમવાની ઈચ્છા તમારી છાતીને ભેટીને કોઈ પણ સ્ત્રીનું મન તેમ જ દૃષ્ટિ (તમારી પાસેથી) ખસે જ નહિ. હે માન આપનારા રાજા ! (આવી શરતે હું તમારી સાથે રહેવા માગું છું) મારા આ બે ઘેટાનું મારી થાપણ તરીકે તમે રક્ષણ કરો. (જ્યાં સુધી તમે આ ઘેટાનું રક્ષણ કરો) ત્યાં સુધી હું તમારી સાથે રહીશ, તમે માનશો કે હું દેવી થઈ તમારી સાથે કેમ રમીશ ? કારણ કે (જે પુરુષ વખાણવા યોગ્ય હોય, તે જ સ્ત્રીઓને વર હોઈ શકે છે, હે વીર ! ઘી મારું ભોજન રહેશે અને મૈથુનના સમય સિવાય બીજા સમયે હું તમને વસ્ત્રહીન જોઈ શકીશ નહિ.' તે સાંભળી મોટા મનવાળા પુરૂરવાએ 'બહુ સારું' એમ કહી તેનું વચન કબૂલ કર્યું. અને કહ્યું : અહો અતિ અદ્ભુત સ્વરૂપ ! અહો ! આશ્ચર્યજનક ભાવ ! આ તારી ચેષ્ટા મનુષ્યલોકને મોહ ઉપજાવનાર છે, તું દેવી છે, છતાં પોતાની મેળે અહીં આવી છે; તો કયો મનુષ્ય તને ન સેવે?' એમ કહી તે પુરુષશ્રેષ્ઠ યથા યોગ્ય રીતે રમાડતી તે તે ઉર્વશી સાથે ચૈત્રરથ વગેરે દેવોનાં રમવાનાં સ્થાનોમાં ઈચ્છાનુસાર રમવા લાગ્યા, જેની સુગંધ કમળના કેસરા જેવી હતી, એવી તે દેવતાઈ સ્ત્રી સાથે રમતો પુરૂરવા તેના મુખની સુગંધથી ખેંચાઈને ઘણા સમય સુધી આનંદ કરવા લાગ્યો. બીજી તરફ ઇંદ્રે સ્વર્ગમાં ઉર્વશીને જોઈ નહિ, ત્યારે તેણે ગંધર્વોને આજ્ઞા કરી : " ઉર્વશી વિનાની મારી આ સભા બરાબર શોભતી નથી. માટે જાઓ, તેને લઈ આવો. તે સાંભળી ગંધર્વો મધ્યરાત્રિના સમયે અંધારું થયું, એટલે ઉર્વશીએ રાજાને થાપણ તરીકે સોંપેલા બન્ને ઘેટાઓ હરી જવા લાગ્યા. એ વખતે દેવી ઉર્વશી હરણ કરતા એ પુત્ર જેવા ઘેટાઓની બુમ સાંભળી બોલી ઊઠીઃ 'હાય ! પોતાને વીર માનતા આ નપુંસક દુષ્ટ પતિએ મારો નાશ કર્યો છે, જેના વિશ્વાસથી હું નાશ પામી છું અને ચોરલોકો મારાં સંતાનો લઈ ગયા છે; જે દિવસે પુરુષ જેવો છે, પણ રાત્રે, સ્ત્રીની પેઠે ભયભીત થઈ સૂઈ રહે છે. એમ હાથીને અંકુશથી જેમ વીંધી નાખે તેમ રાજાને તેણે વાક્યબાણોથી વીંધી નાખ્યો; એટલે ક્રોધથી હાથમાં તલવાર લઈ નગ્નાવસ્થામાં જ તે (ચોર લોકો તરફ) ધસી ગયો. તે વેળા પેલા ગંધર્વોએ બન્ને ઘેટાઓને છોડી અત્યંત પ્રકાશમાન થઈને ત્યાં અજવાળું કર્યું, જેથી ઉર્વશીએ ઘેટાઓને લઈ આવતા પતિને નગ્ન સ્વરૂપે જોયો (એટલે ઠરાવ પ્રમાણે ત્યાંથી તે નાસી ગઈ). પુરૂરવા પણ શયનમાં ઉર્વશીને નહિ જોતાં વિહ્વળ બની શોક કરવા લાગ્યો અને ઉર્વશીમાં જ મનવાળો હોવાથી જાણે મનરહિત હોય તેમ ઉન્મત્તની પેઠે પૃથ્વી પર ભટકવા લાગ્યો. એક સમયે કુરુક્ષેત્રમાં સરસ્વતીના કિનારે ઉર્વશીને તથા હર્ષયુક્ત મુખવાળી તેની પાંચ સખીઓને જોઈ પુરૂરવાએ આવું સુંદર વચન કહ્યુંઃ 'ઓ સ્ત્રી ! ઊભી રહે, ઊભી રહે, ઓ ભયંકર સ્ત્રી ! હજી શાંત કર્યા વિના મને તું તજવાને યોગ્ય નથી, આવ, આપણે વાતો કરીએ. ઓ દેવી ! સુંદર શરીરને આટલે દૂર સુધી તું આકર્ષી લાવી છે પણ આ શરીર જો તારી કૃપાનું પાત્ર નહિ થાય, તે હવે અહીં પડી જશે અને વરુઓ તથા ગીધડાં તેને ખાઈ જશે.

**ઉર્વશી બોલી :** "તમે મરશો નહિ. તમે પુરુષ છે, માટે ધીરજ રાખો. આ વરુઓ તમને ન ખાઈ જાઓ અર્થાત્ ઇંદ્રિયોને આધીન થાઓ મા. સ્ત્રીઓને મિત્રતા જેવું કદી હોતું નથી, કારણ કે વરુઓનાં હૃદયની પેઠે સ્ત્રીઓનું હૃદય પણ ક્રૂર હોય છે. સ્ત્રીઓ નિર્દય, ક્રૂર, ક્ષમા વિનાની અને પોતાના સુખને માટે સાહસ કરનારી હોય છે. તેઓ થોડા કાર્ય માટે પણ વિશ્વાસુ પતિને કે ભાઈને પણ મારી નાખે છે. વળી તેઓ અજ્ઞાનીઓ પર ખોટો વિશ્વાસ બેસાડી અંદરનો સ્નેહ તજે છે; નવાનવાને ઈચ્છે છે, ગમે તે પુરુષ સાથે વ્યભિચાર કરે છે, ને પોતાની ઈચ્છાનુસાર વર્તે છે. હે રાજન્ ! પ્રત્યેક વર્ષના અંતે એક રાત્રિ હું તમારી સાથે વસીશ અને મારાથી બીજાં સંતાનો તમને પ્રાપ્ત થશે.' પછી તે પુરૂરવા રાજા (તમને બીજાં સંતાનો પણ થશે. એવાં તેનાં વચન ઉપરથી) ઉર્વશીને સગર્ભા જાણી પોતાના નગરમાં ગયો અને એક વર્ષના અંતે વીર પુત્રની માતા બનેલી ઉર્વશીને મળી એક રાત્રિ તેની સાથે આનંદપૂર્વક રહ્યો, પછી વિરહને લીધે આતુર બની રાંક થયેલા પુરૂરવાને ઉર્વશીએ કહ્યું : 'તમે આ ગંધર્વોને સ્તુતિ વગેરેથી પ્રસન્ન કરો. મને તેઓ તમને આપશે.' ત્યારે હે રાજા ! પુરૂરવાએ ગંધર્વોની સ્તુતિ કરી એટલે તેઓએ પ્રસન્ન થઈ તેને અગ્નિની એક થાળી (અગ્નિસ્થાપન કરવાનું પાત્ર) આપી. પુરૂરવા તે અગ્નિની થાળીને ઉર્વશી માનતો વનમાં ફરવા લાગ્યો, પણ છેવટે તેણે જાણ્યું કે આ ઉર્વશી નથી પરંતુ અગ્નિની થાળી છે એટલે અગ્નિની થાળીને વનમાં છોડી તે ઘેર ગયો, એમ કરતાં ત્રેતાયુગનો સમય આવ્યો ત્યારે રાત્રે ધ્યાન કરતાં તેના મનમાં કર્મનો બોધ કરનારા ત્રણ વેદો પ્રકટ થયા. પછી વનમાં જ્યાં પેલી થાળી મૂકી હતી, ત્યાં જઈને તેણે ખીજડીના ઝાડમાં પીપળાને ઊગેલો જોઈ તે પીપળામાંથી બે અરણિ બનાવી ઉર્વશીના લોકમાં જવાની ઈચ્છાથી મંત્રથી ઉર્વશીનું ધ્યાન કરી નીચેની અરણિને ઉર્વશી માની, ઉપરની અરણિ પોતે છે એમ માની અને બંને અરણિની વચ્ચે રહેલા લાકડાને પુત્ર માન્યો. પછી (એ રાજાએ બન્ને અરણિને મથવા માંડી એટલે) તે મંથનથી જાતવેદા નામનો અગ્નિ પ્રકટ થયો. એટલે તેને વેદવિદ્યાથી સંસ્કાર કરીને આહવનીય, ગાર્હપત્ય ને દક્ષિણાગ્નિ એમ ત્રણ પ્રકારે થયેલા અગ્નિને પુરૂરવાએ પુત્ર માન્યો અને ઉર્વશીના લોકમાં જવાની ઈચ્છાથી તે અગ્નિ વડે સર્વદેવમય યજ્ઞપતિ શ્રીહરિ ભગવાનનું તેણે યજન કર્યું. પ્રથમ સર્વ વાણીમય કેવળ ૐકાર જ વેદરૂપ હતો. નારાયણ જ દેવરૂપે હતા. બીજો દેવ ન હતો અને અગ્નિ પણ લૌકિક એક જ હતો ને વર્ણ કેવળ એક જ હંસ નામનો હતો. પછી હે રાજા ! ત્રેતાયુગના આરંભમાં પુરૂરવાથી માંડીને જ ત્રણ વેદો થયા. એ પુરૂરવા રાજાએ અગ્નિને પુત્રરૂપે સ્વીકારી ગંધર્વલોક પ્રાપ્ત કર્યો હતો. ૧-૪૯

पुरूरवस एवासीत् त्रयी त्रेतामुखे नृप । अग्निना प्रजया राजा लोकं गान्धर्वमेयिवान् ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## પુરૂરવાના પુત્રોનો વંશ પરશુરામે સહસ્રાર્જુનનો નાશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

ऐलस्य चोर्वशीगर्भात्षडासन्नात्मजा नृप । आयुः श्रुतायुः सत्यायू रयोऽथ विजयो जयः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! પુરૂરવાને ઉર્વશીના ગર્ભથી આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય તથા જય નામના છ પુત્રો થયા હતા. તેમાં શ્રુતાયુનો વસુમાન, સત્યાયુનો શ્રુતંજય, રયનો એક, જયનો

અમિત, વિજયનો ભીમ, ભીમને કાંચન, કાંચનનો હોત્રક અને હોત્રકનો જહ્નુ પુત્ર થયો હતો, જે જહ્નુ ગંગાનદીને અંજલીમાં લઈને પી ગયો. જહ્નુનો પુરુ નામે પુત્ર હતો, પુરુનો બલાક, બલાકનો અજક, અને અજકનો કુશ પુત્ર હતું. એ કુશને પણ કુશાંબુ, તનય, વસુ તથા કુશનાભ નામે ચાર પુત્રો હતા. તેમાં કુશાંબુનો પુત્ર ગાધિ થયે. એ ગાધિને સત્યવતી નામની કન્યા હતી. તેને ઋચીક નામના બ્રાહ્મણે માગી હતી; પણ તેને અયોગ્ય વર માની ગાધિએ ઋચીકને કહ્યું હતું : 'એક બાજુ કાળા કાનવાળા અને ચંદ્ર જેવા ધોળા એક હજાર ઘોડાઓ કન્યાના મૂલ્ય તરીકે તમે આપો; (જો કે આટલું મૂલ્ય પણ ઓછું જ છે) કારણ કે અમે કશિક વંશના છીએ. ગાધીએ એમ કહ્યું, એટલે તેના અભિપ્રાયને જાણી ઋચીકમુનિ વરુણદેવની પાસે ગયા અને તેમની પાસેથી તેવા ઘોડાઓ લાવી ગાધિને આપી તેની સુંદર મુખવાળી કન્યાને પોતે પરણ્યા પછી એક સમયે પત્નીએ તથા સાસુએ પોતાને સંતાનની ઈચ્છાથી ઋચીકમુનિને પ્રાર્થના કરી એટલે એક ચરુ બ્રાહ્મણને લગતા મંત્રોથી તથા બીજો ચરુ ક્ષત્રિયને લગતા મંત્રોથી રાંધી મુનિ નાહવા ગયા; તેટલામાં સત્યવતી પાસે તેની માતાએ સત્યવતીને આપવાનો ચરુ ઉત્તમ માની તેની માગણી કરી, એટલે સત્યવતીએ પોતે પોતાનો ચરુ માતાને આપ્યો. (એ રીતે ચરુને અદલબદલ કરી બન્ને સ્ત્રીઓ ખાઈગઈ તેટલામાં નાહીને પાછા આવી) મુનિએ એ વાત જાણી લઈ પોતાની પત્નીને કહ્યું: 'તે બહુ જ ભૂંડું કર્યું છે, તારે પુત્ર સર્વને શિક્ષા કરનારો મહાભયંકર થશે. અને તારો ભાઈ મોટો બ્રહ્મવેત્તા થશે. તે સાંભળી સત્યવતીએ 'એમ ન થવું જોઈએ' એવી ઋચીકમુનિને પ્રાર્થના કરી, એટલે તે બોલ્યાઃ 'બહુ સારું, પણ તારા પુત્રનો પુત્ર એવો ભયંકર થશે. પછી એ સત્યવતીથી જમદગ્નિ પુત્ર થયો. સત્યવતી પોતે લોકોને પવિત્ર કરનારી મહાપુણ્યશાળી કૌશિકી નદી થઈ. જમદગ્નિ રેણુની પુત્રી રેણુકાને પરણ્યા હતા. એ રેણુકામાં જમદગ્નિ ઋષિથી વસુમાન વગેરે પુત્રો થયા હતા. તેમાં સૌથી 'નાનો પરશુરામ' નામથી પ્રખ્યાત થયો હતો. જે પરશુરામને વિદ્વાનો ભગવાન વાસુદેવના અંશરૂપ અને હૈહયકુળનો નાશ કરનાર કહે છે તેમ જ તે પરશુરામે આ પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિય કરી હતી. જોકે ક્ષત્રિયોનો અપરાધ નાનો હતો; તોપણ તેઓ દુષ્ટ પૃથ્વીને ભારરૂપ, બ્રાહ્મણોની રક્ષા ન કરનાર અને રજોગુણ તથા તમોગુણથી દોરાયા હતા; તેથી પરશુરામે જ તેઓનો નાશ કર્યો હતો.

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** મનને નહિ જીતનારા ક્ષત્રિયોએ ભગવાન પરશુરામનો એવો ક્યો અપરાધ કર્યો હતો કે, જેથી તેઓના કુળનો વારંવાર નાશ થયો હતો ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** અર્જુન નામે હૈહયકુળના ક્ષત્રિયોનો રાજા હતો. ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ તેને નારાયણના અંશરૂપ ગુરુ દત્તાત્રેયની સેવા વડે તેમને પ્રસન્ન કરી તેમની પાસેથી એક હજાર બાહુઓ, શત્રુઓમાં અજિતપણું અને કોઈનાથી નાશ ન કરી શકાય તેવી ઇંદ્રિયશકિત, લક્ષ્મી, તેજ, પરાક્રમ, યશ તથા બળ પ્રાપ્ત થયાં હતાં. તેમ જ યોગેશ્વરપણું અને અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓનો જેમાં સમાવેશ થાય છે. એવું ઐશ્વર્ય પણ તેને મળ્યું હતું, તેથી લોકોમાં જેમ વન અસ્ખલિત ગતિથી ફરે છે તેમ તે ફરતો હતો. એ સહસ્ત્રાર્જુન એક સમયે અત્યંત મદોન્મત્ત બની ઉત્તમ સ્ત્રીઓ સાથે નર્મદા નદીમાં જળક્રીડા કરતો હતો. એ વેળા તેણે ગળામાં વૈજયંતીમાળા પહેરી હતી અને ભુજાઓથી નદીનો પ્રવાહ અટકાવી દીધો હતો. બીજી તરફ તે જ સમયે પોતાને વીર માનતો રાવણ દિગ્વિજય માટે નીકળી માહિષ્મતી નગરી પાસે નર્મદાકિનારે દેવપૂજા કરતો હતો, તે વેળા પોતાની છાવણીના તંબૂઓને પાછા ફરતા પ્રવાહવાળી નર્મદા નદીના જળથી ભિજાયેલા જોઈ તે સહસ્ત્રાર્જુનના પરાક્રમને સહન કરી શક્યો નહિ. તેથી તેણે

(નર્મદામાં ક્રીડા કરતા) સહસ્ત્રાર્જુનનો અપરાધ કર્યો હતો. યુદ્ધ કરી તેનો પરાજય કરવા તૈયાર થયો હતો પણ સહસ્ત્રાર્જુને સ્ત્રીઓની સમક્ષ રમતમાત્રમાં રાવણને કેદ કર્યો હતો અને માહિષ્મતી નગરીમાં પૂરી રાખ્યો હતો. પાછળથી જેમ વાનરને છોડી મૂકે તેમ એ રાવણને (અપમાનપૂર્વક) છોડી મૂક્યો હતો. (આવો પરાક્રમી) સહસ્ત્રાર્જન એક વખત મનને કંપાવે તેવા ઘોર જંગલમાં મૃગયા માટે ફરતો દૈવયોગે જમદગ્નિના આશ્રમે જઈ ચડયો. તનોધનમુનિ જમદગ્નિએ કામધેનુના પ્રભાવથી તે રાજાનો તેનાં સૈન્યો, પ્રધાનો તથા વાહનો સાથે અતિથિસત્કાર કર્યો. વીર સહસ્ત્રાર્જુને જમદગ્નિએ કરેલા સત્કારને પોતાના ઐશ્વર્ય કરતાં પણ ચડિયાતો જોઈ તે સત્કાર તરફ પોતાનો આદરભાવ ન કર્યો; પણ જમદગ્નિની તે કામધેનુ ગાયને લઈ લેવા ઈચ્છા કરી અને હૈહય ક્ષત્રિયોની સાથે રહી ઋષિની કામધેનુ ગાયને હરી લેવા ગર્વથી સૈનિકોને આજ્ઞા કરી એટલે તેઓ બરાડા પાડતી કામધનુને વાછરડા સાથે બળજબરીથી માહિષ્મતી નગરી તરફ લઈ ચાલ્યા. પછી રાજા સહસ્ત્રાર્જુન ત્યાંથી ગયો એટલામાં પરશુરામ આશ્રમમાં આવ્યા અને સહસ્ત્રાર્જુનની એ દુષ્ટતા સાંભળી લાત મારેલા સર્પની પેઠે કોપી ઊઠયા. તરત જ ભયંકર ફરશી, ભાથો ઢાલ તથા ધનુષ્ય લઈ વિકરાળ સિંહ જેમ મોટા હાથી પાછળ દોડે તેમ સહસ્ત્રાર્જુન પાછળ દોડયા. પેલી તરફ સહસ્ત્રાર્જુન નગરીમાં પ્રવેશ કરતો હતો. તેવામાં તો પોતાની તરફ બળથી ધસી આવતાં ધનુષ્ય ધારણ કરતા, બાણ તથા ફરશીરૂપી આયુધવાળા, મૃગચર્મ પહેરનારા અને સૂર્ય જેવી તેજસ્વી જટાઓથી યુક્ત ભૃગુશ્રેષ્ઠ પરશુરામને તેણે જોયા. એટલે સહસ્ત્રાર્જુને હાથી, રથ, ઘોડા, પાયદળ, ગદાઓ, તલવારો, બાણો, બે ધારવાળી તલવારો, તોપો તથા શકિતઓ સાથે મહાભયંકર સત્તર અક્ષૌહિણી સેનાઓ તેમની સામે મોકલી. પણ ભગવાન પરશુરામે એકલાએ તે સર્વ સેનાઓનો સંહાર કરી દીધો. મન અને પવન જેવા વેગવાળા પરશુરામ જ્યાં જ્યાં ફરશીનો પ્રહાર કરી શત્રુસૈન્યનો સંહાર કરતા હતા, ત્યાં ત્યાં કપાયેલી ભુજાઓ, સાથળો તથા ડોકાવાળા અને હણાયેલા સારથિઓ તથા વાહનોવાળા યોદ્ધાઓ પૃથ્વી પર પડતા હતા. એ રીતે લોહીના ધોધથી કીચડવાળા બનેલા સમરાંગણમાં પરશુરામની ફરશી તથા બાણોના મારાથી પોતાના સૈન્યની ઢાલો, ધજાઓ, મનુષ્ય તથા શરીર કપાઈ ગયાં; તે જોઈ સહસ્ત્રાર્જુન ક્રોધથી યુદ્ધ કરવા ચડી આવ્યો અને તરત જ પાંચસે હાથમાં પાંચસે ધનુષ્યો લઈ તેમાં બાણો ચડાવી એકી વખતે પરશુરામ તરફ ફેંકયાં પણ અસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ પરશુરામે માત્ર એક જ ધનુષ્ય લઈ એકી સાથે તે બાણોને બાણ વડે કાપી નાખ્યાં. પછી સહસ્ત્રાર્જુન પોતાના હાથો વડે પર્વતો તથા વૃક્ષો ઉપાડી વેગથી યુદ્ધમાં પરશુરામ સામે દોડ્યો, પણ પરશુરામે કઠોર ધારવાળી ફરશીથી સર્પની ફણાઓને જેમ કાપે તેમ બળાત્કારે સહસ્ત્રાર્જુનની ભુજાઓ કાપી નાખી અને પછી કપાયેલા બાહુઓવાળા તેના મસ્તકને પણ પર્વતના શિખરની પેઠે ઉડાડી દીધું. પિતા મરાયો એટલે સહસ્ત્રાર્જુનના દસ હજાર પુત્રો ભયથી નાસી ગયા. પછી શત્રુવીરોનો સંહાર કરનારા પરશુરામે દુઃખી થયેલી કામધેનુને વાછરડાની સાથે પાછી વાળી આશ્રમમાં આવી પિતાને આપી તથા પોતે જે કર્મ કર્યું હતું તે પિતાની તથા ભાઈઓની આગળ વર્ણવી બતાવ્યું. તે સાંભળી જમદગ્નિ બોલ્યા : ‘ઓ રામ ! હે રામ ! હે મહાબાહુ ! તે આ પાપકર્મ કર્યું છે; કારણ કે તે સર્વ દેવમય રાજાનો વ્યર્થ નાશ કર્યો છે. હે વત્સ ! આપણે બ્રાહ્મણો છીએ. ક્ષમાના ગુણને લીધે જ આપણે સંસારમાં પૂજનીય ગણાયા છીએ. લોકગુરુ બ્રહ્મા પર ક્ષમાને લીધે જ પરમેષ્ઠિપદ પામ્યા છે. એટલું જ નહિ, પણ આપણું બ્રહ્મતેજ ક્ષમાને લીધે જ સૂર્યની કાંતિની પેઠે પ્રકાશે છે અને ક્ષમા ધરાવનારાઓ ઉપર સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ જલદી પ્રસન્ન થાય છે. જેના મસ્તક

પર રાજ્યાભિષેક થયો હોય તેવા રાજાનો વધ તે બ્રહ્મહત્યા કરતાં પણ અધિક છે; માટે ! ભગવાનમાં મન લગાડી તીર્થસેવન કરી તું એ પાપનો નાશ કર. ૧-૪૧

राज्ञो मूर्द्धावसिक्तस्य वधो ब्रह्मवधाद्गुरुः । तीर्थसंसेवया चांहो जह्यङ्गाच्युतचेतनः ॥४१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા

॥ श्रीशुक उवाच ॥

पित्रोपशिक्षितो रामस्तथेति कुरुनन्दन । संवत्सरं तीर्थयात्रां चरित्वाऽऽश्रममाव्रजत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુવંશી રાજા ! પિતાએ એ રીતે શિખામણ આપી; એટલે પરશુરામ 'બહુ સારું' એમ કહી એક વર્ષ સુધી તીર્થયાત્રા કરી આશ્રમે આવ્યા. એક વખત પરશુરામની માતા રેણુકા (જળ ભરવા) ગંગાકિનારે ગયાં હતાં, ત્યાં કમળની માળા ધારણ કરતા ગંધર્વરાજ ચિત્રરથને અપ્સરાઓ સાથે ક્રીડા કરતો તેમણે જોયો. જોકે પોતે જળ માટે નદીએ ગયાં હતાં, છતાં ક્રીડા કરતા પેલા ગંધર્વરાજને જોતાં તેના પર કંઈક ઈચ્છા થવાથી તેમને હોમના સમયનું સ્મરણ રહ્યું નહિ. પછી શંકા પામેલાં રેણુકા આશ્રમમાં આવી મુનિની આગળ કળશ મૂકી બે હાથ જોડી ઊભાં રહ્યાં, મુનિ જમદગ્નિ પત્નીનો માનસિક વ્યભિચાર જાણી કોપાયમાન થઈને બોલી ઊઠ્યા : "હે પુત્રો ! આ પાપી સ્ત્રીને મારી નાખો; પણ પુત્રોએ તેમ કર્યું નહિ. પછી પિતાએ પરશુરામને આજ્ઞા કરી, 'તારા ભાઈઓને તારી માતાની સાથે તું મારી નાખ.' એટલે તરત જ પરશુરામે ભાઈઓ તથા માતાને મારી નાખ્યાં. કેમ કે પરશુરામ જમદગ્નિમુનિની સમાધિ તથા તપના પ્રભાવને સારી રીતે જાણતા હતા. (કે મારા ભાઈઓ તથા માતાને હું નહિ મારુ, તો પિતાજી મને પણ શાપ આપવા સમર્થ છે અને મારીશ તો મારા પર પ્રસન્ન થઈ તેઓને જિવાડવા પણ સમર્થ છે.) પછી પરશુરામ ઉપર પ્રસન્ન થયેલા જમદગ્નિએ તેમને વર માગવા પ્રેરણા કરી; એટલે પરશુરામે મરેલી માતા તથા ભાઈઓનું જીવન અને પોતે તેઓને માર્યા હતાં, તેનું સ્મરણ ન રહે તે માગ્યું. એટલે ઋષિએ '**તથાસ્તુ**' એમ કહ્યું કે તરત જ જેમ નિદ્રામાંથી જાગી ઊઠે તેમ તેઓ સર્વ કુશળક્ષેમ ઊભાં થયાં. એમ પિતાનું તપોબળ જાણનારા પરશુરામે પોતાના સંબંધીઓનો નાશ કર્યો હતો. હે રાજન્ ! સહસ્ત્રાર્જુનના પુત્રો પોતાના પિતાના નાશને સંભારતા હતા. તેઓ પરશુરામના પરાક્રમથી હારેલા હોઈ તેઓને ક્યાંય પણ સુખ મળતું ન હતું. એક સમયે પરશુરામ ભાઈઓ સાથે આશ્રમથી વનમાં ગયા. ત્યારે તે સમય મેળવી સહસ્ત્રાર્જુનના પુત્રો વેર લેવાની ઈચ્છાથી જમદગ્નિના આશ્રમમાં ગયા. તે વેળા જમદગ્નિમુનિ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે બુદ્ધિ સ્થાપી અગ્નિશાળામાં બેઠા હતા. તેમને જોઈ પેલા પાપી નિશ્ચયવાળા નીચ ક્ષત્રિયોએ તેમને મારવાની તૈયારી કરી; એટલે પરશુરામની ગરીબ માતાએ પતિને ન મારવા તે ક્રૂર ક્ષત્રિયો પાસે યાચના કરી; છતાં તેઓ હઠથી જમદગ્નિનું મસ્તક કાપીને લઈ ગયા. પાછળથી સતી રેણુકા દુઃખ અને શોકથી વ્યાકુળ થઈ છાતી કૂટવા લાગી અને હા રામ ! ઓ રામ! ઓ તાત !' એમ મોટેથી બૂમો પાડવા લાગી. તે વખતે દૂર રહેલા પરશુરામે હા રામ" એવો દુઃખીના જેવો શબ્દ સાંભળી ઉતાવળા આશ્રમમાં આવી પિતાને મરણ પામેલા દીઠા. એટલે પિતાના મૃત્યુનું દુઃખ, ક્રોધ, અસહનશીલતા, દીનતા અને શોકના વેગથી મોહિત થઈ પરશુરામ વિલાપ કરવા લાગ્યા : 'હા

તાત ! ઓ ધર્મિષ્ઠ સત્પુરુષ ! અમને છોડી આપ સ્વર્ગ પધાર્યા ?' એવો વિલાપ કરી પિતાનું શરીર ભાઈઓને સોંપી પરશુરામે હાથમાં ફરશી લઈ ક્ષત્રિયોનો સંહાર કરવા મન કર્યું. હે રાજન્ ! બ્રાહ્મણહત્યા કરનારાઓએ જેની શોભાનો નાશ કર્યો હતો, એવી માહિષ્મતી નગરીમાં જઈ પરશુરામે એ નગરીની વચ્ચે સહસ્ત્રાર્જુનના પુત્રોનાં મસ્તકોનો મોટો પર્વત કર્યો; તેઓના લોહીથી બ્રાહ્મણનો દ્રોહ કરનારાઓને ભય ઉપજાવનારી ભયંકર નદી વહેવા લાગી. ભગવાન પરશુરામે જોયું કે પૃથ્વી પર ક્ષત્રિયો પાપી અને અત્યાચારી બની ગયા છે, ત્યારે પિતાના વધને નિમિત્ત બનાવી તેમણે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી અને કુરુક્ષેત્રના સમંતપંચક સ્થાનમાં લોહીના ભરેલા નવ ધરા કર્યા. પછી પિતાનું મસ્તક લાવી યજ્ઞમાં પિતાના શરીર સાથે તેને જોડી દઈ યજ્ઞો દ્વારા સર્વ દેવમય એવા આત્મારૂપ દેવનું તેમણે યજન કર્યું હતું. તે વેળા (યજ્ઞની દક્ષિણા તરીકે) હોતાને તેમણે પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા અને ઉદ્‌ગાતાને ઉત્તર દિશા આપી હતી. તે સિવાય બીજા બ્રાહ્મણોને ખૂણાની દિશા આપી હતી. કશ્યપને પૃથ્વીનો મધ્ય ભાગ, ઉપદ્રષ્ટાને આર્યાવર્ત અને યજ્ઞના બીજા સદસ્ય બ્રાહ્મણોને બાકી રહેલો ભાગ આપ્યો હતો. એ રીતે યજ્ઞની સમાપ્તિ થયા પછી બ્રહ્મનદી સરસ્વતીમાં યજ્ઞસમાપ્તિનું સ્નાન કરી તેમણે સર્વ પાપ ધોઈ નાખ્યાં જેથી વાદળોથી રહિત સૂર્યની પેઠે તે શોભતા હતા. મહર્ષિ જમદગ્નિને સ્મૃતિરૂપ સંકલ્પમય શરીરની પ્રાપ્તિ થઈ. ભગવાન પરશુરામના તે પૂજનીય પિતા સપ્તર્ષિઓના મંડળમાં સાતમા ઋષિ છે. હે રાજા ! કમળ સમાન નેત્રવાળા પરશુરામ પણ આવતા મન્વંતરમાં વેદપ્રવર્તક સપ્તર્ષિઓમાંના એક ઋષિ થશે. તે પરશુરામ કોઈને કોઈ પણ પ્રકારની શિક્ષા કરવાનું છોડી ને ચિત્ત શાંત કરી આજે પણ મહેન્દ્ર પર્વત પર બિરાજે છે, અને સિદ્ધો, ગંધર્વો તથા ચારણો તેમનાં ચરિત્ર ગાય છે. એમ જગતના આત્મા તથા ઈશ્વર ભગવાન શ્રીહરિએ ભૃગુવંશીઓમાં જન્મ લઈ પૃથ્વીના ભારરૂપ અનેક રાજાઓનો નાશ કર્યો હતો.

ગાધિના પુત્ર વિશ્વામિત્ર પ્રજ્વલિત અગ્નિ જેવા મહાતેજસ્વી હોઈ તપ વડે ક્ષત્રિયપણું ત્યજી તેમણે બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું હતું. હે રાજા ! વિશ્વામિત્રને એક ને એકસો પુત્ર હતા, તેઓમાં વચેટ મધુચ્છંદસ્ નામે હતો. જેના સંબંધથી તેઓ બધા જ મધુચ્છંદસ્ કહેવાયા હતા. જીગર્તના પુત્ર ભૃગુવંશી શુનઃશેપનું બીજું નામ 'દેવરાત' હતું. તેને પુત્ર તરીકે સ્વીકારી વિશ્વામિત્રે પુત્રોને કહ્યું હતું 'આ શુનઃશેપને તમે સૌથી મોટો માનજો. એ શુનઃશેપ પહેલાં કહેલા હરિશ્ચંદ્રના યજ્ઞમાં પુરુષપશુ તરીકે (તેનાં માતાપિતા દ્વારા) વેચાયો હતો અને (તે વેળા વિશ્વામિત્રને શરણે જઈ તેમણે ઉપદેશેલા મંત્રથી) પ્રજાપતિને વગેરે દેવોની સ્તુતિ કરી મૃત્યુના પાશમાંથી છૂટયો હતો. વળી જેને (હરિશ્ચંદ્રના) દેવયજનમાં દેવોએ જીવતો જ છોડી મૂક્યો હતો, તેથી ગાધિના વંશજોમાં જે દેવરાત નામના તપસ્વી તરીકે પ્રખ્યાત થયો હતો, તે જ એ ભૃગુવંશી શુનઃશેપ હતો. વિશ્વામિત્રના પુત્રોમાં મધુચ્છંદસ્ થી જે મોટા હતા, તેઓએ શુનઃશેપનું સૌથી મોટાપણું સારું માન્યું ન હતું, તેથી વિશ્વામિત્રે ક્રોધાયમાન થઈ શાપ દીધો હતો : 'દુર્જનો ! મ્લેચ્છ થઈ જાઓ.' પછી મધુચ્છંદસે પોતાથી નાના પચાસ ભાઈઓ સાથે વિશ્વામિત્રને કહ્યું : 'આપ અમને જે (મોટાનાનાપણાની) આજ્ઞા આપો તેમાં રહેવા અમે તૈયાર છીએ.' પિતાને એમ કહી તેઓએ મંત્રદ્રષ્ટા શુનઃશેપને પોતાથી મોટો બનાવ્યો અને કહ્યું : 'અમે સર્વે આપને અનુસરીશું,' તે સાંભળી વિશ્વામિત્રે પુત્રોને કહ્યું : 'તમે પુત્રવાળા થશો. કારણ કે તમે મારું મન જાળવી મને પુત્રોવાળો કર્યો છે. હે કુશિકવંશી પુત્રો ! આ દેવરાત હવે તમારા જ વંશનો (કૌશિક) થયો છે; કારણ કે તે મારો પુત્ર છે માટે તમે તેને

અનુસરજો. (તેની આજ્ઞામાં રહેજો.)' વિશ્વામિત્રને એ સિવાય બીજા અષ્ટક, હારીત, જય, ક્રતુમત ! વગેરે પણ પુત્રો હતા. એ રીતે વિશ્વામિત્રના અનેક પુત્રો હોવાથી કૌશિકગોત્ર અનેક પ્રકારનું તથા જુદા પ્રવરવાળું થયું હતું; કારણ કે તે ગોત્રમાં દેવરાતને સૌથી મોટો બનાવ્યો હતો. ૧-૩૭

एवं कौशिकगोत्रं तु वैश्वामित्रैः पृथग्विधम् । प्रवरातरमापन्नं तद्धि चैवं प्रकल्पितम् ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## પુરૂરવાના મોટા પુત્ર આયુનો વંશ

॥ श्रीशुक उवाच ॥

यः पुरूरवसः पुत्र आयुस्तस्याभवन् सुताः । नहुषः क्षत्रवृद्धश्च रजी रम्भश्च वीर्यवान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પુરૂરવાનો જે આયુ નામનો પુત્ર હતો, તેના નહુષ, ક્ષત્રવૃદ્ધ રજી, રંભ, પરાક્રમી અનેનસ્ નામના પાંચ પુત્રો હતા. તેઓમાં ક્ષત્રવૃદ્ધનો વંશ તમે સાંભળો. ક્ષત્રવૃદ્ધને સુહોત્ર નામે પુત્ર હતો. સુહાગને કાશ્ય, કુશ અને ગૃત્સમદ નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં ગૃત્સમદને શુનક નામે પુત્ર હતો. જેને ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ મુનિ શૌનક પુત્ર હતો. કાશ્યને કાશિ, તેને રાષ્ટ્ર, રાષ્ટ્રને દીર્ઘતમસ અને દીર્ઘતમસ નો ધન્વંતરિ પુત્ર હતો. એ ધન્વંતરિ આયુર્વેદના પ્રવર્તક, યજ્ઞભોકતા વાસુદેવ ભગવાનના અંશરૂપ અને માત્ર સ્મરણ કરતાં જ રોગોનો નાશ કરનાર ગણાય છે. એ ધન્વંતરિનો કેતુમાન, કેતુમાનનો ભીમરથ, ભીમરથનો દિવોદાસ અને દિવોદાસનો ઘુમાન નામે પુત્ર હતો. એ ઘુમાન જ પ્રતર્દન, શત્રુજિત, વત્સ, ઋતુધ્વજ અને કુવલયાશ્વ નામે કહેવાયો હતો. તેના અલર્ક વગેરે પુત્રો થયા હતા. હે રાજન્ ! અલર્ક વિના બીજા કોઈએ છાસઠ હજાર વર્ષ સુધી યુવાન રહી આ પૃથ્વી ભોગવી નથી. એ અલર્કનો સંતતિ, સંતતિનો સુનીથ, સુનીથનો સુકેતન, સુકેતનનો ધર્મકેતુ, ધર્મકેતુનો સત્યકેતુ, સત્યકેતુનો ધૃષ્ટકેતુ, ધૃષ્ટકેતુનો સુકુમાર રાજા, સુકુમાર રાજાનો વીતિહોત્ર, વીતિહોત્રનો ભર્ગ અને ભર્ગનો ભાર્ગભૂમિ નામે પુત્ર રાજા થયો હતો. એમ એ કાશીવંશના રાજાઓ ક્ષત્રવૃદ્ધના વંશમાંથી થયેલા ગણાય છે. હવે આયુના પુત્ર રંભનો રભસ, રભસનો ગંભીર તથા ગંભીરનો અક્રિય નામે પુત્ર થયો. હતો. આ અક્રિયની સ્ત્રીમાં બ્રાહ્મણકુળ જન્મ્યું હતું. હવે આયુના પુત્ર અનેનસ્ નો વંશ સાંભળો. અનેનસ નો શુદ્ધ, શુદ્ધનો શુચિ, શુચિનો ત્રિકકુદ કે જે ધર્મસારથિ એવા બીજા નામથી પણ કહેવાયો હતો અને તે ત્રિકકુદથી શાંતરય નામે પુત્ર થયો હતો. એ કૃતકૃત્ય અને આત્મજ્ઞાની હતો. (તેણે પુત્રોત્પત્તિ કરી ન હતી) આયુના પુત્ર રજીને અમાપ બળવાળા પાંચસો પુત્રો હતા. એક વેળા દેવોએ રજીને પ્રાર્થના કરેલી, તેથી તેણે દૈત્યોનો નાશ કરી ઈંદ્રને સ્વર્ગ સોંપ્યું હતું, પરંતુ ઈંદ્ર પ્રહલાદ વગેરે શત્રુઓથી ભય પામી રજીના બને ચરણોનો સ્પર્શ કરી સ્વર્ગનું રાજ્ય તેને પાછું આપી પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું. પછી પિતા રજી મરણ પામ્યો એટલે ઈંદ્ર તેના પુત્રો પાસે સ્વર્ગની માગણી કરી; પણ તેઓએ ઈંદ્રને સ્વર્ગ આપ્યું નહિ ને યજ્ઞના ભાગો પણ પોતે લેવા માંડયા. તેથી (તેમની બુદ્ધિ ભ્રષ્ટ કરવા) ગુરુ બૃહસ્પતિએ (અભિચાર મંત્રથી) અગ્નિમાં હોમ કર્યો કે તરત જ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા રજીના બધા પુત્રોને ઈંદ્રે મારી નાખ્યા જેથી કોઈ બાકી રહ્યો નહિ. હવે ક્ષત્રવૃદ્ધના પ્રપૌત્ર કુશન પ્રતિ, પ્રતિનો સંજય, સંજયનો જય, જયના કૃત, કૃતનો હર્યવન રાજા, હર્યવનનો સહદેવ, સહદેવનો હીન, હીનનો જયસેન, જયસેનનો

સંકૃતિ અને સંકૃતિનો જય નામે પુત્ર થયો હતો કે, જે ક્ષાત્રધર્મમાં નિષ્ઠાવાળો અને મહારથી હતો. આ બધા ક્ષત્રવૃદ્ધના વંશજ રાજાઓ મેં તમને કહ્યા. હવે આયુના પુત્ર નહુષ અને તેના પુત્ર યયાતિથી જે વંશ ચાલેલો તે સાંભળો. ૧-૧૮

सङ्कृतिस्तस्य च जयः क्षात्रघर्मा महारथः । क्षत्रवृद्धान्वया भूपाः श्रृणु वंशं च नाहुषात् ॥१८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

## અધ્યાય-૧૮

## નહુષના પુત્ર યયાતિનું ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

यतिर्ययातिः संयातिरायतिर्वियतिः कृतिः । षडिमे नहुषस्यासन्निन्द्रियाणीव देहिनः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** જેમ પ્રાણીઓને ઇંદ્રિયો છ છે, તેમ આયુના પુત્ર નહુષને યતિ, યયાતિ, સંયતિ, આયતિ, વિયતિ અને કૃતિ નામના છ પુત્રો હતા. તેમાંના યતિએ પિતા વડે અપાયેલા રાજ્યને પણ ઈચ્છયું ન હતું, કેમ કે રાજ્યના પરિણામને તે જાણતો હતો રાજ્યની ખટપટમાં પડેલો પુરુષ પોતાના આત્માને જાણી શકતો નથી. પિતા નહુષરાજાને (અમુક સમય સુધી સ્વર્ગનો તે ઈંદ્ર હતો. ત્યારે) ઈંદ્રાણીને ભોગવવાની ઈચ્છા કરવારૂપી દ્વેષને લીધે તેને બ્રાહ્મણોએ સ્વર્ગરૂપ સ્થાનથી, ભ્રષ્ટ કર્યો હતો અને (શાપ દઈ) અજગર બનાવ્યો હતો; તે વખતે (તેનો બીજો પુત્ર) યયાતિ રાજા થયો હતો. તેણે શુક્રાચાર્યની તથા વૃષપર્વાની પુત્રીઓ સાથે લગ્ન કર્યા હતાં. ચારે દિશાઓમાં નાના ભાઈઓને રાજ્ય કરવાની આજ્ઞા આપી હતી અને પોતે મધ્યભૂમિનું પાલન કરતો હતો.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** ભગવાન શુક્રાચાર્ય બ્રહ્મર્ષિ અને યયાતિ રાજા ક્ષત્રિય હતો. છતાં એ ક્ષત્રિય અને બ્રાહ્મણ વચ્ચે પ્રતિલોમવિવાહ કેમ થયો હતો ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** એક દિવસ દાનવોના રાજા વૃષપર્વાની ક્રોધી કન્યા શર્મિષ્ઠા ગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની તથા બીજી હજારો સખીઓ સાથે શહેરના બગીચામાં ફરતી હતી. ત્યાં પુષ્પોવાળાં ઝાડો પુષ્કળ હતાં અને તળાવના કિનારાઓ પર ભમરાઓ મધુર ગુંજારવ કરતા હતા. કમળ જેવાં નેત્રવાળી તે કન્યાઓ (ફરતી) એક જળાશય પાસે આવી અને કિનારા પર કપડાં મૂકી પરસ્પર પાણી છાંટતી જળક્રીડા કરવા લાગી. એવામાં નંદી પર બિરાજેલા શંકર પાર્વતીજી સાથે ત્યાંથી જતા હતા; તેમને જોઈ પેલી કન્યાઓ શરમાઈ ગઈ અને જળાશયમાંથી એકદમ બહાર નીકળી પોતપોતાનાં વસ્ત્રો પહેરવા લાગી. એ વખતે શર્મિષ્ઠાએ અજાણતાં ગુરુપુત્રી દેવયાનીનું વસ્ત્ર પોતાનું જાણી પહેરી લીધું, એટલે દેવયાનીએ કોપ કરી આ પ્રમાણે કહ્યું : 'અહો ! આ દાસીનું અયોગ્ય કર્મ જુઓ ! કૂતરી જેમ યજ્ઞમાં બલિદાન ખાઈ જાય, તેમ (આ દુષ્ટાએ) અમારે પહેરવાનું વસ્ત્ર પહેર્યું છે. જે બ્રાહ્મણોએ તપથી આ જગત સર્જ્યું છે, જેઓ પરમપુરુષ પરમાત્માનું મુખ છે, જેઓ બ્રહ્મને ધારણ કરે છે, જેમણે કલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે, અને જેઓની દેવોના રાજા લોકપાલો સ્તુતિ કરે છે એટલું જ નહિ, પણ જગતના આત્મા અને લક્ષ્મીને વસવાનું સ્થાન અને પવિત્ર ભગવાન પણ જેઓની સ્તુતિ કરે છે, એવા બ્રાહ્મણો સર્વના પૂજ્ય છે. વળી તેમાં પણ અમે ભૃગુવંશી છીએ અને આનો પિતા અસુર અમારો શિષ્ય છે, છતાં શુદ્ર જેમ વેદ ધારણ કરે, તેમ આ અધમ અસુરપુત્રીએ મારે પહેરવાનાં વસ્ત્રો પહેર્યા. એમ

ગુરુપુત્રી દેવયાની ગાળો દેતી હતી, ત્યારે પગ તળે દબાયેલી નાગણીની પેઠે ક્રોધથી ફંફાડા મારતી શર્મિષ્ઠા દાંતથી હોઠ પીસી તેને કહેવા લાગી : 'અરે ઓ ભિખારણ ! પોતાની સ્થિતિ જાણ્યા વિના જ આમ વધારે તું વખાણ કરે છે ! જેમ કૂતરાં (આજીવિકા માટે) પારકા ઘરની આશા રાખે, તેમ તું અમારા ઘરની આશા નથી રાખતી ? આવાં ઘણાં કઠોર વચનોથી શુક્રાચાર્યની સતી પુત્રીનો તિરસ્કાર કરી શર્મિષ્ઠાએ ક્રોધથી તેનું વસ્ત્ર પડાવી લઈ તેને કુવામાં ફેંકી દીધી. અને પોતાને ઘેર ચાલી ગઈ. એવામાં મૃગયા માટે ફરતો યયાતિરાજા દૈવયોગે ત્યાં આવ્યો અને જળને ઈચ્છતાં તેણે કૂવામાં પડેલી દેવયાની જોઈ, એટલે તરત જ તે દયાળુ રાજાએ તે વસ્ત્રહીન દેવયાનીને પોતાનું ઉપ વસ્ત્ર, પહેરવા આપ્યું અને પોતાના હાથથી તેનો હાથ પકડી (કૂવામાંથી) બહાર કાઢી તે વખતે શુકાચાર્યની પુત્રી દેવયાનીએ પ્રેમથી છલકાતી વાણી વડે વીર યયાતિરાજાને કહ્યું: ''હે શત્રુનગરોને જીતનારા રાજા ! તમે મારો હાથ પકડયો છે, માટે તમે મને સ્વીકારી છે. હવે બીજો પુરુષ મારો હાથ ગ્રહણ કરશે નહિ. હે વીર ! આ આપણા સંબંધને ઈશ્વરે જ નિર્માણ કર્યો છે, કોઈ પુરુષે નિર્માણ કર્યો નથી; કારણ કે હું અહીં કૂવામાં પડી હતી, ત્યાં તમારું મને દર્શન થયું છે. વળી હે મોટી ભુજાઓવાળા રાજા ! બૃહસ્પતિનો પુત્ર કચ જેને મેં પહેલાં શાપ આપ્યો હતો. તેના શાપથી કોઈ બ્રાહ્મણ મારો હાથ ગ્રહણ કરનાર નથી' જોકે યયાતિ રાજાને દેવયાનીનું તે કહેવું (અશાસ્ત્રીય હોવાથી) ગમતું ન હતું; પણ એ પ્રસંગ દૈવે જ આણ્યો હતો; તેમ જ પોતાના (ધાર્મિક) મનને પણ તેમાં આસક્ત થયેલું જાણી દેવયાનીનું વચન તેણે સ્વીકાર્યું. પછી તે વીર રાજા ત્યાંથી ગયો. એટલે દેવયાનીએ રડતાં રડતાં પિતાની આગળ શર્મિષ્ઠાએ જે કર્યું હતું અને કહ્યું હતું તે સર્વ જણાવ્યું. તે સાંભળી ભગવાન શુક્રાચાર્ય મનમાં ખેદ પામ્યા. તેમણે પુરોહિતવૃત્તિની નિંદા કરી કાપોતીવૃત્તિની (ખેતરમાંથી અથવા બજારમાંથી કબૂતરની જેમ દાણા વીણી લાવીને ગુજરાન ચલાવવાની) પ્રશંસા કરી અને પુત્રી સાથે નગરમાંથી નીકળી ગયા. તે વખતે વૃષપર્વાના મનમાં શંકા થઈ કે ગુરુજી કદાચ શત્રુઓને જિતાડી તો નહીં દે અથવા મને શાપ નહીં આપી દે એમ જાણી તેમની પાછળ જઈ ગુરુને મસ્તક નમાવી પ્રસન્ન કરતો માર્ગમાં તેમના પગમાં પડ્યો. ભગવાન શુક્રાચાર્યનો ક્રોધ અર્ધી ક્ષણમાં જ શાંત થઈ ગયો. તેઓ વૃષપર્વાને કહેવા લાગ્યાઃ ''હે રાજન્ ! આ મારી પુત્રીની ઈચ્છા તું પૂર્ણ કર. હું એને અહીં તજવા ઇચ્છતો નથી. તે સાંભળી વૃષપર્વા 'બહુ સારું' એમ કહી ઊભો રહ્યો. એટલે દેવયાનીએ મનનો અભિપ્રાય તેને કહ્યો. મારા પિતા મને જ્યાં પરણાવે અને હું જ્યાં જાઉં ત્યાં તારી પુત્રી પોતાની સખીઓ સાથે મારી પાછળ આવે (મારી દાસી થઈને રહે) (વૃષપર્વાએ તે કબૂલ્યું) એટલે શર્મિષ્ઠા પોતાના સંબંધીઓ પર આવેલું સંકટ જોઈને અને તે દૂર કરવું ઘણું જ મહત્ત્વનું છે એમ ગણી હજાર દાસીઓ સાથે ચાકરની પેઠે દેવયાનીની સેવા કરવા લાગી. પછી શુક્રાચાર્યે દેવયાનીને શર્મિષ્ઠા સાથે યયાતિ રાજાને આપી તેને કહ્યું : હે રાજા ! તારે આ શર્મિષ્ઠાને કદી શય્યામાં લેવી નહિ (તેની સાથે કદી વિષયસુખ ભોગવવું નહિ.) હે રાજા ! પછી એક વખતે સતી શર્મિષ્ઠાએ દેવયાનીને સંતાનવાળી જોઈ સુખી દેવયાનીના પતિ યયાતિરાજા પાસે જ એકાંતમાં (સંતાન માટે સમાગમની) પ્રાર્થના કરી. રાજપુત્રી શર્મિષ્ઠાએ એમ સંતાન માટે પ્રાર્થના કરી એટલે ધર્મવેત્તા યયાતિ રાજાએ 'આ પણ મારો ધર્મ જ છે' એમ વિચારી પોતાને શુક્રાચાર્યનું વચન યાદ હતું, છતાં દૈવેચ્છાને લીધે ઋતુકાળના સમયે શર્મિષ્ઠા સાથે સમાગમ કર્યો (જેથી શર્મિષ્ઠાને પણ ગર્ભ રહ્યો) દેવયાનીએ યદુ તથા તુર્વસુ નામના બે પુત્રોને જન્મ આપ્યો અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દ્રુહ્યુ, અનુ તથા પુરુ નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો.

અસુરપુત્રી શર્મિષ્ઠાને પતિથી જ ગર્ભ રહ્યો હતો. એ જાણી અભિમાની દેવયાની ક્રોધથી વ્યાપ્ત બની પિતાને ઘેર જવા ચાલી. તે વેળા કામી યયાતિ પણ પ્રિયાની પાછળ જઈ અનુકૂળ વચનો અને પગ દાબવા વગેરેથી તેને પ્રસન્ન કરવા લાગ્યોઃ પણ પ્રસન્ન કરી શક્યો નહિ. પછી (દેવયાનીએ શુક્રાચાર્યને ત્યાં જઈ બધી વાત કહી એટલે) કોપાયમાન થયેલા શુક્રાચાર્યે કહ્યું: ‘અરે ઓ સ્ત્રીલોભી ! જૂઠા ! મૂર્ખ ! પુરુષોને બેડોળ કરનારી વૃદ્ધાવસ્થા તને પ્રાપ્ત થાઓ.

**યયાતિરાજાએ કહ્યું :** ‘હે બ્રાહ્મણ ! હું હજી આપની પુત્રી વિષે કામભોગોથી તૃપ્ત થયો નથી’ (માટે આવો શાપ ન આપો.) તે સાંભળી શુક્રાચાર્યે કહ્યું: ‘તારી પાસેથી કોઈ વૃદ્ધાવસ્થા લે તો તેની યુવાવસ્થાથી તું તારી ઈચ્છા પ્રમાણે આ વૃદ્ધાવસ્થાને અદલોબદલો કરી લેજે’ એમ વૃદ્ધાવસ્થાની વ્યવસ્થા પ્રાપ્ત થઈ, એટલે યયાતિએ મોટા પુત્ર યદુને કહ્યું: હે તાત ! મારી આ વૃદ્ધાવસ્થા તારી માતાના પિતાએ કરી છે, તેને તું મારી પાસેથી લે અને પોતાની યુવાવસ્થા મને આપ. હે પુત્ર ! હું વિષયોથી હજી અતૃપ્ત છું. માટે તારી યુવાવસ્થાથી હજી કેટલાંક વર્ષો સુધી હું વિષયસેવન કરીશ.

**યદુ બોલ્યો :** તમને અકાળે આવેલી વૃદ્ધાવસ્થા સાથે હું રહેવા ચાહતો નથી, કેમ કે વિષયસુખનો અનુભવ કર્યા વિના પુરુષ તૃષ્ણારહિત થઈ શકતો નથી.પછી પિતા યયાતિએ તુર્વસુ, દ્રુહ્યુ ને અનુને પણ વૃદ્ધાવસ્થા લેવા કહ્યું, પણ તે બધાએ ના જ પાડી; કેમ કે તેઓ ધર્મ જાણતા ન હતા અને અનિત્ય યૌવનમાં નિત્યતાની બુદ્ધિ ધરાવતા હતા. પછી યયાતિએ વયથી નાના છતાં ગુણોથી મોટા પૂરુને પૂછ્યું : “ હે પુત્ર! તું મોટા ભાઈઓની પેઠે મને ના પાડવાને યોગ્ય નથી.’

**પૂરુ બોલ્યો :** ‘હે રાજા ! શરીરને ઉત્પન્ન કરનાર પિતાના ઉપકારનો બદલો વાળવા આ લોકમાં ક્યો પુરુષ સમર્થ છે? પિતાની કૃપા વડે મનુષ્ય પરમેશ્વરને પણ પામી શકે છે. પિતા મનમાં વિચાર કરે તેટલામાં જ પિતાનું કાર્ય જે કરે, તે પુત્ર ઉત્તમ છે. પિતા કહે તે પછી કરે તે મધ્યમ છે. પિતા કહે તે પછી પણ અશ્રદ્ધાથી કરે તે અધમ છે અને કહ્યા છતાં જે ન કરે તે તો પિતાની વિષ્ઠા જ છે. હે રાજા ! એમ કહી પૂરુએ અત્યંત હર્ષથી પિતાની વૃદ્ધાવસ્થા લીધી એટલે યયાતિ પણ પુત્રની યુવાવસ્થાથી ઈચ્છાનુસાર વિષયો ભોગવવા લાગ્યો. સાતે દ્વીપોનો સ્વામી યયાતિ પિતાની પેઠે સારી રીતે પ્રજાઓનું પાલન કરતો હતો અને ઇંદ્રિયશકિતથી રહિત થયા વિના જ પ્રસન્નતાપૂર્વક વિષયો ભેગવતો હતો. તેની પ્રિયતમા દેવયાની પણ મન, વચન ને કાયાથી તેમ જ જુદી જુદી વસ્તુઓથી હમેશાં એકાંતમાં પતિને પરમ પ્રીતિ ઉત્પન્ન કરાવતી હતી. એ રાજાએ સર્વ દેવમય, સર્વવેદમય અને યજ્ઞપુરુષ, દેવ શ્રીહરિનું પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞોથી યજન કર્યું હતું; જેમ આકાશમાં કેટલીક વાર વાદળો ચઢી આવે છે અને કેટલીક વાર નથી પણ હોતાં તેમ પરમાત્માની અંદર આ જગત સ્વપ્ન, માયા અથવા મનોરથના જેવું કલ્પિત છે. તે કેટલીક વાર અનેક નામરૂપોમાં પ્રતીત થાય છે અને કેટલીક વાર નથી પણ થતું. તે સર્વની હૃદયગુહામાં રહેલા અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વાસુદેવ શ્રીનારાયણને હૃદયમાં સ્થાપી તે રાજાએ ફળકામનાથી રહિત થઈ તે પ્રભુનું યજન કર્યું હતું. ચક્રવર્તી યયાતિ રાજાએ એમ હજારો વર્ષો સુધી મન જેમાં છઠ્ઠું છે, એવી દુષ્ટ ઇંદ્રિયોથી કામ ભોગવ્યા છતાં તે તૃપ્ત થયો ન હતો. ૧-૫૧

एवं वर्षसहस्त्राणि मनःषष्ठैर्मनः सुखम् । विदधानोऽपि नातृप्यत् सार्वभौमः कदिन्द्रियैः ॥५१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯
## યયાતિની વિષયોથી વિરક્તિ ને મુક્તિ

॥ श्रीशुक उवाच ॥

स इत्थमाचरन् कामान् स्त्रैणोऽपह्नवमात्मनः । बुद्ध्वा प्रियाय निर्विण्णो गाथामेतामगायत ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સ્ત્રીલંપટ થઈ વિષયભોગો ભોગવતો યયાતિ છેવટે પોતે ભાન ભૂલ્યો છે એમ સમજી મનમાં ખેદ પામી આ ઈતિહાસ સ્ત્રીને કહેવા લાગ્યો : હે ભૃગુપુત્રી ! મારા જેવા સંસારના વિષયોમાં આસકિત રાખનારના આચરણનો વનમાં રહેનારાં ધીર પુરુષો શોક કરે છે; મારા જેવાના આચરણનું જેમાં વર્ણન છે, તેવો પૃથ્વી પરનો આ ઈતિહાસ તું જ સાંભળ. એક બકરો વનમાં પોતાની પ્રિય વસ્તુની શોધમાં ફરતો હતો. તેવામાં કર્મને વશ થઈ કૂવામાં પડેલી બકરી તેણે જોઈ. કામી બકરાએ તે બકરીને બહાર કાઢવાનો ઉપાય વિચાર્યો. અને શીંગડાની અણી વડે કૂવાના કિનારા પરની માટી વગેરે ખોદી કાઢી કૂવામાંથી તેને બહાર નીકળવાનો માર્ગ કર્યો. એટલે સુંદર નિતંબવાળી બકરી તે કૂવામાંથી બહાર નીકળી અને બકરાને જ વરી. તે જોઈ બીજી પણ પતિને ઈચ્છનારી ઘણી બકરીઓ તે જ બકરાને વરી કારણ કે એ બકરો શરીરે પુષ્ટ, વધારે દાઢી-મૂછવાળો વીર્યસિંચન કરી શકે તેવો; તેમ જ મૈથુનમાં કુશળ હતો. તેથી જ (સ્ત્રીઓને અત્યંત પ્રિય થાય તેવો હતો.) તે એક જ શ્રેષ્ઠ બકરો અનેક બકરીઓને પ્રીતિ વધારનાર થઈ પડ્યો અને કામરૂપી ગ્રહથી ઘેરાઈ પોતાના સ્વરૂપને છેક સમજી જ ન શક્યો. એક સમયે તે જ બકરાને બીજી અત્યંત પ્રિય બકરી સાથે રમતો જોઈ પેલી જે કૂવામાં પડી હતી તે બકરી બકરાના એ કર્મને સહન કરી શકી નહિ જેથી તે દુઃખી થઈ (ઉપરથી) મિત્રરૂપ છતાં (અંદરથી) દુષ્ટ હૃદયવાળા ક્ષણિક સ્નેહવાળા અને ઈન્દ્રિયોમાં રમનારા તે કામી બકરાને છોડી પોતાના મૂળ પાલક પાસે ચાલી ગઈ એટલે પેલો સ્ત્રીલંપટ બકરો દીન બની તે બકરીને પ્રસન્ન કરવા તેની પાછળ ગયો અને માર્ગમાં બકરાંની જાતિના બેં બેં શબ્દ કરતો તેને સમજાવવા લાગ્યો, છતાં સમજાવી શક્યો નહિ. તેવામાં ત્યાં એ બકરીના પાલક બ્રાહ્મણે ક્રોધથી પેલા બકરાના લટકતા વૃષણને કાપી નાખ્યો, પણ ફરી (તે બકરાની દયા ખાઈ) એ યોગવેત્તા બ્રાહ્મણે એના વૃષણને સાંધી દીધો. હે કલ્યાણિ ! એમ ફરી તે બકરાને વૃષણની પ્રાપ્તિ થઈ. (ભોગસામર્થ્ય મળ્યું), ત્યારે તે બકરો ફરી પેલી કૂવામાંથી મળેલી બકરી સાથે લાંબા સમય સુધી વિષયભોગો ભોગવવા લાગ્યો; તે હજી સંતોષ પામતો નથી. હે સુંદર ભ્રૂકુટિવાળી ! તે જ પ્રમાણે હું પણ દીન બની તારા પ્રેમપાશમાં ફસાયો છું અને તારી માયાથી મોહિત થઈ મારા આત્મ સ્વરૂપને ઓળખી શક્તો નથી. આ પૃથ્વી ઉપર જેટલા દાણા, જવ, સોનું, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધાંયે તૃષ્ણાથી ઘેરાયેલા પુરુષના મનને કદી સંતોષ ઉપજાવી શકતાં નથી; કારણ કે વિષયભોગની તૃષ્ણા વિષયભોગોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી; પણ ઊલટી ઘી નાખવાથી જેમ અગ્નિ વધે તેમ અધિકાધિક વધતી જ ચાલે છે. માટે પુરુષ સર્વ પ્રાણીઓ તરફ રાગદ્વેષાદિરૂપ અમંગળ ભાવ જયારે કરતો નથી અને બધે સમાન દૃષ્ટિવાળો થાય છે ત્યારે તેની સર્વ દિશાઓ સુખમય બને છે. જે તૃષ્ણાને દુષ્ટબુદ્ધિવાળો દુઃખથી ત્યજી શકે છે અને જે તૃષ્ણા મનુષ્ય ઘરડા થાય તે પણ ઘરડી થતી જ નથી, તે દુઃખો લાવનારી તૃષ્ણાને સુખેચ્છાવાળા મનુષ્યે જલદી તજવી જોઈએ, પુરુષે મા, બહેન, કે દીકરી સાથે પણ એક આસને અડીને કદી બેસવું નહિ; કેમ કે ઈન્દ્રિયસમૂહ બળવાન હોઈ વિદ્વાનને પણ (વિષયો) તરફ

ખેંચે છે. હું પૂરાં હજાર વર્ષ સુધી વારંવાર વિષયોને સેવી રહ્યો છું, છતાં હજી એ વિષયો ઉપર તૃષ્ણા તો વારંવાર થયા જ કરે છે. માટે (હવે તો) આ તૃષ્ણાને ત્યજી મનને પરબ્રહ્મ વિષે સ્થાપી રાગદ્વેષાદિ દ્વંદ્વો તથા અહંકારથી રહિત થઈ (વનમાં) મૃગો સાથે ફરીશું. આ સંસારમાં જે કંઈ દેખાય છે અને સંભળાય છે, તે સર્વ મિથ્યા છે, એમ જાણી તેનું ચિંતન કે ઉપભોગ પણ કરવો નહિ; કેમ કે તેનું ચિંતન કે ઉપભોગ કરવાથી મનુષ્ય સંસાર તથા આત્મા નાશને જ પામે છે, એમ જે જાણે છે તે પુરુષ આત્મદ્રષ્ટા થઈ શકે છે.' પત્ની દેવયાનીને એમ કહી યયાતિરાજાએ સર્વ પ્રકારની તૃષ્ણાનો ત્યાગ કર્યો ને પૂરુની યુવાવસ્થા તેને પાછી આપી પોતાની વૃદ્ધાવસ્થા તેની પાસેથી લઈ લીધી. પછી તેણે દ્રુહ્યુને અગ્નિ ખૂણાનો, યદુને દક્ષિણ દિશાનો અને તુર્વસુને પશ્ચિમ દિશાનો રાજા બનાવ્યો અને આખા ભૂમંડળની સંપત્તિ માટે યોગ્ય એવા પુરુનો રાજા તરીકે અભિષેક કરી તેના મોટાભાઈઓને તેને આધીન બનાવી પોતે વનમાં ગયો. એ રીતે યયાતિરાજાએ પક્ષી પોતાને પાંખો આવતાં જેમ માળો છોડે છે, તેમ ઘણાં વર્ષો સુધી વિષયમાં સેવેલું છે ઈન્દ્રિયવાળું સુખ ક્ષણવારમાં છોડયું હતું. તે પ્રખ્યાત રાજા વનમાં સર્વ સંગ ત્યજી અંતે આત્મસ્વરૂપના અનુભવને લીધે ત્રિગુણાત્મક લિંગશરીર પણ ત્યજી સર્વથી પર અને નિર્મળ પરબ્રહ્મ વાસુદેવ વિષે મોટા મોટા ભગવત્પ્રેમી સંતોને પ્રાપ્ત થાય છે તેવી ભગવદ્ગતિને પામ્યો. દેવયાનીએ પણ પતિએ કહેલો(પૂર્વોકત) ઈતિહાસ સાંભળી નિવૃત્તિમાર્ગમાં પોતાને તે પ્રોત્સાહન જ હતું એમ માન્યું હતું; કારણ કે સ્ત્રીપુરુષના સ્નેહમાં વિયોગાવસ્થા આવે છે, ત્યારે જે દુઃખ થાય છે તે દુઃખ દૂર કરવા માટે જ યયાતિએ તે ઈતિહાસ વિનોદની જેમ તેને કહ્યો હતો. પછી 'કેવળ ઈશ્વરાધીન રહેનારાં સર્વ સગાંસંબંધીઓનું એકઠાં રહેવું, તે કોઈ પરબમાં એકઠાં થતાં પ્રાણીઓના સહવાસની પેઠે પ્રભુની માયાથી જ બનેલું હોય છે,' એમ જાણી શુક્રપુત્રી તે દેવયાનીએ બધું સ્વપ્ન જેવું ગણીને બધો સંગ ત્યજી શ્રીકૃષ્ણમાં મન સ્થાપી છેવટે પોતાના લિંગશરીરને પણ તજ્યું. અંતે તેણે ભગવાનને નમસ્કાર કરતાં કહ્યુંઃ 'ઐશ્વર્યાદિ ગુણોથી પૂર્ણ, જગતના કારણ, સર્વ પ્રાણીઓને વસવાનું સ્થાન, શાંત અને સર્વથી મહાન એવા આપ વસુદેવના પુત્ર વાસુદેવ શ્રીકૃષ્ણને મારા વારંવાર નમસ્કાર હો.' ૧-૨૯

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेघसे । सर्वभूताघिवासाय शान्ताय बृहते नमः ॥२९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## દુષ્યંતના પુત્ર ભરતનાં યશોગાન

**॥ श्रीशुक उवाच ॥**

पूरोर्वंशं प्रवक्ष्यामि यत्र जातोऽसि भारत । यत्र राजर्षयो वंश्या ब्रह्मवंश्याश्च जज्ञिरे ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! જેમાં તમે જન્મ્યા છો અને જેમાં રાજર્ષિઓ તથા બ્રાહ્મણ પણ થયા છે તે પૂરુનો વંશ હવે હું વર્ણવું છું. પુરુનો જનમેજય પુત્ર હતો, જનમેજયનો પ્રચિત્વાન, પ્રચિત્વાનનો પ્રવીર, પ્રવીરનો નમસ્યુ, નમસ્યુનો ચારુપદ, ચારુપદનો સુદ્યુ, સુદ્યુનો બહુગવ, બહુગવનો સંયાતિ, સંયાતિનો અહંયાતિ, અહંયાતિનો રૌદ્રાશ્વ અને રૌદ્રાશ્વનો ઘૃતાચી નામની અપ્સરામાં ઋતેયુ, કુક્ષેયુ, સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને સૌથી નાનો વનેયું એ રીતે દસ પુત્રો થયા હતા. એ દસે જેમ જગતના આત્મારૂપ મુખ્ય પ્રાણને દસ ઈન્દ્રિયો વશ રહે છે

તેમ રૌદ્રાશ્વને વશ રહેનારા હતા. હે રાજન્ ! તેમાં ઋતેયુનો રંતિભાર પુત્ર હતો. રંતિભારના સુમતિ, ધ્રુવ અને અપ્રતિરથ નામના ત્રણ પુત્રો હતા. તેમાં અપ્રતિરથનો કણ્વ, કણ્વનો મેધાતિથિ અને મેધાતિથિના પ્રસ્કણ્વ વગેરે પુત્રો થયા હતા. આ બધા (કણ્વથી માંડી) બ્રાહ્મણો હતા. રતિભારના સુમતિ નામના પુત્રથી રૈભ્ય નામે પુત્ર થયો હતો. અને તે રૈભ્યનો દુષ્યંત નામે પુત્ર હતો. તે દુષ્યંત એક સમયે કેટલાક સૈનિકોની સાથે મૃગયા કરવા ગયો હતો, ત્યાંથી કણ્વ ઋષિના આશ્રમમાં જઈ ચડ્યો. ત્યાં પોતાની કાંતિથી સર્વ પ્રદેશને શોભાવતી લક્ષ્મી જેવી એક કન્યા બેઠી હતી. દેવની માયા જેવી એ સ્ત્રીને જોઈ દુષ્યંત તરત જ એના પર મોહિત થયો. તેણે સુંદર નિતંબવાળી તે સ્ત્રીને બોલાવવા માંડી, અને તેના દર્શનથી આનંદ પામી પરિશ્રમરહિત થઈ કામથી તપેલા તે રાજાએ હસતાં હસતાં મધુર વાણીથી તેને પૂછવા માંડયું : 'હે કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળી ! તું કોણ છે? હે સુંદરિ ! તું કોની પુત્રી છે અને આ નિર્જન વનમાં તે શું કરવા ધાર્યું છે? હે સુંદર મધ્યભાગવાળી ! ખરેખર, હું માનું છું કે તું કોઈ રાજકન્યા છે; કારણ કે પૂર્વશી રાજાઓનું મન અધર્મમાં કદી આસક્ત થતું નથી.'

**શકુંતલા બોલી :** હે વીર ! હું વિશ્વામિત્રની પુત્રી છું. મને મેનકાએ વનમાં ત્યજી દીધી છે. આ વાતને ભગવાન કણ્વઋષિ જાણે છે. બોલો, અમે તમારું ક્યું કામ કરીએ ? હે કમળ સમાન નેત્રવાળા રાજા ! અહીં બેસો અને અમારો સત્કાર સ્વીકારો. આ સામે તૈયાર છે, આપ જમો અને જો ગમે તો અહીં રહી જાઓ.

**દુષ્યંત બોલ્યો :** હે સુંદર ભ્રૂકુટિવાળી ! તું કુશિકના વંશમાં જન્મેલી છે, તેથી તારાં આ સત્કારવચન યોગ્ય છે, કારણ કે રાજાઓની કન્યાઓ પોતાની મેળે જ યોગ્ય પતિને વરે છે. દુષ્યતરાજાએ એમ કહ્યું એટલે શકુંતલાએ 'બહુ સારું' એમ કહી વરવાની હા પાડી. એટલે દેશ, કાળ તથા શાસ્ત્રની આજ્ઞાને જાણનારો તે રાજા ગાંધર્વવિધિથી, પરસ્પર સંમતિસંકેત કરી ધર્મ પ્રમાણે શકુંતલાને પરણ્યો. અને અમોઘ વીર્યવાળા તે રાજર્ષિ એ શકુંતલામાં વીર્ય સ્થાપ્યું (ગર્ભાધાન કર્યું). પછી બીજે દિવસે પોતે પોતાના નગરમાં ગયો અને શકુંતલાએ સમય પૂરો થતાં પુત્રને જન્મ આપ્યો. પછી કણ્વઋષિએ શકુંતલાને તે કુમાર ને વનમાં યોગ્ય ક્રિયાઓ કરી. તે કુમાર પણ બાળક હોવા છતાં બળથી મોટા સિંહોને બાંધી (તેઓ સાથે) રમવા લાગ્યો. પછી સ્ત્રીઓમાં ઉત્તમ શકુંતલા શ્રીહરિના અંશમાંથી જન્મેલા તે દુર્લંધ્ય પરાક્રમવાળા પુત્રને સાથે લઈ જ્યારે પતિની પાસે ગઈ, ત્યારે રાજા દુષ્યંતે (શકુંતલા સાથેનું લગ્ન ભૂલી જઈ) તે નિર્દોષ સ્ત્રીપુત્રને સ્વીકાર્યા નહિ; એટલે તે સર્વ પ્રાણીઓના સાંભળતાં આકાશવાણી થઈઃ 'હે દુષ્યંત ! માતા ધમણ જેવી છે, પુત્ર પિતાનો જ ગણાય છે અને જેનાથી તે પુત્ર જન્મ્યો હોય તેનું સ્વરૂપ જ તે મનાય છે; માટે પુત્રનું પોષણ કર. અને શકુંતલાનું અપમાન ન કર. હે રાજા ! વંશને વધારનારો પુત્ર પિતાને યમના સ્થાનથી તારે છે અને આ ગર્ભ તે જ સ્થાપ્યો છે; શકુંતલા સત્ય કહે છે;') એમ આકાશવાણી સાંભળી દુષ્યંતે શકુંતલાનો તથા પુત્રનો સ્વીકાર કર્યો.) પછી પિતા મરણ પામ્યો એટલે મહાયશસ્વી તે ભરત પણ ચક્રવર્તી સમ્રાટ થયો. તે શ્રીહરિના અંશથી જન્મ્યો હતો, તેથી આજે પણ તેનો મહિમા પૃથ્વી પર ગવાય છે. એના જમણા હાથમાં ચક્રની અને તેના બંને પગમાં કમળના દોડાના આકારની રેખાઓ હતી, એ મહાસમર્થ રાજાનો મોટા અભિષેકથી રાજયાભિષેક કર્યો હતો અને પછી તેણે મમતાના પુત્ર દીર્ઘતમસ ઋષિને પુરોહિત કરી ગંગાના પવિત્ર કિનારે પંચાવન અશ્વમેધ યજ્ઞો અને યમુના કિનારે અઠોતેર અશ્વમેધ યજ્ઞો કરી ભગવાનને પૂજ્યા હતા. તે દુષ્યંતપુત્ર ભરતરાજાએ પુષ્કળ ધનનું દાન કર્યું હતું અને ઉત્તમ ગુણવાળા

પ્રદેશમાં અગ્નિચયન' નામે વૈદિક કર્મ કર્યું હતું. તેમાં એક હજાર બ્રાહ્મણોને પ્રત્યેકને બદ્ધ બદ્ધ (એક બધ્ધ એટલે તેરહજાર ચોર્યાશી) ગાયોનાં દાન આપ્યાં હતાં. વળી તે દુષ્યંતપુત્ર રાજા ભરતે તે યજ્ઞોમાં(૫૫+૭૮) એકસો તેત્રીસ ઘોડા બાંધીને (૧૩૩ યજ્ઞો કરીને) સમસ્ત રાજાઓને આશ્ચર્યચકિત કર્યા હતા અને દેવોના વૈભવો કરતાં પણ પોતે અધિક વૈભવવાળો થયો હતો. એમ આ લોકમાં તે પરમ યશસ્વી થઈને તે દેવાધિદેવ શ્રીહરિને પામ્યો હતો. વળી તે રાજાએ મષ્ણાર નામના વૈદિક કર્મમાં ધોળા દાંતવાળા, શરીરે કાળા અને સુવર્ણથી શણગારેલા ચૌદ લાખ શ્રેષ્ઠ હાથીઓનાં દાન કર્યા હતાં. જેમ કેવળ બે હાથથી (પુણ્ય વિના) લોકો સ્વર્ગમાં ગયા નથી અને જશે પણ નહિ, તેમ ભરતરાજાના મહાન કર્મને પૂર્વ કાળના કોઈ રાજાઓ પહોંચી શક્યા નથી અને ભવિષ્યના પહોંચશે પણ નહિ. એ રાજાએ દિગ્વિજયમાં કિરાત, હૂણ, યવન, અંધ્ર, કંક, ખશ, શક તથા બ્રાહ્મણોને દુઃખ દેનારા સમગ્ર મ્લેચ્છ રાજાઓનો નાશ કર્યો હતો. તેમ જ પૂર્વે દેવોને જીતી જે અસુરો રસાતલાદિ સ્થાનોમાં રહેતા હતા અને દેવોની સ્ત્રીઓને બીજા મનુષ્ય વગેરે પ્રાણીઓ સાથે રસાતલમાં લઈ ગયા હતા, તેઓ પાસેથી એ રાજાએ તે સર્વે સ્ત્રીઓ તથા મનુષ્યાદિને પાછાં આણ્યાં હતાં. ભરતના રાજ્યમાં આકાશ અને પૃથ્વી પ્રજાઓના સર્વ અભિલાષો પૂર્ણ કરતાં હતાં. તે રાજાએ સત્તાવીસ હજાર વર્ષ સુધી સર્વ દિશાઓમાં એકચક્રી શાસન કર્યું હતું. છેવટે તે સમ્રાટ રાજા લોકપાલમાં પણ પ્રખ્યાત પોતાનું ઐશ્વર્ય, ચક્રવર્તીની સંપત્તિ, અખંડ શાસન તથા પ્રાણ એ સર્વ મિથ્યા છે એમ માની તેથી વિરકત થઈ વનમાં જઈ ભકિતથી ભગવાનને પામ્યો હતો. હે રાજા ! એ ભરતરાજાને વિદર્ભના રાજાની ત્રણ પુત્રીઓ તેની માનીતી રાણીઓ હતી. એ રાણીઓ (પોતાને જે જે પુત્રો થતા તેઓને જોઈ) 'આ પુત્રો મારા જેવો નથી' એમ ભરતરાજા કહેતો, ત્યારે (વ્યભિચારની શંકાથી) આ રાજા અમારો ત્યાગ કરશે, એવા ભયથી પુત્રોને મારી નાખતી. એથી ભરતરાજાનો વંશ એમ વ્યર્થ જવા બેઠો ત્યારે એ રાજાએ 'મરુતસ્તોમ' નામના યજ્ઞથી મરુતદેવોનું યજન કર્યું, એટલે મરુતદેવોએ પ્રસન્ન થઈ, તેને 'ભરદ્વાજ' નામનો પુત્ર આપ્યો હતો. (એ ભરદ્વાજની ઉત્પત્તિ સંબંધી આવી કથા છે.) એક વેળા બૃહસ્પતિ પોતાના ભાઈ ઉતથ્યની સગર્ભા સ્ત્રી મમતા સાથે છૂપી રીતે મૈથુન કરવા તૈયાર થયા, તે વખતે અંદર બીજા ગર્ભની જગ્યા ન હોવાથી ગર્ભમાં રહેલા બાળકે (નિંદાપૂર્વક) બૃહસ્પતિને અટકાવ્યા. એટલે બૃહસ્પતિએ 'તું આંધળો થા' એમ તે ગર્ભમાં રહેલા બાળકને શાપ આપી બળાત્કારે મૈથુન કરી મમતાની યોનિમાં વીર્ય નાખ્યું. (અંદર રહેલો ગર્ભ બૃહસ્પતિના શાપથી જોકે આંધળો થયો, પણ તેણે બૃહસ્પતિના વીર્યને પગની પાની મારી યોનિમાંથી બહાર કાઢી નાખ્યું, એટલે પૃથ્વી પર પડતાં જ તે વીર્યમાંથી એક કુમાર જન્મ્યો. એ વ્યભિચારથી થયો હતો, જેથી (પતિ મારો ત્યાગ કરશે, એવા ભયવાળી મમતા તે કુમારને તજવા ઈચ્છતી હતી. તે વખતે બૃહસ્પતિ મમતા સાથે થયેલા વિવાદ વખતે એ કુમારના નામનો નિર્ણય કરાવનારું આવું વાકય બોલતા હતા : **'मूढे भर द्वाजमिमं भरद्वाज'** એ મૂર્ખી! આ પુત્રનું તું **'भर'** પોષણ કર, કેમ કે તે **'द्वाज'** મારો ઔરસ અને મારા ભાઈનો ક્ષેત્રજ એમ બંનેનો (**द्वाज**) પુત્ર છે. (બૃહસ્પતિએ એમ કહ્યું:) એટલે મમતાએ કહ્યું : ''હે બૃહસ્પતિ ! આ પુત્રનું તમે **'भर'** - પોષણ કરો; કેમ કે તે મારા પતિનો નહિ પણ **'द्वाज'** આપણા બંનેનો પુત્ર છે. (માટે વ્યભિચારરૂપ અન્યાયથી જન્મેલા આ બાળકનું હું એકલી પોષણ નહિ કરું.)'' એમ પરસ્પર વિવાદ કરતાં તે બંને માતાપિતાએ બાળક ને ત્યાં જ ત્યજી ચાલ્યાં ગયાં અને તેઓ બંનેના એ **'भर'** અને **'द्वाज'** ના વિવાદ ઉપરથી (દેવોએ) એ પુત્રનું 'ભરદ્વાજ' એવું નામ પાડ્યું હતું. જોકે દેવોએ ભરદ્વાજનું પોષણ કરવા મમતાને પ્રેરણા કરી હતી, પણ વ્યભિચાર વડે ઉત્પન્ન થયેલા

એ પુત્રને નિરર્થક માની તેણે તજ્યો હતો, જેથી મરુત દેવોએ તેનું પોષણ કર્યું હતું અને ભરતનો વંશ વ્યર્થ જવા બેઠો ત્યારે એને પુત્ર તરીકે આપ્યો હતો. ૧-૩૯

चौद्यमाना सुरैरेवं मत्वा वितथमात्मजम् । व्यसृजन्मरुतोऽबिभ्रन् दत्तोऽयं वितथेऽन्वये ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## રાજા રંતિદેવ વગેરેનું અદ્‌ભુત ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

वितथस्य सुतो मन्युर्बृहत्क्षत्रो जयस्ततः । महावीर्यो नरो गर्गः संकृतिस्तु नरात्मजः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** વિતથનો પુત્ર મન્યું હતો અને મન્યુના બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર તથા ગર્ગ નામના પાંચ પુત્રો હતા. તેઓમાં નરનો સંકૃતિ પુત્ર હતો. હે રાજા ! સંકૃતિને ગુરુ અને રંતિદેવ નામના બે પુત્રો હતા. તેઓમાં રંતિદેવનો યશ આ લોકમાં તથા પરલોકમાં ગવાય છે. એ રંતિદેવ ઉદ્યમ વિના દૈવયોગે જ જે કંઈ મળતું, તેનો ઉપભોગ કરતો. પોતે ભૂખ્યો હોવા છતાં પોતાને જે કંઈ મળી આવતું, તે બીજા(યાચકાદિ)ને આપી દેતો. પોતાની પાસે કાંઈ ન રાખતો અને દુઃખ આવતાં ધીરજ રાખતો. એક વખતે પાણી પણ પીધા વિના તેને સતત અડતાળીસ દિવસો વીતી ગયા હતા. (ઓગણપચાસમા દિવસે) સવારમાં ઘી, દૂધપાક, લાપશી અને પાણી (અનાયાસે -દૈવયોગે જ) તેને મળ્યાં એટલે દુઃખ પામેલા કુટુંબવાળો અને ભૂખતરસથી કંપતો તે રંતિદેવ જમવાની ઈચ્છા કરે છે, તેટલામાં તેના ભોજનસમયે એક બ્રાહ્મણ અતિથિ ત્યાં આવી ચડ્યો. ત્યારે બધે શ્રીહરિનું દર્શન કરતા રંતિદેવે શ્રદ્ધાયુક્ત થઈ તે બ્રાહ્મણનો સત્કાર કર્યો અને પછી તેને અન્ન જમાડયું. તે બ્રાહ્મણ જમીને ગયો, તે પછી હે રાજા ! વધેલું અન્ન પરિવારમાં વહેંચી દીધું અને ભોજન કરવા તૈયાર થયો, તેટલામાં બીજો એક શુદ્ર અતિથિ ત્યાં આવ્યો. એટલે શ્રીહરિનું સ્મરણ કરતા રંતિદેવે તે શુદ્રને પણ કુટુંબને વહેંચી આપેલું અન્ન જમાડયું. એમ શુદ્ર પણ જમીને ગયો એટલે કૂતરાંથી વીંટાયેલો કોઈ બીજો અતિથિ ત્યાં આવ્યો અને તેણે કહ્યું: ‘હે રાજા ! હું મારા પરિવાર સાથે ભૂખ્યો છું; માટે તું અમને અન્ન આપ.‘ તે સાંભળી રંતિદેવે તેનો પણ આદરસત્કાર કરી જે અન્ન બાકી રહ્યું હતું, તે આપી દઈ કુતરાંઓને તથા કૂતરાંઓના માલિકને નમસ્કાર કર્યા. પછી તો ફક્ત પાણી જ બાકી રહ્યું અને તે પણ એક માણસ તૃપ્ત થાય તેટલું જ હતું. તે પીવા રાજા તૈયાર થયો, તેવામાં કોઈ ચાંડાળ ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો : ‘હે રાજા ! હું અત્યંત નીચ છું. મને પાણી પાઓ.’ એ ચાંડાળની અત્યંત પરિશ્રમવાળી ને કરુણ વાણી સાંભળી રંતિદેવ દયાથી ઘણો દુઃખી થયો અને આવું અમૃત જેવું વચન બોલ્યા : ‘હું ઈશ્વર પાસેથી આઠ મહાસિદ્ધિઓવાળી ઉત્તમ ગતિ કે મોક્ષ પણ ઈચ્છતો નથી; પરંતુ સર્વ પ્રાણીની અંદર રહી (તેઓને થતી) પીડા ભોગવવા ઈચ્છું છું, જેથી તે દુઃખી પ્રાણીઓ દુઃખથી રહિત થાય. આ ગરીબ પ્રાણી (ચાંડાળ) જીવવા ઈચ્છે છે, તેને જીવવાના કારણરૂપ આ જળ આપવાથી મારી ભૂખતરસનો શ્રમ, શરીરનો પરિશ્રમ, દીનતા, થાક, શોક, ખેદ અને મોહ એ સર્વ દૂર થશે.’ એમ કહી સ્વભાવથી જ દયાળુ ને ધીર રાજાએ પોતે તરસથી મરતો હતો, છતાં એ ચાંડાળને પાણી આપી દીધું. તે સમયે ફળ ઈચ્છનારાઓને ફળ દેનારા અને વ્યાપક પરમેશ્વરે સર્જેલા ત્રિભુવનેશ્વર બ્રહ્માદિ દેવો કે જેઓ (રંતિદેવના ધૈર્યની પરીક્ષા કરવા) માયાથી બ્રાહ્મણ, શુદ્ર, કૂતરાનો

માલિક અને ચાંડાળનાં સ્વરૂપો લઈ ત્યાં આવ્યા હતા, તેમણે રંતિદેવને દર્શન દીધાં. રાજા રંતિદેવ તો નિઃસંગ હતો, તેને કોઈની સ્પૃહા ન હતી; તેથી કેવળ વાસુદેવ ભગવાન ઉપરની ભકિતને લીધે તેણે એ દેવોને માત્ર નમસ્કાર જ કર્યા, પણ તેમની પાસેથી કંઈ માગ્યું નહિ. હે રાજન્ ! રંતિદેવ મનને કેવળ ઈશ્વરમાં રાખતો અને ઈશ્વર વિના બીજા કોઈ ફળને ઈચ્છતો ન હતો; તેથી તેની ત્રિગુણાત્મક માયા સ્વપ્નની પેઠે નાશ પામી. વળી જે મનુષ્ય એ રંતિદેવને અનુસર્યા હતા, તેઓ સર્વે પણ તેના સંગના પ્રભાવથી નારાયણમાં પરાયણ રહેનારા યોગીઓ થયા હતા.

હવે મન્યુના પુત્ર ગર્ગથી શિનિ અને શિનિથી ગાર્ગ્ય નામે પુત્ર થયો હતો. એ રીતે ક્ષત્રિયમાંથી પણ બ્રાહ્મણકુળ ચાલ્યું હતું; તેમ જ મન્યુના મહાવીર્ય નામના પુત્રથી દુરિતક્ષય અને તે દુરિતક્ષયના ત્રય્યારુણિ, કવિ ને પુષ્કરારુણિ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓ ક્ષત્રિયકુળમાં પણ બ્રાહ્મણપણું પામ્યા હતા. વળી મન્યુના સૌથી મોટા પુત્ર બૃહત્ક્ષત્રને હસ્તિ નામે પુત્ર થયો હતો, જેણે હસ્તિનાપુર વસાવ્યું હતું. એ હસ્તિના અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં અજમીઢના વંશજ પ્રિયમેધાદિ બ્રાહ્મણો થયા હતા. એ અજમીઢથી બૃહદિષુ નામે પુત્ર થયો હતો; બૃહદિષુનો બૃહદ્ધનું, બૃહદ્ધનુનો બૃહત્કાય, બૃહત્કાયનો જયદ્રથ, જયદ્રથનો વિશદ, વિશદનો સેનજિત અને સેનજિતના રુચિરાશ્વ, દઢહનુ, કાશ્ય અને વત્સ નામના પુત્રો થયા હતા. એઓમાં રુચિરાશ્વનો પાર અને પારના પૃથુસેન તથા નીપ નામના બે પુત્રો હતા. એમાં નીપના સો પુત્રો હતા. વળી તે નીપે શુકદેવની કન્યા કૃત્વીમાં બ્રહ્મદત્ત નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો. તે બ્રહ્મદત્ત યોગી હતો. તેણે સરસ્વતી નામની સ્ત્રીમાં વિશ્વક્સેન નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. વળી એ બ્રહ્મદત્તે જૈગીષવ્યના ઉપદેશથી ‘યોગતંત્ર’ નામે યોગશાસ્ત્ર રચ્યું હતું. વિશ્વસેનથી ઉદક્સ્વન અને ઉદક્સ્વનથી ભલ્લાદ નામે પુત્ર થયો હતો. આ બધા બૃહદિષુના વંશજો હતા. હસ્તિના બીજા પુત્ર દ્વિમીઢનો યવીનર, યવીનરનો કૃતિમાન, કૃતિમાનનો સત્યધૃતિ, સત્યધૃતિનો દઢનેમિ, દઢનેમિનો સુપાર્શ્વ, સુપાર્શ્વનો સુમતિ, સુમતિનો સન્નતિમાન અને સન્નતિમાનનો કૃતિ નામે પુત્ર હતો, જેણે હિરણ્યનાભ પાસેથી યોગ મેળવી જૂના સામવેદની છ સંહિતાઓ પ્રાપ્ત કરી હતી અને તેનો વિભાગ કરી શિષ્યોને ભણાવી હતી. તેનો નીપ, નીપનો ઉગ્રાયુધ, ઉગ્રાયુધનો ક્ષેમ્ય, ક્ષેમ્યનો સુવીર, સુવીરનો રિપુંજય અને રિપુંજયનો બહુરથ પુત્ર હતો. હસ્તિનો ત્રીજો પુત્ર પુરુમીઢ સંતાન રહિત હતો. વળી અજમીઢની નલિની નામની સ્ત્રીમાં નીલ નામે પુત્ર થયો હતો. નીલનો શાંતિ, શાંતિનો સુશાંતિ સુશાંતિનો પુરુજ, પુરુજનો અર્ક, અર્કનો ભર્મ્યાશ્વ અને ભર્મ્યાશ્વને મુદ્‌ગલ, યવીનર, બૃહદિષ, કાંપિલ્ય તથા સંજય નામના પાંચ પુત્રો થયા હતા. ભર્મ્યાશ્વે એ પાંચ પુત્રોને ઉદ્દેશી કહ્યું હતુંઃ “હે પુત્રો ! તમે મારા પાંચ દેશોનું રક્ષણ કરવા સમર્થ છો. એ ઉપરથી તેના પાંચ પુત્રો ‘પંચાલ’ નામના થયા હતા. એ ભર્મ્યાશ્વના પહેલા પુત્ર મુદ્‌ગલથી માદ્‌ગલ્ય નામનું બ્રાહ્મણકુળ થયું હતું. મુદ્‌ગલને ત્યાં એક જોડલું જન્મ્યું હતું. તેમાં જે પુરુષ હતો તેનું નામ દિવોદાસ હતું અને કન્યા હતી તેનું નામ અહલ્યા હતું. એ અહલ્યામાં ગૌતમઋષિથી શતાનંદ પુત્ર થયો હતો; શતાનંદનો સત્યધૃતિ પુત્ર હતો. તે ધનુર્વેદમાં કુશળ હતો; તેનો શરદ્વાન પુત્ર થયો હતો. એક સમયે ઉર્વશી અપ્સરાને જોવાથી સત્યધૃતિનું વીર્ય કાસ ઘાસના ગુચ્છામાં ઝરી પડ્યું હતું, જેમાંથી એક ઉત્તમ જોડલું થયું હતું. તેને જોઈ મૃગયા માટે ફરતાં ફરતાં શંતનુરાજાએ દયાથી લીધું હતું. (અને તેની રક્ષા કરી હતી). એમાં પુરુષ હતો તે કૃપાચાર્ય અને સ્ત્રી હતી તે જ દ્રોણાચાર્યની પત્ની થયેલી કૃપી હતી. ૧-૩૬

तद् दृष्ट्वा कृपयाऽगृह्णाच्छन्तनुर्मृगयां चरन् । कृपः कुमारः कन्या च द्रोणपत्न्यभवत् कृपी ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

## અધ્યાય-૨૨
## ઋક્ષના વંશમાં જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે

॥ श्रीशुक उवाच ॥

मित्रेयुश्च दिवोदासाच्च्यवनस्तत्सुतो नृप । सुदासः सहदेवोऽथ सोमकी जन्तु जन्मकृत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! દિવોદાસથી મિત્રેયુ અને મિત્રેયુના ચ્યવન, સુદાસ, સહદેવ તથા જંતુનો પિતા સોમક એમ ચાર પુત્રો થયા હતા. તેમાં સોમકને સો પુત્ર હતા. તેઓમાં સૌથી મોટો જંતુ અને સૌથી નાનો પૃષત હતો. એ પૃષતનો દ્રુપદ પુત્ર હતો અને દ્રુપદને દ્રૌપદી કન્યા તેમ જ ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો હતા. એ ધૃષ્ટદ્યુમ્નથી ધૃષ્ટકેતુ પુત્ર થયો હતો. આ બધા ભર્મ્યશ્વના વંશમાં થયેલા પંચાલ ક્ષત્રિયો હતા. હવે હસ્તિના પુત્ર અજમીઢનો ઋક્ષ નામે જે બીજો પુત્ર હતો, તેનો સંવરણ નામે પુત્ર થયો હતો. તેણે સૂર્યની તપતી નામની કન્યામાં 'કુરુ' નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો, તે કુરુક્ષેત્રનો રાજા થયો હતો, એ કુરુને ત્યાં પરીક્ષિત, સુધનુષ, જહ્નું અને નિષધાશ્વ નામના ચાર પુત્રો જન્મ્યા હતા. તેઓમાં સુધનુષથી સુહોત્ર, સુહોત્રનો ચ્યવન, ચ્યવનનો કૃતિ, કૃતિનો ઉપરિચર વસુ અને ઉપરિચર વસુના બૃહદ્રથ, કુશાંબ, મત્સ્ય, પ્રત્યગ્ર તથા ચેદીપ વગેરે પુત્રો થયા હતા. તેઓ ચેદીદેશના રાજાઓ હતા. તેઓમાંથી બૃહદ્રથથી કુશાગ્ર, કુશાગ્રનો ઋષભ, ઋષભનો સત્યહિત, સત્યહિતનો પુષ્પવાન અને પુષ્પવાનનો જહુ પુત્ર હતો. વળી બૃહદ્રથની બીજી સ્ત્રીમાં એક જ શરીરના બે ટુકડા જન્મ્યા હતા. એ બંને ટુકડાને તેની માતાએ બહાર ફેંકી દીધા, ત્યારે ત્યાં રમતી જરા નામની રાક્ષસીએ 'જીવ, જીવ,' એમ કહી તે સાંધી દીધા હતા, તેથી એ પુત્ર 'જરાસંધ' નામે થયો. એ જરાસંધથી સહદેવ, સહદેવનો સોમાપિ અને સોમાપિનો શ્રુતશ્રવા પુત્ર થયો હતો. કુરુના પુત્ર પરીક્ષિતને કંઈ સંતાન નહોતું. કુરુના ત્રીજા પુત્ર જહ્નુનો સુરથ પુત્ર હતો. એ સુરથનો વિદૂરથ, વિદૂરથનો સાર્વભૌમ, સાર્વભૌમનો જયસેન, જયસેનનો રાધિક, રાધિકનો અયૂત, અયૂતનો ક્રોધન, ક્રોધનનો દેવાતિથિ, દેવાતિથિનો ઋષ્ય, ઋષ્યનો દિલીપ, દિલીપનો પ્રતીપ અને પ્રતીપના દેવાપિ, શંતનુ તથા બાહ્લિક નામના ત્રણ પુત્રો થયા હતા. તેમાં દેવાપિ પિતાનું રાજય ત્યજી વનમાં ચાલ્યો ગયો હતો, જેથી પહેલાં 'મહાભિષ' નામથી ઓળખાતો શંતનું રાજા થયો હતો. તે જે જે વૃદ્ધ મનુષ્યને બંને હાથથી સ્પર્શ કરતો તે તે યુવાન થઈ જતો અને ઉત્તમ શાંતિ પામતો. તે કર્મથી જ એ રાજા 'શંતનુ' નામે પ્રખ્યાત થયો હતો. જે વખતે બાર વર્ષ સુધી તેના રાજયમાં વરસાદ વરસ્યો નહોતો, ત્યારે શંતનુરાજાને (તેના પ્રશ્ન ઉપરથી) બ્રાહ્મણોએ કહ્યું હતુંઃ 'જે પુરુષ મોટા ભાઈ હયાત હોવા છતાં પૃથ્વીને ભોગવે તે પરિવેત્તા કહેવાય છે માટે તું પણ(તારા મોટા ભાઈ હોવા છતાં રાજય કરે છે તેથી) પરિવેત્તા છે; માટે જલદી નગર તથા દેશની આબાદી માટે તું મોટા ભાઈને રાજ્ય આપી દે.' બ્રાહ્મણોએ એમ કહ્યું એટલે શંતનુએ (વનમાં જઈ) મોટા ભાઈ દેવાપિને (રાજ્ય સ્વીકારવા) ખૂબ સમજાવ્યો પણ શંતનુના મંત્રી અશ્મરાવે (પ્રથમથી) મોકલેલા બ્રાહ્મણોએ તેને વેદમાર્ગથી ભ્રષ્ટ કર્યો, તેથી તેણે વેદની નિદાનાં વચનો કહ્યાં (અને પતિત બની રાજ્ય માટે લાયક રહ્યો નહિ, તેથી શંતનુને જે દોષ લાગ્યો હતો તે દૂર થયો.) એટલે વરસાદ વરસ્યો હતો. દેવાપિ અત્યારે પણ યોગસાધના કરી રહ્યા છે અને યોગીઓના પ્રસિદ્ધ નિવાસસ્થાન 'કલાપ'' ગામનાં રહ્યા છે. કલિયુગમાં ચંદ્રવંશ નાશ પામશે, ત્યારે સત્યયુગના આરંભમાં તે ફરી ચંદ્રવંશ સ્થાપશે. શંતનુના ભાઈ બાહ્લિકથી સોમદત્ત નામનો પુત્ર થયો

હતો ને સોમદત્તથી ભૂરિ, ભૂરિશ્રવા તથા શલ નામના ત્રણ પુત્રો થયા હતાં. શંતનુને ગંગા નામની સ્ત્રીમાં જિતેન્દ્રિય ભીષ્મ પુત્ર થયા હતા. એ સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, ભગવાનના મહાન ભક્ત, વિદ્વાન અને વીર પુરુષોના અગ્રગણ્ય નેતા હતા. તે ભીષ્મે પરશુરામને પણ યુદ્ધમાં સંતોષ ઉપજાવ્યો હતો. શંતનુને મચ્છીમારની કન્યા સત્યવતીમાં મોટો ચિત્રાંગદ અને નાનો વિચિત્રવીર્ય એમ બે પુત્રો થયા હતા. તેમાં ચિત્રાંગદને તેના જ નામેરી ચિત્રાંગદ ગંધર્વે યુદ્ધમાં મારી નાખ્યો હતો. શંતનુની પત્ની સત્યવતીમાં (શંતનુના પરણ્યા પહેલાં જ) પરાશરઋષિથી સાક્ષાત્ શ્રીહરિનો અંશ વ્યાસ ભગવાન અવતર્યા હતા. તે વ્યાસમુનિએ વેદોની રક્ષા કરેલી છે અને તેમની પાસેથી આ શ્રીમદ્ ભાગવત હું ભણ્યો છું. આ પુરાણ અત્યંત રહસ્યમય છે, એથી મારા પિતા વ્યાસે પોતાના પૈલ વગેરે શિષ્યોને તેનું અધ્યયન ન કરાવ્યું. તેમણે મને જ આનો યોગ્ય અધિકારી ગણ્યો; કારણ કે એક તો હું તેમનો પુત્ર હતો અને મારામાં શાંતિ વગેરે ગુણો પણ બીજા શિષ્યો કરતાં અધિક હતા. તેથી તેમણે મને જ આ ભણાવ્યું છે. શંતનુનો નાનો પુત્ર વિચિત્રવીર્ય ભીષ્મે સ્વયંવરમાંથી બળથી આણેલી કાશીરાજની બે પુત્રી અંબિકા તથા અંબાલિકાને પરણ્યો હતો. પણ તે બંને પર અત્યંત આસકત હૃદયવાળો થઈ ક્ષયરોગ વડે ઘેરાઈને (સંતાનરહિત અવસ્થામાં જ) મરણ પામ્યો હતો. (એ રીતે વિચિત્રવીર્ય પ્રજારહિત ગયો) એટલે માતા સત્યવતીના કહેવાથી વ્યાસજીએ સંતાનરહિત ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ ને વિદુર નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. હે રાજા ! ધૃતરાષ્ટ્રને ગાંધારીમાં સો પુત્રો થયા હતા. તેઓમાં દુર્યોધન સૌથી મોટો હતો. ઉપરાંત દુઃશલા નામની એક કન્યા પણ જન્મી હતી. પાંડુરાજાને (વનમાં શિકાર કરતાં મૃગનો) શાપ થયો હતો. તેથી તેમનાથી મૈથુન કરાતું ન હતું, એટલે તેમની સ્ત્રી કુંતીમાં ધર્મ, વાયુ અને ઈન્દ્રથી મહારથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામે ત્રણ પુત્રો થયા હતા; તેમ જ (બીજી સ્ત્રી) માદ્રીમાં બંને અશ્વિની કુમારોથી નકુલ તથા સહદેવ નામે બે પુત્રો જન્મ્યા હતા. તે પાંચ પાંડવોથી દ્રૌપદીમાં પાંચ પુત્રો થયા હતા, જેઓ તમારા કાકા હતા. તેઓમાં પ્રતિવિંધ્ય યુધિષ્ઠિરથી, શ્રુતસેન ભીમસેનથી, શ્રુતકીર્તિ, અર્જુન નથી, શતાનીક નકુલથી અને શ્રુતકર્મો કુમાર સહદેવથી જન્મ્યો હતો. વળી હે રાજા ! યુધિષ્ઠિરથી પૌરવી નામની બીજી સ્ત્રીમાં દેવક નામે પુત્ર જન્મ્યો હતો. ભીમસેનથી હિડંબા નામની સ્ત્રીમાં 'ઘટોત્કચ' અને કાલી નામની ત્રીજી સ્ત્રીમાં સર્વગત નામે પુત્ર જમ્યો હતો. સહદેવથી પર્વતરાજની કન્યા વિજયાને સુહોત્ર પુત્ર થયો હતો, નકુલે કરેણુમતી સ્ત્રીમાં નિરમિત્ર નામનો પુત્ર અને અર્જુને નાગકન્યા ઉલૂપી નામની સ્ત્રીમાં ઈરાવાન નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો અને મણિપુરના રાજાની પુત્રી ચિત્રાંગદા કે જે પુત્રિકાધર્મથી અર્જુનને પરણાવી હતી. તેમાં બભ્રુવાહન નામે પુત્ર જન્મ્યો હતો. એ રીતે બભ્રુવાહન અર્જુનનો પુત્ર હતો, પણ તે તેની માતાના પિતાનો પુત્ર ગણાતો. વળી હે પરીક્ષિત ! સર્વ અતિરથીઓને જીતનાર તમારા પિતા અભિમન્યુ પણ અર્જુન થી જ સુભદ્રા સ્ત્રીમાં જન્મ્યા હતા અને અભિમન્યુથી ઉત્તરામાં તમે જન્મ્યા છો. જે સમયે કૌરવોનો સંહાર થઈ ગયો હતો તે સમયે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી તમે ગર્ભમાં જ બળી ગયા હતા; છતાં શ્રીકૃષ્ણના પ્રભાવને લીધે તમે કાળથી જીવતા બચ્યા છો. હે તાત ! તમારા આ જનમેજય, શ્રુતસેન, ભીમસેન તથા પરાક્રમી ઉગ્રસેન નામના ચાર પુત્રોમાં જનમેજય તમને તક્ષક નાગથી નાશ પામેલા જાણી ક્રોધાયમાન થઈ સર્પોને સર્પયાગ—અગ્નિમાં હોમશે. વળી કાવષેય ગોત્રના તુર નામના બ્રાહ્મણને પુરોહિત બનાવી આખી પૃથ્વીને ચોતરફથી જીતી જનમેજય અનેક અશ્વમેધ યજ્ઞો કરશે. એ જનમેજયનો પુત્ર શતાનીક થશે. તે યાજ્ઞવલ્કય પાસેથી ત્રણ વેદો ભણશે તથા ક્રિયાજ્ઞાન

મેળવશે અને કૃપાચાર્ય પાસેથી અસ્ત્રજ્ઞાન તથા શૌનક પાસેથી બ્રહ્મજ્ઞાન પામશે. એ શતાનીકનો સહસ્રાનીક, સહસ્રાનીકનો અશ્વમેધજ, અશ્વમેધજનો અસીમકૃષ્ણ અને અસીમકૃષ્ણનો નેમિચક્ર પુત્ર થશે. હસ્તિનાપુર ગંગાનદીમાં તણાઈ જશે, ત્યારે નેમિચક્ર કૌશાંબીનગરીમાં સારી રીતે વાસ કરશે. એ નેમિચક્રનો ચિત્રરથ, ચિત્રરથનો કવિરથ, કવિરથનો વૃષ્ટિમાન, વૃષ્ટિમાનનો સુષેણરાજા, સુષેણનો સુનીથ, સુનીથનો નૃચક્ષુ, નૃચક્ષુનો સુખીનલ, સુખીનલનો પરિપ્લવ, પરિપ્લવનો મેધાવી, મેધાવીનો સુનય, સુનયનો નૃપંજય, નૃપંજયનો દૂર્વ, દૂર્વનો તિમિ, તિમિનો બૃહદ્રથ, બૃહદ્રથનો સુદાસ, સુદાસનો શતાનીક, શતાનીકનો દુર્દમન, દુર્દમનનો વહીનર, વહીનરનો દંડપાણિ, દંડપાણિનો નિમિ અને નિમિનો ક્ષેમકરાજા પુત્ર થશે. એમ બ્રાહ્મણો તથા ક્ષત્રિયોના કારણરૂપ અને દેવો તથા ઋષિઓમાં સત્કાર પામેલો આ વંશ મેં તમને કહ્યો. આ વંશ ક્ષેમકરાજા સુધી આવી કલિયુગમાં નાશ પામશે. પછી મગધવંશી રાજાઓ થશે. તેઓને હું તમારી આગળ કહું છું. જરાસંધના પુત્ર સહદેવનો માર્જારિ પુત્ર થશે; માર્જારિનો શ્રુતશ્રવા, શ્રુતશ્રવાનો અયુતવાયુ, અયુતવાયુનો નિરમિત્ર, નિરમિત્રનો સુનક્ષત્ર, સુનક્ષત્રનો બૃહત્સન, બૃહત્સનનો કર્મજિત, કર્મજિતનો સૃતંજય, સૃતંજયનો વિપ્ર, વિપ્રનો શુચિ, શુચિનો ક્ષેમ, ક્ષેમનો સુવ્રત, સુવ્રતનો ધર્મસૂત્ર, ધર્મસૂત્રનો શમ, શમનો દ્યુમત્સેન, દ્યુમત્સેનનો સુમતિ, સુમતિનો સુબલ, સુબલનો સુનીથ, સુનીથનો સત્યજિત, સત્યજિતનો વિશ્વજિત ને વિશ્વજિતનો રિપુંજય પુત્ર થશે. આ રાજાઓ બૃહદ્રથના વંશમાં થઈ એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે. ૧-૪૯

सुनीथः सत्यजिदथ विश्वजिद्यद्रिपञ्जयः । बार्हद्रथाश्च भूपाला भाव्याः साहस्रवत्सरम् ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩

## યયાતિના બીજા પુત્રોનો વંશ

॥ श्रीशुक उवाच ॥

अनोः सभानरश्चक्षुः परोक्षश्च सुतास्त्रयः । सभानरात्कालनरः सृञ्जयस्तत्सुतस्ततः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** યયાતિરાજાના ચોથા પુત્ર અનુને સભાનર, ચક્ષુ ને પરોક્ષ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં સભાનરથી કાલનર, કાલનરથી સૃંજય, સૃંજયથી જનમેજય, જનમેજયનો મહાશીલ, મહાશીલનો મહામના અને મહામનાના ઉશીનર ને તિતિક્ષુ નામના બે પુત્ર થયા હતા. તેઓમાંથી ઉશીનરને શિબિ, વન, શમિ તથા દક્ષ નામના ચાર પુત્ર થયા હતા અને તે ચારમાંથી શિબિને પણ વૃષદર્ભ, સુવીર, મદ્ર તથા કેકય નામના ચાર પુત્રો થયા હતા. ઉશીનરના બીજા પુત્ર તિતિક્ષુનો રુશદ્રથ, રુશદ્રથનો હેમ, હેમનો સુતપા અને સુતપાનો બલિ નામે પુત્ર થયો હતો. એ બલિરાજાની સ્ત્રીમાં દીર્ઘતમસ નામના ઋષિથી અંગ, વંગ, કલિંગ, સુહ્મ, પુંડ્ર તથા અંધ્ર નામના છ પુત્રો થયા હતા. એ છ પુત્રોએ (ભરતખંડની) પૂર્વમાં પોતાના નામથી જ દેશો વસાવ્યા હતા. તે છ રાજાઓ પૈકી અંગરાજાથી ખનપાન, ખનપાનથી દિવિરથ, દિવિરથનો ધર્મરથ અને ધર્મરથનો ચિત્રરથ નામે પુત્ર થયો હતો. એ ચિત્રરથને કંઈ સંતાન ન હતું. તેનું બીજું નામ 'રોમપાદ' હતું. એ રોમપાદને તેના મિત્ર દશરથરાજાએ પોતાની શાંતા નામની કન્યા (દત્તક) પુત્રી તરીકે આપી હતી. તે શાંતાને ઋષ્યશૃંગઋષિ પરણ્યા હતા. (રોમપાદના રાજ્યમાં) જ્યારે વરસાદ વરસતો ન હતો, ત્યારે હરિણીપુત્ર ઋષ્યશૃંગને

વેશ્યાઓ નાટ્ય, સંગીત, વાદિત્રો, વિલાસો, આલિંગનો તથા પૂજાસત્કારથી (લોભાવી રોમપાદના નગરમાં) લાવી હતી. વળી તે ઋષ્યશૃંગે સંતાનરહિત દશરથરાજાને ઈન્દ્રની ઈષ્ટિ કરી પ્રજા આપી હતી, જેને લીધે સંતાનરહિત છતાં દશરથ સંતાનો પામ્યો હતો. એ રોમપાદથી ચતુરંગ અને ચતુરંગનો પૃથુલાક્ષ પુત્ર થયો હતો. પૃથુલાક્ષના બૃહદ્રથ, બૃહત્કર્મા તથા બૃહદ્ ભાનુ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં પહેલા બૃહદ્રથથી બૃહત્મના અને બૃહત્મનાનો જયદ્રથ થયો હતો. એ જયદ્રથને સંભૂતિ નામે સ્ત્રીમાં વિજય નામે પુત્ર થયો હતો. વિજયનો ધૃતિ, ધૃતિનો ધૃતવ્રત, ધૃતવ્રતનો સત્કર્મ અને સત્કર્માનો અધિરથ પુત્ર થયો હતો. એ અધિરથ એક વેળા ગંગાકિનારે રમતો હતો; તેવામાં જે બાળકને કુંતીએ (કન્યાવસ્થામાં સૂર્યથી ઉત્પન્ન કરી) પેટીમાં મૂકી ગંગાનદીમાં તજ્યો હતો, તે કન્યાપુત્ર (ત્યાં ગંગાકિનારે) તેને મળી આવ્યો એટલે પોતે પુત્રરહિત હતો; તેથી તેને પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. આ અધિરથપુત્ર કર્ણરાજાને વૃષસેન નામે પુત્ર હતો. હવે યયાતિના ત્રીજા પુત્ર દ્રુહ્યનો વંશ સાંભળો. દ્રહ્યનો બભ્રૂ , બભ્રૂ નો સેતુ, સેતુનો આરબ્ધ, આરબ્ધનો ગાંધાર, ગાંધારનો ધર્મ, ધર્મનો ધૃત, ધૃતનો દુર્મના, દુર્મનાનો પ્રચેતા અને પ્રચેતાને સો પુત્ર હતા. તે સોએ ઉત્તરદિશામાં રહેતા તેમ જ મ્લેચ્છોના રાજા હતા. હવે યયાતિના બીજા પુત્ર તુર્વસુનો વંશ સાંભળો. તુર્વસુનો વહનિ, વહનિનો ભર્ગ, ભર્ગનો ભાનુમાન, ભાનુમાનનો ત્રિભાનુ અને ત્રિભાનુનો કરંધમ નામે ઉદાર બુદ્ધિવાળો પુત્ર હતો. તેનો મરુત નામે પુત્ર હતો. મરુત ને કંઈ સંતાન ન હતું. તેથી તેણે પૂરુના વંશમાં જન્મેલા દુષ્યંતને જ પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. એ દુષ્યંત (એ રીતે) જોકે મરુતનો જ પુત્ર ગણાય, પણ રાજ્ય લેવાની ઈચ્છાથી પોતાના પુરુવંશમાં જ તે મળી ગયો હતો. હવે હે રાજા ! યયાતિથી સૌથી મોટા પુત્ર યદુનો વંશ વર્ણવું છું. એ વંશ મહાપવિત્ર અને મનુષ્યોનાં સર્વ પાપોને હરનાર છે, જેથી યદુનો વંશ સાંભળી મનુષ્ય સર્વ પાપોથી છૂટે છે, કેમ કે યદુવંશમાં ભગવાન પરમાત્મા મનુષ્યસ્વરૂપ લઈ અવતર્યા હતા. યદુના સહસ્ત્રજિત, ક્રોષ્ટા, નલ તથા રિપુ નામના ચાર પ્રખ્યાત પુત્ર હતા. તેઓમાં પહેલા સહસ્ત્રજિતનો શતજિત ને શતજિતના મહાહય, વેણુહય તથા હૈહય નામના ત્રણ પુત્ર હતા. તેમાં હૈહયનો પુત્ર ધર્મ, ધર્મનો નેત્ર, નેત્રનો કુંતિ, કુંતિનો સોહંજિ, સોહંજિનો મહિષ્માન અને મહિષ્માનનો ભદ્રસેન નામે પુત્ર હતો. એ ભદ્રસેનના દુર્મદ તથા ધનક નામના બે પુત્રો હતા, તેમાં ધનકને કૃતવીર્ય, કૃતોગ્નિ, કૃતવર્મા તથા કૃતૌજા એમ ચાર પુત્ર હતા. તેમાં કૃતવીર્યને અર્જુન નામે પુત્ર હતો. તે સાત દ્વીપોનો રાજા હતો અને તેણે શ્રીહરિના અંશરૂપ દત્તાત્રેય પાસેથી યોગ ને મહાન ગુણો પ્રાપ્ત કર્યા હતા. કોઈ રાજાઓ યજ્ઞ, દાન, તપ, યોગ, શાસ્ત્ર, પરાક્રમ તથા વિજય વગેરેમાં કાર્તવીર્ય અર્જુનની તુલનાને પામી શકશે નહિ. એ સહસ્ત્રાર્જુનનું માત્ર સ્મરણ કરવાથી ધનનો કદી નાશ થતો નથી. તેણે પંચાશી હજાર વર્ષ સુધી અસ્ખલિત બળે છયે ઈન્દ્રિયોના અખૂટ વિષયો ભોગવ્યા હતા. એ રાજાને હજારો પુત્રો હતા, પણ તેઓમાંથી જયધ્વજ, શુરસેન, વૃષભ, મધુ તથા ઊર્જિત નામના પાંચ જ (પરશુરામ સાથેના) યુદ્ધમાં બાકી રહ્યા હતા. તેઓમાં જયધ્વજથી તાલજંઘ થયો હતો. તે તાલજંઘને સો પુત્રો હતા, જેઓ તાલજંઘના નામે જ કહેવાયા હતા. તેઓનો ઔર્વ ઋષિના તેજનો આશ્રય કરી સગરરાજાએ નાશ કર્યો હતો. તાલજંઘના એ સો પુત્રોમાં સૌથી મોટાનું નામ વીતિહોત્ર હતું. સહસ્ત્રાર્જુનના પુત્ર મધુને પણ સો પુત્રો હતા; તેઓમાં સૌથી મોટો વૃષ્ણિ નામનો હતો કે જેથી આખું વૃષ્ણિકુળ ચાલુ થયું હતું. હે રાજન્ ! મધુથી થયેલા 'માધવ', વૃષ્ણિથી થયેલા 'વૃષ્ણિ' અને યદુથી થયેલા 'યાદવ' કહેવાયા હતા. યદુના પુત્ર ક્રૌષ્ટુનો

વૃજિનવાન પુત્ર હતો; વૃજિનવાનનો શ્વાહિ, શ્વાહિનો રુશેકુ, રુશેકુનો ચિત્રરથ અને ચિત્રરથનો શશબિંદુ પુત્ર હતો. એ શશબિંદુ મહાયોગી, મહાભોગી, ચૌદ મહારત્નો નો સ્વામી, ચક્રવર્તી, કોઈથી પરાજય ન પામે તેવો અને ઘણા જ મોટા યશવાળો હતો. તે રાજાને દસ હજાર સ્ત્રીઓ હતી. તેમાં તેણે એક એક સ્ત્રીની અંદર લાખ લાખ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. એ પુત્રોમાં પૃથવા વગેરે છ પુત્ર મુખ્ય હતા. તેમાંથી પૃથુશ્રવાનો ધર્મ અને ધર્મનો ઉશના પુત્ર હતો. એ ઉશનાએ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. તેનો પુત્ર રુચક હતો. તેને પાંચ પુત્ર હતા, તે તમે સાંભળો. પુરુજિત, રુકમ, રુકમેષુ, પૃથુ અને જ્યામઘ. તેઓમાં જ્યામઘને કંઈ સંતાન ન હતું. તેની સ્ત્રીનું નામ 'શૈબ્યા' હતું. તેને બીજી સ્ત્રી કરવાની ઈચ્છા હતી, પણ શૈબ્યાના ભયથી તે બીજી સ્ત્રી મેળવી શકતો ન હતો; પણ એક સમયે તેણે શત્રુના ઘરમાંથી ભોજ્યા નામની એક કન્યાનું હરણ કર્યું ત્યારે રથમાં બેઠેલી તે કન્યાને જોઈ સહન નહિ કરતી શૈબ્યાએ પતિને કહ્યું : 'ઓ કપટી ! આ સ્ત્રી કોણ છે, જેને મારા બેસવાના ઠેકાણે રથમાં બેસાડી છે ?' તે સાંભળી જ્યામઘે કહ્યું: 'આ તો તારા પુત્રની વહુ છે, એટલે મંદ હસતી શૈબ્યા પતિને કહેવા લાગી : 'હું તો વાંઝણી છું અને મારી શોક્ય પણ નથી; તો આ મારા પુત્રની વહુ કેવી રીતે ?' તે સાંભળી જ્યામઘે કહ્યું : 'હે રાણી ! તું જે પુત્રને જન્મ આપીશ, તેની વહુ તરીકે આ ઉપયોગમાં આવશે.' રાજાના એ વચનને (ઘણા કાળ સુધી આરાધેલા) વિશ્વેદેવોએ તથા પિતૃદેવોએ 'તથાસ્તુ' એમ કહી અનુમોદન આપ્યું એટલે શૈબ્યાએ ગર્ભ ધારણ કર્યો અને સમય થતાં ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું નામ વિદર્ભ' રાખ્યું અને પૂત્રવધૂ તરીકે રાખેલી સતી ભોજ્યાને એ પરણ્યો. ૧-૩૯

शैब्या गर्भमघात् काले कुमारं सुषुवे शुभम् । स विदर्भ इति प्रोक्त उपयेमे स्नुषां सतीम् ॥३९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## વિદર્ભનો વંશ

॥ श्रीशुक उवाच ॥

तस्यां विदर्भोऽजनयत्पुत्रौ नाम्ना कुशकथौ । तृतीयं रोमपादं च विदर्भकुलनन्दनम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** વિદર્ભે તે ભોજ્યા સ્ત્રીમાં વિદર્ભના કુળને આનંદ આપનારા કૃશ, ક્રથ અને ત્રીજો રોમપાદ એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. હે રાજન્ ! તેઓમાંથી રોમપાદને બભ્રુ પુત્ર થયો. બભ્રુની કૃતિ, કૃતિનો ઉશિક, ઉશિકનો ચેદિ અને ચેદિનો ચૈધાદિ (દમઘોષ અને તેનો શિશુપાલ) વગેરે રાજાઓ થયા હતા. વિદર્ભના બીજા પુત્ર ક્રથનો પુત્ર કુંતિ હતો. કુંતિનો ધૃષ્ટિ, ધૃષ્ટિનો નિવૃત્તિ, નિવૃત્તિનો દશાર્હ, દશાર્હનો વ્યોમ, વ્યોમનો જીમૂત, જીમૂતનો વિકૃતિ, વિકૃતિનો ભીમરથ, ભીમરથનો નવરથ, નવરથનો દશરથ, દશરથનો શકુનિ, શકુનિનો કરંભિ, કરંભિનો દેવરાત, દેવરાતનો દેવક્ષત્ર, દેવક્ષત્રનો મધુ, મધુનો કુરુવંશ, કુરુવંશનો અનુ, અનુનો પુરુહોત્ર, પુરુહોત્રનો આયુ, આયુનો સાત્વત ને સાત્વતના ભજમાન, ભજિ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃર્ધ, અંધક તથા મહાભોજ એ સાત પુત્રો હતા. હે આર્યરાજા ! તેઓમાં ભજમાનને એક સ્ત્રીમાં નિમ્લોચિ, કિંકિણ અને ધૃષ્ટિ નામે ત્રણ પુત્રો અને બીજી સ્ત્રીમાં શતાજિત, સહસ્રાજિત તથા અયુતાજિત નામે ત્રણ પુત્ર થયા હતા. સાત્વતના પાંચમા પુત્ર દેવાવૃધનો 'બભ્રુ' પુત્ર હતો. એ પિતાપુત્રના સંબંધમાં વિદ્વાનો આવા અર્થના બે શ્લોક કહે છે :

'બભ્રુ મનુષ્યમાં શ્રેષ્ઠ છે અને તેનો પિતા દેવાવૃધ દેવ સમાન છે. તેઓ બંનેને અમે જેવા દૂરથી સાંભળીએ છીએ, તેવા જ સમીપમાં પણ જોઈએ છીએ. બભ્રુ અને દેવાવૃધના ઉપદેશથી છ હજાર ને તોંતેર પુરુષો મોક્ષ પામ્યા છે. સાત્વતનો છેલ્લો મહાભોજ પુત્ર હતો, તે પણ ધર્માત્મા હતો. તેના વંશમાં થયેલા (રાજાઓ) 'ભોજ' કહેવાયા હતા. હે શત્રુતાપન રાજા ! સાત્વતના ચોથા પુત્ર વૃષ્ણિના સુમિત્ર તથા યુધાજિત નામે બે અને યુધાજિતના પણ શિનિ તથા અનમિત્ર નામે બે પુત્રો હતા. તેઓમાં અનમિત્રથી નિમ્ન અને નિમ્નના પણ સત્રાજિત તેમ જ પ્રસેન નામે બે પુત્રો હતા. હવે અનમિત્રને જ (બીજી સ્ત્રીમાં) બીજો શિનિ નામે પુત્ર હતો; તેનો સત્યક અને તે સત્યકનો 'સાત્યકિ' તથા 'યુયુવાન' એવાં બે નામવાળો પુત્ર થયો હતો. તે સાત્યકિને જય, જયનો કુણિ અને કુણિનો યુગંધર પુત્ર હતો. વળી આનમિત્રને જ 'વૃષ્ણિ' નામે બીજો પણ પુત્ર હતો. એ વૃષ્ણિના શ્વફલ્ક તથા ચિત્રરથ નામે બે પુત્રો હતા. તેમાંના શ્વફલ્કથી ગાંદિની નામની સ્ત્રીમાં આસંગ, સારમેય, મૃદુર, મૃદુવિદ્, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મ, ક્ષેત્રોપેક્ષમ અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદ ને પ્રતિબાહુ નામના અક્રૂર સિવાય બાર ને અક્રૂર સુદ્ધાં તેર પુત્રો હતા. તેમ જ સુચીરા તેઓની બહેન હતી. તેઓમાં અક્રૂરને દેવવાન અને ઉપદેવ નામે બે પુત્રો હતા; તેમ જ વૃષ્ણિકના બીજા પુત્રો ચિત્રરથને પૃથુ નામે પુત્ર હતો ને બીજા પણ વિદુરથ આદિ ઘણા પુત્રો વૃષ્ણિવંશને આનંદ આપનારા હતા. સાત્વતના છઠ્ઠા પુત્ર અંધકને કુકુર, ભજમાન, શુચિ તથા કંબલબર્હિષ નામે ચાર પુત્ર હતા. તેમાં કુકુરનો વહનિ ને વહનિનો વિલોમા પુત્ર હતો. તે વિલોમાને કપોતરોમા ને કપોતરોમાને અનુ નામે પુત્ર હતો, જેનો મિત્ર તુંબુરુ ગંધર્વ હતો. એ અનુનો અંધક, અંધકનો દુંદુભિ, દુંદુભિનો દરિદ્યોત, દરિદ્યોતનો પુનર્વસુ અને પુનર્વસુનો આહુક પુત્ર તથા આહુકી નામની કન્યા હતી. તેમાં આહુકનો દેવક તથા ઉગ્રસેન નામે બે પુત્રો હતા, જેમાં દેવકને દેવવાન, ઉપદેવ, સુદેવ તથા દેવવર્ધન નામે ચાર પુત્રો હતા. હે રાજા ! એ ચાર ભાઈઓને ધૃતદેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા તથા દેવકી નામની સાત બહેનો હતી તે સાતને વસુદેવ પરણ્યા હતા. આહુકના બીજા પુત્ર ઉગ્રસેનને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સુહૂ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તુષ્ટિમાન નામના નવ પુત્રો અને કંસા, કંસવતી, કંકા, શુરભૂ તથા રાષ્ટ્રપાલી નામની પાંચ પુત્રીઓ હતી. તેઓ વસુદેવના નાના ભાઈઓની સ્ત્રીઓ હતી. ચિત્રરથના પુત્ર વિદૂરથથી શૂર નામે પુત્ર થયો હતો. એ શૂરનો ભજમાન, ભજમાનનો શિનિ, શિનિનો સ્વયંભોજ, સ્વયંભોજને હૃદીક અને હૃદીકના દેવબાહુ, શતધનુ, કૃતવર્મા તથા દેવમીઢ નામે ચાર પુત્રો હતા. તેઓમાં દેવમીઢને શુર નામે પુત્ર હતો. તેની સ્ત્રી મારિષા નામે હતી. એ સ્ત્રીમાં તે શૂરે વસુદેવ, દેવભાગ, દેવશ્રવા, આનક, સૃંજય, શ્યામક, કંક, સમીક, વત્સક ને વૃક નામના દસ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં વસુદેવના જન્મસમયે દેવતાઓનાં દુંદુભિ (નગારાં) તથા આનક (નરઘાં) વાગ્યાં હતાં; માટે તેનું બીજું નામ 'આનક-દુંદુભિ' પડ્યું હતું. તે વસુદેવને શ્રીકૃષ્ણાવતારનું સ્થાન પણ કહે છે. વસુદેવ વગેરે દસ ભાઈઓને પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા તથા રાજાધિદેવી નામની પાંચ બહેનો હતી. તેઓમાંની પહેલી પૃથાને શુરરાજાએ પોતાના મિત્ર કુંતીભોજ રાજા સંતાનરહિત હતો તેથી તેને દત્તક તરીકે આપી હતી, તેથી જ તેનું બીજું નામ 'કુંતી' પડયું હતું. એ કુંતીએ (સેવાથી) પ્રસન્ન કરેલા દુર્વાસા ઋષિ પાસેથી દેવહૂતી નામની (દેવોને બેલાવનારી) વિદ્યા મેળવી હતી, એ વિદ્યાની શકિતની પરીક્ષા કરવા કુંતીએ પવિત્ર દેવ સૂર્યને લાવ્યા હતા; એટલે તે જ વખતે આવેલા સૂર્યદેવને જોઈ કુંતી મનમાં આશ્ચર્ય પામી અને બોલી :

મેં તો આ વિદ્યાની પરીક્ષા કરવા તેનો પ્રયોગ કર્યો હતો; માટે દેવ ! આપ જાઓ અને મને ક્ષમા કરો એ સાંભળી સૂર્યદેવે કહ્યું : "હે દેવી ! મારું દર્શન સફળ થવું જોઈએ, માટે હે સુંદર મધ્યવાળી ! હું તારામાં પુત્ર ઉત્પન્ન કરીશ અને (તું કન્યા છે તેથી) તારી યોનિ દૂષિત નહિ થાય તે રીતે ગર્ભાધાન) કરીશ.' એમ કહી સૂર્યદેવ તેમાં ગર્ભાધાન કરી સ્વર્ગે ગયા અને તરત જ બીજા સૂર્ય જેવો તેજસ્વી કુમાર જન્મ્યો. કુંતીએ લોકોથી ડરી મહાદુઃખથી એ કુમારને (પેટીમાં મૂકી) ગંગાનદીના જળમાં છોડી દીધો હતો. (તે કુમારે કર્ણ નામે પ્રસિદ્ધ થઈ હસ્તિનાપુરમાં અધિરથને ત્યાં ઊછરી મોટો થયો હતો.) એ કુંતી સાથે તારા દાદા અર્જુનના પિતા સત્યપરાક્રમી પાંડુ રાજા પરણ્યા હતા. કુંતીથી નાની શ્રુતદેવાને કરુષદેશનો રાજા વૃદ્ધશર્મા પરણ્યો હતો જેને વિષે સનત્કુમારોએ શાપ આપેલો (ભગવાનનો દ્વારપાળ વિજય) દૈત્ય દંતવક્ત્ર (તરીકે) જન્મ્યો હતો. (એ શ્રુતદેવાથી નાની ત્રીજી) શ્રુતકીર્તિને કેક્ય દેશનો રાજા ધૃષ્ટકેતુ પરણ્યો હતા. તેમાં સંતર્દન વગેરે પાંચ કૈકયવંશી પુત્રો થયા હતા. અવંતિનો રાજા જયસેન પાંચમી રાજાધિદેવીને પરણ્યો હતો. અને તેમાં વિંદ તથા અનુવિંદ નામના બે પુત્ર તેણે ઉત્પન્ન કર્યા હતા. ચેદિદેશનો રાજા દમઘોષ ચોથી શ્રુતશ્રવાને પરણ્યો હતો. જેમાં શિશુપાલ નામે પુત્ર થયો હતો. વસુદેવના બીજા ભાઈ દેવભાગને કંસા નામની સ્ત્રીમાં ચિત્રકેતુ તથા બૃહદ્બલ નામે બે પુત્ર થયા હતા. ત્રીજા દેવશ્રવાને કંસવતી સ્ત્રીમાં સુવીર તથા ઈષુમાન નામે બે પુત્રો થયા હતા. ચોથા આનકને કંકા નામની સ્ત્રીમાં સત્યજિત તથા પુરુજિત નામે બે પુત્રો થયા હતા. પાંચમા સૃંજયને રાષ્ટ્રપાલી નામે સ્ત્રીમાં વૃષ તથા દુર્મર્ષણ વગેરે પુત્રો થયા હતા. છઠ્ઠા શ્યામકને શૂરભૂમિ નામે સ્ત્રીમાં હરિકેશ તથા હિરણ્યાક્ષ નામે બે પુત્રો થયા હતા. નવમા વત્સકને મિશ્રકેશી નામે અપ્સરામાં વૃક વગેરે પુત્રો થયા હતા. દસમા વૃકને દુર્વાક્ષી નામની સ્ત્રીમાં તક્ષ, દુષ્કર તથા શાલ વગેરે પુત્રો થયા હતા. આઠમા શમીકથી સુદામિની સ્ત્રીએ સુમિત્ર, અર્જુન તથા પાલ વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા હતા અને સાતમા કંકે કર્ણિકા નામની સ્ત્રીમાં ઋતધામ તથા જય વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા હતા. વસુદેવને પૌરવી, રોહિણી, ભદ્રા, મદિરા, રોચના, ઈલા તથા દેવકી વગેરે સ્ત્રીઓ હતી. તેમાં રોહિણી વિષે વસુદેવે બલ, ગદ, સારણ્ દુર્મદ, વિપુલ, ધ્રુવ તેમ જ કૃત વગેરે પુત્ર ઉત્પન્ન કર્યા હતા. પૌરવીથી વસુદેવને સુભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભદ્ર તથા ભૂત વગેરે બાર પુત્રો થયા હતા. મદિરામાં નંદ, ઉપનંદ, કૃતક, તથા શૂર વગેરે પુત્રો થયા હતા. ભદ્રાએ કુળને આનંદ આપનારા કેશી નામના એક જ પુત્રને જન્મ આપ્યો હતો. રોચનામાં હસ્ત તથા હેમાંગદ વગેરે પુત્રો થયા હતા. ઈલામાં ઉરુ, વલ્ક તથા યદુ વગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા. ધૃતદેવામાં વસુદેવને વિપૃષ્ઠ નામનો એક પુત્ર થયો હતો; અને હે રાજન્ ! વસુદેવની શાંતિદેવા સ્ત્રીના શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો થયા હતા. વળી વસુદેવની ઉપદેવા સ્ત્રીને કલ્પ તથા વર્ષ વગેરે દસ પુત્રો થયા હતા. શ્રીદેવાના વસુ, હંસ તથા સુવંશ વગેરે છ પુત્રો થયા હતા. સહદેવામાં વસુદેવે સાક્ષાત્ ધર્મે જેમ આઠ વસુઓને ઉત્પન્ન કર્યા હતા, તેમ પૂરુ, વિદ્યુત, વગેરે આઠ પુત્ર ઉત્પન્ન કર્યા હતા અને દેવકીમાં ઉદાર બુદ્ધિવાળા વસુદેવે કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર અને શેષનાગ સંકર્ષણ એમ સાત પુત્ર ઉત્પન્ન કર્યા હતા અને આઠમા શ્રીહરિ પોતે એ વસુદેવ—દેવકીથી જન્મ્યા હતા. ઉપરાંત હે રાજન્ ! મહાભાગ્યશાળી તમારી દાદી સુભદ્રા પણ એ વસુદેવ તથા દેવકીથી જ જન્મ્યાં હતાં. જ્યારે જ્યારે આ પૃથ્વી પર ધર્મનો નાશ. થાય છે ને પાપ વધે છે ત્યારે ત્યારે સર્વના ઈશ્વર, ભગવાન શ્રીહરિ અવતાર લે છે. હે રાજા ! ભગવાન માયાના નિયંતા, સર્વ સંગથી રહિત, સર્વના સાક્ષી અને સર્વવ્યાપક છે, તેથી કેવળ માયા સાથેના વિનોદ

વિના તેમને જન્મ લેવાનું કે કર્મો કરવાનું કંઈ કારણ નથી. ભગવાનની માયાનો વિલાસ જ જીવોના જન્મ, જીવન અને મૃત્યુ(ઉત્પત્તિ, સ્થિતિ અને લય)નું કારણ છે. અને તેમનો અનુગ્રહ માયાને દૂર કરીને આત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવનાર છે. જે સમયે રાજાનું માત્ર ચિહ્ન ધરનારા ને અક્ષૌહિણી સેનાના સ્વામી એવા રાજાઓરૂપ અસુરોથી આ પૃથ્વી દબાઈ જતી ત્યારે તેનો ભાર ઉતારવા ભગવાને (અવતાર લઈ) લીલા કરી હતી, મધુદૈત્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણે બલરામ સાથે ઈન્દ્રાદિ દેવોના મનમાં પણ ન આવી શકે તેવાં ઘણાં કર્મો કર્યા હતાં. અને જે ભકતો કલિયુગમાં થશે તેઓના પર કૃપા કરવા દુઃખ, શોક તથા અજ્ઞાન દૂર કરનાર મહાપવિત્ર યશ ફેલાવ્યો હતો. જે યશ સજ્જનોના કાનને અમૃત જેવો હોઈ સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ છે. એ તીર્થરૂપ યશમાંથી મનુષ્ય એકવાર પણ કાનરૂપી અંજલિથી જો આચમન કરે તો તે કર્મોની વાસનાને નાશ કરે છે. જેમના ચરિત્રની ભોજ, વૃષ્ણિ, અંધક, મધુ, સૂરસેન, દશાર્હ, કુરુ, સૃંજય અને પાડુવંશી રાજાઓ નિત્ય પ્રશંસા કરતા તે શ્રીકૃષ્ણ ભગવાને સ્નેહાળ હાસ્ય વડે જોવાથી, ઉદાર વાક્યોથી, પરાક્રમભરેલી લીલાઓથી અને સર્વાંગસુંદર મૂર્તિથી આ મનુષ્યલોકને આનંદ પમાડયો હતો. ભગવાનનું મુખ મકરાકાર કુંડળોથી સુંદર દેખાતા કાન વડે અને કુંડળોની કાંતિથી પ્રકાશતા બન્ને ગાલ વડે મનોહર હતું. હાસ્યવિલાસેથી યુક્ત અને નિત્ય આનંદથી વ્યાપ્ત હતું. તે મુખને દૃષ્ટિ વડે જોતાં સ્ત્રી-પુરુષો આનંદ પામી કદી તૃપ્ત જ થતાં ન હતાં તેમ જ (દર્શન કરવામાં આંખના પલકારાના અંતરને પણ ન સહન કરતાં તે મનુષ્યો આંખના પલકારાઓને ચાલુ કરનારા) નિમિરાજા ઉપર કોપાયમાન થતાં હતાં. ભગવાને મથુરામાં વસુદેવને ઘેર મનુષ્યરૂપે અવતાર લીધો. પરંતુ ત્યાં તેઓ રહ્યા નહિ; ત્યાંથી તેઓ ગોકુળમાં આવ્યા. ત્યાં ગાયો તથા ગોપ-ગોપીઓને સુખી કરવાનું પોતાનું કામ પૂરું કરીને તેઓ મથુરામાં આવ્યા. વ્રજમાં, મથુરામાં તથા દ્વારકામાં રહીને તેમણે અનેક શત્રુઓનો સંહાર કર્યો. તેઓ ઘણી સ્ત્રીઓને પરણ્યા અને હજારો પુત્ર ઉત્પન્ન કર્યા. તેમણે મનુષ્યમાં પોતાના વેદમાર્ગનો પ્રચાર કરતાં અનેક યજ્ઞો કરી પરમાત્માસ્વરૂપે પોતાનું જ યજન કર્યું. વળી તેમણે કૌરવોમાં અંદર અંદર ઊભા થયેલા કલેશના નિમિત્તે પૃથ્વીનો મોટો ભાર દૂર કરતાં કૌરવ-પાંડવ-યુદ્ધમાં પોતાની દૃષ્ટિમાત્રથી રાજાઓની સેનાઓનો નાશ કરી ''અર્જુન જીત્યો'' એમ જાહેર કર્યું. છેવટે ઉદ્ધવને પરમતત્વનો ઉપદેશ કરી પોતે સ્વધામ પધાર્યા. ૧-૬૭

पृथ्व्याः स वै गुरुभरं क्षपयन् कुरूणामतः समुत्थकलिना युधि भूपचम्वः ।
दृष्टया विधूय विजये जयमुद्विघोष्य प्रोच्योद्धवाय च परं समगात् स्वधाम ॥६७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## નવમ સ્કંધ સમાપ્ત

# શ્રીમદ્ ભાગવત

# દશમ સ્કંધ (પૂર્વાર્ધ)

## અધ્યાય-૧

## શ્રીકૃષ્ણ જન્મની પૂર્વકથા, કંસે દેવકીના છ પુત્રો મારી નાખ્યા

**॥ राजोवाच ॥**

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः । राज्ञां चोभयवंश्यानां चरितं परमाद्भुतम् ॥१॥

**પરીક્ષિત બોલ્યો :** હે મુનિશ્રેષ્ઠ ! આપે ચંદ્ર તથા સૂર્યવંશનો વિસ્તાર અને તે રાજાઓનું પરમ અદ્‌ભુત ચરિત્ર પણ કહ્યું. વળી અત્યંત ધર્મશીલ યદુરાજાનું ચરિત્ર પણ કહ્યું. હવે તે યદુવંશમાં પોતાના અંશ (બલરામ) સાથે અવતરેલા વિષ્ણુભગવાનનાં પરાક્રમો અમને કહો. પ્રાણી માત્ર નું રક્ષણ કરનારા એ વિશ્વાત્મા ભગવાને યદુવંશમાં અવતરી જે જે કર્મો કર્યા હોય, તે અમને વિસ્તારથી કહો. તૃષ્ણારહિત પુરુષો વડે ગવાતા સંસારના ઔષધરૂપ અને કાન તથા મનને સુંદર લાગતા શ્રીભગવાનના ગુણાનુવાદથી પશુહત્યારા સિવાય કયો પુરુષ કંટાળે ! મારા દાદા પાંડવો યુદ્ધક્ષેત્રમાં એ ભગવાનરૂપી નૌકાનો આશ્રય કરી, કૌરવોના સૈન્યરૂપ સમુદ્રને જાણે વાછરડાના પગલા જેટલો કરી તરી ગયા હતા, જે સમુદ્ર દેવોને પણ જીતનારા ભીષ્મ આદિ અનેક અતિરથીરૂપી મગરમચ્છોથી ભરેલો હોવાથી તરવો મુશ્કેલ હતો. વળી કૌરવો તથા પાંડવોના વંશના બીજરૂપી મારું આ શરીર પણ અશ્વત્થામાના અસ્ત્રથી બળી ગયું હતું તેને મારી માતાએ એ ભગવાનનું શરણ લીધું ત્યારે એ ભગવાને મારી માતાની કુખમાં રહી ચક્ર ધારણ કરી બચાવ્યું હતું. હે વિદ્વાન ! તે શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાણીમાત્રની અંદર આત્મારૂપે અને બહાર કાળરૂપે રહ્યા છે અને (જીવોને તેમની યોગ્યતા પ્રમાણે) સંસાર તથા મોક્ષ આપી રહ્યા છે. આપ માયાથી મનુષ્ય બનેલા તે શ્રીકૃષ્ણ ભગવાનનાં પરાક્રમોનું વર્ણન કરો. આપે સંકર્ષણ બલરામને રોહિણીના પુત્ર કહ્યા. તે બીજા દેહ વિના તેમને દેવકીના ગર્ભનો સંબંધ શાથી થયો ? વળી ભગવાન શ્રીકૃષ્ણ પિતાને ઘેરથી વ્રજમાં કેમ ગયા અને તે ભકતરક્ષક ભગવાને નંદ વગેરે ગોપ બંધુઓ સાથે કયે સ્થળે વાસ કર્યો હતો? ભગવાને વ્રજમાં અને મથુરામાં રહી શું કર્યું હતું ? પોતાની માતાનો ભાઈ હોવાથી કંસ મારવાને અયોગ્ય ગણાય, છતાં ભગવાને પોતે જ તેને કેમ માર્યો હતો ? મનુષ્ય શરીરનો આશ્રય કરી ભગવાન કેટલાં વર્ષો સુધી યાદવો સાથે દ્વારકા માં રહ્યા હતા અને તે પ્રભુને કેટલી પત્નીઓ હતી ? હે સર્વજ્ઞ મુનિ ! આ અને બીજું સઘળું શ્રીકૃષ્ણચરિત્ર શ્રદ્ધાવાળા મને વિસ્તારથી કહેવા તમે યોગ્ય છો. મેં જળ પણ ત્યજ્યું છે. છતાં

હું આપના મુખકમળમાંથી નીકળતું શ્રીહરિકથારૂપી અમૃતનું પાન કરી રહ્યો છું, તેથી આ અતિદુઃસહ ક્ષુધા પણ મને પીડા કરતી નથી.

**સૂત બોલ્યા :** હે ભૃગુવંશી શૌનક ! આવો ઉત્તમ પ્રશ્ન સાંભળી ભક્તશ્રેષ્ઠ ભગવાન શુકદેવજીએ પરીક્ષિતની પ્રશંસા કરી કલિયુગનાં પાપોનો નાશ કરનારું શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેવા માંડયું.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજર્ષિ શ્રેષ્ઠ ! તમારી બુદ્ધિએ ઉત્તમ નિશ્ચય કર્યો છે, કારણ કે ભગવાન વાસુદેવની કથામાં તમને આવી અડગ પ્રીતિ થઈ છે. ભગવાનની કથાનો પ્રશ્ન ગંગાજળની પેઠે વકતા, શ્રોતા અને પૂછનાર એ ત્રણે પુરુષોને પવિત્ર કરે છે. જે વેળા ગર્વમાં છકેલા અને રાજાઓનો ડોળ લઈ બેઠેલા દૈત્યોનાં સેંકડો ને હજારો સૈન્યો વડે અત્યંત ભારથી પૃથ્વી દબાઈ ગઈ હતી, ત્યારે તે બ્રહ્માને શરણે ગઈ હતી. તે વખતે ગાયનું રૂપ લઈ ખેદ પામી પ્રભુ બ્રહ્મા પાસે જઈ તે કરુણ ચીસો પાડતી હતી. પછી તેણે આંસુભર્યા અને પોતાનું દુઃખ તેમને જણાવ્યું હતું. તે સાંભળી બ્રહ્મા મહાદેવજીની સાથે પૃથ્વીને તથા દેવોને લઈ ક્ષીરસમુદ્રના કિનારા ઉપર ગયા હતા. ત્યાં જઈને તેમણે જગતના નાથ અને દેવોના દેવ વિષ્ણુભગવાનની પુરુષસૂકતથી એકાગ્રચિત્તે સ્તુતિ કરી. તે વખતે આકાશમાં કહેવાયેલી વાણી સમાધિ અવસ્થામાં સાંભળી બ્રહ્માએ દેવોને કહ્યું : 'હે દેવો ! તમે મારી પાસેથી ભગવાને કહેલી વાણી સાંભળો અને પછી તરત તે પ્રમાણે કરો; વિલંબ કરશો મા. સર્વના અંતર્યામી ભગવાને પ્રથમથી જ (આંપણી વિનંતિ પહેલાં) પૃથ્વીનું દુઃખ ધ્યાનમાં લીધું છે માટે તે ઈશ્વરના ઈશ્વર પોતાની કાળશકિતથી પૃથ્વીનો ભાર દૂર કરતાં પૃથ્વી પર વિચરે ત્યાં સુધી તમે પોતાના અંશથી યાદવોમાં જન્મો. પરમ પુરુષ ભગવાન સાક્ષાત વસુદેવને ઘેર અવતાર લેશે. માટે તેમને પ્રસન્ન કરવા દેવોની સ્ત્રીઓ, પણ યાદવસ્ત્રીઓમાં સ્ત્રીરૂપે અવતાર લે. ભગવાનના અંશરૂપ, હજાર મુખવાળા અને સ્વયં પ્રકાશ દેવ શેષભગવાન પણ શ્રીહરિને પ્રસન્ન કરવા ભગવાનની પહેલાં અવતાર લેશે. તેમ જ જગતને જેણે મોહિત કર્યું છે તે ભગવતી વિષ્ણુમાયા પણ ભગવાનની આજ્ઞાથી કાર્ય માટે અંશથી અવતરશે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** દેવોને એમ આજ્ઞા કરી પ્રજાપતિઓના પતિ પ્રભુ બ્રહ્મા વાણીથી પૃથ્વીને આશ્વાસન આપી પોતાના ઉત્તમ ધામમાં ગયા. પૂર્વે યદુવંશી શૂરસેનરાજા મથુરાનગરીમાં રહી માથુર તથા શૂરસેન નામના દેશો ભોગવતો હતો. ત્યારથી મથુરાનગરી સર્વ યાદવરાજાઓની રાજધાની હતી, જ્યાં શ્રીહરિ નિત્ય સમીપ જ રહે છે. એક વાર તે નગરીમાં વસુદેવજી લગ્ન કરી પોતાની નવપરિણીત પત્ની દેવકી સાથે (પોતાને ઘેર) જવા રથ ઉપર સવાર થયા. તે વખતે જેની આજુબાજુ સેંકડો સોનાના રથો ચાલી રહ્યા છે એવો ઉગ્રસેનનો પુત્ર કંસ પોતાની બહેનને સારું લગાડવા માટે તેના રથના ઘોડાની લગામ પકડી રથને હાંકવા લાગ્યો. પુત્રી પર પ્રેમવાળા દેવકરાજાએ પ્રયાણસમયે સોનાની માળાવાળા ચારસો હાથીઓ, પંદર હજાર ઘોડા, અઢારસો રથો અને સારી પેઠે શણગારેલી બસો સુકુમાર દાસીઓ પુત્રી દેવકીને પહેરામણીરૂપે આપી હતી. પછી વરવધૂને નીકળવાની તૈયારી થઈ એટલે સારી રીતે મંગળ વર્તાય તેમ એકીસાથે શંખ, વાજા, ઢોલ અને નગારાં વાગવા લાગ્યાં. પછી માર્ગમાં ઘોડાની લગામ પકડી દેવકીનો રથ હાંકી રહેલા કંસને સંબોધી આકાશવાણીએ કહ્યું : 'ઓ મૂર્ખ, જેને તું રથમાં લઈ જાય છે, તેનો આઠમો ગર્ભ તને મારશે.' આકાશવાણીએ એમ કહ્યું, એટલે ભોજવંશીઓના કુળને કલંક લગાડનાર તે દુષ્ટ અને પાપી કંસે હાથમાં તલવાર લઈ બહેન

દેવકીને મારવા તૈયાર થઈ તેનો ચોટલો પકડયો. ત્યારે મહાત્મા વસુદેવજી તે નિંદ્ય કર્મ કરતા ક્રૂર અને નિર્લજ્જ કંસને શાંત પાડતાં કહેવા લાગ્યા.

**વસુદેવ બોલ્યા :** તમારા ગુણો શૂરાઓને વખાણવા લાયક છે અને તમે ભોજવંશીની કીર્તિ વધારનારા છો; છતાં આ વિવાહમહોત્સવમાં સ્ત્રીજાતિ અને તેમાં પણ પોતાની બહેનને કેમ મારો છો? હે વીર ! મૃત્યુ તો પ્રાણીને જન્મ સાથે નિર્માણ થયેલું જ હોય છે. આજ કે સો વર્ષ પછી પણ પ્રાણીઓનું મૃત્યુ અવશ્ય છે. દેહ મરણ પામે છે. ત્યારે કર્મ અનુસરનારે જીવ પરાધીન થઈ બીજે દેહ પામી પૂર્વ શરીર તજે છે. જેમ ચાલતો મનુષ્ય એક પગથી પૃથ્વી પર શરીર ટેકવી બીજો પગ ઉપાડી આગળ મૂકે છે ને જાય છે. વળી જેમ ખડમાંકડી બીજા ઘાસને બરાબર પકડ્યા પછી જ પ્રથમનું ઘાસ છોડે છે, તેમ કર્મની ગતિ પામેલો જીવ બીજાં શરીર પામ્યા પછી જ પ્રથમનું શરીર છોડે છે. જેમ મનુષ્ય પ્રત્યક્ષ જોયેલા (રાજા વગેરેના) અને સાંભળેલા (ઇંદ્ર વગેરેના) શરીરનો સંસ્કાર જેમાં પડ્યો છે, તેવા મન વડે તે જ શરીરનું ચિંતન કરતો સ્વપ્નાવસ્થામાં તેવા (જોયેલા કે સાંભળેલા) શરીરને જુએ છે અને પછી ક્ષણમાં તે જ શરીરને ‘આ હું છું’ એમ જ માનતો જાગ્રત અવસ્થાનું શરીર ભૂલી જાય છે. અથવા જેમ પ્રત્યક્ષ જોયેલાં કે સાંભળેલાં (રાજા વગેરેના) શરીરથી જેમ સંસ્કાર પડેલો હોય છે. તેવા મનથી મનોરથ કરવાથી (જાગ્રત —અવસ્થામાં પણ) તે તે શરીરમાં વ્યાપ્ત બુદ્ધિવાળો મનુષ્ય કોઈ શરીરને જુએ છે. અને પછી ક્ષણમાં તે શરીરને ‘આ હું છું’ એમ માને છે અને પોતાના શરીરને વીસરી જાય છે, તેમ મૃત્યુ પછી પણ કર્મને વશ થઈ બીજું શરીર પામે છે અને પૂર્વ શરીર તજે છે. દેહના મરણ સમયે કર્મોનાં ફળ આપવા તત્પર થયેલા દૈવે પ્રેરેલું અને અનેક જાતના વિકારોમય એવું મન માયાએ (અનેક દેવસ્વરૂપે) રચેલાં પાંચ મહાભૂતોમાં જે જે દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે શરીર તરફ દોડે છે અને દોડતાં જે શરીરને પામે છે. તેમાં આ જીવ ઉત્પન્ન થાય છે કેમ કે આત્મા મનને જ ‘હું છું’ એમ માને છે, તેથી તે મન સાથે જ ઉત્પન્ન થાય છે. જેમ જળ ભરેલાં જુદાં જુદાં માટીનાં પાત્રોમાં ચંદ્ર, સૂર્ય વગેરેનું તેજ વાયુના વેગને અનુસરેલું (કપતું) દેખાય છે, તેમ પોતાની અવિદ્યાથી રચાયેલાં શરીરોમાં આ જીવ રાગથી પ્રવેશ કરી મોહ પામે છે. ‘આ શરીર હું છું’ એવો મિથ્યા દુરાગ્રહ કરે છે.‘ માટે પોતાની સ્થિતિ જાણનારા જીવે પોતાનું કલ્યાણ ઈચ્છી કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો ; કારણ કે દ્રોહ કરનારને બીજાથી ભય જ છે. આ દેવકી તમારી નાની બહેન છે. બિચારી હજી બાળક અને પૂતળી સરખી છે. માટે ગરીબો ઉપર પ્રેમ રાખનારા તમે આ નિર્દોષ સ્ત્રીને મારવા યોગ્ય નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુવંશી રાજા ! એમ વસુદેવે સામ તથા ભેદથી સમજાવ્યા છતાં ક્રૂર કંસ દેવકીને મારવાના નિશ્ચયથી અટક્યો નહિ; કેમ કે તે રાક્ષસોને અનુસરતો હતો. પછી કંસનો તે દુરાગ્રહ જાણી વસુદેવે આવી પડેલા તે મૃત્યુને ચૂકવવા મનમાં વિચાર કરી આવો ઉપાય કરવા નિશ્ચય કર્યો : ‘બુદ્ધિમાન મનુષ્ય પોતાનામાં બુદ્ધિ તથા બળની અધિકતા હોય ત્યાં સુધી મૃત્યુ અટકાવવું જોઈએ છતાં ન અટકે તો તેમાં પ્રાણીનો કંઈ દોષ નથી. આ મૃત્યુરૂપ કંસને મારા પુત્રોને આપીને પણ બિચારી આ દેવકીને હું છોડાવું. મને આ દેવકીમાં પુત્રો થશે, તે તે વખતે જે થવાનું હશે તે થઈ પડશે, પણ ત્યાં સુધી તો આ જીવતી રહેશે. અથવા ત્યાં સુધીમાં આ મૃત્યુરૂપ કંસ જો મરી જશે તો કંઈ પણ અન્યાય નહિ થાય અથવા મને પુત્રો થશે અને કંસ નહિ મરે તો મારા પુત્રને હાથે કંસનું જ મરણ કેમ નહિ થાય ? કેમ કે વિધાતાની ગતિ જાણવી મુશ્કેલ છે. કોઈ વખતે આવેલું મૃત્યુ પણ અટકી જાય છે અને કોઈ વેળા અટકેલું

મૃત્યુ પણ ફરી આવી ચડે છે. જેમ અગ્નિને કોઈ લાકડા સાથે સંબંધ થતો નથી અને કોઈ સાથે થાય છે; તેમાં દૈવ વિના બીજું કંઈ પણ કારણ નથી. (અને તે જેમ અચિંત્ય છે) તેમ પ્રાણીને પણ શરીરનો સંયોગ અને વિયોગ થાય છે, તેનું કારણ (દૈવ જ છે અને તે) અચિંત્ય છે. એમ પોતાની બુદ્ધિ પહોંચી ત્યાં સુધી વિચાર કરી વસુદેવે પાપી કંસને ઘણા જ માનપૂર્વક સત્કાર કર્યો. પછી મુખકમળને પ્રસન્ન રાખી અંદરથી દુખાતા મને હસતાં હસતાં ક્રૂર અને નિર્લજ્જ કંસને આવું વચન કહ્યું.

**વસુદેવ બોલ્યા :** હે સૌમ્ય ! આકાશવાણીએ તમને જે કહ્યું છે, તેથી તમને આ દેવકીથી (અથવા મારાથી) તો ભય નથી જ. (આકાશવાણીના કહેવા પ્રમાણે) તમને જેનાથી ભય થયો છે, તે આ દેવકીના પુત્રો હું તમને આપી દઈશ. (પછી તો તમને કંઈ હરકત નથી ને ?) -

**શ્રીશુકદેવજી બોલ્યા :** કંસ વસુદેવના વાકયનો સાર જાણી બહેનનો નાશ કરતાં અટક્યો એટલે વસુદેવે પ્રસન્ન થઈ તેની પ્રશંસા કરી (પોતાના) ઘરમાં પ્રવેશ કર્યો. પછી પ્રસૂતિકાળ પ્રાપ્ત થયો એટલે સર્વ દેવતામય દેવકીએ દર વર્ષે એક એક એમ આઠ પુત્રો તથા એક કન્યાને જન્મ આપ્યો. તેઓમાં પહેલો કીર્તિમાન નામે પુત્ર થયો. તેને વસુદેવજીએ મહાદુઃખથી પણ કંસને આપ્યો; કેમ કે વસુદેવજી અસત્યથી ઘણા ડરતા હતા. બીજી રીતે કહીએ તો સત્પુરુષોને કઈ વસ્તુ દુઃસહ છે ? વિદ્વાનોને કઈ વસ્તુની સ્પૃહા છે ? લોભીને કર્યું કાર્ય ન કરવા યોગ્ય છે અને જેઓએ ચિત્તમાં શ્રીહરિને ધર્યા છે, તેઓને કઈ વસ્તુ તજવી મુશ્કેલ છે; હે રાજન્ ! વસુદેવનો તે સમભાવ અને સત્યનિષ્ઠ જોઈ કંસ મનમાં પ્રસન્ન થયો. તેણે હસતાં આ પ્રમાણે કહ્યું: 'આ કુમારને તમે પાછો લઈ જાઓ; કેમ કે આનાથી મને ભય નથી. માત્ર તમારા આઠમા પુત્રથી મારું મૃત્યુ (આકાશવાણીએ) કહ્યું છે. 'બહુ સારુ' એમ કહી વસુદેવજી પુત્રને લઈ ગયા, પણ તેમણે કંસના તે વાક્યને સત્ય માન્યું નહિ; કારણ કે કંસ દુષ્ટ હતો અને તેના મનનું કંઈ ઠેકાણું ન હતું. હે ભરતવંશી રાજન્ ! વ્રજમાં નંદ વગેરે ગોવાળિયા, એ ગોવાળિયાઓની સ્ત્રીઓ, વસુદેવ વગેરે યાદવો અને દેવકી વગેરે યાદવોની સ્ત્રીઓ; તેમ જ વસુદેવ તથા નંદના કુળના નાતીલા, બંધુઓ, મિત્રો અને જેઓ કંસને અનુસરતા હતા, તેઓ બધાય દેવો જ છે અને પૃથ્વીને ભારરૂપ દૈત્યોનો નાશ કરવા આ ઉદ્યમ છે. એ વાત ભગવાન નારદજીએ કંસ પાસે આવી તેને જણાવી. એટલે નારદઋષિના ગયા પછી કંસે યાદવને દેવો માનીને તથા દેવકીના ગર્ભથી જન્મેલા હરકોઈ પુત્રને પોતાના નાશ માટે વિષ્ણુ માનીને દેવકી તથા વસુદેવને બેડીઓથી બાંધી કેદખાનામાં કેદ કર્યા અને તેઓના જે જે પુત્ર જન્મ્યા તેને 'આ વિષ્ણુ હશે' એવી શંકા કરી મારવા માંડયા. ખરેખર, આ પૃથ્વી પર જે રાજાઓ લોભી અને કેવળ પોતાના પ્રાણનું જ પોષણ કરનારા હોય છે, તેઓ ઘણું કરી માતાને. પિતાને, ભાઈઓને તથા સર્વ સંબંધીઓને પણ મારે છે. 'પૂર્વે હું કાલનેમિ અસુર હતો. વિષ્ણુએ મને માર્યો હતો અને તે જ હું હમણાં અહી જન્મ્યો છું' એમ જાણતો કંસ યાદવો સાથે વિરોધ કરવા લાગ્યો. મહાબળવાન કસે યદુવંશીઓ, ભોજવંશીઓ તથા અંધકવંશીઓના રાજા પિતા ઉગ્રસેનને પણ કેદ કર્યા અને પોતે શૂરસેન દેશનું રાજ્ય ભોગવવા લાગ્યો. ૧-૬૯

उग्रसेनं च पितरं यदुभोजान्धकाधिपम् । स्वयं निगृह्य बुभुजे शूरसेनान् महाबलः ॥६९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

# અધ્યાય-૨

## દેવકીના ગર્ભમાં આવેલા શ્રીભગવાનની દેવોએ સ્તુતિ કરી

॥ श्रीशुक उवाच ॥

प्रलम्बबकचाणूरतृणावर्त्तमहाशनैः । मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** મગધરાજા જરાસંધનો આશ્રય કરી બળવાન બનેલા કંસ પ્રલંબાસુર, બકાસુર, ચાણૂર, તણાવર્ત, અઘાસુર, મુષ્ટિકાસુર, અરિષ્ટાસુર, દ્વિવિદ વાનર, પૂતના રાક્ષસી, કેશી, ધેનુકાસુર અને બીજા પણ બાણાસુર, ભીમાસુર, વગેરે અસુર રાજાઓ સાથે મળી યાદવોનો નાશ કરવા લાગ્યા. એટલે દુઃખી થયેલા યાદવો પણ કુરું, પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ તથા કોસલ દેશમાં રહેવા ચાલ્યા ગયા, અને કેટલાક કંસને અનુસરી તેની સેવા કરવા લાગ્યા. કંસે દેવકીના છ પુત્રો માર્યા, પછી દેવકીને હર્ષ તથા શોકમાં વૃદ્ધિ કરનારો સાતમો ગર્ભ રહ્યો, જેને વિષ્ણુના અંશરૂપ અનંત ભગવાન (શેષ) કહે છે, વિશ્વાત્મા ભગવાને પણ જેઓના પોતે નાથ હતા એવા યાદવોને કંસથી થતો ભય જાણી યોગમાયાને આજ્ઞા કરી : 'હે દેવી ! તું ગોપગોપીઓથી શોભતા વ્રજમાં જા. હે કલ્યાણિ ! ત્યાં નંદના ગોકુળમાં વસુદેવની સ્ત્રી રોહિણી રહે છે અને વસુદેવની બીજી સ્ત્રીઓ પણ કંસથી ભય પામી ગુફાઓમાં રહે છે. દેવકીના ઉદરમાં મારા અંશ શેષભગવાન ગર્ભરૂપે રહેલા છે. તેમને ત્યાંથી કાઢી રોહિણીના ઉદરમાં તું મૂક. પછી હું મારા પૂર્ણસ્વરૂપે દેવકીનો પુત્ર થઈશ અને તું નંદની સ્ત્રી યશોદામાં થઈશ. તું પુત્રાદિ સર્વ કામનાવાળા પુરુષોની ઈશ્વરી અને ભક્તોની સર્વ ઉત્તમ કામનાઓ પૂર્ણ કરનારી છે, તેથી મનુષ્ય ધૂપ, નૈવેદ્ય તથા બલિદાનોથી તારી પૂજા કરશે; તેમ જ પૃથ્વી ઉપર મનુષ્યો દુર્ગા, ભદ્રકાલી, વિજ્યા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઈશાની, શારદા તથા અંબિકા; એવાં તારાં નામ તથા સ્થાનો કરશે. તું શેષભગવાનને ગર્ભમાંથી ખેંચી કાઢીશ, તેથી તેમને પૃથ્વી પર લોકો 'સંકર્ષણ' કહેશે અને લોકોને રંજન કરશે તેથી 'રામ' અને બળવાનોમાં તે શ્રેષ્ઠ છે તેથી તેમને 'બલદેવજી' પણ કહેશે.' એમ ભગવાને આજ્ઞા કરી એટલે 'બહું સારું' એમ તેમનાં વચન સ્વીકારી યોગમાયા તેમને પ્રદક્ષિણા કરી પૃથ્વી પર ગઈ અને ભગવાને જે કહ્યું હતું તે પ્રમાણે તેણે કર્યું. પછી દેવકીના ગર્ભને યોગનિંદ્રાએ રોહિણીના ઉદરમાં મૂક્યો એટલે 'અહો ! આશ્ચર્ય છે કે દેવકીનો (સાતમો) ગર્ભ પડી ગયો એમ નગરવાસીઓ કહેવા લાગ્યા. પછી ભકતોને નિર્ભય કરનારા વિશ્વાત્મા ભગવાન પણ પૂર્ણસ્વરૂપે વસુદેવના મનમાં પ્રગટ થયા. તે સમયે પરમાત્માના તેજને ધારણ કરતા વસુદેવજી સૂર્ય જેવા શોભતા હોઈ પ્રાણીમાત્રથી પાસે જવા મુશ્કેલ અને પરાભવ કરવા અતિ અશક્ય હતા. પછી જેમ પૂર્વ દિશા જગતને આનંદ કરનારા ચંદ્રને ધારણ કરે તેમ દેવી દેવકીજીએ વસુદેવે (વેધદીક્ષાથી મન વડે જ) સ્થાપેલા જગતના મંગળરૂપ, સર્વના આત્મા પોતાના વિષે પ્રથમથી જ રહેલા, સર્વને આનંદ કરનારા અને અસ્ખલિત ઐશ્વર્યાદિ અંશોવાળા ભગવાનને મનથી ધારણ કર્યા. તે સમયે દેવકી, જગતનું રહેઠાણ ભગવાનનાં પણ રહેઠાણ બન્યાં હતાં, પણ કંસના કેદખાનામાં કેદ હતાં, તેથી ઢાંકેલા અગ્નિને શિખાની પેઠે અને સત્ય જ્ઞાનને છુપાવતા ખળ પુરુષોમાં રહેલી સાચી વિદ્યાની પેઠે અત્યંત શોભતાં હતાં. તે દેવકી કાંતિથી કેદખાનાને પ્રકાશિત કરતી, પવિત્ર હાસ્યવાળી અને પેટમાં

ભગવાનને ધરી રહી હતી. તેને જોઈ કંસ (મનમાં) બોલી ઊઠ્યો : 'અવશ્ય મારા પ્રાણને હરનારો હરિ આના ઉદરમાં આવ્યો છે; કારણ કે આ પ્રથમ આવી ન હતી, પણ હવે તે માટે મારે તરત જ શું કરવું જોઈએ ? દેવોનું કાર્ય કરવું એ જ જેનું મુખ્ય કામ છે, એવા આ હરિ પરાક્રમનો નાશ નહિ જ કરે. (એ તો મારો વધ કરવા અવશ્ય પરાક્રમ કરશે જ. આ દેવકીને ગર્ભ સાથે હમણાં જ મારી નાખું, પણ) સ્ત્રી જાતિ, બહેન અને સગર્ભા આ દેવકીનો નાશ કરવો તે પણ યશ, લક્ષ્મી તથા આયુષ્યનો તરત નાશ કરે તેવું છે. વળી જે અત્યંત ક્રૂરતાથી વર્તે છે, તે ખરેખર જીવતાં જ મૂઆ જેવો છે અને સર્વ લોકો તેને ધિક્કારે છે. એવો ઘાતકી પુરુષ મરણ પછી પણ પાપીઓને પ્રાપ્ત થતાં નરકમાં જ (પડે છે.) માટે આ દેવકીને મારવી તે તો ઠીક જ નથી, પણ તેના પુત્રને જ મારવો જોઈએ.) એવો વિચાર કરી કંસ (દેવકીને મારવા) પોતે સમર્થ હોવા છતાં અત્યંત ઘોર વિચારથી તે અટક્યો અને શ્રીહરિ તરફ વેરભાવને દૃઢ કરતો તેમના જન્મની રાહ જોવા લાગ્યો. બેસતાં, સૂતાં, ઊભા રહેતાં, જમતાં અને પૃથ્વી પર ફરતાં શ્રીહરિનું જ ચિંતન તે કરતો હતો, જેથી જગતને શ્રીહરિમય જોતો હતો. પછી બ્રહ્મા અને શંકર, નારદાદિ મુનિઓ તથા અનુચરો સહિત સર્વ દેવો સાથે ત્યાં આવી સર્વની કામનાઓ પૂરનારા ભગવાનની આવી વાણી વડે સ્તુતિ કરવા લાગ્યા : 'હે ભગવન્ ! આપ સત્ય સંકલ્પવાળા છો. આપને પામવાનું શ્રેષ્ઠ સાધન સત્ય છે. ત્રણે કાળમાં આપ સત્યસ્વરૂપે રહો છો. પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનું આપ ઉત્પત્તિસ્થાન છો. પાંચ મહાભૂતોમાં આપ અંતર્યામી સ્વરૂપે બિરાજો છો. પાંચ મહાભૂતોનો નાશ થવા છતાં આપનું સ્વરૂપ તો બાકી જ રહે છે. અને સત્યવાણી તથા સર્વત્ર સમદર્શનના આપ પ્રવર્તક છો. આમ સર્વ રીતે સત્યસ્વરૂપ આપને અમે શરણે આવ્યા છીએ. આ સંસાર (સમષ્ટિ—વ્યષ્ટિદેહરૂપ) આદિવૃક્ષ છે. એક પ્રકૃતિ એનો આશ્રય છે, સુખ ને દુઃખ—એ બે તેનાં ફળ છે. સત્ત્વ, રજસ અને તમસ—એ ત્રણ ગુણો એનાં મૂળ છે. ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ—એ ચાર તેનો રસ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો એના જ્ઞાનપ્રકારો છે. છ ઊર્મિઓ અથવા છ કોશો તે એના સ્વભાવ છે. સાત ધાતુઓ એની છાલ છે, પાંચ ભૂતો, મન, બુદ્ધિ તથા અહંકાર—એ આઠ એની શાખાઓના વિસ્તાર છે. શરીરનાં (ઈન્દ્રિયોનાં) નવ દ્વારો તેનાં છિદ્રો છે. દસ પ્રાણ તેનાં પાંદડાં છે અને જીવ તથા ઈશ્વરરૂપી બે પક્ષીઓ એ વૃક્ષમાં રહે છે. આ સંસારવૃક્ષરૂપી કાર્યનું સર્વોત્કૃષ્ટ ઉત્પત્તિકારણ, લયસ્થાન અને પાલક આપ એક જ છો; છતાં આપની માયા વડે ઢંકાયેલા જ્ઞાનવાળા આપને જ અનેક સ્વરૂપે જુએ છે, પણ જેઓ વિદ્વાન છે તેઓ આપને અનેક સ્વરૂપે જોતાં નથી. કેવળ જ્ઞાનસ્વરૂપ અને સર્વના આત્મા આપ જ સ્થાવરજંગમ આ લોકોનું પાલન કરવા સત્પુરુષોને સુખ કરનારાં અને દુષ્ટોનો નાશ કરનારાં સત્ત્વગુણી સ્વરૂપો વારંવાર ધરો છો. હે કમલનયન ! કેટલાક વિવેકીઓ પ્રાણીમાત્રનું રહેઠાણ આપ વિષે સમાધિ દ્વારા યોજેલા મનથી મહાપુરુષોએ સેવવા યોગ્ય માનેલા આપના ચરણરૂપી વહાણનો આશ્રય કરી સંસારસમુદ્રને ગાયના વાછરડાના પગલા જેવડો કરે છે (અનાયાસે સંસારસમુદ્ર તરી જાય છે.) હે સ્વયંપ્રકાશ દેવ ! સર્વ પ્રાણીઓ ઉપર અત્યંત પ્રીતિવાળા તે વિવેકીઓ ભયંકર અને તરવામાં મુશ્કેલ આ સંસારસમુદ્ર આપના ચરણરૂપી નૌકા વડે તરી જઈને તે નૌકા (બીજાઓ માટે) અહીં મૂકીને જ ગયા છે. (કદાચ આપ કહો કે મારા ચરણરૂપી વહાણનો માત્ર આશ્રય કરવાથી તેઓ કેમ તરી ગયા ? એનો ઉત્તર એ જ છે કે, આપ ભકતો પર કૃપા કરનારા છો;

પણ હે કમળનયન ! પોતાને મુકત માનનારા બીજાઓ આપ વિષે ભકિત ન હોવાથી અશુદ્ધ બુદ્ધિવાળા હોઈ (ઘણા જન્મની તપશ્ચર્યારૂપ) મહાકષ્ટથી પરમપદ પામે છે; (એટલે મોક્ષની પાસે લઈ જનાર ઉત્તમ કુળ તથા શાસ્ત્રશ્રવણ વગેરે પામે છે.) પરંતુ આપના ચરણનો અનાદર કર્યો હોવાથી (વારંવાર વિઘ્નોથી હેરાન થઈ) એ પરમપદથી ભ્રષ્ટ થાય છે. પણ હે માધવ ! કેવલ આપ વિષે જ બાંધેલા સ્નેહવાળા આપના ભકતો એ રીતે કદી ભ્રષ્ટ થતા નથી, પરંતુ હે પ્રભો ! આપથી રક્ષાયેલા તેઓ વિઘ્ન કરનારા સેનાપતિઓનાં મસ્તકો ઉપર પગ મૂકી નિર્ભય થઈ વિચરે છે. આપ સર્વની રક્ષા કરવા અતિ શુદ્ધ સત્ત્વગુણમય શરીર ધારણ કરો છો કે જે શરીર પ્રાણીઓને કલ્યાણરૂપી ફળ આપનારું હોય છે અને જેનો આશ્રય કરી મનુષ્યો વેદો, ક્રિયાયોગો, તપ તથા સમાધિરૂપ સાધનથી આપનું પૂજન કરે છે. હે ધાતા ! આપનું આ સત્વગુણી શરીર જો (અવતારરૂપે) ન પ્રકટે તો અજ્ઞાનકૃત ભેદને દૂર કરનારું ઉત્તમ અપરોક્ષ જ્ઞાન થાય નહિ; કારણ કે ‘જેના સંબંધથી બુદ્ધિ આદિ ગુણો પ્રકાશે છે, તે બુદ્ધિ આદિ ગુણોનો સાક્ષી કોઈ ભગવાન હોવો જોઈએ’ એમ બુદ્ધિ આદિ ગુણોયુકત પ્રકાશ ઉપરથી પરિપૂર્ણ આપનું કેવળ અનુમાન થઈ શકે છે. (સાક્ષાત્કાર થતો જ નથી.) હે દેવ ! જેમનો માર્ગ મન તથા વચનથી કેવળ અનુમાન કરવા યોગ્ય છે અને મન તથા વચન વગેરેનાં જે સાક્ષી છે, તે આપના નામ અને રૂપ ગુણો, જો કે કર્મોથી જાણી શકાતાં નથી; છતાં આપના ઉપાસકો આપની ઉપાસનારૂપે ક્રિયામાં આપનાં પ્રત્યક્ષ દર્શન કરે છે એ વાત પ્રસિદ્ધ છે. જે મનુષ્ય આપનાં મંગળ નામોનું તથા સ્વરૂપોનું શ્રવણ, કીર્તન, સ્મરણ અને ચિંતન કરે કે કરાવે છે; તેમ જ દેવપૂજા વગેરે હરકોઈ ક્રિયાઓ કરતી વેળા આપના ચરણકમળમાં જ મન રાખે છે. તે ફરી સંસાર પામતો નથી. હે હરિ ! આપના ચરણરૂપ આ પૃથ્વીનો ભાર આપ ઈશ્વરના માત્ર જન્મથી જ દૂર થયો તે બહુ સારું થયું અને બહુ જ યોગ્ય થયું કે આપનાં અતિ સુંદર પગલાંની નિશાનીવાળી પૃથ્વીને તથા આપની દયાનું પાત્ર થયેલા સ્વર્ગને અમે જોઈશું. હે ઈશ્વર ! આપ જન્મરહિત છો, છતાં જન્મ લો છો, તેમાં કેવળ વિનોદ વિના બીજું કારણ હોય તો તેનો તર્ક અમે કરી શકતા નથી; કારણ કે હે નિત્યમુકત પરમેશ્વર ! જીવાત્મામાં પણ જન્મ, સ્થિતિ તથા નાશ જે દેખાય છે, તેમાં પણ આપના સ્વરૂપનું તેને અજ્ઞાન છે, તે જ કારણ છે. (ખરી રીતે જીવાત્માને પણ જન્મમરણાદિ નથી જ.) હે ઈશ્વર! આપ મત્સ્ય, અશ્વ, કચ્છપ, નૃસિંહ, વરાહ, હંસ, ક્ષત્રિય, બ્રાહ્મણ તથા દેવ જાતિમાં અવતાર લઈ જે પ્રમાણે અમારું તથા ત્રણે જગતનું રક્ષણ કરો છો, તે જ પ્રમાણે પૃથ્વીનો ભાર દૂર કરો. હે યદુત્તમ ! આપને અમારાં વંદન હો.’ (ભગવાનની એમ સ્તુતિ કરી દેવો દેવકીજીને કહેવા લાગ્યા :) . હે માતા! પરમપુરુષ ભગવાન અમારું કલ્યાણ કરવા સમગ્ર ઐશ્વર્ય સાથે તમારા ઉદરમાં સાક્ષાત પધાર્યા છે, તે બહુ સારું થયું છે. ભોજપતિ કંસ હવે મરવાની અણી પર છે. તેનાથી તમે ડરશો નહિ. તમારા આ પુત્ર યાદવોના રક્ષક થશે.’

**શ્રી શુકદેવજી બોલ્યા :** જેમનું સ્વરૂપ આ સર્વ જગતથી જુદું જ છે, તે ભગવાનની એ પ્રકારે સ્તુતિ કરી દેવો બ્રહ્મા તથા શંકરને આગળ કરી સ્વર્ગમાં ગયા. ૧-૪૨

इत्यभिष्टूय पुरुषं यद्रूपमनिदं यथा । ब्रह्मेशानौ पुरोधाय देवाः प्रतिययुर्दिवम् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

# અધ્યાય-૩

## શ્રીકૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુળમાં પધારવું

॥ श्रीशुक उवाच ॥

अथ सर्वगुणोपेतः कालः परमशोभनः । यर्ह्येवाऽजनजन्मर्क्षं शान्तर्क्षग्रहतारकम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી જ્યારે સર્વ ગુણયુક્ત પરમ શોભાયમાન સમય હતો, બ્રહ્માનું રોહિણી નક્ષત્ર હતું કે જેમાં નક્ષત્ર, ગ્રહો અને તારાઓ શાંત હતા, દિશાઓ પ્રસન્ન હતી, આકાશમાં નિર્મળ નક્ષત્રગણનો ઉદય થયો હતો, પૃથ્વી પર શહેરો, ગામડાં, નેસડા અને ખાણોમાં પુષ્કળ મંગળો થઈ રહ્યાં હતાં, નદીનાં પાણી નિર્મળ હતાં, ધરાઓમાં ખીલેલાં કમળો શોભી રહ્યાં હતાં, વનરાજિઓના ગુચ્છામાં પક્ષીઓ અને ભમરા હર્ષનાદ કરતાં હતાં, સુખકારી સ્પર્શ કરતો પવિત્ર સુગંધી વાયુ વાતો હતો, (અગ્નિહોત્રી) બ્રાહ્મણોના શાંત અગ્નિ સારી રીતે બળતા હતા, અસુરોનો દ્રોહ કરનારા સજ્જનોનાં મન પ્રસન્ન હતાં, સ્વર્ગમાં દુંદુભિ નગારાં વાગતાં હતાં, કિન્નરો તથા ગંધર્વો ગાતા હતા, સિદ્ધો ને ચારણો સ્તુતિ કરતા હતા, વિદ્યાધરીઓ અને અપ્સરાઓ નાચતી હતી, મુનિઓ અને દેવો હર્ષભેર પુષ્પવૃષ્ટિ કરતા હતા અને મેઘો ગાજતા સમુદ્રની પાછળ ધીમી ધીમી ગર્જનાઓ કરતા હતા, ત્યારે મધ્યરાત્રિના સમયે અંધકાર જામ્યો હતો, તે સમયે જેમ પૂર્વ દિશામાં પૂર્ણ ચંદ્ર પ્રકટે તેમ સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેનારા વિષ્ણુ ભગવાન દેવસ્વરૂપ દેવકીજી વિષે પ્રકટ થશે. તે વેળા વસુદેવજીએ તે અદ્ભુત બાળકનાં દર્શન કર્યા. તેમનાં નેત્ર કમળ જેવાં હતાં, ચાર ભુજાઓ ધારણ કરી હતી. ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા તથા કમળરૂપ ઉત્કૃષ્ટ આયુધો ધર્યા હતાં. તેમના શરીર પર શ્રીવત્સનું ચિહ્ન હતું. ગળામાં કૌસ્તુભમણિ શોભતો હતો. પીળાં પીતાંબર પહેર્યા હતાં. ગાઢ મેઘ જેવા તે સુંદર હતા. મહાકિંમતી વૈદૂર્યમણિથી જડેલાં મુકુટ અને કુંડળોની કાંતિથી તેમના હજારો કેશ પ્રકાશતા હતા અને ઉત્તમ કંદોરો, બાજુબંધ તથા કડાં વગેરેથી તે શોભતા હતા. આવા શ્રીહરિને પુત્રરૂપે અવતરેલા જોઈ વસુદેવજીનાં નેત્રો આશ્ચર્યથી પ્રફુલ્લ થયાં. તેમણે શ્રીકૃષ્ણાવતારના ઉત્સવ નિમિત્તે હર્ષભેર બ્રાહ્મણોને દસ હજાર ગાયોનું દાન કરવા મનમાં સંકલ્પ કર્યો. પછી હે રાજન્ ! પોતાની કાંતિથી પ્રસૂતિગૃહને પ્રકાશમાન કરતા તે બાળકને 'આ પરમ પુરુષ છે' એમ નિશ્ચયપૂર્વક માની પ્રભુના પ્રભાવને જાણનારા શુદ્ધ બુદ્ધિવાળા વસુદેવજીએ બે હાથ જોડી અંગ નમાવી નિર્ભયતાપૂર્વક સ્તુતિ કરી.

**વસુદેવજી બોલ્યા :** આપને મેં જાણ્યા છે. આપ પ્રકૃતિથી પર રહેલા સાક્ષાત પુરુષ છો. આપનું સ્વરૂપ કેવળ અનુભવ અને આનંદ સમાન છે અને સર્વની બુદ્ધિના આપ દ્રષ્ટા છો; તેમ જ આપ સૃષ્ટિના આરંભમાં પોતાની માયાથી આ ત્રિગુણાત્મક જગત સર્જીને પછી તેમાં પ્રવેશ્યા નથી; છતાં જાણે પ્રવેશ્યા હો તેવા જણાઓ છો. જેમ આ મહત્તત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ રૂપી (સાત) પ્રકૃતિવિકૃતિ, પાંચ મહાભૂતો અને અગિયાર ઈન્દ્રિયોરૂપી (સોળ) વિકાર પામેલા પદાર્થોની સાથે મળી બ્રહ્માંડ ઉત્પન્ન કરે છે; કેમ કે અલગ રહી તેઓ જુદાં જુદાં કાર્યો કરવા સમર્થ થતા નથી, માટે એ રીતે મળીને બ્રહ્માંડરૂપ કાર્ય ઉત્પન્ન કરી તેમાં જાણે પાછળથી દાખલ થયા હોય તેવા દેખાય છે, પરંતુ તેમ છે જ નહિ; કારણ કે પ્રથમથી જ તે પદાર્થો કારણરૂપે હતા જ, તેથી સર્જેલા કાર્યમાં પાછળથી તેઓનો પ્રવેશ થયો હોય એમ સંભવતું જ નથી, તેમ આપ પણ બુદ્ધિ વડે અનુમાન કરવા યોગ્ય લક્ષણવાળી ઈન્દ્રિયોથી ગ્રહણ કરાતા

ગુણો (એટલે ઘટાદિ વિષયો) ની સાથે પ્રથમથી જ છો, છતાં તે ગુણોનું જ્યારે ગ્રહણ થાય છે, ત્યારે તેઓની સાથે આપનું ગ્રહણ થઈ શકતું નથી; કેમ કે આપ અમાપ, સર્વસ્વરૂપ, સત્યના આત્મા, સત્ય વસ્તુરૂપ અને સર્વવ્યાપક છો. તેથી આપના સ્વરૂપને બહાર કે અંદર એવો ભેદ છે જ નહિ જે પુરુષ આત્માનાં દેહાદિ દૃશ્ય પદાર્થોમાં 'આ પદાર્થો આત્માથી જુદા છે'' આવો નિશ્ચય કરે છે તે મુર્ખ છે; કેમ કે તે દેહાદિ પદાર્થો સંબંધી જો સારી રીતે વિચાર કરાય તો તે 'કેવળ વાણીના આરંભ જ છે, માત્ર નામના જ હોઈ વાણીના વ્યવહારરૂપ જ છે.' એ વિના બીજું કંઈ જ સંભવતું નથી માટે અવસ્તુ તરીકે જે તજેલ છે, તેને આત્માથી અલગ વસ્તુ તરીકે જે ગ્રહણ કરે છે, તે પુરુષ મૂર્ખ છે. હે સમર્થ દેવ ! વેદો કહે છે કે આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આપથી થાય છે; છતાં આપ સત્ત્વાદિ ગુણોથી રહિત છો, તેથી કોઈ જાતની ચેષ્ટાથી રહિત હોઈ અવિકારી છો. જોકે આપ પરબ્રહ્મ છો. (અને તેથી જ નિર્વિકાર છો) છતાં સર્વના ઈશ્વર આપ વિષે તે સૃષ્ટિનું કર્તવ્ય વગેરે વિરુદ્ધ નથી; કારણ કે ગુણો જ સૃષ્ટિના કર્તાહર્તા છે; છતાં તે ગુણોને આપનો આશ્રય હોવાથી તેઓના કર્તૃત્વ આદિનો આપના ઉપર આરોપ કરાય છે. આપ ત્રણે લોકનું પાલન કરવા પોતાની ઈચ્છાથી જ (અથવા ભકતો ઉપરની કૃપાથી) પોતાનો શુદ્ધ વર્ણ એટલે સત્ત્વગુણી વિષ્ણુસ્વરૂપ લો છો. લોકોની ઉત્પત્તિ કરવા રજોગુણથી યુક્ત રક્ત વર્ણ (બ્રહ્મસ્વરૂપ) લો છો અને લોકોનો નાશ કરવા તમોગુણથી યુક્ત કૃષ્ણવર્ણ (રુદ્રસ્વરૂપ) લો છો. હે પ્રભો ! હે સર્વના ઈશ્વર ! આપ આ જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી મારે ઘેર અવતર્યા છો અને રાજાઓનાં માત્ર નામ ધરનારા કરોડો અસુર યૂથપતિઓથી આમતેમ દોરાતી સેનાઓનો સંહાર કરશો. હે દેવોના પણ ઈશ્વર ! આપનો જન્મ અમારે ઘેર થશે એમ સાંભળી આ નીચ કંસે આપના મોટાભાઈઓને મારી નાખ્યા છે અને તે દુષ્ટ હમણાં જ પોતાના સેવકોએ જણાવેલ આપનો અવતાર સાંભળી આયુધ ઉગામતો અહીં આવશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી એ પુત્રને મહાપુરુષનાં લક્ષણોવાળા જોઈ કંસથી ભય પામેલા દેવકીજી પવિત્ર હાસ્ય કરતાં તેમની સ્તુતિ કરવા લાગ્યાંઃ 'આપના જે સ્વરૂપને વેદો અવ્યકત, સર્વનું કારણ, બ્રહ્મરૂપ, જ્યોતિરૂપ, નિર્ગુણ, નિર્વિકાર, માત્ર સત્તાસ્વરૂપ, વિશેષરહિત અને નિષ્ક્રિય કહે છે, તે જ આપ બુદ્ધિ આદિ ઈંદ્રિયસમૂહના પ્રકાશક સાક્ષાત વિષ્ણુ છો. બે પરાર્ધ વર્ષ સુધીનું બ્રહ્માનું આયુષ્ય પૂરું થાય છે, ત્યારે કાળના વેગથી સ્થાવરજંગમ સર્વ જગત નાશ પામે છે. પાંચ મહાભૂતો સુક્ષ્મ ભૂતોમાં અને સૂક્ષ્મ ભૂતો અવ્યક્ત—પ્રધાનમાં લય પામે છે તે વખતે કેવળ એક આપ જ શેષ—બાકી રહો છો. હે પ્રકૃતિના પ્રવર્તક પરમાત્મન્ ! આ કાળ (સૂક્ષ્મમાં સૂક્ષ્મ) આંખના પલકારા જેટલા સમયથી માંડી વર્ષ સુધીનો (સ્થૂળસ્વરૂપમાં) ગણાય છે અને (એ રીતે વર્ષોનાં વર્ષો થતાં) જે સર્વથી મોટો છે અને જેને લીધે આખું જગત ચેષ્ટા કરે છે, તે કાળને વિદ્વાનો તમારી એક ચેષ્ટા કહે છે. સર્વના નિયંતા અને નિર્ભયસ્થાનરૂપ તે આપને હું શરણે આવી છું. હે આદિદેવ ! મનુષ્ય મૃત્યરૂપી સર્પથી ભયભીત થઈ સર્વ લોકમાં નાસતો ફરે છે, પણ તેને કોઈ નિર્ભય સ્થાન મળતું જ નથી. પછી દૈવેચ્છાએ આપનાં ચરણકમળમાં આવી શાંત થઈ તે સૂએ છે; કેમ કે આપનાં ચરણકમળથી મૃત્યુ દૂર નાસે છે. આપ ઉગ્રસેનના આ ભયંકર પુત્ર કંસથી ત્રાસ પામેલા અમારું રક્ષણ કરો; કેમ કે આપ ભક્તોના ત્રાસનો નાશ કરનારા છો. વળી આપનું જે આ ઈશ્વરી સ્વરૂપ ધ્યાન કરવાને યોગ્ય છે, તેને ચર્મચક્ષુવાળાઓ સમક્ષ પ્રકટ ન કરો. હે મધુસૂદન ! આપનો મારે વિષે જન્મ થયો છે, આ વાત આ પાપી કંસ ન જાણે તો સારું;

કારણ કે અધીર બુદ્ધિવાળી હું આપ માટે કંસથી ડરું છું. માટે હે વિશ્વાત્મન્ ! આપનું આ અલૌકિક સ્વરૂપ શંખ, ચક્ર, ગદા અને કમળની શોભાવાળું તથા ચાર ભુજાઓવાળું છે, તેને આપ સમેટી લો. આપ પરમપુરુષ પ્રલયના અંતે પોતાના શરીરમાં આ જગતને પુષ્કળ જગા રહે એ રીતે ધરો છો. તે આપ મારા ગર્ભમાં સમાયા ! અહો ! આ વાત ખરે જ મનુષ્યોને આશ્ચર્ય થાય તેવી છે.'

**શ્રીભગવાન બોલ્યા :** હે સતી ! સ્વાયંભુવ મન્વંતરના સમયમાં તમે પૂર્વજન્મમાં પૃશ્નિ નામે અને વસુદેવજી સુતપા નામે નિર્દોષ પ્રજાપતિ હતાં. તમને બંનેને બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, ત્યારે ઈન્દ્રિયના સમૂહને વશ કરી તમે બંનેએ મોટું તપ કર્યુ હતું. તે વેળા વરસાદ, વાયુ, તડકો, ટાઢ અને ગરમી વગેરે કાળના ગુણો તમે સહન કરતાં હતાં અને પ્રાણાયામો દ્વારા મનના મેલને તમે દૂર કર્યા હતા. અને વાયુનો તમે આહાર કરતાં ને મારી પાસે થી ઈચ્છિત કામનાઓ મેળવવાની ઈચ્છાથી શાંત ચિત્તે મારું આરાધન કરતાં હતાં. એ રીતે મારામાં મન રાખી પરમ દુષ્કર તીવ્ર તપ કરતાં કરતાં તમને દેવોનાં બાર હજાર વર્ષો વીતી ગયાં. પછી હે માતા ! તે સમયે તમારા પર પ્રસન્ન થઈ હું આ જ શરીરે પ્રકટ થયો હતો; કેમ કે તમે તપ, શ્રદ્ધા તે ભક્તિથી હૃદયમાં મારું નિત્ય ચિંતન કર્યું હતું. તેથી જ વર આપનારાઓમાં શ્રેષ્ઠ હું તમને બંનેને વર આપવાની ઈચ્છાથી પ્રકટયો હતો અને 'વર માગો' એમ જ્યારે મેં કહ્યું, ત્યારે તમે મારા જેવો પુત્ર માગ્યો હતો; કારણ કે તમે દંપતીએ સંસારનાં વિષયસુખ ભોગવ્યાં ન હતાં અને તમને કંઈ સંતાન પણ ન હતું. તેથી મારી માયા વડે મોહિત થઈ તમે મારી પાસેથી મોક્ષ માગ્યો ન હતો. હું તમને એ વર આપી ગયો એટલે મારા જેવો પુત્ર થવાનું વરદાન મેળવી પૂર્ણ થયેલા મનોરથવાળાં તમે સાંસારિક ભોગો ભોગવવા લાગ્યાં. પણ શીલ અને ઉદારતા વગેરે ગુણોથી મારા જેવો બીજો લોકમાં ન જોઈ હું જ તમારા પુત્ર તરીકે અવતર્યો હતો અને 'પૃશ્નિગર્ભ' એ નામથી પ્રસિદ્ધ થયો હતો. પછી (બીજા જન્મમાં) તમે બે અદિતિ તથા કશ્યપ તરીકે ઉત્પન્ન થયાં હતાં, ત્યારે હું કશ્યપથી અદિતિમાં જન્મ્યો હતો અને ઉપેન્દ્ર નામે તેમ જ ઠીંગણો હોવાથી 'વામન' એવા નામે પ્રખ્યાત થયો હતો. પછી હે સતી ! આ ત્રીજા જન્મમાં ફરી તે જ શરીરે તે જ તમારા બંનેનો પુત્ર થયો છું. આ મારું કહેવું સત્ય છે. તમને પૂર્વજન્મનું સ્મરણ થાય તે માટે આ સ્વરૂપ મેં તમને બતાવ્યું છે, નહિ તો તમને મનુષ્ય સ્વરૂપે મારું જ્ઞાન થાય નહિ. તમે બંને પુત્રભાવે તથા બ્રહ્મભાવે મારું વારંવાર ચિંતન કરતાં મારા પર સ્નેહ કરી મારી પરમગતિ પામશો. (જો તમે કંસથી ડરતાં હો તો મને ગોકુલ લઈ જાઓ ને યશોદાના ગર્ભથી જન્મેલી મારી માયાને જલદી અહીં લાવો.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહી ભગવાન શ્રીહરિ બોલતા બંધ થયા અને તરત પોતાની માયા વડે માતાપિતાના દેખતાં પ્રાકૃત બાળક બની ગયા. પછી ભગવાનની પ્રેરણાથી વસુદેવજીએ પુત્રને લઈ પ્રસૂતિગૃહમાંથી બહાર નીકળવાની જ્યારે ઈચ્છા કરી, ત્યારે (ગોકુલમાં) નંદની સ્ત્રી યશોદાએ યોગમાયાને જન્મ આપ્યો. તે યોગમાયાએ જ્ઞાનોપયોગી ઈન્દ્રિયવૃત્તિઓ હરી લઈ દ્વારપાલો તથા નગરવાસીઓને પણ સુવાડી દીધા ત્યારે વસુદેવજી શ્રીકૃષ્ણને લઈ ચાલ્યા. તે સમયે મોટાં કમાડો, લોઢાના ખીલા અને ન જઈ શકાય તેમ સાંકળોથી બંધ કરેલા બધા દરવાજા સૂર્ય આવતાં જેમ અંધકાર દૂર થાય તેમ, પોતાની મેળે જ ઊઘડી ગયા. ધીમે ગાજતો મેઘ વરસવા લાગ્યો અને શેષનાગ (ભગવાન પર પડતા) પાણીને ફણાઓથી અટકાવતા વસુદેવની પાછળ પાછળ જવા લાગ્યા. એ રીતે વરસાદ વારંવાર વરસતો હતો, ત્યારે યમુના નદીમાં પાણીનું ગંભીર પૂર આવ્યું હતું, જેના વેગને લીધે નદીમાં મોટાં મોજાં

ઊછળતાં હતાં. હજુ ચારે તરફ ફીણ જણાતું હતું. સેંકડો ભયંકર ઘુમરીઓ થતી હતી; છતા શ્રીરામચંદ્રજીને જેમ સમુદ્રે માર્ગ આપ્યો હતો, તેમ યમુનાએ વસુદેવજીને માર્ગ આપ્યો. તેથી વસુદેવજીએ (નિર્વિઘ્ને) નંદના વ્રજમાં પહોંચી સર્વ ગોવાળિયાઓને નિદ્રાધીન જોઈ યશોદાના શયનમાં શ્રીકૃષ્ણને મૂકી દીધા અને તેની પુત્રીને લઈને પાછા કારાગૃહમાં જઈ પહોંચ્યા. પછી વસુદેવ દેવકીના શયનમાં પુત્રીને મૂકી પગમાં બેડી પહેરી લઈ પૂર્વની પેઠે કેદી તરીકે રહ્યા. નંદની સ્ત્રી યશોદાએ કંઈક જન્મ્યું છે એટલું જ જાણ્યું હતું, પણ પુત્ર કે પુત્રી એ કંઈ જાણ્યું ન હતું, કેમ કે (પ્રસવની પીડાથી) તે થાકી ગઈ હતી અને યોગનિદ્રાથી તેની સ્મરણશકિત દૂર થઈ ગઈ હતી. ૧-૫૩

यशोदा नन्दपत्नी च जातं परमबुध्यत । न तल्लिङ्गं परिश्रान्ता निद्रयाऽपगतस्मृतिः ॥५३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪
## કંસે આરંભેલી બાળહત્યા

॥ श्रीशुक उवाच ॥

बहिरन्तः पुरद्वारः सर्वाः पूर्ववदावृत्ताः । ततो बालध्वनिं श्रुत्वा गृहपालाः समुत्थिताः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી બહારના તથા અંતઃપુરના બધા દરવાજા પૂર્વની પેઠે બંધ થયા અને બાળકનો શબ્દ સાંભળી કેદખાનાના ચોકીદારો જાગ્યા. તેઓએ તરત જ કંસ પાસે જઈ દેવકીના ગર્ભનો તે જન્મ કહ્યો કે જેનાથી ગભરાઈને કંસ રાહ જોતો હતો. તે એકદમ શય્યામાંથી ઊઠી 'આ મારો કાળ છે,' એમ ગભરાઈને છૂટા કેશે ઠોકરો ખાતો જલદી દેવકીના પ્રસૂતિગૃહમાં ગયો. તે વખતે સતી દેવકી કરગરીને ભાઈને કહેવા લાગી : 'હે કલ્યાણ કરનાર ભાઈ ! (તને પુત્ર થશે તો આ પુત્રી તેને પરણાવીશ એટલે) આ તારી પુત્રવધુ છે; માટે આ સ્ત્રીને તારે મારવી યોગ્ય નથી. હે ભાઈ, દૈવે પ્રેરણા કરેલા તે અગ્નિ જેવા તેજસ્વી મારા ઘણા પુત્રો મારી નાખ્યા છે. તો આ એક પુત્રી તું મને આપ, હે સમર્થ ભાઈ ! હું તારી નાની બહેન રાંક છું. મારા પુત્ર તે માર્યા છે, તે મને અભાગણીને આ છેલ્લી પ્રજા આપવા તું યોગ્ય છે.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પુત્રીને છાતી સરસી ચાંપી દેવકીએ રાંકની પેઠે રડી માગણી કરી, પણ દુષ્ટ કંસે તેને તરછોડી તેના હાથમાંથી તે કન્યાને ઝૂંટવી લીધી. સ્વાર્થ માટે સ્નેહનો જેણે નાશ કર્યો હતો એવા તેણે માત્ર જન્મેલી તે બહેનની પુત્રીના બન્ને પગ પકડી પથ્થર ઉપર પછાડવાની તૈયારી કરી, પરંતુ વિષ્ણુની પાછળ જન્મેલી તે દેવી તરત જ કંસના હાથમાંથી ઊડીને આકાશમાં જઈ પહોંચી અને આયુધો સહિત મોટી આઠ ભુજાઓવાળી તે દેખાઈ. દિવ્ય માળાથી, વસ્ત્રોથી, ચંદનના વિલેપનથી અને રત્નજડિત આભૂષણોથી તે શણગારાયેલી હતી. ધનુષ્ય, ત્રિશૂળ, બાણો, ઢાલ, તલવાર, શંખ, ચક્ર તથા ગદા તેણે ધારણ કર્યા હતાં. પુષ્કળ બલિદાનો લઈને આવેલા સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ, કિન્નરો તથા સર્પો તેની સ્તુતિ કરતા હતા. તેણે કંસને કહ્યું, 'ઓ મૂર્ખ ! મને મારવાથી શું વળવાનું છે ? તારો નાશ કરનાર પૂર્વશત્રુ કોઈક સ્થળે જન્મી ચૂક્યો છે; માટે કુમળાં બાળકોને તું વ્યર્થ ન માર.' એમ તેને કહી ભગવતી દેવી યોગમાયાએ પૃથ્વી પર અનેક સ્થળે અનેક નામો ધારણ કરી વાસ કર્યો. યોગમાયાનું કથન સાંભળી કંસ અત્યંત આશ્ચર્ય પામ્યો. તેણે વસુદેવ તથા દેવકીને કેદમાંથી છોડી નમ્ર

બની કહ્યું : 'અહો બહેન, અહો બનેવી ! જેમ રાક્ષસ પોતાનાં છોકરાંને મારી નાખે, તેમ મેં પાપીએ તમારા ઘણા પુત્રો મારી નાખ્યા છે. ખરેખર હું નિર્દય છું. મેં જ્ઞાતિજનો અને સગાંસંબંધીઓનો ત્યાગ કર્યો છે. હું દુષ્ટ બ્રહ્મહત્યારાની પેઠે જીવતાં જ મૂએલો છું. હાય ! કયા લોકમાં હું જઈશ ? કેવળ મનુષ્યો જ જૂઠું બોલે છે. એમ નથી, પરંતુ દેવો પણ જૂઠું બોલે છે. તેમના વિશ્વાસથી મેં પાપીઓ મારી બહેનનાં બાળકોને મારી નાખ્યાં. હે મહાભાગ્યશાળી બહેન અને બનેવી ! પોતાનાં પ્રારબ્ધકર્મોને ભોગવનારા તમારા પુત્રોનો તમે શોક કરશો મા; કેમ કે પ્રાણીમાત્ર દૈવાધીન છે, જેથી કોઈ પણ સદા એક સ્થળે રહેતું નથી. જેમ પૃથ્વીમાંથી બનેલા પદાર્થો પૃથ્વી ઉપર આવે છે અને જાય છે; છતાં પૃથ્વી તેની તે જ રહે છે; તેમ પ્રાણીઓનાં શરીરો જાય છે ને આવે છે, પણ એ શરીરોમાં રહેનારો આત્મા કોઈ વિકાર પામતો નથી (સદા એક જ સ્વરૂપે રહે છે) . જે મનુષ્ય એમ આત્માનું સત્યસ્વરૂપ નથી જાણતો, તેને જ આત્મા વિષે દેહબુદ્ધિ અને (આ જુદો છે. હું જુદો છું, એવી) ભેદબુદ્ધિ થાય છે અને તેને લીધે પુત્ર, સ્ત્રી, આદિનાં શરીર સાથે સંયોગ તથા વિયોગ થાય, અને તેથી જ તે આ સંસારમાં કદી અટકતો નથી. માટે હે કલ્યાણિ! મેં માર્યા છે તો પણ પોતાના પુત્રોનો તું શોક કર મા; કારણ કે સર્વ પ્રાણી પરાધીન થઈ પોતાનાં કર્મ ભોગવે છે, દેહને જ આત્મા માનનાર પ્રાણી જ્યાં સુધી પોતાને મરેલો અને હું બીજાને મારી નાખું છું' એમ માને છે ત્યાં સુધી શરીર પરના અભિમાનવાળો તે અજ્ઞાની હોઈ બાધ્યબાધક ભાવને પામે છે એટલે અમુક પીડા પામ્યો અને અમુક પીડા કરી, એ ભેદભાવના કરે છે. (જેથી હિંસાદિથી થયેલાં પાપનાં પ્રાયશ્ચિત્તોનો અધિકારી થાય છે.) તમે મારી દુષ્ટતાને ક્ષમા કરો; કેમ કે 'સજ્જનો ગરીબ પર પ્રેમ રાખનારા હોય છે.' એમ કહી કંસે રડતાં રડતાં બહેન તથા બનેવીના પગ પકડ્યા. તેણે યોગમાયાનાં વચન પર વિશ્વાસ કરી દેવકી તથા વસુદેવને બંધનથી છોડ્યાં અને તેમના પ્રત્યે સ્નેહ પ્રદર્શિત કર્યો. પછી દેવકીએ રોષ શાંત કરી પશ્ચાત્તાપ કરતા ભાઈને ઘેર જવાની રજા આપી અને વસુદેવે પણ (રોષરહિત થઈ) હસીને કંસને કહ્યું : 'હે મહાભાગ્યશાળી કંસ ! તમે કહો છો, તે તેમ જ છે. પ્રાણીમાત્રને અજ્ઞાનને લીધે જ (દેહાદિ ઉપર) અહંબુદ્ધિ તથા 'આ હું અને આ બીજો' એવું ભેદદર્શન થાય છે અને જેઓ તે ભેદદષ્ટિથી યુકત છે, તેઓ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ ને મદથી પણ યુકત બની પદાર્થો નિમિત્તે પદાર્થોનો નાશ કરતા ઈશ્વરને સાક્ષાત્કાર કરી શકતા નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ દેવકી તથા વસુદેવે પ્રસન્ન થઈ શુદ્ધ હૃદયે કંસને કહ્યું અને ઘેર જવાની રજા આપી એટલે તે ઘેર ગયો. એમ એ રાત્રિ વીતી કે બીજે જ દિવસે કસે મંત્રીઓને બોલાવી યોગમાયાએ જે કહ્યું હતું, તે સર્વ તેને કહ્યું એટલે પોતાના રાજાનું તે વચન સાંભળી દેવના શત્રુ દૈત્યો અત્યંત બુદ્ધિશાળી ન હોવાથી દેવો પ્રત્યે ક્રોધ કરી કંસને કહેવા લાગ્યાઃ 'જો એમ જ છે તો હે ભોજવંશી રાજા ! શહેરો, ગામડાં અને નેસડા વગેરેમાં દસ દિવસની અંદરનાંને ઉપરનાં બાળકોને આજે જ અમે મારી નાખીશું. દેવતાઓ યુદ્ધથી ડરનાર છે. તેઓ આવા ઉદ્યમો કરી શું કરવાના છે ? તમારા ધનુષ્યની દોરીનો માત્ર અવાજ સાંભળી તેઓ હમેશાં ભયભીત મનવાળા રહે છે. જે સમયે ઉપરાઉપરી બાણ છોડી તમે તેમને વીંધવા માંડો છો, ત્યારે ચોતરફથી હણાતા તેઓ જીવવાની ઈચ્છાથી યુદ્ધ છોડી નાસી જાય છે. કેટલાક બે હાથ જોડી દીન બની શસ્ત્રો તજી દે છે ને કેટલાકની તે કાછડીઓ તથા શિખાઓ છૂટી જઈ 'અમે ભયભીત બન્યા છીએ.' એમ કહે છે. ભાન વિનાના, રથો વગરના થયેલા, બીજાઓ સામે યુદ્ધ કરવામાં આસકત યુદ્ધથી વિમુખ અને ભાંગેલાં ધનુષવાળા થઈ જેઓ યુદ્ધ ન કરતા હોય તેઓને તમે

મારતા નહીં. જોકે નિર્ભય પ્રદેશમાં જ શુરા અને યુદ્ધપ્રસંગ ન હોય ત્યાં જ બડાઈ હાંકનારા દેવોથી શું થવાનું છે ? એકાંતમાં જ પડી રહેનારો વિષ્ણુ શું કરવાનો છે ? જંગલમાં પડી રહેનારો મહાદેવ શું કરવાનો છે ? અલ્પ પરાક્રમવાળા ઇંદ્રથી શું થવાનું છે અથવા તપ કર્યા કરતો બ્રહ્મા શું કરવાનો છે ? તોપણ દેવો આપણા શત્રુ છે. તે તેઓ તરફ બેદરકાર રહેવું યોગ્ય નથી; એમ અમે માનીએ છીએ માટે તેઓનું મૂળ કાઢવા અમને સેવકોને આજ્ઞા કરો. જેમ બેદરકારી કરેલો રોગ શરીરમાં મૂળ જામતાં મટાડી શકાતો નથી અથવા જેમ નિરંકુશ રાખેલો ઇંદ્રિયોનો સમુદાય વશ કરી શકાતો નથી, તેમ કોઈ શત્રુ બળવાન થઈ મોટો થઈ પડે, તો તેને જીતી શકાતો નથી. દેવોનું મૂળ વિષ્ણુ છે. જ્યાં સનાતન ધર્મ હોય છે, ત્યાં વિષ્ણુ રહે છે અને સનાતન ધર્મનું મૂળ વેદો, ગાયો, બ્રાહ્મણો, તપ તથા દક્ષિણાઓવાળા યજ્ઞો છે. માટે હે રાજન્ ! હર કોઈ પ્રકારે વેદવાદી બ્રાહ્મણોને, તપસ્વીઓને, યજ્ઞ કરનારાઓને તથા યજ્ઞમાં હોમદ્રવ્ય-ઘી-દૂધ વગેરે પૂરું પાડનારી ગાયોને અમે મારી નાખીએ; કેમ કે બ્રાહ્મણો, ગાયો, વેદો, તપ, સત્ય, દમ, શમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા (સર્વ દુઃખો સહન કરવાં તે) અને યજ્ઞો આ બધાં વિષ્ણુનાં શરીર છે, તે વિષ્ણુ સર્વ દેવોમાં મુખ્ય, અસુરોનો શત્રુ, સર્વના હૃદયમાં રહેનારો અને બ્રહ્મા તથા શંકર સહિત સર્વ દેવનું મૂળ છે; માટે ઋષિઓનો નાશ કરવો તે જ વિષ્ણુના નાશનો જ ઉપાય છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ દુષ્ટ બુદ્ધિવાળા કંસે દુષ્ટ મંત્રીઓ સાથે વિચાર કરી બ્રાહ્મણોની હિંસાને પોતાનું હિત કરનાર માની, કારણ કે તે અસુર કાળના પાશમાં સપડાયો હતો. તેણે નાશને પ્રિય માનનારા અને ઈચ્છાનુસાર રૂપ લેનારા દાનવોને સર્વ દિશાઓમાં સજ્જનોનો સંહાર કરવા આજ્ઞા કરી ઘરમાં પ્રવેશ કર્યો. પછી જેઓનાં મૃત્યુ સમીપમાં આવ્યાં હતાં ને જેઓનાં મન તમોગુણથી મૂઢ બન્યાં હતાં. એવા ને રજોગુણી સ્વભાવવાળા અસુરો સજ્જનોનો દ્વેષ કરવા લાગ્યા. (પણ તેઓ જાણતા ન હતા કે) મહાપુરુષોનો અપરાધ પુરુષના આયુષ્યનો, લક્ષ્મીનો,યશનો, ધર્મનો, સ્વર્ગાદિ લોકોનો, સર્વ કામનાઓનો તથા સર્વ કલ્યાણોનો નાશ કરે છે. ૧-૪૬

आयुः श्रियं यशो धर्मे लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## ગોકુલમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ

॥ श्रीशुक उवाच ॥

नन्दस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः । आहूय विप्रान् दैवज्ञान् स्नातः शुचिरलङ्कृतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** (બીજી તરફ ગોકુલમાં) પોતાને ત્યાં પુત્ર જન્મ્યો, એટલે મોટા મનવાળા નંદરાયને હર્ષ થયો. તેમણે સ્નાન કરી, પવિત્ર થઈ અલંકારો પહેરી જ્યોતિષ જાણનારા બ્રાહ્મણોને બોલાવ્યા અને તેમની પાસે સ્વસ્તિવાચન કરાવી પુત્રનું જાતકર્મ તેમ જ વિધિ પ્રમાણે પિતૃઓનું તથા દેવોનું પૂજન કરાવ્યું. પછી તેમણે સારી રીતે શણગારેલી બે લાખ ગાયોનું તથા રત્નોના સમૂહો અને સોનેરી વસ્ત્રોથી ઢાંકેલા સાત તલના પર્વતોનું બ્રાહ્મણોને દાન કર્યું. કારણ કે કાળથી પૃથ્વી, સ્નાનથી શરીર, ધોવાથી અપવિત્ર વસ્તુ વડે ખરડાયેલાં વસ્ત્રો, તપશ્ચર્યાથી ઇંદ્રિયો, સંસ્કારો કરવાથી ગર્ભ, યજ્ઞો કરવાથી બ્રાહ્મણો, દાન કરવાથી ધન, સંતોષ રાખવાથી મન અને બ્રહ્મવિદ્યાથી જીવાત્મા શુદ્ધ થાય છે.

પછી તે વેળા બ્રાહ્મણો, પૌરાણિકો, વંશાવળી કહેનારાઓ અને ભાટ તથા ચારણોએ માંગલિક આશીર્વાદોની વાણી કહી. ગવૈયાઓ ગાવા લાગ્યા અને ભેરીઓ તથા દુંદુભિઓ વારંવાર વાગવા લાગ્યાં. આખાયે વ્રજમાં ઘરનાં બારણાં, આંગણાં તથા ઓરડા વાળીઝૂડી સાફ કર્યા. બધેય પાણી છંટાયાં અને રંગબેરંગી ધજાપતાકા, પુષ્પની માળા તથા વસ્ત્રનાં અને પાંદડાંનાં તોરણો લટકાવ્યાં; ગાયો, બળદો તથા નાનાં વાછરડાંઓને પણ હળદર તેમ જ તેલ લગાવી જાતજાતનાં રંગ, મોરપીછ, માળા, વસ્ત્રો તથા સુવર્ણની માળાઓથી શણગાર્યા. હે રાજન્ ! ગોવાળિયા મહાકિંમતી વસ્ત્રો, દાગીના, અંગરખાં તથા પાઘડીઓથી સુશોભિત થઈ જાતજાતની ભેટો હાથમાં લઈ નંદરાયને ઘેર આવ્યા. ગોપીઓ પણ યશોદાને ત્યાં પુત્રજન્મ સાંભળી ખુશ થઈને વસ્ત્રો, અલંકારો તથા આંજણ વગેરેથી પોતાને શણગારવા લાગી. તેઓ નવા કેસરના રજકણોથી મુખને શોભાયમાન કરી હાથમાં ભેટો લઈ, મોટા નિતંબ તથા સ્તનોને કંપાવતી જલદી નંદજીને ઘેર ગઈ. તે વેળા નંદજીના ઘર તરફ જતી ગોપીઓ રસ્તામાં અત્યંત શોભતી હતી; કેમ કે તેમણે કાનમાં સ્વચ્છ મણિજડિત કુંડળો, ગળામાં સોનાની કંઠીઓ, રંગબેરંગી વસ્ત્રો અને હાથમાં કડાં પહેર્યા હતાં. ચંચળ કુંડળો, સ્તનો તથા હાર, વડે તેઓ શોભતી હતી; તેઓના અંબોડામાંથી પુષ્પો વેરાતાં હતાં. તેઓ નંદરાયને ઘેર જઈ 'હે પરમેશ્વર ! આ બાળકનું લાંબા કાળ સુધી રક્ષણ કરજો.' એમ બાળકને આશીર્વાદો આપવા લાગી અને પ્રત્યેક મનુષ્યને હળદર, તેલ તથા પાણી છાંટતી ગીતો ગાવા લાગી. એમ જગતના ઈશ્વર અનંત શ્રીકૃષ્ણ નંદના વ્રજમાં પધાર્યા, એટલે મોટો ઉત્સવ થયો અને જાતજાતનાં વાજાં વાગવા લાગ્યાં. ગોવાળિયા હર્ષ પામી દહીં, દૂધ, ઘી તથા જળથી એકબીજાને છાંટતા અને માખણથી લીપતા દહીં દૂધના કીચડમાં એકબીજાને ફેંકવા લાગ્યા. મોટા મનવાળા નંદજીએ તે ગોવાળિયાઓને, ગોપીઓને, સૂતોને, માગધોને, બંદીજનોને તથા વિદ્યા ઉપર આજીવિકા ચલાવનારા બીજાઓને પણ વસ્ત્રો, અલંકારો, ગાયો તથા ધન આપ્યાં; તેમ જ ઉદાર મનવાળા નંદરાયે વિષ્ણુની આરાધના માટે તથા પુત્રના કલ્યાણ માટે તે તે ઈચ્છિત વસ્તુઓ વડે સર્વને યથાયોગ્ય સત્કાર કર્યો. મહાભાગ્યશાળી રોહિણી પણ નંદજી તથા ગોવાળિયાનું માન પામી દિવ્ય વસ્ત્રો, પુષ્પોની માળા તથા કંઠના અલંકારોથી શોભાયમાન થઈ ફરતી હતી. હે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા ત્યાંથી માંડી નંદજીનું વ્રજ સર્વ સમુદ્ધિઓથી ભરપૂર અને શ્રીહરિના વાસને લીધે સર્વને પ્રિય થઈ પોતાના ગુણોથી લક્ષ્મીને રમવાનું સ્થાન બન્યું હતું. પછી હે કુરુવંશી રાજા ! ગોવાળિયાઓને ગોકુળની રક્ષા માટે જણાવી નંદજી કંસને વાર્ષિક કર આપવા મથુરા ગયા. તે વખતે વસુદેવજી પોતાના મિત્ર નંદજીને આવેલા સાંભળી તેમણે કંસને કર આપી દીધો છે, તે જાણ્યા પછી, તેમને ઉતારે ગયા. જેમ પ્રાણ આવતાં દેહ ઊભો થઈ જાય, તેમ નંદજી વસુદેવને જોઈ એકદમ ઊભા થઈ પ્રેમથી વિહ્વળ અને પ્રસન્ન થઈને પરમપ્રિય વસુદેવજીને બન્ને બાહુઓથી ભેટી પડ્યા. નંદે એમ સત્કાર કર્યો, તે પછી હે રાજા ! પોતાના બંને પુત્રોમાં જેમનો જીવ વળગ્યો હતો એવા વસુદેવજીએ સુખેથી બેસી આદરપૂર્વક કુશળપ્રશ્ન પૂછી આ પ્રમાણે કહ્યું : 'હે ભાઈ ! સંતાનરહિત અને વૃદ્ધ થયેલા તમને સંતાનની આશા પણ ન હોવા છતાં તમારે ત્યાં હમણાં જે પુત્રજન્મ થયો, તે બહુ સારું થયું. વળી એ પણ બહુ આનંદની વાત છે કે, આ સંસારચક્રમાં ફરતાં આજે તમે મને મળ્યા, તેથી હું જાણે ફરી જન્મ્યો હોઉં તેવો થયો છું, કારણ કે પ્રિયનું દર્શન દુર્લભ છે. નદી વગેરેના પ્રવાહમાં તણાતાં ઘાસલાકડાં વગેરેની પેઠે જાતજાતનાં કર્મોવાળા

સ્નેહીઓના વાસ પણ એક ઠેકાણે હોતા નથી, તમે સંબંધીઓની સાથે હમણાં જ્યાં રહો છો, તે મોટું વન પશુઓને હિતકારી, નીરોગી અને પુષ્કળ પાણી, ઘાસ તથા વેલાઓવાળું છે ને ? હે ભાઈ ! મારા પુત્ર બળદેવ તમારાં વ્રજમાં માતા (રોહિણી) સાથે રહી તમારા બન્ને વડે લાડ લડાવતો અને તમને પિતા માનતો કુશળ છે ને ? પુરુષના ધર્મ, અર્થ ને કામ પોતાના સંબંધીઓને ઉપયોગમાં આવે તો જ તે સફળ છે પણ સંબંધીઓ દુઃખી હોય તો ધર્મ, અર્થ અને કામનો કંઈ અર્થ નથી.

**નંદજી બોલ્યા :** અહો ! તમારી સ્ત્રી દેવકીના ઘણા પુત્રો કંસે મારી નાખ્યા છે ! છેલ્લી એક કન્યા હતી, તે પણ સ્વર્ગમાં ચાલી ગઈ ! ખરેખર, મનુષ્યને પુત્રાદિસુખ આપનારા ભાગ્યનો અંત આવે છે, ત્યારે તેનું પુત્રાદિ સુખ પણ રહેતું નથી. તેમ જ કદાચ પુત્રાદિનો વિયોગ થયો હોય તો પણ દૈવ અનુકૂળ હોય તો ફરી પુત્રાદિનો ભેટો કરાવી આપે છે. આ રીતે સુખદુઃખમાં દૈવને જ સાચું કારણ જાણે છે તે મનુષ્ય મોહ પામતો નથી.

**વસુદેવજીએ કહ્યું :** રાજાને દર વર્ષે આપવાનો કર તમે આપી દીધો છે અને અમને પણ મળ્યા છો; માટે હવે ઘણા દિવસ સુધી તમારે અહીં રહેવું યોગ્ય નથી; કારણ કે હમણાં ગોકુળમાં ઉત્પાતો થશે એમ મને લાગે છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ વસુદેવજીએ નંદ વગેરે ગોવાળિયાઓને કહ્યું, એટલે તેઓ તેમની રજા લઈ બળદ જોડેલાં ગાડામાં બેસીને ગોકુળ તરફ ગયા. ૧-૩૨

इति नन्दादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः । अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥३२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## પૂતનાનો ઉધ્ધાર

॥ श्रीशुक उवाच ॥

नन्दः पथि वचः शौरेर्न मृषेति विचिन्तयन् । हरिं जगाम शरणमुत्पातागमशङ्कितः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** નંદજી 'વસુદેવનું વચન ખોટું હોય નહિ' આવો રસ્તામાં વિચાર કરતા ઉત્પાતો થવાની શંકા કરી શ્રીહરિને શરણે ગયા. બીજી તરફ બાળકોનો નાશ કરનારી પૂતના નામની ભયંકર રાક્ષસીને કંસે મોકલી હતી. તે શહેરો, ગામડાં તથા નેસડા વગેરેમાં બાળકોનો નાશ કરતી ઘૂમતી હતી. જ્યાં પોતાના કામકાજમાં રાક્ષસોનો નાશ કરનારા ભકતપતિ ભગવાનનાં શ્રવણ, કીર્તન વગેરે લોકો કરતા નથી, ત્યાં જ રાક્ષસીઓ સમર્થ થઈ શકે છે. આકાશમાં ચાલતી તે પૂતના એક દિવસ નંદના ગોકુળમાંથી આવી. માયાથી સુંદર સ્ત્રીસ્વરૂપ ધરી અંદર દાખલ થઈ; કેમ કે તે ઈચ્છાનુસાર ફરનારી હતી, તેણે અંબોડામાં માલતીનાં પુષ્પો ગૂંથ્યાં હતાં, તેના નિતંબ તથા સ્તન અત્યંત ઉન્નત હતાં. કેડ પાતળી હતી. સુંદર વસ્ત્રો તેણે પહેર્યા હતાં. ઝૂલતા કાનના દાગીનાની કાંતિથી તેના કેશ ચળકતા હતા. તેથી તેનું મુખ સુશોભિત જણાતું હતું. સુંદર મંદ હાસ્ય તથા દષ્ટિકટાક્ષોથી તે વ્રજવાસીઓનાં મનને હરતી હતી. તેણે હાથમાં કમળ રાખ્યું હતું, તેથી પતિનું દર્શન કરવા આવેલી સાક્ષાત્ લક્ષ્મીદેવી હોય તેમ તેને ગોપીઓ માનવા લાગી. એ પૂતના બાળકોનો દુષ્ટગ્રહ હતી ને બાળકોની શોધ કરતી ત્યાં ઘૂમતી હતી,

તેવામાં દૈવયોગે નંદરાયજીને ઘેર શય્યામાં સુવાડેલો બાળક તેણે જોયો. તે દુષ્ટોનો કાળ હોઈ ભસ્મમાં ઢાંકેલા અગ્નિની પેઠે પોતાના ગુપ્ત મહાતેજથી યુકત હતો. સ્થાવરજંગમના પ્રાણીઓના આત્મા શ્રીકૃષ્ણ બાળકોનો નાશ કરનાર ગ્રહરૂપ તે પૂતનાને ઓળખીને નેત્ર મીચી ગયા. એટલે જેમ બુદ્ધિહીન મનુષ્ય સર્પને અજ્ઞાનથી દેરડી માની ઉપાડે, તેમ પોતાના કાળરૂપ અનંત ભગવાનને (જ્ઞાનથી બાળક માની) તેણે પોતાના ખોળામાં લીધા. માતા યશોદા અને રોહિણી મ્યાનમાં ઢંકાયેલી તલવારની પેઠે ઉપરથી ઘણી સુંદર ચેષ્ટાઓ કરતી અને અંદરથી તીક્ષ્ણ ચિત્તવાળી તે સુંદર સ્ત્રીને જોઈ તેની કાંતિથી એવાં અંજાઈ ગયાં કે જેથી તેને કેવળ જોતાં ઊભાં જ રહ્યાં. (પણ અટકાવી શકયાં નહિ). ક્રૂર પૂતનાએ ત્યાં શ્રીકૃષ્ણને ખોળામાં લઈ ભયંકર આકરા ઝેરથી ભરેલું સ્તન તે બાળકના મુખમાં મૂકયું, એટલે તરત જ ક્રોધાયમાન થઈ ભગવાને બે હાથ વડે દબાવી તેના પ્રાણ સાથે ધાવવા માંડયું. તે વેળા પૂતનાનાં સમગ્ર મર્મસ્થાનોમાં ઘણી જ પીડા થવા લાગી અને ‘મૂકી દે, મૂકી દે, હવે થયું’ એમ ઊંચેથી પોકારવા લાગી. તેની આંખો ફાટી ગઈ. તે હાથપગ પછાડવા લાગી. તેના શરીરમાંથી પરસેવો છૂટયો અને તે રડવા લાગી. અત્યંત ગંભીર વેગવાળા તેના પોકારોથી પર્વતો સાથે પૃથ્વી ડગમગી ગઈ, ગ્રહમંડળ સાથે આકાશ ખળભળી ઊઠયું, રસાતલો અને દિશાઓમાં પડઘા પડવા લાગ્યા અને વ્રજપાત થયો કે શું એવી શંકાથી મનુષ્યો ધરણી પર ઢળી પડયાં. હે રાજા ! એમ રાક્ષસી પૂતના સ્તનમાં એવી પીડા પામી કે જેથી પોતાનું રાક્ષસી સ્વરૂપ ધારણ કરી મોઢું ફાડી, હાથપગ અને કેશ ફેલાવી, વજથી મારેલા વૃત્રાસુરની પેઠે વ્રજમાં પડી. હે રાજેન્દ્ર! તેના શરીરે પડતાં પડતાં પણ છ ગાઉની અંદર આવેલાં વૃક્ષોને કચડી નાખ્યાં. એ મહા આશ્ચર્ય બન્યું હતું. તેનું મુખ હળની ઈસ જેવી ઉગ્ર દાઢોવાળું, નાક, પર્વતની ગુફા જેવું અને સ્તનો પર્વતના (ગબડી પડેલા) મોટા બે પથ્થરો જેવડાં હોઈ, તેનું શરીર બિહામણું હતું. તેના લાલ કેશ વીખરાઈ પડ્યા હતા. આંખો અંધારિયા કૂવા જેવી ઊંડી હતી. બન્ને નિતંબ નદીના કિનારા જેવા ભયંકર હતા. બન્ને બાહુઓ, સાથળો તથા પગ બાંધેલા પાળ જેવા હતા અને પેટ પાણી વિનાના (ઊંડા) ધરા જેવું હતું. ગોવાળિયા અને ગોપીઓનાં હૃદય, કાન તથા મસ્તકો પ્રથમ જ તે પૂતનાના શબ્દો સાંભળી ચિરાઈ ગયા જેવાં થયાં હતાં અને (પાછળથી તેનું રાક્ષસી) શરીર જોઈ તેઓ ત્રાસી ગયાં. બાળક શ્રીકૃષ્ણ તો પૂતનાની છાતી ઉપર નિર્ભય થઈ રમતા હતા, તેમને ગભરાયેલી ગોપીઓએ તરત જ ત્યાં આવી તેડી લીધા, તેઓએ યશોદા તથા રોહિણીની સાથે રહી બાળક શ્રીકૃષ્ણની (ઉપરથી) ગાયનું પૂછડું ફેરવવું વગેરે ક્રિયાઓથી સારી રીતે રક્ષા કરી. તેમ જ ગાયનું મૂત્ર અને ખરીની રજથી બાળક શ્રીકૃષ્ણને નવડાવી છાણથી તેમના લલાટ વગેરે બાર અંગોમાં ભગવાનનાં (કેશવ વગેરે) નામોથી રક્ષા કરી. પછી ગોપીઓએ જળનું આચમન કરી પોતાનાં અંગોમાં તેમ જ બન્ને હાથમાં જુદા જુદા (અગિયાર) બીજન્યાસ કરી બાળક શ્રીકૃષ્ણનાં અંગોમાં તથા હાથમાં છે (તે પ્રમાણે) બીજન્યાસ કર્યા. (તે આ રીતે) અજન્મા તારા બન્ને પગની, મણિમાન બન્ને ઢીંચણોની, યજ્ઞ બન્ને સાથળોની, અચ્યુત કેડની, હયગ્રીવ પેટની, કેશવ હૃદયની, ઈશ છાતીની, સૂર્ય કંઠની, વિષ્ણુ ભુજાની, ઉસક્રમ (વામન) મુખની અને ઈશ્વર તારા મસ્તકની રક્ષા કરો; તેમ જ ચક્રધારી ભગવાન તારી આગળ, ગદાધારી પાછળ, ધનુષધારી મધુસૂદન તથા તલવારને ધારણ કરનારા અજન-બ્રહ્મા-તારાં બન્ને પડખે, શંખધારી ઉરુગાય ચારે ખૂણાઓમાં,

ઉપેન્દ્ર ઉપર, તાર્ક્ષ્ય નીચે અને હળધર ભગવાન તારી ચોતરફ રહો. હૃષીકેશ ઇંદ્રિયોની, નારાયણ પ્રાણોની, શ્વેતદ્વીપ સ્વામી ચિત્તની, યોગેશ્વર મનની પૃશ્નિગર્ભ બુદ્ધિની અને સર્વથી પર રહેલા ભગવાન તારા અહંકારની રક્ષા કરો. તું રમતો હોય ત્યારે ગોવિંદ તારું રક્ષણ કરો, સૂતો હોય ત્યારે માધવ તારું રક્ષણ કરે, ચાલતો હોય ત્યારે વૈકુંઠ તારું રક્ષણ કરો, બેઠા હોય ત્યારે લક્ષ્મીપતિ તારું રક્ષણ કરો અને તું જમતો હોય ત્યારે સર્વ ગ્રહોને ભય આપનારા યજ્ઞભોકતા ભગવાન તારું રક્ષણ કરો. ડાકણો, રાક્ષસીઓ, કૂષ્માંડ નામના રુદ્રગણો, બાળગ્રહો, ભૂત, પ્રેતો, પિશાચો, યક્ષો, રાક્ષસો, વિનાયકો, કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, માતૃકા વગેરે દેવીઓ શરીર, પ્રાણ તથા ઇંદ્રિયોનો દ્રોહ કરનારા ગાંડપણ, વાઈ વગેરે રોગો, સ્વપ્નમાં જોયેલા મોટા ઉત્પાતો, વૃદ્ધોના તથા બાળકોના ગ્રહો—આ સર્વે વિષ્ણુનું નામ લેતાં જ ભયભીત થનારા નાશ પામો.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ સ્નેહને વશ થયેલી ગોપીઓએ બાળક કૃષ્ણની રક્ષા કરી. પછી યશોદાએ પોતાના તે પુત્રને ધવડાવીને સુવડાવી દીધા. તેવામાં મથુરાથી વ્રજ જતા નંદ વગેરે ગોવાળિયા પૂતનાનું શરીર જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા અને બોલી ઊઠ્યાઃ 'વસુદેવજી ખરેખર કોઈ ઋષિ જન્મ્યા છે અથવા યોગેશ્વર જ છે; કેમ કે તેમણે જે ઉત્પાત કહેલો તે જ આપણે જોયો છે. પછી વ્રજવાસીઓએ પૂતનાના શરીરને કુહાડાઓથી કાપી તેના અવયવો જુદા પાડી લાકડાં પર મૂકી બાળી નાખ્યું. શ્રીકૃષ્ણ સ્તનપાન કરવાથી જેનાં સર્વ પાપો નાશ પામ્યાં હતાં. તેવું પૂતનાનું શરીર બળતું હતું ત્યારે તેમાંથી અગરુના જેવો સુગંધી ધુમાડો નીકળતો હતો. લોકોનાં બાળકોના નાશ કરનારી અને લોહી પીનારી રાક્ષસી પૂતના મારવાની ઇચ્છાથી પણ ભગવાનને (મુખમાં) સ્તન આપી સદ્ગતિ પામી; તો શ્રદ્ધા અને ભકિતથી અતિપ્રિય વસ્તુ પરમાત્મા શ્રીકૃષ્ણને અર્પણ કરનારાઓ પ્રેમવાળી તેમની માતાની પેઠે સદ્ગતિ પામે, એમાં શું કહેવું ! ભકતોના હૃદયમાં રહેનારા અને લોકવંદ્ય (મહાપુરુષોને પણ વંદનીય) બન્ને ચરણોથી પૂતનાના શરીરને દબાવી ભગવાને તેના સ્તન ધાવ્યાં હતાં ! જેથી પૂતના રાક્ષસી છતાં માતાની ગતિને—સ્વર્ગને પ્રાપ્ત થઈ તો જેઓનાં ધાવણ તથા દૂધ ભગવાને (પ્રેમથી) પીધાં હતાં. તે એમનાં માતા તથા (વ્રજની) ગાયો ઉત્તમ ગતિ પામે એમાં શું આશ્ચર્ય છે ? હે રાજન્ ! પુત્ર પરના સ્નેહથી ઝરતાં યશોદા વગેરેના દૂધ મોક્ષ વગેરે સર્વ પદાર્થો આપનારા ભગવાન દેવકીપુત્રે ખૂબ જ પીધાં હતાં. તે શ્રીકૃષ્ણ ઉપર પુત્રદૃષ્ટિ કરતી યશોદા વગેરેને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો આ સંસાર ફરી ન જ હોય. એ વ્રજવાસીઓ પૂતનાના આવ્યા પહેલાં ગાયો ચારવા નીકળી ગયા હતા. તેઓ સ્મશાનના ધુમાડાની સુગંધ સૂંઘી 'આ કેવું આશ્ચર્ય ?' ' આવી સુગંધી ક્યાંથી ?' એમ બોલતા વ્રજમાં આવ્યા; એટલે ત્યાં હાજર, રહેલા ગોવાળિયાઓએ પૂતનાનું આવવું, તેનું મરણ, તેમ જ બાળક કૃષ્ણનું ક્ષેમકુશળ વગેરે સર્વ વૃત્તાંત તેમની આગળ વર્ણવ્યું; તે સાંભળી તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. હે કુરુવંશી રાજન્ ! ઉદાર બુદ્ધિવાળા નંદરાય મરીને ફરી (જીવતો) આવ્યો હોય, તેવા પોતાને પુત્રને તેડી તેનું મસ્તક સુંધી પરમ આનંદ પામ્યા. જે મનુષ્ય પૂતનાને મોક્ષ આપવારૂપ શ્રીકૃષ્ણનું આ બાળચરિત્ર શ્રદ્ધાથી સાંભળે છે તે શ્રીગોવિંદમાં પ્રીતિ પામે છે.૧-૪૪

य एतत्पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतम् । शृणुयाच्छ्रद्धया मर्त्यो गोविन्दे लभते रतिम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

# અધ્યાય-૭

## શકટ ભજન - તૃણાવર્તનો વધ અને મુખમાં યશોદાને બ્રહ્માંડનું દર્શન

॥ राजोवाच ॥

येन येनावतारेण भगवान् हरिरीश्वरः । करोति कर्मरम्याणि मनोज्ञानि च नः प्रभो ॥१॥

**પરીક્ષિત રાજાએ કહ્યું :** 'હે સમર્થ શુકદેવજી ! સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિએ જે જે અવતારો લઈ કર્મો કર્યા છે, તે અમારા કાનને પ્રિય તથા મનને આનંદદાયક થાય છે. જે સાંભળતાં મનુષ્યની માનસિક ગ્લાનિ અને તેથી થતી વિવિધ તૃષ્ણા તત્કાળ દૂર થાય છે; અંતઃકરણ શુદ્ધ તથા શ્રીહરિમાં ભક્તિ અને ભગવાનના ભકતની મિત્રતા થાય છે. તે શ્રીહરિનું ચરિત્ર જો આપ અમારા પર કૃપા કરતા હો, તો અમને કહો. વળી મનુષ્યલોકમાં આવી મનુષ્યજાતિને અનુસરતા શ્રીકૃષ્ણનું બીજું પણ અદ્ભુત જે બાળચરિત્ર હોય તે અમને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એકવાર નંદજીને ત્યાં બાળક શ્રીકૃષ્ણનું (ગોઠણિયે ચાલવાની ક્રિયાનું) મંગળ સ્નાન કરાવવાનો ઉત્સવ હતો, અને તે જ દિવસે જન્મનક્ષત્રનો યોગ પણ હતો, તેથી સતી યશોદા એકઠી મળેલી સ્ત્રીઓની વચ્ચે વાદિત્ર, ગીત, અને બ્રાહ્મણોનાં સ્વસ્તિવાચન સાથે સ્નાનક્રિયા કરતાં હતાં. તે વેળા અન્ન, વસ્ત્રો, માળાઓ, પ્રિય વસ્તુઓ તથા ગાયોનાં દાન વડે સત્કાર પામેલા બ્રાહ્મણો દ્વારા જેમનું મંગલસ્નાન થયેલ એવા શ્રીકૃષ્ણને નેત્રમાં નિંદ્રા ભરાતાં નંદપત્ની યશદાએ ધીમેથી (ગાડા નીચે ઝોળીમાં) સુવાડયા. પછી ઉદાર મનવાળાં યશોદા આ મહોત્સવમાં આવેલા વ્રજવાસીઓનો સત્કાર કરતાં હતાં. તેથી પુત્રનું રડવું તેમણે સાંભળ્યું નહિ ને ધાવવા માટે રડતા શ્રીકૃષ્ણ પગ ઉછાળવા માંડ્યા. તે વેળા ગાડાની નીચે સૂતેલા બાળક શ્રી કૃષ્ણના કૂંપળ જેવા કોમળ પગ વાગતાં ગાડું ઊંધું વળી ગયું ને તેની ઉપર રહેલાં જાતજાતનાં રસોથી ભરેલાં કાંસા વગેરેનાં વાસણોનો ભૂકો થઈ ગયો. પૈડાં અને ધરી વીખરાઈ પડ્યાં; તેમ જ ધૂંસરી બાંધવાનું લાકડું પણ ભાંગી ગયું. તે જોઈ મહોત્સવના કામમાં એકઠી મળેલી યશોદા વગેરે વ્રજની સ્ત્રીઓ તથા નંદ વગેરે ગોવાળિયા એ અદ્ભુત દેખાવથી ગભરાઈને કહેવા લાગ્યાઃ 'આ ગાડું પોતાની મેળે ઊંધું કેમ વળી ગયું ?' એમ કહેતાં તે લોકો જુદા જુદા ઘણા વિવાદોથી મોહિત થઈ આતુરની પેઠે ચોતરફ વીટાઈ વળ્યા. તે વખતે અનિશ્ચિત બુદ્ધિવાળા ગોવાળિયા તથા ગોપીઓને બાળકોએ કહ્યું : 'રડતા આણે પગ મારી ગાડું ઊંધું વાળ્યું છે, એ ચોક્કસ છે. પણ ગોવાળિયાઓએ બાળકોના તે કહેવા પર વિશ્વાસ કર્યો નહિ; કારણ કે તેઓ બાળક શ્રીકૃષ્ણના અમાપ બળને જાણતા ન હતા. પછી યશોદાજીએ બાળકને તેડી લઈ દુષ્ટ ગ્રહની શંકાથી બ્રાહ્મણો પાસે વૈદિક સૂક્તોથી સ્વરિતવાચન કરાવ્યું અને પછી તેમને ધવડાવ્યા. બળવાન ગોવાળિયાઓએ પેલા ગાડાને સરસામાન સાથે પ્રથમની જ પેઠે ગોઠવ્યું અને બ્રાહ્મણોએ ગ્રહોને ઉદ્દેશીને હોમ કરી, દહી, ચોખા, દર્ભ તથા જળથી ગ્રહોનું પૂજન કર્યું.

'જેઓ બીજાના ગુણો પર દોષ જોવો (અસૂયા), અસત્ય, દંભ, ઈર્ષા, હિંસા તથા અભિમાનથી રહિત હોય છે, તેવા સત્યશીલ બ્રાહ્મણોના આશીર્વાદો કદી નિષ્ફળ થતા નથી, આવો વિચાર કરી નંદજીએ બાળકને તેડી લઈ એકાગ્ર ચિત્તે ઉત્તમ બ્રાહ્મણ પાસે સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સંસ્કારવાળા ને પવિત્ર ઔષધિઓથી યુકત કરેલા જળ વડે પુત્ર પર અભિષેક તથા સ્વસ્તિવાચન કરાવ્યું;

અને ગ્રહોને ઉદ્દેશી અગ્નિમાં હોમ કરી બ્રાહ્મણોને ઉત્તમ ગુણવાળાં અન્ન આપ્યાં. તેમ જ પુત્રના કલ્યાણ માટે વસ્ત્ર, પુષ્પ, માળા તથા સોનાના હાર પહેરાવેલી સર્વ ગુણોવાળી ગાયો આપી; એટલે બ્રાહ્મણોએ સામા આશીર્વાદ આપ્યા. જે બ્રાહ્મણો વેદમંત્ર જાણનારા, શ્રદ્ધાળુ ને ઈશ્વરનું ભજન કરનારા છે, તેઓએ આપેલા આશીર્વાદો કદી નિષ્ફળ થતા નથી એ નકકી છે. પછી એક દિવસ સતી યશોદાજી પુત્રને ખોળામાં બેસાડી રમાડતાં હતાં, તેવામાં પુત્રનું વજન પર્વતના શિખર જેટલું થઈ જવાથી પોતે ઉપાડવા સમર્થ થયાં નહિ એટલે ગોપી યશોદા ભારથી પીડાઈને આશ્ચર્ય પામ્યાં અને તે બાળકને જમીન પર મૂકી ભગવાનનું મનમાં ધ્યાન કર્યું. પછી તે ઘરના કામકાજમાં લાગ્યાં, તેવામાં કંસે મોકલેલો તૃણાવર્ત નામનો સેવક દૈત્ય વંટોળિયાનું રૂપ લઈને ત્યાં બેઠેલા બાળક શ્રીકૃષ્ણને હરી ગયો. તેણે આખા ગોકુળને ધૂળથી ઢાંકી દીધું, લોકોનાં નેત્રો હરી લીધાં અને મહાભયંકર શબ્દથી દિશાઓ તથા ખૂણા ગજાવી મૂક્યા. લગભગ બે ઘડી આખું ગોકુળ ધૂળના અંધારાથી છવાઈ ગયું. યશોદાએ પુત્રને જ્યાં બેસાડ્યો હતો, ત્યાં જોયો નહિ. વળી તૃણાવર્તે ઉડાડેલી ધૂળથી ગભરાયેલા લોકો એટલા બધા વ્યાકુળ થઈ ગયા હતા કે પોતા કે પારકા કોઈને જોઈ શકતા ન હતા. એમ તીક્ષ્ણ વંટોળિયાથી ધૂળનો વરસાદ વરસતો હતો, ત્યારે યશોદા પુત્રનો પત્તો ન મળવાથી તેમનું સ્મરણ કરતાં અતિ કરુણ રીતે શોક કરવા લાગ્યાં અને મરી ગયેલા વાછરડાવાળી ગાયની પેઠે પૃથ્વી પર પડ્યાં. તેટલામાં ધૂળના વરસાદના વેગવાળો પવન શાંત થયો એટલે યશોદાનું રડવું સાંભળી ગોપીઓ પણ નંદપુત્ર શ્રીકૃષ્ણને ન જોઈ મનમાં અત્યંત સંતાપ પામી અશ્રુભર્યા મુખે રડવા લાગી. પેલો તૃણાવર્ત વંટોળિયાનું રૂપ લઈ શ્રીકૃષ્ણનું હરણ કરી આકાશમાં ગયો; પણ શ્રીકૃષ્ણના અત્યંત ભારને ધારણ કરતાં તેનો વેગ શાંત પડી ગયો, જેથી તે વધારે ઊંચો જઈ શક્યો નહિ. ભગવાનના અત્યંત ભારેપણાથી તેમને તે પથ્થર જ માનવા લાગ્યો અને ભગવાને પણ તેને ગળેથી એને પકડ્યો હતો કે જેથી એ અદ્ભુત બાળકને (પોતે છોડી દેવા ઈચ્છતો હતો છતાં) છોડી શક્યો નહિ. પછી ભગવાને તે દૈત્યનું ગળું સખત પકડવાથી તે દૈત્ય બેભાન બન્યો, તેનાં નેત્રો બહાર નીકળી પડયાં. ઘાંટો ખોખરો થઈ ગયો અને છેવટે પ્રાણરહિત થઈ બાળક શ્રીકૃષ્ણની સાથે વ્રજમાં પડ્યો ત્યારે આકાશમાંથી શિલા પર પડેલા અને શંકરના બાણથી વીંધાયેલા ત્રિપુરાસુરની પેઠે જેના સર્વ અવયવો છિન્નભિન્ન થયા હતા. એવા તે વિકરાળ દૈત્યને એકઠી થયેલી રડતી સ્ત્રીઓએ ત્યાં જોયો. પરંતુ તેની છાતી ઉપર લટકતા અને તે રાક્ષસે આકાશમાગે હર્યા છતાં કુશળક્ષેમ મૃત્યુના મુખમાંથી છૂટેલા શ્રીકૃષ્ણને તેડી લઈ માતાને સોંપી ગોપીઓ આશ્ચર્ય પામી. નંદ વગેરે ગોવાળિયા પણ ફરી મૃત્યુના મુખમાંથી બચેલા પુત્રને મેળવી અત્યંત હર્ષ પામ્યા. (ને માંહોમાંહે કહેવા લાગ્યા :) ‘અહો અત્યંત આનંદ તથા આશ્ચર્યની વાત છે કે આ બાળકને રાક્ષસે મારી નાખ્યો હતો. છતાં ફરી તે આવ્યો છે ! (પણ એમાં કાંઈ આશ્ચર્ય નથી; કારણ કે) હિંસક દુષ્ટ પુરુષ પોતાનાં પાપથી માર્યો જાય છે અને સત્પુરુષ સમભાવને લીધે ભયથી છૂટે છે. આપણે શું તપ કર્યું હશે ? ભગવાનનું કેવું પૂજન કર્યું હશે ? ક્યા જળાશયો બંધાવ્યાં હશે ? કયા યજ્ઞો કર્યા હશે ? કયાં દાન આપ્યાં હશે. અથવા પ્રાણીઓની કઈ મિત્રતા કરી હશે કે જેથી મરેલો છતાં આ બાળક ફરી પોતાના સંબંધીઓને આનંદ ઉપજાવતો પાછો આવ્યો. ખરેખર આ બહુ સારું છે. પછી નંદરાય એવાં અનેક આશ્ચર્યો વ્રજમાં બનતાં જોઈને આશ્ચર્ય પામ્યા અને વસુદેવનાં વચન વધારે ને વધારે (સત્ય) માનવા લાગ્યા. પછી એક દિવસ સ્નેહથી વ્યાપ્ત થયેલાં યશોદાજી પુત્રને લઈ ખોળામાં બેસાડી (પ્રેમથી) ઝરતું ધાવણ ધવડાવતાં હતાં, અને લગભગ ધાવી રહેલા તે બાળકના સુંદર હાસ્યવાળા

મુખને ચૂમતાં હતાં. તેવામાં હે રાજન્ ! બાળકે બગાસું ખાતાં તેના મુખમાં તેમણે આકાશ, સ્વર્ગ, પૃથ્વી, નક્ષત્રગણ, દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, સમુદ્રો, બેટો, પર્વતો, નદીઓ, વનો અને સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ જોયાં. હે રાજન્ ! આખા વિશ્વને (પુત્રના મુખમાં) જોઈ મૃગલી જેવાં નેત્રવાળાં યશોદાજી એકદમ કંપી ગયાં અને નેત્રો બંધ કરી અત્યંત વિસ્મય પામ્યાં. ૧-૩૭

सा वीक्ष्य विश्वं सहसा राजन् सञ्जातवेपथुः । सम्मील्य मृगशावाक्षी नेत्रे आसीत्सुविस्मित ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## શ્રીકૃષ્ણ-બળદેવનાં નામકરણ અને યશોદાજીને વિશ્વરૂપનું દર્શન

॥ श्रीशुक उवाच ॥

गर्गः पुरोहितो राजन् यदूनां सुमहातपाः । व्रज जगाम नन्दस्य वसुदेवप्रचोदितः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! મહાન તપસ્વી ગર્ગાચાર્ય યાદવોના પુરોહિત હતા. તે વસુદેવજીની પ્રેરણાથી નંદરાયના વ્રજમાં ગયા. તેમને જોઈ નંદરાય અત્યંત પ્રસન્ન થઈ બે હાથ જોડી સામેથી ઊભા થયા અને ભગવદ્‌બુદ્ધિથી પ્રણામ કરી તેમની પૂજા કરી. એ રીતે અતિથિસત્કાર પામેલા મુનિ ગર્ગાચાર્ય સુખથી બેઠા એટલે નંદરાયે મધુર વાણીથી તેમને આનંદ ઉપજાવી કહ્યું : ‘હે બ્રહ્મન્ ! આપ તો સ્વયં પૂર્ણકામ છો, છતાં આપનું કયું કાર્ય અમે કરીએ ? હે ભગવન્ ! મહાપુરુષોનું વિચારવું દીન મનવાળા ગૃહસ્થાશ્રમીઓના કલ્યાણ માટે જ હોય છે, બીજા કોઈ કારણ માટે હોતું નથી. આપે અતીન્દ્રિય જ્ઞાનનું સાધન પ્રત્યક્ષ જ્યોતિષશાસ્ત્ર રચ્યું છે. જેના વડે પુરુષ ભૂતભવિષ્ય જાણે છે. વળી આપ બ્રહ્મજ્ઞાની પુરુષોમાં પણ શ્રેષ્ઠ છો; માટે આ બન્ને બાળકના નામકરણાદિ સંસ્કાર કરવા યોગ્ય છે. (જોકે આપ અમારા કુલાચાર્ય નથી, પણ) બ્રાહ્મણ જન્મથી જ મનુષ્યોનો ગુરુ છે.

**ગર્ગાચાર્ય બોલ્યા :** હું યાદવોના આચાર્ય તરીકે પૃથ્વી પર સર્વત્ર પ્રખ્યાત છું. તેથી જો હું તમારા પુત્રના સંસ્કાર કરીશ તો પાપી બુદ્ધિવાળો કંસ તમારા પુત્રને દેવકીના પુત્ર માનશે. વળી તમારે અને વસુદેવજીને મિત્રતા છે અને દેવકીની પુત્રીએ જે વચન કહ્યું છે, તે સાંભળી દેવકીને આઠમો ગર્ભ સ્ત્રી થવાને યોગ્ય નથી તેનો વિચાર કરી શંકિત થઈ કંસ તમારા પુત્રોનો નાશ કરે તો તે અન્યાય અમે જ કર્યો ગણાય. નંદજી બોલ્યા : તમે અહીં ગાયોના વાડામાં એકાંતમાં મારા પોતાના લોકો પણ ન જાણે તેમ સ્વસ્તિવાચનપૂર્વક આ બાળકોના દ્વિજને યોગ્ય સંસ્કાર કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** બ્રાહ્મણ ગર્ગાચાર્યને નંદરાયે એમ કહ્યું એટલે તેમને તો એમ કરવાની ઈચ્છા જ હતી તેથી તેમણે એકાંતમાં ગુપ્ત રીતે બન્ને બાળકોનાં (આવાં) નામ પાડયાં.

**ગર્ગાચાર્ય બોલ્યા :** રોહિણીના આ પુત્ર ગુણો વડે સંબંધીઓનું રંજન કરશે તેથી ‘રામ’ કહેવાશે; બળની અધિકતાથી લોકો આને ‘બલ’ કહેશે અને કોઈ કારણથી વિવાદ કરી વિખુટા પડેલા યાદવને તે એકઠા કરશે, તેથી ‘સંકર્ષણ’ કહેશે. દરેક યુગમાં શરીર ધરનાર તમારા આ બીજા પુત્રના (પ્રથમ યુગોમાં) ધોળો, લાલ અને પીળો એમ ત્રણ રંગે હતા; પણ હમણાં આણે કાળો રંગ ધર્યો છે, તેથી ‘કૃષ્ણ’ કહેવાશે. આ તમારા સુંદર પુત્ર પૂર્વે કોઈ વેળા વસુદેવના પણ પુત્ર થયા હતા. તેથી એ જાણનારાઓ આને ‘વાસુદેવ’ કહેશે. વળી તમારા આ પુત્રનાં ગુણકર્મને અનુસરતાં અનેક નામો તથા અનેક સ્વરૂપો

છે, તેને હું કે લોકો જાણતા નથી. આ પુત્ર તમારું કલ્યાણ કરશે. ગોવાળિયા તથા ગોકુળને આનંદ ઉપજાવશે, અને આ પુત્ર દ્વારા તમે સર્વ સંકટો સહેલાઈથી ઓળંગી જશો. હે વ્રજપતિ નંદરાય ! પૂર્વે જ્યારે કોઈ રાજા ન હતો; ત્યારે ચોરથી પીડાતા સજ્જનોની આ પુત્રે રક્ષા કરી હતી, જેથી તે સજ્જનોએ બળવાન બની ચોરોને જીત્યા હતા. જે મહાભાગ્યશાળી મનુષ્યો તમારા આ પુત્ર ઉપર પ્રીતિ કરશે. તેઓનો વિષ્ણુનો આશ્રય કરનારાઓનો જેમ અસુરો પરાજય કરતા નથી તેમ શત્રુઓ પરાજય કરી શકશે નહિ. માટે હે નંદ ! તમારો આ પુત્ર ગુણો, ઐશ્વર્ય, કીર્તિ તથા પ્રભાવથી નારાયણ સમાન છે, જેથી તમે સાવધાન રહી તેની રક્ષા કરો.

એમ શ્રીકૃષ્ણ સંબંધી કહી ગર્ગાચાર્ય પોતાને ઘર ગયા. પછી નંદરાય અત્યંત હર્ષ પામી પોતાને સફળ અભિલાષાઓવાળા માનવા લાગ્યા. પછી થોડો કાળ ગયો એટલે રામ તથા કૃષ્ણ ગોકુળમાં ઢીંચણ અને બન્ને હાથથી ચાલતા રમવા લાગ્યા. વ્રજના કાદવમાં બન્ને પગને વારેવાર ઘસડી, ઝાંઝરીઓની ઘૂઘરીઓના અવાજથી સુંદર લાગે તેમ ઉતાવળા ચાલતા અને તે અવાજને લીધે મનમાં આનંદ પામતા રામ તથા કૃષ્ણ, જતાં આવતાં લોકોની પાછળ ત્રણચાર પગલાં જઈને અજ્ઞાની અને ભય પામેલાની પેઠે માતાઓ પાસે જતા રહેતા. તેમની બન્ને માતાઓ બાળક ઉપરના હેતને લીધે ધાવણથી ભરપૂર સ્તનવાળી રહેતી અને કાદવ તથા ચંદનના વિલેપનથી સુંદર દેખાતા પોતાના બન્ને પુત્રોને હાથ વડે છાતી સરસા ચાંપી મુખમાં સ્તન આપી ધવડાવતી ત્યારે સુંદર મંદ હાસ્ય અને થોડા દાંતવાળા તે બન્નેનાં મુખ જોઈ આનંદ પામતી એમ તે બન્ને બાળકો થોડા મોટા થયા ત્યારે તેમની સુંદર કુમારલીલાઓ જોતાં વ્રજની સ્ત્રીઓ ધરાતી નહિ. તેઓ વ્રજમાં નાનાં વાછરડાઓનાં પૂંછડાં પકડતા અને વાછરડાં તે બન્નેને આમતેમ ખેંચી જતાં તે જોતી વ્રજની સ્ત્રીઓ ઘરનાં કામ છોડીને હસતી અને આનંદ પામતી. યશોદા અને રોહિણી રમવામાં તત્પર અને અતિચપળ તે બંને પુત્રોને શીંગડાંવાળાં પ્રાણીઓ, અગ્નિ, દાઢવાળા પ્રાણીઓ, તલવાર, પાણી, પક્ષીઓ તથા કાંટાઓથી સાચવવા ઘરનાં કામ કરવા પણ સમર્થ ન થતી અને તેથી મનની અસ્થિરતાને પામતી. હે રાજર્ષિ ! પછી થોડા સમયમાં રામ અને કૃષ્ણ ગોકુળમાં ઢીંચણના સહારા વિના સહેલાઈથી પગે ચાલવા લાગ્યા. ભગવાન કૃષ્ણ વ્રજમાં મિત્ર બાળકો તથા બલરામ સાથે વ્રજની સ્ત્રીઓને આનંદ ઉપજાવતા રમવા લાગ્યા. ગોપીઓ શ્રીકૃષ્ણની કુમારાવસ્થાની સુંદર ચપળતા જોઈ એકઠી મળીને માતા યશોદાજીના સાંભળતા આ પ્રમાણે કહેતી હતી. 'હે યશોદા ! તમારો આ કૃષ્ણ કોઈ વેળા ગાય દોહવાનો વખત હોતો નથી, તોપણ વાછરડાં છોડી મૂકે છે. (તેથી બધું દૂધ વાછરડાં ધાવી જાય છે. અને અમને ઘણું નુકસાન થાય છે.) પછી તે વખતે અમે તેને ઠપકો આપીએ છીએ તો સામેથી હસ્યા કરે છે (પણ ડરતો નથી) . વળી કોઈ વખતે ચોરીના ઉપાયોથી ચોરેલાં સ્વાદિષ્ટ દહી તથા દૂધ પી જાય છે. તેમ જ પોતે પીધા પહેલાં વાનરોને વહેંચી આપે છે. (વાનરો જો ધરાયેલા હોય અને) જો તેમાંનો કોઈ ખાય નહિ તો દહી -દૂધ ભરેલાં વાસણ ફોડી નાખે છે. કોઈ વખતે (અમે દહી, દૂધ વગેરે સંતાડી રાખીએ તો) કંઈ વસ્તુ ન મળવાથી ઘર ઉપર કોપાયમાન થઈ નાનાં બાળકોને રડાવી ચાલ્યો જાય છે. કોઈ વેળા દહી વગેરે પદાર્થો તેના હાથ ન પહોંચે તેવા સ્થળે અમે મૂકીએ છીએ, તો પાટલા ને ખાંડણિયા વગેરે ઉપરાઉપરી ગોઠવી તે લઈ લેવા ઉપાય કરે છે. કોઈ સમયે અમે દહી વગેરેનાં વાસણો શીકાં ઉપર ઢાંકીને મૂકીએ છીએ તો પણ તે વાસણોમાં દહી વગેરે રહેલા જાણી તેમાં (નીચેથી) બાકું પાડે છે; કેમ કે એવા સ્થળે પણ બાકું કેવી રીતે પડાય તે એ જાણે છે અને કોઈ વખતે અંધારા ઓરડામાં દહી વગેરે

અમે મૂકીએ છીએ તો શરીર પર પહેરેલા મણિના સમૂહો તેને તે તે વસ્તુ બતાવનારા થાય છે. આ રીતે ગોપીઓનાં મન ઘરકામમાં ગૂંથાયાં હોય ત્યારે કૃષ્ણ નુકસાન કરે છે. વળી જ્યારે 'અલ્યા ચોર !' એમ અમે એને કહીએ છીએ ત્યારે 'તું ચોર છે, હું તે ઘરનો માલિક છું' એમ સામે કહે છે. વળી ઘરમાં જયાં વાળીઝાડી, લીંપીને સ્વચ્છ કર્યું હોય ત્યાં શૌચ આદિ ક્રિયા કરે છે. આમ તે ઘણાં નિર્લજ્જ કર્મો કરે છે અને ચોરીના ઉપાયો વડે પોતાનું કામ કર્યે જાય છે; છતાં (જુઓ) અહીં તમારી પાસે જાણે ઘણો જ શાણો ને ડાહ્યો હોય તેમ બેઠો છે.' એમ વ્રજની સ્ત્રીઓ ભયયુકત નેત્રની શોભાવાળા શ્રીકૃષ્ણના મુખ સામે જોતી યશોદાને બધું કહેતી, ત્યારે યશોદાજીનું મુખ અત્યંત હસી પડતું; પણ શ્રીકૃષ્ણને ઠપકો દેવા તે ઈચ્છતાં નહિ. એક સમયે રમતા બળરામ વગેરે ગોવાળિયાના છોકરાઓએ યશોદા માતાને જણાવ્યું : 'કૃષ્ણે માટી ખાધી છે.' એટલે શ્રીકૃષ્ણનું હિત ઈચ્છતાં યશોદાજી ભયથી ચંચળ નેત્રવાળા શ્રીકૃષ્ણને ઠપકો આપી કહેવા લાગ્યાં. 'અલ્યા ઓ, ચપળ મનના કૃષ્ણ ! તે એકાંતમાં માટી કેમ ખાધી ? આ તારા મિત્રો અને તારો મોટો ભાઈ પણ કહે છે. તે સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું : 'ઓ માતાજી ! મેં માટી ખાધી નથી; તે બધા જૂઠું કહે છે. તેઓ સત્ય કહેતા હોય, તો મારું મુખ તમે જ પ્રત્યક્ષ જોઈ લો !' ત્યારે યશોદાજી બોલ્યાં : 'ઠીક છે તું એમ જ કહે છે કે મેં માટી ખાધી નથી, તો ઉઘાડ તારું મોઢું.' એમ તેમણે કહ્યું એટલે અનંત ઐશ્વર્યવાળા અને લીલા માટે મનુષ્યબાળક બનેલા ભગવાન શ્રીહરિએ મુખ પહોળું કર્યું. એટલે તેમાં સ્થાવરજંગમ જગત, આકાશ, દિશાઓ, પર્વતો, બેટો, સમુદ્રો ભૂગોળ, વહેતો વાયુ, અગ્નિ, ચંદ્ર, તારા, જ્યોતિશ્ચક્ર, જળ, તેજ, પવન, ઇંદ્રિયો, મન, શબ્દાદિ તન્માત્રાઓ, ત્રણ ગુણો, જીવ, કાળ, સ્વભાવ, કર્મ અને તેની વાસના તથા આ સર્વ સ્થાવરજંગમ શરીરોના ભેદવાળું વિચિત્ર જગત અને પોતાની સાથે આખું વ્રજ તે ઉઘાડેલા મુખવાળા પુત્રના શરીરમાં જોઈને યશોદાજી શંકામાં પડ્યાં : 'આ શું સ્વપ્ન છે અથવા ઈશ્વરી માયા છે ? અથવા શું મારી બુદ્ધિનો મોહ છે કે મારા આ બાળકનું જ સ્વાભાવિક કોઈ ઐશ્વર્ય છે ? જેઓ ચિત્ત, મન, કર્મ તથા વચનથી બરાબર તર્કનો વિષય થઈ શકતા નથી; આ સમસ્ત વિશ્વ જેના આશ્રયે રહેલું છે, જેઓ આ જગતના પ્રેરક છે અને જેમની સત્તાથી આ જગતની પ્રતીતિ થઈ રહી છે તે અચિંત્ય પરમાત્માના ચરણને હું પ્રણામ કરું છું. "આ હું, આ મારો પતિ, આ મારો પુત્ર, અને હું વ્રજના સ્વામી નંદરાયની પત્ની અને તેમના સમગ્ર ધનની માલિક છું અને આ સર્વ ગોપીઓ, ગોવાળો તથા ગાયોનાં ધણ મારે આધીન છે.' આવી કુમતિ જેમની માયાને લીધે મને થઈ છે તે પરમેશ્વરને શરણે હું છું. એમ ગોપી યશોદાજીએ ઈશ્વરતત્ત્વ જાણ્યું ત્યારે વ્યાપક પરમેશ્વર શ્રીકૃષ્ણ પછી તરત પુત્રના સ્નેહવાળી વૈષ્ણવી માયા તેમના પર ફેલાવી એટલે તરત જ ગોપી યશોદાને આત્મતત્વ વિસરાઈ ગયું; તે પુત્રને ખોળામાં બેસાડી પૂર્વની પેઠે ખૂબ જ સ્નેહથી વ્યાપ્ત હૃદયવાળાં થઈ વેદો, ઉપનિષદો, સાંખ્ય, યોગ તથા ભકતજનો જેમના માહાત્મ્યને ગાય છે, તે ભગવાનને પોતાના પુત્ર માનવા લાગ્યાં.

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** 'હે બ્રહ્મન્ ! નંદરાયજીએ એવું કયું મંગલમય પુણ્ય કર્યું હશે (કે જેથી એમને ત્યાં શ્રીભગવાન પધાર્યા ?) અને મહાભાગ્યશાળી યશોદાજીએ એવું કયું મહાપુણ્ય કર્યું હશે કે જેથી તેમના સ્તન શ્રીહરિએ ધાવ્યા ? લોકોનાં પાપોનો નાશ કરનારાં શ્રીકૃષ્ણનાં જે ઉદાર બાળચરિત્રોને કવિઓ આજે પણ વર્ણવે છે, તેનો અનુભવ તેમનાં ખુદ માતા-પિતા-દેવકી તથા વસુદેવને પણ ન મળ્યો (પણ નંદને તથા યશોદાને જ મળ્યો તેનું કારણ શું ?).

શ્રી શુકદેવજી બોલ્યાઃ પૂર્વજન્મમાં નંદજી 'દ્રોણ નામે એક શ્રેષ્ઠ વસુ હતા. તેમની પત્નીનું નામ ધરા હતું. તેમણે બ્રહ્માની આજ્ઞાનું પાલન કરવાની ઈચ્છાથી તેમને કહ્યું : 'બ્રહ્મન્ ! અમે પૃથ્વી પર જન્મ લઈએ ત્યારે જગતના ઈશ્વર મહાદેવ શ્રીહરિ પર અમને પરમભકિત થાઓ કે જે ભક્તિ વડે મનુષ્ય અનાયાસે જ દુર્ગતિને તરી જાય છે. ત્યારે 'તમને ભગવાનમાં ભક્તિ થશે' એમ ભગવાન બ્રહ્માએ કહેતાં મહાયશસ્વી દ્રોણ વસુ વ્રજમાં નંદ નામે ગોવાળ થયા અને તેમની સ્ત્રી ધરા યશોદા થયાં. હે ભરતવંશી રાજા ! બીજાં ગોપ-ગોપીઓને પણ ભગવાન પર ભકિત હતી, પણ નંદ-યશોદાને તે જ કારણથી પુત્રરૂપ થયેલા જનાર્દન ભગવાન ઉપર વિશેષ ભકિત હતી. પ્રભુ શ્રીકૃષ્ણ પણ બ્રહ્માની આજ્ઞા સત્ય કરવા બળદેવજી સાથે વ્રજમાં રહી પોતાની બાળલીલાથી તે ગોપગોપીઓને પ્રીતિ ઉપજાવતા હતા. ૧-૫૨

**कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः । सहरामो वसंश्चक्रे तेषां प्रीति स्वलीलया ॥५२॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## યશોદાજીએ શ્રીકૃષ્ણને દામણાથી (દોરડાથી) બાંધ્યા

**॥ श्रीशुक उवाच ॥**

एकदा गृहदासीषु यशोदा नन्दगेहिनी । कर्मान्तरनियुक्तासु निर्ममन्थ स्वयं दधि ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે ઘરની દાસીઓને બીજા કામમાં લગાડેલી હતી, તેથી નંદપત્ની યશોદા પોતે દહી વલોવતાં (છાશ કરતા) હતાં. દહી વલોવવાના તે સમયે શ્રીકૃષ્ણનાં જે જે બાળચરિત્રો અહી કહેવાયાં તે બધાં યાદ કરી યશોદાજી ગાતાં હતાં. સુંદર ભ્રૂકુટિવાળાં યશોદાજી દહી વલોવતાં હતાં ત્યારે વિશાળ નિતંબ ઉપર રેશમી ચણિયો તેમણે પહેર્યો હતો અને કંદોરાથી તેને બાંધ્યો હતો. પુત્ર ઉપરના સ્નેહથી બંને સ્તનમાંથી ધાવણ વહેતું હતું. તેમનું આખું શરીર આમતેમ ડોલતું હતું. નેતરું ખેંચવાના શ્રમથી હાથનાં કડાં તથા કાનનાં કુંડળ હાલતાં હતાં. મુખે પરસેવો આવતો હતો અને અંબોડામાંથી માલતીનાં પુષ્પો સરી પડતાં હતાં. તે વેળા ધાવવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ, છાશ કરતાં માતાજી પાસે આવ્યા અને દહી વલોવવાનો રવૈયો પકડી રાખી પ્રેમ ઉપજાવતા માતાને છાશ કરતાં અટકાવવા લાગ્યા. એટલે યશોદાજી તેમને ખોળામાં લઈ સ્નેહથી ઝરતાં સ્તન ધવડાવવા લાગ્યાં. અને મંદ હાસ્યવાળું તેમનું મુખ જોવા લાગ્યાં. તેવામાં ચૂલા ઉપર ઊકળવા મૂકેલું દૂધ ઊભરાવા લાગ્યું. જેથી ધાવતાં નહિ ધરાયેલા શ્રીકૃષ્ણને એકદમ છોડી યશોદાજી પેલા દૂધ તરફ ગયાં. એટલે શ્રીકૃષ્ણને ક્રોધ થયો. તેમણે ખોટાં આંસુ લાવી ફરકતા લાલ અધરોષ્ઠને દાંતથી પીસી દહી વલોવાના વાસણને પથરો મારી ફોડી નાખ્યું અને ઘરમાં પેસી એકાંતે માખણ ખાવા લાગ્યા. ગોપી યશોદા ઊકળેલા દૂધને ઉતારી પાછાં આવ્યાં અને દહીના વાસણને ભાંગેલું જોઈ 'આ કામ પોતાના પુત્રનું છે' એમ વિચારી હસ્યાં અને ત્યાં પુત્રને પણ તેમણે જોયો નહિ. (એટલે પોતે ઘરમાં ગયાં તે) શ્રીકૃષ્ણ ખાંડણિયો ઊંધો વાળી તે પર ઉભા રહી શીકા પર રહેલું, માખણ ઈચ્છાનુસાર વાનરને આપતા હતા અને ચોરીને લીધે તેમનાં ચંચળ નેત્ર ભયશંકિત જણાતાં હતાં. તે જોઈને યશોદાજી ધીમે ધીમે પાછળથી પુત્રની પાસે જવા લાગ્યાં. એટલે હાથમાં લાકડી લીધેલાં તેમને જોઈ શ્રીકૃષ્ણ ઉતાવળા ખાંડણિયા ઉપરથી ઊતરી જાણે ભય પામ્યા હોય તેમ ત્યાંથી નાસવા લાગ્યા. એટલે મોટા મોટા યોગીઓ તપસ્યા દ્વારા પોતાના મનને અત્યંત શુદ્ધ અને સૂક્ષ્મ

બનાવવા છતાં પણ જેમાં પ્રવેશ કરાવી શકતા નથી, એવા શ્રીકૃષ્ણની પાછળ માતા યશોદાજી પણ (તેમને પકડી લેવા) દોડ્યાં. સુંદર કેડવાળાં માતા એમ શ્રીકૃષ્ણની પાછળ દોડયાં, ત્યારે ચાલતાં મોટા નિતંબના ભારથી વચ્ચે વચ્ચે તેમની ગતિ અટકી પડતી હતી અને વેગથી દોડવાને લીધે વીખરાઈ ગયેલા તેમના અંબોડામાંથી પાછળ પુષ્પો વેરાતાં હતાં. છેવટે શ્રીકૃષ્ણને તેમણે પકડયા. અપરાધી કૃષ્ણ ખૂબ રડવા લાગ્યા. હાથથી આંજણવાળી આંખો ચોળવા લાગ્યા. અને ભયથી વિહ્વળ નેત્રે ઊંચે જોઈ રહ્યા. તેમને હાથમાં પકડી યશોદાજી ભય પમાડતાં ધમકાવવા લાગ્યા. પછી પુત્રને બીધેલો જાણી બાળક પર પ્રેમ ધરાવતાં યશોદાજીએ (હાથમાંથી) લાકડી છોડી દીધી અને શ્રીકૃષ્ણના પરાક્રમને નહિ જાણી તેમને દામણથી બાંધવાની ઈચ્છા કરી. જેમને અંદર કે બહાર, આગળ કે પાછળ કંઈ નથી પણ જે પોતે જ જગતની અંદર, બહાર, આગળ તથા પાછળ રહેલા છે ને જગત્સ્વરૂપ છે, તે અવ્યકત અને અતીન્દ્રિય ભગવાનને પુત્ર માની ગોપી યશોદાએ સામાન્ય મનુષ્યની પેઠે દામણ (દોરડા)થી ખાંડણિયા સાથે બાંધવા માંડ્યા. પોતાના અપરાધી પુત્રને યશોદાજી એમ બાંધવા માંડયાં, ત્યારે તેમણે જે દામણું લીધું હતું, તે બે આંગળ નાનું પડ્યું તેથી તેની સાથે બીજું બાંધ્યું પરંતુ તે પણ બે આંગળ નાનું પડયું તેથી તેની સાથે ત્રીજું બાંધ્યું; એટલે તે પણ બે આંગળ નાનું પડયું. એમ જે જે દામણાં યશોદાજીએ લીધાં, તે તે બે આંગળ ઓછાં પડયાં. જેથી પોતાના ઘરમાં જેટલાં દામણાં હતાં. તે બધાંય યશોદાજીએ સાંધી દીધાં. છતાં તે નાનાં પડયાં એટલે અત્યંત હસતી ગોપીઓની વચ્ચે હસતાં યશોદાજી આશ્ચર્ય પામ્યાં. પછી પોતાની માતાનાં ગાત્રો પરસેવાથી રેબઝેબ થઈ ગયાં અને અંબોડામાં ગૂંથેલી પુષ્પમાળા વીખરાઈ ગઈ એમ તેનો પરિશ્રમ જોઈ શ્રીકૃષ્ણ કૃપાથી બંધાયા. હે રાજન્ ! બ્રહ્મા તથા શંકર સહિત આ જગત જેમને વશ છે, એવા શ્રીકૃષ્ણ પોતે સ્વતંત્ર છે તે પણ શ્રીહરિએ એમ ભકતાધીનપણું બતાવ્યું હતું. મુકિત આપનાર શ્રીકૃષ્ણ પાસેથી ગોપી યશોદાએ જે કૃપા મેળવી હતી, તે બ્રહ્માએ, શંકરે કે ભગવાનના અંગનો આશ્રય કરનાર લક્ષ્મીજીએ પણ મેળવી નથી. ગોપિકાપુત્ર શ્રીકૃષ્ણ આ લોકમાં ભકિતવાળાઓને જેવા સુલભ છે, તેવા દેહાભિમાની તપસ્વીઓ વગેરેને કે દેહાભિમાનરહિત આત્મરૂપ જ્ઞાનીઓને પણ સુલભ નથી. પછી માતા યશોદા પોતાના ઘરકામમાં ગુંથાયાં, એટલે પ્રભુ શ્રીકૃષ્ણે ત્યાં બે અર્જુનવૃક્ષો જોયાં કે જે પૂર્વજન્મમાં કુબેરના પુત્ર બે યક્ષ હતા. એ સમયે તેઓ નલકૂબર તથા મણિગ્રીવ નામથી પ્રખ્યાત હોઈ લક્ષ્મીયુકત હતા; પણ ગર્વને લીધે તેમને નારદજીનો શાપથવાથી તેઓ ઝાડપણું પામ્યા હતા. ૧-૨૩

पुरा नारदशापेन वृक्षतां प्रापितौ मदात् । नलकूबरमणिग्रीवाविति ख्यातौ श्रियान्वितौ ॥२३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦
## યમલાર્જુનનો મોક્ષ

॥ राजोवाच ॥

कथ्यतां भगवन्नेतत्तयोः शापस्य कारणम् । यत्तद्विगर्हितं कर्म येन वा देवर्षेस्तमः ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે ભગવન્ ! એ નલકૂબર તથા મણિગ્રીવને શાપ થવાનું કારણ આપ કહો. તેઓએ કોઈક નિંદા કર્મ કર્યું હશે કે જેથી દેવર્ષિ નારદને તેમના પર ક્રોધ થયો હતો, તે કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ નલકૂબર તથા મણિગ્રીવ રુદ્રના સેવક થઈ ઘણા જ ગર્વિષ્ઠ બન્યા હતા. તેઓ કુબેરના પુત્રો હતા; (એ પણ તેઓના ગર્વનું કારણ હતું.) તેથી મદ વડે ઉદ્ધત બની ગંગાકિનારે પુષ્પોથી પ્રફુલ્લ રહેતા કૈલાસના સુંદર બગીચામાં મદિરા પીને મદથી ઘેરાતાં નેત્રે પાછળ ગીતો ગાતી સ્ત્રીઓ સાથે તેઓ ઘૂમતા હતા. એક સમયે કમળના વનથી શોભતા ગંગાના જળમાં પ્રવેશ કરી તેઓ બન્ને, હાથીઓ જેમ હાથણીઓ સાથે રમે તેમ યુવાન સ્ત્રીઓ સાથે રમતા હતા. તેવામાં દૈવયોગે દેવર્ષિ ભગવાન નારદે તેઓને ત્યાં જોયા અને હે કુરુવંશી રાજા ! તે બંને દેવોને મદથી છકેલા તેમણે જાણ્યા. નારદજીને જોઈ (તેમની સાથે રહેલી) દેવીઓએ પોતે વસ્ત્રહીન હોઈ શાપની શંકા કરી તરત જ વસ્ત્રો પહેરી લીધાં. પણ પેલા બે યક્ષોએ વસ્ત્રો પહેર્યા નહિ. નારદજી તે દેવપુત્રોને મદિરાથી ઉન્મત અને લક્ષ્મીના મદથી આંધળા થયેલા જોઈ તેઓ ઉપર કૃપા કરવા શાપ આપતાં આવું વચન બોલ્યા.

**નારદજી બોલ્યા :** પ્રિય વિષયોનું સેવન કરતા પુરુષને લક્ષ્મીના મદ વિના બીજા કોઈ પણ (સત્કુલમાં જન્મ વગેરેનો કે વિદ્યા વગેરેનો) મદ અથવા રજોગુણનું કાર્ય હાસ્ય અને હર્ષ વગેરેનો મદ બુદ્ધિથી ભ્રષ્ટ કરતો નથી; કારણ કે લક્ષ્મીના મદમાં સ્ત્રીઓ, જુગાર અને મદિરાનું સેવન મુખ્ય હોય છે. વળી જે લક્ષ્મીના મદમાં આ નાશવંત શરીરને પણ અજરામર માનતા પુરુષો અજિતેન્દ્રિય અને નિર્દય બની પશુઓને મારે છે. જે પુરુષ, દેવ, રાજા, કે બ્રાહ્મણનું નામ ધરે છે, છતાં અંતે કીડા, વિષ્ઠા કે રાખનું જ નામ ધરનાર- તુચ્છ શરીર માટે પ્રાણીઓનો દ્રોહ કરે છે, તે પુરુષ સ્વાર્થને શું સમજે છે ? (નથી જ સમજતો) કારણ કે પ્રાણીદ્રોહ કરવાથી તે નરક જ મળે છે. આ શરીર (સ્વાધીન જણાય છે તેથી) શું પોતાનું છે ? અથવા અન્નદાન કરનાર કોઈ પાલકનું છે ? અથવા માતામાં વીર્યસિંચન કરી ઉત્પન્ન કરનાર પિતાનું છે ? અથવા માતાના પેટથી જન્મેલું હોઈ માતાનું છે ? અથવા માતાના પિતા વગેરેનું (કોઈ વેળા) દત્તક બની તેમનું છે ? અથવા બળવાન રાજા વગેરે તેને વેઠે પકડી શકે છે, તેથી તેનું છે? અથવા છેવટે અગ્નિમાં ભસ્મ થતું હોવાથી અગ્નિનું છે કે કોઈ વેળા કૂતરાં ખાઈ જાય છે તેથી કૂતરાંનું છે ? (આમ નિશ્ચય ન થવાથી જણાય છે કે) આ શરીર સર્વસાધારણ-હરકોઈની માલિકીનું છે, પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે અને પાછું તેમાં જ લય પામે છે; તો મૂર્ખ વિના બીજો કયો વિદ્વાન પુરુષ શરીરને પોતાનું માની (તેના પોષણ માટે) પ્રાણીઓનો નાશ કરે ? (મને લાગે છે કે) લક્ષ્મીના મદથી આંધળા બનેલા દુષ્ટને દરિદ્રાવસ્થા (તેનો એ અંધાપો દૂર કરનાર) ઉત્તમ અંજન છે, કેમ કે દરિદ્ર પ્રાણીમાત્રને પોતાના જેવાં જ જુએ છે. (તેથી તે કોઈની હિંસા કરતો નથી.) જેમ કાંટાથી વીધાયેલા અંગવાળો બીજા પ્રાણીને કાંટાની તે પીડા ઈચ્છતો નથી; કેમ કે મુખનું કરમાવું વગેરે ચિહ્નો ઉપરથી સર્વ જીવોને સરખી જ પીડા થાય છે, એમ તેણે જાણ્યું હોય છે. પણ જેનું અંગ કાંટાથી કદી વીધાયું નથી, તેવો મનુષ્ય (એ વેદનાથી અજાણ હોઈ) , બીજા પ્રાણીને તે વેદના ન થાય એમ ઇચ્છતો નથી. આ સંસારમાં દરિદ્ર પુરુષ અહંકારની અક્કડાઈ વિનાનો હોય છે; કેમ કે સર્વ પ્રકારના મદથી તે મુક્ત હોય છે. વળી દરિદ્ર પુરુષ દૈવયોગે જે કષ્ટ પામે છે, તે તેને ઉત્તમ તપરૂપ થાય છે. દરિદ્ર નિત્ય અન્નની ઈચ્છા રાખે છે અને ક્ષુધાથી દૂબળા શરીરવાળો હોય છે, તેથી તેની સર્વ ઇન્દ્રિયો સુકાઈ જાય છે અને તેનાથી થતી હિંસા પણ અટકે છે. વળી સમદષ્ટિવાળા સાધુ પુરુષો દરિદ્રને જ પોતાની બધે મળે છે. તેથી સત્પુરુષો દ્વારા તૃષ્ણાનો તે નાશ કરે છે. ને તેથી તરત શુદ્ધ થાય છે. સાધુપુરુષો તો બધે સમાન ચિત્તવાળા હોઈ ભગવાનના ચરણ જ કેવળ ઇચ્છે છે, તેથી દુષ્ટ વિષયોનો આશ્રય કરનારા અને ઉપેક્ષા કરવા યોગ્ય દુષ્ટ ધનગર્વિષ્ઠોને શી પડી છે?

આ બન્ને યક્ષો દારૂ પીવાથી ગાંડા, લક્ષ્મીના મદથી આંધળા, સ્ત્રીલંપટ અને અજિતેન્દ્રિય બન્યા છે, માટે તેઓનો આ અજ્ઞાનથી થયેલો મદ હું દૂર કરીશ; કારણ કે એ બન્ને લોકપાલના પુત્રો થઈ આવા અજ્ઞાનમાં ડૂબ્યા છે અને મદથી ઘણા છકી જઈ નગ્ન અવસ્થામાં રહેલા પોતાને જાણતા નથી. માટે તેઓ બન્ને સ્થાવર–ઝાડપણાને યોગ્ય છે, જેથી ફરી આમ ન વર્તે. ઝાડપણામાં પણ મારી કૃપાથી તેને પૂર્વજન્મનું સ્મરણ રહેશે. પછી દેવતાઈ સો વર્ષ પૂરાં થશે. એટલે શ્રીકૃષ્ણનું સામીપ્ય મેળવી ફરી તેઓ દેવપણું પામશે અને મારી કૃપાથી ભકિત પામશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહી દેવર્ષિ નારદ નારાયણના બદરિકાશ્રમમાં ગયા અને પેલા નલકૂબર તથા મણિગ્રીવ બન્ને એકસાથે અર્જુન નામનાં વૃક્ષ થઈ યમલાર્જુન નામથી પ્રસિદ્ધ થયા. ભગવાનના ભકતોમાં મુખ્ય નારદજીનાં તે વચનો સત્ય કરવા ભગવાન કૃષ્ણ જ્યાં પેલાં, અર્જુનનાં ઝાડ હતાં, ત્યાં ધીમે ધીમે ગયા અને મનમાં વિચાર કર્યો : 'દેવર્ષિ નારદ મને ઘણા જ પ્રિય છે અને આ બંને કુબેરના પુત્રો છે; માટે મહાત્મા નારદે જે કંઈ કહ્યું છે, તેને હું સત્ય કરું.' આવો વિચાર કરી શ્રીકૃષ્ણ પેલા બે યમલાર્જુન વૃક્ષની વચ્ચે થઈને નીકળ્યા; એટલે તેમનો એમ પ્રવેશ થતાં પેલો ખાંડણિયો આડો પડી ગયો, પછી જેમના પેટ ઉપર દામણ બાંધ્યું હતું તે બાળક શ્રીકૃષ્ણ ખાંડણિયાને આડો ને આડો બળથી ખેંચ્યો કે તરત જ એ ઝાડનાં મૂળ બંધન ઊખડી પડયાં, સમગ્ર બળના ભંડાર શ્રીકૃષ્ણના જરાક ખેંચવાથી જેમનાં થડ, ડાળાં ને પાદડાં કંપી રહ્યાં હતાં. એવા તે બંને ઝાડ પ્રચંડ શબ્દ કરતાં પુથ્વી ઉપર પડયા એટલે તે ઝાડમાંથી અગ્નિની પેઠે ઘણી જ કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરતા બે સિદ્ધો નીકળી સમગ્રલોકોના નાથ શ્રીકૃષ્ણને મસ્તકથી પ્રણામ કરી, બે હાથ જોડી ગર્વરહિત થઈ આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે કૃષ્ણ! હે કૃષ્ણ ! હે મહાયોગી ! આપ આદ્ય પરમપુરુષ છો અને સ્થૂળ તથા સૂક્ષ્મ આ જગત આપનું જ સ્વરૂપ છે એમ વેદવેત્તાઓ જાણે છે. આપ એક જ સર્વ પ્રાણીઓનાં શરીર, પ્રાણ, અહંકાર તથા ઇંદ્રિયોના નિયંતા અને કાળસ્વરૂપ છો; ભગવાન વિષ્ણુ તથા નિર્વિકાર ઈશ્વર પણ આપ જ છો. આપ મહત્તત્વ, રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણમય સૂક્ષ્મ પ્રકૃતિ છો અને સર્વ શરીરો તથા તેઓમાં રહેલાં મન આદિ વિકારોના જ્ઞાતા ને સાક્ષીપુરુષ છો. આપ દશ્ય તરીકે જણાતા બુદ્ધિ, અહંકાર અને ઇંદ્રિયાદિ પ્રાકૃત ગુણોરૂપી વિકારોથી ગ્રહણ કરાતા નથી અને (જીવાદિની ઉત્પત્તિ પહેલાં જ) આપ સ્વ પ્રકાશપણે સિદ્ધ છો, તેથી દેહાદિ ગુણો વડે વીંટાયેલો કયો પુરુષ આપને જાણવા યોગ્ય છે ? આ સમસ્ત પ્રપંચના વિધાતા આપ વાસુદેવ ભગવાનને અમારા નમસ્કાર હો. આપે આપનો મહિમા આપ દ્વારા પ્રકાશ પામેલા ગુણો વડે જ ઢાંકી દીધો છે. આપ બ્રહ્મને અમારા નમસ્કાર હો. જોકે આપ શરીરથી રહિત છો, છતાં સાધારણ દેહધારી પ્રાણીઓમાં કદી ઘટે નહિ તેવાં આપનાં અતુલ પરાક્રમોથી મત્સ્યાદિ શરીરમાં આપના અવતારો જણાય છે. તે જ આપ સર્વ કામનાઓ પૂર્ણ કરનારા છે ; છતાં હમણાં સર્વ લોકના કલ્યાણ તથા મોક્ષ માટે આપના અંશરૂપ બળદેવજી સાથે અવતર્યા છો. હે પરમ કલ્યાણસ્વરૂપ ! હે પરમ મંગળમૂર્તિ ! હે શાંત ગુણોવાળા અને યાદવોના પતિ ! આપ વાસુદેવને અમારા વારંવાર નમસ્કાર હો. હે વ્યાપક દેવ! આપ અમને બંનેને આપના સેવકોના પણ સેવક જાણો. નારદ ઋષિની કૃપાથી આપ ભગવાનનું અમને દર્શન થયું છે. અમારી વાણી આપના ગુણાનુવાદ ગાવામાં, અમારા કાન આપની કથા સાંભળવામાં, અમારા હાથ આપના સેવાકર્મમાં, અમારું મન આપના ચરણોનું સ્મરણ કરવામાં, અમારું મસ્તક

આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં અને અમારી દૃષ્ટિ આપના પ્રત્યક્ષ શરીરરૂપ સત્પુરુષોનું દર્શન કરવામાં તત્પર રહો.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ તેઓ બન્નેએ સ્તુતિ કરી એટલે દામણાથી ખાંડણિયા સાથે બંધાયેલા ગોકુલેશ્વર ભગવાન હસતા હસતા તે યક્ષોને કહેવા લાગ્યા. :

**શ્રીભગવાને બોલ્યા :** દયાળુ ઋષિ નારદે લક્ષ્મીના મદથી અંધ બનેલા તમને બંનેને વાણી વડે (શાપ આપી) લક્ષ્મીથી ભ્રષ્ટ કરવારૂપે તમારા પર જે કૃપા કરી છે તે પ્રથમથી જ મારા જાણવામાં છે. જેમ સૂર્યનાં દર્શનથી મનુષ્યનાં નેત્રોને બંધનરૂપ અંધકાર કદી રહેતો નથી; તેમ બધે સમાન ચિત્તાવાળા અને મારામાં જ આત્માને અર્પણ કરનારા સાધુપુરુષોનાં દર્શનથી મનુષ્યને કદી બંધન રહેતું નથી. માટે હે નલકૂબર ! (હે મણિગ્રીવ !) મારામાં જ પરાયણ થયેલા તમે બંને હવે તમારે ઘેર જાઓ. તમને બંનેને મારા પર પરમ ઈચ્છિત પ્રેમ થયો છે, જેમાં ફરી સંસાર નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાને એમ કહ્યું એટલે તેઓ બંને ખાંડણિયે બાંધેલા ભગવાનને પ્રદક્ષિણા કરી અને વારંવાર પ્રણામ કરી તેમની રજા લઈ ઉત્તર દિશામાં ગયા. ૧-૪૩.

इत्युक्तो तौ परिक्रम्य प्रणम्य च पुनः पुनः । बद्धोलूखलमामन्त्र्य जग्मतुर्दिशमुत्तराम् ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## વત્સાસુર અને બકાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

गोपा नन्दादयः श्रुत्वा द्रुमयोः पततो रवम् । तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशङ्किताः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ ! તે બન્ને ઝાડનો પડવાનો અવાજ સાંભળી નંદ વગેરે ગોવાળો વજ્ર પડ્યાની ભયની શંકાવાળા થઈ ત્યાં આવ્યા. અને પૃથ્વી પર પડેલાં બે અર્જુન વૃક્ષ તેઓએ જોયાં. એ ઝાડ પડયાં, તેમાં દામણથી બાંધેલા અને ખાંડણિયાને ખેંચતા શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ કારણ જણાતા હતા; છતાં તેમને કારણ ન માની 'આ કામ કોનું હશે, ક્યા કારણથી આ આશ્ચર્ય બન્યું. શું ઉત્પાતો થયા ? ' એમ ભયભીત થઈ તેઓ ભ્રાંતિમાં પડ્યા તેવામાં (ત્યાં રમતા) છોકરાઓ બોલ્યાઃ 'આ બંને ઝાડની વચ્ચે પેસી આડા પડેલાને ખાંડણિયાને ખેંચતા કૃષ્ણ આ ઝાડ પાડી નાખ્યાં છે. વળી આ ઝાડમાંથી નીકળેલા બે પુરુષોને પણ અમે જોયા હતા. પરંતુ આવડું બાળક મોટાં બે ઝાડ ઉખેડી નાખે એ ઘટે નહિ, એમ કેટલાક તર્ક કરનારાઓએ બાળકોનું તે કહેવું માન્યું નહિ, પણ કેટલાકનાં મન એ વાતમાં સંદેહવાળાં રહ્યાં. પછી ખાંડણિયાને ખેંચતા અને દામણથી બાંધેલા પુત્રને જોઈ નંદરાયે હસતા મુખે તેમને છૂટા કર્યા. આમ ભગવાન ગોકુળમાં અનેક પ્રકારે બાળચેષ્ટાઓ કરવા લાગ્યા. કોઈ વેળા ગોપીઓ હાથની તાળીઓ વગાડી ઉત્સાહ આપતી. ત્યારે ભગવાન બાળકની પેઠે નાચતા; કોઈ વેળા લાકડાના યંત્રની પેઠે એ ગોપીઓને વશ થઈ મુગ્ધની પેઠે ઊંચેથી ગાતા; કોઈ વખતે ગોપીઓ પાટલા-ખાજઠ; પાલી-પવાલાં તથા પાવડીઓ લાવવા આજ્ઞા કરતી; ત્યારે (તે લાવવા માટે જાણે પોતે અસમર્થ હોય તેમ) તે વસ્તુઓ કેવળ પકડીને ફરતા અને કોઈ વખતે પોતાનાં સંબંધીઓને તથા ભકતોને પ્રીતિ ઉપજાવતા હાથ ઉછાળતા. એમ પોતાનું ઐશ્વર્ય જાણનારા પુરુષોને લોકોમાં પોતાની ભક્તાધીનતા

ભગવાન બાળચેષ્ટાઓથી વ્રજને હર્ષ ઉપજાવતા હતા. એક સમયે 'ફળ લે ફળ' એવો શબ્દ સાંભળી શ્રીકૃષ્ણ પોતે જોકે સર્વ ફળ આપનારા હતા, છતાં, (બાળકની પેઠે) ફળની ઈચ્છાથી ઉતાવળા અનાજ લઈ (ફળ વેચનારી પાસે) ગયા. એટલે ફળ વેચનારીએ જેમાંથી અનાજ વેરાતું હતું એવા ભગવાનના બંને હાથને (તેમનું અનાજ લઈ) ફળોથી ભરી દીધા. જેથી ભગવાને પણ તેના ફળના કરંડિયાને રત્નોથી ભરી દીધો. એક સમયે અર્જુનવૃક્ષોને ભાંગનારા શ્રીકૃષ્ણ અને બળરામ નદીકિનારે જઈ બાળકો સાથે રમતા હતા તેમને દેવી રોહિણીએ બોલાવ્યા પણ રમતમાં આસકત થવાથી બંને પુત્રો બોલાવ્યા છતાં ન આવ્યા, ત્યારે સ્નેહથી પુત્રો પર પ્રેમવાળાં યશોદાજીને મોકલ્યાં. પુત્ર પરના સ્નેહથી ધાવણ ઝરતાં સ્તનવાળાં યશોદાજી વેળા વીતી ગઈ હતી, છતાં બાળકો સાથે રમતા શ્રીકૃષ્ણને મોટાભાઈ સાથે આ પ્રમાણે બોલાવવા લાગ્યાં. હે કૃષ્ણ ! ઓ કૃષ્ણ ! હે કમળ સમાન નેત્રવાળા તાત ! આવ, ધાવી લે; હવે રમવાનું બંધ કર. તને ભૂખ લાગી હશે. હે પુત્ર ! રમીને તું થાકી પણ ગયો હોઈશ.' (એમ બોલાવ્યા છતાં શ્રીકૃષ્ણે ઉત્તર ન આપ્યો ત્યારે શ્રીબળરામને બોલાવવા લાગ્યાં) : 'હે રામ ! ઓ કુલનંદન બેટા ! તું તારા નાનાભાઈ સાથે જલદી આવ, તે છેક સવારમાં ખાધું છે, તો હવે તારે જમવું જોઈએ. એ દાશાર્હ કુળના રામ ! નંદરાયજી જમવા માટે તારી રાહ જોઈ (ભોજનના પાત્ર પર) બેસી રહ્યા છે, તો ચાલ અને અમને આનંદિત કર. અલ્યા છોકરાઓ ! તમે તમારે ઘેર ચાલ્યા જાઓ. પુત્ર ! તારું શરીર ધૂળથી ખરડાયું છે. માટે નાહી લે. વળી આજે તારું જન્મનક્ષત્ર છે, માટે પવિત્ર થઈ બ્રાહ્મણોને ગાયોનું દાન દે. વળી આ તારા મિત્રોને જો ! તેઓને તેમની માતાઓએ કેવા નવડાવ્યા-ધોવડાવ્યા છે અને કેવા સારી રીતે શણગાર્યા છે ! માટે તું પણ નાહી-જમી વસ્ત્રાલંકાર પહેરી રમજે.' એમ હે રાજા ! બ્રહ્મા વગેરે સર્વના મુકુટમણિ શ્રીકૃષ્ણને પુત્ર માની સ્નેહવશ બુદ્ધિવાળા યશોદાજીએ બળરામ સહિત ભગવાનને હાથથી પકડી ઘેર લઈ જઈ તેમના જન્મનક્ષત્રને યોગ્ય સર્વ મંગલ કર્મો કર્યા. પછી એક વખત નંદ વગેરે વૃદ્ધ ગોવાળિયાઓ વ્રજમાં મોટા મોટા ઉત્પાતો થઈ રહેલા જોઈ બધા ભેગા થઈ વિચાર કરવા લાગ્યા કે હવે વ્રજવાસીઓએ શું કરવું જોઈએ ? તે વખતે જ્ઞાન અને વયમાં મોટો ઉપનંદ નામનો ગોવાળિયો દેશ તથા કાળને યોગ્ય કાર્યતત્ત્વને જાણનારો અને બળરામ તથા કૃષ્ણનું પ્રિય કરનારો હતો. તેણે કહ્યું : ગોકુળનું હિત ઈચ્છતા આપણે અહીંથી બીજે રહેવા ચાલ્યા જવું જોઈએ; કેમ કે અહીં બાળકોનો નાશ થવામાં કારણરૂપ મોટા ઉત્પાતો થાય છે. આ બાળક બાળકોનો નાશ કરનારી પૂતનાથી માંડ માંડ બચ્યો છે અને શ્રીહરિની કૃપાથી જ આના ઉપર ગાડું પડયું ન હતું. વળી વંટોળિયો દૈત્ય એને પક્ષીઓનાં વિહારસ્થાન (આકાશ) માં લઈ ગયો હતો અને ત્યાંથી એ શિલા ઉપર પડ્યો તે વેળા પણ દેવેશ્વરોએ આની રક્ષા કરી, તેમ જ પેલાં બે ઝાડની વચ્ચે આવી જઈને પણ આ બાળક કે બીજુ કોઈ બાળક મર્યું નહિ, તે પણ ભગવાનનું જ રક્ષણ ગણાય. માટે ઉત્પાતોથી થનારો અનર્થ જેટલામાં વ્રજનો નાશ ન કરે તેટલામાં આપણે આપણાં બાળકોને લઈ સર્વ પરિવાર સાથે બીજે સ્થળે ચાલ્યાં જઈએ (આપણને રહેવાલાયક) વૃંદાવન નામનું વન છે.તે આપણાં પશુઓને હિતકારી છે. તેમાં બીજાં નવાં નવાં વનો છે. ગોવાળિયા, ગોપીઓ તથા ગાયોને તે વસવા યોગ્ય છે અને પવિત્ર પર્વત, ઘાસ તથા વેલાઓથી ભરપૂર છે. માટે જો તમને બધાને ગમે તો આજે જ આપણે ત્યાં ચાલ્યા જઈએ. બસ હવે ગાડાં જોડો, વિલંબ ન કરો. ગાયો, બળદો, ગાડીગાડાં વગેરે આપણી સંપત્તિ છે, તે આપણી આગળ ચાલશે. તે સાંભળી બધા ગોવાળિયા એકમત થયા. તેઓએ 'બહુ સારું,' 'બહુ સારું' એમ કહી

પોતપોતાનાં ગાડાં જોડી તેમાં સરસામાન ભરી ચાલવા માંડયું. હે રાજન્ ! વૃદ્ધોને, બાળકોને તથા સર્વસામાનને ગાડામાં ચડાવી ગોવાળિયા હાથમાં ધનુષ્ય લઈ સાવધાન થઈ વૃંદાવન ચાલ્યા. તે વેળા તેઓએ ગાયોનાધણો આગળ કર્યા, સર્વ તરફ શિંગડીઓ વગાડવા માંડી, વાજિંત્રોનો મોટો શબ્દ કરી મૂક્યો અને પુરોહિતોને સાથે લીધા. ગાડામાં બેઠેલી ગોપીઓ સ્તન પર લગાવેલાં તાજાં કંકુથી શોભતી પ્રસન્ન જણાતી હતી. તેમણે ગળામાં કંઠીઓ તેમ જ સુંદર વસ્ત્રો પહેર્યા હતાં અને શ્રીકૃષ્ણની લીલાઓ ગાતી હતી. યશોદા અને રોહિણી પણ એક ગાડામાં બેસી શ્રીકૃષ્ણ તથા બળરામ સાથે શોભતાં હતાં અને તેમની કથાઓ સાંભળવામાં ઉત્સુક જણાતાં હતાં. પછી સર્વકાળે સુખદાયક વૃંદાવનમાં પ્રવેશ કરી ગાડાંઓને અર્ધચંદ્રની પેઠે ગોઠવી ગોવાળિયાઓએ પોતાને તથા ગાયોના ધણને માટે રહેઠાણ બનાવી લીધાં. હે રાજન્ ! વૃંદાવન, ગોવર્ધન પર્વત તથા યમુનાના કિનારાઓ જોઈ બળરામ તથા કૃષ્ણને (પણ) ઘણો આનંદ થયો. અને ત્યાં પણ બાળચેષ્ટાઓ તથા મનોહર વાક્યો વડે વ્રજવાસીઓને પ્રીતિ ઉપજાવતા તેઓ બન્ને યોગ્ય સમય થતાં વાછરડાં ચરાવતા થયા. વ્રજભૂમિની પાસે ગોવાળિયાના છોકરાઓ સાથે તેઓ વાછરડાં ચરાવતા ને રમવાનાં વિવિધ સાધનોથી રમતો રમતા. કોઈવેળા બન્ને વાંસળી વગાડતા, કોઈ વખતે ગોફણોથી બીલાં-આમળાં વગેરે ફેંકતા, કોઈ વખતે ઘૂઘરીઓનો અવાજ કરતા પગથી નાચતા, કોઈ વખતે કામળા વગેરે ઓઢી ગોવાળિયાના છોકરા ગાય—બળદ થતા ત્યારે બળરામ અને કૃષ્ણ પણ બળદો જેવું આચરણ કરી ગર્જનાઓ કરતા અને પરસ્પર લડતા. કોઈ સમયે હંસ તથા મોર વગેરે પ્રાણીઓના શબ્દોની નકલ કરી સામાન્ય મનુષ્ય બાળકોની પેઠે (વૃંદાવન) માં ફરતા. એક સમયે યમુના નદીના કિનારા પર પોતાના મિત્રો સાથે શ્રીકૃષ્ણ તથા બળદેવજી વાછરડાં ચરાવતા હતા, તેવામાં તેઓને મારવા ઇચ્છતો એક દૈત્ય ત્યાં આવ્યો અને વાછરડાનું રૂપ લઈ વાછરડાંના ટોળામાં ઘૂસી ગયો. તેને જોઈ શ્રીહરિ (આંખના ઈશારાથી) બળદેવને દેખાડી જાણે જાણતા ન હોય. તેમ ધીમે ધીમે તેની પાસે ગયા અને પૂંછડા સાથે તેના બન્ને પાછલા પગ પકડી આકાશમાં ભમાવી પ્રાણરહિત થયેલા તેને કોઠીના ઝાડ પર ઉછાળ્યો; એટલે મહાપ્રચંડ શરીરવાળો તે દૈત્ય (પોતાના અથડાવાથી) પડતાં કોઠીના ઝાડ સાથે પૃથ્વી પર પડ્યો તેને જોઈ આશ્ચર્ય પામેલા બાળકો 'બહુ સારું થયું,' એમ કહેવા લાગ્યા અને પ્રસન્ન થયેલા દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી. એમ સર્વ લોકના પાલક તે બંને ભાઈઓ વાછરડાંના રખેવાળ થઈ પ્રાતઃકાળનું ભોજન સાથે રાખી ગાયો તથા વાછરડાં ચારતા હતા. એક સમયે બધાં જ બાળકો પોતપોતાનાં વાછરડાંનાં ટોળાંને પાણી પાવા જળાશય પાસે જઈ વાછરડાંઓને પાણી પાઈ પોતે પણ પાણી પીવા લાગ્યા. તેવામાં તે બાળકોએ વજ્રથી કપાઈને પડેલા પર્વતના મોટા શિખર જેવું મોટું પ્રાણી ત્યાં ઊભેલું જોયું અને તેઓ ત્રાસ પામ્યા. તે બગલાનું રૂપ ધરનારો 'બક' નામે મોટો અસુર એકદમ આવી શ્રીકૃષ્ણને ગળી ગયો. મોટા બગલાએ શ્રીકૃષ્ણને ગળેલા જોઈ બળરામ વગેરે બાળકો જેમ ઈન્દ્રિયો પ્રાણ વિના બેભાન થાય, તેમ બેભાન થઈ ગયા. હે પરીક્ષિત! શ્રીકૃષ્ણ લોકપિતામહ બ્રહ્માના પણ પિતા છે. તેઓ લીલાથી જ ગોપાલબાળક બનેલા છે. તેઓ બકાસુરના (મુખમાં જઈ) તાળવાના મૂળ ભાગને અગ્નિની પેઠે બાળવા લાગ્યા; એટલે તરત જ બકાસુરે તેમને બહાર ઓકી કાઢ્યા ને અત્યંત ક્રોધથી ચાંચો વડે તેમને મારવા ફરીથી તે દોડ્યો પણ ભક્તોના ભગવાને પણ ધસી આવતા તે અસુરને ઉપલી—નીચલી બંને ચાંચો પકડી બાળકોના દેખતાં વીરણ નામના ઘાસની પેઠે રમત માત્રમાં ચીરી નાખ્યો. એથી દેવતાઓને ઘણો આનંદ થયો. તે સમયે

દેવલોકમાં વસતા દેવોએ નંદનવનનાં માલતી વગેરનાં પુષ્પોની વૃષ્ટિ કરી બકાસુરના શત્રુ શ્રીકૃષ્ણને વધાવ્યા; તેમ જ નગારાં તથા શંખોના ધ્વનિ સહિત સ્તોત્રો વડે તેમને પ્રસન્ન કરવા લાગ્યા. તે જોઈ ગોવાળોના છોકરા વિસ્મય પામ્યા. જેમ ઈંદ્રિયોનો સમુદાય પ્રાણને પામી સ્વસ્થ થાય, તેમ બળરામ વગેરે બાળકો બકાસુરના મુખથી છૂટી પોતાને સ્થાને આવેલા શ્રીકૃષ્ણને ભેટી સ્વસ્થ થયા ને પછી પોતાપોતાનાં વાછરડાં એકઠાં કરી વ્રજમાં જઈ તેઓએ એ વાત સર્વ ગોપગોપીઓને કહી. ગોપાલોને ગોપીઓ તે વાત સાંભળી આશ્ચર્ય પામ્યાં અને જાણે મરીને પાછા આવ્યા હોય તેવા શ્રીકૃષ્ણને અત્યંત પ્રેમથી આદર સાથે અતૃપ્ત નેત્રે આતુરતાથી જોઈ રહ્યાં. (અને બોલ્યાં :) 'અહો ! આશ્ચર્ય છે કે આ બાળકના મૃત્યુનાં ઘણાં કારણો થયાં, પણ જેઓ આ બાળકનું અનિષ્ટ કરવા આવ્યા હતા, તેઓનું ઊલટું અનિષ્ટ થયું છે; કારણ કે તેઓએ પૂર્વે કોઈનું અનિષ્ટ કર્યું હશે. ભયંકર દેખાવના તેઓ આ બાળકને લગારે હેરાન કરી શકતા નથી, પણ ઊલટા આને મારવાની ઈચ્છાથી આવી અગ્નિમાં પતંગિયાની પેઠે તેઓ જ નાશ પામે છે. અહો ! બ્રહ્મવેત્તાઓની વાણી કદી અસત્ય થતી નથી. ભગવાન ગર્ગાચાર્યે આપણને જે કહ્યું છે તે પ્રમાણે જ આપણે અનુભવ્યું છે.' એમ નંદ વગેરે ગોવાળિયા શ્રીકૃષ્ણ તથા બળરામની કથાઓ હર્ષપૂર્વક કરતા અને (તેઓ સાથે) આનંદ કરતા, જેથી તેઓ સંસારની વેદના પામતા ન હતા. શ્રીકૃષ્ણ અને બળરામે પણ એ પ્રમાણે સંતાકૂકડી, પાળો બાંધવી, વાનરની પેઠે કૂદવું વગેરે બાળલીલાઓથી વ્રજમાં પોતાની કુમારાવસ્થા વ્યતીત કરી. ૧-૫૯

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलायनैः सेतुबन्धैर्मर्कटोत्प्लवनादिभिः ॥५९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## અઘાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

कचिद्वनाशाय मनो दधत् व्रजात् प्रातः समुत्थाय वयस्यवत्सपान् ।
प्रबोधयञ्छृङ्गरवेण चारुणा विनिर्गतो वत्सपुरस्सरो हरिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** કોઈ સમયે શ્રીહરિ વનમાં જમવાનું મન કરી પ્રાતઃકાળમાં ઊઠયા અને મિત્ર ગોવાળિયાઓને શિંગડીના સુંદર ધ્વનિથી જગાડી વાછરડાંને આગળ કરી વ્રજમાંથી નીકળ્યા. એટલે તરત જ તેમની સાથે તેમના પ્રેમી હજારો ગોપાલ સુંદર શીકાં, છડીઓ, શિંગડીઓ તથા વાંસળી સાથે લઈ પોતાનાં હજારોની સંખ્યાવાળાં વાછરડાંને આગળ કરી આનંદથી નીકળ્યા. તેઓ પોતાનાં વાછરડાંને શ્રીકૃષ્ણનાં અસંખ્ય વાછરડાં સાથે એકઠાં કરી તેઓને ચારતા ત્યાં બાળક્રીડાઓથી રમવા લાગ્યા. તેઓને (માતાઓએ) કાચ, ચણોઠી, મણિઓ તેમ જ સોના વડે શણગાર્યા હતા; તોપણ ફળ, પાંદડાં, ગુચ્છા, પુષ્પો, મોરપીંછ તથા ધાતુઓથી તેઓ પોતાને શણગારતા હતા. એકબીજાનાં શીકાં વગેરેને (રમતમાં) ચોરતા હતા અને જ્યારે તે વસ્તુઓના માલિકને ખબર પડતી ત્યારે તે લેનારો દૂર બીજાની પાસે ફેંકી દેતો. બીજો તેને ત્રીજાની પાસે અને ત્રીજો પણ દૂર ચોથાની પાસે ફેંકી દેતો. પછી તેઓ બધા હસતા અને એ વસ્તુઓ તેના માલિકને પાછી આપી દેતા. કોઈ વેળા વનની શોભા જોવા શ્રીકૃષ્ણ દૂર જતા ત્યારે 'હું પહેલો, હું પહેલો' એમ કહી શ્રીકૃષ્ણને અડી જઈ તેઓ રમતા હતા. કેટલાક વાંસળીઓ વગાડતા,

કેટલાક ભમરાઓ સાથે ગુંજારવ કરતા, કેટલાક કોયલો સાથે ટહુકા કરતા, કેટલાક પક્ષીઓની છાયાઓ સાથે દોડતા, કેટલાક હંસો સાથે સારી રીતે ચાલતા, કેટલાક બગલાઓ સાથે બેસતા, કેટલાક મયૂરો સાથે નાચતા, કેટલાક ઝાડની ડાળીઓ પરથી લટકતાં વાંદરાંનાં પૂંછડાંને ખેંચતા, કેટલાક વાંદરાનાં પૂંછડાને પકડી ઝાડો ઉપર ચઢતા કેટલાક વાંદરા સાથે ચાળા કરતા, કેટલાક વાંદરાં સાથે ઝાડો પર કૂદતા, કેટલાક દેડકાં સાથે કૂદતા, કેટલાક નદીના પ્રવાહમાં નાહતા, કેટલાક પોતાના પડછાયાઓને હસતા અને કેટલાક પોતાના પડઘાઓને ગાળો દેતા હતા. એમ (પૂર્વજન્મમાં) જેઓએ ઘણાં પુણ્ય કર્યા હતાં, એવા તે ગોપાલપુત્રો જ્ઞાનીઓને પરબ્રહ્મ સ્વરૂપે અથવા સ્વયંપ્રકાશ પરમ સુખસ્વરૂપે; દાસપણું પામેલા ભક્તજનોને પરમદૈવત નાથસ્વરૂપે અને માયાનો આશ્રય કરનારા અજ્ઞાનીઓને મનુષ્યના બાળસ્વરૂપથી જણાતા શ્રીભગવાન સાથે રમતા હતા. અહો ! જેમના ચરણની રજ અનેક જન્મમાં કષ્ટો વેઠી મનને વશ કરનારા યોગીઓને પણ મળતી નથી, તે જ ભગવાન પોતે જેમને પ્રત્યક્ષ દર્શન દેતા, તે વ્રજવાસીઓના ભાગ્યનું અમે શું વર્ણન કરીએ ? પછી અઘાસુર નામે મોટો અસુર તે બાળકોની સુખભરી રમત (અદેખાઈથી) ન જોઈ શકતો ત્યાં આવ્યો. તે એટલો બધો ભયંકર હતો કે અમૃતપાન કરીને અમર થયેલા દેવતાઓ પણ એનાથી પોતાના જીવનનું રક્ષણ કરવા માટે ચિંતાતુર રહેતા હતા અને નિત્ય તેના મૃત્યુની રાહ જોતા હતા. તે અઘાસુરને કંસે મોકલ્યો હતો. પૂતના અને બકાસુરનો તે નાનો ભાઈ હતો. તેણે કૃષ્ણ વગેરે બાળકોને જોઈ મનમાં નિશ્ચય કર્યોઃ 'આણે મારી બહેન તથા ભાઈનો નાશ કર્યો છે, માટે મારાં તે ભાઈબહેનની ખાતર આ કૃષ્ણને તેના આ ગોપાલબાલોની સાથે હું મારીશ. આ સર્વ ગોપાલબાળકોને હું મારાં ભાઈબહેનના તિલોદકરૂપ કરીશ, તેથી સર્વ વ્રજવાસીઓ મરેલા જેવાં જ થશે, કેમ કે પ્રાણ ગયા પછી શરીરની શી ચિંતા ? (અર્થાત્ વ્રજવાસીઓના પ્રાણ જેવા આ બાળકોનો નાશ થતાં તે વ્રજવાસીઓ મુડદા જેવા જ થવાના છે.) કારણ કે પ્રાણીઓ પ્રજારૂપ પ્રાણવાળાં જ ગણાય છે.' આવો વિચાર કરી દુષ્ટ અઘાસુર એક યોજન લાંબું, પર્વતના જેવું જાડું અને ગુફા જેવા પહોળા મુખવાળું મોટું અજગરનું શરીર ધારણ કરી, સર્વને ગળી જવાની ઈચ્છાથી માર્ગમાં સૂતો. તે વખતે એનો નીચલો હોઠ પૃથ્વી પર અને ઉપરનો હોઠ છેક વાદળને અડતો હતો. બંને ગલેફા ગુફાઓ જેવાં, દાઢો પર્વતોનાં શિખરો જેવી, મુખનો અંદરનો ભાગ અંધકાર જેવો, જીભ વિશાળ માર્ગ જેવી, શ્વાસ તીક્ષ્ણ પવન જેવો અને દૃષ્ટિ દાવાનળ જેવી હતી. આવા તેને જોઈને સર્વ ગોપકુમારો (ભ્રાંતિથી) એને વૃંદાવનની શોભા માની રમતથી અજગરના પહોળા મુખ સાથે તેની સરખામણી કરવા લાગ્યા : 'અહો ! હે મિત્રો ! કહો, આગળ જે આ રહ્યું છે, તે પ્રાણી જેવું લાગે છે કે નહિ ? જાણે આપણને ગળી જવા અજગરનું પહોળું મુખ હોય તેવું જણાય છે. જુઓ, આની ઉપર સુર્યનાં કિરણોથી લાલ થયેલું પેલું વાદળું જાણે આનો ઉપલો હોઠ હોય અને તેની સામેની છાયાથી લાલ થયેલો આ નીચેનો કિનારો જાણે નીચલો હોઠ હોય તેમ જણાય છે. આ પહાડની ડાબીજમણી બે ગુફાઓ (અજગરનાં) બે ગલોફાં જેવી લાગે છે અને ઊંચાં આ શિખરોની શ્રેણી અજગરની દાઢોની તુલના કરે છે. તે જુઓ, આ વિશાળ લાંબે માર્ગ જાણે અજગરની જીભની સરખામણી કરે છે ને આ શિખરોની વચ્ચે આવેલ અંધકાર તે અજગરના મુખનો અંદરનો ભાગ હોય તેવો લાગે છે. જુઓ તો ખરા ! દાવાનળ લાગ્યો હોય તેવો ગરમ જણાતો આ પવન અજગરના શ્વાસ જેવો છે અને તે દાવાનળમાં બળતાં પ્રાણીઓની દુર્ગંધ (અજગરે ખાધેલા) અંદરના માંસની ગંધ જેવી લાગે છે. આમાં આપણે પ્રવેશ કરીશું, તો શું આ આપણને ગળી જશે ? કદાચ ગળી જશે તો પેલા

બગલાની પેઠે આ શ્રીકૃષ્ણના હાથે ક્ષણમાં નાશ પામશે. આમ કહેતા તે છોકરા શ્રીકૃષ્ણના મુખ સામે જોઈને ઊંચેથી હસતા ને તાળીઓ પાડતા અજગરના મુખમાં પેસી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર પ્રાણીઓના હૃદયમાં હોઈ જાણતા જ હતા કે આ રાક્ષસ છે, પણ અજગરના રૂપવાળા તે રાક્ષસને ન જાણતાં બાળકોનું પૂર્વોક્ત મિથ્યા ભાષણ સાંભળી ‘આ અજગરનું શરીર ધરનારો અસુર જ છે; છતાં આ બાળકોને મિથ્યા પહાડ જેવો જણાય છે’ આવો વિચાર કરી તેઓને અટકાવવા માટે તેમણે વિચાર કર્યો, તેટલામાં તો એ બાળકો વાછરડાં સાથે પેલા અજગરના મુખમાં પેસી ગયા; પરંતુ રાક્ષસ અઘાસુર મરણ પામેલાં પોતાનાં ભાઈબહેનને યાદ કરી બકદૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના પ્રવેશની રાહ જોતો પેલાં બાળકો કે વાછરડાંને ગળી ગયો નહિ. સકળ પ્રાણીઓને અભય આપનાર શ્રીકૃષ્ણ પોતાના સિવાય બીજો જેઓને સ્વામી ન હતો એવા તે ગરીબ ગોવાળોને પોતાના હાથમાંથી (મૃત્યુના મુખમાં) જઈ પડેલા અને મૃત્યુરૂપ અઘાસુરના જઠરાગ્નિમાં તણખા તુલ્ય થયેલા જોઈ તેઓ પરની કૃપાથી વ્યાકુળ થઈ દૈવના એ કૃત્યથી આશ્ચર્ય પામ્યા. પછી ‘આ સમયે શું કરવું ? આ દુષ્ટનું જીવન ન રહે અને આ સજ્જનોની હિંસા ન થાય, એ બંને કેમ બને ?’ આવો વિચાર કરી તેનો ઉપાય જાણી સર્વના દ્રષ્ટા શ્રીહરિ અઘાસુરના મુખમાં પેઠા. તે સમયે વાદળાં પાછળ છુપાયેલા દેવોએ ભયથી હાહાકાર કર્યો ને અઘાસુરના સંબંધી કંસ વગેરે રાક્ષસો હર્ષ પામ્યા. તે સાંભળી અવિનાશી ભગવાન શ્રીકૃષ્ણ બાળકો તથા વાછરડાં સાથે પોતાને ચૂરો કરવા ઈચ્છતા અઘાસુરના ગળામાં એકદમ વધી ગયા. તેથી તેનો કંઠરૂપી માર્ગ સંધાઈ ગયો; એથી તેની આંખો બહાર નીકળી પડી અને (વેદનાને લીધે) આમતેમ ભમતા તે પ્રચંડ શરીરવાળા અઘાસુરના દેહમાં ચારે બાજુ ભરાઈને રુંધાઈ રહેલો પવન તેના મસ્તકના બ્રહ્મરંધ્રને ચીરી બહાર નીકળ્યો. અને તેની સાથે જ તેની સર્વ ઈન્દ્રિયો પણ બહાર નીકળી ગઈ. પછી મરેલાં વાછરડાં તથા મિત્રોને પોતાની દૃષ્ટિથી જ સજીવન કરી મુકુંદ ભગવાન તેઓની સાથે અઘાસુરના મુખમાંથી બહાર નીકળ્યા. એ સમયે અઘાસુરના જાડા શરીરમાંથી નીકળેલું મહાઅદ્‌ભુત તેજ પોતાના પ્રકાશથી દશે દિશાઓને પ્રકાશમાન કરતું ભગવાનના બહાર નીકળવાની રાહ જોઈ આકાશમાં રહ્યું હતું, તે દેવતાઓના દેખતાં ભગવાનમાં પેસી ગયું. પછી અતિ હર્ષ પામેલા દેવોએ પોતાનું કાર્ય કરનારા શ્રીકૃષ્ણની પુષ્પોથી, અપ્સરાઓએ નૃત્યથી, સુંદર ગાનારા ગંધર્વોએ ગીતોથી, વાદિંત્ર વગાડનારાઓએ વાદિથી, બ્રાહ્મણોએ સ્તોત્રોથી અને પાર્ષદોએ ‘જય જય’ શબ્દોથી પૂજા કરી. તે અદ્‌ભુત સ્તોત્રો, વાદિત્રો, ગીતો તથા ‘જય જય’ વગેરેના અનેક ઉત્સવમંગળના શબ્દોને પોતાના ધામની સમીપ સાંભળી બ્રહ્મા તત્કાળ ત્યાં આવ્યા અને શ્રીકૃષ્ણનો મહિમા જોઈ આશ્ચર્ય પામ્યા. હે રાજન્ ! સુકાઈ ગયેલું તે અદ્ભુત અજગરનું ચામડું વૃંદાવનમાં લાંબા સમય સુધી વ્રજવાસીઓને રમવાની ગુફારૂપ થયું હતું. એમ શ્રીહરિએ અજગરના મુખથી પોતાને બચાવ્યા અને અઘાસુરનો મોક્ષ કર્યો તે એમનું કુમાર અવસ્થાનું કર્મ જોઈને આશ્ચર્ય પામેલા બાળકોએ એ કર્મને તેમની પૌગંડ અવસ્થામાં વ્રજમાં કહ્યું હતું. એ રીતે જેમના સ્પર્શથી પાપો ધોવાઈ જતાં અઘાસુર પણ દુર્જનોને દુર્લભ ભગવાનની સમાનતા પામ્યો, એ આશ્ચર્ય નથી; કેમ કે ભગવાન કૃષ્ણે કેવળ માયા વડે જ મનુષ્યનું બાળકપણું સ્વીકાર્યું હતું; ખરી રીતે પોતે સ્થાવરજંગમના સ્રષ્ટા સર્વોત્કૃષ્ટ પરમેશ્વર છે. જેમના અંગની કેવળ મનથી ધ્યાન–પ્રતિમા માત્ર એક જ વાર હૃદયમાં સ્થાપેલી, તે તે મહાપુરુષોને સાક્ષાત્ મોક્ષ આપનાર થઈ, તો નિત્ય આત્મસુખના અનુભવથી જેમણે સર્વ સ્થળે માયા દૂર કરી છે એવા તે જ ભગવાન, અઘાસુરના શરીરમાં પોતે જઈને તેને મુકિત આપે. એમાં શું આશ્ચર્ય છે ?

**સૂત બોલ્યા :** હે શૌનકાદિ બ્રાહ્મણો ! યદુવંશી શિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણે જ રાજા પરીક્ષિતને (ઉત્તરાના ગર્ભમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી) જીવનદાન આપ્યું હતું. તેણે જ્યારે પોતાના જીવનરક્ષક ભગવાનનું આ અદ્‌ભુત ચરિત્ર સાંભળ્યું ત્યારે શુકદેવજીને ફરી પણ એ જ ભગવાનની પવિત્રલીલાઓ વિષે પ્રશ્ન કર્યો; કારણ કે પરીક્ષિતનું ચિત્ત ભગવાનની અમૃતમયી લીલાઓમાં જ તન્મય થયું હતું.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** તે બ્રહ્મન્ ! જે કર્મ ભગવાને કુમારાવસ્થામાં કર્યું હતું, તેને જ બાળકોએ ભગવાનની પૌગંડ અવસ્થામાં કહ્યું : તો (પ્રશ્ન આ થાય છે કે) બીજા કાળમાં કરેલું કર્મ તે કાળમાં કરેલું કેમ થાય ? અર્થાત્ બીજા કાળમાં કરેલા કર્મને તે કાળમાં જાણી બાળકોએ કેમ કહ્યું ? હે મહાયોગી ! હે ગુરો ! તે મને કહે. મને ઘણું આશ્ચર્ય થાય છે. એ વાત નક્કી જ છે કે, એ પણ શ્રીહરિની માયા જ હોવી જોઈએ, નહિ તો એમ બને નહિ. હે ગુરો ! અમે અધમ ક્ષત્રિય છીએ, તોપણ લોકમાં ઘણા ધન્યવાદને પાત્ર થયા છીએ; કેમ કે શ્રીકૃષ્ણની કથારૂપ પવિત્ર અમૃત આપની પાસેથી વારંવાર અમે સાંભળીએ છીએ.

**સૂત બોલ્યા :** ભગવદ્‌ભક્તોમાં ઉત્તમોત્તમ છે શૌનક ! એમ પરીક્ષિતે શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવ્યું તેથી વ્યાસપુત્ર શુકદેવજીની સમગ્ર ઈન્દ્રિયોની વૃત્તિઓ શ્રીભગવાનમાં જ તદાકાર બની. કેટલીક વાર પછી શ્રમ અને કષ્ટથી તેમને ફરી બાહ્યદૃષ્ટિ પ્રાપ્ત થતાં ધીમે ધીમે તેમણે પરીક્ષિત રાજાને કહ્યું. ૧-૪૪

इत्थं स्म पृष्टः स तु बादरायणिस्तत्स्मारितानन्तहृताऽखिलेन्द्रियः ।
कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिःशनैः प्रत्याह तं भागवतोत्तमोत्तमम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## ગોપબાળકો તથા વાછરડાંને બ્રહ્મા હરી ગયા

॥ श्रीशुक उवाच ॥

साधु पुष्टं महाभाग त्वया भागवतोत्तम । यन्नूतनयसीशस्य श्रृण्वन्नपि कथां मुहुः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહાભાગ્યશાળી ઉત્તમ ભકત ! તમે સારી વાત પૂછી, કારણ કે ભગવાનની કથા વારંવાર સાંભળો છો, તો પણ તેને નવીન જેવી કરો છો. જેમ સ્ત્રીલંપટ પુરુષોને સ્ત્રીઓની વાતો પ્રતિક્ષણ નવી નવી અને સારી લાગે છે, તેમ જેઓની વાણી, કાન તથા ચિત્ત કેવળ ભગવાનની કથા માટે જ છે તેવા સારાગ્રહી સત્પુરુષોનો આ સ્વભાવ છે કે, તેઓને ભગવાનની કથા ક્ષણે ક્ષણે નવી નવી અને સારી લાગે છે. હે રાજન્ ! આ વાત ગુપ્ત છે, તોપણ હું તમને કહું છું તમે સાવધાન થઈ સાંભળો; કેમ કે ગુરુઓ સ્નેહપાત્ર શિષ્યને ગુપ્ત વાત પણ કહે છે. એ પ્રમાણે મૃત્યુરૂપ અઘાસુરના મુખમાંથી વાછરડાં તથા બાળકોનું રક્ષણ કરીને ભગવાન કૃષ્ણ તેઓને નદીના કિનારા પર લાવી આ પ્રમાણે કહેવા લાગ્યા : "અહો ! હે મિત્રો ! આ કિનારો અત્યંત સુંદર છે. અહીં આપણી રમતની સંપત્તિઓ છે. સુંવાળી ને સ્વચ્છ રેતી અહી પથરાયેલી છે અને પ્રફુલ્લ કમળની સુગંધથી ખેંચાયેલા ભમરા તથા પક્ષીઓના શબ્દોના પડઘા અહી થઈ રહ્યા છે. સુશોભિત વૃક્ષો પણ અહી પુષ્કળ છે. વળી દિવસ ચડી ગયો છે અને આપણે ભૂખથી પીડાયા પણ છીએ; માટે અહી જમીએ અને આ વાછરડાં પાણી પીને સમીપમાં જ ધીમે ધીમે ભલે ઘાસ ચરે. 'બહુ સારું' એમ કહી બાળકોએ વાછરડાંને પાણી પાઈ લીલા ઘાસના પ્રદેશમાં રોકી (ભાતનાં) શીકાં મૂકી ભગવાનની સાથે આનંદથી જમવા માંડ્યું.

તે સમયે શ્રીકૃષ્ણની ચારે બાજુ મોટી ગોળ પંક્તિઓમાં બાળકો એકબીજાને અડીને બેઠાં હતાં. તેઓનાં મુખ શ્રીકૃષ્ણની સામે હતાં અને તેઓની દૃષ્ટિ પ્રફુલ્લ હતી. એથી જેમ વનમાં કમળની કળીની ચારે બાજુ (પરસ્પર અડી રહેલી) તેની પાંખડીઓ શોભે તેમ તેઓ શોભતા હતા. એ વખતે કેટલાક બાળકો પુષ્પોનાં, કેટલાક પાંદડાંનાં, કેટલાક અંકુરોનાં, કેટલાક ફળોનાં, કેટલાક શીકાંનાં, કેટલાક ઝાડની છાલોનાં અને કેટલાક પથ્થરોનાં જમવાનાં પાત્ર બનાવી જમતા હતા. તેઓ સૌ પોતપોતાનાં ભોજનનો જુદો જુદો સ્વાદ પરસ્પર બતાવતા, હસતા અને હસાવતા શ્રીકૃષ્ણની સાથે જમતા હતા. ભગવાન કૃષ્ણ તો યજ્ઞભોક્તા હતા, છતાં બાળક્રીડા કરતા, સ્વર્ગલોકના દેખતાં પોતાના મિત્ર બાળકો સાથે એ વેળા જમતા હતા; ત્યારે તેમણે પોતાની ભેટમાં વાંસળી ખોસી હતી. શિંગડી અને છડી કાખમાં રાખી હતી. ડાબા હાથમાં દહીંભાતનો કોળિયો લઈ, તેની સાથે ખાવાલાયક ફળનાં અથાણાં આંગળીઓમાં લીધાં હતાં અને સર્વની વચ્ચે બેસી પોતાની ચારે બાજુ બેઠેલા મિત્રોને હાસ્યવચનોથી હસાવતા હતા. હે ભરતવંશી રાજા ! એ પ્રમાણે વાછરડાંના પાલક ગોપપુત્રો શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખી જમતા હતા; તેવામાં ઘાસથી લોભાયેલાં વાછરડાં વનમાં દૂર ચાલ્યાં ગયાં; એટલે તેઓને ભયથી ત્રાસેલાં જોઈ ભયના પણ ભયરૂપ શ્રીકૃષ્ણ તેઓને કહેવા લાગ્યાઃ ‘હે મિત્રો ! તમે જમતા બંધ થશો મા; તમારાં વાછરડાંને હું લાવી આપીશ.’ એમ કહી ભગવાન કૃષ્ણ હાથમાં રહેલા કોળિયા સાથે પર્વતો, ગુફાઓ, લતાઓ ને ઝૂંડો અને પહાડોની ખીણોમાં પોતાનાં વાછરડાંને શોધતા શોધતા ગયા. તે વખતે બ્રહ્મા, શ્રીકૃષ્ણે પ્રથમ કરેલો અઘાસુરનો મોક્ષ જોઈ પરમ વિસ્મય પામી માયાથી બાળક બનેલા શ્રીકૃષ્ણ ભગવાનનો બીજો પણ સુંદર મહિમા જોવા માટે ત્યાં આવી તેમનાં વાછરડાંને તથા બીજી તરફથી ગોપાળ બાળકોને પણ બીજે સ્થળે લઈ જઈ અદૃશ્ય થયા. પછી શ્રીકૃષ્ણ પાછા નદીકિનારે આવ્યા અને ગોપબાળકોને પણ ત્યાં ન જોતાં વનમાં ચારે તરફ તે બંનેની શોધ કરવા લાગ્યા. પણ કોઈ સ્થળે વાછરડાં કે ગોવાળિયાનાં બાળકો ન જોતાં વિશ્વવેત્તા શ્રીકૃષ્ણ તરત જ જાણી ગયા કે ‘આ સઘળું બ્રહ્માએ કર્યું છે.’ પછી જગતના સ્રષ્ટા ભગવાન શ્રીકૃષ્ણે ગોવાળિયાઓની તથા વાછરડાંની માતાઓને અને બ્રહ્માને પણ આનંદ ઉપજાવવા પોતાનું સ્વરૂપ ગોવાળોના પુત્રોરૂપે તથા વાછરડાંરૂપે બનાવ્યું અને ગોવાળિયા તથા વાછરડાંના જેવડાં નાનાં શરીરો, હાથપગ વગેરે લાકડીઓ, શિંગડીઓ, વાંસળીઓ, પુષ્પપત્રો અને શીકાં જેવાં આભૂષણો તથા વસ્ત્રો, તેમના જેવા સ્વભાવ, ગુણો, નામો, આકૃતિઓ તથા ઉંમર અને જેવું જેનું રમતગમત વગેરે હતું, તેવા તેવા સર્વસ્વરૂપે થઈ અજન્મા શ્રીકૃષ્ણ **‘सर्वं विष्णुमयं जगत्’** એ પ્રસિદ્ધ વેદવાણી જ જાણે અર્થસ્વરૂપે પ્રત્યક્ષ થઈ હોય તેમ શોભવા લાગ્યા. એ રીતે ભગવાન પોતે પોતાનાં જ સ્વરૂપ ગાયોનાં વાછરડાંને પોતાનારૂપ ગોવાળિયાઓ દ્વારા પાછા વાળી પોતાના જ સ્વરૂપે વિહારોથી રમતા સર્વસ્વરૂપ થઈ વ્રજમાં દાખલ થતા અને ત્યાં તે તે વાછરડાંને તેના વાડાઓમાં પૂરી પોતે જ તે તે ગોવાળિયાઓના ઘરમાં પ્રવેશ કરતા. હે રાજન્ ! એમ ભગવાન તે તે સ્વરૂપે થયા હતા. એ વખતે તેમની માતાઓ વાંસળીનો શબ્દ સાંભળી ઉતાવળથી ઊઠતી ને તે પરબ્રહ્મને પોતાના પુત્રોમાની બંને હાથ વડે તેડી, ગાઢ આલિંગન કરી સ્નેહથી ઝરતું અમૃત જેવું સ્વાદિષ્ટ અને આસવ જેવું માદક ધાવણ ધવડાવતી. એમ હે રાજા ! તે તે કાળની રમતના નિયમ પ્રમાણે રમી, સાયંકાળે પાછા ઘેર આવી શ્રીકૃષ્ણ પોતાનાં સુંદર આચરણોથી તે તે માતાઓને આનંદ પમાડતા અને માતાઓ પણ પોતપોતાના પુત્ર સ્વરૂપ એ શ્રીકૃષ્ણને મર્દન, સ્નાન, વિલેપન, અલંકાર, રક્ષા, તિલક તથા ખાનપાન વગેરે ક્રિયાઓથી લાડ લડાવતી. એ જ રીતે ગાયો પણ

ઉતાવળી વાડાઓમાં આવી હુંકાર શબ્દથી બોલાવેલાં અને પાસે દોડી આવેલાં પોતપોતાનાં વાછરડાંને વારંવાર ચાટતી, આંચળમાંથી ઝરતું દૂધ પિવડાવતી. એમ ગાયો તથા ગોપીઓનો પોતપોતાના બાળકસ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણ પર પૂર્વના જેવો જ સંપૂર્ણ માતૃભાવ હતો; પરંતુ પૂર્વે સ્નેહની અધિકતા વિનાનો હતો, ત્યારે હમણાં પુષ્કળ સ્નેહથી યુક્ત હતો; તેમ જ શ્રીહરિનો એ ગાયો તથા ગોપીઓ ઉપર પોતાનો પુત્રભાવ પણ પૂર્વના જેવો જ હતો; છતાં એ પુત્રભાવ માયાથી રહિત એટલે 'હું આનો પુત્ર છું અને આ મારી માતા છે' આવા મોહથી રહિત હતો. વ્રજવાસીઓને પ્રથમ શ્રીકૃષ્ણ ઉપર પોતાના પુત્રો કરતાં પણ જે અધિક સ્નેહ હતો, તે જ પ્રમાણે હમણાં એક વર્ષ સુધી પોતાનાં બાળકો ઉપર પણ તેમની સ્નેહરૂપી વેલડી ધીમે ધીમે પ્રતિ દિન નિઃસીમપણે વધ્યે જતી હતી. એ રીતે સર્વના આત્મા શ્રીકૃષ્ણ પોતે જ ગોવાળિયા થઈ એક વર્ષ સુધી ગોવાળિયાઓના બહાને (વાછરડાંરૂપ) પોતાનું જ રક્ષણ કરતા વનમાં તથા વ્રજમાં ક્રીડા કરી હતી. એક દિવસે વર્ષ પૂરું થવામાં પાંચ-છ રાત્રિઓ ઓછી હતી, ત્યારે અજન્મા ભગવાન વાછરડાં ચારવા માટે બળરામ સાથે વનમાં દાખલ થયા. તે વખતે દૂર ગોવર્ધન પર્વત પર ઘાસ ચરતી ગાયોએ વ્રજની પાસે વાછરડાંને ચરતાં જોયાં. તેને જોઈ ગાયનું એ ટોળું સ્નેહને વશ થઈ ભાન જ ભૂલી ગયું અને પોતાના પાલક ગોવાળિયાઓને તથા દુર્ગમ માર્ગને પણ ઓળંગી ચોતરફ દૂધને ઝરતું એવું વેગથી દોડ્યું કે એ વેળા તે જાણે બબ્બે જ પગવાળું હોય તેવું જણાતું હતું. તેમણે ખાધમાં ડોક વાળી દીધી હતી અને હુંકાર શબ્દ કરી મુખ તથા પૂંછડાં ઊંચાં ઉછાળ્યાં હતાં. વાછરડાંવાળી તે ગાયો પર્વત નીચે વાછરડાંને મળી તેઓને જાણે ગળી જતી હોય તેમ તેઓનાં અંગો ચાટતી આંચળનું દૂધ પિવડાવવા લાગી. ગોવાળિયાઓએ તે ગાયોનાં ટોળાંને અટકાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તેમાં તેઓ નિષ્ફળ થઈ લજ્જા તથા અત્યંત ક્રોધપૂર્વક પર્વતના દુર્ગમ માર્ગે મહાકષ્ટથી નીચે ઊતર્યા; ત્યાં તો ગાયો અને વાછરડાં સાથે પુત્રોને તેઓએ જોયા. તેમને જોતાં જ તેઓનો ક્રોધ જતો રહ્યો, તેઓનાં અંતઃ કરણ પ્રેમરસથી તરબોળ બન્યાં અને અત્યંત સ્નેહાળ થઈ પુત્રોને હાથ વડે ઊંચકી ભેટીને તેઓનાં મસ્તકોને સુંઘવા વડે પરમ આનંદ પામ્યા. પછી પુત્રોને ભેટવાથી અત્યંત શાંત થયેલા વૃદ્ધ ગોવાળિયા ધીમે ધીમે મહાકષ્ટે ત્યાંથી પાછા ફર્યા, પણ તે વખતે પુત્રો યાદ આવતાં તેઓનાં નેત્રોમાં ઝળઝળિયાં આવી ગયાં. આવી વ્રજવાસીઓની પ્રેમસમૃદ્ધિ, તેમ જ મોટા થયેલા બાળકો ઉપર પણ ધાવણાં બાળકોના જેવી પ્રતિક્ષણની વધતી તેમની ઉત્કંઠા જોઈ બળદેવજી તેનું કારણ નહિ જાણતાં વિચારમાં પડયા. 'આ આશ્ચર્ય જેવું શું છે ? સમગ્રના આત્મા શ્રીકૃષ્ણ ઉપર મારો અને સમગ્ર વ્રજનો પ્રથમ જેવો અપૂર્વ પ્રેમ હતો, તેવો જ હમણાં આ બાળકો તથા વાછરડાં ઉપર વધ્યે જાય છે ! દેવોની, મનુષ્યોની કે અસુરોની આ કઈ માયા હશે ? ક્યા કારણે આનો પ્રયોગ કરાયો હશે ! ઘણું કરીને આ માયા મારા સ્વામી શ્રીકૃષ્ણની જ હોવી જોઈએ, બીજી ન હોય; કારણ કે આ મને મોહ પમાડે છે.' આવો વિચાર કરી બળદેવજીએ જ્ઞાનમય દૃષ્ટિથી સર્વ વાછરડાંને તથા મિત્ર બાળકોને પણ શ્રીકૃષ્ણસ્વરૂપ જ જોયાં. પછી તેમણે શ્રીકૃષ્ણને પૂછ્યું, 'જેઓને આપણે પાળીએ છીએ તે વાછરડાં ઋષિઓના અને ગોવાળિયા દેવના અંશો છે એટલું જ માત્ર જાણું છું; પણ હમણાં તેવું નથી. હમણાં તો વાછરડાં, બાળકો, શિંગડીઓ, દોરડાં આ બધી જુદી જુદી વસ્તુઓમાં પગ તમે જ એક જણાઓ છો; માટે આ બધું શું બન્યું છે તે મને કહો.' એમ બળદેવજીએ પૂછ્યું ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણે ટૂંકમાં બધું વૃત્તાંત જણાવ્યું; તેથી બળદેવજીએ તે જાણ્યું. તેવામાં પોતાના (સમયના) માપ પ્રમાણે એક ત્રુટિ સમય વીત્યો એટલે બ્રહ્માએ ત્યાં આવીને પૂર્વની પેઠે એક વર્ષ સુધી અનુચરો સાથે રમતા

શ્રીહરિને જોયા. તે જોઈને બ્રહ્મા વિચારમાં પડયા : 'ગોકુળમાં જેટલાં બાળકો છે, તે બધાં વાછરડાં સાથે મારી માયારૂપી શય્યામાં સૂતાં છે; તે હજી સુધી ઊઠ્યાં નથી. તો મારી માયાથી મોહિત થયેલાં તે સિવાયનાં આ બીજાં અહીં ક્યાંથી આવ્યાં ? આ તેટલાં જ બાળકો અને વાછરડાં અહીં એક વર્ષ સુધી વિષ્ણુ સાથે ક્રીડા કરે છે !' એમ બ્રહ્મા જુદાં જુદાં બાળકો તથા વાછરડાં વિષે લાંબા સમય સુધી વિચાર કરી સાચાં ક્યાં અને ખોટાં ક્યાં એ જાણવા કોઈ પ્રકારે સમર્થ થયા નહિ. એ રીતે જગતને મોહ પમાડનારા અને પોતે મોહરહિત વિષ્ણુભગવાનને પોતાની માયાથી મોહ ઉપજાવવા જતાં બ્રહ્મા પોતે જ મોહ પામ્યા. જેમ અંધારી રાત્રિમાં ઝાકળનું અંધારું જુદુ આવરણ કરી શકતું નથી, પણ ઊલટું રાત્રિના અંધકારમાં લય પામે છે અથવા દિવસે આગિયાનું અજવાળું કંઈ જુદો પ્રકાશ પાડી શકતું નથી (અથવા દિવસના પ્રકાશને ઢાંકી પણ શકતું નથી) પણ ઊલટું દિવસના પ્રકાશમાં જ લય પામે છે, તેમ કોઈ મન (માયાવી) પુરુષ ઉપર માયા કરનાર પુરુષની સામાન્ય માયા તે મહાપુરુષને કંઈ પણ કરી શકતી નથી, પણ ઊલટી પોતાના સામર્થ્યનો જ નાશ કરે છે. (બ્રહ્મા તે બધું જોઈને આશ્ચર્યચકિત થયા,) તેટલામાં બ્રહ્માના દેખતાં જ સર્વ ગોપબાળો અને વાછરડાં તત્કાળ મેઘ જેવાં શ્યામ અને પીળાં પીતાંબર પહેરેલાં દેખાયાં. તેઓ સર્વે ચાર ભુજાઓવાળા, શંખ, ચક્ર, ગદા ને પદ્મ હાથમાં ધારણ કરતા અને મુકટો, કુંડળો, હારો તેમ જ વનમાળાઓ પહેરેલા છે. તેઓના બાહુઓ ઉપર શ્રીવત્સની કાંતિવાળા બાજુબંધ છે. હાથ પર શંખના આકારનાં કડાં છે. ઝાંઝરી, કડાં, કંદોરા તથા વીટીઓ વડે તેઓ શોભે છે. પગથી મસ્તક સુધી સર્વ અંગોમાં અત્યંત પુણ્યશાળી પુરુષોએ અર્પણ કરેલી કોમળ તુલસીની નવી માળાઓથી તેઓ ભરપૂર હતા. ચાંદની જેવા ઉજ્જવળ મંદ હાસ્ય તથા રકતકમળ જેવાં નેત્રોના દૃષ્ટિપાતથી ભકતજનોના મનોરથને રજોગુણથી સર્જતા અને સત્ત્વગુણથી પાળતા હોય તેવા દેખાઈ રહ્યા છે. બ્રહ્માથી માંડી વનસ્પતિ સુધીનાં સ્થાવરજંગમ પ્રાણીઓ મૂર્તિમાન થઈ નૃત્ય, ગીત વગેરે અનેક પ્રકારની પૂજાઓથી તેની જુદી જુદી ઉપાસના કરે છે. અણિમાદિ આઠ મહાસિદ્ધિઓ, માયા વગેરે વિભૂતિઓ અને મહત્તત્ત્વ વગેરે ચોવીસ તત્ત્વોથી તેઓ વીંટાયેલા છે. પોતાના મહિમાથી નાશ પામેલા મહિમાવાળા કાળ, સ્વભાવ, સંસ્કાર, કામ, કર્મ તથા ગુણો વગેરે (સહકારી) પદાર્થો મૂર્તિ માન થઈને તેમની ઉપાસના કરી રહ્યા છે. ભગવાનની સત્તા અને મહત્તાની આગળ તે સર્વેની સત્તા અને મહા પોતાનું અસ્તિત્વ ખોઈ બેઠી હતી. અને ભગવદરૂપે હોવાને લીધે જ તેઓ સર્વે સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનંત, આનંદમાત્રરૂપ, સદા એકરૂપે મૂર્તિવાળા અને આત્મજ્ઞાનરૂપ દૃષ્ટિવાળા પુરુષોએ પણ નહિ જાણેલા મોટા માહાત્મ્યવાળા છે. એમ બ્રહ્માએ તેઓ સર્વને એક વાર પરબ્રહ્મસ્વરૂપ જ જોયા કે જે પરબ્રહ્મના પ્રકાશથી આ સર્વ સ્થાવરજંગમ જગત પ્રકાશે છે. પછી તેમના તેજથી સ્તબ્ધ થયેલી અગિયારે ઈન્દ્રિયોવાળા બ્રહ્મા અત્યંત આશ્ચર્યથી હંસની પીઠ પર ઢળી પડયા અને નગરના અધિષ્ઠાતા દેવ પાસે (ઊભી કરેલી ચાર મુખોવાળી) પૂતળીની પેઠે નિશ્ચળ થઈ ગયા. એમ તર્કનો અવિષય, સ્વયંપ્રકાશ, સુખસ્વરૂપ, માયાથી પર અને 'તે નહિ, તે નહિ' એમ બ્રહ્મ ભિન્ન વસ્તુના ત્યાગપૂર્વક ઉપનિષદો દ્વારા જાણી શકાતા પોતાના મહિમામાં બ્રહ્મા 'આ શું ?' એમ મોહ પામ્યા અને તે જોવા માટે પણ અસમર્થ થયા ત્યારે તેમની એ સ્થિતિ જાણી અજન્મા પરમેશ્વર શ્રીકૃષ્ણે પિતાનો માયારૂપી પડદો ખસેડી લીધો. પછી બ્રહ્માને બાહ્ય ઈન્દ્રિયવૃત્તિઓ પ્રાપ્ત થઈ અને જેમ મરી જઈને કોઈ ઊઠે, તેમ (માંડ માંડ) ઊઠી, મહાકષ્ટથી આંખો ઉઘાડી તેમણે પોતાની સાથે આ જગતને જોયું; એટલે તરત જ ચારે દિશાઓને જોતાં સામે રહેલું વૃંદાવન તેમને દેખાયું

કે જે મનુષ્યોની આજીવિકાનાં સાધન—વૃક્ષોથી વ્યાપ્ત હોઈ સર્વ તરફ પ્રિય લાગતું હતું. એ વૃંદાવનમાં સ્વાભાવિક દુસ્ત્યજ વેરવાળાં મનુષ્યો તથા સિંહાદિ પ્રાણીઓ મિત્રોની પેઠે સાથે રહેતાં હતાં, અને શ્રીભગવાનના વાસથી ક્રોધ તથા લોભ વગેરે તો ત્યાંથી નાસી જ ગયા હતા. ત્યાં ગોવાળના વંશમાં બાળકપણાનું નાટક ભજવતા, અદ્વૈત, સર્વથી પર, અનંત અને અગાધ જ્ઞાનવાળા છતાં વાછરડાંને તથા મિત્ર બાળકોને પૂર્વની પેઠે શોધતા અને હાથમાં દહીભાતનો કોળિયો ધારણ કરતા બ્રહ્મ (શ્રીકૃષ્ણ) ને બ્રહ્માએ એકલા જોયા. ભગવાનને જોઈને તરત જ પોતાના વાહન ઉપરથી ઊતરી પડી પોતાના શરીરને સોનાની લાકડીની પેઠે પૃથ્વી પર પાડી દઈ ચારે મુકુટોની અણીઓથી ભગવાનના બંને ચરણોનો સ્પર્શ કરી બ્રહ્માએ વંદન કર્યું તથા હર્ષનાં આંસુરૂપી ઉત્તમ જળઅભિષેક કર્યો. પછી પ્રથમ જાયેલા મહિમાને યાદ કરી, વારંવાર ઊઠી ઊઠી મસ્તક સામે શ્રીકૃષ્ણના બંને પગમાં પડતા બ્રહ્માએ ધીમે ધીમે ઊભા થઈ નેત્રો લૂછી નાખી શ્રીકૃષ્ણની સામે જોઈને મસ્તક નમાવી બે હાથ જોડી વિનયનમ્ર થઈ ધ્રૂજતાં ધ્રૂજતાં એકાગ્રચિત્તે ગળગળી વાણીથી ભગવાનની સ્તુતિ કરવા માંડી. ૧-૬૪

शनैरथोत्थाय विमृज्य लोचने मुकुन्दमुद्वीक्ष्य विनम्रकन्धरः ।
कृताञ्जलिः प्रश्रयवान्समाहितः सवेपथुर्गद्गदयैलतेलया ॥६४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪
## બ્રહ્માએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ

॥ ब्रह्मोवाच ॥

नौमीड्य तेऽभ्रवपुषे तडिदम्बराय गुञ्जावतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्मश्रिये मृदुपदे पशुपाङ्गजाय ॥१॥

**બ્રહ્મા સ્તુતિ કરે છે :** હે સ્તુતિ કરવા યોગ્ય ભગવન્ ! મેઘ સમાન શરીરવાળા, વીજળી જેવાં વસ્ત્રવાળા, ચણોઠીનો કર્ણાભૂષણો તથા મોરપીંછના મુકુટથી શોભતા મુખવાળો, વનમાળા પહેરનારા, કોળિયો, છડી, શિંગડી અને વાંસળીરૂપી ચિહ્નની શોભાવાળા અને કોમળ પગવાળા ગોપાલપુત્ર આપને હું નમસ્કાર કરું છું. હે દેવ ! આપનું આ શરીર મારા પરના અનુગ્રહરૂપ હોઈ ભકતોની ઈચ્છા પૂર્ણ કરનારું છે. તે ભૂતમય ન હોતાં અચિંત્ય શુદ્ધ સત્ત્વગુણમય છે. આ શરીરનો પણ મહિમા જાણવા જો કોઈ સમર્થ નથી, તો આપનું જે સ્વરૂપ સાક્ષાત્ આત્મસુખના અનુભવરૂપ છે, તેનો મહિમા જાણવા સર્વ તરફથી એકાગ્ર કરેલા મનવડે પણ કોણ સમર્થ છે ? જેઓ જ્ઞાન મેળવવાનો બીજા કોઈ પ્રયાસ છોડી દઈ સત્પુરુષોએ કહેલી આપની કથાને જ પોતપોતાના સ્થાને રહી સાંભળે છે ને શરીર, વચન તથા મન વડે તે કથાનો સત્કાર કરતાં જ જીવે છે, તેઓએ હે અજિત ! ઘણું કરી (આપ કોઈથી જિતાયા નથી, તોપણ) આપને ત્રણે લોકમાં જીત્યા છે. હે વ્યાપક દેવ ! આપની ભકિત વ્યાવહારિક કલ્યાણ અને મોક્ષરૂપ કલ્યાણનો મૂળ સ્રોત છે. તેને છોડી જેઓ કેવળ જ્ઞાન મેળવવા પરિશ્રમ કરે છે તેઓને (ધાન્ય વિનાનાં) જાડાં ફોતરાં ખાંડનારાઓની પેઠે કેવળ પરિશ્રમ વિના બીજું કંઈ મળતું નથી; કેવળ પરિશ્રમ જ (ફળ તરીકે) મળે છે. હે અમાપ ! હે અચ્યુત ! આ લોકમાં પહેલાં પણ અનેક યોગીઓ થઈ ગયા છે. જયારે તેમને યોગ વગેરે દ્વારા આપ ની પ્રાપ્તિ ન થઈ ત્યારે તેમણે પોતાનાં લૌકિક અને વૈદિક બધાં

જ કર્મો આપનાં ચરણોમાં સમર્પી દીધાં. તે સમર્પણ કરેલાં કર્મોથી તથા આપની લીલાકથાઓથી તેમને આપની ભકિત પ્રાપ્ત થઈ. એ ભકિતથી જ આપના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમણે આપનું પરમ પદ પ્રાપ્ત કર્યું, તોપણ હે વ્યાપક પ્રભો ! આપના નિર્ગુણ સ્વરૂપનો મહિમા નિર્મળ કરેલી ઈન્દ્રિયો દ્વારા જ જાણી શકાય છે, કારણ કે આપનું નિર્ગુણ સ્વરૂપ સ્વાનુભવરૂપ (આત્માકાર થયેલા અંતઃકરણથી સાક્ષાત્કાર કરાય તેવું), 'વિશેષ આકારથી રહિત' અરૂપ છે અને ઈન્દ્રિયાદિ સાધનો વિના પોતામાં સ્વયંપ્રકાશિતરૂપે જાણવા યોગ્ય છે; 'તે આ' એમ અમુક વિષયપણાથી જાણવા યોગ્ય નથી. ગુણોના આત્મા એટલે અધિષ્ઠાતા અને આ જગતના હિત માટે અવતરેલા આપના સગુણ સ્વરૂપના ગુણો માપવા કોણ સમર્થ છે ? અતિ નિપુણ જે પુરુષોએ અમુક જન્મોના કાળે પૃથ્વી પરના રજકણોને, આકાશમાંના હિમકણોને તથા નભોમંડળનાં નક્ષત્રો વગેરેનાં કિરણો ના પરમાણુઓને પણ વિશેષે કરી ગણ્યા છે, તેઓ પણ આપના ગુણોની ગણતરી કરવા શું સમર્થ છે ? નથી જ. માટે જે પુરુષ આપની કૃપાની અત્યંત રાહ જોતો, પોતે કરેલાં કર્મોનાં ફળોને (આસકિત વિના) ભોગવતો અને મન, વચન તથા શરીરથી અમાપને નમસ્કાર કરતો જીવે છે, તે (ભકત) મુકિતપદનો અધિકારી બને છે. (અર્થાત્ ભકિત જ મોક્ષ દેનારી છે.) હે ઈશ્વર ! મારી દુર્જનતા જુઓ ! અનંત, સર્વના આદિમાં રહેલા, પરમાત્મા અને માયાવીઓના પણ માયાવી આપ વિષે પણ માયા વિસ્તારી પોતાનું ઐશ્વર્ય જોવાની મેં ઈચ્છા કરી; પણ જેમ અગ્નિની જવાળા અગ્નિ સામે કંઈ કરવા સમર્થ નથી તેમ હું આપની સામે આવું કરવા કોણ માત્ર છું ? કંઈ નથી. માટે હે અચ્યુત ! આપનો મહિમા નહિ જાણનારા રજોગુણથી ઉત્પન્ન થયેલા, 'હું જગતનો કર્તા છું' આવા મદરૂપી ઘોર અંધકારથી આંખે અંધ થયેલા અને આપથી જુદો પોતાને જ ઈશ્વર માની બેઠેલા મને ક્ષમા કરો. 'આ મારે લીધે જ નાથવાળો છે' એમ માની આપ મારા પર દયા કરવા યોગ્ય છો. પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ ને પૃથ્વીથી વીટાયેલા આ બ્રહ્માંડરૂપી કળશમાં માત્ર સાત વેંતના શરીરવાળો હું કયાં અને એવાં અગણિત બ્રહ્માંડોરૂપી પરમાણુઓને ઊડવા માટે જેમનાં રૂંવાડાંનાં છિદ્રો જાળિયાં જેવાં છે, તેવો આપનો મહિમા ક્યાં ? હે ઈન્દ્રિયાતીત પરમાત્મન્ ! ગર્ભમાં રહેલું બાળક માતાના પેટમાં બંને પગ ઉછાળે છે, પણ તેથી તેણે શું માતાનો અપરાધ કર્યો ગણાશે ? નહિ જ. તે જ પ્રમાણે સ્થૂળસૂક્ષ્મ, કાર્યકારણ વગેરે શબ્દોથી કહેવાતું આ જગત આપના ઉદરની બહાર કેટલું છે? (જરા પણ નથી, તો તે જગતની અંદરનો જ હું આપના ઉદરમાં જ સમાયેલો હોઈ તેમાં રહી માતાના પેટમાં રહેલા બાળકની પેઠે કંઈ અપરાધ કરું' તો માતાની પેઠે તેને આપ સહન કરો.) 'ત્રણે જગતના પ્રલયસમયે બધા મહાસાગરો એક થઈ ગયા, ત્યારે તેઓના જળમાં પોઢેલા શ્રીનારાયણના ઉદરમાં થયેલા નાભિકમળમાંથી બ્રહ્મા થયેલા છે'' આ વાણી અસત્ય નથી જ. હે ઈશ્વર ! આપથી હું નથી જન્મ્યો ? આપ શું નારાયણ નથી ? છો જ; કારણ કે સર્વ પ્રાણીઓના આપ આત્મા છો. (એટલે આપ નારાયણ જ છો) વળી હે અધીશ્વર ! શું આપ નારાયણ નથી ? છો જ; કેમ કે આપ સર્પના અધીશ્વર—પ્રવર્તક છો; તેમ જ આપ સમગ્ર લોકના સાક્ષી—સાક્ષાત્ જોનારા છો, તેથી પણ આપ નારાયણ છો, વળી નર એટલે પરમાત્મા અને તેથી જન્મેલા પદાર્થોનો તથા જળનો આશ્રય કરવાથી 'નારાયણ' નામે જે પ્રસિદ્ધ છે, તે પણ આપની જ મૂર્તિ છે; પરંતુ ખરી રીતે જળનો આશ્રય કરનારી આપની તે નારાયણમૂર્તિ સત્ય નથી, પણ માયા જ છે કારણ કે હે ભગવન્ ! જગતના આશ્રય રૂપ તમારું જળમાં રહેલું નારાયણ—શરીર જો સત્વ હોય તો તે જ વખતે (કમળના નાળની અંદર સો વર્ષ સુધી ઘૂમતાં) મેં કેમ ન જોયું ? અરે ! હૃદયમાં

પણ કેમ ન જોયું ? પછી તે જ વખતે (તપ કર્યું ત્યારે) એકદમ સારી રીતે કેમ દેખાયું ? (માટે તે આપની માયા જ છે; આપની મૂર્તિ તો અમાપ જ છે.) હે માયાનો નાશ કરનાર દેવ ! આ શ્રીકૃષ્ણાવતારમાં જ આપે, બહાર સ્પષ્ટ જણાતા આ સમગ્ર જગતરૂપ પ્રપંચને પોતાના પેટમાં યશોદામાતાને દર્શાવી પ્રકટ કર્યું છે કે 'આ સર્વ મારી માયા જ છે.' આપના પેટમાં આ સર્વ જગત જેવું જણાય છે, તેવું જ આપની સાથે બહાર પણ જણાય છે. તો આ બધું આપ વિષે માયા વિના શું ઘટે છે ? આપ વિના સર્વ જગત કેવળ માયારૂપ છે, આ વાત આજે જ આપે મને શું નથી બતાવી ? બતાવી જ છે. આપ પ્રથમ એક જ હતા. પછી આપ સમગ્ર વ્રજના ગોવાળિયાઓરૂપ તથા વાછરડાંરૂપ થયા, પછી મારા સહિત સમગ્ર તત્ત્વોથી સેવાતાં તેટલા જ ચતુર્ભુજરૂપે થયા. પછી તેટલાં જ બ્રહ્માંડોરૂપ થયા અને હમણાં કેવળ એક અદ્વૈતસ્વરૂપે જ આપ બાકી રહ્યા છો. (આ બધું શું ? માયા જ છે.) જેઓ આપનું સ્વરૂપ જાણતા નથી તેઓને આપ પ્રકૃતિમાં રહેલા આત્મારૂપે જ સ્વતંત્રપણે માયા વિસ્તારી જગતના સુષ્ટિસમયે હું બ્રહ્માના સ્વરૂપે હો તેવા, પાલન સમયે વિષ્ણુસ્વરૂપે હો તેવા અને પ્રલયકાળે ત્રણ નેત્રવાળા શંકરસ્વરૂપે હો તેવા ભાસો છો. હે ઈશ્વર ! આપ અજન્મા છો; છતાં દેવોમાં, ઋષિઓમાં, મનુષ્યોમાં, પશુપક્ષીઓમાં તથા જળચરોમાં પણ આપનો જન્મ દેખાય છે, તો હે પ્રભો ! હે વિધાતા ! તે દુષ્ટ પુરુષના ખરાબ મદનો નાશ કરવા અને સત્પુરુષો પર કૃપા કરવા હોય છે. હે વ્યાપક ! હે ભગવન્ ! હે પરમાત્મન્ ! હે યોગેશ્વર ! યોગમાયાનો વિસ્તાર કરતા આપ ક્યાં, કેવી રીતે, કેટલી અને ક્યારે ક્રીડા કરો છો એ આપની લીલાઓને ત્રણે જગતમાં કોણ જાણે છે ? માટે આ સમસ્ત જગત મિથ્યાસ્વરૂપ, સ્વપ્ન જેવું, પ્રતિભાસ સહિત અને પુષ્કળ દુ:ખ ભોગવ્યા પછી પણ દુ:ખની પરંપરાવાળું હોઈ નિત્ય આનંદમયસ્વરૂપ અને અનંત એવા આપ વિષે માયાથી જ જન્મે છે તથા લય પામે છે; છતાં જાણે સત્ય હોય તેવું ભાસે છે. માટે સત્યસ્વરૂપ તો આપ એક જ છો; કેમ કે આપ આત્મા અને સર્વના આદ્ય એટલે કારણ છો, કારણ કે આપ પુરાણ એટલે સર્વ કાર્યોની પહેલાં પણ રહેલા છો, કેમ કે આપ પુરુષ છો. વળી આપ નિત્ય છો. (તેથી જન્મ પછી છો તેવું કંઈ નથી, પરંતુ સનાતન છો.) આપ પૂર્ણ છો. (વૃદ્ધિરહિત છો) , કારણ કે આપ અનંત અને અદ્વૈત છો. (તેથી દેશ, કાળ અને વસ્તુના માપથી પણ રહિત છો.) વળી આપ સ્વયંજ્યોતિ છો. (તેથી જ્ઞાન વડે પામવા યોગ્ય નથી.) ઉપાધિથી મુકત છો, (તેથી વિકારને યોગ્ય નથી) અને નિરંજન છો (તેથી કોઈ પણ જાતનો મેલ દૂર કરી સંસ્કાર કરવા યોગ્ય નથી, અર્થાત્ નિર્મળ જ છો.) માટે આપ અમૃત એટલે નાશરહિત છો. નિરંતર સુખવાળા એટલે વિપરિણામથી રહિત અને અક્ષર એટલે અપક્ષયથી રહિત છો. આવા સમગ્ર આત્માઓના પણ આત્મા આપને જેઓ ગુરુરૂપી સૂર્યથી પ્રાપ્ત થયેલા ઉપનિષદોના જ્ઞાનરૂપી ચક્ષુ વડે સારી રીતે પોતાના (આત્મા) રૂપે જુએ છે. તેઓ સંસારરૂપી મિથ્યા સમુદ્રને તરે છે. જેઓ આત્માને આત્મા તરીકે જાણતા નથી તેઓને તે આત્માના અજ્ઞાનથી જ સર્વ પ્રપંચ ઉત્પન્ન થયો (જણાય) છે; પણ તે જ પ્રપંચ આત્માનું જ્ઞાન થતાં ફરી લય પામે છે. જેમ દોરીને દોરીરૂપે ન જાણવાથી તેમાં સર્પનું શરીર ભાસે છે, પણ 'આ સર્પ નથી, દોરી છે ?' આવું સત્ય સ્વરૂપ સમજાતાં તેમાં થયેલો સર્પનો ભાસ નાશ પામે છે. જો વિચારીએ તો સંસારથી બંધન અને મોક્ષ એ બંને કેવળ અજ્ઞાનથી જ જણાય છે; કેમ કે તે બંને સત્યસ્વરૂપ અને ચિદાત્મા એવા આત્માથી જુદાં છે જ નહિ. જેમ સૂર્યમાં રાત્રિ અને દિવસ એ કંઈ છે જ નહિ, તેમ અખંડ અનુભવસ્વરૂપ, અદ્વૈત અને શુદ્ધ આત્મામાં અજ્ઞાન કે અજ્ઞાનથી થનારો બંધ નથી તેમ જ જ્ઞાન કે જ્ઞાનથી થનારો મોક્ષ પણ નથી. આત્મારૂપ આપને

દેહાદિરૂપ અને આત્માથી જુદા દેહાદિને આત્મારૂપે માની 'અહી તો આત્મા ખોવાયો છે તે બહાર શોધવા યોગ્ય છે.' આવી અજ્ઞાની મનુષ્યોની અજ્ઞાનતા અહો ! આશ્ચર્યજનક છે ! હે અનંત ! વિવેકીઓ પોતાના શરીરમાં જે જડ વસ્તુને છોડતાં આત્મારૂપ આપને શોધે છે; કેમ કે પાસે પડેલી દોરી સાપ નથી પણ દોરી છે, છતાં તેમાં ભાસેલા સાપના ભાસને 'આ દોરી છે પણ સાપ નથી' એમ નિષેધ કર્યા વિના વિવેકી પણ તે દોરીને દોરીરૂપે જાણી શકે છે ? નહિ જ (માટે આત્માને આત્મારૂપે જાણવાથી જ મોક્ષ થાય છે); છતાં હે દેવ ! આપના ચરણકમળની લેશ પણ કૃપા જેના પર થઈ હોય, તે જ આપના મહિમાનું તત્વ જાણે છે; પણ જેના પર તે કૃપા થઈ નથી, તે હે ભગવન્ ! ભલે એકલો (એકાંતમાં) રહે અને શરીરમાંના જડ ભાગને છોડતો ઘણા વખત સુધી ભલે શોધ્યા કરે છતાં આપના મહિમાનું તત્ત્વ જાણી શકતો નથી. માટે હે નાથ ! મારા આ જન્મમાં કે બીજા કોઈ પશુપક્ષીના જન્મમાં પણ મારું તેવું મહાભાગ્ય થાઓ કે જેને લીધે હું આપના ભક્તોમાંનો જ કોઈ થઈને આપના ચરણપલ્લવનું સેવન કર્યા કરું. અહો ! વ્રજની ગાયો તથા સ્ત્રીઓ ઘણી ધન્યવાદને પાત્ર છે કે જેઓનાં દૂધ અને ધાવણરૂપી અમૃત, હે પ્રભો ! આપે વાછરડાં તથા છોકરારૂપ થઈ અત્યંત હર્ષપૂર્વક પીધાં જે આપને તૃપ્ત કરવા યજ્ઞો પણ હજી સુધી સમર્થ થયા નથી. અહો ! નંદ—ગોવાળિયાનું તથા સર્વ વ્રજવાસીઓનું ભાગ્ય ખરેખર ઘણું જ અમાપ છે; કારણ કે પરમ આનંદસ્વરૂપ સનાતન પૂર્ણ બ્રહ્મ તેઓના મિત્ર છે. હે અચ્યુત ! એમના ભાગ્યનો મહિમા ખરેખર અવર્ણ્ય જ છે; અને અત્યંત આનંદની વાત તો એ છે કે, દસ ઇંદ્રિયો તથા મન આદિકનાં અધિષ્ઠાતા રુદ્ર વગેરે અમે દેવો પણ ઘણા ભાગ્યશાળી છીએ ? કારણ કે અમે વ્રજવાસીઓની ઇંદ્રિયોરૂપ પાત્રોથી આપના ચરણકમળના મકરંદ રૂપ સ્વાદિષ્ટ આસવ વારંવાર પીએ છીએ. ખરેખર આ મનુષ્યલોકમાં હરકોઈ જન્મ અને તેમાં પણ આ વૃંદાવનમાં હરકોઈ જન્મ અને તેમાંય ગોકુળમાં જન્મ તે તો એક મહાભાગ્ય છે; કારણ કે જેમના ચરણની રજને વેદો પણ હજી શોધે છે, તે મુકુંદભગવાન જેઓનું જીવન છે; ગોકુળવાસીઓમાંના કોઈ એકના પણ ચરણની રજનો (અહી ગોકુલમાં જન્મેલા પ્રાણી પર) અભિષેક થયા કરે છે. હે દેવ ! આ વ્રજવાસીઓને આપ સમગ્ર ફળરૂપ આપના પોતાથી પણ બીજું કયું (ઉત્કૃષ્ટ) ફળ આપશો ? એમ સર્વ તરફથી વિચાર કરતાં અમારું મન મૂંઝાઈ જાય છે; કારણ કે સજ્જનના જેવો માત્ર વેશ, લઈને જ આવેલી પૂતના પણ (અંદરથી આપના ઉપર દ્વેષવાળી છતાં) પોતાનાં કુળ સાથે આપને પામી ! તો જેઓનાં ઘર, ધનસંબંધીઓ પ્રિય, શરીરો, પુત્રો, પ્રાણો તથા મન પણ કેવળ આપને જ માટે છે, તે આ વ્રજવાસીઓને આપ શું આપશો ? (આ વ્રજવાસીઓને પણ જો પૂતના જેટલું જ ફળ મળે તો તે કંઈ સંપૂર્ણ ગણાય નહિ. માટે મને લાગે છે કે, આ વ્રજવાસીઓના તો આપ દેવાદાર જ રહેવાના.) હે કૃષ્ણ ! જ્યાં સુધી મનુષ્યો આપના ભકત બનતા નથી ત્યાં સુધી જ તેઓને રાગદ્વેષ વગેરે ચોરરૂપે, ઘર કેદખાનું અને મોહ પગની બેડી જેવો થાય છે. (પરંતુ ભકત બન્યા પછી તે રાગ વગેરે જ મોક્ષ આપનાર થાય છે.) હે પ્રભો ! આપ પ્રપંચથી રહિત છો. પણ શરણે આવેલાં મનુષ્યોને આનંદ ઉપજાવવા પૃથ્વી પર પ્રપંચને અનુસરો છો-અવતારલીલાઓ કરો છો. હે પ્રભો આપનો મહિમા જેઓ જાણતા હોય તેઓ ભલે જાણે, વધારે કહેવાથી શું ? મારું મન, વચન અને કાયા તો આપનો મહિમા પામી શકતાં નથી. હે કૃષ્ણ ! હવે અહીથી જવા માટે આપ મને રજા આપો. આપ સર્વના છો, તેથી આપ બધું જાણો છો અને આપ જ જગતના નાથ છો; તેથી મારું શરીર અને આ જગત હું આપને જ અર્પણ કરું છું. હે શ્રીકૃષ્ણ ! હે યાદવકુળરૂપી કમળને પ્રીતિ આપનારા ! (સૂર્ય સમાન) હે પૃથ્વી,

દેવો, બ્રાહ્મણો તથા પશુઓરૂપી સમુદ્રોની વૃદ્ધિ કરનારા ! (ચંદ્ર સમાન) હે પાખંડધર્મ રૂપી અંધકારનો નાશ કરનારા ! (સૂર્યચંદ્ર સમાન) હે પૃથ્વી પરના રાક્ષસોના શત્રુ ! હે સૂર્ય સુધીના સર્વને પૂજવા યોગ્ય ભગવાન ! હું આપને કલ્પ પર્યંત નમસ્કાર કરું છું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ વ્યાપક ભગવાનની સ્તુતિ, ત્રણ પ્રદક્ષિણા અને તેમના ચરણમાં નમસ્કાર કરી બ્રહ્મા પોતાના પ્રિય સ્થાનમાં ગયા. પછી ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્માને વિદાય આપી પૂર્વની પેઠે રહેલાં વાછરડાંને તથા પોતાના મિત્ર બાળકોને પ્રથમની પેઠે જ જ્યાં બેઠા હતા, ત્યાં યમુનાના તીર પર લાવ્યા. હે રાજન્ ! પોતાના પ્રાણેશ્વર શ્રીકૃષ્ણ વિના એ વ્રજબાળકોનું એક વર્ષ વીત્યું હતું, પણ શ્રીકૃષ્ણ માયાથી મોહિત થયેલા તે બાળકોને માત્ર અર્ધી ક્ષણ જ માની હતી; કારણ કે, ભગવાનની માયાથી મોહિત મનવાળાં પ્રાણીઓ આ જગતમાં શું શું ભૂલી જતાં નથી ? જેમની માયાથી મોહ પામેલું સર્વ જગત વારંવાર સ્વરૂપને જ વીસરી જાય છે, એ મિત્રો શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાઃ 'પધારો, તમે ઘણી જ ઉતાવળથી આવ્યા હો ! અમે હજી એકે કોળિયો ખાધો નથી; આવો, હવે નિરાંતે જમો. પછી હસતા શ્રીકૃષ્ણ બાળકો સાથે જમીને પેલા અજગરનું ચામડું બતાવતા વનમાંથી વ્રજ તરફ પાછા ફર્યા. અને મોરપીછ, પુષ્પ તથા પર્વતની ગેરુ વગેરે નવી ધાતુઓથી રંગબેરંગી શરીરવાળા, શ્રેષ્ઠ વાંસળી, પિપૂડી તથા શિંગડીના શબ્દોથી આનંદી, વાછરડાંને બોલાવતા અનુચર ગોપાલપુત્રોએ ગાયેલી પવિત્ર કીર્તિવાળા અને ગોપિકાઓને ઉત્સવરૂપ દર્શનવાળા તેમણે વ્રજમાં પ્રવેશ કર્યો. તે સમયે બાળકોએ વ્રજમાં કહ્યું : 'આજે આ યશોદાનંદન શ્રીકૃષ્ણે મોટા સર્પને માર્યો છે અને તેનાથી અમારું રક્ષણ કર્યું છે.'

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** 'હે બ્રહ્મન્ ! વ્રજ વાસીઓને પોતાથી ઉત્પન્ન થયેલાં–પોતાનાં છોકરાં ઉપર પણ જે પ્રેમ પ્રથમ ન હતો તે, પ્રેમ તેઓને બીજાના પુત્ર શ્રીકૃષ્ણ ઉપર કેમ થયો તે મને કહો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! સર્વ પ્રાણીઓને પોતાનો આત્મા જ વહાલો છે અને બીજાં સંતાન, ધન, વગેરે વહાલાં છે તે પણ આત્મા ઉપરના વહાલથી જ વહાલાં છે. માટે હે રાજેન્દ્ર ! પ્રાણીઓને પોતપોતાના આત્મા ઉપર જેવો સ્નેહ છે, તેવો મમતાના આશ્રયવાળાં પુત્ર, ધન, ઘર, વગેરે ઉપર હોતો નથી. હે મહારાજ ! જેઓ દેહને આત્મા કહેનારા છે. તે પુરુષોને પણ જેવો દેહ અત્યંત વહાલો છે, તેવા દેહની પાછળ રહેલાં પુત્ર, ધન વગેરે વહાલાં હોતાં નથી. આ શરીર ઘરડું થયું હોય તોપણ અવિવેકદશામાં (એટલે શરીર પર અહંભાવરૂપ આત્મા તરીકેની બુદ્ધિ હોય ત્યારે) તેના જીવનની આશા જેવી મહાબળવાન છે, તેવી વિવેકદશામાં આ 'હું' નથી, પણ તે તો માયાને લીધે મારો સંબંધ ધરાવી રહ્યું છે, એમ શરીર ઉપર 'હું' ભાવ મટી 'મારુ' ભાવ થાય છે, ત્યારે તે શરીર આત્મા જેવું પ્રિય લાગતું નથી. (પછી તે જીવે કે પડી જાય તેની પરવા રહેતી નથી.) માટે સર્વ પ્રાણીઓને પોતાના આત્મા જ અત્યંત વહાલામાં વહાલો છે અને તે આત્મા માટે જ આ સમગ્ર સ્થાવરજંગમ જગત પ્રિય લાગે છે. આ સમગ્ર પ્રાણીઓનો આત્મા (બીજો કોઈ નથી) શ્રીકૃષ્ણ જ છે એમ તમે જાણો. માત્ર જગતનું હિત કરવા પોતે સર્વના આત્મા છતાં માયાથી જ આ લોકમાં દેહધારી થયા હોય તેવા જણાય છે. (ખરી રીતે તેઓ દેહધારી નથી જ.) આ જગતમાં સ્થાવરજંગમ જે વસ્તુ છે, તે સર્વ ખરી રીતે શ્રીકૃષ્ણ જ છે, એમ જેઓ જાણે છે તેઓને બધું ભગવાનનું જ રૂપ જણાય છે. ભગવાન સિવાય બીજું કંઈ જણાતું જ નથી. તેમ જ હરકોઈ વસ્તુનો પરમાર્થ તેઓના કારણમાં રહેલું હોય છે, (એટલે કોઈ પણ વસ્તુ તેના કારણથી જુદી હોતી નથી) અને ભગવાન શ્રીકૃષ્ણ તે તે કારણના પણ કારણ છે; તો બતાવો,

શ્રીકૃષ્ણથી જુદી કઈ વસ્તુ છે ? જે મનુષ્યો પવિત્ર યશવાળા મુરારિ ભગવાનના મહાપુરુષોનો આશ્રય એવા ચરણપલ્લવરૂપ વહાણનો આશ્રય કરે છે, તેઓને સંસારસમુદ્ર વાછરડાંના પગલા જેવો પાર કરવો સહેલો બની જાય છે, તેમને પરમપદની પ્રાપ્તિ થાય છે. તેમને માટે વિપત્તિઓના સ્થાનરૂપ સંસાર રહેતો નથી. આમ શ્રીહરિએ કુમાર—અવસ્થામાં કરેલું કર્મ બાળકોએ વ્રજમાં તે તેમની પૌગંડ—અવસ્થામાં કહ્યું, તે સંબંધી તમે મને જે પૂછ્યું હતું તે સર્વ મેં તમને કહ્યું, શ્રીકૃષ્ણે મિત્રો સાથે કરેલા બાળચરિત્રને અઘાસુરના નાશને, લીલા ઘાસ પર કરેલા ભોજનને, પ્રપંચથી જુદું (ભગવાને દર્શાવેલું) શુદ્ધ સત્વગુણમય સ્વરૂપ તથા બ્રહ્માની સ્તુતિને જે મનુષ્ય સાંભળે કે ગાય છે, તે સમગ્ર પુરુષાર્થો પામે છે. એ રીતે શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ છુપાઈ જવું, પાળો બાંધવી તથા વાનરની પેઠે કૂદવું વગેરે બાળક્રીડાઓ કરી વ્રજમાં કુમારાવસ્થા ગાળી હતી. ૧-૬૧

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलयनैः सेतुबन्धैर्मर्कटोत्प्लुवनादिभिः ॥६१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## ધેનુકાસુરનો વધ અને કાલિયનાગના વિષથી ગોપાલોનું રક્ષણ

॥ श्रीशुक उवाच ॥

ततश्च पौगण्डवयः श्रितौ व्रजे बभूवतुस्तौ पशुपालनसम्मतौ ।
गाश्चारयन्तौ सखिभिः समं पदैर्वृन्दावनं पुण्यमतीव चक्रतुः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી પૌગંડ અવસ્થામાં આવેલા તે રામકૃષ્ણ ગાયો વગેરે સર્વ પશુઓને પાળનાર તરીકે માન્ય થયા; એટલે મિત્રો સાથે ગાયો ચરાવવા લાગ્યા અને પગલાંઓથી વૃંદાવનને અત્યંત પવિત્ર કરવા લાગ્યા. એક દિવસ શ્રીકૃષ્ણને પુષ્પોથી વ્યાપ્ત એવા વનમાં વિહાર કરવાની ઈચ્છા થઈ, તેથી પોતાનો યશ ગાતા ગોવાળિયા સાથે, વાંસળી વગાડતા બળદેવજી સાથે પશુઓને હિતકારી વૃંદાવનમાં તેમણે પ્રવેશ કર્યો. એ વૃંદાવન સુંદર શબ્દ કરતા ભમરા, મૃગો તથા પક્ષીઓથી વ્યાપ્ત હતું અને મોટા પુરુષના મન જેવા નિર્મળ જળવાળા સરોવરનો આશ્રય કરનાર કમળોના સુગંધી વાયુથી યુક્ત હતું. એ વૃંદાવનને જોઈ ભગવાને ત્યાં રમવાની ઈચ્છા કરી. ત્યાં દરેક સ્થળે લાલ કૂંપળોની શોભા સાથે ફળફૂલોના ઘણા ભારથી પોતાના પગનો સ્પર્શ કરતી ડાળીઓવાળાં વૃક્ષોને જોઈ આદિપુરુષ શ્રીકૃષ્ણ જાણે આશ્ચર્ય પામતા હોય તેમ મોટાભાઈ બળદેવજીને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** અહો આશ્ચર્ય ! હે ઉત્તમ દેવ ! આ વૃક્ષો જે પાપથી પોતાને વૃક્ષનો જન્મ પ્રાપ્ત થયો છે, તેનો નાશ કરવા પોતાની ડાળીઓથી પુષ્પો તથા ફળોરૂપી પૂજાસાહિત્ય લઈને બ્રહ્માદિ મોટા દેવોએ પૂજેલા આપના ચરણકમળને વંદન કરે છે. હે આદિપુરુષ ! આ ભમરાઓ સમગ્ર લોકમાં તીર્થરૂપ આપનો યશ ગાતા આપનું ભજન કરે છે, તેથી મને લાગે છે કે, આ ભમરાઓ ઘણું કરી આપના ભક્તોમાં મુખ્ય મુનિગણો જ હોવા જોઈએ કે જેઓ, હે નિર્દોષ રામ ! અહી વૃંદાવનમાં ગૂઢ રહેલા પોતાના ઈષ્ટદેવ આપને છોડતા નથી. હે મોટાભાઈ બળદેવ ! આ મયૂરો પોતાને ઘેર આવેલા આપનું સન્માન કરવા (આપની આગળ) નૃત્ય કરે છે, આ મૃગલીઓ ગોપીઓની પેઠે આનંદથી આપની સામે જોઈ આપને પ્રીતિ ઉપજાવે છે ! તેમ જ આ કોયલો સુંદર ટહુકાર કરી આપને પ્રસન્ન કરે છે. ખરેખર

આ વનવાસીઓને ધન્ય છે; કારણ કે પોતાને ઘેર આવેલા મહાપુરુષોનો સત્કાર કરવો એ સજ્જનોનો સ્વભાવ હોય છે (અને તે સ્વભાવને જ આ વનવાસીઓ છતાં અનુસરે છે; માટે તેઓને ધન્ય છે.) વળી હમણાં તમારા પગના સ્પર્શવાળાં આ ભૂમિ, ઘાસ અને વેલાઓને ધન્ય છે; તેમ જ તમારા નખથી સ્પર્શ કરાયેલાં આ વૃક્ષો તથા લતાઓને પણ ધન્ય છે. તમારા દયાળુ દૃષ્ટિપાતથી (જોવાયેલી) આ નદીઓ, પહાડો, પક્ષીઓ તથા મૃગલાંને પણ ધન્ય છે અને તમારી છાતીમાં આલિંગન પામનારી ગોપીઓને પણ ધન્ય છે; કેમ કે તમારા આલિંગનને લક્ષ્મી પણ ઈચ્છે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે શોભાયમાન વૃંદાવનને જોઈ પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ પર્વતની પાસે રહેલી યમુના નદીના કિનારા પર પશુઓને ચારતા પ્રસન્ન મનથી ગોવાળિયાઓ સાથે રમતા હતા. સેવક ગોવાળિયા જેમનાં ચરિત્ર ગાતા હતા એવા તે માળાધારી શ્રીકૃષ્ણ કોઈ વેળા મદથી અંધ બનેલા ભમરાઓ ગુંજારવ કરતા ત્યારે પોતે પણ બળદેવજી સાથે ગાતા. કોઈ વેળા કલહંસોના શબ્દોની નકલ કરી પોતે પણ તેવા જ શબ્દો કરતા. કોઈ વેળા નાચતા મોરની સામે પોતે પણ મિત્રોને હસાવતા નાચતા. કોઈ વેળા ગાયોને તથા ગોવાળોને સુંદર લાગતી મેઘ જેવી ગંભીર વાણી વડે દૂર નીકળી ગયેલાં પશુઓને નામ લઈને પ્રેમથી બોલાવતા. કોઈ વેળા ચકોર, ક્રૌંચ ચક્રવાક, ભરદ્વાજ તથા મયૂર પક્ષીઓના શબ્દોની પાછળ તેના જેવા જ શબ્દો કરતા અને કોઈ વેળા પશુઓની વચ્ચે વાઘ તથા સિંહથી ભય પામ્યા હોય તેવા થતા ; એટલે વાઘ કે સિંહના ભયથી બધા નાસતા ત્યારે પોતે પણ તેઓ સાથે નાસતા. કોઈ વેળા મોટાભાઈ બળદેવજી થાકતા અને ગોવાળિયાના ખોળામાં ઓશીકું કરી સુઈ જતા, ત્યારે શ્રીકૃષ્ણ પોતે પગચંપી વગેરે કરી તેમનો થાક ઉતારતા. કોઈ વેળા રામ-કૃષ્ણ બંને પરસ્પર હાથ મિલાવી હસતા, નાચતા, ગાતા, લડતા અને ગોવાળિયાની પ્રશંસા કરતા. કોઈ વેળા પરસ્પર મલ્લયુદ્ધ કરી જાણે થાક્યા હોય, તેમ ઝાડનાં મૂળ નીચે પાંદડાંની શય્યામાં કોઈ ગોવાળિયાના ખોળાનું ઓશીકું કરી જાણે સૂઈ જતા. એ સમયે જેમનાં પાપ નાશ પામ્યાં હતાં એવા કેટલાક ગોવાળિયા તે મહાન આત્માના પગ દાબતા, બીજા પંખાથી પવન નાખતા અને હે મહારાજ ! સ્નેહભીની બુદ્ધિવાળા બીજાઓ તે મહાત્માનાં એ સમયને યોગ્ય સુંદર ચરિત્રો ધીમે ધીમે ગાતા. એમ પોતાની માયાથી પોતાનું સ્વરૂપ ગુપ્ત રાખી ચરિત્રો વડે ગોપાલપુત્રનું અનુકરણ કરતા ભગવાન કે જેમના ચરણપલ્લવ લક્ષ્મીએ સેવેલા છે તે કોઈ કોઈ વાર પોતાનું, ઈશ્વરી ચેષ્ટિત પણ બતાવતા અને સામાન્ય માનવીની પેઠે સામાન્ય જન સાથે રમતા. એક વેળા રામકૃષ્ણનો મિત્ર શ્રીદામા નામનો ગોવાળિયો અને બીજા સુબલ, સ્તોકકૃષ્ણ નામના ગોવાળિયા પ્રેમથી આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે મોટી ભુજાવાળા બળરામ ! દુષ્ટોને નાશ કરનારા કૃષ્ણ ! અહીંથી નજીકમાં તાડનાં વૃક્ષોની પંક્તિઓથી વ્યાપ્ત ઘણું મોટું એક વન આવેલું છે. ત્યાં પુષ્કળ ફળો પડેલાં હોય છે અને પડયાં પણ કરે છે, પરંતુ દુષ્ટાત્મા ધેનુકાસુર તે ફળો કોઈને લેવા દેતા નથી. હે રામ ! હે કૃષ્ણ! તે ધેનુકાસુર ઘણો બળવાન હોઈ ગધેડાનું રૂપ ધારણ કરે છે. વળી પોતાના જેવા જ બળવાન બીજા અનેક તેના જાતિભાઈઓથી તે વીંટાયેલો રહે છે, તેથી હે શત્રુઓને હણનારા રામ અને કૃષ્ણ ! રાક્ષસથી ભય પામેલાં મનુષ્યો તો એ તાડવનમાં જતાં જ નથી. પરંતુ પશુઓ તથા પક્ષીઓએ પણ એ વન તજ્યું છે. એ વનનાં ફળ અમે કદી ખાધાં નથી. તે ફળ સુગંધીદાર હોય છે. જુઓ, આ ચોતરફ ફેલાતી સુગંધ તે ફળોની જ આવે છે. હે કૃષ્ણ ! આ સુંગધીથી અમારાં મન લલચાયાં છે માટે તે ફળ અમને આપો. હે રામ ! એ ફળ ખાવાની અમને તીવ્ર ઇચ્છા છે માટે જો તમને ગમતું હોય તો આપણે ત્યાં જઈએ.' એમ

મિત્રોનાં વચન સાંભળી બળદેવ અને કૃષ્ણ ખૂબ હસ્યા. પછી મિત્રોનું પ્રિય કરવાની ઈચ્છાથી તે બંને પ્રભુ ગોવાળિયાઓ સાથે વનમાં ગયા. અને બળદેવજી તેમાં પ્રવેશ કરી મદોન્મત હાથીની પેઠે તાડના ઝાડોને બળથી કંપાવતા ફળો પાડવા માંડયા. ગધેડાના સ્વરૂપવાળો ધેનુકાસુર પડતાં ફળોનો શબ્દ સાંભળી પહાડોની સાથે પૃથ્વીની કંપાવતો સામે દોડી આવ્યો અને ત્યાં આવી તે દુષ્ટ બળવાન દૈત્યે બળદેવજીને પાછલા બંને પગની છાતીમાં લાતો મારી ભૂકતાં ભૂકતાં ઘુમવા માંડયું. હે રાજન્ ! પછી ફરી પણ અત્યંત ક્રોધાવેશમાં આવી તે ગધેડાએ બળદેવજી સામે પૂંઠ કરી તેમને મારવા ક્રોધથી પાછલા પગ ઉછાળવા માંડયા એટલે બળદેવજીએ એક હાથથી તેના બંને પગના છેડા પકડી લીધા અને ખૂબ જોરથી તેને ઘુમાવ્યો. પછી ઘુમાવવાથી જ પ્રાણરહિત થયેલા તે અસુરને એક તાડવૃક્ષના મૂળમાં પછાડયો. એટલે એ અસુરનું શરીર અથડાવાથી તે વિશાળ ઘટાવાળું તાડનું મોટું ઝાડ કંપતું અને પાસેનાં બીજાં ઝાડને કંપાવતું ભાંગી પડયું; એમ ભાંગેલા તે ઝાડે બીજા ઝાડને ને બીજાએ ત્રીજાને પણ ભાંગ્યું એ રીતે બળદેવજીએ પછાડેલા તે ગર્દભાસુરનું શરીર અથડાવાથી ઉપરા ઉપરી ભાંગીને અથડાયેલાં તાડનાં નવા ઝાડ મોટા વાવાઝોડાથી હચમચી ઊઠ્યાં હોય તેમ કંપવા લાગ્યાં. હે રાજા ! જગતના ઈશ્વર ભગવાન બળદેવજી માટે એ આશ્ચર્યકારક ન ગણાય કેમકે તે અનંત ભગવાનમાં આ જગત તાંતણાઓમાં વસ્ત્રની પેઠે ઓતપ્રોત રહ્યું છે. એમ બાંધવ મરાયો એટલે ધેનુકાસુરની જાતના બીજા બધા ગધેડા અત્યંત ક્રોધાયમાન થઈ બળદેવ તથા કૃષ્ણ સામા ધસી આવ્યા; પણ હે રાજા ! રામ તથા કૃષ્ણે તે તે ધસી આવતા સઘળા ગધેડાઓને તેમના પાછલા પગ પકડી પકડી તાડનાં ઝાડ સાથે ઝીક્વા માંડયા. એ સમયે તે ભૂમિ ફળના ઢગથી, મરેલા દૈત્યોનાં શરીરથી અને તાડવૃક્ષનાં શિખરોથી ભરાઈ ગઈ તેથી વાદળ વડે વ્યાપેલા આકાશની પેઠે તે શોભતી હતી. પછી શ્રીકૃષ્ણ અને બળરામનું તે અતિ મહાન કામ જોઈ દેવો વગેરેએ પુષ્પની વૃષ્ટિ કરી, વાદિત્રો વગાડયાં, અને સ્તુતિઓ કરી. એ ધેનુકાસુર મરાયા પછી તાડવૃક્ષોના એ વનમાં મનુષ્યો નિર્ભય થઈ તાડનાં ફળો ખાવા લાગ્યા. અને પશુઓ ઘાસ ચરવા લાગ્યાં. પછી કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળા અને જેમનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે એવા શ્રીકૃષ્ણ સેવક ગોવાળિયાથી સ્તુતિ કરતા મોટાભાઈની સાથે વ્રજમાં ગયા. તે સમયે ગાયોએ ઉડાડેલી ધૂળથી ખરડાયેલા કેશવાળા એ કેશોમાં ગૂંથેલાં મોરપીછ અને વનનાં પુષ્પોવાળા, સુંદરનેત્ર અને મનોહર મંદહાસ્યવાળા, વાંસળી વગાડતા અને અનુચર ગોપાલો વડે ગવાતી કીર્તિવાળા શ્રીકૃષ્ણની સામે તેમને જોવા માટે આતુર દૃષ્ટિવાળી ગોપીઓ એકઠી મળીને આવી. પછી વ્રજની તે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણના મુખકમળના મધને નેત્રોરૂપી ભમરા દ્વારા પીને દિવસના વિરહને લીધે ઉત્પન્ન થયેલો તાપ દૂર કર્યો. પછી શ્રીકૃષ્ણ લજ્જા, હાસ્ય તથા વિનયયુકત ગોપીઓના દૃષ્ટિપાતોને સત્કાર તરીકે સ્વીકારી વ્રજમાં પ્રવેશ કર્યો. પુત્ર ઉપર પ્રેમવાળી યશોદા અને રોહિણીએ તે બંને પુત્રોની ઈચ્છાનુસાર ઉત્તમ ખાનપાન વગેરે સમયાનુસાર આપ્યુ. પછી ત્યાં સ્નાન, મર્દન વગેરેથી જેઓનો રસ્તાનો થાક દૂર થયો છે તેવા તે બલરામ-કૃષ્ણે સુંદર વસ્ત્ર પહેરી દિવ્ય માળાઓ તથા ચંદનથી શણગાર કર્યા, અને માતાએ લાડપૂર્વક પીરસેલું સ્વાદિષ્ટ અન્ન જમી વ્રજની અંદર ઉત્તમ શય્યામાં સુખેથી સુતા. એ રીતે ભગવાન કૃષ્ણ વૃંદાવનમાં વિચરતા હતા. હે રાજન્! એક વખતે શ્રીકૃષ્ણ મિત્રો સાથે યમુના નદી પર ગયા. આ વખતે તેમની સાથે બલરામ ન હતા. ત્યાં ઉનાળાના તાપથી વ્યાકુળ ને તૃષાતુર થઈ ગાયો અને ગોવાળિયાઓએ ઝેરથી દૂષિત યમુનાનું ખરાબ પાણી પીધું. હે કુરુવંશી રાજા ! દૈવયોગે ભાન ભૂલીને જેવું તેમણે એ ઝેરી પાણી પીધું કે તરત જ તેઓ

બધા પ્રાણરહિત થઈ ત્યાં નદીકિનારે પડયા. યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ પોતે જ જેઓના નાથ હતા, એવા તેઓને એ હાલતમાં જોઈ અમૃત વર્ષતી દૃષ્ટિથી સજીવન કર્યા. પછી તરત ભાનમાં આવી તેઓ નદીકિનારેથી ઊભા થયા અને અત્યંત આશ્ચર્ય પામી સઘળા એકબીજાની સામે જોવા લાગ્યા. હે રાજન્! ગોવાળ ઝેર પી ગયા હતા, છતાં ફરી સજીવન થઈ ઊઠયા એમાં શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિને જ કારણે તરીકે તેઓ માનવા લાગ્યા. ૧-૫૨

अन्वमंसत तद्राजन् गोविन्दानुग्रहेक्षितम् । पीत्वा विषं परेतस्य पुरुत्थानमात्मनः ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

## અધ્યાય-૧૬

## કાલિયનાગનો નિગ્રહ

॥ श्रीशुक उवाच ॥

विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः । तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રભુ કૃષ્ણે કાલિયનાગને લીધે યમુના નદીને દૂષિત થયેલી જોઈ તેને શુદ્ધ કરવાની ઈચ્છાથી તે સર્પને ત્યાંથી કાઢી મૂકયો હતો.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે બ્રાહ્મણ ! ઘણા ઊંડા પાણીમાં ભગવાને તે સર્પને કેવી રીતે શિક્ષા કરી! વળી એ સર્પ (સ્થલચર પ્રાણી છતાં) ઘણા યુગથી માંડી યમુનાના જળમાં શા કારણથી રહ્યો હતો, તે મને કહો. હે બ્રહ્મન્ ! સર્વવ્યાપક અને સ્વતંત્રપણે વર્તનારા ભગવાનમાં ઉદાર ગોપાલચરિત્રોરૂપી અમૃતને સેવતો કયો મનુષ્ય તૃપ્ત થાય ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** યમુના નદીમાં કાલિયનાગનો એક ધરો હતો. તેનું પાણી ઝેરના અગ્નિથી ઊકળ્યા કરતું. તેની ઉપરના ભાગમાં કોઈ પક્ષીઓ ઊડતાં, તે પણ (ઝેરની અસર થવાથી) પડી જતાં. તે ધરાના કિનારા પરનાં સ્થાવરજંગમ કોઈ પણ પ્રાણી એ ઝેરી પાણીના કણવાળા અથવા એની સાથે અથડાયેલા પવનનો સ્પર્શ થતાં જ મરી જતાં. દુષ્ટ પ્રાણીઓને શિક્ષા કરવા માટે જ જેમનો અવતાર હતો, તેવા શ્રીકૃષ્ણ કાલિયનાગને ઉગ્ર વેગવાળા ઝેરના પ્રભાવવાળો અને તેને લીધે જ ખરાબ થયેલી (યમુના નદીને જોઈને તેને શુદ્ધ કરવાની ઈચ્છાથી) મજબૂત કમર બાંધી અત્યંત ઊંચા કદંબના ઝાડ પર ચડી હાથ વડે બંને ખભા ઠોકી એ ઝેરી પાણીમાં પડયા એટલે તે સર્પનો ધરો એ મહાપુરુષના પડવાના વેગથી સારી પેઠે ઊછળ્યો અને સર્પના વિષથી ઊકળતા જળના પીંગળા ભયંકર તરંગોથી ચોતરફ દોડી જઈ, સો સો ધનુષ્ય જેટલા પ્રદેશમાં ફેલાઈ ગયો. અનંત બળવાળા ભગવાન સંબંધે તે શું આશ્ચર્ય છે ? હે રાજા ! શ્રેષ્ઠ હાથી જેવા પરાક્રમવાળા શ્રીકૃષ્ણ તે ધરામાં વિહાર કરવા લાગ્યા. તેમના ભુજદંડના અથડવાથી ઊછળતા જળનો અવાજ સાંભળતાં કાલિયનાગ પોતાના રહેઠાણ (ધરા) ની એ દુર્દશા સહન કરી શકયો નહિ. તે ત્યાં આવ્યો અને તેણે જોવા યોગ્ય, કોમળ, મેઘ જેવા ઉજજવળ, શ્રીવત્સના ચિહ્નને ધરતા, પીતાંબરધારી, મંદ હાસ્યથી સુંદર મુખવાળા, નિર્ભય થઈ જળમાં રમતા અને કમળના મધ્ય ભાગ જેવા કોમળ પગવાળા ભગવાનને મર્મસ્થાનમાં કરડી, ક્રોધથી શરીર વડે વીટી ઢાંકી દીધા. તે સમયે શ્રીકૃષ્ણને સર્પના શરીરથી વીટાયેલા અને અદશ્ય થયેલી ચેષ્ટાવાળા જોઈ તેમના પ્રિય મિત્ર ગોવાળિયા અત્યંત ગભરાયા અને શ્રીકૃષ્ણમાં જ અર્પણ કરેલાં શરીર, સંબંધીઓ, ધન, સ્ત્રીઓ તથા સર્વ કામનાઓવાળા

તે દુ;ખ, શોક તથા ભયથી મૂઢ બુદ્ધિવાળા થઈ ધરણી પર ઢળી પડયા; તેમ જ ગાયો, બળદો તથા નાની વાછરડીઓ પણ અત્યંત દુઃખી થઈ બરાડા પાડવા લાગી અને શ્રીકૃષ્ણ તરફ દૃષ્ટિ રાખી ભયભીત થઈ રડતી હોય તેમ ઊભી રહી. એ જ સમયે વ્રજમાં પાસે આવેલા ભયને સૂચવતા મહાભયંકર ત્રણ પ્રકારના મોટા ઉત્પાતો થયા : ભૂકંપ વગેરે પૃથ્વી પર, ઉલ્કાપાત વગેરે આકાશમાં અને ડાબી આંખ ફરકવી વગેરે ઉત્પાતો શરીરમાં થયા. એ જોઈને નંદ વગેરે ગોવાળિયા ભયથી ગભરાયા અને તે દિવસે શ્રીકૃષ્ણને બળરામ વિના એકલા ગાયો ચારવા ગયેલા જાણી તે તે દુષ્ટ નિમિત્તોથી તેમને મરેલા માની દુઃખ, શોક તથા ભયથી ગભરાઈ ગયા; કેમ કે તેઓ શ્રીકૃષ્ણને સત્યસ્વરૂપે જાણતા ન હતા. તેઓનાં પ્રાણ તથા મન શ્રીકૃષ્ણ વિષે જ હતાં. તેથી હે રાજા ! બાળક, વૃદ્ધ તથા સ્ત્રીઓ સહિત સર્વ ગોવાળિયા દીન બની શ્રીકૃષ્ણના દર્શનની ઈચ્છાથી ગોકુળમાંથી નીકળ્યા. મધુવંશમાં ઉત્પન્ન થયેલા ભગવાન બળદેવજી નાના ભાઈનો પ્રભાવ જાણતા હતા, તેથી તેમણે ગોવાળિયાઓને ગભરાયેલા જોઈ હસીને કંઈ કહ્યું નહિ. એ ગોવાળિયા વહાલા કૃષ્ણને શોધતા ભગવાનને સૂચવતાં લક્ષણોવાળાં પગલાંઓથી જણાયેલા માર્ગે યમુનાનદીના કિનારા તરફ જવા લાગ્યા. હે રાજા ! તેઓ ત્યાં ગાયોના માર્ગમાં તથા બીજાં પગલાંઓની વચ્ચેવચ્ચે કમળ, જવ, અંકુશ, વજ્રા તથા ધજાઓથી યુક્ત ભગવાનનાં પગલાંઓ જોતા વેગથી યમુનાકિનારે ગયા. ત્યાં યમુનાના ધરામાં સર્પના શરીરથી વીંટાયેલા નિશ્ચેષ્ટ શ્રીકૃષ્ણને તેમ જ જળાશય પાસે મૂઢબુદ્ધિ થયેલા ગોવાળિયા તથા પશુઓને ચોતરફ રડતાં જોઈ આનંદ વગેરે વ્રજવાસીઓ અત્યંત દુઃખી થઈ ભારે મૂર્ચ્છા પામ્યા. અનંત શ્રીકૃષ્ણ ભગવાન ઉપર પ્રેમાળ મનવાળી ગોપીઓ તે પ્રિયતમને સર્પ ગળી ગયો ત્યારે તેમના પ્રેમને, મંદહાસ્યને, દર્શનને તથા વાણીને યાદ કરતી અત્યંત દુઃખથી તપી જઈ ત્રણે જગતને પ્રિયથી રહિત થયેલું શુન્ય જોવા લાગી. શ્રીકૃષ્ણનાં માતા યશોદા તો પુત્રની પાછળ ધરામાં પડવા તૈયાર થયાં. તેમને પકડી રાખી આંસુનો વરસાદ વરસાવતી ગોપીઓ આખા વ્રજને પ્રિય શ્રીકૃષ્ણની તે તે કથાઓ કહેવા લાગી અને શ્રીકૃષ્ણ તરફ દૃષ્ટિ રાખી મુડદાં જેવી થઈ ગઈ. બીજી તરફ શ્રીકૃષ્ણ જ જેઓના પ્રાણ હતા, તેવા નંદ વગેરે ગોવાળિયાઓને પણ ધરામાં પડવા તૈયાર થયેલા જોઈ ભગવાન બળરામે તેઓને અટકાવ્યા; કારણ કે તેઓ શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણતા હતા. એમ જેને બીજો કોઈ આધાર નથી, એવા પોતાના ગોકુળને કેવળ પોતાને માટે સ્ત્રીઓ તથા કુમારો સાથે અત્યંત દુઃખી થયેલું જોઈ તથા જાણીને મનુષ્યરીતિને અનુસરતા ભગવાન કૃષ્ણ બે ઘડી સુધી એમ ને એમ રહી સર્પના બંધનથી (પોતાની મેળે જ) છુટા થયા; કેમ કે ભગવાનના વધતા શરીરેથી કાલિયનાગના શરીરમાં ઘણી જ પીડા થવા લાગી, જેથી તેણે પોતાના આંટા ઉકેલી નાખી ભગવાનને છોડી દીધા. પછી તે કોપેલો સર્પ પોતાની ફણાઓ ઊંચી કરી ફૂંફાડા મારતો ઊભો રહ્યો, તેના નાકમાં ઝેર આવી રહ્યું; તાવડાની પેઠે ધગધગતા તેનાં નેત્રો સ્થિર થઈ ગયાં, તેના મુખમાં અંગારાઓ આવી રહ્યા અને શ્રીહરિની સામે તે જોઈ રહ્યો. ભગવાન કૃષ્ણ બે શિખાઓવાળી જીભથી ગલેફાં ચાટતા અને મહાભયંકર ઝેરરૂપ અગ્નિથી વ્યાપ્ત દૃષ્ટિવાળા તે સર્પની ચારે તરફ ગરુડની પેઠે રમતા ભમવા લાગ્યા; એટલે તે સર્પ પણ (તેમને કરડવાનો) લાગ જોતો તેમની આસપાસ ભમવા લાગ્યો. એમ ભમતાં નિર્બળ થયો, ત્યારે જેની ફણાની બાજુના ભાગો ઊંચા હતા, એવા તે નાગનાં વિશાળ મસ્તકો ઉપર આદિપુરુષ શ્રીકૃષ્ણ ચડી ગયા અને સમગ્ર કળાઓના આદિગુરુ એ પરમેશ્વર તેના મસ્તક પરનાં રત્નોનો સ્પર્શ થવાથી અત્યંત લાલ ચરણકમળવાળા થઈ તેની ઉપર નાચવા લાગ્યા. તે સમયે ભગવાનને નાચવા તૈયાર થયેલા જોઈ તેમના પ્રિય ભકતો એવા

તેમના પાર્ષદો, ગંધર્વો, સિદ્ધો, ચારણો તથા દેવાંગનાઓ પ્રેમથી મૃદંગ, ઢોલ, નગારાં વગેરે વાદિત્રોથી, ગીતોથી, પુષ્પોના ઉપહારો તથા સ્તુતિઓથી તેમની સેવા કરવા એકદમ તેમની પાસે આવ્યાં. હે રાજા! સો મસ્તકોવાળા અને આયુષ્યક્ષીણ થયા છતાં જળમાં ભમતા તે કાલિયનાગનું જે જે મસ્તક નમતું ન હતું, તેને પ્રચંડ દંડ ધારણ કરનારા ભગવાન પગના પ્રહારો વડે નમાવતા હતા, જેથી મુખ અને નાકમાંથી લોહી ઓકતો તે નાગ મોટી મૂર્છા પામ્યો. પછી (ભાનમાં આવી) નેત્રોમાંથી ઝેર ઓકતા અને ક્રોધથી મોટા ફૂંફાડા મારતા તે સર્પનું જે જે મસ્તક ઊંચું થતું હતું, તેને નાચતા ભગવાન પગથી નમાવી શિથિલ કરતા હતા. એ સમયે હર્ષ પામેલા ગંધર્વો વગેરેએ તે ભગવાનની પુરાણપુરુષની પેઠે પુષ્પોથી પૂજા કરી. હે રાજા ! એ રીતે ભગવાનના અદ્ભુત નૃત્યથી કાલિયનાગનું ફણાઓરૂપ છત્ર ભાંગી ગયું, મુખોમાંથી તે પુષ્કળ લોહી ઓકવા લાગ્યો ને તેના દરેક અવયવો ભાંગી ગયા, એટલે તે સ્થાવર–જંગમના ગુરુ પુરાણપુરુષને નારાયણ જાણી તે મનથી તેમને શરણે ગયો; તેમ જ જેમની અંદર સર્વ જગત રહ્યાં છે, એવા શ્રીકૃષ્ણના અતિશય ભારથી અત્યંત દુઃખી થયેલા અને ભગવાનની પાનીઓના પ્રહારથી જેનું ફણાઓરૂપી છત્ર ભાંગી ગયું હતું, એવા કાલિયનાગને જોઈને તેની પત્નીઓ અત્યંત દુઃખી થઈ તેઓનાં વસ્ત્રો, અલંકારો તથા અંબોડા ઢીલા થઈ ગયા. સાધ્વી સ્ત્રીઓ આદ્યપુરુષ શ્રીકૃષ્ણની પાસે આવી અત્યંત ઉદ્વેગ પામેલા મનવાળી થઈને પોતાનાં બાળકોને આગળ મૂકી પૃથ્વી પર શરીર નમાવી સર્વ પ્રાણીઓના પતિ શ્રીકૃષ્ણને નમી પડી અને પોતાના પાપી પતિનો છુટકારો ઈચ્છતી બે હાથ જોડી શરણ આપનારા ભગવાનને શરણે ગઈ.

**નાગપત્નીઓ બોલી :** ‘હે ભગવન્ ! અમારા આ પતિએ આપનો અપરાધ કર્યો છે, માટે એમને આપે શિક્ષા કરી તે યોગ્ય છે; કારણ કે આપનો અવતાર દુષ્ટોને શિક્ષા કરવા માટે જ છે. જોકે આપની તો શત્રુ કે પુત્રો ઉપર પણ સમાન જ દૃષ્ટિ છે, તોપણ આપ ધર્માદિ પુરુષાર્થને અટકાવનારા પાપ નિવૃત્તિ આદિ કર્મોનાં ફળનો વિચાર કરીને જ તે તે કર્મફળ પ્રમાણે સર્વને શિક્ષા કરો છો. આપે અમારા આ પતિને શિક્ષા કરી, તે પણ અમારા ઉપર કૃપા જ કરી છે; કારણ કે આપે કરેલી શિક્ષા દુર્જનોનાં પાપોનો નાશ કરનારી થાય છે. અમારા આ પતિને જે પાપને લીધે આવું સર્પપણું દેખાય છે, તે પાપ આપની શિક્ષાથી દૂર થયેલ છે; માટે આપનો ક્રોધ પણ અમને કૃપારૂપે અત્યંત માન્ય છે. અમારા આ પતિએ પૂર્વજન્મમાં અભિમાનરહિત થઈ બીજાઓને માન આપીને એવું ક્યું ઉત્તમ તપ કર્યું હશે અથવા સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખી એવો કયો મહાન ધર્મ કર્યો હશે કે જેને લીધે સર્વને જિવાડનારા આપ એમના ઉપર પ્રસન્ન થયા છો ? હે દેવ ! આ અમારા પતિને આપની ચરણરજને સ્પર્શ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો, તે એમના કયા પુણ્યકર્મનો પ્રભાવ હશે, તે અમે જાણી શકતી નથી; કારણ કે એ ચરણરજના સ્પર્શની ઈચ્છાથી તો સ્ત્રીઓમાં ઉત્તમ લક્ષ્મીદેવીએ પણ સર્વ કામનાઓ ત્યજી ઘણા લાંબા વખત સુધી વ્રત ધારણ કરી તપશ્ચર્યા કરી હતી. વળી આપની એ ચરણરજનો સ્પર્શ પામેલા ભક્તો સ્વર્ગને, ચક્રવર્તીપણાને, બ્રહ્મદેવપણાને, પાતાલના અધિપતિપણાને, યોગસિદ્ધિઓને કે મોક્ષને પણ ઈચ્છતા નથી. હે નાથ ! તે આપની ચરણરજ બીજાઓને દુર્લભ છે; તેને તમોગુણી જન્મવાળો અને ક્રોધને વશ છતાં આ નાગરાજા વિના પ્રયત્ન પામ્યો છે. (માટે આ ભાગ્યશાળી છે.) આ સંસારચક્રમાં ભમતો પ્રાણી આપની ચરણરજ સેવવાની માત્ર ઈચ્છા જ કરે, તેટલામાં તો તેને ઈચ્છિત સંપત્તિઓ પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે. અચિંત્ય ઐશ્વર્ય આદિ ગુણોવાળા સર્વના અંતર્યામી, સર્વ પ્રકારે અમાપ, આકાશાદિ મહાભૂતોના

આશ્રય, સર્વના આદિ, સર્વના કારણ અને પરમ આત્મસ્વરૂપ એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. વળી જ્ઞાન તથા વિજ્ઞાનના ભંડાર, અનંત શકિતવાળા, નિર્ગુણ, વિકારરહિત, અને પ્રકૃતિના પ્રવર્તક આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ કાલસ્વરૂપ, કાળની શકિતના આશ્રય, કાળના અવયવોના સાક્ષી, સર્વસ્વરૂપ, સર્વના દ્રષ્ટા, સર્વના કર્તા, સર્વ કારણરૂપ અને પાંચ મહાભૂતો, શબ્દાદિ તત્માત્રાઓ, ઈન્દ્રિયો પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકારરૂપ છો. આપે ત્રણ ગુણોરૂપી કારણવાળા દેહાદિ ઉપરના અભિમાનથી પોતાના અંશરૂપ જીવોનું આપનો સાક્ષાત્કાર કરાવનારું વિવેકજ્ઞાન ઢાંકયું છે. આપ અનંત સૂક્ષ્મ, ઉપાધિકૃત વિકારોથી રહિત, સર્વજ્ઞ તથા અનેક વાદવિવાદોને (માયાથી) અનુસરનારા છો અને આપથી જ શબ્દ તથા અર્થને શકિત મળે છે. અમે આપને નમસ્કાર કરીએ છીએ. આપ સર્વ ઈન્દ્રિયોના પણ ઈન્દ્રિય અને સ્વતઃ સિદ્ધ જ્ઞાનવાળા છો. (એટલે આપને પોતાને ઈન્દ્રિયજ્ઞાનની જરૂર નથી.) વળી આપ શાસ્ત્રોનું ઉત્પત્તિસ્થાન છો, એટલે વેદો આપના નિઃશ્વાસ છે. આપ સ્વયં વેદસ્વરૂપ અને તેના વિધિ-નિષેધસ્વરૂપ છો; અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. આપ જ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ છો અને બળદેવ છો. આપ જ પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ છો, અને ભક્તોના પતિ છો; આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ અંતઃકરણ વગેરે ગુણોના પ્રકાશક હોઈ તે જ ગુણો વડે પોતાને ઢાંકી અનેક સ્વરૂપે પ્રકાશો છો. ચિત્ત વગેરે ગુણોની ચેતના વગેરે વૃત્તિઓથી, આપ જાણવા યોગ્ય છો. ગુણોના દ્રષ્ટા અને કેવળ સ્વયં પ્રકાશ જ છો. આપનો મહિમા અતકર્ય છે અને આપ સર્વ કાર્યોની ઉત્પત્તિના પ્રકાશનું કારણ છો. હે ઈન્દ્રિયોના પ્રવર્તક ! કેવળ આત્મામાં રમનારા અને કેવળ આત્મારામપણું એ જ જેમનો સ્વભાવ છે એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ સ્થૂળ તથા સૂક્ષ્મની ગતિને જાણનારા, સર્વના અધિષ્ઠાતા, સર્વ જગતનો નિષેધ કરતાં છેવટના અવધિરૂપ; જગતરૂપ ભ્રાંતિના આશ્રય અને અધ્યાસ તથા અપવાદના સાક્ષી છો; તેમ જ અવિદ્યા વડે થતી જગતની ભ્રાંતિ તથા વિદ્યા વડે થતો આ જગતનો અપવાદ એ બંનેનું નિમિત્તકારણ પણ આપ જ છો. અમે આપને નમસ્કાર કરીએ છીએ. હે પ્રભુ ! આપ સર્વ પ્રકારની ઈચ્છાથી રહિત છતાં પોતાની કાળશકિતને ધારણ કરી રજોગુણ આદિ ગુણો દ્વારા આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ કરો છો અને અમોઘ વિહારવાળા આપ માત્ર દર્શનથી જ તે તે સંસ્કારરૂપે પ્રથમથી જ રહેલા (પ્રાણીઓના) ક્રૂર વગેરે સ્વભાવોને જગાડતા રમો છો.આ ત્રણે જગતમાં શાંત, અશાંત, તથા મૂઢયોનિ આમ ત્રણ પ્રકારનાં જે શરીરો છે, તે આપનાં જ (ક્રીડાસાધન) છે, તોપણ હમણાં સત્પુરુષોના ધર્મનું રક્ષણ કરવાની ઈચ્છાથી પ્રવૃત્તિ કરતા અને પુરુષોનું રક્ષણ કરવા માટે સ્થિતિ કરતા આપને સાત્ત્વિક શરીરો પ્રિય છે. હે શાંત આત્મા ! પોતાની પ્રજાએ કરેલો અપરાધ સ્વામીએ એકવાર તો સહન કરવો જોઈએ (આવી લોકરીતિ છે); માટે આપ પણ આપને નહિ જાણતા આ મૂઢ નાગના અપરાધને (એકવાર) સહન કરવા યોગ્ય છો. હે ભગવન્ ! કૃપા કરો; આ સર્પ હમણાં પ્રાણ તજશે, તો પુરુષોએ શોક કરવા યોગ્ય અમારી સ્ત્રીજાતિના આ પતિરૂપ પ્રાણને આપ આપો-જીવવા દો. અમે આપની દાસીઓ છીએ; માટે આપ અમારું જે કર્તવ્ય હોય તેની આજ્ઞા કરો; કારણ કે શ્રદ્ધાથી આપની આજ્ઞા પ્રમાણે વર્તનારો મનુષ્ય સર્વ ભયથી છૂટે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** નાગપત્નીઓએ એમ સ્તુતિ કરી એટલે ભગવાને પગના પ્રહારોથી ભાંગી ગયેલાં મસ્તકોવાળા અને મૂર્ચ્છિત થયેલા કાલિયનાગને છોડી દીધો. પછી ધીમે ધીમે આવેલી ઈન્દ્રિયશકિત ને પ્રાણવાળો તે કાલિયનાગ મહાકષ્ટથી શ્વાસ લેતો બે હાથ જોડી દીન થઈ સર્વ દુઃખ હરનારા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યોઃ ‘હે નાથ ! અમે દુષ્ટો ઉત્પત્તિ સાથે જ તમોગુણી સ્વભાવના અને લાંબો કાળ રહેનાર ક્રોધવાળા છીએ; કારણ કે જેને લીધે મિથ્યા દુરાગ્રહ બંધાય છે, એવો લોકોનો સ્વભાવ તજવો મુશ્કેલ છે.

હે સૃષ્ટિકર્તા દેવ ! રાજસ આદિ ગુણોથી વિવિધ પ્રકારે સર્જાતા આ જગતને આપે સર્જ્યું છે; જેમાં અનેક જાતના સ્વભાવ, દેહશક્તિઓ, ઈન્દ્રિયની શકિતઓ, માતાની શકિતઓ, પિતાની શકિતઓ, વાસનાઓ તથા આકૃતિઓ રહેલી છે. હે ભગવન્ ! આપની તે સૃષ્ટિમાં અમે સર્પો જન્મથી જ અત્યંત ક્રોધી છીએ, એથી પોતાની મેળે જ મોહિત હોઈ આપની દુસ્ત્યજ માયા અમે કેવી રીતે તજી શકીએ ? આપ સર્વ જાણો છો અને જગતના ઈશ્વર છો, તેથી આપ જ આપની માયાને તજાવવામાં કારણ છો; માટે મારો અનુગ્રહ કે નિગ્રહ જે આપ માનતા હો તે કરો.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** કાલિયનાગનું તે વચન સાંભળી ભકતોના કાર્ય માટે મનુષ્ય બનેલા ભગવાન કૃષ્ણ બોલ્યા : 'હે સર્પ ! તારે અહીં રહેવું નહિ. તું તારી જ્ઞાતિઓ, છોકરા અને સ્ત્રીઓ સાથે સમુદ્રમાં ચાલ્યો જા, વિલંબ કર મા; જેથી આ નદીનો ગાયો તથા મનુષ્યો ઉપયોગ કરી શકે. જે મનુષ્ય, મેં તને કરેલી આ શિક્ષાનું બંને સંધ્યાસમયે કીર્તન કરશે, તેને તમારી સર્પજાતિથી ભય થશે નહિ. જે મનુષ્ય મેં કીડા કરેલા આ ધરામાં સ્નાન કરી જળથી દેવો વગેરેનું તર્પણ કરશે અને ઉપવાસ કરી મારું સ્મરણ કરતો મારી પૂજા કરશે તે સર્વ પાપોથી છૂટશે. તે જેના ભયથી પહેલાં (પોતાનું રહેઠાણ) રમણકદ્વીપ છોડી આ ધરાનો આશ્રય લીધો હતો, તે ગરુડ હવે મારા પગના ચિહ્નવાળા તને ખાશે નહિ.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** અદ્ભુત કર્મ કરનારા ભગવાન કૃષ્ણે એમ કહ્યું એટલે કાલિયનાગે તથા તેની પત્નીઓએ હર્ષથી આદરપૂર્વક તેમની પૂજા કરી. દિવ્યપુષ્પોની માળાઓ, મણિઓ, મહાકિંમતી આભૂષણો, દિવ્ય ચંદન, વિલેપન તથા મોટી કમળની માળા વડે જગત્પતિ ભગવાનને પૂજી પ્રસન્ન કરીને કાલિયનાગ આનંદિત થયો. ભગવાને તેને ત્યાંથી જવાની રજા આપી, એટલે ભગવાનને પ્રદક્ષિણા તથા વંદન કરી તે નાગ સ્ત્રીઓ, સંબંધીઓ તથા પુત્રો સાથે સમુદ્રના રમણકદ્વીપમાં ગયો; એટલે તે જ સમયે ક્રીડા માટે મનુષ્યોનું રૂપ ધરનારા ભગવાનની કૃપાથી યમુના નદી ઝેર વિનાની અને અમૃત સરખા મધુર જળવાળી થઈ ગઈ. ૧-૬૭

तदैव सामृतजला यमुना निर्विषाऽभवत् । अनुग्रहाद्भगवतः क्रीडामानुषरूपिणः ॥६७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## દાવાનળ પી જઈ શ્રીકૃષ્ણે સ્વજનોની રક્ષા કરી

॥ राजोवाच ॥

नागालयं रमणकं कस्मात्तत्याज कालियः । कृतं किं वा सुपर्णस्य तेनैकेनासमञ्जसम् ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** કાલિયનાગે નાગોનું સ્થાન રમણકદ્વીપ શા માટે તજ્યો હતો અને તેણે એકલાએ ગરુડનો શો અપરાધ કર્યો હતો ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહાબાહુ રાજા ! ગરુડના ભક્ષ્ય સર્પોએ પૂર્વે (રમણકદ્વીપમાં) એક વૃક્ષના મૂળ આગળ દરેક મહિને એક સર્પનું બલિદાન (ગરુડ માટે) જે ઠરાવ્યું હતું, તેમાં દરેક સર્પ પ્રત્યેક અમાસના દિવસે પોતાનું રક્ષણ કરનારા મહાત્મા ગરુડને પોતપોતાનો ભાગ આપ્યા કરતો હતો, પણ કદ્રુનો પુત્ર કાલિયનાગ ઝેર અને પરાક્રમના મદથી મુકત થઈ ગરુડને બલિદાન આપતો ન હતો; પરંતુ ઊલટો ગરુડનું અપમાન કરી બીજાઓએ આપેલું બલિદાન પોતે જ ખાઈ જતો. તે સાંભળી હે રાજન્!

ગરુડ કોપાયમાન થયો અને ભગવાનને પ્રિય તે સમર્થ ગરુડ કાલિયનાગનો નાશ કરવાની ઈચ્છાથી મોટો વેગ કરી તેની સામે દોડ્યો. એટલે અનેક ઊંચા મસ્તકવાળો, ઝેર અને દાંતરૂપી આયુધવાળો, ભયંકર જીભવાળો અને ફાડેલી ઉગ્ર આંખોવાળો કાલિયનાગ પણ વેગથી ધસી આવતા ગરુડ સામે ધસ્યો ને દાંત મારી ગરૂડને કરડ્યો. આથી ભગવાનનું વાહન તાર્ક્ષ્યપુત્ર ગરૂડ ઘણો ક્રોધાયમાન થયો. તેણે પ્રચંડ વેગ અને ઉગ્ર પરાક્રમ કરી કાલિયનાગને દૂર ફેંકી દીધો અને તેના પર સુવર્ણ જેવી કાંતિવાળી પોતાની જમણી પાંખનો પ્રહાર કર્યો. કાલિયનાગ ગરુડની પાંખનો પ્રહાર પામી અત્યંત વિહ્વળ થયો અને ગરુડ જેમાં પ્રવેશ કરી શકતો ન હતો, એવા યમુનાના ઊંડા ધરામાં પેસી ગયો. એક સમયે ભૂખ્યો થયેલો ગરુડ સૌભરિ ઋષિએ અટકાવ્યા છતાં પોતાના પ્રિય ભક્ષ્ય એક જળચર પ્રાણીને બળાત્કારે લઈ ગયો. એ જળચર માછલાંનો રાજા હતો. તે એમ માર્યો ગયો ત્યારે માછલાંને અત્યંત દુઃખી થયેલાં જોઈ સૌભરિ ઋષિએ ત્યાંનાં પ્રાણીઓનું કલ્યાણ કરતાં આ પ્રમાણે (શાપવચન) કહ્યુંઃ 'જો ગરુડ અહી પ્રવેશ કરી માછલાંઓને ખાશે તો તત્કાળ મરણ પામશે આ હું સત્ય કહું છું.' સૌભરિ ઋષિના આ શાપને કેવળ કાલિયનાગ જ જાણતો હતો. બીજો કોઈ જાણતો ન હતો અને તેથી જ ગરુડથી ભય પામી કાલિયનાગ તે ધરામાં રહેતો હતો, પણ હવે શ્રીકૃષ્ણ તેને ત્યાંથી કાઢી મૂક્યો. (કાલિયનાગને કાઢી મૂકી) શ્રીકૃષ્ણ દિવ્ય માળા, ચંદન ને વસ્ત્રો ધારણ કરી ઉત્તમ મણિઓથી ભરપૂર અને સુવર્ણથી સુશોભિત થઈ (ધરામાંથી) બહાર નીકળ્યા, ત્યારે તેમને જોઈને સર્વ ગોવાળિયા જેમ પ્રાણ મેળવી ઇંદ્રિયો ઊભી થાય તેમ ઊભા થયા અને આનંદપૂર્ણ મનવાળા થઈ શ્રીકૃષ્ણને પ્રેમથી ભેટી પડ્યા. હે કુરુવંશી રાજન્ ! યશોદા, રોહિણી, નંદ, ગોપીઓ ને ગોવાળિયા શ્રીકૃષ્ણને મળી ભાનમાં આવ્યા અને તેઓના મનોરથો પૂર્ણ થયા. બળદેવજી શ્રીકૃષ્ણને ભેટી હસવા લાગ્યા; કેમ કે તેઓ તો શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણતા જ હતા. અને વૃક્ષો, ગાયો, બળદો તથા વાછરડાં પણ પરમ હર્ષ પામ્યાં. એ વખતે નંદરાયના પુરોહિત બ્રાહ્મણોએ સ્ત્રીઓ સહિત આવી નંદજીને કહ્યું : 'કાલિયનાગે ગળેલો તમારો પુત્ર છૂટ્યો તે બહુ સારું થયું. આ રીતે શ્રીકૃષ્ણ કાલિયનાગથી છૂટયા તે નિમિત્તે તમે બ્રાહ્મણોને દાન આપો.' હે રાજા ! તે વખતે નંદરાયે પ્રસન્ન મનથી બ્રાહ્મણોને ગાયો તથા સુવર્ણનું દાન આપ્યું. તે પછી જાણે પોતાનું નાશ પામેલું સંતાન શ્રીકૃષ્ણ જેને પાછું મળ્યું હતું તે મહાભાગ્યશાળી સતી યશોદા શ્રીકૃષ્ણને ભેટી ખોળામાં બેસાડી વારંવાર હર્ષનાં આંસુ વરસાવવા લાગ્યાં. હે રાજેન્દ્ર ! ભૂખ, તરસ ને થાકથી દુર્બળ થયેલાં વ્રજવાસીઓએ તથા તેમની ગાયોએ તે રાત્રિ યમુના નદીના તીર પર જ ગાળી. તે વખતે ગ્રીષ્મ ઋતુનો સમય હતો. જેથી મધ્ય રાત્રિના સમયે (યમુનાનાં તીર ઉપરના) વનમાં દાવાનળ સળગ્યો. તેણે નિદ્રાવેશ થયેલાં વ્રજવાસીઓને ચોતરફથી ઘેરી લઈ તેમને ત્યાં બાળી નાખવાની તૈયારી કરી હતી. તે વેળા દાવાનળથી બળતાં વ્રજવાસીઓ એકદમ ગભરાટમાં ઊભાં થઈ માયાથી મનુષ્ય બનેલા શ્રીકૃષ્ણને શરણે જઈ કહેવા લાગ્યાં. 'હે કૃષ્ણ ! હે મહાભાગ્યશાળી કૃષ્ણ ! હે મહાપરાક્રમી બળરામ! આ ભયંકર અગ્નિ તમારા સેવક અમને ગળી જાય છે. હે પ્રભુ ! અતિ દુસ્તર કાળરૂપ આ અગ્નિથી સ્વજનનું (અમારું) તમે રક્ષણ કરો. સર્વ તરફથી નિર્ભય તમારા ચરણ તજવા અમે સમર્થ નથી,' એ પ્રમાણે પોતાના ભકતજન વ્રજવાસીઓની વ્યાકુળતા જોઈ જગતના ઈશ્વર, અનંત અને અનંત શકિત ધારણ કરનારા શ્રીકૃષ્ણ તે તીવ્ર અગ્નિને પી ગયા. ૧-૨૫

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः । तमग्निमापिबत्तीव्रमनन्तोऽनन्तशक्तिधृक् ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

# અધ્યાય-૧૮

## પ્રલંબાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

अथ कृष्णः परिवृतो ज्ञातिभिर्मुदितात्मभिः । अनुगीयमानो न्यविशद् व्रजं गोकुलमण्डितम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી હર્ષ પામેલા મનવાળા ગોપીજનોથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણે તેઓની સાથે ગાયોનાં ટોળાંથી શોભતા વ્રજમાં, પ્રવેશ કર્યો. એમ વ્રજમાં ગાયોના પાલનના બહાને માયાથી ગોપાલરૂપે બનેલા રામ—કૃષ્ણ વિહાર કરતા હતા, ત્યારે પ્રાણીઓને બહુ પ્રિય નહિ લાગતી ગ્રીષ્મઋતુ આવી. એ ઋતુ જ્યાં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ બળદેવજી સાથે રહે છે, તે વૃંદાવનના ગુણોને લીધે વસંતઋતુ જેવી જણાતી હતી. ત્યાં ઝરણાંના ખળભળાટથી તમરાંના શબ્દો ઢંકાઈ જાય છે. ઝરણાંના બારીક જળકણોથી છંટાયેલાં વૃક્ષ વડે જ સુશોભિત રહે છે અત્યંત હરિયાળાં ઘાસ જ્યાં કાયમ રહે છે અને સુગંધી, સંધ્યાવિકાસી કમળો, દિવસવિકાસી કમળો તથા રાત્રિવિકાસી કમળોની રજને લાવનારો, નદીઓ, તળાવો તથા ઝરણાંના તરંગો પર થઈને આવનારા શીતળ વાયુ ત્યાં વાય છે. એથી ત્યાં રહેનારાં પ્રાણીઓને ઉનાળાનો, દાવાનળનો કે સૂર્યનો તાપ કદી લાગતો જ નથી, વળી જ્યાં સૂર્યનાં વિષ સમાન ઉગ્ર કિરણો પર અગાધ જળથી ભરેલી નદીના કિનારા પર તરંગોની ઊછળતી છોળોને લીધે કિનારાઓ સાથે ચોતરફ ભીની રહેતી આસપાસની ભૂમિના રસને કે હરિયાળાપણાને હરી શકતાં નથી, એવું તે વૃંદાવન પુષ્પોથી ભરપૂર, શોભાયમાન, ગર્જનાઓ કરતાં જાતજાતનાં પશુઓ તથા પક્ષીઓવાળું, ગાતા ભમરા તથા મયૂરોવાળું અને અવાજ કરતાં કોયલો તથા સારસ પક્ષીઓથી યુકત છે. એ વૃંદાવનમાં ક્રીડા કરવા ભગવાન કૃષ્ણ બળદેવજી સાથે વાંસળી વગાડતાં ગોવાળિયાઓ અને ગાયોનાં ધણથી વીંટાઈને પ્રવેશ કર્યો. પછી કૂંપળિયાં, મોરપીછ, પુષ્પોના ગુચ્છા, માળા તથા ગેરું વગેરે ધાતુઓનાં આભૂષણો કરી, બળદેવ, કૃષ્ણ વગેરે તે ગોવાળિયા ત્યાં નૃત્ય, યુદ્ધ ને ગાન કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ નાચતા ત્યારે કેટલાક ગોવાળિયા ગાતા હતા, કેટલાક વાંસળીઓ, હાથની તાળીઓ તથા શિંગડીઓ વગાડતા હતા. અને બીજા કેટલાક તેમની પ્રશંસા કરતા હતા. હે રાજન્ ! જેમ નટો નટોનાં વખાણ કરે, તેમ ગોવાળજાતિમાં ગુપ્ત રહેલા તે ગોવાળિયારૂપી દેવો શ્રીકૃષ્ણની તથા બળરામની સ્તુતિ કરતા હતા. વાળનાં જુલ્ફાં ધારણ કરતા શ્રીકૃષ્ણ અને બળદેવજી કોઈ વેળા એકબીજાના હાથ પકડી ફૂદડી ફરવું, એક બીજાને કૂદી જવું,એકબીજાને દૂર ફેંકવા,ખભા ઠોકવા, એકબીજાને ખેંચવા અને બાહુયુદ્ધ કરવું વગેરે રીતોથી રમતા હતા. હે મહારાજ ! કોઈ વાર બીજા ગોવાળિયા નાચતા ત્યારે પોતે ગાતા, વગાડતા અને ‘વાહ, વાહ, !’ કહી તેની પ્રશંસા કરતા. કોઈ વેળા બીલાંથી, કોઈ વેળા કુંભવૃક્ષનાં ફળોથી, કોઈ વેળા આમળાંનાં, ફળની ભરેલી મૂઠીઓથી, કોઈ વેળા એકબીજાને નહિ અડવા દેવાની રમતથી, કોઈ વેળા આંખમિંચામણાં વગેરે રમતથી, કોઈ વેળા પશુપક્ષીના જેવી ચેષ્ટાઓથી, કોઈ વેળા દેડકાંની પેઠે કૂદવાથી, કોઈ વેળા જાતજાતની ઠઠ્ઠામશ્કરીઓથી, કોઈ વેળા હીંચકા ખાવાથી અને કોઈ વેળા રાજા થવું વગેરેથી તેઓ રમતા હતા. એવી લૌકિક રમતોથી તે બંને ભાઈઓ વૃંદાવનમાં નદીઓ, પહાડોની ખીણ, વેલાઓનાં ઝુંડો, જંગલો, તથા સરોવરમાં રમતા હતા. એક વખતે વૃંદાવનમાં બળદેવજી તથા શ્રીકૃષ્ણ ગોવાળિયા સાથે પશુઓ ચારતા હતા, તેવામાં પ્રલંબાસુર નામનો એક અસુર ગોવાળિયાનું રૂપ લઈને

તે બન્નેનું હરણ કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યો. ભગવાન કૃષ્ણ સર્વના દ્રષ્ટા હોઈ તે પ્રલંબાસુરને ઓળખી ગયા. પણ તેનો નાશ કરવા મનમાં વિચાર કરી તેમણે તેની સાથે મિત્રતા પસંદ કરી, પછી જુદી જુદી રમત જાણનારા શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને બોલાવીને કહ્યું : 'હે ગોવાળિયાઓ ! આપણે બરાબર બે ભાગમાં વહેંચાઈ જઈ રમત રમીએ.' પછી તે રમતમાં ગોવાળિયાઓએ બળરામને તથા શ્રીકૃષ્ણને એક એક પક્ષમાં સૌથી મોટા કર્યા; તેમાં કેટલાક ગોવાળિયા શ્રીકૃષ્ણના પક્ષમાં ને કેટલાક બળદેવના પક્ષમાં રહ્યા અને એક ઉપાડનાર અને બીજા તેના ઉપર બેસનાર થઈ જુદી જુદી રમતો રમવા લાગ્યા, જેમાં જીતનારા હારેલા ઉપર બેસતા ને હારેલા જીતેલાઓને ઉપાડતા હતા. એમ જીતેલાને ઉપાડતા, ને હારેલા ઉપર બેસતા તે શ્રીકૃષ્ણ વગેરે ગોવાળિયા ગાયોના ધણને ચારના ભાંડીરક વડ સુધી પહોંચી ગયા. હે રાજા ! બળરામના પક્ષના શ્રીદામા, વૃષભ વગેરે ગોવાળિયા જીત્યા, ત્યારે શ્રીકૃષ્ણ વગેરે તેઓને ઉપાડવા લાગ્યા. તેમાં હારેલા શ્રીકૃષ્ણ ભગવાને શ્રીદામાને ભદ્રસેને વૃષભ અને પ્રલંબાસુરે બળરામને ઉપાડયા. મહાદાનવ પ્રલંબાસુર શ્રી કૃષ્ણને પોતાથી સહન ન થઈ શકે તેવા માની બળદેવને ઉપાડી ઉતાવળો, ઉપાડેલાને ઉતારવા માટે નક્કી કરેલા સ્થાનથી આગળ ચાલ્યો. પણ બળદેવજી મોટા પર્વત જેવા વજનદાર હતા. જેથી જેમને ઉપાડતાં તે મહાસુરનો વેગ ઘણો ઓછો થઈ ગયો. પછી તેણે પોતાનું રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું. એ સમયે તેણે સુવર્ણના અલંકારો પહેર્યા હતા, જેથી વીજળીની કાંતિવાળો અને ચંદ્રમાને ધારણ કરેલો મેઘ શોભે તેમ તે ઊભો હતો. તે અસુરનું રાક્ષસી સ્વરૂપ આકાશમાં ચાલતું પ્રદીપ્ત દૃષ્ટિવાળું છેક ભ્રૂકુટિ સુધી પહોચેલી ઉગ્ર દાઢોવાળું, બળતી શિખા જેવા પીગળા કેશવાળું અને કડાં, મુકુટ તથા કુંડળોની કાંતિથી અદ્ભુત હતું, તેને જોઈ પ્રથમ તો બળદેવજી જરા ડર્યા. પણ તરત જ 'હું કોણ છું' તે યાદ આવતાં પાછા નિર્ભય થઈ ગયા. પોતાના સાથનો ત્યાગ કરાવીને પોતાને હરી જતા પ્રલંબાસુરના માથામાં ક્રોધથી જેમ ઇંદ્ર વજ્ર વડે પર્વતને મારે તેમ વજ્ર જેવા વેગવાળી મજબૂત મુઠ્ઠી તેમણે મારી. એટલે તરત તે અસુરનું મસ્તક ફાટી ગયું. મુખમાંથી તે લોહી ઓકવા લાગ્યો. તેનું ભાન ચાલ્યું ગયું અને ઇંદ્રના વજ્ર પ્રહારથી જેમ પર્વત તૂટી પડે તેમ મોટી ચીસ પાડતો પ્રાણરહિત થઈ તે પૃથ્વી પર પડ્યો. બળવાન બલભદ્રે એ રીતે પ્રલંબાસુરને મારેલો જોઈ ગોવાળિયા અત્યંત આશ્ચર્ય પામ્યા અને 'બહુ સારું કર્યું,' 'બહુ સારું કર્યું' એમ કહેવા લાગ્યા. તેઓ પ્રશંસાને યોગ્ય બળદેવજીની પ્રશંસા કરવા લાગ્યા અને મરીને પાછા આવ્યા હોય તેમ તેમને ભેટી પ્રેમ વડે વિહ્વળ મનવાળા થઈને શુભેચ્છાઓ પ્રકટ કરવા લાગ્યા, તે રીતે પાપી પ્રલંબાસુર મરાયો ત્યારે અત્યંત શાંતિ પામેલા દેવો બળદેવજી ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી 'બહુ સારું કર્યું, બહુ સારું કર્યું' એમ કહેવા લાગ્યા. ૧-૩૨

**पापे प्रलम्बे निहते देवाः परमनिर्वृताः । अभ्यवर्षन्बलं माल्यैः शशंसुः साधु साध्विति ॥३२॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

## અધ્યાય-૧૯

## દાવાનળ પી જઈ ફરી શ્રીકૃષ્ણે ગોવાળિયા તથા ગાયોનું રક્ષણ કર્યું

**॥ श्रीशुक उवाच ॥**

कीडासक्तेषु गोपेषु तद्गावो दूरचारिणीः । स्वैर चरन्त्यो विविशुस्तृणलोभेन गह्वरम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી ગોવાળિયા રમતમાં લીન બન્યા, એટલામાં ઈચ્છાનુસાર ચરતી તેમની ગાયો ઘણે દૂર નીકળી ગઈ અને ઘાસના લોભથી ગીચ ઝાડીમાં પેસી ગઈ. એમ એક વનમાંથી બીજા

વનમાં પેઠેલી બકરીઓ, ગાયો તથા ભેંસો મુંજ ઘાસની જંગલમાં દાખલ થઈ અને ત્યાં દાવાનળથી વ્યાકુળ થઈને બરાડા પાડવા લાગી. તે વેળા પોતાનાં પશુઓને નહિ જોઈ શ્રીકૃષ્ણ અને બળરામ વગેરે ગોવાળિયા સંતાપ કરવા લાગ્યા અને ગાયો ક્યાં ગઈ એમ શોધતાં છતાં પત્તો મેળવી શક્યા નહિ. એમ આજીવિકાનાં સાધન ખોવાઈ જવાથી તેઓ સર્વ ભાન વિનાના થઈ ગાયોની ખરીઓ તથા દાંતથી કપાયેલાં ઘાસ અને ગાયોનાં પગલાંઓની નિશાનીવાળા પ્રદેશો જોઈને તે માર્ગે જવા લાગ્યા. છેવટે મુંજ ઘાસના પેલા જંગલમાં માર્ગ ભૂલી બરાડા પાડતું પોતાની ગાયોનું ધણ મેળવીને તૃષાતુર થઈ થાકેલા તેઓએ ત્યાંથી તેને પાછું વાળવા માંડયું. ભગવાન શ્રીકૃષ્ણે મેઘ જેવી ગંભીર વાણીથી ગાયોને બોલાવવા માંડી એટલે પોતાનાં નામોનો અવાજ સાંભળી તે ગાયો અત્યંત હર્ષ પામી, સામેથી ગર્જનાઓ કરવા લાગી. તેવામાં દૈવયોગે વનવાસીઓનો નાશ કરતો મોટે દાવાનળ ત્યાં (મુંજના ઘાસના વનમાં) ચોતરફ સળગી ઊઠયો. તે દાવાનળ પવન ફૂંકાવાથી વધી જઈ ઉગ્ર જવાળાઓથી સ્થાવરજંગમ પ્રાણીઓને ગળી જવા લાગ્યો. ગોવાળિયા ને ગાયો ચારે તરફ ધસી આવતા તે દાવાનળને જોઈ ભયભીત થયાં. તેઓ મૃત્યુના ભયથી પીડા પામેલા મનુષ્યો જેમ શ્રીહરિને શરણે જાય, તેમ બળદેવજી સહિત શ્રીકૃષ્ણને શરણે જઈ કહેવા લાગ્યાં, ‘હે કૃષ્ણ ! હે મહાવીર કૃષ્ણ ! હે અમાપ પરાક્રમવાળા બળરામ ! દાવાનળથી બળતા અમારું તમે રક્ષણ કરો. હે કૃષ્ણ ! અમે તમારા બાંધવો હોઈ આમ દુઃખ પામીએ તે યોગ્ય નથી. હે સર્વ ધર્મને જાણનારા તમે જ અમારા નાથ છો. અને તમારો જ અમને મુખ્ય આધાર છે.’

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીહરિ બંધુઓનું તે દીન વચન સાંભળી બોલ્યા : ‘તમે ડરો મા, આંખો મીંચી જાઓ’ પછી ‘બહુ સારું’ એમ કહી ગોવાળિયા આંખો મીચી ગયા એટલે યોગીના અધીશ્વર ભગવાન કૃષ્ણ તે ઉગ્ર દાવાનળને મુખથી પી જઈ તેઓને દુઃખથી છોડાવ્યા. પછી ગોવાળિયાઓએ આંખો ઉઘાડી તે પોતાને તથા ગાયોને શ્રીકૃષ્ણે દાવાનળથી છોડાવી બધાને પેલા ભાંડીર વડ પાસે આણ્યાં હતાં. તે જોઈ ગોવાળિયા આશ્ચર્ય પામ્યા અને શ્રીકૃષ્ણની તે યોગશકિત, યોગમાયાનો પ્રભાવ તથા દાવાનળથી પોતાનું કુશળક્ષેમ જોઈ શ્રીકૃષ્ણને દેવ માનવા લાગ્યા. પછી સાયંકાળે બળદેવજી સાથે વાંસળી વગાડતા શ્રીકૃષ્ણ વૃંદાવનથી પાછા ફરી ગોવાળિયાઓ વડે સ્તુતિ કરાતા વ્રજમાં પધાર્યા, એ સમયે શ્રીકૃષ્ણનું દર્શન થતાં ગોપીઓને પરમ આનંદ થયો કે જેઓને શ્રીકૃષ્ણ વિના ક્ષણ પણ સો યુગ જેવડી થતી હતી. ૧-૧૬

गोपीनां परमानन्द आसीद्गोविन्ददर्शने । क्षणं युगशतमिव यासां येन विनाऽभवत् ॥१६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## વર્ષા અને શદરઋતુનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

तयोस्तदद्भूतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः । गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलम्बवधमेव च ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પોતાને દાવાનળથી છોડાવ્યા અને પ્રબંલાસુરનો વધ કર્યો, તે કૃષ્ણ બળરામનું અદ્ભુત કર્મ ગાવાળોએ વ્રજમાં (વૃદ્ધ ગોવાળો તથા) સ્ત્રીઓ આગળ કહી સંભળાવ્યું. તે સાંભળી વૃદ્ધ ગોવાળિયા તથા ગોપીઓ વિસ્મય પામ્યાં અને શ્રીકૃષ્ણને તથા બળરામને વ્રજમાં આવેલા કોઈ શ્રેષ્ઠ દેવો માનવા લાગ્યાં. એ રીતે ગ્રીષ્મ પછી વર્ષાઋતુ શરૂ થઈ, જેમાં સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ

થઈ, સૂર્ય અને ચંદ્રની આસપાસ મંડળો વગેરેની શોભા થવા લાગી. આકાશ આખું ખળભળી ઊઠયું, વીજળીઓ સાથે ગડગડાટ કરતાં અતિ કાળાં વાદળાંથી આકાશ છવાઈ ગયું ને તેમાંનાં જ્યોતિમંડળો અસ્પષ્ટ જણાવા લાગ્યાં. જેથી ત્રણે ગુણોથી ઢંકાયેલું અને તેથી જ અસ્પષ્ટ પ્રકાશવાળું જીવનું સ્વરૂપ હોય તેવું આકાશ ભાસવા લાગ્યું (જેમ રાજા પ્રજા પાસેથી કર લે અને સમય આવતાં તે પાછો આપે તેમ) સૂર્યે આઠ મહિના સુધી પોતાનાં કિરણો દ્વારા પૃથ્વીનું જે જળરૂપી ધન લીધું હતું તેને એ વર્ષનો સમય આવતાં પાછું આપવા માંડયું. જેમ દયાળુ, માણસો બીજાને દુઃખી જોઈ કંપી ઊઠી તેને માટે પોતાનું જીવન પણ તજે છે. તેમ મોટાં વાદળાં પણ વીજળીરૂપી નેત્રોથી જગતને તપેલું જોઈ, વાયુથી, કંપી જઈ જીવનજળનો ત્યાગ કરવા લાગ્યાં. જેમ કામના માટે તપ કરવાનું શરીર તે તપને લીધે સુકાઈને કામનાનું ફળ મેળવી પાછું પુષ્ટ થાય છે, તેમ ગ્રીષ્મઋતુને લીધે સુકાયેલી પૃથ્વી મેઘથી સિંચાઈને પુષ્ટ બની. જેમ કલિયુગમાં પાપને લીધે પાખંડશાસ્ત્રો પ્રકાશે છે, પણ વેદો પ્રકાશતા નથી, તેમ વર્ષાઋતુમાં રાત્રિના આરંભે પ્રદોષ કાળમાં આગિયા પ્રકાશે છે, પણ ગ્રહ પ્રકાશતા નથી. જેમ પ્રથમ (આચાર્યનું નિત્યકર્મ ચાલતું હોય ત્યારે અધ્યયન કરવાથી તેમને વિઘ્ન થાય એ હેતુથી) મૌન બેઠેલા બ્રાહ્મણ-શિષ્યો આચાર્યનું નિત્યકર્મ સમાપ્ત થતાં તેમનો શબ્દ સાંભળી ભણવા લાગે છે, તેમાં પ્રથમ ચૂપ રહેલાં દેડકાં મેઘનો શબ્દ સાંભળી 'ડ્રાં, ડ્રાં,' શબ્દ કરવા લાગ્યાં. જેમ ઇંદ્રિયાધીન પુરુષની દેહસંપત્તિ તથા ધન-સંપત્તિ અવળે માર્ગે જાય છે, તેમ ઉનાળામાં સુકાતી નાની નદીઓ વર્ષાઋતુમાં જળ મળતાં જ આડીઅવળી વહેવા લાગી. જેમ રાજાઓની સૈન્યસંપત્તિ રંગબેરંગી ધજા—પતાકાઓને લીધે રંગબેરંગી ને ઊંચાં કરેલાં છત્રોની છાયાવાળી હોય તેમ વર્ષાઋતુમાં પૃથ્વી પણ લીલા ઘાસને લીધે લીલી, ઇંદ્રગોપ કીડાને લીધે લાલ અને જ્યાં ત્યાં ઊગેલી બિલાડીઓની છત્રાકાર ટોપીઓથી છાયાવાળી થઈ રહી; ખેતરો ધાન્યસંપત્તિથી ખેડૂતોને આનંદ આપવા લાગ્યાં પણ 'સર્વદૈવાધીન છે' એમ નહિ સમજનારા (અને તેથી જ ધાન્યનો સંગ્રહ કરી બેઠેલા) ધનવાન વેપારીઓને સંતાપ ઉપજાવવા લાગ્યાં. જેમ શ્રીહરિની સેવાથી મનુષ્ય સુંદર સ્વરૂપ ધરે છે, તેમ જળ-સ્થળવાસી સર્વ પ્રાણીઓ વર્ષાઋતુના નવા જળનું સેવન કરવાથી સુંદર સ્વરૂપ ધરવા લાગ્યાં. જેમ કાચા યોગીનું મન કામવાસનાઓથી યુકત હોઈ વિષયોનો સંગ થતાં વિકારી થાય છે, તેમ (વર્ષાઋતુમાં) નદીઓ સાથે મળેલા સમુદ્ર પવન વડે ઊછળતા તરંગોવાળો થઈ ખળભળી ઊઠયો. જેમ શ્રીભગવાનમાં મનવાળા પુષ્પો દુઃખોથી હેરાન થયા છતાં પીડા પામતા નથી, તેમ પર્વતો વરસાદની ધારાઓ પડવા છતાં પીડા ન પામ્યા. જેમાં બ્રાહ્મણો વડે અભ્યાસ નહિ કરાતા વેદો કાળે કરી નાશ પામતાં સંદેહયુક્ત થાય છે, તેમ વર્ષાઋતુમાં માર્ગો પણ અવરજવર નહિ હોવાથી ઘાસથી ઢંકાઈ જઈ સંદિગ્ધ થયા. જેમ ચંચળ પ્રેમવાળી વ્યભિચારિણી સ્ત્રીઓ ગુણવાન પુરુષો સાથે સ્થિરતા કરીને રહેતી નથી, તેમ વીજળીઓ પણ લોકબંધુ મેઘો સાથે સ્થિરતા કરીને રહી નહિ. જેમ આત્મા નિર્ગુણ હોવા છતાં ગુણોના મિશ્રણવાળા આ જગતરૂપ પ્રપંચમાં ભાસે છે, તેમ ગુણ (દોરી) રહિત એવું પણ ઈન્દ્રનું ધનુષ્ય ગર્જનારૂપ ગુણવાળા આકાશમાં દેખાવા લાગ્યું. જેમ પોતાના ચૈતન્યપ્રકાશથી જ પ્રકાશેલી અહંબુદ્ધિથી ઢંકાયેલો જીવ પ્રકાશતો નથી, તેમ પોતાની ચાંદનીથી પ્રકાશમાં વાદળાંથી ઢંકાયેલો ચંદ્ર પણ પ્રકાશતો ન હતો. જેમ ઘરમાં (સાંસારિક તાપોથી) તપેલા અને તેથી જ વૈરાગ્યયુક્ત થયેલા મનુષ્યો ભગવાનના ભકતજનોનો સમાગમ થતાં પ્રસન્ન થઈ સામેથી તેમનો આદરસત્કાર કરે છે, તેમ મયૂરો પણ મેઘના આવવાથી આનંદી થઈ તેમની સામે શબ્દો કરી તેમને અભિનંદન આપવા લાગ્યા. જેમ કામ્ય તપ કરનાર

પુરુષો પ્રથમ તપને લીધે ઘણા જ દુબળા થઈ પાછળથી (તપશ્ચર્યાનું ફળ પ્રાપ્ત થતાં) વિષયો સેવવાથી હૃષ્ટપુષ્ટ બને છે, તેમ પ્રથમ ઉનાળાને લીધે સુકાયેલાં વૃક્ષો મૂળિયાં વડે પાણી પીને ફાલ્યાંફૂલ્યાં. જેમ અશાંતિવાળાં કામકાજથી ભરેલાં ઘરોમાં દુષ્ટ આશયવાળા વિષયી મનુષ્ય પડી રહે છે, તેમ હે રાજન્ ! સારસ પક્ષીઓ પણ (કીચડ કાંટા વગેરેથી) અશાંત કિનારાઓવાળા સરોવરમાં પડી રહ્યાં. જેમ કલિયુગમાં પાખંડીઓના દુષ્ટ વાદોથી વેદમાર્ગો છિન્નભિન્ન થાય છે, તેમ વરસાદ વરસવા લાગ્યો, ત્યારે પાણીનાં પૂરોથી (નદી વગેરેના) પુલ તૂટી પડયા. જેમ બ્રાહ્મણ પુરોહિતોએ પ્રેરેલા રાજાઓ સમયે સમયે પ્રજાઓના મનોરથો પૂર્ણ કરે છે, તેમ વાયુથી પ્રેરાયેલા મેઘો પણ સમયે સમયે પ્રાણીઓ માટે જળવૃષ્ટિ કરવા લાગ્યા. એવી વર્ષાઋતુ આવી ત્યારે શ્રીહરિએ બળદેવજીની સાથે ગાયો તથા ગોવાળિયાઓથી વીંટાઈને વૃંદાવનમાં પ્રવેશ કર્યો કે જે વૃંદાવન પાકાં ખજૂર અને જાંબુઓથી ભરપૂર હતું. તે વખતે ગાયો અડાણના મોટા ભારથી ધીમી ચાલતી હતી; પણ ભગવાન કૃષ્ણે તેઓને પ્રેમથી બોલાવી ત્યારે આંચળમાંથી દૂધ ઝરતી ઉતાવળી ચાલવા લાગી. વળી ભગવાને (વૃંદાવનમાં પ્રવેશ કર્યો ત્યારે) વનવાસીઓ અત્યંત હર્ષ પામ્યાં, વનરાજિઓ પુષ્પરસ ઝરવા લાગી, પર્વતમાંથી જળધારાઓ વહી રહી, જળધારાઓના શબ્દો સંભળાયા અને પર્વતની ગુફાઓ સુંદર દેખાઈ એ સમયે વરસાદ વરસતો હતો, ત્યારે ભગવાન કૃષ્ણ કોઈ વેળા વનસ્પતિની ઘટા નીચે અથવા પર્વતની ગુફામાં પેસી કંદમૂળ તથા ફળનો આહાર કરી આનંદ પામતા; કોઈ વખતે જળાશય પાસે શિલા ઉપર બેસી જમાડવા યોગ્ય ગોવાળિયાઓ તથા બળદેવજી સહિત સાથે આણેલાં દહીં-ભાત જમતા. બળદો, વાછરડાં અને આંચળના ભારથી થાકેલી ગાયો તૃપ્ત થઈ લીલા ઘાસ ઉપર બેસી આખો મીંચી વાગોળતી હતી. તેઓને તેમ જ સર્વ પ્રાણીઓને હર્ષ આપતી અને પોતાની શકિતથી વધેલી વર્ષાઋતુની શોભા જોઈ ભગવાન કૃષ્ણે તે ઋતુ ઉત્તમ માની. એ રીતે બલરામ અને કૃષ્ણ વ્રજમાં રહેતા હતા તે વખતે (વર્ષાઋતુ ગઈ અને પછી) શરદઋતુ આવી. તે ઋતુમાં વાદળાં ન હતાં. જળ સ્વચ્છ થયાં હતાં અને કઠોર વાયુ વાતો ન હતો. જેમ યોગથી ભ્રષ્ટ થયેલાનાં મન, ફરી યોગ સેવવાથી મૂળ નિર્મળ સ્થિતિ પામે છે; તેમ કમળોને ઉત્પન્ન કરનારી શરદઋતુને લીધે જળ મૂળ નિર્મળ સ્થિતિ પામ્યાં. જેમ શ્રીકૃષ્ણની ભકિત ગૃહસ્થાશ્રમી વગેરે આશ્રમવાસીઓનાં પાપનો નાશ કરે, તેમ શરદઋતુએ આકાશમાંથી મેઘને, પ્રાણીઓની (વર્ષા ઋતુની) સંકડામણને, પૃથ્વી પરથી કાદવ અને પાણીના મેલ દૂર કર્યા. જેમ પુત્રની, ધનની તથા સર્વ લોકની કામનાઓ જેઓએ તજી હોય તેવા શાંત અને પાપરહિત મુનિઓ ઉજ્જવળ કાંતિવાળા થઈ શોભે છે, તેમ વર્ષાઋતુમાં પોતાના સર્વસ્વરૂપ જળને તજી ઉજ્જવળ કાંતિવાળા થયેલા શરદઋતુના મેઘ શોભતા હતા. જેમ જ્ઞાનીઓ સમય આવતાં જ્ઞાનામૃત આપે છે અને કોઈ વેળા નથી પણ આપતા, તેમ શરદઋતુમાં પર્વતો કોઈ સ્થળે જળને ઝરતા હતા અને કોઈ સ્થળે નહોતા પણ ઝરતા. જેમ કુટુંબમાં આસક્ત મૂર્ખ લોકો નિરંતર ઓછા થતા આયુષ્યને જાણતા નથી, તેમ છીછરા પાણીમાં રહેતાં જળચર પ્રાણીઓ શરદઋતુમાં દરરોજ ઓછા થતા જળને જાણતાં ન હતાં. જેમ ગરીબ દરિદ્ર કુટુંબી, અજિતેન્દ્રિય હોઈ સંસારનો તાપ પામે છે, તેમ છીછરા પાણીમાં રહેલાં જળજંતુઓ શરદઋતુના સૂર્યનો તાપ પામવા લાગ્યાં. જેમ ધીર પુરુષો આત્માથી જુદા શરીર વગેરે પદાર્થો પરની અંહતા મમતા ધીમે ધીમે તજે છે, તેમ શરદઋતુમાં વેલા અને છોડવા ધીમે ધીમે કચાશ છોડવા લાગ્યા ને સ્થળપ્રદેશો કાદવ છોડવા લાગ્યા. જેમ મન સારી રીતે શાંત થતાં મુનિ (સર્વ ક્રિયાઓ તજી) વેદાધ્યયન પણ તજે છે, તેમ શરદઋતુ આવતાં

સમુદ્ર નિશ્ચળ જળવાળો થઈ શાંત થયો. જેમ યોગીઓ ઈન્દ્રિયો દ્વારા ક્ષીણ થતા જ્ઞાનને ઈન્દ્રિયોને જીતી અટકાવે છે તેમ શરદઋતુ આવતાં ખેડૂતો (ડાંગર વગેરેના) કયારાઓમાંથી વહી જતા પાણીને મજબૂત બંધ બાંધી અટકાવવા લાગ્યા. જેમ આત્માનું જ્ઞાન દેહાભિમાનથી ઊપજેલા તાપને દૂર કરે છે અને જેમ શ્રીકૃષ્ણ વ્રજની સ્ત્રીઓનો તાપ દૂર કર્યો હતો તેમ ચંદ્રમાં શરદઋતુનાં સૂર્યનાં કિરણોથી ઊપજેલા પ્રાણીઓના તાપને દૂર કરવા લાગ્યો. જેમ સત્ત્વગુણથી મુક્ત થઈ વેદના અર્થોને દર્શાવનારું મન પ્રસન્ન રહે છે, તેમ વાદળાં વિનાનું થઈ શરદઋતુના નિર્મળ તારાઓવાળું આકાશ શોભવા લાગ્યું. જેમ યદુપતિ શ્રીકૃષ્ણ યાદવ મંડળથી વીંટાઈને પૃથ્વી પર શોભતા હતા. તેમ અખંડ મંડળવાળો શરદઋતુનો ચંદ્ર આકાશમાં નક્ષત્રોથી વીંટાઈને શોભવા લાગ્યો. (શરદઋતુની) ફુલવાડીઓના સમશીતોષ્ણુ પવનને ભેટી મનુષ્યો તાપને દૂર કરતા હતા, પણ શ્રીકૃષ્ણે હરેલાં મનવાળી ગોપીઓએ તાપને દૂર કર્યો નહિ અર્થાત્ ગોપીઓને તો ઊલટો દુઃસહ તાપ થયો. જેમ ઈશ્વરના આરાધન માટેની ક્રિયાઓ બળાત્કારે ફળોથી અનુસરાય છે અર્થાત્ ઈચ્છા ન હોય તો પણ અવશ્ય ફળ આપે જ છે, તેમ શરદઋતુમાં ગાયો, મૃગલીઓ, પક્ષિણીઓ તથા મનુષ્યજાતિની સ્ત્રીઓ પોતાની ઈચ્છા ન હોવા છતાં બળાત્કારે પોતપોતાના પતિઓ વડે અનુસરાતી ગર્ભ ધારણ કરવા લાગી. હે રાજા ! જેમ રાજાને લીધે માત્ર ચોર વિનાના બધા લોકો નિર્ભય થઈ રહે છે, તેમ શરદઋતુમાં સૂર્યના ઉદય વખતે માત્ર ચંદ્રવિકાસી કમળો સિવાય બધાં કમળો ખીલવા લાગ્યાં. નવાં પાકેલાં ધાન્યથી ભરપૂર થયેલી ભૂમિ શહેરોમાં અને ગામમાં ધાન્ય ખાવા નિમિત્તે કરેલા વૈદિક અને બીજા લૌકિક મહોત્સવોથી શોભવા લાગી; તેમ જ શ્રીહરિના અવતાર શ્રીકૃષ્ણ તથા બળદેવજીથી (ભૂમિ) શોભવા લાગી, જેમ મંત્રસિદ્ધિ અને યોગસિદ્ધિ વગેરે પામેલા પુરુષો પોતાના આયુષ્યને લીધે રોકાઈ રહેલા હોય છે, પણ આયુષ્યકાળ પૂર્ણ થતાં સમય આવે છે ત્યારે મંત્ર, યોગ વગેરેથી પ્રાપ્ત થનારા દેવ વગેરે દેહોને પામે છે, તેમ વર્ષાકાળને લીધે રોકાઈ રહેલા વેપારીઓ, સંન્યાસીઓ, રાજાએ તથા બ્રહ્મચારીઓ શરદઋતુ આવતાં બહાર નીકળીને વેપારીઓ વેપાર, સંન્યાસીઓ તીર્થયાત્રા, રાજાઓ દિગ્વિજય અને બ્રહ્મચારીઓ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. ૧-૪૯

वर्णिङ्मुनिनृपस्नाता निर्गम्याऽर्थान् प्रपेदिरे । वर्षरुद्धा यथा सिद्धाः स्वपिण्डान् काल आगते ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## શ્રીકૃષ્ણની મધુરી બંસી - વેણુગીત

॥ श्रीशुक उवाच ॥

इत्थं शरत्स्वच्छजलं पद्माकरसुगन्धिना । न्यविशद्वायुना वातं सगोगोपालकोऽच्युतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શરદઋતુને લીધે જયાંનાં પાણી સ્વચ્છ હતાં અને કમળની સુગંધથી સુગંધિત પવન જયાં વાતો હતો, તેવા વૃંદાવનમાં ગાયો ને ગોવાળિયા સાથે ભગવાને પ્રવેશ કર્યો. એ સમયે વૃંદાવનમાં સરોવરો, નદીઓ તથા વૃક્ષો ખીલેલાં પુષ્પોવાળી વનરાજિઓમાં મદોન્મત્ત થઈ ગુંજારવ કરતા ભમરાઓથી અને અવાજ કરતાં પક્ષીઓથી ગાજી રહ્યાં હતાં. તે વૃંદાવનમાં ગોવાળિયા તથા બળદેવજી સાથે પ્રવેશ કરી મધુપતિ કૃષ્ણ ગાયોને ચારતા વાંસળી વગાડવા લાગ્યા, કામદેવને

જગાડનાર તે વેણુનાદ સાંભળી કેટલીક વ્રજની સ્ત્રીઓ શ્રીકૃષ્ણની ગેરહાજરીમાં પોતાની સખીઓ આગળ તે વેણુગીત વર્ણવવા લાગી. હે રાજા ! શ્રીકૃષ્ણની ચેષ્ટાઓ યાદ કરતી તે સ્ત્રીઓએ વેણુગીતનું વર્ણન કરવાનો આરંભ તો કર્યો પરંતુ કામના વેગથી તેઓનાં મન એવાં વ્યાકુળ થયાં કે જેથી તે વર્ણવી શકી નહિ. શ્રીકૃષ્ણે ઉત્તમ નટ જેવું શરીર ધર્યું હતું, મસ્તક પર મોરપીછનો મુકુટ પહેર્યો હતો. બંને કાનમાં કાંચનારનાં બે પુષ્પો પહેર્યા હતાં, સોના જેવાં પીળાં, (રેશમી) વસ્ત્રો અને વૈજયંતી માલા પહેરી હતી, વાંસળીનાં છિદ્રોને (એ સમયે) નીચલા હોઠના અમૃતથી તે ભરી રહ્યા હતા અને ગોવાળિયાઓનાં ટોળાં તેમની જ કીર્તિ ગાતાં હતાં. આવા શ્રીકૃષ્ણે પોતાનાં પગલાંથી સુંદર વૃંદાવનમાં પ્રવેશ કર્યો (અને ત્યાં બંસીનાદ જગાવ્યો). હે રાજન્ ! શ્રીકૃષ્ણનો તે બંસીનાદ સર્વ પ્રાણીઓનાં મનને હરતો હતો, તે સાંભળી વ્રજની સ્ત્રી તેનું વર્ણન કરતી પગલે પગલે પરમાનંદમૂર્તિ શ્રીકૃષ્ણને (મન વડે) ભેટતી હતી.

**ગોપીઓ બોલી :** હે સખીઓ ! મિત્રોની સાથે પશુઓને વનમાં લઈ જતા વ્રજપતિ નંદના પુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવજીનું વાંસળી વગાડતું અને સ્નેહભર્યા દૃષ્ટિપાતોવાળું મુખ જેઓએ જોયું છે અથવા સેવ્યું છે, તે જ નેત્રયુકત પ્રાણીઓનાં નેત્રોનું ફળ છે. તો સિવાય બીજું નેત્રોનું ફળ અમે જાણતી નથી. આંબાનાં કૂંપળિયાં, મોરનાં પીછાં, પુષ્પોના ગુચ્છા, કાળાં કમળ અને બીજી જાતનાં કમળોની રંગબેરંગી માળાઓથી વચ્ચે વચ્ચે અંતરવાળાં પીળાં અને કાળાં વસ્ત્રોથી જેઓનો વેશ અદ્‌ભુત લાગે છે, એવા શ્રીકૃષ્ણ અને બળદેવજી કોઈ કોઈ વાર ગોવાળિયાઓની સભા વચ્ચે ગાતા હોય છે, ત્યારે રંગભૂમિ પર ગાતા ઉત્તમ બે નટોની પેઠે અત્યંત શોભે છે. ઓ ગોપીઓ ! શ્રીકૃષ્ણની આ વાંસળીએ શું પુણ્ય કર્યું હશે કે જે કેવળ ગોપીઓને જ ભોગવવા યોગ્ય દામોદર શ્રીકૃષ્ણના અધરામૃતને પોતે એકલી જ જરાય બાકી રાખ્યા વિના ઈચ્છા પ્રમાણે ચૂસી રહી છે ! અને તે જોઈ (તે વાંસળીને પોતાના જળરૂપી દૂધથી ઉછેરનારી) આ માતા જેવી નદીઓ (ખીલેલાં કમળોનાં વનને બહાને) જાણે રોમાંચિત થઈ હોય તેવી જણાય છે, તેમ જ (આ વાંસળી જેઓના વંશમાં જન્મી છે તે) આ વૃક્ષો પણ જેમ કુળના વૃદ્ધ પુરુષો પોતાના વંશમાં જન્મેલા ભગવાનના ભકતોને જોઈ રોમાંચિત થઈ હર્ષનાં આંસુ સારે છે તેમ (આ વાંસળીને જોઈ પ્રફુલ્લિત થઈને ઝરતા રસની ધારાને બહાને) હર્ષનાં આંસુ સારે છે. ઓ સખિ ! આ વૃંદાવન પૃથ્વીની કીર્તિને સ્વર્ગની કીર્તિ કરતાં પણ અધિક બનાવે છે; કેમ કે આણે દેવકીપુત્ર શ્રીકૃષ્ણનાં ચરણકમળો વડે શોભા મેળવી છે અને અહીં શ્રીકૃષ્ણનો બંસીનાદ સાંભળી (આ ધીમી ગર્જના કરતો કાળો મેઘ છે એમ માની) મદોન્મત્ત થયેલા મયૂરો નાચે છે; તે જોઈને ત્યાં ત્યાં પર્વતોમાં શિખરો ઉપર રહેલાં બીજાં બધાં પ્રાણીઓ પોતપોતાનાં કામકાજ તજી દે છે. અલી સખિ ! (પશુજાતિની) આ મૂઢ બુદ્ધિવાળી મૃગલીઓને ધન્ય છે; કેમ કે વેણુનાદ સાંભળીને વેશ ધારણ કરનારા નંદકુમાર પ્રત્યે પ્રેમાળ નજર રાખી તે દ્વારા તેમનું સન્માન કરે છે અને તે પણ પોતાના પતિ કૃષ્ણમૃગોની સાથે રહીને જ કરે છે. (માટે જ ખરેખર કૃતાર્થ છે,) ઓ ગોપીઓ ! (આ આશ્ચર્ય સાંભળો.) સ્ત્રીઓને આનંદ આપનાર રૂપ અને શીલવાળા શ્રીકૃષ્ણને જોઈને અને તેમણે વગાડેલી વાંસળીનું અદ્ભુત ગીત સાંભળીને વિમાનમાં જતી દેવાંગનાઓ (પતિઓના ખોળામાં બેઠી છે તોપણ) કામાવેશથી ધૈર્યરહિત થઈ મોહિત થાય છે, જેથી તેઓના અંબોડામાંથી પુષ્પો સરકી પડે છે અને તેઓના ચણિયાનાં બંધન ઢીલાં થાય છે. વળી આ ગાયો

શ્રીકૃષ્ણના મુખથી નીકળેલા આ વેણુ, ગીતરૂપી અમૃતને (રખેને અંદરથી ઢોળાઈ જાય એ કારણથી) કાનરૂપી પડિયા ઊંચા કરી પીએ છે અને ધાવતાં આ આપણાં બાળકો તથા નાનાં વાછરડાં પણ શ્રીકૃષ્ણનું વેણુગીત સાંભળી મુખમાં ઝરેલા સ્તનના દૂધરૂપી કોળિયા ગળેથી નહિ ઉતારતાં એમ ને એમ રાખ સ્થિર થયાં છે; તેમ જ આ ગાયો ને વાછરડાં દૃષ્ટિના માર્ગે શ્રીકૃષ્ણને મનમાં સ્થાપી તેમને ભેટી રહ્યાં છે અને તેથી જ તેઓનાં નેત્રોમાં આનંદનાં આંસુઓ આવી રહ્યાં છે. ઓ માં ! આ વૃંદાવનના જે પક્ષીઓ છે તેઓ લગભગ બધા મુનિઓ જ હોવા જોઈએ; કારણ કે જેમ મુનિઓ શ્રીકૃષ્ણનું દર્શન થાય તે માટે વેદોકત કર્મોનાં ફળો તજી વેદરૂપી વૃક્ષોની શાખાઓનો આશ્રય કરી તેમાં રહેલી સુંદર કુંપળો જેવાં કર્મોને સ્વીકારતા સુખી રહે છે, અને શ્રીકૃષ્ણનાં ચરિત્રો જ સાંભળ્યા કરે છે, તેમ આ પક્ષીઓ પણ શ્રીકૃષ્ણનું દર્શન થાય તે રીતે (એટલે પુષ્પો કે ફળો વચ્ચે આડાં ન આવે તેમ) સુંદર કૂંપળિયાંવાળી વૃક્ષોની શાખાઓ ઉપર ચડી (ત્યાં બેઠાં બેઠાં) શ્રીકૃષ્ણ પ્રકટ કરેલું મનોહર વેણુગીત સાંભળે છે. એ વખતે તેઓ અવર્ણ્ય સુખને લીધે આંખો પણ મીચતાં નથી અને બીજી વાણી તજી દે છે. અરે ! આ નદીઓ પણ શ્રીકૃષ્ણનો બંસીનાદ સાંભળે છે, ત્યારે ઘૂમરીઓથી જણાતા કામાવેશને લીધે છિન્નભિન્ન વેગવાળી તરંગોરૂપી ભુજાઓ વડે કમળોની ભેટ ધરી શ્રીકૃષ્ણના બંને ચરણને આલિંગનથી ઢાંકી દઈ ગ્રહણ કરે છે. બળદેવજી અને ગોવાળિયાઓ સાથે શ્રીકૃષ્ણ તડકામાં વ્રજનાં પશુઓ ચારતા હોય અને તેમની પાછળ પાછળ વાંસળી વગાડતા હોય, ત્યારે તેમને જોઈ પ્રેમથી વધીને તેમના ઉપર ચડી આવેલો મેઘ, મિત્ર શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોના સમૂહ જેવાં જળબિંદુઓ વરસાવી પોતાના શરીર વડે છત્ર ધરે છે. અલીઓ ! આપણા કરતાં તો આ ભીલડીઓ કૃતાર્થ છે; કેમ કે પ્રથમ શ્રીકૃષ્ણની પ્રેમપાત્ર સ્ત્રીઓનાં સ્તનો ઉપર લગાવેલું અને પછીથી (રતિક્રીડા સમયે) શ્રીકૃષ્ણનાં ચરણકમળોમાં ચાંટીને તેની રતાશ વડે શોભાયમાન થયેલું કેસર અહીં વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ચાલવાથી ઘાસમાં જે લાગ્યું છે, તેને જોઈને કામના તાપથી પીડાઈને આ ભીલડીઓ મુખ અને સ્તન ઉપર તેના વડે લેપ કરે છે અને તે દ્વારા કામપીડા તજે છે. અહો હે સખીઓ ! આનંદની વાત છે કે આ ગોવર્ધન પર્વત શ્રીહરિના ભક્તોમાં શ્રેષ્ઠ છે, કારણ કે બળદેવજી તથા શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી તે આનંદિત થાય છે અને ગાયો તથા ગોવાળિયા સહિત તે બંને ભાઈઓને પાણી, ઉત્તમ ઘાસ, ગુફાઓ તથા કંદમૂળ આપી તેમનું સન્માન કરે છે. હે સખીઓ ! ગાયને પગે બાંધવાનાં નોંજણાંને મસ્તક પર વીંટીને તેમ જ તોફાની ગાયોને ખેંચી જવાની રાશોને ખાંધ પર રાખીને ઉત્તમ ગોવાળિયાની શોભાથી શોભતા અને ગોવાળિયાઓ સાથે એક વનમાંથી બીજા વનમાં ગાયોને લઈ જતા શ્રીકૃષ્ણ તથા બળરામના મનોહર પદવાળા શ્રેષ્ઠ વેણુનાદથી પ્રાણીઓમાં જે જંગમ છે, તેઓને નિશ્ચેષ્ટતારૂપી સ્થાવરધર્મ અને વૃક્ષો વગેરે જે સ્થાવરો છે, તેઓને રોમાંચરૂપી જંગમધર્મ પ્રાપ્ત થાય છે; આ પણ આશ્ચર્ય છે. વૃંદાવનમાં વિચરતા શ્રીકૃષ્ણ ભગવાનની એવા પ્રકારની જે ક્રીડાઓ હતી, તેનું પરસ્પર વર્ણન કરતી ગોપીઓ શ્રીકૃષ્ણમય થતી હતી. ૧-૨૦

एवंविधा भगवतो या वृन्दावनचारिणः । वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥२०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

# અધ્યાય-૨૨

## વસ્ત્રહરણ લીલા

॥ श्रीशुक उवाच ॥

हेमन्ते प्रथमे मासि नन्दव्रजकुमारिकाः । चेरुर्हविष्यं भुञ्जानाः कात्यायन्यर्चनव्रतम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિતરાજા ! નંદના વ્રજની કુમારિકાઓ હેમંતઋતુના પહેલા (માર્ગશીર્ષ) મહિનામાં હવિષ્યાન્ન જમી કાત્યાયની દેવીનું પૂજનવ્રત કરતી. હે રાજન્ ! અરુણોદય સમયે તેઓ યમુનાના જળમાં સ્નાન કરતી અને પછી દેવી કાત્યાયનીની રેતીની મૂર્તિ કરીને તેનું પૂજન કરતી. સુગંધી ચંદન, પુષ્પો, બલિદાનો, ધૂપ, દીવા, જાતજાતનાં નૈવેદ્યો, આંબા વગેરેનાં કૂણાં પાંદડાં, ફળ તથા ચોખા વડે પૂજન કરી તેઓ દેવીની પ્રાર્થના કરતી. આવો મંત્ર જપતી હતી : 'હે કાત્યાયની ! હે મહામાયા ! હે મહાયોગિની ! હે અધીશ્વરી ! હે દેવી ! નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણને અમારા પતિ કરો, અમે તમને નમસ્કાર કરીએ છીએ.' આમ તે કુમારિકાઓ પૂજા કરતી. મહિના સુધી એમ શ્રીકૃષ્ણમાં મન રાખી કુમારિકાઓ વ્રત કરતી અને ' નંદપુત્ર શ્રીકૃષ્ણ પોતાના પતિ થાય' એવી ઈચ્છાથી ભદ્રકાલી દેવીને પૂજતી. દરરોજ પરોઢિયે ઊઠીને તેઓ પોતપોતાનાં નામોથી બોલાવતી અને એકબીજાનો હાથ પકડી ઉચ્ચ સ્વરે શ્રીકૃષ્ણનાં ગીત ગાતી યમુના નદીમાં સ્નાન કરવા જતી. એક વખતે તેઓ નદીના કિનારા પર જઈ પ્રથમની પેઠે વસ્ત્રો ત્યાં મૂકી શ્રીકૃષ્ણને ગાતી આનંદપૂર્વક જળમાં વિહાર કરતી હતી. યોગેશ્વરોના ઈશ્વર ભગવાન કૃષ્ણ તેઓના અભિપ્રાયને જાણી તેઓનાં કર્મ સિદ્ધ કરવા મિત્રોની સાથે ત્યાં પધાર્યા અને તેઓનાં વસ્ત્રો લઈને જલદી કદંબના ઝાડ ઉપર ચડી જઈ હસતા છોકરાઓ સાથે હસતા ભગવાને આવું મશ્કરીમાં કહ્યું : 'હે અબળાઓ ! તમે અહીં આવી ઈચ્છાનુસાર પોતપોતાનાં વસ્ત્રો લઈ લો. હું સત્ય કહું છું, મશ્કરી કરતો નથી, કારણ કે તમે વ્રતથી કૃશ થઈ છો. હું કદી અસત્ય બોલ્યો નથી, (તો હમણાં કેમ બોલું ?) આ મારા મિત્રો જાણે છે; માટે સુંદર મધ્યભાગવાળી સ્ત્રીઓ ! તમે એક એક અથવા સાથે આવીને વસ્ત્રો લઈ લો. તેમની એ મશ્કરી જોઈ ગોપકુમારીઓ પ્રેમરસમાં મગ્ન બની. તેઓ શરમાઈ ને એકબીજીને જોઈ હસી; પણ જળમાંથી બહાર ન નીકળી. શ્રીકૃષ્ણ એ રીતે મશ્કરીથી કહેતા હતા ત્યારે આકર્ષાયેલાં મનવાળી તેઓ શીતળ જળમાં કંઠ સુધી ડૂબેલી હોઈ ધ્રૂજતી હતી. (પછી તેમાંની મુગ્ધાઓએ કહ્યું :) 'ઓ કૃષ્ણ ! અન્યાય કરો મા. તમને નંદરાયજીના પ્રિય પુત્રને આખા વ્રજમાં સૌ વખાણે છે, એ અમે જાણીએ છીએ. તમે અમારાં વસ્ત્ર આપો, અમે ધ્રુજીએ છીએ.' (પછી પ્રૌઢ કુમારિકાઓ બોલી :) 'હે શ્યામસુંદર ! તમારી દાસી અમે, તમારું વચન પાળવા તૈયાર છીએ. હે ધર્મ જાણનારા ! વસ્ત્રો આપી દો; નહિ તો અમે રાજા (કંસ અથવા નંદ) ને કહીશું.

**શ્રીભગવાન બોલ્યા :** 'તમે મારી દાસી છો, તો મારું વચન પાળશો જ. હે પવિત્ર હાસ્યવાળી સ્ત્રીઓ ! (હું આજ્ઞા કરું છું કે, તમે અહીં આવીને પોતાનાં વસ્ત્રો લઈ લો. પછી ટાઢથી ધ્રૂજતી અને ટાઢને લીધે સર્વ કુમારિકાઓ બે હાથથી ગુહ્ય ઈન્દ્રિયો ઢાંકી જળાશયમાંથી બહાર નીકળી. ભગવાન કૃષ્ણ અક્ષત યોનિ વાળી તેઓને જોઈ તેઓના શુદ્ધભાવથી પ્રસન્ન થયા. તેમણે તેઓનાં વસ્ત્રો પોતાની ખાંધ ઉપર મૂકી પ્રસન્ન થઈ હસતાં હસતાં કહ્યું : 'તમે વ્રતધારી છો; છતાં વસ્ત્રરહિત થઈ જળમાં પ્રવેશ કર્યો છે; તેથી (જળમાં રહેલા દેવોનો અપરાધ છે,) માટે તે (અપરાધથી લાગેલું) પાપ દૂર કરવા મસ્તક ઉપર બે હાથ જોડી નીચે નમસ્કાર કરી વસ્ત્ર લઈ લો.' એમ ભગવાનનું કહેવું સાંભળી તે વ્રજકુમારીઓ જળમાં

નગ્ન થઈને કરેલા સ્નાનને વ્રતભંગનું કારણ માની વ્રતકર્મની પૂર્ણતા ઇચ્છતી સમગ્ર કર્મોના સાક્ષાત ફળરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને જ નમી; કારણ કે એ ભગવાન જ સર્વ પાપોને દૂર કરનારા છે. એમ વ્રજકુમારીઓને નમેલી જોઈ દયાળુ ભગવાન દેવકીપુત્ર તેઓ પર પ્રસન્ન થયા અને તેઓને વસ્ત્રો આપી દીધાં. ભગવાન કૃષ્ણે એમ તે કુમારિકાઓને ખૂબ ઠગી લજ્જા તજાવી; અત્યંત મશ્કરીમાં હસી રમકડાં જેવી કરી અને વસ્ત્રો હરી લીધાં; તોપણ તેઓએ શ્રીકૃષ્ણ પર દોષદૃષ્ટિ કરી ન હતી; કેમ કે પ્રિય શ્રીકૃષ્ણના સમાગમથી ઊલટી તેઓ શાંતિ પામી હતી; પછી પ્રિયતમ શ્રીકૃષ્ણ ભગવાનના સમાગમથી વશ કરાયેલી તેઓ પોતાનાં વસ્ત્રો પહેરીને પણ શ્રીકૃષ્ણે હરેલા મનવાળી હોઈ ભગવાન તરફ લજ્જાયુકત નજરથી જોતી ત્યાંથી જરા પણ ચાલી શકી નહિ. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ચરણસ્પર્શની ઈચ્છાથી જેઓએ વ્રત લીધાં હતાં એવી તે ગોપકુમારીઓના મનને વિચાર જાણી તેઓને કહેવા લાગ્યાઃ 'હે સદાચારી સ્ત્રીઓ ! મારું પૂજન કરવું એ જ તમારો સંકલ્પ છે અને તે લજ્જાથી તમે મને જણાવ્યો નથી, છતાં મે જાણ્યો છે અને મેં તેને અનુમોદન પણ આપ્યું છે માટે તે તમારો સંકલ્પ સત્ય થવો ઘટે છે; કારણ કે જેમ ભૂંજેલું કે રાંધેલું ધાન્યનું બી ફરી અંકુરરૂપે ઊગવા લગભગ સમર્થ થતુ નથી, તેમ જેઓએ મારામાં બુદ્ધિ સ્થાપી હોય, તેઓનો વિષયભોગનો સંકલ્પ સાંસારિક વિષયભોગ માટે યોગ્ય થતો નથી. (પણ મોક્ષદાયી જ થાય છે.) હે સ્ત્રીઓ ! તમે વ્રજમાં જાઓ; તમારા મનોરથો પૂર્ણ થયા છે. હે સતીઓ ! તમે જેને ઉદ્દેશી આ કાત્યાયની પૂજન કર્યું છે, તે માટે તમે આવતી શરદઋતુની રાત્રિમાં મારી સાથે રમશો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ભગવાને આજ્ઞા કરેલી ને સફળ મનોરથવાળી થયેલી તે કુમારિકાઓ ભગવાનના ચરણકમળનું ધ્યાન કરતી મહાકષ્ટે વ્રજમાં ગઈ. પછી ભગવાન દેવકીપુત્ર ગોવાળિયાઓથી વીંટાઈ મોટા ભાઈ સાથે ગાયોને ચારતા વૃંદાવનથી દૂર નીકળી ગયા. તે સમયે ઉનાળાના તીક્ષ્ણ તાપમાં પોતાની છાયા વડે છત્ર જેવાં થતાં વૃક્ષોને જોઈ ભગવાન કૃષ્ણ વ્રજવાસી ગોવાળિયાઓને કહેવા લાગ્યાઃ 'હે સ્તોકકૃષ્ણ ! હે અંશુ ! હે શ્રીદામ ! હે સુબલ ! હે અર્જુન ! હે વિશાલ ! હે ઋષભ ! હે તેજસ્વી ! હે દેવપ્રસ્થ ! હે વરૂથપ ! તમે આ મહાભાગ્યશાળી વૃક્ષોને જુઓ ! તેઓનાં જીવન કેવળ પરોપકાર માટે જ છે. તેઓ વાયુ, વરસાદ, તાપ તથા ટાઢ સહન કરી આપણા તરફ વાયુ, વરસાદ, તાપ ને ટાઢ રોકે છે. અહો ! આ વૃક્ષોનો જન્મ શ્રેષ્ઠ છે; કેમ કે તેઓનું જીવન સર્વ પ્રાણીઓને જિવાડનાર થાય છે અને જેમ કૃપાળુ સજ્જન મનુષ્ય પાસેથી યાચકો કદી નિરાશ જતા નથી, તેમ આ વૃક્ષો પાસેથી પણ પ્રાણીઓ કદી નિરાશ જતાં નથી. આ વૃક્ષો પાંદડાં, પુષ્પ, ફળ, છાયા, મૂળિયાં, છાલ, લાકડાં, સુગંધ, ગુંદર, રાખ, ઠળિયા, કૂંપળ તથા અંકુરો વગેરેથી સર્વ પ્રાણીઓના મનોરથો પૂરા કરે છે. પ્રાણીઓના જન્મની આટલી જ સફળતા ગણાય કે તેઓએ પ્રાણ, ધન, બુદ્ધિ તથા વાણીથી સર્વ પ્રાણીનું સદા કલ્યાણ કરવું.' એમ વૃક્ષોની પ્રશંસા કરતા ભગવાન કૂંપળ, ગુચ્છા, ફળ, ફલો અને પાંદડાંથી લચી રહેલી શાખાઓવાળાં વૃક્ષોની વચ્ચે થઈ યમુના નદીના કિનારા પર ગયા. ત્યાં ગાયોને અત્યંત સ્વચ્છ, શીતળ અને સુખાકારી પાણી પાઈને પછી હે રાજન્ ! પોતે અને ગોવાળિયાઓએ પણ તે સ્વાદિષ્ટ જળ ખૂબ પીધું. પછી હે રાજા! નદી પાસેના મૂળ વનમાં ઈચ્છાનુસાર પશુઓને ચારતા ગોવાળિયા ભૂખથી પીડાઈને શ્રીકૃષ્ણ તથા બળદેવની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧-૩૮

तस्या उपवने कामं चारयन्तः पशून्नृप । कृष्णरामावुपागम्य क्षुधार्ता इदमब्रुवन् ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

# અધ્યાય-૨૩
## ભગવાને ઋષિપત્નીઓ પર કરેલી કૃપા

॥ गोपा ऊचुः ॥

राम राम महावीर्ये कृष्ण दुष्टनिबर्हण । एषा वै वाधते क्षुन्नस्तच्छान्तिं कर्तुमर्हथः ॥१॥

**ગોવાળિયા બોલ્યા :** હે બળરામ ! હે મહાપરાક્રમી બળદેવજી ! હે દુષ્ટોનો નાશ કરનાર શ્રીકૃષ્ણ! આ ભૂખ અમને પીડે છે; તેને શાંત કરવા તમે યોગ્ય છો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ગોવાળિયાઓએ એમ વિનતિ કરી એટલે ભગવાન દેવકીપુત્રે ભકત બ્રાહ્મણપત્નીઓ ઉપર કૃપા કરવાની ઈચ્છાથી તેઓને આ પ્રમાણે કહ્યું: 'હે ગોવાળિયાઓ ! પેલા યજ્ઞમંડપમાં વેદપાઠી બ્રાહ્મણો સ્વર્ગની ઈચ્છાથી આંગિરસ નામે યજ્ઞ કરે છે. ત્યાં અમારી આજ્ઞાથી જઈને આ મારા મોટાભાઈનું તથા મારું નામ લઈ અન્ન માગો. ભગવાને એમ આજ્ઞા કરી એટલે ગોવાળિયાઓએ ત્યાં જઈને તે પ્રમાણે અન્ન માગ્યું અને પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી બ્રાહ્મણોને કહ્યું: 'ભૂદેવો ! સાંભળો. અમે શ્રીકૃષ્ણની આજ્ઞા પાળનાર ગોવાળિયા છીએ. અમને બળરામે અહીં મોકલ્યા છે, તેથી આવેલા જાણો; તમારું કલ્યાણ થાઓ. અહીંથી પાસે જ બળદેવજી અને શ્રીકૃષ્ણ ગાયો ચારે છે. તેઓ ભૂખ્યા થઈ તમારી પાસેથી અન્ન ઈચ્છે છે, તો હે ધર્મવેત્તાઓ ! તમને શ્રદ્ધા હોય તો અન્નને ઈચ્છતા તેઓને અન્ન આપો. હે ઉત્તમ બ્રાહ્મણો ! દીક્ષા લીધા પછી અગ્નિષોમીય પશુનો વધ ન થયો હોય, ત્યાં સુધી એ યજ્ઞદીક્ષિતનું અન્ન તેમ જ સૌત્રામણિ ઈષ્ટિની જેણે દીક્ષા લીધી હોય તેનું પણ અન્ન અભક્ષ્ય છે, પરંતુ એ સિવાયની ઈષ્ટિઓની દીક્ષા લેનારનું અન્ન ખાનારો દોષપાત્ર નથી. એમ (ગોવાળિયાઓએ કરેલી) ભગવાનની માગણી સાંભળ્યા છતાં બ્રાહ્મણોએ સાંભળ્યું નહિ; કેમ કે તેઓ સ્વર્ગાદિ ક્ષુદ્ર પદાર્થોમાં આશાવાળા હતા અને તે માટે જ તેવાં પુષ્કળ કલેશવાળાં કર્મો કરતા હતા. વળી અજ્ઞાની હતા છતાં પોતાને જ્ઞાનવૃદ્ધ માનતા હતા. દેશ, કાળ, જુદાં જુદાં દ્રવ્ય, મંત્રતંત્ર, ઋત્વિજો, અગ્નિઓ, દેવો, યજમાન, યજ્ઞ તેમ જ ધર્મ; આ સઘળું શ્રીકૃષ્ણભગવાનરૂપ છે; તે અતીન્દ્રિય પરબ્રહ્મ શ્રીકૃષ્ણને તે દુષ્ટબુદ્ધિવાળા અને બ્રાહ્મણ તરીકે પોતાને મોટા માનતા તે બ્રાહ્મણોએ 'આ મનુષ્ય છે' એવી દૃષ્ટિથી સાક્ષાત્ ભગવાન માન્યા ન હતા. તેથી તેઓએ અન્ન આપવાની હા ન પાડી તેમ ના પણ ન પાડી, એટલે હે શત્રુતાપન રાજા ! ગોવાળિયાઓએ નિરાશ થઈ પાછા આવી ત્યાં જે બન્યું હતું, તે શ્રીકૃષ્ણ અને બળરામને કહ્યું. તે સાંભળી જગતના ઈશ્વર ભગવાન કૃષ્ણે ('કામ કરી લેવા ઈચ્છનારે કંટાળવું નહિ અને માગણ કોણ અનાદર પામતો નથી' આવી) લૌકિક સ્થિતિ બતાવતાં ગોવાળિયાઓને ફરી કહ્યું : 'હું બળદેવજી સાથે અહીં આવ્યો છું, એ વાત તમે બ્રાહ્મણપત્નીઓને જણાવો. તેઓ તમને ઈચ્છાનુસાર અન્ન આપશે; કારણ કે તેઓ મારા પર સ્નેહ રાખે છે અને (કેવળ શરીરથી જ ઘરમાં રહે છે પણ) બુદ્ધિથી તો મારામાં જ રહે છે. પછી ગોવાળિયા બ્રાહ્મણોની પત્નીઓ જ્યાં હતી ત્યાં ગયા અને સારી રીતે વસ્ત્રાલંકારો સજીને બેઠેલી તે સતી બ્રાહ્મણીઓને જોઈ નમ્ર થઈ આમ કહેવા લાગ્યા : 'હે બ્રાહ્મણપત્નીઓ, તમને અમે નમસ્કાર કરીએ છીએ. તમે અમારાં વચન સાંભળો. અહીંથી પાસે જ

ફરતા શ્રીકૃષ્ણે અમને અહીં મોકલ્યા છે. બળદેવજી તથા ગોવાળિયા સાથે શ્રીકૃષ્ણ ગાયોને ચારતા દૂર નીકળી આવ્યા છે, જેથી સર્વ સેવકો સહિત ભૂખ્યા થયેલા તેમને અન્ન આપો. એ રીતે શ્રીકૃષ્ણને સમીપ આવેલા સાંભળી નિત્ય તેમનાં દર્શન માટે આતુર અને તેમની કથાઓ સાંભળવાથી આકર્ષાયેલાં મનવાળી તે બ્રાહ્મણપત્નીઓ એકદમ ઉતાવળી થઈ ગુણોવાળું ચાર પ્રકારનું અન્ન પાત્રોમાં લઈને સમુદ્ર પ્રત્યે નદીઓની પેઠે શ્રીકૃષ્ણ પાસે જવા નીકળી. તેઓના પતિઓ, ભાઈઓ, સગાંવહાલાં અને પુત્રોએ તેને અટકાવી; તોપણ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે ઘણા કાળના શ્રવણથી ચિત્તને સ્થાપનારી તેઓ અટકી નહિ. તેઓએ આસોપાલવનાં નવાં પાંદડાંથી શોભતા યમુનાનદીના ઉપવનમાં ગોવાળોથી વીંટાયેલા અને બળદેવજી સાથે ફરતા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. તે શ્રીકૃષ્ણ શ્યામ રંગના, સોનેરી પીતાંબર પહેરેલા; વનમાળા, મોરપીંછ, ગેસ વગેરે ધાતુઓ અને કૂંપળ ધારણ કરેલા હોવાથી નટ જેવા વેષવાળા, મિત્રના ખભા ઉપર હાથ મૂકી રહેલા, બીજા હાથે કમળ ફેરવતા, બંને કાનમાં કમળ પહેરેલા અને ગાલ સુધી લટકતી વાળની લટોવાળા હતા. હે રાજા ! અનેકવાર સાંભળેલાં પ્રિયતમ શ્રીકૃષ્ણનાં ઉદાર ચરિત્રોરૂપી સજ્જનોનાં કર્ણાભૂષણોથી જેમનાં મન શ્રીકૃષ્ણમાં આસક્ત હતાં, એવી તે બ્રાહ્મણીઓએ નેત્રનાં છિદ્રો દ્વારા ભગવાનને હૃદયમાં સ્થાપી ઘણીવાર સુધી તેમને આલિંગન કર્યું. પછી તે સુષુપ્તિના સાક્ષીને ભેટી, તેમાં લીન થઈ અહંકાર ની વૃત્તિઓની પેઠે તેઓએ સંતાપ તજ્યો. સર્વની બુદ્ધિઓના સાક્ષી શ્રીકૃષ્ણ સર્વ આશાઓ તજી પોતાનું દર્શન કરવાની ઈચ્છાથી જ આવેલી તેઓને જાણી હસતા મુખે બોલ્યા : 'હે મહાભાગ્યશાળી ! તમે ભલે આવી, બેસો; અમે તમારું ક્યું કામ કરીએ ? તમે અમારાં દર્શન કરવાની ઈચ્છાથી આવી, તે તમને ઘટે છે; કારણ કે પોતાનો પુરુષાર્થ જોનારા વિવેકીઓ સર્વના આત્મા અને સર્વને પ્રિય એવા મારે વિષે ફળરૂપ કારણથી રહિત અખંડિત ભકિત કરે છે. પ્રાણુ, બુદ્ધિ, મન, જ્ઞાતિઓ, શરીર, સ્ત્રી, પુત્ર તથા ધન વગેરે આત્માના સંબંધી જ પ્રિય લાગે છે. તે આત્મારૂપ (મારા) વિના બીજો કયો પદાર્થ (વધારે) પ્રિય હોય ? માટે તમે કૃતાર્થ છો. (તોપણ) તમે યજ્ઞમંડપમાં જાઓ. તમારા પતિ બ્રાહ્મણો ગૃહસ્થ હોઈ તમારા સહકારથી જ પોતાનો યજ્ઞ પૂર્ણ કરી શકશે.'

**બ્રાહ્મણપત્નીઓ બોલી :** 'હે પ્રભો ! આવું ક્રૂર વચન કહેવા આપ યોગ્ય નથી. (**'न मे भक्तः प्रणश्यति'** એ) આપની પ્રતિજ્ઞા આપ સત્ય કરો. અમે અમારાં સર્વ સગાંસંબંધીઓને તજી આપે આપના ચરણે ચડેલી (આપના નમણરૂપ તુલસીની) માળાને કેશથી બહુમાનપૂર્વક ધારણ કરવા (એટલે આપની દાસીઓ થવા) આપના ચરણમૂળમાં આવેલ છીએ. અમને અમારાં પતિઓ, માતાપિતા, પુત્રો, ભાઈઓ, બીજાં સગાંઓ કે સ્નેહીઓ હવે રાખશે નહિ; તો બીજાંઓ તો કેમ જ રાખે ? માટે હે કામાદિ શત્રુઓનો નાશ કરનારા દેવ ! આપના ચરણ આગળ પડેલા દેહવાળી અમારી બીજી કોઈ ગતિ હવે રહી નથી. (અથવા અમને હવે સ્વર્ગાદિ ગતિ પણ જોઈતી નથી.) માટે તે જ આપનું દાસીપણું અમને મળે તેમ કરો.'

**શ્રીભગવાને બોલ્યા :** (મારી કૃપાથી) તમારા પતિઓ, માતાઓ, પિતાઓ, ભાઈઓ કે પુત્રો, વગેરે તમારા તરફ દોષદૃષ્ટિ કરશે નહિ. મેં આજ્ઞા કરેલા સમગ્ર લોકો અને (પ્રત્યક્ષ બતાવી) આ દેવો પણ તમને નિર્દોષ તરીકે સ્વીકારે છે જગતમાં મનુષ્યોને એકબીજાનાં અંગનો સંગ સુખ કે સ્નેહની વૃદ્ધિ કરનારો થતો જ નથી. માટે તમે મારામાં મન જોડી દેજો, જેથી થોડા સમયમાં તમે મને પામશો.

શ્રીશુકદેવજી બોલ્યા : ભગવાને એમ કહ્યું એટલે તે ઋષિપત્નીઓ ફરી યજ્ઞમંડપમાં ગઈ અને તેઓના પતિઓએ પણ તેઓ તરફ દોષદૃષ્ટિ કર્યા વિના જ તે પોતાની સ્ત્રીઓ સાથે યજ્ઞ સમાપ્ત કર્યો. તે બ્રાહ્મણ સ્ત્રીઓ ભગવાનની પાસે આવી હતી, ત્યારે એક સ્ત્રીને તેના પતિએ પકડી રાખી હતી. તે સ્ત્રીઓ જેવા પોતે સાંભળ્યા હતા, તેવા ભગવાનને હૃદયથી આલિંગન કરી, કર્મથી બંધાયેલું શરીર તજ્યું હતું, એટલે ચૈતન્ય વડે તે ભગવાનને પામી હતી. સમર્થ ભગવાન શ્રીકૃષ્ણ પણ ચાર પ્રકારનાં તે અન્નથી ગોવાળિયાઓને જમાડી પોતે પણ ભોજન કર્યું હતું એમ લીલા માટે મનુષ્ય શરીર ધારણ કરનારા અને મનુષ્યલોકની નક્લ કરતા ભગવાન શ્રીકૃષ્ણ રૂપ, વાણી તેમ જ કર્મો વડે ગાયો, ગોવાળિયા તથા ગોપીઓને આનંદ ઉપજાવતા વ્રજમાં રમતા હતા. બીજી તરફ પેલા બ્રાહ્મણો મનુષ્યસ્વરૂપે લીલા કરતા જગદીશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવજીની માગણીનો આપણે ભંગ કર્યો, માટે આપણે તેમના અપરાધી થયા છીએ, એમ સંભારી સંભારી પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને પોતાની સ્ત્રીઓની ભગવાન શ્રીકૃષ્ણ વિષે અલૌકિક ભકિત તેમ જ પોતાને ભકિતથી રહિત જોઈ પશ્ચાત્તાપ કરતા આ પ્રમાણે પોતાની નિંદા કરવા લાગ્યા : 'આપણા ત્રણે જન્મને ધિક્કાર છે, વિદ્યાને ધિક્કાર છે, વ્રતને ધિક્કાર છે, બહુ જાણવાપણાને ધિક્કાર છે, કુળને ધિક્કાર છે; કારણ કે આપણે ભગવાનથી વિમુખ છીએ ખરેખર ભગવાનની માયા યોગીઓને પણ મોહ ઉપજાવનારી છે, જેથી આપણે બ્રાહ્મણો લોકોના ગુરુ થઈને પણ સ્વાર્થમાં મૂઢ બન્યા છીએ. અહો ! જુઓ, સ્ત્રીઓનો પણ જગતના ગુરુ શ્રીકૃષ્ણ વિષે કેવો અનંત ભાવ છે કે જેણે તેઓને 'ઘર' નામના મૃત્યુપાશોથી કાપી નાખ્યા છે ! આ સ્ત્રીઆમાં બ્રાહ્મણજાતિના (ઉપનયન) સંસ્કાર, ગુરુકુળમાં વાસ, તપ, આત્મા સંબંધી વિચારણા, બહારની કે અંદરની પવિત્રતા અને સંધ્યોપાસન વગેરે શુભ ક્રિયાઓમાંનું કંઈ પણ નથી; છતાં ઉત્તમ કીર્તિવાળા અને યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ વિષે તેઓને દૃઢ ભકિત થઈ, ત્યારે આપણે તો બ્રાહ્મણજાતિના સંસ્કારો વગેરેથી યુક્ત છીએ; છતાં આપણને ભગવાનમાં ભક્તિ ન થઈ ! આપણે સ્વાર્થમાં અત્યંત મૂઢ બન્યા અને સાંસારિક વ્યાપારોને લીધે પ્રમાદી રહ્યા. આપણને સત્પુરુષોની ગતિરૂપ ભગવાને ગોવાળિયાઓનાં વાકયો દ્વારા આત્મસ્થિતિનું ભાન કરાવ્યું, (છતાં આપણે કંઈ સમજી શક્યા નહિ) પૂર્ણકામ અને મોક્ષ વગેરે ચારે પ્રકારના પુરુષાર્થોના પતિ ભગવાન શ્રીકૃષ્ણને શિક્ષાને યોગ્ય એવા આપણી સાથે શું પ્રયોજન છે ? પોતે સર્વના ઈશ્વર છે, છતાં તેમણે અહી આપણી પાસે અન્નની માગણી કરી, તે કેવળ આપણા પર કૃપા કરવાને જ. તે તેમની કેવળ મનુષ્યલીલા જ છે. લક્ષ્મીદેવી જેમના ચરણસ્પર્શની આશાથી બીજાઓને છોડી પોતાની ચંચળતાનો દોષ તજી જેમને નિત્ય ભજે છે, તે ભગવાન અન્નની માગણી કરે તે મનુષ્યોને આશ્ચર્ય પમાડનાર છે. દેશ, કાળ, જુદાં જુદાં દ્રવ્ય, મંત્રો, તંત્રો, યાજ્ઞિક બ્રાહ્મણો, અગ્નિઓ, દેવો, યજમાન, યજ્ઞ તથા ધર્મ એ સર્વ જેમનું સ્વરૂપ છે તે યોગેશ્વરોના ઈશ્વર સાક્ષાત્ વિષ્ણુભગવાન યાદવવંશમાં જન્મ્યા છે એમ સાંભળ્યું છે; છતાં આપણે મૂર્ખા તે ભગવાનને ન જાણી શક્યા ! અહો આમ છતાં પણ આપણે અત્યંત ભાગ્યશાળી છીએ. કેમ કે આપણી સ્ત્રીઓ આવી ભગવદ્ભકત છે કે જેઓના ભકિતપ્રભાવથી આપણને પણ શ્રીહરિમાં નિશ્ચળ બુદ્ધિ થઈ છે જેમની માયાથી મોહિત બુદ્ધિવાળા આપણે કર્મમાર્ગમાં ભટકીએ છીએ. તે અનંત જ્ઞાનવાળા આપ શ્રીકૃષ્ણ ભગવાનને અમારા નમસ્કાર હો. તે આદ્ય પુરુષ તેમની પોતાની માયા

વડે મોહિત મનવાળા અને તેમનો પ્રભાવ નહિ જાણનારા અમારા અપરાધને ક્ષમા કરવા યોગ્ય છે. એમ શ્રીકૃષ્ણનો જેઓએ અપરાધ કર્યો હતો એવા તે બ્રાહ્મણો પોતાનો અપરાધ યાદ કરી કૃષ્ણ તથા બળદેવજીનાં દર્શન કરવા ઈચ્છતા હતા; પણ કંસના ભયથી તેમનાં દર્શન કરવા ગયા નહિ. ૧-૫૨

इति स्वाघमनुस्मृत्य कृष्णे ते कृतहेलनाः । दिदृक्षवोऽप्यच्युतयोः कंसाद्भीता न चाचलन् ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## શ્રીકૃષ્ણે ગોવર્ધન મહોત્સવ કરાવ્યો

॥ श्रीशुक उवाच ॥

भगवानपि तत्रैव बलदेवेन संयुतः । अपश्यन्निवसन् गोपानिन्द्रयागकृतोद्यमान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે તે વ્રજમાં જ રહેતા હતા, તેવામાં એક સમયે ગોવાળિયાઓને ઈન્દ્રનો યજ્ઞ કરવા તૈયાર થયેલા તેમણે જોયા. ભગવાન સર્વના આત્મા અને સર્વના દ્રષ્ટા હોઈ, પોતે જાણતા જ હતા, છતાં વિનયથી નમ્ર થઈ નંદ વગેરે વૃદ્ધ ગોવાળિયાઓને તેમણે પૂછ્યું : 'હે પિતાજી ! આ સમયે તમને એવું ક્યું મોટું કામ —એવો કયો મોટો ઉત્સવ આવી પડયો છે, તે મને કહો. (જો કોઈ યજ્ઞ કરવાનો છે તો હું પૂછું છું કે) એ યજ્ઞનું શું ફળ છે ? ક્યા દેવને ઉદ્દેશી તે કરાય છે ? ક્યા સાધન વડે કર્યો અધિકારી આ સિદ્ધ કરી શકે છે ? હે પિતા ! આ સાંભળવા મને મોટી ઈચ્છા છે માટે તે કહો (આમ પૂછ્યા છતાં નંદજી મૌન રહ્યા એટલે કહે છે :) જે સત્પુરુષો પોતાના આત્માને જ બધે જુએ છે, જેને પોતાનો કે પારકો એવી ભેદદૃષ્ટિ નથી અને તેથી જ જેઓની દૃષ્ટિમાં કોઈ મિત્ર, ઉદાસીન કે શત્રુ નથી, તેઓનું કાર્ય ગુમ હોતું નથી. કદાચ ભેદદૃષ્ટિ હોય તોપણ ઉદાસીનને શત્રુની પેઠે તજવો જોઈએ, પણ કોઈ કાર્યની મંત્રણામાં મિત્રને તજવો ન જોઈએ; કેમ કે મિત્ર પોતાના સમાન જ કહેવાય છે. કોઈ મનુષ્ય મિત્રો સાથે વિચાર કર્યા પછી કાર્યવસ્તુ સમજીને કાર્ય કરે છે અને કોઈ મિત્રો સાથે વિચાર કર્યા વિના (ગાડરિયા પ્રવાહની પેઠે) કાર્ય વસ્તુ સમજ્યા વિના કાર્ય કરે છે. તેઓમાં સમજીને કરનારા વિદ્વાન મનુષ્યની જેવી કાર્યસિદ્ધિ થાય છે, તેવી નહિ સમજનારની થતી નથી. તમે હમણાં જે ક્રિયા કરવા તૈયાર થયા છો તે શાસ્ત્રદૃષ્ટિએ વિચારીને કરવાના છો કે લૌકિક આચારને અનુસરી કરવા ઈચ્છો છો, એ હું પૂછું છું. માટે બરાબર કહો.

**નંદજી બોલ્યા :** (અમે જે ક્રિયા કરવાના છીએ તે લૌકિક આચારને અનુસરીને છે.) ભગવાન ઈંદ્ર મેઘસ્વરૂપ છે ને સર્વ મેઘો ઈંદ્રની જ પ્રિય મૂર્તિઓ છે. તે મેઘો પ્રાણીઓને તૃપ્ત કરનારું અને જિવાડનારું જળ ચોતરફ વરસાવે છે. હે તાત ! આપણે તથા બીજાં સર્વ મનુષ્યો મેઘોના સ્વામી ઈંદ્રને તેણે વરસાવેલા જળ વડે ઉત્પન્ન થયેલા પદાર્થોથી યજ્ઞો કરી પૂજીએ છીએ. તે યજ્ઞો કરતાં બાકી રહેલા પદાર્થોથી સર્વ મનુષ્યો ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ માટે પોતાની આજીવિકાનો નિર્વાહ કરે છે (કદાચ તું કહીશ કે ખેતી વગેરેથી લોકો જીવી રહ્યા છે. ઈંદ્રની શી જરૂર છો તો સાંભળ :) મનુષ્યો ખેતી વગેરે પુરુષાર્થો કરે છે. તેઓનો ફળસાધક તો મેઘ જ છે, મેઘ સિવાય ખેતી વગેરે સર્વ પુરુષાર્થ નિષ્ફળ થાય છે. જે મનુષ્ય પરંપરાથી આવેલા આ ઈન્દ્રયાગાદિરૂપ ધર્મનો કામ, લોભ, ભય કે દ્વેષથી ત્યાગ કરે છે. તે સુખ પામતો નથી.

**શ્રી શુકદેવજી બોલ્યા :** નંદરાયનું તથા બીજા વ્રજવાસીઓનું તે વચન સાંભળી કેશવ ભગવાન ઈંદ્રને ક્રોધ ઉપજાવતા પિતાને કહેવા લાગ્યા :

**શ્રીભગવાન બોલ્યા :** પ્રાણી તેનાં કર્મ વડે ઉત્પન્ન થાય છે, કર્મ વડે જ નાશ પામે છે, અને કર્મ વડે જ સુખ, દુઃખ, ભય તથા કલ્યાણ, પામે છે. જો કોઈ ઈશ્વર છે તે કર્મકળ આપનારે ને ઈશ્વર પણ કર્મના કર્તાને ભજે છે; એટલે કર્મ કરનારને ફળ આપવા સમર્થ થાય છે; પણ કર્મ ન કરનારને ફળ આપી શકતો નથી. (એ રીતે કર્મ દ્વારા જ ફળની સિદ્ધિ થાય છે. તો દેવોનું શું કામ છે ?) આ જગતમાં પોતપોતાના કર્મોને અનુસરી રહેલાં પ્રાણીઓને ઈંદ્રની શી જરૂર છે ? મનુષ્યોના પૂર્વના સંસ્કારોથી જે કર્મ કરાયું છે તેને ઉલટાવી નાખવા ઈન્દ્ર સમર્થ નથી, પ્રાણી પૂર્વજન્મના સંસ્કારને જ આધીન હોઈ તેને જ અનુસરે છે. દેવો, અસુરો તથા મનુષ્યો સહિત આ સર્વ જગત પોતપોતાના પૂર્વના સંસ્કારોને આધારે જ રહ્યું છે, પ્રાણી કર્મ વડે ઉચ્ચ-નીચ દેહને પામે છે અને કર્મ વડે જ પાછા તે તે દેહો તજે છે, આ રીતે કર્મ જ શત્રુ મિત્ર અને ઉદાસીન તેમ જ ગુરુ તથા ઈશ્વર છે, માટે પૂર્વજન્મના સંસ્કારમાં રહીને પોતાનું કર્મ કરતા મનુષ્ય કર્મની જ સારી રીને પૂજા કરવી. કારણ કે જેના વડે મનુષ્ય અનાયાસ પોતાની આજીવિકા ચલાવી શકે છે. તે જ તેનો દેવ છે. જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાના પતિને તજી જાર પુરુષની સેવા કરે તો સુખ પામતી નથી, તેમ જે મનુષ્ય બેમાંથી કોઈ એક પદાર્થ પર પ્રથમ આજીવિકા કરી પાછળથી બીજા પદાર્થનો આજીવિકાને માટે આશ્રય કરે, તે પણ સુખ પામતો નથી. બ્રાહ્મણે વેદાધ્યયન કરીને, ક્ષત્રિયો પૃથ્વીની રક્ષા કરીને, વૈશ્યે ખેતીવાડી વેપાર કે ગોરક્ષા કરીને અને શૂદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યની સેવા કરીને પોતાની આજીવિકા ચલાવવી જોઈએ. તેમ વૈશ્યની આજીવિકા ચાર પ્રકારની છે : ખેતીવાડી, વેપાર અને ગોરક્ષા એ ત્રણ પ્રકાર અને ચોથો ધીરધારનો ધંધો. આ ચાર પ્રકારની વૈશ્યની આજીવિકામાંથી આપણે ગાયોની રક્ષારૂપી આજીવિકાથી રહીએ છીએ. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનાં કારણો રજોગુણ, સત્ત્વગુણ ને તમોગુણ છે, તેમાં રજોગુણથી આ જગત પરસ્પર અનેક સ્વરૂપે ઉત્પન્ન થાય છે. જેથી રજોગુણથી જ પ્રેરણા કરાયેલા મેઘો ચોતરફ જળસૃષ્ટિ કરે છે અને તે મેઘો વડે જ પ્રજાઓ જીવે છે, તેમાં ઈંદ્ર શું કરે છે ? (કદાચ માનીએ કે યોગક્ષેમ માટે ઈંદ્રાદિ દેવોની જરૂર છે, તો પણ આપણને તો ઈંદ્રાદિ દેવોની જરૂર જ નથી, કેમ કે હે તાત ! આપણને શહેરો, દેશો, ગામડાં કે ઘર નથી આપણે તો વનવાસી હોઈ વનમાં કે પહાડોમાં રહીએ છીએ (અર્થાત્ આપણાં યોગક્ષેમનાં કારણો તો વન તથા પહાડો છે.) માટે આપણે તો ગાયો, બ્રાહ્મણો તવા ગોવર્ધન પર્વતનો યજ્ઞ આરંભવો જોઈએ અને તે યજ્ઞ ઈંદ્રના યજ્ઞની આ સામગ્રીઓ વડે જ સિદ્ધ કરવો જોઈએ. દૂધપાકથી માંડી મગની દાળ સુધીની જાતજાતની રસોઈયો રાંધો, લાપસી, માલપૂડાને પૂરી કરો; સઘળી ગાયોનું દૂધ એકઠું કરો; વેદ જાણનાર બ્રાહ્મણો દ્વારા અગ્નિઓમાં સારી રીતે હોમ કરો; તે બ્રાહ્મણોને અનેક પ્રકારનાં અન્ન, ગાયો તથા દક્ષિણ આપો; બીજાં કૂતરાં, ચાંડાળ, તથા પતિતો સુદ્ધાંને યથાયોગ્ય અન્ન આપો; ગાયોને ઘાસચારો આપી ગોવર્ધન પર્વતને બલિદાન આપો. આપણે પણ સારી રીતે શણગાર કરો, જમો, સારી પેઠે ચંદન વગેરેનો લેપ લગાવો અને સુંદર વસ્ત્રો પહેરો. પછી ગાયોને, બ્રાહ્મણોને, અગ્નિઓને તથા પર્વતને પ્રદક્ષિણા કરો. હે તાત ! મારો આ મત છે, તે જો તમને ગમે તો તે પ્રમાણે જ કરો. મેં દર્શવેલો આ યજ્ઞ ગાયોને, બ્રાહ્મણોને, ગોવર્ધન પર્વતને તથા મને પણ પ્રિય થશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈંદ્રના ગર્વનો નાશ, કરવા ઈચ્છતા કાળસ્વરૂપ ભગવાને કહેલું તે વચન સાંભળી નંદ વગેરેએ 'બહુ સારું'' એમ કહી તે સ્વીકાર્યું અને શ્રીકૃષ્ણે જેમ કહ્યું હતું તેમ બધું કર્યું. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી ઇંદ્રયાગનાં દ્રવ્યોમાંથી જ ગોવર્ધન પર્વતને તથા બ્રાહ્મણોને આદરપૂર્વક બલિદાન આપ્યાં; ગાયોને લીલું લીલું ઘાસ ખવડાવ્યું અને પછી ગાયોનાં ધણને આગળ કરી તેમણે ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી, એ વેળા સારી રીતે શણગાર સજી બળદ જોડેલાં ગાડાંમાં તેઓ બેઠા હતા. ગોપીઓ શ્રીકૃષ્ણનાં પરાક્રમો ગાતી હતી અને બ્રાહ્મણો આશીર્વાદો આપતા હતા. શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને વિશ્વાસ ઉપજાવનારું બીજું મોટા શરીરવાળું રૂપ ધર્યું અને 'હું ગોવર્ધન પર્વત છું' એમ કહી પુષ્કળ બલિદાન આરોગવા લાગ્યા. શ્રીકૃષ્ણ પોતે પોતાના જ એ સ્વરૂપને વ્રજવાસીઓ સાથે નમસ્કાર કર્યા અને કહ્યું હતું; 'અહો ! જાઓ, આ ગોવર્ધન પર્વતે પ્રત્યક્ષ સ્વરૂપે પ્રકટી આપણા પર કૃપા કરી છે ! આ ગિરિરાજ પોતાનું અપમાન કરનારા વનવાસી મનુષ્યોનો સર્પ, વીંછી વગેરેનાં ઈરછાનુસાર રૂપો લઈ નાશ કરે છે તેથી આપણે આપણા તથા ગાયોના કલ્યાણ માટે આ પર્વતને નમસ્કાર કરીએ.' આમ કહી શ્રીકૃષ્ણે સર્વની સાથે પર્વતને નમસ્કાર કર્યા એમ શ્રીકૃષ્ણે પ્રેરેલા ગોવાળિયા ગોવર્ધન પર્વતનો, ગાયોનો તથા બ્રાહ્મણોનો વિધિ પ્રમાણે યજ્ઞ કરી શ્રીકૃષ્ણ સાથે વ્રજમાં પાછા આવ્યા. ૧-૩૮

इत्यद्रिगोद्विजमखं वासुदेवप्रणोदिताः । यथा विधाय ते गोपाः सहकृष्णा व्रजं ययुः ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## અધ્યાય-૨૫

## શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી કોપેલા ઈંદ્રથી ગોકુળની રક્ષા કરી

॥ श्रीशुक उवाच ॥

इन्द्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप । गोपेभ्यः कृष्णनाथेभ्यो नन्दादिभ्यश्चुकोप सः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત રાજા ! તે વખતે ઈંદ્ર પોતાની પૂજાને નાશ પામેલી જાણી શ્રીકૃષ્ણ જેઓના નાથ હતા એવા નંદાદિ ગોવાળિયાઓ પર ક્રોધાયમાન થયો. પોતાને ઈશ્વર માનતો તે ક્રોધાયમાન થઈ સૃષ્ટિનો પ્રલય કરનારા 'સાંવર્તક' નામે પ્રસિદ્ધ મેઘસમુદાયને (વ્રજનો નાશ કરવાની) આજ્ઞા કરી બોલ્યો : 'અહો ! જંગલમાં રહેનારા ગોવાળિયાઓનું લક્ષ્મીના મદનું માહાત્મ્ય જુઓ ! તેઓએ કૃષ્ણ નામના મનુષ્યનો આશ્રય કરી દેવોનું અપમાન કર્યું છે. જેમ અજ્ઞાનીઓ આત્મજ્ઞાનરૂપ આન્વીક્ષિકી વિદ્યાને તજી કર્મમય યજ્ઞોરૂપ નામમાત્રની નાશવંત નૌકા વડે, સંસાર સમુદ્રને તરવા ઈચ્છે છે, તેમ આ ગોવાળિયાઓએ બહુ બોલનારા, મૂર્ખ, ઉદ્ધત અને આજ્ઞાનીને છતાં પોતાને પંડિત માનનારા કૃષ્ણ નામના મનુષ્યનો આશ્રય કરી મારું અપ્રિય કર્યું છે. આ ગોવાળિયા લક્ષ્મીથી છકી ગયા હોઈ કૃષ્ણે તેઓનાં મન ફુલાવ્યાં છે, માટે (જાઓ) તેઓના લક્ષ્મીના મદની અકડાઈ તમે દૂર કરો અને તેઓનાં પશુઓનો નાશ કરો. હું પણ ઐરાવત હાથી ઉપર બેસી નંદના વ્રજનો નાશ કરવાની ઈચ્છાથી મહાપરાક્રમી વાયુગણાની સાથે તમારી પાછળ જ વ્રજમાં આવું છું

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈંદ્રે આ પ્રમાણે આજ્ઞા કરી એટલે મેઘો પોતાનાં બંધનો મોકળાં મૂકીને વેગપૂર્વક જળધારાઓ વરસાવી નંદના ગોકુળને દુઃખ દેવા લાગ્યા; વીજળીઓથી ઝબકતા, કડાકાઓથી ગાજતા તેમ જ પ્રચંડ વાયુના સમૂહોથી પ્રેરાયેલા તેઓ પાણીના કરારૂપે વરસવા લાગ્યા. પછી એ મેઘો

થાંભલીઓ જેવી જાડી જળધારાઓને અસ્મલિતપણે વરસવા લાગ્યા, ત્યારે પાણીના પૂરથી પૃથ્વી ડૂબી ગઈ અને ઊંચું નીચું કંઈ પણ દેખાવા ન લાગ્યું અતિશય મુસળધાર વરસાદ અને જોરથી ફૂંકાતા પવનને લીધે ધ્રૂજતાં ઢોર, ગોવાળિયા અને ગોપીઓ ટાઢથી પીડાઈને શ્રીકૃષ્ણને શરણે ગયાં. મસ્તકોને તથા બાળકોને શરીરથી ઢાંકી મેઘની ધારાથી પીડાઈને ધ્રૂજતાં તેઓ ભગવાનના ચરણની સમીપ ગયા ને બોલ્યા, હે કૃષ્ણ ! હે મહાભાગ્યશાળી કૃષ્ણ ! હે પ્રભુ ! હે ભકતવત્સલ ! તમે જ જેના નાથ છો એવા આ ગોકુળનું, કોપેલા ઇંદ્રથી આપ રક્ષણ કરો.' મોટા કરાઓનો વરસાદ પડવાથી નાશ પામતા અને બેભાન બનેલા વ્રજને જોઈ ભગવાને માન્યું કે, આ બધું કોપેલા ઇંદ્રે કર્યું છે. અમે ઈંદ્રના યજ્ઞનો ભંગ કર્યો, તેથી ઈંદ્ર અમારો નાશ કરવા ઋતુ વિના અતિ ઉગ્ર મોટા પવનવાળો શિલામય વરસાદ વરસાવે છે. પણ હું મારી યોગમાયાથી આનો ઉપાય કરું છું અને મૂર્ખાઈથી પોતાને લોકોના ઈશ્વર માનનારા તે ઈંદ્રાદિના લક્ષ્મીના મદરૂપી અંધકારને હરું છું. સત્વગુણ અથવા મારી ભકિતથી યુકત દેવોને 'અમે ઈશ્વર છીએ' આવો ગર્વ થવો ન જોઈએ છતાં દુષ્ટ બનેલા દેવોનો મારા તરફથી માનભંગ થાય, તે કેવળ તેમના અભિમાનની શાંતિ માટે જ થશે માટે મારું જ જેને શરણ છે, હું જ જેનો નાથ છું અને મેં મારા તરીકે જેને સ્વીકાર્યું છે, તે આ વ્રજનું હું મારા યોગસામર્થ્યથી રક્ષણ કરીશ; કેમ કે આ મેં સંકલ્પ કર્યો છે. એમ કહી શ્રીકૃષ્ણે બાળક બિલાડીના ટોપને જેમ ઉપાડે તેમ રમતમાં એક હાથે ગોવર્ધન પર્વતને ઉઠાવ્યો પછી ભગવાને ગોવાળિયાઓને કહ્યું : 'હે માતા ! હે પિતા ! હે વ્રજવાસીઓ ! તમે ગાયોના ધણ સાથે સુખથી આ પર્વતના ખાડામાં પેસી જાઓ. મારા હાથમાંથી પર્વત પડવાનો ભય તમારે કરવો નહિ; તેમ જ વાયુ અને વરસાદનો ભય પણ રાખવો નહિ કેમ કે તેનાથી તમારું રક્ષણ કરવા માટે જ મેં આ યુકિત કરી છે. શ્રીકૃષ્ણ ભગવાને એમ તેઓનાં મનને આશ્વાસન આપ્યું એટલે વ્રજવાસીઓ, ગાડાં, ગાયોનાં ધણો, નોકરચાકર અને પુરોહિતો વગેરે સાથે પર્વતના ખાડામાં ઘણી જ છૂટવાળી જગામાં આવી ગયાં. સાત દિવસ સુધી ભૂખ અને તરસથી પીડાને તથા સુખની ઈચ્છાને તજી દઈ વ્રજવાસીઓ વડે જોવાતા શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધરી રાખ્યો હતો અને તે એક સ્થાનેથી પોતે જરા ખસ્યા પણ ન હતા એવું શ્રીકૃષ્ણનું યોગસામર્થ્ય જોઈ ઈંદ્ર અત્યંત આશ્ચર્ય પામ્યો, ગર્વરહિત થયો અને વ્રજનો નાશ કરવાનો તેનો સંકલ્પ નાશ પામ્યો. તેણે પોતાના મેઘોને વરસતા અટકાવ્યા. પછી આકાશ વાદળ વિનાનું થઈ ગયું, સૂર્યનો ઉદય થયો અને ભયંકર વાયુ તથા વરસાદ શાંત થયો જોઈને ગોવર્ધનધારી ભગવાને ગોવાળોને કહ્યું : 'હે ગોવાળો ! હવે તમે સ્ત્રીઓ, ધન તથા બાળકો સાથે બહાર નીકળો, ભય તજો, વાયુ તથા વરસાદ બંધ થયા છે અને નદીઓ પણ લગભગ ઓછા પાણીવાળી થઈ છે. પછી ગોવાળિયા ગાડાંઓમાં સરસામાન ભરી પોતપોતાનાં ગાયોનાં ધણ લઈને સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધો સાથે ધીમેથી બહાર નીકળ્યા, સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે પણ તે ગોવર્ધન પર્વતને સઘળાં પ્રાણીઓના દેખતાં રમતમાં પૂર્વની પેઠે તેને ઠેકાણે મૂકી દીધો. પછી પ્રેમના વેગથી પૂર્ણ થયેલા વ્રજવાસીઓ શ્રીકૃષ્ણની પાસે ગયા અને આલિંગન વગેરેથી સ્નેહપૂર્વક તેમનો સત્કાર કરવા લાગ્યા. ગોપીઓએ પણ દહીં, ચોખા તથા જળ વડે ભગવાનની પૂજા કરી અને હર્ષપૂર્વક ઉત્તમ આશીર્વાદ આપ્યા. યશોદા, રોહિણી, નંદરાય અને બળવાનોમાં શ્રેષ્ઠ બળદેવજી શ્રીકૃષ્ણને ભેટી સ્નેહવિહ્વળ થઈ આશીર્વાદ આપવા લાગ્યાં, તેમ જ હે રાજા! આકાશ માં દેવગણો, સાધ્યો, સિદ્ધો, ગંધર્વો અને ચારણો પ્રસન્ન થઈ ભગવાનની સ્તુતિ તથા પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. હે રાજન્ ! આકાશમાં દેવોએ વગાડેલા શંખો અને દુંદુભિ-નગારાં વાગવા

લાગ્યાં તેમ જ તુંબુરુ વગેરે ગંધર્વપતિઓ ગાવા લાગ્યા. પછી હે રાજન્ ! પોતાના પર પ્રેમવાળા ગોવાળિયાઓથી વીંટાઈને શ્રીહરિ બળદેવજી સાથે વ્રજમાં પધાર્યા, અને હૃદયમાં વસેલા શ્રીકૃષ્ણનાં તેવા પ્રકારનાં કર્મોને ગાતી હર્ષયુક્ત ગોપીઓ પણ વ્રજમાં ગઈ.૧-૩૩

ततोऽनुरक्तैः पशुपैः परिश्रितो राजन् सगोष्ठं सबलोऽव्रजद्धरिः ।
तथाविधान्यस्य कृतानि गोपिका गायन्त्य ईयुर्मुदिता हृदिस्पृशः ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૫ સમાપ્ત.*

## અધ્યાય-૨૬

## નંદરાયે વર્ણવેલું શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય

॥ श्रीशुक उवाच ॥

एवंविधानि कर्माणि गोपाः कृष्णस्य वीक्ष्य ते । अतद्वीर्यविदः प्रोचुः समभ्येत्य सुविस्मिताः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ ભગવાનનાં તેવા કર્મો જોઈ તેમનાં પરાક્રમને નહિ જાણતા. ગોવાળિયા અત્યંત આશ્ચર્ય પામ્યા. તેઓ એકઠા થઈ પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા, ‘આ બાળકનાં આ કર્મો અત્યંત આશ્ચર્યકારક છે. તે આપણા જેવાં સામાન્ય જનો વચ્ચે પોતા માટે અયોગ્ય જન્મ પામવા કેવી રીતે લાયક છે ? હજી તો તે સાત વર્ષના છે, એટલામાં તો જે મોટો હાથી (સૂંઢ વડે) કમળને ઉપાડે તેમ માત્ર એક જ હાથે મોટા પર્વતને ઉપાડતો તે કેવી રીતે ઊભો રહ્યો ? જેમ કાળ શરીરનું સ્વરૂપ પી જાય છે, તેમ આ ઘણો જ નાનો હતો, ત્યારે આંખો મીચી મહાબળવાળી પૂતનાના સ્તનને તેના પ્રાણો સાથે ધાવી ગયો હતો. તે એક ગાડાની નીચે સૂતો હતો, તે વખતે માત્ર ત્રણ જ મહિનાનો હતો ; છતાં રડતાં રડતાં તેણે પગ ઉછાળ્યા એટલામાં તો તેના પગની ઠોકરથી ગાડું ઊંધું વળી ગયું હતું, વળી આ એક વર્ષનો હતો ત્યારે એક દિવસ બેઠો હતો તેવામાં તૃણાવર્ત દૈત્ય તેને આકાશમાં લઈ ગયો. તે વેળા તે દૈત્યને ગળું પકડી ગુગળાવી નાખી આણે માર્યો હતો. એકવાર તેણે માખણ ચોર્યું ત્યારે યશોદામાતાએ આને ખાંડણિયે બાંધ્યો, છતાં બે અર્જુનવૃક્ષોની વચ્ચે જઈ એણે બે હાથથી તે બંને વૃક્ષો પાડી નાખ્યાં હતાં. વનમાં બાળકોથી વીટાઈને બળદેવજીની સાથે તે વાછરડાં ચારતો હતો. તેવામાં (ત્યાં આવી) આનો નાશ કરવા ઈચ્છતા શત્રુ બકાસુરને એણે બે હાથ વડે મુખમાંથી ચીરી નાખ્યો હતો. એક દૈત્ય આને મારવાની ઈચ્છાથી વાછરડારૂપ થઈ વાછરડામાં પેસી ગયો હતો, તેને મારી નાખી તેના મુડદાથી આણે રમતમાત્રમાં ઘણાં કોઠીનાં ઝાડો પાડી નાખ્યા હતાં. બળદેવજીની સાથે રહી આણે ગર્દભાસુરને તથા તેના બંધુઓને મારી, પાકા ફળવાળા તાલવનને નિર્ભય કર્યું હતું. વળી બળશાળી બળદેવજી પાસે ઉગ્ર પ્રલંબાસુરનો નાશ કરાવી આણે વ્રજનાં પશુઓ તથા ગોવાળિયાઓને જંગલના અગ્નિથી ઉગાર્યા હતા; તેમ જ અત્યંત ક્રૂર ઝેરવાળા નાગરાજ કાલિયને દમી મદરહિત કરી બળાત્કારે ધરામાંથી કાઢી મૂકી યમુના નદીને ઝેરથી રહિત જળવાળી કરી હતી. હે નંદરાય તમારા આ પુત્ર પર અમારો સર્વ વ્રજવાસીઓનો સ્વાભાવિક દુસ્ત્યજ પ્રેમ છે અને તેમનો અમારા પર પણ તેવો જ પ્રેમ છે (તેથી શંકા થાય છે કે આ કૃષ્ણ સર્વના આત્મા તો નહિ હોય ?) ક્યાં આ સાત વર્ષનો બાળક અને કયાં મોટા પર્વતને ઉપાડવો ? હે વ્રજના સ્વામી ! આ ઉપરથી અમને તમારા પુત્ર પર શંકા થાય છે.’

**નંદ બોલ્યા :** 'હે ગોવાળિયાઓ ! આ કુમારને ઉદ્દેશી ગર્ગાચાર્યે મને જે કહ્યું છે, તે હું તમને કહું છું. તમે મારું વચન સાંભળો અને બાળકના સંબંધમાં તમારી શંકા દૂર કરો (ગર્ગાચાર્યે કહ્યું હતું :) તમારો આ બાળક પ્રત્યેક યુગમાં શરીર ધારણ કરે છે. જુદા જુદા યુગોમાં આણે ધોળો, લાલ અને પીળો એ એવા ત્રણ વર્ણો ધારણ કર્યા હતા. હમણાં (આ યુગમાં) તે કૃષ્ણ વર્ણનો થયો છે. આ તમારો પુત્ર અગાઉ કોઈ વખતે વસુદેવનો પુત્ર પણ થયો છે. જેથી આ રહસ્યને જાણનારાઓ, આને 'શ્રીમાન વાસુદેવ' એમ પણ કહે છે. તમારા પુત્રનાં ગુણ-કર્મને અનુસરતાં અનેક નામો ને રૂપો છે, તેને હું જાણું છું; પણ લોકો જાણતા નથી, આ તમારું કલ્યાણ કરશે, ગોવાળિયા તથા ગોકુળને આનંદ પમાડશે અને આનાથી તમે અનાયાસે જ સર્વ સંકટો તરી જશો. હે વ્રજપતિ ! પૂર્વે જ્યારે કોઈ રાજા ન હતો, ત્યારે આણે લૂંટારાઓથી પીડાયેલા સત્પુરુષોની રક્ષા કરી હતી; જેથી તે સત્પુરુષોએ બળવાન બની લૂંટારાઓને જીત્યા હતા. જે મહાભાગ્યશાળી મનુષ્યો આના ઉપર પ્રીતિ કરશે તેઓને જેમ વિષ્ણુના પક્ષવાળાઓને અસુરો દુઃખી કરી શકતા નથી, તેમ શત્રુઓ દુઃખી કરી શકશે નહિ; માટે હે નંદ ! આ કુમાર ગુણો, લક્ષ્મી, કીર્તિ તથા પ્રભાવથી નારાયણ સમાન છે, તેથી તેનાં કર્મોથી તમારે આશ્ચર્ય પામવું નહિ. 'સાક્ષાત્ ગર્ગાચાર્ય મને એમ કહીને પોતાને ઘેર ગયા, તે દિવસથી માંડી ઉતમ કર્મો કરનારા આ કૃષ્ણને હું નારાયણનો અંશ માનું છું.' એ પ્રમાણે નંદજીએ કહેલું ગર્ગાચાર્યનું વચન સાંભળી વ્રજવાસીઓ આ રીતે અમાપ તેજવાળા શ્રીકૃષ્ણના પ્રભાવને જોવા તથા સાંભળવાથી ખુશ થયા અને વિસ્મયરહિત થઈ નંદરાય તથા શ્રીકૃષ્ણનો તેઓએ સત્કાર કર્યો. યજ્ઞનો નાશ થવાથી ક્રોધને લીધે ઇંદ્ર વરસાદ વરસાવવા માંડ્યો, ત્યારે વીજળીઓ, કરા તથા પ્રચંડ પવનથી ગોવાળિયા, પશુઓ અને સ્ત્રીઓ જેમાં દુઃખી થયાં હતાં અને પોતાનું જ જેને શરણ હતું, તેવા વ્રજને જોઈને દયાળુ ભગવાને હસતાં હસતાં જેમ બાળક રમત માટે બિલાડીના ટોપને એક હાથે ધારણ કરે તેમ લીલામાત્રમાં ગોવર્ધન પર્વતને ઉપાડી એક હાથે ધારણ કરી વ્રજનું રક્ષણ કર્યું હતું, તે મહેન્દ્રનો મદ ઉતારનારા ગાયોના ઈન્દ્ર શ્રીકૃષ્ણ અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૧-૨૫.

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मवर्षानिलैः सीदत्पालपशुस्त्रि आत्मशरणं दृष्ट्वाऽनुकम्प्युत्स्मयन् ।
उत्पाट्यैककरेण शैलमबलो लीलोच्छिलोंध्रं यथा विभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित्प्रायान्न इन्द्रो गवाम् ॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૬ સમાપ્ત.*

## અધ્યાય-૨૭

## કામધેનુ તથા ઇંદ્રે શ્રીકૃષ્ણનો ગાયોના ઇંદ્ર તરીકે અભિષેક કર્યો

॥ श्रीशुक उवाच ॥

गोवर्धने घृते शैल आसाराद्रक्षिते व्रजे । गोलोकादव्रजत्कृष्णं सुरभिः शक्र एव च ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ભગવાને ગોવર્ધન પર્વત ધારણ કર્યો અને જળસૃષ્ટિથી વ્રજનું રક્ષણ કર્યું, ત્યારે ઇંદ્ર અને કામધેનુ ગોલોકમાંથી શ્રીકૃષ્ણ પાસે આવ્યા. ઇંદ્ર ભગવાનનો અપરાધ કર્યો હતો, તોથી શરમાઈને એકાંતમાં જ ભગવાનને મળી સૂર્ય સમાન તેજસ્વી મુકુટથી ભગવાનના બન્ને ચરણોનો સ્પર્શ કર્યો. પછી અમાપ તેજવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ નજરે જોવાથી ને સાંભળવાથી જેનો ત્રણ લોકના ઈશ્વરપણાનો મદ ઊતરી ગયો હતો એવો ઇંદ્ર બે હાથ જોડી કહેવા લાગ્યો.

**ઈંદ્ર બોલ્યો :** હે ભગવન્ ! આપનું સ્વરૂપ, શાંત, સદા એકરૂપ, પરમ જ્ઞાનમય અને શુદ્ધ સત્ત્વગુણમય છે, કારણ કે રજોગુણ અને તમોગુણ તો તેમાં છે જ નહિ અને તેથી જ (અમારામાં જણાતો) માયાનો કાર્યરૂપ આ સંસાર આપને છે જ નહિ; કારણ કે સંસાર અજ્ઞાનથી જ પ્રતીત થાય છે (અને આપ તો સર્વજ્ઞ છો) હે ઈશ્વર ! આ રીતે અજ્ઞાન તથા અજ્ઞાનથી થતા દેહનો આપને જો સંબંધ જ નથી (તો દેહના જ સંબંધથી થતા અને બીજા દેહનું કારણ હોઈ અજ્ઞાની ના ચિહ્નરૂપે જણાતા લોભાદિનો સંબંધ તો ક્યાંથી જ હોય ?) છતાં આપ ભગવાન ધર્મની રક્ષા માટે અને દુષ્ટોને શિક્ષા કરવા દંડ ધારણ કરો છો. આપ જગતના પિતા, ગુરુ, અધીશ્વર અને દુર્લંઘ્ય કાળ હોઈ દંડ ધારણ કરો છો. આપ સર્વનું કલ્યાણ કરવા સ્વેચ્છાથી લીલાવતારો લઈને (અમારા જેવા) પોતાને જગતના ઈશ્વર માનનારાના અભિમાનનો નાશ કરતા લીલાઓ કરો છો. મારા જેવા જે અજ્ઞાનીઓ પોતાને જ જગતના ઈશ્વર માને છે તેઓ પણ ભયને સમય આવતાં સર્વ પ્રકારે નિર્ભય એવા આપનાં દર્શન કરી તરત જ પોતાનું અભિમાન તજી ગર્વરહિત થઈ આપના ભકિતરૂપ આર્ય માર્ગનો આશ્રય કરે છે. આ રીતે આપની લીલા જ ખલ પુરુષોને શિક્ષારૂપ થાય છે. હે પ્રભો ! હું ઐશ્વર્યના મદમાં જ ડૂબ્યો હતો, આપનો પ્રભાવ જાણતો ન હતો અને તેથી જ મૂઢચિત્ત થઈ મેં આપનો અપરાધ કર્યો છે, તો આપ મારા ઉપર ક્ષમા કરવાને યોગ્ય છો. હે ઈશ્વર ! મને આવી દુષ્ટ બુદ્ધિ ફરી ન થાઓ. ઈંદ્રિયોનું જ્ઞાન જેમને પહોંચતું નથી, એવા હે દેવ ! આપનો આ અવતાર પોતાનું જ પેટ ભરવામાં લાગેલા અને પૃથ્વી ઉપર ભારરૂપે રહેલા દૈત્ય, સેનાપતિઓનો નાશ કરવા અને આપના ચરણને સેવનારા ભક્તનું કલ્યાણ કરવા માટે છે. હે સર્વના અંતર્યામી ! મહાન આત્મા, આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. વસુદેવના પુત્ર અને યાદવોના પતિ આપ શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું. આપ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, સર્વસ્વરૂપ, સર્વનું કારણ અને સર્વ પ્રાણીઓના આત્મા છો; છતાં આપે પોતાની ઈચ્છાથી આ મનુષ્ય શરીર ધારણ કર્યું છે. હું આપને નમસ્કાર કરું છું, હે ભગવન્ આપે મારા યજ્ઞનો નાશ કર્યો, એટલે મેં અભિમાનીએ તીવ્ર ક્રોધ કરી વરસાદ તથા વાયુ વડે વ્રજનો નાશ કરવા આ અકૃત્ય કર્યું હતું. પણ હે ઈશ્વર ! આપે મારા ઉદ્યમને વ્યર્થ કરી મારો ગર્વ ઉતારી મારા પર કૃપા કરી છે. સર્વના ઈશ્વર, ગુરુ અને આત્મારૂપ આપને હું શરણે આવ્યો છું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈંદ્રે એમ સ્તુતિ કરી એટલે ખૂબ હસતા ભગવાન કૃષ્ણે મેઘ જેવી ગંભીર વાણીથી તેને આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે ઈંદ્ર ! તમે લક્ષ્મીથી મદોન્મત્ત થયા હતા, તેથી તમને નિત્ય મારું સ્મરણ રહે તે માટે તમારા પર કૃપા કરી મેં તમારા યજ્ઞનો ભંગ કર્યો છે, હું જેના પર કૃપા કરવા ઈચ્છું છું તેને સંપત્તિથી ભ્રષ્ટ કરું છું; કારણ કે ઐશ્વર્ય અને લક્ષ્મીના મદથી અંધ થયેલો મનુષ્ય હાથમાં દંડવાળા મને જોતો નથી. હે ઈંદ્ર ! તમે જાઓ, તમારું કલ્યાણ થાઓ. તમે મારી આજ્ઞાનું પાલન કરતા રહી અપ્રમાદી તથા અહંકારરહિત થઈ પોતાના અધિકાર પર રહો; ભગવાને એમ કહ્યું, પછી ઉદાર મનવાળી કામધેનુ ગોપાળનું રૂપ ધારણ કરનારા ઈશ્વર શ્રીકૃષ્ણને પોતાનાં સંતાનો સાથે વંદન કરી 'હે કષ્ણ ! હે કૃષ્ણ !' એમ સંબોધી કહેવા લાગી,

**કામધેનુ બોલી :** 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાયોગિન્ ! હે જગતના આત્મા ! હે જગતના ઉત્પત્તિકારણ ! હે અચ્યુત ! હે લોકોના નાથ ! આપ જ અમારા નાથ છો. હે જગતના પતિ ! આપ

અમારા પરમ દેવ છો, તેથી આપ જ ગાયો, બ્રાહ્મણો, દેવો તથા સત્ પુરુષોના કલ્યાણ માટે અમારા ઈંદ્ર થાઓ. અમને બ્રહ્માએ આજ્ઞા કરી છે, તેથી અમે આપનો ઈંદ્ર તરીકે અભિષેક કરીશું. હે જગતના આત્મા પૃથ્વીનો ભાર ઉતારવા આપ અવતર્યા છો; એમ પોતાના ઇંદ્ર થવા શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કામધેનુએ પોતાના દૂધથી ભગવાનને ઈંદ્રપદે અભિષેક કર્યો; અને ઇંદ્રે દેવર્ષિઓની સાથે રહી દેવમાતાઓની પ્રેરણાથી ઐરાવત હાથીની સૂંઢ વડે આણેલા આ આકાશગંગાના જળ વડે ભગવાનનો ઇંદ્રપદે અભિષેક કર્યો અને 'ગોવિંદ' એવું નામ પાડયું તે વેળા ત્યાં આવેલા તુંબુરુ, નારદ વગેરે ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો તથા ચારણો લોકોનાં પાપનો નાશ કરનાર શ્રીહરિનો યશ ગાવા લાગ્યા અને દેવાંગનાઓ હર્ષયુક્ત થઈ નાચવા લાગી. મોટા દેવો શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા અદ્ભુત પુષ્પોની વૃષ્ટિ વડે તેમને વધાવવા લાગ્યા. ત્રણે લોકો પરમ શાંતિ પામ્યા અને તે વખતે ગાયોએ પૃથ્વીને દૂધથી ભીની કરી મૂકી. નદીઓ દૂધ વગેરે જાતજાતના રસો વહેવા લાગી, વૃક્ષોમાંથી મધની ધારાઓ ઝરવા લાગી. જાતજાતની ઔષધિઓ ખેડ્યા વિના જ પાકી ગઈ અને પર્વતોમાં છુપાઈ રહેલાં મણિ, માણેક વગેરે સ્વયં બહાર આવી ગયાં. હે કુરુવંશી તાત ! એમ શ્રીકૃષ્ણનો ઇંદ્રપદે અભિષેક થયો, ત્યારે જે પ્રાણીઓ સ્વભાવથી જ ક્રૂર હતાં, તેઓ પણ વેરરહિત થયાં. એ રીતે સ્વર્ગ તથા ગોકુળના પતિ ગોવિંદ ભગવાનનો અભિષેક કરી ઈંદ્ર શ્રીકૃષ્ણની સંમતિ લઈ દેવો વગેરે સાથે સ્વર્ગમાં ગયો. ૧-૨૮

इति गोगोकुलपतिं गोविन्दमभिषिच्य सः । अनुज्ञातो ययौ शक्रो वृतो देवादिभिर्दिवम् ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૭ સમાપ્ત.*

## અધ્યાય-૨૮

## શ્રીકૃષ્ણે નંદજીને વરુણલોકમાંથી પાછા આણ્યા

॥ श्रीशुक उवाच ॥

एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम् । स्नातुं नन्दस्तु कालिन्द्या द्वादश्यां जलमाविशत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એકાદશીએ નિરાહાર રહેલા નંદજીએ ભગવાનનું પૂજન કર્યું અને બારશે (વહેલા ઊઠી) યમુના નદીના જળમાં સ્નાન કરવા પ્રવેશ કર્યો. તે વેળા પાછલી રાત્રિના સમયે આસુરી વેળા ન જાણી જળમાં પેઠેલા નંદરાયને વરુણનો સેવક અસુર પકડીને વરુણ પાસે લઈ ગયો એટલે નંદજીને ન જોતા ગોવાળિયા 'હે કૃષ્ણ ! હે રામ ! એમ બૂમો પાડવા લાગ્યા. તે સાંભળી ભગવાન કૃષ્ણ પિતાને વરુણ પાસે લઈ જવાયેલા જાણી વરુણદેવની પાસે ગયા. કારણ કે હે રાજા ! ભગવાન ભક્તોને ભય આપનારા છે. લોકપાલ વરુણે શ્રીકૃષ્ણ ભગવાનને આવેલા જોઈ મહાપૂજાથી તેમની પૂજા કરી; તેમના દર્શનને મોટો ઉત્સવ માનતાં વરુણે આ પ્રમાણે કહ્યું.

**વરુણદેવ બોલ્યા :** હે પ્રભો, મેં જે આ દેહ ધર્યો છે, તે આપનાં દર્શનથી આજે સફળ થયો છે અને આજે મને સર્વ અર્થ મળ્યા છે. હે ભગવન્ ! આપના ચરણને ભજનારા સંસાર માર્ગના પારરૂપ મોક્ષને પામ્યા છે. પૂર્ણ પરમાત્મા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. આપ વિષે લોકસૃષ્ટિને કલ્પનારી માયા છે જ નહિ એમ વેદ કહે છે. - ભગવદ્ધર્મ નહિ જાણતા અને તેથી જ આવું અકાર્ય જાણતા મારા મૂઢ સેવકે આપના પિતાને અહીં આણ્યા છે, તે માટે આપ મને ક્ષમા કરો. હે કૃષ્ણ ! સર્વના દ્રષ્ટા આપ મારા ઉપર કૃપા કરવાને યોગ્ય છે. પિતા ઉપર પ્રેમ રાખનારા, હે ગોવિંદ ! આપના પિતાને આપ લઈ જાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ઈશ્વરના ઈશ્વર ભગવાન કૃષ્ણને વરુણે પ્રસન્ન કર્યા. પછી સંબંધીઓને આનંદ ઉપજાવતા શ્રીકૃષ્ણ પિતાને લઈને યમુનાના તીર પર પધાર્યા. નંદજીએ વરુણલોકમાં લોકપાલ વરુણના ઈંદ્રિયોથી ન જોઈ શકાય એવા ઐશ્વર્યને જોયું તથા ત્યાંના નિવાસીઓ પોતાના પુત્ર શ્રીકૃષ્ણના ચરણોમાં નમી નમીને પ્રણામ કરે છે એ પણ જોયું. એથી તેમને બહુ આશ્ચર્ય થયું. તેમણે વ્રજમાં આવીને તે વાત પોતાના બધા જ્ઞાતિભાઈઓને કહી. હે રાજન્ ! તે પછી ગોવાળિયા શ્રીકૃષ્ણને ઈશ્વર માની ઉત્સુક બુદ્ધિવાળા થઈ મનમાં આવો સંકલ્પ કરવા લાગ્યાઃ 'જગદીશ્વર શ્રીકૃષ્ણ આપણને પણ પોતાના સ્થાનરૂપ તે માયાતીત સ્વધામ બતાવશે ? સર્વદ્રષ્ટા ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ભકત ગાવાળિયાઓનો સંકલ્પ જાણી તેમના સંકલ્પની સિદ્ધિ માટે તેઓના ઉપરની કૃપાથી આવો વિચાર કર્યો : 'આ જગતમાં મનુષ્યને પ્રથમ દેહાદિ ઉપર અહંબુદ્ધિ થાય છે, પછી કામવાસનાઓ પ્રકટે છે અને પછી તે જાતજાતનાં કર્મો કરે છે. તેને લીધે ઉચ્ચનીચ ગતિઓમાં ભટકતો મનુષ્ય સ્વસ્વરૂપ જાણી શકતો નથી. આવો વિચાર કરી મહાદયાળુ ભગવાન શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને પ્રકૃતિથી પર રહેલા પોતાના બ્રહ્મ સ્વરૂપનાં અને પોતાનાં લોકનાં પણ દર્શન કરાવ્યાં. ભગવાનનું બ્રહ્મસ્વરૂપ સત્ય, જ્ઞાન, અનંત, સનાતન અને જ્યોતિસ્વરુપ છે અને ગુણાતીત સમાધિનિષ્ઠ મુનિઓ તે સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. (તેનાં ગોવાળિયાઓએ અનાયાસે દર્શન કર્યા) . તે ગોવાળિયાઓને બ્રહ્મરૂપી ધરામાં શ્રીકૃષ્ણે પહોંચાડ્યા, ત્યારે તેઓ તેમાં મગ્ન થઈ ગયા પછી શ્રીકૃષ્ણે જ તેઓને તેમાંથી બહાર કાઢયા-સમાધિમાંથી વ્યુત્થાન દશામાં આણ્યા ને પછી તેઓએ બ્રહ્મલોકનાં દર્શન કર્યા કે જ્યાં પૂર્વે અક્રૂર ગયા હતા. નંદાદિ ગોવાળિયા તે લોકનાં દર્શન કરી પરમાનંદથી પૂર્ણ બન્યા અને ત્યાં વેદોથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણનાં દર્શન કરી અત્યંત આશ્ચર્ય પામ્યા. ૧-૧૬

नन्दादयस्तु तं दृष्ट्वा परमानन्दनिर्वृताः । कृष्णं च तत्र च्छन्दोभिः स्तूयमानं सुविस्मिताः ॥१६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૮ સમાપ્ત.*

## અધ્યાય-૨૯

## રાસલીલાના સમારંભમાં ભગવાનનું અદ્રશ્ય થવું

**॥ श्रीशुक उवाच ॥**

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः । वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! શરદઋતુને લીધે મલ્લિકાઓ જેમાં ખીલી હતી, (અને જેમાં રમવાની પોતે પ્રતિજ્ઞા કરી હતી) તે રાત્રિઓ જોઈ ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરી રમવાનો મનમાં વિચાર કર્યો, તે સમયે, ઘણા લાંબા કાળે મળેલો પતિ, પ્રિયાના મુખને કેસરથી જેમ લેપે તેમ અતિશય સુખકારી પોતાનાં કિરણો વડે ઉદયકાળના લાલ રંગથી પૂર્વદિશાના મુખને રાતું કરતો ચંદ્ર ઉદય પામ્યો, જે લોકોના તાપને શાંત કરતો હતો. તે દિવસે ચંદ્રનું મંડળ અખંડ હતું, પૂર્ણિમાની રાત્રિ હતી, તેથી લક્ષ્મીના મુખ પેઠે શોભતા અને નવા કેસર જેવા રાતા તે ચંદ્રને તેમ જ તેનાં કોમળ કિરણોથી રંગાયેલા વનને જોઈ શ્રીકૃષ્ણે સ્ત્રીઓમાં મનને હરે તેવું મધુર ગાયન ગાવા માંડયું, જે કામને વધારનારું હતું. તેને સાંભળી પ્રથમથી જ શ્રીકૃષ્ણ હરેલાં મનવાળી વ્રજની સ્ત્રીઓ પોતાની જવાની તૈયારી એકબીજીને ન જાણવા દેતી અને ચાલવાના વેગથી ડોલતાં કુંડળોમાંથી જ્યાં પ્રિય શ્રીકૃષ્ણ ભગવાન હતા

ત્યાં પહોંચી. કેટલીક ગાયો દોહતી હતી. તે દોહવું છોડી ઉતાવળી ત્યાં ગઈ. બીજી કેટલીક દૂધ, ગરમ કરવા મૂકી તેને ઉતાર્યા વિના જ ત્યાં પહોંચી. કેટલીક ચૂલા પર ચડાવેલી અને રંધાઈ ગયેલી લાપસીને ઉતાર્યા વગર દોડી, કેટલીક પીરસતી હતી તે પડતું મૂકી ત્યાં પહોંચી, કેટલીક બાળકને ધાવણ ધવડાવતી હતી, તે છોડી ત્યાં દોડી, કેટલીક પતિઓની સેવા કરતી હતી, તેને અધૂરું મૂકી ત્યાં પહોંચી કેટલીક જમતી હતી તેને અધૂરું મૂકી ત્યાં ગઈ, કેટલીક લીંપતી હતી તેને પડતું મૂકી ત્યાં પહોંચી કેટલીક શરીર સ્વચ્છ કરતી હતી; તે છોડીને પણ ચાલી. કેટલીક તો નેત્રો આંજતી હતી તે પણ અધૂરાં મૂકી ચાલી નીકળી અને કેટલીક વસ્ત્રો તથા અલંકાર આડાઅવળાં પહેરી (એટલે ચણિયાને બદલે સાલ્લો ને સાલ્લાને બદલે ચણિયો, તેમ જ હાથનાં કડાં પગમાં ને પગનાં ઝાંઝર હાથમાં એમ પહેરી) શ્રીકૃષ્ણ પાસે પહોંચી. એ વેળા તેમને તેમના પતિઓ, પિતાઓ, ભાઈઓ તથા સગાંસંબંધીઓએ અટકાવી તો પણ શ્રીકૃષ્ણ હરેલા મનવાળી ને મોહિત થયેલી તેઓ અટકી નહિ. હે પરીક્ષિત ! એ વખતે કેટલીક ગોપીઓ ઘરોની અંદર હતી અને તેમને બહાર નીકળવાનો માર્ગ જ ન મળ્યો પણ તેઓ પ્રથમથી જ શ્રીકૃષ્ણની ભાવનાથી યુકત હોઈ નેત્રો બંધ કરીને તેમનું ધ્યાન કરવા લાગી. વળી પ્રિયતમ શ્રીકૃષ્ણના વિરહથી ઊપજેલા તીવ્ર તાપ વડે જેઓનાં સર્વ પાપ બળી ગયાં હતાં અને ધ્યાન દ્વારા (હૃદયમાં) પ્રાપ્ત થયેલા શ્રીકૃષ્ણના આલિંગન વડે થયેલી શાંતિથી જેઓનાં પુણ્યકર્મ પણ નાશ પામ્યાં હતાં. એવી તે (ઘરમાંથી નહિ ગયેલી) ગોપીઓ તે જ શ્રીકૃષ્ણ પરમાત્માને જોકે જારબુદ્ધિથી પામી હતી; તોપણ તરત જ નાશ પામેલાં બંધનવાળી થઈને ગુણમય શરીર તેઓએ તજ્યું હતું, અર્થાત્ શ્રીકૃષ્ણના સ્વરૂપને પામી હતી.

**પરીક્ષિત રાજાએ કહ્યું :** ‘હે મુનિ ! ગોપીઓ શ્રીકૃષ્ણને કેવળ જાર-પતિ તરીકે માનતી, બ્રહ્મસ્વરૂપે કે પરમાત્માસ્વરૂપે માનતી ન હતી, છતાં તે ગુણબુદ્ધિરૂપ કામવાસનાવાળી ગોપીઓનો ગુણોના પ્રવાહરૂપ સંસાર દૂર કેમ થયો ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** આ સંબંધી તમને પ્રથમ જ કહ્યું છે કે, શિશુપાલ શ્રીકૃષ્ણનો દ્વેષી હતો, તોપણ તે સિદ્ધિ પામ્યો હતો; તો શ્રીકૃષ્ણને પ્રિય અને શ્રીકૃષ્ણ ઉપર પ્રેમવાળી ગોપીઓ સિદ્ધિ અથવા મોક્ષ પામે એમાં શું કહેવાનું હોય ? હે રાજા ! ભગવાન જોકે વિકારશૂન્ય બુદ્ધિ આદિથી અમાપ, નિર્ગુણ અને ગુણોના નિયંતા છે, તો પણ મનુષ્યનાં કલ્યાણ માટે જ તેમનો અવતાર હોય છે. માટે શ્રીહરિ વિષે નિત્ય કામ, ક્રોધ, ભય, સ્નેહ, સંબંધ કે મિત્રતા, એમાંનું કઈ પણ કરનારાં પ્રાણીઓ અવશ્ય શ્રીહરિમયપણાને પામે છે. માટે યોગેશ્વરોના ઈશ્વર અને અજન્મા શ્રીકૃષ્ણ વિષે તમારે વિસ્મય પામવું નહિ; કારણ કે શ્રીકૃષ્ણના આશ્રયથી સ્થાવર વગેરે પણ મુકત થાય છે. વ્રજની તે સ્ત્રીઓને પાસે આવેલી જોઈ વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ તેમને વાણીના વિલાસથી મોહિત કરતા કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે મહાભાગ્યશાળી સ્ત્રીઓ ! તમે ભલે આવી; હું તમારું શું પ્રિય કરું ! વ્રજનું કુશળક્ષેમ છે ને ! આ રાત્રિ ભયંકર દેખાવની હોઈ ભયંકર પ્રાણીઓથી સેવાયેલી છે, આવે વખતે અહીં આવવાનું કારણ કહો. હે સુંદર કેડવાળી ગોપીઓ ! તમે વ્રજમાં પાછી જાઓ, તમારે અહીં રહેવું યોગ્ય નથી. તમારાં માતાઓ, પિતાઓ, પુત્રો, ભાઈઓ તથા પતિઓ તમને ન જોતાં તમારી શોધખોળ કરશે. તમારે તમારાં સગાંસંબંધીઓને ભય ન ઉપજાવવો જોઈએ. પુષ્પોથી ખીલેલું પૂનમના ચંદ્રનાં કિરણોથી રંગાયેલું અને યમુનાના પવનની લહેરોથી ડોલતાં વૃક્ષોનાં પાંદડાં વડે શોભતું આ વન તમે જોયું છે. માટે હે સતીઓ ! તમે વ્રજમાં જાઓ. ઢીલ કરો મા અને તમારા પતિઓની સેવા કરો. તમારાં છોકરાં

અને વાછરડાં બૂમો પાડે છે. તેઓને ધવડાવો અને ગાયોને દોહો, અથવા મારા ઉપરના સ્નેહથી વશ થયેલાં અંતઃકરણવાળી તમે અહીં આવી છો તે પણ તમને યોગ્ય જ છે કેમ કે (આત્મારૂપ) મારા પર સર્વ પ્રાણીઓ સ્નેહ કરે છે. હે કલ્યાણી સ્ત્રીઓ ! નિષ્કપટપણે પતિની તથા પતિનાં માતાપિતા વગેરે સંબંધીઓની સેવા કરવી અને પતિના પુત્ર—સેવક વગેરેનું પોષણ કરવું એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. જે સ્ત્રીઓ સ્વર્ગાદિ પવિત્ર લોકને ઈચ્છતી હોય, તેઓએ પોતાનો પતિ દુષ્ટ સ્વભાવનો, દુર્ભાગી, વૃદ્ધ, રોગી અને નિર્ધન હોય, તોપણ જો મોટાં પાપથી યુકત ન હોય, તો તેને તજવો નહિ, કુળવાન સ્ત્રીને જારપુરુષના સંબંધથી પ્રાપ્ત થનારું વિષયસુખ સ્વર્ગ તથા યશનો નાશ કરનાર થાય છે ને તે સુખ તુચ્છ, મહાકષ્ટ આપનારું, ભયજનક અને બધે નિંદાપાત્ર છે. વળી મારુ શ્રવણ દર્શન, ધ્યાન તથા કીર્તન કરવાથી મારામાં જેવો ભાવ બંધાય છે, તે મારી પાસે રહેવાથી કે મારા અંગનો સંગ કરવાથી બંધાતો નથી, માટે તમે ઘેર જાઓ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શ્રીકૃષ્ણનું અપ્રિય ભાષણ સાંભળી ગોપીઓ અત્યંત ખેદ પામી. તેઓના સંકલ્પો પડી ભાંગ્યા અને તેઓ અપાર ચિંતામાં પડી શોકથી ઉત્પન્ન થતા નિસાસાના વાયુથી સુકાતાં અને પાકાં ઘિલોડાં જેવા રાતા નીચલા હોઠવાળાં મુખોને નીચાં ઢાળી પગથી જમીનને ખોતરતી તે ગોપીઓ દુઃખના મોટા ભારથી દબાઈ ગઈ અને કાજળવાળાં આંસુઓથી સ્તન પરના કેસરને ધોતી ચૂપચાપ ઊભી રહી. પછી શ્રીકૃષ્ણ માટે સર્વ સંસારકામનાઓ જેઓએ તજી હતી, એવી તે પ્રેમાળ ગોપીઓ રડી રડીને સૂજેલાં નેત્રો લૂછી પ્રિયતમ છતાં શત્રુઓની પેઠે સામેથી બોલતા શ્રીકૃષ્ણ પ્રત્યે કંઈક કોપાવેશથી ગળગળી વાણી કહેવા લાગી.

**ગોપીઓ બોલી :** હે પ્રભો ! આવું ક્રૂર વચન કહેવાને આપ યોગ્ય નથી. અમે સર્વ વિષયો તજી આપનાં ચરણો સેવીએ છીએ; તો હે સ્વેચ્છાચારી કૃષ્ણ ! અમને તજો મા; પણ જેમ આદિપુરુષ દેવ મુમુક્ષુઓને ભજે છે, તેમ તમે અમને ભજો કામનાઓ પૂર્ણ કરો. હે કૃષ્ણ ! ધર્મવેત્તા આપે કહ્યું કે પતિ, છોકરાં ને સંબંધીઓની સેવા કરવી તે સ્ત્રીઓનો સ્વધર્મ છે. તો તે ઉપદેશોના વિષયરૂપ આપ ઈશ્વર વિષે જ ભલે તે પ્રમાણે થાઓ (અર્થાત્ અમે આપની સેવા કરીને સર્વની સેવા કરનારી થઈશું) ; કારણ કે આપ જ સર્વ પ્રાણીઓના અતિશય પ્રિય બંધુ અને આત્મા છે; (અથવા) જો આપ ધર્મના ઉપદેશક હો અને અમે ધર્મ જાણવા ઈચ્છતી હોઈએ તો આપ ધર્મવેત્તાએ જે કહ્યું તે ભલે તેમ હોય; પરંતુ આપ ધર્મના ઉપદેશક નથી, પણ સર્વ પ્રાણીઓના પ્રિયતમ આત્મા છો; અથવા આપે જે કહ્યું તે ઉપદેશના વિષયરૂપ પુરુષમાં ભલે તેમ હો; આપ તે અમારા સ્વામી છો; છતાં આમ કેમ કહો છો ! આપે આમ કહેવું ન ઘટે; કેમ કે આપ પ્રાણીઓના સર્વ ફળરૂપ છો; (અથવા) પતિ વગેરેની સેવા કરવી તે અમારો ધર્મ છે; એમ આપે કહ્યું, તો તે અમારો ધર્મ આપ વિષે જ કર્તવ્ય તરીકે થાઓ, કેમ કે આપ જેમને સેવા કરવા યોગ્ય તરીકે ઉપદેશો છો તે પતિ વગેરેના પણ આશ્રય અને સર્વના ઈશ્વર છો અને ઈશ્વરરૂપ મૂળ વસ્તુ વિના પતિ-પુત્ર વગેરે કંઈ છે જ નહિ. શાસ્ત્રકુશળ પુરુષો નિત્યપ્રિય પોતાના આત્મારૂપ આપ વિષે જ પ્રીતિ કરે છે; તો દુઃખ- દાયક પતિ-પુત્ર વગેરેનું અમારે શું કામ છે ? માટે હે પરમેશ્વર ! તમે અમારા ઉપર પ્રસન્ન થાઓ. હે કમળનયન ! ઘણા લાંબા સમયથી આપ વિષે બાંધેલી અમારી આશા તોડી ન પાડો. અમારુ ચિત્ત પ્રથમ ઘરમાં જ લાગ્યું રહેતું; તેને તો આપે હરી લીધું છે. અમારા બંને હાથ પહેલાં ઘરનાં

કામકાજમાં લાગ્યા રહેતા, તેઓને પણ આપે હરી લીધા છે અને અમારા બંને પગ આપના ચરણમૂળની પાસેથી એક ડગલું પણ ખસતા નથી; તો અમે વ્રજમાં કેવી રીતે જઈએ અને ત્યાં જઈને કરીએ પણ શું? માટે હે કૃષ્ણ ! આપના હાસ્યપૂર્વક જોવાથી અને મનોહર ગીતથી ઉત્પન્ન થયેલા અમારા કામાગ્નિને આપ આપના અધરામૃતના પ્રવાહથી સીંચો (શાંત કરો) . હે સખા ! જો એમ નહિ કરો, તો અમે તે કામાગ્નિમાં તથા બીજા આપના વિરહથી જન્મેલા અગ્નિમાં અમારાં શરીર બાળી નાખી (યોગીઓની પેઠે) આપનું ધ્યાન કરી આપનાં ચરણોને પામીશું (મરી જઈને પણ અમે આપને છોડીશું નહિ .) હે કમળનયન કૃષ્ણ ! જંગલમાં વસતા મુનિજન જેમને પ્રિય છે, એવા આપનું ચરણકમળ કે જેનો આનંદ લક્ષ્મીદેવીને પણ કોઈક જ વેળા આપે આપેલો છે, તેનો જ્યારથી અમે સ્પર્શ કર્યો છે, ત્યારથી માંડી આપે આનંદી કરેલી અમે બીજા (અમારા પતિ વગેરે) પાસે ઊભી રહેવાને પણ સમર્થ નથી. લક્ષ્મીદેવી પોતાના પર કૃપાકટાક્ષ કરે, તે માટે બીજા દેવો વગેરેનો પ્રયાસ હોય છે, તે લક્ષ્મીદેવી આપની છાતીમાં સ્થાન પામેલી છે, છતાં (પોતાની શોક્ય) તુલસી સાથે ભકતજનોએ સેવેલા આપના ચરણરજની જેમ ઈચ્છા કરે છે, તેમ અમે પણ આપની ચરણરજને શરણે આવ્યાં છીએ. માટે હે દુઃખભંજન દેવ ! અમારા પર પ્રસન્ન થાઓ, અમે ઘરબાર છોડી આપની ઉપાસના કરવાની આશાએ આપના ચરણમુળમાં આવ્યાં છીએ; હે પુરુષાલંકાર ! આપનાં સુંદર હાસ્ય અને દર્શનથી ઊપજેલા તીવ્ર કામ વડે તપેલા મનવાળી અમને આપ દાસીપણું આપો. છૂટા કેશથી ઢંકાયેલાં કુંડળોની શોભાયુક્ત કપોલવાળું, અધરોષ્ઠમાં અમૃતથી ભરેલું અને હાસ્યપૂર્વક જોતું આપનું મુખ જોઈને તેમ જ સર્વને અભય આપનાર આપના બંને બાહુઓને તથા લક્ષ્મીદેવીને કેવળ એક ક્રીડાના સ્થાનરૂપ આપની છાતીને જોઈને અમે આપની દાસી બનીએ છીએ. હે કૃષ્ણ ! આ ત્રણે લોકમાં એવી કઈ સ્ત્રી છે કે જે મનોહર પદવાળાં અને લાંબા આલાપવાળાં આપનાં ગાન સાંભળીને તેમ જ ત્રણે લોકમાં કેવળ એક જ સુંદર આપના આ સ્વરૂપને જોઈ અત્યંત મોહિત થઈ, આ ચરિત્રરૂપ પાતિવ્રત્યધર્મથી ચલિત ન થાય ? થાય જ; કેમ કે આપનું ગાયન સાંભળવાથી અને રૂપ જેવાથી ગાયો, પક્ષીઓ, વૃક્ષો તથા મૃગલાં પણ રોમાંચિત થઈ જાય છે. જેમ આદિપુરુષ ભગવાન દેવોની તથા લોકોની રક્ષા કરનાર તરીકે અવતાર લે છે, તેમ આપ પણ વ્રજના ભયને તથા દુઃખને દૂર કરનાર તરીકે ખરેખર અવતર્યા છો; માટે હે દીનબંધો ! અમારાં કામથી તપેલા સ્તનો ઉપર તથા મસ્તક ઉપર આપ આપનું હસ્તકમળ મૂકો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ ગોપીઓનાં વ્યાકુળ વચનો સાંભળી યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ પોતે આત્મારામ હતા, છતાં ખડખડાટ હસી દયાથી તે ગોપીઓને રમાડવા લાગ્યા. તે વખતે પ્રિય શ્રીકૃષ્ણનાં દર્શનથી પ્રફુલ્લ મુખવાળી તે એકઠી થયેલી ગોપીઓથી વીંટાયેલા, ઉદાર ચરિત્રોવાળા અને ઉત્તમ હાસ્ય તથા દાંતમાં મોગરાના પુષ્પ જેવી કાંતિવાળા શ્રીકૃષ્ણ નક્ષત્રોથી વીંટાયેલા ચંદ્રની પેઠે શોભતા હતા. સેંકડો સ્ત્રીઓના ટોળાના પતિ શ્રીકૃષ્ણ વૈજયંતીમાલા પહેરીને વૃંદાવન શોભાવતા ફરતા હતા, ત્યારે તે સ્ત્રીઓ તેમના ગુણોને ગાતી હતી. પછી તે ભગવાન ગોપીઓ સાથે યમુનાના તીર પર જઈ રમવા લાગ્યા. એ કિનારો નદીના તરંગોથી આનંદદાયક અને ચંદ્રવિકાસી કમળોની સુગંધવાળા વાયુથી શીતળ રેતીવાળો હતો. ત્યાં બંને ભુજાઓ પહોળી કરી ભેટવું, હાથ, કેશપાશ, સાથળો, ચણિયાનું બંધન તથા સ્તનનો સ્પર્શ કરવો, હાંસીનાં વચનો કહેવાં, નખક્ષત કરવા, રમવું, જોવું તથા હસવું વગેરે વ્રજની સુંદરીઓના

કામને ઉદ્દીપ્ત કરતા ભગવાને તેઓને રમાડી. એમ મહાન આત્મા શ્રીકૃષ્ણ ભગવાનથી પોતાને માન મળ્યું, એટલે તે ગોપીઓ અભિમાની થઈને પૃથ્વી પરની સર્વ સ્ત્રીઓમાં પોતાને (રૂપગુણથી) માનવા લાગી. ભગવાન શ્રીકૃષ્ણ તેઓનો સૌંદર્યમદ તથા ગર્વ જાણી ગયા, જેથી તેઓનો તે મદ ઉતારવા અને તે દ્વારા તેઓના પર કૃપા કરવા ત્યાં જ અદૃશ્ય થઈ ગયા. ૧-૪૮

तासां तत्सौमगमदं वीक्ष्य मानं च केशवः । प्रशमाय प्रसादाय तत्रैवान्तरधीयत ॥४८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૨૯ સમાપ્ત.*

## અધ્યાય-૩૦

## શ્રીકૃષ્ણને શોધતી વિરહઘેલી ગોપીઓ

॥ श्रीशुक उवाच ॥

अन्तर्हिते भगवति सहसैव व्रजांगनाः । अतप्यस्तमचक्षाणाः करिष्य इव यूथपम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણ એકાએક અદૃશ્ય થયા એટલે તેમને ન જોતી ગોપીઓ યુથપતિ—હાથીને ન જોતી હાથણીઓની પેઠે સંતાપ કરવા લાગી. તેઓનાં મન ભગવાનની ગતિ, સ્નેહ, મંદહાસ્ય, વિલાસપૂર્વક જોવું, સુંદર ભાષણ, વિહાર, રમતો અને બીજા વિલાસોથી આકર્ષાયાં હતાં; જેથી તે ગોપીઓ ભગવત્સ્વરૂપ બની ભગવાનની તે તે ચેષ્ટાઓની પોતે નકલ કરવા લાગી. પ્રિય શ્રીકૃષ્ણની ગતિ, હાસ્ય, દર્શન તેમ જ કર્ણપ્રિય ભાષણ વગેરેમાં એકાગ્ર બનેલી તે ગોપિકાઓ શ્રીકૃષ્ણ જેવા જ કીડાવિલાસો કરતી તદ્રૂપ થઈ ‘હું કૃષ્ણ છું’ એમ એકબીજીને કહેવા લાગી. એકઠી થઈ ઉચ્ચ સ્વરે શ્રીકૃષ્ણનાં જ ગીત ગાવા લાગી અને ગાંડીઘેલી બની વનેવને શ્રીકૃષ્ણની શોધ કરવા લાગી. જેમ આકાશ સર્વ પદાર્થોની અંદર તથા બહાર છે, તેમ જે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેક પદાર્થની અંદર તથા બહાર છે, તેમના સમાચાર તેઓ વૃક્ષને પૂછવા લાગી : ‘ઓ પીપળા ! ઓ વડલા ! નંદપુત્ર કૃષ્ણ પ્રેમાળ હાસ્ય તથા દર્શનથી અમારાં મન ચોરીને નાસી ગયા છે, તેમને તમે જોયા છે ? ઓ બપોરિયા ! ઓ આસોપાલવ ! ઓ નાગ ! ઓ પુન્નાગા ! ઓ ચંપા ! જેમનું હાસ્ય અભિમાની સ્ત્રીઓનો ગર્વ ઉતારનારું છે, એવા બળદેવના નાના ભાઈ અહીંથી ગયા છે ? ગોવિંદના ચરણ જેને પ્રિય છે, એવી ઓ કલ્યાણી તુલસી ! ભમરાઓનાં ટોળાં સાથે તને ધારણ કરતા તારા પ્રિયતમ શ્રીકૃષ્ણને તે જોયા છે ? ઓ માલતી ! ઓ મોગરા! ઓ જાઈ ! ઓ જૂઈ ! પોતાના હાથના સ્પર્શથી તમને પ્રીતિ ઉપજાવતા શ્રીકૃષ્ણને તમે જોયા છે ? એ આંબા ! ઓ રાયણ ! ઓ ફણસ ! ઓ આસનવૃક્ષ ! ઓ પીળા કંચનાર ! ઓ જાંબુડી ! ઓ આકડા ! ઓ બીલી ! ઓ બોરસલી ! ઓ આમ્ર ! ઓ કદંબ ! ઓ નીપ ! અને બીજા પણ યમુનાનાં તીર ઉપર ઊગેલાં એ વૃક્ષો ! તમારો સર્વનો જન્મ કેવળ પરોપકાર માટે જ છે; તો શૂન્યચિત્ત થયેલી અમને તમે શ્રીકૃષ્ણનો માર્ગ બતાવો. અહો ! આશ્ચર્ય ! ઓ પૃથ્વી ! તે કયું તપ કર્યું છે કે જેથી હર્ષની વાત છે કે તને શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી આવો આનંદ થાય છે અને તેથી રોમાંચિત થઈ તું શોભે છે ! અલી ઓ કહે તો ખરી, આ આનંદ શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ તને હમણાં થવાથી થયો છે કે વામન અવતારમાં ભગવાનના ચરણથી તું આખી દબાઈ હતી, તેથી થયો છે અથવા પૂર્વે વરાહશરીર ધારણ કરનારા ભગવાનના આલિંગનથી થયો છે ? (તું આનંદી જણાય છે, માટે જરૂર તેં શ્રીકૃષ્ણને જોયા છે; માટે તું

અમને બતાવ.) ઓ સખી મૃગલી ! સુંદર અંગોથી તમારી દૃષ્ટિને અત્યંત શાંત કરતા શ્રીકૃષ્ણ પ્રિયા સાથે તારી પાસે આવ્યા હતા ? કારણ કે પ્રિયાના અંગસંગથી સ્તન ઉપરના કેસરથી રંગાયેલી, શ્રીકૃષ્ણે પહેરેલી મોગરાની માળાની સુગંધ અહીં આવે છે. તેથી અમે તને પૂછીએ છીએ. ઓ વૃક્ષો ! પોતાના એક હાથને (સાથે રહેલી) પ્રિયાના ખભા ઉપર રાખી (બીજા હાથમાં) કમળ ધારણ કરતા બળરામના નાના ભાઈ શ્રીકૃષ્ણ, જેમની પાછળ મદથી ઉન્મત્ત બનેલા ભમરા ઊડતા હોય છે, તે સ્નેહદર્શનથી તમારા પ્રણામ સ્વીકારતા શું અહીંથી ગયા છે ? ઓ સખીઓ ! આ વેલીઓ શ્રીકૃષ્ણને જરૂર મળેલી છે, માટે તેઓને પૂછો. જોકે પોતાના પતિ આ વૃક્ષનાં (ડાળાંરૂપ) બાહુઓને ભેટી છે; તોપણ આશ્ચર્ય છે કે આવાં રોમાંચ ધારણ કરે છે ! તેથી અવશ્ય શ્રીકૃષ્ણના નખનો તેઓને સ્પર્શ થયો હોવો જોઈએ.' એમ શ્રીકૃષ્ણની શોધમાં વ્યાકુળ બનેલી ગોપીઓ ગાંડાઘેલા જેવાં વચનો બોલતી કેવળ ભગવત્ સ્વરૂપ બનીને ભગવાનની તે તે લીલાઓની નકલ કરવા લાગી. કોઈ ગોપી શ્રીકૃષ્ણરૂપ થઈ બીજી પૂતનારૂપે થયેલી ગોપીનાં સ્તન ધાવવા લાગી, કોઈ બાળક શ્રીકૃષ્ણરૂપ થઈ રડતી; બીજી ગાડું થયેલી ગોપીને પગથી લાતો મારવા લાગી; કોઈ તૃણાવર્તરૂપ થઈ બાળક કૃષ્ણરૂપ થયેલી બીજી ગોપીને હરી જવા લાગી. કોઈ ઘૂઘરીઓના ખણખણાટવાળા પોતાના બંને પગને ઘસડતી (શ્રીકૃષ્ણ બાળપણમાં જેમ ઢીંચણે ચાલતા તેમ) ઢીંચણે ચાલવા લાગી. કોઈ બે ગોપીઓ શ્રીકૃષ્ણ તથા બળદેવરૂપ થઈ અને બીજા ગોવાળિયાઓ થઈ પછી ત્યાં વત્સાસુરરૂપે થયેલીને તથા બકાસુરરૂપે થયેલીને કૃષ્ણરૂપ થયેલી ગોપી (કૃત્રિમ રીતે) મારી નાખવા લાગી. કોઈ ગોપી શ્રીકૃષ્ણની પેઠે દૂર રહેલી ગાયોને બોલાવતી હતી અને વાંસળી વગાડતી રમતી હતી. બીજી (ગોવાળિયા થયેલી) ગોપીઓ 'વાહ, વાહ' એમ કહી તેની પ્રશંસા કરતી હતી. કોઈ ગોવાળિયારૂપ થયેલી ગોપી ઉપર પોતાનો હાથ નાખી, ભગવાનમાં જ મનવાળી કૃષ્ણરૂપ થયેલી ગોપી ચાલતી ચાલતી બીજીઓને કહેતી હતી : 'હું કૃષ્ણ છું; મારી સુંદર ગતિ જુઓ !' કોઈ ગોપી શ્રીકૃષ્ણરૂપ થઈ 'તમે વાયુ કે વરસાદથી ડરો મા; મેં તેનાથી તમારું રક્ષણ કર્યું છે' એમ કહી એક હાથે યત્નપૂર્વક એક વસ્ત્રને (ગોવર્ધન પર્વતની પેઠે) ઊંચો ઉપાડી રાખતી હતી. હે રાજા ! બીજી કોઈ ગોપી કૃષ્ણરૂપ થઈને કાલિયનાગરૂપ થયેલી કોઈ ગોપીના મસ્તકને પગથી દબાવી કહેતી હતી : 'ઓ દુષ્ટ સર્પ ! તું અહીંથી ચાલ્યો જા; દુષ્ટોને શિક્ષા કરનારો હું જન્મ્યો છું.' વળી તેઓમાં (કૃષ્ણ થયેલી) એક ગોપી બીજીઓને કહેતી હતી : 'હે ગોવાળિયાઓ ! આ ભયંકર દાવાનળને તમે જુઓ; તમે તમારી આંખો બંધ કરો. હું જોતજોતામાં તમારું ક્ષેમકુશળ કરીશ.' વળી તે સમયે કોઈ પાતળા શરીરવાળી ગોપીને બીજી ગોપી દોરડી વડે ખાંડણિયા સાથે બાંધી; એટલે તે સુંદર દૃષ્ટિવાળી ગોપી ભયભીત થઈ મુખ ઢાંકી દઈ ભયની નકલ કરવા લાગી.

એમ વૃંદાવનની લતાઓને તથા વૃક્ષોને શ્રીકૃષ્ણના સમાચાર પૂછતી ગોપીઓએ વનના કોઈ પ્રદેશમાં પરમાત્મા શ્રીકૃષ્ણનાં પગલાં જોયાં. (તે જોઈ તેઓ બોલી:) 'નક્કી, આ પગલાં મહાત્મા નંદપુત્રનાં છે, કારણ કે તે ધજા, કમળ, અંકુશ, વજ્ર તથા જવ વગેરેથી યુક્ત જણાય છે.' પછી તે તે પગલાં ઉપરથી ભગવાનનો માર્ગ શોધતી તેઓ આગળ જતાં તે પગલાંને કોઈ સ્ત્રીનાં પગલાંથી મિશ્ર જોઈ દુઃખી થઈને બોલીઃ 'જેમ હાથી સાથે હાથણી જાય, તેમ નંદપુત્ર શ્રીકૃષ્ણની સાથે ગયેલી અને શ્રીકૃષ્ણે ખભા ઉપર મૂકેલા હાથવાળી કઈ સ્ત્રીનાં આ પગલાં હશે ? ખરેખર ! આ સ્ત્રીએ સર્વના ઈશ્વર ભગવાન

શ્રીહરિને આરાધ્યા હશે; કારણ કે ગોવિંદ શ્રીકૃષ્ણ તેના પર પ્રસન્ન થઈ આપણને છોડીને તે એકલીને એકાંતમાં લઈ ગયા છે. અહો ! હે સખીઓ ! શ્રીકૃષ્ણના ચરણકમળની આ રજ ધન્યવાદને પાત્ર છે અને અતિશય પવિત્ર છે, કારણ કે જે રજને પોતાનાં પાપો દૂર કરવા બ્રહ્મા, શંકર તથા લક્ષ્મીદેવી પોતાના મસ્તક પર ધારણ કરે છે. જે ગોપી શ્રીકૃષ્ણને એકાંતમાં લઈ જઈ પોતે એકલી આપણા સર્વ ગોપીઓના સર્વસ્વ શ્રીકૃષ્ણના અધરોષ્ઠને પીએ છે, તેના આ પગલાં આપણને અદેખાઈનું મોટું દુઃખ ઉત્પન્ન કરે છે. જુઓ, હવે અહીંથી તે સ્ત્રીનાં પગલાં દેખાતાં નથી. આ ઉપરથી જણાય છે કે, તેના પગનાં કોમળ તળિયાંને ઘાસના અંકુરો વાગવાથી અવશ્ય તે પ્રિયતમાને વહાલા કૃષ્ણે પોતાની ખાંધ ઉપર ઉપાડી હશે. (જુઓ તો ખરી ! ઓ ગોપી ! પોતાની એ વહુને ઉપાડી ભારથી દબાયેલા કામી કૃષ્ણનાં આ પગલાં અહીંથી પૃથ્વીમાં વધારે ઊંડાં પડેલાં જણાય છે. અહીં તે મહાત્માએ એ કાંતાને પુષ્પો વીણવા નીચે ઉતારી છે.) જુઓ ! અહીં પ્રિય કૃષ્ણે પ્રિયા માટે પુષ્પો વીણ્યાં છે અને તેથી જ (ઊંચાં રહેલાં પુષ્પો ચૂંટવા) પગની ફણા ઉપર ઊભા રહેવાથી તેમના આ પગલાં અધૂરાં પડયાં છે ! અહીં કામી કૃષ્ણે એ કામિનીના કેશ ગૂંથ્યા છે અને નક્કી તે સ્ત્રીના કેશપાશમાં પુષ્પો ગૂંથતા તે અહીં બેઠા છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણ કેવળ પોતાથી જ સંતુષ્ટ હોઈ આત્મામાં જ રમનારા હતા અને સ્ત્રીઓના વિલાસોથી આકર્ષાયા ન હતા; તોપણ 'સ્ત્રીઓ આગળ કામી પુરુષોની દીનતા અને સ્ત્રીઓની દુષ્ટતા દર્શાવતા તેઓ પોતાની સાથે એકલી લીધેલી તે સ્ત્રીની સાથે રમ્યા હતા એ રીતે (ભગવાનથી વિખૂટી પડેલી) તે ગોપીઓ એકબીજીને ભગવાનનાં પગલાં બતાવતી બેભાન બની વનમાં ભમતી હતી, ત્યારે બીજી તરફ જે ગોપીને શ્રીકૃષ્ણ બીજી ગોપીઓને વનમાં છોડી પોતાની સાથે લઈ ગયા હતા, તે ગોપી 'કામભોગ માટે આવેલી ગોપીઓને તજી આ પ્રિય (શ્રીકૃષ્ણ) મને જ ભોગવે છે એમ પોતાને સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ માનવા લાગી. પછી કોઈ વનપ્રદેશમાં જઈ તે ગર્વિષ્ઠ સ્ત્રીએ શ્રીકૃષ્ણને કહ્યું: 'હું ચાલી શકતી નથી, (માટે ઉપાડીને) તમારે મને જ્યાં લઈ જવી હોય ત્યાં લઈ જાઓ' એમ તેણે કહ્યું એટલે શ્રીકૃષ્ણે તે પ્રિયાને કહ્યું : 'તું મારી ખાંધ ઉપર બેસી જા.' પછી એ સ્ત્રી ભગવાનની બાંધ ઉપર બેસવા તૈયાર થઈ કે તરત જ શ્રીકૃષ્ણ ત્યાંથી અદશ્ય થયા અને તે સ્ત્રી પશ્ચાતાપ કરવા લાગીઃ 'હા નાથ ! ઓ રમણ ! ઓ પ્રિયતમ ! હે મોટી ભુજાવાળા ! તમે ક્યાં છો ? ઓ સખા ! તમારી દીન દાસી મને તમારા સાનિધ્યનું દર્શન કરાવો' (એમ તે પશ્ચાત્તાપ કરે છે) તેવામાં ભગવાન શ્રીકૃષ્ણના માર્ગને શોધતી પેલી બીજી ગોપીઓએ ઘણે દૂરથી પ્રિય વિયોગથી મોહિત થયેલી (અને પશ્ચાત્તાપ કરતી) તે દુઃખી સખીને જોઈ એટલે શ્રીકૃષ્ણ તરફથી મળેલું માન અને પોતાની દુષ્ટતાથી મળેલું અપમાન તેણે કહ્યું. તે સાંભળી ગોપીઓ પરમ વિસ્મય પામી. પછી તે સ્ત્રીને પણ સાથે લઈ સર્વ ગોપીઓ જ્યાં સુધી ચંદ્રનું અજવાળું રહ્યું ત્યાં સુધી વનમાં શ્રીકૃષ્ણની શોધ માટે ફરી. પછી અંધકારને ફેલાયેલો જોઈ વનમાંથી પાછી ફરી. એ રીતે શ્રીકૃષ્ણ ન મળ્યા, તોપણ તે ગોપીઓને ઘર તો યાદ જ ન આવ્યાં; કેમ કે તેઓનાં મન કેવળ શ્રીકૃષ્ણમાં જ લાગ્યાં હતાં. શ્રીકૃષ્ણની જ તેઓ વાતો અને ચેષ્ટાઓ કરતી, કેવળ શ્રીકૃષ્ણમય બની તેમના ગુણોને જ ગાતી હતી. પછી તે બધી ફરી યમુનાનદીના કિનારા પર આવી એકઠી થઈ શ્રીકૃષ્ણની જ ભાવનાઓ કરતી, તેમના આગમનની આકાંક્ષા કરતી તેમના જ ગુણોનાં ગીત ગાવા લાગી. ૧-૪૪

पुनः पुलिनमागत्य कालिन्द्याः कृष्णभावनाः । समवेता जगुः कृष्णं तदागमनकाङ्क्षिताः ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૦ સમાપ્ત.*

# અધ્યાય-૩૧

## ગોપીગીત

॥ गोप्य ऊचुः ॥

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥१॥

**ગોપીઓ બોલી :** ઓ વહાલા કૃષ્ણ ! આપના જન્મથી વ્રજ સર્વોત્કૃષ્ટ બન્યું છે અને તેથી જ અહીં લક્ષ્મી સર્વદા રહે છે (આમ અહીં બધે આનંદ છવાયો છે;) પણ કેવળ આપ માટે જ પ્રાણોને ધરતી આપની દાસી—અમે દિશાઓમાં આપને શોધીએ છીએ; માટે આપ અમને દર્શન દો. ઓ ઈચ્છિત આપનાર ! અમે તમારી અવેતન દાસીઓ છીએ. શરદઋતુના સરોવરમાં સુંદર રીતે ખીલેલા શ્રેષ્ઠ કમળના ગર્ભની શોભાને હરતી દૃષ્ટિ વડે (નિષ્કામભાવે સેવા કરતી) અમને તમે ઘાયલ કરો છો; તેથી આ લોકમાં અમારો શું નાશ થતો નથી ? હે સર્વોત્કૃષ્ટ દેવ ! (કાલિયનાગથી) ઝેરી બનેલાં યમુનાનાં પાણીથી થતા નાશથી, અઘાસુરથી, (ઈન્દ્રે શરૂ કરેલા) વરસાદથી, વાયુથી, વીજળીઓના અગ્નિથી, અરિષ્ટાસુરથી, વ્યોમાસુરથી અને બીજા પણ સર્વ ભયોથી આપે અમારી વારંવાર રક્ષા કરી છે. ઓ મિત્ર ! તમે કંઈ ગોપી— યશોદાના પુત્ર નથી; પણ સમગ્ર પ્રાણીઓના અંતરાત્મા હોઈ બુદ્ધિના સાક્ષી છો. હે સખા ! બ્રહ્માએ પ્રાર્થના કરેલા આપ જગતની રક્ષા કરવા યાદવોના કુળમાં જન્મ્યા છો. હે યાદવશ્રેષ્ઠ ઓ કાન્ત ! આપનું હસ્તકમળ સર્વ કામનાઓ આપનાર, લક્ષ્મીદેવીનો હાથ ગ્રહણ કરનાર અને સંસારના ભયથી આપના ચરણને શરણે આવેલાઓને નિર્ભય કરનાર છે. તેને આપ અમારા મસ્તક પર મૂકો. ઓ વ્રજવાસીઓની પીડાનો નાશ કરનાર વીર ! પોતાના ભકતજનોના ગર્વનો મંદમંદ હસવાથી નાશ કરનારદો મિત્ર ! આપની દાસી અમને આપ સેવો અને (પ્રથમ તો) આપના સુંદર મુખકમળનાં અમને દર્શન દો. આપનું ચરણકમળ આપને પ્રણામ કરનારાં પ્રાણીઓનાં પાપોનો નાશ કરનારું (અત્યારે કૃપાથી) પશુઓની પાછળ જતું (સૌભાગ્યને લીધે) લક્ષ્મીદેવીને રહેવાનું ઘર અને (પરાક્રમની અતિશયતાને લીધે) કાલિયનાગની ફેણ ઉપર મુકાયેલું છે; તેને અમારાં સ્તનો ઉપર મૂકો અને અમારા કામનો નાશ કરો. ઓ કમળનયન ! ઓ વીર ! સુંદર વાક્યોવાળી અને વિદ્વાનોના મનને પણ આકર્ષતી આપની (ગંભીર) મધુર વાણીથી મોહ પામતી આપની દાસી અમને આપના અધરામૃતથી આપ જિવાડો હે પ્રભો ! આપની કથા ખરેખર અમૃત છે, કેમ કે તે સંતાપ પામેલાઓને નવજીવન દેનારી, બ્રહ્મવેત્તા મહાપુરુષોએ પણ સ્તુતિ કરેલી, (દેવોને ભોગ્ય અમૃતને તુચ્છ કરનાર હોઈ) કામવાસના તથા સંચિતકર્મનો નાશ કરનારી, (પેલું અમૃત તો કામના અને શુભાશુભ કર્મની પ્રવૃત્તિ વધારનારું છે.) અને માત્ર સાંભળવાથી જ મંગળ દેનારી છે. (પેલું અમૃત તો યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરે તો જ મળી શકે છે) અને અત્યંત શાંતિજનક છે. (પેલું તો માદક છે.) આવા કથારૂપ અમૃતને જેઓ વિસ્તારથી પૃથ્વી પર વર્ણવે છે, તે મનુષ્યો મોટામાં મોટા દાતા એટલે જીવિતદાન આપનારા છે; અથવા તેઓ ઘણા પુણ્યશાળી છે. હે પ્રિય ! ઓ કપટી ! આપનું હસવું, પ્રેમપૂર્વક જોવું, ધ્યાનમાં મંગળરૂપ આપનો વિહાર અને હૃદયમાં ચોંટી જતા એકાંતમાં આપનાં સંકેતનાં મર્મવચનો (યાદ કરતાં) અમારા મનને ખરેખર ક્ષોભ પમાડે છે. ઓ નાથ ! હે કાંત ! આપ પશુઓને ચારતા વ્રજમાંથી નીકળો છો, ત્યારે કમળ જેવા કોમળ આપના ચરણ કાંકરા, ઘાસ અને અંકુર વગેરેથી દુઃખ પામતા હશે; એવો વિચાર કરતાં અમારાં મન વ્યાકુળ

બને છે, હે વીર ! સાયંકાળે કાળા કેશથી વીંટાયેલું, (ગાયોના પગથી ઊડેલી) પુષ્કળ રજથી ભરાયેલું અને તેથી જ (ભમરાઓની પંક્તિ અને પરાગથી વ્યાપ્ત) કમળ જેવું મુખ ધારણ કરતા આપ તે મુખને વારંવાર દેખાડી અમારા મનમાં કામાવેશ ઉત્પન્ન કરો છો. માટે મનોવ્યથાનો નાશ કરનાર હે રમણ ! પ્રણામ કરનારાઓને કામનાઓ આપનાર બ્રહ્માએ પૂજેલું, પૃથ્વીને શોભાવનારું, આપત્તિકાળમાં ધ્યાન કરવા યોગ્ય અને (સેવા સમયે) પણ અત્યંત સુખકારક આપના ચરણકમળને અમારાં સ્તનો ઉપર મૂકો. (અને અમારા કામજ્વરને શાંત કરો.) વળી હે વીર ! આપનું અધરામૃત સુખને વધારનારું, શોકનો નાશ કરનારું, સ્વરસંગીત ઉત્પન્ન કરતી વેણુએ તે સારી રીતે ચુંબન કરેલું છે અને મનુષ્યોને બીજી (ચક્રવર્તી વગેરેના સુખ ઉપરની) સર્વની ઈચ્છા ભુલાવી દેનારું છે, તે અમને આપો. આપ દિવસે વનમાં વિચરો છો, ત્યારે આપને ન જોતાં અમારી એક ક્ષણ પણ એક એક યુગ જેવડી થાય છે અને ફરી સાયંકાળે વાંકડિયા વાળવાળું આપનું શોભાયમાન મુખ અમે જોઈએ છીએ, ત્યારે અમને (અમારાં નેત્રોની પાંપણો વચ્ચો નડે છે તેથી) જણાય છે કે અમારાં નેત્રની પાંપણો ઉત્પન્ન કરનારો બ્રહ્મા ખરેખર મુર્ખ છે. (આમ તમારો વિયોગ એક મટકું માત્ર પણ સહન થાય નહિ તેવો છે.) માટે હે અચ્યુત ! અમે અમારા પતિઓનો, પુત્રોનો, સાસરિયાંનો, ભાઈઓનો તથા સગાંસંબંધીઓનો ત્યાગ કરી આપની પાસે આવી છીએ અને આપના ગીતથી મોહિત છીએ, તે આપ જાણો છો; છતાં હે કપટી ! આ રીતે રાત્રિના સમયે પોતાની મેળે આવેલી સ્ત્રીઓને આપ વિના કોણ તજે ? એકાંતમાં આપની સાંકેતિક ચેષ્ટાઓ, તેથી થયેલા કામનો ઉદય; આપનું હસતું મુખ, પ્રેમભરી દૃષ્ટિ અને લક્ષ્મીના નિવાસરૂપ આપની વિશાળ છાતી—આ બધું જોઈ અમારી સ્પૃહા અત્યંત વધી જાય છે અને વારંવાર અમારું મન મુગ્ધ થઈ જાય છે. ઓ કૃષ્ણ ! આપનું પ્રાકટ્ય વ્રજવાસીઓનાં તથા વનવાસીઓનાં સર્વનાં દુ:ખોનો સમાન રીતે નાશ કરનારું અને સર્વનાં મંગળરૂપ છે; માટે આપની ઝંખનાવાળાં મનવાળી અમને તે—અતિગુપ્ત ઔષધ (થોડું પણ) આપો કે જે આપના સ્વજનોના હૃદયરોગને દૂર કરનારું છે. ઓ પ્રિય ! આપનાં કોમળ ચરણકમળને અમે અમારાં કઠણ સ્તનો ઉપર ડરતી ડરતી ધીમે ધીમે મૂકીએ છીએ, ત્યારે આપ તો એ જ ચરણકમળથી રાત્રિના આ સમયે ઘોર જંગલમાં છુપાતા છુપાતા ભટકી રહ્યા છો ! તો શું કાંકરા વગેરેથી તે આપનાં ચરણકમળને પીડા થતી નહિ હોય ? આવો વિચાર કરતાં આપરૂપી જીવનવાળી અમારી બુદ્ધિને ચક્કર આવે છે. ૧-૧૯

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु मीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ।
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित् । कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૧ સમાપ્ત.*

## અધ્યાય-૩૨

## ભગવાને પ્રકટ થઈ ગોપીઓને શાંત કરી

॥ श्रीशुक उवाच ॥

इति गोप्यः प्रगायन्त्यः प्रलपन्त्यश्च चित्रधाः । रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજા ! શ્રીકૃષ્ણનાં દર્શન ઈચ્છતી ગોપીઓ એમ અનેક રીતે ગાતી અને પ્રલાપ કરતી (છેવટે) મોટા સ્વરથી રડવા લાગી. તેટલામાં તેઓની વચ્ચે મંદ હસતા મુખકમળવાળા, પીતાંબર પહેરનારા, પુષ્પમાળા યુક્ત અને સાક્ષાત્ કામદેવને પણ મોહ ઉપજાવનારા ભગવાન પ્રકટ

થયા. પ્રિયતમ શ્રીકૃષ્ણને આવેલા જોઈ તે સ્ત્રીઓ પ્રીતિથી પ્રફુલ્લ દૃષ્ટિવાળી થઈ અને પ્રાણને આવેલો જોઈ હાથપગ વગેરે ઇન્દ્રિયો જેમ એકીસાથે સચેત થાય, તેમ એકીસાથે ઊભી થઈ. પછી કોઈએ પ્રેમથી ભગવાનના હસ્તકમળને અંજલિ થી હર્ષપૂર્વક પકડ્યો; કોઈએ ચંદનથી શોભતા ભગવાનના બાહુને પોતાના ખભા પર મૂક્યો; કોઈએ ભગવાને ચાવેલું તાંબૂલ અંજલિમાં લીધું; કામથી અત્યંત તપેલી કોઈએ ભગવાનનાં ચરણકમળને સ્તન ઉપર મૂક્યાં અને કોઈ પ્રણયપ્રકોપથી વિહ્વળ થઈ ભમર ચડાવી દાંત વડે હોઠ પીસતી કટાક્ષો ફેંકીને જાણે મારતી હોય, તેમ ભગવાનને જોવા લાગી. જેમ સત્પુરુષો ભગવાનના ચરણને વારંવાર સેવ્યા છતાં તૃપ્ત જ થતા નથી તેમ કોઈ બીજી સ્થિર દૃષ્ટિએ ભગવાન ના મુખકમળને સારી રીતે જોયા છતાં ફરી વારંવાર જોતી તૃપ્ત જ થઈ નહિ; અને કોઈ ગોપી નેત્રરૂપી છિદ્ર દ્વારા ભગવાનને હૃદયમાં સ્થાપી નેત્રો બંધ કરી ભેટી, રોમાંચિત થઈને યોગીની પેઠે આનંદમગ્ન બની. એ રીતે સર્વ ગોપીઓ શ્રીકૃષ્ણનાં દર્શનથી થયેલા પરમ આનંદને લીધે શાંત થઈ અને જેમ પરમજ્ઞાની સંત પુરુષને પામે, મુમુક્ષુઓ સર્વ સંતાપને તજે અથવા સુષુપ્તિના સાક્ષી પરમાત્માને પામી વિશ્વ અને તૈજસ અર્થાત્ જાગ્રત અને સ્વપ્ન અવસ્થાવાળા જીવો જેમ સંતાપ તજે, તેમ ગોપીઓએ વિરહનો તાપ તજ્યો. હે રાજા ! તે સમયે શોકરહિત થયેલી ગોપીઓથી વીંટાયેલા ભગવાન શ્રીકૃષ્ણ સત્ત્વાદિ શકિતઓથી વીંટાયેલા પરમાત્માની પેઠે અત્યંત શોભતા હતા. પછી ભગવાન સર્વ સ્ત્રીઓને સાથે લઈ યમુનાના તટ પર ગયા કે જ્યાં ખીલેલા મોગરા ને મંદારનાં પુષ્પોની સુગંધવાળા વાયુને લીધે ભમરાઓ ઊડતા હતા. શરદઋતુના ચંદ્રનાં કિરણોથી રાત્રિનું અંધારું નાશ પામ્યું હતું અને યમુના નદીએ હાથ જેવા ચંચળ તરંગોથી સુંવાળી રેતી પાથરી હતી. જેમ વેદ કર્મકાંડમાં પરમેશ્વરને નહિ જોતાં તે તે કામનાઓ બાંધી અપૂર્ણ જેવા થાય છે, પણ તે જ વેદ જ્ઞાનકાંડમાં પરમેશ્વરનાં દર્શન કરી આનંદપૂર્ણ થઈ સર્વ કામનાઓ તજે છે, તેમ જેઓ પ્રથમ ભગવાનના દર્શન ન કરી શોકાતુર થઈ હતી અને પછી ભગવાનનાં દર્શન કરી તેથી થયેલા આનંદને લીધે હૃદયના રોગથી રહિત થઈ મનોરથના પારને પામી પૂર્ણકામ થઈ હતી; તે ગોપીઓએ અંતર્યામી ભગવાનને (ત્યાં) સ્તન ઉપરના કેસરથી રંગાયેલી પોતાની સાડીઓનું આસન કરી આપ્યું. એટલે મોટા યોગીઓના હૃદયમાં જેમનું આસન રચાયું છે એવા સર્વના ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાન ત્રૈલોક્યની શોભાનું (એક શ્રેષ્ઠ) સ્થાનરૂપ તે શરીર ધારણ કરતા તે આસન પર બિરાજ્યા. તે વેળા ગોપીઓની સભામાં બિરાજી ગોપીઓથી સન્માન પામેલા ભગવાન અત્યંત શોભતા હતા. પછી હાસ્ય અને લીલા સાથે જોવાથી વિલાસ કરતી ભમરોવાળી તે ગોપીઓ ખોળામાં લીધેલા પગ અને હાથને ચાંપવા વડે કામને પ્રદીપ્ત કરતા ભગવાનનો સત્કાર કરી, પ્રસંગ કાઢી, સહેજ કોપાયમાન થઈ કહેવા લાગી.

**ગોપીઓ બોલી :** કેટલાક પોતાને ભજનારાઓને ભજે છે, કેટલાક નહિ ભજનારાઓને પણ ભજે છે અને કેટલાક તો ભજનારાઓને તથા નહિ ભજનારાઓને બંનેને ભજતા નથી. તો આ સંબંધી સારી પેઠે સમજાવીને તમે અમને કહો.

**શ્રીભગવાન બોલ્યા :** હે સખીઓ ! (ઉપકાર અને પ્રત્યુપકારરૂપે) જેઓ પરસ્પર ભજે છે, (તેઓ બીજાને ભજતા નથી, પણ પોતાને જ ભજે છે, કેમ કે, તેઓનો એ ઉદ્યમ કેવળ એક સ્વાર્થરૂપ જ છે.) તેમાં પરસ્પર પ્રેમ હોતો નથી અને (તેથી તેમાં કંઈ સુખ ન હોઈ) ધર્મ પણ હોતો નથી. (ગાય અને ભેંસ વગેરેની સેવાની પેઠે) માત્ર પોતાના સ્વાર્થ માટે જ તે એકબીજાનું સેવવું હોય છે, બીજાને માટે તેમાં કાંઈ

હોતું નથી. હવે જેઓ પોતાને નહિ ભજનારાઓને પણ ભજે છે તેઓ બે પ્રકારના છેઃ એક તો કેવળ દયાળુ જ છે અને બીજા માતાપિતાની પેઠે સ્નેહ ધરાવનારા છે. હે સુંદર મધ્યભાગવાળી સ્ત્રીઓ ! તેમાં જેઓ દયાળુ હોઈ નહિ ભજનારાઓને ભજે છે, તેઓમાં નિર્દોષ ધર્મ રહેલો હોય છે અને જેઓ કેવળ સ્નેહાળ હોઈ નહિ ભજનારાઓને પણ ભજે છે. તેઓમાં (નિર્દોષ) પ્રેમ રહેલો હોય છે. હવે જેઓ ભજનારાઓને પણ ભજતા નથી, તેઓ નહિ ભજનારાઓને તો ક્યાંથી જ ભજે ? આવા લોકો ચાર પ્રકારના છેઃ એક તો કેવળ આત્મામાં જ રમનારા હોઈ બાહ્યદૃષ્ટિથી રહિત હોય છે; બીજા પૂર્ણકામ એટલે બાહ્ય વિષયોને જોતા છતાં પોતે પૂર્ણકામ હોઈ ભોગેચ્છાથી રહિત હોય છે; ત્રીજા અકૃતજ્ઞ એટલે કોઈએ કરેલા ઉપકાર સામે કંઈ ઉપકાર કરી જાણવામાં મૂઢ અને ચોથા ગુરુદ્રોહી છે, બીજાઓએ કરેલો ઉપકાર તેઓ જાણે છે છતાં તેમનો દ્રોહ કરનારા તેઓ મહાકઠોર છે. હે સખીઓ ! (પૂર્વોક્ત પ્રકારોમાંના એકેમાં પણ હું આવતો નથી. હું તો પરમ દયાળુ અને સર્વનો પરમ મિત્ર છું.) મને ભજનારાઓને નિરંતર મારામાં ધ્યાનપ્રવૃત્તિ રહે, તે માટે એ ભજનારાઓને પણ હું ભજતો નથી. જેમ નિર્ધન મનુષ્ય મળેલું ધન નાશ પામતાં તેની ચિંતાથી જ વ્યાપ્ત થઈ ભૂખ કે તરસ વગેરે કંઈ જાણતો નથી, (પરંતુ ધનના જ ધ્યાનમાં મગ્ન રહે છે.) તેમ હે અબળાઓ ! મારે માટે જેઓએ લોકનો, વેદનો તથા સગાંસંબંધીઓનો ત્યાગ કર્યો છે, તેવી તમને મારામાં ધ્યાન પ્રવૃત્તિ રહે તે માટે જ તમે ન જુઓ તેમ તમને ભજતો, તમારા પ્રેમાલાપ સાંભળતો હું અદૃશ્ય થયો હતો; માટે હે પ્રિયાઓ ! પ્રિય એવા મને દોષારોપથી જોવા તમે યોગ્ય નથી. (પત્યું, હવે તે બધું જવા દો, આ સત્યવચન સાંભળો.) મારી સાથે નિર્દોષ સંબંધ કરનારી તમારો પ્રત્યુપકાર કરવા દેવોના આયુષ્યથી પણ હું સમર્થ નથી. તમે ગૃહસંસારનાં દુસ્ત્યજ બંધનોને સંપૂર્ણ તોડી નાખી મને ભજો છો, માટે તમારા આ ઉત્તમ કૃત્ય વડે જ તમારું ઉત્તમ કૃત્ય બદલો લીધેલું થાઓ. (મારું મન તો અનેકમાં પ્રેમયુક્ત હોઈ એકમાં કદી રહેતું જ નથી, માટે આ તમારી સેવા જ સેવાના બદલારૂપ થાઓ; અર્થાત્ તમારી સુશીલતાથી જ હું તમારા દેવામાંથી છૂટું તેમ છું, પણ સામેથી ઉપકાર કરી તે દેવામાંથી છૂટી શકું તેમ નથી.) ૧-૨૨

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माऽभजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥२२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૨ સમાપ્ત.*

## અધ્યાય-૩૩

## ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા, જળક્રીડા તથા વનક્રીડા

॥ श्रीशुक उवाच ॥

इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः । जहुर्विरहजं तापं तदङ्गोपचिताशिषः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ભગવાન શ્રીકૃષ્ણની મનોહર વાણી સાંભળી તેમના હાથપગ વગેરે અવયવોના સ્પર્શથી પૂર્ણ થયેલા મનોરથોવાળી ગોપીઓએ ભગવાનના વિરહથી થયેલો તાપ દૂર કર્યો. પછી પોતાને અનુસરનારી, પ્રસન્ન અને પરસ્પર ભરાવેલા બાહુઓવાળી તે સ્ત્રીરત્ન-ગોપીઓ સાથે ભગવાને રાસક્રીડા શરૂ કરી. (મંડળાકારે ગોઠવાઈ ગયેલી) ગોપીઓમાં બબ્બે બબ્બે ની વચ્ચે યોગેશ્વર શ્રીકૃષ્ણ (પોતાના અચિંત્ય યોગસામર્થ્યથી અનેક સ્વરૂપ થઈ) દાખલ થયા ને બંને બાજુ ગોપીઓના

કંઠમાં તેમણે આલિંગન કર્યું હતું, તેથી બધી ગોપીઓ શ્રીકૃષ્ણને પોતાની પાસે અને પોતાને જ ભેટી રહેલા માનવા લાગી. એમ ગોપીઓના મંડળથી શોભતો રાસોત્સવ ચાલુ થયો, એટલે તે જ ક્ષણે ઉત્સુકતાથી પ્રાપ્ત મનવાળા સ્ત્રી રહિત દેવોનાં સેંકડો, વિમાનોથી આકાશ છવાઈ ગયું. દુંદુભિનગારાં વાગવા લાગ્યાં. પુષ્પોની વૃષ્ટિ થવા લાગી અને મોટા મોટા ગંધર્વો સ્ત્રીઓ સાથે ભગવાનનો નિર્મળ યશ ગાવા લાગ્યા. પછી એ રાસમંડળમાં પ્રિય શ્રીકૃષ્ણની સાથે રહેલી ગોપીઓનાં કડાં, ઝાંઝરા તથા ઘૂઘરીઓનો મોટો ઝણકાર થઈ રહ્યો. દેવકીપુત્ર ભગવાન તે રાસમંડળમાં સુવર્ણના મણકાઓની વચ્ચે શ્રેષ્ઠ નીલમણિઓની પેઠે ગોપીઓની સાથે રહીને શોભતા હતા. શ્રીકૃષ્ણપ્રિયા ગોપિકાઓ પણ તે રાસમંડળને છટાથી પગ મૂકવા, હાથ ચલાવવા, મંદ હાસ્ય સાથે ભ્રૂકુટિઓના વિલાસો, લચકતી કેડો, ખસી જતાં સ્તન ઉપરનાં વસ્ત્રો અને ગાલ ઉપર ડોલતાં કુંડળો વગેરથી શોભાવતી હતી. તેઓનાં મુખ પર પરસેવો આવી રહ્યો હતો, અંબોડાના તથા કંદોરાના બંધ છૂટી પડયા હતા અને શ્રીકૃષ્ણનાં ગીત ગાતી તેઓ જેમ મેઘમંડળમાં વીજળીઓ શોભે, તેમ (અનેક સ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણની વચ્ચે) શોભતી હતી. વળી તેઓ નાચતી, જાતજાતના સ્વરથી મધુર કંઠવાળી, રતિ પર પ્રીતિવાળી અને શ્રીકૃષ્ણના સ્પર્શથી પ્રસન્ન થયેલી ગોપીઓ ઉચ્ચ સ્વરે ગાતી હતી. તેમનાં એ સ્વરગુંજનથી અત્યારે પણ આ સંપૂર્ણ જગત ગુંજી રહ્યું છે. કોઈ ગોપી શ્રીકૃષ્ણના (ઊંચા) સ્વર સાથે નહિ મળેલા સ્વરોના આલાપની ગતને ધ્રુવતાલ કરી ઉચ્ચ સ્વરે લઈ ગઈ, જેથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે 'વાહ, વાહ' કહી તેનો સત્કાર કર્યો, તે જ રાગને એક બીજી સખીએ ધ્રુવપદમાં ગાયો, તેને પણ ભગવાને બહુમાન આપ્યું. કોઈ ગોપી રાસમંડળમાં થાકી ગઈ અને તેના હાથ પરનાં કંકણ—ગજરા તથા (મસ્તક પરનાં) મલ્લિકાનાં પુષ્પો શિથિલ થઈ ગયાં એટલે તેણે પાસે ઊભેલા શ્રીકૃષ્ણનો ખભો હાથથી પકડી લીધો. તે રાસમંડળમાં કોઈ ગોપી પોતાના ખભા પર રહેલા, કમળ જેવા સુગંધી અને ચંદનથી લેપેલા શ્રીકૃષ્ણના હાથને સૂંઘી રોમાંચિત થઈ ચુંબન કરવા લાગી. કોઈ ગોપી નાચવાથી ડોલતા કુંડળની કાંતિથી શોભતા ગાલને શ્રીકૃષ્ણના ગાલ સાથે જોડી દેતી હતી ત્યારે ભગવાન તેને ચાવેલું તાંબૂલ આપતા હતા. કોઈ ગોપી નાચતી, ગાતી અને શબ્દ કરતાં ઝાંઝરો તથા કંદોરાને ધારણ કરતી જ્યારે થાકી ગઈ, ત્યારે પાસે ઊભેલા શ્રીકૃષ્ણના કલ્યાણકારી હસ્તકમળને સ્તન ઉપર મૂકવા લાગી. એ રીતે જેઓના કંઠમાં ભગવાને હાથ નાખ્યા હતા, એવી તે ગોપીઓ કેવળ એક લક્ષ્મીના જ પતિ શ્રીકૃષ્ણને પતિ તરીકે પામીને તેમનાં ગીત ગાતી રાસક્રીડા કરવા લાગી. ભમરાઓરૂપી ગવૈયાઓવાળી તે રાસસભામાં ગોપીઓ ભગવાન સાથે નાચતી હતી, ત્યારે તેઓનાં મુખ પર, કાનમાં પહેરેલાં કમળોથી, કેશ વડે શોભતો ગાલોથી અને પરસેવાનાં બિદુઓથી શોભા થઈ હતી. તેઓનાં કડાં, ઝાંઝરો તથા ઘૂઘરીઓ વાજારૂપે થયાં હતાં અને તેઓના કેશમાંથી પુષ્પોની માળાઓ સરકી રહી હતી. એમ ગોપીઓ અનેક વિલાસોથી ભગવાન સાથે જેમ રમતી હતી, તેમ લક્ષ્મીપતિ ભગવાન પણ બાળક જેમ પોતાનાં પ્રતિબિંબો સાથે રમે, તેમ આલિંગન, હાથનો સ્પર્શ, સ્નેહપૂર્વક જોવું, ઉત્તમ વિલાસો તથા હાસ્ય વગેરેથી વ્રજની સુંદરીઓ સાથે (જરા પણ મોહ પામ્યા વિના) રમતા હતા. હે કુરુવંશી રાજા ! વ્રજની તે સ્ત્રીઓ ભગવાનના સંગથી થયેલા આનંદથી એવી વ્યાકુળ ઈન્દ્રિયોવાળી થઈ ગઈ કે જેથી તેઓની સરકી પડેલી માળા તથા અલંકારો, વીખરાયેલા કેશો, સાડીઓ તથા ચોળીઓને બરાબર વ્યવસ્થિત કરવા તે સમર્થ ન થઈ અર્થાત્ વસ્ત્ર, દાગીના તથા ચોળી વગેરે ખસી ગયાં હતાં, તેનું પણ તેઓને ભાન રહ્યું ન હતું. શ્રીકૃષ્ણની એ રાસક્રીડા જોઈ દેવોની સ્ત્રીઓ કામથી પીડાઈને મોહ પામી હતી

અને નક્ષત્રગણ સાથે ચંદ્રમા પણ આશ્ચર્ય પામ્યો હતો. ભગવાન કૃષ્ણ આત્મારામ હતા, તોપણ જેટલી ગોપીઓ હતી તેટલાં સ્વરૂપો કરી ગોપીઓ સાથે લીલાથી રમ્યા હતા. હે રાજા ! અત્યંત રમવાથી ગોપીઓ થાકી ગઈ, ત્યારે દયાળુ ભગવાને તેઓનાં મુખોને પરમ કલ્યાણકારી હાથથી પ્રેમપૂર્વક લૂછયાં હતાં. વળી ગોપીઓ ચળકતાં સોનાનાં કુંડળો તથા કેશની કાંતિ વડે ગાલ ઉપર થયેલી શોભાથી અને અમૃત જેવા હાસ્ય સહિત દર્શનથી શ્રીકૃષ્ણને માન આપતી શ્રીકૃષ્ણના નખના સ્પર્શથી અત્યંત આનંદ પામીને તેમનાં પવિત્ર કર્મો ગાતી હતી. જેમ મોટો હાથી નદીઓ તથા પર્વતોના કિનારા તોડી થાકી જાય અને પછી તે થાક દૂર કરવા હાથિણીઓ સાથે જળમાં પ્રવેશ કરે, તેમ લોક અને વેદની મર્યાદા ઓળંગનાર ભગવાને પણ થાકી જઈ થાક દૂર કરવા ગોપીઓ સાથે જળમાં પ્રવેશ કર્યો. તે વખતે ગોપીઓના અંગથી મસળાયેલી તેમ જ ગોપીઓના સ્તન પરના કેસરથી રંગાયેલી (ભગવાને પહેરેલી) માળાના ભમરાઓ પણ ગંધર્વપતિઓની પેઠે ગીત ગાતા ભગવાનની પાછળ ગયા હતા. હે રાજા ! જળની અંદર તરુણ ગોપીઓ ખડખડાટ હસતી ચોતરફથી ભગવાનને પાણી છાંટતી પ્રેમપૂર્વક જોવા લાગી. બીજી તરફ વિમાનમાં બેઠેલા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરી ભગવાનની સ્તુતિ કરતા હતા, ત્યારે ભગવાન પણ પોતે આત્મારામ છતાં મોટા હાથીની પેઠે જળમાં રમતા હતા. એ રીતે જળક્રીડા કર્યા પછી મદઝરતો હાથી જેમ હાથિણીઓ સાથે વનવિહાર કરે, એમ ભગવાને પણ ભમરાઓ ને પક્ષીઓનાં ટોળાંથી વીંટાઈ જળ તથા સ્થળનાં પુષ્પોની સુગંધવાળા વાયુથી જેની દિશાના કિનારા સેવાયેલા હતા, એવા યમુનાનદીના ઉપવનમાં વિહાર કર્યો. એમ સત્ય સંકલ્પવાળા શ્રીકૃષ્ણ પોતા પર પ્રેમ ધરાવતી સ્ત્રીઓનાં ટોળાંની વચ્ચે ચંદ્રમાનાં કિરણોથી શોભતી અને કાવ્યગ્રંથોમાં વર્ણવેલા શૃંગાર વગેરે રસના આશ્રય રૂપ શરદઋતુની રાત્રિઓમાં રમ્યા હતા, છતાં પણ પોતાના વીર્યને ખલિત થવા દીધું ન હતું.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** જગતના ઈશ્વર ભગવાન કૃષ્ણ ધર્મની સ્થાપના માટે અને અધર્મનો નાશ કરવા પોતાના અંશ (બળદેવ) સામે (પૃથ્વી પર) અવતર્યા હતા; છતાં હે બ્રહ્મન્ ! ધર્મમર્યાદાઓને કહેનારા અને રક્ષણ કરનારા ભગવાને પરસ્ત્રીઓના સંગરૂપ અધર્મ અને તેનું મોટું સાહસ કેમ કર્યું ? હે સદાચારી મુનિરાજ ! યદુપતિ કૃષ્ણ પૂર્ણકામનાવાળા હતા, (માટે તેમણે કરેલું એ કર્મ અધર્મરૂપ મનાય નહિ, એમ તમે માનતા હો) તો કયા અભિપ્રાયથી એ નિંદ્યકર્મ તેમણે કર્યું હતું ? આ મારો સંશય આપ દૂર કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** (બ્રહ્મા, ઈન્દ્ર તથા વિશ્વામિત્ર વગેરે) સમર્થ પુરુષોનાં આ રીતે ધર્મનું ઉલ્લંઘન તથા સાહસકર્મ આપણે (શાસ્ત્રોમાં) જોયાં છે. (એ ઉપરથી સિદ્ધ થાય છે) સર્વ વસ્તુ ખાનાર અગ્નિને જેમ કોઈ દોષ લાગતો નથી, તેમ મહાતેજસ્વી પુરુષોને પણ (ધર્મના ઉલ્લંઘનનો કે સાહસકર્મનો) દોષ લાગતો નથી. પણ જે પુરુષ અનીશ્વર દેહાદિને આધીન હોય તેણે તો મનથી પણ આ રીતે ધર્મનું ઉલ્લંઘન કે સાહસ કરવું ન જોઈએ. શંકરે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું ઝેર ખાધું, તેમ કોઈ મૂર્ખાઈથી ઝેર ખાય તો મરી જ જાય. માટે સમર્થ પુરુષોનાં વચન સત્ય હોય છે, (તેથી તેમનાં વચન પ્રમાણે વર્તવું.) પણ તેમનાં આચરણ તો કોઈક જ સત્ય હોય છે. તેથી બુદ્ધિમાન મનુષ્યે તેમનું જે આચરણ તેમનાં વચનોથી વિરુદ્ધ ન હોય, તે પ્રમાણે જ વર્તવું. હે રાજા ! દેહાદિ ઉપરના અભિમાનથી રહિત મહાપુરુષોને આ જગતમાં શુભ કર્મ કરવાથી લાભ નથી અથવા અશુભ કર્મ કરવાથી કંઈ અનર્થ નથી. (આ રીતે મહાપુરુષોને પુણ્ય પાપનો સંબંધ નથી, તો પોતાને વશ પશુપક્ષી, મનુષ્ય તેમ જ દેવ વગેરે

સર્વ પ્રાણીઓના નિયંતા ભગવાન કૃષ્ણને પુણ્યપાપનો સંબંધ કેમ જ હોય ?) જેમ ચરણકમળની રજને સેવવાથી તૃપ્ત અને યોગના પ્રભાવથી સમગ્ર કર્મ બંધનો તોડનારા યોગીઓ પણ (પુણ્યપાપથી) બંધાયા વિના ઇચ્છાનુસાર ફરે છે, તો કેવળ પોતાની ઈચ્છાથી મનુષ્યાદિ શરીર ધરનારા ભગવાનને (પુણ્યપાપનું) બંધન કેમ જ હોય ? વળી જે પરમાત્મા ગોપીઓના તેઓના પતિઓનો તથા સર્વ પ્રાણીઓના અંતર્યામી અને (બુદ્ધિ આદિના) સાક્ષી છે, તે જ પરમાત્મા કેવળ લીલા માટે શરીર ધારણ કરે છે. (તે કંઈ આપણા જેવા નથી, જેથી તેમને દોષ લાગે !) ભગવાન પ્રાણીઓ પર કૃપા કરવા મનુષ્યશરીર ધરીને તેવી (શૃંગારાદિ) ક્રીડાઓ કરે છે, જે સાંભળી મનુષ્ય ભગવત્પરાયણ થાય છે. હે રાજન્ ! પેલી તરફ વ્રજવાસી ગોવાળિયા ભગવાનની માયાથી મોહ પામી પોતપોતાની સ્ત્રીઓને પોતપોતાની પાસે જ રહેલી માનતા હતા, તેથી તેઓએ શ્રીકૃષ્ણને દોષબુદ્ધિથી જોયા ન હતા. પછી બે ઘડી રાત્રિ બાકી રહી ત્યારે ભગવાનની પ્રીતિપાત્ર ગોપીઓ પોતે જવા ઈચ્છતી ન હતી; તોપણ ભગવાનની આજ્ઞાથી પોતપોતાને ઘેર ગઈ. જે ધીર મનુષ્ય વ્રજવાસી સ્ત્રીઓ સાથેની ભગવાનની આ ક્રીડાને શ્રદ્ધાયુક્ત થઈ સાંભળે અથવા વર્ણવે છે, તે ભગવાન વિષે પરમ ભકિત પામી તત્કાળ હૃદયના રોગરૂપી કામને તજે છે. ૧-૪૦

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनात्यचिरेण धीरः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૩ સમાપ્ત.*

## અધ્યાય-૩૪

## અજગરથી નંદરાયની મુક્તિ અને શંખચૂડનો વધ

॥ श्रीशुक उवाच ॥

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः । अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेऽम्बिकावनम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક વખત દેવયાત્રા માટે ઉત્સાહયુકત થયેલા ગોવાળિયા બળદો જોડેલાં ગાડાંઓમાં બેસી અંબિકા વનમાં ગયા. હે રાજા ! ત્યાં સરસ્વતી નદીમાં સ્નાન કરી તેઓએ પશુપતિનાથ શંકરનું તથા અંબિકાદેવીનું પૂજાનાં સાહિત્યો વડે ભકિતપૂર્વક પૂજન કર્યું. પછી 'ભગવાન શંકર અમારા પર પ્રસન્ન થાઓ' એવા અભિપ્રાયોથી સર્વ ગોવાળિયાઓએ બ્રાહ્મણોને આદરપૂર્વક ગાયોનું, સુવર્ણનું, વસ્ત્રોનું, મધનું તથા મિષ્ટાન્નનું દાન કર્યું. મહાભાગ્યશાળી તે નંદ, સુનંદ વગેરે ગોવાળિયા ત્યાં વ્રત કરતા માત્ર જળ પીને ઉપવાસ કરી તે રાત્રિ સરસ્વતી નદીના તીર પર રહ્યા. તેવામાં ઘણો ભૂખ્યો કોઈ મોટો અજગર દૈવેચ્છાએ તે વનમાં આવી ત્યાં સૂતેલા નંદરાયજીને ગળવા લાગ્યો એમ અજગર ગળવા માંડ્યો ત્યારે નંદજી બૂમો પાડવા લાગ્યા. 'હે કૃષ્ણ ! ઓ કૃષ્ણ ! આ મોટો અજગર મને ગળી જાય છે. માટે હે તાત ! શરણે આવેલા મને તમે છોડાવો.' નંદરાયની તે બૂમો સાંભળી ગોવાળિયા એકદમ ઊઠ્યા અને અજગરે ગળેલા નંદરાયને જોઈ ગભરાઈને બળતાં ઊંબાડિયાથી અજગરને મારવા લાગ્યા, ધગધગતાં ઊંબાડિયાંથી એમ દઝાડયા છતાં એ અજગરે નંદરાયને છોડયા નહિ; એટલે ભકતોના પતિ ભગવાને ત્યાં આવી તેને પગથી જ સ્પર્શ કર્યો, એટલે ભગવાનના પવિત્ર શ્રીચરણનો સ્પર્શ થતાં જ પાપો નાશ પામવાથી તે અજગર શરીર છોડી વિદ્યાધરોએ પૂજેલું રૂપ પામ્યો. સુવર્ણની માળાવાળો તે પુરુષ ઝળહળતા શરીરથી યુક્ત થઈ પ્રણામ કરી સામે ઊભો રહ્યો એટલે ઇંદ્રિયોના નિયંતા શ્રીકૃષ્ણે તેને પૂછ્યું :

'તું કોણ છે ? ઉત્તમ શોભાથી પ્રકાશિત તારો દેખાવ અદ્ભુત છે; છતાં તું પરાધીન થઈ આ નિંદ્ય ગતિ કેમ પામ્યો હતો ?'

**અજગર બોલ્યો :** હું સુદર્શન નામે એક પ્રખ્યાત વિદ્યાધર છું. લક્ષ્મી તથા સ્વરૂપસંપત્તિથી યુકત હું વિમાનમાં બેસી દિશાઓમાં ફર્યા કરતો હતો.એક વેળા રૂપથી ગર્વિષ્ઠ થયેલા મેં અંગિરસકુળના કદરૂપા ઋષિઓની હાંસી કરી, જેથી હસેલા મને તે ઋષિઓએ (શાપ દઈ) મારાં પાપથી આ જાતિ પમાડયો હતો; પરંતુ તે દયાળુ ઋષિઓએ મારા પર કૃપા કરવા જ મને શાપ આપ્યો હતો; કારણ કે જેથી તેમના ગુરુ આપે ચરણનો સ્પર્શ કરવાથી મારાં પાપો નાશ પામ્યાં છે. હે દુઃખનો નાશ કરનારા દેવ ! આપના ચરણનો સ્પર્શ થવાથી હું શાપથી છૂટ્યો છું, તે સંસારથી ભય પામેલા શરણાગતોના ભયનો નાશ કરનાર આપની (હવે) હું રજા માગું છું. હે મહાયોગિન્ ! હે મહાપુરુષ ! હે સત્પુરુષોના પતિ ! હું આપને શરણે આવ્યો છું. સર્વ લોકોના ઈશ્વરના પણ ઈશ્વર ! હે દેવ ! આપ મને રજા આપો. હે અચ્યુત ! આપનાં દર્શનથી હું તત્કાળ બ્રાહ્મણોના દંડરૂપ શાપથી છૂટ્યો છું (અથવા) જેમનું નામ લેતો મનુષ્ય સમગ્ર શ્રોતાઓને તથા પોતાને તત્કાળ પવિત્ર કરે છે, તે આપના ચરણથી સ્પર્શ કરાયેલો હું પવિત્ર થાઉં, એમાં શું વિશેષ છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ યાદવવંશી શ્રીકૃષ્ણની રજા લઈ તેમને પ્રદક્ષિણા અને વંદન કરી સુદર્શન વિદ્યાધર સ્વર્ગમાં ગયો અને નંદજી દુઃખથી છૂટયા. હે રાજા ! શ્રીકૃષ્ણનો તે સ્વરૂપ-વૈભવ જોઈ વ્રજવાસીઓ આશ્ચર્ય પામ્યા. પછી તેઓ (ત્રણ રાત્રિ તીર્થમાં રહેવાનો) નિયમ પૂર્ણ કરી આદરપૂર્વક તે જ શ્રીકૃષ્ણની લીલાની વાતો કરતા ફરી વ્રજમાં આવ્યા. પછી કોઈ સમયે અદ્ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ અને બળરામ રાત્રે વ્રજની સ્ત્રીઓ વચ્ચે રમતા હતા. તે વખતે પ્રેમ કરતી વ્રજની સ્ત્રીઓ સુંદર રીતે તેમનાં ચરિત્રો ગાતી હતી. બંને સારી રીતે શણગારાયેલા, ચંદનથી લેપેલાં અંગવાળા, પુષ્પોની માળાવાળા અને વસ્ત્રોવાળા હતા. તેઓ બંને ઉદય પામેલા ચંદ્ર અને તારાઓ વાળા, મલ્લિકાની સુગંધથી મદોન્મત્ત ભમરાઓવાળા અને ચંદ્રવિકાસી કમળોના વાયુથી યુક્ત રાત્રિના આરંભકાળને માન આપતા, સર્વ પ્રાણીઓનાં મન તથા કાનને પ્રિય લાગે તેવું ગાતા હતા, અને એકીસાથે સ્વરોના ચડ-ઊતર આલાપો કરતા હતા. હે રાજા ! ગોપીઓ તેઓનું ગીત સાંભળી મોહિત થવાથી ખસી જતાં વસ્ત્રવાળા દેહને કે કેશમાંથી પડતી પુષ્પોની માળાઓને જાણી શકતી ન હતી. એમ તે બન્ને મદોન્મત્ત મનુષ્યની પેઠે પોતાની ઈચ્છાનુસાર રમતા ગાતા હતા, એવામાં કુબેરનો સેવક શંખચૂડ નામનો યક્ષ ત્યાં આવ્યો. હે રાજન્ ! કૃષ્ણ તથા બળરામના દેખતાં તે યક્ષ શ્રીકૃષ્ણ-બળદેવરૂપી નાથવાળી અને બૂમ પાડતી સ્ત્રીઓને નિઃશંક થઈ ઉત્તર દિશા તરફ લઈ જવા લાગ્યો એટલે વાઘે પકડેલી ગાયો જેમ બરાડા પાડે તેમ 'હે કૃષ્ણ ! હે બળદેવ ! ' એમ બૂમો પાડતી પોતાની ગોપીઓને જોઈ બન્ને ભાઈઓ એ યક્ષની પાછળ દોડયા : 'ડરશો મા' એમ અભયવચન કહેતા તે બંને બળવાનો હાથમાં સાગનાં ઝાડ લઈ અત્યંત વેગથી એ નીચ યક્ષ પાસે પહોંચ્યા; એટલે કાળ અને મૃત્યુની પેઠે તેઓ બન્નેને આવેલા જોઈ યક્ષ ભયભીત અને મૂઢ બની, સર્વ સ્ત્રીઓને છોડી, જીવવાની ઈચ્છાથી નાસવા લાગ્યો. પણ એ જ્યાં જ્યાં દોડી ગયો ત્યાં ત્યાં શ્રીકૃષ્ણ તેની પાછળ તેના મસ્તકનો મણિ લેવાની ઈચ્છાથી દોડી ગયા અને બળદેવજી સ્ત્રીઓની રક્ષા કરતા ઊભા રહ્યા. હે રાજા ! વ્યાપક શ્રીકૃષ્ણે જાણે નજીક જ હોય તેમ તેની પાસે પહોંચી, મુઠ્ઠી મારીને તે દુરાત્માના

મસ્તકને મણિ સાથે હરી લીધું. એમ શંખચૂડનો વધ કરી તેજસ્વી, મણિ લઈને ભગવાને સર્વ સ્ત્રીઓના દેખતાં પ્રેમથી તે મણિ મોટાભાઈને આપી દીધો. ૧-૩૨

शङ्खचूडं निहत्यैवं मणिमादाय भास्वरम् । अग्रजायाददत् प्रीत्या पश्यन्तीनां च योषिताम् ॥३२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૪ સમાપ્ત.*

## અધ્યાય-૩૫

## ગોપીઓનું યુગલગીત

॥ श्रीशुक उवाच ॥

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः । कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ (ગાયો ચારવા) વનમાં જતા ત્યારે તેમની પાછળ જ જેઓનાં મન દોડી જતાં એવી ગોપીઓ શ્રીકૃષ્ણલીલાઓ ગાતી દુઃખમાં દિવસો ગાળતી.

**ગોપીઓ (આ પ્રમાણે) ગાતી :** હે ગોપીઓ ! નાચતી ભમરવાળા શ્રીકૃષ્ણ ડાબા ખભા ઉપર ડાબો ગાલ રાખી નીચલા હોઠ પર રાખેલી વાંસળીને, સાતે સ્વરોનાં છિદ્રો ઉપર કોમળ આંગળીઓ સરકાવીને વગાડે છે, ત્યારે (આકાશમાં) સિધ્ધોની સ્ત્રીઓ પતિની સાથે હોય તો પણ તેનો સ્વર સાંભળી (પ્રથમ) આશ્ચર્ય પામે છે અને (પછી) કામદેવનાં બાણોને વશ મનવાળી થઈ શરમાઈને મોહ પામે છે. (એની નિશાની એ છે કે) તે વેળા તેઓને ચણિયાનાં (છૂટી પડેલાં) બંધનું પણ ભાન રહેતું નથી. વળી હે સ્ત્રીઓ ! આ આશ્ચર્ય સાંભળો ! હાર જેવા ઉજજવળ હાસ્યવાળા વીજળી જેવી ચંચળ લક્ષ્મી પણ જેમના વક્ષઃસ્થળમાં સ્થિર રહે છે તે દુઃખીઓને સુખ આપનારા શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે, ત્યારે એ વાંસળીરૂપ વાદ્યથી હરાયેલા મનવાળાં વ્રજનાં બળદો, મૃગો તથા ગાયોનાં ટોળાં દૂરથી જ દાંત વડે લીલા ઘાસના કોળિયા એમના એમ રાખી કાન ઊંચા કરી ઊંઘી ગયાં હોય અથવા ચિત્રમાં ચીતર્યા હોય તેવાં (સ્તબ્ધ) થાય છે. હે સખી ! કોઈ સમયે મોરનાં પીછાં, ગેરુ વગેરે ધાતુ અને કૂણાં પાંદડાં વડે બાંધેલી મલ્લ લોકો જેવી ભેટ બાંધતા શ્રીકૃષ્ણ તથા બળદેવજી ગોવાળિયાની સાથે રહી વેણુનાદથી ગાયોને બોલાવે છે, ત્યારે (અચેતન) નદીઓ પણ પ્રવાહ રોકીને વાયુઓ આણેલી તેમના ચરણકમળની રજને જાણે ઈચ્છતી હોય તેવી જણાય છે; પરંતુ નક્કી તે નદીઓ પણ આપણી પેઠે બહુ પુણ્યશાળી નથી (જેથી તે ચરણરજને પામતી નથી); અને કેવળ પ્રેમથી તરંગોરૂપી ભુજાઓ હલાવતી (જેમ આપણે આંસુ રોકી રાખીએ તેમ) સ્તબ્ધ જળવાળી થાય છે. ગોપબાળકોએ વર્ણવેલાં પરાક્રમવાળા અને આદિ પુરુષની પેઠે નિશ્ચળ શોભાવાળા શ્રીકૃષ્ણ વનમાં ફરતાં વાંસળી વગાડીને પર્વતોના કિનારા પર ચરતી ગાયોને લાવે છે, ત્યારે પુષ્પ તથા ફળથી યુક્ત હોઈ તેના ભાર વડે ઝૂકતી શાખાઓવાળી લતાઓ અને વૃક્ષો પોતામાં પ્રકાશતા શ્રીવિષ્ણુ ભગવાનને સૂચવતાં હોય, તેમ પ્રેમથી રોમાંચિત શરીરવાળાં થઈ મધની ધારાઓ વરસે છે. વળી દર્શનીય તિલકવાળા શ્રીકૃષ્ણ વનમાળાઓની દિવ્યગંધવાળી તુલસીના મધુર ગંધથી મદોન્મત્ત થયેલા ભમરાઓનાં ટોળાંએ ઉચ્ચ સ્વરે અનૂકુળ ગાયેલા ગીતને આદર આપી વાંસળી વગાડે છે, ત્યારે સરોવરમાં સારસ અને હંસ પક્ષીઓનાં મન એ વેણુગીતથી આકર્ષાય છે. તેથી તેઓ શ્રીકૃષ્ણ પાસે આવી મૌન ધરી, નેત્રો બંધ કરી એકાગ્રચિત્તે તેમની પાસે બેસી જાય છે. હે વ્રજની દેવીઓ ! બળદેવજી સાથે પર્વતોનાં શિખરો પર રહેલા શ્રીકૃષ્ણ પુષ્પોની માળાઓનાં કર્ણાભૂષણોથી શોભતા આનંદમાં આવી

જગતને આનંદ ઉપજાવતા વેણુનાદ વડે જગતને ગજાવે છે, ત્યારે મેઘ પણ મહાપુરુષ શ્રીકૃષ્ણને ઓળંગી જવાથી તેમનો અપરાધ થાય એવા શંકાયુકત મનવાળો, થઈ (આગળ જતો નથી તેમ મોટી ગર્જના પણ કરતો નથી; પરંતુ ત્યાં જ રહી) તેમના વેણુનાદ પાછળ ધીમે ધીમે ગર્જના કરે છે. અને (જગતની પીડાને દૂર કરનાર) મિત્ર શ્રીકૃષ્ણ ઉપર પુષ્પવૃષ્ટિ ને છાયાથી છત્ર કરે છે. હે સતી યશોદા ! ગોવાળિયાઓની અનેક રમતોમાં કુશળ તમારા પુત્ર, પાકા ઘિલોડા જેવા નીચલા હોઠ પર વાંસળી રાખી પોતાની મેળે જ શીખેલા અનેક જાતના સ્વરોને વગાડે છે; ત્યારે ઇંદ્ર, શંકર અને બ્રહ્મા વગેરે મોટા મોટા દેવો પણ મંદ, મધ્ય અને ઉચ્ચ ભેદપૂર્વક તે ગીતનો શબ્દ જયાંથી આવે છે, તે તરફ પોતાની ડોક નમાવી મન લગાડીને ગીત સાંભળી પોતે વિદ્વાન છતાં તે ગીતના ભેદનો નિશ્ચય ન કરી શકતાં મુંઝાય છે. ધ્વજ, વજ્ર, કમળ તથા અંકુશરૂપી વિચિત્ર ચિહ્નવાળા પોતાનાં પગલાંરૂપી કમળની પાંખડીઓ વડે વ્રજભૂમિને (પશુઓની) ખરીઓના દબાણથી થતી પીડા શાંત કરતા, ગજરાજ સમાન મંદ ગતિથી શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા વગાડતા ચાલે છે, ત્યારે તે નિમિત્તે તેમના વિલાસપૂર્વક જોવાથી કામદેવના વેગને પામેલી અમે વૃક્ષની ગતિને પામી જડ બની જઈએ છીએ, એથી અમને મોહને લીધે કેશનું કે વસ્ત્રનું પણ ભાન રહેતું નથી. (ગાયોને ગણવા માટે) મણકા પહેરતા કોઈ સ્થળે તે મણકાઓથી ગાયોને ગણતા અને પ્રિય ગંધવાળી તુલસીની માળા પહેરતા શ્રીકૃષ્ણ પ્રિય અનુચરના ખભા ઉપર હાથ મૂકી ગાય છે. ત્યારે વાગેલી વાંસળીના શબ્દથી આકર્ષાયેલા મનવાળી કાળા મૃગની સ્ત્રી–મૃગલીઓ ગાપિકાઓની પેઠે ઘરની આશા છોડી ગુણસમૂહ સમુદ્રરૂપ શ્રીકૃષ્ણની પાસે જ બેસી રહે છે. હે નિર્દોષ યશોદા ! (ગોપીઓને આનંદ ઉપજાવવા) મોગરાની માળાઓના ઉત્સવના અલંકારો પહેરતા અને ગોવાળિયા તથા ગાયોનાં ધણથી વીટાયેલા તમારા પુત્ર નંદકુમાર શ્રીકૃષ્ણ પ્રિયજનોને આનંદ આપતા યમુનામાં વિહાર કરે છે ત્યારે ચંદન જેવા સુગંધી અને શીતળ સ્પર્શથી તેમને માન આપતો ધીમે અનુકૂળ વાયુ વાય છે અને ગંધર્વોનાં ટોળાં ભાટચારણોની પેઠે તેમની સ્તુતિ કરતાં વાદ્યગીત ને ભેટોથી તેમની ઉપાસના કરે છે. ગોવર્ધન પર્વત ઉપાડીને વ્રજ અને ગાયોનું હિત કરનારા, અનુચર ગોવાળિયાઓએ ગાયેલી કીર્તિવાળા, થાકવાળી કાંતિથી પણ નેત્રને હર્ષ આપતાં, ખરીઓની ઊડતી ધૂળ વડે ખરડાયેલી માળાવાળા અને ભકતજનોના મનોરથોને પૂર્ણ કરવાની ઈચ્છાથી દેવકીના પેટે જન્મેલા, શ્રીકૃષ્ણચંદ્ર સાયંકાળે બધાં ગાયોનાં ધણ એકઠાં કરી વાંસળી વગાડતા અહીં આવે છે; પણ (જુઓ) પેલા બ્રહ્માદિ દેવો માર્ગમાં તેમના ચરણને વંદન કરે છે, અર્થાત્ ઈર્ષાથી તેમને ઝટ અહીં આવવા દેતા નથી. મનથી વ્યાપ્ત જણાતાં નેત્રોવાળા, પાકાં બોર જેવા પાંડુવર્ણા મુખવાળા, સુવર્ણનાં કુંડળોની કાંતિથી કોમળ ગાલને શોભાવતા, મિત્રોને માન આપતા, વનમાળા પહેરનારા, શ્રેષ્ઠ હાથી જેવી ચાલવાળા અને ચંદ્ર જેવા પ્રસન્ન મુખવાળા આ યદુપતિ વ્રજમાં (પુરાઈ રહેલી) ગાય જેવી, આપણો આખા દિવસનો દુરંત તાપ શાંત કરતાં (હમણાં) સાયંકાળે (અહીં) પધારે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ‘હે રાજન્ ! એમ વજની સ્ત્રીઓ શ્રીકૃષ્ણલીલા ગાતી દિવસે પણ આનંદ પામતી; કેમ કે તેઓનાં જીવન અને મન શ્રીકૃષ્ણ વિષે જ હતાં. અને તેથી જ (શ્રીકૃષ્ણલીલા) તે તેઓનો મોટો ઉત્સવ હતો. ૧-૨૭

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीला नु गायतीः । रेमिरेऽहस्सु तच्चित्तास्तन्मनस्का महोदयाः ॥२७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૫ સમાપ્ત.*

## અધ્યાય-૩૬

# અરિષ્ટાસુરનો વધ અને શ્રીકૃષ્ણ-બળદેવને લાવવા કંસની અક્રૂરને આજ્ઞા

॥ श्रीशुक उवाच ॥

अथ तर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुरः । मही महाककुत्कायः कम्पयन् खुरविक्षताम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પછી અરિષ્ટ નામનો અસુર બળદનું રૂપ લઈ વ્રજમાં આવ્યો. તેની ખાંધે અને શરીર ઘણાં મોટાં હોઈ ખરીઓ વડે ખોદી નાખેલી પૃથ્વીને તે કંપાવતો હતો. વળી તે અસુર (બળદ જેવી) ઘણી તીક્ષ્ણ ગર્જના કરતો, પગ વડે પૃથ્વીને ખોદી નાખતો, પૂંછડું ઊંચું કરી શિંગડાંની અણીઓ વડે (નદી વગેરેના) કિનારા ઉખાડી નાખાતો, વચ્ચે વચ્ચે થોડા થોડા છાણના પોદળા કરતો, મૂતરતો અને નેત્રોને સ્થિર કરતો હતો. તે રાજન્ ! એની કઠોર ગર્જનાથી ભયને લીધે ગાયોના તથા સ્ત્રીઓના ગર્ભ સમય વિના જ સ્રવી જતા અને પડી જતા હતા; તેમ જ 'આ પર્વત છે' એવી શંકા થવાથી તેની ખૂંધ ઉપર મેઘો બેસતા હતા. હે રાજા ! તીક્ષ્ણ શિંગડાંવાળા બળદને જોઈ ગોપીઓ તથા ગોવાળિયા ત્રાસ પામ્યા અને ભયભીત થયેલાં પશુઓ ગોકુળ છોડી નાસી ગયાં. તેઓ સર્વે 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ !' એમ બોલતાં ભગવાનને શરણે ગયાં એટલે ભગવાને પણ ભયથી નાસભાગ કરતા ગોકુળમાં જઈ 'ડરશો મા' એવી વાણીથી સર્વને આશ્વાસન આપીને વૃષભાસુરને બોલાવવા માંડ્યો, 'અલ્યા મૂર્ખ ! ઓ દુષ્ટ ! ગોવાળો અને પશુઓને ત્રાસ આપવાથી શું વળવાનું છે ? 'તારા જેવા દુરાત્માઓના બળના ગર્વનો નાશ કરનાર તો હું છું.' એમ કહી શ્રીકૃષ્ણ હાથથી ખભા ઠોકી તાળીના અવાજથી અરિષ્ટાસુરને કોપાવ્યો અને પોતે મિત્રના ખભા પર હાથ મૂકી ત્યાં ઊભા રહ્યા, એ રીતે તેને કોપાવ્યો એટલે ક્રોધાયમાન થઈ ખરીઓથી પૃથ્વી ખોદતો, અને પૂંછડું ઊંચું કરી મેઘોને ભમાવતો ને શ્રીકૃષ્ણ સામે ધસ્યો. લોહી જેવાં લાલ નેત્રો સ્તબ્ધ કરી, શિંગડાંની અણીઓ આગળ કરી શ્રીકૃષ્ણને કટાક્ષથી જોઈ ઇંદ્રે મૂકેલા વજ્ર ની પેઠે તે અત્યંત વેગથી દોડયો. એટલે હાથી જેમ સામા હાથીને હઠાવી દે તેમ ભગવાને તેનાં બંને શિંગડાં પકડી અઢાર પગલાં તેને પાછો હઠાવી દઈ ભોંય પર પછાડી નાખ્યો. એ રીતે ભગવાને તેને પછાડયો ત્યારે તેનાં સર્વ અંગો પરસેવાથી રેબઝેબ થઈ ગયાં. તે હાંફવા લાગ્યો ને ક્રોધથી, વ્યાપ્ત થઈ ઉતાવળો ઊઠીને ફરી શ્રીકૃષ્ણ સામે ધસી ગયો. ભગવાન શ્રીકૃષ્ણ ફરી ધસી આવેલા તે દૈત્યનાં શિંગડાં પકડી તેને પૃથ્વી પર પછાડયો અને પગથી દબાવી ભીના કપડાંની પેઠે નિચોવ્યો. તેનું શિંગડું ખેંચી કાઢી તેના વડે જ તેને માર્યો, એટલે તે ધરણી પર ઢળી પડયો. એ વેળા લોહી ઓકતો, મૂતરતો અને વિષ્ઠા કરતો તે પગ પછાડતો હતો. તેથી આંખો ભમતી હતી અને તે મહાકષ્ટે યમલોકમાં ગયો. એટલે પુષ્પોથી ભગવાનને વધાવતા દેવોએ સ્તુતિ કરી, એમ બળદરૂપે આવેલા અરિષ્ટાસુરનો વધ કરી, પોતાની જાતિ (ગોવાળિયાઓ) થી સ્તુતિ કરાતા અને ગોપીઓનાં નેત્રોને મૂર્તિ માન ઉત્સવરૂપ ભગવાન શ્રીકૃષ્ણ બળદેવજી સાથે વ્રજમાં પ્રવેશ કર્યો. અદ્‌ભુત કર્મોવાળા શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો વધ કર્યો, તે પછી દેવર્ષિ ભગવાન નારદે કંસ પાસે જઈ કહ્યું— 'પેલી કન્યા (આકાશમાં ઊડી ગઈ તે) યશોદાની પુત્રી હતી. શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે ને બળરામ રોહિણીના પુત્ર છે, (તારાથી) ડરતા વસુદેવે તેઓ બન્નેને પોતાના મિત્ર નંદને ત્યાં મૂકેલા છે. તેઓ બન્નેએ તારાં ઘણાં માણસોને મારી નાખ્યાં છે.' નારદજીનું વચન સાંભળી ક્રોધથી કંસનાં

અંગોઅંગ કંપવા લાગ્યાં અને ભાન ભૂલ્યો. તેણે વસુદેવને મારવાની ઈચ્છાથી તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી, પણ (હમણાં વસુદેવને મારીશ તો તેના પુત્રો નાસી જશે, આવી ગુપ્ત સલાહ આપીને) તેને અટકાવ્યો. પછી વસુદેવના પુત્રોને પોતાના મૃત્યુરૂપે જાણી કંસે વસુદેવને દેવકી સાથે લોઢાની બેડીઓ વડે કેદ કર્યા પછી દેવર્ષિ નારદ ગયા એટલે કેશી દૈત્યને બોલાવી 'તારે બળરામને તથા કૃષ્ણને મારી નાખવા' એમ કહી તેને (વ્રજ તરફ) મોકલ્યો અને મુષ્ટિક, ચાણૂર, શાલ તથા તોશલ વગેરે (મલ્લો) મંત્રીઓ તથા હાથીઓના મહાવતોને બોલાવી કંસે કહ્યું : 'હે વીર ચાણુર ! હે મુષ્ટિક ! તમે મારું વચન સાંભળો. નંદના વ્રજમાં વસુદેવના પુત્ર બળદેવ અને કૃષ્ણ છે. તેઓથી વિધાતાએ (અથવા નારદજીએ) મારું મરણ નકકી દર્શાવ્યું છે. માટે તેઓ બન્ને અહીં આવે ત્યારે તમારે બન્નેએ મલ્લની રમતથી તેઓને મારી નાખવા. (પ્રથમ તો) અહીં મલ્લના અખાડાની ચારે બાજુ અનેક પ્રકારના માંચડા બાંધો અને શહેર તથા દેશના સર્વ મનુષ્યો ઈચ્છાનુસાર મલ્લયુદ્ધ ભલે જુઓ.વળી હે ચતુર મહાવત ! તારે અખાડાના દરવાજા ઉપર કુવલયાપીડ હાથીને લાવવો અને તે હાથી દ્વારા મારા તે બન્ને શત્રુઓને મારી નંખાવવા. વળી ચૌદશને દિવસે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ધનુર્યાગ શરૂ કરો અને વરદાન આપનારા ભૂતરાજ મહાદેવ માટે પવિત્ર પશુઓની બલિ ચઢાવો.

એમ અમાત્યોને આજ્ઞા કરી કેવળ સ્વાર્થના જ સિદ્ધાંતને જાણનારા કંસે યદુશ્રેષ્ઠ અક્રૂરને બોલાવી પોતાના હાથથી તેમનો હાથ પકડી કહ્યું : હે મહાદાની અક્રૂર ! તમે મારા માટે આદરપૂર્વક એક મિત્રકાર્ય કરો. ભોજવંશીઓમાં ને યાદવોમાં તમારાથી બીજો કોઈ પણ મારું અત્યંત હિત કરનારો નથી. માટે હે સૌમ્ય ! પોતે સમર્થ છતાં ઈંદ્રે જેમ વિષ્ણુનો આશ્રય કરી સ્વાર્થ સાધ્યો હતો, તેમ હું પણ ઘણા મોટા કાર્યમાં સાધનરૂપ તમારો આશ્રય કરું છું. (તે કાર્ય આ છે :) તમે નંદના વ્રજમાં જાઓ. ત્યાં વસુદેવના બે પુત્રો રહે છે. તેઓને આ રથમાં બેસાડી જલદી અહીં લાવો. વિષ્ણુનો આશ્રય કરનારા દેવોએ તેઓ બન્નેને હાથે મારું મૃત્યુ નિર્માણ કર્યું છે; માટે નંદાદિ ગોવાળિયાઓ સાથે તે બંનેને મોટી મોટી ભેટ આપવાનું કહી તમે અહીં લાવો. એટલે અહીં આણેલા તેઓ બંને કાળ સરખા હાથી પાસે અને હાથીથી બચી જશે તો વજ્ર જેવા મલ્લો પાસે મરાવી નાખીશ. એ રીતે તેઓ બંને માર્યા જશે એટલે દુઃખી થયેલા વસુદેવ વગેરે તેઓનાં સંબંધીઓને તથા (મારાથી વિરુદ્ધ વર્તતા) વૃષ્ણિ, ભોજ અને દશાર્હવંશીઓને પણ હું મારી નાખીશ. મારા પિતા ઉગ્રસેન ઘરડા હોવા છતાં રાજ્યની ઈચ્છા રાખે છે. તેમને તેમના ભાઈ દેવકનો તથા બીજા મારા શત્રુઓનો પણ હું નાશ કરીશ. પછી હે મિત્ર ! આ પૃથ્વી નિષ્કટંક થશે. વળી મારા સસરા જરાસંધ, પ્રિય મિત્ર દ્વિવિદ વાનર તેમ જ શંબરાસુર, નરકાસુર તથા બાણાસુરે મારા ઉપર જ સ્નેહ કર્યો છે. તેથી તેઓ દ્વારા દેવોના પક્ષ કરનારા રાજાઓનો નાશ કરી હું પૃથ્વી ભોગવીશ. આ સર્વ (કાર્યવસ્તુ) જાણી તમે બાળક બળદેવ તથા કૃષ્ણને ધનુર્યાગનાં દર્શન માટે અને મથુરાની શોભા જોવા જલદી અહીં લાવો.

**અક્રૂર બોલ્યા :** હે રાજન્ ! મરણને ટાળવું. એ તમારો વિચાર સારો છે; પરંતુ કોઈ કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિમાં મનુષ્ય સમભાવ રાખવો; કારણ કે ફળને સિદ્ધિ કરનાર તો દૈવ જ છે મનુષ્ય દૈવે નષ્ટ કરેલા એવા પણ મોટા મનોરથો કરે છે અને હર્ષ તથા શોક પામે છે; છતાં હું તો તમારી આજ્ઞા (માન્ય) કરું છું (તેમને લેવા જાઉં છું પણ ફળ તો દૈવાધીન છે.)

શ્રીશુકદેવજી બોલ્યા : એમ અક્રૂરને આજ્ઞા કરી, મંત્રીઓને રજા આપીને કંસે ઘરમાં પ્રવેશ કર્યો; તેમ જ અક્રૂર પણ પોતાને ઘેર ગયા. ૧-૪૦

एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः । प्रविवेश गृहं कंसस्तथाऽक्रूरः स्वमालयम् ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૬ સમાપ્ત.*

## અધ્યાય-૩૭

## કેશી દૈત્યનો તથા વ્યોમાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

केशी तुं कंसप्रहितः खुरैर्महीं महाहयो निर्जरयन् मनोजवः ।
सटावघूताभ्रविमानसङ्कुलं कुर्वन्नभो हेषितभीषिताखिलः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** કંસે કેશી દૈત્યને મોકલ્યો એટલે તે મોટા ઘોડાનું રૂપ લઈ ખરીઓથી પૃથ્વીને ખોદતો મન જેવા વેગ વડે નંદના વ્રજમાં પહોંચ્યો. એ દૈત્ય પોતાની કેશવાળીના ઝાટકાઓથી આકાશમાં વાદળાં અને વિમાનોની ભીડને વિખેરી નાખતો, વાદળાં અને વિમાનોથી આકાશને સાંકડું કરી હણહણાટથી સર્વને ભય ઉપજાવતો હતો. (તેના નેત્રો વિશાળ, મુખ કોતર જેવું ભયંકર અને ગળું ઘણું મોટું હતું, શ્યામવર્ણા મોટા મેઘ જેવો તે જણાતો હતો. તેનો આશય દુષ્ટ હોઈ કંસનું હિત કરવાની ઈચ્છાથી નંદના વ્રજને કંપાવતો તે ગયો.) હણહણાટોથી પોતાના ગોકુળને ત્રાસ આપતા, પૂંછડાના વાળથી મેઘમંડળને વિખેરતા અને યુદ્ધ માટે પોતાને શોધતા તે દૈત્યને ભગવાને સામે જઈ બોલાવ્યો એટલે તેણે સિંહ જેવી ગર્જના કરી. પછી શ્રીકૃષ્ણને જોઈને મુખ વડે આકાશને પી જતો હોય તેમ (મુખ પહોળું કરી) તેમની સામે ગયો. જીતવા મુશ્કેલ એવા તે દૈત્યે અત્યંત કોપાયમાન થઈ બીજાઓથી ન જીતી શકાય એવા પ્રચંડ વેગથી કમળનયન શ્રીકૃષ્ણને બન્ને પગથી લાતો મારી. પણ ઇંદ્રિયોનું જ્ઞાન જેમને પહોંચતું નથી એવા ભગવાને તેની લાતો ચૂકવી દઈ તેના (પાછલા) બન્ને પગ બન્ને હાથથી પકડી ક્રોધથી તેને ખૂબ ફેરવી ગરૂડ જેમ સર્પને ફેંકી દે તેમ તેને તિરસ્કારપૂર્વક સો ધનુષ્ય દૂર ફેંકી દઈ પોતે ઊભા રહ્યા. પછી તે ભાનમાં આવ્યો ત્યારે ફરી ઊભો થઈ મોઢું ફાડી વેગથી શ્રીકૃષ્ણ સામે દોડ્યો એટલે ભગવાને પણ હસીને સર્પને જેમ દરમાં પેસાડી દે, તેમ પોતાનો ડાબો હાથ તેના મુખમાં પેસાડી દીધો, કેશીએ ભગવાનના તે હાથને (ચાવી જવા દાંતથી) સ્પર્શ કર્યો, એટલે તપેલા લોઢાને (દાંતથી) સ્પર્શ કરનારનો દાંત જેમ પડી જાય, તેમ તેના દાંત પડી ગયા. ભગવાનનો હાથ પણ જેમ બેદરકારીથી જળોદર રોગ વધી પડે તેમ તેના દેહમાં જઈ અત્યંત વધવા લાગ્યો. એ રીતે વધતા શ્રીકૃષ્ણના હાથથી તેનો શ્વાસોચ્છવાસ રુંધાઈ ગયો; તેમ પણ પછાડવા લાગ્યો; તેના શરીરમાં પરસેવો આવી ગયો તેની આંખો ફરી ગઈ અને વિષ્ઠા કરતો તે પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડ્યો. પછી પાકેલી કાકડીની પેઠે મોઢાથી છેડા સુધી ચિરાઈ જઈ પ્રાણરહિત થયેલા તેના શરીરમાંથી મોટી ભુજાવાળા ભગવાને પોતાનો હાથ ખેંચી કાઢ્યો. એમ વિના પ્રયત્ને શત્રુનો નાશ કર્યો છતાં ભગવાન કૃષ્ણ તો ગર્વરહિત જ રહ્યા. (તે જોઈ) આશ્ચર્ય પામેલા દેવોએ પુષ્પવૃષ્ટિ કરી તેમની સ્તુતિ કરી. પછી હે રાજા ! ભકતોમાં શ્રેષ્ઠ દેવર્ષિ નારદ ઉત્તમ કર્મ કરનારા શ્રીકૃષ્ણની પાસે જઈ એકાંતમાં આ પ્રમાણે કહેવા લાગ્યા.

**નારદજી બોલ્યા :** હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે અમાપ આત્મા ! હે યોગેશ્વર ! હે જગતના ઈશ્વર ! હે વાસુદેવ ! હે સર્વના નિવાસસ્થાન ! હે યાદવશ્રેષ્ઠ ! હે પ્રભો ! લાકડામાં જેમ અગ્નિ રહે છે, તેમ આપ એક જ ગૂઢરૂપે સર્વ પ્રાણીઓમાં આત્મસ્વરૂપે રહેલા છો. એ પ્રાણીઓ પોતાનામાં જ આપને જોઈ શકતાં નથી, કેમ કે આપ બુદ્ધિની અંદર પણ રહેલા સર્વના સાક્ષી, મહાપુરુષ અને સર્વના ઈશ્વર (નિયંતા) છો. સત્ય સંકલ્પવાળા આપે પ્રથમ કેવળ પોતાનો જ આશ્રય કરી (સ્વતંત્રપણે) માયાશકિતથી સત્ત્વાદિ ગુણોને ઉત્પન્ન કર્યા હતા અને તે ગુણો વડે આ જગતને આપ ઉત્પન્ન કરો છો, સંહારો છો તથા પાળો છો માટે આપ ઈશ્વર છો. આપ હમણાં રાજાઓના રૂપમાં રહેલા દૈત્યોનો, પ્રમથોનો તથા રાક્ષસોનો નાશ કરવા અને ધર્મની મર્યાદાઓનું રક્ષણ કરવા આવતર્યા છો. આપે ઘોડાનું રૂપ ધરનારા આ દૈત્યનો રમત માત્રમાં નાશ કર્યો, તે બહુ સારું કર્યું. આ દૈત્યના હણહણાટથી ત્રાસેલા દેવો સ્વર્ગ છોડી જતા હતા. વળી હે વિભો ! ચાણૂર, મુષ્ટિક આદિ બીજા મલ્લોને, કુવલયાપીડ હાથીને તથા કંસને પણ પરમ દિવસે આપથી નાશ પામેલા હું જોઈશ. પછી હે જગત્પતિ ! શંખાસુર (પંચજન) નો, કાલયવનનો, મુર દૈત્યનો તથા નરકાસુરનો આપ નાશ કરશો; પારિજાતને હરશો; ઈન્દ્રનો પરાજય કરશો; અને પોતાની કૃપા, વીરતા, પરાક્રમ વગેરેનું મૂલ્ય આપીને કન્યાઓ સાથે વિવાહ કરશો; દ્વારકામાં નૃગરાજાને પાપથી છોડાવશો; જાંબવતી સાથે સ્યમંતકમણિ લાવશો; બ્રાહ્મણના મરેલા પુત્રને મહાકાળના ધામમાંથી જીવતો પાછો લાવી આપશો, પૌંડ્રક મિથ્યાવાસુદેવનો નાશ કરશો, પછી કાશીનગરીને બાળશો; દંતવકત્રનો નાશ કરશો અને યુધિષ્ઠિરના મહાયજ્ઞમાં શિશુપાલને મારશો. આ સિવાય બીજાં પણ પૃથ્વી પર કવિઓએ ગાવા યોગ્ય જે જે પરાક્રમો દ્વારકામાં રહીને આપ કરશો, તે તે હું જોઈશ. પછી આ પૃથ્વીનો ભાર દૂર કરનારા કાળરૂપ આપ અર્જુનના સારથિ થઈ અક્ષૌહિણી સેનાઓનો નાશ કરશો, તે પણ હું જોઈશ. કેવળ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પરમાનંદસ્વરૂપમાં જ સારી રીતે રહેવાથી સર્વ કામનાઓ સારી રીતે પામેલા, સફળ ઇચ્છાવાળા અને પોતાની ચૈતન્યશકિતથી માયારૂપ આ ગુણપ્રવાહ જેમનાથી દૂર થયો છે, એવા આપ ભગવાનને શરણે અમે આવ્યા છીએ. આપ ઈશ્વર પોતાના જ આશ્રયવાળા, બીજાને વશ ન રહેનારા, પોતાને આધીન માયા વડે મહત્તત્ત્વાદિ સર્વ વિશેષોને રચનારા અને ક્રીડા માટે હમણાં મનુષ્ય શરીર ધરનારા, યાદવશ્રેષ્ઠ, વૃષ્ણિકુળશ્રેષ્ઠ અને સાત્વતકુળશ્રેષ્ઠ આપને હું પ્રણામ કરું છું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ભકતશ્રેષ્ઠ મુનિ નારદ યદુપતિ શ્રીકૃષ્ણને પ્રણામ કરી તેમની આજ્ઞા લઈ તેમનાં દર્શનથી આનંદ પામીને ગયા. ભગવાન કૃષ્ણ પણ યુદ્ધમાં કેશી દૈત્યને મારી પ્રસન્ન ગોવાળિયા સાથે વ્રજને સુખ આપતાં પશુઓનું પાલન કરવા લાગ્યા. એક દિવસે (ગોવર્ધન) પર્વતનાં શિખરો ઉપર પશુઓને ચારતા ગોવાળિયા, ચોર અને ઘેટાંઓના પાલક થઈ છુપાઈ જવાની રમત રમતા હતા. હે રાજા ! તે વેળા કેટલાક ગોવાળિયા ચોર, કેટલાક ઘેટાંઓના પાલક અને કેટલાક ઘેટાં થયા હતા. એમ તે નિર્ભય થઈ રમતા હતા; તેવામાં મયદાનવનો પુત્ર મહામાયાવી વ્યોમાસુર ગોવાળિયાનો વેશ લઈ ત્યાં આવ્યો અને (તે રમતમાં) લગભગ ઘણા ગોવાળિયાઓને તે હરી ગયો. તે મહાન અસુર ગોવાળિયાઓને લઈ જઈ પર્વતની ગુફામાં મૂકી ગુફાના દ્વારને શિલાથી બંધ કરતો, જેથી (એમ થતાં થતાં) છેવટે ચારપાંચ જ ગોવાળિયા બાકી રહ્યા. સત્પુરુષોને આશ્રય આપનારા શ્રીકૃષ્ણ વ્યોમાસુરનું એ કર્મ જાણી ગયા. તેમણે ગોવાળિયાને લઈ જતા વ્યોમાસુરને, સિંહ જેમ વરુને પકડે તેમ બળથી પકડ્યો.

એટલે પકડાઈ જવાથી ગભરાયેલા બળવાન અસુરે મોટા પર્વત જેવડું પોતાનું સ્વરૂપ કરી પોતાને છોડાવવાની ઈચ્છા કરી, પણ તે છૂટી શક્યો નહિ. ભગવાને બંને હાથ વડે તેને પકડી પૃથ્વી પર પાડી આકાશમાં દેવોના દેખતાં પશુને મારે તેમ (ગૂંગળાવીને) મારી નાખ્યો. પછી ગુફાનું ઢાંકણું તોડી ગોવાળિયાઓને દુઃખમાંથી બહાર કાઢી, દેવો અને ગોવાળિયાઓથી સ્તુતિ કરાતા ભગવાને પોતાના ગોકુળમાં પ્રવેશ કર્યો. ૧-૩૩

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः । स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૭ સમાપ્ત.*

## અધ્યાય-૩૮

## અક્રૂરને ગોકુળમાં સત્કાર

॥ श्रीशुक उवाच ॥

अक्रूरोपि च तां रात्रिं मधुपुर्यां महामतिः । उषित्वा रथमास्थाय प्रययौ नन्दगोकुलम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** મહાબુદ્ધિમાન અક્રૂર પણ (જે રાત્રે કંસે ગોકુળમાં જવાની આજ્ઞા કરી) તે રાત્રિ મથુરામાં રહી સવારે રથમાં બેસી નંદજીના ગોકુળ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં જતાં મહાભાગ્યશાળી અક્રૂરજી કમળનયન શ્રીકૃષ્ણમાં પરમભક્તિ પામી આવો વિચાર કરવા લાગ્યા : મેં કયું પુણ્ય, કયું ઉત્તમ તપ અથવા સુપાત્રને દાન કર્યું હશે, જેથી આજે હું શ્રીકૃષ્ણનાં દર્શન કરીશ ? હું માનું છું કે શૂદ્રજાતિના મનુષ્યને વેદનું ઉચ્ચારણ જેમ દુર્લભ છે, તેમ વિષયોથી ઘેરાયેલા મનવાળા મને શ્રીકૃષ્ણનું આ દર્શન દુર્લભ છે; છતા મને અધમને પણ શ્રીકૃષ્ણનાં દર્શન થશે જ; કારણ કે કાળરૂપી નદીથી તણાતું કોઈ પ્રાણી કોઈ વખતે તરી પણ જાય છે. આજે મારું પાપ નાશ પામ્યું છે અને મારો જન્મ સફળ થયો છે; કારણ કે યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય ભગવાનના ચરણકમળને હું નમસ્કાર કરીશ. અહો ! આશ્ચર્ય છે કે (અર્થાત્ દુષ્ટ છતાં) કંસે આજે મારા પર મોટી કૃપા કરી છે, કારણ કે તેણે મોકલેલો હું (પૃથ્વી પર) અવતરેલા શ્રીહરિના ચરણકમળનાં દર્શન કરીશ કે જેના નખમંડળની કાંતિથી પૂર્વકાળના (અંબરીષાદિ) ભકતો તરવો મુશ્કેલ (સંસારરૂપી) અંધકાર તરી ગયા છે. વળી જેનું બ્રહ્મા, શંકર વગેરે દેવોએ, લક્ષ્મીએ તથા ભકતો સહિત મુનિઓએ જે ચરણનું પૂજન કર્યું છે, હમણાં જે ચરણથી વૃંદાવનમાં ગાયો ચારવા પોતાના અનુચરો સાથે વિચરે છે અને જે ચરણો ગોપિકાઓનાં સ્તનના કેસરના ચિહ્નવાળા છે, તેમ જ સુંદર ગાલ અને નાકવાળા, મંદહાસ્યપૂર્વક જોતા, લાલ કમળ સમાન નેત્રોવાળા અને વાંકડિયા કેશથી વીંટાયેલા શ્રીકૃષ્ણના મુખના પણ હું અવશ્ય દર્શન કરીશ; કારણ કે આ હરણિયાં મારી જમણી બાજુ ઊતરે છે, પૃથ્વીનો ભાર ઉતારવા પોતાની ઈચ્છાથી મનુષ્યલીલા કરી રહેલા સુંદરતાના ધામરૂપ વિષ્ણુભગવાનનાં આજે મને દર્શન થશે, તેથી અવશ્ય મારાં નેત્રો સફળ થશે. ભગવાન કાર્ય તથા કારણના દ્રષ્ટા છે; તોપણ અહંકારથી રહિત, નિત્ય સ્વરૂપસાક્ષાત્કારથી યુકત હોવાને લીધે સ્વસ્વરૂપનું અજ્ઞાન, તેથી થતો ભેદ અને તેથી થતી ભ્રાંતિ; એ ત્રણેથી રહિત થયાં છે. તોપણ પોતાને આધીન માયા વડે પોતાના જ દૃષ્ટિપાતથી પ્રાણ, ઈન્દ્રિયો તથા બુદ્ધિ સહિત પોતાને વિષે જ રચેલા જીવો તે ભગવાનને વૃંદાવનનાં લતાગૃહમાં તેમ જ ગોપિકાઓનાં ઘરમાં જાણે આસકત હોય તેવા જાણે છે. પાપોનો નાશ કરનારા અને ઉત્તમ મંગળો આપનારા ભગવાનના સમગ્ર ગુણો, કર્મો તથા જન્મો વડે મિશ્ર (એટલે

ભગવાનનાં ગુણકર્મ તથા જન્મનું વર્ણન કરનારી) વાણી આ જગતને જિવાડે છે, શોભાવે છે અને પવિત્ર કરે છે. પણ જે વાણી એ ભગવાનનાં ગુણ, કર્મ તથા જન્મથી રહિત એટલે કે તેઓનું વર્ણન કરતી નથી, તે વાણી (સારા અલંકારોથી યુક્ત હોય તોપણ વસ્ત્ર—અલંકાર વગેરેથી શણગારેલાં) શબ જેવી જ શોભાવાળી માની છે. (અર્થાત્ ભગવાનનાં ગુણ-જન્મકર્મનું વર્ણન કરનારી વાણી જ ખરી રીતે શોભે છે; પણ તેનું વર્ણન નહિ કરતી વાણી શબની પેઠે શોભતી નથી.) તે ભગવાન પેલા રચેલા વર્ણાશ્રમધર્મોનું પાલન કરનારા ઉત્તમ દેવોના સુખ માટે હમણાં યાદવવંશમાં અવતરેલા છે અને જેમનો સંપૂર્ણ માંગલિક યશ દેવો ગાય છે, એવા તે જ ઈશ્વર હમણાં પોતાનો યશ ફેલાવતા વ્રજમાં બિરાજે છે. આજે મહાપુરુષોની ગતિરૂપ, સર્વના ગુરુ, ત્રૈલોક્ય સુંદર, દૃષ્ટિવાળાઓને મહાઆનંદદાયક અને લક્ષ્મીદેવીના ઈષ્ટસ્થાનરૂપ સ્વરૂપ ધારણ કરનાર તે ભગવાનનાં હું અવશ્ય દર્શન કરીશ; કારણ કે આજે મને પ્રભાતમાં થયેલા સારા શકુનો આ શુભ દર્શનના સૂચક હતા. એ રીતે મને દર્શન થશે પછી તરત જ હું રથ ઉપરથી ઊતરી સર્વશ્રેષ્ઠ પુરૂષ શ્રી બળદેવ અને શ્રીકૃષ્ણના ચરણને સાક્ષાત નમસ્કાર કરીશ, જેને યોગીઓ પણ કેવળ બુદ્ધિથી જ ધારણ કરે છે (પણ પ્રત્યક્ષ નમસ્કાર કરી શક્યા નથી.) પછી એ બંને ભાઈઓની સાથે રહેલા એમના મિત્ર ગોવાળિયાઓને પણ નમસ્કાર કરીશ. પછી પ્રભુ શ્રીકૃષ્ણ તેમના ચરણમાં પડેલા મારા મસ્તક ઉપર પોતાનો હસ્તકમળ મૂકશે કે જે હસ્તકમળે કાળરૂપી સર્પથી ભયભીત થયેલા અને તેથી જ શરણ ઈચ્છતા ભક્તજનોને અભયદાન આપ્યું છે. વળી જે હસ્તકમળમાં બલિરાજાએ (ત્રણ પગલાં પૃથ્વીનું દાન કરતી વેળા) અને (પૂર્વજન્મમાં) ઈંદ્રે માત્ર પૂજાનું જળ આપી ત્રણ જગતનું ઈન્દ્રપણું મેળવ્યું; અને જે હસ્તકમળે રાસક્રીડામાં વ્રજની સ્ત્રીઓને થાક માત્ર સ્પર્શથી દૂર કર્યો, તે સુગંધી કમળ જેવા ગંધવાળું હસ્તકમળ ભગવાન મારા મસ્તક પર મૂકશે. જોકે હું કંસે મોકલેલો દૂત છું, તોપણ શ્રીકૃષ્ણ મારા પર શત્રુબુદ્ધિ કરશે નહિ, કેમ કે તે સર્વ જાણનારા, સર્વના અંતર્યામી હોઈ નિર્મળ જ્ઞાનદૃષ્ટિ વડે સર્વના મનની અને બહારની ચેષ્ટાઓ જોનારા છે. હું ભગવાનના ચરણ પાસે બે હાથ જોડી સાવધાન થઈ ઊભો રહીશ, ત્યારે ભગવાન મંદહાસ્યપૂર્વક દયાર્દ્ર દૃષ્ટિથી મારી સામે જોશે; એટલે તરત જ મારાં બધાં પાપો નાશ પામશે, શંકાઓ દૂર થશે અને હું પરમ આનંદ પામીશ. પછી અત્યંત નિષ્કપટ હૃદયવાળા અને એ ભગવાન વિના જેનો બીજો (ઈષ્ટ) દેવ નથી, એવા પોતાના જ્ઞાતિબંધુ મને શ્રીકૃષ્ણ મોટી ભુજાઓથી ભેટશે; એટલે તે જ ક્ષણે મારું શરીર અત્યંત પવિત્ર થશે અને કર્મરૂપી બંધન તૂટી જશે. ભગવાનનો સંગ પામી બે હાથ જોડી પ્રણામ કરતા મને મોટી કીર્તિવાળા ભગવાન 'હે અક્રૂર! ઓ કાકા!' એમ કહેશે ત્યારે મારો જન્મ સફળ થશે; કેમ કે ભગવાને જેનો આદર કર્યો નથી, તેના જન્મને ધિક્કાર હો. જોકે ભગવાનને કોઈ પ્રિય કે અપ્રિય, હિતકર્તા કે શત્રુ અને કોઈ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, છતાં જેમ આશ્રય કરેલું કલ્પવૃક્ષ ઈષ્ટ અર્થ આપે છે, તેમ ભગવાન પણ ભક્તોને ભજે છે. પછી યાદવશ્રેષ્ઠ બળદેવજી પ્રણામ કરતા મને હસતા હસતા ભેટી હાથ પકડી ઘરમાં લઈ જશે અને મારો ખૂબ સત્કાર કરી મને પોતાના સંબંધીઓ તરફનું કંસનું વર્તન પૂછશે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ માર્ગમાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતા અક્રૂરજી રથ વડે ગોકુળમાં પહોંચ્યા ત્યારે સૂર્ય પણ અસ્તાચળે પહોંચ્યો હતો. જેમની પવિત્ર ચરણરજ બધા લોકપાલોએ મુકુટ પર ધરી છે, એવાં શ્રીકૃષ્ણનાં પગલાં અક્રૂરે વ્રજમાં જોયાં કે જે પગલાં પૃથ્વીના અલંકારરૂપ અને કમળ, જવ તથા

અંકુશ વગેરે ચિહ્નોથી (યુક્ત) જણાતાં હતાં. તે જોતાં જ અક્રૂરજીની હર્ષવ્યાકુળતા વધી પડી; પ્રેમથી તેમનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. તેમનાં નેત્રો હર્ષનાં આંસુથી ઊભરાઈ ગયાં અને રથ પરથી એકદમ કુદી પડી 'અહો ! પ્રભુની આ (દુર્લભ) ચરણરજ !' એમ કહેતા તે રજમાં આળોટવા લાગ્યા. હે પરીક્ષિત, કંસના સંદેશાથી લઈને અહીં સુધી અક્રૂરજીના ચિત્તની જે અવસ્થા રહી છે, તે જ જીવોએ કે દેહ ધારણ કરીને મેળવવાનો પરમ લાભ છે. એથી પ્રત્યેક પ્રાણીનું એ જ પરમ કર્તવ્ય છે કે દંભ, ભય અને શોક ત્યજી, શ્રીહરિનાં સ્વરૂપદર્શન તથા શ્રવણ વગેરેથી એ લાભ મેળવવો જોઈએ. અક્રૂરજીએ વ્રજમાં ગાયો દોહવાના સ્થાને ગયેલા શ્રીકૃષ્ણ તથા બળરામને જોયા. શ્રીકૃષ્ણ પીતાંબર તેમ જ બલરામજી નીલાંબર પહેરેલા હતા અને શરદઋતુનાં કમળ સમાન નેત્રવાળા તે જણાતા હતા. તેઓ બંને કિશોર વયના હતા. શ્રીકૃષ્ણ શ્યામ અને બળદેવજી ગૌરવર્ણા હતા. તેઓ બંને શોભાનું ધામ, મોટી ભુજાઓવાળા, સુંદર મુખવાળા, અતિશય સુંદર અને બાળહાથી જેવા પરાક્રમી હતા. તે મહાત્માઓ ધ્વજ, વજ્ર, અંકુશ તથા કમળનાં ચિહ્નવાળા પગથી વ્રજને શોભાવતા કૃપાયુક્ત મંદહાસ્યથી જોતા હતા. તેઓની ક્રીડા ઉદાર અને સુંદર હતી. બંનેએ રત્નમાળા તથા વનમાળા પહેરી હતી. બંનેનાં અંગ પવિત્ર ગંધવાળા ચંદનથી ચર્ચાયેલાં હોઈ તેમણે સ્નાન કરી નિર્મળ વસ્ત્રો પહેર્યાં હતાં. બળદેવજી અને પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આદિપુરુષ, જગતના કારણ અને જગતના પતિ હતા. તેઓ જગત માટે જ (એટલે તેનો ભાર દૂર કરવા) આ સ્વરૂપે અવતર્યા હતા. હે રાજન્ ! સોનાથી યુક્ત મરકતમણિનો અને રૂપાનો પર્વત પોતાની કાંતિથી દિશાઓને જેમ પ્રકાશમાન કરે, તેમ બંને પોતાની કાંતિ વડે દિશાઓને પ્રકાશમાન કરતા હતા. અક્રૂરજી (તેમને જોતાં જ) . સ્નેહથી વિહ્વળ થઈ રથ ઉપરથી કૂદી પડ્યા અને બળદેવજી તથા શ્રીકૃષ્ણના ચરણમાં (પ્રણામ કરતા) દંડવત્ પડયા. હે રાજા ! ભગવાનના દર્શનથી થયેલા આનંદ વડે અક્રૂરજીનાં નેત્રોમાં હર્ષાશ્રુ ઊભરાવા લાગ્યાં, ઉત્કંઠાથી તેમનું શરીર રોમાંચિત બન્યું અને 'હું અક્રૂર આપને પ્રણામ કરું છું' એમ (કહેવાની ઈચ્છા છતાં) તે કહી શક્યા નહિ. પણ પ્રણામ કરનાર ઉપર પ્રેમ ધરાવનાર ભગવાન શ્રીકૃષ્ણ તેમનો અભિપ્રાય જાણી પ્રસન્ન થઈ ચક્રના ચિહ્નવાળા હાથથી તેમને પોતાની પાસે ખેંચી ભેટી પડયા. તેમ જ મોટા મનવાળા બળદેવજી પણ પ્રણામ કરતા અક્રૂરજીને ભેટી પડી પોતાના હાથ વડે તેમના બંને હાથ પકડી શ્રીકૃષ્ણ સહિત તેમને ઘેર લઈ ગયા અને સ્વાગતપ્રશ્ન પછી, ઉત્તમ આસન આપી તેમના બંને પગ ધોઈ શાસ્ત્રવિધિપૂર્વક મધુપર્કથી તેમની પૂજા કરી. પછી સમર્થ બળરામે આદરપૂર્વક તે અતિથિને ગાય આપી, તેમના પગ ચાંપ્યા અને પછી શ્રમરહિત થયેલા તેમને ઘણા ગુણવાળું પવિત્ર અન્ન શ્રદ્ધાથી પીરસ્યું. ભોજન કર્યા પછી પરમ ધર્મવેત્તા બળરામે તેમને પ્રેમથી મુખવાસ, ચંદન તેમ જ પુષ્પો આપી અત્યંત પ્રસન્ન કર્યા. એમ અક્રૂરનો સત્કાર થયા પછી નંદરાયે તેમને પૂછ્યુંઃ 'હે અક્રૂર ! ક્રૂર કંસ જીવે છે, ત્યાં સુધી કસાઈના હાથ તળે રહેલાં ઘેટાંઓની પેઠે તમે ક્યાં પ્રકારે જીવો છો ? કેવળ પોતાના પ્રાણને જ તૃપ્ત કરનારા તે દુષ્ટ પોકે પોકે રડતી પોતાની બહેન દેવકીનાં છોકરાંને મારી નાખ્યાં, તે કંસની પ્રજા તરીકે તમારા કયા કલ્યાણનો અમે વિચાર કરી શકીએ ? ' (જેની પ્રજાનાં જીવન પણ દુર્લભ હોય, ત્યાં તેના કયા કુશળનો વિચાર હોઈ શકે ?) આવી મધુર વાણીથી પ્રશ્ન કરી નંદરાયે સારી રીતે સત્કાર કર્યો એથી અક્રૂરનો રસ્તાનો બધો થાક દૂર થઈ ગયો. ૧-૪૩

इत्थं सूनृतया वाचा नन्देन सुसभाजितः । अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૮ સમાપ્ત.*

## અધ્યાય-૩૯

## ગોપીઓનો વિરહવિલાપ અને અક્રૂરને યમુનામાં વિષ્ણુલોકનાં દર્શન

॥ श्रीशुक उवाच ॥

सुखोपविष्टः पर्यङ्के रामकृष्णोरुमानितः । लेभे मनोरथान् सर्वान् पथि यान् स चकार ह ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** બળરામે તથા શ્રીકૃષ્ણે ઘણું જ સન્માન કરેલા અને પલંગ ઉપર સુખેથી બેઠેલા અક્રૂરે માર્ગમાં જે મનોરથો કર્યા હતા, તે સઘળા તેમને પ્રાપ્ત થયા; કેમ કે લક્ષ્મીના નિવાસસ્થાન ભગવાન પ્રસન્ન થાય, ત્યારે કઈ વસ્તુ અલભ્ય છે ? તોપણ હે રાજા ! ભગવાનમાં પરાયણ રહેનારા ભક્તો (ભગવાન સિવાય) બીજું કંઈ ઈચ્છતા નથી. પછી સાયંકાળનું ભોજન કરી ભગવાન દેવકીપુત્ર પોતાના સંબંધીઓ તરફ કંસનું કેવું વર્તન છે ? અને બીજું તે શું શું કરવા ઈચ્છે છે, એ સંબંધી અક્રૂરને પૂછવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે શાંત સ્વભાવવાળા કાકા ! તમે અહીં ક્ષેમકુશળ આવ્યા છો ને ! તમારું કલ્યાણ થાઓ. આપણા સગોત્રી અને સગાંસંબંધી સુખી અને નીરોગી છે ને ? (અથવા અત્યારે આમ પૂછવું પણ અઘટિત છે; કારણ કે) હે કાકા ! કુળમાં રોગ જેવો અમારો નામનો જ મામો કંસ જીવે છે, ત્યાં સુધી આપણાં સગાંસંબંધીઓ કે તેની પ્રજાનું હું શું કુશળ પૂછું ? અહો ! મારે લીધે અમારાં નિરપરાધી માતાપિતાને ઘણું દુઃખ સહેવું પડયું છે. મારા માટે તેઓના પુત્રોનાં મરણ થયાં અને તેઓને કેદમાં રહેવું પડયું છે. હે સૌમ્ય ! તમે અમારા પોતાના છો; આજે તમારું અભીષ્ટ દર્શન થયું તે બહુ સારું થયું છે. હે તાત ! કહો, તમે ક્યા કારણથી આવ્યા છો ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાને એમ પૂછયું એટલે અક્રૂરે યાદવો સાથે કંસે કરેલું વેર, વસુદેવને મારી નાખવા કરેલો ઉદ્યમ, ધનુર્યાગ માટે પોતે જે સંદેશો લાવ્યા હતા, જે માટે કંસે દૂત તરીકે પોતાને મોકલ્યા હતા અને કૃષ્ણનો જન્મ વસુદેવથી થયો છે' એ વાત નારદજીએ કંસને કહી હતી, તે સર્વ કહ્યું. અક્રૂરનું વચન સાંભળી શત્રુવીરોને સંહારનારા શ્રીકૃષ્ણ અને બળદેવજી ખૂબ હસ્યા. પછી તેમણે કંસરાજાનો સંદેશ નંદજીને જણાવ્યો; એટલે નંદરાયે પણ ગોવાળિયાઓને આજ્ઞા કરી : 'સઘળું ગોરસ— દૂધ, દહીં વગેરે સાથે લો. ભેટ ધરવાની ઉત્તમ વસ્તુઓ લો અને ગાડાં જોડો. આવતી કાલે આપણે મથુરા જઈશું, કંસરાજાને ગોરસ આપીશું અને ધનુર્યાગમાં મોટા ઉત્સવનાં દર્શન કરીશું, દેશના સર્વ લોકો ત્યાં જાય છે, એમ નંદરાયે પોતાના ગોકુળમાં કોટવાળ દ્વારા ચોતરફ જાહેર કરાવ્યું તે વખતે ગોપીઓ, બળદેવ તથા શ્રીકૃષ્ણને મથુરા લઈ જવા વ્રજમાં આવેલા અક્રૂરને સાંભળી બહુ દુઃખી થઈ. કેટલીકનાં મુખની શોભા હૃદયના સંતાપથી નીકળતા નિસાસા વડે કરમાઈ ગઈ અને કેટલીકનાં તો વસ્ત્રો, કંકણ તથા કેશપાશ સરકી પડયાં. બીજી કેટલીકની સમગ્ર ઈન્દ્રિયવૃત્તિઓ શ્રીકૃષ્ણના ધ્યાનને લીધે શાંત પડી ગઈ તેથી જાણે આત્મલોકમાં ગઈ હોય તેમ તેઓનું શરીરનું ભાન પણ રહ્યું નહિ. બીજી કેટલીક આશ્ચર્યકારક પદોવાળી અને સ્નેહપૂર્વક મંદહાસ્ય વડે બોલાયેલી ભગવાનની સુંદર વાણી યાદ કરતી મૂર્છા પામી. ભગવાનની અતિ મનોહર ગતિ, ચેષ્ટા, સ્નેહાળ હાસ્ય પૂર્વક જોવું, શોક દૂર કરનારાં મશ્કરીનાં વચનો અને સર્વોત્કૃષ્ટ ચરિત્રનું ચિંતન કરતી ભગવાનના વિરહથી કાયર થઈ ભયભીત બનેલી અને શ્રીકૃષ્ણમાં જ ચિત્તવાળી ગોપીઓ ટોળે વળી મુખ પર આંસુ સારતી કહેવા લાગી,

**ગોપીઓ બોલી :** અરેરે ! ઓ વિધાતા ! તને કોઈ ઉપર દયા નથી ! તું પ્રાણીઓને મિત્રતા અને સ્નેહથી પરસ્પર જોડી તેઓનો (મિત્રતા અને સ્નેહનો) કંઈ ઉપભોગ કર્યો ન હોય, તેટલામાં તો કંઈ કારણ વિના જ પરસ્પર વિયોગ કરાવે છે. (આથી જણાય છે કે) તારી આ ક્રીડા બાળકની ચેષ્ટા જેવી છે ! તું શ્યામ કેશથી વીંટાયેલા સુંદર ગાલવાળા ઊંચી નાસિકાવાળા, શોક દૂર કરનારા અને ગૂઢ મંદ હાસ્ય વડે સુંદર શ્રીકૃષ્ણના મુખનું અમને દર્શન કરાવી (હવે) તેને અમારી દૃષ્ટિથી દૂર કરે છે ! આ તારું કર્મ સારું નથી (નિંદ્ય છે). હાય ! અફસોસ ! તું ક્રૂર છે; કારણ કે તું જ અક્રૂરના નામે કોઈ અજ્ઞાનીની પેઠે તે પોતે આપેલાં અમારાં ચક્ષુ હરી લે છે. જેના વડે અમે શ્રીકૃષ્ણના કોઈ એક જ અવયવમાં તારી સમગ્ર સૃષ્ટિની નિપુણતા જોતી હતી. નંદપુત્ર શ્રીકૃષ્ણ ક્ષણભંગુર પ્રીતિવાળા અને નવા નવા ઉપર પ્રીતિ કરનારા છે; કારણ કે તેમણે પોતે જ મંદહાસ્ય વગેરેથી અમને આતુર બનાવી, અમે ઘર, સ્વજનો, પુત્રો તથા પતિઓ તજીને સાક્ષાત્ તેમનું દાસપણું પામી છીએ, છતાં ખેદ થાય છે કે, તે અમારી સામે જોતા પણ નથી. ખરેખર મથુરાની સ્ત્રીઓની આજની રાત્રિ સુખકારક પ્રભાતવાળી થઈ છે અને તેઓના સર્વ મનોરથો પણ સત્ય થયા છે; કારણ કે તેઓ પોતાના શહેરમાં પધારેલા વ્રજપતિ શ્રીકૃષ્ણનું કટાક્ષો વડે શોભતું અને મંદહાસ્યરૂપી રસવાળું મુખ જોશે. જોકે શ્રીકૃષ્ણ માતાપિતાને આધીન રહેનારા, મનસ્વી અને ધીર છે; તોપણ તે નગરની સ્ત્રીઓના મધ જેવાં મીઠાં ભાષણોથી તેમનું મન આકર્ષાઈ જશે અને તે સ્ત્રીઓના શરમાળ મંદહાસ્યવાળા વિલાસોથી ભમી જશે, તેથી ગામડિયણ એવી અમારી પાસે તેઓ પાછા કેમ આવશે ? નહિ જ આવે. ખરેખર આજે ત્યાં મથુરામાં દાશાર્હ, ભોજ, અંધક, યાદવ તથા સાત્વતવંશી મનુષ્યોની દૃષ્ટિને મોટો ઉત્સવ થશે; કેમ કે તેઓ ગુણોના સ્થાનરૂપ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણનું માર્ગમાં દર્શન કરશે. આવા નિર્દય પુરુષનું 'અક્રૂર' નામ ન જ હોવું જોઈએ; કેમ કે આ તો અત્યંત ક્રૂર હોઈ અત્યંત દુ:ખી એવી આપણને શાંત પાડ્યા સિવાય જ આપણી પ્રિય વસ્તુથી પણ પ્રિય શ્રીકૃષ્ણ ને માર્ગની પેલે પાર આપણી નજરથી ઘણે દૂર લઈ જાય છે. (હાય ! જુઓ) આ કઠણ બુદ્ધિવાળા શ્રીકૃષ્ણ રથમાં પણ બેસી ગયા ! આ ઉદ્ધત ગોવાળિયા પણ ગાડી જોડી ઉતાવળ કરે છે અને પેલા ઘરડી ઉપેક્ષા કરે છે—તેમને જતા અટકાવતા પણ નથી. અફસોસ ! આજે અમારું દૈવ જ પ્રતિકૂળ થઈ આ બધું કરે છે. (ચાલો) આપણે જ શ્રીકૃષ્ણ પાસે જઈ તેમને અટકાવીએ. કુળનાં ઘરડાં અને સગાંસંબંધી આપણને શું કરવાનાં છે ? આંખના અર્ધા પલકારા જેટલો સમય પણ તજવા મુશ્કેલ શ્રીકૃષ્ણના સંગથી આપણાં મનને દૈવે વિખૂટાં પાડ્યાં છે અને તેથી જ તે દીન બન્યાં છે. (તો હવે આપણને મૃત્યુનો પણ ભય નથી.) હે ગોપીઓ ! શ્રીકૃષ્ણનું સ્નેહયુકત સુંદર મંદ હાસ્ય, મનોહર ગુપ્ત વાતો, વિલાસપૂર્વક જોવું તથા આલિંગન, આ બધું જેમાં હતું, એવી રાસક્રીડાની સભામાં આપણે ક્ષણની માફક અનેક રાત્રિઓ ગાળી છે, તે શ્રીકૃષ્ણ વિના આપણે આ લાંબા વિરહદુ:ખને શી રીતે ઓળંગીશું ? (આ દુ:ખ અસહ્ય જ છે માટે શ્રીકૃષ્ણને અટકાવવાનું સાહસ જ કરીએ.) સાયંકાળે પશુઓની ખરીઓની રજથી ખરડાયેલા કેશ પુષ્પમાળા ધારણ કરતા શ્રીકૃષ્ણ બળદેવજી સાથે ગોવાળિયાઓથી વીંટાઈને વાંસળી વગાડતા વ્રજમાં પ્રવેશ કરે છે, ત્યારે મંદહાસ્યયુક્ત કટાક્ષથી જોઈને આપણાં ચિત્ત હરી લે છે તે શ્રીકૃષ્ણ વિના આપણે કેમ જીવીશું ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ બોલતી અને શ્રી કૃષ્ણમાં જ લાગેલાં મનવાળી વ્રજની સ્ત્રીઓ અત્યંત વિરહાતુર થઈ લજ્જા છોડી 'હે ગોવિંદ ! ઓ દામોદર ! ઓ માધવ !' એમ પોકારતી મોટા સ્વરથી

રડવા લાગી. એટલામાં સૂર્યનો ઉદય થયો; એટલે અક્રૂરજીએ સંધ્યાવંદન વગેરે કર્મ કરી લઈ, એ પ્રમાણે રડતી તે સ્ત્રીઓને નહિ ગણકારી રથ હાંકવા માંડયો. નંદ વગેરે ગોવાળિયા પણ ગોરસથી ભરેલા ઘડાઓરૂપી પુષ્કળ ભેટો સાથે લઈ, ગાડામાં બેસી અક્રૂરની પાછળ જવા લાગ્યા. ગોપીઓ વહાલા શ્રીકૃષ્ણની પાછળ જઈ તેમનું પાછું વળી જોવું વગેરેથી કંઈક આનંદ પામી અને ભગવાન તરફથી કંઈક પ્રત્યુત્તર ઈચ્છતી ઊભી રહી. એ રીતે પોતાના પ્રયાણ વખતે સંતાપ પામતી તે ગોપીઓને જોઈ યદુત્તમ શ્રીકૃષ્ણે 'હું આવીશ' એમ દૂત દ્વારા કહેવડાવેલા વાક્યથી શાંત કરી. ભગવાનના રથની ધજા અને (પૈડાની ઊડતી) રજ દેખાઈ ત્યાં સુધી ગોપીઓ ભગવાનની પાછળ પોતાના ચિત્તને વળાવી પૂતળીઓની પેઠે નિશ્ચળ જણાતી હતી. પછી ભગવાનના પાછા ફરવા વિષે નિરાશ થયેલી ગોપીઓ પાછી ફરી અને પ્રિય શ્રીકૃષ્ણનાં ચરિત્રો ગાતી શોકરહિત થઈ દિવસો વિતાવવા લાગી. હે રાજા ! ભગવાન કૃષ્ણ પણ બળદેવ અને અક્રૂર સાથે વાયુ જેવા વેગવાળા રથથી પાપનો નાશ કરનારી યમુના નદી પર પહોંચ્યા. ત્યાં ઈન્દ્રનીલમણિ જેવા નિર્મળ જળનું આચમન લઈ માર્જન કરી, શ્રીકૃષ્ણ બળદેવજી સાથે વૃક્ષોની ઘટા પાસે જઈ રથમાં બેઠા. અક્રૂરજી તેઓ બંનેને રથમાં બેસાડી તેમની આજ્ઞા લઈ યમુનાજીના ધરા પર ગયા ને શાસ્ત્રવિધિ પ્રમાણે નાહવા લાગ્યા. જળમાં ડૂબકી મારી સનાતન બ્રહ્મ વેદમંત્રોને જપતા અક્રૂરજીએ ત્યાં જળમાં પણ તે જ બળદેવજી તથા શ્રીકૃષ્ણને સાથે રહેલા જોયા. 'વસુદેવના તે બંને પુત્રો તો રથમાં બેઠા છે; અહીં કયાંથી ? શું તેઓ રથમાં નથી ?' એમ વિચારી જળની બહાર નીકળી તે જોવા લાગ્યા, તો રથમાં પણ પૂર્વની પેઠે જ બેઠેલા તે બંનેને તેમણે જોયા; એટલે 'મેં તેઓને જળમાં જોયા તે શું જુઠું ?' આમ વિચાર કરી ફરી તેમણે જળમાં ડૂબકી મારી. તો ફરી પણ જળમાં સિદ્ધો, ચારણો, ગંધર્વો તથા અસુરો વડે નતમસ્તકે સ્તુતિ કરાતા ભગવાન શેષનાગનાં તેમણે દર્શન કર્યા. એ શેષ ભગવાનને હજાર ફણાઓરૂપ મસ્તકો હતાં. તે ઉપર મુકુટો શોભતા હતા. શ્યામ વસ્ત્ર તેમણે પહેર્યા હતાં અને કમળના દાંડલા જેવા તે ધોળા હતા. જેથી શિખરોવાળા કૈલાસ પર્વત જેવા તે શોભતા હતા. એમના ખોળામાં મેઘ જેવા શ્યામ અને પીળું પીતાંબર પહેરેલા શ્રીભગવાનને અક્રૂરજીએ જોયા. એ ભગવાન ચાર ભુજાવાળા અને શાંતમૂર્તિ હોઈ, તેમનાં નેત્રો કમળની પાંખડી જેવાં લાલ, મુખ સુંદર અને પ્રસન્ન, હાસ્ય તથા જોવું મનોહર, ભૂકૃટિ સુંદર, નાસિકા ઊંચી, કાન સુંદર, ગાલ મનોહર, નીચલો હોઠ લાલ, ભુજાઓ લાંબી અને પુષ્ટ, ખભા ઊંચા, વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી, કંઠ શંખ જેવો, નાભિ ઊંડી, પેટ પીપળાના પાન જેવું હોઈ તેના પર કરચલીઓ, કેડ અને નિતંબના ભાગ મોટા, હાથીની સૂંઢ સમાન સાથળો, બે ઢીંચણો સુંદર, બંને પિંડીઓ મનોહર અને બંને ચરણકમળ, કંઈક ઊંચી ઘૂંટીઓ, નખોનાં કિરણો તથા આંગળીઓ અને અંગૂઠારૂપી નવી પાંખડીઓથી યુકત હોઈ શોભતાં હતાં. મહાકિંમતી મણિઓથી જડેલા મુકુટ, કંકણ, બાજુબંધ, કંદોરો, જનોઈ, હાર, ઝાંઝર તથા કુંડળોથી તે પ્રકાશતા હતા. તેમના એક હાથમાં કમળ હોઈ, શંખ, ચક્ર તથા ગદા તેમણે ધારણ કર્યા હતાં. છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન, પ્રકાશમાન કૌસ્તુભમણિ અને વનમાળા તેમણે પહેરી હતી. સુનંદ, નંદ વગેરે પાર્ષદો, સનકાદિ મુનિઓ, બ્રહ્મા, રુદ્ર વગેરે મોટા દેવો, મરીચિ વગેરે નવ ઉત્તમ બ્રાહ્મણો મને પ્રહ્લાદ, નારદ તથા વસુ વગેરે નિર્મળ મનવાળા ભકતો જુદા જુદા ભાવવાળાં વચનો વડે તેમની સ્તુતિ કરતા હતા; તેમ જ લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શકિત અને માયા એ બાર શકિતઓ તેમની સેવા કરતી હતી. આવા ભગવાનનાં દર્શન કરી અક્રૂરજી અત્યંત પ્રસન્ન, પરમ ભકિતથી યુક્ત અને શરીરે રોમાંચિત થયા. તેમનું

અંતઃકરણ તથા નેત્રો ભાવભીનાં બન્યાં. પછી યાદવવંશી તે અક્રૂર ધૈર્ય ધરી, સાવધાન થઈ, બે હાથ જોડી ભગવાનને પ્રણામ કર્યા ને ગળગળી વાણી વડે (આ પ્રમાણે) સ્તુતિ કરી. ૧-૫૭

गिरा गद्गदयाऽस्तौषोत्सत्त्वमालम्ब्य सात्वतः । प्रणम्य मूर्ध्नाऽवहितः कृताञ्जलिपुटः शनैः ॥५७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૩૯ સમાપ્ત.*

## અધ્યાય-૪૦

## અક્રૂરજીએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ

॥ श्रीशुक उवाच ॥

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं नारायणं पुरुषमाद्यमव्ययम् ।
यन्नाभिजातादरविन्दकोशाद्ब्रह्माऽऽविरासीद्यत एष लोकः ॥१॥

**અક્રૂરજી બોલ્યા :** સમગ્ર કારણના પણ કારણ, આદિપુરુષ અને અવિનાશી આપ નારાયણને હું નમસ્કાર કરું છું. જેમની નાભિમાં ઉત્પન્ન થયેલા કમળના દાંડામાંથી બ્રહ્મા પ્રકટ થયા અને તેમનાથી આ જગત ઉત્પન્ન થયું છે, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, માયા, પુરુષ, મન, ઈન્દ્રિયો, સર્વ ઈન્દ્રિયોના વિષયો અને સર્વ દેવો—આ બધાં જગતનાં કારણો આપના અંગથી જન્મ્યાં છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જણાતાં આ માયા વગેરે જડરૂપે સિદ્ધ થયાં છે, જેથી સર્વના આત્મારૂપ આપના સ્વરૂપને જાણી શકાતાં નથી; તેમ જ માયાના ગુણોથી બંધાયેલા બ્રહ્મા પોતે પણ ગુણોથી પર આપના સ્વરૂપને જાણી શકતા નથી; અથવા માયા અને તેનાં મહત્તત્ત્વાદિ કાર્ય પોતાના સ્વરૂપને તેમ જ આપના સ્વરૂપને પણ જાણતા નથી, કેમ કે તેઓ જડ છે. જોકે જીવ બધું જાણનારો છે, તોપણ ગુણોથી બંધાયેલો તે, ગુણોથી પર આપના સ્વરૂપને જાણતો નથી, છતાં ઉત્તમ યોગીઓ, અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવના સાક્ષી તેઓના અંતર્યામી અને નિયંતા સાક્ષાત આપને ભજે છે. કેટલાક કર્મયોગી બ્રાહ્મણો વેદવિદ્યાએ વિસ્તારેલા યજ્ઞો કરી અનેક જાતનાં રૂપોવાળા ઈન્દ્ર, વરુણાદિ દેવોના નામે આપને પૂજે છે. કેટલાક જ્ઞાનીઓ સર્વ કર્મો તજી શાંતિ સ્વીકારીને જ્ઞાનયજ્ઞરૂપ સમાધિથી જ્ઞાનમૂર્તિ આપને પૂજે છે. બીજા કેટલાક (વૈષ્ણવ દીક્ષા, શૈવદીક્ષા વગેરેથી) સંસ્કાર પામેલા આત્માઓ (પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં) કહેલા વિધિથી કેવળ આપમય થઈ બહુમૂર્તિરૂપ તથા એકમૂર્તિરૂપ આપને જ પૂજે છે. હે ભગવન્ ! બીજા કેટલાક શંકર કહેલા માર્ગે શંકરરૂપ આપની જ ઉપાસના કરે છે. તેમાં પણ જુદા જુદા અનેક આચાર્યો હોવાથી જુદા જુદા માર્ગે આપને જ બધા ઉપાસે છે, હે પ્રભુ, જેઓ બીજા દેવના ભક્તો હોઈ બીજા દેવોમાં બુદ્ધિવાળા છે, તેઓ પણ હે સર્વદેવમય ! આપ ઈશ્વરને જ આરાધે છે. જેમ પર્વતમાંથી નીકળેલી અનેક નદીઓ મેઘના જળથી ભરાઈને ચોતરફથી સમુદ્રમાં મળે છે, તેમ હે પ્રભો ! જગત ઉપરના સર્વ ધર્મમાર્ગો છેવટે આપમાં જ મળે છે. સત્ત્વગુણ રજોગુણ ને તમોગુણ એ આપની શકિત-પ્રકૃતિના ગુણો છે ને તેઓમાં સ્થાવરથી માંડી બ્રહ્મા સુધીની પ્રકૃતિના કાર્યની ઉપાધિવાળા જીવો પરોવાયેલા છે. અર્થાત્ સર્વ જીવો પોતપોતાની ઉપાધિ દ્વારા ત્રણ ગુણોમાં, ત્રણ ગુણો પ્રકૃતિમાં અને પ્રકૃતિ આપમાં પરોવાયેલી છે. આ રીતે ઉપાધિનો લય થતાં સર્વે આપમાં જ પ્રવેશે છે; અથવા આપનો પ્રકૃતિના ગુણોમાં પરોવાયેલા બ્રહ્માદિ દેવો આપથી જુદા નથી, માટે આપ જ સર્વ દેવમય છો આપની બુદ્ધિ (પ્રકૃતિના ગુણમાં) લેપાતી નથી. આપ સર્વસ્વરૂપ અને સર્વની બુદ્ધિના સાક્ષી છો. હું આપને નમસ્કાર કરું છું. જેઓ દેવ, મનુષ્ય

કે તિર્યંચરૂપે પોતાને માને છે એટલે કે તે તે શરીરો પર ‘આ હું છું’ એવું અભિમાન કરે છે, તેઓને આપની અવિદ્યાથી રચાયેલો આ સંસાર લાગુ જ રહે છે. (આપમાં ને બીજા જીવોમાં આ વિશેષતા છે.) અગ્નિ આપનું મુખ, પૃથ્વી પગ, સૂર્ય નેત્ર, આકાશ નાભિ, દિશાઓ કાન, સ્વર્ગ મસ્તક, દેવો બાહુઓ, સમુદ્રો પેટ અને વાયુ આપના પ્રાણ તથા બળરૂપે મનાય છે; તેમ જ વૃક્ષો તથા ઔષધિઓ આપનાં રૂંવાટાં, મેઘો કેશ, પર્વતો આપ પરમેશ્વરનાં હાડકાં ને નખ છે. રાત્રિ ને દિવસ નેત્રના પલકારા, પ્રજાપતિ ગુહ્ય ઇંદ્રિય અને વૃષ્ટિ આપનું વીર્ય છે. હે અવિનાશી દેવ ! જેમ જળમાં અનંત સૂક્ષ્મ જંતુઓ અથવા ઉંબરાના ફળમાં અનેક મચ્છરો (એકબીજાની વાતને ન જાણતા) ફરે છે, તેમ કેવળ મનોવૃત્તિથી જાણવા યોગ્ય આપ પૂર્ણ પરમેશ્વરમાં અનંત જીવોથી વ્યાપ્ત અને લોકપાલો સહિત આ લોકો કલ્પાયેલા છે—અનંત બ્રહ્માંડો આપ વિષે ફર્યા કરે છે. આપ ક્રીડા કરવા જે જે સ્વરૂપો ધરો છો, તે તે દ્વારા જેમનો શોક દૂર થાય છે, એવા આ લોકો હર્ષપૂર્વક આપનો યશ ગાય છે. હે પ્રભો ! આપે વેદો, ઋષિઓ, ઔષધિઓ અને સત્યવ્રત આદિની રક્ષા માટે મત્સ્યરૂપ ધારણ કર્યું અને પ્રલય કાળના જળમાં વિહાર કર્યો, તે આપના મત્સ્યરૂપને હું નમસ્કાર કરું છું. આપે મધુ અને કૈટભ નામના અસુરોનો સંહાર કરવા માટે હયગ્રીવ અવતાર ધારણ કર્યો હતો. આપના તે રૂપને પણ હું નમસ્કાર કરું છું. મંદરાચળને ધરનાર, મોટા કાચબાનો અવતાર લેનાર આપને હું નમસ્કાર કરું છું. પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપ ક્રીડા કરવા વરાહઅવતાર લેનાર આપને હું નમસ્કાર કરું છું. હે સજ્જનોના ભયનો નાશ કરનાર દેવ ! અદ્‌ભુત સિંહનો અવતાર લેનાર આપ નૃસિંહ ભગવાનને નમસ્કાર કરું છું. ત્રણે જગતને (ત્રણ પગલાંથી) માપી લેનાર આપ વામન ભગવાનને હું નમસ્કાર કરું છું. ગર્વિષ્ઠ ક્ષત્રિયોરૂપી વનને કાપનાર આપ પરશુરામને હું નમસ્કાર કરું છું. રાવણનો નાશ કરનાર આપ રઘુવર્ય રામચંદ્રને હું નમસ્કાર કરું છું. આપ વાસુદેવને નમસ્કાર કરું છું. આપ સંકર્ષણને હું નમસ્કાર કરું છું. આપ પ્રદ્યુમ્નને નમસ્કાર કરું છું. અને ભકતોના પતિ આપ અનિરુદ્ધને હું નમસ્કાર કરું છું. દૈત્ય અને દાનવોને મોહ ઉપજાવનાર શુદ્ધ બુદ્ધ ભગવાન આપને હું નમસ્કાર કરું છું ને લગભગ મ્લેચ્છ બનેલા ક્ષત્રિયોનો સંહાર કરનાર કલ્કિસ્વરૂપ ‘આપને હું નમસ્કાર કરું છું. હે ભગવન્ ! આપની માયાથી મોહિત થયેલા આ જીવલોક હું—મારું’ એવો મિથ્યા આગ્રહ કરે છે, જેથી કર્મમાર્ગમાં ભટકે છે. હે વ્યાપક દેવ ! હું મૂર્ખ પણ સ્વપ્ન જેવાં (મિથ્યા) શરીર, પુત્ર, ઘર, સ્ત્રી, ધન તથા સ્વજનો વગેરેમાં સત્યબુદ્ધિથી ભટકું છું. અનિત્ય કર્મફળને નિત્ય, આત્મા નહિ એવા દેહને આત્મા તેમ જ દુઃખરૂપ ઘર વગેરેમાં સુખ માનતો અને અજ્ઞાનથી ઘેરાઈને રાગદ્વેષ અથવા સુખદુઃખ વગેરેમાં જ રમનારો હું આત્માને પ્રેમ કરવાનું એક જ સ્થાન આપને જાણતો નથી. જેમ મૂર્ખ મનુષ્ય ઘાસ વગેરેથી ઢંકાયેલા (સત્ય) જળને તજી ઝાંઝવાનાં જળ તરફ દોડે, તેમ હું પણ આપને છોડી દેહ સમ્મુખ દોડી રહ્યો છું. દેહને જ આત્મા માની તેના લાલનપાલનમાં મચી રહ્યો છું. મારી બુદ્ધિ વિષયવાસનાથી યુક્ત હોઈ હું કામ કર્મથી ડહોળાયેલા અને બળવાન ઈન્દ્રિયોથી (વિષયો તરફ) આમતેમ ઘસડાઈ જતા મારા મનને રોકવાનો ઉત્સાહ કરી શકતો નથી. હે ઈશ્વર ! આવો હું આપનાં દુર્જનોને દુર્લભ ચરણને શરણ આવ્યો છું. તે પણ આપની જ કૃપા છે તેમ હું માનું છું. હે કમળ જેવી નાભિવાળા ! (અથવા) કમળ જેમની નાભિમાં છે એવા દેવ ! જીવને (આપની કૃપાથી) સંસારની સમાપ્તિ થયાનો વખત આવે છે ત્યારે સત્પુરુષોની સેવા દ્વારા આપ વિષે બુદ્ધિ થાય છે. કેવળ વિજ્ઞાનમૂર્તિ, સમસ્ત જ્ઞાનના કારણ જીવને સુખદુઃખ આપનારા કાલ-કર્મ-સ્વભાવ વગેરેના

નિયંતા અને અનંત શક્તિવાળા આપ પૂર્ણ બ્રહ્મને હું નમસ્કાર કરું છું. (ચિત્તના અધિષ્ઠાતા) આપ વાસુદેવને હું નમસ્કાર કરું છું. (અહંકારના અધિષ્ઠાતા અને) સર્વ પ્રાણીઓના આશ્રય આપ સંકર્ષણને હું નમસ્કાર કરું છું; અને હે ઇન્દ્રિયોના નિયંતા ! (બુદ્ધિ તથા મનના સાક્ષી) હે પ્રદ્યુમ્ન ! તથા હે અનિરુદ્ધ ! હું આપને નમસ્કાર કરું છું, હે પ્રભો ! શરણે આવેલા મારું આપે રક્ષણ કરો. ૧-૩૦

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च । हृषीकेशं नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥३०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૦ સમાપ્ત.*

## અધ્યાય-૪૧

## મથુરામાં પ્રવેશ, ધોબીને દંડ તથા માળી અને દરજીને વરદાન

॥ श्रीशुक उवाच ॥

स्तुवतस्तस्य भगवान् दर्शयित्वा जले वपुः । भूयः समाहरत् कृष्णो नटो नाट्यमिवात्मनः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સ્તુતિ કરતા અક્રૂર ને જળમાં પોતાનું સ્વરૂપ બતાવી શ્રીકૃષ્ણ જેમ નાટકને સંકેલી લે, તેમ પોતાના સ્વરૂપને અદૃશ્ય કર્યું. અક્રૂર પણ ભગવાનને અદૃશ્ય થયેલા જોઈ ઉતાવળા જળમાંથી બહાર નીકળ્યા અને સર્વ નિત્ય કર્મ કરી આશ્ચર્ય પામતા રથ પાસે આવ્યા; એટલે શ્રીકૃષ્ણે તેમને પૂછ્યું : શું તમે પૃથ્વી પર, આકાશમાં, જળમાં કંઈ આશ્ચર્ય જેવું જોયું ? કેમ કે અમે તમને એવા જોઈએ છીએ.'

**અક્રૂરજી બોલ્યા :** આ પૃથ્વી પર આકાશમાં કે જળમાં જેટલાં આશ્ચર્યો છે, તે બધાં આપને વિષે જ છે, જેથી આપનું દર્શન કરતાં મેં ક્યું આશ્ચર્ય નથી જોયું ? હે બ્રહ્મન્ ! આપ વિષે સર્વ આશ્ચર્યો રહેલાં છે. આપનાં પ્રત્યક્ષ દર્શન કરતાં મને પૃથ્વી પર, આકાશમાં કે જળમાં કયું આશ્ચર્ય દેખાયું છે ? અર્થાત્ આપ વિના બીજા કોઈ સ્થળે કંઈ આશ્ચર્ય છે જ નહિ. એમ કહી ગાંદિનીના પુત્ર અક્રૂરે રથને હાંકવા માંડયો અને સાયંકાળે બળદેવજી તથા શ્રીકૃષ્ણને લઈ મથુરામાં પહોંચ્યા. હે રાજન્ ! માર્ગમાં ત્યાં એકઠા થયેલા ગામડાંના લોકો વસુદેવના બંને પુત્રને જોઈ પ્રસન્ન થઈ દૃષ્ટિને પાછી વાળી શકતા નહિ—તેમને જોતા જ ઊભા રહેતા. તેટલામાં નંદરાય વગેરે વ્રજવાસીઓ આગળથી મથુરા શહેરના બગીચા પાસે પહોંચી શ્રીકૃષ્ણ તથા બળદેવજીની રાહ જોતા ઊભા હતા, જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ તેઓને મળી વિનયવાળા અક્ષરના હાથને હાથથી પકડી જાણે હસતા હોય તેમ મુખ મલકાવતા કહેવા લાગ્યા : 'તમે હવે આગળથી શહેરમાં તમારે ઘેર જાઓ. અમે તો અહીં વિસામો લઈ પછી શહેર જોઈશું.'

**અક્રૂરજી બોલ્યા :** હે પ્રભો ! હું આપ બંને વિના મથુરામાં પ્રવેશ કરીશ નહિ. હે નાથ ! હે ભક્તવત્સલ ! આપના ભક્ત મને તજવા આપ યોગ્ય નથી. માટે હે અતીન્દ્રિય દેવ ! પધારો; આપણે સાથે જ જઈએ. હે શ્રેષ્ઠ સંબંધી ! આપ આ મોટાભાઈ સાથે અને આપના સંબંધી ગોવાળિયા સાથે (પધારી) અમારા ઘરને સનાથ કરો. આપના ચરણની રજને ધોયેલા જળથી પિતૃઓ તથા અગ્નિ સહિત દેવો તૃપ્ત થાય છે, તે રજ વડે અમારાં સંસારીઓનાં ઘર આપ પવિત્ર કરો. આપના બંને ચરણને જળથી પખાળી બલિરાજા મહાપ્રશંસાપાત્ર થયો અને અતુલ ઐશ્વર્ય પામ્યો. વળી આપના ચરણ પખાળ્યાના પવિત્ર જળે (ગંગાજીએ) ત્રણે લોકને પવિત્ર કર્યા છે; એટલું જ નહિ, પણ શંકરે તે જળને મસ્તકે ધર્યું છે અને તે જળના જ પ્રભાવથી સગર રાજાના પુત્રો સ્વર્ગમાં ગયા છે. હે દેવોના દેવ ! હે જગતના નાથ !

હે પવિત્ર શ્રવણ—કીર્તનવાળા ! હે યાદવશ્રેષ્ઠ ! હે ઉત્તમ કીર્તિવાળા ! હે નારાયણ ! હું આપને નમસ્કાર કરું છું. (આપ મારે ઘેર પધારો.)

**શ્રી ભગવાન બોલ્યા :** હું યાદવોના સમૂહનો દ્રોહ કરનારા કંસને મારી, મારા મોટાભાઈ સાથે તમારે ઘેર આવીશ અને સંબંધીઓનું પ્રિય કરીશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન કૃષ્ણે એમ કહ્યું એટલે અક્રૂર મનમાં ઉદાસ જેવા થઈ, શહેરમાં દાખલ થયા અને (પોતે કરેલું) તે કામ કંસને જણાવી ઘેર ગયા. પછી દિવસના પાછલા ભાગમાં ભગવાન કૃષ્ણે બળદેવજીની સાથે ગોવાળિયાઓથી વીંટળાઈને (શહેર) જોવાની ઈચ્છાથી મથુરામાં પ્રવેશ કર્યો. અને તે નગરીને જોવા માંડી. એના દરવાજા ઊંચા અને ઘરોનાં બારણાં સ્ફટિક મણિનાં હતાં, દરવાજાઓનાં કમાડ અને તોરણો પણ સોનાનાં હતાં, ધાન્યના કોઠારો તથા અશ્વશાળાઓ તાંબાની અને પિત્તળની હતી, ચોતરફ ખાઈ હોવાથી એ નગરી (શત્રુઓને) પેસવી મુશ્કેલ હતી, તે દૂર રહેલા બાગ–બગીચાઓથી અને નજીકના બગીચાઓથી શોભતી હતી. સોનાનાં ચૌટાં, ધનવાનોની હવેલીઓ, ઘરની આસપાસના બગીચા એક જ જાતના ધંધા પર આજીવિકા ચલાવનારાઓનાં એક સ્થળે બેસવાનાં સભાભવનો અને બીજાં ઘરોથી તે નગરી સુશોભિત હતી. વદૂર્યમણિ, હીરા, સ્ફટિકમણિ, નીલમ, પરવાળાં, તથા લીલા મણિઓથી જડેલાં ઘરના આગલા ભાગનાં છજાં, ઓટલીઓ, જાળિયાંઓનાં છિદ્રો તથા તળિયાની ભૂમિઓ પર કબૂતરો તથા મોર પક્ષીઓ બેઠાં હતાં ને તેથી એ નગરી ગાજતી હતી. તેની શેરીઓ બજારો, માર્ગો તથા ચૌટાં જળથી છટાયાં હતાં. જ્યાંત્યાં છૂટાં પુષ્પો, જવારા, ડાંગરોની ધાણી ને ચોખા વેર્યા હતા. અને દરેક ઘરનાં બારણાં દહીં તથા ચંદનથી છંટાયેલાં હોઈ પુષ્પો, દીવા, નવપલ્લવો, ફળની લૂમોવાળી કેળો, સોપારીઓ, ધજાઓ તથા જળ ભરેલા કળશો મૂકી સારી રીતે શણગાર્યા હતાં. હે રાજા ! વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ અને બળદેવ મિત્રોથી વીંટાઈ ત્યાં રાજમાર્ગમાં દાખલ થયા એટલે તેમનાં દર્શન કરવા શહેરની સ્ત્રીઓ (ઘરમાંથી નીકળી) ઉતાવળી સામી આવી તથા કેટલીક સ્ત્રીઓ બહુ ઉત્સુક્તાથી (ઘરમાંથી, બહાર ન નીકળતાં) હવેલીઓ ઉપર ચડી ગઈ તેમાંની કેટલીક સ્ત્રીઓએ (ઉતાવળમાં) વસ્ત્રો તથા આભૂષણો જેમતેમ આડાઅવળાં પહેર્યા, કેટલીક સાથે પહેરવાના બે દાગીનાઓમાંથી એકને ભૂલી એક જ પહેરીને આવી. કેટલીક કાનમાં એક જ કુંડળ અને કેટલીક પગમાં એક જ ઝાંઝર પહેરીને આવી. બીજી કેટલીક આંખને આંજ્યા વિના, કેટલીક ભોજન કરવાનું પડતું મૂકી, કેટલીક શરીરે મર્દન કરતી તેને અધૂરું મૂકી અને કેટલીક નાહ્યા વિના જ દોડી, કેટલીક સૂતેલી સ્ત્રીઓ લોકોનો શબ્દ સાંભળી ઊઠીને આવી અને બીજી કેટલીક માતાઓ બાળકોને ધવડાવતી આવી પહોંચી. મદોન્મત્ત હાથી સરખા પરાક્રમી અને લક્ષ્મીને પણ આનંદ ઉપજાવનારા પોતાના શરીર વડે સર્વ લોકોની દૃષ્ટિને આનંદ આપતા કમળનયન શ્રીકૃષ્ણે ઉદાર વિલાસો, હાસ્ય તથા જોવા વડે તે મથુરાની સ્ત્રીઓનાં મન હરી લીધાં. હે કામરૂપી શત્રુને જીતનાર રાજા ! વારંવાર સાંભળેલા તે કૃષ્ણનાં દર્શન કરી તેમની પાછળ જ લાગેલાં મનવાળી અને શ્રીકૃષ્ણની દષ્ટિ તથા મંદ હાસ્યરૂપી અમૃતસિંચનથી માન પામેલી તે મથુરાની સ્ત્રીઓ ઉઘાડેલાં નેત્રોરૂપી દ્વારથી મનમાં મેળવેલા, તે આનંદમૂર્તિ ભગવાનને આલિંગન કરી રોમાંચિત બની અને (તેમને નહિ પામવાથી ઉત્પન્ન થયેલી) અનંત માનસિક વેદના તજી પછી હવેલીઓનાં શિખરો પર ચડેલી અને પ્રીતિથી પ્રફુલ્લ મુખકમળવાળી તે મદમાતી સ્ત્રીઓએ બળદેવજી અને શ્રીકૃષ્ણ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પ્રસન્ન થયેલા બ્રાહ્મણો સ્થળે સ્થળે જળપાત્રો સહિત

દહીં, ચોખા, પુષ્પોની માળા, ચંદન તેમ જ ભેટો વડે શ્રીકૃષ્ણ તથા બળદેવજીની પૂજા કરવા લાગ્યા. એ સમયે નગરવાસી સ્ત્રીઓ કહેતી હતી : અહો ! ગોપીઓએ કયું મોટું તપ કર્યું હશે કે જેનો મનુષ્યલોકના મહાન ઉત્સવરૂપ આ બન્ને ભાઈઓનાં દર્શન કરે છે ! તેવામાં કોઈ ધોબી જે વસ્ત્રો રંગવાનું પણ કામ કરતો હતો, તે (સામેથી) આવતો હતો; તેને જોઈ ભગવાને તેની પાસે ધોયેલ ઉત્તમ વસ્ત્રો માગ્યાં (અને કહ્યું :) 'હે ધોબી ! અમે બન્ને યોગ્ય છીએ.' માટે તું મને યોગ્ય વસ્ત્રો આપ, તું અમને વસ્ત્રો આપીશ કે તેથી તારું પરમ કલ્યાણ થશે એમાં સંશય નથી. સર્વ પ્રકારે પૂર્ણ કામનાવાળા છતાં ભગવાન શ્રીકૃષ્ણે એમ વસ્ત્રો માંગ્યાં તોપણ રાજાનો સેવક હોવાથી અત્યંત છકેલા તે ધોબીએ ક્રોધાયમાન થઈ તિરસ્કાર સાથે કહ્યું : 'અરે ઉદ્ધતો ! પહાડોમાં ને જંગલોમાં ભટકનારા તમે નિત્ય આવાં વસ્ત્રો પહેરતા હશો ખરા કે જેથી આ રાજદ્રવ્યને ઈચ્છો છો ? અલ્યા મૂર્ખાઓ અહીંથી જલદી ચાલ્યા જાઓ. જો તમારે જીવવાની ઈચ્છા હોય તો આવી માગણી કદી કરવી નહિઃ કારણ કે ઉદ્ધતને રાજાના સેવકો કેદ કરે છે. મારે છે અને લૂંટી લે છે. એમ ધોબી બડાઈ હાંકવા લાગ્યો, એટલે કાપેલા શ્રીકૃષ્ણે હાથના એક તમાચા વડે ધોબીના શરીર પરથી મસ્તક ઉડાવી દીધું. પછી તે ધોબીના સર્વ સેવકો માર્ગમાં જ વસ્ત્રોના ગાંસડા છોડી ચારે બાજુ નાસી ગયા. અને ભગવાને વસ્ત્રો લઈ લીધાં. પછી શ્રીકૃષ્ણ તથા બળદેવે પોતાને ગમ્યાં તેવાં વસ્ત્રો પહેર્યાં અને બાકીનાં પૃથ્વી પર છોડી નાખી કેટલાક ગોવાળિયાઓને આપ્યાં, પછી એક દરજીએ પ્રસન્ન થઈ તે બંનેને રંગબેરંગી વસ્ત્રોનો યોગ્ય બંધ બેસતો પોશાક તૈયાર કરી આપ્યો. એ સમયે તરેહતરેહના બે પોશાકો વડે શ્રીકૃષ્ણ તથા બળદેવજી પર્વના સમયે સારી પેઠે શણગારેલાં કાળાંધોળાં હાથીનાં બે બચ્ચાંની પેઠે શોભતા હતા. ભગવાન કૃષ્ણે તે દરજી પર પ્રસન્ન થઈ તેને પોતાનું સારૂપ્ય અને આ લોકમાં ઉત્તમ પ્રકારની લક્ષ્મી, બળ, ઐશ્વર્ય તથા ઇંદ્રિયસામર્થ્ય આપ્યાં. પછી શ્રીકૃષ્ણ તથા બળદેવજી સુદામા નામના માળીને ઘેર ગયા; એટલે તેમને જોઈ માળીએ ઊભા થઈ પૃથ્વી પર મસ્તક નમાવી તેમને પ્રણામ કર્યા. અને ગોવાળિયા સહિત તે બંનેને આસન તથા પગ ધોવાનું પાણી આપી, પૂજા સામગ્રીથી પૂજા કરીને પુષ્પોની માળા, તાંબૂલ તથા વિલેપનથી તેઓનો સત્કાર કર્યો. પછી તે માળી કહેવા લાગ્યો : હે પ્રભો ! આપ બન્નેના પધારવાથી અમારો જન્મ સાર્થક થયો છે, અમારું કુળ પવિત્ર થયું છે અને પિતૃઓ, દેવો ને ઋષિઓ આજે મારા પર પ્રસન્ન થયેલા છે, આપ બન્ને જગતના પરમ કારણ હોઈ જગતનું કલ્યાણ તથા રક્ષણ કરવા પોતાના અંશ (ગોવાળિયા તથા યાદવો) સાથે અવતર્યા છે. આપ પ્રેમ કરનારાઓ ઉપર જ પ્રેમ કરો છો ; તોપણ આપ સર્વ પ્રાણીઓના સમાનપણે રહેલા જગતના આત્મા અને સર્વના મિત્ર છે, તેથી આપ બન્નેને વિષમ દૃષ્ટિ છે જ નહિ. આપ બન્ને મને સેવકને આજ્ઞા કરો. હું આપનું કયું કામ કરું ? આપ આજ્ઞા કરો, તે જ પુરુષ ઉપર (આપની) મોટી કૃપા છે; હે રાજેન્દ્ર ! એમ કહી સુદામા માળીએ ભગવાનનો અભિપ્રાય જાણી, પ્રસન્નચિત્તે તેમને ઉત્તમ સુગંધવાળાં પુષ્પોની માળાઓ બનાવી આપી. શ્રીકૃષ્ણ તથા બળદેવજી પોતાના અનુયાયીઓ સાથે તે પુષ્પમાળાઓથી સારી રીતે સુશોભિત થઈ પ્રસન્ન થયા. પછી અભીષ્ટ આપનારા તે બન્નેએ પ્રણામ કરતા તે શરણાગત માળીને વરદાનો આપ્યાં. માળીએ પણ સમગ્રના આત્મા તે ભગવાનમાં અચળ ભકિત, તેમના ભક્તો પર પ્રેમ તથા પ્રાણીઓ પર પરમ દયા માગી. એટલે શ્રીકૃષ્ણ તેના માગ્યા પ્રમાણે વરદાન અને વંશને વધારનારી લક્ષ્મી, બળ, આયુષ્ય, યશ તથા કાંતિ આપીને મોટાભાઈ સાથે ત્યાંથી વિદાય થયા. ૧-૫૨

इति तस्मै वरान् दत्त्वा श्रियं चान्वयवर्धिनीम् । बलमायुर्यशः कान्तिं निर्जगाम सहाग्रजः ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૧ સમાપ્ત.*

## અધ્યાય-૪૨

## શ્રીકૃષ્ણે કુબ્જાને સુંદરી બનાવી તથા ધનુષ્યનો ભંગ કર્યો

॥ राजोवाच ॥

अथ व्रजन् राजपथेन माधवः स्त्रियं गृहीताङ्गविलेपभाजनाम् ।
विलोक्य कुब्जां युवतिं वराननां पप्रच्छ यान्ती प्रहसन् रसप्रदः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી રાજમાર્ગમાં જતા શ્રીકૃષ્ણે એક તરુણ સ્ત્રીને જતી જોઈ તેણે શરીર પર વિલેપન કરવાના ચંદનનું પાત્ર હાથમાં લીધું હતું. દેખાવમાં તે કૂબડી હતી. છતાં તેનું મુખ સુંદર હતું. સુખ આપનારા ભગવાને હસતાં તે સ્ત્રીને પૂછ્યું : 'ઓ સુંદરાંગી ! હે સુંદર સાથળોવાળી ! તું કોણ છે ? આ વિલેપન કોનું છે ? તે તું ખરેખરું કહે. એ ઉત્તમ વિલેપન તું અમને બન્નેને આપ, જેથી તારું તત્કાળ કલ્યાણ થશે.'

**કુબ્જા દાસી બોલી :** 'હે સુંદર ! હું વિલેપન કરવાના કામમાં નિમાયેલી કંસની માનીતી દાસી છું. મારું નામ ત્રિવક્રા છે. મેં તૈયાર કરેલું વિલેપન ભોજપતિ કંસને અત્યંત પ્રિય છે. તમારા બંને વિના બીજો કોણ આ વિલેપનને યોગ્ય છે ? (લો, આપ બંને માટે આ ચંદન તૈયાર છે.) એમ કહી શ્રીભગવાનનું રૂપ, સુકુમારતા, રસિકતા, હાસ્ય, ભાષણ તથા જોવાથી મોહિત ચિત્તવાળી કુબ્જાએ તે બન્નેને એ ગાઢું વિલેપન આપ્યું. એટલે પોતાના રંગથી જુદાપીળા રંગ વડે શોભતા તે વિલેપનને તે બંનેએ નાભિથી ઉપરના ભાગમાં લગાડ્યું, જેથી રંગાવાને લીધે બંને ઘણા શોભવા લાગ્યા. ભગવાન કૃષ્ણ પ્રસન્ન થયા. તેમણે પોતાના દર્શનનું ફળ પ્રત્યક્ષ બતાવવા માટે સુંદર મુખવાળી છતાં ત્રણે અંગે વાંકી કુબ્જાને સીધી કરવા વિચાર કર્યો. ભગવાને પોતાના પગ વડે તે કૂબડીની બંને ફણા દબાવી ચત્તા રાખેલા હાથની આંગળીથી તેની દાઢી પકડી તેના શરીરને ઊંચે ખેચ્યું એટલે તરત જ તે સ્ત્રી સરળ ને સીધા અંગવાળી થઈ ગઈ તેમ જ શ્રીકૃષ્ણનો સ્પર્શ થતાં જ મોટા નિતંબ તથા સ્તનવાળી ઉત્તમ મદમાતી સુંદરી બની ગઈ. પછી, રૂપ, ગુણ તથા ઉદારતાવાળી તે સ્ત્રી કામાતુર બની હસતી શ્રીકૃષ્ણના વસ્ત્રનો છેડો ખેંચી તેમને કહેવા લાગી, 'હે વીર ! પધારો આપણે ઘેર જઈએ. હું આપને તજવા ઈચ્છતી નથી. હે મહાપુરુષ !' આપે મારા મનને મથી નાખ્યું છે. આપ મારા ઉપર પ્રસન્ન થાઓ,' એમ બળરામના દેખતાં તે સ્ત્રીએ શ્રીકૃષ્ણ પાસે માગણી કરી, એટલે શ્રીકૃષ્ણે બળરામ તથા અનુયાયી ગોવાળિયાઓનાં મુખ સામે જોઈ હસતાં તેને કહ્યું : 'હે સુંદર ભ્રૂકુટિવાળી !' હું મારું કાર્ય સાધ્યા પછી તારે ઘેર આવીશ. તારું ઘર પુરુષોની માનસિક પીડાને હરનારું હોઈ ઘર વિનાના અમને મુસાફરોને તો તું પરમ આશ્રયરૂપ છે. આવી મધુર વાણીથી તેને વિદાય કરી શ્રીકૃષ્ણ માર્ગમાં જતા હતા, તે વેળા વેપારીઓએ અનેક જાતની ભેટો, તાંબૂલ, પુષ્પમાળા તથા ચંદન વડે તેમની અને તેમના મોટાભાઈની પૂજા કરી. સ્ત્રીઓ તો તેમનું દર્શન થતાં કામના આવેશથી પોતાનું ભાન જ ભૂલી ; તેઓનાં વસ્ત્રો, અંબોડા અને કંકણો સરકી પડયાં અને ચિત્રમાં ચીતરી હોય તેવી નિચેષ્ટ થઈ ગઈ. પછી ભગવાન નગરવાસીઓને ધનુર્યાગનું સ્થાન પૂછતા ત્યાં પહોંચ્યા અને ત્યાં પેસતાં જ તેમણે ઈંદ્રધનુષ્ય જેવું અદ્‌ભુત ધનુષ્ય જોયું. અનેક પુરુષો તેની રક્ષા કરતા હતા, તેનું પૂજન કર્યું હતું અને તેની શોભા ઉત્કૃષ્ટ હતી. લોકોએ વાર્યા છતાં શ્રીકૃષ્ણ બળાત્કારે તે ધનુષ્ય ઉપાડયું અને રમતથી ડાબે હાથે ઊંચકી આંખના પલકારા જેટલા સમયમાં તેમાં દોર ચડાવી સર્વ પુરુષોના દેખતાં

તેને ખેંચ્યું અને મદોન્મત્ત હાથી શેરડીના સાંઠાને જેમ ભાંગી નાખે, તેમ મહાપરાક્રમી શ્રીકૃષ્ણે વચ્ચેથી તેને ભાંગી નાખ્યું. ધનુષ્ય ભાંગતાં તેનો જે અવાજ થયો તેણે સ્વર્ગ, આકાશ, પૃથ્વી તથા સર્વ દિશાઓને ભરી દીધી. તે અવાજ સાંભળી કંસ ત્રાસ પામ્યો. પછી ધનુષ્યના રક્ષકોએ અનુચરો સાથે ક્રોધાયમાન થઈ હથિયાર લઈ 'પકડો બાંધો' એમ કહી શ્રીકૃષ્ણને પકડવાની ઈચ્છાથી ઘેરી લીધા. બળરામ તથા શ્રીકૃષ્ણ તેઓને દુષ્ટ અભિપ્રાયવાળા જોઈ કોપી ઊઠયા. તેમણે ભાંગેલા ધનુષ્યના ટૂકડા ઉઠાવી તેઓને મારવા માંડયા. પછી કંસે મોકલેલા સૈન્યનો પણ નાશ કરી તેઓ ધનુષ્યશાળામાંથી બહાર નીકળ્યા અને શહેરની સંપત્તિઓ જોઈ આનંદ પામતા ફરવા લાગ્યા. નગરવાસીઓ તે બન્નેનું એ અદ્ભુત પરાક્રમ પ્રભાવ, ધૃષ્ટતા તથા રૂપ જોઈ તેમને ઉત્તમ દેવો માનવા લાગ્યા. શ્રીકૃષ્ણ તથા બળરામ ગોવાળિયાઓથી વીંટાઈને એ રીતે પોતાની ઈચ્છાનુસાર શહેરમાં ફરતા હતા. તેટલામાં સૂર્ય અસ્ત પામ્યો એટલે તેઓ બંને શહેરમાંથી જયાં પાંતાનાં ગાડાં છોડ્યાં હતાં ત્યાં ગયા. શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને છોડી મથુરા જવા નીકળ્યા હતા ત્યારે વિરહાતુર ગોપીઓએ જે મનોરથો (મથુરાના લોકો સંબંધી) કર્યા હતા, તે મનોરથ પુરુષોમાં અલંકાર સરખા શ્રીકૃષ્ણના શરીરની શોભાનું દર્શન કરતા, મથુરાના લોકો વિષે સત્ય થયા. ભગવાનના એ શરીરને લક્ષ્મીદેવી પોતાને ભજતા બ્રહ્મા વગેરે દેવોને તજી પોતાના નિવાસસ્થાન તરીકે ઈચ્છે છે. પછી શ્રીકૃષ્ણે તથા બળદેવજી બંનેએ પણ પગ ધોઈને દૂધ સાથે અન્નનું ભોજન કર્યું અને કંસે શું કર્યું અને શું કરવા ધારે છે તે જાણી ત્યાં સુખપૂર્વક તે રાત્રિ રહ્યા. દુષ્ટ બુદ્ધિવાળો કંસ પણ ધનુષ્યનો એ ભંગ અને રક્ષકોનો તથા પોતાના સૈન્યનો નાશ શ્રીકૃષ્ણ તથા બળરામની રમત જેવો સાંભળી ભયભીત બની, લાંબા ઉજાગરા કરતો ઊંઘતાં ને જાગતાં બંને સ્થિતિમાં મૃત્યુને સૂચવનારા અનેક અપશુકનો જોવા લાગ્યો. પોતાનું પ્રતિબિંબ જોતાં તેમાં તેને પોતાનું મસ્તક ન દેખાયું, નેત્રમાં ફેરફારો કરનારો બીજો કોઈ પદાર્થ ન હોવા છતાં ચંદ્ર વગેરે તેજસ્વી પદાર્થોનાં સ્વરૂપોને તે બબ્બે જોવા લાગ્યો. પોતાના પડછાયામાં તેને છિદ્રો દેખાયાં, કાન બંધ કરતાં સંભળાતો અવાજ એને ન સંભળાયો; વૃક્ષોમાં તેને સોનેરી રંગ દેખાયો. ધૂળ કે કાદવમાં પોતાનાં પગલાં તેને ન દેખાયાં; સ્વપ્નમાં તેને મુડદાં ભેટતાં; ગધેડા ઉપર સવાર થતો; ઝેર ખાતો અને અને પોતે એકલો જાસુદની માળા પહેરી શરીરે તેલ ચોળી નાગો જતો હતો. આવાં બીજાં પણ અનિષ્ટો ઊંઘતાં અને જાગતાં જોતો તે મરણથી ભય પામ્યો. તેને ચિંતાથી નિંદ્રા આવી નહિ. પછી હે કુરુવંશી રાજા ! રાત્રિ વીતી; સવાર થયું અને સૂર્ય જળમાંથી બહાર નીકળ્યો અર્થાત્ ઉદય પામ્યો ત્યારે કંસે મલ્લક્રીડાનો મહોત્સવ ચાલુ કરાવ્યો. પુરુષોએ મલક્રીડાના સ્થાનની પૂજા કરી, તૂરી અને ભેરી નામે વાજાં વાગવા લાગ્યાં પુષ્પોની માળા, પતાકા અને વસ્ત્રોનાં તારણોથી મંડપો શણગાર્યા તેમાં ઉપર શહેરના તથા દેશના બ્રાહ્મણો તેમ જ ક્ષત્રિયો વગેરે સુખપૂર્વક બેઠા. રાજાઓ પણ યોગ્ય આસને બેઠા; પ્રધાનો સાથે કંસ પણ બીજા ખંડિયા રાજાઓ વચ્ચે રાજસિંહાસન પર બેઠો, જોકે તેના હૃદયમાં વ્યાકુળતા હતી. વાજાંઓ વાગવા લાગ્યાં. મલ્લોના તાબોટા વાજાંઓને પણ દાબી દેતા સંભળાવા લાગ્યા અને સારી રીતે શણગારેલા ગર્વિષ્ઠ મલ્લો પોતપોતાના આચાર્યો સાથે ત્યાં સારી રીતે ગોઠવાઈ ગયા. ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ તથા તોશલ નામના (મુખ્ય) મલ્લો પણ સુંદર વાદિંત્રોથી ખુશ થઈ ત્યાં મલ્લોના રંગમંડપમાં હાજર થયા. તે વેળા ભોજરાજા કંસે બોલાવેલા નંદ વગેરે ગોવાળિયા પણ ભેટો ધરી એક માંચડા ઉપર બેસી ગયા. ૧-૩૮

नन्दगोपादयो गोपा भोजराजसमाहुता: । निवेदितोपायनास्ते एकस्मिन्मंच आविशन् ॥३८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૨ સમાપ્ત.*

# અધ્યાય-૪૩

## કુવલયાપીડનો વધ અને અખાડામાં પ્રવેશ

॥ श्रीशुक उवाच ॥

अथ कृष्णश्च रामश्च कृतशौचौ परंतप । मल्लदुन्दुभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतुः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે શત્રુતાપન રાજા ! પછી શ્રીકૃષ્ણ તથા બળદેવજી (આગલે દિવસે જ) પોતાનું નિર્દોષપણું પ્રકટ કરી મલ્લોનાં દુંદુભિને નગારાંનો અવાજ સાંભળી તે જોવાને મલ્લોના અખાડા પાસે ગયા. ત્યાં મલ્લોના અખાડાના દ્વારમાં આવતાં શ્રીકૃષ્ણે મહાવતે હાંકેલા કુવલયાપીડ હાથીને ઊભેલો જોયો. તરત જ શ્રીકૃષ્ણે ભેટ બાંધી, વાંકડિયા કેશ બરાબર સમા કરી મેઘ જેવી ગંભીર વાણીથી હાથીના મહાવતને કહ્યું : ‘ઓ મહાવત ! અલ્યા ઓ મહાવત ! તું અમને બન્નેને (અંદર જવાનો) રસ્તો આપ. અહીંથી ખસીજા; વિલંબ કર મા. નહિ તે હમણાં હાથી સાથે તને યમલોકમાં પહોચાડીશ.’ એમ શ્રીકૃષ્ણે મહાવતનો તિરસ્કાર કર્યો એટલે તેણે કોપાયમાન થઈ (અંકુશ વગેરેથી) કોપાવેલા હાથીને શ્રીકૃષ્ણને મારી નાખવા તેમના તરફ હાંક્યો. તે કાળ, મૃત્યુ તથા યમરાજ જેવો હતો. શ્રીકૃષ્ણ તરફ વેગથી ધસી જઈ તે હાથીએ તેમને સૂંઢથી પકડયા પણ શ્રીકૃષ્ણ તેની સુંઢમાંથી છટકી જઈ તેને મુક્કી મારી તેના ચારે પગની વચ્ચે છુપાઈ ગયા.એટલે શ્રીકૃષ્ણને નહિ જોતો છતાં નાકથી જોનારો હાથી અત્યંત ક્રોધાયમાન થયો. તેણે શ્રીકૃષ્ણને ફરી સૂંઢમાં પકડ્યા પણ શ્રીકૃષ્ણ બળથી તેની સુંઢમાંથી નીકળી ગયા. અને ગરુડ જેમ સર્પને પકડી ધસડે તેમ શ્રીકૃષ્ણ રમતમાત્રમાં પૂંછડું પકડી તે મહાબળવાન હાથીને પચ્ચીસ ધનુષ્ય જેટલે દૂર ઘસડી ગયા. જેમ બાળક ગાયના વાછરડાનું પૂછડું પકડી તેની પાછળ ફરે, તેમ શ્રીકૃષ્ણ પોતાને પકડવા માટે ડાબા જમણા કરતા તે હાથીની પાછળ ડાબાજમણા ફરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણ હાથીની સામે જઈ હાથીને થપ્પડ મારી ચોતરફ ખૂબ દોડવા લાગ્યા અને પગલે પગલે તે હાથીથી સ્પર્શ કરાતા તેને જમીન પર) પાડવા લાગ્યા. વળી દોડતા ભગવાન રમતમાં જ પૃથ્વી પર પડી જઈ એકદમ પાછા ઊભા થઈ જતા એટલે એ હાથી ભગવાનને પૃથ્વી પર પડી ગયેલા માની ક્રોધથી દાંત વડે પૃથ્વી પર પ્રહાર કરતો. એમ (ઘૂમવા વગેરેથી) પોતાનું પરાક્રમ નાશ પામ્યું એટલે તે મહાન હાથી અત્યંત કોપી ઊઠ્યો અને મહાવતના હાંકવા પ્રમાણે રોષથી શ્રીકૃષ્ણ સામે દોડયો. ભગવાન શ્રીકૃષ્ણે સામે ધસી આવતા તે હાથીની સામે જઈને હાથથી તેની સૂંઢ પકડી, તેને ભોંય ઉપર પાડયો ને પડેલા તે હાથીને સિંહની પેઠે રમતમાત્રમાં પગથી દબાવી તેનો એક દાંત ઉખેડી કાઢી, તે દાંત વડે જ તે હાથીને તથા મહાવતને શ્રીહરિએ મારી નાખ્યા. પછી મરેલા તે હાથીને છોડી ભગવાને હાથમાં તે હાથીનો દાંત રાખી મલ્લોના અખાડામાં પ્રવેશ કર્યો. એ વખતે ભગવાને હાથીનો દાંત ખંભા પર રાખ્યો હતો. લોહીના અને મદના છાંટાઓથી ભગવાનનું શરીર ચોતરફ છંટાઈ ગયું હતું. અને તેમના મુખકમળ ઉપર પરસેવાનાં ટીપાં આવી રહ્યાં હતા, જેથી તે શોભતા હતા. પછી હે રાજન્ ! કેટલાક ગોવાળિયાઓથી વીંટાયેલા બળદેવ અને શ્રીકૃષ્ણ હાથીદાંતનું ઉત્તમ આયુધ હાથમાં રાખી (મલ્લોના) રંગમંડપમાં દાખલ થયા. મોટાભાઈ સાથે ત્યાં રંગમંડપમાં પધારેલા શ્રીકૃષ્ણ મલ્લોને વજ્ર જેવા, જનમેદની ને મહાપુરુષરૂપે, સ્ત્રીઓને મૂર્તિમાન કામદેવરૂપે, ગોવાળિયાઓને સ્વજન તરીકે, દુષ્ટ રાજાઓને શાસકરૂપે, માતાપિતાને

બાળકરૂપે, કંસને મૃત્યુરૂપે, અજ્ઞાનીઓને વિરાટરૂપે, યોગીઓને પરમ તત્ત્વરૂપે અને યાદવોને પરમદેવરૂપે જણાયા હતા. હે રાજન્ ! કંસ શૂરો હતો, પણ કુવલયાપીડ હાથીને મરાયેલો જોઈને તે બન્ને ભાઈઓને દુર્જય માની અત્યંત ભયભીત બન્યો. મલ્લોના રંગમંડપમાં આવેલા તે બંને ભાઈઓ મોટી ભુજાવાળા અને વિચિત્ર વેષ, અલંકાર, પુષ્પમાળા તથા વસ્ત્રો ધારણ કરતા હોઈ, ઉત્તમ વેષ ધરતા બે નટ જેવા શોભતા હતા અને પોતાની કાંતિ વડે જોનારાઓનાં મન હરતા હતા. હે રાજન્ ! બેઠકો ઉપર બેઠેલા નગરવાસી અને દેશવાસી મનુષ્યોનાં નેત્રો તથા મુખો તે બંને ઉત્તમ પુરુષોને જોતાં જ અતિહર્ષના વેગથી પ્રફુલ્લ બન્યાં. અને તેમને જોવામાં જાણે એ લોકો તૃપ્ત જ ન થતા હોય તેમ નેત્રોથી જાણે પીતા હોય, જીભ વડે ચાટતા હોય, નાક વડે સૂંઘતા હોય અને બાહુઓ વડે ભેટતા હોય તેવા લાગતા હતા. શ્રીકૃષ્ણ—બળદેવનાં રૂપ, ગુણ, માધુર્ય તથા ધૃષ્ટતાએ તે લોકોને જાણે યાદ કરાવ્યું હોય તેમ તેઓ જોયા અને સાંભળ્યા પ્રમાણે પરસ્પર તેમનાં પરાક્રમોનું વર્ણન કરવા લાગ્યા. આ બંને સાક્ષાત ભગવાન શ્રીહરિ નારાયણના અંશ વડે અહીં વસુદેવને ઘેર અવતર્યા છે. આ શ્રીકૃષ્ણ દેવકીમાં જ જન્મ્યા છે, પરંતુ તેમને ગોકુળમાં લઈ જવામાં આવ્યા હતા. આટલા સમય સુધી નંદને ઘેર ગુપ્ત રહી મોટા થયા છે. આ શ્રીકૃષ્ણે પૂતના, તૃણાવર્ત દાનવ, યમલાર્જુન વૃક્ષ, શંખચૂડ યક્ષ, કેશી દૈત્ય, ધેનુકાસુર અને બીજા પણ અઘાસુર વગેરેનો નાશ કર્યો છે. તેમણે ગોવાળિયા સહિત ગાયોને દાવાનળથી છોડાવી છે. કાલિયનાગને વશ કરી (યમુનામાંથી) કાઢયો છે, ઇંદ્રને મદરહિત કર્યો છે, સાત દિવસ સુધી એક હાથે ગોવર્ધન પર્વત ધર્યો છે અને વરસાદ, વાયુ તથા વજ્ર જેવા કડાકાઓથી ગોકુળનું રક્ષણ કર્યું છે. ગોપીઓ આ શ્રીકૃષ્ણના નિત્ય હાસ્ય-દર્શનવાળા મુખને જોતી આનંદપૂર્વક સહજ રીતે જ અનેક જાતના તાપો દૂર કરે છે. વિદ્વાનો કહે છે કે આ શ્રીકૃષ્ણે રક્ષેલો આ યદુવંશ અત્યંત પ્રખ્યાત થશે અને લક્ષ્મી, યશ તથા મોટાઈને પામશે. કમળ સમાન નેત્રવાળા પેલા સુંદર બળરામ તે આ શ્રીકૃષ્ણના મોટાભાઈ છે; એમણે પ્રલંબાસુર, વત્સાસુર તથા બકાસુર વગેરેને માર્યા છે. લોકો એમ કહેતા હતા અને વાજાં વાગતાં હતાં. ત્યારે ચાણૂર મલ્લે શ્રીકૃષ્ણને તથા બળરામને સંબોધીને આ વાક્ય કહ્યું, ‘ઓ નંદપુત્ર કૃષ્ણ ! ઓ બળરામ ! તમે બન્ને વીર પુરુષોમાં માન્ય ગણાઓ છો અને બાહુયુદ્ધ (મલ્લ યુદ્ધ) કરવામાં કુશળ છો; તે સાંભળી (તમારું યુદ્ધ) જોવાની ઈચ્છાથી રાજાએ તમને બોલાવ્યા છે. જે પ્રજાઓ મન, વચન અને કર્મથી રાજાનું પ્રિય કરે છે. તે કલ્યાણ પામે છે. પરંતુ વિરુદ્ધ વર્તે છે, તો દુઃખી થાય છે. ગાયો અને વાછરડાંનું પાલન કરતા ગોવાળિયા વનોમાં નિત્ય આનંદમાં રહી મલ્લયુદ્ધની ક્રીડા, કરતા ગાયો ચારે છે. માટે તમે અને અમે રાજાનું પ્રિય કરીએ. રાજા સર્વ પ્રાણીમય ગણાય છે; તેથી (રાજા પ્રસન્ન થશે) તો સર્વ પ્રાણીઓ આપણા ઉપર પ્રસન્ન થશે.’ તે સાંભળી શ્રીકૃષ્ણે મલ્લયુદ્ધ પોતાને પ્રિય માની ચાણુરના વચનને અભિનંદન આપી દેશકાળને યોગ્ય વચન બોલ્યા : ‘વનમાં ફરનારા અમે અને તમે ભોજરાજ કંસની પ્રજા છીએ તેથી આપણે નિત્ય તેમનું પ્રિય કરવું જોઈએ અને તેમ કરવાથી આપણા પર તેમની મોટી કૃપા થશે. પરંતુ અમે બાળક હોઈ અમારા સમાન બળવાળાઓ સાથે મલ્લયુદ્ધ ખેલીશું અને તે મલ્લયુદ્ધ યોગ્ય ગણાશે ; વળી તેમ થતાં મલસભાના સભાસદોને અધર્મ લાગશે નહિ.’

ચાણૂર બોલ્યો : 'તું અને બળદેવ બાળક નથી તેમ કિશોર પણ નથી. તમે તો બળવાનોમાં શ્રેષ્ઠ છો. જેણે દસ હજાર હાથીનું બળ ધરાવતા કુવલયાપીડ હાથીને રમતમાત્રમાં માર્યો છે. (તે બાળક કેમ હોઈ શકે ?) માટે તમારે તો બળવાનો સાથે યુદ્ધ કરવું જોઈએ એમાં અનીતિ છે જ નહિ. હે કૃષ્ણ ! તું મારી સાથે અને મુષ્ટિક બળદેવ સાથે યુદ્ધ કરો.' ૧-૪૦

तस्माद्भवद्भ्यो बलिभिर्योद्धव्यं नाऽनयोऽत्र वै । मयि विक्रम वार्ष्णेय बलेन सह मुष्टिकः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૩ સમાપ્ત.*

## અધ્યાય-૪૪

## ચાણૂર વગેરે મલ્લોનો તથા કંસનો ઉધ્ધાર

॥ श्रीशुक उवाच ॥

एवं चर्चितसङ्कल्पो भगवान् मधुसूदनः । आससादाथ चाणूरं मुष्टिकं रोहिणीसुतः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'બહુ સારું' આવો નિશ્ચિત સંકલ્પ કરી ભગવાન કૃષ્ણ ચાણૂર સાથે અને બળદેવજી મુષ્ટિક સાથે મલ્લયુદ્ધ કરવા લાગ્યા. પરસ્પર જીતવાની ઈચ્છાથી હાથમાં હાથ અને પગમાં પગ ભરાવી તેઓ બળથી એકબીજાને ખેંચવા લાગ્યા. એકબીજાના પંજાને પંજા સાથે, ઢીંચણોને ઢીંચણ સાથે, મસ્તકોને મસ્તકો સાથે અને છાતીઓને છાતીઓ સાથે ભિડાવવા લાગ્યા. એકબીજાના હાથ વગેરે પકડી ભમવું, એકબીજાને ફેંકવા, પરસ્પર બાથ ભીડવી, ભોંય ઉપર પછાડવા, એક બીજાને છોડી પાછા એકબીજાને આગળ જવું, અને એકબીજાને પાછા હઠાવવા વગેરે મલ્લયુદ્ધની રીતિઓથી તેઓ એકબીજાને (જય પામતા) અટકાવવા લાગ્યા. એકબીજાને જીતવા ઈચ્છતા તેઓ ઢીંચણો તથા પગ વાળવો. જમીન ઉપર પડેલાને ખસેડવો, હાથ વડે ઊંચકીને લઈ જવો, કંઠ વગેરેમાં વળગેલાને દૂર કરવો અને પગ વગેરે અવયવોને ગોળ વાળી દેવા વગેરેથી પરસ્પર એકબીજાના શરીરને હાનિ પહોંચાડવા લાગ્યા. હે રાજન્ ! જેમાં એક બળવાન અને બીજો નિર્બળ હતો, એવું તે (વિષમ) મલ્લયુદ્ધ જોઈ ત્યાં એકઠી મળેલી સર્વ સ્ત્રીઓ ટોળે વળી દયાથી એકબીજીને કહેવા લાગી. 'ખેદની વાત છે કે આ રાજસભાસદોનો મહા અધર્મ છે, કારણ કે આ સભાસદો રાજાના દેખતાં બળવાન તથા નિર્બળનું આ વિષમ યુદ્ધ માન્ય કરે છે. સર્વાંગે વજ્ર જેવા કઠણ અને મોટા પર્વતો જેવા આ બે મલ્લ ક્યાં અને જેઓને હજી યુવાવસ્થા આવી નથી એવાં અત્યંત કોમળ અંગવાળા આ બે કિશોરો ક્યાં ? ખરેખર ! આ સભાને અધર્મ જ પ્રાપ્ત થશે. જ્યાં અધર્મ થતો હોય ત્યાં મનુષ્યે કદી ન રહેવું. ડાહ્યા માણસે સભાસદોના દોષોનો વિચાર કરી સભામાં પ્રવેશ ન કરવો; કારણ કે પોતે જાણતો હોવા છતાં ન બોલનારા, વિપરીત બોલનારા અથવા 'હું નથી જાણતો' એમ બોલનારો મનુષ્ય પાપી બને છે. જુઓ શત્રુની ચારે તરફ દોડાદોડી કરતાં શ્રીકૃષ્ણનું મુખકમળ, પાણીથી ભીંજાઈ ગયેલા કમળના દોડાની પેઠે પરસેવાથી ભીંજાઈ ગયું છે, એને શું તમે નથી જોતી ? મુષ્ટિકના પ્રત્યે ક્રોધવાળું તથા હાસ્યના આવેશથી શોભતું બળરામનું મુખ જરા લાલ નેત્રોવાળું બન્યું છે. અહો ! આનંદ થાય છે કે વ્રજની ભૂમિ ખરેખર પૂણ્યશાળી છે જ્યાં મનુષ્યનાં શરીરમાં ગુપ્ત રહેલા અને શંકરે તથા લક્ષ્મીદેવીએ પૂજેલા ચરણવાળા આ પુરાણપુરુષ વનમાં જાતજાતનાં પુષ્પોને ધરતાં ગાયો ચરાવતા અને વાંસળી વગાડતા બળદેવજી સાથે રમવા જાય છે. વળી ગોપીઓએ ક્યું તપ કર્યું હશે કે જેથી તેઓ લાવણ્ય વડે શ્રેષ્ઠ, જેની સમાન કે અધિક બીજું કંઈ નથી એવા સ્વતઃસિદ્ધ નિત્યનવીન, દુર્લભ

અને યશ, લક્ષ્મી તથા ઐશ્વર્યનું એકાંતસ્થાન આ શ્રીકૃષ્ણના રૂપને આંખોથી જુઓ છે. વળી શ્રીકૃષ્ણમાં જ ચિત્ત સ્થાપવાથી સર્વ વિષયો પામી ચૂકેલી વ્રજની તે સ્ત્રીઓને ધન્ય છે, જેઓ આ શ્રીકૃષ્ણમાં જ પ્રેમયુક્ત બુદ્ધિવાળી થઈ ગાયો દોહતાં, અનાજ ખાંડતાં, છાસ કરતાં, લીપતાં, હીંચકા ખાતાં, બાળકો રમાડતાં પાણી છાંટતા અને વાસીદું વગેરે વાળતાં ગળગળા કંઠે આ શ્રીકૃષ્ણને જ ગાય છે. વળી જેઓ પ્રભાતમાં (ગાયો ચારવા) વ્રજમાંથી વનમાં જતાં ને સાયંકાળે ગાયોની સાથે વાંસળી વગાડતા વ્રજમાં પ્રવેશ કરતા આ શ્રીકૃષ્ણનો વેણુનાદ સાંભળી ઉતાવળી ઘરમાંથી બહાર નીકળી માર્ગમાં દયાયુક્ત નજર કરતા ને મંદમંદ હસતા શ્રીકૃષ્ણના મુખનું દર્શન કરે છે તે વ્રજનારીઓ ખરે જ મહાપુણ્યશાળી છે.'

એમ સ્ત્રીઓ કહેતી હતી તે વખતે હે રાજા ! યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને શત્રુને મારવાનો મનમાં નિશ્ચય કર્યો. વળી તે વેળા સ્ત્રીઓની ભયભરેલી તે વાણી સાંભળીને માતાપિતા-દેવકી અને વસુદેવ પુત્રો પરના સ્નેહથી શોકાતુર થઈ સંતાપ કરતાં હતાં. કેમ કે, તેઓ બન્ને પુત્રોના બળને જાણતાં ન હતાં; બીજી તરફ તે તે અનેક જાતની મલ્લયુદ્ધની વિદ્યાઓથી શ્રીકૃષ્ણ અને ચાણુર તેમ જ બળદેવ અને મુષ્ટિક પરસ્પર યુદ્ધ કરતા હતા. ભગવાનના અંગપ્રહારો વજ્રના પ્રહારો જેવા તીક્ષ્ણ હોવાથી ચાણૂરનાં અંગ ભાંગવા માંડયાં અને વારંવાર તે થાકવા લાગ્યો. પછી તે ચાણૂરે ક્રોધાયમાન થઈ બન્ને હાથની મુઠ્ઠીઓ વાળી બાજ પક્ષી જેવા વેગથી ઊછળીને ભગવાન શ્રીકૃષ્ણની છાતીમાં પ્રહાર કર્યો પણ ફૂલની માળા મારવાથી જેમ હાથી ડગે નહિ તેમ શ્રીકૃષ્ણ ભગવાન ચાણુરના તે પ્રહારથી લગારે ડગ્યા નહિ. પછી શ્રીહરિએ ચાણૂરના બંને હાથ પકડીને તેને ખૂબ ફેરવ્યો અને તે (ફરવાથી જ) મરી ગયેલા તેને બળથી પૃથ્વી ઉપર પછાડ્યો, જેથી તેનાં આભૂષણો, વાળ ને માળા વીખરાઈ પડયાં અને ઈંદ્રધ્વજની પેઠે તે ઢળી પડયો. તે જ પ્રમાણે મુષ્ટિકે પ્રથમ બળદેવને પોતાની મુઠ્ઠી મારી એટલે બળવાન બળભદ્રે તેને ખૂબ જોરની થપ્પડ ઠોકી જેથી ધ્રૂજી ગયેલો તે અત્યંત પીડાઈને મુખમાંથી લોહી ઓકતો વાયુએ ઉખાડી પાડેલા ઝાડની પેઠે પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડયો. પછી કૂટ નામનો મલ્લ લડવા આવ્યો; એટલે તેને પણ હે રાજા ! પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ બળરામે તિરસ્કારપૂર્વક ડાબી મુઠ્ઠી મારીને રમતમાત્રમાં મારી નાખ્યો. તેટલામાં એ જ ક્ષણે શ્રીકૃષ્ણે પગની લાત મારી શલ નામના મલ્લનું માથું ભાંગી નાખ્યું ને તોશલ મલ્લના પણ બે ચીરા કરી નાખ્યા, જેથી તેઓ બંને ધરણી પર ઢળી પડયા. એ રીતે ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ તથા તોશલ માર્યા ગયા. એટલે બાકીના સર્વ મલ્લ પ્રાણ બચાવવાની ઈચ્છાથી નાસી ગયા. પછી મિત્ર ગોવાળિયાઓને ત્યાં ખેંચી લાવી તેઓને સાથે મળી પગમાં ઝણકાર કરતાં ઝાંઝરવાળા શ્રીકૃષ્ણ અને બળદેવજી વાગતાં વાંજાઓ વચ્ચે નૃત્ય વગેરેથી રમવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને બળભદ્રનાં એ કર્મથી માત્ર કંસ વિના બ્રાહ્મણો વગેરે બધાં મનુષ્યો, 'બહુ સારું કર્યું, બહુ સારું કર્યું' એમ કહેતા હર્ષ પામ્યા. શ્રેષ્ઠ મલ્લો માર્યા ગયા અને બાકીના મલ્લો નાસી ગયા એટલે ભોજરાજ કંસે વાજા બંધ કરાવ્યાં અને આવાં વાક્ય કહ્યાં : 'વસુદેવના આ બંને દુરાચારી છોકરાઓને શહેરમાંથી કાઢી મૂકો, ગોવાળિયાઓનું ધન પડાવી લો, દુર્બુદ્ધિ નંદને કેદ કરો. દુષ્ટ બુદ્ધિવાળા મહાનીચ વસુદેવને તો જલદી મારી નાખો અને મારા પિતા ઉગ્રસેનને પણ તરત જ મારી નાખો; કેમ કે તે પણ પોતાના પરિવાર સાથે શત્રુપક્ષમાં મળ્યો છે;' એમ કંસ બકતો હતો, તેટલામાં તો અત્યંત કોપેલા અવિનાશી કૃષ્ણ શરીર હળવું કરી અને ઝડપથી તેના ઊંચા સિંહાસન ઉપર ચડી ગયા. શૂરા કંસે પોતાના મૃત્યુરૂપ શ્રીકૃષ્ણને સિંહાસન ઉપર આવતા જોઈ આસન પરથી એકદમ ઊઠી ઢાલ-તલવાર લીધાં પણ દુઃસહ અને ઉગ્ર તેજ વાળા શ્રીકૃષ્ણે આકાશમાં જમણા ડાબા ઘૂમતા બાજ પક્ષીની પેઠે હાથમાં તલવાર

લઈ ઘૂમતા કંસને ગરૂડ જેમ બળથી સર્પને પકડે, તેમ તરત જ પકડ્યો અને કેશ પકડી મસ્તક ઉપરથી ખસી ગયેલા મુકુટવાળા તેને ઊંચા માંચડા ઉપરથી મલ્લોના અખાડાની ભૂમિ પર પછાડ્યો અને સમગ્ર જગતના આશ્રય તથા સ્વતંત્ર કમળનાભ શ્રીકૃષ્ણ પોતે તેના પર પડયા. હે રાજા ! સિંહ જેમ હાથીને ઘસડે તેમ શ્રીકૃષ્ણ મારેલા કંસને જગતના દેખતાં ભૂમિ પર ઘસડવા લાગ્યા. તે વેળા સર્વ મનુષ્યે મોટો હાહાકાર કર્યો. કંસ નિત્ય ખાતાંપીતાં, બોલતાં-ચાલતાં, સૂતાં ને શ્વાસ લેતાં વ્યાકુળ બુદ્ધિએ ચક્રાયુદ્ધ શ્રીકૃષ્ણને જ આગળ જોતો, જેથી અંતે બીજાને દુર્લભ તે ભગવાનનું જ સ્વરૂપ પામ્યો. પછી કંસનાં કંક, ન્યગ્રોધ વગેરે આઠ નાના ભાઈઓ ભાઈના વેરનો બદલો લેવા ક્રોધાયમાન થઈ દોડી આવ્યા પરંતુ રોહિણીપુત્ર બળદેવે અત્યંત વેગથી ધસી આવેલા તે આઠેયને સિંહ જેમ પશુઓને મારી નાખે તેમ પરિઘ વડે મારી નાખ્યા. તે વેળા આકાશમાં દુંદુભિ-નગારાં વાગવા લાગ્યાં. ભગવાનની વિભૂતિ બ્રહ્મા, શંકર વગેરે દેવો પ્રસન્ન થઈ ભગવાન શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી તેમની સ્તુતિ કરવા લાગ્યા ને અપ્સરાઓ નાચવા લાગી. તેવામાં હે મહારાજ ! પતિઓના મરણથી દુઃખી થયેલી કંસ વગેરેની સ્ત્રીઓ માથાં કૂટતી ને આંખોમાંથી આંસુ સારતી ત્યાં આવી અને વીરશય્યામાં સૂતેલા પતિઓને ભેટી, તેમનો શોક કરતી, વારંવાર આંસુ વરસાવતી મોટેથી વિલાપ કરવા લાગી : ‘હે નાથ ! ઓ પ્રિય ! એ ધર્મજ્ઞ ! ઓ દયાળુ ! ઓ અનાથવત્સલ ! તમારો નાશ થતાં ઘર અને પ્રજા સાથે અમારો પણ નાશ થયો છે. ઓ મહાપુરુષ ! આ નગરી પતિ એવા તમારાથી રહિત થઈ અમારી પેઠે શોભતી નથી. તેમાં ઉત્સવો તથા મંગળો અટકી પડયાં છે. તમે નિરપરાધી પ્રાણીઓને ઉગ્ર દ્રોહ કરતા તેથી આ દશા પામ્યા છો. પ્રાણીઓનો દ્રોહ કરનાર કયો મનુષ્ય કલ્યાણ પામે છે, આ શ્રીકૃષ્ણ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનાર, નાશ પમાડનાર અને રક્ષણ કરનાર છે. તેમનું અપમાન કરનાર કદી સુખી થતો નથી.

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી લોકોનું રક્ષણ કરનાર ભગવાને તે રાણીઓને આશ્વાસન આપી મરેલાઓની લૌકિક ક્રિયા (શાસ્ત્રકારોએ) જે કહી છે તે કરાવી અને પછી માતાપિતા દેવકી તથા વસુદેવને કેદમાંથી છૂટા કરાવી શ્રીકૃષ્ણે અને બળરામે મસ્તકથી તેમનાં ચરણને સ્પર્શ કરી તેમને વંદન કર્યું, દેવકી ને વસુદેવ વંદન કરતા બંને પુત્રોને જગતના ઈશ્વર જાણી શંકિત થઈને તેમને ભેટયાં નહિ (પણ બે હાથ જોડી ઊભાં રહ્યાં) ૧-૫૧

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ । कृतसंवन्दनौ पुत्रौ सस्वजाते न शङ्कितौ ॥५१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૪ સમાપ્ત.*

## અધ્યાય-૪૫

## યજ્ઞોપવીત સંસ્કાર અને ગુરુકુળમાં વિદ્યાભ્યાસ

॥ श्रीशुक उवाच ॥

पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः । मा भूदिति निजां मायां ततान जनमोहिनीम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** માતાપિતા—દેવકી અને વસુદેવ ‘મને ઈશ્વર જાણી (હમણાં જ) પરમ જ્ઞાન પામે તે ઠીક નથી’ એવો વિચાર કરી પુરુષોત્તમ શ્રીકૃષ્ણે મનુષ્યોને મોહ પમાડનારી પોતાની માયા ફેલાવી. પછી યાદવશ્રેષ્ઠ કૃષ્ણ મોટા ભાઈ સાથે માતાપિતા પાસે જઈ વિનયથી નમ્ર થઈ ‘હે માતા ! હે પિતા ! ’ એમ આદરપૂર્વક (સંબોધી) તેમને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા : ‘હે પિતા ! તમે બંને અમારે

માટે નિત્ય આતુર રહેતાં છતાં અમે બંને પુત્રોથી (અમારાં) બાલ્યાવસ્થાનાં, પૌગંડ અવસ્થાનાં કે કિશોર અવસ્થાનાં સુખ તમને મળ્યાં નથી, તેમ જ કમનસીબ અમને પણ તમારી પાસે રહેવાનું મળ્યું નથી. અને પિતાના ઘરમાં રહેલાં બાળકો જે આનંદ પામે છે તે આનંદ પણ અમને મળ્યો નથી. જેથી સર્વ પુરુષાર્થો ઉત્પન્ન કરનારું આ શરીર ઉત્પન્ન થાય છે અને પોષાય છે, તે માતા પિતાના ઉપકારનો બદલો મનુષ્ય સેંકડો વર્ષોના આયુષ્યથી પણ વાળી શકતો નથી. જે પુત્ર શરીર અને ધનથી સમર્થ હોવા છતાં માતાપિતાને આજીવિકા આપતો નથી, તેનો મરણ પછી પરલોકમાં તેને તેનું પોતાનું માંસ યમદેવના દૂતો ખવડાવે છે. જે મનુષ્ય પોતે સમર્થ હોવા છતાં માતાનું, પિતાનું, કોઈ વૃદ્ધ કુટુંબનું, સતી પત્નીનું, બાળક પુત્રનું, ગુરુનું, બ્રાહ્મણનું ને શરણાગતનું પોષણ કરતો નથી તે જીવતો મૂઓલો જ છે. માટે અમે પણ કંસથી નિત્ય ભયભીત મનવાળા તથા અસમર્થ હતા તેથી તમારી બન્નેની સેવા કરી શક્યા નથી અને અમારા બન્નેના આટલા દિવસો વ્યર્થ ગયા છે. તો હે પિતા ! હે માતા ! દુષ્ટ હૃદયવાળા કંસે અત્યંત દુઃખી કરેલાં અને તે કંસને વશ થયેલાં તમારી બંનેની અમે સેવા કરી શક્યા નથી, તે માટે તમે અમને બંનેને ક્ષમા આપવા યોગ્ય છો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ માયાથી મનુષ્ય બનેલા જગતના આત્મા શ્રીહરિની વાણીથી દેવકી અને વસુદેવ મોહિત થયાં અને તે બંને પુત્રોને ખોળામાં બેસાડી ભેટીને આનંદ પામ્યાં. હે રાજન્ ! તેઓ બંને આંસુની ધારાઓથી પુત્રોને સીચવા લાગ્યાં ને સ્નેહપાશથી બંધાઈને એવાં મોહિત થયાં કે જેથી તેઓના કંઠ ગળગળા થયા અને તેઓ કંઈ પણ બોલી શકયાં નહિ. એ પ્રમાણે માતાપિતાને આશ્વાસન આપી ભગવાને માતાના પિતા ઉગ્રસેનને યદુઓના રાજા બનાવ્યા અને તેમને કહ્યું : હે મહારાજ ! અમે તમારી પ્રજા છીએ, તમે અમને આજ્ઞા આપવા યોગ્ય છો. યયાતિરાજાના શાપથી યાદવોએ રાજ્યાસને બેસવું યોગ્ય નથી, માટે તમે જ અમારા રાજા થાઓ.) તમારો સેવક હું તમારી પાસે હાજર છું; તેથી દેવતાઓ વગેરે પણ નમ્ર થઈ તમને કર આપશે; તો બીજા રાજાઓ આપશે એમાં શું નવાઈ છે ? એ રીતે ઉગ્રસેનને રાજા બનાવ્યા પછી જગતના કર્તા શ્રીકૃષ્ણ ભગવાને યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાર્હ તથા કુકુર વગેરે વંશના પોતાના સર્વ જ્ઞાતિજનો તથા સંબંધીઓ કંસના ભયથી ગભરાઈને જે દિશાઓમાં નાસી ગયા હતા અને પરદેશમાં રહેવાથી દુઃખી હતા તેમને ત્યાંથી તેડાવી સત્કારપૂર્વક આશ્વાસન અને ધન આપી, અત્યંત તૃપ્ત કરીને પોતપોતાના ઘરમાં વસાવ્યા. એટલે તેમા સર્વે શ્રીકૃષ્ણ તથા બળદેવના બાહુબળથી સુરક્ષિત રહી પોતપોતાના ઘરમાં આનંદ કરવા લાગ્યા. તેઓએ સર્વ મનોરથો પ્રાપ્ત કર્યા, સર્વ કામનાઓ પૂર્ણ કરી અને શ્રીકૃષ્ણ તેમ જ બળદેવને લીધે તેમના સર્વ સંતાપો દૂર થયા. તેઓ આનંદિત, શોભાયમાન, કરુણાર્દ્ર અને મંદ સ્મિતવાળા શ્રીકૃષ્ણના મુખકમળનું હમેશાં દર્શન કરી પ્રસન્ન થતા. શ્રીકૃષ્ણના તે સંબંધીઓમાં જે અત્યંત ઘરડા હતા, તેઓ પણ શ્રીકૃષ્ણ ભગવાનના મુખકમળના અમૃતનું નેત્રોથી વારંવાર પાન કરી. અત્યંત બલિષ્ઠ અને યુવાન બની જતા. પછી હે ગજેન્દ્ર ! દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજી નંદરાય પાસે જઈ, તેમને ભેટી કહેવા લાગ્યા : હે પિતાજી ! સ્નેહાળ એવાં તમે બંનેએ અમારું ઘણું જ લાલનપાલન કર્યું છે. માતાપિતાને પુત્રો પર પોતાના કરતાં પણ અધિક પ્રીતિ હોય છે. (તમારે એમ ન કહેવું : ‘ તમે તો દેવકી-વસુદેવના પુત્રો છો, અમારા પુત્રો નથી, કેમ કે) પોષણ ને રક્ષણ કરવા અસમર્થ સંબંધીઓએ જેઓને તજયાં હોય તે બાળકોનું જેઓ પોતાનાં છોકરાંની પેઠે પોષણ કરે છે, તેઓ જ ખરાં માતાપિતા છે. હે પિતાજી ! હવે તમે વ્રજમાં જાઓ.

અમે અહીં સ્વજનોને સુખી કરી, સ્નેહથી દુઃખી તમને, સંબંધીઓને મળવા આવીશું. એમ ગોવાળિયાઓ સાથે નંદરાયનું સાંત્વન કરી ભગવાન કૃષ્ણે વસ્ત્રો, અલંકારો તથા અનેક ધાતુઓનાં વાસણો આપી આદરપૂર્વક તેઓનો સત્કાર કર્યો. પછી સ્નેહથી વિહ્વળ થયેલા નંદરાયને શ્રીકૃષ્ણ-બળદેવે એમ કહ્યું એટલે તેઓ આંસુથી વ્યાપ્ત નેત્રોવાળા થઈ ગોવાળિયાઓ સાથે વ્રજમાં ગયા. પછી હે રાજન્! શુરસેનના પુત્ર વસુદેવે પુરોહિત અને બ્રાહ્મણો પાસે બંને પુત્રોના દ્વિજસંસ્કાર કરાવ્યા અને સારી રીતે શણગારેલા તે બ્રાહ્મણોની પૂજા કરી તેમને સોનાની માળાઓવાળી શણગારેલી અને રેશમી વસ્ત્ર ઓઢાડેલી વાછરડાંવાળી ગાયો અને ઉપરથી દક્ષિણાઓ પણ આપી. વળી શ્રીકૃષ્ણ તથા બળદેવજીના જન્મનક્ષત્રના દિવસે જે ગાયોનું દાન કરવાનો મનમાં સંકલ્પ કર્યો હતો, તે યાદ કરી કંસે અધર્મથી લઈ લીધેલી ગાયોને રાજ્યની ગોશાળામાંથી છોડાવી મહાબુદ્ધિમાન વસુદેવે બ્રાહ્મણોને આપી. પછી ઉપનયન સંસ્કાર પામેલા તે બન્ને ઉત્તમ વ્રતધારી ભાઈઓએ દ્વિજપણું પ્રાપ્ત કરી યદુકુળના આચાર્ય ગર્ગાચાર્ય પાસે બ્રહ્મચર્યવ્રત લીધું અને સર્વ વિદ્યાઓનું ઉત્પત્તિસ્થાન, સર્વજ્ઞ તથા જગતના ઈશ્વર છતાં પોતાના સ્વતઃસિદ્ધ નિર્મળ જ્ઞાનને મનુષ્યલીલાથી છુપાવતા તે બંને ગુરુકુળમાં રહેવાની ઈચ્છાથી ઉજ્જયિનીમાં રહેતા કાશ્યગોત્રી સાંદીપનિ નામના ગુરુ પાસે ગયા ત્યાં જઈ ' ગુરુ પાસે બરાબર નિર્દોષ રીતે કેમ વર્તવું તે બીજાઓને શિખવાડતા તેઓ બંને જિતેન્દ્રિય થઈ ભકિતથી આદરપૂર્વક દેવની પેઠે ગુરુની સેવા કરવા લાગ્યા. બ્રાહ્મણશ્રેષ્ઠ ગુરુ સાંદીપનિએ તેઓ બંનેની શુદ્ધ ભાવવાળી સેવાઓથી પ્રસન્ન થઈ, છ અંગો તથા ઉપનિષદો સાથે સર્વ વેદો તેમને ભણાવ્યા. તેમ જ રહસ્ય સાથે ધનુર્વેદ, મનુ વગેરેનાં ધર્મશાસ્ત્રો, મીમાંસા વગેરે ન્યાયમાર્ગો, તર્કવિદ્યા અને છ પ્રકારની રાજનીતિ પણ તેમને ભણાવી. હે રાજા ! સર્વ વિદ્યાઓના પ્રવર્તક તે બંને મહાપુરુષો ગુરુના માત્ર એક જ વાર કહેવાથી સર્વ વિદ્યાઓ ભણી ગયા અને હે રાજા ! જિતેંદ્રિય રહી તેઓ ચોસઠ દિવસોમાં ચોસઠ કળાઓ શીખ્યા. પછી તેઓ બંનેએ ગુરુને ગુરુદક્ષિણા માગવા આગ્રહ કર્યો એટલે હે રાજન્ ! બ્રાહ્મણ સાંદીપનિએ બન્નેનો અદ્ભુત મહિમા તથા મનુષ્યોથી અધિક બુદ્ધિ જોઈ, પત્ની સાથે વિચાર કરી પ્રભાસના મહાસમુદ્રમાં મરણ પામેલા પોતાના પુત્રને (જીવતો પાછો લાવવા) માગ્યો ત્યારે **'તથાસ્તુ'** એમ કહી અગાધ પરાક્રમી તે બન્ને મહારથીઓ રથ ઉપર બેસીને પ્રભાસ ગયા અને ત્યાં મહા સાગરના કિનારા પર જઈ ક્ષણવાર બેઠા એટલે સમુદ્રે (તેમને સાક્ષાત્ ઈશ્વર જાણી) તેમની પૂજા કરી. પછી ભગવાન કૃષ્ણે સમુદ્રને કહ્યું: 'અહીં મોટા તરંગથી જેને તું ગળી ગયો છે, તે અમારા ગુરુપુત્રને જલદી આપ.'

**સમુદ્રે કહ્યું :** 'હે દેવ ! હું આપના ગુરુપુત્રને હરી ગયો નથી; પણ હે કૃષ્ણ ! પંચજન નામનો એક મોટો દૈત્ય અહીં જળમાં ફર્યા કરે છે. અને તે શંખનું રૂપ ધરી અહી રહે છે, તેણે આપના ગુરુપુત્રને હર્યો હશે. તે સાંભળી પ્રભુ કૃષ્ણે તરત જળમાં પ્રવેશ કર્યો અને પંચજન અસુરને મારી તેના પેટમાં જોયું તો ગુરુપુત્રને જોયો નહિ. પછી તે દૈત્યના શરીરમાં ઉત્પન્ન થયેલા શંખને લઈ ભગવાન રથ પાસે આવ્યા અને ત્યાંથી યમદેવને પ્રિય સંયમની નામની નગરીમાં જઈ બળદેવજી સાથે જનાર્દન શ્રીકૃષ્ણે શંખ વગાડ્યો એટલે શંખનો શબ્દ સાંભળી પ્રજાઓને નિયમમાં રાખનાર યમદેવે (ત્યાં આવી) તેઓ બંનેની ભકિતપૂર્વક મોટી પુજા કરી અને નમન કરી, સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેનારા શ્રીકૃષ્ણને કહ્યું: 'લીલાથી મનુષ્ય બનેલા હે વિષ્ણુ ! હું આપ બંનેનું ક્યું કાર્ય કરું ?'

**શ્રીભગવાન બોલ્યા :** હે મહારાજ ! પોતાના કર્મને આધીન અમારા ગુરુ પુત્રને તમે અહી લાવ્યા

છો; તેને તમે મારી આજ્ઞા માની લાવો. 'બહુ સારું' એમ કહી યમદેવે ગુરુપુત્રને હાજર કર્યો એટલે યદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ તેને પોતાના ગુરુને સોંપી ફરી પણ 'વર માગો' એમ ગુરુને કહ્યું.

**ગુરુ બોલ્યા :** હે પુત્ર ! તમે બંનેએ મને સારી પેઠે ગુરુદક્ષિણા આપી છે. (અને તેમાં કંઈ નવાઈ નથી; કારણ કે) તમારા જેવાના ગુરુની કઈ કામના અપૂર્ણ રહે ? હે વીર શિષ્યો ! હવે તમે પોતાને ઘેર જાઓ, તમારી પવિત્ર કીર્તિ થાઓ અને તમે ભણેલા વેદો આ લોકમાં તથા પરલોકમાં એક પ્રહર પણ તમને ન ભુલાઓ. ગુરુએ એમ (ઘેર જવાની) રજા આપી એટલે હે રાજા ! તેઓ બંને વાયુ સમાન વેગવાળા અને મેઘ જેવી ગર્જના કરતા રથમાં બેસી પોતાના નગરમાં આવ્યા. સર્વ પ્રજાએ ઘણા દિવસ સુધી શ્રીકૃષ્ણ તથા બળદેવને જોયા ન હતા, તેથી તેમનાં દર્શન કરી ખોવાયેલું ધન જાણે પાછું મળ્યું હોય તેમ તે આનંદ પામી. ૧-૫૦

समनन्दन् प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ । अपश्यन्तो बह्वहानि नष्टलब्धधना इव ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૫ સમાપ્ત.*

## અધ્યાય-૪૬

## ઉદ્ધવજીને વ્રજમાં મોકલી શ્રીકૃષ્ણે નંદ-યશોદાનો શોક દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

वृष्णीनां प्रवरो मंत्री कृष्णस्य दयितः सखा । शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** મહાબુદ્ધિમાન ઉદ્ધવ યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર તથા મંત્રી હોઈ સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય હતા. અત્યંત પ્રિય અને એકાંતભકત તે ઉદ્ધવજીને એક દિવસ શરણાગતની પીડા હરનારા ભગવાન શ્રીહરિએ હાથથી હાથ પકડી કહ્યું : 'હે સૌમ્ય ! તમે વ્રજમાં જાઓ અને અમારાં માતા—પિતાને પ્રસન્ન કરો, તેમ જ મારા સંદેશાથી ગોપીઓની મારા વિરહથી ઊપજેલી મનોવ્યથા દૂર કરો. તે ગોપીઓ મારામાં મન રાખી રહી છે; હું જ તેઓનો પ્રાણ હોઈ, મારે માટે તેઓએ પતિપુત્રાદિ પણ તજ્યાં છે. જેઓ મારા માટે આ લોક અને પરલોકનાં સુખો તથા સાધનો તજી દે છે, તેઓને હું સુખી કરું છું. હે ઉદ્ધવ ! સર્વ પ્રિય વસ્તુ કરતાં પણ અત્યંત પ્રિય એવો હું દૂર રહ્યો છું; તોપણ ગોકુળની તે સ્ત્રીઓ મારું સ્મરણ કરતી વિરહની ઉત્કંઠાથી વિહ્વળ થઈ મૂંઝાય છે. તેઓ મારારૂપ જ બની મારા પાછા લાવવાના સંદેશાના આધારે જ મહા કષ્ટથી માંડ માંડ પ્રાણ ધારણ કરતી હશે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે પરમ સુંદર ઉદ્ધવજી સ્વામી શ્રીકૃષ્ણના સંદેશાને આદરપૂર્વક લઈ રથમાં બેસી નંદના ગોકુળ તરફ ચાલ્યા અને સૂર્યાસ્ત સમયે નંદના વ્રજમાં પહોંચ્યા. એ વખતે પશુઓ વ્રજમાં પેસતાં હતાં, તેથી તેમની ખરીઓની ધૂળ વડે ઉદ્ધવજીનો રથ ઢંકાઈ ગયો હતો.' બળવાન આખલા રજસ્વલા ગાયો માટે ચોતરફ યુદ્ધ કરતા હતા અને વાછરડાંને ઉદ્દેશી મોટા અડાણવાળી ગાયો દોડી રહી હતી તેથી વ્રજ ગાજી રહ્યું હતું. આમતેમ કુદતાં ગાયોનાં ધોળાં વાછરડાંથી તે વ્રજ શોભતું હતું અને ચોતરફ ગાયોને દોહવાના શબ્દો તેમ જ વાંસળીઓના નાદથી તે ગાજતું હતું. બળદેવ તથા શ્રીકૃષ્ણનાં પવિત્ર કર્મો ગાતા અને અલંકારોથી શોભતી ગોપીઓ તથા ગોવાળિયા વડે તે વ્રજ અત્યંત દીપતું હતું. અગ્નિ, સૂર્ય, અતિથિઓ, ગાયો, બ્રાહ્મણો, પિતૃઓ તથા દેવોનાં ત્યાં પૂજન થતાં હતાં અને ધૂપ, દીવા તથા પુષ્પોથી યુકત ગોવાળિયાઓનાં ઘરોથી તે વ્રજ મનને આનંદ આપતું હતું. વળી

ત્યાં સર્વ તરફ પુષ્પોવાળાં વન હતાં, પક્ષીઓ અને ભમરાઓના ટોળાં ગર્જનાઓ કરતાં હતાં અને હંસો તથા બતક પક્ષીઓ સહિત કમળોના સમૂહો વડે તે શોભતું હતું. શ્રીકૃષ્ણના પ્રિય સેવક ઉદ્ધવજી ત્યાં આવ્યા એટલે નંદરાયે પ્રસન્ન થઈ તેમની પાસે જઈ ભેટી પડી, તેમને શ્રીકૃષ્ણ સમાન ગણી તેમનો સત્કાર કર્યો. પછી ઉત્તમ અન્ન જમાડેલા ઉદ્ધવજી શય્યા પર સુખેથી બેઠા અને પગચંપી વગેરેથી થાકરહિત થયા એટલે નંદરાયે તેમને પૂછ્યું : 'હે મહાભાગ્યશાળી ઉદ્ધવ ! અમારા મિત્ર શુરસેનના પુત્ર વસુદેવજી કેદખાનામાંથી છૂટી સંબંધીઓ તથા પુત્રો વગેરે સાથે કુશળ છે ને ? પાપી કંસ પોતાના પાપે અનુયાયીઓ સાથે માર્યો ગયો તે બહુ સારું થયું. તે કંસ ઉત્તમ ધર્મશીલ યાદવોનો સદા દ્વેષ કરતો. શ્રીકૃષ્ણ અમને, તેમની માતાને, તેમનાં સંબંધીઓને, મિત્ર ગોવાળિયાઓને, તેમનાથી જ સનાથ આ વ્રજને, ગાયોને, વૃંદાવનને અને ગોવર્ધન પર્વતને યાદ કરે છે ? શ્રીકૃષ્ણ હવે એક વાર પણ અમને સ્વજનોને મળવા આવશે ? જો આવશે તો સુંદર નાસિકાવાળા તથા મંદહાસ્યપૂર્વક જોતા તેમના સુંદર મુખનું અમે દર્શન કરીશું. ઉત્તમ મહાત્મા શ્રીકૃષ્ણે દાવાનળથી, વંટોળિયા વાયુથી, વરસાદથી, વૃષભાસુરથી, કાલિયનાગથી, અઘાસુરથી અને બીજાં ન ટળે એવાં મૃત્યુથી અમારું રક્ષણ કર્યું છે. હે ઉદ્ધવ ! શ્રીકૃષ્ણનાં પરાક્રમો, વિલાસયુક્ત કટાક્ષદર્શન, હાસ્ય અને ભાષણ અમે સંભારીએ છીએ, ત્યારે અમારી સર્વ ક્રિયા શિથિલ થઈ જાય છે અમને કંઈ કરવું ગમતું નથી. શ્રીકૃષ્ણનાં પગલાંથી શોભતી નદીઓ, પર્વતો, વનપ્રદેશો તથા તેમને રમવાનાં સ્થાનો અમે જોઈએ છીએ, ત્યારે અમારું મન શ્રીકૃષ્ણરૂપ થાય છે. ગર્ગાચાર્યના ગંભીર વચન પ્રમાણે હું માનું છું કે શ્રીકૃષ્ણ અને બળરામ દેવોનું મોટું કાર્ય કરવા અહીં પૃથ્વી પર આવેલા ઉત્તમ દેવો છે. જેમણે દશ હજાર હાથીઓ સમાન બળવાન કંસને, બે મલ્લોને તથા કુવલયાપીડ હાથીને, સિંહ જેમ મૃગોને મારે તેમ રમતમાત્રમાં માર્યા છે. વળી, જેમ મોટો હાથી લાકડી ભાંગે તેમ શ્રીકૃષ્ણ ત્રણ તાડ જેવડું લાંબું અને ઘણું જ મજબૂત ધનુષ્ય ભાંગ્યું, એક હાથે સાત દિવસ સુધી ગોવર્ધન પર્વત ધાર્યો અને પ્રલંબાસુર, ધેનુકાસુર, અરિષ્ટાસુર, તૃણાવર્ત તથા બકાસુર, વગેરે દેવો તથા અસુરોને જીતનારા દૈત્યોને શ્રીકૃષ્ણે રમતમાત્રમાં માર્યા છે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શ્રીકૃષ્ણનાં પરાક્રમો યાદ કરી કરી, શ્રીકૃષ્ણમાં પ્રેમયુક્ત બુદ્ધિવાળા નંદરાય અત્યંત આતુર બન્યા અને પ્રેમના આવેશથી વિહ્વળ થઈ મૌન રહ્યા. બીજી તરફ યશોદા પણ પુત્રનાં વર્ણવાતાં ચરિત્રો સાંભળતાં આંસુ વરસાવવા લાગ્યાં અને પ્રેમને લીધે તેમનાં બંને સ્તનોમાંથી ધાવણ વહેવા લાગ્યું. એમ નંદરાય તથા યશોદાનો શ્રીકૃષ્ણ ભગવાન પર પરમ સ્નેહ જોઈ ઉદ્ધવ આનંદથી તેમને કહેવા લાગ્યા.

**ઉદ્ધવજી બોલ્યા :** હે માન આપનારા નંદરાય ! આ લોકમાં સર્વ પ્રાણીઓ વિષે તમે બંને જ અત્યંત વખાણવા યોગ્ય છો; કારણ કે તમે બંનેએ સમગ્ર લોકની ગુરુ શ્રીકૃષ્ણ વિષે આવી બુદ્ધિ કરી છે. શ્રીકૃષ્ણ તથા બળદેવજી પુરાણપુરુષ છે. બંને જગતના નિમિત્તકારણ તથા ઉપાદાનકારણ, પુરુષ તથા પ્રકૃતિરૂપ છે. તેમ જ સર્વ પ્રાણીઓમાં પ્રવેશ કરીને તેમને જીવનદાન આપે છે અને તેમનામાં શરીરો કરતાં અત્યંત વિલક્ષણ જ્ઞાનસ્વરૂપ જે જીવ છે, તેનું નિયમન કરે છે. જીવ મૃત્યુ સમયે એક ક્ષણવાર પણ પોતાના શુદ્ધ મનને તેમનામાં સ્થાપે છે, તે તત્કાળ કર્મવાસના બાળી નાખી બ્રહ્મસ્વરૂપ થાય છે, સ્વરૂપજ્ઞાનથી યુક્ત બને છે અને સૂર્ય સમાન વર્ણવાળો થઈ શુદ્ધ સત્ત્વગુણી સ્વરૂપ ધારણ કરીને પરમ ગતિને પામે છે; તેઓ સમગ્રના આત્મા અને સમગ્રના કારણ છતાં (જગતનું કલ્યાણ કરવારૂપ) કારણથી મનુષ્યરૂપે બનેલા

પરિપૂર્ણ શ્રીનારાયણમાં આવો દૃઢ વાત્સલ્યભાવ કરનારાં તમારે બંનેને હવે કયું ઉત્તમ કૃત્ય કરવાનું બાકી છે (તમે કૃતકૃત્ય જ છો.) ભક્તવત્સલ શ્રીકૃષ્ણ થોડા સમયમાં વ્રજ પધારશે અને તમારું માતાપિતાનું પ્રિય કરશે. સર્વ યાદવોના શત્રુ કંસને મલ્લોના રંગમંડપની વચ્ચે મારી શ્રીકૃષ્ણે તમારી પાસે આવી જે વચન કહ્યું હતું તે સત્ય કરશે. હે મહાભાગ્યશાળી નંદરાય અને યશોદા ! તમે બંને ખેદ કરો મા. થોડા જ વખતમાં તમે શ્રીકૃષ્ણનાં દર્શન કરશો; કેમ કે લાકડામાં જેમ અગ્નિ છે તેમ તે ભગવાન સર્વ પ્રાણીઓના હૃદયમાં છે. અભિમાનરહિત તે શ્રીભગવાન ને કોઈ પ્રિય કે અપ્રિય નથી, તેમની દૃષ્ટિએ કોઈ ઉત્તમ કે અધમ નથી; કારણ કે તેમની સર્વ પર સમષ્ટિ હોવાથી તેમની દૃષ્ટિએ કોઈ અસમાન નથી.પણ વળી તે ભગવાનને કોઈ માતા, પિતા, પત્ની કે પુત્ર વગેરે નથી; પોતાનો કે પારકો નથી અને દેહ કે જન્મ પણ નથી. તેમને કોઈ કર્મ પણ નથી, છતાં તે ભગવાન લોકમાં ક્રીડા કરવા તથા પુરુષોનું રક્ષણ કરવા સાત્ત્વિક, રાજસ અને તામસ યોનિઓમાં અથવા દેવાદિ, મત્સ્યાદિ અને નૃસિંહાદિ યોનિઓમાં (અવતાર લઈ) પ્રકટે છે. વળી તે અજન્મા ભગવાન પોતે નિર્ગુણ છે તો પણ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણને સ્વીકારે છે; તેમ જ પોતે ક્રિયારહિત છે છતાં ક્રીડા કરતા માયાના, ગુણો સાથે જોડાઈને જગત ઉત્પન્ન કરે છે, પાળે છે તથા સંહારે છે. જેમ ગોળ ફૂદડી ફરવાથી દૃષ્ટિ ભ્રમિત થવાથી પૃથ્વી પણ ફરતી જણાય છે, તેમ ચિત્ત કર્તા હોઈ તેમાં મનુષ્યને અહંબુદ્ધિ થાય છે એટલે ચિત્તને જ આત્મા (હું) માનવારૂપ ભ્રાંતિ થાય છે, તેથી જ જીવ પોતાને કર્તા સમજવા લાગે છે. વળી આ શ્રીહરિ ભગવાન કેવળ તમારા બંનેના જ પુત્ર છે એવું નથી, પરંતુ સર્વના પુત્ર હોઈ આત્મા, પિતા, માતા અને ઈશ્વર પણ તે જ છે. આ જગતમાં વસ્તુ જોયેલી, સાંભળેલી, થયેલી, થતી, થનારી; સ્થાવર જંગમ, મોટી તેમ જ નાની છે; તે સર્વ શ્રીભગવાનથી રહિત કે શ્રીભગવાનથી જુદી છે એમ કહેવું ખરી રીતે યોગ્ય નથી; કારણ કે પરમ કારણ તે પરમાત્મા જ સર્વ વસ્તુરૂપ છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! નંદરાય તથા શ્રીકૃષ્ણસેવક ઉદ્ધવજી એમ વાતો કરતા હતા, તેટલામાં રાત્રિ વીતી ગઈ એટલે ગોપીઓ ઊઠી દીવા કરી ઘર, ડહેલી—ફળિયાં વગેરે વાળીઝાડી દહી વલોવવા લાગી. એ વેળા નેતરાંને ખેંચતાં હાથમાં કંકણો પહેરતી તે ગોપીઓનાં નિતંબો, સ્તનો તથા હારો ડોલતાં હતાં; કુંડળોની કાંતિથી ગાલ શોભતા હતા; મુખો લાલ કેસરવાળાં હતાં અને કંદોરા વગેરેમાં જડેલા મણિઓને લીધે ઝળકતા હોવાથી તેઓ શોભતી હતી. વળી તે વેળા કમળનયન શ્રીકૃષ્ણ ભગવાનના ગુણાનુવાદ ગાતી વ્રજની તે સ્ત્રીઓના ગીતનો અવાજ દહીના વલોણાના અવાજ સાથે મળી આકાશમાં પહોંચતો હતો. તેથી દિશાઓનાં અમંગળ દૂર થતાં હતાં. પછી ભગવાન સૂર્યનારાયણનો ઉદય થયો એટલે નંદનાં બારણાંમાં સોનાનો રથ જોઈ ગોપીઓ એકબીજીને પૂછવા લાગી : 'આ રથ કોનો છે ! કમળનયન શ્રીકૃષ્ણને મથુરા લઈ ગયેલો અને કંસનું કાર્ય સાધનારો તે અક્રૂર આવ્યો છે કે શું ? અને શું તે હવે આપણને લઈ જઈને પોતાના મરેલા સ્વામી કંસની ઉત્તરક્રિયા કરવાનો છે કે શું ? (આપણા માંસના પિંડ કરી સ્વામી કંસને આપવાનો છે કે શું ?) એમ સ્ત્રીઓ પરસ્પર કહેતી હતી, તેટલામાં ઉદ્ધવજી (યમુનાકિનારે) સ્નાનાદિ નિત્યકર્મથી પરવારી ત્યાં આવી પહોંચ્યા.૧-૪૯

किं साधयिष्यत्यस्माभिर्भर्त्तुः प्रेतस्य निष्कृतिम् । इति स्त्रीणां वदन्तीनामुद्धवोऽगात् कृताह्निकः ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૬ સમાપ્ત.*

## અધ્યાય-૪૭

## ઉધ્ધવજી અને ગોપીઓનો સંવાદ - ભ્રમરગીત

॥ श्रीशुक उवाच ॥

तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः प्रलम्बबाहुं नवकञ्जलोचनम् ।
पीताम्बरं पुष्करमालिनं लसन्मुखारविन्दं मणिमृष्टकुण्डलम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** તે સમયે લાંબા બાહુવાળા, કમળ જેવાં નેત્રવાળા, પીળાં પીતાંબરવાળા, કમળની માળા પહેરેલા, 'સુંદર મુખકમળવાળા અને મણિઓનાં ઝળહળતાં કુંડળોવાળા તે શ્રીકૃષ્ણસેવક ઉદ્ધવને જોઈ સુંદર દેખાવનો અને શ્રીકૃષ્ણ જેવા વેશ તથા અલંકારો પહેરનારો આ કોણ છે અને કયાંથી આવ્યો હશે ? ' એમ કહેતી અને સુંદર હાસ્ય કરતી વ્રજની સર્વ સ્ત્રીઓ આતુર થઈ, ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણના ચરણકમળનો આશ્રય કરનારા તે ઉદ્ધવજીને ચોતરફથી વીંટાઈ વળી. 'આ તો શ્રીકૃષ્ણનો સંદેશો લાવનાર ઉદ્ધવજી છે,' એમ જાણી તેઓએ વિનયથી નમ્ર થઈ, લજ્જાયુકત હાસ્ય, દર્શન તેમ જ મધુર ભાષણથી સારી રીતે સત્કાર કરેલા અને આસન ઉપર બેઠેલા તે ઉદ્ધવજીને એકાંતમાં પૂછવા લાગી: 'યદુપતિ શ્રીકૃષ્ણના સેવક તરીકે તમે આવ્યા છો, અમે જાણીએ છીએ. તમારા સ્વામી શ્રીકૃષ્ણે માતાપિતાનું પ્રિય કરવાની ઈચ્છાથી તમને અહીં મોકલ્યા છે. તે વિના હવે ગાયોના આ વ્રજમાં બીજું કંઈ પણ તેઓ યાદ કરે એવું અમે જોતી નથી. (માતાપિતાનું તે પ્રિય કરે એમાં તો આ કારણ છેઃ) માતાપિતા વગેરે સંબંધીઓ ઉપરનો સ્નેહાનુબંધ મુનિને પણ તજવો ઘણો મુશ્કેલ છે. પુરુષોએ સ્ત્રીઓ સાથે કરેલી મિત્રતા (કામવાસનારૂપી) મતલબ પૂરતી જ હોય છે, પરંતુ સાચી હોતી નથી, તે જ પ્રમાણે સંબંધીઓ સિવાય બીજા કોઈ સાથે કરેલી મનુષ્યની મિત્રતા પણ કાર્ય પૂરતી જ હોય છે અને તે કાર્ય હોય છે ત્યાં સુધી માત્ર નકલરૂપ જ હોય છે. ભમરાઓનો પુષ્પો સાથે અને પુરૂષોનો સ્ત્રીઓ સાથે આવો જ સ્વાર્થનો પ્રેમસંબંધ હોય છે. જેમ વેશ્યાઓ નિર્ધનોને, પ્રજાઓ અસમર્થરાજાને, વિદ્યાભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ વિદ્યાગુરુને, ઋત્વિજો દક્ષિણા લઈ લીધી હોય એવા યજમાનને, પક્ષીઓ ફળરહિત વૃક્ષને, અતિથિઓ ભોજન કરી ઘરને અને મૃગલાં બળેલા જંગલને તજે છે, તેમ જારપુરુષ પ્રેમવાળી સ્ત્રીને ભોગવી તેને તજી દે છે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શ્રીકૃષ્ણના દૂત ઉદ્ધવજી વ્રજમાં ગયા, ત્યારે શ્રીકૃષ્ણમાં જ મનવચન શરીરવાળી ગોપીઓ લોકવ્યવહારને તજી ઉદ્ધવજીને પૂછવા લાગી મને પ્રિય શ્રીકૃષ્ણનાં કિશોર તથા બાલ્યાવસ્થાનાં કર્મો યાદ કરી ગાતી લજ્જારહિત થઈ રડવા લાગી. શ્રીકૃષ્ણના સમાગમનું ધ્યાન કરતી કોઈ ગોપી ભમરાને જોઈ તેને પ્રિય શ્રીકૃષ્ણે મોકલેલો દૂત માની, (ઉદ્ધવજીને ઉદ્દેશી) આમ કહેવા લાગી :

**ગોપી બોલી :** એ ધુતારાના બંધુ ભમરા ! અમારી શોક્યનાં સ્તનોથી મસળાયેલી (શ્રીકૃષ્ણની) માળામાં લાગેલા કેસરથી ખરડાયેલી મૂછો વડે તું અમારા પગને અડ મા. (શ્રીકૃષ્ણના દૂત તરીકે આવી અમને નમી તું અમારાં મનામણાં ન કરીશ.) મધુપતિ શ્રીકૃષ્ણ મથુરાની માનિની સ્ત્રીઓને ભલે મનાવ્યા કરે. તેમનો એ કુંકુમરૂપ કૃપાપ્રસાદ યદુવંશીઓની સભામાં ઉપહાસ કરવા યોગ્ય છે. તે ભલે એમની પાસે જ રાખે. તારા દ્વારા તે અહીં મોકલવાની શું જરૂર છે ? તેમનો દૂત તું પણ તારા સ્વામી જેવો જ

છે. તું જેમ ફૂલ તજે છે તેમ તારા જેવા (સ્વાર્થી) શ્રીકૃષ્ણે અમને પોતાનું મોહક અધરામૃત એક વાર પાઈને તરત તજી છે. અહો ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે આવા અકૃતજ્ઞ શ્રીકૃષ્ણનાં ચરણકમળને લક્ષ્મીજી કેમ સેવે છે ? પણ હા જાણ્યું; તે લક્ષ્મીજીનું મન ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનનાં (જૂઠાં ને મીઠાં) વચનોથી લોભાયું હશે. (પણ અમે તે લક્ષ્મી જેવી મૂર્ખ નથી, જેથી અમે ભમી જઈએ.) અલ્યા ઓ ભમરા ! અમે તો ઘરબાર વિનાની જંગલી સ્ત્રીઓ છીએ; અમારી આગળ પૂર્વે અનેક વાર અમે અનુભવેલા તે યદુપતિને શું ગાયા કરે છે ? (જા,) તે શ્રીકૃષ્ણની હમણાં જે સખીઓ થઈ છે તેઓની આગળ જ તેમના પ્રસંગ તું ગાયા કર, જેથી શ્રીકૃષ્ણ (આલિંગન કરી) સ્તનની પીડાઓ દૂર કરેલી તેમની એ પ્રિયાઓ તને મનગમતું આપશે. કપટપૂર્વક સુંદર હાસ્ય અને ભ્રૂ વિલાસવાળા શ્રીકૃષ્ણને સ્વર્ગ, પૃથ્વી કે રસાતલમાં રહેલી કઈ સ્ત્રીઓ દુર્લભ છે ? લક્ષ્મીદેવી પોતે જેમની ચરણરજ સેવે છે, ત્યાં અમે કોણ માત્ર ? તોપણ (એટલું તો તારે એમને કહેવું જ કે,) જે પુરુષ ગરીબ મનુષ્યોનો પક્ષ કરે છે, તેને વિષે જ ‘ઉત્તમ શ્લોક’ (ઉત્તમ કીર્તિવાળા) શબ્દ ઘટે છે. તું અમારા પગમાં મસ્તક ન મૂક, શ્રીકૃષ્ણ પાસેથી (શીખી) આવી દૂતકર્મને યોગ્ય મીઠાં મીઠાં વચનો કહી પ્રાર્થના કરવામાં તું ચતુર બન્યો છે; પણ તારું બધું કપટ અમે જાણીએ છીએ. (શ્રીકૃષ્ણની પેઠે તું પણ વિશ્વાસપાત્ર નથી.) અમે શ્રીકૃષ્ણ માટે જ પતિ, પુત્રો તથા પરિવાર તજ્યાં છે, છતાં તે અકૃતજ્ઞ ચિત્તવાળા શ્રીકૃષ્ણે અમારો ત્યાગ કર્યો છે; તો એમની સાથે શું સમાધાન કરવું ? જેમણે (પ્રથમ રામાવતારમાં) પારધીની પેઠે ક્રૂરતા સ્વીકારી વાનરરાજ વાલીને વીંધ્યો હતો. (આવા તો તે કઠણ છે.) વળી કામવાસનાથી આવેલી સ્ત્રી શુર્પણખાને જેમણે સીતાને વશ થઈ (નાકકાન કાપી) કદ્રૂપી કરી હતી અને (વામન અવતારમાં) કાગડાની પેઠે બલિરાજાએ આપેલું ખાઈ ખાઈ છેવટે તેને પણ બાંધ્યો હતો; તે કાળા કૃષ્ણની મિત્રતા હવે અમારે કરવી નથી. તોપણ (શું કરીએ)? તેમની કથાઓ અમારાથી તજી શકાતી નથી. અરે ! એમની ચરિત્રલીલારૂપ કર્ણામૃતનું એક જ ટીપું માત્ર એક જ વાર જેઓએ પીધું હોય તેવાં અનેક મનુષ્યો રાગ દ્વેષાદિ દ્વંદ્વ ધર્મોથી છૂટી લગભગ નાશ પામ્યાં હોય તેમ ઘરમાં ગરીબ કુટુંબનો એકદમ ત્યાગ કરી, દીન બની, ભોગરહિત થઈ પક્ષીઓની પેઠે (માત્ર આજીવિકા પૂરતી જ) ભીખ માગતા ભમે છે. જે કાળા મૃગની સ્ત્રીઓ ભોળી મૃગલીઓ પારધીના (કપટી) ગાયનને સત્ય માની બાણોથી ઘાયલ થઈ પીડા ભોગવે છે, તેમ અમે ભોળી ગોપીઓ તે કૃષ્ણનાં કપટી વચનો સત્ય જેવાં માની અનેક વાર તેમના નખના સ્પર્શથી તીવ્ર કામપીડા ભોગવીએ છીએ; માટે હે દૂત ! એ કૃષ્ણની વાત તો તું જવા જ દે (કોઈ બીજી વાત કહે.) ઓ પ્રિયના મિત્ર ! વહાલા કૃષ્ણ શું તને ફરી મોકલ્યો છે અને તેથી જ તું પાછો આવ્યો છે ? ઓ દૂત ! તું અમારે પૂજ્ય છે; તો માગ, તું શું મેળવવા ઈચ્છે છે ? હે સૌમ્ય ! (શું તું મને લઈ જવા ઈચ્છે છે ? પણ) જે કદી એકલા રહેતા જ નથી, તે શ્રીકૃષ્ણ પાસે અહીં રહેલી અમને તું કેવી રીતે લઈ જઈશ ? (જો !) તેમની પ્યારી પત્ની લક્ષ્મી તો હમેશાં તેમની સાથે જ રહે છે અને તે પણ તેમની છાતીમાં જ ! હે સૌમ્ય ! આર્યપુત્ર શ્રીકૃષ્ણ (ગુરુગૃહેથી આવ્યા પછી) હમણાં શું મથુરામાં છે ? પિતા નંદરાયના ઘરને તથા મિત્ર ગોવાળિયાને તે કદી યાદ કરે છે ? અને કોઈ વખતે દાસીઓની—અમારી વાતો તે કહે છે ? અરેરે ! અગરુના જેવી સુગંધવાળો હાથ તે ભગવાન અમારા મસ્તક પર કયારે મૂકશે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી ઉદ્ધવજી શ્રીકૃષ્ણનાં દર્શન માટે તલપતી ગોપીઓને એમ કહેતી સાંભળી પ્રિય શ્રીકૃષ્ણના સંદેશાથી તેઓને શાંત પાડતા આ પ્રમાણે કહેવા લાગ્યા.

**ઉદ્ધવજી બોલ્યા :** અહો ! તમે કૃતાર્થ છો અને તમે સમસ્ત સંસારને માટે પૂજનીય છો; કારણ કે તમે ભગવાન વાસુદેવમાં આ રીતે મન અર્પણ કર્યું છે. દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ તથા બીજાં અનેક જાતનાં કલ્યાણનાં સાધનોથી જ શ્રીકૃષ્ણની ભકિત સાધી શકાય છે. આવી અત્યંત શ્રેષ્ઠ અને મુનિઓને પણ દુર્લભ ભકિત તમે ઉત્તમ કીર્તિવાન ભગવાન વિષે પ્રાપ્ત કરી છે, તે બહુ જ સારું કર્યું છે. પુત્રોનો, પતિઓનો, શરીરનો, સ્વજનો તથા ઘરબારનો ત્યાગ કરી તમે કૃષ્ણ નામના પરમ પુરુષને વરી છો, તેપણ બહુ જ સૌભાગ્યની વાત છે. હે મહાભાગ્યશાળી ગોપીઓ ! ભગવાનનો વિયોગ થતાં તમને તે અતીન્દ્રિય ભગવાનમાં આવી એકાંતિક ભકિત પ્રાપ્ત થઈ, તે પણ બહુ સારું થયું છે અને (ભગવત્પ્રેમનું આવું સુખ દેખાડી) તમે મારા ઉપર પણ મોટી કૃપા કરી છે. હું કલ્યાણમૂર્તિ સ્ત્રીઓ ! પ્રિય શ્રીકૃષ્ણનો સુખકારક સંદેશો હવે તમે સાંભળો. સ્વામી શ્રીકૃષ્ણનાં ગુપ્ત કાર્ય કરનારો હું તે સંદેશો લઈને આવ્યો છું.

**શ્રીભગવાને કહ્યું છે :** હે ગોપીઓ ! તમને મારો વિયોગ છે જ નહિ; કેમ કે હું સર્વનો આત્મા અને સર્વનું ઉપાદાન કારણ છું અને તેથી જ આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા પૃથ્વી એ પાંચ મહાભૂતો સર્વ સ્થાવર-જંગમ પદાર્થોમાં જેમ રહેલાં છે, તેમ જ હું પણ મન, પ્રાણ, પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા ગુણોના આશ્રયરૂપે તે તે સર્વમાં રહ્યો છું. હું મારી માયાના પ્રભાવથી મારા વડે મારા વિશે જ પાંચ ભૂતો, ઈન્દ્રિયો તથા ગુણોરૂપે મને પોતાને સર્જું છું, પાળું છું અને સંહારું છું. છતાં સર્વનો આત્મા હું શુદ્ધ છું; કેમ કે કોઈ પણ ગુણો મારો સ્પર્શ કરી શકતા નથી, હું ગુણોથી ભિન્ન અને જ્ઞાનસ્વરૂપ છુંઃ છતાં માયાના કાર્યરૂપ મનની વૃત્તિ વડે સુષુપ્તિમાં પ્રાજ્ઞરૂપે, સ્વપ્નાવસ્થામાં તૈજસરૂપે તથા જાગ્રદવસ્થામાં વિશ્વરૂપે જણાઉં છું. મનુષ્યે સમજવું જોઈએ કે સ્વપ્નમાં દેખાતા પદાર્થોની જેમ જ જાગ્રત અવસ્થામાં પણ ઈન્દ્રિયોના જે વિષયો પ્રતીત થઈ રહ્યા છે, તે મિથ્યા છે. એ વિષયોના ચિંતનમાંથી મનને રોકી સ્વપ્નમાંથી જાગેલો સ્વપ્નના જગતનો ત્યાગ કરે તેમ મિથ્યા વિષયોના ચિંતનનો ત્યાગ કરી મારો સાક્ષાત્કાર કરવો જોઈએ. જેમ નદીઓનું છેલ્લું પ્રાપ્તિસ્થાન સમુદ્ર છે, તેમ વિવેકીઓને વેદ, યોગ, આત્મા—અનાત્માના વિવેકરૂપ સાંખ્ય, સંન્યાસ, સ્વધર્મ, ઈન્દ્રિયદમન તથા સત્ય—એ (સર્વના જ્ઞાનનું) તાત્પર્ય માનસિક સંયમ જ છે. તમને પ્રિય હું તમારી દૃષ્ટિથી દૂર રહું છું, તેનું કારણ એ છે કે, તમને મારું ધ્યાન રહે તેવી મારી ઈચ્છા છે અને તે ધ્યાન તમારા મનને મારી પાસે જ રાખે. દૂર રહેલા પતિમાં સ્ત્રીઓનું મન જેવું પરોવાયેલું રહે છે, તેવું દૃષ્ટિ આગળ રહેલા પતિમાં પરોવાયેલું રહેતું નથી. માટે સમગ્ર વૃત્તિઓથી મનને છૂટું પાડી કેવળ મારામાં સ્થાપી દઈ તમે નિત્ય મારું ચિંતન કરશો, તો થોડા સમયમાં મને પામશો. હે કલ્યાણી સ્ત્રીઓ ! જે રાતે મેં તમારી સાથે રાસક્રીડા કરી હતી તે રાતે જે સ્ત્રીઓ (પતિની મનાઈથી) વ્રજમાં રહેલી હોઈ, મારી સાથે રાસક્રીડા રમી શકી ન હતી તેઓ મારાં પરાક્રમોનું ચિંતન કરવાપૂર્વક મને પ્રાપ્ત થઈ ગઈ હતી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રિયતમનો તે સંદેશો સાંભળી વ્રજની સ્ત્રીઓ પ્રસન્ન થઈ. તે સંદેશાથી તેમને ભગવાનનું સ્મરણ થયું. તેઓ ઉદ્ધવજીને કહેવા લાગી.

**ગોપીઓ બોલી :** યાદવોના શત્રુ દુઃખદાયી કંસને તેના અનુયાયીઓ સાથે ભગવાને માર્યો, તે બહુ સારું થયું અને સર્વ મનોરથો પામેલા સ્વજનો સાથે શ્રીકૃષ્ણ હમણાં સુખી છે, તે પણ બહુ સારું

છે. હે સૌમ્ય ! સ્નેહ, લજ્જાયુક્ત હાસ્ય અને ઉદાર દૃષ્ટિથી અમે જેમને પૂજતી હતી, તે શ્રીકૃષ્ણ અમારા ઉપર જેવી પ્રીતિ કરતા તેવી મથુરા નગરની સ્ત્રીઓ ઉપર કરે છે ? તેટલામાં બીજી ગોપી બોલી ઊઠી : રતિના અનેક પ્રકારો જાણનારા અને સુંદર સ્ત્રીઓને પ્રિય શ્રીકૃષ્ણ તે સ્ત્રીઓનાં વાક્યો તથા વિલાસોથી સત્કાર પામી તેમના પર કેમ નહીં રીઝે ? બીજી ગોપીઓ બોલી : હે સત્પુરુષ ! કોઈ પ્રસંગે તે નગરની સ્ત્રીઓની સભામાં યથેષ્ટ વાતો થતી હોય ત્યારે શ્રીકૃષ્ણ અમને ગામડિયણોને યાદ કરે છે ? રાત્રિવિકાસી કમળો, મોગરા અને ચંદ્રથી સુશોભિત વૃંદાવનમાં પગનાં ઝાંઝરોના ઝણકારવાળી રાસમંડળીમાં જેમની સુંદર કથાઓ ગવાતી, તે શ્રીકૃષ્ણ તે વેળા (તેમની) પ્રિયા—અમારી સાથે જે રાત્રિઓમાં રમ્યા હતા, તેને કદી યાદ કરે છે ? જેમ ઈન્દ્ર મેઘો દ્વારા વનને જિવાડે તેમ તેમણે અમને કરેલા શોકથી તપેલીને અંગસ્પર્શથી જિવાડવા અહીં આવશે ? પણ હવે તે કૃષ્ણ અહીં શા માટે આવે ? તેમને રાજ્ય મળ્યું, શત્રુઓ મરાયા, સર્વ સંબંધીઓ મળ્યાં અને હવે તેઓ મોટા મોટા રાજાઓની કન્યાઓને પરણી તેમની સાથે આનંદપૂર્વક રહેશે. હવે એ મહાપુરુષને અમારા જેવી જંગલી કે બીજી સ્ત્રીઓની શી જરૂર છે ? કારણ કે પોતે લક્ષ્મીપતિ પૂર્ણકામ અને પૂર્ણ છે. પિંગલા વેશ્યાએ પણ કહ્યું છે : 'નિરાશા પરમ સુખ છે.' આ અમે જાણીએ છીએ. છતાં શ્રીકૃષ્ણ વિષેની આશા અમારાથી છૂટતી નથી. ઉત્તમ કીર્તિવાળા કૃષ્ણની એકાંત વાર્તાને છોડવા કયો મનુષ્ય ઉત્સાહ કરે ? શ્રીકૃષ્ણ પોતે ઈચ્છતા નથી, છતાં લક્ષ્મીજી તેમના અંગમાંથી કદી ખસતાં નથી. અફસોસ ! હે સમર્થ ઉદ્ધવ ! બળદેવજી સાથે રહી શ્રીકૃષ્ણે સેવેલી આ નદીઓ, પર્વતો, વનપ્રદેશો, ગાયો અને વાંસળીના શબ્દો નંદપુત્ર શ્રીકૃષ્ણનું વારંવાર મને સ્મરણ કરાવે છે અને લક્ષ્મીનું રહેઠાણ તેમના આ પગલાંથી અમે તેમને કદી ભૂલતી નથી. તેમની સુંદર ગતિ, ઉદાર હાસ્ય, વિલાસપૂર્વક જોવું, મીઠી વાણી વગેરેથી અમારી બુદ્ધિ હરાઈ હોવાથી અમે તેમને કેમ વિસારી શકીએ ? હે નાથ ! હે લક્ષ્મીપતિ ! હે વ્રજપતિ ! હે પીડાહારક ! હે ગોવિંદ ! દુઃખસમુદ્રમાં ડૂબેલા ગોકુળનો ઉદ્ધાર કરો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી શ્રીકૃષ્ણના સંદેશાથી દૂર થયેલા વિરહતાપવાળી ગોપીઓએ શ્રીકૃષ્ણને અતીંદ્રિય—પરમાત્મા અને તે પરમાત્માને જ પોતાનો આત્મા જાણી ઉદ્ધવનો સત્કાર કર્યો. ઉદ્ધવજી પણ ગોપીઓના શોકને દૂર કરતા કેટલાક મહિના વ્રજમાં રહ્યા અને કૃષ્ણલીલાઓની કથાઓ ગાતા ગોકુળને આનંદ પમાડવા લાગ્યા. જેટલા દિવસ ઉદ્ધવ નંદના વ્રજમાં રહ્યા તે દિવસો શ્રીકૃષ્ણની વાર્તાથી વ્રજવાસીઓને ક્ષણ જેવા થયા. શ્રીહરિના દાસ ઉદ્ધવજી નદીઓ, વનો, પર્વતો, ગુફાઓ ને પુષ્પવાળાં વૃક્ષો જોતા ને વ્રજવાસીઓને શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવતા (વ્રજમાં) આનંદથી રહ્યા. આગળ કહ્યા પ્રમાણે શ્રીકૃષ્ણમાં લીન હોવાથી ગોપીઓના મનની વ્યાકુળતા જોઈ ઉદ્ધવજી અત્યંત પ્રસન્ન થઈ તેઓને નમસ્કાર કરતા બોલ્યા : 'પૃથ્વી પર આ ગોપીઓ જ સફળ જન્મવાળી છે; કારણ કે સંસારથી ડરતા મુમુક્ષુ, મુનિઓ અને અમે પણ સર્વના આત્મા શ્રીગોવિંદ વિષે જ ભક્તિભાવ ઈચ્છીએ છીએ, તેને આ ગોપીઓએ પોતામાં ઉત્પન્ન કર્યો છે; માટે અનંત ભગવાનની કથાઓમાં રસવાળાને બ્રાહ્મણોના (શૌક્લ, સાવિત્ર તથા યાજ્ઞિક નામના ત્રણ) જન્મો લેવાની શી જરૂર છે ? અથવા બ્રહ્માનો જન્મ લેવાનું પણ શું કામ છે ? (અહો, કેવું આશ્ચર્ય !) વ્યભિચારથી દુષ્ટ આ જંગલી સ્ત્રીઓ ક્યાં ને પરમાત્મામાં રૂઢ આ ભક્તિભાવ ક્યાં ? ખરેખર ! પીધેલું અમૃત જેમ કલ્યાણ જ કરે છે, તેમ પરમેશ્વર પણ ભજન કરનાર

અજ્ઞાનીઓનું પણ સાક્ષાત કલ્યાણ જ કરે છે. રાસક્રીડાના ઉત્સવમાં શ્રીકૃષ્ણની ભુજાએ ગ્રહણ કરેલા કંઠવાળી અને તેથી જ સર્વ મનોરથો પામી ચૂકેલી આ વ્રજની ગોપીઓ ઉપર શ્રીભગવાનની જેવી કૃપા થઈ છે તેવી કૃપા નિરંતર અત્યંત પ્રેમ ધરાવતી લક્ષ્મીદેવી ઉપર કે કમળ જેવી સુગંધી તથા કાંતિવાળી દેવાંગનાઓ ઉપર પણ નથી; તો બીજી સ્ત્રીઓ આવી કૃપાપાત્ર શી રીતે થાય ? અહો ! તજવાં મુશ્કેલ સ્વજનોનો અને લોક તથા વેદના આર્ય માર્ગનો ત્યાગ કરી જેઓ વેદોને પણ શોધવા યોગ્ય ભગવાનની પદવી પામી—તેમની સાથે તન્મયતા પામી, તે આ ગોપીઓનાં ચરણને સેવતાં વૃદાવનનાં વૃક્ષોનાં ઝુંડો, લતાઓ તથા ઔષધિઓમાંથી કોઈ પણ જાતમાં હું જન્મું (એ મારી પ્રાર્થના છે.) જે ગોપીઓએ લક્ષ્મીજીએ પૂજેલું અને પૂર્ણકામનાવાળા બ્રહ્માદિ યોગેશ્વરોએ પણ મનમાં ચિંતવેલું શ્રીકૃષ્ણ ભગવાનનું ચરણકમળ રાસમંડળીમાં પોતાનાં સ્તનો ઉપર મૂકી, તેને ભેટી (હૃદયનો) તાપ તજ્યો (તેઓની ચરણરજ સેવતાં આ વૃક્ષો વગેરેમાંથી કોઈ જાતિમાં હું જન્મું એ મારી પ્રાર્થના છે). નંદના વ્રજની સ્ત્રીઓની ચરણરજને હું વારંવાર વંદન કરું છું કે જેઓનું હરિકથાગીત આ ત્રણે જગતને પવિત્ર કરે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી ગોપી યશોદા, નંદરાય તથા અન્ય ગોવાળિયાઓની પણ સંમતિ લઈ ઉદ્ધવજી જવાની તૈયારી કરી રથ ઉપર બેઠા અને બહાર નીકળ્યા એટલે જાતજાતની ભેટો હાથમાં લઈ નંદ વગેરે ગોવાળિયા ઉદ્ધવજી પાસે આવી, આંખમાં આંસુ લાવી પ્રેમથી બોલ્યા : 'અમારા મનની વૃત્તિઓ શ્રીકૃષ્ણના ચરણકમળનો આશ્રય કરો; વાણી તેમનાં નામો ઉચ્ચારો અને શરીર તેમને નમસ્કાર વગેરે કરવામાં તત્પર રહો. કર્મોથી ઈશ્વરેચ્છાનુસાર અમે જે જાતિમાં ભટકીએ ત્યાં અમારા માંગલિક આચરણો અને દાનોથી અમને શ્રીકૃષ્ણ ભગવાનમાં પ્રીતિ થાઓ.' હે રાજા ! એમ ગોવાળિયાઓએ શ્રીકૃષ્ણભકિત વડે સત્કારેલા ઉદ્ધવજી શ્રીકૃષ્ણે રક્ષેલી મથુરા નગરીમાં પાછા આવ્યા. તેમણે શ્રીકૃષ્ણને પ્રણામ કરી વ્રજવાસીઓનો અત્યંત ભકિતભાવ તેમને જણાવ્યો. પછી તેમણે આપેલી ભેટો શ્રીકૃષ્ણને, બળરામને તથા ઉગ્રસેન રાજાને અર્પણ કરી. ૧-૬૯

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेकं व्रजौकसाम् । वसुदेवाय रामाय राज्ञे चोपायनान्यदात् ॥६९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૭ સમાપ્ત.*

## અધ્યાય-૪૮

## શ્રીકૃષ્ણનો કુબ્જા સાથે આનંદ અને અક્રૂરને હસ્તિનાપુર જવાની આજ્ઞા

॥ श्रीशुक उवाच ॥

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्वदर्शनः । सैरन्ध्रयाः कामतप्तायाः प्रियमिच्छन् गृहं ययौ ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી સર્વના આત્મા અને સર્વના દ્રષ્ટા ભગવાન શ્રીકૃષ્ણ કામથી તપેલી કુબ્જાનું પ્રિય કરવાની ઈચ્છાથી તેમને ઘેર ગયા. કુબ્જાનું ઘર મહાકિંમતી રાચરચીલાંવાળું, શૃંગાર રસનું ઉદ્દીપન કરનાર સામગ્રીથી ભરેલું, મોતીની માળાઓ, પતાકાઓ, ચંદરવા, શય્યાઓ, બેઠકોથી સુશોભિત અને સુગંધી ધૂપ, દીવા તથા પુષ્પમાળાઓથી મહેકી રહ્યું હતું. કુબ્જા શ્રીકૃષ્ણને ઘેર આવેલા જોઈ ગભરાઈને તરત જ આસન ઉપરથી ઊભી થઈ. પછી તેણે સખીઓ સાથે શ્રીકૃષ્ણની સામે જઈ ઉત્તમ આસન વગેરેથી તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. તેમ જ ઉદ્ધવજીનો પણ યોગ્ય સત્કાર કર્યો. પછી

ઉદ્ધવ પોતાને આપેલા આસનને (હાથથી માત્ર) અડીને જમીન ઉપર જ બેઠા અને લૌકિક આચારને અનુસરતા શ્રીકૃષ્ણ ભગવાન પણ તરત મહાકિંમતી શયન પર બિરાજયા. પછી સ્નાન, વિલેપન, વસ્ત્રો, આભૂષણ, પુષ્પમાળા, અત્તર વગેરે સુગંધ, તાંબૂલ ને અમૃત જેવાં માદક પીણાં વગેરેથી પોતાને શણગારી કુબ્જા લજ્જાને લીલાપૂર્વક હસતી, તેમ જ વિલાસપૂર્વક જોતી શ્રીકૃષ્ણની પાસે આવી. નવા સમાગમ વખતની શરમથી સંકોચ પામતી તે સુંદર સ્ત્રીને બોલાવી શ્રીકૃષ્ણ કંકણથી શોભતા તેના હાથ પકડીને તેને શય્યામાં બેસાડી અને પછી પોતાને માત્ર ચંદન આપવારૂપ થોડા પુણ્યવાળી તે સ્ત્રી સાથે ભગવાને ક્રીડા કરી. તે સ્ત્રી પણ ભગવાનના ચરણને સૂંઘવા લાગી; તેમ જ કામદેવથી તપેલાં બંને સ્તનો, છાતી તથા નેત્રની પીડાને ચરણસ્પર્શથી દૂર કરવા લાગી; સ્તનની મધ્યે રહેલા તે આનંદમૂર્તિ પ્રિયતમને બંને હાથે ભેટી તેણે ઘણા લાંબા વખતનો તાપ તજ્યો. પછી મોક્ષના સ્વામી તે દુર્લભ ઈશ્વરને માત્ર ચંદન આપવાથી પ્રાપ્ત કરનારી દુર્ભાગી સ્ત્રીએ તેમની પાસે આ પ્રમાણે માગ્યું : હે પ્રિયતમ ! તમે કેટલાક દિવસ અહીં મારી સાથે રહો અને મારી સાથે જ ક્રીડા કરો. હે કમળનયન ! હું તમારો સંગ તજવા ઉત્સાહ કરી શકતી નથી.' હે પરીક્ષિત ! ભગવાન સર્વનું માન રાખનારા અને સર્વના ઈશ્વર છે. તેમણે તેને અભીષ્ટ વરદાન આપી તેની પૂજાનો સ્વીકાર કર્યો. પછી પોતાના પ્રિય ભકત ઉદ્ધવજી સાથે સર્વ સંપત્તિથી પૂર્ણ પોતાને ઘેર ગયા. જે મનુષ્ય આરાધવા મુશ્કેલ અને સર્વ ઈશ્વરના પણ ઈશ્વર વિષ્ણુ ભગવાનને આરાધી તેમની પાસે વિષયસુખ માગે છે તે દુષ્ટ બુદ્ધિવાળો છે; કારણ કે વિષયસુખ તો તુચ્છ છે. પછી પ્રભુ કૃષ્ણ બળરામ અને ઉદ્ધવજી સાથે અક્રૂરનું પ્રિય કરવા અને તેમની પાસે કંઈ કામ કરાવવાની ઈચ્છાથી તેમને ઘેર ગયા. અક્રૂર પોતાના બાંધવ તે મહાપુરુષોને દૂરથી જોઈ ઊભા થઈ તેમની સામા ગયા અને તેમને ભેટી, અભિનંદન આપી અત્યંત આનંદ પામ્યા. તેમણે શ્રીકૃષ્ણ તથા બળરામને વંદન કર્યું એટલે તેઓએ પણ સામેથી તેમને પ્રણામ કર્યા. પછી આસન ઉપર બિરાજેલા તે ત્રણેની અક્રૂરે પૂજા કરી. હે રાજન્ ! તેમનું પગ ધોયેલું પાણી મસ્તકે ધારણ કરતા અક્રૂરે પૂજન, દિવ્ય વસ્ત્રો, ચંદન, પુષ્પમાળા અને ઉત્તમ અલંકારોથી તે ત્રણેનો સત્કાર કર્યો. પછી મસ્તકથી પ્રણામ કરી ભગવાનના બંને ચરણોને ખોળામાં મૂકીને ચાંપતા (વિનયનમ્ર અક્રૂરે) શ્રીકૃષ્ણ તેમ જ બળરામને કહ્યુંઃ 'તમે બંનેએ પાપી કંસને તેના અનુચરો સાથે માર્યો તે બહુ સારું કર્યું અને તમારા આ કુળને અપાર સંકટમાંથી ઉદ્ધાર કરી સમૃદ્ધ કર્યું તે પણ બહુ જ સારું કર્યું. તમે બંને પ્રધાન પુરુષ જગતના કારણ અને તેથી જ જગન્મય છો; કારણ કે કોઈ કાર્ય વસ્તુ તમારા વિનાની નથી. હે પરમેશ્વર ! રજોગુણ આદિ પોતાની શકિતઓથી પોતે જ સર્જેલા આ જગતમાં (તેના કારણ તરીકે) પ્રવેશ નહિ કરેલા છતાં તમે પ્રવેશ કરીને રહેલા હો તેવા જણાઓ છો અને સાંભળેલા તથા દેખાતા અનેક પદાર્થોરૂપે તમે એક જ જણાઓ છો. જેમ પોતાના જ રૂપાંતરથી પ્રકટ થવાનાં સ્થાનોરૂપ સ્થાવરજંગમ પદાર્થોમાં પૃથ્વી વગેરે કારણો જ અનેકરૂપે દેખાય છે, તેમ કારણરૂપે આપ કેવળ એક અને સ્વતંત્ર હોવા છતાં આ સમસ્ત ભૂત—ભૌતિક પદાર્થોમાં અનેક સ્વરૂપે દેખાઓ છો, રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણરૂપ પોતાની શકિતઓથી તમે જગત સર્જો છો, સંહારો છો અને પાળો છો; છતાં તે ગુણો કે કર્મો વડે બંધાતા નથી અથવા જ્ઞાનસ્વરૂપ આપને બંધનું કારણ (અવિદ્યા) છે જ કયાં ? દેહ વગેરે ઉપાધિને (પ્રકૃતિ તરીકે) જણાવવી અશકય હોવાથી ખરી રીતે

જીવાત્માને પણ જન્મ કે તેને લીધે થતો ભેદ સાક્ષાત્ છે જ નહિ. (તો આપને તો બંધ કે મોક્ષ ક્યાંથી જ હોય ?) વળી આપનામાં અવિદ્યા જ નથી એટલે બંધ કે મોક્ષ પણ હોઈ શકે જ નહિ, છતાં આપ વિષે બંધ કે મોક્ષ દેખાય છે તે અમારું મોટું અજ્ઞાન જ છે. જગતનું હિત કરવા આપે કરેલો પુરાતન વેદમાર્ગ જ્યારે જ્યારે દુષ્ટપાખંડી માર્ગોથી બાધિત થાય છે, ત્યારે ત્યારે તમે સત્વગુણ ધારણ કરો છો. હે પ્રભો ! તે જ તમે હમણાં અસુરોના અંશરૂપ રાજાઓની સેંકડો અક્ષૌહિણીઓનો નાશ કરી પૃથ્વીનો ભાર દૂર કરવા પોતાના અંશરૂપ આ બળદેવજી સાથે અહીં વસુદેવને ઘેર આ યાદવકુળનો યશ વિસ્તારતા અવતર્યા છો. હે ઈન્દ્રિયાતીત પરમાત્મા ! સર્વે દેવતાઓ પિતૃઓ, ભૂતગણો અને મનુષ્યો આપની જ મૂર્તિઓ છે. આપના ચરણોદકરૂપ ગંગાજી ત્રણ લોકોને પવિત્ર કરે છે. આપ સંપૂર્ણ જગતના એકમાત્ર પિતા અને ગુરુ છો. એવા આપ આજ અમારે ઘેર પધાર્યા એથી અમારાં ઘર ધન્ય ધન્ય થઈ ગયાં અને અમારા સૌભાગ્યની સીમા ન રહી એમાં કોઈ સંદેહ નથી. ક્યો પંડિત પુરુષ ભકતોને પ્રિય, સત્ય વાણીવાળા, સાચા સંબંધી અને કૃતજ્ઞ આપ વિના બીજાને શરણે જાય ? ન જ જાય; કારણ કે આપનું ભજન કરનારા ભકતજનોને આપ સર્વ કામનાઓ આપો છો; એટલું જ નહિ, પણ જેની કદી વૃદ્ધિ કે હ્રાસ નથી એવું પોતાનું સ્વરૂપ પણ આપી દો છો. હે જનાર્દન ! યોગેશ્વરો અને દેવેશ્વરોને પણ જેમની પ્રાપ્તિ દુર્લભ છે, એવાં આપના આજે અમને પ્રત્યક્ષ દર્શન થયાં, તે બહુ જ સાર થયું. હવે આપ અમારી પુત્ર, ઘર, સ્વજન, ઘર તથા તે ઉપરના મોહરૂપી આપની માયાપાશની દોરીને કાપી નાખો.' એમ ભકત અક્રૂરે પૂજન તથા સ્તુતિ કરી એટલે ભગવાન શ્રીહરિએ વાણીથી મોહ પમાડતા હોય તેમ સ્મિતપૂર્વક અક્રૂરજીને કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** તમે તો અમારા વડીલ કાકા અને પ્રશંસાપાત્ર બંધુ છો કે અમે તો નિત્ય રક્ષણ, પોષણ તથા દયા કરવા યોગ્ય તમારી પ્રજા છીએ. કલ્યાણની ઈચ્છા રાખનારા મનુષ્યોએ તમારા જેવા મહાભાગ્યશાળી ઉત્તમ મહાપુરુષોને નિત્ય સેવવા જોઈએ; કેમ કે દેવો તો સ્વાર્થી છે; તમારા જેવા સત્પુરુષો જ કેવળ બીજા પર કૃપા કરવામાં તત્પર રહે છે. કેવળ જળમાં તીર્થો (નદી, સરોવર વગેરે) એ જ તીર્થો નથી, કેવળ માટી અને પથ્થરની મૂર્તિઓ એ જ દેવો નથી; તેઓ તો લાંબા વખત સુધી શ્રદ્ધાપૂર્વક સેવન કરવાથી જ પવિત્ર કરે છે, પણ સત્પુરુષોરૂપી તીર્થ તો દર્શન માત્રથી જ પવિત્ર કરી દે છે. તમે અમારા સર્વશ્રેષ્ઠ સંબંધી હોઈ પાંડવોના કલ્યાણ માટે તેમની સ્થિતિ જાણવા હસ્તિનાપુર જાઓ. પિતા પાંડુ મરણ પામ્યા હોવાથી બાળક પાંડવો માતા કુંતી સાથે અત્યંત દુ:ખી છે. અમે સાંભળ્યું છે કે રાજા ધૃતરાષ્ટ્ર હમણાં તેમને પોતાના નગરમાં લાવ્યા છે અને તેઓ ત્યાં રહે છે. અંબિકાનો પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર દીનબુદ્ધિ અને અંધ હોઈ દુષ્ટ પુત્રોને વશ થઈ ભાઈના પુત્રો પર સમભાવે વર્તતો નથી; માટે તમે હમણાં જ જાઓ ને તેમનું વર્તન સારું છે કે ખરાબ તે જાણો. પછી તે જાણી આપણે આપણાં સંબંધીઓનું કલ્યાણ થાય તે રીતે કરીશું.

અક્રૂર એમ આજ્ઞા કરી સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ બળરામ અને ઉદ્ધવજી સાથે ત્યાંથી પોતાને ઘેર પધાર્યા. ૧-૩૬

इत्यक्रूरं समादिश्य भगवान् हरिरीश्वरः । सङ्कर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (પૂર્વાર્ધ) વિષે અધ્યાય-૪૮ સમાપ્ત.*

# અધ્યાય-૪૯

## ધૃતરાષ્ટ્રનું વર્તન જાણી અક્રૂર મથુરા પાછા આવ્યા

॥ श्रीशुक उवाच ॥

स गत्वा हास्तिनपुरं पौरवेन्द्रयशोऽङ्कितम् । ददर्श तत्राम्बिकेयं सभीष्मं विदुरं पृथाम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી અક્રૂર પુરુવંશી રાજાઓના યશરૂપ તેમણે બંધાવેલાં દેવમંદિરો તથા બ્રાહ્મણમંદિરોથી યુક્ત હસ્તિનાપુર ગયા અને ત્યાં જઈ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, કુંતી, પુત્ર સોમદત્ત સહિત બાહ્‌લિક, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, પાંડવો તથા બીજાં સંબંધીઓને મળ્યા. ગાંદિનીપુત્ર અક્રૂરજીએ બંધુઓને યથાયોગ્ય રીતે મળી, તેઓના પૂછવા પ્રમાણે પોતે પણ તેમને સંબંધીઓની બધી વાત અને કુશળ સમાચાર પૂછ્યા. હે પરીક્ષિત ! ધૃતરાષ્ટ્ર પાંડવોની સાથે કેવો વ્યવહાર કરે છે, તે જાણવા માટે અક્રૂરજી કેટલાક મહિના સુધી ત્યાં જ રહ્યા. ખરું જોતાં તો ધૃતરાષ્ટ્રમાં પોતાના દુષ્ટ પુત્રોની ઈચ્છાની વિરુદ્ધ કંઈ પણ કરવાની હિંમત ન જ હતી. તેઓ તો શકુનિ વગેરે દુષ્ટોની સલાહ પ્રમાણે જ કામ કરતા હતા. પછી પાંડવોનો પ્રભાવ, શસ્ત્ર આદિની નિપુણતા, બળ, શૌર્ય, વિનયાદિ સદ્‌ગુણો તથા તેઓ પર પ્રજાનો સ્નેહ ન સહન કરતા ધૃતરાષ્ટ્રના પુત્રોએ અન્નમાં ઝેર આપ્યું વગેરે જે દુષ્ટ કૃત્ય કર્યું હતું અને બીજું જે કરવા ધાર્યું હતું, તે સર્વ વિદુર તથા કુંતીએ અક્રૂરજીને કહી સંભળાવ્યું. કુંતાજી પોતાના ભાઈ અક્રુરજીને આવેલા જોઈ તેમની પાસે જઈ જન્મભૂમિને સંભારતાં આંખમાં આંસુ લાવી બોલ્યાં ‘હે સૌમ્ય ! મારાં માતા, પિતા, ભાઈઓ, બહેનો, ભાઈઓના પુત્રો, મારા કુળની સ્ત્રીઓ તેમ જ મારી સખીઓ મને યાદ કરે છે ? શરણાગતનું રક્ષણ કરનાર અને ભકતો ઉપર પ્રેમવાળા મારા ભત્રીજા ભગવાન શ્રીકૃષ્ણ તથા કમળ સમાન નેત્રોવાળા બળરામ તેમની ફોઈના છોકરા પાંડવોને—યાદ કરે છે ? જેમ વરુઓની વચ્ચે રહી હરિણી શોક કરે તેમ શત્રુઓની વચ્ચે રહી શોક કરતી મને તથા પિતારહિત મારા પુત્રોને શ્રીકૃષ્ણ (ધીરજનાં) વાકય કહી શાંત કરશો. હે કૃષ્ણ ! હે મહાયોગિન્! હે જગતના આત્મા ! હે જગતનું પાલન કરનાર ! હે ગોવિંદ ! પુત્રો સાથે પીડાતી મને શરણાગતને આપ બચાવો. આ મૃત્યુરૂપ સંસારથી ડરતાં મનુષ્યોને આપ ઈશ્વરનાં મોક્ષદાયી ચરણકમળ સિવાય બીજું કંઈ શરણ હું જોતી નથી. શુદ્ધ-ધર્માત્મા, પરબ્રહ્મ પરમાત્મા, યોગેશ્વર અને જ્ઞાનસ્વરૂપ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો ! હે કૃષ્ણ ! ‘હું તમારે શરણે આવી છું.’

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! તમારાં દાદીમા કુંતાજી એ રીતે પોતાના સ્વજનોને તથા જગદીશ્વર શ્રીકૃષ્ણને યાદ કરી દુઃખી થઈ રડવા લાગ્યાં. એટલે કુંતાના સુખે સુખી અને દુઃખે દુઃખી મહાયશસ્વી અક્રૂરજી તથા વિદુરજીએ તેમના પુત્રોની ઉત્પત્તિનાં કારણ ધર્મ, વાયુ તથા ઈન્દ્ર વગેરેનાં નામે કહી તેમનાં પરાક્રમો વર્ણવી તેમને શાંત કર્યા. પછી અક્રૂરજી મથુરા જવા તૈયાર થઈ પોતાના પુત્રો ઉપર પ્રેમ રાખનારા અને પાંડવો ઉપર વિષમ દૃષ્ટિવાળા રાજા ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને સર્વ સંબંધીઓની વચ્ચે બંધુ શ્રીકૃષ્ણ તથા બળરામ વગેરેને સ્નેહને લીધે જે કહ્યું હતું તે તેમને કહેવા લાગ્યા.

**અક્રૂરજી બોલ્યા :** હે વિચિત્રવીર્યના પુત્ર ! હે કુરુઓની કીર્તિને વધારનારા ! તમારા ભાઈ પાંડુ મરી ગયા એટલે હવે તમે રાજ્યાસન પર બેઠા છો છતાં ધર્મથી પૃથ્વીનું પાલન કરશે, સદાચારથી પ્રજાઓને પ્રસન્ન કરશો અને પોતાનાં સંબંધીઓ તરફ સમભાવે વર્તશો તો કલ્યાણ અને કીર્તિ

પામશો. પરંતુ એથી ઊલટી રીતે આચરણ કરશો તે લોકમાં નિંદ્ય થઈ નરકમાં જશો; માટે પુત્રો અને પાંડવો તરફ સમભાવથી વર્તો. હે રાજન્ ! આ જગતમાં કોઈનો કોઈની સાથે અત્યંત સહવાસ રહેતો જ નથી. પોતાના શરીર સાથે પણ પ્રાણીને નિત્ય સહવાસ નથી, તો સ્ત્રી, પુત્ર વગેરેની સાથે તો ક્યાંથી જ હોય, પ્રાણી એકલો જન્મે છે, એકલો જ નાશ પામે છે અને એકલો જ પુણ્ય કે પાપ ભોગવે છે. જેમ બીજાં જળચર પ્રાણીઓ, માછલાંના જીવનરૂપ જળને લઈ જાય, તેમ અલ્પ બુદ્ધિવાળા મનુષ્ય અધર્મથી એકઠા કરેલા ધનને બીજા પુત્ર વગેરે 'અમે પોષણ કરવા યોગ્ય છીએ' એવાં બહાનાં કાઢી લઈ જાય છે. જેમને પોતાના માની પોતે અધર્મથી પોષે છે, તે પ્રાણ, ધન તથા પુત્ર, વગેરે તે મનુષ્યને અસંતુષ્ટ સ્થિતિમાં છોડીને જ ચાલ્યા જાય છે. પછી તેઓથી તજાયેલો અને સ્વાર્થ સાધવામાં મૂર્ખ તે મનુષ્ય સ્વધર્મથી વિમુખ અને અપૂર્ણ મનોરથવાળો રહીને જ (કુટુંબપોષણ) પાપ સાથે લઈ ઘોર નરકમાં પડે છે. માટે હે સમર્થ રાજા ! આ લોકને સ્વપ્ન, માયા તથા મનોરથ જેવો નાશવંત જોઈ બુદ્ધિથી મનને વશ કરી, શાંત થઈને સમાન ભાવ રાખો.

**ધૃતરાષ્ટ્ર રાજા બોલ્યા :** હે મહાદાની અક્રૂર ! જેમ કોઈ મનુષ્ય અમૃતને પામી તૃપ્ત ન થાય તેમ આપ આ મારા કલ્યાણની વાણી બોલો છો, તેથી હું તૃપ્ત થતો નથી. તોપણ હે સૌમ્ય ! તમારી આ પ્રિય અને સત્ય વાણી, પુત્રના સ્નેહથી વિષમ બનેલા મારા અસ્થિર હૃદયમાં સ્ફટિકના પર્વત પર ચમકતી વીજળીની પેઠે સ્થિર રહેતી નથી. પૃથ્વીનો ભાર ઉતારવા યદુના કુળમાં અવતરેલા તે ઈશ્વરની માયાને કયો પુરુષ ઓળંગી શકે તેમ છે ? ભગવાનની માયાનો માર્ગ અચિંત્ય છે. તેઓ પોતાની એ માયા દ્વારા આ સંસાર ઉત્પન્ન કરીને તેમાં પ્રવેશ કરે છે અને ભિન્ન ભિન્ન કર્મો તથા કર્મફળોને સેવે છે. આ સંસારચક્રની ગતિમાં તેમની અચિંત્ય માયાશકિત સિવાય બીજું કંઈ કારણ નથી. હું તે પરમ ઐશ્વર્યશાળી પ્રભુને નમસ્કાર કરું છું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ધૃતરાષ્ટ્ર રાજાનો અભિપ્રાય જાણી યાદવ અક્રૂરજી સંબંધીઓની રજા લઈ પાછા મથુરા આવ્યા, અને તે કુરુવંશી રાજ ! જે માટે પોતાને મોકલ્યા હતા. તે પાંડવો પ્રત્યેનું ધૃતરાષ્ટ્રનું વર્તન તેમણે બળરામ તથા શ્રીકૃષ્ણને કહ્યું. ૧-૩૧

शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम् । पाण्डवान् प्रति कौरव्य यदर्थे प्रेषितः स्वयम् ॥३१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ વિષે અધ્યાય-૪૯ સમાપ્ત.*

## દશમ સ્કંધ પૂર્વાર્ધ સમાપ્ત

# શ્રીમદ્ ભાગવત
# દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)

## અધ્યાય-૫૦
## જરાસંઘ સાથે યુધ્ધ અને દ્વારકાપુરીનું નિર્માણ

॥ श्रीशुक उवाच ॥

अस्तिः प्राप्तिश्च कंसस्य महिष्यौ भरतर्षभ । मृते भर्तरि दुःखार्ते ईयतुः स्म पितुर्गृहान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતશ્રેષ્ઠ રાજા ! પતિ મરણ પામ્યો એટલે દુઃખથી પીડાયેલી કંસની બે રાણી અસ્તિ અને પ્રાપ્તિ પિતા જરાસંધને ઘેર ચાલી ગઈ. તે બંનેએ દુઃખી થઈ પિતા મગધરાજ જરાસંધને પોતાનું વિધવા થવાનું સર્વ કારણ જણાવ્યું. હે રાજા ! તે અપ્રિય વાત સાંભળી જરાસંધ શોક અને ક્રોધથી વ્યાપ્ત થયો. તેણે પૃથ્વીને યાદવ વિનાની કરવા યુદ્ધની ભારે તૈયારી કરી, અને ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે લઈ યાદવોની રાજધાની મથુરાને સર્વ દિશાઓમાંથી ઘેરી લીધી. પૃથ્વીનો ભાર ઉતારવા મનુષ્ય થયેલા ભગવાન કૃષ્ણ જરાસંધના સમુદ્ર જેવા અમર્યાદ સૈન્ય વડે ઘેરાયેલા પોતાના નગરને તથા ભયથી વ્યાકુળ પોતાનાં સંબંધીઓને જોઈ દેશ તથા કાળને અનુકુળ પોતાના અવતારનું કારણ વિચારવા લાગ્યાઃ 'જરાસંધ સિવાય કેવળ તેના સૈન્યનો જ નાશ કરું કે જરાસંધનો નાશ કરી તેના સૈન્યને કેદ પકડું ? અથવા જરાસંધનો તથા તેના સૈન્યનો—બંનેનો નાશ કરુ ?' (આમ ત્રણ પ્રકારે વિચાર કરી, ભગવાને પહેલા વિચાર પ્રમાણે કરવા નક્કી કર્યું કે) 'જરાસંધે પોતાના તાબાના સર્વ રાજાઓનું સૈન્ય અહીં આણ્યું છે, તે પૃથ્વી પર ભારરૂપ અને પાયદળ, ઘોડા, રથ તથા હાથીઓની અનેક અક્ષૌહિણીની સંખ્યામાં છે; માટે આ સૈન્યનો જ નાશ કરવો, પણ હમણાં જરાસંધને મારવો નહિ; કેમ કે જરાસંધ જીવતો હશે તો ફરી પણ સૈન્ય લાવવા ઉદ્યમ કરશે. (જેથી ફરી પૃથ્વીનો ભાર ઓછો કરવા પ્રસંગ મળશે.) પૃથ્વીનો ભાર ઉતારવા, સાધુપુરુષોનું રક્ષણ કરવા અને દુષ્ટોનો વિનાશ કરવા માટે જ મારો આ અવતાર છે. વળી આ સિવાય બીજાં શરીરો પણ ધર્મની રક્ષા અને કોઈ વેળા ઉત્પન્ન થતા અધર્મનો અંત આણવા માટે જ હું ધરું છું' શ્રીકૃષ્ણ એવો વિચાર કરતા હતા તેટલામાં દૈવેચ્છાએ તરત જ સૂર્ય જેવા તેજવાળા બે રથ આકાશમાંથી આવ્યા, જે સારથિઓ સાથે લડાયક સર્વ સામગ્રીઓથી ભરપૂર હતા. પુરાતન દિવ્ય આયુધો પણ તેમાં હતાં. તે જોઈ શ્રીકૃષ્ણે બળદેવજીને કહ્યું : 'હે આર્ય ! જુઓ, તમે જેમના રક્ષક છો. તે યાદવો પર કેવું સંકટ આવ્યું છે ! હે સમર્થ ભાઈ ! તમારે માટે આ રથ અને તમારા પ્રિય આયુધો આવ્યા છે;

માટે રથ ઉપર બેસી આ સૈન્યનો સંહાર કરો અને સંકટમાંથી સંબંધીઓનો ઉદ્ધાર કરો. હે પ્રભુ ! આપણે બંનેનો જન્મ આ માટે જ હોઈ સત્પુરુષોને સુખ કરનાર છે. તેથી ત્રેવીસ અક્ષૌહિણીરૂપ પૃથ્વીનો ભાર તમે દૂર કરો.' એમ કહી શ્રીકૃષ્ણ તથા બળદેવ, કવચ પહેરી રથ ઉપર બેસી, પોતાનાં હથિયારો સાથે થોડી સેનાથી વીંટાઈને નગરમાંથી બહાર નીકળ્યા. પછી દારુક સારથિવાળા શ્રીકૃષ્ણે નગરમાંથી નીકળી શંખ વગાડ્યો; એટલે શત્રુસૈનિકોના હૃદયમાં અત્યંત ત્રાસ અને કમકમાટી થયાં. પછી મગધરાજ જરાસંધ તે બંનેને જોઈ બોલ્યો : હે કૃષ્ણ ! હે પુરુષાધમ ! તું બાળક છે, વળી એકલો છે માટે લજ્જાથી તારી સાથે લડવા હું ઈચ્છતો નથી. મૂર્ખાઓ ! બંધુહત્યારા ! તું નંદના વ્રજમાં ગુપ્ત રહ્યો હતો, માટે હું તારી સાથે લડીશ નહિ; જો તું અહીંથી ચાલ્યો જા. હે બળરામ ! તને જો શ્રદ્ધા હોય તો તું ધીરજ ધર અને મારી સાથે લડ. મારાં બાણોથી કપાયેલા શરીરને તજી સ્વર્ગમાં જા અથવા મારો નાશ કર.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજન્ ! શૂરા બડાઈ કરતા નથી, તેઓ તો પરાક્રમ જ દેખાડે છે. તું મરવાની અણી પર છે, તેથી આતુર બન્યો છે માટે તારું વચન અમે માનતા નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી જરાસંધે તે બંને-શ્રીકૃષ્ણ-બળદેવ સામે ધસી વાયુ જેમ વાદળાં અને ધૂળથી સૂર્ય તથા અગ્નિને ઢાંકી દે તેમ મહા બળવાન મોટી સેનાથી તેઓ બંનેને સૈન્ય, રથ, ધ્વજ, ઘોડા તથા સારથિઓ સહિત ઘેરી લીધા, એ વખતે મથુરા શહેરની અટારીઓ, હવેલીઓ તથા દરવાજા પર ચડેલી સ્ત્રીઓ ગરુડ અને તાડના ધ્વજરૂપ ચિહ્નવાળા શ્રીકૃષ્ણ—બળદેવના રથોને ન જોતાં શોકથી વ્યાકુળ થઈ અત્યંત મૂંઝાઈ ગઈ. પછી શ્રીહરિએ પોતાના સૈન્યને શત્રુના સૈન્યરૂપી મેઘોના બાણોરૂપી અતિ ઉગ્ર વરસાદથી પીડાયેલું જોઈ, દેવો અને અસુરોએ પૂજેલા ઉત્તમ શાર્ઙ્ગ ધનુષ્યનો ટંકાર કર્યો અને ભાથામાંથી બાણો કાઢી ધનુષ્યમાં સાંધી, ખેંચીને અનેક બાણો છોડી રથો, હાથી, ઘોડા તથા પાળાઓનો નાશ કરવા માંડ્યો, તે સમયે તેમનું ધનુષ્ય ગોળ ભમતા બળતા ઊંબાડિયા જેવું લાગતું હતું. ચિરાયેલાં ગંડસ્થળોવાળા અને બાણોથી કપાયેલાં ડોકાંવાળા અનેક ઘોડા તેમ જ જેઓના ઘોડા, ધજા, સારથિઓ તથા નાયકોનો નાશ થયો હતો, એવા અનેક રથો અને કપાયેલી ભુજાઓ, સાથળો અને ગળાંવાળા અનેક પાળાઓ ત્યાં પડવા લાગ્યા. વળી તે યુદ્ધમાં દુર્મદ શત્રુઓનો મુસળ વડે સંહાર કરતા અમાપ તેજવાળા બળદેવે લોહીની સેંકડો નદીઓ વહાવી દીધી. એ નદીઓ કપાયેલા મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓનાં અંગોથી ઉત્પન્ન થયેલી ભુજારૂપી સર્પોવાળી, પુરુષોનાં મસ્તકોરૂપી કાચબાઓવાળી મરેલા હાથીરૂપી બેટવાળી, ઘોડાઓરૂપી ઝૂંડો વડે વ્યાપ્ત, હાથરૂપી પુષ્કળ માછલાંવાળી, માણસોના કેશરૂપી શેવાળવાળી, મનુષ્યોરૂપી તરંગોવાળી, આયુધોરૂપી વનસ્પતિઓના ગુચ્છાઓથી વ્યાપ્ત, ઢાલોરૂપી ઘૂમરીમોથી ભયાનક, ઉત્તમ મોટા મણિઓ તથા અલંકારોરૂપી પથરા અને કાંકરાવાળી, બીકણ મનુષ્યોને ભય ઉપજાવનારી અને પરસ્પર મારો ચલાવતા શુરાઓને હર્ષ ઉપજાવતી હતી. હે રાજન્ ! જરાસંધના રક્ષણ તળે રહેલું સૈન્ય સમુદ્રની પેઠે દુર્ગમ અને ભયંકર હતું; કારણ કે સૈન્યરૂપી સમુદ્રનું તળિયું જેનો છેડો જણાતો ન હતો, છતાં શ્રીકૃષ્ણ તથા બળદેવે તેનો નાશ કર્યો; અથવા જગતના ઈશ્વર તે બંને વસુદેવપુત્રની એ કેવળ રમત જ હતી, પણ પરાક્રમ ન હતું. લીલામાત્રમાં ત્રણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર તે અનંત ગુણોવાળા ભગવાન શત્રુપક્ષને શિક્ષા કરે એમાં કંઈ આશ્ચર્ય નથી, તો પણ મનુષ્યપણાની નકલ કરતા તે ભગવાનનાં એ કર્મો અહીં વર્ણવાય છે. નાશ પામેલા સૈન્યવાળા, માત્ર પ્રાણથી જ બાકી રહેલા અને રથરહિત થયેલા મહાબળવાન જરાસંધને સિંહ જેમ

બળથી સિંહને પકડે તેમ બળરામે પકડ્યો અને ઘણા શત્રુઓને મારનાર એવા પણ તે જરાસંધને બળદેવે વરુણપાશ તથા મનુષ્યપાશો વડે બાંધવા માંડ્યો પણ જરાસંધ દ્વારા બીજાં ઘણાં કાર્ય કરવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણે બળદેવજીને અટકાવ્યા. પછી લોકના નાથ તે બંનેએ છૂટો કર્યો એટલે વીરપુરુષોમાં માન્ય જરાસંધે શરમાઈને તપ કરવા સંકલ્પ કર્યો, પણ રસ્તામાં રાજાઓએ પવિત્ર અર્થ અને પદોવાળાં ધાર્મિક વાક્યો તથા લૌકિક નીતિવાક્ય કહી તેને અટકાવ્યો જેમ કે તમે મહાપુરુષ છો, છતાં આ નાના યાદવોએ તમારા કર્મબંધનથી જ તમારો પરાજય કર્યો છે. એ રીતે સૈન્યો નાશ પામ્યા, ત્યારે ભગવાને જતો કરેલો તે બૃહદ્રથનો પુત્ર જરાસંધ રાજા મનમાં ઉદાસ થઈ મગધ દેશ તરફ ગયો, તેમ જ અખંડ સૈન્યવાળા શ્રીકૃષ્ણ પણ શત્રુના સૈન્યવાળા સમુદ્રને તરી, દેવતાઓ વડે પુષ્પોથી વધાવતા અને અનુમોદન અપાતા મથુરા ગયા. તે વેળા ભયથી છૂટી સંતાપરહિત અને આનંદિત મનવાળા મથુરાના લોકો તેમની સામા આવ્યા એટલે ભગવાન તેઓને મળ્યા. સૂતો, માગધો, અને બંદીજનો ભગવાનનો વિજય ગાવા લાગ્યા. પ્રભુ શ્રીકૃષ્ણે નગરમાં પ્રવેશ કર્યો, તે સમયે શંખો, દુંદુભિ, ભેરી, વીણા, વાંસળી, મૃદંગો તથા બીજાં અનેક વાજાં વાગી રહ્યાં. રસ્તાઓ પાણીથી છંટકાયા, લોકો હર્ષ પામ્યા. પતાકાઓથી શહેર શણગારાયું. વેદગર્જનાથી ગાજી રહ્યું અને ઉત્સવોનાં તોરણો ચોતરફ બાંધી દેવાયાં. પુષ્પો, દહીં,ચોખા અને જવારા વડે ભગવાનને વધાવતી શહેરની સ્ત્રીઓ પ્રીતિથી, પ્રફુલ્લ નેત્રો વડે સ્નેહપૂર્વક તેમને જોવા લાગી. પછી પ્રભુ શ્રીકૃષ્ણે વીરપુરુષોને ભૂષણરૂપ રણભૂમિનું અઢળક ધન જે સાથે આણ્યું હતું, તે સઘળું યદુરાજા, ઉગ્રસેનને અર્પણ કર્યું એમ મગધરાજા જરાસંધ તેટલી જ અક્ષૌહિણી લાવી સત્તર વાર શ્રીકૃષ્ણે રક્ષેલા યાદવો સાથે લડ્યો હતો. પણ યાદવોએ શ્રીકૃષ્ણના પ્રભાવથી તેનાં સર્વ સૈન્યનો સંહાર કર્યો હતો, તેથી પોતાનાં સૈન્ય નાશ પામતાં શત્રુઓએ છોડી દીધેલો તે જરાસંધ પાછો પોતાના દેશમાં જતો રહેતો. પછી ભવિષ્યનું અઢારમું યુદ્ધ થવાનું હતું, તેટલામાં વચ્ચે નારદમુનિએ મોકલેલો વીર કાળયવન યાદવોને દેખાયો. મનુષ્યલોકમાં અતુલ બળવાળા તે યવને યાદવોને પોતાના જેવા સાંભળી, ત્રણ કરોડ મ્લેચ્છ યોદ્ધાઓ સાથે આવી મથુરાને ઘેરો ઘાલ્યો હતો. બળદેવજી અને શ્રીકૃષ્ણ કાળયવનને આવેલો જોઈ વિચાર કર્યો. ‘અહો ! યાદવો પર બન્ને તરફથી મહાસંકટ આવ્યું છે. મહાબળવાન કાળયવન આજે આપણને ઘેરી વળ્યો છે; તેટલામાં આજ, કાલ કે પરમ દિવસે જરાસંધ પણ આવશે. આપણે બંને આ યવન સાથે લડીશું તેટલામાં જરાસંધ જો ચડી આવશે, તો આપણા બંધુઓનો નાશ કરશે અથવા પોતાના નગરમાં લઈ જશે, કારણ કે તે બળવાન છે, માટે આપણે હમણાં જ મનુષ્યથી પેસી જ ન શકાય એવો કિલ્લો કરી તેમાં આપણી જ્ઞાતિઓને રાખી આ યવનનો નાશ કરાવીએ, આવો વિચાર કરી ભગવાન શ્રીકૃષ્ણે (વિશ્વકર્મા પાસે) સમુદ્રની વચ્ચે બાર યોજન ઘેરાવાવાળો એક કિલ્લો કરાવ્યો અને તેની વચ્ચે સર્વ આશ્ચર્યોથી યુકત (દ્વારકા નામે) શહેર રચાવ્યું. એ શહેરમાં વિશ્વકર્માના જ્ઞાનરૂપ કળાની કુશળતા દેખાતી હતી અને રાજમાર્ગો, બજારો તથા પોળો સાથે એની રચના ઘરો વગેરેની વ્યવસ્થિત બાંધણીવાળી હતી. તેમાં દેવતાઈવૃક્ષો તથા લતાઓવાળા બાગ-બગીચા હતા; ઠેકઠેકાણે અદ્ભુત ઘરબગીચા હતા. સુવર્ણનાં શિખરવાળા સ્ફટિક મણિની અટારીઓ અને (ઊંચાઈથી) આકાશમાં પહોંચતાં દરવાજા હતા. અશ્વશાળા તથા રત્નશાળા વગેરે રૂપાની તથા પિત્તળની રચી હતી. તેના પર સુશોભિત સુવર્ણકળશો અને પદ્મરાગમણિ વગેરેનાં તથા સુવર્ણનાં શિખરો હતાં. શ્રેષ્ઠ મરકતમણિની અંદરની ભૂમિવાળાં સુવર્ણનાં ઘરો તેમાં બનાવ્યાં હતાં; દેવમંદિરો અને દરેક ઘર ઉપર છેલો સુંદર

મજલો બાંધ્યો હતો. તે નગર ચાર વર્ણોના લોકોથી વ્યાપ્ત હોઈ યદુવંશી રાજાઓના મહેલોથી શોભતું હતું. ઇંદ્રે શ્રીહરિ માટે સુધર્મા નામની દિવ્ય સભા તથા પારિજાતક નામનું દેવતાઈ વૃક્ષ ત્યાં મોકલ્યું હતું; તેથી ત્યાં વસનાર મનુષ્યને ભૂખતરસ વગેરે મનુષ્યધર્મો લાગતા ન હતા. તેમ જ એક એક કાળા કાનવાળા, અને મન જેવા વેગવાળા ધોળા ઘોડા વરુણદેવે મોકલ્યા હતા અને લોકપાલ કુબેરે પોતાના ઐશ્વર્યરૂપ આઠ ખજાનો ત્યાં મોકલ્યા હતા. હે રાજા ! બીજા પણ સિદ્ધ વગેરે દેવોને ભગવાને પોતપોતાના અધિકારની સિદ્ધિ માટે જે જે આધિપત્ય આપ્યું છે, તે સઘળું તે તે દેવોએ શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા ત્યારે તેમને પાછું આપ્યું હતું. શ્રીહરિ યોગના પ્રભાવથી (કાળયવન ન જાણે તેમ) સર્વ મનુષ્યોને તે નગરીમાં લઈ જઈ પ્રજાનું પાલન કરનાર બળરામ સાથે (તમે અહીં રહી પ્રજાનું રક્ષણ કરજો; હું અહીંથી નાસી જાઉં છું, એવી) મંત્રણા કરી કમળમાળા પહેરનારા શ્રીકૃષ્ણ કોઈ હથિયાર વિના નગરના દરવાજામાંથી બહાર નીકળ્યા. ૧-૫૮.

प्रजापालेन रामेण कृष्णः समनुमंत्रितः । निर्जगाम पुरद्वारात् पद्ममाली निरायुधः ॥५८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૦ સમાપ્ત.*

## અધ્યાય-૫૧

## કાળયવનનો મુચુકુંદ દ્વારા નાશ

॥ श्रीशुक उवाच ॥

तं विलोक्य विनिष्क्रांतमुज्जिहानमिवोडुपम् । दर्शनीयतमं श्यामं पीतकौशेयवाससम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** અત્યંત દેખાવડા, શ્યામ, પીળાં પીતાંબર પહેરનારા, છાતીમાં શ્રીવત્સનાં ચિહ્નવાળા, ડોકમાં ઝળકતો કૌસ્તુભમણિ પહેરનારા, પુષ્ટ અને લાંબી ચાર ભુજાવાળા નવા કમળ સમાન લાલ નેત્રોવાળા, નિત્ય આનંદી, શોભાયમાન, સુંદર ગાલવાળા, પવિત્ર હાસ્ય કરતા ને ઝળકતાં મકરાકાર કુંડલવાળા મુખકમળને ધરતા શ્રીકૃષ્ણને ઉદય પામતા ચંદ્રની પેઠે મથુરામાંથી નીકળેલા જોઈ કાળયવન નારદે કહેલાં લક્ષણો ઉપરથી 'આ પુરુષ જ વસુદેવનો પુત્ર કૃષ્ણ હોવો જોઈએ; કારણ કે આણે શ્રીવત્સનું ચિહ્ન, ચાર ભુજાઓ, કમળ જેવાં નેત્ર અને વનમાળા પહેરી હોઈ (દેખાવમાં પણ) આ અત્યંત સુંદર છે, માટે બીજો ન હોય. આ કૃષ્ણ અત્યારે આયુધ વિના પગપાળો જાય છે, માટે હું પણ આયુધ વિના પગપાળો જ જઈ આની સાથે યુદ્ધ કરું આવો નિશ્ચય કરી તે યવન પાછું મુખ રાખી નાસતા અને યોગીઓને પણ દુર્લભ શ્રીકૃષ્ણ પાછળ તેમને પકડવાની ઈચ્છાથી દોડયો. શ્રીકૃષ્ણ પગલે પગલે તેના હાથમાં જાણે પોતે આવ્યા હોય, તેમ દેખાડતા એ યવનરાજને દૂર એક પર્વતની ગુફા તરફ લઈ જવા લાગ્યા. પેલો યવન 'યદુકુળમાં જન્મેલા તને આમ નાસવું યોગ્ય નથી,' આવો તિરસ્કાર કરતો શ્રીકૃષ્ણની પાછળ દોડતો હતો; પણ જેનાં પાપકર્મોનો હજી નાશ થયો ન હતો. એવો તે યવન તેમને પહોંચી શકયો નહિ. ભગવાન શ્રીકૃષ્ણ એમ તેનાથી તિરસ્કાર કરાયા છતાં (દરકાર કર્યા વિના) પર્વતની ગુફામાં પેસી ગયા; એટલે એ યવન પણ તેમની પાછળ ગુફામાં પેઠો ત્યાં તેણે બીજા એક પુરુષને સૂતેલો જોયો' એટલે નકકી, આ કૃષ્ણ મને અહીં સુધી લાવી પોતે કોઈ સત્પુરુષની પેઠે સૂઈ ગયો છે. એમ તે મુર્ખાએ પેલા સૂતેલા મનુષ્યને શ્રીકૃષ્ણ માની તેને પગની લાત મારી, એટલે લાંબા કાળથી ત્યાં સૂતેલો તે પુરુષ (લાત વાગવાથી) જાગી, ધીમે ધીમે આંખ ઉઘાડી દિશાઓમાં જોવા લાગ્યો; બાજુએ ઊભેલા કાળયવનને તેણે

જોયો. હે ભરતવંશી રાજા ! (તેને જોતાં જ) ક્રોધાયમાન થયેલા તે પુરુષની નજર પડતાં તેના શરીરમાંથી ઊપજેલા અગ્નિ વડે ક્ષણવારમાં કાળયવન બળીને ભસ્મ થઈ ગયો.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ યવનરાજાનો નાશ કરનાર તે પુરુષ કોણ, કોના વંશનો, કેવા પ્રભાવવાળો અને કોનો પુત્ર હતો ? શા માટે ગુફામાં જઈ તે સૂઈ રહ્યો હતો !

**શ્રી શુકદેવજી બોલ્યા :** તે મહાપુરુષ ઈક્ષ્વાકુકુળમાં જન્મ્યો હોઈ, માધાંતારાજાનો પુત્ર 'મુચુકુંદ' નામથી પ્રખ્યાત, બ્રાહ્મણોનો ભકત અને સત્ય પ્રતિજ્ઞા વાળો હતો. પૂર્વે અસુરોથી ત્રાસ પામેલા ઈંદ્ર વગેરે દેવગણોએ પોતાનું રક્ષણ કરવા તે મુચુકુંદ રાજા પાસે માગણી કરી હતી, તેથી તે રાજાએ ઘણા લાંબા વખત સુધી તેઓની રક્ષા કરી હતી. પછી સ્વર્ગનું પાલન કરનાર કાર્તિકસ્વામીને મેળવ્યા પછી દેવોએ મુચુકુંદને કહ્યું હતું, 'હે રાજન્ ! અમારું રક્ષણ કરવારૂપ સંકટથી હવે તમે વિરામ પામો. હે વીર, ! મનુષ્યલોકમાં નિષ્કટક રાજ્ય તજી અમારું રક્ષણ કરતાં તમે સર્વ વિષયભોગો છોડયા છે. તમારા પુત્રો, રાણીઓ, જ્ઞાતિનો, કારભારીઓ, પ્રધાનો અને તમારા વખતની જે પ્રજાઓ હતી. તેમાંનું હમણાં કંઈ રહ્યું નથી. તે સર્વનો કાળે નાશ કર્યો છે. કાળ બળવાનો કરતાં પણ ઘણો બળવાન, અવિનાશી અને સર્વનો નિયંતા ભગવાન છે. જેમ ગોવાળ પશુઓને આડાંઅવળાં હાંકે છે તેમ ક્રીડા કરતો કાળ સર્વ પ્રજાને આમતેમ ફેરવે છે. હે રાજા ! તમારુ કલ્યાણ થાઓ. હવે તમે અમારી, પાસેથી મોક્ષ વિના વર માગો; કારણ કે મોક્ષના સ્વામી તો અવિનાશી ભગવાન વિષ્ણુ એકલા જ છે. દેવતાઓએ એમ કહ્યું એટલે પરિશ્રમથી થાકેલા મહાયશસ્વી મુચુકુંદરાજાએ તેઓને વંદન કરી તેઓ પાસેથી નિદ્રા જ માગી અને કહ્યું : 'હે ઉત્તમ દેવો ! મારી નિદ્રાનો જે ભંગ કરે તે તત્કાળ બળીને ભસ્મ થાય, ત્યારે દેવોએ 'તથાસ્તુ'. એમ કહ્યું અને મુચુકુંદ ગુફામાં પેસી દેવોએ આપેલી નિદ્રામાં સૂઈ ગયો. દેવોએ મુચુકુંદને કહ્યું હતું જે મૂર્ખ મનુષ્ય નિદ્રામાં સૂતેલા તમને વચ્ચે જગાડશે. તે તમારા જોવા માત્રથી તે જ ક્ષણે બળીને ભસ્મ થશે. (એ કારણથી) કાળયવન ભસ્મ થયો એટલે યાદવશ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણે બુદ્ધિમાન મુચુકુંદને પોતાનાં દર્શન દીધાં. મેઘ જેવા શ્યામ, પીળાં પીતાંબર પહેરતા છાતીમાં શ્રીવત્સના ચિહ્નવાળા, ઝળકતા કૌસ્તુભમણિથી પ્રકાશતા, ચાર ભુજાઓવાળા વૈજયંતીમાળાથી શોભતા, સુંદર પ્રસન્ન મુખવાળા, ઝળકતાં મકરાકાર કુંડળોવાળા, મનુષ્યલોકને દર્શન કરવા યોગ્ય પ્રેમપૂર્વક મંદહાસ્ય સાથે જોતાં સુંદર વયવાળા અને મદોન્મત્ત હાથી જેવી ઉત્તમ ગતિવાળા શ્રીભગવાનનાં દર્શન કરી મહાબુદ્ધિમાન મુચુકુંદરાજા તેમના તેજથી અંજાઈ જઈને તેજ વડે પરાજય કરવા અશક્ય તે ભગવાનને ધીમેથી પૂછવા લાગ્યો.

**મુચુકુંદે પૂછ્યું :** કમળની પાંખડી જેવા આ પગ વડે ઘણા કાંટાવાળા આ જંગલમાં આપ ફરો છો અને અહીં પહાડની ગુફામાં પધાર્યા છો, તે કોણ છો ? શું આપ તેજસ્વીઓનું પણ તેજ છો ? અથવા ભગવાન અગ્નિદેવ કે સૂર્ય, ચંદ્ર, ઈંદ્ર અથવા કોઈ લોકપાલ છો ? હું માનું છું કે તમે દેવોનાદેવ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ એ ત્રણમાંના પુરુષોત્તમ શ્રીવિષ્ણુ ભગવાન છો; કારણ કે આપ મોટા દીવાની પેઠે કાંતિ વડે ગુફાના અંધકારનો નાશ કરે છો ! હે મહાપુરુષ ! જો આપને ગમે તો આપ પોતાનાં જન્મ, કર્મ તથા કુળ સાંભળવા ઈચ્છતા અમને નિષ્કપટપણે કહો. હે પુરુષોમાં શ્રેષ્ઠ ! અમે તો ઈક્ષ્વાકુવંશના ક્ષત્રિયબંધુ છીએ. હે પ્રભુ ! મારું નામ 'મુચુકુંદ' છે અને હું માંધાતાનો પુત્ર છું. લાંબા ઉજાગરાથી થાકીને હું નિદ્રાવશ ઈંદ્રિયોવાળો થઈ, અહીં નિર્જન પ્રદેશમાં મારી ઈચ્છાનુસાર સૂઈ રહું છું, પણ હમણાં મને કોઈએ ઉઠાડયો

હતો. તે (મને ઉઠાડનારો) માણસ પોતાનાં પાપને લીધે જ ખરેખર બળીને ભસ્મ થયો છે. અને પછી શત્રુઓનો નાશ કરનારા પરમ સુંદર આપને મેં જોયા છે. હે મહાભાગ્યશાળી આપના અસહ્ય તેજથી મારું તેજ નાશ પામ્યું છે, એથી હું આપને વધારે વાર જોઈ શકતો નથી; આપ પ્રાણીઓને માન આપવા યોગ્ય છો.

રાજા મુચુકુંદે એમ કહ્યું એટલે પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા ભગવાને હસીને મેઘ જેવી ગંભીર વાણી વડે તેના પ્રત્યે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** 'હે રાજન્ ! મારા જન્મ કર્મ તથા નામો હજારો છે તે અનંત હોવાથી મારાથી પણ ગણી શકાતાં નથી. કોઈ પુરુષ અનેક જન્મો લઈ કદાચ પૃથ્વીના રજકણો ગણી શકે પણ મારાં ગુણો, કર્મો, નામો તથા જન્મો કદી ગણી શકે નહિ. હે રાજા ! ત્રણે કાળમાં થતાં મારા જન્મ અને કર્મોને ગણ્યા કરતા મોટા ઋષિઓ પણ તેનો પાર પામતા નથી. તોપણ હે રાજા ! હું તમને મારાં હમણાંનાં જન્મકર્મો કહું છું તે સાંભળો. ધર્મની રક્ષા કરવા અને પૃથ્વીને ભારરૂપ અસુરોનો નાશ કરવા બ્રહ્માએ પૂર્વે મને વિનતિ કરી હતી, તેથી યદુકુળમાં વસુદેવને ઘેર હું અવતર્યો છું. લોકો મને વસુદેવના પુત્ર 'વાસુદેવ' કહે છે. હે રાજા ! મેં કાલનેમિ, કંસ તથા સત્પુરુષોના દ્વેષી પ્રલંબાસુર વગેરેને માર્યા છે અને તમારા તીક્ષ્ણ તેજથી આ યવનને બાળ્યો છે. હું તમારા પર કૃપા કરવા આ ગુફામાં આવ્યો છું કારણ કે પૂર્વે તમે મારી ઘણી આરાધના કરી છે. હે રાજર્ષિ ! તમે વર માગો; હું ભકતવત્સલ છું અને તમને સર્વ કામનાઓ આપું છું, કારણ કે મારે શરણે આવેલ કોઈ મનુષ્ય ફરી શોક કરવા યોગ્ય નથી.

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભગવાને એમ કહ્યું એટલે મુચુકુંદરાજા ગર્ગાચાર્યનાં વાકય યાદ કરી, (શ્રીકૃષ્ણને) નારાયણદેવ જાણી, હર્ષયુક્ત થઈ, તેમને પ્રણામ કરી કહેવા લાગ્યો.

મુચુકુંદ બોલ્યો : હે ઈશ્વર ! સ્ત્રી અને પુરુષ એમ બંને પ્રકારનાં મનુષ્ય આપની માયા વડે અત્યંત મોહિત થઈ સંસાર તરફ દૃષ્ટિ રાખીને આપનું ભજન કરતાં નથી; એવી રીતે ઠગાઈને પરસ્પર સુખની ઈચ્છાથી દુઃખોનું જ ઉત્પતિસ્થાન-ઘરોમાં આસકત થાય છે. હે નિર્દોષ દેવ ! પ્રાણી આ લોકમાં વિના પ્રયત્ને સંપૂર્ણ અંગોપાંગવાળો મનુષ્યજન્મ પામી આપના ચરણકમળને ભજતો નથી; પરંતુ પશુ જેમ ઘાસના લોભથી અંધારિયા કૂવામાં પડે તેમ વિષયસુખમાં બુદ્ધિવાળો થઈ, ઘરરૂપી અંધારિયા કૂવામાં પડે છે. હે અજિત ! મારો આ કાળ નિષ્ફળ જ ગયો છે. કારણ કે રાજ્યલક્ષ્મીથી મને મદ ચડયો હતો. મને હું આખી પૃથ્વીનો જાણે માલિક માનતો હતો. મરણધર્મી શરીરમાં મને આત્મબુદ્ધિ હતી અને અપાર ચિંતાથી પુત્ર, સ્ત્રી, ખજાના તેમ જ પૃથ્વીમાં હું આસકત રહેતો. આ મનુષ્ય શરીર ઘડા અને ભીંત જેવું ક્ષણભંગુર છે, તેમાં 'હું રાજા છું' આવું અભિમાન મને અત્યંત રૂઢ હતું, તેથી જ હું અત્યંત મદોન્મત્ત બની આપને ગણકારતો ન હતો અને રથ, હાથી, ઘોડા, પાયદળ તથા સેનાપતિઓથી વીંટળાઈ પૃથ્વી પર ફર્યા કરતો. 'આ કાર્ય આમ કરવાનું છે.' 'પેલું કાર્ય આમ કરવાનું છે ?' એવા મનોરથોની પરંપરાથી અતિ પ્રમાદી, (અને મનોરથો ભાંગી પડે તો પણ) વિષય તરફ લાલચુ અને (અમુક વિષયો મળે તોપણ) ફરી વધતી તૃષ્ણા વાળા (પ્રમાદી) મનુષ્યને, જેમ સર્પ ભૂખથી ગલોફાં ચાટતા ઉંદરને એકાએક ઝડપી લે છે, તેમ સદા અપ્રમાદી આપ કાળમૂર્તિ એકદમ ઝડપી લો છો. આ મનુષ્ય શરીર પહેલાં તેનાથી મઢેલા રથોમાં કે હાથીઓ પર બેસી ફરે, ત્યારે તેને 'રાજા' કહે છે, તે જ શરીર દુર્લંઘ્ય કાળમૂર્તિ આપના સપાટામાં

આવે ત્યારે (શિયાળ વગેરે તેને ખાઈ જાય છે, તો) વિષ્ઠા, (શિયાળ વગેરે ન ખાય તો) 'કીડા'ના નામથી અને (બાળી દેવાય તો) 'રાખ'ના નામથી કહેવાય છે. હે ઈશ્વર ! સમગ્ર દિશાઓને જીતી જેને કોઈ લડાઈ લડવાની રહી નથી એવો ઉત્તમ આસને બેઠેલે અને સઘળા રાજાઓ વડે નમાતો પુરુષ, પણ (પોતે મોટો ચક્રવર્તી રાજા હોવા છતાં) કેવળ મૈથુનરૂપી સુખવાળી સ્ત્રીઓના ઘરમાં જ મદારીના વાનરની પેઠે (સ્ત્રીઓ વડે અથવા તેઓની દાસીઓ વડે) ચલાવાય છે. વળી આવું ચક્રવર્તીપણું મળ્યું હોવા છતાં ફરી બીજા જન્મમાં પણ હું આવો ચક્રવર્તી અથવા ઈંદ્ર થાઉં, આમ વધતી તૃષ્ણાવાળો તે પુરુષ (નીચે સૂવું, બ્રહ્મચર્ય પાળવું વગેરે) તપમાં અત્યંત સ્થિતિ કરે ભોગવૈભવો તજે અને તે જ લાલચથી ધન વગેરેનું દાન કરતો કર્મો કરે છે, પણ સુખ પામવા સમર્થ થતો નથી. હે અચ્યુત ! એમ ભટકતાં (આપની કૃપાથી) મનુષ્યના સંસારનો અંત આવે છે, ત્યારે તેને સત્પુરુષોનો સમાગમ થાય છે. અને ત્યારે જ (સંગ દૂર થતાં) સત્પુરુષોના પરમ આશ્રયરૂપ અને કાર્યકારણના નિયંતા આપ વિષે બુદ્ધિ થાય છે. આપની ભકિત સૂઝે છે. હે ઈશ્વર! મને તો આપોઆપ જ રાજ્યસંબંધ છૂટી ગયો છે, તે આપે મારા પર કૃપા કરી છે એમ હું માનું છું, કારણ કે (તપ માટે) એકલા ફરવાની ઈચ્છાથી વનમાં નીકળી પડવા ઈચ્છતા વિવેકી ચક્રવર્તી રાજાઓ પણ આપની કૃપા ઈચ્છે છે. હે પ્રભુ ! દેહાભિમાન તજનારા પુરુષો માટે કેવળ આપ જ એક ઈચ્છા કરવા યોગ્ય છે. આપની પાસેથી હું આપના મરણની સેવા વિના બીજું કંઈ ઈચ્છતો નથી. કારણ કે હે શ્રીહરિ! કયો વિવેકી પુરુષ આપ મોક્ષદાતાને આરાધી આત્માને બંધનકારક વરદાન માગે ? (તે તે આપની ચરણસેવા જ માગે.) માટે હે ઈશ્વર ! રજોગુણ, તમોગુણ સત્ત્વગુણથી બંધાતી સર્વ કામનાઓ તજી હું નિરંજન, નિર્ગુણ એક અને જ્ઞાનઘન, આપ પરમપુરુષ ઈશ્વરને શરણે આવ્યો છું. હે શરણ આપનાર પરમાત્મન્ ! આ સંસારમાં હું ઘણા લાંબા વખતથી કર્મોનાં ફળોથી પીડાઉ છું. તેમ જ વાસનાઓથી તપી રહ્યો છું; છતાં હજી મન તથા ઇંદ્રિયોરૂપી મારા છ શત્રુઓ તૃષ્ણારહિત થયા નથી. તેથી જ હજી કોઈ રીતે મને શાંતિ મળી નથી. માટે હું નિર્ભય, સત્ય અને શોકરહિત આપના શરણે આવ્યો છું, તો હે ઈશ્વર! આપત્તિઓથી વ્યાપ્ત મારું આપ રક્ષણ કરો.

**શ્રીભગવાન બોલ્યા :** 'હે ચક્રવર્તી મહારાજા ! તમારી બુદ્ધિ નિર્મળ અને ઓજસ્વી છે. કારણ કે મેં તમને વરદાનોથી લોભાવ્યા છતાં તમારી બુદ્ધિ, કામનાઓને આધીન થઈ નથી. મેં તમને વરદાનોથી લોભાવ્યા, પણ તે તમને સાવધાન બનાવવા માટે જ છે, કારણ કે મારા અનન્ય ભક્તોની મારા વિષેની બુદ્ધિ અનેક વિષયો મળે તોપણ (તેમાં) કદી આસકત થતી નથી. હે રાજન્ ! પ્રાણાયામથી મનને વશ કરવા મથતા ભકત પુરુષોના મનની વાસનાઓ નાશ પામતી નથી અને તેથી જ એમનું મન ફરી વિષયાભિમુખ થતું દેખાય છે. તમે મારામાં મન સ્થાપી તમારી ઈચ્છાનુસાર પૃથ્વી પર ફરો. તમને મારામાં નિત્ય અવિનાશી ભકિત રહો. તમે તમારા ક્ષત્રિય ધર્મમાં રહી મૃગયા વગેરેથી અનેક પ્રાણીઓ માર્યા છે, માટે મારો આશ્રય કરી એકાગ્ર મનવાળા થઈ તપ વડે તે પાપનો નાશ કરો. હે રાજન્ ! તમે આ પછીના જન્મમાં સર્વ પ્રાણીઓના પરમ મિત્ર ઉત્તમ બ્રાહ્મણ થઈ કેવળ અખંડ પરમાત્માસ્વરૂપ મને પામશો. ૧-૬૪

जन्मन्यनन्तरे राजन् सर्वभूतसुहृत्तमः । भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥६४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૧ સમાપ્ત.*

# અધ્યાય-૫૨

## શ્રીકૃષ્ણે સ્વીકારેલો રુકિમણીનો સંદેશો

॥ श्रीशुक उवाच ॥

इत्थं सोऽनुगृहीतोऽङ्ग कृष्णेनेक्ष्वाकुनन्दनः । तं परिक्रम्य संनम्य निश्चक्राम गुहामुखात् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કૃપા કરી એટલે ઈક્ષ્વાકુના વંશનો પુત્ર રાજા મુચુકુંદ તેમને પ્રદક્ષિણા અને પ્રણામ કરી ગુફાના દ્વારમાંથી બહાર નીકળ્યો. તેણે (બહાર આવી) જોયું તે મનુષ્યો, પશુઓ, લતાઓ તથા વનસ્પતિઓ પ્રમાણમાં નાનાં (ટૂંકાં) થયાં હતાં. તે પરથી કલિયુગને આવેલો જાણી તે રાજા ઉત્તર દિશામાં ગયો અને તપમાં શ્રદ્ધાવાળો, ધીર, સર્વ સંગ વિનાનો અને સંશયોથી રહિત થયેલો તે રાજા મનને શ્રીકૃષ્ણમાં સ્થાપી ગંધમાદન પર્વતમાં પેઠો. ત્યાં તે નરનારાયણના સ્થાન બદરિકાશ્રમમાં જઈ, ટાઢ-તડકો વગેરે સર્વ સહી, શાંત થઈ, તપથી શ્રીહરિનું આરાધન કરવા લાગ્યો. બીજી તરફ શ્રીકૃષ્ણ ભગવાને યવનોએ ઘેરેલી મથુરાનગરીમાં પાછા આવી મ્લેચ્છોના સૈન્યનો નાશ કર્યો અને તેમનું ધન દ્વારકામાં લઈ જવા માંડયું. શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી માણસો પોઠિયા પર ચડાવી તે ધન દ્વારકામાં લઈ જતા હતા. તેવામાં ત્રેવીસ અક્ષૌહિણીઓથી વીંટાયેલો જરાસંધ મથુરા પર ચડી આવ્યો. હે રાજન્ ! શત્રુના સૈન્યનો અત્યંત વેગ જોઈ મનુષ્યચેષ્ટાને પામેલા શ્રીકૃષ્ણ અને બળદેવજી એકદમ ત્યાંથી નાઠા અને તે પુષ્કળ ધન ત્યાં પડતું મૂકી તેમાં બંને ભય પામ્યા ન હતા. છતાં બીકણથી પણ બીકણ હોય તેમ કમળની પાંખડી જેવા પગથી અનેક યોજન સુધી નાઠા. બળવાન જરાસંધ તેઓ બંનેને નાસતા જોઈ ખૂબ હસવા લાગ્યો અને મહાસમર્થ એવા તે બંનેનું માપ નહિ જાણી રથો અને સૈન્ય સાથે તેમની પાછળ દોડ્યો શ્રીકૃષ્ણ અને બળદેવજી અત્યંત દુર સુધી દોડી ઘણા જ થાક્યા તેથી પ્રવર્ષણ નામના ઊંચા પર્વત પર ચડી ગયા. જ્યાં ભગવાન ઈંદ્ર (મેઘરાજા) હમેશાં વરસે છે. હે રાજા ! શ્રીકૃષ્ણબળદેવને તે પર્વતમાં છુપાયેલા જાણી જરાસંઘે તેમાં તેમની ઘણી જ શોધ કરી પણ તેઓનું છુપાવાનું સ્થાન ન જાણી એ પર્વતની ચારે તરફ લાકડાં ગોઠવી અગ્નિ નાખી આખા પર્વતને તેણે બાળી મૂક્યો. પછી બળતા કિનારાવાળા ને અગિયાર યોજન ઊંચા તે પર્વત ઉપરથી તેમા બંને ઘણી જ બળથી કૂદ્યા અને (જરાસંધના સૈન્યને પડાવ ઓળંગી તેનાથી આગળ) નીચે જમીન પર પડયા. હે રાજન્ ! અનુયાયીઓ સહિત શત્રુએ ન જાણેલા યદુત્તમ શ્રીકૃષ્ણ તથા બળદેવજી સમુદ્રરૂપ ખાઈવાળી પોતાની નગરી દ્વારકામાં પાછા જઈ પહોંચ્યા. જરાસંધ પણ શ્રીકૃષ્ણ તથા બળદેવજી અહીં બળી ગયા હશે, એમ માની લઈ પોતાના મોટા સૈન્યને પાછું વાળી મગધદેશ ગયો. આનર્ત દેશના અધિપતિ રૈવતરાજાએ રેવતી નામની કન્યા બ્રહ્માની પ્રેરણાથી બળદેવને આપી હતી, એમ પહેલાં (નવમ સ્કંધમાં) કહેવાયું છે. હે કુરુવંશી રાજા ! ભગવાન શ્રીકૃષ્ણ પણ લક્ષ્મી દેવીના અંશરૂપ ભીષ્મકરાજાની પુત્રી રુકિમણીને સ્વયંવરમાં પરણ્યા હતા. ગરુડે જેમ દેવોને હરાવી અમૃત હર્યું હતું તેમ ભગવાન પણ શિશુપાલના પક્ષના સાલ્વ વગેરે રાજાઓને બળથી હરાવી સર્વ લોકોનાં દેખતાં (હરણ કરી) રુકિમણીને પરણ્યા હતા.

**પરીક્ષિત રાજાએ પૂછયું :** ભગવાન કૃષ્ણ સુંદર મુખવાળી ભીષ્મકરાજાની પુત્રી રુકિમણીને રાક્ષસવિધિથી પરણ્યા હતા, એમ અમે સાંભળ્યું છે. માટે હે ભગવન્ ! શ્રીકૃષ્ણે માગધ, શાલ્વ, વગેરે રાજાઓને જીતી જે રીતે તે કન્યાનું હરણ કર્યું હતું તે અમાપ તેજવાળા શ્રીકૃષ્ણનું ચરિત્ર, હું સાંભળવા

ઈચ્છું છું. હે બ્રહ્મન્ ! કાનને મીઠી લાગતી, નિત્ય નવી જણાતી અને લોકોના પાપરૂપી મેલનો નાશ કરનારી શ્રીકૃષ્ણની પવિત્ર કથાઓ સાંભળતાં કયા સમજુ મનુષ્યને તૃપ્તિ થાય ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભીષ્મક નામે વિદર્ભ દેશનો અધિપતિ મોટો રાજા હતા. તેને પાંચ પુત્રો, અને સુંદર મુખવાળી એક કન્યા હતી. સર્વ પુત્રમાં રુકમી મોટો હતો; તેનાથી નાના રુકમરથ, રુકમબાહુ, રુકમદેશ અને રુકમમાલી નામે હતા અને સતી રુકિમણી તેઓની બહેન હતી. રુકિમણીએ પોતાને ઘેર આવેલા લોકોના મુખે શ્રીકૃષ્ણનાં રૂપ, પરાક્રમ, ગુણો તથા લક્ષ્મીની વાતોના ગુણગાન સાંભળી તેમને પોતાને માટે યોગ્ય પતિ માન્યા હતા; તેમ જ શ્રીકૃષ્ણે પણ બુદ્ધિ, લક્ષણો, ઉદારતા, રૂપ, શીલ તથા ગુણોના સ્થાનરૂપ તે રુકિમણીને યોગ્ય સ્ત્રી માની તેને પરણવા મન કર્યું હતું. હે રાજા ! રુકિમણીના સર્વ સંબંધીઓ શ્રીકૃષ્ણને જ રુકિમણી આપવા ઈચ્છતાં હતાં; પણ શ્રીકૃષ્ણના શત્રુ રુકમીએ તેઓને અટકાવી શિશુપાલને તેના વર તરીકે માન્યો હતો. તે જાણી પરમ સુંદરી રુકિમણીએ ઉદાસ મનવાળી થઈ, એ વિષે ખૂબ વિચાર કરી તરત કોઈ હિતેચ્છુ બ્રાહ્મણને શ્રીકૃષ્ણ પાસે (સંદેશો કહેવા) મોકલ્યો. તે દ્વારકા ગયો એટલે દ્વારપાળોએ તેને (રાજમહેલમાં) દાખલ કર્યો. ત્યાં સુવર્ણના સિંહાસન પર બિરાજેલા આદિપુરુષ શ્રીકૃષ્ણને તેણે જોયા. બ્રાહ્મણપાલક શ્રીકૃષ્ણદેવે તેને જોઈને પોતાના આસન પરથી ઊતરીને તેને આસન ઉપર બેસાડી દેવો જેમ તેમનું (શ્રીકૃષ્ણનું) પૂજન કરે છે. તેમ તેનું પૂજન કર્યું. પછી તેણે જમીને વિશ્રાંતિ લીધી એટલે સત્પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણ તેની પાસે જઈ હાથ વડે તેના બંને ચરણોને ધીમેથી ચાંપતા સાવધાન થઈ પૂછવા લાગ્યા: 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! અત્યંત કષ્ટ વિના અનાયાસે જે મળે તેથી મનમાં સદા સંતુષ્ટ રહેતા તમારા વૃદ્ધ પુરુષોએ માન્ય કરેલો ધર્મ બરાબર ચાલે છે ? બ્રાહ્મણ (અનાયાસે) જે કંઈ મળે, તેથી જો સંતુષ્ટ રહી પોતાના ધર્મથી ભ્રષ્ટ ન થાય તે તેનો એ ધર્મ જ તેની સમગ્ર કામના પૂર્ણ કરે છે. ઇંદ્ર પણ જો અસંતુષ્ટ રહે તો (એક સ્થળે નહિ રહેતાં) લોકોમાં વારંવાર ભટક્યા કરે છે. શાંતિથી એક સ્થળે રહી શક્તો નથી; પણ નિર્ધન હોવા છતાં જો સંતુષ્ટ રહે, તો સર્વાંગે શાંત રહી (સુખથી) સૂઈ શકે છે. જે બ્રાહ્મણો પોતાને કંઈ (અનાયાસે) મળે તેથી સંતુષ્ટ રહે છે. પ્રાણીમાત્રના મિત્ર હોય છે. અહંકારરહિત અને શાંત હોય છે, તેવા ઉત્તમ બ્રાહ્મણોને હું વારંવાર મસ્તકથી પ્રણામ કરું છું. હે બ્રહ્મન્ ! તમારા રાજાથી તમારું કુશળ છે ? જે રાજાના દેશમાં રક્ષાતી પ્રજા સુખે રહે છે, તે રાજા મને પ્રિય છે. તમે સમુદ્ર ઓળંગી જે સ્થાનેથી અને જે ઈચ્છાથી અહીં આવ્યા હો તે સર્વ જો ગુપ્ત રાખવા યોગ્ય ન હોય તો અમને કહો, અમે તમારું ક્યુ કાર્ય કરીએ? લીલા માટે શરીર ધરનારા ભગવાન શ્રીકૃષ્ણે એમ પૂછ્યું, એટલે તે બ્રાહ્મણે (રુકિમણીના સંદેશા સાથે) બધી વાત ભગવાન આગળ વર્ણવવા માંડી.

**રુકિમણી ભગવાન ઉપર પત્રિકામાં લખે છે, કે :** 'હે ભુવનસુંદર શ્રીકૃષ્ણ ! કાનના છિદ્રોથી, શ્રોતાઓના હૃદયમાં પ્રવેશ કરી અંગના તાપને દૂર કરતા આપના ગુણો તેમ જ નેત્રોવાળાનાં નેત્રોને સંપૂર્ણ અર્થલાભરૂપ આપનું રૂપ સાંભળી મારું મન નિર્લજ્જ થઈ આપમાં લાગ્યું છે. હે મુકુંદ ! હે પુરુષશ્રેષ્ઠ! કુળ, શીલ, રૂપ, વિદ્યા, વય, ધન તથા પ્રભાવથી કેવળ પોતાના જ જેવા (નિરુપમ) અને મનુષ્યલોકના મનને આનંદ આપનારા આપને કુળવાન, મોટા ગુણવાળી અને ધીરજવાળી કઈ કન્યા વિવાહ વખતે (પતિ તરીકે) ન સ્વીકારે ? માટે પ્રભુ ! આપને જ મેં મારા પતિ સ્વીકાર્યા છે અને મારો આત્મા મેં આપને જ સોંપ્યો છે તો આપ (અહીં પધારી) મને આપની પત્ની બનાવો, પણ હે કમળનયન! શિયાળ જેમ સિંહના ભાગને અડી શકે નહિ, તેમ શિશુપાલ (અહીં ઉતાવળો આવી) આપ વીર પુરુષના

ભાગરૂપ મને ન અડકો. મેં વાવકુવા બંધાવી અગ્નિહોત્રાદિ કરી, સુવર્ણાદિનાં દાન આપી તીર્થાટન વગેરે નિયમો પાળી, ચાંદ્રાયણ વગેરે વ્રતો કરી, દેવ, બ્રાહ્મણ, ગુરુજનોની પૂજા કરીને પરમેશ્વરનું જો પૂર્ણ આરાધન કર્યું હોય તો શ્રીકૃષ્ણ ભગવાન અહીં આવી મારું પાણિગ્રહણ કરો; પણ બીજા શિશુપાલ વગેરે ન કરો. હે અજિત ! આવતી કાલે થનારા વિવાહમાં આપ સેનાપતિઓથી વીંટળાઈ વિદર્ભ દેશમાં પધારજો અને શિશુપાલ તથા જરાસંધના સૈન્યનો પરાજય કરી બળથી પરાક્રમરૂપ મૂલ્યવાળી મને આપ રાક્ષસવિધિથી પરણજો. કદાચ આપ કહો : 'અંતઃપુરની વચ્ચે રહેનારી તને તારા સગાંસંબંધીઓને નાશ કર્યા સિવાય હું શી રીતે પરણી શકું ? તે હું ઉપાય બતાવું છું (અમારા કુળમાં) વિવાહના આગલા દિવસે કુળદેવીની મોટીયાત્રા કરવાની હોય છે, તેમાં નવી વહુ થનારી કન્યા નગરની બહાર પાર્વતીજીનાં દર્શન કરવા જાય છે. (અર્થાત્ અમારા કુળના રિવાજ પ્રમાણે હું પાર્વતીનાં દર્શન કરવા બહાર પાર્વતીના મંદિરમાં આવું ત્યારે ત્યાં મારું હરણ કરવું આપને સહેલું થશે અને મારાં સગાંસંબંધીઓને મારવાનો પ્રસંગ નહિ આવે.) કમળનયન શ્રીકૃષ્ણ ! ઉમાપતિ શંકરની પેઠે બીજા પણ મોટા પુરુષો પોતાના અજ્ઞાનનો નાશ કરવા આપના ચરણકમળની રજમાં સ્નાન કરવા ઈચ્છે છે, તે તે આપની કૃપા (આ જન્મમાં) હું નહિ મેળવું તો વ્રત, ઉપવાસ વગેરે કરી શરીર સૂકવી પ્રાણ તજીશ અને એમ (કરતાં) સેંકડો જન્મોએ પણ આપની કૃપા મારા પર થશે જ.

**બ્રાહ્મણ બોલ્યો :** હે યદુદેવ ! રુકિમણીનો આ ગુપ્ત સંદેશો મેં આણ્યો છે, તો હવે જે કરવું હોય તેનો વિચાર કરી તરત કરો. ૧-૪૪

इत्येते गुह्यसंदेशा यदुदेव मयाऽऽहृताः । विमृश्य कर्तु यश्चात्र क्रियतां तदनन्तरम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૨ સમાપ્ત.*

## અધ્યાય-૫૩

## રુકિમણીનું હરણ

॥ श्रीशुक उवाच ॥

वैदर्भ्याः स तु संदेशं निशम्य यदुनन्दनः । प्रगृह्य पाणिना पाणिं प्रहसन्निदमब्रवीत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** યદુનંદન શ્રીકૃષ્ણે રુકિમણીનો સંદેશો સાંભળી બ્રાહ્મણના હાથને પોતાના હાથથી પકડી હસતાં હસતાં આ પ્રમાણે કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** જેમ રુકિમણીનું મન મારામાં છે, તેમ મારું મન પણ રુકિમણીમાં છે, જેથી રાત્રિમાં મને નિદ્રા આવતી નથી. હું જાણું છું કે (તેના ભાઈ) રુકમીએ મારા પર દ્વેષથી (રુકિમણી સાથે) મારો વિવાહ અટકાવ્યો છે. પણ મનુષ્ય જેમ લાકડાનું મંથન કરીને તેમાંથી અગ્નિની શિખાને બહાર કાઢે, તેમ હું યુદ્ધક્ષેત્રમાં નીચ રાજાઓનો પરાજય કરી મારામાં પરાયણ રહેતી તે નિર્દોષ અંગવાળી રુકિમણીને લઈને જ આવીશ.

**શ્રી શુકદેવજી બોલ્યા :** મધુસૂદન શ્રીકૃષ્ણે રુકિમણીના વિવાહનું નક્ષત્ર જાણી દારુક સારથિને આજ્ઞા કરી : 'ઓ દારુક ! જલદી રથ જોડ.' એટલે શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ચાર ઘોડા જોડેલો રથ લાવી, બે હાથ જોડી આગળ ઊભો રહ્યો. પછી શ્રીકૃષ્ણ રથ પર બેસી એ બ્રાહ્મણને પણ બેસાડી ઉતાવળે ચાલનારા ઘોડાઓથી એક જ રાત્રિમાં આનર્ત દેશથી વિદર્ભ દેશમાં પહોંચ્યા. તે વખતે

કુંડિનપુરનો રાજા ભીષ્મક પુત્રસ્નેહને વશ થઈ પોતાની કન્યાને શિશુપાલ સાથે આપવા તૈયારી કરતો હતો અને વિવાહને લગતાં કામ કરાવતો હતો. શહેરના રાજમાર્ગો, શેરીઓ તથા બજારો વાળીઝૂડી સાફ કરાવ્યાં હતાં અને ત્યાં પાણી છંટાવી રંગબેરંગી ધજા, પતાકાઓ તથા તોરણોથી નગર શણગાર્યું હતું. નગરમાં સ્ત્રીપુરુષો પણ એ વેળા પુષ્પમાળા, ચંદન, પુષ્પો, અલંકારો તથા નિર્મળ વસ્ત્રો પહેરી સુશોભિત થયાં હતાં; તેમ જ નગરનાં શોભાયમાન ઘરો અગરના ધૂપોથી મઘમઘી રહ્યાં હતાં. હે રાજા! પિતૃઓ તથા દેવોને વિધિ પ્રમાણે પૂજી ભીષ્મક રાજાએ ઘટતી રીતે બ્રાહ્મણોને જમાડી, મંગળ સ્નાન કરેલું સુંદર દાંતવાળી, વિવાહસૂત્ર બાંધી મંગળ કરેલી અને નવાં બે વસ્ત્રો તથા ઉત્તમ આભૂષણોથી શણગારેલી કન્યા રુકિમણીનું સ્વસ્તિવાચન કરાવ્યું.ઉત્તમ બ્રાહ્મણોએ સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી કન્યાની રક્ષા કરી અને અથર્વવેદને જાણનારા પુરોહિતે ગ્રહશાંતિ માટે હોમ કર્યો. વિધિ જાણનારાઓમાં શ્રેષ્ઠ રાજા ભીષ્મકે પણ બ્રાહ્મણોને સોનાનાં, રૂપાનાં, વસ્ત્રોનાં, ગોળ સાથે તલનાં તથા ગાયનાં દાન કર્યા, બીજી બાજુ ચેદિરાજ દમઘોષે પણ પુત્ર શિશુપાલના અભ્યુદયને યોગ્ય સર્વ કર્મ મંત્રવેત્તા બ્રાહ્મણો પાસે એ રીતે કરાવ્યાં અને મદઝરતા હાથીઓનાં સૈન્ય, સુવર્ણની માળાઓવાળા રથો, પાયદળ તથા ઘોડાઓથી વ્યાપ્ત સૈન્ય સાથે લઈને કુંડિનપુર ગયો. વિદર્ભરાજ ભીષ્મકે દમઘોષ રાજાની સામે જઈ તેનો સત્કાર કરી (અગાઉથી) તૈયાર કરાવેલા બીજા ઉતારાઓમાં આનંદથી તેને ઉતારો આપ્યો તેમ જ શાલ્વ, જરાસંધ, દંતવક્ત્ર, વિદુરથ ને બીજા પણ શિશુપાલના હજારો રાજાઓ ત્યાં આવ્યા. તેઓ શ્રીકૃષ્ણ તથા બળરામના શત્રુ હતા. 'બળરામ વગેરે યાદવોથી વીંટાયેલા કૃષ્ણ ત્યાં આવી કન્યા જો હરશે, તો આપણે બધા એકઠા મળી તેની સાથે યુદ્ધ કરીશું.' આવો મનમાં નિશ્ચય કરી (હરકોઈ ઉપાયે) શિશુપાલ સાથે કન્યા પરણાવવા તૈયાર થઈ તે સર્વ રાજાઓ સમગ્ર સૈન્ય તથા વાહનો સાથે ત્યાં આવ્યા હતા. શત્રુરાજાઓની એ તૈયારી અને કન્યાનું હરણ કરવા શ્રીકૃષ્ણને એકલા ગયેલા સાંભળી ભાઈ ઉપરના સ્નેહથી વ્યાપ્ત ભગવાન બળદેવ લડાઈ થવાની શંકાને લીધે હાથી, ઘોડા, રથ અને પાળાથી યુકત મોટા સૈન્ય સાથે તરત કુંડિનપુર ગયા. તે વેળા સુંદર નિતંબવાળી ભીષ્મકની કન્યા રુકિમણી શ્રીહરિ ત્યાં આવી પહોંચે એમ ઈચ્છતી હતી, છતાં પેલા બ્રાહ્મણને પાછો આવેલ ન જોઈ વિચાર કરવા લાગી : 'અહો ! મારો મંદભાગિનીનો વિવાહ થવાને માત્ર એક જ રાત્રિ વચ્ચે છે, છતાં કમળનયન શ્રીકૃષ્ણ હજી આવ્યા નહિ! તેમાં શું કારણ હશે, તે હું જાણતી નથી. સંદેશો લઈ જનારો પેલો બ્રાહ્મણ પણ હજી ન આવ્યો ! નિર્દોષ મનવાળા શ્રીકૃષ્ણે મારામાં કંઈ દોષ જોયો હશે ! અને તેથી જ મારા પાણિગ્રહણ માટે પ્રથમ તૈયાર થઈ (પછીથી) નહિ આવ્યા હોય ! મને દુર્ભાગિનીને વિધાતા શંકર અથવા શંકરપત્ની દેવી પાર્વતી સતી અનુકુળ નથી. (જેથી શ્રીકૃષ્ણ ન પધાર્યા.) 'આવા વિચાર કરતી અને શ્રીકૃષ્ણે હરેલા મનવાળી બાળા રુકિમણી 'શ્રીકૃષ્ણને આવવાનો સમય હજી થયો નથી' એમ જાણી (મનમાં કંઈક ધીરજવાળી થઈ.) આંસુઓથી ભરાતાં નેત્રો મીંચી ગઈ. હે રાજા ! કન્યા રુકિમણી એમ શ્રીકૃષ્ણ ભગવાનના આવવાની રાહ જોતી હતી; તેવામાં તેને પ્રિય સૂચવતાં તેનાં ડાબાં અંગ સાથળ, ભુજા અને આંખ ફરકયાં. અને તે જ ક્ષણે શ્રીકૃષ્ણે મોકલેલો પેલો ઉત્તમ બ્રાહ્મણ અંતઃપુરમાં રહેતી રાજપુત્રી દેવી રુકિમણીને મળ્યો. પવિત્ર હાસ્ય કરતી સતી રુકિમણી લક્ષણો જાણનારી હોઈ પ્રસન્ન મુખવાળા તે બ્રાહ્મણને અવ્યગ્ર દેહ ચેષ્ટાવાળો જોઈ પૂછવા લાગી. એટલે તે બ્રાહ્મણે 'શ્રીકૃષ્ણ અહીં આવ્યા છે' એમ તેને જણાવ્યું. અને શ્રીકૃષ્ણનું તેને હરવા માટેનું સત્ય વચન પણ કહ્યું. રુકિમણી શ્રીકૃષ્ણ ભગવાનને ત્યાં પધારેલા જાણી મનમાં આનંદ

પામી અને તે બ્રાહ્મણને આપવા બીજી પ્રિય વસ્તુ ન જોતી કેવળ તેને પ્રણામ જ કર્યા. પછી પોતાની પુત્રીનો વિવાહ જોવા ઉત્સુક શ્રીકૃષ્ણ તથા બળદેવજીને આવેલા સાંભળી ભીષ્મક રાજા વાદિત્રોની ગર્જના સાથે પૂજાસાહિત્ય લઈ, શ્રીકૃષ્ણ–બળદેવની સામે ગયા અને મધુપર્ક, નિર્મળ વસ્ત્રો તથા ઈચ્છિત ભેટ આપી તેમણે તે બંનેનો વિધિપૂર્વક સત્કાર કર્યો. મહાબુદ્ધિમાન રાજા ભીષ્મકે સૈન્ય તથા પરિવાર સાથે શ્રીકૃષ્ણ–બળદેવને શોભાયમાન ઉતારો આપી તેમનો યથાયોગ્ય અતિથિસત્કાર કર્યો. એ જ પ્રમાણે ત્યાં આવેલા બીજા રાજાઓનો પણ ભીષ્મકે તેનાં પરાક્રમ, વય, બળ તથા ધનને અનુસરી સર્વ કામનાઓ પૂરી પાડી સારી રીતે સત્કાર કર્યો. શ્રીકૃષ્ણ ભગવાનને આવેલા સાંભળી વિદર્ભપુરના રહેવાસીઓ ત્યાં આવી નેત્રોરૂપી અંજલિઓથી તેમનું મુખકમળ પીવા લાગ્યા. અર્થાત્ જોવા લાગ્યા અને બોલ્યા : રુકિમણી આ શ્રીકૃષ્ણની જ પત્ની થવા યોગ્ય છે, બીજી કોઈ સ્ત્રી તેમને યોગ્ય નથી તેમ જ નિર્દોષ દેહવાળા આ શ્રીકૃષ્ણ પણ રુકિમણીના યોગ્ય પતિ છે. જો આપણું કંઈ પુણ્ય હોય અને તે પુણ્યથી ત્રણ લોકોના કર્તા પરમેશ્વર આપણા પર પ્રસન્ન જો હોય, તો તેને આપણા પર એ જ કૃપા કરે કે 'શ્રીકૃષ્ણ રુકિમણીનું પાણિગ્રહણ કરે.' એમ પ્રેમના અંશથી બંધાઈને નગરવાસીઓ કહેતાં હતાં, તેવામાં યોદ્ધાઓથી રક્ષાયેલી કન્યા રુકિમણી અંતઃપુરમાંથી પાર્વતીદેવીના મંદિર તરફ પગપાળી જવા લાગી. શ્રી પાર્વતીના ચરણપલ્લવનાં દર્શન કરવા તે નીકળી ત્યારે શ્રીકૃષ્ણના ચરણકમળનું સારી રીતે ધ્યાન કરતી હતી. તેણે મૌન ધર્યું હતું; માતાઓ સાથે સખીઓ તેને વીંટળાઈ હતી; બખ્તરધારી શૂરા રાજયોદ્ધા હથિયારો ઊંચાં રાખી તેનું રક્ષણ કરતા હતા અને (તેની આગળ) મૃદંગ, શંખ, પણવ, વાજાં તથા ભેરી વાગતાં હતાં. અનેક જાતનાં નૈવેદ્યો તથા બલિદાનો લઈ હજારો ઉત્તમ સ્ત્રીઓ અને પુષ્પમાળાઓ, ચંદન, વસ્ત્રો તથા અલંકારોથી સારી રીતે શણગારેલી બ્રાહ્મણપત્નીઓ પણ તેમની સાથે જતી હતી; તેમ જ ગવૈયા, વાદિત્રો વગાડનારા, સૂતો, માગધો તથા ભાટ-ચારણો વગેરે તે કન્યાને વીંટળાઈ ગાતા અને સ્તુતિ કરતા જતા હતા. દેવીના મંદિરે જઈ તેણે ચરણ તથા હસ્તકમળ ધોઈને જળનું આચમન કરી, પવિત્ર તથા શાંત થઈ પાર્વતી પાસે પ્રવેશ કર્યો. એટલે વિધિ જાણનારી વૃદ્ધ બ્રાહ્મણ સ્ત્રીઓને તે બાળાને શંકર સહિત પાર્વતીને વંદન કરાવ્યું. પછી (રુકિમણીએ પ્રાર્થના કરી :) 'હે અંબિકેદેવી ! ગણેશ આદિ પોતાનાં સંતાનો સહિત આપ મંગળમૂર્તિને હું વારંવાર પ્રણામ કરું છું. શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને આપ તેમાં સંમતિ આપો.' એમ પ્રાર્થના કરી જળ, ચંદન, અક્ષત, ધૂપ, વસ્ત્ર, પુષ્પમાળા, છૂટાં પુષ્પો, અલંકારો, જાતજાતનાં નૈવેદ્યો, બલિદાનો અને દીપમાળાઓથી જુદી જુદી રીતે તેણે દેવીનું તેમ જ તે પૂજાસાહિત્યો, મીઠું, માલપૂડા, તાંબૂલ, કંઠીઓ, ફળો અને શેરડીઓ અર્પણ કરી સુવાસિની બ્રાહ્મણીઓનું પણ તેણે પૂજન કર્યું. પછી એ બ્રાહ્મણીઓએ તેને પ્રસાદ આપી આશીર્વાદ આપ્યા; એટલે રુકિમણીએ દેવીને તથા તે બ્રાહ્મણ સ્ત્રીઓને નમસ્કાર કર્યા ને પ્રસાદ લીધો. પછી મૌનવ્રત છોડી રુકિમણી રત્નજડિત વીંટીઓથી શોભતા હાથથી સખીને પકડી (સખીના ગળામાં હાથ નાખી) દેવીના મંદિરમાંથી બહાર નીકળી. એ વેળા દેવીની માયાની પેઠે વીર પુરુષોને મોહ પમાડતી, સુંદર મધ્યભાગવાળી, કુંડળોથી શોભતા મુખવાળી, સોળ વર્ષની ઉંમરની, નિતંબો ઉપર રત્નજડિત કંદોરો પહેરેલી, પ્રકટ સ્તનવાળી, કેશ લટોને કારણે ચંચળ નેત્રોવાળી, પવિત્ર હાસ્ય કરતી, પાકા ઘિલોડા જેવા નીચલા હોઠની કાંતિથી લાલ જણાતા મોગરાની કળીઓ જેવા દાંતવાળી, ઝણકાર કરતાં સુશોભિત ઝાંઝરોની કાંતિથી શોભતા પગ વડે ચાલતી ને હંસ જેવી ગતિ કરતી રુકિમણીને જોઈ, ત્યાં આવેલા યશસ્વી વીર પુરુષો તેનાથી

ઉત્પન્ન થયેલા કામદેવ વડે વ્યાકુળ થયા; અને એ રુકિમણીના ઉદાર હાસ્ય અને લજ્જાયુક્ત દૃષ્ટિથી હરાયેલા ચિત્તવાળા જે રાજાઓ, હાથીઓ, રથો અને ઘોડા ઉપર બેઠા હતા, તેઓ પણ યાત્રાના બહાનાથી પોતાની શોભા શ્રીહરિને બતાવતી રુકિમણીને જોઈ એટલા બધા મોહિત અને બેહોશ બની ગયા કે તેમના હાથમાંથી અસ્ત્રશસ્ત્રો છૂટી પડ્યાં અને તે પોતે પણ રથ, હાથી તથા ઘોડાઓ ઉપરથી ધરતી પર પડી ગયા. એમ રુકિમણી ચાલતા કમળના દાંડા જેવા ચરણકમળને ધીમે ધીમે ચલાવતી ભગવાનના આવવાની રાહ જોતી હતી. પછી રુકિમણી ડાબા હાથના નખો વડે નેત્રો આગળ આવેલા વાળને ખસેડી ત્યાં આવેલા રાજાઓને લજ્જાયુક્ત દૃષ્ટિથી જોવા લાગી, તેવામાં શ્રીકૃષ્ણને જોયા એટલે શ્રીકૃષ્ણ પણ રથ ઉપર ચડતી તે રાજકન્યાનું સર્વ શત્રુઓના દેખતાં હરણ કર્યું. ગરુડના ચિહ્નવાળા રથમાં તેને બેસાડી, સર્વ રાજમંડળનું અપમાન કરી શ્રીકૃષ્ણ જેમ સિંહ શિયાળોની વચ્ચેથી પોતાનો ભાગ લઈ ચાલ્યો જાય તેમ બળરામ વગેરેની સાથે જ ત્યાંથી નીકળ્યા. એ વખતે જરાસંધના તાબાના બીજા અભિમાની રાજાઓ યશનો નાશ કરનારું પોતાનું એ અપમાન સહન કરી શક્યા નહિ અને બોલ્યાઃ ‘અહો સિંહના ભાગને જેમ મૃગ લઈ જાય, તેમ (આ) ગોવાળિયાઓએ આપણો ધનુર્ધારીઓનો યશ હર્યો છે, માટે આપણને ધિક્કાર છે !’ ૧-૫૭

तं मानिनः स्वाभिभवं यशःक्षयं परे जरासंधवशा न सेहिरे ।
अहो धिगस्मान् यश आत्तधन्वनां गोपैर्हृतं केसरिणां मृगैरिव ॥५७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૩ સમાપ્ત.*

## અધ્યાય-૫૪

## શ્રીકૃષ્ણ-રુકિમણીનાં લગ્નની કથા

॥ श्रीशुक उवाच ॥

इति सर्वे सुसंरब्धा वाहानारुह्य दंशिताः । स्वैः स्वैर्बलैः परिक्रान्ता अन्वीयुर्घृतकार्मुकाः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે કહીને અત્યંત ક્રોધાવેશમાં આવેલા તે રાજાઓ બખ્તરો પહેરી ઘોડાઓ પર સવાર થઈ, પોતપોતાનાં સૈન્યો સાથે હાથમાં ધનુષ્યો લઈ શ્રીકૃષ્ણની પાછળ દોડ્યા. હે રાજન્ ! તે રાજાઓને ધસી આવતા જોઈ યાદવસૈન્યના સેનાપતિઓ પોતાનાં ધનુષ્યોના ટંકાર કરી તેની સામે ઊભા રહ્યા. એટલે જરાસંધ વગેરે યુદ્ધકુશળ રાજાઓ ઘોડાની પીઠ પર, કોઈ હાથીની ખાંધ પર અને કોઈ રથની બેસણી પર બેસી જેમ મેઘો પર્વતો પર વરસે તેમ યાદવો પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. તે વખતે સુંદર મધ્યભાગવાળી રુકિમણી પતિ ના સૈન્યને બાણોના વરસાદથી ઢંકાયેલું જોઈ ભયથી વિહ્વળ નેત્રવાળી થઈ, લજ્જા સાથે શ્રીકૃષ્ણના મુખ સામે જોવા લાગી; એટલે ભગવાન કૃષ્ણે ખૂબ હસીને તેને કહ્યું : ‘હે સુંદર નેત્રવાળી ! તું ડરીશ મા. હમણાં જ તારા સૈનિકો દ્વારા શત્રુઓનું સૈન્ય નાશ પામશે.’ પછી ગદ અને બળરામ વગેરે વીર યોદ્ધાઓ શત્રુઓના તે પરાક્રમને સહન કરી શક્યા નહિ. તેઓએ બાણો વડે શત્રુઓનાં ઘોડા, હાથી તથા રથોનો સંહાર કરવા માંડયા, જેથી રથમાં બેસી યુદ્ધ કરનારાઓનાં, ઘોડેસવારોનાં તથા હાથીસવારોનાં કુંડળો, મુકુટો તથા પાઘડીઓવાળાં કરોડો માથાં પૃથ્વી પર પડવા લાગ્યાં. તેમ જ તલવારો, ગદાએ તથા ધનુષ્યો સહિત, હાથ, કાંડાં, સાથળો, પગો અને ઘોડા, ખચ્ચરો, હાથીઓ, ઊંટો, ગધેડાં તથા મનુષ્યનાં મસ્તકો રણભૂમિ ઉપર પડવા લાગ્યાં. વિજયની ઈચ્છાવાળા યાદવો

એ રીતે શત્રુસૈન્યનો સંહાર કરવા લાગ્યા એટલે જરાસંધ વગેરે રાજાઓ ત્યાંથી નાસી ગયા અને તેઓ હરાયેલી સ્ત્રીવાળાની પેઠે આતુર, નાશ પામેલી કાંતિવાળા, ઉત્સાહરહિત અને સુકાતા મુખવાળા શિશુપાલ પાસે જઈને તેને કહેવા લાગ્યાઃ 'ઓ પુરુષવ્યાઘ્ર ! મનની આ ઉદાસીનતા તું તજી દે. હે રાજન્ ! પ્રાણીઓની પ્રિય કે અપ્રિય એક જ સ્થિતિ કદી સ્થિર રહેતી નથી. જેમ લાકડાની પૂતળી તેને નચાવનારા મદારીની ઈચ્છા પ્રમાણે નાચે છે, તેમ ઈશ્વરને આધીન રહેનારો મનુષ્ય ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ સુખદઃખ પામે છે. (જરાસંધ કહે છેઃ) 'હું સત્તરવાર ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે યુદ્ધમાં કૃષ્ણથી હાર્યો છું અને માત્ર એક જ વાર (અઢારમી વખતે) હું તેને જીત્યો પણ છું. છતાં હું કદી શોક કે હર્ષ પામતો નથી; કારણ કે હું જાણું છું કે, દેવે પ્રેરેલો કાળ આ જગતનો પરાભવ કરે છે. આપણે બધા વીર પુરુષોના નાયકોના પણ નાયકો છીએ, છતાં કૃષ્ણ રક્ષેલા યાદવોએ થોડા સૈન્યથી હમણાં આપણને હરાવ્યા છે. (તેનું કારણ એ જ છે કે,) સમય પોતાને અનુકૂળ હોવાથી શત્રુઓ હમણા જીત્યા છે; પરંતુ સમય જ્યારે આપણને અનુકૂળ થશે, ત્યારે આપણે જીતીશું.' મિત્રોએ એમ સમજાવ્યો એટલે શિશુપાલ અનુયાયીઓ સાથે નગર તરફ ગયો અને મરતાં બચેલા તે રાજાઓ પણ પોતપોતાના નગર તરફ ગયા. પણ શ્રીકૃષ્ણનો બળવાન શત્રુ રુકમી બહેનના એ રાક્ષસવિવાહને સહન કરી શક્યો નહિ. તે એક અક્ષૌહિણી સેના સાથે શ્રીકૃષ્ણની પાછળ ગયો. મોટી ભુજાઓવાળા તે અદેખા રુકમીએ બખ્તર પહેરી હાથમાં ધનુષ્ય લઈ અત્યંત આવેશમાં આવી સર્વ રાજાઓના સાંભળતાં પ્રતિજ્ઞા કરીઃ 'યુદ્ધમાં શ્રીકૃષ્ણનો નાશ કર્યા વિના અને રુકિમણીને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ, આ હું તમને સત્ય કહું છું.' આમ કહી તરત રથમાં બેસી સારથિને તેણે કહ્યું : 'જે તરફ કૃષ્ણ હોય તે તરફ ઘોડા હાંક, જેથી મારું અને તેનું યુદ્ધ થાય. આજે હું તીક્ષ્ણ બાણો વડે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા, તે ગોવાળિયાના પરાક્રમનો મદ ઉતારીશ, જેણે મારી બહેનનું બળાત્કારે હરણ કર્યું છે.' ભગવાન શ્રીકૃષ્ણના માપને નહિ જાણી એમ બડાઈ હાંકતો રુકમી એક રથ જ સાથે રાખી, 'ઊભો રહે, ઊભો રહે,' એમ શ્રીકૃષ્ણને બોલાવવા લાગ્યો. તેણે પોતાનું ઘણું જ મજબૂત ધનુષ્ય ખેંચી ત્રણ બાણો શ્રીકૃષ્ણને માર્યા ને કહ્યુંઃ 'ઓ યાદવોના કુળને દૂષણ લગાડનાર ! ક્ષણવાર અહીં ઊભો રહે. કાગડા જેમ બલિદાન લઈ જાય તેમ તું મારી બહેનને ચોરીને ક્યાં જવાનો છે ? ઓ મૂર્ખ ! કપટથી યુદ્ધ કરનાર અને માયાવી, તારા મદને આજે હું ઉતારીશ. હજી (હું તને ચેતવણી આપું છું કે) મારાં બાણોથી મરીને જ્યાં સુધી તું પૃથ્વી પર સૂતો નથી, ત્યાં સુધીમાં તું મારી બહેનને છોડી દે.' આમ કહેતા રુકમીનું કૃષ્ણે હસતાં હસતાં ધનુષ્ય કાપી નાખ્યું, છ બાણોથી તેને વીંધી નાખ્યો અને આઠ બાણથી તેના ચારે ઘોડાઓને, બે બાણોથી તેના સારથિને તથા ત્રણ બાણોથી તેની ધજાને વીંધી નાખ્યાં. પછી રુકમીએ બીજું ધનુષ લઈ પાંચ બાણ શ્રીકૃષ્ણને માર્યા, એટલે તે બાણોના સમૂહોથી પ્રહાર પામેલા શ્રીકૃષ્ણે તેનું બીજું ધનુષ્ય પણ કાપી નાખ્યું, ત્યારે રુકમીએ ત્રીજું ધનુષ્ય લીધું એટલે તેને પણ અવિનાશી કૃષ્ણે કાપી નાખ્યું; અને પટ્ટિશ, ત્રિશૂળ, ઢાલ, તલવાર, શકિત અને તોમર; એમ જે જે આયુધો રુકમીએ લીધાં, તે તે બધાં શ્રીકૃષ્ણે કાપી નાખ્યાં. પછી ક્રોધાયમાન થયેલો રુકમી હાથમાં તલવાર લઈ શ્રીકૃષ્ણને મારવાની ઈચ્છાથી રથ ઉપરથી કૂદી પડ્યો અને પતંગિયું જેમ અગ્નિ સામે દોડે તેમ શ્રીકૃષ્ણ સામે દોડ્યો. શ્રીકૃષ્ણે સામેથી ધસી આવતા રુકમીની ઢાલ અને તલવારના પોતાનાં લાણોથી તલ તલ જેવડા ટુકડા કરી નાખ્યા ને તેને મારવા તૈયાર થઈ તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી. એ રીતે ભાઈનો નાશ થવાની તૈયારી જોઈ સતી રુકિમણી

ભયથી વિહ્વળ થઈ પતિના ચરણમાં પડી દીનતાપૂર્વક કહેવા લાગી : 'હે યોગેશ્વર ! હે અમાપ સ્વરૂપવાળા ! હે દેવોના દેવ ! હે જગતના પતિ ! હે કલ્યાણમૂર્તિ ! હે મોટી ભુજાવાળા ! મારા ભાઈનો નાશ કરવો આપને યોગ્ય નથી.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** રુકિમણીનું પ્રત્યેક અંગ ભયથી કાંપી રહ્યું હતું, અતિશય શોકને લીધે તેનું મોઢું સુકાઈ ગયું હતું; ગળું રુંધાઈ ગયું હતું, વ્યાકુળતાને લીધે તેના કંઠમાંથી સુવર્ણમાળા સરી પડી હતી; એવી રુકિમણીએ ભગવાનના ચરણ પકડ્યા; એટલે તે દયાળુ ભગવાન રુકમીનો નાશ કરતા અટક્યા. આમ છતાં પણ રુકમી પોતાના અનિષ્ટ પ્રયત્નથી અટક્યો નહીં, એટલે ભગવાને તેને વસ્ત્રથી બાંધી તેનાં દાઢીમૂછ તથા મસ્તકના વાળ મૂંડી તેને કદ્રૂપો બનાવી દીધો. તેટલામાં યાદવોના વીર યોદ્ધાઓએ હાથીઓ જેમ કમલિનીને છુંદી નાખે તેમ શત્રુઓના અદ્ભુત સૈન્યને છુંદી નાખ્યું. પછી તે યાદવ યોદ્ધાઓ શ્રીકૃષ્ણની પાસે આવી એ રીતે લગભગ મરેલા જેવા રુકમીને ત્યાં જોવા લાગ્યા. સમર્થ ભગવાન બળદેવજી કેદ પકડાયેલા રુકમીને જોઈ પોતે દયાળુ હોવાથી તેને છૂટો કર્યો અને શ્રીકૃષ્ણને કહ્યું : 'હે કૃષ્ણ ! આ તમે ખોટું કર્યું. આ કર્મ આપણને નિંદ્ય ગણાય. કોઈ સંબંધીના દાઢી-મુછના વાળ આ રીતે મૂંડવા એ તેઓનો નાશ જ કર્યો ગણાય. પછી રુકિમણીને કહ્યું: 'હે સદ્‌ગુણી રુકિમણી ! ભાઈને આ રીતે કદ્રૂપો કર્યો તેની ચિંતાથી તમે અમારા પર દોષારોપ ન કરશે; કારણ કે સુખદુઃખ આપનાર બીજો કોઈ નથી, પરંતુ પોતે કરેલાં કર્મોનાં ફળને જ પુરુષ ભોગવે છે. (ફરી શ્રીકૃષ્ણને કહ્યું) : 'કોઈ સંબંધી નાશને યોગ્ય દોષવાળો હોય તો પણ તેનો નાશ સામા સંબંધીથી થવો યોગ્ય નથી; પરંતુ સંબંધીએ માત્ર તેનો ત્યાગ જ કરવો જોઈએ; કારણ કે તે (અપરાધી સંબંધી) પોતાના દોષથી મરેલો જ છે તો ફરી તેને શા માટે મારવો જોઈએ ? (ફરી રુકિમણીને કહે છેઃ) પ્રજાપતિ બ્રહ્મદેવે રચેલો ક્ષત્રિયોનો આ ધર્મ જ છે કે ભાઈ પણ ભાઈનો નાશ કરે છે. આ જ કારણથી ક્ષત્રિયોનો ધર્મ મહા ભયંકર છે. (માટે આ કામમાં અમારો કંઈ અપરાધ નથી. ફરી શ્રીકૃષ્ણને કહે છે) લક્ષ્મીના મદથી અંધ બનેલા અભિમાની મનુષ્યો રાજ્ય ભૂમિ, ધન, સ્ત્રી, માન, તેજ કે બીજા કોઈ કારણથી (સંબંધીઓનું) અપમાન કરે છે (પણ આપણે તેમ કરવું યોગ્ય નથી.) (રુકિમણીને કહે છે :) સર્વ પ્રાણીઓ તરફ દુષ્ટ હૃદયવાળા ભાઈઓનું તમે અજ્ઞાનીની પેઠે કલ્યાણ ઈચ્છો છો. તે તમારી વિષમ બુદ્ધિ છે; કારણ કે (અપરાધી) સંબંધીઓનું એ રીતે કલ્યાણ ઈચ્છવું તે ખરી રીતે તેમનું અકલ્યાણ (ઈચ્છવા જેવું) છે. 'આ દેહ જ આત્મા છે' એમ દેહને જ આત્મા માનનારા અભિમાની મનુષ્યોને 'આ મિત્ર, આ શત્રુ, આ ઉદાસીન' આવો જે ભેદ જણાય છે, તે તેઓની બુદ્ધિનો મોહ જ છે ને તે મોહ પરમેશ્વરની માયાથી જ થાય છે. કેમ કે સર્વ પ્રાણીઓમાં આત્મા એક જ હોઈ તે શુદ્ધ જ છે; છતાં જેમ ચંદ્ર વગેરે તૈજસ પદાર્થ એક જ હોવા છતાં જુદાં જુદાં જળપાત્રોમાં (પ્રતિબિંબરૂપે) અનેક દેખાય છે અને આકાશ મૂળ એક જ છે તો પણ ઘટ-મઠ વગેરે જુદી જુદી ઉપાધિઓથી ઘટાકાશ— મઠાકાશ વગેરે અનેક સ્વરૂપે જણાય છે; તેમ (એક જ આત્માને) મૂઢ-અવિવેકીઓ (જુદી જુદી દેહાદિ ઉપાધિઓથી) જાણે અનેક સ્વરૂપવાળો હોય એમ માને છે. આ શરીર આદિ તથા અંતવાળું, અધિભૂથ, અધ્યાત્મ ને અધિદૈવમય તથા આત્મામાં અવિદ્યાથી કલ્પાયું હોઈ આત્માને (સંસાર રહિત છતાં) સંસારવાળો કરે છે; અર્થાત્ જન્મમરણાદિ પોતાના ધર્મ આત્મામાં જણાવે છે; પણ ખરી રીતે આત્મા સંસારી નથી, જન્મ-મરણાદિથી રહિત જ છે. હે સતી ! અધિભૂત વગેરે જુદા

પદાર્થો સાથે આત્માને સંગ કે વિયોગ નથી; કારણ કે આત્માથી જુદા જણાતા તે અધિભૂત વગેરે ખરી રીતે (આત્માથી અલગ) છે જ નહિ; કારણ કે તે ભૂત-ઈન્દ્રિય વગેરેની પ્રસિદ્ધિ કે પ્રકાશ આત્માના કારણે જ છે. જેમાં પ્રકાશ્ય અને પ્રકાશક રૂપ અને ચક્ષુની પ્રસિદ્ધિ સૂર્યથી છે અને તે બંને તૈજસ પદાર્થ હોવાથી સૂર્યથી જુદાં છે જ નહિ, તેમ ભૂત–ઈન્દ્રિયો વગેરે પદાર્થો પરસ્પર સિદ્ધ છે; તોપણ તેઓનો પ્રકાશ આત્માને જ આધીન હોઈ, તે તે પદાર્થો આત્માના કાર્યરૂપ જ છે; આત્મા વિના તેઓનું અસ્તિત્વ જ નથી. જન્મ વગેરે વિકારો દેહના જ છે, આત્માના કદી નથી. જેમ ચંદ્રની કળાઓના જ જન્મ, વૃદ્ધિ, હ્રાસ તથા ક્ષય થાય છે; ચંદ્રના પોતાના જન્મ વગેરે નથી. વળી જેમ ચંદ્રની કળાનો છેક જ નાશ થતાં અમાવાસ્યા તિથિ ચંદ્રના ક્ષય તરીકે કહેવાય છે. તે જ પ્રમાણે શરીરના નાશથી જ આત્માને મૃત્યુનો વ્યવહાર લાગુ થાય છે. ખરી રીતે આત્માને જન્મ કે મરણ વગેરે કંઈ છે જ નહિ, એ બધું દેહને જ છે. જેમ નિદ્રામાં સૂતેલો મનુષ્ય સ્વપ્નમાં (કંઈ વસ્તુ ન હોવા છતાં) પોતાને વિષયોનો ભોકતા અને વિષયોને ભોગ્ય માનતો ફળ ભોગવે છે, તેમ અજ્ઞાની મનુષ્ય (ખરી રીતે બ્રહ્મ વિના બીજું કંઈ પણ ન હોવા છતાં) મિથ્યા સંકલ્પોથી જન્મમરણરૂપ સંસારને પામે છે. માટે હે પવિત્ર હાસ્યવાળાં રુકિમણી ! પોતાને શોભાવનાર તથા મોહ ઉપજાવનાર અજ્ઞાનથી થયેલા શોકને તત્ત્વજ્ઞાનથી દૂર કરી તમે સ્વસ્થ થાઓ.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભગવાન બળરામે એમ સમજાવ્યા એટલે સુંદર અંગવાળા રુકિમણીએ શોક તજી મનને બુદ્ધિથી સ્થિર કર્યું. પછી માત્ર પ્રાણથી જ બાકી રહેલો હાઈ, નાશ પામેલા બળ અને કાંતિવાળા રુકમીને (તેના) શત્રુ તથા શ્રીકૃષ્ણ વગેરેએ છોડી દીધો; એટલે નિષ્ફળ મનોરથોવાળો અને પોતાને કદ્રૂપો કર્યાનું યાદ કરતો રુકમી તે જ સ્થળે પોતાને રહેવા માટે 'ભોજકટ' નામનું મોટું શહેર વસાવી ત્યાં રહ્યો; કારણ કે તેણે (સર્વ રાજાએની આગળ) 'દુર્મતિ કૃષ્ણનો નાશ કર્યા વિના અને મારી નાની બહેનને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ,' એવી ક્રોધથી પ્રતિજ્ઞા કરી હતી. હે કુરુવંશી રાજન્ ! એમ રાજાઓને જીતી ભગવાન કૃષ્ણ ! ભીષ્મકરાજાની પુત્રી રુકિમણીને દ્વારકામાં લાવીને વિધિપૂર્વક પરણ્યા હતા. તે વખતે હે રાજન્ ! દ્વારકામાં યદુપતિ શ્રીકૃષ્ણ વિના બીજા કોઈમાં પ્રીતિ ન રાખતા પ્રજાજનોએ ઘેર ઘેર મોટા ઉત્સવો કર્યા હતા. તેમ જ આનંદ પામેલાં સ્ત્રીપુરુષો ઉજજવળ મણિજડિત કુંડળો અને જાતજાતનાં વસ્ત્રો જેમણે પહેર્યા હતાં એવાં વર-વધૂ શ્રીકૃષ્ણ અને રુકિમણીને જુદી જુદી ભેટો આપતાં હતાં. વળી તે વખતે દ્વારકા પણ ઊભા કરેલા ઈન્દ્રધ્વજોથી, રંગબેરંગી પુષ્પોથી, વસ્ત્રોથી, રત્નજડિત તોરણોથી, ઘેરઘેર કરેલાં મંગળોથી, જળભરેલા કળશોથી, અગરના ધૂપથી અને દીવાઓથી શોભતી હતી. ત્યાંના માર્ગે નિમંત્રેલા અતિ પ્રિય રાજાઓના મદઝરતા હાથીઓના મદથી છંટાયા હતા અને દરેક દરવાજામાં ઊભા કરેલા કેળના તથા સોપારીનાં ઝાડોથી તે નગરી શોભતી હતી. વળી ત્યાં આનંદની ઉત્સુકતાથી દોડધામ કરતાં સંબંધોમાં કુરુ, સૃંજય, કેકય, વિદર્ભ, યદુ અને કુંતીવંશના રાજાઓ એકબીજાને મળી આનંદ પામતા હતા. સર્વ રાજાઓ અને કન્યાઓ જ્યાં ત્યાં ગવાતું રુકિમણીનું હરણ સાંભળી અત્યંત આશ્ચર્ય પામતાં હતાં. હે રાજન્ ! એમ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને લક્ષ્મીનો અવતાર શ્રી રુકિમણી સાથે જોઈને દ્વારકામાં નગરવાસીઓને આનંદ થયો હતો. ૧-૬૦

द्वारकायामभूद्राजन् महान्मोदः पुरौकसाम् । रुक्मिण्या रमयोपेतं दृष्ट्वा कृष्णं श्रियः पतिम् ॥६०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૪ સમાપ્ત.*

## અધ્યાય-૫૫
## પ્રદ્યુમ્ને કરેલો શંબરાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

कामस्तु वासुदेवांशो दग्धः प्राग्रुद्रमन्युना । देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** શ્રીભગવાનનો અંશ કામદેવ પૂર્વે મહાદેવના ક્રોધથી બળી ગયો હતો; તે ફરી દેહ ધરવા શ્રીભગવાનને જ પ્રાપ્ત થયો. એ કામદેવ રુકિમણીમાં શ્રીકૃષ્ણના વીર્યથી જન્મી 'પ્રદ્યુમ્ન' નામથી પ્રખ્યાત થઈ સર્વ પ્રકારે પિતા જેવો થયો હતો. ઈચ્છિત રૂપ ધરનાર શંબરાસુર પ્રદ્યુમ્નને પોતાનો શત્રુ જાણી તે દશ દિવસનો પણ થયો ન હતો, તેટલામાં તેને હરી સમુદ્રમાં ફેંકી પોતાના ઘેર જતો રહ્યો. પ્રદ્યુમ્નને કોઈ બળવાન માછલું ગળી ગયું, પણ મચ્છીમારોએ તેને બીજાં માછલાં સાથે મોટી જાળમાં પકડયું ને શંબરાસુરને જ ભેટ તરીકે આપ્યું; એટલે રસોઈયાએ તે અદ્‌ભુત માછલાને રસોડામાં લઈ જઈ, છરીથી ચીર્યું, તે વખતે તેના પેટમાં બાળકને જોઈ તેઓએ માયાવતી નામની (પોતાની ઉપરી) શંબરાસુરની દાસીને તે બાળક સોંપ્યું. (બાળકને જોઈને) માયાવતી મનમાં શંકિત થઈ ! (કે આ બાળક કોણ હશે ?) એટલામાં નારદજીએ (ત્યાં આવી) તેની ઉત્પત્તિ, માછલીના પેટમાં પ્રવેશ અને 'આ કામદેવ જ છે' એ ગુપ્ત વાત તેને જણાવી. માયાવતી (બીજી કોઈ ન હતી, પણ) કામદેવની યશસ્વિની પત્ની રતિ જ હતી; જે (શંકરના કોપથી) બળી ગયેલા પતિના શરીરની ફરી ઉત્પત્તિની રાહ જોતી હતી. શંબરાસુરે તેને દાળભાત રાંધવાના કામમાં નીમી હતી. તે સ્ત્રીએ એ બાળકને કામદેવ જાણી તેની ઉપર તે વેળા સ્નેહ બાંધ્યો ને એ રીતે એ કૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્ન પણ ઘણા જ થોડા સમયમાં યુવાની પામી પોતાને જોતી સ્ત્રીઓને મોહ ઉપજાવવા લાગ્યો. હે રાજા ! કમળની પાંખડી જેવાં વિશાળ નેત્રવાળા, લાંબી ભુજાઓવાળા તથા મનુષ્યલોકમાં સુંદર તે પતિને રતિ લજજાયુક્ત હાસ્ય સાથે ઊંચી કરેલી ભ્રૂકુટિથી જોતી મૈથુનના ભાવોથી સેવતી હતી. એટલે પ્રદ્યુમ્ને તેને કહ્યું : 'હે માતા ! તમારી બુદ્ધિ વિપરીત છે. તમે માતાનો ભાવ છોડી સ્ત્રીની પેઠે કેમ વર્તો છે ?'

**રતિ બોલી :** 'તમે નારાયણ શ્રીકૃષ્ણના પુત્ર છો, શંબરાસુરે (શ્રીકૃષ્ણના) ઘેરથી તમારું હરણ કર્યું છે. હું તમારી અધિકાર પામેલી પત્ની છું. કેમ કે હે પ્રભો ! હું રતિ અને તમે કામદેવ છો. તમને દસ દિવસ થયા ન હતા. તેટલામાં શંબરાસુરે સમુદ્રમાં ફેંકી દીધા હતા. ત્યાં એક માછલું તમને ગળી ગયું હતું. (જે માછીમારોના હાથમાં આવતાં તેઓ લાવ્યા હતા.) તેના પેટમાં થી હે પ્રભો ! તમે નીકળ્યા છો. અને મને) મળ્યા છો. તમે હવે સેંકડો માયા જાણનારા અને પરાજય ન કરી શકાય તેવા પોતાના આ દુર્જય શત્રુ શંબરાસુરનો મોહન વગેરે માયાઆથી નાશ કરો. તમારી માતા રુકિમણી (તમારા રૂપી) સંતાનથી રહિત થઈ પુત્રના સ્નેહથી વ્યાકુળ બની વાછરડા વિનાની થયેલી ગરીબ ગાય અને ટિટોડી પેઠે વ્યાકુળ રહી શોક કરે છે.' એમ કહી તે (માયાવતી) રતિએ મહાત્મા પ્રદ્યુમ્નને સર્વ માયાનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા આપી. પછી તે પ્રદ્યુમ્ન શંબરાસુરની સામે જઈ અસહ્ય તિરસ્કારથી તેનો તિરસ્કાર કરી લડાઈ જગાવી યુદ્ધ માટે તેને બોલાવવા લાગ્યા; એટલે શંબરાસુર પણ દુષ્ટ વચનોથી તિરસ્કાર પામી પગથી લાત મારેલા સર્પની પેઠે ક્રોધથી લાલ નેત્રોવાળો થઈ હાથમાં ગદા લઈ (યુદ્ધ

કરવા) બહાર નીકળ્યો. તેણે ઘણા જોરથી ગદા ફેરવી મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ફેંકી અને વજ્રના કડાકા જેવા તીવ્ર અવાજે ગર્જના કરી. હે રાજા ! ભગવાન પ્રદ્યુમ્ને સામે ધસી આવતી તે ગદાને ગદાથી દૂર કરી ક્રોધાયમાન થઈ પોતાની ગદા શત્રુ ઉપર ફેંકી. પણ પેલો શંબરાસુર મયદાનવે દર્શાવેલી દાનવી માયાનો આશ્રય કરી, આકાશમાં રહીને પ્રદ્યુમ્ન ઉપર અસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યો. રુકિમણીના મહારથી પુત્ર પ્રદ્યુમ્ને અસ્ત્રવૃષ્ટિથી પીડાઈને સર્વ માયાઓનો નાશ કરનારી સત્વગુણમયી મહાવિદ્યાનો પ્રયોગ કર્યો. પછી શંબરાસુરે યક્ષોની, ગંધર્વોની, પિશાચોની, સર્પોની તથા રાક્ષસોની એમ સેંકડો માયાનો પ્રયોગ કર્યો, પણ પ્રદ્યુમ્ને તે સર્વ માયાઓનો નાશ કર્યો અને બળથી તીક્ષ્ણ તલવાર ઊંચી કરી શંબરાસુરનું મુકુટ, કુંડળો તથા લાલ દાઢી મૂછવાળું મસ્તક તેના ધડથી જુદું કર્યું. તે વખતે સ્તુતિ કરતા દેવોએ પ્રદ્યુમ્ન ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને આકાશમાં જનારી તેમની (સ્ત્રી) માયાવતી રતિ આકાશમાર્ગે તેમને દ્વારકા લઈ ગઈ. હે રાજન્ ! વીજળી સાથે જેમ મેઘ પ્રવેશ કરે, તેમ પ્રદ્યુમ્ને (દ્વારકામાં) સેંકડો સ્ત્રીઓથી વ્યાપ્ત (શ્રીકૃષ્ણના) શ્રેષ્ઠ અંતઃપુરમાં આકાશમાર્ગે સ્ત્રી સાથે પ્રવેશ કર્યો. મેઘ જેવા શ્યામ, પીળાં પીતાંબર પહેરતા, લાંબી ભુજાઓવાળા, લાલ નેત્રોવાળા, સુંદર હાસ્ય કરતા, સુંદર મુખવાળા અને કાળા વાંકડિયા કેશથી સુશોભિત મુખકમળવાળા તે પ્રદ્યુમ્નને જોઈ સર્વ સ્ત્રીઓ તેમને શ્રીકૃષ્ણ માની શરમાઈ ગઈ અને જ્યાં ત્યાં છુપાઈ ગઈ. પછી ધીમેધીમે કંઈક જુદાં જણાતાં લક્ષણો પરથી 'આ કૃષ્ણ નથી' એમ નક્કી કરી અત્યંત હર્ષ પામતી સર્વ સ્ત્રીઓ જ આશ્ચર્ય પામીને સ્ત્રીરત્ન સહિત તે પ્રદ્યુમ્ન પાસે ગઈ. પછી સુંદર ભાષણ કરનારી અને શ્યામ કટાક્ષોવાળી રુકિમણિ તે વખતે (પ્રદ્યુમ્ને જોઈને) સ્નેહથી, ધાવણ ઝરતાં સ્તનવાળી થઈ ખોવાયેલા પુત્રનું સ્મરણ કરવા લાગી. (ને વિચાર કરવા લાગી) : 'કમળ સમાન નેત્રોવાળો આ શ્રેષ્ઠ પુરૂષ કોણ હશે ? કોનો પુત્ર હશે અને આણે આ કઈ સ્ત્રી મેળવી છે ? મારો પુત્ર પણ સૂતિકાગૃહમાંથી હરાઈને ખોવાયો છે; તે કદાચ કયાંય જીવતો હોય તો બરાબર આના જેટલી જ વયનો અને આવા રૂપવાળો હોય ! આ પુરુષે આકૃતિ, અવયવો, ગતિ, સ્વર, હાસ્ય તથા દૃષ્ટિ; આ બધામાં શ્રીકૃષ્ણની સમાનતા કેવી રીતે પ્રાપ્ત કરી હશે ? અથવા જે બાળકને મેં ગર્ભમાં ધર્યો હતો (અને જે ખોવાયો છે) તે જ આ હોવો જોઈએ; કારણ કે આના ઉપર મને અત્યંત પ્રીતિ થાય છે અને મારો ડાબો હાથ ફરકે છે.' રુકિમણી એમ વિચાર કરતી હતી, તેટલામાં દેવકી અને વસુદેવ સાથે ઉત્તમ કીર્તિ વાળા શ્રીકૃષ્ણ પધાર્યા. જનાર્દન ભગવાને તો બધું જાણ્યું જ હતું, છતાં તે ચૂપ જ રહ્યા. તેવામાં નારદજીએ (ત્યાં આવી) શંબરાસુરે પ્રદ્યુમ્નને હર્યો હતો વગેરે સર્વ વૃત્તાંત કહ્યો. મહા આશ્ચર્યકારક તે વૃત્તાંત સાંભળી શ્રીકૃષ્ણના અંતઃપુર ની સ્ત્રીઓ ઘણાં વર્ષો સુધી ખોવાયેલા અને મરીને જાણે પાછા આવ્યા હોય એવા (તે પ્રદ્યુમ્નને જોઈ) તેને અભિનંદન આપવા લાગી; તેમ જ દેવકી, વસુદેવ, શ્રીકૃષ્ણ, બળદેવ, રુકિમણી અને બીજી સર્વ સ્ત્રીઓ તે દંપતીને ભેટી આનંદ પામ્યાં. દ્વારકાવાસીઓ પણ ખોવાયેલા પ્રદ્યુમ્નને આવેલા સાંભળી 'અહો ! જાણે મરીને પાછો આવે, તેમ આ બાળક પાછો આવ્યો, તે 'બહુ સારું થયું.' એમ કહેવા લાગ્યા. પિતા સમાન રૂપવાળા પ્રદ્યુમ્ન ઉપર પતિ શ્રીકૃષ્ણનો ભાવ કરતી પ્રદ્યુમ્નની માતાને પણ એકાંતમાં તેના પર રૂઢભાવવાળી થઈ વારંવાર તેને સેવતી, તેમાં કંઈ આશ્ચર્ય નથી; કારણ કે સ્મરણ કરતાં જ ક્ષોભ પમાડનાર અને લક્ષ્મીનું રહેઠાણ શ્રીકૃષ્ણની શોભાયમાન મૂર્તિનું પ્રતિબિંબ તે કામદેવ, જ્યારે પ્રત્યક્ષ દૃષ્ટિના વિષય થાય ત્યારે એમ થાય

એ સંભવિત જ છે. (અને તેથી) બીજી સ્ત્રીઓ પણ (તે પ્રદ્યુમ્નને જોઈ) ક્ષોભ પામતી, એમાં શું કહેવાનું હોય ? ૧-૪૦

यं वै मुहुः पितृसरुपनिजेशभावास्तन्मातरो यदभजन् रहरूढभावाः ।
चित्रं न तत्खलु रमास्पदबिम्बबिम्बे कामे स्मरेऽक्षिविषये किमुतान्यनार्यः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૫ સમાપ્ત.*

## અધ્યાય-૫૬

## જાંબવતી તથા સત્યભામાને શ્રીકૃષ્ણ પરણ્યા

॥ श्रीशुक उवाच ॥

सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः । स्यमन्तकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** સત્રાજિત નામના યાદવે શ્રીકૃષ્ણનો અપરાધ કરી તેના નિવારણ માટે પોતે જ સામેથી ઉદ્યમ કરી (સત્યભામા નામની) પોતાની કન્યા સ્યમંતકમણિ સાથે શ્રીકૃષ્ણને (પરણાવી) આપી હતી.

**પરીક્ષિતરાજાએ પૂછયું :** હે બ્રહ્મન્ ! સત્રાજિતે શ્રીકૃષ્ણનો શો અપરાધ કર્યો હતો ? સ્યમંતકમણિ તેની પાસે કયાંથી આવ્યો હતો અને તેણે પોતાની પુત્રી શ્રીકૃષ્ણને કેમ પરણાવી હતી ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** (સત્રાજિત સૂર્યનો ભકત હોવાથી) સૂર્યદેવ ભકત સત્રાજિતના (સ્વામી છતાં) પરમ મિત્ર થયા હતા. તે સૂર્યદેવે પ્રસન્ન થઈ સત્રાજિતને સ્યમંતક નામનો મણિ આપ્યો હતો.હે રાજન્ ! કંઠમાં તે મણિ પહેરી સૂર્યની પેઠે પ્રકાશતા સત્રાજિતે દ્વારકામાં પ્રવેશ કર્યો ત્યારે તેને લીધે (લોકોએ) તેને ઓળખ્યો પણ ન હતો. એ વેળા દૂરથી જોઈ તેજથી અંજાયેલી દૃષ્ટિવાળા મનુષ્યોએ 'આ સૂર્ય આવે છે' એવી શંકાવાળા થઈ પાસાઓથી રમતા શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું : 'હે નારાયણ ! હે શંખ, ચક્ર, ગદાને ધારણ કરનાર ! હે દામોદર ! હે કમળ સમાન નેત્રવાળા ! હે ગોવિંદ ! હે યદુનંદન ! આપને અમારા નમસ્કાર છે. હે જગતના પતિ ! આ તીક્ષ્ણ કિરણોવાળા સૂર્યદેવ કિરણોના સમૂહથી મનુષ્યોનાં નેત્રને આંજી દેતા આપનાં દર્શન કરવાની ઈચ્છાથી આવે છે. ખરેખર, મોટા મોટા દેવો ત્રણે લોકમાં આપનો માર્ગ શોધે છે. હે પ્રભુ ! યાદવોમાં ગુપ્ત રહેલા આપને આજે જાણે સૂર્યદેવ આપનાં દર્શન કરવા આવે છે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** અજ્ઞાની મનુષ્યોનું તે વચન સાંભળી શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા. તેમણે કહ્યું : 'આ સૂર્યદેવ નથી. 'આ તો મણિથી પ્રકાશતો સત્રાજિત છે.' પછી સત્રાજિતે ઉત્સવથી મંગળો કરેલા પોતાના શોભાયમાન ઘરમાં પ્રવેશી દેવમંદિરમાં બ્રાહ્મણો પાસે તે મણિની પ્રતિષ્ઠા કરાવી. હે રાજા ! તે મણિ દરરોજ આઠ ભાર સોનું આપતો. જયાં તેની પૂજા થતી ત્યાં દુષ્કાળ, મરકી, અમંગળો, સર્પો, માનસિક પીડા, શારીરિક પીડા, અશુભ કે માયાવીઓ રહી શકતાં ન હતાં. એક વખતે શ્રીકૃષ્ણે તે મણિ યદુરાજ ઉગ્રસેન માટે માગ્યો, પણ ધનના લાલચુ સત્રાજિતે શ્રીકૃષ્ણની માગણીના ભંગનો વિચાર કર્યા વિના તે મણિ આપ્યો નહિ. પછી એક સમયે સત્રાજિતનો ભાઈ પ્રસેન તે મહાતેજસ્વી મણિને કંઠમાં પહેરી ઘોડા પર બેસી વનમાં મૃગયા કરવા ગયો. ત્યાં કોઈ કેસરી સિંહ પ્રસેનને ઘોડા સાથે મારી નાખી પહાડમાં પેઠો, તેવામાં જાંબવાને (તે નામના રીંછે) મણિની ઈચ્છાથી તે સિંહને મારી નાખ્યો અને તેણે પણ પોતાની

ગુફામાં મણિને બાળકના રમકડા તરીકે રાખ્યો. બીજી તરફ સત્રાજિત ભાઈને ન જોઈ સંતાપ કરવા લાગ્યો ને કહેવા લાગ્યો, 'મારો ભાઈ ડોકમાં મણિ પહેરી વનમાં ગયો હતો, ત્યાં ઘણું કરી કૃષ્ણે તેને મારી નાખ્યો છે.' આ વાત કાને કાને લોકો કહેવા લાગ્યા. ભગવાન કૃષ્ણ એ સાંભળી પોતાના પર આવેલો અપયશ દૂર કરવા નગરવાસીઓ સાથે પ્રસેનની તપાસ કરવા નીકળ્યા. તેમણે વનમાં (જઈ) જોયું, તો પ્રસેનને તથા તેના ઘોડાને કેસરી સિંહે માર્યો હતો અને તે કેસરી સિંહને રીંછ જાંબવાને પર્વતની પીઠ પર મારેલો લોકો એ જોયો. રીંછના રાજા જાંબવાનની ગુફા ઘોર અંધકારી વ્યાપ્ત અને ભયંકર હતી. તેમાં ભગવાન એકલા પ્રજાજનોને બહાર બેસાડી પેઠા. ત્યાં ઉત્તમ મણિને બાળકનું રમકડું કરેલો જોઈ, તેને લઈ લેવાના વિચારથી ભગવાન ગુફાની અંદર બાળક પાસે ઊભા રહ્યા; એટલે બાળકની ધાવ માતા તે નવીન પુરુષને જોઈ જાણે ભય પામી હોય તેમ બુમો પાડવા લાગી. તે સાંભળી બળવાનોમાં શ્રેષ્ઠ જાંબવાન ક્રોધાયમાન થઈ દોડી ગયા અને પોતાના સ્વામી ભગવાન સાથે યુદ્ધ કરવા લાગ્યો; કારણ કે કોપેલો તે ભગવાનને સામાન્ય પુરુષ માની તેમના પ્રભાવને જાણતો ન હતો. પછી માંસ માટે બે બાજ પક્ષીઓનું જેમ યુદ્ધ થાય, તેમ વિજયની ઈચ્છાવાળા તે બંનેનું આયુધો, પથ્થરો, વૃક્ષો તથા હાથોહાથ મહાભયંકર દ્વંદ્વ યુદ્ધ થયું. તે યુદ્ધ સામસામે વજના પ્રહાર જેવી કઠોર મુઠ્ઠીઓના મારથી રાતદિવસ અટક્યા વિના અઠ્ઠાવીસ દિવસ સુધી ચાલ્યું. આખરે શ્રીકૃષ્ણની મુઠ્ઠીઓના મારથી જાંબવાનનાં અંગોના બધા સાંધા ઢીલા થયા, તેનું બળ ક્ષીણ થયું અને સર્વ અંગોમાં પરસેવાથી રેબઝેબ થઈ અત્યંત આશ્ચર્ય પામી તે બોલ્યોઃ 'સર્વ પ્રાણીઓના પ્રાણ, ઈન્દ્રિયબળ, હૃદયબળ તથા દેહબળ આપ જ છો અને સર્વનું ઉત્પત્તિકારણ તથા સર્વના નિયંતા પુરાણપુરુષ આપ વિષ્ણુને હું જાણું છું. આપ સર્વ પ્રજાપતિઓના પણ સ્રષ્ટા નિમિત્તકારણ છો અને મહત્તત્ત્વ આદિ સર્વ ઉત્પન્ન કરવા યોગ્ય કાર્યોનું મૂળ કારણ પણ આપ જ છો. આપ નિયમન કરનારાઓના પણ નિયંતા, કાળ, પરમેશ્વર અને (વ્યષ્ટિ—સમષ્ટિરૂપ) સર્વ જીવોના આત્મા—અંતર્યામી છો. (પૂર્વે રામાવતારમાં) આપના સહજ પ્રદીપ્ત ક્રોધના કટાક્ષો છૂટતાં જ જેમાં મગરમચ્છો અને મોટાં માછલાં ખળભળી ઊઠયાં હતાં એવા મહાસાગરે આપને માર્ગ આપ્યો હતો, છતાં આપે તો તે મહાસાગર ઉપર પોતાનો યશરૂપ પુલ જ બાંધ્યો હતો, લંકાને બાળી હતી અને આપનાં બાણોથી કપાયેલાં રાવણનાં માથાં ધરણી પર પડયાં હતાં. (તે જ આપ મારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્ર છે.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહારાજ ! એમ ભગવાનને જેણે જાણ્યા હતા, એવા રીંછોના રાજા ભકત જાંબવાનને કમળ સમાન નેત્રવાળા શ્રીકૃષ્ણ ભગવાને પરમ કૃપાથી કલ્યાણકારી હાથથી સ્પર્શ કરીને પ્રેમથી ગંભીર વાણી વડે કહ્યું. 'હે રીંછોના રાજા ! આ મણિને લીધે મારા પર ખોટું આળ આવ્યું છે, તેને દૂર કરવા આ મણિ લેવા સારુ જ અમે આ ગુફામાં આવ્યા છીએ.' શ્રીભગવાને એમ કહ્યું એટલે જાંબવાને તેમનો સત્કાર કરવા મણિ સાથે જાંબવતી નામની કન્યા શ્રીકૃષ્ણને હર્ષથી આપી. બીજી તરફ ગુફાની બહાર રહેલા લોકો શ્રીકૃષ્ણને બહાર ન નીકળેલા જોઈ બાર દિવસ સુધી રાહ જોઈ આખરે દુઃખી થઈ દ્વારકા ગયા. શ્રીકૃષ્ણને ગુફામાંથી બહાર નહિ નીકળેલા સાંભળી દેવી દેવકી, રુકિમણી, વસુદેવ, સંબંધીઓ તથા જ્ઞાતિઓ શોક કરવા લાગ્યાં અને તે દ્વારકાવાસીઓ સત્રાજિતને ગાળો દેતાં શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે મહામાયા દુર્ગાદેવીનું આરાધન કરવા લાગ્યાં; એટલે દુર્ગાદેવીએ આરાધનથી તેઓને આશીર્વાદ આપ્યોઃ 'તમે શ્રીકૃષ્ણને જોશો.' એટલે તુરત જ શ્રીહરિ કાર્ય સિદ્ધ કરી સર્વને હર્ષ ઉપજાવતા સ્ત્રી સાથે ત્યાં પ્રકટ થયા. મરીને પાછા આવ્યા હોય તેમ શ્રીકૃષ્ણને કંઠમાં મણિ પહેરી સ્ત્રી સાથે આવેલા

જોઈ, સર્વને ઘણો જ આનંદ થયો. પછી સત્રાજિતને સભામાં બોલાવી ઉગ્રસેનરાજાની સમક્ષ મણિની પ્રાપ્તિ કેવી રીતે થઈ, તે વાત જણાવી ભગવાને તે મણિ સત્રાજિતને સોંપી દીધો, સત્રાજિત ઘણો જ શરમાયો. તે મણિ લઈને નીચે મોઢે પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો ઘેર ગયો ને બળવાન સાથે વિરોધ થવાથી ગભરાઈને તે પોતાના દોષનો વિચાર કરવા લાગ્યો : 'હું મારો અપરાધ કેવી રીતે દૂર કરું ? શ્રીકૃષ્ણ મારા પર કેવી રીતે પ્રસન્ન થાય ? શું કરવાથી મારું કલ્યાણ થાય ? ટૂંકી દૃષ્ટિવાળા, શુદ્ર, મૂઢ ને ધનના લાલચુ લોકો મને શું કરવાથી ગાળ ન દે ? (એમ ખૂબ વિચાર કરી તેણે નિશ્ચય કર્યો કે,) સ્ત્રીઓમાં રત્ન જેવી મારી પુત્રી (સત્યભામા) અને આ મણિ હું શ્રીકૃષ્ણને આપું. આ ઉપાય ઠીક છે. આમ કર્યા વિના બીજા કોઈ ઉપાયે મારા અપરાધની શાંતિ થાય એમ નથી.' બુદ્ધિથી આવો નિશ્ચય કરી સત્રાજિત પોતે જ (તે કામ કરવા) તૈયાર થઈ, પોતાની સુંદર પુત્રી તથા મણિ શ્રીકૃષ્ણને તેણે આપ્યાં. એટલે ભગવાન શીલ, રૂપ, ઉદારતા વગેરે ગુણોવાળી અને તેથી અનેક પુરુષોએ માગેલી તે સત્યભામાને વિધિપૂર્વક પરણ્યા. ને હે રાજા ! ભગવાને સત્રાજિતને કહ્યુંઃ 'અમે તમારો મણિ લઈશું નહિ. તમે સૂર્યદેવના ભકત છે, તેથી તે મણિ તમારી પાસે જ ભલે રહે. અમે તો ફળ ભોગવનારા છીએ.૧-૪૫

भगवानाह न मणिं प्रतीच्छामो वयं नृप । तवास्तां देवभक्तस्य वयं च फलभागिनः ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૬ સમાપ્ત.*

## અધ્યાય-૫૭

## મણિ ચોરવાનો આરોપ ભગવાને ફરી દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

विज्ञातार्थोऽपि गोविन्दो दग्धानाकर्ण्य पाण्डवान् । कुन्तीं च कुल्यकरणे सहरामो ययौ कुरुन् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ (પાંડવો બળી ગયા નથી વગેરે જાણતા હતા છતાં) પાંડવોને તથા કુંતીને (લાક્ષાગૃહમાં) બળેલાં સાંભળી કુળનો વ્યવહાર (ખરખરો) કરવા બળરામ સાથે હસ્તિનાપુર ગયા. અને ભીષ્મ, કૃપાચાર્ય, વિદુર, ગાંધારી તથા દ્રોણાચાર્યને મળી દુઃખી થઈ, 'અફસોસ, ઘણું જ ખોટું થયું, એમ ખરખરો કરવા લાગ્યા. હે પરીક્ષિતરાજા ! શ્રીકૃષ્ણ હસ્તિનાપુર હતા, એ લાગ સાધી અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યુંઃ 'સત્રાજિત પાસેથી તું મણિ કેમ નથી લઈ લેતો ? એણે આપણને સત્યભામા આપવા પ્રતિજ્ઞા કરીને આપણો અનાદર કરી કૃષ્ણને આપી દીધી. તો તેના ભાઈ પ્રસેનની પાછળ તે કેમ ન જવો જોઈએ ? (તેને કેમ ન મારી નાખવો ?) એમ અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાની બુદ્ધિ ભમાવી તેથી જેનું મરણ સમીપ જ હતું, એવા પાપી દુષ્ટ શતધન્વાએ લોભથી (રાત્રે) સૂતેલા સત્રાજિતને મારી નાખ્યો. વિલાપ કરતી સ્ત્રીઓ અનાથની પેઠે બૂમો પાડતી રહી અને કસાઈ જેમ પશુઓને મારી નાખે તેમ સત્રાજિતને મારી શતધન્વા મણિ લઈને નાસી ગયો. સત્યભામા પિતાને મારેલા જોઈ શોકાકુળ થઈ મૂંઝાઈને 'ઓ પિતા ! ઓ પિતા ! હાય ! હું મરી ગઈ !' એમ વિલાપ કરવા લાગી. તે મરેલા પિતાને તેલની કોઠીમાં નાખી હસ્તિનાપુર ગઈ અને સંતાપ કરતી તેણે સર્વ જાણનારા શ્રીકૃષ્ણની આગળ પિતાનો વધ કહ્યો. હે રાજા ! શ્રીકૃષ્ણ અને બળદેવજી ઈશ્વર હતા, તો પણ એ વાત સાંભળી મનુષ્યલોકને અનુસરી 'અફસોસ આપણા પર મહાકષ્ટ આવ્યું છે,' એમ આંખમાં આંસુ લાવી વિલાપ કરવા લાગ્યા. પછી ભગવાન કૃષ્ણે મોટાભાઈ અને સત્યભામા સાથે હસ્તિનાપુરથી દ્વારકામાં આવી

શતધન્વાનો વધ કરવા અને તેની પાસેથી મણિ લઈ લેવા તૈયારી કરી. શતધન્વા પણ પોતાને મારવા માટે શ્રીકૃષ્ણની તૈયારી જાણી ભયભીત થયો. તેણે પ્રાણ બચાવવા કૃતવર્માની સહાય માગી. એટલે તેણે તેને કહ્યું 'ઈશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવનો હું અપરાધ નહિ કરું કારણ કે તેઓનો અપરાધ કર્યે કોનું કલ્યાણ થાય? જેમનો દ્વેષ કરવાથી કંસ રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઈ અનુયાયીઓ સાથે મરણ પામ્યો અને જરાસંધ સત્તર યુદ્ધોમાં રથરહિત થઈ નાસી ગયો. આમ કૃતવર્માએ સહાય માટે ના પાડી. એટલે શતધન્વાએ અક્રૂર પાસે સહાય માગી, ત્યારે તેણે પણ કહ્યુંઃ ઈશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવજીનું બળ જાણનારો ક્યો પુરુષ તેમની સાથે વિરોધ કરે ? જે ભગવાન લીલાથી આ જગત સર્જે છે, પાળે છે અને સંહારે છે, જેમની ચેષ્ટા માયાથી મોહિત થયેલા બ્રહ્મા વગેરે પ્રજાપતિ પણ જાણતા નથી અને જે ભગવાન સાત વર્ષની વયના હતા ત્યારે પણ બાળક જેમ બિલાડીનો ટોપ ધરે, તેમ ગોવર્ધન પર્વતને એક હાથે ઉપાડી ધર્યો હતો, તે અદ્‌ભૂત કર્મ કરનારા; અનંત, જગતના આદિ, નિર્વિકાર અને સર્વના આત્મા શ્રીકૃષ્ણ ભગવાનને મારા વારંવાર નમસ્કાર હો ! એમ અક્રૂરે પણ ના પાડી એટલે શતધન્વા તે મહામણિ અક્રૂરને ત્યાં થાપણ મૂકી સો યોજન જનારા ઘોડા પર બેસી ત્યાંથી નાઠો. હે રાજા ! બળરામ તથા શ્રીકૃષ્ણ પણ ગરુડના ધ્વજવાળા રથમાં બેસી મોટા વેગ વાળા ઘોડાઓથી ગુરુદ્રોહી તે શતધન્વા પાછળ તેની લગભગ જઈ પહોંચ્યા. શતધન્વાનો ઘોડો (સો યોજન) મિથિલાનગરી પહોંચ્યો એટલે (આગળ જવા અશકત થઈ મિથિલાના બગીચામાં પડ્યા એટલે તેને છોડી અત્યંત ત્રાસ પામેલો શતધન્વા પગપાળો દોડ્યો. શ્રીકૃષ્ણ પણ ક્રોધથી પગપાળા તેની પાછળ દોડયા અને શતધન્વાના મસ્તકને ભગવાને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપી તેનાં બન્ને વસ્ત્રોમાં મણિ શોધવા માંડયો પણ મણિ મળ્યો નહિ એટલે શ્રીકૃષ્ણ મોટાભાઈ પાસે આવી બોલ્યા 'શતધન્વાને વ્યર્થ માર્યો છે, તેની પાસે મણિ નથી.' પછી બળદેવજી બોલ્યા : 'નક્કી શતધન્વાએ તે મણિ કોઈ પુરુષને ત્યાં થાપણ મૂક્યો હશે, માટે તમે દ્વારકા જાઓ અને તેની તપાસ કરો. હું તો વિદેહી જનક રાજાને મળવા ઈચ્છું છું; કેમ કે તે રાજા મને અતિ પ્રિય છે.' એમ કહી હે રાજા ! યદુનંદન બળદેવજીએ મિથિલામાં પ્રવેશ કર્યો. મિથિલાના રાજાએ બળદેવજીને જોઈ મનમાં પ્રસન્ન થઈ આસન પરથી ઊભા થઈ પૂજન કરવા યોગ્ય બળદેવજીની પૂજાનાં સાહિત્યોથી વિધિ પ્રમાણે પૂજા કરી, સમર્થ બળદેવજી કેટલાંક વર્ષો સુધી મિથિલામાં રહ્યા હતા અને મહાત્મા જનકરાજાએ પણ પ્રીતિયુકત થઈ તેમનું સન્માન કર્યું હતું. તે વખતે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને (મિથિલામાં રહી) બળદેવજી પાસે ગદાયુદ્ધ શીખી લીધું હતું. બીજી તરફ પ્રભુ શ્રીકૃષ્ણે પોતાની પ્રિયા સત્યભામાને સારું લગાડવા શતધન્વાનું મરણ અને તેની પાસેથી મણિ ન મળ્યો તે વાત જણાવી. પછી ભગવાને મરેલા સસરાની પરલોકની જે જે ક્રિયા કરવી જોઈએ તે તે સંબંધીઓની સાથે રહી કરાવી. અક્રૂર અને કૃતવર્મા શતધન્વાનો વધ સાંભળી ભયથી ત્રાસ પામી દ્વારકામાંથી નાસી ગયા. કારણ કે તેઓ બન્નેએ સત્રાજિતને મારવા શતધન્વાને પ્રેરણા કરી હતી. એ રીતે અક્રૂર દ્વારકામાંથી નાસી ગયા એટલે દ્વારકાવાસીઓમાં વારંવાર શારીરિક, માનસિક, દૈવી, અને ભૌતિક સંતાપો થવા લાગ્યા. આમ હે રાજા ! કેટલાક મુનિઓ પૂર્વે મેં જ કહેલા શ્રીકૃષ્ણના માહાત્મ્યને ભૂલીને કહે છે; પણ મુનિઓના વાસરૂપ શ્રીકૃષ્ણ ભગવાન જ્યાં વસતા હોય ત્યાં (માત્ર અક્રૂરના ચાલ્યા જવાથી) શું ઉત્પાતો દેખાવા ઘટે ? (ભગવાનની ઈચ્છા વિના ન ઘટે) (વળી કેટલાક ઋષિઓ કહે છે કે, કાશીમાં જ્યારે વરસાદ વરસતો ન હતો, ત્યારે ત્યાંના રાજા પોતાના દેશમાં આવેલા શ્વફલ્ક યાદવને 'ગાંદિની' નામની પુત્રી આપી હતી, જેથી કાશીમાં વરસાદ વરસ્યો હતો. માટે તે શ્વફલ્કનો પુત્ર અક્રૂર પણ એવા

જ પ્રભાવવાળો હોઈ, તે જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં વરસાદ વરસે છે અને કોઈ જાતના સંતાપો કે મરકી વગેરે અકાળ મૃત્યુ થતાં નથી. આવું (અક્રૂરના મહિમાવાળું) દ્વારકાના વૃદ્ધ મનુષ્યોનું કહેવું સાંભળી શ્રીકૃષ્ણે હા, એ વાત સાચી છે, પણ આમાં આટલું જ કારણ નથી, પરંતુ મણિનું અહીંથી જવું તે પણ કારણ છે. ? એમ માની (દૂતો દ્વારા) અક્રૂરને તેડાવ્યા. (આવો કેટલાક ઋષિઓનો મત છે પણ તેમ નથી; ભગવાને 'મણિ કૃષ્ણ પાસે છે.' આવો લોકોનો વહેમ દૂર કરવા અક્રૂરને તેડાવ્યા અને તેમનો સત્કાર કરી તેમને સંબોધી પ્રિય વાતો કહી. સર્વના ચિત્તને જાણનારા ભગવાને હસતાં હસતાં તેમને કહ્યું : 'હે દાનપતિ ! શતધન્વાએ શોભાયમાન સ્યમંતકમણિ તમારે ત્યાં થાપણ મૂક્યો છે એ અમે પહેલેથી જ જાણીએ છીએ અને સત્રાજિતને પુત્ર ન હતો, તેથી તેને ઉદેશી જળદાન તથા પિંડદાન આપી તેનું જે કારજ હોય તે પતાવી તેની બાકીની મિલકત તેની પુત્રીના પુત્રો લઈ શકે (એમ ધર્મશાસ્ત્રો કહે છે એટલે સ્યમંતકના વારસ પણ સત્રાજિતની પુત્રી સત્યભામાના પુત્રો જ ગણાય;) તોપણ એ મણિ તમારા વિના બીજાઓથી ભાગ્યે જ રાખી શકાય એવો છે, માટે ઉત્તમ વ્રત પાળનારા તમારી પાસે જ તે મણિ ભલે રહે, પરંતુ એ મણિના સંબંધમાં મારા મોટાભાઈ પોતે વિશ્વાસ કરતા નથી. (અને વહેમાય છે કે એ મણિ કૃષ્ણ પાસે છે) તેથી હે મહાભાગ્યશાળી અક્રૂર ! તમે એ મણિ બતાવો.' અને તે (મારા પર શંકાવાળા આપણા સંબંધીઓમાં) શાંતિ કરો (તમે એમ તો નહિ જ કહી શકો કે મણિ મારી પાસે નથી કેમ કે) આજ દિવસ સુધી તમારા સુવર્ણની વેદિકાઓવાળા યજ્ઞો (મણિના પ્રભાવથી જ સતત ચાલ્યા છે.) આમ શ્વફલ્કના જ પુત્ર અક્રૂરને ભગવાને શાંતિ ભરેલાં વચનો કહ્યાં. એટલે તેમણે વસ્ત્રમાં વીંટેલો સુર્ય જેવા તેજવાળો મણિ લાવીને શ્રીકૃષ્ણને આપ્યો. પ્રભુ શ્રીકૃષ્ણે જ્ઞાતિઓને તે મણિ બતાવી પોતાના ઉપરનું આળ દૂર કરી તે મણિ પાછો અક્રૂરજીને આપી દીધો. જે મનુષ્ય સર્વના ઈશ્વર વિષ્ણુ ભગવાન શ્રીકૃષ્ણના પરાક્રમવાળું પાપ હરનારું અને અત્યંત માંગલિક આ આખ્યાન ભણે, સાંભળે કે સંભારે છે, તે અપકીર્તિને તથા તેનું કારણ પાપને દૂર કરી શાંતિ પામે છે. ૧-૪

यस्त्वेतद्भगवत ईश्वरस्य विष्णोर्वीर्याढयं वृजिनहरं समुङ्गलं च । आख्यानं पठति शृणोत्यनुस्मरेद्वा
दुष्कीर्तिं दुरितमपोह्य याति शांतिम् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૭ સમાપ્ત.*

## અધ્યાય-૫૮

## શ્રીકૃષ્ણ બીજી પાંચ સ્ત્રીઓ પરણ્યા

॥ श्रीशुक उवाच ॥

एकदा पाण्डवान् द्रष्टुं प्रतीतान् पुरुषोत्तमः । इन्द्रप्रस्थं गतः श्रीमान् युयुधानादिभिर्वृतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે ભગવાન શ્રીકૃષ્ણ (પહેલાં લાક્ષાગૃહમાં બળેલા જણાઈ પાછળથી દ્રુપદરાજાને ઘેર) જણાયેલા પાંડવોને મળવા સાત્યકિ વગેરે સાથે ઈન્દ્રપ્રસ્થ ગયા. સમગ્રના ઈશ્વર શ્રીકૃષ્ણને પધારેલા જોઈ વીર પાંડવો ઇંદ્રિયો જેમ મુખ્ય પ્રાણ આવતાં એકદમ સચેત થાય, તેમ એકીસાથે ઊભા થયા અને શ્રીકૃષ્ણને ભેટયા અને તેમના સંગથી નાશ પામેલાં પાપોવાળા તે શૂરા પાંડવો પ્રેમયુક્ત હાસ્યવાળું ભગવાનનું મુખ જોઈ આનંદ પામ્યા. ભગવાન શ્રીકૃષ્ણ પણ યુધિષ્ઠિર તથા ભીમસેનના પગમાં પ્રણામ કરી અર્જુનને ભેટયા અને નકુલ તેમ જ સહદેવે શ્રીકૃષ્ણને વંદન કર્યું. પછી

શ્રીકૃષ્ણ ઉત્તમ આસન પર બેઠા એટલે પાંડવોને તરત જ પરણેલાં (પાંચ પતિઓની સ્ત્રી છતાં) પરમ સુંદરી દ્રૌપદીએ કંઈક શરમાતાં ધીમેથી આવી શ્રીકૃષ્ણને વંદન કર્યું .પાંડવોએ સાત્યકિનો પણ સત્કાર કર્યો અને તેને વંદન કર્યું એટલે તે પણ આસન પર બેઠો તેમ જ બીજા યાદવો પણ સત્કાર પામી ચોતરફ બેઠા. પછી શ્રીકૃષ્ણે કુંતાજી પાસે જઈ તેમને વંદન કર્યું. એટલે ઘણા જ સ્નેહથી આર્દ્ર દ્રષ્ટિવાળાં કુંતાજી તેમને ભેટી સગાંસંબંધીઓનું કુશળ પૂછવા લાગ્યાં. સામેથી શ્રીકૃષ્ણ ભગવાને પણ તે ફોઈને તેમની પુત્રવધૂ સાથે કુશળ સમાચાર પૂછ્યા. પછી પ્રેમની વ્યાકુળતાથી રૂંધાયેલા કંઠવાળા, અને (પ્રથમનાં) અનેક દુઃખોને યાદ કરતાં કુંતાજી ભક્તોના કલેશનો નાશ કરવા દર્શન દેતા તે ભગવાનને કહેવા લાગ્યાં : 'હે કૃષ્ણ ! અમારું સંબંધીઓનું સ્મરણ કરી મારા ભાઈ અક્રૂરજીને આપે અહીં મોકલ્યા તે જ સમયથી અમારું કુશળ થયું છે અને અમને આપે સનાથ કર્યાં છે. આપ તો સમસ્ત જગતના હિતૈષી અને આત્મા છો, તેથી આપને તો પોતાનો કે પારકો' એવી ભ્રાંતિ છે જ નહિ; તોપણ આપનું સ્મરણ કરનારાઓના હૃદયમાં રહી આપ તેઓના કલેશનો હમેશાં નાશ કરો છે.'

**યુધિષ્ઠિર બોલ્યા :** 'હે અધીશ્વર ! અમે ક્યું, પુણ્ય કર્યું હશે તે હું જાણી શકતો નથી; કારણ કે મોટા યોગીઓને પણ દુર્લભ દર્શનવાળા આપનાં અમને દુર્બુધ્ધિઓને દર્શન થાય છે.' આમ કહી યુધિષ્ઠિર રાજાએ વર્ષાઋતુના ચાર મહિના સુધી (પોતાને ત્યાં) રહેવા પ્રાર્થના કરી એટલે ભગવાન શ્રીકૃષ્ણ ઈંદ્રપ્રસ્થમાં રહેનારાઓને આનંદ ઉપજાવતા સુખથી (તેટલો સમય) ત્યાં રહ્યા. એક દિવસે શત્રુવીરોનો નાશ કરનાર અર્જુન વાનરના ચિહ્નવાળી ધજાવાળા રથમાં બેસી ગાંડીવ ધનુષ્ય તથા બે અખૂટ ભાથાં લઈ, શ્રીકૃષ્ણ સાથે અનેક શિકારી પશુઓ તથા મૃગોથી વ્યાપ્ત વનમાં વિહાર કરવા દાખલ થયો. ત્યાં તેણે વાઘો, ભૂંડો, પાડા, રુરુ, મૃગો, અષ્ટાપદ પશુઓ, રોઝ, જનાવર, ગોંડા, મૃગલાં, સસલાં તથા સેઢાઈઓને બાણોથી વીંધી નાખ્યાં. પછી તેના ચાકરો (અષ્ટકાશ્રાદ્ધ) પર્વ આવ્યું હોવાથી તે પવિત્ર મેધ્યોને યુધિષ્ઠિરરાજા પાસે લઈ ગયા. અને થાકેલો અર્જુન તૃષાતુર થઈ યમુનાનદી પર ગયો. ત્યાં મહારથી શ્રીકૃષ્ણે તથા અર્જુને નિર્મળ જળ પીધું; એટલામાં ત્યાં ફરતી સુંદર દેખાવની કન્યા તેમણે જોઈ એટલે મિત્ર શ્રીકૃષ્ણે તેની તપાસ કરવા અર્જુનને મોકલ્યો. તેથી સુંદર નિતંબવાળી, શ્રેષ્ઠ દાંતવાળી અને મનોહર મુખવાળી તે ઉત્તમ સ્ત્રી પાસે જઈ અર્જુને પૂછયું : 'હે સુંદર નિતંબવાળી તું કોણ છે ! કોની કન્યા છે ? કયાંથી આવી છે ? અને શું કરવા ઈચ્છે છે. હું માનું છું કે પતિને ઈચ્છે છે, તો હે સુંદરી ! તે સર્વ મને કહે.'

**કાલિંદી બોલી :** 'હું સૂર્યદેવની પુત્રી હોઈ વર આપનારા વિષ્ણુભગવાનને ઉત્તમ પતિરૂપે ઈચ્છતી કઠોર તપ કરું છું. હે વીર ! લક્ષ્મીના વાસરૂપ તે વિષ્ણુભગવાન વિના બીજા પતિ હું વરવાની નથી ; માટે અનાથના આશ્રય તે મુકુંદ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. મારું નામ 'કાલિન્દી' છે અને અહીં યમુનાના જળમાં મારા પિતાએ બનાવેલા ઘરમાં વિષ્ણુ ભગવાનનાં દર્શન થશે ત્યાં સુધી હું રહેવાની છું.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** અર્જુને તે કન્યાના કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ પાસે (જઈને) કહ્યું. ભગવાન તો પહેલેથી જ તે જાણતા હતા, એટલે ભગવાન તે કન્યાને રથમાં બેસાડી યુધિષ્ઠિર પાસે આવ્યા, પછી પાંડવોના કહેવાથી ભગવાને તે જ વખતે વિશ્વકર્મા પાસે પાંડવો માટે અતિ અદ્ભુત નગર કરાવી આપ્યું. વળી પોતાના ભકત પાંડવોનું પ્રિય કરવા ઈંદ્રપ્રસ્થમાં રહી ભગવાન શ્રીકૃષ્ણ અગ્નિને (ખાવા) ખાંડવવન આપવા અર્જુનના સારથિ થયા. હે રાજન્ ! તે વેળા અગ્નિએ પ્રસન્ન થઈ ગાંડીવ ધનુષ્ય, ધોળા ઘોડા,

એક રથ, બે અક્ષય ભાથાં અને અસ્ત્રધારીઓથી તોડી ન શકાય એવું એક કવચ અર્જુનને આપ્યું. વળી (ખાંડવવનને બાળતી વખતે) મયદાનવને અગ્નિથી છોડાવ્યો હોવાથી, તેણે મિત્ર અર્જુન માટે એક સભા કરી. તેમાં દુર્યોધનને જળ હતું ત્યાં સ્થળ અને સ્થળ હતું ત્યાં જળ, આવો દૃષ્ટિભ્રમ થયો હતો. પછી યુધિષ્ઠિરરાજાએ અને બીજાં સગાંસંબંધીઓએ શ્રીકૃષ્ણને દ્વારકા જવા સંમતિ આપી. એટલે સાત્યકિ વગેરે સાથે શ્રીકૃષ્ણ પાછા દ્વારકા પધાર્યા ત્યાં જઈને અતિ ઉત્તમ ઋતુમાં, શ્રેષ્ઠ નક્ષત્રવાળા સર્વોત્તમ મુહૂર્તમાં, પોતાના ભકતોને પરમ મંગળરૂપ શ્રીકૃષ્ણ સંબંધીઓને પરમ આનંદ આપતા કાલિંદીને પરણ્યા.

પછી હે રાજન્ ! દુર્યોધનને વશ રહેનારા તેના અનુયાયી વિંદ તથા અરવિંદ નામના અવંતીના બે રાજાઓએ શ્રીકૃષ્ણમાં આસકત બહેન મિત્રવિંદા કે જે રાજાધિદેવી નામની શ્રીકૃષ્ણની ફોઈની પુત્રી હતી તેને શ્રીકૃષ્ણ સાથે પરણતાં અટકાવી, પણ શ્રીકૃષ્ણે સ્વયંવરમાં રાજાઓના દેખતાં બળાત્કારે તેનું હરણ કર્યું. વળી હે રાજા ! નગ્નજિત નામે કૌશલદેશનો અત્યંત ધાર્મિક રાજા હતા. તેને સત્યા નામની તેજસ્વી કન્યા હતી, તે 'નાગ્નજિતી' એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ હતી. ત્યાં (રાજાઓના બળની પરીક્ષા માટે રાખેલા) તીક્ષ્ણ શિંગડાંવાળા, વશ કરવા અશક્ય, વીર પુરુષોની ગંધને પણ સહન નહિ કરનારા અને ઉદ્ધત સાત આખલાઓને જીત્યા વિના રાજાઓ તે કન્યાને પરણી શકતા ન હતા. ભકતોના પતિ ભગવાન એ આખલાઓને જીતનાર પુરુષથી મેળવી શકાય એવી તે કન્યાને સાંભળી મોટા સૈન્ય સાથે કૌશલપુર ગયા એટલે કૌશલદેશના રાજાએ પ્રસન્ન થઈ સામેથી ઊભા થઈ આસન વગેરે આપી મોટા પૂજાસાહિત્યથી શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો અને શ્રીકૃષ્ણે પણ સામેથી તેનો સત્કાર કર્યો. રાજકન્યા નાગ્નજિતી પોતે પસંદ કરેલા વર શ્રીકૃષ્ણને પધારેલા જોઈ ઈચ્છવા લાગી. 'મેં અનેક વ્રતો કરી જો આ ભગવાનને હૃદયમાં ધર્યા હોય તો આ મારા પતિ થાઓ અને મારા નિર્મળ મનોરથો સત્ય કરે. જેમના ચરણકમળની રજ લક્ષ્મીદેવી, શંકર તથા લોકપાલો સહિત બ્રહ્મા મસ્તક પર ધરે છે, વળી પોતે રચેલી ધર્મમર્યાદાઓનું પાલન કરવાની ઈચ્છાથી સમયે સમયે જે લીલા માટે શરીરો ધરે છે, તે ઈશ્વર કયા ઉપાયથી મારા ઉપર પ્રસન્ન થાય ? પછી નગ્નજિતરાજા પૂજાસત્કાર કરેલા શ્રીભગવાનને કહેવા લાગ્યો 'હે નારાયણ ! હે જગતના પતિ ! આપ આત્માનંદથી જ પૂર્ણ છો; હું ક્ષુદ્ર આપનું શું પ્રિય કરું ?'

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુનંદન રાજા ! પ્રસન્ન થયેલા ભગવાને આસનનો સ્વીકાર કરી, હસતાં હસતાં મેઘ જેવી ગંભીર વાણીથી તેને કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** 'હે રાજા ! પોતાના ધર્મ પ્રમાણે વર્તનારો ક્ષત્રિય (કોઈની પાસે) યાચના કરે, તેને વિદ્વાનો નિંદ્ય ગણે છે; તોપણ તમારી સાથેના સંબંધની ઈચ્છાથી હું તમારી કન્યાની માગણી કરું છું (પણ) અમે કન્યાના મૂલ તરીકે ધન વગેરે કંઈ આપતા નથી.

**રાજાએ કહ્યું :** 'હે નાથ ! આ જગતમાં આથી બીજો ક્યો અધિક પુરુષ કન્યાના વર તરીકે અમને ઈચ્છિત હોય ? કારણ કે ગુણોના સ્થાનરૂપ આપના અંગમાં લક્ષ્મીજી નિત્ય વિયોગ વિના રહે છે. પણ હે યાદવશ્રેષ્ઠ ! અમે પ્રથમથી જ કન્યાને યોગ્ય વર મેળવવા પુરુષોનાં પરાક્રમની પરીક્ષા માટે પ્રતિજ્ઞા કરી છે. હે વીર ! (તે પ્રતિજ્ઞા આ છે) આ સાત આખલાઓ હજી સુધી પલોટાયા નથી, કોઈને વશ થયા નથી; તેઓએ અનેક રાજપુત્રોને હરાવ્યા છે અને ઘણાના અવયવો ભાંગી નાખ્યા છે. (તેઓને વશ કરી

દોરડાથી જે નાથે તે કન્યાને પરણી શકે). હે યદુનંદન ! આપ આ આખલાઓને વશ કરી નાથો તો હે લક્ષ્મીપતિ ! મારી પુત્રીના વર તરીકે માન્ય થઈ શકો.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** રાજાએ કરેલી તે પ્રતિજ્ઞા સાંભળી પ્રભુ શ્રીકૃષ્ણે ભેટ બાંધી, પોતાનાં સાત સ્વરૂપો કરી રમતમાત્રમાં જ તે આખલાઓને વશ કર્યા. પછી નાશ પામેલ ગર્વ તથા પરાક્રમવાળા તે આખલાઓને દોરીથી નાથીને, બાળક જેમ લાકડાના, બાંધેલા આખલાઓને ખેંચે તેમ શ્રીકૃષ્ણ રમતથી તેમને ખેંચવા લાગ્યા. આથી નગ્નજિતરાજા આશ્ચર્ય પામ્યો. તેણે પ્રસન્ન થઈ પોતાની પુત્રી શ્રીકૃષ્ણને આપી. સમર્થ ભગવાન શ્રીકૃષ્ણ પોતાને યોગ્ય તે રાજકન્યાને વિધિ પ્રમાણે પરણ્યા અને તે રાજાની રાણીઓ પણ શ્રીકૃષ્ણને કન્યાના પ્રિય પતિરૂપે મેળવી પરમ આનંદ પામી. પછી (આખાં શહેરમાં) મોટો ઉત્સવ થયો. શંખો, ભેરીઓ તથા નોબત વાગી, ગીતો ગવાયાં, વાદિત્રો વાગ્યાં, બ્રાહ્મણોના આશીર્વાદ અપાયા અને પુરુષો તથા સ્ત્રીઓ અતિ આનંદ પામી વસ્ત્રો ને પુષ્પમાળાઓથી પોતાને શણગારવા લાગ્યાં. રાજા નગ્નજિતે દશ હજાર ગાય અને ગળામાં કંઠીઓ તથા સુંદર સુંદર વસ્ત્રો પહેરેલી ત્રણ હજાર તરુણ દાસીઓ પહેરામણીમાં આપી. એ ઉપરાંત નવ હજાર હાથીઓ, હાથીઓથી સોગણા રથો, રથો કરતાં સોગણા ઘોડા, ને ઘોડાઓ કરતાં સો ગણા સેવકો આપ્યા. પછી સ્નેહથી પીગળેલા હૃદયવાળા કૌશલરાજે તે દંપતીને રથમાં બેસાડી મોટી સેના સાથે (દ્વારકા તરફ) વળાવ્યાં. તે સાંભળી યાદવોએ તથા આખલાઓએ પ્રથમ હરાવેલા પરાક્રમવાળા અસહનશીલ રાજાઓ કન્યાને લઈ જતા શ્રીકૃષ્ણને માર્ગમાં ઘેરી વળ્યા, અને તેમના પર સંખ્યાબંધ બાણો ફેંક્વા લાગ્યા; પણ સિંહ જેમ ક્ષુદ્ર હરણિયાંને નસાડી મૂકે તેમ મિત્ર શ્રીકૃષ્ણનું પ્રિય કરનારા ગાંડીવધારી અર્જુને તે રાજાઓને નસાડી મૂક્યા. પછી યાદવોમાં શ્રેષ્ઠ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન પહેરામણી લઈ દ્વારકામાં ગયા ને ત્યાં સત્યારાણી સાથે આનંદ કરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણ પોતાની ફોઈ શ્રુતકીર્તિની પુત્રી ભદ્રાને પરણ્યા. એ ભદ્રા કેકયદેશમાં જન્મી હતી અને તેના ભાઈ સંતર્દન વગેરેએ તેને શ્રીકૃષ્ણ વેરે આપી હતી. વળી મદ્રદેશના રાજાની પુત્રી અને સર્વ લક્ષણોથી યુકત લક્ષ્મણાને ગરુડ જેમ અમૃતને હરી લે તેમ શ્રીકૃષ્ણ એકલાએ સ્વયંવરમાંથી હરી હતી. આવી બીજી પણ હજારો સુંદર રાણીઓ શ્રીકૃષ્ણને હતી. તેને ભૌમાસુરનો નાશ કરી શ્રીકૃષ્ણે તેના અંતઃપુરમાંથી આણી હતી. ૧-૫૮

अन्याश्चैवंविधा भार्याः कृष्णस्यासन् सहस्रशः । भौमं हत्वा तन्निरोधादाहृताश्चारुदर्शनः ॥५८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૮ સમાપ્ત.*

## અધ્યાય-૫૯

## ભૌમાસુરનો વધ અને પારિજાતનું હરણ

॥ श्रीशुक उवाच ॥

यथा हतो भगवता भौमो येन च ताः स्त्रियः । निरुद्धा एतदाचक्ष्व विक्रमं शार्ङ्गधन्वनः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** ભગવાન શ્રીકૃષ્ણે તે સ્ત્રીઓને કેદ કરનારા ભૌમાસુરનો જે રીતે અને જે કારણથી નાશ કર્યો હતો, તે શ્રીકૃષ્ણનું પરાક્રમ તમે મને કહો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભૌમાસુરે ઇંદ્રનું છત્ર, તેની માતા અદિતિનાં કુંડળો અને મેરુ પર્વત ઉપરનું તેનું મણિપર્વત નામનું સ્થાન પણ હરી લીધું હતું; તેથી ઇંદ્રે ભૌમાસુરનાં તે કૃત્ય (સત્યભામાને ઘેર આવી)

શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યાં, તે ઉપરથી ભગવાન ગરુડ ઉપર બેસી સત્યભામા સાથે ભૌમાસુરના પ્રાગ્જ્યોતિષ નગરમાં ગયા. એ નગરની ચારે બાજુ પહાડોના તથા શસ્ત્રોના કિલ્લા હતા. તેથી જળ, અગ્નિ તથા વાયુને લીધે તેમાં કોઈથી જઈ શકાતું નહિ. વળી એ નગર મુરદૈત્યના હજારો ભયંકર અને મજબૂત ફાંસાથી સર્વ તરફ વીંટાયેલું હતું. ગદાધારી શ્રીકૃષ્ણે (ત્યાં જઈને) ગદાથી પહાડોના કિલ્લા ભાંગી નાખ્યા; બાણોથી શસ્ત્રોના કિલ્લા ઉડાવી દીધા; ચક્રથી અગ્નિ, જળ તથા વાયુનો નાશ કર્યો; તલવારથી મુરદૈત્યના ફાંસા કાપી નાખ્યા; શંખનાદ વડે (કિલ્લા પર ગોઠવેલાં) યંત્ર તથા શૂરાઓનાં હૃદયો હચમચાવી મૂકયાં ને ભારે ગદાથી (મુખ્ય) કિલ્લાને પણ ભાંગી નાખ્યો. પછી પ્રલય કાળના વજ્રપાત જેવો શ્રીકૃષ્ણના પાંચજન્ય શંખનો ભયંકર અવાજ સાંભળી પાંચ મસ્તકવાળા અને (ખાઈના જળમાં) સૂતેલો મુરદૈત્ય તે જળમાંથી જાગ્યો. તે ઉગ્ર દૈત્ય સામે જોવાને પણ અતિ અશક્ય હોઈ, પ્રલયકાળના સૂર્ય તથા અગ્નિ સમાન કાંતિવાળું ત્રિશૂળ ઉગામી પાંચ મુખોથી ત્રણે લોકોને જાણે ગળી જતો હોય તેમ (પાંચે મોઢાં પહોળાં કરી) સર્પ જેમ ગરુડ સામે ધશે તેમ તે શ્રીકૃષ્ણ સામે ધસ્યો. તેણે બળથી ત્રિશૂળ ભમાવી (ભગવાનના) ગરુડ ઉપર ફેકયું ને પાંચ મુખોથી ગર્જના કરી, તેના એ મહાન શબ્દે આકાશ તથા પૃથ્વી સહિત સર્વ દિશાઓના મધ્ય ભાગ અને સમગ્ર બ્રહ્માંડને ભરી દીધું.શ્રીહરિએ સામે આવતા તેના ત્રિશુળના બે બાણો મારી ત્રણ કકડા કર્યા અને બળથી તેના મુખ પર પણ બાણો માર્યા. એટલે તેણે પણ ક્રોધથી ભગવાન પર ગદા ફેંકી. ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણે આવતી તે ગદાને સામી ગદા મારી યુદ્ધમાં તેના હજારો ટુકડા કર્યા. એટલે પેલો દૈત્ય બાહુઓ ઊંચા કરી ભગવાન સામે દોડ્યો; પણ અજિત ભગવાને ચક્ર વડે લીલામાત્રમાં તેનાં મસ્તકો ઉડાવી દીધાં. એમ મસ્તકો કપાતાં દૈત્ય પ્રાણહીન થઈ ઈંદ્રના વજ્ર વડે કપાયેલા શિખરોવાળા પર્વતની પેઠે જળમાં પડ્યો. પછી એ દૈત્યના સાત પુત્રો પિતાના નાશથી વ્યાકુળ થઈ વેરનો બદલો લેવા ક્રોધાયમાન થઈ યુદ્ધ કરવા તૈયાર થયા. તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન અને સાતમો અરુણ– આ મુરના પુત્રો ભૌમાસુરની આજ્ઞાથી પીઠ નામના સેનાપતિને આગળ કરી હથિયારો લઈ યુદ્ધ માટે નીકળ્યા. તેઓ ક્રોધથી જ ઉગ્ર થઈ શ્રીકૃષ્ણ પાસે આવી બાણો, તલવારો, ગદાઓ, શકિતઓ, બેધારી તલવારો તથા ત્રિશુળોનો તેમના પર મારો ચલાવવા લાગ્યા. પણ અમોઘ પરાક્રમવાળા ભગવાને તેઓના એ શસ્ત્રસમુદાયનાં પોતાનાં બાણો વડે તલ તલ જેવડા ટુકડા કરી નાખ્યા અને કપાયેલાં મસ્તકો, સાથળો, ભુજા, પગ તથા બખ્તરોવાળા તે (સર્વ) સૈનિકોને તેમના સેનાપતિ પીઠ સહિત યમલોકમાં પહોંચાડ્યાં. તે પછી પૃથ્વીનો પુત્ર નરકાસુર પોતાના તે સેનાપતિઓને શ્રીકૃષ્ણનાં ચક્ર તથા બાણોથી મરેલા જોઈ સહન નહિ કરી સમુદ્રતટના પ્રદેશમાં જન્મેલા મદઝરતા હાથીઓ સાથે યુદ્ધ કરવા બહાર આવ્યો. તેણે જેમ સૂર્ય ઉપર વીજળી સહિત મેઘ બેઠો હોય, તેમ ગરુડ ઉપર સત્યભામા સાથે બેઠેલા શ્રીકૃષ્ણને જોઈ તેમના પર શતદની શસ્ત્ર ફેકયું અને તેના સર્વ યોદ્ધાઓએ પણ એકીસાથે ભગવાન પર શસ્ત્રોનો મારો ચલાવ્યો; એટલે તે જ ક્ષણે ભગવાન શ્રીકૃષ્ણે ભૌમાસુરના તે સૈન્ય પર રંગબેરંગી પીછાંવાળાં તિક્ષ્ણ બાણોનો મારો ચલાવી કોઈના બાહુઓ, કોઈના સાથળ, કોઈનાં મસ્તકો અને કોઈનાં શરીરો કાપી નાખ્યાં; તેમ જ ઘોડા તથા હાથીઓનો સંહાર કર્યો. હે કુરુવંશી રાજા ! ભૌમાસુરના યોદ્ધાઓએ જે જે શસ્ત્રો કે અસ્ત્રો ભગવાન પર ફેંકયાં તે તે એકએકને શ્રીહરિએ (પોતાની પાસે આવ્યા પહેલાં જ) ત્રણ ત્રણ, તીક્ષ્ણ બાણો મારી કાપી નાખ્યા. એ વેળા બન્ને પાંખોથી હાથીઓનો સંહાર કરતો ગરુડ ભગવાનને ઉપાડતો પોતાની ચાંચ, પાંખો તથા નખોથી પણ હાથીઓને મારવા લાગ્યો, તેથી હાથીઓ દુઃખી થઈ નગરમાં પેસી જવા લાગ્યા.

પછી નરકાસુરે યુદ્ધક્ષેત્રમાં લડવા માંડ્યું. તેણે પોતાના સૈન્યને ગરુડે નસાડેલું ને દુઃખી જોઈ જેનાથી વજ્ર પણ અટકી ગયું હતું, એવી શકિત ગરુડને મારી; પણ ગરુડ પુષ્પની માળાથી, મારેલા હાથીની પેઠે તે શકિતથી કંપ્યો નહિ, એમ ગરુડને મારવાનો ઉદ્યમ વ્યર્થ ગયો એટલે ભૌમાસુરે શ્રીકૃષ્ણને મારવા ત્રિશૂળ લીધું, પણ શ્રીકૃષ્ણે તે ત્રિશૂળ ફેંકાય તે પહેલાં જ હાથી પર બેઠેલા નરકાસુરના મસ્તકને પોતાના તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ઉડાવી દીધું. એ વખતે કુંડળો પહેરનારું ને સુંદર મુકટથી શોભતું તે ઉજ્જવળ મસ્તક પૃથ્વી પર પડેલું શોભતું હતું. પછી દૈત્યો હાહાકાર કરવા લાગ્યા. 'ૠષિઓ બહુ સારું થયું' એમ કહેવા લાગ્યા ને દેવેશ્વર શ્રીકૃષ્ણ ઉપર પુષ્પો ની વૃષ્ટિ કરતા તેમની સ્તુતિ કરવા લાગ્યા. પછી પૃથ્વીદેવીએ શ્રીકૃષ્ણની પાસે આવી અતિશય ઉજ્જવળ, સુવર્ણમાં જડેલાં રત્નોથી પ્રકાશતાં (ઇંદ્રની માતા અદિતિનાં) બે કુંડળો, વૈજયન્તી સાથે વનમાળા વરુણનું છત્ર અને એક મોટો મણિ તેમને આપ્યાં. પછી હે રાજન્! પૃથ્વીદેવી બે હાથ જોડી પ્રણામ કરી મોટા મોટા દેવોએ પૂજેલા જગત્પતિ શ્રીકૃષ્ણની ભકિતયુકત બુદ્ધિથી સ્તુતિ કરવા લાગી.

**પૃથ્વી બોલી :** હે દેવોના દેવ ! હે ઈશ્વર ! હે શંખ, ચક્ર આને ગદાધારી ! આપને નમસ્કાર હો ! હે પરમાત્મન ! ભકતોની ઈચ્છા પૂર્ણ કરવા માટે સ્વરૂપ ધારણ કરનારા આપને નમસ્કાર. નાભિમાં કમળવાળા આપને નમસ્કાર. કમળની માળા પહેરનાર આપને નમસ્કાર.કમળ સરખાં નેત્રોવાળા આપને નમસ્કાર,કમળ સમાન ચરણવાળા આપને નમસ્કાર.વાસુદેવ, વિષ્ણુ ભગવાનરૂપ આપને નમસ્કાર પુરુષ આદિબીજ તથા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આપને નમસ્કાર. સ્વયં અજન્મા છતાં જગતને ઉત્પન્ન કરનાર પરબ્રહ્મ અને અનંતશકિતવાળા આપને નમસ્કાર. હે કાર્ય તથા કારણના આત્મા ! હે સર્વ પ્રાણીઓના આત્મા ! હે પરમાત્મા ! આપને નમસ્કાર હો. હે પ્રભો ! આપ જ જગતને જ્યારે ઉત્પન્ન કરવા ઈચ્છો છો, ત્યારે કાંઈક કરવામાં તત્પર ઉત્કટ રજોગુણને, જગતના નાશ માટે ઉત્કટ તમોગુણને; તેમ જ જગતનું પાલન કરવા ઉત્કટ સત્ત્વગુણને સર્જો છો; છતાં આપ તો (તે સૃષ્ટિ આદિ કર્મથી) અલિપ્ત જ રહો છો. હે જગત્પતિ ! કાળ, પ્રધાન તથા પુરુષ આપ જ છો. તે આપથી જુદાં નથી, પરંતુ આપ તો તે સર્વથી જુદા જ છો. હે ભગવન્ ! પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, શબ્દાદિ તન્માત્રા, ઇંદ્રિયોના દેવો, મન, ઇંદ્રિયો, અહંકાર અને મહત્તત્વ આમ સમગ્ર સ્થાવરજંગમ જગત આપ અદ્વિતીય પરમાત્મામાં જણાય છે તે કેવળ ભ્રાંતિ જ છે. ખરી રીતે આપ એક વિના બીજું કંઈ જ નથી. હે શરણાગતની પીડા હરનાર ! આ નરકાસુરનો પુત્ર ભગદત્ત આપથી ભયભીત થયો છે, તેને હું આપના ચરણકમળ પાસે લાવી છું. આપ આનું રક્ષણ કરો અને સમગ્ર પાપોનો નાશ કરનાર આપનો હસ્તકમળ આના મસ્તક પર મૂકો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે ભકિતથી નમ્ર પૃથ્વીદેવીએ વાણીથી ભગવાનની પ્રાર્થના કરી, પછી ભગવાને (ભગદત્તને) અભયદાન આપી સમગ્ર સંપત્તિઓવાળા ભૌમાસુરના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં ભૌમાસુરે પરાક્રમ કરી રાજા પાસેથી હરી લાવેલી સોળ હજાર રાજકન્યાઓને શ્રીહરિએ જોઈ, પુરુષોમાં વીર શ્રીકૃષ્ણને અંતઃપુરમાં આવેલા જોઈ, તે સ્ત્રીઓ મોહિત થઈ અને દૈવે મેળવી આપેલા તે ભગવાનને પોતાના વહાલા પતિ તરીકે મનથી વરી ચૂકી. 'આ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને તેને વિધાતા સંમતિ આપો' એવા અભિપ્રાયથી જુદી જુદી સર્વ સ્ત્રીઓએ શ્રીકૃષ્ણમાં હૃદય સ્થાપ્યું, પછી શ્રીકૃષ્ણે અત્યંત સુંદર અને નિર્મળ વસ્ત્રોવાળી તે સ્ત્રીઓને પાલખીમાં બેસાડી દ્વારકા મોકલી તેમ જ મોટા ખજાના, રથો, ઘોડા

તથા પુષ્કળ ધન દ્વારકા મોકલ્યું. ઉપરાંત શ્રીકૃષ્ણે ચાર દાંતવાળા,બળવાન,ધોળા અને ઐરાવતના કુળના ચોસઠ હાથી દ્વારકા મોકલ્યા. પછી ઈંદ્રને ઘેર જઈ ભગવાને પેલાં બે કુંડળો અદિતિને આપી દીધાં.તે વખતે ઈંદ્રાણી સહિત ઈંદ્રે, સત્યભામા સહિત ભગવાનની પૂજા કરી. પછી સત્યભામાએ પ્રેરેલા શ્રીકૃષ્ણ કલ્પવૃક્ષને ઉખાડી ગરુડ પર મૂકી ઇંદ્ર સહિત દેવોનો પરાજય કરીને તેને દ્વારકામાં આણ્યું (દ્વારકામાં આવી) તેમણે એ કલ્પવૃક્ષ સત્યભામાના ઘરના બગીચામાં રોપ્યું. તે વૃક્ષે બગીચાને શોભાવી મુક્યો અને એની પાછળ તેની સુગંધી તથા રસમાં લંપટ ભમરા છેક સ્વર્ગમાંથી આવ્યા હતા. જે ઇંદ્ર મુકુટના અગ્રભાગથી શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કરતાં પ્રણામ કરી (પ્રથમ) તેમની પાસે પોતાનાં કાર્ય સિદ્ધ કરવા માગણી કરી હતી. તે જ ઇંદ્ર પોતાનું કાર્ય સિદ્ધ થયા પછી ભગવાન સાથે યુદ્ધ કરે છે ! આશ્ચર્ય ! દેવોને પણ આટલો બધો ક્રોધ ! ધિક્કાર હો. તેઓની ધનિકતાને ! પછી નિર્વિકાર શ્રીકૃષ્ણ ભગવાન જેટલી તે સ્ત્રીઓ હતી તેટલાં જ સ્વરૂપ ધરી જુદાં જુદાં ઘરમાં એક જ મુહૂર્તે તે સ્ત્રીઓને પરણ્યા અને જેઓની સમાન તથા અધિક બીજા કોઈ ન હતાં, એવાં તે સ્ત્રીઓનાં ઘરમાં સતત રહી અતકર્ય કર્મો કરનારા ભગવાન પોતે સ્વરૂપાનંદથી પૂર્ણ હતા છતાં બીજા સામાન્ય મનુષ્યની પેઠે ગૃહસ્થ ધર્મને આચરતા લક્ષ્મીના અંશરૂપ તે સ્ત્રીઓ સાથે રમ્યા હતા. એમ બ્રહ્માદિ દેવો પણ જેમને પામવાનો માર્ગ જાણી શક્યા નથી, તે લક્ષ્મીપતિ ભગવાનને પતિ તરીકે પામી તે સ્ત્રીઓ નિરંતર વધતા આનંદથી પ્રેમપૂર્વક (તેમને) જોતી જોવાપૂર્વક નવ સમાગમ પામતી, સમાગમમાં વાર્તાલાપ કરતી અને વાર્તાલાપમાં શરમાતી એ સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી તોપણ (ભગવાન આવતા ત્યારે) તેમની સામા જવું, આસન આપવું, ઉત્તમ પૂજા કરવી, ચરણ ધોવાં, પાનબીડાં આપવાં, અંગોપાંગ ચાંપી થાક ઉતારવો, પંખાથી પવન નાખવો, ચંદન અને પુષ્પો આપવાં, કેશ ઓળવા, નવડાવવા અને જમાડવા વગેરે ક્રિયાઓથી જાતે ભગવાનનું દાસીપણું કરતી. ૧-૪૫

प्रत्युद्गमासनवरार्हणपादशौच ताम्बूलविश्रमणवीजनगन्धमाल्यैः ।
केशप्रसारशयनस्नपनोपहार्यैर्दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૫૯ સમાપ્ત.*

## અધ્યાય-૬૦
## પ્રેમકલહમાં રુકિમણીને કોપાવી શ્રીકૃષ્ણે પછી શાંત કર્યા

॥ श्रीशुक उवाच ॥

कर्हिचित्सुखमासीनं स्तल्पस्थं जगद्गुरुम् । पतिं पर्यचरद्भैष्मी व्यजनेन सखीजनैः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે પોતાના પલંગ પર સુખથી બેઠેલા જગદગુરુ પતિ શ્રીકૃષ્ણને ચામર ઢોળી રુકિમણી દાસીઓ સાથે તેમની સેવા કરતી હતી. જે ઈશ્વર લીલાથી આ જગતને સર્જે છે, પાળે છે અને સંહારે છે, તે જ ઈશ્વર પોતે અજન્મા છતાં પોતે રચેલી ધર્મમર્યાદાઓનું રક્ષણ કરવા યાદવોમાં અવતર્યા હતા. રુકિમણીનું એ શયનગૃહ ઝળકતી મોતીની માળા લટકાવેલા ચંદરવાથી, મણિમય દીવાઓથી ને માલતીની માળાઓ તથા પુષ્પોથી શોભતું હતું તેમ જ (સુગંધથી આકર્ષાયેલા) ભમરાઓનાં ટોળાંથી ગાજતું હતું. જાળિયાંનાં છિદ્રોમાંથી અંદર આવેલા ચંદ્રમાનાં ઉજજવળ કિરણોથી બગીચાને શોભાવતાં પારિજાતક વૃક્ષોના વનના સુગંધી વાયુથી અને ઝગઝગાટ કરતાં જાળિયાંનાં

છિદ્રોમાંથી બહાર નીકળતા અગરના ધૂપોથી અતિશય સુંદર હતું. તે શયનમંદિરમાં પલંગ પર (બિછાવેલી) દૂધના ફીણ જેવી ઉજ્જવળ ઉત્તમ તળાઈ પર જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ સુખથી બેઠા હતા અને રુકિમણી તે પતિની સેવા કરતી હતી. રત્નજડિત દાંડાવાળા ચામરને સખીના હાથમાંથી લઈ રુકિમણી દેવી પોતે તે ચામર વડે (પવન ઢોળી) ઈશ્વરને સેવી રહી હતી. એ વેળા રુકિમણી ભગવાન પાસે મણિજડિત ઝાંઝરોના ઝણકાર કરતી હાથના અગ્રભાગમાં વીંટીઓ, કડાં તથા ચામર ધરતી,વસ્ત્રના છેડા વડે ઢાંકેલા સ્તન ઉપરના કેસરથી લાલ, બનેલા હારની કાંતિથી તેમ જ નિતંબ પર રહેલા મહાકિંમતી કંદોરાથી તે શોભતી હતી, વળી તે લીલાથી ધરતા શ્રીકૃષ્ણને યોગ્ય રૂપવાળી હોઈ તેને શ્રીકૃષ્ણ વિના બીજો કોઈનો આશ્રય ન હતો અને કેશ કુંડળ તથા સોનાની કંઠીથી સુશોભિત કંઠને લીધે ચારે દિશાઓ માં શોભતા તેના મુખ પર મંદ હાસ્યરૂપ અમૃત દીપી રહ્યું હતું, એવી સાક્ષાત્ લક્ષ્મીરૂપ તે રુકિમણીને જોઈ પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે મંદ મંદ હસતાં કહ્યું.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજપુત્રી ! લોકપાલો જેવા ઐશ્વર્યવાળા, મહા પ્રભાવશાળી અને રૂપ, ઉદારતા તથા બળથી સર્વશ્રેષ્ઠ શ્રીમંત રાજાઓ તને ઈચ્છતા હતા. વળી તારા ભાઈએ તથા પિતાએ તને તેવા સ્થળે બીજે આપી હતી; છતાં કામથી મદોન્મત થઈ તને ઈચ્છીને આવેલા તે શિશુપાલ વગેરે રાજાઓને છોડી તું પોતાને અયોગ્ય અમને શા માટે વરી ? હે સુંદર ભ્રૂકુટિવાળી રુકિમણી ! અમે તો જરાસંધ વગેરે રાજાઓથી ભયભીત થઈ સમુદ્રને શરણે રહ્યા છીએ. બળવાનો સાથે વેર બાંધી, રાજસિંહાસનનો લગભગ અમે ત્યાગ કર્યો છે. અમારો માર્ગ (આચાર–વિચાર) અસ્પષ્ટ છે અને સ્ત્રીને વશ રહેવારૂપ લોક માર્ગને અમે અનુસરતા નથી. હે સુંદર ભ્રૂકુટિવાળી ! (આવા અમારા જેવા) પુરુષોના માર્ગને અનુસરનારી સ્ત્રીઓ ઘણું કરીને દુઃખી થાય છે. હે સુંદર મધ્યભાગવાળી રુકિમણી ! અમે નિષ્કિંચન (નિર્ધન) હોઈ નિર્ધનોને વહાલા છીએ; અથવા નિર્ધનો અમને વહાલા છે અને તેથી જ ધનવાન ગૃહસ્થો અમને ઘણું કરી ભજતા જ નથી. જે સ્ત્રી-પુરુષનાં ધન, જન્મ, ઐશ્વર્ય, સૌંદર્ય અને આવક સમાન હોય, તેનો જ પરસ્પર વિવાહ અથવા મિત્રતા યોગ્ય ગણાય. પણ ઉત્તમ તથા અધમનો વિવાહ કે મિત્રતા કદી યોગ્ય નહિ. હે વિદર્ભ રાજપુત્રી ! ટૂંક વિચારની તું આ વસ્તુને જાણ્યા વિના ગુણરહિત છતાં ભિક્ષકો પાસેથી અમારી જૂઠી પ્રશંસા સાંભળીને અમને વ્યર્થ વરી છે. માટે હજી પણ પોતાને યોગ્ય કોઈ ઉત્તમ ક્ષત્રિયને સ્વીકારી લે, જેથી આ લોકમાં તથા પરલોકમાં તું સત્ય મનોરથો પામીશ. હે સુંદર સાથળવાળી ! શિશુપાલ, શાલ્વ, જરાસંધ ને દંતવક્ત્ર વગેરે રાજાઓ તેમ જ તારો મોટો ભાઈ રુકમી મારો દ્વેષ કરે છે. તેઓ પરાક્રમના મદથી આંધળા બનેલા હતા, તેથી જ હે કલ્યાણી ! તે ગર્વિષ્ઠ રાજાઓનો ગર્વ ઉતારવા માટે તે દુષ્ટો ના તેજને હરી મેં તને આણી છે. બાકી અમે તો ઉદાસીન જ છીએ. સ્ત્રી, છોકરાં કે ધનની અમને લાલચ નથી અને શરીર તથા ઘરની અમને દરકાર પણ નથી. અમે તો કેવળ આત્મલાભથી જ પૂર્ણ હોઈ દીવા વગેરે ની પેઠે માત્ર સાક્ષીરૂપ અને ક્રિયારહિત થઈ વર્તીએ છીએ.

**શ્રી શુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણ ક્ષણવારને માટે પણ રુકિમણીથી દૂર થતા ન હતા એથી રુકિમણીને એવું અભિમાન આવી ગયું હતું કે, 'હું જ ભગવાનને વહાલી છું' આમ પોતાને માનતી તે રુકિમણીના ગર્વનો નાશ કરતા ભગવાન એ પ્રમાણે કહી બોલતા બંધ થયા. દેવી રુકિમણી ત્રણ લોકના ઈશ્વરોના પણ સ્વામી અને પોતાના પ્રિય શ્રીકૃષ્ણ ભગવાનનું પૂર્વે કદી ન સાંભળેલું તે અપ્રિય વચન

સાંભળી હૃદયમાં ભયભીત થઈ ધ્રૂજતી રડવા લાગી ને અપાર ચિંતામાં પડી. નખોની લાલ કાંતિવાળા સુંદર પગના નખથી પૃથ્વીને ખોતરતી, કેસરથી લેપાયેલા બંને સ્તનને આંખોમાં આંજેલી મેશથી કાળાં થયેલાં આંસુઓ વડે સિંચતી અને અત્યંત દુઃખને લીધે વાણી રૂંધાઈ જવાથી નીચું મુખ કરી તે ઊભી રહી. તેની બુદ્ધિ અત્યંત દુઃખ, ભય તથા શોકથી નાશ પામી, તેના હાથમાંથી કડાં સરકી પડ્યાં, ચામર પડી ગયું અને વ્યાકુળ બુદ્ધિ વાળી તે રુકિમણીનું શરીર પણ વાયુએ ઉખાડી નાખેલી કેળની પેઠે એકાએક મૂર્ચ્છિત થઈ છૂટા કેશે ધરણી પર ઢળી પડ્યું. એ રીતે હાસ્યની ગંભીરતાને નહિ જાણતી પ્રિયા રુકિમણીનું તે પ્રેમબંધન જોઈ, દયાળુ ભગવાન શ્રીકૃષ્ણે તેના પર દયા કરી, પલંગ ઉપરથી એકદમ ઊતરી તે ચતુર્ભુજ ભગવાને રુકિમણીને ઉઠાડી તેના વીખરાયેલા કેશો બાંધ્યા અને પોતાના હસ્તકમળથી તેનું મુખ લૂછ્યું : હે રાજન્ ! આંસુથી શોભતાં નેત્ર તથા શોકનાં આંસુથી ભિંજાઈ ગયેલાં સ્તનો લૂછી ભગવાને પોતા સિવાય અન્ય વિષય વિનાની તે સતી રુકિમણીને બાહુથી આલિંગન કર્યું ને પછી બીજાઓને શાંત કરી જાણનાર અને સત્ય પુરુષોની ગતિરૂપ તે પ્રભુ હાસ્યની ગંભીરતાથી ભમતા મનવાળી અને તેવા હાસ્ય માટે અયોગ્ય એ રાંક રુકિમણીને શાંત પાડવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે વિદર્ભરાજપુત્રી ! તું મને દોષદૃષ્ટિ વડે ન જોઈશ, તને કેવળ મારો જ આશ્રય છે એ હું જાણું છું; તોપણ હે સુંદરાંગી ! તારું વચન સાંભળવાની ઈચ્છાથી મે આમ મશ્કરી કરી છે. પ્રણયકલહથી ફરકતા હોઠવાળું, વક્ર દૃષ્ટિથી જોવાને લીધે આંખોના લાલ ખૂણાઓવાળું અને સુંદર વાંકી ભ્રૂકુટિના કિનારાવાળું તારું આ મુખ જોવા મેં આમ મશ્કરી કરી છે. હે બીકણ સ્ત્રી ! ગૃહસ્થોના ઘરમાં આ જ શ્રેષ્ઠ લાભ છે કે તેઓ પ્રિયા સાથે હાસ્યવિનોદમાં ઘડી બે ઘડી પણ ગાળે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ભગવાન કૃષ્ણે રુકિમણીને એમ શાંત પાડી, એટલે (ભગવાને કહેલાં) તે હાંસીનાં વચન જાણીને તેણે 'પતિ પોતાનો શું ત્યાગ કરશે ?' એવા ભયનો ત્યાગ કર્યો. પછી હે ભરતવંશી રાજા ! લજ્જાયુકત હાસ્ય સાથે સુંદર કટાક્ષોથી ભગવાનનું મુખ જોતી રુકિમણીએ તે મહાપુરુષને કહ્યું.

**રુકિમણી બોલી :** હે કમળ સમાન નેત્રોવાળા ! આપે કહ્યુંઃ 'તું અમને અસમાનને કેમ વરી ?' એ બરાબર છે, કારણ કે હું આપ વ્યાપક ભગવાનની સમાન નથી જ. પોતાના મહિમામાં રમનાર ને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશના નિયંતા આપ ભગવાન ક્યાં અને ત્રિગુણાત્મક સ્વભાવવાળી તથા અજ્ઞાનીઓ જેના ચરણનું સેવન કરે છે એવી હું કયાં ? હે મહાપરાક્રમી દેવ ! આપે કહ્યુંઃ 'રાજાઓથી ડરી અમે સમુદ્રને શરણે રહ્યા છીએ' તે પણ સત્ય જ છે; કારણ કે શબ્દાદિ વિષયોરૂપ રાજાઓનો જાણે ભય લાગ્યો હોય તેમ સમુદ્ર જેવા અગાધ અંતઃકરણમાં ચૈતન્યઘન આત્મારૂપે આપ નિશ્ચય પ્રકાશો છો. વળી આપે કહ્યુંઃ 'અમે તો બળવાન સાથે દ્વેષ કર્યો છે', તે પણ સત્ય જ છે; કારણ કે દુષ્ટ ઈન્દ્રિયગણો સાથે આપ જ યુદ્ધ કરો છો—બહારના વિષયોમાં ભમતી ઈન્દ્રિયમાં આપ જણાતા જ નથી, તેમ જ આપે કહ્યું : 'રાજસિંહાસનનો અમે ત્યાગ કર્યો છે' તે પણ સત્ય જ છે; કેમ કે ગાઢ અંધકારરૂપ રાજપદનો આપના ભકતોએ જ જો ત્યાગ કર્યો છે. તો આપે ત્યાગ કર્યો હોય એમાં શું કહેવાનું હોય ? વળી આપે કહ્યું : 'અમારો માર્ગ અજાણ્યો છે અને લોકમાર્ગને અમે અનુસરતા નથી' તે પણ બરાબર છે; કારણ કે વ્યાપક પરમેશ્વર ! આપના ચરણકમળના રસને સેવનારા મુનિઓનો માર્ગ પણ મનુષ્યના સાકારરૂપે રહેલાં પશુઓ મહાદુઃખથી ભાગ્યે જ જાણી શકે છે કારણ કે જેઓ આપને અનુસરે છે, તેનું ચેષ્ટિત અલૌકિક

જેવું હોય છે આપનો માર્ગ અસ્પષ્ટ અને ચેષ્ટિત અલૌકિક હોય એમાં શું કહેવાનું હોય ! આપે કહ્યું : 'અમે નિર્ધન છીએ'તે પણ બરાબર છે કારણ કે આપથી બીજું કાંઈ અધિક નથી; માટે નક્કી આપ નિષ્કિંચન છો. પરંતુ બ્રહ્મા વગેરે પૂજ્ય દેવો પણ જેને બલિદાન આપે છે, તે આપ સર્વેશ્વરમાં નિષ્કિચનતા એટલે દરિદ્રતા કદી ઘટી શકે નહિ. વળી આપે કહ્યું: 'નિષ્કિંચન માણસોને અમે વહાલા છીએ અથવા નિષ્કિંચન માણસ અમને વહાલા છે' તે પણ બરાબર છે, કારણ કે યજ્ઞબલિનો ઉપભોગ કરનારા (અને નિષ્કિંચન એટલે દેહાભિમાનથી રહિત) બ્રહ્માદિ લોકેશ્વરોને પણ આપ અત્યંત વહાલા છો, તેમ જ તે લોકેશ્વરો આપને વહાલા છે. વળી આપે કહ્યું: 'ધનવાન ગૃહસ્થો ઘણું કરી અમને ભજતા નથી તે પણ યોગ્ય જ છે; કારણ કે ધનવાન ગૃહસ્થો પોતાના ધનવાનપણાને લીધે આંધળા હોવાથી કાળરૂપી આપને જાણતા નથી અને કેવળ પોતાના પ્રાણને જ તૃપ્ત કરે છે.'' (પણ આપનું ભજન કરતા નથી.) વળી આપે કહ્યું : 'જેઓનાં ધન, જન્મ વગેરે સરખાં હોય, તેઓના જ વિવાહ તેમ જ મિત્રતા યોગ્ય ગણાય; પરંતુ ઉત્તમ તથા અધમનો વિવાહ કે મિત્રતા યોગ્ય ગણાય નહિ' તે પણ યોગ્ય છે; કારણ કે આપ જ સમસ્ત પુરુષાર્થમય અને પરમાનંદસ્વરૂપ છો. એમ સમજી આપને પામવાની ઈચ્છાથી ઉત્તમ બુદ્ધિવાળા જે પુરુષો સમસ્ત વ્યવહારને તજી દે છે, તેઓનો જ આપની સાથે હે પ્રભો ! સેવ્ય-સેવકભાવસંબંધ યોગ્ય છે; પણ પરસ્પર પ્રેમાસકત થવા થી સુખી કે દુઃખી થનારાં સ્ત્રીપુરુષોનો તે સંબંધ યોગ્ય નથી. વળી આપે કહ્યું: 'ભિખારીઓએ અમને વખાણ્યા છે' તે પણ સત્ય છે; કારણ કે જેઓ એ પ્રાણીમાત્રને પીડા કરવી તજેલ છે તેવા મનનશીલ સંન્યાસીઓ આપના પ્રભાવનું વર્ણન કરે છે. વળી આપે કહ્યું : 'હે રુકિમણી ! ટૂંકા વિચારની તું એ બધું જાણ્યા વિના મને વ્યર્થ વરી છે' એ આપનું કહેવું ઠીક નથી; કેમ કે જેને માટે સર્વ વસ્તુ પ્રિય છે તે સર્વ જગતના આત્મા આપને વરવું, તે વ્યર્થ નથી; તેમ આપ તો ભકતોને પોતાનું સ્વરૂપ સમર્પી દો છે, એમ સમજીને હું બ્રહ્મા, ઈન્દ્ર વગેરેનો પણ ત્યાગ કરી આપને વરી છું; કારણ કે બ્રહ્માદિ દેવોનાં સુખો આપની ભ્રૂકુટિથી પ્રેરણા પામેલા કાળના વેગથી નાશ પામે છે; (આ કારણથી જ બ્રહ્માદિ દેવો મને યોગ્ય ન લાગ્યા) તો બીજા શિશુપાલો વગેરે મને વરવા યોગ્ય કેમ જણાય ? હે ગદના મોટા ભાઈ ! સિંહ જેમ (માત્ર ગર્જનાથી) પશુઓને નસાડી પોતાનો ભાગ લઈ જાય, તેમ શાર્ઙ્ગ ધનુષ્યના ટંકાર માત્રથી જ જરાસંધ વગેરે રાજાઓને નસાડી આપ પોતાના ભાગરૂપ મને લક્ષ્મીને હરી લાવ્યા છો; છતાં હે ઈશ્વર ! 'તે જરાસંધ વગેરે રાજાઓના ભયથી અમે સમુદ્રને શરણે રહ્યા છીએ.' આવું આપનું વચન તો જડ પુરુષને ઘટે છે. આપે આમ કહેવું ઘટતું નથી. વળી આપે કહ્યું : 'અમારો માર્ગ અસ્પષ્ટ છે, તેથી અમારો આશ્રય કરનાર દુઃખી થાય છે.' તે પણ ઠીક નથી; કારણ કે આપનું ભજન કરવાની ઈચ્છાથી રાજાઓમાં શિરોમણિ જેવા અંગ, પૃથુ, ભરત, યયાતિ અને ગય વગેરે રાજાઓ પોતાના ચક્રવર્તી રાજયને તજી વનમાં ચાલ્યા ગયા; તો હે કમળનયન ! આમ સંસારમાં આપના માર્ગનો આશ્રય કરનારા તે રાજાઓ શું દુઃખી થાય છે ? (નહિ જ, તેઓ તો આપનું પદ પામ્યા છે.) વળી આપે કહ્યું : 'હજી પણ પોતાને યોગ્ય બીજા ઉત્તમ ક્ષત્રિયને તું વરી લે' તે પણ આપે અયોગ્ય જ કહ્યું છે, કેમ કે સર્વ ગુણોના સ્થાનરૂપ આપના ચરણકમળની સુગંધી મનુષ્યોને મોક્ષરૂપ થાય છે એમ સત્પુરુષોએ વર્ણવેલું છે; તે લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ આપના ચરણકમળની સુગંધને એકવાર પણ સૂંઘી તેનો અનાદર કરી, વિવેકયુકત બુદ્ધિવાળી કઈ સ્ત્રી નિત્ય જન્મ, રોગ, જરા, મૃત્યુ, આદિ અનેક જાતના ભયવાળા બીજા પતિને વરે ? ન જ વરે. આમ સમજી હું જગતના અધીશ્વર, સર્વના આત્મા અને આ

લોક તથા પરલોકમાં કામનાઓ પૂર્ણ કરનાર આપ યોગ્ય પતિને વરી છું અને મારી તો પ્રાર્થના જ છે કે, જેથી સંસારનો નાશ થાય છે અને જે પોતાનું ભજન કરનારને પોતાના જ કરે છે, એવા આપના ચરણ, અનેક જન્મે લઈ સંસારમાં ભટકતી મારું શરણ થાઓ. હે શત્રુઓનો નાશ કરનારા શ્રીકૃષ્ણ ! જે જે રાજાઓને આપે વર્ણવ્યા તેઓ તો સ્ત્રીઓના ઘરમાં ગધેડાઓની પેઠે કેવળ ભાર ઉપાડયા કરે છે; બળદોની પેઠે હમેશાં કામ કર્યા કરે છે; કૂતરાંની પેઠે અપમાન પામ્યા કરે છે. બિલાડાની પેઠે ગરીબડા, થઈ હિંસાઓ કર્યા કરે છે અને સેવકોની પેઠે તાબેદારી ઉઠાવ્યા કરે છે. એવા રાજાઓ તો તે (દુર્ભાગી) સ્ત્રીના જ પતિ થાઓ કે જેના કાનમાં શંકર તથા બ્રહ્માની સભાઓમાં ગવાયેલી આપની કથા કદી આવી જ ન હોય ! જે સ્ત્રી આપના ચરણકમળના રસને સુંઘતી નથી, તે અતિશય મૂઢ સ્ત્રી (ઉપરના ભાગમાં) ચામડી, દાઢી, મૂછ, રુવાંટા, નખ તથા કેશથી ઢંકાયેલા અને અંદરના ભાગમાં માંસ, હાડકાં, લોહી, કરમિયા, વિષ્ઠા, કફ, પિત્ત અને વાયુથી ભરેલા જીવતા મડદા સરખા પુરુષને ‘આ મારો પતિ છે’ એવી બુદ્ધિવાળી થઈ સેવે છે. હે કમળ સમાન નેત્રવાળા શ્રીકૃષ્ણ ! આપ તો કેવળ આત્મામાં જ રમનારા હોઈ મારે વિષે પણ અતિશય (રાગયુકત) દૃષ્ટિવાળા નથી; તોપણ મને આપના ચરણમાં જ પ્રીતિ થાઓ (કેમ કે આપના ચરણ પર પ્રીતિ એ જ મોટો લાભ છે). વળી જયારે આ વિશ્વની વૃદ્ધિ માટે અતિ ઉત્કટ રજોગુણ સ્વીકારી આપ મારી સામે જુઓ છો, ત્યારે આપનું તે જોવું જ મારા પર મોટી કૃપારૂપ થાય છે. હે મધુદૈત્યનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ! આપે કહ્યું : ‘હજી પણ તું પોતાને યોગ્ય પતિ વરી લે’ તે આપનાં વચનને હું અસત્ય નથી જ માનતી; કેમ કે જેમ કાશીરાજની કન્યા અંબા, અંબાલિકા તથા અંબિકા; એ ત્રણેમાંથી અંબાને (કન્યા અવસ્થામાં જ) શાલ્વરાજા ઉપર પ્રીતિ થઈ હતી, તેમ ઘણું કરી કન્યા અવસ્થામાં રહેલી કોઈ સ્ત્રીને કોઈ પુરુષ પર પ્રીતિ થાય છે. (અને એ જ રીતે મને પણ કન્યા અવસ્થામાં જ આપના પર પ્રીતિ થઈ હતી, જેથી હું મારા યોગ્ય પતિ આપને વરી છું.) વળી કુલટા સ્ત્રીનું મન તો પરણેલી હોવા છતાં પણ નવા નવા પુરુષોમાં જાય છે. (પણ તે તો તેવી વ્યભિચારિણી સ્ત્રીનું જ મન બીજામાં ભમ્યા કરે છે, મારા જેવી સતી સ્ત્રીનું નહિ.) ડાહ્યા પુરુષે તેવી વ્યભિચારિણી સ્ત્રીનું પોષણ કરવું નહિ; કેમ કે તેવી સ્ત્રીને પોષનારો પુરુષ આ લોક અને પરલોકથી ભ્રષ્ટ થાય છે.

**ભગવાન બોલ્યા :** હે સદ્‌ગુણી રાજપુત્રી ! આ વસ્તુ સાંભળવાની ઈચ્છાથી જ મેં તારી મશ્કરી કરી હતી. મેં તને જે કહ્યું હતું, તેનું તે જુદા જ સ્વરૂપમાં વ્યાખ્યાન કર્યું છે તે સર્વ સત્ય જ છે. હે ભામિની ! તું કામની નિવૃત્તિ માટે જે જે મનોરથોની ઈચ્છા કરે, તે તે સર્વ મનોરથો હે કલ્યાણી ! મારા વિષે એકાંત ભકિત કરનારી તને નિત્ય સિદ્ધ જ છે. હે નિર્દોષ રુકિમણી ! મેં તારો પતિપ્રેમ અને પતિવ્રતાપણું જાણ્યું છે, કારણ કે મે તેવાં વાક્ય કહી તને ચલિત કરવા માંડી, છતાં તારી બુદ્ધિ (મારામાં જ વર્તતી હોઈ) મારા વિના બીજે ખેંચાઈ નથી. કામવાસનાયુકત મનવાળા જે મનુષ્ય તપશ્ચર્યા અને વ્રતાચરણ કરી મોક્ષના ઈશ્વર મને દાંપત્યસુખ માટે ભજે છે, તેઓ મારી માયાથી મોહિત થાય છે. હે માનિની ! મોક્ષ સાથે સંપત્તિઓ પણ જેમાં રહેલી છે એવા મને પામી જે મનુષ્ય કેવળ સંપત્તિઓ જ ઈચ્છે છે, પણ તે સંપત્તિઓના સ્વામી મને ઈચ્છતા નથી, તેઓ ખરેખર મંદભાગી છે; કારણ કે વિષયભોગો તો નરકમાં —અતિ અધમ યોનિમાં પણ હોય છે, તેને તેઓ ઈચ્છે છે. વળી વિષયરૂપ થવાથી મનુષ્યનો નરકમાં સમાગમ પણ સારી રીતે થાય છે. માટે હે ગૃહેશ્વરી ! તે નિરંતર સંસારથી છોડાવનારી મારી નિષ્કામ ભકિત કરી છે, તે બહુ સારું કર્યું છે; કારણ કે દુષ્ટ મનુષ્યોને એવી. ભકિત અત્યંત દુષ્કર થાય

છે અને તેમાં પણ દુષ્ટ અભિપ્રાયવાળી પોતાના પ્રાણને તૃપ્ત કરવામાં તત્પર રહેનારી અને ઠગાઈ કરનારી સ્ત્રીને તો મારી ભકિત અત્યંત દુષ્કર જ છે. હે માનિની ! મારા ઘરમાં ઘણી સ્ત્રીઓ છે, પણ તેઓમાં તારા જેવી પ્રેમાળ સ્ત્રી હું જોતો નથી; કારણ કે તે પોતાના વિવાહસમયે આવેલા રાજાઓનો અનાદર કરી જેની સાચી કથાઓ સાંભળી હતી, એવા મારી ગુપ્ત સંદેશો લઈ (પેલા) બ્રાહ્મણને મોકલ્યો હતો. વળી તારા ભાઈ રુકમીને યુદ્ધમાં જીતી (તારા દેખતાં) મેં કદ્રુપો કર્યો ને અનિરુદ્ધના વિવાહોત્સવમાં દ્યૂતસભા વચ્ચે તારા ભાઈનો નાશ કરાયો; છતાં એ બધું (અમારા તરફથી થયેલું) દુઃખ તે મારા વિયોગના ભયથી સહ્યું છે અને તું કંઈ પણ બોલી નથી; તેને લીધે અમે તારાથી જિતાયા છીએ. તે મને મેળવવા સારી રીતે સ્પષ્ટ કરેલા તારા ગુપ્ત વિચારો લાવનારો દૂત મારી પાસે મોકલ્યો હતો, અને ત્યાં આવતાં મને કંઈક વાર થઈ તેટલામાં તો આ જગતને શૂન્ય માની બીજા પુરુષ માટે અયોગ્ય આ શરીરને તજી દેવાની તે ઈચ્છા કરી હતી, તે તારું કર્મ કેવળ તારામાં જ રહો, અમે તેનો બદલો વાળવા અશકત છીએ અને તેથી (તે બદલ) કેવળ તને અભિનંદન જ આપીએ છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** જગતના ઈશ્વર ભગવાન કેવળ સ્વસ્વરૂપમાં રમનારા છે. તેઓ જ્યારે મનુષ્યના જેવી લીલા કરે છે ત્યારે એમાં દાંપત્યપ્રેમને વધારનારા વિનોદભર્યા વાર્તાલાપ પણ કરે છે. અને આ પ્રમાણે તેઓ લક્ષ્મીસ્વરૂપ રુકિમણી સાથે વિહાર કરી રહ્યા છે. વળી એ જ પ્રમાણે બીજી સ્ત્રીઓના ઘરમાં પણ એક એક સ્વરૂપે વ્યાપી ગૃહસ્થાશ્રમીની પેઠે જ ગૃહસ્થાશ્રમના ધર્મો આચરતા લોકગુરુ શ્રીહરિ ક્રીડા કરી રહ્યા છે. ૧-૫૯

तथाऽन्यासामपि विभुर्गृहेषु गृहवानिव । आस्थितो गृहमेधीयान् घर्माल्लोकगुरुर्हरिः ॥५९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૦ સમાપ્ત.*

## અધ્યાય-૬૧

## અનિરુદ્ધના વિવાહમાં બળરામે કરેલો રુકમીનો વધ

॥ श्रीशुक उवाच ॥

एकैकशस्ताः कृष्णस्य पुत्रान् दश दशाबलाः । अजीजनन्ननवमान् पितुः सर्वात्मसम्पदा ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણની (સોળ હજાર એકસો ને આઠ) સ્ત્રીઓમાંની એક એક સ્ત્રીએ દશ દશ પુત્રોને જન્મ આપ્યો હતો; તે બધા સર્વ શરીરને સંપત્તિથી પિતાથી ઊતરતા ન હતા, પણ સમાન જ હતા. સર્વ રાજપુત્રીઓ શ્રીકૃષ્ણને ઘરમાંથી બહાર નહિ જતા અને ઘરમાં જ રહેલા જોઈને, પોતે - એક જ શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય છે, એમ દરેક માનતી; કારણ કે તે સ્ત્રીઓ તેમના સત્ય સ્વરૂપને જાણતી ન હતી. ભગવાનનું કમળના દડાના જેવું સુંદર મુખ, લાંબા બાહુ, વિશાળ નેત્રો, પ્રેમપૂર્વક હાસ્ય ઝરતી મધુર દૃષ્ટિ અને સુંદર ભાષણ; એ બધાંથી અત્યંત મોહિત થયેલી તે સ્ત્રીઓ પોતાના અનેક વિલાસોથી સ્વરૂપાનંદથી પૂર્ણ શ્રીકૃષ્ણભગવાનના મનને જીતવા સમર્થ થઈ ન હતી. તે બધી સ્ત્રીઓ સોળ હજારથી અધિક હતી, તેઓ મંદ મંદ હાસ્ય અને વાંકી દૃષ્ટિયુકત મનોહર ભ્રૂકુટિના ઈશારાઓ વડે કામકળાથી ભરેલાં પ્રેમબાણ ચલાવતી હતી. પરંતુ કોઈ પણ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનના મનને વિકારવાળું કરવા અથવા જીતવા સમર્થ થઈ શકી નહિ. જેમનો માર્ગ બ્રહ્માદિ દેવો પણ જાણતા નથી, એવા તે લક્ષ્મીપતિ ભગવાનને પતિ તરીકે પામી તે સ્ત્રીઓ નિરંતર વધતા આનંદથી પ્રેમપૂર્વક હસવું, જોવું અને નવા સમાગમની આતુરતા વગેરે વિલાસો કરતી હતી. તે સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી, તોપણ ભગવાન

જ્યારે આવે ત્યારે તેમની સામે જવું, તેમને ઉત્તમ આસન આપવું, પૂજન કરવું, પગ ધોવા, પાનબીડાં આપવાં, પગચંપી વગેરેથી વિશ્રાંતિ આપવી, પંખા વગેરેથી પવન ઢોળવા, ચંદન લગાડવું, પુષ્પો આપવાં, કેશ ઓળવા, સુવડાવવા, નવડાવવા અને જમાડવા વગેરે કર્મો પોતે જાતે જ કરી તે સ્ત્રીઓ તેમનું દાસીપણું કરતી. શ્રીકૃષ્ણની દશ દશ પુત્રોવાળી તે સ્ત્રીઓ પૈકી પૂર્વે કહેવાયેલી આઠ પટરાણીઓના પ્રદ્યુમ્ન વગેરે પુત્રોનાં નામ હું તમને કહું છું. શ્રીકૃષ્ણને રુકિમણીમાં પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણા, સુદેષ્ણા, પરાક્રમી ચારુદેહ, સુચાર, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુચંદ્ર, વિચારુ અને દશમો ચારુ પુત્રો થયા હતા. તેઓ પિતાથી ઊતરતા ન હતા. ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, ભાનુમાન, ચંદ્રભાનુ, બૃહદ્ભાનુ, અતિભાનુ, શ્રી ભાનુ અને પ્રતિભાનું એ દશ સત્યભામાના પુત્રો હતા. સાંબ, સુમિત્ર, પુરુજિત, શતજિત, સહસ્ત્રજિત, વિજય, ચિત્રકેતું, વસુમાન, દ્રવિડ અને ક્રતુ; આ દશ જાંબવતીના પુત્રો હતા. તેઓમાં સાંબ મુખ્ય હતો અને તેઓ પિતાના માનીતા હતા. વીર, ચંદ્ર, અશ્વસેન, ચિત્રગુપ્ત, વેગવાન, વૃષ, આમ, શંકુ, વસુ અને શ્રીમાન કુંતિ; આ દશ નાગ્નજિતીના પુત્રો હતા. શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, ભદ્ર, શાંત, દર્શ, પૂર્ણમાસ તથા છેલ્લે સોમક; આ દશ કાલિંદીના પુત્રો હતા. પ્રદોષ, ગાત્રવાન, સિંહ, બલ, પ્રબલ, ઊર્ધ્વગ, મહાશકિત, સહ, ઓજ અને અપરાજિત; આ દશે લક્ષ્મણાના પુત્રો હતા. વૃક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્ધન, અન્નાદ, મહાશ, પાવન, વહનિ અને શુધિ; આ દશ મિત્રવિંદાના પુત્રો હતા. સંગ્રામજિત, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજિત, જય, સુભદ્ર, વામ, આયુ અને સત્યક; અ દશ પુત્રો ભદ્રાના હતા. આ સિવાય બીજી સોળ હજાર સ્ત્રીઓ પૈકી રોહિણી નામની એક સ્ત્રીમાં શ્રીકૃષ્ણના દીપ્તિમાન તથા તામ્રતમ વગેરે પુત્રો થયા હતા. હે રાજન્ ! ભોજકટ નગરમાં વસતા રુકમીની પુત્રી રુકમવતીમાં પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ નામે મહાબળવાન પુત્ર થયો હતો, તેમ જ શ્રીકૃષ્ણના બીજા પુત્રના પણ કરોડો પુત્રો તથા પૌત્રૌ થયા હતા. હે રાજા ! શ્રીકૃષ્ણથી જન્મેલા પુત્રોની માતાઓ (એકંદર) સોળ હજાર (ને એકસો આઠ) હતી.

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** યુદ્ધમાં શ્રીકૃષ્ણે હરાવેલા ને શ્રીકૃષ્ણને મારવા લાગ જોતા, રુકમીએ શત્રુના પુત્રને પુત્રી કેમ આપી હતી ? હે વિદ્વાન ! બંને એકબીજાના શત્રુ છતાં તેમનો પરસ્પર વિવાહનિમિતે જે સંબંધ થયો હતો તે મને કહો. (આપ યોગી હોઈ) યોગીઓ ભૂત, ભવિષ્ય, વર્તમાન અને ઈન્દ્રિયોથી ન જાણી શકાય તેવું, દૂર રહેલું તથા જેની વચ્ચે બીજી વસ્તુ રહેલી હોય તેવું પણ સારી રીતે જોઈ શકે છે. (માટે આપ બધું જોનારા હોવાથી તે કથા મને કહો.)

**શ્રીશુકદેવજી બોલ્યા :** સ્વયંવરમાં શસ્ત્રધારી સાક્ષાત કામદેવસ્વરૂપ પ્રદ્યુમ્નને રુકમવતી વરી જ હતી અને તે સ્વયંવરમાં માત્ર રથની જ સહાયવાળા પ્રદ્યુમ્ને (કન્યાના લોભથી) આવેલા રાજાઓને યુદ્ધમાં જીતી રુકમવતીને હરી હતી. રુકમીનું શ્રીકૃષ્ણે પ્રથમ અપમાન કર્યું હતું, તેથી તેમના પ્રત્યેનું વેર જોકે તેને યાદ જ હતું; તોપણ બહેન રુકિમણીને સારું લગાડવા તેણે ભાણેજ પ્રદ્યુમ્નને કન્યા રુકમવતી આપી હતી. હે રાજન્ ! વિશાળ નેત્રોવાળી રુકિમણીની પુત્રી ચાસમતી કન્યાને કૃતવર્માનો બલિ નામે પુત્ર પરણ્યો હતો. જોકે રુકમીએ શ્રીકૃષ્ણ સાથે વેર બાંધ્યું હતું અને પોતે જાણતો હતો કે વેરી સાથે વિવાહ સંબંધ કરવો તે અધર્મ છે; છતાં સ્નેહપાશના બંધનવાળા રુકમીએ બહેનને સારું લગાડવાની ઈચ્છાથી પુત્રીના પુત્ર અનિરુદ્ધને રોચના નામની પુત્રની પુત્રી આપી હતી. હે રાજન્ ! અનિરુદ્ધના તે વિવાહ મહોત્સવમાં રુકિમણી, બળરામ, શ્રીકૃષ્ણ તથા સાંબ—પ્રદ્યુમ્ન વગેરે રાજકુમારો ભોજકટ નગરમાં ગયા હતા. ત્યાં

વિવાહોત્સવ થઈ રહ્યા પછી કલિંગ વગેરે ગર્વિષ્ઠ રાજાઓએ રુકમીને કહ્યું: 'તું પાસાઓથી (જુગાર) રમી બળદેવને જીતી લે. હે રુકમીરાજા ! બળદેવ પાસાઓ રમી જાણતા નથી, છતાં તેમને તે મોટું વ્યસન છે.' તેઓએ એમ કહ્યું એટલે રુકમી બળદેવજીને બોલાવી તેમની સાથે પાસાઓથી (જુગાર) રમવા લાગ્યો. બળદેવજીએ તે વખતે પ્રથમ સોનો, પછી હજારનો અને દશ હજારનો દાવ મૂક્યો તેને રુકમી જીતી ગયો; એટલે કલિંગ દેશનો રાજા દાંત દેખાડતો ખૂબ મોટેથી બળદેવને હસવા લાગ્યો. તે બળદેવ સહન કરી ન શક્યા. પછી રુકમીએ એક લાખનો દાવ માંડ્યો ને તેમાં બળદેવજી જીત્યા, છતાં કપટનો આશ્રય કરી રુકમીએ કહ્યું: 'હું જીત્યો.' એટલે જેમ પૂનમને દિવસે સમુદ્ર ખળભળે તેમ ક્રોધથી ખળભળેલા અને જન્મથી જ લાલચોળ નેત્રોવાળા શ્રીબળદેવજીએ અત્યંત રોષથી દશ કરોડનો દાવ માંડ્યો. તેને પણ બળદેવજી ધર્મ પ્રમાણે જીત્યા છતાં કપટનો આશ્રય કરી રુકમીએ કહ્યું : 'હું જીત્યો છું; આમાં (પાસે બેઠેલા) આ સભાસદો જેવું હોય તેવું કહે.' તે વખતે આકાશવાણી થઈ 'બળદેવ જ આ દાવ ધર્મથી જીત્યા છે, રુકમી તો જૂઠું જ બોલે છે.' આવી આકાશવાણીનો પણ અનાદર કરી કાળે પ્રેરેલો રુકમી દુષ્ટ રાજાઓની પ્રેરણાથી બળદેવજીની હાંસી કરતો તેમને કહેવા લાગ્યો : 'જંગલોમાં ભટકતા તમે ગોવાળિયા પાસા રમવામાં કુશળ હોતા નથી. એ તો રાજાઓ જ પાસાઓ તથા બાણોથી રમે છે, તમારા જેવા નહિ', રુકમીએ એમ અપમાન કર્યું અને રાજાઓએ પણ હાંસી કરી એટલે બળદેવજી કોપી ઊઠયા. તેમણે ભોગળ ઉઠાવી એ માંગલિક સભામાં રુકમીને મારી નાખ્યો. પહેલાં કલિંગરાજા દાંત કાઢી હસ્યો હતો, પણ હવે રંગમાં ભંગ પડેલો જોઈ ત્યાંથી ભાગ્યો, પરંતુ બળદેવજીએ એકદમ વેગથી દશમે જ પગલે કલિંગરાજાને પકડી ક્રોધાયમાન થઈ તેના દાંત પાડી નાખ્યા. એ સિવાય બીજા રાજાઓને પણ બળદેવજીએ ભોગળ મારી કોઈના હાથ, કોઈની સાથળો અને કોઈનાં માથાં ભાંગી નાખ્યાં. પછી લોહીલુહાણ થયેલા તે રાજાઓ ભયભીત થઈ નાસી ગયા. હે રાજન્ ! એ રીતે સાળો રુકમી માર્યો ગયો, તે વખતે શ્રીકૃષ્ણરુકિમણીના તથા બળદેવજીના સ્નેહનો ભંગ થવાના ભયથી સારું કે નરસું બોલ્યા ન હતા. પછી શ્રીકૃષ્ણના આશ્રયવાળા અને તેથી જ જેમનાં સર્વ કાર્યો સિદ્ધ થતાં હતાં એવા તે બળરામ વગેરે યાદવો નવી પરણેલી વહુ સાથે અનિરુદ્ધને રથમાં બેસાડી ભોજકટ નગરમાંથી દ્વારકા આવી પહોંચ્યા. ૧-૪૦

**ततोऽनिरुद्धं सह सूर्यया वरं रथं समारोप्य ययुः कुशस्थलीम् । रामादयो भोजकटाद्दशार्हाः सिद्धाऽखिलार्था मघुसूदनाश्रयाः ॥४०॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૧ સમાપ્ત.*

## અધ્યાય-૬૨

## બાણાસુરે અનિરૂદ્ધને કેદ કર્યો

**॥ राजोवाच ॥**

बाणस्य तनयामूषामुपयेमे यदूत्तमः । तत्र युद्धमभूद् घोरं हरिशङ्करयोर्महत् ।
एतत्सर्व महायोगिन्समाख्यातुं त्वमर्हसि ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે મહાયોગી ! યાદવશ્રેષ્ઠ અનિરુદ્ધ બાણાસુરની પુત્રી ઉષાને પરણ્યો. તે વખતે શ્રીકૃષ્ણ અને શંકરનું મહાઘોર યુદ્ધ થયું હતું, એ સર્વ આપ મને કૃપા કરીને કહો.

શ્રીશુકદેવજી બોલ્યા : મહાત્મા બલિરાજાને સો પુત્રોમાં સૌથી મોટો બાણાસુર હતો, જે બલિરાજાએ વામન સ્વરૂપ ધરનારા શ્રીહરિને પૃથ્વીનું દાન કર્યું હતું. તે દૈત્યરાજ બલિનો પુત્ર બાણાસુર સદાશિવની ભકિતમાં રત રહેનારો, જનસમાજમાં માન્ય, દાતા, બુદ્ધિમાન, સત્ય પ્રતિજ્ઞાવાળો, દઢ વ્રત ધરનાર અને પૂર્વે શોણિતપુર નામના સુંદર નગરમાં રાજય કરતો હતો. શ્રીશંકરની કૃપાથી દેવો નોકરચાકરની જેમ તેની સેવા કરતા હતા. તે બાણાસુરને હજાર હાથ હોઈ તાંડવ નૃત્યમાં (તે હાથોથી) અનેક જાતનાં વાદિત્રો વગાડી તેણે શંકરને પ્રસન્ન કર્યા હતા. સર્વ પ્રાણીઓના ઈશ્વર અને શરણે આવેલાનું રક્ષણ કરનાર ભકતવત્સલ ભગવાન શંકરે તે બાણસુરને વર માગવા કહ્યું, ત્યારે તેણે પોતાના નગરની રક્ષા કરનાર તરીકે એ શંકર ભગવાનને જ માગ્યા. એક સમયે પરાક્રમથી મદોન્મત્ત બનેલા અને સૂર્ય જેવો તેજસ્વી મુકટ ધારણ કરેલા તેણે ભગવાન શંકરના ચરણકમળનો સ્પર્શ કરી તેમની પાસે બેસી કહ્યું : 'હે મહાદેવ ! હે લોકના ગુરુ અને ઈશ્વર ! આપ અપૂર્ણ કામનાવાળાઓની કામનાઓ પૂરનાર કલ્પવૃક્ષ સમાન છો. આપને હું નમસ્કાર કરું છું. આપે મને એક હજાર હાથ આપ્યા, પરંતુ તે કેવળ મને તો ભારરૂપ જ થયા છે; કારણ કે ત્રણે લોકમાં કેવળ એક આપ વિના મારી સામે યુદ્ધ કરનાર મારા જેવો મને કોઈ મળતો જ નથી. હે આદિપુરુષ ! ચેળથી ભરેલા હાથો વડે યુદ્ધ કરવા ઈચ્છતો અને પર્વતોના ચૂરા કરતો હું દિશાઓના હાથીઓ પાસે ગયો, ત્યારે તેઓ પણ ભયભીત થઈ નાસી ગયા.' તે સાંભળી ભગવાન શંકર ક્રોધયુકત થઈ બોલ્યા: 'ઓ મૂર્ખ ! જ્યારે તારી ધજા ભાંગી પડે, ત્યારે (તું જાણજે કે) મારા જેવા સાથે તારા ગર્વનો નાશ કરનારું યુદ્ધ થશે.' હે રાજા ! શંકરે એમ કહ્યું એટલે દુષ્ટબુદ્ધિ બાણાસુર હર્ષ પામી પોતાને ઘેર ગયો અને ભગવાન શંકરે કહ્યું હતું તેવા પોતાના બળ-પરાક્રમનો નાશ કરનારા યુદ્ધની રાહ જોવા લાગ્યો. કારણ કે તે દુષ્ટ બુદ્ધિવાળો હતો. તેને ઉષા નામની એક પુત્રી હતી, તે હજી કન્યા જ હતી અને તેણે એક દિવસ સ્વપ્નમાં જોયું કે, 'પરમ સુંદર અનિરુદ્ધ સાથે મારો સમાગમ થઈ રહ્યો છે.' આમાં આશ્ચર્યની વાત તો એ હતી કે તેણે અનિરુદ્ધને પહેલાં કદી જોયા નહોતા કે સાંભળ્યા પણ નહોતા. પછી સ્વપ્નમાં ને સ્વપ્નમાં તે અનિરુદ્ધને નહિ જોઈ બોલી ઊઠી : 'હે પ્રાણપ્યારા ! તમે ક્યાં છો ?' અને તેની નિદ્રા તૂટી ગઈ. તે અત્યંત વિહવળતાની સાથે ઊભી થઈ ગઈ અને પોતાની સખીઓની વચ્ચે રહેલી જોઈ ખૂબ જ લજ્જિત થઈ ગઈ. એ સમયે બાણાસુરના કુંભાંડ મંત્રીની પુત્રી ચિત્રલેખા ઉષાની સખી હોઈ, આશ્ચર્ય પામીને પોતાની સખી ઉષાને પૂછવા લાગી : 'હે સુંદર ભ્રૂકુટિવાળી ઉષા ! તું કોને શોધે છે ? તારો મનોરથ કેવો છે ? હે રાજપુત્રી! તારો હાથ પકડનાર પતિ હજી હું જોતી નથી કે જાણતી નથી.'

**ઉષા બોલી :** સ્વપ્નમાં મેં એક પુરુષને જોયો. તે શ્યામ રંગનો, કમળના જેવાં નેત્રોવાળો, પીળાં વસ્ત્રોવાળો, મોટી ભુજાઓવાળો તેમ જ સ્ત્રીઓના હૃદયમાં વસી જાય તેવો હતો. એ મારા પતિને હું શોધું છું. તે પુરુષ મને પોતાનું અધરામૃત પિવડાવી તેની ઈચ્છા કરતી મને દુઃખસમુદ્રમાં નાખીને ક્યાંય જતો રહ્યો છે.

**ચિત્રલેખા બેલી :** હું તારું દુઃખ દૂર કરીશ. ત્રણે લોકમાં જે પુરુષે તારું મન હર્યું હોય તેને જો તું જણાવી શકે તો હું તેને લાવી આપીશ; માટે તે પુરુષને તું બતાવ. એમ કહી તે ચિત્રલેખાએ દેવ, ગંધર્વો,

સિદ્ધો, ચારણો, સર્પો, દૈત્ય, વિદ્યાધરો, યક્ષ તથા મનુષ્યોને ચિત્રપટ પર બરાબર ચીતર્યા. મનુષ્યોમાં યાદવોને, શૂરને, વસુદેવને, બળરામને, શ્રીકૃષ્ણને તથા પ્રદ્યુમ્નને પણ તેણે ચીતર્યા. તે વખતે પ્રદ્યુમ્નને જોઈ ઉષા શરમાઈ ગઈ. હે રાજા ! પછી અનિરુદ્ધને ચીતરેલો જોઈ ઉષા શરમથી નીચું મુખ કરી મંદમંદ હસતી બોલી : 'બસ તે જ તે જ એ.' હે રાજન્ ! ચિત્રલેખા યોગવિદ્યા જાણનારી હતી, તેથી અનિરુદ્ધને શ્રીકૃષ્ણનો પૌત્ર જાણી આકાશમાર્ગે શ્રીકૃષ્ણે રક્ષેલી દ્વારકાનગરીમાં પહોંચી. ત્યાં જઈ ઉત્તમ પલંગ પર સૂતેલા પ્રદ્યમ્નના પુત્ર અનિરુદ્ધને યોગના આશ્રયવાળી ચિત્રલેખાએ શોણિતપુરમાં લઈ જઈ, પોતાની સખીને તેના પ્રિયતમનાં દર્શન કરાવ્યાં. એટલે અત્યંત સુંદર તે અનિરુદ્ધને જોઈ પ્રસન્ન મુખવાળી થયેલી તે ઉષા પુરુષોથી ન જોઈ શકાય એવા પોતાના મહેલમાં તે પ્રદ્યુમ્નપુત્ર સાથે રમવા લાગી. અનિરુદ્ધ પણ કન્યા ઉષાના તે અંતઃપુરમાં ગુપ્ત રહી, અમૂલ્ય વસ્ત્રો, પુષ્પમાળા, ચંદન, ધૂપ, દીવા, આસન, જુદી જુદી જાતનાં પીણાં, ભજન, ભક્ષ્ય અને મધુર વચનોથી સેવાપૂર્વક સત્કાર પામતો ઘણા દિવસો પસાર થઈ ગયા તે જાણી શક્યો નહિ; કારણ કે હમેશાં વધતા સ્નેહવાળી એ ઉષાથી તેની ઈન્દ્રિય હરાઈ ગઈ હતી. એ રીતે યદુવીર અનિરુદ્ધથી ભોગવાતી અને અતિ પ્રસન્ન રહેતી ઉષાને દ્વારપાળો છૂપાં રાખવાં અશક્ય (ગર્ભધારણ વગેરે) લક્ષણોથી બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલી જાણી ગયા, ને તેઓએ બાણાસુર પાસે જઈને તે જાહેર કર્યું : 'હે રાજન્ ! તમારી પુત્રી કન્યા અવસ્થામાં છે, છતાં કુળને દૂષણ લગાડનારી તેની ચેષ્ટા અમે જાણી શક્યા છીએ. હે પ્રભો ! સહેજ પણ ખસ્યા વિના અમે ઘરમાં કન્યાનું રક્ષણ કરીએ છીએ ને કોઈ પુરુષો કન્યાને જોઈ શકતા નથી છતાં તેને દૂષણ કેવી રીતે થયું, તે અમે જાણતા નથી.' એમ પુત્રીનું દૂષણ સાંભળી બાણાસુર અત્યંત ગભરાયો. તે ઉતાવળો કન્યાના અંતઃપુરમાં ગયો. ત્યાં તેણે અનિરુદ્ધને જોયો. તે કામદેવનો પુત્ર હોઈ, જગતમાં તે એક જ અતિ સુંદર હતો. તેના જેવો સુંદર બીજો કોઈ નહોતો. તે શ્યામ રંગનો, પીળાં વસ્ત્રોવાળો, કમળ જેવાં નેત્રોવાળો, લાંબી ભુજાવાળો, કુંડળો તથા કેશની કાંતિથી અને મંદહાસ્યવાળી મધુર દૃષ્ટિથી સુશોભિત મુખવાળો, સંપૂર્ણ મંગળમય પ્રિયા ઉષા સાથે પાસાઓથી રમતો, ઉષાના અંગસંગથી (તેનાં) સ્તન ઉપર કેસરથી ખરડાયેલી વસંતઋતુની મલ્લિકાનાં પુષ્પોની માળાને છાતી ઉપર પહેરતો અને ઉષાની સામે બેઠેલો હતો. તેને જોઈ બાણાસુર આશ્ચર્ય પામ્યો. હથિયારબદ્ધ યોદ્ધા તથા સૈન્યથી વીંટાઈને અંતઃપુરમાં દાખલ થયેલા તે બાણાસુરને જોઈ મધુવંશી અનિરુદ્ધ લોખંડી ભોગળ ઉગામી દંડધારી યમની પેઠે તેને મારી નાખવાની ઈચ્છાથી ઊભો રહ્યો. તેને પકડવાની ઈચ્છાથી ચારે તરફથી યોદ્ધાઓ ધસી આવ્યા. પણ સૂવરોનાં ટોળાંનો નાયક જેમ કૂતરાંઓને મારવા માંડે, તેમ અનિરુદ્ધે તે યોદ્ધાઓને મારવા માંડયા. એથી ચિરાયેલાં માથાં, સાથળો તેમ જ હાથવાળા તે યોદ્ધા માર ખાતા કન્યાના અંતઃપુરમાંથી નીકળી ખસી ગયા. પછી બલિરાજાના બળવાન પુત્ર બાણાસુરે કોપાયમાન થઈ પોતાના સૈન્યનો નાશ કરતા અનિરુદ્ધને નાગપાશથી બાંધ્યો, એટલે ઉષા તેને બંધાયેલ જોઈ શોક તથા ખેદથી અત્યંત વિહવળ બની આંસુથી ઊભરાતાં નેત્રે રડવા લાગી. ૧-૩૫

तं नागपाशैर्बलिनन्दनो बली घ्नन्तं स्वसैन्यं कुपितो बबन्ध ह ।
उषा भृशं शोकविषादविह्वला बद्धं निशम्याश्रुफलाक्ष्यरौदिषीत् ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૨ સમાપ્ત.*

## અધ્યાય-૬૩

## બાણાસુર અને યાદવોનું યુદ્ધ

॥ श्रीशुक उवाच ॥

अपश्यतां चानिरुद्धं तद्बन्धूनां च भारत । चत्वारो वार्षिका मासा व्यतीयुरनुशोचताम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજન્ ! બીજી તરફ અનિરુદ્ધને ન જોતાં તેનાં સગાંસંબંધી શોક કરવા લાગ્યાં અને એમને એમ જ તેમના વર્ષાઋતુના ચાર માસ વીતી ગયા. તે પછી એક દિવસ નારદજીએ આવીને અનિરુદ્ધનું શોણિતપુર જવું, ત્યાં બાણાસુરના સૈનિકોને હરાવવા ને પોતે નાગપાશથી બંધાવું વગેરે સમાચાર જણાવ્યા. યદુવંશીઓ શોણિતપુર ગયા. ત્યાં જઈને બળરામ અને શ્રીકૃષ્ણના અનુયાયીઓ પ્રદ્યુમ્ને, સાત્યકિ, ગદ, સાંબ, સારણ, નંદ, ઉપનંદ તથા ભદ્ર વગેરે યાદવોએ એકઠા મળી બાર અક્ષૌહિણી સેનાઓથી બાણાસુરના નગરને ચારે તરફથી ઘેરી લીધું અને શહેર, બાગબગીચા, કિલ્લા, કોઠા તેમ જ દરવાજો ભાંગવા માંડયા. તે જોઈને તે કોપાયમાન થયેલ બાણાસુર યાદવોના જેટલી જ સેના લઈ સામેથી બહાર આવ્યો. ભગવાન શંકર બાણાસુર માટે પોતાના પુત્ર સહિત પાર્ષદોથી વીંટાઈને નંદિકેશ્વર પર બેસી બળરામ તથા શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા લાગ્યા. હે રાજન્ ! એ સમયે શ્રીકૃષ્ણ તથા શંકરનું અને પ્રદ્યુમ્ન તેમ જ કાર્તિકસ્વામીનું આશ્ચર્યકારક અને રોમાંચજનક મહા તુમુલ યુદ્ધ થવા લાગ્યું, તેમ કુંભાડ અને કૂપકર્ણ જેઓ બાણાસુરના મંત્રીઓ બળદેવ સાથે, બાણાસુરનો પુત્ર સાંબ સાથે અને બાણાસુર સાત્યકિ સાથે યુદ્ધ કરવા લાગ્યો. બ્રહ્મા વગેરે મોટા દેવો, મુનિઓ, સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ તથા યક્ષો વિમાનોમાં બેસી તે યુદ્ધ જોવા આવ્યા. શ્રીકૃષ્ણે શંકરના અનુચર ભૂતોને, પ્રમથ નામના પાર્ષદોનો, યક્ષોને, ડાકણોને, રાક્ષસોને, વિનાયક સહિત વૈતાલોને, પ્રેતોને, માતૃકાઓને, પિશાચોને, કૂષ્માંડોને તથા બ્રહ્મરાક્ષસોને શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છોડેલાં તીક્ષ્ણ અણીવાળાં બાણ મારી નસાડી મૂક્યા; એટલે પિનાકધારી શંકરે શ્રીકૃષ્ણ ઉપર જુદાં જુદાં અસ્ત્રોનો પ્રયોગ કરવા માંડયો. પણ શ્રીકૃષ્ણ આશ્ચર્ય પામ્યા વિના જ તેની સામે અસ્ત્રોનો ઉપયોગ કરી તે અસ્ત્રોને શાંત કર્યા. બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્ર સામે પર્વતાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર સામે પર્જન્યાસ્ત્ર અને પાશુપતાસ્ત્ર સામે નારાયણાસ્ત્ર મૂકી તે તે અસ્ત્રોને શ્રીકૃષ્ણે શમાવી દીધાં. પછી જૃંભણાસ્ત્રના પ્રયોગથી બગાસાં ખાતા શંકરને મોહિત કરી શ્રીકૃષ્ણે તલવાર, ગદા તેમ જ બાણો વડે બાણાસુરની સેનાનો નાશ કર્યો. બીજી તરફ પ્રદ્યુમ્નનાં અનેક બાણોથી કાર્તિકસ્વામી ચોતરફથી પીડાવા લાગ્યા, તેથી શરીરના દરેક અવયવમાંથી લોહી ઝરતા તે મોર ઉપર બેસી રણમાંથી નાસી ગયા કુંભાંડ અને કૂપકર્ણ પણ બળદેવના મુસળથી પીડાઈને પડયા એટલે તેમનાં સૈન્યો નાયક માર્યા જતાં ચારે બાજુ નાસવા લાગ્યાં. એમ પોતાના સૈન્યને વિખેરાતું જોઈ બાણાસુર અતિશય ક્રોધે ભરાયો. તેણે સાત્યકિને પડતો મૂકી રથમાં બેસી શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા દોડી આવ્યો. અને રણમાં દુષ્ટ મદવાળા બાણાસુરે એકીસાથે પાંચસો ધનુષ્ય ખેંચી એકએકમાં બબ્બે બાણો સાંધ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે બાણાસુરનાં તે સઘળાં ધનુષ્ય એકીસાથે કાપી નાખ્યાં અને તેનાં સારથિ, રથ તેમ જ ઘોડા મારી નાખી પોતાનો શંખ વગાડયો. એ વેળા બાણાસુરની માતા કોટરા હતી તે પુત્રનું રક્ષણ કરવાની ઈચ્છાથી માથાના વાળ છૂટા મૂકી નગ્ન થઈ શ્રીકૃષ્ણ આગળ આવી ઊભી રહી. શ્રીકૃષ્ણે તે નગ્ન સ્ત્રી સામે ન જોતાં મુખ આડું કર્યું. તેટલામાં રથરહિત અને કપાયેલા ધનુષ્યવાળો બાણાસુર નગરમાં પેસી

ગયો. પછી મહાદેવના ભૂતગણને ભગવાને નસાડી મુક્યા એટલે ત્રણ મસ્તકોવાળો તથા ત્રણ પગવાળો શંકરનો તાવ દશે દિશાઓને જાણે બાળતો હોય તેમ શ્રીકૃષ્ણ સામે દોડ્યો. ત્યારે શ્રીકૃષ્ણે પણ તે તાવને (આવતો) જોઈ તેની સામે પોતાનો શીતજવર મોકલ્યો. પછી શંકરનો તથા વિષ્ણુનો તાવ સામસામા યુદ્ધ કરવા લાગ્યા. તેમાં વિષ્ણુના તાવે બળથી શંકરના તાવને પીડવા માંડયો એટલે શંકરનો તાવ ચીસો પાડતો, ભયભીત થઈ બીજે અભય નહિ મેળવવાથી શરણ ઈચ્છતો બે હાથ જોડી શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

**શંકરનો તાવ સ્તુતિ કરે છે :** અનંત શકિતવાળા આપને હું નમસ્કાર કરું છું. કારણ કે આપ બ્રહ્માદિ મોટા દેવોના પણ ઈશ્વર, સર્વના આત્મા, શુદ્ધ ચૈતન્યઘન તથા જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ છો; તેમ જ વેદ જેને પ્રકાશ કરે છે, તે અતિ શાંત બ્રહ્મ તે આપ જ છો, (સર્વને ક્ષોભ પમાડનારો) કાળ, (સર્વનું કારણ) કર્મ, (ફળ આપવા તત્પર થયેલું કર્મ) દૈવ, કર્મના સંસ્કારરૂપ સ્વભાવ, તે સ્વભાવવાળો જીવ, શબ્દ વગેરે સૂક્ષ્મ ભૂતોરૂપ દ્રવ્ય, શરીર, પ્રાણ, સૂત્રાત્મા, અહંકાર, અગિયાર ઈંદ્રિયો, પાંચ મહાભૂતો તે સર્વનો સમુદાય લિંગદેહ અને તે દેહથી કર્મો તથા કર્મોથી પાછો દેહ, એમ જે પ્રવાહ ચાલે છે, તે આપની માયા જ છે. એ માયાને નિષેધ કરતાં અવધિરૂપે રહેતા આપને હું શરણે આવ્યો છું. (આપ સર્વ ઉપાધિઓથી મુકત છો તોપણ) માત્ર લીલાથી જ સ્વીકારેલા મત્સ્યાદિ અનેક અવતારોથી આપ દેવોનું રક્ષણ કરો છો; દેવોના રક્ષણ માટે લોકમર્યાદારૂપે વર્ણાશ્રમધર્મોનું રક્ષણ કરો છો. તેના રક્ષણ માટે વર્ણાશ્રમધર્મ પાળનારા સત્પુરુષોનું રક્ષણ કરો છો ને તેઓનું રક્ષણ કરવા હિંસા કરનારા દૈત્યો વગેરેનો નાશ કરો છો. એ જ પ્રમાણે આપનો આ જન્મ પણ પૃથ્વીનો ભાર ઉતારવા માટે છે. (અર્થાત્ આપનો આ લીલાવતાર છે, આપ કોઈના પુત્ર નથી.) આપના તેજરૂપ, મહાભયંકર અને શાંત છતાં ઉગ્ર આ દુઃસહ શીતજવરથી હું તપી રહ્યો છું. આશાપાશથી બંધાયેલાં પ્રાણીઓ જ્યાં સુધી આપનાં ચરણમૂળને સેવતાં નથી, ત્યાં સુધી જ તેઓને તાપ હોય છે.

**શ્રી ભગવાન બોલ્યા :** હે ત્રણ મસ્તકોવાળા તાવ ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. મારા તાવથી તને થયેલ ભય દૂર થાઓ. જે મનુષ્ય આપણા બન્નેના આ સંવાદનું સ્મરણ કરશે તેને તારાથી ભય નહિ થાય.

**શ્રી શુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે, શંકરનો તાવ ભગવાનને પ્રણામ કરીને ગયો. પછી બાણાસુર સામે યુદ્ધ કરવા આવ્યો. હે રાજા ! એક હજાર હાથથી અનેક જાતનાં આયુધો ધરતો તે બાણાસુર અત્યંત ક્રોધાયમાન થઈ શ્રીકૃષ્ણ ઉપર બાણો ફેંકવા લાગ્યો. એટલે ઉપરાઉપરી બાણો ફેંકતાં તેના હાથને ભગવાને તીક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રથી વૃક્ષની શાખાઓની પેઠે કાપી નાખ્યા. એમ બાણાસુરના હાથ કપાયા, ત્યારે ભગવાન શંકરે ભકત પર દયાળુ થઈ ચક્રધારી શ્રીકૃષ્ણ પાસે જઈ તેમને કહ્યું,

**શ્રીશંકર બોલ્યા :** આપ શબ્દબ્રહ્મરૂપ વેદ વિષે પણ ગૂઢ રહેલા પરબ્રહ્મ છો; કારણ કે આપ પરમ જ્યોતિરૂપ એટલે તૈજસ પદાર્થોના પણ પ્રકાશક હોવાથી સર્વના અવિષય છો; છતાં નિર્મળ અંતઃકરણવાળા પુરુષો આકાશની પેઠે કેવળ નિર્ગુણ આપનો સાક્ષાત્કાર કરે છે. આકાશ આપની નાભિ, અગ્નિ મુખ, જળ વીર્ય, સ્વર્ગ મસ્તક, દિશાઓ કાન, પૃથ્વી પગ, ચંદ્ર મન, દૃષ્ટિ સૂર્ય, હું શિવ અહંકાર, સમુદ્ર પેટ, ઈંદ્રાદિ લોકપાલો ભુજાઓ, વનસ્પતિ રૂંવાડાં, મેઘો કેશ, બ્રહ્મા બુદ્ધિ, પ્રજાપતિ ગુહ્ય ઈંદ્રિય અને ધર્મ હૃદય

છે. આવા આપ આ બ્રહ્માંડરૂપે કલ્પાયેલા (વિરાટ) પુરુષ છો. હે અસ્ખલિત સ્વરૂપવાળા પરમાત્મા ! આપનો આ અવતાર ધર્મની રક્ષા તથા જગતના અભ્યુદય માટે છે, અને અમે બધા આપથી રક્ષાયેલા હોઈને જ સાતે ભુવનોનું રક્ષણ કરીએ છીએ. આપ સજાતીય ભેદથી રહિત છો. કારણ કે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાવાળા પુરુષો જીવોના પણ આપ આદ્ય (મૂળરૂપ) પુરુષ, શુદ્ધ અને સ્વયંપ્રકાશ જ્ઞાનસ્વરૂપ છો; વળી આપ અદ્વિતીય વિજાતીય ભેદથી રહિત છો; કારણ કે આપ સર્વના કારણ હોઈ, પોતે કારણરહિત છો; અર્થાત્ આપ અનાદિ હોવાથી આપનું કોઈ કારણ નથી. આ રીતે આપ ઈશ્વર– સ્વતંત્ર છો. તોપણ આપ સર્વના વિષયોના પ્રકાશ માટે પોતાની માયાથી પ્રત્યેક શરીરમાં જીવસ્વરૂપે જુદા જુદા ભાસો છો : હે સમર્થ દેવ ! જેમ સૂર્ય પોતાની છાયા-મેઘથી (બીજાની નજરે) ઢંકાયેલો છે; પણ મેઘને અને મેઘથી ઢંકાયેલા ઘટાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ સ્વયંપ્રકાશ આપ પણ ગુણ વડે (એટલે જીવોને ઢાંકનાર પોતાના કાર્ય અહંકારથી તેની દૃષ્ટિએ) ઢંકાયેલા છો; તોપણ સત્ત્વાદિ ગુણોને તથા તે ગુણોની ઉપાધિવાળા જીવોને પણ પ્રકાશિત કરો છો. આપની માયાથી મોહિત બુદ્ધિવાળા જે મનુષ્યો પુત્ર, સ્ત્રી, ઘર, વગેરેમાં આસકત થાય છે, તેઓ દુઃખસમુદ્રમાં ઊંચે એટલે દેવાદિ યોનિઓમાં અને નીચે સ્થાવર વગેરે યોનિઓમાં ગળકાં ખાય છે-જન્મમરણ પામે છે. જે અજિતેન્દ્રિય મનુષ્ય (કર્મના અધ્યક્ષ) આપ દેવે આપેલા મનુષ્ય શરીરને આપના ચરણનું શરણું લેતો નથી, તે શોક કરવા યોગ્ય હોઈ પોતે જ પોતાને ઠગનારો છે. અનાત્મા, અપ્રિય તેમ જ અનીશ્વર ઈંદ્રિયોના વિષયરૂપ પુત્ર, સ્ત્રી આદિ માટે જે મનુષ્ય આત્મારૂપ, પ્રિય અને ઈશ્વર આપને તજે છે, તે અમૃત તજી વિષ ખાય છે. હું બ્રહ્મા, દેવો અને નિર્મળ અંતઃકરણવાળા મુનિઓ આત્મારૂપ, અત્યંત પ્રિય અને ઈશ્વર આપને જ શરણે છીએ અને જગતની સ્થિતિ, ઉત્પતિ તથા નાશના કારણ, બધે સમાન સ્વરૂપે રહેલા, અત્યંત શાંત, સર્વના મિત્ર, સર્વના આત્મા, સર્વના ઈશ્વર, અનન્ય, એક (એટલે સજાતીય-વિજાતીય ભેદથી રહિત) અને સર્વ જગતના તથા જીવોના એક આશ્રયરૂપ આપ દેવનું અમે ભજન કરીએ છીએ. હે દેવ! આ બાણાસુર મારો પ્રિય ભકત હોઈ મને વહાલો છે અને મને અનુસરી વર્તનાર છે, તેથી મેં એને અભયદાન આપ્યું છે, માટે આપે જેવી પ્રહ્લાદ ઉપર કૃપા કરી છે તેવી આના ઉપર પણ કૃપા કરે.

**શ્રીભગવાન બોલ્યા :** હે ભગવાન શંકર ! તમે જેમ કહો છો તેમ અમે તમારું પ્રિય કરીશું, કારણ કે, તમે કરેલા વિચારને મેં સંમતિ આપી જ હોય છે. વળી બલિરાજાના પુત્ર આ બાણાસુરને મારવો તે યોગ્ય નથી કારણ કે પ્રહલાદને મેં વર આપ્યો છે કે તારા વંશનો હું નાશ નહિ કરું. માત્ર આનો ગર્વ ઉતારવા માટે જ મેં આના હાથ કાપ્યા છે અને પૃથ્વી પર ભારરૂપ આના મોટા સૈન્યનો નાશ કર્યો છે. આના ચાર હાથ હવે બાકી રહ્યા છે. તે અજરામર થશે; તેમ જ આ અસુર તમારા પાર્ષદોમાં મુખ્ય થઈ, સર્વ તરફથી નિર્ભય થશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ અભય મેળવી બાણાસુરે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને રથમાં બેસાડી ઉષા સહિત (શ્રીકૃષ્ણ પાસે) હાજર કર્યો. પછી શ્રીશંકરે સંમતિ આપેલા શ્રીકૃષ્ણ અક્ષૌહિણી સેનાથી જ વીંટાયેલા સુંદર વસ્ત્રોથી શણગારેલા અને પત્ની સહિત અનિરુદ્ધને આગળ કરી પોતાની રાજધાની દ્વારકા ગયા અને ધજાઓ તથા તારણોથી શણગારેલી ને જળથી છાંટેલા

રાજમાર્ગો તથા બજારોવાળી દ્વારકામાં શંખ તથા ઢોલ નગારાંની ગર્જના સાથે ભગવાને પ્રવેશ કર્યો, તે વખતે નગરના લોકો, મિત્રો, સંબંધીઓ તથા બ્રાહ્મણોએ ભગવાનનું સામૈયું કર્યું. જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઊઠી કૃષ્ણના આ વિજયનું તથા શંકર સાથેના યુદ્ધ સ્મરણ કરે છે. તેનો કદી પરાજય થતો નથી. ૧-૫૩

य एवं कृष्णविजयं शङ्करेण च संयुगम् । संस्मरेत् प्रातरुत्थाय न तस्य स्यात् पराजयः ॥५३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૩ સમાપ્ત.*

## અધ્યાય-૬૪

## શ્રીકૃષ્ણે નૃગરાજાને શાપમુક્ત કર્યો

॥ श्रीशुक उवाच ॥

एकदोपवनं राजन् जग्मुर्यदुकुमारकाः । विहर्तुं साम्बप्रद्युम्नचारुभानुगदादयः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા : એક સમયે સાંબ, પ્રદ્યુમ્ને, ચારુ, ભાનુ તથા ગદ વગેરે યાદવકુમારો પાસેના વનમાં રમવા ગયા. ત્યાં લાંબો વખત રમીને તેઓને પાણી પીવાની ઈચ્છા થઈ, તેથી જળની શોધ કરતા તેઓએ એક જળ વિનાના કૂવામાં અદ્ભુત પ્રાણી જોયું. તે પ્રાણી પર્વતના જેવા આકારનો એક કાચંડો હતો. તેને જોઈ મનમાં આશ્ચર્ય પામેલા તે કુમારો દયા આવવાથી તેને બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા. ને કૂવામાં પડેલા તે કાચંડાને ચામડાની તથા સૂતરની દોરીઓ વડે બાંધી બહાર કાઢવાને તેઓ મહેનત કરવા લાગ્યા. પણ તેને બહાર કાઢી શકયા નહિ; તેથી તેઓએ કુતૂહલવશ તે આશ્ચર્યકારક વાત શ્રીકૃષ્ણને કહી. એટલે કમળ સમાન નેત્રવાળા અને જગતનું રક્ષણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાને ત્યાં આવી તે કાચંડાને જોઈ ડાબે હાથે રમતમાત્રમાં બહાર કાઢ્યો. ભગવાનના હાથનો સ્પર્શ થતાં જ તે કાચંડાનું રૂપ છોડી તપેલા સુવર્ણ જેવા વર્ણવાળો દેવ બની ગયો. તેણે અદ્ભુત અલંકારો, વસ્ત્રો તથા માળા પહેર્યા હતાં. શ્રીકૃષ્ણ તેનું કાચંડો થવાનું કારણ જાણતા હતા, છતાં તેમણે લોકોમાં તે વસ્તુ જાહેર કરવા તેને પૂછ્યું : 'હે મહાભાગ્યશાળી ! શ્રેષ્ઠ રૂપવાળો તું કોણ છે ? હું તને ઉત્તમ દેવ જ માનું છું. હે મંગલમૂર્તિ ! તું આ દશાને યોગ્ય નથી; છતાં કયા ધર્મથી આ દશા પામ્યો છે ? અમે તારું પૂર્વ સ્વરૂપ જાણવા ઈચ્છીએ છીએ. જો તે અહીં કહેવું યોગ્ય હોય તો અમને કહો :

**શ્રીશુકદેવજી બોલ્યા :** અનંતમૂર્તિ શ્રીકૃષ્ણે એ રીતે પૂછ્યું એટલે તે રાજા સૂર્ય સરખા તેજસ્વી મુકુટથી શ્રીકૃષ્ણને પ્રણામ કરી તેમને કહેવા લાગ્યો.

**નૃગરાજા બોલ્યો :** હે પ્રભો ! હું ઈક્ષ્વાકુનો પુત્ર નૃગ નામે રાજા છું. દાની પુરુષોનાં વર્ણન વખતે કદાચ હું આપને કાને પણ આવ્યો હોઈશ. હે નાથ ! સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષી અને કાળે નાશ ન કરેલી જ્ઞાનદષ્ટિવાળા આપને શું અજાણ્યું છો તોપણ આપની આજ્ઞા થઈ છે, તેથી મારું સ્વરૂપ હું કહું છું. પૃથ્વીની જેટલી રેતી છે, આકાશમાં જેટલા તારા છે અને વરસાદની જેટલી ધારા હોય છે, તેટલી ગાયોનાં મેં દાન કર્યા છે. (એ ગાયો પણ સામાન્ય નહિ; પરંતુ) પુષ્કળ દૂધ દેનારી, જુવાન, શીલ, રૂપ તથા ગુણ વડે યુકત કપિલા સુવર્ણના શિંગડાંવાળી, ન્યાયથી મેળવેલી, રૂપાની ખરીઓવાળી, વાછરડાં સહિત અને વસ્ત્રો તથા માળાઓથી શણગારેલી ગાયો મેં આપી હતી, અને તે પણ સારી રીતે શણગારેલા, ગુણવાન, શીલવાન, દુઃખી કુટુંબવાળા, સત્ય વ્રતવાળા, તપથી પ્રખ્યાત, સારી રીતે વેદ ભણેલા, ઉત્તમ અને યુવાન શ્રેષ્ઠ બ્રાહ્મણોને આપી હતી; તેમ જ ગાયો, પૃથ્વી, સુવર્ણ, ઘર, ઘોડા,

હાથીઓ, દાસીઓ સહિત કન્યાઓ, તલ, રૂપું, શય્યાઓ, વસ્ત્રો, રત્નો, ઘરનાં રાચરસીલાં તથા રથોનાં પણ મેં દાન કર્યા છે. વળી મેં યજ્ઞો કર્યા છે અને વાવ, કૂવા વગેરે પણ બંધાવ્યાં છે. એક સમયે કોઈ ઉત્તમ બ્રાહ્મણની ગાય છૂટી પડીને મારી ગાયોના ધણમાં મળી ગઈ. એને મેં અજાણતાં બીજા બ્રાહ્મણને દાનમાં આપી દીધી. પછી એ બ્રાહ્મણ તે ગાયને લઈ જતો હતો એટલામાં તે ગાયના માલિક બ્રાહ્મણે તે ગાયને જોઈ કહ્યુંઃ 'આ ગાય તો મારી છે,' એટલે તે ગાયને મારી પાસેથી દાનમાં લઈ જનારા બ્રાહ્મણે કહ્યું : 'આ ગાય તો મારી છે. નૃગરાજાએ મને દાનમાં આપી છે.' એમ વિવાદ કરતા બન્ને બ્રાહ્મણો સ્વાર્થ સાધતા મને કહેવા લાગ્યા. 'તમે મને ગાય આપી છે ને ! પછી તે ગાયનો માલિક બોલ્યો : 'તમે મારી ગાય ચોરી છે ને ?' એ સાંભળી હું ગભરાયો. ધર્મસંકટમાં પડેલા મેં તે બંને બ્રાહ્મણોને સમજાવવા માંડયા : 'તમારામાંથી કોઈ પણ આ ગાય બીજાને આપી દે તો (તે આપી દેનારને) હું એક લાખ ઉત્તમ ગાયો આપીશ, આપ બંને મારા પર કૃપા કરો; હું આપનો દાસ છું ? (આ પારકી છે એમ) હું જાણતો ન હતો. અપવિત્ર નરકમાં પડતા મને તે કષ્ટમાંથી ઉદ્ધારો' તે સાંભળી ગાયનો મૂળ માલિક 'હે રાજન્ ! આ ગાયના બદલામાં આપની ગાયો હું લઈશ નહિ.' એમ કહી ચાલ્યો ગયો અને મારી પાસેથી ગાય લેનાર બ્રાહ્મણ પણ 'આ ગાય સિવાય બીજી લાખ ઉપર દશ હજાર ગાયો અપાય, તોપણ હું લેવા, ઈચ્છતો નથી' એમ કહીને ગયો. પછી એ જ સમયે (હું મરણ પામ્યો.) એટલે યમદૂતો મને યમલોકમાં લઈ ગયા. હે દેવોના દેવ ! હે જગત્પતિ ! ત્યાં યમદેવે મને પૂછ્યું : 'હે રાજા ! તું પહેલાં પાપ ભોગવીશ કે પુણ્ય? તારા દાનનો, ધર્મનો તથા (તેથી મળનારા) ઉજ્જવળ લોકનો તો મને અંત દેખાતો નથી.તે સાંભળી મેં કહ્યું 'યમદેવ હું પહેલાં પાપ ભોગવીશ' એટલે યમદેવે કહ્યું, 'જા અધમ યોનિમાં પડ' એટલે હે પ્રભો ! પતન પામતા મેં પોતાને કાચંડો થયેલો જોયો. હે કેશવ ! હું બ્રાહ્મણોનો ભકત હોઈ, દાતા આપનો દાસ અને આપનાં દર્શન ઈચ્છતો હતો; તેથી મારી પૂર્વજન્મની સ્મૃતિ હજી નાશ પામી નથી. હે વ્યાપક દેવ! આપ મોટા યોગીઓને પણ ઉપનિષદરૂપી દષ્ટિથી નિર્મળ થયેલા હૃદયમાં ચિંતન કરવા યોગ્ય છો. તે અતીન્દ્રિય સાક્ષાત પરમાત્મા આપનાં મને પ્રત્યક્ષ દર્શન કેમ થયાં ? કારણ કે જે પ્રાણીઓનો સંસારમાંથી છુટકારો થાય તેને તો આપનાં દર્શન થાય પરંતુ હું તો આ કાચંડાના જન્મમાં અનેક દુઃખોથી અંધબુદ્ધિ બન્યો હતો, છતાં મને આપનાં દર્શન થયાં એ આશ્ચર્ય છે ! હે દેવોના દેવ ! હે જગતના નાથ ! હે ગોવિંદ! હે પુરુષોત્તમ ! હે નારાયણ ! હે ઈંદ્રિયોના નિયંતા ! હે પવિત્ર કીર્તિવાળા ! હે અચ્યુત ! હે અવિનાશી કૃષ્ણ ! હવે દેવગતિમાં જવા માટે મને આપ આજ્ઞા આપો. 'હે પ્રભો ! હું ગમે ત્યાં હોઉં પણ મારું જ્ઞાન કેવળ આપના ચરણમાં જ રહો. જેનાથી સર્વનો જન્મ થાય છે. જે કર્તા છતાં અવિકારી છે, જેમની માયાશકિત અનંત છે અને જે ઈષ્ટપૂર્તાદિ કર્મોરૂપી યોગોનાં ફળ આપનાર છે, તે સદા આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ વાસુદેવ આપને મારા વારંવાર નમસ્કાર હો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણને એમ કહીં પોતાના મુકુટથી તેમના ચરણનો સ્પર્શ કરી, નૃગરાજા શ્રીકૃષ્ણની રજા લઈ સર્વ મનુષ્યોના દેખતાં શ્રેષ્ઠ વિમાનમાં બેઠો. પછી બ્રાહ્મણોને માન આપનાર અને ધર્માત્મા દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ સર્વ રાજાઓને ઉપદેશ દેતા પોતાના પુત્રાદિ પરિવારને કહેવા લાગ્યા,

**શ્રીભગવાન બોલ્યાઃ** 'અહો ! આશ્ચર્ય ! બ્રાહ્મણનું ધન થોડુંક પણ ખવાયું હોય, તો તે અગ્નિ સરખા મહાતેજસ્વી પુરુષને પણ પચતું નથી; તો પોતાને વ્યર્થ સમર્થ માનતા રાજાઓને કયાંથી જ પચે ?

હું માનું છું કે, હળાહળ ઝેર તે ખરું ઝેર નથી; કારણ કે તેનો ઉપાય થઈ શકે છે. પણ ખરું ઝેર તો બ્રાહ્મણનું ધન જ કહેલું છે જેનો પૃથ્વી પર કોઈ ઉપાય નથી. ઝેર તો કેવળ પોતાને ખાનારને જ મારે છે અને અગ્નિ પણ જળ વડે શાંત થાય છે, પણ બ્રાહ્મણના ધનરૂપી અરણિમાંથી જન્મેલો (પાપરૂપી) અગ્નિ આખા કુળને મૂળ સાથે બાળી નાખે છે. બ્રાહ્મણનું ધન બ્રાહ્મણની રજા વિના જો ખાધું હોય, તો તે ત્રણ પેઢીઓનો નાશ કરે છે. અને બળાત્કારે રાજા વગેરેના બળનો આશ્રય કરી ખાધું હોય, તે દશ આગળની ને દશ પાછળની પેઢીઓનો નાશ કરે છે. જે અત્યંત મૂર્ખ રાજાઓ, રાજલક્ષ્મીથી અંધ બની બ્રાહ્મણના ધનની ઈચ્છા કરે છે, તેઓ નરકને જ પસંદ કરે છે, અને આત્મપતન જોતા નથી. હરેલી આજીવિકાવાળા અને ઉદાર સ્વભાવના કુટુંબ પરિવારવાળા બ્રાહ્મણનાં આંસુ (પૃથ્વીના) જેટલા રજકણોને ભીંજવે છે, તેટલાં વર્ષ સુધી તેઓનું ધન પડાવી લેનાર નિરંકુશ રાજાઓ કે તેમના અધિકારીઓ કુંભીપાક નામના નરકોમાં રંધાય છે. જે મનુષ્ય પોતે કે બીજાઓએ આપેલી બ્રાહ્મણની આજીવિકા હરી લે છે, તે સાઠ હજાર વર્ષ સુધી વિષ્ઠામાં કીડો થાય છે. એથી હું તો એ જ ઈચ્છું છું કે બ્રાહ્મણોનું ધન કદી ભૂલથી પણ મારા ખજાનામાં ન આવો ; કારણ કે બ્રાહ્મણના ધનની કેવળ ઈચ્છા કરવાથી પણ મનુષ્યો અલ્પ આયુષ્યવાળા થઈ શત્રુઓથી પરાજય પામે છે, અને (રાજા હોય તો) રાજયથી ભ્રષ્ટ થાય છે; તેમ જ છેવટે (મરીને) સર્વને ત્રાસ આપનારા સર્પો થાય છે. હે મારા આત્મીયો! કદાચ બ્રાહ્મણ અપરાધ કરે, મારે કે ગાળો દે, તો પણ તમે તેનો દ્રોહ કરશે મા; પરંતુ નિત્ય તેને નમસ્કાર જ કરજો' જેમ હું હમેશાં સાવધાન રહી બ્રાહ્મણોને નમું છું, તેમ તમે પણ બ્રાહ્મણોને નમજો. જે બ્રાહ્મણોને નહિ નમે તે મારી શિક્ષાને પાત્ર થશે. હરેલું બ્રાહ્મણનું ધન તેના હરનારાને નરકમાં નાખે છે, જેમ કે આ નૃગરાજા 'બ્રાહ્મણની ગાય છે' એમ જાણતો ન હતો છતાં તેને નીચ કાચંડાની યોનિમાં પડવું પડયું. 'એમ દ્વારકાવાસીઓને કહી સંભળાવી સર્વ લોકોને પવિત્ર કરનારા ભગવાન કૃષ્ણે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. ૧-૪૪

एवं विश्राव्य भगवान् मुकुन्दो द्वारकौकसः । पावनः सर्वलोकानां विवेश निजमन्दिरम् ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૪ સમાપ્ત.*

## અધ્યાય-૬૫

## ગોપીઓ સાથે રમતા બલરામે મદથી યમુનાને ખેંચી

॥ श्रीशुक उवाच ॥

बलभद्रः कुरुश्रेष्ठ भगवान् रथमास्थितः । सुहृद्दिदृक्षुरुत्कण्ठः प्रययौ नन्दगोकुलम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે કુરુશ્રેષ્ઠ ! ભગવાન બલભદ્ર સંબંધીઓને મળવાની ઈચ્છાથી (એક વખતે) રથમાં બેસી નંદના ગોકુળમાં ગયા. ત્યાં લાંબા કાળની ઉત્કંઠાવાળા ગોવાળિયા તથા ગોપીઓ તેમને ભેટી પડયાં. પછી બળરામે માતાપિતા નંદયશોદાને વંદન કર્યું એટલે તેમણે આશીર્વાદથી તેમને અભિનંદન આપ્યું અને કહ્યું 'હે દાશાર્હ ! જગતના ઈશ્વર તમે તમારા નાનાભાઈ સાથે લાંબા કાળ સુધી અમારું રક્ષણ કરજો !' એમ કહી પોતાના ખોળામાં બેસાડી, આલિંગન કરી નંદયશોદાએ નેત્રનાં આનંદનાં આંસુથી બળદેવજીને ભીંજવી દીધા. પછી બળદેવજીએ વૃદ્ધ ગોવાળિયાઓને વિધિ પ્રમાણે વંદન કર્યું ને તેમનાથી નાના ગોવાળિયાઓને સામેથી બળદેવજીને વંદન કર્યું એમ વય, મિત્રતા તથા

સંબંધ પ્રમાણે બધાંને સામસામાં વંદન કર્યાં. પછી હાસ્ય કરવું, હાથ પકડવો વગેરેથી ગોવાળિયાઓને મળી બળદેવજી વિશ્રાંતિ લઈ, સુખથી બેઠા અને કમળસરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણ વિષે પોતાના સર્વ વિષયો અર્પણ કરનારા તે વ્રજવાસીઓને બળદેવજીએ પ્રેમને લીધે ગળગળી વાણીથી પોતાના સંબંધીઓ વિષે કુશળ પૂછયું, એટલે તે વ્રજવાસીઓ પણ બળદેવજીને પૂછવા લાગ્યા : 'હે રામ ! આપણાં સર્વ સગાંસંબંધી કુશળ છે ને ? તમે હવે સ્ત્રીઓ તથા પુત્રોવાળા થઈ અમને કદી સંભારો છો ? પાપી કંસને માર્યો તે સારું કર્યું, સર્વ સંબંધીઓને દુઃખથી મુક્ત કર્યા તે ઠીક કર્યું, તેમ જ શત્રુને જીતી –મારીને તમે (સમુદ્ર રૂપ) કિલ્લાનો આશ્રય કર્યો, તે પણ બહુ સારું કર્યું. પછી બળરામનાં દર્શન કરવામાં આદરવાળી ગોપીઓ હસીને પૂછવા લાગી : 'મથુરા નગરીની સ્ત્રીઓને વહાલા શ્રીકૃષ્ણ સુખી છે ને ? માતાપિતા નંદયશોદાને તથા (અહીંના) બંધુઓને તે કદી યાદ કરે છે ? માતા યશોદાને મળવા તે એકવાર પણ આવશે કે ? મોટી ભુજાવાળા કૃષ્ણ અમારી સેવા કદી યાદ કરે છે ? હે પ્રભુ બળદેવ! શ્રીકૃષ્ણ માટે અમોએ તજવા મુશ્કેલ અમારાં સ્વજનો, માતાનો, પિતાનો, ભાઈઓનો, પતિઓનો, પુત્રોનો તથા બહેનોનો પણ ત્યાગ કર્યો હતો; છતાં શ્રીકૃષ્ણ અમારો એકદમ ત્યાગ કરી પ્રેમ છોડી નાખી ચાલ્યા ગયા છે. અમે ઈચ્છત તો તેમને જતા રોકી લેત; પરંતુ તેમણે કહ્યું કે હું તમારો ઋણી છું. તમારા ઉપકારનો બદલો કદી ચુકાવી શકું એમ નથી. ત્યારે એવી કઈ સ્ત્રી હોય કે જે તેમની મીઠી મીઠી વાતો પર વિશ્વાસ ન મૂકે ? હે બળરામજી ! અમે તો ગામડાની ગોવાળણો હોવાથી તેમની વાતોમાં ફસાઈ ગઈ; પરંતુ શહેરની સ્ત્રીઓ તો ચતુર હોય છે, તેઓ પણ એ ચંચળ અને કૃતઘ્ન કૃષ્ણની વાતો કેમ સાચી માની લેતી હશે ? અથવા તે સ્ત્રીઓ પણ તેમનાં વચન માની લેતી હશે; કારણ કે જાતજાતની વાતો કરનારા શ્રીકૃષ્ણના સુંદર મંદ હાસ્ય સાથે જોવાથી વધેલા કામ વડે તે સ્ત્રીઓ વ્યાકુળ થતી હશે (એમ બળદેવજીને કહી માંહોમાંહે કહેવા લાગી :) 'અરે ઓ ગોપીઓ ! એ કૃષ્ણની વાતો કરવાથી આપણું શું વળવાનું ? બીજી વાતો કરો. તેમનો સમય આપણા સિવાય ચાલ્યો જાય છે, તો આપણો પણ (તેમના વિના) જાય જ છે. (પણ તેમનો વખત સુખમાં જાય છે ત્યારે આપણો દુઃખમાં જાય છે, એટલો ફરક છે, પણ શું કરીએ) એમ કહીને શ્રીકૃષ્ણનાં સુંદર હાસ્ય, ભાષણ, જોવું ગતિ તેમ જ પ્રેમપૂર્વક આલિંગન વગેરે યાદ કરતી ગોપીઓ રડવા લાગી. પછી ભગવાન બળદેવજીએ હૃદયને ગમે એવા શ્રીકૃષ્ણના સંદેશા કહી તેઓને શાંત પાડી; કારણ કે બીજાઓને શાંત પાડવામાં બળદેવજી બહુ કુશળ હતા. ભગવાન બળરામ ચૈત્ર ને વૈશાખ એમ બે મહિના સુધી રાત્રિઓમાં ગોપીઓને રમાડતા ત્યાં રહ્યા હતા. પૂર્ણ ચંદ્રનાં કિરણોથી ઉજ્જવળ અને રાત્રિવિકાસી કમળના છોડના સુગંધી વાયુથી લેવાયેલા યમુનાના ઉપવનમાં બળરામ સ્ત્રીઓના સમૂહથી વીંટાઈને રમ્યા હતા. તે વેળા વરુણદેવે મોકલેલી વારુણીદેવી (મદિરા) વૃક્ષોના કોતરમાંથી પડતી પોતાની ગંધથી આખા વનને સુવાસિત કરતી હતી. વાયુએ રાખેલી તે મદિરાની ગંધને સુંઘી બળરામ ત્યાં જતા અને સ્ત્રીઓ સાથે તે મદિરા પીતા એ વેળા જેમનાં ચરિત્રોને સ્ત્રીઓ ગાતી એવા બળરામદેવજી મદથી વિહ્વળ નેત્રોવાળા થઈ મદમત્ત બની વનમાં ઘૂમતા. તે પુષ્પમાળા પહેરી માત્ર એક જ કુંડળ પહેરતા; મદમત્ત થતા વૈજયન્તી માળાથી સુશોભિત હોઈ પરસેવારૂપી હિમકણોથી શોભાયમાન હસતા મુખકમળને ધારણ કરતા, તે વખતે સમર્થ બળરામે જલક્રીડા કરવા યમુનાને બોલાવી હતી; પણ 'આ તો મદિરાથી મત્ત બનેલ છે,' એમ માની તેમના વાક્યનો અનાદર કરી તે ન આવી, ત્યારે બળદેવે કોપાયમાન થઈ હળની અણીથી (પોતાની પાસે) તેને ખેંચી કહ્યું, 'ઓ પાપિણી ! મેં લાવ્યા છતાં તું મારું

અપમાન કરી ન આવી. માટે સ્વછંદી તને હળની અણીથી સેંકડો પ્રવાહે હું વહેવડાવીશ.' હે રાજા ! એમ તિરસ્કાર કર્યો એટલે યમુના ભયભીત થઈ યદુનંદન બળદેવજીને પગમાં પડી કહેવા લાગી : 'હે રામ ! હે રામ ! હે મોટી ભુજાઓવાળા ! હું આપનાં પરાક્રમ જાણતી ન હતી. હે જગતના પતિ ! આપના એક જ અંશ શેષનાગે પૃથ્વીને ધરી છે. હે ભગવાન, હે જગતનો આત્મા ! હે ભકતવત્સલ ! આપ ભગવાનના પરમ પ્રભાવને નહિ જાણતી અને આપને શરણે આવેલી મને મુકત કરવા આપ યોગ્ય છો ! એમ યમુનાએ પ્રાર્થના કરી એટલે ભગવાન બળદેવે તેને છોડી દીધી અને પછી મોટો હાથી જેમ હાથણીઓ સાથે જળમાં પેસે તેમ યમુનાના જળમાં તે પેઠા. પછી પોતાની ઈચ્છાનુસાર જળક્રીડા કરી, બળદેવજી જળમાંથી બહાર નીકળ્યા ત્યારે લક્ષ્મીજીએ તેમને બે નીલાંબર, મહાકિંમતી આભૂષણો તેમ જ માળા આપી એટલે તે બન્ને નીલાંબરો અને સુવર્ણની માળા પહેરી સારી રીતે શણગારેલા ને ચંદનનું લેપન લગાવેલા બળદેવજી ઇંદ્રના ઐરાવત હાથી જેવા, શોભવા લાગ્યા. હે રાજન્ ! આજે પણ અનંત પરાક્રમવાળા બળદેવજીના તે પરાક્રમને જાણે સૂચવતી હોય તેમ યમુના તેમણે ખેંચેલા માર્ગથી યુકત દેખાય છે, એમ વ્રજની સ્ત્રીઓના વિલાસોથી આકર્ષાયેલા મનવાળા થઈ વ્રજમાં રમતા બળરામની સર્વ રાત્રિઓ એક રાત્રિ જેવી બની ગઈ હતી. ૧-૩૨.

एवं सर्वा निशा याता एकेव रमतो व्रजे । रामस्याक्षिप्तचित्तस्य माधुर्यैर्व्रजयोषिताम् ॥३२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૫ સમાપ્ત.*

## અધ્યાય-૬૬

## શ્રીકૃષ્ણે પૌંડ્રકનો તથા તેના મિત્રનો વધ કર્યો

॥ श्रीशुक उवाच ॥

नन्दव्रजं गते रामे करूषाधिपतिर्नृप । वासुदेवोऽहमित्यज्ञो दूतं कृष्णाय प्राहिणोत् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** 'હે રાજા ! બળરામ નંદના વ્રજમાં ગયા હતા ત્યારે કરુષ દેશના મુર્ખ રાજા પૌંડ્રકે 'હું જ ભગવાન વાસુદેવ છું' એમ માની શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલ્યો હતો. વળી, અજ્ઞાની લોકોએ 'તમે જગતના પતિ વાસુદેવ ભગવાન અવતર્યા છો' એમ સ્તુતિ કરી તેને ઉત્સાહિત કર્યો હતો. જેથી તે રાજા પોતાને અચ્યુત ભગવાન માનતો હતો. જેમ એક બાળકને બીજાં બાળકોએ રાજા બનાવ્યો હોય તેમ એ મૂર્ખ રાજાએ અચિંત્ય ગતિવાળા ભગવાન શ્રીકૃષ્ણ પાસે દ્વારકામાં દૂત મોકલ્યો હતો. તેણે મોકલેલો દૂત દ્વારકામાં આવી સભામાં બેઠેલા કમળનયન શ્રીકૃષ્ણ પ્રભુને (પોતાના) રાજાનો સંદેશો કહેવા લાગ્યો: 'પ્રાણીઓ ઉપર દયા કરવા હું એક જ વાસુદેવ અવતર્યો છું, બીજો કોઈ વાસુદેવ છે જ નહિ', માટે તું 'વાસુદેવ' એવું ખોટું નામ છોડી દે. 'હે યાદવ ! તું મૂર્ખાઈથી (શંખ, ચક્ર વગેરે) અમારાં ચિહ્નો ધરે છે તે છોડીને મારે શરણે આવ, નહિ તો મારી સાથે યુદ્ધ કર.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** અલ્પ બુદ્ધિવાળા પૌંડ્રકરાજાની એ બડાઈ સાંભળી ઉગ્રસેન વગેરે સભાસદો તે સમયે ખડખડાટ હસ્યા, અને તે હસવાની વાત પૂરી થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ દૂતને કહેવા લાગ્યાઃ તું તારા રાજાને કહેજે કે, ઓ મૂઢ ! તું જે લોકો સાથે આવી બડાઈ હાંકે છે, તેઓ સહિત તારા ઉપર જ મારાં ચિહ્નો હું છોડીશ, અથવા જે બનાવટી ચિહ્નોથી તું આવી બડાઈ કરે છે તે તારાં ચિહ્નોને હું (તારી પાસેથી) તજાવીશ. એ અજ્ઞાની ! જે મુખથી તું બડાઈ કરે છે તે તારા મુખને

પહોળું કરી મરેલો તું કાગડા, ગીધ, તથા વટ પક્ષીઓથી વીંટળાઈને રણમાં સૂઈશ ત્યારે તે કૂતરાંનું શરણ લઈશ.'

એમ શ્રીકૃષ્ણના તે સર્વે આક્ષેપ દૂતે પોતાના રાજાને જણાવ્યા અને શ્રીકૃષ્ણ પણ રથમાં બેસી કાશીની સમીપ પહોંચ્યા. મહારથી પૌંડ્રક રાજા પણ શ્રીકૃષ્ણનું તે આક્રમણ જાણી બે અક્ષૌહિણી સેનાઓ સાથે તરત નગરમાંથી બહાર નીકળ્યો. હે રાજન્ ! તેનો મિત્ર કાશીપતિ પણ ત્રણ અક્ષૌહિણીઓથી પોતાના મિત્રની રક્ષા કરતાં પાછળથી ચડી આવ્યો. પછી શ્રીકૃષ્ણ પૌંડ્રકને જો તે તે શંખ, ચક્ર, તલવાર, ગદા, શાર્ઙ્ગ ધનુષ્ય તથા શ્રીવત્સ ચિહ્ન વગેરેથી યુક્ત કૌસ્તુભમણિ પહેરેલો, વનમાળા વડે શણગારેલ હતો અને તેણે પીળાં બે રેશમી વસ્ત્રો પહેર્યા હતાં. તેની ધજામાં ગરુડનું ચિહ્ન હતું; અમૂલ્ય મુકુટ તથા અલંકારો તેણે પહેર્યા હતા અને તેના કાનમાં મકરાકાર કુંડળો ઝળકતાં હતાં. જેમ નટ બનાવટી વેશ ધરી રંગભૂમિ પર આવે, તેમ પોતાના જેવો બનાવટી વેશ ધરતા પૌંડ્રકરાજાને જોઈ શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા. એ વખતે શત્રુઓએ ત્રિશૂળો, ગદા, ભોગળો, શકિતઓ, બેધારી તલવારો, ભાલા, તોમરો, તલવારો, પટ્ટિશો તથા બાણોનો શ્રીહરિ ઉપર મારો ચલાવ્યો પણ શ્રીકૃષ્ણે હાથીઓ, રથો, ઘોડા તથા પાયદળવાળા પૌંડ્રકરાજાના સૈન્યોને ગદા, તલવાર, ચક્ર, તેમ જ બાણો વડે જેમ પ્રલયકાળે અગ્નિ જુદી જુદી પ્રજાઓનો નાશ કરે તેમ સંહાર કર્યો. એ વખતે સુદર્શનચક્ર તથા કપાયેલા રથ, ઘોડા, હાથી, મનુષ્ય, ગધેડાં તથા ઊંટોથી છવાયેલું રણક્ષેત્ર હર્ષ ઉપવજાતું, રુદ્રદેવના રમવાના સ્થળ જેવું મહાભયંકર જણાતું હતું. પછી શ્રીકૃષ્ણે પૌંડ્રકરાજાને ઉદ્દેશી કહ્યુંઃ 'અલ્યા પૌંડ્રક ! તે દૂતના વાક્યથી મને કહ્યું હતું, તેથી તારા પર અસ્ત્રો છોડું છું. અરે મૂર્ખ ! તેં મારું ખોટું નામ ધર્યું છે, તેને આજે હું છોડાવું છું; અને જો યુદ્ધ નહિ કરી શકું તો તારે શરણે આવીશ.' આવો તિરસ્કાર કરી તીક્ષ્ણ બાણો મારી ભગવાને પૌંડ્રકરાજાને રથ વિનાનો કરી, ઈંદ્ર જેમ વજ્રથી પર્વતનું શિખર કાપે, તેમ સુદર્શનચક્રથી તેનું મસ્તક કાપી નાખ્યું તેમ જ બાણોથી કાશીરાજાના શરીર ઉપરથી પણ મસ્તક કાપીને વાયુ જેમ કમળના દોડાને ઉડાવી પાડે, તેમ ઉડાવી છેક કાશીનગરમાં પાડ્યું. એમ પોતાનો દ્વેષ કરતા પૌંડ્રકને તેના મિત્ર સાથે મારી જેમની કથારૂપ અમૃતનું સિદ્ધો ગાન કરે છે, તે ભગવાને દ્વારકામાં પ્રવેશ કર્યો. હે રાજન્ ! નિત્ય ભગવાનને ધ્યાનથી નાશ પામેલાં બંધનવાળો તે પૌંડ્રકરાજા ભગવાનનું સ્વરૂપ ધરી (છેવટે) ભગવાનમય થયો. કાશીરાજાનું પેલું મસ્તક કુંડલો સાથે (ઊડીને કાશીમાં) રાજદ્વારમાં પડ્યું. તેને જોઈને લોકો સંશય કરવા લાગ્યા કે, આ શું ? આ કોનું મસ્તક હશે ? પછી તે મસ્તકને કાશીરાજાનું જાણી તેની રાણીઓ, પુત્રો, સગાંસંબંધી તથા શહેરીઓ 'હાય ! ઓ રાજા ! હે નાથ ! ઓ નાથ !' એમ કહી પોંક મૂકી રડવા લાગ્યા. કાશીરાજાના પુત્રનું નામ સુદક્ષિણ હતું; તેણે પિતાની ઉત્તરક્રિયા કરી નિશ્ચય કર્યો : મારા પિતાનો નાશ કરનારાઓને નાશ કરી હું તેમના વેરનો બદલો લઈશ. આવી બુદ્ધિથી નિશ્ચય કરી સુદક્ષિણે ઉપાધ્યાય સાથે પરમ એકાગ્ર મનથી શંકરની પૂજા કરવા માંડી એટલે કાશીમાં બિરાજતા ભગવાન શંકર તેના પર પ્રસન્ન થયા. એમણે તેને વર માગવા કહ્યું. એટલે તેણે પિતાનો નાશ કરનારના નાશ માટેનો ઉપાય વર તરીકે માગ્યો ત્યારે શંકર ભગવાને તેને કહ્યું : 'તું બ્રાહ્મણોની સાથે રહી શત્રુમારણના પ્રયોગથી ઋત્વિજની પેઠે પોતાનું કાર્ય કરનાર દક્ષિણાગ્નિનું આરાધન કર, તે અગ્નિ પ્રમથગણોથી વીંટળાઈ તારો સંકલ્પ સિદ્ધ કરશે, પણ તેનો પ્રયોગ બ્રાહ્મણભકત પુરુષ સિવાય બીજા ઉપર કરીશ તો જ (તારો સંકલ્પ સિદ્ધ થશે, નહિ તો વિપરીત થશે). એમ શંકરે આજ્ઞા કરી એટલે સુદક્ષિણે વ્રતધારી થઈ શ્રીકૃષ્ણ ઉપર અભિચાર કર્મ કરી તેમ કર્યું કે તરત જ અગ્નિકુંડમાંથી મૂર્તિમાન અગ્નિ પ્રકટ થયો. તે અતિશય ભયંકર હતો; તેની ચોટલી તથા મૂછો તપેલા

તાંબા જેવી લાલ હતી, તેનાં નેત્રોમાંથી અંગારા ઝરતા હતા; તેનું મુખ દાઢોથી અને ઉગ્ર લાકડીઓ જેવી ભ્રમરોથી ક્રૂર હતું; તે પોતાની જીભથી ગલેફાં ચાટતો, નગ્ન અને ત્રણ અણીવાળું ઝળહળતું ત્રિશૂળ ધુણાવતો હતો. તે અગ્નિ ભૂતોથી વીંટાઈને તાડ જેવડો બે પગની ધરણી ધણધણાવતો અને દિશાઓને બાળતો દ્વારકા તરફ દોડ્યો. અભિચાર પ્રયોગથી ઉપજેલા તે અગ્નિને આવતો જોઈ સર્વે દ્વારકાવાસીઓ વનમાં આગ લાગે ત્યારે જેમ મૃગલાં ત્રાસ પામે તેમ ત્રાસ પામ્યા અને ભયથી આતુર થઈ સભામાં પાસાઓથી રમતા શ્રીકૃષ્ણ ભગવાન પાસે જઈ કહેવા લાગ્યાં : 'હે ત્રિલોકના ઈશ્વર ! નગરને બાળતા અગ્નિથી અમારું રક્ષણ કરો, રક્ષણ કરો.' શરણે આવેલાનું રક્ષણ કરનાર ભગવાન મનુષ્યોની તે વ્યાકુળતા સાંભળી પોતાના ભકતોનો તે ભય જોઈ ખૂબ હસીને બોલ્યા : 'ડરો મા, હું તમારું રક્ષણ કરીશ, વ્યાપક ભગવાન તો સર્વની સુંદર અને બહાર સાક્ષી છે, તેમણે જાણ્યું કે આ અગ્નિ તે શંકરની કૃત્યા છે. પછી તેનો નાશ કરવા સમીપ રહેલા સુદર્શન ચક્રને આજ્ઞા કરી; એટલે કરોડો સૂર્ય સરખું તેજસ્વી, પ્રલય કાળના અગ્નિ સમાન કાંતિવાળું અને બળબળતું શ્રીકૃષ્ણનું અસ્ત્ર સુદર્શન પોતાના તેજ વડે અંતરિક્ષને, દિશાઓને તેમ જ આકાશ-પૃથ્વીને પ્રકાશિત કરતું પેલા અગ્નિને પીડવા લાગ્યું. હે રાજા ! ચક્રધારી શ્રીભગવાનના તે સુદર્શન અસ્ત્રના બળથી તે કૃત્યાનો અગ્નિ પરાજય પામ્યો; તેનું મુખ ભાગી ગયું અને તે પાછો ફરી કાશીમાં જઈપોતે કરેલા અભિચારકર્મરૂપ તે અગ્નિએ ઋત્વિજો સહિત સુદક્ષિણને જ બાળી નાખ્યો. બીજી તરફથી કૃષ્ણ ભગવાનના ચક્રે પણ તે અગ્નિની પાછળ કાશીમાં પ્રવેશ કરી સભાસ્થાનો, બજારો, દરવાજા, અટારીઓ, કોઠારે, ખજાનો, હાથીશાળાઓ, રથશાળાઓ, અશ્વશાળાઓ તથા અન્નશાળાઓ સાથે તે નગરીને બાળી નાખી. એમ આખી કાશીનગરીને બાળી સુદર્શનચક્ર ફરી ઉત્તમ કર્મ કરનારા શ્રીકૃષ્ણ ભગવાન પાસે હાજર થયું. જે મનુષ્ય ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાનનું આ પરાક્રમ બીજાને સંભળાવે અથવા એકાગ્ર થઈ પોતે સાંભળે તે સર્વ પાપોથી છૂટે છે. ૧-૪૩

य एनं श्रावयेन्मर्त्य उत्तमश्लोकविक्रमम् । समाहितो वा श्रृणुयात् सर्वपापैः प्रमुच्यते ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૬ સમાપ્ત.*

## અધ્યાય-૬૭

## બળરામે દ્વિવિદ વાનરનો વધ કર્યો

॥ राजोवाच ॥

भूयोऽहं श्रोतुमिच्छामि रामस्याद्भुतकर्मणः । अनन्तस्याप्रमेयस्य यदन्यत् कृतवान् प्रभुः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** અદ્‌ભુત કર્મ કરનારા, અનંત અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જાણી ન શકાય એવા શ્રી બળરામે બીજી પણ લીલાઓ જે કરી હોય તે હું સાંભળવા ઈચ્છું છું, માટે તે મને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** નરકાસુરનો મિત્ર દ્વિવિદા નામે એક પરાક્રમી વાનર હતો. તે સુગ્રીવનો પ્રધાન અને મૈન્દનો ભાઈ થતો. તે પોતાના મિત્ર નરકાસુરની મિત્રતાનો બદલો લેવા દેશનો નાશ કરવા તૈયાર થયો અને શહેરો, ગામડાં, ખાણું તથા નેસડાઓમાં અગ્નિ નાખી, તેઓને સળગાવી દેવા લાગ્યો. કેટલીક વાર તે પર્વતો ઉપાડી તેનાથી દેશનો કચ્ચરઘાણ વાળતો અને જ્યાં પોતાના મિત્રનો નાશ કરનારા શ્રીકૃષ્ણ રહેતા હતા, તે આનર્ત દેશને તો ખૂબ જ હેરાન કરતો. દશ હજાર હાથીના જેટલા બળવાળો તે કોઈ વેળા સમુદ્રની વચ્ચે ઊભો રહી બંને હાથથી તેનું જળ ઉછાળી, કિનારા પરના દેશોને

ડુબાડી દેતો. તે દુષ્ટ મહર્ષિઓના આશ્રમને વનસ્પતિઓનો નાશ કરી ઉજ્જડ કરતો અને વિષ્ઠા તથા મૂત્રથી યજ્ઞના અગ્નિઓને અભડાવતો. જેમ ભમરો કીડાને દરમાં પૂરે તેમ એ ગર્વિષ્ટ વાનર પુરુષોને તથા સ્ત્રીઓને પર્વતોની ખીણો તથા ગુફાઓમાં પૂરી તેનાં દ્વારોને મોટા પથ્થરોથી ઢાંકી દેતો. એમ દેશવાસીઓને હેરાન કરતો અને કુળવાન સ્ત્રીઓને દૂષિત કરતો તે અતિ સુંદર ગીત સાંભળી રેવતાચલ પર્વતમાં ગયો. ત્યાં કમળોની માળા પહેરતા યદુપતિ બળરામને તેણે જોયા. એ સર્વાંગે સારી પેઠે દેખાવડા સ્ત્રીઓનાં ટોળાંની વચ્ચે રહેલા, મદિરા પીને ગાતા, મદવિહ્વળ નેત્રોવાળા અને મદઝરતા હાથીની પેઠે શરીરે શોભતા હતા. પેલો દુષ્ટ વાનર વૃક્ષની શાખા પર ચડી વૃક્ષોને કંપાવતો અને પોતાનું શરીર બતાવીને ખીખી શબ્દ કરવા લાગ્યો. તરુણ સ્ત્રીઓ સ્વભાવે ચપળ અને હાસ્યપ્રિય તો હોય જ છે, તેથી બળદેવની તે સ્ત્રીઓ વાનરનું તે જંગલીપણું જોઈ ખૂબ હસવા લાગી. એટલે પેલો વાનર પણ બળરામના દેખતાં તેમની મશ્કરી કરી પોતાની ગુદા બતાવતો ભ્રૂકુટિના ઈશારાઓ અને સામે ઊભવું વગેરેથી તે સ્ત્રીઓનું અપમાન કરવા લાગ્યો. ત્યારે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ બળરામે ક્રોધાયમાન થઈ પથ્થરથી તે વાનરને માર્યો, પણ તે પૂર્વ તેમની પથ્થરને ચુકાવી મદિરાનો કળશ લઈ જઈ બળદેવને કોપાવતો તથા હસતો, મદિરાનો કળશ ભાંગી નાખી સ્ત્રીઓનાં વસ્ત્રો ખેંચી ચીરવા લાગ્યો. બળવાન અને મદથી ઉદ્ધત તે વાનરે એ રીતે બળદેવજીને ન ગણકારી તેમનું અપમાન કર્યું, તેનો એ અવિનય તથા તેણે દેશોને હેરાન કરેલા જોઈ બળદેવજી કોપી ઊઠયા. તેમણે એ શત્રુનો નાશ કરવાની ઈચ્છાથી મુસળ તથા હળ લીધાં, એટલે મહાપરાક્રમી દ્વિવિદે પણ સાગનું ઝાડ હાથથી ઉગામી વેગથી સામે ધસીને બળદેવના મસ્તક પર તેનો પ્રહાર કર્યો. બળવાન બળદેવે મસ્તક ઉપર પડતા તે ઝાડને પર્વતની પેઠે સામેથી ઝીલી લીધું ને તે વાનરને મુસળ માર્યું. મુસળના મારથી તે વાનરના મસ્તકનો ભાગ તૂટી ગયો અને તેમાંથી વહેતી લોહીની ધારાથી પર્વત જેમ ગેરુથી શોભે, તેમ તે શોભવા લાગ્યો. તેણે એ મુસળના મારને ન ગણી ફરી બીજું ઝાડ ઉઠાવ્યું ને બળથી તેને પાંદડાં વિનાનું કરી અત્યંત ક્રોધાયમાન થઈ બળદેવજીને તે ઝાડ માર્યુ. પરંતુ બળદેવજીએ તે ઝાડના સેંકડો ટુકડા કરી નાખ્યા. પછી તે વાનરે ક્રોધથી બીજું ઝાડ માર્યું, ત્યારે તેના પણ બળરામે સેંકડો ટુકડા કરી નાખ્યા. એમ વારંવાર બળદેવજી ઝાડો ભાંગવા લાગ્યા. ત્યારે ચોતરફથી ઝાડ ઉખાડી ભગવાન બળરામ સાથે યુદ્ધ કરતા તે વાનરે આખું વન ઝાડ વિનાનું કર્યું. પછી અત્યંત ક્રોધે ભરાઈ તેણે બળદેવજી ઉપર પથ્થરોનો વરસાદ વરસાવવા માંડયો, પણ બળદેવજીએ રમતમાત્રમાં જ તે સર્વના ભૂકા કર્યા. પછી એ વાનરરાજાએ તાડ જેવા બંને બાહુઓની મુઠ્ઠીઓ વાળી બળદેવજી પાસે જઈ તેમની છાતીમાં તે મારી એટલે યાદવેન્દ્ર બળદેવજીએ પણ ક્રોધે ભરાઈને મુસળ તથા હળ છોડી બંને હાથની મુઠ્ઠીઓથી જ તેની હાંસડીમાં પ્રહાર કર્યો, જેથી તે વાનર લોહી ઓકતો પૃથ્વી પર પડ્યો. હે કુરુસિંહ રાજા ! વાયુને લીધે જળમાં જેમ નૌકા કંપે, તેમ પડતા તે વાનરથી જળાશય, ગુફાઓ તેમ જ વનસ્પતિઓ સાથે આખો પર્વત કંપી ઊઠ્યો અને આકાશમાં પુષ્પોની વૃષ્ટિ કરતા દેવો, સિદ્ધો તથા મુનીન્દ્રોનો જય શબ્દ, નમસ્કારનો શબ્દ તથા સારું થયું,' સારુ થયું' એવા શબ્દો થવા લાગ્યા. એમ જગતનો નાશ કરી રહેલા તે દ્વિવિદ વાનરનો નાશ કરી લોકોથી સ્તુતિ કરાતા ભગવાન બળદેવજી પોતાના નગરમાં દાખલ થયા. ૧-૨૮

एवं निहत्य द्विविदं जगद्व्यतिकरावहम् । संस्तूयमानो भगवाञ्जनैः स्वपुरमाविशत ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૭ સમાપ્ત.*

# અધ્યાય-૬૮

## કૌરવો પર બલરામજીનો કોપ અને સાંબના લગ્ન

॥ श्रीशुक उवाच ॥

दुर्योधनसुतां राजन् लक्ष्मणां समितिंजयः । स्वयंवरस्थामहरत् साम्बो जाम्बवतीसुतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! યુદ્ધમાં જીતનારો જાંબવતીનો પુત્ર સાંબ સ્વયંવરમાં રહેલી દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને હરી ગયો. તેથી કોપેલા કૌરવો કહેવા લાગ્યાઃ 'આ છોકરો ઉદ્ધત છે. તેણે આપણને ન ગણી, ન ઈચ્છતી કન્યાને બળાત્કારે હરી છે; માટે આ ઉદ્ધત છોકરાને કેદ કરો; યાદવો આપણને શું કરવાના છે ? તેઓ આપણી કૃપાથી જ આપણે આપેલી સમૃદ્ધિવાળી ભૂમિ ભોગવે છે. (એ કંઈ રાજા નથી.) પુત્રને કેદ પકડાયેલા સાંભળી યાદવો અહીં આવશે, તો ગર્વરહિત થઈ, પ્રાણાયામ વગેરેથી સારી રીતે વશ કરેલી ઈન્દ્રિયોની પેઠે શાંત થશે.' આમ પરસ્પર કહી કુરુવૃદ્ધ ભીષ્મની સંમતિ પામેલા કર્ણ, શલ, ભૂરિ, યજ્ઞકેતુ તથા દુર્યોધન સાંબને કેદ કરવા તૈયાર થયા. મહારથી સાંબ પાછળ દોડી આવતા કૌરવોને જોઈ સુંદર ધનુષ્ય લઈ સિંહની પેઠે એકલો ઊભો રહ્યો. એટલે તેને કેદ પકડવા ઈચ્છતા કર્ણ વગેરે ધનુર્ધારીઓ કોપાયમાન થઈ, 'ઊભો રહે, ઊભો રહે' એમ કહેતા તેના પર બાણ વરસાવવા લાગ્યા. હે કુરુશ્રેષ્ઠ ! કૌરવોએ એ પ્રમાણે પડકારેલો ભગવાનનો પુત્ર યદુનંદન સાંબ ક્ષુદ્ર મુગલાંઓએ પડકારેલા, બાળસિંહની પેઠે તે સહન કરી શક્યો નહિ. તે વીર સુંદર ધનુષ્યનો ટંકાર કરી કર્ણ વગેરે છયે રથીઓને જુદાં જુદાં તેટલાં જ બાણ મારી એકીસાથે વીંધી નાખ્યા. વળી ચાર ચાર બાણોથી તેઓના ચાર ચાર ઘોડાઓને, એક એક બાણથી સારથિઓને તથા એક એક બાણ વડે મોટા ધનુર્ધારી તે રથીઓને વીંધ્યા, તેના એ કર્મની મહારથીઓએ સામેથી પ્રશંસા કરી. પછી તેઓએ સાંબને રથરહિત કર્યો, ચાર જણાએ તેના ચાર ઘોડા મારી નાખ્યા; એકે તેના સારથિને માર્યો અને એકે તેનું ધનુષ્ય કાપી નાખ્યું. એમ ઘણી મુશ્કેલીએ યુદ્ધમાં તેને રથરહિત કરી તેને કેદ કરી વિજયી થયેલા કૌરવો તે કુમારને તથા કન્યાને લઈ પોતાના નગરમાં દાખલ થયા. હે રાજન્ ! નારદજી પાસેથી આ સમાચાર સાંભળી યાદવો ક્રોધાયમાન થયા. તેઓએ ઉગ્રસેનની આજ્ઞાથી કૌરવ સામે ચડાઈ કરવા તૈયારી કરી. એટલે તૈયાર થયેલા તે મોટા યાદવોને બળરામે શાંત પાડ્યા, કેમ કે કળિયુગના મેલનો નાશ કરનારા બળદેવજી કૌરવો તથા યાદવો વચ્ચે કલેશ ઈચ્છતા ન હતા. તે સૂર્ય સમાન તેજસ્વી રથમાં બેસી ગ્રહોથી વીંટાયેલા ચંદ્રની પેઠે કુલવૃદ્ધ બ્રાહ્મણો સાથે હસ્તિનાપુર ગયા. ત્યાં જઈ બળરામ બહારના બગીચામાં રહ્યા અને કૌરવોનો અભિપ્રાય જાણવાની ઈચ્છાથી તેમણે ઉદ્ધવજીને ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યા. ઉદ્ધવજીએ ધૃતરાષ્ટ્રને, ભીષ્મને, દ્રોણાચાર્યને, બાહ્‌લીકરાજાને તથા દુર્યોધનને વિધિ પ્રમાણે પ્રણામ કરી, 'બળરામ આવ્યા છે' એમ જણાવ્યું. એટલે તેઓ બધા પરમસ્નેહી બળરામને આવેલા સાંભળી ઘણું પ્રસન્ન થયા અને ઉદ્ધવજીનો સત્કાર કરી, હાથમાં માંગલિક ભેટ લઈ બળરામની સામા ગયા, યોગ્યતા પ્રમાણે બળરામને મળી તેઓએ અતિથિસત્કારરૂપે એક ગાય તેમ જ અર્ધ્ય બળદેવજીને અર્પણ કર્યું ને તેમનો પ્રભાવ જાણતા તેઓ (વૃદ્ધ છતાં) તેમને મસ્તક વડે નમ્યા. પછી પરસ્પર સગાંસંબંધીઓનું કુશળક્ષેમ સાંભળી એકબીજાનું આરોગ્ય તથા કુશળક્ષેમ પૂછી બળરામ આવું નિર્ભય વચન બોલ્યા : 'સર્વ સમર્થ રાજાધિરાજ ઉગ્રસેન તમને જે આજ્ઞા કરે છે, તે સાંભળી અવ્યગ્ર બુદ્ધિવાળા તમે અમલમાં મૂકો, વિલંબ ન કરો. (તેમની આ

આજ્ઞા છે કે) તમે ઘણાઓએ એકલા ધર્મયુક્ત સાંબને અધર્મથી કેદ કર્યો છે, તે આપણે સંબંધીઓમાં એકતા રહે એ ઈચ્છાથી મેં સહન કર્યું છે (પણ હવે તમે તેને જલદી સોંપી દો),

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રભાવ, ઉત્સાહ તથા બળથી પૂર્ણ અને પોતાની શક્તિને ઘટે તેવું બળદેવનું એ વચન સાંભળી અત્યંત કોપેલા કૌરવો બોલ્યા : 'અહો ! આ મોટું આશ્ચર્ય છે. કાળની ગતિ દુર્લંઘ્ય છે ! કારણ કે ખાસડું પણ મુકુટથી સેવાયેલા મસ્તક પર ચડવા ઈચ્છે છે. આ યાદવો (કુંતીના વિવાહના સંબંધને લીધે) આપણી સાથે સંબંધવાળા થયા છે અને તેથી જ સૂવું, બેસવું તથા જમવું વગેરે આપણી સાથે કરી આપણે જ તેઓને આપણી સમાન કક્ષાના કર્યા છે. વળી તેઓને રાજસિંહાસન પણ આપણે જ આપ્યું છે. આપણી દયા અથવા ઉપેક્ષા થી જ ચામરો, પંખા, શંખ, ઉજ્જવળ છત્ર, મુકુટ, રાજ્યાસન તથા શય્યાનો ઉપયોગ કરે છે. પણ હવે યાદવો પાસે રાજાનાં ચિહ્નો રહેવાં ન જોઈએ; કારણ કે તે સાપને પાયેલા અમૃત ની પેઠે ઊલટાં આપણું જ પ્રતિકૂળ કરનાર થયાં છે. ખેદની વાત છે કે જે યાદવો આપણી કૃપાથી સમૃદ્ધિવાન બન્યા છે, તે જ નિર્લજ્જ થઈ આજે આપણને આજ્ઞા કરે છે ! (પણ તેઓ એમ નથી જાણતા કે) જેમ સિંહનો ગ્રાસ બકરુ છીનવી શકે નહિ, તેમ ભીમ, દ્રોણ તથા અર્જુન વગેરે કૌરવોએ ન આપેલી વસ્તુ ઈંદ્ર પણ લઈ શકતો નથી !

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતશ્રેષ્ઠ રાજા ! ઉચ્ચ કુળમાં જન્મ તથા સગાંસંબંધીઓથી યુક્ત ધનસંપત્તિથી ઉત્કટ મદવાળા બનેલા તે અસભ્ય કૌરવો બળદેવજીને એવાં કઠોર વાક્ય સંભળાવી હસ્તિનાપુર પાછા ફર્યા, એટલે બળરામ કૌરવોનો તે સ્વભાવ અને તેનાં ન કહેવા જેવાં વચનો સાંભળી, ક્રોધથી તમતમી ઊઠ્યા. એ વખતે તેમની સામે પણ જોઈ શકાતું ન હતું. તેઓ વારંવાર જોરથી હસતાં બોલ્યાઃ 'ખરેખર, અનેક જાતના મદથી છકેલા દુષ્ટો શાંતિ ઈચ્છતા જ નથી. તેઓને તો પશુઓને ધોકાની પેઠે દંડ જ શાંત કરનાર થાય છે. અહો ! અત્યંત આવેશમાં આવેલા યાદવોને તથા શ્રીકૃષ્ણને શાંત પાડી હું કૌરવો અને યાદવોમાં શાંતિ રહે એ ઈચ્છાથી અહીં આવ્યો. પણ આ મંદબુદ્ધિ કૌરવો કલેશ ઉપર જ પ્રીતિવાળા અને દુષ્ટ છે. આ અભિમાનીઓએ મારું પણ અપમાન કરી મને વારંવાર દુષ્ટ વાક્યો કહ્યાં છે. ઈન્દ્ર વગેરે લોકપાલો પણ જેમની આજ્ઞામાં વર્તે છે તે ભોજ, વૃષ્ણિ તથા અંધકકુળના રાજા ઉગ્રસેન આ લોકોની દૃષ્ટિએ રાજા જ નથી ! જેમણે દેવોની સુધર્મા સભા પોતાને આધીન કરી છે અને દેવોના કલ્પવૃક્ષ પારિજાતને આણી જેઓ તેનો ઉપયોગ કરે છે તે શ્રીકૃષ્ણ (આ લોકોની દૃષ્ટિએ) રાજ્યાસનને યોગ્ય નથી ! સર્વ સંપત્તિઓની અધીશ્વરી સાક્ષાત્ લક્ષ્મીદેવી જેમનાં બંને ચરણ સેવે છે, તે શ્રીકૃષ્ણ (આ લોકોની દૃષ્ટિએ) રાજચિહ્નોને લાયક જ નથી ! જેઓએ તીર્થો સેવ્યાં હોય એવા યોગીઓને પણ જે તીર્થરૂપ છે; એવી જેમના ચરણકમળની રજને સમગ્ર લોકપાલો પોતાના ઉત્તમ મુકટ પર ધરે છે અને બ્રહ્મા, શંકર, હું તથા લક્ષ્મી જેમના એક અંશોના પણ અંશરૂપ હોઈ જેમના ચરણકમળની રજને ચિરકાલ મસ્તકે ધરીએ છીએ, તે શ્રીભગવાન પણ (આ લોકોની દૃષ્ટિએ) રાજસિંહાસનને યોગ્ય ક્યાં છે ? યાદવો તો કૌરવોએ આપેલો પૃથ્વીનો એક ટુકડો ભોગવે છે ! અહો ! અમે યાદવો ખાસડાં જેવા અને કૌરવો પોતે મસ્તક બરાબર ! અહો ! દારૂ વગેરે પીને ગાંડા બનેલાઓની પેઠે ઐશ્વર્યથી છકેલા આ અભિમાનીઓની આવી અસંબદ્ધ અને કઠોર વાણી તેમને શિક્ષા કરવાને સમર્થ ક્યો પુરુષ સહન કરે ? આજે હું પૃથ્વીને કૌરવો વિનાની કરીશ.' આમ ક્રોધાયમાન થઈ ત્રણે જગતને જાણે બાળી નાખતા હોય તેમ બળદેવજી

હાથમાં હળ લઈ ઊભા થયા. અને હળની અણીથી હસ્તિનાપુરને ઉખેડી ગંગામાં ફેંકી દેવા તૈયાર થઈ ક્રોધથી ખેંચવા લાગ્યા. એ વેળા ગંગામાં પડતું હસ્તિનાપુર જળમાં રહેલી નૌકાની પેઠે ડગમગતું ખેંચાવા લાગ્યું. તે જોઈ કૌરવો ગભરાયા ને જીવવાની ઈચ્છાથી કુટુંબો સાથે બળદેવજીને જ શરણે ગયા અને લક્ષ્મણા સાથે સાંબને આગળ કરી બે હાથ જોડી તે પ્રભુને કહેવા લાગ્યાઃ 'હે રામ ! ઓ બળરામ ! હે સર્વના આધાર ! અમે આપનો પ્રભાવ જાણતા નથી. અમે મૂઢ અને દુષ્ટબુદ્ધિ છીએ તો અમારો અપરાધ ક્ષમા કરવા આપ યોગ્ય છો. વિદ્વાનો કહે છે કે, જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશનું કારણ આપ એક જ છો અને હે સર્વશકિતમાન પ્રભો ! આપ સ્વયં કોઈ ના પણ આશ્રયરહિત રહેલા છો. આ લોકો તો આપને રમવાનાં રમકડાં છે. હે હજાર મસ્તકવાળા અનંત ! આપ જ આ ભૂમંડળને પોતાના મસ્તક પર લીલા વડે ધારણ કરો છો અને પ્રલયકાળે સર્વ જગતને પોતામાં લીન કરી આપ એક જ બાકી રહી સૂઓ છો. હે ભગવન્ ! સત્ત્વગુણ ધારણ કરતા આપનો કોપ સમગ્રને શિક્ષણ આપવા હોય છે, પરંતુ દ્વેષ કે મત્સરથી આપને કોપ થતો જ નથી; કેમ કે આપનો કોપ (આપે બાંધેલી) મર્યાદાઓનું પાલન કરવામાં જ તાત્પર્યવાળો છે. હે સર્વ પ્રાણીઓના આત્મા ! ! હે સર્વ શકિત ધરનાર ! અવિનાશી ! આપને અમારા નમસ્કાર છે. હે વિશ્વકર્મા ! આપને મારા નમસ્કાર છે. અમે આપને શરણે આવ્યા છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શહેર કંપી જતાં ભયભીત થઈને શરણે આવેલા કૌરવોએ બળદેવજીને પ્રસન્ન કર્યા; એટલે 'ડરશો મા' એમ કહી તેમણે અભયદાન આપ્યું. પછી પુત્રી પર પ્રેમવાળા દુર્યોધને સાઠ વર્ષની વયના બારસો હાથીઓ, એક લાખને વીસ હજાર ઘોડા, સૂર્યની પેઠે ઝળહળતા સોનાના છ હજાર રથો તેમ જ સોનાની કંઠીઓવાળી એક હજાર દાસીઓ પુત્રીને પહેરામણીમાં આપી. યાદવશ્રેષ્ઠ ભગવાન બળદેવજી તે બધું સ્વીકારી પુત્ર તથા પુત્રવધુ સાથે સંબંધીઓનાં અભિનંદન પામી દ્વારકા તરફ વિદાય થયા. પોતાના નગરમાં પ્રવેશ કરી પ્રેમાળ મનવાળા સંબંધીઓને મળી, શ્રેષ્ઠ યાદવોની સભા વચ્ચે કૌરવો તરફ પોતે જે વર્તન કર્યું હતું, તે સર્વ બળદેવજીએ કહ્યું. હજી સુધી પણ બળદેવજીના તે પરાક્રમને સૂચવતું હસ્તિનાપુર દક્ષિણ તરફથી ઊંચું અને ગંગા તરફ ઢળતું દેખાય છે. ૧-૫૪

अद्यापि च पुरं ह्येतत्सूचयद्रामविक्रमम् । समुन्नतं दक्षिणतो गङ्गायामनुदृश्यते ॥५४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૮ સમાપ્ત.*

## અધ્યાય-૬૯

## રાણીઓના પ્રત્યેક ઘરમાં શ્રીકૃષ્ણને જોઈ નારદજી આશ્ચર્ય પામ્યા

॥ श्रीशुक उवाच ॥

नरकं निहतं श्रुत्वा तथोद्वाहं च योषिताम् । कृष्णेनैकेन बह्वीनां तद्दिदृक्षुः स्म नारदः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** નરકાસુરને મરાયેલો તેમ જ અનેક સ્ત્રીઓનો એક શ્રીકૃષ્ણ સાથે વિવાહ સાંભળી નારદને તે જોવાની ઈચ્છા થઈ તે વિચારવા લાગ્યાઃ 'એક જ શ્રીકૃષ્ણ એક જ શરીરથી જુદાં જાદાં અનેક ઘરમાં એક વખતે સોળ હજાર સ્ત્રી પરણ્યા, આ મોટું આશ્ચર્ય છે !' આમ ઉત્સુક થઈ દેવર્ષિ નારદ દ્વારકામાં એ જોવા ચાલ્યા. (એ નગરી પુષ્પોથી ખીલેલાં ઉપવનોમાં તથા બાગ—બગીયાઓમાં ગુંજારવ કરતા) ભમરાઓનાં ટોળાંથી ગાજતી હતી; પ્રફુલ્લ ઈંદીવર, અંભોજ, કલ્લાર, કુમુદ તથા ઉત્પલ જાતિનાં કમળોથી વ્યાપ્ત સરોવરોમાં હંસો તેમ જ સારસ પક્ષીઓ મોટેથી શબ્દો કરતાં હતાં. ઉત્તમ મરકતમણિથી પ્રકાશતાં અને સુવર્ણ તથા રત્નજડિત રાચરચીલાંવાળા સ્ફટિકમણિના તથા રૂપાના નવ

લાખ મહેલો ત્યાં હતા. જુદા જુદા વિભાગમાં રહેલા રાજમાર્ગો, સામાન્ય માર્ગો, ચૌટાં, બજારો, શાળાઓ, સભાઓ તથા દેવાલયોથી તે નગરી સુંદર જણાતી હતી. તેના માર્ગો, આંગણાં, શેરીઓ તથા ડેલીઓ જળ વડે છંટાયાં હતાં અને ફરકતી પતાકાઓ તથા ધજાઓ વડે ત્યાં તડકો રોકાયો હતો. એ દ્વારકાની વચ્ચે રહેલું શ્રીકૃષ્ણનું અંતઃપુર શોભાયમાન અને સર્વ લોકપાલોથી સેવાયેલું હોઈ, તેમાં વિશ્વકર્માએ પોતાની બધી કારીગરીની કુશળતા બતાવી હતી. વળી તે શ્રીકૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓના મહેલોથી શોભતું હતું. તેમાં સૌથી મોટા એક મહેલમાં નારદજીએ પ્રવેશ કર્યો. મહેલને વૈદૂર્યમણિની ઉત્તમ કુંભીઓવાળા વિદ્રુમમણિના થાંભલાઓ હતા. તેની ભીંતો અને અંદરની ભૂમિ પણ ઈન્દ્રનીલમણિની હતી, તે મહેલમાં લટકતી મોતીની માળાવાળા વિશ્વકર્માએ બનાવેલા ચંદરવા હતા. ઉત્તમ મણિઓથી જડેલી હાથીદાંતની ખુરશીઓ તથા પલંગો ત્યાં ગોઠવેલાં હતાં અને ગળામાં કંઠીઓ પહેરતી સુંદર વસ્ત્રોવાળી દાસીઓ તથા જામા, પાઘડીઓ, ઉત્તમ વસ્ત્રો અને મણિજડિત કુંડળો પહેરતા દાસોથી તે મહેલ સુશોભિત હતો. વળી હે રાજા ! રત્નોના અનેક દીવાઓની કાંતિઓએ તેમાંથી અંધારું દૂર કર્યું હતું અને એ મહેલની અંદર કરેલા અગરના ધૂપને જાળિયાંમાંથી બહાર નીકળતો જોઈ ‘આ મેઘ છે’ એવી બુદ્ધિ વાળા મયુરો તે મહેલની છાજલી પર (બેસી) મોટેથી ગર્જનાઓ કરતા નાચતા હતા. એ મહેલમાં પોતાના જેવા ગુણ, રૂપ, વય તેમ જ સુંદર વેષવાળી હજાર દાસીઓ સાથે સુવર્ણના દાંડાવાળાં ચામર તથા પંખા વડે યાદવપતિ ભગવાનને નિત્ય પવન ઢોળતી સ્ત્રી રુકિમણી સાથે શ્રીકૃષ્ણને નારદજીએ જોયા. સમગ્ર ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ તે નારદજીને જોઈ એકદમ રુકિમણીના પલંગ ઉપરથી ઊભા થયા અને બે હાથ જોડી મુકુટધારી મસ્તકથી તેમના બંને ચરણમાં પ્રણામ કરી તેમને પોતાના આસન ઉપર બેસાડ્યા. પછી જેમનું ચરણોદક—ગંગા સમગ્ર તીર્થસ્વરૂપ છે એવા જગતના મહાન ગુરુ અને સજ્જનોના પાલક છતાં શ્રીકૃષ્ણે નારદજીના બંને ચરણ ધોઈ તે જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું, એ ઉપરથી ગુણો વડે પડેલું તેમનું ‘બ્રહ્મણ્યદેવ’ એવું નામ યોગ્ય જ હતું. પછી નરના મિત્ર પુરાણઋષિ નારાયણે (શ્રીકૃષ્ણે) દેવર્ષિઓમાં શ્રેષ્ઠ નારદજીની શાસ્ત્રોકત વિધિથી પૂજા કરી અમૃતતુલ્ય મીઠા પરંતુ થોડા શબ્દોથી તેમની સાથે વાતચીત કરી કહ્યું : ‘હે પ્રભો ! કહે, અમે આપ ભગવાનનું કયું કાર્ય કરીએ ?’

**નારદજી બોલ્યા :** હે વ્યાપક પરમાત્મા ! હે સમગ્ર લોકોના નાથ ! આપ વિષે આ કંઈ આશ્ચર્ય નથી કે, આપ સકળ મનુષ્યો સાથે મિત્રતા રાખો છો ને દુષ્ટોને શિક્ષા કરો છો, કારણ કે સમગ્ર પ્રાણીઓએ ગાવા યોગ્ય હે દેવ ! અમે સારી રીતે જાણીએ છીએ કે, આપનો આ સ્વેચ્છાવતાર જગતના રક્ષણ તથા પાલન સાથે તેના કલ્યાણ માટે પણ છે. હે પ્રભો ! આપનું ચરણયુગલ ભકતજનોને મોક્ષ આપનારુ છે અને અગાધ જ્ઞાનવાળા બ્રહ્માદિ દેવોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય છે. સંસારરૂપી કૂવામાં પડેલાંઓને તે બહાર નીકળવામાં આધારરૂપ છે, તેના મને દર્શન થયાં (તેથી હું કૃતાર્થ જ છું;) તોપણ આપનું મને સ્મરણ રહે, તે રીતે આપ મારા પર કૃપા કરો; જેથી આપનાં ચરણયુગલનું ધ્યાન કરતો ફર્યા કરું.

પછી હે રાજા ! યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણની યોગમાયા જાણવાની ઈચ્છાથી નારદજીએ શ્રીકૃષ્ણની બીજી સ્ત્રીના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ શ્રીકૃષ્ણને પોતાની સ્ત્રી સાથે તથા ઉદ્ધવજી સાથે પાસાઓથી રમતા તેમણે જોયા અને ત્યાં પણ શ્રીકૃષ્ણે પરમ ભકિતપૂર્વક સામે ઊભા થવું, આસન આપવું વગેરેથી નારદજીનો સત્કાર કર્યો; તેમ જ જાણે કંઈ જાણતા જ ન હોય તેમ પૂછ્યુંઃ ‘આપ કયારે પધાર્યા

છો ? આપ પૂર્ણ છો અને અમે તો અપૂર્ણ છીએ; તેથી અમે આપનું કર્યું કાર્ય કરી શકીએ ? તોપણ હે બ્રહ્મન્ ! આપ આજ્ઞા કરો અને મારો આ જન્મ સફળ કરો.' નારદજી તો આશ્ચર્ય જ પામ્યા. તેઓ ચૂપચાપ ઊભા થઈ ત્યાંથી વળી બીજે ઘેર ગયા; ત્યાં પણ શ્રીકૃષ્ણને નાનાં બાળકો રમાડતા જોયા. પછી ત્યાંથી બીજે ઘેર ગયા તો ત્યાં શ્રીકૃષ્ણને સ્નાન કરવાની તૈયારી કરતા જોયા; ત્યાંથી બીજે ગયા તો આહવનીય આદિ અગ્નિઓનું (અગ્નિહોત્રથી) યજન કરતા જોયા અને ત્યાંથી બીજે ગયા તો પાંચ મહાયજ્ઞો કરતા જોયા. વળી કોઈ ઘેર બ્રાહ્મણોને જમાડી બાકી રહેલું જમતા, કોઈ ઘેર સંધ્યોપાસન કરતા, કોઈ ઘેર મૌન રહી ગાયત્રીજપ કરતા, કોઈ ઘેર ઢાલ અને તલવાર ઘુમાવતા દાવ બતાવતા, ઘૂમતા, અને કોઈ ઘેર ઘોડા, હાથી તથા રથ પર બેસી ફરતા શ્રીકૃષ્ણને જોયા. કોઈ ઘેર પલંગ પર પોઢેલા અને બંદીજનોથી સ્તુતિ કરાતા જોયા; કોઈ ઘેર ઉદ્ધવ આદિ મંત્રીઓ સાથે મંત્રણા કરતા અને કોઈ ઘેર સ્ત્રીઓથી વીંટળાઈને જળક્રીડા કરવામાં તત્પર જોયા. કોઈ ઘેર સારી રીતે શણગારેલી ગાયનાં ઉત્તમ બ્રાહ્મણોને દાન કરતા, કોઈ ઘેર માંગલિક ઈતિહાસ તથા પુરાણો સાંભળતા, કોઈ ઘેર પ્રિયા સાથે હાસ્યકથા વડે હસતા, કોઈ ઘેર ધર્મ સેવતા, કોઈ ઘેર અર્થ તેમ જ કામ સેવતા, કોઈ ઘેર એકલા બેસી પ્રકૃતિથી પર પુરુષનું ધ્યાન કરતા, કોઈ ઘેર કામનાઓ ભોગો તથા પૂજા વડે વડીલોની સેવા કરતાં, કોઈ ઘેર કોઈ સાથે વિરોધ કરતા અને કોઈ ઘેર કોઈ સાથે સંધિ કરતા શ્રીકૃષ્ણને જોયા. વળી કોઈ ઘેર બળરામ સાથે સત્પુરુષોનાં કલ્યાણનો વિચાર કરતા, કોઈ ઘેર પુત્રોને યોગ્ય સ્ત્રીઓ સાથે તથા પુત્રીઓને યોગ્ય વરોની સાથે સમય પ્રમાણે અને વિધિપૂર્વક ઠાઠથી પરણાવતા અને કોઈ ઘેર પુત્રી-જમાઈ વગેરેને વળાવવા તથા બોલાવવા વગેરે કારણથી મહોત્સવ કરતા જોયા. યોગેશ્વર શ્રીકૃષ્ણના એ મહોત્સવો જોઈ લોક વિસ્મય પામતા હતા. વળી કોઈ ઘેર મોટા યજ્ઞોથી સમગ્ર દેવોનું યજન કરતા, કોઈ ઘેર કૂવા, બગીચા તથા ધર્મશાળાઓ બંધાવી પૂર્ત ધર્મ આચરતા. કોઈ ઘેર સિંધુ દેશના ઘોડા પર સવાર થઈ મોટા યાદવો સાથે મૃગયા કરવા જતા અને ત્યાં યજ્ઞ માટેનાં મેધ્ય લેવા જતા જોયા. તેમ જ કોઈ ઘેર જુદા જુદા વેષમાં ગુપ્ત રહી, પ્રધાનમંડળમાં તથા અંતઃપુરનાં ઘર વગેરેમાં જેના તેના ભાવો જાણવાની ઈચ્છાથી ફરતા યોગેશ્વર શ્રીકૃષ્ણને નારદજીએ જોયા. પછી માનુષી શરીરચેષ્ટા ધારણ કરતા શ્રીકૃષ્ણની યોગમાયાનો એ વૈભવ જોઈ, નારદજી જાણે હસતા હોય તેમ મુખ મલકાવી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા : 'હે યોગેશ્વર ! આપની યોગમાયા બ્રહ્મા વગેરે મોટા મોટા માયા ધારીઓથી પણ જાણવી મુશ્કેલ છે. તે આપની યોગમાયા આપના ચરણની સેવાથી મારા મનમાં કંઈક જણાય છે. (પણ આપનું પરમાર્થ સ્વરૂપ અમે જાણી શકતા નથી.) હે દેવ ! હવે આપ મને જવાની રજા આપો, એટલે હું જગતને પવિત્ર કરનારી આપની લીલા ગાતો આપના યશ વડે વ્યાપ્ત આ સર્વ લોકોમાં ફર્યા કરું.'

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રહ્મન્ ! હું ધર્મનો વકતા, કર્તા અને અનુમોદન આપનાર છું માટે લોકોને શિક્ષણ આપવા માટે જ આ ધર્મ આચરું છું, નહિ કે વાસ્તવિક રીતો માટે હે પુત્ર ! તું ખેદ કર મા—મોહિત ન થા.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે ગૃહસ્થાશ્રમીઓના ઉત્તમ પવિત્ર ધર્મોને આચરતા તે એક જ શ્રીકૃષ્ણને પ્રત્યેક ઘરની અંદર રહેતા નારદજીએ જોયા હતા અને અનંત પરાક્રમવાળા શ્રીકૃષ્ણની યોગમાયાનું એ પરમ ઐશ્વર્ય વારંવાર જોઈ નારદ ઋષિને કૌતુક તથા વિસ્મય થયાં હતાં. એમ અર્થ, કામ તથા ધર્મમાં શ્રદ્ધાળુ મનવાળા શ્રીકૃષ્ણે નારદજીનો સારી રીતે સત્કાર કર્યો. એટલે પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણનું

જ સ્મરણ કરતા તે ત્યાંથી ગયા. હે રાજા ! એ રીતે મનુષ્યને કર્તવ્યમાર્ગનું આચરણ કરતા નારાયણે સર્વના કલ્યાણ માટે અનેક મૂર્તિઓ રૂપી શકિતઓ સ્વીકારી, સોળ હજાર સ્ત્રીઓની લજજાયુકત પ્રેમદૃષ્ટિથી તથા હાસ્યથી સેવાઈને તે સાથે ક્રીડા કરી હતી. હે રાજા ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ શ્રીહરિએ જે જે અસાધારણ કર્મો કર્યા છે, તેને જે મનુષ્ય ગાય, સાંભળે કે અનુમોદન આપે, તેને મોક્ષદાતા શ્રીભગવાનમાં ભકિત થાય છે. ૧-૪૫

यानीह विश्वविलयोद्भववृत्तिहेतुः कर्माण्यनन्यविषयाणि हरिश्चकार ।
यस्त्वङ्ग गायति शृणोत्यनुमोदते वा भक्तिर्भवेद्भगवति ह्यपवर्गमार्गे ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૬૯ સમાપ્ત.*

## અધ્યાય-૭૦

## જરાસંધે કેદ કરેલા રાજાઓના દૂતનો સંવાદ

॥ श्रीशुक उवाच ॥

अथोपस्युपवृत्तायां कुक्कुटान् कूजतोऽशपन् । गृहीतकंठ्यः पतिभिर्माधव्यो विरहातुराः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે પ્રાતઃકાળ થવા આવતો અને કૂકડા બોલવા લાગતા, ત્યારે રાત્રે શ્રીકૃષ્ણ કંઠમાં આલિંગન આપેલી તેમની સ્ત્રીઓ તેમનાથી વિખૂટા થવું પડશે એમ જાણી વ્યાકુળ થઈ કુકડાઓને ગાળો દેવા લાગતી. કલ્પવૃક્ષ વનના વાયુઓથી (આનંદ પામી) ભમરા ગુંજારવ કરવા લાગતા અને ત્યારે નિદ્રારહિત થયેલાં પક્ષીઓ બંદીજનોની પેઠે શ્રીકૃષ્ણને જગાડતાં હોય તેમ કલરવ કરવા લાગતાં. એ પ્રભાતનો સમય જોકે અત્યંત સુંદર હતો, તોપણ પતિ શ્રીકૃષ્ણના બે બાહુઓ વચ્ચે રહેલાં રકિમણી પતિને આલિંગનથી વિયોગ થશે, એમ વિચારી તે સુંદર અને પવિત્ર બ્રાહ્મમુહૂર્તને પણ સહન કરી શકતાં નહીં. પછી શ્રીકૃષ્ણ બ્રાહ્મમુહુર્તમાં ઊઠી હાથપગ ધોઈ જળનું આચમન કરી, પ્રસન્નચિત્તે પોતાના સ્વરૂપનું ધ્યાન કરવા લાગતા. જે સ્વરૂપ પ્રકૃતિથી પર એક સ્વયંપ્રકાશ, ઉપાધિરહિત, નિત્ય સ્વભાવથી જ સદા અવિદ્યારહિત, 'બ્રહ્મ' નામવાળું અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશનું કારણ, પોતાની સત્ત્વગુણ રમાદિ શકિતઓથી જણાયેલા અસ્તિત્વવાળું તથા આનંદયુકત છે. પછી નિર્મળ જળમાં સ્નાન કરી બે વસ્ત્રો પહેરી સર્વશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ સંધ્યોપાસન વગેરે સર્વ ક્રિયાસમુદાય તથા અગ્નિહોત્ર કરી મૌન રહી ગાયત્રીજપ કરતા. પછી આત્મજ્ઞાની શ્રીકૃષ્ણ ઉદય પામતા સૂર્યનું ઉપસ્થાન કરી, પોતાના અંશરૂપ દેવો, ઋષિઓ તથા પિતૃઓને તૃપ્ત કરતા ને પછી વૃદ્ધો તથા બ્રાહ્મણોની પૂજા કરતા. સુવર્ણથી મઢેલાં શિગડાંવાળી, રૂપાથી મઢેલી ખરીઓવાળી, સારા સ્વભાવની, મોતીઓની માળાઓવાળી, દૂઝણી, એક વખત વિયાયેલી વાછરડાં સહિત તથા ઉત્તમ વસ્ત્રો પહેરાવેલી તેર હજાર ને ચોરાશી ગાયો તેઓ દરરોજ શણગારેલા બ્રાહ્મણોને રેશમી વસ્ત્ર, મૃગચર્મ તથા તલ સાથે આપતા. પછી પોતાની વિભૂતિરૂપ ગાયો, બ્રાહ્મણો, દેવો, વૃદ્ધો, ગુરુઓ તથા સર્વ પ્રાણીઓને નમસ્કાર કરી, ભગવાન માંગલિક વસ્તુઓનો સ્પર્શ કરતા. હે પરીક્ષિત ! જોકે ભગવાનના શરીરનું સ્વાભાવિક સૌંદર્ય જ મનુષ્યલોકનો અલંકાર છે, તો પણ તેઓ પોતાનાં પીતાંબર વગેરે દિવ્ય વસ્ત્રો, કૌસ્તુભ વગેરે આભૂષણો, પુષ્પમાલા, ચંદન, દિવ્ય અંગરાગ વગેરેથી પોતાને વિભૂષિત કરતા. પછી ઘી, દર્પણ, ગાયો, બળદો, બ્રાહ્મણો તથા દેવોનાં દર્શન કરતા, શહેરના તથા અંતઃપુરના સર્વ વર્ણના લોકોની ઈચ્છા પ્રમાણે તેઓને ઈષ્ટ વસ્તુઓ અપાવતા. પ્રધાનમંડળને પણ તેની ઈચ્છાઓથી સંતોષી તેનું સન્માન કરતા.

પછી પ્રથમ બ્રાહ્મણોને, સ્નેહીઓને, પ્રધાનોને તથા સ્ત્રીઓને પુષ્પમાળા, પાનબીડાં તેમ જ વિલેપન વહેંચી તેનો પોતે ઉપયોગ કરતા. તે પછી દારુક સારથિ સુગ્રીવ વગેરે ઘોડા જોડેલો પરમ અદ્‌ભુત રથ હાજર કરી આગળ ઊભો રહેતો. એટલે સૂર્ય જેમ પૂર્વાચલ ઉપર ચડે, તેમ ભગવાન પોતાના હાથથી સારથિનો હાથ પકડી સાત્યકિ તથા ઉદ્ધવ સાથે રથ ઉપર ચડતા. એ વખતે અંતઃપુરની સ્ત્રીઓ લજ્જાયુકત પ્રેમદૃષ્ટિથી શ્રીકૃષ્ણને જોતી હતી. પછી શ્રીકૃષ્ણ હસતા તે સ્ત્રીઓના મનને હરતા તેમનાથી કષ્ટથી વિદાય પામી, અંતઃપુરમાંથી બહાર નીકળતા. હે રાજા ! તે પછી સર્વ યાદવોથી વીંટળાઈ તેઓ સુધર્મા નામની સભામાં પ્રવેશ કરતા કે જ્યાં બેઠેલાં પ્રાણીઓને (ક્ષુધા, તૃષા વગેરે) છ ઊર્મિઓ સતાવતી નથી. આ પ્રકારે પ્રભુ કૃષ્ણ પોતાની કાંતિ વડે દિશાઓને પ્રકાશમાન કરતા તે સભામાં ઉત્તમ યાદવોથી વીંટળાઈ ઉત્તમ આસન પર વિરાજતા ત્યારે આકાશમાં તારાઓથી વીંટળાયેલ ચંદ્ર પેઠે શોભતા હતા. હે રાજન્ ! તે વખતે હાસ્ય કરાવનારા વિદૂષકો અનેક જાતના હાસ્યરસથી અને નટાચાર્યો તથા નર્તકી પોતપોતાના સમુદાય સાથે નૃત્યો કરી ભગવાન કૃષ્ણને પ્રસન્ન કરતાં. તેમ જ સૂત, માગધ તથા બંદીજનો મૃદંગ, વીણા, મુરજ, વેણુ, તાલ તથા શંખના શબ્દો કરી નૃત્ય, ગાન તથા શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા. વળી ત્યાં બેઠેલા કેટલાક વકતા-બ્રાહ્મણો વેદમંત્રોનું વ્યાખ્યાન કરતા અને પવિત્ર યશવાળા પ્રાચીન રાજાઓની કથાઓ કહેતા. હે રાજન્ ! એક દિવસ પૂર્વે કદી ન જોયેલો એક નવીન પુરુષ ત્યાં આવ્યો. દ્વારપાળોએ ભગવાનને તેની ખબર આપી તેને સભામાં દાખલ કર્યો. તેણે બે હાથ જોડી પરમેશ્વર શ્રીકૃષ્ણને નમસ્કાર કરી જરાસંધે કેદ કરવાથી થયેલું રાજાઓનું દુઃખ જણાવ્યું : ‘હે કૃષ્ણ ! જરાસંધના દિગ્વિજય વખતે જે વીસ હજાર રાજાઓ તેને નમ્યા નહિ, તેઓને તેણે ગિરિવ્રજ નામના કિલ્લામાં બળાત્કારે કેદ કર્યા છે, (તેઓ આપને વિનંતિ કરે છે) હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે અતકર્ય સ્વરૂપવાળા ! હે શરણાગતના ભયનો નાશ કરનારા ! અમે ભેદબુદ્ધિને લીધે સંસારથી ડરતા આપને શરણે આવ્યા છીએ. આ જગતના લોકો શાસ્ત્રમાં નિષેધેલાં કર્મોમાં તથા કામ્યકર્મોમાં તત્પર રહી, આપે જ (પંચરાત્ર—શાસ્ત્રમાં) કહેલા આપના પૂજનરૂપી પોતાના ધર્મમાં પ્રમાદી રહે છે; તેટલામાં તો બળવાન કાળ એ લોકોનાં જીવિતની આશાનો આ લોકમાં જ જલદી નાશ કરે છે તે કાળમૂર્તિ આપ ભગવાનને અમારા નમસ્કાર હો. હે ઈશ્વર ! હે જગતના નિયંતા, આપ પોતાના અંશરૂપ બળદેવજી સાથે પુરુષોનું રક્ષણ કરવા તથા દુષ્ટોને શિક્ષા કરવા આ લોકમાં અવતર્યા છો; છતાં બીજા (જરાસંધ વગેરે) પુરુષો આપની પણ આજ્ઞા માનતા નથી તે અમે સમજી શકતા નથી. જો એમ કહેવામાં આવે કે જરાસંધ અમને દુઃખ નથી આપતો, પણ એના નિમિત્તે અમારાં દુષ્કર્મો જ અમને દુઃખી કરી રહ્યાં છે, તો એ પણ બરાબર નથી; કારણ કે જ્યારે અમે આપના પોતાના બન્યા છીએ, ત્યારે અમારાં દુષ્કર્મો અમને કેવી રીતે ફળ આપવા સમર્થ થઈ શકે ? એથી આપ કૃપા કરીને અવશ્ય આ કલેશથી અમને મુકત કરો. હે નિયંતા ! રાજાનું દુઃખ સ્વપ્ન જેવું છે કેમ કે તે પરાધીન છે. વળી હાલમાં અમે નિરંતરના ભયથી મુડદા જેવા શરીર વડે પુત્ર—સ્ત્રી આદિની ચિંતાને જ ધરીએ છીએ. અહો ! ખેદની વાત છે કે નિષ્કામ પુરુષોને આપની પાસેથી પામવા યોગ્ય સ્વતઃસિદ્ધ આત્મસુખ તજી, આપની માયાથી અમે અત્યંત વિષયાસકત બની, અહીં દુઃખ ભોગવીએ છીએ. નમ્ર પુરુષોના શોકને દૂર કરનાર ચરણયુગલવાળા આપ અમને આ ‘જરાસંધ’ નામના કર્મજન્ય પાશથી છોડાવો. જરાસંધ પોતે એકલો જ દશ હજાર હાથીનું બળ ધારણ કરે છે અને તેથી જ તેણે સિંહ જેમ બકરીઓને પૂરી રાખે તેમ અમને પોતાના ઘરમાં કેદ કર્યો છે. હે ઉત્તમ ચક્રધારી અજિત ! જરાસંધને

અઢાર વાર થયેલા આપ સાથેના યુદ્ધમાં સત્તર વાર આપે નસાડ્યો હતો, પણ અઢારમી વખત અનંત પરાક્રમવાળા છતાં મનુષ્ય શરીરથી વિનોદ કરતા આપને માત્ર એક જ વાર જીતી જરાસંધ ગર્વિષ્ઠ થઈ આપની પ્રજારૂપ અમને પીડે છે, માટે તેમાં યોગ્ય લાગે તે આપ કરો.'

**દૂત બોલ્યો :** એ રીતે જરાસંધે કેદ કરેલા રાજાઓ આપના દર્શનની ઈચ્છા રાખી આપના ચરણમૂળને શરણે આવ્યા છે; તો આપ તે ગરીબ રાજાઓનું ભલું કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** રાજાઓનો દૂત એમ કહેતો હતો; એટલામાં પીંગળી જટાનો સમૂહ ધારણ કરતા મહાતેજસ્વી દેવર્ષિ નારદ સૂર્યની પેઠે ત્યાં પ્રકટ થયા. તેમને જોઈ સર્વ લોકેશ્વરોના ઈશ્વર ભગવાન કૃષ્ણ સભ્યો તથા સેવકો સાથે હર્ષથી ઊઠી મસ્તક વડે વંદન કર્યું. પછી આસન સ્વીકારી બેઠેલા મુનિની શ્રદ્ધાથી પૂજા કરી, મધુર વાક્ય વડે તેમને તૃપ્ત કરતાં શ્રીકૃષ્ણ બોલ્યાઃ 'હમણાં ત્રણે લોકોને કોઈ તરફથી ભય તો નથી ને ? આપ સર્વ લોકોમાં ફરો છો, તેથી અમને લોકોનું વૃત્તાંત જાણવારૂપ માટે લાભ થાય છે. ઈશ્વર જેઓનો કર્તા છે એવા આ લોકોમાં આપને કંઈ અજાણ્યું નથી, માટે હે નારદજી ! પાંડવો હમણાં શું કરવા ઈચ્છે છે તે આપને અમે પૂછીએ છીએ.'

**શ્રીનારદજી બોલ્યા :** હે વ્યાપક વિભો ! જગત્સૃષ્ટા બ્રહ્માને પણ માયાથી મોહ ઉપજાવનાર અને પ્રત્યેક ભૂતમાં પોતાની વિદ્યા વગેરે શકિતઓથી અંતર્યામીપણે વર્તતા છતાં (કાષ્ઠમાં) અગ્નિ પેઠે પોતાની શકિતઓથી જ ઢંકાયેલા પ્રકાશવાળા આપની દુષ્પ્ય માયા મેં ઘણી વખત જોઈ છે; તેથી (આપ આવો પ્રશ્ન કરો એમાં) મને કંઈ આશ્ચર્ય થતું નથી. આ જગત મિથ્યા જ છે, છતાં આપની માયાને લીધે જ સત્ય હોય તેવું ભાસે છે; તે આ જગતને પોતાની માયાથી સર્જતા અને સંહારતા આપના ચેષ્ટિતને સારી રીતે જાણવા કોણ યોગ્ય છે ? સ્વસ્વરૂપથી જ સર્વ વસ્તુઓથી વિલક્ષણ સ્વરૂપવાળા - અચિંત્ય આપ પરમાત્માને હું કેવળ નમસ્કાર જ કરું છું. (અવિદ્યારૂપી અંધકારથી વીંટળાયેલો) જીવ અનર્થ પમાડનારા શરીરને લીધે સંસાર પામે છે અને તે શરીર વડે પોતે કેમ છૂટે તે જાણતો નથી; આવા જીવ માટે જ આપે લીલાવતાર ધરી, પોતાનો યશરૂપી દીવો પ્રજ્વલિત કર્યો છે, તે આપને હું શરણે આવ્યો છું. આપ સર્વ જાણો છો, તોપણ (મને પૂછો છો તેથી) આપની ફોઈના પુત્ર અને આપના ભકત યુધિષ્ઠિર રાજાની હમણાં જે કરવાની ઈચ્છા છે તે મનુષ્યના જેવી લીલા કરતા આપ બ્રહ્મને હું કહી સંભળાવું છું. પાંડવ યુધિષ્ઠિરરાજા ચક્રવર્તીપણાને ઈચ્છી રાજસૂય મહાયજ્ઞથી આપનું યજન કરશે, માટે આપ તેમની એ કામનાને સંમતિ આપજો. હે દેવ ! એ મહાયજ્ઞમાં આપનું દર્શન કરવા ઈચ્છતા દેવ વગેરે અને યશસ્વી રાજાઓ આવવાના છે માટે આપે ત્યાં પધારવું જ જોઈશે. હે ઈશ્વર ! પરબ્રહ્મમય આપનું કેવળ શ્રવણ, કીર્તન તેમ જ ધ્યાન કરવાથી ચાંડાલો પણ પવિત્ર થાય છે, તો જેઓને આપનું દર્શન અથવા સ્પર્શ થાય, તેઓ પવિત્ર થાય એમાં તે શું કહેવાનું હોય ? હે ભુવનમંગલ ! સ્વર્ગ, પૃથ્વી તથા પાતાળમાં પથરાયેલો આપનો નિર્મળ યશ દિશાઓને ચંદરવાની પેઠે શણગારરૂપ થઈ જગતને પવિત્ર કરે છે અને તે જ પ્રમાણે સ્વર્ગમાં 'મંદાકિની' પૃથ્વી ઉપર 'ગંગા' અને પાતાળમાં 'ભગવતી' કહેવાનું સપનું ચરણજળ સમગ્ર જગતને પવિત્ર કરે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ નારદજીએ કહ્યું ત્યારે પોતાના પક્ષમાં યાદવો જરાસંધને જીતવાની ઈચ્છાથી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવાની વાત માન્યા નહિ, એટલે શ્રીકૃષ્ણ હસતા સુંદર વાણીથી સેવક ઉદ્ધવજીને કહેવા લાગ્યા.

**ભગવાન બોલ્યા :** તમે અમારા ઉત્તમ નેત્ર અને મિત્ર છે, તેમ જ ગુપ્ત મંત્રણાઓથી સાધી શકાય એવાં કાર્યોનાં પરિણામ જાણનારા છો. માટે આ વિષે જે કરવા યોગ્ય હોય તે કહો. અમે તમારા કહેવા પર શ્રદ્ધા રાખીશું અને તમે કહેશો તેમ કરીશું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** સ્વામી શ્રીકૃષ્ણ સર્વજ્ઞ હતા છતાં તેમણે અજ્ઞાનીની પેઠે ઉદ્ધવજીને પ્રશ્ન કર્યો એટલે ઉદ્ધવજી શ્રીકૃષ્ણની આજ્ઞાને મસ્તકે ચડાવી તેમને કહેવા લાગ્યા. ૧-૪૭

इत्युपामन्त्रितो भर्त्रा सर्वज्ञेनापि मुग्धवत् । निदेशं शिरसाधाय उद्धवः प्रत्यभाषत ॥४७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૦ સમાપ્ત.*

## અધ્યાય-૭૧

## શ્રીકૃષ્ણની ઈંદ્રપ્રસ્થમાં પધરામણી

॥ श्रीशुक उवाच ॥

इत्युदीरितमाकर्ण्य देवर्षेरुध्धवोऽब्रवीत् । सभ्यानां मतमाज्ञाय कृष्णस्य च महामतिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણનું એ કહેવું સાંભળી મહાબુદ્ધિમાન ઉદ્ધવજી દેવર્ષિ નારદજીના સભાસદોના તથા શ્રીકૃષ્ણની મત જાણી કહેવા લાગ્યા.

**ઉદ્ધવજી બોલ્યા :** હે દેવ ! નારદજીએ કહ્યું, તેમ યજ્ઞ કરવા તૈયાર થયેલા આપની ફોઈના પુત્ર યુધિષ્ઠિરને આપે સહાય કરવી જોઈએ. તેમ જ શરણ ઈચ્છતા રાજાઓનું રક્ષણ પણ કરવું જોઈએ. હે વ્યાપક દેવ ! દિશાઓ જીતનારો રાજા રાજસૂય યજ્ઞ કરી શકે આવો વિધિ છે. માટે (દિગ્વિજયપ્રસંગે) જરાસંધનો પરાજય કરવો તે જ રાજસૂય યજ્ઞ અને રાજાની રક્ષા બન્ને માટે મને ઠીક લાગે છે. હે ગોવિંદ! આમ કરવાથી જ આપણું મોટું કાર્ય સિદ્ધ થશે અને કેદ પકડાયેલા રાજાઓએ છોડતાં આપને યશ પણ થશે. જરાસંધરાજા બળમાં દસ હજાર હાથીઓના જેવો છે તેથી તેના જેવા બળવાન ભીમસેન વિના બીજા બળવાન પુરુષોને પણ (રણમાં) તે ભારે પડે તેવો છે. (ભીમસેને પણ) તેને દ્વંદ્વયુદ્ધમાં જ જીતવો ઠીક છે; એ સિવાય સેંકડો અક્ષૌહિણી સેના વડે પણ તે જિતાય એવો નથી. તે રાજા બ્રાહ્મણોનો પરમ ભકત છે, તેથી બ્રાહ્મણોએ તેની પાસે કંઈ યાચના કરી હોય તો તે કદી ના પાડતો નથી; માટે ભીમસેને બ્રાહ્મણનો વેશ લઈ તેની પાસે જઈને દ્વંદ્વયુદ્ધની માગણી કરવી; દ્વંદ્વયુદ્ધમાં આપની ઉપસ્થિતિમાં જરાસંધનો વધ કરશે એમાં સંદેહ નથી. ભીમસેન સર્વસમર્થ રૂપરહિત અને કલાત્મા આપની આ વિશ્વસૃષ્ટિના સૃજન અને સંહારમાં બ્રહ્મા અને મહાદેવ, કેવળ નિમિત્ત જ છે (તે જ પ્રમાણે, આમાં પણ ભીમસેન માત્ર નિમિત્ત જ થશે; ખરી રીતે આપ જ બધું કરો છો.) જેમ ગોપીઓ, શંખચૂડનો નાશ અને તેથી થયેલા પોતાના છુટકારારૂપ ઉજજવળ કર્મને ઘરમાં ગાય છે અને આપનું શરણ પામેલા મુનિઓ તથા અમે ગજેન્દ્રનો મોક્ષ, સીતાની રાવણથી મુકિત તથા માતાપિતા (દેવકી-વસુદેવ) નો કંસના નાશથી છુટકારો વગેરે આપનાં નિર્મળ કર્મ ગાઈએ છીએ (જરાસંધે કેદ કરેલા) રાજાઓની રાણીએ પોતાના શત્રુ જરાસંધનો નાશ અને તેથી થનારા પોતાના પતિઓના છૂટકારારૂપ આપનાં ઉજજવળ કર્મોને ઘરમાં (પોતાના બાળકોને લાડ લડાવતી) ગાય છે. (કે 'હે પુત્ર ! તું રડ મા, શ્રીકૃષ્ણ જરાસંધને મારશે અને તારા પિતાને છોડાવશે') માટે શ્રીકૃષ્ણ ! આમ જરાસંધને વધુ (શિશુપાલન વધ વગેરે) આપણાં અનેક

પ્રયોજેનો સિદ્ધ કરવામાં ઉપયોગી થશે. વળી ઘણું કરી રાજાઓનાં પુણ્યને લીધે અને જરાસંધ વગેરેનાં પાપોનાં પરિણામને લીધે જ આ સમયે રાજસૂય થાય એ આપ પસંદ કરે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એમ સર્વ રીતે કલ્યાણકારક અને યુક્તિને લીધે કોઈનાથી ન ફેરવી શકાય તેવાં ઉદ્ધવજીનાં વચનને દેવર્ષિ નારદ, વૃદ્ધ યાદવો તથા શ્રીકૃષ્ણ વખાણવા લાગ્યા. પછી અંતર્યામી ભગવાન શ્રીકૃષ્ણે વસુદેવ વગેરે પોતાના વડીલોની સંમતિ લઈ (ઈન્દ્રપ્રસ્થ તરફ) પ્રયાણ કરવા દારુક, જૈત્ર વગેરે સેવકોને આજ્ઞા કરી અને હે શત્રુહંતા રાજા ! પુત્ર તથા પરિવાર સાથે પોતાની સ્ત્રીઓને (પહેલાં જ ઈંદ્રપ્રસ્થ તરફ) વિદાય કરી શ્રીકૃષ્ણ, બળદેવજી તથા ઉગ્રસેન રાજાની સંમતિ લઈને સારથિઓએ આણેલા ગરુડની ધજાવાળા પોતાના રથમાં ચડયા. પછી રથો, હાથીઓ, યોદ્ધા, ઘોડેસવારે ને સેનાપતિઓથી ભયંકર જણાતી પોતાની સેનાથી વીંટળાઈ શ્રીકૃષ્ણ, મૃદંગ, ભેરી, નગારાં, શંખ તથા શિંગડીઓના શબ્દોથી દિશાઓને ગજાવતા (દ્વારકામાંથી) બહાર નીકળ્યા. એટલે તે પતિ પાછળ પતિવ્રતા (રુકિમણી) વગેરે સ્ત્રીઓ સોનાની પાલખીઓમાં બેસી પોતપોતાના પુત્રો સાથે જવા લાગી. એ સમયે સ્ત્રીઓએ ઉત્તમ વસ્ત્રો, આભૂષણો, વિલેપનો તથા પુષ્પમાળાઓને ધારણ કર્યા હતાં અને ઢાલ તલવાર ધારણ કરનાર પુરુષો વડે સારી રીતે વીંટળાઈ હતી. વળી સારી રીતે શણગારેલી સેવકની સ્ત્રીઓ તથા વેશ્યાઓ પણ સાદડીઓના તંબૂઓ તથા કામળા વગેરે વસ્ત્રોરૂપી સરસામાન સાથે લઈને તે સામાન ગાડાંઓ વગેરે ઉપર મજબૂત બાંધી મનુષ્યો, ઊંટ, બળદ, પાડા, ગધેડાં, ખચ્ચરો તેમ જ હાથીનાં વાહનો લઈને સર્વ તરફથી શ્રીકૃષ્ણની પાછળ જવા લાગી. તે સમયે તરંગોથી ખળભળેલા મોટા સમુદ્રની પેઠે મોટા ઘોંઘાટવાળું તે સૈન્ય મોટી ધજાઓનાં વસ્ત્રો, છત્રો, ચામરો, ઉત્તમ આયુધો, અલંકારો, મુકુટો અને બખતરોથી તથા દિવસે તેના પર પડતાં સૂર્યનાં કિરણોથી અધિક પ્રકાશતું હતું. પછી યદુપતિ શ્રીકૃષ્ણ આદરસત્કાર કરેલા અને પૂજેલા મુનિ નારદજી શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનથી પ્રસન્ન ઈંદ્રિયોવાળા થઈ તેમ જ શ્રીભગવાનનો નિશ્ચય જાણી તેમને પ્રણામ કરી, હૃદયમાં તેમનું ધ્યાન કરતા આકાશમાર્ગે ગયા. બીજી તરફ શ્રીકૃષ્ણ ભગવાને (ત્યાં આવેલા) જરાસંધના કેદી રાજાઓના દૂતને વાણીથી પ્રસન્ન કરતાં કહ્યું : 'હે દૂત ! તું રાજાઓને કહેજે કે, તમે ડરશે મા, તમારું કલ્યાણ થશે. જરાસંધનો હું નાશ કરાવીશ, ભગવાને દૂતને એમ કહ્યું એટલે તે દૂત ત્યાંથી ગયો અને રાજા પાસે જઈ તેણે જેમ ભગવાને કહ્યું હતું તેમ, તેઓને કહ્યું એટલે તે રાજાઓ પણ કેદખાનામાંથી છૂટવા ઈચ્છતા શ્રીકૃષ્ણ ભગવાનની વાટ જોવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણ આનર્ત, સૌવીર, તેમ જ મરુ દેશ ઓળંગી કુરુક્ષેત્ર, પર્વતો, નદીઓ, શહેરો, ગામડાં, રબારીઓના નેસડા તથા ખાણોને પણ ઓળંગી ચાલ્યા. પછી દશદ્વતી તથા સરસ્વતી નદી ઊતરી પંચાલ તથા મત્સ્ય દેશમાં જઈ ત્યાંથી ઈંદ્રપ્રસ્થ ગયા. જેમનાં દર્શન મનુષ્યોને દુર્લભ છે, તે શ્રીકૃષ્ણ ભગવાનને આવેલા સાંભળી યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા અને ઉપાધ્યાયો તથા સ્નેહીજનોથી વીંટળાઈ નગરની બહાર નીકળ્યા. જેમ ઈંદ્રિયો મુખ્ય પ્રાણની સામે જાય (અને તેને મળી ભાનમાં આવે) તેમ યુધિષ્ઠિરરાજા ગીતવાદિત્રની ગર્જનાઓ તથા મોટા વેદઘોષ સાથે આદરપૂર્વક શ્રીકૃષ્ણની સામા ગયા. શ્રીકૃષ્ણનાં દર્શન કરી સ્નેહથી દ્રવીભૂત હૃદયવાળા રાજા યુધિષ્ઠિર ઘણે લાંબે કાળે જોયેલા અતિપ્રિય શ્રીકૃષ્ણને વારંવાર ભેટયા. એ વખતે લક્ષ્મીનું રહેઠાણ શ્રીકૃષ્ણનાં નિર્દોષ અંગોને બે હાથે ભેટી યુધિષ્ઠિર રાજાએ સર્વ પાપોનો નાશ કર્યો. તેમનાં નેત્રોમાં હર્ષનાં આંસુ આવી રહ્યાં, શરીર રોમાંચિત થયું અને

સર્વ લોકવ્યવહાર ભૂલી જઈ તે પરમ શાંતિ પામ્યા. પછી પ્રેમના વેગથી વ્યાકુળ ઇંદ્રિયોવાળો થયેલો ભીમસેન મામાના પુત્ર શ્રીકૃષ્ણને ભેટી આનંદ પામ્યો અને નેત્રોમાં વધેલાં હર્ષનાં આંસુવાળા અર્જુન, નકુલ ને સહદેવ, પણ પરમપ્રિય સ્નેહી શ્રીકૃષ્ણને હર્ષથી ભેટયા. એ રીતે અર્જુન વડે ભેટાયેલા અને નકુલ તથા સહદેવ વડે વંદન કરાયેલા શ્રીકૃષ્ણ બ્રાહ્મણોને તથા વૃદ્ધોને યથાયોગ્ય નમસ્કાર કરી સન્માન પામી કુરુ, સૃંજય તથા કેકય વંશીઓને માન આપ્યું. પછી સૂતો માગધો, ગંધર્વો, બંદીજનો, ઉપમંત્રી તથા બ્રાહ્મણો મૃદંગ, શંખ, ઢોલ, વીણા, પણવ તથા શિંગડી વગેરે વાદિત્રો સાથે કમળનયન શ્રીકૃષ્ણની સ્તુતિ નૃત્ય, તથા ગાન કરવા લાગ્યા. એમ સ્તુતિ કરાતા અને પવિત્ર કીર્તિવાળા પુરુષોના મસ્તકના મણિ શ્રીકૃષ્ણ ભગવાને સંબંધીઆથી વીંટળાઈને શણગારેલા નગરમાં પ્રવેશ કર્યો, ત્યારે તેના માર્ગો હાથીઓના મદગંધવાળા જળ વડે છાંટયા હતા; રંગબેરંગી ધજાઓ, સોનેરી તોરણો, પૂર્ણ કળશો અને નાહીધોઈ સ્વચ્છ થઈ નવાં વસ્ત્રો, અલંકારો, પુષ્પની માળાઓ તથા ચંદનના વિલેપનો પહેરેલાં પુરુષો તથા સ્ત્રીઓથી તે નગર શોભતું હતું. વળી ઘેર ઘેર પ્રકાશતા દીવા તથા બલિદાનોથી યુકત જાળિયાંમાંથી નીકળતા ધૂપના ધુમાડાઓથી સુંદર ફરકતી પતાકાઓવાળું અને શિખર પર મૂકેલાં સોનાના કળશવાળાં તથા રૂપાના મોટાં શિખરોવાળાં ઘરોથી તે યુકત હતું. આવા યુધિષ્ઠિરના તે નગરને શ્રીકૃષ્ણ જોતા હતા. મનુષ્યોનાં નેત્રો માટે આદરપૂર્વક જોવાના વિષયરૂપ શ્રીકૃષ્ણને આવેલા સાંભળી તરુણ સ્ત્રીઓ તરત જ ઘરના કામકાજ પડતાં મૂકી, પતિઓને શય્યામાં છોડી રાજમાર્ગમાં પહોંચી. એ સમયે શ્રીકૃષ્ણને જોવાની, આતુરતાથી તેઓના કેશ અને વસ્ત્રબંધ ઢીલાં થઈ ગયાં હતાં. હાથી, ઘોડા, રથ તથા મનુષ્યોથી ભરપૂર તે રાજમાર્ગમાં (શ્રીકૃષ્ણને જોવા) ઘરો પર ચડેલી સ્ત્રીઓ પત્નીઓ સહિત શ્રીકૃષ્ણને જોઈ તેમના પર પુષ્પવૃષ્ટિ કરી મનથી તેમને ભેટી સુંદર હાસ્યપૂર્વક દૃષ્ટિ વડે જ તેમનું સારી રીતે સ્વાગત કરવા લાગી. પછી ચંદ્ર સાથે રહેલા તારાઓ પેઠે શ્રીકૃષ્ણની સાથે રહેલી તેમની પત્નીઓને જોઈ તે સ્ત્રીઓ બોલી : 'આ સ્ત્રીઓએ ક્યું પુણ્ય કર્યું હશે કે જેથી પુરુષોના મુકુટમણિ આ શ્રીકૃષ્ણ ઉદાર હાસ્ય અને વિલાસપૂર્વક જોવાની કળા વડે એ સ્ત્રીઓનાં નેત્રોને આનંદ આપે છે !' પછી નાશ પામેલા પાપવાળા નગરવાસીઓ અને જુદા જુદા વ્યાપાર ચલાવનાર મહાજનોના આગેવાનો માંગલિક પદાર્થો હાથમાં લઈ ત્યાં શ્રીકૃષ્ણને મળી તેમની પૂજા કરવા લાગ્યા. પછી પ્રીતિથી પ્રફુલ્લ નેત્રવાળા અંતઃપુરના માણસોએ ઉતાવળથી સામે આવી શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો; એટલે તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં ત્રણે જગતના ઈશ્વર અને પોતાના ભાઈના પુત્ર શ્રીકૃષ્ણને જોઈ કુંતાજી પ્રસન્ન મનવાળાં થઈ, પૂત્રવધૂ દ્રૌપદી સહિત પલંગ ઉપરથી ઊઠી શ્રીકૃષ્ણને ભેટયાં. રાજા યુધિષ્ઠિર, દેવોના પણ શ્રેષ્ઠ દેવ શ્રીકૃષ્ણને આદરથી ઘેર લાવી હર્ષથી વિહ્વળ થઈ જવાને લીધે પૂજાનો ક્રમ પણ ભૂલી ગયા. હે રાજન્ ! પછી શ્રીકૃષ્ણે ફોઈને તથા બીજી પૂજ્ય સ્ત્રીઓને વંદન કર્યું અને દ્રૌપદી તથા સુભદ્રાએ શ્રીકૃષ્ણને વંદન કર્યું પછી સાસુએ પ્રેરણા કરેલી દ્રૌપદીએ શ્રીકૃષ્ણની પત્ની રુકિમણી, સત્યભામા, ભદ્રા, જાંબવતી, કાલિંદી, મિત્રવિંદા, શૈબ્યા, સતી નાગ્નજિતી અને બીજી જે સાથે આવી હતી તે સઘળીનો વસ્ત્ર, માળા તથા અલંકાર વગેરેથી સત્કાર કર્યો. પછી યુધિષ્ઠિરરાજાએ સૈન્ય, સેવકો, પ્રધાનો તથા સ્ત્રીઓ સાથે શ્રીકૃષ્ણને નિત્ય નવીન આનંદ થાય એ રીતે સુખપૂર્વક ત્યાં વસાવ્યા. ત્યાં એમણે અર્જુનની સાથે રહી, તેને સહાય આપી ખાંડવવનથી અગ્નિને તૃપ્ત કર્યો હતો તથા (ખાંડવવનમાં બળતા) દાનવને છોડાવી (તેના દ્વારા) યુધિષ્ઠિર માટે દિવ્ય સભા કરાવી

હતી. (આવા શ્રીકૃષ્ણના ઉપકારો યાદ કરી) યુધિષ્ઠિરે (તેમને પોતાને ત્યાં સુખપૂર્વક રાખ્યા હતા.) શ્રીકૃષ્ણ ભગવાન રાજા યુધિષ્ઠિરનું પ્રિય કરવાની ઈચ્છાથી કેટલાક માસ ત્યાં અર્જુન સાથે રથમાં બેસી યોદ્ધાઓથી વીંટળાઈ વિહાર કરતા રહ્યા હતા. ૧-૪૬.

उवास कतिचिन्मासान् राज्ञः प्रियचिकीर्षया । विहरन् रथमारुह्य फाल्गुनेन भटैर्वृतः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૧ સમાપ્ત.*

## અધ્યાય-૭૨

## શ્રીકૃષ્ણે ભીમસેન પાસે જરાસંઘનો વધ કરાવ્યો

॥ श्रीशुक उवाच ॥

एकदा तु सभामध्ये आस्थितो मुनिभिर्वृतः । ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैर्भ्रातृभिश्च युधिष्ठिरः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક સમયે મુનિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, ભાઈઓ, આચાર્યો, કુળવૃદ્ધો, જ્ઞાતિઓ, સંબંધીઓ તથા સગાંવહાલાંઓથી વીંટળાઈ સભામાં બેઠેલા યુધિષ્ઠિરરાજાએ તે સર્વના સાંભળતાં જ શ્રીકૃષ્ણને સંબોધી આ પ્રમાણે કહ્યું :

**યુધિષ્ઠિર બોલ્યા :** 'હે ગોવિંદ ! હે પ્રભો ! રાજસૂય મહાયજ્ઞ કરી, હું આપની પવિત્ર વિભૂતિ ઓરૂપ દેવોનું યજન કરવાનો છું; માટે આપ તે અમારું કાર્ય કરો. હે કમળનાભ ! જે પવિત્ર પુરુષો અમંગળનો નાશ કરનારી આપની પાદુકાઓ નિત્ય સેવે છે, નિત્ય તેમનું ધ્યાન કરે છે અને નિત્ય સ્તવે છે, તેઓ સંસારથી મુકિત મેળવે છે અને સાંસારિક વિષયોને ઈચ્છે છે તો તેને પણ તેઓ પામે જ છે; બીજા (આપની સેવા વગેરે નહિ કરનારાને ચક્રવર્તી છતાં) તે વિષય પામતા નથી. માટે હે દેવોના દેવ! હે વિભો ! કુરુવંશી તથા સૃંજયવંશી રાજાઓમાં કેટલાક આપને ભજે છે અને કેટલાક (કર્મને જ મુખ્ય માની) આપને ભજતા નથી; તેઓ બન્નેની સ્થિતિ આપ બતાવો અને આ (માત્ર બાહ્ય સંપત્તિથી ચમત્કાર પામનારા) લોકો આપના ચરણકમળની સેવાનો પ્રભાવ અહીં ભલે જુએ. જોકે આપ બ્રહ્મ નિરુપાધિ, સર્વના આત્મા, સર્વ ઉપર સમાન દૃષ્ટિવાળા અને સ્વસ્વરૂપના સુખનો જ અનુભવ કરનારા છે; તેથી (આપને રાગદ્વેષાદિ નહિ હોવાથી) 'આ પાતાનો કે પારકો' આવી ભેદબુદ્ધિ આપને છે જ નહિ, તોપણ જેમ કલ્પવૃક્ષનું સેવન કરનારને જ યોગ્ય ફળ મળે છે, તેમ આપની કૃપા પણ સેવા કરનારાઓને જ પ્રાપ્ત થાય છે અને તેમાં પણ સેવાને યોગ્ય ફળ મળે જ છે, એમાં કંઈ ફેરફાર થતો નથી.

**શ્રીભગવાન બોલ્યા :** હે શત્રુઓનો નાશ કરનારા રાજા ! તમે સારો નિશ્ચય કર્યો છે, રાજસૂયયજ્ઞ કરવાથી તમારી કલ્યાણકારી કીર્તિ સર્વ લોકમાં ફેલાશે. હે રાજન્ ! આ મહાયજ્ઞ ઋષિઓને, દેવોને, પિતૃઓને, અમને, તમારા સંબંધીઓને તથા સર્વ પ્રાણીઓને પણ ઈચ્છિત છે. માટે સર્વ રાજાઓને જીતી, પૃથ્વીને વશ કરી, યજ્ઞની સર્વ સામગ્રીઓ તૈયાર કરી તમે મહાયજ્ઞ કરો. હે રાજન્ ! તમારા આ ભાઈઓ લોકપાલોના અંશોથી જન્મેલા છે અને હું અજિતેન્દ્રિય પુરુષોથી ન જિતાઉં એવો છું, તેને પણ જિતેન્દ્રિય તમે જીત્યો છે. (તેથી તમારે રાજસૂય કરવો એ મુશ્કેલ નથી.) લોકમાં જે પુરુષ મારા પરાયણ છે તેના તેજથી, યશથી, સંપત્તિથી કે વિભૂતિઓથી દેવ પણ પરાભવ કરી શકતા નથી નો રાજા તો પરાભવ કેમ જ કરી શકે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું સાંભળી પ્રફુલ્લ મુખકમળવાળા યુધિષ્ઠિરે પ્રસન્ન થઈ વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામેલા ભાઈઓને દિગ્વિજય માટે મોકલ્યા. સહદેવને સૃંજયો સાથે દક્ષિણ દિશામાં, નકુલને મત્સ્યયોદ્ધાઓ સાથે પશ્ચિમ દિશામાં, અર્જુનને કેકયયોદ્ધાઓ સાથે ઉત્તર દિશામાં અને ભીમસેનને મદ્રયોદ્ધાઓ સાથે પૂર્વ દિશામાં મોકલ્યો. હે રાજા ! તે વીર પાંડવોએ રાજાઓને બળથી જીતી દિશાઓમાંથી પુષ્કળ ધન આણ્યું અને તે ધન યજ્ઞ માટે યુધિષ્ઠિર રાજાને આપ્યું. પછી જરાસંધને નહિ જિતાયેલો સાંભળી યુધિષ્ઠિરરાજા વિચારમાં પડ્યા એટલે ઉદ્ધવજીએ કહેલો જ ઉપાય શ્રીકૃષ્ણે તેમને કહ્યો અને હે પરીક્ષિત ! ભીમસેન, અર્જુન તથા શ્રીકૃષ્ણ બ્રાહ્મણનો વેશ લઈ જ્યાં બૃહદ્રથનો પુત્ર જરાસંધ રહેતો હતો ત્યાં ગિરિવ્રજમાં ગયા બ્રાહ્મણવેશ ધરતા તે ત્રણે ક્ષત્રિયોએ અતિથિસત્કાર કરવાના સમયે જરાસંધને ઘેર જઈ બ્રાહ્મણોના ભકત અને ગૃહસ્થે તેની પાસે યાચના કરી કે, 'હે રાજન્ ! અમને અતિથિઓ તરીકે આવેલા તું જાણ. અમે ખાસ કારણને લીધે આટલે દૂર સુધી આવ્યા છીએ. માટે અમે જે વસ્તુ ઈચ્છીએ છીએ, તે અમને તું આપ; તારું કલ્યાણ થાઓ. સહનશીલને દુઃસહ શું છે ? દુષ્ટોને કાર્ય શું છે ? દાતાઓને ન આપવા લાયક શું છે ? અને સમદષ્ટિવાળાઓને પારકો કોણ છે ? જે પોતે સમર્થ હોય છતાં અનિત્ય આ શરીરથી સત્પુરુષોને ગાવા યોગ્ય યશ એકઠા કરતો નથી, તે ખરેખર નિંદનીય, અને શોચનીય છે. હરિશ્ચંદ્ર, રંતિદેવ, ઉંછવૃતિ સ્વીકારનારા મુદ્ગલ શિબિ, બલિ, હોલો અને પારધી એમ ઘણા અનિત્ય શરીરથી નિત્ય લોકોને પામ્યા છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** સ્વર, આકૃતિ અને ધનુષ્યની દોરીના અપડાવાનાં ચિહ્નવાળા હાથનાં કાંડાં પરથી 'આ કોઈ ક્ષત્રિય છે અને આમને મેં પૂર્વે કયાંય જોયા પણ છે' આમ જાણી જઈને જરાસંધ વિચારવા લાગ્યોઃ 'ભલે, આ ક્ષત્રિયો છે, પણ બ્રાહ્મણનો વેશ ધારણ કરી રહ્યા છે, માટે તેઓ જો માગશે તે મારો દુસ્ત્યજ આત્મા પણ હું તજી દઈશ. ઇંદ્ર માટે રાજ્યલક્ષ્મી હરી લેવા ઈચ્છતા વિષ્ણુએ બ્રાહ્મણનો વેશ લઈ બલિરાજાને ઐશ્વર્યથી ભ્રષ્ટ કર્યો હતો, પણ બલિરાજાની નિર્મળ કીર્તિ આજે પણ દિશાઓમાં ફેલાયેલી સંભળાય છે. દૈત્યોનો રાજા બલિ બ્રાહ્મણનું રૂપ ધરનાર તે વિષ્ણુને જાણી ગયો હતો અને શુક્રાચાર્યે તેને વાર્યો પણ હતો; છતાં તેણે વિષ્ણુને પૃથ્વી આપી હતી, માટે પ્રતિક્ષણ નાશવંત અધમ ક્ષત્રિય શરીરથી જીવતાં જો બ્રાહ્મણ માટે (કાર્ય કરી) મોટો યશ ન મેળવ્યો તો એ શરીર વડે કયું કાર્ય સિદ્ધ થવાનું છે.' આવો મનમાં વિચાર કરી ઉદાર બુદ્ધિવાળા જરાસંધે શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમસેનને કહ્યુંઃ હે બ્રાહ્મણો ! તમારી જે ઈચ્છા હોય તે માર્ગો હું તમને મારું મસ્તક માગશો તોપણ આપીશ.'

**શ્રીભગવાન બોલ્યા :** 'હે રાજેન્દ્ર ! જો તું માને તો અમને દ્વંદ્વયુદ્ધ આપ. અમે ક્ષત્રિયો છીએ અને યુદ્ધની ઈચ્છાવાળા હોઈ અહીં આવ્યા છીએ. અમે અન્ન ઈચ્છતા નથી. આ કુંતીપુત્ર ભીમસેન છે, આ તેના ભાઈ અર્જુન છે અને હું એ બન્નેના મામાનો પુત્ર તારો શત્રુ કૃષ્ણ છું, એમ તું જાણ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણે એમ જણાવ્યું એટલે જરાસંધ રાજા ખૂબ મોટેથી હસ્યો અને ક્રોધાયમાન થઈ બેલ્યો : 'ઓ મુર્ખાઓ ! ભલે હું તમને યુદ્ધ આપું છું પરંતુ ઓ કૃષ્ણ ! તું બીકણ છે; તારું મન યુદ્ધમાં ગભરાય છે અને તું (મારા ભયથી જ) પોતાની મથુરા નગરી છોડી સમુદ્રને શરણે ગયો છે.

માટે તારી સાથે હું યુદ્ધ નહિ કરું. આ અર્જુન ઉંમરમાં મારા જેવડો નથી, અત્યંત બળવાન નથી. તેમ જ શરીરે પણ મારા જેવો નથી, એટલે તે મારી સામે યુદ્ધ કરી શકે નહિ; પણ આ ભીમસેન મારી સામે યુદ્ધ કરી શકશે, કારણ કે તે મારા જેવો બળવાન છે,' એમ કહી તેણે ભીમસેનને મોટી ગદા આપી અને પોતે બીજી ગદા લઈને નગરની બહાર નીકળ્યો. પછી સપાટ યુદ્ધક્ષેત્ર ઉપર રણમાં ઉદ્ધત તેઓ બંને વીરો સામસામા લડવા લાગ્યા તથા વજ્રો જેવી ગદાઓથી એકબીજાને મારવા લાગ્યા. જાતજાતની યુદ્ધગતિમાં ડાબા-જમણા ઘૂમતા તે બંનેનું એ યુદ્ધ રંગભૂમિમાં બે (નિર્ભય) નટો જેવું થતું હતું. હે રાજન્ ! પછી સામ સામા લડતા બે હાથીના દાંત સામસામાં અડવાથી જેવા કડાકા થાય, તેવા સામસામે ફેંકાયેલી ગદાઓના વજ્રપાત જેવા કડાકા થવા લાગ્યા. જેમ પ્રદીપ્ત ક્રોધવાળા બે હાથીઓ આકડાના ઝાડની શાખાઓ લઈ યુદ્ધ કરે અને તે શાખાઓના ભુકકા થઈ જાય, તેમ યુદ્ધ કરતા તેઓ બંનેના હાથના વેગથી ફેંકાતી ગદાઓ એકબીજાના ખભા, કેડ, પગ, સાથળો તથા હાંસડીઓ ઉપર પડી પડી ભાંગી ભુકકો થઈ ગઈ. એમ તેઓની ગદા ભાંગી ગઈ એટલે તે બંને વીર પુરુષો લોઢાના સ્પર્શ જેવી પોતાની સખત મુઠીથી એકબીજાને મારવા લાગ્યા. તેઓ બે હાથીઓની પેઠે એકબીજાને મારતા ત્યારે તેઓની હથેળીઓના મારથી જે શબ્દ થતો તે વજ્રના કડાકા જેવો ભયંકર હતો. હે રાજન્ ! એમ સમાન અભ્યાસ, બળ તથા પ્રભાવવાળા તેઓ બંને સામસામા મારતા છતાં તેઓનો વેગ ઓછો ન થયો અને તેઓનું યુદ્ધ એકસરખું ચાલ્યું. હે મહારાજ ! એમ (દિવસે) યુદ્ધ કરતા અને રાત્રે મિત્રની પેઠે રહેતા તે બંનેના સત્તાવીસ દિવસ વીત્યા. પછી હે રાજન્ ! એક દિવસ ભીમસેને મામાના પુત્ર શ્રીકૃષ્ણને કહ્યું : ‘હે કૃષ્ણ ! યુદ્ધમાં જરાસંધને જીતવા હું સમર્થ નથી.' શ્રીકૃષ્ણ જરાસંધને (બે ફાડિયાંરૂપે) જન્મ તથા મરણ અને જરા નામની રાક્ષસીએ (બે ફાડિયાં સાંધી તેનું જીવન રક્ષ્યું હતું તે પણ જાણતા હતા, તેથી પોતાના તેજ વડે ભીમસેનને બળવાન કરતા તેઓ વિચારવા લાગ્યા:) કે જરાસંધનાં બે ફાડિયાં કેવી રીતે કરવાં ? પછી અમોઘ જ્ઞાનવાળા શ્રીકૃષ્ણ શત્રુના નાશનો ઉપાય વિચારી હાથમાં ઝાડની ડાળી લઈ ‘જેમ હું ડાળી ચીરુ તેમ તું શત્રુને ચીરી નાખ' એમ ઈશારો કરી ભીમસેનને શત્રુના નાશનો ઉપાય દર્શાવ્યો એટલે એ ઇશારાથી શત્રુના નાશનો ઉપાય જાણી યોદ્ધાઓમાં શ્રેષ્ઠ મહાબળવાન ભીમસેને શત્રુનો પગ પકડી પૃથ્વી પર પાડ્યો અને પછી તેના એક પગને પોતાના પગથી દબાવી, બીજા પગને બે હાથથી પકડી મોટો હાથી જેમ ઝાડની શાખા ચીરી નાખે તેમ ગુદાના ભાગથી તેને ચીરી નાખ્યો. તે સમયે (જરાસંધને) એક પગ, એક સાથળ, એક વૃષણ, એક કેડ, એક પીઠ, એક સ્તન, એક ખભો, એક ભુજા, એક નેત્ર, એક ભ્રૂકુટિ અને એક કાનવાળાં બે ફાડિયાં પ્રજાઓએ જોયાં. એમ મગધરાજ જરાસંધ મરાયો ત્યારે મોટો હાહાકાર થયો અને શ્રીકૃષ્ણે તથા અર્જુને ભીમસેનને ભેટી, તેનું સન્માન કર્યું પછી પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા અને દુર્જ્ઞેય સ્વરૂપવાળા સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે જરાસંધના પુત્ર સહદેવનો મગધદેશના રાજા તરીકે અભિષેક કર્યો અને જે રાજાઓને જરાસંધે કેદ કર્યા હતા તેઓને છૂટા કર્યા. ૧-૪૮

अभ्यषिञ्चदमेयात्मा मगधानां पति प्रभुः । मोचयामास राजन्यान् संरुद्धा मागधेन ये ॥४८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૨ સમાપ્ત.*

# અધ્યાય-૭૩

## શ્રીકૃષ્ણે રાજાઓને છૂટા કરી તેઓનાં રાજ્ય પાછાં સોંપ્યા

॥ श्रीशुक उवाच ॥

अयुते द्वे शतान्यष्टौ लीलया युधि निर्जिताः । ते निर्गता गिरिद्राण्यां मलिना मलवाससः ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પછી જરાસંધે યુદ્ધમાં રમતમાત્રમાં જેઓને જીત્યા હતા, તે વીસ હજાર ને આઠસો રાજાઓ પર્વતની ગુફામાંથી બહાર નીકળ્યા. તેઓ મલિન હોઈ તેમનાં વસ્ત્રો પણ મેલાં હતાં અને ભૂખથી તેઓ દૂબળા થયા હતા, તેમનાં મુખ સુકાઈ ગયાં હતાં અને કેદમાં પુરાવાથી તેઓ દુઃખી થયા હતા. તેઓએ મેઘ જેવાં શ્યામ, પીળાં રેશમી વસ્ત્ર પહેરનારા, શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર ભુજાઓવાળા, કમળના ગર્ભ જેવાં લાલ નેત્રવાળા સુંદર-પ્રસન્ન મુખવાળા, ઝળકતાં મકરાકાર કુંડળોવાળા, હાથમાં કમળ ધરતા; ગદા, શંખ તથા ચક્રથી યુક્ત, મુકુટ, હાર, કડાં, કંદોરો તથા બાજુબંધથી સુશોભિત, ઝળહળતા કૌસ્તુભમણિથી યુકત કંઠવાળા અને વનમાળાથી વીંટાયેલા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. પછી શ્રીકૃષ્ણનાં દર્શનથી નાશ પામેલા પાપવાળા અને નેત્રોથી (ભગવાનને) પીંજતા હોય, જીભથી ચાટતા હોય, નાસિકાથી સૂંઘતા હોય, તેમ જ બાહુઓથી ભેટતા હોય એવા પ્રેમથી તે રાજાઓએ શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યાં. પછી શ્રીકૃષ્ણનાં દર્શનથી થયેલા આનંદથી તેમનો કેદ પુરાવાનો થાક દૂર થઈ ગયો. તે રાજાઓ બે હાથ જોડી ઇંદ્રિયોના અધીશ્વર શ્રીકૃષ્ણની વાણીથી આ રીતે સ્તુતિ કરવા લાગ્યા.

**રાજાઓ બોલ્યા :** હે દેવેશ્વર ! હે શરણાગતની પીડા દૂર કરનારા ! હે અવિનાશી ! હે કૃષ્ણ ! આ ઘોર સંસારથી કંટાળી આપને શરણે આવેલા અમારું આપ રક્ષણ કરો. હે મધુદૈત્યનો નાશ કરનારા નાથ ! અમે આ જરાસંધ ઉપર દોષારોપ કરતા નથી; કારણ કે હે વ્યાપક દેવ ! રાજાઓનું રાજ્યભ્રષ્ટ થવું તે આપની કૃપા જ છે. રાજા રાજ્યના ઐશ્વર્યમદથી છકી જઈ કલ્યાણ પામતો નથી અને આપની માયાથી મોહિત થઈ અનિત્ય સંપત્તિઓને અચળ માને છે. જેમ મૂર્ખા ઝાંઝવાનાં જળને જળાશય માને છે, તેમ અવિવેકીઓ સૃષ્ટિ આદિ વિકાર પામેલી માયાને સત્ય વસ્તુ માને છે. હે પ્રભો ! અમે પહેલાં લક્ષ્મીના મદથી આંધળા બન્યા હતા. આ પૃથ્વીને જીતવાની ઈચ્છાથી એકબીજાની સ્પર્ધા કરતાં અને મૃત્યુરૂપે સામે જ રહેતા આપને ન ગણકારી, દુષ્ટ મનવાળા થઈને, અત્યંત નિર્દય અમે પોતાની પ્રજાઓનો નાશ કરતા હતા. હે સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ ! કાળની ગતિ ખૂબ ગહન છે. કાળ એટલો બળવાન છે કે તે કોઈને છેડતો નથી, તે એવો બળવાન કેમ ન હોય કારણ કે તે પણ આપનું શરીર જ છે. અત્યારે તેણે અમને નિસ્તેજ અને નિર્ધન કરી દીધા છે. આ પણ આપની કૃપા જ છે. આપની આ અહૈતુક કૃપાથી અમારો મદ, ઘમંડ ચૂરેચૂરા થઈ ગયો. હવે અમે આપનાં ચરણકમળોનું સ્મરણ કરીએ છીએ. માટે હવે તો હે વિભો ! ઝાંઝવાનાં જળ જેવા રાજ્યને અમે ક્ષણે ક્ષણે ઘસાતા અને રોગોની જન્મભૂમિ એવા આ શરીર વડે ભોગવવા યોગ્ય સમજતા નથી અને તે જ પ્રમાણે કાનને રુચિ કરનાર પરલોકનાં ક્રિયાફળ-સ્વર્ગાદિ ભોગોને પણ સેવવા યોગ્ય તરીકે અમે ઈચ્છતા નથી. માટે હવે તો આપ અમને એ જ ઉપાય બતાવો કે જેથી આ સંસારમાં જન્મ્યા છતાં અમને આપનું સ્મરણ કદી અટકે જ નહિ,

શ્રીકૃષ્ણ, વાસુદેવ, શ્રીહરિ પરમાત્મા અને નમ્ર પ્રાણીઓના કલેશનો નાશ કરનાર આપ ગોવિંદ ને અમારા વારંવાર પ્રણામ હો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે તાત ! એમ બંધનથી છૂટેલા રાજાઓએ ભગવાનની સ્તુતિ કરી, એટલે શરણાગતનું રક્ષણ કરનાર દયાળુ ભગવાન મધુર વાણી વડે તેઓને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે રાજાઓ ! તમે એ જેવી ઈચ્છા કરી છે, તે પ્રમાણે આજથી આત્મારૂપ અને સર્વના ઈશ્વર મારામાં તમને અતિ દઢ ભક્તિ થશે. હે રાજાઓ ! તમે (મારું ભજન જ કરવું એવો) નિશ્ચય કર્યો છે, તે બહું જ ઉત્તમ છે. ખરેખર તમે સત્ય બોલનાર છો; કારણ કે હું જોઉં છું કે લક્ષ્મી તથા ઐશ્વર્યથી જે મદ થાય અને તે મદથી જે સ્વેચ્છાચાર થાય છે, તે મનુષ્યોને ગાંડા બનાવી દે છે. સહસ્ત્રાર્જુન, નહુષ, વેન, રાવણ, નરકાસુર અને બીજા ઘણા દેવો, દૈત્યો, તથા મનુષ્યોના રાજાઓ લક્ષ્મીના મદથી સ્થાનભ્રષ્ટ થયા છે. માટે 'આ દેહ વગેરે જે ઉત્પન્ન થાય છે, તે નાશવંત છે' એમ જાણી સાવધાન રહી યજ્ઞો વડે મારું પૂજન કરતા અમે ધર્મપૂર્વક પ્રજાનું રક્ષણ કરો; તેમ જ પુત્ર વગેરે સંતતિ વિસ્તારના સુખદુઃખ, સંપત્તિ કે વિપત્તિ જે જે પ્રાપ્ત થાય તેને (સમભાવે) સેવતા મારામાં ચિત્ત રાખી વર્તો, જેથી દેહાદિ પર ઉદાસીન થઈ, આત્મામાં જ તમે રમશો, વ્રત ધરશો અને છેવટે મારામાં સારી રીતે મન સ્થાપી મને બ્રહ્મને પામશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ રાજાઓને કહી જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણે તેઓને સ્નાન કરાવવા પુરુષો તથા સ્ત્રીઓને આજ્ઞા કરી. પછી યોગ્ય વસ્ત્રો, આભૂષણો, માળાઓ તથા વિલેપનોથી સહદેવ પાસે તેમનો સત્કાર કરાવ્યો; તેમ જ સારી રીતે સ્નાન કરી, અલંકાર ધારણ કરેલા તે રાજાઓને ઉત્તમ અન્ન જમાડી તાંબૂલ વગેરે આપી જાતજાતની ભેગસામગ્રી વડે ફરી તેઓનો સત્કાર કરાવ્યો. એ વેળા શ્રીકૃષ્ણે સત્કાર કરેલા ઉજજવળ કુંડળોવાળા તે રાજાઓ કેદખાનાના દુઃખથી છૂટી વર્ષાઋતુના અંતે ચંદ્ર વગેરે ગ્રહોની જેમ શોભતા હતા. પછી ઉત્તમ ઘોડાઓ જોડેલા અને મણિઓ તથા સુવર્ણથી શણગારેલા રથમાં બેસાડી, સત્ય અને પ્રિય વાક્યોથી પ્રસન્ન કરી તે રાજાઓને ભગવાને પોતપોતાના દેશ તરફ વિદાય કર્યા. એ પ્રમાણે મહાત્મા શ્રીકૃષ્ણે દુઃખથી મુકત કરેલા તે રાજાઓ શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા અને તે જગત્પતિનાં કર્મોનું જ ચિંતન કરતા પોતાના દેશમાં ગયા. ત્યાં જઈ તેઓએ મહાપુરુષ શ્રીકૃષ્ણનું તે ચરિત્ર પોતાના પ્રધાન વગેરેને કહ્યું અને ભગવાન કૃષ્ણે અને તેઓને જે આજ્ઞા કરી હતી, તે તેઓએ સાવધાન થઈ કર્યું. શ્રીકૃષ્ણે પણ એ રીતે ભીમસેન દ્વારા જરાસંધનો નાશ કરાવી ભીમસેન તથા અર્જુન સાથે સહદેવથી સત્કાર પામી, ઇન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કર્યું. શત્રુઓને જીતેલા તે ત્રણેને ઇન્દ્રપ્રસ્થ જઈ પોતાના સ્નેહીઓને આનંદ પમાડતા અને શત્રુઓને દુઃખ ઉપજાવતા પોતપોતાના શંખો વગાડ્યા. તે સાંભળી ઈંદ્રપ્રસ્થવાસીઓ પ્રસન્ન મનવાળા થયા અને તેઓએ માન્યું કે 'જરાસંધ મર્યો છે' ને યુધિષ્ઠિર રાજાના મનોરથો ફળ્યા છે. પછી ભીમ, અર્જુન તથા શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર રાજાને વંદન કરી પોતે જે કાર્ય કર્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. ધર્મરાજ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ કરેલી તે કૃપા સાંભળી પ્રેમથી આનંદનાં આંસુ વરસાવતા કંઈ બોલી શક્યા નહિ. ૧-૩૫

निशम्य धर्मराजस्तत् केशवेनानुकम्पितम् । आनन्दाश्रुकलां मुञ्चन् प्रेम्णा नोवाच किञ्चन ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૩ સમાપ્ત.*

## અધ્યાય-૭૪

## શિશુપાલનો વધ

॥ श्रीशुक उवाच ॥

एवं युधिष्ठिरो राजा जरासन्घवधं विभोः । कृष्णस्य चानुभावं ते श्रुत्वा प्रीतस्तमब्रवीत् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** યુધિષ્ઠિર રાજા આ પ્રમાણે જરાસંધનો નાશ તથા શ્રીકૃષ્ણનો તે પ્રભાવ સાંભળી ખૂબ પ્રસન્ન થયા અને તેમને કહેવા લાગ્યા.

**યુધિષ્ઠિર બોલ્યા :** બ્રહ્મા, રુદ્ર, વગેરે જેઓ ત્રૈલોક્યના ગુરુઓ છે અને જેઓ ઇંદ્ર વગેરે લોકોના મહેશ્વર છે, તેઓ પણ આપની દુર્લભ આજ્ઞા માટે તત્પર રહી તેને મસ્તક પર ચડાવે છે. હે અનંત ! કમળ જેવાં નેત્રોવાળા તે જ આપ પરમેશ્વર રાંક છતાં પોતાને રાજા માનતા અમારી આજ્ઞા પાળો છે, તે કેવળ આપનો મનુષ્યલીલાનો અભિનય જ છે. (કેમ કે તેથી તો આપના તેજની હાનિ થાય છે.) અથવા જેમ પોતાનાં જ ઉદય તથા અસ્ત આદિ કર્મોથી સૂર્યનું તેજ વધતું કે ઘટતું નથી તેમ એક અદ્વિતીય, વ્યાપક પરબ્રહ્મ પરમાત્મા આપનું તેજ પણ (બીજા પર કૃપા માટેનાં) આ કર્મોથી વધતું કે ઘટતું નથી. હે અજિત! જેમ પશુ જેવા અજ્ઞાનીઓને શરીર સંબંધી 'તું—તારું,' 'હું—મારું' એવી અનેક જાતની ભેદબુદ્ધિ હોય છે, તેવી આપના ભક્તોને હોતી નથી, તો હે લક્ષ્મીપતિ ! આપને (તેવી બુદ્ધિ) ન જ હોય એમાં શું કહેવાનું છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે કહીને, ધર્મરાજ યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણની સંમતિથી યોગ્ય સમય આવતાં યજ્ઞના કાર્યમાં નિપુણ વેદપાઠી બ્રાહ્મણોને ઋત્વિજ તરીકે પસંદ કર્યા. વેદવ્યાસ, ભરદ્વાજ, સુમંતુ, ગૌતમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવષ, ત્રિત, વિશ્વામિત્ર, વામદેવ, સુમતિ, જૈમિનિ, ક્રતુ, પૈલ, પરાશર, ગર્ગ, વૈશંપાયન અથર્વા, કશ્યપ, ધૌમ્ય, ભૃગુવંશી પરશુરામ, આસુરિ, વીતિહોત્ર, મધુચ્છંદસ્, વીરસેન અને અકૃતવ્રણ વગેરે બ્રાહ્મણોને યજ્ઞ માટે પસંદ કર્યા; તેમજ બીજા દ્રોણાચાર્ય, ભીષ્મ, કૃપાચાર્ય, પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર, મહાબુદ્ધિમાન વિદુર, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો, સર્વ રાજાઓ તથા રાજાઓના પ્રધાનો વગેરેને આમંત્રણ આપ્યાં; તેથી તેઓ સર્વે યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. પછી એ બ્રાહ્મણોએ યજ્ઞની ભૂમિને સુવર્ણના હળથી ખેડી શુદ્ધ કરી, શાસ્ત્રોકત વિધિપૂર્વક યુધિષ્ઠિરરાજાને યજ્ઞદીક્ષા આપી. જેમ પૂર્વે વરુણદેવના યજ્ઞમાં સર્વ સામાન સોનાનો જ હતો, તેમ યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં પણ સર્વ સામાન સોનાનો જ હતો. એ યજ્ઞમાં બ્રહ્મા તથા શંકર સાથે પોતપોતાના ગણો સહિત ઇંદ્ર વગેરે લોકપાલો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, મુનિઓ, યક્ષો, રાક્ષસો, ખેચરો, કિન્નરો, ચારણો સર્વ રાજાઓ તથા રાજરાણીઓને આમંત્રણ આપ્યાં હતાં, તેથી તેઓ બધાં પાંડપુત્ર યુધિષ્ઠિરરાજાના એ રાજસૂયયજ્ઞમાં આવ્યાં હતાં. અને તેઓ આશ્ચર્યરહિતપણે માનતાં હતાં કે, 'શ્રીકૃષ્ણના ભકત યુધિષ્ઠિરરાજાનો યજ્ઞ બરાબર જ હોય,' પછી દેવો જેવા તેજસ્વી યાજ્ઞિક ઋત્વિજોએ જેમ દેવોએ વરુણ પાસે યજ્ઞ કરાવ્યો હતો તેમ વિધિપૂર્વક મહારાજ યુધિષ્ઠિર પાસે રાજસૂય યજ્ઞ કરાવ્યો. તેમાં સોમરસ કાઢવાના દિવસે રાજા યુધિષ્ઠિરે બરાબર સાવધાન થઈ યજ્ઞ કરાવનાર મહાતેજસ્વી બ્રાહ્મણો તથા સભાપતિઓની વિધિ પ્રમાણે પૂજા કરવાની તૈયારી કરી. તે વખતે 'સભાસદોમાં મુખ્ય પૂજાને યોગ્ય કોણ ?' તે સંબંધમાં સભાસદો વિચાર કરવા લાગ્યા; પણ મુખ્ય પૂજાને

યોગ્ય ઘણા હોવાથી કોઈ એક જ પુરુષનો નિર્ણય ન થવાથી તેઓ તેવા પુરુષનો નિશ્ચય કરી શકયા નહિ; ત્યારે સહદેવ બોલ્યો : 'ભકતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ (મુખ્ય પૂજા માટેની) શ્રેષ્ઠતાને યોગ્ય છે, કારણ કે આ શ્રીકૃષ્ણ જ સર્વ દેવો, દેશ, કાળ તથા ધન વગેરેરૂપ છે. વળી જગત આ શ્રીકૃષ્ણનું જ રૂપ છે, સર્વ યજ્ઞો આ શ્રીકૃષ્ણરૂપ જ છે અને અગ્નિ, આહુતિઓ, મંત્ર, સાંખ્ય (જ્ઞાન) તથા યુગ (ઉપાસના) પણ આ શ્રીકૃષ્ણ પ્રત્યે જ લઈ જનાર છે કેમ કે આ શ્રીકૃષ્ણ એક જ અને અદ્વિતીય છે. વળી આ જગત આ શ્રીકૃષ્ણરૂપી આત્માવાળું છે; કારણ કે હે સભાસદો ! અજન્મા આ શ્રીકૃષ્ણ પોતે જ પોતાનો આશ્રય કરી પોતાના વડે જ જગત સર્જે છે, રક્ષે છે અને સંહારે છે. જેમની કૃપાદૃષ્ટિથી આ સર્વ જીવવર્ગ જાતજાતનાં કર્મો કરતો ધર્મ આદિ લક્ષણવાળું કલ્યાણ સિદ્ધ કરે છે, (અર્થાત્ યજ્ઞયાગાદિ સર્વ કર્મો અને તેનાં ફળ પરમેશ્વર શ્રીકૃષ્ણને જ અધીન છે.) માટે સર્વથી મોટા આ શ્રીકૃષ્ણનું જ શ્રેષ્ઠ તરીકે પૂજન કરો. જો એમ કરાશે તો જ સર્વ પ્રાણીઓનું તથા આપણું પોતાનું પણ આપણે પૂજન કર્યું ગણાશે. જે પુરુષ પોતે આપેલાંનું અનંત ફળ ઇચ્છતો હોય, તેણે સર્વ પ્રાણીઓના આત્મા, ભેદબુદ્ધિથી રહિત, શાંત અને પૂર્ણ શ્રીકૃષ્ણ ભગવાનને જ સર્વ અર્પણ કરવું.

એમ કહી શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણનારો સહદેવ મૌન રહ્યો અને સર્વ ઉત્તમ સભાસદો એ તે સાંભળી 'વાહ, ઠીક કહ્યું' એમ તેની પ્રશંસા કરી. રાજા યુધિષ્ઠિર બ્રાહ્મણોનું કહેવું સાંભળી અને સભાસદોનો અભિપ્રાય જાણી પ્રસન્ન થયા; તેમણે સ્નેહથી વિહ્વળ થઈ, શ્રીકૃષ્ણ ભગવાનની પ્રથમ પૂજા કરી. તેમના બંને પગ ધોઈ લોકોને પવિત્ર કરનારું તે જળ પોતાની સ્ત્રીઓ, નાના ભાઈઓ, તથા કટુંબ સાથે હર્ષપૂર્વક તેમણે મસ્તક પર ચડાવ્યું. પછી પીળાં રેશમી વસ્ત્રો અને મહાકિંમતી આભૂષણાથી ભગવાનનું પૂજન કરી, યુધિષ્ઠિરરાજા (હર્ષનાં) આંસુઓથી ઊભરાતાં નેત્રે શ્રીકૃષ્ણ ભગવાનને જોઈ પણ શક્યા નહિ. એ રીતે શ્રીકૃષ્ણ પ્રભુને પૂજેલા જોઈ સર્વ સભાસદો બે હાથ જોડી 'નમઃ' 'જય' એમ કહી તેમને પ્રણામ કરવા લાગ્યા અને (સ્વર્ગમાંથી) તેમના પર પુષ્પવૃષ્ટિ થઈ. તે વખતે ઈર્ષ્યાળુ શિશુપાલ શ્રીકૃષ્ણનાં એ ગુણવર્ણન સાંભળી ક્રોધાયમાન થઈ પોતાના આસન પરથી ઊઠી એક હાથ ઊંચો કરી, સભા વચ્ચે નિર્ભયપણે આ પ્રમાણે બોલ્યોઃ 'કાળ સમર્થ છે અને દુર્લઘ્ય છે,' એ લોક કહેવત સાચી છે; કારણ કે (એ કાળના પ્રભાવથી કોઈ વેળા) વૃદ્ધ પુરુષોની બુદ્ધિ પણ બાળકના વાક્યોથી ફરી જાય છે. હે સભાપતિઓ ! તમે સર્વ યોગ્ય—અયોગ્યને જાણનારાઓમાં શ્રેષ્ઠ છો; માટે 'કૃષ્ણ મુખ્ય પૂજા માટે માન્ય છે' આવું બાળક સહદેવનું વચન યોગ્ય ન માનો. વિદ્યા તથા વ્રતને ધરનારા, જ્ઞાનથી નાશ પામેલાં પાપોવાળા, લોકપાલોએ પણ પૂજેલા ને બ્રહ્મનિષ્ઠ મહર્ષિ સભાપતિઓને તજી કાગડો જેમ પુરોડાશને યોગ્ય ન હોય, તેમ કુળદૂષક આ ગોવાળિયો પૂજાને યોગ્ય કેવી રીતે છે ? આ કૃષ્ણ વર્ણ, આશ્રમ અને કુળથી ભ્રષ્ટ છે. સર્વ ધર્મોથી બહિષ્કૃત છે, ઈચ્છાનુસાર વર્તનારો અને ગુણોથી રહિત છે, તે પ્રથમ પૂજાને યોગ્ય કેવી રીતે હોઈ શકે ? યાદવોના આ કુળને યયાતિરાજાએ શાપ આપ્યો છે. સજ્જનોએ તેનો બહિષ્કાર કર્યો છે અને જે કુળ વ્યર્થ મદિરા પીવામાં નિત્ય તત્પર રહે છે, તે કુળનો માણસ પ્રથમ પૂજાને યોગ્ય કેવી રીતે છે ? આ લૂંટારા યાદવો બ્રહ્મર્ષિઓએ સેવેલા દેશો તજી બ્રહ્મતેજ રહિત સમદ્રરૂપી કિલ્લાનો આશ્રય કરી પ્રજાને પીડે છે. એ રીતે નાશ પામેલા મંગળોવાળો શિશુપાલ એવાં અમંગળ વાક્યો બોલ્યો; પણ સિંહ જેમ શિયાળની બુમ સાંભળી કંઈ બોલે નહિ, તેમ ભગવાન કંઈ બોલ્યા નહિ; પરંતુ ભગવાનની તે દુઃસહ નિંદા સાંભળી સભાસદો કાન ઢાંકી ક્રોધથી શિશુપાલને

ગાળો દેતા સભામાંથી બહાર ચાલ્યા ગયા; કારણ કે ભગવાનની કે ભગવાનના ભકતની નિંદા સાંભળતો મનુષ્ય ત્યાંથી ખસી ન જાય તો તે પોતે પણ પુણ્યથી ભ્રષ્ટ થઈ નરકમાં જાય છે. પછી પાંડુના પુત્રો, મત્સ્યો, કેકયો તથા સૃંજયો ક્રોધાયમાન થઈ શિશુપાલને મારવાની ઈચ્છાથી આયુધો ઉગામી ઊભા થયા; એટલે હે ભરતવંશી રાજન્ ! શિશુપાલે પણ ગભરાયા વિના શ્રીકૃષ્ણનો પક્ષ કરનારા રાજાઓનો સભા માં તિરસ્કાર કરી ઢાલ-તલવાર હાથમાં લીધાં. તેટલામાં શ્રીકૃષ્ણ ભગવાને ઊભા થઈ પોતાના પક્ષના રાજાઓને અટકાવી પોતે જ ક્રોધથી સામે આવતા શત્રુના મસ્તકને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ઉડાવી દીધું. શિશુપાલ મરાયો, એ વખતે મોટો કોલાહલ થયો અને શિશુપાલના અનુયાયી રાજાઓ જીવવા ઈચ્છતા નાસી ગયા. એ વેળા શિશુપાલના શરીરમાંથી નીકળેલું તેજ આકાશમાંથી પડેલું ઊંબાડિયું જેમ પૃથ્વીમાં પેસી જાય, તેમ સર્વ પ્રાણીઓના દેખતાં શ્રીકૃષ્ણમાં પેસી ગયું. એમ ત્રણ જન્મોથી વૈરભાવવાળી બુદ્ધિથી શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતો શિશુપાલ છેવટે શ્રીકૃષ્ણમયપણાને પામ્યો. કારણ કે ભાવ એ જ જન્મનું કારણ છે. (અર્થાત્ ભાવના કે ધ્યાન એ જ ધ્યેયવસ્તુના આકારરૂપે થવામાં કારણ છે; જેમ કીડો ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને છે.) પછી ચક્રવર્તી રાજા યુધિષ્ઠિરે સદસ્યો સહિત ઋત્વિજોને પુષ્કળ દક્ષિણા આપી અને વિધિ અનુસાર સર્વની પૂજા કરી. (યજ્ઞના અંતે કરાતું) અવભૃથસ્નાન કર્યું. યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ એ રીતે યુધિષ્ઠિરરાજાનો યજ્ઞ પૂર્ણ કરાવી સંબંધીઓની માગણીથી કેટલાક મહિના ત્યાં રહ્યા. પછી યુધિષ્ઠિરરાજા ઈચ્છતા ન હતા તો પણ તેમની સંમતિ લઈ ભગવાન શ્રીકૃષ્ણ પોતાની સ્ત્રીઓ અને પ્રધાનો સાથે પોતાને નગર ગયા. એમ વૈકુંઠમાં વસનારા ભગવાનના બંને પાર્ષદ જય–વિજયને સનકાદિ ઋષિઓના શાપથી વારંવાર જન્મ લેવો પડ્યો; તે આખ્યાન મેં ઘણા વિસ્તારથી તમારી આગળ વર્ણવ્યું. રાજા યુધિષ્ઠિર રાજસૂયયજ્ઞના અંતે અવભૃથસ્નાન કરી બ્રાહ્મણો તથા આ ક્ષત્રિયોની સભામાં ઈંદ્રની પેઠે શોભવા લાગ્યા પછી યુધિષ્ઠિર રાજાએ સત્કાર કરેલા દેવો, મનુષ્યો તથા ખેચરો શ્રીકૃષ્ણની તથા રાજસૂયયજ્ઞની પ્રશંસા કરતા હર્ષથી પોતપોતાને ઘેર ગયા. કુરુ રાજાના કુળમાં રોગરૂપ અને કલિયુગનો અંશ પામી દુર્યોધન વિના એવો કોઈ મનુષ્ય (યુધિષ્ઠિરના યજ્ઞમાં) ન હતો કે જે પાંડુપુત્ર યુધિષ્ઠિરની તે વિશાળ સંપત્તિને જોઈ સહન કરી શકયો ન હોય ! જે મનુષ્ય શિશુપાલનો નાશ વગેરે આ શ્રીકૃષ્ણચરિત્રનું રાજાને તેમણે છૂટા કર્યા તે કર્મ તથા યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞનું કીર્તન કરે છે તે સર્વ પાપોથી છૂટે છે.૧-૫૪

**य इदं कीर्तयेद्विष्णोः कर्म चैद्यवघादिकम् । राजमोक्षं वितानं च सर्वपापैः प्रमुच्यते ॥५४॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૪ સમાપ્ત.*

## અધ્યાય-૭૫

## દુર્યોધનનો માનભંગ

**॥ राजोवाच ॥**

अजातशत्रोस्तं दृष्ट्वा राजसूयमहोदयम् । सर्वे मुमुदिरे ब्रह्मन् नृदेवा ये समागताः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! યુધિષ્ઠિરરાજાના તે રાજસૂયયજ્ઞનો મહોત્સવ જોઈ માત્ર એક દુર્યોધન વિના જે રાજાઓ, ઋષિઓ તથા દેવો ત્યાં આવ્યા હતા, તેઓ સર્વ પ્રસન્ન થયા હતા એમ આપની પાસેથી મેં સાંભળ્યું; પણ હે ભગવન્ ! દુર્યોધન પ્રસન્ન ન થયો, એમાં જે કારણ હોય, તે અમને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** તમારા દાદા મહાત્મા યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં પ્રેમરૂપી બંધનવાળા સર્વ સંબંધીઓ તેમનું કામકાજ કરવા હાજર હતા. ભીમસેન રસોડાનો, દુર્યોધન ધનભંડારનો, સહદેવ આલાઓનો સત્કાર કરવાના કામમાં, નકુલ સઘળી વસ્તુઓ એકઠી કરવાના કામમાં, અર્જુન પૂજ્ય પુરુષોની સેવા કરવાના કામમાં, શ્રીકૃષ્ણ પૂજ્ય પુરુષોના પગ ધોવાના કામમાં, દ્રૌપદી પીરસવાના કામમાં અને મોટા મનનો કર્ણ દાન આપવાના કામમાં અધ્યક્ષ હતો; તેમ જ હે રાજેન્દ્ર ! સાત્યકિ, વિકર્ણ, હાર્દિક્ય, વિદુર વગેરે બાહ્‌લિકના પુત્રો ભૂરી વગેરે અને બીજા પણ સંતર્દન વગેરેને એ મહાયજ્ઞમાં જાતજાતનાં અનેક કામોમાં નીમ્યા હતા અને તેઓ બધા યુધિષ્ઠિરરાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી પોતપોતાના કામમાં લાગ્યા હતા. ઋત્વિજો, સદસ્યો, મોટા વિદ્વાનો તથા પોતાના સ્નેહીઓ અને સંબંધીઓનો તેમણે સત્ય તથા હિતકર ભાષણ, પૂજન તથા દક્ષિણાઓ વડે સારી રીતે સત્કાર કર્યો હતો. ભકતવત્સલ ભગવાનના ચરણમાં શિશુપાલ લય પામ્યો, તે પછી સર્વેએ ગંગાનદીમાં અવભૃથસ્નાન કર્યું હતું. તે વેળા એ સ્નાનના ઉત્સવમાં મૃદંગ, શંખ, પણવ, ધુંધુરી, આનક તથા શિગડીઓ વગેરે જાતજાતનાં વાજાં વાગી રહ્યાં હતાં. નૃત્ય કરનારી સ્ત્રીઓ હર્ષભેર નાચતી હતી; ગવૈયાઓ ટોળે મળી ગાતા હતા ને તેઓની વીણા, વાંસળી તથા કરતાલનો અવાજ છેક સ્વર્ગ સુધી પહોંચતો હતો. રંગબેરંગી ધજા તથા પતાકાઓના છેડા જેઓ પર ફરકતા હતા તેવા મોટા હાથીઓ, રથો, ઘોડા તથા સારી રીતે શણગારેલા યોદ્ધાઓ સહિત રાજાઓ સોનાની માળાઓ પહેરી નગરની બહાર નીકળ્યા હતા. સૈન્યોથી પૃથ્વીને કંપાવતા યદુ, સૃંજય, કાંબોજ, કર, કેકય તયા કોશલવંશી રાજાઓ યજમાન યુધિષ્ઠિરરાજાને આગળ કરી (અવભૃથસ્નાન માટે) નગરની બહાર નીકળ્યા હતા; તેમ જ સભાપતિઓ, ઋત્વિજો અને બીજા શ્રેષ્ઠ બ્રાહ્મણો પણ મોટી વેદગર્જનાઓ સાથે (સ્નાન કરવા) નીકળ્યા હતા. દેવર્ષિઓ, પિતૃઓ તથા ગંધર્વો પુષ્પવૃષ્ટિ કરતા સ્તુતિ કરતા હતા. ચંદન, પુષ્પમાળા, આભૂષણ તથા વસ્ત્રોથી સારી રીતે શણગારેલા પુરુષો અને સ્ત્રીઓ પરસ્પર જાતજાતના રસોનાં લેપન અને છંટકાવ કરતાં રમતાં હતાં. તેલ, ગોરસ, સુગંધી પાણી, હળદર તથા ઘટ્ટ કેસરોથી પુરુષોએ લીંપેલી સ્ત્રીઓ સામેથી પુરુષોને પણ તે તે વસ્તુઓથી લીંપતી ખેલતી હતી. એ અવભૃથસ્નાનનો ઉત્સવ જોવા વિમાનોમાં બેસી આકાશમાં જેમ દેવીઓ નીકળી હતી, તેમ રથ વગેરે વાહનોમાં બેસી પુરુષોએ રક્ષેલી રાજરાણીઓ પણ નીકળી હતી. એ વખતે પાંડવોના મામાના પુત્ર શ્રીકૃષ્ણ તથા તેમના મિત્રો તેઓને જાતજાતના રસો છાંટતા હતા, તેથી લજ્જાયુકત હાસ્યથી પ્રફુલ્લ મુખવાળી તે રાણીઓ શોભતી હતી. તેઓનાં વસ્ત્રો ભિંજાયાં હતાં અને તેથી તેઓના શરીરના અવયવો, સ્તનો, સાથળો તથા મધ્યભાગો સ્પષ્ટ જણાતા હતા અને ઉત્કંઠિતપણાથી છૂટી પડેલા તેઓના કેશપાશમાંથી પુષ્પોની માળાઓ સરી પડતી હતી. તે રાજરાણીઓ પણ પિચકારીઓથી દિયરો તથા મિત્રોને રંગ છાંટતી હતી અને સુંદર વિહારોથી કામીઓને વિકાર પમાડતી હતી. ચક્રવર્તી યુધિષ્ઠિરરાજા તે વખતે ઉત્તમ ઘોડા જોડેલા અને સુવર્ણની માળાઓવાળા રથમાં બેઠા હતા અને જુદી જુદી ક્રિયામાંથી જેમ રાજસૂય મહાયજ્ઞ શોભે, તેમ પોતાની રાણીઓથી શોભતા હતા. પછી (ગંગાકિનારે જઈ) ઋત્વિજોએ પત્નીસંયાજ નામનો યાગ કરી, અવભૃથને લગતી ક્રિયા કરી, દ્રૌપદી સહિત યુધિષ્ઠિરરાજાને આચમન કરાવી ગંગામાં સ્નાન કરાવ્યું. તે વખતે મનુષ્યોનાં નગારાં સાથે દેવોનાં નગારાં વાગ્યાં હતાં અને દેવો, ઋષિઓ, પિતૃઓ તથા મનુષ્યોએ પુષ્પવૃષ્ટિ કરી હતી. પછી પ્રત્યેક વર્ણના તથા આશ્રમના લોકોએ ત્યાં

સ્નાન કર્યા હતાં; કારણ કે (એ વેળા) સ્નાન કરવાથી મોટો પાપી પણ તત્કાળ પાપથી છૂટે છે. પછી યુધિષ્ઠિરરાજાએ બે નવા રેશમી વસ્ત્રો પહેરી, ઉત્તમ શણગાર ધરી ઋત્વિજો, સદસ્યો તથા બ્રાહ્મણો વગેરેનો અલંકારો તથા વસ્ત્રો વડે સત્કાર કર્યો; તેમ જ નારાયણપરાયણ તે રાજાઓ, બંધુઓ, સર્વનો વારંવાર સત્કાર કર્યો; તેથી સર્વ મનુષ્યો દેવ સમાન કાંતિવાળા જણાતા હતા. તેઓએ મણિજડિત કુંડળો, માળા, પાઘડીઓ, અંગરખાં, રેશમી વસ્ત્રો તથા મહાકિંમતી હારો પહેર્યા હતા અને કુંડળો તથા વાળની લટોથી યુકત સુખની શોભાવાળી સ્ત્રીઓ સોનાના કંદોરાથી શોભતી હતી. પછી હે રાજન્ ! એ યજ્ઞમહોત્સવમાં આવેલા મહાકુળવાન ઋત્વિજો, વેદવાદી સભાપતિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, રાજાઓ, દેવો, ઋષિઓ, પિતૃઓ, ભૂતો તેમ જ અનુયાયીઓ સહિત લોકપાલો પૂજાસત્કાર પામી, યુધિષ્ઠિરરાજાની સંમતિ લઈ પોતાને સ્થાને ગયા. જેમ મનુષ્ય અમૃત પીતાં તૃપ્ત ન થાય તેમ શ્રીહરિના દાસ રાજર્ષિ યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞના મહોત્સવની પ્રશંસા કરતા લોકો તૃપ્ત થતા ન હતા. પછી રાજા યુધિષ્ઠિર વિયોગથી વિહ્વળ થઈ સ્નેહી, સંબંધીઓ, કુટુંબીઓ તેમ જ શ્રીકૃષ્ણનો ત્યાગ કરવા સમર્થ ન હોવાથી તેમને જવા ન દેતાં પ્રેમથી પોતાને ત્યાં રાખ્યા હતા. હે રાજા ! શ્રીકૃષ્ણ ભગવાન પણ યુધિષ્ઠિરનું હિત કરવા માટે સાંબ વગેરેને દ્વારકા મોકલી પોતે ત્યાં રહ્યા. એમ ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા તરવો ઘણો મુશ્કેલ મનોરથરૂપી મહાસાગર શ્રીકૃષ્ણથી તરીને નિશ્ચિત થયા હતા. ત્યારે એક વાર શ્રીકૃષ્ણમાં મનવાળા યુધિષ્ઠિરરાજાના અંતઃપુરની શોભા તથા રાજસૂયયજ્ઞની મોટી પ્રતિષ્ઠા જોઈ દુર્યોધન મનમાં બળવા લાગ્યો. યુધિષ્ઠિરના અંતઃપુરમાં મયદાનવે રચેલી રાજાઓની, દૈત્યેન્દ્રોની તથા દેવેન્દ્રોની અનેક જાતની સંપત્તિઓ પ્રકાશતી હતી અને તે સંપત્તિઓ સાથે દ્રૌપદી પતિઓને સેવતી હતી, તેથી એ સંપત્તિઓ સહિત દ્રૌપદીમાં આસકત હૃદયવાળો કુરુરાજા દુર્યોધન બળ્યા કરતો. વળી તે અંતઃપુરમાં રાજસૂયયજ્ઞની સમાપ્તિ પછી નિતંબના ભારથી ધીમાં પગલાં ભરતી, ઝાંઝરોથી ઝણકાર કરતા પગની શોભાવાળી, સુંદર મધ્યભાગવાળી, સ્તન ઉપરના કેસરથી લાલ થયેલા હારવાળી, શોભાયમાન મુખોવાળી અને ચાલતાં કુંડળો તથા કેશવાળી શ્રીકૃષ્ણની હજારો રાણીઓ શોભતી હતી. (તેઓને જોઈને પણ દુર્યોધન બળતો હતો.) એકવાર મયદાનવે રચેલી સભામાં મહારાજ યુધિષ્ઠિર નાના ભાઈઓથી વીંટળાઈને પોતાનાં નેત્રરૂપ શ્રીકૃષ્ણ સાથે સાક્ષાત ઈન્દ્રની પેઠે ચક્રવર્તીની રાજલક્ષ્મીથી સેવાતા અને બંદીજનોથી સ્તુતિ કરાતા સોનાના સિંહાસન પર બેઠા હતા. તે વખતે હે રાજન્ ! અભિમાની દુર્યોધન મુકુટ તથા માળા પહેરીને ભાઈઓની સાથે હાથમાં તલવાર લઈ ક્રોધથી દ્વારપાળોને ધમકાવતો ત્યાં દાખલ થયો. મયદાનવની માયાથી મોહિત થઈ સ્થળમાં જળ માની વસ્ત્રના છેડા તેણે ઊંચા લીધા અને ભ્રાંતિથી જળમાં સ્થળ માની તેમાં તે પડ્યો. હે રાજન્ ! તેને જોઈ ભીમસેન, સ્ત્રીઓ અને બીજા રાજા યુધિષ્ઠિરરાજાએ વાર્યા છતાં શ્રીકૃષ્ણની સંમતિથી હસવા લાગ્યા તેથી દુર્યોધન શરમાઈને ક્રોધથી બળતો નીચું મુખ કરી ચૂપચાપ ત્યાંથી નીકળી જઈ, હસ્તિનાપુર ચાલ્યો ગયો. સત્પુરુષોમાં તે વખતે મોટો હાહાકાર થયો. યુધિષ્ઠિરનું મન પણ ઉદાસ જેવું થઈ ગયું. જેમની માત્ર દૃષ્ટિથી જ દુર્યોધન ભ્રાંતિમાં પડયો હતો, એવા ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારવા ઈચ્છતા મૌન જ રહ્યા. હે રાજન્ ! તમે મને જે પૂછ્યું હતું, તે રાજસૂય મહાયજ્ઞમાં દુર્યોધનનું આ દુષ્ટપણું મેં તમને કહ્યું. ૧-૪૦.

एतत्तेऽभिहितं राजन् यत्पृष्टोऽहमिह त्वया । सुयोधनस्य दौरात्म्यं राजसूये महाक्रतौ ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૫ સમાપ્ત.*

## અધ્યાય-૭૬
## યાદવ અને શાલ્વનું યુદ્ધ

॥ श्रीशुक उवाच ॥

अथान्यदपि कृष्णस्य शृणु कर्माद्भुतं नृप । क्रीडानरशरीरस्य यथा सौभपतिर्हतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ક્રીડા માટે મનુષ્યશરીર ધરનાર શ્રીકૃષ્ણનું બીજું પણ શાલ્વરાજાનો જે રીતે નાશ કર્યો હતો, તે અદભુત કર્મ સાંભળો. શાલ્વરાજા શિશુપાલનો મિત્ર હોઈ રુકિમણીના વિવાહમાં આવ્યો હતો. ત્યારે તેને તથા જરાસંધ વગેરેને યાદવોએ યુદ્ધમાં હરાવ્યા હતા. તે સમયે શાલ્વે સર્વ રાજાઓના સાંભળતાં પ્રતિજ્ઞા કરી હતી : 'હું પૃથ્વીને યાદવો વિનાની કરીશ. તમે મારો પુરુષાર્થ જોજો.' એવી પ્રતિજ્ઞા કરીને હે રાજન્ ! મૂર્ખ શાલ્વે માત્ર એક જ વાર ધૂળની એક મુઠ્ઠીનો આહાર કરી પ્રભુ શંકરદેવનું આરાધન કર્યું. ભગવાન પાર્વતીપતિ જલદી પ્રસન્ન થાય એવા છે, તોપણ (શ્રીકૃષ્ણના શત્રુ શાલ્વને વર આપવો નિષ્ફળ છે એમ માની જલદી પ્રકટ ન થયા; પણ છેવટે શાલ્વની અત્યંત હઠ જોઈ) એક વર્ષને અંતે (પ્રકટ થઈ) શરણે આવેલા શાલ્વને વર માગવા કહ્યું. એટલે તેણે દેવો, અસુરો, મનુષ્યો, ગંધર્વો, સર્પો કે રાક્ષસથી ભાંગી ન શકાય એવું ઈચ્છાનુસાર જનારું અને યાદવોને ભય ઉત્પન્ન કરનારું વિમાન માગ્યું. 'તથાસ્તુ' એમ કહી શંકરે શત્રુઓનાં નગરોને જીતનારા મયદાનવને આજ્ઞા કરી; તેથી તેણે સૌભ નામનું લોઢાનું વિમાન બનાવીને શાલ્વને આપ્યું. ઈચ્છાનુસાર જનારું અને અંધકારમય તે દુર્લભ વિમાન મેળવી શાલ્વ યાદવોના વેરને યાદ કરી દ્વારકા ગયો. હે ભરતશ્રેષ્ઠ ! મોટી સેના વડે દ્વારકાને ઘેરી શાલ્વે સર્વ બાગબગીચા તથા ફૂલવાડીઓ, શહેરના દરવાજા, ઘરોનાં બારણાં, મહેલો, અટારીઓ, ઊંચી ભીંતો અને રમવાનાં સ્થાનો ભાંગી નાખ્યાં; ને તેના શ્રેષ્ઠ વિમાનમાંથી શસ્ત્રોની વૃષ્ટિ થવા લાગી. શિલાઓ, વૃક્ષો, વજ્રો, સર્પો, જળની મોટી ધારાઓ તેમ જ વજ્ર જેવા કરા પડવા લાગ્યા, પ્રચંડ વંટોળિયો ફૂંકાવા લાગ્યો અને સઘળી દિશાઓ ધૂળથી ઢંકાઈ ગઈ એમ સૌભપતિ શાલ્વે શ્રીકૃષ્ણની નગરીને અત્યંત પીડવા માંડી. હે રાજન્ ! ત્રિપુરાસુરે પીડેલી પૃથ્વીની પેઠે નગરી વ્યાકુળ બની ગઈ, પોતાની પ્રજાને એમ પીડાતી જોઈ, મહાયશસ્વી વીર ભગવાન પ્રદ્યુમ્ને રથ ઉપર ચડી 'તમે ડરશો નહિ' એમ પ્રજાને હાકલ કરી; તેમ જ સાત્યકિ, ચારુદેષ્ણ, સાંબ, નાના ભાઈઓ સહિત અક્રૂર, કૃતવર્મા, ભાનુવિંદ, ગદ, શુક, સારણ તેમ જ બીજા મોટા ધનુર્ધારીઓ રથીઓ, મહારથીઓ અને સેનાપતિઓ બખ્તરો પહેરી રથો, હાથીઓ, ઘોડા તથા પાળાઓથી રક્ષાયેલા નીકળ્યા. પછી અસુરોનું દેવો સાથે યુદ્ધ થાય, તેમ શાલ્વનું ને તેના યોદ્ધાઓનું યાદવો સાથે રૂવાં ઊભાં કરે તેવું તુમુલ યુદ્ધ થયું. રુકિમણીના પુત્ર પ્રદ્યુમ્ને સૂર્ય જેમ રાત્રિના અંધકારનો નાશ કરે, તેમ ક્ષણવારમાં દિવ્ય અસ્ત્રોથી શાલ્વની માયાઓનો નાશ કર્યો. પછી સોનાનાં મૂળવાળાં, લોઢાની અણીવાળાં અને ઊંડી ગાંઠોવાળાં પચીસ બાણો વડે શાલ્વના સેનાપતિને વીંધી નાખ્યો; તેમ જ સો બાણથી શાલ્વને એક એક બાણથી તેના સૈનિકોને, દશ દશ બાણો વડે તેના સારથિઓને તથા ત્રણ ત્રણ બાણો વડે તેનાં વાહનોને વીંધી નાખ્યાં. મહાત્મા પ્રદ્યુમ્નનું એ મહા અદ્‌ભુત કર્મ જોઈ પોતાના અને શત્રુપક્ષના સર્વ સૈનિકો તેની પ્રશંસા કરવા લાગ્યા. મયદાનવે રચેલું શાલ્વનું માયામય વિમાન કોઈ વખત અનેક રૂપવાળું, કોઈ વખત એક રૂપવાળું અને કોઈ વખત દેખાતું પણ નહતું, જેથી તે શત્રુઓને જાણવું અશક્ય થયું. ઊંલાડિયાની

પેઠે ઘૂમતું તે વિમાન કોઈ વાર પૃથ્વી પર, કોઈ વાર આકાશમાં, કોઈ વાર પર્વતનાં શિખર પર, તો કોઈ વાર પાણીમાં એમ અસ્થિર દેખાતું હતું. યાદવસૈન્યના સેનાપતિઓ, જ્યાં જ્યાં સૌભવિમાન અને સૈનિકો સાથે શાલ્વ જણાતો હતો, ત્યાં ત્યાં બાણો ફેંક્વા લાગ્યા. શત્રુઓએ ફેંકેલાં તથા સૂર્ય જેવો સ્પર્શ કરતાં અને સર્પ જેવાં દુઃસહ તે બાણોથી વિમાન તથા સૈનિકો પીડાવા લાગ્યાં; એટલે શાલ્વ મુંઝાયો. યાદવવીરો પણ શાલ્વના સેનાપતિઓનાં અનેક શસ્ત્રોથી ખૂબ પીડાયા છતાં બંને પક્ષના દ્વારા એકબીજાને જીતવાની ઈચ્છાવાળા હોઈ પોતપોતાનાં યુદ્ધસ્થાન છોડીને ચાલ્યા ગયા નહિ. શાલ્વના બળવાન પ્રધાન પ્રદ્યુમ્નને દ્યુમાનને પહેલાં બાણ મારી પીડ્યો હતો, તેથી તેણે પ્રદ્યુમ્નની પાસે જઈ તેને ગજવેલની ગદા મારીને ગર્જના કરી. શત્રુઓને પીડનાર પ્રદ્યુમ્નની છાતી ગદાના મારથી ચિરાઈ ગઈ એટલે સારથિ ધર્મ જાણનારો દારુકનો પુત્ર (પ્રદ્યુમ્નનો સારણિ મૂર્છિત થયેલા) તેને રણમાંથી દૂર ખસેડી ગયો. બે ઘડી પછી ભાનમાં આવેલા કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન સારથિને કહ્યુંઃ 'ઓ સારથિ ! તે મને યુદ્ધમાંથી ખસેડયો તે યોગ્ય કર્યું નથી. કાયર મનના તે સારથિએ કલંક લગાડેલ મારા વિના બીજો કોઈ પણ યાદવકુળમાં જન્મેલો રણમાંથી નાસેલો મેં સાંભળ્યો નથી. આ યુદ્ધમાંથી હું બરાબર નાઠો છું, તેથી મારા પિતા શ્રીકૃષ્ણ તથા બળદેવ મળી હું તેઓ પૂછશે ત્યારે પોતાને ઘટતું શું કહીશ ? 'મારી ભાભીઓ મારી નપુંસક્તાને હસતી જરૂર કહેશેઃ 'હે વીર ! શત્રુઓ સાથેના યુદ્ધમાં તમારું કાયરપણું કેવું હતું તે તો કહો.'

**સારથિ બોલ્યો :** હે આયુષ્યમાન ! હે વિભો ! સારથિએ સંકટમાં આવેલા રથીની અને રથીએ સારથિની રક્ષા કરવી જોઈએ.' આ ધર્મ જાણતાં મેં આ કામ કર્યું છે. તમને શત્રુએ પીડા કરી હતી, ગદાનો પ્રહાર કર્યો હતો અને તમે મૂર્છિત થયા હતા તેથી એ ધર્મરહસ્ય જાણી મેં તમને રણમાંથી ખસેડયા છે. ૧-૩૩

एतद्विदित्वा तु भवान् मयापोवाहितो रणात् । उपसृष्टः परेणेति मूर्छितो गदया हतः ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૬ સમાપ્ત.*

## અધ્યાય-૭૭

## શ્રીકૃષ્ણે શાલ્વને માર્યો અને સૌભવિમાનનો નાશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

स उपस्पृश्य सलिलं दंशितो घृतकार्मुकः । नय मां द्युमतः पार्श्वे वीरस्येत्याह सारथिम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી પ્રદ્યુમ્ને જળનું આચમન કરી બખ્તર પહેરી હાથમાં ધનુષ્ય લઈ સારથિને કહ્યુંઃ 'હે વીર, તું મને દ્યુમાન પાસે લઈ જા.. (એટલે સારથિ ત્યાં લઈ ગયો ત્યારે) રુકિમણીના પુત્ર પ્રદ્યુમ્ન અને પોતાના સૈન્યોનો નાશ કરનાર દ્યુમાનને રોકી હસતાં હસતાં આઠ બાણોથી તેને વીંધી નાખ્યો. તેમાં ચાર બાણોથી તેના ઘોડાને માર્યા, એક બાણથી તેના સારથિને માર્યો, બે બાણથી તેનું ધનુષ્ય અને ધજા કાપ્યાં ને બીજા એક બાણથી તેનું મસ્તક ઉડાવી દીધું. ગદ, સાત્યકિ અને સાંબ વગેરે યાદવો સૌભપતિ શાલ્વના સૈન્યનો નાશ કરવા લાગ્યા; અને સૌભવિમાનમાં બેઠેલા સર્વ યોધ્ધા કપાયેલાં મસ્તકોવાળા થઈ સમુદ્રમાં પડવા લાગ્યા. એમ પરસ્પર સંહાર કરતા યાદવો અને શાલ્વયોદ્ધાઓનું તુમુલ અને મહાભયંકર તે યુદ્ધ સત્તાવીસ દિવસો સુધી ચાલ્યું હતું. એ ગાળામાં શ્રીકૃષ્ણને ધર્મરાજ યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞમાં બોલાવ્યા હતા, જેથી તેઓ ઈન્દ્રપ્રસ્થ ગયા હતા (અને પાછળથી આ શાલ્વયુદ્ધ થયું હતું,)

ત્યાં રાજસૂયયજ્ઞ પૂર્ણ થયો અને શિશુપાલ મર્યો, એટલે કુરુવંશી વૃદ્ધ પુરુષોની, મુનિઓની અને પુત્ર સહિત કુંતાજીની રજા લઈ અતિ ઘોર અપશુકનો જોતા શ્રીકૃષ્ણ દ્વારકા આવવા નીકળ્યા. (એ વેળા મનમાં પોતે કહેતા હતા :) હું બળદેવજી સાથે અહીં આવ્યો છું તે અરસામાં શિશુપાલપક્ષના રાજાઓ નક્કી મારી નગરીનો નાશ કરતા હોવા જોઈએ. (આમ વિચારતા તે દ્વારકામાં આવ્યા, ત્યાં તો) સૌભવિમાનને તથા શાલ્વને પોતાના પક્ષના યોદ્ધાઓનો સંહાર કરતા જોઈ શ્રીકૃષ્ણે બળરામને નગરનું રક્ષણ કરવા જણાવી દારુક સારથિને કહ્યું: 'હે સારથિ ! તું મારો રથ શાલ્વ પાસે લઈ જા, તારે ગભરાવું નહિ, કારણ કે આ શાલ્વરાજા માયાવી છે.' શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે દારુક સારથિએ રથ ઉપર બેસી તેને (શાલ્વ તરફ) હંકાર્યો. એટલે પોતાના પક્ષના તથા શત્રુપક્ષના સર્વ યોદ્ધાઓએ રણક્ષેત્રમાં પ્રવેશ કરતા (ભગવાનના રથની ધજામાં) ગરુડને જોયો. લગભગ નાશ પામેલા સેનાપતિઓવાળા શાલ્વે કૃષ્ણને જોઈ યુદ્ધમાં ભયંકર શબ્દ કરતી સાંગ તેમના સારથિ પર ફેંકી; પણ શ્રીકૃષ્ણે આકાશમાં મોટા ઊંબાડિયાની પેઠે વેગથી આવતી તે સાંગનાં બાણોથી સેંકડો ટુકડા કર્યા; તેમ જ સોળ બાણોથી શાલ્વને વીંધી સૂર્ય જેમ કિરણોથી આકાશને વીંધે, તેમ આકાશમાં ભમતા સૌભવિમાનને બાણોના સમૂહોથી વીંધી નાખ્યું. એટલે શાલ્વે શ્રીકૃષ્ણનો શાર્ઙ્ગધનુષ્ય સહિત ડાબો હાથ બાણથી વીંધી નાખ્યો; એ વેળા શ્રીકૃષ્ણના હાથમાંથી શાર્ઙ્ગધનુષ્ય પડી ગયું, એ આશ્ચર્ય થયું હતું; તે જોતાં સર્વ પ્રાણીઓમાં મોટો હાહાકાર થયો. પછી મોટી ગર્જના કરીને શાલ્વરાજા શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો : 'ઓ મૂઢ ! તેં અમારા મિત્ર અને તારા ભાઈ શિશુપાલની સ્ત્રીને અમારા દેખતાં હરી છે અને (રાજસૂયયજ્ઞમાં) સભાની વચ્ચે પ્રમાદમાં રહેલા તેં મારા મિત્રને માર્યો છે. માટે આજે તું મારી આગળ ઊભો રહીશ તો પોતાને અજિત માનનારા તને તીક્ષ્ણ બાણો વડે હું મારીશ.'

**શ્રીભગવાન બોલ્યા :** 'ઓ મૂર્ખ ! તું વ્યર્થ બડાઈ હાંકે છે. પાસે રહેલા કાળને તું જોતો નથી. શૂરાઓ પુરુષાર્થ બતાવી આપે છે, બહુ બોલતા નથી.' એમ કહી ભગવાને ક્રોધાયમાન થઈ, ભયંકર વેગવાળી ગદા શાલ્વને હાંસડીમાં મારી જેથી લોહી ઓકતો તે કંપવા લાગ્યો. પછી ગદા પાછી ફરી એટલે શાલ્વ અદૃશ્ય થયો અને બે ઘડી પછી એક પુરુષ ત્યાં આવી શ્રીકૃષ્ણને મસ્તક વડે પ્રણામ કરી 'મને દેવકીએ મોકલ્યો છે' એમ કહી રડતો બોલ્યો : 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાબાહુ ! હે પિતા ઉપર પ્રેમવાળા ! કસાઈ જેમ પશુને બાંધી લઈ જાય તેમ શાલ્વ તમારા પિતાને બાંધી લઈ ગયો છે.' દયાળુ શ્રીકૃષ્ણ તે અપ્રિય વચન સાંભળી મનુષ્યસ્વભાવ પામી ઉદાસ મનવાળા થઈ, સામાન્ય મનુષ્યની પેઠે સ્નેહથી બોલ્યા : 'દેવો અને અસુરોથી જિતાય કે ગભરાય નહિ એવા બળરામને જીતી અતિક્ષુદ્ર શાલ્વ મારા પિતાને કેવી રીતે લઈ ગયો ! જણાય છે કે, દૈવ બળવાન છે.' શ્રીકૃષ્ણ એમ કહેતા હતા તેટલામાં શાલ્વરાજા ત્યાં આવ્યો અને બનાવટી વસુદેવને આણી, શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યા : 'ઓ મુર્ખ! તને ઉત્પન્ન કરનારો આ તારો પિતા છે, જેને માટે તું જીવે છે; તારા દેખતાં આનો હું વધ કરું છું, જો તું સમર્થ હોય તો આની રક્ષા કર.' આવો તિરસ્કાર કરી માયાવી શાલ્વે તલવારથી વસુદેવનું મસ્તક કાપી તે લઈને આકાશમાં રહેલા સૌભવિમાનમાં તે પેસી ગયો. તે પછી શ્રીકૃષ્ણ જોકે પોતે સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા હતા તોપણ સ્વજન-પિતાના સ્નેહથી બે ઘડી મનુષ્યસ્વભાવમાં લીન થયા અને પછી મહાપ્રભાવશાળી તેમણે જાણ્યું : 'આ તો મયદાનવે શીખવેલી આસુરી માયા શાલ્વે ફેલાવી છે.' પછી શ્રીકૃષ્ણ નિદ્રામાંથી જાગેલો મનુષ્ય જેમ સ્વપ્નનો પ્રપંચ જોતો નથી, તેમ તે યુદ્ધક્ષેત્રમાં દૂતને કે પિતાના મરેલા શરીરને જોયું

નહિ અને આકાશમાં ઘૂમતા શત્રુને સૌભવિમાનમાં બેઠેલા જોઈ તેનો નાશ કરવા તેઓ તૈયાર થયા. આમ કેટલાક ઋષિઓ કહે છે, પણ હે રાજર્ષિ ! તેઓ આગળપાછળનું અનુસંધાન ચૂકે છે; કારણ કે તેઓની પોતાની જ વાણીમાં વિરોધ આવે છે તેને તેઓ લક્ષ્યમાં લેતા નથી. અજ્ઞાનીને થનારા શોક, મોહ, સ્નેહ અથવા ભય ક્યાં અને અખંડ સ્વરૂપજ્ઞાન, બાહ્યજ્ઞાન તથા ઐશ્વર્યવાળા પૂર્ણ પરમેશ્વર શ્રીકૃષ્ણ ક્યાં ? જેમના ચરણની સેવાથી મેળવેલી આત્મવિદ્યાથી સત્પુરુષો અનાદિ કાળથી 'હું કૃશ છું, સુખી છું, દુઃખી છું.' ઈત્યાદિ દેહાત્મબુદ્ધિરૂપ વિપરીત ભાવના તજે છે અને આત્મીય, અનંત, ઈશ્વરીપદને પામે છે, તે સત્પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણને મોહ ક્યાંથી હોય ? (માટે પૂર્વોક્ત ઋષિવચન સત્ય નથી; પણ સત્ય આ છે કે, અમોઘ પરાક્રમી શ્રીકૃષ્ણ શસ્ત્રોના સમૂહથી બળપૂર્વક પ્રહાર કરતા શાલ્વને બાણોથી વીંધી તેના બખ્તરને, ધનુષ્યને તથા મસ્તકના મણિને કાપ્યાં અને ગદાનો પ્રહાર કરી શત્રુના વિમાનના પણ ચૂરા કર્યા. શ્રીકૃષ્ણના હાથથી ફેંકાયેલા ગદાના પ્રહારથી ભાંગી ભુક્કો થયેલું વિમાન હજાર ટુકડા થઈ (સમુદ્રના) જળમાં પડયું; એટલે તેને છોડી શાલ્વ પૃથ્વી પર ઊભા રહી, ગદા ઉગામીને વેગથી શ્રીકૃષ્ણ સામે ધસ્યો. એટલે શ્રીકૃષ્ણે સામે દોડી આવતા શાલ્વને ગદા સહિત હાથ ભાલાથી કાપી, તેનો નાશ કરવા પ્રલયકાળના સૂર્ય જેવું સુદર્શન ચક્ર (હાથમાં) ધરી સૂર્ય સહિત ઉદયાચળ પર્વતની પેઠે શોભવા લાગ્યા. પછી ઈન્દ્રે જેમ વજ્રથી વૃત્રાસુરનું મસ્તક કાપ્યું હતું તેમ તે જ સુદર્શન ચક્રથી શ્રીહરિએ પુષ્કળ માયાવાળા શાલ્વનું મુકુટ તથા કુંડળો સહિત મસ્તક કાપી નાખ્યું. તે વખતે મનુષ્યોનાં હાહાકારવચનો થઈ રહ્યાં. હે રાજન્ ! પાપી શાલ્વ એ રીતે યુદ્ધમાં પડયો અને તેનો સૌભવિમાનનો નાશ થયો, ત્યારે સ્વર્ગમાં દેવોનાં નગારાં વાગવા લાગ્યાં. આ વખતે મિત્રોના વેરનો બદલો લેવા ક્રોધથી દંતવક્ત્ર ધસી આવ્યો. ૧-૩૭

नेदुर्दुन्दुभयो राजन् दिवि देवगणेरिताः । सखीनामपचितिं कुर्वन् दन्तवक्त्रोरुषाऽभ्यगात् ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૭ સમાપ્ત.*

## અધ્યાય-૭૮

## શ્રીકૃષ્ણે દંતવક્ત્ર તથા વિદૂરથને માર્યા ને બળરામે રોમહર્ષણને માર્યો

॥ श्रीशुक उवाच ॥

शिशुपालस्य शाल्वस्य पौंड्रकस्यापि दुर्मतिः । परलोकगतानां च कुर्वन् पारोक्ष्यसौहृदम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહારાજ ! શિશુપાલ, શાલ્વ તથા પૌંડ્રકરાજા પરલોકમાં ગયા. પરોક્ષમાં તેઓનું મિત્રકાર્ય બજાવતો દંતવક્ત્ર ત્યાં દેખાયો તે મહાબળવાન એકલો જ પગપાળો, અત્યંત ક્રોધાયમાન થઈ હાથમાં ગદા લઈ બંને પગથી આ પૃથ્વીને કંપાવતો ચઢી આવ્યો. શ્રીકૃષ્ણે તેને એમ આવતો જોઈ, ઉતાવળથી હાથમાં ગદા લઈ રથ ઉપરથી નીચે કુદી પડી સમુદ્રને જેમ કિનારો રોકે તેમ તેને રોક્યો. એટલે દુષ્ટ મદવાળો દંતવક્ત્ર ગદા ઉગામી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો: 'બહુ ઠીક થયું છે કે, આજે તું મારી દૃષ્ટિએ પડયો છે. ઓ કૃષ્ણ ! તું મારા મામાનો પુત્ર છે; તોપણ તેં મારા મિત્રનો નાશ કર્યો છે અને મને પણ મારી નાખવા તું ઈચ્છે છે; માટે ઓ મૂર્ખ ! આ વજ્ર જેવી ગદાથી હું તને મારીશ. ઓ અજ્ઞાની ! શરીરમાં રહેલા રોગનો નાશ કરીને જ મનુષ્ય જંપે છે, તેમ મારા મિત્રો પર પ્રેમવાળો હું પણ ભાઈરૂપે શત્રુ એવા તારો નાશ કરીને જ મારા મિત્રોના ઋણમાંથી છૂટીશ.' એ રીતે જેમ અંકુશ વગેરેથી હાથીને પીડા કરે, તેમ કઠોર વાક્યોથી શ્રીકૃષ્ણને પીડા ઉપજાવતા દંતવક્ત્રે તેમના મસ્તક પર ગદા મારી

અને સિંહની પેઠે મોટી ગર્જના કરી. યદુવંશી શ્રીકૃષ્ણ ગદાપ્રહાર થયા છતાં જરા પણ ડગ્યા નહિ. તેમણે પણ ભારે કૌમોદકી ગદા શત્રુને છાતીમાં મારી, એટલે તરત જ દંતવક્ત્રનું હૃદય ગદાથી ચિરાઈ ગયું; ને મુખમાંથી લોહી ઓક્તો તે કેશ, હાથ અને પગ પહોળા કરી, પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડ્યો. હે રાજા ! શિશુપાલનો વધ થતાં જેમ તેનું તેજ શ્રીકૃષ્ણમાં પેઠું હતું તેમ એ દંતવક્ત્રના વધ પછીથી પણ તેનું અતિ સૂક્ષ્મ અદ્‌ભુત તેજ સર્વ પ્રાણીઓના દેખતાં શ્રીકૃષ્ણમાં પેસી ગયું. પછી દંતવક્ત્રનો ભાઈ વિદૂરથ ભાઈના શોકથી વ્યાપ્ત થઈ હાથમાં ઢાલતલવાર લઈ શ્રીકૃષ્ણને મારવાની ઈચ્છાથી હાંફતો હાંફતો ત્યાં આવ્યો. એટલે તરત જ રાજેન્દ્ર ! ધસી આવતા તે વિદૂરથના મસ્તકને પણ શ્રીકૃષ્ણે તીક્ષ્ણ ધારવાળા સુદર્શનચક્રથી મુકુટ તથા કુંડળો સાથે ઉડાવી દીધું. એમ બીજાઓથી સહન ન થઈ શકે એવા સૌભવિમાનનો, શાલ્વનો, દંતવક્ત્રનો તથા તેના નાના ભાઈનો વધ કરી દેવો તથા મનુષ્યોથી સ્તુતિ કરાતા અને મુનિઓ, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાવરો, મોટા સર્પો, અપ્સરાઓ, પિતૃગણો, યક્ષે, કિન્નરો તેમ જ ચારણો વડે ગવાતા વિજયવાળા અને જેમના પર પુષ્પોની વૃષ્ટિ કરાતી હતી એવા શ્રીકૃષ્ણે મુખ્ય યાદવોથી વીંટળાઈ, સુશોભિત દ્વારકામાં પ્રવેશ કર્યો. એમ યોગેશ્વર જગન્નિયંતા ભગવાન શ્રીકૃષ્ણ સદાકાળ વિજય જ પામે છે; તો પણ પશુ જેવા અજ્ઞાનીની દૃષ્ટિએ તે હારેલા જણાય છે.

પછી 'પાંડવો સાથે કૌરવોના યુદ્ધની તૈયારી થઈ છે,' એમ સાંભળી મધ્યસ્થ રહેનારા બળદેવજી તીર્થસ્નાન કરવાને બહાને દ્વારકાથી નીકળી ગયા અને પ્રભાસમાં સ્નાન કરી દેવો, ઋષિઓ, પિતૃઓ તથા મનુષ્યોનાં તર્પણ કરી, બ્રાહ્મણોથી વીંટળાયેલ બળદેવજી સરસ્વતી નદીના પ્રવાહના મૂળ તરફ જવા લાગ્યા. હે ભરતવંશી રાજા ! પૃથૂદક, બિંદુસરોવર, ત્રિતકૂપ, સુદર્શન, વિશાલ, બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ અને પ્રાચી સરસ્વતી; એ તીર્થોમાં અને યમુનાકિનારે તથા ગંગાકિનારે આવેલાં તીર્થોમાં જઈ તે નૈમિષારણ્યમાં ગયા કે જ્યાં શૌનકાદિ ઋષિઓ યજ્ઞ કરતા હતા. બળદેવજીને આવેલા જાણી લાંબા કાળનો યજ્ઞ કરતા મુનિઓએ ઊભા થઈ પ્રણામ કરી, અભિનંદન આપી તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો, પછી પૂજાસત્કાર પામી પરિવાર સાથે આસન પર બિરાજેલા બળદેવજીએ મહર્ષિ વેદવ્યાસના શિષ્ય રોમહર્ષણને ત્યાં બેઠેલો જોયો. એ રોમહર્ષણ બળદેવજી સામે ઊભો થયો ન હતો, પોતે, સૂતજાતિનો હોવા છતાં તેણે વિનયની અંજલિ પણ કરી ન હતી અને બ્રાહ્મણો કરતાં પણ ઊંચે આસને બેઠો હતો; તે જોઈ બળદેવજી કોપી ઊઠયા. તેમણે કહ્યું : 'આ પ્રતિલોમજાતિનો દુર્મતિ સૂત, આ બ્રાહ્મણો અને ધર્મનું રક્ષણ કરનારા અમે ક્ષત્રિયો કરતાં પણ ઊંચે આસને બેઠો છે; માટે નાશને યોગ્ય છે; ભગવાન વેદવ્યાસનો શિષ્ય થઈ, ઈતિહાસો અને પુરાણ સાથે સર્વ ધર્મશાસ્ત્રો ભણીને પણ તે આમ વર્તે એ યોગ્ય નથી. જે પુરુષ અજિતેન્દ્રિય અને અવિનયી હોય, પોતાને વ્યર્થ પંડિત માનતો હોય અને મનને વશ ન રાખતો હોય; તેને જેમ રાજા વગેરેનો પાઠ ભજવતા નટને રાજવૈભવો સુખ ઉપજાવતા નથી તેમ શાસ્ત્રો વગેરે ગુણકારક થતાં નથી. આ લોકમાં મેં એટલા માટે જ અવતાર લીધો છે કે, ધર્મનાં ઉત્તમ ચિહ્ન ધારણ કરનારા ધર્મઢોંગીઓને મારે મારી જ નાખવા; કારણ કે તેવા ધર્મઢોંગીઓ (અધર્મ કરનારા પાપીઓ કરતાં પણ) વધારે પાપી છે. આટલું કહી સમર્થ ભગવાન બળદેવજી જોકે દુષ્ટોનો વધ કરવાથી અટક્યા હતા, તોપણ ભાવિબળથી હાથમાં રહેલા દર્ભના અગ્રભાગ વડે તે રોમહર્ષણને તેમણે મારી નાખ્યો. તે વેળા સર્વ મુનિઓ હાહાકાર કરતા મનમાં ખેદ પામી, બળદેવજીને કહેવા લાગ્યા : 'હે પ્રભો ! તમે અધર્મ કર્યો છે. હે યદુનંદન ! યજ્ઞ પૂર્ણ થાય ત્યાં સુધી અમે આ રોમહર્ષણને બ્રહ્માસન આપ્યું હતું અને એના

શરીરને પરિશ્રમ ન પડે તેવું આયુષ્ય આપ્યું હતું. જોકે તમે આ બ્રાહ્મણવધ અજાણતાં જ કર્યો છે અને આપ યોગેશ્વર પર **'ब्राह्मणो न हन्तव्य:'** એ વેદવચન પણ શાસન કરી શકતું નથી, તોપણ હે લોકને પવિત્ર કરનારા ! તમે પોતે જ બીજાની પ્રેરણા વિના જ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરશો તો લોકો પણ તે પ્રમાણે વર્તશે.'

**શ્રીબળદેવજી બોલ્યા :** લોકો પર કૃપા કરવાની ઈચ્છાથી હું આ બ્રાહ્મણવધનું પ્રાયશ્ચિત્ત કરીશ. માટે મુખ્ય વિધિમાં જેટલો નિયમ હોય તેટલો તમે મને બતાવો. તમે આ રોમહર્ષણનું લાંબું આયુષ્ય, બળ તથા ઈન્દ્રિયશકિત જે કંઈ ઈચ્છયું હોય તે મને કહો, હું મારી યોગમાયાથી તે સર્વ સિદ્ધ કરીશ.

**ઋષિઓ બોલ્યા :** હે રામ ! તમારા અસ્ત્રનું, પરાક્રમનું, મૃત્યુનું તથા અમારાં અને તમારાં વચનોનું જે રીતે સત્યપણું થાય તે રીતે કરો.

**શ્રીબળદેવજી બોલ્યા :** પિતા પોતે જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, આવી વેદની આજ્ઞા છે; માટે આ રોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા તમને પુરાણો સંભળાવનાર અને લાંબુ આયુષ્ય, ઇન્દ્રિયસામર્થ્ય તેમ જ બળવાળો થશે. હે શ્રેષ્ઠ મુનિઓ ! તમારી શી ઈચ્છા છે તે મને કહો. હું તે પૂર્ણ કરીશ. હે વિદ્વાન બ્રાહ્મણો! આ સૂતવધનું પ્રાયશ્ચિત્ત હું જાણતો નથી, માટે તમે તેનો વિચાર કરો.

**ઋષિ બોલ્યા :** ઈલ્વનો ભયંકર પુત્ર બલ્વલ નામે એક દાનવ છે. પ્રત્યેક પર્વના દિવસે આવી તે અમારા યજ્ઞને દૂષિત કરે છે. માટે હે દાશાર્હ ! પરુ, લોહી, વિષ્ટા, મૂત્ર, મદિરા અને માંસની (અહીં) વૃષ્ટિ કરનાર તે પાપી દાનવનો તમે નાશ કરો; એ જ (તમારે કરવા જેવી) અમારી મોટી સેવા છે. અને તે કર્યા પછી ભારતવર્ષની પ્રદક્ષિણા કરી, બાર મહિના સુધી સારી પેઠે સાવધાન થઈ, (કામક્રોધાદિ તજી) કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રતો કરી તીર્થોમાં સ્નાન કરતાં તમે આ હત્યાના પાપથી છૂટશો. ૧-૪૦

ततश्च भारतं वर्षं परीत्य सुसमाहितः । परित्वा द्वादशमासांस्तीर्थस्नायी विशुद्धयसे ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૮ સમાપ્ત.*

## અધ્યાય-૭૯

## બળદેવે બલ્વનો વધ કરી તીર્થયાત્રાથી સૂતહત્યા દૂર કરી

॥ श्रीशुक उवाच ॥

ततः पर्वण्युपावृत्ते प्रचण्डः पांसुवर्षणः । भीमो वायुरभूद्राजन् पूयगन्धस्तु सर्वशः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પછી પર્વનો દિવસ આવ્યો એટલે ધૂળ વરસાવતો અને પરુની ગંધવાળો પ્રચંડ પવન ચોતરફ ફૂંકાવા લાગ્યો; તેમ જ બલ્વલે કરેલી અપવિત્ર પદાર્થોની વૃષ્ટિ યજ્ઞશાળામાં થવા લાગી અને ત્રિશૂળને ધરતો તે દાનવ પણ દેખાયો. તેનું શરીર ઘણું જ મોટું હતું. તોડી પાડેલા કાજળના ઢગ જેવો તે (શ્યામ) જણાતો હતો, તેની ચોટલી અને દાઢીમૂછ તપેલા તાંબા જેવાં, (લાલ) હતાં અને મુખ દાઢોથી ઉગ્ર હોઈ, ભવાવાળું હતું. તેને જોઈ બળરામે શત્રુઓના સૈન્યનો સંહાર કરનારુ મુસળ તથા દૈત્યોનો નાશ કરનારુ હળ યાદ કર્યુ; એટલે તે બંને જલદી હાજર થયાં. પછી ક્રોધાયમાન થયેલા બળદેવજીએ આકાશમાં ઘૂમતા બલ્વલને હળની અણીથી ખેંચી તે બ્રાહ્મણદ્રોહીના મસ્તકમાં મુસળ માર્યું એટલે તૂટી ગયેલા લલાટવાળો તે દાનવ લોહી વરસાવતો વજ્રથી તોડી પાડેલા પર્વતની પેઠે લાલચોળ થઈ દુ:ખોથી બૂમ પાડતો પૃથ્વી ઉપર પડયો. પછી મુનિઓએ બળરામની સ્તુતિ કરી, સત્ય આશીર્વાદો આપીને, દેવો જેમ ઈન્દ્રનો અભિષેક કરે, તેમ તેમનો અભિષેક કર્યો. પછી

શોભાના સ્થાનરૂપ અને કદી ન કરમાતાં કમળની વૈજયંતીમાળા, બે દિવ્ય વસ્ત્રો તથા દિવ્ય અલંકારો બળદેવજીને તેઓએ આપ્યાં. પછી બળદેવજી તે મુનિઓની સંમતિ લઈ, બ્રાહ્મણ સાથે કૌશિકીનદી ઉપર જઈ સ્નાન કરી, જેમાંથી સરયુનદી નીકળે છે, તે સરોવર પર ગયા. ત્યાંથી સરયુનદીના પ્રવાહેપ્રવાહે, પ્રયાગતીર્થમાં જઈ, સ્નાન અને દેવતર્પણ કરી પુલહઋષિના આશ્રમમાં ગયા. પછી ત્યાં ગોમતી, ગંડકી અને વિપાશાનદીમાં સ્નાન કરી, પછી શોણ નદીમાં સ્નાન કર્યું ને ગયામાં જઈ પિતૃતર્પણ કરી ગંગામાં તથા સમુદ્રમાં સ્નાન કર્યું. પછી મહેન્દ્ર પર્વત ઉપર પરશુરામનાં દર્શન કરી, તેમને વંદન કર્યું અને ત્યાંથી સપ્તગોદાવરી, વેણા, પંપા સરોવર તથા ભીમરથી ગયા. ત્યાં કાર્તિસ્વામીનાં દર્શન કરી, પ્રભુ બળરામ શંકરના રહેઠાણ શ્રીશૈલ પર્વત પર ગયા ને ત્યાંથી દ્રવિડ દેશમાં વેંકટ પર્વતને જોઈ, આગળ કામકોષ્ણી તથા કાંચીનગરીમાં ગયા. પછી નદીઓમાં શ્રેષ્ઠ કાવેરી નદી પર જઈ મહાપવિત્ર શ્રીરંગતીર્થમાં ગયા, જ્યાં શ્રીહરિ વસે છે. ત્યાંથી શ્રીહરિક્ષેત્ર ઋષભાદ્રિ ઉપર જઈ દક્ષિણમથુરા ગયા ને ત્યાંથી મોટા પાપનો નાશ કરનાર સમુદ્રના સેતુ (પુલ) પર ગયા. ત્યાં બળદેવજીએ બ્રાહ્મણોને દશ હજાર ગાયોનાં દાન કર્યાં; પછી કૃતમાલા તથા તામ્રપર્ણી નદી પર જઈ, ત્યાંથી કુલાચલ મલય ઉપર ગયા. ત્યાં અગસ્ત્ય ઋષિ બેઠા હતા, તેમને નમસ્કાર કરી બળદેવજી તેમને પગે પડયા. પછી તેમણે આશીર્વાદ આપ્યા અને જવાની સંમતિ આપી એટલે દક્ષિણ સમુદ્રના કિનારે જઈ ત્યાં કન્યા નામની દુર્ગાદેવીના બળદેવજીએ દર્શન કર્યાં. પછી અનંતપુરમાં જઈ જ્યાં વિષ્ણુભગવાન સમીપ રહે છે, તે પંચાસરસ નામના ઉત્તમ સરોવર ઉપર જઈ તેમાં સ્નાન કરી, દશહજાર ગાયોનું દાન કર્યું. પછી ભગવાન બળદેવ કેરલ અને ત્રિગર્ત દેશમાં જઈ ગોકર્ણ નામના શિવક્ષેત્રમાં ગયા, જ્યાં શંકરભગવાન સમીપ જ રહે છે. પછી આર્યા દ્વૈપાયનીનાં દર્શન કરી બળદેવજી શૂર્પારકક્ષેત્રમાં ગયા ને ત્યાંથી તાપી, પયોષ્ણી અને નિર્વિંધ્યાનદીમાં સ્નાન કરી દંડકારણ્યમાં દાખલ થયા. પછી ત્યાંથી નર્મદાજી પર ગયા, જ્યાં માહિષ્મતી નગરી છે અને ત્યાંથી મનુતીર્થમાં સ્નાન કરી ફરી પ્રભાસક્ષેત્રમાં આવ્યા. ત્યાં બ્રાહ્મણોએ કહેલા કૌરવ—પાંડવયુદ્ધમાં સર્વ રાજાઓનો નાશ સાંભળી, બળદેવજીએ માન્યું કે શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. પછી ભીમ અને દુર્યોધન રણક્ષેત્રમાં ગદાયુદ્ધ કરતા હતા, તેને અટકાવવા બળદેવજી કુરુક્ષેત્રમાં ગયા. ત્યાં યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ અને અર્જુન પણ તેમને જોઈ વંદન કરી, 'શું કહેવાની ઈચ્છાથી અહીં આવ્યાં હશે ?' એવા ભયથી ચૂપ રહ્યા. પછી ક્રોધાવેશમાં આવી વિજયની ઈચ્છાવાળા અને હાથમાં ગદા લઈ તરેહતરેહનાં મંડળોમાં ઘૂમતા ભીમ તથા દુર્યોધનને જોઈ બળદેવજી આવું વચન બોલ્યાઃ 'હે દુર્યોધનરાજા ! હે ભીમસેન ! તમે બંને સમાન બળવાળા અને વીર છો; હું માનું છું કે, તમારામાંનો એક (ભીમ) બળથી અધિક અને એક (દુર્યોધન) ગદાયુદ્ધની શિક્ષાથી અધિક છે; માટે આ યુદ્ધમાં સમાન પરાક્રમવાળા તમારા બંનેમાંથી કોઈનો જય—પરાજય જણાતો નથી; તો આ નિષ્ફળ યુદ્ધ બંધ થવું જોઈએ.'

**શ્રી શુકદેવજી બોલ્યાઃ** હે રાજા ! દુર્યોધન અને ભીમસેનનો વૈરભાવ અત્યંત દઢ બંધાઈ ગયો હતો. એકબીજાનાં દુષ્ટ વચનો અને દુષ્ટ કૃત્યોને યાદ કરતા, તે બંનેએ બળદેવજીનું તે અર્થવાળું વાકય ન માન્યું, એટલે બળદેવજી જેવું તેઓનું પ્રારબ્ધ એમ માનતા દ્વારકા ચાલ્યા ગયા અને ત્યાં પ્રસન્ન થયેલા ઉગ્રસેન વગેરે જ્ઞાતિજનો સાથે મળ્યા. પછી ફરી બળદેવજી નૈમિષારણ્યમાં ગયા. ત્યાં તીર્થસ્નાન વગેરેથી દૂર થયેલા સમગ્ર દોષોવાળા તે યજ્ઞમૂર્તિ બળદેવજી પાસે સર્વ યજ્ઞોથી મુનિઓએ આનંદપૂર્વક (ભગવાનનું) યજન કરાવ્યું. સમર્થ ભગવાન બળદેવજીએ તે મુનિઓને (યજ્ઞની દક્ષિણા બદલ) શુદ્ધ જ્ઞાન આપ્યું, જે

જ્ઞાનથી મનુષ્યો આ જગતને પોતાના આત્મામાં રહેલું જાણે છે અને આત્માને જગતમાં રહેલો જાણે છે. યજ્ઞની સમાપ્તિ પછી બળદેવજીએ પોતાની પત્ની સાથે અવભૃથસ્નાન કર્યું. તે વેળા સુંદર વસ્ત્રો તથા અલંકારોથી શોભતા અને જ્ઞાતિબંધુઓ તથા સ્નેહીઓથી વીંટળાયેલા તે બળદેવજી જેમ ચંદ્ર પોતાની જ્યોત્સના સાથે શોભે તેમ શોભતા હતા. બળશાળી, અનંત અને અમાપ છતાં માયાથી મનુષ્ય બનેલા બળદેવજીનાં આવાં અસંખ્ય ચરિત્રો છે. જે મનુષ્ય અદ્ભુત કર્મ કરનારા અનંત સર્વવ્યાપક બળરામનાં કર્મોનું સાયંકાળે મને પ્રાતઃકાળે સ્મરણ કરે છે, તે વિષ્ણુને પ્રિય થાય છે. ૧-૩૪

योऽनुस्मरेत् रामस्य कर्माण्यद्भुतकर्मण: । सायं प्रातरनतस्य विष्णो: स दयितो भवेत् ॥३४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૭૯ સમાપ્ત.*

## અધ્યાય-૮૦

## શ્રીકૃષ્ણને ત્યાં સુદામાજી

भगवन् यानि चान्यानि मुकुन्दस्य महात्मन: । वीर्याण्यनन्तवीर्यस्य श्रोतुमिच्छामिहे प्रभो ॥१॥

**પરીક્ષિતરાજાએ કહ્યું :** હે ભગવન્ ! અનંત પરાક્રમી મહાત્મા શ્રીકૃષ્ણનાં બીજાં પરાક્રમો પણ અમે સાંભળવા ઈચ્છીએ છીએ. હે પ્રભો ! કામનાં બાણોથી ખેદ પામેલો ક્યો સાર જાણનારો પુરુષ એક વાર શ્રીભગવાનની ઉત્તમ કથાઓ સાંભળીને (તેથી) અટકે ? મનુષ્ય જે વાણીથી ભગવાનના ગુણો વર્ણવે છે, તે જ વાણી છે, જે હાથ ભગવાનનાં જ કર્મો કરે, તે જ હાથ છે; જે મન સ્થાવરજંગમ સર્વ પદાર્થોમાં વસતા ભગવાનનું સ્મરણ કરે તે જ મન છે. જે કાન ભગવાનની પવિત્ર કથાઓ સાંભળે તે જ કાન છે. જે મસ્તક સ્થાવરજંગમ સર્વભગવાનની જ મૂર્તિ છે; એમ માની નમે તે જ મસ્તક છે, જે નેત્ર સ્થાવરજંગમ સર્વ ભગવાનની જ મૂર્તિ છે એમ જુએ તે જ નેત્ર છે અને જે અંગો વ્યાપક ભગવાનના તથા ભગવાનના ભકતોના ચરણોદકને નિત્ય સેવે, તે જ અંગો છે.

**સૂત બોલ્યા :** રાજા પરીક્ષિતે એમ પૂછેલા ભગવાન શુકદેવજી, વાસુદેવ ભગવાનમાં મગ્ન હૃદયવાળા થઈ બોલ્યા.

**શ્રી શુકદેવજી બોલ્યા :** કોઈ બ્રાહ્મણ, શ્રીકૃષ્ણનો મિત્ર, મોટો બ્રહ્મવેત્તા, ઈન્દ્રિયોના વિષયમાં વિરક્ત, અત્યંત શાંત અંતઃકરણવાળો, જિતેંદ્રિય અને ગૃહસ્થાશ્રમી હોવા છતાં પ્રારબ્ધ અનુસાર જે કંઈ મળે તેના વડે આજીવિકા ચલાવતો હતો. ફાટયાંતૂટયાં વસ્ત્રો પહેરતા તે બ્રાહ્મણની સ્ત્રી પણ તેવી જ ક્ષુધાથી દુર્બળ હતી. તે દરિદ્ર પતિવ્રતા સ્ત્રી દુઃખી થઈ એક વખત (ભયથી) ધ્રૂજતી પતિ પાસે જઈ, સુકાતા મુખે બોલીઃ 'હે બ્રહ્મન્ ! સાક્ષાત લક્ષ્મીના પતિ બ્રાહ્મણોના ભકત, શરણે આવેલાનું રક્ષણ કરનારા અને યાદવોમાં ઉત્તમ શ્રીકૃષ્ણ ભગવાન આપ ભગવાનના મિત્ર છો. તો હે મહાભાગ ! સત્પુરુષોનાં પરમ આશ્રયરૂપ તે ભગવાન પાસે તમે જાઓ. દુઃખી અને કુટુંબવાળા તમને તે પુષ્કળ ધન આપશે, ભોજ, વૃષ્ણિ તથા અંધક વંશના રાજા તે શ્રીકૃષ્ણ હમણાં દ્વારકામાં છે. (તે તમારો સ્વીકાર કરશે કે તરત જ ભોજવંશી વગેરે બધા તમને ધન આપશે.) વળી તે જગદ્ગુરૂ પોતાના ચરણકમળનું સ્મરણ કરનારને પોતાનું સ્વરૂપ પણ આપી દે છે, તો ભજન કરનારને અતિ તુચ્છ અર્થ અને કામ આપે એમાં શું કહેવાનું છે ? એમ સ્ત્રીએ કોમળતાપૂર્વક ઘણી વાર પાર્થના કરી એટલે શ્રીકૃષ્ણનાં દર્શન એ જ મોટો લાભ થશે, આવો વિચાર કરી તે બ્રાહ્મણે (દ્વારકા) જવા મનથી નિશ્ચય કર્યો અને સ્ત્રીને કહ્યું : 'હે

કલ્યાણિ! ઘરમાં કંઈ ભેટ અપાય એવું છે ? હોય તો આપ. તે સાંભળી પેલી બ્રાહ્મણી ચાર મૂઠી પૌંઆ માગી લાવી અને વસ્ત્રના ટુકડામાં તે બાંધી તેણે (શ્રીકૃષ્ણ સારુ) ભેટ તરીકે પતિને આપ્યા. પછી તે શ્રેષ્ઠ બ્રાહ્મણ' મને શ્રીકૃષ્ણનું દર્શન કેવી રીતે થશે ? ‘એવો વિચાર કરતો દ્વારકા ગયો. ત્યાં એ બ્રાહ્મણ બીજા બ્રાહ્મણો સાથે ત્રણ લશ્કરી છાવણી અને ત્રણ દરવાજા ઓળંગી આગળ ગયો અને પછી ભગવદ્-ધર્મ પાળનારા અંધકો તથા યાદવોનાં ઘરો અને શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓનાં ઘરોની વચ્ચે રહેલા એક શોભાયમાન ઘરમાં દાખલ થયો. એ વખતે તે બ્રાહ્મણ બ્રહ્માનંદ પામ્યો હોય તેવો (આનંદમગ્ન) થયો. ભગવાન કૃષ્ણ પ્રિયાના પલંગ પર બેઠા હતા, તે એ બ્રાહ્મણને દૂરથી આવતો જોઈ એકદમ ઊભા થયા અને સામે જઈ બે હાથથી હર્ષપૂર્વક તેને ભેટી પડયા. પોતાના પ્રિય મિત્ર એમ બ્રહ્મર્ષિના અંગસંગથી કમળનયન શ્રીકૃષ્ણ અત્યંત આનંદ પામ્યા અને પ્રેમયુક્ત થઈ નેત્રોમાંથી આનંદનાં આંસુ વરસાવવા લાગ્યા. પછી હે રાજન્ ! તેને પલંગ પર બેસાડી પોતે જાતે સર્વ પૂજા સામગ્રી લાવી, ભગવાને તે બ્રાહ્મણના પગ ધોયા અને તેના પગ ધોયાનું જળ પોતે લોકપાવન છતાં પોતાના મસ્તક પર ચડાવ્યું. પછી તે બ્રાહ્મણને દિવ્ય, ગંધ, ચંદન, અગર તથા કેસરથી વિલેપન કર્યું અને સુગંધી ધૂપો તથા દીવાઓની પંક્તિઓથી આનંદપૂર્વક પૂજન કરી તાંબૂલ અને ગાય આપી તે, મિત્રને ‘ભલે પધાર્યા’ એ પ્રમાણે સ્વાગત કર્યું. સાક્ષાત્ લક્ષ્મીદેવી-રુકિમણી ખરાબ વસ્ત્રોવાળા મલિન તેમ જ શરીરે નાડીઓથી વ્યાપ્ત ને દુર્બળ બ્રાહ્મણને ચામર ઢોળી સેવવા લાગ્યાં. અંતઃપુરનાં સઘળાં માણસો નિર્મળ કીર્તિવાળા શ્રીકૃષ્ણે અત્યંત પ્રીતિથી પૂજેલા તે મેલા બ્રાહ્મણને જોઈ આશ્ચર્ય પામ્યાં; ‘લક્ષ્મીથી રહિત, લોકોમાં નિંદ્ય અને અધમ આ મેલા ભિક્ષુકે એવું કયુ પુણ્ય કર્યું હશે કે જેથી ત્રણે લોકના ગુરુ અને લક્ષ્મીના રહેઠાણ એવા શ્રીકૃષ્ણે આનું સન્માન કર્યું ? વળી પલંગમાં રહેલાં લક્ષ્મીજી રુકિમણીને તજી ભગવાન જેમ મોટાભાઈ બળદેવને ભેટે તેમ આને ભેટી પડયા ! પછી હે રાજન્ ! શ્રીકૃષ્ણ અને સુદામાજી બંને એકબીજાના હાથ પકડી પ્રથમ ગુરુકુળમાં જ્યારે પોતે રહેતા, તે સંબંધી સુંદર વાતો કરવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** ‘હે ધર્મવેત્તા સુદામાજી ! ગુરુદક્ષિણા આપીને ગુરુકુળથી આવ્યા પછી સમાવર્તન સંસ્કાર કરી તમે યોગ્ય સ્ત્રી પરણ્યા કે નહિ ? હે વિદ્વાન ! જાણું છું કે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં આપનું ચિત્ત વિષયભોગોમાં લગભગ અનાસક્ત છે. ધન વગેરેમાં પણ આપને બહુ પ્રીતિ નથી. ઈશ્વરની માયાએ રચેલી વિષયવાસના તજતા કેટલાક પુરુષો કામાભિલાષથી નહિ આકર્ષાયેલા મનવાળા હોય, તોપણ જેમ હું (ઈશ્વર છું છતાં) ‘લોકો મારી પેઠે કર્મો કરે’ એ ઈચ્છાથી કર્મો કરું છું તેમ કર્મો કરે છે. હે બ્રહ્મન્ ! આપણે બંને ગુરુકુળમાં સાથે રહેતા તે તમને યાદ છે ને ? ગુરુકુળથી જાણવા યોગ્ય પરમાત્માનું તત્ત્વ જાણી બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય જાતિનો મનુષ્ય સંસારને પાર પામે છે. હે સુદામાજી! આ જગતમાં જેનાથી પોતાનો જન્મ થાય તે પિતા પહેલા ગુરુ છે, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને જેનાથી પોતાનાં ઉત્તમ કર્મો સંભવે છે, એટલે જે જનોઈ આપી વેદાધ્યયન કરાવે છે, તે બીજો ગુરુ છે અને તે પણ મારા જેવો જ પૂજ્ય છે અને સર્વ આશ્રમવાસીઓને જે આત્મજ્ઞાનનો ઉપદેશ કરે છે, તે ગુરુ તે સાક્ષાત મારું સ્વરૂપ જ છે. હે બ્રહ્મન્ ! વર્ણાશ્રમીઓમાં જેઓ આત્મજ્ઞાન આપનારા મારારૂપ ગુરુના ઉપદેશમાત્રથી અનાયાસે સંસાર સમુદ્રમાં તરે છે, તેઓ જ ખરેખર પોતાનો પુરુષાર્થ સિદ્ધ કરવામાં કુશળ છે, સર્વ પ્રાણીઓનો આત્મા હું (આત્મજ્ઞાન આપનાર મારારૂપ) ગુરુની સેવાથી જેવો પ્રસન્ન થાઉં છું, તેવો યજ્ઞત્યાગ કરવારૂપી ગૃહસ્થધર્મથી, બ્રહ્મચારીધર્મથી, વાનપ્રસ્થધર્મથી પ્રસન્ન થતો નથી. હે બ્રહ્મન્!

આપણે જ્યારે ગુરુ પાસે રહેતા ત્યારે એક વેળા ગુરુપત્નીએ આપણને લાકડાં લાવવા આજ્ઞા કરી હતી. તે વેળા જે બન્યું હતું તેને તમે યાદ કરો છો ? હે બ્રાહ્મણ ! આપણે (લાકડાં લેવા) મોટા જંગલમાં પેઠા અને ત્યાં ઋતુ વિના અકાળે ઘણો મોટો પવન ફૂંકાઈ ભારે વરસાદ પડ્યો હતો અને મહાતીક્ષ્ણ મેઘગર્જનાઓ થઈ હતી. તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો, દિશાઓ અંધકારથી ઢંકાઈ ગઈ હતી અને ઊંચાનીચા સર્વ પ્રદેશો જળમય બન્યા હતા, તેથી કંઈ જણાતું ન હતું. પાણીથી તરબોળ થયેલા તે જંગલમાં આપણે પવન તથા પાણીથી વારંવાર ખૂબ પીડાયા હતા; દિશાઓનું પણ ભાન રહ્યું ન હતું, અને એકબીજાના હાથ પકડી (લાકડાંના ભારા સાથે) વ્યાકુળ થઈ ચોતરફ ભટક્યા હતા. સૂર્ય ઊગ્યો ત્યારે એ વાત જાણી આપણા સાંદીપનિ ગુરુએ આપણી તપાસ કરી ત્યારે તે આચાર્યો પોતાના શિષ્ય આપણને વ્યાકુળ સ્થિતિમાં જોયા હતા. (અને કહ્યું હતું કે) 'અહો ! હે પુત્રો ! તમે અમારા માટે ઘણા જ દુઃખી થયા છો. પ્રાણીઓને પોતાનો આત્મા ઘણો જ વહાલો હોય છે, છતાં તમે તેની દરકાર ન કરતાં કેવળ મારા માટે તત્પર રહો છો. ખરેખર, ઉત્તમ શિષ્યોનું ગુરુના ઋણથી મુકત થવા માટે આ જ કર્તવ્ય છે કે તેઓનું સર્વ પુરુષાર્થનું સાધન પોતાનો દેહ શુદ્ધ ભાવે ગુરુ માટે અર્પણ કરી દેવો જોઈએ. હે શ્રેષ્ઠ દ્વિજો ! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમારા મનોરથો સફળ થાઓ અને મારી પાસેથી ભણેલા વેદો આ લોકમાં તથા પરલોકમાં કદી તમને નિષ્ફળ ન થાઓ; તમારું વેદજ્ઞાન સફળ થાઓ. આપણે ગુરુગૃહે રહેતા ત્યારે આવા અનેક બનાવો બન્યા હતા; તે તમને યાદ છે ને ? ખરેખર ગુરુની કૃપાથી જ પુરુષ પૂર્ણ થઈ પરિપૂર્ણ શાંતિ મેળવવા સમર્થ થાય છે.

**બ્રાહ્મણ બોલ્યો :** હે દેવોના દેવ ! જગતના ગુરુ ! આપ પૂર્ણકામની સાથે જેનો ગુરુગૃહે વાસ હતો. તે અમારું હવે શું અપૂર્ણ રહ્યું છે ? અર્થાત્ આપની સાથે નિવાસ કરીને અમે કૃતાર્થ જ થઈ ચૂકયા છીએ ! હે વિભો ! જેમની મૂર્તિ વેદમય, બ્રહ્મરૂપ ને સર્વ કલ્યાણોનું ઉત્પત્તિસ્થાન છે, એવા આપનું ગુરુગૃહે રહેવું તે માત્ર મનુષ્યલીલાનો જ અભિનય છે. ૧-૪૫

यस्य च्छन्दोमयं ब्रह्म देह आवपन विभो । श्रेयसां तस्य गुरुषु वासोऽत्यन्तविडम्बनम् ॥४५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૦ સમાપ્ત.*

## અધ્યાય-૮૧

## શ્રીકૃષ્ણે સુદામાને, ઈંદ્રને પણ દુર્લભ એવી સંપત્તિ આપી

॥ श्रीशुक उवाच ॥

स इत्थं द्विजमुख्येन सह संकथयन् हरिः । सर्वभूतमनोऽभिज्ञः स्मयमान उवाच तम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** બ્રાહ્મણશ્રેષ્ઠ સુદામા સાથે એમ વાર્તાલાપ કરતાં શ્રીહરિ સર્વ પ્રાણીઓના મનને જાણતા હોઈ મુખ મલકાવતા તેમને કહેવા લાગ્યા. સત્પુરુષોની ગતિરૂપ બ્રાહ્મણભકત શ્રીકૃષ્ણ એ વખતે પોતાના પ્રિય મિત્ર સુદામા બ્રાહ્મણ સાથે વિનોદપૂર્વક પ્રેમયુક્ત દૃષ્ટિ વડે જોઈ રહ્યા હતા.

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રાહ્મણ ! તમે મારે માટે ઘરથી શી ભેટ લાવ્યા છો ? મારા ભકતોએ મને થોડું પણ પ્રેમથી આપ્યું હોય, તે મને ઘણું જ થઈ પડે છે, પરંતુ અભકત પુરુષોએ મને પુષ્કળ આપ્યું હોવા છતાં તે મને પ્રસન્ન કરવા સમર્થ થતું નથી. જે મનુષ્ય પત્ર, પુષ્પફળ કે જળ મને ભકિતથી આપે છે, તેની એ ભકિતથી આપેલી વસ્તુ હું જમી લઉં છું; કારણ કે તેનું મન (ભકિતથી) શુદ્ધ હોય છે.'

હે રાજન્ ! ભગવાન કૃષ્ણે એમ કહ્યું એટલે બ્રાહ્મણ સુદામા શરમાઈને મુખ નીચું કરી ગયા; પણ લક્ષ્મીપતિ શ્રીભગવાનને પોતે જે અર્ધો ખોબો પૌંઆ સાથે લાવ્યા હતા, તે ન આપ્યા પરંતુ ભગવાન તો સર્વ પ્રાણીઓના અંતઃકરણને જુએ છે, તેથી તેમણે સુદામાના આવવાનું કારણ જાણે મનમાં વિચાર કર્યોઃ 'આ મારો મિત્ર પહેલાં મને લક્ષ્મીની ઇચ્છાથી ભજતો ન હતો; પરંતુ પતિવ્રતા પત્નીનું પ્રિય કરવાની ઈચ્છાથી મારી પાસે આવ્યો છે, માટે હું દેવોને પણ દુર્લભ સંપત્તિઓ આને આપીશ. આવો મનમાં વિચાર કરી બ્રાહ્મણના વસ્ત્રમાંથી ચીંથરે બાંધેલાં પૌંઆ ભગવાને પાતે 'આ શું છે ?' એમ કહી લઈ લીધા અને (ગાંઠ છોડી કહ્યું :) ઓ મિત્ર ! આ તો મને પરમ પ્રસન્ન કરે તેવી ભેટ તમે, લાવ્યા છો, આ પૌંઆ સમગ્ર જગતના આત્મા એવા મને તૃપ્ત કરશે' એમ કહી ભગવાને તેમાંથી એક મુઠ્ઠી ખાઈ બીજી મુઠ્ઠી ખાવા લીધી, તેટલામાં તો ભગવાનમાં જ પરાયણ રહેનારી લક્ષ્મી દેવીરુકિમણીએ ભગવાનનો હાથ પકડી રાખ્યો (અને કહ્યું : હે જગતના આત્મા ! આ લોકમાં કે પરલોકમાં પુરુષને સર્વ સંપતિઓની સમૃદ્ધિ સારુ આપને પ્રસન્ન થવા માટે આટલું જ બસ છે. તે પછી બ્રાહ્મણ-શ્રીસુદામા તે રાત્રિ ભગવાનના મહેલમાં જ રહ્યો. તેમણે ખૂબ આરામથી ત્યાં ખાધું પીધું અને પોતે જાણે વૈકુંઠમાં જ પહોંચી ગયા હોય તેવું અનુભવ લીધો. તે પછી હે તાત ! બીજે દિવસે સૂર્ય ઊગે ત્યારે જગતનું રક્ષણ કરનારા સ્વાનંદપૂર્ણ શ્રીભગવાને વંદન કરેલો અને માર્ગમાં પાછળ જઈ (પ્રિય વચનોથી) પ્રસન્ન કરેલો તે બ્રાહ્મણ પોતાના ઘર તરફ ગયો. તેણે શ્રીકૃષ્ણ પાસેથી પ્રત્યક્ષ રૂપમાં કંઈ ધન મેળવ્યું નહિ અને પોતે શરમાઈને કંઈ માગ્યું પણ નહિ; છતાં શ્રીકૃષ્ણના દર્શનથી જ તે શાંતિ પામ્યો હતો. (ઘેર જતાં તે વિચાર કરતો હતોઃ) 'બ્રાહ્મણોના હિતકારક દેવ શ્રીકૃષ્ણનું બ્રાહ્મણો પ્રત્યે આશ્ચર્યકારક પ્રેમાળપણું મેં જોયું ! કારણ કે છાતીમાં લક્ષ્મીને ધરતા શ્રીકૃષ્ણ અત્યંત દરિદ્ર, એવો મને (જોતાં જ) ભેટી પડયા ! મહાપાપી હું દરિદ્ર ક્યાં અને લક્ષ્મીનું રહેઠાણ શ્રીકૃષ્ણ ક્યાં ? છતાં આ બ્રાહ્મણના કુળમાં જન્મ્યો છે ?' આમ માની શ્રીકૃષ્ણ બંને બાહુ વડે મને ભેટી પડ્યા ! વળી પ્રિયાના બેસવાના પલંગ પર ભાઈની પેઠે મને બેસાડે અને થાકેલા મને તેમની રાણીએ હાથમાં ચામર લઈ પવન ઢોળ્યો ! દેવના દેવ અને બ્રાહ્મણોના પણ દેવ શ્રીકૃષ્ણે પગચંપી વગેરેથી પરમ સેવા કરી દેવની પેઠે મારી પૂજા કરી ! જોકે શ્રીકૃષ્ણના ચરણનું પૂજન જ પુરુષોને સ્વર્ગનું, મોક્ષનું, રસાતલની અને પૃથ્વી પરની સંપત્તિનું તથા સર્વ સિદ્ધિઓનું પણ કારણ બને છે; છતાં આ નિર્ધન બ્રાહ્મણ ધન પામી ઘણો જ છકી જશે અને મારું સ્મરણ નહિ કરે એમ માનીને જ દયાળુ ભગવાને મને થોડું પણ ધન આપ્યું નથી. આવો મનમાં વિચાર કરતો સુદામા પોતાના ઘર પાસે પહોંચ્યો. તે સ્થળ સૂર્ય, અગ્નિ અને ચંદ્ર જેવાં ઝળહળતાં વિમાનો તુલ્ય મહેલથી ચોતરફ વીંટાયેલું હોઈ તેની આસપાસ તરેહતરેહના બાગબગીચા અને ફૂલવાડીઓ હતાં; તેમાં પક્ષીઓનાં ટોળાં કલ્લોલ કરતાં હતાં અને પ્રફુલ્લ, કુમુદ, અંભોજ, કલ્હાર તથા ઉત્પલ જાતિનાં કમળોવાળાં જળાશયો હતાં. વળી સારી રીતે શણગારેલા પુરુષો તથા હરિણી જેવાં નેત્રોવાળી સ્ત્રીઓ એ ઘરમાં ઘૂમતી હતી (એવું તે ઘર જોઈ) 'આ શું ? આ ઘર કોનું હશે ? આ એવું કેમ બની ગયું ?' આમ સુદામા મનમાં વિચાર કરતો હતો, તેટલામાં તો દેવો જેવી કાંતિવાળા પુરુષો અને સ્ત્રીઓ મોટાં ગીતવાદ સાથે તે મહાભાગ્યશાળીનો આદરસત્કાર કરવા લાગ્યાં અને તેની સ્ત્રી પણ પતિને આવેલા જોઈ એકદમ આનંદ પામી ઘણો જ આદર કરતી,

કમળના વનમાંથી જેમ સાક્ષાત લક્ષ્મીદેવી નીકળે, તેમ ઘરમાંથી ઝટ બહાર નીકળી. તે પતિવ્રતા સ્ત્રી પતિનાં દર્શન કરી પ્રેમ કરી અને ઉત્કંઠાથી અશ્રુભરેલાં નેત્રોવાળી થઈ અને નેત્રો મીંચી 'ખરેખર, આ જ વંદનીય છે' આવા નિશ્ચયથી નમીને મનથી ભેટી બ્રાહ્મણ સુદામા વિમાનમાં બેઠેલી દેવીની પેઠે દીપતી અને ગળામાં સોનાનાં આભૂષણો પહેરતી, દાસીઓની વચ્ચે પ્રકાશતી તે પત્ની સાથે પોતાના ઘરમાં દાખલ થયા. તે ઘર ઈંદ્રભવનની પેઠે સેંકડો મણિઓના થાંભલાઓવાળું હતું. તેમાં દૂધના ફીણ જેવી ઉજ્જવળ શય્યાઓ હતી. સોનાના સાજવાળા, હાથીદાંતના પલંગો હતા; સોનાના દાંડાવાળા ચામરો અને પંખાઓ હતાં; સુંવાળી ગાદીઓવાળાં સોનાનાં આસનો હતાં, મોતીઓની સેરો લટકાવેલા ઝળહળતા ચંદરવા ત્યાં બાંધ્યા હતા; સ્વચ્છ સ્ફટિકમણિની ભીંતો હતી, તેમાં ઉત્તમ ઈંદ્રનીલમણિઓ જડેલા હતા; તેમ જ શ્રેષ્ઠ (પૂતળીઓરૂપ) સ્ત્રીઓ સાથે રત્નના દીવા પ્રકાશી રહ્યા હતા. તે ઘરમાં સર્વ સંપત્તિઓની સમૃદ્ધિ જોઈ બ્રાહ્મણ સુદામા સ્થિર થઈ અકસ્માત આવેલી તે સમૃદ્ધિનો વિચાર કરવા લાગ્યાઃ '(આ સમૃદ્ધિ આવી ક્યાંથી ?) ખરેખર હંમેશના દરિદ્રી અને દુર્ભાગી મને આ સમૃદ્ધિનું કારણ મોટા ઐશ્વર્યવાળા યદૂત્તમ શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિ વિના બીજું કંઈ ઘટતું નથી, દાશાર્હવંશીઓમાં શ્રેષ્ઠ મારો મિત્ર કૃષ્ણ પોતે પુષ્કળ ભોગ-વૈભવવાળા હોઈ મેઘની પેઠે (પોતે જે વસ્તુ આપે તેને અલ્પ જ) જોતા યાચના કરનાર ભકતને પ્રત્યક્ષમાં કંઈ ન કહેતાં ઘણું ઘણું આપી દે છે. વળી ભગવાન પોતે પુષ્કળ આપે છે, છતાં પોતાનું આપેલું ઘણું જ ઓછું માને છે અને પોતાના ભક્તે કહેલું નિઃસાર કે અતિ તુચ્છ હોય તો પણ તેને ઘણું કરેલું માને છે. હું એક મુઠ્ઠી પૌઆ લઈ ગયો હતો, તેને પણ એ મહાન આત્માએ પ્રીતિયુકત થઈ સ્વીકારી લીધા છે. માટે મને તો પ્રત્યેક જન્મમાં વારંવાર એ જે ભગવાન પ્રત્યે પ્રેમ એમનું જ હિત કરવાની આશા, એમનો જ ઉપકાર કરનારપણું અને એમનું જ દાસપણું પ્રાપ્ત થાઓ, તેમ જ મહાપ્રભાવશાળી અને ગુણોના રહેઠાણ તે ભગવાન સાથે જ વિશેષ કરી સંગ પામેલા મને તેમના ભકત પુરુષોનો સંગ થાઓ, અજન્મા તે ભગવાન પોતે જુએ છે કે ધનવાન પુરુષોનો મદથી અધઃપાત થાય છે. તેથી પોતે વિચક્ષણ હોઈ પોતાના અલ્પજ્ઞાની ભકતને જાતજાતની સંપત્તિઓ, રાજ્ય કે સ્ત્રીપુત્રાદિ વિભૂતિઓ આપતા નથી, પણ દૃઢ ભકિત જ આપે છે.

બુદ્ધિથી એવો નિશ્ચય કરી શ્રીકૃષ્ણના અત્યંત ભકત સુદામાજી ધીમે ધીમે વિષયોના ત્યાગનો અભ્યાસ કરતા તેમાં આસકત થયા વિના સ્ત્રી સાથે વિષયો ભોગવવા લાગ્યા. એ રીતે દેવોના દેવ અને યજ્ઞોના પતિ પ્રભુ શ્રીહરિની દૃષ્ટિએ બ્રાહ્મણો જ પ્રભુ અને દેવરૂપ છે; બ્રાહ્મણોથી બીજું ઉત્કૃષ્ટ નથી, તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના મિત્ર તે સુદામા બ્રાહ્મણ એ રીતે કોઈથી ન જીતાયેલા ભગવાનને ભકતોથી પરાજય પામેલા જોઈ તેમના ધ્યાનના વેગથી અહંકારરહિત થઈ થોડા સમયમાં સત્પુરુષોની ગતિરૂપ તેમના ધામને પામ્યા. બ્રાહ્મણોનું રક્ષણ કરનારા દેવ શ્રીકૃષ્ણનું (સુદામાને સંપત્તિ આપવારૂપ) આ બ્રાહ્મણભકતપણું સાંભળી મનુષ્ય ભગવાનમાં ભક્તિભાવ પામી કર્મબંધનથી છૂટે છે. ૧-૪૧

एतद् ब्रह्मण्यदेवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः । लब्धभावो भगवति कर्मबन्धाद्विमुच्यते ॥४१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૧ સમાપ્ત.*

## અધ્યાય-૮૨

## સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ સાથે ગોપ-ગોપીઓનો મેળાપ

॥ श्रीशुक उवाच ॥

कथैकदा द्वारवत्यां वसतो रामकृष्णयोः । सूर्योपरागः सुमहानासीत् कल्पक्षये यथा ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી બળરામ અને શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેતા, ત્યારે એક વખત પ્રલયકાળ જેવું મોટું સૂર્યગ્રહણ થયું. હે રાજન્ ! (જ્યોતિષીઓના કહેવા પરથી) પ્રથમથી જ તે સૂર્યગ્રહણ જાણી મનુષ્યો પુણ્ય કરવાની ઈચ્છાથી ચોતરફથી કુરુક્ષેત્રમાં સમંતપચંક ક્ષેત્રમાં ગયા, જ્યાં શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કરતાં રાજાઓના લોહીના પ્રવાહથી મોટા ધરા કર્યા હતા અને ભગવાન પરશુરામે પોતે ઈશ્વર હોઈ પાપકર્મથી નિર્લેપ છતાં લોકોને પ્રાયશ્ચિત્તધર્મ શીખવવા સામાન્ય મનુષ્યની પેઠે પાપને દૂર કરવા યજ્ઞો કર્યા હતા. હે ભરતવંશી રાજા ! ત્યાં (ગ્રહણ પ્રસંગની) મોટી તીર્થયાત્રા માટે ભરતખંડની પ્રજાઓ ગઈ અને અક્રુર, વસુદેવ તથા આહુક વગેરે તેમ જ ગદ, પ્રદ્યુમ્ન તથા સાંબ વગેરે યાદવો પણ પોતાનાં પાપનો નાશ કરવા તે ક્ષેત્રમાં ગયા ત્યારે અનિરુદ્ધ અને કૃતવર્મા સુચંદ્ર, શુક્ર તથા સારણની સાથે દ્વારકાની રક્ષા કરવા રહ્યા. એ વેળા સુવર્ણની માળાઓવાળા અને અતિ ઉત્તમ પુષ્પમાળાઓ, વસ્ત્રો તથા કવચો પહેરતા મહાતેજસ્વી યાદવો દેવોના વિમાનો જેવા રથો, પાણીના તરંગો જેવી ગતિ કરતા ઘોડાઓ, ગર્જના કરતાં (કાળાં) વાદળાં જેવા હાથીઓ, વિદ્યાધરો, કાંતિવાળા (પાયદળ) પુરુષો અને સ્ત્રીઓની સાથે માર્ગમાં (જતા હતા ત્યારે) દેવો જેવા શોભતા હતા. મહાભાગ્યશાળી યાદવોએ કુરુક્ષેત્રના તીર્થમાં સ્નાન અને ઉપવાસ કરી, સાવધાન થઈ બ્રાહ્મણોને વસ્ત્રો, પુષ્પમાળાઓ તથા સુવર્ણની માળાઓવાળી ગાયોનાં દાન કર્યાં; ફરી પરશુરામના ધરાઓમાં વિધિપૂર્વક સ્નાન કરી 'અમને શ્રીકૃષ્ણમાં ભક્તિ થાઓ.' આવા સંકલ્પપૂર્વક ઉત્તમ બ્રાહ્મણોને શ્રેષ્ઠ અન્નનાં દાન કર્યાં પછી શ્રીકૃષ્ણ જ જેના ઈષ્ટદેવ હતા, તેવા તે યાદવો પોતે પણ બ્રાહ્મણોની રજા લઈ જમીને ઘાટી છાયાવાળાં વૃક્ષોના મૂળમાં ઈચ્છાનુસાર બેઠા. એવામાં હે રાજન્ ! ત્યાં તેમણે મત્સ્ય, ઉશીવર, કૌશલ્ય, વિદર્ભ, કુરુ, સંજય, કાંબોજ, કેક્ય, મદ્ર, કુંતી, આનર્ત તથા કેરલ દેશના પોતાના મિત્ર અને સંબંધી રાજાઓને આવેલા જોયા, તેમ જ બીજા પોતાના પક્ષના તથા પરપક્ષના સેંકડો રાજાઓને, મનુષ્યોને, નંદ વગેરે મિત્ર ગોવાળિયાઓને તથા લાંબા કાળથી (શ્રીકૃષ્ણને મળવા) આતુર ગોપીઓને પણ તે તેઓએ જોઈ. એ વખતે એકબીજાનાં દર્શનથી ઊપજેલા હર્ષના વેગથી તેઓનાં હૃદય અને મુખકમળની શોભા પ્રફુલ્લ થઈ, નેત્રમાંથી હર્ષનાં આંસુ વરસી રહ્યાં, શરીરે રોમાંચ થયો; વાણી (પ્રેમના આવેશથી) રૂંધાઈ ગઈ અને એકબીજાને ગાઢ આલિંગન કરી તેઓ આનંદ પામ્યા. અત્યંત સ્નેહ અને મંદ હાસ્યથી નિર્મળ કટાક્ષ દૃષ્ટિવાળી સ્ત્રીઓ એકબીજીને જોઈ કેસરના લેપનથી લેપાયેલાં સ્તનોને સામી સ્ત્રીઓનાં સ્તનો સાથે દબાવીને સ્નેહનાં આંસુવાળાં નેત્રોવાળી થઈ, હાથ વડે પરસ્પર ભેટવા લાગી. પછી નાની ઉંમરવાળાએ વંદન કરેલા તે યાદવો વગેરે વૃદ્ધોને વંદન કરીને પરસ્પર સ્વાગત તથા કુશળ પૂછી શ્રીકૃષ્ણ વિષે વાતો કરવા લાગ્યા એ વખતે કુંતાજીએ ભાઈઓને, બહેનોને, તેઓના પુત્રોને માતા-પિતાઓને ભોજાઈઓને તથા શ્રીકૃષ્ણને મળી પરસ્પર વાતચીતથી દુઃખ તજ્યું.

**પછી કુંતાજી બોલ્યા :** હે પૂજ્ય ભાઈ વસુદેવ ! હું મને પૂર્ણ મનોરથવાળી માનતી નથી; કારણ કે તમે મોટા છો છતાં આપત્તિના સમયે પણ મારી ખબર લેતા નથી (અથવા એમાં તમારો કંઈ દોષ નથી, કારણ કે) જેનું દૈવ અનુકૂળ હોતું નથી, તે સગો હોય, તોપણ તેને સ્નેહીઓ, જ્ઞાતિઓ પુત્રો, ભાઈઓ કે માતાપિતા પણ સંભારતાં નથી.

**વસુદેવજી બોલ્યા :** 'હે બહેન ! તમે અમારા પર દોષારોપ ન મૂકો. આપણે મનુષ્યો દૈવનાં રમકડાં જેવાં છીએ. લોકો ઈશ્વરને વશ રહીને જ બધું કરે છે અથવા કરાવે છે. હે બહેન ! કંસથી દુઃખ પામેલા અમે બધા એક દિશામાંથી બીજી દિશામાં નાસ ભાગ કરતાં, તે હમણાં જ દૈવયોગે ફરી પોતાના સ્થાને આવ્યા છીએ.'

**શ્રી શુકદેવજી બોલ્યા :** વસુદેવ તથા ઉગ્રસેન વગેરે યાદવોએ સન્માન કરેલા તે રાજા શ્રીકૃષ્ણનાં દર્શનથી થયેલા પરમ આનંદ વડે સુખી થયા. હે રાજેન્દ્ર ! ભીષ્મ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, તેના પુત્રો, સ્ત્રીઓ સહિત પાંડવો, કુંતી, સૃંજય, વિદુર, કૃપાચાર્ય, કુંતિભોજ, વિરાટ, ભીષ્મક, નગ્નજિત પુરુજિત, દ્રુપદ, શલ્ય, ધૃષ્ટકેતુ, કાશીરાજ, દમઘોષ. વિશાલાક્ષમિથિલાનો રાજા મદ્રરાજ કેશ્ય દેશનો રાજા યુધામન્યું, સુશર્મા, પુત્રો સહિત બાહ્લીક વગેરે રાજાઓ અને બીજા યુધિષ્ઠિરને અનુસરનારા રાજાઓ સ્ત્રીઓ સહિત શ્રીકૃષ્ણનું લક્ષ્મીના વાસરૂપ શરીર જોઈ વિસ્મય પામ્યા. પછી બળરામ અને શ્રીકૃષ્ણે સારી રીતે સત્કારેલા તે રાજાઓ આનંદયુકત થઈ શ્રીકૃષ્ણે સ્વજનો તરીકે સ્વીકારેલા યાદવોની પ્રશંસા કરવા લાગ્યા. 'અહો હે ભોજપતિ ઉગ્રસેન રાજા ! આ પૃથ્વી પરનાં મનુષ્યોમાં તમે—યાદવો જ સફળ જન્મવાળા છો; કારણ કે તમે યોગીઓને પણ દુર્લભ દર્શનવાળા શ્રીકૃષ્ણનાં વારંવાર દર્શન કરો છો. વેદોએ સ્તવેલી જેમની કીર્તિ આ જગતને અત્યંત પવિત્ર કરે છે—જેમનું ચરણોદક ગંગાજી અને જેમનાં વચનો—વેદશાસ્ત્ર સમગ્ર વિશ્વને પાવન કરે છે અને કાળે બાળેલા માહાત્મ્યવાળી આ પૃથ્વી પણ જેમના ચરણકમળના સ્પર્શથી પ્રકટ શકિતવાળી થઈ અમારી સર્વ કામનાઓને ચોતરફથી પૂર્ણ કરે છે, તે શ્રીકૃષ્ણ ભગવાન સાથે દર્શન, સ્પર્શ, તેમની સાથે ચાલવું, વાતચીત, સૂવું, બેસવું, જમવું, વિવાહસંબંધ તેમ જ દૈહિક સંબંધ તમને મળ્યો છે અને પ્રવૃત્તિમાર્ગમાં વર્તનારાઓને સ્વર્ગ તથા મોક્ષથી પણ નિઃસ્પૃહ કરનારા વિષ્ણુ ભગવાન પોતે તમારે ઘેર પ્રકટયા છે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** નંદરાય શ્રીકૃષ્ણ આદિ યાદવોને કુરુક્ષેત્ર ગયેલા જાણી, તેમનાં દર્શન કરવાની ઈચ્છાથી ગોવાળિયાઓને સાથે ગાડાંમાં બધો સામાન સાથે લઈ ત્યાં ગયા હતાં. તેમને જોઈ લાંબા સમયથી તેમનું દર્શન કરવા આતુર યાદવો નિષ્પ્રાણ ખોળિયામાં પ્રાણ આવ્યા હોય તેમ ઊભા થઈ આનંદ પામી ખૂબ ભેટયા. વસુદેવજી પણ તેમને ભેટીને અત્યંત પ્રસન્ન થયા અને કંસે આપેલાં દુઃખ તથા પોતાના પુત્રોને ગોકુળમાં થાપણ મૂક્યા હતા, તે યાદ કરતા પ્રેમવિહ્વળ થયા. હે પરીક્ષિત, શ્રીકૃષ્ણ અને બળરામ પણ માતાપિતા (નંદયશોદા) ને ભેટી વંદન કરી પ્રેમનાં આંસુથી ગળગળા કંઠવાળા થઈ (બોલવાની ઈચ્છા છતાં) કંઈ બોલી શક્યા નહિ. મહાભાગ્યશાળી નંદ યશોદાએ તે બંને પુત્રોને ખોળામાં બેસાડી, બંને બાહુથી ભેટી વિરહનો શોક તજયો. રોહિણી અને દેવકી પણ વ્રજની સ્વામિની યશોદાને ભેટી તેણે કરેલી મિત્રતા યાદ કરતી આંસુથી ગળગળા કંઠે કહેવા લાગી : 'હે વ્રજની સ્વામિની ! સદા

કાળ રહેનારી તમારી બંનેની, મિત્રતા કોણ ભૂલે ? ઇંદ્રનું ઐશ્વર્ય પામીને પણ તે મિત્રતાનો બદલો વાળી શકાય તેમ નથી. આ બંને પુત્રોએ માતાપિતાને જોયાં ન હતાં. તેમને માતાપિતારૂપ તમને બંનેને સોંપ્યા હતા અને ત્યાં તમારા થકી પ્રસન્નતા, અભ્યુદય, પોષણ તથા રક્ષણ પામી તેઓ નિર્ભય રહેતા હતા. જેમ પાંપણો બંને નેત્રનું રક્ષણ કરે છે તેમ તમે બંનેએ આ બંનેનું રક્ષણ કર્યું હતું. (તે તમને ઘટે જ છે કારણ કે) સજ્જનોને પારકો કે પોતાનો કોઈ હોતો નથી.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** જેમનું દર્શન કરતી, વેળા નેત્રો ઉપર પાંપણ બનાવનારા વિધાતાને ગાળો દેતી સર્વ ગોપીઓ લાંબા કાળથી ઈચ્છેલા તે શ્રીકૃષ્ણને મળી, દષ્ટિ દ્વારા હૃદયમાં સ્થાપેલા તે પ્રભુને ભેટી નિત્ય યોગારૂઢ થતા યોગીઓને પણ દુર્લભ તેમની સાથેની એકતા પામી. ભગવાન શ્રીકૃષ્ણ એવી તે ગોપીઓને એકાંતમાં મળ્યા ને આલિંગન કરી કુશળ પૂછી હસતા આ પ્રમાણે બોલ્યાઃ 'હે સખીઓ ! સંબંધીઓનું કાર્ય કરવાની ઈચ્છાથી ગયેલા અમને તમે યાદ કરે છો ? શત્રુપક્ષનો નાશ કરવામાં અમારું મન લાગેલું તેથી ઘણા વખત સુધી અમે રોકાઈ રહ્યા. અમે અકૃતજ્ઞ છીએ' આવી અમારા પર થોડી પણ શંકા લાવી તમે અમારી અવગણના કરો છો ? (તમારે સમજવું જોઈએ કે) ભગવાન જ પ્રાણીમાત્રને એકબીજા સાથે જોડે છે ને એકબીજાથી વિખૂટા પાડે છે. જેમ વાયુ વાદળાંના સમૂહને, ઘાસને, રૂને તેમ જ ધૂળને એકબીજા સાથે જોડી ફરી વિખૂટાં કરે છે તેમ પ્રાણીઓના સૃષ્ટા ભગવાન પ્રાણીઓને એકબીજા સાથે જોડી વિખૂટાં પાડે છે. મારા પરની ભક્તિ પ્રાણીઓને મોક્ષ આપવા સમર્થ થાય છે. માટે તમને પ્રાપ્તિ કરાવનારો મારા ઉપર સ્નેહ થયો છે, તે બહુ જ સારું થયું છે. હે સ્ત્રીઓ ! આકાશ, જળ, પૃથ્વી, વાયુ, તેજ આ પાંચ મહાભૂતો પ્રત્યેક ભૌતિક પદાર્થોના આદિમાં, અંતમાં, અંદર અને બહાર જેમ રહ્યાં છે, તેમ હું પણ સર્વ પ્રાણીઓના આદિમાં, અંતમાં, અંદર અને બહાર રહેલો જ છું. (તેથી વ્યાપક મને તમે પામો જ છો.) એ પ્રમાણે આ સર્વ પ્રાણીઓ પણ (ભૌતિકપણાથી પોતાનું ઉપાદાન કારણ) પાંચ મહાભૂતોમાં રહેલા છે, પણ ભોકતા આત્મામાં રહેલાં નથી, કેમ કે જીવાત્મા દેહાદિ સ્થૂળ પદાર્થોનું ઉત્પાદન કારણ નથી, અર્થાત્ શરીરમાં ભોક્તારૂપે તે રહ્યો છે, પણ ઉપાદાન કારણરૂપે વ્યાપ્ત નથી. પાંચ મહાભૂતો ને ભૌતિક પદાર્થોરૂપી સર્વ ભોગ્ય તેમ જ ભોક્તા-આત્માએ બંને પરિપૂર્ણ મારા વિષે ભાસી રહ્યાં છે એનો તમે અનુભવ કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણે એમ અધ્યાત્મશિક્ષાથી શિખામણ આપી એટલે તેના સ્મરણથી પોતાના જીવભાવનો લય થઈ જતાં તે ગોપીઓ તેમને પામી જ હતી; છતાં બોલી : 'હે કમળનાભ શ્રીકૃષ્ણ ! અગાધ જ્ઞાનવાળા યોગેશ્વરોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય અને સંસારરૂપી કૂવામાં પડેલાઓને તેમાંથી બહાર નીકળવાના આલંબનરૂપ આપનું ચરણકમળ અમે ધરતાં રહીએ, તો પણ અમારા મનમાં સદાકાળ પ્રકટ રહો. ૧-૪૦

आहुश्च ते नलिननाभ पदारविन्दं योगेश्वरैर्हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलम्बं गेहंजुषामपि मनस्युदियात्सदा नः ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૨ સમાપ્ત.*

# અધ્યાય-૮૩

## સ્ત્રીઓમાં શ્રીકૃષ્ણકથાનો ઉત્સવ

॥ श्रीशुक उवाच ॥

तथाऽनुगृह्य भगवान् गोपीनां स गुरुर्गतिः । युधिष्ठिरमथाऽपृच्छत्सर्वांश्च सुहृदोऽव्ययम् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** સર્વના ગુરુ અને ગતિરૂપ શ્રીકૃષ્ણે 'તથાસ્તુ' એમ ગોપીઓ પર કૃપા કરી, યુધિષ્ઠિરને તથા સર્વ સંબંધીઓને કુશળ પૂછયાં. એ વેળા લોકના નાથ શ્રીકૃષ્ણ ભગવાને કુશળ પૂછેલા અને તેમનાં ચરણનાં દર્શનથી જ નાશ પામેલા પાપોવાળા તે સઘળા સંબંધીઓ પ્રસન્નચિત્તે તેમને કહેવા લાગ્યા : 'હે પ્રભો ! પ્રાણીઓને દેહને સંબંધ કરનારી વિદ્યાને નાશ કરનારું અને મહાપુરુષોના મનમાંથી મુખ દ્વારા નીકળેલું આપના ચરણકમળની કથારૂપ અમૃત જેઓ પોતાના કાનરૂપી પડિયાઓ વડે પીએ છે. તેઓનું અમંગળ ક્યાંથી હોય ? સ્વસ્વરૂપના પ્રકાશથી જ બુદ્ધિ કૃત ત્રણે અવસ્થાઓ જેમાં દૂર થઈ છે, તેવા અને સર્વ આનંદના સમૂહરૂપ અને અમાપ, અખંડ જ્ઞાનશકિતવાળા, કાળથી નાશ પામતા વેદોનું રક્ષણ કરવા યોગમાયા વડે મનુષ્યાકૃતિ લેનાર અને પરમહંસોની ગતિરૂપ આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ઉત્તમ કીર્તિવાળા પુરુષશ્રેષ્ઠ શ્રીકૃષ્ણની લોકો સ્તુતિ કરતા હતા, તે વખતે અંધક અને કૌરવવંશીઓની સ્ત્રીઓ એકઠી મળી ત્રણે લોકમાં ગવાયેલી શ્રીકૃષ્ણની કથાઓ પરસ્પર કહેવા લાગી; તે તમારી આગળ હું વર્ણવું છું, સાંભળો.

**દ્રૌપદી બોલ્યા :** હે રુકિમણી ! હે ભદ્રા ! હે જાંબવતી ! હે નાગ્નજિતી ! હે સત્યભામા ! હે કાલિન્દી ! હે શૈબ્યા ! હે રોહિણી ! હે લક્ષ્મણા ! બીજી હે કૃષ્ણની સ્ત્રીઓ ! પોતાની માયાથી લોકનું અનુકરણ કરવા છતાં સ્વરૂપાનંદથી અસ્ખલિત ભગવાન કૃષ્ણ તમને કેવી રીતે પરણ્યા તે અમને કહો.

**રુકિમણી બોલી :** મને શિશુપાલને આપવા રાજાઓ ધનુષ્યો સજ્જ કરી તૈયાર હતા, તે વખતે કોઈથી ન જિતાયેલા યોદ્ધાઓએ પણ જેમના ચરણની રજ મસ્તકે ચડાવી છે, એવા શ્રીકૃષ્ણ સિંહ જેમ બકરા-ઘેટાના ટોળામાંથી પોતાનો ભાગ લઈ જાય, તેમ મને હરી ગયા હતા તે લક્ષ્મીનિવાસ શ્રીકૃષ્ણના ચરણ મને પૂજન માટે પ્રાપ્ત થાઓ.

**સત્યભામા બોલી :** સિંહે કરેલા ભાઈના નાશથી જેમનું હૃદય સંતાપ પામ્યું હતું, એવા મારા પિતાએ ચડાવેલું જૂઠું આળ દૂર કરવા જે ભગવાન રીંછના રાજા જાંબવાનને જીતી, સ્યમંતકમણિ લાવ્યા હતા અને પછી તે મણિ મારા પિતાને આપવા માંડ્યો, પણ જૂઠું આળ ચડાવવાના અપરાધથી ભય પામેલા મારા પિતાએ મને અક્રુર વગેરેને આપવા કબૂલી હતી, છતાં પ્રભુ શ્રીકૃષ્ણને આપી.

**જાંબવતી બોલી :** મારા પિતાએ આ શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ સીતાપતિ શ્રીરામચંદ્રરૂપ ન જાણી સત્તાવીસ દિવસ સુધી તેમની સાથે યુદ્ધ કર્યું હતું; પછી 'આ તો સાક્ષાત સીતાપતિ જ છે' એમ જાણી જેમણે પરીક્ષા કરી હતી, એવા મારા પિતાએ ચરણમાં પડી મણિ સાથે જેમને મને આપી છે, તે શ્રીકૃષ્ણની હું દાસી છું.'

**કાલિંદી બોલી :** જેમના ચરણસ્પર્શની આશાથી તપશ્ચર્યા કરતી મને જાણી મિત્ર અર્જુન સાથે આવી જેમણે મારું પાણિગ્રહણ કર્યું છે, તે શ્રીકૃષ્ણ ભગવાનના ઘરમાં હું વાસીદું વાળનારી છું.

**ભદ્રા બોલી :** લક્ષ્મીના વાસરૂપ શ્રીકૃષ્ણ સ્વયંવરમાં આવી રાજાઓને તથા અપકાર કરનારા મારા ભાઈઓને જીતી સિંહ જેમ કૂતરાંઓનાં ટોળાં વચ્ચેથી પોતાને ભાગ લઈ જાય તેમ મને લઈ ગયા હતા; તે શ્રીકૃષ્ણ ભગવાનના પગ ધોવાનું જ કાર્ય મને પ્રત્યેક જન્મમાં પ્રાપ્ત થાઓ.

**સત્યા બોલી :** રાજાઓના પરાક્રમની પરીક્ષા કરવા મારા પિતાએ મહાબળવાન પરાક્રમી અને અત્યંત તીક્ષ્ણ શિંગડાંવાળા સાત બળદો રાખ્યા હતા. વીર પુરુષોના દુષ્ટ મદનો નાશ કરનારા તેઓને એકદમ વશ કરી-નાથીને બાળકો જેમ બકરીનાં બચ્ચાંને બાંધે તેમ રમતમાં જેમણે બાંધ્યા હતા અને પછી પરાક્રમરૂપ મૂલ્યવાળી મને (પ્રતિજ્ઞા સિદ્ધ થતાં મારા પિતાએ આપી એટલે) દાસીઓ અને ચતુરંગિણી સેના સહિત લઈને, રસ્તામાં રાજાઓનો પરાજય કરી (દ્વારકા) લાવ્યા; તે શ્રીકૃષ્ણ ભગવાનનું દાસ્ય મને પ્રાપ્ત થાઓ.

**મિત્રવિંદા બોલી :** હે દ્રૌપદી ! મારા પિતાએ જાતે મારા મામાના પુત્ર શ્રીકૃષ્ણને બોલાવી તે શ્રીકૃષ્ણમાં જ ચિત્તવાળી મને અક્ષૌહિણી સેના અને સખીઓ સહિત આપી હતી; તે શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ પ્રત્યેક જન્મમાં કર્મોથી રઝળતી મને પ્રાપ્ત થાઓ. જેથી મારા આત્માનું તે મોક્ષરૂપી કલ્યાણ થાય.

**લક્ષ્મણા બોલી :** હે રાણી દ્રૌપદી ! નારદજીએ ગાયેલાં શ્રીકૃષ્ણનાં જન્મકર્મ સાંભળી તેમ જ લક્ષ્મીદેવી પણ લોકપાલોને છોડી તેમને વર્યા છે એવો સારી રીતે વિચાર કરી, મારું મન પણ શ્રીકૃષ્ણમાં લીન થયું. મારો તે અભિપ્રાય જાણી હે સદ્‌ગુણી દ્રૌપદી ! પુત્રી ઉપર પ્રેમવાળા બૃહત્સેન નામના મારા પ્રખ્યાત પિતાએ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે ઉપાય કરાવ્યો. હે રાણી ! જેમ તમારા સ્વયંવરમાં અર્જુનને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મત્સ્યવેધ રાખ્યો હતો તેમ મારા સ્વયંવરમાં પણ (શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે) મત્સ્યવેધ રાખ્યો હતો; પરંતુ તમારા સ્વયંવરમાં જે મત્સ્ય રાખ્યો હતો, તે તો બહારથી જ ઢંકાયેલો હોઈ અંદરથી ઢંકાયેલો ન હતો; (તેથી થાંભલામાં ઊંચે દૃષ્ટિ કરતાં તે દેખાતો હતો,) પણ મારા સ્વયંવરમાં જે મત્સ્ય રાખ્યો હતો, તે તો (થાંભલાના મૂળમાં મૂકેલા કળશના) જળમાં જ માત્ર દેખાતો હતો (તેથી દૃષ્ટિ નીચે રાખવી પડે ને લક્ષ્ય ઊંચે હોય આ કારણથી શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈથી તે મત્સ્ય વીંધાય એવો ન હતો..) એ સાંભળી સર્વ જાતનાં અસ્ત્રો તથા શસ્ત્રોનાં તત્ત્વ જાણનારા હજારો રાજાઓ પોતપોતાના ઉપાધ્યાયો સાથે સર્વ તરફથી મારા પિતાના નગરમાં આવ્યા હતા. મારા પિતાએ પણ તે સર્વ રાજાઓના જેવું જેનું પરાક્રમ અને જેટલી જેની ઉંમર તે પ્રમાણે સત્કાર કર્યો હતો. પછી તે રાજાઓએ મારામાં બુદ્ધિ રાખી મત્સ્યવેધ કરવા બાણ સાથે ધનુષ્ય લીધું, (પણ તેઓનાં ચિત્ત મારામાં જ લાગેલાં હોઈ, તેઓ મત્સ્યવેધ કરી ન શક્યા.) તેમાંના કેટલાકે તો ધનુષ્યમાં દોરી ચડાવવા પણ અસમર્થ થઈ, ધનુષ્ય છોડી દીધું હતું અને કેટલાક (ધનુષ્યમાં દોરી ચડાવી) કાંડા સુધી ધનુષ્યની દોરી ખેંચીને પણ (હાથમાંથી છૂટી પડેલું એ) ધનુષ્ય લાગતાં જ પડી ગયા હતા. બીજા જરાસંધ, અંબષ્ઠ, શિશુપાલ, ભીમસેન, દુર્યોધન તથા કર્ણ વગેરે વીર પુરુષોએ ધનુષ્ય સજજ કર્યા, પણ તેઓ મત્સ્યની સ્થિતિ જ જાણી શક્યા નહિ. પછી અર્જુને જળમાં મત્સ્યનો આભાસ જોઈ, તેની સ્થિતિ જાણી સાવધાન થઈ બાણ છોડયું પણ તેના બાણે મત્સ્યનો માત્ર સ્પર્શ જ કર્યો, તેને વીંધ્યું નહિ. એ રીતે અભિમાની રાજાઓ મત્સ્યવેધથી પાછા ફર્યા ને તેઓના અભિમાન તૂટયાં ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે હાથમાં ધનુષ્ય લઈ રમતમાં તેને સજજ કરી તેમાં બાણ સાંધીને માત્ર એક જ વાર જળમાં મત્સ્ય જોઈને સૂર્ય અભિજિત મુહૂર્તમાં હતો ત્યારે મધ્યાહ્ન સમયે બાણથી મત્સ્યને વીંધી તેને પૃથ્વી ઉપર પાડ્યું. એ વેળા સ્વર્ગમાં ને પૃથ્વી પર જય જય શબ્દો સાથે

નગારાં વાગ્યાં ને દેવતાઓએ હર્ષથી વ્યાપ્ત થઈ, પુષ્પોની વૃષ્ટિ કરી. પછી હું નવાં બે ઉત્તમ રેશમી વસ્ત્રો પહેરી અંબોડામાં પુષ્પમાળા ધરીને લજ્જાયુકત હસતા મુખે સુવર્ણથી ઉજ્જવળ રત્નમાળા હાથમાં લઈ રૂમઝૂમ કરતાં ઝાંઝરવાળા પગે સભાસ્થાનમાં પ્રવેશી અને શ્રીકૃષ્ણમાં આસક્ત હૃદયવાળી મેં મોટા કેશવાળું અને કુંડળોની કાંતિવાળા ગાલવાળું મુખ ઊંચું કરી શીતળ હાસ્ય સહિત કટાક્ષો ફેંકવાપૂર્વક ચારે તરફ રાજાઓને જોઈ ધીમેથી શ્રીકૃષ્ણના ગળામાં પોતાની વરમાળા પહેરાવી. તેટલામાં નરઘાં, ઢોલ, શંખ, ભેરી, નગારાં વગેરે વાદિત્રો વાગ્યાં, નટો તથા નર્તકીઓ નાચવા લાગી અને ગવૈયાઓ ગાવા લાગ્યા. હે દ્રૌપદી ! એમ હું ભગવાનને વરી ત્યારે મોટા રાજાઓ કામથી આતુર થઈ, શ્રીકૃષ્ણની સ્પર્ધા કરતા તે સહન કરી શક્યા નહિ; પણ તેટલામાં તો ઉત્તમ ચાર ઘોડા જોડેલા રથમાં મને બેસાડી બખ્તર પહેરી ચતુર્ભુજ શ્રીકૃષ્ણ શાર્ઙ્ગધનુષ્ય તથા બાણ લઈને યુદ્ધ માટે ઊભા રહ્યા. પછી હે રાણી ! દારુક સારથિએ સોનાના સાજવાળો રથ હંકાર્યો ને મૃગલાંઓના દેખતાં સિંહ જેમ નીકળે તેમ રાજાઓના દેખતાં શ્રીકૃષ્ણ નીકળ્યા. તે વેળા કેટલાક રાજાઓ ધનુષ્યો ઉગામી કૂતરાં જેમ સિંહની પાછળ દોડે, તેમ શ્રીકૃષ્ણની પાછળ પડયા અને કેટલાક તો માર્ગમાં જ તેમને અટકાવવા આગળથી જઈ તૈયાર રહ્યા; પણ તે રાજાઓ શ્રીકૃષ્ણના શાર્ઙ્ગધનુષ્યમાંથી છૂટેલાં બાણોના સમૂહોથી કપાયેલા બાહુઓ, ચરણો તથા કંઠવાળા થઈ યુદ્ધક્ષેત્રમાં પડ્યા અને કેટલાક તે યુદ્ધ છોડી નાસી ગયા. પછી સૂર્ય જેમ પોતાના મંડળમાં પ્રવેશ કરે તેમ યદુપતિ ભગવાને અતિશય સુશોભિત, સૂર્યને ઢાંકવી ધજાનાં વસ્ત્રો તથા રંગબેરંગી તોરણોવાળી અને સ્વર્ગમાં તથા પૃથ્વી પર સર્વત્ર પ્રશંસા પામેલી દ્વારકામાં પ્રવેશ કર્યો. (મારા વિવાહ પ્રસંગે) મારા પિતાએ સ્નેહીઓ, સંબંધીઓ તથા બાંધવોને મહાકિંમતી વસ્ત્રોથી, અલંકારથી, શય્યાઓથી, આસનોથી તથા બીજી ભેટોથી સત્કાર કર્યો હતો, તેમ જ શ્રીકૃષ્ણભગવાન સમગ્ર કામનાઓથી પૂર્ણ છે, તોપણ (મારા પિતાએ) તેમને દાસીઓ, સર્વ સંપત્તિઓ, યોધ્ધાઓ, હાથીઓ, રથો તથા ઘોડાઓ સાથે મહાકિંમતી આયુધો ભકિતપૂર્વક આપ્યાં હતાં. આ અમે આઠ (પટ્ટ રાણીઓ જન્માંતરમાં આરાધેલા) સર્વ સંગના ત્યાગરૂપ વૈરાગ્યના પ્રભાવથી અને તપશ્ચર્યારૂપ સ્વધર્મના મહિમાથી આત્મામાં રમનારા સાક્ષાત્ શ્રીકૃષ્ણના ઘરની દાસીઓ થયેલ છીએ.

પછી બીજી સર્વ રાણીઓ બોલી : દિગ્વિજયમાં નરકાસુરે જીતેલા રાજાઓની અમે કન્યાઓ છીએ. અમને નરકાસુરે કેદ કરેલી જાણી ભગવાન શ્રીકૃષ્ણ યુદ્ધમાં તે નરકાસુરનો તેના પરિવાર સાથે નાશ કરી, તેનાથી છોડાવી. પોતે પૂર્ણકામ છતાં તે સંસારથી છોડાવનારા તેમના ચરણકમળનું સ્મરણ કરતી અમને પરણ્યા હતા. તે સતી દ્રૌપદી ! અમે ચક્રવર્તીના પદને, ઈંદ્રપદને, તે બન્ને પદના ભોગો ભોગવવાને, અણિમાદિ સિદ્ધિઓ ભોગવવાને બ્રહ્માના પદને, મોક્ષને કે શ્રીહરિના પદરૂપ સાલોક્ય વગેરે મુકિતઓને પણ ઈચ્છતી નથી, પરંતુ લક્ષ્મીદેવીનાં સ્તન ઉપરનાં કેસરની ગંધવાળી ગદાધારી શ્રીકૃષ્ણ પ્રભુની શોભાયમાન ચરણરજને મસ્તકે ધારણ કરવા જ ઈચ્છીએ છીએ. ગાયો ચારતા મહાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનો ચરણસ્પર્શ જેમ વ્રજની સ્ત્રીઓ, ભીલડી, ગોવાળિયા અને (વૃંદાવનનાં) ઘાસ અને વેલા ઈચ્છે છે તેમ અમે પણ તે ભગવાનનો ચરણસ્પર્શ ઈચ્છીએ છીએ. ૧-૪૩

व्रजस्त्रियो यदवांछन्ति पुलिन्द्यस्तृणवीरुघः । गावश्चारयतो गोपाः पादस्पर्शे महात्मनः ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૩ સમાપ્ત.*

# અધ્યાય-૮૪

## કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞમહોત્સવ

॥ શ્રીશુક ઉવાચ ॥

श्रुत्वा पृथा सुबलपुत्र्यथ याज्ञसेनी माधव्यथ क्षितिपपत्न्य उत स्वगोप्यः ।
कृष्णेऽखिलात्मनि हरौ प्रणयानुबन्धं सर्वा विसिसम्युरलमश्रुकलाकुलाक्ष्यः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** સર્વનાં દુઃખ હરનારા અને સમગ્રના આત્મા શ્રીકૃષ્ણ વિષે (તેમની રાણીઓએ વર્ણવેલ) તે સ્નેહસંબંધ સાંભળી કુંતાજી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, સર્વ રાજરાણીઓ અને ગોપીઓ અત્યંત વિસ્મય પામી. તે સર્વ સ્ત્રીઓનાં નેત્રો હર્ષનાં આંસુ વડે ઊભરાઈ ગયાં. એમ સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે અને પુરુષો પુરુષો સાથે વાતચીત કરતાં હતાં, તેટલામાં શ્રીકૃષ્ણ અને બળરામનાં દર્શન કરવાની ઈચ્છાથી વેદવ્યાસ, નારદ, ચ્યવન, દેવલ, અસિત, વિશ્વામિત્ર, શતાનંદ, ભરદ્વાજ, ગૌતમ, પરશુરામ, શિષ્યો સહિત ભગવાન વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પુલસ્ત્ય, કશ્યપ, અત્રિ, માર્કેણ્ડેય, બૃહસ્પતિ, દ્વિત, ત્રિત, એકત, બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ, અંગિરા, અગસ્ત્ય, યાજ્ઞવલ્ક્ય, વામદેવ વગેરે તેમ જ બીજા પણ મુનિઓ ત્યાં આવ્યા. એટલે તે વિશ્વવંદ્ય મુનિઓને આવેલા જોઈ, પ્રથમથી ત્યાં બેઠેલા પાંડવો, શ્રીકૃષ્ણ, બળરામ અને બીજા રાજાઓ વગેરેએ એકદમ ઊભા થઈ તેમને પ્રણામ કર્યા. પછી સર્વ લોકોએ તેમની જેમ પૂજા કરી તેમ બળરામ સહિત શ્રીકૃષ્ણે પણ સ્વાગત, આસન, પાદ પ્રક્ષાલન, અર્ધ્ય, માળા, પુષ્પ, ધૂપ તથા ચંદન વડે તેમની પૂજા કરી અને પછી ધર્મનું રક્ષણ કરનારું શરીર ધરનારા ભગવાન શ્રીકૃષ્ણ શાંત રહેલી તે મહાસભાના સાંભળતાં સુખે બેઠેલા મુનિઓને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** અહો ! અમારો જન્મ સફળ થયો છે અને અમે જન્મનું સમગ્ર ફળ મેળવ્યું છે; કારણ કે યોગેશ્વરોનાં દર્શન દેવોને પણ દુર્લભ હોય છે. (તે આજે અમને મળ્યું છે.) ત્યાં ઘણા ઓછા તપવાળા (એટલે તીર્થસ્નાન વગેરેમાં જ માત્ર તપબુદ્ધિવાળા) અને પ્રતિમામાં જ દેવદૃષ્ટિ કરનારા (અમને) મનુષ્યોને આપ યોગેશ્વરોનાં દર્શન, સ્પર્શ, પ્રશ્ન, પ્રણામ તથા ચરણપૂજા વગેરે શું સંભવે છે? (અર્થાત્ જે વસ્તુ દેવોને દુર્લભ છે, તે મનુષ્યોને ક્યાંથી મળે ?) જળમય તીર્થો તે તીર્થો નથી એમ નથી અને માટી કે શિલામય દેવો (પ્રતિમાઓ) તે દેવો નથી એમ નથી; પણ તેઓ ઘણા કાળે પવિત્ર કરે છે, પણ સત્પુરુષો તો માત્ર દર્શનથી જ (તત્કાળ) પવિત્ર કરે છે. અગ્નિ, સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, જળ, આકાશ, પવન, વાણી તથા મન એમની ઉપાસના કરી હોય, તો તેઓ પાપનું મૂળ અજ્ઞાનને કદી હરતાં નથી, કેમ કે તે ભેદબુદ્ધિ ઉપજાવનારાં છે; પણ (જેઓની ભેદબુદ્ધિ ટળી છે એવા) વિવેકી સત્પુરુષોએ માત્ર એક જ ક્ષણ સેવવાથી જ પાપના મૂળ અજ્ઞાનનો નાશ કરે છે. (કેમ કે તેઓ ભેદબુદ્ધિ ટાળનારા છે.) જે મનુષ્યને (વાત, પિત્ત ને કફ એ) ત્રણ ધાતુઓરૂપી મૂળ કારણવાળા શરીરમાં 'આ હું' આવી આત્મબુદ્ધિ છે; સ્ત્રી આદિ વિષે 'આ મારાં' એવી પોતાનાં તરીકેની બુદ્ધિ છે; માટીના વિકાર મૂર્તિ વગેરેમાં 'આ મારા પૂજ્ય દેવ' એવી દેવબુદ્ધિ છે અને પાણીમાં 'આ તીર્થ' એવી તીર્થબુદ્ધિ છે, પણ તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષો ઉપર આત્મબુદ્ધિ, સ્વબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ તથા તીર્થબુદ્ધિ નથી તે ખરેખર મનુષ્ય હોવા છતાં પણ પશુઓમાં પણ અધમ ગધેડા જેવો છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** અસ્ખલિત જ્ઞાનવાળા ભગવાન શ્રીકૃષ્ણનું એવું અકળ (ગૂઢ) વચન સાંભળી ભ્રમિત બુદ્ધિવાળા થયેલા બ્રાહ્મણો તો ચૂપ જ રહ્યા. પછી ખૂબ વાર વિચાર કરી તે મુનિઓ બોલ્યાઃ ‘ભગવાન સર્વેશ્વર હોવા છતાં પણ આ પ્રમાણે કર્માધીન સામાન્ય મનુષ્યની પેઠે જે વ્યવહાર દર્શાવે છે, તે કેવળ લોકસંગ્રહને માટે જ છે.’ એમ કહી હસતાં હસતાં તેઓ જગદ્ગુરુ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા.

**મુનિઓ બોલ્યા :** અમે તત્વજ્ઞાનીઓમાં ઉત્તમ અને પ્રજાપતિઓના પણ અધીશ્વરો હોવા છતાં આપની માયાથી મોહ પામ્યા છીએ; કારણ કે આપ મનુષ્યચેષ્ટિતથી ગુપ્ત રહી જાણે ઈશ્વર ન હો, એવું આચરણ કરો છો. અહો ! આપ ભગવાનનું ચેષ્ટિત અતકર્ય છે. આપ ક્રિયારહિત અને એક જ છો; છતાં જેમ પૃથ્વી ક્રિયારહિત અને એક જ છે, તોપણ ઘટાદિ વિકારોથી અનેક નામો તથા રૂપવાળી જણાય છે, તેમ આપ પણ સ્વરૂપમાત્રથી આ જગતને ઉત્પન્ન કરો છો, પાળો છે અને સંહારો છો. અહો ! આપ પરિપૂર્ણનું આ જન્માદિ ચરિત્ર કેવળ અનુકરણ છે, સત્ય નથી; (એ રીતે અતકર્ય શકિતવાળા આપનો જન્મ વગેરે સંભવતાં જ નથી.) તોપણ આપ ભકત પુરુષોનું રક્ષણ કરવા તેમ જ દુષ્ટોને શિક્ષા કરવા તે તે યોગ્ય સમયે શુદ્ધ સત્ત્વગુણમય સ્વરૂપ ધરો છો. આપ સર્વ વ્યવહારથી પર સાક્ષીરૂપે રહેલા છો, છતાં વર્ણો તથા આશ્રમોના અભિમાની થઈ, પોતાના આચાર વડે સનાતન વેદમાર્ગનું રક્ષણ કરો છો. વેદ નામનું બ્રહ્મ તે આપનું શુદ્ધ આંતરિક સ્વરૂપ છે, કારણ કે તે વેદરૂપ બ્રહ્મ વિષે તપ, સ્વાધ્યાય અને સંયમથી કાર્ય, કારણ અને તેથી પણ પર એવા બ્રહ્મ—પરમાત્મા જણાય છે. તેથી જ હે બ્રહ્મન્ ! વેદશાસ્ત્રોથી જણાતા પોતાના સ્વરૂપનું શ્રેષ્ઠ પ્રાપ્તિસ્થાન એવા બ્રાહ્મણોના કુળને આપ પૂજો છો અને તે જ કારણથી આપ જ બ્રાહ્મણોનું સન્માન કરનારા પુરુષોના મુખ્ય ગણાઓ છો. આજે સત્પુરુષોની ગતિરૂપ આપની સાથે સમાગમ કરી અમારાં જન્મ, વિદ્યા, તપ તથા જ્ઞાનદૃષ્ટિ સફળ થયાં છે; કેમ કે આપ કલ્યાણોના પરમ અવધિ છો. પોતાની યોગમાયા વડે ગુપ્ત મહિમાવાળા અને અખંડ જ્ઞાનશકિતવાળા આપ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને અમારા નમસ્કાર હો. આ રાજાઓ તથા યાદવો (આપની સાથે) એક જ સ્થાનમાં આહારવિહારાદિ કરનારા છે, છતાં માયારૂપી પડદાથી ઢંકાયેલા, સર્વના આત્મા, કાળરૂપે સૃષ્ટિ આદિના કારણ અને સર્વના ઈશ્વર આપને જાણી શકતા નથી. જેમ સૂતેલો પુરુષ સ્વપ્નો જોતો સ્વપ્નાવસ્થાના વિષયોમાં સત્ય દૃષ્ટિ કરે છે અને મનથી ભાસેલા નામ માત્ર સિંહ—વાઘ આદિરૂપે પોતાને જાણે છે, પણ તે સિંહાદિના રૂપથી રહિત (જાગ્રત અવસ્થાના દેવદત્તાદિરૂપ) પોતાને જાણતો નથી; તે જ પ્રમાણે (જાગ્રત અવસ્થામાં પણ) નામમાત્ર (સ્વપ્નાવસ્થાના પદાર્થો જેવા જ તે જાગ્રત અવસ્થાના) વિષયોમાં પણ ઈંદ્રિયો દ્વારા પ્રવૃત્તિરૂપ માયાથી ભમેલા મનવાળો પુરુષ વિવેકના નાશથી (પોતાના આત્મારૂપ) આપને જાણતો નથી. આપનું ચરણકમળ, પાપોના સમૂહનો નાશ કરનાર ગંગારૂપ તીર્થનું સ્થાન હોઈ, અત્યંત પરિપકવ યોગવાળા પુરુષોએ હૃદયમાં (કેવળ) ધાર્યું છે (પણ પ્રત્યક્ષ જોયું નથી), તે આપના ચરણકમળને આજે (ઘણાં પુણ્યોથી) અમે પ્રત્યક્ષ જોઈએ છીએ. માટે આપના ભક્ત એવા અમારા પર આપ કૃપા કરો; કારણ કે આપની ઉત્કૃષ્ટ ભકિતથી નાશ પામેલ સૂક્ષ્મ શરીરવાળા (ભકત) પુરુષો આપની ગતિ પામ્યા છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજર્ષિ ! એમ (સ્તુતિ કર્યા પછી) શ્રીકૃષ્ણની, ધૃતરાષ્ટ્રની તથા યુધિષ્ઠિરની રજા લઈ મુનિઓએ પોતપોતાના આશ્રમોમાં જવાનું મન કર્યું, એટલે તે જોઈને મહાયશસ્વી વસુદેવ તે મુનિઓ પાસે જઈ, તેમને પ્રણામ કરી, તેમનાં ચરણો પકડી અત્યંત સાવધાન થઈ આ પ્રમાણે કહેવા લાગ્યા.

**વસુદેવ બોલ્યા :** હે ઋષિઓ ! સર્વ દેવોના વાસસ્થાન આપને હું નમસ્કાર કરું છું. હું જે કહું છું તે આપ કૃપા કરીને સાંભળો. જે કર્મ કરવાથી કર્મોનો નાશ થાય તે કર્મ આપ અમને કહો.

**નારદજી બોલ્યા :** હે બ્રાહ્મણો ! આ વસુદેવજી શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માની આ પ્રશ્ન (તેમને નહિ પૂછતાં) પોતાનું કલ્યાણસાધન જાણવાની ઈચ્છાથી આપણને પૂછે છે, એમાં બહુ આશ્ચર્ય નથી; કારણ કે આ જગતમાં નિત્ય પાસે રહેવું, તે મનુષ્યોના અનાદરનું કારણ થાય છે. ગંગાકિનારે વસનારો મનુષ્ય ગંગાજળ તજી, પોતાની શુદ્ધિ માટે બીજા તીર્થજળ તરફ જાય છે. જેમનું જ્ઞાન કાળથી, જગતના લય તથા ઉત્પત્તિ વગેરેથી, પોતાથી, બીજાથી કે રૂપાંતર વગેરે કોઈથી નાશ પામતું નથી અને જેમનો અનુભવ કોઈથી હણાયો નથી, એવા અદ્વિતીય ઈશ્વર શ્રીકૃષ્ણને જેમ સામાન્ય મનુષ્ય કોઈથી પણ નહિ ઢંકાયેલા સૂર્યને વાદળાં, હિમ તયા રાહુથી ઢંકાયેલો માને છે, તેમ રાગાદિ કલેશોથી, કર્મોથી, કર્મોનાં ફળરૂપ સુખદુ:ખોથી, ગુણોના પ્રવાહથી અને પોતાનાં જ કાર્ય—પ્રાણ વગેરેથી ઢંકાયેલા—માને છે.

તે પછી હે રાજા ! સર્વ રાજાઓના, શ્રીકૃષ્ણના તથા બળરામના સાંભળતાં વસુદેવજીને સંબોધી મુનિઓ બોલ્યા : 'સત્પુરુષોએ કર્મથી કર્મોનો નાશ આ રીતે જણાવ્યો છે કે, સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુભગવાનનું મનુષ્યે શ્રદ્ધાપૂર્વક યજ્ઞો કરી યજન કરવું. બસ, આ જ ચિત્તની શાંતિનું કારણ, મોક્ષનો ઉપાય અને ધીમેધીમે મનને આનંદ આપે તેવો સુગમ ધર્મ વિદ્વાનોએ શાસ્ત્રદષ્ટિથી દર્શાવ્યો છે. ગૃહસ્થ બ્રાહ્મણોને, ક્ષત્રિયોને કે વૈશ્યોને કલ્યાણ પમાડનારો આ જ માર્ગ છે કે ન્યાય માર્ગ વડે મેળવેલા ઉત્તમ ધનથી શ્રદ્ધાપૂર્વક ઈશ્વરનું યજન કરવું. હે વસુદેવ ! વિદ્વાન મનુષ્યે (ધનના ફળરૂપ) યજ્ઞો તથા દાનો કરી ધનની ઈચ્છા, ગૃહસ્થાશ્રમને યોગ્ય ભોગો ભોગવી સ્ત્રી તથા ધનની ઈચ્છા અને (સર્વનો અંતે નાશ જ છે, એમ) નાશનું અનુસંધાન કરી, પોતાની સ્વર્ગ વગેરે લોકોની ઈચ્છા તજવી જોઈએ. સર્વ ધીર પુરુષો એ રીતે ઘરની સર્વ ઈચ્છાઓને તજી તપોવનમાં ગયા છે. હે સમર્થ વસુદેવ ! બ્રાહ્મણ, ક્ષત્રિયો તથા વૈશ્યજાતિનો મનુષ્ય દેવોનાં, ઋષિઓનાં તેમ જ પિતૃઓનાં, એમ ત્રણ ઋણો સહિત જન્મે છે; માટે યજ્ઞોથી દેવોના, વેદાધ્યયનથી ઋષિઓના તથા પુત્રો ઉત્પન્ન કરવા વડે પિતૃઓના ઋણને દૂર કર્યા વિના જે સંસાર તજે છે, તે પતિત થાય છે. હે મહાબુદ્ધિમાન વસુદેવ ! તમે હમણાં ઋષિઋણ અને પિતૃઋણ એમ બે ઋણથી મુકત થયા છો; તો હવે યજ્ઞો કરી દેવોના ઋણથી પોતાને મુકત કરી ડરનો ત્યાગ કરો. હે વસુદેવ ! ખરેખર ! તમે જગતના ઈશ્વર શ્રીહરિને પરમ ભકિતથી પૂજ્યા છે; કારણ કે ભગવાન પોતે તમારા બંનેના પુત્ર થયા છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એવાં ઋષિઓનાં વચન સાંભળી મોટા મનના વસુદેવજીએ તેમને મસ્તકથી નમી પ્રસન્ન કરી, યજ્ઞના ઋત્વિજ તરીકે વરણ કર્યું. પછી હે રાજન્ ! ધર્મ પ્રમાણે વરણી કરેલા તે ઋષિ ઓએ તે કુરુક્ષેત્રમાં ધર્મનિષ્ઠ વસુદેવજી પાસે ઉત્તમ વિધિવાળા યજ્ઞોથી ભગવાનનું યજન કરાવ્યું. હે રાજન્ ! એ યજ્ઞદીક્ષા ચાલુ થઈ ત્યારે સ્નાન કરી સુંદર વસ્ત્રો તથા કમળની માળા પહેરેલા યાદવો, સારી રીતે શણગારેલા બીજા રાજાઓ અને કંઠમાં આભૂષણો પહેરેલા, સુંદર વસ્ત્રોવાળી તથા ચંદનાદિનાં લેપનો વાળી વસુદેવની સ્ત્રીઓ હરખાતી હાથમાં પૂજા સામગ્રી લઈ દીક્ષાશાળામાં આવી. તે વેળા નરઘાં, ઢોલ, શંખ તથા નગારાં વગેરે વાગવા લાગ્યાં; નટો તેમ જ નર્તકીઓ નાચવા લાગી; સૂતો તથા માગધો સ્તુતિ કરવા લાગ્યા અને સુંદર કંઠવાળી ગવૈયાની સ્ત્રીઓ પતિઓ સાથે સંગીત ગાવા લાગી. પછી પૂર્વે જેમ તારાઓ સહિત ચંદ્રમાનો અભિષેક થયો હતો, તેમ ઋત્વિજોએ નેત્રોમાં અંજન કરેલા અને

આખે શરીરે માખણનું લેપન લગાડેલા વસુદેવનો અઢાર પત્નીઓ સાથે અભિષેક કર્યો. તે સમયે યજ્ઞદીક્ષા લીધેલા અને મૃગચર્મ ઓઢેલા વસુદેવજી રેશમી વસ્ત્રો, કડાં, હાર, ઝાંઝર તથા કુંડળોથી સારી રીતે શણગારેલી સ્ત્રીઓ સાથે અત્યંત શોભતા હતા. હે મહારાજ ! જેમ ઈન્દ્રના યજ્ઞમાં સભાસદો સહિત ઋત્વિજો શોભતા હતા, તેમ એ વસુદેવના યજ્ઞમાં રત્ન જેવાં ઉજજવળ રેશમી વસ્ત્રો પહેરતા ઋત્વિજો સભાસદો સાથે શોભતા હતા. વળી તે વખતે જીવોના ઈશ્વર શ્રીકૃષ્ણ અને બળરામ પણ પોતાની વિભૂતિરૂપ પોતાના પુત્રો તથા સ્ત્રીઓ સાથે શોભતા હતા. પછી વસુદેવજીએ પ્રત્યેક યજ્ઞમાં વિધિથી અગ્નિહોત્ર વગેરે લક્ષણોવાળા જ્યોતિષ્ટોમ, દર્શ, પૂર્ણમાસ આદિ પ્રાકૃત યજ્ઞો તથા સૌરસત્ર આદિ વૈકૃત યજ્ઞો વડે દ્રવ્ય, મંત્રો તેમ જ કર્મના ઈશ્વર વિષ્ણુ ભગવાનનું યજન કર્યું. પછી તે સમયે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સારી રીતે શણગારેલા ઋત્વિજોને દક્ષિણાઓ, પુષ્કળ ધન સહિત ગાયો, પૃથ્વી અને સારી રીતે અલંકાર પહેરાવેલી કન્યાઓ પણ આપી. પછી એ મહર્ષિ બ્રાહ્મણોએ પત્નીસંયાજ અને આવભૃથ નામના યજ્ઞો કરી યજમાનને આગળ કરી, પરશુરામ ધરામાં સ્નાન કર્યું. પછી નાહીને સારી રીતે શણગારેલા વસુદેવજીએ તથા તેમની સ્ત્રીઓ બંદીજનોને પોતે પહેરેલા બધા અલંકારો તથા વસ્ત્રોનાં દાન કર્યા ને પછી નવાં વસ્ત્રાભૂષણો પહેરી સર્વ વર્ણના લોકોને તથા કુતરા સુધીનાં પ્રાણીઓને અન્નથી તૃપ્ત કર્યા. વળી સ્ત્રીઓ તથા પુત્રો સહિત બંધુઓનો વિદર્ભ, કોસલ, કુરુ, કાશી, કેકય તથા સૃંજયવંશી રાજાઓનો અને સભાસદો, ઋત્વિજો, દેવગણો, મનુષ્યો, ભૂતો, પિતૃઓ તથા ચારણોનો પણ પુષ્કળ ભેટોથી સત્કાર કર્યો, એટલે તેઓ સર્વ લક્ષ્મીનિવાસ શ્રીકૃષ્ણ ભગવાનની રજા લઈ, યજ્ઞની પ્રશંસા કરતા વિદાય થયા. ધૃતરાષ્ટ્ર, વિદુર, ભીમ, દ્રોણાચાર્ય, કુંતાજી, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ, નારદજી, ભગવાન વેદવ્યાસ, મિત્રો, સંબંધીઓ, બાંધવો તથા સ્નેહથી પીગળેલા ચિત્તવાળા અન્ય સર્વ જનો પોતાના બંધુ યાદવને ભેટી, વિરહનાં દુઃખને લીધે મહાકષ્ટથી પોતાના દેશમાં ગયા. શ્રીકૃષ્ણ, બળરામ તથા ઉગ્રસેન વગેરે નંદરાય તેમ જ અન્ય સર્વ ગોવાળિયાઓની ખૂબ મોટી સામગ્રીથી પૂજા કરી તેમનો સત્કાર કર્યો, અને તેઓ પ્રેમથી પરવશ થઈ ઘણા દિવસ સુધી ત્યાં રહ્યા. એ રીતે મનોરથોરૂપી મહાસાગરને અનાયાસે તરી ગયેલા વસુદેવજી એક વખતે સ્નેહીઓથી વીંટળાઈ પ્રસન્નચિત્તે નંદરાયનો હાથ પકડી તેમને કહેવા લાગ્યા.

**વસુદેવજી બોલ્યા :** હે ભાઈ ! ઈશ્વરે મનુષ્યનો સ્નેહ નામનો જે પાશ રચ્યો છે, તે શૂરાઓએ (બળથી) અને યોગીઓએ (જ્ઞાનથી) પણ તજવો મુશ્કેલ છે, એમ હું માનું છું; કારણ કે અમે તમારા કરેલા ઉપકાર જાણતા નથી, છતાં સજ્જન તમોએ અમારા ઉપર જે આ અનુપમ મિત્રતા રાખી છે, તે જોકે (પ્રત્યુપકારરૂપી) ફળથી રહિત છે, છતાં કદી દૂર થતી નથી. હે ભાઈ ! અમે પહેલાં અસમર્થ હોઈ, તમારું કંઈ પ્રિય કરી શક્યા નથી અને હવે લક્ષ્મીના મદથી અંધ નેત્રોવાળા થઈ અમારી આગળ રહેલા પણ તમને જોતા નથી. હે માન આપનારા નંદજી ! કલ્યાણ ઈચ્છતા પુરુષને રાજ્યલક્ષ્મી ન હજો; કારણ કે રાજ્યલક્ષ્મીથી અંધ દષ્ટિવાળો થયેલો પુરુષ પોતાના સંબંધીઓને કે બંધુઓને જોતો નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે સ્નેહથી આર્દ્ર મનવાળા વસુદેવજી નંદજીએ કરેલી મિત્રતા યાદ કરતાં આંસુભર્યા નેત્રે રડી પડયા. યાદવો વડે સન્માન કરેલા નંદજી પણ મિત્ર વસુદેવને પ્રસન્ન કરતા શ્રીકૃષ્ણ અને બળરામના પ્રેમથી આજકાલ કરતાં ત્રણ મહિના સુધી ત્યાં રહ્યા હતા. પછી કિંમતી અલંકારો, રેશમી વસ્ત્રો તથા જાતજાતની અમૂલ્ય સામગ્રીઓરૂપી ઈચ્છિત વસ્તુઓ વડે વસુદેવ, ઉગ્રસેન,

શ્રીકૃષ્ણ, ઉદ્ધવ તથા બળરામે વ્રજવાસીઓ તથા બંધુઓ સહિત તૃપ્ત કરેલા નંદરાય યાદવોએ આપેલી પહેરામણી લઈ, તેઓએ વળાવેલા ત્યાંથી નીકળ્યા. એ વખતે નંદરાય, ગોવાળિયા તથા ગોપીઓ શ્રીકૃષ્ણભગવાનના ચરણકમળમાં લાગેલા મનને પાછું વાળવા અસમર્થ થઈ (મહાકષ્ટે) મથુરા તરફ ગયા. એ રીતે સર્વ સંબંધીઓ વિદાય થયા ત્યારે શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા યાદવો પણ વર્ષાઋતુને પાસે આવેલી જોઈ ફરી દ્વારકા ગયા અને ત્યાં વસુદેવે કરેલ યજ્ઞમહોત્સવ તથા તીર્થયાત્રામાં સ્નેહીઓ વગેરેનો જે મેળાપ થયો હતો, તે બધું લોકોને તેઓએ કહ્યું. ૧-૭૧

जनेभ्यः कथयाञ्चक्रुर्यदुदेवमहोत्सवम् । यदासीत्तीर्थयात्रायां सुहृत्संदर्शनादिकम् ॥७१॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૪ સમાપ્ત.*

## અધ્યાય-૮૫

## શ્રીકૃષ્ણ-બળરામે પિતાને જ્ઞાન આપ્યું તથા માતાને મરેલા પુત્રો લાવી આપ્યા

॥ श्रीबादरायणिरुवाच ॥

अथैकदात्मजौ प्राप्तौ कृतपादाभिवन्दनौ । वसुदेवोऽभिनन्द्याह प्रीत्या सङ्कर्षणाच्युतौ ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી એક સમયે પાસે આવેલા અને પગે પડેલા પુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવજીને અભિનંદન આપી પ્રેમથી વસુદેવે કહ્યું : પુત્રોના પ્રભાવ સૂચવનારાં મુનિનાં વચન તેમણે સાંભળ્યાં હતાં, તેમ જ તેમનાં પરાક્રમો વડે વસુદેવને તે વિષે વિશ્વાસ પણ થયો હતો. એથી તેઓ કહેવા લાગ્યા : 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાયોગિન્ ! હે સંકર્ષણ ! હે સનાતન ! તમે બંને પ્રકૃતિ અને પુરુષ તથા તેના પણ સાક્ષાત્ કારણ ઈશ્વર છો. એમ હું જાણું છું. આ જગતના આધાર, એનું નિર્માણ કરનારા અને નિર્માણની સામગ્રી પણ તમે જ છો. આ સંપૂર્ણ જગતના સ્વામી તમે બંને છો. તમારી જ ક્રીડાને માટે એનું નિર્માણ થયું છે. આ જગતમાં જે વખતે રૂપમાં જે કંઈ રહે છે, તે બધું તમે જ છો. આ જગતમાં પ્રકૃતિરૂપે ભોગ્ય અને પુરુષરૂપે ભોક્તા તથા એ બંનેથી પર, એ બંનેના નિયામક સાક્ષાત્ ભગવાન પણ તમે જ છો. હે ઈન્દ્રિયાતીત આત્મા ! તમે અજન્મા છતાં પોતે સર્જેલા આ અનેક પ્રકારના જગતમાં પોતે જ પ્રવેશ કરી પ્રાણ (ક્રિયાશકિત) અને જીવ (જ્ઞાનશકિતરૂપ) થઈને તેનું ધારણપોષણ કરો છો. જગતનાં કારણોની પ્રાણ વગેરે જે શકિતઓ છે, તે પણ સર્વના પરમ કારણ તમારી-ઈશ્વરની જ છે; કેમ કે તે તે પદાર્થો પોતે તો પરતંત્ર જ છે. (જેમ બાણની વેગશકિત તેની પોતાની નથી પણ પુરુષની છે) વળી તમારામાં ચેતનપણું છે અને પ્રાણ વગેરેમાં અચેતનપણું છે, તેથી તમારું અને પ્રાણાદિનું – બંનેનું વિરુદ્ધ ધર્મપણું છે. (જોકે ચેષ્ટા કરતા પ્રાણ વગેરેમાં ચેષ્ટા છે, પણ શકિત તો નથી જ.) જેમ ઘાસ વગેરે પદાર્થોમાં ચલનશકિત દેખાય છે પણ તે વાયુની જ છે, તેમ પ્રાણાદિ સર્વ પદાર્થોની ચેષ્ટા તમારી શકિતથી જ છે. ચંદ્રની કાંતિ, અગ્નિનું તેજ, સૂર્યની પ્રભા, નક્ષત્રો તથા વીજળીના ઝબકારા, પર્વતોની સ્થિરતા અને પૃથ્વીનું સર્વના આધારરૂપે સ્થિર રહેવું અને તેનો ગુણ ગંધ તે સર્વ ખરી રીતે આપ જ છો. (આપની જ એ શકિત છે) હે દેવ ! જળમાં તૃપ્તિ ઉપજાવવાપણું અને જિવાડવાની શકિત છે તે અને જળ પોતે તથા તેનો ગુણ રસ એ સર્વ આપ જ છો. હે ઈશ્વર ! વાયુનું એજ સહ બલ ચેષ્ટા તથા ગતિ પણ આપની શક્તિ છે. દિશાઓ, દિશાઓનો અવકાશ, આકાશ, આકાશરૂપ આશ્રયવાળી પરા વાણી, પશ્યન્તી

વાણી, ૐકારરૂપ મધ્યમા વાણી અને જેનાથી પદાર્થોના ભેદ સમજી શકાય છે તે વર્ણપદરૂપ વૈખરી વાણી પણ તમે જ છો. ઈન્દ્રિયોની વિષયપ્રકાશન શકિત, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો, તેઓની અધિષ્ઠાન શક્તિ, બુદ્ધિની નિશ્ચયાત્મિક શક્તિ અને જીવની જે વિશુદ્ધ સ્મરણશકિત છે તે આપ જ છો. પાંચ મહાભૂતોનું કારણ તામસ અહંકાર, ઈન્દ્રિયોનું કારણ રાજસ અહંકાર, ઈન્દ્રિયોના દેવોનું કારણ સાત્વિક અહંકાર તથા જીવોના સંસારનું કારણ જે પ્રધાન (પ્રકૃતિ) તે આપ છો. જેમ માટી-સોનું વગેરે દ્રવ્યોના વિકાર ઘડો, કુંડલ વગેરે નાશવંત પદાર્થોમાં મૂળ દ્રવ્ય માટી તથા સોનું વગેરે છે તે તો અવિનાશી જ છે, તેમ પૂર્વોકત નાશવંત સર્વ પદાર્થોમાં તેનું મૂળ કારણ જે અવિનાશી પદાર્થ છે, તે આપ છો. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણો તેમ જ તે ત્રણ ગુણોનું પરિણામ મહત્તત્વ આદિ પદાર્થો, સાક્ષાત પરબ્રહ્મ આપ વિષે યોગમાયાથી કલ્પાયેલા છે. માટે એ પદાર્થો ખરી રીતે છે જ નહિ; છતાં જ્યારે (યોગમાયાથી) તે પદાર્થો આપ વિષે કલ્પાય છે, ત્યારે જ તેઓ માત્ર દેખાવરૂપે આપ વિષે છે અને આપ તે પદાર્થોમાં તે સમયે કારણપણે અનુસરેલા જણાઓ છે; પરંતુ જયારે તે પદાર્થો આપ વિષે કલ્પાતા નથી, ત્યારે તો નિર્વિકલ્પ આપ એક જ બાકી રહો છો. ગુણોના પ્રવાહરૂપ આ સંસારમાં સર્વના આત્મા આપની પ્રપંચરહિત સૂક્ષ્મગતિ ન જાણનારા અજ્ઞાનીઓ દેહાભિમાનરૂપ અજ્ઞાનથી કરેલાં કર્મોને લીધે આ સંસારમાં જન્મ– મરણ પામ્યા કરે છે. હે ઈશ્વર ! હું આ મનુષ્ય લોકમાં દૈવેચ્છાથી અતિ સમર્થ અને દુર્લભ મનુષ્યપણું પામીને પણ આપની માયાને લીધે સાચો સ્વાર્થ—પરમાર્થ સાધવામાં પ્રમાદી રહ્યો છું અને મારી બધી ઉંમર એમ ને એમ ગઈ છે. કારણ કે આ શરીર વિષે ‘આ હું છું’ એ રીતના અને આ શરીરનામ સંબંધવાળા પુત્રાદિ ઉપર ‘આ મારાં છે’ એ પ્રકારના સ્નેહપાશથી આપ આ સર્વ જગતને બાંધો છો. તમે બંને અમારા પુત્રો નથી, પણ પ્રકૃતિ તથા પુરુષના સાક્ષાત્ ઈશ્વર છો અને પૃથ્વીને ભારરૂપ ક્ષત્રિયોનો નાશ કરવા અવતર્યા છો એમ તમે પોતે જ કહો છો; માટે હે દુ:ખીઓના બંધુ ! શરણે આવેલાઓના સંસારભયનો નાશ કરનાર આપના ચરણકમળને આજે હું શરણે આવ્યો છું; તો હવે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે મને જે આ તૃષ્ણા થઈ છે, તેટલાથી જ બસ છે કે જે તૃષ્ણાથી આ મનુષ્ય શરીર પર ‘આ હું છું’ એવી આત્મબુદ્ધિ અને આપ પરમેશ્વર વિષે ‘આ મારા પુત્ર છે’ એવી પુત્રબુદ્ધિ થઈ છે. (માટે હવે તો આ વિષયલાલસા મને ગમતી નથી.) આપે પોતે જ (તે વેળા આપના જન્મસમયે) સૂતિકાગૃહમાં અમને કહ્યું હતુંઃ ‘હું અજન્મા છું, તોપણ પ્રત્યેક યુગમાં પોતાના ભકતોના ભકિતરૂપ ધર્મની રક્ષા કરવા અવતાર લઉં છું આપ આકાશ પેઠે અસંગ રહીને જ અનેક શરીર ધરો છો અને તજો છે. અનેક રીતે ગવાયેલા હે ઈશ્વર ! આપની વ્યાપક વિભૂતિરૂપ માયાને કોણ જાણે છે ?

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પિતાનાં વચનો સાંભળી ભકતપાલક શ્રીકૃષ્ણભગવાન વિનયથી નમ્ર થઈ હસતા, મધુર વાણી વડે તેમને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે પિતાજી ! અમને પુત્રોને ઉદ્દેશીને તત્ત્વજ્ઞાનનું તમે સારી રીતે જે વર્ણન કર્યું, તે તમારા વચનને અમે અર્થવાળું માનીએ છીએ. હે યદુશ્રેષ્ઠ ! હું, તમે, આ મારા મોટા ભાઈ, આ દ્વારકાવાસીઓ તથા સ્થાવર—જંગમ જગત; એ સર્વનો તમારે એ પ્રમાણે જ વિચાર કરી નિશ્ચય કરવો. (સર્વને બ્રહ્મસ્વરૂપે જાણવાં.) જેમ આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ મહા ભૂતો પોતાથી થયેલા ઘડો વગેરે પદાર્થોમાં અનેક સ્વરૂપે જણાય છે અને ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ તથા તિરોભાવ વગેરે પામે છે, તેમ આ આત્મા પણ પોતે જ ઉત્પન કરેલા ગુણોને લીધે તે ગુણોથી જન્મેલા દેહાદિ પદાર્થોમાં અનેક

સ્વરૂપે જણાય છે અને ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ, તિરોભાવ, નાનાપણું તથા મોટાપણું વગેરે સ્વરૂપે ભાસે છે. પણ ખરી રીતે એમ નથી, કારણ કે આત્મા એક જ છતાં અનેક સ્વરૂપે, સ્વયંજ્યોતિ છતાં દશ્યરૂપે, નિત્ય છતાં અનિત્ય રૂપે, અભિન્ન છતાં ભિન્ન સ્વરૂપે અને નિર્ગુણ છતાં સગુણ જણાય છે. એ રીતે એક જ આત્મા અનેકપણાને પામે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એમ ભગવાને કહ્યું એટલે તેમનાં એ વચન સાંભળી વસુદેવની ભેદબુદ્ધિ નાશ પામી અને તે પ્રસન્ન મનવાળા થઈ મૌન રહ્યા. પછી તે કુરુશ્રેષ્ઠ ! ત્યાં રહેલાં સર્વ દેવતામય દેવકીજી પોતાના બંને પુત્રોએ તેમના ગુરુના મરેલા પુત્રને પાછો લાવી આપેલો સાંભળી અત્યંત આશ્ચર્ય પામ્યાં હતાં. તેમણે કંસે મારી નાખેલા પોતાના પુત્રો યાદ કરતાં દુ:ખથી આંસુ ભરેલાં નેત્રે તે વાત શ્રીકૃષ્ણ તથા બળરામને સંભળાવી દીનતાપૂર્વક કહ્યું.

**દેવકીજી બોલ્યા :** હે અમાપ સ્વરૂપવાળા બળરામ ! યોગેશ્વરોના ઈશ્વર ! શ્રીકૃષ્ણ ! હું જાણું છું કે આપ બંને જગતસૃષ્ટા–પ્રજાપતિઓના પણ ઈશ્વર અને આદિપુરુષ છો જેમનો સત્વગુણ કાળને લીધે નાશ પામ્યો છે અને જેઓ શાસ્ત્રનું ઉલ્લંઘન કરી વર્તે છે, તેવા પૃથ્વીને ભારરૂપ રાજાઓનો નાશ કરવા આપ હમણાં મારાથી અવતર્યા છો. હે વિશ્વાત્મા ! હે આદ્ય ! આપનો એક અંશ માયા છે; ગુણો તે માયાનો એક અંશ અને પરમાણુઓ તે ગુણોના અંશ છે; તે પરમાણુરૂપ ભાગથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે; આવા આપને શરણે આજે હું આવી છું. આપ બંનેને આપના ગુરુએ ઘણા કાળથી મરી ગયેલો પોતાનો પુત્ર લાવી આપવા આજ્ઞા કરી ત્યારે આપ યમલોકમાંથી તેમના પુત્રને લાવ્યા હતા અને ગુરુને તે ગુરુદક્ષિણારૂપે આપ્યો હતો. તે જ પ્રમાણે, યોગેશ્વરના ઈશ્વર આપ બંને મારી આ પણ ઈચ્છા પૂર્ણ કરો; હું કંસે મારી નાખેલા મારા પુત્રોને આપે લાવેલા જોવા ઈચ્છું છું.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! માતાએ એમ પ્રેરણા કરી, એટલે શ્રીકૃષ્ણ અને બળરામ બંને યોગમાયાનો આશ્રય કરી, સુતલ નામના પાતાલમાં પેઠા. જગતના આત્મારૂપ અને પોતાના અત્યંત ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ તથા બળરામને સુતલમાં પ્રવેશેલા જોઈ તેમના દર્શનથી ઊપજેલા આનંદ વડે વ્યાપ્ત અંતઃકરણવાળા દૈત્યરાજ બલિએ પરિવાર સાથે એકદમ ઊભા થઈ તેમને પ્રણામ કર્યા, અને તેમને બંનેને ઉત્તમ આસન આપ્યું. પછી તે આસન પર એ બંને મહાત્માઓ આનંદથી બેઠા એટલે બલિરાજાએ તેમના પગ ધોઈ, તે જળ પોતાના પરિવાર સાથે મસ્તક પર ચડાવ્યું કે જે જળ બ્રહ્મા સુધીના સર્વ જગતને પવિત્ર કરે છે. પછી બલિરાજાએ મહાકિંમતી વસ્ત્રો, અલંકારો, વિલેપનો, તાંબૂલ, દીપ તથા અમૃતતુલ્ય ભોજન વગેરે વિભૂતિઓ સાથે પોતાનું કુળ, ધન તથા શરીર અર્પણ કરી તે બંનનું પૂજન કર્યું અને પછી હે રાજન્ ! પ્રેમથી પીગળેલી બુદ્ધિથી ભગવાનના ચરણકમળને વારંવાર ધારણ કરતા, આનંદના આંસુથી ઊભરાતા નેત્રવાળા અને (શરીરે) રોમાંચિત થયેલા બલિરાજા ગળગળા શબ્દોથી કહેવા લાગ્યા.

**બલિરાજા બોલ્યા :** સર્વથી મોટા આપ અનંત ભગવાનને મારા નમસ્કાર હો. જગતના વિધાતા, સાંખ્ય તથા યોગનો વિસ્તાર કરનારા અને પરબ્રહ્મ પરમાત્મા આપ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો. આપ બંનેનું દર્શન પ્રાણીઓને ખરેખર દુર્લભ છે, છતાં કોઈને સુલભ પણ છે; કારણ કે રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળા અમને પણ આપનું દર્શન અનાયાસે થયું છે. દૈત્યો, દાનવો, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, યક્ષો, રાક્ષસો, પિશાચો, ભૂતો, પ્રમથગણના નાયકો, અમે અને તેવા બીજા પણ કેટલાક શુદ્ધ

સત્ત્વગુણના સ્થાનરૂપ અને શાસ્ત્રોરૂપ શરીરવાળા આપ વિષે નિત્ય વેર બાંધનાર છીએ; છતાં તે વેરરૂપી ભકિતથી અમે જેવા આપ સાથે એકતારૂપતા પામ્યા છીએ અને કેટલાક (ગોપીઓ જેવા) જીવો કામવાસનારૂપી ભકિતથી પણ જેવી એકાત્મતા પામ્યા છે તેવી સત્વગુણી દેવો વગેરે પામ્યા નથી. હે યોગેશ્વરોના ઈશ્વર ! આપની યોગમાયાને 'સ્વરૂપથી આ આવી છે અને વિશેષ કરી આવી જ છે,' એમ યોગેશ્વરો પણ જાણી શકતા નથી; તો અમે તો ક્યાંથી જ જાણીએ ? માટે આપ અમારા પર પ્રસન્ન થાઓ કે જેથી 'હું' પૂર્ણકામ પુરુષોને પણ શોધવા યોગ્ય આપના ચરણકમળના આશ્રયથી ઘર અને ગૃહસ્થપણારૂપ અંધારિયા કૂવામાંથી બહાર નીકળી, વૃક્ષની નીચે પોતાની મેળે પડેલાં ફળ વગેરેથી આજીવિકા ચલાવી શાંત સ્વરૂપે એક્લો જ અથવા સર્વના મિત્ર આપના ભક્તો સાથે ફર્યા કરું, હે પ્રભો! હે સર્વ જીવોના ઈશ્વર ! આપ અમને આજ્ઞા આપી નિષ્પાપ કરો; કારણ કે આપની આજ્ઞાનું શ્રદ્ધાથી પાલન કરતો પુરુષ (શાસ્ત્રોકત) વિધિનિષેધથી છૂટે છે. (અર્થાત્ તે શાસ્ત્રીય વિધિઓનો દાસ રહેતો નથી.)

**શ્રીભગવાન બોલ્યા :** હે દૈત્યરાજ સ્વાયંભુવ મન્વંતરમાં મરીચિઋષિથી ઊર્ણા નામની તેમની સ્ત્રીમાં છ પુત્ર થયા હતા. તેઓ દેવ હતા પણ એક વેળા બ્રહ્મદેવને પોતાની પુત્રી સરસ્વતી સાથે મૈથુન કરવા તૈયાર થયેલા જોઈ તેઓ હસ્યા હતા, તે પાપકર્મથી તેવો તરત જ આસુરી યોનિને પામ્યા હતા અને હિરણ્યકશિપુના પુત્ર તરીકે જન્મ્યા હતા. પછી યોગમાયા તેઓને ત્યાંથી લઈ ગઈ એટલે તે દેવકીના ઉદરમાં જન્મ્યા હતા; ત્યાં હે રાજન્ ! કંસે તેઓને મારી નાખ્યા તેથી દેવકીજી તે પુત્રોનો શોક કરે છે; તે આ તારી પાસે અહીં બેઠા છે. અમારી માતાનો શોક દૂર કરવા અમે આને અહીંથી લઈ જઈશું. ત્યાં તેઓ શાપમુક્ત અને સંતાપરહિત થઈ દેવલોકમાં જશે. પછી સ્મર, ઉદ્ગીથ, પરિષ્વઙ્ગ, પતઙ્ગ, ક્ષુદ્રભૃત અને ધૃણી નામના આ છ મારી કૃપાથી સદ્ગતિ પામશે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ કહી બલિરાજાએ પૂજેલા શ્રીકૃષ્ણ તથા બળદેવજી તે છયેને સાથે લઈ દ્વારકામાં આવી માતાને તે પુત્રે આપ્યા. તેઓને જોઈને પુત્રસ્નેહથી દેવકીજીના સ્તનમાંથી દૂધ ઢરવા લાગ્યું. તે તેને ભેટી ખોળામાં બેસાડી વારંવાર તેમનાં મસ્તક સુંઘવા લાગી. પછી પ્રસન્ન થયેલાં દેવકીએ પુત્રોના સ્પર્શથી આનંદમગ્ન થઈ તેઓને સ્તનપાન કરાવ્યું; કારણ કે જેનાથી આખી સૃષ્ટિ ચાલે છે તે વિષ્ણુમાયાથી તે મોહિત થયાં હતાં. શ્રીકૃષ્ણે ધાવતાં બાકી રહેલું માતાનું તે અમૃત સમાન ધાવણ ધાવીને શ્રીનારાયણના અંગસ્પર્શથી આત્મદર્શન પામેલા તે છયે પુત્રો શ્રીકૃષ્ણને, દેવકીને, પિતા વસુદેવને તથા બળદેવજીને નમસ્કાર કરી, સર્વ પ્રાણીઓના દેખતાં દેવતાઓના ધામમાં ગયા. હે રાજા! દેવી દેવકી મરેલા પુત્રોનું તે પાછું આવવું અને દેવલોકમાં જવું જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યાં અને તેને શ્રીકૃષ્ણે રચેલી માયા માનવા લાગ્યાં. હે ભરતવંશી રાજા ! અનંત પરાક્રમી પરમાત્મા શ્રીકૃષ્ણનાં એવાં અનંત અદ્ભુત પરાક્રમો છે.

**સૂત બોલ્યા :** અમૃતરૂપ કીર્તિવાળા મુરારિ શ્રીકૃષ્ણ ભગવાનનું વ્યાસપુત્ર શુકદેવજીને વર્ણવેલું આ ચરિત્ર જગતમાં પાપોનો સંપૂર્ણ નાશ કરનારું અને શ્રીકૃષ્ણના ભક્ત સત્પુરુષોના કર્ણાભૂષણરૂપ છે. તેને જે મનુષ્ય સાંભળે અથવા સંભળાવે છે, તે ભગવાનમાં ચિત્ત સ્થાપી તેમના નિર્ભય સ્થાનમાં જાય છે. ૧-૫૯

य इदमनुश्रृणोति श्रावयेद्वा मुरारेश्चरितममृतकीर्तेर्वर्णितं व्यासपुत्रैः ।
जगदघभिदलं तद्भक्तसत्कर्णपूरं भगवति कृतचित्तो याति तत्क्षेमधाम ॥५९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૫ સમાપ્ત.*

## અધ્યાય-૮૬

## અર્જુને કરેલું સુભદ્રાહરણ

॥ राजोवाच ॥

ब्रह्मन्वेदितुमिच्छामः स्वसारं रामकृष्णयोः । यथोपयेमे विजयो या ममासीत् पितामही ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** 'હે બ્રહ્મન્ ! શ્રીબળરામ તથા શ્રીકૃષ્ણનાં બહેન સુભદ્રા જે મારાં દાદી હતાં, તેમને અર્જુન જે રીતે પરણ્યા હતા, તે જાણવા અમે ઈચ્છીએ છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** સમર્થ અર્જુન તીર્થયાત્રા માટે પૃથ્વી ઉપર ફરતા પ્રભાસ ગયા; ત્યારે તેમણે સાંભળ્યું કે મામા વસુદેવની પુત્રી સુભદ્રાને બળરામ દુર્યોધન વેરે આપશે, પણ બીજા—વસુદેવ વગેરે આપવા દેશે નહિ એ ઉપરથી સુભદ્રાને મેળવવા ઈચ્છતા અર્જુન ત્રિદંડી સંન્યાસી થઈ દ્વારકા ગયા. ત્યાં સ્વાર્થ સાધવા વર્ષાઋતુના ચાર મહિના સુધી તેમણે વાસ કર્યો અને તે વેળા શહેરના લોકો તથા તેમને ન જાણતા બળદેવજી પણ વારંવાર તેમનો સત્કાર કરતા. એક વખતે (ચાતુર્માસ પૂરો થતાં) બળદેવજી તેમને અતિથિ તરીકે નોતરી ઘેર લાવ્યા અને શ્રદ્ધાપૂર્વક ભિક્ષા પીરસી. અર્જુન પણ તેમણે પીરસેલું ભિક્ષાન્ન જમવા લાગ્યા. એ વેળા ત્યાં વીર પુરુષોના મનને હરતી મોટી કન્યા (સુભદ્રા) અર્જુને જોઈ, તેમનાં નેત્રો પ્રીતિથી પ્રફુલ્લિત થઈ ગયાં. તેમનું મન તેને મેળવવાની આકાંક્ષાથી ક્ષુબ્ધ થયું અને તેમણે એને પત્ની બનાવવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. એ કન્યાએ પણ સ્ત્રીહૃદયને ગમે એવા તે અર્જુનને જોઈ હસતી, લજ્જાયુક્ત કટાક્ષ કરતી તેમની વિષે હૃદય તથા દૃષ્ટિ સ્થાપી તેમને ઈચ્છયા. અર્જુને પણ તે કન્યાનું જ ચિંતન કરતા, તેનું હરણ કરવાનો લાગ જોવા લાગ્યા અને સુભદ્રાને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છાથી તેમનું ચિત્ત ભમતું હોઈ તેમને (બળદેવજીના સત્કારનું) સુખ મળ્યું નહિ. પછી મોટી દેવયાત્રાના નિમિત્તે રથમાં બેસી તે કન્યા કિલ્લાની બહાર નીકળી એટલે મહારથી અર્જુન શ્રીકૃષ્ણની તથા દેવકી-વસુદેવની સંમતિથી તેને હરી ગયા. એ વેળા શુરા યોદ્ધાઓ તેમને ચોતરફથી અટકાવવા લાગ્યા, પણ રથમાં બેઠેલા અર્જુને ધનુષ્ય લઈ તેઓને નસાડી મૂક્યા અને બૂમો પાડતા તે યાદવોની વચ્ચેથી સિંહ જેમ પોતાનો ભાગ લઈ જાય તેમ કન્યાને હરી ગયા. તે સાંભળી બળરામ પૂનમના દિવસે જેમ મહાસાગર ખળભળે, તેમ (ક્રોધથી) ખળભળી ઊઠયા; પણ શ્રીકૃષ્ણ અને બીજા સંબંધીઓ પગમાં પડયા એટલે શાંત થયા.પછી બળદેવે મહાકિંમતી રાચરચીલાં, હાથીઓ, રથો, ઘોડા, દાસો તથા દાસીઓ હર્ષપૂર્વક વરવધૂને પહેરામણી તરીકે મોકલાવ્યાં.

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રુતદેવ નામે એક શ્રેષ્ઠ બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો ભકત હતો. તે કેવળ શ્રીકૃષ્ણની ભકિતથી કૃતકૃત્ય, શાંત તથા વિદ્વાન હોઈ વિષયલંપટ ન હતો. વિદેહ દેશમાં મિથિલા નગરીની અંદર તે ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ રહેતો ને ઉદ્યમ વિના જે કંઈ અનાયાસે મળી આવતું તેથી પોતાની ક્રિયાઓ કરતો. તેને શરીર વગેરેના નિર્વાહ પૂરતું જ અન્ન દરરોજ દૈવયોગે મળી આવતું, પણ તેથી વધારે કાંઈ ન મળતું. છતાં તેટલાથી સંતુષ્ટ રહી તે યથાયોગ્ય વ્યવહાર કરતો. હે રાજા ! વિદેહ દેશનું રક્ષણ કરનારા જનકવંશી બહુલાશ્વ નામનો (તે વખતનો) રાજા પણ તેવો જ નિરહંકારી હતો. આ બંને શ્રીકૃષ્ણભગવાનને પ્રિય હતા. સમર્થ ભગવાન શ્રીકૃષ્ણ તેઓ બંને પર પ્રસન્ન થઈ એક વખતે દારુક સારથિએ આણેલા રથ પર બેસી મુનિઓ સાથે વિદેહ દેશમાં પધાર્યા ત્યારે નારદજી, વામદેવ, અત્રિ,

વેદવ્યાસ, પરશુરામ, અસિત, આરુણિ, હું (શુકદેવ), બૃહસ્પતિ, કણ્વ, મૈત્રેય ને ચ્યવન વગેરે મુનિઓ તેમની સાથે હતા. હે રાજા ! સ્થળે સ્થળે નગરવાસીઓ અને દેશના લોકો હાથમાં પૂજાસાહિત્યો લઈ ગ્રહો સાથે ઉદય પામેલા સૂર્યની જેમ પૂજા કરે, તેમ ત્યાં આવતા શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા. હે રાજા ! આનર્ત, ધન્વ, કુરુ–જાંગલ, કંક, મત્સ્ય, પાંચાલ, કુંતિ, મધુ, કેકય, કોસલ તથા અર્ણ વગેરે અનેક દેશનાં નર-નારીઓ અને બીજાં પણ સ્ત્રીપુરુષો ઉદાર હાસ્ય અને સ્નેહાળ દૃષ્ટિવાળા તેમના મુખકમળનું નેત્રોથી દર્શન કરવા લાગ્યા. પછી ત્રણે લોકના ગુરુ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના દર્શનથી નાશ પામેલી અજ્ઞાનદૃષ્ટિવાળા તે લોકોને અભય તથા તત્વજ્ઞાન આપતા પાપોનો નાશ કરનાર તથા દેવો ને મનુષ્યોએ ગાયેલો પોતાનો દિગંતવ્યાપી ઉજ્જવળ યશ સાંભળતાં ધીમે ધીમે વિદેહ દેશમાં પહોંચ્યા. હે રાજા ! શ્રીકૃષ્ણને આવેલા સાંભળી નગરવાસીઓ તથા દેશવાસીઓ આનંદિત થઈ તેમના માટે હાથમાં પૂજા સામગ્રીઓ લઈ સામે આવ્યા. ઉત્તમ કીર્તિ વાળા શ્રીકૃષ્ણનાં દર્શન કરી તેઓનાં મુખ ને હૃદય પ્રફુલ્લિત બન્યાં. તેઓ અંજલિબદ્ધ મસ્તકથી તેમને તથા પૂર્વે સાંભળેલા મુનિઓને પ્રણામ કરવા લાગ્યા. મિથિલાનો રાજા બહુલાશ્વ અને શ્રુતદેવ પણ પોતાના પર કૃપા કરવા આવેલા જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણને જાણી તે પ્રભુના પગમાં પડ્યા ને બહુલાશ્વે તથા શ્રુતદેવે બંને હાથ જોડી એકી વખતે શ્રીકૃષ્ણને બ્રાહ્મણો સાથે આતિથ્ય સ્વીકારવા નોતર્યા. ભગવાન કૃષ્ણે પણ તેમનું નોતરું સ્વીકારી બંનેનું પ્રિય કરવાની ઈચ્છાથી બે રૂપો કરી બંને ન જાણે તેમ બંનેને ઘેર પ્રવેશ કર્યો. વધેલી ભકિતથી હર્ષ પામેલ હૃદયવાળા, આનંદનાં આંસુથી ભીનાં નેત્રોવાળા અને મોટા મનવાળા જનકવંશી બહુલાશ્વે પોતાના ઘેર આવેલા, દુર્જનોને સાંભળવા પણ દુર્લભ, અને આણી આપેલાં ઉત્તમ આસનો પર બિરાજેલા તે શ્રીકૃષ્ણને તથા સમર્થ મહામુનિઓને નમી તેઓના પગ ધોઈ લોકોને પવિત્ર કરનારું તેમનું ચરણોદક કુટુંબ સાથે મસ્તકે ચડાવ્યું. પછી ચંદન, પુષ્પો, વસ્ત્રો, અલંકારો, ધૂપ, દીપ, અર્ઘ્ય, ગાયો તથા બળદો આપી તેઓની પૂજા કરી. પછી અન્ન વડે તૃપ્ત કરેલા તે મહાત્માઓને મધુર વાણીથી પ્રસન્ન કરતો ને ખોળામાં મૂકેલા શ્રીકૃષ્ણ ભગવાનના પગને ધીમેધીમે ચાંપતો બહુલાશ્વ રાજા હર્ષથી કહેવા લાગ્યો.

**બહુલાશ્વરાજા બોલ્યો :** હે વિભો ! આપ સર્વ પ્રાણીઓના આત્મા, સાક્ષી અને સ્વયંપ્રકાશ છો; તેથી આપે આપના ચરણકમળનું સ્મરણ કરતા અમને દર્શન દીધાં છે. આપે કહ્યું છે : 'મારા એકાંત ભકત કરતાં મને બંધુ શેષભગવાન (બળદેવજી), પત્ની લક્ષ્મી કે પુત્ર બ્રહ્મા પણ પ્રિય નથી.' આ પોતાનું વચન સત્ય કરવા આપે અમને દર્શન દીધાં છે. આપ નિષ્કિંચન શાંત મુનિઓને પોતાનો આત્મા પણ આપી દો છો, આમ જાણનારો ક્યો મનુષ્ય આપના ચરણકમળને તજે ? આપે યદુવંશમાં અવતાર લઈ જગતમાં (અનેક યોનિઓમાં) જન્મમરણ પામતાં મનુષ્યોનો સંસાર દૂર કરવા ત્રણે લોકનાં પાપોનો નાશ કરનાર યશ વિસ્તાર્યો છે. તે અસ્ખલિત જ્ઞાનશકિતવાળા અને ઋષિ નારાયણસ્વરૂપે અત્યંત શાંત તપશ્ચર્યા કરનારા આપ શ્રીકૃષ્ણ ભગવાનને મારા નમસ્કાર હો. હે વ્યાપક દેવ ! આપ આ બ્રાહ્મણો સાથે કેટલાક દિવસ અમારે ઘેર રહો અને પોતાની ચરણરજ વડે આ નિમિરાજાના કુળને પવિત્ર કરો.

એમ બહુલાશ્વરાજાએ પ્રાર્થના કરી એટલે જગતનું રક્ષણ કરનારા ભગવાન મિથિલાનગરીનાં સ્ત્રીપુરુષોનું કલ્યાણ કરતા ત્યાં રહ્યા. બીજી તરફ શ્રુતદેવે પણ જનકવંશી બહુલાશ્વની પેઠે પોતાને ઘેર પધારેલા શ્રીકૃષ્ણને તથા મુનિઓને પ્રણામ કરી, પોતાનું વસ્ત્ર ફરકાવી નાચવા માંડયું. તેણે ઘાસનાં આસનો, પાટલા તથા ચટાઈઓ લાવી, તે ઉપર તેને બેસાડી સ્વાગતથી અભિનંદન આપી સ્ત્રી સાથે

હર્ષથી તેઓના પગ ધોયા અને સર્વ મનોરથો પામેલા મહાભાગ્યશાળી તે શ્રુતદેવે અત્યંત હર્ષિત થઈ તેના એ ચરણોદક વડે પોતાના ઘર તથા કુટુંબ સાથે પોતાના દેહને નવડાવ્યો. પછી ફળ, પૂજાનાં સાહિત્ય, ખસની સુગંધીવાળું પવિત્ર જળ, સુગંધી માટી, તુલસી, દર્ભ તથા કમળોથી અનાયાસે સિદ્ધ થયેલી પૂજા વડે અને સત્ત્વગુણને વધારનાર અન્ન વડે તેઓનું આરાધન કર્યું. પછી (મનમાં) તે વિચારવા લાગ્યોઃ 'આશ્ચર્ય છે કે ઘરરૂપી અંધારિયા કૂવામાં પડેલા' મને સર્વ તીર્થોનાં સ્થાનરૂપ ચરણરજવાળા શ્રીકૃષ્ણ અને તે શ્રીકૃષ્ણની મૂર્તિના વાસરૂપ બ્રાહ્મણો સાથે જે સમાગમ થયો, તે કયા કારણથી થયો ?' પછી શ્રુતદેવ અતિથિસત્કાર કરેલા અને બેઠેલા શ્રીકૃષ્ણ વગેરે પાસે પોતાની સ્ત્રી, સ્વજનો તથા સંતાનો સાથે બેસી શ્રીકૃષ્ણના પગ ચાંપતો કહેવા લાગ્યો.

**શ્રુતદેવ બોલ્યો :** પરમ પુરુષ આપ અમને આજે જ મળ્યા છો એમ નથી, પણ સત્વાદિ શકિતઓથી આ જગત સર્જીને પોતાની સત્તાથી આપે તેમાં પ્રવેશ કર્યો ત્યારે જ અમને મળ્યા છો, છતાં આપનું (પ્રત્યક્ષ) દર્શન તો કેવળ આજે જ થયું. જેમ ઊંઘતો પુરુષ પોતાની વિદ્યા વડે મનથી જ સ્વપ્નાવસ્થાનો બીજો લોક સર્જી, તેમાં પેસી અનેક સ્વરૂપે ભાસે છે, તેમ આપ પણ પોતાની માયાથી જગત સર્જી; તેમાં બેસી અનેક સ્વરૂપે ભાસો છે. જેઓ આપને સાંભળે છે, આપની કથાવાર્તા કરે છે, આપને નિત્ય પૂજે છે તથા વંદન કરે છે ને આપ સંબંધી જે પરસ્પર સંવાદ કરે છે, તેવા નિર્મળ ચિત્તવાળા પુરુષોના હૃદયમાં પણ આપ જ ભાસો છે. (અને મને તો આપે પ્રત્યક્ષ દર્શન દીધાં તે મારું અહોભાગ્ય છે.) આપ જોકે સર્વના હૃદયમાં બિરાજો છો, તોપણ કર્મથી વ્યાકુળ મનવાળાઓને અહંકાર વગેરે શકિતઓને લીધે અગ્રાહ્ય અને અતિ દૂર થઈ પડો છે; છતાં જેમનું અંતઃકરણ આપના શ્રવણકીર્તનાદિ સંસ્કારો પામેલું હોય તેવા પુરુષોને તો આપ પાસે જ છો. પોતાની માયાથી નહિ વીંટળાયેલા હે પરમેશ્વર! દેહાદિ ઉપરનો અહંકાર જેમાંથી દૂર થયો હોય, તેવા અધ્યાત્મવેત્તા પુરુષોને આપ મોક્ષ આપો છો; દેહાદિ ઉપર અભિમાન કરતા જીવને પોતા તરફથી જ મૃત્યુરૂપ સંસાર આપો છે; મહત્તત્ત્વ આદિ કાર્ય તથા કારણ પ્રકૃતિ, એ બંનેરૂપ ઉપાધિના નિયંતા છો અને (માયાવીપણાથી જ) બીજાઓની દૃષ્ટિને આપે ઢાંકી દીધી છે; આપને મારા નમસ્કાર હો. હે દેવ! હે પરમેશ્વર, પોતાના દાસ અમને આપ આજ્ઞા કરો. અમે આપનું કયું ઈષ્ટ કરીએ ? આપનાં પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યાં સુધી જ મનુષ્યોના કલેશ રહે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રુતદેવનું તે વચન સાંભળી ભકતોની પીડાનો નાશ કરનારા ભગવાન હાથથી તેનો હાથ પકડી, ખૂબ હસતા તેને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રાહ્મણ ! તારા પર કૃપા કરવા આ મુનિઓ (તારે ત્યાં) આવ્યા છે, એમ તું જાણ. આ મુનિઓ (હૃદયમાં રહેલા) મારી સાથે પોતાની ચરણરજ વડે લોકોને પવિત્ર કરતા ફરે છે. દેવો, અયોધ્યા-મથુરા વગેરે ક્ષેત્રો અને ગંગા વગેરે તીર્થો એ દર્શન, સ્પર્શ તથા પૂજા વડે ધીમે ધીમે લાંબા કાળે પવિત્ર કરે છે અને તે પણ મહાપૂજ્ય આવા મહાત્માઓની કૃપાદૃષ્ટિથી જ. બ્રાહ્મણ સર્વ પ્રાણીઓમાં જન્મથી જ વધારે શ્રેષ્ઠ છે અને તેમાં પણ જે બ્રાહ્મણ તપ, વિદ્યા, સંતોષ તથા ઉપાસનાથી યુકત હોય તે સર્વ કરતાં ઉત્તમ છે, એમાં શું કહેવાનું છે ? મારું ચતુર્ભુજ સ્વરૂપ પણ બ્રાહ્મણ કરતાં મને વહાલું નથી, કેમ કે બ્રાહ્મણ સર્વ વેદમય છે અને હું સર્વ દેવમય છું. (અર્થાત્ સર્વ દેવમય કરતાં સર્વ વેદમય વધારે શ્રેય હોય જ.) ગુણોમાં દોષદૃષ્ટિ કરતા ને પ્રતિમા વગેરેમાં પૂજ્યદૃષ્ટિ કરતા પુરુષો આ વસ્તુ ન જાણતા સર્વના ગુરુ અને સર્વના આત્મા મારા સ્વરૂપ બ્રાહ્મણનું અપમાન કરે છે. સ્થાવરજંગમ આ જગતને આ

જગતના કારણ, મહત્તત્ત્વ આદિ પદાર્થો મારાં જ સ્વરૂપો છે, એમ બધે મારું જ દર્શન કરી બ્રાહ્મણ ચિત્તમાં બ્રહ્મદૃષ્ટિ કરે છે. માટે હે બ્રહ્મન્ ! તું આ બ્રહ્મર્ષિઓનું પૂજન કર; કારણ કે એ રીતે જો તું કરીશ તો જ હું સાક્ષાત પૂજેલો ગણાઈશ, નહિ તો પુષ્કળ ઉપચારોથી તું પૂજીશ, તોપણ હું પૂજેલો નહિ ગણાઉં.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ પ્રભુ શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, એટલે તે શ્રુતદેવે તથા બહુલાશ્વ રાજાએ શ્રીકૃષ્ણ સહિત ઉત્તમ બ્રાહ્મણોનું એકાત્મભાવે પૂજન કરી સદ્ગતિ મેળવી. હે રાજન્ ! ભકતો પર ભકિતવાળા ભગવાન કૃષ્ણ એમ (કેટલોક સમય) મિથિલામાં રહી પોતાના ભકત શ્રુતદેવને તથા બહુલાશ્વ રાજાને સન્માર્ગ બતાવી ફરી દ્વારકા પધાર્યા. ૧-૫૯

एवं स्वभक्तयो राजन् भगवान् भक्तभक्तिमान् । उषित्वाऽऽदिश्य सन्मार्गे पुनर्द्वारवतीमगात् ॥५९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૬ સમાપ્ત.*

## અધ્યાય-૮૭

## વેદસ્તુતિ

॥ परीक्षित उवाच ॥

ब्रह्मन् ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः । कथं चरन्ति श्रुतयः साक्षात्सदसतः परे ॥१॥

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્ ! પરબ્રહ્મ કાર્યકારણથી પર (નિઃસંગ) છે, તેથી નિર્ગુણ અને અનિર્દેશ્ય છે; એટલે રૂપ, જાતિ, ગુણ કે ક્રિયાથી જણાવા અશકય છે તેના ગુણોથી પ્રવૃત્તિ કરનારી કૃતિઓ સાક્ષાત પ્રવૃત્તિ કેવી રીતે કરે છે ?

॥ श्रीशुक उवाच ॥

बुद्धिन्द्रियमन प्राणान् जनानामसृजत् प्रभुः । मात्रार्थं च भवार्थं च आत्मनेऽकल्पनाय च ॥२॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** પ્રભુ ઈશ્વરે (પ્રલયકાળે પોતામાં શયન કરતા) જીવોને વિષયભોગ માટે જન્મથી માંડી કર્મો કરવાને પરલોકમાં જનાર આત્માને તે તે લોકનો ઉપભોગ કરવા અને સંસારથી અટકવારૂપ મુક્તિ માટે બુદ્ધિ, ઈન્દ્રિયો, મન તથા પ્રાણ સજર્યા છે.

सैषा ह्युपनिषद् ब्राह्मी पूर्वेषां पूर्वजैघृता । श्रद्धया धारयेद्यस्तां क्षेमं गच्छेदकिञ्चनः ॥३॥

બ્રહ્મનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓરૂપ બ્રહ્મવાણીને પૂર્વજોના પણ પૂર્વજ—વૃદ્ધોએ ધારણ કરી છે; માટે જે મનુષ્ય (વિતંડાવાદને અનુસરતા તર્કો છોડી) શ્રદ્ધાથી તે શ્રુતિના નિર્ણયને ગ્રહણ કરે છે, તે દેહાદિ ઉપાધિ ત્યજી પરમપદને પામે છે.

अत्र ते वर्णयिष्यामि गाथां नारायणान्विताम् । नारदस्य च संवादमृषेर्नारायणस्य च ॥४॥

આ સંબંધી નારાયણ જેના વકતા છે, તેવો ઈતિહાસ હું તમને કહું છું, જે નારદજી અને નારાયણઋષિના સંવાદરૂપ છે.

एकदा नारदा लोकान् पर्यटन् भगवत्प्रियः । सनातनमृर्षिं द्रष्टुं ययौ नारायणाश्रमम् ॥५॥

એક સમયે લોકોમાં ફરતા ભગવત્પ્રિય નારદજી સનાતન ઋષિ-નારાયણનાં દર્શન કરવા તેમના બદરિકાશ્રમમાં ગયા.

यो वै भारतवर्षेऽस्मिन् क्षेमाय स्वस्तये नृणाम् । धर्मज्ञानशमोपेतमाकल्पादास्थितस्तपः ॥५॥

આ ભરતખંડમાં તે નારાયણ ભગવાન લોકોનાં દુઃખ દૂર કરવા અને તેમને પરમાનંદ સ્વરૂપ

પમાડવા કલ્પ સુધી ધર્મ, જ્ઞાન તથા ઉપશમયુકત રહી તપ કરે છે.

तत्रोपविष्टमृषिभिः कलापग्रामवासिभिः । परीतं प्रणतोऽपृच्छदिदमेव कुरुद्वह ॥७॥

હે કુરુવંશી રાજા ! કલાપ નામના ગામમાં રહેનારા ઋષિઓથી વીંટળાઈને બેઠેલા શ્રીનારાયણને પ્રણામ કરી (નારદે) આ જ પૂછ્યું.

तस्मै ह्यवोचद् भगवानृषीणां श्रृण्वताभिदम् । यो ब्रह्मवादः पूर्वेषां जनलोकनिवासिनाम् ॥८॥

એટલે ભગવાન નારાયણે જનલોકમાં રહેતા પૂર્વના સનકાદિ વૃદ્ધોના બ્રહ્મ સંબંધી જે સંવાદ થયો હતો, તે જ સર્વ ઋષિઓના સાંભળતાં નારદજીને કહેવા માંડયો.

॥ श्रीभगवानुवाच ॥

स्वायंभुव ब्रह्मसत्रं जनलोकेऽभवत् पुरा । तत्रास्थानां मानसानां मुनीनामूर्ध्वरेतसाम् ॥९॥

**શ્રીનારાયણ ભગવાન બોલ્યા :** હે બ્રહ્મપુત્ર નારદ ! પૂર્વે જનલોકમાં ત્યાં વસતા બ્રહ્માના માનસપુત્ર બ્રહ્મચારી સનકાદિ મુનિઓનો બ્રહ્મસત્ર થયો હતો.

श्वेतद्वीपं गतवति त्वयि द्रष्टुं तदीश्वरम् । ब्रह्मवादः सुसंवृत्तः श्रुतयो यत्र शेरते ।
तत्र हायमभूत् प्रश्नस्त्वं मां यमनुपृच्छसि ॥१०॥

એ વેળા તમે શ્વેતદ્વીપના અધીશ્વર અનિરુદ્ધ ભગવાનના દર્શન કરવા શ્વેતદ્વીપમાં ગયા હતા, ત્યારે (જનલોકના) તે બ્રહ્મસત્રમાં, તમે મને જે પૂછો છો, તે જ પ્રશ્ન થયો હતો અને બ્રહ્મ સંબંધી ઉત્તમ સંવાદ થયો હતો તેમાં શ્રુતિઓ જે રીતે બ્રહ્મમાં પ્રવર્તે છે તેનો નિર્ણય કર્યો છે.

तुल्यश्रुततपः शीलास्तुल्यस्वीयारिमध्यमाः । अपि चक्रुः प्रवचनमेकं शुश्रुषवोऽपरे ॥११॥

સનકાદિ મુનિ શાસ્ત્રાભ્યાસ, તપ ને સદાચારમાં સમાન છે; અને મિત્ર, શત્રુ કે મધ્યસ્થ ઉપર સમાન ભાવવાળા છે છતાં તેઓએ પોતાનાંથી એક (સનંદન) ને વકતા બનાવ્યો અને બીજા શ્રોતા થયા હતા.

॥ सनन्दन उवाच ॥

स्वसृष्टमिदमापीय शयानं सह शक्तिभिः । तदन्ते बोधवाश्चक्रुस्तल्लिङ्गैः श्रुतयः परम् ॥१२॥

**સનંદન બોલ્યા :** (પ્રલય વખતે) પોતે સર્જેલા આ જગતનો (પોતામાં) લય કરી યોગનો આશ્રય કરી, (પ્રકૃતિ, પુરુષ, કાળ વગેરે) પોતાની શકિતઓ સાથે જાણે સૂતા હોય તેવા જણાતા પરમેશ્વરને પ્રલયને અંતે (પરમેશ્વરના નિઃશ્વાસથી ઉત્પન્ન થયેલી) શ્રુતિઓ પરમેશ્વરને તેમનું પ્રતિપાદન કરનારાં વાક્યોથી જગાડવા લાગી.

यथा शयानं सम्राजं बन्दिनस्तत्पराक्रमैः । प्रत्यूषेऽभ्यैत्य सुश्लोकैर्बोधयन्त्यनृजीविनः ॥१३॥

જેમ ચક્રવર્તી મહારાજા સુતો હોય ત્યારે તેના આશ્રિત સ્તુતિપાઠકો પ્રભાતમાં આવી ઉત્તમ કીર્તિઓવાળાં તેના પરાક્રમો ગાઈને તેને જગાડે તેમ શ્રુતિઓ પ્રભુને જગાડવા લાગી.

॥ श्रुतय ऊचुः ॥

जय जय जह्यजामजित दोषगृभीतगुणाम् । त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ।
अगजगदोकसामखिलशक्त्यवबोधक ते । क्वचिदजयात्मना च चरतोऽनुचरेन्निगमः ॥१४॥

**શ્રુતિઓ બોલી :** કોઈથી ન જિતાયેલા હે પરમેશ્વર ! આપ જય પામો, જય પામો. (આપનો વિજય કયા વ્યાપારથી કે) સ્થાવરજંગમ શરીરોવાળા જીવોની અવિદ્યાનો આપ નાશ કરો; જે અવિદ્યાએ

(જીવોના) આનંદાદિ ગુણો ઢાંકી દેવા (સત્ત્વાદિ) ગુણો ગ્રહણ કર્યા છે. (આ અવિદ્યા વ્યભિચારિણી સ્ત્રીની પેઠે બીજાને ઠગવા) સત્વાદિ ગુણો કરે છે; માટે તેનો નાશ કરવો યોગ્ય છે. (એ અવિદ્યા આપને ઠગી શકતી જ નથી; કેમ કે) આપે તો સ્વસ્વરૂપથી જ સમગ્ર ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે—માયાને વશ કરી છે, (જીવો જ્ઞાન, વૈરાગ્ય વગેરેથી અવિદ્યાનો નાશ નથી કરી શકતા; કારણ કે) હે સર્વ શકિતને જગાડનારા! આપ જ જીવોના અંતર્યામી અને સર્વ શકિતના પ્રકાશક છો; તેથી જીવો જ્ઞાન વગેરે મેળવવામાં સ્વતંત્ર નથી. (આપ અખંડિત જ્ઞાન, ઐશ્વર્ય વગેરે ગુણોવાળા હોઈ જીવોની કર્મજ્ઞાનાદિશક્તિઓ જાગ્રત કરી, એમની અવિદ્યાનો નાશ કરો છો; તેમાં અમે પ્રમાણ છીએ.) કોઈ વેળા સૃષ્ટિ આદિના સમયે માયાની સાથે ક્રીડા કરતા છતાં નિત્ય અવિનાશી એશ્વર્યપણાથી અને કેવળ સત્ય જ્ઞાન તથા અનંત આનંદરસ સ્વરૂપ વડે વર્તતા આપને વેદ સિદ્ધ કરે છે.

(કદાચ આપ કહો કે વેદો એ રીતે મને ક્યાં સિદ્ધ કરે છે; કારણ કે 'इन्द्रो यातोऽवसितस्य राजा।' રાજા ! ઈન્દ્ર સ્થાવર તથા જંગમનો રાજા ઈશ્વર છે.' આ વેદવાક્ય ઈન્દ્રને સ્થાવરજંગમનો ઈશ્વર સિદ્ધ કરે છે અને તે જ પ્રમાણે अग्निमूर्धादिवः वकुत्पतिः पृथिव्या अयम् । – 'આ અગ્નિ સૂર્યરૂપે સ્વર્ગલોકનું મસ્તક છે અને જઠરાગ્નિરૂપે પૃથ્વીનો શ્રેષ્ઠ પાલક છે.' આ વેદવાક્ય વળી અગ્નિને ઈશ્વર ઠરાવે છે, આમ વેદવાક્ય તો અગ્નિ આદિ દેવોને સિદ્ધ કરે છે, તેનું કેમ ? આના ઉત્તરમાં અમે કહીએ છીએ કે)

बृहदुपलब्धमेतदवयन्त्यवशेषतया यत उदयास्तमयौ विक्रतेर्मुदि वाऽविकृतात् ।
अत ऋषयो दधुस्त्वयि मनोवचनाचरितम् कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ॥१५॥

જોવામાં આવતા આ ઈન્દ્ર વગેરે સર્વ પદાર્થો બ્રહ્મ જ છે, એમ વિદ્વાનો જાણે છે, કારણ કે (સર્વનો પ્રલય થયા પછી) કેવળ એક બ્રહ્મ જ બાકી રહે છે અને બ્રહ્મથી જ સર્વની ઉત્પત્તિ તથા નાશ પણ થાય છે, (કારણ કે બ્રહ્મ જ સર્વનું ઉપાદાન કારણ છે. તો બ્રહ્મમાં વિકારીપણું પ્રાપ્ત થયું એમ કેમ ન માનવું? કેમ કે સર્વની ઉત્પત્તિ તથા લય બ્રહ્મથી થાય છે, છતાં તે અવિકારી રહે છે. પ્રપંચ નું પોતે અધિષ્ઠાન હોઈ વિકારથી રહિત જ રહે છે; જેમ ઘડા વગેરે પદાર્થો માટીમાંથી ઉત્પન્ન થાય છે. અને પાછા માટીમાં લય પામે છે તેમ. (અર્થાત્ वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यं– વાણીથી ઉચ્ચારતાં નામ એ વિકાર છે; પણ ખરી રીતે કોડિયાં વગેરે નામ સિવાય માટીમાં કોઈ જાતનો વિકાર જ નથી. ખરું જોતાં માટી એ જ સત્ય વસ્તુ છે, તે જ પ્રમાણે, 'सर्वं खल्विदं ब्रह्म – આ જે કંઈ જોવા—સાંભળવામાં આવે છે તે સર્વ બ્રહ્મ છે' ઈત્યાદિ વેદવાક્યો બ્રહ્મને જ ઈન્દ્ર અગ્નિ આદિ નામથી જણાવે છે.) આ કારણથી વેદના મંત્રો અથવા તે તે મંત્રોના દ્રષ્ટા ઋષિઓ મન વડે આચરેલા તાત્પર્યને તથા વચનથી ઉચ્ચારેલા (ઈન્દ્રાદિ) નામને આપસ્વરૂપે જ સિદ્ધ કરે છે, જુદા વિકારોમાં નહિ. જેમ પૃથ્વી પર ફરતાં સર્વ પ્રાણીઓનાં પગલાં ગમે ત્યાં મુકાયાં હોય, તોપણ તે પૃથ્વી પર ન મુકાયેલાં કેમ માની શકાય ? અર્થાત્ માટી, પથ્થર કે ઈંટ વગેરે ગમે તે ઉપર મૂકેલાં પગલાં પૃથ્વી પર જ મૂકેલાં ગણાય છે, તેમાં કોઈ પણ વિકારનું વર્ણન કરતા વેદો સર્વનું કારણ અને પરમાર્થ સ્વરૂપ આપને જ જણાવે છે.

इति तव सूरयस्त्र्यधिपतेऽखिललोकमलक्षपणकथामृताब्धिमवगाह्य तपांसि जहुः ।
किमुत पुनः स्वधामविधुताशयकालगुणाः परम भजन्ति ये पदमजस्रसुखानुभवम् ॥१६॥

હે ત્રિગુણાત્મક માયારૂપી મૃગલીને નચાવનારા ! આપ જ સર્વના કારણ હોઈ સત્યસ્વરૂપ છો, એમ માની વિવેકીઓ સમગ્ર લોકના પાપરૂપી મેલનો નાશ કરનાર આપની કથારૂપ અમૃતના સમુદ્રમાં

સ્નાન કરી, તેને સેવી પાપો અથવા દુઃખો તજે છે. આમ આપની કથા માત્રથી જ જો પાપો તજાય છે, તો હે પરમ ! આપના સ્વરૂપના પ્રકાશથી જ અંતઃકરણના રાગાદિ ગુણોને અને કાળના વૃદ્ધપણું આદિ ગુણોને તજનારા પુરૂષો નિત્ય સુખના અનુભવરૂપ આપના સ્વરૂપને ભજે અને તેઓનાં પાપો કે દુઃખો દૂર થાય એમાં શું કહેવાનું હોય છે ?

दृतय इव श्वसन्त्यसुभृतो यदि तेऽनुविघा महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः ।
पुरुषविदोऽन्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥१७॥

હે પરમાત્મન્ ! પ્રાણીઓ આપને અનુસરનારાં આપનાં ભકત હોય તો જ તેઓ જીવે છે, સફળ જીવનવાળાં છે; નહિ તો ધમણોની પેઠે વ્યર્થ શ્વાસ લે છે–નિષ્ફળ જીવે છે. (કદાચ આપ કહો કે જેઓ મારા ભકત નથી તેમને પણ કામાદિ ફળો તો મળે જ છે; તેનો ઉત્તર એ છે કે ના, એમ નથી; કાર્ય તથા કારણના આધાર હોઈ, જીવનના કારણ આપનું ભજન ન કરતા તે કૃતઘ્ની પુરુષોને કામાદિ ફળ પણ સિદ્ધ થતું નથી; એ આશયથી અમે કહીએ છીએ કે) આપના પ્રવેશથી સામર્થ્ય પામેલાં મહત્તત્ત્વ, અહંકાર વગેરે તત્વોએ સમષ્ટિ– વ્યષ્ટિરૂપ શરીર સર્જ્યુ છે તેમ જ તેમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય નામના પાંચ કોશો છે; (જેઓ દેહ, પ્રાણ, મન, બુદ્ધિ તથા જ્ઞાનરૂપ છે, તેમાં પણ પ્રવેશ કરી, પરોવાઈ તે તે કોશોના આકારવાળા થઈને જે ચેતના આપે છે તે આપ છો. (ત્યારે તો મારામાં સત્યપણું અને અસંગપણું કેમ હોઈ શકે ? તેનો ઉત્તર આ છે કે) કહેવાતા અન્નમય વગેરે કોશોમાં છેલ્લા જે બ્રહ્મ કહ્યા, તે જ આપ છો, (આપ કહેશો કે અન્નમયાદિ કોશોમાં પરોવાઈને વર્તાતા મારા અસંગપણાનો તો નાશ થાય જ છે, તેનું કેમ ? તો) સ્થૂળ અને સૂક્ષ્મ અન્નમયાદિ કોશોના જે સાક્ષી છે, તે, તે કોશોનો ત્યાગ કરતાં, અત્યાજય સ્વરૂપે જે બાકી રહે છે અને તેથી જ જે સત્ય છે તે જ આપ છો. (તો પછી તે તે કોશોમાં મારું પરોવાઈને રહેવાપણું શા માટે કહ્યું ? તેનો ઉત્તર આ છે કે, શાખાચંદ્રન્યાયની પેઠે આપનું શુદ્ધ સ્વરૂપ જણાવવા તે કોશોમાં પરોવાવાપણું કહ્યું છે, જેમ કોઈને બીજનો ચંદ્ર દેખાડવો હોય ત્યારે પેલા ઝાડની શાખા ઉપર ચંદ્ર દેખાય છે એમ કહેવાય છે તેમ આપનું શુદ્ધ સ્વરૂપ દર્શાવવા તે કોશમાં આપનું પરોવાઈ રહેવાપણું કહ્યું છે.)

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।
तत उदगादनन्त तव धाम शिरः परमम् पुनरिह यत् समेत्य न पतन्ति कृतान्तमुखे ॥१८॥

ઋષિઓના સંપ્રદાયમાર્ગોમાં જેઓ સ્થૂળ દૃષ્ટિવાળા છે, તેઓ ઉદરની ઉપાસના કરે છે; ઉદરમાં આવેલા મણિપુરચક્રમાં રહેલું બ્રહ્મનું ધ્યાન કરે છે અને અરુણના વંશના ઋષિઓ નાડીઓના પ્રસારના સ્થાનરૂપ સાક્ષાત્ હૃદયમાં રહેલા (બ્રહ્મના) સૂક્ષ્મસ્વરૂપની જ ઉપાસના કરે છે; કેમ કે હે અનંત ! તે હૃદયસ્થાનથી આપનું પ્રાપ્તિનું સ્થાન એવી સુષુમ્ણા નાડી શ્રેષ્ઠ જ્યોતિર્મય મસ્તક સુધી ઊંચે પહોંચીને— મૂલાધારથી માંડી હૃદય મધ્યે થઈને છેક બ્રહ્મરંધ્ર સુધી પહોંચી છે. તે સુષુમ્ણારૂપ આપના સ્થાનને પામી ફરી યમદેવના મુખરૂપ સંસારમાં મનુષ્યો પડતા નથી. ૧-૧૮

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया तरतमतश्चकास्स्यनलवत्स्वकृतानुकृतिः ।
अथ वितथाखमूष्ववितथं तव धाम समम् विरजधियोऽन्वयन्त्यभिविपण्यव एकरसम् ॥१९॥

હે પરમાત્મન્ ! આપે પોતે રચેલી ઉચ્ચ, નીચ તેમ જ મધ્યમ યોનિઓમાં (એટલે આપના પ્રાકટયનું સ્થાન દેહાદિ કાર્યોમાં) ઉપાદાન કારણપણાથી જોકે આપ પ્રથમથી જ રહ્યા છો, (જેથી મુખ્ય

પ્રવેશનો તો સંભવ જ નથી,) છતાં પાછળથી જાણે પ્રવેશ કરતા હો, તે રીતે વર્તી ન્યૂનાધિક ભાસો છો અને અગ્નિની પેઠે પોતે રચેલી તે તે યોનિઓને અનુસરો છો. (અર્થાત્ જેમ અગ્નિ ન્યૂનાધિક નથી, છતાં લાકડાં અનુસાર લાંબો, ટુંકો અથવા પાતળો જણાય છે, તેમ આપ પણ તે તે યોનિઓને અનુસરી ન્યૂનાધિક જણાઓ છો). માટે મિથ્યા સ્વરૂપ આ યોનિઓમાં નિર્વિશેષ હોવાથી સત્ય અને એકરૂપ આપના સ્વરૂપ તે નિર્મળ બુદ્ધિવાળા પુરુષો જાણે છે; કારણ કે તેઓએ ચોતરફના વ્યવહાર તજ્યા હોય છે; આ લોક તથા પરલોકનાં કર્મ ફળથી તેઓ રહિત થયા હોય છે અર્થાત્ આપનું સ્વરૂપ નિર્વિશેષ છે અને તેથી જ એકરસ છે, માટે ઉપાધિઓ કરેલ ન્યુનાધિકતા ન હોવાથી અસ્ખલિત ઐશ્વર્યવાળા આપ જ ઉપાસના કરવા યોગ્ય છો.

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।
इति नृगतिं विविच्य कवयो निगमावपनम् भवत उपासतेऽङ्घ्रिमभवं भुवि विश्वसिताः ॥२०॥

હે પ્રભો ! પોતાનાં કર્મોથી મેળવેલા આ મનુષ્ય આદિ શરીરોમાં જે ભોક્તારૂપે રહ્યો છે, તે પુરુષ—જીવાત્મા સમગ્ર શકિત ધારણ કરનારા, સર્વ શકિતના આશ્રય આપ પૂર્ણનું જ સ્વરૂપ છો, એમ વિદ્વાનો કહે છે. (કદાચ આપ કહો કે તે જીવ તો કાર્ય-કારણથી ઢંકાયેલો છે, તો તેને તમે ! મારા સ્વરૂપ કેમ કહો છો ? તેનો ઉત્તર આ છે કે) ખરી રીતે જીવ કાર્ય-કારણના આવરણથી રહિત છે, કાર્ય—કારણ એ કોઈ વસ્તુ જ નથી; તો તેનું આવરણ ક્યાંથી જ હોય ? આમ જીવના તત્ત્વની શોધ કરી વિશ્વાસ પામેલા તત્વજ્ઞાનીઓ સર્વ કર્મોને અર્પણ કરવાના વિષયરૂપ અને સંસારને દૂર કરનારા આપના ચરણને પૃથ્વી પર અર્ચન—વંદના વગેરેની સેવે છે.

दुरवगमात्मतत्त्वनिगमाय तवात्तनोश्चरितमहामृताब्धीपरिवर्तपरिश्रमणाः ।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते चरणसरोजहंसकुलसङ्गविसृष्टगृहाः ॥२१॥

હે ઈશ્વર ! મુશ્કેલીથી જાણી શકાય એવા આત્મતત્વનું જ્ઞાન આપવા, શરીર સ્વીકારતા આપના ચરિત્રરૂપ મોટા અમૃતસાગરમાં સ્નાન કરવાથી પરિશ્રમરહિત થયેલા 'કેટલાક' ભકતો મોક્ષ પણ જો ઈચ્છતા નથી, તો બીજા 'ઈન્દ્રપદ' આદિને તો કેમ જ ઈચ્છે ? એટલું જ નહિ પણ આપના ચરણકમળમાં હંસોની પેઠે રમતા આપના ભકતમંડળના સંગીતથી તે ભક્તોએ ઘરબાર પણ છોડયાં હોય છે. (અર્થાત્ તેવા ભકતો ઈન્દ્રપદ વગેરેને જ કેવળ નથી ઈચ્છતા એમ નથી; પણ ભકિતસુખથી જ પૂર્ણ થઈ પૂર્વસિદ્ધ ગૃહાદિ સુખની પણ દરકાર કરતા નથી.)

त्वदनुपथं कुलायमिदमात्मसुहृत्प्रिवच् चरति तथोन्मुखे त्वयि हिते प्रिय आष्मनि च ।
न बत रमन्तत्यहो असदुपासनयात्महनो यदनुशया भ्रमन्त्युरुभये कुशरीरभृतः ॥२२॥

હે ભગવન્ ! મનુષ્યનું આ શરીર આપને અનુસરનારું હોઈ, આપની સેવામાં જ ઉપયોગી છે અને આત્મા, મિત્ર તથા પ્રિયની પેઠે પોતાને અધીન થઈ રહે છે; છતાં મનુષ્યો પોતાને તારવા સદા તત્પર, હિતકારક અને પ્રિય આત્મારૂપે અત્યંત સેવવા યોગ્ય એવા પણ આપ વિષે સ્મરણ કરતા નથી—મિત્રભાવ વગેરેથી આપને ભજતા નથી, તે અતિ આશ્ચર્ય અને ખેદની વાત છે. વળી તેવા લોકો અસાર (મિથ્યા) દેહાદિના લાલનપાલનથી પ્રમાદી રહે છે અને તેની જ વાસનાવાળા હોઈ નીચ શરીરો ધરી અત્યંત ભયરૂપ સંસારમાં ભટક્યા કરે છે. (માટે તેઓ પોતે જ પોતાનો નાશ કરનારા છે.)

निभृतमरुन्मनोक्षदृढयोगयुजो हृदि यन्मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात् ।
स्त्रिय उरगेन्द्रभोगभुजदण्डविषक्तधियो वयमपि ते समाः समदृशोऽङ्घ्रिसरोजसुधाः ॥२३॥

હે પ્રભો ! પ્રાણ, મન તથા ઈંદ્રિયોને વશ કરી, દૃઢ યોગસાધના કરનારા મુનિઓ હૃદયમાં જે તત્વનું ઉપાસન-ધ્યાન કરે છે, તે જ તત્વને આપણા શત્રુઓ પણ ચિંતન કરી પામ્યા છે. તેમ જ શેષનાગના શરીર જેવા ભુજદંડમાં (કામવાસનાથી) આસકત બુદ્ધિવાળી (ગોપીઓ વગેરે ભેદદૃષ્ટિવાળી) સ્ત્રીઓ અને (કેવળ આપને જ બધે) સમાનસ્વરૂપે જોઈને આપના ચરણકમળનું સારી પેઠે ધ્યાન કરતી અમે—શ્રૃતિઓ પણ આપને સમાન (એકસરખી) જ કૃપાપાત્ર છીએ. (અર્થાત્ આપના સ્મરણનો પ્રભાવ જ એવો છે કે યોગીઓ આપનું હૃદયમાં ધ્યાન કરે છે. અમે આપને સમાન સ્વરૂપે જોઈએ છીએ. ગોપીઓ આપને કામવાસનાથી ભેદદૃષ્ટિએ ચિંતવે છે અને શત્રુઓ દ્વેષબુદ્ધિથી ચિંતવે છે; છતાં તેઓ સર્વેને આપનું સ્મરણ આપની સમીપ પહોંચાડે છે.)

क इह नु वेद बतावरजन्मलयोऽग्रसरम् यत उदगादृषिर्यमनु देवगया उभये ।
तर्हि न सन्न चासदुभयं न च कालजवः किमपि न तत्र शास्त्रमवकृष्य शयीत यदा ॥२४॥

અહો ! હે ભગવન્ ! આ જગતમાં પ્રથમથી જ સિધ્ધ (હયાત) આપને અર્વાચીન ઉત્પત્તિ અને નાશવાળો ક્યો પુરુષ જાણી શકે છે ? કારણ કે આપથી સૌ પહેલાં ઋષિ—બ્રહ્મા તેમની પાછળ આધ્યાત્મિક અને આધિદૈવિક એમ બે પ્રકારના દેવગણો અને તે પછી બધા અર્વાચીન જીવો ઉત્પન્ન થયા છે. આપ જ્યારે સર્વને પોતામાં લય કરી સૂઓ છો ત્યારે જીવોને જ્ઞાનપ્રાપ્તિનું સાધન કંઈ પણ હોતું નથી; કારણ કે તે વખતે સત્ એટલે સ્થૂળ આકાશ વગેરે. અસત્ એટલે સૂક્ષ્મ મહાતત્વ વગેરે; સત્—અસત્, એ બંનેથી બનેલું શરીર; તે બધામાં નિમિત્તરૂપ કાળનું વૈષમ્ય અને ઈન્દ્રિય—પ્રાણ વગેરે કંઈ હોતું નથી, તેમ જ જ્ઞાન દર્શાવનારું કોઈ પણ શાસ્ત્ર હોતું નથી. તાત્પર્ય કે દેહાદિ ઉપાધિએ આપથી અંતર પાડેલા અને કાળથી મલિન અંતઃકરણવાળા અર્વાચીન સૃષ્ટિના જીવોને આપ ભગવાનનું જ્ઞાન મેળવવા સામર્થ્ય જ નથી. વેદ પણ કહે છે : 'न तं विदाथ य इमा जजानान्युद्युष्माकनन्वरं बभूव' તમે એ ભગવાનને જાણતા નથી; કારણ કે એ ભગવાન અને તમારી વચ્ચે મોટું અંતર હોતું નથી, તોપણ તે વખતે પરમાત્માનું જ્ઞાન પામવાનું કોઈ સાધન હોતું નથી, તેથી પણ ભગવાનનું ગાન મેળવવામાં જીવનું સામર્થ્ય નથી; માટે કેવળ આપનું શરણ લઈ આપનાં શ્રવણ—કીર્તનાદિરૂપે આપની ભકિત કરવી, એ જ સૌથી સહેલો ઉપાય છે.

जनिमसतः सतो मृतिमुतात्मनि ये च भिदां विषणमृतं स्मरन्त्युपदिशन्ति त आरुपितैः ।
त्रिगुणयः पुमानिति भिदा यदबोधकृता त्वयि न ततः परत्र स भयेदवबोधरसे ॥२५॥

હે પરમેશ્વર ! વૈશેષિક —સપ્ત પદાર્થવાદી કણાદમતના અનુયાયી નવીન તર્કશાસ્ત્રીઓ કહે છે કે આ જગત પ્રથમ હતું જ નહિ; પણ પછીથી તેની ઉત્પત્તિ થઈ છે. પાતંજલ યોગશાસ્ત્ર કહે છે કે જીવમાં પ્રથમ બ્રહ્મપણું હોતું જ નથી, પણ યોગના પ્રભાવથી તેમાં બ્રહ્મપણાની ઉત્પત્તિ થાય છે. નૈયાયિકો કહે છે કે એકવીસ પ્રકારનાં દુઃખનો નાશ એ જ મોક્ષ છે. સાંખ્યશાસ્ત્રો એક આત્માનો બીજા આત્માથી ભેદ કહી અનેક આત્માઓ માને છે અને મીમાંસકો માને છે કે, કર્મોનાં ફળનો વ્યવહાર જ સત્ય છે. (અર્થાત્ મીમાંસક મતમાં આધ્યાત્મિક ત્રિવિધ દુઃખનો નાશ કરવો એ જ પરમ પુરુષાર્થ છે.) આ રીતે સર્વ શાસ્ત્રોના ઉપદેશકો મિથ્યા ભ્રમથી જ ઉપદેશ કરે છે; પણ તત્ત્વદૃષ્ટિએ ઉપદેશ કરતા નથી.) (તેઓનું આ સર્વ કથન, પરમેશ્વર ત્રિગુણમય હોય તો જ ઘટી શકે, પરંતુ તેવું તો છે જ નહિ; કેમ કે) પુરુષ

ત્રિગુણમય છે, એવો આપ વિષે ભેદ માનવો, તે તો આપના સ્વરૂપના અજ્ઞાનથી જ થયો છે. માટે અજ્ઞાનથી પર અને કેવળ જ્ઞાનઘન આપ વિશે અજ્ઞાન તો કદી સંભવે જ નહિ.

(જો અસત્ ઉત્પન્ન થાય નહિ અને પુરુષ ત્રિગુણમય ન હોય, તો આ સર્વ પ્રપંચ અને પુરુષ જુદા નથી એમ ઠરે છે તો તેઓ બંને 'સત' તરીકે કેમ જણાય છે ? આનો ઉત્તર કહે છે.)

सदिव मनस्त्रिवृत्त्वयि विभात्यसदामनुजात् सदभिमृशन्त्यशेषमिदमात्मतयात्मविदः ।
नहि विकृतिं त्यजन्ति कनकस्य तदात्मतया स्वकृतमनुप्रविष्टमिदमात्मतयाऽवसितम् ॥२६॥

હે પ્રભો ! ખરી રીતે મનના જ માત્ર વિલાસરૂપ આ સર્વ ત્રિગુણાત્મક જગત અસત્ છે, છતાં સત્, હોય તેવું ભાસે છે; કારણ કે અધિષ્ઠાનરૂપ આપ વિષે એમ ભાસે છે. આપ—અધિષ્ઠાનની સત્તાથી જ સત્ જેવું જણાય છે; તેમ જ પુરુષ—જીવ સુદ્ધાં આપથી જુદો હોય તેમ જણાય છે; તે પણ મનનો જ માત્ર વિલાસ છે. (આત્મવેત્તાઓને પણ આ જગત સત્ હોય તેવું જણાય છે, તો તે પછી અસત્ કેમ હોય ? આનો ઉત્તર કહે છે કે) આત્મવેત્તા પુરુષો ભોક્તા તથા ભોગ્યરૂપ એવા આ જગતને કેવળ આત્મારૂપે જ 'સત્' જાણે છે—આત્માનું જ કાર્ય હોઈ આત્માથી જુદું માનતા નથી. જેમ સોનાની ઈચ્છાવાળા પુરુષો સોનાના વિકાર—કુંડળ વગેરે ને તજી દેતા નથી; કારણ કે તે કુંડળો વગેરે પણ સોનું જ છે; માટે આત્માઓ પોતે રચેલું આ જગત અને તેમાં પેઠેલું પુરુષનું સ્વરૂપ (જીવ) એ સર્વ આત્મા છે, એમ આત્મવેત્તાઓએ નિશ્ચય કર્યો છે.

('सत्यं ज्ञानमनन्तं ब्रह्म - બ્રહ્મ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ને અનંત છે.' 'नेह नानास्ति किञ्चन - આ જગતમાં (બ્રહ્મ સિવાય) જુદું જુદું કંઈ છે જ નહિ. 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति - જે મનુષ્ય આ જગતમાં સર્વને બ્રહ્મથી જુદું જુએ છે, તે એક મૃત્યુ પછી બીજું મૃત્યુ એટલે જન્મમરણરૂપ સંસાર પામે છે,' વગેરે શ્રુતિઓ એવા સ્વરૂપવાળા ભગવાનને જણાવે છે, તેથી ભગવાનનું જ્ઞાન સહેલું જ છે; તો ભક્તિની શી જરૂર છે ? આનો ઉત્તર કહે છે :)

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया त उत पदाक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।
परिवयसे पशूनिव गिरा विबुधानपि तांस्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ॥२७॥

હે ભગવન્ ! જેઓ સર્વ પ્રાણીઓરૂપ રહેઠાણવાળા આપને જાણી આપની સેવાભક્તિ કરે છે, તેઓ મૃત્યુરૂપ આ સંસારનો તિરસ્કાર કરી મૃત્યુના મસ્તકને પગથી દબાવી દે છે—મૃત્યુરૂપ સંસાર તરી જઈ મોક્ષ પામે છે, પરંતુ જેઓ વિમુખ છે—આપની ભક્તિ કરતા નથી, તેઓને તો ભલે પછી તેઓ પંડિત હોય, તોપણ આપ વેદરૂપ વાણીથી પશુઓની પેઠે બાંધો છો. (અર્થાત્ ભક્તિ ન કરનારા વિદ્વાન હોય તો પણ સંસારને તરી શકતા નથી, કારણ કે જેઓ આપ વિષે પ્રેમભક્તિ કરે છે, તે જ પોતાને તથા બીજાઓને પવિત્ર કરે છે.

(સમગ્ર પ્રાણીઓ ભગવાનનાં રહેઠાણ છે એમ માની ભગવાનની તમે સેવા કરવાનું કહો છો, તો ભગવાનને પણ ઇન્દ્રિયોનો સંબંધ થવાથી તેમનામાં કર્તાપણું પ્રાપ્ત થાય છે. તમે કહેશો કે ખરી રીતે ભગવાનમાં કર્તાપણું કે ભોક્તાપણું છે જ નહિ, તો જીવોને પણ ભગવાનની સમાનતા પ્રાપ્ત થાય છે; તો કઈ વિશેષતાથી ઈશ્વરને સેવ્ય અને જીવોને સેવક કહો છો ? આનો ઉત્તર કહેતી શ્રુતિઓ સ્તુતિ કરે છે)

त्वमकरणः स्वराडखिलकारकशक्तिधरस्तव बलिमुद्वहन्ति समदन्त्यजयाऽनिमिषाः ।

वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो । विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः ॥२८॥

હે ભગવન્ ! આપ ઈંદ્રિયોના સંબંધથી રહિત છો, છતાં સર્વ પ્રાણીનોની ઈંદ્રિયશકિતઓના પ્રવર્તક છે કારણ કે આપ સ્વતઃપ્રકાશ સ્વતઃસિદ્ધ જ્ઞાનશકિતવાળા છો તથા આપને ઈન્દ્રિયોની કંઈ જરૂર નથી. આવા હેતુથી જ જેમ ચાકરો પોતાની સ્ત્રીઓ સાથે પોતાના સ્વામીની સેવા કરે છે, તેમ અવિદ્યાથી ઘેરાયેલા ઈન્દ્રાદિ દેવો અને તેઓના પણ પૂજ્ય બ્રહ્માદિ દેવો આપને બલિ આપે છે — પૂજે છે અને મનુષ્યોએ આપેલાં હવ્ય—કવ્ય આદિ બલિદાનો પોતે ખાય છે. જેમ ખંડિયા અથવા માંડલિક રાજા ને પોતે પોતાની પ્રજાઓ પાસેથી કરવેરા લઈ સમગ્ર ભૂમંડળના સ્વામી ચક્રવર્તી રાજાને ખંડણી ભરે છે, તેમ આપથી ભય પામેલા બ્રહ્માદિ દેવો કર્મમાં પોતે નિમાઈને તે કર્મ કરતા આપની પૂજા કરે છે—આજ્ઞા પાળે છે.

(એમ ઈન્દ્રિયપ્રવર્તક ઈશ્વરને ઈંદ્રિયપરતંત્ર જીવો ભજે છે, એમ કહ્યું, હવે સર્વ જીવો તે પરમેશ્વરથી ઉત્પન્ન થયેલા હોઈ એ પરમેશ્વરને આધીન છે; એ ભાવથી 'यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्माद्वात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति ॥

જેમ એકદમ અને અદ્વિતીય અગ્નિથી નાના તણખા નીકળે છે, તેમ આ પરમાત્માથી સર્વ પ્રાણો, લોકો, સર્વ દેવો, સર્વ ભૂતો અને સર્વ જીવો ઉત્પન્ન થાય છે' ઈત્યાદિ શ્રુતિઓ અહીં સ્તુતિ કરે છે.)

स्थिरचरजातयः स्युरजयोत्यनिमित्तयुजो विहर उदीक्षया यदि परस्यविमुक्त ततः ।
न हि परमस्य कश्चिदपरो न परश्च भवेद् वियत इवाऽपदस्य तव शून्यतुलां दघतः ॥२९॥

હે નિત્યમુકત પરમાત્મન્ ! માયાથી પર એટલે માયાના સંગથી રહિત એવા આપ કેવળ સહેજ નજર કરવારૂપે આપની તે માયા સાથે ક્રીડા કરો છો, ત્યારે સ્થાવરજંગમ જાતિથી યુકત શરીરવાળા જીવો ઉત્પન્ન થાય છે. (આપ કહો કે મારામાં લીન થયેલા જીવોનો જન્મ કેવી રીતે થાય છે ? તેનો ઉત્તર આ છે) કેવળ આપની નજર પડતાં જ ઉત્પન્ન થયેલાં કર્મો અથવા તે કર્મોવાળાં લિંગશરીરો સાથે તે જીવો સંબંધ પામે છે. (કર્મો કે કર્મોવાળાં લિંગશરીરોની ઉત્પત્તિની શી જરૂર છે ? કેવળ મારી ઈચ્છાથી જ તે જીવો ઉત્પન્ન થતા હશે એમ આપ નહિ કહી શકો; કારણ કે આપ વિષે વિષમતા તો છે જ નહિ, તેથી એવી વિષમ સૃષ્ટિનો સંબંધ કદી હોઈ શકે નહિ; એ કહે છે) આપ સર્વોત્કૃષ્ટ, પરમ દયાળુ છો; તેથી આકાશની પેઠે બધે સમાન ભાવે વર્તો છો; માટે આપને કોઈ પોતાનો કે પારકો છે જ નહિ. વળી આપ શૂન્યની પેઠે (અતિ સૂક્ષ્મ સ્વરૂપ) ધારણ કરો છો; કારણ કે આપ વાણી તથા મનના અવિષય છો.

(એમ પરમાત્માથી અવિદ્યાએ કરેલાં કાર્યરૂપ ઉપાધિવાળા અને તે પરમાત્માના જ અંશરૂપ જીવે ઉત્પન્ન થાય છે અને તેઓ સંસારને પામ્યા કરતા હોઈ આપનું ભજન કરે છે એમ કહ્યું; તેમાં જો એક જ અવિદ્યા માનીએ તો જીવનું પણ એકપણું થાય, તેથી એકની મુકિત થતાં સર્વ જીવોની મુકિત થવાનો પ્રસંગ આવે. અનેક અવિદ્યાઓ માનવાથી એક અવિદ્યાનો નાશ કર્યા છતાં બીજી અનેક અવિદ્યા રહી જવાથી જીવનો બંધ દૂર થશે નહિ, તેથી મોક્ષ પણ નહિ થાય; ઈત્યાદિ તર્કબળથી ખરી રીતે જીવ અનેક છે, એમ માનવું જ પડશે. બીજું, જીવ જો અણુરૂપ છે એમ માનીએ તો આખા શરીરના દરેક અણુમાં વ્યાપક ચૈતન્ય છે, એવો અનુભવ નહિ થાય અને જો જીવને નાના શરીરમાં નાનો અને મોટા શરીરમાં મોટો છે એમ શરીર જેવડો માનીએ; તો મધ્યમપરિમાણ અને અવયવવાળો થવાથી અનિત્ય થશે. આમ જીવને એક અણુપરિમાણ અથવા મધ્યમપરિમાણવાળા માનવાથી દોષ આવે છે. માટે જીવ અનેક,

સર્વવ્યાપી અને નિત્ય છે એમ કેટલાક વૈશેષિક નૈયાયિકો માને છે. પરંતુ વેદાંતસિદ્ધાંતમાં ઉપર જણાવેલો એક પણ દોષ આવતો નથી, કેમ કે (બિંબ–પ્રતિબિંબવાદની રીતે) અવિદ્યાભેદ અથવા અવિદ્યાના શકિતભેદ એટલે અંશભેદથી 'બુદ્ધ અને મુકત જીવની વ્યવસ્થા સંભવે છે. (જેમ અનેક ઘડાઓમાંથી એક ઘડો ફૂટી જાય, તેથી એક ઘટાકાશ મહાકાશરૂપ થયું પણ બધાં ઘટાકાશો મહાકાશરૂપ થતાં નથી) અને ઈશ્વરને તો કોઈ પણ અંશે સંસારની શંકા સંભવતી નથી, એમ પહેલાં કહેવાયું છે. સર્વ શ્રુતિઓમાં પણ આત્માની એકતા પ્રસિદ્ધ છે. વળી સર્વવ્યાપક અનેક જીવો માનતા મતને બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયનું સાતમું અંતર્યામી બ્રાહ્મણ પણ કબૂલ કરતું નથી, એ વાત અહીં કહે છે:

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि न शास्यतेति नियमो ध्रुव नेतरथा ।
अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ भवेत् सममनुजानतां यदमतं मतदुष्टतया ॥३०॥

હે અવિનાશી ભગવન્ ! ખરી રીતે જીવો અનંત, અવિનાશી, તે સ્વરૂપે જે નિત્ય અને સર્વવ્યાપી હોય તો તેઓમાં અને આપ માં સમાનપણું થતાં તે જીવોમાં શાસ્યપણું (એટલે નિયમમાં રહેવા યોગ્યપણું) ઘટે નહિ અને તેને લીધે આપથી તેઓનું નિયમન (એટલે નિયમમાં રાખવું) પણ થઈ શકે નહિ, માટે એમ ન માનીએ તો જ જીવમાં શાસ્યપણું અને આપમાં શાસકપણું ઘટે છે. તે આ રીતે, જે વસ્તુ ઉપાધિને લીધે જ પદાર્થના વિકારરૂપે ઉત્પન્ન થઈ હોય, તે પદાર્થ તે વસ્તુનો નિયામક હોય જ છે; કારણ કે તે (કાર્યરૂપ) વસ્તુમાં (કારણપણે) અનુસરાતો તે પદાર્થ કારણપણાથી તેને છોડે જ નહિ. 'જે'' અને 'તે' શબ્દોથી તમે શું જાણ્યું ? (આ પ્રશ્નનો ઉત્તર આવો છે કે, 'અમે જાણીએ છીએ' એમ કહેનારાઓને તે પરબ્રહ્મ લગભગ જણાયા જ નથી. (કારણ કે તે જ્ઞાનના વિષય નથી. વળી જાણેલી સર્વ વસ્તુ દોષથી દુષ્ટ જ હોય. (અર્થાત્ 'જે' અને 'તે' એ બે શબ્દોથી જ કહી શકાય એવી જે પરમાત્મરૂપ વસ્તુ છે તે અતર્ક્ય છે, સર્વ માં કારણપણે અનુસરે છે, બધે સમાનપણે રહેલી છે અને સર્વના નિયંતારૂપ છે.)

(જો પરમાત્માથી જીવો ઉત્પન્ન થાય છે અને પરમાત્માને નિયંતા તથા જીવોને નિયમ્ય કહો છો, તો જીવોને અનિત્યપણું પ્રાપ્ત થાય છે. એમ જીવનો નાશ માનવાથી કરેલાં શુભાશુભ કર્મોનાં ફળોનો નાશ થવારૂપ કૃતનાશદોષ અને નવા નવા જીવની ઉત્પત્તિ માનવાથી, પૂર્વજન્મોનાં શુભાશુભ કર્મ વિના સુખદુઃખની પ્રાપ્તિ થવારૂપ અકૃતાભ્યાગમદોષ પ્રાપ્ત થાય છે. વળી તેનો મોક્ષ એટલે સ્વરૂપની હાનિ જ સિદ્ધ થાય છે અને તે કંઈ યુકત નથી; કારણ કે સ્વપ્રકાશ અને આનંદસ્વરૂપ આત્માને અવિદ્યાએ કરેલો અનર્થ માત્ર દૂર થાય એ જ મોક્ષ છે, એમ સિદ્ધાંતરૂપે સ્વીકારેલ છે; આવી કોઈ શંકા કરે તો તેના સમાધાનમાં 'ઉપાધિના જન્મથી જ જીવોનો જન્મ કહેવાય છે, જીવનો પોતાનો જન્મ જ નથી.' એ આશય નીચેના શ્લોકમાં કહે છે. તેમાં પ્રથમ પ્રશ્ન છે કે, પ્રકૃતિની જીવરૂપે ઉત્પત્તિ થાય છે અથવા પુરુષની જીવરૂપે ઉત્પત્તિ થાય છે કે પ્રકૃતિ તથા પુરુષ–બંનેની જીવરૂપે ઉત્પત્તિ થાય છે ? જો પહેલો પક્ષ સ્વીકારશો તો જીવોને જડપણું પ્રાપ્ત થાય છે. (કેમ કે પ્રકૃતિ જડ છે.) બીજો પક્ષ સ્વીકારશે તો પુરુષોમાં વિકારીપણું પ્રાપ્ત થાય છે. (અને સિદ્ધાંત તો એ છે કે પુરુષ નિર્વિકાર છે.) અને તેથી જ ત્રીજો પક્ષ પણ ઘટતો નથી, એ કહે છે :

न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयोरुमययुजा भवन्त्यसुभृतो जलबुद्बुदवत् ।
त्वयि त इमे ततो विविघनामगुणैः परमे सरित इवार्णवे मघुनि लिल्युरशेषरसाः ॥३१॥

પ્રકૃતિ તથા પુરુષ બંને અજન્મા છે; માટે બંનેની (જીવરૂપે) ઉત્પત્તિ ઘટતી નથી; પણ તે બંને પ્રકૃતિનો તથા પુરુષનો યોગ એટલે પરસ્પર અધ્યાસ થાય છે; (આત્માનો સત્યસ્ફૂર્તિરૂપે પ્રકૃતિમાં એટલે અંતઃકરણ અને શરીરમાં સંસર્ગ અસાધ્ય છે અને પ્રકૃતિ આત્મામાં સ્વરૂપઅધ્યાસ છે. આ રીતે પરસ્પરનો અધ્યાસ થવાથી જીવ 'શરીર છું; કાણો છું, આંધળો છું, સુખી છું, દુઃખી છું, બ્રાહ્મણ છું,' વગેરે શરીર, ઈંદ્રિય અને મનનો પોતામાં આરોપ કરી પોતાને જન્મ લેનારો અને મરનારો માની લે છે. આ સ્વરૂપ અધ્યાસ છે તેમ જ આત્માના સત્ આનંદાદિ સ્વરૂપને પ્રકૃતિના ધર્મરૂપે માનવું, તે અબંધસાધ્યાસ છે.) તેથી જ પ્રાણાદિ ઉપાધિવાળા જીવો ઉત્પન્ન થાય છે. જેમ કેવળ જળથી અથવા વાયુથી પરપોટા ઉત્પન્ન થતા નથી, પણ જળ અને વાયુ બંનેના મળવાથી જ પરપોટા ઉત્પન્ન થાય છે. પરપોટાની ઉત્પત્તિમાં જેમ વાયુ નિમિત્તકારણ છે અને જળ ઉપાદાનકારણ છે, તેમ જીવોની ઉત્પત્તિમાં પણ પ્રકૃતિ નિમિત્ત કારણ અને પુરુષ ઉપાદાનકારણ છે. આ ઉપરથી પુરુષમાં વિકારીપણું પ્રાપ્ત થાય છે એમ ન કહેવું; કારણ કે પરિણામ અમે સ્વીકારતા નથી. કેટલાક વિદ્વાનો પરિણામ સ્વીકારી પુરુષમાં વિકારીપણું આવવાના ભયથી નિમિત્તકારણ અને ઉપાદાનકારણને વિપરીત સ્વીકારે છે. ગમે તેમ માનો પણ પુરુષ તથા પ્રકૃતિ એ બંનેની એકતાથી જ જીવોની ઉત્પત્તિ થાય છે એ વાત સિદ્ધ જ છે. આ રીતે 'एकमेवाद्वितीयं ब्रह्म' 'अजामेकाम्' 'अविनाशी वाऽरेऽयमात्मा' ઈત્યાદિ શ્રુતિઓના બળથી જીવોની ઉત્પત્તિ કેવળ ઔપાધિકી જ માનેલી છે, પણ સત્ય નથી એમ અહીં કહ્યું છે. ઉપાધિનો લય થતાં ફરી જીવોનો પરમાત્મામાં લય થાય છે, એમ પણ શ્રુતિઓમાં કહેલું છે, તેથી પણ જીવોનો જન્મ સત્ય નથી, એ હવે કહે છે— એમ જીવોનો ખરી રીતે જન્મ નથી, તેથી જ જીવો સુષુપ્તિ અને પ્રલય વેળા અનેક પ્રકારની કાર્યોપાધિ સાથે ફરી સર્વના કારણ આપ વિષે લય પામે છે. જેમ મધમાં ઘણાં પુષ્પોના રસ ભળી જાય છે એટલે તે રસો વિશેષ સ્વરૂપે જણાતા નથી તો પણ સામાન્યપણે જણાય છે, તેમ સુષુપ્તિ વગેરેમાં માત્ર વિશેષનો જ લય થતો હોવાથી કારણ (અજ્ઞાન) તો રહે છે, તેથી (તે જીવો) સામાન્યરૂપે રહે છે, પણ મુક્તિ અવસ્થામાં તો કારણનો પણ લય થઈ જાય છે, તેથી નદીઓ જેમ સમુદ્રમાં લય પામે છે, તેમ જીવો પરમ નિરુપાધિ આપમાં લય પામે છે — નામરૂપથી પણ અત્યંત રહિત થાય છે.

(એમ પરમેશ્વરથી જીવો ઉત્પન્ન થાય છે; અને પરમેશ્વરને વશ રહી, કર્મો કરતા ફરી તે પરમેશ્વરમાં લય પામે છે. આમ સંસારચક્રમાં પરિભ્રમણ દર્શાવ્યું. હવે એ સંસારભ્રમણ દૂર કરવા 'परित्य भूतानि परीत्य लोकान् परीत्य सर्वाः प्रदिशो दिशश्च । उपस्थाय प्रथमजामृतस्यात्मनात्मनाभिसंविवेश ॥' સર્વ પ્રાણીઓમાં આત્મા એક જ છે એમ જાણીને, સ્વર્ગાદિ લોકો કર્મથી મળતા હોઈ અનિત્ય છે, એમ માની વેદવાણીનું સેવન કરી મુમુક્ષુ પુરુષ મનથી પરમેશ્વરના સ્વરૂપમાં લીન થયો' ઈત્યાદિ શુતિઓ ભગવાનનું ભજન કહેતી સ્તુતિ કરે છે :)

नृषु तव मावया भ्रमगमीष्वगत्य भृशं त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।
कथमनुवर्ततां भवभयं तव यद् भ्रूकुटिः सृजति मुहुस्त्रिणेभिरभवच्छरणेषु भयम् ॥३२॥

આ જીવોમાં આપની માયાને લીધે વારંવાર ઉત્પત્તિવાળું પરિભ્રમણ થાય છે, એમ જાણી ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો સંસારનો અત્યંત નાશ કરનારા આપ વિષે ભાવ ધારણ કરે છે—આપનું ભજન કરે છે; કારણ કે આપનું ભજન કરનારા પુરુષોને સંસારનો ભય કેમ હોય ? ન જ હોય. વળી શિયાળો, ઉનાળો

અને ચોમાસું એ ત્રણ વિભાગોવાળા આપની ભ્રૂકુટિના વિલાસરૂપી કાળ આપના શરણ વિનાના પુરુષને જ ભય પમાડે છે. માટે જ ભકતો આપનું ભજન કરે છે.)

(પૂર્વોકત ભગવાન પ્રત્યેનો ભાવ મનનો સંયમ થાય તો જ થઈ શકે અને તે સંયમ ગુરુને શરણે જવાથી થઈ શકે છે; માટે 'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् – બ્રહ્મજ્ઞાન મેળવવા મુમુક્ષુઓ હાથમાં સમિધો લઈ બ્રહ્મનિષ્ઠ ક્ષોત્રિય પાસે જવું જોઈએ, કારણ કે आचार्यवान् पुरुषो वेद – ગુરુને સ્વીકારનારો પુરુષ બ્રહ્મ જાણી શકે છે; પણ 'नैषा तर्केण मतिरपनेया प्रोक्ताऽन्येनैव सुज्ञानाय प्रेष्ठ – હે પ્રિયતમ નચિકેતા ! આ વેદાંતશાસ્ત્રથી પ્રાપ્ત થનારું આત્મજ્ઞાન કેવળ તર્કોથી મળતું નથી. તેને તો કોઈ નિપુણ આચાર્ય સમજાવે તો જ તેનો સાક્ષાત્કાર થઈ શકે છે' વગેરે શ્રુતિઓ ગુરુનું શરણ લેવા કહે છે)

विजितहृषीकवायुभिरदान्तमनस्तुरगं य इह यतन्ति यन्तुमतिलोलमुपापखिदः ।
व्यसनशतान्विताः समवहाय गुरोश्चरणं वणिज इवाज सन्त्यकृतकर्णधरा जलधौ ॥३३॥

હે અજન્મા દેવ ! ઈંદ્રિયો અને પ્રાણવાયુ એ બંનેને જેઓએ જીત્યાં હોય એવા યોગીઓએ પણ વશ ન કરેલા મનરૂપી અતિ ચપળ ઘોડાને જેઓ ગુરુના ચરણનો આશ્રય નહિ કરી, વશ કરવા પ્રયત્ન કરે છે, તેઓ પોતે કરેલા ઉપાયોમાં કલેશ પામે છે—વ્યર્થ પરિશ્રમ કરી કંટાળે છે અને ખલાસીઓનો આશ્રય નહિ કરનારા વેપારીઓ જેમ સમુદ્રમાં સેંકડો સંકટોમાં સપડાય છે, તેમ આ સંસારસમુદ્રમાં દુઃખ પામે છે (અર્થાત્ ગુરુએ દર્શાવ્યા પ્રમાણે ભગવાનના ભજનનું સુખ અનુભવતાં પોતાની મેળે જ મન નિશ્ચળ થાય છે, પણ ગુરુનો આશ્રય કર્યા વિના મન વશ કરી શકાતું નથી.)

હવે 'परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात् नास्त्यकृत कृतेन । સ્વર્ગાદિ લોકોને કર્મોથી મેળવાતા જોઈ અનિત્ય જાણી, બ્રહ્મનિષ્ઠ પુરુષે વૈરાગ્ય પામવું; તે કારણ કે નિત્ય—સ્વતઃસિદ્ધ મોક્ષ નાશવંત—કૃત્રિમ કર્મો વડે કદી મળતો નથી.' તેમ જ

'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः । अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्रुते ॥

જ્યારે મુમુક્ષુઓના હૃદયમાં વાસનારૂપે રહેલા વિષયો છૂટી જાય છે ત્યારે તે અજરામર થાય છે અને અહીં જ બ્રહ્માનંદને પામે છે —ઈત્યાદિ શ્રુતિઓ અહીં વૈરાગ્ય ઉપર ભાર દે છે)

स्वजनसुतात्मदारधनधामधरासुरथैस्त्वयि सति किं नृणां श्रयत आत्मनि सर्वरसे ।
इति सदजानतां मिथुनतो रतये चरतां सुखयति को न्विह स्वविहते स्वनिरस्तभगे ॥३४॥

હે ભગવન્ ! સર્વ સુખો જેમાં સમાયેલાં છે એવા પરમ આનંદસ્વરૂપ આપને સેવતા પુરુષને જો આત્મવસ્તુનો લાભ થયો છે તો પોતાનાં સગાંસંબંધી, પુત્રો, શરીર, સ્ત્રી, ધન, ઘર, પૃથ્વી, પ્રાણ અથવા રથ વગેરે મનુષ્યોનાં તુચ્છ સાધનોની શી જરૂર છે ? કંઈ જ નહિ. આ સત્ય વસ્તુ નહિ જાણતા અને તેથી જ સ્ત્રી સાથે રહીને માયિક સુખ માટે પ્રવૃત્તિ કરતા પુરુષોને સ્વતઃ જ નાશવંત અને નિઃસાર આ સંસારમાંથી સગાંસંબંધીઓ વગેરેમાંથી ક્યો પદાર્થ સુખકારક છે ? કોઈ નહિ. (માટે આપનું ભજન કરવું એ જ યોગ્ય છે.)

(એમ ગુરુના ઉપદેશથી આત્મતત્વ જાણી સારાસાર—વિવેક દ્વારા સર્વ વસ્તુ ઉપરથી વૈરાગ્ય પામી, એ આત્મતત્વને જ મોટા પુરુષોના સંગથી અને યુકિતઓથી સારી પેઠે સાચવી રાખવા મુનિઓ તીર્થક્ષેત્રમાં ફરે છે, એ અભિપ્રાય જણાવતી 'श्रोतव्यो मन्तव्यः ઈત્યાદિ શ્રુતિઓ અહીં ઉપદેશ કરે છે)

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदास्त उत भवत्पदाम्बुजहृदोऽघभिदङ्घ्रिजलाः ।
दधति सकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे न पुनरुपासते पुरुषसारहरावसथान् ॥३५॥

હે પરમાત્મન્ ! આપનું ચરણકમળ જેઓના હૃદયમાં બિરાજે છે અને જેમના ચરણનું જળ સર્વ મનુષ્યોનાં પાપોનો નાશ કરનારું હોય છે, એવા મોટા ઋષિઓ પણ અહંકારથી રહિત થઈ અનેક પવિત્ર તીર્થો તથા પવિત્ર ક્ષેત્રોનું સેવન કરે છે; પણ પુરુષોનાં વિવેક સ્થૈર્ય, ધૈર્ય, ક્ષમા તેમ જ શાંતિ વગેરે સારને હરી લેતા ઘરનું સેવન કરતા નથી. (કારણ કે તેઓને ઘરનાં નિંદ્ય સુખની જરૂર જ નથી.) હે ભગવન્! જેઓ આત્મારૂપ અને નિત્ય સુખસ્વરૂપ આપ વિષે એકવાર પણ મન સ્થાપે છે, તેઓ પણ ઘર વગેરેમાં જો આસકત થતા નથી, તો એવા મહર્ષિઓ ઘર વગેરેમાં આસકત કેમ જ થાય ?

જૈમિનિએ વેદને કર્મપરાયણ જ કહેલા છે, તેથી ઉપનિષદોને પણ કર્મપરાયણ કહેવાં એ યોગ્ય છે, અર્થાત્ ઉપનિષદો યજ્ઞાદિ કર્મ કરતા યજમાનની સ્તુતિ કરનારાં વેદવાક્યો છે, એમ કહી ઉપનિષદોને પણ કર્મપ્રતિપાદક જ ઠરાવવાં જોઈએ. આ જ અભિપ્રાયથી મીમાંસાસૂત્રના તંત્રવાર્તિકકાર લખે છે : 'एतेन क्रत्वर्थककर्तृप्रतिपादनेनोपनिषदां नैराकाङ्क्ष्यं व्याख्यातम् । યજ્ઞરૂપ અર્થને કર્તા યજમાનનું જ પ્રતિપાદન કરનારાં ઉપનિષદ વાક્યો છે, તેથી ઉપનિષદોની પણ સાર્થકતા છે' આમ મીમાંસકો સર્વ વેદને કર્મપરાયણ જ માને છે તેનું કેમ ? આનો ઉત્તર આ છે કે મીમાંસકોનું તે કહેવું યોગ્ય નથી; કારણ કે, 'एकमेवाद्वितीयं ब्रह्म ।' 'विज्ञानमानन्दं ब्रह्म ।' 'अचक्षुरश्रोत्रम् ।' બ્રહ્મ એક જ છે, અદ્વિતીય છે, વિજ્ઞાનસ્વરૂપ છે, આનંદમય છે, ચક્ષુરહિત છે અને શ્રોત્ર (કાન) થી રહિત છે;' ઇત્યાદિ ઉપનિષદવાક્યો યજમાનથી વિપરીત સ્વરૂપવાળી આત્મવસ્તુનું પ્રતિપાદન કરે છે. અદ્વિતીય અને પરમ આનંદરૂપ જે વસ્તુ અહીં વર્ણવાય છે, તે કદી કર્મના અંગ તરીકે ઘટી શકે જ નહિ. વાર્તિકકાર કુમારિલ ભટ્ટ પણ ઉપર કહેલાં વચનોને યજમાનના અંગરૂપે સ્વીકારતા નથી. તેઓ કહે છે કે, 'सर्वत्रैव हि विज्ञानं संस्कारत्वेन गम्यते । पराङ्गं चात्मविज्ञानादन्यत्रेत्यवधार्यताम् – આખાય વેદમાં તે તે વાક્યોથી થનારું જ્ઞાન સંસ્કારરૂપ છે અને (તે સંસ્કારવાળા) યાગાદિનું અંગ છે, પણ આ વસ્તુ આત્મજ્ઞાન વિના બીજા પરત્વે સમજવાની છે; અર્થાત્ ઉપનિષદોથી થનારું આત્મજ્ઞાન તે સંસ્કારરૂપ નથી.' એ આત્મજ્ઞાન માટે જ મુનિઓ તીર્થક્ષેત્રોમાં ફરે છે, એમ પહેલાં કહેવાયું છે. વળી જો દ્વૈત સત્ય હોય તો ઉપનિષદો યજમાનની સ્તુતિ કરે છે, એમ કહી શકાય, પરંતુ દ્વૈતનું સત્યપણું તો સંભવતું જ નથી. એમ પ્રશ્ન તથા ઉત્તર કરી મનનથી જ તત્વવસ્તુનો નિશ્ચય કરવા કહે છેઃ

सत इदमुत्थितं सदिति चेन्ननु तर्कहतं व्यभिचरति क्व च मृषा न तथोभययुक् ।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरम्परया भ्रमयति भारती त उरुवृत्तिभिरुक्थजडान् ॥३६॥

(મીમાંસકો આવું અનુમાન કરી કદાચ કહે કે) આ જગત સત્ય હોવું જોઈએ, કારણ કે તે સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયું છે. જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય તે વસ્તુ તે રૂપ જ હોય. જેમ સોનાથી ઉત્પન્ન થયેલાં કુંડળ વગેરે તેનું જ છે તેમ આનો ઉત્તર આ છે કે, તમે કહેલા અનુમાનથી તમે સત્યરૂપે બ્રહ્મથી જગતનો જે અભેદ સિદ્ધ કરવા ઈચ્છો તો તે સિદ્ધ થઈ શકતો નથી, કારણ કે પૂર્વોકત અનુમાનમાં જે હેતુ તમે આપ્યો છે, તે અપાદાનરૂપ હોવાથી 'સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયું છે માટે' એમ કહેતાં જ બ્રહ્મનો અપાદાનકારકરૂપે નિર્દેશ થાય છે. તેથી જગતમાંની સત વિરોધી ભેદની પ્રતીતિમાં અભેદની પ્રતીતિ થઈ શકે નહિ. એ રીતે તમે હેતુ કહ્યો તે વિરુદ્ધ હોવાથી (એ દુષ્ટ હેતુથી) જગત અને સત્ નો અભેદ સિદ્ધ

કરી શકાય નહિ. માટે તમે કરેલું અનુમાન તર્ક એટલે વિચાર કરવાથી બાધિત થાય છે. (કદાચ તમે કહેશો કે, 'સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયેલું છે,' એમ કહી અમે અભેદ સિદ્ધ કરતા નથી, પણ સોનાથી ઉત્પન્ન થયેલાં કુંડળ વગેરેનો જેમ સોનાથી ભેદ નથી, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલા જગતનો બ્રહ્મથી ભેદ નથી. એમ ભેદનો નિષેધ કરીએ છીએ અને આ રીતે બ્રહ્મનો તથા જગતનો અભેદ જ થાય છે. આના ઉત્તર માં કહેવાનું કે જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય તે વસ્તુ તે રૂપ જ હોય, એમ બધે નિયમ દેખાતો નથી.) કોઈ સ્થળે 'જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થઈ હોય તે તે રૂપ જ હોય,' એ નિયમનો વ્યભિચાર પણ દેખાય છે, જેમ કે ક્ષત્રિય પિતા દેવદત્તથી બ્રાહ્મણી સ્ત્રીમાં ઉત્પન થયેલ પુત્ર ક્ષત્રિયને બદલે સૂતજાતિનો ગણાવાથી સમાન જાતિવાળો દેખાતો નથી; તેમ જ ધોકાથી ઘડાનો નાશ થાય છે, તે નાશ અભાવરૂપ (પ્રધ્વસાભાવરૂપ) હોવાથી ધોકા જેવો એટલે ભાવરૂપ ગણાતો નથી. કદાચ, તમે (પૂર્વપક્ષી) કહેશો કે આ તો તમે (સિદ્ધાંતીઓ) નિમિત્તકારણની વાત કરી અમે તો સત્ય—બ્રહ્મથી જગતનું ઉત્પન્ન થવાપણું કહીએ છીએ તેમાં બ્રહ્મને ઉપાદાનકારણ માનીએ છીએ, નિમિત્તકારણ માનતા નથી; એટલે પછી તમે (સિદ્ધાંતીએ) કહેલાં અનૈકાંતિકરૂપ હેત્વાભાસ હોવા છતાં (સાધ્યના અભાવરૂપ વ્યભિચાર) દોષ આવતો નથી (આના ઉત્તરમાં કહેવાનું કે, કોઈ સ્થળે ' ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલી વસ્તુ ઉપાદાનકારણરૂપ જ હોય' એમ પણ ચોક્કસ દેખાતું નથી જેમ દોરીમાં ભ્રાંતિથી સર્પ જણાય છે, ત્યારે દોરી સર્પનું ઉપાદાનકારણ જ છે, છતાં તે દોરીથી સર્પ જુદો જે છે; દોરી સત્ય છે, સર્પ મિથ્યા છે, (જો સર્પ સત્ય હોય) તો જેમ કુંડળ વગેરે સોનાના કાર્યોનો બાધ થતો નથી, તેમ દોરીમાં જણાયેલા સર્પને પણ ભ્રાંતિ દૂર થતાં બાધ થવો ન જોઈએ, પણ (ભ્રાંતિ દૂર થતાં) બાધ તો થાય જ છે; માટે ફરી પણ પૂર્વ પક્ષના મતમાં અને દર્શાવેલો અનૈકાંતિક દોષ ઊભો જ છે. કદાચ તમે (પૂર્વપક્ષી) કહેશો કે દોરીમાં સર્પ દેખાય છે તેમાં કેવળ એકલી દોરી જ સર્પનું ઉપાદાનકારણ નથી, પણ અંધારાને લીધે દોરીનું જે અજ્ઞાન છે તે અને દોરી એ બંને સર્પનું ઉપાદાનકારણ છે અને તેવું અજ્ઞાનયુક્ત ઉપાદાનકારણ હોય ત્યાં તે કાર્ય મિથ્યારૂપ હોય છે. માટે સર્પનું મિથ્યાપણું એ યોગ્ય જ છે; પણ જગતરૂપ કાર્ય તે સત્ય બ્રહ્મરૂપ એકલા જ ઉપાદનકારણથી ઉત્પન્ન થયું છે, તેથી જગત સત્ય કેમ ન હોય ? (આના ઉત્તરમાં કહેવાનું કે) જગત પણ સત્ય-બ્રહ્મ અને અવિદ્યા (અજ્ઞાન) એ બંનેથી જ એટલે અવિદ્યાયુકત બ્રહ્મરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયું છે. માટે તે (દોરીમાં ભ્રાંતિથી દેખાયેલા સર્પની પેઠે) સત્ય જ નથી, પણ ખરી રીતે અસત્ય જ છે (કદાચ તમે કહેશો કે જગતને સત્યસ્વરૂપ ઠરાવવામાં અમારો પૂર્વોકત હેતુ એ રીતે અસિદ્ધ ઠરે છે, તો અમે પૂર્વપક્ષી બીજા હેતુથી જગતનું સત્યપણું સિદ્ધ કરીશું. જેમ કે 'આ જગત સત્ય છે; કારણ કે તેથી હરકોઈ કાર્યનો નિર્વાહ થઈ શકે છે. જે વસ્તુ સત્ય હોતી નથી, તેથી કાર્યનિર્વાહ થઈ શકે નહિ. જેમ છીપમાં જણાયેલા રૂપાથી કંઈ કાર્યવ્યવહાર થઈ શકતો નથી.' આના ઉત્તરમાં કહેવાનું કે) વ્યવહાર માટે કાર્યનિર્વાહ સારુ (જગતરૂપી) ભ્રમ (અમને) પણ ઈષ્ટ જ છે; કારણ કે કેટલીક વખત ખોટા રૂપિયાથી લેવડદેવડ, સ્વપ્નમાં સ્ત્રીસમાગમથી સુખ, સ્વપ્નમાં સર્પદર્શનથી ભય, ઝેર ખાવાની શંકાથી મરણ ઈત્યાદિ વ્યવહારસિદ્ધિ પણ દેખાય છે. માટે એવો પણ કંઈ નિયમ નથી કે અસત્યથી કાર્યનિર્વાહ ન જ થઈ શકે, માટે આ જગત ભ્રાંતિરૂપે અસત્ય જ છે છતાં તેનાથી કાર્યનિર્વાહ થતો દેખાય છે. (તમે પૂર્વપક્ષી) કદાચ કહેશે કે જે વસ્તુ એક સ્થળે સત્ય હોય તેને બીજે સ્થળે જે આરોપ કરાય તેનું નામ ભ્રમ કહેવાય છે. જેમ કોઈ સ્થળે સત્ય રૂપું આપણે જોયું છે, તેથી જ છીપમાં રૂપાનો ભ્રમ થાય છે પણ તમે

(સિદ્ધાંતી) તે જગતને અસત્યસ્વરૂપે જ માનો છો; કોઈપણ સ્થળે જગતને સાચું જોયું જ નથી, તો બ્રહ્મમાં જ જગત ભ્રમરૂપ ભાસે છે, એમ તમે (સિદ્ધાંતી) કેમ કહી શકશો ? માટે તમારે (સિદ્ધાંતીએ) પણ કોઈ ઠેકાણે જગતને સત્ય માનવું પડશે અને સત્ય કહેશો તો તમારી અદ્વૈતસિદ્ધિ થતી નથી, અર્થાત્ જેમ આકાશનું પુષ્પ અત્યંત અસત્ છે, તો તેને બીજામાં આરોપ થતો નથી, તેમ જગત જો અસત્ છે, તો તેને બ્રહ્મમાં આરોપ થઈ શકે નહિ; કારણે કે જેનો ગુણ હોવાનું જ્ઞાન હોય, તેનો જ આરોપ સમાન ગુણવાળામાં થાય છે; જેમ કે ચાંદીના ચકચકિતપણાનું જેને જ્ઞાન હોય તેને જ સૂર્યના તાપમાં પડેલા છીપના કટકામાં ચકચકાટી જોઈ ચાંદીનો ભ્રમ થાય છે. આવી રીતે ભ્રમ થવામાં જોનાર વિષે ચાંદીના સંસ્કાર, વિષયદોષ (ચાંદી અને છીપ બન્નેમાં સમાન ચકચકાટીપણું), કરણદોષ (સૂર્યના પ્રખર તાપને લીધે નેત્રેન્દ્રિયથી છીપનું જ્ઞાન ન થવું.) નેત્ર અને છીપનો સંબંધ વગેરે સામગ્રી છે આવી સામગ્રી જગતના ભ્રમમાં ન હોવાથી જગતનો બ્રહ્મમાં આરોપ થઈ શકે નહિ, તોપણ તમે (સિદ્ધાંતી) જગતને બ્રહ્મમાં આરોપિત માનો છો; પણ એ તર્કરૂપ કસોટીથી કસવા જતાં સિદ્ધ થતું નથી, માટે તમારે (સિદ્ધાંતીએ) પણ જગતને સત્ય માનવું પડશે અને તેથી તમે કહેલી આ અદ્વૈતસિદ્ધિ થશે નહિ. આવા પૂર્વપક્ષીના આક્ષેપનો ઉત્તર કહે છે, કે, જગતરૂપ ભ્રમનું જે ભાન થાય છે, તે અંધપરંપરાએ થાય છે. અર્થાત્ ભ્રમસંસ્કારથી ઉત્પન્ન થાય છે, તે અને સંસ્કારની સિદ્ધિ માટે માત્ર પૂર્વના ભાનની જ જરૂર રહે છે. વસ્તુની સત્યતાની જરૂર નથી. જેમ કોઈ પુરુષે સાચું ખારેકડીનું ઝાડ જોયું ન હોય અને બાજીગરે બનાવેલું ખોટું ખારેકડીનું ઝાડ દીઠું હોય, તે પુરુષને ખજૂરીના ઝાડમાં ખારેકડીનો ભ્રમ થાય છે, માટે સંસારરૂપ વસ્તુની સત્યતા ન હોવા છતાં સંસારનું ભાન થતું હોવાથી, બ્રહ્મ વિષે ભ્રમનો વ્યતિરેક (અભાવ) દેખાતો નથી; પણ બ્રહ્મમાં સંસાર ભ્રમ ભાસે છે. (જો કે બ્રહ્મ ઇંદ્રિયોનો અવિષય છે તોપણ તે સ્વયંપ્રકાશ હોવાથી તેમાં સ્ફુરણાપણું ભાસે છે, તેથી આરોપિત અધિષ્ઠાનપણું બની શકે છે. જેમ ઈંદ્રિયના વિષય સાક્ષીભાસ્ય આકાશમાં 'આસમાની રંગવાળું આકાશ' એ આરોપ થતો દેખાય છે; તેમ બ્રહ્મરૂપ અધિષ્ઠાન અને આરોપિત જગત બંનેના એકત્ર જ્ઞાનમાં સ્ફુરણ થવું, એ જ આરોપમાં હેતુ છે. આરોપમાં અધિજ્ઞાનનું ઇંદ્રિયગૌણપણું હોવું જ જોઈએ; અથવા આરોપીના સત્યપણાનું જ્ઞાન હોવું જ જોઈએ એ નિયમ નથી.) આ ઉપરથી ભ્રમ અનાદિ હરે છે અને પૂર્વે પૂર્વે જોયેલા ભ્રમનો ઉત્તરોત્તર આરોપ થયા જ કરશે તેમ જ અંધપરંપરા ન્યાયથી વ્યવહાર સિદ્ધિ થશે; માટે હેતુ અપયોજક છે. (વ્યવહારની સિદ્ધિ થતી હોવા છતાં અનુકૂળ તર્કના પ્રભાવથી સંસારના સત્યપણાની સિદ્ધિ થતી નથી, એટલે હેતુથી સાધ્ય નિશ્ચયરૂપ પ્રયોજન સિદ્ધ થતું નથી.) દ્વૈત સિદ્ધ ન થતાં અદ્વૈત જ સિદ્ધ થશે. કદાચ મીમાંસકો શંકા કરે કે, 'अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति । ચાતુર્માસ્ય યાગ કરનારને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે. 'अपाम सोमममृता अभूम (अथर्वशिरस उ० ३) અમે સોમરસ પીધો ને અમર થયા અર્થાત્ અનંત કાળ માટે અમે સ્વર્ગના સુખ ભોગવનારા બન્યા ઈત્યાદિ વેદવાક્યો કર્મફળને નિત્ય સિદ્ધ કરે છે માટે દ્વૈતનું સત્યપણું નથી ઘટતું. જે વસ્તુ નિત્ય હોય તે કદી અસત્ય હોઈ શકે નહિ. માટે વેદે સિદ્ધ કરેલું હોવાથી દ્વૈત સત્ય જ છે. (આનું સમાધાન આવું છે :) હે ભગવન્ ! વેદવાણી કર્મ ઉપરની શ્રદ્ધાના ભારથી દબાઈ ગયેલી મંદ બુદ્ધિવાળા પુરુષોને ગૌણીલક્ષણા આદિ અનેક વૃત્તિઓથી ભમાવે છે— મોહ ઉપજાવે છે. અર્થાત્ વેદ કર્મોનાં ફળને નિત્ય કહેતો નથી, પણ લક્ષણાથી તેની માત્ર પ્રશંસા જ કરે છે, કારણ કે તે તે અર્થવાદવાક્યો વિધિવાક્યોનાં જ પેટાવાક્યો છે, એમ ભગવાન જૈમિનિએ પણ

'विधिना त्वेकवाक्यत्वात् स्तुत्यर्थेन विधीनां स्युः' (पू.मी.सू.१-२-७) આ સૂત્રથી સિદ્ધ કરેલ છે. જો એમ ન માનીએ તો વેદવાકયોના તાત્પર્યમાં પરસ્પર ભેદ પડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને 'तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते' જેમ આ લોકમાં કર્મથી મેળવેલાં ધાન્ય વગેરે નાશવંત છે, તેમ પુણ્યથી મેળવેલો પરલોક (સ્વર્ગાદિ) પણ નાશવંત જ છે. આવું પારમાર્થિક સત્ય કહેનારી શ્રુતિઓની સાથે અર્થવાદ કહેનારી શ્રુતિઓને મુખ્ય (સત્ય કહેનારી) માનીએ તો વિરોધ થશે. માટે કર્મજડ પુરુષોની આ કેવળ ભ્રાંતિ જ છે કે વેદો તેઓની દૃષ્ટિએ કર્મને જ સિદ્ધ કરે છે અને આ જ રીતે 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । 'તે આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું' ઇત્યાદિ વેદવાકયોનું તાત્પર્ય સૃષ્ટિની ઉત્પત્તિને સત્ય કહેવા માટે નથી. પરંતુ બીજી રીતે (અદ્વૈત સિદ્ધ કરવા માટે) જ છે.

(એ પ્રમાણે જગત સત્ય છે એમ માનવામાં કોઈ પ્રમાણ નથી એમ કહ્યું. હવે 'જગત અસત્ય જ છે, એમ કહેવામાં સૃષ્ટિ અને પ્રલયને સૂચવતી 'यतो वा इमानि भूतानि जायन्ते – જેના વડે આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેમાં રહ્યાં છે અને અંતે જેમાં લય પામે છે, તે બ્રહ્મ છે, 'ઇત્યાદિ શ્રુતિઓ અને તે શ્રુતિઓ જેનું મૂળ છે, એવું અનુમાન પ્રમાણ કહે છે :)

न यदिदमग्र आस न भविष्यदतो निघनादनुमितमन्तरा त्वयि विभाति मृषैकरसे ।
अत उपमीयते द्रविणजातिविकल्पपथैर्वितथमनोविलासमृतमित्यवयन्त्यबुघाः ॥३७॥

જે કારણે આ જગત સુષ્ટિથી પહેલાં ન હતું, અને પ્રલય પછી નહિ હોય : તે કારણથી વસ્ત્રો પણ કેવળ એકરસરૂપ આપ વિશે મિથ્યાસ્વરૂપ જ ભાસે છે; આવો નિશ્ચય કર્યો છે તેથી માટી, સોનું વગેરે જુદાં જુદાં દ્રવ્યોના ઘડા, કુંડળ વગેરે કાર્યરૂપ ઉદાહરણ આપીને (ઉપમાન પ્રમાણથી) કારણકાર્યની સમાનતા જણાવીને શ્રુતિને સંસારના મિથ્યાપણાની સમાનતા જણાવે છે. અર્થાત્ જેમ ઘડો વગેરે કાર્યોના આકારો માત્ર નામરૂપ જ છે, તેથી તેનાં મૂળ કારણ માટી વગેરે જ કેવળ સત્ય છે, તેમ આ આ જગતમાં પણ આકાશાદિકાર્યો માત્ર નામરૂપ જ છે; તેઓનું કારણ કેવળ બ્રહ્મ જ સત્ય છે. શ્રુતિ પણ કહે છે : 'यथा सोम्यैकेन मृत्पिंडेन सर्व मृन्मयं विज्ञातं भवति ।' હે સૌમ્ય ! જેમ એક કારણરૂપ માટીને પિંડો જાણવાથી તેનાં કાર્ય ઘડા, શરાવડા વગેરે બધાં માટીમય જાણી શકાય છે, તેમ કેવળ એક બ્રહ્મનું જ્ઞાન થતાં સર્વ વસ્તુ બ્રહ્મમય જાણી શકાય છે; તેમ જ 'वाचारम्मणं विकारो नामघेयं मृत्तिकेत्येव सत्यम् – ઘડા વગેરે વિકાર કેવળ નામના જ છે, તેથી વાણી વડે કેવળ તેનો માત્ર વ્યવહાર જ કરાય છે; પરંતુ તે સત્ય નથી તો માટી જ સત્ય જ છે. તેમ વિકારરૂપ આ જગત કેવળ નામ માત્ર હોઈ મિથ્યા જ છે; બ્રહ્મ જ કેવળ સત્ય છે.' વળી यथा एकेन लोहमणिना सर्व लोहमयं विज्ञातं स्यात् – જેમ એક સોનાની લગડી જાણતાં તેના સર્વ વિકારો સોનાના જાણી શકાય છે.' અથવા 'यथा एकेन नखनिकृन्तनेन सर्व कार्ष्णायसम् – જેમ એક નખ કાપનારું લોઢું જાણતાં તેના સર્વ વિકાર છરી, ચપ્પું વગેરે લોઢું જ જણાય છે, તેમ કેવળ એક બ્રહ્મનું જ્ઞાન થતાં સર્વ કાંઈ બ્રહ્મ જ જણાય છે. ' માટે આ જગતની સત્યતામાં કોઈ પ્રમાણ મળતાં નથી અને અસત્યતામાં તો પ્રમાણો મળે છે, છતાં જેઓ કેવળ અસત્ય અને મનના વિલાસરૂપ આ જગતને સત્ય માને છે. તેઓ મૂર્ખ છે (અહીં જગતની અસત્યતામાં આવું અનુમાન, પણ પ્રમાણ છે : ' જગત અસત્ય છે; કારણ કે તે આદિ તથા અંતમાં હોતું નથી, વિકારી છે અને દૃશ્ય છે. જે વસ્તુ આદિ ને અંતમાં ન હોય, વિકારી હોય અને દૃશ્ય હોય તે અસત્ય જ હોય, છે, જેમ છીપમાં જણાયેલું રૂપું આદિ કે અંતમાં નથી, વિકારી છે અને દૃશ્ય છે, તેથી અસત્ય છે. આ અન્વયી અનુમાન છે, તે જ પ્રમાણે વ્યતિરેકી

અનુમાન-પ્રમાણ દ્વારા પણ સંસારનું મિથ્યાપણું સિદ્ધ કરી શકાય છે, જેમ કે આત્મા સત્ય છે, કારણ કે તે નિત્ય, નિર્વિકાર અને ઉત્પત્તિ નાશથી રહિત છે, જે નિત્ય નિર્વિકાર અને ઉત્પત્તિ તથા નાશથી રહિત ન હોય તે સત્ય પણ ન હોય. જેમ કે ઘડો વગેરે. આ વ્યતિરેકી અનુમાન છે, આ જ રીતે અન્વયી અને વ્યતિરેકી બંને જાતનાં અનુમાનોથી જગતનું મિથ્યાપણું સિદ્ધ થાય છે)

(અહીં શંકા થાય છે કે આ જગત જો છે જ નહિ, તો અસત્ય જગત સાથે ચૈતન્યના સંબંધની ગંધ પણ ન જ હોઈ શકે; છતાં જીવે એવે ક્યો અપરાધ કર્યો છે કે, જેથી તે સંસાર પામ્યા કરે છે અને ઈશ્વરનાં એવાં કયાં મોટાં પુણ્ય છે કે જેથી તે નિત્યમુકત છે ? વળી કર્મકાંડનો વિષય કયો છે ? આ શંકાના સમાધાનમાં 'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिपलं स्वाद्वत्त्यवनश्नन्न्यो अमीचाकशीति ॥ જીવ તથા ઈશ્વર નામનાં સુંદર ગતિવાળાં બે પક્ષીઓ, બિંબ-પ્રતિબિંબભાવે નિત્ય સાથે રહે છે અને ઉપકાર્ય—ઉપકારભાવે મિત્રરૂપે વર્તતાં હોઈ વૃક્ષરૂપ એક જ શરીરનો આશ્રય કરે છે. તેમાંનો એક એટલે જીવ કર્મના ફળ, સુખ વગેરે સ્વાદિષ્ટ લાગતાં હોય તેમ તેને ભોગવે છે, ત્યારે બીજો ઈશ્વર કર્મોનાં ફળને ન ભોગવતો પ્રકાશસ્વરૂપે વિરાજે છે; તેમ જ 'अजामेकां लोहितशुक्लकृष्णाम्' ઈત્યાદિ શ્રુતિઓ અહીં જીવ તથા ઈશ્વરની વિશેષતા સમજાવે છે.)

स यदजया त्वजामनुशयीत गुणांश्च जुषन् भजति सरुपतां तदनु मृत्युमपेतभगः ।
त्वमुत जहासि तामहिरिव त्वचमात्तभगो महसि महीयसेऽष्टगुणितेऽपरिमेयभगः ॥३८॥

જીવ માયાને લીધે અવિદ્યાને ભેટી પડે છે, તેથી દેહ -ઈંદ્રિય વગેરે ગુણોને સેવતો તે તે ગુણોને પોતાના રૂપ માની તેની સમાનતા પામે છે એટલે તે તે દેહ—ઈંદ્રિય આદિના ધર્મોથી, યુકત થાય છે અને તેથી જ તેના આનંદાદિ ગુણો ઢંકાઈ જતાં તે સંસાર પામ્યા કરે છે; (અને કર્મકાંડના વિષયરૂપ થાય છે.) પરંતુ આપ ઈશ્વર તો, સર્પ જેમ કાંચળી છોડે તેમ (પાતા વિષે રહેલી છતાં) માયા તજો છો; કેમ કે આપ તો નિત્ય પ્રાપ્ત મને અપરિમિત ઐશ્વર્યવાળા હોઈ, અણિમાદિ આઠ પ્રકારના પરમૈશ્વર્યમાં વિરાજો છો. (અર્થાત્ આપ આઠ પ્રકારનું ઐશ્વર્ય બીજાઓની પેઠે દેશકાલાદિથી મપાયેલું નથી ; પરંતુ પરિપૂર્ણ હોઈ અમાપ છે.)

એ પૂર્વોકત સાધનસમુદાયથી જેઓ ભગવાનને ભજે છે. તેઓ સંસાર તરે છે અને જેઓ ભગવાનને ભજતા નથી, તેઓ સંસારને પામ્યા કરે છે એ વાત કહી. હવે જે બાહ્ય સંગ તજી (સંન્યાસી થઈ) ભગવાનના માર્ગે જઈ રહ્યા છે, છતાં એક વાર તજેલા વિષયોને પણ જેઓ એકાદ વાર ભોગવવા છોડતા નથી, તેઓ ભગવાનને પામતા નથી અને આ લોકમાં પણ સુખ મેળવતા નથી; પરંતુ કેવળ નીચ યોનિઓને જ પામ્યા કરે છે. આવા પુરુષોનો શોક કરતા સનંદન ભગવાન 'कामान्यः कामयते मन्यमानः स कर्मभिर्जायते तत्र तत्र – જે પુરુષ દોષ તરફ લક્ષ્ય ન આપતાં વિષયોનું જ ચિંતન કર્યા કરે છે, તે કર્મોને લીધે તે તે દુષ્ટ યોનિઓમાં જન્મે છે;' આ શ્રુતિનો અર્થ અહીં કહે છે :

यदि न समुद्धरन्ति यतयो हृदि कामजटा दुरधिगमोऽसतां हृदि गतोऽस्मतकण्ठमणिः ।
असुतृपयोगिनामुभयतोऽप्यसुखं भगवन्अनपगतान्तकादनधिरुढपदाद् भवतः ॥३९॥

હે ભગવન્ ! જેઓ યતિ થયા છતાં હૃદયમાં રહેલી, વિષયોના મૂળરૂપી વાસનાઓને ઉખેડી નાખતા નથી, તે દુષ્ટોને આપ હૃદયમાં જ રહેલા છતાં કંઠમાં જ ભુલાઈ ગયેલા મણિની પેઠે દુર્લભ થાઓ છો, એટલું જ નહિ પણ ઈંદ્રિયોને તૃપ્ત કરવામાં તત્પર રહેતા તે દાંભિક યોગીઓને આ લોક તથા પરલોક

બંનેમાં દુઃખ જ પ્રાપ્ત છે; જેમ કોઈ માટે કદી નહિ મટેલા મૃત્યુથી (આ લોકમાં) દુઃખ થાય છે અને જેનું સ્વરૂપ જાણ્યું નથી, એવા આપ ઈશ્વરથી પણ (પરલોકમાં નરકપ્રાપ્તિરૂપ) દુઃખ થાય છે અર્થાત્ લોકોને ખુશ રાખવા ધન મેળવવું વગેરે કલેશોથી અને લોકો માં પોતાના ભોગવૈભવ ખુલ્લા પડી જશે, એવા ભયથી એ દાંભિક ત્યાગીઓને આ લોકમાં દુઃખ જ રહે છે. અને આપની સ્વરૂપપ્રાપ્તિ ન થવાથી અવિદ્યાયુકત વિષને સેવવાથી તેમ જ પોતાને મળેલો ધર્મ તજવાથી આપના દંડરૂપે તેઓને નરકની જ પ્રાપ્તિ થાય છે.

(કદાચ કોઈ શંકા કરે કે સંન્યાસીઓને તો કંઈ કરવાનું જ રહેતું નથી ; તેણે તે પ્રારબ્ધકર્મનો જ સુખના ઉપભોગ દ્વારા ક્ષય કરવાનો છે તો 'આ લોકમાં કે પરલોકમાં તેને દુઃખ જ છે' એમ કહી વ્યર્થ તેની નિંદા કેમ કરો છો ? શ્રુતિ પણ કહે છે : 'एष नित्यो महिमा ब्राह्मणस्य न कर्मणा वर्धते नो कनीयान्' – બ્રહ્મજ્ઞાનીનો આ અવિનાશી મહિમા છે કે કર્મથી તે વધતો નથી કે ઘટતો નથી આ શંકાનું સમાધાન કરે છે :)

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभशुभयोर्गुणविगुणान्वर्यास्तर्हि देहभृतां गिरः ।
अनुयुगमन्वहं सगुण गीतपरम्परया श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥४०॥

હે છ પ્રકારના ઐશ્વર્યવાળા સગુણ પરમેશ્વર ! આપનું જેને જ્ઞાન થયું છે તે તે કર્મફળના દાતા આપ ઈશ્વરથી પ્રકટેલાં પૂર્વનાં પુણ્ય પાપનાં ફળરૂપ સુખદુઃખનો સંબંધ જાણતો જ નથી, તેથી મુકત જ રહે છે અને તે અવસ્થામાં દેહાભિમાનીઓને પ્રવૃત્તિ કરાવતી વિધિનિષેધરૂપ વાણી પણ નથી જાણતો; અર્થાત્ દેહાભિમાન ગયેલું હોવાથી કાર્યઅકાર્યનું તેને જ્ઞાન જ હોતું નથી, તેથી વિધિનિષેધરૂપ વેદવાણી તેને પ્રેરણા કરી શકતી નથી એ યોગ્ય જ છે; કારણ કે પ્રત્યેક યુગમાં ઉપદેશપરંપરાએ એટલે સજ્જનોના સંપ્રદાય પ્રમાણે જે મનુષ્યોએ નિરંતર શ્રવણ કરી ચિત્ત માં આપને સ્થાપ્યા છે, તેઓને આપ જ મોક્ષગતિરૂપ થાઓ છો. (અર્થાત્ તેઓ તત્ત્વજ્ઞાની છે. તેઓને કર્મનો અધિકાર હોય તેવી શંકા જ ઉદ્ભવતી નથી અને જેઓ નિરંતર આપની કથા સાંભળવી વગેરેમાં શ્રદ્ધાવાળા છે, તેઓ પણ આપના ચરણમાં પહોંચી જ ગયા છે. તેથી તેઓને પણ વિધિનિષેધની જરૂર નથી, પરંતુ જેઓને તત્ત્વજ્ઞાન થયું જ નથી તેવા ઇંદ્રિયવિષયના લાલચુ દાંભિક સંન્યાસીએ તો આ લોકમાં ને પરલોકમાં દુઃખી જ થાય છે.

(આપના જ્ઞાનવાળો પુરુષ સુખદુઃખ જાણ નથી અને વિધિનિષેધની તેને જરૂર નથી એમ કહ્યું; પરંતુ પહેલાં તો કહી ગયા કે 'ઈશ્વર દુર્જ્ઞેય છે' તો તેમનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? આના ઉત્તરમાં કહે છે. વાત સાચી. એ રીતે જેમનો મહિમા જાણવો મુશ્કેલ છે એવા પરમેશ્વર વાણી તેમ જ મનના અવિષય છે, તેથી એ અવિષયરૂપે જ તેમનું જ્ઞાન છે, એમ દર્શાવતાં 'यदूर्ध्वं गार्गि दिवो यद्वार्वाक पृथिव्यां यदन्तराद्यावापृथिवी इमे यद् भूतं भवच्च भविष्यच्च – યાજ્ઞવલ્કય કહે છે કે હે ગાર્ગિ ! જે કંઈ આકાશની ઉપર, પૃથ્વીની નીચે અને આકાશ તથા પૃથ્વીની વચ્ચે છે; જે આ આકાશ તથા પૃથ્વી છે, જે કંઈ ભૂતકાળમાં બન્યું તે વર્તમાનકાળમાં બને છે અને ભવિષ્યમાં બનશે તે સર્વ બ્રહ્મ છે' ઈત્યાદિ શ્રુતિઓએ જણાવેલ પરમેશ્વરનો અમાપ મહિમા કહે છે :)

द्युपतव एव ते न ययुरन्तमनन्ततया त्वमपि यदन्तराण्डनिचया ननु सावरणाः ।
ख इव रजांसि वान्ति वयसा सह यच्छ्रुतयस्त्वयि हि फलन्त्यतन्निरसनेन भवन्निधनाः ॥४१॥

હે પ્રભો ! સ્વર્ગાદિ લોકોના સ્વામી બ્રહ્મા વગેરે પણ આપનો અંત પામ્યા નથી, કારણ કે આપ અનંત છો જે કોઈ અંતવાળી વસ્તુ છે, તે આપ નથી; એટલું જ નહિ, પણ આપ પોતે આપનો અંત પામ્યા

નથી. (આપ કહેશો કે ત્યારે તો મારામાં સર્વજ્ઞપણું અને સર્વશકિતમાનપણું કેવી રીતે ઘટે છે, તેનો ઉત્તર કહે છે:) આપનું અનંતપણું હોવાથી આપ સર્વજ્ઞ તથા સર્વશકિતમાન છો. (સસલાંનાં શિંગડાં ન જાણ્યાં કે ન મેળવ્યાં તેથી કંઈ અજ્ઞાનપણું કે શકિતરહિતપણું ન ગણાય) જેમ આકાશમાં રજકણો એકીસાથે ઊડયા કરે છે, તેમ આપ વિષે ઉત્તરોત્તર દશ દશગણા મોટાં સાત અવરણોવાળાં અનેક બ્રહ્માંડો એકીસાથે કાળચક્રથી ભમ્યા કરે છે. (આવો આપનો અમાપ મહિમા છે;) તેથી જ શ્રુતિઓ આપ વિષે તાત્પર્યવૃત્તિથી જણાવે છે; પણ એમ કહી શકતી નથી કે, 'આ જ પરમેશ્વર અને તે આટલા જ પ્રમાણવાળા છે !' કારણ કે સગુણ સ્વરૂપે આપ અનંત ગુણોવાળા છે અને નિર્ગુણ સ્વરૂપે અવિષય છે. (કદાચ કોઈ કહે કે જે કોઈ પદાર્થ જ નથી તેમાં તાત્પર્ય કેમ ઘટી શકે ? તેનો ઉત્તર કહે છે કે) જે વાક્ય વિધિમુખ હોય, તેમાં 'પદાર્થને જ વાક્યાર્થતા' એ નિયમ લાગુ પડે છે, પણ જે વાક્ય નિષેધમુખ હોય છે, તેમાં એ નિયમ હોતો નથી, એ અહીં કહે છે अन्यदेव तद्विदितादथो अविदितादधि' (केन उ० १-३) ઇંદ્રિયોના ઇંદ્રિયરૂપ તે બ્રહ્મજ્ઞાનના વિષય સર્વ વ્યકત અનાત્મ વસ્તુઓથી તેમ જ અવિદ્યારૂપ અવ્યાકૃતથી પણ વિલક્ષણ છે; તેમ જ 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात् कृतकृतात् ।' (कठ उ० १-२-१४) શાસ્ત્રીય ધર્માનુષ્ઠાન, અધર્માચરણ કર્મનું ફળ, ધર્માધર્મના કર્તા, કારણ ઈત્યાદિ કારક સામગ્રીથી તેમ જ કાર્યકારણથી પણ પરમાત્મા જુદા છે; તેમ જ 'अस्थूलमनणु' (बृह० उ० ३-૮-૮) 'પરમાત્મા સ્થૂળ, સૂક્ષ્મ, હ્રસ્વ, દીર્ઘ કે ઇંદ્રિયાદિ કારણયુકત નથી. ઈત્યાદિ મંત્રો નિષેધમુખથી, પરબ્રહ્મનું વર્ણન કરે છે, તથા 'तत्त्वमसि (छां० उ० ६-७-८)' તે (પરબ્રહ્મ) તું જીવ છે, ઈત્યાદિ વાક્યો લક્ષણાવૃત્તિ દ્વારા આપને જ જણાવે છે. (કદાચ કોઈ કહે કે શ્રુતિઓ એ રીતે સર્વનો નિષેધ કરી શુન્ય જ જણાવતી હોય એમ લાગે છે. તેનો ઉત્તર કહે છે કે) શ્રુતિઓની સમાપ્તિ આપ વિષે જ છે—શ્રુતિઓ છેવટે આપને જ જણાવે છે. અર્થાત્ અવધિ વિનાનો નિષેધ સંભવી શકે નહિ, તેથી અવધિરૂપ આપનું જ શ્રુતિ અપ્રતિપાદન કરે છે.

॥ श्रीभगवानुवाच ॥

इत्येतद् ब्रह्मणः पुत्रा आश्रुत्यात्मानुशासनम् । सनन्दनमथानर्चुः ज्ञात्वत्मनो गतिम् ॥

**શ્રીનારાયણ ભગવાન બોલ્યા :** હે નારદ ! એમ બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓએ વેદસ્તુતિરૂપ આત્મતત્વનો આ ઉપદેશ સાંભળી, આત્મતત્વ જાણી કૃતકૃત્ય થઈ સનંદનની પૂજા કરી.

इत्यशेषसमाम्नायपुराणोपनिषद्रसः । समुद्धृतः पूर्वजातैर्व्योमियानैर्महात्मभिः ॥४३॥

એ રીતે સર્વથી પ્રથમ જન્મેલા આકાશવિહારી મહાત્મા સનકાદિએ સમગ્ર વેદો, પુરાણો તથા ઉપનિષદોનો આ સાર કાઢ્યો છે.

त्वं चैतद् ब्रह्मदायादं श्रद्धयात्मानुशासनम् । धारयंश्चर गां काम कामानां भर्जनं नृणाम् ॥४४॥

હે બ્રહ્મપુત્ર નારદ ! આ વેદસ્તુતિરૂપ આત્મતત્વનો ઉપદેશ મનુષ્યોના વિષયાભિલાષને બાળનાર છે; તેને શ્રદ્ધાથી મનમાં રાખી તમે ઇચ્છાનુસાર પૃથ્વી પર ફરો.

॥ श्रीशुक उवाच ॥

एवं स ऋषिणादिष्टं गृहीत्वा श्रद्धायात्मवान् । पूर्णः श्रुतधरो राजन्नाह वीरव्रतो मुनिः ॥४५॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! એમ નારાયણ ઋષિએ ઉપદેશેલ આત્મતત્ત્વોપદેશ શ્રદ્ધાથી ગ્રહણ કરી આત્મસાક્ષાત્કાર પામી, કૃતકૃત્ય થયેલા નૈષ્ઠિક મુનિ નારદ સાંભળેલો અર્થ મનમાં ધારણ કરતાં બોલ્યા.

॥ नारद उवाच ॥

नमस्तस्मै भगवते कृष्णायामलकीर्तये । यो धत्ते सर्वभूतानामभवायोशती: कला: ॥४६॥

**નારદજી બોલ્યા :** નિર્મળ કીર્તિવાળા તે શ્રીકૃષ્ણ ભગવાનને મારા નમસ્કાર હો; જે ભગવાન સર્વ પ્રાણીઓના મોક્ષ માટે ઉત્તમ અવતારો લે છે.

इत्याद्यमृषिमानम्य तच्छिष्यांश्च महात्मनः । ततोऽगादाश्रमं साक्षात् पितुर्द्वैपायनस्य मे ॥४७॥

એમ કહી આદિઋષિ એવા ભગવાન નારાયણને તથા તેમના મહાત્મા શિષ્યોને નમસ્કાર કરી નારદજી મારા સાક્ષાત્ પિતા વેદવ્યાસના આશ્રમમાં ગયા.

सभाजितो भगवता कृतासनपरिग्रहः । तस्मै तद्वर्णयामास नारायणमुखाच्छ्रुतम् ॥४८॥

ત્યાં ભગવાન વેદવ્યાસે તેમનો સત્કાર કર્યો. એટલે આસન સ્વીકારી નારદજીએ નારાયણના મુખથી સાંભળેલું આત્મરહસ્ય તેમની આગળ વર્ણવ્યું.

इत्येतद् वर्णितं राजन् यन्नः प्रश्नः कृतस्त्वया । यथा ब्रह्मण्यनिर्देश्ये निर्गुणेऽपि मनश्चरेत् ॥४९॥

હે રાજન્ ! તમે મને પ્રશ્ન કર્યો હતો, કે અનિર્દેશ્ય અને નિર્ગુણ છતાં બ્રહ્મને શ્રુતિઓ કેવી રીતે વર્ણવે છે ? તેના ઉત્તરમાં મેં તમારી પાસે વર્ણન કર્યું કે જે રીતે અનિર્દેશ્ય અને નિર્ગુણબ્રહ્મમાં પણ મન વર્તે છે, તે રીતે શ્રુતિઓ પણ વર્ણવે છે.

योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽव्यक्तजीवेश्वरो । यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणाचक्रे पुरः शास्ति ताः ॥
यं संपद्य जहात्यजामनुशयी सुप्तः कुलायं यथा । तं कैवल्यनिरस्तयोनिमभयं ध्याये दजस्रं हरिम् ॥५०॥

જે ભગવાન પોતાના સ્વસ્વરૂપમાં લય પામનારા જીવોને બધા પુરુષાર્થોથી સિદ્ધિ થાય તે માટે આ જગતની સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય વગેરેનો વિચાર કરે છે અને તેને વિચારી, આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ કર્મમાં વર્તે છે; જે પ્રકૃતિ તથા પુરુષના નિયંતા છે; જે જગત સર્જીને જીવની સાથે તેમાં પ્રવેશેલા છે અને જીવના ભોગસ્થાનરૂપ સર્વ શરીરો બનાવી, જીવને ભોગો આપતા તે શરીરોનું પાલન કરે છે, જેમને શરણે જઈ તેમના ચરણમાં દંડવત્ પ્રણામ કરનારો જીવ જેમ સૂતેલો પુરુષ શરીર તજે છે, તેમ કાર્યકારણરૂપ અવિદ્યાને તજે છે; જે ભય દૂર કરનારા છે તે અખંડિત સ્વરૂપમાં રહીને મૂળ કારણ (માયાનો તિરસ્કાર કરનારા પોતાને સ્પર્શ પણ ન થવા દેતા) શ્રીહરિનું નિત્ય ધ્યાન કરવું. ૧-૫૦

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૭ સમાપ્ત.*

## અધ્યાય-૮૮

## વિષ્ણુના ભક્તને મોક્ષ અને બીજા દેવોના ભક્તોને માત્ર સંપત્તિઓ

**॥ राजोवाच ॥**

देवासुरमनुष्येषु ये भजन्त्यशिवं शिवम् । प्रायस्ते धनिनो भोजा न तु लक्ष्म्या पतिं हरिम् ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછયું :** દેવો, અસુરો, તથા મનુષ્યોમાં જેઓ ભોગવૈભવોનો તિરસ્કાર કરનારા શંકરને ભજે છે, તેઓ ઘણું કરી ધનવાળા અને ભોગવૈભવોવાળા થાય છે, પણ લક્ષ્મીના પતિ અને સર્વ ભોગવૈભવોથી યુકત શ્રીહરિને ભજનારા ધનવાન કે સર્વ ભોગવૈભવોવાળા થતા નથી; આનું કારણ શું એ અમે જાણવા ઈચ્છીએ છીએ. આ વિષયમાં અમને મોટો સંદેહ છે; કારણ કે વિરુદ્ધ સ્વભાવના પ્રભુ હરિહરનું ભજન કરનારાઓને વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે; અર્થાત્ શિવને ભજનારા સંપત્તિવાળા અને વિષ્ણુ ને ભજનારા સંપત્તિ વિનાના થાય છે, તેમાં શું કારણ છે ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** નિત્ય આનંદસ્વરૂપ પરમાત્મા જ પોતાની શકિત-પ્રકૃતિ સાથે જોડાઈ તે પ્રકૃતિના સત્વ, રજસ અને તમોગુણથી વીંટળાઈ ત્રણ સ્વરૂપોવાળા થાય છે; જે સ્વરૂપોને સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર કહે છે. આ અહંકારથી મન, દશ ઈંદ્રિયો અને પાંચ મહાભૂતોરૂપી સોળ વિકારો ઉત્પન્ન થયા છે. આ વિકારોમાંના જે વિકારના અધિષ્ઠાતા દેવને મનુષ્ય ભજે છે, તેને તે સર્વ વિભૂતિઓનું ફળ મળે છે; (અર્થાત્ ત્રિગુણાત્મક અહંકારના અધિષ્ઠાતા શંકર છે અને સર્વ સંપત્તિઓ પણ ત્રિગુણાત્મક છે. તેથી શંકરનું ભજન કરનારને સંપત્તિઓજ મળે.) પણ શ્રીહરિ તે પ્રકૃતિથી પર રહેલા સાક્ષાત્ નિર્ગુણ પુરુષ પરમાત્મા, સર્વના દ્રષ્ટા અને સાક્ષી છે; માટે તેમનું ભજન કરનારા પુરુષ તો નિર્ગુણ જ થાય. તમારા દાદા યુધિષ્ઠિરરાજાએ અશ્વમેધયજ્ઞો સમાપ્ત થયા, ત્યારે ભગવાન કૃષ્ણ પાસે ધર્મ સાંભળતા અચ્યુત ભગવાનને આ વિષે પૂછયું હતું તે વખતે મનુષ્યોનું કલ્યાણ કરવા યદુકુળમાં અવતરેલાં પ્રભુ શ્રીકૃષ્ણ ભગવાને પ્રસન્ન થઈ સાંભળવા ઈચ્છતા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહ્યું હતું.

**શ્રીભગવાન બોલ્યા :** જેના પર હું કૃપા કરું છું તેની પાસેથી ધીમેધીમે ધન લઈ લઉં છું, એટલે નિર્ધન થયેલા અને દુઃખથી દુઃખી જણાતા તે મારા ભકતને તેના સ્વજનો તજી દે છે. પછી (સ્વજનોનાં દબાણથી) ફરી ધન મેળવવા તે ભકત ઉદ્યોગ કરે છે પણ મારી કૃપાથી તેનો ઉદ્યોગ નિષ્ફળ જાય છે; તેથી વૈરાગ્ય પામી મારામાં પરાયણ રહેતા મારા ભકતો સાથે તે મિત્રતા કરે છે એટલે તેના પર કૃપા કરું છું. તેથી પરમ સૂક્ષ્મ, માત્ર ચૈતન્યસ્વરૂપ સત્ય અને અનંત બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે. આ રીતે હું ઘણી મુશ્કેલીથી આરાધી શકાઉં એવો છું, તેથી જ લોકો મને છોડી બીજા દેવોને ભજે છે. બીજા દેવો તરત પ્રસન્ન થનારા છે તેઓ પાસેથી રાજયલક્ષ્મી મેળવી ઉદ્ધત બનેલા તે લોકો મદોન્મત્ત થઈ પ્રમાદી થાય છે અને પોતાને વર આપનારા તે તે દેવોને ભૂલી જઈ તે તેઓનું અપમાન પણ કરે છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે સર્વ દેવો શાપ આપવા તથા કૃપા કરવા સમર્થ છે અને તેમાં શંકર તથા બ્રહ્મા તો જલદી પ્રસન્ન થાય અને જલદી શાપ પણ આપી દે છે; પરંતુ વિષ્ણુ તેવા નથી. તે તો લાંબા કાળે જ કૃપા કરે છે અને કદાચ શિક્ષા કરે તોપણ તેનું પરિણામ કૃપારૂપ જ હોય છે. આ વિષયમાં આ પુરાતન ઈતિહાસ વૃદ્ધો કહે છે. એમાં વૃકાસુરને વર આપી, શંકર સંકટમાં આવી પડ્યા હતા, તેનું વર્ણન છે. શકુનિનો પુત્ર વૃક નામે અસુર હતો. એક વખતે માર્ગમાં નારદજીને જોઈ તે દુર્મતિએ ત્રણ દેવોમાંથી જલદી પ્રસન્ન થાય તેવા કયા દેવ છે એમ પૂછયું; એટલે નારદજીએ તેને કહ્યું : 'તું શંકરદેવનું આરાધન કર, તેથી તને જલદી ફળ મળશે; કારણ કે શંકર થોડા ગુણથી પણ જલદી પ્રસન્ન થાય છે અને થોડા દોષથી પણ જલદી કોપ કરે છે. રાવણ અને બાણાસુરે ભાટચારણની પેઠે તેમની સ્તુતિ કરી તેટલામાં તો તેના પર પ્રસન્ન થઈ તેઓને અતુલ ઐશ્વર્ય આપી દીધું; તેથી પોતે મોટું સંકટ પામ્યા હતા.' નારદજીએ એમ કહ્યું એટલે વૃકાસુર કેદાર નામના શિવક્ષેત્રમાં જઈ અગ્નિરૂપ મુખવાળા શંકરનું પોતાના શરીરથી આરાધન કરતાં પોતાના માંસથી હોમ કરવા લાગ્યો; છતાં શંકરદેવનું તેને દર્શન થયું નહિ; એટલે તેણે કંટાળી સાતમે દિવસે તે તીર્થમાં સ્નાન કરવાથી ભીના કેશવાળા પોતાના મસ્તકને શસ્ત્ર વડે કાપી નાખવાની તૈયારી કરી. તે વખતે મહાદયાળુ શંકર અગ્નિમાંથી મૂર્તિ માન અગ્નિની પેઠે પ્રકાશતા પ્રકટયા અને જેમ આપણે કોઈને મરતો અટકાવીએ તેમ વૃકાસુરના બંને હાથ પકડી (શિરચ્છેદ કરતા) અટકાવ્યો. વૃકાસુર પણ શંકરનો સ્પર્શ થતાં જ ફરી સાજા

શરીરવાળો થઈ ગયો. પછી શંકરે તેને કહ્યું : 'હે ભક્ત ! બસ કર, તું મારી પાસેથી વર માગ. તારી ઈચ્છા પ્રમાણે હું તને વર આપીશ. હું તો માત્ર જળ ચઢાવીને પણ મારું ભજન કરનારા મનુષ્યો પર પ્રસન્ન થાઉં છું, તો તું તારા શરીરને વ્યર્થ અત્યંત દુઃખ દે છે.' પછી મહાપાપી તે અસુરે પ્રાણીઓને ભય ઉપજાવે તેવો વર શંકર પાસે માગ્યોઃ 'હું જેના મસ્તક ઉપર હાથ મૂકું તે તે મરણ પામો.' હે ભરતવંશી રાજા ! તે સાંભળી ભગવાન શંકર ઉદાસ થઈ ગયા; તોપણ તેમણે હસીને '**तथास्तु**' એમ કહીં સર્પને જેમ દૂધ આપે તેમ વૃકાસુરને વર આપ્યો. પછી (પ્રથમથી જ) પાર્વતીને લઈ લેવાની ઈચ્છાવાળા તે અસુરે શંકરના વરની પરીક્ષા કરવા શંકરના જ મસ્તક પર પોતાનો હાથ મૂકવા તૈયારી કરી, એટલે શંકર તો પોતાના જ તે કાર્યથી ભય પામ્યા. પેલો દૈત્ય પાછળ પડયો તેથી ત્રાસ પામી ધ્રૂજતા શંકર સ્વર્ગ ને પૃથ્વીના છેડા સુધી દોડી ગયા ને પછી બધી દિશાઓમાં થઈ ઉત્તર દિશા તરફ દોડી ગયા; પરંતુ મોટા મોટા દેવો શંકરનો ભય દૂર કરવા પોતે ઉપાય નહિ જાણતા હોવાથી મૌન જ રહ્યા એટલે શંકર અવિદ્યાથી પર અને તેજોમય એવા વૈકુંઠધામમાં ગયા. ત્યાં સર્વને અભય આપનારા શાંત સંન્યાસીઓની પરમ ગતિ રૂપ નારાયણ ભગવાન સાક્ષાત બિરાજે છે. જેમને શરણે જવાથી પ્રાણી સંસારમાં કદી પાછો ફરતો નથી. સર્વનાં સંકટના નાશ કરનારા ભગવાન નારાયણ શંકરને તેવું સંકટ પામેલા જોઈ, દૂરથી જ યોગમાયા વડે બટુક સ્વરૂપ થઈ, વૃકાસુર સામે ગયા. તેજથી અગ્નિ જેવા પ્રકાશતા અને મેખલા, મૃગચર્મ તથા રુદ્રાક્ષ પહેરતા તે બટુકે હાથમાં દર્ભ રાખી વિનયીની પેઠે વૃકાસુરને વંદન કરી પૂછ્યુ.

**શ્રીભગવાન બોલ્યા :** હે શકુનિના પુત્ર ! ખરેખર તમે થાકયા છો; તમે આટલે દૂર કેમ આવ્યા છો? ક્ષણવાર વિશ્રાંતિ લો. આ શરીર પુરુષને સર્વ પુરુષાર્થો આપનારું છે. (માટે શરીરને બહુ દુઃખ ન દેવું) હે સમર્થ અસુર ! તમે નકકી કરેલું કાર્ય અમારે સાંભળવા લાયક હોય તો તમે કહો; કારણ કે મોટે ભાગે બીજા પુરુષોને સહાય તરીકે મેળવી પુરુષ પોતાનાં કાર્યો સાધી શકે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ અમૃત ઝરતાં વચનથી ભગવાને પૂછ્યું. એટલે પરિશ્રમરહિત થઈ વૃકાસુરે પોતે જે કંઈ કર્યું હતું, તે અનુક્રમે તેમની આગળ કહ્યું.

**પછી શ્રીભગવાને કહ્યું :** જો આમ જ છે તો અમે તે શંકરના વાક્ય ઉપર શ્રદ્ધા રાખતા નથી; કારણ કે તે શંકર દક્ષના શાપથી પિશાચોના જેવી વૃત્તિ પામીને પ્રેતો તથા પિશાચોનો રાજા બન્યો છે. છતાં હે દાનવરાજા ! તમને તે જગદ્‌ગુરુ પર વિશ્વાસ હોય, તો તમે પોતે જ પોતાના મસ્તક પર હાથ મૂકી જલદી ખાતરી કરો. હે દાનવશ્રેષ્ઠ ! શંકરનું વચન કોઈ પણ રીતે જો અસત્ય થાય તો આવી અસત્ય વાણી બોલનારા તે શંકરને તમે મારજો, જેથી ફરી અસત્ય બોલે નહિ. ભગવાનનાં આવાં ભ્રમ ઉપજાવનારા અતિ સુંદર વચનોથી તે દુષ્ટ બુદ્ધિવાળા અસુરની બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ. તેણે પોતાના મસ્તક પર હાથ મૂક્યો કે તરત જ તેનું મસ્તક તૂટી ગયું અને ક્ષણ વારમાં જાણે વજ્ર થી માર્યો હોય તેમ (મૃત્યુ પામીને) તે પડ્યો. પાપી વૃકાસુર એ રીતે માર્યો ગયો, ત્યારે સ્વર્ગમાં '**जय जय**' '**नमो नमः**' એવા શબ્દો થયા અને દેવો, ઋષિઓ, પિતૃઓ તથા ગંધર્વોએ પુષ્પવૃષ્ટિ કરી. એ રીતે ભગવાન શંકરને સંકટમાંથી છોડાવ્યા. પછી સંકટથી છૂટેલા તે શંકર સામે જઈ પુરુષોત્તમ ભગવાને તેમને કહ્યું : 'અહો ! હે દેવ ! હે મહાદેવ ! આ પાપી પોતાના પાપથી મર્યો છે. હે ઈશ્વર ! મહાપુરુષોનો અપરાધ કરનાર ક્યો પ્રાણી

ક્ષેમકુશળ રહે ! અને તેમાં પણ જગતના ઈશ્વર અને જગતના ગુરુ આપનો અપરાધ કરનાર ક્ષેમકુશળ ન જ રહે, તેમાં શું કહેવાનું હોય ? જે મનુષ્ય એમ વાણી તથા મનની અવિષય શક્તિયોના સમુદ્ર, માયાથી પર અને સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિના, શંકરને સંકટથી છોડાવવારૂપ આ ચરિત્રની કથા કહે અથવા સાંભળે તે અનેક યોનિઓમાં ભમવારૂપ સંસારથી અને શત્રુઓથી છૂટે છે. ૧-૪૦

य एवमव्याकृतशक्त्युदन्वतः परस्य साक्षात् परमात्मनो हरेः । गिरित्रमोक्षं कथयेच्छृयोति वा विमुच्यते संसृतिभिस्तथारिभिः ॥४०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૮ સમાપ્ત.*

## અધ્યાય-૮૯

## ભૃગુજીએ કરેલી ત્રિદેવોની પરીક્ષા તથા શ્રીકૃષ્ણ બ્રાહ્મણના મૃત બાળકોને પાછા લાવ્યા

॥ श्रीशुक उवाच ॥

सरस्वत्यास्तटे राजन् ऋषयः सत्रमासत । वितर्कः समभूत्तेषां त्रिध्वधीशेषु को महान् ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! સરસ્વતી નદીના કિનારા પર ઋષિઓ યજ્ઞ કરવા બેઠા હતા. તેઓને વિચાર થયો કે ત્રણ દેવોમાં મોટા કોણ ? હે રાજા ! તે જાણવાની ઈચ્છાથી તેઓએ બ્રહ્માના પુત્ર 'ભૃગુઋષિને મોકલ્યા એટલે એ જાણવાને (પ્રથમ) તે બ્રહ્માની સભામાં ગયા. ત્યાં તેમણે બ્રહ્માની મોટાઈની પરીક્ષા કરવા તેમને પ્રણામ કર્યા નહિ કે તેમની સ્તુતિ પણ ન કરી; એટલે પોતાના તેજથી પ્રકાશતા બ્રહ્મા તેમના ઉપર ક્રોધાયમાન થયા. પણ બ્રહ્માએ પોતાના તે પુત્રનો નાશ કરવા મનમાં ઊપજેલા ક્રોધને જેમ અગ્નિને અગ્નિથી જ ઉત્પન્ન થયેલા પાણી વડે મનુષ્ય શાંત કરે છે, તેમ મારું જ બીજું રૂપ આ મારો પુત્ર છે, એવા ભાવથી પોતે ક્રોધ શાંત કર્યો. પછી ભૃગુઋષિ ત્યાંથી કૈલાસ પર ગયા. ત્યાં શંકરદેવે હર્ષથી ઊભા થઈ, ભાઈ ભૃગુઋષિને ભેટવાની તૈયારી કરી, પણ તું તો અવળે માર્ગે જનારો છે' એમ કહી ભૃગુઋષિએ તેમને ભેટવાની ઈચ્છા ન કરી, તેથી તીક્ષ્ણ નેત્રવાળા શંકર ત્રિશુળ ઉગામી તેમનો નાશ કરવા તૈયાર થયા. તે જોઈ દેવી પાર્વતીએ શંકરના પગમાં પડી વાણીથી તેમને શાંત કર્યા. પછી ભૃગુઋષિ ત્યાંથી વૈકુંઠમાં ગયા. જ્યાં જનાર્દન વિષ્ણુદેવ બિરાજે છે. એ વેળા વિષ્ણુભગવાન લક્ષ્મીજીના ખોળામાં સૂતા હતા. તેમને ભૃગુઋષિએ છાતીમાં પગની લાત મારી, પણ સત્પુરુષની ગતિરૂપ તે ભગવાન લક્ષ્મીજી સાથે ઊભા થઈ પોતાની શય્યા પરથી નીચે ઊતરી, મુનિને મસ્તકથી નમ્યા અને બોલ્યા : 'હે બ્રહ્મન્ ! આપ ભલે પધાર્યા; હવે થોડીવાર આ આસન ઉપર બિરાજો. આપ અહીં પધાર્યા એ અમે જાણતાં ન હતાં. માટે હે પ્રભો ! અમારો અપરાધ ક્ષમા કરવા આપ યોગ્ય છો. હે તાત ! હે મહામુનિ ! આપના પગ અત્યંત કોમળ છે, (તેથી મારી વજ્ર જેવી કઠોર છાતી અથડાવવાથી દુઃખ થયું હશે) એમ કહી ભગવાન પોતાના હાથથી ભૃગુઋષિના પગ દાબવા લાગ્યા અને (પગચંપી કરતાં) કહ્યું કે, તીર્થો પણ જેનાથી તીર્થપણું પામે છે તેવા આપના પગના જળથી આપ મારામાં રહેલા લોકોને તથા લોકપાલો સાથે મને પવિત્ર કરો. હે ભગવન્ ! આજે હું લક્ષ્મીને એક માત્ર સ્થાયી આશ્રય બન્યો

છું; કારણ આપના પગના પ્રહારથી મારાં સર્વ પાપો નાશ પામ્યાં છે અને તેથી જ મારી છાતીમાં લક્ષ્મી નિત્ય રહેશે.'

**શ્રીશુકદેવજી બોલ્યા :** વૈકુંઠ ભગવાને એમ કહ્યું, એટલે તેમની એ ગંભીર વાણીથી ભૃગુ શાંત અને તૃપ્ત થયા. તેમનાથી કંઈ બોલાયું જ નહિ તે પ્રેમથી વ્યાપ્ત બન્યા અને તેમનાં નેત્રોમાં આંસુ આવી રહ્યાં. પછી હે રાજન્ ! બ્રહ્મવાદી મુનિઓના યજ્ઞમાં આવી ભૃગુએ પોતે જે કંઈ અનુભવ્યું હતું તે વર્ણવ્યું; તે સાંભળી સર્વ મુનિઓ આશ્ચર્ય પામ્યા; તેઓના સંશય દૂર થયા અને તેઓને શ્રદ્ધા થઈ કે જેમનામાં શાંતિ છે અને જેમનાથી સર્વને અભય થાય છે, તે વિષ્ણુ જ સર્વથી મોટા છે. વળી જેમનાથી ધર્મ ચાલે છે, સાક્ષાત્કારરૂપ જ્ઞાન થાય છે અને તે જ્ઞાન સાથે વૈરાગ્ય, આઠ પ્રકારનું ઐશ્વર્ય અને ચિત્તના મેલનો નાશ કરનાર યશ પણ મળે છે,વળી જે ભગવાનને વિદ્વાનો પ્રાણીદ્રોહ તજનારા અને બધે સમાન ચિત્તવાળા શાંત મુનિઓ તથા નિષ્કિંચન સાધુપુરુષોની પરમગતિ કહે છે, સત્ત્વગુણ જેમની પ્રિયમૂર્તિ છે, બ્રાહ્મણો જેમના ઈષ્ટદેવ છે તથા સર્વ કામનાઓનો ત્યાગ કરનાર કુશળ બુદ્ધિવાળા શાંત પુરુષો પણ જેમને ભજે છે (તે વિષ્ણુ સર્વથી મોટા છે). રાક્ષસો, અસુરો અને દેવો, આ ત્રણે જોકે તે વિષ્ણુ ભગવાનની જ ત્રિગુણાત્મક માયાથી જન્મેલી ત્રણ પ્રકારની આકૃતિઓ છે; તોપણ તેઓમાં સત્વગુણ જ સર્વ પુરુષાર્થો પામવામાં કારણ છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ સરસ્વતીના તીરે વસતા તે બ્રાહ્મણોએ પોતાને માટે નહિ, પણ મનુષ્યોના સંશય દૂર કરવા માટે એવી યુકિત રચી હતી. એ રીતે તેઓ વિષ્ણુ ભગવાનના ચરણકમળની સેવા કરી વિષ્ણુગતિને પામ્યા હતા.

**સૂત બોલ્યા :** એમ વ્યાસ મુનિના પુત્ર શ્રીશુકદેવજીના મુખકમળમાંથી નીકળેલા સુગંધી અમૃત તુલ્ય અને સંસારના ભયનો નાશ કરનાર પરમપુરુષ વિષ્ણુભગવાનના આ યશનું, સંસારમાર્ગમાં ભમતો જે મનુષ્ય નિત્ય કાનરૂપી પડિયા વડે પાન કરે – સાંભળે, તે સંસારમાંર્ગમાં ભગવાના પરિશ્રમથી અને સંસારના ફેરામાંથી છૂટી જાય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભરતવંશી રાજા ! એક સમયે દ્વારકામાં કોઈ બ્રાહ્મણની પત્નીને પુત્ર જન્મ્યો કે તરત પૃથ્વીનો સ્પર્શ થતાં જ મરણ પામ્યો; એટલે તે બ્રાહ્મણ પુત્રનું મુડદું લઈ તેને રાજદરબારના દ્વારમાં મૂકી વ્યાકુળ અને દીન મનવાળો થઈ વિલાપ કરતો આ પ્રમાણે બોલ્યો : ‘બ્રાહ્મણોનો દ્વેષ કરનાર દુષ્ટબુદ્ધિ, લોભી અને વિષયલંપટ મનવાળા નીચ ક્ષત્રિયના કર્મદોષથી મારો પુત્ર મરણ પામ્યું છે. ખરું છે કે:

‘हिंसाविहारं नृपतिं दुःशीलमजितेन्द्रियम् । प्रजां भजन्त्यः सीदन्ति दरिद्रा नित्यदुःखिता ॥

જે પ્રજાઓ હિંસામાં જ વિહાર કરતા, દુરાચારી અને અજિતન્દ્રિય રાજાને સેવે છે, તેઓ દરિદ્ર અને નિત્ય દુઃખી થઈ પીડાય છે.'

એમ બીજો અને એ જ રીતે ત્રીજો (મરેલો) પુત્ર રાજદ્વારમાં મૂકી, તે બ્રાહ્મણ ઉપરની જ વાત કહેતો હતો. એક વાર શ્રીકૃષ્ણ પાસે બેઠેલા અર્જુને એ બ્રાહ્મણનો નવમો પુત્ર એ રીતે મરી ગયો ત્યારે તેણે ગાયેલી તે ગાથા સાંભળી તેને કહ્યું: ‘હે બ્રાહ્મણ ! તમારા રહેઠાણના આ શહેરમાં શું કોઈ ધનુર્ધારી ક્ષત્રિય જ નથી ? આ યાદવો તો યજ્ઞ કરવા એકઠા મળેલા બ્રાહ્મણો જેવા છે. જ્યાં ધન, સ્ત્રી તથા પુત્રોથી

વિયોગી થઈ બ્રાહ્મણો શોક કરે, ત્યાં (રાજ્ય કરતા રાજાઓ) રાજાના વેષથી પ્રાણ પોષતા નટોની પેઠે જ (કેવળ આજીવિકા માટે) જીવે છે (એમ જાણવું). હે મહારાજ ! મને લાગે છે કે આપ બંને પતિ–પત્ની પુત્રોના મૃત્યુથી દીન બની ગયાં છો, આથી હું આપનાં સંતાનોનું રક્ષણ કરીશ. જો હું મારી પ્રતિજ્ઞા પાળી શકું નહિ તો અગ્નિમાં પ્રવેશ કરીશ. એ રીતે મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ.'

**બ્રાહ્મણ બોલ્યો :** બળદેવ, શ્રીકૃષ્ણ, ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ પ્રદ્યુમ્ન અને જેની સામે કોઈ મહારથી યોદ્ધો ટકતો નથી, એવો અનિરુદ્ધ પણ મારા સંતાનનું રક્ષણ કરવા સમર્થ નથી; તો જગદીશ્વરોને પણ દુષ્કર તે કાર્ય કરવા તું મૂર્ખાઈથી કેમ ઈચ્છે છે તે મને સમજાતું નથી, તેથી તારા કહેવા ઉપર મને વિશ્વાસ આવતો નથી.

**અર્જુન બોલ્યો :** હે બ્રહ્મન્ ! હું કંઈ બળદેવ, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન કે અનિરુદ્ધ નથી, હું તો અર્જુન છું, જેનું ગાંડીવ નામે વિશ્વવિખ્યાત ધનુષ્ય છે. હે બ્રહ્મન્ ! શંકરને પણ સંતોષ પમાડનારાં મારાં પરાક્રમનું તમે અપમાન કરો મા; હે પ્રભુ ! મૃત્યુને પણ યુદ્ધમાં જીતી, હું તમારા સંતાન લાવી આપીશ.

**શુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત રાજા ! અર્જુને એ રીતે બ્રાહ્મણને વિશ્વાસ પમાડ્યો; એટલે બ્રાહ્મણ પ્રસન્ન થઈ અર્જુનનાં પરાક્રમ સાંભળતો પોતાને ઘેર ગયો. પછી પત્નીનો પ્રસવકાળ પાસે આવ્યો એટલે પેલો ઉત્તમ બ્રાહ્મણ આતુર થઈ અર્જુનને કહેવા લાગ્યો કે 'મારા સંતાનને મૃત્યુથી બચાવો, બચાવો.' અને પવિત્ર જળનું આચમન કરી; શંકરને નમસ્કાર કરી દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કર્યું ને દોરી ચઢાવેલું ગાંડીવ ધનુષ્ય હાથમાં લીધું. (પછી બ્રાહ્મણને ઘેર જઈ) અર્જુને અનેક જાતનાં અસ્ત્રો સાથે યોજેલાં બાણો વડે સૂતિકાગૃહને આડુંઅવળું ઉપરનીચે, એમ ચોતરફથી ઘેરી લીધું અને ઘરની ચોતરફ બાણોનું પીંજરું કર્યું. પછી બ્રાહ્મણ પત્નીને કુમાર જન્મ્યો; તે વારંવાર રડવા લાગ્યો અને તરત જ શરીર સાથે આકાશમાર્ગે અદૃશ્ય થયો, તેનું શરીર પણ ન દેખાયું. તે વખતે પેલો બ્રાહ્મણ શ્રીકૃષ્ણની સમીપ જઈ અર્જુનની નિંદા કરતો બોલ્યો : 'અરેરે ! મારી મૂર્ખાઈ તો જુઓ ! મેં નપુંસકની બડાઈ ઉપર શ્રદ્ધા રાખી ! મારાં સંતાનને પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, બળરામ તથા શ્રીકૃષ્ણ પણ બચાવવા સમર્થ થયા નથી, તો બીજો કયો તેનું રક્ષણ કરશે ? જૂઠું બોલતા અર્જુનને અને પોતાની બડાઈ હાંકતા તેના ધનુષ્યને પણ ધિક્કાર છે; કારણ કે તે દુર્મતિ અને ઈશ્વરેચ્છાથી ગયેલી વસ્તુને મૂર્ખાઈથી પાછી લાવવા ઈચ્છે છે.' એમ તે બ્રાહ્મણ ગાળો દેવા લાગ્યો એટલે અર્જુન તરત વિદ્યાનો આશ્રય કરી યમરાજની સંયમની નગરીમાં ગયો, ત્યાં બ્રાહ્મણનો પુત્ર દેખાયો નહિ; એટલે અર્જુન આયુધો ઉગામી, ત્યાંથી ઈન્દ્રની, અગ્નિની, નિર્ઋતિની, સોમની, વાયુની તથા વરુણની નગરીમાં ગયો અને છેવટે રસાતલ તથા સ્વર્ગ વગેરે બીજાં સ્થાનોમાં પણ જઈ વળ્યો; છતાં તેને બ્રાહ્મણનો પુત્ર ન જ મળ્યો ત્યારે પ્રતિજ્ઞા પૂર્ણ ન થવાથી અર્જુન અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયો; એટલે શ્રીકૃષ્ણે તેને અટકાવી કહ્યુંઃ 'હું તને બ્રાહ્મણના પુત્રો બતાવું છું. તું પોતે પોતાનું અપમાન કર મા. જે મનુષ્યો હમણાં આપણી નિંદા કરે છે. તેઓ જ આપણી નિર્મળ કીર્તિ સ્થાપશે.' એમ કહી સર્વના નિયંતા ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન સાથે પોતાના દિવ્ય રથમાં બેસી પશ્ચિમ દિશામાં પધાર્યા. ત્યાં સાત દ્વીપો, સાત સમુદ્રો, સાત પર્વતો અને લોકાલોક પર્વત ઓળંગી ઘણા મોટા અંધકારમાં દાખલ થયા, એટલે હે ભરતશ્રેષ્ઠ રાજા ! તે અંધકારમાં શૈલ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ભગવાનના ઘોડા આગળ વધતા અટકી પડયા. તે જોઈ યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણે હજારો સૂર્ય સરખા પોતાના ચક્રને

પ્રેરણા કરી, એટલે ધનુષ્યની દોરીમાંથી છૂટેલું રામબાણ જેમ રાક્ષસોની સેનાઓમાં દાખલ થાય, તેમ મન જેવા વેગવાળું સુદર્શનચક્ર પોતાના સર્વોત્કૃષ્ટ તેજથી પ્રકૃતિના પરિણામરૂપ, ગહન, અતિઘોર તે મોટા અંધકારનો નાશ કરતું તેમાં દાખલ થયું (અને આગળ ચાલવા લાગ્યું). પછી ચક્રે કરેલા માર્ગે તેની પાછળ જતાં અંધકારની પેલી તરફ અનંત અપાર શ્રેષ્ઠ જ્યોતિ ચારે તરફ ફેલાયેલી દેખાઈ. તેને જોઈ અર્જુનનાં બંને નેત્રો અંજાઈ ગયાં; તેણે બંને નેત્રો બંધ કરી દીધાં. એ તેજ ઓળંગ્યા પછી ભગવાનના દિવ્ય રથે જળમાં પ્રવેશ કર્યો. તે જળ મહાબળવાન પવનથી ઊછળતા મોટા તરંગોથી શોભતું હતું. પછી તે જળમાં મહાકાલપુર નામનો અદ્‌ભુત મહેલ દેખાયો. તે કાંતિવાળા પદાર્થોમાં ઘણો જ શ્રેષ્ઠ હોઈ, ઝગમગાટ કરતા મણિઓના હજારો થાંભલાઆથી શોભતો હતો. તેમાં મહાભયંકર શેષનાગ ભગવાનને તેમણે જોયા, જે ભગવાન આશ્ચર્યકારક, હજાર મસ્તકોરૂપી ફણાઓ પર રહેલા મણિઓની કાંતિથી પ્રકાશતા, બે હજાર ઉગ્ર નેત્રોવાળા, સ્ફુટિકના પર્વત સરખા જણાતા અને શ્યામ કંઠ તથા જીભવાળા છે. પછી એ શેષ ભગવાનના શરીરરૂપ આસનવાળા મહાપ્રભાવશાળી પુરુષોત્તમ ભગવાનને તેમણે જોયા; જે ભગવાન સર્વમાં વ્યાપ્ત, ગાઢ મેઘ સમાન કાંતિવાળા, ઉત્તમ પીળાં વસ્ત્રો પહેરેલા, પ્રસન્ન મુખવાળા, સુંદર વિશાળ નેત્રોવાળા, અનેક શ્રેષ્ઠ મણિઓથી જડેલા મુકુટ તથા કુંડળોની કાંતિ વડે ચોતરફ પ્રકાશતા, હજારો કેશવાળા, લાંબી અને સુંદર આઠ ભુજાઓથી યુકત, કૌસ્તુભમણિ ધારણ કરતા, શ્રીવત્સચિહ્નવાળા, વનમાળાથી વીંટળાયેલા, પરમેષ્ઠીઓના પતિ અને સુનંદ—નંદ વગેરે પોતાના પાર્ષદો, ચક્ર વગેરે પોતાનાં મૂર્તિ માન આયુધો અને પુષ્ટિ, લક્ષ્મી, કીર્તિ તથા માયા સહિત સર્વ મૂર્તિ માન મહાસિદ્ધિઓ વડે સેવાય છે. તેમનાં દર્શનથી જ ભય પામેલા અર્જુને અને અચ્યુત શ્રીકૃષ્ણ ભગવાને પોતાના તે શેષશાયી સ્વરૂપને વંદન કર્યું એટલે પરમેષ્ઠીઓના પ્રભુ તે વ્યાપક પરમેશ્વરે બે હાથ જોડી ઊભેલા શ્રીકૃષ્ણ તથા અન પ્રત્યે હસતાં ગંભીર વાણીથી કહ્યું : 'તમને બંનેને જોવા ઈચ્છતા મેં બ્રાહ્મણના પુત્રોને અહીં આણ્યા છે; તમે બંને ધર્મનું રક્ષણ કરવા મારા અંશથી પૃથ્વી ઉપર અવતર્યા છો; માટે હવે પૃથ્વીના ભારરૂપ અસુરોનો નાશ કરી ફરી જલદી મારી પાસે આવતા રહો. તમે બંને પૂર્ણકામ અને શ્રેષ્ઠ નર—નારાયણ ઋષિ છો; તોપણ લોક જે રીતે ધર્મમાં વર્તે તે રીતે કેવળ લોકોને ધર્મમાં રાખવા માટે તમે ધર્મનું આચરણ કરો.' પરમપદે સ્થિતિ કરતા ભગવાન પૂર્ણ પુરુષોત્તમે એવી આજ્ઞા કરી એટલે શ્રીકૃષ્ણ તથા અર્જુન 'બહુ સારું' એમ કહી તે પરમેશ્વરને નમી, બ્રાહ્મણના પુત્રોને સાથે લઈ અત્યંત પ્રસન્ન થઈ જે માગે આવ્યા હતા, તે જ માર્ગે પોતાના સ્થાન તરફ પાછા ફર્યા અને જેવું જેનું રૂપ અને જેટલી જેની ઉંમર હતી તે પ્રમાણે જ તે પુત્રો બ્રાહ્મણને આપ્યા. અર્જુન વિષ્ણુધામનાં દર્શન કરી પરમ આશ્ચર્ય પામ્યો અને તેણે માન્યું કે પુરુષોનો જે પુરુષાર્થ છે, તે શ્રીકૃષ્ણની કૃપાથી જ છે. એ પ્રમાણે આ લોકમાં એવાં અનેક પરાક્રમો દર્શાવતા શ્રીકૃષ્ણ પ્રભુએ સંસારી વિષયો ભોગવ્યા હતા અને અત્યંત ઉત્તમ યજ્ઞો કર્યા હતા. જેમ ઈન્દ્ર સમયાનુસાર વરસાદ વરસાવે છે તેમ શ્રેષ્ઠતાના આશ્રય ભગવાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણાદિ પ્રજાઓના સર્વ મનોરથો સમસ્યાનુસાર પૂર્ણ કર્યા હતા. તેમણે અધર્મી રાજાઓનો (પોતે) નાશ કરીને તેમ જ અર્જુનાદિ દ્વારા નાશ કરાવી ધર્મપુત્ર—યુધિષ્ઠિરાદિ દ્વારા અનાયાસે જ ધર્મ પ્રવર્તાવ્યો હતો. ૧-૬૬

हत्वा नृपानघर्मिष्ठान घातयित्वार्जुनादिभिः । अञ्जसा वर्तयामास घर्मे घर्मसुतादिभिः ॥६६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૮૯ સમાપ્ત.*

# અધ્યાય-૯૦

## સંક્ષેપમાં કૃષ્ણલીલાઓ

॥ श्रीशुक उवाच ॥

सुखं स्वपुर्यां निवसन् द्वारकायां श्रियः पतिः । सर्वसंपत्समृद्धायां जुष्टायां वृष्णिपुङ्गवैः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પોતાની નગરી દ્વારકામાં સુખથી રહેતા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ભગવાન સોળ હજાર (એકસોને આઠ) સ્ત્રીઓને કેવળ પ્રિય થઈ વિચિત્ર રૂપ ધરી, તે તે સ્ત્રીઓના મોટી સંપત્તિઓવાળા મહેલોમાં રમતા હતા. શ્રીકૃષ્ણ પ્રભુની દ્વારકા સર્વ સંપત્તિઓથી સમૃદ્ધિવાળી અને મોટા યાદવોથી સેવાયેલી હોઈ તેમાં ઉત્તમ વેષવાળી અને નવા યૌવનની કાંતિવાળી સ્ત્રીઓ હવેલીઓની અંદર વીજળીઆની પેઠે ઝબુકતી, દડા વગેરેથી રમતી હતી. ત્યાંના માર્ગો મદઝરતા હાથીઓ, સારી રીતે શણગારેલા યોદ્ધાઓ, ઘોડા અને સુવર્ણ વડે ઉજ્જવળ રથોથી નિત્ય વ્યાપ્ત રહેતા. વળી તે બાગ–બગીચાઓથી યુકત અને પુષ્પોવાળાં વૃક્ષની પંકિતઓ પર બેસતાં પક્ષીઓથી ચારે બાજુ ગાજ્યા કરતી. મહાવૈભવવાળા ભગવાન શ્રીકૃષ્ણ પ્રફુલ્લ ઉત્પલો, કલ્હારો, કુમુદો તથા કમળોની રજ વડે સુગંધી નિર્મળ જળાશયોવાળા અને કલ્લોલ કરતાં પક્ષીઓના સમૂહોવાળા તે તે સ્ત્રીઓના મહેલોમાં ક્રીડાઓ કરતા, તેમ જ જળાશયોમાં જળની અંદર પ્રવેશ કરી, સ્ત્રીઓનાં આલિંગન પામી, તેઓનાં સ્તન ઉપરના કેસરથી ખરડાયેલા અંગે વિહાર કરતા ત્યારે નરઘાં, ઢોલક, નગારાં તથા વીણા વગાડતા ગંધર્વો, સૂતો, માગધો તથા બંદીજનો હર્ષથી ભગવાનનાં ગુણગાન ગાતા. હાસ્ય કરતી સ્ત્રીઓ પિચકારીઓ વડે ભગવાનને જળ છાંટતી ત્યારે ભગવાન પણ સામે તેઓને જળ છાંટતા. જાણે યક્ષિણીઓ સાથે કુબેર ક્રીડા કરતા ન હોય ? તે વખતે ભગવાનને જળ છાંટતી સ્ત્રીઓ ભીનાં વસ્ત્રોવાળી થઈ જતી તેથી તેઓની સાથળો અને સ્તનના વિભાગો સ્પષ્ટ જણાતા. તેઓના મોટા અંબોડામાંથી પુષ્પો સરી પડતાં અને તેઓ પિચકારીઓ લઈ લેવાની ઈચ્છાથી પ્રિય શ્રીકૃષ્ણની પાસે પહોંચી જઈ તેમને આલિંગન કરતી ત્યારે તેઓ કામાતુર થઈ જતી અને તેને કારણે ઉપજેલા આનંદથી તેજસ્વી મુખવાળી થઈ શોભતી હતી. શ્રીકૃષ્ણ પણ તેઓનાં સ્તન ઉપરના કેસરથી રંગાયેલી વનમાળાને ધરતા અને જળક્રીડામાં લીન થવાથી તેમના વાંકડિયા વાળ ઉન્મુકત ભાવથી લહેરાતા. તેઓ પોતાની રાણીઓને જળ છાંટતા, ત્યારે તે સ્ત્રીઓ પણ સામેથી તેમને જળ છાંટતી, એ રીતે હાથણીઓ સાથે મોટો હાથી રમે, તેમ ભગવાન તે સ્ત્રીઓ સાથે રમતા. શ્રીકૃષ્ણ તેમ તેમની સ્ત્રીઓ ક્રીડા કરવા, જે જે અલંકારો તથા વસ્ત્રોને પહેરતાં તે તે નટોને, નર્તકીઓને તથા ગીત વાદ્ય ઉપર આજીવિકા ચલાવનારાઓને આપી દેતાં. એમ શ્રીકૃષ્ણ વિહાર કરતા તે સમયે તેમની ગતિ, ભાષણ, જોવાની રીત, મંદહાસ્ય, મશ્કરીનાં વચનો તથા આલિંગનોથી સ્ત્રીઓની બુદ્ધિ હરાઈ જતી. અને ભગવાનમાં જ બુદ્ધિવાળી તથા ભગવાનનું જ ચિંતન કરતી તે સ્ત્રીઓ એ વેળા ઉન્મત્ત અને જડની પેઠે જે વચનો બોલતી, તે હું તમને કહું છું તે સાંભળો.

**શ્રીકૃષ્ણની પટરાણીઓ કહેતી :** અલી ઓ ટિટોડી ! જેમનું બાહ્ય વિષયજ્ઞાન જગતમાં ગુપ્ત છે, એવા ઈશ્વર શ્રીકૃષ્ણ રાત્રિમાં પોઢયા છે, તેમની નિદ્રામાં ભંગ કરતી તું બકવાટ કરે છે અને ઊંઘતી નથી,

તે અયોગ્ય છે; અથવા ઓ સખી ! તું પણ અમારી પેઠે કમળનયન શ્રીકૃષ્ણ ભગવાનની હાસ્ય સહિત ઉદાર દૃષ્ટિથી અત્યંત વિંધાયેલ મનવાળી છે કે શું ? અલી ઓ ચક્રવાકી ! તું નેત્રો કેમ મીચી ગઈ છે ? અફસોસ તું તારા પતિને રાત્રે નહિ જોતી દયા આવે તેવો પોકાર કરે છે ! અથવા દાસીપણું પામેલી અને શ્રીકૃષ્ણના ચરણોએ સેવેલી માળાને જેમ કેશપાશમાં ધરવા ઈચ્છીએ છીએ એમ તું પણ ઈચ્છે છે કે શું? અરે ઓ સમુદ્ર ! તને નિદ્રા આવતી નથી, તને હમેશાં ઉજાગરા થાય છે, તેથી તું બૂમો પાડે છે કે શું ? અથવા અમે જે ટાળવી મુશ્કેલ દશા પ્રાપ્ત કરી છે તે દશા તું પામ્યો છે કે શું ? અહો ! ખેદની વાત છે કે અમારાં સ્તન ઉપરનાં કેસર વગેરેનાં ચિહનો જેમ શ્રીકૃષ્ણે હર્યા છે, તેમ તારાં પણ લક્ષ્મી, કૌસ્તુભમણિ વગેરે ચિહ્નો શ્રીકૃષ્ણે હરી લીધાં છે. ઓ ચંદ્ર ! તું બળવાન ક્ષયરોગથી પકડાયો છે, તેથી ક્ષીણ થઈ પોતાનાં કિરણો વડે અંધકારનો નાશ કરી શકતો નથી કે અમારી પેઠે શ્રીકૃષ્ણનાં રહસ્યવચનો યાદ કરી તેની જ એક ચિંતાથી ક્ષીણ થઈ અંધકારને દૂર કરી શકતો નથી ? તું પણ અમારી પેઠે સ્તબ્ધ થયેલી વાણીવાળો જણાય છે. ઓ મલયાચલના વાયુ ! અમે તારું શું અપ્રિય કર્યું છે કે જેથી તું શ્રીકૃષ્ણનાં કટાક્ષોથી વીંધાયેલા અમારા હૃદયમાં કામ પ્રકટ કરે છે ? હે શોભાયમાન મેઘ ! તું યાદવેન્દ્ર—શ્રીકૃષ્ણનો વહાલો મિત્ર છે; (કારણ કે શ્રીકૃષ્ણની પેઠે તું પણ બીજાઓના સંતાપ દૂર કરે છે;) તેથી તું અમારી પેઠે જ પ્રેમથી બંધાઈને શ્રીવત્સના ચિહ્નવાળા શ્રીકૃષ્ણ ભગવાનનું ખરેખર ધ્યાન કરે છે; કારણ કે તે અત્યંત ઉત્કંઠિત જણાય છે અને તારું હૃદય ભગવાન પ્રત્યેના પ્રેમથી નરમ થયેલું લાગે છે, જેથી તું અમારી પેઠે શ્રીભગવાનનું વારંવાર સ્મરણ કરી આંસુની ધારા વરસાવે છે; પણું અરે ઓ મેઘ ! તે શ્રીકૃષ્ણ સાથે મિત્રતા શા માટે કરી ? કારણ કે તેમનો પ્રસંગ વારંવાર દુઃખદાયી થાય છે. આ સુંદર કંઠવાળી કોયલ ! તું મરેલાઓને પણ જિવાડે એવી આ મધુર વાણીથી પ્રિયભાષી શ્રીકૃષ્ણના શબ્દો બોલે છે, માટે તું મને કહે : આજે હું તારું કયું પ્રિય કરું ? ઓ ઉદાર બુદ્ધિવાળા પર્વત ! તું હાલતો-ચાલતો નથી, તેમ કંઈ બોલતો પણ નથી; તેથી નક્કી કોઈ મોટા વિષયનો તું વિચાર કરે છે. ખેદની વાત છે કે જેમ અમે વસુદેવપુત્ર શ્રીકૃષ્ણના ચરણને સ્તન ઉપર મૂકવા ઈચ્છીએ છીએ, તેમ તું પણ તેમના ચરણને સ્તન જેવાં શિખરો પર મૂકવા ઈચ્છે છે કે શું ? (જોજે, એવી ઈચ્છા કરતો નહિ; એથી તો જરૂર તારી પણ અમારા જેવી સ્થિતિ થશે.) ઓ સમુદ્રની પત્ની નદીઓ ! અફસોસ ! જેમ અમે અમારા વહાલા પતિ શ્રીકૃષ્ણના સ્નેહકટાક્ષ ન પામી, હરાયેલાં હૃદયવાળી ને અત્યંત કૃશ થયેલ છીએ, તેમ તમે પણ હમણાં ગ્રીષ્મઋતુ હોવાથી મેઘ દ્વારા તમારા વહાલા પતિ સમુદ્રના જળને પામી શકતી નથી ને તેથી જ સુકાયેલા ધરાઓવાળી અને કમળની શોભાથી રહિત થઈ અત્યંત દૂબળી છો. ઓ હંસ ! તું ભલે આવ્યો; બેસ દૂધ પી અને શ્રીકૃષ્ણની વાત કહે. અમે જાણીએ છીએ કે, તું તેમનો દૂત છે. શ્રીકૃષ્ણ કુશળ છે ને ? તેમણે અમને એકાંતમાં જે કહ્યું છે, તેને તે ચંચળ સ્નેહવાળા યાદ કરે છે ? (તું કહીશ કે તે યાદ કરીને જ તેમણે મને અહીં મોકલ્યા છે, તો) હે ક્ષુદ્રના દૂત ! અમે તેમને શા માટે ભજીએ ? (તું કહીશ કે) સંભોગ માટે તે તમને બોલાવે છે; તો અમે કહીએ છીએ કે સંભોગ આપનારા તેમને જ તું અહી બોલાવી લાવ. (પણ જોજે, પેલી લક્ષ્મી મને ઠગીને એકલી જ તેમને સેવે છે; માટે તે) લક્ષ્મી વિના તેમને એકલાને જ બોલાવી લાવજે. (તું કહીશ

કે લક્ષ્મી તો એકનિષ્ઠાવાળી છે, તેને છોડી ભગવાન એકલા કેમ આવે ? તો) શું તું એમ માને છે કે સ્ત્રીઓમાં તે લક્ષ્મી જ એકનિષ્ઠાવાળી છે ? (અમે એકનિષ્ઠાવાળી નથી ?)

શ્રીશુકદેવજી બોલ્યા : યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ વિષે એવા કરાતા ભાવથી તેમની પત્નીઓ પરમગતિ પામી છે. શ્રીકૃષ્ણ ભગવાન માત્ર તેમના વિષે સાંભળવાથી અથવા અનેક પ્રકારનાં ગીતોથી તેમનું ગાન કરવાથી પણ સ્ત્રીઓના મનને બળાત્કારે આકર્ષે છે; તો જે સ્ત્રીઓ તેમનાં પ્રત્યક્ષ દર્શન કરતી હોય તેઓનાં મનને આકર્ષે એમાં શું કહેવાનું હોય ? જે સ્ત્રીઓ જગદગુરુ શ્રીકૃષ્ણપ્રભુને પતિબુદ્ધિથી પ્રેમપૂર્વક પગચંપી વગેરેથી સેવતી, તેઓના તપનું આપણે શું વર્ણન કરીએ ? એમ વેદોકત ધર્મ આચરતા અને પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણ ભગવાને ધર્મ, અર્થ, અને કામનું સ્થાન ઘર જ છે, એમ વારંવાર દર્શાવ્યું છે, ગૃહસ્થાશ્રમીઓના શ્રેષ્ઠ ધર્મને આચરતા શ્રીકૃષ્ણ ભગવાનને સોળ હજાર એકસો ને આઠ રાણીઓ હતી. હે રાજન્ ! સ્ત્રીઓમાં રત્ન જેવી તે સ્ત્રીઓમાં રુકિમણી વગેરે જે આઠ સ્ત્રીઓ પ્રથમ કહી છે તેમના પુત્રો પણ અનુક્રમે કહ્યા છે. સત્ય સંકલ્પવાળા ઈશ્વર શ્રીકૃષ્ણે જેટલી પોતાની સ્ત્રીઓ હતી, તે પ્રત્યેકમાં દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તે સર્વ પુત્રો પ્રચંડ પરાક્રમી હોઈ, તેઓમાં અઢાર તો મોટા યશવાળા મહારથી હતા. તેઓનાં નામ તમે મારી પાસેથી સાંભળો. પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, દીપ્તિમાન, ભાનુ, સાંબ, મધુ, બૃહદ્‌ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનંદન, ચિત્રબાહુ, વિરૂપ, કવિ અને ન્યગ્રોધ. હે રાજેન્દ્ર ! શ્રીકૃષ્ણના આ અઢાર પુત્રોમાં સકિમણીનો પુત્ર પ્રદ્યુમ્ન પિતાની પેઠે પ્રથમ હતો—સૌથી વધારે શ્રેષ્ઠ હતો. તે મહારથી પ્રદ્યુમ્ન રુકમીની પુત્રીને પરણ્યો હતો. તેનાથી અનિરુદ્ધ નામે પુત્ર થયેલો, જે દશ હજાર હાથીઓ જેવો બળવાન હતો. રુકમીની પુત્રીનો પુત્ર તે અનિરુદ્ધ પણ રુકમીના પુત્રની પુત્રીને પરણ્યો હતો, તેનાથી વજ્રનાભ નામે પુત્ર થયો હતો, જેને મુસલ નિમિત્ત થયેલા યદુકુળના નાશથી (ભગવાને) બાકી રાખ્યો હતો. એ વજ્રનાભથી પ્રતિબાહુ, પ્રતિબાહુથી સુબાહુ, સુબાહુનો શાંતસેન અને શાંતસેનનો શ્રુતિસેન નામે પુત્ર થયો હતો. શ્રીકૃષ્ણના આ કુળમાં જન્મેલા કોઈ પણ નિર્ધન, થોડી પ્રજાવાળા, થોડા આયુષ્યવાળા, થોડા પરાક્રમવાળા કે બ્રાહ્મણોના ભકત ન હોય તેવા થયા નથી. હે રાજા ! યદુવંશમાં જન્મેલા, પ્રખ્યાત કર્મોવાળા પુરુષોની સંખ્યા, હજારો વર્ષે પણ થઈ શકે તેમ નથી. અમે સાંભળ્યું છે કે યદુકુળના કુમારોને ભણાવનારા આચાર્યો ત્રણ કરોડ અઠયાસીસો હતા; તો તે આચાર્યો પાસે ભણનારા કુમારોની સંખ્યા કેટલી હશે ? (અને તે કુમારોનાં માતાપિતા વગેરેની સંખ્યા કેટલી હશે ? માટે જ યદુકુળને અગણિત કહે છે.) જે યદુકુળમાં પ્રસિદ્ધ રાજા ઉગ્રસેન અસંખ્ય યાદવો સાથે રહેનારા હતા, તે મહાત્મા યાદવોની સંખ્યા કોણ કહી શકશે ? દેવો તથા અસુરોના યુદ્ધમાં જે મહાક્રૂર દૈત્યો મરાયા હતા, તેઓ મનુષ્યોમાં ઉત્પન્ન થયા હતા અને પ્રજાઓને દુઃખ આપતા હતા; તે દૈત્યોનો નાશ કરવા શ્રીહરિએ આજ્ઞા આપી હતી એટલે દેવો યદુના કુળમાં અવતર્યા હતા. હે રાજન્ ! યાદવોનાં કુળ એકસો ને એક હતાં. ભગવાન શ્રીહરિને તે સર્વ યાદવોએ પ્રભુ તરીકે માન્યાં હતાં, જેઓ તે શ્રીકૃષ્ણ પ્રભુને અનુસરતા તે સર્વ યાદવો ઉન્નતિ પામ્યા હતા. શ્રીકૃષ્ણમાં જેનાં મન લાગેલાં હતાં એવા તે યાદવો સૂવું, બેસવું, ફરવું, બોલવું, રમવું, અને સ્નાન વગેરે સર્વ ક્રિયાઓમાં વર્તતા પોતાના શરીરને પણ જાણતા ન હતા; અર્થાત્ તેઓને પોતાના શરીરનું પણ ભાન ન હતું. હે રાજા ! પૂર્વે ભગવાનના

પગનું જળ—ગંગાજી સર્વોત્કૃષ્ટ તીર્થ હતાં; પણ યાદવોમાં શ્રીકૃષ્ણદેવની કીર્તિરૂપ તીર્થ જ્યારે ઉત્પન્ન થયું ત્યારે તેણે ગંગાજીરૂપ તીર્થને ન્યૂન કરી નાખ્યું. શ્રીકૃષ્ણદેવના શત્રુઓ તથા મિત્રો તેમનું સારૂપ્ય પામ્યા, એ કંઈ મોટું આશ્ચર્ય નથી; (કારણ કે ભગવાન પરમ દયાળુ છે.) તેમ જ જે લક્ષ્મીદેવી માટે બીજા—બ્રહ્માદિ દેવોનો પ્રયત્ન હોય છે, કોઈથી પણ ન જિતાયેલાં અને સર્વાંશે પરિપૂર્ણ તે લક્ષ્મીદેવી શ્રીકૃષ્ણ પ્રભુનાં જ થઈ રહ્યાં છે, તે પણ કંઈ આશ્ચર્ય નથી, કારણ કે જેમનું માત્ર નામ જ સાંભળેલું કે ઉચ્ચારેલું હોય તો સર્વ અમંગલોનો નાશ કરે છે. વળી જે ભગવાને તે તે ઋષિઓના વંશોમાં ધર્મપ્રવૃત્તિ કરી છે, તે સર્વસંહારક કાળમૂર્તિ અને સુદર્શનચક્રરૂપી આયુધવાળા શ્રીકૃષ્ણભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો, એ પણ કંઈ આશ્ચર્ય નથી. જે ભગવાન સર્વ જીવોના રહેઠાણ છે; 'દેવકી થકી જન્મ' એ તો જેમના સંબંધમાં માત્ર કહેવા પૂરતું જ છે; (કેમ કે ખરી રીતે તો અજન્મા છે.) મોટા યાદવો જેમની સભામાં સેવક હતા; જે (માત્ર ઈચ્છાથી જ સર્વ અધર્મનો નાશ કરવા સમર્થ છે, છતાં ક્રીડા માટે) પોતાના બાહુઓથી અધર્મને દૂર કરે છે; (અધિકારી છે કે નહિ, તે જોયા વિના જ) સ્થાવરજંગમ સર્વનાં પાપોનો જે નાશ કરે છે અને જેમણે સુંદર મંદ હાસ્યવાળા શ્રીમુખથી વ્રજવાસી ગોપીઓ તથા નગરવાસી કુબ્જા, રુકિમણી વગેરે સ્ત્રીઓનો કામ વધાર્યો; અર્થાત્ ભોગ દ્વારા તેમને મોક્ષ આપી દીધો; તે શ્રીકૃષ્ણ ભગવાન જય પામે છે—સર્વોત્કૃષ્ટ દેવ છે. એમ પોતાના વેદમાર્ગની રક્ષા કરવાની ઈચ્છાથી લીલાશરીર ધારણ કરનારા યદૂત્તમ શ્રીકૃષ્ણ પરમાત્માનાં સર્વ કર્મોનો નાશ કરનારાં લીલાચરિત્રો એ ભગવાનના ચરણમાં ભકિતની ઈચ્છાવાળાએ સાંભળવાં જોઈએ. હરકોઈ મનુષ્ય પ્રત્યેક સમયે મુકુંદની ભગવાનની સુંદર કથાઓના શ્રવણ—કીર્તન અને ચિંતનથી તેમની ભકિતથી ટાળવો મુશ્કેલ કાળનો વેગ પણ જ્યાં સમાપ્ત થાય છે તેવા એ પ્રભુધામમાં જાય છે; જેની પ્રાપ્તિ માટે રાજાઓએ પણ રાજપાટ, ઘરબાર, છોડી વનમાં જઈ તપશ્ચર્યા કરી છે. ૧-૫૦

मर्त्यस्तयाऽनुसवमेधितया मुकुन्दश्रीमत्कथाश्रवणकीर्तनचिन्तयैति ।
तद्धाम दुस्तरकृतान्तजवापवर्ग ग्रामाद्वनं क्षितिभुजोऽपि ययुर्यदर्थाः ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) વિષે અધ્યાય-૯૦ સમાપ્ત.*

## દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) સમાપ્ત

# શ્રીમદ્ ભાગવત

# એકાદશ સ્કંધ

## અધ્યાય-૧

## યાદવોને બ્રાહ્મણોનો શાપ

॥ श्रीबादरायणिरुवाच ॥

कृत्वा दैत्यवधं कृष्णः सरामो यदुभिर्वृत्तः । भुवोऽवतारयद् भारं जविष्ठं जनयन् कलिम् ॥१॥

**શ્રી શુકદેવજી બોલ્યા :** બળરામ સહિત શ્રીકૃષ્ણ ભગવાને યાદવોની સાથે મળીને દૈત્યનો વધ કર્યો, કૌરવો—પાંડવો વચ્ચે મહાવેગવાન કલેશ ઉપજાવી, પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. કૌરવોએ કપટયુક્ત જુગાર વડે, અનેક જાતનાં અપમાનોથી તથા સભામાં દ્રૌપદીના કેશ અને વસ્ત્રો ખેંચવા વગેરે અત્યાચારોથી પાંડવોને અત્યંત ક્રોધિત કર્યા હતા. તે પાંડવોને નિમિત્ત બનાવીને ભગવાન શ્રીકૃષ્ણે બંને પક્ષમાં એકઠા થયેલા રાજાઓને મરાવી નાખ્યા અને આ રીતે પૃથ્વીનો ભાર હલકો કરી દીધો. પ્રમાણો દ્વારા જાણી ન શકાય એવા શ્રીકૃષ્ણ ભગવાન પૃથ્વી પર ભારરૂપ રાજાઓની સેનાનો, પોતાના બાહુઓથી રક્ષાયેલા યાદવો દ્વારા નાશ કરી વિચારવા લાગ્યા કે, 'પૃથ્વીનો ભાર (લોકદૃષ્ટિએ) જોકે ઊતર્યો પણ મારી દૃષ્ટિએ હજી ઊતર્યો નથી, એમ હું માનું છું; કારણ કે જેના પર કોઈ વિજય મેળવી ન શકે એવો યદુવંશ હજી બાકી છે. (યાદવકુળનો બીજાઓથી નાશ થઈ શકે તેમ નથી; તેમ જ મારે મારા પોતાના કુળનો નાશ કરવો યોગ્ય નથી.) આ યાદવકુળનો બીજા દેવો વગેરેથી પણ પરાજય થઈ શકે તેમ નથી; કારણ કે આ યાદવકુળને મારો આશ્રય છે. વળી હાથી, ઘોડા વગેરે વૈભવોથી આ કુળ ઉચ્છૃંખલ બની ગયું છે; માટે જેમ વાયુ (પરસ્પર) ઘર્ષણથી વાંસની ઝાડીનો નાશ કરનાર અગ્નિ સળગાવી, પછી શાંત થાય છે, તેમ હું પણ આ યાદવકુળનો નાશ કરનાર માંહોમાંહે કજિયો ઉપજાવી શાંતિ પામીશ અને પછી સ્વધામમાં જઈશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! આવો નિશ્ચય કરી, એ સત્યસંકલ્પવાળા વ્યાપક ઈશ્વર શ્રીકૃષ્ણે બ્રાહ્મણોના શાપને બહાને પોતાના કુળનો સંહાર કર્યો હતો. હે પરીક્ષિત, ભગવાનનું એ રૂપ ત્રિલોકના સૌંદર્યનો તિરસ્કાર કરનારું હતું, એના વડે એમણે સર્વનાં નેત્રોને પોતાના તરફ આકર્ષિત કરી લીધાં હતાં. તેમની વાણી પરમ મધુર હતી. તેણે એનું સ્મરણ કરનારાંઓનું ચિત્ત પોતામાં ખેંચી લીધું હતું. તેમનાં સુંદર ચરણકમળોએ તેમને જોનારાઓની અન્ય સર્વ ક્રિયાઓને દૂર કરી દીધી હતી. તે પછી ભગવાન કવિઓ

સુંદર શબ્દોમાં જેવું વર્ણન કરે છે એવી પોતાની કીર્તિનો તેના વડે લોકો સંસારના અંધકારને સુખપૂર્વક તરી જાય એ માટે વિસ્તાર કરી સ્વધામ પધાર્યા.

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** યાદવ તો બ્રાહ્મણોના ભકત, મોટા દાની, નિત્ય વૃદ્ધોની સેવા કરનારા અને શ્રીકૃષ્ણમાં જ મનવાળા હતા; છતાં તેને બ્રાહ્મણોનો શાપ કેમ થયો ? હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ! જે નિમિત્તે અને જેવા સ્વરૂપનો તે શાપ હોય તે તથા પરસ્પર એક ચિત્તવાળા ને સંપીલા યાદવોમાં કજિયો કેમ થયો, તે સર્વ તમે મને કહો.

**શ્રી શુકદેવજી બોલ્યા :** સમગ્ર સૌદર્યના સમાવેશવાળું શરીર ધારણ કરતા, પૃથ્વી પર પરમ મંગળ કર્મ કરતા અને પોતે પૂર્ણકામ છતાં (ઘરમાં રહેતા મનુષ્યે કર્મ કેમ કરવાં એ શીખવવા) દ્વારકા ધામમાં રહી ક્રીડા કરતા ઉદાર કીર્તિવાળા શ્રીકૃષ્ણે કુળને સંહારવાની ઈચ્છા કરી; કારણ કે પૃથ્વીનો ભાર ઉતારવાના પોતાના કામમાં હવે એ જ કામ બાકી હતું. ગાન કરનાર લોકોની કળિયુગની મલિનતા હરનારાં પુણ્યપ્રદ મંગળમય કર્મો કરી સંહારક કાળસ્વરૂપે વસુદેવને ઘેર રહેતા શ્રીકૃષ્ણે (યજ્ઞયાગાદિ કર્મ નિમિત્તે) વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ તથા નારદ વગેરે મુનિઓને (પોતાના ત્યાં બોલાવ્યા હતા, પછી તે તે કર્મો થઈ રહ્યાં ત્યારે તેમને) વિદાય કર્યા; એટલે તે મુનિઓ પિંડારક નામના તીર્થમાં ગયા. પછી ક્રીડા કરતા યાદવકુમારો જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેશ પહેરાવી, તે મુનિઓ પાસે ગયા. ત્યાં જઈ તે ઉદ્ધત છોકરાઓ જાણે વિનયી હોય તેમ બ્રાહ્મણોના પગનો સ્પર્શ કરી તેમને પૂછવા લાગ્યા : 'હે અમોઘ જ્ઞાનવાળા બ્રાહ્મણો ! આ શ્યામ નેત્રવાળી સ્ત્રી સગર્ભા છે અને પુત્રની ઈચ્છાવાળી છે, તે આપને પૂછતાં શરમાય છે તેથી અમારા દ્વારા પૂછાવે છે. માટે આપ કહો કે આ સ્ત્રી શું પ્રસવશે. પુત્ર કે પુત્રી ? '

હે રાજન્ ! એમ મશ્કરી કરાયેલા તે મુનિઓએ કોપાયમાન થઈ તેઓને કહ્યું: 'ઓ મૂર્ખાઓ ! આ સ્ત્રી તમારા કુળનો નાશ કરનારા મુસળને જન્મ આપશે.' તે સાંભળી યાદવકુમારો અત્યંત ભય પામ્યા. તેઓએ તરત જ સાંબનું પેટ છોડયું તો તેમાં લોઢાનું મુસળ જોયું; 'મંદ ભાગ્યવાળા આપણે આ શું કર્યું ? લોકો આપણને શું કહેશે ?' એમ તેઓ ગભરાયા અને મુસળ લઈ ઘેર ગયા. પછી સભામાં લઈ જઈ, કરમાયેલી મુખકાંતિવાળા તે કુમારોએ સર્વ યાદવો સમક્ષ એ વાત રાજા ઉગ્રસેનને જણાવી. (પણ શ્રીકૃષ્ણને જણાવી નહિ.) હે રાજા ! બ્રાહ્મણેનો અમોઘ શાપ સાંભળી તેમ જ એ મુસળ જોઈ ને દ્વારકાવાસીઓ આશ્ચર્ય પામ્યા અને ભયથી અત્યંત ગભરાયા. પછી યાદવોના રાજા ઉગ્રસેને (શ્રીકૃષ્ણને પૂછયા વિના જ તે મુસળના ચૂરા કરાવી તેનો ભૂકો તથા) બાકી રહેલા લોઢાનો ટુકડો સમુદ્રના જળમાં ફેંકી દીધો. એટલે તે ટુકડો કોઈ માછલું ગળી ગયું અને ભૂકો હતો તે સમુદ્રના તરંગોથી ઘસડાઈ કિનારા પર લાગી એરકા નામના ઘાસરૂપે ઊગ્યું. પેલા માછલાને મચ્છીમારોએ સમુદ્રમાં જાળ નાખી બીજાં માછલાં સાથે પકડ્યું અને તેનું પેટ ચીરતાં લોઢાનો ટુકડો નીકળ્યો. તે કોઈ પારધીના હાથમાં આવતાં તેણે તેનું બાણનું ફળું બનાવ્યું. ભગવાન શ્રીકૃષ્ણ આ સઘળું જાણતા હતા અને બ્રાહ્મણોના શાપને વ્યર્થ કરવા સમર્થ પણ હતા, છતાં તેમણે બ્રાહ્મણોનો શાપ વ્યર્થ કરવા ઈચ્છા ન કરી; પણ કાળસ્વરૂપ તે ભગવાને તેને સંમતિ આપી. ૧-૨૪

भगवान् ज्ञातसर्वार्थ ईश्वरोऽपि तदन्यथा । कर्तुं नैच्छद्विप्रशापं कालरूप्यन्वमोदत ॥२४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## વસુદેવને નારદે ભાગવતધર્મનો ઉપદેશ વિદેહરાજ નિમિ અને નવ યોગેશ્વરોનો સંવાદ

॥ श्रीशुक उवाच ॥

गोवन्दभुजगुप्तायां द्वारवत्यां कुरुद्वह । अवात्सीन्नारदोऽभीक्ष्णं कृष्णपासनलालसः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુવંશી રાજા ! શ્રીકૃષ્ણની ભુજાઓથી રક્ષાયેલી દ્વારકામાં નારદજી શ્રીકૃષ્ણની ઉપાસનાની ઈચ્છાથી વારંવાર આવતા રહેતા હતા. હે રાજન્ ! હરકોઈ સ્થળે જેનું મૃત્યુ અવશ્ય છે એવો કર્યો ઈંદ્રિયવાન–વિવેકી પુરુષ મોટા મોટા દેવોએ પણ સેવવા યોગ્ય શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણકમળને ન સેવે ? એક સમયે દેવર્ષિ નારદ ઘેર આવ્યા એટલે વસુદેવજીએ તેમની પૂજા કરી અને પછી સુખથી બેઠેલા તેમને વંદન કરી આ પ્રમાણે પૂછ્યું.

**વસુદેવજી બોલ્યા :** હે ભગવન્ ! જેમ માતાપિતાનું આવવું પુત્રોના મંગળ માટે હોય અને ભગવાનના ભકતનું પધારવું દીન જનોના કલ્યાણ માટે હોય, તેમ આપનું પધારવું પણ સર્વ પ્રાણીઓના કલ્યાણ માટે હોય છે. (દેવો પણ મહાપુરુષોની ઉપમાને યોગ્ય નથી. કારણ કે) દેવોનું ચરિત્ર પ્રાણીઓને સુખકારક કે દુઃખકારક પણ હોય છે; પણ ભગવાનમાં જ મનવાળા આપ જેવા સત્પુરુષોનું ચરિત્ર તો સર્વને સુખકારક જ હોય છે. પુરુષ જેવી ચેષ્ટા કરે તેવી જ તેની છાયા ચેષ્ટા કરે છે, તેમ કર્મ–સહાયક દેવો પણ જેઓ જે પ્રકારે પોતાને ભજે છે, તે પ્રકારે જ તેઓને ભજે છે. ભજનના પ્રમાણમાં જ ભકતોને ફળ આપે છે; પણ સત્પુરુષો તો દીનજનો ઉપર પ્રેમ ધરાવનારા હોય છે; (એ રીતે અમે આપની માત્ર પધરામણીથી જ કૃતાર્થ થયા છીએ;) તોપણ હે બ્રહ્મન્ ! ભગવત્સંબંધી ધર્મો આપને અમે પૂછીએ છીએ કે જે ધર્મોને શ્રદ્ધાથી સાંભળી મનુષ્ય સર્વ પ્રકારના ભયથી છૂટે છે. મેં પૂર્વે દેવની માયાથી મોહિત થઈ મોક્ષ આપનારા ભગવાનને પૃથ્વી પર પ્રજા માટે ભજયા હતા, પરંતુ મોક્ષ માટે ભજયા ન હતા. માટે હે સદાચારી નારદજી ! સર્વ તરફથી ભયવાળા અને જાતજાતનાં દુઃખોથી ભરપૂર આ સંસારથી અમે આપના લીધે અનાયાસે જે રીતે છૂટીએ, તે રીતે આપ અમને સાક્ષાત્ ઉપદેશ આપો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! બુદ્ધિમાન વસુદેવજીએ એમ પૂછ્યું એટલે શ્રીહરિના ગુણોનું સ્મરણ થવાથી પ્રસન્ન થયેલા દેવર્ષિ નારદ તેમને કહેવા લાગ્યા.

**નારદજી બોલ્યા :** હે યાદવશ્રેષ્ઠ ! તમે આ ઉત્તમ નિશ્ચય કર્યો છે; કારણ કે તમે સમગ્ર જગતને શુદ્ધ કરનારા ભગવત્સબંધી ધર્મો પૂછો છો. હે વસુદેવ ! ભગવત્પ્રાપ્તિ કરાવનારો ધર્મ બોલવાથી, સાંભળવાથી, વિચારવાથી, આદર કરવાથી કે અનુમોદન કરવાથી સમગ્ર જગતનો દ્રોહ કરનારાઓને પણ તત્કાળ પવિત્ર કરે છે. આજે તમે પરમ કલ્યાણસ્વરૂપ અને પવિત્ર શ્રવણકીર્તનવાળા ભગવાન નારાયણનું મને સ્મરણ કરાવ્યું છે. આ ભગવત્સબંધી ધર્મોના નિર્ણય વિષે પણ આ પુરાતની ઇતિહાસ વિદ્વાનો કહે છે કે, જે મહાત્મા જનક અને ઋષભદેવજીના પુત્રોના સંવાદરૂપ છે. સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત નામે જે પુત્ર હતો તેને આગ્નિધ્ર, આગ્નિધ્રને નાભિ અને નાભિના પુત્ર ઋષભદેવ કહેવાય છે. વિદ્વાનો કહે છે કે, ભગવાન વાસુદેવના અંશરૂપ ઋષભદેવજી મોક્ષધર્મનો ઉપદેશ કરવાની ઈચ્છાથી અવતર્યા હતા. એમના વેદપારંગત સો પુત્રો હતા. તેઓમાં ભરત સૌથી મોટો હોઈ નારાયણનો ભકત

હતો. એના નામ ઉપરથી આ (અજનાભ) ખંડ 'ભારત' એવા અદ્ભુત નામે પ્રસિદ્ધ થયો છે. એ ભરતે આ આખી પૃથ્વીનું રાજ્ય ભોગવ્યું, પરંતુ છેવટે તેને છોડીને તેઓ વનમાં ચાલ્યા ગયા. ત્યાં તેમણે તપશ્ચર્યાથી શ્રીહરિની ઉપાસના કરી અને ત્રણ જન્મે ભગવાનને પ્રાપ્ત થયા. (બાકીના નવ્વાણુમાંથી) નવ પુત્રો આ ભરતખંડના બ્રહ્માવર્ત વગેરે નવ દ્વીપોના સ્વામી થયા અને બાકીનામાંથી એકાશી પુત્રો કર્મમાર્ગના પ્રવર્તક બ્રાહ્મણો થયા.એ સિવાયના કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન, આ નવ મહાપ્રભાવશાળી યોગેશ્વરો થયા. તેઓ પરમાર્થતત્ત્વનો ઉપદેશ કરનારા, આત્મવિદ્યાભ્યાસમાં શ્રમ કરનારા, દિગંબર રહેનારા ને આત્મવિદ્યામાં કુશળ હતા. તેઓ સ્થૂલસૂક્ષ્મ સમગ્ર જગતને ભગવત્સ્વરૂપ જોતા અને ભગવત્સ્વરૂપને પોતાથી અભિન્ન જોતા પૃથ્વી પર વિચરતા. તે મુકત પુરુષો જયાં જવા ઈચ્છતા ત્યાં તેમની ગતિ અસ્ખલિત હતી. એથી તેઓ પોતાની ઈચ્છાનુસાર દેવો, સિદ્ધો, સાધ્યો, ગંધર્વો, યક્ષો, મનુષ્યો તથા નાગોના લોકો માં અને મુનિઓ, ચારણો, ભૂતપતિઓ, વિદ્યાધરો, બ્રાહ્મણો તથા ગાયોનાં સ્થાનોમાં વિચરતા. એક સમયે દૈવયોગે તેઓ અજનાભ ખંડમાં ઋષિઓ વડે કરાતા મહાત્મા નિમિના યજ્ઞમાં ગયા. હે રાજન્ ! સૂર્ય સરખા તેજસ્વી તે મહાન ભગવદ્ભક્તોને જોઈ યજમાન નિમિ, અગ્નિઓ અને સર્વ બ્રાહ્મણો તેમના સ્વાગત માટે ઊભા થયા. નિમિરાજા તેઓને નારાયણના ભકત જાણી પ્રસન્ન થયા. તેણે તેમને યોગ્ય આસન ઉપર બેસાડી તેઓની સારી રીતે પૂજા કરી. પછી પોતાની કાંતિથી સનત્કુમારો પેઠે પ્રકાશતા તે નવેને અત્યંત પ્રસન્ન થયેલા નિમિરાજાએ વિનય વડે નમ્ર થઈ પૂછયું.

**નિમિરાજાએ પૂછ્યું :** હું આપને વિષ્ણુ ભગવાનના સાક્ષાત્ પાર્ષદો માનું છું; કારણ કે વિષ્ણુભગવાનના પાર્ષદો લોકોને પવિત્ર કરવા વિચરે છે. આ મનુષ્યશરીર ક્ષણભંગુર છે, તોપણ પ્રાણીઓને દુર્લભ છે અને તેમાં પણ વૈકુંઠભગવાનના પ્રિય ભકતોનું દર્શન હું દુર્લભ માનું છું માટે હે નિષ્પાપ મુનિઓ અમે આપને આત્યંતિક કલ્યાણ પૂછીએ છીએ. આ સંસારમાં અર્ધ ક્ષણ પણ સત્સંગ થાય તો તે મનુષ્યોને માટે પરમ નિધિ છે; માટે અમારે સાંભળવા યોગ્ય હોય તો ભગવાનના ધર્મો તમે અમને કહો; જે ભગવદ્ધર્મો વડે પ્રસન્ન થયેલા અજન્મા ભગવાન શરણે આવેલાઓને પોતાનું સ્વરૂપ પણ આપી દે છે.

**નારદજી બોલ્યા :** હે વસુદેવ ! નિમિરાજાએ એમ પૂછયું એટલે તે મહાન યોગેશ્વરો સભાસદોનો તથા ઋત્વિજો સહિત નિમિરાજાનો પ્રેમથી સત્કાર કરી કહેવા લાગ્યા.

**કવિ બોલ્યા :** હું માનું છું કે, આ સંસારમાં દેહાદિ ઉપર આત્મભાવના થવાથી, નિત્ય ભયભીત બુદ્ધિવાળા પુરુષને અચ્યુત ભગવાનનાં ચરણકમળની ઉપાસના જે સર્વ પ્રકારના ભયથી છોડાવનાર છે; જે કરવાથી સમગ્ર ભય દૂર થાય છે. અજ્ઞાની પુરુષોને પણ અનાયાસે આત્મવસ્તુ પ્રાપ્ત થાય તે માટે ભગવાને (મનુ વગેરે દ્વારા વર્ણાશ્રમ વગેરેના ધર્મો કહી અતિરહસ્યમય હોવાથી સ્વમુખે જ) જે ઉપાયો કહ્યા છે, તેને તમારે ભગવદ્ધર્મો જાણવા. હે રાજન્ ! ભગવદ્ધર્મોને આશ્રય કરી પુરુષ કદી પ્રમાદી થતો નથી. યોગ સાધના વગેરેમાં જેવાં વિઘ્નો નડે છે, તેવાં ભગવદ્ધર્મમાં કદી નડતાં નથી; એ ભગવદ્ધર્મમાં મનુષ્ય આંખો મીચીને દોડી જાય તો પણ ઠોકર ખાતો નથી કે પડતો નથી. શરીરથી, વાણીથી, મનથી, ઈંદ્રિયોથી, બુદ્ધિથી, કે અહંકારથી અનુસરેલા (બ્રાહ્મણત્વ આદિ) સ્વભાવથી મનુષ્ય જે જે કર્મ કરે છે તે તે સર્વ પરમાત્મા નારાયણને અર્પણ કરતાં તે ભાગવતધર્મ છે. (કદાચ કોઈ શંકા કરે કે પરમેશ્વરનું ભજન

કરવાથી શું વળવાનું છે ? અજ્ઞાનકલ્પિત ભય તો કેવળ જ્ઞાનથી જ દૂર થાય છે; આનો ઉત્તર કહે છેઃ) ભય એ વસ્તુ ભગવાનની માયાથી ઉત્પન્ન થાય છે; માટે બુદ્ધિમાન મનુષ્યે ભગવાનને જ ભજવા જોઈએ. (કદાચ કોઈ કહે કે, ભય તો દેહ વગેરે ઉપર 'આ હું છું' એવા મિથ્યા આગ્રહથી થાય છે. મિથ્યા આગ્રહ દેહાદિ ઉપરના અહંકારથી થાય છે અને અહંકાર સ્વસ્વરૂપ ભૂલવાથી થાય છે; તેમાં માયા શું કરવાની હતી ? આનો ઉત્તર કહે છે કે) પરમાત્માથી વિમુખ મનુષ્યને પરમાત્માની માયાને લીધે, ભગવસ્વરૂપનું વિસ્મરણ થાય છે અને તે વિસ્મરણથી 'આ દેહ, હું છું' આવું વિપરીત જ્ઞાન થાય છે અને તેથી દ્વૈતબુદ્ધિ થતાં મનુષ્યને ભય એટલે સંસારપ્રાપ્તિ થાય છે. માટે જ ગુરુ વિષે ઈશ્વરબુદ્ધિ તથા આત્મબુદ્ધિ કરી કેવળ એકનિષ્ઠ ભકિતથી પરમેશ્વરને ભજવા જોઈએ (કદાચ કોઈ કહે કે વિષયોથી વ્યગ્ર ચિત્તવાળા પુરુષને એકનિષ્ઠ ભકિત કયાંથી સંભવે ! અને જો ભકિત જ ન સંભવે તો નિર્ભયતા કયાંથી મળે ? આનો ઉત્તર એ છે કે, વિષય એ વાસ્તવિક વસ્તુ નથી, તે તો મનનો માત્ર વિલાસ જ છે; માટે મનને વશ કરી ભજન કરવાથી, નિર્ભયતા થાય જ છે, તે અહીં કહે છે) આ દ્વૈતપ્રપંચ વસ્તુતઃ છે જ નહિ, તોપણ સ્વપ્ન તથા મનોરથની પેઠે ચિંતન કરનારા પુરુષને મનથી ભાસે છે; માટે બુદ્ધિમાન પુરુષે કર્મોનો સંકલ્પ, વિકલ્પ કરનારા મનને વશ કરવું જેથી (એકનિષ્ઠ ભકિત થતાં) અભય પ્રાપ્ત થાય છે; સંસારભય દૂર થાય છે. સંસારમાં ભગવાનના જન્મોની અને લીલાઓની અનેક મંગલમયી કથાઓ પ્રસિદ્ધ છે. તેમને સાંભળતા રહેવું જોઈએ. તે ગુણો અને લીલાઓનું સ્મરણ કરાવનારાં ભગવાનનાં અનેક નામો પણ પ્રસિદ્ધ છે. લજ્જા કે સંકોચ છોડીને તેમનું ગાન કરતાં રહેવું જોઈએ. આ રીતે કોઈ પણ વ્યકિત, વસ્તુ અથવા સ્થાનમાં આસકિતરહિત ભાવથી વિચરવું જોઈએ એ રીતે વર્તતા અને પ્રિય શ્રીહરિનાં નામકીર્તનથી શ્રીહરિ પર જેને પ્રેમ થયો છે એવા પુરુષનું હૃદય શ્રીહરિ પરની પ્રેમભકિતથી પીગળી જાય છે તેવો ભક્ત કોઈ વેળા (ભકત આગળ હારેલા ભગવાનને જોઈ મોટેથી હસે છે) કોઈ વેળા (આટલા સમય સુધી મારી દરકાર ન કરી એમ માની) મોટેથી રડે છે. કોઈ વેળા (અત્યંત ઉત્સુકપણાથી) બૂમો પાડે છે. કોઈ વેળા ('હે હરે ! મારા પર કૃપા કરો !' એમ કહી અત્યંત હર્ષથી) ગાય છે અને કોઈ વેળા (હે ભગવન્ ! આપ જીત્યા એમ કહી) નાચે છે. (આ બધું તે દાંભિકની પેઠે કોઈને દેખાડવા કરતો નથી.) આ રીતે તેનું ચિત્ત દ્રવિત થઈ ગયું હોય છે. હવે તે સાધારણ લોકોની સ્થિતિથી પર બન્યો હોય છે અને દંભથી નહીં પણ સ્વભાવથી જ ઉન્મત જેવો બનીને કોઈ વાર ખડખડાટ હસે છે, કોઈ વાર ધ્રુસકે ધ્રુસકે રોવા લાગે છે. કોઈ વાર ઉચ્ચ સ્વરથી ભગવાનને પોકારે છે, તો કોઈ વાર મધુર સ્વરથી તેમના ગુણાનું ગાન કરે છે, તો કોઈ વાર નૃત્ય કરતો ભકિતથી પરવશ બની જાય છે. વળી એ ભકત ભગવસ્વરૂપ બની આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી નક્ષત્રાદિ જ્યોતિર્ગણ, સર્વ પ્રાણીઓ, દિશાઓ, વૃક્ષો, નદીઓ, સમુદ્રો તથા બીજા જે પદાર્થ છે, તે સર્વને ભગવાનનું શરીર માનીએ અમે સર્વ રૂપોમાં સાક્ષાત્ ભગવાન પ્રકટ થયેલા છે એમ સમજી તેમને પ્રણામ કરે છે. (કદાચ કોઈને શંકા થાય કે આ સ્થિતિ તો જેઓ યોગારૂઢ થયા હોય તેઓને પણ અનેક જન્મે દુર્લભ હોય છે. તે માત્ર કીર્તનથી જ અને એક જ જન્મે તે કેમ પ્રાપ્ત થાય ? આનું સમાધાન દૃષ્ટાંત સાથે કહે છે :) જેમ ભોજન કરતા પુરુષને કોળિયે કોળિયે સુખ, ઉદર પોષણ અને ક્ષુધાનિવૃત્તિ; એ ત્રણે એક જ વખતે થાય છે, તેમ ભગવાનનું શરણ લઈ ભજન કરનાર પુરુષને પ્રેમલક્ષણા ભકિત, ભગવસ્વરૂપનો અનુભવ અને ઘર વગેરે ઉપર વૈરાગ્ય, એ ત્રણે એક જ સમયે થાય છે. અને જેમ જમ્યા પછી સુખાદિમાં વૃદ્ધિ થઈ પૂર્ણ

સંતોષ—તૃપ્તિ થાય છે, તેમ ભકિતથી ખૂબ વૃદ્ધિ થતાં પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એમ ભગવાનનું સતત ભજન કરનાર ભકતને ભકિત, વૈરાગ્ય તથા ભગવસ્વરૂપનું જ્ઞાન ત્રણે પ્રાપ્ત થાય છે. પછી હે રાજા ! તે ભકત પરમ શાંતિનો સાક્ષાત અનુભવ કરે છે.

**નિમિરાજાએ પૂછ્યું :** હવે તેવા ભકતનું લક્ષણ તમે કહો. તે ભકત કયા ધર્મમાં સ્થિતિ કરે છે. તેનો સ્વભાવ કેવો હોય ? મનુષ્યોમાં તે કેવી રીતે વર્તે અને કેવું બોલે છે; તેમ જ કયાં ચિહ્નોથી ભગવાનને પ્રિય થાય છે ?

**હરિ (નામના યોગેશ્વર) બોલ્યા :** જે પુરુષ સર્વ પ્રાણીઓમાં પોતાને બ્રહ્મસ્વરૂપે રહેલા જુએ અને બ્રહ્મસ્વરૂપ પોતાને વિષે સર્વ પ્રાણીઓને રહેલાં જુએ તે ભગવાનનો ઉત્તમ ભકત છે. જે પુરુષ ઈશ્વર ઉપર પ્રેમ, ઈશ્વરાધીન ભકતો સાથે મિત્રતા, અજ્ઞાનીઓ ઉપર કૃપા અને શત્રુઓ તરફ ઉપેક્ષા કરે છે, તે ભગવાનને મધ્યમ ભકત છે. (કારણ કે ઉત્તમ ભકત ભેદદષ્ટિ વિનાનો હોય છે અને આ મધ્યમ ભકત ભેદષ્ટિથી યુકત હોય છે) અને જે પુરુષ ભગવાનની પ્રતિમામાં જ શ્રદ્ધાથી ભગવાનની પૂજા કરે છે, પણ ભગવાનના ભકતોની કે બીજા કોઈની પૂજા કરતો નથી તે કેવળ પ્રાકૃત જડ ભકત છે, જે પુરુષ (ભગવાનમાં ચિત્ત લાગેલું હોવાથી વિષયોને ગ્રહણ જ કરતો નથી, છતાં કોઈ વેળા ઈંદ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ કરીને પણ તેમનો દ્વેષ કે તેનાથી હર્ષ કરતો નથી; પણ ‘આ બધું વિષ્ણુની માયા છે’ એમ જુએ છે, તે ભગવાનનો ઉત્તમ ભકત છે. જે પુરુષ શ્રીહરિનું જ સ્મરણ કરવાથી દેહના ધર્મ-જન્મ તથા નાશ; ઈંદ્રિયના ધર્મ કષ્ટ, પ્રાણના ધર્મ-ક્ષુધા તથા તૃષા; મનનો ધર્મ ભય અને બુદ્ધિનો ધર્મ—તૃષ્ણા; આ સર્વ સંસારધર્મોથી મોહ પામતો નથી, તે ભગવાનનો ઉત્તમભકત (વૈષ્ણવ) છે. જેના ચિત્તમાં કામ, કર્મો તથા વાસનાઓ ઉત્પન્ન થતાં નથી અને જેને કેવળ ભગવાનનો જ આશ્રય છે, તે ભગવાનનો ઉત્તમ ભકત છે, અને જેને જન્મ, કર્મ, વર્ણ, આશ્રમ તથા જાતિથી આ શરીરમાં અહંભાવ થતો નથી, તે મનુષ્ય ભગવાનને પ્રિય થાય છે. જેને ધનમાં ‘આ પોતાનું અને પારકું’ અને આત્મામાં આ પોતાનો અને આ પારકો એવો ભેદ નથી. સર્વ પ્રાણીઓને જે સમાન સ્વરૂપે કેવળ પોતાના જ રૂપે જાણે છે અને શાંત હોય છે, તે ભગવાનનો ઉત્તમ ભકત છે. જે મનુષ્ય ત્રણે લોકના વૈભવ માટે પણ (અર્થાત્ ત્રણે લોકનું રાજ્ય મળે તો પણ) કેવળ ભગવાનમાં જ મન રાખતો દેવોને પણ (દુર્લભ) શોધવા યોગ્ય ભગવાનનાં ચરણકમળના ભજનથી અર્ધી ક્ષણ પણ ચલિત થતો નથી; પણ (ભગવાનના ચરણ વિના બીજી કોઈ વસ્તુ સારવાળી નથી, એમ) અસ્ખલિત સ્મરણવાળો રહે છે, તે ઉત્તમ ભકત વૈષ્ણવ છે. જેમ ચંદ્ર ઉદય પામે ત્યારે સૂર્યનો તાપ સંભવતો નથી, તેમ અત્યંત પરાક્રમી ભગવાનના ચરણની આંગળીઓના નખરૂપી મણિઓની ચાંદની વડે જેમના હૃદયના તાપો નાશ પામ્યા છે. એવા ભકતજનના હૃદયમાં ફરી કામાદિનો સંતાપ કેમ ઉત્પન્ન થાય ? વિવશ સ્થિતિમાં પણ જો પુરુષે નામોચ્ચાર કર્યો હોય તે તેના પાપસમૂહનો જે નાશ કરનારાં છે, તે શ્રીહરિનાં ચરણકમળ જેના હૃદયમાં પ્રેમની દોરીથી બંધાયેલા છે અને પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનના જેના હૃદયને કદી છોડતા નથી તેને ભગવાનના ભકતોમાં ઉત્તમ કહ્યો છે.૧-૫૫.

विसृजति हृदयं न यस्य साक्षाद्धरिरवशाभिहितोप्यघौघनाशः ।
प्रणयरशनया घृतांघ्रिपद्मः स भवति भागवतप्रघान उक्तः ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## માયા, તેને તરવાનો ઉપાય, બ્રહ્મ તથા કર્મવાદ-એ પ્રશ્નોના ઉત્તર

॥ राजोवाच ॥

यस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम् । मायां वेदितुमिच्छामो भगवन्तो ब्रुवन्तु नः ॥१॥

**નિમિરાજાએ પૂછયું :** અમે માયાવીઓને પણ મોહ ઉપજાવનારી પરમાત્મા વિષ્ણુની માયાને જાણવા ઈચ્છીએ છીએ. આપ ભગવાન તે માયા અમને કહો. સંસારના તાપોથી અત્યંત તપેલો હું મૃત્યુનો શિકાર બનનારો મનુષ્ય છું. આમ મને તે તાપના ઔષધરૂપ શ્રીહરિકથારૂપી અમૃતનું પાન કરાવો છો, તે આપનું વચન સાંભળતો હું તૃપ્ત જ થતો નથી.

**અંતરિક્ષ બોલ્યા :** હે મોટી ભુજાવાળા રાજા ! પ્રાણીમાત્રના કારણ આદ્યપુરુષ પરમાત્માએ પોતાના અંશ જીવાત્માના વિષયભોગ તથા મોક્ષ માટે પોતાની શકિતથી આ મહાભૂતો અને તે દ્વારા નાનાંમોટાં પ્રાણીઓ સર્જ્યા છે. તે શકિત જ તેમની માયા છે. એમ (જીવોના ભોગસાધન માટે) પાંચ મહાભૂતથી પોતે સર્જેલાં પ્રાણીઓમાં અંતર્યામી સ્વરૂપે પ્રવેશેલા ભગવાન મનથી એક સ્વરૂપે અને ઈંદ્રિયોથી દશ સ્વરૂપે પોતાના જ સ્વરૂપનો વિભાગ કરી, તે તે વિષયોનો જીવોને ઉપભોગ કરાવે છે. અંતર્યામીએ પ્રકાશિત કરેલી ઇંદ્રિયો દ્વારા જીવ વિષયોને ભોગવે છે. અને અંતર્યામીએ સર્જેલા શરીરને 'આ હું છું' એમ માનતો તે શરીર વગેરેમાં આસકત થાય છે (અને તેથી જ સંસાર પામ્યા કરે છે). (કદાચ કોઈ કહે કે, ભોગોને ભોગવતો જીવ તેમાં આસકત કેવી રીતે થાય ? કારણ કે ભોગોને ભોગવતાં ભોગવતાં ભોગોની સમાપ્તિ થાય ત્યારે તે મુકત થવો જ જોઈએ આનો ઉત્તર કહે છે ;) કર્મેન્દ્રિયોથી વાસના સાથે કર્મો કરતો અને તે તે પૂર્વે કરેલાં કર્મોનાં સુખદુઃખરૂપી ફળોને ભોગવતો જીવ આ સંસારમાં ભમ્યા કરે છે. (પણ મુકત થતો નથી) એમ અનેક દુઃખો આપનારી કર્મોની ગતિઓ પામતો જીવ પ્રકૃતિને આધીન થઈ જગતનો મહાપ્રલય થાય છે, ત્યાં સુધી જન્મમરણ પામ્યા કરે છે. મહાભૂતોના નાશનું કારણ સમીપ આવે છે ત્યારે આદિ અને અંતરહિત એવો કાળ સ્થૂલસૂક્ષ્મસ્વરૂપ જગતને અવ્યકત બ્રહ્મમાં લઈ જવા આકર્ષે છે. તે સમયે પૃથ્વી ઉપર સો વર્ષની ભયંકર અનાવૃષ્ટિ થશે અને કાળને લીધે ખૂબ જ ઉષ્ણ બનેલો સૂર્ય ત્રણે લોકને અત્યંત તપાવશે. પછી શેષનાગના મુખમાંથી નીકળેલો, વાયુથી ફૂંકાઈને ને ઊંચી શિખાઓવાળો બનેલો અગ્નિ પાતાળના તળિયાથી માંડી સર્વને બાળતો ચોતરફ વધશે. પછી પ્રલયકાળના મેઘોનો સમૂહ સો વર્ષ સુધી હાથીની સૂંઢ જેવી ધારાઓથી વૃષ્ટિ કરશે જેથી બ્રહ્માંડ જળમાં લય પામશે. હે રાજા ! (એ રીતે બ્રહ્માંડરૂપ પોતાની ઉપાધિનો લય થયા) પછી વૈરાજપુરુષ (બ્રહ્મા) બ્રહ્માંડ છોડી જેમ કાષ્ઠરહિત થયેલો અગ્નિ પોતાના સૂક્ષ્મ સ્વરૂપમાં પ્રવેશ કરે છે, તેમ સૂક્ષ્મ બ્રહ્મમાં પ્રવેશ કરશે. એ વેળા વાયુએ હરેલા ગંધવાળી પૃથ્વી જળરૂપ થશે અને વાયુએ જ હરેલા રસવાળું જળ તેજરૂપ થશે. પછી એ તેજ પ્રલયકાળના અંધકારરૂપે બની વાયુમાં લય પામશે. એ વાયુના સ્પર્શગુણને આકાશ હરી લેશે. એથી તે વાયુ આકાશમાં લય પામશે. પછી કાળે જેનો શબ્દગુણ હર્યો હોય છે, એવું આકાશ તામસ અહંકારમાં; ઇંદ્રિયો તથા બુદ્ધિ રાજસ અહંકારમાં, મન અને ઇન્દ્રિયો તેમના દેવતાઓની સાથે સાત્ત્વિક અહંકારમાં; પોતાનાં એ ત્રણ પ્રકારનાં કાર્યો સહિત અહંકાર મહત્તત્વમાં, મહત્તત્ત્વ પ્રકૃતિમાં અને પ્રકૃતિ પરબ્રહ્મમાં લય પામશે. હે રાજા ! સૃષ્ટિ (ઉત્પત્તિ), સ્થિતિ તથા નાશ કરનારી ભગવાનની આ ત્રિગુણાત્મક માયા અમે તમારી આગળ વર્ણવી. હવે વિશેષ તમે શું સાંભળવા ઈચ્છો છો ?

**નિમિરાજાએ પૂછયું :** 'હે મહર્ષિ ! જેમણે પોતાનાં અંતઃકરણ વશ કર્યો નથી, તેમને માટે તરવી મુશ્કેલ ભગવાનની આ માયાને સ્થૂળ શરીરમાં અહંબુદ્ધિ ધરાવતા પુરુષો જે ઉપાયથી અનાયાસે તરે છે, તે ઉપાય તમે કહો.'

**પ્રબુદ્ધ બોલ્યા :** સ્ત્રી-પુરુષ સંબંધ વગેરે બંધનોમાં બંધાયેલા સંસારી મનુષ્યો સુખની પ્રાપ્તિ અને દુઃખના નાશ માટે મોટાં મોટાં કર્મો આરંભી રહ્યા છે. પણ તેઓને એ કર્મોનાં વિપરીત ફળ મળે છે તે તરફ દૃષ્ટિ કરવી જોઈએ. તેમ જ નિત્ય દુઃખ આપનારાં, દુઃખથી પ્રાપ્ત થનારાં અને પોતાના મૃત્યુરૂપ ધન તથા કર્મોથી મેળવેલાં નાશવંત ઘર, સંતાન, સંબંધીઓ તથા પશુઓથી પણ શી સુખશાંતિ પ્રાપ્ત થાય છે ? કંઈ જ નહિ. એમ કર્મથી જ મેળવેલા આ લોક જેમ નાશવંત છે, તેમ કર્મથી જ મેળવેલો પરલોક પણ નાશવંત જ છે. એમ જાણવું જોઈએ. જેમ ખંડિયા રાજાઓનું ઐશ્વર્ય વગેરે (કર્મથી જ મેળવેલું હોઈ) પોતાની સમાને સાથે સ્પર્ધાવાળું, પોતાનાથી અધિક સાથે અદેખાઈવાળું અને ભવિષ્યમાં કદાચ નાશ પામશે એવા ભયવાળું હોય છે; તેમ આ લોક તથા પરલોક બંને (વર્તમાન સમયે પણ) સ્પર્ધા, ઈર્ષ્યા તથા નાશના ભયથી યુકત જ છે, એમ જાણવું જોઈએ. માટે ઉત્તમ કલ્યાણને જાણવા ઈચ્છનારે શબ્દબ્રહ્મ અર્થાત્ વેદમાં તથા પરબ્રહ્મ-પરમાત્મામાં (અપરોક્ષ અનુભવ વડે નિષ્ણાત થયેલા બ્રહ્મચિંતનપરાયણ અને ઉપશમના આશ્રયરૂપ ગુરુને શરણે જવું. ત્યાં ગુરુને શરણે જઈ ગુરુને જ આત્મા તથા ઉપાસ્યદેવ સમજી તેમની નિષ્કપટ સેવા કરી, ભગવત્સંબંધી ધર્મોનું શિક્ષણ લેવું. એ ધર્મોથી સર્વના આત્મારૂપ અને ઉપાસકોને આત્મસમર્પણ કરનારા શ્રીહરિ પ્રસન્ન થાય છે. પ્રથમ તો સાધકે સર્વ વિષયો તરફથી મનને વિરકત કરવું, પુરુષોનો સંગ કરવો અને પ્રાણીઓ તરફ નિષ્કપટપણે યથા યોગ્ય દયા, મૈત્રી તથા વિનય કરતાં શીખવું; અર્થાત્ પોતાથી હલકાં પ્રાણી ઉપર દયા, સમાન સાથે મિત્રતા ને ઉત્તમો પ્રત્યે વિનય કરવો; તેમ જ માટી, જળ વગેરેથી બહારની પવિત્રતા જાળવવી. દંભ તથા માન તજી અંદરની પવિત્રતા રાખવી, સ્વધર્મ આચરવારૂપી તપ કરવું, ક્ષમા રાખવી, વ્યર્થ બોલવાના ત્યાગરૂપ મૌન સેવવું. ઉત્તમ શાસ્ત્રોનું અધ્યયન કરવું, સરળતા રાખવી, બ્રહ્મચર્ય પાળવું, અહિંસા—પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો; સુખદુઃખ અને ટાઢતાપ વગેરેમાં સમભાવ રાખવો – તે તે પ્રાપ્ત થાય ત્યારે હર્ષશોક ન કરવો. સર્વમાં સત્ તથા ચિત્ સ્વરૂપે આત્મા રહેલો છે એવી દૃષ્ટિ રાખવી. નિયંતારૂપે સર્વમાં ઈશ્વર બિરાજે છે, તેનો અનુભવ લેવો. એકાંતસેવન, ઘર વગેરેના ઉપર 'આ મારું છે' એવું અભિમાન તજવું, શુદ્ધ કૌપીન કે વલ્કલવસ્ત્રો પહેરવાં. જે કંઈ મળે તેથી સંતોષ માનવો; ભગવાનને જણાવનારાં શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી; અન્ય કોઈ શાસ્ત્ર વગેરેની નિંદા ન કરવી; પ્રાણાયામથી મનને, મૌનથી વાણીને અને નિષ્ક્રિયપણાથી કર્મને વશ કરવાં; સત્ય બોલવું, અંતઃકરણને વશ કરવું, બાહ્ય ઇંદ્રિયોને વશ કરવી; અદ્ભુત કર્મો કરનારા શ્રીહરિનાં જન્મ, કર્મ તથા ગુણોનું શ્રવણ, કીર્તન તથા ધ્યાન કરવું; શ્રીહરિ નિમિત્તે જ સર્વ કર્મો કરવાં અને યજ્ઞ, દાન, જપ, તપ, સદાચાર, પોતાને પ્રિય ગંધ, પુષ્પ વગેરે; સ્ત્રી, પુત્રો, ઘર તથા પ્રાણ પરમેશ્વરને અર્પણ કરતાં શીખવું. એમ શ્રીકૃષ્ણ જ જેઓના આત્મા તથા સ્વામી છે, એવા મનુષ્યો ઉપર સ્નેહ રાખવો. સ્થાવર તથા જંગમ બન્નેની સેવા કરવી; તેમાં પણ મનુષ્યોની વિશેષ સેવા કરવી; મનુષ્યોમાં પણ સ્વધર્મનિષ્ઠ મનુષ્યોની વિશેષ સેવા કરવી અને તેઓમાં પણ ભગવદ્‌ભક્ત મનુષ્યોની વિશેષ સેવા કરવી, (ભગવાનના ભકતો સાથે સમાગમ કરી) ભગવાનના પવિત્ર યશની પરસ્પર કથા કરવી અને તેમાં (સ્પર્ધા આદિના ત્યાગપૂર્વક) પરસ્પર આનંદ, સંતોષ તથા આત્માને જે

રીતે સુખ થાય, સમસ્ત દુઃખો દૂર થાય તેમ કરતાં શીખવું. પાપોના સમૂહનો નાશ કરનારા શ્રીહરિનું એ રીતે સ્મરણ કરતા અને પરસ્પર કરાવતા ભગવાનના ભક્તો સાધનભક્તિથી ઊપજેલી પ્રેમલક્ષણા ભક્તિથી રોમાંચિત શરીર ધારણ કરે છે. આવા અલૌકિક ભક્તો કોઈ વેળા શ્રીભગવાનનું ચિંતન કરી રડે છે; કોઈ વેળા હસે છે; કોઈ વેળા આનંદ પામે છે; કોઈ વેળા ભગવાન સંબંધી કંઈ કંઈ બોલે છે; કોઈ વેળા નાચે છે; કોઈ વેળા ગાય છે. કોઈ વેળા શ્રીહરિની લીલાઓ પોતે ભજવે છે અને કોઈક વેળા ભગવત્સ્વરૂપ પામી શાંત થઈ મૌન રહે છે. એમ ભગવત્સંબંધી ધર્મોનું શિક્ષણ લેતો પુરુષ તે દ્વારા ઊપજેલી ભક્તિથી નારાયણપરાયણ બની દુસ્તર માયાને અનાયાસે તરી જાય છે.

**નિમિરાજાએ પૂછયું :** નારાયણ નામથી જેમનું વર્ણન કરવામાં આવે છે, તે પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ અમને આપ કહો, કારણ કે આપ બ્રહ્મવેત્તા પુરુષમાં શ્રેષ્ઠ છો.

**પિપ્પલાયન બોલ્યા :** હે રાજા ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણ, પોતે કારણરહિત, સ્વપ્ન, જાગ્રત તથા સુષુપ્તિ અવસ્થામાં અને સમાધિ વગેરે અવસ્થાઓમાં પણ જે પોતાના સ્વરૂપે વર્તમાન રહે છે, જેને લીધે દેહ, ઇંદ્રિયો, પ્રાણ તથા હૃદય યથાયોગ્ય પ્રવૃત્તિ કરે છે, તે જ પરમાત્મા પરમતત્ત્વ છે, એમ તું જાણ. આ પરમ તત્ત્વને મન, વાણી, ચક્ષુ, બુદ્ધિ, પ્રાણ તથા બીજી ઇંદ્રિયો જાણી શકતાં નથી. જેમ અગ્નિને તેના પોતાના જ અંશરૂપ તણખા વગેરે પ્રકાશિત કરી શકતા નથી કે બાળી શકતા નથી. શબ્દ (શ્રુતિવચન) પણ પોતાના મૂળરૂપ આ પરમતત્વને નિષેધપણાથી જે રીતે સમજાવી શકાય તે કહે છે; અર્થાત્ બ્રહ્મ સ્થૂળ કે સૂક્ષ્મ નથી, તેમ જ રૂપ, રસ, ગંધાદિ સર્વ ગુણ, સર્વ ક્રિયા અને સંબંધથી રહિત છે. વળી વેદ 'જેનાથી કોઈ પર નથી તે બ્રહ્મને' આ રીતે સર્વનો નિષેધ કરી સર્વના અવધિરૂપ જણાવે છે; પણ 'અમુક રૂપ, ગુણ, ક્રિયા અથવા સંબંધવાળું બ્રહ્મ છે' એમ સાક્ષાત્ વિધિને જણાવનાર શબ્દથી જણાવતો નથી. (અહીં કદાચ શંકા થશે કે બ્રહ્મ જો કોઈ પણ પ્રમાણનો વિષય નથી, તો તે છે જ નહિ એમ મનાશે; તેના સમાધાનમાં કહેવાનું કે) સ્થૂળ કાર્ય અને સૂક્ષ્મ કારણ એ સર્વ બ્રહ્મ જ છે; કારણ કે, બ્રહ્મ, કાર્ય તથા કારણનું પણ કારણ છે; (હરકોઈ કાર્ય કારણથી ભિન્ન હોતું જ નથી. વેદ કહે છે : ('वाचारम्मणम्०') (चा. उ. ६-१४) ઘડા, કોડિયાં વગેરે નામરૂપ વિકાર માત્ર કહેવાનો જ છે, કેવળ માટી જ (સત્ય વસ્તુ છે) એવી જ રીતે સંસારના સર્વ વિષયો માત્ર કહેવાના જ છે. માત્ર પરબ્રહ્મ જ સત્ય છે. કદાચ કોઈ કહે કે એક જ બ્રહ્મ અનેક પ્રકારના કાર્યનું કારણ કેમ હોઈ શકે ? આનો ઉત્તર એ છે કે બ્રહ્મ અનેક શક્તિવાળું છે; અથવા બ્રહ્મની માયારૂપ શક્તિ જ સર્વની મોટી છે. (એક જ બ્રહ્મ અનેક સ્વરૂપે દેખાય છે.) જ્યારે સૃષ્ટિ ન હતી. ત્યારે કેવળ તે એક જ હતું પછી તે જ ત્રિગુણમયી સૃષ્ટિરૂપે પ્રકટ થયું, જેને પ્રકૃતિ રૂપે વર્ણવવામાં આવ્યું છે. પછી તેને જ જ્ઞાનપ્રધાન હોવાથી મહત્તત્વરૂપે, ક્રિયાપ્રધાન હોવાથી સૂત્રાત્મારૂપે અને જીવની ઉપાધિ હોવાથી અહંકારરૂપે વર્ણવવામાં આવ્યું. વાસ્તવમાં ઇંદ્રિયોમાં રહેનારા તે તે ઇન્દ્રિયથી જ્ઞાન કરનાર દેવો, ઇંદ્રિયો અને તેમના તે વિષયો સર્વ કંઈ એ બ્રહ્મ જ છે. (હવે બ્રહ્મને જો સર્વ સ્વરૂપ કહે તો હરકોઈ કાર્ય જન્માદિ વિકારવાળું હોવાથી બ્રહ્મ પણ વિકારી ઠરશે, તેનો ઉત્તર કહે છે :) બ્રહ્મ જન્મેલ નથી (અને જો તેનો જન્મ નથી; તો તેની પાછળનો 'છે' એવો વિકાર પણ તેને નથી.) મરતું નથી, વૃદ્ધિ પામતું નથી; (અને જો વૃદ્ધિ જ નથી તે વિપરિણામ ક્યાંથી જ હોય ?) તેમ જ ક્ષીણ પણ થતું નથીઃ કારણ કે બ્રહ્મ ઉત્પત્તિ તથા નાશના સ્વભાવવાળા બાલયુવા વગેરે શરીરોની તે તે અવસ્થાઓનું

સાક્ષી છે; અર્થાત્ અવસ્થાવાળાં શરીરોનો સાક્ષી તે તે અવસ્થાવાળો હોતો નથી. (એટલે કે જન્મવું, હોવું, વધવું, ફેરફાર થવો, ઘટવું અને નાશ પામવું એ છ વિકારો દેહાદિને છે; પણ દેહાદિના સાક્ષી બ્રહ્મને નથી, માટે બ્રહ્મ નિર્વિકાર છે. કદાચ તમે કહેશો કે આવો કોઈ અવસ્થા વિનાનો આત્મા શી વસ્તુ છે ? તેના ઉત્તરમાં કહે છે કે તે આત્મા કેવળ એક જ્ઞાનરસ છે.) ઠીક, ત્યારે તે આત્મા ક્ષણિક ઠર્યો; તે કહે છે કે નહિ, તે તે જ્ઞાનરસરૂપ આત્મા સર્વ દેશમાં તથા સર્વ કાળમાં સદા છે, (કદાચ તમે કહેશો કે લીલું જ્ઞાન ઉત્પન્ન થયું અને પીળું જ્ઞાન નાશ પામ્યું, એમ ભાન થાય છે. માટે જ્ઞાન એ અવિનાશી વસ્તુ નથી, પણ નાશવંત જ છે, તેનું કેમ ? તે માટે કહે છે કે) જ્ઞાન તો સદા સર્વકાળ રહે જ છે; માત્ર ઈંદ્રિયોના બળથી તે અનેક પ્રકારનું કલ્પાય છે (કહેવાનો ભાવ એ છે કે), લીલું વગેરે આકારની વૃત્તિઓ જ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પણ જ્ઞાન ઉત્પત્તિ કે નાશને પામતું નથી. જ્ઞાન તો સદા મૂળ સ્થિતિમાં જ રહે છે, જેમ પ્રાણ એકની એક જ મૂળ સ્થિતિમાં અંડજ, જરાયુજ, ઉદ્‌ભિજ્જ (વનસ્પતિ) તથા સ્વેદજ પ્રાણીઓનાં શરીરમાં જીવની પાછળ ત્યાં ત્યાં જાય છે, તેમ આત્મા પણ જુદાં જુદાં શરીરોમાં જુદી જુદી અવસ્થાઓમાં નિર્વિકાર સ્વરૂપે જ રહે છે (જ્યારે જાગ્રત અવસ્થામાં ઈંદ્રિયસમુદાય અને સ્વપ્નાવસ્થામાં તેના સંસ્કારવાળો અહંકાર હોય છે, ત્યારે જ આત્મા વિકારવાળો હોય તેવું જણાય છે, પણ જ્યારે સુષુપ્તિ અવસ્થામાં ઈંદ્રિયોનો તથા અહંકારનો લય થાય છે ત્યારે આત્મા નિર્વિકાર જ રહે છે; કારણ કે તે અવસ્થાઓમાં વિકારનું કારણ લિંગશરીરરૂપ ઉપાધિ હોતી નથી.) કદાચ તમે કહેશો કે સુષુપ્તિ અવસ્થામાં અહંકાર સુધીનાં સર્વ તત્વોનો લય થાય છે તો કેવળ શૂન્ય જ રહેવું જોઈએ; છતાં શા ઉપરથી કહો છો કે કૂટસ્થ આત્મા રહે છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે દર્શન, સ્પર્શ વગેરે વિશેષ જ્ઞાનથી શૂન્ય, કેવળ સુખસ્વરૂપ ને સુષુપ્તિના સાક્ષી આત્માનું આપણને સ્મરણ રહે છે. (જેમ કે ઊંઘમાંથી જાગ્યા પછી આપણે કહીએ છીએ કે કે, **'सुखमहमस्वाप्सं न किञ्चिदवेदिषम्'** - હું સુખથી સૂતો હતો, મેં કંઈ જાણ્યું નહિ.' આમ ન અનુભવેલી વસ્તુનું સ્મરણ કદી થાય જ નહિ માટે સિદ્ધ થાય છે કે સુષુપ્તિમાં આત્માને અનુભવ હોય જ છે; પણ તે અવસ્થામાં વિષયો સાથેનો સંબંધ હોતો નથી, તેથી તે અનુભવ સ્પષ્ટ હોતો નથી.) (કદાચ કહેશો કે સુષુપ્તિમાં નિર્વિકાર આત્માનો અનુભવ થાય છે તો ફરી સંસાર કેમ પ્રાપ્ત થાય છે ? અવિદ્યા અને તેના સંસ્કારો હોય છે, તેથી સંસાર દૂર થતો નથી એમ સમાધાન કરીએ, તો આ પ્રશ્ન થાય છે કે અવિદ્યા તથા તેના સંસ્કારો જેમાં અટકે છે તેવો આત્માનો અનુભવ કયારે થાય છે. આનો ઉત્તર એ છે કે જયારે ધન, પુત્ર વગેરેની ઈચ્છાઓ તજી પુરુષ કેવળ ભગવાનના ચરણથી ઈચ્છારૂપ તીવ્ર ભકિત દ્વારા ગુણ તથા કર્મથી ઊપજેલા ચિત્તના મેલનો નાશ કરે છે, ત્યારે તેના શુદ્ધ અંતઃકરણમાં આત્મતત્વનો સાક્ષાત્કાર થાય છે. જેમ સૂર્યનો પ્રકાશ (પ્રથમથી જ સિદ્ધ છે તોપણ) જે નેત્ર નિર્મળ હોય છે તો જ દેખાય છે, તેમ આત્મતત્વ પ્રથમથી જ સિદ્ધ છે; પણ ચિત્ત શુદ્ધ હોય છે તે જ તેનો અનુભવ થાય છે. (ને ચિત્તશુદ્ધિનું ઉત્કૃષ્ટ સાધન ભકિત જ છે.)

**નિમિરાજાએ પૂછ્યું :** હવે અમને કર્મયોગ કહો, જેથી સંસ્કારી થયેલો પુરુષ કર્મોનો નાશ કરી, આ જ જન્મમાં શ્રેષ્ઠ જ્ઞાન પામે છે. આ પ્રશ્ન પૂર્વે મારા પિતા (ઈક્ષ્વાકુ) ની પાસે સનકાદિ ઋષિઓને મેં પૂછયો હતો; પણ બ્રહ્માના તે પુત્રોએ આનો ઉત્તર મને આપ્યો ન હતો; તેમાં શું કારણ હશે તે પણ આપ કહો.

**આવિર્હોત્ર બોલ્યા :** વેદમાં જે કરવા યોગ્ય કહ્યું છે તે કર્મ કહેવાય છે; જે કરવાનો નિષેધ કર્યો છે, તે અકર્મ કહેવાય છે; અને જે કરવા માટે કહ્યું છે, છતાં ન કરવું તે વિકર્મ કહેવાય છે. આ ત્રણે કર્મ, અકર્મ તથા વિકર્મ કેવળ એકલા વેદથી જ જાણી શકાય છે. તેમની વ્યવસ્થા લૌકિક રીતોથી થતી નથી. વેદો ઈશ્વરથી પ્રગટેલા હોઈ અપૌરુષેય છે, એથી તેમના તાત્પર્યનો નિશ્ચય કરવો બહુ જ કઠિન છે. મોટા મોટા વિદ્વાનો પણ વેદોના અભિપ્રાયનો નિર્ણય કરવામાં ભૂલ કરી બેસે છે. (તેથી અને તે વેળા તમે બાળક હતા, તેથી સનકાદિ મુનિઓએ તમારા પ્રશ્નોનો ઉત્તર આપ્યો ન હતો.) વેદ એ પરોક્ષવાદ છે એટલે કે જેમાં શબ્દાર્થ કંઈક જુદો જણાય અને તાત્પર્યાર્થ એથી કંઈક જુદો જ હોય. વેદ કર્મો કરવા કહે છે તે કર્મોથી છૂટવા માટે જ કહે છે. જેમ પિતા બાળકને દવા પાતી વખતે સાકર, લાડુ વગેરેથી લલચાવે છે અને દવા પાઈને તે સાકર વગેરે આપે છે પણ ખરો, પરંતુ તેમ કરવામાં કેવળ સાકર વગેરે જ આપવાનો ઉદ્દેશ હોતો નથી; બાળકને આરોગ્ય થાય એ જ ઉદ્દેશ હોય છે; તેમ વેદ પણ કર્મોથી છૂટવા માટે જ કર્મો કરવાની આજ્ઞા કરે છે અને તે વેળા કર્મ કરવા બદલ સ્વર્ગાદિ ફળની લાલચ આપે છે અને સ્વર્ગાદિ ફળ આપે છે પણ ખરો, પરંતુ તેનો ઉદ્દેશ કર્મથી છોડાવવાનો જ હોય છે. (અહીં કોઈ કહે છે કર્મથી છૂટવું એ જ પુરુષાર્થ છે, તો પ્રથમથી જ કર્મો શા માટે ન છોડવાં ? આનો ઉત્તર કહે છે.) જે મનુષ્ય અજિતેન્દ્રિય અને અજ્ઞાની છે, છતાં વેદોક્ત કર્મો કરતો નથી. તે વેદોક્ત કર્મો ન કરવારૂપ અધર્મથી મૃત્યુ પછી ફરી મૃત્યુ પામ્યા કરે છે. માટે નિઃસંગ થઈ કર્મના ફળમાં આસક્તિ રાખ્યા વિના વેદોક્ત કર્મો જ કરતો અને તે કર્મોને ઈશ્વરાર્પણ કરી દેતો મનુષ્ય નૈષ્કર્મ્યસિદ્ધિ પામે છે. (કદાચ કોઈ કહે કે કર્મનાં ફળ તો વેદમાં સંભળાય છે, તેથી કર્મ કરતાં ફળપ્રાપ્તિ થાય છે, તેનું કેમ ? આના ઉત્તરમાં કહેવાનું કે) વેદમાં કર્મોનાં ફળ સંભળાય છે, તે કેવળ કર્મો ઉપર રુચિ કરાવવા માટે જ છે. (જેમ બાળકને દવા પીવા ઉપર રુચિ થાય તે માટે તેને લાલચ અપાય છે; તેમ કર્મો ઉપર રુચિ કરાવવાને જ વેદ કર્મોના ફળ સંભળાવે છે, જેથી મનુષ્ય વેદના અર્થોને સારી રીતે વિચાર કરી સમજે કે '**यो वा एतदक्षरमविदित्वा गार्ग्यस्माल्लोकात् प्रैति स कृपणः** । (बृ. उ. ૩-૮-૧૧) હે ગાર્ગી ! જે મનુષ્ય આ અક્ષર આત્મતત્વને જાણ્યા વિના જ આ લોકમાંથી જાય છે તે દીન છે; તેમ જ '**तमेव वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति । ब्रह्मचर्येण तपसा श्रद्धया यज्ञेनानाशकेन्** ॥ (बृ. उ.૪-૪-૨૨) બ્રહ્મનિષ્ઠ પુરુષો આ આત્માને વેદનાં વચનોથી, બ્રહ્મચર્યથી, તપથી, શ્રદ્ધાથી, યજ્ઞથી અને અનશનથી જાણવા ઇચ્છે છે. આમ યજ્ઞાદિ કર્મો કેવળ જ્ઞાનનાં અંગભૂત જ છે, એમ નિશ્ચય કરી વિવેકી મનુષ્ય નિષ્કામ કર્મોમાં પ્રવૃત્તિ કરે છે; પણ '**स्वर्गकामो यजेत**- સ્વર્ગની ઈચ્છાવાળાએ યજ્ઞ કરવો.'એમ સ્વર્ગાદિ ફળની કામનાવાળાને ફળરૂપે લોકપ્રાપ્તિ થાય છે; પણ સ્વર્ગાદિની જો ઇચ્છા જ ન હોય તે નૈષ્કર્મ્યસિદ્ધિરૂપ જ્ઞાન જ પ્રાપ્ત થાય છે.) જે મનુષ્ય પરમાત્માસ્વરૂપ જીવાત્માની હૃદયગ્રંથિરૂપ અહંકારના બંધનને જલદી દૂર કરવા ઇચ્છતા હોય તેણે તંત્રશાસ્ત્રમાં તથા વેદમાં કહેલા વિધિથી કેશવભગવાનનું પૂજન કરવું, આચાર્યની કૃપા મેળવી આચાર્યે દર્શાવેલા પૂજાના પ્રકારે પોતાને પ્રિય મૂર્તિથી મહાપુરુષ પરમાત્માની પૂજા કરવી. પ્રથમ પવિત્ર થઈ મૂર્તિની સામે બેસવું અને પછી પ્રાણાયામ વગેરેથી દેહને શુદ્ધ કરી ઉત્તમન્યાસોથી દેહની રક્ષા કરી શ્રીહરિની પૂજા કરવી. તે પૂજા, મૂર્તિ વગેરેમાં અને હૃદયમાં પણ પોતાને જેવી પૂજા સામગ્રી મળી હોય તેવી કરવી અને પુષ્પ વગેરે પૂજાદ્રવ્યોમાંથી જીવડાં વગેરે દૂર કરી, પૃથ્વીને લીપી, મન, એકાગ્ર કરી, મૂર્તિને પણ સ્નાન, વિલેપન વગેરેથી યોગ્ય કરી આસનને પ્રોક્ષણ કરવું. પછી વાદ્ય, અર્ઘ્ય તથા આચમનીય વગેરેથી હૃદયમાં પૂજેલા

ભગવાનને શ્રીમૂર્તિમાં ધ્યાનથી સ્થાપી હૃદય, મસ્તક, શિખા, કવચ, નેત્ર તથા અસ્ત્રના મંત્રો અને મૂળમંત્ર વડે દેવમાં ન્યાસ કરી,મૂળમંત્ર વડે જ પૂજા કરવી. હૃદય વગેરે અંગો, સુદર્શન વગેરે ઉપાંગો તથા પાર્ષદો સહિત તે તે મૂર્તિનું મૂળ મંત્રથી જ પૂજન કરવું. પાદ્ય, અર્ઘ્ય, આચમનીય વગેરેથી અને સ્નાન, વસ્ત્ર, અલંકારો, ગંધ, પુષ્પ, અક્ષત, માળા, ધૂપ, દીપ તથા નૈવેધથી વિધિપૂર્વક સાંગપૂજન કરી સ્તોત્રોથી સ્તુતિ કરવી અને પછી, શ્રીહરિને નમન કરવું. આત્મા શ્રીહરિમય છે, એવું ધ્યાન કરતાં શ્રીહરિનુ પૂજન કરવું અને પછી નમણ મસ્તકે ચઢાવી પૂજેલા દેવને સ્વસ્થાને પધરાવી. પૂજાવિધિ સમાપ્ત કરવો. એ રીતે અગ્નિ, સૂર્ય, તથા જળ વગેરેમાં અતિથિમાં તથા હૃદયમાં જે આત્મારૂપ ઈશ્વરને પૂજે છે, તે તત્કાળ મુકત થાય છે. ૧-૫૫.

एवमग्न्यर्कतोयादावतिथौ हृदये च यः । यजतीश्वरमात्मानमचिरान्मुच्यते हि सः ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## ભગવાનની અવતારલીલાઓ

॥ राजोवाच ॥

यानि यानीह कर्माणि यैर्यैः स्वच्छन्दजन्मभिः । चक्रे करोति कर्ता वा हरिस्तानि ब्रुवन्तु नः ॥१॥

**નિમિરાજાએ પૂછયું :** શ્રીહરિ એ પોતાની ઈચ્છાનુસાર જે જે જન્મો લઈ જે જે કર્મો કર્યા છે; કરે છે અને કરશે તે અમને કહો.

**દ્રુમિલ બોલ્યા :** જે પુરુષ અનંત ભગવાનના અપાર ગુણો ગણવા ઈચ્છે છે, તે મંદમતિ છે; કારણ કે પૃથ્વીના રજકણો કાળે કરી કોઈ ગણી શકે, પણ સમગ્ર શકિતઓના રહેઠાણ શ્રીભગવાનના ગુણો કોઈ ન જ ગણી શકે પોતે સર્જેલાં પાંચ મહાભૂતોથી બ્રહ્માંડને રચી નારાયણ આદિ દેવે (લીલા કરવા) તેમાં પોતાના અંશથી પ્રવેશ કર્યો ત્યારે તે 'પુરુષ' એ નામને પ્રાપ્ત થયા. આ ત્રણ જગતની જે રચના છે, તે આ પુરુષાવતારનું શરીર છે. પ્રાણી માત્રની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો પુરુષાવતારની ઈન્દ્રિયોથી પ્રવૃત્તિ કરે છે, તેમનું જ્ઞાન સ્વતઃ સિદ્ધ છે. તેમના પ્રાણથી જીવોની દેહશકિત, ઈંદ્રિયશકિત તથા ક્રિયાશકિત છે અને તે સત્વગુણ, રજોગુણ તથા તમો ગુણથી જગતની સ્થિતિ તથા નાશના આદિકર્તા છે. સુષ્ટિના આરંભના આ જગતની રચના માટે તે પુરુષાવતારના રજોગુણથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે; જગતનું રક્ષણ કરવા તેમના સત્ત્વગુણથી દ્વિજવર્ણ તથા ધર્મપાલક વિષ્ણુ ઉત્પન્ન થયા છે અને જગતનો વિનાશ કરવા તેમના તમોગુણથી રુદ્ર ઉત્પન્ન થયા છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશના નિમિત્તે પ્રજાઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જેમનાથી નિત્ય થયા કરે છે, તે જ એ આદ્ય પુરુષ છે. દક્ષ પ્રજાપતિની પુત્રી મૂર્તિ, જે ધર્મની સ્ત્રી હતી, તેમાં નારાયણ અને નર નામના ભગવાનનો અવતાર થયો. એ નરનારાયણ ઋષિઓમાં શ્રેષ્ઠ, અત્યંત શાંત છે અને મોટા મોટા ઋષિઓ તેમના ચરણ સેવે છે. તેમણે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારાં કર્મનો નારદ વગેરેને ઉપદેશ કર્યો છે અને પોતે પણ હજુ તે કર્મ આચરે છે. એક વેળા ઈંદ્રને શંકા થઈ કે આ નરનારાયણ (તપથી) મારું સ્થાન લેવા ઈચ્છે છે, તેથી તેણે (તેમના તપનો નાશ કરવા) પરિવાર સાથે કામદેવને મોકલ્યો. તે કામદેવ ભગવાનનો મહિમા જાણતા ન હતો. જેથી અપ્સરાઓના સમૂહો, વસંત તથા અતિમંદ વાયુની સાથે બદરિકાશ્રમમાં જઈ તેણે સ્ત્રીઓનાં કટાક્ષોરૂપી બાણો વડે નર-નારાયણને

વીંધવા માંડ્યા. આદિદેવ નર-નારાયણ ઈંદ્રે કરેલા તે અપરાધને જાણી ગયા. તેઓ પોતાની આગળ ગર્વરહિત થઈને શાપના ભયથી કંપતા તે કામદેવ વગેરેને કહેવા લાગ્યા : 'હે કામદેવ ! હે વાયુ ! હે દેવાંગનાઓ ! તમે ડરશો મા. અમારો અતિથિસત્કાર તમે સ્વીકારો અને આ અમારા આશ્રમને અશૂન્ય કરો. (તમે અતિથિસત્કાર નહિ સ્વીકારો તો આ આશ્રમ લગભગ શૂન્ય ઉજ્જડ ગણાશે.)

હે રાજા ! સર્વને અભય આપનારા નરનારાયણ ભગવાને એમ કહ્યું, એટલે લજ્જાથી નમ્ર મસ્તકોવાળા તે દેવો એ દયાળુ ભગવાનને કહેવા લાગ્યા : 'હે પ્રભો ! માયાથી પર, નિર્વિકાર અને આત્મામાં રમનારા ધીર પુરુષો જેમના ચરણને પ્રણામ કરે છે, તે આપમાં આવી દઢ તપશ્ચર્યા અને દયાળુપણું હોય, એ કંઈ આશ્ચર્ય નથી. આપની સેવા કરનારાઓને દેવોથી અનેક વિઘ્નો થાય છે; કારણ કે આપના તે ભકતો દેવોનાં સ્થાનરૂપ સ્વર્ગને ઓળંગી આપના પરમપદ તરફ જતા હોય છે; પરંતુ બીજો જે પુરુષ આપની સેવા કરતો નથી અને ખેડૂત જેમ રાજાને કર આપ્યા કરે છે, તેમ યજ્ઞમાં ઈંદ્રાદિ દેવોને તેઓના ભાગરૂપ પુરાડાશ વગેરે આપ્યા કરે છે, તેવા પુરુષને દેવોએ કરેલાં વિઘ્ન થતાં નથી. (એ રીતે આપના ભકતને જ દેવો વિઘ્નો કરે છે.) છતાં ભકત વિઘ્નોના મસ્તક ઉપર પગ મૂકે છે. વિઘ્નોને દબાવી આપના પરમપદને પામે જ છે; કારણ કે આપ ભક્તજનના રક્ષક છે. ક્ષુધાતૃષા, ટાઢતાપ, વરસાદ, વાયુ, જીભના ભોગો તથા ગુહ્યેંદ્રિયના ભોગોરૂપે અમે અપાર સમુદ્રરૂપ છીએ. આવા અમને પણ ઓળંગી અમારામાં ન ફસાઈને કેટલાક (આપના અભકત) પુરુષો ગાયના પગલાના એક ખાબોચિયામાં ડૂબી જાય છે; કારણ કે તેઓ વ્યર્થ ક્રોધને વશ થાય છે અને (શાપ વગેરે આપી) પોતાની દુશ્ચર તપસ્યાને વ્યર્થ ફેંકી દે છે.' દેવો એમ સ્તુતિ કરતા હતા. તેવામાં ભગવાને (પોતાના) યોગબળથી ઉત્પન્ન કરેલી) અદ્ભુત રૂપલાવણ્યવાળી તથા વસ્ત્રાલંકારોથી સુસજ્જિત રમણીઓ (દેવદેવીઓના રૂપનો ગર્વ ઉતારવા) પોતાની સેવા કરતી તેઓને બતાવી. દેવોના અનુચરો સાક્ષાત્ લક્ષ્મી જેવી સ્ત્રીઓને જોઈ તેઓના ઉત્તમ રૂપથી કાળા પડી ગયા અને માત્ર તે સ્ત્રીઓનાં શરીરની સુગંધથી જ મોહિત થયા. પછી દેવાધિદેવ નર-નારાયણ ભગવાને પ્રણામ કરતા તે દેવોને જાણે હસતા હોય તેમ કહ્યું : 'આ સ્ત્રીઓમાંથી કોઈ સ્ત્રી તમે માગી લો. (કદાચ તમે કહેશો. અમે રાંકડા ક્યાં અને આ સ્ત્રીઓ ક્યાં ? તો કહેવાનું કે) જે સ્ત્રી તમને તમારા સમાન રૂપવાળી જણાતી હોય તેને તમે માગી લો. (કદાચ તમે કહો કે આમાં એક પણ અમારા સમાન રૂપવાળી નથી તો) જે સ્ત્રી સ્વર્ગમાં ભૂષણ સમાન હોય તેને તમે માગી લો.' પછી 'બહુ સારું' એમ ભગવાનની આજ્ઞા સ્વીકારી તે દેવો ભગવાનને પ્રણામ કરી અપ્સરાઓમાં શ્રેષ્ઠ ઉર્વશીને લઈ સ્વર્ગમાં ગયા ત્યાં સભા વચ્ચે ઈન્દ્રને નમી દેવોના સાંભળતાં તેઓએ નારાયણ ભગવાનનું બળ કહી સંભળાવ્યું, ત્યારે ઈન્દ્ર ત્રાસ પામ્યો અને વિસ્મિત થયો. વળી અચ્યુતભગવાને હંસાવતાર લઈ (સનકાદિને) આત્મયોગનો ઉપદેશ કર્યો હતો; તેમ જ દત્તાત્રેય, સનકાદિ અને અમારા પિતા ભગવાન ઋષભદેવજીરૂપે પણ જગતનું કલ્યાણ કરવા વિષ્ણુ જ પોતાના અંશથી અવતર્યા હતા; તેમણે પણ આત્મયોગનો ઉપદેશ કર્યો હતો. વળી તે વિષ્ણુભગવાને જ હયગ્રીવ અવતારમાં મધુ દૈત્યનો નાશ કરી વેદો પાછા આપ્યા હતા; તેમ જ મત્સ્યાવતાર લઈ ભગવાને પ્રલયકાળે મનુનું, પૃથ્વીનું તથા ઔષધિઓનું રક્ષણ કર્યું હતું. વરાહ અવતાર લઈ જળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરતાં હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કર્યો હતો. કચ્છપ અવતાર લઈ અમૃતમંથનના સમયે પોતાની પીઠ પર પર પર્વત ધારણ કર્યો હતો અને (જગતના કલ્યાણ માટે પોતાના અંશથી શ્રીહરિરૂપે અવતરેલા) વિષ્ણુભગવાને ઝૂડથી પીડાઈ શરણે આવેલા

ગજેન્દ્રને છોડાવ્યો હતો. વાલખિલ્યઋષિઓ (કશ્યપ માટે સમીધો લેવા ગયા ત્યારે ગાયના પગલાના ખાબોચિયામાં ડૂબી ગયા હતા અને ઈન્દ્રે તેઓની હાંસી કરી હતી; પછી) તેઓએ સ્તુતિ કરી ત્યારે ભગવાને તેઓને ખાબોચિયામાંથી બહાર કાઢી દુઃખથી મુકત કર્યા હતા; તેમ જ વૃત્રાસુરનો નાશ કરવાથી બ્રહ્મહત્યાના પાપમાં પડેલા ઈન્દ્રને તેથી મુક્ત કર્યો હતો અને બીજા અનેક અવતારો લઈ ભગવાને અસુરોને ઘેર કેદ પુરાયેલી દેવોની અનાથ સ્ત્રીઓને પણ મુકત કરી હતી. વળી નૃસિંહ અવતારમાં સત્પુરુષોને નિર્ભય કરવા ભગવાને અસુરોના રાજા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો. એ સિવાય સર્વ મન્વંતરોમાં જુદી જુદી મૂર્તિઓ ધરીને ભગવાને દેવાસુરયુદ્ધમાં દેવા માટે દૈત્યપતિઓનો નાશ કરી ભુવનોનું પાલન કર્યું હતું, તેમ જ વામન અવતાર લઈ ભગવાને (ત્રણ પગલાં) માગવાના બહાને બલિરાજા પાસેથી આ પૃથ્વી લઈ લીધી હતી અને દેવોને આપી હતી. વળી હૈહયોના કુળનો નાશ કરવા ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા અગ્નિરૂપ પરશુરામ અવતારે એકવીસ વાર આ પૃથ્વી ક્ષત્રિયરહિત કરી હતી અને જે ભગવાને લોકોનાં પાપોનો નાશ કરનારી કીર્તિવાળા સીતાપતિ શ્રી રામચંદ્રરૂપ લઈ સમુદ્રને બાંધ્યો હતો અને લંકા સાથે રાવણનો નાશ કર્યો હતો, તે ભગવાન શ્રીરામચંદ્ર જય પામે છે. જોકે ભગવાન અજન્મા છે તો પણ પૃથ્વીનો ભાર ઉતારવા યાદવકુળમાં શ્રીકૃષ્ણ તથા બળરામરૂપે ઉત્પન્ન થશે અને દેવોથી પણ ન થઈ શકે તેવા કર્મો કરશે; તેમ જ બુદ્ધાવતાર ધરી યજ્ઞ કરવાને યોગ્ય છતાં યજ્ઞો કરતા દૈત્યોને વેદવિરુદ્ધ વાદોથી મોહિત કરશે અને કલિયુગમાં છેવટે કલ્કિ અવતાર લઈ શૂદ્ર રાજાઓનો નાશ કરશે. હે મોટી ભુજાઓવાળા રાજા ! મહાયશસ્વી જગત્પતિ ભગવાનનાં એવાં અનેક જન્મો તથા કર્મો વિદ્વાનોએ વર્ણવ્યાં છે. ૧-૨૩

एवंविघानि कर्माणि जन्मानि च जगत्पतेः । भूरीणि भूरियशसो वर्णितानि महाभुज ॥२३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## ભક્તિહીનની ગતિ અને પૂજાવિધિ

**॥ राजोवाच ॥**

भगवन्तं हरिं प्रायो न भजन्त्यात्मवित्तमाः । तेषामशान्तकामानां का निष्ठाऽविजितात्मनाम् ॥१॥

**નિમિરાજાએ પૂછ્યું :** હે મોટા આત્મવેત્તાઓ ! જેઓએ મનને જીત્યાં નથી અને તેથી જ જેઓની કામવાસનાઓ શાંત થઈ નથી તેવા લોકો ઘણું કરી શ્રીહરિભગવાનને ભજતા નથી, તો તેઓની શી ગતિ થાય છે ?

**ચમસ બોલ્યા :** પુરુષ—પરમાત્માનાં મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ; એ ચાર આશ્રમો સાથે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, એ ચાર વર્ણો ઉત્પન્ન થયા છે; તેમ જ એ વર્ણો ગુણો પ્રમાણે જુદા જુદા ઉત્પન્ન થયા છે. આ વર્ણોમાંથી જેઓ પોતાને ઉત્પન્ન કરનાર પુરુષ પરમેશ્વરને ન જાણી તેમનું ભજન કરતા નથી અને જેઓ જાણીને પણ તેમનું અપમાન કરે છે; તેઓ પોતાનાં વર્ણ તથા આશ્રમરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઈ નરકમાં પડે છે. કેટલાક અજ્ઞાનીઓ શ્રીહરિની કથાથી તથા અચ્યુત ભગવાનનાં કીર્તનથી દૂર રહે છે; તેમાં સ્ત્રી, શૂદ્ર વગેરે ઉપર તમારા જેવા મહાત્મા રાજાઓએ કૃપા કરવી, એટલે તેના પર દયા કરી, સામ, દાન વગેરે ઉપાયોથી તેઓને તેમાં રસ લેતા

કરવા. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જન્મથી ઉપનયન નામના વેદોકત સંસ્કારથી અને અધ્યયન વગેરેથી શ્રીહરિના ચરણને સમીપ એટલે ભગવાનના ભજનના ઉત્તમ અધિકારને પામેલા હોય છે, છતાં મોહ પામે છે—વેદોકત કર્મફળમાં આસકત થાય છે; કારણ કે વેદના, અર્થવાદનાં વચનો તેઓને મોહક લાગે છે. (આવા અધૂરા જ્ઞાનથી ઉકત બનેલા લોકોની કંઈ ચિકિત્સા નથી; એટલે તેઓની તો કોઈ ગતિ નથી.) કર્મના વિષયમાં અજાણ્યા (છતાં જ્ઞાનીઓને નહિ પૂછતા) અભિમાની અને મૂર્ખ છતાં પોતાને પંડિત માનતા મૂઢ પુરુષો વેદની ફળદર્શક વાણીથી ઉત્સુક બની 'અમે અપ્સરાઓ સાથે વિહાર કરીશું' એવાં એવાં) પ્રિય વાક્યો બોલે છે. આવા કર્મજડ પુરુષો રજોગુણને લીધે ઘોર સંકલ્પોવાળા, અનેક જાતની કામનાઓથી ઘેરાયેલા, સર્પ જેવા ક્રોધી; દંભી, અભિમાની, પાપી હોય છે અને તેઓ ભગવાનના ભકતોની હાંસી કરે છે. તેઓએ સ્ત્રીઓની જ સેવા કરી હોય છે (વૃદ્ધોની સેવા કરી હોતી નથી) અને મૈથુન સુખ જ જેમાં મુખ્ય છે એવા ગૃહસ્થાશ્રમના ભોગો અનેક જાતના મનોરથો તેઓ એકબીજાને કહે છે. વળી તેઓ ભોજન તેમ જ દક્ષિણા પામ્યા વિના (કેવળ ઢોંગથી) યજ્ઞો કરે છે, તે વેળા કેવળ આજીવિકા માટે પશુઓનો નાશ કરે છે; પણ હિંસાથી કેવા દોષો લાગે છે તે જાણતા નથી. લક્ષ્મી, ઐશ્વર્ય, મોટું કટુંબ, વિદ્યા, દાન, રૂપ, બળ તથા કર્મ, આ બધાંથી ઊપજેલા ગર્વને લીધે અંધ બુદ્ધિવાળા તે ખલ પુરુષ ઈશ્વરનું તથા શ્રીહરિના ભકત સત્પુરુષોનું અપમાન કરે છે. જે પરમેશ્વર તથા સર્વ પ્રાણીઓમાં પોતાના પરમ પ્રિય આત્મારૂપે અને ઈશ્વરરૂપે રહેલા છતાં આકાશ પેઠે નિઃસંગ અને વેદમાં પણ એ રીતે જ ગાયેલા છે, છતાં તે ઈશ્વરને એ મૂર્ખ કર્મકાંડીઓ સાંભળતા નથી અને (મૈથુન, માંસ તથા મદિરાને સેવતા વિષયભોગોના) મનોરથોની વાતો કરી (વેદ નિવૃત્તિપરાયણ છે છતાં પ્રવૃત્તિપ્રરાયણ પણ છે એમ) બકે છે. અહીં કોઈ કહે છે કે મૈથુન વગેરેની પણ વેદમાં આજ્ઞા કરી છે; જુઓ - **ऋतौ भार्यामुपेयात्** ઋતુકાળે સ્ત્રીગમન કરવું; ઉપરાંત **हुतशेषं भक्षयेत्** હોમથી બાકી રહેલું માંસ ખાવું, આમ આજ્ઞા છતાં મૈથુન વગેરેની તમે નિંદા કેમ કરો છો ? આનો ઉત્તર કહે છે કે સ્ત્રીસંગ, માંસભક્ષણ તથા મદિરાસેવન માટે સ્વાભાવિક રીતે દરેક પ્રાણીઓને પ્રીતિ હોય છે, તેથી એ સંબંધી વેદોએ અપૂર્વ વિધિરૂપ આજ્ઞા કરી નથી. (તમે કહેશો કે, '**ऋृतावुपेयात्** – ઋતુકાળે સ્ત્રીગમન કરવું,' આજ્ઞા જ છે ને? વાત સાચી; પણ એ કંઈ અપૂર્વ વિધિ નથી; કારણ કે મૈથુનાદિ વિષય કામના મુજબ મળી શકે તેવા છે, જેથી રોગી મનુષ્યો માટે નિયમવિધિ દ્વારા પરિસંખ્યાવિધિરૂપે માત્ર રજા આપી છે; તે અહીં કહે છે કે,) મૈથુન, માંસભક્ષણ તથા મદિરાના વિષયમાં અનુક્રમે વિવાહ, યજ્ઞ તથા સૌત્રામણિ વિષયક વ્યવસ્થા કરી અર્થાત્ વિવાહવિધિમાં જ ઋતુકાળે મૈથુન કરવું; યજ્ઞમાં જ માંસ સેવવું અને '**सौत्रामण्यां सुराग्रहान् गृहणाति** – નામના યજ્ઞમાં જ મદિરાના પ્યાલા લેવા આવો નિયમ કરેલો છે. (કદાચ કોઈ કહે કે નિયમવિધિ દ્વારા પરિસંખ્યાવિધિનો સ્વીકાર કરાય, તોપણ યજ્ઞાદિ ક્રિયામાં ડાંગર ખાંડવી વગેરે પ્રવૃત્તિ તો અવશ્ય રહે છે. જો કેવળ ત્યાગ માની ડાંગર ખાંડવી વગેરે ક્રિયા છોડી દે તો યજ્ઞ દોષયુકત થાય અને પ્રાયશ્ચિત્ત કરવું પડે. એ રીતે સ્ત્રીસંગ વગેરે બિલકુલ તજવામાં આવે તો નિયમવિધિના ત્યાગથી નિંદા થશે, તેનું કેમ ? આનો ઉત્તર આ છે કે, અપૂર્વવિધિ માનવાથી દોષ આવે; તેમ જ બીજી રીતે ન આવતા અંશને પૂર્ણ કરવાવાળી નિયમવિધિ દ્વારા કહેવામાં પણ દોષ આવે; જેથી અંતે ઉપસંહારમાં તાત્પર્યવાળી નિયમવિધિ દ્વારા પરિસંખ્યાવિધિ પ્રમાણે) મૈથુન માંસભક્ષણ તથા મદિરા પીવાથી દૂર રહેવું એ જ ઈષ્ટ છે. તેમ જ ધનનું ફળ પણ કેવળ ધર્મ કરવો તે જ છે; કારણ કે ધર્મથી અપરોક્ષ જ્ઞાન સહિત પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે

કે જે જ્ઞાન તરત જ મોક્ષરૂપ મહાશાંતિને આપનારું હોય છે. આવા ધનને અજ્ઞાની લોકો ઘરમાં દેહાદિ માટે વાપરી નાખે છે. પણ પોતાના ઉપર ભમતા અનંત પરાક્રમવાળા મૃત્યુને જોતા નથી. વળી વેદમાં (સૌત્રામણિ યજ્ઞમાં) મદિરાની જે છૂટ આપી છે. તે માત્ર મદિરાને સુંઘવાની જ છૂટ છે, નહિ કે પીવાની ! તેમ જ પશુનું પણ માત્ર આલભન જ કહ્યું છે અને તે જ માત્ર હિંસા નથી; બાકી હિંસા કરવાનું કહ્યું નથી. એ જ રીતે (ઋતુકાળે) મૈથુન કરવાની જે આજ્ઞા કરી છે, તે પણ કેવળ પ્રજોત્પત્તિ માટે જ છે, નહિ કે વિષયનો આનંદ લેવાને. આ અત્યંત શુદ્ધ સ્વધર્મને મનોરથવાદીઓ સમજતા નથી. આ રીતે જેઓ પોતાનો ધર્મ જાણતા નથી તેઓ દુષ્ટ, ઉદ્ધત અને 'અમે સત્પુરુષ છીએ આવું અભિમાન કરનારા હોય છે તેથી જ તેઓ નિઃશંક થઈ અથવા 'આથી અમારા મનોરથો પૂર્ણ થશે' આવો વિશ્વાસ રાખી પશુહિંસાઓ કરે છે; પરંતુ (તેઓ નથી જાણતા કે) તે જ પશુઓ તેઓના મરણ પછી—પરલોકમાં તેઓને જ ખાય છે. (આવા અભિપ્રાયથી વિદ્વાનો **'मांस'** શબ્દનો આવો અર્થ કરે છે : **'मां** - મને - માંસ ખાનારાને **सः'** - જેનું હું માંસ ખાઉં છું તે પશુ પરલોકમાં મને ખાશે.) જે મનુષ્યો બીજાનાં શરીરોમાં રહેલા પોતાના આત્મારૂપ ઈશ્વર શ્રીહરિનો (બીજાંઓનો નાશ કરીને કે બીજાંઓને દુઃખ દઈને) દ્વેષ કરે છે અને પુત્રાદિ—પરિવાર સહિત આ મુડદા જેવા શરીર પર સ્નેહ બાંધે છે, તેમનું અધઃપતન થાય છે. જેઓ તત્ત્વજ્ઞાન પામ્યા નથી પણ છેક મૂઢપણાથી રહિત થયેલા, અર્ધદગ્ધ સ્થિતિવાળા ધર્મ, અર્થ ને કામને જ મુખ્ય માને છે અને શાંતિની એક ક્ષણથી પણ રહિત હોય છે; આવા લોકો પોતે જ પોતાના આત્માનો નાશ કરે છે— સંસારથી કદી છૂટતા જ નથી. આવા આત્મઘાતક પુરુષો શાંતિરહિત અજ્ઞાન (કર્મ) માં જ્ઞાન માનનારા અને કાળે નાશ કરેલા મનોરથવાળા તથા અકૃતાર્થ રહીને જ દુઃખી થાય છે. તે વાસુદેવવિમુખ પુરુષો અત્યંત પરિશ્રમથી મેળવેલાં ઘર, સંતાન, સ્નેહીઓ તથા સંપત્તિઓને તજી પોતે ઈચ્છતા નથી તોપણ નરકમાં પડે છે.

**નિમિરાજાએ પૂછયું :** (આપે કહ્યું કે ભગવાનની ભકિત જ કરવી, તો) એ ભગવાન કયે કાળે, કેવા વર્ણવાળા, કેવા આકારવાળા, કયા નામથી અને કઈ વિધિથી મનુષ્યો વડે લોકમાં પૂજાય છે, તે કહો.

**કરભાજન બોલ્યા :** સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ; એ ચાર યુગોમાં જુદા જુદા વર્ણવાળા, જુદાં જુદાં નામોવાળા અને જુદા જુદા આકારવાળા ભગવાન જુદી જુદી વિધિ વડે પૂજાય છે. સત્યયુગમાં ભગવાન શ્વેતવર્ણવાળા, ચાર ભુજાઓવાળા, જટા ધરનારા, વલ્કલ વસ્ત્રવાળા અને કાળું મૃગચર્મ, જનોઈ માળા, દંડ તથા કમંડલુ ધારણ કરનારા (બ્રહ્મચારી વેષે) હોય છે. તે સમયે મનુષ્ય પણ શાંત, વેરરહિત, સર્વના મિત્ર તથા સર્વ તરફ સમાન દૃષ્ટિવાળા હોય છે અને તેઓ ધ્યાનથી તથા મન અને ઈન્દ્રિયોના સંયમથી ભગવાનની પૂજા કરે છે. એ સમયે હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ, યોગેશ્વર, અમલ, ઈશ્વર, પુરુષ, અવ્યક્ત અને પરમાત્મા એ નામોથી ભગવાન કહેવાય છે. ત્રેતાયુગમાં ભગવાન લાલ વર્ણવાળા, ચાર ભુજાવાળા, ત્રેવડી કટિમેખલાવાળા, પીંગળા કેશવાળા, વેદમૂર્તિ અને સ્રુક્, સ્રુવ વગેરે ચિહ્ન ધરનારા હોય છે. તે વેળા મનુષ્યો ધર્મિષ્ઠ અને બ્રહ્મવાદી હોઈ સર્વ દેવમય શ્રીહરિ ભગવાનનું ત્રણ વેદોમાં કહેલાં કર્મોથી પૂજન કરે છે. તે યુગમાં ભગવાન વિષ્ણુ યજ્ઞ, પૃશ્નિગર્ભ, સર્વદેવ, ઉરુક્રમ, વૃષાકપિ, જયંત તથા ઉરુગાય, એવાં નામોથી કહેવાય છે. દ્વાપરયુગમાં ભગવાન શ્યામ વર્ણવાળા, પીળાં વસ્ત્રો પહેરનારા, ચક્ર વગેરે આયુધોવાળા તથા શ્રીવત્સ આદિ અંગનાં ચિહ્નો અને કૌસ્તુભ આદિ બહારનાં ચિહ્નોથી યુકત હોય છે. હે રાજા ! તે વેળા ઈશ્વરને જાણવા ઈચ્છતા મનુષ્યો છત્રચામર વગેરે

મહારાજાનાં ચિહ્નોવાળા તે પરમપુરુષને વૈદિક તથા તાંત્રિક માર્ગથી પૂજે છે. અને (આવાં નામોથી સ્તુતિ કરે છે કે,) 'વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણઋષિ, પુરુષ, મહાત્મા, જગતના ઈશ્વર, જગત્સ્વરૂપ અને સર્વ પ્રાણીઓના આત્મા આપ ભગવાનને અમારા વારંવાર નમસ્કાર હો.' આમ હે રાજન્ ! દ્વાપરમાં જગદીશ્વરની લોકો સ્તુતિ કરે છે. હવે કલિયુગમાં અનેક પ્રકાર તંત્રશાસ્ત્રમાં કહેલા વિધિથી લોકો ભગવાનની જે રીતે પૂજા કરે છે તે તમે સાંભળો. ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો (કલિયુગમાં) શ્યામ વર્ણવાળા છતાં કાંતિથી ઈન્દ્રનીલમણિ જેવા ઉજજ્વળ અને અંગ, ઉપાંગ, અસ્ત્રો, તથા પાર્ષદો સહિત ભગવાનનાં કીર્તનો જેમાં મુખ્ય હોય છે, એવા યજ્ઞોથી પૂજન કરે છે. અને (સ્તુતિ કરે છે કે,) હે મહાપુરુષ ! હે પ્રણામ કરનારનું પાલન કરનારા ! આપનું ચરણકમળ સદાકાળ ધ્યાન કરવા યોગ્ય છે, કારણ કે ઈન્દ્રિયો અને કટુંબ વગેરેથી થતા અપમાનનો તે નાશ કરે છે, ઈષ્ટ મનોરથો પૂરે છે અને સર્વ તીર્થોનું સ્થાન છે. વળી શંકર તથા બ્રહ્માએ પણ સ્તુતિ કરેલું, શરણ લેવા યોગ્ય, ભકતજનોની પીડાનો નાશ કરનાર અને સંસારરૂપી સમુદ્ર માં વહાણ સમાન છે, તે આપના ચરણકમળને હું વંદન કરું છું. હે મહાપુરુષ ! (રામાવતારમાં) શ્રીરામચંદ્રસ્વરૂપે આપ ધર્મમર્યાદાનું પાલન કરતા પિતા દશરથનાં વચનથી તજવી ઘણી મુશ્કેલ અને દેવોએ પણ ઈચ્છેલી રાજ્યલક્ષ્મી તજી વનમાં પધાર્યા હતા અને પોતાનાં પ્રિય પત્ની સીતાજીએ ઈચ્છેલા માયાવી મૃગની પાછળ દોડયા હતા, તે આપના ચરણકમળને હું દિન કરું છું. હે રાજા ! એમ યુગેયુગોના મનુષ્યો તે તે યુગને યોગ્ય નામો તથા રૂપોથી કલ્યાણોના આપનાર ભગવાન શ્રીહરિનું પૂજન કરે છે. ગુણો જાણનારા અને ગુણોનો સાર લેનારા ઉત્તમ પુરુષો (પ્રત્યેક યુગમાં) કલિયુગની પ્રશંસા કરે છે; કારણ કે કલિયુગમાં માત્ર એક ભગવત્કીર્તનથી જ સર્વ સ્વાર્થ અને પરમાર્થ મેળવી શકાય છે. માટે આ સંસારમાં ભમતાં પ્રાણીઓને (કલિયુગમાં) શ્રીહરિકીર્તનથી અધિક બીજા કોઈ શ્રેષ્ઠ લાભ નથી; કારણ કે હરિકીર્તનથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે અને સંસારમાં ભટકવાનું નાશ પામે છે. હે રાજન્ ! સત્યયુગ વગેરે ત્રણે યુગની પ્રજાએ પોતાનો જન્મ કલિયુગમાં થાય એમ ઈચ્છે છે; કારણ કે કલિયુગમાં પણ નારાયણ ભગવાનમાં પરાયણ ભકતો કોઈ કોઈ સ્થળે અવશ્ય થશે જ અને તેમાં પણ, હે મહારાજ ! દ્રવિડ દેશમાં ઘણા ભકતો થશે કે જ્યાં તામ્રપર્ણી, કૃતમાલા, યશસ્વિની, મહાપવિત્ર કાવેરી તથા મહાનદી પ્રતીચી વગેરે નદીઓ છે. હે રાજન્ ! જે મનુષ્યો તે નદીઓનાં જળ પીએ છે, તેઓ ઘણું કરીને નિર્મળ અંતઃકરણવાળા થઈ ભગવાન વાસુદેવના ભકતો થાય છે. હે રાજન્ ! જો મનુષ્ય સર્વ કર્તવ્યો અથવા ભેદબુદ્ધિ તજીને (આ સર્વ ભગવાન વાસુદેવ જ છે, એમ જાણી) સર્વ પ્રકાર શરણ લેવા યોગ્ય મુકુંદ ભગવાનને શરણે જાય છે, તે દેવો, ઋષિઓ, પ્રાણીઓ, કુટુંબ કે પિતૃઓનો દાસ થતો નથી અને તેઓનો દેવાદાર પણ રહેતો નથી. જે મનુષ્ય બીજા દેહાદિ કે દેવાદિ ઉપરનો ભાવ તજી ભગવાનના ચરણકમળને ભજે છે, તેની પાપમાં કદી પ્રવૃત્તિ જ થતી નથી; છતાં કદાચ કોઈ રીતે તેનાથી પાપકર્મ થઈ જાય તો તેનાં સર્વ પાપકર્મનો હૃદયમાં બિરાજેલા પરમેશ્વર શ્રીહરિ નાશ કરે છે.

**નારદજી બોલ્યા :** એમ ભાગવતધર્મો સાંભળી મિથિલાના નિમિરાજા પ્રસન્ન થયા; તેમણે પોતાના ઋત્વિજો અને આચાર્યો સાથે જયંતીના પુત્ર તે નવે યોગેશ્વરોની પૂજા કરી. પછી સર્વલોકના દેખતાં એ સિદ્ધયોગેશ્વરો ત્યાંથી અદૃશ્ય થયા અને નિમિરાજા તે ધર્મો આચરી પરમગતિ પામ્યા. હે મહાભાગ્યશાળી વસુદેવ ! તમે પણ સાંભળેલા આ ભાગવતધર્મોનો શ્રદ્ધાયુકત અને નિઃસંગ થઈ આશ્રય કરશો તો

પરમપદ પામશો. (આ તો તમારી આગળ શાસ્ત્રમાર્ગ કહ્યો, ખરું જોતાં તો તમે કૃતાર્થ જ છો; કારણ કે) સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ તમારા બંનેના પુત્ર થયા તેથી તમારા—દંપતીના યશથી આખું જગત ભરાઈ ગયું છે. શ્રીકૃષ્ણ ઉપર પુત્રસ્નેહ કરતાં તેમનું દર્શન, આલિંગન, તેમની સાથે વાતચીત, સૂવું, બેસવું અને જમવાથી તમે તમારા અંતઃકરણને શુદ્ધ કર્યું છે. શિશુપાલ, પૌંડ્ર અને શાલ્વ વગેરે રાજાઓ, જે ભગવાનને સૂવું—બેસવું વગેરેમાં વેરભાવથી ચિંતવતા, તોપણ ભગવાનનાં ગતિ, વિલાસ, દર્શન વગેરેથી તદાકાર થયેલી બુદ્ધિ વાળા થઈ તે ભગવાનનું સારૂપ્ય પામ્યા; તો જેઓની બુદ્ધિ એ ભગવાનમાં સ્નેહથી તદાકાર થઈ હોય તેઓ તેમનું સારૂપ્ય પામે એમાં શું કહેવું ? તમે શ્રીકૃષ્ણ ઉપર પુત્રબુદ્ધિ ન કરશો, કારણ કે શ્રીકૃષ્ણ સર્વના આત્મા ઈશ્વર, સર્વથી પર અને નિર્વિકાર છે; છતાં માયાથી મનુષ્યપણું સ્વીકારી તેમણે ઈશ્વરપણું ગુપ્ત રાખ્યું છે. પૃથ્વી પર ભારરૂપ અસુર રાજાઓનો નાશ કરવા, સત્પુરુષોનું રક્ષણ કરવા અને જીવોને પરમશાંતિ અને મુકિત આપવા માટે જ ભગવાને અવતાર લીધો છે. અને એથી જ જગતમાં એમની કીર્તિ પણ ફેલાય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** નારદનાં એ વચન સાંભળી મહાભાગ્યશાળી વસુદેવ ને દેવકી અત્યંત વિસ્મય પામ્યાં; તેમણે મોહ છોડી દીધો. જે મનુષ્ય આ પવિત્ર ઈતિહાસ એકાગ્ર થઈ સાંભળે કે કહે છે, તે મોહ તજી બ્રહ્મરૂપ થવા સમર્થ થાય છે. ૧-૫૨

इतिहासमिमं पुष्यं घारयेद्यः समाहितः । स विघूयेह शमलं ब्रह्मभूयाय कल्पते ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## સ્વધામમાં પધારવા શ્રીકૃષ્ણને દેવોની પ્રાર્થના

॥ श्रीशुक उवाच ॥

अथ ब्रह्मात्मजैर्देवैः प्रजेशैरावृतोऽभ्यगात् । भवश्च भूतभव्येशो ययौ भूतगणैर्वृतः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી સનકાદિ પુત્રો, દેવો તથા પ્રજાપતિઓ સહિત બ્રહ્મા, ભૂતગણોથી યુકત ભૂત—ભવિષ્યના ઈશ્વર શંકર, વાયુઓ સહિત ઈન્દ્ર, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમારો, ૠષભો, અંગિરસો, રુદ્રો, વિશ્વદેવો, સાધ્યદેવો, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, ૠષિઓ, પિતૃઓ, વિદ્યાધરો તેમ જ કિન્નરો આ બધા શ્રીકૃષ્ણનાં દર્શન કરવા ઈચ્છતા દ્વારકા ગયા; કેમ કે ભગવાને જે શરીરથી મનુષ્યલોકનાં મનને આનંદ ઉપજાવી સર્વ લોકોનાં પાપનો નાશ કરનારો યશ લોકમાં ફેલાવ્યો હતો, તે શરીરનું દર્શન કરવા તેઓ ઈચ્છતા હતા. મોટી સમૃદ્ધિથી અને તેથી જ અત્યંત પ્રકાશતી દ્વારકામાં તે દેવોએ અદ્ભુત સ્વરૂપવાળા શ્રીકૃષ્ણનાં અતૃપ્ત નેત્રે દર્શન કર્યા. પછી સ્વર્ગના બગીચાઓનાં પુષ્પોથી યદૂત્તમ શ્રીકૃષ્ણને ઢાંકી દેતા તે દેવો આશ્ચર્યકારક પદો તથા અર્થોવાળી વાણી વડે જગદીશ્વર શ્રીકૃષ્ણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

**દેવો બોલ્યા :** હે નાથ ! બુદ્ધિ, ઈન્દ્રિયો, પ્રાણ, મન તેમ જ વચન વડે અમે આપના ચરણકમળને દંડવત પ્રણામ કરીએ છીએ; જેને કર્મરૂપી મોટા પાશમાંથી છૂટવા ઈચ્છતા ભાવયુકત પુરુષો હૃદયમાં કેવળ ચિંતવે જ છે, પણ પ્રત્યક્ષ જોઈ શક્તા નથી. (ત્યારે અમે તો આજે પ્રત્યક્ષ જોઈએ છીએ. અહો ! અમારાં કેવાં ભાગ્ય !) હે અજિત ! માયાના ગુણોમાં નિયંતારૂપે રહેલા આપ મનથી પણ તર્ક કરવાને

અશકય એવા અવ્યકત જગતને ત્રિગુણાત્મક માયાથી પોતાના વિષે જ (નહિ કે પોતાથી જુદું) સર્જો છો, છતાં આપ કર્મો વડે લેપાતાં નથી; કારણ કે આવરણરહિત આત્મસુખમાં રમો છો અને તેથી જ રાગાદિ દોષોથી રહિત છો. હે સ્તુતિ કરવા યોગ્ય શ્રેષ્ઠ દેવ ! સત્ત્વગુણમય આપના ભકતોને આપનો યશ સાંભળવાથી પુષ્ટ થઈ વધેલી ઉત્તમ શ્રદ્ધાથી જેવી હૃદયશુદ્ધિ થાય છે, તેવી દુષ્ટ આશ્રયવાળા રાગી પુરુષોને ઉપાસનાથી, શાસ્ત્રશ્રવણથી, વેદાધ્યયનથી, દાનથી, તપથી કે યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવાથી થતી નથી. હે ઈશ્વર ! આપના ચરણને મુનિઓ મોક્ષરૂપ કલ્યાણ મેળવવા પ્રેમભીનાં હૃદયથી ચિંતવે છે. ભકતપુરુષો સમાન ઐશ્વર્ય પામવાને વાસુદેવાદિ વ્યૂહમાં પૂજે છે; ભકતોમાં પણ કેટલાક આત્મવાન– ધીર ભકતો સ્વર્ગલોક ઓળંગી (આગળ) વૈકુંઠ મેળવવા ત્રણે કાળ પૂજે છે. યાજ્ઞિકો બંને હાથ ભેગા કરી તેમાં હવિષ લઈને યજ્ઞના આહવનીય વગેરે અગ્નિમાં વેદોકત વિધિથી ઈન્દ્રાદિસ્વરૂપે જ ચિંતવે છે. અધ્યાત્મયોગમાં જોડાયેલા યોગીઓ આત્મારૂપ આપની માયારૂપ અણિમાદિ સિદ્ધિને પામવાની ઈચ્છાથી ચિંતવે છે અને પરમ ભાગવત–ભકતપુરુષો સર્વ સ્વરૂપે પૂજે છે, તે આપના ચરણ અમારી અશુભ વાસનાઓને (બાળવા) અગ્નિરૂપ થાઓ. હે પ્રભો ! (જ્યાં હું છું ત્યાં જ આ વનમાળા વાસી થઈને પણ રહે છે, આમ) વાસી વનમાળા સાથે ભગવતી લક્ષ્મીજી શોકની પેઠે સ્પર્ધા કરે છે, છતાં (તે લક્ષ્મીને ન ગણીને) આપ 'મારા ભક્તોએ આપી છે.' આવી પ્રીતિથી સારી રીતે આપની પૂજાને સ્વીકારો છો, તે આપના ચરણ અમારી અશુભ વાસનાઓને (બાળવા) અગ્નિરૂપ થાઓ. હે વ્યાપક ભગવન્ ! હે બલિરાજાને બાંધતી વેળા ત્રણ પગલાં મૂકવા તૈયાર થયેલા આપનો પગ બીજે પગલે જયારે સ્વર્ગમાં ગયો ત્યારે અત્યંત ઊંચા કરેલા વિજયધ્વજ જેવો જણાતો હતો ને ત્રણ પ્રકારે વહેતી ગંગા તેની પતાકા જેવી લાગતી હતી. વળી એ પગ તે વેળા અસુરોની સેનાને ભયજનક, દેવોની સેનાને અભય આપનાર, સાધુ દેવોને સ્વર્ગ આપનાર અને દુષ્ટ દૈત્યોને નીચે પાતાળમાં હાંકી કાઢનાર થયો હતો; તે આપનું ચરણ આપનું ભજન કરતા અમારાં પાપોને દૂર કરો. માંહોમાંહે (યુદ્ધ વગેરે) કરી પીડાતા બ્રહ્માદિ દેવો પણ કાળના પ્રવર્તક અને પ્રકૃતિ–પુરુષના કારણે આપને નાકમાં નાથેલા બળદોની પેઠે વશ રહે છે (પણ પોતાના જયપરાજયમાં સ્વતંત્ર નથી.) પુરુષોમાં ઉત્તમ તે આપના ચરણ અમારું કલ્યાણ કરો. આપ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ છો; કેમ કે વિદ્વાનો આપને પ્રકૃતિ, પુરુષ તથા મહત્તત્વના પણ નિયંતા કહે છે. વળી ત્રણ ચાતુર્માસરૂપ વિભાગોવાળો હોઈ, સર્વનો નાશ કરવા પ્રવૃત્ત રહેલો ગંભીર વેગવાળો આ વર્ષરૂપી કાળ પણ આપ જ છો. માટે જ આપ ઉત્તમ પુરુષ છો. આપની પાસેથી શકિત, મેળવી અમોઘ પરાક્રમી થયેલા પુરુષે માયાની સાથે રહી જગતના ગર્ભ જેવા મહત્તત્ત્વને ઉત્પન્ન કર્યું; એ મહત્તત્ત્વને તે જ માયાથી વ્યાપ્ત થઈ પોતાથી આ બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું; જે બ્રહ્માંડ સુવર્ણ જેવું પ્રકાશમાન હોઈ બહારના ભાગમાં (આઠ) આવરણોથી યુક્ત છે. હે ઈન્દ્રિયોના સ્વામી ! આપ આ સ્થાવરજંગમ જગતના અધીશ્વર છો; કારણ કે આપ માયાથી પ્રકટેલી ઈન્દ્રિય વૃત્તિઓએ આણેલા વિષયો સેવો છો. છતાં તેથી લપાતા નથી; પણ બીજા જીવો અથવા યોગીઓ–પોતે તજેલ છતાં વિષયસેવનથી ડરે છે–વાસના માત્રથી બંધાય છે. સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ મંદ હાસ્યયુકત જોવા સાથે કટાક્ષથી દર્શાવેલા અભિપ્રાયથી, મનોહર ભ્રૂકુટિ મંડળે મોકલેલા કામના ગુપ્ત વિચારોથી અને કામદેવને પણ મોહ ઉપજાવનાર કામકળા વગેરે સાધનાથી આપના મનને ડગાવવા સમર્થ થઈ નથી; માટે આપ વિષયોથી અલિપ્ત છો. આપની અમૃત તુલ્ય

કથાઓરૂપી જળને વહેતી કીર્તિરૂપી નદીઓ અને આપના ચરણજળની ગંગા વગેરે નદીઓ ત્રણે લોકનાં પાપોનો નાશ કરવા સમર્થ છે. તેમાં વેદોની અંદર રહેલું આપનું કીર્તિરૂપ તીર્થ શ્રવણેન્દ્રિયથી પાપોનો નાશ કરે છે અને આપના ચરણથી ઉત્પન્ન થયેલું ગંગાદિ તીર્થ અંગના સંગથી પાપોનો નાશ કરે છે, માટે જ પોતપોતાના આશ્રમમાં રહેલા લોકો આપનાં એ બંને તીર્થ સેવે છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** દેવો તથા શંકર સાથે બ્રહ્માએ એ પ્રમાણે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. પછી તેઓ આકાશમાં રહી ભગવાનને પ્રણામ કરી કહેવા લાગ્યા.

**બ્રહ્મા બોલ્યા :** હે સર્વના આત્મા પ્રભો ! પૃથ્વીનો ભાર ઉતારવા અમે પૂર્વે આપને વિનતિ કરી હતી, તે પ્રમાણે જ આપે તે કર્યું છે. વળી આપે સત્ય પ્રતિજ્ઞાવાળા પુરુષોમાં ધર્મ સ્થાપ્યો છે અને સર્વ લોકોનાં પાપોનો નાશ કરનારી કીર્તિ દિશાઓમાં ફેલાવી છે; તેમ જ યદુના વંશમાં અવતાર લઈ, સર્વોત્તમ સ્વરૂપ ધરતા આપે જગતનું હિત કરવા ઉત્તમ ચરિત્રવાળાં કર્મો કર્યા છે. હે ઈશ્વર ! આપનાં તે ચરિત્રનું કલિયુગમાં શ્રવણકીર્તન કરતા મનુષ્યો અનાયાસે સંસારનું કારણ અજ્ઞાનરૂપ અંધકાર તરી જશે—અજ્ઞાનથી મુકત થશે. હે પુરુષોત્તમ પ્રભુ ! આપ યદુવંશમાં અવતર્યા તેને આજે એકસો પચીસ વર્ષ વીત્યાં છે અને સર્વના આધાર ! દેવોનું કોઈ પણ કાર્ય હવે બાકી રહ્યું નથી; તેમ જ આ કુળ પણ બ્રાહ્મણોના શાપથી લગભગ નાશ પામ્યા જેવું થઈ રહ્યું છે. માટે આપ યોગ્ય માનતા હો તો હવે આપના પરમધામમાં પધારો; અને હે વૈકુંઠ ! આપના દાસ અમારું લોકપાલોનું લોકો સાથે રક્ષણ કરો.

**શ્રીભગવાન બોલ્યા :** હે દેવોના ઈશ્વર ! તમે કહો છો, તે જ મેં પણ નક્કી કર્યું છે. તમારું સર્વ કાર્ય મેં કર્યું અને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. હવે આ એક યાદવકુળ બાકી રહ્યું છે, જે બળ તથા શૌર્યયુકત સંપત્તિથી ઉદ્ધત થઈ લોકોને ખાઈ જવા ઈચ્છે છે તેને, કિનારો જેમ મહાસાગરને રોકી રાખે તેમ મેં રોકી રાખ્યું છે. ગર્વિષ્ઠ યાદવના આ વિશાળ કુળનો સંહાર કર્યા વિના જો હું સ્વધામમાં જઈશ, તો મર્યાદા ઓળંગતા આ યાદવકુળને લીધે આ લોક નાશ પામશે. માટે હવે બ્રાહ્મણોના શાપ દ્વારા આ યાદવકુળનો નાશ મેં આરંભ્યો છે, તેનો અંત થઈ જતા હે નિર્દોષ બ્રહ્મા ! હું સ્વધામ જતાં તમારા લોકમાં પણ આવીશ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** લોકોના નાથ શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું એટલે બ્રહ્મા તેમને પ્રણામ કરી દેવગણો સાથે પોતાના ધામમાં ગયા. ત્યાર પછી એ દ્વારકામાં મોટા ઉત્પાતો થયેલા જોઈ એકઠા મળેલા વૃદ્ધ યાદવોને શ્રીકૃષ્ણે કહ્યું.

**શ્રી ભગવાન બોલ્યા :** અહીં ચોતરફ આ ઘણા મોટા ઉત્પાતો થઈ રહ્યા છે અને આપણા કુળને બ્રાહ્મણો તરફથી ટાળવો મુશ્કેલ શાપ પણ થયો છે; માટે હે વૃદ્ધ પુરુષો ! જીવવાની ઈચ્છા હોય તો આપણે અહીં રહેવું ન જોઈએ. પ્રભાસ ઘણું મોટું પવિત્ર તીર્થ છે. માટે આપણે આજે જ ત્યાં ચાલ્યા જઈએ, વિલંબ કરો મા. નક્ષત્રોનો રાજા ચંદ્ર દક્ષના શાપથી ક્ષયરોગથી પકડાયો હતો, તે પણ એ પ્રભાસ ક્ષેત્રમાં માત્ર સ્નાન કરી તરત જ ક્ષયરોગથી છુટયો હતો અને ફરી કળાઓની વૃદ્ધિ પામ્યો હતો. માટે આપણે પણ તે પ્રભાસ તીર્થમાં સ્નાન કરી, પિતૃઓ તથા દેવોને તૃપ્ત કરી, પવિત્ર સુપાત્ર બ્રાહ્મણોને અનેક ગુણોવાળાં અન્ન જમાડી, શ્રદ્ધાથી મોટાં દાન આપી, વહાણથી જેમ સમુદ્ર તરી જવાય, તેમ તે દાનોથી દુઃખો ઓળંગી જઈશું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુલનંદન રાજા ! એમ ભગવાને આજ્ઞા કરી એટલે યાદવોએ પ્રભાસતીર્થમાં જવા નિશ્ચય કરી રથ જોડયા, તે જોઈને તેમ જ ભગવાનનું વચન સાંભળી હે રાજા ! નિત્ય

શ્રીકૃષ્ણને અનુસરતા ઉદ્ધવજી ઘોર ઉત્પાતો જોઈને જગતના ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીકૃષ્ણને એકાંતમાં મળી તેમના ચરણમાં મસ્તક નમાવી બે હાથ જોડી કહેવા લાગ્યા.

**ઉદ્ધવજી બોલ્યા :** હે દેવોના દેવ ! હે ઈશ્વર ! હે યોગેશ્વર ! હે પવિત્ર શ્રવણ–કીર્તનવાળા ! આ યાદવકુળનો સંહાર કરી અવશ્ય આપ હવે સ્વધામમાં જશો; કારણ કે આપ સમર્થ અને ઈશ્વર છતાં આપે બ્રાહ્મણોનો શાપ ટાળ્યો નથી. હે કેશવ ! હું અર્ધી ક્ષણ પણ આપના ચરણકમળને તજવા ઉત્સાહ કરતો નથી. માટે હે નાથ ! મને પણ આપ સ્વધામમાં લઈ જાઓ. હે કૃષ્ણ ! મનુષ્યોનું પરમ મંગળ અને કાનને અમૃત તુલ્ય આપનું ક્રીડાચરિત્ર સાંભળી મનુષ્ય બીજા વિષયોની સ્પૃહા તજી દે છે; તો એમ સૂવું, બેસવું, ફરવું, ઊભા રહેવું, રમવું અને જમવું વગેરે સર્વ ક્રિયાઓમાં પરમ પ્રિય આત્મસ્વરૂપ આપને નિત્ય સેવીએ છીએ; તેથી અમે આપને કેમ તજી શકીએ ? આપે ભોગવેલાં માળા, ચંદન, વસ્ત્ર તથા અલંકારોથી સુશોભિત થઈ આપનું એઠું જમતા આપના દાસ અમે માયાને તો જીતીએ જ છીએ. માત્ર વાયુરૂપ વસ્ત્ર પહેરતા દિગંબર, બ્રહ્મચર્ય પાળતા, આહાર વગેરે ઓછા કરી ટાઢ, તાપ વગેરે સહન કરી પરિશ્રમ કરતા, સર્વ વિષયભોગો તજતા અને તેથી જ નિર્મળ થયેલા શાંત ઋષિઓ બ્રહ્મ નામના આપના ધામને પામે છે; પણ હે મહાયોગિન્ ! અમે આપના ભકતો કર્મમાર્ગમાં જોકે ભમીએ છીએ, છતાં આપના ભકતો સાથે કેવળ આપની કથાઓ જ કરીને તરવો મુશ્કેલ સંસાર તરી જઈશું. આપનાં કર્મો, ભાષણો, ગતિ, ઉત્તમ મંદ હાસ્ય, દર્શન તથા વિનોદરૂપ જે મનુષ્યલીલાઓ છે, તેનું સ્મરણ—કીર્તન કરતા અમે સંસાર તરી જઈશું.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ઉદ્ધવજીએ એમ વિનતિ કરી એટલે ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણ પ્રિય એકાંતભક્ત ઉદ્ધવજીને કહેવા લાગ્યા. ૧-૫૦

एवं विज्ञापितो राजन्भगवान् देवकीसुतः । एकान्तिनं प्रियं भृत्यमुद्धवं समभाषत ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## દત્તાત્રેયના આઠ ગુરુઓનું વર્ણન

॥ श्रीभगवानुवाच ॥

यदात्थ मां महाभाग तच्चिकीर्षितमेव मे ॥ ब्रह्मो भवो लोकपालाः स्वर्वासं मेऽभिकाङ्क्षणः ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** હે મહાભાગ્યશાળી ઉદ્ધવ ! તમે મને કહો છો, તે જ કરવા મારી ઈચ્છા છે. બ્રહ્મા, શંકર તથા લોકપાલો મારો વૈકુંઠવાસ ઈચ્છે છે. બ્રહ્માએ પ્રાર્થના કરેલો હું, જે માટે મારા અંશ બળદેવજી સાથે મનુષ્યલોકમાં અવતર્યો છું, તે દેવોનું કાર્ય સર્વાંશે મેં પણ કર્યું છે. બ્રાહ્મણોના શાપ વડે પહેલેથી જ બળી ચૂકેલું આ યાદવકુળ પરસ્પર કલેશ કરી નાશ પામશે અને આજથી સાતમા દિવસે આ નગરીને સમુદ્ર ડુબાડી દેશે. હે સત્પુરુષ ઉદ્ધવ ! હું આ મનુષ્યલોક તજીશ કે તે જ સમયે તેનાં મંગળો નાશ પામશે; તેમ જ કલિયુગ પણ તરત જ તેની પર પોતાની સત્તા જમાવી દેશે. હે સજજન ! હું આ પૃથ્વી તજું એટલે તમારે અહીં રહેવું નહિ, કારણ કે કલિયુગમાં લોકો અધર્મ ઉપર પ્રીતિવાળા થશે. તમારે તો સ્વજનો તથા બંધુઓ ઉપરનો સર્વ સ્નેહ તજી મારા વિષે સારી રીતે મન સ્થાપવું અને સમદૃષ્ટિ થઈ પૃથ્વી પર ફરવું. મન, વાણી, ચક્ષુ તથા શ્રવણ વગેરેથી જે આ જગત જણાય છે; તે કેવળ માયામય,

મનોમય અને નાશવંત છે, એમ તમારે જાણવું. વ્યગ્ર મનવાળા પુરુષને ભેદવાળો ભ્રમ જણાય છે અને તે ભ્રમમાં જ ગુણદોષ રહેલા છે, માટે જેની બુદ્ધિ (એ ભ્રમ વડે થનાર) ગુણદોષથી યુકત હોય છે, તેને કર્મ, અકર્મ તથા વિકર્મ—એવા ભેદ લાગુ પડે છે. માટે ઇન્દ્રિયોના સમૂહને તેમ જ મનને વશ કરી આત્મામાં જ આ જગતને વિસ્તાર પામેલું તમે જુઓ અને આત્માને અધીશ્વર મારામાં રહેલો—મારાસ્વરૂપ જ માનો. વેદના તાત્પર્યનો નિશ્ચય તે જ્ઞાન છે અને તેના અર્થનો અનુભવ તે વિજ્ઞાન છે. આ જ્ઞાનવિજ્ઞાન વડે યુકત થઈ પ્રાણીમાત્રના આત્મરૂપ થયેલા અને આત્માનુભવથી જ સંતુષ્ટચિત્ત રહેતા તમને વિઘ્નો નડશે નહિ. તમે કહેશો કે જ્ઞાની પુરુષ શું યથેષ્ટ આચરણ કરે છે ? ના, એમ નથી. જેમ બાળક સંકલ્પરહિત હોઈ કોઈ કામ કરે છે અને કોઈ કામ નથી પણ કરતો, તેમ જ્ઞાની પણ ગુણદોષની બુદ્ધિથી રહિત હોઈ (પૂર્વના સંસ્કારથી) વેદમાં નિષેધેલાં કર્મ કરતો નથી; (છતાં તેમાં તેને દોષબુદ્ધિ નથી) તેમ જ વેદમાં કહેલાં કર્મો કરે છે (છતાં તેમાં તેને ગુણબુદ્ધિ નથી). આમ જ્ઞાન તથા વિજ્ઞાનના નિશ્ચયવાળો, સર્વ પ્રાણીઓનો મિત્ર અને શાંત—જ્ઞાની જગતને મારા સ્વરૂપ જોતો, ફરી મરણ એટલે સંસાર પામતો જ નથી.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! ભગવાને એમ આજ્ઞા કરી એટલે મહા ભગવદભકત ઉદ્ધવજી ભગવાનને પ્રણામ કરી, તે જાણવાની ઈચ્છાથી કહેવા લાગ્યા.

**ઉદ્ધવજી બોલ્યા :** હે યોગેશ્વર ! હે યોગવેત્તાઓની અતિ ગુપ્ત થાપણ ! હે યોગસ્વરૂપ ! હે યોગના ઉત્પાદક ! આપે મારા કલ્યાણ માટે સંન્યાસરૂપી ત્યાગ કહ્યો. પણ હે વ્યાપકદેવ ! વિષયોનો આ ત્યાગ વિષયાત્મા મનુષ્યોને કરવો મુશ્કેલ છે અને તેમાં પણ હે સર્વાત્મન્ ! અભક્ત મનુષ્યોને તો આ અત્યંત દુષ્કર છે, એમ હું માનું છું. જેને ઉદ્દેશી આપે આ ત્યાગનો ઉપદેશ કર્યો, તે હું તો મોહિત બુદ્ધિવાળો છું; કારણ કે આપની માયાથી રચાયેલા અને પુત્રાદિ પરિવારયુકત આ શરીરમાં 'મારું, હું' એવી બુદ્ધિથી હું અત્યંત આસકત છું; માટે હે ભગવન્ ! આપે કહેલું હું સહેજમાં સાધી લઉં એ રીતે આપ મને દાસને ઉપદેશ આપો. હે ઈશ્વર ! સ્વયં પ્રકાશ અને સત્યસ્વરૂપ આત્માનો મને ઉપદેશ કરે એવો, દેવોમાં પણ આપ વિના બીજા કોઈને હું જોતો નથી; કારણ કે બ્રહ્માથી માંડી આ સર્વ પ્રાણીઓ આપની માયાથી મોહિત બુદ્ધિવાળાં હોઈ વિષયોમાં જ સત્યબુદ્ધિવાળાં છે. હે ભગવન્ ! (કેટલાક દુષ્ટ સ્વભાવવાળા હોય છે ત્યારે) આપ નિર્દોષ છે; (કેટલાક સેવેલા છતાં ફળકાળે નાશ પામે છે ત્યારે આપ તો) દેશકાળથી અનંત છો; (કેટલાક અજ્ઞાની હોય છે ત્યારે આપ) સર્વજ્ઞ છો; (કેટલાક રક્ષણ કરવા અસમર્થ હોય છે ત્યારે આપ) ઈશ્વર છો -રક્ષણ કરવા સમર્થ છો અને (કેટલાક સ્થાનથી ભ્રષ્ટ હોય છે ત્યારે) આપનું વૈકુંઠસ્થાન કાળ વગેરેથી નાશ પામતું નથી માટે હે નરના સખા ! દુઃખોથી અત્યંત તપીને વિરકત થયેલી બુદ્ધિવાળો હું આપ નારાયણને શરણે આવ્યો છું.

**શ્રીભગવાન બોલ્યા :** આ લોકમાં કેટલાક લોકતત્વની પરીક્ષા કરનારા મનુષ્યો ઘણું કરી પોતે જ વિષયવાસનામાંથી પોતાનો સારી રીતે ઉદ્ધાર કરે છે. (પશુ વગેરેના શરીરમાં પણ) પ્રાણી પોતે જ (હિતાહિત જાણવા) પોતાનો ગુરુ થઈ શકે છે; કારણ કે મનુષ્ય પ્રત્યક્ષ અનુભવ તથા અનુમાનથી પોતાનું કલ્યાણ પામે છે. મનુષ્યપણું મળ્યું હોય તો સંયમ તથા યોગમાં કુશળ ધીર પુરુષો સર્વ શકિતઓથી પરિપૂર્ણ મને (આત્માને) અત્યંત પ્રકટ જોઈ શકે છે. એક, બે, ત્રણ અને ચાર પગવાળાં, ઘણાં પગવાળાં અને પગ વિનાનાં એમ અનેક શરીરો સર્જાયાં છે, પરંતુ તેઓમાં મનુષ્યશરીર મને પ્રિય છે; કારણ કે

આ મનુષ્ય શરીરમાં અપ્રમાદી મનુષ્યો ગ્રાહ્ય અહંકારાદિથી જુદા મને (આત્માને) દશ્ય બુદ્ધિ આદિ કારણો વડે અને તે જ બુદ્ધિ આદિ લિંગવાળાં અનુમાનો વડે સાક્ષાત્ શોધી શકે છે. આ વિષયમાં પણ એક પુરાતની ઈતિહાસ વિદ્વાનો કહે છે. તે ઈતિહાસ અવધૂત ગુરુ દત્તાત્રેય તથા મહાતેજસ્વી રાજા યદુના સંવાદરૂપ છે. કોઈ વિદ્વાન તથા તરુણ બ્રાહ્મણ (ગુરુ દત્તાત્રેય) ને અવધૂતવેશે નિર્ભય ફરતા જોઈને ધર્મવેત્તા યદુરાજાએ તેમને પૂછ્યું.

**યદુરાજા બોલ્યા :** હે બ્રહ્મન્ ! તમે કર્મ કરતા નથી, છતાં તમને સર્વ લોકથી વિલક્ષણ આ અતિ નિપુણ બુદ્ધિ શાથી થઈ કે જે પામી તમે વિદ્વાન છતાં બાળકની પેઠે લોકમાં ફરો છો ? મનુષ્યો લગભગ ધર્મ, અર્થ તથા કામમાં અને આત્મા સંબંધી વિચારમાં લાગ્યા રહે છે અને તે પણ આયુષ્ય, યશ કે લક્ષ્મીની ઈચ્છાથી જ તેમાં પ્રવૃત્તિ કરે છે તમે શરીરે સશકત, વિદ્વાન, કુશળ અને સુંદર છો તથા અમૃત જેવું મધુર બોલો છો; છતાં જડ, ઉન્મત્ત અને પિશાચની પેઠે કંઈ કામ કરતા નથી. તેમ ઈચ્છતા પણ નથી. આ બધાં મનુષ્યો કામ તથા લોભરૂપી દાવાનળથી બળી રહ્યાં છે, ત્યારે તમે તો ગંગાજળમાં ઊભેલા હાથીની પેઠે તે અગ્નિથી મુકત રહી સંતાપ પામતા નથી. (આવો મહાન આનંદ તમને કયાંથી મળે છે ?) તમે વિષયભોગથી રહિત છો, કારણ કે તમે સ્ત્રી–પુત્રાદિથી રહિત એકલાં જ છો, છતાં તમને આવો આનંદ જે કારણથી રહે છે તે વિષે અમે તમને પૂછીએ છીએ; માટે કહો.

**શ્રીભગવાન બોલ્યા :** 'બ્રાહ્મણભકત મહાબુદ્ધિમાન યદુરાજાએ એમ પૂછયું અને સત્કાર કર્યો એટલે મહાભાગ્યશાળી બ્રાહ્મણ દત્તાત્રેય વિનયથી નમેલા તે રાજાને કહેવા લાગ્યા.

**બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યા :** હે રાજન્ ! મેં મારી બુદ્ધિથી સ્વીકારેલા મારા અનેક ગુરુઓ છે, જેઓ પાસેથી બુદ્ધિ ગ્રહણ કરી હું મુકત થઈ આ પૃથ્વી પર ફરું છું; તેઓને તમે સાંભળો. પૃથ્વી, વાયુ, આકાશ જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગિયું, મધુમક્ષિકા, હાથી, મધ લેનાર પારધી, હરિણ, માછલું, પિંગલા વેશ્યા, ટિટોડો, બાળક, કુમારી કન્યા, બાણ બનાવનાર, સર્પ, કરોળિયો અને ભમરી; આ ચોવીસને મેં મારા ગુરુરૂપે સ્વીકાર્યો છે. હે રાજન્ ! આ ચોવીસનાં વર્તનો ઉપરથી મેં મારે માટે ઉપદેશો ગ્રહણ કર્યા છે. હે પુરુષવ્યાઘ્ર યયાતિપુત્ર ! આ ચોવીસ ગુરુઓ પૈકી જે ગુરુ પાસેથી મેં જે ઉપદેશ જે પ્રકારે ગ્રહણ કર્યો છે તે તે જ પ્રકારે હું તમને કહું છું તે સાંભળો.

૧. પૃથ્વીને પ્રાણીઓ (પગ વડે) દબાવે છે, છતાં તે પોતાના સ્થાનથી ડરતી નથી, તેમ દૈવને વશ વર્તનારાં પ્રાણીઓ દબાવે–દુઃખ દે; તોપણ તે વસ્તુને સમજતા ધીરપુરુષે માર્ગથી ભ્રષ્ટ થવું નહિ. આ વ્રત હું પૃથ્વી પાસેથી શીખ્યો છું.

પર્વત અને વૃક્ષ પણ પૃથ્વી છે. તેની પાસેથી હું શીખ્યો છું કે જેમ તેમની બધી ચેષ્ટાઓ અને તેમનો જન્મ પણ કેવળ પરોપકાર માટે જ સદા હોય છે, તેમ સત્પુરુષે પણ સર્વ ચેષ્ટાઓ તથા જન્મ પણ કેવળ પરોપકાર માટે જ ધરવો જોઈએ.

૨. વાયુ બે પ્રકારનો છેઃ એક પ્રાણવાયુ અને બીજો બાહ્યવાયુ. તેમાં પ્રાણવાયુ પાસેથી હું શીખ્યો છું કે, પ્રાણવાયુ કેવળ આહાર વગેરેથી જ પ્રવૃત્તિ કરે છે (સંતુષ્ટ રહે છે) પણ રૂપ, રસ, વગેરે ઈન્દ્રિયોના વિષયની દરકાર કરતો નથી; તેમ, મુનિએ પણ કેવળ આહાર આદિથી સંતુષ્ટ રહેવું અને તે આહાર વગેરે પણ ઈન્દ્રિયોને પ્રિય છે કે નહિ તે તરફ લક્ષ રાખવું નહિ. જે રીતે જ્ઞાન નાશ ન પામે અને વાણી તથા મન જયાં ત્યાં ભટકતાં ન થાય તે રીતે આહાર વગેરે કરવાં. (અર્થાત્ આહાર ન કરાય, તો મન વ્યગ્ર થાય અને

તેથી જ્ઞાનનો નાશ થાય માટે માત્ર આહાર લઈ દેહનો નિર્વાહ કરવો) તેમ જ બાહ્યવાયુની પેઠે યોગી જુદા જુદા ધર્મવાળા સર્વ વિષયોમાં પ્રવેશે તેઓને સેવે, તોપણ તેના ગુણદોષથી રહિત ચિત્તવાળો રહી તેમાં આસકત ન થાય. વળી જેમ બહારનો વાયુ પૃથ્વી આદિના ગંધ વગેરે ધર્મના સંબંધથી યુકત થયેલો જણાય છે પરંતુ ખરી રીતે તે ધર્મના સંબંધથી રહિત જ છે તે જ પ્રમાણે આત્મદ્રષ્ટા યોગી પૃથ્વીના વિકારરૂપ શરીરમાં પ્રવેશેલો હોઈ તેના ગુણોના આશ્રયવાળો છે અને તેના ધર્મરૂપ બાલ્ય વગેરે અવસ્થાઓનો આશ્રય કરી વર્તે છે. છતાં તે ગુણોથી સંબંધ પામતો નથી-પાતે દેહના ધર્મોથી રહિત જ છે એમ માને છે.

૩. (આકાશ પાસેથી હું શીખ્યો છું કે) મુનિએ આત્માનું આકાશ સાથે સમાનપણું વિચારવું. (જેમ આકાશ બધે રહેલું છે, છતાં તેને કોઈ વસ્તુનો સંગ નથી અને તેને કોઈ માપી શકતું નથી, તેમ) મનનશીલ યોગી દેહમાં રહ્યો હોય, છતાં આત્મા બ્રહ્મસ્વરૂપની ભાવનાથી સ્થાવરજંગમ સર્વ પદાર્થોમાં તેના આશ્રયરૂપે પરોવાઈને વ્યાપ્ત છે અને તે પણ (મણકામાં સૂતરના દોરાની પેઠે નહિ પણ) સર્વ અંશોમાં વ્યાપ્ત છે, એમ માની તેણે વિચારવું કે આત્માને તે તે દેહાદિનો સંગ નથી, તેમ જ તે તે દેહાદિથી તેને પરિચ્છેદ પણ થતો નથી (અર્થાત્ આત્મા આકાશની પેઠે બધે હોવા છતાં અસંગ અને અમાપ છે એમ યોગીએ જાણવું.) વળી જેમ વાયુએ પ્રેરેલા અને કાળે સર્જેલા મેઘ વગેરે પદાર્થો આકાશનો સ્પર્શ કરી શકતા નથી, તે જ પ્રમાણે કાળે સર્જેલા અને તેજ, જળ તથા પૃથ્વીના વિકારરૂપ દેહાદિ પદાર્થો આત્માને સ્પર્શ કરી શકતા નથી. અર્થાત્ કુટસ્થ આત્માને ક્ષણમાં ઉત્પન્ન થનાર અને ક્ષણમાં નાશ પામનાર દેહાદિનો સંબંધ નથી.

૪. (જળ પાસેથી હું શીખ્યો છું કે) જળ સ્વભાવથી જ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર, મનુષ્યોનાં તીર્થસ્થાનરૂપ અને દર્શન, સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરે છે; તેમ મુનિએ પણ જળના મિત્ર એટલે જળની પેઠે સ્વભાવથી જે રાગદ્વેષાદિ મળથી રહિત, સર્વ ઉપર સ્નેહાળ અને મધુરભાષી થવું; તેમ જ મનુષ્યોનાં તીર્થસ્થાનરૂપ થઈ દર્શન સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરવાં.

૫. (અગ્નિ પાસેથી હું શીખ્યો છું કે) અગ્નિ તેજસ્વી, પ્રદીપ્ત, કોઈથી પણ દબાવવો અશક્ય, પેટરૂપી જ એક પાત્રવાળો અને સર્વભક્ષી છતાં કોઈના મેલને (કે દોષને) લેતો નથી; તેમ યોગીએ પણ જ્ઞાનાતિશયથી તેજસ્વી, તપથી પ્રદીપ્ત, કોઈથી દબાવવો અશક્ય, કેવળ પેટરૂપી જ પાત્રવાળા અને સારું નરસું જે મળે તે ખાનાર થઈ દોષદૃષ્ટિ તજવી. વળી જેમ અગ્નિ કયાંક ગુપ્ત, કયાંક પ્રકટ, કલ્યાણ ઈચ્છનારાઓને સેવવા યોગ્ય અને (યજ્ઞાદિમાં) હુતદ્રવ્ય આપનારાઓનાં ભૂતભવિષ્યનાં પાપોને બાળતો બધે (આપનારાઓની ઇચ્છા પ્રમાણે) જમે છે તેમ યોગીએ પણ કયાંક ગુપ્ત અને ક્યાંક પ્રકટ રહી કલ્યાણ ઈચ્છનારાઓને સેવવા યોગ્ય થઈ ભોજન આપનારાઓનાં ભૂતભવિષ્યનાં પાપોને બાળતાં બધે (ભોજન આપનારાઓની ઈચ્છા પ્રમાણે) જમી લેવું. વળી જેમ અગ્નિ લાકડામાં પેસી તે તે લાકડા જેવા રૂપવાળો (વાંકો, સીધો, લાંબો, ટૂંકો) જણાય છે પણ ખરું જોતાં પોતે તેવો નથી (તેમ આત્મા પણ પોતાની અવિદ્યાથી જન્મેલા સારા નરસા, દેવ, પશુ-પક્ષી, અથવા બ્રાહ્મણ, શૂદ્ર વગેરે શરીરમાં પેસી તે તે રૂપવાળો ઊંચનીચ જણાય છે (ખરી રીતે આત્મા ઊંચ કે નીચ નથી.)

૬. (ચંદ્ર પાસેથી હું આવું શીખ્યો છું કે,) ચંદ્રની (શુકલપક્ષમાં) વૃદ્ધિ અને (કૃષ્ણપક્ષમાં), હ્રાસ તે તેની કળાઓનાં જ છે પણ તેના પોતાનાં નથી; તેમ અવ્યક્ત ગતિવાળા કાળને લીધે થતા જન્મ તથા નાશ સુધીનો છ વિકારો દેહના જ છે; આત્માના નથી.

વળી જેમ અગ્નિની જ્વાળાઓ પ્રતિક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. પણ તે આપણે જાણી શકતા નથી, તેમ પ્રવાહની પેઠે સતત વેગવાળા કાળને લીધે આત્મા સાથે સંબંધ પામેલાં શરીરોનો પણ પ્રતિક્ષણે જન્મ અને નાશ થઈ રહ્યો છે; પરંતુ તે આપણે જાણી શકતા નથી.

૭. (સૂર્ય પાસેથી હું શીખ્યો છું કે,) સૂર્ય (આઠ મહિનાઓ સુધી) કિરણો વડે પૃથ્વીમાંથી પાણી ચૂસે છે. અને (પછી વર્ષાઋતુમાં) તે પાણીને કિરણો વડે પાછું આપે છે, (પણ પાણી લીધું કે આપ્યું, એવું પોતે અભિમાન કરતો નથી;) તેમ યોગી પણ સમયાનુસાર ઇંદ્રિયો દ્વારા વિષયો ગ્રહણ કરે છે અને કોઈ વેળા તે વિષય માગનારો આવી ચડે તો તેને આપી દે છે પણ તેમાં પોતે ભોગવ્યા કે આપી દીધા એવું અભિમાન કરતો નથી. જેમ સૂર્ય આકાશમાં સ્વસ્વરૂપે એક જ છે, તોપણ પાણીનું પાત્ર છે વગેરે કોઈ ઉપાધિમાં પ્રતિબિંબિત થાય છે, ત્યારે તે ઉપાધિમાં પેસી અનેક સ્વરૂપવાળો થયો હોય એમ સ્થૂલ બુદ્ધિવાળાઓને જણાય છે, તેમ આત્મા સ્વરૂપે એક જ છે છતાં દેહાદિ ઉપાધિમાં પેસી અનેક સ્વરૂપે થયો હોય તેવો સ્થૂલ બુદ્ધિ વાળાઓને જણાય છે (ખરી રીતે આત્મા એક અને ઉપાધિઓથી રહિત છે.)

૮. (હોલા પાસેથી હું શીખ્યો છું કે) મનુષ્યે કોઈ ઠેકાણે અત્યંત સ્નેહ કે લાલનપાલન વગેરે આસકિત ન કરવી; કારણ કે તેમ કરનાર મનુષ્ય હોલાની પેઠે રાંક બુદ્ધિવાળો થઈ સંતાપ પામે છે. એક હોલો જંગલમાં ઝાડ ઉપર માળો બાંધી એની સ્ત્રી (હોલી) સાથે કેટલાંક વર્ષો સુધી રહેતો હતો. એ હોલોહોલી સ્નેહથી બંધાયેલા હૃદયવાળાં થઈ ગૃહધર્મમાં જોડાયેલાં હતાં. તે બન્નેએ એકબીજાની દૃષ્ટિ સાથે દૃષ્ટિ, અંગ સાથે અંગ તથા બુદ્ધિ સાથે બુદ્ધિ જોડી દીધાં હતાં. સૂવું, બેસવું, ફરવું, ઊભા રહેવું, રમવું તથા ખાવું વગેરે ક્રિયાઓમાં નિઃશંકપણે ભેળાં મળી તેઓ બન્ને વનપંકિતઓમાં ફરતાં. હે રાજન! (હાસ્યપૂર્વક જોવું, વાતચીત વગેરેથી) હોલાને ખુશ કરતી હોલી તેની કૃપાપાત્ર બની જે જે વસ્તુ ઈચ્છતી તેને પેલો અજિતેદ્રિય હોલો કષ્ટ વેઠીને પણ લાવી આપતો. પછી એ પતિવ્રતા હોલીએ પહેલો ગર્ભ ધારણ કર્યો અને સમય આવતાં માળામાં પતિ સમક્ષ તેણે ઈંડાં મૂક્યાં. તે ઈંડાંમાં શ્રીહરિની અચિંત્ય શકિતઓથી સમય થતાં અવયવો રચાયા અને કોમળ શરીર તથા રૂંવાડાંવાળાં બચ્ચાં જન્મ્યાં. હોલોહોલી દંપતી બચ્ચાં પર પ્રેમાળ હોઈ પ્રસન્ન થઈ પ્રજાનું પોષણ કરવા લાગ્યાં અને તેના અસ્પષ્ટ મધુર શબ્દથી તથા કાલાંકાલાં ભાષણોથી સુખી થયાં, હમેશાં આનંદમાં રહેતાં તે બચ્ચાંનાં સુંવાળાં સ્પર્શવાળાં પીછાંઓથી, અસ્પષ્ટ મધુર શબ્દોથી, નિર્દોષ ચેષ્ટાઓથી અને પોતાની સામે આવવાથી માતાપિતા ખુશ થતાં. એમ સ્નેહથી પરસ્પર બંધાયેલાં હૃદયવાળાં અને વિષ્ણુની માયાથી અત્યંત મોહિત તે રાંક બુદ્ધિવાળાં બંને પક્ષીઓ નાનાં બચ્ચાંઓનું પોષણ કરતાં હતાં. એક સમયે તે બંને કુટુંબી બચ્ચાંઓ માટે ચારો લેવા માટે વનમાં ગયાં; 'ત્યાં ચારાની લાલચમાં ઘણી વાર સુધી ચોતરફ ભમ્યાં. બીજી બાજુ વનમાં ભમતા પારધીએ દૈવયોગે પેલાં બચ્ચાંને પોતાના માળાની પાસે ઘૂમતાં જોઈ જાળ પાથરી તેઓને પકડ્યાં. બચ્ચાંનું પોષણ કરવામાં સદા ઉત્સુક હોલો અને હોલી વનમાં ગયાં હતાં, ત્યાંથી ચાર લઈ પોતાના માળા પાસે આવ્યાં, ત્યારે પોતાનાં નાનાં બચ્ચાંને જાળમાં પકડાયેલાં ને ચીસ પાડતાં જોઈ હોલી અત્યંત દુઃખી થઈ ચીસ પાડતી બચ્ચાં તરફ દોડી ગઈ. તે હોલી નિત્ય સ્નેહથી બંધાયેલી અને વિષ્ણુ ભગવાનની માયાથી રાંક ચિત્તવાળી થઈને બચ્ચાંને બંધાયેલાં જોતી હતી, છતાં બેભાન બની પોતે પણ જાળમાં સપડાઈ ગઈ. એ રીતે પોતાના શરીરથી પણ અધિક પ્રિય બચ્ચાંને તથા પોતાની યોગ્ય સ્ત્રીને બંધાઈ ગયેલાં જોઈ હોલો અત્યંત દુઃખી અને દીન બની વિલાપ કરવા લાગ્યો : 'અહો ! આ મારા નાશ તરફ તો જુઓ ! હજી તો હું અતૃપ્ત

અને અકૃતાર્થ જ છું, તેટલામાં તો અલ્પ પુણ્યવાળા અને દુર્બુદ્ધિ મારા ધર્મ, અર્થ અને કામનું સાધન મારો આ ગૃહસ્થાશ્રમ નાશ પામ્યો છે. આ મારી સ્ત્રી માટે યોગ્ય, મને અનુકૂળ અને મને પતિને જ દેવ માને છે; તે મને શૂન્ય ઘરમાં તજી પોતાનાં ઉત્તમ બચ્ચાં સાથે સ્વર્ગમાં જાય છે. ખરેખર હું દીન થઈ પડ્યો છું; મારું જીવન દુઃખભરેલું બન્યું છે. તો હવે સ્ત્રી મરણ પામી અને બચ્ચાં પણ માર્યા ગયા. ત્યારે વિધુર થઈ, શા માટે શૂન્ય ગૃહમાં હું જીવવા ઇચ્છું ? આમ વિલાપ કરતા તે મૂર્ખ હોલો દીન થઈ પડ્યો. તે એ રીતે જાળમાં પકડાયેલાં પોતાનાં બચ્ચા તથા સ્ત્રીને મૃત્યુનો કોળિયો થયેલાં તથા તરફડતાં જોતો હતો, છતાં પોતે પણ જાળમાં પડ્યો. એટલે એ સંસારાસક્ત હોલાને, હોલીને તથા તેનાં બચ્ચાંને મેળવી પેલા ક્રૂર પારધીનું કામ પૂરું થયું, તેથી તે પોતાને ઘેર ગયો. આ રીતે તે હોલાની પેઠે કુટુંબી મનુષ્ય પણ અશાંત મનવાળો અને સુખદુઃખાદિ દ્વંદ્વોમાં રમતો કુટુંબનું પોષણ કરે છે અને પરિવાર સાથે દુઃખી થાય છે. જે મનુષ્ય મુકિતના ખુલ્લા દ્વાર રૂપ મનુષ્યજન્મ પામી એ હોલાની પેઠે ઘરમાં આસકત થાય છે, તે ખરેખર ઉપર ચઢી નીચે પડ્યો છે એમ વિદ્વાનો માને છે. ૧-૭૪

यः प्राप्य मानुषं लोकं मुक्तिद्वारमपावृतम् । गृहेषु खगवत्सक्तस्तमारुढच्युतं विदुः ॥७४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

## અધ્યાય-૮

## અજગર વગેરે દત્તાત્રેયના નવ ગુરુઓ

॥ ब्राह्मण उवाच ॥

सुखमैन्द्रियकं राजन् स्वर्गे नरक एव च । देहिनां यद्यथा दुःखं तस्मान्नेच्छेत तद्बुधः ॥१॥

**બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યા :** ‘હે રાજન્ ! (વિના પ્રયાસે પ્રારબ્ધકર્મના વેગથી) જેમ પ્રાણીઓ દુઃખ પામે છે, તેમ સ્વર્ગમાં કે નરકમાં ઇંદ્રિયસુખ પણ (અનાયાસે પ્રારબ્ધકર્મના વેગથી જ) મળે છે; માટે જ્ઞાનીએ સુખની ઇચ્છા કરવી નહિ.

૯. (અજગર પાસેથી શીખ્યો છું કે) અજગર કોઈ જાતની ક્રિયા કરતો નથી અને પ્રારબ્ધયોગે જે કંઈ ઘણો સ્વાદિષ્ટ, નીરસ, વત્તો કે ઓછો આહાર મળે છે, તે ખાઈ લે છે; તેમ યોગીએ પણ ઉદાસીન રહી પ્રારબ્ધયોગે જે કંઈ સ્વાદિષ્ટ, નીરસ, વત્તો કે ઓછો આહાર મળે તે ખાઈ લેવો. કોઈ વેળા પ્રારબ્ધને કંઈ જ ન મળે તો પણ અજગરની પેઠે કોઈ જાતના ઉદ્યમ વિના ‘કેવળ દૈવ જ આપી રહેશે’ એવું ધૈર્ય ધરી ઘણા દિવસો સુધી નિરાહાર પડી રહેવું. ઇંદ્રિયબળ મનોબળ અને શરીરબળથી યુક્ત એવા પણ દેહને કર્મરહિત જ ધારણ કરવો. કંઈ પણ કામ કરવું નહિ અને (આત્મજ્ઞાનરૂપી) સ્વાર્થ તરફ દૃષ્ટિ રાખી પડયા રહેવું, તેમ જ સર્વ ઇંદ્રિયો પૂર્ણ હોવા છતાં ઇંદ્રિયોથી પણ કોઈ વ્યાપાર કરવો નહિ.

૧૦. (સમુદ્રની પાસેથી હું શીખ્યો છું કે,) જળથી ભરેલો સમુદ્ર બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, પ્રવેશવો ને ઓળંગવો મુશ્કેલ, અનંત પારવાળો અને અડગ હોય છે તેમ મુનિએ પણ બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, કોઈથી ન કળાય, એવા કોઈથી અપમાન ન કરી શકાય એવા અનંત, અપાર અને રાગાદિ દોષો વડે વિકાર ન પમાડાય એવા થવું. વળી જેમ સમુદ્ર (વર્ષાઋતુમાં) ઘણી નદીઓ મળવાથી છલકાઈ જતો નથી અને (ગ્રીષ્મઋતુમાં) નદીઓ ન મળવાથી સુકાઈ જતો નથી; તેમ મુનિઓ

પણ સંપૂર્ણ કામભોગો હોય ત્યારે હરખાવું નહિ અને કામભોગોથી રહિત હોય ત્યારે શોક ન કરવો; કારણ કે તેણે તો કેવળ નારાયણપરાયણ જ રહેવું જોઈએ, વિષયપરાયણ નહિ.

૧૧. (રૂપ વગેરે પાંચ વિષયો પૈકી એક એકથી મોહિત થઈ પતંગિયું વગેરે માર્યા જાય છે; માટે તેઓમાં આસકિત ન કરવા મેં આ પાંચ ગુરુ કર્યા છે, તેમાં રૂપવિલાસથી મોહિત થયેલો મનુષ્ય પતંગિયાની પેઠે નાશ પામે છે, તે હું પતંગિયા પાસેથી શીખ્યો છું.) જેમ પતંગિયું અગ્નિના રૂપથી મોહિત થઈ તેનાથી લોભાઈ તેમાં પડે છે, તેમ અજિતેંદ્રિય પુરુષ ભગવાનની માયારૂપ સ્ત્રીને જોઈ તેના ભાવથી લોભાઈ અંધારા નરકમાં પડે છે. મૂઢ પુરુષ ઈશ્વરની માયાએ રચેલાં સ્ત્રી, સોનું, દાગીના તથા વસ્ત્ર વગેરે દ્રવ્યોમાં ઉપભોગ બુદ્ધિથી લાલચુ મનવાળો થઈ મોહથી અંધદૃષ્ટિ બને છે અને પતંગિયાની પેઠે નાશ પામે છે.

૧૨. (ભમરા પાસેથી હું શીખ્યો છું કે) મુનિએ ભમરાની વૃત્તિનો આશ્રય કરવો અને ગૃહસ્થોને દુઃખ આપ્યા વિના જેટલા આહારથી પોતાનું શરીર ટકી રહે તેટલો થોડો આહાર લેવો. (જેમ ભમરો પુષ્પોનો નાશ કર્યા સિવાય થોડું થોડું જ મધ લેતો કોઈ પણ પુષ્પમાં આસક્ત થયા વિના વર્તે છે, તેમ મુનિએ પણ ગૃહસ્થોને હેરાન કર્યા વિના થોડો થોડો જ આહાર લઈ આજીવિકા કરવી, નહિતર તો જેમ ભમરો વધારે ગંધના લોભથી જો એક જ કમળમાં આસકત થઈ તેમાં રહે તે સાયંકાળે કમળ સંકોચાઈ જતાં તેમાં બંધાય છે, તેમ મુનિ પણ સારા સારા પદાર્થોના લોભથી જો એક જ ઘરનો આશ્રય કરે છે તો તે ઉપરના મોહથી બંધાય છે.) વળી જેમ ભમરો નાનાં મોટાં સર્વ પુષ્પોમાંથી સાર-વસ્તુ લે છે, તેમ કુશળ પુરુષે નાનાં મોટાં સર્વ શાસ્ત્રોમાંથી સાર-વસ્તુ લેવી.

૧૨. (હું મધમાખી પાસેથી શીખ્યો છું કે) મુનિએ 'આ અન્ન સાંજે જમીશ અને આ અન્ન કાલે જમીશ' એમ અન્નાદિનો સંગ્રહ ન કરવો, પણ માત્ર પોતાના હાથરૂપી પાત્રમાં સમાય તેટલું જ અન્ન લેવું અને તેના સંગ્રહ માટે પેટરૂપી જ પાત્ર રાખવું, કારણ કે (પેટ ભરાય તેથી વધારે) સંગ્રહ કરનારો મુનિ મધમાખીની પેઠે જીવી શકતો નથી. જેમ મધમાખી સાંજ કે આવતી કાલ માટે મધને સંગ્રહ કરે છે, તો તે મધ સાથે નાશ પામે છે તેમ મુનિ પણ સાંજે કે આવતીકાલ માટે અન્નાદિનો સંગ્રહ કરે તો તે અન્નાદિ સાથે નાશ પામે છે.

૧૩. (સ્પર્શ વિષયમાં આસકિત એ નાશનું કારણ છે, તે હું હાથી પાસેથી શીખ્યો છું.) જેમ (હાથી પોતાને પકડનારાઓએ દેખાડેલી) હાથણીના અંગસંગની લાલચથી (તેને) સ્પર્શ કરવા જતાં જ (ખડ વગેરેથી ઢાંકેલ ખાડામાં પડીને બંધાય છે, તેમ મુનિ પણ સ્ત્રીનો સ્પર્શ કરવા જતાં જ બંધાય છે, માટે લાકડાની સ્ત્રીનો પણ મુનિએ પગથી પણ સ્પર્શ ન કરવો; તો હાથથી સ્પર્શ કેમ થાય ?) બુદ્ધિમાન મુનિએ પોતાના મૃત્યુરૂપ સ્ત્રીનો કદી સંગ ન કરવો; જો તે સ્ત્રીનો સંગ કરે તો જેમ હાથી હાથણીનો સંગ કરવા જતાં બીજા બળવાન હાથીઓથી માર્યો જાય છે, તેમ બીજા બળવાન પુરુષોથી માર્યો જાય છે.

૧૪. (દાન અને ભોગથી રહિત ધનનો સંગ્રહ કેવળ બીજા માટે જ છે, એ વિષે હું પારધી પાસે શીખ્યો છું.) જેમ પારધી મધમાખીઓએ મહાદુઃખે એકઠા કરેલા મધને ભોગવે છે, તેમ લોભી મનુષ્યોએ દુઃખથી એકઠું કરેલું ધન કોઈને દાનમાં અપાતું નથી કે તેનો ઉપભોગ પણ થતો નથી, તે તે ધનને બીજા ધન મેળવવાનો ઉપાય જાણનારો મનુષ્ય ભોગવે છે; તેની પાસેથી ત્રીજો કોઈ બળવાન ભોગવે છે અને તેની પાસેથી વળી કોઈ ચોથો અધિક બળવાન ભોગવે છે. (અર્થાત્ ઝાડની બખોલ વગેરે ગુપ્ત સ્થળે

મધમાખીઓએ મધ એકઠું કર્યું હોય તેને પણ પારધી જાણીને લઈ જાય છે; તેમ લોભી મનુષ્યોએ ગુપ્ત સ્થળે રાખેલા ધનને પણ નિશાનીઓ ઉપરથી જાણી ઉપાયો કરી બીજા લઈ જાય છે. આમ સમજી યોગીએ કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો) વળી જેમ મધમાખીઓએ એકઠા કરેલા મધને તેઓ ભોગવતી નથી તે પહેલાં જ પારધી ભોગવે છે, તેમ મહાદુ:ખથી મેળવેલા ધન વડે ઘરનાં સુખોની આશા રાખતા ગૃહસ્થોના અન્નાદિ ભોગ્ય પદાર્થોને તેઓના ભોગ પહેલાં જ યોગી ભોગવે છે. (આ રીતે યોગી ઉદ્યમ વિના જ ભોગ મેળવી શકે છે; એ વિષે પણ મારા પારધી જ ગુરુ છે.).

૧૫. (હરિણ પાસેથી હું શીખ્યો છું કે) વનમાં ભમતા યોગીએ વિષયોનાં ગીત કોઈ સ્થળે સાંભળવા નહિ. આ વિષે શિકારીના ગીતથી મોહિત થઈ બંધાઈ ગયેલા હરિણ પાસેથી યોગીએ શીખવું જોઈએ. હરિણના પુત્ર ઋષ્યશૃંગ ઋષિએ વેશ્યા સ્ત્રીઓના વિષય સંબંધી નૃત્ય, વાદિત્ર અને ગીત સેવ્યાં તેથી એ સ્ત્રીઓને તે વશ થયા. (માટે યોગીએ વિષયગીત, વાદિત્ર કે નૃત્ય સેવવાં નહિ.)

૧૬. (માછલાં પાસેથી હું શીખ્યો છું કે) જેમ માછલું અત્યંત બેહાલ કરનારી જીભના સ્વાદની લાલચે માંસથી ખરડાયેલા લોઢાના કાંટાઓથી વીંધાઈ મૃત્યુ પામે છે, તેમ દુર્બુદ્ધિ મનુષ્ય જીભના રસના સ્વાદથી મોહિત થઈ મત્યુ પામે છે. ધીર મનુષ્યો નિરાહાર રહી જીભ સિવાયની બીજી ઇંદ્રિયોને જલદી જીતી શકે છે, પણ ઇંદ્રિય તે ઊલટી વધુ લાલચુ બને છે પુરુષે બીજી સર્વ ઈંદ્રિયો જીતી હોય પણ જીભ જીતી ન હોય, ત્યાં સુધી તે જિતેન્દ્રિય કહેવાય જ નહિ. જીભનો જય થાય છે, ત્યારે જ પુરુષે સર્વ જીત્યુ એમ સમજવું.

૧૭. હે રાજા ! પૂર્વે વિદેહનગરમાં પિંગલા નામની વેશ્યા હતી, તેની પાસેથી પણ હું કંઈક શીખ્યો છું, તે તમે સાંભળો. તે વેશ્યા એક સમયે કોઈ સુંદર પુરુષને રતિસ્થાનમાં લઈ જવા તૈયાર થઈ ઉત્તમ રૂપ ધરી (સાંજના વખતે) ઘરની બહારના દરવાજામાં સમય થતાં બેઠી. હે મહાપુરુષ ! ધનની લાલચવાળી તે વેશ્યા રસ્તામાં આવતા પુરુષોને મૈથુનની કિંમત આપી શકે તેવા ધનવાનને મૈથુન માટે યોગ્ય માનતી હતી. તે વેશ્યા રતિસ્થાનમાં પુરુષોને લઈ જઈ તેઓ પાસેથી મળેલા ધન વડે આજીવિકા ચલાવતી હતી, તેથી આવેલા પુરુષો ગયા, ત્યારે તે વિચારવા લાગી કે કોઈ બીજો પણ ધનવાન પુરુષ મને પુષ્કળ ધન આપનારો કદાચ મારી પાસે આવી ચડશે.' આવી દુષ્ટ આશામાં ને આશામાં તેની નિંદ્રા નાશ પામી. ઘડીકમાં તે દરવાજામાં બેસતી, ઘડીકમાં ત્યાંથી અંદર જતી અને ઘડીકમાં બહાર નીકળતી; આમ કરતાં મધ્યરાત્રિ થઈ ગઈ. ધનની આશાથી સુકાતા મુખવાળી અને રાંક થયેલા મનવાળી તે વેશ્યાને ‘હવે તો આ ધંધાથી બસ છે’ આમ ધનની ચિંતાના જ કારણે કંટાળો આવ્યો, જે (પાછળથી) તેને સુખકારક થયો. કંટાળેલા ચિત્તવાળી વેશ્યાએ એ વખતે જે ગીત ગાયું હતું, તે તમે મારી પાસેથી બરાબર સાંભળો; કારણ કે તે ગીત પુરુષના આશારૂપી પાશો કાપવામાં તલવાર જેવું છે. હે રાજા ! જેમ જ્ઞાન વિનાનો મનુષ્ય મમતા છોડી શકતો નથી, તેમ જેને ‘હવે તે વિષયોથી બસ છે,’ આવો કંટાળો થયો નથી, તે મનુષ્ય દેહબંધન છોડવાની ઈચ્છા કરી શક્તો નથી.

**પિંગલાએ ગાયું :** ‘અહો ! મનને વશ નહિ કરનારો મારો મોહવિસ્તાર તમે જુઓ; કારણ કે હું વિવેકશૂન્ય થઈ, તુચ્છ પુરુષ પાસેથી કામના ઈચ્છું છું. આ (અંતર્યામી હોઈ) પાસે જ રહેતા, આનંદ અને ધન આપતા અવિનાશી પતિ-પરમેશ્વરને તજી હું અજ્ઞાની કામનાઓ નહિ આપનાર, પણ દુ:ખ, ભય, મનોવ્યથા, શોક તથા મોહ આપતા તુચ્છ પુરુષને સેવું છું. અહો ! સ્ત્રીલંપટ, ધનની તૃષ્ણાવાળા,

શોક કરવા યોગ્ય અને પોતાનું શરીર વેચી ખરીદેલા પુરુષ પાસેથી ધન તથા મૈથુનસુખ ઈચ્છતી મેં સંકેતસ્થાને રતિ કરવારૂપ અતિનિંદ્ય ધંધો ચલાવી મારા આત્માને વ્યર્થ સંતાપ પમાડયો છે. પુરુષનું શરીર એક ઘર છે; હાડકાંથી બનેલા વાંસડા, વળીઓ તથા થાંભલાઓવાળું, ચામડી, રૂંવાડાં ને નખોથી ઢાંકેલું; વહેતાં નવ દ્વારવાળુ છે અને વિષ્ઠા તથા મૂત્રથી ભરેલું છે. તેને મારા સિવાય બીજી સ્ત્રી કાંતબુદ્ધિથી સેવે? આ મહાજ્ઞાની વિદેહોના જીવન્મુકતોના નગરમાં હું એક જ મૂઢબુદ્ધિ છું કે જે વ્યભિચારિણી હોઈ, આત્મસ્વરૂપને અર્પણ કરતા આ અવિનાશી પરમાત્મા વિના બીજાને ઈચ્છું છું. આ ઈશ્વર જ પ્રાણીઓના અતિ પ્રિયમિત્ર, નાથ અને આત્મા છે; માટે આત્મનિવેદન કરી તેમને જ વેચાતા લઈ તેમની સાથે લક્ષ્મીની પેઠે રમીશ. વિષયો, વિષયોને આપતાં પુરુષો કે દેવો આદિ —અંતવાળા અને કાળથી ભયભીત છે, તેઓએ પત્નીનું કેટલું પ્રિય કર્યું છે ? કંઈ જ નહિ. માટે હવે આ લોકમાં કે પરલોકમાં પરમેશ્વર સિવાય બીજા કોઈને મારે સેવવા નથી. ખરેખર મારાં કોઈ શુભ કર્મોથી ભગવાન વિષ્ણુ મારા પર પ્રસન્ન થયા છે. તેથી મને દુષ્ટ આશામાંથી આ સુખ ઉપજાવનારો વૈરાગ્ય થયો છે, હું મંદ ભાગ્યશાળી હોત તો આવાં વૈરાગ્યનાં કારણ (કલેશો) કદી થાત જ નહિ. જે વૈરાગ્યથી પુરુષ ઘર વગેરે બંધન તજી શાંતિ પામે છે માટે પરમેશ્વરે કરેલો આ ઉપકાર માથે ચડાવી હું વિષયોને લગતી દુષ્ટ આશાઓ તજી તે અધીશ્વરને શરણે જાઉં છું. હવે હું સંતુષ્ટ રહી આત્મતત્ત્વ ઉપર શ્રદ્ધા રાખીશ; જે કંઈ મળશે તેથી આજીવિકા ચલાવીશ અને આ આત્મારૂપ પતિ સાથે જ વિહાર કરીશ. કારણ કે સંસારરૂપી કૂવામાં પડેલા, વિષયોએ હરેલા વિવેકવાળા અને કાળરૂપી સર્પનો કોળિયો બનેલા આ જીવાત્માનું રક્ષણ કરવા પરમાત્મા વિના બીજા કોણ સમર્થ છે ? મનુષ્ય જ્યારે અપ્રમાદી થઈ જુએ છે કે, આ જગત કાળરૂપી સર્પનો કોળિયો બનેલું છે. અને તેથી જ જ્યારે સમગ્ર વિષયો તરફથી વૈરાગ્ય પામે છે ત્યારે પોતે જ પોતાનો રક્ષક બને છે.

**બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યા :** એમ નિશ્ચય કરી પિંગલા જારપુરુષની તૃષ્ણાથી ઊપજેલી દુષ્ટ આશાને કાપી, શાંતિ સ્વીકારી શય્યામાં સૂઈ ગઈ. માટે આશા એ પરમ દુઃખ છે અને નિરાશા એ પરમ સુખ છે; જેમ પિંગલા જારપુરુષની આશા ત્યજી સુખે સૂઈ શકી હતી. ૧-૪૪

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् । यथा संछिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## ટિટોડો વગેરે દત્તાત્રેયના ગુરુઓ

**॥ ब्राह्मण उवाच ॥**

परिग्रहो हि दुःखाय यद्यत्प्रियतमं नृणाम् । अनन्तं सुखमाप्नोति तद्विद्वान् यस्त्वकिञ्चनः ॥१॥

૧૮. **બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યા :** મનુષ્યોને જે જે વસ્તુ અત્યંત પ્રિય હોય, તેનો પરિગ્રહ કરવો તે દુઃખ માટે છે. આ વસ્તુ જાણતો મનુષ્ય પરિગ્રહ તજી અનંત સુખ પામે છે. જેમ એક 'ટિટોડો કયાંકથી માંસ લાવ્યો એટલે જેઓ પાસે માંસ ન હતું એવાં બીજાં બળવાન પક્ષીઓ તેને મારવા લાગ્યાં; ત્યારે માંસ તજી એ ટિટોડો સુખ પામ્યો હતો. (આ ઉપરથી હું શીખ્યો કે પરિગ્રહનો ત્યાગ અત્યંત સુખદાયી છે.)

૧૯. (બાળક પાસેથી હું શીખ્યો છું કે) જેમ બાળકને માન કે અપમાન હોતું નથી ને ઘરવાળાં તથા છોકરાંવાળાંને જે ચિંતા હોય છે તે ચિંતા પણ હોતી નથી, તેમ મને પણ માન કે અપમાન નથી અને ઘર-પુત્રવાળાંને જે ચિંતા હોય છે. તે ચિંતા પણ નથી. હું કેવળ આત્મામાં જ રમતો અને પ્રીતિ રાખતો આ લોકમાં ફરું છું. આ જગતમાં જે અજ્ઞાની તથા નિરુદ્યમી બાળક છે અને બીજો જે પ્રકૃતિથી પર રહેલા ઈશ્વરને પામ્યો છે તે બન્ને જ ચિંતાથી મુકત અને પરમાનંદમાં મગ્ન રહે છે..

૨૦. (હવે એક કુમારી પાસેથી હું શીખ્યો છું તે કહું છું :) કોઈ ગામમાં એક કુંવારી કન્યા હતી. એક વેળા તેનાં માતાપિતા વગેરે કયાંક બહાર ગયાં હતાં, તે વખતે તેનું પોતાનું માગું કરવા બહારગામથી પરોણા આવ્યા; તેથી એ કન્યાએ પોતે જ તે પરોણાઓનો આદરસત્કાર કર્યો ! હે રાજન્ ! એ પરોણાઓને જમાડવા તે કન્યા એકાંતમાં ડાંગર ખાંડવા લાગી ત્યારે તેના કાંડામાં રહેલી ચૂડીઓ મોટો અવાજ કરવા લાગી. એટલે તે સમજુ કન્યાએ જાણ્યું કે (આ અવાજ ઉપરથી મહેમાનો જાણી જશે કે હું પોતે ડાંગર ખાંડવા બેઠી છું.) આ કામ મારાં માતાપિતાના દારિદ્રયને જણાવનારું હોઈ નિંદ્ય છે; આમ માની તે શરમાઈ ગઈ. તેણે બન્ને હાથમાથી ચૂડીઓ અનુક્રમે કાઢી નાખી, માત્ર બબ્બે ચૂડીઓ જ રાખી. પછી ફરી ખાંડવા માંડતાં બે ચૂડીઓનો પણ અવાજ થવા લાગ્યો; એટલે તેણે એક એક જ ચૂડી રહેવા દીધી, જેથી તે એક એકમાંથી અવાજ ન થયો. હે શત્રુદમન રાજા ! લોકોમાં કઈ વસ્તુ લેવા જેવી અને કંઈ વસ્તુ તજવા જેવી છે એ તત્વ જાણવાની ઈચ્છાથી લોકોમાં હું ફરું છું જેથી મેં તે કન્યા પાસેથી આ ઉપદેશ શીખી લીધો કે, ઘણાની સાથે રહેવામાં કજિયો થાય અને બે જણ સાથે રહેવામાં વાતચીત થાય; માટે તે કુમારીની ચૂડીઓ પેઠે એકલા જ ફરવું જોઈએ.

૨૧. (ચિત્તની એકાગ્રતા દ્વૈતની અસ્ફૂર્તિરૂપ સમાધિમાં કારણ છે. આ ઉપદેશ હું એક બાણ બનાવનાર પાસેથી શીખ્યો છું.) એક બાણ બનાવનારો બાણ બનાવતો હતો, ત્યારે તેનું મન બાણને સરળ કરવામાં એવું લાગી ગયું હતું કે તે વખતે તેની પાસેથી (વાજતે ગાજતે) જતા રાજાને પણ તેણે જોયા નહિ. એ રીતે યોગીએ પણ આત્મામાં મનને એવું એકાકાર કરવું કે જેથી તે વેળા બહાર કે અંદર બીજું કંઈ તે જાણી ન શકે. આળસ વિનાના યોગીઓ પ્રથમ આસનનો તથા શ્વાસનો જય કરી વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા મનને લક્ષ્યમાં સ્થિર કરી એક પરમાત્મામાં જ જોડી દેવું કે જેથી પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં સ્થિર થયેલું તે મન ધીમે ધીમે કર્મની રજરૂપ વાસનાઓ તજે છે અને પછી વૃદ્ધિ પામેલા સત્ત્વગુણથી રજોગુણ તથા તમોગુણનો નાશ કરી છેવટે ગુણો અને તેમનાં કર્મોથી પણ રહિત થઈ નિર્વાણ પામે છે, અર્થાત્ વૃત્તિરહિત થઈ કેવળ ધ્યેયના આકારે રહે છે.

૨૨. (સર્પની પાસેથી હું આ શીખ્યો છું : જેમ સર્પ એકલો ફરે છે, ચોકકસ એક જ સ્થાને રહેતો નથી, અપ્રમાદી રહે છે, ગુફામાં એકાંતે પડી રહે છે, આચાર ઉપરથી જણાતું નથી કે આ ઝેરી છે કે નહિ, કોઈની સહાય લેતો નથી અને થોડુંક બોલે છે તેમ મુનિએ પણ એકલા જ ફરવું, ચોક્કસ એક જ સ્થાને રહેવું નહિ, અપ્રમાદી રહેવું, ગુફાઓ જેવા એકાંતસ્થાને પડી રહેવું, આચાર ઉપરથી પોતે મુનિ છે કે નહિ તે કોઈને જાણવા દેવું નહિ; કોઈની સહાય લેવી નહિ અને થોડું બોલનાર થવું. વળી જેમ સર્પ પોતાનું ઘર કરતો નથી પણ પારકા ઘરમાં જઈ સુખેથી રહે છે, તેમ મુનિએ પણ ઘર ન કરી પારકા ઘરમાં રહી સુખી થવું: કારણ કે ઘર બાંધવું અત્યંત દુઃખદાયી છે, અને નાશવંત શરીરવાળાને તે નિષ્ફળ છે.

૨૩. (કોઈ જાતની સાધનસામગ્રી વિના કેવળ એક ઈશ્વરથી જ જગતની ઉત્પત્તિ તથા સંહાર થાય છે, એ મેં કરોળિયાના દૃષ્ટાંતથી જાણ્યું છે; તો તે તમે સાંભળો.) જેમ કરોળિયો હૃદયમાંથી ઉત્પન્ન થયેલી લાળને મુખ દ્વારા ફેલાવવારૂપ ક્રીડા કરી ફરી તેને ગળી જાય છે, તેમ પરમાત્મા પણ જગતને ઉત્પન્ન કરી, તેની સાથે રમી તેનો પોતાનામાં જ લય કરી દે છે. આ રીતે બીજા કોઈ પણ સાધનની જરૂર વિનાનો એક નારાયણદેવ પોતાની માયાએ પ્રથમ સર્જેલા આ જગતના પ્રલયકાળે પોતાની કાળશકિતથી સંહાર કરી સર્વ જીવોનો આધાર અને સર્વના આશ્રય તે ઈશ્વર એક જ અદ્વિતીયરૂપે સજાતીય, વિજાતીય, સ્વગતભેદથી રહિત રહે છે. તે સમયે પોતાના પ્રભાવરૂપ કાળથી જગતનું કારણ સત્ત્વગુણ આદિ શકિતઓ પણ જ્યારે પ્રધાનમાં લઈ જવાય છે, ત્યારે પ્રધાન તથા પુરુષના પણ ઈશ્વર તે આદિપુરુષ એક જ રહે છે કે જે બ્રહ્માદિ દેવોને તથા બીજા મુકત જીવોને પરમ-પ્રાપ્ત કરવા યોગ્ય, 'મોક્ષ' શબ્દ વડે કહેવા યોગ્ય, કેવળ નિર્વિષય અનુભવસ્વરૂપ, આનંદના સમૂહ અને સર્વ ઉપાધિથી રહિત છે. આ પરમાત્મા કેવળ પોતાના પ્રભાવરૂપ કાળથી પોતાની ત્રિગુણાત્મક માયાને વિકાર પમાડી પ્રથમ (સુષ્ટિના આરંભમાં) તે માયા વડે જ સૂત્ર (મહત્તત્ત્વ) ને ઉત્પન્ન કરે છે. હે રાગદ્વેષાદિ શત્રુઓને વશ કરવા સમર્થ રાજા ! વિદ્વાનો કહે છે કે આ મહત્તત્ત્વ ત્રણ ગુણોનું કાર્ય છે અને તેથી જ અનેક પ્રકારના ત્રિગુણાત્મક જગતને તે (પોતામાંથી થયેલા અહંકાર દ્વારા) ઉત્પન કરે છે, એમ આ ત્રણે ગુણના કાર્યને સૂત્ર એવું નામ વેદોમાં આપેલું છે; કારણ કે આ જગત પોતાના કારણરૂપ સમષ્ટિ સૂત્રમાં ગૂંથાયેલું છે અને એ વાયુરૂપ સૂત્ર અર્થાત્ પ્રાણવાયુને લીધે જ જીવ સંચાર પામે છે.

જેમ કરોળિયો પોતાની અંદરથી મુખ દ્વારા જાળું ફેલાવે છે, તેમાં જ પોતે વિહરે છે અને પછી તે જાળાંને ગળી જાય છે, તેમ પરમેશ્વર પણ આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે, તેમાં જીવરૂપે વિહાર કરે છે અને પછી તેને પોતાનામાં લીન કરી દે છે.

૨૪. (ભગવાનનું ધ્યાન કરનારાને ભગવાનનું સારૂપ્ય પ્રાપ્ત થાય એ કંઈ આશ્ચર્ય નથી; એ હું ભમરીએ પકડી દરમાં પૂરેલા કીડા પાસેથી શીખ્યો છું.) હે રાજન્ ! ભમરીએ પકડી દરમાં પૂરેલો કીડો (ભયથી) તે ભમરી નું જ ધ્યાન કરતો પોતાનું શરીર તજ્યા વિના જ ભમરીરૂપ થાય છે; તેમ હરકોઈ પ્રાણી સ્નેહથી, દ્વેષથી કે ભયથી જેમાં જેમાં મનને એકાગ્ર કરે તે તે રૂપ પોતે થાય છે. (તો કેવળ ભગવાનનું જ મનથી ધ્યાન કરતો મનુષ્ય ભગવસ્વરૂપ કેમ ન થાય ?)

એમ ચોવીસ ગુરુઓ પાસેથી મેં બોધ લીધો છે. હવે હે રાજન્ ! મેં મારા શરીર પાસેથી જે શિખામણ લીધી છે, તે હું કહું છું. તમે સાંભળો. દેહ મારો ગુરુ છે, કારણ કે તે વૈરાગ્ય તથા વિવેકનું કારણ છે. તે હમેશાં દુઃખરૂપી જ ફળનો અનુભવ કરાવે છે. તેથી જન્મ અને નાશ પામનારો છે. વળી દેહ વડે હું તત્ત્વોનો વિચાર કરી શકું છું (તેથી તે મારો ઉપકારી છે) તોપણ તે અંતે પારકો જ છે. કૂતરાં-શિયાળ વગેરેનું ભક્ષ્ય જ છે. આવો નિશ્ચય કરી તેના ઉપર આસકિત રાખ્યા વિના જ હું ફરું છું.. દેહનું પ્રિય કરવાની ઈચ્છાથી પુરુષ સ્ત્રી, પુત્ર, ધન, પશુ, ચાકર, ઘર અને સગાંસંબંધીઓનો વર્ગ વિસ્તારે છે, તેઓને પોષે છે અને મહાકષ્ટે ધન એકઠું કરે છે; આવો દેહ આયુષ્યને અંતે નાશ પામે છે અને તે પણ પુરુષને માટે બીજા દેહરૂપી કર્મો ઉત્પન્ન કરી નાશ પામે છે. (તેથી દેહના નાશ પછી પણ દુઃખની સમાપ્તિ થતી નથી.) આ રીતે દેહ વૃક્ષો જેવા ધર્મવાળો છે (અર્થાત્ જેમ વૃક્ષ નાશ પામે છે, પરંતુ બીજા વૃક્ષનું બીજ ઉત્પન્ન કરતું જાય છે, તેમ દેહ પણ બીજા દેહના બીજરૂપ કર્મ ઉત્પન્ન કરીને જ નાશ પામે

છે.) જેમ ઘણી શોકો ઘરધણીને પોતાની તરફ ખેંચે છે અને દુ:ખી કરે છે; તેમ આ દેહને અથવા દેહાભિમાની પુરુષને એક બાજુથી જિહ્વાઇંદ્રિય રસ તરફ અને કોઈ વેળા તૃષા જળ તરફ ખેંચે છે ત્યારે બીજી બાજુની શિશ્નઈંદ્રિય મૈથુન તરફ, ત્વચાઈંદ્રિય સ્પર્શ તરફ, પેટ અન્ન તરફ, શ્રવણઈંદ્રિય શબ્દ તરફ, ઘ્રાણેન્દ્રિય ગંધ તરફ, ચપળ દૃષ્ટિ રૂપ તરફ અને આ સિવાયની બીજી કર્મેન્દ્રિયો પણ પોતપોતાના વિષયો તરફ ખેંચે છે. આમ તેને છિન્નભિન્ન કરી નાખે છે. (આ રીતે આ દેહ મારો ગુરુ છે અને આ મનુષ્યદેહ અત્યંત દુર્લભ પણ છે (જુઓ) દૈવે (પરમાત્માએ) પોતાની શકિત માયાથી, વૃક્ષો, સર્પો, પશુઓ, પક્ષીઓ, મચ્છરો તથા માછલાં એમ અનેક જાતનાં શરીરો ઉત્પન્ન કર્યા, પરંતુ તેથી તેમનું હૃદય સંતુષ્ટ ન થયું (કેમ કે તે કોઈ શરીરમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરે તેવી બુદ્ધિ ન હતી.) પછી પરમાત્માનો સાક્ષાત્કાર કરવા જેમાં બુદ્ધિ હોય છે, એવું મનુષ્યશરીર ઉત્પન્ન કરી ભગવાન આનંદ પામ્યા. (આ રીતે મનુષ્યશરીર અત્યંત દુર્લભ છે, માટે તે પામી જીવે ઈશ્વર નિષ્ઠા કરવી.) આ મનુષ્યશરીર જોકે અનિત્ય છે, તોપણ સર્વ પુરુષાર્થો મેળવી આપનારું તેમ જ અત્યંત દુર્લભ છે; તેને અનેક જન્મોના અંતે (દૈવયોગે) પામી ધીર પુરુષે વારંવાર મૃત્યુ પામતું તે શરીર પડી ન જાય, તેટલામાં મોક્ષ માટે પ્રયત્ન કરવો. કારણ કે વિષયો તો સઘળાં શરીરોમાં મળે છે. (એટલે મનુષ્યશરીર પામી વિષયો માટે પ્રયત્ન ન કરવો, પણ મોક્ષ માટે જ યત્ન કરવો જોઈએ.) આ રીતે (અનેક ગુરુઓ પાસેથી શીખવાથી) ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળો ને વિશિષ્ટ જ્ઞાનરૂપી દીવાવાળો હું કેવળ આત્મામાં જ સ્થિતિ કરી, સર્વ સંગ તજી અહંકારરહિત થઈ આ પૃથ્વી પર ફરું છું. (જોકે જ્ઞાન મેળવવા ગુરુ તો એક જ કરવો, પણ) એક ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન અત્યંત સ્થિર થઈ વધતું નથી; કારણ કે ઋષિઓએ અદ્વિતીય બ્રહ્મને (સપ્રપંચ અને નિષ્પ્રપંચ વગેરે ભેદોથી) અનેક પ્રકારે વર્ણવેલું છે.

**શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા :** યદુરાજાએ વંદન કરેલા અને પ્રાર્થના કરેલા તે ગંભીર બુદ્ધિવાળા બ્રાહ્મણ દત્તાત્રેય યદુરાજાને એ પ્રમાણે ઉપદેશ આપી તેની અનુમતિ લઈ ખૂબ પ્રસન્ન થતા આવ્યા હતા તેમ (સ્વેચ્છાએ) ગયા. આપણા પૂર્વજોના પણ પૂર્વજ તે યદુરાજા અવધૂત દત્તાત્રેયનાં વચન સાંભળી સર્વ સંગથી મુકત થયા અને તેમણે ભગવાનમાં જ ચિત્ત સ્થાપ્યું (આ રીતે આપણું કુળ બ્રહ્મવેત્તા હોઈ પ્રશંસાપાત્ર છે.) ૧-૩૩

अवधूतवचः श्रुत्वा पूर्वेषां नः स पूर्वजः । सर्वसङ्गविनिर्मुक्तः समचितो बभूव ह ॥३३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦
## આત્માને ખરી રીતે સંસાર નથી જ

॥ श्रीभगवानुवाच ॥

मयोदितेष्ववहितः स्वधर्मेषु मदाश्रयः । वर्णाश्रमकुलाचारमकामात्मा समाचरेत् ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** મેં (પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં) કહેલા સ્વધર્મોમાં સાવધાન રહેતા પુરુષે મારો જ આશ્રય કરી નિષ્કામચિત્તે (સ્વધર્મને હરકત ન આવે તે રીતે) વર્ણ, આશ્રમ તથા કુળના આચાર પાળવા. જેનું ચિત્ત (સ્વધર્માનુષ્ઠાનથી) શુદ્ધ થયું હોય તે પુરુષે વિષયમાં સત્યપણાના દુરાગ્રહથી સર્વ આરંભોમાં વિષયાત્મા લોકોને જે વિપરીત ફળ મળે તે જોવું) જેથી પોતાને નિષ્કામપણું પ્રાપ્ત થાય. જેમ સૂતેલા મનુષ્યને (સ્વપ્નમાં થતું) વિષયદર્શન અનેક પ્રકારનું હોવાથી ખોટું છે; અથવા (રાજા વગેરેના

વૃત્તાંતનો) વિચાર કરતાં મનુષ્યોને તે તે વિષયનો મનોરથ પણ અનેક પ્રકારનો હોવાથી ખોટો છે; તેમ ઈંદ્રિયોથી જે જે અનેક પ્રકારની ભેદબુદ્ધિ થાય છે, તે પણ અનેક પ્રકારની હોવાથી ખોટી છે. મારામાં પરાયણ રહેતા પુરુષે કામ્ય કર્મો તજવાં, પણ નિષ્કામ ભાવનાપૂર્વકનાં નિત્યનૈમિત્તિક કર્મો તો કરવાં જ પછી આત્મવિચારમાં બરાબર પ્રવૃત્તિ થઈ જાય એટલે તે નિત્ય-નૈમિત્તિક કર્મોનો પણ આદર કરવો નહિ. વળી મારા પરાયણ રહેતા પુરુષે યમો વગેરે આદરથી સેવવા, પણ બીજા નિયમો તો આત્મજ્ઞાનમાં વિરોધ ન આવે તેમ પોતાની શકિત અનુસાર સેવવાં; તેમ જ મને જાણનાર અને મારા સ્વરૂપ શાંત ગુરુને સેવવા. ગુરુની સેવા કરનાર પુરુષે માનરહિત થવું, મત્સર તજવો, આળસરહિત થવું, સ્ત્રીપુત્રાદિ ઉપર મમતા છોડવી, ગુરુ પર દૃઢ પ્રેમ રાખવો, વ્યગ્ર ન થવું, તત્વાર્થ જાણવાની ઈચ્છા રાખવી, ગુણો પર દોષારોપ કરવાનું છોડવું અને વ્યર્થ બોલવું નહિ. સ્ત્રી, પુત્ર ખેતર, સ્વજનો તથા ધન વગેરે તરફ ઉદાસીન થવું અને આત્માનું પ્રયોજન બધે સરખું જ હોય તેમ જોવું. જેમ બાળનારો અને પ્રકાશક અગ્નિ બાળવા યોગ્ય અને પ્રકાશ કરવા યોગ્ય લાકડાંથી જુદો જ છે, તે દ્રષ્ટા અને સ્વપ્રકાશ આત્મા દશ્ય અને પ્રકાશ્ય સ્થૂલ, સૂક્ષ્મ, જડ દેહથી જુદો જ અને વિલક્ષણ છે. વળી જેમ અગ્નિ લાકડામાં પેસી તે લાકડાએ જ કરેલા નાશ ઉત્પત્તિ, નાનાપણું મોટાપણું અને અનેકપણું વગેરે ગુણો પામે છે; ખરી રીતે અગ્નિ પોતે એ નથી. તેમ દેહમાં પેઠેલો આત્મા દેહથી પર નિત્ય આદિ વિલક્ષણ સ્વરૂપવાળો છે, છતાં દેહના અનિત્યપણું વગેરે ગુણો અનુભવે છે. માટે નિત્યપણું વગેરે ગુણોથી પણ આત્મા વિલક્ષણ છે. જે આ સ્થૂલ, સૂક્ષ્મ દેહ ઈશ્વરને આધીન માયાના ગુણોથી રચાયેલ છે, તેમાં હુંપણું, મારાપણું વગેરે આરોપના કારણે જીવને સંસાર થયેલો છે અને તેને દૂર કરનાર આત્મવિદ્યા છે માટે સ્થૂલ શરીરાદિ કાર્ય અને અવિદ્યારૂપ કારણના સમુદાયરૂપ દેહમાં રહેલા શુદ્ધ અને તે દેહથી વિલક્ષણ આત્માને જાણવાની ઈચ્છારૂપ વિચારથી બરાબર જાણી આ દેહાદિમાં થયેલી ચૈતન્ય બુદ્ધિ સ્થૂલ, સૂક્ષ્મ ક્રમથી તજવી જોઈએ. ગુરુ તે નીચે રહેનારું અને શિષ્ય તે ઉપર રહેનારું અરણિકાષ્ઠ છે. ગુરુનો ઉપદેશ તે બે અરણિની વચ્ચે રહેનારું અગ્નિ મથવાનું કાષ્ઠ છે અને ઉપદેશથી થનારું આત્મજ્ઞાન તે મથનકાષ્ઠથી થનાર અગ્નિરૂપ છે; આ આત્મજ્ઞાનરૂપ અગ્નિ સુખકારક છે. અતિનિપુણ શિષ્ય અતિનિપુણ ગુરુ પાસેથી મેળવેલી અતિ શુદ્ધ આત્મવિદ્યા ગુણોના કાર્યરૂપ માયાનો નાશ કરે છે અને ગુણોમય આ જગત જીવને સંસારનું કારણ બને છે; તે ગુણોને પણ બાળીને લાકડા વિનાના અગ્નિ પેઠે તે આત્મવિદ્યા પોતે પણ શાંત થાય છે (આ રીતે કાર્યરૂપ દેહ, ઇંદ્રિય વગેરે કારણરૂપ અજ્ઞાન અને તે બન્નેને દૂર કરનાર જ્ઞાન પણ દૂર થતાં જીવ સાક્ષાત પરમાનંદસ્વરૂપે રહે છે.) જૈમિનીય મીમાંસકો માને છે કે આત્મા અનેક છે, તેઓ સર્વ કર્મોના કર્તા અને સુખ તથા દુઃખના ભોકતા છે; તેમ જ લોક, કાળ, વેદ તથા આત્માઓ નિત્ય છે. વળી (પુષ્પ માળા, ચંદન વગેરે) સર્વ પદાર્થોની સ્થિતિ પ્રવાહરૂપે નિત્ય છે; (માટે તેઓનો કર્તા કોઈ ઈશ્વર છે જ નહિ) અને તે સ્થિતિ બરાબર છે—માયારૂપ નથી તેમ જ આત્માનું સ્વરૂપજ્ઞાન નિત્ય અને એક જ છે એમ નથી, કારણ કે તે ઘડો, કપડું વગેરે જુદા જુદા આકારે જુદું જુદું જ્ઞાન થાય છે માટે તે અનિત્ય અને જુદાં જુદાં છે.' આમ તમે માનતા હો તોપણ હે ઉદ્ધવ ! સર્વ પ્રાણીઓને દેહનો સંબંધ થતાં લવ-નિમેષથી માંડી છેક વર્ષ સુધી કાળના અવયવોથી વારંવાર જન્માદિ વિકારો થાય છે. (આ વસ્તુ મીમાંસક મતે કદી મટવાની નથી,) વળી તે મતમાં કર્મોના કર્તા અને સુખદુઃખના ભોક્તા આત્માનું પરાધીનપણું જણાય છે (કેમ કે પોતે ઈચ્છતો નથી, છતાં દુષ્કર્મોમાં પ્રવૃત્તિ કરતો દેખાય છે;) અને એ રીતે આત્મા પરાધીન છે તો તેને

કયો વિષય સુખ આપશે ? (મીમાંસકો કહે છે કે, જેઓ સારી રીતે કર્મ કરી જાણે છે તેઓ જ સુખી છે; પણ જેઓ કર્મ કરી જાણતા નથી તેઓ જ દુઃખી છે. આ સામે કહેવાનું કે) કોઈ સ્થળે (કર્મ જાણનારા) વિદ્વાનોને પણ કંઈ સુખ નથી; તો કોઈ સ્થળે (કર્મ ન જાણનારા) મૂર્ખાઓને પણ કાંઈ દુઃખ હોતું નથી; માટે કર્મો કરવાથી અમે સુખી છીએ, એવો તેઓને કેવળ ખોટો અહંકાર છે. કદાચ તેઓ (કર્મવાદી મીમાંસકો) સુખપ્રાપ્તિનો તથા દુઃખનાશનો ઉપાય ભલે જાણતા હશે; પણ એવો કોઈ ઉપાય જાણતા નથી કે, જેથી સાક્ષાત્ મૃત્યુ પ્રભાવ ન કરી શકે. આ સ્થિતિ છે તો વધસ્થાને લઈ જવાતા કોઈ દેહાંત શિક્ષા પામેલા મનુષ્યને જેમ પુષ્પની માળા, ચંદન વગેરે પદાર્થો સંતોષ આપી શકતા નથી, તેમ જેની પાસે મૃત્યુ ઊભું જ છે તેવા મનુષ્યને ક્યું ધન ક્યો વિષય સુખ આપી શકશે ? આ રીતે સ્વર્ગાદિનાં સુખ પણ લૌકિક સુખોની જેમ સ્પર્ધા, અસૂયા, નાશ તથા અપક્ષય ના દોષવાળાં છે. વળી એ સ્વર્ગાદિના સુખમાં પણ કર્મમાં કંઈ ભૂલચૂક વગેરે વિઘ્નો આવે જ; તેથી અનેક વિઘ્નોવાળી ખેતી પેઠે તે સુખ પણ નિષ્ફળ છે (અર્થાત્ જેમ આ લોકમાં સુખ નથી, તેમ પરલોકમાં પણ કંઈ સુખ નથી જ.) કદાચ વિઘ્નોથી નાશ ન પામેલા યજ્ઞાદિ ધર્મ સારી રીતે આચર્યો હોય અને તેને લીધે સ્વર્ગાદિ જે સ્થાન મળે છે, ત્યાં મનુષ્ય જે પ્રકારે જાય તે પણ હું તમને કહું છું; સાંભળો. યજ્ઞ કરનારો મનુષ્ય યજ્ઞોથી દેવતાઓનું યજન કરી સ્વર્ગલોકમાં જાય છે ને ત્યાં પોતે મેળવેલા દિવ્ય ભોગો દેવની પેઠે ભોગવે છે; તેમ જ પોતાના પુણ્ય વડે સર્વ ભોગોથી સમૃદ્ધ ઉજ્જવળ વિમાનમાં દેવીઓની વચ્ચે સુંદર વેષ પહેરી વિહાર કરતા એ પુરુષને ગંધર્વો ગાય છે અને ઈચ્છાનુસાર જતા ને ઘૂઘરીઓના સમૂહથી શોભતા વિમાનમાં બેસી દેવોનાં કીડાસ્થાનોમાં સ્ત્રીઓ સાથે તે રમે છે; પણ (પુણ્ય ખૂટતાં) સ્વર્ગમાંથી એને પડવાનું છે, તે પોતે જાણતો નથી. એમ સ્વર્ગમાં જ્યાં સુધી પુણ્ય સમાપ્ત થાય છે, ત્યાં સુધી તે આનંદ કરે છે; પરંતુ પુણ્ય ખૂટતાં પોતાની ઈચ્છા ન હોય, તોપણ કાળે પાડેલો તે પુરુષ નીચે પડે છે. હવે કોઈ પુરુષ દુષ્ટોના સંગથી અથવા પોતે અજિતેન્દ્રિય હોય તેથી અધર્મમાં પ્રીતિવાળો, વિષયથી વ્યાપ્ત મનવાળો, દીન, લાલચુ, સ્ત્રીલંપટ અને પ્રાણીઓની હિંસા કરનારો થઈ વેદોક્તવિધિ ઓળંગી પશુઓને મારે અને પ્રેતો તથા ભૂતગણોને પૂજે તો તે પુરુષ પરાધીન થઈ પ્રથમ તો નરકમાં જાય છે અને પછી ભયંકર સ્થાવર યોનિને પામે છે. આ રીતે કેવળ દુઃખરૂપ પરિણામવાળાં કર્મોને દેહથી કરતો મનુષ્ય ફરી પણ તે કર્મોને લીધે દેહ પામે છે; તો મરણધર્મીને કર્મો કરવામાં શું સુખ છે ? (અર્થાત્ કર્મો કરતા મનુષ્યને સુખ મળતું નથી, તેનું દુઃખ પણ દૂર થતું નથી.) વળી સ્વર્ગાદિ લોકોને તથા પ્રલય સુધી જીવતા લોકપાલોને પણ (કાળરૂપ) 'મારા થી ભય છે અને બે પરાર્ધ સુધીના મોટા આયુષ્યવાળા બ્રહ્માને પણ 'મારા થી ભય છે. (મીમાંસકો કહે છે કે, આત્મા કર્તા અને ભોક્તા છે. તેનું ખંડન આ રીતે છેઃ) ઈંદ્રિયો જ કર્મો કરે છે, આત્મા કોઈ જાતનું કર્મ કરતો નથી. (મીમાંસકો કહે છે કે, આત્મા જ ઇન્દ્રિયનો પ્રવર્તક હોઇ કર્મો કરે છે પણ તેમ નથી.) સત્વાદિ ગુણો જ ઈંદ્રિયોને પ્રવર્તાવે છે, આત્મા ઈન્દ્રિયોને પ્રવર્તાવતો નથી; માટે આત્માને કર્તાપણું છે જ નહિ. (વળી આત્માનું ભકતાપણું છે તે પણ ઔપાધિક છે, તે સાંભળો.) આ જીવ ઈન્દ્રિયો વગેરેથી યુક્ત થઈ કર્મોનાં ફળ ભોગવે છે અર્થાત્ જીવને ઈન્દ્રિયો વગેરે ઉપાધિ ઉપર 'આ હું છું' એવો અહંકાર થાય છે, તેથી તે ભોક્તા હોય એવો ભાસે છે; ખરી રીતે તે ભોક્તા નથી. વળી (આત્માનું અનેકપણું છે તે પણ ઔપાધિક છે, કારણ કે) જ્યાં સુધી અહંકારાદિ કાર્યરૂપ ગુણોની વિષમતા છે ત્યાં સુધી (તે ઉપાધિને લીધે) આત્માનું અનેકપણું ભાસે છે. (ખરી રીતે આત્મા એક જ છે. કદાચ મીમાંસકો કહે કે,

આત્મા એક જ છે, તો તેને પરતંત્ર કેમ કહ્યો ? અને લોકપાલોને પણ મારાથી ભય છે એમ કેમ કહ્યું : ? તેનો ઉત્તર આ છે કે, જ્યાં આત્માનું અનેકપણું ભાસે છે, ત્યાં સુધી તેની પરતંત્રતા ભાસે છે અને જ્યાં સુધી તેની પરતંત્રતા ભાસે છે ત્યાં સુધી જ તેને ઈશ્વર તરફથી ભય છે. માટે જેઓ ગુણોએ કરેલી વિષમતારૂપ દેહાદિ ઉપરની આ અહંબુદ્ધિને તથા તેથી થતા ભોગો અને કર્મોને સેવે છે તેઓ સ્વર્ગાદિ લોકોના અનિત્યપણાને લીધે શોકથી વ્યાપ્ત થઈ મોહ પામે છે. (સ્વર્ગાદિ લોકો કેવળ અનિત્ય છે, એમ જ નથી; પરંતુ માયામય પણ છે; કારણ કે) માયા વિકાર પામે છે, ત્યારે મને જ કાળ, જીવાત્મા, વેદ, સ્વભાવ તથા ધર્મ એમ અનેક સ્વરૂપે કહે છે. (ખરી રીતે તે સર્વ મારાથી જુદું નથી.)

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે પ્રભો ! હું આપને પૂછું છું કે, દેહાદિ ગુણો રહેતા નથી, ત્યારે મુકિત થાય છે કે તેઓ હોય છે છતાં મુકિત થાય છે ? આપ કહેશો કે દેહાદિ ગુણો રહેતા નથી, ત્યારે મુકિત થાય છે તો વાંધો આવે છે કે, જ્ઞાન મેળવવાનાં સાધનો દેહાદિ ગુણો ન હોય તો મુકિત શી રીતે થાય ? અને દેહાદિ ગુણો હોય જ છે ને મુક્તિ થાય છે, તો આ વાંધો આવે છે કે) દેહાદિ ગુણોમાં વર્તતાં છતાં આત્મા દેહાદિથી થનારાં કર્મોમાં તથા સુખદુઃખાદિમાં કેમ ન બંધાય ? આપ કહેશો કે, આત્મા આકાશ પેઠે તે ગુણોથી ઢંકાયેલો રહેતો નથી, તો તે સંબંધથી પૂછવાનું કે જો આત્મા ગુણોથી ઢંકાયેલો રહેતો. નથી તો બંધાયેલો કેમ રહે છે ? (આપનો અભિપ્રાય એવો હોય કે દેહાદિ ગુણો હોય, તોપણ જો તેના પર 'આ હું છું' એવો અહંકાર કરે છે તો જ આત્મા બંધાય છે, પણ અહંકાર દૂર થતાં આત્મા મુકત જ છે; તો તે સંબંધી કેવી રીતે જાણવું; તે મારે પૂછવાનું છે કે,) દેહાદિમાં બંધાયેલો કેવી રીતે વર્તે ? દેહાદિથી મુકત હોય તે કેવી રીતે વર્તે ? કેવી રીતે વિહાર કરે ? કેવી રીતે ભોગો ભોગવે ? કેવી રીતે મળમૂત્રાદિ તજે? કેવી રીતે સૂએ ? કેવી રીતે બેસે ? કેવી રીતે જાય અને ક્યાં લક્ષણોથી તે જણાય ? હે પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ અચ્યુત ! આ પ્રશ્નનો ઉત્તર તમે મને કહો અને બીજો પણ મને ભ્રમ છે કે એક જ આત્મા નિત્યમુક્ત અને નિત્યબદ્ધ કેવી રીતે ? ૧-૩૭

एतदच्युत मे ब्रूहि प्रश्नं प्रश्नविदांवर । नित्यमुक्तो नित्यबद्ध एक एवेति मे भ्रमः ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

## અધ્યાય-૧૧

## બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તિનાં લક્ષણો

॥ श्रीभगवानुवाच ॥

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः । गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** (એક જ આત્મા નિત્યમુકત અને નિત્યબદ્ધ કેવી રીતે ? એ તમને ભ્રાંતિ થાય છે, તેથી તમે જે વિરોધ બતાવો છો તે સાચો છે કે માત્ર ભ્રાંતિથી છે ? જો સાચો કહેશે તો તેનો ઉત્તર આ છેઃ) આત્મા બદ્ધ અને મુકત છે તે કેવળ મારે આધીન રહેનારા સત્વાદિ ગુણોની ઉપાધિથી જ છે; ખરી રીતે આત્મા બદ્ધ નથી કે મુકત પણ નથી. (તમે કહેશો કે એ રીતે બદ્ધપણું અને મુકતપણું ભલે ઔપાધિક હોય, તોપણ જેમ ચોખાને તપેલીરૂપ ઉપાધિ દ્વારા અગ્નિનો સંયોગ થતાં તે ખરેખરા રંધાઈ જાય છે, તેમ આત્મા પણ સત્ત્વાદિ ગુણરૂપ ઉપાધિના સંયોગવિયોગથી બદ્ધ અને મુકત કેમ ન હોઈ શકે? આનો ઉત્તર આ છે કે,) સત્ત્વાદિ ગુણોનું મૂળ માયા જ છે, તેથી મને સાચો બંધ કે મોક્ષ નથી; (તમે કહેશો

કે આ બધી શાસ્ત્રવિરુદ્ધ વાત તમે કેમ કરો છો ? તો કહેવાનું કે,) આ મેં પોતે કરેલો નિર્ણય છે; આમાં ઘણા કુતર્કો કરવાની કંઈ જરૂર નથી. જેમ સ્વપ્ન બુદ્ધિનો જ ભ્રમ છે, તેમ શોક, મોહ, સુખ, દુઃખ, અને દેહનાં જન્મમરણ પણ કેવળ માયાને લીધે બુદ્ધિનો ભ્રમ છે; માટે (જીવને પણ) આ સંસાર સાચો નથી, પરંતુ માયા જ છે (અર્થાત્ સંસારનું કારણ ગુણો માયામય છે; માટે તે ગુણોનું કાર્ય સંસાર પણ માયા જ છે). હે ઉદ્ધવ ! પ્રાણીઓને મોક્ષ આપનારી બ્રહ્મવિદ્યા અને બાંધનારી અવિદ્યા એ બન્ને મારી અનાદિકાળની શકિતઓ છે; તે બંને મારી માયાથી જ રચાયેલી છે, એ તમે જાણો (માટે હું જ્યારે અવિદ્યા પ્રવર્તાવું છું ત્યારે જીવને બંધ થાય છે અને વિદ્યા આપું છું ત્યારે મોક્ષ સ્ફૂરે છે.) હે મહાબુદ્ધિમાન ઉદ્ધવ! જીવ એક જ છે અને તે પણ મારો અંશ જ છે; છતાં તેને જ અવિદ્યાથી અનાદિ બંધ થાય છે. અને જ્ઞાનથી જ મોક્ષ થાય છે. (પણ મને ઈશ્વરને બંધ કે મોક્ષ કંઈ નથી.) હવે હે તાત ! બદ્ધ, તેમ જ મુકતની વિલક્ષણતા હું તમને કહું છું. (આ વિલક્ષણતા બે પ્રકારની છે : એક તો જીવ તથા ઈશ્વરની અને બીજી જીવોમાં એક જીવથી બીજા જીવની; તેમાં પ્રથમ જીવ તથા ઈશ્વરની વિલક્ષણતા સાંભળો.) જીવ તથા ઈશ્વર બંને એક મારામાં જ રહેલા છે, છતાં તેઓ બન્ને એકબીજાથી વિરુદ્ધ ધર્મોવાળા છે. (જીવોનો ધર્મ શોક છે, ત્યારે ઈશ્વરનો ધર્મ આનંદ છે; જીવ શરીરમાં નિયમ્ય તરીકે રહે છે, ત્યારે ઈશ્વર નિયંતાપણે રહેલા છે.) જેમ કોઈ બે પક્ષી એક જ ઝાડમાં એક જ માળાની અંદર રહ્યાં હોય, છતાં તે ઝાડથી જુદાં જ છે તેમ જીવ અને ઈશ્વરરૂપી બે પક્ષી શરીરરૂપી એક જ પીપળાના ઝાડમાંના હૃદયરૂપી એક માળામાં અવર્ણ્ય માયાને લીધે રહ્યાં છે. છતાં તેઓ બંને શરીરરૂપી ઝાડથી જુદાં, બન્ને ચૈતન્યરૂપે સમાન, બન્ને કદી વિખૂટા ન પડનારાં અને એક મતિવાળાં છે તેથી મિત્ર છે; છતાં બન્નેમાં જે જીવ છે, તે શરીરરૂપી પીપળાના ઝાડના ટેટા જેવાં કર્મનાં ફળ ખાય છે.—ભોગવે છે, ત્યારે બીજો તે કર્મફળ ભોગવતો નથી; છતાં સ્વરૂપાનંદથી તૃપ્ત રહે છે અને જ્ઞાન વગેરે શકિતથી જીવ કરતાં અધિક છે ઈશ્વર કર્મોનાં ફળ ભોગવતો નથી, માટે જ પોતે સર્વજ્ઞ હોઈ, પોતાને તથા જીવોને જાણે છે; પણ જીવ કર્મોનાં ફળ ભોગવતો પોતાને કે બીજાને જાણી શક્તો નથી. આ બન્નેમાં અવિદ્યાયુકત જીવ નિત્યબદ્ધ (અનાદિકાળનો બંધાયેલો છે) અને વિદ્યામય ઈશ્વર નિત્યયુકત છે (કારણ કે ઈશ્વરને માયા ઢાંકી કે મોહ ઉપજાવી શકતી નથી) જેમ સ્વપ્નમાંથી ઊઠેલો મનુષ્ય સ્વપ્નમાં દેહને યાદ કરતો દેહમાં હોય છે, છતાં (તેનાં સુખદુઃખાદિ ન હોવાથી) (તે દેહમાં નથી, તેમ જ્ઞાની થઈ જીવન્મુકત બનેલો પુરુષ (સંસ્કારવશ) દેહમાં રહેલો છે; છતાં (દેહનાં સુખદુઃખાદિથી રહિત હોઈ) દેહમાં રહેલો નથી જ. વળી જેમ સ્વપ્ન જોનારો મનુષ્ય તે સ્વપ્નાવસ્થામાં દેહમાં ખરું જોતાં નથી છતાં પોતે તે દેહમાં રહ્યો હોય તેમ માને છે, તેમ દુષ્ટ બુદ્ધિવાળો અજ્ઞાની પુરુષ ખરી રીતે દેહમાં નથી. છતાં (દેહનાં સુખદુઃખાદિ ભોગવતો) દેહમાં છે. (પોતાને દેહમાં રહેલો માને છે) જે પુરુષ જ્ઞાની છે તે તે ઈંદ્રિયોના વિષયોને ઈંદ્રિયો ગ્રહણ કરતી હોય, તો પણ 'હું' વિષયને ગ્રહણ કરું છું એમ માનતો નથી; કારણ કે ખરું જોતાં ઈંદ્રિયો જ વિષયોને ગ્રહણ કરે છે. આ કારણથી જ જ્ઞાની રાગાદિ વિકારોથી મુકત રહે છે, પણ અજ્ઞાની પુરુષ પૂર્વ કર્મને વશ શરીરમાં રહી ઈન્દ્રિયોથી થતાં કર્મ વડે જ 'આ બધું ઈંદ્રિયો કરતી નથી; પણ હું જ કરું છું' આવા અભિમાનથી દેહાદિમાં બંધાય છે. જ્ઞાની પુરુષ (ઈંદ્રિયો પોતે જ કર્મ કરે છે) આમ માની વૈરાગ્યયુકત રહી સૂવું, બેસવું, ફરવું, નાહવું, જોવું, સ્પર્શ કરવો, સૂંઘવું, જમવું અને સાંભળવું વગેરે ક્રિયાઓમાં અજ્ઞાનીની પેઠે બંધાઈ જતો નથી; કારણ કે જ્ઞાની તે તે વિષયોમાં ઈંદ્રિયોને જ ભોગ કરાવે છે. પોતે તો સાક્ષીરૂપે રહી તે વિષયોનો

ભોગ કરતા નથી; માટે જ જેમ આકાશ બધે રહેલું છે છતાં ક્યાંય બંધાતું નથી; સૂર્ય જળમાં પ્રતિબિંબિત થાય છે, છતાં જળનો તેને સ્પર્શ પણ થતો નથી; અને વાયુ બધે વાય છે, છતાં ક્યાંય વળગતો નથી, તેમ જ્ઞાની પ્રકૃતિમાં રહ્યા છતાં તેમાં આસકત થતો નથી. જેમ સ્વપ્નમાંથી જાગ્રત અવસ્થામાં આવેલો મનુષ્ય સ્વપ્નમાં જોયેલા પ્રપંચથી દૂર થાય છે, તેમ વૈરાગ્યથી તીક્ષ્ણ બનેલી નિર્ગુણ બ્રહ્મવિદ્યાથી છેદાયેલા સંશયોવાળા જ્ઞાની પણ દેહાદિ પ્રપંચથી દૂર થાય છે. જે પુરુષની પ્રાણ, ઈંદ્રિયો, મન તથા બુદ્ધિની વૃત્તિઓ સંકલ્પરહિત થયેલી હોય છે, તે દેહમાં રહ્યો હોય છતાં દેહના ગુણોથી મુકત જ રહે છે. જેનું શરીર હિંસક પ્રાણીઓ વડે અથવા દુર્જનો વડે પીડાય અથવા દૈવેચ્છાએ કે ગમે તેનાથી કયાંય કંઈક પૂજાય તો તેમાં જે વિકાર પામતો નથી, ક્રોધ કે આનંદ અનુભવતો નથી તે જ્ઞાની છે. અને તેમાં ક્રોધ કે આનંદને જે પામે તે અજ્ઞાની છે. ગુણદોષથી રહિત અને સમાન દૃષ્ટિવાળો મુનિ સારું કરનારની કે બોલનારની, સ્તુતિ કરતો નથી, તેમ નરસું કરનારની કે બોલનારની નિંદા કરતો નથી. આત્મામાં જ રમનારો મુનિ સારું કે નરસું કંઈ ન કરે, ન બોલે અને ન ચિંતવે તે તો પૂર્વોકત મધ્યસ્થ વૃત્તિએ જ જડની માફક વિચરે (અર્થાત્ દેહનાં કર્મમાં પણ જે ઉદાસીન રહે તે મુકત છે અને કર્મમાં જે ગૂંથાયેલો રહે તે બદ્ધ છે. બસ, આ જ સર્વે મુમુક્ષુનાં સાધનો જાણવાં) જેમ ઘણો વખત થયાં વિયાયેલી ગાય વસૂકી જઈ દૂધ ન આપતી હોય તો તેની રક્ષા કરનારને કેવળ પરિશ્રમ જ ફળરૂપે મળે છે. પણ દૂધ મળતું નથી, તેમ જે પુરુષ શબ્દબ્રહ્મ એટલે શાસ્ત્રોમાં કુશળ હોય છતાં જે પરબ્રહ્મનું જ્ઞાન મેળવવામાં કુશળ ન થાય તો તેને શાસ્ત્રો ભણ્યાનો શ્રમ ફળરૂપે મળે છે. (પણ મોક્ષરૂપ સાચો પુરુષાર્થ ફળરૂપ મળતો નથી; અર્થાત્ શાસ્ત્રાભ્યાસનું ફળ મોક્ષ જ હોવું જોઈએ.) હે ઉદ્ધવ ! જે પુરુષ દોહી લીધેલ દૂધવાળી (વસૂકી ગયેલી) ગાયને, વ્યભિચારિણી સ્ત્રીને, પરાધીન દેહને દુષ્ટ સંતતિને સુપાત્રે નહિ અપાયેલા ધનને તથા મારી લીલાઓથી રહિત વાણીને રહ્યું છે, તે દુઃખોથી દુઃખી થાય છે. હે ઉદ્ધવ ! જે વાણીમાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ મારું પવિત્ર કર્મ અથવા મારા લીલાવતારો પૈકી પ્રિય જન્મોનું વર્ણન નથી, તેવી વાંઝણી વાણી બુદ્ધિમાન પુરુષે બોલવી નહિ. આવો નિશ્ચય કરી વિચાર દ્વારા આત્મતત્વ જાણવાની ઈચ્છાથી આત્મામાં થયેલ દેહાદિનો આરોપ દૂર કરી, નિર્મળ થયેલા મનને સર્વવ્યાપક મારા વિષે સ્થાપવું અને પછી સર્વ વાસનાઓથી અટકવું. (માત્ર શાસ્ત્રોની પંડિતાઈ મેળવીને બેસી જ ન રહેવું) જો તમે તમારા મનને પરબ્રહ્મ વિષે નિશ્ચય કરવા સમર્થ ન હો, તે ફળની ઈચ્છા રાખ્યા વિના કેવળ મારા નિમિત્તે જ સર્વ કર્મો કરે (અને તે કર્મ મને અર્પણ કરી દો.) હે ઉદ્ધવ ! જે મનુષ્ય શ્રદ્ધાળુ થઈ લોકોને પવિત્ર કરનારી પરમ કલ્યાણકારક મારી કથાઓ સાંભળે છે, મારા કર્મો તથા જન્મો ગાય છે, સ્મરે છે અને વારંવાર તેને અનુસરે છે, તે મનુષ્ય મારે માટે ધર્મ, કામ તથા અર્થને સેવતો કેવળ મારો જ આશ્રિત થઈ સનાતન મારા વિષે નિશ્ચળ ભકિત પામે છે. એ રીતે સત્સંગથી પ્રાપ્ત કરેલી મારા વિષેની ભકિતથી તે મનુષ્ય મને ઉપાસે છે અને સત્પુરુષોએ દર્શાવેલું મારું પરમ પદ અનાયાસે પામે છે.

**ઉદ્ધવજીએ પૂછયું :** 'હે ઉત્તમ કીર્તિવાળા પ્રભો ! (પોતપોતાની બુદ્ધિથી માની લીધેલા અનેક સત્પુરુષો છે, પણ) આપે કેવાને સત્પુરુષ માન્યો છે ? વળી (ભકિત પણ લોકમાં અનેક પ્રકારની છે, પરંતુ) નારદ વગેરે પુરુષોએ સ્વીકારેલી કેવી ભકિત આપ વિષે ઉપયોગી થાય છે ? (કેવી ભકિતથી આપ પ્રસન્ન થાઓ છો ?) હે જીવોના અધ્યક્ષ ! હે લોકોના અધ્યક્ષ ! હે જગતના પ્રભુ ! આપને નમતા, આપ ઉપર પ્રેમ રાખતા અને આપને શરણે આવેલા મને આ અતિગુપ્ત વાત આપ કહો. હે ભગવાન !

આપ પરબ્રહ્મ અને આકાશ પેઠે અસંગ છો; કેમ કે આપ પ્રકૃતિથી પર રહેલા પુરુષ હોઈ, ભક્તોની ઈચ્છાથી શરીર ધરી અવતર્યા છો.

**શ્રીભગવાન બોલ્યા :** (સત્પુરુષોનાં આવાં બત્રીસ લક્ષણો છે : કૃપાળુ હોઈ પારકાં દુઃખ સહન ન કરે કોઈને દ્રોહ ન કરે, સર્વ પ્રાણીઓ ઉપર ક્ષમાવાળો, સત્યરૂપી સ્થિર બળવાળો, ઈર્ષ્યા વગેરેથી રહિત, સુખ કે દુઃખમાં સમાન રહેનાર, હર્ષ કે શોક ન કરનાર, યથાશકિત સર્વનો ઉપકાર કરનાર, વિષયોથી વિકાર ન પામેલા મનવાળો, બહારની ઈંદ્રિયોને વશ કરનાર, કોમળ ચિત્તવાળો, સદાચારી, પરિગ્રહરહિત, ભોગસુખો માટેની ક્રિયાઓથી રહિત, મિતાહારી, શાંત એટલે અંતઃકરણને વશ કરનાર, સ્વધર્મમાં સ્થિર, મારા જ શરણવાળો, મનનશીલ, સાવધાન, નિર્વિકાર, ધૈર્યવાળો, ભૂખ-તરસ-શોક-મોહ-ઘડપણ-મૃત્યુ એ છને જીતનાર, માનની ઈચ્છા વિનાનો, બીજાઓને માન આપનાર, બીજાઓને બોધ આપવા સમર્થ, સર્વનો મિત્ર હોઈ કોઈને પણ ન ઠગનાર દયાથી જ સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ કરનાર (લોભથી નહિ), ઉત્તમ જ્ઞાન અને ધર્મ આચરવાથી અંતઃકરણની શુદ્ધિ વગેરે ગુણો થાય છે ને ધર્મ ન પાળવાથી નરકપતન વગેરે દોષ થાય છે એમ સમજીને સકામ ધર્મો (મારા ધ્યાનમાં વિઘ્નકર્તા માની) તજી પ્રભુભકિત જ સર્વશ્રેષ્ઠ છે. આવો દૃઢ નિશ્ચય કરી જે મને ભજે છે તે મહાન સાધુપુરુષ છે. હું જેટલો દેશકાળથી અમાપ અને જેવો સર્વનો આત્મા તથા સચ્ચિદાનંદરૂપ છે. તેટલો અને તેવો મને જાણી ને કે નહિ જાણીને પણ જેઓ અનન્યભાવથી મને ભજે છે, તેઓને મેં મારા મહાન ભકત માન્યા છે (એ રીતે સાધુપુરુષનાં લક્ષણો કહ્યાં. હવે ભકિતના લક્ષણો કહું છું) હે ઉદ્ધવ ! મારી પ્રતિમાઓનાં તથા મારા ભકતોનાં દર્શન કરવાં, સ્પર્શ કરવો, પૂજા કરવી સેવા કરવી, સ્તુતિ કરવી, તેઓને પ્રણામ કરવા તેઓનાં ગુણકર્મોનું કીર્તન કરવું, મારી કથા સાંભળવામા શ્રદ્ધા રાખવી, મારું ધ્યાન કરવું, પોતાને જે કંઈ મળે તે સર્વને અર્પણ કરવું, દાસભાવે પોતાનું શરીર અર્પણ કરી દેવું, મારા જન્મ તથા કર્મની કથા કરવી, જન્માષ્ટમી વગેરે મારાં પર્વોમાં ભાગ લેવો, ગીત, નૃત્ય ને વાદિત્રની મંડળીઓ દ્વારા મારા મંદિર માં ઉત્સવો કરવા, મારાં દર્શન નિમિત્તે યાત્રા કરવી, પુષ્પઉપહાર વગેરે મને અર્પણ કરવાં, દરેક વાર્ષિક પર્વમાં પૂર્વોકત સર્વ વિશેષ કરવું, વૈદિકી અથવા તાંત્રિકી દીક્ષા લેવી, મારાં વ્રતો ધારણ કરવાં, મારી મૂર્તિ સ્થાપવામાં શ્રદ્ધા રાખવી, મારે નિમિત્તે પુષ્કળ ફળફૂલવાળા બાગ-બગીચા અને ક્રીડાસ્થાનો કરાવવાં, શહેરોમાં મંદિર બાંધવાના કામમાં પોતે અથવા બીજાઓની સાથે મળી ઉદ્યમ કરવો. મારાં મંદિરોમાં કપટ રાખ્યા વિના દાસની પેઠે વાસીદુ વાળવું, લીપવું, પાણી છાંટવું અને મંડળો પૂરવાં વગેરેથી મારી સેવા કરવી; અમાની અને અદંભી થવું. પોતે જે કંઈ સારું કામ કર્યું હોય તે કહી બતાવવું નહિ. મને અર્પણ કરેલા દીવાથી પોતાને ઉપયોગી પદાર્થ જોવા નહિ, મને અર્પણ કરેલા સ્થાવર પદાર્થો પોતે ઉપયોગમાં લેવા નહિ, અને લોકમાં પોતાને જે જે વસ્તુ અત્યંત ઇચ્છિત અને અત્યંત પ્રિય હોય, તે તે મને અર્પણ કરવી જેથી તે વસ્તુ અનંત ફળ આપવા સમર્થ થાય છે. હે કલ્યાણમૂર્તિ ઉદ્ધવ ! સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાયો, વૈષ્ણવ, આકાશ, વાયુ, જળ, પૃથ્વી, આત્મા અને સર્વ પ્રાણીઓ આ અગિયાર મારી પૂજા કરવાનાં સ્થાનો છે. તેમાં વેદોકત સૂક્તોથી ઉપસ્થાન વગેરે કરી સૂર્યમાં, હુતદ્રવ્યનો હોમ કરી અગ્નિમાં, અતિથિસત્કાર કરી શ્રેષ્ઠ બ્રાહ્મણમાં, ઘાસ વગેરે નાખી ગાયોમાં, બંધુ પેઠે સત્કાર કરી વૈષ્ણવમાં, મારું ધ્યાન કરી હૃદયાકાશમાં મુખ્ય-પ્રાણદૃષ્ટિ કરી વાયુમાં, જળ જેમાં મુખ્ય હોય છે તેવાં તર્પણ વગેરેથી જળમાં, રહસ્યમંત્રો સ્થાપી પૃથ્વીમાં, ભોગો અર્પણ કરી શરીરમાં રહેલા આત્મામાં, અને

'સર્વમાં હું ક્ષેત્રરૂપે રહ્યો છું.' એવી સમદૃષ્ટિ કરી પ્રાણીમાત્રમાં મારી પૂજા કરવી. આ અગિયારે સ્થાનોમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મથી યુકત અને ચતુર્ભુજ મારા શાંત સ્વરૂપનું જિતેંદ્રિય થઈ ધ્યાન કરી (મંત્રમાં કહેલા પ્રકારે) પૂજન કરવું. જે પુરુષ યજ્ઞયાગાદિ કરીને તથા વાવકૂવા વગેરે બંધાવી જિતેંદ્રિય થઈને એમ મારું યજન કરે છે તે મારામાં ભકિત પામે છે અને પછી પુરુષોની સેવા કરી મારું જ્ઞાન મેળવે છે. હે ઉદ્ધવ ! સત્સંગ દ્વારા પ્રાપ્ત થતા ભકિતયોગ વિના મોટે ભાગે સંસાર તરવાનો બીજો કોઈ ઉત્તમ ઉપાય નથી; કારણ કે હું સત્પુરુષોનો મહાન આશ્રય છું. એટલે મને પામવામાં સત્સંગ અંતરંગ સાધન છે. હે યદુનંદન ઉદ્ધવ ! તમે શ્રદ્ધાથી સાંભળો છો, માટે હવે તમને આ પરમ રહસ્ય અને અત્યંત ગુપ્ત રાખવાલાયક વિષય પણ હું કહું છું. કારણ કે તમે મારા સેવક, શુદ્ધ અંતઃકરણવાળા અને મિત્ર છો.

अथैतत्परं गुह्यं श्रृण्वतो यदुनन्दन । सुगोप्यमपि वक्ष्याभि त्वं मे भृत्यः सुहृत्सखा ॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

## અધ્યાય-૧૨

## સત્સંગનો મહિમા અને કર્મોની કરવાની તથા તજવાની વ્યવસ્થા

॥ श्रीभगवानुवाच ॥

न रोघयति मां योगो न सांख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** આસન, પ્રાણાયામ, વગેરે યોગ, તત્વના વિચારરૂપ સાંખ્ય, અહિંસાદિ સામાન્ય ધર્મ, વેદપાઠરૂપ સ્વાધ્યાય, કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપ, સંન્યાસરૂપ ત્યાગ, અગ્નિહોત્રાદિ ઇષ્ટિ, વાવકૂવા-બગીચા બંધાવવા વગેરે પૂર્તકર્મ, સામાન્ય હરકોઈ દાન, એકાદશી વગેરે વ્રતો, દેવપૂજારૂપ યજ્ઞ, રહસ્યમંત્ર, તીર્થો, નિયમો અને યમો; આ બધાં જેવાં મને વશ કરી શકતાં નથી તેઓ સર્વ આસકિતઓનો નાશ કરનારો સત્સંગ મને વશ કરે છે. હે નિર્દોષ ઉદ્ધવ ! તે તે યુગમાં દૈત્યો, રાક્ષસો, મૃગો, પક્ષીઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, વિદ્યાધરો તેમ જ મનુષ્યમાં વૈશ્યો, શુદ્રો, સ્ત્રીઓ અને અંત્યજો રજોગુણી તથા તમોગુણી પ્રકૃતિ વાળાં હતાં; તેઓ સત્સંગથી જ મારા પદને પામ્યાં છે. વૃત્રાસુર તથા પ્રહ્લાદ વગેરે અને વૃષપર્વા, બલિરાજા મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાંબવાન, જટાયુ, તુલાધાર વાણિયો, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, યજ્ઞ કરનારા બ્રાહ્મણની પત્નીઓ અને બીજાં પણ ઘણાં સત્સંગથી જ મારું પદ પામ્યાં છે. તેઓ વેદો ભણ્યાં ન હતાં. ને તે માટે તેઓએ મહાપુરુષોની સેવા પણ કરી ન હતી અને વ્રતો તેમ તપશ્ચર્યાઓ પણ કર્યા ન હતાં. છતાં કેવળ સત્સંગથી જ મને પામ્યાં છે. સાંખ્યથી, યોગથી, દાનથી, વ્રતથી, તપથી, યજ્ઞથી, વ્યાખ્યાનોથી, સ્વાધ્યાયોથી અને સંન્યાસથી પણ મનુષ્ય યત્ન કરે છતાં મને પામતો નથી; કેવળ સત્સંગથી પ્રાપ્ત થયેલા ભકિતભાવ વડે ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો, સિદ્ધો અને મૂઢબુદ્ધિવાળાં બીજાંઓ પણ અનાયાસે મને પામ્યાં છે. જ્યારે અક્રૂરજી બળરામ સાથે મને મથુરા લઈ ગયા ત્યારે અતિ દૃઢ પ્રેમથી મારામાં લાગેલા મનવાળી ગોપીઓ મારા વિના બીજી કોઈ પણ વસ્તુ સુખ માટે જોતી ન હતી, કેમ કે તેઓને મારા વિયોગથી તીવ્ર મનોવ્યથા થતી હતી. હે ઉદ્ધવ ! વૃંદાવનમાં ફરતાં અતિ પ્રિય મારી સાથે તે ગોપીઓએ જે જે રાત્રિઓ અર્ધી ક્ષણ જેવી ગાળી હતી, તે જ રાત્રિઓ મારા વિના તેઓને કલ્પ જેવડી થઈ હતી. જેમ મુનિઓ સમાધિ અવસ્થામાં નામ તથા રૂપને જાણતા નથી, તેમ મારામાં

આસકિતથી બંધાયેલી બુદ્ધિવાળી ગોપીઓ પોતાના દેહને તેમ જ સમીપ કે દૂર રહેલા પદાર્થને જાણતી ન હતી, પરંતુ નદીઓ જેમ સમુદ્રમાં મળી જાય તેમ મારામાં એકરૂપ જ થઈ હતી. જોકે તે સ્ત્રીઓ મારા સ્વરૂપને જાણતી ન હતી અને મારી કામનાવાળી થઈ મને રતિસુખ આપનાર એક જારરૂપે જ જાણતી હતી, તો પણ તેવી સેંકડો ને હજારો સ્ત્રીઓ સત્સંગથી મને—પરબ્રહ્મને પામી છે. મને ભજવાનો આવો પ્રભાવ છે. માટે હે ઉદ્ધવ ! તમે શ્રુતિને, સ્મૃતિને, વિધિને કે નિષેધને, પ્રવૃત્તિરૂપ દક્ષિણમાર્ગને નિવૃત્તિરૂપ ઉત્તમ માર્ગને સાંભળવા યોગ્ય અને સાંભળેલાને તજી દઈ સર્વ પ્રાણીઓના આત્મા મને એકલાને જ 'આ સર્વ આત્મા છે' આવા ભાવથી શરણે આવો, જેથી મારે લીધે જ તમે સર્વ તરફ નિર્ભય થાઓ.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે યોગેશ્વરના ઈશ્વર ! આપની વાણી સાંભળતાં મારા મનમાં રહેલો સંશય દૂર થતો નથી, જેથી મારું મન ભમે છે.

**શ્રીભગવાન બોલ્યા :** ઈશ્વર જ પોતાની માયાથી પ્રપંચરૂપે ભાસે છે અને તે પ્રપંચના આરોપથી જીવોને અનાદિ અવિદ્યાથી કર્તાપણું વગેરે છે, તેથી વિધિ તથા પ્રતિષેધનો અધિકાર પણ છે અને તે માટે જ પ્રથમ કહ્યું છે કે અંતઃકરણની શુદ્ધિ માટે તમે કર્મો કરો, પછી અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે ફરી કર્મો કરવાની જડતા તજી ભકિતમાં વિઘ્ન કરનારાં કર્મો તજી દો અને દૃઢ વિશ્વાસ રાખી મારું ભજન કરો. એમ ભજન કરતાં જ્ઞાન થાય, ત્યારે તો કંઈ કરવાનું રહેતું જ નથી. આમ મેં કહ્યું છે તેમાં પ્રથમ ઈશ્વરમાંથી વાણી વગેરે ઇંદ્રિયો દ્વારા જીવને સંસારનું કારણ આ પ્રપંચ કેવી રીતે ઉત્પન્ન થયો છે, તે સાંભળો, આ પ્રત્યક્ષ પરમેશ્વર (શરીરમાંનાં) આધાર વગેરે ચક્રોમાં (નાદ વગેરે રૂપે જન્મ્યા હોય તેમ) સ્પષ્ટ જણાય છે : કારણ કે આ પરમેશ્વર નાદવાળા પ્રાણ સાથે પ્રથમ આધારચક્રમાં પ્રવેશ કરે છે, ત્યારે 'પરા વાણી' નામે કહેવાય છે. (આધારચક્રમાં નિરંતર અખંડ અને અસ્પષ્ટ નાદ થાય છે તે 'પરા વાણી' છે.) તે પરા વાણીરૂપ પરમેશ્વર મણિપુર ચક્રમાં આવે છે, ત્યારે 'પશ્યંતી વાણી' એ નામે કહેવાય છે. આમાં ઉચ્ચારણની પહેલાં જ વર્ણોનાં સૂક્ષ્મ સ્વરૂપ મનથી દેખાય છે, માટે એને પશ્યતી વાણી કહે છે. પછી એ જ પરમેશ્વર વિશુદ્ધિચક્રમાં આવે છે, ત્યારે 'મધ્યમા વાણી' એ નામે કહેવાય છે અને ત્યાંથી મુખમાં આવે છે, ત્યારે હ્રસ્વ વગેરે માત્રાઓ, ઉદાત્ત વગેરે સ્વરો તેમ જ અકાર આદિક ત્રેસઠ વર્ણો એમ અત્યંત સ્થૂલ સ્વરૂપે 'વૈખરી વાણી' એ નામે કહેવાય છે. (વિખર એટલે અત્યંત સ્પષ્ટ આ ઉપરથી 'વૈખરી' નામ પડયું) જેમ અગ્નિ લાકડાના પોલાણમાં પ્રથમ અસ્પષ્ટ ઉષ્ણતારૂપે રહેલો હોય છે, તે જ લાકડામાં અત્યંત બળપૂર્વક મથતાં વાયુની સહાયથી સૂક્ષ્મ તણખા વગેરે રૂપે ઉત્પન્ન થાય છે. અને પછી અત્યંત મોટા રૂપે પ્રકટ થઈ ઘી વગેરે હુતદ્રવ્યથી વધી પડે છે; તેમ જ પરા, પશ્યંતી, મધ્યમ અને વૈખરી, એ ચાર પ્રકારની વાણી મારું સ્વરૂપ છે. એ પ્રમાણે જેમ વાણીની વૃત્તિ મારું સ્વરૂપ છે, તેમ હાથની વૃત્તિ કર્મ, પગની વૃત્તિ જવું, ગુદા તથા લિંગની વૃત્તિ મળ વગેરે તજવા, ઘ્રાણેન્દ્રિયની વૃત્તિ સુંઘવું, જિહ્વાઈંદ્રિયની વૃત્તિ સ્વાદ લેવો, નેત્રની વૃત્તિ જોવું, ત્વચાની વૃત્તિ સ્પર્શ કરવો, શ્રવણેન્દ્રિયની વૃત્તિ સાંભળવું, મનની વૃત્તિ સંકલ્પ, બુદ્ધિ તથા ચિત્તની વૃત્તિ વિજ્ઞાન, અહંકારની વૃત્તિ અભિમાન, પ્રધાનની વૃત્તિ સૂત્ર-સમષ્ટિ પ્રાણ અને રજોગુણ, સત્વગુણ તથા તમોગુણના વિકારરૂપ અનુક્રમે ઇન્દ્રિયવર્ગ, દેવવર્ગ તથા પૃથ્વી વગેરે પાંચ મહાભૂતો આ ત્રણ પ્રકારનો સર્વ પ્રપંચ મારું જ સ્વરૂપ છે. (અર્થાત્ આ પ્રપંચ ઈશ્વરથી જુદો નથી). આ ઈશ્વર પ્રથમ સૃષ્ટિ આદિમાં અવ્યકત (એકરૂપે) જ હતા; તે જ ઈશ્વર (સૃષ્ટિના આરંભકાળે) કાળને લીધે વાણી વગેરે ઇંદ્રિયોરૂપે વિભાગ પામેલી શકિતઓવાળા થયા અથવા માયા નામની પોતાની શકિતને

ભેટયા, તેથી અનેક પ્રકારે થયા હોય તેમ ભાસે છે; કારણ કે ખરી રીતે તે પોતે જ એક આદ્ય, ત્રણે ગુણોના આશ્રય અને લોકાત્મક કમળના કારણ છે; છતાં જેમ એક ખેતરમાં વાવેલું એક એક બીજ પોતાની ઉત્પત્તિસ્થાનરૂપ ખેતર પામી અનેક સ્વરૂપે થાય છે (તેમ ઈશ્વર પણ કાળગતિથી માયારૂપ યોનિ પામી અનેક સ્વરૂપે ભાસે છે.) જેમ વસ્ત્ર તાંતણામાં વિસ્તારમાં રહી તે તાંતણાઓમાં ઓતપ્રોત છે, પણ તે તાંતણાથી જુદું નથી, તેમ આ સમગ્ર જગત ઈશ્વરમાં ઓતપ્રોત હોઈ ઈશ્વરથી જુદું નથી. આવું આ સમષ્ટિ—વ્યષ્ટિરૂપ જગતરૂપી ઝાડ અવિદ્યાને લીધે આત્મામાં આરોપિત થઈ, (જીવને કર્તાપણું વગેરે સંસારનું કારણ થાય છે. માટે વિવેકજ્ઞાનથી કર્મ વગેરે સર્વનો ત્યાગ કરવો જોઈએ એમ મેં કહ્યું છે, એ ઝાડ) પુરાણું, અનાદિકાળનું અને કર્મમય એટલે પ્રવૃત્તિરૂપી સ્વભાવવાળું હોઈ, પુષ્પરૂપ ભોગને તથા ફળરૂપ મોક્ષને અથવા કર્મ તથા તેના ફળને ઉત્પન્ન કરે છે. આ જગતરૂપી ઝાડનાં બી (પુણ્ય તથા પાપ) બે છે; અગણિત વાસનાઓ તેનાં સેંકડો મૂળિયાં છે; (સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ, એ (ત્રણ) તેનાં થડ છે; દસ ઇંદ્રિયો અને એક મન એમ અગિયાર તેની ડાળીઓ છે; (વાત, પિત્ત અને કફ એ) ત્રણ તેની છાલ છે. (સુખ અને દુઃખ એ) બે ફળ છે; (શબ્દાદિ પાંચ વિષયોરૂપી) રસ તેમાંથી ઉત્પન્ન થાય છે અને છેક સૂર્યમંડળ સુધી તે પહોંચેલું છે, તેમાં જીવ અને ઈશ્વરરૂપી બે પક્ષીઓનો માળો છે, અર્થાત્ જીવે તથા ઈશ્વરનું તે રહેઠાણ છે. આ જગતરૂપી ઝાડના (દુઃખરૂપી) એક ફળને ગામમાં રહેતાં ગીધડાં (વિષયોમાં મચ્યા રહેતા ગૃહસ્થો) ખાય છે. (ભોગવે છે) અને બીજું (સુખરૂપી) ફળ જંગલમાં વસતા હંસો (વિવેકી પરમહંસ) ખાય છે. આ રીતે માયાથી અનેકરૂપે ભાસતા એક જ પરમાત્માને જે જાણે છે તે જ વેદ જાણે છે; માટે તમે પણ અપ્રમાદી થઈ ગુરુની સેવા કરી તે દ્વારા પ્રાપ્ત કરેલી એકાંતભકિત વડે તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપી કુહાડાથી, જીવઉપાધિરૂપ ત્રિગુણાત્મક લિંગ શરીર છેદી નાખી, આત્માને પામી તે જ્ઞાનરૂપી અસ્ત્રનો (સાધનનો) પણ ત્યાગ કરો. ૧-૨૪

एवं गुरुपासनयैकमक्त्या विद्याकुठारेण शितेन धीरः ।
विवृश्च्य जीवाशयमप्रमत्तः संपद्य चात्मानथ त्यजास्त्रम् ॥२४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## સત્ત્વગુણથી જ્ઞાનનો ઉદય અને ચિત્ત તથા ગુણનું અલગ થવું

॥ श्रीभगवानुवाच ॥

सत्त्वं रजस्तम इति गुणा बुद्धेर्न चात्मनः । सत्वेनान्यतमौ हन्यात्सत्वं सत्त्वेन चैव हि ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ પ્રકૃતિના ગુણો છે, આત્માના નથી; માટે સત્વગુણ વધારી રજોગુણનો તથા તમો ગુણનો નાશ કરવો અને (સત્ય, દયા આદિરૂપ) સત્ત્વગુણનો (ઉપશમરૂપ) સત્ત્વગુણથી જ નાશ કરવો, વધેલા સત્વગુણથી પુરુષને મારી ભકિતરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ સાત્ત્વિક પદાર્થો સેવવાથી સત્વગુણ વધે છે. અને પછી તે દ્વારા ભકિતરૂપ ધર્મ ચાલુ થાય છે. આ ભકિતરૂપ ધર્મમાં સત્વગુણની વૃદ્ધિ કારણ છે, તે રજોગુણ તથા તમોગુણનો નાશ કરે છે, કારણ કે તેનાથી બીજો ઉત્તમ ધર્મ નથી એ રીતે રજોગુણ તથા તમોગુણ નાશ પામે છે કે તરત જ બન્ને ગુણોરૂપી મૂળવાળો અધર્મ પણ નાશ પામે છે. શાસ્ત્ર, જળ, પ્રજા, દેશ, કાળ, કર્મ, જન્મ, ધ્યાન, મંત્ર, તેમ જ

સંસ્કાર આ દસગુણોની વૃદ્ધિનાં કારણ છે.ગુણ વૃદ્ધિનાં આ કારણોમાં જેની શાસ્ત્રવેત્તાઓ પ્રશંસા કરે છે તે સત્ત્વગુણ વધારનાર, જેની નિંદા કરે છે તે તમોગુણ વધારનાર અને જેની પ્રશંસા કે નિંદા પણ કરતા નથી, તેને રજોગુણ વધારનાર (કારણ) જાણવું. પુરુષે સત્વગુણની વૃદ્ધિ માટે (પૂર્વોકત કારણો પૈકી) સાત્ત્વિકનું જ સેવન કરવું, જેથી મારી ભકિતરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે અને તે ભકિતથી આત્માનો સાક્ષાત્કાર તથા સ્થૂળ અને સૂક્ષ્મ બંને દેહનાં કારણ—ગુણો દૂર થાય ત્યાં સુધીનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ વાંસના ઘસાવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ (પોતાનાથી જ ઉત્પન્ન થયેલી જ્વાળાઓ વડે તે વાંસનું વન બાળી નાખી શાંત થાય છે, તેમ ગુણોના વિકારથી ઉત્પન્ન થયેલો દેહ પણ તે અગ્નિ જેવી ક્રિયાવાળો થઈ પોતાથી જ ઉત્પન્ન થયેલા જ્ઞાન વડે પોતાના જ કારણ—ગુણોનો નાશ કરી પોતે પણ નાશ પામે છે.)

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે કૃષ્ણ ! મરણધર્મી મનુષ્યો જાણે છે કે વિષયો લગભગ આપત્તિઓનું સ્થાન છે; તોપણ તેઓ કૂતરાં, ગધેડાં અને બકરાં પેઠે વિષયો કેમ ભોગવે છે ?

**શ્રીભગવાન બોલ્યા :** પ્રમાદી વિવેકશૂન્ય મનુષ્યના હૃદયમાં દેહાદિ પરની 'હું'' એવી મિથ્યા બુદ્ધિ ફેલાયેલી હોય છે અને તેથી સત્વગુણપ્રધાન એવા પણ મનમાં ઘોર દુઃખરૂપ રજોગુણ ફેલાય છે. એ રીતે મન રજોગુણથી યુક્ત બને છે, ત્યારે તેને 'આનો આ રીતે અને આનો આ રીતે ભોગ કરવો જોઈએ ?' એવા વિકલ્પોવાળો સંકલ્પ થાય છે અને તે સંકલ્પને લીધે (અહો) આ કેવું રૂપ છે ! અહો, આ કેવો ભાવ છે ! આમ વિષયોના વિચાર કરવાથી દુર્મતિ મનુષ્યને દુઃસહ વિષયાભિલાષ ઊપજે છે. પછી એ વિષયાભિલાષને વશ થયેલો મનુષ્ય અજિતેન્દ્રિય બની રજોગુણના વેગને અત્યંત મોહિત થઈ કર્મોને દુઃખરૂપ પરિણામવાળાં જુએ છે, તોપણ કર્મો કરે છે. પરંતુ જે મનુષ્ય વિવેકી હોય તે તો કોઈ વેળા રજોગુણ તથા તમોગુણ વડે ચલિત બુદ્ધિ વાળો થાય; તોપણ સાવધાન રહી મનને વશ રાખી વિષયો તરફ દોષદૃષ્ટિ કરી તેમાં આસકત થતો નથી. (વિષયો તરફ દોષદૃષ્ટિ કર્યા છતાં મન વશ ન રાખી શકાય તો તે માટે આ ઉપાય કરવો.) પ્રમાદરહિત થઈ આળસ તજી ત્રણે કાળે પ્રથમ આસનનો તથા શ્વાસનો જય કરી ધીમે ધીમે મનને પરમાનંદસ્વરૂપ મારામાં સ્થાપી એકાગ્ર કરવું. મારા શિષ્ય સનકાદિએ આટલો જ યોગ બતાવ્યો છે કે સર્વ વિષયો તરફથી મનને આકર્ષી સાક્ષાત મારે વિષે સ્થાપવું.

**ઉદ્ધવજીએ પૂછયું :** હે કેશવ ! આપે જે કાળે જે રૂપથી સનકાદિ મુનિઓને યોગનો ઉપદેશ કર્યો હતો, તે કાળ અને તે આપનું રૂપ જાણવા હું ઈચ્છું છું.

**શ્રીભગવાન બોલ્યા :** સનકાદિ મુનિઓ બ્રહ્માના માનસપુત્રો છે; તેઓએ એક વખતે પિતા બ્રહ્માને યોગની ઉત્કૃષ્ટ સૂક્ષ્મ સ્થિતિ પૂછી.

**સનકાદિએ પૂછ્યું :** હે પ્રભો ! મન સ્વભાવથી જ (રાગાદિને વશ હોવાથી) વિષયોમાં પેસે છે અને તે અનુભવેલા વિષયો વાસનારૂપે મનમાં પેસે છે; ત્યારે એ વિષયો ઓળંગી જવા ઈચ્છતા મુમુક્ષુ એ વિષયોને તથા મનને એકબીજાથી અલગ કેવી રીતે કરવા ?

**શ્રીભગવાન બોલ્યા :** સનકાદિએ એમ પૂછ્યું ત્યારે સ્વયંભૂ બ્રહ્મા પોતે મોટા દેવ અને પ્રાણીઓના સ્રષ્ટા છે, તો પણ વિચાર કરતાં એ પ્રશ્નનું બીજ જાણી શક્યા નહિ; કેમ કે તેમની બુદ્ધિ કર્મથી વ્યગ્ર છે. પછી તેમણે એ પ્રશ્નોનો ઉત્તર અથવા અભિપ્રાય જાણવાની ઈચ્છાથી મારું ચિંતન કર્યું, એટલે હું હંસનું રૂપ ધરી તેમની પાસે ગયો. મને જોઈને સનકાદિ મુનિઓ બ્રહ્માને આગળ કરી મારી પાસે આવી ચરણમાં વંદન કરી મને પૂછવા લાગ્યાઃ 'તમે કોણ છો ? તત્વ જાણવા ઈચ્છતા તે મુનિઓએ મને એમ પૂછયું ત્યારે

હે ઉદ્ધવ ! તેઓને મેં જે કહ્યું હતું કે તમે મારી પાસેથી સાંભળો. (મેં તેને કહ્યું કે,) હે બ્રાહ્મણો ! તમે આત્માને ઉદ્દેશી પૂછો છો ? કે આત્માને ઉપાધિરૂપ આ ભૂતસમુદાયને ઉદ્દેશી પૂછો છો ? જો આત્માને ઉદ્દેશી પૂછતા હો, તો આત્મા અનેક નથી અને તમારો પ્રશ્ન તો અનેકમાંથી કોઈ એકનો નિશ્ચય કરવારૂપ છે; તે કેમ ઘટે છે ? વળી (આત્મા કોઈ જાતિ, ગુણ આદિ વિશેષવાળો નથી તેથી) ઉત્તર આપતાં મારે કોનો એટલે કઈ જાતિ કે ક્યા ગુણનો આશ્રય કરી ઉત્તર આપવો ? (તમારો પ્રશ્ન ભૂતસમુદાયને ઉદ્દેશી હોય તોપણ) તમે કોણ છો ? ' આ તમારો પ્રશ્ન કેવળ વાણીના આરંભરૂપ હોઈ નિરર્થક છે; કારણ કે દેવ મનુષ્યાદિ કોઈ પણ શરીર પાંચ મહાભૂતમય હોઈ, સમાન છે અને ખરી રીતે તેઓના પરમ કારણ (બ્રહ્મ) રૂપે પણ તે જુદાં જુદાં નથી. મન, વચન, દૃષ્ટિ અને બીજા જે ઈન્દ્રિયો વડે જે કંઈ ગ્રહણ કરાય છે, તે સર્વ હું જ, મારાથી જુદું કંઈ નથી. એમ તત્ત્વવિચારથી તમે જાણી લો. (હું સર્વસ્વરૂપ છું, એમ તત્ત્વદૃષ્ટિએ મેં તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો.) હે પુત્રો ! (સાચું છે કે) મન વિષયોમાં અને વિષયો મનમાં પેસે છે; એમ મન અને વિષયો બંને પરસ્પર ગૂંથાઈને મારા સ્વરૂપ જીવને દેહરૂપ ઉપાધિ તરીકે બને છે. (ખરી રીતે આ દેહ મિથ્યા છે, જીવસ્વરૂપ નથી.) માટે વારંવાર વિષયો સેવવાથી (તેના સંસ્કારને લીધે વિષયોમાં પેસતાં મનને તથા વાસનારૂપે મનમાં વધતા વિષયોને—બંનેને હું—સ્વરૂપ થઈ (દઢ બ્રહ્માકાર વૃત્તિ કરી) તજવાં. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; એ ત્રણે અવસ્થાઓ બુદ્ધિની વૃત્તિ છે (જીવની નથી) અને તે પણ સ્વાભાવિક નથી, પરંતુ સત્ત્વાદિ ગુણોથી જ થનારી છે. જીવ તો એ ત્રણે અવસ્થાઓથી રહિત હોઈ તે ત્રણેના સાક્ષીરૂપે જ નક્કી કરાયો છે. બુદ્ધિને લીધે જ બંધ થાય છે, તે જ આત્માને બુદ્ધિની વૃત્તિરૂપ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ આપે છે (અર્થાત આત્મામાં બુદ્ધિનો આરોપ થાય છે, તે જ તેને જાગ્રત વગેરે અવસ્થાઓનું કારણ બને છે.) માટે તે ત્રણે અવસ્થાઓમાં મુકત ચોથો મારા સ્વરૂપમાં રહી આ સંસારરૂપ બંધનનો ત્યાગ કરવો, જેથી વિષયો તથા મનનો પણ પરસ્પર ત્યાગ થઈ જશે. આ બંધન અહંકારને લીધે કરાયું હોઈ તે જ આત્માના આનંદાદિ સ્વરૂપને ઢાંકી દઈ તેને અનર્થનું કારણ થાય છે એમ સમજી ' આ બધું દુઃખમય છે' આમ વૈરાગ્ય પામી ત્રણ અવસ્થાઓથી રહિત ચોથા સાક્ષી સ્વરૂપે રહી સંસારચિંતાનો ત્યાગ કરવો એટલે બુદ્ધિ ઉપરના અભિમાનને તથા તેથી કરાયેલી ભોગચિંતાને તજી દેવી. અધિક પ્રકારના અર્થવાળી પુરુષભેદની ભેદબુદ્ધિ (ગુરુએ ઉપદેશેલા) શાસ્ત્રાભ્યાસ દ્વારા પ્રકટેલી) યુક્તિઓ વડે દૂર થતી નથી, ત્યાં સુધી અજ્ઞાની પુરુષ (કર્મ વગેરેમાં) જાગતો રહે છે તો પણ સ્વપ્નોને જોતો હોય તેવો છે. તેમ સ્વપ્નમાંનું જાગવું સત્ય નથી, તેવું તે છે (અર્થાત્ ભેદબુદ્ધિ તજાય નહિ ત્યાં સુધી જ્ઞાનાદિ સર્વ કર્મ વૃથા છે.) વળી દેહાદિ પદાર્થો મિથ્યા જ છે, તેથી તે દેહાદિને લીધે કરાયેલા (વર્ણાશ્રમ વગેરે) ભેદો, સ્વર્ગાદિ ગતિઓ કે તેનાં ફળો અને તે સ્વર્ગાદિ ગતિઓનાં કારણ કર્મો તે સર્વ આ આત્માને મિથ્યા છે; જેમ સ્વપ્ન જોતા મનુષ્યને તે સ્વપ્નમાં દેખાતા સર્વ ભેદો, ગતિઓ તેમ જ તેનાં કારણો (જાગ્રત સ્થિતિમાં) મિથ્યા જણાય છે તેમ. વળી જાગ્રત અવસ્થામાં પ્રતિક્ષણ બદલાતાં બાળપણ, જુવાની આદિ ધર્મવાળા બહારના સ્થૂલ દેહાદિ પદાર્થોને ચક્ષુ આદિ સમસ્ત ઈન્દ્રિયોથી જ ભોગવે છે; તેમ જ સ્વપ્નાવસ્થાના હૃદયમાં તે જાગ્રત અવસ્થા જેવા જ વાસનામય સૂક્ષ્મ પદાર્થો જે ભોગવે છે અને સુષુપ્તિ અવસ્થામાં તે સર્વ પદાર્થોને જે સમેટી લે છે, તે આત્મા એક જ છે; કારણ કે આ એક જ આત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ જોનારો—તેનો સાક્ષી છે. (જોકે જાગ્રત અવસ્થાને સર્વ ઈન્દ્રિયો જુએ છે, સ્વપ્ન અવસ્થાને મન જુએ છે,

અને સુષુપ્તિ અવસ્થાને તે તે સંસ્કારવાળી બુદ્ધિ જુએ છે; પણ ખરી રીતે તેમ નથી; કારણ કે) આત્મા જ સર્વ ઈન્દ્રિયોનો, મનનો તથા બુદ્ધિનો નિયંતા છે. (કોઈ કહે કે, ઈન્દ્રિયોનો નિયંતા તો વિશ્વ છે, મનનો નિયંતા તૈજસ છે તેમ જ બુદ્ધિનો નિયંતા પ્રાજ્ઞ છે, તો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના દ્રષ્ટા તે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ જુદા જુદા જ હોવા જોઈએ. તેના ઉત્તરમાં કહેવાનું કે તે તો માત્ર જુદાં જુદાં નામો જ છે; ખરી રીતે) એક જ આત્માનું સર્વ અવસ્થાઓમાં અનુસંધાન રહે છે; માટે સર્વ અવસ્થાઓમાં આત્મા એક જ છે. મેં સ્વપ્નો જોયાં, તે પછી હું કંઈ પણ જાણતો ન હતો; તે જ હું હમણાં જાણું છું; આમ ઉપાધિના ભેદથી એક જ આત્માનો વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એવાં જુદાં જુદાં નામથી વ્યવહાર કરાય છે. આમ વિચાર કરી ગુણોથી થનારી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ મનની છે; છતાં મારી માયાને લીધે જ મારામાં કલ્પાયેલી છે, એવો આત્મસ્વરૂપનો નિશ્ચય કરી તમે અનુમાનો અને સત્પુરુષોના ઉપદેશો વડે તીક્ષ્ણ કરેલી જ્ઞાનરૂપી તલવારથી સર્વ સંશયોનું કારણ અહંકારનો નાશ કરી હૃદયમાં રહેલા મને ભજો. આ જગતને ભ્રાંતિરૂપ જોવું જોઈએ; કારણ કે તે મનનો જ વિલાસ હોઈ નજરે દેખાય છે અને નાશ પામે છે. જે વસ્તુ મનનો વિલાસ હોય, દેખાતી હોય અને નાશ પામતી હોય, તે ભ્રાંતિરૂપ જ હોય છે; જેમ સ્વપ્ન મનનો જ વિલાસ છે, દેખાય છે અને નાશ પણ પામે છે માટે તે ભ્રાંતિરૂપ છે. વળી તે જ પ્રમાણે (આ બીજા અનુમાનથી તે જ સિદ્ધ થાય છે.) આ જગત ભ્રાંતિરૂપ છે, કારણ કે તે અત્યંત ચંચળ છે. જે વસ્તુ અત્યંત ચંચળ હોય તે પણ ભ્રાંતિરૂપ જ હોય છે, જેમ ઊંબાડિયાનું ચક્કર અત્યંત ચંચળ છે; માટે ભ્રાંતિરૂપ જ છે તેમ. (કદાચ કોઈ કહે કે ભ્રાંતિ પણ વિષય વિના કેમ થાય ? તેનો ઉત્તર કહે છે:) વિજ્ઞાનસ્વરૂપ એક જ આત્મા અનેક સ્વરૂપે ભાસે છે; માટે ગુણોના પરિણામથી કરાયેલા આ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ નામનો ત્રણ પ્રકારનો જે ભેદ જણાય છે, તે કેવળ માયા જ છે. માટે આ દૃશ્ય પ્રપંચથી દૃષ્ટિને વાળી કેવળ આત્મસુખના અનુભવી થવું; અને તે અનુભવની નિશ્ચળતા માટે તૃષ્ણારહિત મૌન તથા નિઃસ્પૃહ રહેવું એટલે કે મન, વચન તથા કાયાના વ્યાપાર તજી દેવા. (જોકે દેહ છે ત્યાં સુધી દ્વૈતદૃષ્ટિ સર્વથી દૂર થતી નથી અને તેથી ફરી સંસાર થવા સંભવ છે, પણ) કોઈ આવશ્યક આહાર વગેરે કર્મમાં આ દ્વૈતપ્રપંચ ભલે કદાચ દેખાય; પણ જે વસ્તુને પ્રથમ અવસ્તુ બુદ્ધિથી તજી હોય, તે ફરી ભ્રાંતિ ઉપજાવવા સમર્થ થતી નથી; માત્ર દેહ પડે ત્યાં સુધી તે વસ્તુનો સંસ્કારરૂપે આભાસ રહે છે. (પણ તેથી તે આભાસ ભ્રાંતિ ઉપજાવી શકતો નથી.) જેમ દારૂના કેફથી અંધ બનેલો મનુષ્ય પોતે પહેરેલું વસ્ત્ર ખસી ગયું છે કે રહ્યું છે તે જાણતો નથી, તેમ (જેને આત્માનો સાક્ષાત્કાર થયો તેવો) સિદ્ધ પુરુષ નાશવંત શરીર પ્રારબ્ધકર્મના યોગથી આસન ઉપર બેઠું છે કે ત્યાંથી ઊઠી ક્યાંય બીજે ગયું છે કે પ્રારબ્ધકર્મને વશ થઈ ત્યાંનું ત્યાં જ પાછું આવ્યું છે તે કંઈ જાણતો નથી. કારણ કે તેણે સ્વરૂપ જાણ્યું હોય છે શરીર પણ પ્રારબ્ધકર્મને વશ રહી પોતાને ઉત્પન્ન કરનાર કર્મ જ્યાં સુધી હોય ત્યાં સુધી પ્રાણ તથા ઈન્દ્રિયો સાથે જોડાઈને જીવે જ છે; છતાં જેણે સમાધિયોગ પ્રાપ્ત કર્યો હોય અને તે દ્વારા પરમાર્થવસ્તુ જાણી હોય એવો જ્ઞાની પુરુષ, જેમ સ્વપ્નના શરીરને મનુષ્ય ફરી સેવતો નથી, તેમ (સ્ત્રી—પુત્રાદિ) પ્રપંચરહિત તે શરીરને ફરી સેવતો નથી, તેના ઉપર આસક્તિ કરતો નથી. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! સાંખ્ય તથા યોગનું આ રહસ્ય મેં તમને કહ્યું. હું યજ્ઞમૂર્તિ—વિષ્ણુ હોઈ તમને ધર્મનો ઉપદેશ આપવા આવ્યો છું એમ તમે જાણો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! હું યોગનો, સત્યનો, ધર્મનો, પ્રભાવનો, લક્ષ્મીનો, કીર્તિનો તથા ઈંદ્રિયનિગ્રહનો પરમ આશ્રય છું અને ફળરૂપ તથા નિર્ગુણ હોઈ કોઈ જાતની ઈચ્છા નહિ રાખતો સર્વ પ્રાણીઓનો મિત્ર અને પ્રિય આત્મા છું; માટે જ સર્વ ઉપર સમાનપણું અને સર્વ સંગથી રહિતપણું વગેરે

ગુણો નિત્ય મને ભજે છે—મારામાં રહે છે.' એમ સનકાદિ મુનિઓનો સંદેહ મેં દૂર કર્યો; એટલે તેઓએ પરમ ભકિતપૂર્વક મારી પૂજા કરીને સ્તોત્રોથી સ્તુતિ કરી. પછી તે મહર્ષિઓએ સારી રીતે પૂજેલો અને સ્તુતિ કરેલો હું બ્રહ્માના દેખતાં પોતાના ધામ તરફ ગયો હતો. ૧-૪૨

तैरहं पूजितः सम्यक् संस्तृतः परमर्षिभिः । प्रत्येयाय स्वकं धाम पश्यतः परमेष्ठिनः ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

## અધ્યાય-૧૪

## ભક્તિની શ્રેષ્ઠતા અને સાધનો સહિત ધ્યાનયોગ

॥ उद्धव उवाच ॥

वदन्ति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः । तेषां विकल्पप्राधान्यमुताहो एकमुख्यता ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે શ્રીકૃષ્ણ ! વેદવાદીઓ કલ્યાણનાં સાધનો ઘણાં કહે છે, તે તે પ્રત્યેક સાધન મુખ્ય હોય એવું છે કે તેમાંથી કોઈ એક જ મુખ્ય છે ? હે સ્વામિન્ ! આપે નિરપેક્ષ ભકિતયોગ કહ્યો, જેથી સર્વ તરફનો સંગ તજી મન આપ વિષે પ્રવેશ કરે છે. (પરંતુ બીજાઓ બીજાં સાધનો પણ કહે છે; તેથી હું પૂછું છું કે, એ પ્રત્યેક સાધન ફળ આપવામાં મુખ્ય છે કે તેમાં કેટલાંક મુખ્ય અને કેટલાંક તેઓનાં અંગ છે ? જો પ્રત્યેક ફળ આપનારાં હોય, તો તે સઘળાંનાં ફળ સરખાં છે કે જુદાં જુદાં ?)

**શ્રી ભગવાન બોલ્યા :** પ્રલય વખતે વેદવાણી કાળને લીધે નાશ પામી હતી; તે પ્રથમ બ્રાહ્મકલ્પના આદિકાળે મેં બ્રહ્માને કહી હતી, જેમાં મારે વિષે જ મન સ્થિર કરાવનારો ધર્મ છે. બ્રહ્માએ એ વેદવાણી સૌ પહેલાં જન્મેલા પુત્ર મનુને કહી અને મનુ પાસેથી બ્રહ્મર્ષિ ભૃગુ વગરે સાત પ્રજાપતિઓએ લીધી. પછી તેમની પાસેથી તેઓના પુત્ર દેવો, દાનવો, યક્ષો, મનુષ્યો, સિદ્ધો, ગંધર્વો વિદ્યાધરો, ચારણો, કિંદેવો, કિન્નરો, નાગો, રાક્ષસો તથા કિંપુરુષો વગેરેએ લીધી; પરંતુ આ સર્વ લોકોની પ્રકૃતિ અનેક પ્રકારની છે; કેમ કે તેઓની પ્રકૃતિમાં જન્મસ્થાન રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ છે; અને તે જુદી જુદી પ્રકૃતિઓને લીધે દેવ, અસુર, મનુષ્ય વગેરે પ્રાણીઓ તેમ જ તે તે પ્રાણીઓની બુદ્ધિઓ પણ જુદી જુદી જ છે તેથી પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે સર્વ કોઈએ વેદવાણીના અર્થ જુદા જુદા કર્યા છે. એ જ રીતે, પ્રકૃતિની વિચિત્રતાથી જ કેટલાક મનુષ્યો અભણ હોય, તોપણ ઉપદેશની પરંપરાથી તેઓની બુદ્ધિ જુદી જુદી હોય છે અને કેટલાક તો વેદવિરુદ્ધ પાખંડને અનુસરનારી બુદ્ધિવાળા પણ હોય છે. હે પુરુષશ્રેષ્ઠ ! એમ મારી માયાથી મોહિત બુદ્ધિવાળા પુરુષો પોતપોતાનાં કર્મ અને રુચિ પ્રમાણે અનેક જાતનાં કલ્યાણનાં સાધનો કહે છે. કેટલાક (મીમાંસકો) કર્મ કરવારૂપ ધર્મને, કેટલાક (સાહિત્યશાસ્ત્રીઓ) યશને, કેટલાક (વાત્સ્યાયન વગેરે) કામભોગને, કેટલાક (યોગશાસ્ત્રીઓ) સત્ય, દમ તથા શમને, કેટલાક (રાજનીતિ જાણનારા) ઐશ્વર્યને, ત્યાગીઓ ત્યાગને તથા (ચાર્વાક વગેરે નાસ્તિકો) ભોગને અને બીજા કેટલાક યજ્ઞ, તપ, દાન, વ્રત, નિયમો તથા યમોને પુરુષાર્થરૂપ કહે છે. આ લોકોનાં કર્મ પ્રમાણે નિર્માણ કરાયેલા સ્વર્ગાદિ લોક આદિ તથા અંતવાળા, પરિણામે દુઃખદાયી, અંતે મોહ ઉપજાવનારા, ક્ષુદ્ર આનંદવાળા અને શોકથી વ્યાપ્ત છે. હે સભ્ય ઉદ્ધવ ! જે મનુષ્યે મારામાં ચિત્ત સ્થાપ્યું હોય અને સર્વ વિષયોની તૃષ્ણા તજી હોય, તેને સ્વરૂપપણાથી સ્ફૂરતા આત્મા રૂપ મારા વડે જે સુખ મળે છે, તે (પૂર્વોકત) વિષયાત્મા મનુષ્યોને ક્યાંથી મળે ? (માટે મારી ભકિત જ સર્વોત્તમ કલ્યાણનું સાધન છે.) જેણે સર્વ પરિગ્રહ તેજ

હોય, બાહ્ય તથા આભ્યંતર ઈન્દ્રિયો જતી હોય, ચિત્ત બધે સમભાવવાળું કર્યું હોય અને મન કેવળ મારાથી જ સંતુષ્ટ રહેતું હોય તેને સર્વ દિશાઓ સુખમય છે. મારામાં સ્થાપેલા મનવાળો ભકત બ્રહ્માના પદને, મહેન્દ્રના સ્થાનને, ચક્રવર્તીના પદને, પાતાલના અધિપતિપણાને, યોગસિદ્ધિઓને કે મોક્ષને પણ મારા વિના ઈચ્છતો નથી. હે ઉદ્ધવ ! તમે મને જેવા અતિ પ્રિય છે, તેવા બ્રહ્મા (મારા પુત્ર છે તોપણ), શંકર (મારું જ સ્વરૂપ છે છતાં,). બળદેવ (મોટાભાઈ છે તોપણ), લક્ષ્મી (પત્ની છે છતાં) અને મારો આત્મા પણ મને પ્રિય નથી (અર્થાત્ મારો ભકત અને સર્વ કરતાં પ્રિય છે) મારા વિના કંઈ ન ઈચ્છતા, મારૂં જ મનન કરતા, શાંત, વેદરહિત અને બધે સમદષ્ટિવાળા મારા ભકતની પાછળ પાછળ હું નિત્ય એવી ઈચ્છાથી ફર્યા કરું છું કે તેની ચરણરજ મારા પર પડવાથી હું પવિત્ર થાઉં. કોઈ વસ્તુનો પરિગ્રહ ન રાખતાં, મારામાં પ્રેમયુકત મનવાળા, શાંત, અભિમાનરહિત, સમગ્ર જીવો પર પ્રેમવાળા અને વિષયોથી ન લેપાયેલા મનવાળા મારા ભકતો જે સુખ અનુભવે છે, તેને તો તેઓ જ જાણે છે—પામી શકે છે, કારણ કે જેઓને મોક્ષની પણ ઈચ્છા હોતી નથી, તેઓથી જ તે સુખ મેળવી શકાય છે. મારો કોઈ અજિતેન્દ્રિય ભકત કદાચ વિષયોથી આકર્ષાય, તોપણ દઢ ભકિતને લીધે તે વિષયોથી જિતાઈ જતો નથી. હે ઉદ્ધવ! અત્યંત વધેલી જવાળાઓવાળો અગ્નિ જેમ લાકડાંને (બાળી) ભસ્મ કરે છે, તેમ મારી ભકિત સમગ્ર પાપોને (બાળી) ભસ્મ કરે છે. હે ઉદ્ધવ ! વધેલી ભકિત મને જેવો વશ કરે છે તેવો યોગ, સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ કે ત્યાગ મને વશ કરતાં નથી. સર્વનો આત્મા અને સજ્જનોને પ્રિય એવો હું શ્રદ્ધાયુકત એવી એક ભકિતથી જ વશ થાઉં છું અને મારી ભકિત ચાંડાલોને પણ જાતિદોષથી પવિત્ર કરે છે. સત્ય, દયાયુકત ધર્મ અથવા તપશ્ચર્યાયુક્ત વિદ્યા મારી ભકિતથી રહિત અંતઃકરણને સારી રીતે પવિત્ર કરતાં નથી. શરીરનાં રૂંવાડાં ઊભાં થયા વિના, પીગળતા ચિત્ત વિના અને આનંદનાં આંસુ વહ્યા વિના ભકિત કેમ જણાય ? અને ભકિત વિના અંતઃકરણ શુદ્ધ કેમ થાય ? જેની વાણી ગળગળી થઈ જાય, ચિત્ત પીગળી જાય, જે વારંવાર રડે, કોઈ વેળા હસે, કોઈ વેળા લજ્જારહિત થઈ ઊંચે સ્વરે ગાય અને કોઈ વેળા નાચે છે, તેવો મારી ભકિતવાળો પુરુષ જગતને પવિત્ર કરે છે. જેમ અગ્નિથી તપાવેલું સોનું તરત જ પોતાની અંદરનો મેલ તજે છે અને પોતાનું મૂળરૂપ પામે છે, તેમ જીવાત્મા પણ મારી ભકિતના યોગથી કર્મવાસના તજી પોતાના મૂળરૂપ મને પામે છે—બ્રહ્મસ્વરૂપ થાય છે. મારી પવિત્ર કથાઓ સાંભળવાથી તથા વર્ણવવાથી જેમ જેમ ચિત્ત શુદ્ધ થાય છે, તેમ તેમ તે સુક્ષ્મ વસ્તુને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે. જેમ આંજણ આંજેલું ચક્ષુ જેમ જેમ નિર્દોષ થતું જાય છે તેમ તેમ તે સૂક્ષ્મ વસ્તુને જોઈ શકે છે. વિષયોનું ધ્યાન કરતા મનુષ્યનું ચિત્ત જેમ વિષયમાં આસકત થાય છે, તેમ મારું ચિંતન કરતા મનુષ્યનું ચિત્ત મારામાં જ લીન થાય છે. માટે સ્વપ્નમાં જોયેલા વિષય સંબંધી મનોરથો જેમ તજાય છે તેમ માત્ર અસત્ વસ્તુના જ ચિંતનરૂપ બીજાં સાધનો અને તેના ફળને તજી કેવળ મારી ભકિતથી જ શુદ્ધ કરેલા મનને મારામાં સ્થાપો. (મુમુક્ષુએ) સ્ત્રીઓનો તથા સ્ત્રીઓના સંગીઓનો સંગ દૂરથી જ તજી ધીર બની નિર્ભય એકાંત પ્રદેશમાં બેસી આળસરહિત થઈ મારું ચિંતન કરવું; કારણ કે પુરુષને સ્ત્રીના સંગથી કે સ્ત્રીઓના સંગીઓના સંગથી જેવો કલેશ તથા બંધ થાય છે; તેમ બીજા કોઈના પ્રસંગથી થતો નથી.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે કમળનયન કૃષ્ણ ! મુમુક્ષુએ જે પ્રકારે, જેવા વિશેષવાળા અને જે સ્વરૂપે આપનું ધ્યાન કરવું જોઈએ, તે મને કહેવા આપ યોગ્ય છો.

**શ્રીભગવાન બોલ્યા :** બહુ ઊંચા નહિ કે બહુ નીચા નહિ એવા કામળી (દર્ભાસન) વગેરે આસન ઉપર પોતાને સુખ થાય તેમ સીધા શરીરે બેસવું; બંને હાથને ખોળામાં રાખી પોતાની દૃષ્ટિ નાકના ટેરવા પર કરી પૂરક, કુંભક તથા રેચક એમ સીધા ક્રમથી અને રેચક, પૂરક તથા કુંભક એવા ઊલટા ક્રમથી અથવા ડાબા નસકોરાથી પૂરક અને જમણાથી રેચક તથા જમણા નસકોરાથી પૂરક અને ડાબાથી રેચક એવા ઊલટા ક્રમથી પણ પ્રાણનો માર્ગ શુદ્ધ કરવો; અર્થાત્ પ્રાણાયામ કરવો. આ રીતે ઈંદ્રિયોને જીતી ધીમે ધીમે અભ્યાસ વધારવો. તેમાં પ્રાણાયામ બે પ્રકારનો છેઃ એક સગર્ભ અને બીજો અગર્ભ. (આત્માનો) પહેલો સગર્ભ ૐકાર યુકત હોઈ શ્રેષ્ઠ છે, માટે તે અહીં કહે છે. ૐકાર મૂલાધારથી માંડી છેક મસ્તકના છેડા સુધી કમળના નાળની અંદરના તંતુ પેઠે સૂક્ષ્મ એકધારો રહેલો છે; તેને મનની અંદર પ્રાણથી પ્રકટ કરી તેમાં ઘંટના નાદ એવો ઉદાત્ત નાદ સ્થિર કરવો. એમ દરરોજ સવાર, બપોર અને સાંજ એમ ત્રણ કાળ દસ દસ વાર ૐકારયુકત (સગર્ભ) પ્રાણાયામનો જો અભ્યાસ કરે તો એક મહિનામાં જ મનુષ્ય પ્રાણવાયુને જીતે છે, (એ રીતે ધ્યાનનાં અંગ કહ્યાં, હવે જેવાં વિશેષણવાળું ધ્યેય હોવું જોઈએ, તે કહેવાને પ્રથમ ધ્યેય વસ્તુનું આસન કહે છે.) શરીરની અંદર ઊંચાં નાળવાળું અને નીચા મુખવાળું (કેળના પુષ્પ પેઠે વગર ઊઘડેલું) જે હૃદયકમળ છે, તેને (ઊલટું ચિંતવી) નીચા વાળવાળું, ઊંચા મુખવાળું, ખીલેલું, આઠ પાંખડીઓવાળું અને (વચ્ચે) કળીવાળું ચિંતવવું. પછી તે કળીમાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિનું ઉત્તરોત્તર એકબીજાની ઉપર ચિંતન કરવું. પછી અગ્નિની વચ્ચે મારા આ (વિશેષણોવાળા) ધ્યેય મંગળ સ્વરૂપનું ધ્યાન કરવું. યોગ્ય અવયવોવાળું, અત્યંત શાંત, સુંદર મુખવાળું, લાંબી અને સુંદર ચાર ભુજાઓવાળું, અતિ મનોહર, સુંદર ડોકવાળું, સુંદર ગાલવાળું, ઉજજવળ મંદ હાસ્યવાળું, સમાન, બંને કાનમાં પહેરેલાં દેદીપ્યમાન મકરાકાર કુંડળોવાળું, સોના જેવાં પીળાં વસ્ત્રો પહેરેલું, મેઘ સરખું શ્યામ; શંખ, ચક્ર, ગદા, પદ્મ ને વનમાળાથી શોભતું ઝાંઝરોથી શોભતા પગવાળું, કૌસ્તુભમણિની કાંતિથી યુકત, કાંતિમાન મુકુટ, કડાં, કંદોરો તથા બાજુબંધ વડે ચારે બાજુ શણગારેલું; સર્વાંગસુંદર અને પ્રસન્ન મુખ તથા નેત્રવાળું મારું સુકોમળ સ્વરૂપનું ધ્યાન કરવું. આ મારા સ્વરૂપનાં સર્વ અંગોમાં મનને સ્થાપતાં વીર પુરુષે ઈન્દ્રિયોને તેઓના વિષયો તરફથી મન દ્વારા ખેંચી તે મનને બુદ્ધિરૂપી સહાયથી સર્વ અંગયુકત મારે વિષે લઈ જવું. પછી મારાં સર્વ અંગોમાં પરોવાયેલા તે મનને ખેંચી એક એક અંગમાં ધારણ કર્યે જવું અને છેવટે બીજા કોઈ પણ અંગો ન ચિંતવવાં; પરંતુ સુંદર મંદહાસ્યવાળા મુખનું ખૂબ ધ્યાન કરવું. પછી એ મુખમાં ચિત્ત સ્થિર થાય એટલે ત્યાંથી આકર્ષી સર્વના કારણે મારા સ્વરૂપમાં તે ચિત્તને ધારણ કરવું અને પછી તે કારણરૂપનો પણ ત્યાગ કરી શુદ્ધ બ્રહ્મ મારે વિષે આરૂઢ થઈ કંઈ ચિતવવું નહિ—ધ્યાતા અને ધ્યેય, એમ કોઈ વિભાગનું ચિંતન કરવું નહિ. (આવા સમાધિ સુધીના ધ્યાનનું ફળ આ છે કે) એમ મારે વિષે બરાબર નિશ્ચળ થયેલી બુદ્ધિવાળો પુરુષ મને જ પોતા વિષે જુએ છે અને સર્વના આત્મા મારે વિષે તેજમાં જોડાયેલા તેજની પેઠે પોતાને જોડાયેલો જુએ છે. આ રીતે અત્યંત તીવ્ર ધ્યાનથી મનને સમાધિનિષ્ઠ કરનાર યોગીનો અધિભૂત, અધિદૈવ તથા અધ્યાત્મરૂપ અથવા દૃશ્ય, દ્રષ્ટી તથા દર્શનરૂપ ભ્રમ સારી રીતે શાંત થાય છે. ૧-૪૬

ध्यानेनेत्थं सुतीव्रेण युञ्जतो योगिनो मनः । संयास्यत्याशु निर्वाणं द्रव्यज्ञानक्रियाभ्रमः ॥४६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૪ સમાપ્ત.*

## અધ્યાય-૧૫

## શ્રીવિષ્ણુપદ પામવામાં વિઘ્નરૂપ સિધ્ધિઓ

॥ श्रीभगवानुवाच ॥

जितेंद्रियस्य युक्तस्य जितश्वासस्य योगिनः । मयि धारयतश्चेत उपतिष्ठन्ति सिद्धयः ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** ઈંદ્રિયો તથા પ્રાણવાયુ જીતનાર અને મારામાં ચિત્ત સ્થાપતા સ્થિર મનવાળા યોગી પાસે સિદ્ધિઓ હાજર થાય છે.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** કઈ ધારણા કરવાથી ક્યા નામની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તે સિદ્ધિઓ કેટલી છે અને ધારણાઓ કેટલી છે તે આપ કહો. આપ જ યોગીઓને સિદ્ધિઓ આપનારા છો. (તેથી તે સંબંધી આપ જ યથાયોગ્ય કહી શકો.)

**શ્રીભગવાન બોલ્યા :** યોગપારંગત પુરુષોએ સિદ્ધિઓ તથા ધારણાઓ અઢાર કહી છે. તે અઢાર સિદ્ધિઓમાંથી આઠ સિદ્ધિઓનો મુખ્ય આશ્રય હું જ છું અને બાકીની દસ સિદ્ધિઓ સત્ત્વગુણની વૃદ્ધિરૂપ કારણવાળી છે; અર્થાત્ સત્ત્વગુણની વૃદ્ધિથી હરકોઈને મળી શકે છે. ૧. અણિમા, ૨. મહિમા તથા ૩. લઘિમા નામની ત્રણ સિદ્ધિઓ દેહસંબંધી છે અને ૪. (સર્વ પ્રાણીઓની) ઈન્દ્રિયો સાથે (તે તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવરૂપે) સંબંધ કરવો તે 'પ્રાપ્તિ' નામની સિદ્ધિ છે. ૫. આ લોકના તથા પરલોકના સર્વ વિષયભોગો જોવાનું સામર્થ્ય તે 'પ્રાકામ્ય' નામની સિદ્ધિ છે. ૬. ઈશ્વરમાં માયાની અને બીજાઓમાં માયાના અંશોની પ્રેરણા કરવાનું સામર્થ્ય તે 'ઈશિતા' નામની સિદ્ધિ છે. ૭. વિષયભોગોમાં આસક્તિ ન થવી તે 'વશિતા' નામની સિદ્ધિ છે. ૮. જે જે સુખને પોતે ઈચ્છે તેની સીમાને પહોંચી શકે તે 'કામાવસાયિતા' નામની સિદ્ધિ છે. હે સૌમ્ય ઉદ્ધવ ! આ આઠ મારી સ્વાભાવિક સિદ્ધિઓ છે (અને મારાથી વધારે અંશે બીજા કોઈમાં નથી.) તેમ જ ૯. આ શરીરમાં ભૂખ, તરસ વગેરે ન લાગે તે 'અનૂર્મિમત્વ' નામની સિદ્ધિ છે. ૧૦. ગમે તેટલે દૂરથી પણ સાંભળવું તે 'દૂરશ્રવણ' નામની સિદ્ધિ છે. ૧૧. ગમે તેટલે દૂરથી પણ જોવું તે 'દૂરદર્શન' નામની સિદ્ધિ છે. ૧૨. મનના જેવા વેગથી દેહની ગતિ કરવી તે 'મનોજવ' નામની સિદ્ધિ છે. ૧૩. ગમે તે રૂપ ધરવું તે 'કામરૂપ' નામની સિદ્ધિ છે. ૧૪. હરકોઈના શરીરમાં પેસી જવું તે 'પરકાયપ્રવેશ' નામની સિદ્ધિ છે. ૧૫. પોતાની ઈચ્છામાં આવે ત્યારે મરવું તેં 'સ્વચ્છંદમૃત્યુ' નામની સિદ્ધિ છે. ૧૬. અપ્સરાઓ સાથે દેવોની ક્રીડાઓ જોવી તે 'દેવસહક્રીડાદર્શન' નામની સિદ્ધિ છે. ૧૭. પોતે જે વસ્તુનો સંકલ્પ કરે તે વસ્તુ મળે તે 'યથાસંકલ્પસિદ્ધિ' નામની સિદ્ધિ છે અને ૧૮. પોતાની આજ્ઞા હરકોઈ સ્થળે પળાવવી તે 'આજ્ઞાપ્રતિહતાગતિ' નામની સિદ્ધિ છે. (અઢાર સિદ્ધિઓ સિવાય બીજી પાંચ ક્ષુદ્ર સિદ્ધિઓ પણ છે (૧. ત્રણે કાળનું જ્ઞાન તે 'ત્રિકાલજ્ઞત્વ' નામની સિદ્ધિ છે. ૨. ટાઢ કે તાપ વગેરેની અસર ન થાય તે 'અદ્વંદ્વ' નામની સિદ્ધિ છે; ૩. બીજાઓનાં ચિત્તને જાણી જવું તે 'પરચિત્તાદ્યભિજ્ઞતા' નામની સિદ્ધિ છે ૪. અગ્નિ, સૂર્ય, જળ તથા ઝેર વગેરેને રોકી દેવા તે 'પ્રતિષ્ટંભ' નામની સિદ્ધિ છે અને ૫. કોઈથી પણ હારવું નહિ તે 'અપરાજય' નામની સિદ્ધિ છે. યોગધારણાથી પ્રાપ્ત થતી આ સર્વ સિદ્ધિઓ મેં તમને નામ બતાવીને કહી. હવે જે

ધારણાથી જે સિદ્ધિ જે પ્રકારે પ્રાપ્ત થાય છે, તે તમે મારી પાસેથી સાંભળો. જે યોગી શબ્દ, સ્પર્શ આદિ પાંચ સૂક્ષ્મ ભૂતોરૂપી ઉપાધિવાળા મારે વિષે તે તે સૂક્ષ્મ ભૂતોના આકારવાળા મનની ધારણા કરે છે, તે સૂક્ષ્મભૂતરૂપી તન્માત્રાઓનો ઉપાસક હોઈ મારી 'અણિમા' સિદ્ધિ પામે છે. જે યોગી જ્ઞાનશકિતવાળા મહત્તત્વરૂપ મારે વિષે એ મહત્તત્ત્વના આકારવાળા થયેલા મનની ધારણા કરે છે, તે 'મહિમા' નામની સિદ્ધિ પામે છે; તેમ જ આકાશ વગેરે પાંચ ભૂતોરૂપ ઉપાધિવાળા મારે વિષે જુદાં જુદાં જે જે ભૂતોમાં મનની ધારણા કરે છે, તો તે તે ભૂતોની મહત્તારૂપ 'મહિમા' નામની સિદ્ધિ પામે છે. જે યોગી પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર ભૂતોના પરમાણુરૂપ ઉપાધિવાળા મારે વિષે મનની ધારણા કરે છે, તે જળના પરમાણુરૂપ ઉપાધિરૂપી 'લઘિમા' નામની સિદ્ધિ પામે છે. જે યોગી સાત્ત્વિક અહંકારરૂપ ઉપાધિવાળા મારે વિષે સંપૂર્ણ મનની ધારણા કરે છે, તે એ રીતે મારામાં મનવાળો હોવાથી સર્વ ઈંદ્રિયોના દેવ થવારૂપ 'પ્રાપ્તિ' નામની સિદ્ધિ પામે છે. જે યોગી ક્રિયાશકિતઓ જેમાં મુખ્ય છે એવા મહત્તત્વરૂપી ઉપાધિવાળા મારે વિષે મનની ધારણા કરે છે; તે મહત્તત્ત્વ અર્થાત્ સૂત્રાત્મારૂપ ઉપાધિવાળા મારી 'પ્રાકામ્ય' નામની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પામે છે. જે યોગી ત્રિગુણાત્મક માયાના નિયંતા અને કાલમૂર્તિ વિષ્ણુરૂપ મારે વિષે મનની ધારણા કરે છે, તે ક્ષેત્રો તથા ક્ષેત્રજ્ઞોને પ્રેરણા કરવાના સામર્થ્યરૂપ 'ઈશિતા' નામની સિદ્ધિ પામે છે. જે યોગી (વિરાટ, હિરણ્યગર્ભ અને કારણ એ ત્રણ ઉપાધિઓથી રહિત) તુરીય નામના 'ભગવાન' શબ્દથી કહેવાતા નારાયણ—મારા વિષે મનની ધારણા કરે છે, તે મારા જેવા ધર્મવાળો હોઈ 'વશિતા' નામની સિદ્ધિ પામે છે. જે યોગી નિર્ગુણ બ્રહ્મરૂપ મારામાં શુદ્ધ ચિત્તને ધારણ કરે છે તે પરમ આનંદ રૂપ અને સર્વ કામનાઓ જેમાં પૂર્ણ થાય છે, તે 'કામાવસાયિતા' નામની સિદ્ધિ પામે છે. તેમ જ શ્વેતદ્વીપના સ્વામી અને શુદ્ધ ધર્મમય મારે વિષે ચિત્તને ધારણ કરનારો પુરુષ ક્ષુધા, તૃષા વગેરે છ ઊર્મિઓથી રહિત થઈ શુદ્ધ સ્વરૂપને પામે છે એટલે 'અનૂર્મિમત્વ' નામની સિદ્ધિ પામે છે. આકાશસ્વરૂપ જે સમષ્ટિપ્રાણ છે તે રૂપ મારે વિષે મનથી નાદને ચિંતવતો જીવ આકાશનો જ્ઞાતા થઈ ત્યાં રહેલી પ્રાણીઓની અનેક જાતની વાણી સાંભળે છે, અર્થાત્ 'દૂરશ્રવણ' નામની સિદ્ધિ પામે છે. સૂર્યમાં ચક્ષુને અને સૂર્યને ચક્ષુમાં જ તે બંનેના સંયોગમાં મનથી મારું ધ્યાન કરતો યોગી સૂક્ષ્મદષ્ટા થઈ દૂરથી જગતને જોઈ શકે છે—'દૂરદર્શન' નામની સિદ્ધિ પામે છે. મન અને શરીર એ બંને, તેમને અનુસરતા વાયુ સાથે મારામાં જોડી મારી ધારણા કરવાના પ્રભાવથી મન જ્યાં જાય ત્યાં દેહ પણ જઈ શકે છે, અર્થાત્ 'મનોજવ' નામની સિદ્ધિ પામે છે. મનને મૂળ કારણ બનાવી યોગી જે દેવાદિરૂપે થવા ઈચ્છે, તે તે મનોવાંચ્છિત રૂપે થઈ શકે છે; કારણ કે (અચિંત્યશકિતવાળા અને જાતજાતના અનેક આકારોવાળા) મારે વિષે મનની ધારણાનું જે બળ, તે જ તે રૂપે થવામાં કારણ થાય છે અર્થાત્ તેવા યોગીને 'કામરૂપ' નામની સિદ્ધિ મળે છે. પારકા શરીરમાં પ્રવેશ કરતા સિદ્ધ યોગીએ પારકા શરીરમાં પોતાના આત્માનું ચિંતન કરવું જોઈએ અને પછી સ્થૂલ શરીર તજી પ્રાણ પ્રધાનલિંગશરીરની ઉપાધિવાળા વાયુરૂપ થઈ (એક ફૂલમાંથી બીજા ફૂલમાં અનાયાસે પેસતા) ભમરાની પેઠે તે વાયુરૂપ માર્ગે પારકા શરીરમાં પેસી જાય છે, આ 'પરકાયાપ્રવેશ' સિદ્ધિ છે. પાનીથી ગુદાને દબાવી પ્રાણરૂપ ઉપાધિવાળા આત્માને અનુક્રમે હૃદય, છાતી, કંઠ તથા મસ્તકમાં ચડાવી છેવટે બ્રહ્મરંધ્ર દ્વારા બ્રહ્મ વિષે અથવા પોતાને જે સ્થાનની ઈચ્છા હોય

તે સ્થાને મનથી લઈ જઈ શરીર તજવું તે 'સ્વચ્છંદ મૃત્યુ' સિદ્ધિ છે. જેને દેવોનાં ક્રીડાસ્થાનોમાં વિહાર કરવો હોય તેણે મારી મૂર્તિરૂપ શુદ્ધ સત્ત્વગુણનું ચિંતન કરવું, તેથી સત્વગુણના અંશરૂપ દેવાંગનાઓ વિમાન લઈ આવે છે, અર્થાત્ સત્વગુણના ચિંતનથી 'દેવસહક્રીડાનું દર્શન' એ નામની સિદ્ધિઓ મળે છે. સત્યસંકલ્પવાળા મારે વિષે મનને જોડતો યોગી મારા પરાયણ થઈ બુદ્ધિથી જેવા સંકલ્પ કરે તેવું ફળ પામે છે; આ 'યથાસંકલ્પ સિદ્ધિ' નામની સિદ્ધિ છે. જે યોગી સર્વનિયંતા અને સ્વતંત્ર એવા મારા સ્વભાવને પામ્યો હોય, તેની આજ્ઞા મારી આજ્ઞાની પેઠે કોઈનાથી હણાતી નથી. ધારણા દ્વારા સ્વભાવને પામેલાને 'અપ્રતિહતાજ્ઞા' નામની સિદ્ધિ મળે છે. ધારણાને જાણનાર જે યોગીનું ચિત્ત મારી ભકિતથી શુદ્ધ થયું હોય તેને જન્મમૃત્યુના જ્ઞાન સાથે ત્રણે કાળનું જ્ઞાન થાય છે અર્થાત્ તેને 'ત્રિકાલજ્ઞત્વ' અને 'પરિચિત્તાદ્યભિજ્ઞતા' નામની બંને સિદ્ધિઓ મળે છે. (હું અગ્નિ વગેરે કોઈથી નાશ પામતો નથી માટે) મારી ધારણાને લીધે જેનું મન મારામાં જ એકનિષ્ઠ થયું હોય તે મુનિનું યોગમય શરીર અગ્નિ વગેરેથી હણાતું નથી. જેમ જળજીવોને પાણી નાશ કરનાર થતું નથી, તેમ એ મુનિના શરીરને પણ અગ્નિ વગેરે નાશ કરનાર થતા નથી. આ 'પ્રતિષ્ટભ' નામની સિદ્ધિ છે અને આવી જ ધારણાથી 'અદ્વંદ્વ' નામની સિદ્ધિ પણ મળે છે. જે યોગી શ્રીવત્સલાંછન તથા અસ્ત્રોથી શણગારેલા મારા અવતારનું ધજા, છત્ર તથા ચામરો સહિત ધ્યાન કરે છે, તે અપરાજિત થાય છે; તેને 'અપરાજય' નામની સિદ્ધિ મળે છે. એ રીતે યોગરૂપી ધારણાઓથી મારી ઉપાસના કરનાર યોગીને પૂર્વે કહેલી સમગ્ર સિદ્ધિઓ મળે છે. (અથવા જુદી જુદી ધારણાઓનો પ્રયાસ કરવાની કંઈ જરૂર નથી. માત્ર આ એક જ ધારણાથી સર્વ સિદ્ધિઓ મળે છે.) અંદરની ઇન્દ્રિયોને તથા બહારથી ઈન્દ્રિયોને જીતનાર અને પ્રાણવાયુને તથા મનને પણ જીતી (સોળમા શ્લોકમાં કહેલી) મારી એક જ ધારણા કરતા યોગીને કઈ સિદ્ધિ અતિ દુર્લભ છે ? (અર્થાત્ ત્યાં બતાવેલી 'વશિતા' નામની સિદ્ધિ મળતાં સર્વ સિદ્ધિઓ મળી ચૂકી છે.) આમ છે તો પણ મારા (ઉપાસનારૂપ) ઉત્તમ યોગને સાધતા અને તેથી જ મને પામતા યોગીને પૂર્વોકત સિદ્ધિઓ વખત ગાળવામાં કારણ થઈ વિઘ્નરૂપ થાય છે, એમ વિદ્વાનો કહે છે (માટે સિદ્ધિઓ ઈચ્છવા યોગ્ય જ નથી.) જન્મ, ઔષધિ, તપ તથા મંત્રો વડે આ જગતમાં જેટલી સિદ્ધિઓ મળે છે, તે સર્વ સિદ્ધિઓને યોગી (૧૬ મા શ્લોકમાં કહેલી ધારણારૂપ) યોગથી પામે છે; પરંતુ તે યોગથી મારી સાલોક્ય આદિ ગતિ પામે છે; તે બીજા કોઈ સાધનથી પમાતી નથી. (માટે નિષ્કામ એવી તે જ યોગધારણા કરવી યોગ્ય છે, બાકીની કામ્ય ધારણાઓ ન કરવી;) કારણ કે સર્વ સિદ્ધિઓનું કારણ અને સ્વામી હું છું અને મોક્ષનો, મોક્ષસાધન જ્ઞાનનો, ધર્મનો તથા ધર્મના ઉપદેશક બ્રહ્મવાદીઓનો પણ હું જ સ્વામી છું. હું સર્વ જીવોનો આત્મા છું; કારણ કે હું જ અંતર્યામી છું (છતાં સર્વની અંદર હોઈ મપાતો નથી.) હું બહાર પણ છું—સર્વવ્યાપક છું; કેમ કે હું કોઈ આવરણથી રહિત છું. જેમ (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદભિજ્જ એમ ચાર પ્રકારનાં) સર્વ પ્રાણીઓમાં પાંચ મહાભૂતો અંદર અને બહાર રહેલાં છે, તેમ હું પોતે જ સર્વ પ્રાણીઓની અંદર અને બહાર છું. ૧-૩૬

अहमात्मान्तरो बाह्योऽनावृतः सर्वदेहिनाम् । यथा भूतानि भूतेषु बहिरन्तः स्वयं तथा ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૫ સમાપ્ત.*

# અધ્યાય-૧૬

## શ્રીભગવાનની વિભૂતિઓ

॥ उद्धव उवाच ॥

त्वं ब्रह्म परमं साक्षादनाद्यन्तमपावृतम् । सर्वेषामपि भावानां त्राणस्थित्यप्ययोद्भवः ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** આપ આદિ–અંતરહિત અને કોઈ પણ જાતના આવરણથી રહિત સાક્ષાત્ પરબ્રહ્મ છો અને તેથી જ સર્વનું રક્ષણ જીવન, નાશ તથા ઉત્પત્તિ આપથી જ થાય છે. આપ જ સર્વનું મૂળ કારણ છો. હે ભગવન્ ! વેદનું તાત્પર્ય જાણનારાઓ નાનાંમોટાં સર્વ પ્રાણીઓમાં રહેતા છતાં માનસિક સંયમ ન કરનારાઓ મને જાણવા મુશ્કેલ એવા આપને યથાર્થ સ્વરૂપે સર્વના કારણ તરીકે ઉપાસે છે. (આમ જોકે આપ સર્વમાં કારણરૂપે રહો છો) તોપણ જે જે વસ્તુમાં (કાંઈક અધિક અંશે રહેલા) આપને ભક્તિથી ઉપાસતા મહર્ષિઓ ઉત્તમ સિદ્ધિઓ પામે છે, તે તે વસ્તુ આપ મને કહો. હે પ્રાણીમાત્રના ઉત્પાદક અને રક્ષક ! આપ પ્રાણીઓના આત્મા હોઈ સર્વ પ્રાણીઓમાં ગૂઢ રહ્યા છો, તેથી આપ સર્વને જુઓ છો, તોપણ આપની માયાથી મોહિત થયેલાં પ્રાણીઓ આપને જોઈ શકતાં નથી. (માટે આપ આપની વિભૂતિઓને વર્ણવો.) હે મોટાં વિભૂતિઓવાળા ! પૃથ્વી પર, આકાશમાં, સ્વર્ગમાં, રસાતલમાં અને દિશાઓમાં જે વિભૂતિઓ આપે જ અમુક કોઈ વિશેષ શક્તિથી યોજી હોય તે મને કહો. સર્વ તીર્થોનાં સ્થાનરૂપ આપના ચરણકમળને હું નમું છું.

**શ્રીભગવાન બોલ્યા :** હે પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ ઉદ્ધવ ! કુરુક્ષેત્રમાં શત્રુઓ સાથે યુદ્ધ કરવા ઈચ્છતા અર્જુને મને આવો જ પ્રશ્ન પૂછયો હતો. (માટે આ તમારો પ્રશ્ન નરના અવતારરૂપ અર્જુનના પ્રશ્નને મળતો જ હોવાથી ઘણો ઉત્તમ છે.) રાજ્યના કારણે સંબંધીઓનો વધ કરવો તે અધર્મ છે, એમ જાણી અર્જુને સંબંધીઓનો વધ કરતાં અટકયો હતો અને 'આ લોકોને હું મારીશ તેથી તેઓ મરી જશે' આવી પ્રાકૃત બુદ્ધિથી યુક્ત થયો હતો; ત્યારે પુરુષવ્યાઘ્ર અર્જુનને મેં યુક્તિથી સમજાવ્યો હતો અને જેમ તમે હમણાં પ્રશ્ન કર્યો તેમ અર્જુને તે વખતે યુદ્ધભૂમિ પર મને પ્રશ્ન કર્યો હતો. (તે વેળા મેં અર્જુનને જે ઉત્તર આપ્યો હતો, તે જ ઉત્તર હું તમને અહીં આપું છું.) હે ઉદ્ધવ ! હું આ સર્વ પ્રાણીઓનો આત્મા, મિત્ર અને ઈશ્વર છું, તેમ જ સર્વ પ્રાણીઓ તે હું જ છું અને તેઓની ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ મારાથી જ થાય છે, હું ગતિવાળાઓની ગતિ, વશ કરનારાઓમાં કાળ, ગુણોની સમાન સ્થિતિ અને ગુણવાન પદાર્થમાં (રહેલો) સ્વાભાવિક ગુણ હું છું. હું ગુણવાળા પદાર્થોનું પ્રથમ કાર્ય, હું મોટા પદાર્થોમાં મહત્તત્વ, હું સૂક્ષ્મ પદાર્થોમાં સૂક્ષ્મ જીવ અને દુર્જય પદાર્થોમાં મન હું છું. વેદોનું અભિવ્યક્તિસ્થાન બ્રહ્મા હું છું, મંત્રોમાં ત્રણ અક્ષરવાળો ૐકાર હું છું, અક્ષરોમાં અકાર હું છું, છંદોમાં ગાયત્રી હું છું. સર્વ દેવોમાં ઈંદ્ર હું છું, વસુઓમાં હવ્યવાહ્ હું છું, આદિત્યોમાં વિષ્ણુ હું છું, રુદ્રોમાં નીલલોહિત હું છું, બ્રહ્મર્ષિઓમાં ભૃગુ હું છું, રાજર્ષિઓમાં મનુ હું છું, દેવર્ષિઓમાં નારદ હું છું, ગાયોમાં કામધેનુ હું છું, સિદ્ધેશ્વરમાં કપિલદેવ હું છું, પક્ષીઓમાં ગરુડ હું છું, પ્રજાપતિઓમાં દક્ષ હું છું, પિતૃઓમાં અર્યમા હું છું. હે ઉદ્ધવ! તમે જાણો કે દૈત્યોમાં અસુરેશ્વર પ્રહ્લાદ હું છું, નક્ષત્રો તથા ઔષધિઓમાં ચંદ્ર હું છું, યક્ષો તથા રાક્ષસોમાં કુબેર હું છું, શ્રેષ્ઠ હાથીઓમાં ઐરાવત હાથી હું છું, જળજીવોમાં તેઓનો સ્વામી વરુણ હું છું, તપાવનારા અને તેજસ્વી પદાર્થોમાં સૂર્ય હું છું, મનુષ્યોમાં રાજા હું છું, ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા ઘોડો હું છું, ધાતુઓમાં

સોનું હું છું, શિક્ષા કરનારાઓમાં યમદેવ હું છું, સર્પોમાં વાસુકિ હું છું. હે નિર્દોષ ઉદ્ધવ ! મોટા નાગોમાં શેષનાગ હું છું, શિંગડાંવાળાં અને દાઢોવાળાં પ્રાણીઓમાં સિંહ હું છું, આશ્રમોમાં ચોથો સંન્યાસ આશ્રમ હું છું, વર્ણોમાં પહેલો વર્ણ બ્રાહ્મણ હું છું, પ્રવાહરૂપ તીર્થોમાં ગંગા હું છું, સ્થિર જળાશયોમાં સમુદ્ર હું છું, આયુધોમાં ધનુષ હું છું, ધનુર્ધારીઓમાં ત્રિપુરનો નાશ કરનાર શંકર હું છું. દરેક રહેઠાણમાં મેરુ હું છું, જ્યાં મુશ્કેલ સ્થાનોમાં હિમાલય હું છું, વનસ્પતિઓમાં પીપળો હું છું, ઔષધિઓમાં જવ હું છું. પુરોહિતોમાં વસિષ્ઠ હું છું, વેદનો અર્થ જાણનારાઓમાં બૃહસ્પતિ હું છું, સર્વ સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું, સન્માર્ગે ચલાવનારાઓમાં ભગવાન બ્રહ્મા હું છું. યજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ હું છું, વ્રતોમાં અહિંસા હું છું, શુદ્ધિ કરનારા પદાર્થોમાં વાયુ, અગ્નિ, સૂર્ય, જળ તથા વાણીરૂપ હું છું. અષ્ટાંગયોગમાં સમાધિ હું છું, જીતવા ઈચ્છનારામાં ગુપ્ત વિચાર હું છું, વિવેક વગેરે કુશળતા ધરાવનારાઓમાં આત્મવિદ્યા હું છું; અખ્યાતિ, અન્યથાખ્યાતિ, શૂન્યખ્યાતિ, અસત્ખ્યાતિ તથા અનિર્વચનીય ખ્યાતિ એ પાંચ પ્રકારના ખ્યાતિવાદોમાં વિકલ્પ હું છું. સ્ત્રીઓમાં શતરૂપા હું છું. પુરુષોમાં સ્વાયંભુવ મનુ હું છું. મુનિઓમાં નારાયણ હું છું. બ્રહ્મચારીઓમાં સનત્સ્કુમાર છું, ધર્મોમાં પ્રાણીઓને અભયદાન આપવું તે હું છું; નિર્ભય સ્થાનોમાં આત્મનિષ્ઠા હું છું; અભિપ્રાયને ગુપ્ત રાખવામાં સાધનોમાં પ્રિય વચન અને મૌન હું છું. જોડલાંઓમાં પ્રજાપતિ હું છું, કદી પ્રમાદ ન રાખનારાઓમાં વર્ષરૂપી કાળ હું છું. ઋતુઓમાં વસંત હું છું; મહિનાઓમાં માર્ગશીર્ષ હું છું; નક્ષત્રોમાં અભિજિત હું છું. યુગોમાં સત્યયુગ હું છું; ધીરપુરુષોમાં દેવલ અને અસિત હું છું; વેદોના વિભાગ કરનારાઓમાં વેદવ્યાસ હું છું; વિદ્વાનોમાં બુદ્ધિમાન શુક્રાચાર્ય હું છું. ભગવાનમાં વાસુદેવ હું છું; ભગવાનના ભકતોમાં તમે-ઉદ્ધવ હું છું, વાનરોમાં હનુમાન હું છું; વિદ્યાધરોમાં સુદર્શન હું છું; રત્નોમાં માણેક હું છું; સુંદર વસ્તુઓમાં કમળોનો દાંડો હું છું. દર્ભની જાતિઓમાં કુશ-દર્ભ હું છું; હવિષ પદાર્થોમાં ગાયનું ઘી હું છું; ઉદ્યમીઓમાં લક્ષ્મીરૂપે હું છું; કપટી જુગારીઓમાં કપટથી પાસા નાખવા તો હું છું; ક્ષમાવાળાઓમાં ક્ષમા હું છું; સાત્ત્વિકોમાં સત્ત્વ હું છું; બળવાનમાં ઈંદ્રિયોનું અને મનનું બળ હું છું;ભકત પુરુષોમાં ભકિતથી કરેલ કર્મ હું છું; વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ, હયગ્રીવ, વરાહ, નૃસિંહ તથા બ્રહ્મા એ નવ મૂર્તિઓમાં પહેલી શ્રેષ્ઠ મૂર્તિ વાસુદેવ હું છું; ગંધર્વોમાં વિશ્વાવસુ હું છું; અપ્સરાઓમાં પૂર્વચિત્તિ અપ્સરા હું છું; પર્વતોમાં સ્થિરતા હું છું; પૃથ્વીની દુર્ગંધ સિવાયની બધી ગંધ હું છું; જળનો શ્રેષ્ઠ મધુર રસ હું છું; તેજસ્વી પદાર્થોમાં અગ્નિ હું છું; સૂર્ય, ચંદ્ર અને તારાઓમાં કાંતિ હું છું; આકાશનો 'પરા' નામનો સૂક્ષ્મ શબ્દ હું છું; બ્રાહ્મણભકતોમાં બલિરાજા હું છું; વીર પુરુષોમાં અર્જુન હું છું; દરેક પદાર્થની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ હું છું; જવું, બોલવું, તજવું, લેવું અને આનંદ એ પાંચ કર્મેન્દ્રિયોના વ્યાપાર તેમ જ સ્પર્શ કરવો, જોવું, સ્વાદ લેવો, સાંભળવું ને સૂંઘવું; એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વ્યાપાર હું છું અને સર્વ ઇંદ્રિયોમાંની તે તે વિષયને ગ્રહણ કરવાની શકિત પણ હું છું.પૃથ્વી, વાયુ, આકાશ, જળ તથા તેમની તન્માત્રાઓ; અહંકાર, મહત્તત્ત્વ, પાંચ મહાભૂતો, અગિયાર ઇંદ્રિયો, જીવ, પ્રકૃતિ, રજોગુણ, સત્વગુણ, તમોગુણ અને સૌથી પરબ્રહ્મ, આ સર્વ હું છું. આ તત્ત્વોની ગણતરી, તેઓનું લક્ષણપૂર્વક જ્ઞાન અને તેઓનું ફળ (તત્ત્વનિશ્ચય) પણ હું જ છું; જીવ, ઈશ્વર, ગુણ-ગુણી-ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ, એમ જે જે પદાર્થો છે, તે ઈશ્વર, સર્વાત્મ અને સર્વસ્વરૂપ મારાથી ક્યાંય જુદા નથી, અર્થાત્ સર્વ હું જ છું. હું કાળે કરી પરમાણુઓની ગણતરી કદાચ કરી શકું, પણ કરોડો બ્રહ્માંડોને સર્જતા મારી વિભૂતિઓની ગણતરી હું પોતે પણ ન કરી

શકું, ટૂંકમાં એ જ કે જ્યાં જ્યાં પ્રભાવ, સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌંદર્ય, ભાગ્ય, બળ, ક્ષમા તથા વિજ્ઞાન હોય તે તે મારી વિભૂતિ છે. આ સર્વ વિભૂતિઓ મેં તમને ટૂંકમાં કહી છે; તે મનના વિકારરૂપ જ હોઈને આકાશપુષ્પાદિની પેઠે માત્ર કહેવાની જ છે. માટે તમે વાણીને, મનને, પ્રાણને, ઇંદ્રિયોને તથા બુદ્ધિને સત્ત્વગુણયુકત બુદ્ધિથી જ વશ કરો જેથી ફરી તમને જન્મમરણના ફેરારૂપ સંસાર રહેશે નહિ.જે યોગી વાણીને તથા મનને બુદ્ધિથી વશ કરતો નથી, તેનાં વ્રત, તપ અને દાન, કાચા માટીના ઘડાઓમાંથી જેમ પાણી ઝરી જાય છે. તેમ નાશ પામે છે. માટે મારામાં પરાયણ રહેનારાઓ મારી ભકિતવાળી બુદ્ધિથી મનને, વાણીને તથા પ્રાણને વશ કરવાં, જેથી કૃતકૃત્ય થવાય છે. ૧-૪૪

तरुमान्मनोवचः प्राणान्नियच्छेन्मत्परायणः । मद्भक्तियुक्तया बुद्ध्या ततः परिसमाप्यते ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૬ સમાપ્ત.*

## અધ્યાય-૧૭

## બ્રહ્મચારી તથા ગૃહસ્થના ધર્મો

॥ उद्धव उवाच ॥

यस्त्वयाऽभिहितः पूर्वं धर्मस्त्वद्भक्तिलक्षणः । वर्णाश्रमाचारणवतां सर्वेषां द्विपदामपि ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** પૂર્વે સૃષ્ટિના આદિકાળમાં આપે વર્ણ તથા આશ્રમોના આચારવાળાઓને તથા વર્ણાશ્રમથી બહિષ્કૃત હોય તેઓનો પણ ભકિતરૂપી ધર્મ કહ્યો છે. (જે ધર્મ આપને પમાડનારો અથવા આપની પ્રાપ્તિનું સાધન છે.) હે કમળનયન શ્રીકૃષ્ણ ! તે ભકિતરૂપી ધર્મ જે પ્રકારે સ્વધર્મ આચરવાથી મનુષ્યોને આપ વિષે ઉત્પન્ન થાય છે, તે કહેવા આપ યોગ્ય છો. હે મોટી ભુજાઓવાળા પ્રભુ ! આપે હંસસ્વરૂપે પરમ સુખસ્વરૂપ જે ધર્મ બ્રહ્માને કહ્યો હતો, તે ધર્મ હે શત્રુસંહારક શ્રીકૃષ્ણ ! ઘણો કાળ ગયો હોવાથી હવે મનુષ્યલોકમાં નહિ રહે, હે અચ્યુત ! પૃથ્વી પર આપ વિના બીજા કોઈ પણ ધર્મનો ઉપદેશ કરનાર, પાળનાર કે રક્ષણ કરનાર નથી; એટલું જ નહિ પણ જ્યાં વેદો વગેરે સાક્ષાત્ મૂર્તિ ધારી હોય છે, ત્યાં બ્રહ્માની સભામાં પણ આપ વિના બીજો કોઈ આ ધર્મનો ઉપદેશ કરનાર, પાળનાર કે રક્ષણ કરનાર નથી. હે દેવ ! ધર્મને પાળનાર, રક્ષણ કરનાર અને ઉપદેશ કરનાર આપ જ્યારે પૃથ્વી તજશો, ત્યારે નાશ પામેલા ધર્મનો ઉપદેશ કોણ કરશે ? માટે હે સર્વધર્મને જાણનારા પ્રભુ ! આપની ભકિતરૂપ ધર્મનું અમારી મનુષ્યોની મધ્યે જે રીતે વિધાન કર્યું હોય તે રીતે આપ મારી આગળ વર્ણવો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ રીતે પોતાના સેવકોમાં મુખ્ય ઉદ્ધવજીએ શ્રીહરિને પૂછ્યું એટલે ભગવાન પ્રસન્ન થઈ મનુષ્યોના કલ્યાણ માટે સનાતન ધર્મો કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે ઉદ્ધવ ! તમારો આ પ્રશ્ન ધર્મયુકત છે; કારણ કે આ પ્રશ્ન મનુષ્યોના કલ્યાણરૂપ ભકિત ઉત્પન્ન કરનારો છે; માટે વર્ણો તથા આશ્રમોના આચારવાળા મનુષ્યોનો ધર્મ તમે મારી પાસેથી સાંભળો. પૂર્વે સત્યયુગમાં મનુષ્યોનો 'હંસ' નામે એક જ વર્ણ હતો; કેમ કે તે વખતે પ્રજાઓ જન્મથી જ કૃતકૃત્ય હતી અને તેથી જ તે યુગને વિદ્વાનો 'કૃતયુગ' કહે છે. આગળ સત્યયુગમાં ૐકાર જ એક વેદરૂપ હતો. (ચાર પાયાવાળા) ધર્મના સ્વરૂપને ધરતો હું જ (મનમાં ધ્યાન કરવા) ધર્મરૂપ હતો અને તેથી જ સર્વ લોકો કેવળ તપ ઉપર શ્રદ્ધા રાખનારા હતા અને પાપથી રહિત હંસસ્વરૂપ મારી ઉપાસના કરતા, મારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતા. હે મહાભાગ્યશાળી ઉદ્ધવ ! પછી ત્રેતાયુગમાં

આરંભમાં વૈરાજસ્વરૂપ મારા હૃદયમાંથી નિઃશ્વાસ નિમિત્તે વેદવિદ્યા પ્રકટ થઈ અને તેમાંથી હોતા, અધ્વર્યુ અને ઉદ્‌ગાતા એમ ત્રણ સ્વરૂપવાળો હું જ યજ્ઞરૂપે થયો. મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી. અનુક્રમે જન્મેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર, એ વૈરાજપુરુષથી જ જન્મ્યા છે, તેમની ઓળખાણ તેમના સ્વભાવ અને આચરણો ઉપરથી થાય છે. મારા એ વૈરાજસ્વરૂપના સાથળમાંથી ગૃહસ્થાશ્રમ, હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થળમાંથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ, ઉત્પન્ન થયો છે. આ વર્ણો તથા આશ્રમોના મનુષ્યોના સ્વભાવો તેઓની જન્મભૂમિ પ્રમાણે થયા. એટલે કે પગ વગેરે નીચાં સ્થાનોમાં જેઓ થયા, તેઓના સ્વભાવ નીચ થયા; મસ્તક વગેરે ઉત્તમ સ્થાનોમાંથી જેઓ થયાં તેઓના સ્વભાવ ઉત્તમ થયા. શમ, દમ, તપ, બાહ્યાભ્યંતર પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, મારી ભકિત, દયા અને સત્ય; આ બ્રાહ્મણ વર્ણના સ્વભાવ છે. પ્રતાપ, બળ, ધૈર્ય, શૌર્ય, સહનશીલતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણભક્તિ અને ઐશ્વર્ય આ ક્ષત્રિયવર્ણના સ્વભાવ છે. આસ્તિકતા, દાન ઉપર શ્રદ્ધા, દંભરહિતપણું, બ્રાહ્મણોની સેવા અને ધનસંગ્રહમાં અસંતોષ આ વૈશ્યવર્ણના સ્વભાવ છે. બ્રાહ્મણો, ગાયો તથા દેવોની નિષ્કપટપણે સેવા અને તેમાંથી જે કંઈ મળે તે ઉપર સંતોષ રાખવો આ શૂદ્રવર્ણના સ્વભાવ છે. અપવિત્રતા, અસત્ય, ચોરી, નાસ્તિકપણું, કારણ વિના કંકાસ, કામ, ક્રોધ અને તૃષ્ણા; આ વર્ણાશ્રમથી બહિષ્કૃત ચાંડાલ વગેરેના સ્વભાવ છે. અહિંસા, સત્ય બોલવું, ચોરી ન કરવી, કામ, ક્રોધ, અને લોભરહિતપણું અને પ્રાણીમાત્રનું પ્રિય તથા હિત ઈચ્છવું આ સર્વ વર્ણોનો ધર્મ છે. (હવે ચાર આશ્રમો પૈકીના બ્રહ્મચર્યાશ્રમના ધર્મો સાંભળો.) બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય વર્ણના બ્રહ્મચારીઓએ ગર્ભાધાન વગેરે સંસ્કારના ક્રમ પ્રમાણે જનોઈ લેવારૂપી બીજો જન્મ પામી (દ્વિજ અને) જિતેંદ્રિય થઈ ગુરુને ઘેર રહી ગુરુ બોલાવે ત્યારે વેદાધ્યયન કરવું. (અને વેદના અર્થનો વિચાર કરવો.) તેમ જ મેખલા, મૃગચર્મ, દંડ, રુદ્રાક્ષની માળા, જનોઈ તથા દર્ભો ધારણ કરવા. માથે જટા રાખવી. (તેલ વગેરે નાખવાં નહિ.) દાંત તથા વસ્ત્રો ધોઈને સાફ રાખવાં નહિ અને આસનને રંગવું નહિ. વળી બ્રહ્મચારીએ સ્નાન, ભોજન તથા હોમ કરતી વેળા અને જપ તથા મળમૂત્ર કરતી વેળા મૌન રહેવું. નખ ઉતરાવવા નહિ અને બગલના, ગુહ્યભાગના અથવા કોઈ પણ ભાગના વાળ કાઢવા નહિ. બ્રહ્મચર્યવ્રતધારી બ્રહ્મચારીએ કદી પણ વીર્યને સ્ખલિત થવા દેવું નહિ. કદાચ એની મેળે જ વીર્ય ખલિત થઈ જાય તો જળમાં સ્નાન અને પ્રાણાયામ કરી ગાયત્રીનો જપ કરવો. બ્રહ્મચારીએ પવિત્ર અને એકાગ્રચિત્ત થઈ અગ્નિ, સૂર્ય, ગાય, બ્રાહ્મણ, વડીલો તથા દેવોની સેવા કરવી અને મૌન રહી જપ કરતા બે સંધ્યાઓનું ઉપાસન કરવું. આચાર્યને મારા સ્વરૂપ જાણવા; પણ ‘આ એક મનુષ્ય છે’ એવી બુદ્ધિથી તેમનું અપમાન કરવું નહિ, તેમ જ તેમના ગુણો પર દોષારોપ કરવો નહિ, કારણ કે ગુરુ સર્વદેવમય છે. સવારે ને સાંજે ભિક્ષા લાવી ગુરુને નિવેદન કરવી અને બીજું જે કંઈ મળ્યું હોય તે પણ ગુરુને નિવેદન કરવું. પછી ગુરુએ રજા આપી હોય તેનો બ્રહ્મચારી શિષ્યે સાવધાન રહી ઉપયોગ કરવો. ગુરુની સેવા કરતા બ્રહ્મચારીએ સદા હલકા ચાકર પેઠે ગુરુ પાસે હાજર રહેવું અને ગુરુ ક્યાંય જાય ત્યારે તેમની પાછળ જવું. ગુરુ સૂઈ જાય તે પછી અપ્રમાદી રહી તેમની પાસે સૂવું; ગુરુ બેસે પછી તેમની પાસે હાથ જોડી બેસવું અને ગુરુ ઊભા હોય ત્યારે તેમની પાસે બે હાથ જોડી ઊભા રહેવું. આમ જયાં સુધી વિદ્યા સમાપ્ત થાય ત્યાં સુધી સર્વ ભોગો તજી અસ્ખલિત બ્રહ્મચર્યવ્રત પાળતા રહી ગુરુને ઘેર રહેવું. આ બ્રહ્મચારી (એ રીતે વ્રત પાળતાં જ) મહર્લોક અને ત્યાંથી બ્રહ્મલોકમાં જવા ઇચ્છતો હોય તો તેણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત

પાળી (જીવતાં સુધી બ્રહ્મચારી રહી) અધિક સ્વાધ્યાય માટે અને ગુરુએ ભણાવેલાનો બદલો વાળવા માટે દેહ ગુરુને અર્પણ કરી દેવો. તેમ જ બ્રહ્મતેજવાળા તે નિષ્પાપ બ્રહ્મચારીએ અગ્નિમાં, ગુરુમાં, પોતામાં તથા સર્વ પ્રાણીઓમાં રહેલા મારી (પરબ્રહ્મની) અભેદબુદ્ધિએ ઉપાસના કરવી. ગૃહસ્થ સિવાય હરકોઈ આશ્રમીએ સ્ત્રીઓનાં દર્શન, સ્પર્શ, ભાષણ તથા હાસ્ય વગેરે તજવાં અને મૈથુન કરતાં પ્રાણીઓ ઉપર તો દૃષ્ટિ સુદ્ધાં ન કરવી. હે કુળને આનંદ આપનાર ઉદ્ધવ ! શૌચ, આચમન, સ્નાન, સંધ્યોપાસન, સરળતા, તીર્થસેવા, જપ, અસ્પૃશ્યનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, ન બોલવા યોગ્યનો ત્યાગ, સર્વ પદાર્થોમાં મારો ભાવ અને મન, વાણી તથા શરીરનો સંયમ—આ સર્વ આશ્રમોનો નિયમ સામાન્ય ધર્મ છે. એમ નૈષ્ઠિક મહાવ્રત (બ્રહ્મચર્ય) પાળતો નિષ્કામ બ્રાહ્મણ અગ્નિ જેવો તેજસ્વી અને તીવ્ર તપશ્ચર્યાથી બળી ગયેલા અંતઃકરણવાળો થઈ મારો ભકત થાય છે; પણ (ગુરુગૃહે રહેતા બ્રહ્મચારીને) ગૃહસ્થાશ્રમમાં જવાની ઈચ્છા હોય તો બરાબર વિચારેલા વેદાર્થવાળા તે બ્રહ્મચારીએ તે પછી ગુરુને દક્ષિણા આપી, રજા લઈ નાહવું, અર્થાત્, બ્રહ્મચર્ય વ્રતની સમાપ્તિ માટે તેલ વગેરે ચોળી સમાવર્તન સંસ્કાર કરવો. આ રીતે મારી ભકિતમાં પરાયણ નહિ એવા સકામ ઉત્તમ બ્રાહ્મણે વિષયભોગની ઈચ્છા હોય તો (બ્રહ્મચર્યાશ્રમમાંથી) ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. (અંતઃકરણની) શુદ્ધિ વગેરેની ઈચ્છા હોય તો વનમાં જવું અને અંતઃકરણ શુદ્ધ થયું હોય તો સંન્યાસ લેવો અથવા એક આશ્રમ પછી બીજા આશ્રમમાં જવું, પણ આશ્રમ વિના રહેવું નહિ કે ઊલટી રીતે આશ્રમો સ્વીકારવા નહિ અર્થાત્ સંન્યાસી થઈ વાનપ્રસ્થ કે ગૃહસ્થ થવું નહિ. ગૃહસ્થાશ્રમ ઈચ્છનારે યોગ્ય સ્ત્રી પરણવી. તે સ્ત્રી કુળથી ને લક્ષણોથી અનિંદ્ય, વયમાં પોતાથી નાની અને પોતાના જ વર્ણની હોવી જોઈએ. જો કામનાથી તે બીજી સ્ત્રી પરણે તો પોતાના વર્ણની સ્ત્રીને પ્રથમ પરણ્યા પછી અનુક્રમે બીજા વર્ણની સ્ત્રી પરણી શકે. યજ્ઞ કરવો, વેદાધ્યયન કરવું અને દાન આપવું, તે સર્વ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યના ધર્મ છે; પણ દાન લેવું, વેદાધ્યયન કરાવવું અને યજ્ઞ કરાવવો તે તે બ્રાહ્મણની જ આજીવિકા છે. (તે બીજાથી થઈ શકે નહિ.) બ્રાહ્મણ પોતે જ માનતો હોય કે દાન લેવું તે તો તપ, તેજ તથા યશનો નાશ કરનાર છે; તે તેણે વેદાધ્યયન તથા યજ્ઞો કરાવી આજીવિકા કરવી અથવા તે બંને આજીવિકામાં કદી દીનતા વગેરે દોષ દેખાય, તો તેણે શિલોંછવૃત્તિથી એટલે બજારમાં દુકાનોની આસપાસ અથવા ખળાં—ખેતર વગેરેમાં વેરાયેલા (બિનમાલિકીના) દાણા વગેરે બજાર ઊઠી ગયા પછી વીણી લાવી. તે ઉપર આજીવિકા કરવી. (બ્રાહ્મણે આજીવિકા માટે હરકોઈ કામ કરવું તે ઠીક નથી; કારણ કે, બ્રાહ્મણનું આ શરીર તુચ્છ વિષયસુખ ભોગવવા માટે નથી, એ તો જીવન પર્યંત કષ્ટ ભોગવવા માટે, તપશ્ચર્યા કરવા માટે અને અંતે અનંત આનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે છે. જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પૂર્વોકત શિલોંછવૃત્તિથી મનમાં સંતુષ્ટ રહી અતિથિસત્કાર વગેરે નિષ્કામ ધર્મ સેવે અને મારામાં ચિત્ત રાખી અત્યંત આસકિત રાખે તે ગૃહસ્થાશ્રમમાં જ રહી શાંતિ પામે છે. મોક્ષનો અધિકારી થાય છે. જે મનુષ્યો દારિદ્રય વગેરેથી દુઃખી બ્રાહ્મણનો કે મારા ભકતનો દુઃખમાંથી ઉદ્ધાર કરે છે, તેઓને હું નૌકા જેમ સમુદ્રમાંથી તારે, તેમ આપત્તિઓમાંથી ઉદ્ધાર કરું છું. (રાજાઓનો તો આ આવશ્યક ધર્મ છે કે) પિતા જેમ સંતાનને દુઃખથી છોડાવે તેમ રાજાએ સર્વ પ્રજાઓને દુઃખથી છોડાવવી અને પછી મોટો હાથી બીજા હાથીઓને જેમ કાદવમાંથી બહાર કાઢી પોતે પણ તેમાંથી બહાર નીકળે છે તેમ ધીર રાજાએ સર્વને સંકટમાંથી છોડાવી પોતે પોતાનો પણ ઉદ્ધાર કરવો. આ રીતે વર્તતો રાજા આ લોકમાં સર્વ પાપોનો નાશ કરી છેવટે સૂર્ય જેવા તેજસ્વી વિમાનમાં બેસી ઈંદ્ર સાથે આનંદ કરે

છે. બ્રાહ્મણ આજીવિકાથી દુઃખી થાય તો તેણે વેચવા યોગ્ય વસ્તુઓનો વેપાર કરી વૈશ્યવૃત્તિથી પણ આપત્તિ ઓળંગવી તે વૃત્તિથી પણ આપત્તિ વડે પોતે દબાઈ જતો હોય તો તલવાર બાંધી ક્ષત્રિયની વૃત્તિથી પણ આપત્તિમાંથી છૂટવું; પણ નીચ મનુષ્યની સેવારૂપી કૂતરાની વૃત્તિથી કોઈ રીતે જીવવું નહિ. એ જ પ્રમાણે ક્ષત્રિયે આજીવિકાના આપત્તિકાળમાં વૈશ્યવૃત્તિથી જીવવું; મૃગયાથી આજીવિકા ચલાવવી અથવા બ્રાહ્મણરૂપે આજીવિકા કરીને પણ જીવવું; પણ નીચ લોકોની સેવારૂપ કૂતરાની વૃત્તિથી કદી જીવવું નહિ. તેમ જ વૈશ્ય આજીવિકાના આપત્તિકાળમાં શૂદ્રની સેવાવૃત્તિનો આશ્રય કરવો અને શૂદ્ર આપત્તિકાળમાં પ્રતિલોમ જાતિની કામગીરી વગેરે અથવા સાદડી ગૂંથવી વગેરે આજીવિકા કરવી અને દુઃખોમાંથી છૂટવું પણ દુઃખથી છૂટયા પછી તે તે નિંદ્યકર્મથી આજીવિકા મેળવવા ઈચ્છા રાખવી નહિ; અર્થાત્ આપત્તિકાળ પૂરતી જ તે તે વર્ણના પુરુષે તે તે નિંદ્ય આજીવિકા સ્વીકારવી; પણ આપત્તિરહિત કાળમાં તો પોતપોતાના વર્ણની આજીવિકા જ કરવી. પ્રત્યેક બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યે હમેશાં વેદાધ્યયન (બ્રહ્મચર્ય) થી મારા સ્વરૂપ ઋષિઓનું યજન કરવું. સ્વધાકાર (પિતૃતર્પણરૂપ પિતૃયજ્ઞ) થી મારા સ્વરૂપ પિતૃઓનું યજન કરવું; અને સ્વાહાકાર (એટલે હોમરૂપ દેવ યજ્ઞ) થી મારા સ્વરૂપ દેવોનું યજન કરવું. બલિદાનો આપી (ભૂતયજ્ઞથી) મારા સ્વરૂપ સર્વ પ્રાણીઓનું યજન કરવું અને સ્થિતિ પ્રમાણે અન્ન-જળ આપી (મનુષ્યયજ્ઞથી) મારા સ્વરૂપ મનુષ્યનું યજન કરવું. જો બની શકે તો ઉદ્યમ વિના દૈવેચ્છાએ મળેલા અથવા પોતાની આજીવિકાથી મેળવેલા શુદ્ધ ધનથી પોષ્યવર્ગને દુઃખી કર્યા વિના યજ્ઞ કરવા. (આ યજ્ઞધર્મ શક્તિ હોય તો જ કરવાનો છે, ફરજિયાત નથી.) ગૃહસ્થે પોતે કુટુંબી હોવા છતાં કુટુંબમાં આસકત ન થવું; (તેમ જ ઈશ્વરભજનમાં પ્રમાદી પણ ન થવું;) પરંતુ વિદ્વાન ગૃહસ્થે સ્પષ્ટ ન દેખાતાં સ્વર્ગાદિ સુખને પણ લોકમાં જણાતાં સાંસારિક સુખોની પેઠે જ નાશવંત જોવાં. (અર્થાત્ ગૃહસ્થે પણ નિવૃત્તિનિષ્ઠા રાખવી જોઈએ.) પુત્ર, સ્ત્રી, હિતૈષીઓ અને સગાંસંબંધીઓનો સમાગમ મુસાફરોના સમાગમ જેવો જ જાણવો; કારણ કે નિદ્રાની પાછળ આવતું સ્વપ્ન જેમ નિંદ્રા જતાં ચાલ્યું જાય તેમ દેહ પાછળ આવતાં આ સર્વ સગાંવહાલાં વગેરે પરિવાર દેહનો નાશ થતાં છૂટાં થાય છે. આમ વિચારતો ગૃહસ્થ ઘરમાં અતિથિની પેઠે રહે તો પોતે મુકત નથી છતાં મુકત જ છે; કારણ કે મમતા અને અહંકારથી રહિત તે ગૃહસ્થ ઘરનાં કર્મોથી બંધાતો નથી. એ રીતે ભક્તિમાન ગૃહસ્થે ગૃહસ્થાશ્રમને લગતાં કર્મો કરી, મારું જ યજન કરવું અને પછી (ઉદાસીનપણે) ઘરમાં જ રહેવું અથવા વનમાં જતાં રહેવું —વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો અથવા પોતાને જો કંઈ પ્રજા હોય તો સંન્યાસ લેવો. પણ જે કૃપણબુદ્ધિ મનુષ્ય પુત્ર તથા ધનની ઈચ્છાથી આતુર રહી સ્ત્રીમાં આસકત થઈને છેક સુધી ઘરમાં જ આસકત બુદ્ધિવાળો અને વિષયોમાં જ મચ્યો રહે છે, તે 'મારું', 'હું' એમ અભિમાન કરી સંસારમાં બંધાય છે. જેમ કે 'અહો ! આ મારાં માતાપિતા ઘરડાં થયાં છે. આ મારી સ્ત્રીનાં છોકરાં હજી નાનાં છે અને બિચારાં છોકરાં પણ મારા વિના અનાથ અને દુઃખી થઈ કેમ જીવે ? આવી ઘરની વાસનાથી ચોતરફથી વ્યાકુળ મનવાળો આ મૂઢબુદ્ધિ મનુષ્ય ઘર સંબંધી વિષયોથી કદી તુપ્ત જ થતો નથી અને તે વિષયનું જ ધ્યાન કરતો મરણ પામે છે — ઘોર અંધકારમાં પેસે છે—ભયંકર સ્થાવર વગેરે યોનિ પામે છે. ૧-૫૮.

एवं गृहाशयाक्षिप्तहृदयो मूढधीरयम् । अतृप्तस्ताननुध्यायन मृतोऽन्धं विशते तमः ॥५८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૭ સમાપ્ત.*

# અધ્યાય-૧૮

## વાનપ્રસ્થ અને સંન્યાસીના ધર્મો

॥ श्रीभगवानुवाच ॥

वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा । वन एव वसेच्छान्तस्तृतीयं भागमायुषः ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** વનમાં જઈ વાનપ્રસ્થ થવા ઈચ્છનારે પોતાના પુત્રોને સ્ત્રી સોંપીને જ અથવા સાથે જ રાખી, શાંત અને જિતેંદ્રિય થઈ આયુષ્યનો ત્રીજો ભાગ (પચાસથી પંચોતેર વર્ષ સુધી) વનમાં જ રહેવું અને ત્યાં વનમાં થયેલાં પવિત્ર કંદ, મૂળ તથા ફળોથી આજીવિકા ચલાવવી. ઝાડની છાલ, ઘાસ, પાંદડાં ને મૃગચર્મ પહેરવાં; માથા કે શરીરના કોઈપણ વાળ, નખ, દાઢી-મૂછ અને શરીરનો મેલ એમ ને એમ રાખવાં; દાંત સાફ કરવા નહિ; ત્રણે કાળમાં (શરીર બિલકુલ ચોળ્યા વિના) ડૂબકી મારી નાહવું; જમીન પર કંઈ પાથર્યા વિના (ખુલ્લામાં) સૂવું, ગ્રીષ્મઋતુમાં પંચાગ્નિ તાપવો. વર્ષાઋતુમાં વરસાદની ધારાઓ સહન કરવી. (એ રીતે અભ્રાવકાશ નામનું વ્રત કરવું.) શિયાળામાં જળમાં કંઠ સુધી ડૂબ્યા રહી (ઉદકવાસ વ્રત કરવું) તપ કરવું. વાનપ્રસ્થે અગ્નિથી પાકેલું (કંદ, મૂળ વગેરે) અથવા કાળ પ્રમાણે પાકેલું ફળ વગેરે ખાવું. સામો વગેરે ખડધાન્ય ખાંડણિયામાં ખાંડી અથવા પથ્થરથી કૂટીને ખાવાં અથવા દાંતરૂપી ખાંડણિયાવાળા થવું એટલે બધું દાંતથી જ ચાવી ખાવું. દેશ, કાળ, તેમ જ બળ જાણનારા વાનપ્રસ્થ આજીવિકા માટે જાતે જ બધું લાવવું અને કાળાંતરે આણેલું કાળાંતર સુધી રાખવું નહિ અર્થાત્ નવું નવું અન્નાદિ મળે ત્યારે જૂનું જૂનું રાખેલું તજી દેવું વાનપ્રસ્થાશ્રમ પાળતા પુરુષે વનમાં થયેલાં ધાન્ય વગેરેથી ચરુ-પુરોડાશ વગેરે કરી સમય પરત્વે કરેલા આગ્રયણ વગેરે યજ્ઞો કરવા; પણ વેદમાં કહેલો પશુઓથી મારું યજન કરવું નહિ. અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ તથા ચાતુર્માસ્ય યજ્ઞો ગૃહસ્થની પેઠે જ વાનપ્રસ્થને પણ કરવાના વેદવાદીઓએ કહ્યા છે. એમ આચરેલા તપથી કેવળ નાડીઓથી જ વ્યાપ્ત થયેલો (નિષ્કામ) વાનપ્રસ્થ તપોમય એવા મને આરાધી મહર્લોક વગેરે ઋષિલોકમાં થઈ અનુક્રમે મને પામે છે. પણ જે મનુષ્ય એ રીતે મહાકષ્ટથી કરેલાં મહાકલ્યાણરૂપ તપનો અતિશય તુચ્છ વિષય મેળવવા માટે ઉપભોગ કરે, તેનાથી બીજો મૂર્ખ કોણ વાનપ્રસ્થ નિયમ પાળવામાં અશકત થાય. વૃદ્ધાવસ્થાથી શરીર કંપવા લાગે ત્યારે તેણે (અગ્નિહોત્રનો) અગ્નિ પોતામાં આરોપી મારામાં ચિત્ત સ્થાપી અગ્નિમાં પ્રવેશ કરવો. પણ કર્મનાં ફળરૂપ કેવળ નરક તુલ્ય સ્વર્ગાદિ લોકો પર જો સંપૂર્ણ વૈરાગ્ય થયો હોય તો અગ્નિહોત્ર તજી સંન્યાસાશ્રમ સ્વીકારવો. શાસ્ત્રોમાં જેમ કહ્યું છે તેમ (આઠ શ્રાદ્ધ કરી પ્રાજાપત્યદષ્ટિથી) મારું યજન કરી પોતાનું સર્વસ્વ બ્રાહ્મણોને આપી દઈ આત્મામાં અગ્નિને (અભેદરૂપે) પ્રવેશ કરાવી સ્વસ્વરૂપમાં આરોપ કરી, સર્વ વિષયોથી નિઃસ્પૃહ થઈ સંન્યાસ લેવો. બ્રાહ્મણ સંન્યાસ લેવા તૈયાર થાય છે, ત્યારે દેવો 'આ બ્રાહ્મણ અમને દબાવી દઈ જરૂર પરમ પદ પામશે' એવી ઈર્ષ્યાથી સ્ત્રી આદિરૂપે વિઘ્ન કરે છે. (પણ તે વિઘ્નોને ન ગણી વિરકત બ્રાહ્મણે સંન્યાસ લેવો જ જોઈએ.) સન્યાસી લંગોટ સિવાય બીજું વસ્ત્ર પહેરવા ઈચ્છતો હોય તો તેણે માત્ર લંગોટ ઢંકાય તેટલું જ બીજું વસ્ત્ર પહેરવું અને આપત્તિકાળ ન હોય ત્યારે દંડ અને એક પાત્ર વિના બીજી કોઈ વસ્તુ પહેલાંની તજેલી રાખવી નહિ. સંન્યાસીએ દૃષ્ટિથી પ્રથમ જોઈને પૃથ્વી પર પગ મૂકવો. વસ્ત્રથી ગાળેલું પાણી પીવું, સત્યથી પવિત્ર વાણી બોલવી અને મનથી વિચાર કરી જે ઉત્તમ જણાય તેનું આચરણ કરવું. હે ઉદ્ધવ ! મૌન એ વાણીનો

દંડ છે, કામ્યકર્મનો ત્યાગ તે દેહનો દંડ છે અને પ્રાણાયામ તે ચિત્તનો દંડ છે. આ ત્રણ દંડ જે સંન્યાસીને નથી તે કેવળ હાથમાં લીધેલા વાંસના દંડથી દંડ સંન્યાસી થઈ શકે નહિ. સંન્યાસીએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચારે વર્ણોમાં કલંક વગેરેથી દૂષિત થયેલા લોકોને તજી ભિક્ષા લેવા જવું. તેમાં પણ ઉચ્ચ વર્ણની ભિક્ષા મળે ત્યાં સુધી નીચ વર્ણની ભિક્ષા લેવી નહિ અને તેમાં પણ પ્રથમથી મનમાં ધારેલાં સાત ઘેર ભિક્ષા લેવી અને મળે તેટલાથી સંતોષ રાખવો. ભિક્ષા લીધા પછી ગામની બહાર જળાશય પર જઈ ત્યાં આચમન લઈ, આણેલા અન્નને જળની સિંચન વગેરેથી પવિત્ર કરી વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય તથા સર્વ પ્રાણીઓને વિભાગપૂર્વક આપી બાકી રહેલું બધું અન્ન ખાઈ જવું. સંન્યાસીએ એકાકી આ પૃથ્વી પર ફરવું, કોઈનો સંગ કરવો નહિ, ઇંદ્રિયો વશ રાખવી, આત્મામાં જ રમવું, આત્મામાં જ સંતુષ્ટ રહેવું, ધીર થવું અને બધે એક જ આત્મા છે, એવી સમદૃષ્ટિ રાખવી. વળી સંન્યાસીએ નિર્જન અને નિર્ભય સ્થાનમાં રહેવું, મારી ઉપરના ભાવથી નિર્મળ આશય રાખવો અને મારી સાથે અભેદપણાથી એક આત્માનું જ ચિંતન કરવું. વળી જ્ઞાનનિષ્ઠા રાખી આત્માને બંધ તથા મોક્ષ શાથી થાય છે તેનો વિચાર કરવો; જેમ કે ઇંદ્રિયોનું બાહ્ય વિષયોમાં ભમવું તે આત્માને બંધન છે અને ઇન્દ્રિયોનો સંયમ તે જ આત્માને મોક્ષ છે. માટે સંન્યાસીએ છયે ઈંદ્રિય વશ કરી મારા ઉપર ભાવ રાખી ફરવું અને આત્મામાં રહેલું મહાન સુખ મેળવી ક્ષુદ્ર કામનાઓથી વિરકત થવું. શહેરો, ગામડાં, નેસડાં કે સંઘોમાં ભિક્ષા માટે જ પ્રવેશ કરવો; બાકી તો પવિત્ર પ્રદેશો, નદીઓ, પર્વતો, વનો તથા આશ્રમોવાળી પૃથ્વી પર ફરવું. બની શકે તો વાનપ્રસ્થ આશ્રમવાસીઓનાં જ સ્થાનોમાં નિત્ય ભિક્ષા માટે જવું, કારણ કે વાનપ્રસ્થોનાં અન્ન શિલોંછવૃત્તિથી આણેલાં હોઈ તે અન્નથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને તત્કાળ મોહ દૂર થતાં મુકત થવાય છે. દેખાતી આ (મિષ્ટાન્ન આદિ) વસ્તુઓને સંન્યાસીએ વસ્તુરૂપે જોવી નહિ; કેમ કે તે સર્વે નાશવંત છે. તેણે તો આ લોકમાં કે પરલોકમાં ચિત્તને આસકત ન રાખતાં તે તે વસ્તુ માટેનાં કર્મોથી અટકવું. મમતાનું સ્થાન આ જગત અને મન, વચન તથા પ્રાણ સહિત અહંકારનું સ્થાન આ શરીર, તેમ જ તેથી ઉત્પન થનારું સુખ એ સર્વ આત્મામાં ભાસે છે, તે કેવળ માયા જ છે. એમ તર્કથી એટલે સ્વપ્ન વગેરેનાં દૃષ્ટાંતથી તેને તજી આત્મનિષ્ઠ થવું અને તે તે પદાર્થો યાદ કરવા નહિ. (હવે પરમહંસોના ધર્મો સાંભળો). બહારના પદાર્થો ઉપર વિરકત થયેલા જ્ઞાનનિષ્ઠ પુરુષે અથવા મોક્ષને પણ ન ઈચ્છતા મારા ભકતપુરુષે ત્રિદંડ આદિ ચિહ્નોવાળા આશ્રમધર્મો તજી યથાયોગ્ય ધર્મ પાળવા અને શાસ્ત્રોની આજ્ઞાના દાસ થવું નહિ. વિવેકી છતાં બાળકની પેઠે વિચરે, માન કે અપમાનનો વિવેક ન રાખે, કુશળ હોય તો પણ જડની પેઠે ફળની દરકાર ન કરે, વિદ્વાન હોય તો પણ ઉન્મત્તની પેઠે બોલે અને વેદાર્થનિષ્ઠ હોય તો પણ બળદની પેઠે અચોક્કસ આચારથી વર્તે તેમ જ વેદનાં કર્મકાંડ વ્યાખ્યાન વગેરે પર પ્રીતિ ન રાખે, પાખંડી ન બને, કેવળ તર્કનિષ્ઠ પણ ન થાય અને કારણ વિનાના શુષ્કવાદમાં અમુક કોઈ પક્ષનો આશ્રય ન કરે. વળી તેવો ધીર પુરુષ કોઈ મનુષ્યથી ન કંટાળે, કોઈ મનુષ્યને કંટાળો ન આપે, બીજાઓનાં દુષ્ટ વચનો સહન કરે, કોઈનું અપમાન કરે નહિ અને દેહને ઉદ્દેશીને પણ પશુ પેઠે કોઈ સાથે વેર કરે નહિ. જેમ જુદા જુદાં જળપાત્રોના પ્રતિબિંબરૂપે જુદો જુદો જણાતો ચંદ્ર એક જ છે, તેમ જ સર્વ પ્રાણીઓમાં અને પોતામાં પરમાત્મા એક જ છે. (માટે આત્મદૃષ્ટિએ કોઈ સાથે વેરનું કારણ નથી, તેમ દેહદૃષ્ટિએ પણ કોઈ સાથે વેરનું કારણ નથી; કેમ કે) શરીરો પણ કારણરૂપે એક જ આત્મારૂપ છે. ધીરજવાળા ત્યાગીએ કોઈ વેળા કંઈ ખાવાનું ન મળે, તો તેથી ખેદ ન કરવો અને કોઈ વેળા ખાવાનું મેળવી ખુશી

ન થવું, કેમ કે મળવું ન મળવું બન્ને દૈવાધીન છે. આમ છે તો પણ માત્ર આહાર માટે યત્ન કરવો જ; કારણ કે પરમહંસે પણ પ્રાણધારણ કરવું યોગ્ય છે. પ્રાણધારણથી તત્ત્વનો વિચાર થઈ શકે છે અને તત્ત્વ જાણી મુકત થઈ શકાય છે. દૈવેચ્છાએ સારું કે નરસું જે અન્ન મળે તેને મુનિ પરમહંસે જમી લેવું. તેમ જ વસ્ત્ર અને શય્યા પણ જે જે મળી આવે તેને સેવવાં. જેમ હું (ઈશ્વર) બધું લીલાથી મારી ઈચ્છા પ્રમાણે કરું છું, તેમ જ્ઞાની પણ પવિત્રતા, આચમન, સ્નાન અને બીજા નિયમો શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ન પાળવા, પણ પોતાની ઈચ્છા પ્રમાણે પાળવા (કારણ કે શાસ્ત્રજ્ઞાનના દાસ થવું તે જ્ઞાનનિષ્ઠામાં વિઘ્નરૂપ છે.) જ્ઞાનીને કોઈ વસ્તુ સાથે ભેદજ્ઞાન રહેલું નથી; કેમ કે તેને પ્રથમ જે ભેદજ્ઞાન હતું તે મારા જ્ઞાનથી નાશ પામ્યું હોય છે. જોકે દેહ પડે છે ત્યાં સુધીમાં કોઈ વાર તેને ભેદજ્ઞાન થાય છે પણ ખરું, પરંતુ, તે બાધિત જ છે. પોતાનું કાર્ય કરવા સમર્થ રહેતું નથી, જેથી જ્ઞાની છેવટે મારી સાથે એકરૂપ જ થાય છે.

(એમ વિરકત અને પરોક્ષ જ્ઞાનવાળા માટે સંન્યાસ અને તેના ધર્મો કહ્યા. હવે કેવળ વૈરાગ્યવાન હોઈ આત્મતત્વ જાણવા ઈચ્છતો હોય તેણે શું કરવું. તે કહું છું; કેવળ દુઃખરૂપ પરિણામવાળા વિષયો તરફ જેને વૈરાગ્ય થયો હોય અને મારી પ્રાપ્તિનું સાધન જેણે વિચાર્યું ન હોય તેવા આત્મતત્વના જિજ્ઞાસુ પુરુષે મનનશીલ બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જવું. પછી શ્રદ્ધાયુકત થઈ અદેખાઈ તજી પોતે બ્રહ્મ જાણે ત્યાં સુધી આદરપૂર્વક મારી દષ્ટિએ જ ગુરુની સેવા કરવી. પણ જેણે છ ઈંદ્રિયોના વર્ગને જીત્યો નથી, જેની બુદ્ધિ (વિષયોમાં) અત્યંત આસકત હોય અને જ્ઞાન તથા વૈરાગ્યથી જે રહિત હોય છે, તે (સંન્યાસ લઈને) સંન્યાસ ઉપર માત્ર પોતાની આજીવિકા જ કરે છે. તેવો ધર્મઘાતક સંન્યાસી યજ્ઞ કરવા યોગ્ય દેવોને તથા પોતાની અંદર જ રહેલા આત્મારૂપ મને ઠગે છે. અને તેથી અપકવ કષાયવાળો તે સંન્યાસી આ લોક અને પરલોકથી ભ્રષ્ટ થાય છે. ઈંદ્રિયનિગ્રહ અને અહિંસા એ સંન્યાસીનાં, તપશ્ચર્યા અને તત્ત્વવિચાર એ વાનપ્રસ્થના, પ્રાણી માત્રની રક્ષા અને યજ્ઞો કરવા એ ગૃહસ્થના અને ગુરુની સેવા કરવી એ બ્રહ્મચારીના મુખ્ય ધર્મ છે. બ્રહ્મચર્ય, તપ, બહારની તથા અંદરની પવિત્રતા, સંતોષ અને પ્રાણી માત્ર સાથે મિત્રતા આ પણ ગૃહસ્થના ધર્મ છે. ગૃહસ્થ ઋતુવેળાએ પોતાની સ્ત્રી સાથે મૈથુન કરે તો તેના બ્રહ્મચર્યનો ભંગ થતો નથી અને મારી ઉપાસના કરવી તે તો સર્વ વર્ણાશ્રમીઓનો મુખ્ય ધર્મ છે. એમ જે મનુષ્ય પોતપોતાના વર્ણાશ્રમધર્મ પ્રમાણે વર્તી નિત્ય મને ભજે છે, આ લોકના કે પરલોકના કોઈ પણ વિષયને સેવતો નથી અને સર્વ પ્રાણીઓમાં હું રહેલો છું એમ જાણે છે, તે જલદી મારી ભકિત પામે છે. હે ઉદ્ધવ ! મારી અસ્ખલિત ભકિતથી તે મનુષ્ય સર્વ લોકના મહેશ્વર, સર્વ લોકની ઉત્પત્તિ તથા નાશ કરનારા અને તેથી જ સર્વના કારણ મને પરબ્રહ્મને પામે છે. એમ પોતાના વર્ણાશ્રમધર્મથી જેનું અંતઃકરણ શુદ્ધ થયું હોય અને તેથી જ મારું ઐશ્વર્ય જેણે જાણ્યું હોય, એવો મનુષ્ય જ્ઞાન તથા વિજ્ઞાનથી યુકત થઈ જલદી મને પામે છે. આ વર્ણાશ્રમીઓનો આચારરૂપ ધર્મ પિતૃલોકની પ્રાપ્તિરૂપ ફળને આપે છે; પણ તે જ ધર્મ મારી ભકિતયુકત તથા મને જ અર્પણ કરી પાળ્યો હોય, તો મોક્ષદાયી થાય છે. હે પુરુષ ઉદ્ધવ ! સ્વધર્મયુકત મારો ભકત મને પરબ્રહ્મને જે રીતે પામે છે તે તમે મને પૂછયું હતું, તે મે તમને કહ્યું. ૧-૪૮

एतत्तेऽभिहितं साघो भवान् पृच्छति यच्च माम् । यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात्परम् ॥४८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૮ સમાપ્ત.*

# અધ્યાય-૧૯

## જ્ઞાનાદિનો ત્યાગ કરવાની રીત

॥ श्रीभगवानुवाच ॥

यो विद्याश्रुतसंपन्न आत्मवान्नानुमानिकः । मायामात्रमिदं ज्ञात्वा ज्ञानं च मयि संन्यसेत् ॥१॥

**શ્રી ભગવાન બોલ્યા :** જે પુરુષ અનુભવ સુધીના શાસ્ત્રજ્ઞાનથી યુકત થયો હોય અને તેથી જ આત્મતત્ત્વ પામેલો હોઈ કેવળ પરોક્ષ જ્ઞાની નહિ પણ અપરોક્ષ જ્ઞાની થયો હોય, તે 'આ સર્વ દ્વૈતપ્રપંચ અને તેને કરવાનું સાધન જ્ઞાન પણ માયામાત્ર છે' એમ જાણી મારામાં તજી દે છે. (આનું નામ જ વિદ્વત્સંન્યાસ છે) કારણ કે જ્ઞાની પુરુષને તો ઈચ્છિત ફળરૂપ, ઈચ્છિત ફળના સાધનરૂપ, સ્વર્ગરૂપ અભ્યુદયરૂપ અને સંસારની વૃત્તિરૂપ મોક્ષ હું છું. મારા વિના તે જ્ઞાનીને બીજો કોઈ પદાર્થ પ્રિય નથી. જેઓ જ્ઞાન તથા વિજ્ઞાનથી સિદ્ધ થયા હોય તેઓ મારા શ્રેષ્ઠપદ (સ્વરૂપ) ને જાણે છે અને જ્ઞાની પુરુષ જ્ઞાન વડે મને ધારણ કરે છે; માટે તે મને અત્યંત પ્રિય છે. જ્ઞાનના લેશથી પણ જે મોટી સિદ્ધિ પમાય છે, તેને પામવા તપ, તીર્થ, જપ, દાન અથવા બીજા પવિત્ર સાધનો પણ સમર્થ થઈ શકતાં નથી; માટે હે ઉદ્ધવ ! પોતાના આત્મારૂપ મને જ્ઞાન સહિત જાણી, જ્ઞાન તથા વિજ્ઞાનથી યુકત થઈ, ભકિતભાવથી તમે મને ભજો. (અને મોક્ષ સુધીના સર્વ પદાર્થો તજો). પોતાના આત્મારૂપ અને સર્વ યજ્ઞોના પતિ મારા જ્ઞાન તથા વિજ્ઞાનરૂપી યજ્ઞથી પોતાના અંતઃકરણમાં જ યજન કરી મુનિઓ ઉત્તમ સિદ્ધિ સ્વરૂપ મને જ પામ્યા છે. હે ઉદ્ધવ ! દેહ, ઈંદ્રિયો અને ઈંદ્રિયોના દેવોરૂપી ત્રણ પ્રકારનો વિકાર તમારામાં (એકરૂપ થયેલો) જે જણાય છે, તે માયા છે; ખરી રીતે તે વિકાર કોઈ પદાર્થ કે સત્ય નથી. જેમ દોરડીમાં સર્પ કે માળા (ભ્રાંતિથી) જણાય છે, તે આદિ કે અંતમાં નથી પણ મધ્યસમયે (ભ્રાંતિકાળમાં જ) જણાય છે, તેમ દેહ વગેરે ત્રણ પ્રકારનો વિકાર પણ મધ્યકાળે જ આવી પડે છે, આત્મસ્વરૂપ અજ્ઞાનકાળે જ ભાસે છે; પણ આદિ કે અંતમાં નથી માટે આ દેહાદિ ત્રણ પ્રકારના વિકારના જ જન્મ વગેરે થાય તો તેના આશ્રયરૂપ તમને શું છે ? કંઈ જ નથી. જેમ (દોરડીમાં ભ્રાંતિથી જણાતા) પદાર્થ સર્પ, માળા વગેરેના આદિ તથા અંતમાં જે દોરડી છે તે જ મધ્યના ભ્રાંતિકાળમાં છે; પણ સર્પ વગેરે કંઈ જ નથી, તેમ જ આત્મા વિષે અજ્ઞાનથી ભાસતા દેહાદિ વિકારોના આદિ તથા અંતમાં જે આત્મા છે, તે જ મધ્યસમયે પણ છે જ (આમ જ્ઞાનદૃષ્ટિએ તમે નિર્વિકાર બ્રહ્મ જ છો.)

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે જગતના ઈશ્વર ! હે વિશ્વમૂર્તિ ! વૈરાગ્ય તથા વિજ્ઞાનથી યુકત આ શુદ્ધ પુરાણું જ્ઞાન જે રીતે નિશ્ચિત થાય તે રીતે આપ મને કહો; તેમ જ બ્રહ્મા વગેરે મહાપુરુષોએ પણ શોધવા યોગ્ય આપનો ભકિતયોગ મને કહો. હે ઈશ્વર ! આ ઘોર સંસારમાર્ગમાં આધ્યાત્મિક. આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ તાપ વડે ચોતરફથી સંતાપ પામતાં અને તેથી જ અત્યંત આકુળ થતા મનુષ્યને બે ચરણરૂપી છત્ર વિના બીજું કંઈ શરણ હું જોતો નથી; કેમ કે આપના બન્ને ચરણમાં ચારે બાજુ અમૃત વરસે છે. હે મહાનુભાવ ! મનુષ્ય આ સંસારરૂપી કૂવામાં પડેલો હોઈ ત્યાં કાળરૂપી સર્પ તેને કરડી રહ્યો છે, છતાં ક્ષુદ્ર વિષયસુખોમાં તો તેને ઘણી જ તૃષ્ણા છે. માટે કૃપા કરી એનો ઉદ્ધાર કરો અને મોક્ષનો બોધ આપનારાં વચનોરૂપી અમૃત વડે તેને સિંચો.

**શ્રીભગવાન બોલ્યા :** આ પ્રમાણે પૂર્વે યુધિષ્ઠિર રાજાએ અમારા સર્વના સાંભળતાં ધાર્મિકશ્રેષ્ઠ ભીષ્મ પિતામહને પૂછ્યું હતું. મહાભારત યુદ્ધ પૂરું થયું, ત્યારે સ્નેહીઓના મરણથી વ્યાકુળ થયેલા યુધિષ્ઠિર રાજાએ અનેક ધર્મો સાંભળ્યા પછી મોક્ષધર્મો (તેમને) પૂછયા હતા; તે ધર્મો ભીષ્મ પિતામહના મુખેથી મેં સાંભળ્યા છે. તે જ્ઞાન, વૈરાગ્ય, વિજ્ઞાન, શ્રદ્ધા તથા ભકિતથી યુકત છે. તે હું તમને કહું છું તેથી પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રાઓ, અગિયાર ઈંદ્રિયો, પાંચ મહાભૂતો અને ત્રણ ગુણો; આ અઠયાવીશ તત્ત્વોને બ્રહ્માથી છેક સ્થાવર સુધીનાં સર્વ કાર્યોમાં વ્યાપેલા તે અઠયાવીસ તત્ત્વોમાં પણ એક પરમાત્મતત્વ વ્યાપ્ત છે; તેમ જ કાર્યકારણાત્મક આ જગત કેવળ તે પરમ કારણ પરમાત્મારૂપ જ છે એમ મનુષ્ય જુએ છે અને પરમાત્માથી કાંઈ જુદું ન જુએ તે જ જ્ઞાન છે; એમ મારું નિશ્ચય માનવું છે. તેમ જ જ્ઞાનાવસ્થામાં કેવળ એક પરમાત્માથી વ્યાપ્ત અને કેવળ એક પરમાત્મારૂપ સર્વ પદાર્થો પ્રથમ જે જોયા હોય, તે જ પદાર્થોને તે પ્રમાણે ન જુએ પણ કેવળ એક બ્રહ્મસ્વરૂપ જુએ એ જ વિજ્ઞાન છે. (કહેવાનો ભાવ એ છે કે જેમ દિશા વગેરેની ભ્રાંતિ પ્રત્યક્ષ છે, છતાં દિશા વગેરેનું જ્ઞાન પરોક્ષ છે, તે ભ્રાંતિ દૂર થતી નથી, તેમ આ સંસારની ભ્રાંતિ પ્રત્યક્ષ છે; તોપણ બ્રહ્મના પરોક્ષ જ્ઞાનથી દૂર થઈ શકતી નથી. તેથી જગતને પરમાત્મસ્વરૂપ જોનારો છતાં પરોક્ષ જ્ઞાની બ્રહ્મને પાતાથી જુદું માને છે, પણ અપરોક્ષ જ્ઞાનમાં તે બળેલા વસ્ત્રની પેઠે જગત બિલકુલ બાધિત જ થઈ જાય છે. તેથી અપરોક્ષજ્ઞાની સંસ્કારરૂપે જ બાકી રહેલું જગત જુએ છે. આમ અપરોક્ષજ્ઞાની બ્રહ્મવિના બીજું કંઈ જોતો નથી. માટે પરોક્ષ જ્ઞાન તે જ્ઞાન કહેવાય છે અને અપરોક્ષ જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે. હવે 'न कदाचिदनीदृशं जगत्। જગત કદી આવું ન હતું એમ નથી' આ મીમાંસકના મત પ્રમાણે દેખાતા આ સર્વ પદાર્થોનાં ઉત્પત્તિ નાશ વગેરે જો ન હોય તો સર્વ પદાર્થોનું એક જ કારણ સિદ્ધ થઈ શકશે નહિ, તેમ જ સર્વ પદાર્થો એક પરમ કારણરૂપ છે તેમ પણ કહી શકાશે નહિ અને જગતનું મિથ્યાપણું પણ સિદ્ધ થઈ શકશે નહિ; માટે અવયવવાળા સર્વ પદાર્થોની ઉત્પત્તિ અને નાશ હોવાં જોઈએ (અર્થાત્ જે જે અવયવાળું હોય તે તે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશવાળું હોય જ છે; જેમ ઘડો અવયવવાળો છે એમ અનુમાન વડે જાણવું) પછી ' જે વસ્તુ કાર્યની ઉત્પત્તિમાં ને જુદાં પરિણામ પામવારૂપ અંતમાં કારણરૂપે અને મધ્યકાળમાં આશ્રય રૂપ એક કાર્યથી બીજા કર્મ પ્રત્યે અનુસરતી હોય અને તે તે કાર્યોનો નાશ થતાં જે વસ્તુ બાકી રહેતી હોય તે જ સત્ બ્રહ્મ છે એમ જાણવું. શ્રુતિ, પ્રત્યક્ષ, ઐતિહ્ય અને અનુમાન આવાં ચાર પ્રમાણો છે. (તેમાં नेह नानास्ति किंचन ! कठ० – उ० ૨-૪-૧૧ બ્રહ્મની અંદર જરા પણ જુદાપણું નથી. પણ કેવળ એક બ્રહ્મ જ છે.' આવાં અનેક શ્રુતિપ્રમાણ છે. વસ્ત્ર વગેરે કાર્ય તાંતણા વગેરેથી જેમ જુદાં નથી, તેમ આ જગત તેના મૂળ કારણ બ્રહ્મથી જુદું નથી. આ પ્રત્યક્ષ પ્રમાણ છે, તથા 'જગત મિથ્યા છે' એમ વ્યાસાદિ અનેક મુનિઓનો જે તે અનુભવ ઐતિહ્ય પ્રમાણ છે અને જગત મિથ્યા છે, કારણ કે દશ્ય છે. જે જે દશ્ય હોય તે તે મિથ્યા જ હોય. જેમ છીપમાં ભ્રાંતિથી દેખાતું રૂપું દશ્ય હોઈ મિથ્યા છે; જે મિથ્યા હોતું નથી તે દશ્ય પણ હોતું નથી; જેમ કે આત્મા આ અનુમાન પ્રમાણ છે.) આ ચાર પ્રમાણોમાં જગત ટકી શકતું નથી, મિથ્યા ઠરે છે; માટે સર્વમાં વ્યાપ્ત સત્ય આત્મતત્વ જોનારો મનુષ્ય મિથ્યા વસ્તુરૂપ જગતથી વૈરાગ્ય પામે છે. દરેક ધર્મ વિકારી છે; માટે (કર્મોના ફળરૂપે) બ્રહ્મલોક સુધીનું જે અદષ્ટ સુખ છે, તેને પણ વિદ્વાને દુષ્ટ સુખની પેઠે દુઃખરૂપ અને નાશવંત જોવું જોઈએ. હે ઉદ્ધવ ! પ્રથમ જ મેં તમને ભકિતયોગ તો કહ્યો જ છે, તોપણ તે ભક્તિયોગ ઉપર તમને પ્રેમ છે; માટે ફરી મારી ભકિતનું શ્રેષ્ઠ કારણ હું તમને કહું છું.

અમૃતતુલ્ય મારી કથામાં નિરંતર શ્રદ્ધા, (કથાશ્રવણ પછી) નિત્ય મારું કીર્તન, મારી પૂજા કરવામાં આસકિત, સ્તુતિઓથી મારું સ્તવન, મારી સેવા કરવામાં નિત્ય આદર, સર્વ અંગોથી મને વંદન, મારા ભકતોનો અધિક સત્કાર, સર્વ પ્રાણીઓમાં મારી બુદ્ધિ, મારે માટે જ અંગોની ચેષ્ટા, વચન વડે મારા ગુણોનું વર્ણન, મારામાં મનને સ્થાપવું, સર્વ કામનાઓનો ત્યાગ, મારા ભજન માટે ધનનો, ભોગનો તથા સુખનો ત્યાગ અને યજ્ઞ, દાન, હોમ, જપ, વ્રત તથા તપ એમ જે કંઈ મારા માટે કર્યું હોય તે ભકિતનું કારણ થાય છે. હે ઉદ્ધવ ! એમ ધર્મોથી આત્મસમર્પણ કરતા મનુષ્યોને મારે વિષે ભક્તિ થાય છે અને પછી તે ભકતને બીજો ક્યો સાધનરૂપ અથવા સાધ્યરૂપ અર્થ બાકી રહે છે ? (અર્થાત્ સર્વ અર્થ તેને આપોઆપ જ મળી રહે છે.) આત્મારૂપ અને ઈશ્વરરૂપ મારા વિષે સત્ત્વગુણથી પુષ્ટ થયેલું ચિત્ત આસકત થાય છે, ત્યારે પુરુષ ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય સહિત ઐશ્વર્ય પામે જ છે. પણ જયારે ઈંદ્રિયો સાથે દેહ તથા ઘર વગેરે મિથ્યા પદાર્થોમાં આસકત થઈ વિષય તરફ દોડે છે, ત્યારે અત્યંત રજોગુણી બની જઈ શાસ્ત્ નિષિદ્ધ વિષયોમાં પણ જોડાય છે, તેથી અધર્મ વગેરે થાય છે એમ તમે જાણો. જે ધર્મ મારી ભકિત પ્રગટ કરતો હોય, તેને જ શાસ્ત્રોમાં ઉત્કૃષ્ટ કહ્યો છે. ‘બધે એક જ આત્મા છે’ આમ જોવું તે જ્ઞાન છે; વિષયોમાં આસકિત ન રાખવી તે વૈરાગ્ય છે અને અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓ તે ઐશ્વર્ય છે.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે શત્રુઓનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ! (આપે ધર્માદિનાં લક્ષણો કહ્યાં; હવે) યમ તથા નિયમ કેટલા પ્રકારના કહ્યા છે ? શમ ક્યો કહેવાય ? દમ ક્યો ? તિતિક્ષા શું અને હે પ્રભો ! ધીરજ કઈ ? તેમ જ દાન કયું ? તપ કયું ? શૌર્ય ક્યું ? સત્ય શું અને ઋત શું કહેવાય ? ત્યાગ કયો? યોગ્ય ધન કયું ? યજ્ઞ કયો ? દક્ષિણા કઈ ? તથા હે શ્રીમાન કેશવ ! પુરુષનું બળ કયું ? ભગ શું ? લાભ કયો? શ્રેષ્ઠ વિદ્યા કઈ અને શ્રેષ્ઠ લજ્જા કઈ ? તેમ જ શ્રેષ્ઠ આભૂષણ કયું ? સુખ શું ? દુઃખ શું ? પંડિત કોણ? મૂર્ખ કોણ ? માર્ગ કયો ? ઉન્માર્ગ કયો ? સ્વર્ગ કયું ? નરક કયું ? બંધુ કોણ ? ઘર કયું ? ધનાઢ્ય કોણ? દરિદ્ર કોણ ? કૃપણ કોણ અને ઈશ્વર કોણ ? હે સત્પુરુષોના સ્વામિન્ આ મારા પ્રશ્નોના ઉત્તર કહો; તેમ જ આનાથી ઊલટાં કયાં તે કહો.

**શ્રીભગવાન બોલ્યા :** અહિંસા, સત્ય, અસ્તેય (એટલે મનથી પણ પારકું ધન ચોરવા વિચાર ન કરવો), અસંગ (કોઈનો સંગ ન કરવો), લજ્જા, અસંચય (પરિગ્રહ ન રાખવો,) આસ્તિકપણું, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય; આ બાર યમ કહેવાય છે; તેમ જ શૌચ (બહારની ને અંદરની પવિત્રતા), જપ, તપ, હોમ, શ્રદ્ધા, અતિથિસત્કાર, મારી પૂજા, તીર્થાટન, પારકું કલ્યાણ કરવાનો ઉદ્યમ, સંતોષ અને આચાર્યની સેવા આ બાર નિયમો કહેવાય છે. હે તાત ! આ બંને શ્લોકમાં જે યમો તથા નિયમો કહ્યા, તેઓને સેવ્યા હોય તો તે મનુષ્યોને ઈચ્છાનુસાર મોક્ષ તથા વ્યાવહારિક ઐશ્વર્ય ભોગ આપે છે. બુદ્ધિને મારામાં સ્થાપવી તે શમ છે (માત્ર શાંતિ જાળવવી તે શમ નથી), ઈન્દ્રિયો વશ કરવી તે દમ છે; તપ વગેરેનાં દુઃખ સહન કરવાં તે તિતિક્ષા છે, જીભનો તથા ગુહ્ય ઈન્દ્રિયોનો જય તે ધૈર્ય છે, કોઈ પણ પ્રાણીઓનો દ્રોહ તજવો તે શ્રેષ્ઠ દાન છે (માત્ર ધનનું દાન તે દાન નથી); કામના તજવી તે તપ છે (માત્ર કૃચ્છ્રચાંદ્રાયણ વગેરે તપ નથી;) વાસના જીતવી તે શૌર્ય છે (માત્ર પરાક્રમ તે શૌર્ય નથી); બ્રહ્મનો વિચાર કરવો તે સત્ય છે, (માત્ર સત્ય બોલવું તે જ સત્ય નથી); સત્ય અને પ્રિય વાણીને વિદ્વાનો ઋત કહે છે. કર્મોમાં અનાસકિત તે શૌચ છે; સંન્યાસ તે ત્યાગ છે (કેવળ કોઈ વસ્તુનો ત્યાગ તે ત્યાગ નથી); ધર્મ એ જ મનુષ્યનું યોગ્ય ધન છે. (ચાલુ ધન તે ધન નથી); હું પરમેશ્વર જ યજ્ઞ છું; અર્થાત્ સર્વમાં મારી બુદ્ધિથી યજ્ઞો કરવા જોઈએ, ક્રિયાબુદ્ધિથી નહિ. દક્ષિણા

પણ જ્ઞાનના ઉપદેશરૂપે હોવી જોઈએ, સુવર્ણ વગેરેના દાનરૂપે જ નહિ (કારણ કે જ્ઞાનના ઉપદેશરૂપી દક્ષિણાથી યજ્ઞરૂપી વિષ્ણુની પ્રાપ્તિ થાય છે) પ્રાણાયામ તે શ્રેષ્ઠ બળ છે (કેમ કે જીતવું મુશ્કેલ મન પણ પ્રાણાયામથી જીતી શકાય છે, માટે તે જ ખરુ બળ છે); મારા સંબંધી ઐશ્વર્ય વગેરે છ ગુણો ભગ કહેવાય છે (માત્ર ભાગ્ય તે ભગ નથી); મારી ભક્તિથી જ ઉત્તમ લાભ છે (પુત્ર વગેરેની પ્રાપ્તિ તે લાભ નથી); આત્મામાં ભાસતો ભેદ ન જોવો તે વિદ્યા છે (માત્ર જ્ઞાન તે વિદ્યા નથી); ન કરવા યોગ્ય કર્મો તરફ તિરસ્કાર તે જ લજ્જા છે (માત્ર શરમ જ નહિ); ગુણો એ જ શ્રેષ્ઠ આભૂષણ છે (મુકટ વગેરે આભૂષણ નથી); સુખ અને દુઃખ બંનેનું અનુસંધાન ન રાખવું તે સુખ છે (ભોગ ભોગવવા તે સુખ નથી); વિષયભોગોની ઈચ્છા રાખવી તે દુઃખ છે (અગ્નિથી બળવું વગેરે કંઈ દુઃખ નથી); સંસારમાં બંધન અને મોક્ષ કેમ થાય છે, એ જાણે તે પંડિત છે (માત્ર વિદ્વાન તે પંડિત નથી); દેહ વગેરે ઉપર જે અહંબુદ્ધિ રાખે—દેહ વગેરેને જ જે આત્મા માને તે મૂર્ખ છે. (માત્ર અભણ તે મૂર્ખ નથી;) જે માર્ગ મને અવશ્ય પમાડે છે તે નિવૃત્તિમાર્ગ જ ઉત્તમ માર્ગ છે (કાંટા વગેરેથી રહિત માર્ગ તે માર્ગ નથી); ચિત્ત જેમાં વ્યાકુળ રહે છે તે પ્રવૃત્તિમાર્ગ ઉન્માર્ગ છે—ખરાબ માર્ગ છે (ચોર વગેરેથી વ્યાપ્ત માર્ગ તે ખરાબ નથી); સત્વગુણની વૃદ્ધિ તે જ સ્વર્ગ છે (ઈન્દ્રાદિનો લોક તે સ્વર્ગ નથી); તમોગુણની વૃદ્ધિ તે જ નરક છે (તામિસ્ત્ર વગેરે નરકો તે નરક નથી); હે મિત્ર ઉદ્ધવ ! મારા સ્વરૂપ ગુરુ તે જ બંધુ છે (ભાઈ વગેરે બંધુ નથી); સાધનો સહિત ભોગોનું સ્થાન જે મનુષ્ય શરીર તે જ ઘર છે (હવેલી વગેરે ઘર નથી); ગુણવાન તે ધનાઢ્ય છે (ધનવાન ધનાઢય નથી); જે અસંતોષી છે તે દરિદ્ર છે (નિર્ધન દરિદ્ર નથી), જે અજિતેન્દ્રિય છે તે કૃપણ—શોક કરવા યોગ્ય છે (ગરીબ કૃપણ નથી); જે વિષયોમાં આસક્ત બુદ્ધિવાળો નથી તે જ સ્વતંત્ર છે (રાજા વગેરે સ્વતંત્ર નથી) અને વિષયોમાં જેને આસકિત છે તે જ પરાધીન છે. હે ઉદ્ધવ ! તમે મને જે પ્રશ્નો પૂછ્યા હતા તે સર્વના મેં સારી રીતે ઉત્તર આપ્યા; હવે વધારે વર્ણન કરવાની શી જરૂર છે ? ટૂંકમાં ગુણદોષનું લક્ષણ જ આટલું છે કે ગુણ તથા દોષને જોવા તે દોષ છે અને ગુણદોષને ન જોવાનો સ્વભાવ તે જ ગુણ છે.૧-૪૫

किंवर्णितेन बहुघा लक्षणं गुणदोषयोः । गुणदोषद्दशिर्दोषो गुणस्तूभयवर्जितः ॥૪૫॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૯ સમાપ્ત.*

## અધ્યાય-૨૦

## ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ

॥ उद्धव उवाच ॥

विधिश्च प्रतिवेधश्च निगमो हीश्वरस्य ते । अवेक्षतेऽरविन्दाक्ष गुणं दोषं च कर्मणाम् ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે કમલનયન શ્રીકૃષ્ણ ! વેદ વિધિ તથા પ્રતિષેધરૂપ હોઈ આપ ઈશ્વરની આજ્ઞારૂપ છે, તે વેદ જ કરવા યોગ્ય કર્મોના ગુણો અને ન કરવા યોગ્ય કર્મોના દોષો જુએ છે; અર્થાત્ આપની આજ્ઞારૂપે વેદ જ કર્તવ્ય—અકર્તવ્ય કર્મોનાં પુણ્ય—પાપરૂપી ફળને ગુણદોષરૂપે જણાવે છે. (તો આપ કેમ કહો છો, કે ગુણદોષ જોવા તે દોષ છે અને ગુણદોષ ન જોવાનો સ્વભાવ તે ગુણ છે ?) વળી તે જ વેદ વર્ણો તથા આશ્રમોના ભેદ જુએ છે; અમુક વર્ણ ઉત્તમ અને અમુક વર્ણ અધમ, અમુક આશ્રમ ઉત્તમ અને અમુક આશ્રમ અધમ, આમ વર્ણાશ્રમ સંબંધી પણ ગુણદોષ જણાવે છે; તેમ જ પ્રતિલોમ તથા

અનુલોમથી થયેલા ગુણદોષ પણ બતાવે છે; એટલે ઉત્તમ વર્ણની સ્ત્રીઓમાં હલકા વર્ણના પુરુષોથી ઉત્પન્ન થયેલા સૂત, વૈદેહક વગેરે પ્રતિલોમ જ સંતાનોને વેદ અધમ જણાવે છે અને નીચ વર્ણની સ્ત્રીઓમાં ઉત્તમ વર્ણોના પુરુષોથી ઉત્પન્ન થયેલાં મૂર્ધાવસિક્ત, અંબષ્ટ વગેરે અનુલોમજ સંતાનોને (તે પ્રતિલોમ જ કરતાં) ઉત્તમ જણાવે છે. વળી દ્રવ્ય, દેશ, વય તથા કાળને પણ (કોઈ કામમાં યોગ્યતા–અયોગ્યતાથી) ગુણદોષરૂપે વર્ણવે છે અને શુભ કર્મનાં ફળરૂપ સ્વર્ગને તથા અશુભ કર્મનાં ફળરૂપ નરકને પણ ગુણદોષરૂપે સ્વીકારે છે. (તેનું કેમ ?) ગુણ તથા દોષ જોવારૂપી ભેદદષ્ટિ વિના વિધિનિષેધરૂપ આપનાં વચન–વેદવાક્યો (કર્મકાંડમાં) કેવી રીતે ઘટી શકે ? અને તેવાં વેદવાક્યો જો ન હોય તો મનુષ્યનું કલ્યાણ કેવી રીતે થઈ શકે ? હે ઈશ્વર ! આપનાં વાક્યોરૂપી વેદ જ પિતૃઓને, દેવોને તથા મનુષ્યોને પ્રત્યક્ષ જાણવા અશક્ય એવા મોક્ષ તથા સ્વર્ગ વગેરેને તેમ જ સાધ્ય અને સાધનને જાણવામાં શ્રેષ્ઠ ચક્ષુરૂપ છે. માટે મનુષ્યોને ગુણ તથા દોષ એવી જે ભેદદષ્ટિ થઈ છે, તે આપની આજ્ઞારૂપ વેદથી જ થયેલી છે, પોતાની મેળે થયેલી નથી; તેમ જ ભેદદષ્ટિનો અપવાદ પણ આપની આજ્ઞારૂપ વેદથી જ થયેલો છે. ભેદદષ્ટિને દૂર કરવાનું પણ વેદ જ કહે છે; માટે ભ્રાંતિ થાય છે. (આ ભ્રાંતિ આપ દૂર કરો.)

**શ્રીભગવાન બોલ્યા :** મનુષ્યનું કલ્યાણ કરવાની ઈચ્છાથી મેં (વેદમાં બ્રહ્મકાંડ, કર્મકાંડ તથા દેવકાંડથી) ત્રણ ઉપાયો કહ્યા છે. એક તો જ્ઞાનયોગ, બીજો નિષ્કામ કર્મયોગ તથા ત્રીજો ભકિતયોગ. આ ત્રણ ઉપાયો વિના બીજો કોઈ પણ ઉપાય શાસ્ત્રમાં નથી. તેમાં જે કર્મોનાં તેમ જ તેઓનાં ફળોમાં દુઃખબુદ્ધિથી વિરકત થયા હોય અને તેથી જ ફળનાં સાધનરૂપ કર્મો તજતા હોય તેઓને (વેદના બ્રહ્મકાંડમાં મેં કહેલા) જ્ઞાનયોગ સિદ્ધિ આપનાર થાય છે. જેઓનાં ચિત્ત કર્મોથી કંટાળ્યાં ન હોય ને તેથી જ જેઓ કર્મો કરવાની ઈચ્છા રાખી કર્મોનાં ફળ તરફ વિરકત ન થયા હોય તેઓને (વેદના કર્મકાંડમાં મેં કહેલો) નિષ્કામ કર્મયોગ સિદ્ધિ આપનારો થાય છે અને જે મનુષ્ય પોતાના કોઈ ભાગ્યોદયથી મારી કથા વગેરે ઉપર શ્રદ્ધાવાળો થયો હોય, વિષયો તરફ વિરકત થયો ન હોય, તેમ જ વિષયોમાં અત્યંત આસકત પણ ન હોય, તેવા મનુષ્યને (વેદના દેવતાકાંડમાં કહેલો) ભકિતયોગ સિદ્ધિ આપનારો થાય છે. મનુષ્યને જ્યાં સુધી વૈરાગ્ય અથવા મારી કથા સાંભળવી વગેરેમાં શ્રદ્ધા ન થાય, ત્યાં સુધી નિત્યનૈમિત્તિક કર્મો તેણે કરવાં જોઈએ. હે ઉદ્ધવ ! સ્વધર્મમાં રહેનારો મનુષ્ય કામ્ય તથા શાસ્ત્રનિષિદ્ધ કર્મ ન કરે, પરંતુ ફળની ઈચ્છા રાખ્યા વિના યજ્ઞોથી મારું યજન કરે, તો સ્વર્ગમાં કે નરકમાં જતો નથી. (અર્થાત્ નરકમાં જવાનું બે પ્રકારે જ થાય છે : એક તો શાસ્ત્રીય સ્વધર્મ ન આચરવાથી અને શાસ્ત્રનિષિદ્ધ કર્મો કરવાથી, સ્વધર્મ આચરે અને શાસ્ત્રનિષિદ્ધ કર્મો ન કરે તો નરકમાં ન જાય; તેમ જ સ્વધર્માચરણ કરીને પણ ફળકામના તજી દે તો સ્વર્ગમાં પણ ન જાય.) એમ સ્વધર્મમાં રહેનારો અને નિષિદ્ધ તજનારો પવિત્ર મનુષ્ય આ લોકમાં આ જ શરીરમાં વર્તતો શુદ્ધ જ્ઞાન પામે છે અથવા ભાગ્યયોગે મારી ભકિત પામે છે, જેમ નરકવાસી પ્રાણીઓ આ મનુષ્યદેહ ઈચ્છે છે, તેમ સ્વર્ગવાસી દેવો પણ આ મનુષ્ય શરીર ઈચ્છે છે; કેમ કે મનુષ્યશરીર જ્ઞાન તથા ભકિતનું સાધન છે; પણ દેવશરીર કે નારકીશરીર જ્ઞાન તથા ભકિતનું સાધન થતું નથી (અર્થાત્ મનુષ્ય શરીર નારકી શરીર કરતાં તેમ જ દેવશરીર કરતાં પણ અતિ ઉત્તમ છે.) ડાહ્યા મનુષ્યે જેમ નારકી ગતિની ઈચ્છા ન કરવી; તેમ સ્વર્ગગતિની પણ ઈચ્છા ન કરવી; અથવા ડાહ્યા મનુષ્યે સ્વર્ગ કે નરકનાં સાધન કર્મો ન કરવાં, એટલું જ નહિ, પણ 'આ મનુષ્ય શરીર શ્રેષ્ઠ છે; માટે ફરી હું મનુષ્ય થાઉં' એવી પણ ઈચ્છા ન કરવી કારણ કે હરકોઈ દેહમાં આસકિત રાખવાથી મનુષ્ય

સ્વાર્થમાં પ્રમાદી બને છે. માટે 'આ મનુષ્યદેહ સાધન છે' આમ જાણનાર મનુષ્યે અર્થસિદ્ધિ આપનાર છતાં મનુષ્ય શરીરને મરણધર્મી જાણી આળસ તજી મૃત્યુ પહેલાં જ મોક્ષ માટે પ્રયત્ન કરવો. જેમ કોઈ પક્ષી પોતે જ્યાં માળો બાંધ્યો હોય તે પોતાના આશ્રયસ્થાનરૂપ વૃક્ષને યમ જેવા નિર્દય પુરુષો વડે કપાતુ જોઈ તે પરની આસક્તિથી રહિત થઈ તેનો ત્યાગ કરી (ઊડી જાય તો) સુખ પામે છે. તેમ જ દિવસો અને રાત્રિઓ વડે કપાતા પોતાના આયુષ્યને જાણી ભયથી ધ્રૂજતો મનુષ્ય દેહ ઉપરની આસક્તિ તજે અને નિઃસ્પૃહ થાય તો પરમાત્માને જાણી શાંતિ પામે છે. આ મનુષ્ય શરીર ઉત્તમ વહાણરૂપ છે; સર્વ ફળોનું મૂળ છે; કરોડો ઉદ્યમોથી પામવું અશક્ય છે. છતાં અત્યારે દૈવયોગે મળ્યું છે; તેમાં ગુરુરૂપી ખલાસી છે અને હુંરૂપી અનુકૂળ વાયુથી તે હંકારાઈ રહ્યું છે; છતાં જે પુરુષ આ મનુષ્યદેહરૂપી વહાણ પામી ભવસાગર ન તરે તે ખરેખર આત્મહત્યારો છે—પોતે જ પોતાનો નાશ કરે છે. જ્યારે કોઈ યોગી કર્મોના આરંભો તરફ વૈરાગ્ય પામે ત્યારે તેણે ઈન્દ્રિયોને વશ કરી આત્મા તરફના વૃત્તિપ્રવાહથી જે રીતે સ્થિર થાય, તે રીતે મનને એકાગ્ર કરવું; છતાં તે સ્થિર કરાતું મન જો તરત ભમવા માંડે અને અસ્થિર થાય તો સાવધાન થઈ તેને અનુસરી તેની ઈચ્છાઓ કંઈક અંશે પૂરી કરીને પણ તે માર્ગે પોતાને વશ કરવું. યોગીએ મનની ગતિને છેક જ છૂટી ન મૂકવી, પણ પ્રાણવાયુને તથા ઈન્દ્રિયોને જીતી સર્વગુણયુક્ત બુદ્ધિથી મનને પોતાને વશ કરવું. જેમ ન કેળવાયેલા ઘોડાને કેળવવો હોય ત્યારે તે ઘોડો મારી ઈચ્છા પ્રમાણે ચાલે તો ઠીક એમ મનમાં ઈચ્છી ઘોડેસવાર પ્રથમ તો તે ઘોડો જેમ ચાલે તેમ ચાલવા દે, પરંતુ તે વેળા ઘોડાની લગામ તો પોતે પકડી જ રાખે છે અને ધ્યાનપૂર્વક તે ઘોડાની પાછળ પોતે વારંવાર જાય છે પણ બેદરકારી રાખતો નથી, તેમ યોગીએ મનને વશ કરવું. બસ, આ જ મનને વશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય શાસ્ત્રોમાં કહ્યો છે. એ રીતે જ્યાં સુધી મન વશ થાય ત્યાં સુધી સત્ત્વવિવેક વડે મહત્તત્ત્વથી માંડી દેહ સુધીના સર્વ પદાર્થોનો, પ્રકૃતિ વગેરે ક્રમથી ઉત્પત્તિનો તથા તેથી ઊલટા પૃથ્વી વગેરે ક્રમથી વિનાશનો વિચાર કરવો. જે પુરુષ (ઉત્પત્તિ તથા નાશવાળા પદાર્થોમાં આત્માને અવધિરૂપ જોઈ તેને ન જાણવાથી થયેલા સંસારમાં) કંટાળ્યો હોય અને તેથી જ વિરક્ત થયેલો હોઈ ગુરુએ ઉપદેશેલા અર્થનો વિચાર કરતો હોય, તેવા પુરુષનું મન ગુરુના ઉપદેશનું વારંવાર ચિંતન કરવાથી પોતાનું દેહાભિમાન તજી દે છે. યમાદિ યોગ માર્ગોથી અને આન્વીક્ષિકીવિદ્યા અથવા મારી પૂજા, ધ્યાન વગેરેથી જ મન પરમાત્માનું સ્મરણ કરે છે; પણ એ સિવાય બીજા કોઈ ઉપાયોથી મન પરમાત્માનું સમરણ કરતું નથી. (માટે આ સિવાય બીજા કોઈ ઉપાયો કરવા નહિ.) યોગી પ્રમાદને લીધે કોઈ નિંદ્ય કર્મ કરે તો જ્ઞાનાભ્યાસરૂપી યોગથી જ તે કર્મથી થનાર પાપનો નાશ કરે છે અથવા ભક્ત પુરુષોનાં નામસંકીર્તનથી તે પાપનો નાશ કરે છે. પણ તે પાપને દૂર કરવા કૃચ્છ્રચાંદ્રાયણ વગેરે વ્રતો તે કરતો નથી. પોતપોતાના અધિકારમાં રહેવું તે જ ગુણ છે, બીજો કોઈ ગુણ નથી. કર્મો તો ઉત્પત્તિથી જ અશુદ્ધ છે; માટે કર્મોનો સંગ તજાવવાની ઈચ્છાથી (વેદે) આ ગુણદોષના વિધાન દ્વારા કર્મોનો નિયમ કર્યો છે.' (હવે ભક્તિના અધિકારી માટે ભક્તિયોગ કહું છું.) જે મનુષ્યને મારી કથાઓ ઉપર શ્રદ્ધા થઈ હોય અને તેથી જ બીજાં સર્વ કર્મો તરફ કંટાળો આવ્યો હોય (પણ તે કર્મોનાં ફળો તરફ કંટાળો ન થયો હોય) તે જો કે વિષયોને દુઃખરૂપ જાણે છે, છતાં જે તેને તજવા અસમર્થ હોય છે. આવા શ્રદ્ધાળુ મનુષ્યે 'ભક્તિ જ સર્વ થઈ રહેશે' આવો દૃઢ નિશ્ચય કરી દુઃખદાયી પરિણામવાળા તે તે વિષયોની નિંદા કરતાં તેઓનું સેવન કરવું અને પ્રસન્ન રહી મારું ભજન કરવું. મેં કહેલા આ ભક્તિયોગથી નિરંતર મારું ભજન કરતા મુનિના હૃદયમાં હું વાસ કરું છું એટલે તેના હૃદયમાં રહેલા સર્વ વિષયાભિલાષો નાશ પામે છે. વળી સર્વના આત્મારૂપ

મારું દર્શન થતાં મનુષ્યના હૃદયના અહંકારની ગાંઠ છૂટી જાય છે; સર્વ સંશયો છેદાઈ જાય છે અને સર્વ સંચિત ને આગામી કર્મો પણ નાશ પામે છે. માટે મારી ભકિતથી યુકત થયેલા અને મારામાં જ મનવાળા યોગીને ઘણું કરી જ્ઞાન કે વૈરાગ્ય કલ્યાણનું સાધન થતાં નથી (પણ ભક્તિ જ કલ્યાણનું સાધન થાય છે;) કારણ કે કર્મોથી, તપશ્ચર્યાથી, જ્ઞાનથી, વૈરાગ્યથી, યોગથી, દાનધર્મથી તેમ જ બીજાં તીર્થયાત્રા વગેરે કલ્યાણનાં સાધનોથી જે કંઈ ચિત્તશુદ્ધિ વગેરે ફળ થાય છે, તે જ સર્વ ફળ મારો ભકત ભકિતયોગથી અનાયાસે પામે છે. વળી તે મારો ભકત કદાચ ઈચ્છે તો સ્વર્ગ કે મોક્ષ કે મારા વૈકુંઠધામને પણ પામે છે (પરંતુ મારો ભકત મારી ભકિત સિવાય બીજું કંઈ ઈચ્છતો નથી.) મારા સજ્જન અને ધીર એકાંતિક ભકતો કેવળ મારામાં જ પ્રીતિવાળા હોય છે, તેથી હું તેમને આત્યંતિક મોક્ષપદ આપું છું, તોપણ લેતા નથી; તો પછી તેઓ બીજું કંઈ ન ઈચ્છે તેમાં શું કહેવાનું હોય ? કોઈ પણ વસ્તુની ઈચ્છા ન કરવી તે જ ઉત્કૃષ્ટ ફળ અને તેનું સાધન છે, એમ વિદ્વાનો કહે છે, માટે કોઈ વસ્તુની ઈચ્છા ન કરનારા નિઃસ્પૃહ પુરુષને જ મારી ભક્તિ થાય છે. આમ જેઓ મારામાં એકાંત ભકિત કરે છે અને સમાન ચિત્તવાળા હોઈ બુદ્ધિથી પર એવા ઈશ્વરને પામી ચૂક્યા છે તેવા સજ્જન ભકતોને વેદોકત કર્મ કરવાથી પુણ્ય થતું નથી; તેમ જ વેદનિષિદ્ધ કર્મો કરવાથી પાપ લાગતું નથી. આમ મેં બતાવેલા આ ત્રણ ભકિતયોગ, જ્ઞાનયોગ તેમ જ કર્મયોગ માર્ગોને જેઓ આચરણમાં મૂકે છે તેઓ કાળ-માયા વગેરેથી રહિત મારું સ્થાન (વૈકુંઠ) પામે છે અને પરમ બ્રહ્મતત્ત્વ જાણે છે. ૧-૩૭

एवमेतान्मयादिष्टाननुतिष्ठन्ति मे पथः । क्षेमं विन्दन्ति मत्स्थानं यद्ब्रह्म परमं विदुः ॥३७॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૦ સમાપ્ત.*

## અધ્યાય-૨૧

## કામનાવાળાઓને દ્રવ્ય-દેશ આદિ ગુણ-દોષ

॥ उद्धव उवाच ॥

य एतान्मत्पथो हित्वा भक्तिज्ञानक्रियात्मकान् । क्षुद्रान् कामांश्चलैर्प्राणैर्जुषन्तः संसरन्ति ते ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** જે મનુષ્યો ભકિત, જ્ઞાન તથા નિષ્કામ કર્મયોગરૂપ મારા આ ત્રણે માર્ગો તજી નાશવંત પ્રાણોથી અથવા ઈન્દ્રિયોથી વિષયોને સેવે છે, તેઓ સંસાર પામ્યા કરે છે. પોતપોતાના અધિકારમાં રહેવું તેને જ ગુણ કહ્યો છે અને તેથી ઊલટું વર્તવું તે જ દોષ છે; આમ ગુણ તથા દોષનો આ નિશ્ચય છે. હે નિર્દોષ ઉદ્ધવ ! આ જગતમાં સર્વ વસ્તુઓ સમાન જ છે, તોપણ તે તે દ્રવ્યમાં 'આ યોગ્ય છે કે અયોગ્ય' આવા સંદેહ દ્વારા સ્વાભાવિક પ્રવૃત્તિ અટકાવવા તે તે દ્રવ્યની યોગ્યતા, અયોગ્યતા, ગુણ તથા દોષ મેં મનુ વગેરેના સ્વરૂપે શાસ્ત્રોમાં જણાવેલા છે. તેમાં વસ્તુની યોગ્યતા તથા અયોગ્યતા ધર્મ માટે દર્શાવેલાં છે, (જેમ કે શુદ્ધ કર્મથી ધર્મ અને અશુદ્ધ કર્મથી અધર્મ થાય છે); ગુણ અને દોષ વ્યવહાર માટે દર્શાવ્યાં છે (જેમ કે સૂતક વગેરેમાં પણ રાજા રાજસભામાં ન્યાયનું કામ કરી શકે, પણ બીજું કંઈ ન કરી શકે;) અને શુભ તથા અશુભ (વસ્તુ) શરીરનિર્વાહ માટે દર્શાવેલી છે (જેમ કે દોષકારક અશુભ વસ્તુ પણ આપત્તિકાળે માત્ર શરીરનિર્વાહ પૂરતી જ લેવામાં પાપ લાગતું નથી, પણ શરીરને નિર્વાહથી વધારે લેવામાં પાપ લાગે છે). આમ આ સર્વ આચાર મેં મનુ આદિના રૂપે ધર્મની ધુરાને ઉપાડી રહેલા કર્મજડ મનુષ્યોને માટે દર્શાવ્યો છે. (શુદ્ધિ તથા અશુદ્ધિયોગ્યતા તથા અયોગ્યતા - વેદોકત છે, માટે

તેને જ વળગી ન રહેવું; કારણ કે) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ તથા આકાશ આ પાંચ બ્રહ્માથી માંડી ને સ્થાવર સુધીનાં સર્વ પ્રાણીઓનાં કારણ છે અને સર્વ પ્રાણીઓનાં શરીરની શરૂઆત કરનાર પણ તે જ છે; (આમ સર્વનાં શરીર પાંચ મહાભૂતોનાં હોઈ એકસરખાં જ છે;) તેમ જ આ સર્વ એક જ આત્માથી યુકત છે (એટલે આત્મદૃષ્ટિએ પણ સર્વ સમાન છે). આમ હે ઉદ્ધવ ! સર્વ પ્રાણીઓનાં શરીરો એકસરખાં જ છે; તોપણ તેઓમાં પ્રવૃત્તિના સંકોચ દ્વારા ધર્માદિ પુરુષાર્થોની સિદ્ધિ માટે વેદ જુદી જુદી વર્ણાશ્રમવ્યવસ્થા ઠરાવે છે. હે મહા સજ્જન ઉદ્ધવ ! (એ રીતે કેવળ દેહ વગેરેના ગુણ–દોષ ઠરાવ્યા એમ નથી; પણ) દેશ–કાળ આદિ ભાવોના તેમ જ બીજી સર્વ વસ્તુઓના પણ (તે તે સર્વની સમાનતા હોવા છતાં) કર્મોના સંકોચ માટે ગુણદોષનો વિભાગ મેં કર્યો છે. હે વીર ! (એમ ગુણદોષ સંબંધી વિવેચન કર્યું. હવે તે ગુણદોષ શુદ્ધિ તથા અશુદ્ધિનાં મૂળ હોવાથી શુદ્ધિ-અશુદ્ધિ કહું છું.) દેશોમાં પણ જે દેશ કાળા મૃગથી રહિત હોય તે અપવિત્ર અને તેમાં પણ જે બ્રાહ્મણ ઉપરની ભકિતથી રહિત હોય તે અત્યંત અપવિત્ર છે. વળી કાળા મૃગવાળા હોવાથી શ્રેષ્ઠ છતાં સત્પુરુષોથી રહિત કીકટ, અંગ, વંગ, કલિંગ, વગેરે દેશો અપવિત્ર છે; પણ તે તે દેશોમાં સત્પુરુષો હોય તો તે શ્રેષ્ઠ છે. વળી જે દેશ સફાઈ વિનાનો અથવા જેમાં મ્લેચ્છો ઘણા રહેતા હોય અને જે ઉષર ભૂમિવાળો હોય, તે પણ અપવિત્ર છે (અર્થાત્ આ સિવાયના કાળા મૃગવાળો અને તેમાં પણ સત્પુરુષોવાળો હરકોઈ દેશ પવિત્ર છે). પણ દ્રવ્ય સંપત્તિથી અથવા કાળથી પોતાથી જ કર્મ માટે યોગ્ય હોય, તે કાળ તે કર્મ માટે ગુણવાન છે અને જે કાળમાં દ્રવ્ય ન મળવાથી અથવા રાષ્ટ્ર ઉપરના ઉપદ્રવ વગેરેથી કર્મ અટકી પડે, તે કર્મ માટે અયોગ્ય, અશુદ્ધ છે. (એ રીતે દેશની તથા કાળની શુદ્ધિ– અશુદ્ધિ કહીને હવે દ્રવ્યોની શુદ્ધિ-અશુદ્ધિ કહું છું.) વસ્ત્ર વગેરે કોઈ દ્રવ્યની જળ વગેરે દ્રવ્યથી શુદ્ધિ થાય છે પણ મૂત્ર વગેરે દ્રવ્યથી અશુદ્ધિ થાય છે તેમ જ કોઈ દ્રવ્યના સંબંધમાં 'આ શુદ્ધ છે' કે અશુદ્ધ છે આવો સંદેહ થાય ત્યારે બ્રાહ્મણના વચનથી તેની શુદ્ધિ કે અશુદ્ધિ જણાય છે; તેમ જ પુષ્પ વગેરે કોઈ દ્રવ્યની જળસિંચન વગેરે સંસ્કારથી શુદ્ધિ થાય છે અને સૂંઘવા વગેરેથી અશુદ્ધિ થાય છે. વળી ચોમાસાના નવાં પાણી વગેરે કોઈ દ્રવ્યની ત્રણ દિવસ, દસ દિવસ વગેરે કાળથી શુદ્ધિ થાય છે, પણ તે જ વરસાદનું પાણી તેટલા સમય પહેલાં અશુદ્ધ ગણાય છે; તેમ જ તાજું અન્ન શુદ્ધ ગણાય અને વાસી અન્ન અશુદ્ધ ગણાય છે. વળી ચાંડાલ વગેરેએ અભડાવેલાં તળાવ વગેરેનાં પાણીની વત્તાઓછા પ્રમાણથી શુદ્ધિ અશુદ્ધિ ગણાય છે; તેમ જ કોઈ દ્રવ્યની અશુદ્ધિ ને શુદ્ધિ શકિત તથા અશકિત ઉપરથી પણ ગણાય છે. (કેમ કે સૂર્યગ્રહણનું અન્ન વગેરે તથા સૂતકનું અન્ન વગેરે શકિતવાળાઓ માટે અશુદ્ધ ગણાય છે, ત્યારે બાલ, વૃદ્ધ, રોગી વગેરે અશકત માટે શુદ્ધ ગણાય છે.) વળી કોઈ દ્રવ્યની શુદ્ધિ તથા અશુદ્ધિ જ્ઞાન વડે પણ ગણાય છે કેમ કે પુત્રજન્મ વગેરે જો દસ દિવસ પછી જણાય તો સૂતક લાગતું નથી એટલે શુદ્ધિ ગણાય છે અને દસ દિવસની અંદર જણાય તો સૂતક લાગે છે, અશુદ્ધિ મનાય છે.) વળી સમૃદ્ધિ ઉપરથી પણ અશુદ્ધિ-શુદ્ધિ ગણાય છે. (જેમ કે સૂતકનું અન્ન વગેરે શ્રીમંત માટે અશુદ્ધ ગણાય છે, ત્યારે દરિદ્ર માટે શુદ્ધ ગણાય છે.) આ બધાં દ્રવ્ય, વચન વગેરે કોઈ દ્રવ્યની અશુદ્ધિ દ્વારા પોતાને જે કંઈ અશુદ્ધિ કરે છે, તે પણ દેશ તથા અવસ્થા પ્રમાણે જ બરાબર કરે છે. (હરકોઈ દેશ–અવસ્થા વગેરેમાં અશુદ્ધિ કરતાં નથી.) નિર્ભય પ્રદેશમાં જ મનુષ્યને અશુદ્ધિ લાગે છે, પણ ચોર વગેરેથી ભયવાળા પ્રદેશમાં અશુદ્ધિ લાગતી નથી; તેમ જ રોગ વગેરેથી રહિત યુવાવસ્થા વગેરેમાં જ આવી અશુદ્ધિઓ લાગે છે, પણ બાલ્યાવસ્થા કે રોગ વગેરેની અવસ્થાવાળાને લાગતી નથી.

વળી ધાન્ય, લાકડું, હાથીદાંત, વગેરે હાડકાં, તેલ, ઘી, વગેરે રસો, સોનું વગેરે તૈજસ પદાર્થો, ચામડાં અને રસ્તાનો કાદવ, ઘડા તથા ઈંટ વગેરેની શુદ્ધિ કાળ, વાયુ, અગ્નિ, માટી ને જળથી થાય છે. તેમાં કોઈ સ્થળે આ પદાર્થો અમુક અમુકની સાથે મળેલા હોવાથી તેઓની શુદ્ધિ થાય છે ને કોઈ સ્થળે કેવળ એકથી પણ શુદ્ધિ થાય છે. (તેમાં પણ કાગડા તથા ચાંડાલ વગેરેના અડકી જવામાં ઓછાવત્તાથી અને દેશ, કાળ તથા અવસ્થા વગેરે પ્રમાણે જ શુદ્ધિ થાય છે.) જે વસ્તુ (પાટલો, પાત્ર, વસ્ત્ર વગેરે) અપવિત્ર પદાર્થથી ખરડાઈ હોય તે જેટલા છોલવા વગેરેથી તથા જેટલા ખારાપાટા વગેરે જળ વડે ધોવાથી ગંધ તથા ખરડ દૂર થાય અને તેની મૂળ સ્થિતિને પામે, તે જ તેની શુદ્ધિ માની છે. (એ રીતે દ્રવ્યની શુદ્ધિ કહી; હવે કર્મના કર્તાની શુદ્ધિ સાંભળો :) સ્નાન, દાન, તપ, અવસ્થા, શકિત જનોઈ વગેરે સંસ્કાર, સંધ્યોપાસન આદિ કર્મ તેમ જ મારું સ્મરણ વગેરેથી કર્મના કર્તાથી (તે તે કાર્યને અનુસરતી) શુદ્ધિ થાય છે. (આ શુદ્ધિ વ્યવહાર માટે નથી, પણ શાસ્ત્રોકત કર્મો કરવા માટે છે; કેમ કે) બ્રાહ્મણ, ક્ષત્રિય તેમ જ વૈશ્યે શુદ્ધ થઈને જ શાસ્ત્રીય કર્મ કરવાં જોઈએ. વળી સદ્‌ગુરુના મુખથી બરાબર મંત્ર જાણવો, તે તેની શુદ્ધિ છે અને હરકોઈ કર્મ મને અર્પણ કરવું તે કર્મની શુદ્ધિ છે. આ રીતે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર તેમ જ કર્મ એ છ શુદ્ધ હોય તો જ તે દ્વારા ધર્મ સિદ્ધ થાય છે; પરંતુ અશુદ્ધ હોય તો અધર્મ થાય છે. (તમે ન માનશો કે આ ગુણદોષનો વિભાગ સાચો છે;) કારણ કે કોઈ વેળા શાસ્ત્રની આજ્ઞાના જ બળથી ગુણ પણ દોષરૂપ થાય છે (જેમ કે) આપત્તિકાળમાં દાન લેવું તે ગુણરૂપ છે, પણ આપત્તિરહિતકાળમાં દાન લેવું તે દોષરૂપે છે અને કોઈ વેળા દોષ પણ ગુણરૂપ થાય છે. (જેમ કે કુટુંબનો ત્યાગ તે દોષરૂપ છે, પરંતુ વિરકત માટે તે ગુણરૂપ છે.) એ રીતે આ ગુણ તથા દોષનો એક જ બાબતમાં દેખાતો નિયમ અથવા ગુણ તથા દોષ માટે નિયમ કરનાર શાસ્ત્ર જ જણાવે છે કે ગુણ અને દોષ વસ્તુમાં નથી, પણ અધિકારીના ભેદથી કલ્પિત છે (કારણ કે ગુણદોષનો ભેદ જો સાચો હોય તો આવી એક જ બાબતમાં વિપરીતતા ન હોય) (કોઈ સ્થળે દ્વેષ તે દોષ તરીકે ગણાતો નથી અને કોઈ સ્થળે તે દોષ પણ ગુણયુકત થાય છે જેમ કે) જેઓ પતિત નથી, તેઓને મદિરાપાન દોષરૂપ હોઈ પાપરૂપ થાય (પતિત કરે) છે; પણ તે જ મદિરાપાન પતનનું કારણ છતાં જેઓ જાતિ કે કર્મથી પ્રથમથી જ પતિત છે, તેઓને પાપરૂપ મનાતું નથી— અધિકારથી ભ્રષ્ટ કરતું નથી; કેમ કે તેઓ તો પ્રથમથી જ પતિત છે, (માટે એવા સ્થળે દોષરૂપ છતાં તે દોષરૂપ નથી.) તે જ રીતે જે સંગ સંન્યાસીને દોષરૂપ થાય છે તે જ ગૃહસ્થને પ્રથમથી જ સ્વીકારેલ હોઈ દોષરૂપ નથી, પણ ઊલટો ગુણરૂપ છે (કેમ કે શાસ્ત્ર જ 'ऋतौ भार्यामुपेयात्-ઋતુકાળે સ્ત્રીગમન કરવું. એમ આજ્ઞા કરી છે.) માટે આ નક્કી છે કે જેમ મનુષ્ય પ્રથમથી જ નીચે સૂતો હોય તેને કદી પડવાનું હોતું નથી, એટલે દોષિત છે તેને દોષિત થવાનું હોતું જ નથી.) આ ઉપરથી સિદ્ધ થાય છે કે ગુણદોષના નિયમવિધિઓનું તાત્પર્ય પ્રવૃત્તિના સંકોચ દ્વારા મનુષ્યને નિવૃત્તિમાં લઈ જવો એ જ છે.) મનુષ્ય જેમ જેમ નિવૃત્તિ તરફ વળે છે, તેમ તેમ બંધનોથી છૂટતો જાય છે. માટે આ નિવૃત્તિધર્મ જ મનુષ્યોના શોક, મોહ તથા ભયનો નાશ કરનાર હોઈ કલ્યાણરૂપ છે. વિષયોમાં ગુણબુદ્ધિ થવાથી મનુષ્યને તેઓમાં આસકિત થાય છે અને આસકિત થતાં વિષયભોગની કામના થાય છે પછી એ કામનાનો નાશ કરવા જે કોઈ વચ્ચે આવે તેની સાથે એ વિષયભોગની કામનાથી જ મનુષ્યોને કજીયો થાય છે અને કજિયો થતાં જ તેની પાછળ ક્રોધ લાગુ થાય છે અને તેની પાછળ મોહ આવે છે. પછી તો મનુષ્યની વ્યાપક ચેતનાને તે મોહ જલદી ગળી જાય છે એટલે મોહ ચેતનાનો નાશ કરે છે, હે સજ્જન ઉદ્ધવ !

એમ ચેતનારહિત થયેલો મનુષ્ય શૂન્ય જેવો જ થાય છે, ન હોય તેવો થઈ પડે છે અને એ રીતે મૃતઃપ્રાય થયેલા તે મનુષ્યના સ્વાર્થનો પણ નાશ થાય છે—તેના સર્વ પુરુષાર્થો નાશ પામે છે. એ રીતે જે મનુષ્ય વિષયાસક્તિથી પોતાને કે પારકાને જાણતો નથી; તે વૃક્ષના જીવન પ્રમાણે વ્યર્થ જીવે છે, મૂર્ચ્છિત જેવો હોઈ ધમણની પેઠે વ્યર્થ શ્વાસ લે છે, મરેલા જેવો છે. (તમે કહેશો કે પ્રવૃત્તિમાર્ગે ગયેલા માટે સ્વર્ગાદિ ફળો વેદમાં કહ્યાં છે; તો કેમ કહો છો કે તેના સ્વાર્થનો નાશ થાય છે ? આનો ઉત્તર આ છે કે) પ્રવૃત્તિમાર્ગે ગયેલાને સ્વર્ગાદિ ફળો બતાવતી શ્રુતિ, સ્વર્ગાદિ મેળવવાં તે જ પરમ પુરુષાર્થ છે. એવા અભિપ્રાયવાળી નથી; પણ મનુષ્યોને મોક્ષનું સ્વરૂપ કહેવાની ઈચ્છાથી ગૌણ ફળ દ્વારા કર્મોમાં માત્ર રુચિ ઉપજાવવાના જ અભિપ્રાયવાળી છે. જેમ રોગ દૂર કરવા બાળકને ઔષધિ આપતી વેળા ઔષધ ઉપર રુચિ ઉપજાવવા ખાંડના લાડુ આપવાની લાલચ અપાય છે, તેમ વેદની ફલશ્રુતિ પણ મોક્ષ પ્રત્યે લઈ જવા કોઈ લાલચ આપતી હોય તેવી છે. (તમે કહેશો કે કર્મકાંડમાં મોક્ષનું તો નામ પણ સંભળાતું નથી, તો આમ કેમ કહો છો ? તેનો ઉત્તર આ છે કે) વિષયો પ્રાણો તેમ જ પુત્રાદિ સ્વજનો સ્વભાવથી જ પરિણામે દુઃખદાયી છે; છતાં મનુષ્યો તેઓમાં આસક્ત મનવાળા થઈ પોતાનો સ્વાર્થ સમજતા નથી. માટે વેદ અમને જે બોધ આપશે તે અમારા કલ્યાણરૂપ જ હશે ? આવો વિશ્વાસ પામેલા અને વિષયના માર્ગરૂપ દેવાદિ યોનિઓમાં ભટકીને પાછા વૃક્ષાદિ યોનિઓમાં દાખલ થતા તે જીવોને કોઈ પણ વિદ્વાન અથવા વેદ તે વિષયોમાં જ (પ્રાણાદિમાં તેમ જ પુત્રાદિ સ્વજનોમાં) કેમ જોડે ? (વેદ પોતે જ પ્રવૃત્તિમાર્ગનો જે ઉપદેશ આપે, તો અનાપ્ત ઠરે; માટે વેદ તો નિવૃત્તિમાર્ગનો જ ઉપદેશ કરે છે.) આમ વેદનો નિવૃત્તિપરાયણ અભિપ્રાય ન સમજી કેટલાક દુષ્ટ બુદ્ધિવાળા લોકો (મીમાંસકો) ગૌણ ફળોની લાલચથી માત્ર ઉપર ઉપરથી જ સુંદર જણાતી ફલશ્રુતિને પરમ પુરુષાર્થરૂપ કહે છે; પણ વેદનો આશય જાણતા વ્યાસ વગેરે તેમ કહેતા નથી. વિષયાભિલાષવાળા મનુષ્યો દીન અને લોભી હોઈ પુષ્પો જેવાં વેદોક્ત ગૌણ ફળોમાં ઉત્તમ ફળબુદ્ધિ રાખી અગ્નિસાધ્ય વેદોક્ત કર્મો કરવાની દુરાગ્રહથી વિવેકભ્રષ્ટ થયેલા અને પરિણામે ધૂમમાર્ગને જ પામતા આ કર્મકાંડી મીમાંસકો આત્મતત્ત્વને જાણતા જ નથી. હે ઉદ્ધવ ! જેઓ કર્મની જ પ્રશંસા કરે છે તેવા પેટભરા કર્મકાંડીઓ જેમ ઝાકળથી ઢંકાયેલા નેત્રવાળાં મનુષ્યો પોતાની પાસેથી વસ્તુ પણ જાણતા નથી, તેમ આ જગત જેનાથી જુદું નથી અને જેનાથી ઉત્પન્ન થયું છે તે હૃદયમાં જ રહેલા મને જાણતા નથી. હિંસામાં તથા તેના ફળ—માંસભક્ષણમાં જો પ્રીતિ હોય તો માત્ર યજ્ઞનિમિત્તે જ હિંસા કરવી, એમ અનુજ્ઞા દ્વારા આ માત્ર પરિસંખ્યા વિધિ છે, પરંતુ અવશ્ય કર્તવ્ય તરીકે આજ્ઞા આપી નથી. આવો મારો એટલે વેદનો ગંભીર અભિપ્રાય ન સમજી હિંસામાં આનંદ માનતા તે ખલ કર્મકાંડીઓ પોતાના સુખની ઈચ્છાથી મારેલાં પશુ વડે યજ્ઞ કરી પિતૃઓ તથા ભૂતપતિઓ વગેરે દેવોનું યજન કરે છે. જેને કોઈ વાણિયો પુષ્કળ ધન કમાવાની ઈચ્છાથી તરવો મુશ્કેલ સમુદ્ર તરી વહાણ વગેરે ભાંગતાં મૂળ મૂડીને પણ ગુમાવી ઉભયભ્રષ્ટ થાય છે, તેમ એ કર્મકાંડીઓ પણ કાનને પ્રિય લાગતા અને સ્વપ્ન જેવા ખોટા પરલોકના તથા આ લોકના વિષયોનો હૃદયમાં સંકલ્પ કરી (વ્યર્થ) કર્મોમાં પૈસા ગુમાવે છે. રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણમાં નિષ્ઠાવાળા લોકો રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણને સેવતા ઈન્દ્રાદિ દેવની જેવી ઉપાસના કરે છે, તેવી મારી (ગુણાતીતની) ઉપાસના કરતા નથી. કર્મકાંડીઓ આવા સંકલ્પ કરે છે. આ લોકમાં યજ્ઞોથી દેવતાઓનું યજન કરી સ્વર્ગમાં જઈ અમે આનંદ કરીશું અને તે પુણ્યભોગને અંતે આ લોકમાં પાછા મહાકુળવાન મોટા ગૃહસ્થો થઈશું.' આમ વેદની પુષ્પ જેવી

ફળદર્શક વાણીથી લલચાયેલાં મનવાળા, અભિમાની ને ઘણા જ અક્કડ કર્મકાંડી લોકોને મારી વાત પણ ગમતી નથી. (જેથી તેઓ મારા પરાયણ થતા નથી અને નિત્ય સંસારમાં ભટક્યા કરે છે.) એ રીતે વેદ પ્રવૃત્તિ પરાયણ નથી (પણ નિવૃત્તિપરાયણ જ છે). કર્મકાંડ, જ્ઞાનકાંડ અને દેવતાકાંડ એ વેદોનો વિષય છે અને 'જીવ બ્રહ્મ જ છે, સંસારી નથી' આવો વેદોનો મુખ્ય અભિપ્રાય છે, (પણ તે અભિપ્રાય લોકો સમજતા નથી; કારણ કે) વેદના મંત્રો કે તેના દ્રષ્ટાઓ પરોક્ષવાદી છે, વેદનો ઉદ્દેશ આત્મવાદ જ છે અને તે પરોક્ષવાદ જ મને પ્રિય છે. (કેમ કે શુદ્ધ અંતઃકરણવાળાઓએ જ આ આત્મતત્ત્વ જાણવા યોગ્ય છે; તેથી અધિકારીઓને તો વ્યર્થ કર્મત્યાગ કરી ઉભયભ્રષ્ટ થવાનો જ પ્રસંગ પ્રાપ્ત થાય છે.) (તમે કહેશો કે વેદને જાણનારા જૈમિનિ વગેરે ઘણા થઈ ગયા છે. તેઓ વેદને આ રીતે કેમ વર્ણવતા નથી ? તેના ઉત્તરમાં કહેવાનું કે મારા વિના વેદને કે વેદના અર્થને બરાબર કોઈ જાણતું જ નથી; કારણ કે) શબ્દબ્રહ્મ વેદ જાણવો ઘણો જ મુશ્કેલ છે; પ્રાણ, ઈન્દ્રિય તથા મનોમય છે એટલે પરા, પરયંતી અને મધ્યમા એ શબ્દબ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે; તે અનંતપાર છે. કાળથી કે દેશથી તેનું માપ થઈ શકતું નથી. (એટલું જ નહિ, પણ તેનો અર્થ સમજવો પણ મુશ્કેલ છે કેમ કે) તે ગંભીર છે; અને અર્થગૂઢ છે અને જેમ સમુદ્રમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે તેમ વેદમાં પણ બુદ્ધિનો પ્રવેશ થવો મુશ્કેલ છે. (હવે વિદ્વાનો વડે જ જાણી શકાતું શબ્દબ્રહ્મનું સૂક્ષ્મ તત્વ બતાવું છું;). અનંત શકિતવાળા, અંતર્યામી ને વ્યાપક બ્રહ્મરૂપ મારાથી આશ્રિત શબ્દબ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ કમળના નાળમાં જણાતા તંતુની પેઠે સર્વ પ્રાણીઓમાં ઘોષરૂપે તથા નાદરૂપે વિદ્વાનો જાણે છે. (તે સૂક્ષ્મ સ્વરૂપમાંથી વૈખરી નામે મહાન વેદવાણી કેવી રીતે ઉત્પન્ન થઈ. તે દષ્ટાંત સાથે આ પ્રમાણે છેઃ) જેમ કરોળિયો હૃદયમાંથી ઓછી વધતી લાળના તાંતણા બહાર કાઢે છે, તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા, વેદમય અને અમૃતમૂર્તિ પ્રભુ હિરણ્યગર્ભ નાદરૂપ મૂળ કારણથી યુકત થઈ સ્પર્શ વગેરે વર્ણોનો સંકલ્પ કરતા મન વડે હૃદયાકાશમાંથી વૈખરી નામની મહાન વેદવાણી ઉત્પન્ન કરે છે અને પાછા તે પોતે જ (કરોળિયા પેઠે) એ વાણી સમેટી લે છે. તે વાણી ૐ કારમાંથી પ્રકટેલાં क થી म સુધીનાં પચીસ સ્પર્શ વ્યંજનો, अ વગેરે સોળ સ્વરો, श, ष, स, ह, ચાર ઉષ્માક્ષરો અને य, र, ल, व, ચાર અંતઃસ્થ વર્ણોથી શોભતી હોઈ અનેક માર્ગોવાળી છે; વૈદિક અને લૌકિક અનેક વિચિત્ર ભાષાઓથી વિસ્તાર પામી છે; ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરોથી વધતા છંદો વડે તેનું જ્ઞાન થાય છે; તે અનંતપાર છે. ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, પંકિત, ત્રિષ્ટુપ, જગતી, અતિજગતી, શકવરી, અતિશકવરી, અષ્ટિ, અત્યષ્ટિ, વિરાટ અને અતિવિરાટ, આ એક એક છંદે ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરો વધે છે. (જેમ કે ચોવીસ અક્ષરનો ગાયત્રી છંદ થાય છે, ત્યારે અઠયાવીસ અક્ષરોનો ઉષ્ણિક છંદ થાય છે. આ છંદોથી જણાતી વૈખરી વાણી પણ સ્વરૂપથી જાણવી મુશ્કેલ છે. આ વાણીરૂપે વેદ કર્મકાંડમાં વિધિવાક્યથી શું આજ્ઞા કરે છે ? દેવતાકાંડમાં મંત્રવાક્યોથી શું પ્રકાશિત કરે છે ? જ્ઞાનકાંડમાં કઈ વસ્તુનો અનુવાદ કરી નિષેધ માટે વિકલ્પ કરે છે ? આમ વેદવાણીનું તાત્પર્ય મારા વિના બીજો કોઈ જાણતો નથી (અર્થાત્ વેદવાણી અર્થથી પણ જાણવી મુશ્કેલ છે), વેદ મારું જ યજ્ઞરૂપે સ્વરૂપ જણાવે છે (કારણ કે **'यज्ञो वै विष्णुः'** એમ વેદ પોતે જ કહે છે); મને જ તે તે દેવતારૂપે કહે છે (દેવોને મારાથી જુદા કહેતો નથી) અને આકાશ વગેરે પ્રપંચસમૂહનો (**तस्माद्वा एतस्मादात्मन आकाशसंभूतः** । तैति० उ० २-१, નિરતિશય, પરબ્રહ્મ અને અનંતરૂપે વર્ણવેલા બ્રહ્મ—આત્માથી આકાશ ઉત્પન્ન થયું, એમ) મારામાં આરોપ કરી તેનો જે નિષેધ કરે છે, તે પણ હું જ છું; કારણ કે સર્વ વેદનો આટલો જ અર્થ છે કે, પરમાર્થરૂપ મારો આશ્રય કરી, સર્વ ભેદને 'આ સર્વ માયા જ છે' એમ અનુવાદ કરી અંતે **'नेह नानास्ति किञ्चन**–સર્વવ્યાપક બ્રહ્મમાં

લેશમાત્ર ભેદભાવ નથી 'અર્થાત્ અંકુરમાં રસ છે, તે જ જેમ તેના વિસ્તારરૂપ થડ, ડાળાં વગેરેમાં પણ છે; તેમ ૐકારનો અર્થ જે પરમેશ્વર જ છે, તે જ તેનો વિસ્તારરૂપ સર્વ વેદોના કાંડોનો તથા શાખા–પ્રશાખાઓનો પણ છે; તે સિવાય બીજા કોઈ વેદનો અર્થ નથી. એમ તે ભેદનો નિષેધ કરી વેદ શાંત થાય છે અને કેવળ અધિષ્ઠાનરૂપે હું જ શેષ રહું છું. ૧-૪૩

एतावान् सर्ववेदार्थः शब्द आस्थाय मां भिदाम् । मायामात्रमनूद्यान्ते प्रतिषिध्य प्रसीदति ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૧ સમાપ્ત.*

## અધ્યાય-૨૨

## તત્ત્વોની સંખ્યા, પ્રકૃતિ અને પુરુષનો વિવેક તથા જન્મ-મૃત્યુનો પ્રકાર

॥ उद्धव उवाच ॥

कति तत्त्वानि विश्वेश संख्यातान्यृषिभिः प्रभो । नवैकादश पञ्च त्रीण्यात्थ त्वमिह शुश्रुम ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** ('એમ વેદો પ્રવૃત્તિપરાયણ છે, એ વાતનું ખંડન કરી આપે નિર્ણય કર્યો કે વેદો નિવૃત્તિપરાયણ છે. ભલે તેમ હોય તોપણ તેમાં પેટા વિવાદો ઘણા છે. કેટલાક તત્ત્વોની સંખ્યાની બાબતમાં, કેટલાક બાહ્ય પદાર્થોની સત્યતા અને મિથ્યાત્વના સંબંધમાં અને કેટલાક આત્મા એક છે કે અનેક, એમ આત્માના સંબંધમાં વિવાદ ચલાવે છે. તો આમાં સત્ય શું તે જાણવાની ઈચ્છાથી હું પૂછું છું.') હે જગતના ઈશ્વર પ્રભુ ! ઋષિઓએ શાસ્ત્રમાં કેટલાં તત્ત્વોની સંખ્યા કહી છે ? આપ નવ, અગિયાર, પાંચ અને ત્રણ એમ અઠ્યાવીસ તત્ત્વો કહો છો, તે અમે અહીં સાંભળ્યાં કેટલાક છવ્વીસ, કેટલાક પચીસ, કેટલાક સાત, કેટલાક નવ, કેટલાક છ, કેટલાક ચાર, કેટલાક સત્તર, કેટલાક સોળ અને કેટલાક તેર તત્ત્વો કહે છે. આમ ઋષિઓ જે અભિપ્રાયથી કહેવાની ઈચ્છાથી તત્ત્વોની સંખ્યામાં અનેકપણું કહે છે, તે હે નિત્યમૂર્તિ ! આપ અમને કહેવા યોગ્ય છે.

**શ્રીભગવાન બોલ્યા :** બ્રાહ્મણો તત્વોના સંબંધમાં જે કહે છે તે યુક્ત છે; કેમ કે બધા મતમાં સર્વ તત્વોનો સમાવેશ થઈ જાય છે. જેઓ મારી માયાનો સ્વીકાર કરી કહે છે, તેઓની કઈ વાત દુર્ઘટ છે ? (જેઓની બધી વાત વાજબી છે, તો) તેઓમાં વિવાદ કેમ ચાલે છે ? તેઓ બધા માયાને જ સ્વીકારે છે તો કયા હેતુ પ્રત્યે તેઓનો વિવાદ છે ? (આનો ઉત્તર આ છે કે, 'તું જેમ કહે છે, તેમ નથી; હું જેમ કહું છું, તેમ જ છે.' આમ હેતુ પ્રત્યે વિવાદ કરતાં બ્રાહ્મણોમાં તેઓના અંતઃકરણની જુદી જુદી વૃત્તિઓરૂપે પરિણામ પામેલી મારી દુર્લંઘ્ય સત્ત્વાદિ શકિતઓ જ કારણ છે. તે શકિતઓ વિકાર પામવાથી વિવાદ કરનારાઓના વિષયરૂપ આ ભેદ ઊભો થયો છે. તે જ્યારે શમ-દમ પ્રાપ્ત થાય છે, ત્યારે નાશ પામે છે અને તેની પાછળ વિવાદ પણ શાંત થાય છે. હે પુરુષશ્રેષ્ઠ ! તત્વોનો એકબીજામાં પ્રવેશ થયો છે, તેથી હરકોઈ વકતાની જેમ કહેવાની ઈચ્છા હોય તેમ પૂર્વાપરનો ક્રમ તેમ જ તત્ત્વોની સંખ્યા ઓછીવધતી થઈ શકે છે. જેમ માટીમાં ઘડો કાર્યરૂપે પેઠો જ છે, તેમ કારણરૂપ એક તત્ત્વમાં તેના કાર્યરૂપ બીજાં તત્ત્વો સૂક્ષ્મ સ્વરૂપે પેઠાં જ છે; તેમ જ ઘડારૂપ કાર્યમાં તેનું કારણ મારી જેમ અનુસરીને જ રહેલી છે; તેમ સર્વ કાર્યરૂપ તત્ત્વોમાં તેના કારણરૂપ તત્ત્વો પણ અનુસરીને રહેલાં જ છે. (આમ તત્ત્વો એક બીજામાં પ્રવેશ કરી રહ્યાં છે.) આ કારણથી તે તે તત્ત્વોનું કારણ–કાર્યપણું અને જુદી જુદી ગણતરી કરવા ઈચ્છતા આ સર્વ બ્રાહ્મણોનું જેનું મુખ જેમ કહેવા તત્પર થાય તે સર્વમાં યોગ્યપણાના સંભવને લીધે અમે તેને

સ્વીકારીએ છીએ; કારણ કે પૂર્વોક્ત ન્યાયે સર્વના કહેવામાં યોગ્યતા રહેલી છે (તમે કહેશે કે, કાર્યરૂપ અને કારણરૂપ તત્ત્વોને જુદાં ગણવાં કે નહિ તે વિવક્ષાધીન હોવાથી ભલે તત્ત્વોની સંખ્યામાં ભેદ મનાય, પણ જીવ ને ઈશ્વરસંબંધમાં ભેદભેદની વિવક્ષા કેમ હોઈ શકે કે જેથી છવ્વીસ તત્ત્વો અને પચીસ તત્ત્વો માનનારા બે પક્ષો પડ્યા ? આનો ઉત્તર આ છે કે) જીવ અનાદિ કાળથી અવિદ્યાયુક્ત છે, માટે તેને પોતાની મેળે પોતાના સ્વરૂપનું જ્ઞાન સંભવી શકતું નથી. માટે તેને જ્ઞાન આપનારો તેનાથી બીજ તત્ત્વજ્ઞ પરમેશ્વર હોવો જોઈએ. (આમ છવ્વીસ તત્ત્વો માનનારા પક્ષનો અભિપ્રાય છે,) પણ પચીસ તત્ત્વો માનનારો પક્ષ કહે છે : જીવ તથા ઈશ્વરની લેશ માત્ર વિલક્ષણતા નથી; કારણ કે તેઓ બંને ચૈતન્યરૂપ છે. તેથી તે બંનેને એકબીજાથી જુદા માનવા તે કેવળ વ્યર્થ છે અને જ્ઞાન તો પ્રકૃતિનો ગુણ છે. (અર્થાત્ જ્ઞાન એ સત્ત્વગુણની વૃત્તિ છે; તેથી તેનો પ્રકૃતિમાં સમાવેશ થઈ શકે છે, માટે જ્ઞાન છવ્વીસમું તત્ત્વ નથી અને જીવ તથા ઈશ્વર પણ એક જ છે તેથી પચીસ જ તત્ત્વો માનવા, એમ તે પક્ષનો અભિપ્રાય છે.) (કોઈ કહે કે જ્ઞાન તો જીવનો ધર્મ છે; તેને પ્રકૃતિનો ગુણ કેમ કહી શકાય ? આનો ઉત્તર આ છે કે, ત્રણે ગુણોની સામ્યવસ્થા તે પ્રકૃતિ છે; માટે સ્થિતિ, ઉત્પત્તિ અને નાશનાં કારણ સત્ત્વગુણ તથા તમોગુણ તે પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી (કારણ કે જીવાત્મા અકર્તા છે; તેને સ્થિતિ આદિનાં કારણરૂપ ગુણોનું આશ્રયપણું ઘટતું નથી); માટે જ સત્વગુણમય એવું જ્ઞાન તે પ્રકૃતિનો ગુણ છે. આત્માને ગુણ નથી, (કોઈ કહે કે જ્ઞાન વડે દૂર કરવા યોગ્ય કર્મ તથા અજ્ઞાન કોઈ જુદાં તત્ત્વો હોવાં જોઈએ. તેનો ઉત્તર આ છે કે રજોગુણની વૃત્તિ કર્મ કહેવાય છે, માટે કર્મ તથા અજ્ઞાનનો પણ રજોગુણ તથા તમોગુણ દ્વારા પ્રકૃતિમાં સમાવેશ થાય છે. પણ કાળ તથા સ્વભાવ એ બંને જાદા તો ખરાં ને ? આના સમાધાનમાં કહેવાનું કે જેનાથી ગુણોની સામ્યવસ્થાને ત્યાગ થવાથી મુખ્ય ગુણભાવ થાય છે, તે ઈશ્વર જ કાળ છે અને સ્વભાવ સૂત્રાત્મા મહત્તત્ત્વ જ છે. આ રીતે જ્ઞાન વગેરેને બીજાં તત્ત્વોમાં સમાવેશ થાય છે. તેથી પચીસ તત્ત્વો માનનારા પક્ષમાં એથી વધારે તત્ત્વો થઈ શકતાં નથી.) પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ નવ તેમ જ હે ઉદ્ધવ ! શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જિહ્વા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો, અને વાણી, હાથ, ઉપસ્થ, ગુદા તથા પગ એ પાંચ કર્મેન્દ્રિયો તેમ જ જ્ઞાન તથા કર્મરૂપ મન એમ અગિયાર અને શબ્દ, સ્પર્શ, રસ, ગંધ અને રૂપ એ પાંચ વિષયો રૂપે પરિણામ પામેલાં મહાભૂતો અને ત્રણ ગુણો એમ અઠ્યાવીશ તો મેં કહ્યાં છે. (પચીસ, છવ્વીસ, તથા અઠયાવીશ એ ત્રણે પક્ષોમાં) જવું, બોલવું, વીર્યત્યાગ, મળત્યાગ અને શિલ્પ-એ પાંચ આધિક તત્ત્વો નથી, કેમ કે આ તે કર્મેન્દ્રિયોનાં ફળ છે માટે તે જુદાં નથી, (એમ ત્રણે મતનાં તત્વોની સંખ્યાનો ભેદ જણાવી હવે તે મતોનું તાત્પર્ય શું છે તે કહું છું.) ઉપર દર્શાવેલા શ્રોત્રથી આરંભી રૂપ સુધીના સોળ કાર્યરૂપ વિકારતત્ત્વો અને મહત્તત્ત્વથી માંડી પૃથ્વી સુધીનાં સાત કારણના રૂપને ધારણ કરનારી પ્રકૃતિ આ જગતની સૃષ્ટિ વગેરેમાં સત્ત્વાદિ ગુણો વડે સર્જ્ય, પાલ્ય અને સંહાર્યરૂપ અવસ્થા ધરે છે. (કારણ કે તે પ્રકૃતિ જ સર્વનું મૂળ કારણ છે.) પુરુષ તો અવ્યક્ત અપરિણામી હોઈ કેવળ નિમિત્તરૂપે બધું જોયા કરે છે માટે પરિણામી પ્રકૃતિથી પુરુષ જુદો છે.) મહત્તત્ત્વ વગેરે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં તત્ત્વો વિકાર પામી પુરુષની નજરે પડવા સામર્થ્ય પામી એકઠાં થઈ પ્રકૃતિના બળથી બ્રહ્માંડ સર્જે છે. (એમ તત્ત્વોએ જ આરંભેલા કાર્ય રૂપ બ્રહ્માંડનો તત્ત્વોમાં જ સમાવેશ મનાય છે) કેટલાક વિદ્વાને સાત જ તત્ત્વો માને છે. આકાશ વગેરે પાંચ મહાભૂતો દ્રષ્ટા જીવ અને દ્રષ્ટા – દૃશ્યનો આધાર આત્મા. આ મતમાં પ્રકૃતિ, મહતત્ત્વ તેમ જ અહંકાર

એ ત્રણ કારણરૂપ તત્ત્વોનો આકાશ વગેરેમાં સમાવેશ માન્યો છે અને આ સાત તત્ત્વોથી દેહ, ઈંદ્રિયો તેમ જ પ્રાણ વગેરે સર્વ કાર્યો જન્મે છે. કેટલાક છ તત્ત્વો માને છે. તે તેઓના મતમાં પાંચ ભૂતો અને પરપુરુષ એમ છ તત્ત્વ છે. (આ મતમાં ભૌતિક સર્વ કાર્યનો પાંચ ભૂતોમાં અને જીવન પરમાત્મામાં સમાવેશ માન્યો છે.) તે કહે છે કે પોતાથી જન્મેલાં પાંચ મહાભૂતોયુક્ત પરમાત્મા આ જગત સર્જી તેમાં જીવરૂપે પેઠા છે. કેટલાક ચાર જ તત્ત્વો માને છે. તેઓના મતમાં પણ આત્માથી તેજ, જળ તથા પૃથ્વી જન્મ્યાં માન્યાં છે અને તે ચાર તત્ત્વોથી જ અવયવી આ જગતનો જન્મ થયો છે. કેટલાક સત્તર તત્વો માને છે. તેની ગણતરીમાં પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, પાંચ ઈંદ્રિયો, મન અને સત્તરમો આત્મા મનાયો છે. કેટલાક સોળ તત્ત્વો માને છે; તેઓની ગણતરીમાં આત્મા જ મન કહેવાય છે. કેટલાક પાંચ ભૂતો, પાંચ ઈંદ્રિયો, મન, જીવ અને આત્મા એમ તેર તત્ત્વો કહે છે. કેટલાક કહે છે કે પાંચ મહાભૂતો, પાંચ ઈંદ્રિયો અને આત્મા એમ અગિયાર તત્વો છે, ત્યારે કેટલાક આઠ પ્રકૃતિઓ એટલે પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, પાંચ મહાભૂતો અને આત્મા એમ નવ તત્વો માને છે એમ અનેક પ્રકારે ઋષિઓએ તત્વોની ગણતરી કરી છે. (તે પ્રકૃતિ તથા પુરુષનો ભેદ જણાવવા માટે કરી છે.) આ સર્વ મતો વાજબી છે, કારણ કે તેઓમાં યુક્તિઓ છે. વિદ્વાનોનો કયો મત સારો ન હોય ?

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે કૃષ્ણ ! પ્રકૃતિ જડ સ્વભાવની અને પુરુષ ચૈતન્ય સ્વભાવવાળો છે. તેથી પ્રકૃતિ–પુરુષ બંને એકબીજાથી વિલક્ષણ તો છે પણ તે બંનેનો પરસ્પરનો ત્યાગ (સ્વરૂપના વિવેકનો અભાવ) થવાથી તે બંનેને ભેદ દેખાતો નથી. પ્રકૃતિના કાર્યરૂપ દેહમાં આત્મા જણાય છે અને આત્મામાં પ્રકૃતિ જણાય છે અર્થાત્ 'હું' એમ બંનેનો અભેદ જણાતું હોવાથી દેહ તથા આત્માનો ભેદ જણાતો નથી. આ રીતે હે કમલનયનકૃષ્ણ ! મારા હૃદયમાં મોટો સંશય છે; તે સંશય હે સર્વજ્ઞ ! યુક્તિમાં પ્રવીણતા ધરાવતાં વચનો વડે આપે દૂર કરવો યોગ્ય છે. કારણ કે આ સંસારમાં જીવોને આપની કૃપાથી જ જ્ઞાન પ્રાપ્ત છે અને જ્ઞાનનો નાશ આપની માયાશક્તિથી જ થાય છે. આપની માયાની ગતિ પણ આપ જ જાણો છો; બીજો કોઈ જાણતો નથી.

**શ્રીભગવાન બોલ્યા :** હે પુરુષશ્રેષ્ઠ ઉદ્ધવ ! પ્રકૃતિ (દેહ) અને પુરુષ એ બન્ને વચ્ચે અત્યંત ભેદ છે; કારણ કે દેહાદિ આ સમુદાય ગુણોના વિકારથી જન્મેલો હોઈ વિકારવાળો છે. (અને પુરુષ—આત્મા નિર્વિકાર છે.) હે ઉદ્ધવ ! ગુણમય મારી માયા પોતાના ગુણોથી અનેક ભેદ તથા ભેદનાં જ્ઞાનો રચે છે. આ દેહાદિ સમુદાય અનેક વિકારવાળો છે, તોપણ સ્થૂલમાર્ગે તે ત્રણ પ્રકારનો છેઃ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ. આ શરીરમાં ચક્ષુ અધ્યાત્મ છે, રૂપ અધિભૂત છે અને ચક્ષુના સ્થાનમાં પેઠેલો સૂર્યનો અંશ અધિદૈવ છે. જો ચક્ષુ ન હોય તો રૂપ અને રૂપ ન હોય તે ચક્ષુ સિદ્ધ થતું નથી તેમ જ ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો તેનો અધિષ્ઠાતા દેવ સિદ્ધ થતો નથી અને અધિષ્ઠાતા દેવ ન હોય તો ચક્ષુની પ્રવૃત્તિ સિદ્ધ થતી નથી અને ચક્ષુની પ્રવૃત્તિ, નહોય તો રૂપનું જ્ઞાન થતું નથી. આમ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણે એકબીજાના આશ્રય વડે સિદ્ધ થાય છે; પરંતુ આત્મા તો આકાશમાં રહેલા સૂર્યની પેઠે સ્વતઃ જ સિદ્ધ છે; કારણ કે આત્મા આ અધ્યાત્મ, અધિભૂત તેમ જ અધિદૈવ—એ ત્રણેનું કારણ અને એકરૂપ છે; માટે જ આત્મા અધ્યાત્મ વગેરે ત્રણેયથી જુદો છે. વળી આ આત્મા સ્વતઃસિદ્ધ પ્રકાશ વડે પરસ્પર પ્રકાશક ને સર્વનો પ્રકાશક છે. (માટે આત્મા સ્વયંપ્રકાશ હોવાથી પણ દેહાદિથી જુદો છે.) એમ ચક્ષુ વગેરે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ છે, તેમ ત્વચા, સ્પર્શ અને વાયુ; શ્રવણ, શબ્દ અને દિશા; જિહ્વા,

રસ અને વરુણ, નાસિકા, ગંધ અને અશ્વિનીકુમાર, ચિત્ત, ચિંતવ્ય, અને વાસુદેવ; મન, મંતવ્ય તથા ચંદ્ર, બુદ્ધિ, બૌધ્ધવ્ય અને બ્રહ્મા; તેમ જ અહંકાર, અહંકર્તવ્ય તથા રુદ્ર એમ ત્રણ ત્રણ, અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવ, જાણવા. હે ઉદ્ધવ ! (તમે કહેશો કે વળી પણ તમે દેહાદિની તથા આત્માની માત્ર વિલક્ષણતા જ કહી, હું તો પૂછું છું કે અધ્યાત્મ વગેરે ત્રણ પ્રકારના પ્રપંચથી જુદા આત્માની પ્રાપ્તિ શી રીતે થાય તેનો ઉત્તર આ છે કે અહંકાર દૂર થવાથી આત્માની પ્રાપ્તિ થાય છે. તે અહંકાર શી રીતે દૂર થાય તે સાંભળો. ત્રણ પ્રકારનો ભેદ ટળવાથી જ અહંકાર દૂર થાય છે.) આ અહંકાર ગુણોનો વિકાર પમાડનારા અને કાળરૂપ પ્રકૃતિ ઉપાદાનકારણવાળા મહત્તત્ત્વથી વિકારરૂપે ઉત્પન્ન થયેલો હોઈ સાત્ત્વિક, રાજસ તથા તામસ—એમ ત્રણ પ્રકારનો છે; તે જ અહંકાર, પૂર્વોક્ત અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવ—એમ ત્રણ પ્રકારના મોહમય ભેદનું કારણ છે. (આ અહંકાર શાથી દૂર થાય ? તેનો ઉત્તર આ છે કે) તે અહંકાર આત્માના અજ્ઞાનનું જ એકરૂપ છે; માટે આત્માના જ્ઞાનથી દૂર થાય છે. ‘દેહથી જુદો સત્યસ્વરૂપ આત્મા છે’ અને ‘નથી’ આવો જે વિવાદ છે તે આત્માના અજ્ઞાનથી જ છે, એ વિવાદ જોકે વ્યર્થ છે, તો પણ સ્વરૂપભૂત મારાથી બહિર્મુખ પુરુષમાં કદી અટકતો નથી.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે પ્રભો ! આપથી વિમુખ બુદ્ધિવાળા મનુષ્યો પોતે કરેલ કર્મોને લીધે ઉચ્ચનીચ દેહો લે છે, અને તજે છે. આ વાત આત્માના જ્ઞાનથી રહિત મનુષ્યોને જાણવી કઠિન છે. માટે હે ગોવિંદ! તે મને કહો, કારણ કે આ વસ્તુ જાણનારા વિદ્વાનો ઘણું કરી આ જગતમાં નથી કેમ કે આપની માયાથી સર્વ ઠગાયા છે.

**શ્રીભગવાન બોલ્યા :** પાંચ ઇંદ્રિયોથી મુક્ત મનુષ્યોનું કર્મમય મન એક દેહમાંથી બીજા દેહમાં જાય છે. આત્મા તો તેથી જુદો જ છે, છતાં (અહંકારથી) મનને તે અનુસરે છે. (અર્થાત્ આત્માનું એક શરીરથી બીજા શરીરમાં જવું વગેરે લિંગ શરીર ઉપરના અધ્યાસથી ઘટે છે.) (હવે એ મનને પણ પૂર્વ દેહનો વિયોગ તથા બીજા દેહનો સંયોગ કેવી રીતે થાય છે ? એનો ઉત્તર આ છે કે સ્મરણના વિયોગથી અને યોગથી એ વસ્તુ બને છે.) કર્મોને આધીન રહેનારું મન કર્મોથી પ્રાપ્ત કરેલા, જોયેલા અથવા સાંભળેલા વિષયોનું ધ્યાન કરે છે, પછી ધ્યાન કરતા વિષયોમાં તે પ્રગટે છે. અને પૂર્વના વિષયોથી જુદું પડે છે, પછી મનની એ સ્મૃતિ શાંત થાય છે. તેનું પૂર્વ પરનું અનુસંધાન નાશ પામે છે. કર્મોએ આણેલા દેવાદિના શરીર પર અત્યંત આગ્રહ થવાને લીધે હર્ષ તથા તૃષ્ણા વગેરે થવાથી અથવા કર્મોએ આણેલાં યાતનાશરીર વગેરે ઉપર આગ્રહ થવાને લીધે ભય તથા શોક વગેરે થવાથી જીવને પોતાના પૂર્વદેહની અત્યંત વિસ્મૃતિ થાય છે. તે ઉપરના અહંનું અત્યંત વિસ્મરણ થાય છે. આમ જીવને કોઈ પણ કારણથી પૂર્વના શરીરનું અત્યંત વિસ્મરણ થાય છે તે જ તેનું મરણ કહેવાય છે. (ખરી રીતે જીવનો દેહની પેઠે નાશ થતો નથી.) હે પુષ્કળ દાન આપનારા ઉદ્ધવ ! એ રીતે શરીરને ‘આ હું છુ’ : એમ સર્વ ભાવે સ્વીકારવું એટલે તેના પર ‘હું’ એવું જે અભેદભાવે અભિમાન કરવું તે જ જીવનો જન્મ છે. (દેહની પેઠે જીવની ઉત્પત્તિ થતી નથી.) આમાં દૃષ્ટાંત સ્વપ્ન તથા મનોરથ છે. એક સ્વપ્ન, પછી બીજાં સ્વપ્ન, એક મનોરથ પછી બીજો મનોરથ થાય છે, ત્યારે જીવ (મનના અધ્યાસને લીધે) પૂર્વના સ્વપ્ન કે મનોરથને યાદ કરતો નથી અને તે ચાલુ સ્વપ્નમાં તથા મનોરથમાં પોતે પૂર્વસિદ્ધ છતાં પોતાને જાણે અપૂર્વ નવીન જ થયો હોય તેમ જુએ છે, (એ જ રીતે પૂર્વદેહનું વિસ્મરણ તથા બીજા દેહનું સ્મરણ થતાં એટલે મનના અધ્યાસથી પૂર્વ દેહ ઉપરનું

અભિમાન દૂર થતાં અને બીજા દેહ ઉપરનું અભિમાન પ્રાપ્ત થતાં જીવ પૂર્વસિદ્ધ એવો પણ પોતાને જાણે નવો જન્મ્યો હોય તેવો જુએ છે.) ઇંદ્રિયોના આશ્રયરૂપ મનને બીજા દેહમાં અભિમાન થવાથી જન્મ થાય છે અને તેને લીધે જ વસ્તુરૂપ આત્મા વિષે ઉત્તમ, મધ્યમ તથા નીચ—આ ત્રણ પ્રકારો મિથ્યા હોવા છતાં ભાસે છે. આમ દેહાદિ ઉપરના અભિમાનવાળો આત્મા બાહ્ય-આભ્યંતર ભેદનું કારણ બને છે, એટલે બાહ્ય વિષયોને તથા અંદરના સુખ વગેરેને જુએ છે. જેમ સ્વપ્નમાં અનેક મિથ્યા દેહોને ઉત્પન્ન કરતો અને તે જોતો જીવ અનેકરૂપ ભાસે છે અથવા ઈંદ્રિયોના આશ્રયરૂપ મનના અભિમાનથી જન્મ પામે છે અને તેથી વસ્તુરૂપ આત્મા વિષે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ-એ ત્રણ પ્રકારો ભાસે છે, જેમ દુષ્ટ પુત્ર ઉત્પન્ન કરનાર પિતા પોતે સમાન હોય છે, છતાં પુત્ર ઉપરના અભિમાનથી પુત્રના શત્રુ, મિત્ર વગેરે ઉપર શત્રુ ભેદભાવવાળો થાય છે તેમ. (એમ લોકપ્રસિદ્ધ જન્મમરણ જણાવી તમે નહિ પૂછેલાં સૂક્ષ્મ જન્મમરણ પણ તમને વૈરાગ્ય થવા માટે જણાવું છું.) હે ઉદ્ધવ ! જેનો વેગ જણાતો નથી એવા કાળને લીધે પ્રતિક્ષણ શરીરો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; પણ કાળ અતિ સૂક્ષ્મ હોવાથી તેણે કરેલાં આ જન્મ-મરણને અવિવેકીઓ જાણી શકતા નથી. જેમ કાળ, પરિણામ વગેરેથી દીવાઓની જ્વાળા વગેરેની ગતિ વગેરેથી પાણીના પ્રવાહોની અને રૂપ વગેરેથી વનસ્પતિનાં ફળોની જુદી જુદી અવસ્થાઓ કરે છે, તેમ સર્વ પ્રાણીઓનાં વય, અવસ્થા, તેજ, બળ, કામ તથા કુશળતા વગેરે કરે છે. જેમ (ક્ષણે ક્ષણે બદલાયેલી) જ્વાળાઓની સમાનતાથી જ 'તે જ આ દીવો છે.' (જે મેં પહેલાં જોયો હતો) એમ ખોટી ઓળખાણ થાય છે. અને (ક્ષણે ક્ષણે બદલાયેલા) પાણીના પ્રવાહોની પણ સમાનતાથી જ 'તે જ આ પાણી છે' એમ ખોટી ઓળખાણ થાય છે, તેમ (ક્ષણે ક્ષણે બદલાયેલાં) મનુષ્યોનાં શરીરમાં પણ અવિવેકીઓની 'તે જ આ પુરુષ છે' આવી ખોટી વાણી અને બુદ્ધિ હોય છે. (અહીં શંકા થાય કે દેહના અધ્યાસવાળા પુરુષને કર્મો તથા જન્મમરણ હોય પણ બીજાને ન હોય, આવી અવસ્થા ઘટતી નથી. જેમ એક પુરુષ ઘડાને ઘડો માને છે ત્યારે બીજો તે ઘડાને ઘડો નથી માનતો એમ નથી. આ શંકા કરવી નહિ; કારણ કે અજ્ઞાનીને પણ ખરી રીતે કર્માદિનો અભાવ છે, તે સાંભળો) તે અજ્ઞાની પુરુષ (દેહના અધ્યાસવાળો છતાં) પણ પોતાના કર્મરૂપી બીજ વડે જન્મતો નથી, તેમ મરતો પણ નથી. તે પોતે અજન્મા છે છતાં ભ્રાંતિને લીધે જન્મતો હોય અને મરતો હોય તેવો ભાસે છે. જેમ, મહાભૂતોમાંના તેજરૂપ અગ્નિ પ્રલયકાળ સુધી હોય જ છે; છતાં લાકડાના સંગથી જન્મતો હોય, લાકડાના વિયોગથી નાશ પામતો હોય તેવો ભાસે છે. પેટમાં પેસવું, પેટમાં વધવું, જન્મ થવો, પાંચ વર્ષ સુધીની બાલ્યાવસ્થા, સોળ વર્ષ સુધીની કુમારાવસ્થા, પચાસ વર્ષ સુધીની યુવાવસ્થા, સાઠ વર્ષ સુધીની મધ્યાવસ્થા, પછી વૃદ્ધાવસ્થા અને મરણ—આ નવ શરીરની અવસ્થાઓ અવસ્થાવાળા દેહની જ છે, દ્રષ્ટા (જીવ) પોતે અવસ્થાઓ રહિત છે. મનોરથમય નાનીમોટી આ શરીરની અવસ્થામાં પ્રકૃતિના અવિવેકથી કોઈ જીવ પોતાની માની લે છે અને કોઈ વખત પરમેશ્વરની કૃપા થવાથી (પ્રકૃતિનો અવિવેક દૂર થતાં 'આ અવસ્થાઓ અવસ્થાઓવાળા દેહની જ છે, દ્રષ્ટા પોતે અવસ્થાવાળો નથી' આવા વિવેકજ્ઞાનથી) તે અવસ્થાઓને તજે છે. પોતામાં માનતો નથી. (જો કે જન્મમરણના સમયે મૂર્ચ્છા આવતી હોવાથી પોતાને પોતાના દેહના જન્મમરણની ખબર પડતી નથી; તોપણ) પોતાના પિતાના દેહના મરણ ઉપરથી તેમ જ પોતાના પુત્રના દેહના જન્મ ઉપરથી પોતાના પણ મરણ તથા જન્મને અનુમાનથી જાણવાં જોઈએ એ રીતે

જન્મ-મરણ જેનાં થાય છે, તે દશ્ય હોઈ ઉત્પત્તિ તથા નાશવાળાં શરીરોનો દ્રષ્ટા જીવ, ઉત્પત્તિ તથા નાશરૂપી ધર્મવાળો હોઈ શકતો નથી. જેમ વૃક્ષના બીજથી જન્મને તથા પાકી જવાથી મરણને જાણનારો દ્રષ્ટા એ વૃક્ષથી જુદો છે, તેમ દેહનાં જન્મમરણને જાણનારો, દ્રષ્ટા જીવ પણ તે દેહથી જુદો છે. (માટે જીવ દેહમાં વર્તે છે તોપણ દેહના ઉત્પત્તિ તથા નાશરૂપી ધર્મથી સંબંધ પામતો નથી) એ રીતે પ્રકૃતિરૂપ દેહાદિથી આત્મા જુદો છે. આવું સત્ય વિવેચન ન કરી વિષયોમાં અત્યંત મોહ પામે છે. અને તે સંસારમાં સત્ત્વગુણના સંગથી (સત્ત્વગુણને યોગ્ય) કર્મોએ ભમાવેલ જીવ દેવપણાને પામે છે. રજોગુણના સંગથી (રજોગુણને યોગ્ય) કર્મોએ ભમાવેલો જીવ અસુરપણું તથા મનુષ્યપણું પામે છે. અને તમોગુણના સંગથી તમોગુણને યોગ્ય કર્મોએ ભમાવેલો જીવ ભૂતપણું અથવા પશુપક્ષીપણું પામે છે. (અહીં કોઈ કહે કે અકર્તા આત્માને કર્મોથી ભમવાનું કેમ હોઈ શકે ? આનો ઉત્તર આ છે કે) જેમ કોઈ નાચતા અને ગાતા મનુષ્યોને જોતો મનુષ્ય તેને અનુસરે છે, એટલે તેઓના સ્વરો તથા તાલ વગેરેથી ગતિને તથા શૃંગાર, કરુણ આદિ રસને પોતાના મનમાં તે પ્રમાણે લાવે છે. તેમ બુદ્ધિના ગુણોને જોતો પુરુષ (આત્મા) પોતે અકર્તા છતાં (બુદ્ધિના ગુણો વડે બળાત્કારે) અનુસરાવાય છે. (હવે ઉપાધિના ધર્મો ઉપાધિવાળામાં ભાસે છે. એ અહીં દૃષ્ટાંત સાથે કહું છું.) જેમ પાણીના હાલવાથી (તેમાં પ્રતિબિંબરૂપે પડેલાં) વૃક્ષો પણ જાણે હાલતાં હોય તેવાં દેખાય છે (તેમ અંતઃકરણનાં જ જન્મમરણ વગેરે તે અંતઃકરણમાં પ્રતિબિંબિત થયેલા આત્મા વિષે ભાસે છે; ખરી રીતે આત્માને જન્મમરણાદિ નથી. હવે ગ્રાહકના ગુણો ગ્રાહ્યમાં ભાસે છે. તે જુઓ.) જેમ ફૂદડી ફરતા મનુષ્યની આંખ ભમતી હોય, તેથી મને પૃથ્વી પણ ફરતી દેખાય છે. (તેમ વિષયો ગ્રહણ કરનારા મને જ કલ્પેલા લાવણ્ય વગેરે ગુણો વિષયોમાં દેખાય છે. ખરી રીતે લાવણ્યાદિ ગુણો વિષયોમાં છે જ નહિ. આમ મનના કારણે જ આ સંસાર છે) હે ઉદ્ધવ ! 'જેમ (પ્રસિદ્ધ) મનોરથની વિષયબુદ્ધિ તેમ જ સ્વપ્નમાં જોયેલી વિષયબુદ્ધિ ખોટી છે, તેમ આત્માને થતો વિષયોના અનુભવ રૂપ સંસાર પણ ખોટો છે. જેમ સ્વપ્નમાં જોયેલું. પોતાના માથાનું કપાવું અને સર્પદંશ વગેરે અનર્થ ખરી રીતે નથી જ; છતાં (દેહાદિના અધ્યાસથી) તેનું ચિંતન કરનારને તે પ્રાપ્ત થાય છે. તેમ વિષયોના અનુભવરૂપ સંસાર ખરી રીતે નથી છતાં વિષયનું ચિંતન કરનાર આત્માને તે દૂર થતો નથી; માટે હે ઉદ્ધવ ! તમે દુષ્ટ (બહિર્મુખ) ઇંદ્રિયોથી વિષયોને ઉપભોગ ન કરો; પણ 'આ સંસારરૂપી ભ્રાંતિ આત્માના અજ્ઞાનથી જ (આત્મા) માં ભાસે છે' એમ જુઓ. દુષ્ટ મનુષ્યો તિરસ્કાર, અપમાન, હાંસી કે ગુણોમાં દોષાદોષ કરે, માર મારે, બાંધે, આજીવિકા પડાવી લે, ઉપર થુંકે, મૂત્ર કરે અથવા અજ્ઞાનીઓ એ રીતે અનેક પ્રકારે પરમેશ્વર વિષેની નિષ્ઠાથી ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે અને તેથી સંકટમાં આવી પડાય; તોપણ મુક્તિ ઈચ્છતા પુરુષે (ધૈર્યથી) બુદ્ધિથી આત્માને ઉદ્ધારવો.

**ઉદ્ધવે પૂછ્યું :** હે વક્તાઓમાં શ્રેષ્ઠ ! આપે આ કહ્યું, તે બરાબર સમજી શકું તેમ આપ અમને કહો. હું માનું છું કે દુષ્ટ લોકોએ કરેલો આપનો અપરાધ અત્યંત દુઃસહ હોય છે. હે વિશ્વાત્મા ! ધર્મમાં તત્પર અને આપના ચરણનો આશ્રય લેતાં શાંત પુરુષો સિવાય વિદ્વાનોને પણ કોઈ કરેલ અપરાધ અસહ્ય થાય છે, કેમ કે સ્વભાવ અત્યંત બળવાન હોય છે. ૧-૬૦

विदुषामपि विश्वात्मन् प्रकृतिर्हि बलीयसी । ऋते त्वद्धर्मनिरतान् शान्तांस्ते चरणालयन् ॥६०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૨ સમાપ્ત.*

## અધ્યાય-૨૩
## તિરસ્કારો સહન કરવાનો ઉપાય

॥ श्रीशुक उवाच ॥

स एवमाशंसित उद्धवेन भागवतमुख्येन दाशार्हमुख्यः ।
सभाजयन्भृत्यवचो मुकुन्दस्तमाबभाषे श्रवणीयवीर्यः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાનના ભકતોમાં મુખ્ય ઉદ્ધવજીએ એવી પ્રાર્થના કરી એટલે યાદવોમાં શ્રેષ્ઠ અને સાંભળવા યોગ્ય પરાક્રમ વાળા શ્રીકૃષ્ણ પોતાના દાસ ઉદ્ધવજીનાં વચનનો સત્કાર કરતાં તેમને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે બૃહસ્પતિના શિષ્ય ઉદ્ધવ ! આ જગતમાં તેવો કોઈ સત્પુરુષ નથી, કે જે દુર્જનોએ કહેલાં દુષ્ટ વચનથી ખળભળેલા મનને શાંત કરવા સમર્થ હોય ! કારણ કે, મર્મસ્થાનોમાં ઊંડાં ગયેલાં દુષ્ટોનાં તીક્ષ્ણ વચનરૂપ બાણ જેવી પીડા કરે છે, તેવી મર્મસ્થાનોને વીંધી ઘણાં જ ઊંડાં ગયેલાં બાણ મનુષ્યને પીડા કરતાં નથી. હે ઉદ્ધવ ! જે આ વિષયમાં મહાપવિત્ર ઈતિહાસ વિદ્વાનો કહે છે, તે હું વર્ણવું છું. તમે સારી પેઠે સાવધાન થઈ સાંભળો. દુર્જનોએ હેરાન કરેલા કોઈ ધૈર્યધારી ભિક્ષુકે પોતાના પૂર્વ જન્મનાં કર્મોનું પરિણામ સંભારતાં આમ ગાયું હતું : માળવા દેશમાં એક મોટો ધનાઢ્ય બ્રાહ્મણ હતો. તે ખેતી—વેપાર વગેરેથી આજીવિકા ચલાવતો અને તે કદર્ય, કામી, લાલચુ તથા અત્યંત ક્રોધી હતો. ધર્મકર્મરહિત તેણે નાતીલાનો તથા અતિથિઓના વાણી વડે પણ કદી સત્કાર કર્યો ન હતો; તેમ પોતાનો આત્મા પણ સમય પ્રમાણે ભોગોથી સંતોષ્યો ન હતો. તે આવો દુષ્ટ સ્વભાવનો અને કંજૂસ હતો તેથી તેના પુત્રો, બાંધવો, સ્ત્રીઓ, પુત્રી તથા નોકરો તેનાથી કંટાળી તેનું પ્રિય કરતાં ન હતાં, પણ ઊલટાં તેનો દ્રોહ કરતાં હતાં. એમ યક્ષોના ધનની પેઠે તેનું ધન કેવળ રાખી મૂકવાનું જ હતું. અને તેથી જ બંને લોકથી ભ્રષ્ટ અને ધર્મ તથા સુખભોગથી રહિત તે બ્રાહ્મણ ઉપર પાંચ મહાયજ્ઞના દેવતાઓ કોપી ઊઠયા. હે ઉદાર ઉદ્ધવ ! દેવતાઓના અનાદરથી તેનો જે થોડો ઘણો પુણ્ય સંચય હતો તે નાશ પામ્યો. એટલે અત્યંત પરિશ્રમનું જ જે ફળ હતું એવું તેનું ધન પણ નાશ પામ્યું. હે ઉદ્ધવ ! તે નીચ બ્રાહ્મણનું કેટલુંક ધન જ્ઞાતિજનો અને ચોર લોકો લઈ ગયા. તેમ જ કેટલુંક દૈવયોગે ઘરમાં આગ લાગવી વગેરે વગેરે કારણથી અને કેટલુંક કાળથી નાશ પામ્યું; કેટલુંક માણસો લઈ ગયા; અને કેટલુંક રાજાએ લઈ લીધું. એમ ધન નાશ પામ્યું. એટલે ધર્મ તથા સુખભોગથી રહિત અને કુટુંબીઓએ તજેલો તે બ્રાહ્મણ અપાર ચિંતામાં પડ્યો. તેમ જ ધન નાશ પામ્યું તેથી લાંબા લાંબા વિચાર અને ખેદ કરતા તે બ્રાહ્મણનાં નેત્રોમાં આંસુ આવી ગયાં અને તેને ભારે વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી બ્રાહ્મણ (મનમાં) કહેવા લાગ્યો : 'અહો ! અફસોસ ! મેં મારા આત્માને વ્યર્થ દુઃખ દીધું છે. મેં ધન માટે આવો મોટો પરિશ્રમ કર્યો પણ તે ધન ધર્મ કે સુખભોગ માટે ઉપયોગી થયું નહિ. ઘણું કરી લોભી માણસોનું ધન કદી સુખ આપનારું થતું નથી. વળી તે ધન આ લોકમાં તે લોભીને સંતાપકારક થાય છે. અને મરણ પછી નરક આપે છે. જેમ ધોળા કોઢનો રોગ સુંદર રૂપનો નાશ કરે છે, તેમ થોડો પણ લોભ યશસ્વીઓના શુદ્ધ યશનો તથા ગુણવાનના પ્રશંસાપાત્ર ગુણોનો નાશ કરે છે. મનુષ્યોને ધન મેળવવામાં, મેળવેલું ધન વધારવામાં, તેનું રક્ષણ કરવામાં, તે વાપરવામાં તેમ જ તે ધન નાશ પામતાં અને તેનો ઉપભોગ કરતાં પણ પરિશ્રમ, ત્રાસ

ચિંતા તથા ભ્રમ થાય છે. ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા તેમ જ સ્ત્રીઓ, જુગાર તથા મદિરાપાનનું વ્યસન—આ પંદર અનર્થો પણ મનુષ્યોને ધનથી પ્રાપ્ત થાય છે; માટે કલ્યાણની ઈચ્છાવાળાએ 'ધન' નામના અનર્થનો દુરથી જ ત્યાગ કરવો. ભાઈઓ, સ્ત્રીઓ, માતાપિતાઓ અને સંબંધીઓ જાણે એક જ પ્રાણવાળા હોય તેમ અત્યંત સ્નેહથી વર્તતાં હોય, તેઓ સર્વ માત્ર દમડી માટે ક્ષણમાં શત્રુ બની જાય છે, તેઓ જરાક જેટલા ધન માટે ખળભળી ઊઠે છે. ક્રોધિત થઈ જાય છે, સ્નેહ સંબંધ છોડી દે છે. ઈર્ષ્યા-દ્વેષ રાખે છે. અને વખત આવ્યે એકદમ મારવા કે પ્રાણ લેવા પણ તૈયાર થઈ જાય છે. દેવોએ પણ ઈચ્છવા યોગ્ય મનુષ્યજન્મ પામી, તેમાં પણ ઉત્તમ બ્રાહ્મણપણું મેળવી તે મનુષ્યપણાનો તથા બ્રાહ્મણપણાનો અનાદર કરી જેઓ સ્વાર્થનો નાશ કરે છે, તેઓ અશુભ ગતિ પામે છે. સ્વર્ગ તથા મોક્ષના દ્વારરૂપ આ મનુષ્યલોક પામી ક્યો મનુષ્ય અનર્થના ધામરૂપ ધનમાં આસકત થાય ? દેવોને, ઋષિઓને, પિતૃઓને, પ્રાણીઓને, બંધુઓને તથા બીજા ભાગીદારોને જે મનુષ્ય અન્ન વગેરેથી ન સંતોષી કેવળ યક્ષની પેઠે ધનનો સંગ્રહ કરી રાખે છે; તે અધોગતિમાં પડે છે. ધનની વ્યર્થ લાલચમાં પ્રમાદી રહેલાં મારું ધન, વય તથા બળ નાશ પામ્યાં; જે ધન વગેરેથી કુશળ પુરુષ સંસારમાં છૂટી જાય છે. હવે હું ઘરડો થઈ શું કરી શકીશ ? વિદ્વાન મનુષ્ય ધનની વ્યર્થ લાલચમાં શા માટે વારંવાર દુઃખી થતો હશે ? પણ નક્કી, મને લાગે છે કે કોઈની માયાથી આ લોક અત્યંત મોહ પામ્યો છે. મૃત્યુથી ગ્રાસ કરાતા મનુષ્યને ધન, ધન આપનારા યક્ષો, વિષયો, વિષયોને આપનારાં અથવા ફરી જન્મ આપનારાં કર્મોથી શું વળવાનું છે ? કંઈ નહિ. ખરેખર સર્વ દેવમય ભગવાન શ્રીહરિ મારા પર પ્રસન્ન થયા છે; કારણ કે તેમણે મને આદશામાં રાખ્યો છે, અને મારો આ ખેદ મને પોતાને (આ સંસારસાગરમાં) એક વહાણરૂપ થયો છે. હવે મારા મૃત્યુકાળનો કંઈ ભાગ બાકી રહ્યો હશે, તો હું મારા આત્મામાં જ સંતુષ્ટ રહી ધર્માદિના સાધનરૂપ મારા સ્વાર્થમાં સાવધાન થઈ તપશ્ચર્યાથી મારું શરીર સૂકવી નાખીશ. મારા આ નિશ્ચયમાં ત્રણ ભુવનના ઈશ્વર દેવતાઓ મને સંમતિ આપો. ખટ્વાંગ રાજાએ એક મુહુર્તમાં બ્રહ્મલોક સાધ્યો હતો (તે હું કેમ નહિ સાધું ?)

**શ્રીભગવાન બોલ્યા :** માળવા દેશનો તે ઉત્તમ બ્રાહ્મણ મનમાં એવો નિશ્ચય કરી અહંતા મમતારૂપી હૃદયની ગાંઠો છોડી મનનશીલ, શાંત સંન્યાસી થયો. મન, ઇંદ્રિયો તથા પ્રાણને વશ કરી આ પૃથ્વી પર ફરતે અને સર્વ સ્થળે આસકિત તજી ઉત્તમતા ન બતાવતો નગરો તથા ગામમાં પ્રવેશ કરતો. હે ઉદ્ધવ! વૃદ્ધ અને મલિન તે ભિક્ષુકને જોઈ દુર્જનો અનેક તિરસ્કાર કરી તેનું અપમાન કરતા. કેટલાક તેની પાસેથી ત્રિદંડને, કેટલાક પાત્રને, કેટલાક કમંડળને, કેટલાક પાટલાને, કેટલાક માળાને, કેટલાક કંથાને અને કેટલાક તેનાં ચીથરાંને પડાવી લેતા અને તેને દેખાડેલી વસ્તુઓ તેને આપીને પાછી લઈ લેતા. તે મુનિ ભિક્ષાથી મળેલું અન્ન નદીના તીર પર જમતો, ત્યારે મહાપાપી લોકો તેના માથા પર મૂતરતા અને થૂંકતા. એ ભિક્ષુક મૌન રહેતો, છતાં કેટલાક લોકો તેને પરાણે બોલાવતા અને જો ન બોલતો તો તેને મારતા. બીજા 'આ ચોર છે' એમ કહેતા. વાણી વડે તેનો તિરસ્કાર કરતા અને 'બાંધો, બાંધો' એમ કહી દોરી વડે તેને બાંધતા. વળી કેટલાક 'આ ધર્મઢોંગી લુચ્ચો છે ધન ખૂટ્યું એટલે સંબંધીઓએ તજેલો હોવાથી આ આજીવિકા લઈ બેઠો છે.' આમ કહી તેનું અપમાન કરતા. વળી કેટલાક 'અહો ! આ ઘણો જ બળવાન, મોટા પર્વત સરખો ધૈર્યવાન અને દઢ નિશ્ચયવાળો હોઈ બગલાની પેઠે મૌન રહી કામ સાધી લે છે, આમ તેની મશ્કરી કરતા. કેટલાક તેના ઉપર અધોવાયુ છોડી જતા અને કેટલાક તે બ્રાહ્મણને રમકડાની પેઠે

બાંધી પૂરી મૂકતા એમ (દુર્જનો વગેરેથી) ભૌતિક, તાવ વગેરે દૈહિક અને ટાઢતડકો વગેરે જે દૈવી દુઃખ દૈવયોગે પ્રાપ્ત થતું તે પોતાને અવશ્ય ભોગવવાનું છે, એમ તે જાણતો. ધર્મથી ભ્રષ્ટ કરતા નીચ લોકો તેને દુઃખ દેતા તો પણ તે બ્રાહ્મણ સત્વગુણી ધીરજ ધરીને પોતાના ધર્મમાં રહી આ ગાથા ગાતો.

**બ્રાહ્મણ (આમ) ગાતો :** 'આ મનુષ્યો, દેવતા, ગ્રહો, કર્મ કે કાળ મારા સુખદુઃખનાં કારણ નથી; પણ મનને જ વિદ્વાનો મોટું કારણ માને છે, જે સંસારચક્ર ભમાવે છે. અતિશય બળવાન મન ગુણોની વૃત્તિઓ ઉત્પન્ન કરે છે; ગુણોથી સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મો થાય છે, અને કર્મોથી તે તે કર્મોને યોગ્ય દેવ, મનુષ્ય, પશુપક્ષી વગેરે સૃષ્ટિઓ થાય છે. ગુણવૃત્તિઓને સર્જતા મન સાથે નિયંતારૂપ રહ્યા છતાં પરમાત્મા તે મનની ક્રિયાઓ સાથેના સંગથી રહિત છે; કારણ કે પરમાત્મા મુખ્યત્વે વિદ્યાશકિતવાળા હોઈ મારા જીવના નિયંતા છે. આ કારણથી પરમાત્મા પ્રકટ જ્ઞાનથી કેવળ જોયા કરે છે, ત્યારે હું જીવ તો પોતા વિષે સંસાર પ્રકટ કરતા મનને પોતાના રૂપ માની તેનાં કર્મો સાથે સંબંધવાળો થઈ વિષયો સેવતો બંધાઉં છું. (કહેવાનો ભાવ એ છે કે, અવિદ્યાથી મન સાથે મળતા જીવને સંસાર છે; પણ અવિદ્યાથી રહિત ઈશ્વરને સંસાર નથી.) માટે દાન, નિત્ય-નૈમિત્તિક સ્વધર્મ, નિયમ, યમ, શાસ્ત્રાધ્યયન, કર્મો તથા એકાદશી વગેરે ઉત્તમ વ્રતો એ સર્વનું ફળ મન વશ થવું એ જ છે; કારણ કે મનને વશ કરવું તે જ ઉત્તમ જ્ઞાન છે. જેનું મન અત્યંત શાંત અને વશ છે તેને દાન વગેરે કરવાનું શું કામ છે ? કહો. જેનું મન વશ નથી, પણ ચંચળ રહે છે, તેને દાન વગેરે કરવાથી બીજું શું ફળ છે ? કંઈ નહિ. કારણ કે ઇંદ્રિયો અને તેના અધિષ્ઠાયક દેવો મનને વશ છે, મન કોઈને વશ નથી. મન એ ભયંકર દેવ છે, કેમ કે તે બળવાન કરતાં પણ વધારે બળવાન છે માટે મનને જે વશ કરે તે જ દેવોનો દેવ છે. જેનો વેગ અસહ્ય છે, મર્મસ્થાનોને જે પીડે છે તે મનરૂપી દુર્જય શત્રુને જીત્યા વિના કેટલાક મૂઢ મનુષ્યો આ સંસારમાં બીજા મનુષ્યો સાથે વ્યર્થ કલેશ કરે છે અને કેટલાકને મિત્ર, ઉદાસીન તથા શત્રુ કરે છે. આ દેહને માત્ર મને જ કલ્પી કાઢયો છે, તેને 'હું' એ રીતે અને પુત્ર આદિના દેહને 'મારો' એ રીતે સ્વીકારી અંધબુદ્ધિવાળા મનુષ્ય 'આ હું અને આ બીજો' એ ભ્રાંતિથી અપાર સંસારમાં ભટકે છે. (માટે મન જ સુખ દુઃખનું કારણ છે; બીજા લોકો, દેવતાઓ, આત્મા, ગ્રહો, કર્મ કે કાળ, સુખ-દુઃખનાં કારણ નથી) મનુષ્યો (કદાચ) સુખદુઃખનાં કારણ હોય તો પણ તેમાં આત્માને શું ? કંઈ નહિ; કારણ કે (આત્માને સુખદુઃખનો સંબંધ જ નથી અને આત્મા સુખ-દુઃખનો કર્તા પણ નથી.) સુખ-દુઃખ પૃથ્વીના વિકારરૂપ શરીરોને છે; આત્માને નથી. (આત્મા તો નિરાકાર અને સર્વ ક્રિયાઓથી રહિત હોવાથી મારવું વગેરે ક્રિયાઓમાં તે કર્મરૂપ તથા કર્તારૂપ પણ થઈ શકતો નથી; છતાં કોઈ કહે કે દુઃખ તો આત્માને જ થતું દેખાય છે. તેનું કેમ ? તેનો ઉત્તર આ છે) પોતાના દેહમાં તથા બીજાના દેહમાં પરમાત્મા તો એક જ છે, તો કોપ કોના ઉપર કરવો ? જેમ કોઈ વખતે પોતાના જ દાંત વડે મનુષ્ય પોતાની જ જીભ કચરી નાખે છે, તો તેની વેદના માટે તેણે કોના પર કોપ કરવો ? કદાચ દેવતાઓ દુઃખનું કારણ હોય, તો પણ આત્માને શું છે. કંઈ જ નથી; કારણ કે મરવાની ક્રિયામાં (કર્મ કે કર્તારૂપે) વિકાર પામતા એ દેવોને તે દુઃખ થવું જોઈએ (જેમ એક મનુષ્યના હાથે બીજા મનુષ્યના મુખને માર્યું, એટલે તે મનુષ્યના મુખે પેલા મનુષ્યના હાથે બચકું ભર્યું; તો તેથી હાથના અભિમાની ઇંદ્રદેવને તથા મુખના અભિમાની અગ્નિદેવને જ દુઃખ થવું જોઈએ. પણ વિક્રિયા અહંકારથી રહિત આત્માને શું છે ? વળી દેવતાઓ પણ સર્વ દેહોમાં એકના એક જ છે. માટે તેઓ ઉપર ક્રોધ કરવો યોગ્ય નથી; જેમ) કોઈ વેળા પોતાના દેહમાં એક અંગથી

બીજા અંગને લાગી જાય ત્યારે પુરુષ કોના ઉપર ક્રોધ કરે છે ? કોઈના ઉપર નહિ. કદાચ માનીએ કે સુખ-દુઃખ આદિ પરિણામ આત્માને થાય છે, માટે તે આત્મા જ સુખ-દુઃખનું કારણ હોવો જોઈએ; તો પણ તેમાં બીજાથી શું થાય છે ? (કંઈ જ નહિ, આપણે બીજા પર ક્રોધ કરી શકીએ ? કારણ કે તે સુખ-દુઃખ પોતાનો જ સ્વભાવ ઠરે છે. (કોઈ કહે કે તે આત્માને સુખદુઃખ આદિ પરિણામ થાય છે. તેમાં બીજો મનુષ્ય નિમિત્તરૂપ હોય તો તેના ઉપર ક્રોધ થાય તે શું યોગ્ય નથી ? આનો ઉત્તર આ છે કે) આત્માથી જુદી વસ્તુ જ કોઈ નથી અને કોઈ વસ્તુ જુદી જણાતી હોય તો તે મિથ્યા જ છે; તો કોના ઉપર ક્રોધ કરવો? કારણ કે સુખ-દુઃખમાં કોઈ નિમિત્ત જ નથી અને સુખ-દુઃખ પોતે કોઈ વસ્તુ જ નથી. કદાચ માનીએ કે સુખ-દુઃખ નિમિત્તે ગ્રહો છે; તોપણ અજન્મા આત્માને શું ? જન્મ તો દેહનો છે, માટે તે દેહને જ જન્મલગ્નની અપેક્ષાએ બારમી, આઠમી વગેરે રાશિમાં રહેલા ગ્રહો સુખ-દુઃખનાં કારણ થાય છે; (અજન્મા આત્માને નહિ). જોષીઓ કહે છે કે આકાશમાં રહેલા ગ્રહોથી આકાશમાં રહેલા ગ્રહને જ જુદી દૃષ્ટિ પડવાથી પીડા થાય છે. (પણ ગ્રહના ખૂણા વગેરેમાં રહેલા અને ગ્રહોની દૃષ્ટિના અવિષય એવા પુરુષને ગ્રહોની પીડા કહેતા નથી, આ રીતે ગ્રહોની પીડા ગ્રહના લગ્નમાં ઉત્પન્ન થયેલા દેહ પર આત્માને અભિમાન થવાથી જ થાય છે.) માટે તે ગ્રહોથી ને દેહથી જુદા પુરુષે કોના ઉપર કોપ કરવો? કદાચ માનીએ કે કર્મ સુખ-દુઃખનું કારણ હોય, તોપણ, તેથી આત્માને શું ? કંઈ જ નહિ; (કારણ કર્મ એ કોઈ વસ્તુ જ નથી, તે તે સુખ-દુઃખનું કારણ કેમ હોઈ શકે ?) કર્મ કોઈ વસ્તુમાં જડપણું અને અજડપણું બન્ને હોય તે જ સંભવી શકે. કેમ કે જડપણું હોય તો વિકારીપણું ઘટે ને અજડપણું હોય તો પોતાના હિતનું અનુસંધાન હોવાથી પ્રવૃત્તિ સંભવે એટલે વિકારીપણું અને પોતાના હિતનું અનુસંધાન એ બંને જ્યાં એકઠાં હોય ત્યાં જ કર્મ સંભવી શકે.) પણ દેહ તો કેવળ જડ છે. તેથી (તેનામાં વિકારીપણું ઘટે છે. તે પણ તેને પોતાના હિતનું અનુસંધાન નથી માટે, તેની (કર્મમાં પ્રવૃત્તિ સંભવતી નથી અને પુરુષ આત્મા તો કેવળ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય રૂપ જ છે (તેનામાં જડપણું નથી) એટલે વિકારીપણું ન હોવાથી તેને પણ કર્મ સંભવી શકતું નથી. આ રીતે સુખદુઃખનું મૂળ કર્મ જ નથી તે પુરુષે કોની ઉપર ક્રોધ કરવો? કદાચ માનીએ કે કાળ સુખદુઃખનું કારણ છે, તો પણ તેમાં આત્માને શું ? કારણ કે આત્મા કાળરૂપ જ છે. અર્થાત્ જીવાત્મા બ્રહ્મનો અંશ છે અને કાળ તથા બ્રહ્મ એક જ છે તેથી પોતાના અંશને પોતાથી પીડા હોઈ શકે નહિ, જેમ અગ્નિનો તાપ તેની જવાળાને લાગતો નથી અને હિમની શીતળતા તેના અંશ હિમના કણને લાગતી નથી. ખરી રીતે તો આ આત્માને સુખદુઃખ વગેરે કંઈ છે જ નહિ; તો કોના ઉપર ક્રોધ કરવો ? (એ રીતે આત્માને સુખદુઃખનાં છે કારણ જગતમાં પ્રસિદ્ધ છે તેઓનું ખંડન કર્યું, હવે કદાચ તે સિવાયનું બીજું કારણ પણ કોઈ કલ્પી કાઢે, તો તે પણ વસ્તુના મહિમાની અપેક્ષાએ સંભવતું નથી, તે કહે છે.) કોઈ પણ કર્તા કે કરણ (સાધન) થી કોઈ પણ દેશ કે કાળમાં કોઈ પણ પ્રકારે આ આત્માને સુખદુઃખ વગેરેનો સંબંધ છે જ નહિ; કારણ કે આત્મા પ્રકૃતિથી પર છે તેથી આના વિષે ન હોવા છતાં સંસારને પ્રકાશિત કરતાં અહંકારને જેમ દ્વંદ્વસંબંધ છે, તેમ આત્માને નથી (અર્થાત્ આત્મા વિષે સુખદુઃખાદિ દ્વંદ્વસંબંધ ભાસે છે, તે અહંકારના નિમિત્તથી જ ભાસે છે. વાસ્તવિક નથી) આમ જેણે જાણ્યું હોય તે મનુષ્ય ભૌતિક પદાર્થોથી ભય પામતો નથી. માટે હું પણ અત્યંત પ્રાચીનકાળના મહર્ષિઓએ સ્વીકારેલી આ પરમાત્મનિષ્ઠાનો આશ્રય કરી શ્રી મુકુંદભગવાનના ચરણની સેવાથી જ દુરંત અને દુષ્પાર આ સંસારરૂપી અંધકાર તરી જઈશ.

**શ્રીભગવાન બોલ્યા :** એમ જેનું ધન નાશ પામ્યું હતું એવો તે બ્રાહ્મણ વૈરાગ્ય પામી ખેદ રહિત થઈ સંન્યાસ લઈને પૃથ્વી પર ફરતો દુષ્ટ લોકો તેનો તિરસ્કાર કરતાં તોપણ તે મુનિ પોતાના ધર્મથી અડગ રહેતો ને આ (નીચે દર્શાવેલી) ગાથા ગાતો :

सुखदु:खप्रदो नान्य: पुरुषस्यात्मविभ्रम: । मित्रोदासीनरिपव: संसारस्तमस: कृत: ॥६०॥

પુરુષને મનની ભ્રમણા વિના બીજો કોઈ પણ સુખ-દુ:ખ આપનાર છે જ નહિ. મિત્ર, ઉદાસીન અને શત્રુ આ સર્વ સંસાર કેવળ અજ્ઞાનથી જ કરાવેલો મનની ભ્રાંતિરૂપ જ છે; ખરી રીતે સંસાર એ કોઈ વસ્તુ જ નથી.' માટે હે ઉદ્ધવ ! મારે વિષે સ્થાપેલી બુદ્ધિથી યુકત થઈ તમે સર્વ પ્રકારે મનને વશ કરો; કારણ કે આટલું જ યોગનું સ્વરૂપ છે. જે મનુષ્ય ભિક્ષુએ ગાયેલી આ બ્રહ્મનિષ્ઠાને એકાગ્ર ચિત્તે મનન કરે, બીજાને સંભળાવે કે પોતે સાંભળે તે સુખદુ:ખાદિ દ્વંદ્વોથી હેરાન થતો નથી.૧-૬૨

य एतां भिक्षुणा गीतां ब्रह्मनिष्ठां समाहित: । धारयन् श्रावयन् श्रृण्वन् द्वंद्वैर्नैवाभिभूयते ॥६२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૩ સમાપ્ત.*

## અધ્યાય-૨૪

## સાંખ્યયોગ

॥ भगवानुवाच ॥

अथ ते संप्रवक्ष्यामि सांख्यं पूर्वैर्विनिश्चितम् । तद्विज्ञाय पुमान् सद्यो जह्याद्वैकल्पिकं भ्रमम् ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** હવે (કપિલ વગેરે) પૂર્વાચાર્યોએ નિશ્ચય કરેલુ સાંખ્યશાસ્ત્ર હું તમને કહું છું. તે જાણીને પુરુષ ભેદને લીધે થયેલા સુખદુ:ખ વગેરે ભ્રમને તત્કાળ તજે છે. યુગો પહેલાં (પ્રલયકાળે) દ્રષ્ટા અને દૃશ્યનો અભાવ હોવાથી ભેદ જ ન હતો (સર્વ બ્રહ્મમાં જ લીન હતું); પરંતુ સત્યયુગમાં ને બીજા યુગમાં પણ જે મનુષ્ય વિવેકકુશળ બને તેની દૃષ્ટિએ ભેદ જણાતો નથી. એ રીતે બ્રહ્મ કેવળ એક જ ગુણોની વિષમતાથી રહિત છે, જાતિ વગેરે ભેદથી શૂન્ય છે, વાણી તથા મનનો અવિષય છે અને સત્યસ્વરૂપ છે તે જ બ્રહ્મ (અજ્ઞાનથી જણાતા સૃષ્ટિકાળમાં) માયાના ફળરૂપ દ્રષ્ટા તથા દૃશ્ય એમ બે પ્રકારે થયું. આ બે અંશોમાં જે દૃશ્ય છે, તે કાર્યકારણરૂપ પ્રકૃતિ છે અને દ્રષ્ટા છે તે પુરુષ કહેવાય છે. મેં પરમેશ્વરે મારી પોતાની જ પ્રકૃતિ તરફ દૃષ્ટિ કરવારૂપી પુરષાવસ્થા દ્વારા પ્રકૃતિને વિકૃત કરી એટલે તેથી સત્વ, રજસ અને તમસ્ એવા ત્રણ ગુણો થયા. તે ગુણોથી ક્રિયાશકિતવાળું મહત્તત્ત્વ અને તેમાંથી જ્ઞાનશકિતવાળું મહત્તત્વ ઉત્પન્ન થયું. આ જ્ઞાનશકિતવાળું મહતત્ત્વ ક્રિયાશકિતવાળા મહતત્ત્વથી જુદું નથી, તે એક જ તત્ત્વ છે; પણ ક્રિયા ને જ્ઞાન એવી બે શક્તિઓથી તે બે પ્રકારવાળું કહેવાય છે. આ મહત્તત્વ વિકાર પામ્યું એટલે તેમાંથી જીવોને મોહ ઉપજાવનારો (ભ્રમનું કારણ) વૈકારિક, તૈજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર થયો. તેમાંના વૈકારિકથી ઈન્દ્રિયોના અગિયાર દેવો અને મન થયાં; તૈજસથી અગિયાર ઈન્દ્રિયો થઈ અને તામસથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રા ઓ થઈ. આ અહંકાર ચિદાભાસ વડે વ્યાપ્ત છે. માટે ચિત્ અને અચિત્ એમ બંને રૂપ (હોઈ) જીવોને ઉપાધિરૂપ છે. શબ્દાદિ તન્માત્રાઓનું કારણ તામસ અહંકારથી પાંચ મહાભૂતો થયાં છે; (કેમ કે 'આવરણ કરવું' એ તેઓનો સ્વભાવ છે.) દસ ઈંદ્રિયો તૈજસ (રાજસ) અહંકારથી થઈ છે; (કારણ કે

'પ્રવૃત્તિ કરવી' એ તેઓનો સ્વભાવ છે) અને વૈકૃત (સાત્ત્વિક) અહંકારથી તે ઈન્દ્રિયોના અધિષ્ઠાયક અગિયાર દેવો અને મન થયાં છે (કેમ કે 'પ્રકાશ કરવો' એ તેઓનો સ્વભાવ છે). મારાથી પ્રેરણા પામેલા આ સર્વ પદાર્થો એકઠા મળી કાર્ય કરવા સમર્થ થયા. તેઓએ મારા (અંતર્યામીના) રહેઠાણરૂપ ઉત્તમ ઈંડું ઉત્પન્ન કર્યું. પાણીમાં રહેલા તે ઈંડામાં હું નારાયણસ્વરૂપે લીલા શરીર ધરી રહ્યો અને મારી નાભિમાં લોકોનું કારણ કમળ થયું. જેમાં બ્રહ્મા થયા. રજોગુણથી યુકત હોઈ જગતના સૃષ્ટા તે બ્રહ્માએ મારી કૃપાથી તપશ્ચર્યા કરીને (અતલ વગેરે પાતાલો સહિત) ભૂર્લોક, ભુવર્લોક (અંતરિક્ષ) અને સ્વર્ગલોક (સત્યલોક સુધીનો) એમ ત્રણ પ્રકારે લોકપાલો સહિત લોકો ઉત્પન્ન કર્યા. તેમાં સ્વર્ગલોક દેવોનું રહેઠાણ, ભુવર્લોક પ્રેત-પિશાચાદિ ભૂતોનું અને ભૂર્લોક મનુષ્યોનું સ્થાન થયો. એ ત્રણે લોકની ઉપર આવેલા મહર્લોક વગેરે સિદ્ધોનું (એટલે ભૃગુ વગેરે બ્રહ્મર્ષિઓનું) સ્થાન થયા. સમર્થ બ્રહ્માએ પૃથ્વી નીચેનાં અતલ વગેરે પાતાલોને અસુરોનું તથા નાગોનું સ્થાન કર્યું. આવી (વ્યવસ્થા કરવામાં કારણ એ છે કે) ત્રિગુણાત્મક કર્મોની સર્વ ગતિઓ (ફળો) સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે લોકમાં છે. યોગની, તપની તથા સંન્યાસની નિર્મળ ગતિઓ મહર્લોક, જનલોક, તપલોક તથા સત્યલોક અને ભકિતયોગની ગતિ વૈકુંઠ છે. હું કાળશકિતરૂપ અને કર્મોનાં ફળ આપનારો છું, તે દ્વારા કર્મોમાં જોડાયેલું આ જગત ગુણોના પ્રવાહરૂપ સંસારમાં સત્યલોક સુધી ઉત્તમ ગતિઓ તથા સ્થાવર સુધી અધમ ગતિ પામે છે; નાનો, મોટો, પાતળો, જાડો જે જે પદાર્થ ઉત્પન્ન થાય છે, તે તે સર્વ પ્રકૃતિ અને પુરુષ બંનેથી વ્યાપ્ત હોય છે. જે વસ્તુ જેનો આદિ (કારણ) હોય અને અંત (લયસ્થાન) હોય, તે જ વસ્તુ તેની મધ્યમ અવસ્થારૂપ હોય જ. માટે (કોઈ પણ અવસ્થામાં એકરૂપે જ રહેતી હોય) તે જ વસ્તુ સાચી છે (બીજી વસ્તુ સાચી નથી.) જેમ સોનાનાં કડાં, કુંડળ વગેરે કાર્યો સોનાથી જુદાં નથી, જેમ પૃથ્વીનાં કાર્ય ઘડા—સરવડાં વગેરે પૃથ્વીથી જુદાં નથી, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલું આ વિકારરૂપ જગત તે (બ્રહ્મથી જુદુ ન હોઈ) કેવળ વ્યવહાર માટે જ છે. અહીં કોઈ શંકા કરે કે મહત્તત્ત્વ વગેરે પણ પોતપોતાનાં કાર્ય પરત્વે આદિ—અંતરૂપ છે, તેથી તે પણ સત્ય ઠરશે, તેનું કેમ ? (આનું સમાધાન એ છે કે) જે બ્રહ્મરૂપી ઉપાદાન કારણને પ્રથમ સ્વીકારી મહતત્ત્વ વગેરે કારણરૂપ પદાર્થ અહંકાર વગેરે કાર્ય ઉત્પન્ન કરે છે તે જ બ્રહ્મ પદાર્થ છે. (જેમ માટીના પિંડો માટીરૂપ ઉપાદાન કારણમાંથી ઉત્પન્ન થઈ પોતે નિમિત્ત માત્ર બની ઘડો ઉત્પન્ન કરે છે. આ દૃષ્ટાંતમાં પિંડો ઘડાનું કારણ હોવા છતાં સત્ય નથી, પરંતુ તેનું કારણ માટી જ સત્ય છે; તે રીતે મહત્તત્ત્વ વગેરે પણ સત્ય ન કહી શકાય, પરંતુ સર્વનું) પરમ કારણ બ્રહ્મ જ સત્ય છે; (કદાચ કોઈ કહે છે કે, **'मृत्तिकेत्येव सत्यम्'** માટી જ સાચી વસ્તુ છે એમ શ્રુતિ કેમ કહે છે ? આનો ઉત્તર આ છે કે) જ્યારે જે વસ્તુનાં આદિ અને અંત કહેવાની ઈચ્છા થાય, ત્યારે તેના આદિ—અંતમાં જે વસ્તુ રહેલી હોય, તે જ સત્ય કહેવાય છે (અર્થાત્ સર્વના પરમ કારણ આત્માને સત્ય કહેવાની ઈચ્છાથી જ દૃષ્ટાંત તરીકે **'मृत्तिकेत्येव सत्यम्'** એમ માટીને સત્ય કહી છે, પરંતુ ખરી રીતે માટી સત્ય કહી નથી.) આ કાર્યરૂપ જગતનું ઉપાદાન કારણ પ્રકૃતિ, પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરુષ અને ગુણોનો વિકાર કરી કાર્યોને પ્રકટ કરનારો કાળ—આ ત્રણે બ્રહ્મરૂપ હું જ છું. મારાથી જુદાં નથી (કારણ કે પ્રકૃતિ મારી શકિત છે; તેમ જ પુરુષ તથા કાળ મારી અવસ્થાઓ છે.) જુદા જુદા દેહોમાં વિવિધ પ્રકારે સર્જાતા જીવને ભોગો આપવારૂપ પ્રયોજનવાળી આ મહાન સૃષ્ટિ પરમેશ્વરની ઈક્ષણશકિત—સંકલ્પશકિત કામ કરતી રહે છે. ત્યાં સુધી

રહેનારા સ્થિતિના અંત સુધી પિતા-પુત્ર આદિરૂપે એકધારી ચાલ્યા કરે છે. આ બ્રહ્માંડ કાળમૂર્તિ મારાથી વ્યાપ્ત છે અને તેમાં દરરોજ લોકોના વિવિધ સૃષ્ટિપ્રલય થાય છે તે પણ કાળમૂર્તિ મારાથી વ્યાપ્ત થતાં ભુવનોની સાથે પંચત્વરૂપ વિભાગ માટે યોગ્ય થાય છે. અર્થાત્ પાંચ ભૂતોની એકતારૂપ આ બ્રહ્માંડ પાંચ ભૂતોનું અલગ પણું થતાં નાશ પામે છે તે વખતે શરીર અન્નમાં, અન્ન બીજમાં બીજ ભૂમિમાં, ભૂમિ ગંધમાં, ગંધ જળમાં, જળ પોતાના ગુણરૂપ રસમાં, રસ તેજમાં, તેજ રૂપમાં, રૂપ વાયુમાં, વાયુ સ્પર્શમાં, સ્પર્શ આકાશમાં, આકાશ શબ્દતન્માત્રામાં અને ઈન્દ્રિયો પોતાના પ્રવર્તક દેવતાઓમાં લય પામે છે. હે સૌમ્ય ! ઈન્દ્રિયોના દેવતાઓ પોતાના નિયંતા મનમાં લય પામે છે. મન ઈન્દ્રયોના દેવો સાથે વૈકારિક અહંકારમાં લય પામે છે. શબ્દ તામસ અહંકારમાં લય પામે છે અને (સર્વ જગતને મોહ ઉપજાવવા) સમર્થ એવો અહંકાર મહતત્ત્વમાં લય પામે છે. જ્ઞાનશકિત અને ક્રિયાશકિતવાળું મહતત્ત્વ પોતાના કરણરૂપ ગુણોમાં લય પામે છે. ગુણો પ્રકૃતિમાં અને પ્રકૃતિ વૃત્તિરહિત થયેલા કાળમાં લય પામે છે (કેમ કે પ્રકૃતિ કાળને આધીન છે.) કાળ માયાના પ્રવર્તક અથવા જ્ઞાનમય મહાપુરુષમાં લય પામે છે. મહાપુરુષ આત્મામાં લય પામે છે અને આત્મા સ્વસ્વરૂપમાં જ સ્થિતિ કરે છે બીજે ક્યાંય લય પામતો નથી. તે ઉપાધિરહિત છે અને તેમાં પણ કારણ આ જ છે કે જગતની ઉત્પત્તિ તથા લય વડે આત્મા જ અધિષ્ઠાનરૂપે અથવા અવધિસ્વરૂપે જણાય છે. જેમ આકાશમાં સૂર્યોદય થતાં અંધકાર રહેતો નથી તેમ એ રીતે વિચાર કરતા પુરુષના હૃદયમાં મનને ભેદનું કારણ ભ્રમ કેમ થઈ શકે ? અને જો થયો હોય તો કેમ રહી શકે ? (હૃદયની) સંશયરૂપ ગાંઠ તોડી નાખતો આ સાંખ્યશાસ્ત્રનો પ્રકાર કારણ ને કાર્યના સ્વરૂપને જાણનારા મેં (એ પ્રમાણે) કહ્યો છે. ૧-૨૯

एष सांख्यविधिः प्रोक्तः संशयग्रन्थिभेदनः । प्रतिलोमानुलोमाभ्यां परावरदृशा मया ॥२९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૪ સમાપ્ત.*

## અધ્યાય-૨૫

## સત્ત્વાદિ ત્રણ ગુણોની વૃત્તિઓનું વર્ણન

॥ श्रीभगवानुवाच ॥

गुणानामसंमिश्राणां पुमान् येन यथा भवेत् । तन्मे पुरुषवर्येदमुपधारय शंसतः ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** હે પુરુષશ્રેષ્ઠ ઉદ્ધવ ! (પ્રકૃતિ તથા પુરુષનું વિવેકજ્ઞાન ધરાવતો પુરુષ પણ જ્યાં સુધી ખાસ પ્રયત્ન કરી ત્રણે ગુણોની વૃત્તિઓ જીતતો નથી ત્યાં સુધી તેનાં સુખ-દુઃખાદિ દ્વંદ્વો દૂર થતાં નથી માટે તે વૃત્તિઓ જીતવાનો ઉપાય જાણવો આવશ્યક છે એમ માની હું ત્રણ ગુણોની વૃત્તિઓનું વર્ણન કરું છું.) જુદા જુદા ગુણોમાંથી જે ગુણ વડે પુરુષ જેવો થાય છે, તે વિષે હું તમને કહું છું, તે તમે મારી પાસેથી ધ્યાનપૂર્વક સાંભળો. માનસિક નિગ્રહ, બાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ, સહનશીલતા, વિવેક, સ્વધર્મમાં વર્તન, આગળપાછળના ધ્યાનપૂર્વક સ્મરણ જે કંઈ મળે તેનાથી સંતોષ, ધન વગેરે વાપરી જાણવાનો સ્વભાવ, વિષય તરફ વૈરાગ્ય, ગુરુ વગેરે ઉપર શ્રદ્ધા, અયોગ્ય કર્મમાં લજ્જા, દાન, સરળતા, વિનય તેમ જ આત્મસ્વરૂપ ઉપર પ્રીતિ—આ સત્ત્વગુણની વૃત્તિઓ છે. ઈચ્છા, વ્યાપાર, મદ, લોભ છતાં અસંતોષ, ગર્વ, ધનાદિની ઈચ્છાથી દેવતા વગેરેની પ્રાર્થના, ભેદબુદ્ધિ, વિષયભોગ, મદથી

યુદ્ધ વગેરેનો આવેશ, પોતાની સ્તુતિ ઉપર પ્રીતિ, હાસ્ય, પ્રભાવ પ્રકટ કરવો તેમ જ બળથી (ફળના આગ્રહપૂર્વક) ઉદ્યમ કરવો—આ રજોગુણની વૃત્તિઓ છે. ક્રોધ, લોભ, અસત્ય, હિંસા, યાચના, દંભ, શ્રમ, કજિયો, શોક, મોહ, દુઃખ, દીનતા, નિદ્રા, આશા, ભય અને ઉદ્યમ ન કરવો– આ તમોગુણની વૃત્તિઓ છે. આ સત્વગુણની, રજોગુણની તથા તમો ગુણની વૃત્તિઓનું મેં લગભગ વર્ણન કર્યું. હવે તે ત્રણે ગુણો જેમાં મિશ્ર હોય, તેવી વૃત્તિઓ હું કહું છું; સાંભળો. હે ઉદ્ધવ ! 'હું, મારુ' એવી બુદ્ધિ તે ગુણોનું મિશ્રપણું છે. મન, ઈન્દ્રિયો તથા પ્રાણોથી જે વ્યવહાર થાય તે ગુણોની મિશ્રતાથી થાય છે. પુરુષ જ્યારે ધર્મ, અર્થ તથા કામમાં સ્થિતિવાળો હોય ત્યારે તેની એ સ્થિતિ ગુણોની મિશ્રતાથી થયેલી સમજવી અને તે શ્રદ્ધા રતિ તેમ જ ધન પામે છે. પુરુષ જ્યારે પ્રવૃત્તિરૂપ લક્ષણવાળા કામ્યધર્મમાં શ્રદ્ધા રાખે છે, ગૃહસ્થાશ્રમમાં જ આસકત થાય છે અને નિત્યનૈમિત્તિક સ્વધર્મમાં સ્થિતિ કરે છે, ત્યારે પણ ગુણોની તે મિશ્રતા જ થયેલી જાણવી. શમ, દમાદિ વૃત્તિઓ ઉપરથી પુરુષ સર્વગુણવાળો છે, કામ વગેરે વૃત્તિઓ ઉપરથી રજોગુણવાળો છે, અને ક્રોધ વગેરે ઉપરથી તમોગુણવાળો છે, એમ અનુમાન કરવું. જ્યારે કોઈ પણ ઈચ્છાથી રહિત થઈ (નિષ્કામપણે) પોતાનાં કર્મોથી ભકિતપૂર્વક મને ભજે ત્યારે તે પુરુષ કે સ્ત્રીને સત્ત્વગુણી સ્વભાવનાં જાણવાં. જ્યારે કોઈ પણ વિષયની આશા રાખી (સકામપણે) પોતાનાં કર્મોથી મને ભજે ત્યારે તેને રજોગુણી સ્વભાવનો જાણવો અને જ્યારે શત્રુમારણ આદિ હિંસા ઈચ્છી મને ભજે ત્યારે તેને તમોગુણી જાણવો. સત્ત્વગુણ, રજોગુણ તેમ જ તમોગુણ એ ત્રણ ગુણો જીવનાં છે, મારા નથી; કારણ કે તે ગુણો જીવને ઉપાધિરૂપ ચિત્તમાં પ્રકટે છે અને તે ગુણોથી (દેહરૂપ થયેલાં) ભૂતોમાં આસકત થનારો જીવ બંધાય છે. (હું તો ભૂતોમાં આસકત થતો નથી અને ગુણો નો નિયંતા હોઈ સૃષ્ટિ વગેરે કરું છું; છતાં નિત્યમુકત જ છું માટે જીવ કરતાં મારામાં ઘણી જ વિશેષતા છે.) પ્રકાશક, સ્વચ્છ અને શાંત સત્વગુણ જ્યારે બીજા બે ગુણોને જીતે છે, ત્યારે પુરુષ, સુખ, ધર્મ તથા જ્ઞાન વગેરેથી યુકત થાય છે, પરંતુ જ્યારે સંગ કરાવવામાં કારણ અને પ્રવૃત્તિના સ્વભાવવાળો રજોગુણ સત્વગુણને તથા તમોગુણને જીતે ત્યારે પુરુષ દુઃખ, કર્મ, યશ તથા લક્ષ્મીથી યુકત થાય છે. અને જ્યારે નાશ કરનાર, આવરણરૂપ અને ઉદ્યમમાં વિઘ્ન કરનારો તમોગુણ, સત્વગુણ તથા રજો ગુણને જીતે ત્યારે પુરુષ શોક, મોહ, નિદ્રા, હિંસા, તથા આશાથી જોડાય છે. જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, ઈંન્દ્રિય શાંત થાય, દેહમાં નિર્ભયતા જણાય અને જ્યારે મન સંગરહિત થાય, ત્યારે તમારે જાણવું કે મારી પ્રાપ્તિના સાધનરૂપ સત્ત્વગુણ વધ્યો છે. જ્યારે ક્રિયાથી વિકાર પામતો પુરુષ ચોતરફ ભમતી બુદ્ધિવાળો થાય અને જ્ઞાનેન્દ્રિયોને શાંતિ ન જણાય, કર્મેન્દ્રિયોમાં વિકાર વધી પડે અને મન ચંચળ થાય, ત્યારે એ લક્ષણો ઉપરથી તમારે જાણવું કે રજોગુણ વધ્યો છે. વળી જ્યારે ચિત્ત વ્યાકુળ હોય અને ચિદાકારરૂપે પરિણામ પામવા અશકત હોઈ લય પામે તેમ જ સંકલ્પરૂપ મન પણ લય પામે, અજ્ઞાન ઉત્પન્ન થાય અને ખેદ થાય ત્યારે તમારે જાણવું કે તમોગુણ વધ્યો છે. હે ઉદ્ધવ ! સત્ત્વગુણ વધે ત્યારે દેવોનું બળ વધે, રજોગુણ વધે ત્યારે અસુરોનું બળ વધે, તેમ જ તમોગુણ વધે ત્યારે રાક્ષસોનું બળ વધે. સત્ત્વગુણથી પ્રાણીને જાગ્રદાવસ્થા, રજોગુણથી સ્વપ્નાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિઅવસ્થા થાય છે. ચોથી તુરીયાવસ્થા તે પૂર્વોક્ત ત્રણે અવસ્થામાં એકરૂપ આત્મતત્ત્વ જ છે, એમ સમજવું. સત્વગુણથી વેદોકત ક્રિયાઓમાં તત્પર રહેતા મનુષ્યો ઉપરઉપરના લોકોમાં જાય, તમોગુણથી સ્થાવર સુધીના નીચાનીચા લોકમાં જાય અને રજોગુણથી વચ્ચેના મનુષ્યલોકમાં ભમ્યા કરે છે.

સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે મરેલા મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે; રજોગુણની વૃદ્ધિ હોય ત્યારે મરેલા મનુષ્યલોકમાં જાય; તમોગુણની વૃદ્ધિ હોય ત્યારે મરેલા નરકમાં જાય અને નિર્ગુણ મનુષ્યો મને જ પામે છે. જેણે પોતાનું કર્મ મારી પ્રીતિના ઉદ્દેશથી અને કેવળ દાસભાવથી જ કર્યું હોય તે સાત્ત્વિક છે; જે કર્મફળના સંકલ્પથી કર્યું હોય તે રાજસ છે અને જે કર્મ પુષ્કળ હિંસા વગેરેથી યુકત હોય તે તામસ છે. જે જ્ઞાન 'હું દેહથી જુદો છું' આવું હોય તે સાત્વિક છે; જે જ્ઞાન 'દેહથી જુદો નથી' આવું હોય તે રાજસ છે; જે જ્ઞાન બાળક (મૂગા) વગેરેના જ્ઞાન જેવું પ્રાકૃત હોય તે તામસ છે અને પરમેશ્વર (મારા) સંબંધી જ્ઞાન તે નિર્ગુણ છે. વન તે સાત્વિક રહેઠાણ છે; ગામ તે રાજસ રહેઠાણ છે; જુગારખાનું તે તામસ રહેઠાણ છે અને મારું મંદિર તે નિર્ગુણ રહેઠાણ છે. ફળમાં આસકત થયા વગર કર્મ કરનારો સાત્ત્વિક કર્તા છે; ફળ પરના રાગથી અંધ બની કર્મ કરનારો રાજસ કર્તા છે. આગળ પાછળ ધ્યાન આપ્યા વિના કર્મ કરનારો તામસ કર્તા છે અને કેવળ મારું જ શરણ લઈ કર્મ કરનારો નિર્ગુણ કર્તા છે. વેદાંતશાસ્ત્ર ઉપરની શ્રદ્ધા સાત્વિક શ્રદ્ધા છે, કર્મો ઉપરની શ્રદ્ધા રાજસી શ્રદ્ધા છે, અધર્મ ઉપર ની શ્રદ્ધા તામસી છે અને મારી સેવામાં શ્રદ્ધા નિર્ગુણ શ્રદ્ધા છે. જે ભક્ષ્ય અને ભોજય વગેરે આહાર હિતકારક, શુદ્ધ અને અનાયાસે મળી આવ્યો હોય તે સાત્ત્વિક છે; જે આહાર ભોગકાળે ઈન્દ્રિયોને સુખ આપનારો હોય તે (તીખો, ખાટો, ખારો વગેરે) રાજસ છે; તેમ જ જે આહાર દીનતા કરાવનારો હોઈ અશુદ્ધ હોય તે તામસ કહેવાય છે (પણ જે આહાર મને અર્પણ કર્યો હોય તે નિર્ગુણ છે.) આત્માનું સુખ તે સાત્વિક છે, વિષયોથી થનારું સુખ રાજસ છે, મોહ તથા દીનતાથી થનારું સુખ તામસ છે અને મારા આશ્રયથી થનારું સુખ નિર્ગુણ છે. આમ દ્રવ્ય, દેશ, ફળ, કાળ, જ્ઞાન, કર્મ, કર્તા, શ્રદ્ધા અવસ્થા અને દેવતા વગેરેની આકૃતિ એ સર્વ સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ ગુણોયુકત છે. હે પુરુષશ્રેષ્ઠ ! (કેવળ ઉપર ગણાવેલા જ પદાર્થ ત્રિગુણી છે એમ નથી, પણ) પ્રકૃતિ—પુરુષરૂપ આશ્રયથી થયેલા સર્વ પદાર્થો જે દેખાય છે, સંભળાય છે ને બુદ્ધિથી વિચારાય છે તે બધા ત્રણ ગુણવાળા છે. જીવને દેવ-મનુષ્ય વગેરે આ સર્વ જન્મો ગુણ તથા કર્મથી પ્રાપ્ત થાય છે અને ચિત્તમાં જ પ્રકટે છે; માટે હે સૌમ્ય ! જે જીવે આ ગુણોને (તથા કર્મોને) જીત્યા છે, તે (અચળ) ભકિતયોગ દ્વારા મારામાં નિષ્ઠાવાળો થઈ મોક્ષ પામવા યોગ્ય છે; માટે જ્ઞાન-વિજ્ઞાન જેમાં સંભવે છે, તે આ મનુષ્યશરીર પામી સુજ્ઞ મનુષ્યોએ ગુણસંગ તજી મારું ભજન કરવું. વિદ્વાન મનુષ્યે સર્વ સંગ તજી અપ્રમાદી તથા જિતેન્દ્રિય થઈ મારું ભજન કરવું ને સત્વગુણના સેવનથી રજોગુણ તથા તમોગુણ જીતવા. પછી સાવધાન થઈ ઉપશમરૂપ તે સત્વગુણથી જ શાંત બુદ્ધિવાળા તે મુનિએ સત્વગુણને પણ જીતી લેવો. એ રીતે ગુણોથી છુટેલો જીવ જીવપણાના કારણરૂપ લિંગશરીર તજી મને પામે છે અને (મને પામ્યા) પછી અંતઃકરણમાં થનારા ગુણોથી અને લિંગશરીરથી છૂટેલો તે જીવ બ્રહ્મસ્વરૂપ એવા મારાથી જ પૂર્ણ બની (વિષયભોગ માટે) બહાર ભટકતો નથી અને (વિષયોના સ્મરણથી) અંદર ભમતો પણ નથી (અર્થાત્ તે જીવન્મુકત બની રહે છે.) ૧-૩૬.

जीवो जीवविनिर्मुक्तो गुणैश्चाशयसम्भवैः । मयैव ब्रह्मणा पूर्णो न बहिर्नान्तरश्चरेत् ॥३६॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૫ સમાપ્ત.*

## અધ્યાય-૨૬

## ઐલ (પુરૂરવા)નાં વૈરાગ્ય યુક્ત વચનો

॥ श्रीभगवानुवाच ॥

मल्लक्षणमिमं कायं लब्ध्वा मद्धर्म आस्थितः । आनन्दं परमात्मानमात्मस्थं समुपैति माम् ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** જે દ્વારા મારું સ્વરૂપ જણાય છે, તે મનુષ્ય શરીર પામી ભકિતરૂપી મારા ધર્મમાં રહેલો મનુષ્ય પોતાની અંદર જ નિયંતારૂપે રહેલા મને (આનંદસ્વરૂપ પરમાત્માને) સારી રીતે પામે છે. જ્ઞાનનિષ્ઠા વડે ગુણમય જીવઉપાધિ (લિંગશરીર) થી છૂટેલો પુરુષ અવસ્તુરૂપે દેખાતા કેવળ કાયારૂપ ગુણોમાં વર્તતો હોવા છતાં એ મિથ્યા ગુણોનો સંગ પામતો નથી. (જ્ઞાનનિષ્ઠ) મનુષ્ય શિશ્ન તથા ઉદરને તૃપ્ત કરનારા દુષ્ટ મનુષ્યોનો કદી સંગ કરવો નહિ; કારણ કે તેવા એક પણ દુર્જનને અનુસરતો મનુષ્ય આંધળાની પાછળ ચાલતા આંધળાની પેઠે અંધતમસ (નામના) નરકરૂપ ખાડા માં પડે છે. મહાયશસ્વી ચક્રવતી ઐલ (પુરૂરવા) રાજા ઉર્વશીના વિરહથી (પ્રથમ) મોહ પામ્યો, તેથી પોતાને તજી જતી ઉર્વશીની પાછળ ગાંડાની પેઠે વ્યાકુળ બની 'ઓ ભયંકર સ્ત્રી ! ઊભી રહે !' એવો વિલાપ કરતો ગયો હતો. એ રાજા (ઉર્વશી પોતાની પાસે હતી ત્યારે) અનેક વિષયો ભોગવતો અતૃપ્ત જ રહ્યો હતો અને ઉર્વશીએ તેનું જ્ઞાન એટલું બધું હરી લીધું હતું કે જેથી તેને વર્ષોની રાત્રિઓ ન જતી માલૂમ પડી કે ન આવતી. (પાછળથી ઉર્વશીનો લોક પામી ઘણા કાળ સુધી તેને ભોગવી) તેનો શોક દૂર થયો અને (વિષયો પ્રત્યે) વૈરાગ્ય થયો ત્યારે તેણે આ ગાથાઓ ગાઈ હતી.

**ઐલે ગાયું :** અહો ! મારો મોહવિસ્તાર ખરેખર આશ્ચર્યકારક છે. દેવી ઉર્વશીએ મારા કંઠમાં આલિંગન કર્યું અને મારું મન કામથી મલિન બન્યું, તેથી આ (રાત્રિ-દિવસરૂપી) મારા આયુષ્યના ટુકડા (ચાલ્યા ગયા, તે પણ) મેં જાણ્યા નથી. અફસોસ ! આ ઉર્વશીએ મને ઠગ્યો છે; તેથી (તેની સાથે રમતાં) સૂર્ય ક્યારે ઊગ્યો કે અસ્ત પામ્યો અને સંખ્યાબંધ વર્ષોના કેટલા દિવસો વીત્યા, તે પણ મેં જાણ્યા નથી. અહો ! મારો માનસિક મોહ કેવો કે જે મોહે રાજાઓના શિરોમણિ અને ચક્રવર્તી મારા દેહને સ્ત્રીઓના રમકડા જેવો કર્યો છે ! રાજ્ય વગેરે સહિત મારા આ ચક્રવર્તી આત્માને એક તણખલાની પેઠે તજી (ભાન ભૂલી) હું ગાંડાની પેઠે નાગો ને રડતો, ચાલી જતી સ્ત્રીની પાછળ ગયો હતો. હું ગધેડાની પેઠે (ઉર્વશીના) પગની લાતો ખાતો, તે ચાલી જતી સ્ત્રીની પાછળ ગયો હતો. મારામાં પ્રભાવ, તેજ કે ઐશ્વર્ય ક્યાંથી રહે ? જેનું મન સ્ત્રીઓએ હર્યું હોય, તે પુરુષને વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રજ્ઞાન, એકાંતસેવન અથવા મનથી શું ફળ છે ? કાંઈ નથી. સ્વાર્થ ન જાણતા અને મૂર્ખ છતાં પોતાને પંડિત માનતા મને ધિક્કાર છે કે જે હું રાજાપણું પામીને પણ બળદ અને ગધેડાની પેઠે સ્ત્રીઓથી જિતાયો છું. હું અનેક વર્ષો થયાં ઉર્વશીનું અધરામૃત પી રહ્યો છું, છતાં આહુતિઓથી જેમ અગ્નિ તૃપ્ત ન થાય તેમ મારો કામ તૃપ્ત થતો નથી. વ્યભિચારિણી સ્ત્રીએ હરેલા ચિત્તને છોડાવવા આત્મારામ પુરુષોના ઈશ્વર અને ઈન્દ્રિયજ્ઞાનથી પર એવા ભગવાન વિના બીજો કોણ સમર્થ છે ? મને દુર્મતિને દેવી ઉર્વશીએ પ્રિય અને હિતકારક વચનો વડે સમજાવ્યો, છતાં અજિતાત્મા મારો માનસિક મહામોહ દૂર થતો નથી અથવા આ ઉર્વશીએ મારો શો ઉપકાર કર્યો છે ? કંઈ જ નહિ. દોરીનું સ્વરૂપ

ન જાણતા મનુષ્યને એ દોરીમાં સર્પની ભ્રાંતિ થવાથી ખેદ થાય તેમાં દોરીનો શો અપરાધ ? અજિતેન્દ્રિય હોવાથી હું જ અપરાધી છું. મલિન અને દુર્ગંધ વગેરેથી ભરપૂર આ અપવિત્ર (સ્ત્રીનો) દેહ કયાં અને ઉત્તમ મન વગેરે (સુગંધમય) ગુણો કયાં ? ખરેખર, આ મલિન વસ્તુ ઉપર પણ ઉત્તમપણાની મને ભ્રાંતિ થઈ છે, તે મારા અજ્ઞાનથી જ થઈ છે. (આ શરીર ઉપરની મમતા પણ કલ્પિત જ છે.) આ દેહ શું માતા-પિતાના હશે ? (કારણ કે તેને તેઓ ઉત્પન્ન કરે છે;) અથવા સ્ત્રીનો હશે ? (કારણ કે તેને તે ભોગ આપે છે;) અથવા શું સ્વામીનો હશે ? (કારણ કે સ્વામીને તે અધીન રહે છે.) અથવા શું કૂતરાં કે ગીધડાંનો હશે ? (કારણ કે તેઓનું તે ભક્ષ્ય છે;) અથવા શું આત્માનો હશે ? (કારણ કે આત્માએ કરેલાં શુભ-અશુભ તે ભોગવે છે;) અથવા આ દેહ પ્રિય મિત્રનો હશે? (કેમ કે તેઓનો તે ઉપકાર કરે છે.) આમ વિચાર કરતાં પણ આ દેહ કોનો છે તેનો નિશ્ચય થતો નથી. અપવિત્ર અને તુચ્છ પરિણામવાળા તે શરીરમાં પુરુષ આસકત થાય છે; જેમ કે 'અહો ! આ સ્ત્રીનું મુખ કેવું સુખકારક, સુંદર નાકવાળું અને મનોહર મંદહાસ્યવાળું છે ! ચામડી, માંસ, લોહી, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંના સમુદાયરૂપ અને વિષ્ટા તથા મૂત્રથી દુર્ગંધવાળા આ શરીરમાં રમતા પુરુષોમાં અને કીડાઓમાં કેટલા તફાવત છે ? કંઈ જ નથી. માટે વિવેકી પુરુષે સ્ત્રીઓનો કે સ્ત્રીલંપટ પુરુષોનો સંગ કરવો નહિ; કારણ કે વિષયો તથા ઈન્દ્રિયોના સંગથી મન વિકાર પામે છે, બીજા પ્રકારે મન વિકાર પામતું નથી. જે વસ્તુ કદી જોઈ ન હોય કે સાંભળી ન હોય, તેથી મનને વિકાર થતો નથીઃ ઈંદ્રિયોને વિષયમાં ન જોડનાર મનુષ્યનું મન નિશ્ચળ થઈ શાંત થાય છે. માટે પુરુષે સ્ત્રીઓનો કે સ્ત્રીલંપટ પુરુષોનો ઈંદ્રિયોથી સંગ કરવો નહિ; કેમ કે વિદ્વાનોને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠુ મન વિશ્વાસ કરવા યોગ્ય નથી, તો મારા જેવાઓને તે વિશ્વાસ કરવા યોગ્ય કેમ હોય ?

**શ્રીભગવાન બોલ્યા :** એમ ગાતો મહારાજા પુરૂરવા ઉર્વશીનો લોક તજી આત્મારૂપ મને પોતાને વિષે જાણી જ્ઞાન દ્વારા મોહનો નાશ કરી શાંત થયો હતો. માટે બુદ્ધિમાન પુરુષે દુષ્ટોનો સંગ તજી સજ્જનોનો સંગ કરવો; કેમ કે સજ્જનો શરણે આવેલાના મનની આસકિતને હિતોપદેશનાં વચનોથી કાપે છે. સાધુજનો વિષયાભિલાષથી રહિત મારામાં જ મનવાળા અત્યંત, શાંત, સમદૃષ્ટિવાળા, મમતારહિત, અહંકારરહિત, રાગદ્વેષ સુખદુઃખ આદિ દ્વંદ્વોથી રહિત અને પરિગ્રહથી રહિત હોય છે. હે મહાભાગ્યશાળી ઉદ્ધવ ! મહાભાગ્યશાળી તે સત્પુરુષોમાં નિત્ય મારી કથાઓ થાય છે. તે કથાઓ હિતકારી હોઈ સાંભળનાર મનુષ્યોનાં પાપનો નાશ કરે છે. જે મનુષ્યો મારામાં પરાયણ અને શ્રદ્ધાળુ થઈ તે કથાઓ આદરપૂર્વક સાંભળે, ગાય અને અનુમોદન આપે છે તેઓ મારે વિષે ભકિત પામે છે. હે સત્પુરુષ ! અનંત ગુણોવાળા અને આનંદાનુભવરૂપ પરબ્રહ્મ મારા વિષે જેણે ભકિત પ્રાપ્ત કરી. તે પુરુષને ક્યું ફળ બાકી રહે છે ? (અર્થાત્ તેને સર્વ મળી ચૂકયું છે.) જેમ અગ્નિને સેવતા મનુષ્યની ટાઢ, ભય તેમ જ અંધકાર દૂર થાય છે, તેમ સત્પુરુષોને સેવતા મનુષ્યની પણ કર્મો વિષેની જડતા, ભવિષ્યના સંસારનો ભય અને તેનું મૂળ અજ્ઞાન દૂર થાય છે. જેમ જળમાં ડૂબકાં ખાતા મનુષ્યોને મજબૂત નૌકા પરમ આશ્રયરૂપ થાય છે, તેમ આ ઘોર સંસારરૂપ સમુદ્રમાં નીચે જઈ ઊંચે જતા (નીચ—ઉચ્ચ યોનિઓમાં પડતા) મનુષ્યોને

બ્રહ્મ જાણતા શાંત સત્પુરુષો પરમ આશ્રયરૂપ થાય છે. જેમ અન્ન પ્રાણીઓના પ્રાણ છે; હું દુ:ખીઓનું શરણ છું અને ધર્મ મનુષ્યનું પરલોકનું ધન છે, તેમ સત્પુરુષો સંસારમાં પડવાથી ડરતા મનુષ્યનું શરણ છે સારી રીતે ઊગેલો સૂર્ય બહારની ચક્ષુઈન્દ્રિયને જ પ્રકાશ આપે છે; પણ સત્પુરુષો તો સગુણ તથા નિર્ગુણ જ્ઞાન આપે છે. માટે સત્પુરુષો દેવતા અને બાંધવરૂપ છે; તેમ જ સત્પુરુષોને આત્મારૂપ એવો હું જ છું. એમ પુરૂરવા પણ ઉર્વશીના લોકથી નિ:સ્પૃહ થઈ સત્સંગ પામીને સર્વ સંગ તજી આત્મામાં રમતો આ પૃથ્વી ઉપર ફર્યા કરતો. ૧-૩૫

वैतसेनस्ततोऽप्येवमुर्वश्या लोकनिःस्पृहः । मुक्तसङ्गो महीमेतामात्मारामश्चचार ह ॥३५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૬ સમાપ્ત.*

## અધ્યાય-૨૭

## અંગ સહિત સંક્ષિપ્ત પૂજાવિધિ

॥ उद्धव उवाच ॥

क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो । यस्मात्त्वां ये यथार्चन्ति सात्वताः सात्वतर्षभ ॥१॥

**ઉદ્ધવજી બોલ્યા :** હે પ્રભો ! યાદવશ્રેષ્ઠ ! ભકત લોકો જે કારણથી જે પ્રકારે આપની પૂજા કરે છે, તે આપની આરાધનારૂપ ક્રિયાયોગ મને કહો. નારદજી, ભગવાન વ્યાસ અને અંગિરાના પુત્ર આચાર્ય બૃહસ્પતિ, આ મુનિઓ આપની પૂજાને જ મનુષ્યોના પરમ કલ્યાણરૂપ વારંવાર કહે છે. આપના મુખકમળમાંથી નીકળેલો (આપે સ્વમુખે ઉપદેશેલો) જે પૂજાવિધિ ભગવાન બ્રહ્મદેવે ભૃગુ વગેરે પોતાના પુત્રોને અને ભગવાન શંકરે દેવી - પાર્વતીને કહ્યો હતો, તે સાંભળવા હું ઈચ્છું છું. હે માન આપનાર ભગવન્ ! સર્વ વર્ણો, આશ્રમ, સ્ત્રીઓ તથા શૂદ્રોનું પણ કલ્યાણમાંનું ઉત્તમ કલ્યાણ આ મનાયું છે એમ હું માનું છું. હે કમળની પાંખડી જેવા નેત્રવાળા ! હે જગતના ઈશ્વરોના ઈશ્વર ! કર્મોના બંધનથી છોડાવનારું આ કલ્યાણસાધન આપ ઉપર પ્રેમ ધરાવતા મને ભકતને આપ કહો.

**શ્રીભગવાન બોલ્યા :** હે ઉદ્ધવ ! કર્મકાંડરૂપી મારી પૂજાનો વિધિ અનંત અને અપાર છે, તેથી તેનો કાંઈ છેડો નથી, માટે હું તમને બરાબર અનુક્રમે ટૂંકમાં પૂજાવિધિ કહું છું; વૈદિક, તાંત્રિક અને મિશ્ર— એમ ત્રણ પ્રકારની મારી પૂજા છે. આ ત્રણમાંથી યથેષ્ટ વિધિથી મારી પૂજા કરવી. પોતાના વેદે કહેલું દ્વિજપણું પામી પુરુષ ભકિત અને શ્રદ્ધા વડે જે પ્રકારે મને પૂજે છે, તે તમે મારી પાસેથી સાંભળો. ભકિતયુકત મનુષ્યે પ્રતિમામાં, ભૂમિમાં, સૂર્યમાં, જળમાં, હૃદયમાં કે બ્રાહ્મણમાં પૂજાસામગ્રી વડે પોતાના ગુરુરૂપ મારી નિષ્કપટપણે પૂજા કરવી. પ્રથમ તો દાંત સાફ કરી અંગોની શુદ્ધિ માટે માટી વગેરે લઈ વૈદિક તથા તાંત્રિક બંને પ્રકારના મંત્રો ભણી સ્નાન કરવું. પરમેશ્વર વિષે જ સંકલ્પવાળા પુરુષે વેદમાં કહેલાં સંધ્યોપાસન વગેરે કર્મો કરવાં; તેમ જ કર્મોની સાથે જ કર્મબંધનનો નાશ કરનારી મારી પૂજા કરવી. પથ્થરની, લાકડાની, ધાતુની, માટી અથવા ચંદન વગેરેની, ચિત્રની, રેતીની, મણિઓની, તથા માનસિક એમ આઠ પ્રકારની પ્રતિમાઓ કહેલી છે. હે ઉદ્ધવ ! સ્થિર અને ચળ એમ બે પ્રકારની મારી પ્રતિમા હોય છે. એ પ્રતિમામાં જ મારુ મંદિર છે અથવા એ પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠા કરવાથી મારો વાસ થાય છે. સ્થિર પ્રતિમામાં પૂજન કરવું હોય તો તેનું આવાહન અને વિસર્જન હોતાં નથી. જે પ્રતિમા ચળ

હોય તેમાં (પૂજન કરતી વેળા) આવાહન તથા વિસર્જનનો વિકલ્પ કહ્યો છે. (એટલે શાલિગ્રામમાં આવાહન તથા વિસર્જન ન કરવાં. રેતીની પ્રતિમામાં આવાહન–વિસર્જન અવશ્ય કરવાં; અને તે સિવાયની પ્રતિમાઓમાં આવાહન–વિસર્જન કરે ન કરે તો પણ ચાલે.) પૃથ્વીમાં પૂજન કરતી વેળા આવાહન–વિસર્જન બંને કરવાં. માટીની કે ચંદન વગેરેની પ્રતિમા સિવાય બીજી પ્રતિમાને સ્નાન કરાવવું; પણ માટીની, ચંદન વગેરેની કે ચિત્રની પ્રતિમાને તો (સ્નાનને બદલે) માર્જન જ કરવું, સકામ ભકતે અતિ ઉત્તમ પદાર્થોથી પ્રતિમા વગેરેમાં મારી પૂજા કરવી અને નિષ્કામ ભકતે જે કંઈ મળે તે પદાર્થોથી મારી પૂજા કરવી. જ્યાં ચંદન વગેરે પદાર્થો સર્વથા ન મળે ત્યાં તે તે પદાર્થોની હૃદયમાં ભાવના કરી મારી પૂજા કરવી અથવા હૃદયમાં જ મારી પૂજા કરવી હોય, તો માનસિક પદાર્થોથી મારી પૂજા કરવી. હે ઉદ્ધવ ! સ્નાન કરાવવું અને અલંકારો પહેરાવવા એ અત્યંત પ્રિય હોય, તો મારી પ્રતિમામાં જ તે કરવાં. પૃથ્વીમાં પૂજન કરવું હોય, તો જુદાં જુદાં સ્થાનોમાં અંગોની તથા મુખ્ય દેવોની તે તે મંત્રોથી સ્થાપના કરવી. અગ્નિમાં પૂજન કરવું હોય તો ઘીથી વ્યાપ્ત હવિષ અગ્નિમાં હોમવું; સૂર્યમાં પૂજન કરવું હોય તો ઉપસ્થાન તેમ જ અર્ઘ્ય વગેરેથી કરવું અને જળમાં પૂજન કરવું હોય તો તર્પણ વગેરેથી કરવું. ભકત મનુષ્યે શ્રદ્ધાથી માત્ર જળ જ મને આપ્યું હોય, તો પણ તે મને અત્યંત પ્રિય થાય છે, પણ અભકતે ગંધ, ધૂપ, પુષ્પો, દીવો તેમ જ અન્ન વગેરે પુષ્કળ આપ્યાં હોય, તોપણ તે મને સંતોષકારક નથી; તો આમાં વધારે શું કહેવું ? મનુષ્યે સ્નાનાદિથી પવિત્ર થઈ પૂજાસાહિત્ય એકઠાં કરી પૂર્વ દિશા તરફ મુખવાળા દર્ભોનું આસન ગોઠવવું. અને પછી પૂર્વ દિશા તરફ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી મારી પૂજા કરવી; પરંતુ મારી પ્રતિમા સ્થિર હોય તો પ્રતિમા સામે મુખ રાખી પૂજા કરવી. (પૂજાના આરંભમાં ગુરુ આદિને નમસ્કાર કરી ઉપદેશ પ્રમાણે) પોતા વિષે ન્યાસ કરી મારી પ્રતિમા વિષે પણ ન્યાસ કરવા અને પછી તે પ્રતિમાને હાથથી (નિર્માલ્ય વગેરે દૂર કરી) સાફ કરવી અને પછી જળથી ભરેલા કળશનો ને પ્રોક્ષણ માટેના જળપાત્રનો (શાસ્ત્રોકત વિધિએ) ચંદન, પુષ્પ આદિથી સંસ્કાર કરવો; પછી પ્રોક્ષણપાત્રના જળથી દેવપૂજાના પદાર્થોને તથા પોતાને પ્રોક્ષણ કરી પાદ્ય, અર્ઘ્ય અને આચમન માટેનાં ત્રણ પાત્રોને કળશના જળથી ભરી ને તે દ્રવ્યોથી તેઓને તૈયાર કરવાં. પછી પાદ્ય, અર્ઘ્ય તથા આચમનીય, એ ત્રણે પાત્રોને અનુક્રમે હૃદયના, મસ્તકના તથા શિખાના મંત્રથી મંત્રી છેવટે તે ત્રણે પાત્રોને ગાયત્રી મંત્રથી મંતરવાં. પછી કોઠામાં રહેલા વાયુથી સૂકવેલા, આધારચક્રમાં રહેલા અગ્નિથી બાળેલા અને લલાટમાં રહેલા ચંદ્રમંડળના અમૃતથી તરબોળ કરવાથી અમૃતમય થયેલા દેહમાં, હૃદયકમળની અંદર રહેલી સુક્ષ્મ શ્રીનારાયણની મૂર્તિનું ધ્યાન કરવું; જે મૂર્તિનું (ૐકારના अ, उ, म्, બિંદુ તથા નાદના પાંચ અંશોમાં) સિદ્ધ લોકો નાદના અંતે ધ્યાન કરે છે. જેમ દીવાની કાંતિથી ઘર વ્યાપ્ત થાય, તેમ પોતાના ભાવે જ ચિંતવેલી તે મૂર્તિથી અમૃતમય પોતાનું શરીર વ્યાપ્ત થાય, એટલે તે દેહમાં જ પ્રથમ માનસિક ઉપચારોથી તેની પૂજા કરી તન્મય થવું; પછી તે (નારાયણ) મૂર્તિનું બાહ્ય પ્રતિમા વગેરેમાં આવાહન કરી (સ્થાપનમુદ્રાથી) સ્થાપન કરી, અંગન્યાસ કર્યા પછી મારું પૂજન કરવું. (તે આ રીતે) ધર્મ વગેરે આઠ, નવ શકિતઓ વડે મારું આસન કલ્પી તેની ઉપર કળી તથા કેસરાઓથી ઉજજ્વળ આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરવી. પછી (તે કમળમાં મને સ્થાપી) વેદ તથા તંત્રશાસ્ત્રમાં કહેલા ભોગ

અને મોક્ષની સિદ્ધિ માટે તે બંનેમાં જ કહેલા પ્રકારોથી મને પાદ્ય, આચમન તેમ જ અર્ઘ્યાદિ ઉપચારો આપવા. પછી સુદર્શન, પાંચજન્ય, ગદા, તલવાર, બાણ, ધનુષ્ય, હળ, મુશળ, કૌસ્તુભમાળા તેમ જ શ્રીવત્સની પૂજા કરવી. (સુદર્શનથી માંડી મુશળ સુધીનાં આઠ આયુધોની આઠ દિશાઓમાં અને કૌસ્તુભમાળા તથા શ્રીવત્સની છાતીમાં પૂજા કરવી.) નંદ, સુનંદ, પ્રચંડ, ચંડ, મહાબલ, બલ, કુમુદ તથા કુમુદેક્ષણ —એ આઠ મારા પાર્ષદોની આઠ દિશાઓમાં અને ગરુડની મારી સામે પૂજા કરવી. એ સિવાય ચાર ખૂણા માં દુર્ગા, વિનાયક, વ્યાસ અને વિશ્વકસેનની ડાબી બાજુમાં ગુરુઓની અને પોતપોતાનાં સ્થાન પૂર્વાદિ દિશાઓમાં ઈન્દ્રાદિ લોકપાલોની અર્ઘ્ય વગેરેથી પૂજા કરવી. વૈભવ હોય તો ચંદન, ખસ, કપૂર, કેસર તથા અગર વડે સુગંધી કરેલા જળથી મંત્રપૂર્વક નિત્ય મને નવડાવવો. તે વેળા 'સ્વર્ણધર્મ', અનુવાક, મહાપુરુષવિદ્યા પુરુષસૂક્ત અને રાજન્ તથા રૌહિણ વગેરે સામ આદિ મંત્રો ભણવા. એમ નવડાવી મારા ભક્તે વસ્ત્ર, જનોઈ અલંકારો, પાત્રરચના, માળા તેમ જ ચંદનના લેપનથી પ્રેમપૂર્વક અને યથાયોગ્ય મને શણગારવો; તેમ જ મારું પૂજન કરનારાએ શ્રદ્ધાથી પાદ્ય, આચમનીય, ગંધ, પુષ્પ, અક્ષત, ધૂપ, દીપ તથા નૈવેદ્ય મને આપવાં. વૈભવ હોય તો ગોળ, દૂધપાક, પૂરી, માલપૂડા, લાડુ, દૂધમાં રાંધેલું ઘઉંનું પકવાન, દહીં તેમ જ દાળનું નૈવેદ્ય મને અર્પણ કરવું, તેમ જ અભ્યંગ મર્દન, દર્પણ, દાતણ ને પંચામૃત વગેરેથી નવડાવવો. અન્ન, ભક્ષ્ય, ગીત તથા નૃત્ય વગેરે પર્વના દિવસોએ મને અર્પણ કરવાં. અને વૈભવ હોય તો દરરોજ અર્પણ કરવાં. (જેને અધિક ફળની ઈચ્છા હોય તેણે અગ્નિમાં પણ મારી આ પ્રમાણે પૂજા કરવી.) મેખલા, ગર્ત (ખાડો) અને વેદિકા સાથે વિધિપૂર્વક કરેલા કુંડમાં અગ્નિ સ્થાપી તે પ્રજ્વલિત અગ્નિને હાથ વડે ચારે બાજુથી એકઠો કરવો. પછી દર્ભ વડે વિધિપૂર્વક તેના પર ચારે બાજુ પ્રોક્ષણ કરવું અને વ્યાહૃતિઓ ભણી તેમાં સમિધો નાખવારૂપ અન્વાધાન કર્મ કરી, તે અગ્નિથી ઉત્તરમાં હોમ માટે ઉપયોગી દ્રવ્યો હોય તે મૂકવાં અને પછી પ્રોક્ષણીપાત્રના જળ વડે પ્રોક્ષણ કરી અગ્નિમાં મારું ધ્યાન કરવું. તપેલા સોના જેવા તેજવાળા; શંખ, ચક્ર, ગદા, પદ્મ વડે શોભતી ચાર ભુજાઓવાળા, શાંત, કમળના કેસર જેવાં પીળાં વસ્ત્રવાળા, ચળકતા મુકટ, કડાં, કંદોરો તથા ઉત્તમ બાજુબંધ પહેરતા, છાતીમાં શ્રીવત્સના ચિહ્નથી યુક્ત, પ્રકાશમાન કૌસ્તુભમણિને પહેરતા અને વનમાળાયુકત મારું (અગ્નિમાં) ધ્યાન કરતાં તેનું પૂજન કરી ઘી વડે ભીંજવેલાં લાકડાં તેમાં નાખવાં અને પછી આઘાર તથા આજ્યભાગ માટેની આહુતિઓ આપી અષ્ટાક્ષર મૂળ મંત્ર વડે તથા પુરુષસૂક્ત વડે પ્રત્યેક ઋચાઓએ આહુતિ લઈ 'સ્વાહા' પદ જેને છેડે હોય છે એવા નામમંત્રોથી પૂજાના ક્રમ પ્રમાણે જ ધર્માદિ દેવોને ઉદ્દેશી ઘી વડે વ્યાપ્ત હુતદ્રવ્યોનો તે અગ્નિમાં હોમ કરવો. પછી સ્વિષ્ટકૃત નામનો હોમ કરી વિદ્વાન પૂજકે અગ્નિમાં રહેલા અંતર્યામી ભગવાનનું પૂજન કરી, તેમને નમસ્કાર કરી પાર્ષદોને બલિદાન આપવું. પછી (પૂજાસ્થાનમાં આવી દેવની આગળ બેસી) નારાયણસ્વરૂપ બ્રહ્મનું સ્મરણ કરતા અષ્ટાક્ષર મૂળમંત્રનો જપ કરવો. પછી (પ્રતિમા અને અગ્નિ બંનેમાં ભગવાનની ભોજનસમાપ્તિ થઈ છે, એવો વિચાર કરી) આચમન આપી જે એઠું હોય તે વિષ્વકસેનને અર્પણ કરવું. (પછી મારી રજા લઈ) પોતે જમવું અને મને (ભગવાનને) સુગંધી તાંબૂલ વગેરે મુખવાસ આપી ફરી પુષ્પાંજલિ વગેરેથી પૂજન કરવું. ગાતાં, સ્તુતિ કરતાં, મારાં કર્મોને પોતા વિષે પ્રકટ કરતાં અને મારી કથા સાંભળતાં ને સંભળાવતાં

બે ઘડી વ્યગ્રતા છોડી મારામાં તન્મય બનવું. પ્રાચીન તથા અર્વાચીન નાનાં-મોટાં સ્તોત્રોથી મારી સ્તુતિ કરી 'હે ભગવન્ પ્રસન્ન થાઓ' એમ કહી મને દંડવત્ પ્રણામ કરવા. મસ્તકને મારા બંને ચરણમાં મૂકી બંને હાથ વડે મારા બંને ચરણ પકડી પ્રાર્થના કરવી : 'હે ઈશ્વર ! મૃત્યરૂપી ઝૂડવાળા આ સંસારસમુદ્રથી ભયભીત થઈ આપને શરણે આવેલા મારું આપ રક્ષણ કરો.' એમ પ્રાર્થના કરી મેં આપેલી મારી શેષ (નમણ વગેરે) આદરપૂર્વક મસ્તકે ચડાવી જો વિસર્જન કરવું હોય, તો (પ્રતિમામાં સ્થાપેલા) તેજને ફરી હૃદય વગેરે સ્થાનમાં રહેલા તેજમાં વિસર્જન કરી દેવું. એમ પ્રતિમા વગેરે પર શ્રદ્ધા થાય ત્યારે પ્રતિમા વગેરેમાં મારી પૂજા કરવી. બાકી તો સર્વનો આત્મા હું સર્વ પ્રાણીઓમાં અને પૂજા કરનાર પોતાને વિષે પણ રહ્યો છું. આ રીતે વૈદિક અને તાંત્રિક મારી પૂજાના સાધનરૂપ પ્રકારો વડે જે મનુષ્ય મારું પૂજન કરે છે, તે આ લોક અને પરલોક બંનેમાં મારી પાસેથી ઈચ્છિત સિદ્ધિ પામે છે. (જો શકિત હોય તો) મનુષ્યે મારું મજબૂત મંદિર કરાવવું. અને તેમાં મારી મૂર્તિ સ્થાપી તે નિમિત્ત પુષ્પોના બગીચા કરાવવા; તેમ જ મારી નિત્ય પૂજા, પર્વના દિવસે મોટા મેળા, વસંત વગેરેના મહોત્સવો અને મોટા પર્વોના દિવસે પૂજા વગેરેનો પ્રવાહ ચાલુ રહે, તે માટે ક્ષેત્રો, દુકાનો, નગરો તથા ગામડાં (મંદિરને) અર્પણ કરી (તેના ફળ તરીકે) મારા જેવું ઐશ્વર્ય પ્રાપ્ત કરવું (અર્થાત્ એ રીતે કરનારો મનુષ્ય મારા જેવું ઐશ્વર્ય પામે છે.) મારી પ્રતિષ્ઠા કરી મનુષ્ય ચક્રવર્તીપણું પામે; મારું મંદિર બંધાવી ત્રૈલોક્યનું રાજ્ય મેળવે; મારી પૂજા વગેરે કરી બ્રહ્મલોક પામે અને ત્રણે મારી સમાનતાને પામે છે. (પૂર્વોકત ફળ સકામ ભકતને ઉદ્દેશી કહ્યું છે,) પણ જે મનુષ્ય ભાવથી જે રીતે મારું પૂજન કરે છે તે નિષ્કામ ભકિતયોગ પામે છે ને તે ભકિતયોગથી મને જ પામે છે. જે મનુષ્ય દેવ કે બ્રાહ્મણને પોતે કે બીજાઓએ આપેલી આજીવિકા લઈ લે તે એક લાખ વર્ષ સુધી વિષ્ઠા ખાનારો કીડો થયા કરે છે. જે કોઈ સારાં કે નરસાં કર્મ કરે, જે તે તે કર્મોના સહાયક થાય, જે તેમાં કારણરૂપ કે પ્રેરણા કરનાર થાય અને જે તે કર્મોમાં સંમતિ આપે, તે સર્વને મરણ પછી સમાન જ ફળ મળે છે; કારણ કે તેઓ સઘળા તે તે કર્મના ભાગી ગણાય છે; પરંતુ તે તે કર્મમાં જેણે ઘણો જ વધારે ભાગ લીધો હોય તેને વધારે ફળ મળે છે. ૧-૫૫

कर्तुश्च सारथेर्हेतोरनुमोदितुरेव च । कर्मणां भागिनः प्रेत्य भूयो भूयसि तत्फलम् ॥५५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૭ સમાપ્ત.*

## અધ્યાય-૨૮

## સંક્ષિપ્ત જ્ઞાનયોગ

॥ श्रीभगवानुवाच ॥

परस्वभावकर्माणि न प्रशंसेन्न गर्हयेत् । विश्वमेकात्मकं पश्यन् प्रकृत्वा पुरुषेण च ॥१॥

**શ્રીભગવાન બોલ્યા :** સમગ્ર જગતને પ્રકૃતિ અને પુરુષ સાથે એકસ્વરૂપ જોતા મનુષ્યે બીજાઓના શાંત, ઘોર વગેરે સ્વભાવો તથા કર્મોની પ્રશંસા કે નિંદા કરવી નહિ. જે મનુષ્ય બીજાઓના શાંત, ઘોર આદિ સ્વભાવો તથા કર્મોની પ્રશંસા કે નિંદા કરે છે, તે મિથ્યા તેમાં દુરાગ્રહ રાખે છે, જેથી તત્કાળ જ્ઞાનનિષ્ઠ રૂપ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. જેમ રાજસ અહંકારનું કાર્ય ઈંદ્રિયસમુદાય નિદ્રાથી નિશ્ચેષ્ઠ થાય છે. ત્યારે

શરીરમાં રહેલો જીવ કેવળ મન વડે જ સ્વપ્નરૂપ માયાને પામે છે. અને પછી મનનો લય થતાં બેભાન બની મૃત્યુ અથવા મૃત્યુ તુલ્ય સુષુપ્તિ અવસ્થા પામે છે; તેમ અનેક ઉપર આગ્રહ રાખતો મનુષ્ય પણ ભ્રમણા તથા લય પામે છે. અનેક વસ્તુ મિથ્યા છે, સત્ય વસ્તુ એકમાત્ર પરમાત્મા જ છે, તો તેમાં શુભ અને અશુભ શું છે ? અથવા કલ્યાણ અને અકલ્યાણ કેટલું છે ? (એ પ્રશ્ન જ ક્યાં રહે છે ?) કારણ કે વાણીથી જે બોલાય છે, ઇંદ્રિયોથી જે ગ્રહણ કરાય છે અને મનથી જે વિચારાય છે, તે સર્વ મિથ્યા છે. જે છાયા, પડઘો તેમ જ છીપમાં જણાતું રૂપું વગેરે પદાર્થો ખરી રીતે ખોટા છે, તો પણ ભ્રાંતિ વગેરે અર્થને કરનારા થાય છે. તેમ દેહાદિ પદાર્થો પણ ખરી રીતે ખોટા છે; તે પણ જ્યાં સુધી તેઓ લય પામે છે. ત્યાં સુધી (સંસારના ભય) આપ્યા જ કરે આ જગત આત્મા જ છે અને સર્વરૂપ થવા અને સર્વ કંઈ કરવા સમર્થ તે જગદાત્મા જ સર્જાય છે, સર્જે છે, રક્ષાય છે, રક્ષે છે અને સંહારાય છે તથા સંહારે છે. માટે સર્વથી જુદા તે આત્માથી જુદો કોઈ પદાર્થ જણાવાયો જ નથી અર્થાત્ સર્વ પદાર્થો આત્મારૂપ જ છે. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ આદિ આ ત્રણ પ્રકારની જે પ્રતીતિ આત્મામાં ભાસે છે. તે કેવળ નિર્મૂળ જ કહેવાય છે; કારણ કે અધ્યાત્મ વગેરે ત્રણ પ્રકારનું આ ગુણમય જગત જે દેખાય છે, તે કેવળ માયાથી જ કરાયેલું ભાસે છે. જે મનુષ્ય મેં કહેલી જ્ઞાન વિજ્ઞાનની આ નિપુણતા જાણે છે, તે કોઈ નિંદા કે સ્તુતિ કરતો નથી અને સૂર્યની પેઠે (બધે સમાન ભાવવાળો) લોકમાં ફરે છે. માટે ઘટાદિ પદાર્થોને પ્રત્યક્ષ પ્રમાણથી પૃથ્વી આદિ દશ્ય પદાર્થોને (અવયવવાળો હોવાથી) અનુમાન પ્રમાણથી, અપ્રત્યક્ષ આકાશાદિ પદાર્થોને વૈદિક પ્રમાણથી અને સર્વ દશ્ય પદાર્થોને પોતાના અનુભવથી આદિઅંતવાળા અને મિથ્યા જાણી જ્ઞાની પુરુષે નિઃસંગ થઈ આ લોકમાં વિચરવું.

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે ઈશ્વર ! (આપે કહ્યું કે સર્વ દશ્ય પદાર્થ સ્વાનુભાવથી ખોટા છે, તો એથી એમ સમાજાય છે, આત્મા સ્વપ્રકાશ છે અને દેહાદિ વસ્તુ જડ છે. આપ એમ કહેવા માગતા હો, તો સંસારનું ભાસવું ન ઘટે આભા દ્રષ્ટા અને સ્વપ્રકાશ છે માટે તેને સંસાર ઘટતો નથી; તેમ જ દેહ દશ્ય અને જડ છે; માટે તેને પણ સંસાર ઘટતો નથી; તે આ સંસાર જે અનુભવાય છે, તે કોને સમજવો ? આત્મા, જન્મ, નાશ આદિ વિકારોથી અને પ્રકૃતિના ગુણોથી પણ રહિત, શુદ્ધ કર્મની મલિનતાથી રહિત, સ્વયંજ્યોતિ અને માયાના આવરણથી પણ રહિત છે તેથી અગ્નિ જેવો છે. ત્યારે દેહ જડ હોઈ લાકડા જેવો છે, તો આમાં સંસાર કોને ?

**શ્રીભગવાન બોલ્યા :** જ્યાં સુધી (અજ્ઞાનને લીધે) દેહ, ઇંદ્રિયો તથા પ્રાણ સાથે સંબંધ છે, ત્યાં સુધી એ અવિવેકી આત્માને આ સંસાર ખોટો છે, છતાં (કેવળ અજ્ઞાનને લીધે જ) ભાસે છે. (ખરી રીતે આ સંસાર એ કોઈ વસ્તુ જ નથી) જેમ વિષયોનું ધ્યાન કરતા મનુષ્યને સ્વપ્નમાં પણ (માથું કપાવું વગેરે) અનર્થ પ્રાપ્ત થાય છે. તેમ આ સંસારરૂપી કોઈ વસ્તુ જ નથી છતાં વિષયોનું ધ્યાન કરતા મનુષ્યને સંસારનિવૃત્તિ થતી નથી. જેમ નિદ્રાને લીધે ન જાગતા (ને સ્વપ્નોને જોતા) મનુષ્યને સ્વપ્નાવસ્થા અનેક અનર્થોથી ભરેલી થાય છે, પરંતુ જાગેલા મનુષ્યને તે જ સ્વપ્નાવસ્થા મોહ ઉપજાવી શકતી નથી (તેમ જ, અજ્ઞાનીને અનર્થનું કારણ થતો આ સંસાર જ્ઞાનીને અનર્થનું કારણ થતો નથી) શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા, જન્મ તેમ જ મરણ આ સર્વ અહંકારને દેખાય છે.

આત્માને નહિ (કદાચ તમે કહેશો કે એમ સંસાર અહંકારને જ છે તો મુકિત પણ અહંકારની જ થવી જોઈએ અને મુકિત અવસ્થામાં અહંકાર જ બાકી રહેવો જોઈએ. આનો ઉત્તર આ છે કે) અંતરાત્મા જીવ જ દેહ, ઇંદ્રિયો, પ્રાણ તથા મનમાં 'તે તે હું છું' એવું અભિમાન કરે છે. તેથી જ તે જીવાત્મા ગુણમય તથા કર્મમય મૂર્તિવાળો બને છે. આ રીતે સૂત્રાત્મા, મહત્તત્ત્વ આદિ અનેક નામોથી કહેવાતો જીવ પરમેશ્વરને આધીન રહી સંસારમાં સર્વ તરફ દોડયા કરે છે. (એટલે કે અહંકાર તે જીવનું અભિમાન છે અને તે દૂર થતાં આત્મા જ મુકિત અવસ્થામાં બાકી રહે છે.) આ મન, વચન, પ્રાણ, શરીર, તથા કર્મ ખરી રીતે જૂઠાં છે, તો દેવાદિ અનેક સ્વરૂપોથી જણાય છે. અથવા ઇંદ્રજાળની પેઠે ભાસે છે. તેને ગુરુની ઉપાસના વડે તીક્ષ્ણ કરેલી જ્ઞાનરૂપી તલવારથી કાપી મુનિ તૃષ્ણારહિત થઈ પૃથ્વી પર ફરે છે, વિવેક એ જ જ્ઞાન છે. અને વેદ સ્વધર્મ પોતાને અનુભવ, ઉપદેશ તથા તર્ક-આ (વિવેક પ્રાપ્ત કરવાનાં) સાધનો છે, તેમ જ આ જગતના આદિમાં તથા અંતમાં જે વસ્તુ કેવળ અદ્વિતીય રૂપે છે તે જ મધ્યમાં પણ છે. એ અદ્વિતીય વસ્તુ સર્વની પ્રકાશક તથા સર્વનું કારણ છે. (આમ જાણવું તે વિવેકરૂપી જ્ઞાનનું ફળ છે.) જેમ કુંડળ વગેરેના આકારરૂપે નહિં રચાયેલું સોનું કુંડળ વગેરેની ઉત્પત્તિ પહેલાં અને તેના નાશ પછી જે હોય છે, તે મધ્યમ અવસ્થામાં કુંડળ વગેરે સર્વ આકૃતિરૂપે વ્યવહાર પામ્યું હોય છે, છતાં છે તો તે જ તેમ હું પણ જગતના આદિ તથા અંતમાં જે છું તે જ જગતના અસ્તિત્વરૂપી મધ્ય અવસ્થામાં અનેક નામથી વ્યવહાર કરાઉં છું. (આ રીતે હું જ અનેક વ્યવહારોનો આશ્રય છું. મારાથી જગત જુદું નથી.) જાગ્રત આદિ ત્રણ અવસ્થાઓ વાળું મન તે ત્રણ અવસ્થાઓના કારણ ત્રણ ગુણો અને આ ત્રણ ગુણોના કાર્યરૂપ અધ્યાત્મ, અધિભૂત અને અધિદવ (આ ત્રણ પ્રકારનું જગત) ચોથા માત્ર સામાન્ય જ્ઞાનસ્વરૂપ (પરબ્રહ્મ) ના અનુસરણ વડે પ્રકાશે છે અને જાગ્રત વગેરે ત્રણે અવસ્થાઓના અભાવરૂપ સમાધિ વગેરેમાં પણ જે હોય છે તે જ (ચોથું જ્ઞાનરૂપ તત્વરૂપ) સત્ય છે. જે વસ્તુ ઉત્પત્તિ પહેલાં ન હોય અને નાશ પછી પણ ન હોય, તે વસ્તુ મધ્ય અવસ્થામાં પોતાના કારણથી જુદી હોતી નથી, પણ માત્ર વ્યવહારરૂપે જુદી છે એમ હું માનું છું; કારણ કે જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થઈ હોય અને જેનાથી પ્રકાશિત થઈ (જણાતી) હોય, તે વસ્તુ જ તેનું મૂળ કારણ અને પ્રકાશક કહેવાય છે. તે સિવાય બીજું કારણ કે પ્રકાશક કોઈ હોય નહિ આવો મારો નિશ્ચય છે. વિકારના સમૂહરૂપ આ જગત પ્રથમ હતું જ નહિ. છતાં રજોગુણની સૃષ્ટિરૂપે તે પ્રકાશ પણ છે, અર્થાત્ રજોગુણ દ્વારા બ્રહ્મના કાર્યરૂપે ભાસે છે. (આમ આ જગત બ્રહ્મ વડે પ્રકાશવા યોગ્ય છે.) બ્રહ્મ તો સ્વતઃસિદ્ધ છે, કાર્ય નથી. પણ પ્રકાશક છે, માટે ઇન્દ્રિયો, તન્માત્રાઓ, મન, દેવતાઓ અને પાંચ ભૂતો એમ અનેક પ્રકારે બ્રહ્મ જ ભાસે છે. એમ વેદ, તપ, પ્રત્યક્ષપ્રમાણ, ઇતિહાસપ્રમાણ તથા અનુમાન-પ્રમાણથી સ્પષ્ટ બ્રહ્મવિવેકનાં કારણોથી દેહાદિ પરનો આત્મભાવ દૂર કરવાથી અને કુશળ ગુરુ દ્વારા આત્મા વિષેનો સંદેહ કાપી નાખી સ્વસ્વરૂપના આનંદ વડે સંતુષ્ટ થઈ સમગ્ર ઇંદ્રિયો વગેરેથી ઉપરામ પામવું; નિઃસંગ થવું (તેમ જ દેહાદિ ઉપરનો આત્મભાવ આ રીતે દૂર કરવો :) શરીર આત્મા નથી, કેમ કે તે પૃથ્વીનો એક વિકાર છે. (જે જે પૃથ્વીનો વિકાર હોય તે તે આત્મા ન હોય, જેમ કે ઘડો) 'એ જ રીતે ઇંદ્રિયો, ઇંદ્રિયોના દેવો, પ્રાણ, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પણ આત્મા નથી. કારણ કે તેઓ માત્ર અન્નને આધારે ટકી રહેલાં છે. (જે જે અન્નને આધારે ટકી રહે, તે તે આત્મા ન હોય; જેમ કે શરીર) વળી વાયુ, જળ, તેજ, આકાશ તથા

પૃથ્વી – એ પાંચો ભૂત શબ્દાદિ વિષયો અને પ્રકૃતિ—એ પણ આત્મા નથી, કેમ કે તેઓ જડ છે. (જે જે જડ હોય, તે તે આત્મા ન હોય, જેમ કે ઘડો) (આવા વિવેકજ્ઞાનવાળા મુકત પુરુષને ઈંદ્રિયો વગેરેએ કરેલા ગુણદોષનો સંબંધ રહેતો નથી.) જેણે મારું સ્વરૂપ સારી રીતે જાણ્યું હોય તેવા પુરુષને સત્ત્વાદિ ગુણમય ઈંદ્રિયો સારી રીતે વશ થાય, તોપણ તેથી તેને શો ગુણ છે ? અથવા તે ઇન્દ્રિયો વિક્ષિપ્ત બને (વશ ન રહે); તોપણ શો દોષ છે ? (અર્થાત્ પ્રકાશક વસ્તુને પ્રકાશ્ય વસ્તુના ગુણદોષ હોતા નથી.) જેમ વાદળાં ચડી આવે કે વીખરાઈ જાય, તેથી સૂર્યને કયો ગુણદોષ છે ? કંઈ જ નથી. જેમ આકાશ વાયુના શોષણ ગુણથી, અગ્નિના દાહક ગુણથી, પાણીના ભીંજવવાના ગુણથી, પૃથ્વીના ધૂળથી ભૂખરું કરવારૂપ ગુણથી અને ઋતુઓના જતા-આવતાં ગુણથી લેપાતું નથી, તેમ અહંકારથી પર રહેતા અક્ષર પરબ્રહ્મ પણ સંસારનું કારણ સત્વગુણ, રજોગુણ તથા તમોગુણના મેલથી લેવાતા નથી, છતાં (મુમુક્ષુએ) મારા દઢ ભકિતયોગથી મનના મેલરૂપ વિષયો ઉપરની પ્રીતિ દૂર ન થાય ત્યાં સુધી માયાએ રચેલા વિષયોનો સંગ તજવો જોઈએ. જેમ કોઈ રોગની સારી રીતે ચિકિત્સા કરી ન હોય, તે વારંવાર પ્રકટ થઈ મનુષ્યોને દુઃખી કરે છે, તેમ રાગાદિ કષાયો અને તેનાં મૂળરૂપ કર્મો બળી ગયાં ન હોય, એવું મન પણ બધે આસકત થઈ અપૂર્ણ જ્ઞાનવાળા યોગીને (યોગમાર્ગથી) ભ્રષ્ટ કરે છે. (તમે કહેશો કે એ રીતે વિષયોનો સંગ થતાં યોગમાર્ગથી ભ્રષ્ટ થઈ જવાય, તો ઉપાય સહિત તે યોગમાર્ગનું શું કામ છે ? આનો ઉત્તર આ છે કે) દેવોએ પ્રેરેલા ને બંધુ શિષ્ય આદિ મનુષ્યરૂપે થયેલાં વિઘ્નોથી અપૂર્ણ જ્ઞાનવાળા જે યોગીઓ ભ્રષ્ટ થાય છે. તે આપણા પૂર્વજન્મના અભ્યાસના બળથી ફરી (બીજા જન્મમાં) યોગમાર્ગમાં જ જોડાય છે, પણ કર્મમાર્ગમાં જોડાતા નથી. (તમે કહેશો કે જ્ઞાની પણ સંપૂર્ણ રીતે કર્મ તજી શકતો નથી, તો તેને પણ સંસાર રહેવાનો જ; તેનું કેમ ? આનો ઉત્તર આ છે કે આ દેહ જ (પૂર્વજન્મના) કોઈ સંસ્કાર વગેરેથી પ્રેરાઈ મરણ સુધી જમવું વગેરે કર્મ કરે છે અને તે દ્વારા પુષ્ટિ વગેરે વિકાર પણ પામે છે. પરંતુ આત્મસુખના અનુભવથી તૃષ્ણારહિત થયેલ જ્ઞાની તે શરીરમાં રહ્યો હોય છતાં (હર્ષ, શોક વગેરેથી) વિકાર પામતો નથી અર્થાત્ જ્ઞાની અહંકારરહિત હોવાથી ફરી સંસાર પામતો નથી. આવો જ્ઞાની ઊભેલા, બેઠેલા, ચાલતા, સૂઈ રહેલા, મળમૂત્ર કરતા, અન્નભોજન કરતા અને સ્વભાવથી પ્રાપ્ત થયેલાં બીજાં પણ (દર્શન સ્પર્શ વગેરે) કર્મ કરતા દેહને જાણતો નથી; કેમ કે તેની બુદ્ધિ કેવળ આત્મામાં જ રહી હોય છે. (તમે કહેશો કે જ્ઞાની પુરુષ પણ ઇંદ્રિયવાળો તો હોય જ છે, તો સર્વથા દેહ ન જુએ એ કેમ સંભવે ? આનો ઉત્તર આ છે કે) જ્ઞાની બહિર્મુખ ઈંદ્રિયોના વિષયો જુએ છે ખરો; પરંતુ આત્માથી જુદા અને અનુમાનથી જૂઠા જાણેલા તે વિષયોને સત્ય માનતો નથી. જેમ કોઈ મનુષ્ય સ્વપ્નમાંથી જાગી માત્ર સંસ્કારરૂપે સ્ફૂરતા અને તેથી જ સ્વયમેવ અદશ્ય થતા સ્વપ્નના વિષયોને સાચા માનતો નથી તેમ. (એમ આત્મા વિકાર પામતો નથી એમ કહ્યું પણ તે ઘટતું નથી, કારણ કે બદ્ધ અવસ્થામાં તે તજાય છે. અને મુકત અવસ્થામાં તે સ્વીકારાય છે. જેમ ડાંગરને ખાંડી તેના ડાંગરપણાને તજી ચોખારૂપે સ્વીકારી, તેથી તે વિકાર ન પામી એમ ન કહી શકાય; તેમ આત્મા પણ વિકાર નથી પામતો એમ કેમ કહી શકાય ? આનો ઉત્તર આ છે કે) હે ઉદ્ધવ ! પ્રથમ બદ્ધ અવસ્થા

માં ગુણ તથા કર્મોથી વિચિત્ર દેહ, ઇંદ્રિય આદિ અજ્ઞાનનાં કાર્યનો આત્મામાં આરોપ થવાથી તેને એકરૂપ સ્વીકાર્યો હતો, પણ તે જ (માનેલું એકપણું) જ્ઞાન વડે (મુકત અવસ્થામાં દૂર થતાં આત્મા કોઈ સ્વરૂપ ગ્રહણ કરતો નથી કે તજતો નથી. જેમ સૂર્યનો ઉદય મનુષ્યનાં નેત્રોના અધિકારનો નાશ કરે છે, પણ પ્રથમથી જ રહેલો ઘડો વગેરે પદાર્થો ફરી કરતો નથી, તેમ મારી નિપુણ આત્મવિદ્યા પુરુષની બુદ્ધિના મોહક અજ્ઞાનનો જ નાશ કરે છે. (આત્મસ્વરૂપમાં કંઈ ફેરફાર કરતી નથી) આ આત્મા (અપરોક્ષપણાથી નિત્યપ્રાપ્ત છે.) સ્વયં જ્યોતિ છે. (અજ્ઞાનમેલ દૂર થતાં કાંઈ વિકાર પામતો નથી) અજન્મા છે, અપ્રમેય છે; (અનાદિ કર્મથી થતા સંસ્કારથી રહિત અને જ્ઞાનનિધાનરૂપ હોઈ સર્વનો અવિષય છે.) અને મહાઅનુભવસ્વરૂપ છે. દેશ, કાલ વગેરેથી અમાપ હોઈ તેમાં અસ્તિત્વ, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને નાશરૂપ વિકાર પણ નથી; કારણ કે તે સર્વ અનુભવરૂપ છે, સર્વનો સાક્ષી છે, એક જ અદ્વિતીય છે, તેમ જ અવિષય હોવાથી વાણી અટકે છે, ત્યારે એ આત્માથી પ્રેરાયેલી વાણી અને બીજી ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરે છે. આ રીતે આત્મા કેવળ અભિન્ન છે, સર્વ ભેદોથી રહિત છે, છતાં તેમાં જે ભેદ દૃષ્ટિ થાય છે. તે સર્વ મનની ભ્રાંતિ છે, કારણ કે જેમ રૂપાની ભ્રાંતિનો આશ્રય છીપ વિના બીજા કોઈ નથી, તેમ આત્મામાં જે ભેદદૃષ્ટિ થાય છે, તેનો આશ્રય પણ આત્મા સિવાય બીજા કોઈ નથી. નામ અને આકૃતિથી ગ્રહણ કરાતું પાંચ ભૂતોરૂપ આ દ્વૈત સત્ય છે. અને વેદાંતમાં યજમાનને ઈશ્વર ઠરાવી તેની સ્તુતિ કરી છે. એમ પોતાને પંડિત માનતા (મીમાંસકો) ની માન્યતા છે, પણ તત્વવેત્તાઓ તેમ માનતા નથી; કારણ કે જૂઠ્ઠું છતાં આ બધું ભાસે છે (કહેવાનો ભાવ આ છે કે દ્વૈત વસ્તુ નામરૂપાત્મક દૃશ્ય હોઈ પાંચ ભૂતોરૂપ છે, તેથી સ્વપ્નની પેઠે જૂઠી છે, ઈત્યાદિ અનુમાનથી અને વેદની શ્રુતિઓથી તે અસત્ય ઠરે છે, વેદાંતનાં વાક્યો અકર્તા, અભોક્તા તથા પરમાનંદસ્વરૂપ આત્માને જ જણાવતાં હોઈ, કર્મવિધિનાં વાક્યો સાથે કંઈ પણ સંબંધ ધરાવતાં નથી; તેથી જ તે વાક્યો કર્તા, ભોક્તા વગેરે ધર્મો વાળા યજમાનની સ્તુતિ કરતાં નથી પણ આત્માને જ સિદ્ધ કરે છે) એ રીતે અંગો સાથે જ્ઞાનયોગ જણાવી હવે એ જ્ઞાનયોગમાં નિષ્ઠા રાખનારને જે વિઘ્ન આવે છે, તેને અટકાવવાના ઉપાય કહું છું, યોગાભ્યાસ કરતાં અપક્વ યોગીનું શરીર વચ્ચે જ ઉત્પન્ન થયેલા રોગાદિ ઉપદ્રવોથી હેરાન થાય તો તેમાં આ ઉપાય કરવોઃ ટાઢ, તાપ, વગેરે કેટલાક ઉપદ્રવોનો ચંદ્ર, સૂર્ય વગેરેની ધારણાથી નાશ કરવો; વાયુ વગેરેના રોગોને વાયુની ધારણાવાળા આસનોથી દૂર કરવા અને દુષ્ટ ગ્રહો તથા સર્પો વગેરેએ કરેલા ઉપદ્રવોનો તપ, મંત્ર તથા ઔષધોથી નાશ કરવો; તેમ જ કામાદિ ઉપદ્રવોનો મારું ધ્યાન અને નામકીર્તન વગેરેથી નાશ કરવો. દંભ, માન વગેરે અશુભદાયી ઉપદ્રવો મહાપુરુષોની સેવાથી ધીમે ધીમે દૂર કરવા. કેટલાક ધીર યોગીઓ (પૂર્વોકત) અનેક જાતના ઉપાયોથી આ શરીરને જ વૃદ્ધાવસ્થા અને રોગ વગેરેથી રહિત અને યૌવનમાં સ્થિર કરી પરકાયપ્રવેશ આદિ સિદ્ધિઓ મેળવવા તે તે ધારણારૂપ યોગનો અભ્યાસ કરે છે, (પણ જ્ઞાન નિષ્ઠારૂપ યોગનો અભ્યાસ કરતા નથી) પરંતુ જ્ઞાનકુશળ પુરુષોએ તે દેહસિદ્ધિ કરવાનું કામ સ્વીકારવા યોગ્ય નથી; કારણ કે વનસ્પતિનું ફળ જેમ નાશવંત છે. તેમ શરીર પણ નાશવંત છે; માટે તે દેહસિદ્ધિનો પરિશ્રમ

કરવો વ્યર્થ છે. યોગનું સેવન કરતા પુરુષનું શરીર (યોગના પ્રભાવથી) સામર્થ્ય ભલે પામે પણ તેથી મારામાં પરાયણ રહેતા બુદ્ધિમાન પુરુષે જ્ઞાનયોગ તજી તે દેહસિદ્ધિ ઉપર શ્રદ્ધા કરવી નહિ. આત્મસુખનો અનુભવ કરતો તે નિઃસ્પૃહ યોગી મારા આશ્રયવાળો હોય, તે આ યોગાભ્યાસ કરતાં વિઘ્નોથી હણાતો નથી તેને વિઘ્નો નડતાં નથી. ૧-૪૪.

योगचर्यामिमां योगी विचरन् मदपाश्रयः । नान्तरायैर्विहन्येत निःस्पृहः स्वसुखानुभूः ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૮ સમાપ્ત.*

## અધ્યાય-૨૯

## સંક્ષિપ્ત ભક્તિયોગ

॥ उद्धव उवाच ॥

सुदुस्तरामिमां मन्ये योगचर्यामनात्मनः । यथाऽञ्जसा पुमान् सिद्धयेत्तन्मे ब्रूह्यञ्जसाऽच्युत ॥१॥

**ઉદ્ધવજીએ પૂછ્યું :** શ્રીકૃષ્ણ ! જેણે મન વશ કર્યું ન હોય તેને આ યોગાભ્યાસ ઘણો જ અઘરો થાય એમ હું માનું છું માટે સહેલાઈથી જે રીતે પુરુષ સિદ્ધિ પામે તે રીતે સમજવું સહેલું પડે તેમ મને કહો. હે કમલનયન ! મનને વશ કરવામાં મોટા મોટા યોગીઓ પણ પ્રયત્ન કરવા છતાં પણ બરાબર સફળ થઈ શકતા નથી, એથી તેઓ થાકી જઈને દુઃખી થાય છે. તેથી સાર-અસારનો વિવેક કરવામાં ચતુર જનો તો પરમ આનંદપ્રદ આપના ચરણકમળનું જ સુખથી સેવન કરે છે, પરંતુ હે જગતના ઈશ્વર! જેઓ યોગ તથા કર્મના આશ્રયથી અભિમાની થઈ આપનું ચરણકમળ સેવતા નથી, તેઓ આપની માયાથી નાશ પામે છે. અથવા આપના ભકતો માયાથી પરાજય પામતા નથી અને તેથી જ તેઓ યોગથી કે કર્મોથી અભિમાની થતા નથી. (આપના ભકતો આપની કૃપાથી જ કૃતાર્થ થાય છે. એમાં મોટું આશ્ચર્ય નથી) હે સર્વના બંધુ ! શ્રીકૃષ્ણ ! આપ વિના જેઓને બીજું શરણ નથી, એવા આપના દાસ (ભકતો) ને આપ વશ રહો છો, એમાં શું આશ્ચર્ય છે ? કંઈ જ નથી; કારણ કે મોટા મોટા મુકુટધારીઓના મસ્તકોથી જેમનું પાદપીઠ ઘેરાયેલું રહે છે એવા આપે શ્રીરામચંદ્રસ્વરૂપે વાનરો સાથે પ્રેમથી મિત્રતા કરી હતી. માટે (બલિ, પ્રહલાદ વગેરે ઉપર) આપે કરેલી કૃપાને જાણતા મનુષ્ય સમગ્ર જગતના આત્મા, અત્યંત પ્રિય, ઈશ્વરપણું હોવાથી અવશ્ય ભજવા યોગ્ય અને આશ્રિતોને સર્વ પુરુષાર્થો આપતા આપનો ત્યાગ કરે ? (આપને કોણ ન ભજે ?) આપ સિવાયની બીજી સ્વર્ગ વગેરે વસ્તુ આપે આપી હોય, તે પણ ક્યો મનુષ્ય તેને સેવે ? કારણ કે તે વસ્તુ કેવળ ઈંદ્રિયોના ભોગ માટે જ થઈને તરત જ આપને ભુલાવનારી થાય છે. અમે આપની ચરણરજ સેવનારા છીએ તેથી અમને કઈ વસ્તુ પ્રાપ્ત થતી નથી ? હે ઈશ્વર ! આપ પ્રાણીઓની અંદર અંતર્યામીસ્વરૂપે અને બહારના આચાર્યસ્વરૂપે વિષયવાસના દૂર કરતાં પોતાનું સ્વરૂપ પ્રકટ કરો છો; આપના એ ઉપકારોનો બદલો મોટા મોટા બ્રહ્મવેત્તાઓ બ્રહ્માના આયુષ્યથી પણ વાળી શકતા નથી (અર્થાત્ આપના ઉપકારનો બદલો કેવળ આપને આત્મસમર્પણ કરવાથી જ વાળી શકાય છે.)

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ પ્રેમયુકતચિત્તવાળા ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો એટલે પોતાની સત્વગુણ વગેરે શકિતઓથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-સ્વરૂપે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લયરૂપ ક્રીડા કરનારા ઈશ્વરેશ્વર શ્રીકૃષ્ણ પ્રેમ સહિત સુંદર હાસ્ય કરતાં કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે પ્રિય ! ઉદ્ધવ ! તમને મારા પરમ મંગળ ધર્મો કહું છું, જેને શ્રદ્ધાથી આચરતો મનુષ્ય દુર્જય મૃત્યુ જીતે છે, મનુષ્યે મારું સ્મરણ કરતાં ધીમે ધીમે ચિત્તના ઉદ્દેગ વિના સર્વ કર્મો મારે માટે કરવાં. મન તથા ચિત્ત મારામાં જોડવાં અને મારા ધર્મમાં જ પોતાના મનની પ્રીતિ કરવી. મારા ભકત સાધુપુરુષોએ આશ્રય કરેલા પવિત્ર પ્રદેશોનો આશ્રય કરવો અને દેવો, અસુરો તથા મનુષ્યોમાં મારા જે જે ભકતો થયા છે, તેઓનાં ચરિત્રોનો આશ્રય કરવો. પોતે એકલાએ અથવા બીજાઓની સાથે મળી મોટા રાજોચિત ઠાઠથી ગીત, નૃત્ય, વગેરેથી પ્રત્યેક પર્વના દિવસે યાત્રાઓ તથા મહોત્સવો કરવા. નિર્મળ અંતઃકરણવાળા મનુષ્યે સર્વ પ્રાણીઓમાં અને પોતામાં મને ઈશ્વરને જ આત્મારૂપે રહેલો જોવો. કારણ કે હું આકાશની પેઠે અસંગ હોઈ કોઈપણ આવરણથી રહિત છું અને બહાર તેમ જ અંદર પૂર્ણ છું. હે મહાવિદ્વાન ઉદ્ધવ ! એમ કેવળ જ્ઞાનદૃષ્ટિ કરી સર્વ પ્રાણીઓને મારા સ્વરૂપ માનતો અને સત્કારતો મનુષ્ય પંડિત મનાય છે. જે મનુષ્ય બ્રાહ્મણમાં, અંત્યજમાં, ચોરમાં, સત્સેવકોમાં, સજજનમાં, સૂર્યમાં, તણખામાં, શાંતમાં તથા ક્રૂરમાં સમદૃષ્ટિવાળો હોય (તેઓ સર્વમાં મને પરમેશ્વરને જ જુએ) તેને પંડિત માન્યો છે. જે મનુષ્ય સર્વ મનુષ્યમાં વારંવાર મારી જ ભાવના કરે તે મનુષ્યને સમાન સાથે સ્પર્ધા, ઉત્તમ તરફ અદેખાઈ, હલકા તરફ તિરસ્કાર અને પોતાને થયેલો અહંકાર નાશ પામે છે. પોતાની હાંસી કરતા મિત્રોને અને 'હું ઉત્તમ છું, આ નીચ છે' આવા દેહાભિમાનથી થતી દૃષ્ટિ અને તે દૃષ્ટિથી થતી લજ્જા તજી સમદર્શી મનુષ્યે (કૂતરાં, ચાંડાલ, બળદ તથા ગધેડાં વગેરે) સર્વ પ્રાણીઓને પૃથ્વી પર દંડવત (પડી) પ્રણામ કરવા. આમ સર્વ પ્રાણીઓમાં મારો ભાવ ન થાય ત્યાં સુધી વાણી, મન અને કાયાથી (મારી) ઉપાસના કરવી. એમ ઉપાસના કરતાં તે મનુષ્યને બદલે આત્મભાવરૂપ બ્રહ્મબુદ્ધિથી આ સર્વ જગત બ્રહ્મરૂપ જ જણાય છે. પછી ચોતરફ બ્રહ્મને જ જોતા તે મનુષ્યે સર્વ ક્રિયાઓથી અટકવું. એક મન, વચન અને કાયાની વૃત્તિઓથી સર્વ પ્રાણીઓમાં મારો ભાવ કરવો. આ ઉપાય સર્વ ઉપાયમાં ઉત્તમ છે એમ મારું માનવું છે. હે ઉદ્ધવ ! મારા આ નિષ્કામ ધર્મનું આચરણ કરવામાં કદાચ થોડી ન્યૂનતા વગેરે રહી જાય તોપણ તે ધર્મનો કદી નાશ થતો નથી; કારણ કે નિર્ગુણ અર્થાત્ આસક્તિ વિનાનો હોવાથી આ જ ધર્મ છે સાચો ધર્મ છે એવો મેં નિશ્ચય કર્યો છે. (મનુ વગેરેના મુખે આ ધર્મ દર્શાવ્યો નથી.) હે પરમભકત ઉદ્ધવ ! જેમ ભય, શોક વગેરેનાં કારણોથી નાસી જવું કે ચીસો પાડવી વગેરે કલેશ વ્યર્થ છે, તેમ જે જે લૌકિક વ્યર્થ પ્રયાસો છે, તેને પણ પરમેશ્વર (મારે) વિષે નિષ્કામ ભાવે જો અર્પણ કર્યા હોય તો તે ધર્મરૂપ જ થાય છે. (માટે મારું ભજન જ બુદ્ધિ, વિવેક, ડહાપણ અને ચતુરાઈનું ફળ છે) જૂઠા અને નાશવંત આ મનુષ્યશરીર દ્વારા સત્ય અને અવિનાશી મને જે આ જન્મમાં જ પામે છે, તે જ બુદ્ધિમાનોની બુદ્ધિ અને વિવેકીઓનો વિવેક છે. આ સમગ્ર બ્રહ્મજ્ઞાનનો સાર મેં તમને ટૂંકમાં અને વિસ્તારથી કહ્યો છે; તે દેવતાઓને પણ દુર્લભ છે. મેં અત્યંત સ્પષ્ટ યુકિતઓવાળું જ્ઞાન તમને વારંવાર

કહ્યું છે; એ જાણી પુરુષ સંશયરહિત થઈ સંસારબંધનથી છૂટે છે. (આ જ્ઞાનની વાત તો બાજુ રહી, પણ) જે મનુષ્ય તમારા પ્રશ્નરૂપ અને મેં આપેલા ઉત્તરરૂપ આ આખ્યાનને પણ લક્ષ્યમાં રાખે તો વેદના રહસ્યરૂપ સનાતન પરબ્રહ્મને તે પામે છે. જે મનુષ્ય મારા ભકતોને આ જ્ઞાન સંપૂર્ણ રીતે આપે છે, તે બ્રહ્મદાન કરનાર છે. તેને હું સ્વયં મારું સ્વરૂપ અર્પણ કરું છું. જે મનુષ્ય પરમ પવિત્ર અને બીજાઓને પણ પવિત્ર કરનાર આ આખ્યાનનો સારી રીતે નિત્ય પાઠ કરે છે, તે જ્ઞાનરૂપી દીવાથી મારું સ્વરૂપ બીજાઓને બતાવતો પવિત્ર થાય છે. જે મનુષ્ય સાવધાન થઈ નિત્ય શ્રદ્ધાપૂર્વક આ આખ્યાન સાંભળે છે, તે મારે વિષે પરમ ભકિત કરતો કર્મોથી બંધાતો નથી. હે મિત્ર ઉદ્ધવ ! તમે બ્રહ્મને સારી રીતે સમજ્યા કે ? તમારો માનસિક મોહ અને શોક દૂર થયો ને ? જે મનુષ્ય દાંભિક, નાસ્તિક, શઠ, સાંભળવાની ઈચ્છા વિનાનો, અભકત અને ઉદ્ધત હોય તેને આ બ્રહ્મજ્ઞાન તમારે આપવું નહિ. પણ જે ઉપર કહેલા દોષોથી રહિત હોઈ બ્રાહ્મણભકત, પ્રિય, સજ્જન અને પવિત્ર હોય, તેને આ બ્રહ્મજ્ઞાન તમારે આપવું; તેમ જ શૂદ્રોને તથા સ્ત્રીઓને જો ભકિત હોય તો આ જ્ઞાન આપવું. જેમ સ્વાદિષ્ટ અમૃત પીને બીજું કંઈ પીવાનું રહેતું નથી, તેમ આ જ્ઞાન જાણી જિજ્ઞાસુને બીજું કંઈ જાણવાનું બાકી રહેતું નથી. હે તાત ઉદ્ધવ! મનુષ્યોને જ્ઞાનથી મોક્ષ, કર્મોથી ધર્મ, યોગથી અણિમાદિ ઐશ્વર્ય, ખેતી વગેરેથી ધન અને રાજનીતિ વગેરેથી જે ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તે ચારે પ્રકારનો પુરુષાર્થ તમને તો હું જ છું. (અર્થાત્ અભક્તો માટે અનેક જાતનાં ફળસાધનો છે; ભકત માટે તો બધું હું જ છું માટે તમે મારું જ શરણ લો.) મનુષ્ય જ્યારે સમગ્ર કર્મો તજી મને પોતાનો આત્મા સમર્પણ કરી દે છે; ત્યારે તેને સર્વોત્કૃષ્ટ બનાવવાની મને ઈચ્છા થાય છે, તેને હું જીવપણાથી છોડાવીને અમૃતસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવી દઉં છું. તે મારી સાથે મળીને મારાસ્વરૂપ બની જાય છે.

**શ્રી શુકદેવજી બોલ્યા :** એમ શ્રીકૃષ્ણ ભગવાને જેમને યોગમાર્ગ દર્શાવ્યો હતો એવા ઉદ્ધવજીએ ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનનું વચન સાંભળી બે હાથ જોડ્યા; તેમનો કંઠ પ્રેમથી રુંધાઈ ગયો અને નેત્રો આંસુથી ભરાઈ ગયાં; તે કંઈ બોલી શકયા નહિ. પછી હે રાજન્ ! તેમણે પ્રેમથી વ્યાકુળ થયેલા ચિત્તને ધૈર્યથી સ્થિર કર્યું અને યદુવીર શ્રીકૃષ્ણભગવાનને બહુમાન આપતા મસ્તકથી તેમના ચરણકમળનો સ્પર્શ કરી બે હાથ જોડી કહ્યું.

**ઉદ્ધવજી બોલ્યા :** આપ માયા અને બ્રહ્મા આદિના પણ મૂળ કારણ છો. મેં જે મોહરૂપી મોટા અંધકારનો આશ્રય કર્યો હતો, તેને આપના સમાગમથી હાંકી કાઢયો છે. જે મનુષ્ય અગ્નિની પાસે રહેલો હોય તેને ટાઢ, અંધકાર કે તેથી થતો ભય પીડા કરવા સમર્થ થાય છે ? નથી થતાં. જે વિજ્ઞાનમય દીવો આપની માયાએ પૂર્વે લઈ લીધો હતો, તેને આપ દયાળુએ મને પાછો આપ્યો છે, માટે આપે કરેલી કૃપા જાણતો કયો મનુષ્ય આપના ચરણમૂળનું શરણ તજી બીજા શરણનો આશ્રય કરે ? અર્થાત્ ન જ કરે. આપે સૃષ્ટિની વૃદ્ધિ કરવા દાશાર્હ, વૃષ્ણિ, અંધક તેમ જ સાત્વતવંશીઓ ઉપર મને પોતાની માયાથી જે મજબૂત સ્નેહપાશ વડે બાંધી દીધો હતો, તે સ્નેહપાશને આપે જ આત્મતત્ત્વના જ્ઞાનરૂપી શસ્ત્રથી કાપ્યો છે. હે મહાયોગી ! આપને નમસ્કાર કરું છું. મને મુકતદશા

પ્રાપ્ત થાય, તો પણ નાશ ન પામે એવી આપના ચરણકમળ ઉપરની પ્રીતિ જે રીતે સ્થિર થાય, તે રીતે આપ મને શરણાગતને ઉપદેશ આપો.

**શ્રીભગવાન બોલ્યા :** હે ઉદ્ધવ ! હવે તમે મારી આજ્ઞાથી બદરિકાશ્રમમાં જાઓ, ત્યાં મારા ચરણમાંથી ઉત્પન્ન થયેલા તીર્થ (અલકનંદા—ગંગા) ના જળમાં સ્નાન અને આચમન કરી પવિત્ર થાઓ. એ અલકનંદા (ગંગા) નાં દર્શનથી જ તમારાં બધાં પાપો દૂર થશે. હે ઉદ્ધવ ! ત્યાં તમે વલ્કલ વસ્ત્રો પહેરજો, વનમાં ઉત્પન્ન થતાં ફળમૂળ ખાજો, સુખમાં નિઃસ્પૃહ થજો, ટાઢતાપ વગેરે વિષયો સહન કરજો, સારો સ્વભાવ રાખજો, ઈન્દ્રિયોનો સંયમ કરવો, એકાગ્ર બુદ્ધિથી શાંત રહેજો અને જ્ઞાન તથા વિજ્ઞાનથી યુકત રહેજો. મારી પાસેથી શીખેલું આ તત્ત્વજ્ઞાન સારી રીતે વિચારપૂર્વક ચિંતવતા તમે વાણી તેમ જ ચિત્તને મારામાં સ્થાપી મારા ધર્મમાં પરાયણ રહેજો; જેથી ત્રિગુણાત્મક ગતિ ઓળંગી તેથી પર રહેલા મને પામશો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** સંસારને હરનાર બુદ્ધિવાળા શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે ત્યાંથી નીકળતી વખતે ઉદ્ધવજી સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત હતા, તોપણ તેમની બુદ્ધિ પ્રેમથી આર્દ્ર બની. તેઓ ભગવાનને પ્રદક્ષિણા કરી, તેમના ચરણમાં મસ્તક મૂકી તેના પર આંસુનાં ટીપાં વડે અભિષેક કરવા લાગ્યા. જેમના પર મહાદુસ્ત્યજ સ્નેહ હતો તે શ્રીકૃષ્ણનો વિયોગ થતો હોવાથી વ્યાકુળ થઈ તેમનો ત્યાગ કરવા તે અશકત થયા અને અત્યંત વિહ્‌વળ થઈ ઘણું જ દુઃખ પામ્યા. પછી પોતાના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનની પાદુકાઓ માથે મૂકી ઉદ્ધવજી વારંવાર તેમને પ્રણામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. પછી મહાભકત તે ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનને હૃદયમાં સ્થાપી બદરિકાશ્રમમાં ગયા અને ત્યાં જગતના એકબંધુ શ્રીકૃષ્ણે જે ઉપદેશ કર્યો હતો તે પ્રમાણે જ્ઞાનમાર્ગનો આશ્રય કરી શ્રીહરિની ગતિ પામ્યા. ભગવાન શંકર વગેરે યોગેશ્વરો પણ સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોને સેવે છે. તે ભગવાને સ્વયં શ્રીમુખે પોતાના પરમપ્રેમી ભકત ઉદ્ધવને આ જ્ઞાનામૃતનો ઉપદેશ કરેલો છે. આ જ્ઞાનામૃત આનંદ મહાસાગરનો સાર છે. તેને જે ઉત્તમ પ્રકારની શ્રદ્ધાથી થોડું પણ સેવે, તે મુકત થાય એમાં શું કહેવાનું હોય ? પરંતુ તેનો સંગ કરવાથી જગત પણ મુકત થાય છે. વેદોના કર્તા ભગવાને ભકતોનો સંસારભય દૂર કરવા ભમરો જેમ પુષ્પોમાંથી (મધરૂપી) સાર બહાર કાઢે, તેમ જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ વેદના સારરૂપ આ અમૃત (વેદમાંથી) બહાર કાઢ્યું છે; તેમ જ રોગાદિ ભય દૂર કરનારું બીજું અમૃત સમુદ્રમાંથી બહાર કાઢ્યું છે. પછી તે બંને અમૃત પોતાના નિવૃત્તિમાર્ગના અને પ્રવૃત્તિમાર્ગના ભકતજનોને જેમણે પાયાં છે, તે સર્વના મૂળ કારણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. ૧-૪૯

भवभयमपहर्तु ज्ञानविज्ञानसारं निगमकृदुपजह्रे भृङ्गत्वद्वेदसारम् ।
अमृतमुदधितश्चाऽपाययद् भृत्यवर्गान् पुरुषमृषभामद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૨૯ સમાપ્ત.*

## અધ્યાય-૩૦

## યાદવકુળનો સંહાર

॥ राजोवाच ॥

ततो महाभागवत उद्धव निर्गते वनम् । द्वारवत्यां किमकरोद्भगवान् भूतभावनः ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** મહા ભકત ઉદ્ધવજી વનમાં નીકળી ગયા, પછી પ્રાણીઓનું રક્ષણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકામાં શું કર્યું હતું ? પોતાનું કુળ બ્રાહ્મણોના શાપથી નાશ પામ્યું એટલે યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ ભગવાને સર્વ પ્રાણીઓના નેત્રને પ્રિય પોતાનું શરીર કેવી રીતે તજ્યું હતું ? ભગવાનના જે સ્વરૂપમાં લાગેલાં નેત્રોને સ્ત્રીઓ પાછા ખેંચી શકતી નહિ; કાનનાં છિદ્રો દ્વારા સત્પુરુષોના હૃદયમાં પેસી ત્યાંથી જે બહાર નીકળતું નથી, જેની શોભા કવિઓની વાણીને ઉલ્લાસિત કરે છે તથા કવિઓને જગતપૂજ્ય બનાવે છે અને જેને પાંડવકૌરવયુદ્ધમાં અર્જુનના રથ ઉપર બિરાજેલું જોઈ મૃત્યુ પામેલા યોદ્ધાઓ તેની સમાનતા પામ્યા છે, તે સ્વરૂપને શ્રીકૃષ્ણભગવાને કેવી રીતે તજ્યું હતું ?

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ ભગવાન (તે વેળા) આકાશમાં, પૃથ્વી પર તથા અંતરિક્ષમાં મોટા ઉત્પાતો થઈ રહેલા જોઈ સુધર્મા સભામાં (બેઠેલા) યાદવોને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** 'હે ઉત્તમ યાદવો ! દ્વારકામાં આ મોટા ઉત્પાતો થઈ રહ્યા છે, તે ઘોર અને મૃત્યુસૂચક છે; એટલે હવે બેઘડી પણ આપણે અહીં રહેવું યોગ્ય નથી. સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો અહીંથી શંખોદ્ધારક્ષેત્રમાં જાય અને આપણે પ્રભાસ ક્ષેત્રમાં જતા રહીશું; જ્યાં પશ્ચિમ તરફ વહેતી સરસ્વતી નદી છે. તેમાં સ્નાન કરી પવિત્ર થઈ ઉપવાસ કરી, અત્યંત એકાગ્રચિત્ત સ્નાન, ચંદન અને અર્ધ્ય વગેરેથી દેવોની આપણે પૂજા કરીશું. પછી સ્વસ્તિવાચન વગેરે માંગલિક કર્મો કરી આપણે ગાયો, પૃથ્વી, સુવર્ણ, વસ્ત્રો, હાથી, ઘોડા, રથો અને ઘરનાં દાન કરી મહાભાગ્યશાળી બ્રાહ્મણોનો સત્કાર કરીશું. આ વિધિ અશુભનો નાશ કરનાર અને ઉત્તમ મંગળ કરનાર છે; કારણ કે દેવો, બ્રાહ્મણો તથા ગાયોની પૂજા પ્રાણીઓના પરમ કલ્યાણનું કારણ છે.' શ્રીકૃષ્ણ ભગવાનનું એ વચન સાંભળી સર્વ વૃદ્ધ યાદવો 'બહુ સારું' એમ કહી નૌકાઓથી સમુદ્ર ઊતરી રથોમાં બેસી પ્રભાસક્ષેત્રમાં જતા રહ્યા; ત્યાં યાદવોના દેવ શ્રીકૃષ્ણભગવાને જે જે કલ્યાણસાધન કહ્યું, તે સર્વ પરમ ભકિતથી યાદવોએ કર્યું. પછી દૈવે ભ્રષ્ટ કરેલી બુદ્ધિવાળા તે યાદવોએ ત્યાં મૈરેયક નામની મદિરા પીધી, જેના રસ વડે બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, શ્રીકૃષ્ણની માયાથી મૂઢ બનેલા અને તેથી જ ઊંચી જાતની એ મદિરાને પીને મદમસ્ત બનેલા તે વીર યાદવોનાં ચિત્ત ગર્વિષ્ઠ થયાં ને તેઓની વચ્ચો ઘણો જ મોટો કજિયો થયો. તેઓ ક્રોધાવેશમાં આવી સમુદ્રના તીર પર ધનુષ્ય, તલવાર, ભાલા, ગદાઓ, તોમરો અને તલવાર વગેરે શસ્ત્રો લઈ યુદ્ધ કરવા લાગ્યા. ફરકતી પતાકાઓવાળા રથો અને હાથીઓ વગેરે પર બેસી ગધેડાં, ઊંટ, બળદો, પાડા, મનુષ્યો તેમ જ ખચ્ચરો ઉપર સવાર થઈ જઈ અત્યંત દુષ્ટ મદવાળા બનેલા યાદવો વનમાં જેમ હાથીઓ દાંત વડે મારે તેમ બાણોથી એકબીજાને મારવા લાગ્યા. પ્રદ્યુમ્ન અને સાંબ, અક્રૂર અને કૃતવર્મા, અનિરુદ્ધ અને સાત્યકિ, સુભદ્ર અને સંગ્રામજિત, શ્રીકૃષ્ણનો ભાઈ

ગદ અને શ્રીકૃષ્ણનો પુત્ર ગદ તથા સુમિત્ર અને સુરથ; આ યાદવો અતિશય ક્રોધવાળા અને મહાક્રૂર થઈ દ્વંદ્વયુદ્ધ માટે સામસામા ભિડાઈ ગયા. શ્રીકૃષ્ણે મોહિત કરેલા બીજા પણ નિશઠ, ઉલ્મુક, સહસ્ત્રજિત, શતજિત તથા ભાનુ વગેરે યાદવો મદરૂપી અંધકારથી આંધળા બની એકબીજાની સામા થઈ મારવા લાગ્યા. દાશાર્હ, વિષ્ણુ, અંધક, ભોજ, સાત્વત, મધુ, વિસર્જન, કુકુર તથા કુંતિવંશના અને અર્બુદ, મથુરા તથા શૂરસેન દેશના રાજાઓ પરસ્પર સ્નેહ તજી યુદ્ધ કરવા લાગ્યા. પુત્રો, પિતાઓ સાથે ભાઈઓ ભાઈઓ સાથે, ભાણેજો મામાઓ સાથે, દીકરીના દીકરા માતાઓના પિતાઓ સાથે, ભત્રીજા કાકાઓ સાથે, મિત્રો મિત્રો સાથે, સ્નેહીઓ સ્નેહીઓ સાથે અને નાતિલાઓ નાતિલાઓની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને મૂઢ બની એકબીજાને મારવા લાગ્યા. એમ યુદ્ધ કરતાં બાણો ખૂટયાં, ધનુષ્યો ભાંગ્યાં અને બીજાં શસ્ત્રો પણ ઘસાઈ ગયાં, ત્યારે તેઓએ (સમુદ્રના તીર પર ઊગેલું) એરકા ઘાસ (એકબીજાને મારવા) મૂઠીઓથી લેવા માંડયું, એટલે તે ઘાસ મૂઠીઓથી પકડેલી વજ્ર જેવી ભૂંગળોરૂપ બની ગયું અને પછી તો તેઓ એ ભૂંગળોથી શત્રુઓને મારવા લાગ્યા. શ્રીકૃષ્ણે તેઓને રોકવા માંડયા, તો શ્રીકૃષ્ણને પણ મારવા લાગ્યા. હે રાજન્ ! માયાથી મૂઢ બનેલા તે યાદવો શ્રીકૃષ્ણ તથા બળભદ્રને પણ શત્રુ માની તેમને મારી નાખવાનો વિચાર કરી, શસ્ત્રો લઈ ચડી આવ્યા. એટલે હે કુરુનંદન ! શ્રીકૃષ્ણ અને બળદેવ પણ અત્યંત ક્રોધાયમાન થઈ એરકા ઘાસની મૂઠીઓરૂપી ભૂંગળો લઈ યુદ્ધમાં ઘૂમતા સંહાર કરવા લાગ્યા. જેમ વાંસમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ વનને બાળી નાખે તેમ બ્રાહ્મણોના શાપથી ઘેરાયેલા અને શ્રીકૃષ્ણની માયાથી મોહિત મનવાળા તે યાદવોમાં એકબીજાની સ્પર્ધાથી ઉપજેલા ક્રોધે યાદવકુળનો સંહાર કર્યો. એમ પોતાનાં સર્વ કુળ નાશ પામ્યાં એટલે શ્રીકૃષ્ણભગવાને માન્યું કે, 'પૃથ્વીનો બાકી રહેલો ભાર હવે ઊતર્યો છે.' પછી બળરામે સમુદ્રના કિનારા પર પરમ પુરુષના ધ્યાનરૂપી યોગનો આશ્રય કરી આત્માને પરમાત્મામાં જોડી મનુષ્યલોકનો ત્યાગ કર્યો. દેવકીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ બળરામનું એ સ્વધામ જવું જોઈ પીપળાના વૃક્ષ પાસે જઈ મૌન ધરી જમીન પર બેસી ગયા. એ વેળા પોતાની કાંતિથી પ્રકાશતું ચતુર્ભુજ સ્વરૂપ તેમણે ધર્યું. તેઓએ ધુમાડા વિનાના અગ્નિની પેઠે સર્વ દિશાઓને અંધકારરહિત કરી હતી. તેમણે શ્રીવત્સનું ચિહ્ન ધારણ કર્યું છે, મેઘ જેવા શ્યામ છે, તપાવેલા સોના જેવા તેજસ્વી છે, રેશમી બે વસ્ત્ર પહેર્યા છે એવા પરમ મંગળરૂપ છે. તેમનું મુખકમળ સુંદર મંદહાસ્યથી યુકત છે, શ્યામ કેશથી તે શોભે છે, ને કમળ જેવાં સુંદર છે, કાલે મકરાકાર કુંડળો ઝગમગી રહ્યાં છે; કંદોરો, ઉપવીત, મુકુટ, કંકણ, બાજુબંધ, હાર, ઝાંઝર, વીંટીઓ તથા કૌસ્તુભમણિથી શોભે છે. અંગો વનમાળા વડે વ્યાપ્ત છે, મૂર્તિમાન પોતાનાં આયુધોથી તે યુકત છે અને જમણી સાથળ પર કમળ જેવો લાલ પગ ચઢાવી તે બેઠા છે તે વખતે જરા નામના પારધીએ પેલા મુશળમાંથી બાકી રહેલા લોઢાના ટુકડામાંથી બનાવેલું બાણ લઈ મૃગના મુખ જેવા આકારવાળા ભગવાનના પગને મૃગની શંકાથી વીંધી નાખ્યો. પછી (પાસે જઈ) ચાર ભુજાવાળા તે ભગવાનને જોઈ ભયભીત બની તે અપરાધી પારધી મસ્તક નમાવી અસુરોના શત્રુ ભગવાનના પગમાં પડ્યો (ને બોલ્યો :) 'હે મધુસૂદન ! મેં પાપીએ અજાણતાં આ કૃત્ય

કર્યું છે; તો હે ઉત્તમ કીર્તિવાળા નિર્દોષ ! મને પાપીને ક્ષમા આપવા આપ યોગ્ય છો. હે વિષ્ણો ! હે પ્રભો ! જેમના સ્મરણને મનુષ્યોના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર કહે છે, તે આપનો મેં અપરાધ કર્યો છે. માટે હે વૈકુંઠપ્રભુ ! મૃગોનો નાશ કરનાર મને પાપી પારધીને આપ જલદી મારી નાખો, જેથી ફરી આ રીતે સત્પુરુષોનો અપરાધ હું ન કરું. (આપ કહેશો કે 'આ કૃત્ય તો બ્રાહ્મણોના શાપથી થયું છે, આમાં તારો કંઈ અપરાધ નથી.' તો તે ઘટતું નથી; કેમ કે) જે આપની સ્વાધીન માયાથી રચાયેલા હરકોઈ કાર્યને બ્રહ્મા, તેમના નારદ—સનકાદિ પુત્ર, રુદ્ર વગેરે બીજા વેદદ્રષ્ટાઓ પણ જાણતા નથી, તે આપને આ બ્રાહ્મણોનો શાપ વગેરે લાગે એમ અમે આપની માયાથી ઢંકાયેલી દૃષ્ટિવાળા પાપીઓ કેમ કહી શકીએ ?'

**શ્રી ભગવાન બોલ્યા :** 'હે જરા ! તું ભય ન પામ, ઊઠ, તે મારી ઈચ્છા જ પૂરી કરી છે, મારી ઈચ્છાથી જ તે આ કૃત્ય કર્યું છે; માટે તું મારી આજ્ઞાથી પુણ્યશાળીઓના સ્થાનરૂપ સ્વર્ગમાં જા.' પોતાની ઈચ્છાથી મનુષ્ય શરીર ધરનાર ભગવાન શ્રીકૃષ્ણે એમ આજ્ઞા કરી એટલે તેમને ત્રણ વાર પ્રદક્ષિણા ને નમસ્કાર કરી તે પારધી વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો. એ વેળા શ્રીકૃષ્ણનો સારથિ દારુક 'ભગવાન ક્યાં હશે ?' એમ શોધતો તે માર્ગે આવી તુલસીની સુગંધવાળા વાયુને સૂંઘી તે બાજુ જવા લાગ્યો. ત્યાં તો પીપળાના ઝાડ નીચે બિરાજેલા અને તીક્ષ્ણ કાંતિવાળાં આયુધો સહિત સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનને તેણે જોયા, એટલે તરત જ તેનું મન સ્નેહથી વ્યાપ્ત બન્યું; તેનાં નેત્રોમાં આંસુ આવી ગયાં અને રથ ઉપરથી કૂદી પડી તે ભગવાનના ચરણમાં પડ્યો. (ને બોલ્યો) 'હે પ્રભુ ! હું આપના ચરણકમળને જોતો ન હતો, તેથી મારી દૃષ્ટિ રાત્રે ચંદ્ર અસ્ત પામે ત્યારે અંધકારમાં ડૂબી જેમ નાશ પામે, તેમ નાશ પામી હતી. મને કોઈ દિશાની ખબર નથી. અને શાંતિ મળતી નથી. હે રાજેન્દ્ર ! તે સારથિ એમ કહેતો હતો તે વખતે ગરુડના ચિહનવાળો ભગવાનનો રથ ઘોડા અને ધ્વજ સાથે તેના દેખતાં આકાશમાં ઊડી ગયો અને તેની પાછળ ભગવાનનાં દિવ્ય આયુધો પણ ગયાં; એમ તે રથ વગેરે જવાથી અત્યંત આશ્ચર્ય પામેલા મનવાળા તે સારથિને ભગવાન કહેવા લાગ્યા : 'હે સારથિ ! તું દ્વારકા જા અને આપણા જ્ઞાતિજનોનો અંદર અંદર થયેલો આ નાશ, બળદેવજીનું યોગમાર્ગે સ્વલોકગમન અને મારી આ દશા આપણા બંધુઆને કહે. વળી સર્વને કહેજે કે તમારે પોતાના બંધુઓ સાથે હવે દ્વારકામાં રહેવું નહિ; કેમ કે મેં છોડેલી તે યદુપુરીને સમુદ્ર ડુબાડી દેશે. તમે સઘળા પોતપોતાના પરિવારને તથા અમારાં માતાપિતાને સાથે લઈ અર્જુનના રક્ષણ તળે ઈંદ્રપ્રસ્થમાં જજો. (આમ તેઓને કહી) તું મારા ધર્મનો આશ્રય કરી, જ્ઞાનનિષ્ઠ થઈ પુત્ર, ધન વગેરે તરફ ઉદાસીન થજે અને મારી માયાની આ રચના જાણી શાંતિ પામજે. શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું, એટલે દારુક સારથિ તેમને પ્રદક્ષિણા કરી વારંવાર નમસ્કાર કરી તેમના ચરણો પોતાના માથા પર મૂકી (જ્ઞાતિઓના નાશથી) ઉદાસ મનવાળો થઈ દ્વારકા તરફ ગયો. ૧-૫૦

इत्युक्तस्तं परिक्रम्य नमस्कृत्य पुनः पुनः । तत्पादौ शिर्ष्ण्युपाधाय दुर्मनाः प्रययौ पुरीम् ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૩૦ સમાપ્ત.*

# અધ્યાય-૩૧

## શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા

॥ श्रीशुक उवाच ॥

अथ तत्रागमद् ब्रह्मा भवान्या च समं भवः । महेन्द्रप्रमुखा देवा मुनयः सप्रजेश्वरः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી બ્રહ્મા, પાર્વતીજી સાથે શંકર, ઈન્દ્ર વગેરે દેવો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, ચારણો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, અપ્સરાઓ અને મૈત્રેય વગેરે બ્રાહ્મણો ભગવાન શ્રીકૃષ્ણનું સ્વધામગમન જોવાની ઈચ્છાથી અત્યંત ઉત્સુક થઈ શ્રીકૃષ્ણભગવાનનાં કર્મો તથા જન્મને ગાતા અને વર્ણવતા ત્યાં આવ્યા. હે રાજન્ ! વિમાનની પંકિતઓ વડે આકાશને ભરી દેતા તેઓએ પરમ ભકિતથી પુષ્પોના વરસાદ વરસાવ્યા. પછી વ્યાપક ભગવાન શ્રીકૃષ્ણ પિતામહ બ્રહ્માને તથા પોતાની વિભૂતિરૂપ ઈન્દ્રાદિ દેવોને જોઈ (તેઓ પોતપોતાના લોકમાં લઈ જવા આવ્યા છે, એમ જાણી તેઓ સર્વ પર પોતાની કૃપા હોવાથી તેઓને જાણે ઠગતા હોય તેમ) આત્માને આત્મસ્વરૂપમાં યોજી દઈ કમળ સમાન નેત્રો મીંચી ગયા. પછી ધારણા તથા ધ્યાનના માંગલિક વિષયરૂપ અને જેમાં ચોતરફ લોકોની સ્થિતિ છે, એવા પોતાના શરીરને અગ્નિની યોગધારણાથી બાળ્યા વિના જ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા. તે વેળા સ્વર્ગમાં દુંદુભિઓ વાગ્યાં, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને પૃથ્વી પરથી સત્ય, ધર્મ, ધીરજ, કીર્તિ અને લક્ષ્મી તે ભગવાનની પાછળ જતાં રહ્યાં. ભગવાન શ્રીકૃષ્ણની ગતિ મન અને વાણીથી પર છે. એથી ભગવાન જ્યારે પોતાના ધામમાં પ્રવેશ કરવા લાગ્યા ત્યારે બ્રહ્મા વગેરે દેવતાઓ પણ તેમને જોઈ ન શક્યા. આથી તેમને ઘણું જ આશ્ચર્ય થયું. જેમ મેઘમંડળ છોડી આકાશમાં જતી વીજળીની ગતિ મનુષ્યો જાણી શકતા નથી, તેમ શ્રીકૃષ્ણ ભગવાનની ગતિ દેવ જાણી શકયા નહિ. બ્રહ્મા, રુદ્ર વગેરે દેવો શ્રીહરિની એ યોગગતિ જોઈ વિસ્મય પામ્યા અને તે ગતિની પ્રશંસા કરતા પોતપોતાના લોકમાં ગયા. હે રાજન્ ! જેમ નટ (પોતે વિકાર પામ્યા વિના જ) અનેક જાતનાં સ્વરૂપોથી જન્માદિકનાં અનેક ચરિત્ર કરે છે, તેમ સર્વના કારણ પરમાત્માની યાદવ વગેરે પ્રાણીઓમાં (પોતે વિકાર પામ્યા વિના) આવિર્ભાવ–તિરોભાવરૂપ ચેષ્ટાઓ માયા વડે માત્ર નકલરૂપ જ છે, એમ તમે જાણો. તે ભગવાન પોતે જ આ જગતને સર્જી અંતર્યામીપણે તેમાં પેસી વિહાર કરી છેવટે તેનો સંહાર કરી પોતાના મહિમાથી (સ્વરૂપમાં સ્થિતિ કરી) ઉપરામ પામે છે. જે શ્રીકૃષ્ણભગવાને યમલોકમાં લઈ જવાયેલા પોતાના ગુરુપુત્રને પોતાના એ જ મનુષ્ય શરીરે (યમલોકમાં જઈ ત્યાંથી) પાછો આપ્યો હતો; બ્રહ્માસ્ત્ર વડે બળી ગયેલા તમને શરણ આપ્યું હતું (અને જિવાડયા હતા); કાળના પણ કાળ શંકર ભગવાનને બાણાસુર સાથેના યુદ્ધમાં જીત્યા હતા અને પારધીને તેના મનુષ્યશરીરે જ સ્વર્ગમાં મોકલ્યો હતો તે શ્રીકૃષ્ણ ભગવાન પોતાનું રક્ષણ કરવા શું અસમર્થ હતા ? નહિ જ. (માટે શ્રીકૃષ્ણભગવાન પારધીથી પોતાની રક્ષા કેમ ન કરી શક્યા ? આમ તેમના સંબંધી માનવું યોગ્ય નથી; તેમ જ શ્રીકૃષ્ણ જો સમર્થ હતા, તો કેટલાક કાળ સુધી તે જ શરીરે અહીં કેમ ન રહ્યા ? એમ પણ ન કહેવું; કારણ કે) ભગવાન પૂર્વોકત પ્રકારે સમગ્ર જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશમાં પોતે સ્વતંત્રપણે જ કારણ છે; કારણ કે પોતે સમગ્ર શકિતઓ ધરનારા છે છતાં (યાદવોને સંહાર કર્યા પછી) પોતાનું શરીર અહીં પૃથ્વી ઉપર રાખવા

તેમણે ઈચ્છા કરી ન હતી; કારણ કે આત્મનિષ્ઠ પુરુષોનો એ જ આદર્શ છે કે તેઓ આ નાશવંત શરીર રાખવાનો પ્રયત્ન કરતા નથી એમ દર્શાવવાનો તેમનો અભિપ્રાય હતો. જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઊઠી સાવધાન થઈ શ્રીકૃષ્ણની આ ઉત્તમ ગતિનું ભકિતથી કીર્તન કરે છે, તે એ જ સર્વોત્તમ ગતિ પામે છે. શ્રીકૃષ્ણથી છૂટા પડેલા દારુકે દ્વારકામાં આવી વસુદેવ અને ઉગ્રસેનના પગમાં પડી આંસુથી તેમને ભીંજવી દીધા. હે રાજા ! તેણે સર્વ યાદવોનો સંહાર તેમને કહ્યો. તે સાંભળી હૃદયમાં ખેદ પામેલા તે લોકો શોકથી મૂર્છિત થઈ શ્રીકૃષ્ણના વિયોગથી વિહ્વળ થઈ માથાં કૂટતા ઉતાવળા ત્યાં પહોંચ્યા, જ્યાં મરેલા પોતાના સંબંધીઓ સૂતા હતા. દેવકી, રોહિણી તથા વસુદેવે પોતાના પુત્ર શ્રીકૃષ્ણ તથા બળરામદેવને ન જોઈ શોકથી વ્યાકુળ અને બેભાન બની ભગવાનના વિરહથી ત્યાં જ પ્રાણ તજ્યા. પછી હે રાજા ! સ્ત્રીઓએ પોતાના પતિને ઓળખી તેમને આલિંગન કરી તેમની સાથે ચિતામાં પ્રવેશ કર્યો. બળરામની સ્ત્રીઓએ બળરામના શરીરનું, વસુદેવની સ્ત્રીઓએ વસુદેવના શરીરનું અને શ્રીકૃષ્ણની પુત્રવધૂઓએ પ્રદ્યુમ્ન વગેરેના શરીરનું આલિંગન કરી અગ્નિમાં પ્રવેશ કર્યો અને શ્રીકૃષ્ણની રુકિમણી વગેરે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણરૂપ થઈ અગ્નિમાં પ્રવેશ કર્યો. અને અર્જુને પ્રિયમિત્ર શ્રીકૃષ્ણના વિરહથી વ્યાકુળ થઈ શ્રીકૃષ્ણે કહેલાં ભગવદગીતામાંનાં ઉત્તમ વાક્યોથી મનને શાંત કર્યું હતું. પછી નાશ પામેલ વંશજોવાળા તે મરણ પામેલા સંબંધીઓની અને અનુક્રમે વિધિપૂર્વક ઉત્તરક્રિયા કરી. હે મહારાજ ! શ્રીકૃષ્ણ ભગવાને તજેલી દ્વારકાને શ્રીભગવાનના મંદિર સિવાય સમુદ્રે ક્ષણવારમાં ડુબાડી દીધી. ભગવાનના તે (બાકી રહેલા) મંદિરમાં મધુસૂદન શ્રીભગવાન અત્યારે પણ સદા સર્વદા નિવાસ કરે છે, તેથી તે મંદિર સ્મરણ કરવાથી સર્વ પાપોનો નાશ કરનારું અને સર્વ મંગલોનું મંગલ છે. પછી અર્જુને મરતાં બચેલાં સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને ઈન્દ્રપ્રસ્થમાં લઈ જઈ ત્યાં રાખ્યાં અને ત્યાં વજનાભનો રાજ્યાભિષેક કર્યો. હે રાજન્ ! તમારા દાદા યુધિષ્ઠિર વગેરે અર્જુન પાસેથી પોતાના સંબંધી યાદવોનો નાશ સાંભળી તમને પોતાના વંશધારી બનાવી (તમારો રાજ્યાભિષેક કરી) પોતે બધા મહામાર્ગ (હિમાલય તરફ) ચાલી નીકળ્યા. જે મનુષ્ય દેવોના દેવ શ્રીવિષ્ણુ ભગવાનનાં આ કર્મોનું તથા જન્મનું શ્રદ્ધાથી કીર્તન કરે છે, તે સર્વ પાપોથી છુટે છે. આ પ્રમાણે શ્રીહરિ ભગવાનના સુખકારક અને સુંદર અવતારો, પરાક્રમો તથા બાળચરિત્રો આ ગ્રંથ તથા બીજા ગ્રંથમાં જે સાંભળ્યાં હોય તેનું કીર્તન કરતો મનુષ્ય પરમહંસોની ગતિરૂપ શ્રીકૃષ્ણ ભગવાનમાં પરમ ભકિત પામે છે. ૧-૨૮

इत्थं हरेर्भगवतो रुचिरावतारवीर्याणि बालचरितानि च शन्तमानि ।
अन्यत्र चेह च श्रुतानि गृणन् मनुष्यो भक्तिं परां परमहंसगतौ लभेत ॥२८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય-૩૧ સમાપ્ત.*

## એકાદશ સ્કંધ સમાપ્ત

# શ્રીમદ્ ભાગવત
## દ્વાદશ સ્કંધ

### અધ્યાય-૧
### કળિયુગના રાજવંશોનું વર્ણન

॥ राजोवाच ॥

स्वधामानुगते कृष्णे यदुवंशविभूषणे । कस्य वंशोऽभवत्पृथ्व्यामेतदाचक्ष्व मे मुने ॥१॥

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** હે મુનિ ! યદુવંશના અલંકારરૂપ શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા, ત્યારે પૃથ્વી પર કોનો વંશ થયો હતો. એ મને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** (મગધવંશી) બૃહદ્રથના વંશનો છેલ્લો પુરંજય રાજા થશે. તેનો મંત્રી શુનક પોતાના એ રાજાનો વધ કરી, પોતાના પુત્ર પ્રદ્યોતને રાજા બનાવશે. પછી તેનો પુત્ર પાનક, તેનો પુત્ર વિશાખયૂપ, તેનો પુત્ર રાજક અને તેનો પુત્ર નંદિવર્ધન થશે. આ પાંચે 'પ્રદ્યોતન' કહેવાતા રાજાઓ એકસો ને આડત્રીસ વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે. તેમ્ના છેલ્લા નંદિવર્ધનથી શિશુનાગ થશે, તેનો પુત્ર કાકવર્ણ, તેનો પુત્ર ક્ષેમધર્મા, તેનો ક્ષેત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞનો વિધિસાર, તેનો અજાતશત્રુ, તેનો દર્ભક અને દર્ભકનો પુત્ર આજય થશે. આજયનો નંદિવર્ધન અને તેનો મહાનંદિ પુત્ર થશે. હે કુરુશ્રેષ્ઠ રાજન્ ! આ દસ રાજાઓ 'શિશુનાગ' કહેવાશે અને તેઓ કલિયુગમાં ત્રણસો ને સાઠ વર્ષ સુધી પૃથ્વી પર રાજ્ય કરશે. પછી હે રાજન્ ! તેમાંના છેલ્લા મહાનંદીનો પુત્ર નંદ નામે કોઈ રાજા થશે; તે શુદ્ર જાતિની સ્ત્રીના ગર્ભમાં ઉત્પન્ન થશે બળવાન થશે, ક્ષત્રિયનો નાશ કરશે અને મહાપદ્મ સંખ્યાવાળા ધનનો માલિક થશે. તે પછીના રાજાઓ લગભગ શૂદ્ર જેવા અને અધાર્મિક થશે. મહાપદ્મ (એવા બીજા નામવાળો નંદ) એ રાજા બીજા પરશુરામની પેઠે (ક્ષત્રિયોનો નાશ કરી) એક જ છત્રવાળી પૃથ્વી પર રાજ્ય કરશે અને તેની આજ્ઞા કોઈ ઓળંગશે નહિ. તે નંદરાજાના સુમાલ્ય વગેરે આઠ પુત્રો થશે. તે રાજાઓ સો વર્ષ સુધી આ પૃથ્વીનું પાલન કરશે. પછી (ચાણકય નામનો) કોઈ બ્રાહ્મણ 'નંદ' કહેવાતા એ નવે વિશ્વવિખ્યાત રાજાઓને મૂળથી ઉખેડી નાખશે એટલે તેઓનો નાશ થતાં કલિયુગમાં મૌર્યવંશી રાજાઓ પૃથ્વી પર રાજ્ય કરશે. તે (ચાણક્ય) બ્રાહ્મણ જ (મૌર્યવંશી) ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કરશે. પછી તે ચંદ્રગુપ્તનો પુત્ર વારિસાર, તેનો અશોકવર્ધન, તેનો સુયશા, તેનો સંગત, તેનો શાલિશૂક, તેનો સોમશર્મા, તેનો શતધન્વા અને તેનો પુત્ર બૃહદ્રથ થશે. આ દશ 'મોર્ય' કહેવાતા રાજાઓ કળિયુગમાં એકસો ને આડત્રીસ

વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે. પછી (મોર્યવંશના) છેલ્લા બૃહદ્રથ રાજાના સેનાપતિ પુષ્યમિત્રનું કે જેનું બીજાં નામ શૃંગ રહેશે, તે પોતાના એ રાજાને મારી પોતે રાજ્ય કરશે; તેનો પુત્ર અગ્નિમિત્ર થશે. તેનો સુજ્ય, તેનો વસુમિત્ર, તેનો ભદ્રક, તેનો પુલિંદ, તેનો ઘોષ અને તેનો વજ્રમિત્ર પુત્ર થશે. એ વજ્રમિત્રનો ભાગવત અને તેનો દેવભૂતિ નામનો પુત્ર થશે. આ દસ 'શૃંગ' નામે પ્રખ્યાત રાજાઓ એકસો બાર વર્ષ સુધી પૃથ્વી પર રાજ્ય કરશે. પછી હે રાજા ! આ પૃથ્વી ઓછા ગુણોવાળા કણ્વ રાજાઓને પ્રાપ્ત થશે. શૃંગવંશનો છેલ્લો દેવભૂતિરાજા પરસ્ત્રીઓ સાથે વ્યભિચાર કરનારો થશે. તેને તેનો મહાબુદ્ધિમાન મંત્રી કણ્વવંશી વસુદેવ મારશે અને પોતે રાજ્ય કરશે, તેનો પુત્ર ભૂમિત્ર અને તેનો પુત્ર નારાયણ થશે. આ કણ્વવંશી રાજાઓ કલિયુગમાં ત્રણસો તે પિસ્તાળીસ વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે. પછી કણ્વવંશના છેલ્લા સુશર્મા રાજાને મારી આંધ્રજાતિનો બલિ નામે તેનો મહાદુષ્ટચાકર કેટલાક કાળ સુધી પૃથ્વી ભોગવશે. પછી કૃષ્ણ નામે તેનો ભાઈ રાજા થશે. તેનો પુત્ર શ્રીશતકર્ણ, તેનો પૌર્ણમાસ, તેનો લંબોદર તેનો ચિબિલકરાજા, તેનો મેઘસ્વાતિ, તેનો અટમાન, તેનો અનિષ્ટકર્મા, તેનો હાલેય, તેનો તલક, તેનો પુરીષભીરુ, તેનો સુનંદન અને તેનો પુત્ર ચકોર રાજા થશે. આ રાજા 'બહુ' એવા નામે પ્રખ્યાત થશે. તેઓમાં છેલ્લો શિવસ્વાતિ નામનો રાજા થશે. તેનો પુત્ર અરિંદમ, તેનો ગોમતી, તેનો પુરીમાન, તેનો મેદશિરા, તેનો શિવસ્કંદ, તેનો યજ્ઞશ્રી, તેનો વિજય, તેનો ચંદ્રવિજ્ઞ અને તેનો પુત્ર સલોમધિ થશે. હે કુરુનંદન રાજા ! આ ત્રીસ રાજાઓ ચારસો ને છપ્પન વર્ષ સુધી પૃથ્વી ભોગવશે. પછી અવભૃતિ નામની સાત આભીર જાતિના, દસ ગર્દભી નામની નગરીના, સોળ કંક નામના રાજાઓ થશે. તેઓ અત્યંત લોભી થશે. પછી આ પ્રમાણે યવનરાજાઓ થશે. ચૌદ તુર્કજાતિના, ફરી દસ ગુરુંડ જાતિના અને અગિયાર મૌનજાતિના રાજાઓ થશે. આભીરથી લઈ મૌનજાતિ સિવાયના પાંસઠ રાજાઓ એક હજાર અને નવ્વાણું વર્ષ સુધી પૃથ્વીને ભોગવશે અને પૂર્વોકત મૌનજાતિના અગિયાર રાજાઓ ત્રણો વર્ષ સુધી પૃથ્વીને ભોગવશે. પછી હે રાજન્ ! તેઓ મરણ પામશે, એટલે કિલિકિલા નામની નગરીમાં ભૂતનંદ, વંગિરિ, શિશુનંદિ, તેનો ભાઈ યશોનંદિ અને પ્રવીરક નામના રાજાઓ થશે. તેનો એકસો છ વર્ષ સુધી રાજાઓ તરીકે રહેશે. પછી તેઓના બાહ્લીક નામના તેર પુત્રો રાજાના થશે. પછી પુષ્યમિત્ર નામે રાજા અને તેનો પુત્ર દુર્મિત્ર રાજા થશે. તેમ જ સાત આંધ્રદેશના, સાત કોસલદેશના, વિદુરદેશના અને નિષધદેશના રાજાઓ, એ બાહ્લિક રાજાઓ પછી એક જ વખત થશે અને તેઓ તો તે દેશના નામે જ પ્રખ્યાત થઈ, તે તે ખંડોમાં તથા મંડળોમાં રાજાઓ થશે. મગધવંશી રાજાઓમાં વિશ્વસ્ફૂર્જિ નામે એક રાજા થશે, તે 'પુરંજય' એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ થશે અને બ્રાહ્મણાદિ વર્ણોને લગભગ પુલિંદ, યદુ તેમ જ મુદ્રક નામના મ્લેચ્છ જેવા કરી મૂકશે. દુષ્ટ બુદ્ધિવાળો એ રાજા બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય— એ ત્રણે વર્ણથી બહાર કરેલી પ્રજાઓનું પાલન કરશે અને તે પરાક્રમી રાજા ક્ષત્રિયોનો નાશ કરી પદ્માવતી નગરીમાં રહી, હરિદ્વારથી માંડી પ્રયાગ સુધી રક્ષાયેલી ભૂમિ ભોગવશે. પછી સૌરાષ્ટ્ર, અવંતી. આભીર, શૂર, અર્બુદ અને માલવદેશના રહેવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો ને વૈશ્યો વાત્ય એટલે જનોઈ છોડી દેશે અને રાજાઓ લગભગ શૂદ્રો થઈ થશે; તેમ જ સિંધુ તથા ચંદ્રભાગા નદીના કિનારા પરના પ્રદેશનો કૌંતીનગરીને તેમ જ કાશ્મીર દેશને શૂદ્રો, જનોઈ તજનારા પુરૂષો તથા વેદાચારથી રહિત મ્લેચ્છો ભોગવશે. હે રાજન્ ! લગભગ મ્લેચ્છ જેવા એ રાજાઓ એક જ કાળે થશે. તેઓ અધર્મ તથા અસત્ય બોલવામાં તત્પર રહેશે, થોડું દાન કરશે અને તીવ્ર ક્રોધવાળા થશે, તેમ જ સ્ત્રીઓ, બાળકો, ગાય તથા

બ્રાહ્મણોનો નાશ કરનારા, પારકી સ્ત્રી તથા પારકું ધન લઈ લેવામાં આદરવાળા, પુષ્કળ હર્ષ તથા શોકવાળા, અલ્પસત્ત્વ તથા અલ્પ આયુષ્યવાળા, ગર્ભાધાનાદિ સંસ્કારથી રહિત, ક્રિયાભ્રષ્ટ અને રજોગુણ તથા તમોગુણથી ઘેરાયેલા તે રાજાઓરૂપી મ્લેચ્છો પ્રજાઓને ખાઈ જશે—ધન વગેરે લૂંટી દુઃખ દેશે. એ રાજાઓ જે દેશના હશે, તે દેશના લોકો પણ તેઓના જેવા સ્વભાવવાળા આચાર તથા ભાષાવાળા બની માંહોમાંહે અને તે રાજાઓ દ્વારા પીડાઈને નાશ પામશે. ૧-૪૩

तन्नाथास्ते जनपदस्तच्छीलाचारवादिनः ! अन्योन्यतो राजभिश्च क्षयं यास्यन्ति पीडिताः ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૧ સમાપ્ત.*

## અધ્યાય-૨

## કળિયુગના ધર્મો, કલ્કિ અવતાર

॥ श्रीशुक उवाच ॥

ततश्चानुदिनं धर्मः सत्यं शौचं क्षमा दया । कालेन बलिना राजन्नक्ष्यंत्वायुबेलं स्मृतिः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પછી હે રાજન્ ! બળવાન કાળને લીધે ઉત્તરોત્તર ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ્ય, બળ તેમ જ સ્મરણશકિત નાશ પામશે. કલિયુગમાં ધન જ મનુષ્યોનાં જન્મ, આચાર તથા ગુણોના ઉદયરૂપ ગણાશે અને ધર્મ તથા ન્યાયની વ્યવસ્થામાં બળ જ કારણ મનાશે. સ્ત્રી તેમ જ પુરુષના સંબંધમાં એકબીજાની રુચિ જ કારણ થશે. (કુળ, ગોત્ર વગેરે કારણ નહિ રહે); વ્યવહારને લગતી લેવડદેવડ વગેરેમાં કપટ જ મુખ્ય થશે. સ્ત્રીના તથા પુરુષના શ્રેષ્ઠપણામાં રતિની કુશળતા જ કારણ મનાશે (પરંતુ કુળ, ગોત્ર વગેરે કારણ નહિ મનાય) અને બ્રાહ્મણપણામાં માત્ર જનોઈ જ મુખ્ય રહેશે. આશ્રમોને જાણવામાં (અને જણાવવામાં) દંડ, મૃગચર્મ વગેરે ચિહ્ન જ કારણ રહેશે (પણ તે તે આશ્રમોના આચાર કારણ નહિ રહે); તેમ જ એક જ આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવામાં પણ તે ચિહ્ન જ મુખ્ય ગણાશે. જો કોઈ મનુષ્ય (ન્યાયાધીશ વગેરેને) ધનની લાંચ વગેરે આપવા અસમર્થ હશે તો ન્યાયમાં તેની હાર થશે અને ઘણું બોલવું તે જ પંડિતાઈ ગણાશે (ખરી પંડિતાઈ નહિ રહે). નિર્ધનતા જ દુર્જનતામાં કારણ મનાશે; દંભ જ સજ્જનપણામાં કારણ થશે. વિવાહમાં સ્ત્રીનો સ્વીકાર જ મુખ્ય હશે (લગ્નક્રિયા મુખ્ય નહિ રહે, અને માત્ર સ્નાન જ અલંકારરૂપ થશે. હરકોઈ જળાશય દૂર હશે તે તીર્થ ગણાશે (માતા—પિતા વગેરે તીર્થ મનાશે નહિ); માથા પર વાળ રાખવા એ જ સૌંદર્ય હશે. માત્ર પોતાનું પેટ ભરવું એ જ પુરુષાર્થ ગણાશે (ધર્મ વગેરે પુરુષાર્થ નહિ ગણાય) અને ખોટી હિંમત જ સત્યપણામાં કારણ ગણાશે (સત્ય ભાષણ સત્ય તરીકે નહિ ગણાય.) કુટુંબનું ભરણપોષણ કરવું એ જ ચતુરાઈ ગણાશે અને યશ માટે જ ધર્મ કરવામાં આવશે. આવી દુષ્ટ પ્રજાઓથી ભૂમંડળ વ્યાપ્ત થશે, ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્રોમાં જે બળવાન હશે, તે રાજા થશે અને લોભી, નિર્દય તથા ચોર જેવા લૂંટફાટ ચલાવનારા તે રાજા, પ્રજાઓ પાસેથી સ્ત્રીઓ તથા ધન પડાવી લેશે, જેથી એમનાથી ડરીને પ્રજા પહાડો તથા વનોમાં જશે અને ત્યાં શાક, મૂળ, માંસ, મધ, ફળ, ફૂલ, તથા બિયાં ખાઈને રહેશે. વળી દુષ્કાળ અને રાજાઓના કરથી પીડાયેલી પ્રજાઓ અનાવૃષ્ટિથી, ટાઢથી, વાયુથી, તડકાથી, વરસાદથી તથા હિમથી નાશ પામશે અને માંહોમાંહે લડી નાશ પામશે. વળી ભૂખ, તરસ, રોગ અને ચિંતાથી દુઃખી થશે; તેમ જ કલિયુગમાં મનુષ્યોનું લાંબામાં લાંબું

આયુષ્ય વીસ કે ત્રીસ વર્ષ સુધીનું થશે. કલિયુગના દોષોથી પ્રાણીઓનાં શરીર ક્ષીણ થશે. વર્ણો તથા આશ્રમીઓના ધર્મ અને મનુષ્યોના વેદમાર્ગ નાશ પામશે, ધર્મ લગભગ પાખંડવાળો થશે; રાજાઓ લગભગ ચોર જેવા થશે; મનુષ્યો ચોરી, જૂઠ, વ્યર્થ હિંસા વગેરે અનેક જાતની આજીવિકાઓ કરવા લાગશે; વર્ણો લગભગ શૂદ્ર જેવા, ગાયો લગભગ બકરીઓ જેવડી અને (સંન્યાસ વગેરે) આશ્રમો લગભગ ગૃહસ્થાશ્રમ જેવા થશે. સંબંધીઓમાં લગભગ વેવાઈ પક્ષના લોકો જ સંબંધી તરીકે રહેશે; ઔષધિઓ લગભગ સૂક્ષ્મ થઈ જશે, ઝાડોમાં લગભગ ખીજડીઓ જ ઝાડ તરીકે રહેશે; મેઘો લગભગ વીજળીવાળા જ થઈ (જોઈએ તેવા વરસશે નહિ,) અને ઘર લગભગ ઉજજડ જેવાં ધર્મ વગેરેથી રહિત થશે. આમ મનુષ્યો દુઃસહ ચેષ્ટાવાળાં થઈ જશે. પછી કલિયુગ લગભગ પૂરો થવા આવશે, ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભગવાન સત્ત્વગુણથી અવતાર લેશે. સ્થાવર-જંગમના ગુરુ, સર્વના આત્મા અને ઈશ્વર શ્રીવિષ્ણુભગવાનનો જન્મ ધર્મનું રક્ષણ અને પુરુષોને મોક્ષ આપવા થાય છે. એ ભગવાન શંભલ નામના ગામમાં સૌથી શ્રેષ્ઠ ગણાતા મહાત્મા વિષ્ણુયશા બ્રાહ્મણને ઘેર 'કલ્કિ' નામથી પ્રકટ થશે. અનુપમ ક્રાંતિવાળા જગત્પતિ તે ભગવાન અણિમાદિ આઠ ઐશ્વર્ય અને સત્યસંકલ્પ આદિ ગુણોથી યુકત રહી દુષ્ટોને શિક્ષા કરવામાં સાધનરૂપ દેવોએ આપેલા અને ઉતાવળી ચાલવાળા ઘોડા પર બેસી, પૃથ્વી પર ફરશે અને રાજાઓના વેષમાં ઢંકાયેલા કરોડો ચોરોને તલવારથી મારશે. એ રીતે બધા ચોરલોકો નાશ પામશે, ત્યારે વાસુદેવ ભગવાનના વિલેષનના અતિ સુગંધી વાયુનો સ્પર્શ કરતાં નગરવાસી તેમ જ દેશવાસી લોકોનાં મન નિર્મળ થશે; પછી સત્ત્વમૂર્તિ ભગવાન વાસુદેવ તેઓના હૃદયમાં સ્થિતિ કરશે. એટલે તેઓની પ્રજાસૃષ્ટિ અત્યંત મજબૂત બાંધાવાળી થશે. એમ ધર્મપાલક અને દુઃખો દૂર કરનારા ભગવાન કલ્કિ અવતરશે ત્યારે સત્યયુગ થશે. પ્રજાઓની ઉત્પત્તિ સત્ત્વગુણી થશે. જે સમયે ચંદ્ર, સૂર્ય તથા બૃહસ્પતિ, એ ત્રણે ગ્રહો પુષ્ય નક્ષત્રમાં આવી એક જ રાશિમાં આવશે ત્યારે સત્યયુગ થશે. ભૂતકાળના, વર્તમાન કાળના અને ભવિષ્યકાળના ચંદ્રવંશી તથા સૂર્યવંશી રાજાઓ મેં તમારી આગળ ટૂંકમાં કહ્યા. તમારા જન્મથી માંડી નંદરાજાના અભિષેક સુધીમાં પંદરસો વર્ષ વીતી ગયાં હશે. આકાશમાં સપ્તર્ષિઓમાં (પુલહ તથા ક્રતુ)ના બે તારાઓ ઉદય વખતે પ્રથમ ઊગેલા દેખાય છે, તે બેની વચ્ચે દક્ષિણોત્તર રેખામાં અશ્વિની વગેરે નક્ષત્રોમાંનું જે નક્ષત્ર સમપ્રદેશમાં રહેતું દેખાય છે. તેની સાથે જોડાઈ સપ્તર્ષિઓ મનુષ્યોનાં સો વર્ષ સુધી રહે છે. તેઓ હમણાં તમારા સમયમાં મઘા નક્ષત્રમાં છે. ભગવાન શ્રીવિષ્ણુનો 'શ્રીકૃષ્ણ' નામનો શુદ્ધ સત્વગુણી દેહ પરમલોકમાં ગયો ત્યારે કલિયુગે લોકમાં પ્રવેશ કર્યો, જેથી મનુષ્ય પાપ કરવામાં આનંદ માને છે. લક્ષ્મીના પતિ તે ભગવાન જ્યાં સુધી પોતાના ચરણકમળ વડે આ પૃથ્વીનો સ્પર્શ કરતા હતા, ત્યાં સુધી (સંધ્યારૂપે લોકમાં પેઠેલો છતાં) કલિયુગ પૃથ્વીને હેરાન કરવા સમર્થ થયો ન હતો. સપ્તર્ષિઓ મઘા નક્ષત્રમાં આવ્યા, ત્યારે જ દેવતાઓનાં બારસો વર્ષનો કલિયુગ ચાલુ થયો. પછી સપ્તર્ષિઓ મઘા નક્ષત્રમાંથી પૂર્વાષાઢા નક્ષત્રમાં જશે. ત્યારે નંદરાજાથી માંડી કલિયુગ વધશે. પૂર્વકાળને જાણનારા વિદ્વાનો કહે છે કે, શ્રીકૃષ્ણ ભગવાન જે દિવસે પરમલોકમાં પધાર્યા, તે જ દિવસે, તે જ ક્ષણે કલિયુગ આવ્યો છે. દેવતાઓનાં એક હજાર વર્ષના અંતે ચોથો આ કલિયુગ વીતી જશે અને મનુષ્યનું મન આત્માને પ્રકાશ કરનારું થશે; પછી ફરી સત્યયુગ થશે. વૈવસ્વત મનુનો આ વંશ જે પ્રમાણે ઉચ્ચનીચ અવસ્થાઓથી કહેવાય છે, તે જ પ્રમાણે પ્રત્યેક યુગમાં બ્રાહ્મણો, વૈશ્યો તથા શૂદ્રોની પણ તે તે ઉચ્ચનીચ અવસ્થાઓ સમજવી. જેઓનાં માત્ર નામ જ

ચિહ્નરૂપે અને માત્ર કથા જ બાકી રહી છે, એવા એ મહાત્માઓની કીર્તિ જ પૃથ્વી પર રહેલી છે. શંતનુનો ભાઈ (ચંદ્રવંશી) દેવાપિ અને ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલો (સૂર્યવંશી) મરુ, આ બે રાજાઓ મહાયોગ બળથી યુક્ત રહી, કલાપગ્રામ નામના યોગીઓના રહેઠાણમાં રહે છે. તેઓ બંને કલિયુગના અંતે વાસુદેવ ભગવાનની આજ્ઞા પામી પૂર્વની પેઠે વર્ણાશ્રમવાળા ધર્મનો પ્રચાર કરશે. સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ આ ચાર યુગ અનુક્રમે પૃથ્વી પર પ્રાણીઓમાં ચાલ્યા કરે છે. હે રાજન્ ! મેં કહેલા એ રાજાઓ અને બીજાઓ પૃથ્વી ઉપર મમતા કરી છેવટે પૃથ્વીને તજી મરી ગયા છે. જે શરીરનું નામ 'રાજા' હોય તેનું પણ અંતે તો કીડા, વિષ્ઠા કે રાખ એવું જ નામ પડે છે; આવા (ક્ષણભંગુર) શરીર માટે જે મનુષ્ય પ્રાણીઓનો દ્રોહ કરે છે તે શું સ્વાર્થ જાણે છે ? નથી જ જાણતો; કારણ કે તેથી તો નરક જ મળે છે. તે રાજાઓ એમ વિચારતા હોય છે કે, 'આ અખંડ ભૂમિ મારા પૂર્વ પુરુષો એ ધારણ કરી હતી અને હવે આ ભૂમિ મારી, મારા પુત્રની, પૌત્રની અથવા મારા વંશજની કેવી રીતે થાય !' આમ પૃથ્વીને તથા તેજ, પાણી અને અન્નથી બનેલા શરીરને મમતાથી પોતાનાં માની તે મૂર્ખ રાજાઓ છેવટે આ પૃથ્વી તથા શરીરને તજી મૃત્યુ પામે છે. હે રાજન્ ! જે જે રાજાઓ પોતાના બળ વડે પૃથ્વીને ભોગવી ગયા છે તે સર્વને કાળે ઇતિહાસમાં માત્ર કથારૂપે બાકી રાખ્યા છે. ૧-૪૪

ये ये भूपतयो राजन् भुञ्जते भुवमोजसा । कालेन ते कृताः सर्वे कथामात्राः कथासु च ॥४४॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૨ સમાપ્ત.*

## અધ્યાય-૩

## શ્રીહરિને નમન સર્વ દોષોનો નાશ કરે છે - નામસંકીર્તન

॥ श्रीशुक उवाच ॥

दृष्ट्वात्मनि जये व्यग्रान् नृपान् हसति भूरियम् । अहो मां विजिगीषन्ति मृत्योः क्रीडनका नृपाः ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** પોતાનો જય કરવા મચેલા રાજાઓને જોઈ પૃથ્વી હસે છે : 'અહો, મૃત્યુનાં રમકડાં આ રાજાઓ મને જીતવા ઈચ્છે છે ! રાજાઓ આ સમજે છે, તોપણ તેઓને આ વ્યર્થ ઈચ્છા હોય જ છે, જેથી તેઓ ફીણ જેવા દેહ ઉપર અત્યંત વિશ્વાસુ હોય છે. (રાજાઓ આવા મનોરથો કરે છે :) 'અમે પ્રથમ મન સહિત છ ઈંદ્રિયોને જીતી રાજમંત્રીઓને વશ કરીશું અને પછી શત્રુઓરૂપ કાંટા ઉખેડી નાખી પ્રધાનોને, નગરવાસીઓને, રાજપુરોહિત વગેરે હિતૈષીઓને તથા મોટા હાથીઓને વશ કરીશું. આમ અનુક્રમે સમુદ્ર સુધીની પૃથ્વી અમે જીતીશ.' આવી આશાઓથી બંધાયેલા હૃદયવાળા તે રાજાઓ પોતાની પાસે જ રહેલા કાળને જોતા નથી. કેટલાક રાજાઓ સમુદ્રોના ઘેરાવાવાળી મને (પૃથ્વીને) જીતી બળથી સમુદ્રમાં પ્રવેશ કરે છે. (સમુદ્રના બીજા બેટો જીતવા ઈચ્છે છે.) પૃથ્વીને જીતવારૂપ આ જયનું ફળ કેટલું છે ? કંઈ જ નથી; ઈંદ્રિયોના જયનું ફળ તો મુકિત જ છે. હે કુરુવંશી રાજન્ ! પૃથ્વી કહે છે કે, મનુઓ અને તેમના પુત્રો પણ મને જેમની તેમ છોડીને જેમ આવ્યા હતા એમ ચાલ્યા ગયા, તો હવે આ મૂર્ખ રાજાઓ મને યુદ્ધમાં જીતીને પોતાને સ્વાધીન રાખવાની ઈચ્છા રાખે છે. (આશ્ચર્ય છે ને !) જેઓનાં ચિત્ત રાજ્ય ઉપરની મમતાથી બંધાયેલાં હોય છે, તેવા દુષ્ટને રાજાઓમાં મારે માટે પિતા, પુત્ર અને ભાઈઓ વચ્ચે કજિયો થાય છે. 'ઓ મૂર્ખ ! આ સમગ્ર પૃથ્વી મારી છે તારી નથી' આમ પરસ્પર કહેતા ને સ્પર્ધા કરતા રાજાઓ મારે માટે પરસ્પર સંહાર કરે છે. અને મરે છે. પૃથુ, પુરુરવા, ગાધી

નહુષ, ભરત, અર્જુન, માંધાતા, સગર, રામ, ખટ્વાંગ, ધુંધુમાર, રઘુ, તૃણબિંદુ યયાતિ, શર્યાતિ, શંતનુ,ગય,ભગીરથ, કુવલયાશ્વ, કકુસ્થ, નૌષધ, નૃગ, હિરણ્યકશિપુ, વૃત્રાસુર, લોકોને રડાવનારો રાવણ, નમુચિ, શંબરાસુર, ભૌમાસુર, હિરણ્યાક્ષ, તારકાસુર અને બીજા ઘણા મહાસમર્થ દૈત્યો તથા રાજાઓ પોતે સઘળું જાણનારા, શૂરા, બધું જીતનારા અને અજિત હતા; છતાં હે સમર્થન રાજા ! તે મરણધર્મી રાજાઓ મારે વિષે ઘણી જ મમતા બાંધી વર્તતા હતા અને અકૃતાર્થ જ હતા તેવામાં તો કાળે તેઓને મારી નાખ્યા છે. હે સમર્થ પરીક્ષિત રાજા ! લોકોમાં યશ ફેલાવી મરી ગયેલા તે ઘણા જ મોટા રાજાઓની કથાઓ મેં તમને જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ કરવાની ઈચ્છાથી કહી છે. આ કથાઓ માત્ર વાણીના વિલાસરૂપ છે; પરમાર્થરૂપ નથી. જે મનુષ્ય શ્રીકૃષ્ણ વિશે નિર્મળ ભકિતની ઈચ્છા રાખતો હોય, તેણે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનો, અમંગળનો નાશ કરનારો જે ગુણાનુવાદ (આ ભાગવત ગ્રંથમાં) કહ્યો છે, તેને જ (પરમાર્થરૂપ સમજી) નિત્ય વારંવાર સાંભળવો.

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** ‘હે મુનિ ! હે ભગવન્ ! કલિયુગમાં તેના વધેલા દોષોને મનુષ્યો કયા ઉપાયથી દૂર કરશે, તે મને કહો. તેમ જ યુગો, યુગોના ધર્મો, પ્રલયકાળ તથા સ્થિતિકાળનું પ્રમાણ કે જે કાળમૂર્તિ ઈશ્વર—મહાત્મા વિષ્ણુની ગતિરૂપ છે, તે પણ મને કહો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા ! સત્યયુગમાં ધર્મ ચાર ચરણવાળો પ્રવર્તે છે. તેને (તે સમયના) લોકો ધારણ કરે છે. સત્ય, દયા, તપ અને દાન, એ ચાર ધર્મનાં ચરણ છે. સત્યયુગમાં લોકો લગભગ સંતોષી, દયાળુ, સર્વના મિત્ર, શાંત, જિતેન્દ્રિય, સહનશીલ, આત્મારામ, સમદષ્ટિવાળા અને આત્માનો અભ્યાસ કરનાર હોય છે. પછી ત્રેતાયુગમાં અસત્ય, હિંસા, અસંતોષ તથા કજિયા એ ચાર અધર્મના ચરણોથી ધર્મના ચરણોમાંનો ચોથો ભાગ ધીમે ધીમે નાશ પામે છે. હે રાજન્ ! તે યુગમાં લોકો ક્રિયા તથા તપ માં શ્રદ્ધાવાળા હોઈ અતિશય હિંસક અને લંપટ હોતા નથી, ધર્મ, અર્થ તથા કામ એ ત્રિવર્ગને સેવે છે. વેદકુશળ હોય છે અને વર્ગોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય છે. પછી દ્વાપરયુગમાં હિંસા, અસંતોષ, અસત્ય તથા દ્વેષરૂપી અધર્મનાં લક્ષણોથી તપ, સત્ય, દયા તથા દાનમાં ધર્મનો અર્ધો ભાગ નાશ પામે છે. તે યુગના મનુષ્યો, યશસ્વી, મોટા યજ્ઞો કરવાના સ્વભાવવાળા, અધ્યયન તથા અધ્યાપનમાં લાગેલા, ધનવાન, કટુંબી અને આનંદી હોય છે, તેમ જ વર્ણોમાં બ્રાહ્મણો તથા ક્ષત્રિયો ઉત્તમ ગણાય છે. પછી કલિયુગમાં તો વધતા અધર્મનાં કારણોથી ધર્મના પાયાઓનો એક ચતુર્થાંશ જ રહે છે. અને તે ચતુર્થાંશ પણ ઘસાઈને છેવટે નાશ પામે છે. એ યુગમાં લોકો લોભી, દુરાચારી, નિર્દય, શુષ્ક, વેર કરનાર, દુર્ભાગી અને ઘણી જ તૃષ્ણાવાળા હોય છે. અને પ્રજાઓમાં શુદ્રો તથા હિંસક લોકો મુખ્ય થાય છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો પુરુષોમાં દેખાય છે અને કાળથી પ્રેરાઈને મનુષ્યોનાં મન-બુદ્ધિ-અંતઃકરણ —ઈંદ્રિયોમાં તે ગુણોનાં વૃદ્ધિ અને ક્ષય પણ થયા કરે છે. મન, બુદ્ધિ અને ઈંદ્રિયો સત્ત્વગુણમાં અતિશય વર્તે ત્યારે સત્યયુગ છે એમ જાણવું; તેથી જ્ઞાનમાં તથા તપમાં રુચિ થાય છે. હે બુદ્ધિમાન રાજા ! મનુષ્યોને જ્યારે ધર્મ, અર્થ અને કામમાં પ્રીતિ થાય છે, ત્યારે રજોગુણની મુખ્યતાવાળો ત્રેતાયુગ જાણવો. જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર અને કામ્ય કર્મો ઉપર પ્રીતિ થાય છે, ત્યારે રજોગુણ અને તમો ગુણની મુખ્યતાવાળો દ્વાપરયુગ જાણવો; અને જ્યારે કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય અને દીનતા દેખાય છે, ત્યારે તમોગુણની મુખ્યતાવાળો કલિયુગ છે, એમ જાણવું. કારણ કે કલિયુગના મનુષ્યો ક્ષુદ્ર દષ્ટિવાળા, ઓછા ભાગ્યવાળા, ઘણું ખાનારા, કામી તથા ધનહીન હોય છે. અને

સ્ત્રીઓ વ્યભિચારિણી તથા સ્વેચ્છાચારિણી હોય છે. (કલિયુગમાં) દેશો પુષ્કળ ચોરોવાળા અને વેદો પાખંડીઓથી દૂષિત થશે, રાજાઓ પ્રજાઓને ખાઈ જશે. બ્રાહ્મણો ઉપસ્થ તથા ઉદરપોષણમાં જ તત્પર, બ્રહ્મચારી બ્રહ્મચર્યવ્રતથી રહિત અને પવિત્રતા વિનાના, ગૃહસ્થો (ભિક્ષા ન આપતાં પોતે જ) ભિક્ષા માગનારા, તપસ્વીઓ (વનવાસ તજી) ગામોમાં રહેનારા અને સંન્યાસીઓ ધનના અત્યંત લાલચું થશે. કલિયુગની સ્ત્રીઓ ટૂંકા શરીરવાળી, ઘણો આહાર કરનારી, ઘણાં છોકરાંવાળી, લજજા વિનાની, નિત્ય ખરાબ બોલનારી અને ચોરી, કપટ તથા મોટાં સાહસ કરનારી થશે. શૂદ્ર લોકો કપટ કરનારા વેપારી થઈ વેચવા ને ખરીદવાના વ્યવહાર કરશે અને સર્વ લોકો આપત્તિકાળ નહિ હોય, તો પણ સત્પુરુષોએ નિંદેલાં કર્મો દ્વારા આજીવિકા પ્રાપ્ત કરવી સારી માનશે, પોતાનો સ્વામી (શેઠ) બીજી બધી રીતે ઉત્તમ હશે પણ તે ધનરહિત થશે, એટલે નોકરો તેનો ત્યાગ કરશે અને શેઠિયા પણ પોતાનો નોકર કુલપરંપરાનો હશે, છતાં રોગાદિથી અશકત થશે એટલે તેને તજી દેશે, તેવી જ રીતે ગાયો દૂધ આપતી બંધ થઈ એટલે લોકો તેમને તજી દેશે; કલિયુગમાં પુરુષો પિતાનો, ભાઈઓનો, મિત્રોનો તથા કુટુંબીઓનો ત્યાગ કરી મૈથુન માટે જ સ્નેહ કરશે અને તેથી જ સાળીઓ તથા સાળાઓ સાથે મંત્રણાઓ કરશે અને સ્ત્રીને વશ રહેશે. શૂદ્ર લોકો તપસ્વીઓના વેષ ઉપર આજીવિકા મેળવતાં દાન લેશે; તેમ જ ધર્મને જાણતા નહિ હોય છતાં ઉત્તમ આસન પર બેસી ધર્મોપદેશ કરશે. હે રાજન્ ! પૃથ્વી અન્નરહિત થશે એટલે લોકો નિત્ય ઉદાસ મનવાળા રહેશે. દુષ્કાળ અને રાજાઓના કરથી પીડાશે તથા અનાવૃષ્ટિના ભયથી વ્યાકુળ રહેશે, કલિયુગમાં પ્રજાઓ વસ્ત્ર, અન્ન, પાન, શયન, મૈથુન, સ્નાન તથા આભૂષણરહિત થશે અને પિશાચો જેવા દેખાશે. કલિયુગમાં લોકો કોડી જેટલા ધન માટે પણ લડાઈ કરી સ્નેહ તજી પોતાના સંબંધીઓને પણ મારી નાખશે અને (તેમાં નહિ ફાવે તો) પોતાના પ્રિય પ્રાણોનો પણ ત્યાગ કરશે. મનુષ્યો પોતાનાં વૃદ્ધ માતાપિતાની પણ રક્ષા નહિ કરે અને ગુહ્યેન્દ્રિય તથા ઉદરનું પોષણ કરનારાં ક્ષુદ્ર માતાપિતાઓ સર્વ વિષયોમાં કુશળ પોતાના પુત્રોની પણ રક્ષા નહિ કરે. હે રાજા ! જગતના પરમ ગુરુ અને ત્રણે લોકના સ્વામીઓ જેમના ચરણકમળને નમે છે. એવા અચ્યુત ભગવાનને કલિયુગમાં લોકો ઘણું કરી નહિ પૂજે, કેમ કે તેઓનાં ચિત્ત પાખંડોથી ફરી જશે. મરતો, પીડાતો, પડતો, ઠાકરો ખાતો અથવા પરવશ થયેલો મનુષ્ય જેમનું નામ લેતાં જ કર્મબંધનથી મુકત થઈ ઉત્તમ ગતિ પામે છે, તે ભગવાનને કલિયુગમાં લોકો નહિ પૂજે. (એમ કલિયુગના દોષો કહી હવે કલિયુગ દૂર કરવાનો ઉપાય કહું છું :) મનુષ્યોનાં ચિત્તમાં ભગવાન પુરુષોત્તમ રહ્યા હોય, તો કલિયુગે કરેલા તેઓના દોષો તથા દ્રવ્ય, દેશ અને ઇંદ્રિયોના સર્વ દોષો દૂર કરે છે. ભગવાનનાં રૂપ, ગુણ, લીલા અને નામોનાં શ્રવણ, કીર્તન, ધ્યાન, પૂજન અને આદર—આચરણથી તેઓ મનુષ્યોનાં હૃદયમાં આવીને બિરાજમાન થાય છે અને જેમ સોનામાં રહેલો અગ્નિ સોનાની મલિનતા દૂર કરે છે તેમ હૃદયમાં બિરાજેલા ભગવાન સાધકોની અશુભ વાસનાનો નાશ કરે છે; અર્થાત્ દરેક સાધકોએ વિષ્ણુ ભગવાન જ ઉપાસવા યોગ્ય છે; યોગ વગેરે ઉપાસનીય નથી. અનંતભગવાન હૃદયમાં બિરાજયા હોય, ત્યારે અંતરાત્મા જેવો અત્યંત શુદ્ધિ પામે છે, તેવી દેવોની ઉપાસના, તપ, પ્રાણાયામ, મૈત્રીભાવ, તીર્થસ્નાન, વ્રત, દાન અને જપવા યોગ્ય મંત્રોથી પણ શુદ્ધિ પામતા નથી, માટે હે રાજન્ ! તમે પણ મરવાની તૈયારીમાં છો; તેથી બરાબર સાવધાન થઈ સર્વ પ્રકારે કેશવભગવાનને હૃદયમાં સ્થાપી દો, જેથી પરમગતિ પામશો. હે રાજા ! મરતા લોકોએ ભગવાન (પરમેશ્વર)નું ધ્યાન કર્યું એટલે સર્વના આત્મા અને આશ્રય તે ભગવાન તેને પોતાના સ્વરૂપમાં

લઈ જાય છે. હે રાજન્ ! કલિયુગ દોષોનો ભંડાર છે; તો પણ તેનો એક મોટો ગુણ છે કે શ્રીકૃષ્ણનું કીર્તન કરવાથી જ મનુષ્ય(કલિયુગમાં) સર્વ સંગથી છૂટી પરમાત્માને પામે છે. સત્યયુગમાં વિષ્ણુનું ધ્યાન કરનારને, ત્રેતાયુગમાં યજ્ઞોથી વિષ્ણુનું યજન કરનારને અને દ્વાપરયુગમાં વિષ્ણુની સેવા કરતાં જે ફળ મળે છે, તે જ ફળ કલિયુગમાં શ્રીહરિનું કીર્તન કરવાથી મળે છે. ૧-૫૨

कृते यद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः । द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥५२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૩ સમાપ્ત.*

## અધ્યાય-૪

## નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક અને નિત્ય-એ ચાર પ્રલયો

**॥ श्रीशुक उवाच ॥**

कालस्ते परमाण्वादिर्द्विपरार्द्धावधिर्नृप । कथितो युगमानं च श्रृणु कल्पलयावपि ॥१॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્ ! પરમાણુથી માંડી દ્વિપરાર્ધ સુધીનો કાળ (ત્રીજા સ્કંધમાં) મેં તમને કહ્યો છે, તેમ જ યુગોનું પ્રમાણ પણ કહ્યું છે. હવે કલ્પ તથા લયનું પ્રમાણ પણ તમે સાંભળો. હે રાજા ! ચાર હજાર યુગ તે બ્રહ્માનો એક દિવસ અને તે જ કલ્પ કહેવાય છે, તેમાં ચૌદ મનુઓ થાય છે. આ કલ્પને અંતે પ્રલય થાય છે. આ પ્રલયના પ્રમાણની બ્રહ્માની રાત્રિ કહી છે, અર્થાત્ પ્રલય એ જ બ્રહ્માની રાત્રિ છે. તેમાં આ ત્રણે લોકોનો પ્રલય થાય છે. આ નૈમિત્તિક પ્રલય કહ્યો, જેમાં વિશ્વસ્રષ્ટા શ્રીનારાયણ જગતને પોતામાં સમેટી લઈ સૂએ છે અને બ્રહ્મા તે નારાયણ ભગવાનમાં સૂએ છે. બ્રહ્માનો સમય વીતી જાય છે, ત્યારે મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ આ સાત પ્રકૃતિઓ લય પામે છે; માટે આ પ્રાકૃતિક પ્રલય કહ્યો છે. હે રાજન્ ! આ પ્રલયનો કાળ આવતાં મહત્તત્ત્વ વગેરે પ્રકૃતિઓના કાર્યસમૂહરૂપ આ બ્રહ્માંડકોશ લય પામે છે. હે રાજન્ ! એ વખતે પૃથ્વી ઉપર સો વર્ષ સુધી વરસાદ વરસશે નહિ. એટલે તે વેળા અન્નરહિત થયેલા લોકોમાં ભૂખથી પીડાયેલી પ્રજાઓ એકબીજાને ખાવા લાગશે; એમ કાળને લીધે ઉપદ્રવ પામેલી તે પ્રજાઓ ધીમે ધીમે નાશ પામશે. પછી પ્રલયકાળનો સૂર્ય સમુદ્રના, દેહના તેમ જ પૃથ્વીના રસ પોતાની ભયંકર કિરણોથી પી જશે અને તે સર્વ રસને પાછો મૂકશે નહિ. પછી સંકર્ષણના મુખમાંથી જન્મેલો પ્રલયકાળનો અગ્નિ વાયુના વેગ વડે વધી પૃથ્વીનાં શૂન્ય પોલાણોને બાળી નાખશે અને ઉપર, નીચે તથા ચોતરફ અગ્નિ તથા સૂર્યની શિખાઓથી બળતું બ્રહ્માંડ બળેલાં છાણાં જેવું જણાશે. પછી પ્રલયકાળને પ્રચંડ પવન એકસોથી વધારે વર્ષો સુધી મહાબળવાન બની વાશે, જેથી ધૂળને લીધે ઢંકાઈ ગયેલું આકાશ ભૂખરવણુ થઈ જશે. પછી હે રાજા ! જાતજાતના રંગવાળાં અનેક મેઘમંડળો સો વર્ષ સુધી વરસશે અને તીવ્ર ગર્જનાઓ વડે ગાજશે; તેથી બ્રહ્માંડના પોલાણની વચ્ચે આવેલું જગત કેવળ જળમય બની જશે. એ જળથી બધું ડૂબી જશે, ત્યારે પૃથ્વીના ગંધગુણને પાણી ગળી જશે અને ગળાયેલા ગંધવાળી પૃથ્વીનો પ્રલય થશે. પછી જળના રસગુણને તેજ ગળી જશે, એટલે નીરસ થયેલું જળ લય પામશે. પછી તેજના રૂપગુણને વાયુ ગળી જશે, એટલે રૂપરહિત થયેલું તેજ વાયુમાં લય પામશે અને વાયુના સ્પર્શગુણને આકાશ ગળી જશે, જેથી ગુણરહિત થયેલો વાયુ આકાશમાં લય પામશે. હે રાજન્ ! પછી આકાશના શબ્દગુણને ભૂતોનો આદિ તામસ અહંકાર ગળી જશે; એટલે આકાશ તે અહંકારમાં લય પામશે. પછી હે રાજન્ !

વૃત્તિઓ સહિત ઈંદ્રિયોને રાજસ અહંકાર ગળી જશે અને ઈન્દ્રિયોના દેવોને સાત્ત્વિક અહંકાર ગળી જશે. પછી હે રાજન્ ! સાત્ત્વિક, રાજસ અને તામસ—એ ત્રણે પ્રકારના અહંકારને મહત્તત્ત્વ ગળી જશે, મહત્તત્ત્વને સત્ત્વાદિ ગુણો ગળી જશે અને કાળથી પ્રેરાયેલું પ્રધાન તત્ત્વ (પ્રકૃતિ) તે ગુણોને ગળી જશે, તે પ્રધાનતત્ત્વ અનાદિ, અનંત, અવ્યકત, નિત્ય અને અવિનાશી છે. જ્યારે તે પોતાનાં કાર્યોને પોતામાં લીન કરીને પ્રલયકાળે સામ્યાવસ્થાને પામે છે ત્યારે કાળનાં અવયવો વર્ષ, માસ, દિવસ, રાત્રિ વગેરેને લીધે તેમાં પરિણામ, વૃદ્ધિ, ક્ષય વગેરે કોઈ પ્રકારના વિકારો થતા નથી. કારણ કે તે સર્વનું કારણ છે. વળી તે પ્રધાન તત્ત્વમાં વાણી, મન, સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ, મહત્તત્ત્વ વગેરે—વિકારો, પ્રાણ, બુદ્ધિ, ઈંદ્રિયો તથા તેના દેવો—આ સર્વ લોકરૂપી જુદી જુદી રચના નથી અને તે (તત્ત્વ) સ્વપ્ન તેમ જ જાગ્રત અવસ્થાથી મુકત નથી, પણ ઈંદ્રિયોના અભાવથી સુષુપ્તિ અવસ્થા જેવું અને શૂન્ય જેવું છે. કારણ કે તે તર્કમાં આવી શકે તેવું નથી. વળી આકાશ, જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ તેમ જ સૂર્ય જેમાં નથી તેવા એ પ્રધાન તત્ત્વને વિદ્વાનો મૂળરૂપ સ્થાન કહે છે. આમ પુરુષ તથા પ્રકૃતિની સત્ત્વાદિ શક્તિઓ કાળને લીધે ક્ષીણ અને પરવશ થઈ લય પામે છે. ત્યારે એ પ્રાકૃતિક પ્રલય થયો કહેવાય છે. (હવે આત્યંતિક પ્રલય કહું છું :) બુદ્ધિ, ઈંદ્રિયો અને તેના વિષયોરૂપે એટલે ગ્રાહક સાધનો તથા ગ્રાહ્યરૂપે તેઓનો આશ્રય જ્ઞાન જ ભાસિત થાય (જ્ઞાનથી તેઓ જુદાં નથી); કારણ કે તેઓ દશ્ય અને કારણથી જુદાં નથી, માટે જે વસ્તુ આદિ તથા અંતવાળી છે તે વસ્તુ જ નથી; જેમ દીવો નેત્ર અને રૂપ (પોતાના કારણ) તેજથી જુદાં નથી, તેમ બુદ્ધિ, ઈંદ્રિયો અને વિષયો પણ પોતાના અધિષ્ઠાનસ્વરૂપ બ્રહ્મથી જુદાં નથી; જોકે પ્રપંચથી બ્રહ્મ જુદું છે, પણ પ્રપંચ બ્રહ્મથી જુદો નથી, હે રાજન્ (એ રીતે બુદ્ધિ છે જ નહિ, તો બુદ્ધિની અવસ્થા—જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ક્યાંથી હોઈ શકે ?) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ બુદ્ધિની અવસ્થાઓ કહેવાય છે. (કોઈ શંકા કરે કે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ અવસ્થાઓ અનુક્રમે વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞની છે, બુદ્ધિથી નથી; તેનું કેમ ? આનું સમાધાન આ પ્રમાણે છેઃ) આ વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞરૂપ અનેકપણું આત્મામાં દેખાય છે, તે માત્ર માયા છે. જેમ મેઘ કોઈ વાર આકાશમાં હોય છે અને કોઈ વાર નથી હોતા તેમ અવયવવાળું અને આદિઅંતવાળું આ જગત સૃષ્ટિવેળા બ્રહ્મમાં જન્મે છે અને પ્રલયવેળા બ્રહ્મમાં લય પામે છે, અર્થાત્ જે વસ્તુ અવયવવાળી હોય, તે આદિઅંતવાળી હોય; જેમ કે ઘડો. આ રીતે આદિઅંતવાળું હોવાથી જગત કોઈ વસ્તુ જ નથી. હે રાજન્ ! આ જગતમાં સર્વ અવયવી (કાર્ય)ના અવયવ (કારણ)ને જ સત્ય કહેલા છે; કારણ કે અવયવીના અભાવમાં પણ અવયવો જુદારૂપે અનુભવાય છે; જેમ પટના અવયવ તાંતણા પટના અભાવમાં પણ જુદા જણાય છે તેમ. (કોઈ કહે કે એ રીતે સંસારરૂપ કાર્ય નથી જ, તે બ્રહ્મને કારણપણું કેવી રીતે ઘટે છે ? આનો ઉત્તર આ છે : 'હા, તે પણ અત્યંત સત્ય તો નથી જ, એ આશયથી કહે છે કે) કાર્યકારણરૂપે (ગુણ-ગુણીરૂપે, વિશેષણ-વિશેષ્યરૂપે અને વ્યાપ્ય—વ્યાપક આદિરૂપે) જે ભેદ જણાય છે. તે સર્વ ભ્રાંતિ જ છે. કારણ કે તેમાં અન્યોન્યાશ્રય છે, માટે જે આદિ—અંતવાળી વસ્તુ છે, તે બધી ખોટી છે. (એમ અનેક કારણોથી જગતને જૂઠુ સિદ્ધ કર્યું; હવે એમાં કોઈ શંકા કરે કે જગત પણ પ્રકાશમાન જ છે; તો તે પણ આત્માની પેઠે સત્યસ્વરૂપ કેમ ન હોય ? આનો ઉત્તર આ છે કે) આ પ્રપંચ જોકે પ્રકાશમાન છે, તોપણ આત્મા વિના લેશ માત્ર તે જણાવા યોગ્ય નથી.

જો આત્મા વિના જણાવા યોગ્ય હોય, તો તે (પ્રપંચ) પણ ચિદ્રૂપ આત્માની પેઠે સ્વપ્રકાશ થવાથી આત્મા જેવો (એકરૂપ) થાય. (કદાચ કોઈ કહે કે સત્યસ્વરૂપ આત્મામાં જીવ તથા બ્રહ્મરૂપે તો ભેદ છે ને ? આનો ઉત્તર કહે છે કે, સત્યસ્વરૂપ આત્માનું (જીવ તથા બ્રહ્મરૂપ) અનેકપણું છે જ નહિ; છતાં મનુષ્ય તેવું અનેકપણું માને તો મૂર્ખ છે. ઘટાકાશ તથા મહાકાશનો જેમ (ઉપાધિકૃત) ભેદ છે, આકાશમાં રહેલા સૂર્યનો તેમ જ જળમાં પ્રતિબિંબરૂપે રહેલા સૂર્યનો જેવો (ઉપાધિકૃત) ભેદ છે અને બહારનાં વાયુનો તથા શરીરના વાયુનો જેવો (ઉપાધિકૃત) ભેદ છે. તેવો જ બ્રહ્મ અને જીવનો (ઉપાધિકૃત) ભેદ છે, ખરી રીતે જીવ-બ્રહ્મનો ભેદ છે જ નહિ. (બ્રહ્મ જ જગતનો આશ્રય છે તે વાત આ દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે.) જેમ (એક જ) સોનું વ્યવહારમાં કડાં, કુંડળ વગેરે રચનાઓના સ્વરૂપે અનેક પ્રકારે લોકોથી જણાય છે, તેમ ભગવાન અધોક્ષજને પણ અહંકારરૂપ ઉપાધિવાળા લોકો લૌકિક તથા વૈદિક વચનો વડે અનેક પ્રકારે વર્ણવે છે. (તમે કહેશો કે અહંકાર બ્રહ્મસ્વરૂપ ઢાંકી દઈ ભેદવ્યવહારનું કારણ શી રીતે થાય છે ? કારણ કે અહંકાર પોતાના કારણ બ્રહ્મને ઢાંકનાર સંભવી શકે નહિ, છતાં તે ઢાંકે તો તેને પોતાનો પણ પ્રકાશ સંભવે નહિ. આ શંકાનું સમાધાન દૃષ્ટાંતપૂર્વક આ રીતે છે : (જેમ સૂર્યથી જ થયેલો અને સૂર્યે જ પ્રકાશિત કરેલો મેઘ, સૂર્યના અંશરૂપ ચક્ષુઇંદ્રિયને પોતાના જ સ્વરૂપ સૂર્યને દર્શન કરવામાં બાધક (હરકત કરનાર) થાય છે. તેમ બ્રહ્મના કાર્યભૂત અને બ્રહ્મ વડે જ પ્રકાશિત કરાયેલો અહંકાર બ્રહ્મના અંશરૂપ જીવને બ્રહ્મનું સ્વરૂપ દર્શન કરવામાં બાધક થાય છે. (માટે અહંકારનો નાશ થાય તો જ સ્વરૂપદર્શન થાય છે. તે પણ તે જ દૃષ્ટાંતથી કહે છે.) જ્યારે સૂર્યથી થયેલો મેઘ વીખરાઈ જાય છે, ત્યારે ચક્ષુઇંદ્રિય પોતાના સ્વરૂપ સૂર્યનું જેમ દર્શન કરે છે તેમ જીવને ઉપાધિરૂપ અહંકાર વિચારથી નાશ પામે છે, ત્યારે 'अहं ब्रह्मास्मि-હું બ્રહ્મ છું' એવું જીવને સ્મરણ થાય છે– આત્મસાક્ષાત્કાર થાય છે. હે રાજન્ ! એ રીતે આ વિવેકરૂપી શસ્ત્રથી માયામય અહંકારરૂપી આત્મબંધનને કાપી નાખી જીવ પરિપૂર્ણ આત્મ સ્વરૂપને અનુભવ કરતો સ્થિતિ કરે, તેને જ આત્યંતિક પ્રલય કહે છે. (હવે નિત્યપ્રલય કહે છે.) હે શત્રુઓને તપાવનાર રાજા ! સૂક્ષ્મ વસ્તુને જાણનારા કેટલાક વિદ્વાનો કહે છે : બ્રહ્માદિ સર્વ પ્રાણીઓની નિત્ય ઉત્પત્તિ તથા પ્રલય થયા કરે છે. કારણ કે પરિણામ ધર્મવાળા નદીના પ્રવાહ, દીવાની જવાળા વગેરેની જે જે ઉચ્ચનીચ અવસ્થાઓ દેખાય છે. તે તે અવસ્થાઓ જ કાળરૂપ પ્રવાહના પરિવર્તન પામતા દેહ વગેરેને પણ દેખાય છે. માટે તે તે અવસ્થાઓ જ દેહાદિના જન્મ નિત્ય પ્રલયનું કારણ થાય છે. (કદાચ કોઈને શંકા થાય કે દેહાદિની પ્રતિક્ષણ જુદી જુદી અવસ્થાઓ થાય છે તે તે કેમ દેખાતી નથી ? આના સમાધાનમાં કહે છે :) જેમ આકાશમાં જતાં ચંદ્ર વગેરે તૈજસ પદાર્થોની ગતિ આદિ જુદી જુદી અવસ્થાઓ જણાતી નથી, તેમ આદિઅંતરહિત ઈશ્વરમૂર્તિ કાળને લીધે દેહાદિની જુદી જુદી અવસ્થાઓ દેખાતી નથી. (માટે જેમ ચંદ્ર વગેરેના જુદા જુદા પ્રદેશો પર આવવાથી તેઓથી તેઓની પ્રતિક્ષણ થતી ગતિ વગેરે અવસ્થાઓમાં કલ્પી શકાય છે, તેમ દેહાદિમાં પણ બાલ્ય યૌવન આદિના દેખાવો ઉપરથી વચ્ચેની બીજી અવસ્થાઓ પણ કલ્પી શકાય છે.) એ રીતે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક તથા આત્યંતિક એમ ચાર પ્રકારનો પ્રલય કહ્યો છે. કાળની ગતિ આવી છે. હે કુરુશ્રેષ્ઠ ! સમગ્ર પ્રાણીનું રહેઠાણ અથવા બધાં પ્રાણીઓ જેમનું રહેઠાણ છે, તેવા જગત્કર્તા નારાયણ ભગવાનની આ લીલા કથાઓ મેં તમને ટૂંકમાં કહી છે, કારણ કે તે કથાઓને સંપૂર્ણ કહેવા તો બ્રહ્મા પણ

સમર્થ નથી. જે મનુષ્ય અનેક જાતના દુઃખરૂપી દાવાનળથી દુઃખી હોય અને દુસ્તર સંસારસમુદ્રને તરી જવા ઈચ્છતો હોય તેને પુરુષોત્તમ ભગવાનની લીલાકથાના રસને સેવવા સિવાય બીજું કોઈ તરવાનું સાધન નથી. આ પુરાણસંહિતા અવિનાશી ઋષિ નારાયણે નારદજીને પૂર્વે કહી હતી અને નારદજીએ વ્યાસજીને કહી હતી. હે મહારાજ ! ભગવાન વેદવ્યાસે પ્રસન્ન થઈ આ વેદતુલ્ય ભાગવતસંહિતા મને કહી હતી અને હે કુરુશ્રેષ્ઠ ! નૈમિષારણ્યમાં ઘણા કાળે પૂર્ણ થનારા યજ્ઞમાં શૌનકાદિ મુનિઓ પ્રશ્ન કરશે તે ઉપરથી સૂત પૌરાણિક આ ભાગવત સંહિતા તે ઋષિઓને કહેશે. ૧-૪૩.

एतां वक्ष्यत्यसौ सूत ऋषिभ्यो नैमिषालये । दीर्घसत्रे कुरुश्रेष्ठ सम्पृष्टः शौनकादिभिः ॥४३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૪ સમાપ્ત.*

## અધ્યાય-૫

## પરીક્ષિતના મૃત્યુના ભયનું નિવારણ

॥ श्रीशुक उवाच ॥

अत्रानुवर्ण्यतेऽभीक्ष्णं विश्वात्मा भगवान् हरिः । यस्य प्रसादजो ब्रह्मा रुद्रः क्रोधसमुद्भवः ॥१॥

**શુકદેવજી બોલ્યા :** આ શ્રીમદ્ ભાગવતમાં જગતના આત્મા અને જેમના હર્ષથી બ્રહ્મા તથા ક્રોધથી રુદ્ર જન્મ્યા છે, તે ભગવાન શ્રીહરિનું જ વારંવાર વર્ણન થયું છે. હે રાજન્ ! તમે આ ભાગવતશ્રવણથી કૃતાર્થ થયા છો. માટે 'હું મરી જઈશ' આવી પશુબુદ્ધિ તજી દો; કારણ કે જેમ આ દેહ પૂર્વે ન હતો અને હમણાં ઉત્પન્ન થઈ નાશ પામશે તેમ તમે (આત્મા) પૂર્વે કે હમણાં પણ ઉત્પન્ન થયા નથી; માટે નાશ પણ પામવાના નથી. વળી જેમ બીજ અંકુરરૂપે જન્મે છે. તેમ તમે પુત્ર-પૌત્રાદિના રૂપે જન્મવાના નથી, કારણ કે અગ્નિ જેમ લાકડાથી જુદો છે, તેમ તમે દેહાદિથી જુદા છો; અર્થાત્ દેહ ઉત્પન્ન થાય છે. આત્મા ઉત્પન્ન થતો નથી. (જન્મ વગેરે આત્માના ધર્મ નથી) પણ દેહના છે, જુઓઃ જેમ સ્વપ્નમાં પોતે પોતાના મસ્તકનું કપાવું જુએ છે. તેમ જાગ્રત અવસ્થામાં પણ (પુત્રાદિના જન્મને તથા પિતા વગેરેના) દેહના મરણ વગેરેને પોતે જુએ છે. એ ઉપરથી જણાય છે કે આત્મા જન્મરહિત અને મરણરહિત છે, જેમ ઘડો ભાંગી જતાં તેની અંદરનું આકાશ પૂર્વની પેઠે મહાકાશરૂપ બની રહે છે, તેમ દેહ મરણ પામતાં જીવ ફરી બ્રહ્મસ્વરૂપ થઈ રહે છે, અર્થાત્ ! દેહરૂપ ઉપાધિને લીધે આત્માને આ જન્માદિ સંસારનો ભ્રમ થયો છેઃ (માટે જ્ઞાન દ્વારા) તે ઉપાધિ દૂર થતાં જીવ મુકત થાય છે. (હવે જ્ઞાનથી લયની ભાવના કરવા આત્માને માયાએ કરેલો દેહાદિ ઉપાધિના સંબંધનો પ્રકાર અહી કહું છું.) આત્મા સાથે સંબંધવાળા દેહો, ગુણો તથા કર્મોને મન ઉત્પન્ન કરે છે અને તે મનને માયા ઉત્પન્ન કરે છે. આ રીતે માયા વગેરે ઉપાધિના સમુદાયથી જીવને સંસાર લાગુ થાય છે. સ્વતઃ જીવને સંસાર નથી. (એમ ઉપાધિના કારણે જીવને સંસાર છે, માટે તે ઉપાધિનો નાશ થતાં જીવપણું ચાલ્યું જાય છે. એ વાત દૃષ્ટાંત સાથે સાંભળો.) જેમ તેલ, ઘી, વગેરે સ્નેહ તેનું પાત્ર, દિવેટ અને અગ્નિનો સંયોગ જ્યાં સુધી હોય, ત્યાં સુધી દીવાનું દીવાપણું જણાય છે. તેમ તેલ, ઘી, જેવાં કર્મ તેના પાત્ર જેવું મન, દિવેટ જેવો દેહ, અને અગ્નિસંયોગ જેવો ચૈતન્યાધ્યાસ-આ સર્વ હોય છે, ત્યાં સુધી (દીવા જેવો) આ દેહે કરેલો સંસાર જીવને જણાય છે અને રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ વૃત્તિ વડે તે સંસાર ઉત્પન્ન થાય છે અને પાછો નાશ પામે છે. (માટે દીવાની પેઠે સંસાર જ નાશ પામે છે.) પણ તેમાં જણાતો આત્મા નાશ

પામતો નથી કેમ કે આત્મા સ્થૂલ દેહ તથા સૂક્ષ્મ દેહથી જુદો, સ્વયં જ્યોતિ, આકાશની પેઠે દેહાદિ પ્રપંચનો આધાર, નિર્વિકાર, અનંત અને ઉપમારહિત છે. માટે હે સમર્થ રાજા ! દ્રષ્ટા—દશ્યના અન્વય—વ્યતિરેકવાળી અને વાસુદેવ ભગવાનના ચિંતનવાળી બુદ્ધિથી તમે પોતે જ દેહાદિરૂપ ઉપાધિમાં રહેલા આત્માનો વિચાર કરો. બ્રાહ્મણના શાપવાક્યથી પ્રેરાયેલો તક્ષકનાગ તમને બાળી શકશે નહિ (એ તો તારા શરીરને જ બાળી શકશે); કારણ કે મૃત્યુનાં સાધનો, મૃત્યુના પણ મૃત્યુરૂપ ઈશ્વરને બાળી શકતું નથી. 'હું છું તે જ પરમધામરૂપ બ્રહ્મ છે. તેમ જ પરમપદરૂપ બ્રહ્મ તે હું છું. આમ વિચાર કરતા તમે ઉપાધિરહિત બ્રહ્મમાં આત્માને સ્થાપી (ઐકયભાવના કરશો ત્યારે) ઝેરી મુખ વડે તમારા પગને કરડતા તક્ષક નાગને તમારા શરીરને અથવા જગતને તમારા પોતાથી જુદું તમે જોશો નહિ. હે તાત પરીક્ષિતરાજા ! આત્મારૂપ તમે જગતના આત્મા રૂપ શ્રીહરિની લીલા જે પૂછી હતી, તે મેં તમને કહી વધારે શું સાંભળવા ઈચ્છો છો ? ૧-૧૩.

एतत्ते कथितं तात यथात्मा पृष्टवान्नृप । हरेर्विश्वात्मनश्चेष्टां किं भूयः श्रोतुमिच्छसि ॥१३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૫ સમાપ્ત.*

## અધ્યાય-૬

## પરીક્ષિતનો મોક્ષ અને જનમેજયનો સર્પયજ્ઞ

॥ सूत उवाच ॥

एतन्निशम्य मुनिनाऽभिहितं परीक्षिद्व्यासात्मजेन निखिलात्मदृशा समेन ।
तत्पादमूलमुपसृत्य नतेन मूर्ध्ना बद्धाञ्जलिस्तमिदमाह स विष्णुरातः ॥१॥

**સૂત બોલ્યા :** શ્રીહરિનો સાક્ષાત્કાર કરનારા અને બધે સમાન દૃષ્ટિવાળા વ્યાસપુત્ર શુકમુનિએ કહેલું તે વચન સાંભળી પરીક્ષિત રાજા નત મસ્તકે શુકદેવજીના ચરણમૂળને શરણે જઈ બે હાથ જોડી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**પરીક્ષિત રાજા બોલ્યા :** આપ દયાળુએ મારા પર કૃપા કરી છે, તેથી હું કૃતાર્થ થયો છું; કારણ કે આપે આદિ-અંતરહિત સાક્ષાત શ્રીહરિનું મને શ્રવણ કરાવ્યું છે. અચ્યુતભગવાનમાં મનવાળા આપ મહાપુરુષોની સંસારના તાપથી તપેલાં અજ્ઞાની પ્રાણીઓ ઉપર જે કૃપા હોય છે તેને હું અતિ અદ્‌ભુત માનતો નથી. આ શ્રીમદ્ ભાગવત નામની પુરાણસંહિતા અમે આપની પાસેથી સાંભળી છે; તેમાં ઉત્તમ કીર્તિ વાળા શ્રીભગવાનનું વર્ણન કર્યું છે. હે ભગવન્ ! તક્ષક વગેરે મૃત્યુથી હવે હું ડરતો નથી, કેમ કે આપે દર્શાવેલા નિર્ભય કૈવલ્ય સ્વરૂપમાં મેં પ્રવેશ કર્યો છે. હે બ્રહ્મન્ ! આપ મને આજ્ઞા આપો, એટલે હું મારી વાણીને બંધ કરી મૌન થઈ જાઉં અને કામવાસનાથી છૂટેલા મારા મનને ભગવાનમાં લગાડી પ્રાણ તજું. જ્ઞાન તથા વિજ્ઞાનની નિષ્ઠાથી મારું અજ્ઞાન દૂર થયું છે; કેમ કે ભગવાનનું કલ્યાણસ્વરૂપ પરમપદ આપે મને દર્શાવ્યું છે.

**સૂત બોલ્યા :** એમ રાજાએ કહ્યું, એટલે ભગવાન શુકદેવજી તે રાજાથી પૂજાઈને સંન્યાસીઓ સાથે ત્યાંથી ગયા. (તેમના ગયા પછી) રાજા પરીક્ષિત પણ ગંગાના કિનારા પર પૂર્વ તરફ અગ્રવાળા દર્ભના આસન પર ઉત્તર દિશા તરફ મુખ રાખી બેઠા અને બુદ્ધિથી મનને આત્મામાં સ્થાપી, વૃક્ષની પેઠે લીન પ્રાણવાળા થઈ કપાયેલા સંશયોવાળા તે મહાન યોગી નિઃસંગ થઈ બ્રહ્મસ્વરૂપ થઈ રહ્યા. તેમાં હે બ્રાહ્મણો !

બ્રાહ્મણના પુત્રે ક્રોધિત થઈને મોકલેલો તક્ષકનાગ પરીક્ષિત રાજાનો નાશ કરવાની ઈચ્છાથી જતો હતો; તેણે કશ્યપ નામના બ્રાહ્મણને માર્ગમાં જોયો. એ બ્રાહ્મણ ઝેર ઉતારનારો હતો (અને ઝેરની ચિકિત્સાથી પરીક્ષિતનું રક્ષણ કરી દ્રવ્ય મેળવવા આવતો હતો) તેથી તેને ધન વડે તૃપ્ત કરી પાછો વાળી ઇચ્છાનુસાર રૂપ ધરનારો તક્ષક બ્રાહ્મણના રૂપમાં છુપાઈને પરીક્ષિત રાજાને કરડ્યો. રાજર્ષિ પરીક્ષિત તક્ષકના ડસવા પહેલાં જ બ્રહ્મમાં સ્થિત થઈ ચૂક્યા હતા. હવે તક્ષકના વિષના અગ્નિથી તેમનો દેહ સર્વ પ્રાણીઓના દેખતાં તત્કાળ ભસ્મ થઈ ગયો. એ સમયે પૃથ્વી પર, આકાશમાં અને દિશાઓમાં મોટો હાહાકાર થયો અને સર્વ દેવો, અસુરો તથા મનુષ્યો વગેરે વિસ્મય પામ્યા; તેમ જ દેવોનાં દુંદુભિ વાગ્યાં, ગંધર્વો ને અપ્સરા આ ગાવા લાગ્યાં અને 'સાધુ સાધુ' એમ કહેતા દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. પરીક્ષિતનો પુત્ર જનમેજય પોતાના પિતાને તક્ષક કરડ્યો એ સાંભળી અત્યંત ક્રોધાયમાન થયો. તેણે બ્રાહ્મણો સાથે રહીને યજ્ઞમાં બરાબર સર્પોને હોમવા માંડ્યા. એ સર્પયજ્ઞમાં પ્રજ્વલિત અગ્નિની અંદર મોટા સર્પોને બળતા જોઈ, તક્ષક ભયથી ગભરાઈને ઈન્દ્રને શરણે ગયો. પરીક્ષિતનો પુત્ર જનમેજય સર્પોના તે હોમમાં તક્ષકને ન જોવાથી બ્રાહ્મણોને પૂછવા લાગ્યો : 'સર્પોમાં નીચ તે તક્ષક કેમ બળી જતો નથી ?' તે સાંભળી બ્રાહ્મણોએ કહ્યું: 'હે રાજેન્દ્ર ! શરણે આવેલા તે તક્ષકનું ઈન્દ્ર રક્ષણ કરે છે અને તે ઈન્દ્ર તક્ષકને રોક્યો છે, જેથી તે અગ્નિમાં પડતો નથી.' એ સાંભળી ઉદારબુદ્ધિવાળો પરીક્ષિતનો પુત્ર બોલ્યો : 'હે બ્રાહ્મણો ! ઈન્દ્ર સાથે તક્ષકને તમે અગ્નિમાં કેમ નથી હોમતા ?' તે સાંભળી બ્રાહ્મણોએ ઈંદ્ર સહિત તક્ષકને 'હે તક્ષક ! દેવગણના રાજા ઈન્દ્ર સાથે તું અહીં જલદી પડ.' એમ કહી હોમવા માંડયો. બ્રાહ્મણોએ કહેલાં એ કઠોર વાક્યોથી ઈન્દ્ર પોતાના સ્થાનથી ચલાયમાન થઈ, તક્ષક સાથે વ્યાકુળ બુદ્ધિવાળો થયો. એ સમયે વિમાન અને તક્ષક સાથે ઈન્દ્રને આકાશમાંથી પડતો જોઈ અંગિરાના પુત્ર બૃહસ્પતિએ જનમેજય રાજાને કહ્યું : 'હે મનુષ્યોના ઇન્દ્ર ! સર્પરાજ આ તક્ષક નાશને યોગ્ય નથી; કારણ કે આણે અમૃત પીધું હોવાથી તે અજરામર છે. હે રાજન્ ! પ્રાણીનું જીવન, મરણ અને પરલોકમાં ગતિ પોતાનાં કર્મોથી જ થાય છે, માટે તેના વિના બીજો કોઈ સુખદુઃખ આપનાર નથી, અર્થાત્ સર્પદંશરૂપી દુષ્ટ મરણના નિમિત્તે તમારા પિતાને આ તક્ષકે દુર્ગતિ આપી છે; આવી શંકા તમારે ન કરવી. હે રાજન્ ! સર્પ, ચોર, અગ્નિ, વીજળી, ભૂખ, તરસ અને વ્યાધિ વગેરેથી પ્રાણી મરે છે, તે પોતે કરેલું કર્મ જ ભોગવે છે. માટે હિંસારૂપી ફળવાળો આ સર્પયજ્ઞ બંધ કરો; આમાં નિરપરાધી સર્પો બળી ગયા છે; પ્રાણી માત્ર પોતાનાં પ્રારબ્ધકર્મ ભોગવે છે; તેથી સર્પોનાં પ્રારબ્ધકર્મથી પ્રેરાયેલા તમારો પણ આમાં કંઈ અપરાધ નથી.'

**સૂત બોલ્યા :** બૃહસ્પતિએ એમ કહ્યું, એટલે તે મહર્ષિના વચનને માન આપતો જનમેજય 'બહુ સારું' એમ બોલ્યો અને સર્પયજ્ઞ બંધ કરી બૃહસ્પતિની તેણે પૂજા કરી. હે શૌનકાદિ ઋષિઓ ! (તમે કદાચ કહેશો કે એવા વિદ્વાનોને પણ એવો મોહ કેમ થયો કે જેથી બ્રાહ્મણના કોપથી પરીક્ષિતનું મૃત્યુ થયું અને જનમેજયના કોપથી સર્પોનો નાશ થયો ? આનો ઉત્તર આ છે કે) વિષ્ણુ ભગવાનની આ મહામાયા જાણી શકાતી નથી. જે માયાથી એ વિષ્ણુ ભગવાનનાં જ સ્વરૂપ એવાં પ્રાણીઓ, ક્રોધ વગેરે ગુણોની વૃત્તિઓથી બીજાં પ્રાણીઓ પર મોહ પામે છે, એ મહામાયા ટાળી ટળે તેમ નથી. (તો એ માયા અને તેનાં કાર્યો કઈ રીતે દૂર થાય ? તે સાંભળો : શ્રીવિષ્ણુ ભગવાનના સ્વરૂપને જાણવાપૂર્વક તેમનું ભજન કરવાથી માયાની નિવૃત્તિ થાય છે, એ અર્થનો આ ઉપસંહાર છે.) 'આ પુરુષ કપટી છે' એવી બુદ્ધિમાં તે માયાનો ઉલ્લેખ કરાય છે. પણ આત્મવાદી પુરુષો જ્યારે આત્મા સંબંધી વાદ કરે છે, ત્યારે એમાં એ માયા નિર્ભય

થઈને પ્રકાશી શકતી નથી. વળી જેમાં માયાના આશ્રયભૂત વિવિધ વિવાદ અને સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિવાળું મન પણ નથી, તેમ જ જ્યાં ઈન્દ્રિયો સાથે કર્મ તથા તે બંનેથી સધાતું સુખદુઃખાદિ ફળ નથી અને તે (કર્મ, ઈન્દ્રિયો તથા ફળ) ત્રણેવાળો અહંકારસ્વરૂપ જીવ પણ નથી અને તેથી જ જેમાં બાધ્ય તથા બાધક એ બંને ભાવ પણ દૂર થયા હોય છે, તે જ આત્મસ્વરૂપ છે; માટે મનનશીલ વિવેકી પુરુષે અહંકારાદિ ઊર્મિઓનો પોતાની મેળે જ ત્યાગ કરી તે આત્મસ્વરૂપમાં રમવું. આત્મા સિવાયની વસ્તુનો 'આ આત્મા નથી, આ આત્મા નથી.' એમ તજવા ઈચ્છતા અને આત્મા સિવાયની વસ્તુ પર પ્રેમ વિનાના પુરુષો એ આત્મસ્વરૂપને જ વિષ્ણુનું પરમ પદ કહે છે અને દેહાદિ ઉપરનો અહંભાવ તજી સમાધિનિષ્ટ થયેલા પુરુષોએ પણ ધ્યાનાદિથી હૃદયમાં ભેટીને તે જ આત્મસ્વરૂપનો નિશ્ચય કર્યો છે. (હવે આ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં કોણ અધિકારી છે, તે સાંભળો :) જેઓને શરીર તથા ઘરને લીધે ઊપજતી 'હું અને મારું' એવી દુર્જનતા (અભિમાનબુદ્ધિ) રહી નથી, તેઓ વિષ્ણુના આ પરમપદ(આત્મસ્વરૂપ)ને પામે છે. (વળી તેને પામવાનો પણ આ જ ઉપાય છે કે) લોકોનાં નિંદાવચન સહન કરવાં, કોઈનું અપમાન ન કરવું અને આ દેહ ઉપરના અહંભાવનો આશ્રય કરી કોઈ સાથે વેર ન કરવું. (આ રીતે વર્તતો મનુષ્ય આત્મસાક્ષાત્કાર કરે છે,) જેમના ચરણકમળના ધ્યાનથી આ શ્રીમદ્ ભાગવતસંહિતા હું ભણ્યો છું, તે અનંત જ્ઞાનવાળા ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું.

**શૌનકે પૂછ્યું :** હે સૌમ્ય સૂત ! વેદોના આચાર્ય અને વ્યાસના શિષ્ય મહાત્મા પૈલ વગેરે ઋષિઓએ વેદોના કેટલા વિભાગ કર્યા છે તે અમને કહો.

**સૂત બોલ્યા :** હે બ્રાહ્મણ શૌનક ! (પ્રથમ તો વેદ કેવી રીતે પ્રકટયા તે હું કહું છું) સમાધિનિષ્ઠ મનવાળા પરમેષ્ઠી બ્રહ્માના હૃદયાકાશમાંથી પ્રથમ નાદ ઉત્પન્ન થયો. તે નાદ કાન બંધ કરી શ્રોત્રેન્દ્રિયની વૃત્તિને રોકવાથી આપણને જણાય છે. વળી હે શૌનક ! તે નાદની ઉપાસના કરી યોગી લોકો અધિભૂત, અધ્યાત્મ તથા અધિદૈવ નામના પોતાના મેલ દૂર કરી મોક્ષ પામે છે. તે નાદમાંથી ત્રણ (अ, उ અને म) માત્રાવાળો, અવ્યકત ઉત્પત્તિવાળો અને હૃદયમાં પોતાની મેળે જ પ્રકાશતો ૐકાર ઉત્પન્ન થયો કે જે ૐકાર પરમાત્મા ભગવાન પરમ બ્રહ્મને જણાવનારો છે. (એ પરમાત્મા કોણ તે સાંભળો :) એ અસ્પષ્ટ ૐકારને જે સાંભળે છે તે પરમાત્મા છે. (તમે કહેશો કે તે તો જીવ સાંભળે છે; પણ ના, તેમ નથી.) કાનને બંધ કરી શ્રવણેન્દ્રિયની વૃત્તિથી રહિત થાય ત્યારે પણ તે ૐકારને પરમાત્મા જ સાંભળે છે. (જીવનું જ્ઞાન તો ઈન્દ્રયોને વશ છે, તેથી કાન બંધ થતાં જીવ સાંભળી શકે નહિ. માટે કાન બંધ કર્યા પછી જે નાદ સંભળાય છે, તે તો પરમાત્મા દ્વારા જ સંભવાય છે.) ઈશ્વર તો ઈન્દ્રિયવર્ગ કયારે શૂન્ય થાય છે, ત્યારે પણ જ્ઞાનવાળા છે. (જેમ કોઈ મનુષ્ય ગાઢ નિદ્રામાં સૂતો હોય ત્યારે પણ શબ્દ સાંભળીને જાગી ઊઠે છે, એ સમયે જીવ શ્રોતા હોતો નથી; કેમ કે ઇન્દ્રિયો તો લીન થઈ હોય છે, માટે એ વખતે શબ્દ સાંભળીને જે જગાડે છે, તે પરમાત્મા છે.) વળી એ ૐકારથી જ સ્વરવ્યંજનરૂપ અક્ષરોવાળી વાણી પ્રકટ થાય છે. એ ૐકારનું જ્ઞાન હૃદયાકાશમાં પરમાત્મા થકી થાય છે, તે ૐકાર સ્વયંપ્રકાશ પરમાત્મા બ્રહ્મને સાક્ષાત કહેનારો, સર્વ મંત્રોનું રહસ્ય, વેદોનું કારણ અને સનાતન છે. હે ભૃગુવંશી શૌનક ! એ ૐકારમાં 'अ, उ, म એ ત્રણ વર્ણો છે. તે વર્ણો અનુક્રમે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ—એ ત્રણ ગુણોને, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ —એ ત્રણ વેદોને, ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક—એ ત્રણ

લોકોને, જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ—એ ત્રણ આવસ્થાઓને ધારણ કરે છે. ભગવાન બ્રહ્માએ તે 'अ, ऊ, म,' એ ત્રણ અક્ષરોમાંથી य, र, ल, व એ ચાર અંતઃસ્થ, श, ष, स, ह એ ચાર ઉષ્માક્ષર, अ થી માંડી औ સુધીનાં સ્વરો, क् થી म् સુધીના સ્પર્શ વ્યંજનો અને હ્રસ્વ તથા દીર્ઘ વગેરે અક્ષરોનો સમુદાય ઉત્પન્ન કર્યો છે. પ્રભુ બ્રહ્માએ હોતા વગેરે ચાર ઋત્વિજોને કરવા યોગ્ય કર્મ કહેવાની ઈચ્છાથી પોતાનાં ચાર મુખો વડે ઉપર કહેલા અક્ષરસમુદાયમાંથી भूर्, भुवर्, स्वर्, એ ત્રણ વ્યાહ્યતિઓ તથા ૐકાર સહિત ચાર વેદો ઉત્પન્ન કર્યા છે. તે ચારે વેદોને બ્રહ્માએ વેદોનું ઉચ્ચાણ કરવામાં કુશળ મરીચિ વગેરે પુત્રોને ભણાવ્યા. તે પછી ધર્મનો ઉપદેશ કરનારા તે બ્રહ્મર્ષિઓએ એ વેદો પોતપોતાના પુત્રોને ભણાવ્યા. તે પછી વ્રતો ધરનારા તેમના શિષ્યોની પરંપરાથી ચાર યુગમાં વેદો ચાલુ રહ્યા અને દ્વાપરયુગના આદિમાં મહર્ષિઓએ વેદોનો વિભાગ કર્યો. કાળને લીધે મનુષ્યોને ક્ષીણ આયુષ્યવાળા, ક્ષીણ બળવાળા તથા દુષ્ટ બુદ્ધિવાળા થતા જોઈ હૃદયમાં બિરાજેલા શ્રીભગવાનની પ્રેરણા પામેલા બ્રહ્મર્ષિઓએ વેદોના વિભાગ કર્યા છે. હે બ્રાહ્મણ ! આ વૈવસ્વત મન્વંતરમાં પણ બ્રહ્મા, શંકર વગેરે લોકપાલો એ ધર્મની રક્ષા કરવા લોકોનું રક્ષણ કરનારા શ્રીભગવાનની પ્રાર્થના કરી હતી, તેથી હે મહાભાગ્યશાળી શૌનક ! તે સમર્થ ભગવાન પોતાની માયાના અંશરૂપ સત્ત્વગુણના અંશ વડે પરાશરથી સત્યવતીમાં (વેદવ્યાસરૂપે) અવતર્યા હતા અને તેમણે વેદના ચાર વિભાગ કર્યા છે. જેમ અનેક જાતના મણિઓના ઢગલામાંથી માણેક વગેરે મણિઓને અલગ અલગ કરી જુદા પાડવામાં આવે, તેમ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદના મંત્રોનું પ્રકરણોવાર જુદા જુદા તારવી, તે મંત્રોને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર સંહિતાઓ રચી છે. હે બ્રાહ્મણ શૌનક ! મહાબુદ્ધિમાન પ્રભુ વેદવ્યાસે પોતાના ચાર શિષ્યોને બોલાવી તે સંહિતાઓમાંની એક એક સંહિતા એક એકને ભણાવી. પૈલને 'બૃહ્‌વૃચા' નામની ઋગ્વેદની પહેલી સંહિતા, વૈશંપાયનને 'નિગદ' નામની યજુર્વેદ સંહિતા, જૈમિનિને સામવેદની 'છન્દો' સંહિતા અને સુમંતુ નામના પોતાના શિષ્યને અથર્વવેદની 'આંગિરસી' સંહિતા ભણાવી. પછી પૈલ મુનિએ પોતાની સંહિતા (બે ભાગ કરી) ઈન્દ્રપ્રમિતિને તથા બાષ્કલને ભણાવી અને તે બાષ્કલે પણ પોતાની સંહિતાના ચાર ભાગ કરી બોધ્ય, યાજ્ઞવલ્કય, પરાશર તથા અગ્નિમિત્ર—એ ચાર શિષ્યોને ભણાવી. હે ભૃગુવંશી શૌનક ! આત્મજ્ઞાની ઈન્દ્રપ્રમિતિએ પોતાના વિદ્વાન પુત્ર માંડૂક્ય ઋષિને પોતાની સંહિતા ભણાવી અને તેમના શિષ્ય દેવમિત્રે સૌભરિ વગેરે પોતાના શિષ્યોને ભણાવી. વળી માંડૂકેયના પુત્ર શાકલ્યે પોતાની સંહિતાના પાંચ ભાગ કરી વાત્સ્ય, મુદ્‌ગલ, શાલીય, ગોખલ્ય તથા શિશિર નામના પોતાના શિષ્યોને તે ભણાવી. શાકલ્યના શિષ્ય જાતૂકર્ણ્ય મુનિએ પોતાની સંહિતાના ત્રણ ભાગ કર્યા અને વૈદિક પદાર્થોના વ્યાખ્યાનરૂપે ચોથો નિરુકત નામનો વિભાગ કર્યો. પછી બલાક, પૈજ, વૈતાલ તથા વિરજ નામના શિષ્યોને તે વિભાગો ભણાવ્યા. બાષ્કલના પુત્ર બાષ્કલિએ પૂર્વોકત સર્વ વેદશાખાઓમાંથી 'વાલખિલ્યા' નામની એક સંહિતા રચી; એટલે બાલાયનિ, ભજ્ય તથા કાસાર નામના તેના શિષ્યો તે સંહિતા ભણ્યા. 'બૃહ્‌વૃચા' નામની આ સંહિતાઓ જ ઋષિઓએ ધારણ કરી હતી. વેદોનો આ વિસ્તાર સાંભળી મનુષ્ય સર્વ પાપોથી છૂટે છે. (હવે યજુર્વેદની તૈત્તિરીય શાખા કેવી રીતે ઉત્પન્ન થઈ, તે સાંભળો.) વૈશંપાયનના શિષ્ય (યજુર્વેદ ભણેલા હોઈ) 'ચરક' નામના અધ્વર્યુ હતા. તેઓએ પોતાના ગુરુને લાગેલું બ્રહ્મહત્યાનું

પાપ દૂર કરનારું પોતાના ગુરુએ કરવાનું વ્રત પોતે કર્યું હતું; તેથી તેઓ (ચરક) કહેવાતા હતા. વૈશંપાયનના શિષ્ય યાજ્ઞવલ્કયે ગુરુ માટે વ્રત કરતા ચરક– અધ્વર્યુઓને જોઈ ગુરુને કહ્યું : 'અહો ! હે ભગવન્ ! અલ્પ બળવાળા આ શિષ્યો વ્રત કરશે, તેથી કેટલું ફળ થવાનું છે ? (આપની બ્રહ્મહત્યા દૂર થાય તે માટે) હું એકલો મહાકઠિન પ્રાયશ્ચિત્ત કરીશ.' યાજ્ઞવલ્કયે એમ, કહ્યું એટલે ગુરુએ પણ કોપાયમાન થઈ તેને કહ્યું : 'જા ચાલ્યો જા, બ્રાહ્મણોનું અપમાન કરનાર તારા જેવા શિષ્યનું મારે કામ નથી. મારી પાસેથી તું જે ભણ્યો છે, તેને જલદી તજી દે.' દેવરાતના પુત્ર યાજ્ઞવલ્ક્ય પણ (ગુરુનું તે વચન સાંભળી) યજુર્વેદનો સમૂહ ઓકી કાઢી ત્યાંથી ચાલ્યા ગયા. પછી મુનિઓએ યજુર્વેદના સમૂહો ત્યાં જોયા; એટલે તેઓએ તેની લાલચથી તેતર પક્ષી થઈ યજુર્વેદના સમૂહો લઈ લીધા. તે ઉપરથી 'તૈત્તિરીય' નામની અતિ સુંદર યજુર્વેદની શાખા પ્રકટ થઈ. (હવે કાણ્વ તથા માધ્યંદિની આદિ શાખાઓનો પ્રસંગ સાંભળો :) હે બ્રાહ્મણ શૌનક ! પછી યાજ્ઞવલ્કયે પોતાના ગુરુ પાસે પણ ન હોય એવા વેદો મેળવવા ઈશ્વર(સૂર્યભગવાન)ની સારી રીતે સ્તુતિ કરી.

**યાજ્ઞવલ્કય બોલ્યા :** ૐ આપ સૂર્ય ભગવાનને હું નમસ્કાર કરું છું. હે દેવ ! આપ એક જ બ્રહ્માથી લઈ વનસ્પતિ સુધીનાં જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એમ ચાર પ્રકારનાં પ્રાણીસમૂહના હૃદયની અંદર આત્મસ્વરૂપે રહ્યા છો અને બહાર ક્ષણ, લવ તથા નિમિષરૂપી ભાગોથી થતાં અનેક વર્ષોવાળા કાળસ્વરૂપે રહેલા છો; છતાં આપ આકાશની પેઠે દેહ વગેરે ઉપાધિરૂપ ઢાંકણથી ઢંકાઈ જતા નથી. આપ એક જ (પોતાનાં કિરણો દ્વારા જળ લઈને પાછું તેને વરસાવી લોકોનો નિર્વાહ ચલાવો છો. હે દેવશ્રેષ્ઠ સૂર્યદેવ ! હે તપન્ ! નિત્ય ત્રણે કાળ વૈદિક કર્મમાર્ગે સ્તુતિ કરતા ભકતોનાં સમગ્ર પાપોનાં તથા દુઃખોનાં બીજરૂપ અજ્ઞાનનો નાશ કરનારા હે સૂર્ય ! આપના આ તપતા મંડળની સામે રહી ગમે તેનું સારી રીતે ધ્યાન કરીએ છીએ. આપ પોતાની આશ્રયરૂપ સ્થાવરજંગમ જીવસમૂહનાં જડ એવાં મન, ઈન્દ્રિયો તથા પ્રાણોને પોતે અંતર્યામી હોઈ પ્રેરણા કરો છો. વળી આપ એક જ પરમ દયાળુ ભગવાન, અતિ ભયંકર મુખવાળા, અંધકાર નામના અજગરરૂપી ગ્રહે ગળેલા અને તેથી જ મુડદા જેવા અચેતન થયેલા આ લોકોને જોઈને, કૃપાદ્રષ્ટિથી તેને બહલાવી, નિત્ય ત્રણે કાળ સ્વધર્મ નામના પરમાત્માની ઉપાસનામાં પ્રેરો છો; અને જો રાજા દુષ્ટ લોકોને ભય ઉપજાવતો ફર્યા કરે છે, તેમ આપ ફર્યા કરો છો. વળી ઈન્દ્ર વગેરે દિક્પાલો ત્યાં ત્યાં કમળના દોડા જેવી અંજલિઓથી આપને અર્ઘ્ય આપે છે. હે ભગવન્! બીજાઓએ હજી સુધી સ્પષ્ટ નહિ જાણેલા યજુર્વેદને મેળવવા ઈચ્છતો હું, ત્રણ જગતના ગુરુઓએ વંદન કરેલા આપના ચરણકમળને શરણે આવ્યો છું.

**સૂત બોલ્યા :** યાજ્ઞવલ્કયે ભગવાન સૂર્યનારાયણની એમ સ્તુતિ કરી તેમને પ્રસન્ન કર્યા, એટલે તે ભગવાને ઘોડાનું સ્વરૂપ ધરી બીજાઓએ કદી નહિ જાણેલા યજુર્વેદ તે મુનિને આપ્યા. પછી સમર્થ મુનિ તે યાજ્ઞવલ્કયે અગણિત યજુર્વેદો માંથી 'વાજસની' નામની પંદર શાખાઓ રચી. તે શાખાઓને કણ્વ, માધ્યંદિન વગેરે ઋષિઓએ લીધી. (હવે સામવેદની શાખાઓનો વિભાગ સાંભળો :) સામવેદને ગાતા જૈમિનિને સુમંતુ નામનો મનનશીલ પુત્ર હતો અને તે સુમંતુનો સુન્વાન નામે પુત્ર હતો. એ બંનેને જૈમિનિએ એક શાખા ભણાવી. જૈમિનિનો સુકર્મા નામનો મહાબુદ્ધિમાન શિષ્ય હતો. તે બ્રાહ્મણો સામવેદરૂપી વૃક્ષની

જુદી જુદી એક હજાર સંહિતારૂપી શાખાઓ રચી. પછી કોશલદેશ નિવાસી, હિરણ્યનાભ, પૌષ્યંજિ તથા બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ આવંત્ય, આ ત્રણ સુકર્માના શિષ્યોએ તે સર્વ સામવેદની શાખાઓ લીધી અને એ પૌષ્યંજિ, આવંત્ય તથા હિરણ્યનાભના પાંચસો શિષ્યોએ પણ તે સંહિતાઓનો બરાબર વિભાગ પ્રમાણે અભ્યાસ કર્યો. આ પાંચસો શિષ્યો ઉત્તરવાસી હતા; પણ કાળયોગે તેઓમાંના કેટલાકને પૂર્વવાસી પણ કહે છે. લૌગાક્ષિ, માંગલિ, કુલ્ય, કુસીદ અને કુક્ષિ આટલા પૌષ્યંજિના શિષ્યો સો સો સંહિતાઓ ભણ્યા હતા. હિરણ્યનાભનો કૃત નામે શિષ્ય હતો; તેણે પોતાના શિષ્યોને ચોવીસ સંહિતા ભણાવી હતી અને બાકીની પ્રસિદ્ધ શાખાઓ પણ આવંત્યઋષિએ પોતાના શિષ્યોને ભણાવી હતી. ૧-૮૦.

कृतो हिरण्यनाभस्य चतुर्विंशतिसंहिता । शिष्य ऊचे स्वशिष्येभ्यः शेषा आवन्त्य आत्मवान् ॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૬ સમાપ્ત.*

## અધ્યાય-૭

## અથર્વવેદનો વિસ્તાર અને પુરાણના વિભાગ

॥ सूत उवाच ॥

अथर्ववित्सुमन्तश्च शिष्यमध्यापयत्स्वकाम् । संहितां सोऽपि पथ्याय वेददर्शाय चोक्तवान् ॥१॥

**સૂત બોલ્યા :** (હવે અથર્વવેદનો વિભાગ સાંભળો.) અથર્વવેદ જાણનારા સુમંતુ ઋષિએ કબંધ નામના પોતાના શિષ્યને પોતાની એ સંહિતા ભણાવી અને કબંધે પણ તે સંહિતાના બે વિભાગ કરી પથ્ય તથા વેદદર્શ નામના પોતાના બે શિષ્યોને તે ભણાવી. શૌકલાયનિ, બ્રહ્મબલિ, મોદોષ અને પિપ્પલાયનિ, એ ચાર વેદદર્શના શિષ્યો હતા. (તેમને વેદદર્શે પોતાની સંહિતાના ચાર વિભાગ કરી તે ભણાવી હતી.) હવે પથ્યના શિષ્યો વિષે સાંભળો, હે બ્રાહ્મણ શૌનક ! કુમુદ, શુનક તથા જાજલિ—એ ત્રણ પથ્યના શિષ્ય હતા. તેઓ (પથ્યઋષિએ ત્રણ ભાગમાં રચેલી સંહિતા ભણી) અથર્વવેદ જાણનારા થયા હતા. શુનકના બભ્રુ અને સેંધવાયન નામના બે શિષ્યો હતા. તેઓ (શુનકે બે વિભાગમાં રચેલી) બે સંહિતા ભણ્યા હતા. સૈંધવાયન વગેરેના સાવર્ણ્ય વગેરે તથા નક્ષત્રકલ્પ, શાંતિ, કશ્યપ અને આંગિરસ વગેરે શિષ્યો હતા. તેઓ અથર્વવેદના આચાર્ય થયા હતા. હે મુનિ ! હવે પૌરાણિક આચાર્યો વિષે સાંભળો. ત્રય્યારુણિ, કશ્યપ, સાવર્ણિ, અકૃતવ્રણ, વૈશંપાયન તેમ જ હારીત—આ છ પૌરાણિક આચાર્યો હતા. (પ્રથમ વેદવ્યાસે પુરાણોની છ સંહિતાઓ રચીને મારા પિતા રોમહર્ષણને ભણાવી હતી. પછી) વ્યાસના શિષ્ય મારા પિતા રોમહર્ષણનો મુખથી તે ત્રય્યારુણિ વગેરે એક એક સંહિતા ભણ્યા હતાં અને હું તેઓનો શિષ્ય થઈ, સઘળી સંહિતાઓ ભણ્યો છું. કશ્યપ, હું, સાવર્ણિ અને પરશુરામનો શિષ્ય અકૃતવ્રણ આ અમે ચાર વ્યાસના શિષ્ય પાસેથી ચાર મૂળ પુરાણસંહિતાઓ ભણ્યા છીએ. હે બ્રહ્મન્ ! (શુકદેવજી અને પરીક્ષિતના સંવાદમાં પુરાણનું લક્ષણ જો કે જણાવ્યું છે તોપણ) વેદ તથા શાસ્ત્રો અનુસાર બ્રહ્મર્ષિઓએ પુરાણોનું જે લક્ષણું કહ્યું છે, તેને બુદ્ધિપૂર્વક સાંભળો. સર્ગ, વિસર્ગ, વૃત્તિ (સ્થાન), રક્ષા (પોષણ), મન્વંતર, વંશ, વંશાનુચરિત, સંસ્થા (એટલે નિરોધ અથવા આત્યંતિક લયરૂપી મુકિત), હેતુ (એટલે ઊતિઓ) તથા અપાશ્રય—આ દશ લક્ષણોથી જે યુકત હોય, તેને પુરાણ જાણનારાઓ પુરાણ કહે છે. હે બ્રહ્મન્ ! કેટલાક વિદ્વાનો (સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશજોનાં ચરિત્ર એવાં) પાંચ લક્ષણોવાળું હોય તેને 'પુરાણ' કહે છે. આમાં મહાપુરાણ અલ્પ (ઉપ) પુરાણ એવી વ્યવસ્થાથી પુરાણલક્ષણ સમજવાનું છે.

(અર્થાત્ જેમાં પૂર્વોકત દસે લક્ષણો જુદાં જુદાં હોય, તેને મહાપુરાણ કહે છે; અને જેમાં પાંચ લક્ષણો હોય, તેને ઉપપુરાણ કહે છે.) હવે પૂર્વોકત દસે લક્ષણોનું વિવરણ સાંભળો. પ્રકૃતિના ગુણો વિકાર પામવાથી મહતત્ત્વથી ત્રણ પ્રકારનો અહંકાર તેમ જ તે અહંકારથી શબ્દાદિ તન્માત્રાઓ, ઈન્દ્રિય, ઇન્દ્રિયોના દેવો તથા પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે, તે સર્ગ કહેવાય છે. પરમેશ્વરે કૃપા કરેલાં એ મહત્તત્ત્વ વગેરે તત્ત્વોના કાર્યરૂપ, પૂર્વકર્મોની વાસનામય અને એક બીજમાંથી જેમ બીજું બીજ ઉત્પન્ન થાય છે તેમ પ્રવાહરૂપે થયેલો સ્થાવરજંગમ જે પ્રાણીસમુદાય તેને 'વિસર્ગ' કહે છે. જંગમ પ્રાણીઓની સામાન્ય આજીવિકા સ્થાવરજંગમ બંને હોય છે. તેમાં મનુષ્યોએ પોતાની સ્વાભાવિક ઈચ્છાથી તથા શાસ્ત્રીય પ્રેરણાથી જે આજીવિકા નક્કી કરી છે, તે 'વૃત્તિ' કહેવાય છે. યુગે યુગે તિર્યંચો, મનુષ્યો, ઋષિઓ તથા દેવોમાં અચ્યુતે ભગવાનના અવતારોની જે લીલા થાય છે અને જે અવતારોથી વેદના શત્રુ દૈત્યોનો નાશ કરાય છે, તે વિશ્વની રક્ષા કહેવાય છે. મનુ, દેવો, મનુના પુત્રો, ઈન્દ્રો, ઋષિઓ અને શ્રીહરિનો અંશાવતાર – એ છ પ્રકારનો 'મન્વંતર' કહેવાય છે. અર્થાત્ (મનુ વગેરે છનો વર્ગ પોતપોતાના અધિકાર પ્રમાણે એક જ વખતે જ્યારે હોય છે, ત્યારે મન્વંતર કહેવાય છે.) બ્રહ્માથી જન્મેલા રાજાઓથી ભૂત, ભવિષ્ય ને વર્તમાન—એ ત્રણે કાળની જે સંતતિ તે વંશ અને તે વંશને ધારણ કરતા રાજાઓનું જે ચરિત્ર તે 'વંશાનુચરિત' કહેવાય છે. માયાથી થયેલા આ જગતનો નૈમિત્તિક, પ્રાકૃતિક, નિત્ય તથા આત્યંતિક – એમ ચાર પ્રકારનો જે લય થાય છે, તેને વિદ્વાનો 'સંસ્થા' કહે છે. અવિદ્યાને લીધે કર્મ કરતો અને તેથી જ આ જગતની ઉત્પત્તિનું નિમિત્ત જે જીવ તેને અહીં 'હેતુ' કહે છે, તે જીવને કેટલાક મતવાદીઓ (ચૈતન્યની મુખ્યતાથી) 'અનુશયી' કહે છે અને બીજાઓ (ઉપાધિના મુખ્યપણાથી અવ્યાકૃત કહે છે.) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ—એ ત્રણ અવસ્થાઓમાં જીવપણે વર્તતા માયામય વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞ વિષે સાક્ષીપણાથી જેનો અન્વય છે અને સમાધિ વગેરેમાં જેનો વ્યતિરેક છે, તેવા જે બ્રહ્મ તે અપાશ્રય કહેવાય છે. જેમ ઘડો વગેરે પદાર્થોમાં માટી વગેરે દ્રવ્ય સંબંધવાળું છે અને (ઘડાની બહાર પણ રહેલું હોવાથી) સંબંધવાળું નથી, વળી જેમ રૂપો તથા નામોમાં સત્તામાત્ર છે, તેમ ગર્ભાધાનથી માંડી મરણ સુધીની દેહની અવસ્થામાં જેનો (અધિષ્ઠાનપણે તથા સાક્ષીપણે) સંબંધ છે અને નથી તે બ્રહ્મ અપાશ્રય કહેવાય છે. (એ રીતે પુરાણોનાં દસે લક્ષણોની વ્યાખ્યા કહીને હવે તેમાંના દસમા લક્ષણની શોધ માટે જ મહાત્માઓ નવ લક્ષણો કહે છે, તે સાંભળો) જ્યારે જાગ્રત, સ્વપ્નને સુષુપ્તિ એ ત્રણે વૃત્તિઓ તજીને મન પોતાની મેળે જ વિરામ પામે છે અથવા યોગાનુષ્ઠાનથી વિરામ પામે છે, ત્યારે (અવિદ્યા દૂર થતાં) મનુષ્ય આત્માને જાણે છે અને કર્મવાસના અને કર્મપ્રવૃત્તિથી નિવૃત્તિ થાય છે. એમ પૂર્વોકત લક્ષણોથી જાણવા યોગ્ય મહાપુરાણો તથા ઉપપુરાણો અઢાર છે; એમ પૂર્વકાળને જાણનારા મુનિઓ કહે છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરુડપુરાણ, નારદપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કંદપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કણ્ડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ અને બ્રહ્માંડપુરાણ – આ અઢાર પુરાણ છે. હે બ્રહ્મન્ ! વ્યાસમુનિએ તથા તેમના શિષ્યો, પ્રશિષ્યો અને તેમના શિષ્યોએ રચેલો વેદશાખાઓનો આ વિસ્તાર મેં તમને કહ્યો, આનું શ્રવણ બ્રહ્મતેજ વધારનાર છે.' ૧-૨૫.

ब्रह्मन्निदं समाख्यातं शाखाप्रणयनं मुनैः । शिष्यशिष्यप्रशिष्याणां ब्रह्मतेजोविवर्धनम् ॥२५॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૭ સમાપ્ત.*

# અધ્યાય-૮

## માર્કંડેયઋષિનું ચરિત્ર

॥ शौनक उवाच ॥

सूत जीव चिरं साधो वद नो वदतां वर । तमस्यापारे भ्रमतां नृणां त्वं पारदर्शनः ॥१॥

**શૌનકે પૂછ્યું :** હે સૂત ! હે વકતાઓમાં શ્રેષ્ઠ સત્પુરુષ ! તમે ચિરંજીવ રહો. તમે અપાર અંધકારરૂપ સંસારમાં ભટકતા મનુષ્યોને સંસારનો પાર દર્શાવનારા સંસારથી મુકત કરનારા છો; માટે હજી અમને જે સાંભળવાની ઈચ્છા છે તે આપ કહો. મૃકંડના પુત્ર માર્કણ્ડેયઋષિને લોકો ઘણા જ લાંબા આયુષ્યવાળા કહે છે; તો આ જગતનો નાશ કરનાર પ્રલય વખતે એ માર્કણ્ડેયઋષિ કેમ બચી ગયા ? વળી તે માર્કણ્ડેયઋષિ આ કલ્પમાં જ અમારા કુળમાં જન્મ્યા છે અને ભૃગુવંશીઓમાં શ્રેષ્ઠ કહેવાય છે. તો હમણાં પ્રાણીઓનો કોઈ જાતનો પ્રલય તો થયો નથી, છતાં તેમના સંબંધમાં એમ કહેવાય છે કે, માર્કણ્ડેયઋષિ એકલા જ (પ્રલયકાળે) સમુદ્રમાં ફરતા હતા. તે વેળા વડનાં પાંદડાંના એક પડિયામાં સૂતેલા પુરુષાકાર એક અદ્‌ભુત બાળકને તેમણે જોયું હતું. (આ બધું કેમ ઘટે છે ?) આ અમને મોટો સંશય છે, માટે તે સંબંધી સાંભળવા અમને ઉત્કંઠા થાય છે, તો હે મહાયોગિન્ ! તે અમારા સંશયનો તમે નાશ કરો. તમે (કેવળ મહાયોગી છો, એટલું જ નથી પણ) પુરાણોના પણ જ્ઞાતા તરીકે મનાયા છો.

**સૂત બોલ્યા :** હે મહર્ષિ ! આ તમે લોકોની ભ્રાંતિનો નાશ કરનારો પ્રશ્ન કર્યો છે, તેના સમાધાનમાં કલિયુગના મેલનો નાશ કરનારી શ્રીનારાયણની કથા કહેવાય છે. માર્કણ્ડેયઋષિ પિતા દ્વારા ગર્ભાધાન વગેરે ક્રમથી ઉપનયનસંસ્કાર પામી, વેદાધ્યયન કરી, ધર્મપૂર્વક તપ તથા સ્વાધ્યાયપરાયણ રહેતા. તે નૈષ્ઠિક બ્રહ્મચારી, શાંત, જટાધારી રહી કમંડલુ, દંડ, મેખલા સહિત જનોઈ, કાળા મૃગનું ચર્મ, માળા તથા દર્ભો ધારણ કરી ધર્મની વૃદ્ધિ માટે બંને સંધ્યાસમયે અગ્નિ, સૂર્ય, ગુરુ, બ્રાહ્મણ તથા પોતામાં શ્રીહરિનું પૂજન કરતા. સવાર—સાંજ ગુરુ માટે ભિક્ષા લાવી (ગુરુને સોંપતા અને) તેમની જો રજા મળતી તો મૌન ધરી એક વાર જમતા અને રજા ન મળતી તો ઉપવાસી પણ રહેતા. એમ લાખ વર્ષ સુધી તપ અને સ્વાધ્યાયપરાયણ રહેતા માર્કંડેયઋષિએ ભગવાનનું આરાધન કરતાં મહાદુર્જય મૃત્યુને જીત્યું હતું. તેથી બ્રહ્મા, ભૃગુ, શંકર, દક્ષ, બ્રહ્માના બીજા પુત્રો, મનુષ્યો, દેવો, પિતૃઓ તથા સર્વ પ્રાણીઓ અત્યંત વિસ્મય પામ્યાં હતાં. યોગી માર્કણ્ડેય એમ બ્રહ્મચર્યવ્રત પાળીને તપ, સ્વાધ્યાય તથા સંયમથી નાશ પામેલા કલેશવાળા ચિત્તે ભગવાનનું ધ્યાન કરતા હતા. એ રીતે મહાન યોગથી ચિત્તને ભગવાનમાં રાખતા તે યોગીનો છ મન્વંતર જેટલો મોટો કાળ વીતી ગયો. તે જાણી હે શૌનક ! આ સાતમા મન્વંતરમાં ઈન્દ્રે તેમના તપથી શંકિત થઈને તેમના તપનો નાશ કરવાનો આરંભ કર્યો. તેણે ગંધર્વો, અપ્સરાઓ, કામદેવ, વસંત, મલયાચલનો વાયુ, લોભ તથા મદને માર્કણ્ડેય મુનિને ભ્રષ્ટ કરવા મોકલ્યા. હે સમર્થ શૌનક ! તેઓ ઉત્તર દિશામાં હિમાલયની પાસે ઋષિના પવિત્ર આશ્રમમાં ગયાં, જ્યાં પુષ્પભદ્રાનદી અને ચિત્રા નામની શિલા આવેલાં છે. એમનું એ આશ્રમસ્થાન પવિત્ર વૃક્ષો અને લતાઓથી યુકત, પવિત્ર બ્રાહ્મણોના સમૂહથી વ્યાપ્ત, પવિત્ર નિર્મળ જળાશવાળું, મદોન્મત્ત ભમરાઓના સંગીતવાળું, મદોન્મત્ત કોયલોના ટહુકારવાળું, મદોન્મત્ત મયૂરોરૂપી નટોના નૃત્યવિલાસોના આડંબરવાળું અને મદોન્મત્ત પક્ષીઓનાં ટોળાંઓથી વ્યાપ્ત હતું. તે આશ્રમસ્થળમાં શીતળ ઝરણાંનાં જળબિંદુઓને લઈ પુષ્પોની સુગંધ વડે વ્યાપ્ત

અને કામને જગાડતો વાયુ વાવા લાગ્યો. સાયંકાળે ચંદ્રમાના ઉદયવાળી વસંતઋતુ પ્રગટી નીકળી કે જે ઋતુ કોમળ પાંદડાં તથા ગુચ્છાઓની ઘટાઓથી ઝૂકતાં અને એકબીજાનાં ડાળાંઓ સાથે મળતાં વૃક્ષો તેમ જ લતાઓના સમૂહોથી યુકત હતી. તે વખતે ત્યાં ધનુષ્ય તથા બાણો ધારણ કરતો અને દેવાંગનાઓની સાથે રહેલો કામદેવ દેખાયો. તેની પાછળ ગવૈયા તથા વાદિત્રોના જૂથ સાથે ગંધર્વો ચાલતા હતા. ઈન્દ્રના તે સેવકોએ અગ્નિમાં હોમ કરી નેત્રો મીંચીને ત્યાં બેઠેલા માર્કંડેયઋષિને જોયા. તે ઋષિ મૂર્તિમાન અગ્નિની પેઠે પરાજય પમાડવા અશક્ય હતા. તેમની આગળ સ્ત્રીઓ નાચવા લાગી, ગંધર્વો ગાવા લાગ્યા અને મૃદંગ, વીણા તથા ઝાંઝ લઈ સુંદર વાદ્ય વગાડવા લાગ્યા. તે વખતે કામદેવે શોષણ, દીપન, સંમોહન, તાપન તથા ઉન્માદન નામનાં પાંચ મુખવાળું બાણ પોતાના ધનુષ્યમાં સાંધ્યું અને વસંતઋતુ, લોભ તથા બીજા ઈન્દ્રના સેવકો માર્કંડેયના મનને ડગાવવા લાગ્યા. બીજી બાજુ પુંજિકસ્થલી નામની અપ્સરા દડાઓ રમવા લાગી. તેની કેડ સ્તનના ભારથી ઘણી જ લચકતી હતી, કેશમાંથી પુષ્પોની માળાઓ સરકી પડતી હતી. તેની નજર આમતેમ ભમતી હતી અને દડાની પાછળ તે દોડતી હતી. તે વખતે જેની ઉપરનો કંદોરો તૂટી પડયો હતો, એવા તેના સૂક્ષ્મ વસ્ત્રને વાયુએ હરી લીધું; એટલે તે જ સમયે માર્કંડેયમુનિને પોતે જીત્યા છે એમ માની કામદેવે બાણ છોડયું પરંતુ ભાગ્યહીન મનુષ્યનો ઉદ્યમ જેમ નિષ્ફળ થાય, તેમ કામદેવની તે સર્વ ચેષ્ટા નિષ્કર્ષ થઈ એ રીતે ઈન્દ્રના સેવકો માર્કંડેય મુનિનું પ્રતિકૂળ કરવા લાગ્યા, પણ છેવટે તેઓ મુનિના તેજથી બળવા લાગ્યા; અને જેમ સર્પને જગાડીને બાળકો નાસી જાય તેમ ત્યાંથી પાછા ફર્યા. હે બ્રહ્મન્ ! ઈન્દ્રના અનુચરોનો અપરાજય કર્યો, છતાં મહામુનિ માર્કંડેય અહંકારનો વિકાર ન પામ્યા, તે એવા મહાપુરુષોમાં કંઈ આશ્ચર્ય નથી. ભગવાન ઈન્દ્ર પોતાના ગણો સાથે કામદેવને નિસ્તેજ થયેલો જોઈ તે બ્રહ્મર્ષિનો પ્રભાવ સાંભળીને પરમ આશ્ચર્ય પામ્યા. એ રીતે તપ, સ્વાધ્યાય અને સંયમ વડે ચિત્તને યોગમાં લગાડતા એ માર્કંડેયઋષિ પર કૃપા કરવા શ્રીહરિ નરનારાયણ ત્યાં પ્રગટ થયા. તે બંનેમાં એક ધોળા અને એક કાળા હતા. બંને નવાં કમળ સમાન નેત્રવાળા, ચતુર્ભુજ અને રુદ્ર મૃગનાં ચર્મ તથા વલ્કલ વસ્ત્રને ધારણ કરતા હતા. દર્ભની વીટીઓ તેમના હાથમાં હતી, જનોઈ, કમંડળ, સીધો વાંસનો દંડ, કમળકાકડીની માળા, સૂક્ષ્મ જીવોની રક્ષા માટે તેમને દૂર કરવાનું ચામર તથા વેદને ધરતા તેઓ બંને સાક્ષાત્ તપરૂપ જ હતા; કેમ કે તેઓનું સ્વરૂપ વીજળી જેવી કાંતિ વડે પ્રકાશતું હતું. કદમાં તેઓ બંને ઊંચા હતા; તેમ જ મોટા દેવો એ તેમને પૂજ્યા હતા. માર્કંડેય મુનિ ભગવાનનાં બે સ્વરૂપ એ નરનારાયણ ઋષિનાં દર્શન કરી ઘણા જ આદરથી ઊભા થઈ શરીરથી તેમને દંડવત્ નમ્યા. એ સમયે નરનારાયણના દર્શનથી થયેલા આનંદ વડે તેમનાં દેહ, ઈન્દ્રિયો તથા અંતઃકરણ શાંત થયાં, રુવાંટાં પ્રફુલ્લ બન્યાં અને નેત્રો હર્ષનાં આંસુથી ભરાઈ ગયાં, જેથી તેઓ બંનેને તે જોઈ પણ શક્યા નહિ. પછી ઊભા થઈ, બે હાથ જોડી નમ્ર થઈને ઉત્કંઠાથી તેમને જાણે ભેટી પડતા હોય તેમ ગળગળા અક્ષરથી 'नमो नमः એમ તે બંને ઈશ્વરોને તેમણે કહ્યું અને આસન લાવી આપી પગ ધોઈ અર્ધ્ય, ચંદન, ધૂપ તેમ જ પુષ્પો વડે તેમની પૂજા કરી. પછી કૃપા કરવામાં તત્પર તે નરનારાયણ મુનિ સુખપૂર્વક આસન પર બિરાજ્યા એટલે ફરી મહાપૂજ્ય તે બંનેને નમીને માર્કંડેય આ પ્રમાણે કહેવા લાગ્યા.

**માર્કંડેય બોલ્યા :** હે વ્યાપક પ્રભો ! આપે પ્રેરણા કરેલો પ્રાણ અને તેની પાછળ વાણી વગેરે ચેષ્ટા કરે છે, તે આપની હું કેવી રીતે સ્તુતિ કરું ? સર્વ પ્રાણીના, બ્રહ્માના, શંકરના તેમ જ મારા પ્રાણ પણ કેવળ આપની પ્રેરણાથી જ પ્રવૃત્તિ કરે છે. ભજન કરતા પુરુષોના આપ સ્નેહાળ બંધુ છો. હે ભગવન્!

આપ ભગવાનની આ બંને નરનારાયણ મૂર્તિ ત્રૈલોક્યનું પાલન કરવા દુઃખ દૂર કરવા અને મોક્ષ આપવા માટે છે. (અર્થાત્ આપ કોઈના પુત્ર નથી.) જગતનું રક્ષણ કરવા જેમ મત્સ્ય, કૂર્મ આદિ અનેક મૂર્તિઓ આપ ધારો છો, તેમ આ મૂર્તિ પણ આપે ધરી છે, જેમ કરોળિયો મુખમાંથી લાળ કાઢી પાછી ગળી જાય છે, તેમ આપ આ સર્વ જગતને સર્જી પાછા ગળી જાઓ છો. (અર્થાત્ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ આપ જ છો.) આપના ચરણમૂળમાં રહેલાને કર્મ, ગુણ તથ કાળનો મેલ સ્પર્શ કરી શકતો નથી; આપની પ્રાપ્તિ માટે વેદનું તાત્પર્ય જાણનારા મુનિઓ નિત્ય સ્તવે છે, પૂજે છે અને ધ્યાન કરે છે, તે સર્વરક્ષક આપના ચરણકમળને હું ભજું છું. હે ઈશ્વર ! સર્વ તરફથી ભયવાળા આ સંસારમાં મનુષ્યને મોક્ષમૂર્તિ આપના ચરણની પ્રાપ્તિ સિવાય બીજું કંઈ પણ કલ્યાણ હોય એમ અમે જાણતા નથી; કારણ કે બે પરાર્ધ વર્ષ સુધી જેનું સ્થાન રહે છે તેવા બ્રહ્મા પણ કાળસ્વરૂપ આપથી અત્યંત ડરે છે; તો બ્રહ્માએ સર્જેલાં ભૌતિક પ્રાણીઓને ભય હોય એમાં શું કહેવાનું છે ? માટે આત્માને ઢાંકી દેનાર, નિષ્ફળ, તુચ્છ, નાશવંત અને અસત્ છતાં અત્યંત અસત્ નહિ પરંતુ પ્રતીતિ માત્ર એવા દેહાદિના ભજનને તજી સત્ય જ્ઞાનસ્વરૂપ જીવના નિયંતા અને સર્વથી પર આપના ચરણકમળને હું ભજું છું. મનુષ્ય આપનું ભજન કરે તો સર્વ ઈષ્ટ અર્થ આપની પાસેથી જ પામે છે. (આપ કહો કે બ્રહ્મા અને શંકર પણ મારી મૂર્તિ છે, તો તમે મારો જ અત્યંત આદર કેમ કરો છો ? આનો ઉત્તર આ છે કે) હે ઈશ્વર ! આત્માના બંધુ ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ—એ ત્રણે ગુણો આપતી જ માયાએ રચ્યા છે અને તે ત્રિગુણાત્મક લીલા પણ જોકે આપે જ ધરી છે તો પણ તેમાં સત્ત્વગુણમય આપની જે લીલા છે, તે જ મનુષ્યોની અત્યંત શાંતિ માટે થાય છે બાકીની રજોગુણમય તથા તમોગુણમય લીલાઓથી તો દુઃખ, મોહ અને ભય જ થાય છે. માટે હે ભગવન્ ! કુશળ પુરુષો પોતાને પ્રિય આપની શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ શ્રીનારાયણને તેમ જ આપના ભકતોની મૂર્તિઓમાંની શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ શ્રીનરને આ જગતમાં ભજે છે, કારણ કે જે સત્ત્વગુણથી વૈકુંઠલોક, નિર્ભયતા અને ભોગ સાથે આત્મસુખ પ્રાપ્ત થાય છે, તે સત્ત્વગુણને આપના ભકતો ઈશ્વરનું સ્વરૂપ માને છે, પરંતુ રજોગુણ કે તમોગુણને ઈશ્વરનું સ્વરૂપ માનતા નથી. પુરુષરૂપ, વ્યાપક વિશ્વસ્વરૂપ, જગતના ગુરુ, પરમ દૈવત, શુદ્ધ વાણીને નિયમમાં રાખનારા તેમ જ વેદમાર્ગના પ્રવર્તક આપ ભગવાનના નારાયણ ઋષિને તથા નરોમાં ઉત્તમ નરઋષિને હું નમસ્કાર કરું છું. જે મનુષ્યની બુદ્ધિ કપટભરેલા ઈન્દ્રિયોના માર્ગોથી ભ્રમિત અને માયાથી ઢંકાઈ ગઈ હોય, તે પોતાની ઈન્દ્રિયોમાં, પ્રાણમાં, હૃદયમાં તથા જે નજરે દેખાય છે, તે સર્વમાં (નિયંતારૂપે) રહેલા એવા આપને જાણી પણ શકતો નથી, આ રીતે મનુષ્ય પ્રથમ અજ્ઞાની હોવા છતાં સર્વના ગુરુ આપે પ્રવર્તાવેલા વેદને પામી આપને સાક્ષાત્ જાણી શકે છે. બ્રહ્મા વગેરે જ્ઞાનીઓ સાંખ્ય તેમ જ યોગ વગેરેથી યત્ન કર્યો છતાં આપ વિષે મોહ પામે છે. વેદમાં આપનું દર્શન કરાવનારુ આત્માના રહસ્યનું પ્રકાશક જ્ઞાન વિદ્યમાન છે; આપ પણ એવા લીલા વિહારી છો કે જુદા જુદા મતવાળાઓ આપના વિષે જેવો જેવો વિચાર કરે છે, તેવાં તેવાં રૂપ—શીલ-સ્વભાવ ધારણ કરીને આપ તેમની સામે પ્રકટ થાઓ છો. વાસ્તવિકરૂપે તો આપ દેહ વગેરે સમરત ઉપાધિઓમાં છુપાયેલા વિશુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ છો. હે પુરુષોત્તમ ! આપને હું વંદન કરું છું. ૧-૪૯.

यद्दर्शनं निगम आत्मरहः प्रकाशं मुह्यन्ति यत्र कवयोऽजपरा यतन्तः ।
तं सर्ववादविषयप्रतिरूपशीलं वन्दे महापुरुषमात्मनिगूढबोधम् ॥४९॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૮ સમાપ્ત.*

## અધ્યાય-૯

## માર્કંડેયને ભગવાનની માયાનું દર્શન

॥ सूत उवाच ॥

संस्तुतो भगवानित्थं मार्कण्डेयेन धीमता । नारायणो नरसखः प्रीत आह भृगूद्वहम् ॥१॥

**સૂત બોલ્યા :** બુદ્ધિમાન માર્કંડેયમુનિએ ભગવાનની એમ સ્તુતિ કરી, એટલે નરના મિત્ર નારાયણ ભગવાન પ્રસન્ન થઈને તે ભૃગુવંશી મુનિને કહેવા લાગ્યા.

**શ્રીભગવાન બોલ્યા :** હે બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ ! ચિત્તની એકાગ્રતાપૂર્વક મારા વિષેની અસ્ખલિત ભક્તિથી, તપથી, સ્વાધ્યાયથી તથા સંયમથી તમે સિદ્ધ થયા છો. તમારા બ્રહ્મચર્યવ્રતના પાલનથી અમે તમારા પર પ્રસન્ન થયા છીએ, માટે વર આપનારાઓમાં શ્રેષ્ઠ મારી પાસેથી તમે ઇચ્છિત વર માગો, તમારું કલ્યાણ થાઓ.

**માર્કંડેય બોલ્યા :** હે દેવોના પણ દેવેશ ! હે શરણાગતની પીડા દૂર કરનારા અચ્યુત ! આપનો જય હો ! આપનાં મને દર્શન થયાં, એટલે જ વર અને પરિપૂર્ણ છે. યોગપક્વ મનથી આપના શોભાયમાન ચરણકમળનાં દર્શન કરીને પણ બ્રહ્મા વગેરે કૃતાર્થ થાય છે, તે આપ અમારી ઇન્દ્રિયોના પ્રત્યક્ષ વિષય થયા છો (તો આથી બીજો કયો ઉત્તમ વર હોય ?) તોપણ હે કમળની પાંખડીઓ સમાન નેત્રવાળા ! હે પવિત્ર કીર્તિવાળાઓના મુકુટમણિ ! જેને લીધે લોકપાલો સહિત લોક સત્ વસ્તુમાં ભેદ માને છે, તે માયા જોવા હું ઈચ્છું છું.

**સૂત બોલ્યા :** હે મુનિ શૌનક ! માર્કંડેયઋષિએ એમ સ્તુતિ અને પૂજા કરી એટલે 'તથાસ્તુ' એમ કહી ભગવાન (ઈશ્વર) મંદ મંદ હસતા બદરિકાશ્રમમાં પધાર્યા. માર્કંડેયઋષિ તે જ વિષયનું ચિંતન કરતા પોતાના આશ્રમમાં જ રહી અગ્નિ, સૂર્ય, ચંદ્ર, જળ, પૃથ્વી, વાયુ, આકાશ તથા પોતાના આત્મામાં અને બીજા સર્વ પદાર્થોમાં શ્રીહરિનું ધ્યાન કરતા મનોમય દ્રવ્યોથી તેમની પૂજા કરતા હતા અને કોઈકોઈ સમયે તો પ્રેમવૃદ્ધિના પૂરમાં તે એટલા બધા મગ્ન થઈ જતા કે જેથી ભગવાનની પૂજા પણ વીસરી જતા. હે ભૃગુશ્રેષ્ઠ શૌનક ! એક સમય પુષ્પભદ્રા નદીના કિનારે મુનિ માર્કંડેય સાયંકાળે સંધ્યોપાસના કરતા હતા, તેવામાં મોટો પવન ફૂંકાવા લાગ્યો. અને પ્રચંડ સુસવાટા કરતા તે વાયુની પાછળ ભયંકર મેઘો પ્રકટ થયા. તેઓ વીજળી સાથે મોટી ગર્જનાઓ કરતા રથની ધરીઓ જેવી જાડી વરસાદની ધારાઓથી ચારેબાજુ વરસવા લાગ્યા. પછી દિશાઓના સમુદ્રો વાયુના વેગથી ઊછળતા તરંગો વડે ભૂમંડળને ડુબાડી દેતા ત્યાં દેખાયા. એ સમુદ્રોમાં ઉગ્ર મગરમચ્છો નજરે પડતા હતા; મહાભયંકર ઘુમરીઓ ઘૂમતી હતી અને ગંભીર ગર્જનાઓથી તે ગાજતા હતા. આકાશને પણ ઓળંગી ગયેલાં, એ જળથી સૂર્યનાં પ્રખર કિરણોથી પ્રચંડ વાયુઓથી તથા વીજળીથી પોતાની સાથે ચારે પ્રકારનું જગત અંદર ને બહાર સંતાપ પામવા લાગ્યું. તેને અને પૃથ્વીને જળથી તરબોળ થયેલી જોઈને મુનિ માર્કંડેય ખિન્ન મનવાળા થઈ ભયભીત થયા. એમ તે જોઈ રહ્યા, તેટલામાં વાયુ ઉછાળેલા જળવાળા મહાસાગરને વરસતા મેઘોએ ચોતરફથી ભરી દીધો અને તરંગોથી ભયંકર થયેલા તે સમુદ્રે

દ્વીપો, ખંડો તથા પર્વતો સાથે પૃથ્વીને ઢાંકી દીધી. જોતજોતામાં પૃથ્વી તથા અંતરિક્ષમાં રહેલાં પ્રાણીઓ, સ્વર્ગમાં રહેલા દેવતાઓ, નક્ષત્રો વગેરે જયોતિર્ગણો અને દિશાઓ સહિત ત્રૈલોક્ય જળમાં ડૂબી ગયું. માત્ર તે મહામુનિ જ બાકી રહ્યા અને તે જડ તથા આંધળાની પેઠે જટાઓ છૂટી મૂકી ભટકવા લાગ્યા. ભૂખ અને તરસથી ઘેરાઈ ગયા, મગરમચ્છો અને તિમિંગલ નામનાં જળચરો તેમને દુઃખી કરવા લાગ્યાં, સમુદ્રના તરંગો અને પવન તેમને ઉછાળવા લાગ્યા, ભટકીને અપાર અંધકારમાં તે જઈ પડ્યા; દિશાઓનું તેમને ભાન રહ્યું નહિ અને થાકીને લોથપોથ થઈ ગયા. કોઈ સ્થળે પાણીની મોટી ઘૂમરીમાં તે જઈ પડતા, કોઈ ઠેકાણે ચંચળ તરંગો તેમને અફાળતા અને કોઈ ઠેકાણે એકબીજાનો વિનાશ કરતાં જળચર પ્રાણીઓ તેમને ખાવા લાગ્યાં. કોઈ સ્થળે શોક, કોઈ સ્થળે મોહ, કોઈ સ્થળે દુઃખ કોઈ સ્થળે સુખ, કોઈ સ્થળે ભય તેમ જ કોઈ સ્થળે વ્યાધિ વગેરેથી પીડાઈને મૃત્યુ જેવી સ્થિતિ તે પામવા લાગ્યા. એ રીતે વિષ્ણુની માયાથી ઘેરાયેલા મનવાળા તે મુનિને એમ ભટકતાં એક શંકુ જેટલાં વર્ષો વીતી ગયાં. પછી એક સમયે ત્યાં ભમતા તે બ્રાહ્મણે પૃથ્વીના એક ઊંચા પ્રદેશ ઉપર ફળ તથા કૂંપળોથી શોભતું કોમળ વડનું ઝાડ જોયું. અને તેના ઈશાન ખૂણામાં એક શાખાના પાંદડાંના પડિયામાં એક બાળકને સૂતેલો જોયો, જે પોતાની કાંતિથી અંધકારનો નાશ કરતો હતો. તેનો રંગ મોટા ઈન્દ્રનીલમણિ જેવો શ્યામ હતો, તેનું મુખકમળ શોભાયમાન હતું. તેની ડોક શંખ જેવી ત્રણ રેખાઓવાળી હતી, છાતી વિશાળ હતી, નાસિકા અને ભ્રૂકૂટિ સુંદર હતાં, શ્વાસથી કંપતા કેશને લીધે તે શોભતો. હતો, અંદર શંખ જેવી શોભાવાળા તેના બે કાનમાં દાડમનાં પુષ્પો ખોસ્યાં હતાં. પરવાળાં જેવી નીચલા હોઠની કાંતિથી તેનું અમૃતતુલ્ય મંદ હાસ્ય કંઈક લાલ જણાતું હતું. તેનાં નેત્રના છેડા કમળના ગર્ભ જેવા લાલ હતા, તેનાં હાસ્ય તથા દર્શન મનોહર હતાં, શ્વાસથી ચાલતી કરચલીઓથી ચંચળ ઊંડી નાભિવાળું તેનું પેટ પીપળાના પાન જેવું હતું અને સુંદર આંગળીઓવાળા બંને હાથથી ચરણકમળને ઊંચો કરી મુખમાં. મૂકી તે બાળક ધાવતો હતો. એ બાળકને જોઈ બ્રહ્મર્ષિ માર્કંડેય વિસ્મય પામ્યા. તેનું દર્શન થવાથી તેમનો થાક ઊતરી ગયો, હૃદયકમળ તથા નેત્રકમળ હર્ષથી પ્રફૂલ્લ થયાં અને શરીર રોમાંચિત બન્યું. પછી એ અદ્‌ભુત સ્વરૂપ જોવાથી શંકિત થયેલા તે મુનિ એ બાળકને પૂછવા માટે તેમની આગળ ચાલ્યા, તેવામાં તો એ બાળકના શ્વાસથી માર્કંડેયઋષિ મચ્છરની પેઠે તેના શરીરમાં પેસી ગયા અને ત્યાં આ જગત પ્રલયની પૂર્વે જેવું હતું તેવું જ તેમણે જોયું, જેથી અત્યંત વિસ્મય પામી આશ્ચર્યમાં ડૂબવાથી કંઈ વિચારી શક્યા નહિ, આકાશ, સ્વર્ગ, પૃથ્વી, નક્ષત્રગણો, પર્વતો, સમુદ્રો, દ્વીપો, ખંડો, દિશાઓ, દેવો, દૈત્ય, વનો, દેશો, નદીઓ, શહેરો, ખાણો, ખેડૂતોનાં ગામડાં, નેસડાં, આશ્રમો, વર્ગો, વર્ણાશ્રમોની આજીવિકાઓ, પાંચ મહાભૂતો, તેનાથી ઉત્પન્ન થયેલા પદાર્થો, અનેક યુગો તથા કલ્પોની કલ્પના કરાવતો કાળ તથા બીજું જે કંઈ વ્યવહારનું કારણ છે, તે સર્વ જાણે સત્ય હોય તેવું જણાતું આખું જગત માર્કંડેયે (એ બાળકના પેટમાં) જોયું; તેમ જ હિમાલય, પુષ્પભદ્રા નદી, પોતાને આશ્રમ તેમજ આશ્રમમાં જે ઋષિઓ હતા. તેઓને પણ તેમણે ત્યાં જોયા પછી તે જગતને પોતે જુએ છે, તેટલામાં તો એ બાળકના શ્વાસની બહાર નીકળી પાછા પ્રલયના સમુદ્રમાં તે જઈ પડયા. ત્યાં પૃથ્વીના ઉચ્ચ પ્રદેશ ઉપર ઊગેલા વડના ઝાડને તેમ જ

તેમના પાંદડાંના પડિયામાં સૂતેલા બાળકને તેમણે જોયો. એ બાળક પ્રેમથી અમૃત જેવી મંદહાસ્ય યુકત દૃષ્ટિ વડે માર્કંડેયઋષિને જોતો હતો. પછી અત્યંત કલેશ પામેલા મુનિ માર્કંડેય પોતાનાં નેત્ર દ્વારા હૃદયમાં બિરાજેલા બાળસ્વરૂપ ભગવાનને જોઈ તેમને ભેટી પડવા તેમની સામે ગયા, કે તે જ સમયે સાક્ષાત્ યોગાધીશ તે અંતર્યામી ભગવાન અસમર્થ મનુષ્યની અભિલાષાની પેઠે એ ઋષિ પાસેથી અદશ્ય થયા. પછી હે બ્રાહ્મણ શૌનક ! પેલો વડ, પાણી અને લોકોનો પ્રલય પણ ક્ષણવારમાં અદશ્ય થયાં ને માર્કંડેયઋષિ પૂર્વની પેઠે પોતાના આશ્રમમાં જ આવી રહ્યા. ૧-૩૪

**तमन्वय वटे ब्रह्मन् सलिलं लोकसंप्लवः । तिरोघायि क्षणादस्य स्वाश्रमे पूर्ववत् स्थितः ॥३४॥**

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૯ સમાપ્ત.*

## અધ્યાય-૧૦

## માર્કંડેયને શંકરનાં વરદાન

**॥ सूत उवाच ॥**

स एवमनुभूयेदं नारायणविनिर्मितम् । वैभवं योगमायास्तमेव शरणं ययौ ॥१॥

**સૂત બોલ્યા :** એ પ્રમાણે શ્રીનારાયણે રચેલા તે યોગમાયાના વૈભવને અનુભવી માર્કંડેયઋષિ તે ભગવાનને જ શરણે ગયા.

**માર્કંડેય બોલ્યા :** હે હરિ ! શરણાગતને અભય આપનારા આપના ચરણમૂળને હું શરણે આવ્યો છું. આપની માયા વાસ્તવમાં કેવળ પ્રતીતિમાત્ર હોવા છતાં સત્યજ્ઞાનની જેમ પ્રકાશિત થાય છે, તેનાથી વિદ્વાનોને પણ મોહ થાય છે.

**સૂત બોલ્યા :** એમ (કહી) માર્કંડેયઋષિ એકાગ્રચિત્ત થયા, તેટલામાં પાર્વતીજી સાથે પોઠિયા પર બેસી પોતાના ગણ સાથે આકાશમાં વિચરતા ભગવાન શંકરે તેમને જોયા. પછી એ ઋષિને જોઈ પાર્વતીજીએ શંકરને કહ્યું : 'હે ભગવન્ ! વાયુ શાંત હોય ત્યારે પાણી અને માછલાંનો સમૂહ જેમાં નિશ્ચળ થાય છે એવા સમુદ્રની પેઠે જેનાં દેહ, ઈંદ્રિયો અને મન નિશ્ચળ થયાં છે. એવા આ બ્રાહ્મણને આપ જુઓ! આપ તપની સિદ્ધિ આપનારા છો; માટે આના તપને સફળ કરો.

**શ્રીશંકર ભગવાન બોલ્યા :** આ બ્રહ્મર્ષિ અવિનાશી પુરુષ ભગવાનની પરમભકિત પામ્યા છે તેથી કોઈ કામતા અથવા મોક્ષને પણ ઈચ્છતા જ નથી; તોપણ હે પાર્વતી ! આપણે આ સત્પુરુષની સાથે વાતચીત કરીશું; કારણ કે પુરુષોનો સમાગમ એ જ પુરુષોને પરમ લાભ છે.

**સૂત બોલ્યા :** એમ કહી સત્પુરુષોની ગતિરૂપ અને સર્વ વિદ્યાઓ તથા સર્વ પ્રાણીઓના ઈશ્વર ભગવાન શંકર માર્કંડેયઋષિ પાસે ગયા પણ માર્કંડેયે અંતઃકરણની વૃત્તિઓ રૂંધી હતી. તેથી સાક્ષાત ઈશ્વર અને જગતના આત્મા તે શંકર પાર્વતીનું આવવું તેમણે જાણ્યું નહિ. વળી તે વખતે તે પોતાના આત્માને તથા વિશ્વને પણ જાણતા ન હતા. ભગવાન શંકર તે જાણી પોતાની યોગમાયાથી વાયુ જેમ છિદ્રમાં પ્રવેશ કરે તેમ તેમના હૃદયાકાશમાં પેઠા. મુનિ માર્કંડેય પણ હૃદયની અંદર આવેલા, વીજળી જેવી પિંગળી જટા ધારણ કરેલા, ત્રણ નેત્રવાળા, દસ ભુજાઓવાળા, શરીરે ઊંચા, ઉદય પામતા સુર્ય જેવા તેજસ્વી,

વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્ર પહેરતા અને ત્રિશૂલ, ખટ્વાંગ, ઢોલ, અક્ષમાલા, ડમરુ, કપાલ, તલવાર તેમ જ ધનુષ્ય ધારણ કરતા અને હૃદયમાં એકાએક પ્રકટેલ શંકરને જોઈ વિસ્મય પામ્યા અને 'આ શું ? આ ક્યાંથી ?' એમ વિચાર કરી તે સમાધિથી વિરામ પામ્યા. તેમણે નેત્રો ઉઘાડી જોયું તો પાર્વતીજી સાથે ત્રણે લોકના એક માત્ર ગુરુ શંકર તેમના ગણો સાથે પધાર્યા હતા. એટલે તે મુનિએ તેમને મસ્તક નમાવી પ્રણામ કર્યા અને સ્વાગતવચનથી, આસનથી, પગ ધોવાના જળથી, અર્ધ્યથી, ચંદનથી, પુષ્પની માળાથી, ધૂપથી તેમ જ દીવાથી પાર્વતીજી તથા ગણો સહિત શંકરની પૂજા કરી. અને કહ્યું : 'હે ઈશ્વર ! આપ તો પોતાના પ્રભાવથી જ પૂર્ણ કામનાવાળા છો; છતાં અમે આપનું કયું કાર્ય કરીએ ? આપને લીધે આ જગત સુખી છે. કલ્યાણસ્વરૂપ, શાંત, સત્ત્વગુણમૂર્તિ અને તેથી જ અત્યંત સુખકારક આપને નમસ્કાર છે. આપ રજોગુણયુક્ત સર્વપ્રવર્તક તેમ જ તમોગુણયુક્ત અઘોર રૂપને પણ ધારણ કરો છો; છતાં ઘોર સ્વરૂપવાળા થતા નથી, તેવા આપને નમસ્કાર હો.'

**સૂત બોલ્યા :** સત્પુરુષોની ગતિરૂપ તે આદિ દેવની માર્કંડેયે એમ સ્તુતિ કરી એટલે પ્રસન્ન અંતરવાળા તે ભગવાન પ્રસન્ન થઈ હસતા તેમને કહેવા લાગ્યા.

**શ્રીશંકરભગવાન બોલ્યા :** અમારી પાસેથી તમે વર માગો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અમે ત્રણે દેવો વર આપનારાઓના પણ ઈશ્વર છીએ. અમારું દર્શન સફળ હોય છે. અને અમારા દર્શનથી મરણશીલ મનુષ્ય પણ અમરતારૂપ મોક્ષ પામે છે. જે બ્રાહ્મણો સદાચારી, શાંત, કામનાઓ રહિત, પ્રાણીઓ પર પ્રેમ રાખનારા, અમારા અનન્ય ભક્ત, વેર વિનાના તથા સમદૃષ્ટિવાળા હોય છે; તેઓને લોકો સહિત લોકપાલો વંદન કરે છે, પૂજે છે અને ઉપાસે છે એટલું જ નહિ, પણ હું, ભગવાન, બ્રહ્મા તથા સર્વના ઈશ્વર શ્રીહરિ પોતે તેમને સેવીએ છીએ. તમારા જેવા બ્રાહ્મણો મારામાં, વિષ્ણુ ભગવાનમાં, બ્રહ્મામાં, પોતાને વિષે અને લોકો વિષે પણ લેશમાત્ર ભેદ જોતા નથી, માટે અમે તમને સેવીએ છીએ. કેવળ જળમય, તીર્થો જ તીર્થો નથી હોતાં અને કેવળ જડ મૂર્તિઓ જ દેવતાઓ નથી હોતી. સૌથી મોટાં તીર્થ અને દેવતાઓ તો તમારા જેવા સંતો છે, કારણ કે પેલાં તીર્થો અને દેવતાઓ તો મનુષ્યને લાંબે કાળે પવિત્ર કરે છે, ત્યારે તમે માત્ર દર્શનથી જ પવિત્ર કરો છો. જે બ્રાહ્મણ ચિત્તની એકાગ્રતા, તપ, સ્વાધ્યાય તથા સંયમથી અમારું વેદમય સ્વરૂપ ધારણ કરે છે, તે બ્રાહ્મણોને અમે નમીએ છીએ. તમારા જેવા બ્રાહ્મણોનાં ચરિત્રો સાંભળવાથી તથા દર્શન કરવાથી મહાપાપીઓ અને અંત્યજો પણ પવિત્ર થાય છે તો તમારા જેવા સાથે વાતચીત વગેરે કરવાથી હરકોઈ પવિત્ર થાય એમાં શું કહેવાનું હોય ?

**સૂત બોલ્યા :** ચંદ્રશેખર શ્રીશંકરનું ધર્મના રહસ્યથી પૂર્ણ અને અમૃતના સ્થાનરૂપ વચન કાને સાંભળતાં ઋષિ માર્કંડેય તૃપ્ત થયા નહિ. તે ઋષિને વિષ્ણુની માયાએ લાંબા કાળ સુધી ભમાવ્યા હતા, તેથી તે ઘણા જ દૂબળા થઈ ગયા; પણ શંકરની વાણીરૂપ અમૃતથી તેમના બધા કલેશો નાશ પામ્યા અને તે કહેવા લાગ્યા.

**માર્કંડેયઋષિ બોલ્યા :** 'અહો ! ઈશ્વરની આ લીલા પ્રાણીઓથી સમજવી મુશ્કેલ છે. એ માયાથી જગતના ઈશ્વરો પણ પોતાને વશ રહેનારાં પ્રાણીઓને નમે છે તથા સ્તવે છે. ધર્મના વકતાઓ પ્રાણીઓને ધર્મ ગ્રહણ કરાવવા પોતે પણ ધર્મ આચરે છે, અનુમોદે છે અને આચરતા ધર્મની પ્રશંસા કરે છે. જેમ કોઈ નટનો નાયક પોતાનો વેશ બદલીને પોતાના ચાકરવર્ગને પ્રણામ કરે છે, તેથી કંઈ તેના

મહિમાને દોષ થતો નથી, તેમ (કેવળ લોકોને શિક્ષણ આપવા માટે જ) પોતાની માયામય વૃત્તિવાળાં નમન વગેરે કરવાથી આપ ભગવાનનો પ્રભાવ દૂષિત થતું નથી. જેમં સ્વપ્ન જોતો જીવ મનથી સ્વપ્નસૃષ્ટિ સર્જી તેમાં પ્રવેશ કરી, ઇંદ્રિયો જ બધું કરતી હોય છે, છતાં પોતે કર્તા હોય તેવો માત્ર ભાસે છે. (ખરી રીતે પોતે સ્વપ્નસૃષ્ટિનો કર્તા નથી) તેમ આપ પણ સંકલ્પમાત્ર વડે આ જગત સર્જી તેમાં પોતે પ્રવેશ કરી જોકે સત્ત્વાદિ ગુણો જ બધું કરે છે, છતાં આપ કર્તા હો તેવા ભાસો છો. (ખરી રીતે આપ કર્તા નથી.) ત્રણે ગુણરૂપ, ત્રણે ગુણોનાં નિયંતા, કેવલસ્વરૂપ, અદ્વિતીય અને સર્વના ગુરુ આપ ભગવાનને મારા નમસ્કાર હો. હે વ્યાપક દેવ ! આપનાં સર્વોત્તમ દર્શન સિવાય બીજો ક્યો વર હું માગું? કારણ કે આપનાં દર્શનથી જ પુરુષ પૂર્ણ કામનાવાળો તથા સત્ય કામનાવાળો થાય છે. તોપણ કામનાઓની વૃષ્ટિ કરનારા આપ—પૂર્ણ પાસેથી હું એક વર માગું છું કે ભગવાન વિષે, ભગવાનના ભકતો વિષે તથા આપ વિષે મારી અવિચળ ભકિત થાઓ.

**સૂત બોલ્યા :** મુનિ માર્કંડેયે પૂજા કરીને સુંદર રીતે કહેલી વાણીથી એમ સ્તુતિ કરી, એટલે પાર્વતીએ સંમતિ આપેલા ભગવાન શંકર તેમને કહેવા લાગ્યા : ‘હે મહર્ષિ ! તમારી સર્વકામના પૂર્ણ થાઓ; તમારો પવિત્ર યશ કલ્પકાળ સુધી સ્થિર રહો અને તમને અજરામરપણું પ્રાપ્ત થાઓ; કારણ કે તમે ભગવાનમાં ભકિતવાળા છો. હે બ્રહ્મન્ ! બ્રહ્મતેજવાળા તમને ત્રણે કાળનું જ્ઞાન અને વૈરાગ્ય યુકત સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિ થાઓ તેમ જ પુરાણોનું આચાર્યપણું પ્રાપ્ત થાઓ.

**સૂત બોલ્યા :** એ રીતે મુનિને વર આપી ત્રણ નેત્રોવાળા શંકર તેમનું પહેલાંનું તપ વગેરે કર્મ તથા તેમણે ભગવાનનો માયાપ્રભાવ જે અનુભવ્યો હતો તે પાર્વતીજીને કહેતા ત્યાંથી ગયા અને ભૃગુવંશીઓમાં ઉત્તમ માર્કંડેય પણ મહાયોગનો મહિમા તથા શ્રીહરિમાં એકાંતભકતપણું પામીને હજી પણ (જગતમાં) સાક્ષાત્ કર્યા કરે છે. બુદ્ધિમાન માર્કંડેયમુનિનું આ ચરિત્ર મેં તમારી આગળ વર્ણવ્યું અને ભગવાનની માયાનો જે અદ્‌ભુત વૈભવ તેમણે અનુભવ્યો હતો. તે પણ તમને કહ્યો. (આ ચરિત્રના સંબંધમાં તમે કદાચ કહેશો કે અમારા કુળમાં જન્મેલા એ માર્કંડેયમુનિનું આ આયુષ્ય સાત કલ્પનું વૃદ્ધો કહે છે તો એમાં અને તમારા કહેવામાં વિરોધ આવે છે, તેનું કેમ ? આના સમાધાનમાં કહે છે કે) માર્કંડેયમુનિએ અનુભવેલો અનેક કલ્પરૂપી ભગવાનની માયાનો વૈભવ ઈશ્વરની ઈચ્છાથી કેવળ તેમને જ દેખાયો હતો; એ કંઈ સર્વસાધારણ નથી. ભગવાનની માયા મનુષ્યોની ઉત્પત્તિ તથા પ્રલય આદિ લક્ષણવાળી છે, એમ જેઓ જાણતા નથી, તેઓ કહે છે કે, અનાદિ, બહુ કાળ સુધી ચાલતું ભગવાનનું આ માયાચેષ્ટિત દેવતાઓનાં બે હજાર યુગે વારંવાર થયા કરે છે; પણ વિદ્વાનો તો એમ જ કહે છે કે, માયાથી બાળક બનેલા ભગવાનના શ્વાસોચ્છ્વાસથી સાતવાર માર્કંડેય મુનિ તેમના પેટમાં પેઠા હતા ને સાતવાર બહાર નીકળ્યા હતા; એમ કલ્પ માત્ર તે જ ક્ષણે થઈ ગયા હતા; (વિદ્વાનોની આ મત પ્રમાણે કંઈ વિરોધ નથી.) હે ભૃગુવંશમાં શ્રેષ્ઠ શૌનક ! ચક્રધારી શ્રીભગવાનની માયાના પ્રભાવવાળું આ માર્કંડેય ચરિત્ર એ પ્રમાણે મેં તમારી આગળ વર્ણવ્યું; તેને જે મનુષ્ય બીજાને સંભળાવે અથવા પોતે સાંભળે તેઓ બન્નેને કર્મવાસનાથી થતો આ સંસાર પ્રાપ્ત થતો નથી.૧-૪૨

य एवमेतद् भृगुवर्य वर्णितं रथाङ्गपाणेरनुभावभावितम् ।
संश्रावयेत् संश्रृणुवादुतावुभौ तयोर्न कर्माशयसंसृतिर्भवेत् ॥४२॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૦ સમાપ્ત.*

# અધ્યાય-૧૧

## મહાપુરુષનું વર્ણન તથા દરેક મહિને જુદા જુદા સૂર્યના વ્યૂહ

॥ शौनक उवाच ॥

अथेममर्थं पृच्छामो भवन्तं बहुवित्तमम् । समस्ततन्त्रराद्धान्ते भवान् भागवततत्त्ववित् ॥१॥

**શૌનકે પૂછયું :** હે ભગવાનના ભકત સૂત ! બહુશ્રુતોમાં શ્રેષ્ઠ આપને અમે આ વિષય પૂછીએ છીએ, કેમ કે આપ સમગ્ર તંત્રશાસ્ત્રના સિદ્ધાંતનું રહસ્ય જાણો છો. તાંત્રિકો ચૈતન્યઘન લક્ષ્મીપતિ ભગવાનની પૂજામાં પાદાદિ અંગોની ગરુડાદિ ઉપાંગની, સુદર્શન વગેરે આયુધોની તેમ જ કૌસ્તુભાદિ આભૂષણોની જે તત્ત્વોથી કલ્પના કરે છે, તેનું અમારી આગળ વર્ણન કરો. વળી જે ક્રિયાયોગની કુશળતાથી મનુષ્ય અજરામરપણું (મોક્ષ) પામે છે, તે ક્રિયાયોગને પણ અમે જાણવા ઈચ્છીએ છીએ, માટે તે પણ તમે મને કહો. તમારું કલ્યાણ થાઓ.

**સૂત બોલ્યા :** ગુરુઓને નમસ્કાર કરી વિષ્ણુની વિરાટ આદિ વિભૂતિઓ તમારી પાસે હું કહીશ. જે વિભૂતિઓને બ્રહ્મા વગેરે આચાર્યોએ વેદોમાં તથા તંત્રશાસ્ત્રોમાં કહી છે. પ્રકૃતિ, સૂત્રાત્મા, મહતત્ત્વ અહંકાર અને પાંચ તન્માત્રા એ નવ તત્ત્વોથી અગિયાર ઈંદ્રિયો અને પાંચ મહાભૂતો—એ સોળ વિકારોમય વિરાટ ઉત્પન્ન થયેલો છે; ચેતનાથી આશ્રિત તે વિરાટમાં ત્રણે ભુવન દેખાય છે. આ વિરાટ શરીર પરમાત્માનું સ્વરૂપ છે, તેમાં પૃથ્વી પ્રભુના ચરણ, સ્વર્ગ મસ્તક, આકાશ નાભિ, સૂર્ય નેત્ર, વાયુ નાસિકા, દિશાઓ કાન, પ્રજાપતિ તે ઈશ્વરનું લિંગ, મૃત્યુ ગદા, લોકપાલો બાહુઓ, ચંદ્ર મન, યમદેવ ભ્રૂકુટિ, લજ્જા ઊપલો હોઠ, લોભ નીચલો હોઠ, જ્યોત્સ્ના દાંત, ભ્રાંતિ હાસ્ય, વૃક્ષો રૂંવાડાં અને મેઘો તે વ્યાપક ભગવાનના કેશ છે. વળી જેમ વ્યષ્ટિપુરુષ (સામાન્ય મનુષ્ય) પોતાની (સાત વેંત) જેટલા પ્રમાણવાળો અને જેટલા અવયવવિભાગથી મપાયેલો છે; તેમ જ આ મહાપુરુષ (વિરાટ પુરુષ) પણ તેનામાં કલ્પેલાં લોકો સહિત ચરણ વગેરે અવયવોના વિભાગથી પોતાની સાત વેતનો મપાયેલો છે. અજન્મા ભગવાન કૌસ્તુભમણિના બહાને શુદ્ધ જીવ ચૈતન્યને અને તે કૌસ્તુભમણિની વ્યાપક કાંતિને વક્ષઃસ્થળમાં શ્રીવત્સરૂપે ધારણ કરે છે. અનેક ગુણમય પોતાની માયાને વનમાળાના નામે ધરે છે. વેદમય પીતાંબર પહેરે છે ને ત્રણ માત્રાવાળા છે. ૐકારને જનોઈરૂપે ધરે છે. તે ભગવાન સાંખ્ય તથા યોગરૂપી બે મકરાકાર કુંડળો પહેરે છે અને સર્વ લોકોને અભય આપનાર બ્રહ્મલોકને મુકટરૂપે ધારણ કરે છે. મૂળ પ્રકૃત્તિ એ જ તેમની શેષશય્યા છે. તેના પર ભગવાન બિરાજયા છે, તે આસનરૂપ કમળને ધર્મ તથા જ્ઞાન વગેરેથી યુકત સત્વગુણ કહે છે. માનસિક સામર્થ્ય, ઈંદ્રિયસામર્થ્ય અને દૃઢ સામર્થ્યથી યુકત મુખ્ય તત્ત્વ (પ્રાણ) છે, તે રૂપી ગદાને ભગવાન ધારણ કરે છે. અને જળતત્ત્વને ઉત્તમ શંખરૂપે તેમ જ તેજસ્તત્ત્વને સુદર્શન ચક્રરૂપે ધારણ કરે છે. વળી આકાશતત્ત્વને આકાશ જેવી શ્યામ તલવારરૂપે અને અંધકારરૂપી ઢાલ કાળરૂપી શાર્ઙ્ગધનુષ તથા કર્મમય ભાથાને ભગવાન ધારણ કરે છે. ઈંદ્રિયોને ભગવાનનાં બાણ કહે છે, ક્રિયાશક્તિયુકત મનને એ ભગવાનનો રથ કહે છે. પાંચ તન્માત્રાને એ રથનું બાહ્ય પ્રકટ રૂપ કહે છે. અને વર અભય આદિ ધારણ કરેલી મુદ્રાથી તે ભગવાન 'વર આપનાર, અભય આપનાર' ઈત્યાદિ

સ્વરૂપ ધરે છે. આ બ્રહ્માંડરૂપ મંડલ જ ભગવાનની પૂજાનું સ્થાન છે. અંતઃકરણની શુદ્ધિ તે મંત્રદીક્ષા છે અને પોતાનાં સમસ્ત પાપોનો-દોષોનો નાશ કરી દેવો એ જ ભગવાનની પૂજા છે. છ ઐશ્વર્ય 'ભગ' શબ્દનો અર્થ છે, તેને ભગવાન લીલાકમળરૂપે (હાથમાં) ધારણ કરે છે, અને ધર્મ તથા યશને ભગવાન ચામરરૂપે ધરે છે. હે બ્રાહ્મણો ! સર્વ તરફથી નિર્ભય વૈકુંઠધામને ભગવાન છત્રરૂપે ધારણ કરે છે અને ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ એ જ ભગવાનનું ગરુડ નામનું વાહન છે, જે અંતર્યામી ભગવાનને વહે છે. ભગવાનથી કદી જુદી ન થનારી આત્મશકિતનું નામ જ લક્ષ્મી છે અને પંચરાત્ર વગેરે. તે તંત્રશાસ્ત્રોમાં પ્રસિદ્ધ વિષ્વક્સેન ભગવાનના પાર્ષદોના અધિપતિ તરીકે જાણીતો છે, તેમ જ અણિમા વગેરે અષ્ટ સિદ્ધિઓરૂપ ગુણો શ્રીહરિના નંદ વગેરે દ્વારપાલો છે. હે બ્રાહ્મણે શૌનક ! વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ એ ચાર સ્વરૂપે ભગવાન પોતે જ છે, જે (અધ્યાત્મશાસ્ત્રમાં ચાર પ્રકારે ઉપાસના કરવા યોગ્ય) 'મૂર્તિવ્યૂહ' કહેવાય છે. (એ ચાર મૂર્તિની ઉપાસના આ રીતે થાય છે.) વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ તથા તુરીય આમ ચાર સ્વરૂપે અનુક્રમે ઇંદ્રિયોરૂપ ઉપાધિવાળી જાગ્રત અવસ્થાથી, મનરૂપ ઉપાધિવાળી સ્વપ્નાવસ્થાથી, અજ્ઞાનરૂપ ઉપાધિવાળી સુષુપ્તિ અવસ્થાથી અને એ ત્રણેથી પર તુરીયાવસ્થાથી તે ભગવાન જણાય છે, એમ અંગ, ઉપાંગ, આયુધો તથા આભૂષણોથી જણાયેલા ભગવાન શ્રીહરિ, વાસુદેવ આદિ ચાર મૂર્તિઓરૂપ થઈને વિશ્વ, તેજસ આદિ ચાર સ્વરૂપો ધરે છે. આમ વિશ્વ આદિ ચાર સ્વરૂપો ધરવા છતાં તે ભગવાન ઈશ્વરરૂપે જ રહે છે. (નિયંતારૂપે મટી જીવરૂપે થતા નથી.) હે બ્રાહ્મણશ્રેષ્ઠ શૌનક ! તે ભગવાન વેદના કારણરૂપ, સ્વયંપ્રકાશ અને પોતાના મહિમાથી પરિપૂર્ણ છે અને પોતાની માયાથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવના નામથી આ જગતને સર્જે છે, પાળે છે તથા સંહારે છે, છતાં આ બધાં કર્મોથી તેમનું જ્ઞાનસ્વરૂપ કદી આવૃત્ત નથી. ભગવાન શાસ્ત્રોમાં જાણે જુદા જુદા સ્વરૂપવાળા થયા હોય તેમ વર્ણવાય છે. (પણ ખરી રીતે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ ને મહેશરૂપે પણ જાદા નથી.) કારણ કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશની ઉપાસના કરનારાઓ પણ અંતઃકરણમાં આત્મસ્વરૂપે ભગવાનને જ પામે છે. 'હે અર્જુનના મિત્ર ! હે યાદવોમાં શ્રેષ્ઠ ! હે પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશને બાળનાર ! હે અક્ષીણ પરાક્રમવાળા ! હે ગોપીઓના સમૂહ તથા ભકતોએ ગાયેલી પવિત્ર કીર્તિવાળા ! 'હે શ્રવણ કરતાં જ મંગળ કરનાર ! હે ગોવિંદ ! હે શ્રીકૃષ્ણ ! ભકતોનું રક્ષણ કરો.' હે શૌનક ! જે મનુષ્ય પ્રભાતમાં ઊઠી, પવિત્ર થઈ ભગવાનમાં ચિત્ત સ્થાપી, આ મહાપુરુષનાં લક્ષણોનો (મનમાં) પાઠ કરે છે. તે હૃદયગુહામાં રહેલા બ્રહ્મને જાણે છે.

**શૌનકે પૂછયું :** ભગવાન શુકદેવજીએ શ્રવણ કરતા પરીક્ષિત રાજાને (પંચમ સ્કંધમાં) કહ્યું છે કે, ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો તથા દેવો—આમ સાત સાતનો એક એક સૂર્યગણ પ્રત્યેક મહિને બદલાય છે. માટે પોતાના અધીશ્વરો સહિત તે સાતે ગણોનાં નામ તથા કર્મ તમે અમને કહો; કારણ કે સૂર્ય સ્વરૂપ શ્રીહરિના તે વ્યૂહ પર અમને શ્રદ્ધા છે

**સૂત બોલ્યા :** સર્વ પ્રાણીઓના આત્મા શ્રીવિષ્ણુભગવાનની અનાદિ માયાએ રચેલા આ લોક યાત્રાના પ્રવર્તક-સૂર્ય લોકોમાં ફર્યા કરે છે. સૃષ્ટિના કર્તા શ્રીહરિ પોતે જ સર્વના અંતર્યામીરૂપે સૂર્ય બનેલા છે; અને તે એક જ છે; તોપણ સર્વ વૈદિક ક્રિયાઓનું મૂળ હોઈ તે તે ઉપાધિથી જ ઋષિઓએ તેમને અનેક

સ્વરૂપે કહ્યા છે. હે બ્રાહ્મણ શૌનક ! (કાળનું સ્વરૂપ ધરતા શ્રીહરિના બાર સૂર્યરૂપી જે ભેદ છે, તે ક્રિયાની ઉપાધિથી જ રચાયેલા છે; એમ દર્શાવવા પ્રથમ સર્વ કર્મોમાં પ્રવૃત્તિ માટે માયાએ કરેલા નવ ભેદ કહું છું) પ્રાતઃકાળ વગેરે કાળ, દેશ, અનુષ્ઠાનરૂપ ક્રિયા, બ્રાહ્મણાદિ કર્તા, સ્રુવો વગેરે સાધન, યજ્ઞાદિ કાર્ય, મંત્ર વગેરે આગમ, ડાંગર વગેરે દ્રવ્ય અને સ્વર્ગ આદિ ફળ—આમ એક જ શ્રીહરિને માયાથી નવ પ્રકારે કહ્યા છે. તેમાં કાળસ્વરૂપ ધરતા ભગવાન લોકયાત્રાના નિર્વાહ માટે જુદા જુદા બાર ગણો સાથે ચૈત્ર વગેરે બાર મહિનાઓમાં ફરે છે. હે શૌનકમુનિ ! ધાતા નામના સૂર્ય, પુલસ્ત્ય નામના ઋષિ, તુંબુરુ નામે ગંધર્વ, કૃતસ્થલી નામે અપ્સરા, વાસુકિ નામનો નાગ, રથકૃત નામે યક્ષ અને હેતિ નામે રાક્ષસ-આ સાત ચૈત્ર મહિનામાં ફરે છે. અર્યમા સૂર્ય, પુલહ ઋષિ, નારદ ગંધર્વ, પુંજિકસ્થલી અપ્સરા, કચ્છનીર નાગ, અથૌજસ યક્ષ અને પ્રહેતિ રાક્ષસ-આ સાત વૈશાખ મહિનામાં ફરે છે, મિત્ર નામના સૂર્ય, અત્રિ ઋષિ, હાહા ગંધર્વ, મેનકા અપ્સરા, તક્ષક નાગ, સ્થસ્વન યક્ષ અને પૌરુષેય રાક્ષસ-આ જયેષ્ઠ માસમાં ફરે છે. વરુણ નામના સૂર્ય, વસિષ્ઠ ઋષિ, હૂહૂ ગંધર્વ, રંભા અપ્સરા, શુક નાગ, સહજન્ય યક્ષ અને ચિત્રસ્વત રાક્ષસ—આ અષાડ માસમાં ફરે છે. ઈંદ્ર સૂર્ય, અંગિરા ઋષિ, વિશ્વાવસુ ગંધર્વ, પ્રમ્લોચા અપ્સરા, એલાપત્ર નાગ, શ્રેતા યક્ષ અને વર્ય રાક્ષસ આ શ્રાવણ માસમાં કરે છે. વિવસ્વાન સૂર્ય, ભૃગુઋષિ, ઉગ્રસેન ગંધર્વ, અનુમ્લોચા અપ્સરા, શંખપાલ નાગ, અસાધારણ યક્ષ અને વ્યાઘ્ર રાક્ષસ આ ભાદ્રપદ માસમાં ફરે છે. પૂષા સૂર્ય, ગૌતમ ઋષિ, સુષેણ ગંધર્વ, ઘૃતાચી અપ્સરા, ધનંજય નાગ, સુરુચિ યક્ષ તેમ જ વાત રાક્ષસ-આ માઘ માસમાં ફરે છે. પર્જન્ય સૂર્ય, ભરદ્વાજ ઋષિ, વિશ્વ ગંધર્વ, સેનજિત અપ્સરા, ઐરાવત નાગ, ક્રતુ, યક્ષ અને વર્ચા રાક્ષસ—એ ફાલ્ગુન માસમાં ફરે છે. અંશુ સૂર્ય, કશ્યપ ઋષિ, ઋતસેન ગંધર્વ, ઉર્વશી અપ્સરા, મહાશંખ નાગ, તાર્ક્ષ્ય યક્ષની અને વિદ્યુચ્છત્રુ રાક્ષસ—એ માર્ગશીર્ષ માસમાં ફરે છે. ભગ સૂર્ય, આયુ ઋષિ, અરિષ્ટનેમિ ગંધર્વ, પૂર્વાચિતિ અપ્સરા, કર્કોટક નાગ, ઊર્ણ યક્ષ અને સ્ફૂર્જ રાક્ષસ—એ પોષ માસમાં ફરે છે. ત્વષ્ટા સૂર્ય, જમદગ્નિ ઋષિ, ધૃતરાષ્ટ્ર ગંધર્વ, તિલોત્તમા અપ્સરા, કંબલ નાગ, શતજિત્ યક્ષ અને બ્રહ્માપેત રાક્ષસ—આશ્વિન માસમાં ફરે છે. વિષ્ણુ નામના સૂર્ય, વિશ્વામિત્ર ઋષિ, સૂર્યવર્ચા ગંધર્વ, રંભા અપ્સરા, અશ્વતર નાગ, સત્યજિત્ યક્ષ અને મખાપેત રાક્ષસ—આ કાર્તિક માસમાં ફરે છે. ભગવાન વિષ્ણુસ્વરૂપ સૂર્યની આ વિભૂતિઓ દરરોજ બન્ને સંધ્યા સમયે સ્મરણ કરતાં મનુષ્યોનાં પાપોનો નાશ કરે છે. આ સૂર્યદેવ ગંધર્વ વગેરે અન્ય છની સાથે બાર મહિનાઓમાં ચોતરફ ફરતા મનુષ્યોને આ લોકમાં તથા પરલોકમાં સદ્‌બુદ્ધિ આપે છે. ઋષિઓ સૂર્યનું વર્ણન કરતા, સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સૂર્યની સ્તુતિ કરે છે, ગંધર્વો તેમનાં ગુણગાન ગાય છે, અપ્સરાઓ તેમની આગળ નાચે છે, નાગો તેમના રથને બાંધે છે, યક્ષો તેમના રથને જોડી તૈયાર કરે છે. અને બળવાન રાક્ષસો તેમના રથને પાછળથી ધકકો મારી ચલાવે છે. વાલખિલ્ય નામે સાઠ હજાર બ્રહ્મર્ષિઓ, સૂર્ય સામે મુખ રાખી સ્તોત્રોથી તેમની સ્તુતિ કરે છે, અને આગળ આગળ ચાલે છે. એમ આદિ અંતરહિત, અજન્મા અને સર્વના નિયંતા ભગવાન શ્રીહરિ પ્રત્યેક કલ્પમાં પોતાના સ્વરૂપના વિભાગ કરી લોકોનું રક્ષણ કરે છે. ૧-૫૦

एवं ह्यनादिनिधनो भगवान् हरिरीश्वरः । कल्पे कल्पे स्वमात्मानं व्यूह्य लोकानवत्यजः ॥५०॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૧ સમાપ્ત.*

# અધ્યાય-૧૨

## શ્રીમદ્ ભાગવતની વિષયાનુક્રમણિકા

॥ सूत उवाच ॥

नमो धर्माय महते नमः कृष्णाय वेधसे । ब्राह्मणेभ्यो नमस्कृत्य धर्मान्वक्ष्ये सनातनान् ॥१॥

**સૂત બોલ્યા :** શ્રીહરિભકિતરૂપ મહાન ધર્મને નમસ્કાર હો ! અને જગતના વિધાતા શ્રીકૃષ્ણને નમસ્કાર કરી, આ પુરાણમાં કહેલા સનાતન ધર્મો (ટૂંકમાં) હું કહું છું. હે બ્રાહ્મણો ! તમે મને પૂછયું હતું તે શ્રીવિષ્ણુ ભગવાનનું આ અદ્‌ભુત અવતાર ચરિત્ર મેં તમને કહ્યું. તે સૌ કોઈ મનુષ્યોને શ્રવણ કરવા યોગ્ય છે. આ શ્રીમદ્ ભાગવતમાં સર્વ પાપોનો નાશ કરનાર, ઇંદ્રિયોના નિયંતા અને ભકતોના પતિ ભગવાન સ્વયં શ્રીનારાયણ હરિનું વર્ણન છે. આ શ્રીમદ્ ભાગવતમાં જગતની ઉત્પત્તિ તથા વિનાશનું કારણ નિર્ગુણ બ્રહ્મ કહ્યું છે. તેમ જ અપરોક્ષ જ્ઞાન સુધીનું જ્ઞાન તથા તેનો પ્રકાશ કરનારાં સાધનો પણ કહ્યાં છે. વળી આમાં ભક્તિયોગ તથા ભકિતયોગથી પ્રાપ્ત ને વૈરાગ્ય સારી રીતે કહેલ છે. તેમાં (પ્રથમ સ્કંધમાં) પરીક્ષિત રાજાનું આખ્યાન (તે રાજાના જન્માદિનો પ્રસંગ કહેવા) નારદજીનું આખ્યાન, બ્રાહ્મણના શાપથી રાજર્ષિ પરીક્ષિતનું અનશન તથા બ્રાહ્મણોમાં ઉત્તમ શુકદેવજી અને પરીક્ષિતરાજાનો સંવાદ કહ્યો છે. (દ્વિતીય સ્કંધમાં) યોગધારણોથી અર્ચિરાદિ ગતિ, નારદ તથા બ્રહ્માનો સંવાદ, અવતારનું વર્ણન અને મહત્તત્ત્વાદિના ક્રમથી પ્રધાન કાર્ય વિરાટની ઉત્પત્તિ વર્ણવી છે. (તૃતીય સ્કંધમાં) વિદુરજી તથા ઉદ્ધવજીનો સંવાદ, વિદુરજી તથા મૈત્રેયનો સંવાદ, પુરાણ સંહિતા સંબંધી પ્રશ્ન, પ્રલયસમયે મહાપુરુષથી (મૌન રહેવારૂપી) સ્થિતિ, પ્રકૃતિથી થનારા ગુણોનો વિહાર, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ મહાભૂતો એ સાતની તથા વિકારોની ઉત્પત્તિ કહી છે. પછી જેમાં વિરાટપુરુષ વ્યાપ્ત છે, તે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થૂલ તથા સૂક્ષ્મ કાળની ગતિ (લોકાત્મક) કમળની ઉત્પત્તિ, સમુદ્રમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરવા હિરણ્યાક્ષનો વધ; દેવોની, પશુ-પક્ષીઓની તથા મનુષ્ય વગેરેની સૃષ્ટિ, રુદ્રદેવની સૃષ્ટિ, બ્રહ્માના શરીરના એક અર્ધ ભાગથી પુરુષની અને બીજા અર્ધ ભાગથી સ્ત્રીની ઉત્પત્તિ કે જેનાથી સ્વાયંભુવ મનુ તથા સ્ત્રીઓમાં પ્રથમ અને ઉત્તમ પ્રકૃતિરૂપ શતરૂપા થયાં. પછી કર્દમ પ્રજાપતિની ઉત્પત્તિ, મહાત્મા કપિલભગવાનનો અવતાર તથા બુદ્ધિમાન કપિલદેવ સાથે દેવહૂતિનો સંવાદ વર્ણવ્યો છે. (ચતુર્થ સ્કંધમાં) મરીચિ આદિ નવ બ્રાહ્મણોની ઉત્પતિ, તેમની ધર્મપત્નીઓનો વંશવિસ્તાર, દક્ષયજ્ઞનો નાશ, ધ્રુવચરિત્ર, પૃથુચરિત્ર, પ્રાચીનબર્હિષ રાજાનું ચરિત્ર તથા નારદનો અને પ્રાચીન બર્હિષનો સંવાદ કહ્યો છે. તે પછી (પંચમ સ્કંધમાં) હે બ્રાહ્મણો ! પ્રિયવ્રતરાજાનું ચરિત્ર, નાભિરાજાનું ચરિત્ર, ઋષભદેવનું ચરિત્ર અને ભરતનું ચરિત્ર વર્ણવ્યું છે તેમ જ દ્વીપો, ખંડો, સમુદ્રો, પર્વતો તથા નદીઓનું વર્ણન કર્યું છે. પછી જ્યોતીશ્વરની અને પાતાલ તથા નરકની સ્થિતિ વર્ણવી છે. (ષષ્ઠ સ્કંધમાં) પ્રચેતાઓથી દક્ષનો જન્મ, તેની પુત્રીઓની દેવો, અસુરો, મનુષ્યો, પશુપક્ષીઓ તથા વૃક્ષો વગેરે સંતતિ અને વૃત્રાસુરનો જન્મ તથા નાશનું વર્ણન કર્યું છે. હે બ્રાહ્મણો ! પછી (સપ્તમ સ્કંધમાં) દિતિના પુત્ર હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુના જન્મ તથા મરણ અને દૈત્યના રાજા મહાત્મા પ્રહ્‌લાદનું ચરિત્ર વર્ણવ્યું છે. (અષ્ટમ સ્કંધમાં) મન્વંતરોનું વર્ણન, ગજેન્દ્રનો મોક્ષ, મન્વંતરોમાં વિષ્ણુ ભગવાનના હયગ્રીવ વગેરે અવતારો, કૂર્માવતાર, ધન્વંતરિ અવતાર, મત્સ્યાવતાર, વામન અવતાર, દેવતાઓને અમૃત પાવા જગત્પતિ ભગવાને ક્ષીરસમુદ્રનું

મંથન કરાવ્યું તથા દેવો અને અસુરોનું યુદ્ધ વર્ણવ્યું છે, (નવમા સ્કંધમાં) રાજાઓનું વર્ણન, ઈક્ષ્વાકુ રાજાનો જન્મ, તેનો વંશ, મહાત્મા સુદ્યુમ્નનું ચરિત્ર, ઈલાનું આખ્યાન, તારાનું આખ્યાન, સૂર્યવંશનું વર્ણન, શશાદ અને નૃગ વગેરે રાજાઓ, સુકન્યાનું આખ્યાન, શર્યાતિ રાજાનું ચરિત્ર, બુદ્ધિમાન કકુત્સ્થ, ખટ્વાંગ, માંધાતા, સૌભરિ, સગર તથા કોશલદેશના રાજા રામચંદ્રજીનાં પાપોનો નાશ કરનારાં ચરિત્રો કહ્યાં છે, તેમ જ નિમિરાજાના શરીરનો ત્યાગ, જનકવંશીરાજાઓની ઉત્પત્તિ, ભૃગુવંશીમાં શ્રેષ્ઠ પરશુરામે પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી તેનું વર્ણન, સોમવંશમાં પ્રથમ રાજા ઐલનું, યયાતિનું, નહુષનું દુષ્યંતના પુત્ર ભરતનું, શંતનુનું તથા તેના પુત્ર ભીષ્મનું ચરિત્ર વર્ણવ્યું છે, જે યયાતિના મોટા પુત્ર યદુરાજાનો વંશ વર્ણવ્યો છે જે વંશમાં જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણનો વસુદેવને ઘેર જન્મ થયો હતો તથા ગોકુળમાં વૃદ્ધિ પામ્યા હતા. પછી (દશમ સ્કંધ) અસુરોના શત્રુ ભગવાન શ્રીકૃષ્ણનાં અપાર કર્મો વર્ણવ્યાં છે. (તેમાંનાં મુખ્ય મુખ્ય આ પ્રમાણે છે :) પૂતનાના પ્રાણ સાથે શ્રીકૃષ્ણ તેનું ધાવણ પીવું, બાળક છતાં ગાડું ઉછાળી નાખ્યું, તૃણાવર્તનો વધ કર્યો, બકાસુરને માર્યો, વત્સાસુરને હણ્યો, મિત્રો સહિત દોનુકાસુરનો નાશ કર્યો, પ્રલંબાસુરને માર્યો, ચોતરફ ફેલાતા દાવાનળથી ગોવાળિયાઓનું રક્ષણ કર્યું, કાલિયનાગને વશ કર્યો, અજગરથી નંદરાયને છોડાવ્યા, જે વ્રતથી અચ્યુતભગવાન પોતે પ્રસન્ન થયા હતા તે ગોપકન્યાઓના કાત્યાયનીવ્રતનું વર્ણન, યજ્ઞ કરનારા બ્રાહ્મણોની પત્નીઓ પર શ્રીકૃષ્ણે કૃપા કરી, બ્રાહ્મણોને પશ્ચાત્તાપ, ગોવર્ધનનો ઉદ્ધાર, ઈન્દ્રે શ્રીકૃષ્ણની પૂજા કરી, કામધેનુએ અભિષેક કર્યો, રાત્રિઓમાં શ્રીકૃષ્ણે સ્ત્રીઓ સાથે ક્રીડા કરી, દુષ્ટ બુદ્ધિવાળા શંખચૂડનો, અરિષ્ટાસુરનો તથા કેશી દૈત્યોનો વધ, અક્રૂરનું ગોકુળમાં આવવું, પછી શ્રીકૃષ્ણ તથા બળદેવનું મથુરામાં જવું, વ્રજની સ્ત્રીઓનો વિલાપ, મથુરા નગરીનું અવલોકન, કુવલયાપીહ હાથીનો, મુષ્ટિકનો, ચાણૂરનો તેમ જ કંસ વગેરેનો વધ, સાંદીપનિ ગુરુના મરેલા પુત્રને પાછો લાવવો, મથુરામાં ઉદ્ધવજી તથા બળરામની સાથે રહી શ્રીહરિએ યાદવોનું પ્રિય કર્યું તેનું વર્ણન તે પછી હે બ્રાહ્મણો ! જરાસંધે આણેલા સૈન્યનો વારંવાર નાશ, કાલયવનનો નાશ, દ્વારકાનગરી વસાવવી, યુદ્ધમાં શત્રુઓનો નાશ કરી રુકિમણીનું હરણ, દેવલોકમાંથી સુધર્મા સભા ને કલ્પવૃક્ષનું લાવવું, ઓખાહરણ સમયે મહાદેવજીને યુદ્ધમાં બગાસાં ઉત્પન્ન કર્યા બાણાસુરના બાહુઓ કાપ્યા, પ્રાગ્જ્યોતિષ નગરના રાજા ભૌમાસુરનો વધ કરી કન્યાઓનું હરણ, શિશુપાલ, પૌંડ્રક, શાલ્વ, દુર્મતિ દંતવક્ત્ર, શંબરાસુર, દ્વિવિદ વાનર, પીઠ, મુર દૈત્ય અને પંચજન વગેરેનું બળ પરાક્રમ તથા તેઓનો નાશ, કાશીનગરનો દાહ અને પાંડવોને નિમિત્ત કરી પૃથ્વીનો ભાર ઉતારવો વગેરે વર્ણવ્યું છે. પછી (એકાદશ સ્કંધમાં) બ્રાહ્મણના શાપને બહાને પોતાના કુળનો સંહાર અને જેમાં સમગ્ર આત્મવિદ્યા તથા ધર્મનિર્ણય કહ્યો છે, તે શ્રીકૃષ્ણ તથા ઉદ્ધવજીનો અદ્‌ભુત સંવાદ છે અને પછી પોતાના યોગપ્રભાવથી શ્રીકૃષ્ણનું મનુષ્યપણામાંથી અંતર્ધાન વર્ણવ્યું છે. પછી (દ્વાદશ સ્કંધમાં) યુગોનું લક્ષણ, તે તે યુગને અનુસરતી વૃત્તિ, કલિયુગના મનુષ્યોમાં ધર્મવિનાશ, ચાર પ્રકારનો પ્રલય, પ્રાકૃતિકી, નૈમિત્તિકી અને નિત્ય એમ ત્રણ પ્રકારની ઉત્પત્તિ, પરમજ્ઞાની રાજર્ષિ પરીક્ષિતનો દેહત્યાગ, વેદવ્યાસકૃત વેદશાખાઓની રચના, માર્કણ્ડેયની ઉત્તમ કથા, મહાપુરુષની પૂજામાં અંગોની કલ્પના તથા જગતના આત્મારૂપ સૂર્યના ગણોનું વર્ણન કર્યું છે. તે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! તમે મને જે પૂછ્યું હતું તે મેં અહી કહ્યું છે. આ શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની લીલાઓ, અવતારો તેમ જ કર્મોનું સંપૂર્ણ વર્ણન કર્યું છે. મનુષ્ય પડી જાય, ઠોકર ખાય, દુઃખી હોય, છીંક ખાય, અથવા કોઈ પરાધીન અવસ્થામાં આવી પડે,

ત્યારે 'हरये नमः' એમ ઉચ્ચ સ્વરે જો બોલે, તો સર્વ પાપોથી છૂટે છે. જેમને પ્રભાવ સાંભળવાથી, જેમનું કીર્તન કરવાથી તે અનંત ભગવાન મનુષ્યોના ચિત્તમાં પ્રવેશ કરી સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે અને મોટો પવન જેમ વાદળાંને વિખેરી નાખે છે તેમ મનુષ્યોનાં સમગ્ર દુઃખનો નાશ કરે છે. જે કથાઓમાં ઇંદ્રિયોનું જ્ઞાન જેમને પહોંચી શકતું નથી એવા ભગવાન વર્ણવાતા નથી તે કથાઓ મિથ્યાવાણી રૂપ અને દુષ્ટ છે; માટે જેથી ભગવાનના ગુણો પ્રકટ થતા હોય તે જ વચન સત્ય, મંગલરૂપ અને પવિત્ર છે. જેમાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનના યશનું વર્ણન કર્યું હોય, તે જ વચન નવું નવું થઈ મનને આનંદકારક, રુચિકર ને મોટા ઉત્સવસ્વરૂપ અને મનુષ્યોના શોકરૂપી સમુદ્રને સૂકવનાર થાય છે. જાતજાતની પદરચનાવાળું જે વચન જગતને પવિત્ર કરનાર શ્રીહરિના યશનું કદી વર્ણન કરતું નથી, તે કાગડાનું તીર્થ છે. (કાગડા જેવા દુષ્ટ મનુષ્યોને આનંદ આપનાર થાય છે); પણ હંસ જેવા જ્ઞાની પુરુષો તેને સેવતા નથી, કારણ કે જ્યાં અચ્યુત ભગવાન હોય છે; ત્યાં પવિત્ર સાધુપુરુષો એકઠા થાય છે. જે વાણીનો પ્રયોગ સુંદર વાક્યરચનાવાળો ન હોય તો પણ જેમાં પ્રત્યેક વાક્યમાં ભગવાનના યશથી અંકિત નામો હોય છે, તે જ જનસમૂહનાં પાપોનો નાશ કરે છે, કારણ કે સત્પુરુષો ભગવાનનાં નામોને જ બીજાઓ કહે છે ત્યારે સાંભળે છે. કોઈ શ્રોતા મળે તો તેને સંભળાવે છે અને કોઈ શ્રોતા નથી મળતો તો પોતે જ ગાયા કરે છે. બ્રહ્મનું પ્રકાશક અને ઉપાધિને દૂર કરનારું જ્ઞાન પણ ભગવાનની ભકિતથી જો રહિત હોય, તો લગારે શોભતું નથી, તો સર્વોત્તમ છતાં ઈશ્વરને અર્પણ નહિ કરેલું કર્મ તો ક્યાંથી જ શોભે ? કારણ કે હરકોઈ કર્મ (સાધનકાળે તથા ફળકાળે પણ સર્વથા) દુઃખરૂપ જ હોય છે. વર્ણાશ્રમના આચાર, તપ અને શાસ્ત્ર આ સર્વમાં મોટો પરિશ્રમ કરવો, તે તો (છેવટે) યશ તથા લક્ષ્મીને જ મેળવી આપે છે; પણ શ્રીહરિના ગુણાનુવાદનું શ્રવણ વગેરે કરવાથી તે લક્ષ્મીપતિ ભગવાનનાં ચરણકમળનું કદી વિસ્મરણ થતું નથી અને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળને કદી ન વીસરતાં તે અમંગળોનો નાશ કરે છે, શાંતિ આપે છે. અંતઃકરણને શુદ્ધ કરે છે. પરમાત્મા વિષે ભકિત ઉત્પન્ન કરે છે તથા વિજ્ઞાન અને વૈરાગ્ય સહિત જ્ઞાન આપે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! અત્યંત આનંદની વાત છે કે તમે ઘણા ભાગ્યશાળી છો; કારણ કે તમે નિત્ય ભકિતયુકત થઈ સર્વના આત્મારૂપ, સર્વના ઉપાસ્ય અને જેમનો બીજો કોઈ દેવ નથી એવા ઈશ્વર (નારાયણને) નિરંતર અંતઃકરણમાં સ્થાપી તેમનું ભજન કરો છો. પૂર્વે (ગંગાકિનારે) પરીક્ષિત રાજા અનશન લઈ બેઠા ત્યારે મોટા મોટા ઋષિઓના સાંભળતાં તે સભામાં મહર્ષિ શુકદેવજીના મુખથી (આ ભાગવતરૂપ) આત્મતત્ત્વ મેં સાંભળ્યું હતું તેને તમે મને યાદ કરાવ્યું છે. હે બ્રાહ્મણો ! જેમનાં મહાન કર્મો વર્ણન કરવા યોગ્ય છે તે વાસુદેવ ભગવાનનું આ સર્વ અશુભોનો નાશ કરનારું માહાત્મ્ય મેં તમને કહ્યું. જે શ્રદ્ધાળુ મનુષ્ય એક પ્રહર સુધી અથવા એક ક્ષણ પણ બીજા વિષય પર લક્ષ્ય કર્યા વિના આ રીતે ભગવાનનાં ચરિત્રો નિત્ય (બીજાને) સંભળાવે અથવા પોતે સાંભળે તે (કેવળ દેહને જ પવિત્ર નથી કરતો પણ) સાક્ષાત્ આત્માને જ પવિત્ર કરે છે. જે મનુષ્ય બારશ અથવા એકાદશીના દિવસે ભોજન ન કરી આ શ્રીમદ્ ભાગવતનું સાવધાન થઈ શ્રવણ કરે અથવા એનો પાઠ કરે તે લાંબા આયુષ્યવાળો થઈ પાપરહિત થાય છે. પુષ્કર મથુરા અથવા દ્વારકાક્ષેત્રમાં ઉપવાસ કરી એકાગ્રચિત્તે આ શ્રીમદ્ ભાગવત સંહિતાનો પાઠ કરી મનુષ્ય સમગ્ર ભયમાંથી છૂટે છે. આ પુરાણના વકતા તથા શ્રોતાના સર્વ મનોરથોને દેવો, મુનિઓ, સિદ્ધો, પિતૃઓ, મનુષ્યો તથા રાજાઓ પૂર્ણ કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ ભણી મધ, ઘી, તથા દૂધની નદીરૂપ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનું ફળ, મેળવે છે. તે જ

ફળ આ પુરાણસંહિતા ભણવાથી પામે છે. તેમ જ બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય સાવધાન થઈ આ પુરાણસંહિતા ભણી ભગવાને કહેલું પરમપદ પામે છે. બ્રાહ્મણો આ પુરાણ ભણી બુદ્ધિ પામે, ક્ષત્રિય સમુદ્ર સુધીની પૃથ્વી મેળવે, વૈશ્ય ધનભંડારનો સ્વામી થાય અને શૂદ્ર પાપથી શુદ્ધ થાય છે. બીજા શાસ્ત્રોમાં કલિયુગના મેલના સમૂહોના નાશ કરનાર અને સર્વના ઈશ્વર શ્રીહરિનાં વારંવાર ગાન કર્યા નથી પણ આ ભાગવતશાસ્ત્રમાં તે કથાઓના પ્રસંગોમાં પદે પદે સર્વસ્વરૂપ શ્રીભગવાનનાં ગાન કર્યા છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયરૂપ રજોગુણ વગેરે જેમની શકિતઓ છે, અને બ્રહ્મા, ઇંદ્ર તથા શંકર વગેરે દેવો પણ જેમની સ્તુતિ જાણતા નથી તે અજન્મા, અનંત અને આત્મતત્ત્વરૂપ, એકરસ સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાનને હું નમસ્કાર કરું છું. પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રારૂપ નવ શકિતઓના વિસ્તાર વડે જેમણે વિષે જ સ્થાવરજંગમ પ્રાણીઓના સ્થાનની રચના કરી છે, તેવા માત્ર એક જ્ઞાનસ્વરૂપ અને દેવશ્રેષ્ઠ તે સનાતન ભગવાનને મારા નમસ્કાર હો ? જેમનું ચિત્ત કેવળ આત્મસુખથી સંપૂર્ણ છે અને તેથી જ જેમણે બીજા સર્વ વિષયો તરફનો ભાવ દૂર કર્યો છે. છતાં ભગવાનની સુંદર લીલાઓએ જેમની આત્મસુખ વિષેની સ્થિરતા આકર્ષી છે, તે શુકદેવજીએ કૃપા કરી ભગવાનના તત્ત્વનો પ્રકાશ કરનારા અને સર્વ પાપોનો નાશ કરનારા આ ભાગવત પુરાણનો વિસ્તાર કર્યો છે. તે વ્યાસપુત્રને હું પ્રણામ કરું છું. ૧-૬૮

स्वसुख निभृतचेतास्तद्व्युदस्तान्यभावोऽप्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयम् ।
व्यतनुत कृपया यस्तत्वदीपं पुराणं तमखिलवृजिनघ्नं व्याससूनुं नतोऽस्मि ॥६८॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૨ સમાપ્ત.*

## અધ્યાય-૧૩

## પુરાણ સંખ્યા તથા શ્રીમદ્ ભાગવતના દાનનું માહાત્મ્ય

॥ सूत उवाच ॥

यं ब्रह्मा वरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवैर्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

**સૂત બોલ્યા :** બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર તથા વાયુ વગેરે દેવો દિવ્ય સ્તોત્રોથી અને અંગ, પદ, ક્રમ તથા ઉપનિષદો સહિત વેદોથી જેમની સ્તુતિ કરે છે. સામવેદના ગાનારાઓ જેમને ગાય છે. યોગીના ધ્યાન વડે સ્થિર થઈ જેમને વિષે આસકત થયેલા મન વડે જેમનો સાક્ષાત્કાર કરે છે તેમ જ દેવગણો તથા અસુરગણો જેમનો અંત જાણતા નથી, તે દેવને હું નમસ્કાર કરું છું (ક્ષીરસમુદ્રના મંથનસમયે) પીઠ પર ભમતા મંદરાચલના મોટા પથ્થરોની અણીઓ વડે શરીર ઘસાવાથી (સુખ થતાં) જેમને નિદ્રા આવતી હતી, તે કચ્છપ અવતારી ભગવાનના શ્વાસના વાયુ તમારું રક્ષણ કરો કે જે શ્વાસ વાયુના સંસ્કારના અંશો હજુ પણ રહેલા હોવાને લીધે સમુદ્રમાં ભરતીઓના રૂપે જળમાં નિરંતર હલનચલન થયા કરે છે, તે હજી સુધી કદી અટકતું નથી. હવે પુરાણોની સંખ્યા શ્રીમદ્ ભાગવતનો વિષય, પ્રયોજન, દાન અને દાનનું માહાત્મ્ય તેમ જ પાઠ વગેરેનું માહાત્મ્ય હું તમને કહું છું તે સાંભળો. બ્રહ્મપુરાણ દશ હજાર શ્લોકનું, પદ્મપુરાણ પંચાવન હજાર શ્લોકનું, વિષ્ણુપુરાણ ત્રેવીસ હજાર શ્લોકનું, શિવપુરાણ ચોવીસ હજાર શ્લોકનું, શ્રીમદ્ ભાગવત અઢાર હજાર શ્લોકનું, નારદપુરાણ પચીસ હજાર

શ્લોકનું, માર્કણ્ડેપુરાણ નવ હજાર શ્લોકનું, અગ્નિપુરાણ પંદર હજાર અને ચારસો શ્લોકનું, ભવિષ્યપુરાણ ચૌદ હજાર ને પાંચસો શ્લોકનું, બ્રહ્મવૈવર્તપુરાણ, અઢાર હજાર શ્લોકનું, લિંગપુરાણ, અગિયાર હજાર શ્લોકનું, વરાહપુરાણ, ચોવીસ હજાર શ્લોક, સ્કંદપુરાણ એકાશી હજાર અને એકસો શ્લોકનું, વામન પુરાણ સત્તર હજાર શ્લોકનું, કૂર્મપુરાણ દસ હજાર શ્લોકનું, ગરુડપુરાણ ઓગણીસ હજાર શ્લોકનું અને બ્રહ્માંડપુરાણ બાર હજાર શ્લોકનું છે. એમ પુરાણોના શ્લોકસમૂહની સંખ્યા ચાર લાખની કહી છે, તેમાં શ્રીમદ્ ભાગવત અઢાર હજાર શ્લોકનું મનાયું છે. આ શ્રીમદ્ ભાગવતને પૂર્વે નાભિકમળમાં બેઠેલા અને સંસારથી ભય પામેલા બ્રહ્મા આગળ ભગવાને કૃપાથી પ્રકટ કર્યું હતું. આ પુરાણ આદિ, મધ્ય તથા અંતમાં વૈરાગ્યવાળા આખ્યાનોથી યુક્ત હોઈ આમાંની શ્રીહરિની લીલા કથાઓને સમૂહરૂપી અમૃત વડે સત્પુરુષો તથા દેવોને આનંદ પ્રાપ્ત થાય છે. સર્વ વેદાંતના સારરૂપ, મોક્ષરૂપ જ પ્રયોજનવાળી અને બ્રહ્મ તથા જીવાત્માની એકતારૂપ લક્ષણવાળી અદ્વિતીય વસ્તુ આ પુરાણનો વિષય છે. જે મનુષ્ય ભાદરવા મહિનાની પૂનમે સુવર્ણના સિંહાસન સહિત શ્રીમદ્ ભાગવતનું દાન કરે છે, તે પરમ ગતિ પામે છે. સંતોની સભામાં બીજાં પુરાણની શોભા ત્યાં સુધી જ રહે છે જયાં સુધી સર્વશ્રેષ્ઠ ભાગવતપુરાણનું દર્શન થતું નથી, શ્રીમદ્ ભાગવતને સર્વ વેદાંતોના સારરૂપ માન્યું છે. અને શ્રીમદ્ ભાગવતના રસરૂપી અમૃતથી જે મનુષ્ય તૃપ્ત થયો, તેને બીજા કોઈ ગ્રંથ ઉપર પ્રીતિ થતી નથી. નદીઓમાં જેમ ગંગા, દેવોમાં જેમ વિષ્ણુ ભગવાન અને વૌષ્ણવોમાં જેમ શંકર ઉત્તમ છે, જેમ સર્વ ક્ષેત્રોમાં કાશી સર્વોત્તમ છે, તેમ હે બ્રાહ્મણો ! પુરાણોના સમૂહોમાં આ શ્રીમદ્ ભાગવત સર્વોત્તમ છે, આ શ્રીમદ્ ભાગવતપુરાણ અત્યંત નિર્મળ છે. ભગવાનના પરમ ભકતોનું તે પ્રિય છે. આ પુરાણોમાં આ શ્રીમદ્ ભાગવત ઉત્તમ છે. પુરાણમાં જીવન્મુક્ત પરમહંસોના માયારહિત નિર્મળ અદ્વિતીય શ્રેષ્ઠ જ્ઞાન જ છે. આમાં જ્ઞાન, ભકિત અને વૈરાગ્ય સહિત કર્મબંધનથી મુક્ત થવાનો માર્ગ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આનું ભકિતપૂર્વક શ્રવણ, પઠન અને મનન કરનાર મનુષ્ય મુકત બની જાય છે. જેમણે આ શ્રીમદ્ ભાગવતરૂપી અતુલ દીપક પ્રથમ કૃપાથી બ્રહ્મા આગળ પછી બ્રહ્મારૂપે નારદઋષિ આગળ, નારદરૂપે મુનિ વેદવ્યાસ આગળ, વેદવ્યાસરૂપે યોગેન્દ્ર શુકદેવજી પાસે અને શુકદેવજી સ્વરૂપે પરીક્ષિતરાજાની પાસે પ્રકટ કર્યો છે. તે સર્વોત્કૃષ્ટ શુદ્ધ, નિર્મળ, પરબ્રહ્મ અને શોકરહિત અમૃતસ્વરૂપ પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. જેમણે મોક્ષની ઈચ્છાવાળા બ્રહ્માને કૃપાથી આ શ્રીમદ્ ભાગવતપુરાણ કહ્યું હતું તે સર્વસાક્ષી વાસુદેવ ભગવાનને નમસ્કાર હો, જેમણે સંસારરૂપી સર્પથી દંશાયેલા પરીક્ષિતરાજાને તેથી મુકત કર્યા, તે બ્રહ્મસ્વરૂપ યોગેન્દ્ર શુકદેવજીને નમસ્કાર હો. હે દેવોના ઈશ્વર ! પ્રત્યેક જન્મમાં આપના ચરણમાં અમને જેમ ભકિત થાય, તેમ આપ કરો; કારણ કે હે પ્રભો આપ અમારા સ્વામી છો. જેમનું નામકીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે અને જેમને કરેલા પ્રણામ સર્વ દુ:ખોને શાંત કરે છે તે પરમેશ્વર શ્રીહરિને હું નમસ્કાર કરું છું. ૧-૨૩

नामसङ्कीर्तनं यस्य सर्वपापप्रणाशनम् । प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥२३॥

*ઈતિ શ્રીમદ્ ભાગવતમાહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય-૧૩ સમાપ્ત.*

**દ્વાદશ સ્કંધ સમાપ્ત**

## શ્રીમદ્ભાગવત-માહાત્મ્ય

આ શ્રીમદ્ભાગવત માહાત્મ્ય સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં માર્ગશીર્ષ માહાત્મ્યમાં - (અધ્યાય ૧૬)
સ્વયં શ્રીભગવાનના શ્રીમુખેથી બ્રહ્માજીને કહેવાયેલ છે

**શ્રીમદ્ભાગવતં નામ પુરાણં લોકવિશ્રુતમ્ । શ્રૃણુયાચ્છ્રદ્ધયા યુક્તો મમ સન્તોષકારણમ્ ॥૧॥**

લોકવિખ્યાત શ્રીમદ્ભાગવત નામના પુરાણનું શ્રદ્ધાયુક્ત થઈને પ્રતિદિન શ્રવણ કરવું જોઈએ. આ જ મારા સંતોષનું કારણ છે. (૧)

**નિત્યં ભાગવતં યસ્તુ પુરાણં પઠતે નરઃ । પ્રત્યક્ષરં ભવેત્તસ્ય કપિલાદાનજં ફલમ્ ॥૨॥**

જે મનુષ્ય પ્રતિદિન ભાગવતપુરાણનો પાઠ કરે છે તેને એક-એક અક્ષરના ઉચ્ચારણ સાથે કપિલા ગાયનું દાન આપવાનું પુણ્ય મળે છે. (૨)

**શ્લોકાર્ધં શ્લોકપાદં વા નિત્યં ભાગવતોદ્ભવમ્ । પઠતે શ્રૃણુયાદ્ યસ્તુ ગોસહસ્ત્રફલં લભેત્ ॥૩॥**

જે મનુષ્ય પ્રતિદિન ભાગવતના અડધા શ્લોકનો અથવા એક-ચતુર્થાંશ શ્લોકનો પાઠ કરે છે અથવા તેનું શ્રવણ કરે છે તેને એક હજાર ગાયોના દાનનું ફળ મળે છે. (૩)

**યઃ પઠેત્ પ્રયતો નિત્યં શ્લોકં ભાગવતં સુત । અષ્ટાદશપુરાણાનાં ફલમાપ્નોતિ માનવઃ ॥૪॥**

હે પુત્ર ! જે પ્રતિદિન પવિત્રચિત્ત થઈને ભાગવતના એક શ્લોકનો પાઠ કરે છે તે મનુષ્ય અઢાર પુરાણોના પાઠનું ફળ મેળવી લે છે. (૪)

**નિત્યં મમ કથા યત્ર તત્ર તિષ્ઠન્તિ વૈષ્ણવાઃ । કલિબાહ્યા નરાસ્તે વૈ યેઽર્ચયન્તિ સદા મમ ॥૫॥**

જ્યાં નિત્ય મારી કથા થાય છે ત્યાં વિષ્ણુ-પાર્ષદો, પ્રહ્લાદ વગેરે વિદ્યમાન રહે છે. જે મનુષ્યો હંમેશાં મારા ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તેઓ કળિના અધિકારથી મુક્ત છે, તેમના પર કળિનો વશ ચાલતો નથી. (૫)

**વૈષ્ણવાનાં તુ શાસ્ત્રાણિ યેઽર્ચયન્તિ ગૃહે નરાઃ । સર્વપાપવિનિર્મુક્તા ભવન્તિ સુરવન્દિતાઃ ॥૬॥**

જે મનુષ્યો પોતાના ઘરમાં વૈષ્ણવ-શાસ્ત્રોની પૂજા કરે છે તેઓ બધાં પાપોમાંથી મુક્ત થાય છે અને દેવતાઓ તેમને વંદન કરે છે. (૬)

**યેઽર્ચયન્તિ ગૃહે નિત્યં શાસ્ત્રં ભાગવતં કલૌ । આસ્ફોટયન્તિ વલ્ગન્તિ તેષાં પ્રીતો ભવામ્યહમ્ ॥૭॥**

જે લોકો કળિયુગમાં પોતાના ઘરમાં દરરોજ ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તેઓ પ્રભુના પ્રેમમાં તરબોળ રહી આત્માનંદમાં મગ્ન રહે છે અને હું તેમના પર પ્રસન્ન થાઉં છું. પછી તેને કળિયુગનો શો ભય ? (૭)

**યાવદ્દિનાનિ હે પુત્ર શાસ્ત્રં ભાગવતં ગૃહે । તાવત્ પિબન્તિ પિતરઃ ક્ષીરં સર્પિર્મધૂદકમ્ ॥૮॥**

હે પુત્ર ! મનુષ્ય જેટલા દિવસો માટે પોતાના ઘરમાં ભાગવતશાસ્ત્ર રાખે છે તેટલો સમય તેના પિતૃઓ દૂધ, ઘી, મધ અને મીઠું જળ પીએ છે. (૮)

**યચ્છન્તિ વૈષ્ણવે ભક્ત્યા શાસ્ત્રં ભાગવતં હિ યે । કલ્પકોટિસહસ્ત્રાણિ મમ લોકે વસન્તિ તે ॥૯॥**

જે લોકો વિષ્ણુભક્ત મનુષ્યને ભક્તિપૂર્વક ભાગવતશાસ્ત્ર સમર્પિત કરે છે તેઓ હજારો કરોડ કલ્પો (અનંત કાળ) સુધી મારા વૈકુંઠધામમાં નિવાસ કરે છે. (૯)

**યેઽર્ચયન્તિ સદા ગેહે શાસ્ત્રં ભાગવતં નરાઃ । પ્રીણિતાસ્તૈશ્ચ વિબુધા યાવદાભૂતસંપ્લવમ્ ॥૧૦॥**

જે લોકો હંમેશાં પોતાના ઘરમાં ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તેઓ જાણે કે એક કલ્પના સમય માટે તમામ દેવતાઓને તૃપ્ત કરી દે છે. (૧૦)

**શ્લોકાર્ધં શ્લોકપાદં વા વરં ભાગવતં ગૃહે । શતશોઽથ સહસ્ત્રૈશ્ચ કિમન્યૈઃ શાસ્ત્રસંગ્રહૈઃ ॥૧૧॥**

જો પોતાના ઘરમાં ભાગવતશાસ્ત્રનો અડધો શ્લોક અથવા એક-ચતુર્થાંશ શ્લોક પણ હોય છે તો એ ઘણી ઉત્તમ વાત છે, એ સિવાયના સેંકડો-હજારો પ્રકારના અન્ય ગ્રંથોના સંગ્રહથી શો લાભ ? (૧૧)

**ન યસ્ય તિષ્ઠતે શાસ્ત્રં ગૃહે ભાગવતં કલૌ । ન તસ્ય પુનરાવૃત્તિર્યામ્યપાશાત્ કદાચન ॥૧૨॥**

જે મનુષ્યના ઘરમાં કળિયુગમાં ભાગવતશાસ્ત્ર મોજૂદ હોતું નથી તેને યમરાજના પાશમાંથી ક્યારેય છુટકારો મળતો નથી. (૧૨)

**કથં સ વૈષ્ણવો જ્ઞેયઃ શાસ્ત્રં ભાગવતં કલૌ । ગૃહે ન તિષ્ઠતિ યસ્ય શ્વપચાદધિકો હિ સઃ ॥૧૩॥**

જેના ઘરમાં આ કળિયુગમાં ભાગવતશાસ્ત્ર મોજૂદ હોતું નથી તેને વૈષ્ણવ કેમ જાણવો ? તે તો ચાંડાલથી પણ વધારે નીચ છે. (૧૩)

**સર્વસ્વેનાપિ લોકેશ કર્તવ્યઃ શાસ્ત્રસંગ્રહઃ । વૈષ્ણવસ્તુ સદા ભક્ત્યા તુષ્ટ્યર્થં મમ પુત્રક ॥૧૪॥**

હે લોકેશ્વર બ્રહ્મા ! પુત્ર ! મનુષ્યે હંમેશાં ભક્તિપૂર્વક મને સંતુષ્ટ કરવા માટે પોતાનું સર્વસ્વ આપી દઈને પણ વૈષ્ણવશાસ્ત્ર સંઘરી રાખવું જોઈએ. (૧૪)

**યત્ર યત્ર ભવેત્ પુણ્યં શાસ્ત્રં ભાગવતં કલૌ । તત્ર તત્ર સદૈવાહં ભવામિ ત્રિદશૈઃ સહ ॥૧૫॥**

કળિયુગમાં જ્યાં જ્યાં પવિત્ર ભાગવતશાસ્ત્ર મોજૂદ હોય છે ત્યાં ત્યાં હું દેવતાઓ સહિત સદૈવ હાજર હોઉં છું. (૧૫)

**તત્ર સર્વાણિ તીર્થાનિ નદીનદસરાંસિ ચ । યજ્ઞાઃ સપ્તપુરી નિત્યં પુણ્યાઃ સર્વે શિલોચ્ચયાઃ ॥૧૬॥**

એટલું જ નહીં, ત્યાં નદ, નદી અને સરોવરરૂપે બધાં જ પ્રસિદ્ધ તીર્થો વાસ કરે છે; ત્યાં સમસ્ત યજ્ઞો, સાત પુરીઓ અને તમામ પવિત્ર પર્વતો નિત્ય નિવાસ કરે છે. (૧૬)

**શ્રોતવ્યં મમ શાસ્ત્રં હિ યશોધર્મજયાર્થિના । પાપક્ષયાર્થં લોકેશ મોક્ષાર્થં ધર્મબુદ્ધિના ॥૧૭॥**

હે લોકેશ ! ધર્માત્મા મનુષ્ય યશ, ધર્મ અને વિજય માટે તથા પાપના ક્ષય માટે અને મોક્ષની પ્રાપ્તિ માટે મારા ભાગવતશાસ્ત્રનું સદૈવ શ્રવણ કરવું જોઈએ. (૧૭)

**શ્રીમદ્ભાગવતં પુણ્યમાયુરારોગ્યપુષ્ટિદમ્ । પઠનાચ્છ્રવણાદ્ વાપિ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૧૮॥**

આ પવિત્ર પુરાણ શ્રીમદ્ભાગવત આયુષ્ય, આરોગ્ય અને પુષ્ટિ આપનારું છે; એનો પાઠ કરવાથી કે એનું શ્રવણ કરવાથી મનુષ્ય બધાં પાપોમાંથી મુક્ત થઈ જાય છે. (૧૮)

**ન શ્રૃણ્વન્તિ ન હૃષ્યન્તિ શ્રીમદ્ભાગવતં પરમ્ । સત્યં સત્યં હિ લોકેશ તેષાં સ્વામી સદા યમઃ ॥૧૯॥**

હે લોકેશ ! જે લોકો આ પરમ ઉત્તમ ભાગવત સાંભળતા નથી અને નહિ સાંભળીને પ્રસન્ન જ રહે છે તેમના સ્વામી હંમેશાં યમરાજ જ છે (તેઓ હંમેશાં યમરાજના જ વશમાં રહે છે) — આ હું સાચેસાચું કહી રહ્યો છું. (૧૯)

**ન ગચ્છાતિ યદા મર્ત્યઃ શ્રોતું ભાગવતં સુત । એકાદશ્યાં વિશેષેણ નાસ્તિ પાપરતસ્તતઃ ॥૨૦॥**

હે પુત્ર ! જે મનુષ્ય હંમેશાં, ખાસ કરીને એકાદશીએ ભાગવત સાંભળવા જતો નથી તેનાથી અધિક પાપી અન્ય કોઈ નથી. (૨૦)

**શ્લોકં ભાગવતં ચાપિ શ્લોકાર્ધં પાદમેવ વા । લિખિતં તિષ્ઠતે યસ્ય ગૃહે તસ્ય વસામ્યહમ્ ॥૨૧॥**

જેના ઘરમાં ભાગવતનો એક શ્લોક, અડધો શ્લોક અથવા શ્લોકનું એક ચરણ પણ લખેલું હોય છે તેના ઘરમાં હું નિવાસ કરું છું. (૨૧)

**સર્વાશ્રમાભિગમનં સર્વતીર્થાવગાહનમ્ । ન તથા પાવનં નૃણાં શ્રીમદ્ભાગવતં યથા ॥૨૨॥**

મનુષ્ય માટે સમસ્ત પવિત્ર આશ્રમોની યાત્રા અથવા સમસ્ત તીર્થોનાં સ્નાન પણ એટલાં પવિત્ર કરનાર નથી કે જેટલું શ્રીમદ્ભાગવત છે. (૨૨)

**યત્ર યત્ર ચતુર્વક્ત્ર શ્રીમદ્ભાગવતં ભવેત્ । ગચ્છામિ તત્ર તત્રાહં ગૌર્યથા સુતવત્સલા ॥૨૩॥**

હે ચતુર્મુખ ! જ્યાં જ્યાં ભાગવતની કથા થાય છે. ત્યાં ત્યાં હું એ રીતે જાઉં છું કે જે રીતે પુત્રવત્સલ ગાય પોતાના વાછરડાની પાછળ-પાછળ જાય છે. (૨૩)

**મત્કથાવાચકં નિત્યં મત્કથાશ્રવણે રતમ્ । મત્કથાપ્રીતમનસં નાહં ત્યક્ષ્યામિ તં નરમ્ ॥૨૪॥**

જે મારી કથા કહે છે, જે હંમેશાં મારી કથા સાંભળવામાં રત રહે છે તથા જે મારી કથાથી મનોમન પ્રસન્ન થાય છે તે મનુષ્યનો ત્યાગ હું ક્યારેય કરતો નથી. (૨૪)

**શ્રીમદ્ભાગવતં પુણ્યં દૃષ્ટ્વા નોત્તિષ્ઠતે હિ યઃ । સાંવત્સરં તસ્ય પુણ્યં વિલયં યાતિ પુત્રક ॥૨૫॥**

હે પુત્ર ! જે મનુષ્ય પરમ પુણ્યમય શ્રીમદ્ભાગવતશાસ્ત્રને જોઈને પોતાના આસન પરથી ઊભો થઈ જતો નથી તેનું એક વર્ષનું પુણ્ય નાશ પામે છે. (૨૫)

**શ્રીમદ્ભાગવતં દૃષ્ટ્વા પ્રત્યુત્થાનાભિવાદનૈઃ । સમ્માનયેત તં દૃષ્ટ્વા ભવેત્ પ્રીતિર્મમાતુલા ॥૨૬॥**

જે શ્રીમદ્ભાગવત પુરાણને જોઈને ઊભો થાય છે, તેને પ્રણામ કરે છે – એ રીતે તેનું સન્માન કરે છે તે મનુષ્યને જોઈને મને અનુપમ પ્રીતિ (આનંદ) થાય છે. (૨૬)

**દૃષ્ટ્વા ભાગવતં દુરાત્ પ્રક્રમેત્ સમ્મુખં હિ યઃ । પદે પદેઽશ્વમેધસ્ય ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૨૭॥**

જે મનુષ્ય દૂરથી જ શ્રીમદ્ભાગવતને જોઈને તેની સંમુખ જાય છે તે એક-એક પગલામાં અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મેળવે છે – એમાં લગીરે સંદેહ નથી. (૨૭)

**ઉત્થાય પ્રણમેદ્ યો વૈ શ્રીમદ્ભાગવતં નરઃ । ધનપુત્રાંસ્તથા દારાન્ ભક્તિં ચ પ્રદદામ્યહમ્ ॥૨૮॥**

જે મનુષ્ય ઊભો થઈને શ્રીમદ્ભાગવતને પ્રણાણ કરે છે તેને હું ધન, પત્ની, પુત્ર અને મારી પોતાની ભક્તિનું પ્રદાન કરું છું. (૨૮)

**મહારાજોપચારૈસ્તુ શ્રીમદ્ભાગવતં સુત । શ્રૃણ્વન્તિ યે નરા ભક્ત્યા તેષાં વશ્યો ભવામ્યહમ્ ॥૨૯॥**

હે પુત્ર ! જે લોકો મોટા આયોજનપૂર્વક અને શ્રદ્ધા ભક્તિપૂર્વક શ્રીમદ્ભાગવતની કથા સાંભળે છે, હું તેમને વશ થઈ જાઉં છું. (૨૯)

**મમોત્સવેષુ સર્વેષુ શ્રીમદ્ભાગવતં પરમ્ । શ્રૃણ્વન્તિ યે નરા ભક્ત્યા મમ પ્રીત્યૈ ચ સુવ્રત ॥૩૦॥**
**વસ્ત્રાલંકરણૈઃ પુષ્પૈર્ધૂપદીપોપહારકૈઃ । વશીકૃતો હ્યહં તૈશ્ચ સત્સ્ત્રિયા સત્પતિર્યથા ॥૩૧॥**

હે સુવ્રત ! જે લોકો મારા પર્વો સાથે સંબંધ ધરાવતા બધા જ ઉત્સવો-ટાણે મારી પ્રસન્નતા માટે વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, ધૂપ, દીપ વગેરે ઉપહારો અર્પણ કરીને પરમ ઉત્તમ શ્રીમદ્ભાગવતપુરાણનું ભક્તિપૂર્વક શ્રવણ કરે છે તેઓ મને એવી રીતે પોતાના વશમાં કરી લે છે કે જે રીતે પતિવ્રતા સ્ત્રી પોતાના સાધુસ્વભાવવાળા પતિને વસમાં કરી લે છે. (૩૦-૩૧)

## રાસક્રીડા વખતે શ્રીકૃષ્ણ ભગવાનના વિરહમાં ગોપીઓએ ગાયેલું ગોપીગીત

**જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ । દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥૧॥**
**શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમુષા દૃશા । સુરતનાથ તેઽશુલ્કદાસિકા વરદ નિઘ્નતો નેહ કિં વધઃ ॥૨॥**
**વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્ વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્ । વૃષમયાત્મજાદ્ વિશ્વતોભયાદૃષભ તે વયં રક્ષિતા મુહુઃ ॥૩॥**
**ન ખલુ ગોપિકાનન્દનો ભવાનખિલદેહિનામન્તરાત્મદૃક્ । વિખનસાઽર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ॥૪॥**

વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે ચરણમીયુષાં સંસૃતેર્ભયાત્ । કરસરોરુહં કાન્ત કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્ ॥૫॥
વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત । ભજ સખે ભવત્કિઙ્કરીઃ સ્મ નો જલરુહાનનં ચારુ દર્શય ॥૬॥
પ્રણતદેહિનાં પાપકર્શનં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ । ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ॥૭॥
મધુરયા ગિરા વલ્ગુવાક્યયા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ । વિધિકારીરિમા વીર મુહ્યતીરધરસીધુનાઽઽપ્યાયયસ્વ નઃ ॥૮॥
તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ । શ્રવણમઙ્ગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥૯॥
પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં વિહરણં ચ તે ધ્યાનમઙ્ગલમ્ । રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ ॥૧૦॥
ચલસિ યદ્ વ્રજાચ્ચારયન્ પશૂન્ નલિનસુન્દરં નાથ તે પદમ્ । શિલતૃણાઙ્કુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત ગચ્છતિ ॥૧૧॥
દિનપરિક્ષયે નીલકુન્તલૈર્વનરુહાનનં બિભ્રદાવૃતમ્ । ઘનરજસ્વલં દર્શયન્ મુહુર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ ॥૧૨॥
પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમણ્ડનં ધ્યેયમાપદિ । ચરણપઙ્કજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહન્ ॥૧૩॥
સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ । ઈતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર નસ્તેઽધરામૃતમ્ ॥૧૪॥
અટતિ યદ્ ભવાનહ્નિ કાનનં ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્ । કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દૃશામ્ ॥૧૫॥
પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાનતિવિલઙ્ઘ્ય તેઽન્ત્યચ્યુતાગતાઃ । ગતિવિદસ્તવોદ્ગીતમોહિતાઃ કિતવ યોષિતઃ કસ્ત્યજેન્નિશિ ॥૧૬॥
રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્ । બૃહદુરઃ શ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુરતિસ્પૃહા મુહ્યતે મનઃ ॥૧૭॥
વ્રજવનૌકસાં વ્યક્તિરઙ્ગ તે વૃજિનહન્ત્ર્યલં વિશ્વમઙ્ગલમ્ । ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥૧૮॥

યત્તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ ભીતાઃ શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્ કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ॥૧૯॥

## શ્રી નારાયણ ભગવાને બ્રહ્માજીને સંભળાવેલ સર્વપ્રથમ ચતુઃશ્લોકી ભાગવત

**અહમેવાસમેવાગ્રે નાન્યદ્ યત્ સદસત્ પરમ્ । પશ્ચાદહં યદેતચ્ચ યોઽવિશિષ્યેત સોઽસ્મ્યહમ્ ॥૧॥**
**ઋતેઽર્થં યત્ પ્રતીયેત ન પ્રતીયેત ચાત્મનિ । તદ્વિદ્યાદાત્મનો માયાં યથાઽઽભાસો યથા તમઃ ॥૨॥**
**યથા મહાન્તિ ભૂતાનિ ભૂતેષૂચ્ચાવચેષ્વનુ । પ્રવિષ્ટાન્યપ્રવિષ્ટાનિ તથા તેષુ ન તેષ્વહમ્ ॥૩॥**
**એતાવદેવ જિજ્ઞાસ્યં તત્ત્વજિજ્ઞાસુનાઽઽત્મનઃ । અન્વયવ્યતિરેકાભ્યાં યત્ સ્યાત્ સર્વત્ર સર્વદા ॥૪॥**

સૃષ્ટિના પૂર્વે પણ હું જ હતો, મારાથી ભિન્ન કશું પણ ન હતું અને (સૃષ્ટિના ઉત્પન્ન થયા પછી) જે કંઈ પણ આ દૃશ્ય થનારાં પદાર્થો છે, (તે હું જ છું.) જે સત્ (અક્ષર), અસત્ (ક્ષર) અને તેનાથી પર (પુરુષોત્તમ) છે, (તે બધું હું જ છું.) (તથા) સૃષ્ટિની સીમા પછી પણ હું જ છું. (અને આ બધાનો નાશ થઈ ગયા પછી) જે કંઈ રહે છે તે (બધું પણ) હું (જ) છું. (૩૨) જેમ આભાસ અર્થાત્ કોઈ વસ્તુનું પ્રતિબિંબ ખરેખર કોઈ વસ્તુ નથી, પ્રતીતિમાત્ર જ છે (તે જ પ્રમાણે) (મારા) પરમાર્થ વસ્તુરૂપ પરમાત્મા સિવાય પરમાત્મામાં જે કંઈ પ્રતીત થાય છે (તે વાસ્તવમાં કશું નથી.) તથા જેમ (વિદ્યમાન હોવા છતાં પણ) તમ અર્થાત્ રાહુ ગ્રહની પ્રતીતિ થતી નથી (એ જ પ્રમાણે વાસ્તવમાં સત્ હોવા છતાં પણ જે મુજ પરમાત્માની પ્રતીતિ થતી નથી). આ બંને પ્રકારની મારી માયા છે — એ સમજવું જોઈએ. (૩૩) જેમ પ્રાણીઓનાં નાનાં-મોટાં શરીરોમાં (આકાશાદિ) પાંચ મહાભૂત પ્રવિષ્ટ પણ છે (અને) પ્રવિષ્ટ નથી પણ, એ જ પ્રમાણે તેમનામાં (હું પ્રવિષ્ટ પણ છું) (અને વાસ્તવમાં) હું પ્રવિષ્ટ નથી પણ. (૩૪) પરમાત્માના તત્ત્વને જાણવાની ઈચ્છાવાળા મનુષ્યે વિધિરૂપે અર્થાત્ 'પરમાત્મા આવા છે,' 'પરમાત્મા આવા છે,' — એવા ભાવથી તથા નિષેધરૂપે અર્થાત્ 'પરમાત્મા આવા પણ નથી,' 'પરમાત્મા આવા પણ નથી' — એવા ભાવથી એટલું જ જાણવું જરૂરી છે કે (પરમાત્મા જ) સર્વદેશ અને સર્વકાળમાં વિદ્યમાન છે. (૩૫) [શ્રીમદ્‌ભાગવત સ્કંધ-૨, અધ્યાય-૯]